संक्षेप-शंकरजय.

891·21
Mad/San
178794

00178794

कृ. गो. देवाश्रयी.

सोल एजन्ट-जीवनलाल अमरसी-महेता,
पीरमशाह रोड-अमदावाद.

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 23 January, 2019

THE ASIATIC SOCIETY OF BOMBAY

Presented by: Mrs Malini Majumdar

Date: 5-5-97

THE

SAṄKSHEPAS'AṀKARAJAYA

OF

MĀDHAVĀCHĀRYA

WITH GUJARĀTĪ TRANSLATION.

EDITED

WITH NOTES AND CRITICISED ESSAY ON THE DATE OF

S'AṀKARĀCHĀRYA

BY

KRISHNALĀLA GOVINDARĀMA DEVĀS'RAYĪ.

1000 Copies.

Registered for copy right under the Government of India's Act XXV. of 1867.

Bombay:

Printed at The Nirnaya-sāgar Press.

1899

[**All rights reserved.**]

Price Rupees Four.

00178794

માધવાચાર્યવિરચિત

સંક્ષેપશંકરજય

શ્લોકસહિત ગુજરાતી ભાષાંતર.

શંકરાચાર્યના સમયનિર્ણય સંબંધી ગુણદોષના વિવેચન યુક્ત નિબંધ સાથે
સંશોધન કરીને પ્રકટ કરનાર,

કૃષ્ણલાલ ગોવિંદરામ દેવાશ્રયી.

પ્રતિ ૧૦૦૦.

આ ગ્રંથનું સ્વામિત્વ સને ૧૮૬૭ ના ૨૫ મા કાયદા પ્રમાણે નોંધાવ્યું છે.

મુંબઈ:
નિર્ણય-સાગર છાપખાનામાં છાપ્યો.

૧૮૯૯.

[સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.]

મૂલ્ય રુપયા ચાર.

SHRI SHAMKARÁCHÁRYA,
THE PRESENT MATHA-CHIEF,
SHRINGERI.

પ્રસ્તાવના.

રસથી અને કવિતાના ચમત્કારોથી ભરેલા આ ગ્રંથની મોટાઇથી બધા જાણીતા છે. બીજાં કાવ્યો જ્યારે મનુષ્યને વિષયવાસનામાં તલ્લિન કરીને ક્ષણિક સુખ આપે છે ત્યારે આ સર્વોત્તમ કાવ્ય, બીજાં કાવ્ય કરતાં વિશેષ રસ અને ચમત્કારથી વાચકોને ક્ષણે ક્ષણે રોમાંચ કરવાની સાથે પરમાનંદ અને નિર્વૃત્તિ સુખમાં તલ્લિન કરી નાંખે છે. કાવ્યની રસભરિત વાણીમાં આ ગ્રંથ વિના પારમાર્થિક વસ્તુ બીજે કયાં મળે? રસાલંકાર સમજનારાઓનો આ એક સઉથી વહાલો ગ્રંથ છે, તત્વજ્ઞાન મેળવવા ઇચ્છનારાઓને તો એક ખાંડનું ખાજું છે; સંન્યાસીઓને તો આ એક પૂજનીય ગ્રંથ છે, ગૃહસ્થને તો ઘણા ભાવથી નિરંતર અભ્યાસ અને મનન કરવા જેવો છે. અથવા આની કેટલી સ્તુતિ કરવી? ખાંડના નાળિયેરની પેઠે જેમાં તજવા જેવું જરા પણ નથી.

આમાં પ્રત્યેક શ્લોકમાં પદ છૂટાં પાડેલાં છે, દરેક શ્લોકના જેટલા અર્થ થતા હોય તે બધા આપેલા છે. તેમજ દરેક શ્લોકમાં રહેલી કાવ્યાલંકારની ખુબીઓ પણ પ્રમાણ સાથે આપવામાં આવેલ છે. આથી કરીને આ ગ્રંથ કાવ્યશાસ્ત્રના અભ્યાસીઓને, તત્વજિજ્ઞાસુઓને, મુમુક્ષુઓને, ઐતિહાસિક વૃત્તાંત જાણનારાઓને તથા સાધારણ વાંચનારાઓને–મતલબ કે સર્વને ઘણો જ ઉપયોગી છે.

વેદાંતમાર્ગના પ્રવર્તક તથા અનેક પાખંડ મતોનું ખંડન કરનાર **શ્રીશં**કરાચાર્યે કરેલા દિગ્વિજયનું આમાં ઘણી જ રસીલી ભાષામાં વર્ણન છે. તેઓ કોણ હતા, તેમનો જન્મ કયાં થયો, એમણે વેદાંતમાર્ગનું શી રીતે સ્થાપન કર્યું, અનેક પ્રતિપક્ષિયો કે જેઓ એમનો પ્રાણ લેવા પણ ચુકે નહિ, તેમને શી રીતે હરાવ્યા તથા કેવી રીતે તેમને ધર્મનું ખરૂં તત્વ સમજાવ્યું, પ્રયાગમાં ભટ્ટપાદ તુષાગ્નિમાં બળી મરતા હતા તેથી ત્યાં જઈ તેમણે શી વાતચીત કરી, મંડનમિશ્રની સ્ત્રી સરસ્વતીને સાક્ષી રાખીને શી રીતે વાદવિવાદમાં જીત્યા, પરકાયા પ્રવેશ શી રીતે કર્યો, એક ઠેકાણેથી બીજે ઠેકાણે જતાં તેઓ આકાશમાર્ગે શી રીતે જતા, અને અભિનવગુપ્ત નામે શાક્ત આચાર્યને તથા નીલકંઠ નામે શૈવ આચાર્યને શી રીતે જીત્યા, કર્ણાટકમાં કાપાલિક મતના મનુષ્યનાં માથાંની રૂંડમાળા પહેરનાર આચાર્યોનો શી રીતે પરાજય કર્યો વગેરે અનેક પ્રસંગ એવી તો અદ્ભુત છટાથી વર્ણવ્યા છે કે એક વખત વાંચવાનો આરંભ કર્યો કે હાથમાંથી પુસ્તક મુકવાનું મન થતું જ નથી એટલું જ નહિ પણ ફરી ફરીને વાંચવાનું મન થાય છે.

તેમ જ શંકરાચાર્ય કયારે થયા એ વિશે જૂદા જૂદા વિદ્વાનોએ જે જે ચર્ચા કરી છે તે સર્વનો સંગ્રહ કરી તથા ઘણો શ્રમ વેઠી, બીજાં પણ પ્રમાણો મેળવી તે ઉપરથી એક નિબંધ લખીને ગ્રંથારંભે મુકવાનો પ્રયાસ કરેલો છે.

શ્રીશંકરાચાર્યનો સમય લખવાના સંબંધમાં મને ઘણાક મિત્રો તરફથી, જૂદી જૂદી પાઠશાળાના અધ્યક્ષો તરફથી અને શૃંગેરીમઠના હમણાના જગદ્ગુરુ શંકરાચાર્ય તરફથી જે જે સાધનો મળ્યાં છે તે માટે તેમનો હુ અત્યંત આભારી છું.

આ ગ્રંથમાં મૂળ શંકરાચાર્યની છબી મળી આવે તો મુકવાની ઇચ્છા હતી પણ તે નહિ મળી આવવાથી શૃંગેરીમઠના શંકરાચાર્યની છબી મુકી છે, તેમ જ આ ગ્રંથમાં પ્રાસંગિક ચિત્રો મુકવાનો જે વિચાર હતો તે ગ્રાહકોની ઉતાવળને લીધે બીજા વખત ઉપર રાખવો પડયો છે.

જો કોઈ પણ વિદ્વાનને મૂળ શંકરાચાર્ય કયારે થયા એ વિષેની ચોકસ માહીતી મળી હોય અથવા મળી આવે તો તેમને વિજ્ઞાપના કરવામાં આવે છે કે તેમણે કૃપા કરી મને મોકલી આપવી.

અમદાવાદ,
જાન્યુઆરી, સન ૧૮૯૯.

કૃષ્ણલાલ ગોવિંદરામ દેવાશ્રયી.

શ્રીમચ્છંકરાચાર્યના સમયની ચર્ચા.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠ.
શંકરાચાર્ય ...	૧-૧૪
શંકરાચાર્યનો સમય ...	૧- ૨
શંકરાચાર્યનો સમય ...	૨-૧૧
પૂર્ણવર્મા અને શંકરાચાર્ય ...	૧૧-૨૧
શંકરના શારીરકભાષ્યમાંહેનો સંગ્રહ ...	૨૨-૨૮
ધર્મકીર્તિ અને શંકરાચાર્ય ...	૨૯-૩૩
સુબંધુ અને કુમારિલ ...	૩૪-૪૬
ભર્તૃહરિ અને કુમારિલ ...	૪૬-૬૨
શંકરના સમય માટે મેસર્સ. ફ્લીટ અને લોગનના ખુલાસા ...	૬૩-૬૪

મિ. ચેરલેકર પાસેથી મળેલી પોથી ...	૬૫-૬૭
કુમારિલ ભટ્ટ અથવા કુમારિલ સ્વામી ...	૬૭-૭૮
શારદામઠમાંથી મળેલી હકીકત ...	૭૮-૮૧
શૃંગેરીમઠની ગુરુપરંપરા ...	૮૧-૮૨
શૃંગેરીમઠમાંથી મળેલી ખબર ...	૮૨-૮૩
શંકરના સમય માટે અર્વાચીન કોશમાંનું પ્રમાણ ...	૮૩-૮૪
શંકરના સમય માટે પરચૂરણ નોંધ ...	૮૪-૮૬
જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે શંકરનો જન્મસમય ...	૮૬-૮૭
શંકરે લખેલા ગ્રંથોની યાદી ...	૮૮-૮૮

માધવકૃત સંક્ષેપશંકરજયનો સાર ...	૧-૨૮
આનંદગિરિકૃત શંકરવિજયનો સાર ...	૨૯-૩૨
ચિદ્વિલાસકૃત શંકરવિજયવિલાસનો સાર ...	૩૨-૩૩

શ્રીશંકરાચાર્ય.

આપણા આર્યે તત્ત્વજ્ઞાનમાં **શંકરાચાર્યે** જે મહાન પદવી ભોગવે છે તેવી પદવી ભોગવવાને અદ્યાપિ પર્યંત ભાગ્યે જ કોઈ ભાગ્યશાલી થયું હશે. આવા એક સુપ્રસિદ્ધ અને મહાન તત્ત્વજ્ઞાનીનો જન્મ ક્યારે થયો તે વિષે અત્રત્ય અને પાશ્ચિમાત્ય વિદ્વાનોએ ઘણો શ્રમ વેઠી ઐતિહાસિક ધોરણ ઉપર ભારે ચર્ચા કરી છે તેમાંથી જેટલી મળી આવી તેટલી આગળ આપવામાં આવી છે. એ ઉપર વાચકોએ કેટલો ભરોસો રાખવો એ એમની મરજીની વાત છે. આ લેખના લેખકે પણ કેટલોક પ્રયાસ કરી **શંકરના** સમયસંબંધી કેટલીક હકીકત મેળવી છે જે યોગ્યસ્થળે દાખલ કરવામાં આવી છે.

આ સર્વમાંથી ખરો સમય કયો છે તે કહેવું ઘણું કઠિન કામ છે તેથી વાચકોને ફાવે તેવી કલ્પના કરવાની છૂટ છે તો પણ **मुण्डे मुण्डे मतिर्भिन्ना** એ ન્યાએ આ લેખનો લેખક થોડુંક લખવા ધારે છે. **શંકરના** સમય સંબંધે

પ્રાચીન અને અર્વાચીન, લેખી અને લોકોમાં બોલાતી હકીકત.

તપાસી જોતાં આ પ્રમાણે માલુમ પડે છેઃ—

(क.) રઘુનાથ **ભાસ્કર ગોડબોલેએ** પોતાના **અર્વાચીન** કોષ નામના પુસ્તકમાં લખ્યું છે કે યુધિષ્ઠિર શક ૨૧૫૮માં **શંકરનો** જન્મ થયો છે. તેમના જન્મ વખતે ઉત્તરાયન હતું. માઘ વદ ૧૪ ને સોમવાર હતો. **સૂર્યને ચંદ્ર** કુંભરાશીમાં હતા. તેમણે ૨૧૯૦ના માર્ગશીર્ષ શુદ ૫ ને સોમવારને **સાયાન્હે હિમાલયમાં** પોતાનો દેહ છોડયો. તેમાંના બીજા એક શ્લોકમાં લખ્યું છે કે યુધિષ્ઠિર શકના ૩૦૪૪ માંથી ૮૮૭ વર્ષ ગયા પછી **શંકરનો** જન્મ થયો. એમણે આ હકીકત **જિનવિજય** નામના પુસ્તક ઉપરથી લખી છે એવું પોતાના કોષમાં જણાવ્યું છે.

(ख.) દક્ષિણ તરફના લોકોમાં એવું મનાય છે કે **ગોવિંદ** ભટ્ટ નામનો એક માણસ ચારે વર્ણની ચારે કન્યા પરણ્યો હતો. તેમનાથી અનુક્રમે **આચાર્ય, વરરુચિ, વિક્રમાદિત્ય, ભટ્ટિ** અને **ભર્તૃહરિ** થયા. આ **ગોવિંદ** ભટ્ટ પોતાની વૃદ્ધાવસ્થામાં સંન્યાસી થયો હતો જે પાછળથી **ગોવિંદયોગી** કહેવાયો. **વિક્રમ** ઈ. સ. પૂર્વે ૫૬ માં થયો અને **શંકર** તેના પિતાના શિષ્ય હોવાથી તે એ અરસામા થયા હોવા જોઇએ.

(ग.) કેરલોત્પત્તિ[1] નામના ગ્રંથમાં લખ્યું છે કે **શંકર** કલિયુગ ૩૫૦૧ (ઇ. સ. ૪૮૦)માં **આરદ્રા** નક્ષત્રમાં કાલટી પ્રાંતમાં આવેલા **કેપેલી** ગામમાં જન્મ્યા હતા. **શંકરનું** વય ૩૮ વર્ષનું હતું. તેમણે સ્માર્ત સંપ્રદાયનું સ્થાપન કર્યું હતું. વળી એવું પણ કહેવાય છે કે **ચેરુમાન પેરૂમાલ** રાજા જેઓ મુસલમાની ધર્મ પાળતા હતા અને તેમના વખતમાં જે એક લઢાઇ થઇ હતી તે વખતે જન્મ્યા હતા.

(घ.) **કોંગદેશરાજાકકલ** નામના એક **તામિલ** ગ્રંથમાં લખ્યું છે કે **શંકર** પહેલા **ત્રિવિક્રમદેવના** સમયમાં થયા અને તેમણે એ રાજાને **શિવધર્મિ** કર્યો.

(ङ.) **તારાનાથકૃત**[2] **બુદ્ધધર્મના** ઇતિહાસ ઉપરથી માલુમ પડેછે કે **શંકર બૌદ્ધધર્મના** વિધ્વંસક **કુમારિલ** ભટ્ટની પહેલાં થયા.

(च.) **બેલગામવાળા ગોવિંદ** ભટ્ટ **ચેરલેકરને** ત્રણ પાનીઆની એક હસ્તલિખિત પોથી મળી આવી છે જે ઉપરથી માલુમ પડે છે કે **શંકર** કલિયુગ ૩૮૮૯ (ઇ. સ. ૭૮૮)માં જન્મ્યા અને ૩૯૨૧ (ઇ. સ. ૮૨૦)માં કૈલાસ સિધાવ્યા.[3]

---

૧ આ મલયાલમ ભાષામાં લખેલું પુસ્તક છે. તેમાં જુના કેરલ પ્રાંતનો ઇતિહાસ છે.

૨ શ્રીફનરનું જર્મન ભાષાંતર.

૩ જુઓ આગળ આપેલી ચર્ચા, પૃષ્ઠ ૧, ૨.

(छ) પંડિત **ભગવાનલાલ ઇંદ્રજીવાળી નેપાળની** દંતકથા[1] જોતાં **શંકર વૃષદેવવર્માના** વખતમાં દક્ષિણમાંથી નેપાળ આવ્યા ને **બૌદ્ધધર્મી વૃષદેવવર્માને શિવધર્મી** કર્યો.

(ज.)ડાબીસ્તાન[2] કહે છે કે **શંકર** ઇ. સ. ૧૩૪૯ માં થયા.

(झ.)**આનંદગિરિ, ચિદ્વિલાસ, સદાનંદ** અને **માધવ** કિંવા **વિધારણ્યે** લખેલા **શંકરવિજયમાં શંકરના** જીવનચરિત માટે શું નિરૂપણ કરેલ છે?

(ञ.) **દ્વારકા, શૃંગેરી** આદિ અન્ય સ્થળેથી મળી આવેલી હકીકતો શું કહે છે?

ઉપરની બધી બાબતોમાં કેટલી સત્યતા છે

તે હવે આપણે અનુક્રમે તપાસી જોઈએ:—

(क.) આ સમય ખરો છે એવું માનતાં પહેલાં જે પુસ્તકને આધારે લખવામાં આવે છે એ **જિનવિજય** પુસ્તકની હયાતી છે કે નહિ તે પ્રથમ નક્કી કરવાની જરૂર છે. વાચકો જાણીને દિલગીર થશે કે લેખકે ઘણો જ પ્રયાસ કર્યો પણ **જિનવિજય** નામના પુસ્તક માટે કોઇ પણ ઠેકાણે કાંઇ પણ હકીકત મળી આવતી નથી એટલું જ નહિ પણ એ સમયમાં કાંઇ પણ સત્યતા સમાયેલી જણાતી નથી.

(ख.) **ગોવિંદ ભટ્ટ વિક્રમાદિત્યનો** પિતા હતો એ વાત પણ પાયાવગરની છે. તેમ જ **ભટ્ટિ** અને **ભર્તૃહરિ** જેમને ભાઇઓ તરીકે ગણ્યા છે તેમને કોઈ પણ જાતનું સગપણ પણ નહોતું એટલું જ નહિ પણ તે બેઉ જૂદા જૂદા વખતમાં થયા છે એવું એમના લખેલા ગ્રંથો[3] ઉપરથી સિદ્ધ થાય છે. કદાચ આપણે એમ ધારીએ છીએ કે **ગોવિંદભટ્ટ વિક્રમાદિત્યનો** પિતા હતો તો એ યોગી થયો અને તેને જ **ગોવિંદયોગી** કહેતા એવો કાંઇ પણ પુરાવો નથી. આ દંતકથા ફક્ત દક્ષિણમાં ચાલે છે ને જેમ જેમ વખત જાય છે તેમ તેમ તેમાં સુધારો વધારો થયાં કરે છે.

(ग.) કેરલોત્પત્તિમાં લખેલી બીના પણ સાચી છે એમ કહેવાને સાધન નથી. આપણી પાસે જે જે સાધનો છે તે બધાને આધારે કહિ શકીએ છીએ કે **શંકરની** ઉમ્મર ૩૨ વર્ષની હતી. ૩૮ વર્ષની ઉમ્મર હતી એવું કોઇ પણ ગ્રંથમાંથી મળી આવતું નથી. **ચેરૂમાન પેરૂમલના** વખતમાં એમનો જન્મ થયો હતો એ વાત પાંચમા સૈકાને લગતી નથી કારણ કે તેમની[4] ધાર **મક્કામાં** છે. તે ઉપર હિજરી સન ૨૧૬–ઇ. સ. ૮૩૮ લખેલ છે. આ સમય **શંકરના** જન્મ માટે ઘણો જ અર્વાચીન છે. વળી આ ગ્રંથમાં એવું પણ લખેલું છે કે **શંકરે ગોવિંદયોગીની** આજ્ઞાથી ૩૨ અક્ષરવાળા ૨૪૦૦૦ હજાર શ્લોકવાળી **કેરલ** દેશની એક તવારીખ લખી. આ બધી બાબત તદન ગપ છે એવું આપણે માનીએ તો **કેરલોત્પત્તિ** ગ્રંથ તદન જૂઠો અને કોઇ **શાંકરમત** વિરોધીએ લખ્યો છે એમ લખવાને બીલકુલ બાધ નથી.[5]

---

૧ જુઓ આગળ આપેલી ચર્ચા, પૃષ્ઠ ૮૫.

૨ પુસ્તક ૨, પૃષ્ઠ ૧૪૧.

૩ ભટ્ટિકાવ્યના છેલ્લા શ્લોક ઉપરથી માલુમ પડે છે કે તે વલ્લભીપુરના સુદર્શન રાજાની સભામાં આશરે ૪ થા સૈકાની અધવચમાં રહેતો હતો. રાજેંદ્રલાલ મિત્રના કહેવા પ્રમાણે (સંસ્કૃત હસ્તલેખોની નોંધ, પુસ્તક ૬, પૃષ્ઠ ૧૪૮) પ્રો. માક્ષ મૂલર એને ૭ મા સૈકામાં થયો ગણે છે,–જુઓ ઇંડિયાઃ આપણને તે શું કહે છે? ૩૪૮–૩૫૩. ભર્તૃહરિ જે વાકયપદીયનો કર્તા હતો તેણે પતંજલિના મહાભાષ્ય અને બીજાં પુસ્તકો ઉપર ટીકા કરી છે. તે વસુરાતનો શિષ્ય હતો એવું પોતે વાકયપદીયમાં કહે છે. આ વસુરાત જે પ્રખ્યાત ચંદ્રાચાર્ય અભિમન્યુની સભામાં હતો તથા જે અભિમન્યુએ ઈ. સ. ૪૦ મા રાજ્ય કર્યું કહેવાય છે તે વખતમાં થયો. તેથી ભર્તૃહરિ ૧ લા સૈકામાં થયો. માક્ષ મૂલર એને ૭ મા સૈકામાં મુકે છે–જુઓ ઇંડિયા: તે આપણને શું શિખવે છે? પૃષ્ઠ ૩૪૮.

૪. જુઓ આગળ, પૃષ્ઠ ૬૩.

૫. સીવેલકૃત દક્ષિણ હિંદુસ્થાનના વંશો, પૃષ્ઠ ૫૭.

(ઘ.) **સ્કંદપુરનો** રાજા પહેલો **ત્રિવિક્રમદેવ** ઇ. સ. ૧૭૮ માં રાજ્ય કરતો હતો. સને ૧૮૪૮ માં **પ્રો. ડાઉસનને** માલુમ પડયું કે એ નામના બે રાજા થઇ ગયા છે. જેમાંનો ૧ લો છઠ્ઠા સૈકામાં અને બીજો આઠમા સૈકામાં થયા છે. કેટલાક લેખને આધારે **પ્રો. ભાંડારકર** કહે છે કે એ રાજાઓ અનુક્રમે ૪ થા અને ૬ ઠ્ઠા સૈકામાં[1] થયા છે. આ વિષે **મિ. ફ્લીટ** કહે છે કે આ બધી બનાવટ[2] છે એટલું જ નહિ પણ તેમાં બિલકુલ સત્યતા સમાઈ નથી.

(ઙ.) ઇ. સ. ૧૬૦૮ માં **તારાનાથે** **બૌદ્ધધર્મનો** ઈતિહાસ લખ્યો છે. તે વખતે તેની ઉમ્મર આશરે ૩૦ વર્ષની હતી. તેને કેટલીક બાબતોની માહીતી નહિ હોવાથી તેણે કેટલીક ભૂલો પણ કરી છે. જેમકે **શંકર** **કુમારિલભટ્ટ** પહેલાં થયા છે. **કુમારિલભટ્ટ** એ એક આખું નામ છતાં એ આખા નામમાંથી **ભટ્ટ** શબ્દ જુદો પાડી કહે છે કે **ભટ્ટ** **શંકરનો** શિષ્ય હતો. વાચકોના જાણવા બહાર નહિ હોય કે **શંકરની** પહેલાં **કુમારિલભટ્ટ** થયેલ છે. તેમ જ **ભટ્ટ** નામનો **શંકરનો** કોઈ શિષ્ય પણ થયો નથી. **ડા. બર્નેલ** **તારાનાથના** ગ્રંથ ઉપર ઘણો વિશ્વાસ રાખે છે તેથી **શંકર** ઇ. સ. ૬૫૦–૭૦૦ માં[3] થયાનું સ્વીકારે છે. **પ્રો. માક્ષ મૂલરનો** વિચાર પણ આને માટે ઘણો કીમતી[4] છે.

(ચ.) **પ્રો. માક્ષ મૂલર** કહે છે કે **મિ. પાઠકે** છેવટનો નિર્ણય કર્યો છે કે **શંકર** ઇ. સ. ૭૮૮ માં જન્મ્યા હતા. **મિ. પાઠક** જેનો આધાર બતાવે છે તે ત્રણ પાનાનું નાનું પુસ્તક છે જે અમોએ આગળ પૃષ્ઠ ૬૫ મે પુરે પુરૂં આપ્યું છે. પાશ્ચિમાત્ય વિદ્વાનોને આપણા આર્યાવર્તની બિનાઓનો પૂર્વાપર સંબંધ શો છે તેની ખબર નહિ હોવાથી તેઓ ગમે તે બાબતોને ગમે તેવી કહે તે ઉપર અમુક વિદ્વાને અમુક કહ્યું છે તે ખરૂં જ છે એવું ન માનવું જોઇએ. આવી જ સ્થિતિ **શંકરના** સમય માટે થઈ છે. **પ્રો. માક્ષ** [5]**મૂલર, ડા.** [6]**ટીલી,** અને [7]**બાર્થ, પાઠકે** બતાવેલા આધાર ઉપર આધાર રાખી જાણે એમણે ભારે શોધ કર્યો હોય એવું માની લે છે.

(છ.) ઇ. સ. પહેલાં ૧૭૧૨ માં **સૂર્યવંશી** રાજાઓ **નેપાળમાં** રાજ્ય કરતા હતા. 'એ વંશના ૧૮ મા રાજા **વૃષદેવવર્માએ** વિહારો બંધાવ્યાં અને **લોકેશ્વર** અને **બૌદ્ધપ્રતિમાઓનું** સ્થાપન કર્યું. એનો ભાઈ **બાલાર્ચન** પણ **બૌદ્ધસંપ્રદાયી** હતો. **શંકર** દક્ષિણમાંથી આવ્યા અને **બૌદ્ધધર્મનો** નાશ

---

૧. જર્નલ રો. એ. સો. બો. બ્રેંચ, પુસ્તક ૧૦, પૃષ્ઠ ૮૯.

૨. ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૧૨, પૃષ્ઠ ૧૧૧.

૩. દક્ષિણ હિંદુસ્થાનના પ્રાચીન લેખોનાં મૂળતત્ત્વો, પૃષ્ઠ ૩૭, પૃષ્ઠ ૧૧૧ માં લખ્યું છે કે એ ઈ. સ. ૭૦૦માં થયો. સામવિધાન બ્રાહ્મણ પૃષ્ઠ ૬ માં એણે ઉપોદ્ઘાત લખ્યો છે તેમાં આ પ્રમાણે કહે છે. તારાનાથ કહે છે કે ન્યાય ઉપર લખનાર ધર્મકીર્તિ બૌદ્ધ ધર્મનો હતો. તેના વખતમાં કુમારિલ હયાત હતો. ટીબેટના લોકો કહે છે કે આ ધર્મકીર્તિ, સ્રોત્સંગપો જે ચારલેંગનો રાજા હતો ને જે ઈ. સ. ૬૧૭ માં જન્મ્યો હતો અને ૬૨૯ થી ૬૯૮ સુધી જેણે રાજ્ય કર્યું હતું તેના વખતમાં હતો. એ રાજા ચીન દેશના એક રાજાની કુંવરી જોડે પરણ્યો હતો; અને તે સમય ચોકસ છે. હુયાનથ્સંગે, ઈ. સ. ૬૪૫ માં હિંદુસ્થાન છોડયું અને એણે બૌદ્ધમતના એક મોટા ભયભરેલા બ્રાહ્મણ શત્રુ વિષે લખ્યું છે એ ઉપરથી કુમારિલ એ સમય પહેલાં થયો એ સંભવિત નથી અને બીજા ઘણાંક કારણોથી જણાય છે કે એ ઈ. સ. ૭૦૦ પછી થયો નથી. આથી કરીને શંકરાચાર્ય અને કુમારિલ એકી વખતે થયા એમ જે કહેવામાં આવે છે તે ખરૂં નથી.

૪. ઇંડિયા, પૃષ્ઠ ૩૦૩. નિઃસંદેહ આ એક અર્વાચીન પુસ્તક છે તે ઉપર ભરોસો રખાય એમ નથી છતાં એમાં લખેલી બાબત ઉપર વિચાર કરવાની જરૂર છે.

૫. ઇંડિયા, પૃષ્ઠ ૩૬૦.

૬. હિંદુસ્થાનના ધર્મની રૂપરેષાઓ, ઈ. કાર્પેંટરે ડચ ભાષામાંથી કરેલું ભાષાંતર.

૭. હિંદુસ્થાનના ધર્મો (Religions of India), પૃષ્ઠ ૮૯ માં કહે છે કે શંકરાચાર્ય વિષ્ણુનો અવતાર હતો! કેવી નવાઇ જેવી વાત !

કર્યો. વૃષભદેવવર્મા ઇ. સ. પહેલાં ૬૧૪—૫૫૩ માં હતો. એણે ૬૧ વર્ષ રાજ્ય કર્યું છે. આ ઉપરથી વિચાર કરતાં કલિયુગ ૨૫૪૭ અથવા એ અરસાના **શંકર નેપાળ** ગયા હોય એમ જણાય છે.

વળી આ વિષે **મિ. ફ્લીટ** કહે છે કે **વૃષદેવવર્માએ** ઇ. સ. ૬૩૦ થી ૬૫૫ સુધી રાજ્ય કર્યું છે.- જુઓ આગળ, પૃષ્ઠ ૬૩.

(ज.) ડાબીસ્તાન કહે છે તે કેટલું ખરૂં છે તે વગર વિવાદે સમજી શકાય એમ છે.

(झ.) **આનંદગિરિ** અને **ચિદ્વિલાસકૃત શંકરવિજયમાં શંકર** કયા સમયમાં થયા એ વિષે કાંઇ લેખ મળી આવતો નથી. **આનંદગિરિ** જે **શંકરનો** મુખ્ય શિષ્ય હતો તેણે પોતાના ગુરુના સંબંધમાં કાંઇ પણ લખ્યું હોય એવું માનવાને આપણી પાસે સાધન નથી. જે ગ્રંથવિષે આપણે બોલીએ છીએ તે કોઇ નામધારી[1] **આનંદગિરીએ** લખ્યો છે એવું એ ગ્રંથની વર્ણન કરવાની પદ્ધતિ અને શૈલી કહિ આપે છે. **શંકરના** પ્રખ્યાત શિષ્ય **આનંદગિરીની** ભાષા ક્યાં અને આ નામધારી **આનંદગિરીની** ભાષા ક્યાં? નામધારી **આનંદગિરી** એ કોઈ આધુનિક માણસ હોવો જોઇએ કે જેણે **શંકરના** મહાન શિષ્યનું માન ખાટી જવા માટે પોતાનું નામ ઘુસાડી દિધું હોય. ગમે તેમ હોય પણ પેલા પ્રખ્યાત **આનંદગિરીની** કૃતિ નથી એવું સર્વત્ર મનાયું છે. આ ગ્રંથનો સાર આગળ આપવામાં આવેલ છે.[2]

ચિદ્વિલાસકૃત શંકરવિજયવિલાસ

વાંચી જોતાં પણ **શંકરના** સમય માટે તેમાં કોઇ લેખ નથી. એના ગ્રંથનો સાર પણ આગળ આપવામાં આવ્યો છે.[3] **આનંદગિરિ** અને **ચિદ્વિલાસના શંકરવિજયમાં શંકરના** માતાપિતાનાં નામ, તેમના રહેઠાણનું નામ **માધવ** કિંવા **વિદ્યારણ્ય** અને **સદાનંદ** કૃત **શંકરવિજય** કરતાં જૂદાં છે પણ **બ્રહ્મસૂત્ર** ઉપર ભાષ્ય કર્યું; **મંડન** પંડિત સાથે વાદ કર્યો, પરકાયા પ્રવેશ કર્યો વગેરે હકીકત ચારે **શંકરવિજયમાં** છે. એકના બીજાં પણ નામો હોય છે, તેવી રીતે આ ચાર જૂદા જૂદા લેખકોના ગ્રન્થમાં જૂદાં જૂદાં નામ છે તેથી નીચે પ્રમાણે કલ્પના પણ કરી શકાય. **આનંદગિરિકૃત શંકરજયમાં શંકરના** પિતાનું નામ **વિશ્વજિત્** છે અને **માધવના** ગ્રંથમાં **શિવગુરુ** છે. **વિશ્વને** જીતે એટલી શક્તિ હોય તો પછી તેનું ગમે તે નામ હોય છતાં કોઇ આલંકારિક ભાષામાં **વિશ્વજિત્** પણ તેને કહે તેમ જ **શિવગુરુ** નામ પણ એ **'વિશ્વજિત્** કે જે **શિવભક્ત** હોવાથી તેને **શિવગુરુ** પણ કહે. તેવી જ રીતે બીજી બાબતનું પણ સમજી લેવું.

સદાનંદકૃત શંકરજય

નામના પુસ્તકમાં લખ્યું છે કે યુધિષ્ઠિર શકના ૨૭૨૨ માં **વિશ્વજિત** સંવત્સરના પોસ મહિનાની પાંચમને દિવસે, સુમુહૂર્તે, શુભલગ્ને, અને પાંચ ગ્રહ ઉચ્ચ હતા તે વખતે **સતિએ** જગદ્ગુરુ **શંકર** નામના બાલકનો જન્મ આપ્યો. આ ઉપરથી વિચાર કરતાં આજથી ૨૨૮૬ વર્ષ ઉપર **શંકર** જન્મ્યા હશે એમ જણાય છે. આ જન્મસમય માટે જ્યોતિષનો આધાર એવો નિકળે છે કે પોસ માસમાં પાંચમને દિવસે પાંચ ગ્રહ ઉચ્ચ હોઇ શકે નહિ. તેમ જ કયા ગ્રહ ઉચ્ચ હતા તે પણ જણાવ્યું નથી તેથી એ ગ્રહસ્થિતિ ઉપર ભરોસો રાખી શકાય એમ નથી.

માધવ કિંવા વિદ્યારણ્યનો સંક્ષેપશંકરજય

વાંચી જોતાં તેના બીજા સર્ગના ૭૧ મા શ્લોકમાં લખ્યું છે કે, "શુભ ગ્રહોયુક્ત—શુભ ગ્રહોની દૃષ્ટિયુક્ત શુભ લગ્નમાં તથા જ્યારે **સૂર્ય, ભૌમ** અને **શનિ** પોતાના ઉચ્ચસ્થાનમાં રહ્યા હતા અને **ગુરુ** કેંદ્રસ્થાનમાં હતો ત્યારે **શિવગુરુની** પત્ની **સતીએ**........સુખરૂપપણે પુત્રનો પ્રસવ કર્યો."

માધવે આપેલી ગ્રહસ્થિતિ "જો કે અપૂર્ણ છે છતાં તે ઉપરથી કાળનિર્ણય કરવામાં સહાય મળી શકે તેમ છે. એમાં **શુક્ર, બુધ,** અને **ચંદ્રની** તે વેળાની રાશી જણાવેલી નથી છતાં નીચે પ્રમાણેની બે કુંડલિયો વાચકોના સંમુખ મુકવામાં આવે છે:—

---

૧. જુઓ આગળની ચર્ચા, પૃષ્ઠ ૫, ટીકા ૪; પૃષ્ઠ ૬૯, ટીકા ૬. ૨. જુઓ પૃષ્ઠ ૨૯. ૩. જુઓ પૃષ્ઠ ૩૨.

કલિગત વર્ષ ૬૦૫.



કલિગત વર્ષ૨૮૧૫.



" આ જન્મકુંડલિયો ખરી માનીએ અને શંકરાચાર્યના જન્મ વખતે આપણા આર્યાવર્તમાં રાશિગણના પ્રચારમાં હતી એ કબૂલ કરીએ તો એ સ્થિતિ જે વર્ષમાં હતી તેમાં શ્રીમાન્ શંકરાચાર્યનો જન્મ થયેલ માનવો જોઇએ."

શંકરના જન્મગ્રહની સ્થિતિ એવી હોવી જોઇએ કે તે ઉપરથી અલ્પાયુનો, ચક્રવર્તિપણાનો અને સંન્યાસ લેવાનો યોગ આવે. આ સઘળા યોગ ઉપરના ગ્રહયુક્ત કુંડલિયોમાં આવે છે.

એક અગત્યનો પ્રશ્ન એ થાય છે કે આ બેઉ કુંડલિયો પૈકી કયા વર્ષની કઇ કુંડલિવાળા ગ્રહમાં જે શંકરે બૌદ્ધધર્મને નિર્મૂલ કરી સદ્ધર્મનું સંસ્થાપન કર્યું, જે શંકરે મંડન અને તેની સ્ત્રી સરસ્વતી જોડે વાદ કર્યો, જે શંકરે અનેક પાખંડમતોનો પરાભવ કર્યો તથા જે શંકરે પરકાયા પ્રવેશ કર્યો તે થયા ?

આ પ્રશ્નનું સમાધાન કરવું ઘણું કઠિન કામ છે. આજે કલિયુગનું ૪૯૯૮ મું વર્ષ ચાલે છે તેમાંથી કલિગત વર્ષ ૬૦૫ બાદ કરતાં ૪૩૯૩ અને જો ૨૮૧૫ વર્ષ બાદ કરીએ તો ૨૧૮૩ વર્ષ રહે છે. તે જો આપણે જ્યોતિષશાસ્ત્રની ગણત્રી ખરી માનીએ તો શંકરનો જન્મસમય છે એમ કબૂલ કરવું પડે.

આ વિષે એવું પણ અનુમાન કરવામાં કાંઇ બાધ જણાતો નથી કે માધવ જેવો સર્વ શાસ્ત્રમાં નિપુણ પુરુષ, પોતે જે ગ્રંથ લખવાને આરંભે તેમાં જેમ કવિયોને આલંકારિક ભાષા વાપરવાની છૂટ હોય છે તેમ શંકર જેવા મહાન પુરુષનો જન્મ ગમે તે સમયે કે ગ્રહમાં થયો હોય તેની પોતાને ખબર ન હોય છતાં અમુક સારા ગ્રહમાં જન્મ થયો એમ લખવા ધારે તો તે બનવા જોગ છે.

ઐતિહાસિક બાબતો સાથે સંબંધ ધરાવતી બાબતોથી જે સમય ઠરાવવામાં આવ્યો છે તે જોતાં આ સમય કેવળ ખોટો છે એમ માનવું પડે છે પણ એવો પણ બચાવ કરાય કે "માળવા દેશમાં પ્રસિદ્ધિ પામેલા બાણ, મયૂર, અને દંડી આદિ વિદ્વાનોને પણ શંકરાચાર્યે પોતાનાં ભાષણોથી શિથિલ થયેલા દુર્મતના અભિમાનવાળાઓને પોતાના શારીરક ભાષ્યનું શ્રવણ કરવાના ઉત્સાહવાળા કર્યાં" તે બાણ, મયૂર અને દંડી ૬ ઠ્ઠા અને આઠમા સૈકાવાળા નહિ પણ શંકર જે સમયમાં થયા તે સમયના કેમ ન હોય ? જેમ બીજી કેટલીક બાબતોનો પુરાવો આપણી પાસે નથી તેમ આ વિષે પણ આપણી પાસે પુરાવો નથી. ફક્ત તેને પુષ્ટિ મળે એવો એક જ બચાવ છે તે એ જ કે જેમ કાલિદાસ ઘણા થઇ ગયા છે. જેમ વિક્રમ ઘણા થયા છે તેવીરીતે બાણ, મયૂર અને દંડિ પણ થયા હશે. આ તો ફક્ત આનુમાનિક બચાવ છે.

વળી એવી પણ કલ્પના કરવી પડે છે કે મૂળ શંકરાચાર્યની ગાદીએ જે જે તેમના શિષ્યો આવ્યા તે સર્વ શંકરાચાર્યના અભિધાનથી જ ઓળખાય છે અને દરેક શંકરાચાર્યના ઘણા ઘણા શિષ્યો પણ થયા છે. શિષ્ય અને ગુરુ એ બેઉનો સંબંધ જોતાં ગુરુ ઉપર શિષ્યનો અનન્ય ભક્તિભાવ હોય જ અને એ ગુરુભક્તિથી મોહ પામેલા શિષ્યો કે કાંતો એવા ગુરુના સંબંધમાં આવનારા, પોતાના ગુરુનું ચરિત લખે તો તે ચરિતમાં મૂળ શંકરે જે જે કૃત્ય કર્યાં હોય તે સઘળાને તેમાં નિયોજે તો તેઓ ભક્તિભાવમાં તલ્લીન હોવાથી અને તાત્ત્વીક દૃષ્ટિયે જોતાં એમને દ્વૈતનો ભાસ બીલકુલ થાય જ નહિ અને તેથી કરીને અમુક અમુક વર્ષમાં થયેલા શંકરાચાર્યની ગાદીએ આવનારા શંકરાચાર્યને માટે ગમે તે લખવા ધારે તો લખી શકે, ત્યારે એક એવી પણ શંકા થાય કે જે શંકરની માનું નામ અને પિતાનું નામ છે

તે શંકર અને તેમની પછી ગાદીએ આવનાર શંકરના માતા પિતાનું નામ એક જ કલ્પવાની કાંઇ જરૂર ખરી કે? તો એને માટે શું, એમ ન કહિ શકાય કે મૂળ શંકરની ગાદી ઉપર આવનારને પણ એ જ નામ તેમના ચરિત્ર લખનારા લાગુ કરે તો તેમ નહિ કરવાને કાંઇ કારણ છે? ગમે તેમ હશે પણ જ્યાંસુધી શંકરનો વિશ્વાસ પાત્ર સમય હાથ લાગે એવો કોઇ પણ ચોકશ પુરાવો હાથ ન લાગે ત્યાંસુધી ગમે તેવી કલ્પના કરવાની છૂટ સર્વને હોવી જોઈએ.

શંકર કલિગત વર્ષ ૬૦૫ માં થયા છે એવું માનવાને ભાસ્કરરાયકૃત દીક્ષામીમાંસા નામના પુસ્તકમાં એક શ્લોક નીચે પ્રમાણે છેઃ—

वर्षेष्वतीतेषु शतेषु षट्सु तिष्येऽवतीर्णो मुनिशंकरार्यः ।
शिष्यैश्चतुर्भिः सहितं शिवादिपारंपरीकावधिमानमामः ॥

ઉપરનના શ્લોકમાં કલિયુગના ૬૦૦ વર્ષ વ્યતીત થયા પછી શંકરાચાર્યનો જન્મ થયો છે એવું લખ્યું છે. માધવે બતાવેલી ગ્રહસ્થિતિ ઉપરથી શંકરનો જન્મ કલિગત ૬૦૫ માં આવે છે તેથી આ દીક્ષામીમાંસાનું પ્રમાણ તેને પુષ્ટિ આપે છે.

(ज.) શંકરે સ્થાપેલા ચાર મઠ છેઃ તેમાં ૧ લો શૃંગેરી, બીજો મઠ જગન્નાથ, ત્રીજો દ્વારકા, અને ૪ થો મઠ બદરિકાશ્રમ. એ પ્રત્યેક મઠના અનુક્રમે સુરેશ્વર, પદ્મપાદ, હસ્તામલક, અને ત્રોટક એ પ્રમાણે ચાર અધિપતિ ઠરાવ્યા. પછી તીર્થ, આશ્રમ, વન, અરણ્ય, ગિરિ, પર્વત, સાગર, સરસ્વતી, ભારતી, પુરી એવા મઠપર્યાય કરીને એ ચાર મઠને નીચે પ્રમાણે વહેંચી આપ્યા. શૃંગેરી મઠને સરસ્વતી, ભારતી અને પુરી; જગન્નાથજીના મઠને વન અને અરણ્ય; દ્વારકાના મઠને તીર્થ અને આશ્રમ; બદરિકાશ્રમવાળા મઠને ગિરિ, પર્વત અને સાગર. આ પ્રમાણે અદ્યાપિ પર્યંત હજુ ચાલે છે આ સંજ્ઞાઓ તે તે મઠની ગાદી ઉપર બેસનારા શંકરાચાર્ય પોતાના નામને છેડે વાપરે છે. આવી સંજ્ઞાઓ રાખવાનું શું પ્રયોજન હશે તે સમજાતું નથી પણ વિચાર કરતાં જણાય છે કે એ સર્વ સંજ્ઞાઓ સ્થળસૂચક છે. એ ઉપરથી એવું અનુમાન થઇ શકે કે તે તે સંજ્ઞાવાળાઓએ તે તે સ્થળનો અધિકાર ચલાવવો.

ઉપર બતાવેલા ચાર મઠ પૈકી દ્વારકા[1] અને શૃંગેરી[2] મઠમાંથી શંકરના સમયસંબંધી જે હકીકત મળી આવી છે તે આગળ આપવામાં આવી છે પણ તેનો સાર નીચે પ્રમાણે છેઃ—

દ્વારકાનો શારદા મઠ.

દ્વારકામઠમાંથી મળેલી હકીકતમાં એવું છે કે યુધિષ્ઠિર શક ૨૬૩૧ના વૈશાખ સુદ ૫ મે શંકરનો જન્મ થયો. યુધિષ્ઠિર શક આશરે ૩૦૫૦ વર્ષ સુધી ચાલ્યો છે તેમ જ એ શક કલિયુગ પહેલાં ૧૦ વર્ષને સુમારે શરૂ થયો છે. એ હિસાબે ઉપરની કુંડલિમાં બતાવેલા વર્ષની લગભગ આ સમય પણ આવે છે પણ એ વર્ષમાં અર્થાત્ યુધિષ્ઠિર શક ૨૬૩૧ ના વૈશાખ સુદ ૫ મે માધવે બતાવેલા શંકરના જન્મગ્રહની સ્થિતિ આવતી નથી. માટે એ સમય ખરો છે એમ કહેતાં અચકાવું પડે છે.

શૃંગેરી મઠ.

શૃંગેરી મઠની ગુરૂપરંપરા અને ત્યાંથી મળેલી હકીકત પણ આગળ આપેલી છે. પરંપરા જોતાં વિક્રમ શક ૨૨ ના પાર્થિવ સંવત્સરમાં વૈશાખ શુદ ૩ ને દિવસે શંકરે સંન્યાસ ગ્રહણ કર્યાનું લખ્યું છે. વળી ત્યાંના જુના કડત ઉપરથી હમણાના શંકરાચાર્યે તરફથી અંગ્રેજીમાં લખાઇ આવેલી હકીકત સાથે મેળવતાં એ પરંપરા ખરી છે એમ માનતાં અટકાવું પડે છે. તેમાં એવો ભાવાર્થ છે કે વિક્રમ શક ૭૫ માં આભીર વંશનો પૂર્ણવર્મા રાજ્ય કરતો હતો તે વખતે શંકરનો જન્મ થયો. મિ. તેલંગ જે પૂર્ણવર્માના વખતમાં શંકર હતા એમ કહે છે તે પૂર્ણવર્માએ ઇ. સ. ૫૯૦ માં રાજ્ય કર્યું છે. અત્યાર સુધી બે પૂર્ણવર્મા થયા છે. એક જાવાનીસ લેખમાં વર્ણવેલો અને બીજો ઇ. સ. ૫૯૦ માં હતો તે. આ બે પૈકી ત્રીજા પૂર્ણવર્માનું નામ શૃંગેરી મઠમાંથી મળેલી હકીકતમાં છે. તેથી એવું અનુમાન થાય છે કે આ કોઇ બીજો જ પૂર્ણવર્મા છે.

૧. જુઓ પૃષ્ઠ ૭૮. ૨. જુઓ પૃષ્ઠ ૮૧, ૮૨.

જ્યોતિષના પ્રમાણથી ગણિત કરતાં **વિક્રમ** સંવત્ ૭૫ માં **શંકર**નો જન્મ હોય એ મનાતું નથી. આ વિશે બીજી પણ કેટલીક પરચુરણ હકીકત આગળ આપવામાં આવી છે પણ તે સર્વમાં વિશ્વાસ રાખવા લાયક કાંઇ પણ સાધન જણાતું નથી. તેથી હવે આપણે

બીજાં સાધનો તપાસીએ.

ફાહીઅન,[1] હુયાનથ્સંગ,[2] ઇત્સિંગ,[3] **આલ્બરૂની**,[4] **રામાનુજ**કૃત **વેદાંતસૂત્રભાષ્ય**, **શાં**કરવેદાંતસૂત્રભાષ્ય ઉપરની **ભામતી** નામની ટીકા, **સંક્ષેપશારીરક** અને **પુરાણો** એ સર્વ શું કહે છે તે જોઇ જઇએ.

ફાહીઅન, હુયાનથ્સંગ અને **આલ્બરૂની**, **શંકર**ના સમય માટે કાંઈ પણ કહેતા નથી. **ભામતી** અને **રામાનુજ**ના ભાષ્યનું અવલોકન કરતાં જણાય છે કે **રામાનુજ**નું ભાષ્ય જેના ઉપર વિશિષ્ટાદ્વૈત ટીકા છે, તેમાં **શાં**કરભાષ્યની અદ્વૈતપ્રતિપાદક ટીકાની વિરુદ્ધ લખેલું છે. તેમ જ **ભામતી**, **પંચપદિકા** અને **વિવરણ**ની વિરુદ્ધ પણ એમાં લખેલું છે. **રામાનુજ** આશરે ઇ. સ. ૧૦૭૦ માં થયેલ છે. તેમણે ૨.
પોતાનું ભાષ્ય આશરે ૧૦૫૦ માં લખ્યું હોવું જોઇએ. શિષ્યોની પરંપરા જોતાં ફક્ત **વાચસ્પતિમિશ્ર**નું ૨
એક જ નામ જણાય છે તેથી એ **શંકર** પહેલાં, ૧ સૈકા અગાઉ એ થયો હોય એમ જણાતું નથી પણ **રામાનુજ** પહેલાં બે કે ત્રણ સૈકા અગાઉ થયો હોય એમ જણાય છે તથાપિ એ વિષે ચોકશ પુરાવો નથી. તેમ જ એ કહે છે કે એણે પોતે **નૃગ** નામના રાજાના વખતમાં પોતાનો ગ્રંથ[5] લખ્યો છે પણ **નૃગ** રાજા કયા સમયમાં થયો તે માલુમ પડતું નથી.

સંક્ષેપશારીરક **સર્વજ્ઞાત્મા**એ લખેલ છે. તે પોતે **શંકર**નો મહાન શિષ્ય હતો એમ કહે છે. એના ગ્રંથોમાના કેટલાંક વાકયો[6] ઉપરથી માલુમ પડે છે કે એ **આદિત્ય** રાજાના વખતમાં હતો. ઈ. સ. ૧૮૮૨-૮૩ માં **પ્રો. ભાંડારકરે** પ્રકટ કરેલા આવેદનપત્ર ઉપરથી જણાય છે કે આ રાજા **ચાલુક્ય** રાજા પૈકીનો હોવો જોઇએ. જે નામના અંત્યાક્ષર "આદિત્ય" છે એવા ચાર રાજા થયા છે. આ ઉપરથી **મિ. તેલંગ** વિવાદ કરે છે કે[7] આ '**આદિત્ય** કોણ અને એ ચાર પૈકી કયા '**આદિત્ય** માટે **પ્રો. ભાંડારકર** કહે છે તે નક્કી નથી. આ વિષે આપણી પાસે કાંઈ સાધન નથી તેથી જેની ચર્ચા ચાલે છે એ **આદિત્ય** પહેલો **વિક્રમાદિત્ય** છે એવું માનીએ તો તે એક ઘણો જ પ્રખ્યાત રાજા થઇ ગયો છે અને એના સમયમાં **શંકર**નો જન્મ છે એમ કહિયે તો તે માની શકાતું નથી. કેમકે એના વખતમાં જે જે સમર્થ વિદ્વાનો થઈ ગયા છે તે પૈકી કોઈએ પણ આપણા આ મહાન અને અદ્વિતીય તત્ત્વજ્ઞાની માટે કાંઈ પણ કહ્યું નથી. તેમ જ આગળ બતાવેલા **બાણ**, **મયૂરાદિ** વિદ્વાનોએ પણ એને માટે કાંઇ પણ કોઈ પણ ઠેકાણે લખ્યું નથી.

સર્વજ્ઞાત્મા કહે છે કે **પુલકેશીના** પુત્રના વખતમાં **શંકર** થયા છે અને વળી કહે છે કે એ રાજા

---

૧. ફાહિઅન આશરે ઇ. સ. ૪૦૦ માં હિંદુસ્થાનમાં આવ્યો હતો.

૨. હુયાનથ્સંગ ચીનથી ઈ. સ. ૬૨૯ માં હિંદુસ્થાનમાં આવ્યો અને આશરે ૬૪૫ માં પાછો ગયો. એ ખાસ સંસ્કૃત ભાષામાં બૌદ્ધ સંપ્રદાયનો અભ્યાસ કરવા આવ્યો હતો. એની મુસાફરી તથા જીવનના અંગ્રેજીમાં ભાષાંતર પ્રો. બીલે કર્યાંછે.

૩. ચીનથી ઈત્સિંગ ઇ. સ. ના ૭ મા સૈકાના છેલ્લા પા ભાગમાં હિંદુસ્થાનમાં આવ્યો હતો.

૪. આલ્બીરૂની આશરે ઈ. સ. ૧૦૩૧ માં અરેબીઆથી હિંદુસ્થાનમાં આવ્યો. એણે લખેલી હકીકતનું અંગ્રેજીમાં ભાષાંતર સ્કાઉએ બે ભાગમાં કર્યું છે.

૫. પૃષ્ઠ ૭૬૬, કલકત્તાની આવૃત્તિ. આ વાકયનું આ પ્રમાણે ભાષાંતર થઈ શકે. "જે રાજાના કૃત્યોનું અનુકરણ કરવાને ઘણા રાજા પ્રયત્ન કરતા હતા પણ તેઓ ફતેહમંદ થયા નહિ એવા પ્રસિદ્ધ રાજા નૃગના રાજ્ય સમયમાં મેં આ ભામતી રચેલ છે."

૬. પૃષ્ઠ ૫૨૨, કાશીની આવૃત્તિ, એનું આ પ્રમાણે ભાષાંતર છે. જેની આજ્ઞા કદી અનાજ્ઞા થતી નથી, જે ક્ષત્રિય વંશમાં જન્મેલ છે, જે મનુના વંશનો છે એવા આદિત્ય રાજાના વખતમાં આ સંક્ષેપશારીરક મેં રચ્યો છે.

૭. જુઓ પૂર્ણવર્મા અને શંકરાચાર્ય નામનો વિષય, પૃષ્ઠ ૧૧.

ક્ષત્રિય હતો. તેથી આપણે એવું અનુમાન કરી શકિયે કે એનું નામ **આદિત્યવર્મા** જેવું કાંઇક હશે. એ[1] નામનો એક રાજા બીજા પુલકેશીના વખત પછી ઈ. સ. ૬૨૪-૬૫૮ માં રાજ્ય કરતો હતો. આની જોડે **સંક્ષેપશારીરક**ને મુકીએ તો **શંકર** છઠ્ઠા સૈકાના છેલા ¼ વર્ષ પહેલાં થયા હશે એવું જણાય છે પણ આ **શંકર** તે આપણે જેના જન્મ સમય માટે ચર્ચા કરીએ છીએ તેજ છે એમ કહેવાને કાંઈ મજબુત પ્રમાણ છે કે નહિ?

પદ્મપુરાણના ૪૨મા પ્રકરણમાં **શંકર** સંબંધી હકિકત છે પણ તેમાં તે કયા સમયમાં થયા તેનો ચોકસ દાખલો નથી.

શિવરહસ્ય, ૯-૧૬ માં **ઈશ્વર પાર્વતી**ને કહે છે કે "હે દેવી, કલિયુગમાં થનારા મારા ભ-
"ક્તોનાં ચરિત્ર સાંભળો.........આ કલિયુગને વિષે પણ મારા અંશથી ઉત્પન્ન થયેલા અને તપરૂપ
"ધનવાળા બ્રાહ્મણને કેરલ દેશમાં ઉત્પન્ન કરીશ............આ કલિયુગને વિષે બે હજાર વર્ષ ગયા
"પછી **આર્યાવર્ત** ખંડને વિષે રહેનારા **સારસ્વત**, **ગૌડ**, **મિશ્ર** અને **કારણાંજિન** બ્રાહ્મણો માંસ
"અને મચ્છ ખાનારા અને ઉત્તર **વિંધ્યાલય**માં રહેનારા થશે. તેઓ શબ્દાર્થજ્ઞાનમાં કુશળ અને
"તર્કમાં કઠિન બુદ્ધિવાળા થશે. કલિયુગમાં **જૈનો** અને **બૌદ્ધો** બુદ્ધિવાળા મીમાંસામાં કુશળ થશે
"તેમ જ તેઓ વેદના અદ્વૈત બોધદાયક વાકયોને અન્ય રીતે માનનારા થશે...................
"માટે ઘોર કુલાચારવાળા તથા કર્મના ભારવાળા થયેલા તેઓના ઉચ્છેદને અર્થે મારા અંશરૂપ ઈ-
"શ્વરને સર્જુ છું.........કેરલ દેશમાં **શશલ** નામના ગામમાં બ્રાહ્મણની સ્ત્રીને પેટે મારા અંશ થકી
"**શંકર** નામનો બ્રાહ્મણ ઉત્પન્ન થશે..............."

કલિગત વર્ષ ૨૦૦૦ હજાર વર્ષ ઉપર વર્ણવેલી વર્ણસંકર પ્રજા ધીમે ધીમે થવા માંડી અને તેમને ઠેકાણે લાવવા માટે **શંકર**નો જન્મ થયો. હવે આમાં મુદ્દાની બાબત એ છે કે **શંકર** ૨૦૦૦ વર્ષ ઉપર થયા એનો અર્થ તે કલિગત ૨૦૦૦ વર્ષ પછી તુરત થયા કે ૨૦૦૦ વર્ષ પછી એટલે બે હજાર અને ત્રણ હજાર વર્ષના અંતરમાં થયા? જો પહેલો અર્થ કબૂલ રાખીએ તો **માધવે** આપેલા જન્મગ્રહ સાથે એ સમય મળતો આવતો નથી અને જો બીજો અર્થ કબૂલ કરીએ તો ૨૦૦૦ હજાર અને ૩૦૦૦ વર્ષની વચ્ચેનો સમય અર્થાત્ કલિગત ૨૮૧૫ અથવા એની આસપાસના વર્ષમાં જન્મ થયો એમ કહિ શકાય. પણ આ બધું આનુમાનિક છે તથાપિ આપણે

શંકરે લખેલા ગ્રન્થોને તપાસી જોઇએ

કે એમાં એમના જન્મ સમય ઉપર અજવાળું પડે એવું કાંઈ છે કે નહિ. **શંકરે** નાના મોટા ઘણા ગ્રંથો લખ્યા છે, જેની યાદી આગળ પૃષ્ઠ ૮૮ માં આપી છે. તે પૈકી (૧) **બ્રહ્મસૂત્ર** ઉપરનું ભાષ્ય, (૨) ઉપનિષદ્ ભાષ્ય, (૩) **ગીતાભાષ્ય**, (૪) **સનત્સુજાતીય** ઉપરની ટીકા વગેરે જોવાથી **ઉપવર્ષ**,[2] **શબર સ્વામી**,[3] **ભર્તૃહરિ**,[4] **દ્રવિડાચાર્ય**,[5] **વૃત્તિકાર**,[6] **કુમારિલ ભટ્ટ**,[7] **પ્રભાકર**,[8] ઉ-

---

૧. રાઇસ કૃત મ્હેસૂરના લેખ, પૃષ્ટ ૭૧.

૨. બિબ્લીઓથિકા ઇંડીકા આવૃત્તિમાં પ્રગટ થયેલ વેદાંતસૂત્ર ભાષ્ય, પૃષ્ઠ ૨૯૧,૯૫૩.

૩. કીતા, પૃષ્ઠ ૫૮,૯૫૩.

૪. બૃહદારણ્યકોપનિષદ્-મદ્રાસી આવૃત્તિ-પૃષ્ઠ ૧, ૩૭૩, ૩૭૫.

૫. કીતા, પૃષ્ઠ ૧,૮૭,૮૯.

૬. બિબ્લીઓથિકા ઇંડિકા આવૃત્તિમાં પ્રકટ થયેલ વેદાંતસૂત્ર ભાષ્ય, પૃષ્ઠ ૫૭,૩૪૩; બાબુ ભુવનચંદ્રવાળું ગીતા ભાષ્ય, પૃષ્ઠ ૭,શ્લોક ૯૩.

૭. કીતા, પૃષ્ઠ ૫૦,૫૩,

૮. કીતા, પૃષ્ઠ ૫૭.

ધોતકર,[1] પ્રશસ્તપાદ,[2] અને ઈશ્વરકૃષ્ણની[3] સહાયતા લીધી છે. આ સઘળા કયા સમયમાં થયા તે આપણે જોઈએ.

ઉપવર્ષનું નામ ગુણાઢય નામ કવિયે પૈશાચી ભાષામાં લખેલા એક મહાન ગ્રંથ ઉપરથી સોમદેવ નામના કવિયે સાતવાહન રાજાના વખતમાં સંક્ષેપ રીતે સંસ્કૃતમાં લખેલા એક ગ્રંથમાં આવે છે. ઉપવર્ષે જૈમિનીના મીમાંસાસૂત્ર તથા બાદરાયણના વેદાંતસૂત્ર ઉપર ટીકા કરેલી છે. એ યોગાનંદના વખતમાં હતો. આ યોગાનંદ ગમે તે હો પણ એટલું તો નક્કી છે કે તે ઈ. સ. પહેલાં થયો છે. વળી જૈમિનીના મીમાંસાસૂત્ર ઉપર શબરસ્વામીએ ટીકા કરી છે. એની તવારીખ ઈ. સ. પૂર્વે ૪ થા અને ઇ. સ. ના બીજા સૈકાની વચમાં હોવી જોઇએ. એણે પોતાના ગ્રંથમાં મીમાંસાસૂત્રની વૃત્તિ ટાંકી છે. વળી ભર્તૃહરિ પોતાના વાકયપદીયમાં મીમાંસાની કેટલીક ગુંચવડોનો ખુલાસો કરે છે. આ ખુલાસા શબરસ્વામીના છે પણ બીજા કોઇના નથી. ભર્તૃહરિનો સમય પહેલા સૈકામાં અને વાકયપદીય ઉપરથી શબરસ્વામીનો સમય ઇ. સ. ની શરૂઆત પહેલાં હોવો જોઇએ. ગમે તેમ હોય, પણ એ ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકા પછી થયો. ભર્તૃહરિપ્રપંચ એ ભર્તૃહરિને મળતો છે. એણે વેદાંતસૂત્ર, ઉપનિષદ અને ભગવદ્ગીતા ઉપર સૂત્રો લખ્યાં છે. શંકરાચાર્યની ટીકા ઉપરથી તથા બૃહદારણ્યક ઉપનિષદ્‌ની કણ્વશાખા ઉપરના આનંદગિરીના વાર્તિકથી માલુમ પડે છે કે એણે પણ એ જ ઉપનિષદ્ ઉપર ટીકા લખી છે પણ એ માધ્યંદિન શાખાની છે. ભર્તૃહરિપ્રપંચ એ એક મોટો લેખક હતો. કેમકે કેટલાક વિશિષ્ટાદ્વૈતિક તત્ત્વજ્ઞાનીઓએ એના લેખમાંથી ઉતારા કર્યા છે. દ્રવિડાચાર્ય એ દક્ષિણ હિંદુસ્થાનનો રહિશ હતો એવું એના નામ ઉપરથી જણાય છે. વેદાંતસૂત્ર અને ઉપનિષદ્ ઉપરની ટીકાઓનો એ કર્તા હતો. રામાનુજાચાર્યે પોતાના વેદાંતસૂત્રભાષ્ય અને વેદાર્થસંગ્રહમાં એ લેખના ઉતારા લીધા છે. એનો સમય નક્કી થઈ શકે એમ નથી પણ એ આશરે ઇ. સ. પહેલાં થયો હોવો જોઈએ. વામનાચાર્યે નામના એક માણસે એના પુસ્તકો ઉપર ટીકા કરી છે. આ વામનાચાર્યે તે કાશિકાવૃત્તિનો લેખક વામનાચાર્યે નહિ. વૃત્તિકાર સૂત્રનો કર્તા એ વૃત્તિનો પણ કર્તા હોવો જોઇએ અથવા તેનો શિષ્ય હોવો જોઈએ. વૃત્તિકારનો સમય સૂત્રના કર્તાના સમય ઉપર આધાર રાખે છે અને તેથી કરીને ઘણા જુના વખતને લીધે તેનો સમય આપણે નક્કી કરી શકતા નથી. રામાનુજે વેદાંતસૂત્રના કેટલાંક લખાણ કબૂલ રાખ્યાં છે પણ શંકરના લખાણ કબૂલ રાખ્યાં નથી. એની ટીકા ૩૨ અક્ષરના ૧૦૦૦૦૦ શ્લોકની હતી. એની પછી દ્રવિડાચાર્ય, બ્રહ્મનંદી, આચાર્ય કપર્દિ અને ભારુચી થયા. એ રામાનુજના વેદાર્થસંગ્રહ ઉપરથી સિદ્ધ થઇ શકશે. પ્રભાકર શબરસ્વામીના સંપ્રદાયનો હતો અને એને ગુરૂ કહેતા હતા; તેથી એના અનુયાયીઓને પ્રભાકર કહેતા હતા તથા એના સંપ્રદાયને ગુરુસંપ્રદાય કહેતા. એને માટે કુમારિલભટ્ટ પોતાના તંત્રવાર્તિક, તંત્રરત્ન, વાર્તિક, તપ્સિકામાં સખત ટીકા કરી છે. આ બે ગ્રંથ કર્તા વચ્ચે એક સૈકાનો ફેર હશે.

કુમારિલના તંત્રવાર્તિકમાં કાલિદાસનું નામ આવે છે. તે ઉપરથી જણાય છે કે કાલિદાસની પછી કુમારિલ થયો હશે. મેઘદૂત ઉપરથી માલૂમ પડે છે કે દિગ્નાગ કાલિદાસનો સમકાલિન હતો ન્યાયતત્ત્વજ્ઞાનને દિગ્નાગ ધિક્કારતો હતો અને એ વિષેની ટીકા ઉદ્યોતકરાચાર્યે પોતાના ન્યાયવાર્તિકમાં કરી છે. આ હકિકત વાચસ્પતિમિશ્રની ન્યાયતાત્પર્ય નામની ટીકા ઉપરથી મેળવેલી ખબર છે. ઉદ્યોતકરનો સમય ૪ થા સૈકામાં મુકી શકાય અને તેથી કરીને કાલિદાસ ત્રીજા સૈકામાં અને કુમારિલ ૪ થા સૈકાની શરૂઆતમાં થયા એમ ધારી શકાય છે. સાંખ્યકારિકાનો કર્તા ઈશ્વરકૃષ્ણ છે. તેનું બીજું નામ તત્ત્વસંગ્રહ પણ કહેવાય છે. એનું શંકરાચાર્યે સ્પષ્ટ રીતે નામ લખ્યું નથી. અથવા તો એના ગ્રંથમાંથી કોઈ ભાગ ટાંકી બતાવ્યો નથી. પણ કેટલાક તત્ત્વજ્ઞાનના પ્રશ્નના સંબંધમાં સાંખ્યકારિકા શું કહે છે તેનો હેવાલ આપેલો છે. આ ઉપરથી ઈશ્વરકૃષ્ણ આપણા અદ્વૈત તત્ત્વજ્ઞાની પહેલાં થયો હોવો જોઈએ. કેમકે એમના પરમ ગુરુ ગૌડપાદાચાર્યે એના ઉપર ટીકા લખી છે જેનું

---

૧. વેદાંતસૂત્રભાષ્ય, પૃષ્ઠ ૫૭.

૨. અધ્યાય બીજો ને બીજું પદ.

૩. " " "

ચીની ભાષામાં **ચં**ગ વંશના વખતમાં એટલે ઇ. સ. ૫૫૭-૫૮૩ માં[1] ભાષાંતર થયું છે. **ગૌડપાદ** એ ભાષાંતરની પહેલાં એક સૈકું આગળ થયો હોય એ શકય છે. એમ કહિયે કે એ ખરૂં છે અને વધારે વહેલામાં વહેલી સાલ છે તો પણ એ તારીખને માટે નક્કી કહિં શકાય તે ઇ. સ. ૫૫૦ છે. આ ઉપરથી એમ કહિ શકાય કે ઇ. સ. ૩૫૦ ને સુમારે **શં**કરાચાર્યનો સમય આવે છે.

વેદાંતસૂત્ર ભાષ્યમાં કણાદસૂત્રોનો ઉતારો છે અને વળી **પ્ર**શસ્તપાદાચાર્યની ટીકા પણ છે. **પ્ર**શસ્તપાદાચાર્ય તથા ઉદ્યોતકરાચાર્ય બેઉ એક જ સમયમાં થયા એવું સાધારણ રીતે જાણવામાં આવ્યું છે. જો ઉદ્યોતકર ૪ થા સૈકામાં થયા એમ માનીએ તો **પ્ર**શસ્તપાદ પણ એ જ સૈકામાં થયા હોવા જોઈએ.

આપણને **શં**કરાચાર્યના **વે**દાંતસૂત્ર ભાષ્યમાંથી કેટલાંક વાકયો જડે છે તે નીચે પ્રમાણે છેઃ—

'[2]**नहि देवदत्तः स्रुघ्ने सन्निधीयमानस्तदहरेव पाटलिपुत्रे सन्निधीयते युगपदत्रानेकवृत्तावनेकत्रप्रसंगाद्देवदत्तयज्ञदत्तयोरिव स्रुघ्नपाटलिपुत्रनिवासिनो।**'—દેવદત્ત જે હાલ [3]શૂઘ્નમાં છે તે **પાટલિપુત્ર**માં[4] સાથે અને એક જ દિવસે હોઇ શકે નહિ, તેમ છતાં કોઈ માણસ જૂદી જૂદી જગોએ હોય તો એ જૂદા જૂદા માણસો હોવા જોઈએ. જેમ કે દેવદત્ત અને **યજ્ઞદત્ત** એક જ વખતે **શૃઘ્ન** અને **પાટલિપુત્ર**માં રહેતા હતા.

વળી '[5]**योपि ह स्रुघ्नानां मथुरां गत्वा मथुरायाः पाटलिपुत्रां व्रजति। सोपि स्रुघ्नात्पाटलिपुत्रामयातीति शक्यते कथम्।**'—જે **શૃઘ્ન**થી **મ**થુરા અને ત્યાંથી **પાટલિપુત્ર** જાય છે તે **શૃઘ્ન**થી **પાટલિપુત્ર** જાય છે એવું ધારી શકાય.

તેમ જ '[6]**यथा पूर्णवर्मणास्त्येव भक्तपरिधानमात्रफला राज्यवर्मणस्सैव राज्यतुल्यफलेति**'—**પૂર્ણ**વર્માની સેવાથી જેમ અન્ન અને વસ્ત્ર મળે છે તેમ **રાજ્યવર્મા**ની સેવાથી તેની કૃપા પ્રાપ્ત થાય છે.

'[7]**सतोर्हि द्वयोः संबन्धः संभवति न सदसतोरसतोर्वा। अभावस्य च निरुपाख्यत्वात्प्रागुत्पत्तेरिति मर्यादाकारणमनुपपन्नम्। सतां हि लोके क्षेत्रगृहादीनां मर्यादा दृष्टा नाभावस्य। न हि वन्ध्यापुत्रो राजा बभूव प्राक्पूर्णवर्मणोभिषेकादित्येवं जातीयकेन मर्यादाकारणेन निरुपाख्यो वन्ध्यापुत्रो राजा बभूव भवति भविष्यति इति वा विशेष्यते**'—કોઇ પણ બે વસ્તુનો સંબંધ હોઈ શકે પરંતુ સત્ય અને અસત્યનો અથવા બન્ને અસત્ય વસ્તુનો સંબંધ હોઇ શકે નહિ. અભાવ એ જ અસત્ય વસ્તુ હોવાથી 'ઉત્પત્તિ પહેલાં' આવી જે મર્યાદા દર્શાવી છે તે આને માટે યોગ્ય નથી. કારણ આપણે હમેશાં જોઇએ છીએ કે સત્ય વસ્તુ જેમ કે ક્ષેત્ર, ગૃહ ઈત્યાદિને મર્યાદા હોય છે પણ અસત્ય વસ્તુ–અભાવજ–ને હોય જ નહિ. આવી રીતે વંધ્યાપુત્ર, **પૂર્ણ**વર્માના અભિષેક પહેલાં રાજા હતો, છે અથવા થશે એ કહેવું અયોગ્ય છે.

આ ઉપરથી જણાય છે કે **પાટલિપુત્ર** એક વખતે હિંદુસ્થાનની રાજધાનીનું મોટું શહેર હતું. **પતંજલિ** વગેરેના લખવા પ્રમાણે એ આશરે ઇ. સ. ૭૫૦ માં **સોન** અને **ગંગા** નદીના મોટા પૂરને લીધે તણાઈ ગયું. કારણ કે એ શહેર એ બે નદીના સંગમ ઉપર આવેલું હતું.[8] હાલનું **પટણા** **શીર**શાહ(ઈ. સ. ૧૫૪૧)ના વખતથી છે. ત્યાં એક સાદી બાંધણીની મસીદ છે. તેમાં **શીર**શાહનો એક લેખ છે. **શૃઘ્ન** ઘણું જુનું શહેર છે જે **યમુના** નદીને કાંઠે **થાણેશ્વર**માં આવેલું છે. હાલમાં તેને સુઘ[9] કહે છે. એમાં આશરે ૨૦૦[10] ઘર છે. આ શહેરની આવી દશા કયારે થઈ તે જણાતું નથી. એમ

૧. જર્નલ રોયલ એશિયાટિક સોસાઇટી, પુસ્તક ૧૨, નવી આવૃત્તિ.
૨. વેદાંતસૂત્રભાષ્ય, પૃષ્ઠ ૪૬૭ (બીબ્લીઓથિકા ઇંડિકા સીરીઝ).
૩. ઉત્તરમાં મથુરા પાસે છે.
૪. હમણા ખંડેર થઈ ગયું છે. તે પટણા પાસે છે.
૫. વેદાંતસૂત્ર ભાષ્ય, પૃષ્ઠ ૧૦૯૩.
૬. છાંદોગ્યઉપનિષદ્ ભાષ્ય, ૨,૨૩, પૃષ્ઠ ૭૧, મદ્રાસી આવૃત્તિ.
૭. વેદાંતસૂત્ર ભાષ્ય, પૃષ્ઠ ૪૬૫, બ્રહ્મસૂત્ર ૨,૧,૧૮ ઉપર.
૮. આર્કિયોલોજિકલ સર્વે રિપોર્ટ, પુસ્તક ૮, ટીપ્પણ પૃષ્ઠ ૧૨ અને ૧૩.
૯. આર્કિયોલોજિકલ સર્વે રિપોર્ટ. પુસ્ત ૨, પૃષ્ઠ ૨૨૯.
૧૦. " " "

છતાં તોમર અને ચોહાણ રાજાઓના દાટેલા સિક્કાની ખોળ ઉપરથી એમ જણાય છે કે એ ઇ. સ. ૧૧૯૩ ની મુસલમાનોની જીત સુધી હશે. જનરલ કનીંગહામ ધારે છે કે ફીરોજ તઘલખના વખત પહેલાં ત્યાં કોઇ હશે. આને માટે હુયાનત્સંગ કહે છે કે એનો ઘણોખરો ભાગ પડી ગયો હતો તો પણ નિશાનીઓ રહિ હતી. તેમાં પાંચ મઠ હતા. દરેક મઠમાં એક હજાર સાધુઓ હતા જે વિદ્વત્ત-ભરેલા સવાલો ઉપર ચર્ચા ચલાવતા હતા. તેમાં બ્રાહ્મણોના સો દેરાં-મંદિર-હતાં અને એને ઘણા લોકો માનતા હતા.

શંકરાચાર્યે આ બે શહેરોને માટે એક કરતાં વધારે વાર લખેલું છે તે ઉપરથી એવું સાબીત થાય છે કે એ બે ઘણાં મોટાં અને પ્રખ્યાત શહેર હશે. પાટલિપુત્ર ઇ. સ. ૭૫૦ પહેલાં સારી સ્થિતિમાં હતું અને સ્રૂઘ્ન શહેર હુયાનથ્સંગે ઈ. સ. ૬૩૫ માં જોયું ત્યાર પહેલાં સારી સ્થિતિમાં હતું. આ આધારે જોતાં શંકરાચાર્યે સાતમા સૈકા પહેલાં થયા હોય એમ જણાય છે.

પૂર્ણવર્માના સંબંધનો એક લેખ આગળ આપવામાં આવેલો છે. શંકરાચાર્ય એના સમયમાં હતા એવું ઉપલા ફકરા ઉપરથી જણાય છે. તેમ જ પૂર્ણવર્મા કાંઈ ખોટો પુરુષ હતો નહિ પણ એનો રાજ્યાભિષેક ખરેખર થયો હતો એવું શંકરાચાર્ય કહે છે.

ઉપરના ૪ થા ફકરામાં રાજ્યવર્માનું નામ આવે છે. તેના સંબંધમાં કોઈ પણ ઠેકાણેથી ઐતિહાસિક પુરાવો મળી આવતો નથી.

ગમે તેમ હોય પણ શંકરાચાર્યનો સમય નક્કી કરવાનું કામ ઘણું કઠિન છે. જ્યોતિષશાસ્ત્રને આધારે જે સમય આવે છે તેની જોડે ઐતિહાસિક બાબતો મળતી આવતી નથી. તેમ જ ઐતિહાસિક બાબતો જોડે જ્યોતિષની બાબત મળતી આવતી નથી. વળી બીજી આસપાસની બાબતો એક બીજા સાથે મળતી આવતી નથી. ઐતિહાસિક રીતે સિદ્ધ થતા જૂદા જૂદા સમય આગળ આપેલા છે. જેમને જે સમય ખરો લાગે તે માનવાને કાંઇ હરકત નથી. હવે આપણે સંક્ષેપશંકરજયના કર્તા

માધવ કિંવા વિદ્યારણ્ય

વિષે થોડુંક લખવા માંગીએ છીએ. એણે પારાશરસૂત્ર ઉપર ભાષ્ય કર્યું છે જે પારાશર માધવીય કહેવાય છે. એ ગ્રન્થને આરંભે એણે પોતાનો ઇતિહાસ નીચે પ્રમાણે આપ્યો છેઃ—

श्रीमती जननी यस्य सुकीर्तेर्मायणः पिता । सायणो लोकनाथश्च मनोबुद्धिसहोदरः ॥
यस्य बौधायनं सूत्रं शाखा यस्य च याजुषी । भारद्वाजकुलं यस्य सर्वज्ञः सहि माधवः ॥

શ્રીમતી જેની માનું નામ છે. સુકીર્તિવાળો જેનો માયણ નામે પિતા છે, સાયણ તથા લોકનાથ નામે મન અને બુદ્ધિરૂપ બે ભાઇઓ છે, જેનું બૌધાયન નામે સૂત્ર છે અને એ જ નામની યજુર્વેદની જેની શાખા છે તથા ભરદ્વાજ નામનું જેનું ગોત્ર છે તે જ સર્વજ્ઞ માધવ છે.

એ તુંગભદ્રા નદીને કાંઠે પંપાનામનું ક્ષેત્ર છે ત્યાં રહેતો હતો. એનો જન્મ શાલિવાહન શકના ૧૩ મા સૈકામાં થયો હતો. એનો ભાઈ સાયણ દક્ષિણના સંગમ નામના રાજાનો મંત્રી હતો. સાયણાચાર્યે ધાતુવૃત્તિ નામનો એક ગ્રંથ લખ્યો છે તેમાં લખ્યું છે કે '**इति पूर्वदक्षिणपश्चिमसमुद्राधीश्वरकस्य राजसुतसंगमराजमहामंत्रिणा सायणपुत्रेण माधवसहोदरेण सायनाचार्येण विरचिता माधवीया धातुवृत्तिः ।**'

સંગમ રાજાના પુત્ર હરિહર અને બુકરાયે વિજયનગર વસાવ્યું. ઇ. સ. ૧૮૦૦ માં ચિત્રદુર્ગમાંથી ત્રણ પિતલપત્ર[1] મળ્યાં હતાં તેમાં સંગમ રાજા અને તેના પુત્રોનાં નામો લખ્યાં છે તે આ પ્રમાણે છેઃ—

---

૧. એશિયાટિક રીસર્ચીઝ, પુસ્તક ૯, પૃષ્ઠ ૪૧૬.

अभूदस्य कुले श्रीमान् भूयो गुरुगुणोदयः । अपास्तदुरितासंगः संगमो नाम भूपतिः ॥
आसन् हरिहरः कंपो बुक्करायो महीपतिः । मारपो मुद्रपंचेति कुमारास्तस्य भूपतेः ॥

હરિહર રાજાએ જમીનનું દાન કર્યું હતું તે વિષે એ પિતલપત્રમાં આ પ્રમાણે છેઃ—

ऋषिभूवह्निचंद्रे तु गणिते धातवत्सरे । माघमासे शुक्लपक्षे पौर्णमास्यां महातिथौ ॥
नक्षत्रे पितृदैवत्ये भानुवारेण संयुते ।

શાકે ૧૩૧૭(ઇ. સ. ૧૩૯૫)ના ધાત સંવત્સરના માઘ શુદ પુનમને દિવસે મઘા નક્ષત્ર અને રવિવારે.[1]

એલગોલ પર્વતમાં એક શિલાલેખ છે તેમાં શાકે ૧૨૯૦ માં બુક્વ રાજાએ જૈન અને વૈષ્ણવોનો વિવાદ તોડીને એક બિન્નમાં સલાહ કરાવ્યાની હકીકત છે.[2] આ ઉપરથી જણાય છે બુક્વ રાજા શાકે ૧૨૯૦ માં અને હરિહર રાજા શાકે ૧૩૧૭ માં ગાદીએ બેઠા. આ ઉપરથી તેના પિતા સંગમ રાજાનો મંત્રી સાયનનો ભાઇ માધવ શકાબ્દ ૧૩ અથવા ઇ. સ. ના ૧૪ મા સૈકાના મધ્ય ભાગમાં જીવતો હતો એમ જણાય છે. એને માટે

લોકવાર્તા

એવી છે કે એ ચાળીશ વર્ષનો થયો ત્યાંસુધી કંગાલ હાલતમાં હતો તથા એને બહુ છોકરાં હતાં. તેમનું પોષણ કરવા માટે તેને ભિક્ષા માંગવી પડતી હતી. તે ક્ષેત્રમાં એક દિવસે કોઇ મહાત્મા, વિરૂપાક્ષેશ્વરના દર્શન કરવા માટે આવ્યો. એ મહાત્માએ એક સ્તોત્ર તેને આપીને કહ્યું કે આનો તું નિત્ય પાઠ કરજે એટલે ઇષ્ટની સિદ્ધિ થશે. તેથી માધવે એ સ્તોત્ર-ગાયત્રીમંત્ર-ના ૨૪ પુરશ્ચરણ સાંગ કર્યાં છતાં ઇષ્ટની પ્રાપ્તિ થઇ નહિ તેથી તે કંટાળીને સંન્યાસી થયો, એટલે તેને ગાયત્રી પ્રસન્ના થઈ અને કહ્યું કે 'વરદાન માંગ.' ત્યારે તે ઘણો ગુસ્સે થઈને બોલ્યો કે હવે મારે કશાની ઈચ્છા નથી. તો પણ તે પ્રસન્ના થઈ અને એને ચૌદે વિદ્યા આપીને એનું નામ વિદ્યારણ્ય પાડયું તથા એના સંતોષને માટે હોન્નનો[3] વર્ષાદ વર્ષાવ્યો.

માધવે લખેલા ગ્રન્થો.

એણે સર્વ શાસ્ત્રો ઉપર ગ્રન્થ લખ્યા છે. એટલે વૈદકશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર અને વેદાંતશાસ્ત્ર ઉપર ગ્રન્થો લખ્યા છે—તેમાંના કેટલાક ગ્રન્થોનો સાર ટૂંકામાં નીચે આપ્યો છે.

નિદાનમાધવઃ—આ ગ્રન્થમાં દરેક રોગ શા શા કારણથી ઉત્પન્ન થાય છે ને તે સાધ્ય કે અ-સાધ્ય છે તથા તેના કેટલા પ્રકાર છે તેની વિગત છે.

કાલમાધવઃ—આ ગ્રન્થ ધર્મશાસ્ત્ર ઉપર છે અને ધર્મશાસ્ત્રનું વ્યાખ્યાન કરનારાઓને ઉપયોગી છે.

સંક્ષેપશંકરજયઃ—આ એક રસિક કાવ્ય છે.

પંચદશીઃ—આ ગ્રન્થ વેદાંત ઉપર છે. આ ગ્રન્થ સર્વત્ર પ્રસિદ્ધ છે.

બ્રહ્મગીતાઃ—એમાં મધ્વ, શાંકર અને રામાનુજ મતોનું પ્રતિપાદન કરીને શ્રુતિસંમત જે અદ્વૈત સિદ્ધાંત તેનું નિરૂપણ કરેલું છે.

શતપ્રશ્નકલ્પલતિકાઃ—આમાં દરેક પ્રશ્નના ઉત્તરરૂપ દશ દશ શ્લોક કર્યા છે, તેમાં પંચદ્રવિડ અને પંચગૌડ કોને કહેવા વગેરેની હકીકત છે.

સર્વદર્શનસંગ્રહઃ—એમાં ન્યાય, વેદાંત, મીમાંસા, સાંખ્ય, કણાદાદિ શાસ્ત્રોનું સંક્ષેપમાં વર્ણન છે

વિદ્યારણ્ય કાલજ્ઞાનઃ—એમાં તૈલંગણ દેશ યવનોને તાબે થતાં સુધીની રાજ્યમર્યાદા તથા તે રાજ્ય ઉપર જે રાજાઓએ અધિકાર ભોગવ્યો તેનું વર્ણન છે.

માધવવૃત્તિઃ—આ ગ્રંથ વ્યાકરણ ઉપર છે. એની શ્લોક સંખ્યા ૨૫૦૦૦ છે.

---

૧. એશિયાટિક રીસર્ચિઝ, પૃષ્ઠ ૪૧૭,૪૨૧.

૨. જુઓ એ જ, પૃષ્ઠ ૨૭૦,

૩. આ એક ૪-૫ રૂપીઆની કીમતનું નાણું છે જે દક્ષિણમાં ચાલે છે.

ન્યાયમાલાઃ—જૈમિનીસૂત્રના ૧૨ અધ્યાય ઉપર વ્યાખ્યા છે.

વેદાન્તમાલા:—વ્યાસે કહેલા **વેદાંતસૂત્રો** ઉપર ટીકા છે એમાં **શાંકરભાષ્યનો** સિદ્ધાંત સંક્ષેપ-રૂપે આવ્યો છે.

પારાશર માધવીયઃ—**પારાશરસૂત્ર** ઉપર ભાષ્ય છે.

અવકાશને વખતે **વિદ્યારણ્ય** શિષ્યોને ભણાવતો. એની સારી સલાહથી **હરિહરરાયની** સંપત્તિમાં ઘણો વધારો થઈને તેનું રાજ્ય સારી પેઠે જામ્યું. તેણે તીર્થયાત્રા કરી અને છેવટે પોતે જીતેલા લોકોને સાથે લઈને **પંપાક્ષેત્રમાં** આવ્યો. એ લોકો પછી એના શિષ્ય થયા. તેણે પોતાના ૯૦ મે વર્ષે સર્વ વેદો ઉપર ભાષ્ય કર્યા જે મોટા અને સ્વયંપ્રકાશ છે.

સંક્ષેપશંકરજયનો લખનાર આ **માધવ** નથી એમ કેટલાકનું કહેવું છે. તેનું કારણ એવું બતાવવામાં આવે છે કે **માધવે** જે બીજા ગ્રંથો લખ્યા છે તેમાં તેના વંશ વગેરેનું ટૂંકમાં વર્ણન છે અને આ ગ્રન્થમાં તેમ કરેલું નથી. તેમ જ આ ગ્રન્થની ભાષા તેણે લખેલા બીજા ગ્રંથો કરતાં જૂદી છે. આ અનુમાન **સંક્ષેપશંકરજયનો** એ કર્તા નથી અને બીજો કોઇ છે એમ કહેવાને પૂરતું કારણ નથી. આ ગ્રન્થની શૈલી અને તેની રચના જોતાં તે ઘણી જ ઉત્તમ ઢબ ઉપર લખેલ માલુમ પડે છે. આવી ઉત્તમતા વાળો ગ્રંથ અન્ય **માધવની** કૃતિ છે એમ માનવાને જ્યાંસુધી પૂરતું સાધન આપણી પાસે નથી ત્યાંસુધી આ આપણા સર્વશાસ્ત્રવિશારદ **માધવ** કિંવા **વિદ્યારણ્યની** જ કૃતિ છે એમ માનવાને કાંઇ હરકત જણાતી નથી.

શંકર જેવા અદ્વિતીય પુરુષનું વૃત્તાંત લખવા માટે તૈયાર થનાર **માધવ** પોતાના ગ્રંથના પ્રારંભમાં કહે છે કે '**प्रणम्य परमात्मानं श्रीविद्यातीर्थरूपिणम् । प्राचीनशंकरजये सारः संगृह्यते स्फुटम् ॥**'-મારા ગુરુ **શ્રી**વિદ્યાતીર્થરૂપી પરમાત્માને પ્રણામ કરીને પ્રાચીન **શંકરજયમાંનો** સાર સ્પષ્ટપણે ગ્રહણ કરીને તે હું આ ગ્રન્થદ્વારા પ્રકટ કરૂં છું. આ ઉપરથી સ્પષ્ટ રીતે જણાય છે કે **માધવના** ગુરુ **શ્રી**-વિદ્યાતીર્થ છે. આ **વિદ્યાતીર્થ** તે કોણ એવો એક પ્રશ્ન ઉભો થાય છે. તેનું સમાધાન **શૃંગેરી** મઠની ગુરૂપરંપરા જોતાં જણાય છે કે **શ્રી**શંકરની ગાદીએ જેઓ આવ્યા તે પૈકી દશમો પુરુષ તે **વિદ્યાતીર્થ** છે. એમણે શાકે ૧૧૫૦ના કાર્તિક શુદ ૧૧ ને દિવસે સંન્યસ્ત ગ્રહણ કરેલું છે અને ૧૨૫૫ ના કાર્તિક શુદ ૭ ને દિવસે તેઓએ સમાધિ લીધી છે. જો **માધવના** ગુરુ આ જ **વિદ્યાતીર્થ** છે એમ માનીએ તો તે પોતે સર્વશાસ્ત્રવિશારદ હોવાથી તેમને એ ગાદી ઉપર આવનાર **ભારતી** કૃષ્ણતીર્થ પછી એટલે શાકે ૧૨૫૩ માં ગાદીએ બેસવાનું મળ્યું હોવું જોઇએ. **માધવનું** બીજું નામ **વિદ્યારણ્ય** છે એ આપણા જાણવામાં છે અને એમણે જો ૧૨૫૩ માં સંન્યસ્ત દીક્ષા લીધી અને શાકે ૧૩૦૮ માં સમાધિસ્ત થયા એવું માનીએ તો એમની ઉમર આશરે ૮૦-૮૫ ની ધારી શકાય. તે ક્યારે કે તેમણે પોતાની ૨૦ વર્ષની ઉમ્મરે સંન્યાસ ગ્રહણ કર્યો હોય તો જ.

માધવ સર્વ શાસ્ત્રમાં નિપુણ ગણાય છે, તેમ જ તે **વિજયનગરની** પાસેના સ્થળમાં રહેનાર મનાય છે તેથી ત્યાંથી થોડે દૂર આવેલ **શૃંગેરી** મઠમાં ગયા હોય અને તેમણે ત્યાં આગળ જ સંન્યસ્ત લીધું હોય ને તેમની વિદ્વત્તા જોઇ તેમને જ એ મઠમાં **શંકરની** ગાદી મળી હોય તો તે ન માનવાને કાંઇ સબળ કારણ જણાઈ આવતું નથી. જો **શંકરની** ગાદીએ એ આવ્યા એમ આપણે માનીએ તો તે એક સારા વિદ્વાન્ હોવાથી તેમનું મત **શંકરાચાર્યનું** ચરિત લખવા માટે લલચાય એમાં કાંઈ-નવાઇ જેવું નથી. પોતે સંન્યસ્ત લીધેલું છે અને વળી જગદ્ગુરુની મહાન પદવી ઉપર આવ્યા છે તેથી તેમણે જેમ પોતાના બીજા ગ્રંથોના આરંભમાં પોતાની અને પોતાના વંશની જે થોડીક હકિકત આપી છે તેવી હકીકત ગ્રંથમાં લખતી વખતે આવવાનું મન ન થયું હોય અને તેથી ન આપ્યું હોય તો તે બનવાજોગ છે. અત્ર એક બીજું પ્રશ્ન ઉઠું થાય છે. એમણે **સંક્ષેપશંકરજય** સંન્યાસ લીધા પહેલાં લખ્યો કે સંન્યાસ લીધા પછી? સંન્યાસ લીધા પછી લખ્યો એમ માનીએ તો તેમણે **સંક્ષેપશંકરજયનાં** પ્રત્યેક સર્ગના વલણમાં "**इतिश्रीमाधवीये**" એમ લખીને પોતાના નામનું સૂચન કર્યું છે તે કરે નહિ. માટે એવું અનુમાન કરી શકાય કે એ સર્વશાસ્ત્રવિશારદ હોવાથી તેમ જ અદ્વૈત ઉપર પ્રીતી હોવાને લીધી તેમણે સંન્યાસ લેતાં પહેલાં લખ્યું પણ હોય પણ અદ્વૈત સિદ્ધાંતિયો અદ્વૈતદૃષ્ટિથી નામ લખે

અથવા ન લખે તો પણ તેને કાંઇ બાધ હોતો નથી. તેમ જ આ ગ્રંથની શૈલી પણ જૂદી પડવાને માટે એક સબળ કારણ જણાય છે. તે એ જ કે શંકર જેવા અદ્વિતીય તત્ત્વજ્ઞાનીનું વૃત્તાંત લખવામાં પોતાની બુદ્ધિનો સારી પેઠે ઉપયોગ કરીને જેમ બને તેમ ઉત્તમ રીતે ગ્રંથ લખાય એમ કરવાનો પ્રયત્ન કર્યો હોય ને તેથી જ તેમના બીજા ગ્રંથો કરતાં આ ગ્રંથની શૈલી જૂદી પડતી હોવી જોઇએ.

ઉપરના અનુમાનને માધવાના પોતાના શબ્દોથી જ ટેકો મળે છે. જુઓ સર્ગ ૧ લો, શ્લોક ૧૨ અને આગળ.

સંક્ષેપશંકરજય.

આને કોઈ 'શંકરદિગ્વિજય' કહે છે અને કોઈ 'શંકરવિજય' કે 'શંકરજય' તેમ જ સંક્ષેપશંકરજય કહે છે. માધવે આ ગ્રંથ તો પ્રાચીન શંકરજયને આધારે લખેલો છે તેથી દરેક સર્ગના વલણમાં 'સંક્ષેપશંકરજય' નામથી પોતાના ગ્રંથનું નામ બતાવે છે પણ વાચકોમાં શંકરદિગ્વિજય નામ પ્રસિદ્ધ થયેલું છે તેથી જેને જે ફાવે તે નામથી આ ગ્રંથને ઓળખી લે. મૂળ મતલબ તો બધા ગ્રંથકારોની એક જ છે.

શ્રીમચ્છંકરાચાર્યના સમયની ચર્ચા.

પ્રો. વેબર[1] ૮મા સૈકામાં **શંકરાચાર્ય** થયા એમ કહેતાં કહે છે કે **શંકરનો** સમય કમનસીબે હજુ સુધી ચોકસ રીતે નિર્ણય થયો નથી. બીજા કેટલાક પૂર્વદેશીય વિદ્વાનો **શંકરાચાર્ય** ૭મા[2] અથવા ૯મા સૈકામાં થયા એમ કહે છે. દક્ષિણમાં આવેલા **શૃંગેરી**જેવા સ્થળમાંથી મળી આવતી હકીકતને આધારે આ અચોકશતા, અત્યંત અગત્યતા ધરાવનારા મુદ્દાથી ગણી કાઢી શકાય કે જ્યાં ઘણી વિદ્વત્તા ભરેલા (લેખનો) ભંડાર છે અને જેને વિદ્વાનોએ હજુ સુધી તપાસી જોયો નથી.

થોડા વખત ઉપર મારા જોવામાં એક હસ્તલેખ–હસ્તલિખિત–પ્રતિ–આવેલ છે જેમાં **શંકરાચાર્યના** સમય માટે લખેલું છે. એ પ્રતિ[3] **બેલગામ** નિવાસી **ગોવિંદ ભટ્ટ ચેરલેકરની** છે. તે ઘણી નાની, ત્રણ પૃષ્ઠની અને બાલબોધ લીપિમાં છે.

તે આ પ્રમાણે શરૂ થાય છેઃ—

श्रीत्र्यम्बकेश्वराय नमः ।

नमामि शंकराचार्यगुरुपादसरोरुहम् । यस्य प्रसादान्मूढोऽपि सर्वज्ञोऽहं सदास्म्यलम् ॥ १ ॥

श्रीशंकराचार्यनवावतारं वेदान्तशारीरकभाष्यकारम् ।
चकोरचाकोरकचन्द्रिकाणां श्रीशंकराचार्यगुरुं नमामि ॥ २ ॥

आदौ शिवस्ततो विष्णुस्ततो ब्रह्मा ततः परम् । वसिष्ठाख्यस्तथा शक्तिस्ततः पाराशरः स्मृतः ॥ ३ ॥
ततो व्यासः शुकः पश्चाद् गौडपादाभिधस्तथा । गोविन्दार्यगुरुस्तस्मात् शंकराचार्यसंज्ञकः ॥ ४ ॥

એ પ્રતિમાં બીજું એવું છે કે **શંકરાચાર્યે તુંગભદ્રાના** તીર ઉપર પોતાનો મઠ સ્થાપ્યો, **પૃથ્વીધરને** એ મઠનો અધિપતિ ઠરાવ્યો, **ભારતી** નામની સંજ્ઞા આપી, અને

आगत्य स्वेच्छया काञ्चीं पर्यटन्पृथिवीतले । तत्र संस्थाप्य कामाक्षीं जगाम परमं पदम् ॥ ५ ॥

પછી એની પાછળ ગાદી ઉપર આવનારનાં નામો એમાં છે. હવે આપણે **આર્યાવર્તના** જૂદા જૂદા ભાગમાં જે મઠો સ્થપાયા તેની સૂક્ષ્મ હકીકત ઉપર આવીએ.

પછી ગુરુપરંપરા કે જેમાં આચાર્યે કુષ્માંડ જાતના જેવું વર્ણન કર્યું છે. એમણે એવું શા સારૂં કર્યું છે તેનું કારણ સર્વ વિદિત છે, જેના ખુલાસાની અત્ર જરૂર નથી. આ આસપાસની–લગતી–હકીકત **શંકરાચાર્યના** મહાન શિષ્ય **આનંદગિરિ** પોતાના લખેલા **શંકરવિજયમાં** અમાન્ય કરી શકયો નથી પણ એવિષે ખાત્રી ભરેલી રીતે ભાર દઈને કહે છે એવું ધારી શકાય છે.

तादृशीमपि संत्यज्य ययौ विश्वजिदद्भुतम् । अरण्ये तपसे कृत्वा मनो निश्चयतां गतम् ॥ ६ ॥

પણ **માધવ** અથવા **માધવનો** અનુયાયી **મણિમંજરિમાં** આપણને કહેતાં અચકાતો નથી કે,–

तमेव समयं दैत्यो मणिमानप्यजायत । मनोरथेन महता ब्राह्मण्यां जारतः खलात् ॥ ७ ॥

ગુરુપરંપરામાં વળી આપણને એવું કહે છે કે,—

श्रीयादवप्रकाशस्य शिष्यो रामानुजो यतिः । तेन वैष्णवसिद्धान्तः स्थापितो गुरुसंमते ॥ ८ ॥
अच्युतप्रेक्षनाम्नस्तु शिष्यो मध्वाभिधो यतिः । तेनैव भेदसिद्धान्तः स्थापितो गुर्वसंमतः ॥ ९ ॥

---

૧. હિસ્ટ્રી ઑફ ઇંડિયન્ લિટરેચર, પૃષ્ઠ ૫૧–ટિપ્પણ.

૨. પ્રો. ટીલકૃત આઉટલાઈન્સ ઑપ્ ધી હિસ્ટ્રી ઑફ એન્શન્ટ રિલીજિઅન્સ, પૃષ્ઠ ૧૪૦ માં કહે છે કે ઈ. સ. ૭૮૮ શંકરાચાર્યનો જન્મ સમય છે. (જો તેઓ શક ૭૪૨ અથવા ઈ. સ. ૮૨૦–૨૧ માં કૈલાસવાસી થયા હોય તો તેઓ ફક્ત ૩૨ વર્ષના જ હોવા જોઇએ. આ વય તેમણે જે જે ગ્રંથો કર્યા છે તેને માટે ઘણી જ ઓછી છે. શુ જન્મ અને કૈલાસવાસના સમયમાં ભૂલ પણ ન હોય? જન્મ અને કૈલાસવાસનો સમય અસંબદ્ધ હોય અથવા એ સમય શું એમણે ધાર્મિક સુધારા કરવાની શરુવાત કરી તેનો તેમ જ અંતનો પણ ન હોય?— જે. બરજેસ, અધિપતિ, ઇંડિયન એંટીકવેરી.)

3. આ આગળ આપવામાં આવેલ છે તે જુઓ.

ગુરુપરંપરા પછી જે **આત્માનંદને** લગતું છે તે વાંચીએ છીએ કે,—

दुष्टाचारविनाशाय प्रादुर्भूतो महीतले । स एव शंकराचार्यः साक्षात्कैवल्यनायकः ॥ १० ॥
निधिनागेभवह्न्यब्दे (३८८९[1]) विभवे शंकरोदयः । अष्टवर्षे चतुर्वेदान् द्वादशे सर्वशास्त्रकृत् ॥ ११ ॥
षोडशे कृतवान् भाष्यं द्वात्रिंशे मुनिरभ्यगात् । कल्यब्दे चन्द्रनेत्राङ्कवह्न्यब्दे (३९२१[2]) गुहाप्रवेशः॥१२॥
वैशाखे पूर्णिमायां तु शंकरः शिवतामगात् ।

એ હસ્તલિખિત પ્રતિમાં પછીથી **માધવાચાર્યનો** સમય અને **માધવ** સંપ્રદાયની હકીકત આપવામાં આવેલ છે જેમાં **માધવ માધુ** નામના દૈત્યનો પુત્ર છે એવું દર્શાવ્યું છે.—**કે. બી. પાઠક**, બી. એ., **ઈંડિયન એંટીકવેરી**, પુસ્તક ૧૧, પૃષ્ઠ ૧૭૪, જૂન સને ૧૮૮૨.

પ્રોફેસર મોક્ષ મૂલરે *India: What can it teach us?* આ વિષય ઉપર આપેલા ભાષણના પરિશિષ્ટમાં, પ્રાચીન અને મધ્ય કાલના સંસ્કૃત સાહિત્યની કાલગણના કરતાં લખ્યું છે કે "મહાન્ તત્ત્વજ્ઞાની **શંકરાચાર્ય**[3] કયા સમયમાં થયા તે નક્કી થયું છે." આ સંશોધનનું પ્રમાણ જોતાં એમ જણાય છે કે આ વિદ્વાને એક ગ્રંથ–જે કયા સમયમાં લખાયો, તેમ જ કોણે લખ્યો છે તે જાણવામાં નથી–તેવા અપ્રસિદ્ધ ગ્રંથના એક શ્લોક ઉપર આધાર રાખ્યો છે. આવા અપ્રસિદ્ધ ગ્રંથને પ્રસ્તુત કાર્યને અર્થે ઐતિહાસિક પ્રમાણ ગણવું કે કેમ એ સહજમાં નક્કી કરી[4] શકાય એમ નથી. આ ગ્રંથને પ્રસિદ્ધિમાં લાવનાર **કે. બી. પાઠકને** એમ માલમ પડે છે કે આ ગ્રંથ **માધવાચાર્યના** પછી ઘણા વર્ષે–એટલે ઈ. સ.[5] ૧૨મા સૈકાના અંતમાં લખાયો હશે. આ શ્લોક ઉપરથી એવું જણાય છે કે **શંકરાચાર્ય** ઈ. સ. ૭૮૮ માં થયા; તો બારમા સૈકાની અંતે લખાયેલા ગ્રંથ ઉપરથી આ જ સમય ખરો છે એમ સિદ્ધ થતું નથી.[6] જે જે કારણોથી આ સમય નક્કી કર્યો છે તે તે કારણો સત્ય છે વા નહિ તેના ઉપર વિચાર કરી નિર્ણય કરવાને આપણી પાસે પુરતાં સાધન નથી અને ત્રણસો પચાસ વર્ષનું અંતર એટલું મોટું છે કે આપેલાં કારણોનું પૃથક્કરણ કર્યા વગર ચાલે એમ નથી.

ઈંડિયન[7] **એંટીકવેરીમાંના મિ. પાઠકના** નિબંધમાં તે જ પત્રના અધિપતિયે ટિપ્પણમાં જણાવ્યું છે કે આ શ્લોકમાં જણાવેલો સમય ૧૮૭૭ માં પ્રસિદ્ધ કરેલા *History of Ancient Religions* ના પુસ્તકમાં **પ્રોફેસર ટીલે** પણ આપ્યો છે. **પ્રોફેસર ટીલે** આ ખબર કયાંથી મેળવી છે તે એ અધિપતિ જાણતો ન હોતો; પરંતુ **પ્રોફેસર મોક્ષ મૂલરે** પ્રસિદ્ધ કરેલા 'પૂર્વના[8] પવિત્ર પુસ્તકો'માં **ભગવદ્ગીતાના** ભાષાંતરની ટીપ્પણીમાં એમ જણાવ્યું છે કે, આ પ્રમાણનું ઉત્પત્તિસ્થાન **યજ્ઞેશ્વર શાસ્ત્રી**કૃત **આર્યવિદ્યાસુધાકર**[9] હશે. એમના શબ્દો અને **મિ. પાઠકે** પ્રકટ કરેલા શબ્દો ઘણાખરા મળતા આવે છે, **યજ્ઞેશ્વર** શાસ્ત્રીએ આ શબ્દો અમુક ગ્રંથકારના જ લીધા છે એમ નથી પણ સંપ્રદાયવિદના કહેવા પ્રમાણે દંતકથા જેવા છે. આ ઉપરથી આ શ્લોકને કોઈ પણ રીતે ઐતિહાસિક પ્રમાણ

---

૧ આ સાલ શક ૭૧૦ સાથે મળે છે.

૨ આ સાલ શક ૭૪૨ અથવા ઈ. સ. ૮૨૦ સાથે મળે છે.

૩ જુઓ પૃષ્ઠ ૩૫૪, ૩૬૦.

૪ જુઓ *Indian Antiquary*, પુસ્તક ૧૧, પૃષ્ઠ ૧૭૪.

૫ જુઓ યજ્ઞેશ્વર શાસ્ત્રીનું આર્યવિદ્યાસુધાકર, પૃષ્ઠ ૨૨૬; ગોપાલાચાર્ય કરહાદરનું ભાગવતભૂષણ, પૃષ્ઠ ૩; અને બાર્થનું *Religions of India*, પૃષ્ઠ ૧૯૫; બર્નેલનું *South Indian Palæography*, પૃષ્ઠ ૪૨.

૬ પ્રોફેસર માક્ષ મૂલર આ મુદ્દાના શ્લોકના સંબંધમાં જે મુખ્ય આધાર રાખે છે તેટલો આધાર પાઠક પોતે ધરાવતા નથી એમ કહે છે તેમાં તેઓ બરોબર છે.

૭ જુઓ પુસ્તક ૧૧, પૃષ્ઠ ૨૬૩.

૮ જુઓ પૃષ્ઠ ૨૭, બાર્થે વેબરના *Indische Studien*, પુસ્તક ૧૪, પૃષ્ઠ ૩૭૩ ઉપરથી આપ્યું છે, પણ તેમાં આપેલી સાલ આર્યવિદ્યાસુધાકરમાંથી લીધી છે.

૯ જુઓ પૃષ્ઠ ૨૨૬.

ગણવું જ જોઈએ એમ સિદ્ધ થઈ શકતું નથી. **યજ્ઞેશ્વર** શાસ્ત્રીએ **નીલકંઠ**ભટ્ટના **શંકરમંદારસૌરભ**માંથી એક શ્લોક લીધો છે; અને એમાં પણ એ જ સમય બતાવ્યો છે પણ આને પ્રમાણ તરીકે ગણી શકીએ એવી રીતે શ્રીમાન્ **શંક**રાચાર્યના સમય ઉપર આ ગ્રંથ લખાયો હોય એમ ધારી શકાતો નથી.

ધારો કે અન્ય સાધનોને અભાવે આ શ્લોકને પ્રમાણ તરીકે લેખીએ પરંતુ જ્યાંસુધી પ્રમાણો નથી ત્યાંસુધી સંભાળ રાખવાની છે અને આવા પ્રમાણ ઉપર પૂરતો વિચાર કરવાને સાવચેતી રાખવાની કેટલી આવશ્યક્તા છે તે **શંક**રાચાર્યનો સમય નિર્ણય કરવાના પ્રશ્ન ઉપરથી જ જણાશે. *Indian Antiquary*ના સાતમા પુસ્તકના ૨૮૨ માં પાને **કેરલોત્પત્તિ**માંથી[1] લીધેલા ફકરામાં **શંક**રાચાર્યનો સમય ઇ. સ. ૪૦૦નો જણાવ્યો છે. એમાં એમ પણ જણાવ્યું છે કે **શંક**રાચાર્યે ૩૮ વર્ષની વયે પંચત્વને પ્રાપ્ત થયા ત્યારે **મિ. પાઠક**ના શ્લોકમાં ૩૨ વર્ષનું વય જણાવ્યું છે અને **માધવ**ના **સંક્ષેપશંકરજય**માં[2] જે વાત આવી છે તે આ ઉપરથી જ છે. આ બન્ને વાતોમાંથી કઇ સત્ય માનવી ? **કેરલોત્પત્તિ** જેવા ગ્રંથમાં આપેલું પ્રમાણ, કયા ઐતિહાસિક કારણોને લીધે આ શ્લોક ઉપર આધાર રાખી, ના કબૂલ કરવું ? **શંક**રાચાર્યના સંબંધમાં આ અને આવી અન્ય દંત-કથાઓ વિષે વિશેષ કહેવાની જરૂર નથી[3] અને **પ્રોફેસર માક્ષ મૂલરે** આપેલા શ્લોકનું પ્રમાણ ખોટું છે એમ સિદ્ધ કરવાનાં વિશિષ કારણો આપુ છું.

° ,**વેદાન્તસૂત્ર**ના ૨-૧-૧૭ માં **શંકરભાષ્ય**માં આ પ્રમાણે છેઃ-' **नहि देवदत्तः स्रुघ्ने संनिधीयमानस्तदहरेव पाटलिपुत्रे संनिधीयते युगपदनेकत्रवृत्तावनेकत्रप्रसङ्गाद्देवदत्तयोरिव स्रुघ्नपाटलिपुत्रनिवासिनोः**' (અહિંયા ખપ જોગ જ ઉતારો કર્યો છે)-કારણ કે દેવદત્ત **સ્રુઘ્ન** અને **પાટલીપુત્ર**માં એક જ દિવસે હોઇ શકે નહિ. કેમકે એક જ વખતે એક કરતાં વધારે સ્થલમાં હોવાને એક કરતાં વધારે વસ્તુ હોવી જોઈએ; જેમ કે દેવદત્ત અને **યજ્ઞ**દત્ત **સ્રુઘ્ન** અને **પાટલીપુત્ર**માં છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે આ ભાષ્ય લખાયું ત્યારે **સ્રુઘ્ન** અને **પાટલીપુત્ર** બન્ને હોવાં જોઇએ. એક જ વખતે આ બન્ને સ્થલોમાં એક જ વસ્તુ હોય તે જ પ્રથમ અસંભવિત છે. કારણ આ બન્ને સ્થલ વચ્ચે અંતર ઘણું છે. અને આ બન્ને નગરો તે સમયે[4] અસ્તિત્વમાં ન હોય તો તે બન્નેની વચ્ચે રહેલા અંતરની ખબર હોય નહિ. **પાટલીપુત્ર**[5] ઇ. સ. આઠમા સૈકાની મધ્યમાં નદીના

---

૧ કેરલોત્પત્તિ વાસ્તે મિ. સિવેલના *Sketch of the Dynasties of Southern India* જુઓ પૃષ્ઠ ૫૭.

૨ સર્ગ સાતમો, શ્લાક ૫૫, જુઓ આનંદગિરિ, પૃષ્ઠ ૨૩૨-૩. *Indian Antiquary* નો અધિપતિ ૧૧ મા પુસ્તકના ૨૬૩મા પૃષ્ઠમાં જણાવે છે કે-શંકર ૩૨ વર્ષ સુધી કાર્યનિમગ્ન હશે અને પ્રોફેસર માક્ષ મૂલર સૂચવે છે કે જ્યારે સંન્યસ્ત ગ્રહણ કર્યું ત્યારે તેમની ઉમ્મર ૩૨ વર્ષની હતી. ઐતિહાસિક વિવરણ તરીકે આ યોજના સારી છે. પરંતુ એ તો સ્પષ્ટ છે કે શંકરનું આયુષ્ય માત્ર ૩૨ વર્ષનું હતું-જેમાંનાં સોળ તો માત્ર વ્યાસની કૃપાએ જ મેળવ્યાં હતાં.

૩ જુઓ બાર્થનું *Religions of India*, પૃષ્ઠ ૮૯ ટીપ્પણ, અને જુઓ કવિચરિત્ર, પૃષ્ઠ ૬-૭, ત્યાં આપેલી એક સાલ (પૃષ્ઠ ૬) મરહુમ ડા. ભાઉદાજીએ કોઈક શ્લોક ઉપરથી કાઢી છે પણ આ સમજી શકાય એમ નથી.

૪ જુઓ શારીરકભાષ્ય, પૃષ્ઠ ૧૦૯૩, સ્રુઘ્ન પાટલીપુત્ર અને મથુરાનાં નામ આવે છે. ઉપર કહેલી વાતને આથી ટેકો મળે છે-ઇન્ડિયન એંટીકવેરી, પુસ્તક ૪, પૃષ્ઠ ૨૪૫. આ લૌકિક દાખલા પણ હોય કારણ દાખલા તરીકે પતંજલિ મહાભાષ્યમાં પણ આપ્યા છે જુઓ ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૬, પૃષ્ઠ ૩૫૩. વેબરે મહાભાષ્યમાંથી કરેલો ઉતારો. પણ એક તો શંકરાચાર્યે જે દાખલો આપ્યો છે તે ચોકશ દલીલોને અનુસરે એવી રીતે જ અનુકરણ કર્યો છે પણ પતંજલિમાંથી અક્ષરે અક્ષર કર્યો નથી; બીજું પતંજલિયે આપેલો દાખલો જ્યારે પાટલીપુત્ર અસ્તિત્વમાં હતું ત્યારનો છે-જુઓ ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૧, પૃષ્ઠ ૩૧૧; પ્રો. ભાંડારકરના વિચાર.

૫ જુઓ કનિંગહામનું આર્કિયોલોજિકલ સર્વે રિપોર્ટ, પુસ્તક ૮, ૧૩, ૨૦; પુસ્તક ૧૧, પૃષ્ઠ ૧૫૪; જર્નલ, રોયલ એ. સો., પુસ્તક ૬, પૃષ્ઠ ૪૫૯; જર્નલ એ. સો. બેંગોલ, પુસ્તક ૧૭, પૃષ્ઠ ૩૫. વળી પણ જુઓ ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૧૧, પૃષ્ઠ ૧૯, જેમાં મૂલ વાકય જૂદી જ તરેહનું છે. અહિં વિરોધ છે ખરો. ઇંડિયન એંટીકવેરીમાં આવેલો વિષય જ. એ. સો. બેંગાલમાંથી અક્ષરશઃ છે પણ આ વિરોધનું કાંઇ પણ કારણ જણાવ્યું નથી પરંતુ આશા છે કે વિદ્વાનો આનો નિર્ણય કરશે. આનાથી જૂદા વિચાર માટે ડાઉસન અને ઇલિયટનો ઇતિહાસ, પુસ્તક ૧, પૃષ્ઠ ૭૬ અને ઇગેલિંગનું ગણરત્નમહોદધિ, ભાગ ૧ પૃષ્ઠ ૭,૩૯. સ્રુઘ્ન માટે જુઓ કનિંગહામ આર્કિયોલોજિકલ સર્વે રિપોર્ટ, પુસ્તક ૧, ૧૬૨; પુસ્તક ૨, પૃષ્ઠ ૨૨૬; પ્રાચીન ભૂગોલ વિદ્યા, પૃષ્ઠ ૩૪૫, ૪૫૨. અને

પૂરથી નાશ પામ્યું હતું અને જો આ વાત સત્ય હોય તો અત્ર આપેલા ફકરાનો લેખક ઈ. સ. ૭૫૯ પહેલાં થયો હોવો જોઈયે. અને ત્યારે ઉપર કહેલા શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે એનો જન્મ ૭૮૮ માં સંભવતો નથી.

પરંતુ શંકરાચાર્યના સમય વિશે આટલો પુરાવો બસ નથી. એ જ સૂત્રના ભાષ્યમાં લખે છે કે-(અહિં પણ કેટલોક ભાગ જે આપણા ખપનો નથી તે આપ્યો નથી.)

"सतोर्हि द्वयोः संबन्धः संभवति न सदसतोरसतोर्वा । अभावस्य च निरुपाख्यत्वात्प्रागुत्पत्तेरिति मर्यादाकारणमनुपपन्नम् । सतां हि लोके क्षेत्रगृहादीनां मर्यादा दृष्टा नाभावस्य । नहि वन्ध्यापुत्रो राजा बभूव प्राक्पूर्णवर्मणोभिषेकादित्येवंजातीयकेन मर्यादाकरणेन निरुपाख्यो वन्ध्यापुत्रो राजा बभूव भवति भविष्यति इति वा विशेष्यते ॥[1]

કોઇ પણ બે સત્ય વસ્તુનો સંબંધ હોઈ શકે પરંતુ સત્ય અને અસત્યનો અથવા બન્ને અસત્ય વસ્તુનો સંબંધ કોઈ શકે નહિ. અભાવ એ જ અસત્ય વસ્તુ હોવાથી 'ઉત્પત્તિ પહેલાં' આ જે મર્યાદા દર્શાવી છે તે આને માટે યોગ્ય નથી. કારણ આપણે હમેશા જોઇએ છીએ કે સત્ય વસ્તુ, જેમ કે ક્ષેત્ર, ગૃહ ઇત્યાદિને મર્યાદા હોય છે પણ અસત્ય વસ્તુ-અભાવજને હોય જ નહિ. આવી રીતે વંધ્યાપુત્ર, પૂર્ણવર્માના અભિષેક પહેલાં રાજા હતો, છે અથવા થશે એ કહેવું એ અયોગ્ય છે."

શંકરાચાર્યનું કહેવું શું છે તે અહિં જણાવવાનું પ્રયોજન નથી. માત્ર નીચેનાં બે સિદ્ધાન્તો સરખાવે છે તેટલું જ જણાવવાનું છે. (ક) પૂર્ણવર્માના અભિષેક પહેલાં વંધ્યાપુત્ર રાજા હતો (ખ) ઉત્પત્તિ પહેલાં અભાવનું અસ્તિત્વ હતું.

ઉપર કહેલા ફકરામાં પૂર્ણવર્મા, દેવદત્ત અથવા (Caius) કેયસની માફક એક સાધારણ મનુષ્ય ન હોતો, એ વિશિષ્ટ પુરુષ અને તેમાં પણ રાજા હતો એવું અનુમાન કરવું એ સંભવિત છે. વર્મા અન્ત્યાક્ષરવાળા રાજાઓની વંશાવળી[2] તપાસતાં-વનવાસીના કંદબોની, વેંગીપુરના પલ્હવોની, મહોબાનાં ચાંદેલની, મગધના મૌખરીની, કાશ્મીરના ઉત્પલની અને બીજા વંશોમાં આ નામના રાજાઓની વંશાવળી તપાસતાં 'પૂર્ણવર્મા' નામ માત્ર બે જ ઠેકાણે મળી આવે છે. આમાંના એકનું નામ જાવામાંથી જડેલા લેખમાં આપેલું છે. આ લેખ શોધી કહાડનાર કહે છે કે આ પૂર્ણવર્મા અને બીજો પૂર્ણવર્મા એક જ હોવા જોઇએ અથવા તો એના[3] ઉપરથી આનું નામ પૂર્ણવર્મા પડયું હશે. આમાં

તેની સાથેનો નકશો. વળી બારહુત સ્તૂપ, પૃષ્ઠ ૩ અને ૧૫. એ ઉપરથી જણાય છે કે હુયાનત્સંગના વખતમાં પણ સ્રુઘ્નનું ખંડેર હતું અને તેનો પાયો હજુ પણ નક્કર છે. મથુરા વાસ્તે જુઓ બીલનું ફાહીઅન, પૃષ્ઠ ૫૩: કનિંગહામની ભૂગોલ, પૃષ્ઠ ૩૭૩; જર્નલ રો. એ સો., પુસ્તક ૧૭, પૃષ્ઠ ૧૨૦. સ્રુઘ્ન વાસ્તે જુઓ પાણિનિ, ૧-૩-૨૫;૨-૧-૨૪, પ્રકરણ ૩; ૪,૩,૨૫ અને ૮૬; વરાહમિહિર, બૃહત્સંહિતા, ૧૬,૨૧. હૉલની વાસવદત્તા, પ્રસ્તાવના, પૃષ્ઠ ૫૧ બીલનું બુદ્ધિસ્ટ રેકર્ડ ઓફ ધી વેસ્ટર્ન વરલ્ડ, પુસ્તક ૧, પૃષ્ઠ ૧૮૬.

૧ પૃષ્ઠ ૫૩ (બિબ્લિઓથિકા ઇંડિકા આવૃત્તિ.)

૨ જુઓ ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૩, પૃષ્ઠ ૧૫૨; પુસ્તક ૧૦, પૃષ્ઠ ૨૪૯; પુસ્તક ૧૨, પૃષ્ઠ ૧૬૩; પુસ્તક ૨, પૃષ્ઠ ૩૪; પુસ્તક ૧૧, પૃષ્ઠ ૩૩૨. કનિંગહામકૃત આર્કિલોજિકલ સર્વ રિપોર્ટ, પુસ્તક ૫, પૃષ્ઠ ૪૪૮; પુસ્તક ૧૫, પૃષ્ઠ ૧૬૪-૬; પ્રિન્સેપકૃત યુઝફુલ ટેબલ (થોમ્સની આવૃત્તિ) પુસ્તક ૨, પૃષ્ઠ ૨૪૫; સીવેલની ઇંડિયન ડીનેસ્ટીઝ, પૃષ્ઠ ૪૩. માક્ષ મૂલરકૃત ઇંડિયા, પૃષ્ઠ ૨૮૮; ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૧૨, પૃષ્ઠ ૧૧૩; જ. એ સો. બે., પુસ્તક ૩૨, પૃષ્ઠ ૧૦૪, ૧૫૬; પુસ્તક ૪૭. પૃષ્ઠ ૭૫; પુસ્તક ૪૮, પૃષ્ઠ ૨૮૮; બર્જેસકૃત આર્કિલોજિકલ સર્વે રિપોર્ટ, પુસ્તક ૩, પૃષ્ઠ ૧૦૦ (જુઓ ઇ. એં., પુસ્તક ૬, પૃષ્ઠ ૧૪૮); બર્નેલ કૃત સાઉથ ઇંડિયન પેલિયોગ્રાફી (બીજી આવૃત્તિ), પૃષ્ઠ ૩૬, ૫૩; સીવેલ કૃત લીસ્ટસ્ ઓફ એંટીકવીટીઝ ઓફ મદ્રાસ, પૃષ્ઠ ૭, ૧૩, ૧૫,૨૭; જ. રો. એ. સો., પુસ્તક ૨૦, પૃષ્ઠ ૪૫૨; જ. બો. બ્રે. રો. એ. સો., પુસ્તક ૧, પૃષ્ઠ ૨૬૩. આમાંનાં કેટલાંકમાં એનું એ જ આવેલું છે પણ દરેકનાં નામ આપવાં જોઇએ એમ સમજી આપેલાં છે.

૩ ઇ. એં., પુસ્તક ૬, પૃષ્ઠ ૩૫૬-૭; ડા. બર્નેલકૃત સાઉથ ઇંડિયન પેલિયોગ્રાફી, પૃષ્ઠ ૧૦૧, એ પૂર્ણવર્માનું નામ પલ્લવ રાજાઓમાંથી લે છે. મારા ધારવા પ્રમાણે જાવાવાળો પૂર્ણવર્મા અને પલ્લવ પૂર્ણવર્મા એક નથી. જે રાજાએ જાવા લીધું, હશે તે રાજાના ઉપરથી આ નામ પડયું હશે. જુઓ ડા. ફરગ્યુસનકૃત ઇંડિયન અને ઇસ્ટર્ન આર્કિટેકચર, પૃષ્ઠ ૩૧, ૧૦૩.

ગમે તે હોય તો પણ હું તો એમ ધારૂં છું કે **શંકરાચાર્ય** જે **પૂર્ણવર્મા** વિશે કહે છે તે **પૂર્ણવર્મા જા**-વામાંના લેખમાં દર્શાવેલો તો નથી જ. જે **પૂર્ણવર્મા** વિશે કહે છે તે હુયાનથ્સંગ[1] કહે છે તે જ હશે. તે પશ્ચિમ **મગધ**નો રાજા હતો, અને **માધવાચાર્ય**ના ગ્રન્થ ઉપરથી જણાય છે કે **શંકરાચાર્યે** ભાષ્ય લખ્યા પહેલાં અને પછી થોડોક સમય **કાશી**માં વ્યતીત કર્યો હતો; માત્ર લખવાને વાસ્તે જ **બદરીની**[2] શાન્ત જગામાં રહ્યા હતા. આ વાત તો સત્ય છે કે **શંકરદિગ્વિજય**ના કર્તા **આનંદગિરિએ** નીચે પ્રમાણે લખ્યું છે. **શંકરાચાર્યે** દક્ષિણ[3] છોડયા પહેલાં ભાષ્ય લખ્યું છે. પરંતુ ત્યાં દર્શાવેલું **શંકર**-પ્રયાણ તો દિગ્વિજયાર્થે છે અને **માધવે** કહેલું **કાશી**ગમન તો દિગ્વિજય કરવા ગયા તે પહેલાં અથવા તો આનો વિચાર પણ કર્યો તે પહેલાંનું છે. તેટલા જ માટે કૃત્રિમ[4] નામધારી **આનંદગિ**-**રી**નો ઈતિહાસ **માધવ**ના ઈતિહાસથી તદ્દન અસંબદ્ધ નથી. **મિ. બાર્થ** પણ પોતાના '**હિંદુધર્મ**'ના ગ્રન્થમાં કહે છે કે **શંકરે** દક્ષિણમાં[5] જ ભાષ્ય લખ્યું છે. પણ આમ કહેવાનાં કંઇ પણ કારણ આપ્યાં નથી. હું તો બે કારણને લીધે **માધવ**નું કહેવું સત્ય માનું છું. પ્રથમ તો એ કે **કાશી**, **બુદ્ધ**ના[6] વખતથી તે અત્યાર સુધી ધર્મ અને વિદ્યાનું પ્રથમ સ્થાન ગણાતું આવ્યું છે અને બીજું એ કે **શંકર**ના ગ્રન્થમાં દક્ષિણના કોઈ પણ મનુષ્ય અથવા વસ્તુનું સૂચન નથી અને ઉપર આપેલા ફકરાઓમાં **વિંધ્યાચલ**ના[7] ઉત્તરસ્થાનોનું સૂચન છે. આ બધી હકીકતો કદાચ જો કે પુરતી વજનદાર નથી. પણ **માધવે** કહેલી હકીકત સાથે મળતી આવે છે જે અસંભવિતપણાથી[8] દૂર છે આ ઉપરથી એવો નિર્ણય થાય છે કે **શંકર**ભાષ્ય **પૂર્ણવર્મા**ના રાજ્યાભિષેક પછી લખાયું છે અને **પૂર્ણવર્મા** જે સ્થળે આ ભાષ્ય યોજ્યું અને પ્રસિદ્ધ થયું તે સ્થળનો રાજા હતો. જે સાધનો આપણી પાસે છે તેમાંથી કંઇ પણ ખરો નિર્ણય કરવાને સહાય થાય એવું કાંઇપણ છે નહિ? આના ઉપર વાદ વિવાદ કરવા કરતાં હું એવા નિર્ણય ઉપર આવું છું કે **શંકરાચાર્ય** અને **પૂર્ણવર્મા** એક જ સમયે થયા હતા અને ભાષ્યનું પ્રથમ પ્રકરણ તો **પૂર્ણવર્મા**ના મૃત્યુ પહેલાં જ લખાયું છે.

પ્રથમ તો **પૂર્ણવર્મા**ના નામ ઉપરથી જ આ નિર્ણય કરૂં છું; રાજ્યપદ ભોગવતા રાજાના કરતાં ભૂતકાળમાં થઇ ગયલા રાજાનું નામ વધારે પસંદ કરવાનું કાંઇ પણ કારણ જણાતું નથી. બીજું-**શંકરાચાર્યે** જે કાર્યાર્થે ઉદાહરણ આપે છે તે અર્થે તો—જે સમયે લોકોને ઐતિહાસીક જ્ઞાન નહોતું તેવામાં '**निरुपाख्य**' ન ગણાવા-તે વખતે રાજ્યકર્તાનું નામ આપવું એ મુખ્ય કારણ છે. ત્રીજું-જો **પૂર્ણવર્મા** તે જ સમયે રાજ્યપદે ન હોય તો આ ઉદાહરણ અર્થે વિશેષ કરીને એનું નામ ન આપવાનું મુખ્ય કારણ હતું—**શંકરાચાર્ય** બ્રાહ્મણ હતા અને **બૌદ્ધધર્મ**ના[9] કટ્ટા શત્રુ હતા. આપણે **પૂર્ણવર્મા** વિશે જેટલું જાણીયે છીએ તે પ્રમાણે તો તે **બૌદ્ધધર્મ**નો મ્હોટો[10] પક્ષકાર હતો અને **બુદ્ધ ગયા**ના **બોધી** વૃક્ષના સ્થાપનમાં મુખ્ય ભાગ લઇ પ્રસિદ્ધ થયો છે. અને તે પણ કયારે?—તે જ સમયે. થયેલા **બ્રાહ્મધર્મી** રાજાએ તેનો નાશ[11] કરવા કોડ ઉપાયો યોજ્યા તે જ સમયે કોઇપણ રીતના સંબંધ

૧ કનિંગહામ, આ. સર્વે રિપોર્ટ, પુસ્તક ૧, પૃષ્ઠ ૭; પુસ્તક ૩, પૃષ્ઠ ૧૩૫.

૨ સર્ગ ૬, શ્લોક ૫૬.

૩ પૃષ્ઠ ૧૯.

૪ ઇંડિયન ઍંટીકવેરી, પુસ્તક ૬, પૃષ્ઠ ૨૮૭.

૫ પૃષ્ઠ ૧૨૪.

૬ જુઓ કનિંગહામની પ્રાચીન ભૂગોલ વિદ્યા, પૃષ્ઠ ૪૩૭; જર્નલ સિલોન એશિયાટિક સોસાઇટી (૧૮૪૫), પૃષ્ઠ ૨૩; અને જ. એ. સો. બેં., પુસ્તક ૩૪, પૃષ્ઠ ૧; માક્ષ મૂલરકૃત *Chips*, પુસ્તક ૧, પૃષ્ઠ ૨૧૫.

૭ જુઓ વળી બૃહદારણ્યક ઉપનિષદ્ ઉપરનું ભાષ્ય, પૃષ્ઠ ૭૧૯, ૯૦૧, અને તેમાંના બીજા પણ ફકરાઓ.

૮ ઇંડિ. ઍંટી., પુસ્તક ૭, પૃષ્ઠ ૨૮૬.

૯ જુઓ શારીરક ભાષ્ય, પૃષ્ઠ ૫૮૧, બૃહદારણ્યક ઉપનિષદ્ પૃષ્ઠ ૪૦૪, ઇંડિ. ઍંટીકવેરી, પુસ્તક ૫, પૃષ્ઠ ૨૮૯.

૧૦ કનિંગહામકૃત આર્કેલોજિકલ સર્વે રિપોર્ટ, પુસ્તક ૩, પૃષ્ઠ ૮૦; જુઓ રાજેંદ્રલાલમિત્રનું બુદ્ધ ગયા, પૃષ્ઠ ૯૭, ૯૯, ૨૪૦. કનિંગહામે આપેલી સાલ અને રાજેંદ્રલાલમિત્રની સાલ મળતી આવે છે.

૧૧ બ્રાહ્મણધર્મિ રાજાનું નામ આપ્યું નથી પણ હર્ષચરિતમાં ગૌડરાજાને નામે ઓળખાવ્યો છે, પૃષ્ઠ ૫૪; Hiuen-Tsiang તેને શશાંક કહે છે. પ્રો. પિટરસન કાદંબરીની પ્રસ્તાવના (પૃષ્ઠ ૭૩)માં એને સાહસાંક ધારે છે. સાહસાંક માટે જુઓ હાલની વાસવદત્તા, પૃષ્ઠ ૧૮.

વિના તે વખતના **બ્રાહ્મધર્મી** લોકો એક **બૌદ્ધ**માર્ગી રાજાનું ઉદાહરણમાં પણ નામ આપે એ અસંભવિત છે અને જો સંબંધ હોય તો આટલો જ હોઇ શકે એમ છે કે–આ **બ્રાહ્મ**ધર્મી લેખક જે સમયે થયો અને જે સ્થળે ગ્રન્થ લખ્યો તે સમયે અને તે સ્થળે **બૌદ્ધ**ધર્મી રાજા રાજ્યપદે હોવો જોઇએ અને આ તર્ક ખરો હોય તો **શંકરાચાર્યે મગધ**ના **પૂર્ણવર્મા**ના વખતમાં થયા એ સિદ્ધ થાય છે. હુયાનત્સંગ આ દેશમાં ઇ. સ. ૬૨૮–૬૪૫ સુધી હતો અને ૬૩૭–૩૮મા વર્ષમાં **મગધ**માં[1] હતો; આ સમયે **મગધ**માં **પૂર્ણવર્મા** રાજ્ય કરતો હતો અને **બોધી** વૃક્ષ અહિં જ હતું. એ એમ જણાવે છે કે **પૂર્ણવર્મા અશોક**ના વંશમાં છેલ્લો રાજા હતો. **ચીનાઇ** પ્રવાસીએ તેને અથવા તેના વંશજને[2] મળવા કાંઈ પણ પ્રયત્ન કર્યો હોય એમ જણાતું નથી. આ ઉપરથી હું એવું અનુમાન કરૂં છું કે હુયાનત્સંગે **પૂર્ણવર્મા** વિષે કંઈ પણ સાંભળ્યું હશે ત્યારે **પૂર્ણવર્મા** હયાત નહિ હોય અને આ બનાવ ઇ. સ. ૬૩૭–૩૮ પછી બનવો અશક્ય છે. ત્યારે **પૂર્ણવર્મા** ઈ. સ. ના છઠ્ઠા સૈકાના અન્તમાં થયો એમ અનુમાન થાય છે. **જનરલ કનિંગહામ** ઇ. સ. ૧૮૭૧–૭૨ના *Archarlogical Servey Report*માં એમ કહે છે કે **પૂર્ણવર્મા** ૫૯૦ માં[3] થયો. પરંતુ ૧૮૭૯–૮૦ ના **રિપોર્ટ**માં ઈ. સ. ૬૩૦ માં થયો એમ કહે છે અને વધારામાં લખે છે કે '**ચીન**ના પ્રવાસી હુયાનત્સંગ[4] ઉપરથી **પૂર્ણવર્મા**નો સમય નક્કી કર્યો છે.' મારા ધારવા પ્રમાણે આ વાત અસંભવિત છે. જ્યારે હુયાનત્સંગ આ દેશમાં પ્રવાસ અર્થે આવ્યો હોય અને તે જ સમયે **પૂર્ણવર્મા** રાજ્યપદે હોય તો હુયાનત્સંગ તેને મળે નહિ અથવા પોતાના લખાણમાં તેનું કાંઈ પણ સૂચન કરે નહિ એમ ધારવું શું અસંભવિત નથી? જ્યારે **પૂર્ણવર્મા અશોક**[5] વંશનો છેલ્લો રાજા હતો, તેટલા શબ્દો વગર બીજું હુયાનત્સંગ લખતો નથી ત્યારે હું એમ અનુમાન કરૂં છું કે **પૂર્ણવર્મા** તે સમયે અસ્તિત્વમાં નહિ હોય અને તેનું રાજ્ય કોઇ અન્યરાજાના હાથમાં હશે. ઉપલાં કારણોથી મ્હારૂં એવું માનવું છે કે **જનરલ કનિંગહામ**ની પ્રથમ બતાવેલી સાલ ખરી છે એમ છતાં પણ આ સવાલના છેવટના નિર્ણય માટે **જનરલ કનિંગહામે** સને ૧૮૭૩ માં **વર્મા ગુપ્ત** અને **પાલ**નો[6] ઇતિહાસ મેળવવાના સંબંધમાં જે આશા રાખી હતી તેવાં બીજાં સાધનો માટે થોભવું જોઇએ.

પૂર્ણવર્માનો સમય નક્કી કરવાનું બીજું સાધન આ છે–કર્ણસુવર્ણનો રાજા **શશાંક**[7]–જેણે **બોધી** વૃક્ષનો **બુધ ગયા**માં નાશ કરવા પ્રયત્ન કર્યો હતો અને જે વૃક્ષ પ્રતિષ્ઠિત કરવામાં **પૂર્ણવર્મા** વિજયી નિવડયો હતો તે **શશાંક**[8] કયા સમયમાં થયો તે જાણવું જોઇએ. હવે હુયાનથ્સંગના કહેવા પ્રમાણે આ **શશાંક** અને **હર્ષવર્ધન શિલાદિત્ય**ના જ્યેષ્ઠબન્ધુ **રાજ્યવર્ધન**નો[9] વધ કરનાર **શંશાક** એક જ હતા. **ડા. ફરગ્યુસન** કહે છે કે '**રાજ્યવર્ધન** અને તેનો પિતા **પ્રભાકરવર્ધન** ઈ. સ. ૫૮૦–૬૧૦[10] ની અંદર થયો. પણ **પ્રો. માક્ષ મૂલર**

૧ કનિંગહામની ભૂગોલ, પૃષ્ઠ ૩૬૫.

૨ કનિંગહામકૃત આ. સર્વે રિપોર્ટ, પુસ્તક ૩, પૃષ્ઠ ૧૩૫.

૩ કનિંગહામકૃત આ. સર્વે રિપોર્ટ, પુસ્તક ૩, પૃષ્ઠ ૧૩૫ અને પુસ્તક ૧, પૃષ્ઠ ૫.

૪ આર્કિલોજિકલ સર્વે રિપોર્ટ, પુસ્તક ૧૫, પૃષ્ઠ ૧૬૬.

૫ જનરલ કનિંગહામ, પુસ્તક ૩, પૃષ્ઠ ૧૩૫, ખરાપણાની ખાત્રી કરવાના આધારથી આ હકીકત નાકબૂલ કરે છે. જો આ ભૂલ હોય તો Hiuen-Tsiang–હ્યુયનત્સ્યંગે એક અજાયબી 'ઉત્પન્ન કરે એવી ભૂલ કરી છે. જો પૂર્ણવર્મા અશોકનો છેલ્લો વંશજ ન હોય તો હ્યુયેનત્સ્યાંગ તેની પછીનાને મળ્યો હશે અને તેને માટે કદાચ તેણે કાંઈ કહ્યું હશે–તે કાંતો તેના વખાણ કરવાને કે કાંતો નિંદા કરવાને.

૬ આ. સર્વ રિપોર્ટ, પુસ્તક ૩, પૃષ્ઠ ૧૩૬.

૭ આ. સર્વે રિપોર્ટ, પુસ્તક ૩, ૧૩૬; કર્ણસુવર્ણ માટે જુઓ જ. એ. સો. બો., પુસ્તક ૧૭, પૃષ્ઠ ૪૨; જ. રા. એ. સો., પુસ્તક ૧૭, પૃષ્ઠ ૧૨૮; (બીલકૃત બુદ્ધિસ્ટ રેકર્ડસ ઓફ ધી વેસ્ટર્ન વર્લ્ડ, પુસ્તક ૨, પૃષ્ઠ ૨૦૧—અધિપતિ ઇંડિ. એંટીકવેરી.)

૮ જુઓ માક્ષ મૂલરકૃત ભરતખંડઃ તે આપણને શું શિખવે છે, પૃષ્ઠ ૨૮૭.

૯ ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૭, પૃષ્ઠ ૧૯૭. આ સાથે હર્ષચરિતમાંની વાત મળતી આવે છે, જુઓ પૃષ્ઠ ૧૫૪. પણ પ્રો. માક્ષ મૂલર રાજવર્ધન માટે કહે છે કે શશાંકે રાજ્યવર્ધનને લઢાઇમાં હરાવ્યો અને માર્યો હતો (ઇંડિયા, વગેરે, પૃષ્ઠ ૨૮૭). (જુઓ બીલ કૃત બુદ્ધિસ્ટ રેકર્ડસ ઓફ વેસ્ટર્ન કાઉંટ., પુસ્તક ૧, પૃષ્ઠ ૨૧૦–એડિટર, ઇંડિયન એંટીકવેરી.)

૧૦ જ. રો. એ. સો. (N. S.) પુસ્તક ૪, પૃષ્ઠ ૮૫.

આ બેઉ રાજાઓ ઈ. સ. ૬૦૦–૬૧૦ થયાનું કહે છે.[1] ઉપર જણાવ્યા પ્રમાણે **શશાંક** ઇ. સ. ૬૦૫ માં તો હોવો જોઈએ. **શશાંકે** કરેલા વધ વિશે હુયાનત્સંગનું કહેવું જો સત્ય હોય અને **બાણે** આપેલી ટીપ્પણી પણ સત્ય હોય તો જેને **શશાંક** પોતે જ 'બુદ્ધિમાન રાજા'[2] ગણે છે એવા પાડોશના રાજ્યાધિપતિનો વધ કરી–દુશ્મનાવટ ઉભી કરી–**બોધી** વૃક્ષનો નાશ કરવા તત્પર થાય એ સંભવિત લાગતું નથી. જો **પ્રો. માક્ષ મૂલરનું** કહેવું સત્ય હોય તો **પૂર્ણવર્માએ** કરેલું **બોધી** વૃક્ષનું પ્રતિસ્થાપન સાતમા સૈકાની શરૂઆતમાં હોવું જોઈએ અને જો **ડા. ફરગ્યુસનનું** કહેવું સત્ય હોય તો છઠ્ઠા સૈકાના અન્તમાં થયું હોય એમ સંભવે છે. ગમે તેમ હોય, આ સવાલમાં ઊંડા ઉતરવાનું કાંઇ પણ પ્રયોજન નથી. હુયાનત્સંગે બતાવેલા **હર્ષવર્ધનનો** સમય અને **પ્રો. માક્ષ મૂલર**[3] અને **ડા. ફરગ્યુસને** જણાવેલા સમય વચ્ચે પાંચ કે દશ વર્ષનું અન્તર છે. આ વિશે વધારે તકરાર કરવાની જરૂર નથી અને પ્રસ્તુત કાર્યને અર્થે પાંચ દશ વર્ષનો ફેર એ કાંઈ વધારે નથી. મ્હારૂ માનવું એવું જ છે કે **પૂર્ણવર્મા મગધમાં** સાતમા સૈકાની શરૂઆતમાં જ રાજ્ય કરતો હતો અને **શંકરાચાર્યે** શારીરક ભાષ્ય પણ તે જ સમયે લખ્યું હશે.

આ સમયને અનુમોદન આપનાર બીજું સાધન મળી આવે છે; અને જો કે તે આપણે કરેલા સિદ્ધાન્તને સહજ હાનિકારક છે તો પણ તેનું ટુંકામાં સૂચન કરૂં છું. **મેકેન્ઝીના** સંગ્રહમાં **કોંગુદેશરાજાકલ** નામના **તામીલ** ઇતિહાસમાંથી જણાય છે કે **શંકરાચાર્યે** પહેલા[4] **તિરુવિક્રમદેવ** ચક્રવર્તિને **શૈવ ધર્મમાં** આણ્યો હતો. ૧૮૪૮ માં **પ્રો. ડાઉસને** આના ઉપર ટીકા કરતાં જણાવ્યું હતું કે–બીજા[5] **તિરુવિક્રમને** બદલે પહેલો **તિરુવિક્રમ** કહ્યો છે તે સત્ય નથી. આ ઇતિહાસમાં આવેલા રાજાઓને છેલ્લેથી ગણતાં અને સામાન્ય રીતે તેઓના રાજ્યનાં વર્ષ ગણતાં **પ્રો. ડાઉસન** એવા નિર્ણય ઉપર આવ્યો હતો કે પહેલો **તિરુવિક્રમ** ઈ. સ. છઠ્ઠા સૈકામાં થયો. અને બીજો **તિરુવિક્રમ** આઠમા સૈકામાં થયો. જો આ ઇતિહાસમાં કહેલી વાત સત્ય હોય અને **પ્રો. ડાઉસનની** ગણત્રી ખરી હોય તો આપણે જે નિર્ણય ઉપર આવ્યા છીએ તે નિર્ણય દૃઢ થાય છે. પરંતુ ૧૮૭૪માં **પ્રો. ભાણ્ડારકરે** આ વિષય ઉપાડી લીધો અને તે જ વખતે મળી આવેલા તામ્રપત્રના લેખ ઉપરથી એવો નિર્ણય કર્યો કે–**શિવમાર્ગી** થઈ જનાર રાજા જો પહેલો **તિરુવિક્રમ** હોય તો **શંકરાચાર્ય** ચોથા સૈકામાં થવા જોઇએ અને જો આ બીજો **તિરુવિક્રમ** હોય તો **શંકરાચાર્ય** છઠ્ઠા સૈકામાં હોવા જોઇએ. **પ્રો. ભાણ્ડારકરે** એમ પણ બતાવ્યું છે કે બીજી ગણત્રી–એટલે ૬ ઠ્ઠો સૈકો–ઇ. સ. ૫૨૬–આ સાલ **તામીલ** ઇતિહાસમાંની સાલને મળે છે પરંતુ ચોથા સૈકાની

---

૧ ભરતખંડ: તે આપણને તે શું શિખવે છે, પૃષ્ઠ ૨૮૯–૯૦. પ્રો. માક્ષ મૂલરે કોરરની લઢાઈની સાલ ઉપર મત બાંધ્યો છે. આ લઢાઈ ઈ. સ. ૫૪૪માં થઈ, પણ ડા. ફરગ્યુસન ઈ. સ. ૫૨૪ માં કહે છે, જુઓ તે તેણે રચેલા 'શક અને બીજા સંવત', પૃષ્ઠ ૧૮, જુઓ બર્જેસ કૃત આ. સર્વે રિપોર્ટ, પુસ્તક ૩, પૃષ્ઠ ૨૮. M. Reinaud-એમ. રીનાડે હર્ષવર્ધન ઈ. સ. ૬૦૭માં ગાદી ઉપર આવ્યો કહે છે. વળી જુઓ Yale કૃત Cathay, પુસ્તક ૧, પૃષ્ઠ ૧૯.

૨ જુઓ ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૭, પૃષ્ઠ ૧૯૭. શશાંક રાજ્યવર્ધનના યુદ્ધકૌસલ્યનો અદેખો હતો જુઓ ડા. બર્જેસ કૃત આ. સ. રિપોર્ટ, પુસ્તક ૩, પૃષ્ઠ ૨૭

૩ હર્ષવર્ધનનો ઉદ્યોગ (ઈ. એ., પુસ્તક ૭, પૃષ્ઠ ૧૮૮માં વર્ણવ્યા પ્રમાણે) ૩૦ વર્ષ કરતાં વધારે રહ્યો હતો. ડા. બર્નેલના કહેવા પ્રમાણે પુલકેશી બીજો ઈ. સ. ૬૧૦માં થયો—જુઓ સ. ઇંડ. પેલિયોગ્રાફી, પૃષ્ઠ ૧૮, અને પુલેકશીએ હર્ષવર્ધનને છઠ્ઠા શૈકાની અન્તે અને સાતમાની શરૂઆતમાં હરાવ્યો એવું કહે છે. જનરલ કનિંગહામ ને M. Reinaud પોતાની પ્રાચીન ભૂગોળ વિદ્યા, પૃષ્ઠ ૩૭૮માં દેખાડેલો સમય જ બતાવે છે. અને વળી જુઓ જ. એ સો. બી., પુસ્તક ૩૩ પૃષ્ઠ ૨૩૧, તેમજ જ. એ. સો. બી. પુસ્તક ૧૭, પૃષ્ઠ ૩૮. જનરલ કનિંગહામના પ્રથમ બતાવેલા અભિપ્રાય માટે જુઓ. જનરલ કનિંગહામે બતાવેલો સમય જે સાતમા શૈકાની શરૂઆતમાં બોધી વંશના (જુઓ પ્રાચીન ભૂગોળ, પૃષ્ઠ ૫૦૯; આ. સ. રિપોર્ટ, પુ. ૩, પૃષ્ઠ ૮૦) સંબંધમાં શશાંકનો વિશ્વાસ ન રાખી શકાય એવી બાબત છે જે હ્યુએનત્સિયાંગે સ્પષ્ટ રીતે બતાવેલી હકિકતને આધારે છે. જુઓ જ. રો. એ. સો., N. S., પુસ્તક ૬, પૃષ્ઠ ૨૪૮, જેમાં આ સમય "૬૦૫?" આ પ્રમાણે બતાવ્યો છે.

૪ આ હકીકત કેવેલ્લી વેંકટ રામસ્વામી કૃત કવિચરિત્રમાં દક્ષિણના કવિયોની બાબતમાં પૃષ્ઠ ૭માં ઘણા વખત ઉપર લખેલું છે.

૫ જ. રો. એ. સો., પુસ્તક ૮, પૃષ્ઠ ૮, ૧૬, ૧૭.

સાલ મળતી નથી.[૧] જે તામ્રપત્ર ઉપરથી **પ્રો. ભાણ્ડારકર** કહે છે તે તામ્રપત્રને પ્રમાણરૂપ માનીયે તો **પ્રો. ડાઉસનું** કહેવું આપણે જે નિર્ણય ઉપર આવ્યા છીએ તેને મળે છે.[૨] હવે આને નિર્ણયરૂપ માનવામાં જે જે હરકતો વિશે ઉપર કહ્યું છે તેનો વિચાર કરવો જોઇએ. **ડા. બર્નેલ** પોતાના (દક્ષિણ હિંદુસ્થાનના પ્રાચીન લેખનાં મૂળતત્ત્વો) *Elements of South Indian Paleography* નામના ગ્રંથમાં લખે છે કે **કોંગુદેશરાજાકલ**માં કહેલા જે રાજાને **શંકરાચાર્યે શૈવમાર્ગી** કર્યો તે **રાજા ચાલુક્ય**[૩] વંશનો હતો. આ વંશની વંશાવળી આપતાં **ડા. બર્નેલ** હુયાનત્સંગના જ સમયમાં થયેલા બીજા **સત્યાશ્રય પુલકેશી**ના પુત્ર **વિક્રમાદિત્ય**ના નામ આગળ આ પ્રમાણે ટિપ્પણી આપી છે. "કોંગુદેશરાજાકલ પ્રમાણે **શંકરાચાર્ય** આ સમયે થયાએ ઘણું ખરૂં સત્ય છે." આ ટિપ્પણી ઉપર વિચાર કરતાં વિસ્મય થાય છે કે **ડા. બર્નેલે** આ વિશે આટલામાં જ પતાવ્યું છે. જ્યારે **પ્રો. ડાઉસન** (**કોંગુદેશરાજાકલ**નો ઇતિહાસ આપનાર પ્રથમ હતો તે) કહે છે કે–તે **ચાલુક્ય** વંશનો નહોતો, પરંતુ **ચેર** અથવા **ગંગ** વંશનો[૪] હતો. આ ઉપરથી એમ માનવાનું નથી કે **પ્રો. ડાઉસનનું** કહેવું સત્ય છે. પરંતુ જ્યાંસુધી **ડા. બર્નેલે** પોતાનાં કારણ દર્શાવ્યાં નથી ત્યાંસુધી **પ્રો. ડાઉસન** ખોટો છે એમ કહેવાનું કાંઈ પણ કારણ નથી; કેમકે **ડા. બર્નેલે** આનાં કારણ આપ્યાં નથી. હવે એની બીજી ટીકા તપાસતાં એનું કહેવું એમ છે કે–"ઘણું ખરૂં સત્ય છે"; **શંકરાચાર્ય** ઇ. સ. ૬૫૨–૮૦ માં થયા. **ડા. બર્નેલ સામવિધાન બ્રાહ્મણ**ના ઉપોદ્‌ઘાતમાં **કુમારિલ ભટ્ટ** વિશે લખતાં કહે છે કે–તે ઇ. સ. ૬૫૦–૭૦૦માં થયા એમાં કોઈ પણ તરેહની શંકા નથી અને ભવિષ્યમાં રહેશે પણ નહિ.[૫] આ ઉપરથી **શંકરાચાર્ય** કયા સમયમાં થયા તે સહજમાં જણાય છે; કારણ દંતકથા ઉપરથી જાણીયે છીએ કે **શંકરાચાર્ય કુમારિલ ભટ્ટ**ના આત્મોત્સર્ગના[૬] સાક્ષીભૂત હતા. **કુમારિલ ભટ્ટ**નો સમય, ૧૬૦૮માં લખાયેલા ગ્રંથ ઉપર નક્કી થયો છે અને એ ગ્રંથના લેખકની વય[૭] એ સમયે ૩૦ વર્ષની હતી. **ડા. બર્નેલનું** કહેવું માની શકાતું નથી, કારણ ૧૬૦૮ની સાલમાં લખાયેલા ગ્રંથને પ્રમાણ તરીકે ગણાય નહિ; આ સાલ અને પ્રસ્તુત સમયની વચ્ચે ૧૦૦૦ વર્ષનું અન્તર છે. આ વાત પડતી મુકી, આપેલાં કારણો તપાસતાં, વધારે હરકતો દૃશ્યમાન થાય છે. **ટિબેટ**માંથી મળેલાં સાધનો ઉપરથી એવું જણાય છે કે **કુમારિલ ભટ્ટ** અને **ધર્મકીર્તિ** એક જ વખતે થયા. **ધર્મકીર્તિ સ્રોંગત્સંગંપો**ના રાજ્યમાં પ્રસિદ્ધ થયા અને એ રાજ્ય ૬૨૯ થી ૬૫૮ સુધી રહ્યું હતું. આ ઉપર **ડા. બર્નેલ** કહે છે કે હુયાનત્સંગ (જેણે ૬૪૫માં હિંદુસ્થાન

---

૧ જ. બોંબે બ્રેંચ રા. એ. સો., પુસ્તક ૧૦, પૃષ્ઠ ૮૯.

૨ કૉનિકલમાંની પ્રતિકુલ ગણત્રી માટે જુઓ બર્નેલ કૃત સાઉથ ઈંડિયન પલિઓગ્રાફી–પ્રાચીન લેખ, પૃષ્ઠ ૩૩ બર્નેલ, પૃષ્ઠ ૮૬ માં કેવલી રામસ્વામીના ગ્રંથને 'હાસ્યજનક પુસ્તક' કહે છે.

૩ જુઓ પૃષ્ઠ ૪૮, (બીજી આવૃત્તિ) આહિં જણાવવું જોઈએ કે આ અવલોકન લખાઈ રહ્યા પછી અમારા જોવામાં મિ. ટેલરના મદ્રાસ જર્નલ ઓફ લિટરેચર અને સાયન્સમાં આ બાબત આવી છે. પુસ્તક ૧૪, એ ઉપરથી જણાય છે કે (જુઓ પૃષ્ઠ ૧૪ અને ૬૫) શંકરાચાર્ય સંબંધી કરેલો ઈશારો ભૂલ ભરેલો છે. કોંગુદેશરાજાકલ ઉપરથી કરવામાં આવેલું અનમાન કોઈ પણ રીતે સ્પષ્ટ નથી અને તે ઉપર પ્રો. ડાઉસન અને ડા. બર્નેલ એ બેઉ હજુ સુધી પણ વિશ્વાસ રાખી શકતા નથી; જુઓ વળી સીવેલકૃત ડીનસ્ટીઝ ઓફ સધરન ઈંડિયા, પૃષ્ઠ ૫૦

૪ જુઓ જ. રો. એ. સો., પુસ્તક ૮, પૃષ્ઠ ૮; અને ઈંડિયન એંટીકવેરી, પુસ્તક ૧, પૃષ્ઠ ૩૬૨.

૫ જુઓ પૃષ્ઠ ૬.

૬ જુઓ માધવકૃત સંક્ષેપશંકરજય, સર્ગ ૭, શ્લોક ૬૦. આનંદગિરિકૃત શંકરવિજય, પૃષ્ઠ ૨૩૬. ડા બર્નેલ ઈ. સ. ૬૫૦ થી ૭૦૦ સુધીમાં થયાનું ખાત્રીથી કહે છે–સાઉથ ઇંડિયન પેલિયોગ્રાફી, પૃષ્ઠ ૩૭, અને આશરે ઈ. સ. ૭૦૦ પૃષ્ઠ ૧૧૧. આગળ દેખાડેલો સમય સીવેલે કબૂલ રાખ્યો છે–જુઓ લીસ્ટસ ઓફ એંટીકિવટીઝ ઇન મદ્રાસ, પૃષ્ઠ ૧૭૭.

૭ જુઓ માક્ષ મૂલરકૃત ઇંડિયાઃ તે આપણને શું શિખવે છે, પૃષ્ઠ ૩૦૩, જેમાં પ્રો. મોક્ષ મૂલર પોતે પોતાની ગણત્રી તારનાથના પુસ્તકથી કરે છે, જુઓ પૃષ્ઠ ૩૦૮; એમાં એ કહે છે કે ડા. બર્નેલને તારનાથ કૃત હિસ્ટ્રી ઓફ ઈંડિયન બુદ્ધિઝમ ઉપર બહુ વિશ્વાસ છે (જુઓ એના ઐંદ્ર ગ્રામેરિયનો, પૃષ્ઠ ૫, ૬) અને જર્નલ રો. એ. સોયટી (N. S.) પુસ્તક ૬, પૃષ્ઠ ૨૫૪. આ મુદ્દાને સંબંધ ધરાવતો આ પુસ્તકમાંનો એ ભાગ જેનું અહિં વિવેચન કરેલું છે તે ઈ. એ., પુસ્તક ૪, પૃષ્ઠ ૩૬૫માં એવું માલુમ પડે છે. એવું જણાય છે કે કુમારિલ પહેલાં શંકર હતા અને જે કુમારિલ અને ભટ્ટ એ નામથી ઓળખાય છે ને જે શંકરનો શિષ્ય કહેવાય છે. આ કાંઈ એવી હકીકત નથી કે જેને નિઃસંશય પ્રમાણરૂપે ગ્રહણ કરી શકાય.

છોડયું) કુમારિલ ભટ્ટના નામનું સૂચન પણ કરતો નથી. ઉપલી દલીલો અને આ કુમારિલ ભટ્ટ જે બૌદ્ધધર્મનો કટ્ટો શત્રુ હતો તે ઇ. સ. ૬૪૫[1] પહેલાં હોય. એમ સંભવતુ નથી. આ ઉપરથી સહજ જણાય છે કે આવાં આવાં કારણોને લીધે એક સૈકાની ભૂલ થાય; જેવી રીતે કુમારિલને બદલે નાના ફડનવિસ, ધર્મકીર્તિને બદલે લૉર્ડ લિંડહેસ્ટ અને સ્રોગત્સંગંપોને બદલે વિક્ટોરિયા મુકયાં હોય તેવી રીતે એ નિરર્થક છે. આવો ફેરફાર સારી રીતે થઇ શકે, તો પણ ડા. બર્નેલના કહેવા પ્રમાણે ભૂલભરેલો નિર્ણય થાય છે જેમ કે નાના ફડનવિસ (સત્યત: જોતાં ૧૮૦૦માં ગુજરી ગયો) ૧૯મા સૈકાના અન્તમાં થયો છે જેમ જેમ વખત જશે તેમ તેમ આ ભૂલ મોટી જ થશે. ડા. બર્નેલની બીજી દલીલ વિશે અહિં કાંઇ પણ કહેવાનું નથી. પરંતુ આવી ભૂલો થાય એ અસંભવિત નથી એમ ધારીયે તો ડા. બર્નેલનું કહેવું આપણે કરેલા નિર્ણયથી વિરુદ્ધ નથી, એટલું જ નહિ પણ એનું દ્રઢીકરણ કરે છે. એ નિર્ણય આ જ છે કે ઇ. સ. છઠ્ઠા સૈકાના પૂર્વ ભાગમાં જ કુમારિલ ભટ્ટ અને શંકરાચાર્ય થઇ ગયા. ચેર વંશના ત્રિરુવિક્રમદેવની સાથે શંકરાચાર્યના સંબંધમાં બર્નેલ શંકા લાવે છે, તો પણ આપણે જે નિર્ણય કર્યો છે તેને આ વધારે દ્રઢ કરે છે.

આથી બીજું એમ થાય છે કે કોંગુદેશરાજાકલનો ઇતિહાસ સત્ય હશે યા અસત્ય? એવી શંકા ઉત્પન્ન થાય છે અને તેને ટેકો[2] મળે છે. જે તામ્રપત્ર ઉપરથી કોંગુદેશરાજાકલ સત્ય ઠર્યો હતો, અને જેનાવડે શંકરાચાર્યનો સમય નક્કી થયો હતો તે તામ્રપત્રો બનાવટી[3] છે એમ મિ. ફ્લીટ જણાવે છે. મિ. ફ્લીટે ઉઠાવેલા આ સવાલ વિશે વધારે કહેવાનું કંઇ પ્રયોજન નથી. આ નિર્ણય[4] સત્ય હો વા અસત્ય હો, પરંતુ એટલું તો સત્ય છે કે જ્યારે આ લેખોની સત્યતા વિશે મિ. ફ્લીટ જેવા પ્રસિદ્ધ પુરુષ શંકા રાખે છે ત્યારે તેમને પ્રમાણ તરીકે ગણવામાં સહજ વાંધો ખરો અને અન્ય સ્થળેથી મળી આવેલાં પ્રમાણોને કદાપી મળતાં આવે તો પણ આને પ્રમાણ તરીકે લેઇ શકાય નહિ.

બીજે સ્થળે એમ પણ જણાવવામાં આવ્યું છે કે માધવના સંક્ષેપશંકરજયમાંથી એવું નિકળે છે કે–બાણ, દંડી, મયૂર અને શંકરાચાર્ય[5] એક જ સમયે થયા. અત્ર આણેલો નિર્ણય અને ઉપર કહેલી વાત મળે છે. પ્રો. વેબર, બ્યુલર, અને મોક્ષ મૂલરના કહેવા પ્રમાણે દંડી ઇ. સ. છઠ્ઠા[6] સૈકામાં થયો. બાણ અને મયૂર સાતમા સૈકાની શરૂઆતમાં હશે અને છઠ્ઠા સૈકાના અન્તમાં પણ થોડોક સમય હશે. આ સર્વ વિદ્વાનો—બાણ, મયૂર, દંડી અને શંકરાચાર્ય છઠ્ઠા[7] સૈકાના અન્તમાં હતા એમ અનુમાન કરીયે તો આપણે નક્કી કરેલો સમય અને અહિં દર્શાવેલો સમય બેઉ મળતા આવે છે. પ્રો. મોક્ષ મૂલરના કહેવા પ્રમાણે કહિએ–એ કહે છે કે–"હિંદુ લેખકો આપણા મન ઉપર એવું ઠસાવા માગે છે કે દરેક વસ્તુ જેમ પ્રાચીન તેમ સારૂં."[8] શંકરાચાર્ય, બાણ, દંડી, મયૂર વગેરે લેખકોને તત્ત્વજ્ઞા-

---

૧ અહિં એમ જ માનવાનું છે કે કુમારિલે કરેલા ઉપદ્રવની વાત સત્ય છે. હું એ વાત માનતો નથી. જુઓ એ વિષે આગળ વિવેચન કરેલું છે. માધવના પુસ્તક (જેમાં એમ છતાં જૈનોએ ઉપદ્રવના ભોગ થઈ પડયા હતા એવું કહ્યું છે) શિવાય બીજા કોઈએ પ્રથમ લખેલું મારા જાણવામાં નથી. અને એ આનંદગિરિકૃત શંકરવિજય કહેવાય છે, પૃષ્ઠ ૨૩૫.

૨ જુઓ પ્રો. ઇગેલિંગનો 'ચેર અને ચાલુકય' વિષેનો નિબંધ જે લંડનની ઓરીએન્ટલ કોંગ્રેસની સમક્ષ વાંચવામાં આવ્યો હતો. (જુઓ ટ્રૂબનરનો સંગ્રહ.) અને ઇંડિયન એન્ટીકવેરી, પુસ્તક ૩, પૃષ્ઠ ૧૫૨.

૩ કેનરીસ વંશો–કેનરીસ ડિનેસ્ટીઝ–ઉપર જુઓ મિ. ફ્લીટનો નિબંધ, પૃષ્ઠ ૧૧, જે ઉપરથી આ વિષયોને મળતી હકીકતનો સારાંશ ઈંડિયન ઍંટીકવેરી, પુસ્તક ૧૨, પૃષ્ઠ ૧૧૧માં આવેલ છે.

૪ જુઓ બર્નેલકૃત દક્ષિણ હિંદુસ્થાનના લેખ, પૃષ્ઠ ૩૪.

૫ જુઓ ઈંડિયન એન્ટીકવેરી, પુસ્તક ૧, પૃષ્ઠ ૨૯૯.

૬ જુઓ ઈંડિયન એન્ટીકવેરી, પુસ્તક ૩, પૃષ્ઠ ૮૨, અને ઈંડિયા: તે આપણને શું શિખવે છે, પૃષ્ઠ ૩૧૪ અને વળી પૃષ્ઠ ૩૩૨, ૩૫૮. પ્રો. વિલસન એને ૪થા અથવા પાંચમા સૈકામાં થયાનું કહે છે.

૭ બાણે હર્ષના રાજયના પાછળનો હેવાલ આપ્યો નથી એ ઉપરથી જણાય છે કે હર્ષના પહેલાં તે ગુજરી ગયેલો, એટલું જ નહિ પણ હર્ષને રાજય કરતે થોડાંક વર્ષ વીત્યાં હશે ત્યારે જ. જુઓ પ્રો. પિટરસને લખેલી કાદંબરીની પ્રસ્તાવના, પૃષ્ઠ ૫૫.

૮ ઇંડિયા: તે આપણને શું શિખવે છે, પૃષ્ઠ ૩૫૬. ડા. બ્યુલર, જ. બોંબે બ્રેંચ રો. એ. સો., પુસ્તક ૧૧, પૃષ્ઠ ૨૮૩, બધી રીતે ઠરાવ્યું છે કે માધવનું પુસ્તક કાળની ગણત્રી કરવાના બધા સવાલો માટે નકામું છે પ્રો.

નના વિવાદમાં પરાજય કર્યા હશે અને આ સર્વ **શંકરાચાર્યના** જ સમયમાં હતા એવું અન્યસ્થળેથી મળેલાં સાધનથી નક્કી થાય છે.

માધવ વળી એવું જણાવે છે કે **ખણ્ડનના** કર્તા **શ્રીહર્ષને** શંકરાચાર્યે પોતાના મતમાં[1] આણ્યો હતો. **ડૉ. બ્યુલરે**[2] **નૈષધીયના** કર્તાને જે સમયમાં મુકયો છે તે સાલને સત્ય ગણિયે તો **શંકરાચાર્યને** જે સમયમાં આપણે મુક્યા છે તે સમયને કંઈ પણ સંબંધ રહેતો નથી. જો **ડા. બ્યુલ**રનું કહેવું સત્ય હોય તો પ્રસ્તુત પ્રશ્નનો પૂર્ણ વિચાર કરવો જોઇએ. એનું સમાધાન માત્ર આટલું જ છે–જે **શ્રીહર્ષ** સાથે **શંકરાચાર્યનો** સંબંધ દંતકથા આપે છે તે **શ્રીહર્ષ** અને **બાણ, મયૂરના** વખતમાં થઈ ગયેલા **હર્ષવર્ધન શિલાદિત્ય** એક જ હશે. અને આ દંતકથા **નૈષધીય** અને **खण्डनखण्डखाद्य** પુસ્તકના તત્ત્વજ્ઞાન વિષેના નિબંધના કર્તા **શ્રીહર્ષને** ભૂલથી લાગુ પાડવામાં આવી હશે. આ બન્ને એક જ સમયે થયા એવી દંતકથા પછીથી પ્રમાણરૂપ ગણાઈ હશે અને **શંકરાચાર્યના** પ્રસંશકોએ "એ જ સમયે થયેલા તત્ત્વજ્ઞાનીને **શંકરાચાર્યે** વિવાદમાં જીત્યા વગર ન રહે" એવા વિચારથી આ દંતકથાને અનુમોદન આપ્યું હશે. આ ભૂલ થવાનું કારણ મારા ધારવા પ્રમાણે હવે એમ છે કે **શ્રીહર્ષે** પણ તત્ત્વજ્ઞાન સંબંધી લખ્યું છે અને બાકીની બાબતો મને લાગે છે કે આપણા સાધારણ અનુભવમાં મોઢેથી બોલાતી દંત કથાને મળતી આવે છે.

છેલ્લે મેં એવું સાંભળ્યું છે કે **પ્રો૦ ભાણ્ડારકરે** તદ્દન બીજાં જ કારણો વડે જે સમય આપણે ઠરાવ્યો છે તે જ સમય નક્કી કર્યો છે. એમના કહેવામાં અને **કોન્ગુદેશરાજ્યકાલના** વિશેની **ડૉ. બર્નેલની** ટીકામાં સહજ ફેર છે. પરંતુ **પ્રો૦ ભાણ્ડારકરનાં** પ્રસિદ્ધ કારણો જાણવાથી કંઇ પણ શંકા નહિ રહે એટલા જ વાસ્તે તે વિશે વધારે વિવેચન કરવાની જરૂર નથી.

રેવરન્ડ **બીલે ચીન** દેશના સાહિત્યનો ઇતિહાસ પ્રકટ કર્યો છે. **મિ. બીલના**[3] કહેવાથી જણાય છે કે–**ચીનમાં ચેનવંશે** ૫૫૭–૫૮૩ સુધી ચાલ્યો તે વંશમાં ઈશ્વરકૃષ્ણના **સાંખ્યકારિકા** ઉપર **ગૌડપાદના** ભાષ્યનું સંસ્કૃતમાંથી **ચીની** ભાષામાં ભાષાંતર થયું હતું. **કોલબ્રૂકના** કહેવા પ્રમાણે આ **ગૌડપાદ વેદના** ઉપનિષદ્નો પ્રસિદ્ધ ભાષ્યકાર હતો અને **શંકરાચાર્યના** ઉપદેશક **ગોવિન્દનો** પણ ગુરુ હતો. આ **ગોવિન્દનો** ગુરુ હતો પરંતુ **શંકરાચાર્યનો**[4] પોતાનો નહિ. **મિ. બીલના** કહેવામાં ભૂલ છે. **માંડૂક્યોપનિષદ્ના શંકરભાષ્યમાં**–જે ઉપનિષદ્માં **ગૌડપાદની** કારીકાના ભાષ્યનો સમાવેશ થાય છે તે ભાષ્યમાં **શંકરાચાર્યે, ગોવિન્દયતિના** ગુરુ **ગોડપાદને પરમગુરુ**[5] અને **પૂજ્યાભિપૂજ્ય** સંબોધીને પ્રણિપાત કર્યો છે. તે જ સમયના ગ્રંથકર્તાના પુસ્તકનું ભાષાંતર **ચીનનો** ભાષાન્તરકાર કરે એ સંભવિત નથી. ઇ. સ. ૫૭૦માંના અરસામાં થયેલા ભાષાન્તર અને **ગૌડપાદના** મૃત્યુની વચ્ચે કેટલોક કાલ ગયો હોવો જોઇએ. આ સમયે જો **ગોવિન્દ** યતિ ગુજરી ગયા ન હોય તો તેમના સુપ્રસિદ્ધ શિષ્ય **શંકરાચાર્યને** શિક્ષણ દેતા હોવા જોઇએ. આવી રીતે ગણત્રી કરતાં પણ **શંકરાચાર્યનો**

માક્ષ મૂલરના વિચારો કરતાં આ વિષયના સારાંશમાં જણાવેલા વિચારો કેટલા નિર્મળ છે એ વિષે અમે હિમ્મતથી વિચાર કરીએ છીએ. સરખાવો પિટરસનની કાદંબરીની પ્રસ્તાવના, પૃષ્ઠ ૫૮.

૧ જુઓ શંકરવિજય, સર્ગ ૧૫, શ્લોક ૧૫૭; ઇંડિયન એન્ટીકવેરી, પુસ્તક ૧, પૃષ્ઠ ૨૯૯; પુસ્તક ૩, પૃષ્ઠ ૮૧.

૨. જ. બોમ્બે બ્રેંચ રા. એ. સો., પુસ્તક ૧૦, પૃષ્ઠ ૩૦; પુસ્તક ૧૧, પૃષ્ઠ ૨૮૦. હું ડા. બ્યુલરના વિચારો સાચા માનતો નથી, પણ કાંઇક વજનદાર તો છે. જુઓ વળી શ્રીહર્ષના સમય માટે જ. એ. સો. બી., પુસ્તક ૩૩, પૃષ્ઠ ૩૨૭. ડા. રાજેંદ્રલાલ, ડા. બુલરના કરતાં પ્રથમનો સમય તદન સ્વતંત્ર આધારથી સૂચવે છે.

૩ જ. રો. એ. સો., (N. S.) પુસ્તક ૧૨, પૃષ્ઠ ૩૫૫.

૪ નિબંધ, પહેલી આવૃત્તિ, પુસ્તક ૧, પૃષ્ઠ ૨૩૩; જ. એ. સો. બો., પુસ્તક ૨૦, પૃષ્ઠ ૪૦૩.

૫ જુઓ પૃષ્ઠ ૫૯૭, શંકર ગૌડપાદને બતાવે છે અને વળી બીજે ઠકાણે માંડુક્યઉપનિષદ ઉપર આ બેમાંની કારિકાઓ ટાંકે છે. જુઓ શારીરિક ભાષ્ય, પૃષ્ઠ ૩૭૫ અને ૪૩૨; આ કારિકાઓ માંડૂક્યઉપનિષદ્ના પૃષ્ઠ ૩૮૪, ૪૬૯ માં જણાય છે.

સમય ઇ. સ. ૫૯૦ થી આગળ ધારી શકાતો નથી. **પ્રો. વિલસનની**,[1] **શંકરાચાર્યના** સમય સંબંધી સૂચનાઓ ઉપર આધાર રાખી **મિ. બીલે** કંઈ પણ નિર્ણય કર્યો નથી. જે જે વિષય ઉપર તકરાર કરવામાં આવી છે તે જોતાં **શંકરાચાર્યે** છઠ્ઠા સૈકાની અન્તે થયા હોવા જોઈએ. એ નિર્ણય જોતાં **મિ. બીલે** આપેલો પુરાવો અમૂલ્ય થઇ પડે છે; અને **શંકરાચાર્યનો** સમય નક્કિ કરવામાં કોઇ પણ રીતનો વાંધો રહ્યો હોય એમ જણાતું નથી.

આપણા દેશના પ્રાચીન અને મધ્યકાલના ઈતિહાસ સંબંધી વિચારો **શંકરાચાર્યના** સમય ઉપર જણાવવાથી શી અસર થાય છે તેનું વધારે સૂચન કરવાનું આ સ્થળ નથી. આટલી વાત તો સિદ્ધ છે કે **બૌદ્ધમાર્ગીઓને** પીડવામાં **શંકરાચાર્યે** અથવા કુમારિલ ભટ્ટે કંઈ પણ ભાગ લીધો ન હોતો. **ડા. બર્નેલનો** મત ન માનતાં આ બન્ને નામ ન બતાવવાનું **હ્યુયાનત્સંગનું** કારણ ખુલ્લું છે. આવી રીતે પીડા કરવામાં આ બન્નેમાંથી કોઈએ પણ ભાગ લીધો ન હોતો એમ માનીયે તો **બૌદ્ધધર્મીને** પીડા કરવાની વાત પણ મળતી નથી. કારણ કે આ ઐતિહાસીક બનાવ ન ગણાતાં બન્ને તત્ત્વજ્ઞાનઓની જીવનકથાઓમાંની એક ગણાય છે. આ વાતની સાબીતીમાં **ડા. કર્ને** 'મારી માતુશ્રી, ચકવાકી'ની[2] વાતની હારમાં આને મુકે છે. એ ખરૂં છે કે **ડા. ફરગ્યુસન** 'પીડાની વાતને માને છે અને હર્ષવર્ધનના[3] મૃત્યુસમયથી જ આ ઉપદ્રવ થવા માંડચો એમ જણાવે છે. અનુગ્રહ અને ક્ષમાની વૃત્તિમાંથી એકદમ પીડાકારવૃત્તિ થવાથી ઇતિહાસના સંબંધમાં હરકતો આવે છે. **ડા. ફરગ્યુસનના**[4] ગ્રંથમાં મળી આવતા પુરાવાથી અને અન્ય પુરાવાથી સિદ્ધ થાય છે કે તે સમયની ક્ષમાવૃત્તિ ઇ. સ. ૬૫૦ માં બંધ પડી નહોતી એટલું જ નહિ પણ તેરમા સૈકા સુધી એ જ વૃત્તિ રહિ હતી.[5] એટલી પીડનવૃત્તિ નહોતી એમ માની **મ-ત્વાન-લીનનો** હિંદુસ્થાનની સ્થિતિનો હેવાલ સહજ સમજાય છે. દંતકથા વિચારતાં તો તે અગમ્ય છે.—**કે. ટી. તેલંગ, ઈંડિયન ઍંટીકવેરી**, પુસ્તક ૧૧, પૃષ્ઠ ૯૫.

પૂર્ણવર્મા અને શંકરાચાર્ય.

સન ૧૮૮૪માં ઇંડિયન **ઍંટીકવેરીમાં**[6] આપેલા વિષયમાં **પ્રસિદ્ધ** તત્ત્વજ્ઞાની **શંકરાચાર્યે** **પૂર્ણવર્માના** રાજ્યમાં થઈ ગયા એમ સિદ્ધ કરવાનો મેં પ્રયત્ન કર્યો છે; **ચીનના** પ્રખ્યાત પ્રવાસી હુયાનત્સંગે **પૂર્ણવર્માને** **મગધના** રાજ્યકર્તા તરીકે લેખ્યો છે. **પૂર્ણવર્મા** મોડામાં મોડો ઈ. સ. ૬ ઠ્ઠા સૈકાના અન્તમાં રાજ્ય કરતો હોવો જોઇએ અને તેટલા જ માટે **શંકરાચાર્યે** પણ તે જ અરસામાં થવા જોઇએ. તે જે કારણોથી આ નિર્ણય ઉપર આવ્યો હતો તે કારણો પણ એમાં મેં દર્શાવ્યાં છે. **મુંબઈની** **સંસ્કૃત** સાહિત્યમાલામાંના **ગઉડવહો** નામના સને ૧૮૮૭ માં લખાયેલા પુસ્તકમાંના ઉપોદ્ઘાતની[7] **નોંધમાં** મારા મિત્ર **મિ. શંકર પાંડુરંગ પંડિતે** **શંકરાચાર્યે** અને **પૂર્ણવર્મા** સમકાલિન હતા એવા મારા મતને સ્વીકાર્યો છે એટલું જ નહિ પણ મ્હને અનુમોદન આપ્યું છે; પરંતુ મેં જે

---

૧ પ્રો. વિલસન મલયાલમના ચેરમાન પેરુમાલને બતાવે છે. તેને માટે સીવેલકૃત દક્ષિણ હિંદુસ્થાનની વંશાવળી, પૃષ્ઠ ૫૫ અને ઈંડિયન ઍંટીકવેરી જુઓ.

૨ બાર્થના હિંદુસ્થાનના ધર્મો, પૃષ્ઠ ૧૩૪ આ અભિપ્રાય ટાંકેલા છે તે જુઓ.

૩ જુઓ ફરગ્યુસનકૃત ઇંડિયન અને ઇસ્ટ્રન આર્કિટેક્ચર, પૃષ્ઠ ૧૫૮, ૨૦૯. ૨૧૯.

૪ જુઓ ફરગ્યુસનકૃત ઇંડિયન અને ઈસ્ટરન આર્કિટેક્ચર, પૃષ્ઠ ૬૯, ૧૨૭, ૧૩૨, ૧૬૧, ૧૬૩, ૩૧૯, ૪૪૦, ૪૫૪; વળી બર્નેલકૃત દક્ષિણ હિંદુસ્થાનના લેખ, પૃષ્ઠ ૫૬, ૧૧૧, ૧૧૪; કનીંગહામ—ભીલસા ટૉપ્સ પૃષ્ઠ ૧૬૪, ૧૬૭.

૫ બુદ્ધિઝમની છેલ્લી હયાતી માટે છેલ્લી ટીકામાં જે આધાર આપ્યા છે તે ઉપરાંત જે. એ. સો. બો., પુસ્તક ૧૭, પૃષ્ઠ ૫૯, ૪૯૮,૪૯૯ અને કનિંગહામ, આ. સર્વે રિપોર્ટે, પુસ્તક ૧૬, પૃષ્ઠ ૪૯ માં છે.

૬ મુદ્રારાક્ષસ (મુંબઈની સંસ્કૃત સાહિત્યમાલા) માં એ નિબંધ પ્રકટ કર્યો છે.

૭ જુઓ આ વિષય પૂરેપૂરો આગળ આપેલો છે.

સમયમાં તેમનેᵃ મુક્યા છે તે સમય ખરો નથી એમ તેમનું કહેવું છે. જે વખતે મેં તે વિષય લખ્યો તે વખતે હુયાનથ્સંગના લખાણનો જોઇએ તેવો ઉપયોગ કરવાને શક્તિમાન્ નહોતો અને મ્હારા વિદ્વાન્ મિત્ર **મિ. પી. એ. મહેતાએ** કૃપા કરી જુલીઅનના હુયાનથ્સંગમાંથી કેટલાક ચૂંટી કહાડેલા ફકરાઓ સમજાવ્યા હતા તેમાંથી જે કાંઈ જ્ઞાન મળ્યું હતું ત્હેના ઉપર જ આધાર રાખવો પડયો હતો. મ્હારો નિબંધ પ્રસિદ્ધ થયો કે તરત જ **મિ. બીલનું** (Si-Yu-Ki)સી-યૂ-કી- *Buddhist Records of the Western World* નું ભાષાંતર ટ્રબનરે પ્રસિદ્ધ કર્યું. પરંતુ એના એ જ વિદ્વાને હુયાનથ્સંગનું ચરિત્ર લખ્યું છે એમ સાંભળીને પૂર્ણવર્મા અને શંકરાચાર્યના સમય નિરૂપણ કરવાની મારી ઇચ્છા હતી તે આ ગ્રંથ પ્રસિદ્ધ થાય ત્યારે કરવું ઉચિત છે' એમ માની તે કાર્ય મુલતવી રાખ્યું. મુંબાઈમાં આ મહિનાની[2] શરૂઆતમાં આપણી પુસ્તકશાળામાં એ ગ્રંથ આવી ચુકયો છે. પૂર્ણવર્માના સમય સંબંધે **મિ. બીલનાં** ત્રણ કીમતી પુસ્તકોના ઉપન્યાસ વિશે આ વખતે વિચાર કરવાને અને એની સહાયતાથી મ્હારા પૂર્વે કહેલા નિર્ણયો અને **મિ. પંડિતની** તેના ઉપરની ટીકાઓનું નિરૂપણ કરવાને ઈચ્છું છું.

આ વખતે પૂર્ણવર્મા વિશેના જ પ્રશ્ન શિવાય અન્ય ઉપર તકરાર કરવા માંગતો નથી. શંકરાચાર્ય સંબંધે હાલમાં કોઈ પણ પ્રમાણોપન્યાસ કરવાનો નથી અને એટલા જ માટે ઉપર જણાવેલી **મિ. પંડિતની** નોંધમાં તેમણે ઇ. સ. ૫૫૭ થી ૫૮૩[3] સુધી ચાલેલા **ચેન** વંશના સમયમાં ગૌડપાદની કારીકાનું **ચીનાઈ** ભાષામાં થયેલા ભાષાન્તર ઉપરથી બતાવેલા મ્હારા વિચારો ઉપર કંઈ પણ લક્ષ આપ્યું નથી એટલું કહિ શાંત રહિશ.

આજના વિષયને લાગુ પડતા હુયાનથ્સંગના ફકરાઓના બે વિભાગ થાય છે; એકમાં પૂર્ણવર્માના સંબંધના તમામ ફકરાનો સમાવેશ થાય છે અને અન્યમાં કર્ણસુવર્ણના રાજા **શશાંક**-જે પૂર્ણવર્માનો સમકાલિન હતો એમ દર્શાવ્યું છે-તેના સંબંધના ફકરાઓ છે. વિવાદ-વિષયમાં આનાથી કેટલું અજવાળું પડે છે તેનો વિચાર કર્યા પહેલાં પ્રથમ તો પહેલા વિભાગના ફકરાઓનો સંગ્રહ કરવો અનુકૂલ થઇ પડશે. સંભારી રાખવા લાયક વિવાદ-વસ્તુ આ છે-જે હુયાનથ્સંગના ચરિત્ર અને લખાણમાંથી આ ફકરાઓ ઉતાર્યા છે તે હુયાનથ્સંગના હિંદના પ્રવાસ પહેલાં કેટલા વખત ઉપર પૂર્ણવર્મા રાજ્ય કરતો હતો? *Buddhist Records of the Western World* તપાસતાં **મિ. બીલના** ભાષાંતરમાં પૂર્ણવર્મા વિશેનો પહેલો ફકરો નીચે પ્રમાણે છેઃ-**અશોકના** વખતમાં બુદ્ધ ગયામાં આવેલા **બોધી** વૃક્ષના નાશ અને પુનઃસ્થાપન વિશે, અને બીજી વખત કેટલાંક વર્ષ પછી એ વૃક્ષનો **શશાંકે** નાશ કર્યો તે વિશે કેટલુંક કહિને હુયાનથ્સંગ કહે છે કે—(૧) કેટલાક માસ પછી **અશોક** રાજાના વંશના છેલ્લા **મગધાધીશ પૂર્ણવર્માએ** એ સાંભળીને નિશ્વાસ નાંખ્યો અને બોલ્યો કે-'જ્ઞાનનો સૂર્ય અસ્ત પામવાથી બુદ્ધ વૃક્ષ શિવાય હવે કાંઇ પણ અવશેષ રહ્યું નથી. તે પણ તેઓએ નષ્ટ કર્યું ત્યારે અધ્યાત્મ જીવન સાધન હવે શું છે?' પછી કષ્ટથી વ્યથિત થઈ પોતાનું શરીર ભૂમી સાથે અફાળ્યું, એક સહસ્ર ગાયના દૂધથી તે વૃક્ષનાં મૂળ ધોયાં તેથી એક રાત્રીમાં તે વૃક્ષનું પુનરુજ્જીવન થયું અને ઉગીને દસ ફીટ ઊંચું ગયું. રખેને ત્હેને કોઈ કાપી નાંખે એ બીકથી તેની આગળપાછળ ચોવીશ ફીટ ઊંચી પથ્થરની ભીંત બાંધી દીધી. તેટલા માટે એ વૃક્ષની આગળપાછળ ૨૦ ફીટ ઊંચી[4] ભીંત છે. બુદ્ધિસ્ટ રેકર્ડસમાં પૂર્ણવર્મા વિશે મારા સાંભરવા પ્રમાણે એક બીજો ફકરો છે. (૨) એમાં એમ જણાવે છે કે-**નાલંદ** મઠની[5] બહાર આવેલી બુદ્ધમૂર્તિના રક્ષણાર્થે પૂર્ણ-

૧ જુઓ પા. ૨૦૯–૨૨૫.

૨ ફેબ્રુવારી ઈ. સ. ૧૮૮૯ માં આ નિબંધ લખવો શરૂ કર્યો હતો.

૩ જે ગ્રંથનું પ્રો. મા. મૂલરે (*India: What it can teach us,* પા. ૩૬૦–૧) સૂચન કર્યું છે તે આ જ હશે તેની મ્હને પહેલા ખબર નહોતી. મરહુમ પંડિત ભગવાનલાલે જણાવેલી નેપાળદંતકથામાં એમ જણાવ્યું છે કે શંકરાચાર્યે નેપાલની યાત્રા કરી હતી. ભગવાનલાલના કહેવા પ્રમાણે જે કૃષ્ણદેવવર્મા ૨૬૦ માં થયા તેના રાજ્યમાં બુદ્ધધર્મનું ખંડન કર્યું હતું.

૪ જુઓ પુસ્તક ૨, પૃષ્ઠ ૧૧૮.

૫ જુઓ પુસ્તક ૨, પૃષ્ઠ ૧૭૪.

વર્માએ પહેલાં છ કોઠાનો મંડપ કરાવ્યો હતો. હુયાનથ્સંગના જીવનચરિત્રમાં પણ નીચેના શબ્દોમાં એ જ કાર્યનું સૂચન છે. (૩) પુરાતન[1] કાલમાં આ કામ પૂર્ણવર્મા રાજાનું હતું. આજના વિષયને લાગુ પડે એવો એક[2] ફકરો એ ચરિત્રમાં છે. અને તે યષ્ટિવાનના જયસેન સંબંધે છે, (૪) એમાં જણાવ્યું છે કે-મગધાધિપતિ પૂર્ણવર્મા રાજા વિદ્વાનોને ઘણું સન્માન આપતો અને જયસેનના પોષણાર્થે મ્હોટા વીસ શહેરની ઉપજ આપી હતી પણ જયસેને તે સ્વીકારી નહોતી. ત્યારપછીની વાત આ પ્રમાણે છેઃ—પૂર્ણવર્માની ઉત્તરક્રિયા પછી શિલાદિત્યરાજે જયસેનને દેશના અધિપતિ થવા આમંત્રણ કર્યું હતું અને ઓરીસાના એંશી શહેરની ઉપજ આપી હતી પણ જયસેને તે પણ લેવા ના પાડી હતી. એમાં એમ પણ જણાવે છે કે—તે વખતથી જયસેન હમેશાં યષ્ટિવાન પર્વત ઉપર રહેતો અને ઘણા શિષ્યો કર્યા હતા. આવી રીતે પૂર્ણવર્માના સંબંધના ચાર જુદા જુદા ફકરાઓ મિ. બીલના ભાષાંતરમાં છે અને બધાએ સાથે લેતાં તેમાંથી નીચેના નિર્ણય મળી આવે છે.

પહેલો—હુયાનથ્સંગ હિંદુસ્થાનની મુસાફરી માટે આવ્યે તે પહેલાં પૂર્ણવર્મા સ્વર્ગસ્થ થયેલો હતો. (ફકરો ૪ થો)

બીજો—હુયાનત્સંગની યાત્રા પહેલાં એટલે એટલા વખત ઉપર પૂર્ણવર્મા થવો જોઇએ કે હુયાનથ્સંગ પૂર્ણવર્માએ કરેલા કાર્યને પહેલાં અને પુરાતન કાલમાં થયાં એમ કહિ શકે. (ફકરા ૨-૩)

ત્રીજો—હુયાનથ્સંગ અને પૂર્ણવર્માની વચ્ચે એટલું અંતર હોવું જોઈએ કે જેથી બોધી વૃક્ષની આસપાસ બાંધેલી ભીંતની ઉંચાઈમાં જે ફેર પડયો છે તેનું કારણ સમજાઈ શકાય.

ચોથો—પૂર્ણવર્મા અને હુયાનથ્સંગની વચ્ચેનું અન્તર એટલું મોટું ન હોવું જોઈએ કે જયસેનના જીવનથી તે પરિમીત થાય. આ જયસેન હુયાનથ્સંગના વખતમાં હયાત હતો અને પૂર્ણવર્માના રાજ્યમાં એટલો નામાંકિત થયો હતો કે તે રાજાએ તેને ૨૦ ગામોની ઉપજ આપવા માંડી હતી. (ફકરો ૪ થો.)

અહિં આપેલા નિર્ણયોને મ્હારા પહેલાના નિબંધમાં આપેલા નિર્ણયો જોડે સરખાવતાં બન્નેમાં કાંઈ પણ વિરોધ હોય એમ મને લાગતું નથી. મહારા ગયા નિબંધમાં છેલ્લો એવો નિર્ણય હતો કે પૂર્ણવર્મા પ્રાયશઃ ઈ. સ. ૫૯૦માં થયો. અને જો યાદ કરીએ તો-જનરલ કનિંગહામની ગણના પ્રમાણે-હુયાનથ્સંગ ૬૩૭-૩૮[3] માં પૂર્ણવર્માના પશ્ચિમ મગધના રાજ્યમાં હતો. આ ઉપરથી હુયાનથ્સંગ અને પૂર્ણવર્મા વચ્ચે પચાશ વર્ષનું અન્તર હતું એમ જણાય છે. એટલું તો હું હિમ્મતથી કહિ શકું કે આ અન્તર ઉપર કહેલા ચોથા કારણ—નિર્ણય, તરફ જોતાં એટલું બધું મહોટું નથી તેમ જ પહેલાં ત્રણ જોતાં બહુ નાનું પણ નથી.

મ્હારા ગયા નિબંધમાં આપેલી દલીલ અને મિ. પંડિતની ટીકાઓ વિશે હવે વિચાર કરીયે. એ પ્રથમ એવી તકરાર ઉઠાવે છે[4] કે, "હુયાનથ્સંગ * * * પોતે પૂર્ણવર્માની મુલાકાતે ગયો એમ નથી જણાવતો તો પણ આટલા[5] ઉપરથી એમ સિદ્ધ થતું નથી કે એ એ વખતે હયાત ન હોતો.

---

૧ બીલકૃત હુયાનથ્સંગ ચરિત, પા. ૧૧૯.

૨ સદર પૃષ્ઠ ૧૫૩.

૩ મિ. પંડિતે આ સાલનો સ્વીકાર કર્યો છે. જુઓ પા. ૨૧૯. જુઓ વળી કનિંગહામની પ્રાચીન ભૂગોળ, પા. ૫૬૫.

૪ પૃષ્ઠ ૨૧૯.

૫ 'અશોકના વંશજનો છેલ્લો' આ વાકય જેના ઉપર મેં આધાર રાખ્યો હતો તે વાકયના અર્થ વિશે મિ. પંડિતે બરોબર વિચાર કર્યો નથી. આ વિષે જુઓ જનરલ કનિંગહામની ટીકા—આર્કિયોજિકલ સર્વે રિપોર્ટ, પુસ્તક ૧૫, પૃષ્ઠ ૧૬૪. જુઓ વળી પૃષ્ઠ ૧૬૫-૬. મૌખરી અને મૌર્યની સાયુજ્યતા વિશે કનિંગહામના વિચાર શંકાસ્પદ છે. કનિંગહામના કહેવા પ્રમાણે જો પૂર્ણવર્મા મૌખરી હોય તો અને મૌખરી-સ્પષ્ટ છે-ક્ષત્રિય હોય તો પૂર્ણવર્મા અશોકનો વંશજ કદી પણ હોઈ શકે નહિ. એ સંભવિત છે કે હુયાનથ્સંગના વખતમાં બુદ્ધદંતકથાએ નાતની દરકાર ન રાખતાં પ્રાચીન બુદ્ધદંતકથામાં જે વંશ મોટો હતો તે વંશનો પૂર્ણવર્માને ગણી તેને મહાનપદવી આપી હોય.

નિયમ પ્રમાણે હુયાનથ્સંગ જે જે મુલકમાં જાય છે તે તે મુલકના બધા રાજાની મુલાકત લેતો નથી અને જો તેમની લે છે તો દરેકનું નામ આપતો નથી." પંડિતે આ પછી કેટલાક રાજાનાં નામ આપ્યાં છે જેના મુલક હુયાનથ્સંગે જોયા છે પણ જેનાં નામ હુયાનથ્સંગે પોતે આપ્યાં નથી. વાત કબુલ કરવા જેવી છે પણ એમાં એવું કાંઈ પણ જોતો નથી કે જે મારી દલીલ સામે કાંઈ પણ અસર કરી શકે. આ દલીલ ૧૮૮૪ માં કહેલા શબ્દોમાં ફરીથી નીચે કહું છું. મેં કહ્યું છે કે "હુયાનથ્સંગ પૂર્ણવર્માને અશોક વંશનો છેલ્લો વંશજ ગણે છે અને એને પોતાને અથવા એના વંશજને મળવાનો એણે કાંઈ પણ યત્ન કર્યો હતો એમ જણાતું નથી. આ ઉપરથી હું એવા અનુમાન ઉપર આવુંછું કે–જ્યારે હુયાનથ્સંગે પૂર્ણવર્મા વિષે કંઈ પણ સાંભળ્યું તે પહેલાં પૂર્ણવર્મા ગત થયો હોવો જોઈએ. જો હુયાનથ્સંગ દેશમાં હોય અને પૂર્ણવર્મા હયાત હોય તો હુયાનથ્સંગ પૂર્ણવર્માને મળવા વિષેની અથવા મુલાકાતની કંઈ પણ નોંધ કરવી ભૂલી જાય તે મ્હને તો વિચિત્ર લાગે છે. અને જ્યારે આ મુલાકાતનું કંઈ પણ સૂચન એ કરતો નથી અને પૂર્ણવર્માને અશોક વંશનો છેલ્લો રાજા હતો એટલું જ કહે છે ત્યારે હું એવું અનુમાન કરૂંછું કે પૂર્ણવર્માને ગુજરી ગયે ઘણો[1] વખત થયો હોવો જોઈએ અને એનું રાજ્ય અન્ય સત્તાધીષ[2] રાજાના કબજામાં હોવું જોઇએ. જેના ઉપર **મિ.** પંડિત એટલું બધું વજન મુકે છે તેવા નામના લોપ સંબંધે આમાંથી કંઈ પણ જણાતું નથી. પરંતુ આ દલીલનું વધારે વિવેચન કરવુ જરૂરનું નથી. મારા નિર્ણયની સત્યતા–જેને વિશે **મિ.** પંડિત વાંધો ઉઠાવે છે તે–ઉપર આપેલા ચોથા ફકરામાંના "પૂર્ણવર્માની ઉત્તર ક્રિયા" આ શબ્દોથી સિદ્ધ થાય છે.

મિ. પંડિતની બીજી તકરાર એ છે કે–જો કે પૂર્ણવર્મા ઈ. સ. ૬૩૭–૩૮ માં હયાત નહોતો તો પણ એને છેક છઠ્ઠા સૈકાના અન્તમાં મુકવો એ કંઈ જરૂરનું નથી. એણે ઇ. સ. ૬૦૦–૩૫ માં અથવા તો છઠ્ઠા સૈકાના અન્તમાં પણ રાજ્ય કર્યું હોય. મ્હારા પ્હેલા નિબંધમાં કહ્યું નથી તેમ જ હાલ પણ કહેતો નથી કે જનરલ કનિંગહામની આપેલી સાલ–જે મેં કબુલ રાખી હતી–તે જરૂરની હતી. 'સત્ય હોય એમ સંભવે છે' અને 'અનુમાન થઈ શકે' આ બે વાકયો તે સમયને અનુસરીને વાપર્યાં હતાં. પણ હવે ઉપર કેટલા ફકરા જોતાં અને મુખ્યત્વે કરી બીજો અને ત્રીજો ફકરો જોતાં મ્હારા પ્હેલા નિબંધના કરતાં આમાં એ સમયને વધારે દઢતાથી વળગી રહું છું. જો **મિ.** પંડિતના કહેવા પ્રમાણે પૂર્ણવર્મા ઈ. સ. ૬૩૫માં[3] હયાત હોય તો હું સમજી શકતો નથી કે ૬૩૭–૩૮ માં હુયાનથ્સંગ પૂર્ણવર્માના મંડપના સ્થાપનને પુરાતન કાલમાં થયો એમ કેમ કહિ શકે?

---

૧ બીજો વિચાર કરતાં 'ઘણો વખત' આ શબ્દનો ઉપયોગ આ પુરાવાથી ખરો છે એમ માનવું એ સંદેહની વાત છે. મૂળમાં આવેલા એક જૂદા ફકરામાં (જુઓ. પા. ૨૨૦,–૨૨૩) મિ. પંડિત કહે છે કે "હુયાનથ્સંગની યાત્રા પહેલાં જ શશાંક અને પૂર્ણવર્મા બન્ને મૃત્યુ પામ્યા હતા એ વાત સત્ય છે પણ પૃષ્ઠ ૨૨૩ માં એ કહે છે કે ઘણું કરીને પૂર્ણવર્મા એના પ્રવાસ વખતે હયાત નહોતો."

૨ ઉપર કહેલી બાબત માટે આ માત્ર સૂચના જ હતી. ભગવાનલાલના નેપાલના લેખમાંથી કેટલેક દરજ્જે આ વાતને ટેકો મળે છે. એ લેખ ઉપરથી જણાય છે કે કનુજના હર્ષવર્ધનના વખતમાં આદિત્યસેન મગધાધિપતિ હતો. જે જયદેવે હર્ષની પુત્રી જોડે લગ્ન કર્યું હતું તે જયદેવનો આદિત્યસેન પ્રપિતામહ હતો. આ ઉપરથી સહજ નિર્ણય લાવી શકિયે કે હર્ષના રાજ્યના થોડાક વખત ઉપર મગધનું રાજ્ય વર્માના હાથમાંથી આદિત્યસેનના વંશના હાથમાં આવ્યું? પણ અહિં મ્હારે જણાવવું જ જોઈએ કે આદિત્યસેનનો સમય જેમ અહિં બતાવ્યો છે તેમ–નકકી કર્યો નથી. જુઓ ભગવાનલાલ, ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૧૩, પૃષ્ઠ ૪૨૦ અને કનિંગહામકૃત આર્કિ. સર્વે રિપોર્ટ, પુ. ૧૫, પૃષ્ઠ ૧૬૩, એમાં જે સગપણ જણાવ્યું છે તેમાં વાંધો છે–જુઓ ઇંડિયન એંટીકવેરી, પુ. ૧૦, પૃષ્ઠ ૧૯૩. આ સમય વિશે મારે જે જે હરકતો છે તે આ છે–જો હર્ષ ઇ. સ. ૬૫૦ માં મૃત્યુ પામ્યો હોય તો તેનો જમાઈ ઈ. સ. ૭૬૦માં હયાત હોય એ સંભવતું નથી. અને જો હર્ષનો જમાઇ જયદેવનો પ્રપિતામહ આદિત્યસેન હોય તો તે ઈ. સ. ૬૭૦–૬૯૦ માં ભાગ્યે જ થયો હોય. આ મર્યાદા માત્ર હર્ષના મૃત્યુ પછી વીશ વર્ષની છે. એ યાદ રાખવાનું છે કે નેપાલના લેખમાં તેમ જ જે કંઈ અન્ય સાધનો મળે છે તેમાં એવું અનુમાન કર્યું નથી કે આદિત્યસેન જે વંશે મગધાધિપતીનું ઉપનામ મેળવ્યું તેનો પ્હેલો રાજા હતો. પણ આ પ્રશ્નનો સહજમાં નિર્ણય થાય એમ એ પ્રશ્ન પૂર્ણ થયો નથી. અહિં આપેલી હરકતનું કાંઈ પણ સૂચન આપ્યા વગર મિ. પંડિતે આદિત્યસેનનો સમય સૂચવ્યો છે. (જુઓ પૃષ્ઠ ૨૧૫–૬.)

૩ જુઓ આર્કિયોલોજિકલ સર્વે રિપોર્ટ, પુસ્તક ૧૫, પૃષ્ઠ ૧૬૬.

મિ. પંડિત હુયાનથ્સંગના પોતાના પૂર્ણવર્મા વિશેના વિચારો વિશે વિચાર કરે છે. હાલમાં માત્ર ઉપર કહેલા પ્રથમના વિભાગમાં જે વિશે સૂચનાઓ છે તે વિશે યથાસ્થિત વિચાર કરીશ. આમાંથી પહેલું જેને વિશે **મિ. પંડિતે** વિચાર કર્યો છે તેનો સમાવેશ પહેલા ફકરામાં થાય છે. જુલિયનના ફ્રેન્ચ ઉપરથી **મિ. પંડિત** અને **બીલ**ના ભાષાંતરમાં ઘણો તફાવત છે. **મિ. બીલ**નું લખાણ ઉપર આપ્યું છે એને બદલે **મિ. પંડિત** નીચે પ્રમાણે કહે છે. "આ જે બોધી વૃક્ષનું, એ વૃક્ષ કરતાં ૨૦ ફીટ ઊંચી પથ્થરની ભીંતથી રક્ષણ કર્યું છે તેનું કારણ એ છે." આના ઉપર ટીકા કરતાં **મિ. પંડિત** કહે છે કે–જે વખતે હુયાનથ્સંગે લખ્યું તે વખતે વૃક્ષ માત્ર ચાર ફીટ ઊંચું હતું એટલા માટે તે વૃક્ષ માત્ર ત્રણ વા ચાર વર્ષ કરતાં વધારે મહોટું નહિ હોય. અને જો આમ હોય તો પૂર્ણવર્મા જેણે એ વૃક્ષ રોપ્યું હતું......તે હુયાનથ્સંગે લખ્યું તે પહેલાં બે ત્રણ વર્ષ ઉપર હયાત હોવો જોઈએ. આવી રીતે કરેલું અનુમાન જરૂરનું નથી એ વાતનો પરિત્યાગ કરતાં એટલું તો ખુલ્લું છે કે આપણા પક્ષ ઉપર નિઃશંક રીતે આધાર રાખી શકાય એમ નથી. **મિ. પંડિતે** કરેલા જુલિયનના ભાષાન્તરનો અર્થ[1] ખરો છે એમ ધારીએ તો પણ એટલું તો સહજ જણાય એમ છે કે જુલિયનનું ભાષાન્તર **મિ. બીલ**ના ભાષાન્તરથી તદ્દન ભિન્ન છે. અને અલબત્ત આ તફાવતને લીધે જુદા જુદા ભાષાન્તર ઉપર અનુમાન બાંધવાનો વિચાર હાલમાં કરવાનો નથી.

બીજો ફકરો જેના ઉપર **મિ. પંડિત** આધાર રાખે છે તે ચોથો ફકરો છે. એ ઉપરથી એના વિચાર પ્રમાણે એમ સાબિત થાય છે કે ઉપર કહ્યા પ્રમાણે હુયાનથ્સંગ **મગધ**માં હતો તે પહેલાં થોડોક વખત એટલે બે કે ત્રણ વર્ષ પહેલાં ગુજરી ગયો હશે. આ નિર્ણયની સાબીતિ નીચે પ્રમાણે છેઃ—૬૦૭ પછીના કેટલાક વર્ષ સુધી એટલે ઈ. સ. ૬૩૭ સુધી **શિલાદિત્ય** **ઓરીસા**ના એંશી ગામની ઉપજ આપી શકે એમ નહોતો કારણ કે એ હિંદુસ્થાનનો સત્તાધીશ રાજા એ સમય[2] સુધી થઈ શકયો નહોતો. ગમે તેમ હોય તો પણ હર્ષવર્ધન જેના પિતા અને ભાઈ **થાણેશ્વર**માં રાજ્ય કરતા હતા તેમને તાબે **યમુના**ની દક્ષિણે એકે પ્રદેશ હોય એમ જણાતું નથી અને પડોશના રાજ્ય ઉપર કોઈપણ રીતની અસર કરતાં છ વર્ષ લાગ્યાં હતાં–તે હર્ષવર્ધને **ઓરીસા**નું રાજ્ય વ્હેલામાં વ્હેલું ઇ. સ. ૬૧૩ પહેલાં લીધું નહિ હોય. જો કે હમણાં કહેલાં સાધારણ કારણો વિષે જૂદો મત દર્શાવાય એમ છે છતાં અહિં આપેલા છેલ્લા સિદ્ધાન્તના પહેલા ભાગની સંભાવ્યતા કબુલ કરવા નિર્ણયને પહેલે જ પગલે અટકું છું. **મિ. પંડિત** પછી કહે છે કે–ઓછામાં ઓછું એ વર્ષ સુધી તો **પૂર્ણવર્મા** રાજ્ય કરતો હતો એ સારી રીતે ધારી શકાય એમ છે. અહિં મારે કબુલ કરવું પડે છે કે **મિ. પંડિત** શું કહેવા માગે છે તે સમજી શકતો નથી. હું જાણતો નથી કે કનોજના **શિલાદિત્ય**ની **ઓરીસા**ની જીતથી **મગધ**ના **પૂર્ણવર્મા**ના રાજ્ય–વર્ષનું પરિમાણ શી રીતે થઈ શકે છે અને 'પૂર્ણવર્માના મૃત્યુ પછી' હુયાનથ્સંગના આવા અપરિચ્છિન્ન વાકયથી આવું અનુમાન લાવી શકાય એમ પણ નથી. **મિ. પંડિત** વધારામાં કહે છે કે–સંભવ માત્ર એટલો છે કે તે (**પૂર્ણવર્મા**) ઘણા વર્ષ પછી એટલે ૬૩૫મા વર્ષ સુધી રાજ્ય કરતો હતો કારણ જ્યારે હુયાનથ્સંગે ઇ. સ. ૬૪૩ના વર્ષના અન્તમાં

---

૧ ડા. આર. મિત્ર (બુદ્ધ ગયા, પૃષ્ઠ ૭૯), મિ. પંડિતના કરતાં જુદી જ રીતે જૂલિયન ભાષાન્તર કરે છે અને એ પ્રમાણે જૂલિયન અને બીલનો અર્થ એક જ થાય છે (આ. સ. રિ. પુ. ૩, પૃષ્ઠ ૮૦–૧.) જનરલ કનિંગહામ કહે છે કે હુયાનથ્સંગ પોતાના પ્રવાસ વખતે (ઇ. સ. ૬૩૭) એ વૃક્ષ ચાળીસથી પચાસ ફીટ ઊંચું હતું એમ જણાવે છે, જૂલિયનના ગ્રન્થમાંથી કનિંગહામે આ બિના લીધી હોય એમ જણાય છે. મિ. બીલના ભાષાન્તરમાં (પુ. ૨, પૃષ્ઠ ૧૧૬) પણ એમ જ જણાવ્યું છે. વૃક્ષ માત્ર ચાર ફીટ જ ઊંચું હતું એમ જ્યારે મિ. પંડિત કહે છે ત્યારે એ ખુલ્લું છે કે મિ. પંડિતનું ભાષાન્તર ખોટું છે. જનરલ કનિંગહામના કહેવા પ્રમાણે વૃક્ષનો નાશ ઇ. સ. ૬૦૦ માં થયો અને પૂર્ણવર્માએ એનો પુનરોદ્ધાર ૬૧૦ માં કર્યો. આમ કરવામાં "હુયાનથ્સંગ–નાશ પછી થોડાક માસ પછી–પણ દશ વર્ષ પછી નહિ–પુનરોદ્ધાર થયો એમ કહે છે" એ વાત ભૂલી ગયા હોય એમ દીસે છે. (જુઓ બીલકૃત રેકર્ડસ, પુ. ૨, પૃષ્ઠ ૧૧૮.).

૨ (રેકર્ડ, પુ. ૨, પૃષ્ઠ ૨૧૩) હુયાનથ્સંગ સાફ કહે છે કે–"છ વર્ષ પછી પાંચ Indies–ઇંડીઝ જીત્યા." આમાં ઓરીસાનો સમાવેશ થાય છે. (જુઓ કનિંગહામની પ્રાચીન ભૂગોળ, પૃષ્ઠ ૧૨) એના ઉપર જીત મેળવી હતી પણ પંડિતના કહેવા પ્રમાણે પડોશીઓ ઉપર માત્ર સજડ અસર કરી હતી એમ નહિ. પા. ૨૨૪.

હિંદુસ્થાન છોડયું ત્યારે શાસ્ત્રી હયાત હતા અને શિક્ષક તરીકે સાહિત્ય વિષયમાં પુર જોશમાં હતા. એમ પણ કહી શકું છું કે આ નિર્ણય સપ્રમાણ નથી. જે શાસ્ત્રીનું પૂર્ણવર્માએ સન્માન કર્યું હતું તે શાસ્ત્રી ઇ. સ. ૬૪૩માં હતા એમ માનતાં અને સાહિત્ય સંબંધે પૂર જોશમાં હતા એમ માનતાં એમ નથી લાગતું કે પૂર્ણવર્મા પોતે ઇ. સ. ૬૩૫ સુધી હયાત હતો. અર્વાચિન ઇંગ્રેજી ઇતિહાસમાંથી આને મળતો એક દાખલો લઈએ. જો કે Southey-સાઉધીને ત્રીજા જ્યાર્જના વખતમાં ખ્યાતિ મળી હતી છતાં ચોથા જ્યોર્જ અને વિલ્યિમના વખતમાં પણ સાહિત્ય વિષયમાં સાઉધી પૂર્ણ જોશમાં હતો; તેમ જ મહારાણી વિક્ટોરિયાના વખતમાં થોડોક સમય હતો. વિશેષમાં બીજી વાત પણ લક્ષમાં રાખવાની છે. ખરેખર હુયાનથ્સંગના ચરિત્રમાં જણાવ્યું છે કે પ્રવાસીએ જયસેન શાસ્ત્રી જોડે બે વર્ષ ગાળ્યાં હતાં; અને આ બે વર્ષ ઈ. સ. ૬૪૩-૪૪ માંના અથવા તો **પ્રો. માક્ષ મૂલરની** ગણના[1] પ્રમાણે આશરે ૬૪૦ના અરસાનાં હશે. પરંતુ *Buddhist Records of the Western World*માં હુયાનથ્સંગ પોતે કહે છે કે-'થોડાક વખત ઉપર યષ્ટિવનમાં પશ્ચિમ હિંદુસ્થાનનો[2] જયસેન નામનો એક ક્ષત્રિય ઉપાસક રહેતો હતો.' આ હકીકત ઉપરથી જણાય છે કે *Records*માંના ફકરામાં કહેલો જયસેન અને ઉપર જણાવેલા ચરિત્રમાંનો જયસેન તે એક જ છે. *Records*માં એના વિશે વધારામાં કહ્યું છે કે-જો કે તે આશરે સિત્તેર વર્ષનો હતો છતાં પોતાના શિષ્યોની સાથે ખંતથી અને જરા પણ અટકયા વગર વાંચી શકતો; તેમ જ જ્યારે તે સો વર્ષની વયનો થયો તે પછી પણ તેનું તન તેમજ મન મજબુત અને ઘણાં ઉત્સાહી[3] હતાં. હુયાનથ્સંગના[4] ચરિત્ર તરફ નજર કરતાં એમાંથી માલમ પડે છે કે જયસેન 'યુવાનની પેઠે અધ્યયનમાં તલ્લીન હતો.' આ બધા ફકરાને સાથે લેતાં શું પરિણામ આવે છે? એ તો સ્પષ્ટ છે કે જયસેન દીર્ઘાયુ હતો અને સાહિત્ય સંબંધનો ઉત્સાહી યુવાવસ્થામાંથી જ હતો. અને તે ઉત્સાહ સિત્તેર વા સો વર્ષનો થયો ત્યાં સુધી એવો ને એવો જ રહ્યો હતો. જે વિષયના સંબંધમાં બેઉ ગ્રન્થમાં આપેલી હકીકતને સરખાવતાં દોષ માલમ પડે છે તે વિષયને ક્ષણવાર બાજુ ઉપર મુકતાં અત્ર આણેલા નિર્ણયમાં વાંધો આવે એમ નથી. અને જો એમ હોય તો એ ઉપરથી એમ પણ જણાય છે કે ઉપર જણાવેલી **મિ. પંડિતની** દલીલ જો કે ન્યાયતઃ ઉપપન્ન હોય તો પણ ઉપન્યાસની અપૂર્ણ સત્યતાને લીધે ખરી છે એમ મનાય નહિ. કારણ ઈ. સ. ૬૪૩માં જયસેન સિત્તેર વર્ષનો હોય તો માલમ પડશે કે **મિ. પંડિતની** દલીલને સારી રીતે લાગુ પડે એવી રીતે આ ઉપન્યાસ હું જણાવું છું-જે રાજાનો-રાજ્યનો અન્ત કહો કે ઈ. સ. ૬૦૦ની પહેલાં આવ્યો તેણે અથવા તો જે રાજાએ ઈ. સ. ૬૦૭-૫૦ની વચમાં રાજ્ય કર્યું તેણે એનું સન્માન કર્યું એ વાત કોઈ પણ રીતે અસંભવિત લાગતી નથી. જયસેન શાસ્ત્રીના સંબંધનો ફકરો-જેના ઉપર **મિ. પંડિતનો** આધાર છે-તે ફકરો 'પૂર્ણવર્મા ઈ. સ. ૬૩૫ના અરસામાં હયાત હતો એમ સાબીત કરે છે.' આવો **મિ. પંડિતનો** વિવાદ કોઈ પણ રીતે હું સ્વીકારતો નથી. તેટલા માટે અન્યૂન પરિણામ તો એ જ છે કે દલીલના એક ભાગ તરફ વિચાર કરતાં સગવડને માટે હુયાનથ્સંગમાંના ફકરાઓમાંથી પૂર્ણવર્માના સંબંધી ફકરાઓનો સંગ્રહ કરીને તેમાંથી તારવી કાઢેલા સિદ્ધાન્તોમાંના પહેલા અને બીજા સિદ્ધાંત ઉપરથી આ પ્રશ્નનો નિર્ણય લાવવો જોઈએ.

બીજો સંગ્રહ-જેને શશાંક સંગ્રહ કહી શકીએ તે તપાસિયે. પહેલાં બુદ્ધ રેકર્ડસ તપાસતાં (૧) પહેલા સંગ્રહમાં પહેલો ફકરો છે. આમાં થોડાક સમય ઉપરના બોધી વૃક્ષના નાશનું સૂચન છે. (૨) જેના ઉપર તથાગત ચાલ્યો હતો તે મોટા પથ્થરને લગતો પણ ફકરો છે, એને વિશે એમ કહેવામાં આવે છે કે જ્યારે થોડાક વખત ઉપર બુદ્ધધર્મનો પરાવભવ કરી નાશ કરતો હતો

---

૧ સરખાવો કનિંગહામ, પ્રા. ભૂગોળ, પૃષ્ઠ ૫૬૬-૫૭૦ અને માક્ષ મૂલરકૃત ઇંડિયાઃ આપણને તે શું શિખવે છે, પૃષ્ઠ ૨૮૬. જન. કનિંગ. ની દલીલ, પૃષ્ઠ ૫૭૦ અહિં આપેલી બીના ઈ. સ. ૬૩૮ માં મુકે છે.

૨ પુ. ૨, પૃષ્ઠ ૧૪૬. મ્હને એમ લાગે છે કે ચરિત કરતાં રેકર્ડસ્ વધારે વિશ્વસનીય છે કારણ રેકર્ડસ્માં હુયાનથ્સંગની પોતાની ઉકિતઓ છે ત્યારે ચરિતમાં બીજાની છે, અને ચરિતનો આધાર હુયાનથ્સંગની ટીકા અને અન્ય સાધનો ઉપર છે. જુઓ બીલ કૃત ચરિત, પૃષ્ઠ ૯-૧૦.

૩ જુઓ પુ. ૨, પૃષ્ઠ ૧૪૭.

૪ પૃષ્ઠ ૧૫૩.

ત્યારે **શશાંકરાજ** જે સ્થળે તે પથ્થર છે તે સ્થળે પવિત્ર ચિન્હ નષ્ટ[૧] કરવાની ઇચ્છાએ આવ્યો. (૩) ત્રીજું જે **બુદ્ધ**ની મૂર્તિ **શશાંકે** દુર કરાવી હતી અને જેને બદલે **મહેશ્વર**ની મૂર્તિને મુકવાનો હુકમ કર્યો હતો તે મૂર્તિને લગતો પણ એક ફકરો છે. જે અધિકારીને આ હુકમ આપવામાં આવ્યો હતો તેણે મૂર્તિને ખસેડવાને બદલે **બુદ્ધ**ની આગળ ઇંટની ભીંત ચણાવી લીધી અને મૂર્તિની સાથે એક બળતો દિવો રાખ્યો; આપણા વાંચવામાં આવ્યું છે કે **શશાંક**ના મૃત્યુ પછી તે ભીંત પાડી નાંખવામાં આવી. 'જો કે ઘણા દિવસ થઈ ગયા હતા છતાં દિવો એમને એમ ઓલાયા વગર[૨] બળતો હતો.' આગળ એક (૪) ફકરામું[૩] આચાર્યના મતવાળાનું પણ સૂચન છે. એને માટે હુયાનથ્સંગ કહે છે કે–'**બુદ્ધ**-ધર્મનો **શશાંકરાજે** નાશ કર્યા પછી પુરોહિત વર્ગને છુટો પાડવામાં આવ્યો હતો અને કેટલાક વર્ષ સુધી એમને કહાડી મુકયા હતા, તો પણ બ્રાહ્મણો તેમને વાસ્તે સારી કાળજી રાખતા હતા.' અને (૫) છેવટે *Records*માં **હર્ષવર્ધન**ના ભાઈ **રાજવર્ધન**નું **શશાંકે** કરેલું ખુન તેમ જ **બુદ્ધધર્મના**[૪] નાશના સંબંધનનો ફકરો છે. હુયાનથ્સંગના ચરિત્રમાં (૬) પૂર્વ હિંદુસ્થાનના કુમારરાજે–પણ જેમ અસાવધપણાથી **મિ. પંડિત** કહે છે તેમ નહિ કે હર્ષવર્ધને–**નાલંદ**ના **શિલભદ્ર**ને જે સંદેશો મોકલ્યો હતો તેનું સૂચન છે. એમાં કહ્યું છે કે–"થોડાક વખત ઉપર **શશાંકરાજ** ધર્મનું ખંડન કરે એવો હતો અને એણે **બોધી** વૃક્ષનું મૂળમાંથી છેદન કર્યું હતું. હે આચાર્ય, આપનું એમ ધારવું છે કે આપના શિષ્યમાં એ શક્તિ નથી?[૫]" આ સર્વ ફકરા મળીને ઉપર કહેલો બીજો સંગ્રહ થાય છે. એના ઉપરથી શો નિશ્ચય થાય છે? જેને વિશે ચર્ચા ચાલે છે તે પહેલા બે ફકરામાં થોડા સમય ઉપર અને થોડાક વખત ઉપર આ બે વાકયો જે સંબંધમાં વપરાયાં છે તે રીતે વાંચતાં જે સમયમાં **શશાંક** થયો તે સમયને લગતો કોઈ પણ નિશ્ચય લાવી શકે એવી રીતે સહાયભૂત થાય એમ નથી. એમાં પહેલાં તો **અશોક**ના વખતના બનાવોનું સૂચન છે–આ બનાવ હુયાનથ્સંગની પહેલાં ૮ મા સૈકા ઉપર બનેલો છે–અને પછી 'થોડાક વખત ઉપર' **શશાંકે** કરેલાં સુકૃત્યો અથવા દુષ્કૃત્યોનું સૂચન છે. હુયાનથ્સંગની યાત્રાની પહેલાનો અડધો વા આખો સૈકો એટલે સુધી લઈ શકાય કે હું ખાત્રીથી કહી શકું છું કે આઠ સૈકાના બનાવોની સાથે સરખાવતાં તે સમય આધુનિક સમય તેમજ અપ્રાચીન[૬] કહી શકાય.

---

૧ પુ. ૨, પૃષ્ઠ ૯૧.

૨ પુ. ૨, પૃષ્ઠ ૧૨૧–૨.

૩ પુ. ૨, પૃષ્ઠ ૪૨. આખો ફકરો એમ બતાવી આપે છે કે એકલા આચાર્ય નહિ પણ તેમના અનુયાયીઓ પણ–જો કે શશાંક રાજાના હુમલા સામે ટકી શકયા તો પણ–હુયાનથ્સંગ તે ગામની યાત્રાએ આવ્યો ત્યાં સુધી હયાત રહિ શકે નહિ. કારણ હુયાનથ્સંગ બન્ને જુના વખતમાં હતા એમ કહે છે અને ઘરને 'પ્રસિદ્ધ આચાર્યનું ઘર' (વંશ–અનુયાયીઓ) એમ કહિ વર્ણવતો નથી.

૪ પુ. ૧, પૃષ્ઠ ૨૧૦–૨.

૫ પૃષ્ઠ ૧૭૧.

૬ હુયાનથ્સંગના બીજા ફકરા ઉપર મિ. પંડિત આધાર રાખે છે તેમાં પણ હર્ષવર્ધનને લગતા "થોડાક વખત ઉપર" એ વાકય છે. એ ફકરો બીલકૃત ચરિત, પૃષ્ઠ ૧૮૩ મે છે. પ્રસ્તુત પ્રશ્નને કંઈ પણ સંબંધ નથી. "થોડાક વખત ઉપર" એટલે પાંચ વર્ષ અથવા એવા કેટલાક કાલને લાગુ પડી શકે છે. પ્રશ્ન એ નથી કે એ વાકયમાંથી કેટલી ટૂંકી મુદ્દત નિકળે છે પણ વધારેમાં વધારે કેટલી મુદ્દત આવે છે એ છે. નં. ૬ શિવાયના બધા ફકરામાં એ નોંધ કરવા જેવું છે કે "થોડાક વખત ઉપર" એ વાકય જુના વખતમાં એની વિરુદ્ધમાં છે. જુઓ બીલ કૃત ચરિત, પૃષ્ઠ ૧૮૧. બુદ્ધ ઇતિહાસના વખતમાં જે બનાવ બન્યા તેનાથી તદ્દન જૂદા જ હાલના બનાવ બન્યા એમ આ વાકય બતાવવા માંગે છે કે શું? પ્રો. માક્ષ મૂલરકૃત ઇંડિયાઃ આપણને તે શું શિખવે છે, પૃષ્ઠ ૨૮૭, ટીકા ૬ એ વાકયનો હવાલો આપે છે પણ એનો ચોકસ અર્થ જણાવતા નથી. મિ. પંડિતની આ સૂચનાની વિરુદ્ધમાં હુયાનથ્સંગના કેટલાક ફકરા જેમાં 'પહેલાં' અથવા 'જુના વખતમાં' એ વાકયો વાપર્યા છે તે બતાવું છું. જુઓ બીલ કૃત *Records*માંના બીજા વિષયો, પુ. ૨, પૃષ્ઠ ૧૦, ૧૩, ૨૬, ૧૦૩, ૧૧૩, ૧૧૬. જેટલા બનાવોનાં ત્યાં વર્ણન છે તે બુદ્ધના ઉદ્યોગના વખતમાં અથવા તો નિર્વાણ પછી તરતના જ બનાવોનાં છે. આ ફકરાઓ ઉપરથી એમ નક્કી કરી શકાય નહિ કે એ વાકયનો એ જ અર્થ થાય છે અને હર્ષવર્ધનના સંબંધમાં જે અર્થમાં એ વાકયનો અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થમાં 'થોડાક વખત' ઉપર એ વાકય લઈ શકાતું નથી. જુઓ બુદ્ધિસ્ટ રેકર્ડસ, પુ. ૨, પૃષ્ઠ ૮૧. બીલની ટીકા–એમાં એ પ્રખ્યાત પુરુષ ચીનની ભાષામાં એ વાકયનો અર્થ શો થાય છે એ જણાવે છે. જુઓ આ આખા પ્રશ્ન ઉપર ટીકા નં. ૧. બીલ કૃત ચરિત, પૃષ્ઠ ૧૦.

મિ. બીલે કરેલા અર્થ પ્રમાણે ત્રીજો ફકરો **શશાંકના** રાજ્ય સમય ઉપર કાંઈ પણ અજવાળું પાડતો નથી. **મિ. પંડિતે** કરેલું M. Julienનું ભાષાંતર નિઃસંશય આ ફકરાના પ્રશ્ન સંબંધે પ્રાસંગિક ઠરે છે. પરંતુ હુયાનથ્સંગના અર્થમાંના વિરોધનો પરિત્યાગ કરીને જોઇએ છીએ તો જણાય છે કે **મિ. પંડિત** પોતે કહે છે કે 'એમાંથી એક પણ બાજુએ આ ફકરાથી પૂરતો નિર્ણય આવતો નથી.' પછી પહેલા સંગ્રહમાંના પહેલા ફકરાની મદદ લે છે પણ એ ફકરાને વિશે વધારે કહેવું અનુચિત છે. ચોથા ફકરા ઉપરથી જણાય છે કે હુયાનથ્સંગની યાત્રા પહેલાં 'ઘણા વર્ષ ઉપર' **શશાંકે બોધી** વૃક્ષનો 'નાશ' કર્યો હતો અને 'નાશ' કર્યા છતાં જે બ્રાહ્મણો આચાર્યના મતાનુયાયી હતા તે બ્રાહ્મણ પણ હુયાનથ્સંગ તેના ગામમાં આવ્યો તે પહેલાં થયો હતો. પાંચમા ફકરાનું જૂદું જ વિવેચન કરવાનું રાખ્યુંછું. છઠ્ઠો ફકરો એમ દર્શાવે છે કે **શશાંકનો** પાપશીલ ઉદ્યોગ હુયાનથ્સંગના વખતમાં 'તાત્કાલિક' ગણાતો હતો. તો પણ હું એમ જાણતો નથી કે પચાસ વર્ષ ઉપર બનેલા ઐતિહાસિક બનાવને (અપ્રાચીનકાલ) જુના વખતનો કહેવો એ ખોટું છે. અલબત, બોલનાર જે પક્ષમાં લે છે તે પક્ષ ઉપર વધારે આધાર રાખે છે. પણ એથી ઉલટું જુના વખતમાં એટલે બે ત્રણ વર્ષ ઉપર વધારે આધાર રાખે છે. પણ એથી ઉલટું જુના વખતમાં એટલે બે ત્રણ વર્ષ ઉપર[1] એમ માનવું મને ઉચિત લાગતું નથી.

આપણા પ્રશ્ન સંબંધે પ્રાસંગિક ફકરાના બે સંગ્રહનું વિવરણ કર્યા પછી એક ક્ષણવાર આ વિવરણના પરિણામ વિશે વિચાર કરવા થોભીએ. મ્હને એમ લાગે છે કે આ ચર્ચાથી જે જે બાબત જણાઇ છે તે અવ્યકત છે અથવા તો સંતોષકારક નથી તેને બાજુપર મુકી ઉપન્યાસમાંથી એવો નિર્ણય આવે છે કે–હુયાનથ્સંગના હિંદુસ્થાનના પ્રવાસ પ્હેલાં જ **શશાંક** અને **પૂર્ણવર્મા** બન્ને ગુજરી ગયા હતા અને તેમનાં પરાક્રમો જો કે થોડાક વખત ઉપર થયા એમ જણાવ્યું છે છતાં તે પ્હેલાં, ઘણા વર્ષ ઉપર અથવા જુના વખતમાં થયા એમ છે. અને પ્હેલાના વાકયોના સંબંધમાં બીજા વાકય–સમૂહ કરતાં પ્હેલા ઉપર પ્રસ્તુત વિષય સંબંધે વધારે વજન મુકાય એમ નથી, અને જો એમ હોય તો એ ઉપરથી સિદ્ધ થાય છે કે જો આપણે **પૂર્ણવર્મા** અને **શશાંકને** હુયાનથ્સંગના મગધના પ્રવાસ પ્હેલાં અડધા સૈકા ઉપર મુકીયે તો આપણે છેક ખોટા ઠરિયે એમ નથી. વધારામાં એક બીજું અવલોકન કરીએ. અપ્રાચીનકાલ અથવા થોડાક સમય ઉપર આ વાકયો–ગમે તો આને મારા સૂચવેલા અર્થમાં લો અથવા તો **મિ. પંડિતના** અર્થમાં લો તો પણ અમારા પ્રમાણ પ્રમાણે તો **શશાંકરાજને**[2] અને તેનાં કૃત્યોને લાગુ પડે છે–અને 'પહેલાં' અને 'જુના વખતમાં' આ વાકયો **પૂર્ણવર્માને** લાગુ પડે છે, જો કે (સ્હેજસાજ કહિયે તો) **પૂર્ણવર્મા** અને **શશાંક** ખરી રીતે સમકાલીન હતા એમ કહી શકીયે તો પણ **પૂર્ણવર્માના** રાજ્યનો થોડોક સમય જ **શશાંકના** વખતમાં હતો એ સંભવિત છે. એટલા માટે જો **શશાંક** સાતમા સૈકાના પહેલા દશકામાં થયો હોય તો **પૂર્ણવર્મા** છઠ્ઠા સૈકાના છેલા દશકામાં થયો એમ કહેવું એ આપણાં પ્રમાણો ઉપરથી ઉચિત જણાશે. ઉત્તરભાગમાં આને વિશે મારે બે બોલ વધારે કહેવા પડશે.

---

૧ મિ. પંડિતની ટીકા સામટી રીતે જોતાં હુયાનથ્સંગના વખતમાં બોધી વૃક્ષની ઉંચાઈના સંબંધના ફકરા શિવાય મિ. પંડિતે પણ એ અર્થ કર્યો હોય એની મને શંકા છે. મિ. પંડિતે એ ફકરો સમજવામાં શી ભૂલ કરી છે તે મેં ઉપર બતાવ્યું છે. જ્યારે જેમ છે તેમને તેમ એ ફકરાનો ખરો અર્થ થાય છે તો તેથી મિ. પંડિતના મતને મદદ કરવાને બદલે મારા મતને અનુમોદન આપે છે. પણ એટલું બધું થતું હોય એમ મને ભાસતું નથી.

૨ શશાંકરાજ–જેના પુત્ર બુદ્ધરાજને ચાલુકયવંશી મંગલીશે નસાડી મુકયો હતો તે અને આ શશાંક એક હતા એમ ડા. ફરગ્યુસનનું કહેવું ખરૂં છે એમ માનીએ (જુઓ. જ. રો. એ. સો. (ઉ. ભા.), પુ. ૪, પૃષ્ઠ ૯૩), તો હાલનું કાર્ય આપણને ઘણું જ સહેલું થઈ પડશે કારણ કે મંગલીશનો સમય બદામી લેખથી નક્કી થયો છે. મિ. ફરગ્યુસને કહેલા લેખની પ્રતિલીપી જોતાં એનું સાયુજ્ય વિશ્વસનીય નથી લાગતું. પ્રતિલીપી ઉપરથી જેકબનું शंकरगणपुत्र એ ભાષાન્તર ખરૂં લાગે છે અને એ અક્ષરોમાં શશાંકનું નામ તો જણાતું નથી તો બીજી હરકતોની તો વાત શી? મિ. પંડિત (પૃષ્ઠ. ૨૧૭, ટીકા) એવી સૂચના કરે છે કે શશાંક અને છાન્દોગ્યઉપનિષદ ઉપરના શંકરભાષ્યના એક ભાગમાં આવેલો રાજવર્મા એક જ હશે. ડા. બુલરના બીજી રીતના સંબંધી જનરલ કનિંગહામના કહેવા પ્રમાણે જો શશાંકનું બીજું નામ નરેન્દ્રગુપ્ત હોય તો આ વાત સંભવતી નથી. (જુઓ આર્કિયોલોજિકલ સર્વે રિપોર્ટ, પુસ્તક ૯, પૃષ્ઠ ૧૫૭.)

આ વિશયને લગતો એક બીજો પ્રશ્ન છે અને તેને વિશે વિચાર કરવો જોઇએ. બીજા સંગ્રહનો પાંચમો ફકરો-જેનો જુદો વિચાર કરવાને રાખ્યો હતો તે ફકરામાં આનું સૂચન છે. એ ફકરામાંથી જણાય છે કે **હર્ષવર્ધન શિલાદિત્યના** મહોટા ભાઈ **રાજ્યવર્ધનનું** ખુન **શશાંકે** કર્યું હતું. મારા પેલા નિબંધમાં **રાજ્યવર્ધનના** સમય વિશે થોડીક ટીકા કરી છે. એ પ્રશ્ન ઉપર વધારે હકીકત જાહેરમાં લાવું એવી સ્થિતિમાં હું હાલ નથી. હુયાનથ્સંગે એ વિષય ઉપર જે કહ્યું છે તેને તપાસવાની મને પહેલો નિબંધ લખ્યો ત્યારે તક નહોતી મળી અને જ્યારે હવે મળી છે ત્યારે હુયાનથ્સંગના લખાણમાંથી **પ્રો. માક્ષ મૂલર** અને **મિ. ફરગ્યુસને** જે નિર્ણય આણ્યો છે તેના સંબંધમાં એકાદ બે વાત કહેવાને ઇચ્છુ છું. ફરગ્યુસન પ્રથમ કહે છે કે **માળવાનો શિલાદિત્ય** કનુજના[2] હર્ષવર્ધન **શિલાદિત્યનો** પિતામહ થાય. હુયાનથ્સંગમાં આને વાસ્તે કાંઈ પ્રમાણ નથી. એથી ઉલટું આ કહેવું ખોટું હોવું જોઇએ કારણ કે હુયાનથ્સંગના કહેવા પ્રમાણે **માળવાના શિલાદિત્યના** ભાણેજનું લગ્ન કનુજના[3] **શિલાદિત્યની** પૌત્રી જોડે થયું હતું. જો **મિ. ફરગ્યુસનનું** કહેવું ખરૂં હોય તો આનો એટલો જ અર્થ થાય કે એક માણસ પોતાના ભાઈના પૌત્રની પુત્રી સાથે લગ્ન કરી શકે. આ લગ્નને અનુમોદય તો નહિ પણ અસંભવિત કહિ શકાય. બે નામ એક જ હોવાને લીધે સમજ નહિ પડવાથી **મિ. ફરગ્યુસને** આ ભૂલ ખાધી છે. અને હિંદુસ્થાનના રાજાઓમાં પિતામહનાં[4] નામ પાડવાનો ચાલ છે. આવો ચાલ એક આ હિંદુસ્થાનના રાજાઓમાં છે પણ આ ચાલ સર્વમાન્ય નથી. હુયાનથ્સંયના કહેવા પ્રમાણે **માળવાનો શિલાદિત્ય** આની પ્હેલાં ૬૦ વર્ષ ઉપર થઇ[5] ગયો. એટલે ઈ. સ. ૬૪૦ માં થયો. જો **પ્રો. માક્ષ મૂલર** અને ફરગ્યુસને[6] ઠરાવેલા સમયને પ્રમાણ ગણીયે તો તેનું રાજ્ય પચાશ[7] વર્ષ સુધી રહ્યું. આ ઉપન્યાસ ઉપર **મિ. ફરગ્યુસન શિલાદિત્યના** રાજ્યને ઈ. સ. ૫૩૦-૮૦ ની વચ્ચે મુકે છે. **પ્રો. માક્ષ મૂલરનું** એમ ધારવું છે કે ૫૫૦ થી ૬૦૦ સુધીનો સમય આ ઉપન્યાસથી વિરુદ્ધ નથી. ત્યારે આ બીજો સમય કૌરૂરની[8] લડાઇના વખત જોડે સારી રીતે મળે છે. આ વિવાદમાં ઉતરવાનું કામ પ્રસ્તુત કાર્યે સારૂ જરૂરનું નથી. ખરો સમય ગમે તે હોય તો પણ **પ્રભાકરવર્ધન** અને **રાજ્યવર્ધન**-જો આ બંનેનો **માળવાના શિલાદિત્ય** જોડેનો સંબંધ સાબીત ન થાય તો એ બેઉના સમય જોડે એ કંઈ પણ સંબંધ ધરાવતા નથી. **પ્રભાકર** અને **રાજ્યવર્ધનના** રાજ્ય સમય વિશે **મિ. ફરગ્યુસન** અને **પ્રો. માક્ષ મૂલરે** જે કારણોથી તકરાર ઉઠાવી છે તેનાથી તદ્દન જુદી જ રીતે વિવાદ કરવાનો છે. પ્રસ્તુત કાર્યને માટે આ વિવાદ પણ થોડા ભાગ શિવાય તદ્દન નકામો છે. જે વિદ્વાનોએ એ વિષય[9] પૂરેપૂરો તપાસ્યો છે તેમના મત પ્રમાણે **રાજ્યવર્ધનનું** ખુન ઇ. સ. ૬૦૭ અને ૬૧૦ ની વચ્ચે થયું એટલું જ લક્ષમાં રાખવું અહિં બસ થશે. મારા મતનું વલણ-હાલમાં તો વધારે નથી થઇ શકતું-

---

૧ ડૉ. મિત્ર (બુદ્ધ ગયા, પૃષ્ઠ ૮૪, ૯૯, ૨૩૯-૪૦), જનરલ કનિંગહામના કહેવા પ્રમાણે શશાંકે કરેલા બોધી વૃક્ષનો નાશ આશરે ૬૧૦ માં થયો એમ કહે છે. મૂળ પુસ્તકમાં આપેલાં કારણો ઉપર આધાર રાખી શકાય એમ હોય તો એ સમય ભાગ્યે જ ખરો ગણાય એમ છે. જુઓ કનિંગહામની ભૂગોળ, પૃષ્ઠ ૫૦૯, અને ટીકા ૧૫.

૨ જ. રો. એ. સો. (ઉ. ભા.), પુ. ૪, પૃષ્ઠ ૮૭.

૩ જુઓ બુદ્ધિસ્ટ રેકર્ડ, પુસ્તક ૨, પૃષ્ઠ ૨૬૭. બીલ કૃત ચરિત, પૃષ્ઠ ૧૪૯. આ સગપણમાં સહજ ફેર કર્યો છે. આ ફેરથી કોઈ પણ રીતે દલીલને હરકત થતી નથી.

૪ જુઓ જ. રો. એ. સો., (ઉ. ભા.), પુ. ૪, પૃષ્ઠ ૮૫.

૫ બીલનું બુદ્ધિસ્ટ રેકર્ડસ, પુ. ૨, પૃષ્ઠ ૨૬૧. બીલનુ ચરિત, પૃષ્ઠ ૧૪૮.

૬ જનરલ કનિંગહામનો પણ એ જ મત છે. જુઓ પ્રાચીન ભૂગોળ, પૃષ્ઠ ૫૬૬.

૭ રેકર્ડસ, પુસ્તક ૨, પૃષ્ઠ ૨૬૧ માં 'પચાસ વર્ષ અને વધારે'

૮ ઇંડિયા: તે આપણને શું શિખવે છે, પૃષ્ઠ ૨૮૯; ઇંડિયન એંટીકવેરી, પુ. ૧૩, પૃષ્ઠ ૧૪.

૯ જુઓ ઇંડિયાઃ તે આપણને શું શિખવે છે, પૃષ્ઠ ૨૮૬, તથા કનિંગહામની ભૂગોળ અને અન્ય પ્રમાણો જે મારા પ્હેલા નિબંધમાં સંગ્રહ કર્યાં છે તે જુઓ. વળી જ. રો. એ. સો. (ઉ. ભા.), પુ. ૪, પૃષ્ઠ ૯૩. મિ. પંડિત ૬૦૭ની સાલ સ્વીકારે છે. આ વિષય ઉપર Alberuni આલ્બરુનીનો પુરાવો સારી રીતે તપાસી શકયો છું અને જો કે તેમાં કેટલોક ઢંગધડા વગરનો હેવાલ છે છતાં ઘણો જ ઉપયોગી છે. આ હેવાલ વાસ્તે જુઓ-માક્ષ મૂલરનું ઇંડિયાઃ તે આપણને શું શિખવે છે, પૃષ્ઠ ૨૮૨.

પ્રથમની સાલ તરફ જાય છે. મારા પહેલા નિબંધમાં જણાવેલા મતના સાધારણ કારણોના વધારામાં એટલું વધારૂં છું કે હુયાનથ્સંગનું કહેવું પણ એ જ ઉદ્દેશનું છે. હુયાનથ્સંગના કહેવા પ્રમાણે તેમની વચ્ચે વાત થઇ તે પહેલાં હર્ષે એને (હુયાનથ્સંગને) કહ્યું હતું કે "મેં ત્રીસ વર્ષ કરતાં વધારે રાજ્ય કર્યું છે." વળી હુયાનથ્સંગ કહે છે કે ગાદીએ આવ્યા પછી છ વર્ષ પછી હર્ષે પાંચ ઈન્ડીઝને[1] જીતી લીધા. એટલું તો સાધારણ રીતે અનુમાન કરીએ કે આ પાંચ ઈન્ડીઝની જીત પછી જ હર્ષે પાંચવાર્ષિક મોક્ષમહાપરિષદ શરૂ કરી, અને છઠ્ઠી જ્યારે હુયાનથ્સંગ હિંદુસ્થાન છોડવાની તૈયારીમાં હતો ત્યારે થઈ હતી. આ વાતો જોતાં ઉપર કહેલી પરિષદ ૬૪૦માં ભઈ એમ ધારતાં ૬૧૦ એ હર્ષના રાજ્યપ્રાપ્તિનો ખરો સમય નથી પણ ઇ. સ. ૬૦૭ એ ખરા સમયની લગભગ છે. હર્ષના પૂર્વાધિકારીનો શત્રુ **શશાંક** એ વખતમાં હયાત[2] હશે. એ વખત પહેલાં કેટલા વખતથી એ રાજ્ય કરતો હતો એ કહેવાનાં મારી પાસે જોઇતાં સાધન નથી. હુયાનથ્સંગમાં જણાવેલા **શશાંકના** ઉપદ્રવ ઉપરથી હું એટલું કહિ શકું છું કે એનું રાજ્ય નાનું હોય એમ લાગતું નથી તેમ જ જે કંઈ હકીકત મળી શકે એમ છે તેમાંથી જણાય છે કે **રાજ્યવર્ધનના** ખૂન પછી **શશાંક** વધારે વખત જીવ્યો નથી. જો તે વધારે વખત જીવ્યો હોત તો હર્ષ અલબત પોતાના ભાઈના [3]શત્રુને દંડવાને જ ખાસ એના ઉપર ચઢાઈ કરી હોત. એમ છતાં હુયાનથ્સંગે **શશાંકનું** આ સબંધે નામ દીધું નથી પણ એટલું કહ્યું છે કે–તે દૈવી દુર્વિપાકની[4] અસરથી મૃત્યુ પામ્યો હતો. આ 'મૃત્યુથી હર્ષના સાંગ્રામિક પરાક્રમોના સંબંધમાં **શશાંકનું** નામ નથી એ સ્પષ્ટ થાય છે. જો આમ હોય તો **શશાંકના** રાજ્યનો થોડો અથવા ઘણો ભાગ છઠ્ઠા સૈકાના[5] છેલ્લા દશકામાં હોવો જોઇએ. મેં જે સૂચના ઉપર કરી છે તે જો ખરી હોય તો **પૂર્ણવર્માનો** પાછલો ભાગ **શશાંકના** પ્હેલા ભાગના વખતમાં હતો—આ સૂચના ખરી હોય તો **પૂર્ણવર્માનો** ઈ. સ. ૫૯૦નો સમય ખરો નથી એમ નથી અને ઘણા પુરાતન કાલનો છે એમ પણ નથી.

ત્યારે **પૂર્ણવર્મા**, **શશાંક** અને **રાજ્યવર્ધનના** સમયને લગતા પુરાવાના નિરૂપણથી મારા પહેલા નિબંધમાં જે નિર્ણય આપ્યા છે તેમાં ફેરફાર કરવાનું કાંઈ પણ કારણ મળી આવ્યું નથી. **મિ. પંડિત** પણ આ ચર્ચામાંથી સંશયના એક કારણ તરફ ધ્યાન ખેંચે છે–જ્યારે હુયાનથ્સંગ એમ કહે છે કે **પૂર્ણવર્મા** મહાન **અશોકના** વંશનો હતો ત્યારે **છાન્દોગ્ય** ઉપનિષદની ટીકામાંના **પંડિતે** ખોળી કહાડેલા એક ફકરામાં **શંકરાચાર્ય** કહે છે કે **પૂર્ણવર્માનો** વંશ અવિજ્ઞાત હતો અને જ્યાં સુધી **પૂર્ણવર્માએ** પ્રસિદ્ધ કર્યો ત્યાં સુધી અસ્તિત્વમાં નહોતો. આ સંદેહનું કારણ હાલમાં ખરૂં છે એમ માનીયે. મારે કબુલ કરવું પડે છે કે આ બાબત હું વધારે અગત્યની ગણી શકતો નથી. **મિ. પંડિત** પોતે જ એક એવો વિચાર દર્શાવે છે કે જેથી તેની અગત્યતા નાબુદ થાય. એ વિચાર એ છે કે ઇતિહાસ સંબંધે આપણી અજ્ઞતાને લીધે **પૂર્ણવર્માના** વંશને વિશે **શંકરાચાર્ય** જેવા પ્રખ્યાત માણસની

---

૧ જુઓ કનિંગહામની ભૂગોળ, પૃષ્ઠ ૩૭૮, હુયાનથ્સંગે તેમાં આપેલા ફકરાના ખરાપણાના સંબંધમાં અને તેમ જ બુદ્ધિસ્ટ રેકર્ડ, પુસ્તક ૧, પૃષ્ઠ ૨૧૩માના ફકરાના સંબંધમાં.

૨ જનરલ કનિંગહામ શશાંકને સાતમા સૈકાની શરૂઆતમાં મુકે છે, આર્કિયોલોજિકલ સર્વે રી., પુ. ૩, પૃષ્ઠ ૮૧–૩, અને વળી પ્રાચીન ભૂગોળ, પૃષ્ઠ ૫૦૯.

૩ બીલનું રેકર્ડ, પુ. ૧, પૃષ્ઠ ૨૧૦–૧૩. મિ. પંડિત (પૃષ્ઠ ૨૨૦) કહે છે કે "હર્ષના ગાદી ઉપર આવ્યા પછી છ વર્ષ સુધી શશાંકને તેણે કરેલા દગા માટે કંઈ પણ શિક્ષા થઈ નહોતી." પણ હુયાનથ્સંગમાં '૬ વર્ષ પછી' પણ તેમ જ બાણના હર્ષચરિત–જેમાં ભાંડીને ગૌડ રાજાની સામે મોકલ્યો એમ લખે છે–તેમાં પણ આ શિક્ષાનું સૂચન નથી.

૪ સદર પુ. ૨, પૃષ્ઠ ૧૨૧.

૫ આ ઠેકાણે એટલું જાણવાનું છે કે બીલ કૃત ચરિતના પૃષ્ઠ ૧૩૧ મે એમ દર્શાવ્યું છે કે–હુયાનથ્સંગના વખતમાં શશાંકના કર્ણસુવર્ણ દેશમાં દસ સંધારામ અને ૩૦૦ ગુરુ હતા. વધારામાં બુદ્ધધર્મના બે સંધારામ હતા. (સંધારામને વાસ્તે જુઓ રેકર્ડ, પુસ્તક ૨, પૃષ્ઠ ૧૯૬) રેકર્ડ (પુ. ૨, પૃષ્ઠ ૨૦૧) માં ૩૦૦ ને બદલે ૨૦૦ ગુરુઓ લખ્યા છે અને બુદ્ધ ધર્મના બે ને બદલે ત્રણ સંધારામ છે. આ પાખંડી ઘણા હતા અને એમને પચાશ દેવમંદિર હતાં. બુદ્ધ ધર્મને શશાંકના દેશમાં–જે શશાંકે તે ધર્મનું ખંડન કરવામાં જ ઉદ્યોગ કર્યો હતો–તેના દેશમાં આ સ્થિતિએ પહોચવાને ઘણાં વર્ષ લાગ્યાં હશે એમ ધારવું ખોટું નથી.

અજ્ઞતા ઉપર નિર્ણય બાંધવો એ સહીસલામત નથી; અને આ પણ ક્યારે–જ્યારે તેની પહેલાં ૮ સૈકા ઉપરના વંશની વાત કરીએ છીએ ત્યારે. બીજો એ પણ વિચાર છે કે જેવી રીતે **બૌદ્ધ**દંતકથા **પૂર્ણવર્મા**ને **અશોક**નો વંશ જ ગણે છે તેવી રીતે બ્રાહ્મીય દંતકથા **પૂર્ણવર્મા**ને **અશોક**નો વંશજ ગણે એવો પુરાવો પણ નથી. છેવટ એટલું ભુલવું ન જોઈએ કે [1]**અશોક**નું પોતાનું મહત્વ **બૌદ્ધ**દંતકથાથી તદ્દન ભિન્ન રહિ **હિંદુ**દંતકથામાં અનુચિત રીતે સ્વીકારાયું છે. એટલા માટે હુયાનથ્સંગનો **પૂર્ણવર્મા** અને **શંક**રાચાર્યનો **પૂર્ણવર્મા** એક જ છે એવો જે મારો અભિપ્રાય છે તેમાં હાલમાં તો જરા પણ ફેર થયો નથી. અલબત આ સાયુજ્ય ખોટું હોય એ સંભાવિત છે. પરંતુ આ વિષયની સ્થિતિ તપાસતાં એ [2]સંભવિત હોય એમ મને ભાસતું નથી.

મેં ઉપર કહ્યું છે કે આ ઠેકાણે હું **શંક**રાચાર્યના સમય વિશે વિવાદ કરવા માંગતો નથી પણ માત્ર **પૂર્ણવર્મા**ના સમય વિશે જ વિચાર કરૂં છું. તો પણ મારા પોતાના પહેલા વિચારથી જુદો પડું છું અને કેટલીક વાર્તા–જેના ઉપર **પ્રો. ભાણ્ડારકરે** અજવાળું પાડયું છે–તેના ઉપર સહજ ટીકા કરવા ઈચ્છું છું. મ્હારા પહેલા નિબંધમાં આ વાત ઉપર **પ્રો. ભાણ્ડારકરે** જે અનુમાન બાંધ્યું હતું તેનું સૂચન કર્યું હતું પરંતુ જ્યારે તે નિબંધ લખ્યો ત્યારે મારી પાસે સવિસ્તર હકીકત નહોતી. તે વખત પછી ઈ. સ. ૧૮૮૨–૮૩ માં[3] સંસ્કૃત હસ્તલેખો વિશેના **પ્રો. ભાણ્ડારકરના** રીપોર્ટમાં આ હકીકત પ્રકટ કરવામાં આવી છે. એ જોતાં એમ જણાય છે કે “**મનુ**ના વંશના **આદિત્ય**રૂપ **ક્ષ**ત્રિય વંશી અને જેનું શાસન સર્વત્ર માન્ય હતું એવો શ્રીમાન રાજા રાજ્ય કરતો હતો ત્યારે **શંક**ાચાર્યના “વિશિષ્ટ શિષ્યે” એક ગ્રંથ લખ્યો હતો.” મને એમ લાગે છે કે **પ્રો. ભાણ્ડારકરની** સૂચના ખરી છે. એ સૂચના આ છે કે–આ રાજા **ચાલુક્ય**માંનો એક હશે અને મહાન **પુલકેશી**ના ચાર ઉત્તરાધિકારીઓ જેઓના નામને અન્તે **આદિત્ય** શબ્દ આવતો તેમાંનો એક હશે. **પ્રો. ભાણ્ડા**રકર એ રાજા આ ચારમાંનો કયો હશે એ જણાવતા નથી. અને કોઈ પણ વિશ્વસનીય મત બાંધવાને ભાગ્યે જ સાધનો મળી આવે એમ છે. બીજાને અભાવે જેને વિશે ચર્ચા ચાલે છે તે ફકરામાં કહેલો રાજા પહેલો **વિક્રમાદિત્ય** હશે એમ ધારવું ખોટું નથી. કારણ કે **વિક્રમ** એ, પ્રસિદ્ધ અને તેજસ્વી રાજા[4] હતો. બીજું કારણ એકે જો આપણે પહેલો **આદિત્ય** ન ધારીએ તો લેખકના[5] પ્રાગલ્ભ્યસૂચક કાર્યને અર્થે એ વર્ણન અલક્ષિત જણાય છે. તેટલા માટે ઉપન્યાસને અભાવે આટલી સૂચના અંગીકાર કરવાને હરકત નથી કે **શંક**રાચાર્યનો “વિશિષ્ટ શિષ્ય” **પુલકેશી**ના પુત્રના વખતમાં થયો; અને જો એ સૂચના ખરી હોય તો છઠ્ઠા સૈકાના અન્તના અરસામાં **શંક**રાચાર્યને ગણવા જોઇએ” એવા **પ્રો. ભાણ્ડારકરના** મતને અનુમોદન આપવું જોઇએ. અને એ પ્રમાણે આ નિર્ણય અને **પૂર્ણવર્મા**ના સમય વિશે જે નિર્ણય આણ્યો છે તે એક બીજાનું દૃઢીકરણ કરી ટેકો આપે છે એમ ધારવું જોઇએ.—**કે. ટી. તેલંગ**, **જર્નલ**, **બૉમ્બે બ્રૅંચ**, **રૉયલ એશીઆટીક સોસાઈટી**, અંક ૪૭, પુસ્તક ૧૭, ભાગ ૨ જો, પૃષ્ઠ ૬૩–૭૯, તારીખ ૧૯ મી માર્ચ ૧૮૮૯.

---

૧ જુઓ આ ચર્ચા, પૃષ્ઠ ૧૨, ટીકા ૪.

૨ આ દલીલમાંના સિદ્ધાંતોનાં જે જે પ્રમાણો છે તે જોવાં જોઇએ. અને મિ. પંડિતના નિબંધમાં ઉપન્યાસ ઉપરથી એક બે વિવાદ વસ્તુ નિકળે છે કે જે ઉપરથી એમ ધારી શકાય છે કે બીજાં પ્રમાણો નીકળે એમ છે.

૩ પૃષ્ઠ ૧૪, ૧૫, અને ૨૦૨.

૪ મિ. ફરગ્યુસનના કહેવા પ્રમાણે જે ઉપનામ તેના પિતામહ બીજા પુલકેશીએ મેળવ્યું હતું તે મહારાજાધિરાજનું ઉપનામ એને મળ્યું હતું. પરંતુ તેના મોટા ભાઇ ચન્દ્રાદિત્યના વખતથી એ ઉપનામ એના વંશમાંથી નિકળી ગયું હતું. જુઓ ઈડિયન ઍંટીકવેરી, પુ. ૧૦, પૃષ્ઠ ૧૩૨, અને ઈંડિ. ઍંટી. પુ. ૬, પૃષ્ઠ ૭૫માં આવેલા લેખ નં. ૨૮. આ ઠેકાણે જાણવું જોઇએ કે બ્રાહ્મણે વેદાન્તનું અધ્યયન કર્યું હતું તેને ઇનામ મળ્યું હતું તેને વિશે આ સ્થળે લખ્યું છે. વેદાન્ત એટલે શંકરાચાર્યનું તત્ત્વજ્ઞાન એવો અર્થ લેવાની જરૂર નથી.

૫ ભટ્ટીકાવ્યના છેલ્લા શ્લોકમાં આ પ્રાગલ્ભ્યસૂચક કાર્યનું સૂચન છે.

काव्यमिदं विहितं मया वलभ्यां श्रीधरसेननरेन्द्रपालितायाम् ।
कीर्तिरतो भवतान्नृपस्य तस्य क्षेमकरो हि नृपः प्रजाजनानाम् ॥

શંકરના શારીરકભાષ્યમાંહેનો સંગ્રહ.

શંકરાચાર્યના **બ્રહ્મ**સૂત્ર ભાષ્યનું અધ્યયન કરતાં વખતો વખત જે જે ઐતિહાસિક તત્ત્વો મારી નજરે પડ્યાં છે તેનો સંગ્રહ આજના વિષયમાં પ્રકટ કરવા ઈચ્છુંછું. જે ગ્રન્થમાં **વે**દાન્તનાં તત્ત્વ-જ્ઞાનનું વિવરણ કર્યું હોય તેવા ગ્રન્થમાં સાંસરિક વિષયોનો સમાવેશ હોય એ સંભવતું નથી. પરંતુ જ્યારે મેં એ ગ્રન્થ વાંચ્યો અને એમાં એ સંબંધી સૂચનાઓ હતી એ જોઈત્યારે હું આશ્ચર્ય પામ્યો. જેવી રીતે મને આનંદ થયો તેવી જ રીતે અન્યને આનન્દ થાય એ જ ઉદ્દેશથી આ **સો**-સાયટીની આગળ તે પ્રદર્શિત કરૂં છું. **શંક**રાચાર્યના સમયમાં દેશની રાજકીય સ્થિતિ તપાસતાં એમ જણાય છે કે તે વખતે સાર્વભૌમરાજા હતો નહિ. એક જગ્યાએ **શંક**રે પ્રતિપાદન કર્યું છે કે **વ્યાસા**દિ મહાન પુરુષોને દેવો સાથે સંબંધ હતો. અને હમેશની રીત પ્રમાણે ઉપલા વચનવિષે શંકા લાવી કહે છે કે-"જેવી રીતે હાલના સમયના લોકો દેવોસાથે સંબંધ રાખી શકતા નથી તેવી જ રીતે અસલના લોક પણ રાખી શકતા નહિ હોય" આ શંકા કોઈ ઉઠાવે તો ખરી છે. આ સંદેહનો ઉત્તર આપ્યો છે કે-"આ શંકા લાવનાર એમ પંણ કહિ શકે છે કે-હાલ સાર્વભૌમ રાજા નથી તેટલા માટે પહેલાં પણ હશે નહિ[1]" આ ઉત્તરમાંથી એટલું તો સ્પષ્ટ જણાય છે કે **શંક**-રના સમયમાં આખા **ભા**રતવર્ષના સાર્વભૌમરાજા તરીકે કોઈને સ્વીકાર્યો નહોતો અને એ વાત સર્વને વિદિત હતી. આ સ્થળે જણાવવું જોઈએ કે ઐતિહાસિક વૃત્તાન્તને અર્થે જે અન્ય સાધનો મળ્યાં છે તેમાં પણ એમ દર્શાવે છે કે અન્ય સમયે પણ આવી જ સ્થિતિ હતી. **ગ્રી**ક લેખકો કહે છે કે જે સમયે મહાન **સિ**કંદરે **હિં**દુસ્તાન ઉપર હુમલો કર્યો તે સમયે **હિં**દુસ્થાનમાં એટલાં બધાં નાનાં સ્વતંત્ર રાજ્યો હતાં કે અન્ય સમયમાં એટલાં નહિ હોય. **સિ**કંદરે કરેલા નાનાં હુમલામાં પણ એણે ઘણાં નાનાં નાનાં રાજ્યો જોયાં હતાં. Megasthenes-**મે**ગેસ્થીનીસે સાંભળ્યું હતું કે બધાં મળીને ૧૧૮ રાજ્યો હતાં. આમાંનાં ઘણાંક તો ઘણાં જ નાનાં હશે પરંતુ કેટલાકને તાબે (દાખલા તરીકે **પ્ર**સાઈ) મ્હોટાં રાજ્યો હતાં.[2] તેવી જ રીતે પ્રસિદ્ધ **ચી**નનો પ્રવાસી **હ્યુ**યેનત્સંગ કહે છે કે એના વખતમાં **હિં**દુસ્તાનમાં[3] સીત્તેર રાજ્યો હતાં. પુરાતન કાલના **મ**સૌદિ અને બીજા ભૂગોળશાસ્ત્ર જાણનાર આરબો પછીના વખત વિષે લખતાં એ જ હેવાલ[4] આપે છે. અને **હિં**દુસ્થાનના ઇતિહાસની નિશાળોમાં ચાલતી ચોપડીઓમાં પણ એમ જ છે કે **મહમદ ગી**જની અને **અ**લાઉદ્દીનની દક્ષિણની સ્વારી વિગેરે મુસલમાનની સ્વારીઓને વખતે પણ દેશના નાના નાના ભાગ પડ્યા હતા. મરહુમ **મિ. ફ**ર્ગ્યુસને પ્રતિપાદિત કરેલો સિદ્ધાંત[5] ખરો છે. તે કહે છે કે દેશમાં જૂદા જૂદા ભાગમાં એક જ વખતે ઘણા ઘણા રાજાઓ અને મહારાજાઓ હોઈ શકે પણ એક જ સમયે અને એક જ વખતે એક કરતાં વધારે મહારાજાધિરાજ હોઈ શકે નહિ. આ સત્ય હોય નહિ. પણ એ સ્પષ્ટ છે કે ખરૂં જોતાં મહારાજાધિરાજ સાર્વભૌમભૂપ ગણાય નહિ. એને બીજા રાજાઓ ખંડણી ભરતા નહિ. **હર્ષ**-વર્ધનનો પરાજય કરનાર બીજો **પુ**લકેશી મહારાજાધિરાજ હતો. એટલું છતાં **હર્ષ**વર્ધન સ્વતંત્ર રાજા[6] હતો. **શંક**રાચાર્યના ભાષ્યમાંથી લીધેલો ઉપલો ફકરો પણ એ જ મતલબનું જણાવે છે.

---

૧ જુઓ-ભાષ્ય (બીબ્લી. ઇંડિ.), પુ. ૧, પૃષ્ઠ ૩૧૪, સૂત્ર ૧,૩,૩૩.

૨ જુઓ *Elphinstone's India*, પ્રો. કોવેલ કૃત, પૃષ્ઠ ૨૬૫.

૩ જુઓ કોવેલ કૃત એલફીસ્ટન, પૃષ્ઠ ૨૯૮, ટિપ્પણ, બીલ કૃત બુધિસ્ટી રેકર્ડસ ઑફ વેસ્ટ્ર્ન વર્લ્ડ, પુ. ૧, પૃષ્ઠ ૭૦, કોવેલ કૃત *Elphinstone*, પા. ૩૧૩. ફા-હીઅનનો હેવાલ (ઘણા રાજાઓ વિશે વાંચીએ છીએ.) ફા-હીઅન, લેગ કૃત, પૃષ્ઠ ૯૮.

૪ પ્રો. ડાઉસન કૃત *Elliott's India*, પુ. ૧, પૃષ્ઠ ૬,૧૯,૨૦.

૫ જર્નલ રો. એ. સો., (ઉ. ભા.) પુ. ૪, પૃષ્ઠ ૮૪,૫.

૬ બુધ. રેકર્ડ ઑફ વે. વર્લ્ડ, પુ. ૧, પૃષ્ઠ ૨૧૪; અને પુ. ૨, પૃષ્ઠ ૨૫૬; જર્નલ રો. એ. સો., (ઉ. ભા.) પુ. ૪, પૃષ્ઠ ૮૬. પૃષ્ઠ ૬ વા સાતમે આપેલા ફકરા સાથે પ્રો. ડાઉસન કૃત એલિયટ, પુ. ૧, પૃષ્ઠ ૩ નો ફકરો સરખાવતાં વિરુદ્ધ પક્ષ માટે પ્રમાણરૂપ ગણી શકાય એમ નથી.

શારિરકભાષ્યમાં જે જે રાજ્યોનું સૂચન કર્યું છે તેમાં **અયોધ્યા** અથવા હાલનું **ઔદનું** નામ છે તે વખતના મહાન રાજ્યનું સૂચન કરવાને જ આપેલું હશે કે કેમ તે શંકા છે. **શંકર** આ પ્રમાણે કહે છે કે જે સર્વવ્યાપક છે તે અવકાશના દરેક ભાગમાં હોય છે અને તે કોઈ વખત અમુક ભાગમાં પણ છે એમ કહિ શકાય. જેવી રીતે કે–જે મનુષ્ય આખી પૃથ્વીનો સાર્વભૌમ રાજા હોય તેને **અયોધ્યાનો**[1] પણ સાર્વભૌમ રાજા કહિ શકાય. **શંકરે** ઉપર જણાવ્યું છે કે તે વખતે કોઈ સાર્વભૌમ રાજા નહોતો. તો આ ઉપરથી જણાય છે કે–'આખી પૃથ્વીનો સાર્વભૌમ રાજા' આ શબ્દોમાં પહેલાં થઇ ગયેલા '**રામ**' જેવા સાર્વભૌમ રાજાનું સૂચન હશે. બીજા ફકરામાં નિયંત્રિત પ્રભુત્વ વિશે પણ કહ્યું છે. આનો દાખલો **શંકરે** આપ્યો છે–આ **મગધનું** રાજ્ય છે, આ **વૈદહનું**[2] રાજ્ય છે. '**શંકરાચાર્યના**[3] **સમય**' વિષે મ્હારા આપેલા પ્હેલા નિબંધનો મૂળ પાયો '**પૂર્ણવર્મા**' છે એની જોડે આનો સંબંધ થઈ શકે એમ છે. **શંકરાચાર્યે** કહેલો '**પૂર્ણવર્મા**' અને **હુયાનત્સંગે** કહેલો **મગધનો પૂર્ણવર્મા** એક જ છે એ મ્હારા કહેવાને આ વધારે નહિ તો પણ થોડુંક પણ પુરવાર કરે છે.

આની જોડે જે ફકરામાં **શંકરાચાર્યે** મુક્ત આત્માનાં બ્રહ્મનમાં ક્રમાનુસાર પ્રમાણ વિષે ટીકા કરી છે તે ફકરાને સરખાવીએ. 'દુનિયામાં જોઈએ છીએ કે ધર્મના[4] વિકટ માર્ગમાંથી પ્રવાસીને લેઈ જવાને જે મનુષ્યો રાજાઓએ નિર્મેલા હોય છે તે બુદ્ધિમાન હોય છે' આગળ કહે છે કે–"સાધારણ વ્યવહારમાં વખતો વખત (દાખલા તરિકે) પ્રવાસીને કહેવામાં આવે છે કે અહિંથી **બલવર્મ** પાસે જાઓ ત્યાંથી **જયસિંહ** પાસે થઈ **વિષ્ણુગુપ્ત**[5] પાસે જજો." આનો સાર માત્ર એટલો જ છે કે પ્રવાસીને દરેક રાજા પાસે ક્રમવાર જવાનું કહિ શકાય છે. દરેક રાજા પોતાની હદમાં તેને જોઇતો બંદોબસ્ત કરે છે. **શંકરાચાર્યના** ભાષ્યમાંથી જે કંઇ મળ્યું છે તેને **ચીનના** પ્રવાસી **ફા–હીનના** કથન સાથે સરખાવવું જરૂરનું છે. તે કહે છે કે દક્ષિણનો મુલક દુરારોહ છે અને રસ્તાઓ ભયંકર અને સહજમાં જણાય એમ નથી. જેઓ ત્યાં જવાને ઇચ્છતા હોય તેઓને ત્યાંના રાજાને કોઈપણ તરેહના દ્રવ્યની ભેટ આપવી પડે છે. વળાવા તરિકે કેટલાંક માણસો રાજા મોકલે છે અને તેઓ એક પછી એક રસ્તા બતાવી પ્રવાસીને લેઇ જાય છે. એ દેશમાં ન જઇ શકવાથી **ફા–હીને**[6] જે કંઇ સાંભળ્યું છે તે ઉપલા ફકરામાં આવે છે. **શંકરાચાર્યના** શબ્દોમાંથી અને **ફા–હીનના** શબ્દોમાંથી જે કંઈ ખબર મળી છે તેમાં જે કંઇ સંબંધ છે તે જણાવવો જરૂરનો છે. **ફા–હીનના** કહેવામાં અને **શંકરાચાર્યની** ઉક્તિમાં ફેર માત્ર એટલો જ કે 'પ્રવાસીએ રાજાને દ્રવ્ય આપવું પડતું કે નહિ.' બીજી બધી વાત જ્યારે એક જ છે ત્યારે **ફા–હીનનું** કહેલું સત્ય હશે એમ લાગે છે.

લોકોની સાંસારિક અને ધર્મ સંબંધી સ્થિતિ તરફ નજર કરતાં પ્રથમ કહેલું જોઇએ કે **શંકરાચાર્ય**–જે પ્રમાણે ન્યાતોનો વ્યવહાર ચાલતો હતો અને જે રીતે શાસ્ત્રમાં કહેલી વિધિઓ પળાતી હતી તે રીતો તરફ અણગમો દર્શાવ્યો છે. ત્યારે હુયાનત્સંગ[7] ન્યાતમાં બારીકાઇથી અને ચોકસાઇથી પળાતી રીતો જોઇ આશ્ચર્ય પામ્યો હતો. આ વિરોધ સંભવિત છે. એ માત્ર '**શંકરનાં**[8] પહેલાં હુ-

---

૧ ભાષ્ય, પુ. ૧, પૃષ્ઠ ૧૭૪ સૂત્ર ૧,૨,૭.

૨ ,, પુ. ૨, પૃષ્ઠ ૮૩૩ સૂત્ર ૩,૨,૩૧.

૩ ઈન્ડી. એન્ટી., પુ. ૧૩, પૃષ્ઠ ૯૭ અને જ. બોમ્બે બ્રે. રો. એ. સો., પુ. ૧૭, પૃષ્ઠ ૬૩.

૪ ભાષ્ય, પુ. ૨, પૃષ્ઠ ૧૧૧૬, સૂત્ર ૪,૩,૪.

૫ ભાષ્ય, પૃષ્ઠ ૧૧૧૮, સૂત્ર ૪,૩,૫.

૬ જુઓ બીલ કૃત ફા–હીઅન, પૃષ્ઠ ૧૪૧, અને લેગ કૃત ફા–હીઅન, પૃષ્ઠ ૯૭.

૭ કોવેલ કૃત એલ્ફીન્સ્ટન, પૃષ્ઠ ૨૯૮; બુદ્ધિ. રે. વે. વ., પુ. ૧, પૃષ્ઠ ૭૭,૮૨.

૮ બર્નેલનો ઉતારો–માક્ષ મૂલર કૃત ઇંડિયાઃ તે આપણને શું શીખવે છે? પૃષ્ઠ ૩૦૮. મુદ્રારાક્ષસના ઉપોદ્ઘાતમાં મારી ટીકા, પૃષ્ઠ ૪૦, હુયાનત્સંગ કુમારિલ અને શંકરને વિષે કંઈ પણ કહેતો નથી કારણકે તેઓનાથી અડધો સૈકો પહેલો થયો હતો.

યાનત્સંગ હતો એનાથી જ સ્પષ્ટ થાય છે. જો આ વાત સત્ય હોય તો મેં શંકરાચાર્યને જે સમયમાં મુકયા છે તે સમય અસંભવિત છે એમ સમજી નાકબુલ કરવો જોઇએ. તો પણ મ્હને લાગે છે કે આના સંબંધમાં બીજાં સાધનો છે તેને વિષે યોગ્ય વિચાર કરવો જોઇએ. બીજે સ્થળે મેં જણાવ્યું છે કે હુયાનત્સંગના વખતમાં હિંદુસ્થાનમાં બૌદ્ધ ધર્મ એટલો બધો ફેલાયો નહોતો તેમ જ ત્હેનું બહુ જોર પણ નહોતું. બ્રાહ્મધર્મ ધીમે ધીમે ઉચ્ચ પદને પામ્યો[1] હતો. એ ઉપરથી એમ ધારવાનું નથી કે હુયાનત્સંગના પ્રવાસ પછીના એક બે સૈકામાં બ્રાહ્મધર્મનાં બંધનો નબળાં થતાં જતાં હતાં. એથી ઉલટું નવિન ધર્મના પ્રબોધથી પ્રસરેલો[2] ધર્મ વધારે સજ્જડ થાય છે અને વિધિઓ વિશેષ પ્રીતિથી પાળવામાં આવે છે. ઉપર કહેલા વિરોધનું કારણ 'હુયાનત્સંગ શંકરના પ્હેલાં થયો' એ ન હોય તો અન્ય સ્થળે તપાસ કરવી જોઈએ. બન્ને નિરૂપકોના મતો તપાસતાં આનો નિર્ણય આવી શકશે. બ્રાહ્મધર્મના મત પ્રમાણે લોકોની સ્થિતિ તપાસી તે વખતના લોકો શાસ્ત્રને ન અનુસરતાં કયા કયા કાર્યમાં ભિન્ન ભિન્ન રીતે વર્ત્યાં છે એટલું જ શંકરાચાર્યે જણાવ્યું છે. ત્યારે હુયાનત્સંગ–પ્રેક્ષક તરીકે અને બ્રાહ્મધર્મને ન માનતા 'હજુ સુધી પણ બ્રાહ્મધર્મનાં બંધનો તુટયાં નથી' એ જોઈ વિસ્મિત થાય છે. આને વાસ્તે જ હાલના જ સમયનો દાખલો લેઇએ. એકાદ વૃદ્ધ શાસ્ત્રી ન્યાતોનાં બન્ધનો તુટી ગયેલાં જોઈ શોચ કરતો માલૂમ પડશે ત્યારે અન્ય મનુષ્ય (હિંદુ શીવાય) એમ કહેશે કે હાલના કાલને જે રૂપ-નુકૂલ નથી તેવી અને જે જુની થઈ ગઈ છે તેવી રિતિથી તેવા ધર્મમાંથી હજુ સુધી હિંદુઓ છૂટા થઈ શકયા નથી.

મૂર્તિપૂજા જે હાલમાં ચાલતા ધર્મનું એક મોટામાં મોટું રૂપ છે તેના સંબંધમાં વિચાર કરીએ તો મૂર્તિપૂજાએ જે રૂપ હાલ લીધું છે તેનાથી તદ્દન ભિન્નરૂપ વિશે શંકરાચાર્યે પોતાના વિચાર દર્શાવ્યા છે. જે રીતે યાહુદી અને મુસલમાની ધર્મવાળાઓ મૂર્તિપૂજાનો વાંધો લે છે તેવી રીતે શંકરાચાર્યે વાંધો લેતા નથી. એથી ઉલટું એ વખતો વખત કહે છે કે 'મૂર્તિને જે દેવ તરીકે પૂજવા માગો છો તે દેવ "એ મૂર્તિ નથી. આ સંબંધના ઘણા ઘણા ફકરાઓ મળી આવે છે–प्रतिमादिषु विष्ण्वादिबुद्ध्यध्यासः"[3] મૂર્તિ એ જ વિષ્ણુ છે આ વિચાર સત્યતઃ જોતાં ખરો નથી. મૂર્તિને પૂજાના[4] લાક્ષણિક રૂપને અર્થે ગણવાને ના કહેતા નથી. માત્ર એને લાક્ષણિક રૂપ જ ગણવું જોઈએ. અહિંયા કહેવું જોઇએ કે શંકરાચાર્ય શાલગ્રામ જે હજુ સુધી પણ સાધારણ રીતે પૂજાય છે[5] તેને વિષે મુખ્યત્વે કરીને કહે છે. શારીરકભાષ્યમાં પણ આના જ સંબંધમાં ઘણા ફકરા છે અને દરેકમાં વિષ્ણુનું જ[6] સૂચન છે. આના ઉપરથી અનુમાન કરી મારૂં એમ ધારવું છે કે 'શંકરાચાર્યને શિવપૂજા વધારે પ્રિય છે' એવો લોકોનો વિચાર સત્ય નહિ હોય. નિઃસંદેહ આ વિચાર આપણા દેશમાં ઘણો જ ફેલાયલો છે. પરંતુ અહિં કહેવું જોઈએ કે મિ. બાર્થ 'હિંદુસ્થાનના ધર્મ' નામના પુસ્તકમાં કહે છે કે–"આઠમા સૈકામાં શંકર અને ચૌદમામાં સાયણ વૈષ્ણવ[7] હતા એટલું જ નહિ પણ તેઓ વિષ્ણુના જ અવતાર હતા." શંકર સંબંધી અહિં ભૂલ

૧ મુદ્રારાક્ષસનો ઉપોદ્ઘાત, પૃષ્ઠ ૧૬.

૨ જો આ સત્તા હોય તો વિરુદ્ધ પક્ષને ટેકો ન આપતાં મારા મતનું દ્રઢીકરણ કરે છે. હુયાનત્સંગ હિંદુસ્તાનના પ્રવાસ અર્થે આવ્યો તે પહેલાં અડધા સૈકા ઉપર શંકરાચાર્ય થયા હોય તો હિંદુ ધર્મનું પુનરુજ્જીવન જેની જોડે શંકરાચાર્યનો સંબંધ દંતકથા રાખે છે તે તે વખતે પુર જોશમાં હશે. હુયાનત્સંગના કહેવા પ્રમાણે ન્યાત વિગેરેની રીતભાત આપણે ધારીએ છીએ તેમ જ હશે.

૩ જુવો ભાષ્ય, પુ. ૨, પૃષ્ઠ ૮૬૦ (૩, ૩,૯), ૧૦૫૮ (૪,૧,૩), ૧૦૬૫ (૪,૧,૬) અને ટિપ્પણ ૧૯ માં આપેલી હકીકત.

૪ માક્ષ મૂલર કૃત ચીપ્સ, પુ. ૧, પૃષ્ઠ ૧૭ (ઉપોદ્ઘાત).

૫ જુઓ ભાષ્ય, પુ, ૧, પૃષ્ઠ ૧૭૪ (૧,૨,૭), ૧૮૮ (૧,૨,૧૪), ૨૫૩ (૧,૩,૧૪).

૬ જુઓ બીજું ટિપ્પણ, બૃહદારણ્યક, પૃષ્ઠ ૬૧૫ (જીવાનંદની આવૃત્તિ).

૭ જુઓ બાર્થ, પૃષ્ઠ ૮૮. એમ બાર્થ, શંકરને વિશે કહે છે એનું (પા. ૧૮૪) વૈષ્ણવ ધર્મ તરફ વલણ હતું. આ સાબિત થતું નથી. પ્રો. વેબર બાર્થને એમ છતાં મલતાપણું બતાવે છે. જુઓ સંસ્કૃત સાહિત્ય, પૃષ્ઠ ૫૧, કોલબ્રુકના નિબંધ, પુ. ૧. પૃષ્ઠ ૧૯૬ (મદ્રાસની આવૃત્તિ.)

થઇ ન હોય તો તે માત્ર તે વખતે ચાલતી દંતકથા ઉપરથી જ હોવી જોઇએ. પુરાણોમાં પણ જણાવેલી આ પણ દંતકથા છે કે **શંકર** એ **વિષ્ણુનો** અવતાર નહિ પણ **શિવનો** જ[1] અવતાર હતો. અહિં એટલું પણ જણાવવું જોઇએ કે તત્ત્વજ્ઞાનમત ફેલાવનારા અને જેઓ **શંકરાચાર્યના** અદ્વૈત મતના સામા હતા તેઓ **રામાનુજ, માધવ** અને **વલ્લભાચાર્યે** વૈષ્ણવ મતના અધિપતિ હતા.

થોડોક વખત થયાં એવો પ્રશ્ન ઉઠ્યો છે કે હિંદુસ્તાનમાં ગૌપૂજાનો ચાલ કેટલો સમય થયા દાખલ થયો છે? મ્હેં પ્રસિદ્ધ કરેલા **ભર્તૃહરિ** શતકના ઉપોદ્‌ઘાતમાં "**ભવભૂતિની**[2] પછી ગૌપૂજાનો ચાલ થયો" એશ્રા **પ્રોફેસર ટોની**ના આ વિચારથી જૂદો જ મત દર્શાવ્યો છે. આના ટેકામાં **પતંજલિ**ના મહાભાષ્યના બે ફકરા આપ્યા છે. પણ મ્હારો એક મિત્ર કહે છે કે મહાભાષ્યમાં કહેલા "ગોમૂત્ર" શબ્દમાં કાંઈ પણ પવિત્રતાનો વિચાર નથી, તે તો માત્ર ઔષધીય ગુણને માટે જ આપેલો છે. પરંતુ **શંકરભાષ્યમાં** આપેલા ફકરાથી આ શંકાનું નિવારણ થાય છે, કારણ કે તેમાં તો "ગોમૂત્ર"[3] શબ્દથી તે બંને પદાર્થની પવિત્રતા ચોખ્ખી રીતે બતલાવી છે. **ભવભૂતિ** સાતમા [4]સૈકામાં થયા એમાં તો કાંઇ પણ વાંધો નથી. અને **શંકરાચાર્યને** જે સમયમાં મ્હે મૂક્યા છે તે સમય ખરો હોય તો **ભવભૂતિની** પણ પહેલાં આ ચાલ અસ્તિત્વમાં હતો એમ કહિ શકાય.

આ વિષય પડતો મુકી હિંદુસ્તાનના સાહિત્ય અને તત્ત્વજ્ઞાનના ઇતિહાસ સંબંધી બે ત્રણ બાબતો કહિએ. **શંકરભાષ્ય** આને માટે દીપકરૂપ થઈ પડે છે. Philsophy of the Upnishads (ઉપનિષદમાના તત્ત્વજ્ઞાન)ના ગ્રંથમાં **એ. ઈ. ગફ** કહે છે કે **વેદાંત** મત, **વેદાંતસૂત્રના** કર્તા અને પ્રખ્યાત ભાષ્યકાર તથા [5]સૂત્ર ઉપર ટીકા લખનાર અતિપ્રસિદ્ધ **શંકરાચાર્યના** સમયમાં થઇ ગયેલા અધ્યાપકોએ એક પછી એક સર્વેએ માન્યો છે. આ વિચારને હું માનતો નથી અને **શંકરાચાર્યના** ભાષ્યમાંથી પણ પુરાવો મળી આવે છે. આ ભાષ્ય આ મતને નાકબુલ કરે છે. "પૂર્વનાં પવિત્ર પુસ્તકો"માંના **વેદાંતસૂત્રના** પુસ્તકમાં (જે હમણા જ મુંબઈમાં આવ્યું છે) **ડૉ. થીબોટ મિ. ગફના** મતને વિશે વાંધો ઉઠાવે છે અને ભાષ્યમાંના બે ફકરા ઉપર આધાર રાખે છે; અને જે પૂર્વપક્ષથી **શંકરનો** સિદ્ધાંત આપે છે તે પૂર્વપક્ષને સમજનારા કેટલાક સૂત્રકારોનું સૂચન એમાંના એકમાં કરેલું છે અને બીજામાં જે વિદ્વાનો જીવાત્માવિશે **શંકરાચાર્યથી** જૂદા મનાય છે તેઓ વિષે સૂચન છે. આ ઉપરથી **ડૉ. થીબોટ** એવા નિર્ણય ઉપર આવે છે કે, જે **વેદાંતીઓના** મતના **શંકરાચાર્ય** હતા તેઓ જે મતના હતા તેનાથી બીજા જ મતના તે હતા.[6] આ વાત ખરી છે અને **વેદાંતમતનું** એકત્વ–જેને વિશે **ડૉ. થીબોટ** ઘણું લખે છે–તેના સંબંધે **મિ. ગફના** વિવાદોથી આ વિરુદ્ધ છે. મ્હને એમ લાગે છે કે સૂત્રનો જે અર્થ દંતકથા કરે છે તેના સંબંધી **મિ. ગફના** મતથી એકે ફકરો વિરુદ્ધ નથી. આ અર્થ **બાદરાયણે** કરેલો છે અને **શંકરાચાર્યના** સમયસુધી પણ એ જ હતો. **મિ. ગફનો** આ મત જે શ્લોક **શંકરાચાર્ય, ગોવિંદનાથ, ગૌડપાદ, શુક** તરફથી **વેદાંતસૂત્રના**[7] કર્તા **વ્યાસની** જોડે સંબંધ ધરાવે છે તે શ્લોકની સાથે સંગત છે–યોગ્ય છે, આમ છતાં **શંકરભાષ્યમાંથી** મળેલાં પ્રમાણોને લીધે દંતકથા તેમ જ **મિ. ગફનો** મત નાકબૂલ કરવો પડે છે. ભાષ્યમાં ઘણે સ્થળે સૂત્રના જૂદા જૂદા

---

૧ એકાદ પુરાણમાં બીજી વાત કહી છે એમ મને સાંભરે છે પણ ક્યાં તેનું વિસ્મરણ થયું છે. માધવકૃત સંક્ષેપશંકરજય અને ભામતીની પ્રસ્તાવનાના સંશોધન કરનારા આપણી ચાલુ દંતકથા કબુલ કરે છે. કોલબ્રુક પોતાના નિબંધ પુ. ૧, પૃષ્ઠ ૧૦૩ (મદ્રાસની આવૃત્તિ) માં કહે છે કે બૃહદ્ધર્મ પુરાણમાં શંકરને વિષ્ણુનો અવતાર ગણ્યો છે. અને આનંદગિરિ જેણે શંકરના ઘણા ગ્રંથો વાંચ્યા છે તે શરૂઆતમાં વિષ્ણુનું સ્તવન કરે છે અને ગૌડપાદની કારીકાની ટીકામાં એમ કહે છે કે નારાયણની કૃપાથી જ આ રચાયાં છે–જુઓ પ્રો. કાથવટેની ઉત્તમ આવૃત્તિ, પૃષ્ઠ ૧.

૨ જુઓ મારાથી સંશોધિત ભર્તૃહરિ (બીજી આવૃત્તિ), પૃષ્ઠ ૧૨, ૧૩.

૩ ભાષ્ય, પુસ્તક ૨, પૃષ્ઠ ૬૯૪ માંના સૂત્ર ૨, ૩, ૪૮. ૪ જુઓ પ્રો. ભાણ્ડાકરનું માલતીમાધવ, પૃષ્ઠ ૧૦.

૫ જુઓ અભિપ્રાયની લીધેલી નોંધ, પૃષ્ઠ ૨૪૦. ૬ જુઓ અભિપ્રાયની લીલેલી નોંધ, પૃષ્ઠ ૨૧.

૭ જુઓ જર્નલ બોંબે બ્રેંચ રોયલ એ. સો., પુસ્તક ૧૬, પૃષ્ઠ ૧૯૦–૮. હું ધારૂં છું કે કોલબ્રૂકે (નિબંધો, પુસ્તક ૧, પૃષ્ઠ ૨૦૪, મદ્રાસની આવૃત્તિ) સારી પેઠે દેખાડી આપ્યું છે કે આ દંતકથા એ ફક્ત કલ્પિત છે.

અર્થ કર્યા છે અને અધિકરણમાં જૂદી જ ગોઠવણ છે અને એક પાઠાંતર પણ છે આને વિશે વિસ્તારથી કહેતો નથી કારણ કે તે [1]ટિપ્પણમાં આપેલાં છે. આ દાખલા ઉપરથી એમ જણાય છે કે શંકરાચાર્યને સૂત્રકારના પોતાના અર્થની માહીતી નહોતી કે જેથી કરી પોતાની માનસિક શક્તિની મદદથી અર્થ કરવાનું કામ પડતું મુકે. એ વાત તો સત્ય છે કે જો શંકરાચાર્યને સૂત્રકારના પોતાના અર્થની ખબર હોત એટલે ગુરુપરમ્પરાથી અર્થ આવડતા હોત તો 'अपरा योजना' ન લગાડતાં તે જ અર્થ કામે લગાડત; અને વિરુદ્ધ પક્ષવાદીને જવાબ આપતી વખત અને અનુમાનથી[2] પ્રત્યુત્તર ન આપતાં માત્ર એમ જ કહેત કે 'સૂત્રકારનું આમ કહેવું છે, કારણ એ અર્થ મને ગુરુપરમ્પરાથી મળેલો છે.' શંકરાચાર્યે જે અર્થ આપેલા છે તેના દાખલા અગીઆર કરતાં ઓછા નથી. અને આ ઉપરથી એવો નિર્ણય લાવી શકાય છે કે જો કે શંકરાચાર્યને બ્રહ્મસૂત્રના[3] લૌકિક અર્થની ખબર હતી તો પણ તે સૂત્રકારના પોતાના છે એમ તે માની શકતા નહિ. જ્યારે શંકરાચાર્ય માની શકતા નહિ ત્યારે આપણે તો ન જ માનીએ.

જે પ્રશ્ન પ્રો. વેબર અને બીજી તરફ પ્રો. ભાણ્ડારકર અને કીલહોર્નની વચ્ચે વિવાદનો વિષય થઇ પડયો છે તે પ્રશ્ન ઉપર શંકરભાષ્ય કાંઇક અજવાળું પાડે છે.[4] आचार्यः सुहृत्त्वान्वाचष्टे, पश्यति त्वाचार्यः આવા વાકયોમાં તેમ જ પતંજલિના મહાભાષ્યમાંનાં વાકયોમાં પણ 'आचार्य' શબ્દ કોને વાસ્તે મુકયો છે તે જ પ્રશ્ન છે. પ્રો. ભાણ્ડારકર અને કીલહોર્નનું કહેવું એમ છે કે એ વાકયોમાં 'आचार्य' એટલે પતંજલિ નહિ, પણ કાત્યાયન અથવા પાણિની છે. વેદાન્તસૂત્રભાષ્યમાં વાપરેલાં આવાં જ વાકયોથી આ વિષય ઉપર કાંઈક અજવાળું પડે છે. आचार्यः सुहृद् आचार्य. વિદ્યાર્થીના સુહૃદ-આ વાકય મ્હે ભાષ્યમાં બે સ્થળે જોયાં છે. નિસંદેહ બન્ને સ્થળે આચાર્ય એટલે સૂત્રકાર બાદરાયણ જ છે. વેદાન્તસૂત્રની ટીકા(૪-૧-૧૧)[5]માં પહેલો ફકરો છે. એમાં કહે છે કે જ્યારે જ્યારે મનની એકાગ્રતા થાય ત્યારે ત્યારે ધ્યાન ધરવું. કેટલાક પુસ્તકમાં ધ્યાન કયે સ્થળે ધરવું એ બતાવી શંકરાચાર્ય કહે છે કે ખરેખર આવી મર્યાદા હોય છે, પણ સુહૃદ્ ભાવથી આચાર્ય કહે છે કે હવે કંઈ જરૂરનું નથી. શંકરભાષ્યના ટીકાકાર સ્પષ્ટ રીતે કહે છે કે-सुहृद्भावेन सूत्रकृदुपदिशति- "સૂત્રકાર સુહૃદ્‌ભાવથી જ ઉપદેશ કરે છે." બીજો ફકરો ટીકા [6](૪,૩,૨)માં છે. એમાં શંકરાચાર્ય કહે છે કે आचार्य સુહૃદ્‌ભાવથી બ્રાહ્મણને ભિન્ન ભિન્ન પંથોની યોગ્ય ગોઠવણ વિસ્તારથી દર્શાવે છે.

---

૧ જુઓ ભાષ્ય, પુસ્તક ૧, પૃષ્ઠ ૧૦૪. (સૂત્ર ૧, ૧, ૭), પૃષ્ઠ ૨૮૪ (૧, ૩, ૨૭), પૃષ્ઠ ૪૫૮ (૨, ૧, ૧૫), પૃષ્ઠ ૫૮૯ (૨, ૨, ૩૫), પૃષ્ઠ ૫૯૭ (૨, ૨, ૪૦) પુસ્તક ૨, પૃષ્ઠ ૬૧૨ (૨, ૪, ૬), પૃષ્ઠ ૭૫૦ (૩, ૧, ૭), પૃષ્ઠ ૮૩૫ (૩, ૨, ૩૩), પૃષ્ઠ ૮૭૫ (૩, ૩, ૧૭), પૃષ્ઠ ૯૦૪ (૩, ૩, ૨૬), પુસ્તક ૨, પૃષ્ઠ ૮૧૨ (૩, ૨, ૨૧) માં જે બાબતના જૂદી રીતના અર્થ કરેલા છે અને જેનો સ્વીકાર શંકરે કરેલો નથી તેને હું સ્વીકારતો નથી. જુઓ વળી જ. બો. બ્રે. રો. એ. સો., પુસ્તક ૧૬, પૃષ્ઠ ૧૯૭.

૨ આગળના ટિપ્પણમાં જે બાબત છેલ્લી લીધેલી છે તેવી જ બાબત છે. જુઓ વળી પૃષ્ઠ ૯૬૩ (૩, ૩, ૫૭), પૃષ્ઠ ૧૧૨૪ (૪, ૩, ૧૪).

૩ કોલબ્રુક કૃત નિબંધો (પુ. ૧, પૃષ્ઠ ૩૩૧, મદ્રાસની આવૃત્તિ, થીબોટ-વેદાન્તસૂત્ર પૃષ્ઠ ૧૪,૮૬; ભગવદ્‌ગીતામાં મારા પોતાના વિચારો) પૃષ્ઠ ૩૦-૧ કોલબ્રુકની ટીકા સાધારણ રીતે ખરી છે. ઉપર કહેલા શ્લોક પ્રમાણે વિદ્વાનોની સંખ્યા એટલી જ હોવી ન જોઇએ. અને અર્થ પણ દરેક જણ ફેરવતા હોવા જોઇએ. આના દાખલા શંકરભાષ્યમાં અને ભામતિમાંથી મળી આવશે. જુવો પૃષ્ઠ ૫૨૧.

૪ જુઓ ઈંડિયન એંટીકવેરી, પુસ્તક ૫, પૃષ્ઠ ૨૪૮-૩૪૫; પુસ્તક ૬, પૃષ્ઠ ૩૦૩.

૫ જુઓ પુસ્તક ૨, પૃષ્ઠ ૧૦૭૩, કેટલાક ફકરાઓમાં શંકર બાદરાયણને સૂત્રકારના અભિધાનથી ઓળખાવે છે. જુઓ પુસ્તક ૧, પૃષ્ઠ ૧૪૦ (૧, ૧, ૨૩), પૃષ્ઠ ૧૪૮ (૧, ૧, ૨૪), પુસ્તક ૨, પૃષ્ઠ ૯૫૩ (૩, ૩, ૫૩), અને પૃષ્ઠ ૯૬૨ (૩, ૩, ૫૭) તેમ જ બીજે સ્થળે પણ.

૬ જુઓ પુસ્તક ૨, પૃષ્ઠ ૧૧૧૩.

બીજા એવા પણ ફકરા છે કે જેમાં **आचार्य** શબ્દ છે, પણ 'સુહૃદ્' શબ્દ વાપરેલો નથી. આનું વિસ્તારથી વિવરણ કરવું યોગ્ય નથી. સૂત્ર (૨,૩,૪૦)માં '**यथाच तक्षोभयथा,**' આ શબ્દો છે. પ્રાસ્તાવિક ટીકા કર્યા પછી **तदेतदाहाचार्यः यथाच तक्षोभयथा**—**શંકરે** આ શબ્દ વાપર્યા છે અને [1]સૂત્રના શબ્દો ઉપર ટીકા કરી છે. નિયમાનુસાર પ્રસ્તાવના આપ્યા પછી (૩,૧,૧) **સૂત્ર** ઉપર ટીકા કરતાં **શંકર** કહે છે કે **इत्येवं प्राप्ते पठत्याचार्यः तदनन्तरप्रतिपत्तौ रंहतिसंपरिष्वक्त इति ।**[2] આ છેલ્લા શબ્દો **સૂત્રની** શરુઆતમાં જ છે અને એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આચાર્ય એ સૂત્રકર્તા જ હોવા જોઇએ. આ દાખલો સંભારી રાખવા લાયક છે, કારણ કે **इत्येवं प्राप्ते पठति,** આ વાકય ભાષ્યમાં ઘણે સ્થળે આવે છે. કેટલાકમાં '**आचार्य**' શબ્દ નથી. વાકયોમાં જે ક્રિયાપદ આવે છે તેના કર્તા તરીકે સૂત્રકાર ગણવો એ આના ઉપરથી અનુમાન થાય છે. બીજો દાખલો સૂત્ર ૪,૨,૧[3] માં છે–'**वाङ्मनसि दर्शनाच्छब्दाच्च**' **શંકર** આનો અર્થ આમ કરે છે–'**वाग्वृत्तिर्मनसि संपद्यते,**' અને પ્રશ્ન કરે છે કે–'**कथं वाग्वृत्तिरिति व्याख्याते यावता वाङ्मनसीत्येवमाचार्यः पठति**' જ્યારે આચાર્ય '**वाक्**' શબ્દ વાપરે છે ત્યારે તમારે '**वाग्वृत्तिः**' વાપરવાનું શું કારણ છે ? આવી રીતે આચાર્યથી વિરુદ્ધ પડે છે. આવી રીતે દરેક ફકરા લેઈને વિવરણ કરવાને ઘણો વખત જોઈએ, પણ [4]ટિપ્પણમાં કેટલાક સૂચિત કર્યા છે. મ્હારે એટલું તો કહેવું જોઈએ કે જ્યાં જ્યાં **आचार्य** શબ્દ વાપરેલો છે ત્યાં આચાર્ય સૂત્રકારને વાસ્તે છે કેટલીક વખતે બાદરાયણનું નામ પણ સૂત્રમાંથી સૂચિત થાય છે. **શંકરાચાર્ય** ભાષ્યમાં તેને હમેશાં **बादरायणाचार्य** કહે છે. અને છેલ્લા **સૂત્રમાં** નીચેના શબ્દો છે–'**अत उत्तरं भगवान् बादरायणाचार्यः पठति** કેટલીક વખત **बादरि** અને બીજા વિદ્વાનોનું પણ સૂચન થાય છે અને તેમને ભાષ્યમાં **શંકર** '**बादरिराचार्यः जैमिनिराचार्यः**' વગેરે[5] નામ આપે છે. કેટલાકમાં તો "કર્તા" અધ્યાહાર રાખી "**पठति**" અથવા એવો જ બીજો શબ્દ આપેલો છે. આમાં **સૂત્રકારને** કર્તા તરીકે લેવાનો છે. આ ફકરાઓ જેમાંના થોડાક નીચેની ટિપ્પણીમાં આપ્યા છે[6] તેને **ઈંડિયન એન્ટીકવેરીના** પાંચમા પુસ્તકના ૨૫૦ મે પાને **પ્રો. કીલહોર્ને** આપેલા ફકરા સાથે સરખાવી શકાય એમ છે. કેટલીક વખત શબ્દ ફેર થાય છે "**पठत्याचार्यः**" ને બદલે **સૂત્રના** શબ્દની પહેલાં "**इत्येवं प्राप्ते ब्रूमः**" આ શબ્દો છે. આ ઉપરથી એમ અનુમાન કરવાનું નથી કે **इत्येवं** નો કર્તા **શંકરાચાર્ય** છે અને એથી "**आचार्य**" શબ્દ ત્રીજા પુરુષમાં એમને વાસ્તે જ મુકેલો છે. પહેલા વાકયમાં તો ટીકાકાર સૂત્રકાર અને ટીકાકારના સિદ્ધાંત મતવાદી તરફથી બોલે છે એમ માનવાનું છે. કેટલેક સ્થળે તો પ્રથમ પુરુષવાળું વાકય એકવચનમાં હો વા બહુવચનમાં હો તો પણ ટીકાકારને પોતાને જ[7] સૂચવે છે. એક સ્થળે ટીકાકાર પોતાને **भाष्यकृत्**[8] કહિ ત્રીજા પુરુષમાં મુકે છે.

પ્રો. વેબર, ભાણ્ડારકર અને **કીલહોર્નના** વિવાદમાં જે જે ફકરાઓ આપેલા છે તે અને અહિં આ સૂચવેલા ફકરાઓ ઘણા મળતા આવે છે. મ્હને એમ જણાય છે આ સરખામણીથી એટલો નિર્ણય આણી શકાય છે કે વાકયો અને શબ્દો જે પ્રસ્તુતકાર્યને અર્થે આપેલા છે તે પારિભાષિક ભાષાનો

---

૧ જુઓ પુસ્તક ૨, પૃષ્ઠ ૬૭૫. ૨. જુઓ પુસ્તક ૨, પૃષ્ઠ ૭૪૧. ૩ જુઓ પુસ્તક ૨, પૃષ્ઠ ૧૦૮૮.

૪ જુઓ પુસ્તક ૧, પૃષ્ઠ ૯૧ (૧–૧–૪), પૃષ્ઠ ૨૯૯ (૧–૩–૩૦), પૃષ્ઠ ૩૬૮ (૧–૪–૧૨), પૃષ્ઠ ૩૭૪ (૧–૪–૧૪), પૃષ્ઠ ૪૯૬ (૨–૧–૩૭), પૃષ્ઠ ૬૦૨ (૨–૨–૪૨), પુસ્તક ૨, પૃષ્ઠ ૭૩૬ (૨–૪–૨૦), પૃષ્ઠ ૮૪૪ (૩-૩-૧), પૃષ્ઠ ૮૬૮ (૩–૩–૧૩), પૃષ્ઠ ૮૯૦ (૩–૩–૨૪), પૃષ્ઠ ૧૦૧૯ (૩–૪–૩૪), પૃષ્ઠ ૧૧૨૩ (૪–૩–૧૪).

૫ ન્યાયસૂત્રના કર્તા ગૌતમને પણ શંકર આચાર્ય કહે છે, પુ. ૧, પૃષ્ઠ ૬૭ (૧,૧,૪); જુઓ વળી શબરસ્વામિન, પુ. ૨, પૃષ્ઠ ૯૫૩, (૩, ૩, ૫૩) અને વૃદ્ધ ગુરુ ગૌડપાદ, જ. બો. બ્રે. રા. એ. સો, પુ. ૧૭, પૃષ્ઠ ૧૯૮.

૬ જુઓ પુસ્તક ૧, પૃષ્ઠ ૨૬૦ (૧–૩–૧૮), પૃષ્ઠ ૪૦૧ (૧–૪–૨૫) [સૂત્રકારે ધારેલો અર્થ સ્પષ્ટ કરવાને ગોવિંદાનંદ ઉપરની ટીકાની નોંધ લઈ શકાય.]; પુસ્તક ૨, પૃષ્ઠ ૯૦૬ (૩–૩–૨૭), પૃષ્ઠ ૯૧૧ (૩–૩–૩૧), પૃષ્ઠ ૯૨૦ (૩–૩–૩૪), પૃષ્ઠ ૯૩૧ (૩–૩–૪૦), પૃષ્ઠ ૯૪૬ (૩–૩–૪૮), પૃષ્ઠ ૯૮૪ (૩–૪–૧૧).

૭ જુઓ પુસ્તક ૨, પૃષ્ઠ ૬૭૬ (૩–૩–૪૦), પૃષ્ઠ ૭૯૭ (૩–૨–૯), પૃષ્ઠ ૮૭૪ (૩–૩–૧૭).

૮ પુસ્તક ૨, પૃષ્ઠ ૯૫૩ (૩–૩–૫૩).

એક ભાગ છે એટલે કે આવી વખતે ઉપયોગી થઈ પડે એવા છે[1] અને જો આમ હોય તો પતંજલિ મહાભાષ્યમાં આવેલા **आचार्य** શબ્દના અર્થ સારૂ **પ્રો. ભાણ્ડારકર** અને **વેબરને** નિર્ણય અર્થે જે વિરોધ પડ્યો છે તે નિર્ણયનું દૃઢીકરણ[2] થાય છે. મહાભાષ્યના ઇતિહાસને અર્થે નિર્ણય લાવનાર સાધનો અને સ્થિતિ વિગેરેનું અહિં વિવેચન કરવું ઉચિત નથી.

આજનો વિષય પૂરો કરતાં પહેલાં **ડૉ. થીબોટના શારીરક** ભાષ્યના ભાષાંતરના ઉપોદ્ઘાતથી સૂચિત થયેલી એક વાત કહું છું. **ડૉ. થીબોટ** કહે છે કે **દ્રાવિડાચાર્ય** પણ વેદાન્તના[3] ટીકાકારમાંનો એક હતો. **શારીરકભાષ્યમાં** એનું નામ નથી, પણ **ભામતી** [4]૧,૧,૪માં **વાચસ્પતિમિશ્રે** એમનું સૂચન કરેલું છે. **છાન્દોગ્ય** ઉપનિષદ્‌ની ટીકામાં **આનંદગિરિએ** પણ એનું નામ આપ્યું છે ત્યાં એમ કહે છે કે એના એ ઉપનિષદ ઉપર **દ્રાવિડાચાર્યનું** ભાષ્ય હતું, તો **શંકરાચાર્યના** ભાષ્યની શી જરૂર હતી? એનો ઉત્તર પણ તે પોતે આપે છે. જરૂર માત્ર એટલી કે **શંકરભાષ્યમાં**[5] ટુંકામાં સર્વનો સમાવેશ હતો. **મિ. થીબોટના** આપેલા ફકરા જોડે આ બન્નેને સરખાવતાં એમ જણાશે કે જે મતના **શંકર** હતા તે જ મતના **દ્રાવિડ** પણ હતા. **મિ. થીબોટ** કહે છે કે વેદાંતના ભાષ્ય ઉપર **રામાનુજ, દ્રાવિડભાષ્યમાંથી** વખતો વખત ઉદાહરણ આપે છે. આ બન્ને જૂદા જૂદા લેખકોનું છે એમ ધારી શકવાને પુરતાં કારણો ન હોવાથી એમ જણાય છે કે **શંકરના** સમયમાં **દ્રાવિડભાષ્ય** જુના કાલનું ગણાતું હોવું જોઇએ.—**કે. ટી. તેલંગ, એમ. એ.** જ. રો. એ. સો., પુસ્તક ૧૮, અંક ૪૮. (૧૪ થી જુલાઈ સને ૧૮૯૦).

---

૧ જે વાક્યો પતંજલિના મહાભાષ્યમાં આપેલા છે તે વેદાન્તસૂત્ર ભાષ્યમાં પણ છે—अवश्यं चैतदेवं विज्ञेयम्; પુ. ૨, પૃષ્ઠ ૭૫૫ (૩, ૧, ૮), વળી विषम उपन्यासः જુઓ પુ. ૧, પૃષ્ઠ ૩૧૧ (૧, ૩, ૩૩). અને अपर आह (પ્રો. ભાણ્ડારકર, ઇન્ડ.એંટી., પુ. ૫, પૃષ્ઠ ૩૪૬n.) શંકરના ભાષ્યમાં પણ ઠેકાણે ઠેકાણે પણ માલુમ પડે છે, જુઓ પુ. ૧, પૃષ્ઠ ૧૫૦ (૧,૧,૨૫), પૃષ્ઠ ૧૫૩ (૧, ૧, ૨૭), પૃષ્ઠ ૧૮૪ (૧,૨,૧૨), પૃષ્ઠ ૨૨૮ (૧,૩,૧), પૃષ્ઠ ૨૪૭ (૧,૩,૧૩). મારે કહેવું જોઇએ કે સૂત્ર ૧,૩,૩૯ અને ૧,૩,૩૪ વડે ભામતિ मण्डूकप्लुति નામ આપે છે. ભાષ્યની પદ્ધતિવાસ્તે જુઓ જર્નલ બો. બ્રે. રો. એ. સો., પુ. ૧૬, પૃષ્ઠ ૨૬૬. પુ. ૧, પૃષ્ઠ ૫૭ મે પાને કેટલાક વિરુદ્ધ પક્ષવાળાઓનું સૂચન કરે છે अत्र अपरे प्रत्यवतिष्ठन्ते ટીકાકાર ગોવિન્દાનંદ એનો અર્થ—वृत्तिकाराः पूर्वपक्षयन्ति કહે છે. વાચસ્પતિમિશ્ર (ભામતિ, પૃષ્ઠ ૮૨) એ જ વાક્યને બતાવતાં કહે છે કે आचार्यदेशीयानां मतमुत्थापयति. ભામતી, પૃષ્ઠ ૨૮૬. તેમ જ ગોવિન્દાનંદ, પુ. ૧, પૃષ્ઠ ૩૪૩. મહાભાષ્યમાં આવેલા आचार्यदेशीयः શબ્દ ઉપર કંઇક અજવાળું પાડે છે. આના ઉપર પ્રો. ભાણ્ડારકર, ગોલ્ડસ્ટકર અને વેબરને વિવાદ થયો હતો. જુઓ ઈં. એન્ટી., પુ. ૨, પૃષ્ઠ ૯૬. કાત્યાયન અને પતંજલિ વિશે લખતાં आचार्यदेशीय ઉપર ડા. કીલહોર્ન ટીકા કરે છે—જુઓ પૃષ્ઠ ૫૨ નું ટિપ્પણ. એમાં કેટલોક ફેરફાર કરવો જોઈએ. પણ ભામતિમાંના ફકરાથી એમ સિદ્ધ થાય છે કે आचार्यदेशीय (પૃષ્ઠ ૫૪) નો અર્થ ડા. કીલહોર્ને सिद्धान्तैकदेशी કર્યો છે તે ખરો છે. પ્રો. વેબરે જે અર્થ કર્યો છે તે મને ખરો લાગતો નથી.

૨ જુઓ સાબર ભાષ્ય (બિબ્લીઓથિકા ઇંડિકા) પૃષ્ઠ ૧ જેમાં ચોખ્ખી રીતે જૈમિનીને આચાર્ય કહ્યા છે. પૃષ્ઠ ૨૦૯-૧૦ શિવાય એ ભાષ્યમાં 'આચાર્ય' એવું લખેલું બીજે કોઈ ઠેકાણે જોવામાં આવ્યું નથી, (જ્યાં बादरिराचार्यः, जैमिनिराचार्यः એવું ઉપરના મૂળમાં જે બતાવ્યું છે એ પ્રમાણે છે.) જુઓ વળી પૃષ્ઠ ૩૨૦. પૃષ્ઠ ૭૨-૩ માં જે વાક્ય છે તેનો અહિં સંબંધ નથી. આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે પૃષ્ઠ ૧૭માં જે વાક્ય अपर आह છે તે આ પૃષ્ઠની ૧ લી ટિપ્પણીમાં છે.

૩ જુઓ અવતરણ, પૃષ્ઠ ૧૧-૧૨.

૪ જુઓ પૃષ્ઠ ૯૨ (બીબ્લીઓથિકા ઇંડિકા આવૃત્તિ.)

૫ જુઓ પૃષ્ઠ ૧ (બીબ્લીઓથિકા ઇંડિકા) ગૌડપાદની કારીકા ઉપરની ટીકામાં શંકર કહે છે કે सिद्धं तु निवर्तकत्वादित्यागमविदां सूत्रम् ॥ અને આનંદગિરિ એના ઉપર ટીકા કરતાં કહે છે કે उक्तेर्थे द्रविडाचार्यसंमतिमाह ॥ જુઓ પૃષ્ઠ ૮૯. કાથવટેએ શોધન કરેલી આનંદાશ્રમની માણ્ડૂક્ય અને ગૌડપાદ ઉપરની ઉત્તમ આવૃત્તિ.

ધર્મકીર્તિ અને શંકરાચાર્ય.

ઇન્ડીઅન એન્ટીકવેરીના બારમા પુસ્તકના ૧૭૪મે પાને 'શંકરાચાર્યનો સમય' એ નામનો વિષય મેં લખ્યો છે. એમાં હસ્તલેખમાંના ફકરા આપ્યા છે. એ હસ્તલેખમાં તત્વજ્ઞાનીનો જન્મ શક ૭૧૦ એટલે ઈ. સ. ૭૮૮ માં થયો છે એમ દર્શાવ્યું છે. આ સમય બરાબર છે એમ ડૉ. માક્ષ મૂલેરે[1] જણાવ્યું છે. ઈન્ડીઅન એન્ટીકવેરી, પુસ્તક ૧૩, પૃષ્ઠ ૯૬ મે મિ. કે. ટી. તેલંગ આ વિચારથી ભિન્નમત થયા છે. મારૂં એમ માનવું છે કે એમણે આ સૌસાયટી આગળ પ્રસ્તુત વિષયના સંબંધમાં ઘણા નિબંધો વાંચ્યા છે; અને એક પણ નિબંધમાં પોતાનો વિચાર ફેરવ્યો હોય એમ જણાતું નથી. પહેલા જ નિબંધમાં એમના કહેવાનો ભાવ આવી ગયો છે. તેઓ શંકરાચાર્ય છઠ્ઠા સૈકામાં થયાનું કહે છે. આને વાસ્તે એમણે જે જે કારણો આપ્યાં છે તેનો વિચાર કરવાનું કાર્ય યોગ્ય સમયને વાસ્તે મુલતવી રાખુંછું. એમનો પ્રશ્ન આ છેઃ-કેરલોત્પત્તિ જેવો ગ્રંથ જેમાં શંકરાચાર્યનો જન્મ ઇ. સ. ૪૦૦ માં થયો એમ જણાવે છે, એ ગ્રન્થમાં આપેલાં પ્રમાણો કયા ઐતિહાસિક કારણોની સહાયતાથી નાકબુલ કરવાં? આ પ્રશ્નનો યોગ્ય અને ઉત્તમ ઉત્તર આજના વિષયમાં છે. ઈંડિઅન એન્ટીકવેરીના ચૌદમા પુસ્તકના ૬૪ મે પાને સંસ્કૃત હસ્તલેખો ઉપર ડા. ભાણ્ડારકરના આવેદન-પત્ર(report)નું નિરૂપણ કરતાં ડૉ. બ્યુલરે લખ્યું છે કે "શંકરાચાર્યના સમયના સંબંધમાં વધારે વિવેચન કરવું અયુક્ત છે." પરંતુ આવા આસ્રજનના બોધથી કંઇ પણ અસર થઇ નથી. વળી ઇન્ડીઅન એન્ટીકવેરીના ૧૬ મા પુસ્તકના ૪૧ મે પાને મિ. ફ્લીટ જણાવે છે કે શંકરાચાર્ય અને નેપાલનો રાજા વૃષદેવ સમકાલિન હતા, અને ડૉ. ભગવાનલાલના કહેવા પ્રમાણે વૃષદેવ ઇ. સ. ૨૬૦ માં થયો. આ સમય આકાલિક છે એમ ફ્લીટનું કહેવું છે, અને પોતે કરેલી નેપાલવંશાવલિની સંશોધના પ્રમાણે વૃષદેવનો સમય ઇ. સ. ૬૩૦-૫૫ માં આણ્યો છે. અને જો આમ હોય તો જ નેપાળની દંતકથા-જે વૃષદેવ અને શંકરાચાર્ય સમકાલિન હતા એમ દર્શાવે છે-તે દંતકથા-ઉપર આધાર રાખી શકાય. 'માલતિમાધવ'ના હસ્તલેખમાં દશ અંકમાંના બે અંકના કોલોફન-વલણ (colofhon)માં એમ જણાવ્યું છે કે ભવભૂતિ કુમારિલ સ્વામિના શિષ્ય હતા. મિ. શંકર પાંડુરંગ પંડિત કુમારિલ અને શંકરના સમયના નિર્ણયને સારૂં આવા સંજ્ઞાહીન લેખ ઉપર આધાર રાખે છે અને "શંકરાચાર્ય આડી રીતે કુમારિલનું સૂચન કરે છે." કહે છે કેલબ્રુક, આ ઉક્તિની સત્યતાનો વાંધો લે છે. ગઉડવહો નામના ગ્રંથની પ્રસ્તાવનામાં મિ. પંડિત કહે છે કે-"શંકરાચાર્યના જેટલા ગ્રન્થો (શારીરક ભાષ્ય, દશ ઉપનિષદ્‌ના ભાષ્ય અને ગીતાભાષ્ય) પ્રસિદ્ધ છે તેટલા સૂક્ષ્મતાથી વાંચતાં શંકરાચાર્યે, કુમારિલભટ્ટનું અથવા તેમના ગ્રન્થનું કંઇ પણ સૂચન કર્યું હોય એમ જણાતું નથી"—તો પણ એટલું તો સહજ જણાય છે કે જે મનુષ્ય સુરેશ્વરની ટીકાની સહાયતાથી બૃહદારણ્યકભાષ્ય[2] શીખ્યો તે આવી મોટી ભૂલ કરે એ સંભવતું નથી; કારણ બૃહદારણ્યકવાર્તિકમાં કુમારિલ અને પ્રભાકરના વિરુદ્ધ મતો દર્શાવ્યા છે અને શંકરાચાર્ય પોતે જ [3]ઉપદેશસહસ્રીમાં કુમારિલનું સૂચન કરે છે.

સત્ય વાત તો એ જ છે કે શંકરાચાર્યના ગ્રંથો, વિષયના પ્રમાણમાં જેટલી કાળજીથી વાંચવા જોઈએ તેટલી કાળજીથી વંચાયા નથી. સુરેશ્વરાચાર્ય અને વાચસ્પતિમિશ્રની ટીકાઓ-જે પહેલી થઇ હતી-તે ક્વચિત્ જ વાંચવામાં આવે છે. સુરેશ્વરાચાર્ય શંકરાચાર્યનો સમકાલિન અને પ્રસિદ્ધ શિષ્ય હતો અને સુરેશ્વર પછી શંકરાચાર્યનો મત પ્રદર્શિત કરનાર, વાચસ્પતિમિશ્ર જેવો અન્ય નહાતો.

---

૧ માક્ષ મૂલર કૃત ઇંડિયા, પૃષ્ઠ ૩૬૦.

૨ બૃહદારણ્યકવાર્તિક, પ્રકરણ ૬, આનંદાશ્રમ હસ્તલેખ, પૃષ્ઠ ૨૨૬a.

૩ ઉપદેશસહસ્રી, શ્લોક ૧૩૯-૪૦.

સાંખ્યતત્ત્વકૌમુદીમાં **વાચસ્પતિમિશ્રે** **રાજવાર્તિક**માંથી ઉતારો કર્યો છે. **આધારણ્યયતિના** શિષ્ય–**શ્રી**ભારતિ[1] આને–**ભોજ**રાજવાર્તિક અથવા **ભોજ**રાજનું વાર્તિક (ઈ. સ. ૯૯૩) માને છે. **વા**-ચસ્પતિના '**ભામતી**' પુસ્તક ઉપર વ્હેલામાં વ્હેલી ટીકા **યાદવ**વંશી **કૃષ્ણ**રાજના સમયમાં થઈ છે. કલ્પતરુની પ્રસ્તાવનામાં **અમલાનંદ** કહે છે કે–"શ્રીમાન્ **જૈત્ય**દેવ, જેણે પોતાની કીર્તિના પ્રભાવે **યાદવ**વંશને પ્રસિદ્ધિમાં આણ્યો તે **જૈત્ય**દેવનો પુત્ર **કૃષ્ણ** જ્યારે **મહાદેવ**ની જોડે રાજ્ય ચલાવતો ત્યારે આ ગ્રન્થ લખવો શરૂ કર્યો હતો." ઈંડિયન **એંટીકવેરી**ના ૧૪ મા પુસ્તકના ૬૮ મે પાને આ રાજાનો લેખ શક ૧૧૭૦માં પ્રસિદ્ધ કર્યો છે. તેણે ઇ. સ. ૧૨૪૭–૬૦ સુધી રાજ્ય કર્યું છે.[2]

આપણે એટલું પણ જાણીયે છીએ કે **વાચસ્પતિમિશ્ર** ઉદયનાચાર્યની પહેલાં થયો; કારણ કે ઉદયનાચાર્યે, **વાચસ્પતિમિશ્ર**ના એક ગ્રન્થ ઉપર **તાત્પર્યપરિશુદ્ધિ** નામની ટીકા લખી છે. તાડ-પત્ર ઉપર લખેલા આ ટીકાના હસ્તલેખમાં સંવત ૧૩૦૪ એટલે ઈ. સ. ૧૨૪૮નો[4] સમય આપ્યો છે અને ૧૩[3] માં સૈકામાં **બૌદ્ધધર્મ** **હિંદુસ્તાન**માંથી તદ્દન નાબુદ થયો હતો અને ઉદયનાચાર્યના સમયમાં એ ધર્મ ચાલતો હતો તથા એ **બૌદ્ધધર્મ**માં નીચામાં નીચા વર્ગનો મનુષ્ય જઈ શકે છે એ વિચારથી પોતે તે ધર્મને ધિક્કારે[5] છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે એણે ૧૨મા સૈકામાં ટીકા લખી હશે. **વાચસ્પતિમિશ્ર** જે ઉદયનાચાર્યની પહેલાં થયો તેને જો ૧૧મા સૈકામાં મુકિયે તો છેક ખોટું નથી.

એ વાત તો પ્રસિદ્ધ છે કે **શારીરકભાષ્ય**ના જે ભાગમાં **શંકરાચાર્યે** **બૌદ્ધધર્મ**ના **યોગાચાર** મત વિશે લખે છે તે ભાગનું સ્પષ્ટીકરણ કરતાં '**ભામતી**'નો કર્તા વખતો વખત **ધર્મકીર્તિ**નું સૂચન કરે છે. આ ઉપરથી અનુમાન થાય છે કે જે **શંકરાચાર્યે** પોતાના ગ્રન્થમાં જેના મતોનો પ્રતિક્ષેપ કરે છે તે એક નામાંકિત **બૌદ્ધ** તત્ત્વવેત્તા હતો. **બૃહદારણ્યકવાર્તિક**માંથી મળી આવેલા ફકરાથી આ અનુમાનનું દૃઢીકરણ થાય છે. એમાં **શંકરાચાર્ય**નો સમકાલિન અને શિષ્ય **સુરેશ્વરાચાર્યે**, **ધર્મ**-કીર્તિનું નામ આપે છે એટલું જ નહિ પણ તેના ઉપર હુમલો કરે છે.

હવે **ટિબેટ** અને **ચીન** તરફથી આ પ્રસિદ્ધ **બૌદ્ધ** ગ્રન્થકાર વિષે શું શું મળી આવે છે તેનો વિચાર કરીએ. **ચીન**નો પ્રવાસી ઇત્સિંગ,[6] જે સાતમા સૈકાના અંતમાં અહિં આવ્યો હતો તેણે પોતાની મુસાફરીનો હેવાલ **ચીન** ગયા પછી ઈ. સ. ૬૯૫ માં પ્રસિદ્ધ કર્યો હતો. આ આનંદજન્ય ગ્રન્થ આપણને મળ્યો છે. સન ૧૮૮૮ના **નવેમ્બર–ડીસેમ્બર**ના **એશીયાટિક** જર્નલમાં આ ગ્રન્થમાંના કેટલાક ભાગનું **ફ્રેન્ચ**[7] ભાષાંતર આવ્યું હતું. એમાં એમ જણાવ્યું છે કે **ધર્મકીર્તિ** ઈત્સિગનો સમકાલિન હતો. અને ઈત્સિંગ ઇ. સ. ૭૦૩ માં મૃત્યુ પામ્યો હતો. **ધર્મકીર્તિ** સાતમા સૈકાના પ્રથમ ભાગમાં હોવો જોઇએ

ટિબેટનો **બૌદ્ધ** લેખક **તારાનાથ** લખે છે કે "**ટિબેટ**ના રાજા **સ્રોત્સંગમ્પો** જે ઇ. સ. ૬૧૭ માં જન્મ્યો હતો અને જેણે ૬૨૯–૯૮ સુધી રાજ્ય કર્યું તેના વખતમાં **ધર્મકીર્તિ** થયો." આ સમયના સંબંધે કંઇ પણ સંદેહ[8] નથી, કારણ કે આ રાજા એક **ચીન**ની રાજકુંવરી સાથે પરણ્યો હતો અને તે સાલ નક્કી છે. આ ઉપરથી જણાય છે કે **ટિબેટ** અને **ચીન**ના લેખકો **ધર્મકીર્તિ**ને સાતમા સૈકામાં થયો એમ ઠરાવવાને એકમત છે.

---

૧ સાંખ્યતત્ત્વકૌમુદીની ટીકા (કાશીમાં છપાયેલી આવૃત્તિ). ૨ *Early History of Dekkan*, પૃષ્ઠ ૮૬–૮૭.
૩ દખન કોલેજ સંગ્રહ, નંબર ૨૮, સન ૧૮૮૦–૮૧. ૪ મોનીઅર વિલ્યમ્સ કૃત બૌદ્ધધર્મ, પૃષ્ઠ ૧૭૦.
૫ આત્માતત્ત્વવિવેક, કલકત્તાની આવૃત્તિ, પૃષ્ઠ ૯૩. ૬ *India: What it can teach us?*, પૃષ્ઠ ૨૧૦.
૭ *Indian Antiquary*, પુસ્તક ૧૯, પૃષ્ઠ ૩૧૯. ૮ બર્નેલ કૃત સંવિધાન બ્રાહ્મણની પ્રસ્તાવના.

આઠમા સૈકાના દિગમ્બર સાહિત્યના અધ્યયનમાંથી પણ એ જ નિર્ણય થાય છે. આનું કારણ એમ છે કે દિગમ્બર જૈન લેખકોએ ધર્મકીર્તિને વિશે જે જે વિચારો દર્શાવ્યા છે તે જ વિચારો કુમારિલભટ્ટ, શંકરાચાર્ય અને સુરેશ્વરાચાર્યે પણ વિવિક્ત કર્યા છે. આ પુરાવાનું વિવેચન કરતાં વાર થાય એમ છે તેટલા માટે એને વિશે જુદો જ વિષય લખવાની જરૂર છે. સંસ્કૃત સાહિત્યમાં ધર્મકીર્તિની પદવી અદ્વિતીય છે. એના ગ્રન્થો વખતો વખત ઉપયોગમાં આવે છે તેમજ ટિબેટના બૌદ્ધ મંદિરોમાંથી સંસ્કૃત અથવા ભાષાંતરમાં એના ગ્રન્થો કદાપિ મળી આવે તો એ વિસ્મયકારક નથી.

જે ફકરામાં સુરેશ્વરાચાર્યે ધર્મકીર્તિના ત્રિલક્ષણ હેતુનું અવસ્કંદન કરે છે તે ફકરો જો કે મોટો છે તો પણ આનંદજન્ય છે. એમાંનો થોડોક ભાગ અને તેનું ભાષાંતર પણ નીચે આપ્યાં છે. સુરેશ્વરનો એવો અભિપ્રાય છે કે 'પર્વતમાં વન્હિ (દેવતા) છે, કારણ ધૂમ છે, આટલી જ ઉક્તિ નિર્દોષ અર્થ દર્શાવવાને પુરતી છે. પરંતુ જો કોઈ પણ મનુષ્ય આમાં શંકા લાવતો હોય તો 'જ્યાં જ્યાં ધૂમ છે ત્યાં ત્યાં વન્હિ (દેવતા) છે, અને જ્યાં જ્યાં ધૂમ નથી ત્યાં ત્યાં વન્હિ નથી' એ પરિસ્ફુટ અને નિષેધાર્થક ઉક્તિઓથી તે શંકા અવિચ્છિન્ન થાય છે. ત્યારે ધર્મકીર્તિ જણાવે છે કે આ વિચારો નિરૂપયોગી છે અને બૌદ્ધધર્મના ત્રિલક્ષણ હેતુ-અનન્યતા, કારણત્વ અને અનુપલબ્ધિ-આ ત્રણમાં જ સતત સંયોગ છે. સુરેશ્વરાચાર્યે પરિસ્ફુટ અને નિષેધાર્થક ઉક્તિઓ નિરુપયોગી છે એમ કહે છે. પણ નીચેના શ્લોકોમાં ધર્મકીર્તિના ત્રણ હેતુમાં જે અનુપપત્તિ છે તે બતાવવા યત્ન કર્યો છે.

उत्पन्न एव ज्ञाने तु तत्संदेहनिवृत्तये । अन्वयव्यतिरेकौ स्तो न ताभ्यामनुमेयधीः ॥
संदेहनिर्णयादन्यत्स्वभावादि यदुच्यते । तस्यानुमित्यनंगत्वात्प्राप्तं तत्तुषकंडनम् ॥
अविनाभावसिद्ध्यर्थं नन्विदं वर्ण्यते त्रयम् । त्रिष्वेव त्वविनाभावान्नदंतैरपि कीर्तितम् ॥
स्वभावादविनाभावे स्यादौष्ण्यस्याग्निलिंगता । स्वभावेऽथाविनाभावात्कार्ये प्राप्ता स्वभावता ॥
औष्ण्यस्वभावो दृष्टोऽग्निस्तस्यान्यत्रापि दर्शनात् । क्षितितोयाग्निमरुतां दृष्टा स्पर्शस्वभावता ॥
मतं चेदं स्वभावोसौ योऽनेकार्थप्रवृत्तिमान् । धवादावपि तद्वृत्तेर्वृक्षात्मा शिंशपा न हि ॥
शिंशपा वृक्ष एवेति ह्यविनाभावकारणात् । क्षणिकत्वं न भावानां स्वभावः स्यात्तथा सति ॥
तस्यानेकार्थशायित्वादहेतुत्वं प्रसज्यते । क्षणिकत्वं यदैकस्य तदासाधारणात्मता ॥
हेतोः साधारणात्मत्वं यदानेकस्य तन्मतम् । अग्नेर्धूमाच्च धूमस्य कार्यत्वस्य समीक्षणात् ॥
अनेकांतिकता हेतोः कार्यत्वस्येह सज्यते । यदि नाम सदा स्पर्शो वाय्वादावपि वर्तते ॥
नैतावता भवेल्लोके गौरस्पर्शस्वभाविका । भुवो हि स्पर्शवत्त्वस्य लोकेऽस्मिन्सुप्रसिद्धितः ॥
किंचाप्यव्यभिचारेण स्वभावत्वं विवक्षतः । स्वभावान्नैव संसिध्येद्वस्तुनोऽव्यभिचारिता ॥
त्रिष्वेव त्वविनाभावादिति यद्धर्मकीर्तिना । प्रत्यज्ञायि प्रतिज्ञेयं हीयेतासौ न संशयः ॥
तथैवाव्यभिचारेण स्वभावत्वं विवक्षतः । पुरैवाव्यभिचारस्य संसिद्धेः किं ततः परम् ॥
स्वभावहेतुना साध्यं वद यत्ते विवक्षितम् ।

(બૃહદારણ્યકવાર્તિક, પ્રકરણ ૬, પૃષ્ઠ ૩૯, દક્ષિણ કોલેજ હસ્તલેખ, નંબર ૪૬૩, સન ૧૮૮૨-૮૩.)

અર્થ-જ્યારે જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે અન્વય અને વ્યતિરેક સંદેહ દૂર કરે છે, પણ જ્ઞાન ઉત્પન્ન કરતું નથી. આવી રીતે સંદેહનો નિર્ણય થયા પછી અન્યત્સ્વભાવાદિ ત્રણ હેતુઓ અનુમિતિમાં કંઈ પણ કામ ન આવવાથી તુષકંડનની પેઠે નિરૂપયોગી થઈ પડે છે. અહિં એવો વાંધો ઉઠાવી શકાય કે આ ત્રણ અવિનાભાવની સિદ્ધિને અર્થે આપેલાં છે. બૌદ્ધ પણ કહે છે કે એ ત્રણમાં જ અવિનાભાવની સિદ્ધિ છે. જો અવિનાભાવમાં સ્વભાવ હોય તો ઉષ્ણતા પણ અગ્નિનો સ્વભાવ ગણાય. જો સ્વભાવમાં અવિનાભાવનો સમાવેશ થતો હોય તો કાર્યમાં જ સ્વભાવ છે. ઉષ્ણતા એ

અગ્નિનો સ્વભાવ છે અને અન્યત્ર જેમકે સૂર્યમાં પણ એ સ્વભાવ છે, અને ક્ષિતિ, પાણી, અગ્નિ અને વાયુમાં સ્પર્શનો સ્વભાવ છે, જે સ્વભાવ અનેકમાં છે તે તેમાંના એકમાં ન હોય તો શિંશપ અને ધાવડો બન્ને વૃક્ષો હોવાથી શિંશપના ગુણ, વૃક્ષના ગુણની જોડે એક હોવાથી વૃક્ષત્વ એકલા શિંશપને લાગુ પડી શકતું નથી. ભાવનું ક્ષણિકત્વ એ સ્વભાવ છે એમ કહિ શકાય નહિ. અનેકમાં હોવાથી તે હેતુ ગણાતો નથી; ક્ષણિકત્વ માત્ર એકને જ હોય છે. જ્યારે તે અનેકને લાગુ પડે છે ત્યારે સાધારણત્વ કહેવાય છે. ધૂમ એ અગ્નિ એકલાનું જ પરિણામ છે અને અગ્નિ પૂર્વ ભાગના ધૂમનું પણ પરિણામ છે. અહિંઆં એક જ કારણથી કાર્યત્વ થયું નથી. જો વાયુ વગેરેમાં સ્પર્શ સ્વાભાવિક હોય તો આટલાથી ક્ષિતિમાં સ્પર્શનો સ્વભાવ નથી એ નિર્ણય કરવાને બસ નથી, કારણ ક્ષિતિનો સ્પર્શસ્વભાવ સુપ્રસિદ્ધ છે. જે પુરુષ સંયોગ ઉપર જ સ્વભાવ વિશે વિચાર બાંધે છે તે ' સ્વભાવ ' માંથી જ આ નિર્ણય લાવી શકતો નથી. ધર્મકીર્તિનું કહેવું-ત્રણમાં જ અવિનાભાવ છે-એ નિઃસંદેહ ખોટું ઠરે છે.

જે ભાગમાંથી ઉપલો ઉતારો લીધો છે તે ગ્રન્થમાં સુરેશ્વર આત્માના અસ્તિત્વનું પ્રતિપાદન કરે છે. બૌદ્ધધર્મ એકલા હિંદુસ્તાનમાં જ પ્રસર્યો હતો એટલું જ નહિ પણ પૂર્વ દિશામાં પણ પ્રસર્યો હતો તેમાં આત્માનું અસ્તિત્વ માન્ય નથી. તેણે પોતાના સમયમાં પ્રસરેલા બૌદ્ધધર્મનું, એમાંથી થયેલા ચાર મતો-માધ્યમિક, યોગાચાર, સૌત્રાંતિક, વૈભાષિક-એ ચાર મતોનું, નિરીક્ષણ કર્યું છે. આ વિશે શંકરાચાર્યે લખ્યું પણ છે. બૃહદારણ્યકવાર્તિકનો આ ભાગ શારીરકભાષ્યના અમુક ભાગને વાસ્તે ટીકારૂપ થઇ પડે એમ છે. આમ જોતાં શંકરાચાર્યના સમકાલિન અને જેની બુદ્ધિએ તે વખતના સાહિત્યને દેદિપ્યમાન કર્યું હતું તેવાની કલમથી લખાયેલું હોવાથી એ અમૂલ્ય ગણાય એમ છે. બૌદ્ધધર્મનું નિરૂપણ ઉપર આપેલા શ્લોકમાં થોડુંક આવી જાય છે અને એમાં ધર્મકીર્તિના મતોની ટીકા વિવેકની સાથે કરી છે. 'બૃહદારણ્યકવાર્તિકના ટીકાકાર આનંદજ્ઞાને પોતાનું કામ સારી રીતે બજાવ્યું છે, અને એણે ધર્મકીર્તિ-જેને પોતે કીર્તિ કહે છે'—તેમાંથી વખતો વખત ઉતારા લીધા છે. અહિં એટલું પણ જણાવવું જોઈયે કે બૌદ્ધતત્ત્વજ્ઞાનીને પણ, દિગમ્બર જૈન લેખક વિદ્યાનંદ પત્રપરીક્ષામાં કીર્તિ કહે છે. નીચેના ફકરામાં ધર્મકીર્તિમાંથી[1] ઉતારો છે. એમ આનંદજ્ઞાન કહે છે.

> सर्वस्य ज्ञानमात्रत्वात्तदान्यासंभवत्वतः ॥
> तस्यैव ज्ञानमात्रस्य ग्राह्यग्राहकलक्षणम् । मलं प्रकल्प्य तत्स्वास्थ्यं शुद्धिं व्याचक्षतेऽपरे ॥
> अभिन्नोपि हि बुद्ध्यात्मा विपर्यासितबुद्धिभिः । ग्राह्यग्राहकसंवित्तिभेदवानिव लक्ष्यते ॥

આ ઉપર આનંદજ્ઞાનની ટીકા નીચે પ્રમાણે છે:—

अपर इति विज्ञानवादिनामेवोक्तिः ग्राह्यग्राहकभावस्य कल्पितत्वं न बौद्धराद्धान्तस्ते खल्वेकत्र ज्ञाने तद्भावं वास्तवमिच्छंतीत्याशंक्य तत्कल्पितत्वे कीर्तिवाक्यमुदाहरत्यभिन्नोपीति तस्मान्न वस्तुतो ग्राहकभेदोस्तीति शेषः

આનંદજ્ઞાનના મત પ્રમાણે 'अभिन्नोपि'થી શરૂ થતો છેલ્લો શ્લોક ધર્મકીર્તિનો છે અને એની પહેલાંના શ્લોકોમાં બૃહદારણ્યકભાષ્યના વિચાર અને શબ્દો આવ્યા છે તે ઉપરથી એમ અનુમાન થાય છે કે શંકરાચાર્ય પોતે બૌદ્ધતત્ત્વજ્ઞાની વિશે કહેવા માંગે છે. ઉપદેશસહસ્રી જેમાં શંકરાચાર્યે વિજ્ઞાનવાદી બૌદ્ધની પાસે નીચે પ્રમાણે કહેવડાવે[2] છે તેમાં ધર્મકીર્તિના શ્લોકો મુક્યા છે. તેથી આમાં કંઈ પણ પ્રશ્ન ઉઠાવવાનું કારણ જણાતું નથી.

---

૧ બૃહદારણ્યકવાર્તિક, પ્રકરણ ૬, પૃષ્ઠ ૨૮a, દખન કોલેજ હસ્તલેખ, સન ૧૮૮૨–૮૩ નો નં. ૪૬૩ અને એ ઉપરની ટીકા, પૃષ્ઠ ৩৫a, સન ૧૮૮૩–૮૪, નં. ૪૦૬.

૨ ઉપદેશસહસ્રી, શ્લોક ૧૪૧–૪૨. (મુંબઈની આવૃત્તિ, પૃષ્ઠ ૩૦૮.)

अनुभूतेः किमन्यस्मिन्स्यात्तवापेक्षया वद । अनुभवितरीष्टा स्यात्साप्यनुभूतिरेव नः ॥
अभिन्नोपि हि बुद्ध्यात्मा विपर्यासितदर्शनैः । ग्राह्यग्राहकसंवित्तिभेदवानिव लक्ष्यते ॥

અહિં બીજો શ્લોક **ધર્મકીર્તિનો** છે. તેમાં 'बुद्धिभिः'' ને બદલે 'दर्शनैः' છે. **બૃહદારણ્યકવાર્તિકના** જે જે હસ્તલેખો મેં વાંચ્યા છે તેમાં બીજું પાઠાંતર છે. એટલું જાણવાનું છે કે આ પાઠાંતરથી કોઇ પણ રીતે ભિન્ન અર્થ થતો નથી. અને જે ઐતિહાસિક અનુમાન થાય છે તેમાં ફેર પણ પડતો નથી. **જૈનગ્રન્થ અષ્ટસહસ્રી** પ્રકરણ પહેલામાં આ શ્લોક[1] છે, અને **બૌદ્ધધર્મ** ઉપરના વિષયમાં સાયણ-માધવે પણ મુકયો છે.

यथोक्तम् ।

सहोपलम्भनियमादभेदो नीलतद्धियोः । भेदश्च भ्रान्तिविज्ञानैर्दृश्येतेन्दाविवाद्वय इति ॥
अविभागोऽपि बुद्ध्यात्मा विपर्यासितदर्शनैः । ग्राह्यग्राहकसंवित्तिभेदवानिव लक्ष्यत । इति च ॥

જો કે **અષ્ટસહસ્રીમાં** अभिन्नोपि हिने બદલે अविभागोऽपि છે તો પણ **શંકરાચાર્યે** અને **સુરેશ્વરે** લીધેલો આ શ્લોક **ધર્મકીર્તિનો** છે એમ તરત જ જણાય છે. આ સુપ્રસિદ્ધ શ્લોકનું ભાષાંતર **પ્રો.** ગફે[2] નીચે પ્રમાણે કર્યું છે-"વિભાગનો અભાવ છતાં બુદ્ધિ વા આત્મા વિપર્યાસિત દર્શનને લીધે ગ્રાહ્ય, ગ્રાહક અને સંવિત્તિના ભેદવાળો જણાય છે"

હું ભાષાંતર ખોટું છે એમ કહેવાની જરૂર ધારતો નથી. આનો ખરો અર્થ તો ઉપદેશસહસ્રીની ટીકામાં **રામતીર્થે** અને **જૈન** ટીકાકાર **લઘુસમન્તભદ્રે** આપેલો છે.

આ ઉપરથી જણાય છે કે **શંકરાચાર્યે** અને તેના શિષ્ય **સુરેશ્વર** એ બન્નેએ **ધર્મકીર્તિના ટિબેટના** રાજા **સ્રોન્સંગમ્પોના** સમકાલિન ગ્રન્થમાંથી ઉતારા લીધા છે. **બૌદ્ધ** તત્ત્વજ્ઞાનમાંથી જેવી રીતે ફકરા લીધા છે તે તરફ લક્ષ ખેંચાય છે. **ધર્મકીર્તિનો** પ્રસિદ્ધ શ્લોક **બૌદ્ધ** બોલે છે. આથી સિદ્ધ થાય છે કે **શંકરાચાર્યના** સમયમાં મહાનતત્ત્વવેત્તાના પ્રમાણનો આશ્રય લેવાનો સંપ્રદાય હતો. આનું કારણ માત્ર એટલું જ કે **ધર્મકીર્તિના** શ્લોકથી પરધર્માવલંબીઓની ટીકા બંધ કરાવવી. **સુરેશ્વરાચાર્યે બૌદ્ધ** તત્વજ્ઞાનીને **શાકયપુંગવ** અથવા પ્રસિદ્ધ **બુદ્ધ** કહિને જે યોગ્ય માન આપે છે તે તરફ લક્ષ ખેંચવા સંસ્કૃતના વિદ્વાનોને વિજ્ઞપ્તિ કરૂંછું. આ ઉપરથી એમ અનુમાન થાય છે કે **શંકરાચાર્યે** અને સુરેશ્વરાચાર્યે કીર્તિ મેળવવા ફાંફાં મારતા સમકાલિન લેખકનું સૂચન કરતા નથી, પરંતુ એક શ્રેષ્ઠ પ્રમાણરૂપ થઈ પડેલા અને જે અડધા સૈકા પહેલાં પ્રસિદ્ધ થયેલાનું સૂચન કરે છે. ટૂંકામાં **ધર્મકીર્તિ** સાતમા સૈકામાં થયો અને તે ઉપરથી **શંકરાચાર્યે** જે તેને સૂચવે છે તે ૮મા સૈકામાં થયો હોવો જોઈએ. આ વિષય ઉપર **દક્ષિણના જૈનસાહિત્યમાંથી** આનંદજન્ય પુરાવો મને મળ્યો છે. એ ઉપરથી જણાશે કે આ બ્રાહ્મધર્મી સુધારક ૮મા સૈકામાં થયો. પરંતુ આ પુરાવો ઘણો મ્હોટો હોવાથી અહિં આપતો નથી. હવે પછીના નિબંધમાં સોસાયટીને એ આપીશ.

પુરૂં કરતાં પહેલાં એક વાત કહેવાની છે તે કહું છું. ઇત્સીંગ કહે છે કે **વાકયપદીયનો** કર્તા **ભર્તૃહરિ** ઇ. સ. ૬૫૦માં ગુજરી ગયો. હવે[3] **તન્ત્રવાર્તિકના** ૨૫૧ મે પાને (કાશીમાં છપાયેલી આવૃત્તિ) કુમારિલે **વ્યાકરણકારના** વાકયકાન્ડનો ૧૧૮મો[4] શ્લોક ઉતાર્યો છે. ઉપર કહિ ગયો છું કે ઉપદેશસહસ્રી અને **બૃહદારણ્યકવાર્તિકમાં** કુમારિલનું નામ છે તો એમ જણાય છે કે કુમારિલ અને શંકરાચાર્યે બન્નેએ સાતમા સૈકાના નામાંકિત ગ્રંથોમાંથી ઉતારા લીધા છે. પરંતુ આ વિષય મારા બીજા નિબંધમાં ચર્ચાવીશ.—**પાઠક**, બી. એ., **જર્નલ બો. બ્રૅં. રા. એ. સો.**, પુસ્તક ૧૮, અંક ૪૯, સન ૧૮૯૧, પૃષ્ટ ૮૮ થી ૯૬.

---

૧ સર્વદર્શનસંગ્રહ (બીબ્લી ઇડિ. આવૃત્તિ, પૃષ્ટ ૧૬).

૨ એનું જ ભાષાંતર, પૃષ્ટ ૨૬.

૩ *India: What it can teach us?*-

૪ अस्त्यर्थः सर्वशब्दानामिति प्रत्याय्य लक्षणम् । अपूर्वदेवतास्वर्गैः सममाहुर्गवादिषु ॥

સુબન્ધુ અને કુમારિલ.

વાસવદત્તાના વિશિષ્ટ ઉપોદ્ઘાતમાં **ડા. ફીટ્ઝ–એડ્વર્ડ હૉલે** એ ગ્રન્થના કર્તા સુબન્ધુને, કાદમ્બરી[1] અને હર્ષચરિતના પ્રખ્યાત લેખક **બાણ**ના સમયની પહેલાં મુકયો છે. અને **બાણ**–જે હુયાનત્સંગ અને કનોજના હર્ષવર્ધનનો સમકાલીન હતો એમ મનાય છે. તે ઇ. સ.[2] આઠમા સૈકાના પ્રથમ ભાગમાં થયો છે. તેટલા માટે સુબન્ધુ છઠ્ઠા સૈકાના અન્તમાં અથવા સાતમા સૈકાના[3] પ્રથમ ભાગમાં થયો એ સર્વમાન્ય છે, તથાપિ સને ૧૮૮૫માં **બાણ**કૃત **કાદમ્બરી**ના ઉપોદ્ઘાતમાં **પ્રો. પિટરસન બાણ**ના હર્ષચરિતના[4] જગવિદિત પ્રાસ્તાવિક શ્લોકોમાં સૂચિત **વાસવદત્તા** અને આ **વાસવદત્તા** એક જ છે કે કેમ તે વિશે શંકા લાવે છે પરંતુ અલ્પસમય પછી તેને પોતાના વિચારો[5] ફેરવવાનાં કારણ જડયાં હતાં. હવે **ડા. કાર્ટલેરી**એ આ સ્વીકૃત વિચારોને વળગી રહેવાના મહા-પ્રયત્નથી કાઢેલાં કારણો આપ્યાં છે અને એ કહે છે કે **બાણ** આ **વાસવદત્તા**ને જાણતો હતો અને **બાણે** માત્ર **સુબન્ધુ**ની[6] કીર્તિ આચ્છાદિત કરવાને જ ગ્રન્થ રચ્યો હતો. આમ હોવાથી મારા ધારવા પ્રમાણે જો આપણે એમ અનુમાન કરીએ કે, **વાસવદત્તા**ના કર્તાએ જે પુસ્તકો અને વૃતાન્તનું સૂચન કર્યું છે તે મોડામાંમોડા છઠ્ઠા સૈકાની મધ્યમાં થવાં જોઈએ, તો સંસ્કૃત સાહિત્યના કોઇ પણ ઐતિ-હાસિક સમય નક્કી કરી શકીએ એમ છે.

---

૧ પૃષ્ઠ ૧૧. સરખાવો પ્રો. કૉવેલની ન્યાયકુસુમાંજલિ, પ્રસ્તાવના, પૃષ્ઠ ૬.

૨ જે વખતે હર્ષચરિત લખાયું તે વખતના હર્ષના રાજ્ય સંબંધે પંડિત ભગવાનલાલે પણ મારા જેવો જ વિચાર દર્શાવ્યો છે એમ મને જણાય છે, (પુ. ૧૩, ઇંડિયન ઍંટીકરી, પૃષ્ઠ ૭૪. જુઓ મારા મુદ્રારાક્ષસની પ્ર-સ્તાવના, નોટ ૫૫.

૩ જુઓ માક્ષ મૂલરનું *India: What it can teach us?* પૃષ્ઠ ૩૩૧; *Vienna Oriental Journal, Vol. III., p. 143.*

૪ પ્રસ્તાવના, પૃષ્ઠ ૭૧–૨.

૫ વલ્લભદેવકૃત સુભાષિતાવલિ, પ્રસ્તાવના, પૃષ્ઠ ૧૩૩ અને ટિપ્પણ માલતીમાધવમાં જે છે તે જ કાર્યને અર્થે દંડીએ પણ વાસવદત્તાનું સૂચન કર્યું છે, (એના સમય વાસ્તે નીચે જુઓ) જુઓ દશકુમાર ચરિત્ર, પૃષ્ઠ ૬૯ (બ્યુલરકૃત આવૃત્તિ).

૬ વીએના ઓરિએંટલ જર્નલ, પુ, ૨, પૃષ્ઠ ૧૧૫ (પૃષ્ઠ ૧૩૨) જુઓ વળી એ જ પુ. ૩, પૃષ્ઠ ૧૪૩; જ. બો. બ્રૅં. રો, એ. સો., પુ. ૧૭, પૃષ્ઠ ૮૧. એ શ્લોકો એમ દર્શાવે છે કે બાણના વખતમાં જ સુબન્ધુ અને કાલિદાસ થયા તેની જોડે હું મળતો નથી. (જુઓ ડા. હૉલની વાસવદત્તાની પ્રસ્તાવના, પૃષ્ઠ ૧૪. ડા. પીટરસન કૃત કાદમ્બરીની પ્રસ્તાવના, પૃષ્ઠ ૮૧ પણ એ વિશે અત્ર ચર્ચા કરવાની નથી. હું માત્ર એટલું જ કહીશ કે માઘને બાણ અને સુબન્ધુની પહેલાં અને ભારવી અને કાલિદાસને માઘની પહેલાં મુકવામાં જો ડા. જેકોબી ખરો હોય તો (વિ. ઓ. જ., પૃષ્ઠ ૧૪૪, પુ. ૩) કાલિદાસ અને સુબન્ધુ સમકાલીન હતા એ વાત અસંભવિત છે. (માઘના સમય વાસ્તે જુઓ વિ. ઓ. જ., પુ. ૪, પૃષ્ઠ ૬૧, અને ૨૩૬ અને કાલિદાસના સમય વાસ્તે ઇંડિયન ઍંટીકવેરી, પુસ્તક ૧૯, પૃષ્ઠ ૨૮૫, ડા. બ્યુલરનો ભારવીના સમય સંબંધે વિચાર જુઓ. અને મનુની પ્રસ્તાવનામાં ઉત્તમ વિચાર જુઓ. પૃષ્ઠ ૯૩ (પૂર્વનાં પવિત્ર પુસ્તકો) રઘુમાં મનુનું જે સૂચન છે તે અત્યારે વિવિક્ત કરૂંછું ૧૪–૬૭ ડા. બ્યુલરે આને વિશે કાંઈ પણ કહ્યું નથી તેમ જ મનુ ૭–૩૫ ના ઉપર એનો આધાર છે. પા. ૧૯૨ ની ટીકા સંબંધે હું કહુંછું કે શાબરભાષ્યના પાને ૪ થે ભિન્ન રીતે મનુનું સૂચન છે. (૧૮૮૩–૮૪ પા. ૩૨ ના સંસ્કૃત હસ્તલેખના રીપોર્ટમાં) પ્રો. ભાણ્ડારકર એમ જણાવે છે કે કુમારિલ કાલિદાસ પછી થયા છે અને કાલિદાસના સમ-કાલીન દિગ્નાગની ટીકા કરી છે. જુઓ જ. બો. બ્રે. રો. એ. સો., પુ. ૧૭, પા. ૫૭૨. કાલિદાસના સમય વિષે તો એ વાતથી આ નિબંધમાં આણેલા નિર્ણય ઉપર કોઇ પણ અસર થતી નથી. પ્રો. માક્ષ મૂલરે પોતાના ઇંડિયા નામના પુસ્તકના પૃષ્ઠ ૩૦૬–૭માં જે કહ્યું છે તે જોતાં કાલિદાસ, કુમારિલ અને ધર્મકીર્તિનો સમય થોડેઘણે દરજ્જે પાસેપાસે જ હોવો જોઈએ.

વાસવદત્તામાં સૂચવેલા પુસ્તકોમાંનું એક તો પ્રખ્યાત **બૌદ્ધલેખક ધર્મકીર્તિનું**[1] **અલંકાર** નામનું પુસ્તક છે. બૉંબે બ્રે. રૉયલ એ. સોસાયટી આગળ વંચાએલા 'ધર્મકીર્તિ અને શંકરાચાર્ય' નામના નિબંધમાં આ લેખકને વિશે **મિ. કે. બી. પાઠકે** પૂર્ણ હકીકત આપી છે. એ નિબંધમાં **મિ. પાઠક** ઈત્સીંગની મુસાફરીનું સૂચન કરે છે અને એ હકીકત ઉપરથી એવા નિર્ણય ઉપર આવે છે કે— 'ધર્મકીર્તિ સાતમા[3] સૈકાના પૂર્વ ભાગમાં પ્રસિદ્ધ થયો હશે એ વાત સ્પષ્ટ છે'. પ્રથમ તો મારે કહેવું જોઇએ, કે જે ઉન્યાસમાંથી **મિ. પાઠક** આ નિર્ણય લાવે છે તેમાં કેટલુંક અયથાર્થ છે; કારણ ઇન્ડિયન એન્ટીક્વેરીના જે ફકરાનું સૂચન કરે છે તે ઉપરથી જરા પણ સ્પષ્ટ નથી કે ઈત્સીંગ નિઃસંદેહ ધર્મકીર્તિને સમકાલીન[4] ગણી તેને વિશે કહે છે. બીજું જે વાત ઉપર **ડા. બર્નેલ** એટલો બધો આધાર[5] રાખે છે ને જેને તે નિર્ણયરૂપ માને છે તેમ જ માત્ર **ડા. બર્નેલના** પ્રમાણ ઉપરથી **મિ. પાઠક** જેને કાંઈ પણ આનાકાની વગર પ્રમાણ ગણે છે તેવી વાતોનું અવલંબન કરવાથી કેવી કેવી ભૂલો થાય છે તે મેં જણાવ્યું છે. ત્રીજું સંસ્કૃત સાહિત્યના કોઈપણ પુસ્તકની નિશ્ચિત સાલ માટે અમુક રીતના વિચારો અને અમુક હકીકત નિર્ણયસૂચક છે તે સ્વીકારવું અશક્ય છે. એક **અમેરિકન** સંસ્કૃત વિદ્વાનના કહેવા પ્રમાણે એ સત્ય છે કે હિંદુસ્થાનના સંસ્કૃત સાહિત્યની સાલો બહુશઃ ટાંકણિયોને એકઠી કરી ગોળ કરવામાં જે મહેનત પડે તેની માફક છે. **ચીન**[6] અને **ટિબેટના** લેખકોએ એકમતથી જે પુરાવો કર્યો છે તે ઉપરથી પણ ધર્મકીર્તિનો સમય નક્કી કરાય નહિ અને એ પુરાવો વસ્તુતઃ છે તેના કરતાં પણ વધારે યથાર્થ હોય તો 'સુબન્ધુએ ધર્મકીર્તિનું સૂચન કર્યું છે' આ હકીકત ઉપર કાંઈ પણ આધાર રાખ્યા વગર સમય નક્કી કરવો નહિ.

---

૧ પા. ૨૩૫, હૉલની પ્રત અને પ્રસ્તાવના, પા. ૧૦

૨ જુઓ જ. બો, બ્રે. રો. એ. સો., પુ. ૧૮, પૃ. ૮૮.

૩ પા. ૯૦. ડા. પીટરસન કહે છે કે એ છઠ્ઠા સૈકાની મધ્યમાં થયો હોય એમ લાગે છે. (વલ્લભદેવકૃત સુભાષિતાવલિ, પ્રસ્તાવના, પા. ૧૩૩) અસંગ, વસુબન્ધુ, ધર્મકીર્તિ, ગુણમતિ તેમ જ તેના સંબંધીઓ વિશે જે કાંઈ કહેવામાં આવ્યું છે તે જોતાં પ્રો. માક્ષ મૂલર કૃત ઇંડિયા, પા. ૨૮૨ n, ૨૯૦, ૩૦૫, ૩૦૮, અને મિ. બીલની બુ. રેક. આફ ધી વે. વ. માં ઘણા ફકરા જેવા કે પુ. ૧, પા. ૧૦૫, ૧૯૩ માં (આમાં ધર્મકીર્તિનું નામ નથી) અને તારાનાથના ગ્રન્થમાં (જુઓ ઇંડિયન એંટીકવેરી, પુ. ૪, પા. ૧૪૧) અને અન્ય સ્થળે (ઇંડિયન એંટીકવેરી, પુ. ૯, પા. ૧૪૯, ૩૧૬) હું કબુલ કરૂંછું કે મિ. પાઠકના ધર્મકીર્તિના સમયની સત્યતા વિશે મને ઘણી શંકા છે. આ સર્વ વાતની પ્રો. મોક્ષ મૂલરની માફક સારી રીતે તપાસ થવી જોઈએ. દાખલા તરીકે આપણે વિચાર કરવો જોઈએ કે ધર્મકીર્તિનો સમકાલીન સ્થિરમતિ ઈ. સ. ૫૮૭ પહેલાં ઘણા વખત આગાઉ ગુજરી ગયો હતો. (માક્ષ મૂલર કૃત ઇંડિયાઃ પા. ૩૦૫, ઇંડિ. એન્ટી., પુ. ૬, પા. ૯) બીજી તરફ જુઓ કેરનનું સદ્ધર્મપુણ્ડરીક, પ્ર. પા. ૨૨. બીજા ફકરાની સાથે બુદ્ધિષ્ટ રેકર્ડ સાથે સરખાવો. પુ. ૧, પા. ૧૯૨.

૪ એકાદ ભાષાન્તરકારે ઇત્સીંગના શબ્દનો એ જ અર્થ કર્યો છે, ઇંડીયન એંટીકવેરીમાંથી અવતરણ કરેલા ફકરામાં પ્રો. વાસીલીવ એમ ધારે છે કે એનો અર્થ માત્ર 'ધર્મકીર્તિ એ અરસામાં એક આચાર્ય હતો' એવો જ કરે છે, મને એમ ભાસે છે કે પ્રો. વાસીલીવે જે અર્થ કર્યો છે તે જે વાત વિદિત છે તેને મળતો છે. પરંતુ એનાથી જે વિરુદ્ધ અર્થ છે તેના નિર્ણય અર્થે તો સ્પષ્ટ રીતે સારો નથી, જુઓ ઇંડિયાઃ એ આપણને શું કહે છે, પૃષ્ઠ ૩૧૨.

૫ જુઓ મારૂં મુદ્રારાક્ષસ, પ્રસ્તાવના, પા. ૪૮, ૪૯.

૬ વિયેના જર્નલ, પુસ્તક ૨, પૃષ્ઠ ૨૬૯ માં ડા. બ્યુલરે કહ્યું છે એ ઉપરથી એમ જણાય છે કે હુયાનસંગ જે કાંઈ કહે તે ખરૂં જ હોય એમ નથી. ઇત્સાંગ વાસ્તે જુઓ જ. બો. બ્રે. રો. એ, સો., પુ. ૧૬, પા. ૧૯૯, ૨૦૦. માક્ષ મૂલર કૃત ઇંડિયા, પૃષ્ઠ ૨૧૨–૩. પૂર્વના પવિત્ર પુસ્તકોમાં બુદ્ધચરિતમાં મિ. બીલ કહે છે કે બીજા ગ્રન્થની માફક ચીન અને ટીબેટનાં ઐતિહાસિક લખાણો પણ તપાસવાં જોઈએ. જુઓ માક્ષ મૂલર કૃત ઇંડિયા, પૃષ્ઠ ૩૦૨.

જે સૂચના કરવામાં આવી છે એ સર્વમાન્ય વાત છે અને એને વિશે વધારે વિવાદ કરવા દુરસ્ત ધારતો નથી. આજના નિબંધમાં તો જે વાસવદત્તામાં પ્રખ્યાત પૂર્વમીમાંસાના લેખક કુમારિલનું સૂચન કરવામાં આવ્યું છે–તેમાના કેટલાક ફકરા તરફ ધ્યાન ખેંચવાની ઇચ્છા છે. શરૂઆતમાં મારે કહેવું જોઇએ કે જે સૂચનાઓ ઉપર મેં આધાર રાખ્યો છે તે પૂર્ણ રીતે સ્પષ્ટ નથી અને હું એમ પણ કહિ શકતો નથી કે એને વિશે જે જે વિચારો દર્શાવું તેને ઉપર વાદ થાય એમ નથી. જેવા છે તેવા અને જેમ મને સૂઝ્યા તેમ એ વિચારો આપ્યા છે અને તે ખરા છે વા નહિ એ નક્કી કરવાનું કામ વિદ્વાન્ વર્ગનું છે. મારે કહેવું જોઇએ કે અત્ર એ વાત ભૂલવાની નથી કે કુમારિલ વિશે જે સૂચનાઓ મેં કરી છે તે સમજી શકાતી ન હોય તો આવી સૂચનાઓ ઉપરથી જે અનુમાન કાઢ્યું છે તેને કાંઈ પણ અસર થવાની નથી. ધર્મકીર્તિના સૂચન–જે અત્યારસુધી સ્વીકારાય છે–તે સ્વીકારાય તો અન્ય પુરાવાથી વિદિત છે તેમ કુમારિલ ધર્મકીર્તિનો સમકાલીન હોવાથી આવા અનુમાનને અર્થે અત્ર આપેલ કુમારિલની સૂચનાની સહાયતા વગર સંગીન પાયો નાંખવામાં આવ્યો છે.

મીમાંસા બૌદ્ધ અથવા જૈનધર્મિને અનુસરનારા ફકરા સુબન્ધુના double entendres માં લાવવામાં આવ્યા છે તેવા ચાર ભિન્ન ભિન્ન ફકરાઓ વાસવદત્તામાં છે. કોઇ પણ તરેહની ટીકા કર્યા પહેલાં એ ફકરાઓ અત્ર આપુંછું. પહેલો તો વિન્ધ્ય પર્વતના વર્ણનમાં છે. એનું આ પ્રમાણે[1] વર્ણન કર્યું છેઃ—**मीमांसान्याय इव पिहितदिगम्बरदर्शनः**–એનો અર્થ આમ થાય છેઃ—વિન્ધ્ય પર્વત જે દિગ્, અંબરનું દર્શન પિહિત કરે છે તે દિગમ્બરદર્શન (Doctrine of Digambar)ને પિહિત કરનાર મીમાંસાન્યાય જેવો લાગે છે. બીજો ફકરો વાસવદત્તાના પાણીગ્રહણાર્થે જે રાજકુમારો આવ્યા હતા, તેમના વર્ણનમાં છે. તેઓમાંના કેટલાક કુમારો વિશે એમ કહ્યું[2] છે કેઃ—**केचिज्जैमिनिमतानुसारिण इव तथागतमतध्वंसिनः**–એટલે સાધારણ વેષવાળાના મતથી જે વિરુદ્ધ હતા તે કુમારો બૌદ્ધમતનું ખંડન કરનાર જૈમિનિમતના અનુયાયી હતા. રાત્રીના અંધકારવર્ણનમાં ત્રીજા ફકરાનો સમાવેશ થાય છે. એ મહારાત્રી વિશે એમ કહેવામાં આવ્યું[3] છે કે તે–**श्रुतिवचनमिव परिहृतदिगम्बरदर्शनम्**–દિગમ્બર દર્શનને પરિહૃત કરનાર અંધકાર, દિગમ્બર દર્શન (મત–દિગમ્બર)ને પરિહૃત કરનાર શ્રુતિવચન જેવો છે. ચોથો ફકરો વાર્તાના અન્તમાં બે સેનાના યુદ્ધના વર્ણનમાં છે. રણસંગ્રામમાંથી જે ધૂળ ઉડે છે તેને વિશે જણાવે છે. **मीमांसकदर्शनेनेव तिरस्कृतदिगम्बरदर्शनेन रजसा जजृम्भे,**[4] એનું ભાષાન્તર આ પ્રમાણે છેઃ—જે રજે દિગ્ અને અંબરનું દર્શન પ્રસરાઇને તિરસ્કૃત કર્યું હતું તે દિગમ્બર દર્શનને તિરસ્કૃત કરનાર મીમાંસાદર્શન જેવી હતી.

એટલું લક્ષમાં રાખવાનું છે આ નાના બે ફકરામાં પૂર્વમીમાંસા અથવા જૈમિનિ મતે દિગમ્બરદર્શન અથવા દિગમ્બર જૈનમતનું ખંડન કર્યું છે એમ દર્શાવે છે. ત્રીજા ફકરામાં શ્રુતિ વિશે પણ વસ્તુતઃ એ જ શબ્દ વાપર્યા છે. ચોથા ફકરામાં મીમાંસા મતને તથાગત અથવા બૌદ્ધમતના ખંડન માટે ઉચ્ચ પદવી આપી છે, અત્ર પ્રશ્ન ઉઠે છે કે આ ફકરાઓ ઉપરથી કયા ઐતિહાસિક વૃત્તાન્તનું સૂચન થાય છે. પૂર્વકાલના જૈમિનિ અને શબર જેવા મીમાંસા લેખકોએ બુદ્ધ અગર જૈનો જોડે વિવાદ કર્યો હોય એમ હું જાણતો નથી. જૈમિનિના સૂત્રોમાં તેમ જ શબરસ્વામિના ભાષ્યમાં, ઉપર આપેલા ફકરાઓમાં જે સૂચના આપી છે તેના ઉપર અજવાળું પાડી શકે એવી એકે સૂચના મને જડી નથી. જો એ સૂચના પછીના સમયમાં થયેલા મીમાંસાને લગતી હોય તો એ સૂચના સમજાવવી એ કાર્ય સહજ છે કારણ કે જૈન અને બૌદ્ધમત બન્નેની ટીકા બાદરાયણના સૂત્રમાં

૧ હૉલની આવૃત્તિ, પા. ૯૩. મૂળમાં જે અર્થ રહ્યો છે તે ભાષાન્તરમાં આવ્યો નથી તેમ જ આવી પણ શકતો નથી. પરંતુ હાલના કાર્યને અર્થે એમ થઈ શકે એમ છે.

૨ પા. ૧૪૪. મૂળ અંધકારમાં છે. ટીકાકારને અનુસરૂંછું.

૩ પા. ૧૮૭. ૪ પા. ૨૯૭.

તેમ જ શંકરાચાર્યના[1] ભાષ્યમાં કહેલી છે. આમ હોવાથી મારા ધારવા પ્રમાણે પ્રસ્તુત કાર્યની સૂચના એવી રીતે સમજાવવી જોઇએ કે એક બાજુએ બ્રાહ્મધર્મ અને બીજી બાજુએ જૈનધર્મ તેમ જ બૌદ્ધધર્મની વચ્ચે જે વિવાદ ચાલ્યો તેનું એમાં સૂચન છે. દંતકથા ઉપરથી એમ જણાય છે કે એ વાદવિવાદમાં કુમારિલસ્વામિએ[2] મુખ્ય ભાગ લીધો હતો. આ કુમારિલસ્વામિ પૂર્વમીમાંસાના અર્વાચીન લેખકોમાં મોટા લેખક તરીકે જગત્પ્રસિદ્ધ છે અને જે વાસવદત્તાનો સમર્થ લેખક પ્રસિદ્ધ થયો—(આ સ્થળે વધારે કહેતો નથી) તે અરસામાં એ પ્રસિદ્ધ થયો હશે.

માધવાચાર્યના શંકરવિજયમાં[3] એ વિવાદ વિશે દંતકથાનો હેવાલ સારી રીતે આપ્યો હોય એમ જણાય છે. એ ગ્રન્થના[4] પહેલા સર્ગમાં એમ જણાવવામાં આવ્યું છે કે-જગત્‌માં ધર્મસંબંધે જે બગાડો થયો હતો તેથી ખિન્ન થઇ દેવો કૈલાસમાં ગયા અને એ બગાડો કહાડી નાંખવા તથા જનસમૂહના સુખને માટે વેદધર્મ પ્રસરે એવા ઉપયો યોજવા મહાદેવને વિજ્ઞપ્તી કરી. શંકરવિજય એમ કહે છે કે દેવોની વિનંતિ પ્રમાણે કાર્ય કરવા મહાદેવે વચન આપ્યું. એ કામ તુરત જ કરવાને પોતાના પુત્ર કાર્તિકેયને કહ્યું કે ઉપાસનાકાણ્ડને નષ્ટ થતાં બચાવવાને અર્થે વિષ્ણુ અને શેષે તો સંકર્ષણ અને પતંજલિના અવતાર લેઈ લીધા છે. જ્ઞાનકાણ્ડના રક્ષણ માટે પોતે શંકરાચાર્યનો અવતાર લેવાની ઇચ્છા રાખે છે. પરંતુ પોતે એ અવતાર લે તે પહેલાં કાર્તિકેયે મનુષ્યદેહ ધારણ કરવો અને જૈમિનિદર્શનરૂપી[6] અમ્બુધીને શરદૃઋતુની પૂર્ણિમાના ચન્દ્ર સમાન થઈ કર્મકાણ્ડનું રક્ષણ કરવું. શંકરવિજય પ્રમાણે મહાદેવે નીચે પ્રમાણે કહ્યું:—"પૃથ્વી ઉપર જઈ વેદશિક્ષણના શત્રુ સુગતોનો પરાજય કરી વેદાનુસાર નિયમો બાંધવા. તમોને મદદ કરવા માટે બ્રહ્મદેવ મણ્ડન નામના બ્રાહ્મણ થશે અને ઈન્દ્ર સુધન્વન્ નામના રાજાનો અવતાર લેશે" સ્વર્ગમાં આ પ્રાથમિક ગોઠવણ થયા પછી સ્થળ બદલાય છે. (અને એ સ્થળ પૃથ્વી છે) એમ જણાવવામાં આવે છે કે ઇન્દ્ર મનુષ્યના રૂપમાં એક નૃપની પ્રતિમારૂપ થાય છે અને કાર્તિકેય શ્રેષ્ઠ ભટ્ટ અથવા કુમારિલરૂપે જૈમિનિના સૂત્રમાં જેવી રીતે વેદના વચનોનું વિવરણ કર્યું છે તેવી રીતે તે વચનોની સત્યતા પ્રકાશિત કરી—કીર્તિસંપાદન કરી—એની સભામાં દૃશ્યમાન થાય છે. સુધન્વન્ રાજાની સન્મુખ કુમારિલ અને સુગતોની વચ્ચે જે વિવાદ થયો હતો તેનો હેવાલ માધવ આપે છે. આ વિવાદમાં અલબત, કુમારિલ સર્વત્ર[7] વિજયી નિવડ્યો એમ જણાવવામાં આવ્યું છે, આ બધાનું છેવટ તો એમ છે કે સુ-

---

૧ જુઓ વેદાન્તસૂત્ર, (બિબ્લિઓથિકા ઇંડિકા આવૃત્તિ) પુ. ૧, પા. ૫૪૬.

૨ આ વિશય ઉપર સરખાવો ઇ. સ. ૧૮૮૩–૮૪ના સંસ્કૃત લેખનો રીપોર્ટ, પા. ૭૪માં ડૉ. ભાણ્ડારકરની ટીકા. મારે કહેવું જોઈએ કે ભાણ્ડારકરે શાબરભાષ્ય પા. ૯, ૧૯, ૨૦ તરફ મારૂં લક્ષ ખેંચ્યું છે. એમાં જો કે બૌદ્ધમાર્ગીનું નામ નથી તોપણ તેમના મતનું ખંડન છે. જો કે હું જે વિચાર અહિં દર્શાવુંછું તેના ઉપર આની કાંઈ પણ અસર નથી તો પણ એટલું સ્મૃતિમાં રાખવું જરૂરનું છે.

૩ ઈંડિયન એંટીકવેરી, પુ. ૯, પૃષ્ઠ ૧૪૯ માં જણાવ્યા પ્રમાણે કુમારિલ એ એક બૌદ્ધ ગુરૂજનનું નામ છે એ જાણી વિચિત્રતા ભાસે છે.

૪ મર્હૂમ ડા. બર્નેલ આ ગ્રન્થ એ મહાન લેખકનો નથી એમ ધારતો. આ વાત સત્ય છે કારણ એ ગ્રન્થ જોતાં ઐતિહાસિક નથી. મહાન માધવાચાર્યે એ ગ્રન્થ લખ્યો છે કે કેમ તે અત્ર વિવિક્ત કરવાની કાંઈ જરૂર નથી.

૫ જુઓ પા. ૧૫, ૧૬; આનંદાશ્રમાવલિ. ૬ પા. ૨૦, પ્રકરણ ૫૧.

૭ માધવે જે હકીકત આપી છે તેનું સંક્ષિપ્ત વર્ણન કરવું યોગ્ય ધારૂંછું. સુધન્વનની રાજ્યધાનીમાં પહોચ્યા પછી કુમારિલ અને અન્ય બૌદ્ધપંડિતોની રાજાએ સભા કરી હતી તેમાં બધા હાજર હતા. ત્યાં કુમારિલે તેમને કોપાયમાન કરવાના ઉદ્દેશથી એવી ટીકા કરી કે જેથી તેઓ ઉશ્કેરાયા. માધવ આગળ કહે છે કે પંડિતોએ કુમારિલ જોડે ઘણી જબરી તકરાર કરી. એ તકરારમાં એક બીજા ઉપર ટીકા થઈ અને પોતપોતાના મત દર્શાવવામાં આવ્યા. અન્તે બૌદ્ધ ચુપ થયા અને કુમારિલે વેદમતનું પ્રતિપાદન કર્યું પરંતુ રાજાએ કહ્યું કે વિવાદમાં જે જય અથવા પરાજય મળે છે તે માત્ર વિદ્યાજ્ઞાન ઉપર જ છે, અર્થાત્ એનો આધાર સત્યતા વા અસત્યતા ઉપર નથી રહેતો, ત્યારે તેણે

ધન્વાએ એવો ઢંઢેરો પિટાવ્યો હતો કે **હિમાલયથી સેતુબંધરામેશ્વર** સુધીમાંના કોઈપણ **બૌદ્ધધર્મી**-વૃદ્ધ વા યુવાન, સ્ત્રી વા પુરુષ વા બાલકનો પોતાના કિંકરોમાંથી કોઈપણ વધ કરશે નહિ તેને દેહાંત દંડની શિક્ષા થશે. અને એ પ્રમાણે રાજાએ કુમારિલના વચનને અનુસરી ધર્મશત્રુ **જૈનોનો** સંહાર કર્યો. જ્યારે સિંહરૂપી કુમારિલે **જૈન**-હસ્તિનો નાશ કર્યો ત્યારે કાંઇ પણ વિઘ્નવગર[1] **વેદધર્મ** સર્વ સ્થળે પ્રસર્યો હતો.

એ રીતે જણાય છે કે **માધવના** ગ્રન્થમાં આવેલી દંતકથા પ્રમાણે **મીમાંસાદર્શનનું** મુખ્ય પ્રમાણ ભટ્ટ કુમારિલે **બૌદ્ધ** અને **જૈનો** ઉપર હુમલો કરી જય મેળવવામાં મુખ્ય[1] ભાગ લીધો હતો. **માધવના** વૃત્તાંત (જે સંક્ષેપમાં મેં ઉપર આપેલ છે તે)માં **બૌદ્ધ** અને **જૈનનાં** નામ અવિશેષતઃ આવ્યાં[2] છે. હવે **શંકરવિજય** જેને વિષે એમ ધારવામાં[3] આવે છે કે-(અને આ ધારણા માત્ર ખોટી જ છે) એ ગ્રંથ **આનંદગિરિનો** છે. તે **શંકરવિજય** તપાસિયે. એમાં પણ એમ દર્શાવ્યું છે કે કુમારિલે અસંખ્ય **બૌદ્ધ** અને **જૈનોનો** માનસિક વિવાદમાં પરાભવ કરી અને ભૌતિકશસ્ત્રો એમના સામા વાપરી તેઓના "દુષ્ટ મતોનું"[4] ખંડન કર્યું હતું. **માધવે** આપેલા વૃત્તાન્તને કૃત્રિમ નામધારી **આનંદગિરિના** વૃતાન્તની સાથે સરખાવતાં એમ જણાય છે કે તેઓએ જે હકીકત આપી છે તેની ઉત્પત્તિ એકનાએક જ સ્થળમાંથી નથી, આ ગમે એમ હોય તો પણ હું એમ ધારૂંછું કે **વાસવદત્તામાંના** ઉપર કહેલા ફકરાઓમાં ઐતિહાસિક બનાવોનું સૂચન છે. અને ઉપર સૂચવેલા બન્ને **શંકરવિજયમાં** જે ઉક્તિઓ છે તેનો આધાર આ બનાવો ઉપર જ છે. આ કહેતી વખત મેં જે મત વખતો વખત દર્શાવ્યો છે તે પાછો ખેંચી લેવા માગુંછું એમ ન સમજાય એવી રીતે મારે પોતાનો બચાવ કરવો જોઇએ. જે મત મેં વખતોવખત દર્શાવ્યો છે તે આ છેઃ 'કુમારિલ અને **શંકરાચાર્યે**

બીજી યુકિત ખોળી કાઢી કે જે કોઇ જાતે પર્વત ઉપર ચઢીને ભુસકો મારે અને કોઈ પણ હરકત થાય નહિ તેનો સત્યમત છે એમ ધારવું. આ દરખાસ્ત સાંભળી સર્વ વિચારમાં પડયા. પણ કુમારિલ વેદને સંભારી-એવી રીતે માધવ કહે છે—પર્વતના શિખર ઉપર ચઢયો ને તે ઉપરથી નીચે પડવાની તૈયારી કરી. પછી મોઢેથી બોલ્યો કે જો વેદ સત્ય હોય તો મને કોઈ પણ ઈજા થશો નહિ. પડવા છતાં તેને કોઈ પણ હરકત થઇ નહિ એમ જ્યારે રાજાએ જોયું ત્યારે રાજા વેદને માનતો થયો. પણ સુગતોએ કહ્યું કે આ કાંઈ એના મતનો પુરાવો નથી. કોઈ પણ તરેહના મણિ, મંત્ર અથવા ઔષધથી શરીરનું રક્ષણ થાય છે. જ્યારે રાજાએ જોયું કે પોતાની હાજરીમાં જે બન્યું છે તેને વિશે પણ તકરાર થઈ છે ત્યારે તેણે કહ્યું કે એ પોતે તેઓને કેટલાક પ્રશ્ન પૂછશે અને જે કોઇ ઉત્તર આપવામાં નિશ્ફળ જશે તેને રીબી રીબીને મારવામાં આવશે, આટલું કહિ તેણે એક માટીનું વાસણ જેની અંદર સર્પ રાખવામાં આવ્યો હતો અને જેનુ મોં સજડ બાંધવામાં આવ્યું હતું તે બ્રાહ્મણો તેમ જ બૌદ્ધને બતાવી અંદર શું છે તે કહેવાને કહ્યું. બન્ને પક્ષે બીજા દહાડાની મહેતલ માંગી અને બીજે દિવસે પોતપોતાની અદ્ભૂત શકિતથી ખબર મેળવી. સુગતોએ કહ્યું કે એની અંદર સર્પ છે ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે સર્પ ઉપર વિષ્ણુ સૂતા છે. રાજા હવે બ્રાહ્મણોના પક્ષમાં હોવાથી ગભરાયો પરંતુ આકાશવાણીએ એને શાન્ત કર્યો ત્યારે એ વાસણ ઉઘાડવામાં આવ્યું એટલે જેવી રીતે બ્રાહ્મણોએ કહ્યું હતું તેવી જ રીતે વિષ્ણુની મૂર્તિ દેખાઈ. આ ઉપરથી રાજાએ બૌદ્ધનો નાશ કરવાનો હુકમ કહાડયો. આવી તરેહની લડાઈઓ એ વખતમાં અસાધારણ નહોતી. હુયાનસંગમાંના આ ફકરાઓ સરખાવો *Buddhist Records of Western World*, પુ. ૧, પા. ૨૨૧, ૨૩૭. પુ. ૨ પા. ૯૯; હુયાનસંગચરિત પા. ૧૬૪; શંકરવિજયમાં જણાવેલ મંડનમિશ્ર અને શંકરાચાર્યની વચ્ચેનો વિવાદ જુઓ.

૧ પા. ૨૮, ૨૯, સરખાવો સંસ્કૃત સાહિત્ય વિશે એચ. એચ. વિલ્સનનો નિબંધ, પુ. ૩, પા. ૯૫. જુઓ વળી વિલ્સનનો હિંદુધર્મ, પુ. ૨, પા. ૬૬.

૧ માધવનું શંકરવિજય. ૭, ૬ (પા. ૨૯૦) એમાં કુમારિલને શંકર કહે છે કે તમે કાર્તિકેય છો તે હું જાણુંછું. સુગતોના સહાયાર્થે પૃથ્વી ઉપર તમે આવ્યા છો. આ સુગતો વેદની ક્રિયાના દુષ્મન છે.

૨ જુઓ મુદ્રારાક્ષસની પ્રસ્તાવના, પા. ૧૬, ૧૭ અને ટિપ્પણ.

૩ જુઓ ઈન્ડિ. એન્ટી., પુ. ૫, પા. ૨૮, બાર્થ કૃત રિલિજિઅન્સ ઓફ હિંદુઝ, પા. ૧૮૯-૯૦.

૪ પા. ૨૨૫.

બૌદ્ધ અથવા **જૈનોને** સતાવ્યા હતા' એ ઐતિહાસિક વાત[1] નથી. પણ બન્ને **શંકરવિજયમાં**, અને આ વિષય ઉપરના વિવાદમાં **પ્રો. વીલ્સને** સૂચવેલા સાધનોમાં આપેલી દંતકથા, એક ખાસ જૂદી-જ[2] જાતના માનસિક, અથવા અધ્યાત્મજ્ઞાન સંબંધી વિવાદના ઐતિહાસિક બનાવની સૂચના કરે છે. એ વિવાદમાં કુમારિલના પ્રમુખપણા નીચે બ્રાહ્મણો તેમના મત પ્રમાણે **જૈન** વા **બૌદ્ધ** જે કોઇ **વેદની** વિરુદ્ધ હતા તેઓની સાથે સર્વત્ર વિજયી નીવડ્યા હતા. મને એમ લાગે છે કે એ વિવાદ અહિં ન્યાપેલા પરિણામ સાથે જે વાક્યો સુબન્ધુમાંથી ઉતારેલાં છે તે પૂરેપૂરી રીતે સમજાવે છે; અને એ વાક્યો સમજાવી શકે એવા એકે બનાવની આપણને માહીતગારી નથી. એ યાદ રાખવાનું છે કે ઉપર જણાવેલા **જૈન** અને **બૌદ્ધમતના** પરાજયમાં કોઈ પણ ન્યાયાધિકારે હાથ ઘાલ્યો હોય એમ એ વાક્યો ઉપરથી જણાતું નથી. તે તો માત્ર એટલું જ દર્શાવે છે કે મીમાંસાના શાસ્ત્રીય મતે **બૌદ્ધ** અને **જૈનના** પાખંડમતનો પરાજય કર્યો હતો, અને એ વિવાદનો જેવી રીતે બ્રાહ્મણોએ હેવાલ આપ્યો છે તેવી રીતે તો મારા ધારવા પ્રમાણે એ પરાજયને[3] તો એક ઐતિહાસિક સમુચ્ચય—જેની સર્વ બાજુએ **શંકરવિજયની** ઘણી વાતો એકઠી થઈ છે તેવી રીતે–સ્વીકારીએ.

મારે આત્ર કહેવું જોઈએ કે ઉપર કહેલા એક ફકરામાં સુબન્ધુ મીમાંસાદર્શનને બદલે **શ્રુતિવચન** વિશે બોલે છે. તો પણ હું એમ ધારૂંછું કે શબ્દની ભિન્નતાના અર્થમાં વાસ્તવિક રીતે કોઈ પણ ફેર થતો નથી. જે વાક્યસંબંધ વિશે આજ ચર્ચા કરીએ છીએ તેમાં તો **શ્રુતિવચન**, **જૈમિનિ** દર્શન, કર્મકાંડ આ સર્વ વસ્તુતઃ જોતાં તો એક જ શબ્દો છે. **જૈન** અને **બૌદ્ધમત** ઉપર **વેદમતે** જે જય મેળવ્યો છે તેતો મારા ધારવા પ્રમાણે કુમારિલભટ્ટના દિગ્વિજયનું સૂચન કરે છે.

વાસવદત્તામાંથી જે ફકરા ઉતાર્યા છે તેમાંના છેલ્લા ફકરા પછી તરત જ એક બીજો ફકરો છે અને તેની તરફ લક્ષ દોરવું જોઇએ કારણ કે કેટલેક દરજ્જે જે મત મેં અહિં પ્રદર્શિત કર્યો છે તેને વિશે શંકા લાવવાનું કારણ આથી મળી આવે છે. એ વિવાદયુદ્ધમાં જે યોદ્ધા હતા તેમની સ્થિતિનું વર્ણન કરતાં સુબન્ધુ કહે છે કે—**कश्चिद्बौद्धसिद्धान्त इव क्षपितश्रुतिवचनदर्शनोभवत्।**[4] જે **બૌદ્ધમતથી વેદમત** નષ્ટ થતો હતો તે **બૌદ્ધમતની** માફક એક યોદ્ધો શ્રુતિ, વચન અને દર્શનથી શક્તિહીન થયો હતો. મારા ધારવા પ્રમાણે આ તો કુમારિલભટ્ટના યત્ન પહેલાં હિંદુ જનસમાજની સ્થિતિ સૂચવે છે. **શિવની** સાહાય્ય માંગવાને જે દેવ કૈલાસમાં ગયા હતા તેમના મુખથી આ સ્વરૂપદર્શક વર્ણન **માધવાચાર્યે** કરાવ્યું છે એ ઉપર જણાવેલી ખરાબ સ્થિતિનાં મુખ્ય રૂપાંતર શા હતાં તે દર્શાવવા એ ફકરાનું અસલ ભાષાંતર અત્ર આપુછુ.[5]

---

૧. જુઓ મુદ્રારાક્ષસની પ્રસ્તાવના, પૃષ્ઠ ૪૮, ટિપ્પણ અને પૃષ્ઠ ૫૩. માધવના શંકરવિજયમાં जैनान्‌ને બદલે बौद्धान् હતું તેને લીધે એમને એમ છે. જેને પ્રો. વિલ્સન સુધન્વા રાજાનો નાશકારક ચુકાદો કહે છે. આ ગ્રન્થમાં જે વિષય છે તેના નિર્ણય અર્થે દશકુમાર ચરિતમાં नास्तिकान्कदर्थयन् આ વાક્ય છે તેને વિશે પણ વિચાર કરવો જોઇએ. (પા. ૧૭૧, ગોડબોલે અને પરબની આવૃત્તિ) બીલે ફો–શો–હિંગ–ત્સંગ–રાજામાં જે અવતરણ કર્યું છે તેનો પણ વિચાર કરવો જોઇએ. (પૂર્વના પ્રાચીન પુસ્તકો, પા. ૧૨) પરંતુ આ તો પુરાતન કાળનું છે. જુઓ બાર્થ કૃત હિંદુધર્મો, પા. ૮૯. પરંતુ આ વિચારોથી જે સત્ય વાત ગ્રન્થમાં છે તેના ઉપર કાંઈ પણ અસર થતી નથી.

૨ આવી તકરાર વાસ્તે જુઓ માક્ષ મૂલર કૃત ઇંડિયા, પા. ૨૯૮ અને બીલના. બુ. રે. ઑફ વે. વ. પુ. ૧, પા. ૨૧૪. જુઓ. વળી પુ. ૨, પા. ૨૬૩–૪. અને હુયાનસંગ ચરિત, પા. ૫૬, ૬૯, ૧૬૦, ૧૭૬, ૧૮૦.

૩ બ્રાહ્મણોએ જે જે હકીકત આપી છે તેને તારાનાથે આપેલો હેવાલ દઢ કરે છે. જુઓ ઇંડી. એન્ટી., પુ. ૪, પા. ૩૬૫. જો આપણે એમ સૂચવીએ કે એનો પરાજય અને બુદ્ધની લાગણી એક જ વખતે હતી તો છેક ખોટું નથી. જુઓ સંસ્કૃત સાહિત્ય વિશે નિબંધ, પ્રો. વિલ્સન, પુ. ૩, પા. ૧૯૮. જુઓ વિલ્સનનો હિંદુધર્મ, પુ. ૨, પા. ૩૬૭. જૈન વાસ્તે જુઓ ઇંડિયન એંટીકવેરી, પુ. ૨, ૨૨૭. પુલકશીના વખતમાં દક્ષિણમાં જૈનોએ જે અસર કરી હતી તે પણ એ જ ઉદ્દેશે છે. (ઇન્ડ. એન્ટી., પુ. ૨, પા. ૧૯૪,) ૪ પા. ૨૯૭.

૫ આલ્બીરૂનીના હિંદુસ્થાનમાં Sachau–સ્કાઉએ જે હકીકત આપી છે તે જુઓ. પુ. ૧, પા. ૩૮૧.

"હે દેવ, એ તો આપના જાણવામાં છે કે અમારે વાસ્તે વિષ્ણુ બુદ્ધરૂપે સુગતોને ચઢાવે[1] છે. તેના મત ઉપર વિશ્વાસ રાખનાર અને શાસ્ત્રીય તત્ત્વજ્ઞાનને નિંદનાર બૌદ્ધથી પૃથિવી ઉભરાઈ ગઇ છે. બ્રાહ્મધર્મના શત્રુ નાત–જાતના અને બીજા નિયમોને ધિક્કારે છે અને શ્રુતિવચન એ જ આચાર્યની[2] ઉપજીવિકાનું સાધન છે એમ કહે છે. કોઇ પણ સંધ્યા અને બીજી વિધિ કરતું નથી તેમ જ સંન્યાસ ગ્રહણ કરતા નથી. સર્વ કોઇ પાખંડમતવાદી જ થઈ ગયા છે. યજ્ઞની વાત સાંભળતાં જ કાન બંધ કરે છે. આમ છે ત્યારે ધર્મક્રિયા શી રીતે ચાલશે અને યજ્ઞનું ફળ ક્યારે ભોગવીશું? જેઓ શૈવ અને વૈષ્ણનાં ધર્મપુસ્તકોને માન આપે છે, જેને લિંગચિન્હ હોય છે તે પાખંડમતવાદીઓ સર્વ રીતે ધર્મક્રિયાઓ કરતા નથી. સર્વ શક્તિમાનને લાગુ પડતું એવું કયું પવિત્ર શ્રુતિ પુસ્તક છે કે જે મૂઢ બૌદ્ધોએ વિરૂપ નથી કર્યું? દ્વિજના માથાને તુરત જ કાપીને ભૈરવની પૂજા કરનાર દુષ્ટ કાપાલિકે[3] કયા નિયમોનું ઉલ્લંઘન કર્યું નથી? પૃથ્વી ઉપર બીજા ઘણા મત[4] છે જે હાનિકારક છે છતાં તેનો આશ્રય લઇ ઘણાક નષ્ટ થયા છે એટલા માટે એ દુષ્ટલોકોનો સંહાર કરો અને જનસમૂહના રક્ષણાર્થે વેદધર્મ પ્રવર્તાવો કે જેથી પૃથ્વી સુખમય થાય."

સુબન્ધુમાંથી ઉતારેલા ફકરામાં છેલ્લા ફકરાનો અર્થ એવી રીતે થઈ શકે એમ છે કે કુમારિલભટ્ટ પ્રસિદ્ધ થયા તે પહેલાં જે સ્થિતિ હતી તેનું વર્ણન અત્ર કર્યું છે અને આ પ્રમાણે અર્થ કરતાં બીજા ફકરાનો જે અર્થ ઉપર સૂચવ્યો છે તેમાં કોઈ પણ તરેહનો વિરોધ હોય એમ જણાતું નથી.

આ સર્વ દલીલનો અન્ત–જો સત્ય હોય તો–એ જ છે કે–જ્યારે વાસવદત્તા રચાઇ ત્યારે બ્રાહ્મધર્મના મત પ્રમાણે જોતાં કુમારિલભટ્ટના ઉપદેશથી તેમ જ વિવાદથી સંતોષકારક પરિણામ આવ્યું હતું. અને ધર્મની પુનઃ સંસ્થિતિ જે કુમારિલભટ્ટે વધારી એવું મનાય છે—તે વખતે ચાલતા પાખંડી મત અને ક્રિયાઓની સામે અદ્ભુત રીતે ધસારો કર્યો હતો એટલું જ નહિ પણ આવા મત અને આવી ક્રિયાઓનો ફેલાવો સારી રીતે અટકાવ્યો હતો. આ સિદ્ધાંત ઉપરથી જે નિર્ણય લાવી શકાય એમ છે તેનો વિચાર કરતાં પહેલાં આટલું કહેવું યોગ્ય લાગશે કે બાણની કાદંબરી[5] અને હર્ષચરિતમાં[6] તેમ જ દંડિના દશકુમારચરિતમાં[7] મીમાંસા, જૈન અને બૌદ્ધમતનાં સૂચન છે. પણ એમાં એઓની વચ્ચે થયેલા વિવાદનું બિલકુલ સૂચન નથી. આના ઉપરથી કોઇપણ ઐતિહાસિક નિર્ણય લાવી શકીએ એમ નથી. પણ જ્યારે આપણને વિદિત છે કે બાણ સુબંધુની પછી થયો અને એના કરતાં ચઢી જવાનો વિચારપૂર્વક યત્ન કરતો હતો ત્યારે જે હકીકતનું સુબન્ધુ વખતો વખત સૂચન કરતો હતો તેને માટે આ બિલકુલ સૂચન પણ કરતો નથી એમ જાણતાં એવું અનુમાન થાય છે કે જ્યારે સુબંધુના વખતમાં એ હકીકતે કરેલા સંસ્કારો નષ્ટ થયા નહોતા અથવા તો નૂતન હતા ત્યારે બાણના વખતમાં સાહિત્યના સંબંધમાં તેનો ઉપયોગ થાય એવા અને સતત સ્મૃતિમાં રહે એવા સંસ્કારો નહોતા. બીજી રીતે દંડિના ગ્રંથમાં એ બિનાઓનું સૂચન નથી

૧ વિજ્ઞાનભિક્ષુના સાંખ્યપ્રવચનભાષ્યમાં પદ્મપુરાણમાંથી જે ઉતારા કર્યા છે તે જુઓ. પા. ૭ (જીવાનંદ વિદ્યાસાગરની આવૃત્તિ.)

૨ સર્વદર્શનસંગ્રહમાં ચાર્વાકદર્શનના અન્તના શ્લોક જુઓ.

૩ આ શાખા માર્ગીનાં નામ હુયાનથ્સંગે ઘણે સ્થળે આપ્યાં છે. જુઓ. *Buddhist Records of Western World*, પુસ્તક ૧, પૃષ્ઠ ૫૫, ૭૬. હુયાનથ્સંગચરિત, પા. ૧૫૯, ૬૨ અને બીજા ફકરાઓ. જુઓ વળી શંકરવિજય, સર્ગ ૧૧.

૪ ઉપર કહેલી ૧ લી ટિપ્પણીમાં જે શ્લોક કહ્યા છે તે જુઓ. અને વળી આનંદગિરિનું શંકરવિજય.

૫ જુઓ બીજી બાબતો પા. ૫૧, ૯૫, ૧૩૧, ૨૦૯ (પીટરસનની પ્રતિ.)

૬ સદર પા. ૧૪૧, ૧૫૮, ૧૬૭, ૧૮૧, ૧૮૫, ૧૯૪, ૨૨૪, ૪૬૬, ૪૮૯, ૫૦૪, ૨૨૭ કાશ્મીરની પ્રતિ.)

૭ સદર પા. ૧૧, ૪૬, ૪૭, ૫૪, ૫૫ (બ્યુલર) અને પા. ૧૩૭ ગોડબોલે અને પરબની પ્રતિ.

ત્યારે જો કે કાલક્રમની ઉત્પત્તિને માટે તો એ સબળ કારણ હોય એમ લાગતું નથી—જેવી રીતે છે તેવી રીતની સ્થિતિ જોતાં તો એટલું જ કહિ શકાય છે કે દંડિ એ બિનાઓ બની તે પહેલાં થયો હશે અથવા તો એના પછી ઘણો સમય વીત્યા પછી થયો હશે. પ્રથમનો વિચાર દંડિને ઇ. સ. છઠ્ઠા[1] સૈકામાં મુકે છે તે તેઓને મળતો આવે છે; ત્યારે બીજો વિચાર જેઓ તે અગિઆરમા અગર બારમાં[2] સૈકામાં થયો એવો **પ્રો. એચ. એચ. વિલ્સનને** મળતો આવે છે—તેને મળે છે. આ કહેતી વખત આ વાત મારી નજરની બહાર નથી કે 'શંકરાચાર્યનો સમય' એ વિશેના મારા નિબંધમાં એવી સૂચના કરી હતી કે તત્વજ્ઞાન સંબંધના વિવાદમાં અન્યની સાથે દંડિનો પણ શંકરાચાર્યે પરાજય કર્યો હતો. એ **માધવની** ઉક્તિ ઐતિહાસિક શોધમાં[3] છેક તિરસ્કાર કરવા લાયક તેમ જ અવગણના કરી દૂર કરવા લાયક નથી. હવે પછી એવું બને કે કાલક્રમની ગણના જે અહિં આપેલી છે તે ખરી ઠરે તો **માધવની** ઉક્તિ કદાપિ કેટલીક શરતે સ્વીકારવી પડે. અને એમાં એટલો જ ફેર પડે કે શંકરાચાર્ય દંડિના સમકાલીન નહોતા પણ પછીની પ્રજાના સમયમાં થયા. શંકરાચાર્યની યુવાવસ્થા અને દંડિની વૃદ્ધાવસ્થા એક જ સમયમાં થયાં હશે. અથવા તો બીજા કારણને લીધે એ ઉક્તિ તદ્દન નાકબૂલ પણ કરવી પડે; પરંતુ આ સર્વ ઉપન્યાસ નિર્ણય અને બન્નેને નિયત કરનાર તર્કના બંધના સંબંધ હમણાં તો માત્ર આનુમાનિક છે. અને તેટલા માટે એવું વધારે વિવેચન કરવું અયોગ્ય છે. અત્યાર સુધીમાં જે નિર્ણયો આણ્યા છે તે આ છેઃ—

મુખ્ય અનુમાનો જેના ઉપર આપણે અતિશે આધાર રાખીએ છીએ તેમાં **પહેલું** અનુમાન સુબંધુ ઘણું ખરૂં છઠ્ઠા સૈકાના પૂર્વભાગમાં અથવા તો મોડામાંમોડો સાતમા સૈકાની શરૂવાતમાં થયો હતો. **બીજું** પ્રખ્યાત **બૌદ્ધધર્મના** પ્રમાણરૂપ **ધર્મકીર્તિને** સુબંધુ જાણે છે અને **ધર્મકીર્તિ** છઠ્ઠા સૈકાના અંત પહેલાં ઘણા વખત ઉપર થયો હોવો જોઇએ; **ત્રીજું ભટ્ટ કુમારિલ** અને **જૈન** તથા **બૌદ્ધની** સામે વેદધર્મની પુનઃસંસ્થિતિના યત્નમાં જય મળ્યો હતો તેની સુબંધુને ખબર હતી. અને તેટલા જ માટે **કુમારિલ** પણ છઠ્ઠા સૈકાના અંત પહેલાં ઘણાક સમય ઉપર પ્રસિદ્ધ થયો હોવો જોઇએ. આ ઉપરથી જણાશે કે જેમ છે તેમ આ સર્વ નિર્ણયો **ટિબેટનાં** પ્રમાણો તપાસ્યા પછી તેના ઉપર વિશ્વાસ રાખી **ડા. બર્નેલે** જે સિદ્ધાંત આપ્યો છે તેને આ મળે છે એ સિદ્ધ વાત છે. **ધર્મકીર્તિ** અને **કુમારિલ** સમકાલીન હતા. **ભવભૂતિ કુમારિલ સ્વામિનો**[4] શિષ્ય હતો. **ભવભૂતિના માલતીમાધવના** હસ્તલેખમાં **મિ. પંડિતે** જે સિદ્ધાંત ખોળી કહાઢયો છે તેની જોડે એ મળતા આવે છે કે કેમ તેની મને શંકા છે. **ભવભૂતિ** સાતમા સૈકાના અંતમાં અને આઠમા સૈકાની શરૂવાતમાં થયો એમ **પ્રો. ભાણ્ડારકરનું**[5] કહેવું છે. જો એ વાત સત્ય હોય-આ જો કે **ભાણ્ડારકરનું** કહેવું છે તે તદ્દન અસંભવિત નથી-તોપણ ભાગ્યે જ સંભવિત હોય એમ લાગે છે. જો કે મોડામાંમોડા સાતમા સૈકાની શરૂવાતમાં

---

૧ ઈન્ડીઆન એંટીકવેરી, પુ. ૩, પા. ૮૨. સરખાવો માક્ષ મૂલર કૃત *India: What it can teach us*, પૃષ્ઠ ૩૩૨, ૩૫૮.

૨ સંસ્કૃત સાહિત્યના નિબંધમાં દશકુમારચરિતની પ્રસ્તાવના જુઓ પુ. ૧, પા. ૩૪૬. હિંદુસ્થાનના લગ્ન ઉપર પ્રો. પીટરસનનો નિબંધ સરખાવો. ઇન્ડ. એન્ટી., પુ. ૪, પા. ૮૩ એમાં ઈ. સ. ૧૧૦૫માં કરેલી કાવ્યાદર્શની નકલ વિશે ડા. બ્યુલર કહે છે. દશકુમારચરિત ભાગ બીજાની પ્રસ્તાવનામાં ડા. પીટરસન એ જ પ્રશ્ન સંબંધી ઘણું લખે છે. એ પ્રસ્તાવનામાં છન્દોવિચિતિ નામ સંબંધે એવું કહેવું યોગ્ય લાગેશે કે સુબન્ધુ એ નામનો ગ્રન્થ સૂચવે છે. જુવો વાસવદત્તા. પા. ૧૧૯, ૨૩૫, એ પ્રશ્ન વિશે વધારે વિવેચન હાલમાં કરવા માગતો નથી.

૩ જુઓ મુદ્રારાક્ષસ, પ્રસ્તાવના, પા. ૫૦ મે જણાવ્યું છે કે પ્રો. વિલ્સનનું કહેવું એમ છે કે દશકુમારનો કર્તા શંકરાચાર્યના વંશનો એક યતિ છે. જુઓ હિંદુ ધર્મનો નિબંધ, પુ. ૧, પા. ૨૦૩ ટિપ્પણ, પણ એ વિષે કાંઇ પણ પ્રમાણ નથી.

૪ જુઓ ગઉડવહો, પ્રસ્તાવના, અંક ૪, પૃષ્ઠ ૨૦૫.

૫ માલતીમાધવ, પ્રસ્તાવના, પા. ૪. જુઓ વળી ૧૮૮૩-૮૪ ના સંસ્કૃત લેખ ઉપર રીપોર્ટ, પા. ૧૫.

થનાર લેખકે ભવભૂતિના ગુરુનું નામ આપ્યું હોય. મિ. પંડિત પોતે જ ભવભૂતિ ઈ. સ. ૬૨૫ અને ૬૮૫ની વચ્ચે અને કુમારિલ ઈ. સ. ૫૯૦ અને ૫૬૦ની વચ્ચે થયા એમ કહે છે. જો આ સાલો સ્વીકારી[1] હોય તો પણ જે કારણો ઉપર એનો આધાર છે તેની તરફ જોતાં આપણે કાઢેલા નિર્ણયો તેઓની જોડે ભાગ્યે જ મળતા આવે એમ છે. તેટલા માટે કુમારિલ અને ભવભૂતિની વચ્ચેનો સંબંધ સૂચવવામાં તે નિર્ણિત થાય તો જે મત મેં બાંધ્યો છે તે ઘણું કરીને મુકી દેવો પડશે. પણ માલતીમાધવના હસ્તલેખના વલણમાં આપેલી ઉક્તિને પ્રમાણ રૂપ ગણી એ સંબંધને સ્વીકારી શકીએ એમ છે? અલબત્ત પ્રથમ તો એ ઉક્તિ અથવા તો એની યોગ્યતાને વાસ્તે એ પ્રમાણ ઉપરથી નિર્ણય કરવાને જોઇએ એવાં સાધન નથી, કારણ કે એ ઉક્તિ કોણે કરી છે[2] તે જ જાણતા નથી. બીજું આવી ઉક્તિના અદૃઢ પ્રમાણ ઉપરથી જ કુમારિલ અને ભવભૂતિની વચ્ચેનો જ સંબંધ સૂચવ્યો છે તે સંબંધ સ્વીકારીએ તો સુબંધુ વરરુચિનો[3] ભાણે જ હતો એ વાત ઉપર વિશ્વાસ રાખીએ એમ બને નહિ. આમ હોય ત્યારે ધર્મકીર્તિ, કુમારિલ અને બીજા ઘણા લેખકોને ઇ. સ. ની પૂર્વે ઓછામાં ઓછા ત્રણ સૈકા પહેલાં મુકવા પડશે. વળી એટલી પણ ટીકા કરવાની છે કે એકાદ વલણમાં માલતીમાધવનો કર્તા श्रीकुमारिलस्वामिप्रसादप्राप्तवाग्वैभवश्रीमदुंवेकाचार्य હતો એમ વર્ણવ્યું છે. એ વિચિત્ર છે કે માધવાચાર્યના શંકરવિજયમાં[4] ઉંવેકાચાર્યનું લોકપ્રિય નામ મંડનમિશ્ર છે અને હમણા જેનું જગવિદિત નામ સુરેશ્વરચાર્ય[5] છે. અને એ જ ગ્રંથ ઉપરથી માલુમ પડે છે કે ઉંવેક ઉર્ફે મંડનમિશ્ર કુમારિલનો[6] શિષ્ટ શિષ્ય હતો અને બીજા શંકરવિજય પ્રમાણે કુમારિલનો બનેવી પણ હતો.[7] જો આ વાત સ્વીકારીએ તો ઉપર કહેલા ત્રણ ઉર્ફે નામોમાં ભવભૂતિનું નામ પણ વધારવું પડશે પણ અત્ર જે ગુંચાવાડો થાય છે તે એમને એમ રહેવા દેવો જોઇએ; હાલમાં તેનું વિવેચન કરવાની જરૂર જોતો નથી. ભવભૂતિ અને કુમારિલના સંબંધ તરફ જોતાં એટલું લક્ષમાં રાખવાનું છે કે મિ. પંડિતે પોતાના હસ્તલેખમાં જણાવેલી ઉક્તિ મહાવીરચરિતમાં ભવભૂતિની જોડે સરખાવી હોય એમ લાગતું નથી. એક તાલપત્રમાંનો હસ્તલેખમાં આ પ્રમાણે માલતીમાધવમાં[8] પણ છે કે એનો ગુરુ જ્ઞાનનિધિ નામથી આનંદિત થતો. જ્ઞાનનિધિ કુમારિલનું એક જૂદું નામ હતું. એ મત સ્વીકારવાને હાલમાં કોઈ પણ તરેહનો આપણી પાસે પુરાવો નથી. "ભવભૂતિ કુમારિલ ભટ્ટનો શિષ્ય હતો એવી જે દંતકથા છે તે એ મીમાંસામાં પ્રવીણ હતો તેથી એના પ્રણયીઓએ જોડી કહાડી ન હોતી. મિ. પંડિતની આ દલીલ મજબૂત છે ત્યારે તો એ વિચિત્ર લાગ્યા વગર તો નહિ જ રહે કે પૂર્વમીમાંસા ઉપર જગવિદિત પ્રમાણ-પુરુષનો શિષ્ય,-અને તે પણ વળી ભવભૂતિ જેવો વિશિષ્ટ શિષ્ય, સાંખ્ય અને યોગમાં પોતાની યોગ્યતા વિષે બોલે છે, ત્યારે એ જ વિષય (મીમાંસા)માં પોતાની યોગ્યતા વિશે કંઈ પણ કહેતો નથી. એ પણ વિચિત્ર જ છે કે એક પ્રસિદ્ધ ગુરુ-જેને વિષે દંતકથા ખરી હોય તો જે હિંદુસમકાલીન લેખકોની આંખે આવ્યો હતો-તે ગુરુ વિશે સૂચન કરવું પણ વિસરી ગયો-અને આ પણ ક્યારે કે જ્યારે તેણે ગુરુ જ્ઞાનનિધિ જે ઘણો સમય થયાં વિસ્મૃત થયો હતો-તે જ્ઞાનનિધિનું ખાસ નામ આપ્યું છે-ત્યારે. ઘણું કરીને ભવભૂતિને વેદાંતના[9]

---

૧ ડૉ. બ્યુલરની એ ઉપર ટીકા જુઓ. વિએના જ., પુ. ૨, પા. ૩૩૨.

૨ સાધારણ વિચાર તરીકે મ્હારે દર્શાવવું જોઇએ કે એ જ વિષયની સાથે જે સંબંધ ધરાવતું હોય તેની જોડે સંગત હોય અથવા તો એ વિશેના પૂર્વજ્ઞાનની જોડે મળતું આવતું હોય તે શિવાય આવી જાતની ખબરને ઐતિહાસિક ગણાય નહિ.

૩ જુઓ હૉલની વાસવદત્તા, પ્રસ્તાવના, ૫, ૬, ૭ ટીકા.

૪ જુઓ સર્ગ ૭, શ્લોક ૧૧૬. ૫ માધવનું શંકરવિજય, સર્ગ ૧૦, શ્લોક ૧૦૪.

૬ માધવ કૃત શંકરવિજય, સર્ગ ૭, શ્લોક ૧૧૭. એ વિશ્વરૂપના નામથી ઓળખાતો હતો. ૭ પા. ૨૩૬.

૮ ભાણ્ડારકરની પ્રસ્તાવના, અંક ૫ અને પા. ૩૭૨.

૯ પ્રસ્તાવના, ભવભૂતિના નાટકમાં પૂર્વમીમાંસાનું કાંઈ પણ સૂચન હોય એમ મને લાગતું નથી.

રહસ્યનું શિક્ષણ મળ્યું હતું અને તેટલા માટે અત્ર આપ્યો છે તેના કરતાં વધારે મજબુત પુરાવો આપે નહિ ત્યાં સુધી પૂર્વમીમાંસા જોડેનો સંબંધ સ્વીકારાય એમ નથી. **પ્રો. ભાણ્ડારકરના** આ સૂચન ઉપર વજન મુકવાનું છે એ વાત લક્ષ્યમાં રાખવાની છે. હું ધારૂંછું કે આ ઉપરથી **ભવભૂતિ મીમાંસાના** પ્રસિદ્ધ ટીકાકાર **કુમારિલનો**[1] શિષ્ય હતો એ વાત સ્વીકારીએ એવી સ્થિતિમાં નથી અને એ ઉપર આધાર રાખી એનાથી જે નિર્ણયો અસંગત છે અને જે અન્ય સાધનોમાંથી કાઢી શકાય એમ છે એ નિર્ણયો ત્યજી દઇએ એમ પણ નથી.

'**ધર્મકીર્તિ અને શંકરાચાર્ય**' વિષે **મિ. કે. બી. પાઠકનો** નિબંધ જેનું મેં અગાઉ સૂચન કર્યું છે તેને વિષે સહજ કહેવા માગુંછું. બીજા નિબંધોમાં જે પુરાવા આપવાનું કહેલ છે તે વડે તેણે મુખ્ય નિર્ણયનું અવલંબન કર્યું છે. સંસ્કૃત કાલક્રમના નિર્ણયોનો આધાર એ ઉપર જેટલા પુરાવા હોય તેની[2] સંચિતશક્તિ ઉપર છે. એ મારી પેઠે એ મત સ્વીકારી એમણે જે જે દલીલ માત્ર પ્રકટ કરી છે તેને વિશે વિવેચન કરવાની મ્હારી ઇચ્છા નથી તેમ જ યોગ્ય પણ ધારતો નથી. તો પણ એટલું તો કહેવાનું છે કે **મિ. પાઠકે** પોતાના નિબંધમાં જે વાત પ્રસિદ્ધ કરી છે તેને એ જ પ્રશ્ન ઉપર અન્ય વાત જે બીજા સપ્રમાણ પુરાવાથી દૃઢ થઇ છે તેની જોડે સરખાવી નથી. **ધર્મકીર્તિના** સમય વિશે **ચીનના** પુરાવા માટે કહેતાં **ગૌડપાદને**[3] વિષે એ જ તરફનો પુરાવો—જેનો **શંકરાચાર્યના** સમય જોડે મુખ્ય સંબંધ છે-તે પુરાવા વિષે કહેવું ભુલી જાય છે. તેમ જ જ્યારે તે કહે છે કે **શંકરાચાર્ય ધર્મકીર્તિ**-જેણે પ્રશસ્ત સંસ્કૃત પ્રામાણ્ણી તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી-તેના પછી અડધા સૈકા પછી થયા હતા, ત્યારે **મિ. પાઠકે** એ દલીલની એટલી તો તુલના કરવી હતી કે **ધર્મકીર્તિ, સુબન્ધુ** અને **બાણના** પરસ્પરીય કાલ-ક્રમના સંબંધને એ દલીલ લાગુ પાડતાં **ધર્મકિર્તિને** છઠ્ઠા સૈકાના પ્રથમ ભાગમાં મુકવો પડશે. એ વિશે જે વિશેષ માહીતી પ્રકટ કરવાને કહે છે તે જ્યારે પ્રકટ થશે ત્યારે એનું વિવરણ કરવાનો યોગ્ય સમય આવશે. મેં જે વિષય પ્રકટ કર્યો છે તે તો એટલા માટે કે જ્યારે **મિ. પાઠક** જે વાત એ પ્રકટ કરવા માંગે છે તેનું વિવેચન કરે ત્યારે અન્ય વાત જે નિશ્ચિત થઈ છે, તે પ્રમાણે એને વિશે પણ વિવેચન કરે. પોતાના ગયા નિબંધમાં એકથી વધારે સ્થળે **શંકરાચાર્ય** આઠમા સૈકામાં થયા એવો જો નિર્ણય **પાઠકે** આપ્યો છે—એ દર્શાવવાને હું એકાદ શબ્દ વિશેષ કહેવા માગુંછું—તો એ નિર્ણય એના પહેલા નિબંધમાં આપેલો નિર્ણય કે જે **શંકરાચાર્ય** ઈ. સ. ૭૮૮માં જન્મ્યા એની જોડે અસંગત છે. ઈ. સ. ૭૮૮ માં આઠમા સૈકાનાં માત્ર બાર વર્ષ જ રહ્યાં હતાં અને જ્યારે આવે વખતે **શંકરાચાર્ય** માત્ર બાંર વર્ષની ઉમ્મરના[4] હતા તથા પ્રસિદ્ધ હતા એમ કહે ત્યારે એ

---

૧ જુઓ વિ. જ., પુ, ૨, પા. ૩૪૦.

૨ ધમ્મપદની પ્રસ્તાવનામાં પ્રો. માક્ષ મૂલરની ટીકા. (પૂર્વના પવિત્ર પુસ્તક) પા. ૧૦–૧૧.

૩ જુઓ જ. રા. એ. સો. (ઉ ભા), પુ. ૧૦, પા. ૩૫૫. મુદ્રારાક્ષસમાં જે વાત આવી છે તે ખોટી છે. બનીયા નાનજીના સંગ્રહમાં મિ. બીલે બતાવેલા ગ્રન્થની ટીકા જુઓ. પા. ૨૮૭. આ સ્થળે માત્ર નામ સરખાં છે એટલું જ નહિ પણ નામથી બતાવેલી વસ્તુઓની સામ્યતા કબૂલ કરવા મિ. ડેવીડ ના પાડે છે. (પૂર્વનાં પવિત્ર પુસ્તકોમાં બુદ્ધ સુત્તો, પ્રસ્તાવના, પા. ૩૮) એ બન્ને ગ્રન્થની અનુક્રમણિકા સરખાવી મિ. બીલ એમ માને છે કે ચીનનો ગ્રન્થ એ ઈશ્વરકૃષ્ણની કારિકા અને ગૌડપાદના ભાષ્યનું ભાષાન્તર છે. જો ભાષ્યનો લેખક ગૌડપાદ શંકરાચાર્ય ગોવિન્દયતિનો પણ આચાર્ય હોય તો (જુઓ કોલબ્રુકના નિબંધ, પુ. ૧, પા. ૨૩૩. વેબરકૃત *History of Indian Literature*, પા. ૨૩૬–૭. સાંખ્યાસાર ઉપર ડા. હાલની પ્રસ્તાવના, પા. ૩૯, વિલ્સનની સાંખ્યકારીકા, પા. ૨૫૭) ઈ. સ. ૭૮૮ એ શંકરના જન્મનો સમય આવે છે એમ ધારવું તદ્દન અશકય છે.

૪ મને એમ ભાસે છે કે મનુની પ્રસ્તાવનામાં (પૂર્વનાં પવિત્ર પુસ્તકોમાં) મિ. બ્યુલર શારીરક ભાષ્ય ઈ. સ. ૮૦૪ માં થયું એમ કહે છે. ડા. બ્યુલર શંકર ૭૮૮માં થયા એ દંતકથા માને છે ત્યારે તો તેણે આ મહાન ગ્રન્થ લખ્યો ત્યારે એનું વય માત્ર ૧૬ વર્ષનું હતું તેથી એ અત્ર ભૂલે છે એમ મને શંકા થાય છે. મારે કેહવું જોઈએ કે ડૉ. બ્યુલરે એ વાતનો સ્વીકાર કર્યો છે કારણ કે એ દંતકથાનું શ્રીનગરના રેકર્ડથી દ્રઢીકરણ થયું છે. અને આવી કલ્પના અસત્ય ઠરે છે, જ. બો. બ્રે. રો. એમાં એ રેકર્ડ સંબંધી ટીકા કરીછે પુ. ૧૦, પા. ૩૭૨. પા. ૩૭૪માં જે ટિપ્પણ છે તે તો કુડલગીના લીસ્ટ ઉપર આધાર રાખી બીજું લીસ્ટ આપે છે. એ લીસ્ટની જોડે પ્રો. વિલ્સને આપેલું લીસ્ટ સરખાવો. હિંદુધર્મ, પુ. ૧, પા. ૨૦૧. બ્યુલરની નોટમાં કહેલ ડ્યુસનનો ગ્રન્થ નથી વંચાયો એથી દિલગીરછું.

સત્ય કહે છે એમ માનવું અસંભવિત છે. શંકરાચાર્ય એ વયે અથવા એથી પણ નાની વયે વિદ્યાજ્ઞાન સંબંધે અદ્ભુત શક્તિ ધરાવતા હતા એવી વાતો માધવ અને આનંદગિરિના ગ્રંથોમાં છે તે માત્ર[1] તેમના જ પ્રમાણ ઉપર આધાર રાખી ઐતિહાસિક પ્રમાણ તરીકે એને ગણાય એમ નથી.

આ સ્થળે એ જણાવવું અગત્યનું છે કે આલ્બીરૂનીના પ્રસિદ્ધ પુસ્તકમાં વેદાન્તદર્શનનું તેમ જ શંકરાચાર્યના અનુયાયીઓનું સૂચન નથી. સાંખ્ય અને યોગમતનાં સૂચનો છે અને એ સંબંધના જે લેખકો છે તેમાંથી[2] અવતરણ પણ છે એટલું જ નહિ પણ ભગવદ્ગીતા અને તેમજ[3] ઘણાક ફ-કરાઓનું સૂચન છે. આમ છતાં શંકરાચાર્ય અથવા તેમના મતનું નામ પણ નથી. ગમે તેમ હોય તો પણ એ વિચિત્ર છે. તથાપિ મને એમ ભાસે છે કે જો એ ઇ. સ. ૭૮૮ માં જન્મ્યો હોય અને શં-કરાચાર્યની લોકયાત્રા નવમા સૈકાની મધ્યમાં હોય અને તેમજ તે લોકયાત્રા છઠ્ઠા સૈકાની મધ્યમાં વા અન્તમાં હોય તો ઘણું જ વિચિત્ર લાગે એમ છે. શંકરાચાર્ય નામ જોડે સંબંધ ધરાવતી કૃતિ માત્ર દોઢસો વર્ષની અંદર મનુષ્યની સ્મૃતિ બહાર જઈ આલ્બીરૂની જેવા સૂક્ષ્મ અને સાવચેત શોધકે-આ ભાવ એના ગ્રન્થ ઉપરથી જણાઇ આવે છે-શંકર અથવા તેના સૂચક[4] તરફથી તેના મત વિશે કાંઈ પણ સાંભળ્યું નહિ હોય એ વાત ભાગ્યે જ સંભવિત લાગે છે. વધારામાં એટલું પણ કહેવાની હરકત નથી કે આલ્બીરુનીને બૌદ્ધધર્મનો પૂર્ણ અથવા સંતોષકારક[5] હેવાલ પણ મળ્યો નહોતો. એ સંબંધે જે સૂચના એણે આપી છે તે થોડી છે અને જે છે તેનાથી પોતે પણ સંતોષ પામ્યો નથી. એમ પણ હોય કે શંકરાચાર્ય અને કુમારિલની પ્રવૃત્તિ પછી જે બૌદ્ધધર્મ વેગથી પ્રવર્ત્યો હતો તે ધર્મના ક્ષય, પછીનો ત્રણ સૈકામાં પૂરેપૂરો[6] થયો હોય.

ઉપર કહેલા જે વિચારોથી મિ. પાઠકે કાઢેલા નૂતન પુરાવાનું અન્વેષણ હાલમાં કરવાનું બંધ રાખવામાં આવ્યું છે તે જ વિચારોથી હું એવા નિર્ણય ઉપર આવુંછું કે શંકરાચાર્ય અને કુમારિલનો સમય જે નક્કી કરવા મિ. ફ્લીટે મને ઈ. સ. ૧૮૮૭ માં[7] કહ્યું હતું તે સંબંધે પુરાવાનું અન્વેષણ હાલમાં ન કરવું એ યોગ્ય ધારૂં છું. નેપાલના કાલક્રમના સંબંધનો મિ. ફ્લીટના વિવાદનો એવો નિર્ણય થાય છે કે એ દેશની દંતકથા પ્રમાણે શંકરાચાર્યનો સમય ઈ. સ. ૬૩૫-૬૫૫ની વચ્ચે છે; કારણ કે એ જ વખતે વૃષદેવરાજા થયો અને એના જ રાજ્યમાં શંકરાચાર્યે નેપાલની યાત્રા કરી. એ રાજાએ પોતાના પુત્રનું નામ એ મહાન તત્ત્વજ્ઞાનીના[8] નામ ઉપરથી પાડ્યું. આ ઉપરથી મિ. ફ્લીટ સ્વા-ભાવિક રીતે ધારે છે કે જ્યારે આ નિશ્ચિત કરેલો સમય અને અન્ય સાધનોથી જે સમય મેં નિ-શ્ચિત કર્યો છે તે લગભગ સરખા છે ત્યારે એ બન્ને સરખા થાય એવી રીતે ફેરફાર કરવા બન્નેનું અન્વેષણ કરવું એ યોગ્ય છે. જો કે હું આ વિચારને મળતો આવુંછું છતાં જ્યારે આ પ્રશ્ન ઉપરની વાતની પ્રામાણીય મર્યાદામાં આપણે આવ્યા છીએ ત્યારે મિ. પાઠક ધારે છે એમ અનૂતન હકીકતથી એ સરખામણી કરવાની જરૂર રહેતી હોય તો એ નૂતન હકીકત જ્યારે પ્રગટ થાય ત્યારે તે પ્રમાણે

---

૧ મુદ્રારાક્ષ, પ્રસ્તાવના, નવમા ટિપ્પણમાં જે ટીકા છે તે સંબંધે એમ કહેવાની જરૂર છે કે છેલ્લા ટિપ્પણમાં કહેલા લીસ્ટમાં શંકરાચાર્યના કાર્યનો સમય એ વર્ષોથી સૂચવે છે.

૨ જુઓ પુ. ૧, પ્રસ્તાવના, પા. ૮, પા. ૨૭-૩૦.

૩ " પુ. ૧, પા. ૨૯.

૪ (ઇન્ડિ. એન્ટી., પુ. ૧૯, પા. ૩૮૨.) ડૉ. બ્યુલરે એમ દર્શાવ્યું છે કે આલ્બીરૂની જે વખત વિશે કહે છે તેના પહેલાં ૨૭૦ વર્ષ વાસ્તે કહે છે. (કનીંગહામની કાળગણના પ્રમાણે) અલ્બીરુનીએ જૈમિનિના પૂર્વમીમાંસાનું નામ આપ્યું છે.

૫ જુઓ પુસ્તક ૧, પૃષ્ઠ ૨૯.

૬ આ એક જ શક્ય અર્થ નથી. અલ્બીરુની ઉપર પ્રો. સ્કાઉની સૂચના જુઓ, પુ. ૧, પા. ૪૭.

૭ ઇન્ડિ. એન્ટિ., પુ. ૧૬, પા. ૪૨.

૮ સદર પુ. ૧૨, પા. ૩૫૦.

ઉપર કહેલી સાલની ઐકયતા કરવાનો યત્ન કરવો જોઈએ. જો કે હાલમાં એ આખા પ્રશ્નનું અન્વેષણ કરવાની મારી ઈચ્છા નથી તો પણ **મિ. ફ્લીટ**ના કથનના સંબંધમાં એકાદ બે વાત કહિશ. એ જોવાનું છે કે જો આપણે **મિ. ફ્લીટે** આપલી સાલ અને **નેપાલ**ની દંતકથા ઉપર વિશ્વાસ મુકીયે તો કુમારિલભટ્ટ[1] અને **શંકરાચાર્યનો** ઉદ્યોગ અને **હિંદુસ્થાન**માં હુયાનથ્સંગની જગવિદિત યાત્રા એક જ સમયમાં મુકવી પડશે અને સ્પષ્ટ રીતે એટલું તો માનવું પડશે કે જે વખતે **ચીન**નો પ્રવાસી **હિંદુસ્થાન**ની યાત્રા કરતો હતો તે જ વખતે **શંકરાચાર્યની** લોક-યાત્રા મધ્યબિંદુમાં હોવી જોઈએ. જો આમ હોય તો હુયાનથ્સંગ જેવાએ **બ્રાહ્મધર્મ**ના આ બેમાંથી એક પણ વીરનું પોતાના લેખમાં નામ પણ નથી આપ્યું એ એક વિચિત્ર વાત છે. **ડા. બર્નેલે** હુયાનથ્સંગના ગ્રન્થમાં આ સર્વે સૂચના નથી તેનું કારણ માત્ર **બૌદ્ધધર્મ**નો[2] મહાન અને કટ્ટો **બ્રાહ્મધર્મી** શત્રુ કુમારિલ છે એમ દર્શાવ્યું છે, અને સાબિત કર્યું છે કે કુમારિલ ઇ. સ. ૬૪૫ની પછી જ થયો. **ડા. બર્નેલે** જ દલીલ મુકી છે તેના કરતાં આ સ્થળે તો આ નિષેધસૂચક દલીલ વધારે મજબુત છે. કારણ કે હુયાનથ્સંગના ચરિતમાં હુયાનથ્સંગ અને એક પાખંડ મતવાદીની[3] વચ્ચે જે વિવાદ થયો હતો તેનો હેવાલ છે. એ વિવાદમાં હુયાનથ્સંગે એક પછી એક જ ભિન્ન ભિન્ન પાખંડમતના વિચારો દર્શાવ્યા છે. કુમારિલ અથવા **શંકરાચાર્ય** બેમાંથી એકના પણ મત દર્શાવ્યા નથી. જો આ બન્ને તત્ત્વજ્ઞાનીઓ પોતાના ગ્રન્થદ્વારાએ તેમ જ સંભાષણના વિવાદથી પ્રસિદ્ધ થયા હોય તો દરેક મનુષ્ય એમના વિશે કાંઈ પણ સૂચનાની આશા રાખ્યા વગર રહે નહિ. હુયાનથ્સંગ એ વિષય સંબંધે શાંત રહ્યો છે એનું કારણ **શંકરાચાર્ય** અથવા કુમારિલની કીર્તિ એટલી બધી પ્રસરી નહિ હોય અથવા તો જેવી રીતે તેઓ પછીની પ્રજાની આંખે આવ્યા તેવી રીતે તે સમયના સમકાલિન લેખકોની આંખે નહિ આવ્યા હોય એમ પણ કહિ શકતા નથી. આ સાધારણ નિરીક્ષણ તરીકે તો પૂર્ણ રીતે નિઃસંદેહ યોગ્ય લાગશે. **નેપાલ** દંતકથાના અનુમાન ઉપરથી **શંકરાચાર્યની** કીર્તિ તેમ જ કુમારિલની કીર્તિ ઈ. સ. ૬૫૫ની પહેલાં જગવિદિત અને સ્થાપિત થયેલી હશે એમ માનવાને બંધાયા છીએ. એથી ઉલટું હુયાનથ્સંગની **હિંદુસ્થાન**ની[4] યાત્રા પહેલાં ઔપનિષદ્ મત પ્રસિદ્ધિને પામ્યો હશે એમ નક્કી કરવાને **બાણ**ના **હર્ષચરિત** ઉપરથી શક્તિમાન થઈએ છીએ. હાલમાં તો હું એવું ધારૂંછું કે એના વખતમાં કુમારિલ તેમ જ **શંકરાચાર્યની** લોક-યાત્રા માત્ર ભૂતકાળની જ વસ્તુ થઈ હશે કે જેથી **બૌદ્ધમાર્ગી** હુયાનથ્સંગને[5] નિરસ લાગતી હશે-અથવા તો **ફાહિએનના**[6] પ્રથમના વૃત્તાન્તમાંથી જણાયેલી પાખંડ મતની પ્રવૃત્તિ-જે હુયાનથ્સંગે દર્શાવી છે એના વિરુદ્ધમાં **બૌદ્ધધર્મ**ની પ્રખ્યાતી જણાવી છે તે, બે પ્રવાસીની યાત્રાના અન્તરમાં કુમારિલ અને **શંકરના**[7] પ્રમુખપણા નીચે **બ્રાહ્મધર્મીએ** જે જય મેળવ્યો હશે તે દર્શાવતો હશે.

ઉપર દર્શાવેલું લખતી વખત **પ્રો. માક્ષ મૂલલરના** *India: What it can teach us*માં ટિપ્પણમાં નિચેની ટીકા જોઇ છે. એ એમ કહે છે કે **વાસવદત્તા**માં **સુબન્ધુ બૌદ્ધના**[8] ઉપદેશથી

---

૧ જુની દંતકથા ઉપરથી એમ ધારૂંછું કે કુમારિલ અને શંકરાચાર્યને ખરી રીતે સમકાલિન ગણાય એમ છે. એ દંતકથા વિશે કોઇ પણ વાંધો લેવામાં આવ્યો નથી.

૨ શામવિધાન બ્રાહ્મણ, પ્રસ્તાવના, પા. ૬.

૩ બીલ કૃત હુયાનથ્સંગચરિત, પા. ૧૯૮. બુદ્ધિસ્ટ રેકર્ડમાં એ વિશે કોઈ પણ સૂચના જોઈ નથી.

૪ પા. ૪૮૯ (કાશ્મીરી આવૃત્તિ) ભર્તૃહરિની પ્રસ્તાવના, પા. ૯,૧૦ આના સંબંધમાં ૧૮૮૩-૮૪ના સંસ્કૃત લેખના આવેદનપત્રમાંની ટીકાઓ વિશે વિચાર કરવો યોગ્ય છે. પા. ૭૪. કર્નકૃત સદ્ધર્મપુણ્ડરીકની પ્રસ્તાવના, પૂર્વના પવિત્ર પુસ્તકો, પા. ૨૮ ટિપ્પણ.

૫ મુદ્રારાક્ષસ, ટિપ્પણ, પા. ૨૪, ૨૫ માં સંગ્રહ કરેલી સૂચનાઓ જુઓ. બુદ્ધિસ્ટ રેકર્ડ, પુ. ૨, પા. ૨૧૬.

૬ જુઓ બીલ કૃત બુદ્ધિસ્ટ રેકર્ડ ઓફ ધી વેસ્ટર્ન વર્લ્ડ, પ્રસ્તાવના, પુસ્તક ૧, પા. ૨૯-૩૦-૩૭-૫૬ ૬૧-૬૭.

૭ જ. બો. બ્રૅ. રો એ. સો. પુસ્તક ૧૮, પૃષ્ઠ ૪ ટિપ્પણમાં આ નિર્ણય છે.

૮ પૃષ્ઠ ૩૦૮, ટિપ્પણ ૨.

મીમાંસા અને ન્યાય ઉપર જે અંધકાર વ્યાપી રહ્યો છે તેનું વખતો વખત સૂચન કરે છે. મેં જે ફકરા ઉપર આપ્યા છે તેમાના છેલ્લા ફકરા શિવાય બીજો એકે ફકરો એ સંબંધનો જોયો નથી. તેટલા માટે કમનશીબે એ વિશે બીલકુલ સૂચન નથી. તો પણ **પ્રો. માક્ષ મૂલર પ્રો. વેબરના** *Indische Streifen* નું સૂચન કરે છે. જે ગ્રન્થ ઉપર આધાર[1] રાખવામાં આવ્યો છે તે ગ્રન્થના ફકરા વિશે વિચાર કરતાં મને એમ માલુમ પડે છે કે ઇ. સ. ૧૮૫૪ સુધી આ નિબંધના જે ફકરાઓ ઉપર આધાર રાખ્યો છે તે ફકરા તરફ લક્ષ દોરતાં. આમાંનો એકે ફકરો **બૌદ્ધના** ઉપદેશથી મીમાંસા ઉપર અંધકાર વ્યાપી રહ્યા વિશે કાંઈ પણ જણાવતો નથી. પણ એથી ઉલટું જ માલુમ પડે છે. ન્યાયશાસ્ત્ર[2] ઉપર અંધકાર વ્યાપ્યો હતો એવું એકે સ્થળે મેં જોયું નથી. કદાચ સુબન્ધુનો એક ફકરો જેમાં **मीमांसान्याय**[3] વિશે વિવેચન છે તેની અપૂર્ણ સ્મૃતિ ઉપર જ **પ્રો. માક્ષ મૂલરની** ટીકાનો આધાર હશે. પરંતુ એ સ્થળે ન્યાયનું કાઇપણ સૂચન નથી. **પ્રો. માક્ષ મૂલર** જેને વિશે કહે છે તે સંબંધે તો ઉપર જણાવ્યા પ્રમાણે આગળ આપેલામાંનો પાંચમો ફકરો છે. અને એ ફકરાનું **પ્રો. વેબરે** પોતાના નિબંધમાં સૂચન કર્યું નથી. એ ફકરાનો અર્થ તો મેં આગળ આપ્યો છે.—**કે. ટી. તેલંગ**, એમ. એ., એલ્ એલ્. બી., સી. આઇ. ઈ.; **જર્નલ બો. બ્રે. રોયલ એ. સો., પુસ્તક, ૧૮ અંક ૪૯, પૃષ્ઠ ૧૪૭થી ૧૬૭ સુધી, તા. ૨૯મી સપટેંબર સને ૧૮૯૧.**

ભર્તૃહરિ અને કુમારિલ.

મારા ગયા નિબંધમાં ઈત્સીંગના ગ્રન્થના બન્ને તદ્દન જૂદા ફકરાઓ ઉપર આધાર રાખ્યો હતો. એક ફકરામાં **ફ્રેન્ચ** ભાષાન્તર પ્રમાણે [4]**ધર્મકીર્તિને** એનો સમકાલીન ગણ્યો છે, પરંતુ **ઈંડિયન એંટીકવેરી,** પુસ્તક ૧૯, પૃષ્ટ ૩૧૯માં **પ્રો. વાસીલીવે** આ ફકરો યોજ્યો હતો અને એણે એવો મત દર્શાવ્યો છે કે-**ચીની** ભાષામાંનાં મૂળ વાક્યનો અર્થ "કાલની પાસે" એમ પણ થાય છે. આ છેલ્લો અર્થ એમનેએમ જોતાં તો અનિશ્ચિત લાગે છે. તેટલા જ માટે મેં ઈત્સીંગના ગ્રન્થમાંનો બીજો ફકરો આપ્યો છે; અને એમાં કર્તાએ જે બીનાઓથી વંશજોને માહીત કર્યા છે તે બીનાઓ નિવેદન કરવામાં કર્તા યથાર્થ રહ્યો છે.

જે બીજા ફકરાને મારા ગયા નિબંધમાં પ્રમાણરૂપ લીધો છે તે ફકરામાં **ભર્તૃહરિ** ઇ. સ. ૬૫૦ માં મૃત્યુ પામ્યો એમ જણાવ્યું છે. આ સ્થળે[5] **ઈત્સીંગ,** સાતમા સૈકાના ઉત્તરાર્ધ ભાગમાં **હિંદુસ્થાનમાં** વ્યાકરણનો વિષય જેવી રીતે જાણીતો હતો અને જેવી રીતે તેનું અધ્યયન થતું તેવી રીતે તે વિષયનું વર્ણન કરે છે. વ્યાકરણશાસ્ત્રના સંબંધમાં કેટલાક પ્રમાણ પુરુષોનાં નામ પણ આપે છે. **ભર્તૃહરિને** વિશે બોલતાં તે કહે છે કે એ એક **પ્રસિદ્ધ** વૈયાકરણી અને **વાક્યપદીયનો** કર્તા હતો. **ઈત્સીંગના** કહેવા **પ્રમાણે વાક્યપદીયમાં** સાતસો શ્લોક છે. **દક્ષિણ કોલેજના** પુસ્તકાલયમાં જે હસ્તલેખ છે તે અને **બનારસમાં** એ ગ્રન્થની છાપેલી આવૃત્તિ તપાસતાં એમ માલમ પડે છે કે ઈત્સીંગનુ કહેલું ઘણું ખરૂં [6]ખરૂં છે. **ભર્તૃહરિ** તેના **વાક્યપદીય** વિશે કહેવાનું છે તેટલું કહિને એ **ચીની** પ્રવાસીએ વધારામાં કહ્યું છે કે-એ ગ્રન્થ કર્તા ઇ. સ. ૬૫૦ માં ગુજરી ગયો છે. આ એક સાહિત્યના સંબંધે રસિક બીના છે અને જ્યારે આપણે જાણીયે છીએ કે એ વાત એક સમકા-

---

૧ પુસ્તક ૧, પૃષ્ઠ ૩૭૮, ૯.

૨ જુઓ ઈંડિયા તે આપણને શું શિખવે છે, પૃષ્ઠ ૩૦૫, ૩૦૮, ૩૬૧ અને જ. બી. બી. રો. એ. સો., પુસ્તક ૧૭, પૃષ્ઠ ૪૭. ૩ પૃષ્ઠ ૬૩.

૪. ધર્મકીર્તિ અને શંકરાચાર્ય, જ. બો. બ્રે. રો. એ. સો., પુ. ૧૮, પૃષ્ઠ ૮૯.

૫. કાશિકાના સમય માટે જુઓ પ્રો. માક્ષ મૂલર, ઇન્ડિ. એન્ટી.; પુ. ૯, પૃષ્ઠ ૩૦૮.

૬. વૈયાકરણી ભર્તૃહરિ વિશે ડૉ. કીલહોર્નનો નિબંધ જોવા કહુંછું. ઇન્ડિ. એન્ટી., પુ. ૧૨, પૃષ્ઠ ૧૨૬–૨૨૭. એમાં સિદ્ધ કર્યું છે કે ઇત્સીંગ ભર્તૃહરિના ગ્રન્થના પહેલા બે પ્રકરણને વાક્યપદીય કહે છે. આ જ પ્રમાણે જ્યારે ભર્તૃહરિને वाक्यपदीयप्रकीर्णकयोः कर्ता કહે છે ત્યારે ગણરત્નમહોદધિમાં પણ વર્ધમાન એમ જ કહે છે.

લીન ગ્રન્થકર્તા તરફથી જણાવવામાં આવી છે ત્યારે તેના ઐતિહાસિક પ્રમાણના કીમ્મતની વધારે ગણના કરી છે એમ નથી. કારણ ઈત્સીંગ ૬૩૫માં જન્મ્યો હતો અને ભર્તૃહરિ-જેને વિશે તે કહેવા માંગે છે તે-ઈ. સ. ૬૫૦માં મૃત્યુ પામ્યો.

તંત્રવાર્તિકના પહેલા પ્રકરણના ત્રીજા ઉચ્છ્વાસમાં કુમારિલ, પાણિનિ, કાત્યાયન, પતંજલિ અને બીજા વૈયાકરણીઓની સજ્ડ ટીકા કરે છે અને એવી તકરાર ઉઠાવે છે કે વેદના એકે સમ્પ્રદાયમાં વ્યાકરણનું અધ્યયન કરવાનું કહ્યું નથી. 'વ્યાકરણ વેદનો એક ભાગ છે' એવું પણ મનાય એમ નથી કારણ કે વેદ અનાદિ છે અને વ્યાકરણ તો મનુષ્યના મગજમાંથી ઉત્પન્ન થાય છે અને તે બુદ્ધ તથા બીજા મનુષ્યોનાં[1] વચનો કરતાં વધારે સારૂં નથી.

न च वेदाङ्गभावोऽपि कश्चिद्व्याकरणं प्रति । तादर्थ्यावयवाभावाद्बुद्धादिवचनेष्विव ॥

श्रुतिलिङ्गादिभिस्तावत्तादर्थ्यं नास्य गम्यते । अकृत्रिमस्य वा कश्चित्कृत्रिमोऽवयवः कथम्॥

કુમારિલ પછી એવો વાદ કરે છે કે વેદનુ સંરક્ષણ કરવામાં શબ્દશાસ્ત્રનો કાંઈ પણ ઉપયોગ નથી એટલું જ નહિ પણ હમેશાં વપરાતી ભાષાની વિશુદ્ધિ પણ એથી સચવાતી નથી અને વધારામાં કહે છે કે-મશક, આશ્વલાયન, નારદ, મનુ અને પાલકાર્પ્ય જેવા પ્રખ્યાત સંસ્કૃત લેખકો પણ પાણિનિના[2] નિયમો ઉપર કાંઇ પણ ધ્યાન આપતા નથી.

આ આનંદજન્ય તકરાર-જેથી આખો ઉચ્છ્વાસ ભર્યો છે-તે કરતી વખત કુમારિલે ભર્તૃહરિના વાક્યપદીયમાં કેટલાક શ્લોકનું અવતરણ કર્યું છે તો પણ આમાંના પાંચ શ્લોકો અત્યારે આપીને સંતોશ માનીશ, કારણ કે પ્રસ્તુત કાર્યને અર્થે પાંચ શ્લોક બસ થશે. વાક્યપદીય, બનારસની આવૃત્તિ, પૃષ્ઠ ૧૩૨ના બીજા પ્રકરણમાં ૧૨૧ મો શ્લોક નીચે પ્રમાણે છેઃ—

अस्त्यर्थः सर्वशब्दानामिति प्रत्याय्यलक्षणम् । अपूर्वदेवतास्वर्गैः सममाहुर्गवादिषु ॥

તન્ત્રવાર્તિક બનારસી આવૃત્તિ, પૃષ્ઠ ૨૫૨-૨૫૪માં કુમારિલે આ શ્લોક બે સ્થળે મુક્યો છે.

यथाहुः ॥

"अस्त्यर्थः सर्वशब्दानामिति प्रत्याय्यलक्षणम् । अपूर्वदेवतास्वर्गैः सममाहुर्गवादिषु" ॥ इति ॥ यत्तु

"अपूर्वदेवतास्वर्गैः सममाहुः" इति ॥

तत्राभिधीयते ॥

વાક્યપદીયના પહેલા પ્રકરણમાં સાતમે પાને ૧૩મા શ્લોકની બીજી લીટી કુમારિલે તન્ત્રવાર્તિકમાં પૃષ્ઠ ૨૦૯-૧૦માં આપી છે અને શબ્દમાં ફેરફાર કર્યો છે તેમ જ દર્શાવેલા વિચારોની અવગણના કરી છે. તે નીચે પ્રમાણેઃ—

यदपि केनचिदुक्तम् ॥

"तत्त्वावबोधः शब्दानां नास्ति व्याकरणादृते" इति,

तद्रूपरसगंधस्पर्शेष्वपि वक्तव्यमासीत् ।

को हि प्रत्यक्षगम्यर्थे शास्त्रात्तत्त्वावधारणम् । शास्त्रलोकस्वभावज्ञ ईदृशं वक्तुमर्हति ॥

अत एव श्लोकस्योत्तरार्द्धं वक्तव्यम् ।

तत्त्वावबोधः शब्दानां नास्ति श्रोत्रेन्द्रियादृते । इति.

न ह्यत्र कश्चिद्विप्रतिपद्यते बधिरेष्वेव मदृष्टत्वात् ।

વાક્યપદીયના બીજા પ્રકરણના ૭૩મે પાને આપેલો ૧૩મો શ્લોક પણ તંત્રવાર્તિકના પૃષ્ઠ ૨૨૦મે કુમારિલે મુક્યો છેઃ

---

૧. તંત્રવાર્તિક, બનારસી આવૃત્તિ, પૃષ્ઠ ૨૦૭.

૨. તંત્રવાર્તિક, બનારસી આવૃત્તિ, પૃષ્ઠ ૧૯૯.

ब्राह्मणार्थो यथा नास्ति कश्चिद्ब्राह्मणकम्बले । देवदत्तादयो वाक्ये तथैव स्युरनर्थकाः ॥

અહિં બીજાં બે અવતરણ પણ આપ્યા છેઃ

वृषलैर्न प्रवेष्टव्यमित्येतस्मिन् गृहे यथा । प्रत्येकं संहतानां च प्रवेशः प्रतिषिध्यते ॥ ३७७॥

વાકયપદીય, પ્રકરણ ૨.

वृषलैर्न प्रवेष्टव्यं गृहेस्मिन्निति चोदिते । प्रत्येकं संहतानां च प्रवेशः प्रतिषिध्यते ॥

તંત્રવાર્તિક, પ્રકરણ ૩, ઉચ્છ્વાસ ૧, બનારસી આવૃત્તિ, પૃષ્ઠ ૭૩૨.

काकेभ्यो रक्ष्यतां सर्पिरिति बालोपि चोदितः । उपघातपरे वाक्ये न श्वादिभ्यो न रक्षति ॥ ३०९ ॥

વાકયપદીય, પ્રકરણ ૨.

तथा च आह ।

काकेभ्यो रक्ष्यतामन्नमितिबालोपि चोदितः । उपघातप्रधानत्वान्न श्वादिभ्यो न रक्षति ॥

न त्विदमन्त्रोदाहरणं घटते ।

તંત્રવાર્તિક, પ્રકરણ ૩, ઉચ્છ્વાસ ૧, બનારસી આવૃત્તિ, પૃષ્ઠ ૭૩૨.

આ ઉપરથી આપણને જણાય છે કે કુમારિલ ભર્તૃહરિમાંથી વખતો વખત અવતરણ કરે છે અને પાણિનિ અને પતંજલિની સાથે એની પણ ટીકા કરે છે. મારા ધારવા પ્રમાણે એટલું તો સ્પષ્ટ છે કે કુમારિલના વખતમાં વ્યાકરણશાસ્ત્રના સંબંધમાં ભર્તૃહરિ એક વિશિષ્ટ પ્રમાણ ગણતો. એના પોતાના વખતમાં તો બીજા વિદ્વાનોની નજરમાં આવે એમ પ્રસિદ્ધ થયો નહિ હોય તેમ જ પાણિનિના સમ્પ્રદાયીઓએ એને વિશે એટલો બધો ઉંચો વિચાર નહિ બાંધ્યો હોય કે જેથી પાણિનિ અને પતંજલિ જેવાના પ્રસિદ્ધ પ્રમાણોની સાથે એ પણ મીમાંસા સમ્પ્રદાયના અગ્રણીની ટીકાને પાત્ર થાય. તેટલા જ માટે હુયાનથ્સંગ—જે ઈ. સ. ૬૨૯–૬૪૫ના અન્તરમાં હિંદુસ્થાનની મુસાફરી કરતો હતો તેણે એનું નામ પણ દીધું નથી; ત્યારે ઈત્સીંગ જેણે અડધા સૈકા પછી લખ્યું છે તેણે એમ જણાવ્યું છે કે હિંદુસ્થાનના પાંચે ભાગમાં ભર્તૃહરિ પ્રખ્યાત વૈયાકરણી તરીકે જાણીતો હતો. આ ઉપરથી આપણે એવો નિર્ણય કરી શકીએ છીએ કે જે સાલમાં તન્ત્રવાર્તિક થયું તે અને જે સાલ ઇ. સ. ૬૫૦માં ભર્તૃહરિ મૃત્યુ પામ્યો તેની વચમાં અડધો સૈકો ગયો હશે. એટલે કુમારિલ આઠમા સૈકાના પૂર્વાર્ધમાં થયો હશે. ઉપર જણાવેલી બીનાઓ જોતાં વહેલાવહેલી સાલ તો આ જ છે.

આ સ્થળે આપણે, બે પ્રખ્યાત લેખકો ઈત્સીંગ અને કુમારિલ વિશે વિચાર કરીયે છીએ. પહેલો સુશિક્ષીત અને વિદ્વાન્ ચીનનો રહેવાશી ને સાંખ્યનો અનુયાયી હતો; તેમ જ અનંતકાલની ભવ્યાતમાં જેવી રીતે પર્વતનું શિખર પ્રકાશે છે તેવી રીતે વિસ્મૃતિતલ ઉપર જેનું અમર નામ દૃશ્યમાન થાય છે તે શાક્યસિંહનો ઈત્સીંગ અનુયાયી હતો. જે જે સ્થળે એ જ્ઞાનોદ્દીપિતનાં પગલાં થયાં હતાં તે તે ધર્મસ્થાનોની યાત્રા કરવા ઈત્સીંગ હિંદુસ્થાનમાં આવ્યો હતો. કુમારિલ દક્ષિણ હિંદુસ્થાનનો રહેવાશી હતો અને બુદ્ધિમાં એટલો ઉત્કૃષ્ટ હતો કે તેના સમકાલીનોનો એ માથાનો મુગટ ગણતો.

બુદ્ધ પોતે ક્ષત્રિય હોઈ આચાર્યની મહાન પદવીએ શી રીતે ચડયો અને વિસ્મય પામેલા લોકોને પોતે જ જનસમૂહનો રક્ષક છે એવું એ શી રીતે કહેતો એ વિચાર એને વિસ્મીત કરતો. કારણ કે આચાર્યની પદવી જન્મના હક તરીકે બ્રાહ્મણની જ હતી.

कलिकलुषकृतानि यानि लोके मयि निपतंतु विमुच्यतां तु लोकः ॥

તંત્રવાર્તિક, પ્રકરણ ૧, ઉચ્છ્વાસ ૩, પૃષ્ઠ ૧૧૬.

જે ધર્મે બ્રાહ્મધર્મનો છેલ્લો તણખો પણ ઓલવી નાખવા માંડયો હતો અને જે ધર્મે પૂર્વમાંથી ઈત્સીંગને હિંદુસ્થાનમાં આવવાને લલચાવ્યો હતો તે ધર્મનું નિકંદન કરવામાં કુમારિલે પોતાની કલમ તેમ જ વાણીનો ઉપયોગ કર્યો.

આ બન્ને લેખકો—જો કે જૂદા જૂદા મુદ્દા ધ્યાનમાં રાખી એક જ વિષય એટલે હિંદુસ્થાનના વ્યાકરણના સાહિત્ય સંબંધે બોલે છે. તેઓ પાણિનિ, પતંજલિ, અને ભર્તૃહરિના એ જ પ્રમાણો આપે છે અને ભર્તૃહરિના એ જ ગ્રન્થ–વાક્યપદીયનું સૂચન કરે છે. ભર્તૃહરિ, ઇત્સીંગ અને કુમારિલનો સંબંધ એકી વખતે નીચેના કોઠા ઉપરથી જણાશે.

ભર્તૃહરિ, ઈ. સ. ૬૫૦.

ઈત્સીંગ, ઇ. સ. ૬૯૦. કુમારિલ, ઈ. સ. ૭૦૦.

હિંદુસ્થાનના લેખકોના સાધારણ ક્રમ પ્રમાણે કુમારિલ વિરુદ્ધતાથી ભર્તૃહરિની ટીકા કરે છે પણ ભર્તૃહરિ તો પોતાની સાલ વિશે કાંઈ પણ સૂચવતો નથી. એથી ઉલટું ઈત્સીંગ બે વાતની તો પક્કી ખબર આપે છે. (૧) ભર્તૃહરિના મૃત્યુ વિશે અને (૨) આ બનાવ હિંદુસ્થાનમાં જે સમયે પ્રસિદ્ધ થયો તે સમય વચ્ચેના અન્તર વિશે. જે વખતે ભર્તૃહરિની વૈયાકરણી તરીકેની કીર્તિ હિંદુસ્થાનના પાંચે વિભાગમાં પ્રસરી હતી તે જ વખતે તન્ત્રવાર્તિક રચાયું હતું તેથી કુમારિલને વ્હેલામાં વ્હેલો આઠમાં સૈકાના પૂર્વાર્ધ ભાગમાં મુકી શકિયે એમ છે.

શિવાય કાલક્રમાનુસારે કુમારિલ શંકરાચાર્ય પહેલાં થયો એમ ઠરાવવાને આપણી પાસે પુરાવો છે. કારણ કે તૈત્તિરીયભાષ્યમાં શંકરાચાર્યે કુમારિલનું સૂચન કર્યું છે અને તેના જ સંબંધમાં તૈત્તિરીયવાર્તિકમાં સુરેશ્વરે કુમારિલમાંથી અવતરણ કર્યું છે, તૈત્તિરીયભાષ્યના ઉપોદ્‌ઘાતમાં કેટલાક મીમાંસકો[1] ઉપર સજ્જડ ટીકા છે.

काम्यनिषिद्धयोरनारम्भादारब्धस्य चोपभोगेन क्षयान्नित्यानुष्ठानेन प्रत्यवायाभावादयत्नत एव स्वात्मन्यवस्थानं मोक्षः। अथवा निरतिशयायाः प्रीतेः स्वर्गशब्दवाच्यायाः कर्महेतुत्वात् कर्मभ्य एव मोक्ष इति चेन्न ॥

આ ફકરાનું વિવરણ કરતાં સુરેશ્વર કહે છે કે જેની ટીકા શંકરાચાર્યે પોતે જ કરી છે, એ મીમાંસક કુમારિલ કરતાં લેખક તરીકે ઉતરે એમ નથી. તૈત્તિરીયવાર્તિકમાં[2] કહે છે કેઃ—

मोक्षार्थी न प्रवर्तेत तत्र काम्यनिषिद्धयोः। नित्यनैमित्तिके कुर्यात्प्रत्यवायजिहासया ॥
इति मीमांसकंमन्यैः कर्मोक्तं मोक्षसाधनम्। प्रत्याख्यायाऽऽत्मविज्ञानं तत्र न्यायेन निर्णयः ॥

સુરેશ્વરે આપેલો પહેલો શ્લોક કુમારિલના શ્લોકવાર્તિકમાં[3] છે, અને એ સ્પષ્ટ છે કે મીમાંસકના મતનો ઉપન્યાસ કરીને શંકરાચાર્યે માત્ર એ શ્લોકનું વિવરણ કર્યું છે.

બીજા શ્લોકમાં સુરેશ્વર કુમારિલને **मीमांसकंमन्य** અથવા તો મીમાંસક જ્ઞાનનો આડંબર કરનાર તરીકે ઓળખાવે છે. સુરેશ્વર જે કુમારિલ પછી થોડોક કાલ હતો તેના શિવાય આવા પ્રસિદ્ધ મીમાંસક તરફ બીજો કોઈ આવા અયોગ્ય શબ્દ વાપરી શકે એમ નથી.

આવી રીતે ભર્તૃહરિ, કુમારિલ અને શંકરાચાર્ય વચ્ચેનો સંબંધ કાલક્રમથી નક્કી કર્યો છે. ભર્તૃહરિની ટીકા કુમારિલે કરી છે ત્યારે શંકરાચાર્યે કુમારિલની ટીકા કરી છે. ભર્તૃહરિ ઇ. સ. ૬૫૦માં મૃત્યુ પામ્યો અને ઈત્સીંગના કહેવા પ્રમાણે લગભગ અડધા સૈકા પછી હિંદુસ્થાનના સર્વ ભાગમાં

૧. તૈત્તિરીયભાષ્ય, આનંદાશ્રમની આવૃત્તિ, પૃષ્ઠ ૩.

૨ તૈત્તિરીયવાર્તિક, આનંદાશ્રમનું, પૃષ્ઠ ૫.

૩ પંડિત, પુ. ૩, પૃષ્ઠ ૫૩૪. જુઓ રામતીર્થનું શારીરકશાસ્ત્રસંગ્રહ, પ્ર. ૧, ઉચ્છ્‌વાસ ૧. બૃહદારણ્યકવાર્તિકમાં સુરેશ્વર પણ કુમારિલમાંથી અવતરણ કરે છે. જુઓ પ્રકરણ ૨, ઉચ્છ્‌વાસ ૪ઃ

यज्जातीयैः प्रमाणैस्तु यज्जातीयार्थदर्शनम्। भवेदिदानीं लोकस्य तथा कालान्तरेऽप्यभूत् ॥ १७३ ॥

यत्राप्यतिशयो दृष्टः स स्वार्थानतिलङ्घनात्। दूरसूक्ष्मादिदृष्टः स्यान्न रूपे श्रोत्रवृत्तिता ॥ १७४ ॥ પંડિત, પુસ્તક ૩, પૃષ્ઠ ૮૫.

પ્રસિદ્ધ થયો. જ્યારે ભર્તૃહરિ પ્રસિદ્ધમાં આવ્યો ત્યારે કુમારિલે તેની ટીકા કરી હશે. તેટલા માટે કુમારિલ આઠમા સૈકાના પ્રથમ ભાગમાં થયો હોવો જોઈએ. એ જ કારણેને લીધે શંકરાચાર્ય એ જ સૈકાના ઉત્તર ભાગમાં થયા હોવા જોઈએ. એટલું જાણવાનું છે કે આ વિચારમાં કોઈ પણ દંતકથાનો સ્વિકાર કરવાનો નથી પરંતુ ઈત્સીંગ, કુમારિલ અને સુરેશ્વરના સ્પષ્ટ વચનો ઉપર આધાર રાખે છે. જે નિર્ણય ઉપર આપણે આવ્યા છીએ તે નિર્ણય જ્યાંસુધી ઈત્સીંગનો ગ્રંથ માત્ર કપટ લેખ છે એમ કહેતા નથી ત્યાંસુધી બીજાં કોઇ પણ કારણોથી ખોટો પાડી શકાય એમ નથી.

દિગમ્બર જૈનસાહિત્ય તપાસતાં પ્રથમ સમંતભદ્રનું નામ મળી આવે છે. આ સમન્તભદ્રનું આપ્તમીમાંસામાંથી સ્યાદ્વાદમત[1] ઉપરની શંકરાચાર્યની ટીકા સમજાવતાં વાચસ્પતિમિશ્રે અવતણ કર્યું છે.

स्याद्वादः सर्वथैकान्तत्यागात्किंमुत चिद्विधिः । सप्तभंगनयापेक्षो हेयादेयविशेषकृत् ॥

દક્ષિણ હિંદુસ્થાનમાં સમન્તભદ્રનો ઉદય દિગમ્બર જૈનધર્મના ઇતિહાસનો જ નહિ પણ સંસ્કૃત સાહિત્યના ઇતિહાસનો કાલ નિર્માણ કરે છે. આપ્તમીમાંસાને સ્યાદ્વાદમતના તેમ જ સર્વજ્ઞ પ્રભુ વિશેના જૈનમતના વ્યાખ્યાન ઉપર પ્રમાણ રૂપ ગણવામાં આવે છે; અને બ્રહ્માદ્વૈતમત[2] સહિત સમકાલીન દર્શનનું નિરૂપણ કરે છે.

ઉમાસ્વાતિના તત્ત્વાર્થ ઉપરના ગંધહસ્તિમહાભાષ્યના મોટા ગ્રન્થની પ્રસ્તાવના તરીકે સમન્તભદ્રે આ ગ્રન્થ લખ્યો છે; અને એની શરૂઆતમાં જે શ્લોક છે તે ઉપરથી દેવાગમસ્તોત્રના નામથી હિંદુસ્થાનમાં એ ગ્રન્થ ઘણો જ પ્રસિદ્ધ થયો છેઃ—

देवागमनभोयानचामरादिविभूतयः । मायाविष्वपि दृश्यंते नातस्त्वमसि नो महान् ॥

સમન્તભદ્રે યુક્ત્યનુશાસન, રત્નકરંડક, સ્વયંભૂસ્તોત્ર અને જિનશતક નામના ગ્રન્થો પણ લખ્યા છે. આપ્તમીમાંસાની પ્રથમ ટીકા અકલંકે લખેલી અષ્ટશતી છે જે અકલંકદેવ અથવા અકલંકચંદ્રના નામથી ઓળખાય છે. તેમ જ તે લઘીયસ્ત્રય, ન્યાયવિનિશ્ચય, અકલંકસ્તોત્ર સ્વરૂપસમ્બોધન અને પ્રાયશ્ચિત્ત નામના ગ્રન્થોનો લેખક હતો. બીજી એક આપ્તમીમાંસા ઉપરની સંપૂર્ણ ટીકા જે આપ્તમીમાંસાલંકાર અથવા વિધાનંદની અષ્ટસહસ્રી છે. એમાં વિધાનંદ કહે છે કે એ પ્રમાણે તે અષ્ટશતીને પ્રમાણરૂપ[3] ગણીને તેને જ અનુસર્યો છેઃ—

श्रीमदकलंकविवृतां समंतभद्रोक्तिमत्र संक्षेपात् । परमागमार्थविषयामष्टसहस्रीं प्रकाशयति ॥ પ્રકરણ ૧૦.

એણે યુક્ત્યનુશાસન ઉપર યુક્ત્યનુશાસનાલંકાર નામની ટીકા લખી છે. એ આપ્તપરીક્ષાનો પણ કર્તા હતો.

શ્લોકવાર્તિક–જેનું અષ્ટસહસ્રીમાં[4] અવતરણ કર્યું છે તે અને પ્રમાણપરીક્ષા–જેનું સૂચન યુક્ત્યનુશાસનાલંકારમાં[5] છે તે બન્નેનો કર્તા એને લેખવામાં આવ્યો છે.

આવી રીતે સમન્તભદ્ર, અકલંક અને વિધાનંદને પરીક્ષામુખમાં[6] માણિક્યનંદિએ સૂચવ્યા છેઃ

सिद्धं सर्वजनप्रबोधनजननं सद्योऽकलंकाश्रयं विद्यानंदसमन्तभद्रगुणतो नित्यं मनोनंदनम् ।
निर्दोषं परमागमार्थविषयं प्रोक्तं प्रमालक्षणं युक्त्या चेतसि चिंतयंतु सुधियः श्रीवर्धमानं जिनम् ॥

પ્રકરણ ૧.

---

૧ ભામતી, બીબ્લી. ઈન. આવૃત્તિ, પૃષ્ઠ ૪૫૮. દેવાગમ સ્તોત્રમાં આ શ્લોક ૧૦૪ થો છે.

૨ દેવાગમસ્તોત્ર, શ્લોક ૨૪,૨૭.

૩ અષ્ટસહસ્રી, દક્ષિણ કાલેજ હસ્તલેખ, નં. ૫૬૪, ૧૮૭૫–૭૬, પા, ૨૦૦b. ૪ સદર પા. ૩૮b.

૫ વિશાલકિર્તિ મહારાજનો હસ્ત લેખ, પૃષ્ઠ ૯a.

૬ પ્રમેયકમલમાર્તંડ, દક્ષિણ કોલેજ હસ્તલેખ, ૧૮૭૫-૬ના નં. ૬૩૮; પૃષ્ઠ ૭૭a.

માણિક્યનંદિના ગ્રન્થ ઉપર સૌથી પહેલી ટીકા પ્રભાચન્દ્રે કરેલી પ્રમેયકમલમાર્તંડ છે પ્રભાચન્દ્ર કહે છે કે લેખકે અકલંકના ગ્રંથ ઉપર જ આ સૂત્રોનો આધાર રાખ્યો છે કારણ કે બાળકોને વાસ્તે એ ગ્રન્થ [1]સમજવો ઘણો કઠિન છે:

श्रीमदकलंकार्थो व्युत्पन्नप्रज्ञैरवगंतुं न शक्यत इति तद्व्युत्पादनाय करतलामलकवत्तदर्थमुद्धृत्य प्रतिपादयितुकामस्तत्परिज्ञानानुग्रहेच्छाप्रेरितस्तदर्थप्रतिपादनप्रवणं प्रकरणमिदमाचार्य [:] प्राह ।

પ્રભાચન્દ્ર વધારામાં કહે છે કે પ્રમેયકમલમાર્તંડ ઉપરાંત અકલંકના લઘીયસ્ત્રય નામના ગ્રન્થ ઉપર ભાષ્યરૂપ ન્યાયકુમુદ-ચન્દ્રોદય નામનો ગ્રન્થ પોતે જ લખ્યો છે. અકલંકને પોતાનો ગુરુ ગણી નીચે પ્રમાણે કહે છે:—

[2]माणिक्यनंदिपदमप्रतिमप्रबोधं व्याख्याय बोधनिधिरेष पुनः प्रबन्धः ।
प्रारभ्यते सकलसिद्धिविधौ समर्थे मूले प्रकाशितजगत्त्रयवस्तु सार्थे ॥ ३ ॥
बोधः कोप्यसमः समस्तविषयः प्राप्याकलंकं पदं जातस्तेन समस्तवस्तुविषयं व्याख्यायते तत्पदम् ।
किं नै श्रीगणभृज्जिनेंद्रपदतः प्राप्तप्रभावः स्वयं व्याख्यात्यप्रतिमं वचो जिनपतेः सर्वात्मभाषात्मकम् ॥४॥

અર્થ—માણિક્યનંદિના ગ્રંથ જેમાંથી અપ્રતિમ જ્ઞાન પ્રાપ્ત થાય છે તેના ઉપર વ્યાખ્યાન કર્યા પછી આ પ્રબંધ કે જે બોધનો નિધિ છે તે મૂલ ગ્રંથ જે જગત્‌ની વસ્તુના સંગ્રહને પ્રકાશીત કરે છે અને જે સકલ સિદ્ધિઓ પૂર્ણ કરવા સમર્થ છે તે મુલ ગ્રંથ ઉપરથી આ પ્રબન્ધનો આરમ્ભ કરવામાં આવ્યો છે. અકલંકના ચરણ પાસે જવાથી મ્હને અસમ અને સમસ્ત વિષયનો બોધ થયો છે. અને એને લીધે સમસ્ત વસ્તુ વિષયનું વ્યાખ્યાન કરૂંછું. શું શ્રીમાન્ ગણધર (ગૌતમ) જેણે જિનેન્દ્ર (મહાવિર)ના પાદસેવનથી પ્રભાવ પ્રાપ્ત કર્યો છે—તે જૂદી જૂદી ભાષામાં આપેલાં વ્યાખ્યાનોનાં અપ્રતિમ વચનો સમજાવતો નથી?

એ સ્પષ્ટ છે કે પ્રભાચન્દ્ર અકલંકનો શિષ્ય હતો. વિદ્યાનંદે અકલંકમાંથી અવતરણ કર્યું છે. માણિક્યનંદિએ અકલંક અને વિદ્યાનંદના નામ આપ્યાં છે. અકલંકના શિષ્ય પ્રભાચન્દ્રે માણિક્ય નંદિના ગ્રંથ ઉપર ટીકા કરી છે અને એમાં વખતો વખત વિદ્યાનંદમાંથી અવતરણ કર્યું છે. આ સર્વ વાત ખાતરી કરી આપે છે કે આ સ્થળે ચાર સમકાલીન લેખકોનો સમૂહ છે, અને તેમાં અકલંક સર્વમાં વૃદ્ધ છે. કાલક્રમ પ્રમાણે તેઓનો સંબંધ નીચેના કોઠા ઉપરથી જણાશે:—

અકલંક
વિદ્યાનંદ
માણિક્યનંદિ
પ્રભાચન્દ્ર

બાણ કૃત કાદમ્બરીનો પહેલો શ્લોક પ્રભાચન્દ્રે મુકયો[4] છે.

रजोजुषे जन्मनि सत्त्ववृत्तये स्थितौ प्रजानां प्रलये तमःस्पृशे ।
अजाय सर्गस्थितिनाशहेतवे त्रयीमयाय त्रिगुणात्मने नमः ॥

---

૧ સદર, પૃષ્ઠ ૧૯. જુઓ. अकलंकवचोंभोधेरुद्दध्रे येन धीमता । न्यायविद्यामृतं तस्मै नमो माणिक्यनंदिने ॥ અનંત વીર્ય.
૨ ન્યાયકુમુદચન્દ્રોદયની પ્રસ્તાવના, તાલપત્ર લિખિત હસ્તલેખ, શ્રવણ બેળગોળવાળી.
૩ પ્રમેયકમલમાર્તંડ, પા. ૧૬; અષ્ટસહસ્રી, પા. ૪૦માંથી પ્રભાચન્દ્રે મીમાંસાનો પૂર્વપક્ષ અક્ષરશઃ લીધો છે.
૪ પ્રમેયકમલમાર્તંડ, પૃષ્ઠ ૧૪૮a; ડા. પિટરસનની કાદમ્બરી.

વિદ્યાનંદ અને પ્રભાચન્દ્ર બન્ને વખતો વખત ભર્તૃહરિમાંથી[1] ઉતારા કરે છે.

न सोस्ति प्रत्ययो लोके यच्छब्दानुगमादृते । अनुविद्धमिवाभाति सर्वं शब्दे प्रतिष्ठितम् ॥

એટલા માટે એતો ખુલ્લું છે કે અકલંક અને પ્રભાચન્દ્ર સાતમા સૈકા પછી થયા. આ બન્ને પહેલો અમોઘવર્ષ-જેણે આદિપુરાણમાં[2] આમનું સૂચન કર્યું છે-તેના ગુરુ જિનસેનની પહેલાં થયા છે. આ બીનાઓ ઉપરથી બ્રહ્મનેમિદત્ત[3] જેવા અર્વાચીન લેખના મતની સત્યતા કબૂલ રાખવા શક્તિમાન થઈશું. એનો મત એ છે કે-અકલંક પહેલા કૃષ્ણરાજ અથવા રાષ્ટ્રકૂટરાજા શુભતુંગનો સમકાલીન હતો. આ સ્થળે હું આદિપુરાણમાંના એક ફકરાનું અવતરણ કરૂંછું, એમાં એના મહાન્ ગ્રન્થ ન્યાયકુમુદચન્દ્રોદય જેને ટૂંકામાં ચન્દ્રોદય પણ કહે છે તેનું અને અકલંક અને પ્રભાચન્દ્રનાં નામ આપ્યાં છે.

चंद्रांशुशुभ्रयशसं प्रभाचन्द्रं कविं स्तुवे । कृत्वा चंद्रोदयं येन शश्वदाह्लादितं जगत् ॥ ४७ ॥
चन्द्रोदयकृतस्तस्य यशः केन न शस्यते । यदाकल्पमनाम्लायि सतां शेखरतां गतम् ॥ ४८ ॥
भट्टाकलंकश्रीपालपात्रकेसरिणां गुणाः । विदुषां हृदयारूढा हारायंतेतिनिर्मलाः ॥ ५३ ॥

જેનો યશ ચંદ્રાંશુના જેવો શુભ્ર છે તે પ્રભાચન્દ્ર કવિની હું સ્તુતી કરૂં છું; એણે આ ચન્દ્રોદય કરીને અખિલ જગતને આલ્હાદિત કર્યું છે. જે ચન્દ્રોદય સાધુપુરુષના માથાના મુકુટરૂપ છે અને જે કલ્પાન્ત સુધી નષ્ટ થનાર નથી તે ચન્દ્રોદયના કર્તાના યશ ગાન કોણ ગાતું નથી? ભટ્ટ અકલંક, શ્રીપાલ અને પાત્રકેસરિના અતિ નિર્મળ ગુણો વિદ્વાન્ પુરુષના હૃદય ઉપરના હારની માફક શોભે છે.

આ ફકરામાં જિનસેન, અકલંક, ન્યાયકુમુદચન્દ્રોદયના કર્તા પ્રભાચન્દ્ર અને પાત્રકેસરિના નામ આવે છે. શ્રવણ બેળગોળના બ્રહ્મસૂરિ શાસ્ત્રિના, જુની કાનડી ભાષામાં લખાયેલા આદિપુરાણના જુના તાલપત્રના હસ્તલેખમાં પાત્રકેસરિનું બીજું નામ વિદ્યાનંદ છે એમ આપ્યું છે. સમ્યક્ત્વપ્રકાશમાં[4] જૈનશ્લોકવાર્તિકમાંથી એક ફકરો લીધો છે તે વિદ્યાનંદ ઉર્ફે પાત્રકેસરિ સ્વામિનો છે એમ કહે છે.

तथा श्लोकवार्तिके विद्यानंदि(द)अपरनामपात्रकेसरिस्वामिना यदुक्तं तच्च लिख्यते तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्॥ ननु सम्यग्दर्शनशब्दनिर्वचनसामर्थ्यादेव सम्यग्दर्शनस्वरूपनिर्णयादशेषतद्वि[प्रतिप]त्तिनिवृत्तेः सिद्धत्वात्तदर्थं तल्लक्षणवचनं न युक्तिमदेवेति कस्यचिदारेका तामपाकरोति ॥

આ ફકરો જૈન શ્લોકવાર્તિક[5] જેને-રત્નકરણ્ડકનો હિન્દીટીકાકાર[6] વિદ્યાનંદનો છે એમ કહે છે-તેના બીજા પ્રકરણની શરૂઆતમાં જ્ઞાનસૂર્યોદય નામના નાટકમાં વાદીચન્દ્રે [7]અષ્ટશતી નામની નાયિકા દાખલ કરી છે. તે જ્યારે મીમાંસા અને બીજા સંપ્રદાયના સંબંધમા આવે છે ત્યારે દેવાગમસ્તોત્ર બોલે છે અને સમજાવે છે. તેમને બોલતા બંધ રાખવા અશક્તિમાન હોવાથી અને એમના દેખાવથી ભયભીત થઈને તે પાત્રકેસરિના મુખકમલનો આશ્રય લે છે. ચોથા અંકમાં તે કહે છે કે[8],

---

૧ પ્રમેયકમલમાર્તંડ, પૃષ્ઠ ૨૧a, અષ્ટસહસ્રી, પૃષ્ઠ ૧૦૭a,

૨ આ ફકરો આગળ મુકયો છે. આદિપુરાણ, દક્ષિણ કોલેજ હસ્તલેખ, ૧૮૮૩-૮૪નો નં. ૨૮૮, પૃષ્ઠ ૩a.

૩ કથાકોષ, દ. કો. હસ્તલેખ, ૧૮૮૪-૮૬નો નં. ૪૭૧. ઈન્ડિ. એન્ટી., પુ. ૧૨, પૃષ્ઠ ૨૧૫ અહિં भरतेन બદલે भवति છે તે ભૂલ છે.

૪ સમ્યક્ત્વપ્રકાશ, દક્ષિણ કોલેજ હસ્તલેખ, ૧૮૭૫-૭૬નો નં. ૭૭૭, પૃષ્ઠ ६b.

૫ શ્લોકવાર્તિકાલંકાર, દક્ષિણ કોલેજ હસ્તલેખ, પૃષ્ઠ ६૪a.

૬ રત્નકરંડક ઉપર હીંદી ટીકા, દક્ષિણ કોલેજ હસ્તલેખ, ૧૮૭૫-૭૬નો નં. ૬૬૦, પૃષ્ઠ ૨૩૬a.

૭ બીજા વાકયમાં જણાવેલી સમન્તભદ્રના દેવાગમસ્તોત્ર ઉપર અકલંકની ટીકા.

૮ જ્ઞાનસૂર્યોદય, દક્ષિણ કોલેજ હસ્તલેખ, ૧૮૮૪-૮૬નો નં. ૪૯૫, પૃષ્ઠ ૫૮b.

देव, ततोहमुत्पालितहृदया श्रीमत्पात्रकेसरिमुखकमलं गता तेन साक्षात्कृतसकलस्याद्वादाभिप्रायेण लालिता पालिताष्टसहस्रीतया पुष्टिं नीता देव स यदि नापालयिष्यत्तदा कथं त्वामद्राक्षं (द्रक्ष्यं)।

"મીમાંસા અને અન્ય સમ્પ્રદાયોના હુમલામાંથી શ્રીમાન્ પાત્રકેસરિએ એનું રક્ષણ કર્યું હતું અને અષ્ટસહસ્રીરૂપે પોષણ કર્યું હતું."

આ વાતો ઉપરથી પાત્રકેસરિ અને અષ્ટસહસ્રીનો કર્તા વિદ્યાનંદ એક જ હતા એમ ગણવાને શક્તિમાન્ થઈએ છીએ.

આપણે ઉપર કયારનાએ જોઈએ છીએ કે અકલંક, પ્રભાચન્દ્ર અને વિદ્યાનંદ ઉર્ફે પાત્રકેસરિની જિનસેને સ્તુતિ કરી છે. ઉત્તરપુરાણની અન્તે આપેલી પ્રશસ્તિ જેમાં એવું જણાવ્યું છે કે જિનસેન પહેલા અમોઘવર્ષનો ગુરુ હતો અને ચલ્લકેતન અથવા cloth-bannered[1] વંશનો લોકાદિત્ય બંકાપુરમાં રાજ્ય કરતો હતો ત્યારે શક ૮૨૦માં[2] જે પ્રશસ્તિ રચાવી હતી તે પ્રશસ્તિ મેં ખોળી કહાડી હતી અને ૧૮૮૩માં ઈંડિયન એંટીકવેરીમાં[3] આપી હતી.—આત્માનુશાસનની[4] સંસ્કૃત ટીકામાં જિનસેનનો શિષ્ય ગુણભદ્ર, બીજો કૃષ્ણરાજ—જે વખતે માત્ર યુવરાજ હતો—તેનો ગુરુ હતો એમ જણાવવામાં આવ્યું છે.

અત્ર ઉઠાવેલા પ્રશ્નને અર્થે જિનસેનના આદિપુરાણની સાલ જેમ બને તેમ નક્કી કરવાની જરૂર છે. શક ૭૦૫માં જ્યારે રાષ્ટ્રકૂટરાજા બીજો વલ્લભ રાજ્ય કરતો હતો ત્યારે તેણે જૈનહરિવંશ નામે પહેલો ગ્રંથ રચ્યો હતો. આ વખતે જિનસેન ઘણો નાનો હોવો જોઇએ કારણ કે એમાં કલ્પનાશક્તિની લાવણ્યતા, મનઃકલ્પના અને કાવ્યની અનર્ગલાનું બાહુલ્ય જે એના પછીના કાવ્યમાં જોવામાં આવે છે તે એમાં જણાતાં નથી. જૈનહરિવંશની મનોરંજક પ્રશસ્તિ અને જે ફકરામાં ગુપ્તરાજાઓનું સૂચન છે તે ફકરો ઈંડિયન એંટીકવેરીમાં[5] મેં પ્રસિદ્ધ કર્યો છે.

પાર્શ્વાભ્યુદયમાં[6] કહ્યા પ્રમાણે જિનસેન પહેલા અમોઘવર્ષના રાજ્યમાં હતો:

> इतिविरचितमेतत्काव्यमावेष्ट्य मेघं बहुगुण [मप] दोषं कालिदासस्य काव्यम्।
> मलिनितपरकाव्यं तिष्ठतादाशशांकं भुवनमवतु देवस्सर्वदामोघवर्षः ॥ ७० ॥
> श्रीवीरसेनमुनिपादपयोजभृंगः श्रीमानभूद्विनयसेनमुनिर्गरीयान्।
> तच्चोदितेन जिनसेनमुनीश्वरेण काव्यं व्यधायि परिवेष्टितमेघदूतम् ॥ ७१ ॥

इत्यमोघवर्षपरमेश्वरपरमगुरुश्रीजिनसेनाचार्यविरचितमेघदूतवेष्टितवेष्टिते पार्श्वाभ्युदये भगवत्कैवल्यवर्णनं नाम चतुर्थस्सर्गः ॥ ४ ॥

આ કાવ્ય સંસ્કૃત સાહિત્યનું એક ઉત્કૃષ્ટ દ્રવ્ય છે. તે સમયના સંસ્કૃત સાહિત્યની જે અભિરુચિ હતી તેની પ્રતિમા અને ફળ આ કાવ્ય હતું. હિંદુસ્થાનના કવિયોમાં સર્વાનુમતે કાલિદાસને પ્રથમ પદવી આપવામાં આવી છે તો પણ મેઘદૂતના કર્તા કરતાં જિનસેન વધારે બુદ્ધિમાન હતો એમ પોતે ગણાવા માંગે છે. પછીની સંતતિ જે કાલિદાસને મહાન્ અગમ્ય, અને દુરાસદ કવિ ગણે છે—તે જિનસેનની પોતાની ગણનાને પ્રમાણ ગણતી નથી. ત્યારે સ્વધર્મિ શિવાય અન્યમાં જિનસેનનું નામ વિસ્મૃતિમાં રહ્યું છે. આ ગમે તેમ હોય તો પણ મેઘદૂતના અર્વાચીન સંશોધકને પાર્શ્વાભ્યુદયની કીમ્મત જોઇએ તે કરતાં વિશેષ થાય એમ નથી. કારણ કે જિનસેને પોતાના કાવ્યમાં એ મનોરંજક સ્નેહ–ગાન તમામ આપ્યું છે. એટલું લક્ષમાં રાખવાનું છે કે કાલિદાસના સંબંધે સૌથી

---

૧ અહિં જે Cyclic વર્ષ બતાવ્યું છે તે ચિંગલ છે. દ. કો. હસ્તલેખ, નં. ૫૦૫, ઈ. સ. ૧૮૮૪–૮૬.

૨ જુઓ મારો નિબંધ–ઈંડિ. એંટી., પુ. ૧૪, પૃષ્ઠ ૧૦૪.

૩ ઈંડિ. એંટી., પુ. ૧૨, પૃષ્ઠ ૨૧૬.

૪ આત્માનુશાસન, શ્લોક ૧૦૮, કોલાપુરના જૈનમઠમાંનો હસ્તલેખ.

૫ ઈન્ડી. એન્ટીકવેરી પુ. ૧૫, પૃષ્ઠ ૧૪૧.

૬ કોલાપુર જૈનમઠનો હસ્તલેખ.

પહેલું સૂચન હર્ષચરિત[1] અને બીજા[2] પુલકેશીના ઐહોલ-Aihole-ના લેખ જેમાં પ્રથમ જિનની સ્તુતિ છે:

जयति भगवान्जि(जि)नेन्द्रो वीतजरा(मर)णजन्मनो यस्य ।
ज्ञानसमुद्रान्तर्गतमखिलञ्जगदन्तरीपमिव ॥

કાલક્રમાનુસારે આ મહાન્ કવિનું સૂચન કુમારિલના ગ્રંથમાં[3] છે અને પાર્શ્વાભ્યુદયમાં કાલિદાસનું જે સૂચન છે કે આથી પણ પછીનું છે. મ્હારા ધારવા પ્રમાણે અમોઘવર્ષના રાજ્યના પ્રથમ ભાગમાં પાર્શ્વાભ્યુદય રચાયું હશે. આદિપુરાણ-જેને સાહિત્ય સંબંધના કાર્ય કૌશલના પ્રબંધ તરીકે ઉચ્ચપદ આપવામાં આવ્યું છે તે ગ્રન્થ છેલ્લો છે પણ કનિષ્ઠ નથી. એવી દંતકથા ચાલે છે કે જ્યારે જિનસેને જાણ્યું કે હવે દેહનો અન્ત પાસે છે ત્યારે તેણે પોતાના બે શિષ્યોને બોલાવ્યા અને તેમની આગળ પડેલા એક લાકડાનો કડકો તેમને બતાવીને તે બન્નેને તેનું વર્ણન કરવા કહ્યું. તેમાંના એકે કહ્યું કે

शुष्कं काष्ठं तिष्ठत्यग्रे.

અને બીજો જેનું નામ ગુણભદ્ર હતું તે બોલ્યો કે

नीरसदारु भाति पुरा.

આ જિનસેનને વધારે પ્રિયકર થયું એમ કહેવું અયોગ્ય છે. પછી જિનસેને આદિપુરાણ[4] પૂરું કરવાનું કામ ગુણભદ્રને સોંપ્યું. ઉત્તરપુરાણ અને ઉપર કહેલું આત્માનુશાસન ગુણભદ્રે લખ્યાં છે.

પાર્શ્વાભ્યુદય અને આદિપુરાણ ઉપરથી જિનસેન મોડામાં મોડો કઇ સાલમાં થયો તે જણાતું નથી. પરંતુ આ ખોટ જયધવલાટીકા પૂરી પાડે છે; એમાં આ લેખકનું તેમ જ તેના પ્રસિદ્ધ સમકાલીન શિષ્ય પહેલા અમોઘવર્ષનું નામ આપ્યું છે અને શક ૭૫૯માં[5] એ ગ્રંથ પૂરો થયો એમ જણાવે છે.

इति श्रीवीरसेनीया टीका सूत्रार्थदर्शनी । मठग्रामपुरे श्रीमद्गुर्जरार्यानुपालिते ॥
फाल्गुने मासि पूर्वाह्णे दशम्यां शुक्लपक्षके । प्रवर्धमानपूजायां नंदीश्वरमहोत्सवे ॥

---

૧ હર્ષચરિત ઉપરની પ્રસ્તાવના.

૨ ઈન્ડિયન એન્ટીકવેરી, પુ. ૮, પૃષ્ઠ ૨૩૭. આજ પાઠાંતર છે એ નીચેના વાકય ઉપરથી જણાશે.

जरमरणजम्मरहिया ते सिद्धा मम सुभत्तिजुत्तस्स । देंतु वरणाणलाहं.................. ॥ સિદ્ધભકિત.
संसारचक्रगमनागतिविप्रमुक्तान्नित्यं जरामरणजन्मविकारहीनान् ।
देवेन्द्रदानवगणैरभिपूज्यमानान् सिद्धांस्त्रिलोकमहितान् शरणं प्रपद्ये ॥ સિદ્ધભકિત.
विधूताशेषसंसारबंधनो भव्यबांधवः । त्रिपुरारिस्त्वमीशोसि जन्ममृत्युजरांतकृत् । જિનસેન, આદિપુરાણ.
सम्यग्दर्शनमात्रेण संतोषमपरे गताः ॥ श्रुत्वातिविमलं धर्मं जिनानां जितजन्मनाम् ॥ રવિસેન, પદ્મપુરાણ.

૩ તન્ત્રવાર્તિક, બનારસી આવૃત્તિ, પૃષ્ઠ ૧૩૩:—

एवं च विद्वद्वचनाद्विनिर्गतं प्रसिद्धरूपं कविभिर्निरूपितम् । "सतां हि संदेहपदेषु वस्तुषु प्रमाणमन्तःकरणप्रवृत्तयः" ॥ इति ॥

૪ આ ગ્રન્થના પહેલાં બેતાલીસ પ્રકરણ જિનસેને લખ્યાં છે અને બાકીના પાંચ એના શિષ્યે લખ્યાં છે. ૪૩મા પ્રકરણની પ્રસ્તાવનામાં ગુણભદ્ર કહે છે કેઃ—

अर्धं गुरुभिरेवास्य पूर्वं निष्पादितं परैः । परं निष्पाद्यमानं सच्छंदो बध्नाति सुंदरम् ॥ १३ ॥
इक्षोरिवास्य पूर्वार्धमेवाभाति रसावहं । यथा तथास्तु निष्पत्तिरिति प्रारभ्यते मया ॥ १४ ॥

૫ મૂડબિદરિમાં સિદ્ધાન્તત્રય અથવા ત્રણ સિદ્ધાન્ત, પા. ૫૧૮. શ્રવણ બેળગોળના બ્રહ્મસૂરિશાસ્ત્રિ તરફથી આ સૂચન મળ્યું છે.

अमोघवर्षराजेन्द्रराज्यप्राज्यगुणोदया । निष्ठितप्रचयं यायादाकल्पांतमनल्पिका ॥
षष्टिरेव सहस्राणि ग्रन्थानां परिमाणतः । श्लोकेनानुष्टुभेनात्र निर्दिष्टान्यनुपूर्वशः ॥
विभक्तिः प्रथमस्कन्धो द्वितीयः संक्रमोदयः । उपयोगश्च शेषास्तु तृतीयस्कंध इष्यते ॥
एकान्नषष्टिसमधिकसप्तशताब्देषु शकनरेन्द्रस्य । समतीतेषु समाप्ता जयधवला प्राभृतव्याख्या ॥
गाथासूत्राणि सूत्राणि चूर्णिसूत्रं तु वार्तिकम् । टीका श्रीवीरसेनीया शेषा पद्धतिपंचिका ॥
श्रीवीरप्रभुभाषितार्थघटनानिर्लोडितान्यागमन्याया श्रीजेनसेनसन्मुनिवरैरादेशितार्थस्थितिः ।
टीकाश्रीजयचिह्नितोरुधवला सूत्रार्थसंद्योतिनी स्थेयादारविचन्द्रमुज्ज्वलतया श्रीपालसंपादिता ॥

આદિપુરાણના સમયને માટે આપણે નિર્ભયપણે શક ૭૬૦ ગણી શકીએ એમ છે, કારણ કે જિનસેને પહેલું પુસ્તક–હરિવંશ–શક ૭૦૫માં લખ્યું ત્યારે એ ઘણો વૃદ્ધ હોવો જોઈએ.

આપણે ઉપર જોઈ ગયા છીયે કે **આદિપુરાણ**માં **અકલંક** અને **ન્યાયકુમુદચન્દ્રોદય**ના કર્તા **પ્રભાચન્દ્ર**, અને **વિદ્યાનંદ** ઉર્ફે **પાત્રકેસરિ**ના નામ છે. ઉપર બતાવ્યું છે કે **અકલંક** **રાષ્ટ્રકૂટરાજા શુભતુંગ** અથવા **કૃષ્ણરાજ**નો સમકાલિન હતો અને આઠમાં સૈકાના ઉત્તર ભાગમાં પ્રસિદ્ધિ પામ્યો. **અકલંક**નો શિષ્ય **પ્રભાચન્દ્ર** અને **વિદ્યાનંદ** નવમાં સૈકાના પૂર્વ ભાગમાં હોવા જ જોઇએ અને તેઓ **જિનસેને** **રાષ્ટ્રકૂટરાજા બીજા વલ્લભ**ના વખતમાં હરિવંશ લખ્યો તેના સમકાલિન હતા. **પ્રભાચન્દ્ર** અને **વિદ્યાનંદ**ને મોડામાં મોડા જે સમયમાં મુકવામાં આવે છે તે, **આદિપુરાણ** જેમાં તેમનાં નામ છે–તે સમય શક ૭૬૦ છે.

મેં ઉપર કહ્યું છે એ પ્રમાણે **પ્રભાચન્દ્ર** અને **વિદ્યાનંદ** બન્નેએ **ભર્તૃહરિ**ના **વાકયપદીય**માંથી વખતોવખત અવતરણ કર્યું છે. તેઓ વખતો વખત **ભર્તૃહરિ**ના ~~મહાન્ ટીકાકાર~~ કુમારિલનું નામ આપે છે તેમ જ એનામાંથી ઉતારા કરે છે. **પ્રભાચન્દ્ર** **તંત્રવાર્તિક**ના કર્તાને **ભટ્ટ** અથવા કુમારિલ[1] કહે છે.

ज्ञानस्वभावस्य ज्ञातृव्यापारस्यार्थतथात्वप्रकाशकतया प्रमाणताभ्युपगमान्न भट्टस्यानंतरोक्ताशेषानुसं[षं]ग इत्यप्यसमीक्षिताभिधानम् ॥

तथार्थापत्तिरपि प्रमाणान्तरं तल्लक्षणं ह्यर्थापत्तिरपि दृष्टः शु[श्रु]तो वार्थोन्यथा नोपपद्यत इत्यदृष्टार्थकल्पना कुमारिलोप्येतदेव भाष्यकारवचो व्याचष्टे ॥

प्रमाणषट्कविज्ञातो यत्रार्थोनन्यथाभवन् । अदृष्टं कल्पयेदन्यत् सार्थापत्तिरुदाहृता ॥

પ્રમેયકમલમાર્તંડ અને **અષ્ટસહસ્રી**માં જે શ્લોકો **ભટ્ટ**ના છે એમ કહેવામાં આવ્યું છે તે કુમારિલના **શ્લોકવાર્તિક**માં છે. આ ઉપરથી **વિદ્યાનંદ**ના પોતાના પુસ્તક **જૈનશ્લોકવાર્તિક**ના નામનું સૂચન થાય છે. કુમારિલના જેવી અન્યની આવી સખત અને વખતો વખત ટીકા થઇ નથી. આનું કારણ ખોળી કહાડવા વધારે મહેનત કરવાની જરૂર નથી. પ્રખ્યાત **મીમાંસક**, **આપ્તમીમાંસા**માં[2] **સમન્તભદ્રે** ઇશની સર્વજ્ઞતા માટે જે **જૈન**મતનું પ્રતિપાદન કર્યું છે તેનું અવસ્કંદન કર્યું છે. **અકલંકે** આ જ ગ્રન્થ ઉપર **અષ્ટશતી** નામની ટીકા લખી છે પણ કુમારિલને કાંઇ પણ ઉત્તર આપ્યા નથી. ત્યારે બુદ્ધધર્મના તેમ જ **જૈન**ના ત્રાસરૂપ મહાન્ **મીમાંસક**ના આ અવસ્કંદનથી **સમન્તભદ્ર**ને બચાવવાને **પ્રભાચન્દ્ર** તેમ જ **વિદ્યાનંદ** એક પણ તક ખોતા નથી. 'કુમારિલ **અકલંક**નો સમકાલિન હતો કે નહિ' એ આનંદજન્ય[3] પ્રશ્ન અત્રે ઉઠાવી તકરાર કરવા માંગતો નથી. એટલું કહેવું બસ થશે કે–કુમારિલના ગુણ કે અવગુણની પરીક્ષાનો કેટલોક ભાગ તેમ જ **પ્રભાચન્દ્રે** આપેલા ઉતારા **સાયણ માધવે** **જૈનધર્મ**ના[4] પ્રકરણમાં આપ્યા છે.

---

૧ પ્રમેયકમલમાર્તંડ, પૃષ્ઠ ૧૪a અને ૮૨b. ૨ દેવાગમસ્તોત્ર, શ્લોક ૧–૬.

૩ આ પ્રશ્ન સંબંધી વિવાદ બીજા નિબંધમાં થશે. ૪ સર્વદર્શનસંગ્રહ, બીબ્લી. ઈંડિકા આવૃત્તિ, પૃષ્ઠ ૨૮–૨૯.

આપ્તમીમાંસાનો ત્રીજો શ્લોક કપિલ અને બુદ્ધનું સૂચન કરે છે એમ અકલંકનું કહેવું છે. એમાંના એકેને મનુષ્યજાતિના ઉપાધ્યાય તરીકે ગણી શકાય એમ નથી કારણ કે એમાનો ઉપદેશ અસંગત છે. વિધાનંદ વધારામાં[1] કહે છે કે પ્રભાકર અને ભટ્ટના અનુયાયીઓને પણ આ શ્લોક લાગુ પડે છે કારણ કે વેદવાક્યનો અર્થ કરવામાં મળતો નથી. કુમારિલની[2] જગત્પ્રસિદ્ધ લીટીના શબ્દનું પરિવર્તન કરી કહે છે કે,

भावना यदि वाक्यार्थो नियोगो नेति का प्रभा। तावुभौ यदि वाक्यार्थौ हितौ भट्टप्रभाकरौ॥
कार्येर्थे चोदनाज्ञानं स्वरूपे किं न तत्प्रभा। द्वयोश्चेद्धंत तौ नष्टौ भट्टे वेदांतवादिनौ॥

✓ વિધાનંદ વેદાન્તવાદી મણ્ડનમિશ્રનું[3] નામ આપે છે અને બૃહદારણ્યકવાર્તિકના ત્રીજા પ્રકરણમાં કેટલાક શ્લોકોનું અવતરણ[4] કરે છે.

यदुक्तं बृहदारण्यकवार्तिके—
आत्मापि सदिदं ब्रह्म मोहात्पारोक्ष्यदूषितम्। ब्रह्मापि स तथैवात्मा सद्वितीयतयेक्ष्यते॥
आत्मा ब्रह्मेति पारोक्ष्य-सद्वितीयत्वबाधनात्। पुमर्थे निश्चितं शास्त्रमिति सिद्धं समीहितम्॥'
त्वत्पक्षे बहुकल्प्यं स्यात्सर्वं मानविरोधि च। कल्प्याविद्यैव मत्पक्षे सा चानुभवसंश्रयेति।
कश्चित्सोपि न प्रेक्षावान्।
ब्रह्मविद्यावदिष्टं चेन्ननु दोषो महानयम्। निरवद्ये च विद्याया आनर्थक्यं प्रसज्यते॥

ધર્મકીર્તિના પ્રસિદ્ધ શ્લોક વિજ્ઞાનવાદિ બૌદ્ધ પાસે કેવી રીતે શંકર બોલાવે છે તે મેં બતાવ્યું[5] છે; અને એ ઉપરથી અનુમાન કરૂંછું કે શંકર અને સુરેશ્વરના વખતમાં યોગાચારદર્શનના અનુયાયીઓમાં એ શ્લોક બોલવાની રીત થઇ પડી હશે. એક વિજ્ઞાનવાદિ બ્રહ્માદ્વૈતવાદિ સાથે તકરાર કરી તેમાં જે શ્લોક બોલે છે એમ વિધાનંદ જણાવે[6] છે–જે કાર્ય થોડાક વખત ઉપર શંકર અને સુરેશ્વરે કર્યું હતું–તે ઉપરથી આ જૈનલેખકને એ વિચાર સુઝયો હશે એ સ્પષ્ટ છે. વળી સુરેશ્વર અને વિધાનંદ[7] ધર્મકીર્તિના ત્રિગુણ કારણોનું અવસ્કંદન કરે છે. જે કુમારિલને આપણે આઠમા સૈકાના પૂર્વ ભાગમાં મુકયો છે તેમાંથી પણ બન્નેએ અવતરણ કર્યું છે. બન્ને, શંકરાચાર્યે અને અકલંક–જેઓ તેજ સૈકાના ઉત્તર ભાગમાં અને આદિપુરાણની સાલ શક ૭૬૦ની પહેલા થયા–તેમની પછી થયા. સામટી રીતે આ હકીકત જોતાં નિઃસંશય રીતે અનુમાન થાય છે કે સુરેશ્વર ટીકાકાર વિધાનંદનો સમકાલિન હતો.

પ્રભાચન્દ્ર અને વિધાનંદના પુસ્તકોમાંથી ઉપયોગી ખબર જથાબંધ મળી આવે છે. પ્રભાચન્દ્ર[8] બીજા લેખકોમાં ભગવાન્ ઉપવર્ષ, દિગ્નાગ, ઉદ્યોતકર, ધર્મકીર્તિ, ભર્તૃહરિ, શબરસ્વામિ, પ્રભાકર અને કુમારિલના નામ આપે છે. ભગવાન્ ઉપવર્ષ શિવાય તમામ લેખકોમાંથી વિધાનંદે[9]

---

૧ અષ્ટશતી, દક્ષિણ કોલેજ હસ્તલેખ, અષ્ટસહસ્રી, પૃષ્ઠ ૪b.

૨ સદર પૃષ્ઠ ૫a: तदुक्तं सुगतो यदि सर्वज्ञः कापिलो नेति का प्रमा। तावुभौ यदि सर्वज्ञौ मतभेदः कथं तयोरिति॥
આ શ્લોક કુમારિલનો છે એવું લઘુસમન્તભદ્રનું કહેવું છે.

૩ સદર, ૧૪b. માધવ, ગુરુવંશકાવ્ય અને ચિદ્વિલાસના શંકરવિજય પ્રમાણે સુરેશ્વરનું બીજુ નામ મંડનમિશ્ર છે.

૪ અષ્ટસહસ્રી પૃષ્ઠ ૧૩૦, ૧૩૧, ૧૩૨. ✓ ૫ ધર્મકીર્તિ અને શંકરાચાર્ય.

૬ અષ્ટસહસ્રી, પૃષ્ઠ ૭૭b. ૭ સદર, પૃષ્ઠ ૭૧a.

૮ પ્રમેયકમલમાર્તંડ, પૃષ્ઠ ૩૯, ૩૫૫a, ૫, ૧૨a, ૨૪૧b.

૯ અષ્ટસહસ્રી, પૃષ્ઠ ૫૯b; જૈનશ્લોકવાર્તિક, પૃષ્ઠ ૨૧૭a.

ઉતારા કર્યા છે. ભગવાન્ ઉપવર્ષ, શબરસ્વામિ, ધર્મકીર્તિ અને કુમારિલના નામોનું સૂચન શંકરાચાર્યે[1] પણ કર્યું છે. અષ્ટસહસ્રીમાં, કુમારિલ, ધર્મકીર્તિ અને પ્રભાકરના મતનું ખંડન કરે છે એમ બતાવ્યું છે. આ ઉપરથી એ અનુમાન થાય છે કે કાલક્રમાનુસારે ધર્મકીર્તિ અને પ્રભાકર કુમારિલ કરતાં પહેલાં થયા છે. વાચસ્પતિમિશ્ર એમ કહે છે કે દિઙ્નાગનું ખંડન ઉદ્યોતકરે કર્યું છે અને જૈનશ્લોકવાર્તિક પ્રમાણે ધર્મકીર્તિએ[2] ઉદ્યોતકરનું અવસ્કંદન કર્યું છે.

ન્યાયબિંદુ ટીકાના નિબંધમાં ડૉ. પિટરસન[3] કહે છે કે "જેસલમીરના જુના લેખમાં કુમારિલની દિઙ્નાગ વિશેની ગુણાગુણ પરીક્ષાનો આનંદજન્ય વિષય છે. એનો લેખક એમ પ્રતિપાદન કરે છે કે મનોપલબ્ધિતું જેવી રીતે દિઙ્નાગે શાસ્ત્ર(આગમસિદ્ધ)માંથી પ્રતિપાદન કર્યું છે તે કુમારિલ કબૂલ કરતો નથી કારણ કે તે દિઙ્નાગે કરેલી વ્યાખ્યા પૂરેપૂરી સમજી સકયો નથી." કુમારિલના શ્લોકવાર્તિકના ઉપરના પ્રકરણમાં દિઙ્નાગની ગુણાગુણ પરીક્ષા પ્રત્યક્ષ છે. એજ ગ્રન્થમાં દિઙ્નાગના સંબંધમાં બીજું પણ છે.

[4]वासनाशब्दभेदोत्थविकल्पप्रविभागतः । न्यायविद्भिरिदं चोक्तं धर्मादौ बुद्धिमाश्रिते ॥ १६७ ॥
व्यवहारोनुमानादेः कल्प्यते न बहिःस्थिते । अस्तीदं वचनं तेषामिदं तत्र परीक्ष्यताम् ॥ १६८ ॥
• न्यायविद्भिरिति । न्यायविद्भिर्हि दिङ्नागाचार्यैरिदमुक्तं । सर्व एवायमनुमानानुमेयव्यवहारो बुद्ध्यारूढेन धर्मधर्मीन्यायेन न बहिःसत्त्वमपेक्षत इति एतदपि दूषयति[5] ।

સુચરિતમિશ્ર કહે છે કે કુમારિલ આ ફકરામાં न्यायविद्भि શબ્દ દિઙ્નાગાચાર્યને લાગુ પાડે છે. એ સ્પષ્ટ છે કે જેસલમીરના જુના લેખનો બૌદ્ધલેખક અને બ્રાહ્મધર્મી ટીકાકાર સુચરિતમિશ્ર 'કુમારિલે દિઙ્નાગની ટીકા કરી છે.' એમ માનવામાં એકમત થયા છે. શૂન્યવાદ નામના પ્રકરણમાં આત્મા બુદ્ધિથી ભિન્ન છે એવો બૌદ્ધમતનો મીમાંસક વિવાદ કરે છે. શ્લોકવાર્તિકનો આ ભાગ સમજાવતાં સુચરિતમિશ્ર ધર્મકીર્તિનો પ્રસિદ્ધ શ્લોક-જે શંકર અને સુરેશ્વરે પણ લીધો છે તે શ્લોક-વખતોવખત મુકે છે.[6] એ ઉપરથી અનુમાન થાય છે કે કુમારિલે ધર્મકીર્તિ તેમ જ દિઙ્નાગ બન્નેની ટીકા કરી છે. વિદ્યાનંદ-જેણે અષ્ટસહસ્રીમાં એમ બતાવ્યું છે કે ધર્મકીર્તિના શ્લોકનો કુમારિલે પ્રતિક્ષેપ કર્યો છે—તેણે આ મતને અનુમોદન આપી દૃઢ કર્યો છે.

આ હકીકત ઉપરથી દિઙ્નાગ, ઉદ્યોતકર, ધર્મકીર્તિ, ભર્તૃહરિ, કુમારિલઃ એસર્વને કાલક્રમાનુસાર ગોઠવી શકાય એમ છે. આમાંનો દરેક લેખક પોતાની પાછળનાના કરતાં પહેલાં થયો છે. આ સર્વ શંકરાચાર્યના પૂર્વગ-પ્રથમના-હતા. આમાંના એકેની ખરી સાલ આપણા જાણવામાં આવે તો શંકરાચાર્યનો સમય આપણે ઠરાવી શકીએ. આ ક્રમ પ્રમાણે ભર્તૃહરિ ચોથો અને કુમારિલ પાંચમો છે. ભર્તૃહરિનો સમય વિદિત હોવાથી કુમારિલ અથવા શંકરનો સમય સહજમાં નક્કી થાય છે.

હુયાનથ્સંગે હિંદુસ્થાન ઈ. સ. ૬૪૫માં છોડયું. ભર્તૃહરિ પાંચ વર્ષ પછી એટલે ઈ. સ. ૬૫૦માં ગુજરી ગયો, અને ભર્તૃહરિનો પ્રખ્યાત ટીકાકાર કુમારિલ હુયાનથ્સંગની પછી ઓછામાં ઓછા અડધા સૈકા પછી જ થયો હશે. જ્યારે આપણે જાણીયે છીયે કે બાણ હુયાનથ્સંગનો સમકાલીન હતો ત્યારે એવો નિર્ણય થાય છે કે કુમારિલ પણ બાણની પછી થયો. આ નિર્ણયની સત્યતા વિશે કાંઈ પણ વાંધો ઉઠવા જેવું નથી કારણકે સમકાલીન લેખક ઈત્સિંગે કહ્યું છે કે ભર્તૃહરિ ઈ. સ.૬૫૦માં

૧ શારીરકભાષ્ય, આનંદાશ્રમવાળું, પૃષ્ઠ ૨૮૫.

૨ અષ્ટસહસ્રી, પૃષ્ઠ ૭b, ૨૧b. પ્રો. કોવેલની કુસુમાંજલિ ઉપરની પ્રસ્તાવના, જૈનસ્લોકવાર્તિક, દક્ષિણ કોલેજ હસ્તલેખ, પૃષ્ઠ ૨૧૭a.

૩ જ. બે. બ્રે. રો. એ. સો., પુ. ૧૭, પૃષ્ઠ ૫૧.

૪ પંડિત, પુ. ૩, પૃષ્ઠ ૨૦૭.

૫ કાશિકાવૃત્તિ, દક્ષિણ કોલેજ હસ્તલેખ, પૃષ્ઠ ૧૯૬b.

૬ સદર, ૨૨૮a.

ગુજરી ગયો અને એના ઉપર આ નિર્ણયનો આધાર છે. સ્પષ્ટ રીતે જણાય છે કે હુયાનથ્સંગનો સમકાલીન ભર્તૃહરિ હતો છતાં એનું નામ પણ આપવું હુયાનથ્સંગ ભુલી જાય છે ત્યારે તો આ ચીનાઇ પ્રવાસીના પ્રવાસના હેવાલમાં ભર્તૃહરિની પછી થયેલા કુમારિલનું સૂચન હશે એમ મનાય પણ કેમ?

"બૌદ્ધધર્મના વિષમ અને મહાન બ્રાહ્મણ શત્રુ"નું નામ પણ હુયાનથ્સંગ ભુલી ગયો છે તેનું કારણ તો આ જ છે: 'કુમારિલ ઈ.સ. ૬૪૫ પહેલાં હોય જ નહિ' એવો ડૉ. બર્નેલનો જે વિચાર છે તેનો આધાર પણ આના ઉપર જ છે. આ દલીલ ઉપર મિ. તેલંગે ટીકા[1] કરી છે છતાં ડૉ. બર્નેલનું કહેવું ખરૂં છે એ વાત જે જે હકીકત મેં ખોળી કહાડી છે તે ઉપરથી સ્પષ્ટ જણાય છે. ચીનનો બીજો પ્રવાસી પણ કુમારિલ વિશે કાંઈ પણ કહેતો નથી. પરંતુ તે જે બે વિદ્વાન્ લેખકો–ધર્મકીર્તિ અને ભર્તૃહરિ–જેની કુમારિલ અને શંકરાચાર્યે ટીકા કરી છે તેમનાં નામ આપે છે. કુમારિલ વિશે ઈત્સીંગ કાંઇ પણ બોલતો નથી. એ તો એના પોતાના કહેવા ઉપરથી જણાય છે કે મૃત્યુ પછી અડધા સૈકા પછી ભર્તૃહરિ પ્રસિદ્ધિ પામ્યો. મેં બતાવ્યું છે એ પ્રમાણે વૈયાકરણ તરીકે તેની કીર્તિ પ્રસર્યા પછી જ કુમારિલે ટીકા કરી હશે. આ ઉપરથી માલમ પડે છે કે ચીનાઇ અને હિંદી પુરાવામાં ધર્મકીર્તિ અને ભર્તૃહરિ તિરોહિત શૃંખલ રૂપ છે અને કુમારિલ બન્ને ચીનાઇ પ્રવાસીએ હિંદુસ્થાન છોડયું ત્યાર પછી પ્રસિદ્ધ થયો.

શિલાલેખો. કુમારિલ અને શંકરાચાર્યની છેલ્લામાં છેલ્લી મર્યાદા બાંધવામાં કનરીસ–કન્નડ–દેશના શિલા લેખો ઘણા જ ઉપયોગી થઈ પડયા છે. એ વાત તો સત્ય છે કે આ લેખો કુમારિલ અને શંકરાચાર્યના નામ સ્પષ્ટ રીતે આપતા નથી; પણ તે રાષ્ટ્રકૂટરાજાઓ શુભતુંગ, બીજો વલ્લભ, અમોઘવર્ષ અને અકાલવર્ષ વિશે કહે છે. આજના લેખકે શોધી કહાડેલા દિગમ્બર જૈનસાહિત્યની પ્રશસ્તિમાં આ રાજાઓની સ્તુતિ છે. આ પ્રશસ્તિમાં જે દિગમ્બર જૈનલેખકો અકલંક, વિદ્યાનંદ ઉર્ફે પાત્રકેસરિ, પ્રભાચન્દ્ર, જિનસેન અને ગુણભદ્રના વખતમાં જ થયા તેમનાં નામ છે. ઈ. સ. ૮૩૮માં જિનસેનના આદિપુરાણમાં, પ્રભાચન્દ્ર અને પાત્રકેસરિ—જેઓ કુમારિલનું નામ સો વખત આપે છે–તેઓની સ્તુતિ છે. મૈસૂર સંસ્થાનમાંના બલગમીમાંથી ઇ. સ. ૧૦૭૭ની સાલના મળી આવેલા પાષાણલેખના ફલકમાં પ્રભાચન્દ્રના ગુરૂ અકલંકનું નામ છે. "પ્રસિદ્ધ વિદ્વાનોના અગ્રણી રામસેન વિશાલ શબ્દશાસ્ત્રમાં જગદ્વિદિત પૂજ્યપાદ જેવો હતો, તર્કશાસ્ત્રની નિપુણતામાં અકલંક દૈવ જેવો હતો. કાવ્યશક્તિમાં સમન્તભદ્ર જેવો હતો." આવો અર્થ મિ. રાઈસે[2] કરેલો છે. અત્ર મ્હારે બતાવવું જોઇએ કે આ ફકરામાં "અકલંકદેવ"ને બદલે "અકલંકદૈવ" છે તે પાઠાન્તરમા ભેદ છે. શક ૮૬૩માં લખાયેલા કનરીસ ગ્રન્થમાં[3] પમ્પા આ જૈનલેખકને અકલંકદેવ કહે છે. સૌન્દહટ્ટીમાંથી જડેલા શક ૯૦૨ના પાષાણલેખમાં એક જૈન યતિને માટે આ પ્રમાણે લખ્યું છે:—"તર્કશાસ્ત્રની છ પદ્ધતિ(જ્ઞાન)માં કલંકહીન પ્રકાશે છે." આવો અર્થ[4] મિ. ફ્લીટે કરેલો છે ત્યારે આ ફકરાનો હું આવો અર્થ કરૂં છું:—'એ યતિ ષડ્દર્શનમાં નિપુણ અકલંકદેવ જેવો હતો.' ઈંડિયન એંટીકવેરીમાં[5] બતાવેલા પૂજ્યપાદના સંબંધમાં જે ભૂલ ડા. કીલહાર્ને કરી છે તે જ ભૂલ મિ. ફ્લીટે કરી છે. મૈસૂર[6] સ્વસ્થાનમાં આવેલા શ્રવણ બેળગોળવાળા લેખમાં પાત્રકેસરિનું નામ છે. જૈનદેવી પદ્માવતીની

૧. શંકરાચાર્યના સમય માટે મિ. તેલંગનો નિબંધ, ઇન્ડી. ઍન્ટી., પુ. ૧૩, પૃષ્ઠ ૯૬ જુઓ.

૨. મિ. રાઇસ કૃત મૈસૂરના લેખ, પૃષ્ઠ ૧૩૨.

૩. પંપાનું આદિપુરાણ. અષ્ટસહસ્રીમાં અકલંકનું વખતો વખત એ નામ આપ્યું છે.

૪. જ. બો. બ્રે. રો. એ. સો., પૃષ્ઠ ૪૦, ૪૪. એ ઉપરથી ફરીથી છપાએલા મિ. ફ્લીટના લેખો.

૫. ઈન્ડી. એન્ટી., પુ. ૧૨, પૃષ્ઠ ૧૯.

૬. મિ. રાઇસના લેખો, શ્રવણ બેળગોળ તરફના, પૃષ્ઠ ૧૩૫.

કૃપાથી એણે ત્રિલક્ષણ અથવા ત્રિલક્ષણ હેતુનો પ્રતિક્ષેપ કર્યાથી કીર્તિ પ્રાપ્ત કરી છે. પ્રસ્તુત કાર્ય માટે આપેલા શ્લોકનો આ જ અર્થ છે એ બ્રહ્મનેમિદત્ત કૃત એ લેખકના[1] ચરિત ઉપરથી સ્પષ્ટ છે. મેં ક્યારનુંએ જણાવ્યું છે કે અષ્ટસહસ્રી અને પ્રમાણપરીક્ષામાં ત્રિલક્ષણ હેતુ વિશે વિવાદ થયો છે અને એનો પ્રતિક્ષેપ પણ થયો છે. તો પણ મિ. રાઇસ આ અર્થ સમજી શક્યો નથી. શક ૧૦૩૭ માં લખેલા ધર્મામૃત નામના કાનડી ગ્રંથમાં વિદ્યાનંદનું નામ ન્યાયસેને આપ્યું છે. સાયણ-માધવ અકલંકના સ્વરૂપસમ્બોધનમાંથી અવતરણ[2] કરે છે અને વિદ્યાનંદ તથા પ્રભાચન્દ્રના પ્રમેયકમલમાર્તંડનું નામ આપે છે. પ્રો. કૌવેલ તો વિદ્યાનંદ જાણે કે સાહિત્યના ગ્રંથનું નામ હોય નહિ તેમ તેને વિશે બોલે છે. સર્વદર્શનસંગ્રહમાં[3] ભર્તૃહરિ ઉપરની કુમારિલની ટીકાઓ આપી છે. ચીનનો ઇતિહાસ તેમ જ બ્રાહ્મધર્મી અને જૈનસાહિત્ય તથા કનારીસ દેશના લેખો આ પુરવાના સાધન રૂપ છે, અને છેવટ એ નિર્ણય ઉપર આવ્યા છીએ કે કુમારિલ ઈ. સ. ૭૦૦-૭૫૦ની વચ્ચે થયો અને શંકરાચાર્ય અને તેમનો શિષ્ય સુરેશ્વર ઈ. સ. ૭૫૦-૮૩૮ના અન્તરમાં થયા."

હવે હું મિ. તેલંગના કારણો ટૂંકામાં આપુંછું અને એ એમની ઇચ્છાનુસાર મારા કારણો સાથે સરખાવીશ. જ્યારે એમણે છેલ્લો[4]નિબંધ લખ્યો ત્યારે ભર્તૃહરિ જેની ટીકા કુમારિલ કરે છે તે ઈ. સ. ૬૫૦માં મૃત્યુ પામ્યો એ વાત એમને સુલભ હતી તેથી એ વાતને કાંતો સ્વીકારવી અથવા તો ના કબૂલ કરવી એ શિવાય અન્યમાર્ગ હતો નહિ. પરંતુ એ વાત એઓ ગળત કરી દે છે કારણ કે એ પોતાના મતથી તદ્દન વિરુદ્ધ છે અને કુમારિલના સમય વિશે વિચાર સાગરમાં ડુબી જાય છે. એમનું કહેવું એવું છે કે શંકરાચાર્ય ઈ. સ. ૫૭૦માં હતા. આ તર્ક પ્રમાણે શંકરના પૂર્વગ કુમારિલને ઇ. સ. ૫૫૦ માં મુકવા પડશે અને કુમારિલના પૂર્વગ ભર્તૃહરિને ઈ. સ. ૫૨૫માં મુકવો પડશે. આમ છતાં છેલ્લો લેખક તો ઈ. સ. ૬૫૦માં ગુજરી ગયો છે. એટલે મૃત્યુ વખતે ભર્તૃહરિનું વય ૧૨૫ વર્ષનું હશે. જ્યારે સર્વ હકીકત મેં જણાવી છે ત્યારે સંસ્કૃતજ્ઞ વિદ્વાનો આ વાતની અસંભાવ્યતા વિશે વિચાર કરશે જ.

મીમાંસા સંપ્રદાયે દિગમ્બર જૈનધર્મનો જે પરાજય કર્યો છે તે સંબંધે સુબંધુની સૂચનાઓ જેવી રીતે મિ. તેલંગે સમજાવી છે ને જે વિદ્વાનો દિગમ્બર સંહિત્યને તપાસે છે અને એના અર્થ વાસ્તે માધવના શંકરવિજયને જોતા નથી તે વિદ્વાનોને આ રીત પસંદ પડશે નહિ. એટલું જ નહિ પણ આ દલીલ નીચેની નિર્મૂલ્ય કલ્પનાથી દૂષિત છે—જૈમિનિ, શબરસ્વામિ, અને કુમારિલ એ ત્રણ જ મીમાંસાના લેખક હતા; અને જ્યારે પહેલા બે લેખકો જૈનધર્મ વિષે કાંઈ પણ બોલતા નથી ત્યારે સુબંધુનું કહેવું કુમારિલને જ ઉદ્દેશીને છે. ખોટા પક્ષમાંથી ઉદ્ભવેલો આ નિર્ણય પણ ખોટો જ છે. ખરૂં જોતાં પ્રભાચંદ્રના કહેવા પ્રમાણે મીમાંસાના લેખક પાંચ હતા—જૈમિનિ, ઉપવર્ષ, શબરસ્વામિ, પ્રભાકર, કુમારિલ. છેલ્લા બે લેખકોને અષ્ટસહસ્રી અને જૈનશ્લોકવાર્તિકમાં જૈનધર્મના કટ્ટા શત્રુ લેખવામાં આવ્યા છે. વિદ્યાનંદ પ્રભાકરના મતનો પ્રતિક્ષેપ કરનાર ભટ્ટ છે એમ દર્શાવે છે. આ ઉપરથી જણાય છે કે પ્રભાકર ભટ્ટના કર્તા પહેલો થયો હશે. ગોવિન્દાનન્દ કહે છે કે શારીરકભાષ્યમાં[5]પ્રભાકરનું નામ વખતો વખત આવે છે. તે કુમારિલના જેવો જ પ્રસિદ્ધ મીમાંસક હતો. અને બન્નેએ પોતપોતાના નામ ઉપરથી પ્રભાકર સમ્પ્રદાય અને ભટ્ટ સંપ્રદાય એવા બે મીમાંસા સં-

---

૧. કથાકોષ, પાત્રકેસરિનું ચરિત.

૨. સર્વદર્શનસંગ્રહ, પૃષ્ઠ ૨૮, ૨૯. ૨૭ મે પાને પ્રભાચંદ્રને ઠેકાણે પ્રતાપચન્દ્ર લખ્યું છે તે ભૂલ છે.

૩. સદર, પાણિનીયદર્શન ઉપરનું પ્રકરણ, પૃષ્ઠ ૧૪૨.

૪. 'સુબંધુ અને કુમારિલ' નામનો મિ. તેલંગનો નિબંધ જુઓ.

૫ શારીરકભાષ્ય, કલકત્તાની આવૃત્તિ, પ્રકરણ ૧, ઉચ્છ્વાસ ૧, પૃષ્ઠ ૭૯, ૮૮.

પ્રદાય સ્થાપ્યા હતા. **શંકરના** ઉદય પહેલાં આ બન્ને સંપ્રદાય અસ્તિત્વમાં હતા એનો સરસ [1]પુરાવો વિશિષ્ટ શિષ્ય **સર્વજ્ઞાનાત્મમુનિ** આપે છે. આ હકીકત જોતાં સુબન્ધુ કુમારિલનું સૂચન કરવાને બદલે પ્રભાકરનું સૂચન કરતો હોવો જોઈએ. કારણ કે કુમારિલ ઇ. સ. ૬૫૦ પહેલાં સંભવતો નથી. ઇ. સ. ૬૫૦માં ભર્તૃહરિ મૃત્યુ પામ્યો એ સ્પષ્ટ છે. **વાસવદત્તામાં** આપેલી જે સૂચના કુમારિલને લગતી છે એમ ધારવામાં આવે છે તે સૂચના માત્ર અલીક છે અને ભૂલને લીધે ઉત્પન્ન થવા પામી છે. **શબરસ્વામિએ બૌદ્ધધર્મ**[2] ઉપર ટીકા કરી છે અને **બૌદ્ધસાહિત્યમાં**[3] પોતે પણ ટીકાપાત્ર થયો છે તેની ખબર **મિ.** તેલંગને હોય એમ લાગતું નથી.

મિ. તેલંગ કહે છે કે જે સૂચન કર્યું છે તે સમજાય એમ ન હોય તો પણ એમાંથી જે નિર્ણય થાય છે તે ખરો છે. "બીજા સાધનોથી જણાયું છે તે પ્રમાણે કુમારિલ **ધર્મકીર્તિનો** સમકાલીન નહોતો." આ 'બીજું સાધન' **તારાનાથનું** છે–જે સાધન **મિ. તેલંગે** વખતો વખત ખોટું ઠરાવ્યું છે. આમ છતાં એ જ સાધનને આ મતના પાયારૂપ ગણવા કહે છે. એમણે આપેલાં બીજાં કારણો પણ સંતોષકારક નથી તેમ જ અપરિચ્છિન્ન છે. એઓ એવું પ્રતિપાદન કરે છે કે **પાટલિપુત્ર** ઈ. સ. ૭૫૬ની પહેલાં નષ્ટ થયું હતું અને 'હુયાનથ્સંગના[4] વખત પછી જેની સાલ નક્કી છે એવા એકે ગ્રન્થમાં એ શહરનું નામ નથી.' જે હકીકત છે તેનાથી આ વાત તદ્દન **વિરૂદ્ધ** છે. **વિદ્યાનંદ** જે નવમા સૈકાના પૂર્વ ભાગમાં થયો તે કહે[5] છે કે, "અભાવના ચાર ભાગ કબૂલ રાખવામાં આવ્યા છે કારણ કે અમુક વસ્તુ પહેલાં નહોતી વગેરે. એવો જે વિચાર કરી શકીએ તેવી જ રીતે અસ્તિત્વના પણ ભાગ કેમ ન કરીયે? કારણ કે **પાટલિપુત્ર** અથવા **ચિત્રકૂટમાં** અમુક વસ્તુ છે વગેરે" **બ્રહ્મનેમિદત્તના** કહેવા પ્રમાણે **વિદ્યાનંદ** ઉર્ફે **પાત્રકેસરિ** જ્યાં **અવનિપાલ** રાજ્ય કરતો હતો એ **મગધ** દેશની રાજ્યધાની **પાટલિપુત્રનો** રહીશ હતો.[6] **વાચસ્પતિમિશ્ર**,[7] **સોમદેવ**[8] **અમિતગતિ**[9] અને બીજા ઘણા લેખકો **પાટલિપુત્રનું** નામ આપે છે.

---

૧ नतु सदृशमिदं वश्चोद्यमस्मासु कस्माद् विनिहितमुत येषां पूर्वमीमांसकानाम् ।
अवगतिकृतमेतद् वाचकत्वं पदानामवगतिरियमिष्टा नश्वरी तत्क्षणेन ॥

संक्षेपशारीरक, પ્રકરણ ૩, ૨૪૬.

✓૨ મીમાંસાભાષ્ય, પૃષ્ઠ ૮.

૩ ધર્મોત્તરવૃત્તિ, દક્ષિણ કોલેજ, હસ્તલેખ, ૧૮૭૩–૭૪, નં. ૨૮૮, પૃષ્ઠ ૯.

૪. મિ. તેલંગના મુદ્રારાક્ષસની પ્રસ્તાવના, પૃષ્ઠ ૧૫.

૫. અષ્ટસહસ્રી, તાલપત્ર હસ્તલેખ—કોલ્હાપુર જૈનમઠ, પૃષ્ઠ ૮૦b. પ્રમેયકમલમાર્તંડ, પૃષ્ઠ ૯૬a.

૬. કથાકોષ, પાત્રકેસરિનું જીવન ચરિત.

૭. ભામતી, પ્રકરણ ૧, ઉચ્છ્વાસ ૧. ધર્મકીર્તિ અને શંકરાચાર્યનો નિબંધ જુઓ. હું વધારામાં કહું છું કે અમલાનન્દે ઉદયનમાંથી ઉતારો કર્યો છે, પ્ર. ૨, ઉચ્છ્વાસ ૨, વાચસ્પતિમિશ્રનો સમય નીચેના વૃક્ષ ઉપરથી નક્કી થશે.

મુંજ, બીજા તૈલનો સમકાલીન.
|
ભોજ
|
વાચસ્પતિમિશ્ર
|
ઉદયન.
|
અમલાનંદ, યાદવવંશી કૃષ્ણનો સમકાલીન.

૮ ડા. પિટરસનનો રીપોર્ટ. ઇ. સ. ૧૮૮૩–૮૪, પૃષ્ઠ ૪૦. યશસ્તિલકની સાલ શક ૮૮૨ છે.

૯ દક્ષિણ કોલેજ, હસ્તલેખ, ઇ. સ. ૧૮૮૪–૮૬નો નં. ૫૧૩. ધર્મપરીક્ષા, પૃષ્ઠ ૧૦a. આ ગ્રન્થની સાલ વિક્રમ સંવત ૧૦૭૦ છે.

એમની બીજી દલીલનો આધાર શારીરકભાષ્યમાં પૂર્ણવર્માનું નામ છે તે ઉપર છે. મિ. તેલંગ માત્ર બે પૂર્ણવર્મા વિષે જાણે છે. એક તો મગધનો બૌદ્ધધર્મી રાજા જેને વિશે મિ. તેલંગનું એમ કહેવું છે કે એ છઠ્ઠા સૈકામાં થયો; અને બીજો જાવાના લેખમાં જણાવેલો; એમ જણાવવામાં આવ્યું છે કે જે બૌદ્ધધર્મી હતો તે તો ઉપર કહેલા ગ્રંથમાં બતાવ્યો છે. મિ. તેલંગને અહિં એક વિઘ્ન નડે છે તે આ છેઃ—બ્રાહ્મધર્મી લેખક બૌદ્ધધર્મી રાજાનું સૂચન કરે એ સંભવિત નથી આ વિઘ્ન શી રીતે દૂર કરવું? મિ. તેલંગના કહેવા પ્રમાણે એમ ધારવું કે શંકરાચાર્યે મગધના બૌદ્ધધર્મી રાજાનો સમકાલીન ન હતો! આતો જેમ તેમ કરી શાંત થવાનો રસ્તો છે.

જે દલીલનો કોંગુદેશરાજાકળ ઉપર આધાર છે તેના ઉપર કોઇપણ સંસ્કાર કર્યા વગર તેને દૂર કરી શકાય. કારણ કે મિ. તેલંગ કબૂલ કરે છે તેમ જે તામ્રપત્રને મિ. ફ્લીટ કપટ લેખ તરીકે ગણે છે તે તામ્રપત્રો તામિલ ઈતિહાસને દૃઢ કરે છે એમ ધારવામાં આવે છે. મિ. તેલંગની છેલ્લી દલીલ એ છે કે ઈશ્વિરકૃષ્ણની સાંખ્યકારિકા ઉપરના ભાષ્યનું ચીનાઈ ભાષામાં ભાષાન્તર છઠ્ઠા સૈકાના ઉત્તર ભાગમાં થયું હતું. આ ભાષ્ય ગૌડપાદનું પોતાનું જ હશે. ગૌડપાદ શંકરના પહેલાં થયો એ કોઈ પણ ના કહિ શકે એમ નથી. એ શંકરના ગુરુનો પણ ગુરુ હતો એ તો માત્ર દંતકથા જ કહે છે. આ દલીલમાં બાધ માત્ર એટલો જ કે ચીનના વિદ્વાન્ મિ. કસવરના[1] કહેવા પ્રમાણે જે ભાષ્યનું ચીની ભાષાંમાં ભાષાન્તર થયું છે તે ગૌડપાદના ભાષ્યને મળે છે ખરૂં પણ તેમાં તે લેખકનું નામ નથી. હવે પછી કદી એમ ઠરે કે ગૌડપાદના ગ્રંથનું ચીની ભાષામાં ઇ. સ. ૫૫૭–૫૮૩ની વચમાં ભાષાંતર થયું હતું તો તે લેખકનો સમય નક્કી કરવાને જોઈતો પુરાવો મળી શકશે; પણ શંકરના સમયના પ્રશ્ન સંબંધે અનુચિત છે. કારણ શંકર ઈ. સ. ૬૫૦ની પહેલાં તો હોઈજ શકે નહિ. ઇ. સ. ૬૫૦ એ ભર્તૃહરિ–જેના ટીકાકાર કુમારિલનું સૂચન શંકરે કર્યું છે અને જેમાંથી સુરેશ્વરે અવતરણ કર્યું છે—તે ભર્તૃહરિનો મૃત્યુ સમય છે. જે થોડીક હકીકત મિ. તેલંગ લક્ષમાં રાખવી ભુલી ગયા છે તે અત્ર જણાવવાની રજા લેઉ છું.

'પૂર્ણવર્મા શંકરનો સમકાલીન હતો' એ તકરારના આધારને અર્થે મિ. તેલંગ કહે છે કે—પૂર્ણવર્માના નામ ઉપરથી જ એ નિર્ણય લાવી શકાય છે; કારણ જે રાજા રાજ્ય કરતો હોય તેને બદલે ગતરાજાનું નામ આપવું એ એમણે કેમ પસંદ કર્યું હશે તેનું કારણ બિલકુલ જણાતું નથી. હવે સુરેશ્વરનો શિષ્ય સર્વજ્ઞાનાત્મમુનિ જે શંકરથી માત્ર એક પેઢી જ દૂર હતો તે એક ફકરો સમજાવે છે. એ ફકરામાં પૂર્ણવર્માને બદલે યુધિષ્ઠિર મુકી મિ. ફ્લીટે ઘણું માન મેળવ્યું છે;

विशेषणानामसति प्रवृत्तिर्न दृश्यते क्कापि न युज्यते च ।
युधिष्ठिरात् प्रागभवन्नरेन्द्रो वन्ध्यासुतः शूर इतीह यद्वत् ॥ २९० ॥

સંક્ષેપશારીરક, પ્રકરણ ૩.

યુધિષ્ઠિર શંકરનો અથવા સર્વજ્ઞાનાત્મમુનિ અથવા તો બન્નેનો સમકાલીન હતો એવી દરખાસ્ત કોઈ મુકે તો તેમાં મારે આશ્ચર્ય પામવા જેવું નથી. કારણ કે છેલ્લા નિબંધમાં મિ. તેલંગ, ભર્તૃહરિને જે પુરાતનકાળમાં મુકવાનો છે તેનાથી વધારે પુરાતન કાળમાં કુમારિલને મુકતાં ખંચાયા નથી.

એમ પણ જણાવવામાં આવ્યું છે કે તે વખતમાં જેને ઐતિહાસિક જ્ઞાન ન હોય એવા મનુષ્યો જે રાજા હયાત હોય તેનું નામ વાંચી એ સર્વ અસત્ય છે એમ ન માને એ જ કારણથી શંકરે રાજ્ય કરતા રાજાનું નામ આપ્યું હશે. અત્ર મિ. તેલંગ સાફ કહે છે કે ઐતિહાસિક જ્ઞાનનો તત્ત્વજ્ઞાનિ એ સમયમાં શિરોમણિ હતો છતાં તેણે જે પુષ્કળ ગ્રંથો રચ્યા તેનો સમય આપ્યો નથી. પણ મિ. તેલંગ શંકરાચાર્ય અને પૂર્ણવર્મા[2] નામના પોતાના નિબંધમાં સ્પષ્ટ રીતે પોતાના લેખનું પોતે જ ખંડન કરતાં કહે છે કે તત્ત્વજ્ઞાનિને ઐતિહાસિક જ્ઞાન હતું કારણ તે પૂર્ણવર્માનો વંશ અવિદિત છે એમ જણાવે છે—પણ શંકરનો પૂર્ણવર્મા અને બૌદ્ધધર્મી પૂર્ણવર્મા એક જ છે એ વાત અપ્રતિપાદનીયા છે કારણ કે ચાઇનીસ પ્રવાસી ઈત્સીંગના સ્પષ્ટ કથનથી તદ્દન વિરુદ્ધ છે—એ જણાવે છે કે ભર્તૃ-

૧. ઈંડિયાઃ તે આપણને શું શિખવે છે? પૃષ્ઠ ૩૬૦, ટિપ્પણ.

૨. જ. બો. બ્રં. રો. એ. સો., પુ. ૧૭, પૃષ્ઠ ૭૮.

હરિ જે (મેં સાબિત કર્યું છે તેમ) કાલક્રમાનુસારે શંકરાચાર્યે અને કુમારિલની પહેલાં થયો ને સાતમા સૈકાની મધ્યમાં મૃત્યુ પામ્યો. ઇ. સ. ૧૮૮૯ના માર્ચની ૧૯મી તારીખે રોયલ એશિયાટિક સોસાયટીની મુંબઈની શાખા આગળ વાંચેલા નિબંધમાં પોતાની તકરારના અવલંબન અર્થે ડા. ભાણ્ડારકરને પ્રમાણરૂપ ગણે છે એ અસંગત છે; કારણ કે એ વાત એ તદ્દન ભુલી જાય છે કે બે વર્ષ ઉપર એટલે ૫મી ઓકટોબર ઇ. સ. ૧૮૮૭માં પ્રસિદ્ધ કરેલા રીપોર્ટમાં એ વિદ્વાન્ ડૉકટર કહે છે કે—"આઠમાં સૈકાનો અન્ત એ શંકરાચાર્યનો સર્વ માન્ય સમય છે અને કુમારિલને એ પહેલાં મુકવામાં આવ્યો છે."

મિ. તેલંગ વળી કહે છે કે "શંકરના ગ્રંથમાં દક્ષિણના લોક અથવા વસ્તુના સંબંધ વિશે કાંઈ પણ સૂચન નથી." મેં ઉપર જણાવ્યું છે તેમ આ વાત સત્ય નથી કારણ કે કુમારિલ, સમન્તભદ્ર, અને ધર્મકીર્તિ વગેરે લેખકો જે દક્ષિણમાં [1]પ્રસિદ્ધ થયા છે તેઓની ટીકા શંકર કરે છે. શંકરાચાર્યે કુમારિલ ભટ્ટમાંથી 'આત્મા ને [2]શરીરનું એક જ કદ છે' એ જૈનમતની સામા હાથી અને કીડીનો પ્રસિદ્ધ દાખલો લીધો છે. વળી શંકરાચાર્યે શ્વેતામ્બર જૈનનું નામ પણ દેતા નથી પરંતુ દક્ષિણમાં [3]પ્રખ્યાત થયેલા દિગમ્બર જૈનને વિશે જ કહે છે. ગૌડપાદની આગમકારિકાની ટીકામાં દિગ્વાસહનું[4] સૂચન કરે છે. અને શારીરકભાષ્યમાં વિવસન–મતનો વિવાદ કરે છે. विसिचाम् (દિગમ્બરનું) વાકય (બુદ્ધના) रक्तपटानाम्થી, એક પ્રસિદ્ધ[5] ફકરો–જે પૂર્વના પવિત્ર પુસ્તકમાંના[6] એક પુસ્તકમાં ડા. થિબોએ ખોટું સમજી ખોટું ભાષન્તર કર્યું છે–તે ફકરામાં વિરુદ્ધ છે એમ બતાવ્યું છે. મિ. તેલંગની સઘળી દલીલ સંતોષકારક રીતે દૂર કરી છે. આજના નિબંધમાં જે જે વાત સિદ્ધ કરી છે તેનું સંક્ષેપમાં વર્ણન કરૂં છું. હુયાનથ્સંગે હિંદુસ્થાન ઈ. સ. ૬૪૫માં છોડયું. વાકયપદીયનો કર્તા–જેની વૈયાકરણ તરીકેની કીર્તિ ઇત્સીંગના કહેવા પ્રમાણે અડધા સૈકા પછી પ્રસરી હતી–તે ભર્તૃહરિ પાંચ વર્ષ પછી ગુજરી ગયો. તન્ત્રવાર્તિકમાં કુમારિલે ભર્તૃહરિના વાક્યપદીયમાંથી વખતો વખત ઉતારા કર્યા છે. આ ગ્રન્થ ભર્તૃહરિની કીર્તિ પ્રસર્યા પછી જ રચાયો હશે. આ કારણને લીધે હું એમ માનું છું કે કુમારિલ, બે ચીની પ્રવાસી–હુયાનથ્સંગ અને ઈત્સીંગે હિંદુસ્થાન છોડયું તે પછી એટલે ઈ. સ. ૭૦૦ પછી પ્રસિદ્ધ થયો. એ અકલંક જેને આઠમા સૈકાના ઉત્તર ભાગમાં મુકયો છે અને જેનો શિષ્ય પ્રભાચન્દ્ર તન્ત્રવાર્તિકના કર્તામાંથી વખતો વખત ઉતારા કરે છે તે અકલંકની પહેલાં તરત જ થયો છે. ટૂકમાં કુમારિલ આઠમાં સૈકાના પૂર્વ ભાગમાં થયો છે.

કુમારિલ, અકલંકદેવ અને શંકરાચાર્યનો સમય નક્કી કરવાની અગત્યતા કેટલી બધી છે એ કહેવું અતિશયોક્તિ ભરેલું નહિ ગણાય. બૌદ્ધલેખક તારાનાથ, જૈનલેખક બ્રહ્મનેમિદત્ત બ્રાહ્મધર્મિ લેખક માધવાચાર્યે એકમત થયા છે કે જ્યારથી દક્ષિણ હિંદુસ્થાનના પ્રસિદ્ધ લેખકો દેખાયા ત્યારથી જ કપિલવસ્તુના ઋષિએ સ્થાપેલો ધર્મ જે ધર્મે મનુષ્યનો ભ્રાતૃભાવ જગત્‌ને પ્રદર્શિત કર્યો અને જે વેદધર્મના અનુયાયીઓએ બતાવેલા કૃપણોત્સાહ સામે હતો તે ધર્મની પડતી આવી. કુમારિલ, અકલંકદેવ અને શંકરાચાર્યના સમયમાં જ ચાલુકય રાજ્યનો નાશ થયો, અને એને ઠેકાણે રાષ્ટ્રકૂટ રાજ્યનો ઉદય થયો. એ જ સમયમાં મીમાંસા સમ્પ્રદાય થોડોક વખત ઝળકયો અને અંતે જૈનધર્મનું પુનરાવર્તન થયું. જૈનધર્મે પહેલા અમોઘવર્ષ—જેના દીર્ઘ અને વિજયી રાજયને દિગમ્બરે સાહિત્યના પ્રતાપીય કાળ તરીકે ગણાય—તેના વખતમાં ઉચ્ચસ્થાનને પહોચ્યો.—કે. બી. પાઠક, બી. એ., જ. રો. એ. સો., બો. બ્રે., પુ. ૧૮, અંક ૪૯, પૃષ્ઠ ૨૧૩થી ૨૩૮, ૨૮મી જુન સને ૧૮૯૨.

૧. ઈંડી. એંટી., પુ. ૪, પૃષ્ઠ ૬૩૫.

૨. શારીરકભાષ્ય, આનંદાશ્રમવાળું, પૃષ્ઠ ૫૬૭; તંત્રવાર્તિક, પૃષ્ઠ ૩૮૦.

૩. રત્નનંદી કૃત ભદ્રબાહુ ચરિત્ર.

૪. ગૌડપાદ કૃત કારિકા, આનંદાશ્રમની, પૃષ્ઠ ૨૦૦.

૫. શારીરકભાષ્ય, આનંદાશ્રમનું, પૃષ્ઠ ૫૭૦.

૬. પૂર્વના પવિત્ર પુસ્તકો, પુ. ૩૪, પૃષ્ઠ ૪૩૩.

શંકરના સમય માટે મેસર્સ. ફ્લીટ અને લોગનનો ખુલાસો.

મિ. ફ્લીટ કહે છે કેઃ—

આ વિષય ઉપર છેલ્લામાં છેલ્લી ચર્ચા **મિ. કે. બી. પાઠકે** ઈંડિયન એંટીકવેરીના બારમા પુસ્તકના ૧૭૪મે પાને કરી છે અને હસ્તલેખ આપ્યો છે. એમાં એમ બતાવ્યું છે કે શંકરાચાર્યનો જન્મ કલિયુગ સંવત ૩૮૮૯ (ઈ. સ. ૭૮૮–૮૨૦) એટલે વિભવ સંવત્સરમાં થયો અને કલિયુગ સંવત ૩૯૨૧ (ઇ. સ. ૮૨૦)ના વૈશાખ માસની પૂર્ણિમાએ પંચત્વને પ્રાપ્ત થયા. બારમા સૈકાની અંતે થયેલો ગ્રંથ—જે ગ્રંથ ઉપર **મિ. પાઠકે** આધાર રાખ્યો છે તે ગ્રંથ વિશે વિચારતાં **મિ. કે. ટી.** તેલંગે એંટીકવેરીના ૧૩મા પુસ્તકના ૯૫મે પાને પૂરતાં કારણો સાથે જણાવ્યું છે કે "આ ધર્મપ્રવર્તકનો સમય ઇ. સ. ૫૯૦ પછી તો છે જ નહિ." હવે નેપાલની વંશાવલિમાં જે કહ્યું છે તે તરફ લક્ષ દઇએ. એમાં એમ જણાવ્યું છે કે શંકરાચાર્ય સૂર્યવંશી વૃષદેવના રાજ્યના અંતમાં અથવા તો તેના પછી તરત જ નેપાલ ગયા હતા. જ્યારે શંકરાચાર્ય નેપાલમાં હતા ત્યારે વૃષદેવને પુત્ર પ્રાપ્ત થયો હતો અને આ ધર્મપ્રવર્તકના નામ ઉપરથી જ એનું નામ શંકરદેવ રાખવામાં આવ્યું હતું. કેટલોક સમય વિત્યા પછી થયેલા વરદેવ અને તેના પુત્ર શંકરદેવ વિશે પણ આવી જ વાત ચાલે છે. પણ આ બંનેમાં ફેર એટલો જ છે કે વરદેવના વખતમાં જે શંકરાચાર્ય આવ્યા હતા તે બ્રહ્માવતારી હતા અને વૃષદેવના સમયમાં જે શંકરાચાર્ય આવ્યા હતા તે તો ધર્મપ્રવર્તક જાતે આવ્યા હતા. **ડા. ભગવાનલાલ ઈંદ્રજીના** કહેવા પ્રમાણે અને તેમણે નેપાલના રાજાઓના સમયની જે ગોઠવણ કરી છે તે પ્રમાણે વૃષદેવે ઈ. સ. ૨૯૦ ઉપર રાજ્ય કર્યું; શંકરાચાર્ય વિશે જે જે કહ્યું તે આ વખતે થયું એમ માનવું અશક્ય છે. નેપાલની તવારીખ વિષે શોધન કરતાં મેં વૃષદેવનો સમય ઈ. સ. ૬૩૦–૫૫નો જણાવ્યો છે. વૃષદેવના પ્રપૌત્ર માનદેવનો સમય નક્કી છે અને વૃષદેવ વીશ પાંત્રીશ વર્ષ પેહેલાં થયો. આ સમય **મિ. તેલંગે** આનાથી ભિન્ન અને આનુમાનિક કારણો આપીને જે સમય બતાવ્યો છે તેને ઘણો મળે છે અને નેપાલની વંશાવલિમાં જણાવેલી હકીકતને મળતો આવે એવો ફેરફાર થઈ શકે એમ છે કે નહિ તેનો વિચાર કરવો જોઇએ. આ દેશમાં અન્ય લેખોની માફક આ વંશાવલિ વજનદાર નથી. દાખલા તરિકે આ વંશાવલિ વૃષદેવ ઇ. સ. ૬૧૪માં થયો એમ જણાવે છે. પરંતુ **ડા. ભગવાનલાલ ઇન્દ્રજીના** કહેવા પ્રમાણે આ વંશાવલિમાંથી ભાગીતુટી એટલી ઐતિહાસિક હકીકત મળી આવે છે કે અંશુવર્માના પૂર્વગામી વિશ્વદેવવર્માના વખતમાં વિક્રમાદિત્ય નેપાલ આવ્યા હતા અને પોતાનો સંવત ચલાવ્યો હતો. કનોજના હર્ષવર્ધનની જીત અને તેના પરિણામરૂપે પોતાના નામનો શક પ્રસારવાના યત્નની સાથે આનો સંબંધ છે. શંકરાચાર્ય નેપાલ ગયહતા એ વાત ખોટી પાડવાને કંઈ સવિશેષ કારણ નથી. આ નેપાલની વંશાવલિમાં વૃષદેવના પુત્ર અને અનુગામી સંબંધે શંકરનું નામ પ્રથમ જ છે. આ ગમે તેમ હોય તો પણ વૃષદેવના પછી તો શંકરાચાર્ય નથી થયા એતો સ્પષ્ટ છે.—**જે. ઈ. ફ્લીટ**, ઇં., એ પુસ્તક ૧૬, પૃષ્ઠ ૪૧.

મિ. લોગન કહે છે કેઃ—

ઈંડિયન એંટીકવેરીના ૧૬મા પુસ્તકના ૪૧મા પાને **મિ. ફ્લીટે** આ વિષય ઉપર જે લખાણ કર્યું છે તે જોતાં કહેવું જરૂરનું છે કે નેપાલમાં જે દંતકથા ચાલે છે તે દંતકથા **મિ. તેલંગ અને ફ્લીટે** દર્શાવેલો સમય (ઈ. સ. ૫૯૦–૬૫૫) કરતાં **મિ. પાઠકે** જણાવેલા સમય(ઇ. સ. ૭૮૮–૮૨૦)ને વધારે અનુમોદન આપે છે. કેરલોત્પત્તિમાં નીચેપ્રમાણે છેઃ—"આ વિજયી લડાઇના સમયમાં એક બુદ્ધિમાન–મહાદેવના અવતાર–નો જન્મ થયો હતો. આ મહાત્મા પછીથી શંકરાચાર્યને નામે પ્રસિદ્ધ થયા હતા." કેરલોત્પત્તિમાં કાલગણનાની મોટી ભૂલો છે. અને આવી ભૂલો દેશી ઈતિહાસમાં ઘણી જોવામાં આવે છે. જે પેરૂમાલના વખતમાં આ વિજયી લડાઈ થઈ તે પેરૂમાલને ઇ. સ. ૪૨૭માં અન્નકુન્ડી કૃષ્ણરાયે કેરલનો રાજા નિમ્યો હતો. કેરલોત્પત્તિમાં એમ પણ જણાવ્યું છે કે ચેરમાન પેરૂમાલે ઈસ્લામી ધર્મ સ્વીકાર્યો હતો અને મક્કે હજ કરવા ગયો હતો. અહિં ઘણો જ ગું-

ચવાડો કર્યો છે. આને અને સોળમાં સૈકાના **વિજયનગરના** રાજાને એક જ ગણ્યો છે, વિજયનગરનો રાજા **મક્કે** ગયો હતો અને **હીજરીના** પહેલા જ દિવસે **મહમદ** પેગમ્બરને મળ્યો હતો. આમાં સત્ય શુ છે એ ખોળી કહાડવુ કઠિન છે તથાપિ '**મક્કે** ગયો હતો' એ જે દંતકથા ચાલે છે તેને તો ઐતિહાસિક પ્રમાણ છે. હમ્મેશાં **આરબ** લોક સત્ય વાત કહેછે. જણાવવું અગત્યનું છે કે **તહફતુલ મુજહિદ્દીન**(સોળમાં સૈકાની અન્તમાં લખાયું છે)નો કર્તા દંતકથામાં આપેલી સાલ ખોટી પાડવા એવું કહેછે કે 'આ બનાવ કઇ સાલમાં બન્યો તે નક્કી નથી. પરંતુ **પેગમ્બરના** નાશી ગયા પછી આશરે બસો વર્ષ પછી આ બનાવ બન્યો છે એમ માનવાનાં ઘણાં કારણ છે. આ રાજાને રાતા સમુદ્રના અરબ્બી કીનારા ઉપર નહિ પણ **ઝાફરમાં** દાટવામાં આવ્યો હતો એ વાત જગત્પ્રસિદ્ધ છે. આ જગ્યાએ એની કબર હજી સુધી હયાત છે અને હજારો યાત્રાળુઓ ત્યાં જાય છે."

જે રાજા વિશે આવી વાત ચાલે છે તેને ત્યાંના લોકો **અસ-સામીરીના** નામે ઓળખે છે.

મલબાર કીનારાના **ઈસ્લામીધર્મના** લોકમાં તેમ જ મૂર્તિપૂજકોમાં 'રાજા ખોવાઇ ગયો' એવી દંતકથા પૂર જોસમાં ચાલે છે. મૂર્તિપૂજકો એમ પણ માને છે કે તે સ્વર્ગમાં ગયો છે અને તેના પાછા આવવાની આશા પણ રાખે છે. આટલા જ માટે તેઓ **ક્રાંગનોરમાં** બેગા થાય છે ત્યાં પાણી અને પાવડા તૈયાર રાખે છે અને તેના માનની ખાતર વર્ષની અમુક રાત્રિએ મહોત્સવ તરીકે દીવા બાળે છે. **મક્કે** ગયાની વાત **તહફતુલ મુજહીદીન** લખાયું ત્યારે જેટલી મનાતી તેટલી જ હાલ પણ મનાય છે. એ વિચિત્ર વાત છે કે હજુ પણ **ત્રાવણકોરના** મહારાજાઓને રાજ્યાભિષેક વખતે તરવાર લેતાં કહેવું પડે છે કે-"**મક્કે** ગયેલા મારા વડીલ પાછા આવશે ત્યાં સુધી હું તરવાર રાખીશ." **તહફતુલ મુજહીદીનમાં** જણાવેલી જગા વિશે **ઝાફર** પાસે રહેતા આરબને પૂછતાં જે હકીકત મને મળી છે તે ખરી છે વા ખોટી તેનો પ્રશ્ન મેં પુછ્યો હતો—"**અબ્દુલ રહેમાન સામીરી** (હિંદુ સામીરી-સમરીતન-ગૌપૂજારી, કુરાન ૨૦) **મલબારના** રાજાને અહિં દાટવામાં આવ્યો છે અને તેની કબરના સ્મરણસ્તમ્ભ ઉપર આ લેખ છેઃ-" હીજરી ૨૧૨માં આવ્યો અને ૨૧૬ માં ગુજરી ગયો." આ સાલ ૮૨૭-૨૮ અને ૮૩૧-૩૨ને મળે છે. આ પ્રશ્નનો કોઇએ પણ ઉત્તર આપ્યો હોય એમ મને સાંભળતું નથી. **એડનના** રેસીડેન્ટ મારફત અને અન્ય સ્થળેથી આ વિશે માહીતી મેળવવાને બનતો પ્રયાસ કર્યો છે. **આરબ** પાસેથી મળેલી ખબર સત્ય હોય તો **ત્રાવણકોરના** મહારાજાના વડીલ—જે **મક્કે** ગયા છે તે-**ચેરમાન પેરૂમલ** ઇ. સ. ૮૨૭ માં ગાદી ઉપરથી ઉઠ્યો હોય એમ જણાય છે. **મલાયીલોકનો કોલામનો** શક ઇ. સ. ૮૨૫ની ૨૫ મી **ઓગસ્તથી** શરૂ થયો એ વાતથી એને ટેકો મળે છે. આ નવો શક ચલાવવાને **ચેરમાન પેરૂમાલ** જેવાએ જે સમયે ગાદી છોડી તે સમય પસંદ કરાયો હોય એ સ્વાભાવિક છે. અહિં એમ પણ જણાવવું દુરસ્ત ધારૂં છું કે **તહફતુલ મુજહીદીન** અને **મલાયી** હસ્ત લેખોમાં પણ જણાવ્યું છે કે **ચેરમાન પેરૂમલે ઝાફર**-જ્યાં તે મરી ગયો-ત્યાં ગયા પહેલાં અરબ્બી કીનારા ઉપર આવેલા શહરમાં થોડોક સમય વ્યતીત કર્યો હતો. આ ઉપરથી ૮૨૭ જે સાલમાં **ઝાફર** પહોંચ્યો તે અને ૮૨૫ ની સાલમાં જે અંતર રહ્યું તેની હકીકત જણાય છે. તેથી જણાય છે કે **મલાયી** દંતકથા પ્રમાણે **શંકરાચાર્ય** અને **ચેરમાન પેરૂમાલ** સમકાલીન હતા. અને સંભવિત સમય નવમો સૈકો છે. આ સમય **મિ. પાઠકે** આણેલા નિર્ણયને પુરવાર કરે છે.-ડબ્લીયુ **લોગન**, ઇં. ઍં., પુસ્તક ૧૬, પૃષ્ઠ ૧૬૦.

(આગળની ચર્ચામાં જે જે લેખનો હવાલો આપેલો છે તે તથા બીજી પરચુરણ બાબતનો સંગ્રહ નીચે આપવામાં આવે છે.)

મિ. પાઠક જે લેખને આધારે **શંકરાચાર્યનો** સમય ઠરાવવા માંગે છે તે મૂળ લેખ બેલગામ-નિવાસી ગોવિંદભટ્ટ ચેરલેકરની પાસેથી મંગાવીને વિદ્વદ્વર્ય રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવને મેં જોવા મોકલ્યો હતો. એ લેખને માટે એઓ નીચે પ્રમાણે લખી મોકલે છેઃ—

"શંકરાચાર્ય સંબંધી તમે મોકલેલો લેખ મને બહુ વિશ્વાસપાત્ર લાગતો નથી. મધ્વમતવિરોધી કોઈ રામાનુજમતના અનુયાયીનો એ લેખ જણાય છે. અશુદ્ધ પણ બહુ છે. લેખ વિદ્વાનની કલમને છાજે એવો નથી. આરંભના થોડાક ભાગનું ભાષાંતર મેં લખ્યું છે. બાકીનો ભાગ સ્પષ્ટ છે. ઉઘાડી ભૂલ સુધારવા પ્રયત્ન કર્યો છે."

श्रीत्र्यम्बकेश्वराय नमः ।

नमामि शंकराचार्यगुरुपादसरोरुहम् । यस्य प्रसादान्मूढोपि सर्वज्ञोहं सदास्म्यलम् ॥ १ ॥
श्रीशंकराचार्यनवावतारं वेदान्तशारीरकभाष्यकारम् ।
चकोरचाकोरकचन्द्रिकाणां श्रीशंकराचार्यगुरुं नमामि ॥ २ ॥
आदौ शिवस्ततो विष्णुस्ततो ब्रह्मा ततः परम् । वसिष्ठाख्यस्तथा शक्तिस्ततः पाराशरः स्मृतः ॥ ३ ॥
ततो व्यासः शुकः पश्चात् गौडपादाभिधस्तथा । गोविन्दार्यगुरुस्तस्माच्छंकराचार्यसंज्ञकः ॥ ४ ॥
कल्यब्दे निधिखांकाग्नि ३९०९ शेषसंवत्सरे तदा । आगत्य स्वेच्छया कांचीं पर्यटन्पृथिवीतले ॥ ५ ॥
तत्र स्थित्वा द्वादशाब्दं यतिं पृथ्वीधराभिधम् । संस्थापितं मठं कृत्वा तुंगभद्रानदीतटे ॥ ६ ॥
विद्यापीठादिकं कृत्वा भारतीसंज्ञया गुरुः । तत्र संस्थाप्य कामाक्षीं जगाम परमां पदम् ॥ ७ ॥
तद्वृत्तांतं समाकर्ण्य तपसः सिद्धये तदा । विश्वरूपयतिं स्थाप्य स्वाश्रमस्य विचारणे ॥ ८ ॥
[1]स्वयं कांचीमगात्तूर्णं श्रीपृथ्वीधरभारती । श्रीविश्वरूपयोगींद्राज्जातश्चिद्रूपभारती ॥ ९ ॥
ततो गंगाधरयतिस्ततश्चिद्घनभारती । ततो बोधघनो मौनी ततो ज्ञानोत्तमो यतिः ॥ १० ॥
तस्माच्छिवानंदयतिस्ततो ज्ञानोत्तमो गुरुः । तस्मान्नृसिंहयतिराट् तत ईश्वरभारती ॥ ११ ॥
तत ईश्वरभारत्या नृसिंहाभिधभारती । तस्माद्विद्याशंकराख्यो यतिः कृच्छ्रयतिस्ततः ॥ १२ ॥
तस्माच्छंकरयोग्यासीच्चंद्रशेखरभारती । तत आसीत्स्वयं जातः सच्चिदानंदभारती ॥ १३ ॥
ततो ब्रह्मानंदयतिस्ततश्चिद्रूपभारती । पुरुषोत्तमयोग्यासीत्ततोभून्मधुसूदनः ॥ १४ ॥
गुरुस्ततो जगन्नाथो विश्वानंदयतिस्ततः । तस्माच्च विमलानंदो यो विद्यारण्यभारती ॥ १५ ॥
ततो जातो विरूपाक्षो यतिर्बोधघनस्ततः । ततो ज्ञानोत्तमयतिस्तत ईश्वरभारती ॥ १६ ॥
तत ईश्वरभारत्या नृसिंहाभिधभारती । विद्यातीर्थश्च विज्ञेयो भारतीतीर्थ एव च ॥ १७ ॥
[2]श्रीचक्रनगरोद्धारं स्थापनं चक्रवर्तिनः । विद्यारण्यो नृसिंहश्च चंद्रशेखरभारती ॥ १८ ॥

શ્રીત્ર્યંબકેશ્વરને નમસ્કાર.

જેના પ્રસાદથી હું પૂર્ણ મૂઢ પણ સર્વકાળ સર્વજ્ઞ બન્યો છું એવા શ્રીશંકરાચાર્ય ગુરુના ચરણ કમળને નમું છું. ૧.

શ્રીશંકર .... ભગવાનના નૂતન અવતારભૂત, વેદાન્તસૂત્ર ઉપર શારીરકભાષ્ય રચનાર.......... શ્રીશંકરાચાર્ય ગુરુને હું નમું છું. ૨.

પ્રથમ શંકર ભગવાન, પછી વિષ્ણુ, પછી બ્રહ્મા, પછી વસિષ્ઠ, અને પછી શકિત, તે પછી પરાશર થયા સંભળાય છે. ૩.

તે પછી વ્યાસ, પછી શુક, અને પછી ગૌડપાદ, પછી ઉદાર ગુણના ગુરુ ગોવિંદ પછી શંકરાચાર્ય. ૪.

કલિયુગના ૩૯૦૯ મા વર્ષમાં તે સમયે ભૂતળમાં ફરતાફરતા સ્વેચ્છાએ કાંચિપુરીમાં આવી, ત્યાં બાર વર્ષ રહિ, યતિ પૃથ્વીધરાચાર્યને ત્યાં સ્થાપી, તુંગભદ્રા નદીને તટે મઠ બાંધી, ભારતી સંજ્ઞાથી વિદ્યાપીઠ આદિનું નિર્માણ કરી, ત્યાં કામાક્ષી દેવીની સ્થાપના કરી, ગુરુ પરમપદ (પરમધામ) પધાર્યા. ૫, ૬, ૭.

તે સમાચાર સાંભળીને તપની સિદ્ધિને અર્થે (તપસાધવા) તે સમયે શ્રીપૃથ્વીધરભારતી આશ્રમના ચિંતન-માટે વિશ્વરૂપ યતિને નીમી પોતે શીઘ્ર કાંચીપુરી ગયા. ૮

૧. ૯ થી ૨૧ શ્લોક સુધીનો અર્થ સ્પષ્ટ હોવાથી આપ્યો નથી. ૨ આ પંકિત અહિં સંબંધ વગરની છે.

मधुसूदनविष्णुश्च श्रीगंगाधरभारती । नृसिंहः शंकरानंदः पुरुषोत्तमभारती ॥ १९ ॥
रामचंद्रो नृसिंहश्च विद्यारण्यस्तथैवच । नृसिंहः शंकरानंदो नृसिंहः शंकरस्तथा ॥ २० ॥
नृसिंहभारती चाथ ततः शंकरभारती । नृसिंहभारती चाथ पायाच्छंकरभारती ॥ २१ ॥
यः शुचिः प्रयतो भूत्वा प्रातरुत्थाय वै पठेत् । आयुरारोग्यमैश्वर्यं लभते नात्र संशयः ॥ २२ ॥
यस्तु द्वैतमते स्थित्वा भारतीपीठनिंदकः । स याति नरकं घोरं यावदिंद्राश्चतुर्दश ॥ २३ ॥

इति गुरुस्तोत्रं संपूर्णम् ।

चतुर्थो दक्षिणाम्नायः । शृंगेरीमठः । भोगवारिसंप्रदायः । सरस्वतीभारतीपुरीपदम् । रामेश्वरक्षेत्रम् । आदिवराहो देवता । कामाक्षी देवी । पृथ्वीधराचार्यः । तुंगभद्रातीर्थे । चैतन्यब्रह्मचारी । यजुर्वेदपठनम् । अहं ब्रह्मास्मि इत्यादि महावाक्यविचारः । नित्यानित्यविवेकेन । आत्मोपास्ते । आत्मतीर्थे । आत्मोद्धारः । अपरोक्षपरोक्षसाक्षात्कारार्थे ।

तृतीयः पूर्वाम्नायः । ज्योतिर्मठः । आनंदवारिसंप्रदायः । गिरिपर्वतसागरपदम् । बदरिकाश्रमः क्षेत्रम् । नारायणो देवता । पूर्णगिरिपीठदेवी । त्रोटकाचार्यः । अलकानंदा तीर्थे । आनन्दब्रह्मचारी । अथर्ववेदपठनम् । तत्त्वमस्यादिमहावाक्यविचारः । नित्यानित्यविवेकेन । आत्मोपास्ते । आत्मतीर्थे । आत्मोद्धारः । अपरोक्षपरोक्षसाक्षात्कारार्थे ।

द्वितीयः उत्तराम्नायः। गोवर्धनमठः । भूवारिसंप्रदायः । वनारण्यपदम् । पुरुषोत्तमक्षेत्रम् । जगन्नाथो देवता । विमला देवी । पद्मपादाचार्यः । महानदीतीर्थम् । प्रकाशब्रह्मचारी । ऋग्वेदपठनम् । प्रज्ञानं ब्रह्म । अयमात्मा ब्रह्म इत्यादि महावाक्यविचारः । नित्यानित्यविवेकेन आत्मोपास्ते । आत्मतीर्थे आत्मोद्धारः । अपरोक्षपरोक्षसाक्षात्कारार्थे ।

प्रथमः पश्चिमाम्नायः । शारदामठः । कीटवारिसंप्रदायः । तीर्थाश्रमपदम् । द्वारकाक्षेत्रम् । सिद्धेश्वरो देवता ।[1] ब्रह्मस्वरूपाचार्यः । गोमती तीर्थम् । सामवेदपठनम् । तत्त्वमस्यादिमहावाक्यविचारः । नित्यानित्यविवेकेन । आत्मोपास्ते । आत्मतीर्थे आत्मोद्धारः । अपरोक्षपरोक्षसाक्षात्कारार्थे ।

[2]सोहमद्यविवेकतीर्थपदवीमाम्नायतीर्थे परं अंजं सज्जनतीर्थसंगतियुतः सद्वृत्ततीर्थं श्रयन् । लब्धामाकलयन्प्रभावलहरीं श्रीभारतीतीर्थतो विद्यातीर्थमुपाश्रयन् हृदि भजे श्रीकंठमव्याहतम् । संत्येकव्रतपालकोद्विगुणधीत्यादयः श्लोकाः पराशरव्याख्याने प्रथमत एव द्रष्टव्याः ।

अथ गुरुपरंपरा ।

शिवं हरिं पद्मभवं वसिष्ठं शक्तिं च तत्पुत्रपराशरं च ।
व्यासं शुकं गौडपदं महान्तं गोविन्दयोगींद्रमथास्य शिष्यम् ॥ १ ॥
शिवावतारं यतिसार्वभौमं कूष्माण्डजातं गुरुशंकरार्यं ।
तच्छिष्यहस्तामलकं प्रपद्ये सुरेश्वरं पद्मपदं मुनींद्रम् ॥ २ ॥
तं तोटकं वार्तिककारमन्यमस्मद्गुरून् संततमानमामि ।
[3]श्रीपद्मपादभिक्षोस्तु ज्ञानानंदमुनिस्तथा ॥ ३ ॥

સવારમાં ઉઠીને પવિત્ર નિયમધારી થઈને જે આ સ્તોત્ર ભણશે તે આયુષ્ય, આરોગ્ય, ઐશ્વર્ય મેળવશે એમાં સંશય નહિ. ૨૨.

જે દ્વૈતમાં રહિતે ભારતી પીઠની નિંદા કરશે તે ચૌદ ઈંદ્રના રાજ્યકાળપર્યંત ઘોર નરક સેવશે. ૨૩.

૧ અહિં દેવીનું નામ આપ્યું નથી અને આચાર્યનું નામ વિશ્વાસ પાત્ર નથી. અહિં બ્રહ્મચારીનો નિર્દેશ કર્યો નથી.

૨ આ શાર્દૂલવિક્રીડિત બહુ અશુદ્ધ છે તેથી અર્થ થઈ શકે એમ નથી.

શિવને, વિષ્ણુને, બ્રહ્માને, વસિષ્ઠને, શક્તિ (ઋષિ)ને, અને તેમનાં પુત્ર પરાશરને, વ્યાસને, શુકને મોટા ગૌડપાદને, અને યોગીંદ્ર ગોવિંદને તથા તેમના શિષ્ય શંકરના અવતારભૂત કુષ્માંડજાત (?) ઉદાર ગુણના યતિરાજ શંકર ગુરુને, તેમના શિષ્ય હસ્તામલકને, સુરેશ્વરને, પદ્મપાદ-મુનીંદ્રને (શરણે) જાઉં છું. ૧, ૨.

તે તોટકાચાર્યને અને બીજા વાર્તિકકારને ને અમારા ગુરુઓને હું સદૈવ નમસ્કાર કરૂં છું. ૩ (શ્લોક અર્ધ ભાગ જ છે.)

૩ આ શ્લોક પણ અર્ધ છે.

ततो विज्ञानतीर्थस्तु योगानंदस्ततः परम् । निरंजनाभिधो मौनी ततो ब्रह्मेंद्रनायकः ॥ ४ ॥
सत्यव्रतो महायोगी यतिरत्नं ततः परम् । चिदानन्दमुनिः श्रीमान्सच्चिदानंदनामकः ॥ ५ ॥
ततः शिवांशसंभूतः शंकरो योगिपुंगवः । ततः पद्मपदो नाम पद्मगर्भसमप्रभः ॥ ६ ॥
अस्य पद्मपदस्यार्याः शिष्यास्त्रय उदाहृताः । विद्यारण्यो महातेजाः प्रथमः शिष्य एव च ॥ ७ ॥
श्रीयादवप्रकाशस्तु द्वितीयः शिष्य उच्यते । अच्युतप्रेक्षनामा तु यतिः शिष्यस्तृतीयकः ॥ ८ ॥
श्रीयादवप्रकाशस्य शिष्यो रामानुजो यतिः । तेन वैष्णवसिद्धांतः स्थापितो गुरुसंमते ॥ ९ ॥
अच्युतप्रेक्षनामा तु शिष्यो मध्वाभिधो यतिः । तेनैव भेदसिद्धांतः स्थापितो गुर्वसंमते ॥ १० ॥

उमावतारं गुरुराजविद्यारण्याभिधानं यतिमौलिरत्नम् ।
अनंतरं चाप्पयदीक्षिताख्यं हरांशसंभूतमुदारकीर्तिम् ॥ ११ ॥
श्रीमन्नृसिंहाश्रममौलिराजमुखाननेकान्प्रणमामि सद्गुरून् ।
शंकरं शंकराचार्यं केशवं बादरायणम् ॥ १२ ॥

सूत्रभाष्यकृतौ वंदे सर्वविद्याविशारदौ । शंकरः शंकरः साक्षाद्व्यासो नारायणः स्वयम् ॥ १३ ॥
अत्र प्रमाणं सांगानि छंदांस्येव न संशयः ।

इत्यात्मानन्दविरचितं गुरुपरंपरास्तोत्रं संपूर्णम् ।

विद्यारण्यो माघकृष्णपंचम्यां शिवतामगात् । दुष्टाचारविनाशाय प्रादुर्भूतो महीतले ॥
स एव शंकराचार्यः साक्षात्कैवल्यनायकः । निधिनागेभवन्ह्यब्दे विभवे शंकरोदयः ॥ ३८८९ ॥
अष्टवर्षे चतुर्वेदान् द्वादशे सर्वशास्त्रकृत् । षोडशे कृतवान् भाष्यं द्वात्रिंशे मुनिरभ्यगात् ॥
कल्यब्दे चंद्रनेत्रांकवह्न्यब्दे ३९२१ गुहाप्रवेशः । वैशाखपूर्णिमायां तु शंकरः शिवतामगात् ॥

કુમારિલ ભટ્ટ અથવા કુમારિલ સ્વામિ.

રાજતરંગિણી અને **ગઉડવહો** એ બે પુસ્તકોને આધારે **ભ**વભૂતિનો સમય સાતમાં સૈકાના ઉત્તરભાગમાં નિશ્ચિત થયા પછી એક જુના હસ્ત લેખમાંથી મળી આવેલી ઉપયોગી હકીકત જાહેરમાં મુકતાં મને ઘણો આનંદ ઉપજે છે. તે જો ખોટી અથવા બનાવટી માલમ ન પડે તો મહાન્ **મી**માંસા લખનાર કુમારિલ ભટ્ટ અથવા કુમારિલ સ્વામિનો સમય નક્કી કરવાને એ પૂરતી છે. અને કદાચ એ ઉપરથી મહાન્ **શં**કરાચાર્યે અને જેની સાથે એ સંબંધમાં આવ્યા હતા અને જેના નામો એ પોતાના ગ્રંથમાં લખી ગયા છે તેમના સમયનો નિશ્ચય કરતાં ઘણી મદદ મળે એમ છે. ઉપર જણાવેલી હકીકત **ભ**વભૂતિના **મા**લતીમાધવ નાટકની હસ્તલિખિત[1] પ્રતિના દશ માંહેલા બે અંકના સમાપ્તિના વાકયોમાં આવેલી છે. ત્રીજા અંકને છેડે લખ્યું છે કે "**इति श्रीभट्टकुमारिलशिष्यकृते मालतीमाधवे तृतीयोऽङ्कः**।–આ પ્રમાણે કુમારિલ ભટ્ટના શિષ્ય કૃત **મા**લતીમાધવનો ત્રીજો અંક સમાપ્ત થયો છે,"–પાનું ૧૯, પહેલી બાજુ. છઠ્ઠા અંકને છેડે લખ્યું છે કેઃ—"**इति श्रीकुमारिलस्वामिप्रसादप्राप्तवाग्वैभवश्रीमदुंवेकाचार्यविरचितमालतीमाधवे षष्ठोऽङ्कः**।–અત્ર શ્રીમત્ કુમારિલ ભટ્ટના પ્રસાદથી વિદ્યા સંપાદન કરનાર **શ્રી**ઉંવેકાચાર્યે કૃત **મા**લતીમાધવ નાટકનો છઠ્ઠો અંક સમાપ્ત થાય છે,"–પાનું ૩૧, પૃષ્ઠ ૨. દશમાં અંકને છેડે આવેલા શબ્દોઃ–**इति श्रीमद्भवभूतिविरचिते मालतीमाधवे दशमोऽङ्कः**।–અત્ર **ભ**વભૂતિ વિરચિત **મા**લતીમાધવનો દશમો અંક સમાપ્ત થાય છે,"–પાનું ૫૦, બાજુ બીજી." આ ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે અત્ર **ભ**વભૂતિને ગ્રંથકાર સમજવાનો છે. પ્રથમ જણાવેલાં સમાપ્તિસૂચક વાકયો અસલ લખાણના અંગ તરીકે જ ખૂદ હસ્તલેખમાં આવે છે અને તેની આગળ પાછળ બીજું

---

૧ આ હસ્ત લેખ મને મારા મિત્ર ઇંદોરવાળા મહાદેવ વ્યંકટેશ લેલે, બી. એ., એલ. સી. ઈ. પાસેથી મળ્યો છે. એની અંદર ૫૦ પૃષ્ઠ છે, દરેક બાજુએ ૧૩ લીટી લખેલી છે અને દરેક લીટીમાં ૩૦ થી ૩૫ અક્ષર છે. કાગળ ઘણા ખડબચડા છે અને તેની જાડાઈ એક સરખી નથી. કાગળ બનાવનારે ઘણે ઠેકાણે સાંધા કરેલા છે. પાનાનું પ્રમાણ ૯×½ ઈંચ છે.

લખાણ છે તેથી કરીને હસ્ત લેખની અસલ નકલ થયા પછી એ શબ્દો પાછળથી ઉમેરવામાં આવ્યા હોય એમ ધારવું શકય નથી. હસ્તલેખનું પહેલું પાનું જતું રહ્યું છે. છેલ્લા અથવા બીજાં કોઈ પણ પૃષ્ઠપર સમય લખ્યો નથી; પરંતુ કાગળના દેખાવપરથી અનુમાન કરતાં હસ્તલેખ ભાગ્યે જ ચારસો અથવા પાંચસો વર્ષ કરતાં ઓછો જુનો હોઇ શકે. કાગળ ઘણા જુના છે ને એક છેડેથી બીજા છેડા સુધી તદ્દન ભૂરા રંગના થઇ ગયેલા માલમ પડે છે. તેઓનું આ સ્થિતિએ પહોચવાનું કારણ કાળ જ લાગે છે. વપરાશથી તેમ થયા હોય એવું લાગતું નથી, કેમકે હસ્તલિખિત પ્રતિમાં કાંઈ પણ સુધારો કરેલો નથી અથવા પીળા રંગના ડાઘા પડેલા નથી. તે ઉપરથી એ હસ્તલિખિત પ્રતિ ઘણી વપરાઈ હોય એમ માલમ પડતું નથી. પહેલાં ચાર પાનાં ઘણાં જીર્ણ થઈ ગયાં છે અને કોઇ કોઈ ઠેકાણે ફાટી ગયેલાં છે, અને બીજાં ઘણાં ઉધેઇથી ખવાયેલાં છે. નિ:શંક ઉપર ટાંકેલાં બન્ને સમાપ્તિસૂચક વાકયોમાં એક જુની દંતકથા સમાઇ રહેલી છે. એ દંતકથા કેટલી પ્રાચીન છે અને એમાં સત્ય છે કે કેમ એ અલબત એક જૂદો સવાલ છે.

એમ છતાં ભવભૂતિ જે પોતાને અને પોતાના કુટુંબને માટે લખે છે તે હકીકતમાં કુમારિલ, ભવભૂતિનો એક ગુરુ હતો એ દંતકથાની વિરુદ્ધ જાય એવું કાંઈ લાગતું નથી. **માલતીમાધવ** તેમ જ **વીરચરિત**ના પ્રારંભમાં તે આપણને જણાવે છે કે, તેના પૂર્વજો **વેદ**ની પોતાની શાખા(**તૈત્તિરીય**)ના (**चरणगुरवः**) ગુરુ હતા. તેઓ એટલા વિદ્વાન્ અને શુદ્ધ હતા, કે અપવિત્રને પોતાના સંસર્ગથી (**पंक्तिपावनाः**)[1] પવિત્ર કરવાને યોગ્ય હતા, (**पंचाग्नय**) પંચાગ્નિ રાખતા હતા. તેઓએ (**धृतव्रताः**) ધર્મવ્રત ધારણ કીધું હતું. યજ્ઞમાં (**सोम पीथिनः**) સોમપાન કરનારા હતા અર્થાત્ યજ્ઞ કરનારા અને ધર્મજ્ઞાનના અભ્યાસી હતા. અને એના પિતામહ **ભટ્ટ ગોપાલે વાજપેય** યજ્ઞ કર્યો હતો. આ વર્ણનથી તેઓ **મીમાંસા**માં નિપુણ હોવા જોઈએ એ કલ્પનાને પુષ્ટિ મળે છે. અને જો એમ હોય તો પછી પોતાના નજીકના વડવાઓને **વેદ**, કર્મકાંડ અને (કદાચ) **મીમાંસા**ને માટે પણ ઘણી પ્રીતિ હોવાને લીધે ભવભૂતિ **મીમાંસા** શિખ્યો હશે એમ ધારવું માત્ર સ્વાભાવિક જ છે; કારણ કે **વેદ**નાં ધર્મયુક્ત વ્યાખ્યાન માટે **મીમાંસાશાસ્ત્ર** હમેશાં અગત્યનું ગણાતું આવેલું છે. એ વાત સત્ય છે કે ભવભૂતિએ પોતે જે જે વિદ્યા સંપાદન કીધી હતી તે બધી–**વેદ**[2], ઉપનિષદ્, **સાંખ્ય, યોગ,** અને **અ**લંકાર–તે આપણને જાતે જ કહે છે છતાં પોતે **મીમાંસા**નું જ્ઞાન સંપાદન કીધું હતું એમ કહેતો નથી. એના તરફની આ ચૂક આપણને ખરેખર ઘણી રુચિકર થઈ પડે છે. એનાથી સાબીત થાય છે કે ભવભૂતિ કુમારિલ ભટ્ટનો શિષ્ય હતો. એ દંતકથા **મીમાંસાશાસ્ત્ર**માં એ વિદ્વાન તરીકે પ્રખ્યાત હોવાને લીધે એના ઉપાસકોએ જોડી કાઢેલી નથી; પણ તે એવી કોઈ પણ કૃત્રિમ ઉત્પત્તિથી રહિત છે. તેમ જ વળી તેણે આપેલાં પોતાના વડવાનાં જાણીતાં આખ્યાન ઉપરથી એ દંતકથા ઉભી થઈ હોય એમ પણ ધારી શકાય નહિ. કારણ કે તેઓ **મીમાંસા**માં વિદ્વાન્ હતા એવું તે વર્ણનમાં કહ્યું જ નથી. તેઓને એ વિષયમાં કાંઇ પણ જ્ઞાન હતું એ એક કલ્પના જ છે. અને જો કે તે કલ્પના તર્કાનુસાર છે તોપણ આવશ્યક નથી.

---

१ अपाङ्क्त्योपहता पङ्क्तिः पाव्यते यैर्द्विजोत्तमैः । तान् निबोधत कार्त्स्न्येन द्विजाग्र्यान् पङ्क्तिपावनान् ॥

अग्र्याः सर्वेषु वेदेषु सर्वप्रवचनेषु च । श्रोत्रियान्वयजाश्चैव विज्ञेयाः पङ्क्तिपावना ॥ Manu III. 183, 184.

જે દ્વિજોત્તમથી અપવિત્ર થયેલી પંકિત પાવન થાય છે તે સઘળા દ્વિજોમાં શ્રેષ્ઠ બ્રાહ્મણોને પંકિતપાવન જાણવા.

સઘળા વેદોમાં તેમ જ પ્રવચનોમાં આગળ પડતા અને શ્રોત્રિય (વેદપારંગત થયેલા) બ્રાહ્મણના વંશમાં જન્મેલાને પંકિતપાવન જાણવા.

२ यद् वेदाध्ययनं तथोपनिषदां सांख्यस्य योग्यस्य च ज्ञानं तत्कथनेन किं न हि ततः कश्चिद्गुणो नाटके ।

यत् प्रौढत्वमुदारता च वचसां यच्चार्थतो गौरवं तच्चेदस्ति ततस्तदेव गमकं पाण्डित्यवैदग्ध्ययोः॥ Mâlat. I. 7.

ઉપનિષદ, સાંખ્ય અને યોગનું જ્ઞાન એ બધું બતાવવાથી કાંઈ નાટકમાં ગુણ આવતો નથી. વાણીનું પ્રૌઢત્વ તેમ જ ઉદારતા અને અર્થનું ગૌરવ એ જો હોય તો વિદ્વતા અને કુશળતા જણાય.

પ્રસ્તુત વચનોને આધારે જો આપણે કુમારિલભટ્ટનો સમય નક્કી થયેલો ગણીએ તો તેને ઈ-સ્વીસનના સાતમા સૈકાના મધ્યભાગમાં મુકાય; કારણ કે આપણે આગળ જોયું છે કે પોતાની યુવાવસ્થામાં વાક્પતિ ભવભૂતિને ઓળખતો હતો, અને તેને માટે ઘણું માન ધરાવતો હતો. તે તેને પોતાના ગુરુ અથવા શુભેચ્છક તરીકે ગણતો હતો. યશોવર્માએ ઇસ્વી સન ૬૭૫ થી ૭૧૦ સુધી રાજ્ય કર્યું એમ ધારીએ તો વાક્પતિ ઇ. સ. ૬૬૦ થી ૭૧૦ સુધીમાં થયો હોય એમ કહી શકાય; તેમ જ ભવભૂતિ જેને યશોવર્મા તરફથી આશ્રય મળ્યો હતો અને જે વાક્પતિ કરતાં ઉમ્મરે મોટો હતો તેને ઇ. સ. ૬૨૦ થી ૬૮૫ સુધીમાં મુકાય. વળી કુમારિલભટ્ટને ૫૯૦ થી ૬૫૦ની વચ્ચે મુકાય; કારણ કે કુમારિલ જો ભવભૂતિનો ગુરુ હોય તો તે ભવભૂતિની પહેલાં જ થયો હોવો જોઇએ. એટલે વાક્પતિના સમય પહેલાં દરેકની ચાળીસ ચાળીસ અથવા એકત્રીશી કરતાં કાંઇક વધારે મુદત ગણતાં ઇસ્વીસનના સાતમા સૈકાના મધ્ય ભાગમાં કુમારિલ ભટ્ટ મુકાય. તે આ પ્રમાણેઃ—

કુમારિલ ભટ્ટ, ઇ. સ. ... ... ૫૯૦ થી ૬૫૦, શંકરાચાર્ય[1] ... ... ૬૧૦ થી ૬૬૦
ભવભૂતિ, ... ૬૨૦ થી ૬૮૫ ... ...
વાક્પતિ, ... ૬૬૦ થી ૭૨૦ ... ...
યશોવર્મા, રાજ્ય કર્યું, ... ૬૭૫ થી ૭૧૦[2] લલિતાદિત્ય ... ... ૬૯૫ થી ૭૩૦

અહિં મારે કહેવું જોઇએ કે હિંદના બુદ્ધધર્મના ઇતિહાસમાં પંડિત તારાનાથે કુમારિલભટ્ટને માટે જે સમય નક્કી કર્યો છે અને જેને મહુમ ડૉ. બર્નેલે સામવિધાનની પ્રસ્તાવનામાં કબૂલ રાખ્યો છે તેની સાથે આ સમય મળતો આવે છે. (જુઓ પ્રસ્તાવના, પૃષ્ઠ ૫, તેમ જ જુઓ લી બુદ્ધિઝમ પાર વાસીલિફ, ફ્રેંચ એડીશન, ફૂટનોટ, પૃષ્ઠ ૪૫-૪૬-*Le Bouddhisme, par Vassilief, French Edition, footnote, pp. 45-46*) વળી શંકરાચાર્ય પોતાના ગ્રંથોમાં [3]શબરસ્વામિ અને ઉપવર્ષનાં નામો આપે છે અને તેઓને અનુક્રમે [4]આચાર્ય અને [5]ભગવન્ ઉપનામ લગાડે છે, તો કુમારિલભટ્ટ જેવા મિમાંસાશાસ્ત્રના સર્વોત્તમ અધ્યાપકનું નામ તે કેમ નથી આપતા એ શંકાનું નિવારણ ઉપલો સમય કબૂલ રાખ્યાથી થાય છે.

જો શંકરાચાર્ય આઠમાં સૈકાના અંતે અને નવમાની શરૂઆતમાં થયા હોય તો આપણે એવી કલ્પના કરવી પડે કે કુમારિલભટ્ટ જેવાનું નામ આપવું અથવા તેના સંબંધી કંઈ લખવું શંકરાચાર્યે ઉચિત ધાર્યું નહિ હોય. દક્ષિણમાં શ્રીપર્વતની પાસે રુદ્રપૂરમાં શંકરાચાર્ય ભટ્ટાચાર્ય(એ નામે કુમારિલભટ્ટ ઓળખાય છે તે)ને મળ્યા અને તેણે શંકરાચાર્યને પોતાના બનેવી મંડનમિશ્રની સાથે (શંકરાચાર્યની) વાદ-વિવાદ કરવાની આકાંક્ષા સફલ કરવાને કહ્યું હતું એવું જે આનંદગિરિ ઉપનામથી[6] લખનાર શંકરદિગ્વિજયનો કર્તા કહે છે તે સમય ભૂલ ભરેલો છે એમ ધારવું યોગ્ય છે; અને એ

૧ જુઓ આગળ.

૨ યશોવર્માને આ સમયમાં મુકતાં તે સંવત ૮૦૦ (ઇ. સ. ૭૪૪) માં જીવતો હતો એવું જે જૈન લોકોનું કહેવું છે તેને કાંઈ વજન આપવાની જરૂર નથી. તેનું કહેવુ વિશ્વાસપાત્ર નથી એ મેં ઉપર બતાવ્યું છે.

૩ કોલબ્રુક (પોતાના નિબંધ, પુસ્તક ૧, પૃષ્ઠ ૨૯૮ની ફૂટ નોટમાં) કહે છે કે શંકરાચાર્યે કુમારિલભટ્ટનું નામ આપ્યું નથી, તો પણ તેના સંબંધમાં શંકરાચાર્યના ગ્રંથમાં લખાણ આવે છે. શંકરાચાર્યના જાણીતા સઘળા ગ્રંથો(શારીરક, ઉપનિષદ્ અને ગીતાભાષ્ય)ની બારીક તપાસ કરતાં તેમાંથી કુમારિલભટ્ટ અથવા એના પુસ્તકો સંબંધી એક પણ વાક્ય મને તો મળ્યું નથી.

૪ જુઓ શારીરકભાષ્ય, ૩, ૩, ૫૩.

૫ જુઓ શારીરકભાષ્ય, ૩, ૩, ૫૩.

૬ રોયલ એશિયાટિક સોસાઇટીની બંગાળાની શાખાની દેખરેખ નીચે ઈ. સ. ૧૮૬૮ માં નારાયણ તર્કપંચાનને પ્રસિદ્ધ કીધેલો શંકર-દિગ્-વિજય જો કે આનંદગિરી અને અનંતાનંદગિરિ જે નામ એ ગ્રંથકાર પોતે ધારણ કરે છે તે બેય એક જ હોય તોપણ આ ગ્રંથ આનંદગિરિથી રચાયો હોય એમ ધારવું એ શંકરાચાર્યને અને તેના પ્રસિદ્ધ શિષ્યને અપમાન આપવા જવું છે.

વાત હાલના વખતના **શંકર**ના જન્મચરિત લખનારા અથવા સ્તુતિ કરનારાઓએ **શંકરાચાર્યનો** દિગ્વિજય સંપૂર્ણ બતાવવાના હેતુથી ગોઠવી કહાડેલી છે, કારણ કે **શંકરનો** સમય એક દંતકથા પ્રમાણે કળિયુગ ૩૮૮૯–સંવત ૮૪૫–ઈ. સ. ૭૮૯માં છે; તેથી કરીને જો કુમારિલભટ્ટ સાતમાં સૈકાના મધ્ય ભાગમાં થયા હોય તો **શંકરાચાર્ય** જે ઈ. સ. ૭૮૯માં જન્મ્યા હતા તેમની સાથે એનો સમાગમ થયો હોય એ વાત અસંભવિત છે. **જનરલ કનીંગહામના** સુધારા પ્રમાણે લલિતાદિત્યનો ગાદીએ બેસવાનો સમય ઇ. સ. ૭૨૭ નો ખરો માનીએ તો પણ કુમારિલભટ્ટ જો તે ભવભૂતિનો ગુરુ હોય તો **શંકરાચાર્યને** મળ્યો હોવો ન જોઇએ; કારણ કે પચીસ વર્ષની વયે **શંકરાચાર્ય** બધાં શાસ્ત્રો ભણી વિદ્વાન થયા હતા એમ કબૂલ રાખીએ તો પણ નવમા સૈકાના આશરે દશ પંદર વર્ષ વીત્યા પછી જ કુમારિલભટ્ટને વાદાર્થે બોલાવી શક્યા હોય.

એમ છતાં કુમારિલભટ્ટ **શંકરાચાર્યની** પહેલાં થોડો વખત અગાઉ થયા હતા એવું સાધારણ રીતે મનાય છે અને ઘણું કરીને તેને જ સપ્રમાણ ગણી સ્વીકારવું જોઇએ.

શંકરાચાર્યે પોતાના વિજયપ્રવાસ વખતે કુમારિલ ભટ્ટનો પણ પરાભવ કીધો હતો એવી દિગ્વિજય લેખકોની કલ્પના ઉપરથી કદાચ પ્રતીતી થાય કે પ્રખ્યાત **મિમાંસા** ગ્રંથકાર કુમારિલ ભટ્ટ કાંતો **શંકરાચાર્યની** સહજ અગાઉ થયો હોય અથવા તો તેનો સમકાલીન હોય.

જો એ **શંકરાચાર્યનો** સમકાલીન હોય તો **મિ. કાશીનાથ ત્ર્યંબક તેલંગે**[2] નક્કી કરેલો **શંકરાચાર્યનો** સમય આસરે પચાશેક કરતાં કાંઇક વર્ષ વધારે વહેલો ગણાય. આ બે વિદ્વાનોને એક જ ત્રીશીમાં અથવા એક જ સૈકામાં પણ મુકવા જ જોઇએ એવું નિઃશંકપણે પુરવાર કરી આપવાને હજી સુધી કાંઈ પણ શોધ થઈ નથી. કારણ કે તેઓ સમકાલીન હોવાની દંતકથાને વધારે પ્રમાણની જરૂર છે. હાલ તો માત્ર એટલું જ કહિ શકાય કે એ બેઉ સાતમા સૈકાના મધ્ય ભાગમાં થયા હોય એ વિશેષ સંભવિત છે. કુમારિલભટ્ટ એ બેમાં વહેલો થયો હતો એ આગળ બતાવીશું.

કુમારિલભટ્ટના સમય વિષેની ઉપલી ચર્ચા ઉપરથી આપણે **શંકરાચાર્યના** સમય ઉપર ઉતરીએ; કારણ કે દંતકથા એ બે **આચાર્યોને** સમકાલીન ગણે છે. **મિ. તેલંગે** પોતાના લેખમાં **શંકરાચાર્યના** સમય વિષે જે વાક્યો ટાંક્યાં છે તે ઉપરાંત તે સંબંધી આપણે ઓછામાંઓછાં બીજાં ચાર વાક્યો વધારી શકીએ. એ **શંકરાચાર્યનાં** જૂદા જૂદા ભાષ્યોમાંથી મળી આવે છે, તેમાં **શંકરાચાર્યનાં તેમ જ** અન્યોન્ય સમકાલીન રાજાઓનાં નામ આવે છે.

---

૧ મર્હૂમ યજ્ઞેશ્વર શાસ્ત્રીનું આર્ય–વિદ્યા–સુધાકર, જુઓ પૃષ્ઠ ૨૨૬–૨૭.

"शंकराचार्यप्रादुर्भावस्तु विक्रमार्कसमयादतीते पंचचत्वारिंशदधिकाष्टशतीमिते संवत्सरे केरलदेशे कालपीग्रामे...... । तथा च संप्रदायविद आहुः ।

निधिनागे भवह्न्यब्दे विभवे मासि माधवे । शुक्ले तिथौ दशम्यां तु शंकराचार्योदयः स्मृतः ॥ इति ३८८९ । ......तथा शंकरमन्दारसौरभे नीलकण्ठभट्टा अपि एवमेवाहुः ।

प्रासूत तिष्यशरदाम् अतियातवत्याम् एकादशाधिकशतोनचतुः सहस्र्याम् । ३८८९ । इत्यादि ॥"

શંકરાચાર્યનો જન્મ વિક્રમ સંવત ૮૪૫માં કેરલ દેશમાં કાલપી ગામમાં થયો હતો. તે જ પ્રમાણે સંપ્રદાય જાણનારાઓ કહે છે............

કલિયુગ ૩૮૮૯ વર્ષના માધવ માસ–વૈશાખ માસ—ના શુકલપક્ષની દશમીને દિવસે શંકરાચાર્યનો જન્મ થયો.

શંકરમંદારસૌરભ નામના પુસ્તકમાં નીલકંઠ ભટ્ટ પણ એમ જ કહે છે કે કલિયુગના ૩૮૮૯મા વર્ષમાં (શંકરાચાર્યનો) જન્મ થયો.

૨. એમની મુંબાઈ સંસ્કૃત ગ્રન્થાવળીમાં પ્રકટ થયેલી મુદ્રારાક્ષસની આવૃત્તિમાંનો નિબંધ જુઓ. એમાં એ વિષય ઉપર એમણે ઘણું સારૂં વિવેચન કર્યું છે.

શંકરાચાર્યનો સમય નિશ્ચય કરવામાં એ વાક્યો ઘણાં ધ્યાનમાં લેવા યોગ્ય છે. એમાં બ્રહ્મસૂત્ર '**उभयव्यामोहात् तत्सिद्धेः**' ૪, ૩,૫ની ટીકામાંનું વાક્ય વિશેષ ઉપયોગી છે. તેમાં છાંદોગ્ય ઉપનિષદ્ ૧૦,૧,૨ માં આવેલાં '**तेऽर्चिषम् अभिसंभवन्ति अर्चिषोऽहः। अह्न आपूर्यमाणपक्षम् आपूर्यमाणपक्षात् प- * * * षण् मासान्।**' સૂત્રનો શો અર્થ થાય છે એ પ્રશ્ન ઉઠાવેલો છે. શબ્દશઃ લેતાં એવો અર્થ થાય છે કે પ્રેત બ્રહ્મલોકમાં જતાં પ્રથમ અર્ચિસ્ થાય છે. અર્ચિસૂથી અહસ્ થાય છે અને અહસૂથી આપૂર્યમાણપક્ષ થાય છે, ઇત્યાદિ ઈત્યાદિ. અર્ચિસ્નો સાધારણ અર્થ જ્વાલા થાય છે. અહસ્નો દિવસ અને આપૂર્યમાણ પક્ષનો શુક્લપક્ષ થાય છે. આ અને એવા પદો આહિં કેવા અર્થમાં સમજવા જોઇએ એના જવાબમાં શંકરાચાર્ય કહે છે કે આ પદોથી એ શબ્દોના અધિષ્ઠાતા દેવતાઓ સમજવા. આ દેવતાઓ પ્રેતને પોતાનાં પ્રદેશમાંથી બીજાના પ્રદેશમાં સહીસલામત પહોચાડે છે. એનાં દૃષ્ટાંત તરીકે શંકરાચાર્ય કહે છે કે '**लोकप्रसिद्धेष्वपि आतियात्रिकेषु एवंजातीयक उपदेशो दृश्यते। गच्छ त्वम् इतो बलवर्माणं ततो जयसिंहं ततः कृष्णगुप्तम् इति।**' જેનો અર્થ આ પ્રમાણે થાય છે: "આ લોકમાં જે પ્રસિદ્ધિ પામેલા છે અને જે પ્રવાસમાં રક્ષણ કરે છે તેઓના સંબંધમાં પણ આવો ઉપદેશ સંભળાય છે. અહિંથી બલવર્મા (તરફ) જાઓ, ત્યાંથી જયસિંહ (તરફ) જાઓ, અને ત્યાંથી કૃષ્ણગુપ્ત (તરફ) જાઓ." આ દૃષ્ટાંતનો હેતુ એવું બતાવવાનો છે કે કોઈ પણ પ્રદેશનું નામ તેના અધિષ્ઠાતા દેવતાને માટે વપરાય છે. તેથી આપણે સમજવું જોઇએ કે બલવર્મા, જયસિંહ અને કૃષ્ણગુપ્ત ત્રણ જુદા જુદા પ્રદેશના રાજ્યકર્તા હતા. તેઓ માત્ર કલ્પિત પુરુષો હતા એમ ધારી શકાય નહિં. તેમ હોય તો ઉપલા નિયમના ઉદાહરણ રૂપે કામ લાગે નહિ. કારણ કે બલવર્મા, જયસિંહ અને કૃષ્ણગુપ્ત વળાવા અથવા માર્ગમાં રક્ષણ કરનાર રાજાઓના અર્થમાં વપરાતા રૂઢ શબ્દો નથી. તેમ જ એ કારણથી એમ પણ નહિ કહેવાય કે તેઓ તે વખતના સાધારણ માણસો હતા. તેમ હોય તો તેઓ રાજાઓ હોઈ શકે નહિ. માટે તેઓ ત્રણ ભિન્ન પ્રદેશો ઉપર સત્તા ધરાવનારા રાજાઓ હોવા જોઇએ. એ પ્રદેશોની ધરતી ઘણી પહાડી અને રસ્તાઓ ઘણા ધાસ્તી ભરેલા હોવાને લીધે પ્રવાસિયો બીજા પ્રદેશોની માફક વળાવા સાથે લેતા અને તે માંહેલો બલવર્માનો મુલક શંકરાચાર્ય જે સ્થળેથી પોતાના ગ્રંથ લખતા તેની નજદીકમાં હતો. બલવર્માની પછી જયસિંહનો મુલક આવ્યો હતો અને કૃષ્ણગુપ્તનો સૌથી દૂર હતો. જે ક્રમમાં એ રાજાઓનાં નામ આપ્યાં છે તે ઉપરાંત ઉદાહૃત વાક્યોના અર્થને માટે પણ એ ત્રણે રાજ્યો જે અનુક્રમમાં ગણાવેલાં છે તે જ અનુક્રમમાં વક્તાથી ઉત્તરોત્તર દૂર હોવાં જોઇએ. હવે માધવ કૃત ગણાતા સંક્ષેપશંકરજય નામના શંકરાચાર્યના ચરિત્રમાં કહ્યું છે કે સૂત્ર અને ઉપનિષદ્નાં ભાષ્યો તથા બીજા ગ્રંથો [1]હિમાલયમાં બદરી આગળ લખ્યાં. જો એ વાત ખરી હોય તો બલવર્મા બદરી નજીકના પ્રદેશમાં અમલ ચલાવનાર કોઈ રાજાનું નામ હોવું જોઇએ. આ રાજ્ય તે કયું અને બલવર્મા તે કોણ એ સવાલના જવાબમાં જનરલ [2]કનીંગહામે પ્રકટ કરેલા પંજાબના ચંબા રાજ્યના બર્માવર આગળ નીકળેલા લેખોમાં જણાવેલા બલવર્માનું નામ હું રજુ કરૂં છું. બલવર્માનો સમય હજી નક્કી થયો નથી. પણ ઉપલા લેખોપરના અક્ષરની સ્થિતિ જોતાં તે ઇસ્વીસનના આઠમા અથવા નવમા સૈકામાં લખાયા હોય એમ ધારવાને આપણને કાંઈ વાંધો નથી. એ લેખો દિવાકરવર્માના પુત્ર રાજા મેરુવર્માના છે. દિવાકરવર્મા એ બલવર્માનો પૌત્ર હતો. તેથી બલવર્મા અને મેરુવર્માના સમયની વચ્ચે ૧૫૦ થી ૨૦૦

૧. સંક્ષેપશંકરજય, સર્ગ ૬, શ્લોક ૬૦થી ૬૩. મિ. તેલંગે શંકરાચાર્ય આ સમયે બદરી ગયા હતા એ વાત અગાઉ જાહેરમાં આણી છે. તેઓ ધારે છે કે શંકરાચાર્યે પોતાના ગ્રન્થો કાંઈ નહિ તો શંકરભાષ્ય તો નક્કી કાશીમાં જ રચ્યું હતું; પછી શાંતપણે લખવા માટે પોતે બદરી ગયા હતા. પણ માધવ (પછી એ ગમે તે માણસ હો) સ્પષ્ટ કહે છે કે શંકરાચાર્યને કાશીમાં માત્ર શિવનો પ્રસાદ મળ્યો અર્થાત્ તેને શકિત પ્રાપ્ત થઈ અને પછી બદરીમાં રહેનારા બીજા ઋષિયો સાથે ઉપનિષદ્ના કેટલાક પ્રસંગો સંબંધી વાદવિવાદ ચલાવ્યા પછી બદરીમાં તેમણે ગ્રન્થો રચ્યા. બનારસમાં ફકત ટીકાઓ લખવાનો જ વિચાર કર્યો હતો અને એ વગર બીજું કાંઈ કર્યું નથી.

૨. આર્કિઓલોજિકલ સર્વે ઑફ ઇંડિયા, પુસ્તક ૧૪, પૃષ્ઠ ૧૭૯.

વર્ષનો અંતર હોવો જોઇએ. **બલવર્મા** ઇસ્વીસનના સાતમા સૈકાના પહેલા અથવા મધ્ય ભાગમાં થયેલો હોવો જોઇએ. **બલવર્મા** ક્યારે થયો એનો ચોક્કસ નિશ્ચય વિશેષ પ્રમાણ શિવાય થઈ શકે નહિ.

આ પ્રમાણો હાલ મળી આવતાં નથી પરંતુ **બલવર્મા** નામના રાજાના તામ્રપત્ર ઉપર કોતરેલા એક લેખપર અમે ધ્યાન ખેંચીએ છીએ. એ લેખ ઇસ્વી. ૧૮૯૦ના **અમેરિકન ઓરિયન્ટલ સોસાયટી**ના જર્નલના છઠ્ઠા વૉલ્યુમનાં પૃષ્ઠ ૫૦૮થી ૫૪૨ માં પ્રકટ થયો છે. અને **ડા. ફીટ્ઝ એડ્વર્ડ હૉલે** તેનું ભાષાન્તર કીધું છે. આ તામ્રપત્ર ઉપરના લેખપરથી જણાય છે કે **બલવર્મા** **પાંડુવર્મા**નો પુત્ર હતો અને **પાંડુવર્મા** **દેવેશ્વરસ્વામિ** નામના એક **બૌદ્ધ** અર્હતનો શિષ્ય હતો. એ **બલવર્મા**ના **બ્રાહ્મણધર્મનો**[1] એક ચુસ્ત અનુયાયી હતો.

એ લેખમાં કહ્યું છે કે **વેશ** નદીને તટે આવેલું **ભુર્જંગિકા** ગામ **ભોગસ્વામિ ગૌતમ માધ્યાંદિન**, **નરસ્વામિ ઔપમન્યવ કૌથુમ–છાંદોગ્ય**, **વિલાસસ્વામિ શાંડિલ કૌથુમ–છાંદોગ્ય**; **ભીમસ્વામિ વસિષ્ઠ, કૌથુમ–છાંદોગ્ય**, અને **રુદ્રસ્વામિ ગૌતમ કૌથુમ–છાંદોગ્ય** એમને અગ્રહાર તરીકે બક્ષીસ કરવામાં આવ્યું છે.

તે ઉપર સંવત્ ૬૧ ચૈત્ર શુદ્ધ ૨ ની તિથિ લખી છે. **ડા. ફીટ્ઝ–એડ્વર્ડ હૉલ** મૂલ લેખની હુબેહુબ નકલ આપતો નથી પણ માત્ર તેને હાલની દેવનાગરી લિપિમાં લખીને ઉતાર્યો છે. તેનું ધારવું એમ છે કે અસલ લેખ **બનારસ**માં છે. એ લેખને કેટલાં વર્ષ થયાં એ તે ખાત્રીપૂર્વક કહી શકતો નથી. પાસેનાં **ચિત્રસીમ** ગામ અથવા કસ્બાનું નામ તેમાં આવે છે. વિશેષ **ડા. હૉલ** કહે છે કે આ **ચિત્રસીમ** તથા **ભુર્જંગિકા** ગામ અને **વેશ** નદી હાલ કયે નામે પ્રસિદ્ધ છે તે જણાતું નથી. હવે એ લેખમાં કહેલો સંવત્ ઇસ્વી સન ૬૦૭ થી શરૂ થનારો **શ્રીહર્ષ**–દેવનો સંવત હોય એ સંભવિત છે. એમ હોય તો એ લેખ લખાયાનું વર્ષ ઇસ્વી ૬૬૮ થાય. **શંકરાચાર્યે** સિંહસમાન શૂરવીર અને મુસાફરોને પોતાના રાજ્યમાંથી ઇસ્વી. ૬૩૦માં નિઃશંકપણે પ્રવાસ કરવા દેનાર તરીકે વર્ણવેલો રાજા **બલવર્મા** ઇસ્વી. ૬૬૮ માં રાજ્ય કરતો હોય એવું ઘણી સહેલાઇથી ધારી શકાય; અને તે વળી વયે એટલો વૃદ્ધ પણ હોય કે પોતાના માતપિતાનાં હિત અને યશને અર્થે બ્રાહ્મણોને દાન આપે. **શારીરક-ભાષ્ય**માં તેના શૌર્યનું-વર્ણન છે તે ઉપરથી એમ તો માલમ પડે છે કે એ વાકય લખાયું ત્યારે એટલે ઇસ્વી. ૬૩૦માં તે ભર જુવાનીમાં હતો. તેમ જ ઇસ્વી. ૬૬૮માં દાન આપતી વખતે તે વૃદ્ધાવસ્થામાં હશે એ વાતને દાનની ભાષાપરથી પુષ્ટિ મળે છે.

જયસિંહ કોણ હતો તે સંબંધી હું કાંઈ કહી શકતો નથી. **શંકરાચાર્યે** ગણાવેલો **કૃષ્ણગુપ્ત** જો **બિહાર**ના પાછલા ગુપ્ત રાજાઓમાંનો એક હોય તો **જયસિંહ** મધ્ય દેશના કોઈ ભાગનો રાજા હોય. **બિહાર**માં **અફ્સર** આગળના લેખમાં જણાવેલો પૂર્વ **મગધ**નો **કૃષ્ણગુપ્ત** અને **શંકરાચાર્ય**નો **કૃષ્ણગુપ્ત**[2] એ બે ભાગ્યે જ એક હોઈ શકે. આ **કૃષ્ણગુપ્ત**નો સમય જણાયો નથી, છતાં તે નીચે આપેલી [3]વંશાવળીમાંનો પ્રથમ પુરુષ છે.

---

૧ बृहदर्हद्भगवतो देवासुरासुर मुकुटरत्नप्रभाविच्छुरितपादपद्मयुगलस्य अद्भुतानेकपतेरनेकवरप्रदस्य देवेश्वरस्वामिनः पादमूलाद् अवाप्तपञ्चमहाशब्दमहासामन्तश्रीपाण्डुवर्मदेवपादानुध्यातः परममाहेश्वरः परब्रह्मण्यः समवाप्तपञ्चमयाशब्दमहासामन्तश्रीबलवर्मदेवा— મહાન્ અર્હદ્ ભગવાન દેવેશ્વરસ્વામિ જેના ચરણકમળ નમન કરતા દેવ અને અસુરના મુકુટમણિની પ્રભાથી આચ્છાદિત થયાં છે, જેઓ અનેક અદ્ભુત શકિતઓના સ્વામિ હતા અને જે અનેક વરદાન આપનારા હતા તેમના ચરણમૂળથી પાંડુવર્મા દેવપાદ–જેણે પંચમહાશબ્દ પ્રાપ્ત કીધાં હતાં અને જે મોટા સામન્ત હતા, તે પાંડુવર્મા દેવપાદથી અનુધ્યાત, પરમ મહેશ્વર (પરબ્રહ્મને વિશે સ્થિત થયેલા) પરમ બ્રહ્મણ્ય અને પંચમહાશબ્દ પામેલા મહાસામન્ત શ્રીબલર્વમદેવ.

૨ સ્વાટ(Swat)ની પાસે ઇસ્મિસગઢ (Ismasghar) આગળના કૃષ્ણગુપ્ત નામનો એક વગર તારીખનો લેખ આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇંડિયા, પુસ્તક ૧૯, પૃષ્ઠ ૧૫૫ મે જણાવ્યો છે.

૩ જુઓ આર્કિ. સર્વે ઑફ ઇંડિયા, પુસ્તક ૧૫, પૃષ્ઠ ૧૬૬. જનરલ કનીંગહામ નં. ૮ એટલે હર્ષવર્ધનનું નામ મૂકી દે છે. કારણ કે એ નામને છેડે (ગુપ્ત) નથી અને એ નામવાળું વાકય ગુંચવણીયું છે. દાકતર રાજેંદ્ર લાલ મિત્રે પોતાના અફ્સર (Aphsor) આગળના લેખની ટીકામાં આપેલી વંશાવળીમાંથી આ નામ, મેં લીધું છે. જુઓ પૃષ્ઠ ૨૬૭, પુસ્તક ૩૫, ભાગ ૧, જર્નલ ઑફ ધી બેંગાલ બ્રેંચ ઑફ ધી રૉયલ એશિયાટિક સોસાઇટી, સન ૧૮૬૭.

૧ કૃષ્ણગુપ્ત.		૬ મહાસેનગુપ્ત,	૫ નો પુત્ર.
૨ હર્ષગુપ્ત,	૧ નો પુત્ર.	૭ માધવગુપ્ત,	૬ નો પુત્ર.
૩ જીવિતગુપ્ત,	૨ નો પુત્ર.		
૪ કુમારગુપ્ત,	૩ નો પુત્ર.	૮ હર્ષદેવ.	
૫ દામોદરગુપ્ત,	૪ નો પુત્ર.	૯ આદિત્ય સેનદેવ,	૮ નો પુત્ર.

આદિત્યસેનનો લેખ જે [1]શાહપુર આગળ મળી આવ્યો છે અને જેની તારીખ ડા. ભગવાનલાલ ઇન્દ્રજીએ સંવત ૮૮ વાંચી છે (આ સંવત જનરલ કનીંગહામે બતાવ્યા પ્રમાણે ઈસ્વી ૬૦૭ થી શરૂ થનારો શ્રીહર્ષનો સંવત જાણવો). તે પરથી આદિત્યસેનનો સમય ઇસ્વી. ૬૯૪ થાય. જો આ કૃષ્ણગુપ્તને ઇસ્વી. ૬૨૦ અથવા ૬૩૦ માં મુકવો હોય, તો આદિત્યસેનની આગળ ગણતાં આપણે દરેક રાજાને અથવા દરેક પેઢીને માટે દશ વર્ષ ગણવા જોઈએ. પણ એતો અશક્ય છે. શાહપુરના લેખમાં આદિત્યસેનનો સમય જનરલ કનીંગહામ ૮૮ને બદલે ૫૫ વાંચે છે અને દરેક રાજાને માટે સરાસરી ૨૫ વર્ષ ગણતાં કૃષ્ણગુપ્તને આશરે ઇ.સ. ૪૭૫ માં મુકે છે. જો આપણે ડા. ભગવાનલાલનું ધારવું કબૂલ રાખીએ તો કૃષ્ણગુપ્ત આશરે ઇ.સ. ૫૦૦ માં થયો હોય. પણ શંકરાચાર્ય જો હુએનત્સંગના પૂર્ણવર્માના વખતમાં થયા હોય તો ઉપલી રીતે નક્કી થતો સમય શંકરાચાર્યના ખરા સમયથી વહેલો છે.

શંકરાચાર્ય કહે છે તે કૃષ્ણગુપ્ત ગમે તે હોય તોપણ એટલું તો સિદ્ધ છે કે કૃષ્ણગુપ્ત, બલવર્મા અને જયસિંહના સમય ઉપરથી શંકરાચાર્યનો સમય નક્કી થવો જોઈએ.

વળી બીજું પણ એક વાક્ય છે જેમાં બલવર્માનું નામ આવે છે. તે શંકરાચાર્યના "तथा प्राणाः" ૨-૪૧ સૂત્રના ભાષ્યમાં છે. ત્યાં તે કહે છે કે "**सादृश्ये हि सति उपमानं स्यात् यथा सिंहस्तथा बलवर्मेति।**" જ્યાં સાદૃસ્ય-સરખાપણું હોય ત્યાં જ ઉપમાન થાય જેમ કે બલવર્મા તે સમયનો કોઈક વિખ્યાત માણસ હોવો જોઇએ. તે એવો શૂરવીર કે જનમંડળના મતાનુસારે સિંહની ઉપમાને લાયક ગણાતો હોય. વિશેષ એ પણ સ્વાભાવિક છે કે શંકરાચાર્ય જે સ્થાને રહી આ લખ્યું તે સ્થાનમાં વિશેષ પ્રખ્યાત માણસનું ઉદાહરણ તે લે. જો શંકરાચાર્ય અને પંજાબના બર્માવર અથવા ચમ્બાનો બલવર્મા કોઈ અન્ય પ્રમાણથી સમકાલીન સાબીત થાય તો ઉપરની વાત બલવર્મા સાથે ઠીક બેસતી આવે છે.

શંકરાચાર્યના સમય ઉપરના મિ. તેલંગના નિબંધમાં જે વાક્ય ટાંકેલું છે તે શિવાય શંકરાચાર્યના ભાષ્યમાં બીજાં બે વાક્યો છે. જેમાં પૂર્ણવર્માનું નામ આવે છે અને તે નામ પણ એવી રીતે આવે છે કે પૂર્ણવર્મા અને શંકરાચાર્ય એક બીજાના સમકાલીન હતા એમાં લેશ પણ સંશય રહે નહિ. એ બે વાક્યો શંકર કૃત છાંદોગ્ય ઉપનિષદ્ ભાષ્યમાં છે. તેમાંનું પહેલું વાક્ય "**त्रयो धर्मस्कंधा यज्ञोऽध्ययनं दानम्। इति। प्रथमस्तप एव द्वितीयो ब्रह्मचार्याचार्यकुलवासी तृतीयोऽत्यन्तम्। आत्मानम् आचार्यकुलेऽवसादयन्॥ सर्वे एते पुण्यलोका भवन्ति। ब्रह्म संस्थोऽमृतत्वम् एति**"। ૨-૨૩ ની ટીકામાં છે. એ સૂત્રમાં ધર્મના ત્રણ પ્રકાર બતાવ્યા છે. ૧ યજ્ઞ, અધ્યયન અને દાન. ૨ તપ. ૩ જીવન પર્યંત બ્રહ્મચારી અવસ્થામાં ગુરુના ઘરમાં રહેવું અને તેની સેવા કરવી. આ પ્રમાણે ચાલે તે પુણ્યલોક પામે. જે બ્રહ્મનિષ્ઠ રહે તેને તો અમૃતત્વ મળે અર્થાત્ તે મોક્ષપદને પામે. સવાલ એ ઉત્પન્ન થાય છે કે પુણ્યલોક અને અમૃતત્વની ઉપર કહેલા તપ વિગેરેના અભ્યાસના ફળ તરીકે આ જ્ઞાન થાય છે કે કેમ? શંકરાચાર્ય કહે છે કે ના. એ લખવાથી માત્ર ઉપર કહેલો અભ્યાસ કરવાની ભલામણ છે. આ જ્ઞાનથી એના દૃષ્ટાંતમાં કહે છે કે "**यथा पूर्णवर्मणः सेवा भक्तपरिधानमात्रफला राजवर्मणस्तु सेवा राज्यतुल्यफलेति तद्वत्।**—જેમ પૂર્ણવર્માની સેવાનું ફળ માત્ર અન્નવસ્ત્ર મળે છે. પણ રાજવર્માની સેવાથી લગભગ રાજ્યપ્રાપ્તિ થાય છે." અહિં પૂર્ણવર્મા

[1] આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઈંડિયા, પુસ્તક ૧૫, પૃષ્ઠ ૧૧.

અને રાજવર્મા પોતાના સેવકોને અનુક્રમે અન્નવસ્ત્રથી અને રાજ્યથી સંતોષશે એવી આજ્ઞા કરી નથી; પણ માત્ર પૂર્ણવર્મા અને રાજવર્માની સેવાથી શું શું લાભ થાય છે અને એ બે લાભોમાં શો ભેદ છે તે દર્શાવી તે બેની સેવાની ભલામણ કરી છે.

આ સ્થળે પણ પૂર્ણવર્મા અને રાજવર્મા શંકરના સમયના બે રાજ્યકર્તા જ હોઈ શકે; જો કે રાજવર્મા[1] કોણ છે તે હું શોધી શક્યો નથી. જે બે પુરુષોમાંનો એક પોતાના આશ્રિતો પ્રત્યે વધારે ઉદાર હોય તેવા બે પુરુષોની સેવાના સંબંધમાં ઉદાહરણ આપવા ખાતર તે સમયે હયાતીમાં ન હોય અથવા ટૂંક મુદ્દત અગાઉ થઈ ગયેલા ન હોય એવા બે રાજાઓનાં નામ શંકરાચાર્યે આપે એ તદ્દન વિવેકશૂન્ય લાગે છે.

બીજો ફકરો 'असदेवेदमग्र आसीत् ।' ૩-૧૯-૧ એ સૂત્ર ઉપરના શાંકરભાષ્યમાંથી મળી આવે છે. એનો અર્થ એવો છે કે સૂર્યની ઉત્પત્તિ પૂર્વે આ સૃષ્ટિ અસ્તિત્વમાં ન હતી. શંકરાચાર્ય એનું એવું વિવેચન કરે છે કે સૂર્યની ઉત્પત્તિ પહેલાં આ સૃષ્ટિ બીલકુલ અસ્તિત્વ રહિત હતી એમ નહિ; પણ નાસ્તિત્વ જેવી સ્થિતિમાં હતી. અર્થાત્ અહુણાની સ્થિતિમાં ન હતી એટલે રૂપ અને નામ રહિત હતી. રૂપ અને નામ સૂર્યની ઉત્પત્તિ પછી આપવામાં આવ્યાં હતાં એટલે અસ્તિત્વ તો હતું જ પણ નહિ જેવું. એ સમજાવવાને શંકરાચાર્ય નીચેનું દૃષ્ટાન્ત આપે છે "यथा असदेवेदं राज्ञः कुलं सर्वगुणसंपन्ने पूर्णवर्मणि राजन्यसतीति ।–જેમ સકલગુણસંપન્ન રાજા પૂર્ણવર્માના જન્મ પહેલાં રાજા પૂર્ણવર્માનું કુટુંબ અસ્તિત્વમાં ન હતું." આ પરથી સિદ્ધ થાય છે કે (૧) પૂર્ણવર્મા ઘણો શ્રેષ્ઠ રાજા ગણાતો હતો, (૨) તેણે જ પોતાના અસલ અપ્રસિદ્ધિમાં દટાઈ રહેલાં કુટુંબને પ્રખ્યાતિમાં આણ્યું હતું, અને (૩) છાંદોગ્ય ઉપનિષદ્ ઉપર શાંકરભાષ્ય લખાયું ત્યારે પૂર્ણવર્મા જીવતો હતો. આમાંનું ત્રીજું અનુમાન "इदं राज्ञः [पूर्णवर्मणः] कुलम्–રાજા પૂર્ણવર્માનું આ કુટુંબ" એ પદોને લીધે અનિર્વાર્ય છે; કારણ કે, નહિ તો 'इदम्' શબ્દનો અર્થ સમજાવવો અશક્ય થઈ પડે અને ઉદાહરણ ભાષ્યકારનો અર્થ સારે નહિ; કારણ કે તેમ થવાને બ્રહ્માંડના સૂર્યની પેઠે જ તે વખતે કુલસૂર્ય અસ્તિત્વમાં હોવો જોઇએ જ.

મિ. તેલંગે બતાવેલા વાક્યો સાથે આ વાક્યો ધ્યાનમાં લઈએ તો એવા સિદ્ધાંત ઉપર આવવું જ પડે કે શંકરાચાર્ય અને પૂર્ણવર્મા સમકાલીન હતા.

જો આ અને હુએન્થ્સંગે વર્ણવેલો પૂર્ણવર્મા એક જ હોય–અને એ ઘણું સંભવિત છે–ત્યારે તો હુએનથ્સંગે કહેલા રાજાના સમયનો હવે વિચાર કરવો જોઇએ. ચાઈનીસ પ્રવાસી હુએનથ્સંગ ઈસ્વી. ૬૩૭–૩૮માં મગધને પ્રવાસે ગયો હતો પણ પૂર્ણવર્માને મળવા ગયો નહોતો. એ વાત ઉપરથી મિ. તેલંગ અનુમાન કરે છે કે પૂર્ણવર્મા ઇ. સ. ૬૩૭–૩૮ પહેલાં મરણ પામ્યો હોવો જોઈએ, અને તેથી તે મગધરાજા ઈસ્વી સનના લગભગ છઠ્ઠા સૈકાના અંતભાગમાં થયો હોવો જોઇએ. આ અનુમાનનો પ્રથમ ભાગ જો કે ઐતિહાસિક વૃત્તાંત તરીકે સત્ય છે, તથાપિ અનુમાનસિદ્ધ નથી, અનુમાનનો બીજો ભાગ મૂળ મુદ્દાથી દૂર રહિ જાય છે. મારૂં પોતાનું ધારવું તો એમ છે કે પૂર્ણવર્મા સાતમાં સૈકાના પ્રથમ પાદના અંત્ય ભાગમાં કે તેથી પણ મોડા રાજ્ય કરતો હોવો જોઇએ અને એ વાત હું આગળ બતાવી આપીશ.

હુએનથ્સંગ જેણે આશરે ઇ. સ. ૬૩૭–૩૮માં મગધની મુલાકાત લીધી હોવી જોઇએ તે પોતાના ગ્રંથમાં પોતે પૂર્ણવર્માને મળવા ગયો હતો એવું કહેતો નથી તે ઉપરથી એવું અનુમાન નહિ નીકળે

૧ જો (આપણને) કલ્પના કરવાની છૂટ હોય તો એક સૂચના રૂપ કલ્પના એવી કરવામાં આવે છે કે કોઈ દિવસ આ રાજવર્મા અને પૂર્ણવર્માનો પ્રતિસ્પર્ધી શશાંક એ બે એક જ માણસ હતા એવું પણ નિકળી આવે. જો પૂર્ણવર્મા, જેનું હુએનથ્સંગ જ્ઞાનિયોને તથા વિદ્વાનોને માન આપનાર તરીકે વર્ણન કરે છે અને જે ચુસ્ત બૌદ્ધ હતો, તેનામાં શંકરાચાર્ય વખાણે એવા ઘણા ગુણો હતા તો એ વિવેકાનુસાર છે કે શશાંક રાજવર્મા (અહા, આ એક ખરી વાત!)–જે એક ચુસ્ત બ્રાહ્મમતાનુયાયી હતો તે શંકરાચાર્યને પૂર્ણવર્મા કરતાં વધારે ઉદાર વૃત્તિનો જણાય.

કે તે સમયે પૂર્ણવર્મા જીવતો જ ન હતો. હુએનશ્સંગ જે રાજાઓના મૂલકમાં પોતે જતો તે સઘળાને મળવાને હમેશાં જતો ન હતો, અને કદાચ કોઇને મળવા જતો તો પણ તેઓનાં નામ તે હમેશાં આપતો નથી. દાખલા તરીકે કાશ્મીરના રાજા તરફથી તેનો ઘણો સારો આદરસત્કાર કરવામાં આવ્યો હતો. તે ત્યાં બે વર્ષ રહ્યો હતો અને તેને તેના અભ્યાસમાં અને હસ્તલેખની નકલ કરવાના કામમાં ઘણી મદદ આપવા ઉપરાંત રાજાએ પોતે તેની સારી પરોણાગત કરેલી, એક વખત પોતાના મહેલમાં તેને એક ખાણું આપેલું, અને તેમાં તેને મળવાને રાજ્યનગરના સર્વ વિદ્વાન બૌદ્ધોને નોતર્યા હતા; છતાં આ રાજાનું નામ હુએનશ્સંગ આપતો નથી. તે કર્ણસુવર્ણપુર જ્યાં રાજા શશાંક રાજ્ય કરતો હતો ત્યાં ગયો હતો પણ તે વખતે ત્યાં કોણ રાજ્ય કરતું હતું તે સંબંધી તે કાંઈ કહેતો નથી. (જુઓ લા વી ડી હુએનશ્સંગ, પૃષ્ઠ ૧૮૦) વળી તેણે મહારાષ્ટ્રના રાજાની મુલાકાત લીધી હતી અને ત્યાંની પ્રજાનો તે એક ઘણો રમુજી હેવાલ આપે છે. રાજા, હાર ખાઇને આવેલા તેના સરદાર તરફની વર્તણુક, અને તેના લશ્કર સંબંધી કેટલીક વિચિત્ર હકીકત આપણને આપ્યા ઉપરાંત તે કહે છે કે રાજા એટલો બધો બળવાન અને સત્તાવાન હતો કે હર્ષવર્ધન શિલાદિત્ય પણ તેને તાબે કરવા અશક્ત હતો. પણ તે મહારાષ્ટ્રાધિપતિનું નામ તે આપતો નથી. વળી ઉજ્જયિનિમાં તે ગયો હતો, અને દંતકથાનુસાર ત્યાં થઈ ગયેલો શિલાદિત્ય રાજા જેણે એ સ્થળે હુએનશ્સંગની મુલાકાત પહેલાં સાઠ વર્ષ અગાઉ પચાશ વર્ષ રાજ્ય કરેલું, તેનું નામ તે આપે છે. તો પણ તે વખતના ઉજ્જયિનિના રાજાનું નામ તે આપતો નથી. અલબત કોઈક વખતે જે રાજાના રાજ્યમાં તે ગએલો તે રાજાનું નામ તેણે આપ્યું છે, દાખલા તરીકે વલ્લભીનો રાજા અને કનોજના હર્ષવર્ધનનો જમાઇ ધ્રુવપટુ પણ ઈ. સ. ૬૩૭–૩૮ ના અરસામાં પૂર્ણવર્મા જીવતો ન હોય તો પણ તેને ઇ. સ. ના છઠ્ઠા સૈકાના અંત્ય ભાગ જેટલા વહેલા સમયમાં મુકવાની જરૂર નથી. જો તેણે છઠ્ઠા સૈકાના અંતમાં રાજ્ય કીધેલું ગણીએ તો પછી તેણે ઈ. સ. ૬૦૦ થી ૬૩૫ સુધી રાજ્ય કીધું હોય એમ પણ વાંધા વિના કહી શકીએ.

પણ હુએનશ્સંગે પૂર્ણવર્મા સંબંધી જે કાંઈ લખ્યું છે તે ઉપરથી શા નિર્ણય ઉપર આવી શકાય? એ સવાલનો જવાબ આપવાને હુએનશ્સંગ એકલા પૂર્ણવર્માને માટે શું કહે છે તેટલાનો જ નહિ પણ તેના સમકાલીન અને પ્રતિસ્પર્ધી શશાંકને માટે શું કહે છે તેનો પણ વિચાર કરવો જોઇએ. આ લખાણ ઉપરથી સિદ્ધ થાય છે કે પૂર્ણવર્મા અને શશાંક બેઉ મરણ પામ્યા હતા એ વાત ખરી છે તોપણ એ મુસાફર મગધ ગયો તેની સહેજ આગમચ સુધી તેઓ રાજ્ય કરતા હતા.

ઇ. સ. [1] ૬૦૭ ના વર્ષથી હર્ષવર્ધનનો સંવત શરૂ થયો, તે ઉપરથી એ વર્ષમાં તે ગાદીએ આવ્યો એમ ધારવું જોઇએ; માટે તેજ વર્ષમાં હર્ષવર્ધનના ભાઈ રાજ્યવર્ધનનું શશાંકે દગા–ફટકાથી ખૂન કર્યું અને હર્ષવર્ધન ગાદીએ આવ્યા પછી છ વર્ષ પર્યંત તો આ કાવતરાં માટે શશાંકને શિક્ષા થઇ ન હોતી, એમ બાણ અને હુયાનશ્સંગના વૃત્તાંત સાથે વાંચતાં સ્પષ્ટ માલુમ પડે છે. શશાંકને શિક્ષા કરતાં હર્ષવર્ધનને કેટલા વર્ષ લાગ્યા તે આપણને ખુલ્લા શબ્દોમાં કહેલું નથી પણ હુયાનશ્સંગ કહે છે કે હર્ષવર્ધન ત્રીશ વર્ષસુધી લઢાઇનો અંત આણી શકયો ન હોતો. હુએનશ્સંગ મગધદેશ જ્યાં તે ઇ. સ. ૬૩૭–૩૮માં ગયો હતો તેને વિશે લખતાં એક પથ્થરની શિલા જેનાપર બુદ્ધના પગલાં હતાં અને જે અશોકનાં મહેલની પાસે હતી તેને માટે લખે છે કે, "થોડા વખત ઉપર જ શશાંક રાજાએ બુદ્ધધર્મનો પ્રતિબંધ કીધો, અને જે સ્થળે શિલા હતી ત્યાં તરત જ ગયો અને પવિત્ર પગલાંને ભુશી નાંખવાની ઇચ્છા કરી. પણ પત્થરને વિંધણાથી કાપવા માંડયો કે તુરત જ તે પાછો જોડાઈ ગયો ઇત્યાદિ..." 'થોડો વખત ઉપર જ' એ શબ્દો જ બતાવે છે કે શશાંક રાજાને આવ્યાને બધાં ત્રીશ ચાલીશ વર્ષ થયાં નહિ હોય. પણ હુએનશ્સંગ લખે છે તે સમયથી ઘણી ટૂંકી મુદત અગાઉ

---

૧ જનરલ કનીંગહામના નક્કી કર્યા પ્રમાણે હું આ સાલ લખું છું. જુઓ આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇંડિયા.

એ બનાવ બન્યો હશે. વળી જે વખતે હર્ષવર્ધન નાલંદમઠના અધ્યક્ષ શીલભદ્રને પોતાનીપાસે હુએનથ્સંગને તાકીદે મોકલવાની વિનંતિ કરે છે અને જો તેમ કરવામાં તે ચુકે તો તેના મઠને જમીન દોસ્ત કરી નાંખવાની ધમકી આપે છે ત્યારે તે કહે છે કે 'તેના દર્શન કરવાની અને તેની પાસે શ્રવણ કરવાની ઉત્કંઠાથી હું પ્રજ્જ્વલિત છું. આ જ કારણસર મેં સવિનય બીજો દૂત મોકલ્યો છે; જો તે અત્ર નહિ આવે તો આપનો શિષ્ય (લખનાર) એમ જ ધારશે કે જે નિરંતર અનાચાર અને દુર્ભાગ્યમાં હુબેલો છે. થોડા વખત ઉપર જ શશાંકરાજાએ ધર્મનું ખંડન કીધું અને જ્ઞાનવૃક્ષનો સમૂળો નાસ કીધો. ગુરુમહારાજ, આપ શું એમ ધારો છો કે આપનો શિષ્ય તેના જેવું કાર્ય કરવાને શક્તિહીન છે? ઈત્યાદિ' (લા વી ડી હુએનથ્સંગ, પૃષ્ઠ ૨૩૫). અહિયા પણ 'થોડા વખત ઉપર જ' છે એ શબ્દો ઉપરથી જણાએ છે કે બૌદ્ધસંસ્થાના શશાંકે કરેલાં નાશને અને પૂર્ણવર્માએ કરેલાં સંસ્થાપનને થયાંને ઘણાં વર્ષ વીત્યાં ન હતાં, પણ માત્ર થોડો જ સમય થયો હતો. ગયા આગળના બોધી વૃક્ષના નાશ અને પુનઃ સંસ્થાપન વિષે બોલતાં પ્રથમ અશોકે પોતાનાં ધાર્મિકપણામાં અગાઉ તેનું કેવી રીતે પુનરુજ્જીવન કીધું હતું તે બતાવ્યા બાદ કહે છે કે 'અશોકે આસપાસ દશ ફૂટ ઊંચી પત્થરની દીવાલ ઉભી કીધી હતી, અને તે દીવાલ આજસુધી મોજુદ છે. 'હમણાંના સમયમાં જ' પાખંડ મતાનુયાયી શશાંકે ઈર્ષાનેલીધે બૌદ્ધધર્મને વગોવ્યો અને મઠોને જમીનદોસ્ત કીધા. તેણે જ્ઞાનવૃક્ષનું છેદન કીધું, અને જળ નીકળે ત્યાંસુધી જમીન ખોદી, પણ મૂળીઆં જડમૂળથી કાઢવાને શક્તિમાન થયો નહિ ત્યારે તેનો સમૂળો નાશ થાય અને તેની કાંઈપણ નિશાની રહે નહિ, એવી ધારણાથી એણે તેનું અગ્નિથી દહન કીધું અને ઉપર સેરડીનો રસ રેડ્યો. કેટલાક માસ વીત્યા બાદ આ વાત મગધરાજ અને અશોકના છેલ્લા વંશજ રાજા પૂર્ણવર્માને કાને આવી' તેણે તેનું પુનરુજ્જીવન કર્યું, અને 'ફરીથી તેનો નાશ થવાની ધાસ્તિથી તેની આસપાસ ચોવીસ ફીટ ઉંચી પત્થરની દીવાલ ચણાવી. એ જ કારણથી એ બોધીવૃક્ષનું રક્ષણ તેનાથી વીશ ફીટ ઊંચી દીવાલથી[1] થયું છે.' જો હુએનથ્સંગનું કહેવું ખરૂં હોય-અને એ ખરૂં ન હોવાને કાંઈ કારણ નથી-તો ઉપલા ફકરાપરથી જણાય છે કે પૂર્ણવર્માએ બોધીવૃક્ષનું પુનઃસંસ્થાપન ઘણા જ ટૂંકા સમય ઉપર કર્યું હશે. હુએનથ્સંગે લખે છે તે વખતે વૃક્ષ ફક્ત ચાર ફીટ ઊંચું હતું તેથી તે બે ત્રણ વર્ષથી વધારે મોટું હોઈ શકે નહિ. જો એમ જ હોય તો તે વૃક્ષનો રોપનાર અથવા ધર્મનિષ્ઠ બુદ્ધોની ભાષામાં બોલીએ તો તે વૃક્ષનું પુનરુજ્જીવન કરનાર પૂર્ણવર્મા જે સમયની હુએનથ્સંગ વાત કરે છે તે સમય પહેલાં બે ત્રણ વર્ષ ઉપર જીવતો હોવો જોઈએ; એટલે ઇ. સ. ૬૩૫માં તે હયાતીમાં હોવો જોઈએ.'

"જે પાખંડ મતનો હતો" એ શબ્દો ઉપરથી માલમ પડે છે કે શશાંક તે વખતે મરણ પામ્યો હતો, અને એ વાત ખરી છે એ એક બીજા ફકરા ઉપરથી પણ માલમ પડે છે. હર્ષવર્ધને શશાંકને મારવાનું પણ લીધું હતું, પણ શશાંકનું મોત એના કરતાં કંઈ વધારે અનુચિત રીતિએ થયું એ નીચેની વાત ઉપરથી માલમ પડશે. બુદ્ધની પ્રતિમાવિશે બોલતાં હુએનથ્સંગ કહે છે કે શશાંકે બોધીવૃક્ષનું છેદન કર્યા પછી પ્રતિમાનું ખંડન કરવાની ઇચ્છા કરી, પણ તેની ભવ્ય આકૃતિ જોતાં જ તેની હિમ્મત જતી રહી, અને તે પાછો ફર્યો. પછી તેણે એક પોતાના મંત્રિને કહ્યું કે 'બુદ્ધની પ્રતિમા ખસેડીને તેની જગાએ મહેશ્વરની મુકો.' મંત્રિને આ આજ્ઞા પાળવી એ ઘણું પ્રાયશ્ચિત્ત ભરેલું લાગ્યું; તેમ તેનું ઉલ્લંઘન કરવું એ પણ ઘણું હાનિકારક લાગ્યું, તેથી તેણે એક વિશ્વાસુ માણસને બોલાવ્યો અને પ્રતિમાની આસપાસ ભીંત કરાવી લીધી; પ્રતિમાની પાસે એક દીવો મુકયો અને દીવાલની બહાર મહેશ્વર દેવની એક બીજી પ્રતિમા ગોઠવાવી. "આ કાર્ય પૂર્ણ થયું કે તેણે જઇને રાજાને સર્વે હકીકત નિવેદન કીધી. એ ખબર સાંભળતાં જ રાજા ત્રાસ પામી ગયો. તેને આખે શરીરે ફુંમડાં દેખાયાં, ચામડી ફાટી ગઈ અને થોડોક ક્ષણમાં તે મરણ પામ્યો... ... ...
આ વાતને ઘણા દિવસ થયા તો પણ દીવો હજી ઓલાયો નથી, પ્રતિમા હજી ઉભેલી છે અને પ્રભુની

૧ જુઓ *Les Mémories de Hiouen-Thsang, Vol. II., P. 464.*

પ્રતિમાને લેશ માત્ર હાનિ થઇ નથી" (જુઓ લા વી ડી હુએનથ્સંગ, પૃષ્ઠ ૪૬૯). 'ઘણા દિવસ' એ શબ્દો એકલા લેવાથી કોઈ નિર્ણય ઉપર આવી શકાતું નથી. એનો અર્થ, માત્ર થોડા દિવસ થયા છે પણ વર્ષો થયાં નથી, અથવા થોડા વર્ષો થઈ ગયાં છે, એમ પણ થાય. પણ હુએનથ્સંગે લખેલી બોધીવૃક્ષની ઊંચાઈ ધ્યાનમાં રાખીને એનો અર્થ કરીએ તો હુએનથ્સંગના મનમાં ઘણા દિવસનો અર્થ વર્ષેક કરતાં કાંઈક ઓછી મુદ્દત હોય એમ ધારવું યોગ્ય ગણાય.

શિલાદિત્ય હર્ષવર્ધને બંધાવેલાં તાંબાના વિહારને વર્ણવ્યા પછી નાલંદ વિષે બોલતાં હુએનથ્સંગ કહે છે કે, પૂર્વ તરફ નજદીકમાં આશરે સો કદમ ઉપર એંશી ફીટ ઊંચી બુદ્ધની તામ્રપ્રતિમા દૃષ્ટિગોચર થાય છે. તેનું આચ્છાદન કરવાને તેનાઉપર છ માળનો મંડપ બાંધવાની જરૂર પડી છે. એ પ્રતિમાનું સ્થાપન અગાઉ રાજા પૂર્ણવર્માએ કીધું હતું (લા વી ડી હુએનથ્સંગના ૧૬૧.) આ ફકરા ઉપરથી માલમ પડે છે કે હુએનથ્સંગના લખવાના સમય પહેલાં કેટલાંક વર્ષો અગાઉ પૂર્ણવર્માએ મૂર્તિનું સ્થાપન કર્યું હશે; અને તે હુએનથ્સંગના વખતમાં હયાતિમાં ન હતો.

'થોડા વખત અગાઉ (અથવા હમણાના સમયમાં)' એ શબ્દો હર્ષવર્ધન પોતે જીવતો હતો અને રાજ્ય કરતો હતો તે વખતની તેની વાત કરતાં પણ વપરાયલાં છે. કાશીરાજ પાસે હર્ષવર્ધને બુદ્ધના દાંતની માંગણી કરી તે સંબંધમાં કહ્યું છે કે (થોડા વખત ઉપર) "હાલના સમયમાં શિલાદિત્ય રાજાને કાશ્મીરમાં બુદ્ધનો દાત છે એવી ખબર પડતાં તે સરહદ ઉપર ગયો અને ત્યાં તેના દર્શન તથા પૂજા કરવા દેવાની રજા માંગી ઈત્યાદિ"—(લા વી ડી હુએનથ્સંગ, પૃષ્ઠ ૨૫૧).

માટે શશાંક અને પૂર્ણવર્મા સંબંધી જે લખાણ આવ્યું છે તે ઉપરથી પૂર્ણવર્માને ઈ. સ. ૬૩૭–૩૯ ના વર્ષથી સહજ અગાઉ એટલે બે ત્રણ વર્ષ કરતાં વિશેષ વહેલા મુકવાની જરૂર દેખાતી નથી. પણ બીજા એક વાક્યપરથી માલમ પડે છે કે જોકે હુએનથ્સંગ મગધમાં હતો ત્યારે પૂર્ણવર્મા જીવતો ન હોતો, તોપણ ઉપર કહ્યા પ્રમાણે તેને મરણ પામ્યાને તે વખતે ઘણી ટુંક મુદ્દત થઈ હોવી જોઇએ. ઉપર કહેલું વાક્ય યષ્ટિવાનગિરિ[1] આગળ જયસેન શાસ્ત્રીને મળવા હુએનથ્સંગ ગયો હતો તેના હેવાલમાં આવે છે. જયસેન મૂળ સૌરાષ્ટ્ર અથવા કાઠીઆવાડમાંથી આવ્યો હતો. બૌદ્ધધર્મની જુદીજુદી શાખાઓ અને બીજાં શાસ્ત્રોનો ભદ્રરુચિ, સ્થિતિમતિ અને શીલભદ્ર (-નાલંદમઠનો પ્રખ્યાત અધ્યક્ષ) પાસે તેણે કેવી રીતે અભ્યાસ કર્યો હતો તે વર્ણવ્યા પછી હુએનથ્સંગ કહે છે કે મગધાધિપતિ પૂર્ણવર્માને "જ્ઞાનીઓ અને વિદ્વાનો માટે બહુમાન હતું. જયસેન શાસ્ત્રીની ખ્યાતિ સાંભળી તે ઘણો ખુશી થયો, અને તેને પોતાના દરબારમાં બોલાવવાને દૂતો મોકલ્યા. તેને પોતાના રાજ્યનો મુખ્ય ધર્માધ્યક્ષ નીમ્યો, નિર્વાહાર્થે વીશ ગામની ઉપજ આપવા કહ્યું પણ તે શાસ્રીએ આ ઉમદા બક્ષીસ સ્વીકારવા ના પાડી.

પૂર્ણવર્માનના મરણ પછી રાજા શિલાદિત્યે પણ એવી જ રીતે તેને મુખ્ય ધર્માધ્યક્ષની પદવી સ્વીકારવા વિજ્ઞપ્તિ કરી, અને તેને નિર્વાહાર્થે ઓરિસ્સાના એંશી ગામોની ઉપજ જુદી કહાડી. શાસ્ત્રીએ [2]અગાઉની પેઠે વિનંતિ સ્વીકારી નહિ" તે યષ્ટિવાનગિરિમાં જઇ રહ્યો, અને ઘણા સાધુઓને ઉપદેશ કરતો. હુએનથ્સંગે પોતે બે વર્ષસુધી તેની પાસે ઘણા ગ્રંથોનો અભ્યાસ કીધો હતો.

ઓરિસ્સા રાજ્યના એંશી ગામોની ઉપજ શિલાદિત્ય રાજા ઇ. સ. ૬૦૭ પછી કેટલાક વર્ષસુધી અથવા ખરેખરૂ તો ઇ. સ. ૬૩૭ સુધી પણ આપી શકે એવું ન હોતું; કારણ કે તે વખત સુધી તે હિંદનો સાર્વભૌમ રાજા થયો ન હતો. ગમે તેમ હોય, તો પણ હર્ષવર્ધનના બાપે અને ભાઇએ થાણેશ્વર આગળ રાજ્ય કર્યું હતું, અને તેમની પાસે યમુનાની દક્ષિણનો કોઇ પણ પ્રદેશ ન હોતો;

૧ શું આ બાણકૃત હર્ષચરિતના બીજા ભાગમાં યષ્ટિગ્રહ નામનું વનગ્રામ કહેલું છે તે જ હશે?

૨ જુઓ *La vie de Hiouen-Thsang, p p. 212–214.*

અને હર્ષવર્ધનને પોતાનાં પાડોશી રાજ્ય ઉપર કાંઇક દોર બેસાડવાને છ વર્ષ લાગ્યા હતાં. તો પછી વહેલાંમાં વહેલું ઇ. સ. ૬૧૩ની અગાઉ ઓરિસ્સાનું રાજ્ય એના હાથમાં આવ્યું ન હોય. તે વર્ષસુધી તો પૂર્ણવર્મા રાજ્ય કરતો હતો એમ નિઃશંક ધારી શકાય. પણ ઘણું સંભવિત તો એ છે કે, ૬૧૩ પછી ઘણાં વર્ષસુધી, એટલે ૬૩૫ સુધી, તે રાજ્ય કરતો હતો; કારણ કે ૬૪૩ ની આખરે જ્યારે હુએનથ્સંગ હિંદુસ્તાન છોડી ગયો, ત્યારે શાસ્ત્રી જયસેન આચાર્ય તરીકે સંપૂર્ણ ઉત્સાહથી જ્ઞાન ઉપદેશ કરતો હતો. તેથી જો આ પૂર્ણવર્મા શંકરાચાર્યનો સમકાલીન હોય તો શંકરાચાર્ય સાતમા સૈકાના પ્રથમ અથવા મધ્ય ભાગમાં થયા હોવા જોઇએ; અને માધવ કૃત ગણાતા સંક્ષેપશંકરજયમાં લખ્યા પ્રમાણે બાણના સમકાલીન હોય (૧૫-૧૪).

શંકરાચાર્યે કહેલા રાજા બલવર્મા, જયસિંહ, કૃષ્ણગુપ્ત અને રાજવર્મામાંથી એકેનો પણ સમય સ્વતંત્ર પ્રમાણથી નિશ્ચિત કરી શકીએ નહિ ત્યાંસુધી એ બેય પૂર્ણવર્માનું એકત્વ કાંઇક સાંકેતિક જેવું ગણવું જોઇએ; કારણકે તેનો આધાર શશાંકના પ્રતિસ્પર્ધી અને મગધના અધિપતિ પૂર્ણવર્મા શિવાય બીજો કોઈ પૂર્ણવર્મા હજીસુધી જણાયો નથી, એ વાત ઉપર જ રહે છે. એ બે પૂર્ણવર્માના એકત્વ પ્રતિપાદનને વિશેષ શંકાયુક્ત કરનારી વાત તો એ છે કે, હુએનથ્સંગ પૂર્ણવર્માને અશોકના વંશનો 'છેલ્લો રાજા' શબ્દ કહે છે; ત્યારે શંકરાચાર્યના કહેવાપ્રમાણે પૂર્ણવર્માનું કુળ એટલું બધું અપ્રસિદ્ધિમાં હતું કે તેના રાજ્ય પામ્યા પહેલાં તે "અસ્તિત્વમાં જ નહોતું" એ વર્ણનને પાત્ર હતું. જે વંશમાં અશોક જેવો ચક્રવર્તિ રાજા થયો હોય તેજ વંશને શંકરાચાર્યનું વર્ણન ભાગ્યે જ લાગુ પડે. આ શંકાનું નિવારણ એમ થઈ શકે કે પૂર્ણવર્માના નજીકના વડવાઓ અશોકથી ઉતર્યા હોવા છતાં એટલા નિર્માલ્ય હતા, કે શંકરાચાર્ય "તેઓ લગભગ હયાતજ ન હોતા", એમ તેઓને માટે લખે તો તે ખોટું કહેવાય નહિ.—શં. પા. પણ્ડિત, જુલાઈ ૧૮૯૬.

શંકરના સમયમાટે દ્વારકાના શારદામઠમાંથી મેળવેલી હકીકત.

થિઓસોફિસ્ટ નામના માસિક(પુસ્તક ૧, ૪, ૧૧, ૧૪ વગેરે)માં જૂદા જૂદા લેખકો તરફથી શંકરાચાર્યના સમય સંબંધે લખાણ આવેલાં છે. તેમાંના એક લખાણમાં તે લેખકો પૈકી એકે શંકરાચાર્યે સ્થાપેલા મઠની યાદી પ્રકટ કરવાની ધારણા બતાવી હતી અને તે પ્રમાણે શૃંગેરી મઠની યાદી[1] પ્રકટ પણ થઈ હતી.

એવી બીજી એક યાદી મહાન તત્ત્વજ્ઞાનીનાં ટૂંકા વૃત્તાંત સાથે નીચે આપવામાં આવે છે.

એ એક નોંધી લેવાલાયક છે કે એ યાદી અને ટૂંકું વૃત્તાંત ૬૫માં નામ સુધી વડોદરાની એક અદાલતમાં કોઈ એક કજિયાના સંબંધમાં રજુ કરવામાં આવેલા અસલ દસ્તાવેજ ઉપરથી તેની સહિ શિક્કાવાળી નકલ લેવામાં આવી છે. એટલે નીચે આપેલા ૬૬મા મઠાધિપતિ મધુસૂદન સુધીની યાદી મેળવવમાં આવી છે. બાકીનાં નામો હમણાનાં મઠાધિપતિ અને શંકરાચાર્યનું બિરુદ ધારણ કરનાર રાજરાજેશ્વર શંકરાશ્રમસ્વામિ જેઓ ઘણા વિદ્વાન અને તેજસ્વી પુરુષ છે તેમની પાસેથી મેળવવામાં આવેલ છે.

આ યાદીની યોગ્યતાના સંબંધમાં કાંઈ વિશેષ કહેવાની જરૂર નથી. એ વિષયના જીજ્ઞાસુઓ એની યોગ્યતાના સંબંધમાં ઘટતો અભિપ્રાય બાંધી લેશે જ. યુરોપિયનોની શોધક રીતિપ્રમાણે શંકરના સમય સંબંધીની ગુંચવાડા ભરેલી ચર્ચાનો છેવટનો નિર્ણય કરવો એ ઘણું કઠિન કામ છે. એ નિર્ણયના પ્રાથમિક મૂળતત્ત્વો કે જેને ચતુર પંડિતો "આંતરિક પુરાવા"—જે ફક્ત પોતાના ડાહાપણ ભરેલા મગજમાંથી જ ઉદ્ભવેલા છે—તેને આધારે અત્યંત ચોકસરીતે ઠરાવે છે કે મહાભારત કાલિદાસનું રઘુવંશ લખાયા પછી કેટલાક વર્ષ પછી અને રામાયણ પણ એ કરતાં પછી લખાયું !

---

૧ આ યાદી આગળ આપવામાં આવી છે તે જુઓ.

એમ છતાં એટલું ધ્યાનમાં રાખવા અને સમજવા જેવું છે કે એ યાદીમાં આપેલો સમય યુધિષ્ઠિર શક કે જે ૩૦૫૦ વર્ષસુધી ચાલ્યો હતો એમ કહેવાય છે અને એની પછી જે વિક્રમનો સંવત શરૂ થયો તે હમણાં ૧૯૫૪ છે. નીચે આપવામાં આવેલી યાદી જે શૃંગેરીમઠની યાદી પ્રકટ થઈ છે તે કરતાં ઘણી જ માહીતીવાળી છે અને એમાં કેટલાંક પ્રાચીન નામોની અર્વાચીન નામો તરીકે પુનરુક્તિ થયેલી જોઈ અજાયબી ઉત્પન્ન કરે છે.

બધી દંતકથાઓ ઉપરથી માલુમ પડે છે કે સુરેશ્વરાચાર્ય જે વિશ્વરૂપાચાર્ય અથવા બ્રહ્મસ્વરૂપાચાર્ય એ નામથી જાણીતા છે તે અને જેમણે મોટું વાર્તિક[1] લખ્યું છે—તેઓ દ્વારકાની શારદામઠની ગાદીના પહેલા અધિપતિ હતા, છતાં હજુ પણ શૃંગેરીમઠની યાદીમાં એમનું નામ પહેલા અધિપતિ તરીકે જણાય છે. જેથી કરીને એ જ દંતકથા બતાવે છે કે હસ્તામલક એ મઠના પહેલા અધિપતિ હતા. જેમકે તોટક બદરિકાશ્રમવાળા જ્યોતિર્મઠના—જેને ઉખી અથવા જોશીમઠ પણ કહેવામાં આવે છે-તેના અને પદ્મપાદ-સનંદન-ઓરિસ્સામાં આવેલા જગન્નાથજીવાળા ગોવર્દ્ધનમઠના.

પ્રથમ જે શૃંગેરીમઠના અધિપતિયોની યાદી પ્રસિદ્ધ થઈ છે તેમાં કેટલીક ભૂલો છે જે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે એ એક અપૂર્ણ રૂપાંતર છે પણ એ વિષે વધારે કહેવું નિરુપયોગી છે અને એ એટલી બધી ભૂલોથી ભરેલી તથા બધી રીતે આનુમાનિક છે કે એને માટે જેટલું ઓછું કહિયે તેટલું ઉત્તમ.

યુધિષ્ઠિર શકપ્રમાણે શંકરના કાર્યોની નોંધ.

૨૬૩૧ વૈશાખ શુકલ ૫	શંકરાચાર્યનો જન્મ.
૨૬૩૬ ચૈત્ર શુકલ ૯	ઉપનયન.
૨૬૩૯ કાર્તિક શુકલ ૧૧	સંન્યાસ.
૨૬૪૦ ફાગણ શુકલ ૨ થી ૨૬૪૬ જેઠ વદ ૩૦)સુધી	ગોવિંદનો ઉપદેશ. (બ્રહ્મસૂત્રના કર્તા ?) બાદરાયણાચાર્યની સાથે બ્રહ્મવિદ્યાનો બનારસમાં કરેલો પ્રચાર અને સનંદન (પદ્મપાદ)ને મળવું.
૨૬૪૭ માગશર વદ ૩	મંડનમિશ્ર સાથેના સંવાદની શરૂઆત.
૨૬૪૮ ચૈત્ર શુકલ ૪	મંડનની હાર.
૨૬૪૮ ચૈત્ર શુકલ ૬	મંડનની સ્ત્રી સરસ્વતી સાથે સંવાદ. (सरस्वत्या सह कलाप्रसंगः)
૨૬૪૮ ચૈત્ર વદ ૮	અમરકરાજાના દેહમાં કરેલો પ્રવેશ.
૨૬૪૮ કાર્તિક શુકલ ૧૩	પુનઃ પોતાના દેહમાં કરેલો પ્રવેશ.
૨૬૪૮ કાર્તિક વદ ૧	સરસ્વતીની હાર.
૨૬૪૮ કાર્તિક વદ ૧	ચિંતામણિમંત્રના બળથ[illegible]કામાં આવેલા બ્રહ્મલોકમાં દેવ-પથને રસ્તેથી સરસ્વત[illegible] અટકાવવું.
૨૬૪૮ કાર્તિક વદ ૫	સરસ્વતીનું ત્યાં આગળ કરેલું [illegible]થાપન (ત્યારથી તે શારદામઠ કહેવાય છે).

૧ બૃહદારણ્યકવાર્તિક આનંદાશ્રમ ગ્રંથાવળીમાં પહેલું છપાએલું છે તે ફક્ત સંક્ષિપ્ત રૂપાંતર છે. જો કે મૂળગ્રંથ તો ૨૫૦૦૦ શ્લોકવાળો છે-આ અને બીજા દુર્લભ ગ્રંથો,-દાખલા તરીકે પંડિતરાજ જગન્નાથ કૃત રસગંગાધરનું સંપૂર્ણ પુસ્તક દ્વારકાના શારદામઠના પુસ્તકસંગ્રહની અંદર-જણાશે કે જ્યાં ઘણાંક ઓછી વત્તી અગત્યતા ધરાવતાં બીજાં પુસ્તકો પણ ત્યાંના સંસ્કૃત હસ્તલેખના ભંડારમાં છે.

૨૬૪૮ કાર્તિક વદ ૧૩ થી ૨૬૪૮ માઘ શુદ ૧૦ સુધી	શારદામઠની રચના, બૌદ્ધોનો પરાજય, રુદ્રમાળના રૂપમાં ભગવદાલય મંદિરનું બંધાવવું. શ્રીકૃષ્ણની પ્રાણપ્રતિષ્ઠા, સિદ્ધેશ્વરના મંદિરની રચના અને ભદ્રકાલિયંત્રનો ઉદ્ધાર.
૨૬૪૮ ફાગણ શુક્લ ૯	વૈધવ્યતાની બીકથી સાત કલા (?) પૈકી એક કલા, મંડને સંન્યાસ લીધો તેથી, પાછલ મુકીને ફરીથી બ્રહ્મલોકમાં જવા માટે સરસ્વતીએ કરેલું પ્રયત્ન, તેને એ જ મંત્રબળે કરીને મૈસૂર સંસ્થાનમાં આવેલ શૃંગપુરિમાં પાછા લાવવું, ત્યાં કરેલી મઠની સ્થાપના અને તેમાં કરેલી તેની પ્રતિષ્ઠા.
૨૬૪૯ ચૈત્ર શુક્લ ૯	મંડને લીધેલો સંન્યાસ અને સુરેશ્વરાચાર્ય તરીકે તેમનું રહેવું.
૨૬૪૯ માગશર શુક્લ ૧૦	સુધન્વા રાજાએ ધારણ કરેલું શિષ્યત્વ.
૨૬૪૯ માઘ વદ ૭	સુરેશ્વરને શારદાપીઠના અધ્યક્ષ બનાવવા.
૨૬૫૦ વૈશાખ શુક્લ ૩	દિગ્વિજયની શરૂઆત.
૨૬૫૩ શ્રાવણ શુક્લ ૭	તોટકનું આગમન.
૨૬૫૪ આસો શુક્લ ૧૧	હસ્તામલકનું આગમન.
૨૬૫૪ પોસ શુક્લ ૧૫	હસ્તામલકને શૃંગેરીમઠના અને તોટકને જ્યોતિર્મઠના અધ્યક્ષ ઠરાવવા.
૨૬૫૫ વૈશાખ શુક્લ ૧૦	દિગ્વિજય કરવા નિકળેલા સમયમાં પુરુષોત્તમક્ષેત્ર-જગન્નાથજીમાં ઈશ્વરની કાષ્ઠપ્રતિમાની કરેલી પ્રતિષ્ઠા અને એ સ્થળની ઠરાવેલી મર્યાદા. ત્યાં ગોવર્દ્ધન મઠની કરેલી સ્થાપના તથા એ મઠના અધિપતિ તરીકે પદ્મપાદની કરેલી નીમણુક.
૨૬૫૫ ભાદરવા શુક્લ ૧૫ થી ૨૬૬૨ પોશ વદ ૩૦ સુધી	દિગ્વિજય. બૌદ્ધો તથા કાપાલિકો વગેરે બધા મળી ૮૯ જૂદા જૂદા મતવાળાઓનો કરેલો પરાજય તથા યોગની મહત્તાની કરેલી પ્રસિદ્ધિ.
૨૬૬૩ કારતક શુદ ૧૫	કૈલાસ પ્રયાણ.

શારદાપીઠના આચાર્યોની યાદી.

૧ બ્રહ્મસ્વરૂપાચાર્ય	... ૨૬૯૧ સુધી.	૧૦ આનંદાવિર્ભાવાચાર્ય	૨૫[3]
૨ ચિત્સુખાચાર્ય[1]	... ૨૭૧૫ ,,	૧૧ કલાનિધિતીર્થ	૮૩ ,,
૩ સર્વજ્ઞાનાચાર્ય[2]	... ૨૭૭૪ ,,	૧૨ ચિદ્વિલાસાચાર્ય[4]	૧૧૯ ,,
૪ બ્રહ્માનંદતીર્થ	... ૨૮૨૩ ,,	૧૩ વિભૂત્યાનંદાચાર્ય	૧૫૪ ,,
૫ સ્વરૂપાભિજ્ઞાનાચાર્ય	... ૨૮૯૦ ,,	૧૪ સ્ફુર્તિનિલયાપાદાહ	૨૦૩ ,,
૬ મંગલમૂર્તિ આચાર્ય	... ૨૯૪૨ ,,	૧૫ વરતનુતુપાદાહ	૨૪૯ ,,
૭ ભાસ્કરી આચાર્ય (?)	... ૨૯૬૫ ,,	૧૬ યોગારૂઢાચાર્ય	૩૬૦ ,,
૮ પ્રજ્ઞાનાચાર્ય	... ૩૦૦૮ ,,	૧૭ વિજ્ઞાનદિંડિમાચાર્ય	૩૯૪ ,,
૯ બ્રહ્મજ્યોત્સનાચાર્ય	[illegible]૪૦ ,, ([illegible]ા શક બીજા દશ વર્ષ ચાલ્યો હતો.)	૧૮ વિદ્યાતીર્થ	૪૩૭ ,,
		૧૯ ચિચ્છક્તિ-દેશિકાહ.	૪૮૩ ,,
		૨૦ વિજ્ઞાનેશ્વરતીર્થ	૫૧૧ ,,

૧ ચિત્સુખી નામે જે પ્રસિદ્ધ ગ્રન્થ છે તેના કર્તાથી આ જૂદો છે.

૨ અત્યુત્તમ અદ્વૈત-વેદાંત સંક્ષેપ-શારીરકનો કર્તા.

૩ અહિંથી વિક્રમ સંવત શરૂ થાય છે.

૪ શંકરવિજયનો કર્તા.

૨૧ ઋતંભરાચાર્ય ... ... ૫૭૨ ,,
૨૨ અમરેશ્વર ગુરુવાહ ... ... ૬૦૮ ,,
૨૩ સર્વમુખતીર્થ ... ... ૬૬૯ ,,
૨૪ સ્વાનંદ-દેશિકાહ ... ... ૭૨૧ ,,
૨૫ સમર-રસિક ... ... ૭૯૯ ,,
૨૬ નારાયણાશ્રમ ... ... ૮૩૬ ,,
૨૭ વૈકુણ્ઠાશ્રમ ... ... ૮૮૫ ,,
૨૮ ત્રિવિક્રમાશ્રમ ... ... ૯૧૧ ,,
૨૯ શશિશેખરાશ્રમ... ... ... ૯૬૦ ,,
૩૦ ત્ર્યંબકાશ્રમ ... ... ૯૬૫ ,,
૩૧ ચિદંબરાશ્રમ ... ... ૧૦૦૧ ,,
૩૨ કેશવાશ્રમ ... ... ૧૦૬૦ ,,
૩૩ ચિદંબરાશ્રમ ... ... ૧૦૮૩ ,,
૩૪ પદ્મનાભાશ્રમ ... ... ૧૧૦૮ ,,
૩૫ મહાદેવાશ્રમ. ... ... ૧૧૪૮ ,,
૩૬ સચ્ચિદાનંદાશ્રમ ... ... ૧૨૦૭ ,,
૩૭ ,વિદ્યાશંકરાશ્રમ ... ... ૧૨૬૫ ,,
૩૮ અભિનવ સચ્ચિદાનંદાશ્રમ ... ૧૨૯૩ ,,
૩૯ નૃસિંહાશ્રમ ... ... ૧૩૨૬ ,,
૪૦ વાસુદેવાશ્રમ ... ... ૧૩૬૧ ,,
૪૧ પુરુષોત્તમાશ્રમ ... ... ૧૩૯૪ ,,
૪૨ જ્ઞાનારાધનાશ્રમ. ... ... ૧૪૦૮ ,,
૪૩ હરિહરાશ્રમ ... ... ૧૪૧૧ ,,
૪૪ ભવાશ્રમ ... ... ૧૪૨૧ ,,
૪૫ બ્રહ્માશ્રમ... ... ... ૧૪૩૬ ,,
૪૬ વાશનાશ્રમ ... ... ૧૪૫૩ ,,
૪૭ સર્વજ્ઞાનશ્રય ... ... ૧૪૮૯ ,,
૪૮ પ્રદ્યુમનાશ્રમ ... ... ૧૪૯૫ ,,
૪૯ ગોવિંદાશ્રમ ... ... ૧૫૨૩ ,,
૫૦ ચિદાશ્રમ ... ... ૧૫૭૬ ,,
૫૧ વિશ્વેશ્વરાશ્રમ ... ... ૧૬૦૮ ,,
૫૨ દામોદરાશ્રમ ... ... ૧૬૧૫ ,,
૫૩ મહાદેવાશ્રમ ... ... ૧૬૧૬ ,,
૫૪ અનિરુદ્ધાશ્રમ ... ... ૧૬૨૫ ,,
૫૫ અચ્યુતાશ્રમ ... ... ૧૬૨૯ ,,
૫૬ માધવાશ્રમ ... ... ૧૬૮૫ ,,
૫૭ આનંદાશ્રમ ... ... ૧૭૧૬ ,,
૫૮ વિવારૂપાશ્રમ ... ... ૧૭૨૧ ,,
૫૯ ચિદ્ઘનાશ્રમ ... ... ૧૭૨૨ ,,
૬૦ નૃસિંહાશ્રમ ... ... ૧૭૩૫ ,,
૬૧ મનોહરાશ્રમ ... ... ૧૭૬૧ ,,
૬૨ પ્રકાશાનંદ સરસ્વતિ ... ... ૧૭૯૫ ,,
૬૩ વિશુદ્ધાનંદાશ્રમ... ... ... ૧૭૮૯ ,,
૬૪ વામનેશાહ ... ... ૧૮૩૧ ,,
૬૫ કેશવાશ્રમ ... ... ૧૮૩૮ ,,
૬૬ મધુસૂદનાશ્રમ ... ... ૧૮૪૮ ,,
૬૭ હયગ્રીવાશ્રમ ... ... ૧૮૬૨ ,,
૬૮ પ્રકાશાશ્રમ ... ... ૧૮૬૩ ,,
૬૯ હયગ્રીવાશ્રમ સરસ્વતી... ... ૧૮૭૪ ,,
૭૦ શ્રીધરાશ્રમ ... ... ૧૯૧૪ ,,
૭૧ દામોદરાશ્રમ ... ... ૧૯૨૯ ,,
૭૨ કેશવાશ્રમ ... ... ૧૯૩૫ ,,
૭૩ શ્રીરાજરાજેશ્વર શંકરાશ્રમસ્વામી. હયાત છે.

કેટલાક નામની સાથે આશ્રમ અને સરસ્વતી કેવી રીતે જોડાઈ ગયા તેનો ખુલાસો નથી, તેમ જ આશ્રમ, તીર્થ, ભારતી વગેરેને બદલે આચાર્ય શબ્દની શી રીતે લુપ્તતા થઈ અને તેમની ખરી નિશાની શી છે તેનો પણ ખુલાસો નથી.

શ્રીશૃંગેરીમઠની ગુરુપરંપરા.

નંબર.	નામ.	સંન્યાસ ગ્રહણકાલ.			સમાધિકાલ.		
		શક.	સંવત્સર.	મિતિ.	શક.	સંવત્સર.	મિતિ.
૧	શ્રીશંકરાચાર્ય.	૨૨વિક્રમશક.	પાર્થિવ.	વૈ. શુ. ૩	૪૬	સૌમ્ય.	જ્યે. શુ. ૧૨
૨	સુરેશ્વરાચાર્ય.	૩૦[1]	વિજય.	ચૈ. શુ. ૧૫	૬૯૫	પ્રમાથી.	મા. શુ. ૧૨
૩	બોધઘનાચાર્ય.	૬૮૦શાલિવા.	વિલંબી.	આ. શુ. ૧૨	૮૮૦	વિભવ.	ભા. શુ. ૧૩
૪	જ્ઞાનઘનાચાર્ય.	૭૬૮	ક્ષય	કા. શુ. ૧૨	૮૩૨	પ્રમોદ.	આષા. વ. ૫
૫	જ્ઞાનોત્તમશિવાચાર્ય.	૮૨૭	ક્રોધન.	વૈ. શુ. ૭	૮૭૫	પ્રમાદી.	ફા. શુ. ૭
૬	જ્ઞાનગિરિઆચાર્ય.	૮૭૧	સૌમ્ય.	પૌ. શુ. ૧૧	૯૬૦	બહુધાન્ય.	શ્રા. વ. ૧૦
૭	સિંહગિરિઆચાર્ય.	૯૫૮	ધાતા.	આ. વ. ૩	૧૦૨૦	બહુધાન્ય.	વૈ. વ. ૮
૮	ઈશ્વરતીર્થ.	૧૦૧૯	ઈશ્વર.	ચૈ. વ. ૫	૧૦૬૮	ક્ષય.	ચૈ. શુ. ૧
૯	નરસિંહતીર્થ.	૧૦૬૭	ક્રોધન.	મા. શુ. ૧૧	૧૧૫૦	સર્વધારિ.	ફા. શુ. ૬
૧૦	વિદ્યાતીર્થ-વિદ્યાશંકર.	૧૧૫૦	સર્વધારિ.	કા. શુ. ૧૧	૧૨૫૫	શ્રીમુખ.	કા. શુ. ૭
૧૧	ભારતીકૃષ્ણતીર્થ.	૧૨૫૦	વિભવ.	ચૈ. શુ. ૭	૧૩૦૨	રૌદ્ર.	ભા. શુ. ૧૨
૧૨	વિદ્યારણ્ય.	૧૨૫૩	પ્રજાપતિ.	કા. શુ. ૭	૧૩૦૮	ક્ષય.	ચૈ. શુ. ૧૩
૧૩	ચંદ્રશેખરભારતિ.	૧૨૯૦	કીલક.	આષા. શુ. ૫	૧૩૧૧	શુક્લ.	વૈ. વ. ૧૦
૧૪	નરસિંહભારતિ.	૧૩૦૯	પ્રભવ.	મા. શુ. ૨	૧૩૩૦	સર્વધારી.	પૌ. શુ. ૮

૧ સંન્યાસાશ્રમ લીધા પછી સુરેશ્વર નામ પડયું. યોગાભ્યાસથી ગાદીપર તેઓ એકંદર ૭૨૫ વર્ષ હતા.

૧૫	પુરુષોત્તમભારતિ.	૧૩૨૮	વ્યય.	વૈ. શુ. ૧૫	૧૩૭૦	વિભવ.	શ્રા. શુ. ૧૧
૧૬	શંકરાનંદ.	૧૩૫૦	કીલક.	મા. શુ. ૧૧	૧૩૭૬	ભાવ.	મા. શુ. ૮
૧૭	ચંદ્રશેખરભારતિ.	૧૩૭૧	શુકલ.	આષા.શુ.૬	૧૩૮૬	તારણ.	માર્ગ.વ. ૫
૧૮	નરસિંહભારતિ.	૧૩૮૬	તારણ.	મા. શુ. ૧૧	૧૪૦૧	વિકારી.	આ. વ. ૫
૧૯	પુરષોત્તમભારતિ.	૧૩૯૪	નંદન.	ફા. શુ. ૧૩	૧૪૩૯	ઈશ્વર.	જ્યે. વ.૧૩
૨૦	રામચંદ્રભારતિ.	૧૪૩૦	વિભવ.	વૈ. વ. ૧૦	૧૪૮૨	રૌદ્ર.	પૌ. વ. ૮
૨૧	નરસિંહભારતિ.	૧૪૭૯	પિંગલ.	જ્યે. શુ. ૨	૧૪૯૫	શ્રીમુખ.	આષા.વ.૪
૨૨	નરસિંહભારતિ.	૧૪૮૫	રુધિરોદ્દારી.	શ્રા. વ. ૧૨	૧૪૯૮	ધાતા.	ચૈ. શુ. ૧૧
૨૩	ઈન્મડિનરસિંહભારતિ.	૧૪૯૮	ધાતા.	ચૈ. શુ. ૧૧	૧૫૨૧	વિકારી.	મા. વ. ૨
૨૪	અભિનવનરસિંહભારતિ.	૧૫૨૧	વિકારી.	આ. વ. ૭	૧૫૪૪	દુંદુભી.	ફા. વ. ૭
૨૫	સચ્ચિદાનંદભારતિ.	૧૫૪૪	દુંદુભી.	ભા. વ. ૩	૧૫૮૫	શોભકૃત્.	આષા.વ.૬
૨૬	નરસિંહભારતિ.	૧૫૮૫	શોભકૃત્.	જ્યે.શુ.૧૦	૧૬૨૭	પાર્થિવ.	ફા. વ. ૬
૨૭	સચ્ચિદાનંદભારતિ.	૧૬૨૭	પાર્થિવ.	ફા. શુ. ૧૫	૧૬૬૩	દુર્મતિ.	જ્યે. શુ.૧૦
૨૮	અભિનવસચ્ચિદાનંદ.	૧૬૬૩	દુર્મતિ.	જ્યે. શુ. ૩	૧૬૮૯	સર્વજિત્.	માગ. શુ.૬
૨૯	નૃસિંહભારતિ.	૧૬૮૯	સર્વજિત્.	મા. શુ. ૬	૧૬૯૨	વિકૃતિ.	ભા.શુ. ૧૧
૩૦	સચ્ચિદાનંદભારતિ.	૧૬૯૨	વિકૃતિ.	ભા. શુ. ૧૨	૧૭૩૬	ભાવ.	અ.ભા.શુ.૧
૩૧	અભિનવસચ્ચિદાનંદ.	૧૭૩૬	ભાવ.	અ.ભા.શુ૧૩	૧૭૩૯	ઈશ્વર.	ફા. વ. ૬
૩૨	નરસિંહભારતિ.	૧૭૩૯	ઈશ્વર.	ફા. વ. ૧	૧૮૦૧	પ્રમાથી.	જ્યે. શુ. ૨
૩૩	સચ્ચિદાનંદ શિવાભિનવ-વિધાનરસિંહભારતિ.	૧૭૮૮	ક્ષય.	આષા.વ. ૬			

The following information is received from the present S'aṁkaracharya of S'ṛingerimatha in connection with the date of S'amkaracharya.

(*A Literal translation of an extract from a Kadata* (कडत).

In *Vikrama S'aka* 75 (*Is'wara* year) when Purṇa Varmâ of Abhîru Dynasty was Emperor and when *Brâhmins* had become Pâkhaṇdis and also *Veda Bâhyas* S'ri Parames'wara was born as a son to one S'iva Guru Dîks'it by name of S'aṁkarâchârya. In his 5th year S'aṁkara was invested with holy thread—*Upanayana.* Before he was 12 years old he learnt all the *S'astras,* one *Gandharva* had become crocodile by *s'âpa* and was in the river. S'aṁkara wanted to restore him. He also wanted to refute Pâkhaṇda Mata and establish *Sanyâsa As'rama.* One day while he was bathing in the river the crocodile caught him by the ankle and with the reluctant permission of his mother he betook *Sanyâsa.* He then went to Himâlaya, took *Krama-sanyâsa* from S'ri Govinda Bhagavatpâdâchârya, wrote *Vedântasûtra* commentaries etc., and visited Vyâsa who also approved of the Sûtra Bhâs'ya.

The Emperor Pûrna Varmâ who was from a long time anxious to restore the purity of Brâhminism gave a death-blow to *Pâkhaṇda mata,* heard of S'aṁkara's reputation, and represented his grievances to him.

He also ordered his Minister Bhadra Sena to accompany S'aṁkara with all his Army and under his orders. S'aṁkara refuted *Pâkhaṇḍa Mata*, revived Brâhminism, established *S'an Maṭhas* (6 *Maṭhas*), defeated Maṇḍanamis'ra in *S'astra Vâda* and also his wife Vâgdevi-Saraswatî. Thereupon Maṇḍanamis'ra became *Sanyâsin*. S'aṁkara had three more disciples. He established 3 *Maṭhas* at Dwârkâ, Juggannâtha and Badari and gave one to each of them. He then came to S'ṛingerî which was the hermitage of Ṛis'yas'ṛinga and Vibhâṇḍaka and founded a *Maṭha*. He there founded also one *S'ri chakrayantra* (this called *S'âradâpîṭha*) and gave the *Maṭha* to his new disciple Maṇḍanamis'ra who was afterwards known as Sures'warâchârya. He then went to Kânchî and thence to Kailâs. He lived altogether 32 years. Vikrama S'aka 107, Kali S'aka 3151.

શંકરના સમયમાટે અર્વાચીન કોષમાં નીચેપ્રમાણે છે.

“ ऋषिर्बाणस्तथाभूमिर्मर्त्याक्षौ वाममेलनात् । एकत्वेन लभेदंकस्ताम्राक्षस्तद्धि वत्सरः ॥
विश्वजिच्च पिता यस्य विख्यातश्च चिदंबरे । तस्य भार्यांबिका देवी शंकरं लोकशंकरम् ॥
प्रसूता सर्वलोकस्य तारणाय जगद्गुरुम् । शंकरेण निशीथे हि स्वकीयेन च तेजसा ॥
ब्रध्नवत्काशितं सर्वं सूत्यागारं स्वलीलया,। वामाशाय न ब्रध्नस्य माघे कृष्णे शुभे दिने ॥
चतुर्दश्यां निशीथे तु पुष्पवंतौ तदा घटे । ग्लौर्वासरे प्रादुरासीद्ह्लादकृच्छंकरो महान् ॥
पश्चात्पंचदशे वर्षे शंकरस्य गते सति । भट्टाचार्यकुमारस्य दर्शनं कृतवान् शिवः ॥
द्वाविंशद्वर्षविज्ञेया स्थितिरासीद्धिमालये । शंकरस्य शरीरस्यावसानमभवत्तदा ॥
नंदौ वसुर्भूमिनेत्रे मेलने शक उत्तमः । ज्ञातव्यः पांडुपुत्रस्य जातो वामेन वै तदा ॥
दुर्मुखे मार्गशीर्षे च शुक्लपक्षे त्रयोदशी । सोमप्रदोषे सायान्हे कैलासे शंकरो गतः ॥

‘ अंकानां वामतो गतिः । ’ એ નિયમ પ્રમાણે ऋषि એટલે ૭, बाण એટલે ૫, भूमि એટલે ૧ मर्त्याक्ष એટલે ૨, એ પ્રમાણે ૭૫૧૨. એને અવળી રીતે મુકતાં ૨૧૫૭ વર્ષ થાય છે. આ ઉપરથી એવું સમજાય છે કે યુધિષ્ઠિર શકનાં ૨૧૫૭ વર્ષ ગયા પછી ૨૧૫૮ મા વર્ષમાં રક્તાક્ષ સંવત્સરમાં **શ્રી** શંકરનો જન્મ થયો. તેમના પિતાનું નામ **વિશ્વજિત્** હતું અને તેઓ **ચિદંબરમાં** રહેતા હતા. તેમની સ્રીનું નામ **અંબિકાદેવી** હતું એમણે સર્વ લોકના કલ્યાણને કરનાર અને જગદ્ગુરુરૂપે તારનાર **શંકરનો** જન્મ આપ્યો. તે વખતે ઉત્તરાયન હતું. માઘ વદ ૧૪ અને સોમવાર હતો. **સૂર્ય** અને **ચંદ્ર** કુંભરાશિમાં હતા. **શંકરનો** જન્મ મધ્યરાત્રિયે થયો હતો અને તેમના તેજથી પ્રસૂતિગૃહ **સૂર્યની** પેઠે તેજથી પ્રકાશમાન થયું હતું. **શંકર** પોતાના પંદરમા વર્ષે કુમારિલભટ્ટને તેમના અંતકાળની વખતે મળ્યા. તે પોતાની ૩૨ વર્ષની ઉમ્મર થઈ ત્યાંસુધી પૃથ્વી ઉપર હતા; અને પછી તેમણે હિમાલયમાં પોતાનો દેહ છોડચો. તે વખતે યુધિષ્ઠિર શક ૨૧૮૯ પુરો થઇને ૨૧૯૦ ચાલતો હતો અને માર્ગશીર્ષ શુદ સોમપ્રદોષ હતો તથા દુર્મુખ નામનો સંવત્સર હતો—**जिनविजय.**

ઉપરનો જે શક કહ્યો તેનું પ્રત્યંતર ‘કુમારિલભટ્ટ’ શબ્દ ઉપર પ્રથમ નીચે પ્રમાણે લખેલું છેઃ—

अष्टचत्वारि वर्षाणि जन्मकालाद्गतानि वै । प्रादुर्भवः शंकरस्य ततो जातोऽतिवादिनः ॥

કુમારિલભટ્ટ ૪૮ વર્ષના થયા ત્યારે **શંકરનો** જન્મ થયો પણ જો આ વાકય પરસ્પરમાં સાપેક્ષ્ય છે એવું કોઈના મનમાં આવે તો **જૈનગ્રંથમાં** નીચે પ્રમાણેનું બીજું એક પ્રમાણ મળી આવે છેઃ—

ऋषिर्वसुर्वसुर्ज्ञेयः पांडवानां महात्मनाम् । गणना शेषकालस्य शकस्य शिवजन्मनि ॥

જ્યારે **શંકરનો** જન્મ થયો ત્યારે યુધિષ્ઠિર શક ૩૦૪૪ માંથી ૮૮૭ વર્ષ જવાં બાકી રહ્યાં હતાં. આપ્રમાણે ગણતાં ઉપર કહ્યાપ્રમાણે ૨૧૫૭ મું વર્ષ બરોબર રીતે મળી રહે છે.

હમણાં યુધિષ્ઠિર શક ૪૯૯૮ ચાલે છે અને એ હિસાબે શંકરાચાર્યને થઈ ગયે આજ ૨૮૩૨ વર્ષ થયાં છે.

સદાનંદકૃત શંકરવિજયના ૩૩-૩૪મા શ્લોકમાં નીચે પ્રમાણે લખ્યું છે

धर्मे द्वाविंशतिशके ससशद्धिसहस्रके । अब्दे सर्वजिते जातः सह वै पंचमीदिने ॥
सुमुहूर्ते शुभे लग्ने ह्युच्चस्थग्रहपंचके । सा सती सुषुवे बालं शंकराख्यं जगद्गुरुम् ॥

યુધિષ્ઠિરશકના ૨૭૨૨ મા વર્ષે વિશ્વજિત સંવત્સરના પૌષ મહિનાની પાંચમને દિવસે સુમુહૂર્તે શુભલગ્ને અને પંચગ્રહ ઉચ્ચ હતા વખતે તે સતિયે જગદ્ગુરુ શંકર નામના બાલકનો જન્મ આપ્યો.

આ ઉપરથી કલિના આરંભે યુધિષ્ઠિર શક ૩૦૪૪ મા વર્ષ પછી વિક્રમશક ૧૩૬ વર્ષ ને ત્યારપછી શાલિવાહન શકનાં ૧૮૧૯ વર્ષ ઉમેરતાં ૪૯૯૮ થાય છે તેમાંથી યુધિષ્ઠિર શકના ૨૭૨૨ વર્ષ બાદ કરતાં ૨૨૭૬ મા વર્ષે શંકરનો જન્મ થયો એમ જણાય છે.

કાશીનિવાસી શ્રીકૃષ્ણાનંદસ્વામી શંકરના જન્મસમય માટે નીચે પ્રમાણે કહે છેઃ—

ભાસ્કરરાયકૃત દીક્ષામિમાંસા નામનું એક પુસ્તક કાશીમાં એક ગૃહસ્થને ત્યાં છે તેમાં શંકર ક્યારે થયા તે માટે એક શ્લોક છે. તે નીચે પ્રમાણે છેઃ—

वर्षेष्वतीतेषु शतेषु षट्सु तिष्येऽवतीर्णो मुनिशंकरार्यः ।
शिष्यैश्चतुर्भिः सहितं शिवादिपारंपरिकावधिमानमामः ॥

કલિયુગનાં ૬૦૦ વર્ષ ગયા પછી શંકરાચાર્યનો જન્મ થયો એવું આ શ્લોકમાં લખ્યું છે. એ પ્રમાણે જોતાં આજ કલિયુગનાં ૪૯૯૮ વર્ષ થયાં છે. તેથી તેમાંથી ૬૦૦ વર્ષ બાદ કરતાં ૪૩૯૮ મા વર્ષમાં શંકર થયા એમ માલુમ પડે છે.

શ્રીમચ્છંકરાચાર્યના સમય માટે પરચુટણ નોંધ.

ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૨, પૃષ્ઠ ૨૮૩ માં "ભગવદ્ગીતામાં ક્રિશ્ચિયન લેખ અને વિચારોનાં ચિન્હ" નામનો વિષય ડા. લૉરીનરની ભગવદ્ગીતામાં આવેલી પુરવણી ઉપરથી લખ્યો છે. તેમાંથી જગદ્ગુરુ શંકાચાર્યના સમયના સંબંધમાં સંબંધ ધરાવતી બાબત માટે નીચે પ્રમાણે લખ્યું છે.

તો પણ મહાન વેદાંતના તત્ત્વજ્ઞાની શંકરાચાર્ય કયા સમયમાં થયા તેનો નિશ્ચય થયો નથી ત્યાંસુધી અમુક સમય કે જેની પછી તેની રચના નહિ થઈ હોય એ વિષેનો સવાલ બાકી રહે છે. આપણે કબૂલ કરવું જોઇએ કે સાધારણ કલ્પનાપ્રમાણે ઘણાં મજબુત કારણોને લીધે કે જે અલબત ખોટાં ન જ પડે એવી નિશ્ચયતા નથી બતાવી આપતાં તેને આધારે માનવું જોઈએ કે ક્રાઈસ્ટ પછી ત્રીજા સૈકામાં શંકરાચાર્યની હયાતી હતી. તેટલા માટે લૉસને કહે છે કે ભગવદ્ગીતા પાંચ સૈકા પહેલી રચાઇ હોવી જોઇએ-એટલે ક્રાઇસ્ટ પછી ત્રીજા સૈકામાં. આ ધારણા જો ખરી જ હોય (આને આપણે એમ માનવું જોઇએ કે ભગવદ્ગીતા ક્યારે રચાઈ હશે તેનો આદિ સમય તે આપ્યાનું કહે છે) તો ખુલ્લું જ છે કે ભગવદ્ગીતાના રચનારને ક્રિશ્ચિયાનિટીનો ઉપદેશ તથા તેના પવિત્ર પુસ્તકની માહીતી હોવી જોઈએ.

ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૨, પૃષ્ઠ ૨૭૩ માં "પહેલવી લેખો" એ નામનો એક વિષય છપાયો છે તેમાં શંકરના સમય માટે નીચે પ્રમાણે લખેલું મળી આવે છે.

કોસમસ (ઈ. સ. છઠ્ઠા સૈકાની શરુવાતમાં) કહે છે કે હિંદુસ્થાનના નૈઋત્ય ખુણામાં આવેલા માલેમાં ક્રિશ્ચિયનો હતા. અને વળી એક ઈરાની ધર્મગુરુ કલ્યાણ-જેને કલ્યાણપુર કહે છે અને જે ઉદપી પાસે છે તથા જે આ પ્રાંતમાં હિંદુસ્થાનની અંદર જુનામાં જુનું ક્રિશ્ચિયન લોકોનું સ્થાન ગણાતું તેમાં તે હતો. હિંદુઓ જેમ હમણા પરદેશીઓને ધિક્કાર છે તેમ તે વખતે ઈરાની ધર્મગુરુઓને ધિક્કારી કાઢતા નહોતા. ઈ. સ. ના નવમા સૈકાની શરુઆતમાં તેઓએ પોતાનું અસલ સ્થળ મણિગ્રામ જે પેરૂમલ રાજાએ બક્ષીસ આપ્યું હતું તેના રાજા જેવા થઈ પડયા હતા. આ પ્રમાણે આ ઈરાની ધર્મગુરુઓ અર્વાચીન વૈદિક સંપ્રદાયની ઉત્પત્તિ પહેલાં ઘણા વખત ઉપર સારી પેઠે જામી ગયા હતા. અને આ બધી જાતિઓના સ્થાપનારાઓ જ્યાં ઈરાનીઓ વસેલા હતા તેની આસપાસની જગાઓના વતનીઓ હતા. શંકરાચાર્યનો જન્મ થયો તે કંગનૂરથી વેગળે થયો નહોતો કે જ્યાં ઈરાનીઓએ પોતાનું સંસ્થાન સૌથી પહેલું કર્યું હતું. રામાનુજ મદ્રાસની પાસે જન્મ્યો હતો અને

ત્યાં કેળવણી લીધી હતી. તેનો ધર્મ કે જે બીજા કરતાં ક્રિશ્ચિયન ધર્મની લગોલગના સમયનો છે તેનો સ્થાપક **માધવાચાર્ય** ઉદપીનો વતની હતો જે કલ્યાણપુરથી દક્ષિણમાં ત્રણ કે ચાર જ મૈલ છે.

ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૧૩, પૃષ્ઠ ૨૫૨,૨૫૩માં 'દક્ષિણહિંદુસ્થાનના શ્રીવૈષ્ણવોની ઉત્પત્તિ' નામનો એક વિષય પંડિત એસ. એમ. નટેશ શાસ્ત્રીએ પોતાના દાદાએ કહેલી હકીકત ઉપરથી આપ્યો છે તેમાં શંકરના સમય માટે નીચે પ્રમાણેની હકીકત છે:—

એવું કહેવાય છે અને બધી રીતે મનાય પણ છે કે **ઐયંગાર** જાતિના સ્થાપક મહાન **રામાનુજાચાર્ય** બારમા સૈકામાં **મદ્રાસ** પાસેના **શ્રીપેરુમંબુદુર** નામના ગામમાં જન્મ્યા હતા. એ સ્માર્ત અને અદ્વૈત મતના હતા. * * એમની હુશિયારી જોઈને એમનાં માબાપે એમને **કાંચીપુરમની** નિશાળમાં કેળવણી લેવા મોકલ્યા.

એવું કહેવાય છે કે એક દિવસ **શંકરાચાર્યે** તૈલાભ્યંગ કરાવતા હતા. તેમના શિષ્યો વારાફરતી તેમનું શરીર ચોળતા હતા અને એ દિવસે **રામાનુજનો** વારો આવ્યો હતો. એ તેમના **શંકરાચાર્યના** તાજા પડેલા માથા ઉપર તેલ ચોળતા હતા અને બિજા શિષ્યો એક બાજુએ પાઠ લેતા હતા. એક શ્લોક વાંચવામાં આવ્યો હતો જેમાં **વિષ્ણુનું** મુખારવિંદ કમલ જેવું રાતું છે એવું બતાવવામાં આવ્યું એટલે **શંકરાચાર્યે** એકદમ ઘાંટો પાડી કહ્યું કે એ લુપ્તોપમા છે અથવા ભૂલ ભરેલી સરખામણી છે. કમલની રતાશની ઉત્તમતા બતાવવાના ઉદ્દેશથી ઉપમાં આપી છે, દાખલા તરી કે તેમણે વાંદરાના ફૂલા દેખાડ્યા. **રામાનુજ** (આ સાંભળીને) જે **વિષ્ણુભક્ત** હતા તે રડી ઉઠયા. એમની આંખોમાંથી જે આંસુ પડ્યાં તે **શંકરાચાર્યની** જાંગ ઉપર પડતાંની સાથે જ તપાવેલા સીસાની પેઠે તે ભોકાઈ ગઈ. તેથી એકદમ તેમણે **રામાનુજાચાર્યને** મઠમમાંથી જતા રહેવાનો હુકમ કર્યો ને તેઓ જતા રહ્યા. **શિવને** ધિક્કારનાર અને ખાસ **વિષ્ણુને** ભજનાર તરીકે તેમણે નવા ધર્મને સ્થાપ્યો. * * *

* * * * ૧૨ મા સૈકાના મધ્યભાગમાં **બુદ્ધિઝમ** અને **જૈનિઝમની** મોટી ધાડ હતી. લોકો ધર્મ એ શું છે તે સમજતા નહોતા. એકમાંથી બીજી જાતિમાં જતા હતા. તે વખતના **શંકરાચાર્યે** બધે સ્થળે ફરીને એમને અદ્વૈત માર્ગનો બોધ કર્યો જે એ લોકોએ સ્વીકાર્યો. પાછી મઠની સ્થાપના કરી અને ધર્મસંબંધી એ લોકોની હરકતો દૂર કરી. અને તેથી કરીને **શંકરાચાર્યની** ગેરહાજરીમાં—(એટલે જ્યારે એ બીજે ઠેકાણે ઉપદેશ સારૂ બહાર જતા ત્યારે) તેઓ પોતાના શિષ્યને ગાદી ઉપર બેસાડતા. આ રિવાજને અનુસરીને **કાંચીના** આચાર્યે એક વખતે રામાનુજને પોતાની ગાદી ઉપર બેસાડ્યા. તેથી લોકોમાં એવું મનાવા લાગ્યું કે ખરા **શંકરાચાર્યે** તો કાંઈ સમજતા નથી અને તેઓએ પોતાની કીર્તિ પોતાના ચાલાક શિષ્યોને આપી છે. અર્થાત્ **શંકરાચાર્યે** પોતાના શિષ્યો કરતાં પણ હુશિયાર નથી. આ વાત **કાંચીના** આચાર્યના જાણવામાં આવતાં તેઓ પોતાના મઠમાં પાછા આવ્યા અને પોતે જ મઠાધિપતિ થઈને બધી જાતની જાતે સંભાળ રાખવા માંડી.

ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૧૩, પૃષ્ઠ ૪૧૧ માં ડા. ભગવાનલાલ ઇંદ્રજીએ "નેપાળના ઇતિહાસ ઉપર કેટલાક વિચાર" નામનો એક વિષય પ્રકટ કર્યો છે તેમાં શંકરના સમય માટે નીચે પ્રમાણે લખ્યું છે:—

ભૂમિવર્માએ કલિયુગ સંવત્ ૧૩૮૯ અથવા ઈ. સ. પહેલાં ૧૭૧૨ માં **આણેશ્વરની** ગાદી બદલી–તેનાથી ૧૮ મા રાજા **વૃષદેવવર્મા** કલિયુગ સંવત્ ૨૫૪૮ અથવા ઈ. સ. પૂર્વે ૫૫૩ સુધી રાજ્ય કરતા હતા.

વૃષદેવવર્માએ ૬૧ વર્ષ રાજ્ય કર્યું છે અને તેમના વખતમાં **શંકરાચાર્ય** **નેપાળમાં** આવ્યા હતા.

(સૂર્યવંશી ૧૮ મા રાજા) **રુદ્રવર્માના** પુત્ર **વૃષદેવવર્માએ** વિહારો બંધાવ્યા. **લોકેશ્વર** અને **બૌદ્ધની** પ્રતિમાઓનું સ્થાપન કર્યું. એનો ભાઈ **બાલાર્ચન** પણ **બૌદ્ધ** હતો. **શંકરાચાર્ય** દક્ષિણમાંથી આવ્યા અને **બૌદ્ધધર્મનો** નાશ કર્યો.

ઉપરના સૂર્યવંશી રાજાઓમાં ૩૧ રાજાઓ થયા. ૩૧મા રાજા **વિશ્વદેવવર્માએ** પોતાની કુંવરી ઠાકુરી જાતના **અંશુવર્મા** નામના રાજાને પરણાવી. એના વખતમાં **વિક્રમાદિત્ય** **નેપાળમાં** આવ્યા. એટલે **વિશ્વદેવવર્માના** વખતમાં. **વિશ્વદેવવર્માએ** ૫૧ વર્ષ રાજ્ય કર્યું. **વિક્રમે** પોતાનો શક સ્થાપ્યો.

ઠાકુરીવંશનો અંશુવર્મા કલિયુગ સંવત ૩૦૦૦ અથવા ઇ. સ. પૂ. ૧૦૧ માં ગાદી ઉપર આવ્યો. એનાથી આઠમો રાજા વરદેવ, નરેંદ્રદેવનો કુંવર, એણે લલિતપટ્ટણની ગાદી ફેરવી. શંકરાચાર્ય નેપાળમાં આવ્યા. કલિયુગ સંવત્ ૩૬૨૩ માં અવલોકિતેશ્વર નેપાળમાં આવ્યા. વરદેવરાજા કલિયુગ સંવત્ ૩૩૬૮ અથવા ઈ. સ. ૨૬૭ માં હતો. વરદેવે કેટલાક વર્ષ રાજ્ય કર્યું તેનો દાખલો મળતો નથી તેથી ઉપરની સાલ અહિં દાખલ કરી છે.

ઇંડિયન એંટીકવેરી, પુસ્તક ૧૪ પૃષ્ઠ ૬૨-૬૪ માં પ્રો. ભાણ્ડારકરે મુંબાઈ ઈલાકા સંસ્કૃત હસ્તલેખ ઉપરની શોધના સંબંધમાં સને ૧૮૮૨-૮૩ માં પ્રકટ કરેલા રિપોર્ટ ઉપર વિવેચના કરતાં ડા. બ્યુલ્હર નીચે પ્રમાણે કહે છેઃ—

શંકરાચાર્યના સમયસંબંધી (પૃષ્ઠ ૧૫) વિવેચન માટે પ્રો. ભાણ્ડારકર પૂરતા ભાગ્યશાલિ નથી. શંકરાચાર્યના ધર્માનુયાયી (યજ્ઞેશ્વર શાસ્ત્રીકૃત આર્યવિદ્યાસુધાકર, પૃષ્ઠ ૨૨૬)એ સંક્ષેપશારીરકમાંથી આપેલા આધારના બળથી અને સંબંધ ધરાવતી બીજી બાબતોના આધારથી જે સમય ઠરાવ્યો છે તેનાથી વેગળા જઇને બીજું અનુમાન બાંધવું એ અયોગ્ય છે. એમાં એવું કહ્યું છે કે એક સુપ્રસિદ્ધ આદિત્ય નામનો રાજા અથવા જે મનુનો પુત્ર કહેવાતો અને જે ક્ષત્રી હતો તથા જેનો હુકમ કદી અમાન્ય થતો નહિ એવા રાજાના વખતમાં શંકરના મુખ્ય શિષ્ય સર્વજ્ઞાત્મને લખાણ કર્યું છે એ વાત શંકરનો જન્મ ઇ. સ. ૭૮૮ ને બદલે ૬૮૦ સુધીમાં થયો એમ માનવાને આપણને કોઈ પણ રીતે કારણ આપતી નથી. જો કે પ્રો. ભાણ્ડારકરનું ધારવું એવું છે કે મનુના પુત્રો ચાલુક્ય વંશના રાજપુત્ર હતા. એ ધારણા ઘણું કરીને ખરી જણાય તોપણ તે ઉપરથી એમ ઠરતું નથી કે તેનું નામ આદિત્ય હોવું જોઇએ અથવા આદિત્યમાં સમાવેશ થયેલું હોવું જોઇએ. વળી એમ પણ ઠરતું નથી કે પ્રાચીન ચાલુક્ય વંશનો હોય કે જે ચાલુક્યવંશ ૮ મા સૈકામાં રાઠોડ લોકોએ નાબુદ કર્યો હતો.

જ્યોતિષશાસ્ત્રપ્રમાણે શંકરનો જન્મસમય.

૧. શંકરના જન્મસમય સંબંધે દરેક લખનારે આપેલ વર્ષ સંખ્યા આનુમાનિક છે એવું મારૂં માનવું છે.

૨. શૃંગેરમઠમાંથી જે નોંધ મળેલ છે તે યથાર્થ નથી. વિક્રમ અને શંકરાચાર્યના ગુરુ ગોવિંદપાદાચાર્ય હતા એપરથી એ અનુમાન કરવામાં આવ્યું છે. વિક્રમ જેવા પ્રખ્યાત રાજાના વૃત્તાંતમાં શંકરાચાર્ય જેવા અદ્વિતીય પુરૂષનું જરા પણ વૃત્તાંત ન આવે એ બનવા જોગ નથી. જેથી એ શકવર્ષ પણ માની શકાય નહિ.

૩. ઐતિહાસિક અથવા આનુમાનિક પુરાવાથી કાળ નક્કી કરવાનું મારૂં કામ ન હોતાં કેવળ ગ્રહસ્થિતિપરથી કાળ નક્કી કરતાં અત્યારસુધીમાં મળી આવેલી પ્રમાણના જુદા જુદા વર્ષમાં કયું વર્ષ વધારે માનવા લાયક છે તે જ હું જણાવીશ.

૪. જિનવિજય, સદાનંદકૃત શંકરવિજય અને માધવકૃત શંકરવિજય શિવાયના બીજા કોઇ ગ્રંથમાં શંકરના જન્મ વખતે ગ્રહની સ્થિતિ કેવી હતી તે જણાવેલ નથી.

૫. જિનવિજયમાં આપેલી હકીકત અપૂર્ણ અને ભરૂસાપાત્ર નથી. ગણિત કરતાં તે વર્ષમાં માઘવિદ ૧૪ સોમવાર આવતો નથી. તેમ જ તેમાં સૂર્ય અને ચંદ્ર શિવાય બીજા ગ્રહની સ્થિતિ જણાવેલી ન હોવાથી તે પરથી જ્યોતિષના નિયમે કાળ નિર્ણય થઇ શકે નહિ; કેમકે સૂર્ય અને ચંદ્ર તો દરેક વર્ષે એનાએ જ માસમાં ને એનીએ જ રાશિમાં આવી શકે છે.

૬. સદાનંદે જે ગ્રહસ્થિતિ જણાવેલી છે તે પરથી જન્મસમય નક્કી કરવો દુસ્તર છે. કેમકે એમાં પૌષ માસમાં પાંચમને દિવસ પાંચ ગ્રહ ઉચ્ચ સ્થાનમાં હતા તે વેળા જન્મ થયાનું લખેલું છે. આ લેખ તો અશુદ્ધ છે. પોષ માસમાં પાંચ ગ્રહ ઉચ્ચસ્થ હોઇ શકે નહિ. શંકરાચાર્યના જન્મવખતે ગ્રહની એવી સ્થિતિ આવવી જોઇએ કે જે ગ્રહપરથી અલ્પાયુનો યોગ, સંન્યાસનો યોગ અને ચક્રવર્તિપણાનો યોગ હોવો જોઈએ. સદાનંદે આપેલ ગ્રહમાં કેવળ રાજયોગ ઉત્પન્ન થાય છે તેમજ પૂર્ણા-

બુધનો યોગ થતો હોવાથી એ માનવા લાયક નથી. પોષ માસમાં પાંચ ગ્રહ ઉચ્ચસ્થ શી રીતે થઇ શકે એ સમજાતું નથી.

૭. **માધવાચાર્યે શંકરના જન્મસમયના** ગ્રહની સ્થિતિ બારીક રીતે બતાવી નથી છતાં તેથી **શંકરના** જન્મસમયપર પુરૂં અજવાળું પાડી શકાય તેમ છે. જ્યારે શુભ લગ્નમાં શુભ ગ્રહ શુભ ઈક્ષણયુક્ત પડેલ હતો, સૂર્ય મંગળ અને શની ઉચ્ચસ્થ હતા અને ગુરુ કેંદ્રમાં હતો ત્યારે **શંકરનો** જન્મ થયો હતો. આમાં શુક્ર, બુધ અને ચંદ્રની તે વેળાની રાશી જણાવેલી નથી. ફક્ત ધ્યાનમાં રાખવાનું તો એટલું જ છે કે લગ્ન શુભ ગ્રહનું ને શુભ યુક્તે ઈક્ષિત અને ગુરુ ગમે તે રાશીમાં કેંદ્રમાં આવવો જોઈએ ને તેની સાથે ગ્રહની પરસ્પરની લગ્નસંબંધી સ્થિતિ એવી ન આવવી જોઈએ કે જેથી ફલાદેશમાં તેથી વ્યભિચાર આવે.

૮. **માધવાચાર્યે** બતાવેલી **શંકરના** જન્મગ્રહની સ્થિતિ નીચે બતાવેલા કલિગત વર્ષોમાં આવે છે:—

કલિગત ૬૦૫.



કલિગત ૨૮૧૫.



૯. ઉપરની કુંડલીમાં જણાવેલા ગ્રહપરથી જાતકને રાજયોગ અને સંન્યાસયોગ તથા અલ્પાયુઃના યોગનો આદેશ સુલભરીતે કરી શકાય છે.

૧૦. ઉપર મુજબ જે વેળા ગ્રહસ્થિતિ હશે તેને જ **શંકર** જન્મ સમય ગણી શકાશે.

૧૧. અત્યારસુધીમાં શંકરના જન્મસમયના શકનું ગણિત કરતાં એકેપરથી ઉપર જણાવેલી ગ્રહસ્થિતિ મળતી આવતી નથી.

૧૨. જ્યારે ગ્રહસ્થિતિ મળતી નથી આવતી ત્યારે તે કાળ અસત્ છે એમ કહ્યાવિના ચાલે તેમ નથી.

૧૩. શનિ ૫૯ વર્ષે, મંગળ ૭૯ વર્ષે અને ગુરૂ ૮૩ વર્ષે કેવળ સ્વલ્પ તફાવત સાથે એનીએ જ રાશિમાં આવી શકે છે.

૧૪. વિલોમ વિધિએ ગણિત કરી જોયું તો કલિગત વર્ષ ૬૦૫ અને ૨૮૧૫ માં **શંકર** જન્મ હોવાનું જણાય છે. ત્યાર પછીનાં ઘણાં વર્ષનું ગણિત કર્યું છતાં તેવી સ્થિતિ આવતી નથી. ક્યાંક મંગળ મકરનો આવે છે તો શનિ તુલનો હોતો નથી અને ગુરુ સિંહનો આવે છે.

૧૫. અત્યારસુધીમાં જે જે વિદ્વાનોએ **શંકરનો** સમય બતાવ્યો છે તે વર્ષમાનાં બીજાં કોઈ પણ લગભગનાં વર્ષમાં **શંકરના** જન્મગ્રહની આ સ્થિતિ મળતી ન આવે ત્યાંલગણ **શંકર** જન્મ **કલિગત** વર્ષ ૬૦૫ અથવા ૨૮૧૫ માં થયો એમ માનવામાં કશી હરકત નથી.

૧૬. આને **ભાસ્કરરાયકૃત દીશામિમાંસાના** લેખથી પુષ્ટી મળે છે તો તેથી તે અગ્રાહ્ય નથી.

૧૭. મારાં કરેલાં ગણિતના કાગળો મેં મારી પાસે સાચવી રાખેલ છે જે જરૂર પડે જાહેરમાં લાવવામાં કશી હરકત નથી.

કાનજી મયાશંકર દ્વિવેદી,
તંત્રી, **જ્યોતિષતત્ત્વચિંતામણિ.**

શંકરે લખેલા ગ્રંથો.

૧ બ્રહ્મસૂત્ર ઉપરનું ભાષ્ય.

૨ ઈશોપનિષદ્ ઉપરનાં ભાષ્ય.

૩ ગીતાભાષ્ય.

૪ કેનોપનિષદ્ ઉપર બે ભાષ્ય છે: એક પદભાષ્ય અને બીજું વાક્યભાષ્ય.

૫ શ્વેતાશ્વતરઉપનિષદ્ ઉપર ભાષ્ય.

૬ સનત્સુજાતીય ઉપર ભાષ્ય.

૭ નૃસિંહતાપનીય ઉપર ભા૦

૮ ગાત્રીભાષ્ય.

૯ ઉપદેશસાહસ્રી.

૧૦ શતશ્લોકી.

૧૧ વિષ્ણુસહસ્રનામ ઉપર ભાષ્ય.

૧૨ અપરોક્ષાનુભૂતિ.

૧૩ સ્વાત્મનિરૂપણ.

૧૪ વિવેકચૂડામણી.

૧૫ દક્ષિણામૂર્તિસ્તવ.

૧૬ આત્મષટ્ક.

૧૭ ગોવિંદાષ્ટક.

૧૮ વિજ્ઞાનનૌકા.

૧૯ મનીશા પંચક.

૨૦ સાધન પંચક.

૨૧ તત્વાનુસંધાન.

૨૨ પ્રબોધસુધાકર.

૨૩ અદ્વૈતકૌસ્તુભ.

૨૪ વેદાંતમુક્તાવલિ.

૨૫ વેદાંત સાર.

૨૬ હરિમીડે–હરિસ્તુતિ.

૨૭ આત્મબોધ.

૨૮ મહાવાક્ય વિવરણ.

૨૯ તત્વબોધ.

૩૦ મહાવાક્ય વિવેક.

૩૧ વાક્યવૃત્તિદર્પણ.

૩૨ વાક્યવૃત્તિ મધ્યમ.

૩૩ વાક્યવૃત્તિ લઘુ.

૩૪ આત્મચિંતન.

૩૫ રત્નપચક.

૩૬ વિવેકાદર્શ.

૩૭ પંચીકરણ.

૩૮ સિદ્ધાંતબિંદુ.

૩૯ ષટ્પદી.

૪૦ એક શ્લોકી.

૪૧ એક શ્લોક.

૪૨ ત્રિશ્લોકી.

૪૩ ચતુઃશ્લોકી.

૪૪ આત્મપંચક.

૪૫ મનીશા પંચક.

૪૬ સાધનપંચક.

૪૭ કૌપીનપંચક.

૪૮ કાશિપંચક.

૪૯ વૈરાગ્યપંચક.

૫૦ શિવમાનસપૂજા.

૫૧ શિવમાનસપૂજા (બીજી.)

૫૨ વિષ્ણુમાનસપૂજા.

૫૩ ચતુષષ્ટ્યોપચાર ભવાનીમાનસપૂજા.

૫૪ ભગવાનમાનસપૂજા.

૫૫ નિર્વાણ ષટ્ક.

૫૬ સપ્તશ્લોકી ગીતા.

૫૭ નિર્વાણ દશક.

૫૮ સદાચાર (મોટો ગ્રંથ છે.)

૫૯ ચર્પટ પંજરી.

૬૦ દ્વાદશ પંજરિકા.

૬૧ આત્માનાત્મ વિવેક.

૬૨ અદ્વૈતાનુભૂતિ.

૬૩ બાલબોધિની.

૬૪ હરિનામમાલા.

૬૫ બ્રહ્મનામાવલિ સ્તોત્ર.

૬૬ પ્રશ્નોત્તરનામાવલી.

૬૭ નક્ષત્રમાલા.

૬૮ નિગમચૂડામણી.

૬૯ મોહમુદ્ગર.

૭૦ યતિપંચક.

૭૧ કાશિકાસ્તોત્ર.

૭૨ વિષ્ણુનામાષ્ટક.

૭૩ શિવભુજંગપ્રયાતસ્તોત્ર.

૭૪ શિવપંચાક્ષરસ્તોત્ર.

૭૫ શિવાપરાધક્ષમાપનસ્તોત્ર.

૭૬ લક્ષ્મીનૃસિંહસ્તોત્ર.

૭૭ નારાયણસ્તોત્ર.

૭૮ ત્રિપુરસુન્દરીસ્તોત્ર.

૭૯ દેવ્યપરાધક્ષમાપનસ્તોત્ર

૮૦ અન્નપૂર્ણાસ્તોત્ર.

૮૧ સૌન્દર્યલહરી.

૮૨ આનંદલહરી.

૮૩ વિષ્ણુપાદાદિ કેશાંતવર્ણનસ્તોત્ર.

૮૪ શિવસ્તોત્ર.

૮૫ શિવસર્વોત્તમ.

૮૬ લલિતાસ્તવરાજ.

૮૭ દત્તાત્રેયસહસ્રનામસ્તોત્ર.

૮૮ મહાલક્ષ્મીશક્તિયોગમાયાભવાનીસ્તોત્ર.

૮૯ અંબાષ્ટક.

૯૦ પાંડુરંગાષ્ટક.

૯૧ શિવનામાવલ્યાષ્ટક.

૯૨ કાલભૈરવાષ્ટક.

૯૩ અચ્યુતાષ્ટક.

૯૪ કૃષ્ણાષ્ટક.

૯૫ જગન્નાથાષ્ટક.

૯૬ યમુનાષ્ટક.

૯૭ અચ્યુતાષ્ટક (બીજું.)

૯૮ ધન્યાષ્ટક.

૯૯ શિવરામાષ્ટક.

૧૦૦ ગંગાષ્ટક.

૧૦૧ ત્રિવેણીસ્તવ.

૧૦૨ નર્મદાષ્ટક.

૧૦૩ યમુનાષ્ટક (બીજું.)

૧૦૪ મણિકર્ણિકાષ્ટક.

૧૦૫ ગોવિંદાષ્ટક.

૧૦૬ ભૈરવાષ્ટક.

૧૦૭ શારદાસ્તુતિ.

૧૦૮ શિવસ્તોત્ર.

૧૦૯ ચંદ્રશેખરસ્તોત્ર.

૧૧૦ વિઠ્ઠલસ્તોત્ર.

૧૧૧ રામલક્ષ્મણસ્તોત્ર.

૧૧૨ નીલકંઠશૈવસંવાદ.

૧૧૩ વેદાંતસાર શિવસ્તવ.

૧૧૪ અપરાધભંજનસ્તોત્ર.

૧૧૫ કૃષ્ણતાંડવ.

૧૧૬ કામાક્ષ્યાષ્ટક.

૧૧૭ રાજયોગ.

૧૧૮ યોગતારાવલી (યોગશાસ્ત્રઉપર).

૧૧૯ અમરુશતક (કામશાસ્ત્ર ઉપર).

સંક્ષેપશંકરજયનો સાર.

સર્ગ ૧, ઉપોદ્ઘાત.

એક દિવસ બ્રહ્માદિ દેવો ભેગા મળીને કૈલાસમાં ઉદયાચળ ઉપર શંકર પાસે ગયા. તેમણે હાથ જોડી નમ્રભાવે શંકરપ્રતિ કહ્યું કે, "હે વિભો, ભગવાન્ વિષ્ણુએ ૧સુગતોને માટે બૌદ્ધશાસ્ત્ર રચ્યાં છે તે આપ જાણો જ છો. એ શાસ્ત્રોનો પૃથ્વીમાં ઘણો ફેલાવો થયો છે. વેદાદિક શાસ્ત્રને તેથી હાનિ પહોચી છે. સુગતો વેદ, બ્રાહ્મણ, વર્ણાશ્રમ આદિની અદેખાઈ કરે છે. એટલું જ નહિ પણ 'એ સઘળો ઢોંગ છે અને આજીવિકાને માટે જ કરેલું છે' એમ કહિ નિંદા કરે છે માટે વૈદિકધર્મનું રક્ષણ કરો. વળી ઘણા પાખંડ મતો પણ પ્રસર્યા છે. કાપાલિકમતવાળાઓએ તો મર્યાદાને પણ મુકી દિધી છે. તેથી જગત્ના ઉદ્ધાર માટે લક્ષ્ય આપો." ત્યારે પાર્વતીના પતિ શ્રીશંકર કહે છે કે, "હું મનુષ્યદેહ ધરીને તમારા મનોરથ પૂર્ણકરી પાખંડમતોનું ખંડન કરીશ. દુષ્ટ આચારના વિનાશ માટે, ધર્મના સંસ્થાપન માટે બ્રહ્મસૂત્રના તાત્પર્યના નિર્ણય સારૂં ભાષ્ય કરીશ અને ચાર શિષ્યો સહિત યતીન્દ્ર શંકરને નામે પૃથ્વીમાં હું પ્રકટ થઈશ. તમે પણ મનુષ્યદેહ ધારણ કરીને મને અનુસરશો તો તમારો મનોરથ પૂર્ણ થશે" એમ કહિ સ્વામિ કાર્તિક ભણી જોઈને કહે છે કે, "હે સૌમ્ય, જગત્ના ઉદ્ધારને સારૂ હું કહું તે સાંભળો. ૨ત્રિકાંડ વેદનો ઉદ્ધાર કરવાથી દ્વિજોનો ઉદ્ધાર થશે. બ્રાહ્મણોનો ઉદ્ધાર થવાથી જગત્નો ઉદ્ધાર થશે. કારણ કે, વર્ણાશ્રમનું રક્ષણ કરવું તે તેમને જ આશ્રયે છે. વિષ્ણુ અને શેષ કે જે મારા એ ગૂઢ હેતુ જાણનારા છે તેમને વેદના ઉપાસનાકાંડનો ઉદ્ધાર કરવા મેં જ આજ્ઞા કરી હતી. તેથી સંકર્ષણ અને પતંજલિ એ નામથી મધ્યમ-ઉપાસના તથા યોગકાંડના ગ્રંથો તેમણે કર્યા છે. જ્ઞાનકાંડનો ઉદ્ધાર હું કરીશ એમ મેં દેવતાઓને કહ્યું છે તે તમે જાણો છો. તમે સુબ્રહ્મણ્ય એ નામથી કર્મકાંડનો ઉદ્ધાર કરજો તેમ જ જે સુગતો વેદધર્મને અડચણ કરતા હોય તેમને જીતીને વેદધર્મની મર્યાદા સ્થાપન કરો. તમને સહાય થવા બ્રહ્મા મંડનને નામે પ્રકટ થશે અને રાજા તરીકે ઈંદ્ર સુધન્વાને નામે અવતરશે" પછી સ્વામિ કાર્તિક "ઘણું સારૂં" કહિ સુબ્રહ્મણ્યને નામે પૃથ્વીમાં પ્રકટ થયા. ઈંદ્ર સુધન્વા રાજા થયા. બ્રહ્મા મંડનને નામે પ્રકટયા અને સ્વામિ કાર્તિક ભટ્ટપાદને અભિધાને અવતર્યા.

સુધન્વા રાજા ભટ્ટપાદની વાટ જોતો સુગતોમાં મ્હાલે છે. કોઈને શંકા થાય કે સુગતોના મતના નાશને માટે પોતે અવતાર ધારણ કરે છે ત્યારે તેને કેમ આશ્રય આપીને વર્તવા લાગ્યો તો એટલું જ કહેવું ઠીક લાગે છે કે, તે ભટ્ટપાદની વાટ જોતો હતો. ભટ્ટપાદ કર્મકાંડનો ઉદ્ધાર કરીને દિગ્વિજય કરતા સુધન્વાની નગરિમાં આવ્યા. સુધન્વા રાજાના જાણવામાં આવવાથી તેમને ઘણો આનંદ થયો. સુવર્ણનું આસન આપીને તેમનો ઘણો સારો સત્કાર કર્યો. ત્યાંની સભામાં ભટ્ટપાદ બિરાજ્યા છે. એક તરફ સુગતો પણ બેઠા છે. એવામાં એક કોયલે ઝાડઉપર ટહુકો કર્યો.

તે સાંભળીને ભટ્ટપાદ તેને સંબોધીને કહે છે કે, "હે કોયલ, મલિન, નીચ, શ્રુતિદૂષક કાગડાના કુળ સાથે જો તારો સંગ ન હોય તો તું વખાણને પાત્ર ગણાય" આવી માર્મિકવાણી સાંભળીને સુગતો ખિજવાયેલા સર્પની પેઠે ફુંગરાયા. પછી ભટ્ટપાદે બૌદ્ધોને હરાવવા માટેના પ્રમાણો તેમના જ ગ્રંથોમાંથી આપીને બળતામાં ઘી જેમ હોમાય તેમ તેમને પ્રજ્જ્વલિત કર્યા. સભામાંના સુગતો ક્રોધથી લાલચોળ થયા અને પરસ્પરના મતોનું ખંડન મંડન કરવા લાગ્યા. અને ૩"સર્વજ્ઞ"ને વિશેષજ્ઞ ભટ્ટપાદે મૌનથી અલંકૃત કર્યા. મતલબ કે વાદવિવાદમાં તેમને હરાવીને મૂંગા કર્યા.

પછી ભટ્ટપાદ રાજાને ઉપદેશ કરવા લાગ્યા ત્યારે સુધન્વાએ કહ્યું કે, "મતના ખંડન મંડનનું કામ વિદ્યાના બળવડે થાય છે. જે વધારે વિદ્વાન્ હોય તે જીતે છે. એમાં વિશેષ કાંઈ નથી પણ જે પર્વત ઉપર ચઢીને પડતું મેલતાં નાશ ના પામે તેનો મત સાચો અને નાશ પામે તેનો ખોટો." આમ કરવું કબુલ કરીને ભટ્ટપાદ વેદનું સ્મરણ કરતાં પર્વત ઉપર ચઢયા અને પડતું મેલ્યું. જાણે કોઈ રૂનો દડો જમીન ઉપર સહિસલામત આવતો હોય તેમ ભટ્ટપાદ કશી પણ અડ-

---

૧ બૌદ્ધો. ૨ કર્મ, ઉપાસના અને જ્ઞાન. ૩ બૌદ્ધ.

ચણ વગર આવ્યા ત્યારે રાજાએ વૈદિકધર્મ ઉપર શ્રદ્ધા રાખીને તેને માનવા માંડયો. એટલે સુગતો બોલ્યા કે, "આમ કરવાથી જ કંઈ ધર્મનો નિર્ણય થયો ગણાય નહિ. કારણ કે, મણિ, મંત્ર અને ઔષધપ્રયોગથી દેહનું રક્ષણ થઈ શકે છે." ત્યારે રાજાએ પ્રતિજ્ઞા કરી કે, "હું એક પ્રશ્ન કરૂં છું જો તેમાં તમે ખોટા પડશો તો યંત્રમાં ઘલાવીને તમારો નાશ કરાવીશ." આમ કહિ મોઢું બંધ કરેલો એક ઘડો મંગાવ્યો અને બ્રાહ્મણો તથા બૌદ્ધોને તેમાં શું છે તે કહિ દેવાની આજ્ઞા કરી. ત્યારે તેમણે "કાલે સવારે એમાં શું છે તેનો નિર્ણય કરીને કહિશું" એવું કહ્યું અને સર્વ પોતપોતને સ્થાનકે ગયા.

રાજા ભરસભામાં પધાર્યા. સુગતો અને બ્રાહ્મણો આવ્યા. સુગતો બોલ્યો કે, "એ ઘડામાં સર્પ છે." બ્રાહ્મણો બોલ્યા કે, "એ ઘડામાં શેષશાયી વિષ્ણુ છે." રાજા પોતે જાણતો હતો કે માંહે સર્પ છે તેથી તેની મુખમુદ્રા ઉતરી ગઈ. એટલામાં આકાશવાણી થઈ કે, "હે રાજા, સંદેહ દૂર કર, એમાં બ્રાહ્મણોએ જે કહ્યું છે તે જ છે. માટે સત્યપ્રતિજ્ઞાવાળો થા." આકાશવાણી સાંભળતાં આનંદ પામેલો રાજા ઘડો ઉઘાડીને જુવે છે તો બ્રાહ્મણોનું કહેલું ખરૂં પડયું.

રાજાએ એવો હુકમ કર્યો કે "દક્ષિણમાં સેતુબંધ રામેશ્વર અને ઉત્તરમાં હિમાલય સુધી જ્યાં જ્યાં સુગતો વસતા હોય ત્યાંથી તેમને હણવા. જે તેમને હણશે નહિ તેમને હું હણીશ." આવી દૃઢ પ્રતિજ્ઞાને સેવકોએ પાળી. પછી ભટ્ટપાદે વૈદિકધર્મનો બોધ કરીને તેનો પ્રસાર કર્યો. આથી કરીને કર્મમાર્ગની પ્રવૃત્તિ અપ્રતિહત ચાલુ થઈ અને જ્ઞાનકાંડના ઉદ્ધારને માટે શંકરે ઇચ્છા કીધી.

સર્ગ બીજો, શ્રીમચ્છંકરાચાર્યનું જન્મકથન.

કરુણાના સમુદ્રરૂપ, કામને બાળનાર મહેશ્વર કેરલ દેશમાં પૂર્ણા નદીને તટે વૃષાદ્રિ પર્વત ઉપર સ્વયંભુલિંગ રૂપે પ્રકટ થયા. તેમની પ્રેરણાથી રાજશેખર નામે કોઈ રાજાએ ત્યાં એક દેવાલય બંધાવ્યું, અને પૂજા કરવા માંડી. એ દેવાલયની પાસે કાલટી નામે અગ્રહાર[1] હતો. એ અગ્રહારમાં પંડિતવર્ય વિદ્યાધિરાજ નામે શિવભક્ત બ્રાહ્મણ હતો. તેને ત્યાં પુત્રરૂપે અવતરવાની શ્રીશંકરે ઇચ્છા કરી. એ વિદ્યાધિરાજને ત્યાં પૂર્વ જન્મના સંસ્કારથી બ્રહ્મતેજવાળો એક પુત્ર થયો. એ શિવના જેટલા જ્ઞાનવાળો હતો વાણીમાં બૃહસ્પતિ જેવો હતો. તેથી તેના પિતાએ તેનું નામ શિવગુરુ પાડયું.

યોગ્ય વયે એ શિવગુરુએ, ગુરુને ત્યાં વિદ્યાભ્યાસ કરવા માંડયો. આજ્ઞા પ્રમાણે વર્તતાં ગુરુની પ્રીતિ સંપાદન કરી બ્રહ્મચર્ય વ્રત પાળી વેદાધ્યયન કરવા માંડયું. વેદાધ્યયન પછી તેના અર્થાદિકનો વિચાર કરવા માંડયો. ત્યારે ગુરુએ શિષ્યને કહ્યું કે, "તું મારી પાસે સારી રીતે વિદ્યા શિખ્યો છે. અભ્યાસ કરતાં ઘણો વખત પણ જતો રહ્યો છે તેથી તું તારે ઘેર જા. કારણ કે, તારા માતા પિતા તને જોવા માટે વલવલતાં હશે. માટે તું જા, વિલંબ ના કર. આગળ કરવાને જે યોગ્ય આશ્રમ છે તું કર. તને પરણાવવાને ઉત્સુક એવાં તારાં મા બાપ તારા જન્મ પછી "દિકરો કયારે મ્હોટો થાય ને પરણાવિએ" એવા વિચારથી વાટ જોતાં હશે. માટે તું જા." એટલે શિષ્ય કહે છે કે, "ગુરુજી, આપ કહો છો તે સત્ય છે પણ ગૃહિ[2] થવું એવો કંઈ નિયમ નથી. વૈરાગ્ય આદિ સાધનચતુષ્ટય પુરુષ ભિક્ષુપદ પ્રમાણે ચાલે છે. તેથી હું નૈષ્ઠિકબ્રહ્મચર્ય ધારણ કરીને દંડ અને મૃગચર્મથી શોભતા વિનયાચરણથી વેદાર્થવિચાર કરતો આપને ત્યાં જ રહિશ કે જેથી મારા જ્ઞાનમાં વધારો થશે. જ્યાંસુધી ગૃહિ થવાતું નથી ત્યાંસુધી બહારથી લોકોમાં તે આશ્રમ સુખકર દિસે છે પણ તે તેમ નથી."

આ પ્રમાણે શિવગુરુ, ગુરુ સાથે વિવાદ કરે છે એવામાં વિદ્યાધિરાજ પોતાના પુત્રને ગુરુને ઘેરથી તેડી જવા આવ્યો. શિવગુરુને વેદ, પદ, ક્રમ, જટા, શિખા આદિકના ઘણાએક પ્રશ્ન પૂછયા. તેમ જ ભટ્ટપાદ, પ્રભાકર, કણાદ, ગૌતમ, કપિલ અને પતંજલિ આદિના મતવિષે પરીક્ષા કરવા પૂછ્યું. ત્યારે શિવગુરુએ પિતાને પ્રણામ કરી સઘળા પ્રશ્નોનું સમાધાન કર્યું.

પોતાના પુત્રની ખંડન મંડનમાં વિદ્વત્તા અને બુદ્ધિ જોઈ પિતા–વિદ્યાધિરાજ ઘણા આનંદને પામ્યો અને ગુરુદક્ષિણા આપી તેમની આજ્ઞા લઈ શિવગુરુ સાથે વિદ્યાધિરાજ પોતાને ઘેર સિધાવ્યો શિવગુરુનું અપૂર્વ જ્ઞાન જોઈ ઘણાએક બ્રાહ્મણો પોતાની કન્યા દેવા માટે માંગાં કરવા લાગ્યા. પો-

---

૧ ઈશ્વરપ્રીત્યર્થ રાજાએ બ્રાહ્મણોને બક્ષીસ આપેલું ગામ. ૨ બ્રહ્મચર્ય પાળ્યા પછી ગૃહસ્થાશ્રમી થવું અને ગૃહસ્થાશ્રમ પાળ્યા પછી વાનપ્રસ્થાશ્રમ પાળવો ને પછી સંન્યસ્ત પાળવું એવું શ્રુતિમાં કહેલું છે.

તાની કન્યાનું માંગું સ્વીકારે તો **વિદ્યાધિરાજ**ને ઘણું ધન આપનારા ઘણા બ્રાહ્મણો હતા પણ **વિદ્યાધિરાજે** તેમ ન કરવું ધારીને કુલવાન્ અને પંડિતવર્ય એવા એ ગામના **મઘપંડિત** નામના બ્રાહ્મણની **સતી** નામક કન્યાનું માંગું કર્યું અને **મઘપંડિતે** તે સ્વીકાર્યું. પણ પરસ્પરમાં વાદ ચાલ્યો: કન્યાવાળા કહે કે, "વરને અમારે ઘેર સામા લાવી પરણાવો તો અમે ઘણું ધન આપીશું" ને વરવાળા કહે કે, "જો તમે કન્યાને સામી લાવી પરણાવશો તો અમે તમારૂં ધન લઇશું નહિ." કન્યાવાળાને કોઈકે સૂચના કરી કે, "આવો વર મળવો કઠિન છે માટે નકામી તકરાર મુકી દો નહિ તો એને કન્યા નહિ મળે તેમ નથી." ત્યારે **મઘપંડિતે** **વિદ્યાધિરાજ**નું કહેવું કબૂલ કર્યું. શુભ મુહૂર્ત જોઇને વાગ્દાન કર્યું અને ઉતાવળે લગ્નનો નિશ્ચય કર્યો.

જોશીઓએ ઠરાવી આપેલા સુમુહૂર્તમાં **વિદ્યાધિરાજ** અને **મઘપંડિત**ના સંતાનોનાં લગ્ન થયાં તથા પરસ્પરના મનોરથ પૂર્ણપણાને પામ્યાં. સગાં, વહાલાં–સર્વ ઘણા આનંદને પામ્યા.

શિવગુરુ અને **સતિ** જેમ **શંકર પાર્વતી**થી શોભતા હતા તેમ શોભવા લાગ્યા. ગૃહસ્થાશ્રમ પ્રમાણે એ દંપતિયે યજ્ઞો કરવા માંડ્યા. સ્વધર્મને ઘણા ઉત્તમ પ્રકારે પાળવા લાગ્યા. આમ કરતાં ઘણા વર્ષો વહિ ગયા. **શિવગુરુ**ની ઉમ્મર પણ થવા આવી છતાં એ દંપતિને હજુ સુધી પુત્રસુખ મળ્યું નહોતું તેથી તેમને સંતાપ થવા લાગ્યો. તેઓ 'આ ઋતુમાં નહિ તો આવતી ઋતુમાં સંતતિ પ્રાપ્ત થશે' એવા વિચારો કરતાં કાળવ્યતીત કરે છે. એક દિવસ પોતાની **સતી** સ્ત્રીને **શિવગુરુ** કહે છે કે, "સારા કુળમાં ઉત્પન્ન થયેલી હે સ્ત્રી, આ લોકમાં હિત કરનાર પુત્રનું મુખ તો આપણે હજુ સુધી પણ જોયું નહિ. પુત્રવિના જીવન નિરર્થક છે. પિતાએ મારો જન્મ આપ્યો પણ મારો જન્મારો પુત્રવિના એળે જશે એમ મને લાગે છે. કારણ કે, "**पुत्रेणायं लोकः**—પુત્રથી જ આલોક સિદ્ધ થાય છે" એવું **શ્રુતિ** કહે છે. વંશના વધારાને માટે કંઈ ઉપાય કરવો જોઈએ. નિપુત્રકને પરલોક પ્રાપ્તી નથી." ત્યારે **સતી** કહે છે કે, "આપણ બે જણ **શ્રી**શંકરની સેવા કરીએ કે જેથી તેમના પ્રસાદ વડે આપણે સંતતિને પામીશું. જો આપ કદી એમ કહેશો કે, તેનું શું પ્રમાણ છે? તો [1]ઉપમન્યુની વાત આપ ક્યાં નથી જાણતા?" તે સાંભળી **શિવગુરુએ** **સદાશિવ**ની ઉપાસના કરવા માંડી. **વૃષક્ષેત્ર**માના સ્વયંભુ **સદાશિવ**નું પૂજન કરતાં **સતીએ** પણ ઉપાસના કરવા માંડી. એટલે **શિવ** પ્રસન્ન થયા અને નિદ્રાવશ થયેલા **શિવગુરુ**ને બ્રાહ્મણને વેશે પૂછ્યું કે 'હે **શિવગુરો**, તું શા માટે તપ કરે છે?' ત્યારે **શિવગુરુએ** કહ્યું કે, "અમને સંતતિ નથી માટે તે આપો." **શંકર** કહે છે કે "તમારે ઘણા વર્ષ જીવે એવો અસર્વજ્ઞ પુત્ર જોઈએ છે કે, થોડા વર્ષ જીવે એવો સર્વજ્ઞ પુત્ર જોઈએ છે?" **શિવગુરુ** કહે છે કે "બહુ ગુણવાળા સર્વજ્ઞ પુત્રના પ્રાપ્તિની મારે ઇચ્છા છે." **શંકર** કહે છે કે "તમારાથી સર્વજ્ઞ પુત્ર થશે માટે હવે તમે તપ મુકીને ઘેર જાઓ." સ્વપ્નમાં બનેલી વાત પોતાની સ્ત્રી **સતી**ને **શિવગુરુએ** કહિ. **શિવ**નું સ્મરણ કરતાં એ દંપતી પોતાને ઘેર ગયાં. **શિવગુરુ**ને માટે **સતીએ** જે ભોજન તૈયાર કર્યું હતું તેમાં તે દિવસે **શિવ**ના તેજનો પ્રવેશ થયો. આનંદમાં **શિવગુરુએ** ભોજન કર્યું અને શેષાન્નને **સતીએ** ભોજનમાં લીધું. **શિવ**ના તેજ વડે **સતીએ** ગર્ભધારણ કર્યો. દિવસે દિવસે ગર્ભ વધવા લાગ્યો. **સતી**ને દૌહૃદ[2] થવા લાગ્યું. એક વસ્તુ ઉપર ભાવ થાય ને તે મળે એટલે બીજા ઉપર ભાવ થવા લાગ્યા. મતલબ કે, ગર્ભવતીને જે જે અભાવા થાય છે તે સર્વે **સતી**ને થવા માંડ્યા.

દૌહૃદની પીડા **સતી**ને થાય છે જાણીને સગાંવહાલાં ઘણી ઘણી જાતની અમૂલ્ય–અને અપૂર્વ ચીજો

---

૧ ઉપમન્યુ નામનો કોઈ ગરીબ બ્રાહ્મણોનો પુત્ર હતો. તેના સોબતીઓ દૂધ પીતા હતા તેથી તેની માને પોતાને પણ દૂધ પીવું છે કહિ વિતાડતો હતો. ગરીબાઈને લીધે દીકરાને દૂધ ન આપી શકાવાને કારણે લોટને પાણીમાં ચોળીને "લે, આ દૂધ પી" કહિ એ પાતી હતી. જ્યારે તેના સોબતીઓના જાણવામાં એ વાત આવી ત્યારે તેમણે ઉપમન્યુને કહ્યું કે, "તું પીયે છે તે દૂધ નથી પણ તારી મા તો લોટમાં પાણી ભેગું કરીને આપે છે." ત્યારે દૂધ માટે તેણે માને વિતાડવા માંડ્યું એટલે પરાણે સમજાવીને કહ્યું કે, "ભાઈ, હું ગરીબ છું તેથી દૂધ ક્યાંથી આણી આપું? જો દૂધ પીવું હોય તો શંકરની આરાધના કર કે તે દૂધ આપશે." ત્યારે આરાધના કરતાં તેને શંકર પ્રસન્ન થયા અને ક્ષીરસાગરનું અધિપતીપણું આપ્યું હતું.–મહાભારત. ૨ આપણામાં જેને અભાવા કહે છે તે.

લાવીને તેને આપવા લાગ્યાં. તેનો સ્વીકાર કરતાં પૂર્ણ માસે (યુધિષ્ઠિર શક ૨૧૫૮ના રક્તાક્ષી સંવત્સરના ઉત્તરાયણમાં માઘ વદ્ય ૧૪ ને સોમવારની મધ્ય રાત્રિયે કે જે વખતે **સૂર્ય** અને **ચંદ્ર** કુમ્ભરાશીમાં હતા **તે** વખતે[1]) સુગ્રહવાળા શુભ લગ્નમાં **પાર્વતી**એ જેમ **સ્વામિ કાર્તિક**નો જન્મ આપ્યો તેમ **શિવગુરુપત્ની સતી**એ પુત્રના પ્રસવને આપ્યો. તે સમયે **શિવગુરુ**એ ઘણાંક દાન ધર્મ કર્યાં અને સૂતિકાગૃહમાં જઈને પ્રીતિથી પુત્રના દર્શન કર્યાં.

જે દિવસે **શ્રી**શંકરનો અવતાર પ્રકટ થયો તે દિવસે સ્વભાવથી જ એક બીજા ઉપર દ્વેષ રાખનારા પ્રાણીઓ પોતાનું જાતીય વૈર તજીને હળીમળી ફરવા લાગ્યાં. ફળવાળા ઝાડ ઉપરથી ફળો પોતાનીમેળે પાકી પાકીને પડવા લાગ્યાં. નદી–નાળાના જળ ઘણા નિર્મલ થયાં. મેઘ ગર્જના કરીને વારંવાર દેખાવ દેવા લાગ્યો. પર્વતોની તળેટીમાંથી જાણે મોતીની લટો લટકતી હોયની તેમ નિર્મલ ઝરણાં વહેવાં લાગ્યાં. દ્વૈતવાદીઓના હાથમાંથી અકસ્માત્ પુસ્તકો પડી ગયાં. બધી દિશાઓ નિર્મલ થઈ ગઈ. સગુંધીવાળો વાયુ વહન થવા લાગ્યો. આકાશમાંથી દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, જેમ **મેરૂ** પર્વતથી પૃથ્વી શોભે છે તેમ **શિવગુરુપત્ની સતી** પુત્રવડે શોભવા લાગી.

શિવગુરુએ પુત્રના જન્મ માટે બ્રાહ્મણોને પૂછતાં તેમણે કહ્યું કે, "આ પુત્ર સર્વજ્ઞ થશે અને સ્વતંત્ર શાસ્ત્રોને રચશે; તેમ જ મ્હોટા મ્હોટા પંડિતોને જીતશે અને પોતાની કીર્તિ પૃથ્વી રહેતા સુધી સ્થાપન કરશે, આ બાળક સર્વજ્ઞ છે એમાં કશો સંદેહ નથી."

સગાં વહાલાંઓ પ્રસૂતિગૃહમાં બાલકને જોવા માટે નાના પ્રકારની ભેટ લઈને આવ્યાં. ઉનાળાના ખરેખરા મધ્યાન્હના તાપથી તપેલી સ્ત્રીઓ જેમ **ચન્દ્ર**ને જોઇને તહાઢી થાય છે તેમ કમળ જેવા મુખવાળા એ બાળકને પ્રસૂતિગૃહમાં જોઈને આનંદ પામ્યાં. જે એ બાળકને જોતાં તે સર્વને ઘણો આનંદ થતો હતો તથા તે **શં**કરની કૃપાથી જન્મ્યો હતો માટે તેના પિતાએ એનું નામ **શં**કર પાડ્યું.

શંકરે સર્વજ્ઞ છતાં બાલકના જેવું આચરણ કરીને ક્રમેક્રમે બાલભાવ બતાવવા માંડ્યો. રમવા માંડ્યું અને થોડું મધુર બોલવા પણ માંડ્યું. સહજ ચાલવા માંડ્યું. એમ કરતાં બે વર્ષના થયા.

એ બાલક **શં**કરના મસ્તક ઉપર **હિમકર—ચંદ્ર**–ચિન્હ હતું. કપાળમાં નેત્રનું અને ખભાઓ ઉપર ત્રિશૂલનું ચિન્હ હતું. શરીરનો રંગ શુદ્ધસ્ફટિક જેવો ઊજળો હતો. છાતીમાં નાગ, ચરણમાં ચામર, કપાળમાં બાલેંદુ–બીજનો **ચંદ્ર**, હાથમાં ચક્ર, ગદા, ધનુષ્ય, ડમરૂ, માથા ઉપર ત્રિશૂળ, એવી રેખાઓથી યુક્ત—સામુદ્રિક લક્ષણોથી **શં**કરનું સ્વરૂપ લોકોને મોહ પમાડતું હતું

ત્રીજો સર્ગ, દેવોના અવતારનું નિરૂપણ.

વિષ્ણુ વિમલ નામે બ્રાહ્મણ પંડિતને ત્યાં **પદ્મપાદ**ના અભિધાનથી અવતર્યા. તે સર્વ શાસ્ત્રમાં નિપુણ હતા. **વાયુદેવ**નો અવતાર **હસ્તામલક** નામે થયો. **વાયુના** દશાંશરૂપે **તોટકાચાર્યે** અવતર્યા. **શિલાદ**ના પુત્ર **નંદિકેશ્વર** ઉદંકનામે અવતર્યા. **બ્રહ્મા**નો અવતાર **સુરેશ્વર**[2] નામે, **બૃહસ્પતિ**[3] **આનંદગિરી**ને[4] નામે, **અરુણ સનંદન**ને નામે, **વરુણ ચિત્સુખ**ને નામે, પૃથ્વીમાં બ્રાહ્મણોમાં ઉત્તમ એવા બ્રાહ્મણોને ત્યાં અવતર્યા.

બ્રહ્માએ પૃથ્વી ઉપર અવતાર લેવાથી તેમની સ્ત્રી **સરસ્વતી**એ, તેમને સહાય થવા [5]ઉભયભારતીને નામે **શોણ** નદીને કિનારે આવેલા ગ્રામમાં **વિષ્ણુમિત્ર** નામાના બ્રાહ્મણને ત્યાં અવતાર લીધો. તોપણ તેમનું નામ પ્રસિદ્ધ એવું **સરસ્વતી** હોવાથી લોકોમાં **સરસ્વતી** એ નામે જ ઓળખાયાં. જન્માંતર છતાં પણ જેની સર્વજ્ઞતા નષ્ટ થઈ નથી એવાં **સરસ્વતી**થી કશું પણ અજાણ્યું નહોતું તેથી

૧ શંકરના જન્મકાળ માટે મતભેદ છે માટે વાંચો ચર્ચા. ૨ જેમનું પ્રસિદ્ધ નામ મણ્ડનમિશ્ર હતું તે. ૩ આમને માટે મતાંતર આ પ્રમાણે છેઃ—નાસ્તિક ચાર્વાકાદિકના શાસ્ત્ર, બૃહસ્પતિએ દૈત્યસંમોહન માટે કરવાથી બ્રહ્મા કોપ્યા અને શાપ દીધો ત્યારે તેઓ મણ્ડનમિશ્ર નામે પૃથ્વીમાં અવતર્યા. ૪ શંકરની પ્રેરણાથી નંદિકેશ્વર થયા એમ કોઈ કોઈનો મત છે, ૫ પૂર્વે સર્વજ્ઞ મુનિયો વેદનું અધ્યયન કરતા હતા. તેવામાં મહા કોપવાળા દુર્વાસા વેદ ભણવાના સ્વર લેતાં ભુલ્યા તેથી સરસ્વતીને હસવું આવ્યું. પોતાનું અપમાન થેલું ગણીને તેમણે શાપ દીધો કે, "હે વિનય વિનાની, મૃત્યુલોકમાં તું જન્મ લે." ત્યારે ક્ષમા ઈચ્છતાં મોક્ષની અવધી ઠરાવી કે, "જ્યારે શંકર મનુષ્ય અવતાર ધારણ કરશે ને તેમના દર્શન થશે ત્યારે દેવપણાને પામીશ."

સર્વ કોઇને ઘણું આશ્ચર્ય લાગ્યું. સરસ્વતીએ વિશ્વરૂપ(-મંડનમિશ્ર)ની કીર્તિને સાંભળી. વિશ્વરૂપે (-મંડનમિશ્રે) સરસ્વતીની કીર્તિને સાંભળી. તેથી પરસ્પરને જોવાની ઈચ્છા થઈ. પછી પરસ્પરના મળવાથી અને પ્રેમથી એ બન્નેના માતાપિતાએ, પરસ્પરની ઈચ્છાથી-પ્રેમથી પરણાવ્યાં. કન્યાના માતાપિતા આવીને વેહેવાઇને કહેવા લાગ્યાં કે, "જેમ નાનુ બાલક કાંઈ સમજતું નથી તેમ આ અમારી પુત્રી કશું સમજતી નથી. બાલકોમાં તે હજુ તો દડા વગેરેથી રમે છે. ભૂખ લાગે છે ત્યારે ખાવાનું માંગીને ખાય છે. કદી તમે પૂછશો કે તેને ઘરકામ કેમ શિખવ્યું નહિ તો એ અમને ઘણી લાડવાઈ છે તેથી અમોએ હજુ તેને કંઈ શિખવ્યું નથી માટે તમે એનું પુત્રીપ્રમાણે રક્ષણ કરજો. તમારે જે કામ એને બતાવવું હોય તે મીઠી વાણીથી કહેજો પણ કઠોરવાણીથી કશું કહેશો નહિ. કારણ કે, કેટલાકનો એવો સ્વભાવ હોય છે કે ફુસલાવી-પટાવીને કામ કરાવવાથી બધું કામ કરે છે પણ જો જરા પણ ધમકાવીને કહે તો આડાઈ કરે છે. ગમે તેવું માણસ વાણીથી વશ થાય છે. એક દીવસે આ પુત્રીને જોઇને એક બ્રાહ્મણે કહ્યું કે, "આ બાલિકા કોઈ દેવાંશી છે. માટે એની પ્રત્યે કઠોરતા વાપરવી નહિ. એનામાં સર્વજ્ઞપણુ દેખાય છે. આ બાલિકા બે મોટા પંડિતના વાદ-વિવાદમાં સાક્ષીરૂપ થશે." તેથી અમે એને ઘણા લાડથી ઉછેરેલી છે.

આ કન્યાની સાસુને પણ મારા તરફથી કહેજો કે, તમારે આશરે એને સોંપી છે. માટે ઘરમાં તેની પાસે ધીમે ધીમે કરવાનું કામ બતાવજો. વહુની પૂરતી સંભાળ સાસુથી જ લેવાય છે. ભૂળે બાળક છે તેથી સહજ વાતમાં ભુલથી કંઈ વાંકુ ચુંકું થાય તો સંભાળી લેજો તેમ જ ફરીથી તેમ ન થાય માટે ધીરેથી શિખામણ દેજો."

ઉપર પ્રમાણે પોતાના વેહેવાઈને કહ્યા પછી કન્યાની માતા કન્યાને નીચે પ્રમાણે શિખામણ દે છે.

માતા કહે છે—"હે વત્સે, તું હવે અમારા ઘરની પુત્રી મટીને સસરાના ઘરની વહુ થઈ છે. લોકોમાં તારી હાંસી થાય એવી રમતો હવે કદી તું રમીશ નહિ. હવેથી બાલચેષ્ટા મુકી દેજે. જ્યાં સુધી પાણીગ્રહણ થયું નહોતું ત્યાં સુધી તારૂં રક્ષણ અમે કરતાં હતાં પણ હવે તું તો પતિથી રક્ષાને પામીશ. માટે તું પતિને શરણે જ રહેજે કે જેથી આ લોક તથા પરલોકમાં જય પામીશ. હે પુત્રી, પતિયે જ્યાં સુધી ભોજન કર્યું ન હોય ત્યાં સુધી તું ભોજન કરીશ નહિ. પતિ દૂર પ્રવાસે જાય ત્યારે અલંકાર આદિને સજીશ નહિ. સ્નાન આદિ ભોજન કાર્યમાં પૂર્વાપર નિયમ છે તે પ્રમાણે તું ખંતથી ચાલજે. આ બાબતમાં સન્નારિયોના ચરિતો તારા જાણવામાં જ છે. કદી તારી કંઈ ભૂલ થાય તે માટે પતિ કોપ કરે તો તારે જરા પણ સામું બોલવું નહિ પણ ક્ષમા ઇચ્છવી. વળી હે દિકરી, જ્યારે પતિ ત્હારાથી ઘણો પ્રસન્ન થાય ત્યારે તું અધિક પ્રસન્ન થઇશ નહિ પણ જાણે બી-હીતી હોય તેમ રહેજે. સ્વામિવિના તું પરપુરુષની જોડે બોલીશ નહિ. જો પતિને કાંઈ શંકા આવે તો તે પરસ્પરના સ્નેહને નાશકર્તા છે. વળી દિકરી, સાંભળ: પતિ બહારથી આવે છે જાણીને હાથ-માંનું કામ પડતું મુકી તેની ઇચ્છા પ્રમાણે પાણીથી પગ ધોજે. તારૂં ખરેખરૂં સુખ તો પતિ જ છે. પતિ ઘેર ન હોયત્યારે ગુરુજન, મિત્ર આદિ ઘેર આવે તો ઘણા માનથી તેમનો આદર સત્કાર કરજે; તેમ જ તારા પતિના ભાઇઓ, બેનો, સાસૂ અને સસરાનું કહ્યું કહેતાં વાંત જ કરજે."

પછી વર વહુ પોતાના ગામમાં, જાન અને સગાવહાલાં સાથે આવ્યાં. જેમ શ્રીકૃષ્ણ પરમાત્મા છતાં બાલલીલાથી બધાને મોહ પમાડતા હતા તેમ શ્રીશંકર સર્વજ્ઞ છતાં બાળવયને યોગ્ય એવી સઘળી ચેષ્ટા કરીને પોતાના માતા પીતા, સગાંવહાલાં—સર્વને આનંદ આપતા હતા.

સર્ગ ૪ થો. શંકરચરિત્ર વર્ણન.

શ્રીશંકરે બાલવયોચિત લીલાથી બધાને આનંદ પમાડતાં પ્રથમવર્ષમાં અક્ષરજ્ઞાન મેળવીને દેશભાષા જાણી લીધી. બે વર્ષ થયાં ત્યારે અક્ષરોને વાંચવાનું જ્ઞાન મેળવ્યું. ત્રીજે વર્ષે કાવ્ય, પુરાણ અને કોષાદિનું જ્ઞાન સંપાદન કર્યું તેમ જ પોતાની મેળે જ તેના અર્થને જાણવાની શક્તિ પામ્યા. શ્રીશંકરની બુદ્ધિ એવી તો તેજ હતી કે ગુરુ મુખથી પણ એક વખત સાંભળતાની સાથે શિખવેલું આવડતું હતું. આવા શિષ્ય ઉપર ગુરુની પરમ પ્રીતિ કેમ ન થાય?

ત્રીજે વર્ષે શિવગુરુએ શંકરનો ચૌલસંસ્કાર કર્યો. પુત્રનું સુખ પૂર્ણ સંસ્કારવાળા છતાં તેનો લાભ લેવા શિવગુરુ રહિ શકયો નહિ પણ શંકરની ત્રણ વર્ષની કાચી વયમાં મૃત્યુને પામ્યો. તેનું ઔર્ધ્વદૈહિક કર્મ કર્યું. એના મૃત્યુને એક વર્ષ વ્યતીત થયા પછી પાંચમે વર્ષે શંકરનું ઉપનયનવિધાન કર્યું.

પછી શંકરે ગુરુ પાસેથી [1]છ અંગસહિત ચારે વેદનું ક્રમે કરીને અધ્યયન કર્યું. ગુરુપાસે બીજા જે જે વિધાર્થિઓ હતા તે સર્વમાં શંકરની હુશિઆરી કોઈ જૂદા જ પ્રકારની હતી. ગુરુ પણ સ્વતઃ ઘણા આશ્ચર્યને પામતા હતા. તેમણે તર્કશાસ્ત્ર, સાંખ્ય, યોગ અને ભટ્ટપાદનાવાર્તિનું જ્ઞાન મેળવ્યું હતું. ૬

આવા શંકર ગુરુપાસે રહિને અધ્યયન કરતા હતા છતાં કોઈ કોઈ વખત મિત્રો સાથે ભિક્ષા મેળવવા પણ બહાર જતા હતા. એક દિવસે એક ગરીબ બ્રાહ્મણને ત્યાં ગયા એટલે ઘરમાંથી તે બ્રાહ્મણની સ્ત્રીએ કહ્યું કે, "હું ખરેખાત મંદભાગિની છું કે તમારો સત્કાર કરી શકતી નથી. અમે નિર્ધન છઇયે તેથી તમને ભિક્ષા આપવાને શક્તિમાન્ નથી. ધીક્કાર છે અમારા જન્મને" એમ કહિ ઘરમાં જઈ એક આમળું આણીને શંકરને આપ્યું. શંકર પ્રસન્ન થયા. દારિદ્રય ટાળવા માટે શંકરે લક્ષ્મીજીનું ધ્યાન ધર્યું એટલે લક્ષ્મીજી પ્રત્યક્ષ શંકર પાસે પ્રકટ થઈ કહેવા લાગ્યાં કે, "આ બ્રાહ્મણે પૂર્વે સુકૃત કર્યું નથી તો આ જન્મે મારી કૃપાને પાત્ર શી રીત્યે થશે?" ત્યારે શંકર જવાબ આપે છે કે, "જો હું તમારી કૃપાને પાત્ર હોઉં તો આજે મને તેણે આમળાનું ફળ આપ્યું છે તેનું ફળ તમે એને આપો" એટલે લક્ષ્મીજીએ પ્રસન્ન થઇને એ બ્રાહ્મણનું ઘર સોનાના આમળાથી ભરી દઈ પોતે પછી અંતર્ધાન થયાં. બીજાઓએ આ વાત જાણી તેથી આખા ગ્રામમાં આશ્ચર્યની સાથે આ વાત ચર્ચાવા લાગી અને શંકરની અદ્‌ભુતશક્તિના સર્વે ઠેકાણે વખાણ થવા લાગ્યાં.

સર્ગ પાંચમો, શંકરે સંન્યાસ લીધાનું નિરૂપણ.

ગુરુને ત્યાં સાત વર્ષ સુધી વેદશાસ્ત્રાદીને ભણીને શંકર ઘેર આવ્યા અને પોતે વેદનું અધ્યયન અને અધ્યાપન કરતા માતાની સારી સેવા કરવા લાગ્યા. માતા, પુત્રનું કોમલ બોલવું, બુદ્ધિ અને સુંદર શરીર જોઇને ઘણી હરખાતી હતી.

એક દિવસે શંકરની માતા શ્રીઅંબિકા નદીએ નહાવા ગયાં. ઉનાળાનો દિવસ હતો. તાપને લીધે માતાના પગ બળવા લાગ્યા અને ઘેર આવતાં વાર થઈ તેથી પોતે જાતે જઈને માતાનું સાંત્વન કર્યું. પછી બીજે દિવસે, પોતાની માને પડેલી અગવડ જોઈ નદીને પોતાના ઘર આગળ આવવા સ્તુતિ કરી. તેમની સ્તુતિથી પ્રસન્ન થઈને નદીએ વરદાન દિધું કે "કાલે હું તારા ઘરની પાસે આવીશ." બીજે દિવશે તે પ્રમાણે થયું તેથી લોકોમાં ઘણું આશ્ચર્ય ફેલાયું. આવી શંકરની કીર્તિ સાંભળીને, કેરલદેશના રાજશેખર રાજાએ પોતાને ત્યાં તેમને તેડી લાવવા પોતાના પ્રધાનને મોકલ્યો.

પ્રધાન ભેટ મુકવાની સામગ્રી સહિત શંકરની પાસે આવ્યો અને પોતાને આવવાનું કારણ કહિ સંભળાવ્યું. પછી રાજાએ મોકલેલી ભેટો વગેરે સ્વીકારવાનું કહિ કહ્યું કે, "આપ કૃપા કરી રાજગૃહ પવિત્ર કરશો એવી રાજાની ઇચ્છા છે." ત્યારે આચાર્ય કહે છે કે, "અમારૂં ભિક્ષા એ જ ભોજન છે. મૃગચર્મ પહેરવું, ત્રિકાળ સ્નાન આદિ કષ્ટસાધ્યકર્મ કરવું એ જ અમને સુખદાયક છે. અમારૂં, શાસ્ત્રયુક્ત કર્મ મુકીને આ હાથી, ઘોડા આદિને લઈને શું કરીએ? વળી અમારે તેનું કામ પણ શું છે? માટે હે પ્રધાન, મારૂં કહ્યું માનીને પાછા જાઓ. અને રાજાને કહો કે, "તમોએ મોકલેલી વસ્તુની ઇચ્છા નથી" આચાર્યની આજ્ઞા પ્રમાણે પ્રધાન રાજા પાસે આવ્યો અને બનેલું વૃત્તાંત કહિ સંભળાવ્યું, ત્યારે રાજા પંડે આચાર્યને મળવા સારૂ આવ્યો. વેગળેથી આચાર્યને જોઈ ઘટિત મર્યાદામાં રહિ અધિક ભાવથી નીચા નમીને સાષ્ટાંગ પ્રણામ કર્યો. પછી શંકરે રાજાનું કુશળ પૂછતાં પહેલાં એક હજાર સોના મોહોર અર્પણ કરીને પોતાના રચેલાં ત્રણ નાટકો વાંચી સંભળાવ્યાં. શૃંગાર આદિ રસોથી પૂર્ણ એવાં એ ત્રણ નાટકો સાંભળીને રાજાની બુદ્ધિબલના ઘણા વખાણ કર્યા અને કહ્યું કે, "રાજા, આ દ્રવ્યની મારે ઇચ્છા નથી માટે પાછું લેવું અને જો મરજી હોય તો એકાદ દેવાલય બંધાવવું એટલે થયું. હવે તમારી જે ઇચ્છા હોય તે માંગો." રાજા શ્રીશંકરની વાણીરૂપી અમૃતથી સંતોષ પામીને કહેવા લાગ્યો કે, "અમારે સંતાન નથી માટે તે થવાની ઇચ્છાને પૂર્ણ કરો."

---

[1] શિક્ષા, કલ્પ, વ્યાકરણ નિરુક્ત, છંદ અને જ્યોતિષ.

આચાર્યે કહ્યું કે, "તમને ત્હારા જેવો જ પરાક્રમી અને બુદ્ધિમાન્ પુત્ર થશે" એમ કહિ જવાની રજા આપી.

રાજા પોતાના નગરમાં આવ્યો. એક દિવસે શંકરે પૃથ્વી ઉપર અવતાર લીધો છે જાણીને તેમને મળવા માટે ઉપમન્યુ, દધીચી, ગૌતમ, ત્રિતલ, અગસ્ત્ય આદિ મુનિયો આવ્યા. તેમની પૂજા કરીને શંકર તથા તેમની માતા અધિક આનંદ પામ્યાં.

મુનિયો તથા શંકર મોક્ષ સંબંધી વાતો કરવા લાગ્યા ત્યારે શંકરની માતાએ આવીને એ મુનિયોને "આપના પધારવાથી અમે કૃતાર્થ થયાં છિયે" કહિ પૂછવા લાગ્યાં કે, "આ બાલક ઘણી નાની વયમાં બધાં શાસ્ત્રો શિખી રહ્યો છે. તેનો મહિમા પણ મને અધિક આશ્ચર્ય કરે છે તેથી જો મને કહિ શકાય તેમ હોય તો એનું વૃત્તાંત કહો" ત્યારે અગસ્ત્ય મુનિયે કહ્યું કે, "આ સાક્ષાત્ શિવ છે. પૂર્વે પુત્રની ઇચ્છાથી તમારા પતિયે શંકરને પ્રસન્ન કર્યા હતા તેથી તે શંકરે પ્રસન્ન થઈને કહ્યું કે, "સો વર્ષની વયનો અસર્વજ્ઞ પુત્ર માંગો અથવા અલ્પ આયુષ્યવાળો સર્વજ્ઞ પુત્ર માંગો." ત્યારે તેમણે સર્વજ્ઞ પુત્રની માંગણી કરી. તેથી શિવ પોતે અવતર્યા છે"–પાછી સતિ પૂછે છે કે, "હે મુને, આ પુત્રનું આયુષ્ય કેટલું છે તે કૃપા કરી કહો." અગસ્ત્ય કહે છે.—"આ પુત્રનું સોળ સંવત્સર આયુષ્ય છે, તથાપિ કેટલાક કારણોથી બીજા સોળ સંવત્સર આ પૃથ્વી ઉપર નિવાસ કરશે."

આ પ્રમાણે કહિને સર્વે મુનિયો શંકરની આજ્ઞા માગી પોતપોતાને સ્થળે ગયા. શંકરની માતાને પોતાના દીકરાનું અલ્પ આયુષ્ય છે જાણીને ઘણો ખેદ થયો અને ચોધારે આંસુએ રડવા માંડયું ત્યારે,

શ્રીશંકર કહે છે, "માજી, આ સંસાર ક્ષણિક છે તે તમે સારી રીત્યે જાણો છો છતાં શા સારૂં શોક કરો છો? આમ શોક કરવો તમને ઘટતો નથી. આ સંસાર જાણે જૂદા જૂદા દેશના પ્રવાસિયો ભેગા થયા હોય ને ઘડી પછી જે જ્યાંના હોય ત્યાં જેમ જતા રહે તેવો છે. મા કોણ, દિકરો કોણ? કેટલાએ જન્મ ધર્યા હશે. માટે મિથ્યા શોક કરવો મુકી દો. સંસારના બંધનમાંથી છુંટવા માટે હજુ તો હું ચતુર્થાશ્રમ અંગિકાર કરવાનો છું." આવું સાંભળતાંની સાથે સતીના દુઃખની સીમા રહિ નહિ.

સતી કહે છે.-"હવે એ વિચાર તું છોડી દે. મારૂં કહ્યું માન. ગૃહી થા. પુત્રવાળો થા. યજ્ઞાદિકથી દેવોની પૂજા કર. પછી ચતુર્થાશ્રમને પામીશ; સ્મૃતિમાં કહ્યું છે કે, "**ऋणानित्रीण्यपाकृत्यमनोमोक्षेनिवेशयेत्**—ત્રણ ઋણ ફેડ્યા પછી મોક્ષમાં પ્રવેશ કરો" મારે તું એક જ પુત્ર છે. હું મરી જઈશ ત્યારે મારી ઉત્તરક્રિયા કોણ કરશે? વળી તું સર્વજ્ઞ છતાં મને ઘડપણમાં એકલી મુકીને જઇશ? જ્ઞાનીઓ દયાવાન્ હોય છે તો તારામાં દયા કેમ દેખાતી નથી? તું મને તજી દેવાને હજી યોગ્ય નથી."

માતાના મનનું સમાધાન કરવા "માતાજી, શોક છોડી દો. હું નદીએ નાહીને આવું છું" કહિ શંકરાચાર્યે નદીમાં નહાવા માટે ગયા. નહાવા માટે ઊંડા પાણીમાં પેઠા કે મગરે તેમના પગને પકડયો એટલે ધાંટા પાડીને શંકર પોતાની માતને બોલાવવા લાગ્યા. પુત્રનુ ઘાંટા પાડીને બોલાવવું સાંભળીને માતા દોડી આવ્યાં. એટલે શંકરે કહ્યું કે, "મગરે મારો પગ પકડયો છે. મને તે ખેંચે છે માટે માજી, હું શું કરૂં?" આ સાંભળી માતાએ ઘણો જ શોક કરીને રડવા માડયું.

એટલામાં શંકર માતાને કહે છે કે, "માજી, જો હું આજથી જ સંન્યસ્ત લેવાનો સંકલ્પ કરૂં તો હું ધારૂંછું કે, મગર મારો પગ છોડશે. માટે માજી, જો તમારી આજ્ઞા હોય તો હું સંન્યસ્ત લઉં."

માતાએ તુરત વેળા એવો જ વિચાર કર્યો કે, સંન્યસ્ત લેવાની આજ્ઞા આપતાં મારાં પુત્રના દર્શન તો મને થશે તેથી તુરત તેમ કરવાની આજ્ઞા આપી. એટલે તુરત જ મગરે શ્રીશંકરનો પગ છોડી દીધો. પછી શંકર કિનારા ઉપર આવ્યા અને માતાને કહેવા માંડયું કે, હું "સંન્યાસ્તને યોગ્ય કર્મો કરવાને તૈયાર છું. તમારા મનમાં કદી એમ આવતું હોય કે, ઘરડપણમાં મારી ચાકરી કોણ કરશે અને મને જોઈતું કોણ પૂરૂં પાડશે તો તે માટે ફિકર કરશો નહિ. કારણ કે આપણા ઘરમાં જે જોઈએ તે છે અને આપણા સગાવહાલાં તમારી સંભાળ લેશે. વળી તમારા મનમાં એમ આવતું હોય કે મંદવાડમાં મારી સંભાળ કોણ લેશે તેમ જ મરીજવાય તો અગ્નિસંસ્કાર કોણ કરશે તો તમારા સપિણ્ડ પુરુષો તમારી ખબર અંતર લેશે અને દેહને ઘટિત એવા સંસ્કાર તેઓ કરશે."

"સપિણ્ડ પુરુષો..................કરશે" એવું પુત્રનું વચન સાંભળી ન શકાયાથી માતા કહે છે કે,

"મ્હારો જ્યારે દેહ પડે ત્યારે ત્હારે હાથે જ અગ્નિસંસ્કાર થવો જોઈએ. સંન્યાસીને તેમ કરવાનો અધિકાર નથી એમ જાણી જો તું તેમ કરવા ના કહેતો હોય તો (અગસ્ત્ય મુનિના કહેવા પ્રમાણે) તું સાક્ષાત્ શંકર છે તેથી તને કશો બાધ નથી. મૃત્યુ પછી જો ત્હારે હાથે આગ પણ હું ન પામું તો જન્મ ધર્યાનું ફળ—અન્નેને શું? અગ્નિસંસ્કારાદિ પુત્રને હાથે જ થવાં જોઈએ એવું શાસ્ત્રપ્રમાણ છે તેથી તે કર્યા શિવાય તારો છુટકો નથી."

શંકર કહે છે કે, "માજી, મને દુખની કે અંતકાળની વખતે જ્યારે સંભારશો ત્યારે હું આવીશ અને અગ્નિસંસ્કારાદિને કરીશ, પણ માજી, મારૂં જરા સાંભળો: તમારા મનમાં કદી પણ એવું લાવશો નહિ કે, આ બાલક, મારા ઘરડપણની વખતે મને તજીને સંન્યાસી થયો. જો આવું કદી પણ મનમાં ધારશો તો મને ઘણું દુઃખ પ્રાપ્ત થશે. હું જ્યાં હોઈશ ત્યાં રહ્યો રહ્યો તમને અધિક ફલ, હું તમારી પાસે હોઉં તે કરતાં કરી આપીશ." પછી શંકરે પોતાના સગા વહાલાઓને પોતાની સંન્યસ્ત લેવાની વાત કહિને માની સોંપણી કરી. પોતાના ઘરની પાસે વેહેનારી નદીના ઘસારાથી શ્રીકૃષ્ણની મૂર્તિ હાલીને સ્થાનભ્રષ્ટ થઈ હતી ને ત્યાંથી એવો આવાજ સંભળાયો કે, "નદીના ઘસારાથી સ્થાનભ્રષ્ટ થવાયું છે. માટે મારી યોગ્ય ઠેકાણે સ્થાપના કરો." તેથી શંકરે તે મૂર્તિની પોતાના ઘરની પાસે સ્થાપના કરી, તેની પૂજા વિગરે કરવાની ગોઠવણ કરીને માજીની આજ્ઞા લઈ, સંન્યસ્ત લેવા માટે ઘરમાંથી ચાલી નિકળ્યા.

નાના પ્રકારના વન, ગ્રામ, નગરો નદીઓ આદીને ઓળંગી નર્મદાની તટના વનમાં કે જ્યાં [1]ગોવિંદનાથનો આશ્રમ હતો ત્યાં સાંજની વખતે આવ્યા. રસ્તામાં ઘણે ઠેકાણે અદ્વૈતવિરોધિયોને હરાવતાં, અદ્વૈતસિદ્ધાંતને સ્થપાવ્યો.

આ વનમાં ગોવિંદનાથના આશ્રમની પાસે આવી તેની ત્રણ પ્રદક્ષિણા કરીને સ્તુતિ કરી. આ વખતે ગોવિંદનાથનું ચિત્ત સમાધિમાં હતું છતાં પણ ત્યાંથી ચિત્ત ખસેડીને પોતે ઉઠી બહાર આવી શંકરને પૂછ્યું કે "તું કોણ છે?" ત્યારે તેમણે ઉત્તર આપ્યું કે,

> સ્વામી ન હું છું પૃથિવી, નહિ નીર, તેજ, છું વાયુ ના, ગગન ના, નહિ ગુણ એહ;
> છું ઇંદ્રિયો ન પણ એ અવશિષ્ટ ના છું, જે એક છે પરમ તે શિવરૂપ હું છું.

અર્થઃ—હે સ્વામિન્, હું પૃથ્વી નથી, હું જલ નથી, હું તેજ નથી, હું વાયુ નથી, હું આકાશ નથી, હું તેનો ગુણ નથી, હું ઇંદ્રિયો નથી પણ તેથી જૂદુ જે કેવળ પરમ શિવરૂપ તે જ હું છું.

ત્યારે ગોવિંદનાથે કહ્યું કે "સાક્ષાત્ શંકરરૂપ છો તે જાણ્યું." પછી શંકરે પાસે આવીને ગુરુની પાદપૂજા કરી. જેને ગુરુના ઉપદેશની પણ જરૂર નથી એવા શંકરને પરંપરાની રીતિ પ્રમાણે ગોવિંદનાથે ચારે વેદના મહાવાકયનો બોધ કરીને પરમહંસ દીક્ષા આપી.

ગુરુને ત્યાં શંકર રહેવા લાગ્યા. એક દિવસ નદિએ મોટું પૂર આવ્યું. આસપાસના ઝાડો અને તટ ઉપર રહેનારા લોકોને હરકત થવા લાગી—પૂરથી તે લોકો તણાવા લાગ્યા ત્યારે પોતાના કમંડલુને મંત્રાવાહન કરી નદીના પૂરને તેમાં સમાઈ જવાની આજ્ઞા કરી. તેથી તે તેમાં સમાયું અને લોકો દુઃખથી મુક્ત થયા.

પછી ગોવિંદનાથે કહ્યું કે, "તમારો અવતાર વૈદિકધર્મના સ્થાપન માટે છે માટે અહિંથી કાશીમાં જઈને રહો" ગુરુની આજ્ઞાને માન આપી પોતે કાશી ક્ષેત્રમાં આવ્યા ને ત્યાં વિશ્વેશ્વરનું પૂજન કરતા કેટલાંક દિવસ સુધી રહ્યા.

સર્ગ છઠ્ઠો. બ્રહ્મ વિદ્યાનું સ્થાપન-વર્ણન.

એક દિવસે શંકરાચાર્યની પાસે વેદભણીને પ્રવીણ થયેલો એક બ્રાહ્મણનો દિકરો તેમના દર્શન કરવા માટે આવ્યો અને આવીને તેમના ચરણ કમળમાં પડ્યો ત્યારે આચાર્યે તેના માથા ઉપર હાથ મુકી ઉઠાડયો.

શંકરાચાર્ય પૂછે છે કે, "તું કયા ગામનો છે, જાતે કોણ છે ને કયાંથી આવ્યો છે?"

[1] વ્યાસના પુત્ર શુકદેવજી; તેમના ગુરુ ગૌડપાદ અને તેમના શિષ્ય ગોવિંદનાથ.

બ્રાહ્મણનો પુત્ર કહે છે કે "કાવેરી નદી જ્યાં વહે છે તે ચોલદેશમાં મારૂં ઘર છે. હું બ્રાહ્મણપુત્ર છું. મહાપુરુષના દર્શન માટે બધે ભમું છું. ભમતો ભમતો અહિં આવી ચડયો છું. સંસારસાગરમાં ડુબતાં બિહુછું તેથી મને તારશો એવી મારી નમ્ર પ્રાર્થના છે. આપ સર્વજ્ઞછો એટલે હું વધારે શું કહું? આપ મારા ગુણદોષાદિકને ન જોતાં સંસારસાગરમાંથી તારીને મ્હારો ઉદ્ધાર કરો."

ત્યારે શંકરાચાર્યે બ્રાહ્મણના પુત્રની અચલ ભક્તિ જોઈ તેને કૃપા કરી સંન્યસ્ત દિક્ષા દિધી. આ સનંદન નામે આચાર્યના પ્રથમ શિષ્ય તરીકે ઓળખાય છે. કાશીવિશ્વેશ્વરના બીજા પણ ઘણા એક શિષ્યો હતા તે પણ આચાર્યના શિષ્યપણાને પામ્યા.

એક દિવસે બપોરની વખતે શંકરાચાર્યે આન્હિક કરવા માટે પોતાના શિષ્યો સહિત ગંગા ઉપર સિધાવ્યા. નદીએ જતાં રસ્તામાં ચાર ભયંકર કુતરા સાથે લઈને કોઈ ચાણ્ડાલ સામો આવતો જોઈને આચાર્યે તેને કહ્યું કે, "અરે ચાણ્ડાલ, તું દૂર જા." ચાણ્ડાલ કહે છે.—"બ્રહ્મ એક છે, અદ્વિતીય છે, નિરવદ્ય છે, અસંગ છે; સત્ય, જ્ઞાન, અનંત, અખંડ એવું તેનું રૂપ છે. આત્મા પણ અદ્વિતીય છે. એવું વેદજ્ઞ પુરુષો કહે છે. ત્યારે વેદાંતમાં કુશલ એવા તને આવી ભેદબુદ્ધિની કલ્પના છે એ આશ્ચર્ય છે. ભગવાં વસ્ત્ર, હાથમાં દંડ, કમંડલ, બોલવામાં ચતુરાઈ, જ્ઞાન ગંધથી રહિત એવા સંન્યાસિયો પોતાના વેશથી ગૃહિયોને ઠગે છે તેમ તો નથી? મને તું દૂર જવા કહે છે તો તું મારા દેહને દૂર જવા કહે છે કે, આત્માને? જો દેહને દૂર જવાને કહેતો હોય તો તે અન્નમય છે. શું તે ત્હારા દેહ જેવો નથી? જો આત્માને માટે કહે તો હોય તો તે ત્હારા કરતાં જૂદો છે? અર્થાત્ ત્હારો ને મ્હારો આત્મા જૂદો નથી. જેમ સૂર્યનું પ્રતિબિંબ મદિરા અને ગંગાજલમાં પડે છે છતાં સૂર્ય જૂદો નથી તેમ જ બ્રાહ્મણ અને ચાણ્ડાલના શરીર જૂદા છતાં આત્મા તો એક જ છે. હવે જો તું કદિ દેહને માટે એમ કહે કે, લૌકિક રૂઢીના સંપ્રદાયથી આ ચાણ્ડાલ અને આ બ્રાહ્મણ છે એવું ધારીને "દૂર જા" એમ કહ્યું છે તો ત્હારા જેવા જ્ઞાનીને તુચ્છ એવી લૌકિક રૂઢિને સંગ્રહ કરવી શોભતી નથી. ત્હારા જેવો તત્ત્વજ્ઞાની પરમેશ્વરની માયાવી ઈન્દ્રજાલમાં મોહ પામેલો જોઈને મને ઘણો આશ્ચર્ય થાય છે.

શંકરાચાર્ય કહે છે "મહારાજ, આપ ચાણ્ડાલ નથી પણ કોઈ મોટા પુરુષ છો. મારી ભેદબુદ્ધિનો ત્યાગ થઈ ગયો. આપ કહો છો તે સત્ય છે. એટલામાં જ શંકરાચાર્યની ભેદબુદ્ધિ જતી રહેલી જોઈ તે ચાણ્ડાલે પ્રત્યક્ષ પોતાનું શંકરરૂપ ધારણ કર્યું. એટલે શંકરાચાર્યે શાક્ષાત્ શંકરને જોઈને, સાષ્ટાંગ પ્રણામ કરી કૃપા તેમની ઈચ્છી નમ્ર વચને કહ્યું કે, "જીવદૃષ્ટિથી હું આપનો અંશ છું આત્મદૃષ્ટિથી જોતાં આપ તે જ હું છું. તેને માટે "तत्त्वमसि" એવું (સામ) વેદનું મહાપણ વાક્ય પ્રત્યક્ષ પ્રમાણ છે." શિવ કહે છે "હું પ્રસન્ન થયો છું. સર્વ શિષ્ટાગ્રણી વ્યાસજીએ સર્વ વેદના સારરૂપ, "अथातो ब्रह्मजिज्ञासा । जन्माद्यस्य यतः । शास्त्रयोनित्वात् । तत्तु समन्वयात् ।" ઈત્યાદિ સૂત્રો કરેલાં છે. કલિ પ્રભાવને લીધે કલિદોષયુક્ત મરજીમાં આવે તેવા કુત્સિત મતવાળાઓએ ભાષ્ય કર્યાં છે. તેથી તેના ઉપર ખરેખરૂં ભાષ્ય કર. કારણ કે, તું તત્ત્વજ્ઞાની છે. તારૂં ભાષ્ય ઈંદ્રાદિ દેવો પણ માન્ય રાખશે. બધે ત્હારી કીર્તિ તથા જય થશે તેમ જ બ્રાહ્મણની સભામાં પણ ત્હારૂં પૂજન થશે અને વળી ભેદાભેદવાદી ભાસ્કર, શાક્તમતવાદી અભિનવગુપ્ત, ભેદવાદી નીલકણ્ઠ, શૈવમતવાદી ગુરુપ્રભાકર, તથા ગુરુમતવાદી મંડનમિશ્ર એ આદી પંડિતોને જીતીને અદ્વૈતના પરમ તત્ત્વનું સ્થાપન કર અને અદ્વૈતમતના રક્ષણ માટે તે તે સ્થળે તારા શિષ્યોને રાખ. પછી કૃતકૃત્ય થઈ મારા ધામમાં આવજે." આટલું કહિને શંકર અંતર્દ્ધાન થયા.

પછી શંકરાચાર્ય પણ પોતાના શિષ્યોસહિત ગંગા ઉપર ગયા. ત્યાં આન્હિક આદિ પોતાને જે જે કરવાનું હતું તે કરીને લોકનાં હિતને માટે ભાષ્યાદિ કરવાનો નિશ્ચય કર્યો. ત્યાંથી શિષ્યો સહિત ફરતા ફરતા બદરિકાશ્રમમાં જઇ પહોંચ્યા.

આ વખતે શંકરાચાર્યની ઉમ્મર બાર વર્ષની હતી. બદરિકાશ્રમમાં કેટલાક દિવસ રહિને સુંદર, ગંભીર અને મધુર એવા[1] બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય રચ્યું. તેમ જ બ્રહ્મવિદ્યા પ્રતિપાદક [2]દશ ઉપનિષદ્

૧ જેમાં બ્રહ્મવિદ્યાનું પ્રતિપાદન છે એવા વ્યાસજીએ રચેલા સૂત્રોને ઉત્તરમીમાંસા કહે છે તે. ૨ ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુણ્ડક, માણ્ડુક્ય, તૈત્તિરેય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, એ દશ ઉપનિષદ્ છે.

ઉપર, **મહાભારતમાંની** તત્વરૂપ **ભગવદ્ગીતા** ઉપર, **ભારતમાંના સનત્સુજાતીય** ઉપર અને **નૃસિંહતાપની**નું પણ ભાષ્ય કર્યું. પછી **શંકરાચાર્યે** ઉપદેશસાહસ્રી આદિ અનેક વેદાંતપ્રતિપાદક ગ્રંથ કર્યા.

આ ભાષ્યો પોતાના શિષ્યોને શિખવ્યાં. તેમાં **સનંદન** કે જે શિષ્યોમાં શ્રેષ્ઠ હતો તેને **આચાર્યે** વિશેષે કરીને ત્રણવાર શિખવ્યાં કારણ કે એ બીજા શિષ્યો કરતાં અધિક હુશિયાર અને વૈરાગવાળો હતો.

એક વખતે **શંકરે** શિષ્યની પરીક્ષા જોવા માટે **સનંદનને ગંગાને** સામે કાંઠેથી બોલાવ્યો. નદીમાં પાણી ઘણું હતું છતાં **સનંદને** વિચાર કર્યો કે આ સમર્થ ગુરુની કૃપા હોવાથી સામી તેડે જતાં મને કશી અડચણ નહિ પડે. તેથી **ગંગાની** સામી પાર જવા માટે પાણીમાં પગ મુકીને ચાલવા માંડયું ને ડુબી જવાની બીક જરા પણ રાખી નહિ. **સનંદને** જેવો પાણીમાં પગ મુકયો કે, **ગંગામાં** તેના પગની નીચે કમલ ઉત્પન્ન થયાં અને ત્યારથી **શંકરે** તેનું **પદ્મપાદ** નામ પાડયું.

એક સમયે આચાર્યે પોતાના શિષ્યોને આત્મવિદ્યાનું અધ્યયન કરાવતા હતા. ત્યાં અત્યંત ગર્વવાળા **પાશુપતમતાભિમાનિયો** બેઠા હતા. તેમણે આક્ષેપ કરવા માંડયો કે "કાર્ય, કારણ, યોગ, વિધિ અને દુઃખાંત એવા મોક્ષને સાધનભૂત પાંચ પદાર્થોને **પશુપતિ** ઈશ્વરે કર્યા છે. કાર્ય એટલે મહત્તત્ત્વાદિ, કારણ એટલે મૂલભૂત પ્રકૃતિ છે, યોગ એટલે સમાધિ છે; વિધિ એટલે ત્રિકાળ સ્નાનાદિ છે, દુઃખાંત એટલે મોક્ષ છે. તેમાં મૂલભૂત પ્રકૃતિ એ જગત્‌નું ઉપાદાન કારણ છે. અને **પશુપતિ ઈશ્વર** તે નિમિત્ત કારણ છે. **શ્રુતિ** કહે છે કે, **"स ईक्षां चक्रे स प्राणमसृजत"** (—ઈશ્વરે દૃષ્ટિ કરી ને તેણે પ્રાણ સૃજ્યો.) એ જ પ્રમાણે ઘડાનું કુંભાર એ નિમિત્ત કારણ છે. તેનું પણ સઈક્ષ કરવું છે. માટે બ્રહ્મ એ જગત્‌નું [1]ઉપાદાન કારણ છે એમ જે તમારૂં કહેવું છે તે અસંભવિત છે. કારણ કે, અવયવયુક્ત, જડ, અશુદ્ધાદિ લક્ષણોથી યુક્ત જગત્ છે અને એવા જગત્‌નું ઉપાદાન કારણ બ્રહ્મ છે એ કેમ સંભવે ? તેમ જ જેમાં ઉત્પન્ન થાય છે, તેનો ગુણ—ધર્મ તેનામાં જ રહેવો જોઈએ પણ નિરવયવ, જડ, બ્રહ્મનો જે ધર્મ તે જગત્‌માં દેખાતો નથી તેથી બ્રહ્મ એ જગત્‌નું ઉપાદાન કારણ છે એ મનાય નહિ."

શંકરાચાર્યે પ્રત્યુત્તર દે છે કે, "તમે જે બ્રહ્મથી ભિન્ન, નિમિત્ત અને ઉપાદાન કારણનો સ્વીકાર કરો છો તે બરોબર નથી. બ્રહ્મ વિના બીજાને નિમિત્તકારણત્વ કે ઉપાદાનકારણત્વ માનિયે તો ઉપનિષદ્‌માં જેના જ્ઞાનથી અશ્રુત શ્રુત થાય છે અને અવિજ્ઞાત વિજ્ઞાત થાય છે ઇત્યાદિ છે તેને બાધ આવે છે. નિમિત્તકારણના જ્ઞાનથી કાર્યનું જ્ઞાન થતું નથી તેથી અહિં ઉપદાનકારણને જ ગ્રહણ કરવું જોઈએ. તેને ઠેકાણે જો પ્રકૃતિનું ગ્રહણ કરીએ તો **"एकमेवाद्वितीयम्"** (—બ્રહ્મ એક છે અને અદ્વિતીય છે) આ **શ્રુતિ**વાકયને બાધ એવી રીત્યે લાગે છે કે, જગત્‌ની ઉત્પત્તીને પૂર્વે બ્રહ્મવિના કોઈપણ પદાર્થો જ નહોતા એવું પ્રતિપાદન કરેલું છે તો તેથી પ્રકૃતિને ઉપાદાનકારણ ન માનતાં **"बहु स्यां प्रजायेय"** આ **શ્રુતિ**થી બ્રહ્મને જ માનવો જોઈએ. કાર્યમાં ઉપાદાન કારણનો કંઈ પણ અંશ હોવો જોઈએ એવો તમારો જે મત છે તે પણ બરોબર નથી. કેમકે છાણમાંથી થનારા વીંછી આદિ છે તેને ઠેકાણે છાણનો જરાપણ અંશ માલુમ પડતો નથી. કાર્ય અને ઉપાદાન કારણ એ બેનું સાદૃશ્યપણું પણ આથી સંભવતું નથી. દેહાદિકથી ભેદવાદીને મુકિત પણ મળતી નથી કેમકે દેહાદિકથી થનારા કાર્ય અનિત્ય છે માટે બ્રહ્મ એ જ મુખ્ય માનવું જોઇએ. આ **પ્રમાણે** ઘણે ઘણે પ્રકારે તેમના મતનું ખંડન કર્યું. એટલે **પાશુપતમતાનુયાયીઓએ** પોતાનો મત પડતો મુકીને આચાર્યના મતને ગ્રહણ કર્યો.

પછી **દક્ષિણમાં રામેશ્વરથી** તે **ઉત્તરમાં સુમેરૂ** પર્વત સુધી, **પૂર્વમાં ઉદયાચલના** તટથી તે **પશ્ચિમમાં અસ્તાચલના** કિનારા સુધી **શંકરાચાર્યે દ્વૈતમતનું** ઊન્મૂલન કરી **અદ્વૈતમતનો પ્રસાર** કર્યો ને બ્રહ્મવિદ્યા વિજયને પમાડી.

---

1 કાર્યની જોડે કારણ હોય તેને ઉપાદાન કારણ કહે છે જેમકે માટીનો ઘડો કાર્ય છે તેના કારણ રૂપ માટી તે તેની જોડે છે તેથી મૃતિકા પણ ઘડાનું ઉપાદાનકારણ છે.

સર્ગ ૭ મો, વ્યાસનું શંકરાચાર્યને મળવું.

એક દિવસ **વ્યાસ**સૂત્રનું ભાષ્ય પોતાના શિષ્યોને ગંગાના તટ ઉપર શિખવતા હતા. પાઠ આપ્યા પછી વિશ્રાંતી લેવા ઉઠવાના વિચારમાં હતા. એવામાં એક ઘરડા બ્રાહ્મણે આવીને પૂછ્યું કે, "તમે છો કોણ અને આ શિષ્યોને ભણાવો છો શું?" ત્યારે આચાર્યના બોલવા પહેલા જ શિષ્યે ઉત્તર આપ્યું કે, "આ અમારા ગુરુ છે. સર્વ ઉપનિષદ્ અને **વ્યાસ**સૂત્ર ઉપર સ્વતંત્ર અદ્વૈત પ્રતિપાદન કરનાર ભાષ્ય કરીને તે ભાષ્ય અમને શિખવે છે" વેષધારી બ્રાહ્મણ કહે છે કે, "મને ઘણી નવાઇની વાત લાગે છે કે, તમે **વ્યાસ**સૂત્રના ભાષ્યકાર છો. જો તમે જ ભાષ્યકાર હોય તો એકાદ સૂત્રનું વ્યાખ્યાન કરી બતાવો." ત્યારે **શંક**રાચાર્યે કહે છે કે, "હું નિરભિમાનથી આપને યથામતિ વ્યાખ્યાન કરી બતાવું છું," એટલે બ્રાહ્મણે કહ્યું કે, "**વ્યાસ**સૂત્રના ત્રીજા અધ્યાયમાં પ્રથમ "**तदनन्तरप्रतिपत्तौ रंहतिसंपरिष्वक्तः प्रश्ननिरूपणाभ्यां**" સૂત્ર છે તેના તત્પર્યને જો કહિ શકાય તો કહો" એટલે "મરણ વખતે ભૂતસૂક્ષ્મદેહ બીજથી યુકત જીવ એક દેહ મુકીને બીજા દેહમાં જાય છે ત્યારે પંચીકૃત પંચભૂતના સૂક્ષ્મ ભાગથી યુકત થઈને જાય છે." એવું કહ્યું અને **તાણ્ડિ**શ્રુતિમાં [1]**ગૌ**તમે **જૈ**મિનીને પૂછતાં એ જ પ્રમાણે કહેલું છે.

, આ ખુલાસો સાંભળીને ઘણે પ્રકારે ખણ્ડન કરતાં એ બ્રાહ્મણે કહેવા માંડ્યું કે "(૧) આત્મા અને ઇંદ્રિઓ દેહાંતરમાં કર્મોને લીધે વૃત્તિના લાભને પામે છે. એવો **ક**પિલ કૃત **સાં**ખ્યનો સિદ્ધાંત છે તેથી પંચભૂતના અંશ સહિત જીવનું જવું સંભવિત નથી. (૨) વિકલ્પ રહિત આત્મા બીજા દેહમાં વિકલ્પ સહિત વૃત્તિને પામે છે. ભોગ્ય ઇંદ્રિયો દેહાંતરને પામતી નવી થાય છે. એવો **બૌદ્ધ**વાદીઓનો સિદ્ધાંત છે તે પ્રમાણે તમારૂં કહેવું બરોબર નથી. (૩) મન એકલું ભોગસ્થાનમાં જાય છે એવો **ક**ણાદનો સિદ્ધાંત છે તો તે પ્રમાણે પણ તમારૂં કહેવું પ્રમાણરહિત છે. (૪) એક ઝાડ ઉપરથી ઉડીને પોપટ જેમ બીજા ઝાડ ઉપર જાય છે તેમ જીવ દેહાંતરપણાને પામે છે એવો **જૈ**નિયોનો સિદ્ધાંત છે તો તે પ્રમાણે પણ તમારૂં કહેવું બરોબર નથી. (૫) ઇંદ્રિયો સહિત જીવનું એક દેહમાંથી બીજા દેહમાં જવું થાય છે એ **શ્રુ**તિ વિરુદ્ધ છે. જેમ કે, "**यत्रास्य पुरुषस्य मृतस्याग्निं वागप्येति वातं प्राणश्चक्षुरादित्यं मनश्चंद्रमसं दिशः श्रोत्र इत्यादि**" "જ્યારે પુરુષ મરણ પામે છે ત્યારે તેની વાણી અગ્નિમાં ભળે છે, પ્રાણ વાયુમાં ભળે છે, ચક્ષુ **આ**દિત્ય એટલે **સૂ**ર્યમાં ભળે છે, મન **ચં**દ્રમાં ભળે છે, શ્રોત્ર (કાન, શ્રવણેંદ્રિય) દિશાઓમાં ભળી જાય છે." આ પ્રમાણ જોતાં તમારૂં કહેવું પણ બંધ બેસતું નથી. (૬) **શ્રુ**તિમાં સ્વર્ગ લોકરૂપ અગ્નિમાં પ્રથમ શ્રદ્ધારૂપ આહુતિ પડવાનું કહેલું છે પણ જળની આહુતિ પડવાનું કહેલું નથી તો તે પણ અપ્રમાણ છે. (૭) જલની આહુતિનો ક્રમ ચાલતાં પાંચમી આહુતિમાં જલ પુરુષ પ્રમાણે પરિણામ પામે છે એવું માનવું હોય તો માનો પણ "જીવ જલથી વિંટાઈને દેહાંતરપણાને પામે છે" એવું માનવું બરોબર નથી. કારણ કે, **શ્રુ**તિમાં એ પ્રમાણે કહેલું નથી. (૮)**તાણ્ડિ**શ્રુતિમાં જલનું નામ છે તેથી એકલા જલથી વિંટાએલો જીવ દેહાંતર થાય છે એમ મનાય પણ પંચભૂત ભાગથી વિંટાએલો જાય છે એમ મનાય નહિ.

પછી **શં**કરાચાર્યે બ્રાહ્મણના પૂર્વપક્ષોનું આ પ્રમાણે ખંડન કર્યું: (૧) **સાં**ખ્ય[2] એ મનુષ્યકૃત છે અને **વે**દ ઈશ્વર પ્રણીત છે તેમ જ **વે**દથી **સાં**ખ્યમત વિરુદ્ધ છે તેથી તે પ્રમાણ નથી. (૨) **બૌદ્ધ**સિદ્ધાંત માટે એમ જ છે. અર્થાત્ એ **વે**દ વિરુદ્ધ છે. (૩) કણાદ માટે પણ એ પ્રમાણે જ. (૪) **જૈ**નમત માટે પણ એ જ પ્રમાણે. (૫) વાણી વિગેરે ઇંદ્રિયોના અધિષ્ઠાતા અગ્નિ આદિ દેવો કે જે તેમનો ઉપકાર કરે છે તેઓ મરતી વખતે ઉપકાર કરતા નથી તેથી વાણી આદિ ઈંદ્રિયો અગ્નિં આદિમાં મળે છે એમ અપ્રધાન રીતે કહ્યું છે. એ જ **શ્રુ**તિમાં "રૂવાટાં ઔષધિમાં મળે છે અને કેશ વનસ્પતિમાં મળે છે" એમ કહેલું છે પણ રૂવાટાં અને કેશ ઉડીને મળે છે તે દેખાતું નથી. પ્રાણ છોડી એકલા જીવને એક દેહમાંથી બીજા

---

૧ ગૌતમે જૈમિનીને પૂછ્યુ કે, 'પાંચમી આહુતિમાં જલ પુરુષરૂપે પરિણામ પામે છે તે તમે જાણોછો?' ત્યારે 'યજ્ઞ સંબંધી દહિં, દૂધ વિગેરે દ્રવ પદાર્થો રૂપ જલો સ્વર્ગ, મેઘ, પૃથ્વી, પુરુષ, સ્ત્રી એ પાંચ અગ્નિયોમાં હોમતાં પાંચમી આહુતિ સ્ત્રીમાં હોમાય છે ત્યારે પુરુષરૂપે પરિણામ પામે છે. સ્વર્ગ લોકમાં શ્રદ્ધારૂપ, મેઘમાં ચંદ્રમંડલનાં અંશરૂપ, પૃથ્વીમાં વૃષ્ટિરૂપ, પુરુષમાં અન્નરૂપ, સ્ત્રીમાં વીર્યરૂપ આહુતિયો પડે છે' એવું જૈમિનીએ કહ્યું છે. ૨ સાંખ્યાદિ મતોના સવિસ્તર ખંડન જોવાં હોય તો શારીરકના બીજા અધ્યાયના બીજા ને ત્રીજા પાદમાં જોવાં.

દેહમાં જવું અસંભવિત છે. પ્રાણ વિના દેહાંતરમાં ભોગ ભોગવવા પણ અસંભવિત છે. "**तमुत्क्रामन्तं प्राणोऽनुत्क्रामति**" આ શ્રુતિમાં જીવની સાથે પ્રાણ પણ જાય છે એવું કહ્યું છે. "**यत्रास्य पुरुषस्य**"થી આરંભ થતી શ્રુતિમાં વાણીનું અગ્નિમાં, પ્રાણ વાયુમાં, ચક્ષુ સૂર્યમાં મન ચંદ્રમાં અને શ્રોત્ર દિશાઓમાં ભળી જાય છે, તે ઉપચારથી[1] કહ્યું છે પણ મુખ્ય રીતે કહ્યું નથી. (૬) ઉપક્રમ અને ઉપસંહારની એકરૂપતાનો વિચાર કરતાં "શ્રદ્ધા" શબ્દથી જલ સમજાય છે. પહેલી આહુતિમાં જલ ન હોય તો પાંચમી આહુતિમાં પાણીનું પુરુષરૂપે પરિણામ થવાના પ્રશ્નનું ઉત્તર આપતાં શ્રદ્ધારૂપ પહેલી આહુતિ કહિ છે તેથી પૂછેલા પ્રશ્નનો ખરો ઉત્તર ન મળવાથી વાક્યનો ભંગ થયો. શ્રદ્ધા એ મનનો અથવા જીવનો ધર્મ છે. જેમ પશુ આદિના શરીરમાંથી હૃદયાદિ કાઢીને યજ્ઞમાં હોમવામાં આવે છે તેમ શ્રદ્ધા મનમાંથી કે જીવમાંથી જુદી કાઢીને હોમી શકાય તેમ નથી. "**श्रद्धा वा आप**" એ શ્રુતિમાં શ્રદ્ધાનો શબ્દાર્થ જલ કરેલ છે. જે વખતે જલ દેહાંતરના બીજરૂપે જાય છે તે વખતે તેમાં સૂક્ષ્મપણારૂપ ગુણ યોગથી, જેમ ક્રૂર આદિ ગુણને લીધે અમુક માણસને સિંહ જેવો કહેવામાં આવે છે તેમ, જલને શ્રદ્ધા કહેવામાં આવે છે. આ ઠેકાણે જલનો શ્રદ્ધા યુક્ત કર્મોમાં સંબંધ હોવાથી શ્રદ્ધા શબ્દ જલને ગણવામાં આવ્યો છે. "**आपो ह्यस्मै श्रद्धां सन्नमन्ते पुण्याय कर्मण इति श्रुतेः**-પાણી પવિત્ર કર્મો કરવાની શ્રદ્ધા ઉત્પન્ન કરે છે" તેથી પાણી શ્રદ્ધાનું નિમિત્ત હોવાથી પાણીને શ્રદ્ધા શબ્દ ગણેલો છે એમ માની શકાય છે. (૭) **તાંડિ**શ્રુતિમાં સ્પષ્ટપણે કહેલું નથી પણ જેઓ યજ્ઞ, જલાશયાદિ કરનારા છે તેઓ [2]પિતૃયાનના માર્ગથી જનારા કહ્યા છે, તેઓનો આ શ્રુતિમાં સંબંધ છે માટે જલથી વિંટાયેલા જીવને જતો માનવો ઉચિત છે. (૮) જે ગ્રામમાં બ્રાહ્મણો ઘણા રહેતા હોય તે ગ્રામને "બ્રહ્મણગ્રામ" કહિયે તો તેથી ગ્રામમાં એકલા બ્રાહ્મણો જ રહે છે ને બીજા કોઈ રહેતા નથી એમ કહેવાય નહિ પણ તેમાં બીજા પણ રહે છે એમ ધરાય છે તેમ આહિં બધા ભૂત સૂક્ષ્મ જલ ઘણા હોવાથી જલને ગ્રહણ કર્યું છે તેથી એમ ન સમજવું કે, જલ વિનાં બીજાં કોઈ ભૂત સૂક્ષ્મ જતાં નથી. એકલા જલથી દેહનો આરંભ થવો સંભવતો નથી. શરીરમાં પાંચે ભૂતના ભાગો સારી રીતે જોવામાં આવે છે. દેહમાં પૃથિવીનો ભાગ વધારે દેખાય છે પણ પ્રમાણમાં જલનો ભાગ વધારે જણાતો હોવાથી જલનો ભાગ આકાશ, વાયુ અને તેજના ભાગો કરતાં વધારે ગણેલો છે. તેથી જલ શબ્દની સાથે બધા ભૂત સૂક્ષ્મોનું પણ ગ્રહણ કરવું જ જોઇએ. પ્રાણનું જવું આશ્રય વિના સંભવતું નથી તેથી પ્રાણની ગતિ ઉપરથી તેના જેવા આશ્રય રૂપ જલ સાથે બધા ભૂત સૂક્ષ્મોની ગતિ સમજવી જોઇએ. જીવતા માણસના પ્રાણ આશ્રય વિના કોઈ ઠેકાણે જતા કે આવતા નથી તે જ પ્રમાણે મરેલા માણસના પ્રાણ પણ વગર આશ્રયે જતા કે આવતા નથી."

ઉપર પ્રમાણે આઠ દિવસ સુધી ઘણે ઘણે પ્રકારે પરસ્પરમાં ખણ્ડન મણ્ડન થયું. આચાર્ય જીત્યા. ખંડન મંડન વખતે પાસે બેઠેલા **પદ્મપાદે શંકરાચાર્યને** કહ્યું કે, "આ બ્રાહ્મણ નથી પણ **વેદાંતના** રહસ્યને જાણનાર સાક્ષાત્ **વ્યાસ** છે. આપ **શંકર** છો અને આ **વ્યાસ** છે. ત્યાં કહેવું શું?" ત્યારે **શંકરાચાર્યે** હાથ જોડી પ્રણામ કરીને સ્તુતિ કરીને કહ્યું કે "આપે રચેલા **બ્રહ્મસૂત્ર** ઉપરનું આ મ્હારૂં કરેલું અદ્વૈત સિદ્ધાંત પ્રતિપાદક **શારીરક** ભાષ્ય જો આપને સંમત હોય તો મને દર્શન દ્યો." એટલે તુરત જ જેના માથા ઉપર મોટો જટાભાર છે, જેમણે મૃગચર્મને પરિધાન કરેલ છે એવા **વ્યાસ** દૂરથી તેમના જોવામાં આવ્યા. તેમનું શિષ્યો સહિત આચાર્યે વંદન કર્યું, તેમ જ ઘણે ઘણે પ્રકારે તેમની સ્તુતિ કરી, ત્યારે **વ્યાસે** કહ્યું કે, "હે વિદ્વાન્, તમે અમારી પદવીને પામેલા જ છો. તમારા આ અખણ્ડિત પાણ્ડિત્યથી મને ઘણો સંતોષ થયો છે. જેમ મ્હારા પુત્ર **શુક** (દેવજી)થી હું રાજી થાઉં છું તેમ હું તમારાથી પણ થાઉં છું. તમોએ મારા સૂત્રો ઉપર ભાષ્ય કર્યું છે એવું **શ્રી**શંકરના દૂત **સંભાકણ**થી મેં જાણ્યું હતું. એ ભાષ્ય કેવું થયું છે તે જોવાની ઇચ્છાથી અહિં મ્હારૂં આવવું થયું છે." ત્યારે **શંકરાચાર્યે** કહ્યું કે, "સુમંતુ,[3] **પૈલ, વૈશંપાયન**ાદિ આપના મોટા શિષ્યો છે તેમના પ્રમાણમાં હું ઉતરતો છું છતાં આપે મારા ઉપર કૃપા કરી દર્શન દિધાં તેથી રાંકને રત્ન મળ્યા જેવું થયું છે." પછી

---

૧ ભાષણ અને ભાષ્ય કરવાના એક પ્રકારને પણ ઉપચાર કહે છે. ૨ મુવા પછી સ્વર્ગલોકમાં લઈ જવાનું સાધન. ૩ સુમંતુ, પૈલ, વૈશંપાયન આદિ વ્યાસના ઉત્તમ શિષ્યો હતા. તેમને વ્યાસે, પ્રથમ વેદ એક હતો તેના, ઋગ્, યજુર, સામ અને અથર્વ એવા ચાર ભાગ કરીને ઋગ્, પૈલને; યજુર, વૈશંપાયનને; સામ, જૈમિનિને; અથર્વ, સુમંતુને; શિખવ્યા હતા.—જુઓ ભાગવત, પ્રથમ સ્કંધ.

વ્યાસે એ ભાષ્યનું સારી રીતે અવલોકન કરી જોયું તો તેમને તેમાં કોઈ પણ જાતની ખામી જણાઈ નહિ.

વ્યાસ કહે છે—"હે વિદ્વાન્, મ્હારા સૂત્ર ઉપર પૂર્વે ઘણા વિદ્વાનોએ ભાષ્ય કર્યાં છે ને હજુ પણ કરશે પણ તમોએ તેનો જે ગૂઢ અર્થ પ્રકાશ કર્યો છે એવું તેઓ કરી શકયા નથી અને હવે પછી કરનારા તમારા જેવું કરશે કે નહિ તેની શંકા છે. હવે તમે ઉપનિષદ્ ઉપર વ્યાખ્યાન કરો અને દ્વૈતવાદીઓને જીતો."

શંકરાચાર્ય કહે છે—મેં ઉપનિષદ્ ઉપર ભાષ્ય કરેલાં છે તેમ જ તે શિષ્યોને પણ શિખવ્યાં છે. વળી દ્વૈતવાદીઓનું ખંડન પણ સારી રીતે કરેલું છે. મ્હારે હવે કરવા જેવું કશું રહ્યું નથી. માટે આપ અહિં એક મુહૂર્ત (બેઘડી) સુધી મ્હારી પાસે રહો. મ્હારૂં આયુષ્ય પુરૂં થયું છે કે જેથી તજી દેવાને યોગ્ય આ શરીરને આ મણિકર્ણિમાં મુકીને હું કૈલાસમાં જઉં."

વ્યાસ કહે છે—"હે **શંકર**, એવું કરશો માં. હજુ કેટલાક વિદ્વાનો છે તેમને તમોએ જીત્યા નથી જો કે તમોએ એ વિદ્વાનોને હરાવી શકો એવા ગ્રંથો કર્યા છે પણ તેમને જાતે જીતવા માટે હજી કેટલાક વર્ષ તમારે પૃથ્વીમાં રહેવું પડશે તેથી હું તમને બીજાં સોળ વર્ષનો આયુઃ આપું છું. તમોએ કરેલું ભાષ્ય જ્યાંસુધી **સૂર્ય** અને **ચંદ્ર** છે ત્યાંસુધી માન પામશે."

શંકરાચાર્યે વ્યાસજીના ચરણારવિંદમાં માથું નમાવ્યું પછી તેઓ અંતર્દ્ધાન થયા.

ભટ્ટપાદના દર્શન સારૂ આચાર્યે, પોતાના શિષ્યોસહિત ચાલી નિકળ્યા. **પ્રયાગમાં પ્રથમ** આવ્યા. **ત્રિવેણી**નું સ્તવન કરીને સ્નાન કરવા નિકળી પડ્યા. તેવામાં "ગુરુના ઊન્મૂલનં અને **સુગતોના** કરેલા નાશના મોટા દોષના નિવારણ માટે **ભટ્ટ**પાદ [1]તુષાગ્નિમાં બળી મરે છે." એવી લોકવાયકા સાંભળીને આચાર્ય ત્યાં પધાર્યા. **ભટ્ટ**પાદને જોઈને આચાર્યના શિષ્યોએ પૂજા કરી. આચાર્યે તેમને પોતે કરેલું ભાષ્ય બતાવ્યું. **ભટ્ટ**પાદ તે ભાષ્ય જોઈને ખુશી થયા અને કહ્યું કે, "આ ભાષ્યના પ્રથમ અધ્યાય ઉપર આઠ હજાર વાર્તિક થાય પણ મેં અગ્નિપ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો છે તેથી નિરુપાય. આપના દર્શનથી હું કૃતાર્થ થયો છું, **ઈશ્વર**ને ન માનતાં **વેદ**ને જ સ્વતઃપ્રમાણથી સિદ્ધ કર્યો તથા ગુરુ દ્રોહ—**સુગતો** પાસે તેમના શાસ્ત્ર શિખીને તેમનો જ નાશ-કર્યો એ પાપના પરિહાર માટે હું તૈયાર થયો છું." આ સાંભળીને આચાર્યે કહ્યું કે, "આપે જે કર્યું છે તે યોગ્ય છે તેથી કંઈ પાપ થયું નથી." ત્યારે **ભટ્ટ**પાદ બોલ્યા કે, "આપના દર્શનથી અને સ્મરણ માત્રથી જીવવાને માટે હું સમર્થ છું છતાં મારે તેમ કરવાની ઇચ્છા નથી આપ સર્વજ્ઞ છો તેથી જાણતા જ હશો. આપ સાક્ષાત્ **શંકર** છો. અદ્વૈતમાર્ગનું સ્થાપન કરવા માટે અવતર્યા છો, અને મને જીતવા માટે આવ્યા છો, તે મેં જાણ્યું. જેની મોટી કીર્તિ છે અને જે અજિત છે એવા મારા શિષ્ય **મંડન**ને જીતશો તો સર્વ જગત્‌ને જીત્યા બરોબર થશે. તે સર્વ શાસ્ત્રમાં મારા કરતાં નિપુણ છે. તેની સ્ત્રી સાક્ષાત્ **સરસ્વતી** છે. વાદયુદ્ધમાં તેને મધ્યસ્થપણું આપી જીતીને વશ કરો. તે જ આપના ભાષ્ય ઉપર આગળ વાર્તિક કરશે. આપ સાક્ષાત્ **શંકર** છો તેથી મને **તાર**કમંત્રનો ઉપદેશ કરીને કૃતાર્થ કરો. આપ એક મુહૂર્ત અહિં રહો એટલામાં હું આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કરીને પરમપદને પામું." પછી **શંકરાચાર્યે તાર**કમંત્રથી **ભટ્ટ**પાદ(—સ્વામિ **કાર્તિક**ના અવતાર)ને ઉપદેશ કર્યો. પછી આકાશ માર્ગે **મંડન**ને ઘેર જવાની ઇચ્છા કરી. **ભટ્ટ**પાદ મુક્તિને પામ્યા.

સર્ગ ૮ મો, શંકર અને મંડનનો સંવાદ.

મંડનમિશ્રને વાદવિવાદમાં જીતવાની ઈચ્છાવાળા **શંકરાચાર્યે** આકાશ માર્ગે **મા**હિષ્મતી નામની નગરીમાં આવ્યા. પોતાનું નિત્યનૈમિત્તિક કર્મ કરી લેઇ બપોરે ત્યાંથી ચાલ્યા. તેમના જોવામાં **મંડન**મિશ્રના ઘરની દાસીઓ આવી. તે દાસીઓને **શંકરાચાર્યે** પૂછ્યું કે, "**મંડન** પંડિતનું ઘર કયાં છે?" ત્યારે એ દાસીઓએ નીચે પ્રમાણે ઉત્તર આપ્યું:—

"છે વેદવાક્યો શું સ્વતઃ પ્રમાણ કે તેહ છે શું પરતઃ પ્રમાણ? દ્વારસ્થ મેના કરતી વિવાદ, તે જાણજો મંડનમિશ્ર વાસ.
શું કર્મ આપે ફળને સર્જીને, કે આપતા ઈશ્વર છે કહોને? દ્વારસ્થ મેના કરતી વિવાદ તે જાણજો મંડનમિશ્ર વાસ.
અનિત્ય કે નિત્ય જગત કહો છો? શાસ્ત્રોતણા પ્રશ્ન ઘણા થતાં છે; દ્વારે કરે પોપટિયો વિવાદ તે જાણજો મંડનમિશ્ર વાસ."

એટલે દાસીઓએ બતાવેલી નિશાનીઓ જોતા જોતા આચાર્યે **મંડન**નું ઘર ખોળી કાઢયું. ઘરના બારણા મજબૂત રીત્યે બંધ કરેલાં જોઈ યોગશક્તિથી તેમણે માંહે પ્રવેશ કર્યો અને **મંડન** પંડિતને જોયો. તેમણે પોતાને ત્યાં શ્રાદ્ધ હોવાથી **વ્યાસ** તથા **જૈમિની**ને નોતર્યા હતા. આચાર્યે આકાશમાંથી ઉતરીને **વ્યાસ** તથા **જૈમિની**ને મળ્યા. તેમણે સત્કાર કર્યો. **મંડન**મિશ્રે "આ કોઈ સંન્યાસી છે" એમ

---

૧ ધાન્યાદિના છોડાંને સળગાવેલો અગ્નિ.

જાણી જો કે શ્રાદ્ધને દિવસે શ્રાદ્ધ કરનારે ક્રોધ કરવો ન જોઇએ એમ ધર્મશાસ્ત્રમાં છે તથાપિ તે ક્રોધને વશ થયા અને વ્યાસ તથા જૈમિનિની સમક્ષ બન્નેએ આ પ્રમાણે વાદયુદ્ધ કર્યું:—

મંડનમિશ્રે આચાર્યને પૂછ્યુંકે—"તું મુંડન કરાવેલા કયાંથી?"[1]

શંકર કહે છે.—"કંઠ સુધી મુંડન કરાવ્યું છે."[2]

મંડન—"હું તને માર્ગનું પૂછુંછું."[3]

શંકર કહે છે.—"માર્ગે તને શું કહ્યું?"[4]

મંડન—(ક્રોધથી) "તારી મા મુંડા છે એમ માર્ગે કહ્યું.[5]

શંકરાચાર્યે—"તારી મા મુંડા છે એવું માર્ગે કહ્યું તે ખરૂં જ છે. કારણ કે, તેં તેને પૂછ્યું છે. મેં તો તેને કશું પૂછ્યું નથી એટલે તે ઉત્તર તારા સારૂં જ છે."

અનુષ્ટુપ.

મંડન—"અરે શું છે સુરા પીતા?"[6] શંકર—"ન પીળી પણ ધોળિ છે;"[7]

મંડન—"શું જાણે રંગ તેનો તું?" શંકર—"ન જાણું, પિધિ તેં દિસે"[8]

મંડન—"ગધેડાને પણ અસહ્ય એવી આ કંથાને ધારણ કરે છે ને શિખા તથા જનોઇનો તને ભારે લાગે છે એ ઘણું અજાયબ જેવું છે."

શંકર—"હે દુર્બુદ્ધે, તારા બાપથી પણ ન વહન થઈ શકે એવી કંથાનું વહન હું કરૂંછું તો શિખા અને જનોઈ મને ભાર કરે છે એમ નથી પણ તે "अथ परिव्राड्विवरणवासा मुण्डोपरिगृहम्" વગેરે શ્રુતિને ભારરૂપ છે. અર્થાત્ શ્રુતિમાં તેમ કરવાની આજ્ઞા નથી."

મંડન—"વિવાહિતા સ્ત્રીનું પોતાનાથી રક્ષણ ન થવાથી તેનો ત્યાગ કરીને શિષ્યો અને પુસ્તકનો ભાર ભેગો કર્યો છે તેથી તારી બ્રહ્મનિષ્ઠતા ખરેખરી જણાઈ આવે છે."

શંકર—"ગુરુની સેવા કરવામાં આળસને લીધે સ્ત્રી સેવનમાં નિષ્ઠા રાખી કર્મનિષ્ઠપણું કરે છે તે જાણ્યું."

મંડન—"સ્ત્રીના ગર્ભમાં રહિ, તેના લાલન પાલનથી ઉછરીને તેની જ નિંદા કરે છે તેથી હે મૂર્ખ, તારૂં કૃતઘ્નપણું દેખાઈ આવે છે."

શંકર—"જેના સ્તનવડે તેં દૂધ પીધું છે, જેના વડે તું જન્મ્યો છે તે જાતિ સાથે હે મહા મૂર્ખ, તું રમણ કેમ કરે છે?"

મંડન—"તેં અગ્નિહોત્રાદિ કરવા મુકી દીધાં છે તેથી, "वीरहा वा एष देवानां योऽग्निमुद्वासयति" આ શ્રુતિ પ્રમાણે ઇંદ્રની હત્યાના પાપને તું પામ્યો."

શંકર—[9]"असन्नेव स भवति असद्ब्रह्मेति चेद्वेद" આ શ્રુતિમાં કહ્યા પ્રમાણે પરમપદને ન જાણવાથી આત્મહત્યાને પામે છે તેનો જ તું પ્રથમ વિચાર કર."

મંડન—"તું દ્વારપાલને સૂચવ્યા વિના ચોરની પેઠે કેમ આવ્યો?"

શંકર—"ભિક્ષુનો ભાગ ભિક્ષુને ન આપતાં તું કેમ ચોરની પેઠે ભક્ષણ કરે છે?"

મંડન—(સીધી રીત્યે ઉત્તર દેવામાં ન ફાવી શકવાથી બીજી રીત્યે ઉત્તર દે છે) "મૂર્ખની સાથે આ શ્રાદ્ધ કાર્યની વખતે બોલવું અયોગ્ય છે માટે હું હવે બોલીશ નહિ."

શંકર—"બોલવામાં [10]યતીથી ભંગ કરનારા, તારૂં જ્ઞાન જણાઈ ચુકયું!"

મંડન—"હું યતિભંગમાં પ્રવૃત્તેલો છું. એટલે યતી (સંન્યાસી)ના ભંગમાં મને કશો દોષ નથી."

શંકર—"યતિભંગના સમાસનો આ ઠેકાણે ષષ્ઠીના સમાસનો અર્થ ન કરવો પણ પંચમીના સમાસનો અર્થ 'યતીથી ભંગ પામેલો છું' એવો કરવો."

---

૧ હે મુંડાએલા, તું અહિં કયાંથી આવ્યો? ૨ તેનો જવાબ સીધી રીતે ન દેતાં પોતે મુંડન કયાં સુધી કરાવ્યું છે તે કહે છે. ૩ કયે રસ્તે આવ્યો એમ પૂછવાનો ભાવ છે. ૪ ત્યારે કયે રસ્તે આવ્યો તે ન કહેતાં ઉલટો સવાલ કર્યો. ૫ મંડનને ક્રોધ ચઢવાથી તે પણ ઉલટું બોલ્યા. ૬ શું તેં દારૂ પીધો છે? ૭ બીજે રૂપે જવાબ દેતાં કહે છે કે તે પીળી નથી. ૮ પોતાને બાધ લાગતો જોઈ કહે છે કે હું તો રંગ એકલો જાણુંછું પણ તું તો સ્વાદ જાણે છે. ૯ આ શ્રુતિનો એવો અર્થ છે કે, જે બ્રહ્મને અસત્ જાણે છે તે સ્વતઃ અસત હોય છે. ૧૦ संमाष्य અને अहं ની સંધિ संमाष्याऽहं કરવી જોઈએ પણ મંડનમિશ્રે संमाष्य अहं એમ બોલવામાં યતિભંગ કર્યો તેથી શંકરે તે ભૂલ પકડી.

મંડન—"તે બ્રહ્મ ક્યાં, આ સંન્યાસ ક્યાં અને આ કલિકાલ ક્યાં? સવાદભર્યા અન્નની ઇચ્છાથી તેં આવેષ ધારણ કર્યો છે એમ સમજાય છે."

શંકર—"ક્યાં સ્વર્ગ અને ક્યાં દુરાચાર, ક્યાં અગ્નિહોત્ર અને ક્યાં કળિકાલ, પણ કેવલ કામની કામનાથી કર્મ કરવા તેં આ વેશ ધારણ કરેલો છે એમ દેખાય છે."

આ પ્રમાણે વાદ થતાં મંડનમિશ્રને વ્યાસે કહ્યું કે, "જેણે અદ્વૈતપણાનું સ્થાપન કર્યું છે એવા યતિને તું ન કહેવાય એવું કહે છે તે ઠીક નથી. પણ એ સાક્ષાત્ વિષ્ણુ આવ્યા છે જાણીને તેમનું વિધિવત્ પૂજન કરી તેમને યોગ્ય એવી ભિક્ષા આપ" મંડન પંડિત વ્યાસનું કહેલું સાંભળીને જરા શાંત થયા અને યથાવિધિ પૂજા કરીને ભિક્ષા માટે કહ્યું. પણ શંકરાચાર્ય બોલ્યા કે, "હે મંડન, હું વાદરૂપી ભિક્ષાની ઇચ્છાથી આવ્યો છું તેથી તારે તેની ભિક્ષા આપવી. આપણામાંથી જે એક બીજાને જીતે તે તેના શિષ્યપણાને કબુલ કરે. બીજી ભિક્ષાની મને વધારે ઇચ્છા નથી." ભિક્ષા લેતા પહેલાં આચાર્ય વાદ કરવાનું વચન લેઈ ભિક્ષા માટે ઉઠ્યા. પછી વ્યાસ, જૈમિની, શંકરાચાર્ય અને મંડન એકઠા બેઠા. એટલે મંડન પંડિતે કહેવા માંડ્યું કે, "હજાર મુખવાળો શેષ જો મારી સાથે વાદ કરવા આવે તો પણ હું પાછો હઠું તેવો નથી તો બીજાનું ગજું શું? મારા મનમાં પણ ઘણા દિવસથી હતું કે, કોઈ વાદી મળે તો ઘણું સારૂં. આજ ઘણે દિવસે મારા મનનું ધાર્યું બર આવ્યું. હવે મારૂં સામર્થ્ય સાંભળોઃ હું ઈશ્વરને ન માનનારો પૂર્વમિમાંસક છું. મને નિરીશ્વરવાદી કહે છે. જ્યાંસુધી મારૂં ભાષણ સાંભળ્યું નથી ત્યાંસુધી વાદની માગણી કરો છો પણ જ્યારે સાંભળશો ત્યારે પોતાની મેળે જ પાછા હઠશો." આ પ્રમાણે મંડન પંડિતે શંકરાચાર્યને ઘણું ઘણું કહ્યું. કાલથી વાદયુદ્ધ કરવાનું નક્કી કર્યું અને વ્યાસ તથા જૈમિનીને સાક્ષી રહેવા વિનંતિ કરી. ત્યારે તેમણે કહ્યું કે, "સરસ્વતી આ વાદયુદ્ધના મધ્યસ્થપણાને યોગ્ય છે." પછી શંકરાચાર્ય વાદ કરવા માટે આવીને વાટ જોતા બેઠા. એટલામાં મંડન પંડિત પણ પોતાની સ્ત્રીસહવર્તમાન આવ્યા અને વાદયુદ્ધ શરૂ કરતાં પહેલાં નીચે પ્રમાણે એક બીજાએ પ્રતિજ્ઞાઓ કરી.

શંકર—"બ્રહ્મ સત્ય છે અને તે હું સિદ્ધ કરી આપું છું. જો હું હારીશ તો આ મારાં ભગવાં લુગડાં તજીને ધોળાં વસ્ત્ર પહેરી ગૃહી થઇશ. આ વાદમાં કોણ જીત્યું ને કોણ હાર્યું તેનો નિર્ણય સરસ્વતી કરશે."

મંડન—"વેદનો પૂર્વકાંડ-કર્મકાંડ એ જ સત્ય છે એવું હું સિદ્ધ કરી બતાવીશ. જો હું હારીશ તો હું ગૃહીપણું મુકી દેઇને ભગવાં લુગડાં પહેરી સંન્યાસનો સ્વીકાર કરીશ. આને માટે મારા તરફથી સરસ્વતી સાક્ષી છે." કહી સરસ્વતી તરફ જોતાં સરસ્વતીએ સાક્ષીપણાની કબુલાત આપી.

હવે વાદયુદ્ધ ચાલવાની તૈયારી થઇ. એટલામાં સરસ્વતીએ બન્નેની કોટમાં ફુલની માળા પહેરાવીને કહ્યુ કે, "જેના ગળામાં આ માળા કરમાઇ જશે તેની હાર થઇ એમ હું માનીશ." એમ કહિ તે ઘરમાં ગયાં.

આ વાદયુદ્ધ જોવા માટે બ્રહ્માઆદિ દેવલોકો વિમાનમાં બેસીને અંતરિક્ષમાં આવી સાંભળવા લાગ્યા. દરરોજ વાદયુદ્ધ ચાલવા માડ્યું. બપોર થાય કે સરસ્વતી મંડન પંડિતને ભોજન માટે તથા શંકરાચાર્યને ભિક્ષા માટે ઉઠવાનું કહિને તેમને જમાડી પાછો વાદ ચાલતો કરાવે. આ ક્રમ પ્રમાણે ઘણો વખત વાદ ચાલ્યો. તેમાં આચાર્યે ઘણે ઘણે પ્રકારે મંડન પંડિતના પક્ષનું ખંડન કર્યું.

મંડન—"જીવ અને ઈશ્વરનું એકપણું છે એવો જે તમારો મત છે તેને માટે કાંઇ પણ પ્રમાણ નથી અને જે ઉપનિષદ્ વાક્યોના પ્રમાણ આપો છો તેમાં કર્મ સફલતા નથી. તેથી તમારો મત મારે માન્ય નથી." શંકરે ઘણી ઘણી રીત્યે શ્રુતિયોના પ્રમાણ આપીને બ્રહ્મ સિદ્ધ કરી આપતાં અદ્વૈતનું સ્થાપન કર્યું અને તે મતને સરસ્વતીએ માન આપ્યું. મંડન પંડિતના ગળામાંની ફુલની માળા કરમાઈ. પછી પોતે શંકરનાં મતને મળતાપણું બતાવીને વખત થયો હોવાથી ભિક્ષા માટે બન્નેને ઉઠાડ્યા.

સરસ્વતી શંકરને કહે છે—"આ વાદવિવાદમાં સાક્ષી પૂરતા સુધીનો મને દુર્વાસ ઋષિનો શાપ હતો. તમારો જય થયો અને મારો શાપ મટી ગયો. હવે હું સ્વસ્થાને જાઉછું" કહી જવા માંડ્યુ.

એટલે આચાર્યે વનદુર્ગાનો મંત્ર ભણી સરસ્વતીને જતાં અટકાવ્યાં અને નમ્રપણે વિનવ્યું કે, "હું જ્યારે જવા માટે કહું ત્યારે જજો" સરસ્વતીએ એમ કરવું માન્ય કર્યું.

સર્ગ ૯ મો, સર્વજ્ઞપણાનો ઉપાય.

મંડનમિશ્રને વાદ કરવાની કોટિયો સ્ફુરે જ નહિ એવી રીત્યે શંકરાચાર્યે વિધિપુરઃસર ખંડન કર્યા છતાં "પોતાના સિદ્ધાંતો જ ખરા છે" એવું માનવામાં આગ્રહી મંડનમિશ્ર સંશયથી કહે છે કે, "મારો જો કે પરાજય થયો છે તથાપિ મને જરા પણ ખેદ થતો નથી પણ મારા મનમાં એમ આવે છે કે, "જૈમિનીના વચનોનું ખંડન થયું" તેથી મને ઘણું દુઃખ થાય છે. સર્વ ભૂત ભવિષ્યને જાણનાર જૈમિનીના કરેલા પદોનું ખંડન કેમ થઇ જાય?" ત્યારે શંકરાચાર્યે કહ્યું કે "જૈમિનીના વચનોનું ખંડન થયું નથી તેમ જ તેમણે જરાએ ભૂલ કીધી નથી પણ આપણે જ પૂર્ણ જ્ઞાન વિના જૈમિનીના અભિપ્રાયને સારી રીત્યે જાણી શક્યા નથી." એમ કહિ જૈમિના સૂત્રાર્થને સારી રીત્યે કરી બતાવ્યા અને મંડનના મનનું સમાધાન કર્યું. તોયે શાંતિ થઈ નહિ તેથી તેમણે જૈમિનીનું સ્મરણ કર્યું. ત્યારે જૈમિનિએ પ્રકટ પણે આવીને કહ્યું કે, શંકરે મારા સૂત્રોનો જે અર્થ કરેલો છે તે જ ખરો છે અને તેનો જ ત્હારે સ્વીકાર કરવો. આ સાક્ષાત્ શિવનો અવતાર છે. શિવપુરાણમાં ચાર યુગમાં ચાર મ્હોટા જ્ઞાનિયો થશે એમ કહ્યું છે તેમાં પહેલા (કૃતયુગમાં) કપિલ થયા, ત્રેતામાં દત્તાત્રેય; દ્વાપરમાં વેદવ્યાસ, અને કલિયુગમાં શંકરાચાર્ય છે. તેથી તેમના મતને ગ્રહણ કરીને સંસાર સાગર તરો" એમ કહિ અંતર્દ્ધાન થયા. પછી મંડનમિશ્રે આચાર્યની સ્તુતિ કરીને કહ્યું કે, "આપ જગત્‌ના ઉદ્ધારને માટે અવતર્યા છો એ મેં જાણ્યું, આપ કોણ છો તેના અજાણપણાથી મારાથી જે જે અવિનય થયો હોય તે માટે ક્ષમા કરશો. શ્રુતિના અર્થ કરવામાં કપિલ, ગૌતમ અને કણાદ જેવા મહામુનિયો પણ અસમર્થ થયા અને આપે તેના યથાર્થ અર્થ કર્યા છે તે સાક્ષાત્ શંકર સિવાય બને જ નહિ. તેમ જ તેમના મતનું ખંડન પણ આપના શિવાય બીજા કોઇથી પણ થાય એમ જ હતું નહિ. હવે હું આપના દર્શનથી કૃતાર્થ થયો છું. હું સર્વનો પરિત્યાગ કરીને આપને શરણે આવ્યો છું. મારા સર્વ સંદેહ દૂર થઇ ગયા છે. આપ સમર્થ છો. આપની આજ્ઞા પ્રમાણે ચાલવા તૈયાર છું" પછી શંકરની તેમના ઉપર કૃપા કરવાની ઇચ્છા થઇ તેથી તેમણે સરસ્વતી તરફ જોયું. એટલે સરસ્વતીએ કહ્યું કે, "મેં આપનો આશય જાણ્યો. પણ '**आत्मनोर्द्धं पत्नी**" એ શ્રુતિ પ્રમાણે પત્ની પણ આત્માની અરધી ભાગયણ છે તેથી મને પણ જીતો ત્યારે ખરૂં" ત્યારે શંકરે કહ્યું કે, "અમારાથી સ્ત્રીસાથે વાદ થાય નહિ." જેનું ખંડન કરવું છે તે પછી સ્ત્રી કે પુરુષ ગમે તે હોય તેની સાથે વાદ કરતાં કંઇ હરકત નથી તેને માટે ઇતિહાસના પુરાવા પણ છે. યાજ્ઞવલ્ક્ય અને ગાર્ગીનો સંવાદ બૃહદારણ્યક ઉપનિષદ્‌માં છે. જનક રાજાએ સુલભાનામની અબલા જોડે વાદ કરેલો છે ત્યારે શું તેઓ મહાત્માઓ નહોતા?" આ સાંભળીને આચાર્યે વાદ કરવાનું કબૂલ કર્યું. સરસ્વતી અને શંકરનું પરસ્પર વાદયુદ્ધ શરૂ થયું. એક એકને જીતી લેવાને ઉત્સુક એવાં એ બન્નેએ સુંદર અને બુદ્ધિની ચાતુરીવાળા વચનોથી વાદયુદ્ધ ઉત્તમ પ્રકારે ચલાવતાં સંધ્યાવંદન આદિ કરવાના સમય શિવાય રાત્રિ કે દિવસે પણ બંધ રહ્યાં નહિ. આપ્રમાણે સત્તર દિવસ વાદયુદ્ધમાં નિકળી ગયા. અર્થાત્ સત્તર દિવસ સુધી વાદ કરતાં સરસ્વતીને હરાવ્યાં. ત્યારે "શંકરને જીતવા કઠિન છે અને તેથી તેમને કામશાસ્ત્રના વાદથી હું જીતી શકીશ" એવી મનમાં કલ્પના કરી.

સરસ્વતી પૂછે છે કે,—"કામની કલા કેટલી છે, તેના સ્વરૂપ કેવાં છે, તે કયા કયા સ્થાનમાં રહે છે, શુક્લ અને કૃષ્ણ પક્ષમાં કયા પ્રકારથી રહે છે, તેમ જ સ્ત્રી અને પુરુષમાં તે કેવે પ્રકારે રહે છે તે કહો?"

શંકરાચાર્ય—(મનમાં વિચાર કરે છે કે જો હું આ પ્રશ્નોનો ઉત્તર નહિ આપું તો મારૂં અસર્વજ્ઞપણું જણાય છે ને ઉત્તર આપું છું તો મારા યતિધર્મને બાધ આવે છે. જો કે મારા જ્ઞાનબલથી અજાણ્યું તો કશું પણ નથી છતાં જાહેર રીત્યે કેમ જવાબ દઈ શકાય? તેથી પ્રકટ પણે અજાણ્યા હોય એવી રીત્યે) કહે છે કે, "તમારા સવાલના જવાબ દેવા માટે મારે એક માસની મુદત જોઇએ." સરસ્વતીએ એટલી મુદત આપી. પછી સરસ્વતીની આજ્ઞા લઇ આચાર્ય શિષ્યોસહિત આકાશમાર્ગે ચાલ્યા. તે દિવસથી પોતે પોતાના કાર્યની સિદ્ધિ માટે આકાશમાં જ ફરવા માંડયું. એક દિવસે આકાશમાં ફરતાં ફરતાં વિલાપ કરીને રડતી રાણીઓથી તથા જેના મંત્રિ ખેદ કરે છે એવાઓથી વિંટાઇ વળેલો (અમરક રાજાનો), મૃગયાના પરિશ્રમથી મૂર્છિત થઇ મરણ પામેલો મૃતદેહ જોઇને આચાર્યે પોતાના પદ્મપાદાદિ શિષ્યોને કહ્યું કે, "આ અમરક રાજાની અતિ સૌંદર્ય અને સૌભાગ્યની પરમ સીમાવાળી

ધણી સ્ત્રીઓ છે. રાજા આજ પૃથ્વીઉપર મરણ પામીને પડચો છે. તેના શરીરમાં યોગબલથી પ્રવેશ કરી, થોડા વખતસુધી રાજ્ય ભોગવી, તેના પુત્રને રાજ્યનો અભિષેક કરી, સર્વજ્ઞપણું સ્થાપિત કરવાને આ રાજાની રાણીઓના નાના તરેહના અસાધારણ હાવભાવનો અનુભવ લેવા ઇચ્છુંછું."

પદ્મપાદ–"આપનાથી કશું પણ અજાણ્યું નથી. તેથી આપના ચરણકમળ પ્રતિની મારી ભક્તિ એવો જ એક દાખલો બનેલો છે તે આપને નિવેદન કરવાની મતિ દે છે તે નિચે પ્રમાણેઃ–

"પૂર્વે મત્સ્યેંદ્ર નામના એક મહાન્ યોગી હતા. તેમને ગોરક્ષ નામનો શિષ્ય હતો. પોતાના દેહનું રક્ષણ કરવાનું તેને કહિ વિષયસુખના અનુભવને માટે કોઇ મરણ પામેલા રાજાના શરીરમાં પ્રવેશ કરીને તેના નગરમાં પોતે રાજ્ય કરવા લાગ્યા. તેથી એ નગરમાં સર્વ પ્રકારે પ્રજાનું કલ્યાણ થવા લાગ્યું. તે જોઇ તેના બુદ્ધિમાન્ મંત્રિયોએ ધાર્યું કે, "રાજાના શરીરમાં કોઇ પણ દિવ્ય યોગીએ પ્રવેશ કર્યો હશે કારણ કે રાજા એક વખત મરણ પામેલો છતાં ફરી જીવતો થયો છે. તેથી તે અહિંથી ન જાય એવા ઉપાય કરવા રાણીઓને સમજાવી રાજાને વશ કરી લેવાનું કહ્યું. રાણીઓના હાવભાવથી રાજા મોહ પામીને પોતાના દેહને પણ ભુલી ગયો. પછી તેમનો શિષ્ય ગુરુની ખબર કહાડી રાજાની રાણીઓને નાચ શિખવવા અંતઃપુરમાં રહ્યો. પછી એક દિવસે તત્ત્વબોધવડે વિષયવાસનાથી તેમને રહિત કરી પોતાના પ્રથમના શરીરમાં લઈ ગયો." આ પ્રમાણે હકીક્ત બની હતી. તે મેં આપને નિવેદન કરી. વળી ઉર્ધ્વરેતસ્પણાનો ભંગ થવાથી આપને શું પાપ નહિ લાગે? લાગશે જ. માટે આપ સમર્થ અને સર્વજ્ઞ છો. આપણું મોટું વ્રત કયાં ને નિંદ્ય કામશાસ્ત્ર કયાં? જો આપ ધર્મવિરુદ્ધ કાર્ય કરવા ધારશો તો લોકો પણ મર્યાદાહીન થઈ જશે. પછી આપની મરજી."

શંકરાચાર્ય કહે છે.—" હે સૌમ્ય, તેં સત્ય વાર્તા કહિ છે, પણ હું જે કહું તે તું સાંભળ: જેમ કૃષ્ણે ગોપિયો સાથે વિહાર કર્યા હતા પણ તે કામકૃત દોષથી દૂષણ પામ્યા ન હોતા તેમ આસક્તિ વિનાના બીજા પુરુષને પણ કોઈ જાતનો દોષ લાગતો નથી. વજ્રોલી આદિ મુદ્રાઓ કે જે યોગશાસ્ત્રમાં કહિ છે તે સ્ત્રીસંગવિના થઇ શકતી નથી પણ તેમ કરવામાં પોતાનું ઉર્ધ્વરેતસ્પણું જાળવી શકાય છે. જગત્ મિથ્યા અને બ્રહ્મ સત્ય છે એવું માનનારા કોઇ પણ કાર્યથી બાધિત થતા નથી. સ્વપ્નમાં કરેલાં સારાં કે ખોટાં કામનું કાંઈ પણ ફળ મળતું નથી. જે જગતને મિથ્યા માનીને બ્રહ્મને સત્ય સમજે છે તે અશ્વમેધાદિક સુકૃત્યો કરે કે બ્રહ્મહત્યાદિક દુષ્કૃત્યો કરે તો પણ તેને કશું લાગતું વળગતું નથી. કારણ કે, તેનું કર્તૃત્વ અભિમાન એટલે આ હું કરૂં છું એવું અભિમાન મતલબ કે હુંપણું મૂળમાં હોતું જ નથી. ઇંદ્રે કોપવડે કરીને ત્રિશિર નામે ત્રણ માથાવાળા બ્રાહ્મણને માર્યો, (અને વેદનું અધ્યયન ન કરનારા) સંન્યાસીઓને મારી કુતારાઓને ખવડાવ્યા હતા. એવું ઋગ્વેદના ઉપનિષદ્ની શ્રુતિમાં છે. તેમ જ જનકે અશ્વમેધ યજ્ઞ કરી બ્રાહ્મણોને ઘણી દક્ષિણા દિધી પણ તે કર્મથી લેપાયા નથી. એ જ પ્રમાણે તત્ત્વવેત્તાઓ બન્ને પ્રકારના કર્મથી લેપાતા નથી. જો હું મારા આ શરીરથી કામશાસ્ત્રનો અભ્યાસ કરૂં તો પણ મને હરકત નથી. પણ પરંપરાના સંપ્રદાયને બાધ આવે જાણી બિજા શરીરમાં પ્રવેશ કરીને અભ્યાસ કરવાનો મેં વિચાર કર્યો છે."

આ પ્રમાણે પદ્મપાદનો સંશય દૂર કરી એક નહાના તળાવની પાસે ઉતરી આવીને બોલ્યા કે, "હે શિષ્યો, હું કામશાસ્ત્રનો અભ્યાસ કરીને આવું ત્યાં સુધી આ ગુહામાં મારા દેહનું સારી પેઠે રક્ષણ કરજો." એમ કહી પોતાનો સ્થૂલ દેહ ત્યાં આગળ પડતો મુકી લિંગદેહથી શંકરાચાર્યે તે અમરક રાજાના દેહમાં પ્રવેશ કર્યો. એટલે એ રાજા ક્રમેકરીને બળ પ્રાપ્ત થતાં આળસ મરડીને ઉઠચો. રાણીઓ તથા અમાત્ય રાજાને જીવતો થયો જાણી ઘણા આનંદને પામ્યાં.

સર્ગ ૧૦ મો, શંકરાચાર્યે કામકલાનો કરેલો અભ્યાસ.

પછી પુરોહિત વગેરેએ શાંતિક્રિયા કરી. રાજા હાથી ઉપર બેસીને નગરમાં આવ્યો. ત્યાં પ્રિય જનોના સહવાસમાં રહિ, જેમ ઈન્દ્ર સ્વર્ગનું પાલન કરે તેમ તે પૃથ્વીનું પાલન કરવા લાગ્યો. એક દિવસે પરસ્પરમાં પ્રધાનોએ વાત કરવા માંડી કે, "આ રાજા મરણ પામીને પાછો ઉઠચો ત્યારથી પ્રથમ જેવો જણાતો નથી પણ ઘણા દિવ્ય ગુણોવાળો દેખાય છે. તે યાચકોને ધન દેવામાં યયાતી રાજા જેવો માલુમ છે, બૃહસ્પતિ પ્રમાણે જેનું ભાષણ દિસે છે, બીજા રાજાઓને અર્જુનની પેઠે જીતે

છે, અને બધી બાબતો શિવની પેઠે જાણે છે. તેમ જ તે સર્વ શુભગુણસંપન્ન જણાય છે. ગાયો ઘણું દૂધ દે છે. ફળ, ફૂલ પુષ્કળ થાય છે, ધાન્યાદિ ઘણાં પાકે છે. વર્ષાદ નિયમિતપણે આવે છે. વધારે શું કહું? પણ આપણા રાજાથી પૂર્ણ દોષવાળો કળિકાળ જાણે ત્રેતાયુગ હોય તેવો દેખાય છે. આ ઉપરથી ખચીત એવું માલમ પડે છે કે, કોઇ પૂર્ણ ઐશ્વર્યસંપન્ન યોગિરાજ રાજાના શરીરમાં પ્રવેશ કરી આ રાજ્યવૈભવ ભોગવે છે તેથી તે પોતાના શરીરમાં ફરીથી ન જાય તેને માટે આપણે કોઇ ઉપાય કરવો જોઇએ. આવો ઠરાવ કરી અનુચરોને "જ્યાં જ્યાં મૃતદેહ તમારા જોવામાં આવે ત્યાંથી તેનું દહન કરી દો." એવી આજ્ઞા કરી મોકલ્યા.

આણી તરફ રાજાએ પોતાના પ્રધાનોને રાજ્યકારભાર સોંપીને રાણીઓ સાથે યથેચ્છપણે વાત્સ્યાયન શાસ્ત્ર (કામશાસ્ત્ર) પ્રમાણે રમણ કરતાં પૂર્ણ રીત્યે એ શાસ્ત્રનો અનુભવ મેળવ્યો. વાત્સ્યાયન સૂત્રને આધારે તેમ જ સ્વતઃના અનુભવથી કામશાસ્ત્ર સંબંધી નવિન વિષયોથી ભરપૂર એક ગ્રંથને પણ રચ્યો.

આચાર્યના શિષ્યો કે જેમને આચાર્યે જતી વખતે "એક માસ પછી આવીશ." એમ કહ્યું હતું તેથી તેમને ફિકર થવા લાગી. કારણ કે એક માસ ઉપર પાંચ દિવસ થઈ ગયા હતા. આચાર્યના સઘળા શિષ્યો ઘણી ફિકર કરવા લાગ્યા. તેમને પદ્મપાદે ધીરજ આપી. તેમના શરીરને સાચવવા કેટલાક શિષ્યોને ત્યાં રાખી આચાર્યની શોધમાટે સર્વ નિકળ્યા. ફરી ફરીને શોધ કરતાં તેઓ અમરક રાજાના દેશમાં આવ્યા અને ત્યાં "રાજા મરણ પામેલો હતો છતાં તેનામાં ફરીથી જીવ આવવાથી તે ઘણી સારી રીતે પાછો રાજ્ય કરે છે." એવું તેમણે સાંભળ્યું તેથી ખુશી થયા.

પછી તેઓ સર્વ ગવૈયાના વેષથી નગરમાં ગયા. તરુણ સ્ત્રીયોમાં કેવળ લુબ્ધ થયેલા રાજાની આજ્ઞાથી અંતઃપુરમાં જઈને માર્મિક ગાયન કર્યું. તેથી રાજાને ભાન આવ્યું. ગાયકોને ઇશારતથી સમજાવી વિદાય કર્યા.

પોતે જેવી રીત્યે પ્રથમ પ્રવેશ કરી શકયા હતા તેવી જ રીતે પાછા એ રાજાના શરીરમાંથી નિકળીને પેલી ગુહા કે જ્યાં પોતાના શરીરનું રક્ષણ કરવા શિષ્યોને સોંપ્યું હતું ત્યાં આવ્યા ને જુવે છે તો પોતાનું શરીર પ્રધાનોની આજ્ઞાથી અગ્નિસંસ્કાર પામતું માલમ પડયું. કાંઈપણ વિચાર ન કરતાં આચાર્યે એ શરીરમાં લાગલો પ્રવેશ કર્યો કે દેહમાં સંજ્ઞા પ્રાપ્ત થઈ અને નૃસિંહ ભગવાને અગ્નિની શાંતિ કરી. જેમ રાહુગ્રસ્ત થયેલો ચંદ્ર મુખરૂપી ગુહામાંથી પાછો નિકળે તેમ યતીંદ્ર શંકરાચાર્ય એ ગુહામાંથી બહાર જવા નિકળ્યા અને શિષ્યોસહિત મણ્ડનમિશ્રને ત્યાં માહિષ્મતી નગરીમાં આવ્યા. ત્યાં તેઓ સારી પૂજા પામ્યા. પછી સરસ્વતી વંદન કરીને બોલ્યાં કે, "હે બ્રહ્મન્, તમે સર્વ વિદ્યાના, સર્વ ભૂતપ્રાણીયોના ઈશ્વર અને બ્રાહ્મણોના પણ અધિપતિ સાક્ષાત્ શિવ છો, મને કામશાસ્ત્રમાં ન જીતતાં આપે તેના અભ્યાસ માટે એક માસની અવધ માંગી તે કેવળ મનુષ્યધર્મને અનુસરીને કર્યું છે. તમે સર્વજ્ઞ છો. સૂર્યે કરેલા પરાભવથી ચંદ્રાદિની કીર્તિ ઓછી થતી નથી. અમો બન્નેને તમે જીતશો તો તેમાં કોઈ પ્રકારે અમારે લજવાવા જેવું નથી. કારણ કે, તમે સર્વજ્ઞ છો. સર્વજ્ઞને સર્વ સહેલ છે. હવે હું જાઉંછું" એમ કહિ સરસ્વતીએ આજ્ઞા માંગી એટલે શંકરાચાર્યે તેમની સ્તુતિ કરીને "મેં ઋષ્યશૃંગ એ નામે એક સ્થાન કર્યું છે તેમાં તમે શારદા એ નામથી રહો અને પૂજા કરનારાઓને મનવાંછિત ફળ આપો" કહ્યું. સરસ્વતીએ તે માન્ય કર્યું અને પછી પોતે બ્રહ્માના પરમધામમાં પધાર્યાં-અંતર્હિત થયાં જોઇ સર્વ કોઇ આનંદ પામ્યા. મંડનમિશ્ર પણ ખુશી થયા. પછી તેમણે આચાર્યની સ્તુતિ કરીને શાસ્ત્રપ્રમાણે તેમની પાસે સંન્યસ્ત દીક્ષા લીધી. આચાર્યે કૃપા કરીને દીક્ષા આપીને "तत्त्वमसि" વાકયનો સારી રીતે ઉપદેશ કર્યો અને એ વાકયાર્થ બહુ બહુ પ્રકારે સમજાવ્યો તેમ જ ગુરુમહિમા પણ સારી પેઠે કહી બતાવ્યો. પછી મંડનમિશ્ર શ્રીશંકરાચાર્યના ચરણારવિંદમાં પડયા, અને સુરેશ્વર એ નામથી આચાર્યના મુખ્ય શિષ્યપણાને પામ્યા. પછી એ સુરેશ્વરાચાર્ય મગધ દેશમાં ઘણા વખત સુધી જઈ રહ્યા.

આ પ્રમાણે શંકરાચાર્યે મંડન પણ્ડિતને જીતી, દુષ્ટ મતોનું ખંડન કરી, અને ભક્ત લોકોને સદ્બોધ દઈ અદ્વૈતમાર્ગનું સ્થાપન કરી અનેક દેશોમાં ફરતાંફરતા દક્ષિણમાં મહારાષ્ટ્રાદિ દેશોમાં પોતાનો મત તથા ગ્રંથોનો પ્રચાર કરીને શ્રીશૈલ પર્વત ઉપર પધાર્યા. ત્યાં પાતાળગંગા નદીમાં સ્નાન કરીને તથા મલ્લિકાર્જુનની પૂજા કરીને પંડિતશ્રેષ્ઠ શિષ્યોને પોતાનાં શારીરકભાષ્ય આદિ ગ્રંથોને ભણાવ્યા. અહિં-

આગળ પાશુપત, વીરવૈષ્ણવ, શૈવ અને માહેશ્વરમતવાળાઓને સુરેશ્વરાદિ શિષ્યોએ જીત્યા. કેટલાક આચાર્યના શિષ્ય થયા ને કેટલાક આચાર્યનું અશુભ ઇચ્છવા લાગ્યા.

સર્ગ ૧૧ મો, કાપાલિકોનો પરાજય.

એક દિવસે શ્રીશૈલપર્વતમાં કે જ્યાં શંકરાચાર્યે વાસ કર્યો હતો ત્યાં કપટવેશથી ભૈરવભક્ત કાપાલિક આવ્યો. પોતાના ઈષ્ટની સિદ્ધિ માટે ઠીક લાગ છે જાણી તેણે આચાર્યને કહ્યું કે, "હે મુને, સર્વજ્ઞતા, સુશીલતા, દયાલુતાદિ સર્વ શુભગુણો સાંભળીને આપના દર્શન કરવા હું આવ્યો છું. આપે પરોપકારને માટે દેહ ધર્યો છે, આપની કીર્તિ ઠેકાણે ઠેકાણે ગવાય છે, આપ અદ્વિતીય બ્રહ્મને પ્રતિપાદન કરનારા ઉત્તમ યતીંદ્ર છો. આપની પાસે જે જે લોકો આવે છે તે તે પોતાના મનોરથને પામીને જાય છે. મેં સદેહે સ્વર્ગે જવા માટે સો વર્ષસુધી તપ કરીને ભૈરવનાથને પ્રસન્ન કર્યા છે. એ પ્રસન્ન થયેલા ભૈરવનાથે મને કહ્યું કે, "કોઇ સર્વજ્ઞ પુરુષનું અથવા રાજાનું મસ્તક અગ્નીમાં હોમીશ તો તું સદેહે સ્વર્ગે જઈ શકીશ" ત્યારથી હું ઘણે ઠેકાણે ફર્યો પણ હજુસુધી રાજા કે સર્વજ્ઞ પુરુષ કોઈ મળ્યા નથી. આજ આપનાં દર્શન થયાં છે. રાજા કે સર્વજ્ઞના મસ્તકથી મારૂં ઇષ્ટ સાધ્ય થાય તેમ છે માટે આપને ઠીક લાગે તે કરો. દેહ ક્ષણભંગુર છે, માથું અપવાથી આપની કીર્તિ વધશે અને મારૂં કામ થશે. આપના માથાની માગણી કરવા મારી જીભ ઉપડતી નથી, કારણ કે જીવિત કોને વ્હાલું નથી? તથાપિ આપ તો કેવળ બ્રહ્મસ્વરૂપ છો. આપને શરીરની આસક્તિ નથી. આપે કેવળ પરોપકારને માટે જ જન્મ ધર્યો છે. જો આપની મ્હારા ઉપર કૃપા થાય તો મારૂં ઈષ્ટ થાય. જેઓ સ્વાર્થી હોય છે તેમને પારકાની વાત ખબર હોતી નથી. આપના જાણવામાં જ હશે કે, વૃત્રાસુરને મારવા માટે ઈંદ્રે દધીચી ઋષિનાં હાડકાં માગ્યાં હતાં જે તેમણે હાડકાં ખુશીથી આપ્યાં હતાં. કેવળ પરોપકારને માટે જ તેમણે હાડકાં આપ્યાં ને તેથી તેમની ઉજ્જવલ કીર્તિ પ્રકાશિત થઈ છે. દયાવાળા કેટલાક મહાન્ પુરુષો તો પોતાનું શરીર કેવળ પરોપકારને અર્થે જ ધરે છે. તેમ જ કેટલાક દયાવિનાના પણ છે. આપને ધન, પુત્ર, મિથ્યા લોકતૃષ્ણા કશું પણ નથી તેમ જ પરોપકારવિના આપને બિજું કોઇ કર્તવ્ય પણ નથી. મારા જેવા સ્વાર્થી ને નિર્દય માણસો પોતાનું ઈષ્ટ સાધતાં યોગ્યાયોગ્ય સમજતા જ નથી. વળી જીમૂતવાહન રાજાએ નાગના રક્ષણ સારૂ ગરુડને પોતાનો પ્રાણ આપ્યો હતો. મારી માગણી જો કે અયોગ્ય છે તેથી હું બિહુછું પણ આપના જેવા પરમ પરોપકારી પુરુષો મારા જેવા માગણને ન આપે એવું સંભવતું નથી" ત્યારે શંકરાચાર્યે તેને ઉત્તર આપ્યું કે, "હું ઘણી ખુશીથી મારૂં મસ્તક આપવા તૈયાર છું પણ જાહેર રીત્યે સૌના દેખતાં આપી શકું તેમ નથી માટે એકાંતે આવવું. કારણ કે જો મારા શિષ્યોના જાણવામાં આ વાત આવશે તો તારૂં કામ બનવું કઠિન થઈ પડશે."

પછી એ કાપાલિક ઇષ્ટસિદ્ધિ થશે જાણી રાજી થતો પોતાને ઠેકાણે ગયો. આચાર્યે પણ આ વાત કોઇ પણ શિષ્યોને કહિ નહિ. શિષ્યો સ્નાન-સંધ્યાદિ કરવા દૂર જતાં આચાર્ય એકાંતમાં ગયા. ત્યાં તે કાપાલિક આવી ચડ્યો. તેને જોઇને આચાર્યે પોતાના દેહને મુકી દેવાની ઈચ્છાથી પોતાના જીવનો પરમાત્માસાથે નિયોગ કર્યો. નિર્વિકલ્પ સમાધિમાં સિદ્ધાસનથી બેઠેલા શંકરાચાર્ય કાપાલિકથી જોવાયા કે તુરત તરવાર ઉગામીને તેમની તે પાસે ગયો. આ જ પ્રમાણે પદ્મપાદના અંતઃકરણમાં લાગલો ભાસ થયો અને તે ક્રોધે ભરાઈ નૃસિંહ ભગવાનનું સ્મરણ કરતાં મંત્રબળથી નૃસિંહસ્વરૂપ પામીને એ પાપી કાપાલિક તરફ ધસી આવ્યો. પ્રલ્હાદના સ્મરણથી જેમ હિરણ્યકશ્યપુના દેહને નૃસિંહભગવાને પોતાના નખવડે ચીરી નાંખ્યું તેમ એ કાપાલિક કે જે આચાર્ય ઉપર ત્રિશૂલથી ઘા કરવામાં તત્પર હતો તેને પકડી ચીરી નાંખીને અટ્ટાટ્ટહાસ કર્યો. તે સાંભળી બહાર ગયેલા શિષ્યો પણ વ્યાકુલ ચિત્તથી ત્યાં તુરત દોડી આવ્યા. જુવે છે તો કાપાલિક મરણ પામેલો જોયો. શ્રીગુરુને પણ જોયા.

પછી નૃસિંહરૂપ પદ્મપાદે બ્રહ્માંડને પણ ફાડી નાંખે એવી ત્રણ મોટી ગર્જના કરી. આ ગર્જનાથી શ્રીશંકરની સમાધિ ઉતરી ગઇ. તેમનાં નેત્રકમળ ઉઘડી ગયાં અને વિકરાળ સ્વરૂપવાળા નૃસિંહભગવાન્ જોવામાં આવ્યા. તેમનું આચાર્યે અવલોકન કરી પ્રાર્થના કરી કે, "મારા દેહના રક્ષણ સારૂ આપ પ્રકટ થયા અને આપનું કાર્ય પૂર્ણ થયું માટે હવે આપ આ સ્વરૂપને અંતર્હિત કરો." એટલે

નૃસિંહ સ્વરૂપ ગુપ્ત થઇને **પદ્મપાદ** પોતાના પ્રથમ રૂપમાં જોવાયા અને જાણે સ્વપ્ન આવ્યું હોય નહિ તેમ થઇ ગયું. પછી **પદ્મપાદે** બનેલી હકીકત ગુરુને કહિ સંભળાવી. આ ચમત્કાર નજરે નજર જોઇને સર્વ શિષ્યોએ આચાર્યની સ્તુતિ કરી.

એકે **પદ્મપાદને** પૂછ્યું કે, "તમે આ **નૃસિંહ** ભગવાનને કેવી રીત્યે પ્રસન્ન કર્યા?"

પદ્મપાદ—"પૂર્વે **અહોબલ** પર્વતમાં રહિને ઘણા દિવસ સુધી મેં **નૃસિંહ** ભગવાનનું ધ્યાન ધર્યું હતું. ત્યાં એક ભિલ્લે આવી મેં ધ્યાન શા માટે ધરવા માંડ્યું છે તેનું કારણ પૂછતાં તેને **નૃસિંહ** ભગવાનને પ્રસન્ન કરવાનો મારો હેતુ કહ્યો. એટલે એ **અહોબલ** પર્વતના વનના મધ્યમાં જઈ **નૃસિંહને** વેલાઓથી દૃઢ બાંધેલી સ્થિતિમાં મારી આગળ બતાવ્યા. ત્યારે ભિલ્લને કેવી રીત્યે વશ થયા એવું તેમને-**નૃસિંહ** ભગવાનને મેં પૂછ્યું એટલે તેમણે મને કહ્યું કે, "આ ભિલ્લે મારૂં ધ્યાન જેવા એક ચિત્તથી ધર્યું છે એવું **બ્રહ્માદિકે** પણ ધર્યું નથી. તેથી આ બાબતમાં તારે મને કશું પૂછવું નહિ" એમ કહિ મારા ઉપર કૃપા કરી અંતર્દ્ધાન થયા."

સર્ગ ૧૨ મો, હસ્તામલકાદિ શિષ્યોનું શંકરને શરણે જવું.

સઘળાં તીર્થસ્થાનોમાં ફરતા ફરતા **શંકરાચાર્ય** એક દિવસ કલિથી રક્ષણ કરવામાં અને બધાં પાપથી મુક્ત કરવાને સમર્થ એવા **ગોકર્ણ** ક્ષેત્રમાં આવ્યા. **બ્રહ્માદિ** દેવો જેનું સ્તવન કરે છે એવા **ગોકર્ણેશ્વરની** સ્તુતિ કરી ત્યાં ત્રણ દિવસ રહ્યા. ત્યાંથી પછી **હરિશંકર** નામના દિવ્યસ્થાનમાં આવ્યા. ત્યાં **શંકર** અને **વિષ્ણુ** જાણે ભેદ વાદિયોના ભ્રમને ટાળવા માટે ભેગા રહ્યા હોય તેમ એ બે દેવો ભેગા રહેતા હતા. તેમનું આચાર્યે સ્તવન કર્યું. ત્યાંથી **મૂકાંબિકા** નામની દેવીના મંદિરમાં પધાર્યા. ત્યાં આગળ એક બ્રાહ્મણનો પુત્ર મરણ પામેલો ખોળામાં લઇને તેનાં માબાપ ખેદ કરી રડતાં બેઠાં હતાં. તેમને જોઇ આચાર્યે પણ દયાને લીધે તેમના શોકમાં ભાગ લેવા લાગ્યા. એવામાં આકાશવાણી થઇ કે, "સંરક્ષણ કરવાને જે અસમર્થ હોય તેને જો દયા ઉત્પન્ન થાય તો તે દુઃખપ્રદ થાય છે" તે સાંભળીને આચાર્યે ઉત્તર દીધું કે, "એ ખરૂં છે પણ ત્રૈલોક્યના રક્ષણ માટે જે અસમર્થ હોય છે તેને જ આમ બોલવું શોભે છે, માટે આપ સર્વનું રક્ષણ કરવા માટે સમર્થ છો તો કૃપા કરીને આમનો શોક દૂર કરો." એટલે એ મુવેલો છોકરો આળસ મરડીને ઉઠ્યો.

પછી **શંકરાચાર્ય** મંદિરમાં પૂજા કરવા ગયા. ત્યાં જઈને **મૂકાંબિકાની** સ્તુતિ કરી. એ પવિત્ર ક્ષેત્રમાં કેટલાક દિવસ રહ્યા. પછી ત્યાંથી પાસે આવેલા **શ્રીવલી** નામના ગામમાં શિષ્યોસહિત પોતે પધાર્યા. એ ગામમાં **વેદજ્ઞ** એવા બે હજાર બ્રાહ્મણો વસતા હતા. તેઓમાં એક **પ્રભાકર** નામનો ઉત્તમ બુદ્ધિવાળો બ્રાહ્મણ હતો. તે બ્રાહ્મણનો દિકરો ગાંડા જેવો હોવાથી તે ઘણો દુઃખી હતો. એ છોકરો જાણે મૂંગો હોય તેમ મોઢેથી કશુંએ બોલતો જ નહિ. આવો **જડભરત** જેવો દિકરો હોવાથી એને ભૂત બૂત વળગ્યું હશે એમ ધારી કોઇ બહુશ્રુત મળે તો પૂછીને તેની શાંતિ કરૂં એવા વિચારમાં એ હતો. એવામાં "કોઇ સંન્યાસી ઘણા એક શિષ્યો સાથે ઘણાંએક પુસ્તકો લઇને ગ્રામમાં આવ્યા છે." એવું સાંભળીને તે **પ્રભાકર** બ્રાહ્મણ પોતાના દિકરાને સાથે લઇ તેમની પાસે ગયો. "રાજા, ઇષ્ટદેવ અને ગુરુની પાસે ઠાલે હાથે ન જવું" એ નિયમને અનુસરીને ગુરુની પાસે ફલની ભેટ લઇને ગયો અને તે ફલ **શંકરને** અર્પણ કરી પ્રણામ કરયા. પછી પોતાના પુત્રને આચાર્યના ચરણારવિંદમાં નમન કરવા નમાવ્યો. પોતાનું જડપણું દેખાડવા માટે એ પુત્ર આચાર્યના ચરણમાં જ પડ્યો રહ્યો. પણ ત્યાંથી ખસ્યો નહિ. એટલે **પ્રભાકરે** કહ્યું કે, "મહારાજ, આ પુત્રને તેર વર્ષ થયાં છે પણ હજુ સુધી કંઇ સમજતો નથી. એને યજ્ઞોપવિતને યોગ્ય મહા પ્રયત્ને કર્યો છે. એના બરોબરીના છોકરાઓ રમવા માટે એને બોલાવે છે પણ એ તેમની જોડે રમતો નથી. તેથી કોઇ છોકરા એને મારે છે પણ કશું બોલતો નથી પણ માર ખાય છે-એ કશું ભણ્યો નથી. કોઈ કોઇ વખત ખાવાનું ખાય છે ને કોઈ કોઈ વખત ખાતો પણ નથી. એના પ્રારબ્ધથી જ એ ઉછરે છે માટે આપ કૃપા કરીને કહો કે એને શું થયું છે." આ પ્રમાણે કહિને છાનો રહ્યો.

શંકરાચાર્યે એ બાલકને કહ્યું કે, "ઉઠ, તું કોણ છે અને આવી બાલચેષ્ટા કેમ કરે છે?" બાલક

ઉત્તર આપે છે કે, "હે ગુરો, હું જડ નથી પણ જે જડ છે તે મારા સાંનિધ્યને લીધે પ્રવર્તે છે. શોક, મોહ, ક્ષુધા, પિપાસા, જરા અને મૃત્યુ એ છ ઉર્મિયોથી તથા જન્મવું, જન્મ્યા પછી જીવવું, વૃદ્ધિ પામવું, ફેરફાર થવું, ઘટવું અને નષ્ટ થવું એ છ ભાવવિકારોથી રહિત જે કેવળ સુખરૂપ પરમપદ છે તે હું છું. હે વિદ્વાન્ ગુરો, આ મુમુક્ષુ લોકોને પણ મારા જેવો અનુભવ મળે એમ ઇચ્છુંછું" એમ કહિ બાર શ્લોકથી પ્રપંચરહિત પરમાત્માના તત્ત્વનું નિરૂપણ કર્યું. એ શ્લોકોનું નામ હસ્તામલક પડયું અને એ બાલક પણ હસ્તામલક નામથી પ્રસિદ્ધિ પામ્યો. આચાર્યે વિચાર કર્યો કે, આને ગુરુવિના આત્મતત્ત્વનું જ્ઞાન થયું તેથી તે કોઇ યોગી હોવો જોઇએ. પછી એ બાલકને પાસે બોલાવી તેના માથા ઉપર હાથ મુકયો. એના બાપને આચાર્યે કહ્યું કે, "આ પુત્રથી આ સંસારમાં તને કોઈ પણ પ્રકારનો ફાયદો થનાર નથી. કારણ કે, પોતાના દેહ ઉપર પણ એને પ્રીતિ નથી તો ઘર આદિમાં તેની આસક્તિ કયાંથી જ હોય?" એમ કહિ તેના પિતાની મરજીથી એને લઇને શિષ્યોસહિત ત્યાંથી પોતે નિકળીને તુંગભદ્રા નદીને કિનારે શૃંગેરી નામની પુરીમાં આવ્યા. ત્યાં કેટલાક દિવસ રહિને ઘણા શિષ્યોને ભાષ્યાદિ શિખવ્યાં. જોડે પ્રભાકર પંડિતનો મૂંગો પુત્ર લેતા આવ્યા હતા તેને સંપૂર્ણ રીત્યે બ્રહ્મવિદ્યા શિખવી.

શૃંગેરીમાં એક મઠ સ્થાપીને ત્યાંનો સંપ્રદાય ચલાવવા આચાર્યે સુરેશ્વર નામના શિષ્યને સોંપ્યું. આચાર્યના ચિત્તને અનુસરનાર અહિં કોઇ તોટક નામે શિષ્ય થયા. તેમનું વૃત્તાંત આ પ્રમાણે છે:– આચાર્યના ઘણા શિષ્યો હતા. તેમાં ગિરી નામનો એક શિષ્ય હતો. તે હમેશાં આચાર્યની પાસે રહિને તેમની સેવા કરતો હતો. તેની ભક્તિ જોઇને તેના ઉપર આચાર્યની સારી કૃપા હતી. તે એક દિવસ આચાર્યનું વસ્ત્ર ધોવા નદીએ ગયો હતો. તે વખતે કથાનો વખત થતાં આચાર્ય તેની વાટ જોતા હતા. તેવામાં કેટલાક શિષ્યો કથાના આરંભનો શાંતિપાઠ કરવાને તૈયાર થયેલા જોઈ કહ્યું કે, "જરા વાર રહો, ગિરી પણ હમણા આવી પહોચશે." તેથી પદ્મપાદ જરા અભિમાનથી બોલ્યા કે, "એ તો મંદબુદ્ધિ છે, એની વાટ વળી શી જોવી?" પદ્મપાદનો ગર્વ ઉતારવા એ ગિરીને આચાર્યે મનવડે ત્યાં રહે રહે ચૌદે વિદ્યા આપી દિધી. ગુરુપ્રતાપથી જેને ચૌદે વિદ્યા પ્રાપ્ત થઇ છે એવો એ શિષ્ય ગિરી બ્રહ્મતત્ત્વને પ્રકટ કરનારા સુંદર તોટક વૃત્તોથી આચાર્યની સ્તુતિ કરતો આવ્યો અને ઉપનિષદ્ ભાગનું પ્રતિપાદન કર્યું. તે જોઈને પદ્મપાદાદિ શિષ્યોને જે ગર્વ થયો હતો તે પોતાની મેળે જતો રહ્યો. તોટકવૃત્તથી આત્મતત્ત્વ પ્રતિપાદન કર્યું તેથી તેમનું નામ તોટકાચાર્ય પડયું અને મુખ્ય શિષ્યોમાં તે પણ ગણાયા.

આ વખતે આચાર્યના ચાર શિષ્યો પદ્મપાદ, સુરેશ્વર, હસ્તામલક અને તોટકને જોઇને લોકો કહેવા લાગ્યા કે, "આ ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ છે કે, ઋક્, યજુ:, સામ અને અથર્વ એ ચાર વેદ છે અથવા આ તે સલોકતા, સમીપતા, સરૂપતા અને સાયુજ્યતા એ ચાર ભક્તિ છે અથવા આ ચાર બ્રહ્મદેવના મુખ છે કે શું?" તેઓને શંકરાચાર્યના આ શિષ્યો છે એમ ઘણા પ્રયત્ને લોકો ઓળખી શકયા. અહિં આચાર્યે કેટલાક દિવસ સુધી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરતા શિષ્યો સહિત રહ્યા.

સર્ગ ૧૩ મો, બ્રહ્મવિદ્યાના ગ્રંથો ઉપર વાર્તિક રચાવ્યાં.

એક દિવસે શારીરકભાષ્ય ઉપર સ્ફુટ વાર્તિક કરવાની ઇચ્છાવાળા સુરેશ્વરે આચાર્યને પ્રણામ કરીને કહ્યું કે, "જે કંઇ કરવાનું હોય તે મને કહો" ત્યારે આચાર્યે કહ્યું કે, "મારા ભાષ્યઉપર તમે વાર્તિક નામક ઉત્તમ નિબંધ રચો" પછી સુરેશ્વરે તેમ કરવું કબુલ કર્યું પણ આચાર્યના પદ્મપાદાદિ શિષ્યોને આ વાત ગમી નહિ. કારણ કે પૂર્વાશ્રમમાં જીતાયેલા મંડન પંડિત એ સુરેશ્વર હતા. તેઓ નિરીશ્વરવાદી હોવાથી વાર્તિક કરવામાં પોતાના મતનું જ સમર્થન કરશે એવો તેમને ભય લાગ્યો. તેથી તેમણે જાહેર રીતે આચાર્યને તેમની પાસે એ વાર્તિક કરાવવા કરતાં ભિન્ન કોઇ શિષ્યો પાસે કરાવવા કહ્યું. આચાર્યને આ વાત ગમી નહિ તેથી તેમને (–જે શિષ્યોએ વાંધો લીધો હતો તેમને) સારી રીત્યે સમજાવ્યા કે, "સુરેશ્વર વિના બીજા કોઇથી પણ મારા ભાષ્યનું વાર્તિક થઈ શકે તેમ નથી." આવું સાંભળીને તેમને વળી વધારે ખોટું લાગ્યું. તેથી વળી ફરી પાછા તકરાર કરીને બીજા શિષ્યો પાસે ભાષ્ય ઉપર વાર્તિક કરાવવાની વિનંતી કરતાં "હસ્તામલક એ ભાષ્ય કરવાને યોગ્ય છે" એવું કહિ તેની યોગ્યતા દેખાડી આપી. ત્યારે આચાર્યે "તે પણ વાર્તિક માટે યોગ્ય નથી. કારણ કે એ સમાહિત અંત:કરણવાળો હોવાથી તેનું મન બહારના પદાર્થો ઉપર પ્રવર્તે એવું નથી." એમ કહિ તેમને શાંત કર્યા.

એક શિષ્યે પૂછ્યું કે, "સ્વામીજી, શ્રવણાદિક ઉપાયોવિના હસ્તામલકને કેવી રીત્યે જ્ઞાન પ્રાપ્ત થયું તે કૃપા કરી કહો" ત્યારે આચાર્યે કહ્યું કે, "પૂર્વે યમુનાની તટ ઉપર એક મોટો તપસ્વી બ્રાહ્મણ રહેતો હતો, તેની પાસે એક દિવસે એક બ્રાહ્મણની દિકરી પોતાના બે વર્ષના બાળકને લાવીને 'થોડી વાર સુધી આ બાળકની ખબર જોજો.' એમ કહિ તે પોતાની સખિયો સાથે યમુનામાં નહાવા ગઈ. એવામાં એ બાલક દૈવયોગે ત્યાંથી ખસી નદીમાં પડીને ડુબી જઇ મરણ પામ્યું. ત્યારે એ બાળકના મૃતદેહને લઇ તે બ્રાહ્મણની દિકરી ઘણું રડવા લાગી. એનું રડવું સાંભળતાં એ મુનિને ખેદ થયો અને એ બાલકને જીવતો કરવા માટે પોતાની યોગશક્તિથી તેના શરીરમાં પ્રવેશ કર્યો. એ બાળક તે આ હસ્તામલક છે. એનાથી કશું અજ્ઞાત નથી. એ વેદ, શ્રુતિ, સ્મૃતિ: સઘળું જાણે છે, પણ તે સમાહિત અંતઃકરણવાળો હોવાથી બહારનાં કાર્યમાં તેનું ચિત્ત નથી તેથી એ વાર્તિક કરવાને યોગ્ય નથી. જેના સર્વજ્ઞપણા માટે સરસ્વતી પોતે સાક્ષી હતાં એવા મંડનમિશ્ર—સુરેશ્વર–જ યોગ્ય છે છતાં જ્યારે તમને ગમતું નથી ત્યારે મને બીજો કોઇ પણ યોગ્ય લાગતો નથી. આ કામ ઘણાઓને ન ગમતું થઇ પડવાથી હું પણ હવે તે કામ કરવા દેવાની ઈચ્છા રાખતો નથી." ત્યારે એક શિષ્યે કહ્યું કે, "આ પદ્મપાદ તેનું વાર્તિક કરી શકશે." એટલે આચાર્યે ઉત્તર આપ્યું કે, "લોકોને રાજી કરનાર પદ્મપાદ ભલે વાર્તિક કરે પણ બિજાએ કરવા સ્વીકારેલું કામ તે કેમ કરી શકે? સુરેશ્વરે વાર્તિક કરવાની પ્રતિજ્ઞા કરી છે." પછી આચાર્યને ઠીક ન લાગવાથી તેમણે સુરેશ્વરને કહ્યું કે, "તમે હવે મારા ભાષ્ય ઉપર વાર્તિક કરશો નહિ. કારણ કે, આ શિષ્યો તમારા હાથથી વાર્તિક થયેલું જોવામાં રાજી નથી." તેથી સુરેશ્વરેએક નૈષ્કર્મ્યસિદ્ધિ નામનો ગ્રંથ કર્યો. તેને આચાર્યે ઘણી સંભાળથી વાંચીને ખુશી થયા. પછી સર્વ શિષ્યોએ પણ એ ગ્રંથ વાંચ્યો એટલે તેમની આંખ ઉઘાડી ને સુરેશ્વર ઉપર વિશ્વાસ બેઠો.

આચાર્યે સોંપેલા કામમાં બિજા શિષ્યોએ વાંધો કાઢીને વિઘ્ન નાંખ્યું તેથી સુરેશ્વરે શાપ દીધો કે, "મોટા વિદ્વાનો પણ જો આ શારીરકભાષ્ય ઉપર વાર્તિક કરશે તો પણ તેનો પૃથ્વીમાં પ્રચાર નહિ થાય." પછી આચાર્યને પ્રણામ કરીને કહ્યું કે "આપની આજ્ઞાને માન્ય કરવી જોઈએ તેથી જ મેં આ ગ્રંથ કર્યો છે પણ પ્રખ્યાતી કે કોઈ પ્રકારના લોભથી મેં આ ગ્રંથ કર્યો નથી." એમ કહિ પોતે પૂર્વાશ્રમની વૃત્તિમાં નથી આદિ બીજી કેટલીક હકીકત કહિને શોક કર્યો કે, "અરેરે, શારીરકભાષ્ય ઉપર મારે હાથે વાર્તિક ન થયું" એવામાં આચાર્યે કહ્યું કે, "યજુર્વેદના તૈત્તિરીય શાખાના ઉપનિષદ્ ઉપર તેમ જ તમારી જે કણ્વ શાખા છે તેના ઉપનિષદ્ ઉપર મેં ભાષ્ય કરેલાં છે તે ઉપર તમે સંસારની પીડાનો નાશ થાય એવાં વાર્તિક કરો." ગુરુની આજ્ઞા પ્રમાણે તૈત્તિરીય અને બૃહદારણ્યક નામના બે ઉપનિષદ્‌ના ભાષ્ય ઉપર વાર્તિક કરીને શંકરાચાર્યને ભેટ કર્યાં.

પદ્મપાદે ગુરુની આજ્ઞાથી સૂત્રભાષ્યની બે ટીકાઓ કરી પહેલી પંચપાદી અને બીજી વૃત્તિ. વ્યાસ મુનિનાં સૂત્રો ઉપરના ભાષ્યની વિજયડિંડિમ નામથી વિવેચના કરીને ગુરુને અર્પણ કરી. તે જોઈ આચાર્યે વિચાર કરી પદ્મપાદને કહ્યું કે, "હે વત્સ, આ ટીકામાંથી પાંચ પદ જ પૃથ્વીમાં પ્રચાર પામશે. પ્રારબ્ધ કર્મથી જ્યારે તું પૃથ્વીમાં બીજી વખત વાચસ્પતિ એ નામથી જન્મ ધરીશ ત્યારે તું મારા ભાષ્ય ઉપર અતિ સુંદર ટીકા કરી શકીશ કે જે પૃથ્વીના પ્રલયકાલ સુધી જય પામશે.

• આનંદગિરી આદિ શિષ્યોએ આત્મતત્ત્વના પ્રકાશ માટે ઘણા ઉત્તમ ગ્રંથો રચ્યા.

સર્ગ ૧૪ મો, પદ્મપાદની તીર્થયાત્રા.

પદ્મપાદ—"હે ગુરો, મારે યાત્રા કરવાની ઇચ્છા છે, માટે મને આજ્ઞા આપો."

ગુરુ—"ગુરુની પાસે રહિને તેમની સેવા કરવી એ જ મ્હોટી યાત્રા છે, ગુરુનું ચરણોદક એ જ તીર્થ છે, ગુરુના ઉપદેશથી આત્મદૃષ્ટિ કરવી એ જ બધા દેવનું દર્શન છે. યાત્રા કરતાં સંન્યાસીનો ધર્મ બરાબર પાળી શકાતો નથી. કારણ કે ચાલવાના શ્રમથી નિદ્રા આવતી નથી ને તેથી આત્મચિંતન થઈ શકતું નથી. સંન્યાસના બે પ્રકાર છેઃ વિદ્વત્સંન્યાસ અને વિવિદિષાસંન્યાસ. વિદ્વત્સંન્યાસ એટલે તત્ત્વજ્ઞાન સમજાયા પછી તેનો નાશ ન થાય તેવી રીત્યે જીવન્મુક્તિ માટે યત્ન કરવો તે અને વિવિદિષાસંન્યાસ એટલે તત્ત્વ જાણવા માટે तत् તથા त्वं આ બે પદોના અર્થનો વિચાર. આમાં તેં બીજા પ્રકારનો સંન્યાસ લીધો છે. માટે तत्त्वं પદાર્થને સારી રીત્યે જાણવો

જોઇએ. તે યાત્રા કરવામાં જાણી શકાય તેમ નથી. યાત્રા કરનારાઓને ઘણાં દુઃખો પણ વેઠવાં પડે છે. કોઇ ઠેકાણે પાણી મળે છે ને કોઇ ઠેકાણે મળતું નથી; કોઇ ઠેકાણે સુવા માટે જગા મળે છે ને કોઈ ઠેકાણે મળતી નથી. સુવાની જગા અને પાણીનો શોધ કરવામાં ચિત્ત રોકાય છે. તેથી પ્રવાસિયોને સુખ મળતું નથી. પ્રવાસમાં તાવ કે અતિસાર વગેરે રોગ થાય તો તેના ઉપાય કરવા માટે પૂરતાં સાધનો ન મળવાથી આગળ જઈ શકાતું નથી. વહેલા ઉઠીને નહાવાનું ને દેવપૂજન કરવાનું બની શકતું નથી. આવી આવી બીજી ઘણી અડચણો નડે છે."

પદ્મપાદ—"મહારાજ, આપની આજ્ઞા વિરુદ્ધ મારે બોલવું ન જોઇએ પણ મારૂં મન અનેક દેશો જોયા વિના શાંત થાય તેમ નથી. તીર્થાટન કરતાં ગુરુના સમીપમાં ચિત્ત રહે એટલે બસ છે પણ જો પાસે રહ્યા છતાં ચિત્ત ન હોય તો કામનું નથી. સુખ દુઃખ તે પૂર્વ જન્મના સંસ્કાર પ્રમાણે થાય છે. તે માટે મને હરખ કે શોક, ચિંતા કે ભય કાંઈ નથી. ગમે ત્યાં જઈએ તો પણ જે થવાનું હોય છે તે થયાં જ કરે છે. મનુ આદિ મુનિયો પણ કહિ ગયા છે કે, 'ધર્મશાસ્ત્ર જાણનારાએ દેશકાલાદિ જોઈને તે પ્રમાણે ચાલવું જોઈએ, આપત્કાલમાં એ પ્રમાણે કદી મર્યાદાનો પણ ભંગ થાય. જો દૈવ અનુકૂલ હોય તો કોઈ ઠેકાણે પણ અન્ન મળ્યા વિના રહેતું નથી. જેનું મન ઠેકાણે છે તેને બ્રહ્મચિંતવનમાં કંઈ હરકત થતી નથી."

આચાર્ય—"પ્રવાસમાં સાધુસંતના સહવાસથી સુખ અને ખલની સંગતિથી દુઃખ પ્રાપ્ત થાય છે માટે એ બાબતમાં ઊંડો વિચાર કરવો. કોઇ પણ ઠેકાણે ઘણા દિવસ રહેવું નહિ. કોઈપણ ચીજનો સાથે સંગ્રહ કરવો નહિ. રસ્તા વચ્ચે કદી ઉતારો કરવો નહિ. પરદેશમાં કેટલાક લોકો બહારથી ઘણા સારા દેખાય છે પણ માંહેથી ઘણા ખરાબ માલમ પડે છે માટે તેઓથી ચેતતા રહેવું રસ્તામાં મળતા સાધુસંત અને દેવ વગેરેનું વિધિપુરઃસર પૂજન કરીને આગળ પ્રયાણ કરવું." પદ્મપાદનો યાત્રાએ નિકળવાનો દૃઢ નિશ્ચય જોઈ આ પ્રમાણે આચાર્યે કહ્યું. આથી પદ્મપાદને ઘણો આનંદ થયો અને તીર્થાટન માટે આજ્ઞા લઈ ચાલવા માંડ્યું.

એક દિવસે ઋષ્યશૃંગ પર્વત ઉપર આચાર્યે ધ્યાન ધર્યું હતું. ત્યાં તેમના ધ્યાનમાં પોતાનાં માજીને મંદવાડ આવ્યો છે અને તેઓ પોતાનું સ્મરણ કરે છે જાણી તુરત જ પોતાના શિષ્યોને કહિ ત્યાંથી આકાશ માર્ગે કાલટી નામના અગ્રહારમાં પોતાના ઘરમાં માજી પાસે આવ્યા. માજીના ચરણમાં પ્રણામ કરીને, "માજી, હું તમારા સંભારવા પ્રમાણે આવ્યો છું, શોક મુકી દેઈ મારે તમારૂં કયું કામ કરવાનું છે તે બતાવો." એમ કહ્યું. ત્યારે ઘણે દિવસે કુશલક્ષેમ ઘેર આવેલા પોતાના યતીંદ્ર પુત્રને ધીમે સાદે માજીએ કહ્યું કે, "હે પુત્ર, મેં મારી આવી દશામાં તને જોયો એ સારૂં થયું. આ વિના મારે બિજું કયું કામ હોય? હે દિકરા, ઘરડપણથી ઘસાઈ ગયેલું મારૂં જીવિત હવે વધારે ચાલવાનું નથી. તેથી શાસ્ત્ર પ્રમાણે આ દેહના યોગ્ય સંસ્કાર કરી મને પરલોકમાં પહોંચાડજે." આવાં માજીના પુત્રસ્નેહને અનુસરતાં વચનો સાંભળી આચાર્યે પોતાનાં માજીને બ્રહ્માનંદ મળે જાણી બ્રહ્મનો ઉપદેશ કર્યો. ત્યારે માજીએ કહ્યું કે, "બ્રહ્મ નિરાકાર હોવાથી મારાથી બરોબર સમજી શકાતું નથી. તેથી સગુણ બ્રહ્મનો ઉપદેશ કરી મારા અંતઃકરણમાં તે ઠસે તેમ નિરૂપણ કર." ત્યારે માજીની આજ્ઞાને અનુસરી ભુજંગપ્રયાત વૃત્તથી શ્રીશંકરનું સ્તવન કર્યું. એટલે તેમણે પોતાના દૂતો મોકલ્યા. દૂતો આવ્યા પછી શંકરે માજીને કહ્યું કે, "આ શંકરના દૂતો વિમાન લઈને આવ્યા છે તેથી તેમાં બેશીને શંકરના ધામમાં પધારો." પણ માજીએ તે દૂતોની સાથે જવાની ઇચ્છા બતાવી નહિ તેથી આચાર્યે એ દૂતોને પાછા જવાનું કહિ સત્ત્વગુણ સંપન્ન વિષ્ણુનું સ્તવન કર્યું. એટલે વિષ્ણુ પ્રસન્ન થયા અને પોતાના દૂતોને વિમાન લઈને મોકલ્યા. વિષ્ણુનુ વર્ણન કરતી વખતે વર્ણન કર્યા પ્રમાણે માજીએ વિષ્ણુને મનમાં જોયા તેથી તેમનું સ્મરણ કરતાં માજીએ પોતાનો દેહ મુકી દીધો અને દૂતો સાથે વિમાનમાં બેસી વૈકુણ્ઠમાં સિધાવ્યાં.

પછી આચાર્યે માજીનું ઔર્ધ્વદૈહિક કર્મ કરવા માટે સગાં-વહાલાંને બોલાવીને કહ્યું કે, "મેં **સંન્યાસ લીધો છે પણ માતાજીને વચન આપ્યા પ્રમાણે, હું પોતે તેમનો સર્વ પ્રકારે સંસ્કાર કરીશ."**

ત્યારે સગાંમાંથી કોઈએ કહ્યું કે, "સંન્યાસીને એવો અધિકાર નથી. પૂર્વાશ્રમમાં આ અધિકાર તમને હતો. જો આ આશ્રમમાં કરશો તો શાસ્ત્ર વિરુદ્ધ થશે." પણ આમ કહેવાથી કાંઈ પણ અસર ન થતાં પોતાની માનો સ્વતઃસંસ્કાર કરવામાં આગ્રહ જોઈ તેમનાથી વિરુદ્ધ થઈ કોઈએ આગ પણ આપી નહિ ત્યારે આચાર્યને રીસ ચઢી ને એમને શાપ દીધો કે "આજથી તમે વેદભ્રષ્ટ થશો અને તમારે ત્યાં કોઈપણ સંન્યાસી ભિક્ષા લેશે નહિ અને તમારા ઘરની સમીપમાં જ મુડદાં બાળવામાં આવશે." પછી લાકડાં ભેગાં કરી માજીના જમણા હાથમાંથી અગ્નિ પ્રકટ કરીને તે અગ્નિથી માજીના શબને પોતે દહન કર્યું.

આચાર્યના શાપથી કેરલદેશ (કાલટી)માં હજુ પણ બ્રાહ્મણો વેદ ભણી શકતા નથી. તેમને ત્યાં સંન્યાસીઓ ભિક્ષા લેતા નથી, અને તેમનામાં કોઈ મરી જાય તો તેમના ઘરની આગળ જ તેમને બાળે છે. જાણી જોઈને મહાત્માઓનો અપરાધ કરવામાં આવે તો તેથી સુખ કેમ પ્રાપ્ત થાય? શાંત એવા મહાત્માને પણ તેનું શાંતપણું જોઈને પીડા કરવી નહિ કારણ કે એવા પુરુષને પણ ક્રોધ ચઢે છે. ચંદનનું વૃક્ષ શીતલ અને સુખદાઈ છે તો પણ તેને ઘસવામાં આવે તો તેનાથી તીવ્ર અગ્નિ પ્રકટે છે.

આણી તરફ પદ્મપાદ તીર્થાટન કરતા કરતા દક્ષિણ દિશા તરફ ગયા અને ત્યાંથી શ્રીકાલહસ્તીશ્વરનું દર્શન કરીને, પુણ્ડરીક નામની પુરીમાં આવ્યા. આ પુરીમાં શંકર નિરંતર નૃત્ય કરે છે. ત્યાંના માણસોને પૂછતાં "તેમણે કહ્યું કે આ શિવગંગા તીર્થ છે. એક દિવસે મહાદેવે ગંગાનું સ્મરણ કર્યું એટલે ગંગાજી પ્રકટ થઈને તેમની આજ્ઞાથી અહિં વહન થવા લાગ્યાં. આ શિવગંગામાં સ્નાન કરી સદાશિવના દર્શન કરનારને જે પુણ્ય થાય છે તેનું વર્ણન સાક્ષાત્ શિવ વિના કોઈપણ કરી શકે એવું નથી." આ પ્રમાણે એ શિવભક્તનાં વચન સાંભળીને પદ્મપાદે ત્યાં સ્નાન કરીને શિવનાં દર્શન કર્યા. ત્યાંથી રામચંદ્રજીએ બાંધેલા સેતુનાં દર્શન કરવાને માટે નિકળતાં રસ્તામાં રંગનાથના ચરણારવિંદનું પ્રક્ષાલન કરીને વહન થતી કાવેરી-પશ્ચિમવાહિની-માં સ્નાન કરીને રંગનાથના દર્શન કરીને પોતે જવા ધારેલા સ્થળમાં જવા માટે શિષ્યો સહિત સિધાવ્યા.

રસ્તામાં પૂર્વાશ્રમના પોતાના મામાનું ઘર આવ્યું ત્યાં પોતે ગયા. ઘણે દિવસે પદ્મપાદને આવેલ જાણી સગાં-વહાલામાંથી કેટલાંક ખુશી થયાં ને કેટલાંએક હર્ષના આંસુ પાડી રડવા લાગ્યાં. પદ્મપાદે પછી પોતાની કહેવા લાયક વાર્તા તે આપ્તજન પાસે કહિ સંભળાવી. આગ્રહને લીધે કેટલાક દિવસ ત્યાં જ રહ્યા ને ગૃહસ્થાશ્રમના ધર્મનો ઉપદેશ કરિને ત્યાંથી શિષ્યો સાથે રામેશ્વર જવા નિકળ્યા. જતી વખતે મામાને ત્યાં પોતાની સાથે જે પુસ્તકો હતાં તે પણ મુકયાં અને મામાને કહ્યું કે, "આમાં શંકરાચાર્યે કરેલા ભાષ્ય ઉપર મેં કરેલી ટીકા પણ છે." ત્યારે મામાએ એ ટીકા જોવા માંગી. જોઇને મનમાં તો પોતે દ્વૈતવાદી હોવાથી તેમાં પ્રભાકર ભટ્ટ આદિના મતનું ખણ્ડન હતું અને અદ્વૈતનું પ્રતિપાદન હતું તે તેનાથી સહન થઈ શકયું નહિ તો પણ બહારથી સારૂં દેખાડવા માટે તેણે "આ ટીકા ઘણી ઉત્તમ છે" કહિ વખાણ કર્યાં. પદ્મપાદ એ સર્વ પુસ્તકો મુકીને રામેશ્વર તરફ વિદાય થયા.

અહિં મામાએ વિચાર કર્યો કે, "જો આ ગ્રંથ રહેશે તો મારા ગુરુના પક્ષને હાનિ પહોચશે તેથી મારા ઘરને જ સળગાવી દઉં કે જેથી ઘરની જોડે ગ્રંથ પણ બળી જાય." આવા વિચારથી તેણે ગ્રંથ બાળવા પોતાનું ઘર બાળી મુકયું અને બુમ પાડી કે "ધાઓરે, ધાઓ, મારૂં ઘર બળી જાય છે."

રામેશ્વરની યાત્રા કરીને મામાના ઘર તરફ આવતાં રસ્તામાં પદ્મપાદને આ ખબર મળતાં તેને ઘણો ખેદ થયો. ફરીથી કેટલાક દિવસ મામાને ત્યાં રહ્યા. ફરીથી પાછી એવી ટીકા કરવાનો વિચાર કરી આરંભ કર્યો એટલે મામાએ જાણ્યું કે, "આ બુદ્ધિમાન્ છે તેથી પાછી એવી કે એ કરતાં પણ સારી ટીકા કરશે તેથી એની બુદ્ધિ નષ્ટ થાય એવું એને કાંઈ ખવડાવ્યું હોય તો ઠીક" એવો વિચાર કરી જમતી વખતે કાંઈક ખવડાવી દિધું. તેથી બુદ્ધિ મંદ થઇ ગઇ અને ટીકા લખવી પણ રહિ. આચાર્યના ઘણા દિવસથી દર્શન ન થવાથી તીર્થયાત્રા પૂરી કરીને ત્યાંથી ગુરુના દર્શન સારૂ નિકળ્યા. આચાર્ય કેરલ દેશમાં છે એવી ખબર મળવાથી ત્યાં ગયા અને આચાર્યના ચરણારવિંદમાં પ્રણામ કરીને તીર્થયાત્રાની સવિસ્તર હકીકત કહિ. પોતે કરેલી ટીકા મામાને ત્યાં બળી ગઇ તે ફરીથી લખવાની મતિ ચા-

લતી નથી તેથી કહ્યું કે, "મને આ દુ:ખમાંથી ઉગારો." ત્યારે આચાર્યે કહ્યું કે, "તું શોક કરીશ નહિ. થવાનું હતું તે થઇ ગયું. ગઈ ગતી વાતનો શોક કરવો મિથ્યા છે. તેં ઋષ્યશૃંગ પર્વત ઉપર મને એ ટીકા વંચાવી હતી તે મ્હારા સ્મરણમાં છે માટે હું લખાવું છું તે લખી લે," એમ કહી ભાષ્ય ઉપરની બધી ટીકા પદ્મપાદને લખાવી તેને દુ:ખમુક્ત કર્યો.

કેરલ દેશનો રાજશેખર રાજા કે જેણે પૂર્વે આચાર્યને ત્રણ નાટકો વાંચી સંભળાવ્યાં હતાં, તેના એ ત્રણ નાટકો પણ કંઇ કારણથી બળી ગયેલાં હતાં. તેથી તેને ઘણો શોક થતો હતો પણ ઉપરની વાત તેના જાણવામાં આવવાથી તે પણ આચાર્ય પાસે આવીને પોતાનાં ત્રણ નાટકો લખાવવા વિનંતી કરવાથી આચાર્યે તે પણ લખાવ્યાં તેથી ખુશી થઈને રાજાએ પ્રાર્થના કરી કે, "સેવકને જે કંઈ આજ્ઞા હોય તે કહો." ત્યારે આચાર્યે "કાલટીના લોકોને વેદબાહ્ય કર્યાં છે માટે તમારે પણ તેમને તેવા જ માનવા." એવું કહિ આશીર્વાદ દઈ રાજાને વિદાય કર્યો. પછી પોતે પોતાના અનેક શિષ્યો સાથે અનેક દેશોમાં જઈને દ્વૈતમતનું ખંડન કરી અદ્વૈતમતનું મંડન કર્યું.

સર્ગ ૧૫ મો, આચાર્યે કરેલો દિગ્વિજય.

પછી હજારો શિષ્યો સાથે દિગ્વિજય કરવાની ઈચ્છાથી શંકરાચાર્યે રામેશ્વર જવા નિકળ્યા. તેમને સહાય કરવા સુધન્વા રાજા પણ જોડે ગયો. ત્યાં [1]શાક્તમતવાદિયોને આચાર્યે હરાવી તેમને અદ્વૈત બોધ કરી કર્મ કરવાની આજ્ઞા આપી. રામેશ્વરની પૂજા કરી પાંડય, ચોલ અને દ્રવિડ લોકોને વશ કરી કાંચીનગરમાં[2] આવ્યા. અહિં એક મોટું દેવસ્થાન બંધાવ્યું ને જગદંબાનું વેદોક્ત પૂજન કરવાનો ચાલ ચાલુ કર્યો તથા આંધ્રલોકોને વશ કર્યા. વ્યેંકટેશ્વરનું વિધિપૂર્વક પૂજન કરીને વિદર્ભ દેશની રાજધાનીમાં પધારી કાપાલિકમતવાદિયોને હરાવ્યા. પછી અહિંથી કર્ણાટક દેશમાં જવાની આચાર્યે ઈચ્છા કરી ત્યારે ત્યાંના રાજાએ તે દેશમાં જવાની ના કહેતાં કહ્યું કે, "વૈદિકધર્મ ઉપર ઇર્ષ્યા કરનારા ઘણા કાપાલિકો એ દેશમાં વસે છે, તેઓ આપનો યશ સાંભળીને આપને હેરાન કરશે" આ સાંભળીને વિદર્ભદેશના રાજાને સુધન્વાએ કહ્યું કે, "કશી ફિકર નથી. હું જોડે છું એટલે એમને વશ કરીશ." તેથી પોતે એ દેશ તરફ જવા નિકળ્યા.

કાપાલિક લોકોને જીતવાની ઇચ્છાથી આચાર્ય ઉજ્જયિની નામના નગરમાં આવ્યા આચાર્યનું આવવું સાંભળીને કાપાલિકનો મુખ્ય અગ્રણી ક્રકચ તેમની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, "તમે ભસ્મ ધારણ કરો છો તે ઠીક છે પણ માણસના માથાની પવિત્ર ખોપરી રાખવાને બદલે ખર્પર-ખપ્પર શા માટે રાખો છો અને ભૈરવની કેમ ઉપાસના કરતા નથી? લોહીથી ખરડાએલા મસ્તકરૂપ કમળોથી ભૈરવની પૂજા કર્યા વિના અને પાર્વતી જેવી સુંદરીનું આલિંગન કર્યા વિના ભક્તજનોને આનંદ કેમ થાય?" આવું આવું ક્રકચ બોલવા જાય છે એવામાં સુધન્વા રાજાને ક્રોધ ચઢવાથી તેને ધિક્કારીને કાઢી મુકયો.

ક્રકચને પણ રીસ ચઢી તેથી "જો હું તમારા સર્વના માથાં ફોડી ના નાંખુ તો હું ક્રકચ નહિ" એમ કહિ પોતે જતો રહ્યો. તેણે કાપાલિકોને ઉશ્કેરીને લઢવા માટે મોકલ્યા. તેમની સામે સુધન્વા રાજા લઢયો. બીજી તરફથી એક હજાર કાપાલિકો આચાર્ય તથા તેમના શિષ્યોને મારી નાંખવા આવ્યા. શિષ્યો ગભરાઇને આચાર્યને શરણે ગયા. તેમણે એ કાપાલિકોનું ઝોલુ આવતું જોઇને પોતા-

૧ શાકત, લક્ષ્મીભકત, શારદોપાસક, વિદ્યોપાસક, જંગમ, શૈવ, વગેરેને જીતીને આચાર્ય અનંતશયન દેશમાં ગયા. ત્યાં ૭ પ્રકારના વૈષ્ણવો(ભકત, ભાગવત, વૈષ્ણવ, પંચરાત્રી, વૈખાનસ અને કર્મહીન એ ૭ પ્રકારના વૈષ્ણવ)ને જીત્યા. હિરણ્યગર્ભોપાસક, અગ્ન્યુપાસક, સૂર્યોપાસક વગેરેના મતનું ખંડન કરીને ગણવર નામના નગરમાં આવ્યા. ત્યાં કૌમુદી નદીમાં નહાયા. અહિં ગાણપત મત કે જેના ૭ ભેદ છે તેનું ખંડન કરીને જીત્યા. શિવના ગણને પૂજનારા હતા તેમને પણ આચાર્યે જીત્યા.

૨ ત્યાંથી કાંચીમાં કે જયાં અંબરેશ નામે પ્રસિદ્ધ શંકરનું સ્થાનક છે ત્યાં એક માસ રહ્યા, અહિં શિવની અને વિષ્ણુની સ્થાપના કરીને એનું શિવકાંચી અને વિષ્ણુકાંચી નામ પાડયાં. એ દેશમાં તામ્રપર્ણિને કાંઠે રહેનારા ભેદવાદીઓને હરાવ્યા.

ના હુંકારથી પ્રકટ કરેલા અગ્નિથી એમને ભસ્મ કરી નાંખ્યા. આણી તરફ સુધન્વા રાજા પણ હજારો કાપાલિકો કે જે સામા થયા તેમના મસ્તકોને છેદી નાંખીને વિજય કરી આચાર્યની પાસે આવ્યો.

પોતાની હાર થયેલી જોઇને ક્રકચે પોતાનો પ્રભાવ બતાવવાને માટે ભૈરવનું ધ્યાન કરતાં હાથમાંની ખોપરી મદિરાથી ભરાઈ ગઈ. તેમાંથી અડધી પોતે પીધી ને પાછું ભૈરવનું ધ્યાન ધર્યું કે ભૈરવ પ્રકટ થયા એટલે ક્રકચે કહ્યું, "હે દેવ, આપના ભક્તનો દ્રોહ કરનાર આ શંકરાચાર્યને આપ મારી નાંખો" ત્યારે ક્રોધયુક્ત થયેલા ભૈરવનાથે "મારા સ્વરૂપભૂત શંકરાચાર્યનો તું કેમ અપરાધ કરે છે" કહિ તેનું જ માથું કાપી લીધું. શંકરાચાર્યે અંતર્હિત થતાં થતાં ભૈરવનાથની સ્તુતિ કરી. કાપાલિકોનો નાશ થયો. બ્રાહ્મણો ખુશી થયા. આ પ્રમાણે ઘણાક પાખંડ મતોનો[1] પરાજય કરી અદ્વૈતનું સંસ્થાપન કરી પશ્ચિમ સમુદ્ર તરફ જઈને ત્યાંના કુમતોનું ખંડન કરી ગોકર્ણમાં આવ્યા. ત્યાં સમુદ્રમાં સ્નાન કરીને મહાબલેશ્વરનાં દર્શન કર્યાં.

ત્યાંના હરદત્ત નામના એક બ્રાહ્મણે પોતાના ગુરુ નીલકણ્ઠને નીચે પ્રમાણે નિવેદન કર્યું:—

હરદત્ત કહે છે—"મહારાજ, ભટ્ટપાદ તથા મંડનમિશ્રને જેણે જીત્યા છે એવા શંકરાચાર્ય આપને જીતવા માટે શિષ્યોસહિત આવ્યા છે. તેઓ આપણા ગ્રામના શિવાલયમાં ઉતરયા છે."

આ પ્રમાણે હરદત્તનું કહેલું સાંભળી ઘણી ઘણી ડફાંસો હાંકીને પોતે જ આચાર્યને જીતવા માટે શૈવમતના સારા અભ્યાસી શિષ્યો સાથે લઈ આચાર્યની પાસે જવા નિકળ્યો. તેને દૂરથી આવતો આચાર્યે જોયો. પાસે આવ્યા છતાં નીલકણ્ઠે અભિવંદનાદિ પ્રકાર ન કરતાં પોતાના મતનું મણ્ડન કરવા લાગ્યો. તે જોઈ સુરેશ્વરે આચાર્યને કહ્યું કે, "આપ બેઠા બેઠા જુઓ, હું જ એની જોડે વાદ કરૂં છું." વાદ માટે સજ્જ થતા સુરેશ્વરાચાર્યને જોઇને નીલકણ્ઠે કહ્યું કે, "તમારૂં વાક્કૌશલ હું જાણું છું મારે તમારી જોડે વાદ કરવો નથી પણ આચાર્ય જોડે કરવો છે." તે સાંભળીને આચાર્ય વાદ કરવા તૈયાર થયા. વાદ કરતાં કરતાં નીલકણ્ઠે કરેલા પોતાના મતના મણ્ડનનું આચાર્યે ખંડન કર્યું. ત્યારે પોતાના મતનું રક્ષણ કરવાને બદલે અદ્વૈતમત નિર્ણય કરવા માટે પ્રયત્નવાન્ થઈ "तत्त्वमसि" વાકયથી જીવ અને ઈશ્વરનો અભેદ માનો છો તે યોગ્ય નથી કેમકે, અજવાળા અને અંધારાના પરસ્પર વિરુદ્ધ ધર્મને લીધે તેમનું ઐક્ય સંભવતુ નથી તેમ જીવ અને ઈશ્વરના વિરુદ્ધ ધર્મ હોવાથી અસંભવિત છે." આવા અનેક દાખલા બતાવીને નીલકંઠે ભેદ સિદ્ધ કરવા માંડયો. એટલે આચાર્યે તેણે કરેલો અર્થ ખોટો કહિ "तत्त्वमसि"નો અર્થ આ પ્રમાણે સમજાવ્યો: 'જીવ કર્યોપાધિ છે અને ઈશ્વર કારણોપાધિ છે પણ તેમનો ચિદંશ એક જ છે. તેથી ભાગલક્ષણાથી એટલે કોઈ બાબતને ગ્રહણ કરવી અને કોઇ બાબત ન ગ્રહણ કરવી એવી જ જહદજહલ્લક્ષણાથી દેહનું ઐક્ય છે ત્યાં કોઈપણ જાતનો વિરોધ આવતો નથી.' આ પ્રમાણે ઘણા શ્રુતિપ્રમાણોથી તેનું ખંડન કર્યું એટલે તે પોતે તથા હરદત્તાદિ શિષ્યોસહિત આચાર્યના શિષ્યપણાને પામ્યા.

પછી સૌરાષ્ટ્રાદિ દેશોમાં ફરીને પોતાના ભાષ્યનો પ્રચાર કરી દ્વારકામાં પધાર્યા. ત્યાંના શંખ, ચક્રાદિ ચિન્હો ધારણ કરનાર પાંચ ભેદને માનનારા પાંચરાત્રમતના વિદ્વાનોને હરાવ્યા. વળી વૈષ્ણવ, શૈવ, શાક્ત અને સૌરમતના પ્રમુખોને જીતીને ઉજ્જયિની નગરીમાં પધાર્યા. ત્યાં મહાકાળેશ્વરની પૂજા કરીને વિશ્રાંતિ લીધી. પછી પદ્મપાદની સાથે ભટ્ટ ભાસ્કરને આચાર્યે કહાવી મોકલ્યું કે, "તમારો

[1] નાસ્તિકમતવાદી ચાર્વાક સૌગત, ક્ષપણક, જૈન, અને બૌદ્ધને જીતીને અનુમલ્લપુરીમાં આવ્યા. અહિં એકવીશ દિવસ રહ્યા ને મલ્લારીના ભકતોને જીત્યા. ત્યાંથી પશ્ચિમ દિશાતરફ મરૂંધ નામના નગરમાં ગયા. ત્યાં વિષ્વક્સેન મતવાળાઓને જીતીને પોતાના મતને માનતા કર્યા, મન્મથભકતોને જીત્યા. ત્યાંથી ઉત્તર દિશામાં માગધપુરમાં આવ્યા. ત્યાં કુબેર અને ઇંદ્રિમતનું ખંડન કર્યું. પછી ત્યાંથી યમપ્રસ્થપુરમાં જઇને યામ્યમતનું ખંડન કર્યું પછી પ્રયાગમાં આવ્યા. વરુણ અને શૂન્યમતવાદીઓને બ્રહ્મોપાસક કર્યા. પછી વારાહમતનું ખંડન કરીને સંઘ અને ગુણને જ મુખ્ય માનનારા લોકોને જીત્યા. પછી સાંખ્ય, અને કપિલમતનું ખંડન કરીને શિષ્યો સાથે આચાર્ય વારાણસી ક્ષેત્રમાં આવ્યા. ત્યાં ત્રણ મહિના રહ્યા. ત્યાં કર્મવાદીઓ કર્મ જ મોક્ષ આપે છે એવું કહેતાં તેમનું ખંડન કરીને બ્રહ્મતત્ત્વવાદી કર્યા. પછી ચંદ્ર, મંગલ વગેરે નવ ગ્રહ અને પિતર, ગંધર્વ અને ભૂતના ઉપાસકોને સમજાવીને બ્રહ્મોપાસક કર્યા.

કુત્સિતમત મુકી દઈને શુદ્ધાદ્વૈત મતનો સ્વીકાર કરો અથવા મારી સાથે વાદ કરો." આ પ્રમાણે પદ્મપાદે આવીને ભટ્ટભાસ્કરને કહ્યું તે સાંભળી "મારી વાણીને કોઈપણ પહોંચે તેવું નથી." વગેરે કહીને પદ્મપાદની જોડે જ પોતે વાદ કરવા ગયા. પરસ્પરમાં વાદ થયો. ભટ્ટભાસ્કરે ભેદવાદનું શ્રુતિયોના પ્રમાણ આપી સમર્થન કર્યું અને તેની તે જ શ્રુતિનો ખરો અર્થ કરી બતાવી અભેદનું પ્રતિપાદન કર્યું. ભટ્ટ ભાસ્કરે આચાર્યનું શિષ્યપણું કબૂલ કર્યું. ત્યાંથી પછી પોતે બાહ્લિક દેશમાં પધાર્યા. અર્હત સંજ્ઞાવાળા જૈનધર્મના આચાર્યની જોડે વાદ કરી તેમને જીત્યા. નૈમિષક્ષેત્રમાં પોતાના ભાષ્યનો પ્રચાર કરીને દરદ, ભરત, શૂરસેન, કુરુ અને પાંચાલાદિ ઘણા ઘણા દેશોમાના વિદ્વાનોને જીત્યા. ખંડનખાદ્ય નામનો ગ્રંથ જેણે રચ્યો છે, જે પ્રભાકર, ભટ્ટ ભાસ્કર અને ઉદયન નામના મોટા પંડિતોથી જિતાએલ નથી એવા શ્રીહર્ષ પંડિતની જોડે ઘણે ઘણે પ્રકારે વાદ કરી તેને જીતી લીધો.

પછી આચાર્યે કામરૂપદેશમાં જઇને શાક્તમતવાદિ અભિનવગુપ્તને જીત્યો. ત્યારે તેણે વિચાર કર્યો કે, "મને જીતવા માટે કોઈપણ સમર્થ નથી છતાં જ્યારે આમનાથી હું જિતાયો ત્યારે આ કોઇ દેવાંશી પુરુષ હોવા જોઇએ માટે કઇ યુક્તિથી મંત્રબળે કરીને આમનો નાશ કર્યો હોય તો ઠીક." આવી મનમાં ગોઠવણ કરીને પ્રકટપણે આચાર્યના શિષ્યપ્રમાણે વર્તવા લાગ્યો.

° ઉત્તર દેશનાઓને પોતાના મતાનુયાયિયો કરીને વિદેહ અને કોસલદેશના લોકોથી પૂજાએલા આચાર્ય અંગ અને બંગ—બંગાલ દેશમાં પધાર્યા. ત્યાંના મુરારિમિશ્ર, ઉદયન, અને ધર્મગુપ્તમિશ્રને જીતી લેવાથી ગૌડ લોકો તેમની કીર્તિ ગાવા લાગ્યા. પછી મિથ્યાપક્ષનો સ્વીકાર કરવામાં ચતુરાઈવાળા બૌદ્ધમતવાળાને પણ જીત્યા. આ પ્રમાણે ઘણાઓને જીતી દિગ્વિજય કરીને અદ્વૈતમતનો પ્રકાશ કર્યો.

સર્ગ ૧૬ મો, આચાર્યનો શારદાપીઠમાં નિવાસ.

જ્યારથી આચાર્યે માંત્રિક અભિનવગુપ્તને જીત્યો ત્યારથી તે બહારથી આચાર્યના શિષ્ય જેવો થઇને રહ્યો હતો પણ મનમાં કઇ રીત્યે આચાર્યનો નાશ કરી શકાય તેના ઉપાય શોધવામાં રોકાતો હતો. તેણે તેમને મારી નાંખવા આભિચારિક પ્રયોગ કર્યો તેથી કોઈપણ વૈદ્યથી જેનો ઉપાય ન થઇ શકે એવો ભગંદરનો રોગ થયો. આવા વખતમાં તોટકાચાર્યે આચાર્યના લોહિથી ભરેલાં વસ્ત્રાદિક ધોઇને ઘણી સારી ચાકરી કરતા હતા.

આચાર્યને બિજા શિષ્યોએ રોગનો ઉપાય કરવા વિનવ્યું ત્યારે તેમણે પોતાના શરીર ઉપર ભાવ ન હોવાથી શિષ્યોને ઉત્તર આપ્યું કે, "જન્માંતરના પાપથી વ્યાધિ થાય છે, તેનો ભોગથી જ નાશ થવા દેવો જોઈએ. વ્યાધિ બે પ્રકારથી થાય છે. કર્મ કરવાથી અને બીજો વાતપિત્તાદિ ધાતુઓના વિકારથી થાય છે. તેમાં બીજા પ્રકાર માટે ચિકિત્સા લાગુ પડે છે ને પહેલા માટે તો લાગુ પડતી નથી. આ વ્યાધી કર્મથી થયેલ છે અને તે કર્મના ક્ષયથી તેનો પણ ક્ષય થશે.

શિષ્યોના આગ્રહથી આચાર્યે ઔષધ કરવાની હા કહિ. શિષ્યોએ ઘણા ઘણા વૈદ્યોની પાસે ચિકિત્સા કરાવી પણ કોઈથી એ રોગ મટયો નહિ અને બધા વૈદ્યો નિરાશ થઇને ઝંખવાણા પડી ગયા. તેથી તેમને આચાર્યે સમજાવીને પાછા મોકલ્યા. પછી પોતે ઘણા વૈદ્યોથી પોતાનો રોગ ન મટવાથી શંકરનું સ્મરણ કર્યું એટલે શંકરે અશ્વિનીકુમારોને આજ્ઞા કરી એટલે તેઓ બ્રાહ્મણને વેશે આચાર્યની પાસે આવ્યા. "હે યતિવર્ય, આ રોગ શત્રુએ કરેલા અભિચારપ્રયોગથી થયો છે તેથી તેની ચિકિત્સા થવી અશક્ય છે." એવું કહિને પોતે જેવા આવ્યા હતા તેવા પોતાને ઠેકાણે ગયા.

આચાર્યને તો શત્રુવર્ગ ઉપર દયાનો ભાવ હતો પણ તેમના પદ્મપાદ શિષ્ય કે જે ઉત્તમ રીતે મંત્રશાસ્ત્રને જાણતા હતા તેમને શત્રુ ઉપર ક્રોધ ચડયો અને પોતાના ગુરુના રોગને મટાડવા માટે ચમત્કારવાળા મંત્રનો જપ કર્યો. એટલે આચાર્યના શરીરમાંથીએ રોગ નિકળીને અભિનવગુપ્તના શરીરમાં પેઠો તેથી તે છેવટે મરી ગયો અને આચાર્ય રોગરહિત થયા.

એક દિવસ ગંગાની રેતીમાં આચાર્ય પરબ્રહ્મનું ધ્યાન ધરીને બેઠા હતા તેવામાં તેમનાથી ગૌડપાદ નામના મોટા યોગી જોવાયા. આચાર્યે તેમની પૂજા કરીને નમ્રપણે પાસે ઉભા રહ્યા. ત્યારે તેમણે આશીર્વાદ દીધો અને બન્ને આસન ઉપર બેઠા. કુશળ પૂછ્યું. પછી "ગોવિંદપાદે તમારી કી-

ર્તિનાં વખાણ કરવાથી તેમને મળવા અને બ્રહ્મસૂત્ર ઉપરનું તમારૂં ભાષ્ય જોવા સારૂ આવ્યો છું." એવું ગૌડપાદે આચાર્યને કહ્યું. એટલે આચાર્યે ગુરુનું સ્મરણ કરીને પોતાનું ભાષ્ય બતાવ્યું. પછી માંડુક્ય અને ગૌડપાદીયકારિકા ભાષ્ય (જે શ્રુતિયો સાથે સંબંધ રાખનારી ગૌડપાદે કરેલી કારિકાઓ તે) બતાવ્યાં. તે જોઇને ગૌડપાદ અત્યંત પ્રસન્ન થયા. પછી તેમણે આચાર્યને વર માગવા કહ્યું. ત્યારે "શુકદેવજીના રૂપાંતરરૂપ સાક્ષાત્ વિષ્ણુ સ્વરૂપી આપના દર્શન થયાં એ જ મોટો વર છે એ વિના બિજો કોઈ પણ વર નથી. તો પણ આપની ઇચ્છા છે તેથી માંગુ છું કે, મારૂં ચિત્ત નિરંતર બ્રહ્મચિંતવનમાં રહેજો." ગૌડપાદ તથાસ્તુ કહિ અંતર્હિત થયા.

એક દિવસે એમના સાંભળવામાં આવ્યું કે, "કાશ્મીરમાં શારદાદેવીનું એક સ્થાન છે. તેને ચાર દ્વાર છે. તેમાં સર્વજ્ઞપીઠ એ નામનું આસન છે. જે સર્વજ્ઞ અને પવિત્ર હોય તે જ તે પીઠ ઉપર ચઢી શકે છે. પૂર્વદેશના સર્વજ્ઞે આવીને પૂર્વદિશાનું એ શારદાપીઠનું દ્વાર ઉઘાડયું છે. પશ્ચિમનાએ પશ્ચિમ તરફનું બારણું ઉઘાડયું છે. ઉત્તર તરફનું પણ તે દેશના સર્વજ્ઞે ઉઘાડયું છે પણ દક્ષિણ દિશામાં કોઈ સર્વજ્ઞ ન હોવાથી એ દિશા તરફનું બારણું હજુ સુધી કોઈએ ઉઘાડયું નથી." આવું સાંભળીને પોતે કાશ્મીર દેશમાં ગયા. પછી દેવીના મંદિર આગળ આવ્યા. મંદિરમાં જવા જાય છે એવામાં ત્યાંના કેટલાક વિદ્વાનોએ અટકાવ્યા અને કહ્યું કે, "અહિં સર્વજ્ઞપણાની પરીક્ષા આપીને દક્ષિણ દિશાનું દ્વાર ઉઘાડો, ઉતાવળ કરવાની જરૂર નથી." ત્યારે આચાર્યે કહ્યું કે, "ભલે, જેને જે પૂછવું હોય તે પૂછો." ત્યારે ત્યાંના વિદ્વાનોએ જૂદા જૂદા મતોના પ્રશ્ન પૂછયા તે સર્વના આચાર્યે ઉત્તર આપ્યા તેથી પ્રસન્ન થઈને તેમણે આચાર્યની પૂજા કરી અને દ્વાર ઉઘાડીને મંદિરમાં જવા દીધા.

પદ્મપાદનો હાથ પકડીને આચાર્ય વિદ્યાભદ્ર આસન ઉપર ચઢવા લાગ્યા એટલે આકાશ વાણી થઈ કે, "તમે સર્વજ્ઞ છો એમાં તો કંઈ સંશય છે નહિ. આ ઠેકાણે એકલું સર્વજ્ઞપણું કામ લાગે તેવું નથી પણ તે સાથે સર્વ પ્રકારના શુદ્ધપણાની પણ જરૂર છે. એ તમારામાં છે કે નહિ તે જોવાનું છે માટે ઉભા રહો, ઉતાવળ ના કરો. તમે યતિધર્મમાં છતાં અનેક અંગનાઓના ઉપભોગને લીધો છે તેથી તમે શુદ્ધ નથી. સર્વજ્ઞતાની સાથે નિર્મલતા જોઇએ."

શંકરાચાર્યઃ-"મેં જન્મથી માંડીને આ શરીરથી કોઈપણ પાપકર્મ કર્યું નથી તેથી મને જરા પણ સંશય નથી. દેહાંતરથી જે કંઈ થયું હોય તેથી તે દેહના કર્મથી આ દેહ લિપ્ત ન થવો જોઇએ."

સર્વ કોઇએ આચાર્યનું આ કહેવું માન્યું. પછી પોતે વિદ્યાપીઠ ઉપર આરોહણ થયા. ત્યાં કેટલાક દિવસ રહિને ઋષ્યશૃંગાશ્રમમાં પોતાના કેટલાક શિષ્યોને મુકીને બિજા કેટલાક શિષ્યો સાથે લઈ બદરિકાશ્રમમાં ગયા. ત્યાં કેટલાક દિવસ રહિને પાતંજલ મતવાળાઓને જીતી અદ્વૈતનો ઉપદેશ કર્યો. આચાર્યની આયુષ્યમર્યાદા હમણા પાસે આવી હતી તેથી ત્યાંથી હિમાલયમાં કેદાર નામક સ્થાન છે ત્યાં ગયા. ત્યાં કેદારેશ્વરની પ્રાર્થના કરીને ઉના પાણીની ઇચ્છા કરી તેથી કેદારેશ્વરે પ્રસન્ન થઇને ઉના પાણીનો ઝરો પ્રકટ કર્યો કે જે અદ્યાપિ પર્યંત ત્યાં તપ્તતોયા નામથી પ્રસિદ્ધ છે.

આ પ્રમાણે સુરકાર્યો અટોપીને પરવારેલા શંકરાચાર્યની કૈલાસમાં પધરામણી કરાવવા માટે બ્રહ્મા, ઈંદ્ર, ચંદ્ર, વિષ્ણુ, વાયુ, તથા અગ્નિ આદિ મોટા મોટા દેવો કેદારક્ષેત્રમાં પધાર્યા અને તેમનું પૂજન કરીને કહ્યું કે, "આપ કામને દહન કરનારા, વિષનું પાન કરનારા, જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કારણરૂપ ત્રિનયન છો. આપે જે જે કાર્યો માટે પૃથ્વીમાં અવતાર ધર્યો હતો તે તે કાર્ય પરિપૂર્ણ થયાં છે તેથી આપ અમારૂં પ્રિય કરવા અમારા ધામમાં પધારો."

આવું સાંભળી તેમની ઇચ્છાને માન આપી આચાર્યની સ્વધામમાં પધારવાની ઇચ્છા જાણી શિલાદપુત્ર નંદિકેશ્વર તેમની પાસે આવ્યા. બ્રહ્માએ હાથનો ટેકો જેને આપ્યો છે એવા આચાર્ય પોતાના વહાન ઉપર આરૂઢ થયા અને સર્વ દેવો સહિત ઋષિઓ જેમની સ્તુતિ કરે છે તે સાંભળતાં (યુધિષ્ઠિર શક[1] ૨૧૯૦ ના દુર્મુખ સંવત્સરના માગશર સુદ ૫ ને સોમવારને સાયાન્હે) સ્વધામમાં પધાર્યા.

---

૧ આ સમય ખરો જ છે એવું વાચકોને માનવાની જરૂર નથી.

આનંદગિરિકૃત શંકરવિજયનો સાર.

આનંદગિરીકૃત શંકરવિજયનો સારઃ—આનંદગિરીએ એક શંકરવિજય લખેલ છે એમ કહેવાય છે. તેમાં અને માધવકૃત શંકરવિજયમાં કેટલોક ફેરફાર છે તે બતાવવામાટે તેનો સંક્ષિપ્ત સાર નીચે આપીએ છીએઃ—

એના ૭૪ પ્રકરણ છે. ૧લા પ્રકરણમાં આચાર્યે કરેલા કાર્યોનું ટૂંકામાં વર્ણન છે. ૨જામાં નાનાપ્રકારે ઉપાસના ભેદ થવાથી વૈદિક માર્ગ નષ્ટ થયો છે એવાં નારદનાં વચન સાંભળી બ્રહ્મદેવે શંકરની પ્રાર્થના કરી ત્યારે તેમણે કહ્યું કે હું શંકરાચાર્ય નામે અવતરીને તમારૂં કાર્ય કરીશ. પછી શંકર ચિદંબરપુરમાં આકાશલિંગ નામથી પ્રકટ થયા. એ ગામમાં સર્વજ્ઞ નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ કામાક્ષી હતું. તેને ચિદંબરેશ્વરની કૃપાથી એક કન્યા થઈ. એની ઉમાર આઠ વર્ષની થઈ ત્યારે તેનો વિવાહ વિશ્વજિત નામના એક બ્રાહ્મણ જોડે કર્યો. તે હમેશાં આકાશાત્મક શિવનું એક નિષ્ઠાથી પૂજન કરતી હતી છતાં વિશ્વજિત તેનો ત્યાગ કરીને ચાલ્યો ગયો અને અરણ્યમાં જઇને તપ કરવા લાગ્યો. એણે એ દિવસથી ફક્ત શંકરને જ પ્રસન્ન કરવાનો ઉદ્યોગ કર્યો ને એ શિવાય બીજું કાંઈ પણ કર્યું નહિ. તેથી શંકરે તેના મુખમાંથી પ્રવેશ કરીને તેના ઉદરમાં પોતાનું તેજ પ્રકટ કર્યું. તેથી બીજા માણસોને વધારે અજાયબી લાગી. પછી બધા તેની સેવા કરવા લાગ્યા અને ત્રીજા મહિના પછી તેના બધા સંસ્કાર કર્યા. દશમે મહિને શંકરાચાર્ય નામે કરીને શંકર પ્રકટ થયા. તે વખતે દેવોએ પુષ્પવૃષ્ટિ કરી અને દુંદુભીનો નાદ કર્યો.

૩જા પ્રકરણમાં શંકર પોતાની બાળક અવસ્થામાં માગધ ભાષા જાણતા થયા. ત્રીજે વર્ષે તેમનું ચૌલવિધાન કર્યું. પાંચમે વર્ષે બ્રાહ્મણોએ જનોઈ દિધું. પછી આચાર્યે ગુરૂપાસે જઇને સર્વવિદ્યા શિખ્યા તથા તેમણે બીજા પોતાના શિષ્યો કરીને તેમને આત્મવિદ્યાનો ઉપદેશ કર્યો અને આઠમે વર્ષે ગોવિંદયતિ પાસેથી ઉપદેશ મેળવીને તેમણે પરમહંસ આશ્રમનો સ્વીકાર કર્યો.

૪થા પ્રકરણમાં સંન્યાસલીધા પછી બધી બાબતની ઉપાધીનો ત્યાગ કરી વ્યાસસૂત્ર ઉપર ભાષ્ય કર્યું અને પદ્મપાદ, હસ્તામલક, સત્પાણી, ચિદ્વિલાસ, જ્ઞાનકંદ, વિષ્ણુગુપ્ત, શુદ્ધકીર્તિ, ભાનુમરીચિ, કૃષ્ણદર્શન, બુદ્ધિવૃદ્ધિ, વિરંચિપાદ, શુદ્ધાનંદ, આનંદગિરી ઇત્યાદિ શિષ્યોસહિત દક્ષિણને રસ્તે થઈ મધ્યાર્જુન જઇને તેમની પ્રાર્થના કરીકે અદ્વૈત મત સત્ય છે કે દ્વૈતમત સત્ય છે ત્યારે મધ્યાર્જુન પોતે પ્રકટ થઈને કહેવા લાગ્યા કે અદ્વૈત સત્ય છે. પછી પોતે અંતર્દ્ધાન થયા. આ ચમત્કાર બધાના જોવામાં આવ્યો તેથી એ પ્રાંતના બધા બ્રાહ્મણોએ અદ્વૈતમતને સ્વીકાર્યો. પછી બધા શિષ્યો સાથે રામેશ્વર ગયા. ત્યાં રામે સ્થાપન કરેલા રામેશ્વર નામના મહાદેવની ગંગાજળ વગેરેથી પૂજા કરીને તેમણે ત્યાંજ બે મહિના નિવાસ કર્યો અને ત્યાં જે ત્રિશૂલાદિનું ધારણ કરનાર શૈવમતના માણસો રહેતા હતા તેમનું ખંડન કર્યું.

૫મા પ્રકરણમાં પરમતકાલાનાલ નામના આરાધ્યા જાતીના શૈવને આચાર્યે જીતીને તેને પોતાનો શિષ્ય કરી લીધો. ૬ઠ્ઠા, ૭મા, અને ૮મા પ્રકરણમાં આચાર્ય અનંતશયન નામના સ્થળે ગયાનું વર્ણન છે અને ત્યાંના દેવોનું દર્શન કરીને એક મહિનો ત્યાં રહ્યા અને વૈષ્ણવ મતના વિષ્ણુશર્મા વગેરેને જીતીને તેમને પોતાના મતને માનતા કર્યા વગેરે હકીકત છે.

૯મા પ્રકરણમાં વૈખાનસી મતના વ્યાસદાસનું ખંડન કરીને તેને જીતી લીધાની હકીકત છે. ૧૦મા પ્રકરણમાં મંત્રહીન વૈષ્ણવમતાભિમાની વિષ્ણુદાસના મતનું ખંડન કરી તેને પાંચ પૂજા અને તેટલી જ ઉપાસનાનો બોધ કર્યાની હકીકત છે. ૧૧મા પ્રકરણમાં આચાર્યે અનંતશયનમાંથી નિકળીને કાર્તિકસ્વામિના ક્ષેત્રમાં બધા શિષ્યો સાથે આવ્યા અને કુમારધારામાં સ્નાન કરી કાર્તિકસ્વામીની પૂજા કરી અને ત્યાં હૈરણ્યગર્ભ મતનું ખંડન કર્યું. ૧૨મા પ્રકરણમાં અગ્નિત્રયોપાસકોનું ખંડન કર્યું. ૧૩મા પ્રકરણમાં સૌરમતવાદી જે દિવાકર પ્રભૃતિનું ખંડન કર્યું.

૧૪મા પ્રકરણમાં ગણવપુરમાં જઇને ગણવ [illegible]મા અને ત્યાંની [illegible] નદીમાં

સ્નાન કરી ગણપતીની પૂજા કરીને એક મહિનાસુધી રહ્યા. આચાર્યે ત્યાંનો નિત્યક્રમ આ પ્રમાણે રાખ્યો હતો:—**પદ્મપાદ** આદિ શિષ્યોએ ભિક્ષા લાવીને ગુરુને અર્પણ કરવી અને પછી સાંજની વખતે બ્રહ્મનું ચિંતવન કરતાં બધાં એ ગુરુનું સ્તવન કરતાં બેસવું.

૧૫ થી તે ૧૮મા પ્રકરણ સુધી **મહાગણપતિમત**, **હરિદ્રાગણપતિમત**, **ઉચ્છિષ્ટગણપતિમત**, અને **નવનીતસ્વર્ણસંતાનગણપતિ** મતોનું ખંડન કરેલું છે. ૧૯મા પ્રકરણમાં આચાર્ય શિષ્યો સાથે **ભવાની** નગરમાં સિધાવ્યાનું તથા ત્યાં એક માસ સુધી રહીને ત્યાંના **શક્તિમતવાળાઓ**ના મતનું ખંડન કર્યાની હકીકત છે. ૨૦મા પ્રકરણમાં આચાર્ય જ્યારે **ભવાની** નગરમાં હતા તે વખતે **અસામંત** દેશમાંથી તેમજ **કુવલયપુર**માંથી કેટલાક **મહાલક્ષ્મી** મતવાળાઓ આવેલા તેમની જોડે વાદ કરી તેમને જીતી લીધાની હકિકત છે.

૨૧મા પ્રકરણમાં **શારદોપાસકો**નું ખંડન કર્યાની, ૨૨મા પ્રકરણમાં **વામાચાર** મતવાળાઓનું ખંડન કર્યાની, અને ૨૩મા પ્રકરણમાં **ઉજ્જયિની** સિધાવીને ત્યાં બે માસ નિવાસ કરીને **કાપાલિક** મર્મવાળાઓનું ખંડન કર્યાની હકિકત છે. ૨૪મા પ્રકરણમાં **કાપાલિક**, **ચાર્વાક**, **સૌગત**, **ક્ષપણક**, **જૈન**, **બૌદ્ધ** વગેરે મતોનું ખંડન કર્યાની હકિકત છે. ૨૫મા પ્રકરણમાં પુનઃ **ચાર્વાક**મતનું ખંડન કર્યાની હકીકત છે. ૨૬, ૨૭ અને ૨૮મા પ્રકરણમાં અનુક્રમે **બૌદ્ધ**, **સૌગત** અને **જૈન** વગેરેના મતોનું ખંડન કર્યાનું વર્ણન છે. તેમ જ શુદ્ધાદ્વૈત મતની સ્થાપના કરીને પાંચ ઉપાસનાનો બોધ કરી શિષ્ય કર્યાનું વર્ણન છે. ૨૯મા પ્રકરણમાં આચાર્યે પોતાના શિષ્યો સહિત વાયવ્ય દિશા તરફ આવેલ **પદ્મપૂર** ગામે જઈને ત્યાં ૨૧ દિવસ રહ્યાની અને ત્યાંના લોકોને આચાર ભ્રષ્ટ થયેલા જોઇ તેમના **મલ્લારી**મતનું ખંડન કરી પંચપૂજા કરવાનો ઉપદેશ કરી પોતાના મતને માનતા કર્યાનું વર્ણન છે.

૩૦મા પ્રકરણમાં ત્યાંથી પશ્ચિમદિશા તરફ આવેલા **મરૂંથ** નામના **નગર** તરફ જઈને **વિષ્વક્સેન** મતવાળાઓનું ખંડન કર્યાની હકીકત છે. ૩૧મા પ્રકરણમાં **મન્મથ** મતનું ખંડન કર્યું છે. ૩૨મા પ્રકરણમાં પોતે શિષ્યો સાથે **માગધપુર** ગયા ને ત્યાં **ચક્ષાલય** નામના એક પ્રસિદ્ધ દેવસ્થાનમાં ૧૫ દિવસ રહિને **કૌબેર** મતનું ખંડન કર્યું. ૩૩મા પ્રકરણમાં ઇંદ્રપસ્થપુરમાં આચાર્ય પોતાના શિષ્યો સાથે **ઐંદ્ર**મતનું ખંડન કર્યું. ૩૪મા પ્રકરણમાં આચાર્ય **યમપ્રસ્થપુર** સિધાવ્યા અને ત્યાં એક માસ રહિને **યમ**મતનું ખંડન કર્યું. ૩૫ પ્રકરણમાં ગુરુ શિષ્યોસાથે **પ્રયાગ** ક્ષેત્રમાં ગયા અને ત્યાંના **વરુણ**મતાવલંબીઓનું ખંડન કર્યું. પછી **વાયુ**ને માનનારા **વાયુ**મતવાળાઓનું ખંડન કર્યું તેમજ **ભૂમિ**, **ઉદક**, વગેરેને માનનારાઓનું પણ ખંડન કર્યું. ૩૬મા પ્રકરણમાં **શૂન્ય**મતવાદીઓના મતનું ખંડન કર્યાની હકીકત છે. ૩૭મા પ્રકરણમાં **વરાહ**મતવાળાઓનું ખંડન કર્યું. ૩૮મા માં ચૌદ લોકને માનનારાઓનું ખંડન છે. ૩૯મામાં **ગુણ**મતનું ખંડન છે. ૪૦મામાં **સાંખ્ય**મતનું ખંડન છે. ૪૧મા માં યોગવેત્તા **કાપાલિ**ઓનું ખંડન છે. ૪૨મામાં **પીલુ**વાદિ **કાર્તિકો**નું ખંડન છે. ૪૩ પ્રકરણમાં શિષ્યોસાથે આચાર્ય **કાશી** જઇને ત્યાં ત્રણ મહિના રહ્યાની, તથા તે સમયમાં જે વાદ કરવા આવ્યા તેમનું ખંડન કર્યાની હકીકત છે. તેમ જ કેટલાક કર્મ એ જ મુખ્ય છે એવું માનનારાઓનું પણ આચાર્યે ખંડન કર્યાનું વર્ણન છે. ૪૪મામાં **ચંદ્ર**મત માનનારાઓનું ખંડન કર્યું. ૪૫મા પ્રકરણમાં **ભૌ**માદિ ગ્રહમતોનું ખંડન કર્યું છે. ૪૬મા પ્રકરણમાં **ક્ષ**પણકમતનું ખંડન કરેલું છે. ૪૭મા પ્રકરણમાં **પિતૃ**મતનું ખંડન છે. ૪૮મા પ્રકરણમાં **શેષ**મત અને **ગરુડ**મતોનું ખંડન છે. ૪૯મા પ્રકરણમાં **સિદ્ધ**મતનું ખંડન છે. ૫૦મા પ્રકરણમાં **ગંધર્વ**મતનું. ૫૧મા પ્રકરણમાં **ભૂત**વેતાળાદિમતોનું ખંડન છે. ૫૨મા પ્રકરણમાં કાશીમાં **મા**ણિકર્ણિકાના ઘાટ ઉપર આચાર્ય શિષ્યોસાથે બેઠા હતા તે વખતે **વ્યાસે** બ્રાહ્મણને વેશે આવીને પૂછયું કે તમે કોણ છો ત્યારે શિષ્યોએ ઉત્તર આપ્યું કે એ અમારા **શંકર** નામના ગુરુ છે ...મણે **વ્યાસસૂત્ર** ઉપર ભાષ્ય કર્યું છે. પછી તે વૃદ્ધ બ્રાહ્મણના વેશવાળા **વ્યાસ** **શંકર** પાસે ગયા ને પ્રશ્ન કર્યું કે તમે "**तदनंतर प्रतिपत्तौ रंहतिसंपरिष्वक्तः प्रश्ननिरूपणाभ्यामिति**" આ સૂત્રનો અર્થ કરો. તેનો આચાર્યે બરોબર અર્થ સ...ો. ...ી એક બીજાની જોડે વાદ થયો. છેવટે **પદ્મપાદે** આચાર્યને કહ્યુ ... વ્ય. ...ચાર્યે કહ્યું કે જે મેં અર્થ કર્યો છે તે જો ખરો હોય

રણુમાં આચાર્ય અને સરસ્વતીનો વાદ થયો. આચાર્યે તેણીને સર્વ શાસ્ત્રમાં જીતી
તેણીએ કામશાસ્ત્રના સવાલ કર્યા જેનો અનુભવ આચાર્યને નહિ હોવાથી તેનું ઉત્તર
હે. ૫૮મા પ્રકરણુમાં છ મહિનાની મુદત માંગીને કામશાસ્ત્રનો અભ્યાસ કરવાવાને
દેહ એક ઠેકાણે રાખીને એક સ્થળે રાજાનો દેહ ચિતા ઉપર પડેલો જોઈ તેના શરીરમાં
કર્યો કે જેથી રાજા સજિવ થઈને પાછો પોતાના નગરમાં આવ્યો અને પોતાની સ્ત્રીઓ સાથે
પેઠે રમણ કરવા માંડયું. તેની સ્ત્રીઓમાં જે જેષ્ઠ સ્ત્રી હતી તેણીએ જાણ્યું કે આ રાજા તો
યેલો હતો પણ તેના ખોળીઆમાં બીજા કોઈના જીવે પ્રવેશ કરેલો છે જાણીને સેવકોને આજ્ઞા
આ નગરની આસપાસ ૫૦ ગાઉ સુધી જેટલાં મડદાં જોવામાં આવે તે એકદમ બાળી નાખવાં.
૫૯મા પ્રકરણુમાં તે સેવકો ગામની આસપાસ ફરીને મડદાંની શોધ કરતા હતા તેમાં આચાર્યનો
યો. તેથી તેમણે એ દેહને ચિતા ઉપર મુકીને અગ્નિ સળગાવવા માંડયો કે તુરત જ બધા
ને નગરમાં જઇને રાજાને પોતાના પૂર્વના દેહમાં પાછા આવવા માટે પ્રાર્થના કરી. ૬૦મા
નાં શિષ્યોના બોધથી પોતાના પ્રથમના દેહમાં જવા માટે રાજાના દેહનો ત્યાગ કરી લિંગદેહ-
હથી જવા માંડયું પણ પોતાના દેહને ચિતામાં સળગતો જોયો એટલે તેમણે નૃસિંહ ભગવાનનું સ્મરણ
કર્યું કે જેથી તેઓ પ્રકટ થઇને અગ્નિ પાસેથી એ દેહ માંગી લઇને આચાર્યને આપ્યો એટલે
ચાર્યે પોતાના શરીરમાં પ્રવેશ કર્યો. પછી નૃસિંહભગવાન બધા લોકને જીતવાનો આશી
અંતર્દ્ધાન થયા.

૬૧મા પ્રકરણમા પાછા મંડનમિશ્રના નગરમાં આચાર્ય શિષ્યો સાથે ગયા ને સરસ્વતીને જીતી સરસ્વ-
લીધાં અને તમે સર્વજ્ઞા છો કહિ તેણીની સ્તુતિ કરી. ૬૨મા પ્રકરણુમાં આચાર્યે મંત્રબળથી તેણીની
તીને વશ કરીને આકાશમાર્ગથી શૃંગપુર—શૃંગેરી—પાસે તુંગભદ્રા નદીને કિનારે એક ચક્ર કરીને પોતાના
પના કરી તથા વિદ્યાપીઠ નામના મઠનું સ્થાપન કરીને ત્યાં ભારતી સંપ્રદાય ઠરાવીને, પછી વ-
ચ્યની નીમણુંક કરી. અહિંની પરંપરા આ પ્રમાણે છેઃ—પ્રથમ નારાયણ, પછી બ્રહ્મ
, શક્તિ, પરાશર, વ્યાસ, શુક, ગોડપાદ, હસ્તામલક, તોટક ઇત્યાદિ થયા. શુદ્ધાદ્વૈત વિદ્યા

૬૩મા પ્રકરણુમાં આચાર્ય ૧૨ વર્ષ સુધી શૃંગપુરીમાં રહિને અનેક શિષ્યોને નામે સ્થળે જ-
મવીને સુરેશ્વર નામના મુખ્ય શિષ્યને ત્યાંનો મુખ્ય ઠરાવ્યો. પછી અહોબલ મહાદેવમાં ગયા
ત્યાંથી પાછા વૈંકટગિરિ ગયા. ત્યાંથી કાંચી, પછી અંબરેશ નામનગરની સ્થાપના કરી
યાં એક માસ રહિને શિવકાંચીપટ્ટણ અને તેની પાસે જ વિષ્ણુકાંચીપટ્ટણસોને અદ્વૈત માર્ગી
ત્યાંની વ્યવસ્થા કરવા માટે બ્રાહ્મણોને ઠરાવ્યા અને એ પ્રાંતના બધા મલ્યાંના રાજા પાસે એક
પોતાના શિષ્ય કર્યા. ૬૪મા પ્રકરણુમાં કામાક્ષીની સ્થાપના કરીને કરી. ૬૬મા પ્રકરણુમાં
દેવાલય બંધાવડાવ્યું. ૬૫મા પ્રકરણુમાં ત્યાં શ્રીચક્રની સ્થાપના, તેનો ઉપદેશ કર્યો.
શિષ્યોએ આચાર્યને મોક્ષમાર્ગનો ઉપદેશ કરવાનું કહેવાથી તેમણે તેઓએ લિંગાદિ ચિન્હો ધા-
૬૭મા પ્રકરણુમાં શિવની પૂજા કરવાનું વિવેચન છે તથા અદ્વૈત મવૈષ્ણવમતની સ્થાપના કરી
ન કરતાં ઉપાસના કરવા માટેનું વિવેચન છે. ૬૮મા પ્રકરણુમાં પ્રકરણુમાં ગાણપત્ય મત.
૬૯મા પ્રકરણુમાં સૌરમત. ૭૦મા પ્રકરણુમાં શક્તિમત. ૭૧શંકરાચાર્યની સ્તુતિ કર્યાનું વ-
પ્રકરણમાં કાપિલમત. ૭૩મા પ્રકરણુમાં બધાએ પરમગુરુ થી શિષ્યોએ ત્યાં તેમની સ-
થ દગિરીએ ગુરુની સ્તુતિ કરીને
[illegible]
ર્ગન વિદ્યારણ્ય-
છે તે જા-
શિષ્ય
વજ્ઞા

તો વ્યાસજીએ મને સાક્ષાત્ સ્વસ્વરૂપનું દર્શન દેવું જોઈએ. ત્યારે વ્યાસજીએ દર્શન
ચાર્યે તેમનું વંદન કર્યું. પછી વ્યાસજીએ કહ્યું કે બધી પૃથ્વિમાં ફરીને અદ્વૈતમાર્ગનું
પ૩મા પ્રકરણમાં આચાર્યે પોતાનું આયુષ્ય પૂર્ણ થયેલું હોવાથી પોતે નિજધામમાં જ
વ્યાસપ્રતિ બતાવવાથી તેમણે કહ્યું કે હજુ ઘણાંક કાર્યો કરવાં બાકી છે તેથી જો તમે તે કા
મુકીને જશો તો કેમ થશે? પછી તેમણે બ્રહ્મદેવનું સ્મરણ કરવાથી બ્રહ્મદેવ ત્યાં પ્રકટ થયા
તેમણે કહ્યું કે દુષ્ટાચારના વિનાશને માટે તમારો અવતાર છે માટે તમારી નજરમાં આવે ત્યાંસુ
હિને પછીથી કૈલાસ સિધાવજો. પ૪મા પ્રકરણમાં તેમણે ગંગોદક હાથમાં લઈને આચા
પ્રોક્ષણ કરી આશીર્વાદ દિધો કે તમે દીર્ઘાયુ હજો. પછી તેઓ અંતર્દ્ધાન થયા. પ૫મા પ્ર
આચાર્યે ઉત્તર માર્ગથી અમરલિંગ, કેદારલિંગ, કુરુક્ષેત્ર વગેરે સ્થલો જોઈને બદરીનારાયણ
ત્યાં ઘણું જ તહાડું પાણી હોવાથી નારાયણની ઉના પાણી માટે પ્રાર્થના કરી તેથી ત્યાં ઉષ્
પ્રક થયું. પછી બધાએ તે તીર્થમાં સ્નાન કર્યું અને આચાર્યની પ્રાર્થના કરી. પછી બધા દ્વારકા
ધ્યા સિધાવ્યા. પછી ગયાજી થઇને જગન્નાથજી ગયા. ત્યાંથી મલ્લિકાર્જુન ગયા ને ત્યાં
રહ્યા. ત્યાં તેમણે એવું સાંભળ્યું કે જેમણે સર્વ જૈનોનો સંહાર કર્યો છે એવા ભટ્ટપાદ
ાં છે તેથી આચાર્ય તેમની તરફ જવા માટે નિકળ્યા. તે પ્હેલાં તો ભટ્ટપાદે જૈનોનો
ગુરુપાસેથી તેમના જ શાસ્ત્રો શિખીને, કર્યો હોવાથી તે પાપના પરિહાર માટે તુષાગ્નિમાં
તે ના સંકલ્પ કર્યો હતો તેથી તેઓ કારીષ પર્વત ઉપર જઈને પોતાનો સંકલ્પ પૂરો કરવા
અ હતા. એવામાં આચાર્ય ત્યાં જઇ પહોચ્યા અને કહ્યું કે 'હે ભટ્ટપાદ, તમોને તમારા અજ્ઞાનવડે
તૌ થાના ભોગ થવું પડ્યું છે. કારણ કે "हंता चेन्मन्यते हन्तुं हतश्चेन्मन्यते हतम् । उभौ
મરન નીતો नायं हन्ति न हन्यते ॥"–મારનાર હું મારૂં છું એમ જ્યારે માને છે અ
નથી હું મરૂં છું એમ માને છે ત્યારે તે બેઉ કાંઈ જાણતા નથી. અર્થાત્ મારનાર જાણતો
ચાર્યનું છું અને મરનાર જાણતો નથી કે હું મરૂં છું. આ પ્રમાણે શ્રુતિ કહે છે. એવું આ
શિવાય ાંભળીને જેનું અંગ ઢીંચણ સુધી તુષાગ્નિથી બળેલ છે એવા ભટ્ટપાદે તેમને ઓળ
એવા જૈ જે વખતે અગ્નિ પ્રવેશ કર્યો નહોતો તે વખતે આપ આવ્યા નહિ ને હવે નહિ
નથી. મ ાની તમે શું કરવા આવ્યા છો? ત્યારે આચાર્યે ઉત્તર આપ્યું કે હું જૈનમતાભિમાની
કે મારો ાર્ગી શંકરાચાર્ય કહે છે. હું વાદ કરવામાટે આવ્યો
જાઉં છું. ત મિશ્ર નામે સર્વ બાબતોમાં સર્વજ્ઞ છે, તેની સાથે વાદ કરજો.
બળી મુવા અ થી હું કૃતાર્થ થયો છું. પછી ભટ્ટપાદ બ્રહ્મદેવનું ધ્યાન ધરીને તુષાગ્નિમાં

પ૬મા પ્ર ત્યાનાં માણસોને અદ્વૈત માર્ગ બનાવી આગળ ચાલ્યા.
શામાં વિદ્યાલય આચાર્યે શિષ્યો સાથે ઉત્તર માર્ગથી સિધાવતા હસ્તનાપુરથી આગ્નેય દિ
મિશ્રને ઘેર શ્રાદ્ધ તિપ્રસિદ્ધ નગર હતું ત્યાં ગયા અને એક વાડીમાં ઉતારો કર્યો. અહિં મંડન
ન મળવાથી શાલિ ને પિતૃસ્થાને વેદવ્યાસને બેસાડી, વિશ્વદેવને ઠેકાણે વ્યાસ જેવો બ્રાહ્મણ
લાગ્યા કે મંડનનું ખીને પૂજા કરતા હતા. એવામાં આચાર્યે ગામમાં આવીને તપાસ કરવ
પક્ષિઓ નાના પ્રક તેથી ત્યાંની સ્ત્રીઓએ આચાર્યને કહ્યું કે જેના બારણામાં મેના વગેરે
ઘર આગળ આવ્યા વાદ કરે છે તે મંડનનું ઘર જાણવું. તે સાંભળી તેઓ મંડનના
આકાશ માર્ગે તેના તે ઘરના કમાડ વાશીને શ્રાદ્ધ કરતો હતો. તેથી આચાર્યે
મંડનની સ્ત્રી સર્વજ્ઞા હ ોં ને ઘણાક પ્રશ્નોત્તર થયા પછી વાદ કરવાનું ઠર્યું અને
આશ્રમ છોડીને જ એવો ઠરાવ કર્યો કે જે જેને જીતે તે પોતાનો
મિશ્રને જીતી દ શરૂ થયો ને વાદમાં આચાર્યે મંડન
સ્ત્રી ને સંન્યસ્ત ગ્રહણ કર્યું એટલે તેની
કે તે ત્યાંને ત્યાંજ રહીને આ-

કાસુદઃ

साधु पृष्टं त्वया प्राज्ञ गुरु भक्तिकृतादर । सहस्रास्योऽपि तद्वक्तुं लिखितुं वा दिवाकरः ॥
नो शक्नोति किमेकास्यो ब्रूयां विस्तरतः कथाम् । प्रश्नेनानेन तुष्टोस्मि यच्छ्रुतं मद्गुरोर्मुखात् ॥
तत्ते प्रियाय शिष्याय वक्ष्यामि श्रृणु सादरम् । भगवत्पूज्यपादानामाविर्भावं सतां हितम् ॥
कृतोपनीते पञ्चाब्दे सर्वविद्यासमागमः । मकरग्रहकालीनसंन्यासाश्रमसंभवः ॥
बदर्यागमनं पश्चाद्गोविन्दभगवद्गुरोः । क्रमसंन्यासलाभश्च व्याससूत्रार्थनिर्णयः ॥
स्वीयं भाष्यं बोधयितुं सच्छिष्याणां परिग्रहः । स्नातुं सुरतटिन्याश्च पापहारिणि वारिणि ॥
शिष्यैः सहैव गमनं स्वीयभाष्यार्थचिन्तकैः । पुण्यश्रेण्यां त्रिवेण्यां च भूयः स्ना
पूजयित्वा च विश्वेशं पशुपाशविमोचकम् । पाराशर्येण सल्लाभः सहैवाम्भ
प्रचारणाय भाष्यस्य सर्वत्र जगतीतले । तदर्थश्रुतितुष्टाभ्यां ताभ्यामायु
युधांनिधनगर्यां च भट्टाचार्यस्य दर्शनम् । काश्मीरदेशे मच्छिष्यो वेद
कागृहद्वाराकूजत्कीरव्रजैरपि । वाङ्मुखं संमुखी... क्रियते
क्षाद्गिरां देवी पुरा किल । दुर्वाससमुनि... शाप
स्त्रेषु यदि शक्नोषि तं जय । इत्थं निशम्य त
ष्यैः साकं तत्र गत्वा जित्वा मण्डनमिश्रकम् । तद्धर्मदारा
कलाशास्त्रपरिज्ञानं स्वशिष्यपरिबोधनात् । कोटरस्थापितं दे
चितावारोपिते देहे प्रविश्य परितापिनि । साक्षात्कृति
ततो वाणीं विनिर्जित्य तया साकं जगद्गुरोः । श्रीमच्छृङ्गपु
विभांडकमुनेर्यत्र भासते दिव्यमाश्रमम् । तुङ्गभद्रातरं
मलहानिकारो नाम देवो यत्र विराजिते । देव्याः सं
निर्माय श्रीमठं तत्र विशालं सुविनिर्मलम् । देशिके
शिष्यं संस्थाप्य तत्रैकं काञ्चीनगरमाविशत् । तत्र
कामाक्षीमपि संस्थाप्य दुर्मतानां निबर्हणम् । सर्व
ततश्चिदम्बरक्षेत्रं गमनं देशिकेशितुः । तत्राश्रितानां
सेतुस्नानं समुद्दिश्य शिष्यैः सह गतिर्गुरोः । तत्रैड
ततः क्रमाद्वक्रतुण्डपुरीं प्राप जगद्गुरुः । गाणपतं
अनन्तशयनं गत्वा खण्डयन्वैष्णवं मतम् । अवाप
स्नात्वा कुमारधारायां तरङ्गि...यां स तापसः । सु
ततो मृडपुरीं लब्ध्वा बौद्धध्वान्तनिबर्हणम् । त
स्नात्वा रत्नाकरे भूयः को...तीर्थनिषेवणम् । मह
जगन्नाथस्य गमनं पुण्यश्रे...रम् । अ
तत्र छात्रं प्रतिष्ठाप्य प
शाक्तानामतिदक्षानां
तत्र शिष्यं प्रतिष्ठाप्य
बदर्यागमनं पश्चात्तत्रै

त्रैव सुचिरं स्थित्वा दत्तात्रेयस्य दर्शनम् । भाष्यार्थबोधतुष्टस्य विष्णोः साक्षात्कृतिस्ततः ॥ ३५॥
दत्तात्रेयगुहाद्वारात्कैलासगमनं गुरोः । एतत्सर्वं समासेन वक्ष्यामि शृणु निश्चल ॥ ३६

અર્થ:—સત્પુરુષોના હિતને માટે આચાર્યનો જન્મ થયો છે. અને જ્યારે પાંચમે વર્ષે તેમનું ઉપ-
ન થયું ત્યારે તેમને બધી વિદ્યાઓનું જ્ઞાન હતું. પછી તેઓ નદીએ નહાવા ગયા ત્યારે મગરે તે-
પગ ઝાલ્યો એટલે તેમણે પોતાની માતાને સંન્યાસ ગ્રહણ કરવાની આજ્ઞા લઇને પાસેથી **બદરી**-
ગયા ને ત્યાં **ગો**વિંદભગવત્પાદપૂજ્યને ગુરુ કરીને તેમની પાસેથી સંન્યાસદીક્ષા લીધી. પછી
સૂત્રે ઉપર ભાષ્ય કર્યું. તેનો ફેલાવા કરવા શિષ્યોનો સંગ્રહ કર્યો. પછી શિષ્યો સાથે **ભા**ગીર-
કરવા **કા**શી ગયા. ત્યાં **વિ**શ્વનાથની પૂજા કરી કેટલાક દિવસ રહ્યા. ત્યાં તેમને **વ્યાસ**
થયાં. ભાષ્ય અને વેદમાર્ગના સારીપેઠે પ્રસાર થવા માટે **શં**કરનો આયુઃ જે
રી ૩૨ વર્ષનો તેમણે કર્યો. પછી **ભટ્ટ**પાદનું દર્શન અને **મં**ડનમિશ્રસાથે
સ્ત્રી **સ**રસ્વતી સાથે પણ વાદ થયો. તેણીને જીતવા માટે તેમણે દેહાંતર કર્યો.
ાછા પોતાના આગલા દેહમાં આવતાં તે દેહ ચિતા ઉપર છે જાણી **નૃ**સિં-
નૃસિંહ પ્રકટ થઇને તેમને સંકટમાંથી ઉગાર્યા પછી **સ**રસ્વતીને જીતીને
રે **વિ**ભાંડક મુનિના આશ્રમ આગળ **મ**લહાનિકર દેવ
મઠની સ્થાપના કરી અને ત્યાં પોતાના મુખ્ય
ક ઉત્તમ મંદિર બંધાવી યથાશાસ્ત્ર **શ્રી**ચક્રની
ા કુત્સિતમતવાળાઓને જીતીને **સ**ર્વજ્ઞપીઠ ઉપર આ
ચિદંબર ક્ષેત્રમાં જઈને **સૌ**રમતનું ખંડન કર્યું. ત્યાંથી શિષ્યો
કરીને **ભૈ**રવમતનું ખંડન કર્યું. ત્યાંથી ફરતાં ફરતાં **વ**ક્રતુંડપુર
પછી **અ**નંતશયન ક્ષેત્રમાં જઈને **વૈ**ષ્ણમતનું ખંડન કર્યું.
વાસુકિક્ષેત્રમાં જઇ, કુમારધારા નદીમાં સ્નાન કરી સર્વ
મની પૂજા કરી **મૃ**ડપુરી ગયા. ત્યાં **બૌ**દ્ધમતનું ખંડન ક
કરી, **મ**હાબળેશ્વરનું પૂજન કરીને તેમ જ **કો**ટિતીર્થમાં
નાથ ક્ષેત્ર તરફ સિધાવ્યા. ત્યાં પોતાના એક મઠની સ્થા-
શિષ્યને સ્થાપીને ત્યાંથી ઉજ્જયિની ગયા. ત્યાં **શા**ક્તમત-
દ્વારકાક્ષેત્રમાં ગયા. ત્યાં એક મઠ અને શિષ્યની સ્થા-
અર્થાત્ **શિ**વ, **વિ**ષ્ણુ, **ગ**ણપતિ, **સૂ**ર્ય, અને દેવીઃ આ
કરીને ત્યાંથી પછી **બ**દરિકાશ્રમ ગયા. ત્યાં **તો**ટકાચાર્યની
ાત્રેય તથા **વિ**ષ્ણુના દર્શન થયા પછી **દ**ત્તાત્રેય ગુહામાં

સર્ગાનુક્રમણિકા.

વિષય.

સર્ગ ૧ લો, ઉપોદ્ઘાત, ... [illegible]
સર્ગ ૨ જો, આચાર્યના જન્મનું કથન, ... [illegible]
સર્ગ ૩ જો, દેવાવતાર, ... [illegible]
સર્ગ ૪ થો, કૌમારચરિત વર્ણન,... ... ... [illegible]
સર્ગ ૫ મો, **શ્રી**શંકરનું સંન્યાસગ્રહણ.... ... ... [illegible]
સર્ગ ૬ ઠ્ઠો, આત્મવિદ્યાની પ્રતિષ્ઠા, ... [illegible]
સર્ગ ૭ મો, **વ્યાસ** દર્શનાદિ, ... [illegible]
સર્ગ ૮ મો, આચાર્ય અને **મંડનમિશ્ર**નો સંવાદ, ... ૧[illegible]
સર્ગ ૯ મો, આચાર્ય અને **સરસ્વતી**નો સંવાદ, ... [illegible]
સર્ગ ૧૦ મો, **અમરકરાજા**ના દેહમાં પ્રવેશ કર્યા વગેરેનું કથન, ... ૨[illegible]
સર્ગ ૧૧ મો, ઉગ્રભૈરવનો પરાજય, ... ૨૪[illegible]
સર્ગ ૧૨ મો, હસ્તામલકાદિએ ગ્રહણ કરેલું શિષ્યત્વ, ... ૨[illegible]
સર્ગ ૧૩ મો, બ્રહ્મવિદ્યાનો પ્રચાર,... ... ... ૨[illegible]
સર્ગ ૧૪ મો, **પદ્મપાદ**ના તીર્થયાત્રાદિનું વર્ણન, ... ૨[illegible]
સર્ગ ૧[illegible] [illegible]ચાર્યે કરેલા દિગ્વિજયનું વર્ણન, ... ૩[illegible]
સર્ગ ૧[illegible] [illegible]ચાર્યે **શારદાપીઠ**માં કરેલા નિવાસનું વર્ણન, ... ૩૯[illegible]

સર્ગ ૧૦ મો, શ્લોક ૫૯, પૃષ્ઠ ૨૨૮–૨૨૯, **નૃસિંહ** સ્તુતિ.

સર્ગ ૧૨ મો, શ્લોક ૫૬, પૃષ્ઠ ૨૬૨–૨૬૩, **પ્રભાકર**ના જડ દિકરાએ કરેલું નિષ્પ્રપંચ પરમાત્માના તત્ત્વનું નિરૂપણ.

સર્ગ ૧૨ મો, શ્લોક ૮૦, પૃષ્ઠ ૨૬૭–૨૬૮, **શંકરાચાર્ય**ના ગિરિનામના શિષ્યે **તોટક**વૃત્તથી વેદાંતના અર્થનું કરેલું સ્પષ્ટીકરણ.

સર્ગ ૧૪ મો, શ્લોક ૩૭, પૃષ્ઠ ૨૮૬–૮૭–૮૮, **શંકરાચાર્યે** પોતાની માના અંતકાળ વખતે **સદાશિવ**ની કરેલી સ્તુતિ.

અલંકારોની અનુક્રમણિકા.

	પૃષ્ઠ. જુઓ ટિપ્પણ.				પૃષ્ઠ. જુઓ ટિપ્પણ		
શ્લેષાલંકાર	૨	,,	,,	અર્થાંતરન્યાસ	૨૭	,,	,,
ઉપમાલંકાર	,,	,,	,,	કાવ્યાર્થાપત્તિ	૨૮	,,	,,
દૃષ્ટાંતલંકાર	૩	,,	,,	લુપ્તોપમાલંકાર	૩૨	,,	,,
વૃત્યનુપ્રાસ	,,	,,	,,	સંબંધાતિશયોક્તિ ...	૩૩	,,	,,
રૂપકાલંકાર	૪	,,	,,	વ્યતિરેકાલંકાર	,,	,,	,,
વિષમાલંકાર	,,	,,	,,	ઉલ્લેખાલંકાર	૩૪	,,	,,
આક્ષેપાલંકાર	,,	,,	,,	પરિકર...	,,	,,	,,
સંકર	,,	,,	,,	ચિત્રાલંકાર	૩૫	,,	,,
સંસૃષ્ટિ...	,,	,,	,,	કૈતવાપન્હુતિ	૩૯	,,	,,
અભેદ રૂપક	,,	,,	,,	ફલોત્પ્રેક્ષાલંકાર	૪૦	,,	,,
નિદર્શનાલંકાર	૭	,,	,,	યમકાલંકાર	૪૧	,,	,,
તુલ્યયોગિતાલંકાર ...	૮	,,	,,	માલોપમા	૪૧	,,	,,
શ્રુત્યનુપ્રાસ	૧૬	,,	,,	સમુચ્ચયાલંકાર	૪૨	,,	,,
શ્લેષકમૂલક ગૂઢોક્તિ ...	૧૮	,,	,,	અસંગતિ અલંકાર ...	૪૩	,,	,,
ઉત્પ્રેક્ષાલંકાર	૨૦	,,	,,	ચપલાતિશયોક્તિ ...	,,	,,	,,
વિકસ્વરાલંકાર	૨૩	,,	,,	પ્રતીપાલંકાર	,,	,,	,,

	પૃષ્ઠ	જુઓ	ટિપ્પણ.
...	૪૪	,,	,,
...	,,	,,	,,
...	૬૭	,,	,,
...	૬૮	,,	,,
...	૭૩	,,	,,
...	૭૪	,,	,,
ર. ...	૭૪	,,	,,
... ...	,,	,,	,,
કાર... ...	૭૭	,,	,,
રિતમાલારૂપકાલંકાર.	૭૯	,,	,,
ીપક	૮૨	,,	,,
ંકાર	૮૪	,,	,,
ાસ અલંકાર ...	૮૯	,,	,,
પ્રસંશાલંકાર ...	૧૧૫	,,	,,
ક્તિ અલંકાર ...	૧૧૭	,,	,,
... ...	૧૪૧	,,	,,
સિત્વ	૧૪૪	,,	,,
સમસ્તવસ્તુવિષય રૂપક ...	૧૫૩	,,	,,
પર્યાયોક્ત	૧૬૧	,,	,,
હેતુત્પ્રેક્ષાલંકાર	,,	,,	,,
વિશાદન અલંકાર ...	૧૬૨	,,	,,
વ્યાજસ્તુતિ અલંકાર ...	,,	,,	,,
કારકદીપક અલંકાર ...	૧૬૩	,,	,,
પદાર્થવૃતિનીદર્શન ...	૧૬૪	,,	,,
વક્રોક્તિ	૧૭૪	,,	,,
પ્રતિવસ્તુપમાલંકાર ...	૨૨૩	,,	,,
નિશ્ચયાંતસંદેહ	૨૬૯	,,	,,
લોકોક્તિ અલંકાર ...	૨૭૧	,,	,,
શ્લિષ્ટાશ્લિષ્ટશબ્દનિબંધન પરંપરિતરૂપકાલંકાર ...	૩૯૦	,,	,,
સાંગ પરંપરિતરૂપક ...	૩૯૨	,,	,,
ભ્રાંતિ અલંકાર	૩૯૭	,,	,,
તદ્દગુણ અલંકાર... ...	,,	,,	,,

ઉદાહરણોની અનુક્રમણિકા.

... ...	૧૦	,,	,,
... ...	,,	,,	,,
... ...	૧૧	,,	,,
...	૧૩	,,	,,
...	૧૫	,,	,,
...	,,	,,	,,
...	૨૫	,,	,,
...	૨૬	,,	,,
...	૨૭	,,	,,
કુલ ...	૩૧	,,	,,
યુક્તિયુક્તવચન ...	૩૬	,,	,,
શિવની આઠ મૂર્તિઓ ...	૩૭	,,	,,
ચૌદવિદ્યા	૪૭	,,	,,
એકજવાર કન્યા દેવાય છે...	૫૧	,,	,,
કન્યા સાસરે જ શોભે ...	૫૨	,,	,,
સ્ત્રીને સ્વાતંત્ર્ય નથી ...	૫૭	,,	,,
ચૌલવિધાન	૬૧	,,	,,
અક્ષરબ્રહ્મ	૬૯	,,	,,
સ્ત્રીનું સ્વરૂપ	૭૩	,,	,,
મોક્ષનો અધિકારી ...	૧૦૦	,,	,,
'કૃષ્ણ' શબ્દની વ્યાખ્યા...	૧૦૫	,,	,,
ગમનાદિક ક્રિયાઓ ...	૧૦૭	,,	,,
વેદના મહાવાકયો ...	૧૧૧	,,	,,
પંચબાણ	૧૨૬	,,	,,
આઠ મૂર્તિયો	૧૨૯	,,	,,
નવદ્વાર...	૧૩૬	,,	,,
અઢારપુરાણો	૧૫૩	,,	,,
તારકબ્રહ્મ	૧૭૦	,,	,,
શ્રાદ્ધકાલે કોપ ન કરવો ...	૧૭૪	,,	,,
સંન્યાસિને અન્ન આપીને જમવું	૧૭૭	,,	,,
કળિયુગમાં ત્યાગવાની બાબતો	૧૭૮	,,	,,
સંન્યાસીએ વાદ કરવો નહિ.	૧૭૯	,,	,,
અપચ્છેદનય	૧૯૧	,,	,,
મહાદેવના સહોદર બહેન...	૧૯૯	,,	,,
લીલા	૨૦૬	,,	,,
વિધિશાસ્ત્ર	૨૧૪	,,	,,
કર્યાં કર્મ ભોગવવાં પડે છે...	૨૧૪	,,	,,
જ્ઞાનીની સત્તા	૨૧૫	,,	,,
કામની કળાઓ	૨૨૦	,,	,,
મૂર્છના...	૨૨૫	,,	,,
અન્નમયાદિપંચકોશ ...	૨૨૬	,,	,,
દેહ કોની મિલકત છે ? ...	૨૩૪	,,	,,
ગુરુની યોગ્યતા... ...	૨૩૬	,,	,,
આડત્રીશ કલા	૨૫૮	,,	,,
શ્રીચક્ર...	૨૫૯	,,	,,
રાજા, દેવ, અને ગુરુપાસે કેવી રીતે જવું ? ...	૨૬૧	,,	,,
ચૌદવિદ્યાનાં સ્થાન ...	૨૬૬	,,	,,
શૌચ કેવી રીતે પાળવું ?...	૨૮૨	,,	,,
વંદન કરવાયોગ્ય ...	૨૮૫	,,	,,
મોટા કરે તે છાજે ...	૨૯૦	,,	,,
જન્મ્યા પછી અગસ્ત્યનું નામ દેવું	૨૯૧	,,	,,
શુભવૃત્તિઓ	૨૯૬	,,	,,
સવ્યભિચાર હેત્વાભાસ ...	૩૭૯	,,	,,
સપ્તભંગીનય	૩૮૮	,,	,,
તારકમંત્રનો અધિકાર ...	૩૯૬	,,	,,
સપ્તપદાર્થો	૪૦૨	,,	,,
શોળ પદાર્થો	૪૦૨	,,	,,
શંકર ૩૨ સુધી ...	૪૦૭	,,	,,

श्लोकानुक्रम.

	श्लोकांक.	पृष्ठांक.
सर्गः १.		
प्रणम्य	१-	१
यद्वद्वटानां ...	२-	२
यथातिऽरुच्ये ...	३-	३
स्तुतोऽपि ...	४-	,,
पयोब्धि	५-	,,
क्वेमे	६-	४
धन्यंमन्य... ...	७-	,,
वंध्यासूनु... ...	८-	५
पीयूषद्युति ...	९-	,,
सामोदै	१०-	६
यद्वा	११-	,,
उपक्रम्य	१२-	७
तथाऽप्युज्जृंभन्ते ...	१३-	,,
अस्मज्जिह्वा ...	१४-	,,
क्वेदं	१५-	८
रुक्षै	१६-	,,
नेता	१७-	९
तत्राऽऽदिम ...	१८-	१०
चतुर्थसर्गे ...	१९-	,,
महताऽनेहसा ...	२०-	,,
तद्व्यासाचार्य ...	२१-	,,
वाणी	२२-	,,
बुद्ध्वा	२३-	११
द्वादशे	२४-	,,
चतुर्दशे	२५-	,,
षोडशे	२६-	,,
सैषा	२७-	,,
एकदा	२८-	१२
प्रसादा	२९-	,,
विज्ञातमेव ...	३०-	,,
तत्प्रणीता ...	३१-	,,
वर्णाश्रम	३२-	१३
न संध्यादीनि ...	३३-	१३
श्रुते	३४-	,,
शिव	३५-	,,
अनन्येनैव ...	३६-	,,
सद्यः	३७-	१४
अन्येऽपि... ...	३८-	,,
तद्ववाँ	३९-	,,
इत्युक्त्वो... ...	४०-	,,
दुष्टाचार	४१-	,,
मोहन	४२-	१५
यतींद्रः	४३-	,,
तं मामनुसरि ...	४४-	,,
ब्रुवन्नेवं	४५-	,,
क्षीरनीर	४६-	,,
अवदन्नंदनं ...	४७-	१६
शृणु	४८-	,,
तद्रक्षणे	४९-	,,
इदानीं	५०-	,,
मध्यमं	५१-	,,
मुनी	५२-	,,
संप्रति	५३-	,,
विशिष्टं	५४-	,,
नैगमीं	५५-	१७
ब्रह्माऽपि	५६-	,,
तथेति	५७-	,,
अथेंद्रो	५८-	,,
सर्वज्ञो	५९-	,,
ततः	६०-	१८
स्फुट	६१-	,,
राज्ञः	६२-	,,
सोऽभि	६३-	,,
सभा	६४-	,,
मलिनैश्चेत्र ...	६५-	,,
षडभिज्ञा	६६-	१९
छित्वा	६७-	,,
सा सभा	६८-	,,
उपन्यस्यत्सु ...	६९-	,,
अधः	७०-	,,
स सर्वज्ञपदं ...	७१-	२०
ततः प्रक्षीणदर्पेषु...	७२-	,,
बभाषेऽथ... ...	७३-	,,
तदाकर्ण्य... ...	७४-	,,
यदि वेदाः ...	७५-	,,
किमु	७६-	,,
अपि लोकगुरुः ...	७७-	२१
श्रुत्वा	७८-	,,
दृष्ट्वा	७९-	,,
सौगता	८०-	,,
दुर्विधैरन्यथा ...	८१-	,,
पृच्छामि	८२-	,,
इति संश्रुत्य ...	८३-	,,
वक्ष्यामहे	८४-	२२
पद्मा	८५-	,,
संदिश्य	८६-	,,
ततस्ते	८७-	,,
श्रुतभूसुर ...	८८-	,,
अथ प्रोवाच ...	८९-	,,
सत्यमेव	९०-	२३
श्रुत्वाऽशरीरिणीं ...	९१-	,,
निरस्ताखिल ...	९२-	,,
आ सेतोरा ...	९३-	,,
इष्टोऽपि	९४-	,,
स्कन्दानुसारि ...	९५-	२४
हतेषु तेषु... ...	९६-	,,
कुमारिल... ...	९७-	,,
प्रागित्थं	९८-	,,

	श्लोकांक.	पृष्ठांक.
सर्गः २.		
ततो महेशः ...	१-	२५
तच्चोदितः ...	२-	,,
तस्येश्वरस्य ...	३-	,,
कश्चिद्विपश्चिदिह ...	४-	,,
पुत्रोऽभवत्तस्य ...	५-	,,
स ब्रह्मचारि ...	६-	२६
क्रियाय	७-	,,
वेदेष्वधीतेषु ...	८-	,,
भक्तोऽपि ...	९-	,,
विधातुमिष्टं ...	१०-	,,
कालोप्त	११-	,,
आ जन्मनो ...	१२-	२७
तत्तत्कुलीन	१३-	,,
अर्थाववोधन ...	१४-	,,
सत्यं गुरो न ...	१५-	,,
श्रीनैष्ठिकाश्रम ...	१६-	२८
दारग्रहो	१७-	,,
यागोऽपि ...	१८-	,,
निःस्वो	१९-	२९
यावत्तु	२०-	,,
एवं गुरौ	२१-	,,
गत्वा निकेतनमसौ	२२-	३०
श्रुत्वा गुरो ...	२३-	,,
वेदे पदक्रम ...	२४-	,,
भाट्टे नये गुरुमते...	२५-	,,
वेदे च शास्त्रे च ...	२६-	,,
कन्यां प्रदातु ...	२७-	३१
बह्वर्थदायिषु ...	२८-	,,
कन्यापितुर्वरपितुश्च	२९-	,,
संकल्पिता ...	३०-	,,
कश्चित्तु	३१-	३२
तेनानुनीतो ...	३२-	,,
विद्याधिराज ...	३३-	,,
उद्वाह्य	३४-	,,
तौ दंपती... ...	३५-	,,
अग्नीनथाऽऽधित...	३६-	३३
यागैरनेकै	३७-	३३
संतर्पयंतं	३८-	,,
परोपकार ...	३९-	,,
रूपेषु मारः ...	४०-	,,
गावो हिरण्यं ...	४१-	३४
अस्या मजाता ...	४२-	,,
खिंदन्मनाः ...	४३-	,,
एवं प्रिये... ...	४४-	,,
भद्रे सुतेन... ...	४५-	,,
इतीरिते	४६-	३५
भक्तेप्सितार्थे ...	४७-	,,
इत्थं कलत्रोक्ति...	४८-	,,
तस्योपधाम ...	४९-	३६
जायाऽपि ...	५०-	,,
देवः कृपापरवशो...	५१-	,,
देवोऽप्य	५२-	,,
पुत्रोऽस्तु... ...	५३-	,,
आकर्णयन्निति ...	५४-	३७
तौ दम्पती ...	५५-	,,
तस्मिन्दिने ...	५६-	,,
गर्भं दधार ...	५७-	,,
गर्भालसा	५८-	,,
संव्यासवानपि ...	५९-	३८
रम्याणि	६०-	,,
तां दौहृदं	६१-	,,
तां बन्धुता ...	६२-	,,
मानुष्यधर्मे ...	६३-	,,
उक्ष्णा	६४-	,,
आकर्णयजय ...	६५-	३९
नर्मोक्ति	६६-	,,
समानता	६७-	,,
तद्रोमवल्ली ...	६८-	,,
पयोधद्वंद्व... ...	६९-	,,
द्वैतप्रवादं... ...	७०-	,,
लग्ने शुभे... ...	७१-	४०
दृष्ट्वा सुतं	७२-	,,
तस्मिन्दिने ...	७३-	,,
वृक्षालता... ...	७४-	४०
अद्वैतवादि ...	७५-	४१
सर्वाभिराशा ...	७६-	,,
सुमनोहर... ...	७७-	,,
लोकत्रयी... ...	७८-	,,
सात्कारपूर्वे ...	७९-	,,
कीर्ति स्वर्का ...	८०-	४२
तज्ज्ञाति	८१-	,,
तत्सूतिकाग्रह ...	८२-	,,
यत्पश्यतां ...	८३-	,,
सर्वे विदन्सकल ...	८४-	,,
बालेऽथ	८५-	,,
सन्ताड	८६-	४३
द्वित्राणि	८७-	,,
उद्चार	८८-	,,
नवविद्रुम	८९-	,,
मूर्धनि	९०-	४४
राजश्रीरिव ...	९१-	,,
नागेनोरसि ...	९२-	,,
सर्गेप्राथमिके ...	९३-	४५
सर्गः ३.		
इति बाल... ...	१-	,,
कमलानिलयः ...	२-	,,
पवनोऽप्यजनि ...	३-	,,
पवमान	४-	४६
उद्भावि	५-	,,
विधिरास... ...	६-	,,
अपरेऽप्य ...	७-	,,
चार्वाकदर्शन ...	८-	,,
अथावतीर्णस्य ...	९-	,,
पुरा किलाध्यैषत ...	१०-	,,
तदा जहासेन्दु ...	११-	४७
शशाप तां ...	१२-	,,
दृष्ट्वा विषण्णां ...	१३-	,,
प्रसादितोऽभूदथ ...	१४-	,,
सा शोणतीरे ...	१५-	,,
सर्वाणि शास्त्राणि ...	१६-	४८

	श्लोकांक.	पृष्ठांक.
सा विश्वरूपं ...	१७-	४८
अन्याऽन्य ...	१८-	„
दिदृक्षमाणा ...	१९-	„
दृष्ट्वा तदीयौ ...	२०-	„
इष्टस्य	२१-	४९
न तेऽस्यगा ...	२२-	„
न मूढभावः ...	२३-	„
आ जन्मनो ...	२४-	„
निर्बंधतो	२५-	„
शोणाख्य	२६-	„
पुत्रेण	२७-	५०
भूभृन्निकेतन ...	२८-	„
पुत्र्या वचः ...	२९-	„
तावाचर्य	३०-	„
संप्रेषितौ	३१-	„
मह्यं	३२-	५१
भार्या	३३-	„
दूरे स्थितिः ...	३४-	„
नेवं नियंतु ...	३५-	५१
किं केन	३६-	५२
किं वर्ण्यते ...	३७-	„
वध्वर्जना... ...	३८-	„
केचिद्धनं	३९-	„
सर्वात्मना... ...	४०-	„
माभूदयं	४१-	५३
श्रीविश्वरूप ...	४२-	„
तेनैव सा	४३-	„
अस्माच्च	४४-	„
तौ हृष्टपुष्ट ...	४५-	„
अन्यः	४६-	„
पित्राऽनुशिष्ट ...	४७-	५४
मौहूर्तिकै	४८-	„
शोणस्य	४९-	„
दत्वाऽऽसनं ...	५०-	„
अस्माकमद्य ...	५१-	„
यद्यद्गृहेऽत्र ...	५२-	„
एवं मिथः... ...	५३-	५५

	श्लोकांक.	पृष्ठांक.
कन्यावरौ... ...	५४-	५५
एतत्प्रभा	५५-	„
मौहूर्तिका ...	५६-	„
जग्राह	५७-	„
यं यं	५८-	५६
आधाय	५९-	„
होमावसान ...	६०-	„
प्रतिष्ठमाने ...	६१-	„
बालैरियं	६२-	„
बालेयमङ्ग... ...	६३-	„
कश्चिद्द्विजाति ...	६४-	५७
सर्वज्ञता	६५-	„
श्वश्रूर्वेराया ...	६६-	„
बाल्येषु	६७-	„
दृष्ट्वाऽभिधातु ...	६८-	„
वत्से त्वमद्य ...	६९-	५८
पाणिग्रहात्स्वाधिपती	७०-	„
पत्यावभुक्तवति ...	७१-	„
रुष्टे धवे	७२-	„
भर्तुः	७३-	„
आयाति भर्तरि ...	७४-	५९
धवे परोक्षेऽपि ...	७५-	„
पित्रोरिव	७६-	„
हितोपदेशे ...	७७-	„
सा भारती ...	७८-	„
स भारतीसाक्षिक....	७९-	„
शैशवे	८०-	„
तं ददर्श	८१-	६०
कोमलेन	८२-	„
शाक्यैः	८३-	„
सर्गः ४.		
अथ शिवो ...	१-	६१
द्विसम	२-	„
अजनि	३-	„
रजसा	४-	„
सुधियोऽस्य ...	५-	„
उपपादन	६-	६२

	श्लोकांक.	पृष्ठांक.
हरतस्त्रिदेशे ...	७-	६२
असुक	८-	„
कुमतानि... ...	९-	„
अमुना	१०-	„
शिवगुरुः	११-	„
इह भवेत्सुलभं ...	१२-	६३
मृतमदीदह ...	१३-	„
कृतवती	१४-	„
उपनयनं	१५-	„
अधिजगे	१६-	„
सहनिपाठयुता ...	१७-	„
अत्र किं स ...	१८-	„
वेदे ब्रह्म	१९-	६४
आन्वीक्षिक्यैक्षि...	२०-	„
सहि जातु ...	२१-	„
तमवोचत ...	२२-	„
विधिना	२३-	६५
इति दीन... ...	२४-	„
स मुनिर्गुरु ...	२५-	„
अथ कैटभजि ...	२६-	„
अभिवन्द्य ...	२७-	„
विदितं तव ...	२८-	„
इति तद्वचनं ...	२९-	„
अमुना वचनेन ...	३०-	६६
अथ चक्रभृतो ...	३१-	„
दिवि	३२-	„
अमरस्पृहणीय ...	३३-	„
वरमेनमवाप्य ...	३४-	„
सरहस्य	३५-	„
जयति	३६-	„
जलबिंदुमणि ...	३७-	६७
पादौ	३८-	„
मुहुः सन्तो ...	३९-	६८
तत्त्वज्ञान	४०-	„
पदाघात	४१-	„
प्राप्तस्याभ्युदयं ...	४२-	६९
नतिर्दत्ते	४३-	„

	श्लोकांक.	पृष्ठांक.
धवलांशुक ...	४४-	६९
यदि हाटक ...	४५-	,,
आदाय	४६-	७०
सुधीराजः... ...	४७-	,,
रुचिरा	४८-	,,
परिघ	४९-	,,
उपवीतममुष्य ...	५०-	,,
समराजत... ...	५१-	,,
अरुणाधर... ...	५२-	७१
सुकपोलतले ...	५३-	,,
समासीतस्याऽऽस्यं	५४-	,,
पुरा क्षीरांभोधे ...	५५-	,,
दुर्वारप्रति... ...	५६-	७२
निःशङ्कक्षति ...	५७-	,,
त्रिपुंड्र	५८-	७३
असौ	५९-	,,
अज्ञानां	६०-	,,
उच्चंडा	६१-	७४
अमुना कृतवः ...	६२-	,,
कलयाऽपि ...	६३-	,,
शुवनांत	६४-	,,
कामं	६५-	७५
कामंयस्तु... ...	६६-	,,
केऽमी	६७-	,,
नाक्ष्णा	६८-	७६
क्षान्तिश्चे... ...	६९-	,,
या मूर्तिः... ...	७०-	७७
न बभूव	७१-	,,
समशोभत ...	७२-	,,
सुयशः	७३-	,,
न च शेषभवी ...	७४-	७८
भट्टभास्कर ...	७५-	,,
जाटा	७६-	,,
वारी	७७-	,,
कथादर्पो	७८-	७९
कस्तूरी	७९-	,,
अद्वैते	८०-	,,
दूरोत्सारित ...	८१-	८०
नृत्यन्त्या... ...	८२-	,,
वर्षारंभ	८३-	,,
हृद्या पद्यविना ...	८४-	८१
आयासस्य ...	८५-	,,
तथागतपथा ...	८६-	,,
झंझामारुत ...	८७-	८२
उन्मीलन्नवमल्लि ...	८८-	,,
धारावाहि ...	८९-	,,
तत्तादृक्ष	९०-	८३
विक्रीता	९१-	,,
कर्पूरेण	९२-	,,
अप्सां द्रप्सं ...	९३-	८४
संतप्तानां... ...	९४-	,,
आम्नायान्ता ...	९५-	,,
नृत्यद्भूते	९६-	८५
साहंकार	९७-	,,
कलशाब्धि ...	९८-	,,
परिशुद्ध	९९-	८६
धम्मिल्ले	१००-	,,
उत्संगेषु	१०१-	,,
संप्राप्ता	१०२-	८७
सोत्कंठा	१०३-	,,
लोकालोक ...	१०४-	,,
दुर्वारखर्व ...	१०५-	८८
इतिहास	१०६-	,,
स पुनः	१०७-	,,
असत्प्रपंच ...	१०८-	,,
आलोक्यानन ...	१४९-	८९
एकस्मिन्पुरुषात्तमे	११०-	,,
सर्गः ५.		
इति सप्त ...	१-	९०
परिचरजननीं ...	२-	,,
शिशुमुदीक्ष्य ...	३-	,,
मृदु वचश्चरितं ...	४-	,,
जातु	५-	९१
शंकरस्तदनु ...	६-	,,
सोऽथ नेतुमनवद्य...	७-	९१
ईहितं	८-	,,
प्रातरेव	९-	,,
एवमेन	१०-	,,
सोऽप्यतं... ...	११-	९२
यस्य नैव... ...	१२-	,,
राजिताभ्र ...	१३-	,,
सोऽयमाजिजित...	१४.	,,
एष सिंधुरपरो ...	१५-	,,
इत्युदीर्य	१६-	,,
भैक्ष्यमन्नमजिर्न ...	१७-	९३
कर्म	१८-	,,
प्रत्युत	१९-	,,
इत्यमुष्य	२०-	,,
भूसुरार्भकवरैः ...	२१-	,,
चर्म	२२-	,,
जातरूप	२३-	९४
सस्मितं	२४-	,,
तेन पृष्टकुशलः ...	२५-	,,
तद्रसार्द्र	२६	,,
तां नितांत ...	२७-	९५
नो हिताय ...	२८-	,,
राजवर्य	२९-	,,
स विशेषविदा ...	३०-	,,
बहवः	३१-	,,
पठितं	३२-	९६
सर्वार्थ	३३-	,,
सा शंकरस्य ...	३४-	,,
कृतविद्यममुं ...	३५-	,,
अथ जातु ...	३६-	,,
प्रणिपत्य	३७-	९७
विहिताञ्जलिना ...	३८-	,,
निजगाद... ...	३९-	,,
क कलि	४०-	,,
शिशुरेष	४१-	,,
करुणार्द्र	४२-	,,
इति सादरमीरितां	४३-	९८

	श्लोकांक.	पृष्ठांक.
तनयाय	४४-	९८
वरयस्व	४५-	,,
तदभीप्सित	४६-	,,
इति तद्वचनं	४७-	,,
शारदोऽष्ट	४८-	,,
इति वादिनि	४९-	९९
घृणिना	५०-	,,
अथ शोक	५१-	,,
प्रबलानिल	५२-	,,
कति नाम	५३-	,,
भ्रमतां	५४-	१००
इति कर्णकठोर	५५-	,,
त्यज बुद्धिं	५६-	,,
कथमेक	५७-	,,
त्वमशेष	५८-	,,
एवं व्यथां	५९-	१०१
मम न	६०-	,,
इति विचिन्त्य	६१-	,,
स च रुरोद	६२-	,,
गृहगतां	६३-	१०२
स च मरिष्यति	६४-	,,
त्यजति	६५-	,,
इति शिशौ	६६-	,,
तदनु	६७-	,,
मार्तविधेय	६८-	,,
देहेऽम्ब	६९-	१०३
यज्जीवितं	७०-	,,
अहयम्ब	७१-	,,
संन्यस्त	७२-	१०४
इत्थं स	७३-	,,
एवं सनाभि	७४-	,,
आत्मीयमंदिर	७५-	,,
वर्षासु	७६-	,,
प्रस्थातुकाम	७७-	,,
आनेष्ट	७८-	१०५
आकर्ण्य	७९-	,,
तस्मात्त्व	८०-	,,
इत्थं सुधीः	८१-	१०५
यस्य त्रिनेत्रा	८२-	,,
स्मरेण किल	८३-	१०६
निष्पत्राऽकुरु	८४-	,,
शांतिश्चा	८५-	,,
विजनता	८६-	१०७
गच्छऽस्वनानि	८७-	,,
वादिभिर्निजनिजा	८८-	,,
सारङ्गा	८९-	१०८
दण्डान्वितेन	९०-	,,
तीरद्रुमागत	९१-	,,
आदेश	९२-	,,
तस्य प्रपन्न	९३-	,,
पर्यङ्कतां	९४-	१०९
दृष्ट्वा पुरा	९५-	,,
उरगपति	९६-	,,
तमखिल	९७-	,,
तस्मिन्निति,	९८-	,,
स्वामिन्नहं न	९९-	११०
आकर्ण्य शंकर	१००-	,,
तस्योपदर्शित	१०१-	,,
शंकरः सविनयै	१०२-	१११
भक्तिपूर्वकृत	१०३-	,,
सांप्रदायिक	१०४-	,,
व्यासः	१०५-	,,
शुश्राव	१०६-	,,
सोऽऽधिगम्य	१०७-	११२
छन्नमूर्ति	१०८-	,,
एष धूर्जटि	१०९-	,,
श्रुतीनामाक्रीडः	११०-	,,
मितं पादेनैव	१११-	,,
न भूतिष्वासंगः	११२-	११३
न धर्मः सौवर्णो	११३-	,,
दुःखासार	११४-	११४
क्षीरं ब्रह्म	११५-	,,
नीरक्षीर	११६-	,,
दृष्टि यः	११७-	,,
हंसभाव	११८-	११५
एष नः	११९-	,,
वारिवाह	१२०-	,,
किंतु	१२१-	,,
देवराज	१२२-	११६
आववुः	१२३-	,,
बभ्रमुस्ति	१२४-	,,
उत्ससर्जु	१२५-	,,
शनैः सान्त्वालापैः	१२६-	,,
न सूर्यो	१२७-	११७
किमादेयं	१२८-	,,
प्राप विष्णुपद	१२९-	,,
आशये	१३०-	,,
अभ्रवर्त्मनि	१३१-	११८
चातकावलि	१३२-	,,
इत्युदीर्णः	१३३-	,,
अग्रहार	१३४-	,,
त्रस्तमर्त्य	१३५-	,,
तीरभूरुह	१३६-	,,
घोषवारि	१३७-	११९
सोऽभिमन्त्र्य	१३८-	,,
तं निशम्य	१३९-	,,
छात्रमुख्य	१४०-	,,
वारिदा	१४१-	,,
शीतदी	१४२-	,,
वारिवाह	१४३-	,,
मत्स्य	१४४-	,,
नीरदाः	१४५-	१२०
चंद्रिका	१४६-	,,
हंससंगति	१४७-	,,
शारदांबुध	१४८-	,,
पंकजानि	१४९-	१२१
रेणुभस्म	१५०	,,
धारणादि	१५१	,,
तद्भवान्व्रजतु	१५२-	,,
अत्र कृष्णमुनिना	१५३-	,,
संसदि	१५४-	,,

	श्लोकांक.	पृष्ठांक.
आर्य वेदनिकर ...	१५५	१२२
अत्र केचिदिह ...	१५६	,,
मद्वचः स च ...	१५७	,,
वत्स तं शृणु ...	१५८	,,
दुर्मतानि	१५९	,,
इत्युदीर्य	१६०	,,
स त्वमुत्तम ...	१६१	,,
गच्छ वत्स ...	१६२	१२३
एवमेनमनुशास्य ...	१६३	,,
पङ्कजप्रतिभटं ...	१६४	,,
प्राप तापसवरः ...	१६५	,,
संददर्श	१६६	,,
विष्णुपाद... ...	१६७	,,
गायतीव	१६८	१२४
श्यामला	१६९	,,
सोऽवगाह्य ...	१७०	,,
स्वर्णदीजल ...	१७१	,,
विश्वेशश्वरण ...	१७२	,,
सर्गः ६.		
अथाऽऽगमद्ब्रह्म ...	१	१२५
आगत्य	२	,,
उत्थाप्य तं ...	३	,,
पृष्टो बभाण ...	४	,,
अटाव्यमानो ...	५	,,
आपाङ्गैरुत्तुङ्गै ...	६	१२६
स्यात्ते दीनदयालुता	७	,,
त्वत्सारस्व ...	८	,,
सौरं धाम ...	९	,,
न भौमारामावाः...	१०	१२७
न चर्श्वैरिश्वं ...	११	,,
द्यावाभूमि ...	१२	,,
संसारबंधाय ...	१३	,,
इत्युक्तवंतं ...	१४	,,
संसारघोर ...	१५	,,
येऽप्यन्येऽमुं ...	१६	१२८
व्याख्या मौन ...	१७	,,
शेषः साधुभिरेव ...	१८	,,
चक्रितुल्य... ...	१९	१२८
चण्डभानुरिव ...	२०	१२९
एकदा खलु ...	२१	,,
दर्शयत्सु	२२	,,
पंकजावलि ...	२३	,,
शंकरो	२४	,,
सोऽन्त्यजं ...	२५	,,
अद्वितीयमनवद्य ...	२६	१३०
दण्डमण्डित ...	२७	,,
गच्छ दूरमिति ...	२८	,,
ब्राह्मणश्च	२९	,,
शुचिर्द्विजोऽहं ...	३०	,,
अचिंत्यमव्यक्त ...	३१	१३१
विद्यामवाप्यापि ...	३२	,,
इत्युदीर्य वचनं ...	३३	,,
सत्यमेव भवता ...	३४	,,
जानते	३५	,,
भाति यस्य ...	३६	१३२
या चितिः ...	३७	,,
यत्र यत्र	३८	,,
भाषमाण	३९	,,
भयेन	४०	,,
दासस्तेऽहं ...	४१	१३३
यदालोकादंत ...	४२	,,
अहोशास्त्रं ...	४३	,,
इत्युदारवचने ...	४४	१३४
अस्मदादि ...	४५	,,
संविभज्य	४६	,,
तत्र मूढमतयः ...	४७	,,
तद्भवान्विदित ...	४८	,,
एतदेव	४९	,,
भास्कराभिनव ...	५०	१३५
मोहसंत	५१	,,
एवमेनमनुगृह्य ...	५२	,,
संनिवृत्य	५३	,,
कर्तृत्वशक्ति ...	५४	,,
अद्वैतदर्शनविदां ...	५५	,,
शान्तां दिशं ...	५६	१३६
तेनान्ववर्ति ...	५७	,,
आत्मानमक्रिय ...	५८	,,
तेन व्यनीयत ...	५९	,,
स द्वादशे... ...	६०	,,
करतलकलिता ...	६१	१३७
ततो महाभारत ...	६२	,,
ग्रंथानसंख्यां ...	६३	,,
श्रीशंकराचार्य ...	६४	,,
अथ व्रतींदुर्विधि ...	६५	,,
निजशिष्य ...	६६	,,
स नितरामितरा ...	६७	,,
अद्वंद्वभक्ति ...	६८	१३८
ईर्ष्याभराकुल ...	६९	,,
संतारिका ...	७०	,,
पाथोरुहेषु ...	७१	,,
तं पाठयन्त ...	७२	,,
तद्विकल्पन ...	७३	१३९
अद्वितीयनिरता ...	७४	१४०
किंच संक्रमण ...	७५	,,
पद्मगन्ध	७६	,,
किंचैकदेशेन ...	७७	,,
इत्थं तर्कैः... ...	७८	१४१
व्याख्याजृम्भित ...	७९	,,
वेदांतकांतार ...	८०	,,
अमानुषं	८१	,,
अस्मान्मुहुर्यो ...	८२	१४२
अस्यात्मनिष्ठा ...	८३	,,
कुदृष्टितिमिर ...	८४	,,
त्रैलोक्यं ससुखं ...	८५	,,
मिथ्या वक्तीति...	८६	,,
हंतुं बौद्धोंस्तु ...	८७	१४३
ग्रस्तं भूतैर्न ...	८८	,,
चार्वाकैर्निह्नुतः ...	८९	,,
वाचः कल्पलता ...	९०	१४४
कामं कामक्रिरात...	९१	,,
सुधास्पंदाहंता ...	९२	,,

	श्लोकांक.-पृष्ठांक.		श्लोकांक.-पृष्ठांक.		श्लोकांक.-पृष्ठांक.
ययादीनाधीना ...	९३-१४४	अत्यादरा	२२-१५३	इत्थं निगद्य ...	५९-१६०
गिरां धारा ...	९४-१४५	द्वैपायन	२३- ,,	तत्पादपद्मे ...	६०- ,,
वाचा मोचा ...	९५- ,,	मुने पुराणानि ...	२४- ,,	भाष्यस्य	६१- ,,
वाग्गुम्फैः... ...	९६- ,,	वेदार्णवं	२५-१५४	ततः स वेदांत ...	६२-१६१
तत्ताद्दग्यति ...	९७- ,,	एष्यद्विजानासि ...	२६- ,,	आमज्जतां ...	६३- ,,
निघर्षण	९८-१४६	आभासयन्न ...	२७- ,,	गङ्गाप्रवाहै ...	६४- ,,
स भाष्यचंद्रो ...	९९- ,,	वेदाः षडङ्ग ...	२८- ,,	अंतेवसद्भिरमल ...	६५- ,,
अनादिवाक्सागर	१००- ,,	द्वीपे	२९-१५५	यत्राऽऽप्लुता ...	६६- ,,
सतां हृदाब्जानि...	१०१- ,,	धत्से	३०- ,,	अज्ञातसंभव ...	६७- ,,
न्यायमंदर ...	१०२- ,,	यमामनंति ...	३१- ,,	सिद्धापगे	६८-१६२
पादादासी ...	१०३- ,,	इति स्तुतस्तेन ...	३२- ,,	सन्मार्गवर्तन ...	६९- ,,
व्यासो दर्शयति ...	१०४-१४७	त्वमस्मदादेः ...	३३- ,,	स्वापानुषङ्ग ...	७०-१६३
विद्वज्जाल	१०५- ,,	कृतं त्वया... ...	३४-१५६	इति स्तुवंस्ताप ...	७१- ,,
मंथानाद्रिंधुरंधरा...	१०६- ,,	इत्थं मुनींद्र ...	३५- ,,	सस्नौ प्रयागे ...	७२- ,,
आ सीतानाथ ...	१०७- ,,	सुमन्तुपैल ...	३६- ,,	अनुष्ठितं	७३- ,,
सर्गः ७.		सोऽहं समस्तार्थ...	३७- ,,	गिरेरवप्लुत्य ...	७४- ,,
स जातु	१-१४८	अकारि	३८- ,,	सोऽयं गुरोरुन्मथन	७५- ,,
भ्रांतिष्वथा... ...	२- ,,	इत्थं निगद्यो ...	३९- ,,	अयं ह्यधीता ...	७६-१६४
शिष्यास्त... ...	३- ,,	सूत्रानुकारि ...	४०-१५७	श्रुत्वेति तां ...	७७- ,,
स चाब्रवी ...	४- ,,	न साहसं... ...	४१- ,,	धूमायमानेन ...	७८- ,,
तमब्रवीद्भाष्य ...	५-१४९	मीमांसकानामपि...	४२- ,,	दूरे विधूता ...	७९- ,,
पप्रच्छ	६- ,,	न प्राकृतस्त्वं ...	४३- ,,	अदृष्टपूर्वं... ...	८०- ,,
स प्राह जीवः ...	७- ,,	बह्वर्थगर्भाणि ...	४४- ,,	उपात्तभिक्षः ...	८१- ,,
इत्युक्तमर्थं ...	८- ,,	निसर्ग	४५-१५८	दृष्ट्वा भाष्यं ...	८२-१६५
अनूद्य	९-१५०	भावं	४६- ,,	अष्टौ सहस्राणि ...	८३- ,,
एवंवदंतौ	१०-१५१	रोषानुषङ्ग ...	४७- ,,	भवादृशां ...	८४- ,,
त्वं शंकरः... ...	११- ,,	व्याख्याप्य ...	४८- ,,	असारसंसार ...	८५- ,,
इतीदमाकर्ण्य ...	१२- ,,	व्याख्याहि ...	४९- ,,	चिरं दिदृक्षे ...	८६- ,,
भवांस्तडिच्चारु ...	१३- ,,	इत्युक्तवंतं ...	५०-१५९	युनक्ति	८७- ,,
भावत्कसूत्र ...	१४-१५२	मुहूर्तमात्रं ...	५१- ,,	कुतो निबंधो ...	८८-१६६
एवं वदन्नथ ...	१५- ,,	इतीदमाकर्ण्य ...	५२- ,,	निरास्थमीशं ...	८९- ,,
गाढोपगूढ ...	१६- ,,	जयाय	५३- ,,	तथागताक्रांत ...	९०- ,,
सप्ताधिका ...	१७- ,,	प्रसन्नगंभीर ...	५४- ,,	सशिष्यसंघाः ...	९१- ,,
शार्दूलचर्मो ...	१८- ,,	अष्टौ वयांसि ...	५५- ,,	वेदोऽप्रमाणं ...	९२- ,,
अद्वैतविद्यासृणि ...	१९-१५३	त्वमायुषाऽनेन ...	५६-१६०	अवादिशं ...	९३- ,,
तत्तादृगत्यु ...	२०- ,,	इतीरयंतं... ...	५७- ,,	तदा तदीयं ...	९४- ,,
विलोक्य	२१- ,,	इतीरयत्वा ...	५८- ,,	तदाऽपतन्मे ...	९५-१६७

	श्लोकांक.	पृष्ठांक.
विपक्षपाठी ...	९६-	१६७
संमन्त्र्य	९७-	,,
पतन्यतन्सौ ...	९८-	,,
यदीह	९९-	,,
एकाक्षरस्यापि ...	१००-	,,
तदेवमित्थं ...	१०१-	,,
दोषद्वयस्यास्य ...	१०१-	१६८
भाष्यं प्रणीतं ...	१०३-	,,
जाने	१०४-	,,
प्रायोऽधुना ...	१०५-	,,
इत्युच्चिवांसमथ ...	१०६	,,
संभावनाऽपि ...	१०७-	,,
इत्यूचिवांसं ...	१०८-	१६९
नार्हामि	१०९-	,,
संजीवनाय ...	११०-	,,
जाने तवाहं ...	१११-	,,
नाभ्युत्सहे ...	११२-	,,
अयं च पंथा ...	११३-	१७०
सदा वदन्यो ...	११४-	,,
निवृत्तिशास्त्रे ...	११५-	,,
उंवेक	११६-	१७१
सर्वासु	११७-	,,
तेनैव	११८-	,,
निर्व्याज	११९-	,,
इत्युचिवांस ...	१२०-	,,
अथ गिरमुप ...	१२१-	,,
सर्गः ८.		
अथ प्रतस्थे ...	१-	१७२
अवातरद्रत्न ...	२-	,,
प्रफुल्लराजीव ...	३-	,,
तस्मिन्स	४-	,,
कुत्राऽऽलयो ...	५-	,,
स्वतःप्रमाणं ...	६-	१७३
फलप्रदं	७-	,,
जगद्धुवं	८-	,,
पीत्वा	९-	,,
तदा स	१०-	,,

	श्लोकांक.	पृष्ठांक.
सौधाग्र	११-	१७३
तपोमहिम्नैव ...	१२-	,,
तत्रांतरिक्षा ...	१३-	१७४
अथ द्युमार्गी ...	१४-	,,
तदाऽतिरुष्टस्य ...	१५-	,,
कुतो	१६-	,,
पंथानं	१७-	,,
अहो पीता ...	१८-	१७५
मत्तो जातः ...	१९-	,,
कंथां वहसि ...	२०-	,,
कंथां वहामि ...	२१-	,,
त्यक्त्वा	२२-	१७६
गुरुशुश्रूषणा ...	२३-	,,
स्थितोऽसि ...	२४-	,,
यासां स्तन्यं ...	२५-	,,
वीरहत्या	२६-	,,
दौवारिका ...	२७-	१७७
कर्मकाले	२८-	,,
यतिभंगे	२९-	,,
क्व ब्रह्म	३०-	१७८
क्व स्वर्ग	३१-	,,
इत्यादिदुर्वाक्य ...	३२-	,,
तं मण्डनं	३३-	,,
अभ्यागतोऽसौ ...	३४-	,,
अथोपसंस्पृश्य ...	३५-	१७९
स चाब्रवीत्सौम्य ...	३६-	,,
मम न किंचिदपि ...	३७-	,,
जयति संप्रति ...	३८-	,,
इति यतिप्रवरस्य	३९-	,,
अपि सहस्रमुखे ...	४०-	,,
अपि कदाचिदुदेष्यति	४१-	१८०
भवतु संप्रति ...	४२-	,,
अयमहं	४३-	,,
अपि तु दुर्हृदय ...	४४-	,,
अत्यल्पमे	४५-	,,
वादं करिष्यामि ...	४६-	,,
वादे हि	४७-	१८१

	श्लोकांक.	पृष्ठांक.
कः पार्ष्णिकोऽहं ...	४८-	१८१
अयाति	४९-	,,
तथेति सूक्ते ...	५०-	,,
विधाय भार्या ...	५१-	,,
अथानुमोद्या ...	५२-	,,
भुक्त्वोपविष्टस्य ...	५३-	,,
अथ क्रियांते ...	५४-	१८२
तेषां द्विजेंद्रा ...	५५-	,,
इति स	५६-	,,
प्रातः शोण ...	५७-	,,
ततः समादिश्य ...	५८-	,,
पत्या नियुक्ता ...	५९-	,,
प्रवृद्धवादो ...	६०-	,,
ब्रह्मैकं	६१-	१८३
बाढं जये	६२-	,,
इत्थं प्रतिज्ञां ...	६३-	,,
वेदांता न	६४-	,,
वादे कृतेऽस्मि ...	६५-	,,
जेतुः पराजित ...	६६-	१८४
आवश्यकं	६७-	,,
माला यदा	६८-	,,
अन्योन्य	६९-	,,
ततस्तयोरास ...	७०-	,,
दिने दिने चाधिगत	७१-	,,
दिने दिने वासरमध्यमे	७२-	१८५
अन्योन्य	७३-	,,
ततो यतिक्ष्मा ...	७४-	,,
ततः स्वसिद्धान्त ...	७५-	,,
भो भो	७६-	,,
स प्रत्यवादी ...	७७-	,,
वेदावसानेषु ...	७८-	१८६
अर्थाप्रतीतौ ...	७९-	,,
आपात	८०-	,,
क्रत्वंगयूपा ...	८१-	,,
तर्ह्यस्तु	८२-	,,
संश्रूयते	८३-	१८७
यद्वत्प्रतिष्ठा ...	८४-	,,

	श्लोकांक.-पृष्ठांक.
तर्हि	८५-१८७
मा भूदिदं... ...	८६-१८८
किं चेतनत्वेन ...	८७- „
नित्यत्वमात्रेण ...	८८- „
यद्येवमेतस्य ...	८९- „
भोश्चेतनत्वेन ...	९०- „
इंतैवमस्तीति ...	९१-१८९
नन्वेवमप्यै ...	९२- „
अक्षेण	९३- „
विन्नोहमीशा ...	९४- „
अतिप्रसक्तेर्न ...	९५- „
भेदाश्रया... ...	९६-१९०
आत्मा विभुः ...	९७- „
मनोऽक्षमित्य ...	९८- „
भेदप्रमा	९९- „
प्रत्यक्षमात्मेश्वर ...	१००- „
स्याद्वा	१०१-१९१
नन्वेवमप्य ...	१०२- „
किमेष भेदः ...	१०३- „
स्वप्रत्यया... ...	१०४- „
ननु स्वशब्देन ...	१०५- „
योगिन्न नौपाधिक	१०६-१९२
घटेश भेदे ...	१०७- „
धर्मिप्रमा... ...	१०८- „
किं कृत्स्नधर्मि ...	१०९-१९३
किंवागुणो ...	११०- „
किं निर्विशेषं ...	१११- „
भो द्वा सुपर्णा ...	११२- „
प्रत्यक्षसिद्धे ...	११३-१९४
स्मृतिप्रसिद्धार्थं ...	११४- „
श्रुतिः स्मृतेऽर्थे ...	११५- „
जीवेश्वरो	११६- „
यदीयमाख्या ...	११७-१९५
न चोदनीया ...	११८- „
शारीरवाची ...	११९- „
तदेतदित्यादि ...	१२०- „
येनेति	१२१- „
तिङ्प्रत्यये ...	१२२-१९५
वृत्तिः शरीरे ...	१२३-१९६
भवन्	१२४- „
यद्येष	१२५- „
अदाहकस्या ...	१२६- „
छायातपौ... ...	१२७- „
भेदं वदंती ...	१२८-१९७
मानांतरो... ...	१२९- „
प्राबल्य	१३०- „
इत्याद्या	१३१- „
इत्थं यति... ...	१३२-१९८
कोपातिरेक ...	१३३- „
बबंध	१३४- „
जानामि	१३५- „
व्रज जननि ...	१३६- „
सर्गः ९.	
अथ संयमि ...	१-१९९
यतिराज	२- „
स हि	३-२००
इति संदिहा ...	४- „
यदि विद्यते ...	५- „
अभिसंधिमानपि ...	६- „
वचनं	७- „
श्रुतयः	८- „
श्रुतिराशि ...	९-२०१
ननु सच्चिदात्म ...	१०- „
ननु कर्तृपूर्वक ...	११- „
न कथंचिदौपनिषदं	१२- „
इति भावमात्मनि	१३- „
तदिहास्मदुक्त ...	१४- „
किमुतावतैव ...	१५- „
इति जैमिनी ...	१६-२०२
विदिताशयोऽपि ...	१७- „
अवदच्च	१८- „
न ममैव	१९- „
गुरुणा	२०- „
अलमाकलय्य ...	२१- „
आद्ये सत्त्वमुनिः ...	२२-२०३
इति बोधित ...	२३- „
विदितोऽस्ति ...	२४- „
यदेकमुदितं ...	२५- „
प्रबद्धोऽहं ...	२६- „
मुहुर्धिग्धि ...	२७- „
अविद्याराक्षस्या ...	२८-२०४
जगदार्तिहन्न ...	२९- „
कपिलाक्ष... ...	३०- „
समेतैरेतैः... ...	३१- „
भिंदानैर्दे	३२- „
कथमल्प	३३-२०५
भवदुक्त	३४- „
व्रतकर्मयन्त्र ...	३५- „
अहमाचरं ...	३६- „
शांतिप्राक्सु ...	३७- „
त्रिदिवौकसामपि...	३८-२०६
केचिच्चञ्चल ...	३९- „
चिंतासंतान ...	४०- „
संतः संतानपोषं ...	४१- „
चिंतासंतानशाखी	४२-२०७
तदहं विसृज्य ...	४३- „
इति सूनृतोक्ति ...	४४- „
यतिपुण्डरीक ...	४५- „
मयि जातु ...	४६- „
परिगृह्य	४७- „
भगवन्न वेद्मि ...	४८-२०८
कियदा	४९- „
इति पृष्ट	५०- „
निगमाध्वनि ...	५१- „
तमवाप्य... ...	५२- „
अथ नष्ट	५३- „
सह तेन	५४- „
इति गामुदीर्य ...	५५- „
अपि तु	५६-२०९
यदपि त्वमस्य ...	५७- „
इति यायजूक ...	५८- „

	श्लोकांक.	पृष्ठांक.
यदवादि	५९-	२०९
खमतं	६०-	,,
अत एव	६१-	,,
इति युक्ति	६२-	२१०
अथ सा कथा	६३-	,,
अनयोर्विचित्र	६४-	,,
न दिवा न	६५-	,,
अथ शारदा	६६-	,,
अतिबाल्य	६७-	,,
इति संप्रधार्य	६८-	,,
कलाः कियन्त्यो	६९-	,,
नेतीरितः	७०-	२११
इति संविचिन्त्य	७१-	,,
इह मासमात्र	७२-	,,
उररीकृते	७३-	,,
स ददर्श	७४-	,,
अथो निशाखेट	७५-	,,
सौन्दर्य सौभाग्य	७६-	,,
प्रविश्य कार्यं	७७-	२१२
अन्यादृशाना	७८-	,,
इत्यूचिवांसं	७९-	,,
मत्स्येंद्रनामा	८०-	,,
भद्रासना	८१-	,,
विज्ञाय	८२-	,,
संगीत	८३-	,,
गोरक्ष	८४-	,,
तत्रैकदा	८५-	२१३
हन्तेदृशोऽयं	८६-	,,
व्रतमस्मदीय	८७-	,,
अधिमेदिनि	८८-	,,
स निशम्य	८९-	,,
असंगिनो	९०-	,,
संकल्प	९१-	२१४
अविचार्य	९२-	,,
कृतधीत्खना	९३-	,,
कलशादि	९४-	,,
कथमज्यते	९५-	,,
तदयं	९६-	२१५
अवधी	९७-	,,
बहुदक्षिणै	९८-	,,
न विहीयते	९९-	,,
तदनंगशास्त्र	१००-	,,
इति सत्कथा	१०१-	२१६
अथसाऽनु	१०२-	,,
परिपाल्यतामिह	१०३-	,,
इति शिष्यवर्ग	१०४-	,,
अंगुष्ठमारभ्य	१०५-	,,
गात्रं गतासो	१०६-	,,
आदौ तदङ्ग	१०७-	,,
तं प्राप्त जीव	१०८-	२१७
हर्षे तासामुदित	१०९-	,,
सर्गः १०.		
अथ पुरोहितः	१-	२१७
समधिगम्य	२-	,,
इति नृपत्व	३-	,,
मृतिमुपेत्य	४-	२१८
वसु ददाति	५-	,,
अनुसवन	६-	,,
अनूचुषु	७-	,,
कालस्त्रिष्यः	८-	,,
तदयं गुण	९-	,,
अथ ते भुवि	१०-	,,
अथ राज्यधुरंधरा	११-	२१९
स्फटिकफलके	१२-	,,
अधरजसुधा	१३-	,,
मधुमदकलं	१४-	,,
विवृतजघनं	१५-	,,
मनसिजकला	१६-	,,
पुरेव	१७-	२२०
वात्स्यायन	१८-	,,
पाराशर्य	१९-	,,
आचार्यैः	२०-	२२१
किं कुर्मः क्व	२१-	,,
गुरुणा	२२-	,,
निःशेषेंद्रिय	२३-	२२१
फलितैरिव	२४-	,,
सघनैर्निजलाभ	२५-	,,
अविनयं	२६-	२२२
विगतमोह	२७-	,,
शुभाशुभ	२८-	,,
मर्त्यानां	२९-	,,
इति खेद	३०-	,,
पर्याप्तं	३१-	,,
अनिर्विण्णचेता	३२-	२२३
यद्यप्यन्यगात्र	३३-	,,
इक्षुचापागम	३४-	,,
नित्यतृप्ताग्रया	३५-	,,
तदिहालस्य	३६-	,,
इति जलरुह	३७-	,,
तेचिन्वंतः	३८-	२२४
मृत्वा	३९-	,,
ते च ज्ञात्वा	४०-	,,
राज्ञे ज्ञापित	४१-	,,
वर चामर	४२-	,,
धृतचामीकर	४३-	,,
रुचिरवेषा	४४-	,,
भृंगतव	४५-	२२५
पंचशर	४६-	,,
पर्वशशिमुख	४७-	,,
नेतिनेत्यादि	४८-	२२६
खायमुत्पाद्य	४९-	,,
विषमविषयेषु	५०-	२२७
व्यावृत्त	५१-	,,
पुरुष एवेद	५२-	,,
यश्चाहमत्र	५३-	,,
वेदानुवचन	५४-	,,
शमदमो	५५-	२२८
अविगीतमेवं	५६-	,,
उद्घोषितः	५७-	,,
तदनु कुहरमेत्य	५८-	,,
सपदि	५९-	,,

	श्लोकांक.	पृष्ठांक.
नरहरिकृपया ...	६०	२२९
तदनु शमधना ...	६१	२३०
तदनु सदनमेत्य ...	६२	,,
तं समीक्ष्य... ...	६३	,,
स विश्वरूपो ...	६४	,,
प्रेयसा	६५	,,
ईशानः	६६	,,
सदसि	६७	,,
त्वया यदावां ...	६८	,,
आदावाम्न्यं ...	६९	२३१
जानामि	७०	,,
तस्मादस्म ...	७१	,,
तथेति	७२	,,
तस्या	७३	,,
मण्डनमिश्रो ...	७४	,,
संन्यासगृह्य ...	७५	२३२
संन्यासपूर्व ...	७६	,,
त्वं नासि... ...	७७	,,
लोप्यो हि... ...	७८	,,
नापींद्रियाणि ...	७९	,,
यथात्मतैषां ...	८०	,,
आत्मत्वमन्य ...	८१	२३३
मनोऽपि	८२	,,
अनयैव	८३	,,
नाहंकृति ...	८४	,,
एवं शरीरादि ...	८५	,,
कथं तदैक्यं ...	८६	,,
सत्यं विरोध ...	८७	२३४
जहीहि	८८	,,
साधारणे	८९	,,
तीरात्तीरं ...	९०	२३५
जाग्रत्स्व... ...	९१	,,
प्रत्यक्तमं ...	९२	,,
यथा प्रपायां ...	९३	,,
सुखाय	९४	,,
परिपक्वमतेः ...	९५	२३६
प्रणवाभ्य... ...	९६	,,
मनोऽनुवर्तेत ...	९७	२३६
सा कल्पवल्लीव ...	९८	,,
गुरूपदिष्टा... ...	९९	,,
पुमान्पुमर्थं ...	१००	,,
आराधितं ...	१०१	२३७
तुष्टे गुरौ	१०२	,,
एवं पुराण ...	१०३	,,
ततः समादिश्य ...	१०४	,,
निखिल	१०५	,,
इतिवशीकृत ...	१०६	,,
कुसुमित	१०७	,,
तत्र महाराष्ट्र ...	१०८	२३८
प्रफुल्लमल्लिका ...	१०९	,,
कलिकल्मष ...	११०	,,
नमन्मोह... ...	१११	,,
प्रणमद्भव... ...	११२	,,
तीररुहैः	११३	,,
तत्रातिचित्र ...	११४	२३९
अध्यापयंत ...	११५	,,
केचिद्विसृज्य ...	११६	,,
वेदांतीकृत ...	११७	,,
वाणी काणभुजी ...	११८	,,
तथागतकथा ...	११९	२४०

सर्गः ११.

	श्लोकांक.	पृष्ठांक.
तत्रैकदा	१	२४०
असावपश्य ...	२	,,
दृष्ट्वैव हृष्टः ...	३	,,
गुणांस्तवा ...	४	,,
त्वमेक	५	२४१
परोपकृत्यै ...	६	,,
गुणाकरत्वा ...	७	,,
अशेषकल्याण ...	८	,,
तस्मान्महत्कार्यं ...	९	,,
अनेन देहेन ...	१०	,,
तुष्टोऽब्रवीन्मां ...	११	,,
एतावदुक्त्वा ...	१२	२४२
दिष्ट्याऽद्य ...	१३	,,
मूर्धाभिषिक्तस्य ...	१४	२४२
शिरःप्रदाने ...	१५	,,
तथाचितुं... ...	१६	,,
जनाः	१७	,,
दधीचिमुख्याः ...	१८	,,
वपुर्धरंते	१९	२४३
परोपकारं ...	२०	,,
जीमूतवाहो ...	२१	,,
यद्यप्यदेयं... ...	२२	,,
अखंड	२३	,,
प्रयच्छ	२४	,,
नैवाभ्यसूयामि ...	२५	,,
पतत्यवश्यं ...	२६	२४४
वर्ते	२७	,,
शिष्या	२८	,,
तौ संविदं... ...	२९	,,
शूली	३०	,,
शिष्येषु	३१	,,
तं भैरवाकार ...	३२	,,
तं भैरवोऽलोकत...	३३	२४५
जत्रुप्रदेशे... ...	३४	,,
आसीनमुच्चीकृत ...	३५	,,
विलोक्य	३६	,,
त्रिशूलमुद्यम्य ...	३७	,,
स्मरन्नथैष ...	३८	,,
स तत्क्षण... ...	३९	,,
सटाछटा	४०	२४६
क्षुभ्यत्समुद्रं ...	४१	,,
जवादभिद्रुत्य ...	४२	,,
तत्तादृगत्यु ...	४३	,,
आकर्णयस्तं ...	४४	,,
प्रह्लाद	४५	,,
पुरा किलाहो ...	४६	,,
किमर्थमेको ...	४७	,,
आकण्ठमत्त ...	४८	२४७
इतीरयत्येव ...	४९	,,
महर्षिभिस्त्वं ...	५०	,,

	श्लोकांक.	पृष्ठांक.
एकाग्रचित्तेन ...	५१-	२४७
आकर्ण्य तां ...	५२-	,,
ततस्तदा... ...	५३-	,,
चंद्रांशु	५४-	,,
नखाग्र	५५-	,,
सुरसुरत्रा... ...	५६-	२४८
स्वरोमकूपो ...	५७-	,,
मा भूदकाण्डे ...	५८-	,,
विलोक्य	५९-	,,
नरहरे हर ...	६०-	,,
तव वपुः	६१-	,,
सकलभीतिषु ...	६२-	२४९
स्मृतवतस्तव ...	६३-	,,
दितिजसूनुममुं ...	६४-	,,
सृजसि	६५-	,,
तव जनिर्न ...	६६-	,,
नरहरे तव ...	६७-	,,
त्वमेव	६८-	,,
इतोवराको ...	६९-	२५०
द्रष्टुं न शक्या ...	७०-	,,
कल्पान्तो ...	७१-	,,
मध्येव्यानद्ध ...	७२-	,,
क्षुन्दानो	७३-	,,
एवं विशिष्ट ...	७४-	२५१
चारित्र्य	७५-	,,
सर्गः १२.		
अथैकदाऽसौ ...	१-	२५१
विरञ्चि	२-	,,
वपुः स्मरामि ...	३-	,,
वामाङ्ग	४-	२५२
महीध्रकन्या ...	५-	,,
गुणत्रयाती ...	६-	,,
वैकुण्ठकैलास ...	७-	,,
भ्रमापनोदाय ...	८-	,,
वन्द्यं	९-	,,
यो मंदरागं ...	१०-	२५३
उल्लासयन्यो ...	११-	,,

	श्लोकांक.	पृष्ठांक.
समावहन्केसरि ...	१२-	२५३
उदैतु	१३-	२५४
येनाधिको ...	१४-	,,
विलासिना ...	१५-	,,
उत्तालकेतु ...	१६-	२५५
विनायके	१७-	,,
पाठीनकेतो ...	१८-	,,
व्यतीत्य चेतो ...	१९-	२५६
वृषाक	२०-	,,
अङ्के निधाय ...	२१-	,,
अपारमश्वत्थ ...	२२-	,,
आकर्ण्य वाणी ...	२३-	,,
इतीरयत्येव ...	२४-	२५७
रम्योपशल्यं ...	२५-	,,
उच्चावचानं ...	२६-	,,
पारेपरार्धे... ...	२७-	,,
अंतश्चतुः	२८-	,,
अंबोपचारे ...	२९-	,,
आराधनं	३०-	,,
अष्टोत्तर	३१-	२५८
कालाग्निरूपेण ...	३२-	,,
ये प्रत्यभिज्ञा ...	३३-	,,
आधारचक्रे ...	३४-	,,
अनाहते	३५-	,,
सहस्रपत्रे	३६-	,,
श्रीचक्र	३७-	२५९
इति तां वचनैः ...	३८-	,,
श्रयति स्म ...	३९-	,,
यतोऽपमृत्यु ...	४०-	२६०
यस्मिन्सहस्र ...	४१-	,,
मध्ये वसन्नस्य ...	४२-	,,
तत्र द्विजः ...	४३-	,,
गावो हिरण्यं ...	४४-	,,
न वक्ति	४५-	,,
ग्रहग्रहाह्निक ...	४६-	,,
शिष्यैः प्रशिष्यै ...	४७-	२६१
न शून्यहस्तो ...	४८-	,,

	श्लोकांक.	पृष्ठांक.
अनीनमत्तं ...	४९-	२६१
उपास्तहत्ताः ...	५०-	,,
वर्षाण्यतीयु ...	५१-	,,
क्रीडापरः... ...	५२-	,,
भुङ्क्ते	५३-	,,
इतीरयित्वोपरते ...	५४-	२६२
नाहं जडः ...	५५-	,,
ममेव	५६-	,,
प्रकाशयंते ...	५७-	२६३
विनोपदेशं ...	५८-	२६४
सुते निवृत्ते ...	५९-	,,
पुराभवा	६०-	,,
न सक्ति	६१-	,,
इतीरयित्वा ...	६२-	,,
ततः शतानंद ...	६३-	,,
यत्राधुना	६४-	,,
अभ्यागता ...	६५-	,,
अध्यापयामास ...	६६-	२६५
मदाक्षनम्रं ...	६७-	,,
प्रकल्प्य	६८-	,,
या शारदांबे ...	६९-	,,
चित्तानुवर्ती ...	७०-	,,
स्नात्वा पुरा ...	७१-	,,
श्रीदेशिकाय ...	७२-	,,
गुरोः समीपे ...	७३-	,,
तिष्ठन्गुरो... ...	७४-	,,
तस्मिन्कदाचन ...	७५-	२६६
शांतिपाठमथ ...	७६-	,,
तां निशम्य ...	७७-	,,
तस्य गर्व... ...	७८-	,,
सोऽधिगम्य ...	७९-	,,
श्रीमद्देशिक ...	८०-	,,
येनौन्नत्य	८१-	२६७
अथ तोटक ...	८२-	,,
अथ तस्य बुधस्य...	८३-	२६८
भक्त्युत्कर्षो ...	८४-	,,
अद्यापि तत्प्रकरणं	८५-	,,

	श्लोकांक.	पृष्ठांक.
तोटकाह्वय ...	८६-	२६८
पुमर्थाश्चत्वारः ...	८७-	,,
स्फारद्वार ...	८८-	२६९
समिंधानो ...	८९-	,,

सर्गः १३.

	श्लोकांक.	पृष्ठांक.
ततः कदाचित् ...	१-	२६९
मम यत्करणीय ...	२-	२७०
इतीरिते	३-	,,
दृष्टुं सतर्कं ...	४-	,,
अस्त्वेव	५-	,,
योऽयं प्रयत्नः ...	६-	,,
यः सार्वं... ...	७-	,,
प्रत्येकमस्य ...	८-	,,
गुरोश्च	९-	२७१
आ जन्मनः सः ...	१०-	,,
एवंविधेन ...	११-	,,
संन्यासमप्येष ...	१२-	,,
यः शक्नुयात्कर्म...	१३-	,,
एवं सदा	१४-	,,
पुरा किलास्मासु ...	१५-	२७२
तदा तदाकर्ण्य ...	१६-	,,
अनन्य साधारण...	१७-	,,
पदानि तेषु ...	१८-	,,
स एव	१९-	,,
यद्वाय	२०-	,,
कर्मैकता	२१-	,,
अत्रांतरे	२२-	२७३
यतःकरस्थामलका	२३-	,,
वाणींसमाकर्ण्य ...	२४-	,,
अयं तु बाल्ये ...	२५-	,,
बाल्यैनै	२६-	,,
अस्मानवेक्ष्यैव ...	२७-	,,
कस्त्वं शिशो ...	२८-	,,
तदा कदाऽप्य ...	२९-	,,
अनैर्जडत्वेन ...	३०-	२७४
आजन्मनः ...	३१-	,,
विज्ञाप्य	३२-	,,
श्रुत्वेति	३३-	२७४
तानब्रवीत्सं ...	३४-	,,
तस्यांतिके ...	३५-	,,
अत्रांतरे	३६-	,,
आक्रोशमाकर्ण्य ...	३७-	२७५
तस्मादयं	३८-	,,
तत्तादृगात्मा ...	३९-	,,
तत्तादृशात्युज्ज्वल	४०-	,,
अहं बहूना ...	४१-	,,
भवन्निदेशा ...	४२-	,,
सनंदनो	४३-	,,
आदिश्येत्थं ...	४४-	,,
तात्पर्यं ते... ...	४५-	२७६
नास्त्वेवासा ...	४६	,,
इत्यार्यां	४७	,,
विद्वन्य	४८-	,,
शिष्योक्तिभिः ...	४९	,,
नैष्कर्म्यसिद्धि ...	५०	,,
ग्रंथं दृष्ट्वा	५१	,,
यत्राद्यापि ...	५२	,,
आचार्यवाक्येन ...	५३-	२७७
नैष्कर्म्यसिद्ध्या ...	५४-	,,
न ख्यातिहेतोर्न ...	५५-	,,
पूर्वं गृहीत्वेऽपि ...	५६-	,,
अहं गृही	५७-	,,
नास्त्येव	५८	,,
संभिक्षमाणा ...	५९-	२७८
तत्त्वोपदेशा ...	६०-	,,
पुरा गृहस्थेन ...	६१-	,,
श्रद्धामद्वैत ...	६२-	,,
इत्युक्त्वोपरते ...	६३-	,,
भावानुकारि ...	६४-	२७९
सत्यं यदात्थ ...	६५-	,,
तद्वस्त्वदीया ...	६६-	,,
तत्रोभयत्र ...	६७-	,,
इत्थं स उक्तो ...	६८-	,,
आज्ञा गुरो... ...	६९-	,,
सनन्दनो ...	७०-	२७९
व्यासर्षि	७१-	२८०
आलोचयन्नथ ...	७२-	,,
प्रारब्ध	७३-	,,
इत्येव मुक्त्वाऽथ...	७४-	,,
ते सर्वेऽप्य ...	७५-	,,

सर्गः १४.

	श्लोकांक.	पृष्ठांक.
अथाब्जपात् ...	१-	२८०
स क्षेत्रवासो ...	२-	२८१
शुश्रूषमाणेन ...	३-	,,
द्विधा हि	४-	,,
संभाव्यते क्व च ...	५-	,,
ज्वरातिसारादि ...	६-	,,
स्नानं प्रभाते ...	७-	,,
नास्त्युत्तरं ...	८-	,,
सर्वत्र न क्वापि ...	९-	२८२
जन्मांतरार्जित ...	१०-	,,
इह स्थितं... ...	११-	,,
मन्वादयो... ...	१२-	,,
दैवेऽनुकूले ...	१३-	,,
गृहं परित्यज्य ...	१४-	,,
देशे...	१५-	२८३
सत्तीर्थ	१६-	,,
अटाट्यमानोऽपि ...	१७-	,,
समीप	१८-	,,
सुजनः	१९-	,,
यथाग्रहोऽस्थिति	२०-	,,
नैको मार्गो ...	२१-	,,
सद्भिः संगो ...	२२-	२८४
सत्संगोऽयं ...	२३-	,,
मार्गे यास्यन्न ...	२४-	,,
मार्गे चोरा ...	२५-	,,
मध्येमार्गं	२६-	२८५
यथापदपदं ...	२७-	,,
इत्थं गुरोर्मुख ...	२८-	,,
अधिगम्य ...	२९-	,,
तत्राऽऽतुरां ...	३०-	,,

	श्लोकांक.	पृष्ठांक.
असावसंगोऽपि ...	३१-	२८५
दृष्ट्वा चिरा ...	३२-	२८६
इतः परं	३३-	,,
सुतानुगां	३४-	,,
उपादिशत्तद्ब्रह्म ...	३५-	,,
सौम्यागुणे ...	३६-	,,
निशम्य	३७-	,,
विलोक्य	३८-	२८७
भुजगाधिप ...	३९-	२८८
विहिताञ्जलिना ...	४०-	,,
महनीयत... ...	४१-	,,
तत्तादृशं	४२-	२८९
ततः शरचंद्र ...	४३-	,,
वैमानिकां... ...	४४-	,,
इयमर्चिर... ...	४५-	,,
स्वयमेव	४६-	,,
अनलं	४७-	,,
संचिन्त्य	४८-	२९०
न याचिता ...	४९-	,,
गृहोपकंठेषु ...	५०-	,,
तदाप्रभृत्येव ...	५१-	,,
शांतः	५२-	,,
यद्यप्यशास्त्रीय ...	५३-	,,
इति स्वजननी ...	५४-	२९१
अथ तत्सहाय ...	५५-	,,
आससाद... ...	५६-	,,
अद्राक्षीत्सु ...	५७-	,,
स्नात्वा	५८-	२९२
लब्धाऽनुज्ञां ...	५९-	,,
तत्रैकांत्या ...	६०-	,,
कल्लालेशं	६१-	,,
पुंडरीक	६२-	,,
ताण्डवं	६३-	,,
किं चात्र	६४-	,,
शिवाज्ञया... ...	६५-	२९३
शिवस्य	६६-	,,
नृत्यत्तीर	६७-	,,

	श्लोकांक.	पृष्ठांक.
स्नायं स्नायं ...	६८-	२९३
शुद्धं महद्वर्णं ...	६९-	,,
इतीरितः... ...	७०-	,,
रामसेतु	७१-	,,
यत्पवित्र... ...	७२-	२९४
सह्यपर्वत... ...	७३-	,,
गच्छन्गच्छ ...	७४-	,,
शुश्राव	७५-	,,
रुरोद	७६-	,,
ऊचेऽथ	७७-	,,
पुत्राः समित्रा ...	७८-	,,
शाखोपशाखा ...	७९-	,,
कुटुंबरक्षा ...	८०-	२९५
अग्रीष्म	८१-	,,
यथा शकुंताः ...	८२-	,,
यथाहि	८३-	,,
यते विराज्या ...	८४-	,,
मनोरथानां ...	८५-	,,
अनाप्नुवन्दुःख ...	८६-	,,
विरक्तिमूलं ...	८७-	२९६
अज्ञातगोत्रा ...	८८-	,,
चरंति तीर्थान्यपि	८९-	,,
वक्तव्यमत्र ...	९०-	,,
कोशं	९१-	,,
संयुनक्ति ...	९२-	२९७
मध्याह्नकाले ...	९३-	,,
सायं	९४-	,,
उच्चैः शास्त्रं ...	९५-	,,
वदन्न दानेन ...	९६-	,,
पुण्यं गृहस्थेन ...	९७-	,,
गृही धनी ...	९८-	,,
संतोष	९९-	२९८
स्वधर्मनिष्ठा ...	१००-	,,
गृही गृहस्थोऽपि ...	१०१-	,,
अंतःस्थिता ...	१०२-	,,
शरीरमूलं... ...	१०३-	,,
ब्रवीमि	१०४-	,,

	श्लोकांक.	पृष्ठांक.
विनाऽभिसंधि ...	१०५-	२९८
ससंरं	१०६-	२९९
संदिश्येत्थं ...	१०७-	,,
टीका	१०८-	,,
प्रबंध	१०९-	,,
गुरोर्मतं	११०-	,,
सेतुं	१११-	,,
इत्युक्त्वा... ...	११२-	३००
वामं नेत्रं... ...	११३-	,,
गतेऽत्र	११४-	,,
पक्षस्य	११५-	,,
एति	११६-	,,
गच्छन्नसौ... ...	११७-	,,
तीर्त्वा	११८-	३०१
संचित	११९-	,,
आगच्छदात्मा ...	१२०-	,,
मध्येप्रभा... ...	१२१.	,,
अगस्त्यदृश्वा ...	१२२-	,,
सभार्य	१२३-	,,
दृष्ट्वा भवंतं ...	१२४-	३०२
न तत्र	१२५-	,,
तत्रापि	१२६-	,,
तीर्त्वा समुद्रं ...	१२७-	,,
इतीरितो	१२८	,,
त्वमग्रणी	१२९	,,
सहाय	१३०-	,,
पुरेव	१३१-	३०३
सेतुं वार्धौ ...	१३२-	,,
इत्थं यत्र	१३३-	,,
तत्तादृक्षे	१३४-	,,
तन्माहात्म्यं ...	१३५-	,,
रघूद्वहस्त... ...	१३६-	,,
एवं निश्चित्योदितं	१३७-	,,
तस्मादार्यैः ...	१३८-	३०४
श्रुत्वा किंचित् ...	१३९-	,,
विश्वस्य	१४०-	,,
इत्थं ब्रुवंतं ...	१४१-	,,

	श्लोकांक.	पृष्ठांक.
दृष्ट्वा बुद्धिं... ...	१४२-	३०४
अत्रांतरे	१४३-	,,
दृष्ट्वा पद्माङ्कि ...	१४४-	,,
वाणीनिर्जित ...	१४५-	३०५
शुश्राव	१४६-	,,
अथ गुरुवर ...	१४७-	,,
अत्रांतरे यतिपति	१४८-	,,
विचरन्नथ... ...	१४९-	,,
सदसत्त्व	१५०-	,,
रजसा	१५१-	३०६
विविधेषु	१५२-	,,
इति देव	१५३-	,,
गुरुणा	१५४-	,,
भगवन्नभिगम्य ...	१५५	,,
अहमस्यपुरो ...	१५६-	,,
दग्धमुद्रमुख ...	१५७-	,,
खड्गखड्गि	१५८-	३०७
अथ गूढहृदो ...	१५९-	,,
युगपर्यय	१६०-	,,
अदहत्स्वगृहं ...	१६१-	,,
अधुना धिषणा ...	१६२-	,,
गुरुवर	१६३-	,,
प्रयतेऽहं	१६४-	३०८
कृपा पारावारं ...	१६५-	,,
इति वादि ...	१६६-	,,
विषमो बत ...	१६७-	,,
पूर्वं शृङ्गक्ष्माधरे ...	१६८	,,
आश्वास्येत्थं ...	१६९-,	,,
प्रसभं स... ...	१७०-	३०९
कविता	१७१-	,,
प्रथते किमु ...	१७२-	,,
मुखतः	१७३-	,,
नृप कालटि ...	१७४-	,,
पद्माङ्कौ	१७५-	,,
सर्गः १५.		
अथ शिष्यवर्यैर्युतः	१-	३१०
अभवत्किल ...	२-	३११
स हि युक्ति ...	३-	३१२
अभिपूज्य ...	४-	३१४
सुरधाम	५-	३१६
निजपाद	६-	३१८
अभिगम्य ...	७-	३२०
अभिवाद्य... ...	८-	३२१
न हि ते	९-	,,
इति वादिनि ...	१०-	३२३
अथ तीर्थकराग्रणी	११-	३२४
पितृकानन ...	१२-	३२५
असितं	१३-	३२६
नरशीर्ष	१४-	३२७
इति जल्पति ...	१५-	३२८
भृकुटी	१६-	३२९
रुषितानि... ...	१७-	३३०
अथ विप्रकुलं ...	१८-	३३१
अवनीभृति ...	१९-	३३२
अवलोक्य ...	२०-	३३४
असितोमर ...	२१-	३३५
नृपतिश्च	२२-	३३७
तदनु क्रकचो ...	२३-	३३८
कुमताश्रय ...	२४-	३३९
सूरया	२५-	३४०
अथ मर्त्यशिरः ...	२६-	३४१
तव भक्त... ...	२७-	३४२
यतिनामृषभेण ...	२८-	३४३
यतिराडथ ...	२९-	३४७
विललास	३०-	३४५
बहुलभ्रमवानयं ...	३१-	३४६
अवगाह्य	३२-	३४८
तदनन्तरमागमान्त	३३-	३४९
भगवन्निह ...	३४-	३५०
इति तद्वचनं ...	३५-	३५१
सरितां	३६-	३५२
परपक्ष	३७-	३५३
सितभूति... ...	३८-	३५४
अधिगत्य... ...	३९-	३५५
भगवन्क्षण ...	४०-	३५६
सुमते तव ...	४१-	३५७
परपक्षविसावली ...	४२-	३५८
प्रशमिस्तदसीति ...	४३-	३५९
रवि तत्प्रतिबिम्ब...	४४-	३६०
मुकुरस्थ... ...	४५-	३६१
न च मायिक ...	४६-	३६२
न हि मानशतैः ...	४७-	३६३
यदि मानगतस्य ...	४८-	३६४
इति युक्तिशतैः ...	४९-	३६५
अथ नील... ...	५०-	३६६
ननुवाच्यगता ...	५१-	३६७
यदिहोक्त ...	५२-	३६८
ननु मौढ्य	५३-	३६९
इति चेन्न... ...	५४-	,,
भवताऽपि ...	५५-	३७०
जगतोऽसत ...	५६-	,,
तदिह	५७-	३७१
अपि भेदधियो ...	५८-	,,
अभिधा	५९-	,,
तदबाधित ...	६०-	,,
ऋषिभि	६१-	,,
प्रबलश्रुति ...	६२-	,,
ननु युक्तियुतं ...	६३-	३७२
यदि चाऽऽत्मन ...	६४-	,,
अयमेव	६५-	,,
पुरुषार्थं	६६-	,,
इति चेन्न सुखादि	६७-	,,
चितियोग ...	६८-	,,
विषयोत्थ... ...	६९-	३७३
इति युक्तिशतो ...	७०-	,,
विजितो	७१-	,,
यमिनामृषभेण ...	७२-	,,
विषयेषु	७३-	,,
भुजयोरति ...	७४-	,,
शतशः	७५-	,,

	श्लोकांक.	पृष्ठांक.
इति वैष्णव ...	७६-	३७४
सपदि	७७-	,,
मकरध्वज ...	७८-	,,
भगवान	७९-	,,
कवये	८०-	,,
अभिरूप	८१-	,,
जयति	८२-	,,
स जगाद... ...	८३-	,,
तदिदं	८४-	३७५
इति तामवहेल ...	८५-	,,
ध्रुवमेष	८६-	,,
मम वल्गति ...	८७-	,,
इति वादिन ...	८८-	,,
स तमेव	८९-	,,
अथ भास्कर ...	९०-	,,
अनयोरति ...	९१-	३७६
अथ तस्य... ...	९२-	,,
अथ भास्कर ...	९३-	,,
प्रशमिस्त्व ...	९४-	,,
मुनिरेव	९५-	,,
चितिमात्रगत ...	९६-	,,
अविकारि ...	९७-	३७७
न हि मानकथा ...	९८-	,,
अनुभव्य	९९-	,,
ननु दाहकता ...	१००-	,,
इति चेन्मै ...	१०१-	,,
न च तत्र ...	१०२-	,,
अधिसुप्त्यपि ...	१०३-	३७८
ननु न	१०४-	,,
न च तत्र च ...	१०५-	,,
किमु नित्यमनित्य	१०६-	,,
न च तच्छमये ...	१०७-	,,
इति चेदिद ...	१०८-	,,
प्रमितित्व... ...	१०९-	३७९
अनुमानमिदं ...	११०-	,,
ननु संहन ...	१११-	,,
व्यभिचारयुत ...	११२-	,,

	श्लोकांक.	पृष्ठांक.
ननु हेतुरयं ...	११३-	३८०
ननु गोत्व ...	११४-	,,
इति चेन्न विकल्पना	११५-	,,
न हि जात्वपि ...	११६-	,,
स्वविशेषण ...	११७-	,,
ननु भाति ...	११८-	,,
ननु तद्व्यवहार ...	११९-	३८१
तदिदं घटते ...	१२०-	,,
ननु पञ्चसु ...	१२१-	,,
इति चेन्न विकल्पना	१२२-	,,
चरमोऽपि न ...	१२३-	३८२
अपि चान्यतमस्य	१२४-	,,
न च वाच्यमिदं ...	१२५-	,,
तदसिद्धि... ...	१२६-	,,
अपि च भ्रम ...	१२७-	,,
ननु रक्त... ...	१२८-	३८३
इति चेदय ...	१२९-	,,
चरमोऽपि न युज्यते	१३०-	,,
असभागतया ...	१३१-	,,
न हि नित्य ...	१३२-	,,
युगपत्समवैति ...	१३३-	,,
कटकाश्रय ...	१३४-	,,
न च संस्कृति ...	१३५-	३८४
अपि नाग्रहणं ...	१३६-	,,
न च मञ्जक ...	१३७-	,,
अपि चेष्टत ...	१३८-	,,
इति युक्तिशतै ...	१३९-	,,
इति भास्करदुर्मते	१४०-	३८५
स कथाभिरवन्तिषु	१४१-	,,
प्रतिपद्य तु ...	१४२-	,,
ननु जीव... ...	१४३-	,,
कथयाऽऽर्हत ...	१४४-	३८६
अमहाननणु ...	१४५-	,,
उपयान्ति ...	१४६-	,,
उपयन्त	१४७-	,,
जनितारहिता ...	१४८-	,,
किमचेतन... ...	१४९-	,,

	श्लोकांक.	पृष्ठांक.
चलयंति रथं ...	१५०-	३८७
बहवोऽपि... ...	१५१-	,,
उपयान्ति च ...	१५२-	,,
यदि चैवममी ...	१५३-	,,
अपि चैवमला ...	१५४-	,,
अपि साधन ...	१५५-	,,
इति माध्यमिकेषु...	१५६-	३८८
पटुयुक्ति... ...	१५७-	,,
तदनंतरमेष ...	१५८-	,,
निगमाब्ज ...	१५९-	,,
इति गूढमसौ ...	१६०-	,,
निजशिष्यपदं ...	१६१-	३८९
अभिभूय	१६२-	,,
पूर्वं येन	१६३-	,,
शाक्तै	१६४-	,,
दिष्टे	१६५-	,,
शान्तिर्दान्ति ...	१६६-	३९०
यत्राऽऽरम्भ ...	१६७-	,,
उच्चण्डे	१६८-	,,
बुद्धो	१६९-	,,
हस्तग्राहं	१७०-	३९१
शान्त्याद्यर्णे ...	१७१-	,,
अद्वैतामृत ...	१७२-	,,
शान्तानां... ...	२७३-	३९२
इति सकल ...	१७४-	,,

सर्गः १६.

अथ यदा... ...	१-	३९२
सततोऽभिचचार	२-	,,
अचिकित्स्य ...	३-	,,
भगंदरव्याधि ...	४-	३९३
ममत्वहाना ...	५-	,,
चिकित्सका ...	६-	,,
उपेक्षमाणोऽपि ...	७-	,,
स्वस्थेभवत्पाद ...	८-	,,
व्याधिर्हि... ...	९-	,,
व्याधिर्द्विधा ...	१०-	,,
संक्षीयतां... ...	११-	३९४

	श्लोकांक.	पृष्ठांक.
सत्यं गुरो तेन ...	१२-	३९४
स्वयं कृतार्थो ...	१३-	,,
नीबंधतो... ...	१४-	,,
प्रायो नृपं...	१५-	,,
तेऽतीत्य... ...	१६-	,,
ततोद्विजेन्द्रै ...	१७-	,,
उपगुदं भिषजः ...	१८-	३९५
चिरमुपेक्षित ...	१९-	,,
निगदिते	२०-	,,
अथ मुनिर्विमन ...	२१-	,,
दिनचर्यं... ...	२२-	,,
रुषितवान्न ...	२३-	,,
जनपदो	२४-	,,
पितृकृता... ...	२५-	,,
यदुदितं	२६-	३९६
इति निगद्य ...	२७-	,,
प्रथितैरवनौ ...	२८-	,,
स्मरशासन ...	२९-	,,
यतिवर्य	३०-	,,
तदनु	३१-	,,
अमुनैव	३२-	३९७
स्वस्थः सोऽयं ...	३३-	,,
पाणौ	३४-	,,
पाणौ शोणाम्भो ...	३५-	,,
आर्यस्याथो ...	३६-	,,
सिंचन्नेनं	३७-	,,
कच्चित्सर्वा ...	३८-	३९८
भक्त्या युक्त्या ...	३९-	,,
कच्चिन्नित्याः ...	४०-	,,
इत्यद्वैता	४१-	,,
यद्यत्पृष्टं	४२-	,,
मूको वाग्मी ...	४३-	,,

	श्लोकांक.	पृष्ठांक.
लेशं वाऽपि ...	४४-	३९८
आजन्यात्म ...	४५-	,,
यश्चाऽऽहूतो ...	४६-	,,
तत्तादृक्ष	४७-	३९९
इत्याकर्ण्या ...	४८-	,,
कृतास्त्वया ...	४९-	,,
इति स्फुटं ...	५०-	,,
मत्कारिका ...	५१-	,,
स प्राह	५२-	४००
तथेति	५३-	,,
अथयुनाया ...	५४-	,,
जम्बूद्वीपं... ...	५५-	,,
द्वारैर्युक्तं... ...	५६-	,,
प्राच्याः प्राच्यां ...	५७-	,,
वार्तामुपाश्रुत्य ...	५८-	,,
द्वारं पिनद्धं ...	५९-	४०१
वादिव्रात... ...	६०-	,,
करटतटान्त ...	६१-	,,
संश्राव	६२-	,,
अथाब्रवी... ...	६३-	,,
यःकश्चिदेत्येतु ...	६४-	,,
षड्भाववादी ...	६५-	४०२
यत्स्यादणुत्वं ...	६६-	,,
याद्वित्वसंख्या ...	६७-	,,
तत्रापि	६८-	,,
अत्यंतनाशे ...	६९-	,,
पदार्थभेदः ...	७०-	,,
तंकापिलः ...	७१-	४०३
सा विश्वयो ...	७२-	,,
ततो नदन्तो ...	७३-	,,
बाह्यार्थवादो ...	७४-	,,
सौत्रान्तिको ...	७५-	,,

	श्लोकांक.	पृष्ठांक.
विज्ञानवादी ...	७६-	४०३
अथाब्रवी... ...	७७-	४०४
तत्राऽऽह ...	७८-	,,
दत्तोत्तरे	७९-	,,
नित्यावर्णाः ...	८०-	,,
शास्त्रेषु	८१-	,,
पाणौ सनन्दन ...	८२-	,,
सर्वज्ञता	८३-	४०५
सर्वज्ञतैकैव ...	८४-	,,
त्वं चाङ्गनाः ...	८५-	,,
नास्मिन्शरीरे ...	८६-	,,
इत्थं निरुत्तरपदां	८७-	,,
वादप्रादुर्विनोद ...	८८-	,,
कुत्राप्यासी ...	८९-	४०६
काणादः क ...	९०-	,,
ततो दिविषद ...	९१-	,,
कचभरवहन	९२-	,,
इति मुनिरति ...	९३-	४०७
दिवसान्विनिनाय	९४-	,,
नितरां	९५-	,,
एवं प्रकारैः ...	९६-	,,
भाष्यं भूष्यं ...	९७-	,,
इन्ताऽशोभि ...	९८-	४०८
आक्रान्तानि ...	९९-	,,
पारिकांक्षीश्वरो ...	१००-	,,
तत्रातिशीतार्दित...	१०१-	,,
कर्मन्दि	१०२-	,,
इति कृतसुर ...	१०३-	,,
विद्युद्वल्लि	१०४-	४१२
भवानाद्यो ...	१०५-	,,
उन्मीलद्विनय ...	१०६-	,,
इन्द्रोपेन्द्रप्रधानै ...	१०७-	,,

श्रीमन्महाकविमाधवाचार्यविरचितः

संक्षेपशंकरजयः ।

अथ प्रथमः सर्गः ।

સમસ્ત અનર્થની નિવૃત્તિ અને પરમ આનંદની પ્રાપ્તિરૂપ પરમ પુરુષાર્થ—મોક્ષ—ના એક જ સાધન અદ્વૈત જ્ઞાનનો સિદ્ધાંત પ્રકટ કરનાર **શ્રી**શંકરાચાર્યે સર્વ દિશાઓમાં કરેલા વિજયને પ્રકટ કરવાને **સંક્ષેપશંકરજય** નામે ગ્રંથનો આરંભ કરતાં **શ્રી**માધવાચાર્ય આરંભેલો ગ્રંથ નિર્વિઘ્ને સમાપ્ત થાય, માટે ગ્રંથનો વિષય અને પ્રયોજન બતાવનારૂં તથા પ્રશસ્ત શિષ્ટાચારથી અને વેદનાં પ્રમાણથી જે કરવું જોઇએ એમ સિદ્ધ થયેલું મંગલાચરણ કરીને પોતાના કર્તવ્યની પ્રતિજ્ઞા કરે છે કે,

प्रणम्य परमात्मानं श्रीविद्यातीर्थरूपिणम् ।
प्राचीनशंकरजये सारः संगृह्यते स्फुटम् ॥ १ ॥

[1]મારા ગુરુ **શ્રી**વિદ્યાતીર્થરૂપી પરમાત્માને પ્રણામ કરીને પ્રાચીન **શંકરજય**માંનો સાર સ્પષ્ટપણે ગ્રહણ કરીને તે હું આ ગ્રંથદ્વારા પ્રકટ કરૂંછું. ૧.

બીજો અર્થ.

પરમેશ્વર[2] અને સર્વના આત્મારૂપ શિવને પ્રણામ કરીને તથા તાર્કિક આદિ વિદ્વાનોએ

---

૧ આ શ્લોકમાં **માધવે** પોતાના ગુરુ **શ્રી**વિદ્યાતીર્થને પરમાત્મારૂપ કહ્યા છે, તેથી તે ઈશ્વરનો અવતાર છે તથા તેથી સર્વજ્ઞ છે, એમ સૂચવ્યું છે. વળી બીજી પણ એવી વ્યંજના થાય છે કે બીજાઓએ પણ પરમાત્મા અને પોતાના ગુરુ એ બંનેમાં સમાન ભક્તિ રાખવી. તેથીજ તેમને કલ્યાણની પ્રાપ્તિ થાય છે. કેમકે **શ્રુતિ**માં કહ્યું છે કે,

"यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥"

જે પુરુષની દેવને વિષે ઉત્તમ ભક્તિ હોય, અને જેવી દેવમાં ભક્તિ, તેવી જ ગુરુને વિષે પણ હોય, તે મહાત્મા પુરુષને આ કહેલા અર્થ પ્રકાશ થાય છે—સ્પષ્ટ સમજાય છે.

૨ **સંક્ષેપશારીરક** આચાર્યે કહે છે કે,

"वक्तारमासाद्य यमेव नित्या सरस्वती स्वार्थसमन्विताऽऽसीत् ।
निरस्तदुस्तर्ककलङ्कपङ्का नमामि तं शंकरमर्चिताङ्घ्रिम् ॥"

જે વક્તાને પામીને નિત્ય એવી **સરસ્વતી** પોતાના અર્થથી યુક્ત થઈ; અને કુતર્કરૂપી કલંકનો કાદવ તેનો ધોવાઈ ગયો; તે, પૂજેલા છે ચરણ જેના, એવા **શંકર**ને હું નમું છું. એ રીતે **શ્રી**શંકરાચાર્યે **સરસ્વતી**નો મલ ધોઈ નાખનાર તીર્થ (જલાશય) જેવા છે એમ સિદ્ધ થાય છે, તથા એ **શ્રી**શંકરરૂપી તીર્થમાં-સરોવરમાં રહેલી વાણી તે સરસ્વતી કહેવાય, માટે '**સરસ્વતી**' નામ **શંકર**ને જ પામીને સાર્થ થાય છે એ કહેવું પણ યોગ્ય છે. એ પ્રમાણે **શ્રી**શંકરાચાર્ય **શ્રી**વિદ્યાતીર્થ છે એમ સિદ્ધ

કલ્પેલા કુતર્કોવડે મલિન થયેલી વિદ્યા—સરસ્વતી—નો મલ દૂર કરવાને તીર્થ જેવા, અને શ્રીબ્રહ્મવિદ્યાથી યુક્ત ભગવાન્ ભાષ્યકાર શંકરાચાર્યને પ્રણામ કરીને, અથવા વિદ્યાના તીર્થજેવા શ્રીશંકરાચાર્યરૂપ પરમાત્માને પ્રણામ કરીને પ્રાચીન શંકરજયના સારનો સ્પષ્ટપણે હું સંગ્રહ કરૂંછું.

ત્રીજો અર્થ.

શ્રીમાયા[1] તથા વિદ્યા એ બે શબ્દથી પરા વિદ્યા અને અપરા વિદ્યા તથા તેથી પ્રાપ્ત થાય એવા મોક્ષ અને દેવલોક સમજવા. 'તીર્થ' શબ્દવડે શાસ્ત્ર સમજવું. કેમકે

"तीर्थं शास्त्राध्वरक्षेत्रपात्रोपाध्यायमंत्रिषु ।
अवतारर्षिजुष्टाम्भःस्त्रीरजःसु च विश्रुतम् ॥"

વિશ્વકોશમાં શાસ્ત્ર, યજ્ઞ, ક્ષેત્ર, પાત્ર, ઉપાધ્યાય, મંત્રી, આદિક અર્થ 'તીર્થ' શબ્દના કહેલા છે. ત્યારે એ ઉપરથી એમ અર્થ નીકળે કે, પરા અને અપરા વિદ્યારૂપ તથા તેવડે પ્રાપ્ય લોકરૂપ તથા શાસ્ત્રાદિ સર્વરૂપ પરમાત્માને પ્રણામ કરીને પ્રાચીન શંકરજયના સ્પષ્ટ તાત્પર્યનો હું સંગ્રહ કરૂંછું.

વારૂ, પ્રાચીન શંકરજય તો મોટો છે, માટે તેમાં કહેલાં વાક્યોનો સાર તમારા આ નાના સંગ્રહમાં શી રીતે આવી શકશે? એમ કહેતા હો તો,

**यद्वद्घटानां पटलो विशालो विलोक्यतेऽल्पे किल दर्पणेऽपि ।
तद्वन्मदीये लघुसंग्रहेस्मिन्नुद्वीक्ष्यतां शांकरवाक्यसारः ॥ २ ॥**

થયા પછી તે ઈશ્વરાવતાર છે એ શિવપુરાણ વગેરે ગ્રંથોમાંથી જાણી લેવું; મતલબ કે તેમાં તેનાં પ્રમાણ છે. જેમકે શિવપુરાણમાં કહ્યું છે કે,

"व्याकुर्वन्व्याससूत्रार्थं श्रुतेरर्थं यथोचिवान् ।
श्रुतेर्न्याय्यः स एवार्थः शंकरः सविताननः ॥"

સવિતાનન શંકરે વ્યાસસૂત્રના અર્થનું વ્યાખ્યાન કરતાં વેદનો જેવો અર્થ કહ્યો છે તે જ વેદનો યથાર્થ અર્થ છે.

૧ શ્રીવિદ્યા આદિક સર્વરૂપ પરમાત્મા છે એમ અહિં અર્થ કર્યો છે, તે યથાર્થ છે. કેમકે "सर्वं खल्विदं ब्रह्म । एकमेवाद्वितीयम्" ઇત્યાદિ શ્રુતિમાં કહેલું છે. એનો અર્થ આ સઘળું, (વિશ્વ) બ્રહ્મ છે અને તે એક તથા અદ્વિતીય છે. તેમ જ શ્રીશંકરના જયનું નિરૂપણ કરવામાં, તેમાં કહેલા બ્રહ્માત્મભાવના જ જયનું નિરૂપણ થાય છે. એ જ બ્રહ્માત્મભાવનો—શંકરનો જય એ આ ગ્રંથનો વિષય છે; અને તે નથી જાણેલો તે જણાવવો, એ આ ગ્રંથનું પ્રયોજન છે. શ્રીશંકરાચાર્યના વિજયનું જ્ઞાન એ તો અવાંતર પ્રયોજન છે, એમ શ્લોકમાંના 'परम' ઇત્યાદિ શબ્દોવડે સમજાય છે. કેમકે સદ્ગુરુરૂપ પરમાત્માને પ્રણામ કર્યો છે માટે સદ્ગુરુ અને પરમાત્માની એકતા બતાવવી એ આ ગ્રંથનો મુખ્ય વિષય છે અને તે પરમાત્માનો જય છે; તથા સદ્ગુરુનો જય બતાવવો એ ગૌણ વિષય છે; અને તે શ્રીશંકરાચાર્યનો જય છે.

આ શ્લોકમાં અનેક અર્થ થાય એવા શબ્દો મુકયા છે તેથી શ્લેષાલંકાર છે. 'नानार्थसंश्रयः श्लेषः' અનેક અર્થવાળા શબ્દો જ્યાં યોજ્યા હોય ત્યાં શ્લેષાલંકાર સમજવો.—કુવલયાનંદ, કા. ૬૩. મંગલાચરણના શ્લોકમાં પ્રથમ જ ગણ મુકેલો છે તે ગણદોષ છે, પરન્તુ

"देवतावाचकाः शब्दा ये च भद्रादिवाचकाः ।
ते सर्वे च न निंद्याः स्युर्लिपितो गणतोऽपि च ॥"

જે શબ્દો દેવતાવાચક કે કલ્યાણાદિ વાચક હોય તે સર્વ શબ્દો લિપિમાં અને ગણમાં નિંદા કરવા જેવા નથી. અર્થાત્ તે શબ્દો શુભ ગણાય છે. માટે ગણદોષ ઉપજતો નથી. આ જગોએ "प्रणम्य" શબ્દ કલ્યાણવાચક છે માટે જ ગણ છતાં ગણદોષ ગણાતો નથી.

[1]જે રીતે ઘડાઓ(અથવા હાથીના ગંડસ્થલ અથવા પર્વતના શિખર)નો વિશાલ સમુદાય નાનાસરખા દર્પણમાં જોવામાં આવે છે-જોવાઈ શકાય છે, તેવી જ રીતે આ મારા નાના સંગ્રહમાં શંકરાચાર્યનાં વચનોનો સાર પણ જોવો. ૨.

यथातिऽरुच्ये मधुरेऽपि रुच्युत्पादाय रुच्यांतरयोजनाऽर्हा ।
तथेष्यतां प्राक्कविहृद्यपद्येष्वेषाऽपि मत्पद्यनिवेशभङ्गी ॥ ३ ॥

[2]જેમ કોઈ અત્યંત અભિલાષા ઉત્પન્ન કરનારા, મધુર પદાર્થમાં રુચિ ઉત્પન્ન કરનારા ખારા ખાટા પદાર્થની યોજના કરવી એ યોગ્ય ગણાય છે, તેમ પ્રાચીન શંકરજયની રચના કરનાર કવિના, મનને આનંદ આપનાર પદ્યોમાં રુચિ ઉત્પન્ન કરવાને આ મારાં પદ્યોની રચનાની રીતિની પણ ઇચ્છા કરવી ઘટારત છે. ૩.

स्तुतोऽपि सम्यक्कविभिः पुराणैः कृत्याऽपि नस्तुष्यतु भाष्यकारः ।
क्षीराब्धिवासी सरसीरुहाक्षः क्षीरं पुनः किं चकमे न गोष्ठे ॥ ४ ॥

[3]પ્રાચીન કવિયોએ ભાષ્યકાર ભગવાન્ શ્રીશંકરાચાર્યની સ્તુતિ ગ્રંથાદિક રચીને સારી રીતે કરેલી છે તથાપિ આ અમારી કૃતિવડે પણ તે પ્રસન્ન થાઓ. કમલના સમાન નેત્રવાળા ભગવાન્ વિષ્ણુ ક્ષીરસાગર(દૂધના સમુદ્ર)માં રહે છે તો પણ તેમણે વ્રજમાં ગોપીઓએ અત્યંત પ્રેમથી આપેલા થોડા દૂધની ઇચ્છા શું નથી કરી ? ના, ના; કરી જ છે. ૪.

पयोब्धिविवरीसुनिःसृतसुधाझरीमाधुरी-
धुरीणभणिताधरीकृतफणाधराधीशितुः ।
शिवंकरसुशंकराभिधजगद्गुरोः प्रायशो
यशो हृदयशोधकं कलयितुं समीहामहे ॥ ५ ॥

[4]ક્ષીરસમુદ્રના સૂક્ષ્મ છિદ્રોમાંથી નીકળેલાં અત્યંત અમૃતનાં ઝરણાંની મધુરતા કરતાં પણ અતિશય શ્રેષ્ઠ એવા ભાષણવડે ફણાધર–નાગ–ના રાજા શેષનાગને પણ જેણે નીચો પાડેલો છે, મતલબ કે જેની વાણીરૂપી અમૃતની મિઠાશ આગળ હજાર મુખવાળા શેષની વાણી પણ કાંઈ વિશાતમાં નથી, અથવા–(પતંજલિ શેષનો અવતાર છે, માટે) જેણે પોતાની વાણીવડે પતંજલિની વાણીનો પણ પરાજય કર્યો છે, એવા કલ્યાણકારી અને રૂડા શંકર નામે જગતના ગુરુના, હૃદયને શુદ્ધ કરનાર, યશને બહુધા કહેવાને અમે ઇચ્છા કરીએ છીએ.

---

૧ ઉપમાલંકાર. "उपमा यत्र सादृश्यलक्ष्मीरुल्लसति द्वयोः" જ્યાં ઉપમાન અને ઉપમેય બંનેના સમાનપણાની શોભા વર્ણવી હોય ત્યાં ઉપમાલંકાર જાણવો.—કુવલયાનંદ, કા. ૬. ઉપજાતિ વૃત્ત. તેનું લક્ષણ વૃત્તરત્નાકરમાં કહેલું છે કે "अनंतरोदीरितलक्ष्मभाजौ पादौ यदीयावुपजातयस्ताः" ઇંદ્રવજ્રાના અને ઉપેન્દ્રવજ્રાનાં ચરણથી જે બનેલ હોય તે ઉપજાતિ વૃત્ત કહેવાય છે.

૨ આ શ્લોકથી એમ જણાવ્યું છે કે આ ગ્રંથને લીધે પ્રાચીન શંકરજય નકામો થવાનો નથી, પણ ઉલટું, તે ગ્રંથ વાંચવાની અભિલાષા આ ગ્રંથને લીધે વિશેષ વધશે. ઉપમાલંકાર. ઉપજાતિ વૃત્ત–જુઓ શ્લોક બીજાની ટીકા.

૩ આ શ્લોકમાં સ્તુતિ અને દૂધનો અનુક્રમે બિંબ–પ્રતિબિંબ ભાવ છે, માટે દૃષ્ટાંતાલંકાર સમજવો. "दृष्टान्तस्तु सधर्मस्य वस्तुनः प्रतिबिम्बनम्" સમાન ધર્મવાળી વસ્તુનું પ્રતિબિંબ વર્ણવવું તે દૃષ્ટાંતાલંકાર કહેવાય—સાહિત્યદર્પણ, કા. ૬૯૮.

૪ શ્લોકમાં प्रायशः (બહુધા) શબ્દ મુકવાનું એ કારણ છે કે કેવલ શંકરની જ કથા અમે કહીશું એમ નથી, બીજી પણ કથાઓ કહીશું; પણ મુખ્યત્વે શ્રીશંકરાચાર્યની જ કહીશું. આ શ્લોકમાં

તાત્પર્ય એ છે કે શંકરાચાર્યના યશ હૃદયના મલને શુદ્ધ કરનાર છે, તે પોતે જગત્‌ના ગુરુ અને કલ્યાણકર્તા છે તથા તેમની વાણી અમૃત સમાન મીઠી તથા શેષ સરખાની વાણી કરતાં અતિશય ચઢિયાતી છે. ૫.

क्वेमे शंकरसद्गुरोर्गुणगणादिग्जालकूलंकषाः
कालोन्मीलितमालतीपरिमलावष्टंभमुष्टिंधयाः।
क्वाहं हंत तथाऽपि सद्गुरुकृपापीयूषपारंपरी-
मग्नोन्मग्नकटाक्षवीक्षणबलादस्ति प्रशस्ताऽर्हता ॥ ६ ॥

સઘળી દિશાઓના કિનારા તોડીને પેલીપાર જનારા તથા વસંતઋતુમાં ખીલેલા મોગરાના [1]સુગંધના સમુદાયને મૂઠીમાં લેઈને ચૂશી લેનાર સદ્‌ગુરુ શંકરાચાર્યના ગુણના સમૂહ ક્યાં? અને હું (એક મનુષ્ય) ક્યાં? પરંતુ સદ્‌ગુરુ પોતાની કૃપારૂપી અમૃતની લહેરોમાં [2]ડૂબતા અને પાછા નીકળતા કટાક્ષવડે મારાભણી દૃષ્ટિ કરે છે તેના બલથી મારામાં શંકરાચાર્યના ગુણનું કથન કરવાની પ્રસંશા કરવા જેવી યોગ્યતા આવે છે. ૬.

धन्यंमन्यविवेकशून्यसुजनंमन्याङ्घ्रिकन्यानटी-
नृत्योन्मत्तनराधमाधमकथासंमर्दुदुष्कर्दमैः।
दिग्धांगे गिरमद्य शंकरगुरुक्रीडासमुद्यद्यशः-
पारावारसमुच्चरज्जलझरैः संक्षालयामि स्फुटम् ॥ ७ ॥

રકાર અક્ષરની વારંવાર આવૃત્તિ કરેલી છે માટે તે વૃત્ત્યનુપ્રાસ શબ્દાલંકાર છે. તેનું લક્ષણ સાહિત્યદર્પણમાં કહેલું છે કે,

"अनेकस्यैकधा साम्यमसकृद्वाप्यनेकधा।
एकस्य सकृदप्येष वृत्त्यनुप्रास उच्यते"

જેમાં અનેક વર્ણની એક જ પ્રકારે સમાનતા હોય અથવા જેમાં વર્ણાની અનેક પ્રકારે વારંવાર સમાનતા આણી હોય, અથવા એક જ વર્ણની એક જ વાર સમાનતા આણી હોય તે વૃત્ત્યનુપ્રાસ કહેવાય.—સાહિત્યદર્પણ, કા. ૬૩૫. પૃથ્વીવૃત્ત લક્ષણ—"जसौ जसयला वसुग्रहयतिश्च पृथ्वी गुरुः" પૃથ્વી છંદમાં જ સ જ સ ય લ ગ આવે અને આઠ તથા નવે વિરામ આવે.

૧ મતલબ કે મોગરાના સુગંધ કરતાં પણ અધિક સુખ કરનારા.

૨ નેત્ર મીંચાય ત્યારે ડૂબતા અને ઉઘડે ત્યારે ઉપર આવતા, એમ કલ્પના કરવી. રૂપકાલંકાર. "रूपकं रूपितारोपाद्विषये निरपह्नवे" નિષેધ કર્યા વિનાના વિષયમાં રૂપિત વિષયનો આરોપ કરવો તે રૂપકાલંકાર—સા. દ., કા. ૬૬૯. "सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीयं ब्रह्म" એ શ્રુતિમાં કહેલા અદ્વિતીય 'સત્' રૂપનો બોધ કરનાર માટે સદ્‌ગુરુ. શ્રુતિનો અર્થ એવો છે કે સત્, અદ્વિતીય અને એક જ બ્રહ્મ પૂર્વે હતું. અહિં શંકરના ગુણો મહાન છે તેનું ક્ષુદ્ર માધવ વર્ણન કરવાનું કરે છે એ અનનુરૂપ ઘટનાને લીધે વિષમાલંકાર નીપજે છે. શંકરના ગુણનું વર્ણન કરવાને માટે પોતાની અયોગ્યતા એ રીતે દર્શાવી ગુરુકૃપાથી મારામાં શક્તિ આવી છે, એમ કહિ માધવ પાછો પૂર્વોક્ત અયોગ્યતાનો પ્રતિષેધ કરે છે માટે આક્ષેપાલંકાર. "आक्षेपः स्वयमुक्तस्य प्रतिषेधो विचारणात्" પોતાના કહેલા વચનનો વિચાર કરીને પાછો પ્રતિષેધ કરવો તેને આક્ષેપાલંકાર કહે છે.—જુઓ કુવલયાનંદ, કા. ૭૨. એ રીતે આ શ્લોકમાં વિષમ અને આક્ષેપનો સંકર છે. अविश्रांतिजुषामात्मन्यङ्गाङ्गित्वं तु सङ्करः' અલંકારોનો સંતત અંગાંગી ભાવ તે સંકર-કાવ્યપ્રકાશ, ૧૦૫૪. શાર્દૂલવિક્રીડિત છંદ. "सूर्याश्वैर्मसजस्तताः सगुरवः शार्दूलविक्रीडितम्" બાર અને સાતે વિરામ; મ સ જ સ ત ત ગ, એ ગણથી શાર્દૂલવિ. વૃત્ત.—વૃત્તરત્નાકર.

પોતે અકૃતાર્થ છતાં પોતાને કૃતાર્થ માનનારા વિવેક વિનાના દુર્જનો, જેઓ પોતાને પોતાની મેળે સજ્જન માને છે, તથા સમુદ્રની પુત્રી(લક્ષ્મી)રૂપ નટીના નાચથી જેઓ ઉન્મત્ત બની ગયેલા અધમ પુરુષો છે, તેમની અધમ કથાઓના સમુદાયરૂપ નઠારા કાદવવડે ખરડાયલી મારી વાણીને હું આજ શંકરાચાર્ય ગુરુની લીલાવડે ઉભરાતા તેમના યશરૂપી સમુદ્રમાંથી નીકળતાં જળના ઝરણાંવડે સારી રીતે ધોઇ નાખુંછું. [1]મતલબ કે શંકરાચાર્યના યશનું કથન કરીને મારી વાણીને પવિત્ર કરૂંછું. ૭.

वंध्यासूनुखरीविषाणसदृशाक्षुद्रक्षितींद्रक्षमा-
शौर्यौदार्यदयादिवर्णनकलादुर्वासनावासिताम् ।
मद्वाणीमधिवासयामि यमिनस्त्रैलोक्यरङ्गस्थली-
नृत्यत्कीर्तिनटीपटीरपटलीचूर्णैर्विकीर्णैः क्षितौ ॥ ८ ॥

[2]અધમ પૃથ્વીપતિઓના, વાંઝણીના પુત્ર જેવા અને ગધેડીના શીંગડા જેવા ક્ષમા, શૂરપણું, ઉદારતા, દયા, આદિક ગુણોનું વર્ણન કરવાની કલારૂપ દુર્ગંધવડે દુર્વાસિત થયેલી (દુર્ગંધયુક્ત થયેલી) મારી વાણીને, શંકરાચાર્ય યોગીની ત્રિલોકરૂપી રંગભૂમિ ઉપર નૃત્ય કરતી કીર્તિરૂપી નટીના અંગથી પૃથ્વી ઉપર વેરાયલા ચંદનના ચૂર્ણના સમુદાયવડે હું સુવાસિત કરૂંછું. મતલબ કે શંકરાચાર્યની કીર્તિનું કથન કરીને મારી વાણીને હું આનંદ ઉપજાવનારી કરૂંછું. ૮.

पीयूषद्युतिखण्डमण्डनकृपारूपान्तरश्रीगुरु-
प्रेमस्थेमसमर्हणार्हमधुरव्याहारसूनोत्करः ।
प्रौढोऽयं नवकालिदासकवितासंतानसंतानको
दद्यादद्य समुद्यतः सुमनसामामोदपारंपरीम् ॥ ९ ॥

[3]ચંદ્રનો કડકો જેનું ઘરેણું છે એવા શંકરની કૃપાનું જ બીજું રૂપ-શોભાયમાન શંકરા-

---

૧ એવી જ રીતે વેદવ્યાસે પણ કહેલું છે કે,

"असत्कीर्तनकांतारपरिवर्तनपांसुलाम् ।
वाचं शौरिकथालापैर्गङ्गयेव पुनीमहे ॥"

અસત કથાઓનું કથન કરવારૂપ વનમાં ભમવાવડે ધૂળવાળી થયેલી વાણીને શ્રીકૃષ્ણની કથાના આલાપે કરીને અમે જેમ ગંગાજલથી તેને ધોતા હોઈએ તેમ પવિત્ર કરીએ છીએ. આ શ્લોકમાં રૂપક અને વૃત્ત્યનુપ્રાસ બંને અરસપરસ નિરપેક્ષ છતાં એકત્ર મુકયા છે માટે સંસૃષ્ટિ અલંકાર થાય છે. કહ્યું છે કે "सैषा संसृष्टिरेतेषां भेदेन यदिह स्थितिः" જુદા જુદા અલંકારો જ્યાં એક બીજાની સાથે નિરપેક્ષ છતાં તેમનો એકત્ર સમાવેશ કર્યો હોય ત્યાં સંસૃષ્ટિ અલંકાર જાણવો—કાવ્યપ્રકાશ, ૧૦૫૩. શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

૨ વાંઝણીના પુત્ર અને ગધેડીનાં શીંગડાં જેમ મિથ્યા છે તેમ અધમ રાજાઓના ક્ષમા આદિક ગુણ પણ મિથ્યા છે. તેમના યશ ગાવા એ વાણીને દૂષણ આપનારૂં છે એમ કહેવાથી 'મિથ્યા પ્રસંશા ન કરવી' એવો ઉપદેશ કર્યો છે. રૂપકાલંકાર.—જુઓ શ્લોક ૬ ની ટીકા.

૩ માધવાચાર્યની કવિતા કાલિદાસ જેવી જ છે એ સૂચવવાને માધવાચાર્યને આ શ્લોકમાં નવા કાલિદાસ કહેલા છે. તૃતીય પાદમાં 'संतानसंतानकः' એમ શબ્દની પુનરાવૃત્તિ કરીને યમક મુકેલો છે. વળી કવિતા, સંતાન (વિસ્તાર) અને સંતાનવૃક્ષ(કલ્પવૃક્ષ)ના અભેદરૂપે વર્ણન કર્યું છે માટે અભેદ રૂપક વર્ણવ્યું છે. "विषय्यभेदताद्रूप्यरञ्जनं विषयस्य यत् । रूपकं तत्" વિષય અને વિષયીનું અભેદપણે વર્ણન કરવું તે રૂપક.—કુવલયાનંદ, કારિકા ૧૭.

ચાર્ય ગુરુનું સ્થિર પ્રેમવડે પૂજન કરવાને યોગ્ય એવી મધુર વાણીરૂપ પુષ્પના સમુદાયવાળો આ નવા કાલિદાસ(માધવાચાર્ય)ની કવિતાના વિસ્તારરૂપ પ્રૌઢ સંતાન (કલ્પવૃક્ષ) આજ ઉત્પન્ન થયો છે તે સુમનસ (વિદ્વાન્-દેવ)ને આમોદની (આનંદ-સુગંધ) લહેરો આપો અર્થાત્ સંતાન નામે કલ્પવૃક્ષ જેમ સુમનસ-દેવને આમોદ-સુગંધ આપે છે તેમ આ માધવાચાર્યની કવિતાનો વિસ્તાર સુમનસ-પંડિતોને આમોદ-આનંદ આપો. ૯.

सामोदैरनुमोदिता मृगमदैरानन्दिता चन्दनै-
र्मंदारैरभिनन्दिता प्रियगिरा काश्मीरजैः स्मेरिता ।
वागेषा नवकालिदासविदुषो दोषोज्झिता दुष्कवि-
व्रातैर्निष्करुणैः क्रियेत विकृता धेनुस्तुरुष्कैरिव ॥ १० ॥

પંડિતોને સુખકર વસ્તુ છતાં પણ દુષ્ટ મનુષ્યો તેમાં ફેરફાર કરી તેને વિકારયુક્ત કરી નાખે છે; તે ઉપર ધ્યાન રાખીને ગ્રંથકર્તા કહે છે કે,-જેમ કોઇ ગાયને [1]આમોદયુક્ત (હર્ષ સહિત-સુગંધયુક્ત) કસ્તૂરીવડે અનુમોદિત કરી હોય, આમોદયુક્ત ચંદનવડે આનંદ પમાડ્યો હોય, આમોદયુક્ત મંદારનાં પુષ્પ(ની માલા)વડે તથા મધુર વચનવડે અભિનંદન આપ્યું હોય, તથા મધુર વચનવડે અને કાશ્મીર દેશમાં ઉત્પન્ન થયેલા કેસરવડે તેને હાસ્યયુક્ત-પ્રફુલ્લ કરી હોય, અર્થાત્ સુગંધિ પદાર્થોવડે હર્ષથી તેનું પૂજન કરીને તેને આનંદ આપ્યો હોય, અને દોષરહિત કરી હોય, તથાપિ રાત્રે તેને છોડી મૂકી હોય, અને તે કરુણાવિનાના મ્લેચ્છના હાથમાં આવી હોય, તો તેઓ જેમ તેની દુર્દશા કરે છે તેમ એવી જ દોષરહિત નૂતન કાલિદાસ-માધવાચાર્ય વિદ્વાનની આ વાણિની પણ કરુણારહિત દુષ્કવિઓનો સમુદાય દુર્દશા કરશે. ૧૦.

यद्वा दीनदयालवः सहृदयाः सौजन्यकल्लोलिनी-
दोलांदोलनखेलनैकरसिकस्वांताः समंतादमी ।
सन्तः सन्ति परोक्तिमौक्तिकजुषः किं चिंतयाऽनंतया
यद्वा तुष्यति शंकरः परगुरुः कारुण्यरत्नाकरः ॥ ११ ॥

[2]પાછલા શ્લોકમાં કહ્યું છે કે "દુષ્કવિયો આ વાણીની દુર્દશા કરશે," એવી ઉપજેલી ચિંતાનો નાશ કરતાં કહે છે કે,-અથવા તો એવા દુર્જન કવિયો છે તેમની શી ચિંતા છે, કેમકે દીન મનુષ્યો ઉપર દયા કરનારા, બીજાના શ્રમાદિકને જાણનારા, અને સુજનતારૂપ નદીમાં હેરીઆં ખાવાના ખેલમાં જ એક રસિક જેમનું મન છે એવા (કેવલ સુજનતારૂપી સદ્‌ગુણમાં જ આનંદ માનનારા-અત્યંત સુજન) તથા બીજાની વાણીરૂપી મોતીના અલંકાર ધારણ કરનારા અથવા બીજાની વાણીને મોતીના દાણાની પેઠે મૂલ્યવાળી માની તેનું ગ્રહણ કરનારા (અર્થાત્ બીજાની વાણીમાં પ્રીતિવાળા) સત્પુરુષો અહિંતહિં સર્વત્ર ઘણાય છે, તો (દુષ્કવિયો મારી વાણીનો અનાદર કરી તેની નિંદા કરશે) એવી અતિઘણી ચિંતા શા માટે કરવી? અથવા તેવા સત્પુરુષો

૧ આમોદ—સુગંધ અથવા હર્ષ. આ શ્લોકમાં માધવાચાર્યની વાણી તથા ગાયનું અભેદપણે વર્ણન કર્યું છે માટે ઉપમાલંકાર.—શ્લોક ૨ ની ટીકા જુઓ.

૨ આ શ્લોકમાં 'અથવા તો' ઇત્યાદિ વાક્યવડે પાછલા શ્લોકમાં કહેલી દુર્જન નિંદારૂપ ચિંતાનો પ્રતિષેધ કર્યો છે માટે આક્ષેપાલંકાર. "आक्षेपः स्वयमुक्तस्य प्रतिषेधो विचारणात्" પોતાના કહેલા વચનને ફરીને વિચાર કરી બતાવીને પ્રતિષેધ કરી બતાવ્યો હોય ત્યાં આક્ષેપાલંકાર જાણવો.—કુવલયાનંદ, કારિકા ૭૨.

પણ મળવા દુર્લભ છે એમ કહેશો તો? તો પણ શી ચિંતા છે? કરુણારૂપી રત્ન જેમાંથી ઉપજે છે એવા સમુદ્રરૂપ અથવા કરુણારૂપી જલથી પરિપૂર્ણ સમુદ્રરૂપ સર્વોત્તમ ગુરુ શંકરાચાર્ય જ મારી વાણીથી પ્રસન્ન થશે તો એવી અપાર ચિંતા કરવાનું શું કારણ છે? સારાંશ કે મારી વાણીથી સત્પુષો આનંદ પામશે, અથવા તેવા સત્પુરુષો નહિ મળે તો શંકરાચાર્ય પ્રસન્ન થશે એ જ બહુ છે. તેમની જ પ્રસન્નતા માટે અવશ્ય યત્ન કરવાનો છે એ ભાવાર્થ. ૧૧.

उपक्रम्य स्तोतुं कतिचन गुणाञ्शंकरगुरोः
प्रभग्नाः श्लोकार्धे कतिचन तदर्धार्धरचने ।
अहं तुष्टूषुस्तानहह कलये शीतकिरणं
कराभ्यामाहर्तुं व्यवसितमतेः साहसिकताम् ॥ १२ ॥

વારૂ, કોઈ કહેશે કે 'શંકરાચાર્યના ગુણનું વર્ણન કરતાં ઘણાક હારી ગયા છે, તે કામમાં તમે પ્રવૃત્ત થયાછો એ તમારૂં સાહસ છે.' તો તે વાત હું માન્ય કરૂંછું. કેમકે, શંકરાચાર્ય ગુરુના ગુણોનું સ્તવન કરવાનો આરંભ માત્ર કરીને કેટલાક પુરુષો અરધો શ્લોક રચીને થાક્યા છે અને કેટલાક તો શ્લોકનું એક ચરણ રચતાં જ થાકી ગયા છે. અર્થાત્ સર્વ કોઈ હારી ગયા છે, તેમ છતાં પણ હું તે ગુણોની સ્તુતિ કરવાની ઇચ્છા કરીને, એ હાથવતી જેમ કોઈ બાલક ચંદ્રમા ઝાલવાનો નિશ્ચય પોતાની બુદ્ધિમાં કરે, તેના જેવું સાહસ [1]કરૂંછું. ૧૨.

तथाऽप्युज्जृम्भन्ते मयि विपुलदुग्धाब्धिलहरी-
लसत्कल्लोलालीलसितपरिहासैकरसिकाः ।
अमी मूकान्वाचालयितुमपि शक्ता यतिपतेः
कटाक्षाः किं चित्रं भृशमघटिताभीष्टघटने ॥ १३ ॥

ત્યારે જાણી જોઇને એવું સાહસ શા માટે કરોછો? એમ કહેશો તો, એ સાહસ છે એ વાત ખરી; તથાપિ સુધાસમુદ્રના વિશાલ પ્રવાહના પ્રકાશિત તરંગની પંક્તિઓના વિલાસના પરિહાસમાં જ જે મુખ્ય રસિક છે, અર્થાત્ દૂધના સમુદ્રની લહેરોના મોટા મોટા તરંગ કરતાં અત્યંત સ્વચ્છ એવા યતિયોના સ્વામી શ્રીશંકરાચાર્ય(અથવા વિદ્યાતીર્થ)ના કટાક્ષ, જે મૂંગા પુરુષોને પણ બોલાવવાને સમર્થ છે, તે મારા ઉપર પડીને શોભે છે તો પછી અત્યંત અઘટિત, ન બની શકે એવું મારૂં ઇચ્છિત કાર્ય બની શકે તેવું થાય તેમાં શું આશ્ચર્ય છે? તાત્પર્ય કે શંકરાચાર્યની કૃપાથી હાથવડે ચંદ્રને પકડવા જેવું, અશક્ય કાર્ય પણ હું કરી શકીશ. ૧૩.

[2]अस्मज्जिह्वाग्रसिंहासनमुपनयतु स्वोक्तिधारामुदारा-
मद्वैताचार्यपादस्तुतिकृतसुकृतोदारता शारदांबा ।
नृत्यन्मृत्युंजयोच्चैर्मुकुटतटकुटीनिःस्रवत्स्वःस्रवंती-
कल्लोलोद्वेलकोलाहलमदलहरीखण्डिपाण्डित्यहृद्याम् ॥ १४ ॥

---

૧ આ જગોએ બાલકસાહસિકતાનો કવિએ પોતાનામાં આરોપ કરી બતાવવાથી નિદર્શનાલંકાર વર્ણવાયો છે. "वाक्यार्थयोः सदृशयोरैक्यारोपो निदर्शना" સમાન વાક્યાર્થના ઐક્યારોપને નિદર્શના અલંકાર કહે છે—કુ., કા. ૫૨. શિખરિણી વૃત્ત. "रसै रुद्रैश्छिन्ना यमनसभलागः शिखरिणी" છ અને અગિયારે વિરામ તથા ય મ ન સ ભ લ ગ એ ગણથી શિખરિણી જાણવો.—વૃત્તરત્નાકર.

૨ સ્રગ્ધરા વૃત્ત. "म्रभ्नैर्यानां त्रयेण त्रिमुनियतियुता स्रग्धरा कीर्तितेयम्" મ ર ભ ન અને ત્રણ ય, એ ગણોથી સ્રગ્ધરા છંદ થાય છે; તથા સાત સાત અક્ષરે ત્રણ વિરામ આવે છે.—વૃત્તરત્નાકર.

એમ છતાં પણ ચિત્તની સ્થિરતા પ્રાપ્ત ન થવાથી જગત્‌ની માતા સરસ્વતી દેવીની પ્રાર્થના કરે છે કે, મેં કરેલી શ્રીશંકરાચાર્યના ચરણની અથવા શ્રીમચ્છંકરાચાર્યની સ્તુતિવડે જે કાંઈ પુણ્ય ઉત્પન્ન થયું છે, તેવડે જેની મારા ઉપર ઉદારતા, પ્રસન્નતા છે એવી સરસ્વતી માતા, નૃત્ય કરતા શિવજીના ઊંચા મુકુટની કોરરૂપી કુટીમાંથી નીકળતી ગંગાના તરંગનો અત્યંત ઘૂઘવાટાના મદની લેહેરોનું ખંડન કરનારા પાંડિત્યવડે શોભાયમાન તથા ઉદાર એવી પોતાની વાણીની ધારા(પ્રવાહ)-ને મારી જીભ્હાના અગ્રભાગરૂપ સિંહાસન ઉપર પધરાવો. તાત્પર્ય કે ગંગાના તરંગ શીતલ, સ્વચ્છ, હૃદયને પ્રીતિકર, મધુર ઇત્યાદિક ગુણવાળા છે, તેથી પણ અધિક ગુણવાળી શ્રીસરસ્વતી દેવીની વાણી મારી જીભ્હામાં વસો-અર્થાત્ મધુરતા આદિક ગુણવાળી વાણી મને પ્રાપ્ત થાઓ. ૧૪.

શંકરના અવર્ણ્ય ગુણ વર્ણવતાં વાણી જ હારી ગઈ છે એ આક્ષેપના નિરાસ અર્થે કવિ કહે છે કે,

[1]क्वेदं शंकरसद्गुरोः सुचरितं क्वाहं वराकी कथं
निर्बध्नासि चिरार्जितं मम यशः किं मज्जयस्यंबुधौ ।
इत्युक्त्वा चपलां पलायितवतीं वाचं नियुंक्ते बलात्
प्रत्याहृत्य गुणस्तुतौ कविगणश्चित्रं गुरोर्गौरवम् ॥ १५ ॥

'શંકર સદ્‌ગુરુનું રૂડુ ચરિત્ર ક્યાં? અને અલ્પ શક્તિવાળી હું ક્યાં? અરે કવિ! તું શામાટે મને આગ્રહ કરે છે? તારો ચિરકાળનો પ્રાપ્ત કરેલો યશ તું સમુદ્રમાં શામાટે બોળે છે?' એમ કહિ ભાગી ગયેલી ચપલ સરસ્વતીને બળાત્કારે પાછી લાવીને કવિલોક શંકરાચાર્યના ગુણની સ્તુતિમાં યોજે છે. અહો! ગુરુનું ગૌરવ અદ્‌ભુત છે! ૧૫.

[2]रूक्षैकाक्षरवाङ्निघंटुशरणैरौणादिकप्रत्यय-
प्रायैर्हंत यङन्तदन्तुरतरैर्दुर्बोधदूरान्वयैः ।
क्रूराणां कवितावतां कतिपयैः कष्टेन कष्टैः पदैः
हाहा स्याद्धरिणी किरातविततेरेणीव वाणी मम ॥ १६ ॥

---

૧ આ શ્લોકમાં કવિની વાણી અને શંકરના ગુણ એ બંને અનુરૂપ ન છતાં તેમની એક જગોએ ઘટના કરી છે, તેથી "विषमं वर्ण्यते यत्र घटनाननुरूपयोः" અનનુરૂપ પદાર્થની એકત્ર ઘટના વર્ણવવી તેનું નામ વિષમાલંકાર.-કુવલયાનંદ, કા. ૮૬.

૨ આ શ્લોકમાં કિરાત અને ક્રૂર કવિઓનો હરણિ અને વાણીની દુર્દશા કરવારૂપ સમાન ધર્મ વર્ણાયો છે માટે તુલ્યયોગિતાલંકાર. " वर्ण्यानामितरेषां वा धर्मैक्यं तुल्ययोगिता " વર્ણ્ય અને અવર્ણ્યનો એક ધર્મ વર્ણવ્યો હોય ત્યાં તુલ્યયોગિતાલંકાર—કુ., કા. ૪૩. વળી શ્લોકમાં क्ष रण य अन्त तर द क ઇત્યાદિ અક્ષરોની આવૃત્તિ છે, સમાસપર પદો છે, તથા વૈદર્ભી અને પાંચાલી રીતિની વચમાં છે માટે 'લાટી' રીતિ જણાય છે. "लाटी तु रीतिं वैदर्भीपाञ्चाल्योरन्तरा स्थिता" વૈદર્ભી અને પાંચાલી રીતિઓની મધ્યની રીતિ તે લાટી રીતિ જાણવી.—સાહિત્યદર્પણ, કા. ૬૨૯.

'કાવ્યરચનામાં પ્રવૃત્ત થયેલી મારી વાણી ક્રૂર કવિતાવાળાઓની શૈલીને અનુસરશે' એમ ખેદ કરીને **માધવાચાર્ય** કહે છે કે,–ક્રૂર એવા કવિતાવાળાઓએ કષ્ટે કરીને ખેંચી કાઢેલાં કેટલાંક પદો–શબ્દો, જે લૂખી એકાક્ષરી વાણી અને તેના કોશને જ આધીન છે—જેમાં વિશેષે કરીને ઔણાદિક પ્રત્યયો હોય છે—જેમાં યઙન્ત પદો હોવાથી જે અતિ વિષમ, સમજવાને કઠિન અને જેનો અન્વય બહુ છેટે હોય છે,—એવાં પદવડે કરીને, જેમ કોઈ હરણી ભિલ્લ લોકોના મંડલને વશ થાય તેમ, મારી વાણી પણ, અરેરે તેવા કવિયોને હાથ પડશે, તાત્પર્ય કે એકાક્ષર કોશની સહાયતાથી બલાત્કારે પદો ખેંચી કાઢીને મારી કવિતાનો કુકવિઓ ગમે તે અર્થ કરશે, તે મને બહુ શોકકારક લાગે છે. ૧૬.

[1]नेता यत्रोल्लसति भगवत्पादसंज्ञो महेशः
शान्तिर्यत्र प्रकचति रसः शेषवानुज्ज्वलाद्यैः ।
यत्राविद्याक्षतिरपि फलं तस्य काव्यस्य कर्ता
धन्यो व्यासाचलकविवरस्तत्कृतिज्ञाश्च धन्याः ॥ १७ ॥

એ પ્રમાણે જ્યારે કુકવિયોનો ભય છે ત્યારે શા માટે તમે કાવ્યરચના કરવામાં પ્રવૃત્ત થયા છો ? એમ કોઈ કહેશે તો તેનું ઉત્તર એમ કે **શંકરાચાર્ય**ના ગુણનું વર્ણન કરીને કૃતકૃત્યતા પ્રાપ્ત કરવાને માટે આ મારો યત્ન છે. એવા આશયથી **માધવાચાર્ય** કહે છે કે—જે કાવ્યમાં 'ભગવત્પાદ' એવું જેનું નામ છે એવા **શંકર** [2]નાયકરૂપે શોભે છે. જેમાં શૃંગારાદિક બાકીના રસો સહિત પ્રધાનભૂત [3]શાંતરસ પ્રકાશે છે. અર્થાત્ શાંતરસ પ્રધાન હોઈને શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્‌ભુત,' એ બાકીના રસ ગૌણપણે વર્ણવેલા છે. વળી અવિદ્યાનો નાશ એતો જેમાં ફલ છે. એવા આ કાવ્યના કર્તા **વ્યાસ**ના જેવા અચલ કવિશ્રેષ્ઠ **માધવાચાર્ય**ને ધન્ય છે અને તેના પ્રયત્નને જાણનારા પંડિતોને પણ ધન્ય છે. ૧૭.

---

૧. **મંદાક્રાંતા** વૃત્ત.–પ્રત્યેક ચરણમાં ૧૭ અક્ષર, મ ભ ન ત ત ને બે ગુરુ હોય છે.

૨ ગ્રંથમાં મુખ્ય વર્ણ્ય પુરુષ તે ગ્રંથનો નાયક જાણવો તે માટે **સાહિત્યદર્પણ** કારિકા ૬૪માં કહ્યું છે કે—
"**त्यागी कृती कुलीनः सुश्रीको रूपयौवनोत्साही । दक्षोऽनुरक्तलोकस्तेजोवैदग्ध्यशीलवान् नेता ॥**"
દાનશીલ, ધન્ય, કુલીન, અત્યંત શોભાવાળો, રૂપાળો, જુવાન, ઉત્સાહી, ક્ષીપ્રકારી, લોકપ્રિય, તેજવાળો, વિદગ્ધતાવાળો, અને શીલવાળો, પુરુષ નાયક જાણવો. **શંકરાચાર્ય**માં એ બધા ગુણો હતા.

૩ આ કાવ્યમાં પ્રધાનરસ શાંત છે, તેનું લક્ષણ **સાહિત્યદર્પણ** કા. ૨૩૮ માં નીચે પ્રમાણે છે કે—
"**शान्तः शमस्थायीभाव उत्तमप्रकृतिर्मतः । कुन्देन्दुसुन्दरच्छायः श्रीनारायणदैवतः ॥**
अनित्यत्वादिनाऽशेषवस्तुनिःसारता तु या । परमात्मस्वरूपं वा तस्यालम्बनमिष्यते ॥
पुण्याश्रमहरिक्षेत्रतीर्थरम्यवनादयः । महापुरुषसङ्गाद्यास्तस्योद्दीपनरूपिणः ॥
रोमाञ्चाद्याश्चानुभावास्तथा स्युर्व्यभिचारिणः । निर्वेदहर्षस्मरणमतिभूतदयादयः ॥"

શાંતરસમાં સ્થાયિભાવ શમ છે. ઉત્તમ પ્રકૃતિવાળા નાયકમાં તે વર્ણવવો. મોગરાના પુષ્પજેવો ચંદ્રજેવો શુભ્ર તેનો વર્ણ છે. દેવતા તેનો **શ્રી**નારાયણ છે. અનિત્યત્વાદિકે કરીને સમગ્ર વસ્તુની નિઃસારતા બતાવવી અને પરમાત્મસ્વરૂપનું વર્ણન કરવું એ તેનો આલંબન વિભાવ છે. પવિત્ર આશ્રમ, હરિક્ષેત્ર તીર્થ, રમણિક વન, મહા પુરુષોનો સમાગમ આદિક ઉદ્દીપન વિભાવ છે. રોમાંચ આદિક અનુભાવ છે. નિર્વેદ, હર્ષ, સ્મરણ, મતિ, ભૂતદયા, આદિક, વ્યભિચારી ભાવ છે. એ સર્વેનું યથાર્થ વર્ણન કરવાથી શાંતરસ પ્રકટે છે. વાંચનાર જોશે કે આમાં કહ્યાપ્રમાણે જ આ કાવ્યમાં શાંતરસ ઉત્તમ પ્રકારે છે.

હવે શંકરાચાર્યની કથાને વિસ્તારથી નિરૂપણ કરવાને, જે સોળ સર્ગથી નિરૂપણ કરવાની છે તે પ્રથમ સંક્ષેપમાં બતાવવાના હેતુથી કહે છે કે—

तत्राऽऽदिम उपोद्घातो द्वितीये तु तदुद्भवः ।
तृतीये तत्तदमृतांधोवतारनिरूपणम् ॥ १८ ॥

આ સોળ સર્ગરૂપ કાવ્યમાં **પ્રથમ** સર્ગમાં **શિવ** અને દેવતાના સંવાદાદિરૂપે [1]ઉપોદ્ઘાત કર્યો છે. **બીજા** સર્ગમાં **મહેશ્વરનો** આવિર્ભાવ-ઉત્પત્તિ વર્ણવી છે. **ત્રીજા** સર્ગમાં **બ્રહ્મા, બૃહસ્પતિ, વરુણ,** આદિક તે તે દેવોના અવતારનું નિરૂપણ કર્યું છે. ૧૮.

चतुर्थसर्गे तच्छुद्धाष्टमप्राक्चरितं स्थितम् ।
पञ्चमे तद्योग्यसुखाश्रमप्राप्तिनिरूपणम् ॥ १९ ॥

ચોથા સર્ગમાં **શંકરનું** વય આઠ વરસનું થતાં પહેલાનું શુદ્ધ ચરિત્ર વર્ણવ્યું છે.–શુદ્ધ ચરિત્ર કહેવાનું તાત્પર્ય એ છે કે સાધારણ માનુષી ચરિત્ર કરતાં તે વિલક્ષણ ચરિત્ર છે. **પાંચમા** સર્ગમાં **શંકરને** યોગ્ય જીવન્મુક્તિરૂપ સુખસાધન જેમાં બની શકે એવા ચતુર્થાશ્રમ (સંન્યાસ)ની પ્રાપ્તિનું નિરૂપણ કર્યું છે અથવા તેના યોગ્ય એવા સુખાશ્રમ (સંન્યાસ)ની પ્રાપ્તિનું નિરૂપણ કર્યું છે. ૧૯.

महताऽनेहसा यैषा संप्रदायगता गता ।
तस्याः शुद्धात्मविद्यायाः षष्ठे सर्गे प्रतिष्ठितिः ॥ २० ॥

જે આ શુદ્ધ આત્મવિદ્યા સંપ્રદાય થકી ચાલતી આવી હતી અને જે શુદ્ધાત્મવિદ્યાનો ઘણા કાલથી સંપ્રદાય તુટી જવાને લીધે લોપ થયો હતો, તે શુદ્ધાત્મવિદ્યાનું સારી રીતે સ્થાપન કર્યા સંબંધી નિરૂપણ **છઠ્ઠા** સર્ગમાં કર્યું છે. ૨૦.

तद्व्यासाचार्यसंदर्शविचित्रं सप्तमे स्थितम् ।
स्थितोऽष्टमे मण्डनार्यसंवादो नवमे मुनेः ॥ २१ ॥
वाणीसाक्षिकसार्वज्ञनिर्वाहोपायचिन्तनम् ।
दशमे योगशक्त्या भूपतिकायप्रवेशनम् ॥ २२ ॥

સાતમા સર્ગમાં [2]**શંકરાચાર્ય** અને [3]**વ્યાસાચાર્યને**ા પરસ્પર વિચિત્ર મેળાપ વર્ણવ્યો છે.

---

૧ ગ્રંથના પ્રકૃત વિષયનો આરંભ કરવાને જે રચના કરવી તેને ઉપોદ્ઘાત કહે છે. "चिन्तां प्रकृतिसिद्ध्यर्थमुपोद्घातं प्रचक्षते" પ્રસ્તુતની સિદ્ધિને માટે જે વિચાર કરવો તેને ઉપોદ્ઘાત કહે છે.

૨. આચાર્ય કોણ કહેવાય છે તે વિષે આવું પ્રમાણ છેઃ "आचिनोति च शास्त्रार्थमाचारे स्थापयत्यपि । स्वयमप्याचरेद्यस्तु स आचार्य इति स्मृतः ॥" જે શાસ્ત્રના અર્થને કરે છે ને તે આચાર (ધર્મ)ને વિષે સ્થાપન કરે છે તથા પોતે પણ તે પ્રમાણે આચરે છે તે આચાર્ય કહેવાય છે.

૩. **વ્યાસ** પણ ઈશ્વરાવતાર છે એમાટે કહ્યું છે કે "कृते तु भगवान्सत्यस्त्रेतायां दत्त एव च । द्वापरे भगवान्व्यासः कलौ श्रीशंकरः स्वयम् ॥" **સત્ય, ત્રેતા, દ્વાપર** અને કલિયુગને વિષે અનુક્રમે **સત્યઃ (રામ), દત્તાત્રેય, વ્યાસ** અને **શંકરના** અવતાર થયા છે. વળી પ્રથમથી જ **વ્યાસે** પંડે કૂર્મપુરાણમાં નીચેપ્રમાણે કહ્યું છેઃ—"कलौ रुद्रो महादेवो लोकानामीश्वरः परः । करिष्यत्यवतारं स्वं शंकरो नीललोहितः ॥ श्रौतस्मार्तप्रतिष्ठार्थं भक्तानां हितकाम्यया । उपदेक्ष्यति तत् ज्ञानं शिष्याणां ब्रह्मसंमितम् ॥ सर्ववेदान्तसारं च धर्मान्वेदनिदर्शनान् ।" શ્રુતિસ્મૃતિ પ્રતિપાદિત ધર્મની પ્રતિષ્ઠા કરવામાટે અને તેથી કરીને ભક્તોનું હિત થવાસારૂ પરમેશ્વર જે **મહાદેવ** તે કલિયુગમાં પોતે જ અવતાર ધારણ

આઠમા સર્ગમાં મંડનમિશ્ર અને શંકરાચાર્યનો સંવાદ વર્ણવ્યો છે. નવમા સર્ગમાં સરસ્વતીની પાસે શંકરના સર્વજ્ઞપણાને બાધ ન આવે એવા ઉપાયનું ચિંતન કર્યું છે.—ઉપાય શોધી કાઢ્યો છે, તેનું વર્ણન છે. દશમા સર્ગમાં યોગશક્તિવડે અમરક નામે મૃત્યુ પામેલા રાજાના શરીરમાં પ્રવેશ કર્યો તેનું નિરૂપણ છે. ૨૧-૨૨.

बुद्ध्वा मीनध्वजकलास्तत्प्रसङ्गप्रपञ्चनम् ।
सर्ग एकादशे तूग्रभैरवाभिधनिर्जयः ॥ २३ ॥

વળી કામની કલાઓ જાણીને તે કલાઓના પ્રસંગને પ્રકટ કરવાસંબંધી વર્ણન પણ દશમા સર્ગમાં કરેલું છે. અગિયારમા સર્ગમાં ભૈરવ નામે કાપાલિક મતના એક ઉગ્ર આચાર્યનો પરાજય કર્યો તેનું નિરૂપણ છે. ૨૩.

द्वादशे हस्तधात्र्यार्यतोटकोभयसंश्रयः ।
वार्तिकान्तब्रह्मविद्याचालनं तु त्रयोदशे ॥ २४ ॥

બારમા સર્ગમાં હસ્તામલક અને તોટકાચાર્ય એ બન્ને જણે શંકરના શિષ્ય થઈને તેમનો આશ્રય કર્યો તેનું વર્ણન છે. તેરમા સર્ગમાં પોતે કરેલા બ્રહ્મવિદ્યાના ગ્રંથો ઉપર શિષ્યો પાસે [1]વાર્તિક રચાવીને તેનો પ્રચાર કર્યો, તેનું વર્ણન છે. ૨૪

चतुर्दशे पद्मपादतीर्थयात्रानिरूपणम् ।
सर्गे पञ्चदशे तूक्तं तदाशाजयकौतुकम् ॥ २५ ॥

ચૌદમા સર્ગમાં પદ્મપાદ નામે શંકરના શિષ્યે તીર્થયાત્રા કરી તેનું નિરૂપણ છે. પંદરમા સર્ગમાં શંકરાચાર્યના દિગ્વિજયનું કૌતુક કહેલું છે. ૨૫.

षोडशे शारदापीठवासस्तस्य महात्मनः ।
इति षोडशभिः सर्गैर्व्युत्पाद्या शांकरी कथा ॥ २६ ॥

સોળમા સર્ગમાં તે મહાત્મા (શંકરાચાર્ય)નો શારદાપીઠમાં નિવાસ વર્ણવ્યો છે. એ પ્રમાણે સોળ સર્ગે કરીને શંકરની કથા આ કાવ્યમાં પ્રતિપાદન કરવાની છે. ૨૬.

सैषा कलिमलच्छेत्री सकृच्छ्रुत्याऽपि कामदा ।
नानाप्रश्नोत्तरै रम्या विदामारभ्यते मुदे ॥ २७ ॥

એ શંકરની કથા કલિ સંબંધી મલ (દુષ્ટ વાસનાઓ)નો નાશ કરનારી, એકવાર સાંભ-

---

કરશે, અને જેમાં બ્રહ્મસ્વરૂપના વિચાર બતાવેલા છે તે વેદાંતના સારભૂત જ્ઞાનનો ઉપદેશ શિષ્યોને આપશે. વળી ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે " **परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥** "—સત્પુરુષનું રક્ષણ કરવામાટે, દુષ્કર્મ કરનારાઓનો વિનાશ કરવામાટે તથા ધર્મનું સંસ્થાપન કરવામાટે હું યુગે યુગે અવતાર ધારણ કરૂંછું. આથી કરીને શંકરાચાર્ય એ કલિયુગને વિશે ઈશ્વરાવતાર છે એ સિદ્ધ થાય છે.

૧ " **उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते । तं ग्रन्थं वार्तिकं प्राहुर्वार्तिकज्ञा मनीषिणः ॥** " જે ગ્રંથમાં ઉક્ત એટલે જેનું વિવેચન કર્યું હોય, અનુક્ત એટલે જેનું વિવેચન ન કર્યું હોય અને દુરુક્ત એટલે વિરુદ્ધ વિવેચન કર્યું હોય તે ગ્રંથને વાર્તિક જાણનારા બુદ્ધિમાન પુરુષો વાર્તિક કહે છે.

ળવાવડે પણ તે [1]ચારે પુરુષાર્થની સિદ્ધિ કરી આપનારી, અને નાના પ્રકારનાં પ્રશ્નોત્તરવડે રમણીય છે; તે કથાનો અમે વિદ્વાનોને આનંદ થવા માટે આરંભ કરીએ છીએ. ૨૭.

એ પ્રમાણે સંક્ષેપમાં **શંકર**ની કથાનું નિરૂપણ કરીને તથા તેનું વિસ્તારથી નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરીને તેના ઉપોદ્‌ઘાતરૂપે કથાનો આરંભ કરે છે કે,—

एकदा देवता रूप्याचलस्थमुपतस्थिरे ।
देवदेवं तुषारांशुमिव पूर्वाचलस्थितम् ॥ २८ ॥

[2]એક સમયે **બ્રહ્મા**દિ સર્વ દેવો પૂર્વ દિશામાં ઉદયાચલ પર્વત ઉપર રહેલા **ચંદ્રમા**નું જેમ ઉપાસન કરતા હોય તેમ, રુપ્યાચલ (કૈલાસ પર્વત)માં રહેલા ઇંદ્રાદિ દેવોના દેવ **મહાદેવ**નું, ઉપાસન કરવા લાગ્યા. ૨૮.

ઉપાસન કરીને શું કર્યું તે કહે છે કે,—

प्रसादानुमितस्वार्थसिद्धयः प्रणिपत्य तम् ।
मुकुलीकृतहस्ताब्जा विनयेन व्यजिज्ञपन् ॥ २९ ॥
विज्ञातमेव भगवन् विद्यते यद्धिताय नः ।
वञ्चयन् सुगतान् बुद्धवपुर्धारी जनार्दनः ॥ ३० ॥

ઉપાસનાવડે પ્રસન્ન કરેલા **શંકર**ના પ્રસન્નતારૂપ ચિન્હથી જેમણે પોતાના અર્થની સિદ્ધિનું અનુમાન કર્યું છે એવા તે દેવોએ પોતાનાં હાથરૂપી કમલને બંધ કરીને અર્થાત્ હાથ જોડીને તેમને દંડવત્ પ્રણામ કરીને અત્યંત નમ્રતાથી વિજ્ઞાપના કરી કે, "હે ભગવાન! અમારા હિતને અર્થે **બુદ્ધ**નો જેણે દેહ ધારણ કર્યો છે એવા **વિષ્ણુ બૌદ્ધો**ની વંચના કરી રહ્યા છે તે તમારા જાણવામાં જ છે. ૨૯–૩૦.

तत्प्रणीतागमालम्बैर्बौद्धैर्दर्शनदूषकैः ।
व्याप्तेदानीं प्रभो धात्री रात्रिः संतमसैरिव ॥ ३१ ॥

[3]હે પ્રભો! યદ્યપિ અમારે અર્થે **વિષ્ણુ**એ પૂર્વે દૈત્યોને છેતર્યા છે, તથાપિ **બુદ્ધે** રચેલાં શાસ્ત્રોનું અવલંબન કરનારા તથા કર્મ, ઉપાસના અને જ્ઞાનનું પ્રતિપાદન કરનાર **વેદા**દિક શાસ્ત્રોને દૂષિત કરનાર **બૌદ્ધો**વડે, રાત્રિ જેમ ગાઢ અંધકારથી વ્યાપ્ત થઈ જાય તેમ, આ પૃથ્વી વ્યાપ્ત થઈ ગઈ છે. તાત્પર્ય કે **વેદ**ને દૂષિત કરનાર **બૌદ્ધો**ની વંચના કરવાને **વિષ્ણુ**એ **બૌદ્ધ**શાસ્ત્ર રચ્યાં, પણ તે શાસ્ત્રો તેટલું જ કરીને લુપ્ત થયાં નથી; ઉલટાં તે હમણાં અત્યંત પ્રસાર પામીને **વેદા**દિક શાસ્ત્રને પણ દૂષિત કરવા લાગ્યાં છે; માટે હે પ્રભો! તમે તમારી પ્રભુતાવડે તેનું નિરાકરણ કરી શકો એમ છે. અથવા તમે પ્રભુ છતાં તેનો નાશ નથી કરતા એ ઘટિત નથી. ૩૧.

---

૧ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારને પુરુષાર્થ કહે છે.

૨ પ્રાચિન **શંકર**જયમાં એમ છે કે, પૃથ્વી ઉપર બ્રાહ્મણાદિ વર્ણના લોકો **વેદ**માર્ગમાંથી ભ્રષ્ટ થઈ ગયા તથા કલ્પિત તંત્રાદિકને માર્ગે ચાલવા લાગ્યા, તે જોઈને **સત્યલોક**માં ગયેલા **નારદે** પૃથ્વીનું સર્વ વર્તમાન **બ્રહ્મા**ને કહ્યું, અને **વેદ**નો ઉદ્ધાર કરવાની વિનતિ કરી, તે ઉપરથી સર્વે દેવોને લઈને **બ્રહ્મા શિવ**લોકમાં ગયા. ઇત્યાદિ.

૩ આ શ્લોકમાં ધાત્રી (પૃથ્વી) **બૌદ્ધો**વડે અને રાત્રિ અંધકાર **જોડે** વ્યાપ્ત થઈ છે એમ ઉપમેય ઉપમાનના સાધારણ ધર્મની સમાનતા બતાવી છે માટે ઉપમાલંકાર. "**उपमा यत्र सादृश्यलक्ष्मीरुल्लसति द्वयोः**" જ્યાં ઉપમેય અને ઉપમાનની સમાનતાની શોભા વર્ણવી હોય ત્યાં ઉપમા.—**કુ.** કા. ૬.

वर्णाश्रमसमाचारान् द्विषन्ति ब्रह्मविद्विषः ।
ब्रुवन्त्याम्नायवचसां जीविकामात्रतां प्रभो ॥ ३२ ॥

તમે કહેશો કે એટલો બધો તેઓ શો અનર્થ કરે છે? તો, તેઓ વર્ણાશ્રમના આચારનો દ્વેષ કરે છે; વેદ, બ્રાહ્મણ, તપ અને બ્રહ્મ, એ સર્વનો પણ તેઓ દ્વેષ કરનારા છે; તેઓ કહે છે કે 'વેદનાં વચન તો માત્ર [1]જીવિકાને અર્થે બ્રાહ્મણોએ જોડી કાઢેલાં છે!!' (प्रभो એ સંબોધન પાછલા શ્લોકથી અનુવર્તે છે.) ૩૨.

न संध्यादीनि कर्माणि न्यासं वा न कदाचन ।
करोति मनुजः कश्चित्सर्वे पाखण्डतां गताः ॥ ३३ ॥

તેઓ વેદાદિકનો દ્વેષ કરે છે એટલું જ નહિ; ભ્રષ્ટ પણ થઈ ગયા છે.-તેઓમાના કોઈ સંધ્યા આદિક કર્તવ્ય કર્મનું આચરણ કરતા નથી કે સંન્યાસ આદિક આશ્રમને કોઈ વખત કોઈ મનુષ્ય ધારણ કરતો નથી; એ પ્રમાણે સર્વે [2]પાખંડપણાને પામી ગયા છે. ૩૩.

श्रुते पिदधति श्रोत्रे क्रतुरित्यक्षरद्वये ।
क्रियाः कथं प्रवर्तेरन् कथं क्रतुभुजो वयम् ॥ ३४ ॥

તેઓ (બૌદ્ધો) પાખંડપણાને પામી ગયા છે તેમાં તમને શી હાનિ છે? એમ કહેશો તો,- તેઓ 'યજ્ઞ' એવા બે અક્ષર સાંભળતાં જ કાનમાં આંગળીઓ ખોસે છે, ત્યારે યજ્ઞાદિક ક્રિયાઓની પ્રવૃત્તિ કેમ થાય અને અમે યજ્ઞનાં બલિદાન શી રીતે [3]પામીએ? ૩૪.

शिवविष्णवागमपरैर्लिङ्गचक्रादिचिह्नितैः ।
पाखण्डैः कर्म संन्यस्तं कारुण्यमिव दुर्जनैः ॥ ३५ ॥

કેવલ બૌદ્ધો જ પાખંડમતનો આશ્રય કરીને યજ્ઞાદિક કર્મનો લોપ કરે છે એટલું જ નથી; પણ શિવ અને વિષ્ણુની ઉપાસનાનાં શાસ્ત્ર કલ્પી કાઢીને લિંગ તથા ચક્રનાં ચિન્હ ધારણ કરે છે. અને તેથી જેમ દુર્જન પુરુષોએ કરુણા ગુણનો ત્યાગ કરેલો હોય છે, તેમ તે શિવ વિષ્ણુની ઉપાસનાનાં શાસ્ત્રનો આશ્રય કરનારા પાખંડીમતવાળા પુરુષોએ યજ્ઞાદિ કર્મનો પણ ત્યાગ કર્યો છે. ૩૫.

अनन्येनैव भावेन गच्छन्त्युत्तमपूरुषम् ।
श्रुतिः साध्वी मदक्षीबैः का वा शाक्यैर्न दूषिता ॥ ३६ ॥

જેમ કોઈ પતિવ્રતા સ્ત્રી અનન્યભાવે કરીને પોતાના ઉત્તમ પુરુષ (પતિ)ને અનુસરતી હોય તેને મદોન્મત્ત દુષ્ટ પુરુષો દૂષણ પમાડે, તેમ ઉત્તમ પુરુષ એટલે ક્ષર, અને અક્ષરથી પરમાત્માને અનન્યભાવે કરીને પ્રતિપાદન કરતી સત્ય એવી કયી વેદવાણીને મદવડે ઉન્મત્ત બૌ-

---

૧ "अग्निहोत्रं त्रयो वेदा त्रिदण्डं भस्मगुण्ठनम् । बुद्धिपौरुषहीनानां जीविकेति बृहस्पतिः॥" અગ્નિહોત્ર, ત્રણ વેદ, સંન્યસ્તાશ્રમ, ભસ્મ ધારણ,આદિક સર્વે બુદ્ધિ અને પૌરુષવિનાના મનુષ્યોની જીવિકાનાં સાધન છે, એમ બૃહસ્પતિ કહે છે. એવું વેદબાહ્ય ચાર્વાક, બૌદ્ધાદિ કહે છે.—આર્યવિદ્યાસુધાનિધિ.

૨ "पाशब्देन त्रयीधर्मः पारक्षण इति स्मृतेः । तं खण्डयन्ति ये तर्कैस्ते पाखण्डा इति स्मृताः ॥" पा શબ્દે કરીને વેદત્રયી ધર્મ ગ્રહણ કરવો, તેમ જ पा ધાતુ રક્ષણ કરવાના અર્થમાં છે, તે વેદત્રયીરૂપ રક્ષણ કરનાર ધર્મનું જે ખંડન કરે છે તેનું નામ पाखण्ड કહેવાય છે.

૩ યજ્ઞલોપ પ્રસંગ આવે છે ત્યારે જ બહુધા દેવતાઓ બ્રહ્માને આગળ કરીને વિષ્ણુ કે શિવપાસે જાય છે એવું પુરાણોમાં બહુ જોવામાં આવે છે.-જુઓ માર્કંડેય પુરાણ, અ૦ ૧૬, પતિવ્રતાની કથા.

દ્ધોએ નથી દૂષિત કરી? અર્થાત્ સર્વ વેદવાણીને દૂષિત કરી છે. તાત્પર્ય એ છે કે એક પરમાત્માને જ પ્રતિપાદન કરનારી સર્વે શ્રુતિઓને બૌદ્ધોએ દૂષિત કરી છે; અને તમે તે પરમાત્મા છો માટે તમારૂં પ્રતિપાદન કરનારી શ્રુતિઓનું તો તમારે અવશ્ય કરીને રક્ષણ કરવું જોઈએ.[1] ૩૬.

सद्यः कृत्तद्विजशिरःपङ्कजार्चितभैरवैः ।
न ध्वस्ता लोकमर्यादा का वा कापालिकाधमैः ॥ ३७ ॥

બીજા પણ પાખંડમત પ્રસરેલા છે; અને તે પણ લોક મર્યાદાનો ભંગ કરે છે. જેમ કે—તત્કાલ કાપેલા બ્રાહ્મણના માથારૂપી કમલવડે જેમણે ભૈરવનું પૂજન કર્યું છે એવા અધમ [2]કાપાલિક મતના મનુષ્યોએ કયી કયી લોક મર્યાદાનો ભંગ નથી કર્યો? અર્થાત્ બધીએ લોક મર્યાદાનો તેમણે ભંગ કર્યો છે. ૩૭.

अन्येऽपि बहवो मार्गाः सन्ति भूमौ सकण्टकाः ।
जनैर्येषु पदं दत्त्वा दुरन्तं दुःखमाप्यते ॥ ३८ ॥

પૃથ્વી ઉપર બીજા પણ એવા કાંટાવાળા માર્ગ ઘણા છે કે જે માર્ગમાં પગલું મૂકવાથી મનુષ્ય અત્યંત દુઃખ પામે છે. મતલબ કે બીજા પણ એવા અનાચારવાળા અનેક મત પૃથ્વીમાં પ્રસરેલા છે કે જે મતનો આશ્રય કરવાથી નારકી ગતિ આદિક અપાર દુઃખ પ્રાપ્ત થાય છે. ૩૮.

तद्भवाँल्लोकरक्षार्थमुत्साद्य निखिलान्खलान् ।
वर्त्म स्थापयतु श्रौतं जगद्येन सुखं व्रजेत् ॥ ३९ ॥

તેથી કરીને લોકનું જન્મ-મરણ અથવા નરકપાત આદિક ભયથી રક્ષણ થવા માટે સમગ્ર ખલ પુરુષોનો નાશ કરીને તમે વૈદિકમાર્ગનું સ્થાપન કરો કે જે માર્ગે જગત્ સુખે કરીને ચાલ્યું જાય." ૩૯.

इत्युक्त्वोपरतान्देवानुवाच गिरिजाप्रियः ।
मनोरथं पूरयिष्ये मानुष्यमवलम्ब्य वः ॥ ४० ॥

એ રીતે બોલીને વિરામ પામેલા દેવતાઓને પાર્વતીના પતિ શંકરે કહ્યું કે, "હું મનુષ્યદેહ ધારણ કરીને તમારી ઇચ્છા પરિપૂર્ણ કરીશ,—પાખંડમતનું ખંડન કરીને વૈદિકધર્મ સ્થાપીશ. ૪૦.

दुष्टाचारविनाशाय धर्मसंस्थापनाय च ।
भाष्यं कुर्वन्ब्रह्मसूत्रतात्पर्यार्थविनिर्णयम् ॥ ४१ ॥

શી રીતે ઇચ્છા પૂર્ણ કરશો એમ પૂછતા હો તો,—દુષ્ટ આચારનો નાશ કરવા માટે અને

---

૧ અહિં ઉત્તમ પુરુષને અનન્યભાવે અનુસરવાનાં નિમિત્તે કરીને શ્રુતિમાં સાધ્વી (પતિવ્રતા સ્ત્રી) નો આરોપ કર્યો છે માટે રૂપકાલંકાર. " रूपकं रूपितारोपाद्विषये निरपह्नवे "—સાહિત્યદર્પણ કા. ૬૬૯ તથા જુઓ પૃષ્ઠ ૪, શ્લોક ૯ ક્રાની ટીકા.

૨ દક્ષિણમાં એ મત ઘણો પ્રસરેલો હતો. મનુષ્યના માથાની ખોપરી (કપાલ) લઈને તેમાં ખાતા હતા તથા મનુષ્યના માથાની રૂંડમાલા પહેરતા હતા, તેથી કાપાલિક કહ્યો છે. એ ભૈરવની ઉપાસના કરતા હતા તથા મદ્ય, રુધિર, માંસ આદિકનું તેને નૈવેદ્ય કરતા હતા. પ્રબોધચંદ્રોદય નાટકમાં એનો કાંઈક ચિતાર આપેલો છે. આ ગ્રંથમાં પણ આગળ, કહેવાશે કે—" भसितं घृतमित्यदस्तु युक्तं शुचि संत्यज्य शिरःकपालमेतत् । वहथाशुचि खर्परं किमर्थं न कथंकारमुपास्यते कपाली ? " આ તેં રાખ ચોળી છે એ તો ઠીક કર્યું છે, પણ આ પવિત્ર મનુષ્યના માથાની ખોપરી પડી મૂકીને અપવિત્ર ખર્પર શામાટે વહે છે અને શામાટે કપાલીનું ઉપાસન કરતો નથી? ઈ૦ સર્ગ ૧૫, શ્લોક ૧૩.

ધર્મનું સ્થાપન કરવા માટે બ્રહ્મનું પ્રતિપાદન કરનારાં [1]સૂત્રના તાત્પર્યનો વિશેષે કરીને નિર્ણય જેમાં કહેલો છે એવું [2]ભાષ્ય કરીને હું તમારી ઇચ્છા પૂર્ણ કરીશ. ૪૧.

मोहनप्रकृतिद्वैतध्वान्तमध्याह्नभानुभिः ।
चतुर्भिः सहितः शिष्यैश्चतुरैर्हरिवद्भुजैः ॥ ४२ ॥

[3]અજ્ઞાન જેનું ઉપાદાન કારણ છે એવા દ્વૈતરૂપી ગાઢ અંધકારનો નાશ કરનારા મધ્યાન્હ-કાલના સૂર્ય સરખા ચાર કુશલ શિષ્યોએ સહિત હું ચાર હાથવડે વિષ્ણુની પેઠે ધર્મનું સ્થાપન કરીને તમારી ઇચ્છા પૂર્ણ કરીશ. અથવા ચાર હાથ સહિત જેમ વિષ્ણુ અવતાર લે છે તેમ તે ચાર શિષ્યો સહિત હું અવતાર લેઇશ (એ રીતે આગલા શ્લોક સાથે અન્વય કરવો). ૪૨.

यतीन्द्रः शंकरो नाम्ना भविष्यामि महीतले ।
मद्वत्तथा भवन्तोऽपि मानुषीं तनुमाश्रिताः ॥ ४३ ॥
तं मामनुसरिष्यऽन्ति सर्वे त्रिदिववासिनः ।
तदा मनोरथः पूर्णो भवतां स्यान्न संशयः ॥ ४४ ॥

હું પૃથ્વી ઉપર શંકર નામે સંન્યાસીઓનો સ્વામી થઇશ; અને મારીપેઠે તમે પણ મનુષ્ય દેહ ધારણ કરીને સર્વે સ્વર્ગવાસી દેવતાઓ તે શંકરને—મને અનુસરશો, ત્યારે તમારો મનોરથ પૂર્ણ થશે. એ વાતમાં સંશય કરવો નહિ.” ૪૩-૪૪.

ब्रुवन्नेवं दिविषदः कटाक्षानन्यदुर्लभान् ।
कुमारे निदधे भानुः किरणानिव पङ्कजे ॥ ४५ ॥

એ પ્રમાણે દેવતાઓ પ્રત્યે બોલીને જેમ સૂર્ય પોતાના કિરણ કમળ ઉપર સ્થાપન કરે તેમ શંકરે બીજાઓને દુર્લભ એવા પોતાનાં કટાક્ષ સ્વામિ કાર્તિક ઉપર સ્થાપન કર્યા. અર્થાત્ પછી શંકરે સ્વામિ કાર્તિક ભણી દૃષ્ટિ કરી. ૪૫.

क्षीरनीरनिधेर्वीचिसचिवान् प्राप्य तान् गुहः ।
कटाक्षान्मुमुदे रश्मीनुदन्वानैन्दवानिव ॥ ४६ ॥

[4]ક્ષીરસમુદ્રના તરંગ સરખા (અમૃતમય અને શીતળ) ચંદ્રના કિરણોને પામીને જેમ સમુદ્ર હર્ષ પામે છે (તેમાં ભરતી આવે છે), તેમ ક્ષીરસમુદ્રના તરંગ સરખા (અમૃતમય અને શીતલ) શ્રીશંકરના તે કટાક્ષને પામીને સ્વામિ કાર્તિક પણ આનંદ પામ્યા. અર્થાત્ શંકરે પોતાના ભણી જોયું તેથી કાર્તિકેય હર્ષ પામ્યા. ૪૬.

---

૧ “अल्पाक्षरमसंदिग्धं न्यायवद्विश्वतोमुखम् । अस्तोभमनवद्यं च सूत्रं सूत्रकृतो विदुः ॥”—જેમાં થોડા અક્ષર, અસંદિગ્ધપણું, ન્યાયરૂપ વિશ્વતોમુખ, અવરોધવગરના અને દૂષણવિનાનાં પદ હોય તેને સૂત્રકાર વિદ્વાનો સૂત્ર કહે છે.

૨ “सूत्रार्थो वर्ण्यते यत्र पदैः सूत्रानुकारिभिः । स्ववाक्यानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः ॥” જેમ મૂળપદોનું વ્યાખ્યાન કરવું તેમ પોતે કરેલાં પદોનું પણ વ્યાખ્યાન કરવું એને ભાષ્ય જાણનારા ભાષ્ય કહે છે.

૩ હરિ ચાર બાહુવડે જેમ દુષ્ટોનો નાશ કરે છે તેમ ભટ્ટપાદાદિ ચાર શિષ્યોવડે હું (શંકર) પણ દુષ્ટોનો નાશ કરીશ. એમ ઉપમેય ઉપમાનનું સાધર્મ્ય હોવાથી તથા वत् એ વાચક इव ના અર્થમાં હોવાથી શ્રૌતીઉપમા. દર્પણકાર લક્ષણ લખે છે કે—“इयं पुनः । श्रौती यथेववादिशब्दा इवार्थो वा वतिर्यदि” જે ઉપમામાં यथा કે इव શબ્દ આવે અથવા इव ના અર્થમાં वत् પ્રત્યય આવે તેને શ્રૌતીઉપમા જાણવી.—સાહિત્યદર્પણ કા. ૬૪૯.

૪ હર્ષ પામવારૂપ ધર્મની એકતા હોવાથી ઉપમા અલંકાર.—જુઓ પૃષ્ઠ ૨, શ્લોક ૨ ની ટીકા.

अवदन्नंदनं स्कंदममंदं चंद्रशेखरः ।
दन्तचंद्रातपानंदिवृंदारकचकोरकः ॥ ४७ ॥

પછી–જેના દાંતરૂપી ચંદ્રના પ્રકાશવડે દેવતારૂપી ચકોર આનંદ પામે છે એવા ચંદ્રશેખર (જેના મસ્તક ઉપર ચંદ્ર શોભે છે) પોતાના પુત્ર બુદ્ધિમાન કાર્તિકેય પ્રત્યે બોલ્યા કે, ૪૭.

शृणु सौम्य वचः श्रेयो जगदुद्धारगोचरम् ।
कांडत्रयात्मके वेदे प्रोद्धृते स्याद्द्विजोद्धृतिः ॥ ४८ ॥

"હે સૌમ્ય! જગતનો ઉદ્ધાર કરવા વિષે કલ્યાણકારી વચન હું તને કહું તે સાંભળ. કર્મ, ઉપાસના અને જ્ઞાન એવા ત્રણ કાંડવાળા વેદનો ઉદ્ધાર કરવાથી બ્રાહ્મણોનો ઉદ્ધાર થશે. ૪૮.

तद्रक्षणे रक्षितं स्यात्सकलं जगतीतलम् ।
तदधीनत्वतो वर्णाश्रमधर्मततेस्ततः ॥ ४९ ॥
इदानीमिदमुद्धार्यमिति वृत्तिमतः पुरा ।
मम गूढाशयविदो विष्णुशेषौ समीपगौ ॥ ५० ॥
मध्यमं कांडमुद्धर्तुमनुज्ञातौ मयैव तौ ।
अवतीर्यांशतो भूमौ संकर्षणपतञ्जली ॥ ५१ ॥

બ્રાહ્મણોનો ઉદ્ધાર થયો તો આખી પૃથ્વીનું રક્ષણ થયું એમ જાણવું; કેમકે વર્ણાશ્રમના ધર્મનો સમુદાય બ્રાહ્મણોને આધીન છે. તેથી આ વખતે આનો ઉદ્ધાર કરવો જોઈએ એવી પૂર્વે મારી વૃત્તિ થયેલી જાણીને મારા ગૂઢ આશયને જાણનાર વિષ્ણુ અને શેષ જે મારી પાસે હતા તેમને વેદના મધ્યમ (ઉપાસના)કાંડનો ઉદ્ધાર કરવાને મેં જ આજ્ઞા કરી તેથી તેમણે અંશે કરીને પૃથ્વી ઉપર અવતાર ધારણ કર્યો, તથા [2]સંકર્ષણ અને પતંજલી એવા નામના બે મુનિએ થઈને ઉપાસનાકાંડ તથા યોગકાંડના ગ્રંથો કર્યા છે. ૪૯–૫૦–૫૧.

मुनी भूत्वा मुदोपास्तियोगकाण्डकृतौ स्थितौ ।
अग्रिमं ज्ञानकाण्डं तूद्धरिष्यामीति देवताः ॥ ५२ ॥
संप्रति प्रतिजाने स्म जानात्येव भवानपि ।
जैमिनीयनयाम्भोधेः शरत्पर्वशशी भव ॥ ५३ ॥
विशिष्टं कर्मकाण्डं त्वमुद्धर ब्रह्मणः कृते ।
सुब्रह्मण्य इति ख्यातिं गमिष्यसि ततोऽधुना ॥ ५४ ॥

વેદના ત્રણે કાંડમાં છેલ્લા જ્ઞાનકાંડનો તો હું ઉદ્ધાર કરીશ, એમ દેવતાઓની સમક્ષ પ્ર-

૧ તાલુસ્થાનના च ની તથા દંતસ્થાનના द त न ની આવૃત્તિ બહુધા હોવાથી શ્રુત્યનુપ્રાસાલંકાર. તેનું લક્ષણ—"उच्चार्यत्वाद्यदैकत्र स्थाने तालुरदादिके। सादृश्यं व्यञ्जनस्यैव श्रुत्यनुप्रास उच्यते ॥" તાલુ કે દંત આદિક સ્થાનના અક્ષરો જે એક જ સ્થાનથી બોલાય છે તે વ્યંજનોનું જ્યાં સરખાપણું આવેલું હોય તેને શ્રુત્યનુપ્રાસ કહે છે-સાહિત્યદર્પણ કા. ૬૩૫.

૨ કપિલ વિષ્ણુનો આવતાર છે તથા તેમણે સાંખ્યશાસ્ત્ર કર્યું છે.-શ્રીમદ્ભાગવત જુઓ. પતંજલી શેષનો અવતાર છે, માટે જ તેમના રચેલા યોગદર્શન ઉપર ભાષ્ય લખતાં વેદવ્યાસે શેષરૂપી પરમાત્માનું સ્મરણ કરીને આશિર્વાદાત્મક મંગલાચરણ કર્યું છે. જેમકે "देवोऽहीशः स वोऽव्यात्सितविमलतनुर्योगदो योगयुक्तः ॥" જેનું નિર્મલ ધોળું શરીર છે અને તે યોગશાસ્ત્ર આપનાર. તથા યોગયુક્ત છે તે સર્પરાજ (શેષનાગ) તમારૂં રક્ષણ કરો. ઈ૦—પાતંજલદર્શન, ભાષ્યકારનું મંગલાચરણ.

તિજ્ઞા કરી છે તે તમે પણ જાણોછો. તેથી જૈમિનીયના ન્યાયરૂપી સમુદ્રના શરદૃઋતુની પૌર્ણિમાના ચંદ્ર તમે થાઓ. અર્થાત્ સમુદ્રમાંથી ઉપજેલાં રત્નમાંનું એક રત્ન જેમ ચંદ્ર છે તેમ તું પણ જૈમિનીયકૃત મીમાંસા શાસ્ત્રના પંડિતોમાં એક રત્નરૂપે પૂર્ણપણે જગત્‌માં પ્રકાશ પામ. એ પ્રમાણે ઉત્પન્ન થઈને બ્રાહ્મણ, વેદ, બ્રહ્મા, તપ અને પરબ્રહ્મ, એ સર્વને અર્થે વિશિષ્ટ કર્મકાંડનો તું ઉદ્ધાર કર; અને તેથી તું સુબ્રહ્મણ્ય કહેવાઈને જગત્‌માં પ્રસિદ્ધ પામીશ. ૫૨-૫૩-૫૪.

नैगमीं कुरु मर्यादामवतीर्य महीतले ।
निर्जित्य सौगतान् सर्वानाम्नायार्थविरोधिनः ॥ ५५ ॥

તેથી હમણા પૃથ્વીના પૃષ્ઠ ઉપર અવતાર ધારણ કરીને વેદના અર્થની સાથે વિરોધ કરનાર સર્વે જૈનોને જીતીને વેદની મર્યાદા કર. અર્થાત્ વેદવચનની મર્યાદાને અનુસરીને સર્વ કોઈ વર્તે એમ કર. તું કહેશે કે એ કાર્યમાં મને સહાયભૂત કોણ છે તો ૫૫.

ब्रह्माऽपि ते सहायार्थं मंडनो नाम भूसुरः ।
भविष्यति महेन्द्रोऽपि सुधन्वा नाम भूमिपः ॥ ५६ ॥

તને સહાય કરવાને અર્થે બ્રહ્મા પણ મંડન નામે બ્રાહ્મણનો અવતાર ધારણ કરશે; અને ઇંદ્ર પણ સુધન્વા નામે રાજાનો અવતાર ધારણ કરશે. ૫૬.

तथेति प्रतिजग्राह विधेरपि विधायिनीम् ।
बुधानीकपतिर्वाणीं सुधाधारामिव प्रभोः ॥ ५७ ॥

પછી દેવતાઓના સેનાપતિ સ્વામિ કાર્તિકે બ્રહ્માને પણ કાર્યમાં પ્રવૃત્તિનો ઉપદેશ કરનારી મહાદેવની વાણીને [1]અમૃતની ધારાની પેઠે "આપની આજ્ઞા પ્રમાણે કરીશ" એમ કહીને ગ્રહણ કરી. અર્થાત્ અમૃતની ધારા જેવી મધુર હોય છે તેવી મધુર તથા તે ધારણ કરતાં જેવો આનંદ થાય છે તેવા આનંદથી શંકરની વાણીનો સ્વામિ કાર્તિકે સ્વીકાર કર્યો. ૫૭.

अथेंद्रो नृपतिर्भूत्वा प्रजा धर्मेण पालयन् ।
दिवं चकार पृथिवीं स्वपुरीममरावतीम् ॥ ५८ ॥

[2]હવે ઇંદ્ર પૃથ્વી ઉપર રાજા થયો અને પોતાની પ્રજાનું ધર્મવડે પાલન કરીને પૃથ્વીને સ્વર્ગ તથા પોતાની રાજધાનીના નગરને સ્વર્ગની રાજધાની અમરાવતી બનાવી દીધી. અર્થાત્ તેના જેવી કરી. વારૂ, જ્યારે સુધન્વા રાજા ઇંદ્રનો અવતાર હતો ત્યારે તેણે જૈનોને કેમ આશ્રય આપ્યો હતો? તેનું સમાધાન આપે છે કે,—૫૮.

सर्वज्ञोऽप्यसतां शास्त्रे कृत्रिमश्रद्धयाऽन्वितः ।
प्रतीक्षमाणः क्रौञ्चारिं मेलयामास सौगतान् ॥ ५९ ॥

તે પોતે ઇંદ્રનો અવતાર હોવાથી સર્વજ્ઞ છતાં પણ જૈનોનાં શાસ્ત્રમાં કૃત્રિમ શ્રદ્ધાવાળો થઈને રહ્યો હતો; તથા સ્વામિ કાર્તિકના આવવાની વાટ જોઈને જૈનોને ત્યાં એકઠા કરી રહ્યો હતો. સારાંશ કે સ્વામિ કાર્તિક જ્યારે અવતાર ધારણ કરીને જૈનોનો પરાજય કરવા આવે ત્યારે તેમને શોધવા ન પડે. વારૂ, સ્વામિ કાર્તિક કેવા નામથી અવતાર પામ્યા? ૫૯.

---

૧. 'અમૃતની ધારાની પેઠે ગ્રહણ કરી' એમાંના અમૃત શબ્દથી શંકરની આજ્ઞા સ્વામિ કાર્તિકને પ્રીતિકર હતી તેની તથા પ્રીતિકર કાર્ય ઉત્સાહથી થાય છે માટે ઉત્સાહની અને ઉત્સાહથી કરેલું કાર્ય ઉતાવળે સિદ્ધ થાય છે માટે કાર્યસિદ્ધિની પણ વ્યંજના કરે છે.

૨ અહિં પૃથ્વીમાં સ્વર્ગનો તથા સુધન્વાની નગરીમાં અમરાવતીનો આરોપ અભેદપણે કર્યો છે માટે અભેદરૂપકાલંકાર. "**विषय्यभेदताद्रूप्यरञ्जनं विषयस्य यत् । रूपकं तत्**"—શ્લોક ૯ માની ટીકા જુઓ.

ततः स तारकारातिरजनीष्ट महीतले ।
भट्टपादाभिधा यस्य भूषा दिक्सुदृशामभूत् ॥ ६० ॥

પછી તારકાસુરના શત્રુ સ્વામિ કાર્તિકે પૃથ્વીઉપર અવતાર ધારણ કર્યો. તેનું નામ ભટ્ટપાદ એવું હતું તથા તે દિશાઓરૂપી સ્ત્રીઓનો અલંકાર હતો અર્થાત્ સર્વે દિશાઓમાં તેની સત્કીર્તિ પ્રસરી ગઈ હતી. ૬૦.

स्फुटयन्वेदतात्पर्यमभाज्जैमिनिसूत्रितम् ।
सहस्रांशुरिवानूरुव्यञ्जितं भासयञ्जगत् ॥ ६१ ॥

જેમ પ્રથમ સૂર્યના સારથિ અરુણે થોડુંક પ્રકાશિત કરેલું જગત્ સંપૂર્ણ પ્રકાશિત કરતો સૂર્ય તેની પાછળ આવે છે, તેમ પ્રથમ જૈમિનીએ કર્મકાંડ ઉપર સૂત્ર રચીને વેદના તાત્પર્યનો થોડોક પ્રકાશ કર્યો હતો તેને વિશેષ સ્પષ્ટ કરીને તે (ભટ્ટપાદ) શોભવા લાગ્યા. ૬૧.

राज्ञः सुधन्वनः प्राप नगरीं स जयन् दिशः ।
प्रत्युद्गम्य क्षितीन्द्रोऽपि विधिवत्तमपूजयत् ॥ ६२ ॥

પછી ભટ્ટપાદ દિગ્વિજય કરતા સુધન્વા રાજાની નગરીમાં આવ્યા; રાજાએ પણ તેમને આવતા જોઈને [1]ઉઠી સામા જઈને વિધિપૂર્વક તેમનો સત્કાર કર્યો. ૬૨.

सोऽभिनन्द्याऽऽशिषा भूपमासीनः काञ्चनासने ।
तां सभां शोभयामास सुरभिर्भुवनीमिव ॥ ६३ ॥

તે આશિર્વાદવડે રાજાને અભિનંદન આપીને સુવર્ણના આસન ઉપર બેઠા; તથા વસંત જેમ સ્વર્ગના નંદન વનને શોભાવે છે તેમ તે સભાને શોભાવવા લાગ્યા. ૬૩.

सभासमीपविटपिश्रितकोकिलकूजितम् ।
श्रुत्वा जगाद तद्व्याजाद्राजानं पण्डिताग्रणीः ॥ ६४ ॥

સભામાં બેઠા પછી ભટ્ટપાદે બોલવાનો આરંભ કેવી યુક્તિથી કર્યો તે વિષે કહે છે કે,—સભાની પાસેના ઝાડ ઉપર બેઠેલી એક કોયલનો મધુર શબ્દ સાંભળીને તેના મિષવડે પંડિત શિરોમણિ ભટ્ટપાદે રાજાને કહ્યું કે,—૬૪.

मलिनैश्चेन्न सङ्गस्ते नीचैः काककुलैः पिक ।
श्रुतिदूषकनिर्ह्रादैः श्लाघनीयस्तदा भवेः ॥ ६५ ॥

"હે[2] કોયલ! મલિન, નીચ, અને કાનને દુઃખ ઉત્પન્ન કરનાર શબ્દવાળા કાગડાના કુલ

---

૧ "ऊर्ध्वं प्राणा ह्युत्क्रामन्ति यूनः स्थविर आगते। प्रत्युत्थानाभिवादाभ्यां पुनस्तान्प्रतिपद्यते ॥" વૃદ્ધ પુરુષને આવતો જોઈને જુવાન (ને મોટાને આવતો જોઈને નાના)ના પ્રાણ ઊંચા ચઢે છે; પણ તે વૃદ્ધને ઉભા થઈ નમન કરવાથી પાછા પ્રાણ પોતાના સ્થાનમાં જાય છે. એ શાસ્ત્રવચનને અનુસરીને રાજા ઉભો થયો કેમકે ભટ્ટપાદ વિદ્યાવૃદ્ધ હતા.

૨ રાજાને ઉદ્દેશીને કહેવાની વાણી કોયલ પ્રત્યે કહી છે, તથા અનેક અર્થવાળા શબ્દોની રચના કરી છે, માટે શ્લેષમૂલક ગૂઢોક્તિ અલંકાર. "गूढोक्तिरन्योद्देश्यं चेद्यदन्यं प्रति कथ्यते" તથા "नानार्थसंश्रयः श्लेषो वर्ण्यावर्ण्योभयास्पदः" બીજાને ઉદ્દેશીને કહેલી વાણી જ્યારે કોઈ બીજાને જ લાગુ પડતી હોય તેમ કહેવું તે ગૂઢોક્તિ અલંકાર. તથા વર્ણ્ય તથા અવર્ણ્ય બંનેને લાગુ પડે એવા વિવિધ અર્થવાળા શબ્દોની રચના કરવી તેનું નામ શ્લેષાલંકાર.—કુવલયાનંદ કા. ૧૫૩—૧૩.

સાથે જો તારો સમાગમ ન હોય-તેવા કાગડાઓના ટોળામાં તું ન ભરાઈ બેઠી હોય તો તું વખાણવાયોગ્ય થાય." એ વચનો રાજાને એવી રીતે લાગુ પડ્યાં કે,-મલિન (શરીરવાળા અને મનવાળા), નીચ (નાસ્તિક), અને શ્રુતિ (વેદ)ને દૂષણ પમાડનાર જેમના શબ્દ છે, એવા કાગડાના ટોળાસરખા આ સભામાં ભરાયલા બૌદ્ધો સાથે જો તારો સંગ ન હોય તો તું વખાણવાયોગ્ય થાય. ૬૫.

षडभिज्ञा निशम्येमां वाचं तात्पर्यगर्भिताम् ।
नितरां चरणस्पृष्टा भुजङ्गा इव चुक्रुधुः ॥ ६६ ॥

બૌદ્ધો એવી ગર્ભિત તાત્પર્યવાળી આ વાણી સાંભળીને પગવડે સ્પર્શ કરેલા સર્પની પેઠે અત્યંત કોપાયમાન થયા. ૬૬.

छित्त्वा युक्तिकुठारेण बुद्धसिद्धान्तशाखिनम् ।
स तद्ग्रन्थेन्धनैश्चीर्णैः क्रोधज्वालामवर्धयत् ॥ ६७ ॥

પછી ભટ્ટપાદે બુદ્ધ સિદ્ધાંતરૂપી વૃક્ષને યુક્તિરૂપી કોવાડાવડે કાપી નાખ્યો; અને તે બૌદ્ધોના ગ્રંથરૂપી બળતણને એકઠું કરીને તેમના ક્રોધરૂપી અગ્નિની જ્વાલાની વૃદ્ધિ કરી. તાત્પર્ય કે યુક્તિવડે બુદ્ધે કરેલો સિદ્ધાંત ખોટો ઠરાવ્યો તથા તેનાં પ્રમાણ તેમના જ ગ્રંથોમાંથી આપ્યાં એટલે બૌદ્ધોને પ્રથમ ઉપજેલો ક્રોધ અતિશય વૃદ્ધિ પામ્યો. ૬૭.

सा सभा वदनैस्तेषां रोषपाटलकान्तिभिः ।
बभौ बालातपाताम्रैः सरसीव सरोरुहैः ॥ ६८ ॥

જેમ પ્રાતઃકાલના સૂર્યના તડકાથી કાંઈક રાતાં કમલોવડે તલાવડી શોભે તેમ ક્રોધવડે રાતાં તથા શ્વેત (કાબરચીતરાં) તે બૌદ્ધોનાં મુખવડે તે સભા શોભવા લાગી. સારાંશ કે બધાય બૌદ્ધોનાં મુખ ક્રોધથી રાતાંચોળ થઈ ગયાં હતાં તથા તેમ થવાનું કારણ ભટ્ટપાદ તેમનામાં પ્રાતઃકાલના સૂર્યજેવા શોભતા હતા. ૬૮.

उपन्यस्यत्सु साक्षेपं खण्डयत्सु परस्परम् ।
तेषूदतिष्ठन्निर्घोषो भिन्दन्निव रसातलम् ॥ ६९ ॥

ભટ્ટપાદ અને બૌદ્ધો એક બીજાના ઉપર આક્ષેપ આણીને પોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન કરતા હતા તથા પરસ્પરનાં વચનોનું ખંડન કરતા હતા, તે વખતે તેઓની વચ્ચે જાણે રસાતલને ફોડીને બાહાર નીકળતી હોય તેવી ગર્જના થઈ રહી. ૬૯.

अधः पेतुर्बुधेन्द्रेण क्षताः पक्षेषु तत्क्षणम् ।
व्यूढकर्कशतर्केण तथा गतधराधराः ॥ ७० ॥

[1]જેમ દેવતાઓના ઇંદ્રે વિસ્તારવાળા અને કઠણ વજ્રવડે પાંખોમાં ક્ષત કરવા (મારવા)થી પર્વતો તત્કાલ નીચે પડ્યા હતા, તેમ પંડિતોના ઇંદ્ર (રાજા) ભટ્ટપાદે વિન્યાસ્ત કરેલા (પ્રમાણમાં યુક્તિપુરઃસર ગોઠવેલા) અને દૃઢ તર્કવડે પક્ષમાં ખંડિત કરેલા બૌદ્ધો પણ નીચે પડ્યા. તાત્પર્ય કે ભટ્ટપાદે પોતાના પ્રબલ તર્કવાદથી બૌદ્ધોનો પક્ષ ઉડાવી દેઈને તેમને નીચા પાડ્યા-હરાવ્યા. ૭૦.

---

૧ પર્વતને પાંખો હતી અને તે આકાશમાં ઉડતા હતા. તેમની પાંખો ઇંદ્રે વજ્રવડે કાપી નાખી છે; માત્ર હિમાલયનો પુત્ર મૈનાક સમુદ્રમાં સંતાઈ જવાથી બચ્યો છે, એવી પુરાણમાં કથા છે.

स सर्वज्ञपदं विज्ञोऽसहमान इव द्विषाम् ।
चकार चित्रविन्यस्तानेतान्मौनविभूषितान् ॥ ७१ ॥

બુદ્ધનું [1]સર્વજ્ઞ એવું નામ છે, તે વિષે કહે છે કે,—પોતાના શત્રુ બૌદ્ધોના સર્વજ્ઞ પદનું જાણે તે વિશેષજ્ઞ ભટ્ટપાદ સહન ન કરી શકતા હોય તેમ તે સર્વે બૌદ્ધોને ચિત્રામણમાં ચીતર્યા હોય તેમ મૌનવડે અલંકૃત કર્યા. તાત્પર્ય કે બૌદ્ધો વાદમાં એવા સજડ થઇ ગયા કે તેમને ઉત્તર આપવાનું ન સૂઝવાથી છાનામાના બોલ્યાવિના બેશી રહ્યા. ૭૧.

ततः प्रक्षीणदर्पेषु बौद्धेषु वसुधाधिपम् ।
बोधयन्बहुधा वेदवचांसि प्रशशंस सः ॥ ७२ ॥

પછી એપ્રમાણે બૌદ્ધોનો ગર્વ નાશ થયો એટલે ભટ્ટપાદે રાજાને બોધ કરવા માંડ્યો તથા અનેક પ્રકારે વેદનાં વચનોની પ્રશંસા કરવા માંડી. ૭૨.

बभाषेऽथ धराधीशो विद्यायत्तौ जयाजयौ ।
यः पतित्वा गिरेः शृङ्गादव्ययस्तन्मतं ध्रुवम् ॥ ७३ ॥

હવે સુધન્વા રાજા બોલ્યો કે,—"વાદમાં હારવું કે જીતવું તે વિદ્યાને આધીન છે. જેનામાં વધારે વિદ્યા હોય તે જય પામે અને ઓછી વિદ્યાવાળો પરાજય પામે, એવો નિયમ છે; માટે એ ઉપરથી તત્ત્વનિર્ણય થઈ શકતો નથી. પણ જે પર્વતના શિખર ઉપરથી નીચે પડીને નાશ ન પામે તેનું મત સાચું અને જે નાશ પામે તેનું મત ખોટું." ૭૩.

तदाकर्ण्य मुखान्यन्ये परस्परमलोकयन् ।
द्विजाग्र्यस्तु स्मरन्वेदानारुरोह गिरेः शिरः ॥ ७४ ॥

રાજાનું એવું વચન સાંભળીને સર્વે બૌદ્ધો એક બીજાના મુખ સામું જોવા લાગ્યા; પણ બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ ભટ્ટપાદ તો પોતાના રક્ષણને અર્થે [2]વેદોનું સ્મરણ કરીને પર્વતના શિખર ઉપર ચઢ્યા. ૭૪.

यदि वेदाः प्रमाणं स्युर्भूयात्काचिन्न मे क्षतिः ।
इति घोषयता तस्मान्न्यपाति सुमहात्मना ॥ ७५ ॥

પર્વતના શિખર ઉપર ચઢીને ભટ્ટપાદ બોલ્યા કે,—"જો વેદો પ્રમાણ હોય તો મને કાંઈપણ આંચ આવશે નહિ." એ પ્રમાણે બોલવાની સાથે તે અતિમહાત્મા પુરુષે પર્વતના શિખર ઉપરથી પડતું મેલ્યું. ૭૫.

किमु दौहित्रदत्तेऽपि पुण्ये विलयमाश्रिते ।
ययातिश्च्यवते स्वर्गात्पुनरित्यूचिरे जनाः ॥ ७६ ॥

[3]ભટ્ટપાદને પડતા જોઈને લોકો કહેવા લાગ્યા કે 'આતે શું પોતાના દૌહિત્ર અષ્ટકાદિએ આપેલા પુણ્યનો ક્ષય થવાથી યયાતિ રાજા ફરીને પાછો સ્વર્ગમાંથી પડે છે કે કેમ!!' ૭૬.

---

૧ "सर्वज्ञः सुगतो बुद्धो" इ०—અમરકોશ, પ્રથમ કાંડ, સ્વર્ગ વર્ગ, શ્લોક ૧૩.

૨ વેદનું સ્મરણ કરવાનું કારણ એ કે ભટ્ટપાદ વેદને સ્વતઃપ્રમાણ માનતા હતા; તથા તેમાં કહેલાં કર્મ કરવાથી મુક્તિ થાય છે, એમ તેમનું મત હતું.

૩ ભટ્ટપાદના પતનની યયાતિના પતનરૂપે સંભાવના અહિં કરેલી છે, માટે ઉત્પ્રેક્ષાલંકાર. "भवेत्संभावनोत्प्रेक्षा प्रकृतस्य परात्मना" પ્રસ્તુતની અપ્રસ્તુતરૂપે સંભાવના કરવી તે ઉત્પ્રેક્ષાલંકાર-સાહિત્યદર્પણ કારિકા ૬૮૬.

अपि लोकगुरुः शैलात्तूलपिण्ड इवापतत् ।
श्रुतिरात्मशरण्यानां व्यसनं नोच्छिनत्ति किम् ॥ ७७ ॥

તે (**ભટ્ટ**પાદ) લોકમાં ગુરુ (આચાર્ય-ભારે) છતાં પણ જાણે રૂનો ગોળો હોય તેમ પર્વત ઉપરથી પડ્યા. (રૂનો ગોળો હલકો હોવાથી પૃથ્વીઉપર પડતાં તેને કશી ઈજા થતી નથી, તેમ **ભટ્ટ**પાદને પણ પૃથ્વીઉપર પડતાં કશી ઇજા થઈ નહિ એમ કહેવાનું તાત્પર્ય છે.) જે પોતાને શરણે આવે તેમનાં દુઃખનો વેદ શું નાશ નથી કરતા? કરે જ છે. ૭૭.

श्रुत्वा तदद्भुतं कर्म द्विजा दिग्भ्यः समाययुः ।
घनघोषमिवाऽऽकर्ण्य निकुञ्जेभ्यः शिखावलाः ॥ ७८ ॥

જેમ મેઘની ગર્જના સાંભળીને વૃક્ષવેલીઓના કુંજમાંથી મોર નીકળીને બાહાર આવે તેમ **ભટ્ટ**પાદનું એ અદ્ભુત કર્મ સાંભળીને સર્વ દિશાઓમાંથી બ્રાહ્મણો ત્યાં આવવા લાગ્યા. ૭૮.

दृष्ट्वा तमक्षतं राजा श्रद्धां श्रुतिषु संदधे ।
निनिन्द बहुधाऽऽत्मानं खलसंसर्गदूषितम् ॥ ७९ ॥

રાજાએ **ભટ્ટ**પાદને [1]કાંઈપણ થયું નથી તે જોઈને વેદ ઉપર શ્રદ્ધા ધારણ કરી; અને દુર્જન **બૌદ્ધો**ના સંબંધવડે પોતે દૂષિત થયો માટે પોતાની બહુ નિંદા કરી. ૭૯.

सौगतास्त्वब्रुवन्नेदं प्रमाणं मतनिर्णये ।
मणिमन्त्रौषधैरेवं देहरक्षा भवेदिति ॥ ८० ॥

તે જોઇને **બૌદ્ધો** બોલ્યા કે "પર્વત ઉપરથી પડીને અક્ષત રહેવું એ કાંઈ મતનો નિર્ણય કરવામાં પ્રમાણરૂપ ગણાય નહિ; અર્થાત્ એટલા ઉપરથી જ "વેદ પ્રમાણ છે" એવું **ભટ્ટ**પાદનું મત સત્ય છે એમ માનવું સપ્રમાણ નથી; કેમકે મણિ, મંત્ર અથવા ઔષધના યોગથી પણ એ રીતે દેહનું તો રક્ષણ થઈ શકે છે." ૮૦.

दुर्विधैरन्यथा नीते प्रत्यक्षेऽर्थेऽपि पार्थिवः ।
भृकुटीभीकरमुखः सन्धामुग्रतरां व्यधात् ॥ ८१ ॥

આ પ્રત્યક્ષ અર્થ પણ દુર્જન **બૌદ્ધો**એ ફેરવી નાંખ્યો—પ્રત્યક્ષ દેખાડેલા પ્રમાણનો અર્થ પણ ઉલટો કર્યો તેથી (રાજાને) ક્રોધ ઉત્પન્ન થયો અને ચઢાવેલી ભૃકુટીથી ભયંકર જેનું મુખ થયું છે એવા તે રાજાએ એથી પણ વિશેષ ઉગ્ર પ્રતિજ્ઞા કરી. ૮૧.

पृच्छामि भवतः किंचिद्वक्तुं न प्रभवन्ति ये ।
यन्त्रोपलेषु सर्वांस्तान्घातयिष्याम्यसंशयम् ॥ ८२ ॥

તે પ્રતિજ્ઞા આ પ્રમાણે;—રાજાએ કહ્યું કે "હું તમને કાંઇકિ પ્રશ્ન કરૂંછું; તેનું ઉત્તર કરવાને જે સમર્થ નહિ થાય તે સર્વનો પથ્થરના મોટા ઘંટમાં ઘાલીને હું નાશ કરાવીશ, એમાં સંદેહ રાખવો નહિ." ૮૨.

इति संश्रुत्य गोत्रेशो घटमाशीविषान्वितम् ।
आनीयात्र किमस्तीति पप्रच्छ द्विजसौगतान् ॥ ८३ ॥

---

[1] કહે છે કે, પડતી વખતે ભટ્ટપાદે 'જો વેદ પ્રમાણ હોય તો' એમ સંદિગ્ધ વચન ઉચ્ચાર્યું હતું માટે તેમની એક આંખ ફુટી હતી.

એપ્રમાણે પ્રતિજ્ઞા કરીને તે પૃથ્વીપતિએ જેમાં સાપ પૂરીને તેનું મુખ બંધ કર્યું હતું એવો ઘડો મંગાવ્યો; અને બ્રાહ્મણ તથા બૌદ્ધોને પૂછ્યું કે 'આ ઘડામાં શું છે તે કહો.' ૮૩.

वक्ष्यामहे वयं भूप श्वः प्रभातेऽस्य निर्णयम्।
इति प्रसाद्य राजानं जग्मुर्भूसुरसौगताः ॥ ८४ ॥

તે સાંભળીને બ્રાહ્મણ તથા બૌદ્ધોએ રાજાને કહ્યું કે "હે રાજન્! કાલે સવારે એ ઘડામાં શું છે તેનો નિર્ણય અમે તમને કહીશું." એપ્રમાણે રાજાને પ્રસન્ન કરીને તેઓ પોતપોતાને સ્થાનકે ગયા. ૮૪.

पद्मा इव तपस्तेपुः कण्ठद्वयसपाथसि।
द्युमणिं प्रति भूदेवाः सोऽपि प्रादुरभूत्ततः ॥ ८५ ॥

પછી પાણીમાં જેમ કમળ સૂર્યને ઇચ્છીને તપ કરે છે, તેમ તે બ્રાહ્મણોએ પણ ગળા-સુધી પાણીમાં જઈને સૂર્યને પ્રસન્ન કરવાની ઇચ્છાથી તપ કરવા માંડ્યું અને સૂર્યે પણ તેમને પ્રકટ થઈને દર્શન આપ્યું. ૮૫.

संदिश्य वचनीयांशमादित्येऽन्तर्हिते द्विजाः।
आजग्मुरपि निश्चित्य सौगताः कलशस्थितम् ॥ ८६ ॥

"ઘડામાં શેષશાયી વિષ્ણુ છે" એ પ્રમાણે કહેવાના અંશનો ઉપદેશ કરીને સૂર્ય અંતર્દ્ધાન થયા એટલે બ્રાહ્મણો રાજાની સભામાં ગયા; તથા ઘડામાં શું છે તેનો [1]નિશ્ચય કરીને બૌદ્ધો પણ ત્યાં આવ્યા. ૮૬.

ततस्ते सौगताः सर्वे भुजङ्गोऽस्तीत्यवादिषुः।
भोगीशभोगशयनो भगवानिति भूसुराः ॥ ८७ ॥

રાજસભામાં ગયા પછી સર્વે બૌદ્ધો એમ કહેવા લાગ્યા કે 'એ ઘડામાં સર્પ છે.' બ્રાહ્મણોએ કહ્યું 'નાગના રાજા શેષના શરીર ઉપર શયન કરનારા વિષ્ણુ એમાં છે.' ૮૭.

श्रुतभूसुरवाक्यस्य वदनं पृथिवीपतेः।
कासारशोषणम्लानसारसश्रियमाददे ॥ ८८ ॥

બ્રાહ્મણોનું વાક્ય સાંભળીને તે રાજાના મુખે, સરોવર સૂકાઈ જવાથી કરમાઈ ગયેલા કમલની શોભાને ધારણ કરી–કરમાઈ ગયેલા કમલની પેઠે મુખ કરમાઈ ગયું. સારાંશ કે પોતે બૌદ્ધોને ધિક્કારી કાઢ્યા પછી અને બ્રાહ્મણોના વેદધર્મ ઉપર શ્રદ્ધા ધારણ કર્યા પછી પોતાના મનમાં જેમનું વચન સત્ય પડશે એમ દૃઢ હતું તેમનું જ વચન અસત્ય પડવાનો સમય આવ્યો તે જોઈ રાજાનું મુખ કરમાઈ ગયું; કેમકે ઘડામાં સાપ પૂરેલો છે એનો રાજાને નિશ્ચય જ હતો. ૮૮.

अथ प्रोवाच दिव्या वाक्सम्राजमशरीरिणी।
तुदन्ती संशयं तस्य सर्वेषामपि शृण्वताम् ॥ ८९ ॥

---

૧ બ્રાહ્મણોએ ઘડામાંની વસ્તુનો નિશ્ચય દેવતાના આરાધનવડે કર્યો હતો એમ ગ્રંથમાં બતાવ્યું છે; પણ પ્રતિપક્ષીઓએ શી રીતે નીર્ણય કર્યો તે બતાવ્યું નથી. એ ઉપરથી એમ સમજાવવાનો આશય છે કે કોઈ લૌકિક યુક્તિ-પ્રયુક્તિથી ઘડામાંની વસ્તુ સર્પ છે એમ બૌદ્ધોએ જાણી લીધું હતું.

રાજાનું મુખ કરમાઈ ગયું તે પછી સર્વે સાંભળતાં છતાં રાજાના મનનો સંશય નાશ કરનારી આકાશમાંથી દેવવાણી થઈ; અને તેણે રાજાને કહ્યું કે-૮૯.

सत्यमेव महाराज ब्राह्मणा यद्बभाषिरे ।
मा कृथाः संशयं तत्र भव सत्यप्रतिश्रवः ॥ ९० ॥

"હે મહારાજ! બ્રાહ્મણોએ જે કહ્યું છે તે સાચું જ છે. તેમના વચનમાં સંશય કરીશ નહિ; અને તું પોતાની પ્રતિજ્ઞા પાળીને સત્ય પ્રતિજ્ઞાવાળો થા." તાત્પર્ય કે જેઓ જૂઠા પડે તેમનો નાશ કર. ૯૦.

श्रुत्वाऽशरीरिणीं वाणीं ददर्श वसुधाधिपः ।
मूर्तिं मधुद्विषः कुम्भे सुधामिव सुराधिपः ॥ ९१ ॥

દેવવાણી સાંભળીને રાજાએ ઘડામાં જોયું તો જેમ દેવના રાજા ઇંદ્રે ઘડામાં અમૃત જોયું હતું તેપ્રમાણે વિષ્ણુની મૂર્તિ રાજાએ તેમાં જોઈ. સારાંશ કે અમૃત જોઈને જેમ ઇંદ્ર પ્રસન્ન થાય તેમ વિષ્ણુની મૂર્તિ જોઈને પોતાનું ઇષ્ટ સંપાદન થવાથી તે રાજા પણ પ્રસન્ન થયો. ૯૧.

निरस्ताखिलसंदेहो विन्यस्तेतरदर्शनात् ।
व्यधादाज्ञां ततो राजा वधाय श्रुतिविद्विषाम् ॥ ९२ ॥

રાજાએ પોતે જે ઘડામાં મૂકેલું હતું તેનાથી બીજું (વિષ્ણુરૂપ) તેમાં જોવાથી રાજાના સમગ્ર સંશય નાશ પામ્યા; અને પછી તેણે વેદનો દ્વેષ કરનારા બૌદ્ધોનો વધ કરવાની આજ્ઞા પોતાના સેવકોને કરી. ૯૨.

आ सेतोरा तुषाराद्रेर्बौद्धानावृद्धबालकम् ।
न हन्ति यः स हन्तव्यो भृत्यानित्यन्वशान्नृपः ॥ ९३ ॥

રાજાએ સેવકોને એવી આજ્ઞા કરી કે 'દક્ષિણમાં રામના સેતુ (સેતુબંધ રામેશ્વર) પર્યંત અને ઉત્તરમાં હિમાલય પર્વતપર્યંત બાલકથી તે વૃદ્ધલગી સમગ્ર બૌદ્ધોને જે મારો સેવક હણે નહિ, તેને મારે હણવો.' (માટે ભરતખંડમાંથી બૌદ્ધોનો સમૂલ નાશ કરવો એવી મારી દૃઢ આજ્ઞા છે.) ૯૩.

કોઈ કહેશે કે એક વખત જેમને પોતાના ગુરુ કરીને માન્યા હતા એવા ઇષ્ટજન બૌદ્ધોનો નાશ કરવાની રાજાએ કેમ આજ્ઞા કરી હશે? એ સંદેહ થતો હોય તો—

इष्टोऽपि दृष्टदोषश्चेद्वध्य एव महात्मनाम् ।
जननीमपि किं साक्षान्नावधीद्भृगुनन्दनः ॥ ९४ ॥

[1]પોતાનો ઇષ્ટજન છતાં જો તેનામાં દોષ જોવામાં આવે તો મોટા પુરુષે તેનો વધ કરવો જ જોઈએ; પિતાની આજ્ઞાથી પરશુરામે પોતાની માતાનો પણ વધ શું નહોતો કર્યો? કર્યો જ હતો. માટે દોષપાત્ર બૌદ્ધોનો નાશ કરવાની રાજાએ આજ્ઞા કરી તે યથાવત્ હતી. ૯૪.

૧ આ જગોએ પૂર્વે કહેલી બૌદ્ધોનો વધ કરવાની આજ્ઞારૂપ વિશેષનું સમર્થન કરવાને પ્રથમ સામાન્ય ઉક્તિ કહીને પછી પરશુરામસંબંધી વિશેષ ઉક્તિથી તેનું સમર્થન કર્યું છે, માટે વિકસ્વરાલંકાર. "**यस्मिन्विशेषसामान्यविशेषाः स विकस्वरः**" જ્યાં કોઈ વિશેષ ઉક્તિનું સમર્થન કરવા માટે પ્રથમ સમાન્ય ઉક્તિ કહીને પછી વિશેષ ઉક્તિથી તેનું સમર્થન કર્યું હોય ત્યાં વિકસ્વરાલંકાર—કુવલયાનંદ કા. ૧૨૩.

स्कन्दानुसारिराजेन जैना धर्मद्विषो हताः ।
योगीन्द्रेणेव योगघ्ना विघ्नास्तत्त्वावलम्बिना ॥ ९५ ॥

એપ્રમાણે વેદનો દ્વેષ કરનારા બૌદ્ધોનો નાશ કર્યા પછી વેદનો દ્વેષ કરનારા જૈનોનો પણ નાશ કર્યો, તે વિષે કહે છે કે,—તત્ત્વનું અવલંબન કરનારો કોઈ યોગીંદ્ર યોગનો નાશ કરનારાં વ્યાધિ, સ્ત્યાન, આદિક [1]વિઘ્નોનો જેમ નાશ કરે તેમ, ભટ્ટપાદને અનુસરનારા સુધન્વા રાજાએ વેદધર્મનો દ્વેષ કરનારા જૈનોને પણ હણ્યા. ૯૫.

हतेषु तेषु दुष्टेषु परितस्तारकोविदः ।
श्रौतवर्त्म तमिस्रेषु नष्टेष्विव रविर्महः ॥ ९६ ॥

જેમ અંધકાર નાશ થયાપછી સૂર્ય પોતાના તેજને વિસ્તારે છે તેમ, દુષ્ટ બૌદ્ધોનો નાશ થયો એટલે પંડિત ભટ્ટપાદે વેદમાર્ગનો પ્રસાર કરવા માંડ્યો. ૯૬.

कुमारिलमृगेन्द्रेण हतेषु जिनहस्तिषु ।
निष्प्रत्यूहमवर्धन्त श्रुतिशाखाः समन्ततः ॥ ९७ ॥

કુમારિલ—ભટ્ટપાદરૂપી સિંહે જૈનરૂપી હાથીઓને હણ્યા એટલે પછી કાંઈપણ અટકાવવિના વેદની શાખાઓ ચારે પાસે વૃદ્ધિ પામવા લાગી. ૯૭.

[2]प्रागित्थं ज्वलनभुवा प्रवर्तितेऽस्मिन्कर्माध्वन्यखिलविदा कुमारिलेन ।
उद्धर्तुं भुवनमिदं भवाब्धिमग्नं कारुण्याम्बुनिधिरियेष चन्द्रचूडः ॥ ९८ ॥

અગ્નિમાંથી ઉત્પન્ન થયેલા સ્વામિ કાર્તિકના અંશાવતાર ભટ્ટપાદે એપ્રમાણે પ્રથમ આ કર્મમાર્ગની પ્રવૃત્તિ કરી એટલે તે પછી સંસાર (જન્મ-મરણ) રૂપી સમુદ્રમાં ડુબેલા આ જગતનો અદ્વૈત શાસ્ત્રરૂપી નાવવડે ઉદ્ધાર કરવાની ચંદ્રશેખર—મહાદેવે ઇચ્છા કરી. ૯૮.

इति श्रीमाधवीये तदुपोद्घातकथापरः ।
संक्षेपशङ्करजये सर्गोऽयं प्रथमोऽभवत् ॥ १ ॥

એપ્રમાણે શ્રીમાધવાચાર્યવિરચિત સંક્ષેપશંકરજયમાં ગ્રંથના ઉપોદ્ઘાતવિષે આ સુંદર પ્રથમ સર્ગ સમાપ્ત થયો. ૧.

---

૧ યોગશાસ્ત્રમાં યોગનાશક નવ અંતરાય કહેલા છે. "व्याधिस्त्यानसंशयप्रमादालस्याऽविरतिभ्रान्तिदर्शनाऽलब्धभूमिकत्वाऽनवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः ॥"—વ્યાધિ, સ્ત્યાન, (જડતા), સંશય, પ્રમાદ, આલસ્ય, અવિરતિ, ભ્રાન્તિદર્શન, અલબ્ધ ભૂમિકત્વ, અને અનવસ્થિતત્વ એ ચિત્તવિક્ષેપક નવ અંતરાય છે.—પાતંજલ યોગદર્શન, સમાધિપાદ સૂત્ર ૩૦.

૨ પ્રહર્ષિણીવૃત્ત. "म्नौज्रौगस्त्रिदशयतिः प्रहर्षणीयम्" મ ન જ ર ગ એમ તેર અક્ષર તથા ત્રણ અને દસ અક્ષરે જ્યાં વિરામ હોય તે પ્રહર્ષિણીવૃત્ત. —વૃત્તરત્નાકર.

अथ द्वितीयः सर्गः ।

ततो[1] महेशः किल केरलेषु श्रीमद्वृषाद्रौ करुणासमुद्रः ।
पूर्णानदीपुण्यतटे स्वयंभूलिङ्गात्मनाऽनङ्गधगाविरासीत् ॥ १ ॥

ગયા સર્ગમાં કહ્યાપ્રમાણે કર્મમાર્ગની પ્રવૃત્તિ થયા પછી કરુણાના સમુદ્રરૂપ અને કામને દહન કરનારા મહેશ્વર કેરલ દેશમાં શ્રીમાન્ વૃષાદ્રી પર્વત ઉપર પૂર્ણા નદીને પવિત્ર કિનારે સ્વયંભૂ (જ્યોતિર્) લિંગરૂપે પ્રકટ થયા. ૧.

तच्चोदि[2]तः कश्चन राजशेखरः स्वप्ने मुहुर्दृष्टतदीयवैभवः ।
प्रासादमेकं परिकल्प्य सुप्रभं प्रावर्तयत्तस्य समर्हणं विभोः ॥ २ ॥

તે શંકરની પ્રેરણાથી કોઈક રાજશેખર નામે રાજા, જેણે શંકરનો વૈભવ સ્વપ્નમાં વારંવાર જોયો હતો તેણે એક દેદીપ્યમાન દેવાલય તે જગાએ બંધાવ્યું તથા તે શિવલિંગનું–શંકરનું પૂજન પ્રવર્તાવ્યું. (પૂજન થયાં કરે એવી ગોઠવણ તે દેવાલય નિમિત્ત કાંઈ ભૂમિ અર્પણ કરીને કરી, એવો ભાવ છે). ૨.

तस्येश्वरस्य प्रणतार्तिहर्तुः प्रसादतः प्राप्तनिरीतिभावः ।
कश्चित्तदभ्याशगतोग्रहारः कालट्यभिख्योऽस्ति महान्मनोज्ञः ॥ ३ ॥

તે દેવાલયની સમીપમાં, શરણે આવેલાની પીડાને હરણ કરનાર તે શંકરની કૃપાથી અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, આદિક [3](ઈતિઓથી) બાધાઓથી રહિત, એક સુંદર અને મોટો કાલટિ નામે [4]અગ્રહાર હતો. ૩.

कश्चिद्विपश्चिदिह निश्चलधीर्विरेजे विद्याधिराज इति विश्रुतनामधेयः ।
रुद्रो वृषाद्रिनिलयोऽवतरीतुकामो यत्पुत्रमात्मपितरं समरोचयत्सः ॥ ४ ॥

આ કાલટિ નામે અગ્રહારમાં નિશ્ચલ બુદ્ધિવાળો કોઈએક પંડિત શોભતો હતો; તથા 'વિદ્યાધિરાજ' એપ્રમાણે તેનું નામ પ્રખ્યાતિ પામેલું હતું. અવતાર ધારણ કરવાની ઇચ્છાવાળા તે વૃષાદ્રિમાં સ્થાન કરીને રહેલા શંકરે તે પંડિતના પુત્રને પોતાનો પિતા કરવાની રુચી કરી. અર્થાત્ વિદ્યાધિરાજના પુત્રને ત્યાં પુત્ર થઈ અવતાર ધારણ કરવાની શ્રીશંકરે પોતે ઇચ્છા કરી. ૪.

વિદ્યાધિરાજના પુત્રને ત્યાં શંકરે અવતાર ધારણ કરવાની ઇચ્છા કરી માટે તેટલી તેની યોગ્યતા હોવી જોઈએ, તે જણાવવાને વિદ્યાધિરાજના પુત્રની ઉત્પત્તિ આદિક કહે છે કે,—

पुत्रो[6]ऽभवत्तस्य पुरात्तपुण्यैः सुब्रह्मतेजाः शिवगुर्वभिख्यः ।
ज्ञाने शिवो यो वचने गुरुस्तस्यान्वर्थनामाऽकृत लब्धवर्णः ॥ ५ ॥

તે વિદ્યાધિરાજને પૂર્વજન્મે પ્રાપ્ત કરેલાં પુણ્યવડે અતિશય બ્રહ્મતેજવાળો એક શિવગુરુ નામે પુત્ર થયો. તે જ્ઞાનમાં શિવના સરખો હતો તથા વાણીમાં ગુરુ (બૃહસ્પતિ)ના સરખો હતો માટે તેના ડાહ્યા પિતાએ તેનું નામ જે શિવગુરુ પાડ્યું હતું તે તેના ગુણને યોગ્ય જ હતું. ૫.

---

૧. ઉપજાતિ: ૪ ચરણ, ૧૧ અક્ષર, કોઈમાં ઇંદ્રવજ્રા અને ઉપેંદ્રવજ્રાનું ચરણ હોય છે. ૨ ઇંદ્રવંશા. ૩ " **अतिवृष्टिरनावृष्टिर्मूषिकाः शलभाः शुकाः । अत्यासन्नाश्च राजानः षडेता ईतयः स्मृताः ॥** " અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ, શુક અને ઘણા સમીપમાં આવેલા રાજાઓ, એ છ ઈતિઓ (એક જાતની પીડાઓ) કહેવાય છે. શંકરની કૃપાથી કાલટિમાંથી તે નાશ પામ્યાં હતાં. ૪ બ્રાહ્મણોને બક્ષીસ આપેલી જમીન કે ગામને અગ્રહાર કહે છે.—વિશ્વકોશ પૃષ્ઠ ૮. ૫ વસંતતિલક. આના પ્રથમ ચરણમાં શ્ચ જોડાક્ષરની બહુવાર આવૃત્તિ કરી છે માટે વૃત્યનુપ્રાસાલંકાર. "**अनेकस्यैकधा**" इ०—સાહિત્યદર્પણ કા. ૬૩૫. ૬ ઇંદ્રવજ્રા: દરેક ચરણમાં ૧૧ અક્ષર, ત ત જ ગ ગ હોય છે.

એપ્રમાણે શિવગુરુનો જન્મ કહીને હવે તેનું ચરિત કહે છે કે,—

स ब्रह्मचारी गुरुगेहवासी तत्कार्यकारी विहितान्नभोजी ।
सायं प्रभातं च हुताशसेवी व्रतेन वेदं निजमध्यगीष्ट ॥ ६ ॥

તે શિવગુરુએ[1] પછી બ્રહ્મચર્ય ધારણ કરીને ગુરુને ઘેર નિવાસ કર્યો, તથા ગુરુના ઘરનાં કાર્ય, ગુરુની આજ્ઞાથી કરવા લાગ્યો. ભિક્ષા માંગી લાવીને તે ગુરુને નિવેદન કર્યા પછી ગુરુની આજ્ઞાથી તેનું ભોજન કરવા લાગ્યો. સાયંકાલે તથા પ્રભાતે અગ્નિમાં હોમ કરવા લાગ્યો, એપ્રમાણે બ્રહ્મચર્યાદિ નિયમ ધારણ કરીને પોતાના વેદનું તેણે અધ્યયન કર્યું. ૬.

[2]क्रियाद्यनुष्ठानफलोऽर्थबोधः स नोपजायेत विना विचारम् ।
अधीत्य वेदानथ तद्विचारं चकार दुर्बोधतरो हि वेदः ॥ ७ ॥

ક્રિયા આદિક અનુષ્ઠાન જેનું ફલ છે એવો અર્થબોધ, વિચારવિના થતો નથી; માટે શિવગુરુએ વેદ ભણીને પછી તેનો વિચાર (અર્થાદિકનો વિચાર) કર્યો. કેમકે વિચારવિના વેદના અર્થનો યથાર્થ બોધ થવો દુર્ઘટ છે. ૭.

[3]वेदेष्वधीतेषु विचारितेऽर्थे शिष्यानुरागी गुरुराह तं स ।
अपाठि मत्तः सषडङ्गवेदो व्यचारि कालो बहुरत्यगात्ते ॥ ८ ॥

શિવગુરુએ વેદનું અધ્યયન કર્યું અને અર્થનો પણ વિચાર કર્યો. ત્યારપછી શિષ્યના ઉપર પ્રીતિવાળા આચાર્યે તેને કહ્યું કે "છએ[4] અંગસહિત વેદ તું મારી પાસેથી ભણ્યો તથા તેનો વિચાર પણ કર્યો. અધ્યયન કરવામાં તારો કાલ બહુ વીતી ગયો છે. ૮.

[5]भक्तोऽपि गेहं व्रज संप्रति त्वं जनोऽपि ते दर्शनलालसः स्यात् ।
गत्वा कदाचित्स्वजनप्रमोदं विधेहि मा तात विलम्बयस्व ॥ ९ ॥

તારી મારા ઉપર યદ્યપિ ભક્તિ છે તથાપિ હમણાં તું પોતાને ઘેર જા; કેમકે કદાચિત્ તારાં સંબંધી મનુષ્યોને પણ તારા દર્શનની ઇચ્છા હશે; માટે ઘેર જઈને પોતાનાં સ્વજનને તું આનંદ આપ. હે [6]તાત! વિલંબ ન કર. ૯.

[7]विधातुमिष्टं यदिहापराह्णे विजानता तत्पुरुषेण पूर्वम् ।
विधेयमेवं यदिह श्व इष्टं कर्तुं तदद्येति विनिश्चितोऽर्थः ॥ १० ॥

કારણ કે આ ક્ષણભંગુર જગત્માં જે વસ્તુ પાછલે પહોરે કરવી જોઇતી હોય તે વસ્તુ, આયુષ્યને ક્ષણભંગુર જાણનારા પુરુષે પહેલે પહોરે કરવી ઘટે છે; અને એ જ પ્રમાણે જે કાલે કરવું જોઈતું હોય તે આજ કરવું ઘટે છે. એ વાત નિશ્ચય સમજવી ૧૦.

कालोप्तबीजादिह यादृशं स्यात्सस्यं न तादृग्विपरीतकालात् ।
तथा विवाहादि कृतं स्वकाले फलाय कल्पेत न चेद्वृथा स्यात् ॥ ११ ॥

વળી ખેતરમાં જેમ યોગ્ય કાલે વાવેલા બીજનું કર્ષણ (ધાન્યાદિ) જેવું થાય છે, તેવું કાલ

---

૧ શિવગુરુ યજુર્વેદીય તૈત્તિરીયશાખાના દ્રવિડ બ્રાહ્મણ હતા. યજુર્વેદ કોને કહે છે તે માટે કહ્યું છે કે, "मन्त्रब्राह्मणयोर्वेदस्त्रिगुणं यत्र पठ्यते । यजुर्वेदः स विज्ञेयो ह्यन्ये शाखान्तराः स्मृताः ॥"—જ્યાં મંત્ર અને બ્રાહ્મણનો ત્રણ વખત પાઠ થાય તે યજુર્વેદ જાણવો અને બાકીના બીજી શાખાના કહેવાય છે. ૨ ઉપેંદ્રવજ્રા. ૩ ઉપજાતિ. ૪ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ: એ વેદનાં છ અંગ છે. ૫ આખ્યાનકી. ૬ શિષ્ય પણ દિકરાજેવો હોવાથી હે તાત! એવું સંબોધન ઘટે છે. ૭ ઉપેંદ્રવજ્રા.

વિત્યા પછી—સમય બદલાઈ ગયા પછી વાવવાથી થતું નથી, તેમ જ યૌવનાદિક અવસ્થામાં—જ્યારે વિવાહનો યોગ્ય કાલ હોય છે ત્યારે વિવાહ કરવાથી તે પુત્રાદિક ફલ આપનારો થાય છે; પણ તે સમય વહી જવા દઈને વિવાહ કરવાથી તે વ્યર્થ થાય છે. ૧૧.

[1]आ जन्मनो गणयतो ननु तान्गताब्दान्माता पिता परिणयं तव कर्तुकामौ ।
पित्रोरियं प्रकृतिरेव पुरोपनीतिं यद्ध्यायतस्तनुभवस्य ततो विवाहम् ॥ १२ ॥

[2]તારું લગ્ન કરવાની ઇચ્છાવાળાં તારાં માતાપિતા તારો જન્મ થયો ત્યારથી તારાં ગતવર્ષ ગણ્યા કરે છે (કે ક્યારે મોટો થાય અને પરણાવીએ). માબાપનો એ સ્વભાવ જ છે કે પુત્રને પ્રથમ ઉપવીત આપવું અને તે પછી તેના વિવાહસંબંધી ચિંતવન કરવું ૧૨.

तत्तत्कुलीनपितरः स्पृहयन्ति कामं तत्तत्कुलीनपुरुषस्य विवाहकर्म ।
पिण्डप्रदातृपुरुषस्य ससन्ततित्वे पिण्डाविलोपमुपरि स्फुटमीक्षमाणाः ॥ १३ ॥

વળી તે તે કુલવાન પિતૃઓ તે તે કુલવાન પુરુષના વિવાહસંબંધી કર્મની યથેચ્છ (અત્યંત) સ્પૃહા કરે છે; તેનું કારણ એમ છે કે તે તે કુલવાન પિતૃઓ પોતાને પિંડ આપનાર પુરુષને સંતતિ હોવાથી આપણા પિંડનો આગળ ઉપર લોપ નહિ થાય એમ સ્પષ્ટ જુએ છે—ધારે છે ૧૩.

अर्थावबोधनफलो हि विचार एष तच्चापि चित्रबहुकर्मविधानहेतोः ।
अत्राधिकारमधिगच्छति सद्वितीयः कृत्वा विवाहमिति वेदविदां प्रवादः ॥ १४ ॥

એટલું જ નહિ, પણ ("**सहोभौ चरतां धर्मम् ।**") "સ્ત્રીપુરુષ બન્નેએ એકઠાં રહીને ધર્મનું આચરણ કરવું." ઇત્યાદિ વેદવચનથી કર્મવિધાનમાં સ્ત્રીસહિત પુરુષનો અધિકાર છે, માટે પણ વિવાહ કરવો આવશ્યક છે એવું પ્રતિપાદન કરતાં કહે છે કે,—વેદાધ્યયનના વિચારનું ફલ તેના અર્થનું પરિજ્ઞાન થવું એ છે; અર્થપરિજ્ઞાનનું ફલ નાના પ્રકારના અનેક યજ્ઞનાં કર્મ વિધિપૂર્વક કરવાં એ છે; અને વિવાહ કરીને સ્ત્રી પરણેલા, સ્ત્રીસહિત પુરુષને યજ્ઞકર્મમાં અધિકાર પ્રાપ્ત થાય છે, એમ વેદને જાણનારા આચાર્યોનું કહેવું છે; માટે લગ્ન કરવું આવશ્યક છે" ૧૪.

ગુરુનાં એવાં વચન સાંભળીને શિવગુરુ કહે છે કે,—

सत्यं गुरो न नियमोऽस्ति गुरोरधीतवेदो गृही भवति नान्यपदं प्रयाति ।
वैराग्यवान्व्रजति भिक्षुपदं विवेकी नोचेद्गृही भवति राजपदं तदेतत् ॥ १५ ॥

"હે ગુરો! આપ કહોછો [3]તે સત્ય છે; પણ ગુરુની પાસેથી વેદાધ્યયન કર્યા પછી શિષ્યે

૧ વસંતતિલક વૃત્ત. ૨ અહિં સામાન્ય તથા વિશેષ બંનેની ઉક્તિ હોવાથી **અર્થાંતરન્યાસાલંકાર.** "**उक्तिरर्थान्तरन्यासः स्यात्सामान्यविशेषयोः ।**"–જ્યાં સામાન્ય અને વિશેષ બંને ઉક્તિનું કથન કર્યું હોય તેને **અર્થાંતરન્યાસ** અલંકાર કહે છે."—કુવલયાનંદ, કારિકા ૧૨૧.

૩ બ્રહ્મચર્ય સમાપ્ત કરીને ગૃહસ્થાશ્રમી થવું જોઈએ તેના પ્રમાણમાં **શ્રુતિઓ** કહે છે કે—

"**ब्रह्मचर्यं समाप्य गृही भवेद्गृहाद्वनी भूत्वा प्रव्रजेत् । तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषन्ति । यज्ञेन दानेन तपसाऽनाशकेन । सह वा आत्मयाजी यो वेद । इदं मेऽनेनाङ्ग संस्क्रियत इदं मेऽनेनाङ्गमुपधीयते । विशुद्धसत्त्वस्तु तं पश्यति निष्कलं ध्यायमानः । जायमानो वै ब्राह्मणस्त्रिभिर्ऋणैर्ऋणवान् ।**"

વળી **સ્મૃતિ**માં પણ કહ્યું છે કે,

"**महायज्ञैश्च यज्ञैश्च ब्राह्मीयं क्रियते तनुः ।**" **यस्यैतेऽष्टाचत्वारिंशत्संस्काराः ।**
ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत् । ज्ञानमुत्पद्यते पुंसां क्षयात्पापस्य कर्मणः ॥"

બ્રહ્મચર્ય સમાપ્ત કરીને ગૃહસ્થાશ્રમી થવું; ગૃહસ્થથી વાનપ્રસ્થ અને તે પછી સંન્યસ્ત ધારણ કરવું. તે પરમાત્માને વેદમાં કહેલા યજ્ઞ, દાન અને તપ જે પાપકર્મનો ક્ષય કરનારાં છે તેવડે બ્રાહ્મણો જાણવાને ઇચ્છે છે. જે એમ જાણે છે કે એનાવડે મારું અંગ સંસ્કારયુક્ત થાય છે અને એનાવડે મારા અંગનું ધારણ થાય છે તેને આત્મયાજી જાણવો. એ રીતે શુદ્ધ સત્ત્વવાળો થયેલો પુરુષ તે

ગૃહસ્થાશ્રમી થવું જ જોઈએ અને બીજા કોઈ આશ્રમમાં જવું ન જ જોઈએ એવો કાંઈ નિયમ નથી. [1]વિવેક, વૈરાગ્ય આદિક સાધન ચતુષ્ટય સંપન્ન પુરુષ હોય તો [2]બ્રહ્મચર્ય આશ્રમમાંથી સંન્યસ્તાશ્રમમાં જાય છે અને વિવેકાદિ સાધનથી સંપન્ન ન હોય તો ગૃહસ્થાશ્રમી થાય છે, એ રાજમાર્ગ છે. ૧૫.

१.१२ **श्रीनैष्ठिकाश्रममहं परिगृह्य यावज्जीवं वसामि तव पार्श्वगतश्चिरायुः ।**
दण्डाजिनी सविनयो बुध जुह्वदग्नौ वेदं पठन्पठितविस्मृतिहानिमिच्छन् ॥ १६ ॥

માટે હે સર્વજ્ઞ! [3]નૈષ્ઠિક બ્રહ્મચર્ય ધારણ કરીને લાંબા આયુષ્યવાળો હું દંડ અને મૃગચર્મ ધારણ કરીને, વિનયથી આચરણ કરીને તથા સાંજ સવાર અગ્નિમાં હોમ કરીને જીવતાંસુધી તમારી પાસે રહીશ અને વેદ ભણીશ તથા ભણેલા વેદની વિસ્મૃતિ ન થાય તેમ કરીશ. તાત્પર્ય કે તમારી પાસે નિરંતર રહેવાથી મારું વેદાધ્યયન નાશ નહિ પામે, પણ બ્રહ્મચર્યવડે મારા આયુષ્ય આદિકની વૃદ્ધિ થશે, માટે ગૃહસ્થાશ્રમ કરવો મને પ્રીતિકર નથી. ૧૬.

१.१३ **दारग्रहो भवति तावदयं सुखाय यावत्कृतोऽनुभवगोचरतां गतः स्यात् ।**
पश्चाच्छनैर्विरसतामुपयाति सोऽयं किं निह्नुषे त्वमनुभूतिपदं महात्मन् ॥ १७ ॥

હે ગુરો! આપ એમ કહેશો કે અતિસુખકર દારગ્રહણ પડતું મુકીને અતિદુઃખકર નૈષ્ઠિકાશ્રમનો તું શામાટે અંગીકાર કરે છે? તો,—જ્યાંસુધી સ્ત્રીસંગ્રહ (લગ્ન કરવું) અનુભવ ગોચર નથી ત્યાંલગી જ તે સુખકર છે એમ લાગે છે; પણ એક સ્ત્રી પરણ્યા એટલે પછી તે વિરસપણાને પામે છે—તેમાં સુખાસ્વાદ જણાતો નથી. હે મહાત્મન્! આપ એ વસ્તુનો અનુભવ કરીને હવે શામાટે તેનો મારા આગળ નિષેધ કરોછો? ૧૭.

१.१४ **यागोऽपि नाकफलदो विधिना कृतश्चेत्प्रायः समग्रकरणं भुवि दुर्लभं तत् ।**
वृष्ट्यादिवन्नहि फलं यदि कर्मणि स्याद्दिष्ट्या यथोक्तविरहे फलदुर्विधत्वम् ॥ १८ ॥

વિક્રિયા રહિત આત્માનું ધ્યાન કરીને તેને જુએ છે. બ્રાહ્મણ જન્મ પામ્યો એટલે તે ત્રણ (બ્રહ્મ—પિતૃ—દેવ) ઋણવડે ઋણવાળો થાય છે (અને તે અદા કરવાને વેદોક્ત આશ્રમમાં રહીને વેદોક્ત કર્મ કરવાં જોઈએ, એ ભાવ છે).

યજ્ઞ અને મહાયજ્ઞોવડે આ બ્રાહ્મણનો દેહ ઉત્પન્ન થાય છે કે જેને વેદમાં કહેલા અડતાળીસ સંસ્કાર લાગુ પડે છે માટે ત્રણ ઋણમાંથી મુક્ત થઈને મોક્ષમાં મન આરોપણ કરવું. કેમકે વેદોક્ત કર્મ કરવાવડે જ્યારે પાપકર્મનો ક્ષય થાય છે ત્યારે જ મનુષ્યોને જ્ઞાન ઉપજે છે.

એ પ્રમાણે એ શ્રુતિઓ અને સ્મૃતિઓ એવો બોધ કરે છે કે એક આશ્રમ પછી ક્રમે કરીને બીજા આશ્રમમાં જવું; અને તે આશ્રમમાં રહીને યજ્ઞાદિક કર્મ કરીને ચિત્તની શુદ્ધિ થવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ગુરુએ એપ્રમાણે કહેલા વચનને શિવગુરુએ 'તે સત્ય છે' એમ અર્ધો અંગિકાર કરીને કહ્યું કે, 'એવો કાંઈ નિયમ નથી.' ઈ૦

૧ વિવેક, વૈરાગ્ય, શમાદિ ષટ્ સંપત્તિ, અને મુમુક્ષતા, એ સાધન ચતુષ્ટય.

૨ " **ब्रह्मचर्यादेव प्रव्रजेद्गृहाद्वा वनाद्वा । प्लवा ह्येते अदृढा यज्ञरूपाः । न कर्मणा न प्रजया धनेन त्यागेनैकेऽमृतत्वमानशुः ।** " ઇત્યાદિ શ્રુતિઓના અનુરોધે કરીને મધ્યમ અધિકારીને જ ક્રમનો નિયમ છે; પણ તીવ્ર વૈરાગ્યવાળા અને શુદ્ધ સત્ત્વવાળા મુખ્યાધિકારીને આશ્રમાંતરમાં જવાના ક્રમનો કાંઈએ નિયમ કરેલો નથી. એ શ્રુતિનો એવો અર્થ છે કે-બ્રહ્મચર્યમાંથી સંન્યસ્ત લેવું, અથવા ગૃહસ્થાશ્રમમાંથી, અથવા વાનપ્રસ્થ આશ્રમમાંથી સંન્યસ્થ લેવું. કેમકે યજ્ઞરૂપ નાવ દૃઢ નથી; કર્મવડે, પ્રજાવડે, કે ધનવડે મોક્ષ મળતો નથી; પણ એકલા ત્યાગવડે જ અમૃત વા મોક્ષ પ્રાપ્ત થાય છે.

૩ મરતાં સુધી બ્રહ્મચર્ય ધારણ કરવાના નિયમને નૈષ્ઠિક બ્રહ્મચર્ય કહે છે.

આપ એમ કહેશો કે દારગ્રહણ કરવાથી તને આ લોકમાં સુખ નહિ મળે તો ચાલ્યું; પરલોકનું સુખ તો મળશે જઃ તો,—યજ્ઞ પણ વિધિપ્રમાણે કર્યો હોય તો જ સ્વર્ગનું ફલ આપે છે. પણ સમગ્ર વિધિપ્રમાણે તેવો યજ્ઞ કરવો બહુધા આ પૃથ્વી ઉપર દુર્લભ છે; અને તેમ કર્યાવિના તેથી પ્રાપ્ય ફલ મળતું નથી. કેમકે વૃષ્ટિ આદિક ફલના હેતુથી જો યજ્ઞ કરવામાં આવે પણ તે યજ્ઞનો વિધિ શાસ્ત્રમાં કહ્યાપ્રમાણે સમગ્ર ન બની આવે તો તે વૃષ્ટિ આદિક ફલ થતું નથી. અને એ જ પ્રમાણે પરલોકસંબંધી સુખની આશા પણ વ્યર્થ થાય છે. ૧૮.

દારગ્રહણથી કેવલ સુખ નથી મળતું એટલું જ નથી પણ અત્યંત દુઃખ પણ છે. કેમકે—

निःस्वो भवेद्यदि गृही निरयी स नूनं भोक्तुं न दातुमपि यः क्षमतेऽणुमात्रम् । पूर्णोऽपि पूर्तिमभिमन्तुमशक्नुवन्यो मोहेन शं न मनुते खलु तत्र तत्र ॥ १९ ॥

જો કદાપિ ગૃહસ્થાશ્રમી થઈને તે નિર્ધન હોય તો પછી તે ધનાદિક ભોગવવાને કે બીજાને દાનાદિ આપવાને પણ અણુમાત્ર સમર્થ થતો નથી, માટે તે નિશ્ચય નરક વેદના ભોગવે છે. (આપ કહેશો કે તું તો શ્રીમંતના કુલમાં ઉત્પન્ન થયેલો છે માટે તારે તો તે દુઃખ નથી, તો) પૂર્ણ ધનવાન છતાં પણ પોતાને [1]સંપૂર્ણ માની શકતો નથી, અને તે તે વિષયમાં મોહવડે કરીને સુખ પણ માની શકતો નથી, માટે તે નિશ્ચય નારકી થાય છે. તાત્પર્ય કે—વિષયની પ્રાપ્તિ થવાથી પણ તૃષ્ણાની નિવૃત્તિ થતી નથી, માટે સર્વે અનર્થની બીજભૂત તૃષ્ણાવડે જેનું ચિત્ત વ્યાપ્ત થયેલું છે તેવા ગૃહસ્થાશ્રમી પુરુષને સુખની પ્રાપ્તિ થતી નથી પણ દુઃખની પ્રાપ્તિ થાય છે, માટે તે જ નારકીપણું છે. ૧૯.

यावत्सु सत्सु परिपूर्तिरथो अमीषां साधो गृहोपकरणेषु सदा विचारः । एकत्र संहृतवतः स्थितपूर्वनाशस्तच्चापयाति पुनरप्यपरेण योगः ॥ २० ॥

હે સાધો! એ કારણથી ધર ચલાવવાને કેટલું સાહિત્ય મેળવવાથી આ સંબંધી જનોની પરિપૂર્ણતા થશે એ વિષયનો ગૃહસ્થ પુરુષને સદા વિચાર થયાં કરે છે (કેમકે તૃપ્તિ તો છે જ નહિ) અને એટલા માટે તે [2]ગૃહોપકરણ એકઠું કરી તેનો સંચય કરે છે એટલામાં તેની પહેલાં જે સંચય કરેલો હોય છે તેનો નાશ થાય છે, વળી નવો સંચય પણ જતો રહે છે અને બીજો સંચય કરવાની જરૂર પડે છે. એ રીતે ગૃહસ્થાશ્રમમાં સદા દુઃખ જ હોય છે.” ૨૦.

एवं गुरौ वदति तज्जनको निनीषुरागच्छदत्र तनयं स्वगृहं गृहेशः । तेनानुनीय बहुलं गुरवे प्रदाप्य यत्नान्निकेतनमनायि गृहीतविद्यः ॥ २१ ॥

એ પ્રમાણે શિવગુરુ કહેતો હતો તે સમયે તેનો પિતા પોતાના ધર (કુટુંબ)નો મુખ્ય—વિદ્યાધિરાજ પોતાના પુત્રને ઘેર તેડી જવાની ઇચ્છાથી ત્યાં આવ્યો; અને તેણે બહુ વિનય ક-

---

૧ કહ્યું છે કે—“न जातु कामः कामानामुपभोगेन शाम्यति । हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥” વળી “यान्येतानि दुरंतानि दुर्जराण्युन्नतानि च । तृष्णावल्ल्याः फलानीह तानि दुःखानि राघव ॥ यावती यावती जंतोरिच्छोदेति यथा यथा । तावती तावती दुःखबीजमुष्टिः प्ररोहति ॥” કામનું સેવન કરવાથી કામ કોઈ વખત શાંત થતો નથી, પણ ધનવડે (હવિષવડે) જેમ અગ્નિ વૃદ્ધિ પામે છે તેમ તે ફરીને પાછો વૃદ્ધિ જ પામે છે. સંસારમાં જે કાંઈ અપાર, દુર્જર અને ઉન્નત છે, હે રાઘવ! તે સર્વે-તૃષ્ણારૂપી વેલનાં ફલ છે અને તે દુઃખરૂપ છે. પ્રાણીને જેટલી જેટલી ઇચ્છાઓ જેમ જેમ ઉત્પન્ન થાય છે, તેટલી તેટલી દુઃખનાં બીજની મુષ્ટિઓ વાળવામાં આવે છે અને તે કાળે કરીને દુઃખરૂપી ફલરૂપે ફલે છે. ૨ ગૃહોપકરણ એટલે ધર ચલાવવાનું સાહિત્ય—ધનધાન્યાદિ.

રીને શિવગુરુ પાસે તેના ગુરુને ઘણું દક્ષિણાદ્રવ્ય અપાવીને વિદ્યા ભણેલા પોતાના તે પુત્રને યત્ને કરીને ઘેર તેડી ગયો. ૨૧.

गत्वा निकेतनमसौ जननीं ववंदे साऽऽलिङ्ग्य तद्विरहजं परितापमौज्झत् ।
प्रायेण चंदनरसादपि शीतलं तद्यत्पुत्रगात्रपरिरंभणनामधेयम् ॥ २२ ॥

શિવગુરુ પોતાને ઘેર જઈને પોતાની માતાને પગે લાગ્યો તથા માતાએ પણ તેને ભેટીને તેના વિરહજન્ય પરિતાપનો ત્યાગ કર્યો; પુત્રના શરીરનું આલિંગન જેનું નામ છે તે વિશેષે કરીને ચંદનના રસથી પણ વધારે શીતલ છે.[1] ૨૨.

श्रुत्वा गुरोः सदनतश्चिरमागतं तं तद्बन्धुरागमदथ त्वरितेक्षणाय ।
प्रत्युद्गमादिभिरसावपि बंधुतायाः संभावनां व्यधित वित्तकुलानुरूपाम् ॥ २३ ॥

શિવગુરુ ગુરુને ઘેરથી ઘણે દહાડે આવ્યો છે તે સાંભળીને તેનાં સગાં સંબંધી તેને મળવાને વહેલાં આવવા લાગ્યાં; શિવગુરુએ પણ પોતાના સંબંધીવર્ગને આવતા જોઈએ ઉઠી સામા જઈને તથા પ્રણામઆદિ કરીને પોતાના કુલને તથા દ્રવ્યને અનુરૂપ તેમનું સન્માન કર્યું. ૨૩.

वेदे पदक्रमजटादिषु तस्य बुद्धिं संवीक्ष्य तज्जनयिता बहुशोऽप्यपृच्छत् ।
यस्याभवत्प्रथितनाम वसुंधरायां विद्याधिराज इति सङ्गतवाच्यमस्य ॥ २४ ॥

પછી—વિદ્યાધિરાજત્વરૂપ વાચ્ય જેને સારી રીતે લાગુ પડે છે એવું જેનુ વિદ્યાધિરાજ નામ પૃથ્વીમાં પ્રખ્યાતિ પામેલું છે તે પિતાએ પોતાના પુત્ર શિવગુરુની વેદના પદ, ક્રમ, જટા, શિખા, ઘન, આદિકમાં બુદ્ધિ જોઈને તે સંબંધી ઘણાક પ્રશ્ન કર્યા. ૨૪.

भाट्टे नये गुरुमते कणभुञ्जतादौ प्रश्नं चकार तनयस्य मतिं बुभुत्सुः ।
शिष्योऽप्युवाच नतपूर्वगुरुः समाधिं पित्रोदितः स्मितमुखो हसितांबुजास्यः॥२५॥

પોતાના પુત્રની બુદ્ધિને જાણવાની ઇચ્છાવાળા તેના પિતાએ તેને ભટ્ટપાદના સિદ્ધાંત વિષે, પ્રભાકરના મત વિષે, કણાદના મત વિષે અને બીજા ગૌતમ, આદિક આચાર્યોના મત વિષે પ્રશ્ન કર્યા; પિતાએ પૂછવા ઉપરથી જેનું મંદહાસ્યવાળું મુખ એ જ કાંઈક (લગાર) ખીલેલું કમલ છે એવા શિવગુરુએ પણ પ્રથમ પોતાના વિદ્યાગુરુને પ્રણામ કરીને પિતાના તે તે પ્રશ્નોનું સમાધાન કર્યું—યથાર્થ ઉત્તર આપ્યા. ૨૫.

[2]वेदे च शास्त्रे च निरीक्ष्य बुद्धिं प्रश्नोत्तरादावपि नैपुणीं ताम् ।
दृष्ट्वा तुतोषातितरां पिताऽस्य स्वतःसुखा या किमु शास्त्रतो वाक् ॥ २६ ॥

પોતાના પુત્રની વેદ અને શાસ્ત્રમાં બુદ્ધિ જોઈને તથા પ્રશ્નોત્તરમાં એટલે પોતાના મતનું સ્થાપન કરવામાં અને અન્યમતનું ખંડન કરવામાં તેની નિપુણતા જોઈને તેનો પિતા અત્યંત સંતોષ પામ્યો. કેમકે જે (પુત્રની) વાણી શાસ્ત્રવિનાની છતાં પણ સ્વભાવે કરીને જ સુખ ઉપજાવનારી હોય છે તે વાણી વળી શાસ્ત્ર સહિત હોય તો તે સુખ ઉપજાવે એમાં શું [3]આશ્ચર્ય? ૨૬.

---

૧ શિવગુરુનું આલિંગન કરીને માતાને શીતલતા પ્રાપ્ત થઈ એ વિશેષ અને પુત્રનું આલિંગન શીતલ છે એ સામાન્યઃ એ બંને ઉક્તિનું આહિં કથન કરવાથી અર્થાંતરન્યાસાલંકાર.–સર્ગ ૨।૧૨ ની ટીકા. ૨ ઉપેન્દ્રવજ્ર. ૩ કાવ્યાર્થાપત્તિ અલંકાર "कैमुत्येनार्थसंसिद्धिः काव्यार्थापत्तिरिष्यते ।"–જ્યાં કૈમુત્ય ન્યાયે કરીને અર્થની સિદ્ધિ વર્ણવી હોય ત્યાં કાવ્યાર્થાપત્તિ અલંકાર જાણવો.–કુવલયાનંદ, કારિકા ૧૧૯.

कन्यां प्रदातुमनसो बहवोऽपि विप्रास्तन्मंदिरं प्रति ययुर्गुणपाशकृष्टाः ।
पूर्वं विवाहसमयादपि तस्य गेहं संबन्धवत्किल बभूव वरीतुकामैः ॥ २७ ॥

વિદ્યાધિરાજના પુત્ર શિવગુરુના ગુણરૂપી પાશે કરીને ખેંચાયલા ઘણાક બ્રાહ્મણો તેને કન્યા આપવાની ઇચ્છાથી તેને ઘેર આવ્યા. (હમણા આવ્યા એમ જ કાંઈ નહોતું પણ) વિવાહકાલની પહેલાં પણ વિદ્યાધિરાજના તે પુત્રનો વિવાહ સંબંધ કરી મુકવાની ઇચ્છાવાળા પુરુષોથી તેનું ઘર સંબંધવાળું હતું. અર્થાત્ વિવાહ કરનારા પુરુષોએ આગળથી આવી આવીને [2]સંબંધ કરી મુક્યા હતા. ૨૭.

बह्वर्थदायिषु बहुष्वपि सत्सु देशे कन्याप्रदातृषु परीक्ष्य विशिष्टजन्म ।
कन्यामयाचत सुताय स विप्रवर्यो विप्रं विशिष्टकुलजं प्रथितानुभावः ॥ २८ ॥

તે દેશમાં ઘણું [3]ધન આપે એવા ઘણા જણ કન્યા આપનારા હતા તેમ છતાં પ્રખ્યાત મહિમાવાળા વિપ્રવર્ય વિદ્યાધિરાજે ઉત્તમ [4]કુલની પરીક્ષા કરીને તેવા ઉત્તમ કુલમાં ઉત્પન્ન થયેલા મઘપંડિત નામે બ્રાહ્મણની કન્યાની પોતાના પુત્રને અર્થે યાચના કરી. ૨૮.

कन्यापितुर्वरपितुश्च विवाद आसीदित्थं तयोः कुलजुषोः प्रथितोरुभूत्योः ।
कार्यस्त्वया परिणयो गृहमेत्य पुत्रीमानीय सद्म तनयाय सुता प्रदेया ॥ २९ ॥

પછી—જેમનો પુષ્કલ વૈભવ પ્રસિદ્ધ છે એવા કુલવાન કન્યા તથા વરના પિતા, એ બન્ને વચ્ચે આવો વિવાદ ઉત્પન્ન થયો: કન્યાના બાપે કહ્યું કે "તમારે તમારા પુત્રને લેઈને મારે ઘેર આવીને પરણાવી જવો." ત્યારે વરના બાપે કહ્યું કે "તમારે તમારી પુત્રીને મારે ઘેર આણીને મારા પુત્ર સાથે પરણાવવી." ૨૯.

संकल्पिताद्द्विगुणमर्थमहं प्रदास्ये मद्गेहमेत्य परिणीतिरियं कृता चेत् ।
अर्थं विना परिणयं द्विज कारयिष्ये पुत्रेण मे गृहगता यदि कन्यका स्यात् ॥ ३० ॥

---

૧ વસંતતિલક. ૨ માગાં કર્યાં હતાં. ૩ કુલવાન વરને આપવાનું ધન જેને 'ગજવું' કહે છે તે.

૪ "हीनक्रियं निष्पुरुषं निश्छंदोरोमशार्शसम् । क्षय्यामयाव्यपस्मारिश्वित्रिकुष्ठिकुलानि च ॥ ७ ॥
नोद्वहेत्कपिलां कन्यां नाधिकाङ्गीं न रोगिणीम् । नालोमिकां नातिलोमां न वाचाटां न पिङ्गलाम् ॥८॥
नर्क्षवृक्षनदीनाम्नीं नान्त्यपर्वतनामिकाम् । न पक्ष्यहिप्रेष्यनाम्नीं न च भीषणनामिकाम् ॥ ९ ॥
अव्यङ्गाङ्गीं सौम्यनाम्नीं हंसवारणगामिनीम् । तनुलोमकेशदशनां मृद्वङ्गीमुद्वहेत्स्त्रियम् ॥१०॥"

"ક્રિયાહીન એટલે જે જાતિમાં જાતકર્મ આદિ સંસ્કાર કોઈ કરતું ન હોય એવા હીન કર્મનાં માણસ હોય તે કુળમાં, જેમાં પુરુષનો વંશ ન હોય તેમાં એટલે જે કુળમાં દિકરીનો દિકરો હોય અર્થાત્ સીધો વારસ દિકરો ન હોય એવા કુળમાં, જેમાં કોઈએ વેદાધ્યયન ન કર્યું હોય તે કુળમાં, જેમાં સ્ત્રી પુરુષના શરીર ઉપર લાંબા અને ઘણા વાળ હોય તેમાં, જેમાં માણસને અર્શ, ક્ષય, ફેફરૂં, કોઢ, આદિ અનેક પ્રકારના રોગ થતા હોય એવા કુળમાં કન્યા આપવી નહિ. ૭.

કપિલવર્ણી (એટલે માથે રાતા વાળવાળી); અધિક અવયવવાળી, (જેમકે છ આંગળીઓવાળી); નિત્ય રોગિષ્ટ, વગર કેશવાળી, અતિકેશવાળી, ઘણું બોલનારી, અને પીળા વર્ણવાળી, કન્યા પરણવી નહિ. ૮.

નક્ષત્ર (જેમકે આરદ્રા, રેવતી) વૃક્ષ, નદી, મ્લેચ્છ, પર્વત, પક્ષી, સર્પને નામે નામવાળી, દાસ અને જેનું નામ ભયાનક હોય એવી કન્યા સાથે વિવાહ ન કરવો. ૯.

શરીરે ખોડવિનાની એટલે કાણી-કૂબડી, લૂલી-લંગડી ન હોય તેવી, સુંદર નામવાળી, તથા હંસ અને હાથીની ગતિના જેવી ચાલ હોય, વાળ, રૂઆં અને દાંત સૂક્ષ્મ હોય એવી કન્યા સાથે વિવાહ કરવો. ૧૦"—મનુસ્મૃતિ, અધ્યાય ૩, શ્લોક ૭, ૮, ૯, ૧૦.

કન્યાના બાપે કહ્યું કે "જો વરને મારે ઘેર લાવીને તેનું લગ્ન કરશો તો જેટલું દ્રવ્ય આપવાનો મેં સંકલ્પ કર્યો છે તેથી બમણું દ્રવ્ય હું આપીશ." વરના બાપે કહ્યું કે, "હે દ્વિજ! મારે ઘેર કન્યા લાવીને જો તેને મારા પુત્ર સાથે પરણાવશો તો હું કાંઈ પણ દ્રવ્ય લીધા વિના મારો છોકરો પરણાવીશ." ૩૦.

कश्चित्तु[1] तस्याः पितरं बभाण मिथः समाहूय विशेषवादी ।
अस्मासु गेहं गतवत्स्वमुष्मै विगृह्य कन्यामपरः प्रदद्यात् ॥ ३१ ॥

એવો વાંધો પડ્યો એટલે કોઈક વિશેષવાદી પુરુષે કન્યાના પિતાને એકાંતમાં બોલાવીને કહ્યું કે "આપણે અહિંથી ઘેર જઈશું એટલામાં આપણી તથા વરના બાપની વચ્ચે કોઈ બીજો પુરુષ ભેદ પડાવીને પોતાની કન્યા તેના પુત્રને આપી દેશે અને એમ થવાથી આપણો હેતુ સિદ્ધ થશે નહિ, માટે કન્યા અહિં લાવીને પરણાવવી એ જ ઠીક છે." ૩૧.

तेनानुनीतो वरतातभाषितं द्विजोऽनुमेने वररूपमोहितः ।
दृष्टो गुणः संवरणाय कल्पते मन्त्रोभिजापश्चिरकालभावितः ॥ ३२ ॥

એ પ્રમાણે કોઈ વિશેષવાદી પુરુષે અનુનય (પોતાના કહેવા પ્રમાણે સ્વીકાર) કરાવેલો મધપંડિત વરના રૂપથી મોહિત થયેલો હતો માટે તેણે વરના પિતાનું કહેવું માન્ય કર્યું. કેમકે, (જેમ) બહુકાલ સુધી અભ્યાસ કરેલો મંત્ર જેમ વરદાન આપવાને યોગ્ય થાય છે, (તેમ) જેમાં ગુણ જોવામાં આવ્યો છે તે પણ વરવાને યોગ્ય થાય છે.[3] ૩૨.

विद्याधिराजमघपण्डितनामधेयौ[4] संप्रत्ययं व्यतनुतामभिपूज्य दैवम् ।
सम्यङ्मुहूर्तमवलंब्य विचारणीया मौहूर्तिका इति परस्परमूचिवांसौ ॥ ३३ ॥

વિદ્યાધિરાજ અને મઘપણ્ડિત નામે બન્ને ગૃહસ્થોએ સારૂં મુહૂર્ત જોઈને ગણપતિ આદિક પોતાના કુલદેવતાનું પૂજન કરીને વાગ્દાનરૂપી સંપ્રત્યય–ઠરાવ કર્યો;—તથા 'હવે આપણે મુહૂર્ત જાણનાર જોશિયોને બોલાવીને લગ્નનો દિવસ નિશ્ચય કરવો' એ પ્રમાણે તેમણે પરસ્પર કહ્યું. ૩૩.

उद्वाह्य शास्त्रविधिना विहिते मुहूर्ते तौ संमुदं बहुमवापतुराप्तकामौ ।
तत्राऽऽगतो भृशममोदत बंधुवर्गः किं भाषितेन बहुना मुदमाप वर्गः ॥ ३४ ॥

પછી જોશિયોએ ઠરાવેલે મુહૂર્તે વિદ્યાધિરાજ અને મઘપણ્ડિતે પોતાનાં સંતાનનો વિવાહ કરીને પોતાનો મનોરથ સિદ્ધ કર્યો તથા તેઓ અતિ આનંદ પામ્યા. તેમ જ ત્યાં આવેલા સર્વે સગાંવહાલાં પણ અત્યંત આનંદ પામ્યાં. બહુ કહેવાથી શું થાય? બાંધવવર્ગ અને અબાંધવવર્ગ, સર્વે કોઈ આનંદ પામ્યાં. ૩૪.

तौ दंपती सुवसनौ शुभदन्तपङ्क्ती संभूषितौ विकसितांबुजरम्यवक्त्रौ ।
सव्रीडहासमुखवीक्षणसंप्रहृष्टौ देवाविवाऽऽपतुरनुत्तमशर्म नित्यम् ॥ ३५ ॥

[5]સતી અને શિવગુરુ એ બે સ્ત્રી પુરુષે—સારાં વસ્ત્ર પહેરેલાં છે, જેમની સુંદર દંતપંક્તિ

---

૧. આખ્યાનકી છંદ. ૨ વંશસ્થ, ઈંદ્રવંશામિશ્રિત ઉપજાતિ તે જાતિષ્વિદ વૃત્ત. ૩ વાચકલુપ્તોપમા "लुप्ता सामान्यधर्मादेरेकस्य यदि वा द्वयोः । त्रयाणां वानुपादाने श्रौत्यार्थी सापि पूर्ववत् ॥"—સામાન્યધર્મ, વાચક, ઉપમેય કે ઉપમાન એમાંથી ગમે તે, ત્રણનો કે બેનો કે એકનો જ્યાં લોપ કરીને કથન કર્યું હોય ત્યાં લુપ્તોપમાલંકાર થાય છે. અહિં (જેમ—તેમ) વાચકનો લોપ છે માટે વાચકલુપ્તોપમા.—સાહિત્યદર્પણ ૧૦, ૬૫૧. ૪ વસંતતિલક. ૫ મઘપંડિતની કન્યાનું નામ સતી હતું

શોભે છે, જેમણે અલંકાર ધારણ કર્યા છે, ખીલેલાં કમલ સરખાં રમણીય જેમનાં મુખ છે, જેઓ, લજ્જાસહિત હાસ કરીને એકબીજાનું મુખ જોઈને આનંદ પામે છે તે બન્ને, દંપતિ **પાર્વતી** અને **શિવની** પેઠે નિરંતર અત્યંત ઉત્તમ સુખ પામવા લાગ્યાં. ૩૫.

अग्नीनथाऽऽधित महोत्तरयागजातं कर्तुं विशेषकुशलैः सहितो द्विजेशः ।
तत्तत्फलं हि यदनाहितहव्यवाहः स्यादुत्तरेषु विहितेष्वपि नाधिकारी ॥ ३६ ॥

ગૃહસ્થાશ્રમ ધારણ કર્યા પછી કરવાના અને તે તે ફલને આપનારા મોટા યજ્ઞો કરવાના હેતુથી તે તે યાગ કરવાની વિધિ-વિશેષમાં કુશલ ઋત્વિજો સહિત **શિવગુરુએ** વિવાહ કર્મ થયા પછી **અ**-ગ્નિનું આધાન કર્યું—અગ્નિહોત્ર ધારણ કર્યું. કેમકે જેણે અગ્ન્યાધાન કર્યું નથી તે, ગૃહસ્થાશ્રમ ધારણ કર્યા પછી કરવાના [૧]વિહિત યજ્ઞોમાં અધિકારી થતો નથી. ૩૬.

यागैरनेकैर्बहुवित्तसाध्यैर्विजेतुकामो भुवनान्ययष्ट ।
व्यस्मारि देवैरमृतं तदाशैर्दिने दिने सेवितयज्ञभागैः ॥ ३७ ॥

અગ્નિ ધારણ કર્યા પછી—સ્વર્ગાદિ ભુવનને જીતવાના હેતુથી (સ્વર્ગાદિ ફલ પ્રાપ્ત થવા માટે) **શિવગુરુએ** ઘણા દ્રવ્યવડે જે કરી શકાય એવા અનેક યજ્ઞ કરીને દેવોનું પૂજન કર્યું; એટલા બધા તેણે યજ્ઞ કર્યા કે દિવસે દિવસે (નિત્ય નિત્ય) યજ્ઞ ભાગ દેવોને પ્રાપ્ત થવા લાગ્યા તેનું બલિદાન લેઈ લેઈને તેમણે અમૃતને પણ વિસારી મુક્યું. (અથવા તે તે યજ્ઞ ભાગની આશાથી તેમણે અમૃતને વિસારી મુક્યું એમ પણ અર્થ [૩]થાય.) ૩૭.

[४]**संतर्पयन्तं पितृदेवमानुषांस्तत्तत्पदार्थैरभिवांछितैः सह ।**
विशिष्टवित्तैः सुमनोभिरञ्चितं तं मेनिरे जङ्गमकल्पपादपम् ॥ ३८ ॥

શિવગુરુ તે તે અભિલાષિત પદાર્થોવડે પિતૃ, દેવ અને મનુષ્યોને તેમની અભિલાષા પૂર્ણ કરીને તૃપ્ત કરતો હતો, તેથી તેઓ તેને વિશિષ્ટ સામર્થ્યવાળા દેવોએ પૂજેલો અથવા વિશિષ્ટ દ્રવ્યરૂપ પુષ્પોથી વ્યાપ્ત અથવા વિશિષ્ટ વિદ્યારૂપ વિત્તવાળા પંડિતોએ પૂજેલો જંગમ કલ્પવૃક્ષ માનતા [૫]હતા. ૩૮.

[६]**परोपकारव्रतिनो दिने दिने व्रतेन वेदं पठतो महात्मनः ।**
श्रुतिस्मृतिप्रोदितकर्म कुर्वतः समा व्यतीयुर्दिनमाससंमिताः ॥ ३९ ॥

તે નિત્યપ્રત્યે પરોપકાર કરવાનું વ્રત લેઈ બેઠો હતો તથા નિયમ રાખીને તે મહાત્મા વેદનું પઠન કરતો હતો; તેમ જ **શ્રુતિ** અને **સ્મૃતિએ** આજ્ઞા કરેલાં કર્મ પણ તે નિરંતર કરતો હતો. એ પ્રમાણે કરતાં કરતાં દિવસ અને માસની ગણતીથી ગણતાં કેટલાંક વર્ષ વીતી ગયાં. ૩૯.

[७]**रूपेषु मारः क्षमया वसुंधरा विद्यासु वृद्धो धनिनां पुरःसरः ।**
गर्वानभिज्ञो विनयी सदा नतः स नोपलेभे तनयाननं जरन् ॥ ४० ॥

---

૧ ગૃહસ્થાશ્રમીએ પ્રતિદિન શું શું કરવું જ જોઇએ તેવિષે **મનુસ્મૃતિના** ત્રીજા અધ્યાયના શ્લોક ૬૭ થી જોવું. ૨ **આખ્યાનકી.** ૩ અમૃતનું વિસ્મરણ દેવને થવું સંભવિત નથી તથાપિ 'તે થયું' એમ વર્ણ-વવાથી યોગમાં અયોગનો સંબંધ કવિએ કરી બતાવ્યો છે માટે **અતિશયોક્તિ** અલંકાર. "**योगेऽप्ययोगः संबंधातिशयोक्तिरितीर्यते ।**"—યોગમાં પણ જ્યાં અયોગ વર્ણાય તેને **સંબંધાતિશયોક્તિ** કહે છે. એવો અર્થ છે.—કુવલયાનંદ, કારિકા ૩૯. ૪ ઉપજાતિ. ૫ સ્વર્ગમાં રહેલું કલ્પવૃક્ષ જંગમ છે એવો વિશેષ બતાવવાથી **વ્યતિરેકાલંકાર.** "**व्यतिरेको विशेषश्चेदुपमानोपमेययोः ।**"—ઉપમાન અને ઉપમેય એ બન્નેમાંથી એકાદમાં કાંઈ વિશેષપણું વર્ણાય ત્યાં **વ્યતિરેકાલંકાર.**—કુવલયાનંદ, કા. ૫૬. ૬ **વંશસ્થ.** ૭ ઉપજાતિ.

તે (શિવગુરુ) રૂપમાં કામદેવરૂપ, ક્ષમામાં પૃથ્વીરૂપ, વિદ્યામાં સર્વોત્તમ, અને ધનવાળાઓમાં અગ્રણી હતો; એવો છતાં પણ તે ગર્વમાં તો સમજતો જ નહોતો, વિનયવાળો હતો અને સર્વદા નમ્ર હતો. એવો તે શિવગુરુ વૃદ્ધ થવા આવ્યો પણ તેણે પુત્રનું મુખ દીઠું નહિ—અર્થાત્ તેને કાંઈ સંતાન થયું [1]નહોતું. ૪૦.

गावो हिरण्यं बहुसस्यमालिनी वसुंधरा चित्रपदं निकेतनम् ।
संभावना बंधुजनैश्च संगमो न पुत्रहीनं बहवोऽप्यमूमुदन् ॥ ४१ ॥

ગાયો, સુવર્ણાદિક દ્રવ્ય, અનેક ધાન્યના છોડની જેણે માલા (પંક્તિ) ધારણ કરી છે એવી પૃથ્વી, આશ્ચર્યનું સ્થાન એવું ઘર, લોકસમુદાયમાં સંભાવના (માનપ્રતિષ્ઠા), અને બંધુજન સાથે સમાગમ, એ સર્વે મળીને ઘણાં વાનાં છતાં પણ તે [2]પુત્રવિનાના શિવગુરુને મોહ પમાડી શક્યા નહિ. અર્થાત્ પુત્રવિના તે સર્વે તેને સુખકર લાગતાં નહોતાં. ૪૧.

अस्यामजाता मम संततिश्चेच्छरद्यवश्यं भवितोपरिष्टात् ।
तत्राप्यजाता तत उत्तरस्यामेवं स कालं मनसा निनाय ॥ ४२ ॥

આ ઋતુમાં મને સંતતિ ન પ્રાપ્ત થઈ તો આવતી શરદઋતુમાં તો અવશ્ય થશે; તેમાં પણ ન થઈ તો તે પછીની હેમંતઋતુમાં થશે એ પ્રમાણે મનોરથ અંતઃકરણમાં રાખી રાખીને તે કાલ કાઢતો હતો. ૪૨.

[3]खिन्नमनाः शिवगुरुः कृतकार्यशेषो जायामचष्ट सुभगे किमतः परं नौ ।
साङ्गं वयोऽर्द्धमगमत् कुलजे न दृष्टं पुत्राननं यदिहलोक्यमुदाहरन्ति ॥ ४३ ॥

એક સમયે શેષ કાર્ય જેણે પૂરું કર્યું છે એવો શિવગુરુ મનમાં ખેદ પામીને સ્ત્રીને કહેવા લાગ્યો કે 'હે સુભગે! હવે પછી આપણે શું કરવું? હે સત્કુલમાં ઉત્પન્ન થયેલી સ્ત્રી! ઇંદ્રિયોના સામર્થ્ય સહિત આપણું અરધું વય તો જતું રહ્યું પણ જે આ લોકમાં હિતકર કહેવાય છે એવું [4]પુત્રનું મુખ તો આપણે જોયું નહિ!! ૪૩.

एवं प्रिये गतवतोः सुतदर्शनं चेत्पञ्चत्वमैष्यदथ नौ शुभमापतिष्यत् ।
अस्याभ्युपायमनिशं भुवि वीक्षमाणो नेक्षे ततः पितृजनिर्विफला ममाभूत् ॥ ४४ ॥

હે પ્રિયે! એ પ્રમાણે હોવાથી પુત્રનું દર્શન આપણ બેયને પ્રાપ્ત થયા પછી આપણું જો મરણ થયું હોત તો તે મરણ સારું આવ્યું એમ હું માનત. પણ પુત્રપ્રાપ્તિ થવાનો ઉપાય હું પૃથ્વીમાં રાત દહાડો ખોળું છું પરંતુ તે મને જડતો નથી; તેથી મારા પિતાએ મને જન્મ આપ્યો તે નિષ્ફલ થયો એમ મને લાગે છે. ૪૪.

भद्रे सुतेन रहितौ भुवि के वदन्ति नौ पुत्रपौत्रसरणिक्रमतः प्रसिद्धिः ।
लोके न पुष्पफलशून्यमुदाहरन्ति वृक्षं प्रवालसमये फलितं विहाय ॥ ४५ ॥

હે ભદ્રે! આપણ બે પુત્રવડે રહિત છીએ માટે આપણને પૃથ્વીમાં કોણ ઓળખશે? (કોણ સંભારશે?) કેમકે પૃથ્વીમાં પુત્ર પૌત્રાદિક સરણિના ક્રમવડે જ (પિતૃઓની) પ્રસિદ્ધિ છે.

---

૧ આ જગોએ એક જ પુરુષનો વિષયભેદે કરીને ઘણે પ્રકારે ઉલ્લેખ કર્યો છે માટે ઉલ્લેખાલંકાર. "एकेन बहुधोल्लेखेऽप्यसौ विषयभेदतः ।"—એક જ વસ્તુનો ઘણે પ્રકારે વિષયભેદે કરીને ઉલ્લેખ કરવામાં આવે ત્યાં પણ ઉલ્લેખાલંકાર જાણવો.—કુવલયાનંદ, કારિકા ૨૨. ૨ 'પુત્રવિનાના' એ વિશેષણ અહિં અભિપ્રાયસહિત છે માટે પરિકર અલંકાર. "अलंकारः परिकरः साभिप्रायो विशेषणे ।"—અભિપ્રાયસહિત વિશેષણ હોય તો પરિકરાલંકાર જાણવો.—કુવલયાનંદ, કારિકા ૬૧. ૩ વસંતતિલકા. ૪ "पुत्रेणायं लोकः ।" એવી શ્રુતિ છે. એનો અર્થ—પુત્રવડે આ લોક સિદ્ધ થાય છે.

જ્યારે વૃક્ષને નવાં પાનાં ફુટવાનો સમય આવે છે ત્યારે ફલવાન વૃક્ષવિના બીજાં ફૂલ કે ફલ-વિનાનાં વૃક્ષને લોકમાં કોઈ સંભારતું નથી. તાત્પર્ય કે—'આંબો, રાયણ, આદિક વૃક્ષ ફળ્યાં છે એમ લોકો કહે છે, પણ ફૂલ ફલવિનાના વૃક્ષની વાત કોઈ કરતું નથી.[1]' ૪૫.

**इतीरिते प्राह तदीयभार्या शिवाख्यकल्पद्रुममाश्रयावः ।
तत्सेवनान्नौ भविता सुनाथ फलं स्थिरं जङ्गमरूपमैशम् ॥ ४६ ॥**

સ્વામીએ એ પ્રમાણે કહ્યું તે સાંભળીને તેની સ્ત્રી **સતી** બોલી કે 'હે સ્વામિન્! **શિવ** નામે કલ્પવૃક્ષનો આપણે આશ્રય કરવો જોઈએ; કેમકે તેના સેવનથી આપણને ઈશ્વરસંબંધી જંગમરૂપ[3] સ્થિર ફલ પ્રાપ્ત થશે. તાત્પર્ય કે ઈશ્વરની કૃપાથી જંગમ (ગતિમાન) સ્થિર ફલ (પુત્રરૂપ) થશે. ૪૬.

**[4]भक्तेप्सितार्थपरिकल्पनकल्पवृक्षं देवं भजाव कमितः सकलार्थसिद्ध्यै ।
तत्रोपमन्युमहिमा परमं प्रमाणं नो देवतासु जडिमा जडिमा मनुष्ये ॥ ४७ ॥**

એટલા માટે પોતાના ભક્તજનના અભીષ્ટ અર્થની સિદ્ધિ કરવામાં કલ્પવૃક્ષરૂપ **શંકર**વિના બીજા કયા દેવને આપણે ભજીશું કે જેથી આપણા સકલ અર્થની સિદ્ધિ થાય? ઉત્તર કે,—સુખરૂપ **શિવને** જ ભજવા. તમે કહેશો કે **શિવને** ભજવાથી અર્થ સિદ્ધિ થશે એનું પ્રમાણ શું છે? તો,—ઉપમન્યુનું[6] માહાત્મ્ય એ જ એ વાતનું મોટું પ્રમાણ છે. કોઈ આશંકા કરશે કે પાષાણાદિરૂપ જડ દેવતાઓને ભજવાથી સમગ્ર અર્થની સિદ્ધિ કેમ થશે? તો;—દેવતાઓમાં જડપણું નથી, પણ શ્રદ્ધાભક્તિ વિનાના અને દેવતાના સ્વરૂપને નહિ ઓળખનારા મનુષ્યમાં જડપણું છે. માટે **શંકરને** ભજવાથી આપણી અર્થ સિદ્ધિ થશે એ તાત્પર્ય છે. ૪૭.

**[7]इत्थं कलत्रोक्तिमनुत्तमां स श्रुत्वा सुतार्थी प्रणतैकवश्यम् ।
इयेष संतोषयितुं तपोभिः सोमार्धमूर्धानमुमार्धमीशम् ॥ ४८ ॥**

---

૧ દૃષ્ટાંતાલંકાર. "**चेद्बिंबप्रतिबिंबत्वं दृष्टांतस्तदलंकृतिः ।**"—જ્યાં બિંબ પ્રતિબિંબભાવ વર્ણાયો હોય ત્યાં દૃષ્ટાંતાલંકાર જાણવો.—કુવલયાનંદ, કારિકા ૫૧. ૨. ઉપેન્દ્રવજ્રા. ૩. આ જગોએ એવો પણ અર્થ થાય કે "**શિવનું** જંગમરૂપ એ જ આપણને ફલ થશે." આવું શ્લિષ્ટવાક્ય રચવાની યુક્તિ કરવાનું કારણ એમ સમજાય છે કે જાણે **સતી**નું વચન મિથ્યા થાય નહિ માટે અનિચ્છાએ પણ આગળ જેમ બનવાનું છે તેવું જ વચન **સતી**થી બોલાય છે. ૪. **વસંતતિલકા**. ૫. '**कं** કોને—**कं** સુખરૂપ—**શિવને**.' એવા શ્લિષ્ટ શબ્દવડે પ્રશ્ન તથા ઉત્તર એક જ વાક્યમાં વર્ણવ્યા છે, માટે **ચિત્રાલંકાર**. "**प्रश्नोत्तरांतराभिन्नमुत्तरं चित्रमुच्यते ।**"—પ્રશ્ન અને ઉત્તર એ બન્ને એક જ વાક્યમાં અભિન્નપણે વર્ણવ્યા હોય ત્યાં **ચિત્રાલંકાર** જાણવો—કુવલયાનંદ, કારિકા ૧૪૯. ૬ ઉપમન્યુની કથા એવી છે કે, ઉપમન્યુ કરીને કોઈ ગરીબ બ્રાહ્મણીનો છોકરો હતો, તે બીજા મુનિઓના છોકરાઓને દૂધ પીતાં જોઈને પોતાને દૂધ આપવા માટે માને પજવવા લાગ્યો. ત્યારે તેને રિઝવવાને તેની માતાએ પોતાની દારિદ્રતાને લીધે લોટમાં પાણી નાંખીને ધોળું કરીને 'આ દૂધ છે' એમ કહીને તેને આપવા માંડ્યું, તે પીને આનંદથી ઉપમન્યુ ખેલવા લાગ્યો. તે જોઇને બીજા મુનિપુત્રો તેને હસવા લાગ્યા કે 'ઉપમન્યુ તો લોટનું દૂધ પીએ છે પણ ખરેખરૂં દૂધ તેને એની મા આપતી નથી' આ ઉપરથી ખરેખરા દૂધ માટે ઉપમન્યુએ માની પાસે આડાઈ કરવા માંડી. ત્યારે માતાએ તેને કહ્યું કે 'ભાઈ હું ગરીબ છું તે દૂધ ક્યાંથી લાવી આપું? દૂધ જોઈતું હોય તો **મહેશ્વરની** આરાધના કર તે તને દૂધ આપશે.' તે ઉપરથી તેણે **મહેશ્વરની** આરાધના કરી અને **મહેશ્વરે** તેને **ક્ષીરસાગરનું** અધિપતિપણું આપ્યું-**મહાભારત**. ૭. ઉપજાતિ.

એ પ્રમાણે પોતાની [1]સ્ત્રીની સર્વોત્તમ વાણી સાંભળીને પુત્રના અર્થવાળા તે **શિવગુરુએ** પોતાને પ્રણામ કરનારા ભક્તોને જ જે એક વશ છે—જેના મસ્તક ઉપર **ચંદ્ર**નું અર્ધબિંબ શોભે છે, જેણે પોતાના અર્ધા અંગમાં **પાર્વતીને** ધારણ કર્યાં છે એવા **શંકર**ને તપ નિયમાદિકવડે પ્રસન્ન કરવાની ઇચ્છા [2]કરી. ૪૮.

[3]तस्योपधाम किल सन्निहिताऽऽपगैका स्नात्वा सदाशिवमुपास्त जले स तस्याः ।
कन्दाशनः कतिचिदेव दिनानि पूर्वं पश्चात्तदा स शिवपादयुगाब्जभृङ्गः ॥ ४९ ॥

તેના પ્રાસાદની પાસે એક નદી હતી તેના જલમાં સ્નાન કરીને તેણે **સદાશિવની** ઉપાસના કરવા માંડી. પ્રથમ તો કેટલાક દિવસ સુધી એકલાં કંદ ખાઇને ઉપાસના કરી; પણ પછી તો તે **શંકર**ના બન્ને ચરણરૂપી કમલનો ભ્રમર થઈને રહ્યો, અર્થાત્, **શંકર**ના ચરણકમલના મકરંદવિના બીજાં કંદાદિક ભોજનનો પણ તેણે ત્યાગ કર્યો. ઉપોષણ કરીને ઉપાસન કરવા માંડ્યું (એ તાત્પર્ય છે.)૪૯.

जायाऽपि तस्य विमला नियमोपतापैश्चिक्लेश कायमनिशं शिवमर्चयन्ती ।
क्षेत्रे वृषस्य निवसन्तमजं स भर्तुः कालोऽत्यगादिति तयोस्तपतोरनेकः ॥ ५० ॥

શિવગુરુની નિર્મલ સ્ત્રીએ પણ નિયમ અને ઉપતાપ (અથવા નિયમરૂપી ઉપતાપ) વડે, **વૃષક્ષેત્ર**માં રહેનારાં અને પોતાની મેળે પ્રકટ થયેલા **શિવ**નું નિરંતર પૂજન કરતાં કરતાં પોતાની કાયાને ક્લેશ પમાડ્યો. એપ્રમાણે સ્વામી સહિત તપ કરતાં તેમનો ઘણો કાલ વીતી ગયો. ૫૦.

देवः कृपापरवशो द्विजवेषधारी प्रत्यक्षतां शिवगुरुं गत आत्तनिद्रम् ।
प्रोवाच भोः किमभिवाञ्छसि किं तपस्ते पुत्रार्थितेति वचनं स जगाद विप्रः ॥ ५१ ॥

પછી,—કૃપાવડે આધીન મહાદેવે બ્રાહ્મણનો વેષ ધારણ કરીને નિદ્રાવશ થયેલા **શિવગુરુને** પ્રત્યક્ષ દર્શન આપીને કહ્યું કે 'હે **શિવગુરુ**! તું શાની ઇચ્છાથી તપ કરે છે? જો તારે કાંઈ કામના ન હોય તો તું શામાટે તપ કરે? માટે તારે કાંઈ કામના છે એવું અનુમાન થાય છે.' એવું વચન સાંભળીને **શિવગુરુ** એવું વચન બોલ્યો કે,—'મારે પુત્રની પ્રાર્થના છે માટે હું તપ કરૂંછું.' ૫૧

देवोऽप्यपृच्छदथ तं द्विज विद्धि सत्यं सर्वज्ञमेकमपि सर्वगुणोपपन्नम् ।
पुत्रं ददान्यथ बहून्विपरीतकांस्ते भूर्यायुषस्तनुगुणानवदद्द्विजेशः ॥ ५२ ॥

શિવગુરુની પ્રાર્થના સાંભળીને પછી તેને મહાદેવે કહ્યું કે 'હે દ્વિજ! હું તને જે કહું તે સત્ય છે એમ જાણજે; હું તને સર્વજ્ઞ અને સર્વે ગુણથી ઉત્પન્ન (યુક્ત) (પણ અલ્પાયુષી) એવો એક પુત્ર આપું કે તેથી વિપરીત એટલે અસર્વજ્ઞ (અલ્પજ્ઞ), થોડા ગુણવાળા અને ઘણા લાંબા આયુષ્યવાળા બહુ પુત્રો આપું?' **શંકર**નું એવું વચન સાંભળીને દ્વિજપતિ **શિવગુરુએ** કહ્યું કે,—૫૨

पुत्रोऽस्तु मे बहुगुणः प्रथितानुभावः सर्वज्ञतापदमितीरित आबभाषे ।
दयामुदीरितपदं तनयं तपो मा पूर्णो भविष्यसि गृहं द्विज गच्छ दारैः ॥ ५३ ॥

'ઘણા ગુણવાળો, જેનો મહિમા પૃથ્વીમાં સર્વત્ર વિસ્તાર પામેલો એવો, અને સર્વજ્ઞતાનું સ્થાન,

---

૧ શાસ્ત્રમાં કહ્યું છે કે હિતકર વાક્ય સ્ત્રીનું તો શું પણ બાલકનું ને પોપટનું પણ માનવું તેથી "युक्तियुक्तं वचो ग्राह्यं बालादपि शुकादपि । अयौक्तिकं तु संत्याज्यमप्युक्तं पद्मयोनिना ॥ "—યુક્તિવાળું બાળકનું અથવા પોપટનું પણ વચન ગ્રહણ કરવું અને જો યુક્તિરહિત હોય તો બ્રહ્માએ કહેલું (વચન પણ) સર્વ પ્રકારે ત્યાગ કરવું. ૨ આ શ્લોકમાં '**ર્ધ**' જોડાક્ષરની બહુવાર આવૃત્તિ હોવાથી **વૃત્ત્યનુપ્રાસ** અલંકાર-**સાહિત્યદર્પણ**, કારિકા ૬૩૫. ૩. **વસંતતિલકા**.

એવો પુત્ર મને પ્રાપ્ત થાઓ એવી મારી પ્રાર્થના છે.' તે સાંભળીને શંકરે કહ્યું કે, 'તેં જેજે ગુણો કહ્યા છે તે જેનામાં હોય એવો પુત્ર, હું તને આપીશ માટે હવેથી તું તપ કરીશ નહિ; પુત્રોત્પત્તિ થવાથી તારા મનોરથ પૂર્ણ થશે, માટે હે દ્વિજ! સ્ત્રીસહિત તું ઘેર જા.' ૫૩.

आकर्णयन्निति बुबोध स विप्रवर्यस्तं चाब्रवीन्निजकलत्रमनिंदितात्मा ।
स्वप्नं शशंस वनितामणिरस्य भार्या सत्यं भविष्यति तु नौ तनयो महात्मा ॥ ५४ ॥

સ્વપ્નમાં એ પ્રમાણે સાંભળીને તે બ્રાહ્મણશ્રેષ્ઠ જાગી ઉઠ્યો અને પ્રશંસા કરવા યોગ્ય તે બ્રાહ્મણે તે સ્વપ્નની વાત પોતાની સ્ત્રીને કરી. સ્ત્રીઓમાં રત્ન જેવી તેની સ્ત્રીએ તે સ્વપ્નનાં વખાણ કર્યાં અને કહ્યું કે 'એ સ્વપ્ન સત્ય થશે અને આપણને મહાત્મા પુત્ર પ્રાપ્ત થશે એમાં પણ સંશય નથી.' ૫૪

तौ दम्पती शिवपरौ नियतौ स्मरन्तौ स्वप्नेक्षितं गृहगतौ बहुदक्षिणान्नैः ।
संतर्प्य विप्रनिकरं तदुदीरिताभिराशीर्भिरापतुरनल्पमुदं विशुद्धौ ॥ ५५ ॥

શિવને વિષે જેમની ભાવના છે એવાં તે બે નિયમમાં રહેનારાં દંપતી સ્વપ્નમાં જોયેલા વિષયનું સ્મરણ કરતાં કરતાં ઘેર ગયાં; અને ઘેર ગયા પછી ઘણી દક્ષિણા અને ભોજન આપીને બ્રાહ્મણના સમુદાયને તેમણે તૃપ્ત કર્યો તથા તેમણે ઉચ્ચારેલા આશિર્વાદવડે તે બન્ને પવિત્ર સ્ત્રી-પુરુષ અત્યંત આનંદ પામ્યાં. ૫૫.

तस्मिन्दिने शिवगुरोरुपभोक्ष्यमाणे भक्ते प्रविष्टमभवत्किल शैवतेजः ।
भुक्तान्नविप्रवचनादुपभुक्तशेषं सोऽभुङ्क्त साऽपि निजभर्तृपदाब्जभृङ्गी ॥ ५६ ॥

તે દિવસે શિવગુરુને જે ભોજન જમવાનું હતું તે ભોજનમાં શિવના તેજનો પ્રવેશ થયો. પછી ભોજન કરી રહેલા બ્રાહ્મણોના વચનથી તેઓના જમવા પછી જે અન્ન શેષ રહેલું હતું તે શિવગુરુ જમ્યો તથા સ્વામિના ચરણરૂપી કમલને ભમરીરૂપ–અર્થાત્ સ્વામિનું સેવન કરનારી તથા તેનેવિષે પ્રીતિવાળી તેની સ્ત્રી સતીએ પણ તે શેષ અન્નનું ભોજન કર્યું. ૫૬.

गर्भं दधार शिवगर्भमसौ मृगाक्षी गर्भोऽप्यवर्धत शनैरभवच्छरीरम् ।
तेजोतिरेकविनिवारितदृष्टिपातविश्वं रवेर्दिवसमध्य इवोग्रतेजः ॥ ५७ ॥

પછી મૃગના નેત્રસમાન નેત્રવાળી તે સ્ત્રીએ શિવના આવેશથી યુક્ત એવો ગર્ભ ધારણ કર્યો. તે ગર્ભ (દિવસે દિવસે) વૃદ્ધિ પામવા લાગ્યો અને ધીમે ધીમે, અતિશય તેજનેલીધે જેના સામી કોઈ પણ દૃષ્ટિ કરી શકે નહિ એવા મધ્યાન્હકાલના સૂર્યના ઉગ્ર તેજ જેવું તેજસ્વી શરીર ધીમે ધીમે થવા લાગ્યું. ૫૭.

गर्भालसा भगवती गतिमांद्यमीषदापेति नाद्भुतमिदं धरते शिवं या ।
यो विष्टपानि बिभृते हि चतुर्दशापि यस्यापि मूर्तय इमा वसुधाजलाद्याः ॥ ५८ ॥

જે શંકર ચૌદ[1] ભુવનને ધારણ કરે છે તથા આ પૃથ્વી અને જલ આદિક જેની (આઠ) મૂર્તિયો[2] છે, તે શિવને જે ધારણ કરે છે તે ભગવતી સતી ગર્ભ ધારણ કરવા વડે આલસ્યયુક્ત થઈને કાંઈક મંદગતિપણાને પામી, તો એ કાંઈ આશ્ચર્ય જેવું નથી!! ૫૮.

---

૧ પાતાલ, મહાતલ, તલાતલ, રસાતલ, સુતલ, વિતલ, ભૂતલ, ભૂર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોકઃ એ ચૌદ ભુવન છે. ૨ શાસ્ત્રમાં કહ્યું છે કે "क्षितिहुतवहक्षेत्रज्ञाम्भःप्रभञ्जनचन्द्रमस्तपनवियदित्यष्टौ मूर्तीर्नमो भव बिभ्रते ।"–પૃથ્વી, અગ્નિ, ક્ષેત્રજ્ઞ, જલ, વાયુ, ચંદ્ર, સૂર્ય અને આકાશઃ એ શિવની આઠ મૂર્તિઓ છે.

संव्याप्तवानपि शरीरमशेषमेव नोपास्तिमाविरसकावकृतात्र कांचित् ।
यत्पूर्वमेव महसा दुरतिक्रमेण व्याप्तं शरीरमदसीयममुष्य हेतोः ॥ ५९ ॥

એ શિવ, સતીના સમગ્ર શરીરમાં વ્યાપ્ત થયા હતા તથાપિ તે શરીરમાં કાંઈ અધિક પ્રક્ષેપ તેમણે પ્રકટ કર્યો નહિ; કેમકે પોતાના અતિક્રમણ ન થઈ શકે એવા તેજવડે તેનું શરીર પ્રથમથી જ વ્યાપ્ત હતું. ૫૯.

रम्याणि गन्धकुसुमान्यपि गर्धिमस्यै नाऽऽधातुमैशत भरात्किमु भूषणानि ।
यद्यद्गुरुत्वपदमस्ति पदार्थजातं तत्तद्विधारणविधावलसा बभूव ॥ ६० ॥

રમણીય[1] ચંદનાદિક સુગંધ અને પુષ્પો, (જે બહુ ભારવાળાં નથી તે) ધારણ કરવાની પણ સતીને ઇચ્છા થતી નહોતી તો પછી જેનામાં ભાર છે તે ભૂષણ પહેરવાની તો તેની ઇચ્છા જ શાની થાય? એટલું જ નહિ, પણ જે જે પદાર્થ માત્ર ગુરુતા(ભારેપણા)નું સ્થાન છે (અર્થાત્ ભારે છે), તે તે ધારણ કરવામાં તે આળસુ થતી હવી. ૬૦.

तां दौहृदं भृशमबाधत दुःशरारिः प्रायः परं किल न मुञ्चति मुञ्चतेऽपि ।
आनीतदुर्लभमपोहति याचतेऽन्यत्तच्चाप्यपोह्य पुनरर्दति साऽन्यवस्तु ॥ ६१ ॥

તે સતીને દૌહૃદ[2] અત્યંત બાધ કરવા લાગ્યું. જેમ દુષ્ટ શરારિ નામે પક્ષી બહુધા પોતાના ભક્ષ્યને છોડી દે છે અને પાછો પકડે છે—મુકી દે છે અને નથી મુકી દેતો તેમ તે સ્ત્રી પણ દુર્લભ વસ્તુની ઇચ્છા કરતી હતી, અને તે જ્યારે તેને પ્રાપ્ત થાય ત્યારે તેને દૂર કરીને તે બીજો પદાર્થ માગતી હતી; વળી તે મળે ત્યારે તેને દૂર કરીને તે બીજી વસ્તુને યોગ્ય થતી હતી—બીજી વસ્તુને ઇચ્છતી હતી. ૬૧.

तां बन्धुताऽऽगमदुपश्रुतदोहृदार्तिरादाय दुर्लभमनर्घ्यमपूर्ववस्तु ।
आस्वाद्य बन्धुजनदत्तमसौ जहर्ष हा हन्त गर्भधरणं खलु दुःखहेतुः ॥ ६२ ॥

તેની દૌહૃદ સંબંધી પીડા સાંભળીને તેને માટે દુર્લભ, અમૂલ્ય અને અપૂર્વ વસ્તુઓ લેઈને તેનો બંધુસમુદાય ત્યાં આવવા લાગ્યો. તથા બંધુજને આપેલી તે તે વસ્તુઓ ચાખીને તે હર્ષ પામવા લાગી; અને કહેવા લાગી કે—"ગર્ભ ધારણ કરવો એ ખરેખર દુઃખનો હેતુ છે!" ૬૨.

मानुष्यधर्ममनुसृत्य मयेदमुक्तं काऽपि व्यथा शिवमहोभरणे न वध्वाः ।
सर्वव्यथाव्यतिकरं परिहर्तुकामा देवं भजन्त इति तत्त्वविदां प्रवादः ॥ ६३ ॥

સતી બોલી કે— "ગર્ભ ધારણ કરવો એ ખરેખર દુઃખનો હેતુ છે" એમ મેં જે કહ્યું તે મનુષ્યધર્મને અનુસરીને મેં કહ્યું છે, કેમકે શિવનું તેજ ધારણ કરવાથી વહુને—મને કાંઈ પણ પીડા થતી નથી. શા માટે પીડા થતી નથી એમ કહેશો તો,—જે મનુષ્યો સર્વે પ્રકારની પીડાના સંપર્કને દૂર કરવાને ઇચ્છે છે તેઓ મહાદેવને ભજે છે (અને તેથી તેમની પીડાઓ નાશ થાય છે) એમ તત્ત્વજ્ઞાનીઓનું કહેવું છે ત્યારે સાક્ષાત્ શિવનું તેજ જેના શરીરમાં છે તેને પીડા થાય જ કેમ?' ૬૩.

उक्ष्णा निसर्गधवलेन महीयसा सा स्वात्मानमैक्षत च मूढमुपात्तनिद्रा ।
संगीयमानमपि गीतविशारदाढ्यैर्विद्याधरप्रभृतिभिर्विनयोपयातैः ॥ ६४ ॥

તે સતીને જ્યારે નિદ્રા પ્રાપ્ત થતી હતી ત્યારે સ્વપ્નમાં તે એમ દેખતી હતી કે જાણે સ્વ-

---

૧ મૂલમાં એમ છે કે-"રમણીય સુગંધ અને પુષ્પો પણ (પોતાને) ધારણ કરવાની ઇચ્છા તે સતીને ઉત્પન્ન કરી શકતાં નહોતાં" ૨ ગર્ભવતીને જે ભાવ થાય છે તેને દૌહૃદ કહે છે.

ભાવે કરીને જ શ્વેત એવા મોટા વૃષઉપર પોતે બેઠી છે તથા ગાયનમાં કુશલ એવા ગંધર્વાદિક[1] સહિત વિદ્યાધર[2] આદિક દેવ વિનયથી પોતાની પાસે આવીને ગાયન પણ કરે છે!! ૬૪.

आकर्णयज्जय जयेति वरं दधाना रक्षेति शब्दमवलोकय मा दृशेति । ''४.१८
आकर्ण्य नोत्थितवती पुनरुक्तशब्दं सा विस्मिता किल शृणोति निरीक्षमाणा ॥ ६५ ॥

વળી સ્વપ્નમાં વરદાન આપતી તે સતીએ 'જય જય' 'રક્ષણ કરો' 'કૃપા દૃષ્ટિથી મારૂં અવલોકન કરો' એવા શબ્દો સાંભળ્યા. તેવા શબ્દો સાંભળીને સતી જાગી ઉઠી તથા વિસ્મય પામીને ચારે પાસે જોવા લાગી પણ ફરીને તે શબ્દો તેના સાંભળવામાં આવ્યા નહિ. ૬૫.

[3]नर्मोक्तिकृत्यामपि खिद्यमाना किञ्चापि चञ्चत्तरमञ्चरोहे ।
जित्वा मुदाऽन्यानतिहृद्यविद्यासिंहासनेऽसौ स्थितिमीक्षते स्म ॥ ६६ ॥

વળી,—તે અતિ સ્ફુરણાયમાન શય્યામાં આરોહણ કરવામાં તથા પરિહાસ વચનના યત્નમાં પણ ખેદ પામતી હતી, થાકી જતી હતી. પણ હર્ષથી બીજાને જીતીને અતિશય પ્રીતિકર વિદ્યાના સિંહાસન ઉપર બેસવાની તે ઇચ્છા કરતી હતી. ૬૬.

[4]समानता सात्विकवृत्तिभाजां विरागता वैषयिकप्रवृत्तौ ।
तस्याः स्त्रिया गर्भगपुत्रचित्रचरित्रशंसिन्यजनिष्ट चेष्टा ॥ ६७ ॥

સાત્વિક વૃત્તિવાળા પુરુષોની સમાન તેની સાત્વિક વૃત્તિ ઉત્પન્ન [5]થઈ અને વિષય સંબંધી પ્રવૃત્તિમાં તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. એ રીતે ગર્ભમાં રહેલા પુત્રનાં આશ્ચર્યકારક ચરિત્રને જણાવનારી તે સ્ત્રીની ચેષ્ટા ઉત્પન્ન થવા લાગી. ૬૭.

[6]तद्रोमवल्ली रुरुचे कुचाद्र्यावृण्वत्प्रभाधुन्युरुशैवलालिः ।
यत्नाच्छिशोरस्य कृते प्रशस्तो न्यस्तो विधात्रेव नवीनवेणुः ॥ ६८ ॥

તેના બે સ્તનરૂપી પર્વતની ચારે પાસે વીંટાઈવળેલી કાંતિરૂપી નદીના શેવાલની મોટી પંક્તિ હોય તેવી તેની રોમરાજી શોભતી હતી. એ રોમરાજી તે જાણે આ બાલકને અર્થે વિધાતાએ મોટા યત્નથી એક નવીન (સુંદર) વેણુ મુક્યો હોય નહિ શું તેવો જણાતો હતો.[7] ૬૮.

पयोधरद्वंद्वमिषादमुष्याः पयःपिबत्यर्थविधानयोग्यौ ।
कुंभौ नवीनामृतपूरितौ द्वावंभोजयोनिः कलयांबभूव ॥ ६९ ॥

આ સ્ત્રીના બે પયોધર(સ્તન)ના મિષે કરીને દૂધ પીવાના વિધાનને યોગ્ય એવા અમૃતથી ભરેલા બે નૂતન ઘડા કમલભુ બ્રહ્મદેવે રચ્યા છે.[8] ૬૯.

[10]द्वैतंप्रवादं कचकुंभमध्ये मध्ये पुनर्माध्यमिकं मतं च ।
सुभ्रूमणेर्गर्भग एव सोऽर्भो द्रागगर्हयामास महात्मगर्ह्यम् ॥ ७० ॥

---

૧ દેવજાતિના ગવૈયાને ગંધર્વ કહે છે. ૨ વિદ્યાધર એ પણ દેવજાતિમાં ગણાય છે. આવિષે 'કથાસરિત્સાગર' જુઓ તેમ જ અમરકોષ પ્રથમકાંડ શ્લોક ૧૧ માં ખુલાસો છે તે જુવો. ૩ ઇન્દ્રવજ્રા. ૪ ઉપેન્દ્રવજ્રા. ૫ અથવા-સાત્વિક વૃત્તિવાળા પુરુષોના જેવી સમાનતા તેનામાં પ્રકટી, એવો પણ અર્થ થાય. ૬ ઇન્દ્રવજ્રા. ૭ રૂપક અને ઉત્પ્રેક્ષાનો સંકર. ૮ ઉપજાતિ. ૯ અહિં 'પયોધરનું મિષ કરીને અમૃતના ઘડા વિધાતાએ રચ્યા છે' એમ મિષે કરીને પ્રસ્તુતનો નિષેધ કર્યો છે માટે કૈતવાપન્હુતિ અલંકાર.' "कैतवापह्नुतिर्व्यक्तौ व्याजाद्यैर्निह्नुतेः पदैः ।"—બહાનું કાઢીને નિષેધરૂપ શબ્દોએ કરીને જ્યાં અમુક વ્યક્તિનો નિષેધ કર્યો હોય ત્યાં કૈતવાપન્હુતિ અલંકાર જાણવો.—કુવલયાનંદ, કારિકા ૩૦. ૧૦ ઇંદ્રવજ્રા.

સ્તનરૂપી ઘડાઓમાં જાણે દ્વૈત મત રહેલો છે અને તે બે સ્તનના મધ્યભાગમાં (ખાલી-શૂન્ય જગા હોવાથી) માધ્યમિક શૂન્યવાદી મત રહેલો છે, (એમ જાણીને) સ્ત્રીઓમાં મણિ જેવી તે **સતીના** ગર્ભમાં રહેલા તે બાલકે, મહાત્મા પુરુષોએ નિંદવા જેવા તે બન્ને મતની નિંદા કરવા માંડી—દ્વૈત મત મટાડીને અદ્વૈત (અભેદ) મત સ્થાપન કરવા માંડ્યો તથા માધ્યમિક મતનો તો કેવલ નાશ જ કર્યો. તાત્પર્ય એ છે કે ગર્ભ જેમજેમ મોટો થાય છે તેમતેમ સ્તન વધવા માડે છે અને બે સ્તન વચ્ચે રહેલું અંતર (જેને માટે કવિયે માધ્યમિક અથવા શૂન્ય મતની ઉત્પ્રેક્ષા કરી છે) જતું રહે છે. એ રીતે બે સ્તન એકબીજાની પાસે આવી જવાથી તેમનું એકપણું કલ્પીને ‘ દ્વૈત મતનું ખંડન અને અદ્વૈતનું સ્થાપન ’ એવી ઉત્પ્રેક્ષા કરી છે.[1] ૭૦.

लग्ने शुभे शुभयुते सुषुवे कुमारं श्रीपार्वतीव सुखिनी शुभवीक्षिते च ।
जाया सती शिवगुरोर्निजतुङ्गसंस्थे सूर्ये कुजे रविसुते च गुरौ च केंद्रे ॥ ७१ ॥

પછી શુભ ગ્રહોયુક્ત—શુભ ગ્રહોની દૃષ્ટિયુક્ત—શુભ લગ્નમાં તથા જ્યારે **સૂર્ય**, **ભૌમ**, અને **શનિ** પોતપોતાના ઉચ્ચ સ્થાનમાં રહ્યા હતા અને **ગુરુ** કેંદ્રસ્થાનમાં હતો ત્યારે **શિવગુરુની** પત્ની **સતીએ**, **પાર્વતીએ** જેમ સ્વામિ **કાર્તિકનો** જન્મ આપ્યો હતો તેમ, સુખરૂપપણે પુત્રનો પ્રસવ કર્યો. તાત્પર્ય કે સ્વામિ **કાર્તિકનો** **પાર્વતીએ** પ્રસવ કર્યો નથી તેમ **શંકરનો** પણ પ્રસવ થયો નથી, ગર્ભપ્રવેશાદિક માયાવડે દેખાડીને જન્મકાલે **સદાશિવ** **શંકરાચાર્યરૂપે** પ્રકટ થયા એમ જણાવ્યું છે. ૭૧.

दृष्ट्वा सुतं शिवगुरुः शिववारिराशौ मग्नोऽपि शक्तिमनुसृत्य जले न्यमाङ्क्षीत् ।
व्यश्राणयद्बहु धनं वसुधाश्च गाश्च जन्मोक्तकर्मविधये द्विजपुङ्गवेभ्यः ॥ ७२ ॥

પુત્રને જોઈને **શિવગુરુ** સુખરૂપી સમુદ્રમાં ડુબી ગયો હતો તથાપિ પોતાની શક્તિને અનુસરીને (ફરીને) જલમાં ડુબ્યો—સ્નાન કર્યું. તથા જન્મ વખતે જે કર્મવિધિ કરવાનું શાસ્ત્રમાં કહેલું છે તે વિધિ સંપાદન કરવાને અર્થે શાસ્ત્ર જાણનારા (પાત્ર) ઉત્તમ બ્રાહ્મણોને ઘણું ધન, પૃથ્વી, અને ગાયોનું દાન દિધું. ૭૨.

तस्मिन्दिने मृगकरींद्रतरक्षुसिंहसर्पाखुमुख्यबहुजंतुगणा द्विषन्तः ।
वैरं विहाय सह चेरुरतीव हृष्टाः कंडूमपाकृषत साधुतया निघृष्टाः ॥ ७३ ॥

જે દિવસે **શંકરનો** જન્મ થયો તે દિવસે હરિણ, હાથી, તરસ, સિંહ, સર્પ, ઉંદર, આદિક ઘણાં પ્રાણીઓ જે સ્વભાવથી જ એકબીજાનો દ્વેષ કરનારાં છે તે પોતાનું જાતિવૈર તજીને અત્યંત આનંદ પામીને સાથે સાથે ફરવા લાગ્યાં તથા સારી રીતે અરસ્પરસ ઘર્ષણ કરી (ખજવાળી)ને પોતાના અંગની ખરજ મટાડવા લાગ્યાં. ૭૩.

वृक्षा लताः कुसुमराशिफलान्यमुञ्चन्नद्यः प्रसन्नसलिला निखिलास्तथैव ।
जाता मुहुर्जलधरोऽपि निजं विकारं भूभृद्गणादपि जलं सहसोत्पपात ॥ ७४ ॥

તે દિવસે વૃક્ષવેલીઓમાંથી પણ પુષ્પના ઢગલા અને ફલ ગરવા લાગ્યાં; સમગ્ર નદીઓનાં જલ નિર્મલ થયાં; તેમ જ મેઘ પણ વારંવાર પોતાના વિકાર—જલની વૃષ્ટિ કરવા લાગ્યો; તથા પર્વતોના સમુદાયમાંથી પણ એકાએક જલના ઝરણ ફુટીને બહાર પડવા લાગ્યાં. ૭૪.

---

૧ અહિં બે સ્તનનો અભેદ અને તેના મધ્યમ અવકાશનો અભાવ સંપાદન કરનારી ઉત્પ્રેક્ષા કરી છે માટે ફલોત્પ્રેક્ષાલંકાર. “संभावना स्यादुत्प्रेक्षा वस्तुहेतुफलात्मना।”–વસ્તુ, હેતુ અને ફલરૂપે જે સંભાવના તેનું નામ ઉત્પ્રેક્ષા—કુવલયાનંદ, કારિકા ૩૧. ૨. વસંતતિલકા.

अद्वैतवादिविपरीतमतावलंबिहस्ताग्रवर्तिवरपुस्तकमप्यकस्मात् । •૪.૨૪
उच्चैः पपात जहसुः श्रुतिमस्तकानि श्रीव्यासचित्तकमलं विकचीबभूव ॥ ७५ ॥

વળી તે સમયે, અદ્વૈતવાદી પુરુષોથી વિપરીત મતનું અવલંબન કરનારા જે જે દ્વૈતવાદી આદિક પુરુષો હતા તેમના હાથના અગ્રભાગમાં રહેલું[1] ઉત્તમ પુસ્તક પણ અકસ્માત્ ઊંચેથી નીચે પડ્યું; વેદાંત હસવા લાગ્યાં; અને શ્રીવ્યાસમુનિનું ચિત્તરૂપી કમલ વિકાસ પામ્યું. ૭૫.

सर्वाभिराशाभिरलं प्रसेदे वातैरभाव्यद्भुतदिव्यगंधैः ।
प्रजज्वलेऽपि ज्वलनैस्तदानीं प्रदक्षिणीभूतविचित्रकीलैः ॥ ७६ ॥

તે સમયે સર્વે દિશાઓ અતિશય નિર્મલ થઈ; અદ્ભુત દિવ્ય સુગંધીવાળા વાયુઓ વાવા લાગ્યા; અને જેની વિચિત્ર જ્વાલાઓ પ્રદક્ષિણ થઈ (એટલે દક્ષિણ ભણી નમી)ને સળગે છે એવા અગ્નિઓ પ્રજ્જ્વલવા લાગ્યા. ૭૬.

सुमनोहरगंधिनी सतां सुमनोवद्विमला शिवंकरी ।
सुमनोनिकरप्रचोदिता सुमनोवृष्टिरभूत्तदाऽद्भुतम् ॥ ७७ ॥

વળી તે સમયે આકાશમાંથી દેવતાઓના સમૂહે વેરેલી અતિમનોહર સુગંધવાળી, સત્પુરુષોના શુદ્ધ મન જેવી નિર્મલ, અને સુખ કરનારી, પુષ્પની વૃષ્ટિ થઈ, તે મોટું આશ્ચર્ય થયું. ૭૭.

लोकत्रयी लोकदृशेव भास्वता महीधरेणेव मही सुमेरुणा ।
विद्या विनीत्येव सती सुतेन सा रराज तत्तादृशराजतेजसा ॥ ७८ ॥

જેમ જગતના નેત્રરૂપ સૂર્યથી ત્રિલોકી (ત્રણે લોક) શોભે છે અને ઉત્તમ મેરુ પર્વતવડે જેમ પૃથ્વી શોભે છે, જેમ વિયનવડે વિદ્યા શોભે છે તેમ અને રામચંદ્રાદિક રાજાઓનું જેનામાં તેજ છે (અથવા સૂર્યાદિ તુલ્ય જેમાં રાજતેજ છે) એવા તે પુત્રવડે સતી શોભતી હતી.[4] ૭૮.

सत्कारपूर्वमभियुक्तमुहूर्तवेदिविप्राः शशंसुरभिवीक्ष्य सुतस्य जन्म । •૪.૨૫
सर्वज्ञ एव भविता रचयिष्यते च शास्त्रं स्वतन्त्रमथ वागधिपांश्च जेता ॥ ७९ ॥

શિવગુરુએ મુહૂર્ત જાણનારા બ્રાહ્મણોને સત્કારપૂર્વક પૂછવા ઉપરથી તે બ્રાહ્મણોએ પુત્રનો જન્મકાલ જોઈને કહ્યું કે 'આ પુત્ર સર્વજ્ઞ થશે અને સ્વતંત્ર શાસ્ત્રની રચના કરશે; તેમ જ વાણીના અધિપતિયો(અર્થાત્ વિદ્વાન્ પંડિતો)ને જીતશે. ૭૯.

---

૧. ઉપજાતિ. ૨. અહિં પ્રત્યેક ચરણમાં 'सुमन' એવા અક્ષરોનો સમુદાય પૃથક્ અર્થવાળો ક્રમે કરીને આવેલો છે માટે યમકાલંકાર. "सत्यर्थे पृथगर्थायाः स्वरव्यञ्जनसंहतेः । क्रमेण तेनैवावृत्तिर्यमकं विनिगद्यते ॥"–અર્થ છતાં પણ જૂદા જૂદા અર્થવાળા સ્વર અને વ્યંજનનો સમુદાય ક્રમે કરીને ફરી ફરીને આવે તેને યમક કહે છે.—સાહિત્યદર્પણ, કારિકા ૬૪૦. આ શ્લોકનું વિયોગિની વૃત્ત છે તેનું લક્ષણઃ—"विषमे ससजा गुरुः समे सभरा लोऽथ गुरुर्वियोगिनी ।"—પહેલા તથા ત્રીજા ચરણમાં સ સ જ અને એક ગુરુ એમ દશ અક્ષરો આવે તથા બીજા અને ચોથા ચરણમાં સ ભ ર લઘુ અને ગુરુ એમ અગિયાર અક્ષરો આવે તેને વિયોગિની વૃત્ત કહેવું.—વૃત્તરત્નાકર. ૩ અહિં लोक, मही, तेन, राज એ અક્ષરોનો પાદ યમક છે. ઉપજાતિ.

૪ અહિં સતી(ઉપમેય)નાં લોકત્રયી, મહી, અને વિદ્યા એવાં ત્રણ ઉપમાન હોવાથી માલોપમાલંકાર. "मालोपमा यदेकस्योपमानं बहु दृश्यते ।"—એક ઉપમેયનાં અનેક ઉપમાન જ્યાં જોવામાં આવે તેને માલોપમા કહેવી—સાહિત્યદર્પણ, કારિકા ૬૬૫. ૫. વસંતતિલકા.

कीर्त्ति स्वकां भुवि विधास्यति यावदेषा किं बोधितेन बहुना शिशुरेष पूर्णः ।
नापृच्छि जीवितमनेन च तैर्न चोक्तं प्रायो विदन्नपि न वक्त्यशुभं शुभज्ञः ॥ ८० ॥

વળી જ્યાંસુધી આ પૃથ્વી રહેશે ત્યાંસુધી પોતાની કીર્તિ તે પૃથ્વી ઉપર સ્થાપન કરશે. અમે તમને બહુ શું કહી બતાવીએ? ’ એ બાલક પૂર્ણ છે, એ બાલકના આયુષ્યનું પરિમાણ શિવગુરુએ પૂછ્યું નહિ, તેમ તે મુહૂર્ત વેદી વિપ્રોએ કહ્યું પણ નહિ; કેમકે કે શુભજ્ઞ (શુભ જાણનારા) જાણતાં છતાં પણ બહુધા અશુભ કહેતા નથી. ૮૦.

तज्ज्ञातिबंधुसुहृदिष्टजनांगनास्तास्तं सूतिकागृहनिविष्टमथो निदध्युः ।
सोपायनास्तमभिवीक्ष्य यथा निदाघे चन्द्रं मुदं ययुरतीव सरोजवक्त्रम् ॥ ८१ ॥

(પ્રસૂતિ થયાની વાત જાણી એટલે) તેના જ્ઞાતિજન, બાંધવો, મિત્ર, ઈષ્ટજન, આદિકની તે તે સ્ત્રીઓ ભેટ લેઈને ત્યાં આવી, અને પ્રસૂતિગૃહમાં રહેલા તે બાલકને જોવા લાગી; તથા ગ્રીષ્મઋતુમાં સૂર્યના તાપથી તપેલી સ્ત્રીઓ જેમ ચંદ્રને નિહાળીને શીતલ થઈને આનંદ પામે, તેમ કમલસમાન મુખવાળા તે બાલકને જોઈને પણ આનંદ પામી. ૮૧.

तत्सूतिकागृहमवैक्षत न प्रदीपं तत्तेजसा यदवभातमभूत् क्षपायाम् ।
आश्चर्यमेतदजनिष्ट समस्तजंतोस्तन्मंदिरं वितिमिरं यदभूददीपम् ॥ ८२ ॥

તેનું સૂતિકાગૃહ તે બાલકના તેજથી જ રાત્રિએ પ્રકાશમાન થતું હતું તથા જોનારા લોકો તેમાં દીવો દેખતા નહોતા; જોનારા સમગ્ર પ્રાણીઓને તે જોઈને એ એક આશ્ચર્ય ઉત્પન્ન થતું હતું કે દીવાવિના તેના મંદિરમાંથી અંધકાર નાશ પામતો હતો !! ૮૨.

यत्पश्यतां शिशुरसौ कुरुते शमग्र्यं तेनाकृतास्य जनकः किल शंकराख्याम् ।
यद्वा चिराय किल शंकरसंप्रसादाज्जातस्ततो व्यधित शंकरनामधेयम् ॥ ८३ ॥

બાલકનું નામ તેના પિતાએ શંકર શા માટે રાખ્યું તેનું કારણ બતાવે છે કે,—તે બાલકને જેઓ જોતા હતા તેમને તે ઉત્તમ સુખ ઉપજાવતો હતો તેથી તેના પિતાએ તેનું નામ ‘શંકર’ એવું પાડયું હતું; અથવા શંકરની કૃપાથી તે ઘણે કાલે પ્રાપ્ત થયો હતો તેથી તેનું ‘ શંકર ’ એવું નામ પાડ્યું હતું, એમ પણ નિશ્ચય થાય છે. ૮૩.

सर्वं विदन्सकलशक्तियुतोऽपि बालो मानुष्यजातिमनुसृत्य चचार तद्वत् ।
बालः शनैर्हसितुमारभत क्रमेण स्त्रप्तुं शशाक गमनाय पदाम्बुजाभ्याम् ॥ ८४ ॥

તે શંકર નામે બાલક પોતે સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન છતાં પણ મનુષ્યજાતિને અનુસરીને તે બાલક પ્રમાણે આચરણ કરવા લાગ્યો. પ્રથમ ધીમે ધીમે તે બાલકે હસવાનો આરંભ કર્યો અને પછી ક્રમે કરીને ચરણકમલવડે ગતિ કરવાને, (પ્રથમ) પેટવડે ખસવાને તે સામર્થ થયો. ૮૪.

बालेऽथ मञ्चे किल शायितेऽस्मिन्सतां प्रसन्नं हृदयं बभूव ।
संवीक्ष्यमाणे मणिगुच्छवर्यं विद्वन्मुखं हन्त विनीलमासीत् ॥ ८५ ॥

જે વખતે આ બાલકને પારણામાં સૂવાડવામાં આવતો હતો, તે વખતે સત્પુરુષોનું હૃદય પ્રસન્ન થતું હતું; જ્યારે તે બાલક ઉત્તમ મણિગુચ્છને જોતો હતો ત્યારે વિદ્વાન્ પુરુષોનાં મુખ ઉપરથી કાળાશ નાશ પામતી હતી. (અર્થાત્—તેઓ આનંદ પામતા હતા.) તેમ જ પ્રતિપક્ષી વિદ્વાનોનાં મુખ વિશેષે કરીને કાળાં થતાં હતાં.[૨] ૮૫.

૧ ઉપજાતિ. ૨ સમુચ્ચયાલંકાર. “ बहूनां युगपद्भावभाजां गुंफः समुच्चयः ।”-ઘણાં કાર્ય એકવખતે બન્યાં હોય તેવી રચના કરવી તેને સમુચ્ચયાલંકાર કહે છે—કુવલયાનંદ, કારિકા ૧૧૪.

सन्ताडयन्हन्त शनैः पदाभ्यां पर्यङ्कवर्यं कमनीयशय्यम् ।
बिभेद सद्यः शतधा समूहान्बिभेदवादीन्द्रमनोरथानाम् ॥ ८६ ॥

સુંદર જેમાં શય્યા છે એવા ઉત્તમ પલંગને ધીમે રહીને બન્ને પગવડે તાડન કરતા તે બાલકે, વિશેષે કરીને જેઓ ભેદવાદી પુરુષોના ઇંદ્ર (મુખ્ય—અગ્રેસર) છે તેમના મનોરથોના સમુદાયના તત્કાલ સેંકડો કકડા કરી નાંખ્યા—સેંકડો પ્રકારે તેમના ભેદવાદનું ખંડન કર્યું.[2] ૮૬.

द्वित्राणि वर्णानि वदत्यमुष्मिन्द्वैतिप्रवीरा दधुरेव मौनम् ।
मुदा चलत्यङ्घ्रिसरोरुहाभ्यां दिशः पलायंत दशापि सद्यः ॥ ८७ ॥

તે બાલક બે ત્રણ બોલવા લાગ્યો એટલામાં તો દ્વૈતમતના મુખ્ય મુખ્ય વીરપુરુષો (ભેદવાદી પંડિતવર્ય) મૌન ધારણ કરી ગયા—દ્વૈતવાદીઓની વાણી જ બંધ થઈ ગઈ; અને તે આનંદથી પોતાના ચરણકમલવડે ચાલવા લાગ્યો તેટલામાં તો તે દ્વૈત મતના મુખ્ય વીરપુરુષો દશે દિશાઓમાં તત્કાલ ભાગી ગયા.[3] ૮૭.

उदचारयदर्भको गिरः पदचारानतनोदनन्तरम् ।
विकलोऽभवदादिमात्तयोः पिकलोकश्चरमान्मरालकः ॥ ८८ ॥

તે બાલકે પ્રથમ વાણીનો ઉચ્ચાર કર્યો તથા પછીથી પગવડે ચાલવા માંડયું. તે બેમાંથી પ્રથમ જે વાણીનો ઉચ્ચાર કર્યો તેવડે સઘળી કોયલની આખી જાત જ વિકલ થઈ ગઈ; અને પછીથી જે પદ સંચારનો વિસ્તાર કરવા માંડ્યો—પગવડે ચાલવા માંડ્યું તેથી સઘળા હંસ વિકલ થઈ ગયા.[5] ૮૮.

नवविद्रुमपल्लवास्तृतामिव काश्मीरपरागपाटलाम् ।
रचयन्नचलां पदत्विषा स चचारेन्दुनिभः शनैः शनैः ॥ ८९ ॥

તે બાલક પોતાના ચરણની કાંતિવડે, પૃથ્વીને [6]વિદ્રુમ (રત્નવૃક્ષ)નાં નવાં પલ્લવવડે પાથરેલી હોય અને [7]કાશ્મીરના પરાગવડે [8]પાટલ વર્ણની કરી હોય, તેવી કરીને ચંદ્રમાના સરખો ધીમે ધીમે ચાલવા લાગ્યો.[9] ૮૯.

---

૧. '**बिभेद**' એ અક્ષરોની ક્રમે કરીને આવૃત્તિ છે માટે **યમકાલંકાર**.—જુઓ આ સર્ગના શ્લોક ૭૭ની ટીકાનું સ્પષ્ટીકરણ. ૨. અહિં તાડન હેતુ અને ખંડન કાર્યની, વિરુદ્ધ એવી ભિન્નદેશની સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે માટે **અસંગતિ** અલંકાર. "**विरुद्धभिन्नदेशत्वं कार्यहेत्वोरसङ्गतिः ।**"—કાર્ય અને હેતુની, વિરુદ્ધ એવી ભિન્નદેશની સ્થિતિનું વર્ણન તે **અસંગતિ** અલંકાર.—કુવલયાનંદ, કારિકા ૮૪. ૩. **ચપલાતિશયોક્તિ** અલંકાર. "**चपलातिशयोक्तिस्तु कार्ये हेतुप्रसक्तिजे ।**"—જ્યાં હેતુનું જ્ઞાન થતાં જ કાર્ય બને ત્યાં **ચપલાતિશયોક્તિ** જાણવી.–કુવલયાનંદ, કારિકા ૪૦. ૪. **યમકાલંકાર** અથવા **અનુપ્રાસાલંકાર**. "**व्यञ्जनं चेद्यथावस्थं सहाद्येन स्वरेण तु । आवर्त्यतेऽन्त्ययोज्यत्वादन्त्यानुप्रास एव तत् ॥**"–સ્વરાનુસ્વારાદિસહિત વ્યંજન આદ્યસ્વર સાથે ફરીને આવે તો તે **અનુપ્રાસાલંકાર** જાણવો.–**સાહિત્યદર્પણ**, કારિકા ૬૩૭. **વિયોગિની** વૃત્ત. એનું લક્ષણ આ સર્ગના ૭૭મા શ્લોકની ટીપમાં છે તે જુઓ. ૫. અહિં **શંકરની** વાણી અને સંચારવડે કોયલનો શબ્દ તથા હંસની ગતિનું નિષ્ફલત્વ વર્ણ્યું છે માટે **પ્રતીપાલંકાર**. "**प्रसिद्धस्यौपमानस्योपमेयत्वप्रकल्पनं । निष्फलत्वाभिधानं वा प्रतीपमिति कथ्यते ॥**"—પ્રસિદ્ધ ઉપમાનની ઉપમેયપણાવડે કલ્પના કરવી અથવા તેના નિષ્ફલપણાની કલ્પના કરવી તેને **પ્રતીપાલંકાર** કહે છે,—**સાહિત્યદર્પણ**, કારિકા ૭૪૨. ૬. "**विद्रुमो रत्नवृक्षेऽपि प्रवालेऽपि पुमानयम् ।**"—પુલિંગ, વિદ્રુમ શબ્દનો અર્થ રત્નવૃક્ષ અને પરવાળું એવો પણ થાય છે.–**મેદિની**. ૭. કાશ્મીરના પરાગ ચંદનની સૂક્ષ્મ રજ. ૮ પાટલ રાતો અને ધોળો વર્ણ. ૯. **ઉત્પ્રેક્ષા** તથા **ઉપમાનો** સંકર. **ચંદ્ર** તથા બાલકનો ધીમે ધીમે ગમન કરવારૂપ સમાન ધર્મ વર્ણવ્યો છે માટે **ઉપમા**

[1]मूर्धनि हिमकरचिह्नं निटले नयनाङ्कमंसयोः शूलम् ।
वपुषि स्फटिकसवर्णं प्राज्ञास्तं मेनिरे शंभुम् ॥ ९० ॥

તેના માથા ઉપર ચંદ્રનું ચિન્હ હતું; તેની લલાટમાં નેત્રનું ચિન્હ હતું; તેના બન્ને ખભા-ઉપર ત્રિશૂલનું ચિન્હ હતું; તેના શરીરનો વર્ણ સ્ફટીકના જેવો ગૌર હતો; એ સર્વ ઉપરથી જ્ઞાની પુરુષો તેને શંભુ માનવા લાગ્યા.[2] ૯૦.

[3]राज्यश्रीरिव नयकोविदस्य राज्ञो विद्येव व्यसनदवीयसो बुधस्य ।
शुभ्रांशोश्छविरिव शारदस्य पित्रोः संतोषैः सह ववृधे तदीयमूर्तिः ॥ ९१ ॥

રાજનીતિમાં કુશલ રાજાની રાજ્યલક્ષ્મીની પેઠે, વ્યસનથી અત્યંત દૂર રહેનાર પંડિતની વિ-દ્યાની પેઠે અને શરદૃઋતુના ચંદ્રની કાંતિની પેઠે, પોતાનાં માતાપિતાનાં સંતોષની સાથે તે બાલ-કની મૂર્તિ વૃદ્ધિ પામતી હતી—તે બાલક મોટો થવા લાગ્યો.[4] ૯૧.

[5]नागेनोरसि चामरेण चरणे बालेन्दुना फालके
पाण्योश्चक्रगदाधनुर्डमरुकैर्मूर्ध्नि त्रिशूलेन च ।
तत्तस्याद्भुतमाकलय्य ललितं लेखाकृते लांछितं
चित्रं गात्रममंस्त तत्र जनता नेत्रैर्निमेषोज्झितैः ॥ ९२ ॥

(તે બાલકના શરીરને) છાતીમાં નાગવડે, ચરણમાં ચામરવડે, કપાળમાં બીજના ચંદ્રવડે, હાથમાં ચક્ર, ગદા, ધનુષ્ય અને ડમરૂવડે, તથા માથા ઉપર ત્રિશૂલવડે, એવી રીતે રેખાઓને અર્થે અંકિત કરેલા તે બાલકના અદ્દ્ભુત સુંદર ગાત્રને નિમેષ રહિત નેત્રવડે જોઈને રેખાઓને અર્થે અંકિત કરેલું આ કોઈ ચિત્ર છે એમ ત્યાંનો જનસમુદાય માનતો હવો.[4] ૯૨.

તથા પૃથ્વીનેવિષે નવાં રત્નવૃક્ષનાં પલ્લવના આસ્તરણની સંભાવના કરી છે માટે ઉત્પ્રેક્ષા. "संभावना-स्यादुत्प्रेक्षा वस्तुहेतुफलात्मना"–કુવલયાનંદ, કારિકા ૩૧.

૧ ગીતિ છંદ. તેનું લક્ષણ નીચે પ્રમાણેઃ—

"આર્યા પૂર્વારધસમ, ઉત્તરારધ પણ એ જ મુજબ જાણો,
ગુણિજન ગણજો ગીતિ, જરૂર તફાવત જરા નાહિ જાણો."

આર્યાનું લક્ષણ નીચે પ્રમાણેઃ—

"પ્રથમ ત્રિજે કળ બારે, બિજે ચતુર્થે પુરાણ તિથિ તુલ્યે;
નવમી લઘુ ભુજ ચોથે, મળે ન આર્યા મહા મુલ્યે.
પ્રથમ પછી ચચ્ચારે, ત્રણ ચરણોમાં તાળ ધરો તેમાં;
ભૂ શર મુનિ દશ રત્ને, ચોથે ચરણે જુઓ જેમાં."

પ્રથમ, ત્રીજે, બારમે, બીજે, ચોથે, [પુરાણ એટલે] અરાઢમે, [તિથિ એટલે] પંદરમે તથા ન-વમી માત્રાએ વિરામ તથા ભુજ એટલે બીજે અને ચોથે લઘુ હોય તથા પ્રથમ પછી ચાર ચાર મા-ત્રાએ ત્રણે ચરણમાં તાલ હોય તથા ચોથા ચરણમાં ભૂ એટલે પહેલે, શર એટલે પાંચમે, મુનિ એ-ટલે સાતમે દશમે, રત્ને એટલે ચૌદમે તાલ હોય તેને આર્યા કહે છે.–ગુજરાતી પિંગળ, પૃષ્ઠ ૨૧–૨૨.

૨ માથા ઉપર ચંદ્રચિન્હ આદિક હેતુઓથી શંભુત્વરૂપ સાધ્યની અહિં સિદ્ધતા કરી બતાવી છે માટે અનુમાનાલંકાર. "अनुमानं तु विच्छित्त्या ज्ञानं साध्यस्य साधनात् ।"–વિભાગવડે કરીને સાધ્યનું સાધન કરવાથી ઉપજેલા જ્ઞાનનું કથન તે અનુમાનાલંકાર.–સાહિત્યદર્પણ, કારિકા ૭૧૧. ૩ પ્રહર્ષિણી છંદ. ૪ અહિં રાજ્યશ્રી આદિકની અને શંકરની મૂર્તિની વૃદ્ધિનો સહભાવ ચમત્કારિક રીતે વર્ણાયો છે માટે સહોક્તિ અલંકાર. "सहोक्तिः सहभावश्चेद्भासते जनरञ्जनः ।"–સામાને રંજન કરે એવો સહ-ભાવ વર્ણાયો હોય ત્યાં સહોક્તિ અલંકાર—કુવલયાનંદ, કારિકા ૫૭. ૫ શાર્દૂલવિક્રીડિત.

सर्गे प्राथमिके प्रयाति विरतिं मार्गे स्थिते दौर्गते
स्वर्गे दुर्गमतामुपेयुषि भृशं दुर्गेऽपवर्गे सति ।
वर्गे देहभृतां निसर्गमलिने जातोपसर्गेऽखिले
सर्गे विश्वसृजस्तदीयवपुषा भर्गोऽवतीर्णो भुवि ॥ ९३ ॥

સૃષ્ટિની ઉત્પત્તિ થઈ ત્યારે પ્રથમ **સનકાદિકની** સૃષ્ટિ થઈ હતી તે જ્યારે વિરામ પામવા માંડી, જગત્‌માં દુર્ગતિ પમાડનારા માર્ગ થવા માંડ્યા, સ્વર્ગમાં જવાનું ઘણું કઠિન થવા માંડ્યું, મોક્ષ અત્યંત દુષ્પ્રાપ્ય થવા માંડ્યો, દેહધારી (પ્રાણીઓ)નો વર્ગ સ્વભાવથી જ મલિન હોવા લાગ્યો, અને વિશ્વના સૃજનારા બ્રહ્મદેવની આખી સૃષ્ટિ ઉપસર્ગો (નાશકારક વિઘ્નો)થી વ્યાપ્ત થઈ જવા લાગી, ત્યારે **શ્રી**શંકરાચાર્યના દેહે કરીને **શ્રી**સદાશિવે પૃથ્વીમાં અવતાર ધારણ કર્યો. ૯૩.

इति श्रीमाधवीये तदवतारकथापरः ।
संक्षेपशङ्करजये सर्गः पूर्णो द्वितीयकः ॥ २ ॥

એ પ્રમાણે **શ્રી**માધવાચાર્યવિરચિત સંક્ષેપશંકરજયમાં **શ્રી**શંકરના અવતારની કથાના વર્ણન-સંબંધી આ બીજો સર્ગ સંપૂર્ણ થયો. ૨.

अथ तृतीयः सर्गः ।

इति बालमृगाङ्कशेखरे सति बालत्वमुपागते ततः ।
दिविषत्प्रवराः प्रजज्ञिरे भुवि षट्शास्त्रविदां सतां कुले ॥ १ ॥

પાછલા સર્ગમાં **શિવ**ના અવતારનું વર્ણન કર્યા પછી તે તે દેવોના અવતારનું વર્ણન કરવાનો ઉપક્રમ કરે છે કે,—એ પ્રમાણે બાલચંદ્ર જેના માથા ઉપર છે એવા **શંકર સતિ** માતાના બાલકપણાને પામ્યા તે પછી **શંકરે** અવતાર ધારણ કર્યા પછી દેવોમાં ઉત્તમ દેવો પૃથ્વી ઉપર છ શાસ્ત્ર જાણનારા સત્પુરુષોના કુલમાં ઉત્પન્ન થયા. ૧.

कमलानिलयः कलानिधेर्विमलाख्यादजनिष्ट भूसुरात् ।
भुवि पद्मपदं वदन्ति यं सविपद्येन विवादिनां यशः ॥ २ ॥

તેમાં હવે પ્રથમ **વિષ્ણુ**નો અવતાર થયો તે વર્ણવતાં કહે છે કે,—લક્ષ્મીનું સ્થાન એવા **વિષ્ણુ વિમલ** નામે કલાના ભંડાર જેવા બ્રાહ્મણથકી ઉત્પન્ન થયા; જેને પૃથ્વી ઉપર લોકો **પદ્મપાદ** કરીને કહે છે તથા જેનાવડે પ્રતિવાદી પંડિતોનો યશ વિપત્તિયુક્ત થયેલો છે. અર્થાત્ વિવાદી પંડિતો યશ, વિપત્તિમાં આવી પડ્યો એટલે ખંડિત થયો—નાશ પામ્યો એ તાત્પર્ય. ૨.

पवनोऽप्यजनि प्रभाकरात्सवनोन्मीलितकीर्तिमण्डलात् ।
गलहस्तितभेदवाद्यसौ किल हस्तामलकाभिधामधात् ॥ ३ ॥

જેનું કીર્તિમણ્ડલ કાલે કરીને વિકાર પામ્યું છે એવા પ્રભાકર (સૂર્ય)રૂપ **પ્રભાકર** પંડિતથકી **વાયુદેવ** ઉત્પન્ન થયા; તથા ભેદવાદિયોની ગળચી પકડીને તેમને જેણે બાહાર કાઢી મુક્યા છે એવા તે પ્રકટ થયેલા પવને **હસ્તામલક** એવું નામ ધારણ કર્યું. ૩.

---

૧ આ અને તે પછીના ઘણા શ્લોકમાં ચરણના આદિમ ભાગમાં અનુપ્રાસ મુકયા છે. જેમ **इति बाल-सति बाल। दिविषत्-भुविषट्** ઇત્યાદિ. **વિયોગિની** વૃત્ત-એનું લક્ષણ બીજા સર્ગના ૭૭ મા શ્લોકની ટીપામાં છે તે જુઓ.

पवमानदशांशतोऽजनि प्लवमानाऽश्नुति यद्यशोंबुधौ ।
धरणी मथिता विवादिवाक्तरणी येन स तोटकाह्वयः ॥ ४ ॥

વાયુનો દશાંશાવતાર કહે છે,—વાયુના દશાંશથી તોટક નામે આચાર્ય ઉત્પન્ન થયા; જેના યશરૂપી સમુદ્રમાં પૃથ્વી તરતી તરતી ચાલી જાય છે, તથા વિવાદ કરનારાઓની વાણીરૂપ નૌકાને જેણે ડામાડોળ કરી નાખી છે. ૪.

उद्भावि शिलादसूनुना मदवद्वादिकदंबनिग्रहैः ।
समुदञ्चितकीर्तिशालिनं यमुदङ्कं ब्रुवते महीतले ॥ ५ ॥

શિલાદના પુત્ર નંદીકેશ્વરે પછી અવતાર ધારણ કર્યો; જેણે મદવાળા વાદીઓનો સદાયનો નિગ્રહ કર્યો તેથી તેની કીર્તિ સર્વથી ઊંચે ચઢીને શોભવા લાગી તથા તેથી તેને પૃથ્વીઉપર સર્વ કોઈ ઉદંક કરીને કહે છે. ૫.

विधिरास सुरेश्वरो गिरां निधिरानंदगिरिर्व्यजायत ।
अरुणः समभूत्सनंदनो वरुणोऽजायत चित्सुखाह्वयः ॥ ६ ॥

બ્રહ્મા, સુરેશ્વર (અથવા મંડનમિશ્ર) થયા; બૃહસ્પતિ, આનંદગિરિ થયા; અરુણ સનંદન થયા અને વરુણ ચિત્સુખનામે ઉત્પન્ન થયો.[1] ૬.

अपरेऽप्यभवन्दिवौकसः स्वपरेर्ष्यापरविद्विषः प्रभोः ।
चरणं परिसेवितुं जगच्छरणं भूसुरपुङ्गवात्मजाः ॥ ७ ॥

બીજા દેવતાઓ પણ, જેઓ પોતાના પારકાની ઈર્ષ્યા કરનારા છે તેમ જ દ્વેષ કરનારા હોઈને, જગતને શરણ આપનારા પ્રભુ શંકરાચાર્યનાં ચરણ સેવવાને બ્રાહ્મણ શ્રેષ્ઠોના પુત્ર થઈને અવતર્યા. ૭.

[2]चार्वाकदर्शनविधानसरोषधातृशापेन गीष्पतिरभूद्भुवि मण्डनाख्यः ।
नंदीश्वरः करुणयेश्वरचोदितः सन्नानंदगिर्यभिधया व्यजनीति केचित् ॥ ८ ॥

[3]બૃહસ્પતિયે દેહાત્મવાદી નાસ્તિકોનું શાસ્ત્ર બનાવી આપ્યું તેથી ક્રોધયુક્ત થયેલા બ્રહ્મદેવના શાપવડે બૃહસ્પતિ મંડનમિશ્ર થઈને અવતર્યા અને કરુણાવડે શંકરની પ્રેરણાથી નંદીશ્વર, આનંદગિરિ એ નામના થઈને અવતર્યા, એવું કેટલાકનું મત છે. ૮.

[4]अथावतीर्णस्य विधेः पुरंध्री साऽभूद्यदाख्योभयभारतीति ।
सरस्वती सा खलु वस्तुवृत्त्या लोकोऽपि तां वक्ति सरस्वतीति ॥ ९ ॥

હવે બ્રહ્માએ પૃથ્વી ઉપર અવતાર ધારણ કર્યો ત્યારે તેની કુટુંબિની (સ્ત્રી) સરસ્વતીએ પણ અવતાર ધારણ કર્યો તથા તેનું નામ ઉભયભારતી એવું પ્રસિદ્ધ થયું. તે વસ્તુતઃ સરસ્વતી જ હતી અને લોકો પણ તેને સરસ્વતી જ કહેતા હતા. ૯.

[5]पुरा किलाध्यैषत धातुरंतिके सर्वज्ञकल्पा मुनयो निजं निजम् ।
वेदं तदा दुर्वसनोऽतिकोपनो वेदानधीयन्क्वचिदस्खलत्स्वरे ॥ १० ॥

૧ શ્લોક બીજામાં કહ્યું છે કે વિષ્ણુ પદ્મપાદ થયા. હવે સનંદન એ જ પદ્મપાદ હોવાથી અને અરુણ સનંદન હોવાથી એમ સમજવું કે વિષ્ણુ તથા અરુણ એ બેના અંશથી પદ્મપાદ થયા હતા. ૨. વસંતતિલકા. ૩. સુરેશ્વર બ્રહ્માનો અવતાર છે એમ પૂર્વે છઠ્ઠા શ્લોકમાં કહ્યું છે અને ફરીને અહિં કહે છે કે બૃહસ્પતિ મંડનમિશ્ર (તેનું જ બીજું નામ સુરેશ્વર હતું.) થયા એ મતાંતર બતાવવામાટે લખ્યું છે. તેમ જ બૃહસ્પતિ આનંદગિરિ થયા એમ કહ્યું છે, પણ અહિં નંદીકેશ્વર આનંદગિરિ થયાનું લખે છે, તે પણ મતાંતર છે. અથવા બે બે દેવોના અંશથી તેમનો અવતાર થયો હતો એમ પણ કહી શકાય. ૪. વિપરીતપૂર્વા વૃત્ત. ૫. ઉપજાતિ.

સરસ્વતીને અવતાર લેવાનું નિમિત્ત એવું હતું કે,-પૂર્વે (એક વખત) બ્રહ્મદેવની પાસે સર્વજ્ઞ જેવા (સર્વજ્ઞમાં કાંઈક ન્યૂન) મુનિયો પોતપોતાનો વેદ ભણુતા હતા તે વખતે મહાક્રોધી દુર્વાસા મુનિ વેદ ભણુતાંભણુતાં કોઈક જગોએ સ્વર લેતાં ભૂલા પડ્યા. ૧૦.

[1]तदा जहासेन्दुमुखी सरस्वती यदङ्गवर्णोद्भवशब्दसंततिः।
चुकोप तस्यै दहनानुकारिणा निरीक्षतात्क्ष्णा मुनिरुग्रशासनः ॥ ११ ॥

તે જોઈને વર્ણુથી ઉત્પન્ન થયેલી શબ્દસંતતિ એ જ જેનું શરીર છે એવી ચંદ્રમુખી સરસ્વતીએ હાસ કર્યું; સરસ્વતીએ પોતાનું હાસ કર્યું તેથી ભયંકર જેની શિક્ષા છે એવા તે મુનિને તે સરસ્વતી ઉપર ક્રોધ ચઢ્યો અને અગ્નિના સરખાં લાલવર્ણુનાં નેત્ર કરીને તેના સામું જોયું. ૧૧.

शशाप तां दुर्विनयेऽवनीतले जायस्व मर्त्येष्वबिभेत्सरस्वती ।
प्रसादयामास निसर्गकोपनं तत्पादमूले पतिता विषादिनी ॥ १२ ॥

અને શાપ દીધો કે 'હે દુર્વિનયવાળી! પૃથ્વી ઉપર મનુષ્યોમાં તું ઉત્પન્ન થા.' (અર્થાત્ તારા દુર્વિનયને લીધે તું પૃથ્વી ઉપર મનુષ્યનો અવતાર ધારણુ કરીશ; કેમકે દુર્વિનયવાળાને દેવપણું યોગ્ય નથી!) આ શાપ સાંભળીને સરસ્વતી ભય તથા ખેદ પામીને તે મુનિના ચરણુમૂલમાં પડી-તેમને પગે લાગી અને તે સ્વભાવે કરીને ક્રોધી મુનીને પ્રસન્ન કરવાનો યત્ન કરવા લાગી. ૧૨.

[2]दृष्ट्वा विषण्णां मुनयः सरस्वतीं प्रसादयांचक्रुरिमं तमादरात् ।
कृतापराधा भगवन्क्षमस्व तां पितेव पुत्रं विहितागसं मुने ॥ १३ ॥

પછી બીજા મુનીઓએ સરસ્વતીને ખેદ પામેલી જોઈને તે દુર્વાસા મુનિને પ્રસન્ન કરવાને આદરથી યત્ન કરવા માંડ્યો. તેઓ બોલ્યા કે, "હે મુને! પુત્રે અપરાધ કર્યો હોય તેને જેમ પિતા ક્ષમા કરે છે તેમ હે ભગવાન્! જેણે અપરાધ કર્યો છે એવી સરસ્વતીને તમે ક્ષમા કરો." ૧૩.

[3]प्रसादितोऽभूदथ संप्रसन्नो वाण्या मुनीन्द्रैरपि शापमोक्षम् ।
ददौ यदा मानुषशंकरस्य संदर्शनं स्याद्भवितास्यमर्त्या ॥ १४ ॥

એપ્રમાણે સરસ્વતી અને બીજા મુનીંદ્રોએ દુર્વાસાને પ્રસન્ન કર્યા ત્યારે પ્રસન્ન થઈને તેમણે શાપનો મોક્ષકાલ નિર્માણુ કર્યો કે 'જ્યારે શંકર મનુષ્યાવતાર ધારણુ કરશે અને તેનું સાક્ષાત્ દર્શન ત(સરસ્વતી)ને થશે ત્યારે તું અમર્ત્ય થઈશ—મનુષ્ય દેહ તજીને દેવપણાને પામીશ.' ૧૪.

[4]सा शोणतीरेऽजनि विप्रकन्या सर्वार्थवित्सर्वगुणोपपन्ना ।
यस्या बभूवुः सहजाश्च विद्याः शिरोगतं के परिहर्तुमीशाः ॥ १५ ॥

પછી સરસ્વતી શોણુ નામે નદીને કાંઠે વિષ્ણુમિત્ર નામે બ્રાહ્મણુને ઘેર કન્યા ઉત્પન્ન થઈ. તે જન્મથી જ સર્વ અર્થને જાણુનારી તથા સર્વ ગુણે કરીને યુક્ત હતી; બધી વિદ્યાઓ[5] જન્મથી જ તેને આવડતી હતી. કેમકે જે જેના માથા ઉપર છે તે તેનું લેઈ લેવાને કોણુ સમર્થ છે? અર્થાત્—દુર્વાસાદિક મુનિયો પણુ તે લેઈ લેવાને સમર્થ નથી. ૧૫.

---

૧ વંશસ્થ. ૨ ઉપજાતિ. ૩ વિપરીતપૂર્વા વૃત્ત. ૪. ઉપજાતિ. ૫ બધી વિદ્યાઓ–ચૌદવિદ્યાઓ. ચાર વેદ, છ વેદાંગ, મિમાંસા, ધર્મશાસ્ત્ર, ન્યાય અને પુરાણુ: એવી રીતે ચૌદ, તેમાટે જુઓ આ શ્લોક:—" पुराणन्यायमीमांसाधर्मशास्त्राङ्गमिश्रिताः । वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दश ॥ "

सर्वाणि शास्त्राणि षडङ्गवेदान्काव्यादिकान्वेत्ति परं च सर्वम् ।
तन्नास्ति नो वेत्ति यदत्र बाला तस्मादभूच्चित्रपदं जनानाम् ॥ १६ ॥

સાંખ્ય, **પાતંજલ**, **વૈશેષિક**, **ન્યાય**, **મિમાંસા**, અને **વેદાંતઃ** એ છએ **શાસ્ત્ર**, તથા **શિક્ષા**, કલ્પ, **વ્યાકરણ**, **નિરુક્ત**, છંદ, અને **જ્યોતિષઃ** એ છ **અંગ**—તથા **ઋગ**, **યજુઃ** **સામ**, **અથર્વઃ** એ ચાર **વેદ**—તથા **કાવ્ય**, **નાટક**, ઇતિહાસ, **આખ્યાયિકા** ઇત્યાદિ તથા બીજું પણ જે રહ્યું તે સર્વ તે બાલા-**સરસ્વતી** જાણતી હતી. જગતમાં એવું કાંઈ નહોતું કે તે બાલા-**સરસ્વતી** ન જાણતી હોય! અને તેથી લોકોને તે મોટું આશ્ચર્ય લાગવા લાગ્યું. ૧૬.

એ રીતે **સરસ્વતીનો** પ્રાદુર્ભાવ કહ્યા પછી તેનો વિવાહ કેમ થયો તે કહેવાનો ઉપક્રમ કરે છે કે—

सा विश्वरूपं गुणिनं गुणज्ञा मनोभिरामं द्विजपुंगवेभ्यः ।
शुश्राव तां चापि स विश्वरूपस्तस्मात्तयोर्दर्शनलालसाऽभूत् ॥ १७ ॥

ગુણને જાણનારી તે **સરસ્વતીએ** ઘણા શ્રેષ્ઠ બ્રાહ્મણોના મુખથી સાંભળ્યું કે **વિશ્વરૂપ** (**મંડન** એવું તેનું બીજું નામ હતું) નામે ગુણવાન અને મનને આનંદ આપે એવો એક બ્રાહ્મણ છે. તે **વિશ્વરૂપે** પણ **સરસ્વતીનું** વર્ણન સાંભળ્યું. તેથી તેમને અરસ્પરસ જોવાની ઇચ્છા થઈ. ૧૭.

अन्योऽन्यसंदर्शनलालसौ तौ चिंताप्रकर्षादधिगम्य निद्राम् ।
अवाप्य संदर्शनभाषणानि पुनः प्रबुद्धौ विरहाग्नितप्तौ ॥ १८ ॥

તેમને એક બીજાને જોવાની ઇચ્છા હતી તેથી તેનું તે ચિંતન તેમને થવા લાગ્યું. અને તે ચિંતનના બલથી, જ્યારે તેમને નિદ્રા આવી ત્યારે, સ્વપ્નમાં તેમનો મેળાપ થયો. સ્વપ્નમાં તેમણે એક બીજાને જોયાં તથા વાતચીત કરી; પણ જ્યારે જાગ્યાં ત્યારે પાછાં ફરીને વિરહરૂપી અગ્નિવડે તેઓ તપ્ત થવા લાગ્યાં. ૧૮.

दिदृक्षमाणावपि नेक्षमाणावन्योन्यवार्ताहृतमानसौ तौ ।
यथोचिताहारविहारहीनौ तनौ तनुत्वं स्मरणादुपेतौ ॥ १९ ॥

તે બન્ને એક બીજાને જોવાની ઇચ્છાવાળાં છતાં એક બીજાને જોઈ શકતાં નહોતાં તથા સ્વપ્નમાં એક બીજાની વાર્તા સાંભળીને તેમનાં ચિત્તનું હરણ થયું હતું તેથી જોઈએ તેવો આહાર વિહાર તે કરતાં નહોતાં તેથી, એક બીજાનું સ્મરણ કરીને તેમનું શરીર કૃશ થઈ ગઈ [3]હતું. ૧૯.

दृष्ट्वा तदीयौ पितरौ कदाचिदपृच्छतां तौ परिकर्शिताङ्गौ ।
वपुः कृशं ते मनसोऽप्यगर्वो न व्याधिमीक्षे न च हेतुमन्यम् ॥ २० ॥

તે બન્નેનું શરીર અત્યંત કૃશ થઈ ગયેલું જોઈને તેમનાં માતાપિતા એક વખત તેમને પૂછવા લાગ્યાં કે—'તારૂં શરીર સૂકાઈ ગયું છે અને મન પણ ગર્વરહિત દીનતા પામી ગયું હોય તેમ દેખાય છે તેનું કારણ શું છે? મને તારા શરીરમાં કોઈ વ્યાધિ જોવામાં આવતો કે કોઈ બીજો પણ હેતુ દૃષ્ટિએ પડતો નથી. ૨૦.

---

૧ ઇંદ્રવજ્રા. ૨ ઉપજાતિ. ૩ **પરિકર** અલંકાર. "**अलङ्कारः परिकरः साभिप्राये विशेषणे ।**"—જે કાંઈ ઊંડો વિચાર હોય તે વિશેષણવડે પ્રત્યક્ષ જણાઈ આવે એવું જે બોલવું તે **પરિકર** અલંકાર.—કુવલયાનંદ, કારિકા ૬૧.

इष्टस्य हानेरनभीष्टयोगाद्भवन्ति दुःखानि शरीरभाजाम्।
वीक्ष्ये न तौ द्वावपि वीक्षमाणो विना निदानं नहि कार्यजन्म ॥ २१ ॥

જ્યારે ઈષ્ટ પદાર્થનો વિયોગ થાય અથવા અનભિષ્ટ પદાર્થનો યોગ થાય ત્યારે જ દેહધારીઓને દુઃખ ઉત્પન્ન થાય છે. હું જોઉછું, પરંતુ તે બન્ને મને તારામાં માલમ પડતાં નથી; અને કારણ વિના કાર્ય ઉપજતું પણ નથી. તાત્પર્ય કે, એટલા માટે તારે એ ગૂઢ કારણ શું છે તે અમને કહેવું જોઈએ. ૨૧.

नं तेऽत्यगादुद्वहनस्य कालः परावमानो न च निःस्वता वा।
कुटुंबभारो मयि दुःसहोऽयं कुमारवृत्तेस्तव काऽत्र पीडा ॥ २२ ॥

તારો વિવાહકાલ હજી વીતી ગયો નથી કે તે સંબંધી તને કાળજી ઉત્પન્ન થાય; તારૂં કોઈ બીજાએ અપમાન કર્યું નથી; અથવા તને દારિદ્રય (ધનહીન) પણું પ્રાપ્ત થયું નથી. આ દુઃસહ કુટુંબનો ભાર તો મારે માથે છે. ત્યારે કુમારાવસ્થામાં ખેલતા બાલકને—તને આ લોકમાં શું દુઃખ છે તે કહે? ૨૨.

न मूढभावः परितापहेतुः पराजितिर्वा तव तन्निदानम्।
विद्वत्सु विस्पष्टतयाऽग्रपाठात्सुदुर्गमार्थादपि तर्कविद्भिः ॥ २३ ॥

વળી પરિતાપનો હેતુ જે મૂઢભાવ તેપણ તારે નથી. અથવા તારા દુઃખનું કારણ પરાજય પણ નથી; કેમકે તર્કશાસ્ત્રને જાણનારા વિદ્વાનોને પણ જેનો અર્થ અત્યંત દુર્બોધ થઇ પડે એવો શ્રેષ્ઠ પાઠ તું વિદ્વાનોમાં અતિ સ્પષ્ટપણે કરે છે. ૨૩.

आ जन्मनो विहितकर्मनिवेषणं ते स्वप्नेऽपि नास्ति विहितेतरकर्मसेवा।
तस्मान्न भेयमपि नारकयातनाभ्यः किं ते मुखं प्रतिदिनं गतशोभमास्ते ॥ २४ ॥

જન્મથી આરંભીને વેદવિહિત કર્મનું તેં સેવન કર્યું છે, અને જે કર્મનું આચરણ કરવાની વેદની આજ્ઞા નથી તેવા કર્મનું સેવન તે સ્વપ્ને પણ કર્યું નથી; માટે તારે નરકની યાતનાઓ થકી પણ ભય પામવાનો નથી. એવી રીતે આ લોક તથા પરલોક, બન્ને લોકના દુઃખથી તું નિર્મુક્ત છતાં પણ દિવસે દિવસે તારૂં મુખ શોભારહિત કેમ થતું જાય છે?' ૨૪.

निर्बंधतो बहुदिनं प्रतिपाद्यमानौ वक्तुं कृपाभरयुताविदमूचतुः स्म।
निर्बंधतस्तव वदामि मनोगतं मे वाच्यं न वाच्यमिति यद्वितनोति लज्जाम् ॥ २५ ॥

એપ્રમાણે મંડન તથા સરસ્વતીનાં માતપિતાએ પોતપોતાનાં બન્ને સંતાનને ઘણા દિવસ સુધી અતિ આગ્રહથી પોતાના દુઃખનું કારણ કહેવાને કહ્યા કર્યું ત્યારે તેમણે સ્નેહજન્ય અતિશય કૃપાવાળાં પોતાનાં માબાપને આ પ્રમાણે કહ્યુંઃ (મંડને પોતાનાં માબાપને શું કહ્યું તે પ્રથમ બતાવે છે-) 'મારા મનમાં જે છે તે મારે તમને કહેવું કે ન કહેવું એમ લજ્જા ઉત્પન્ન કરે છે—અથવા મારા મનની જે વાત મારે તમને ન કહેવી જોઈએ તે કહેવી પડે છે તેથી મને લજ્જા ઉત્પન્ન થાય છે, તથાપિ તમારા અતિ આગ્રહથી તે મારા મતની વાત હું તમને કહુંછું. ૨૫.

शोणाख्यपुंनदतटे वसतो द्विजस्य कन्या श्रुतिं गतवती द्विजपुङ्गवेभ्यः।
सर्वज्ञतापदमनुत्तमरूपवेषां तामुद्विवक्षति मनो भगवन्मदीयम् ॥ २६ ॥

શોણ નામે પુરુષ વાચક નદીના કિનારા ઉપર રહેનારા એક વિષ્ણુમિત્ર નામે બ્રાહ્મણની કન્યા સર્વજ્ઞતાની આશ્રયભૂત—સર્વજ્ઞ, અને સર્વોત્તમ રૂપ તથા વેશવાળી છે એમ મેં ઉત્તમ

૧ આખ્યાનકી વૃત્ત. ૨. ઉપેન્દ્રવજ્રા. ૩. વસંતતિલકા.

બ્રાહ્મણો પાસેથી સાંભળ્યું છે; હે ભગવાન્! મારું મન તેની સાથે વિવાહ કરવાની ઇચ્છા કરે છે. અર્થાત્ તેની સાથે મારું લગ્ન થાય, એવી મારી ઇચ્છા છે.' ૨૬.

पुत्रेण सोऽतिविनयं गदिताऽन्वशाद्द्वौ विप्रौ वधूवरणकर्मणि संप्रवीणौ ।
तावापतुर्द्विजगृहं द्विजसंदिदृक्षू देशानतीत्य बहुलान्निजकार्यसिद्ध्यै ॥ २७ ॥

એ પુત્રે અતિ વિનયસહિત કહ્યું તે સાંભળીને હિમમિત્ર નામે મંડનના પિતાએ [1]વધૂવરણ કર્મમાં સારી રીતે પ્રવીણ એવા બે બ્રાહ્મણોને મોકલ્યા. તે બે બ્રાહ્મણો પોતાના કર્મની સિદ્ધિને અર્થે વિષ્ણુમિત્ર બ્રાહ્મણનું દર્શન કરવા(તેને મળવા)ની ઇચ્છાથી ઘણાક દેશ ઓલંઘી (તે તે દેશોમાં થઈ)ને વિષ્ણુમિત્રને ઘેર પહોંચ્યા. ૨૭.

ઉભયભારતી(સરસ્વતી)ને તેનાં માતાપિતાએ તેના દુઃખનું કારણ પૂછવાથી તેણે આ પ્રમાણે કહ્યું કે—

भूभृन्निकेतनगतः श्रुतविश्वशास्त्रः श्रीविश्वरूप इति यः प्रथितः पृथिव्याम् ।
तत्पादपद्मरजसे स्पृहयामि नित्यं साहाय्यमत्र यदि तात भवान्विदध्यात् ॥ २८ ॥

'રાજ્યસ્થાનમાં વિશ્વરૂપ કરીને એક બ્રાહ્મણ છે જેણે સમગ્ર શાસ્ત્ર સાંભળ્યાં છે (પઠન કર્યાં છે) તથા **શ્રી**વિશ્વરૂપ એ નામથી જે પૃથ્વીમાં પ્રખ્યાત છે. હે તાત! જો તમે આ કામમાં મને સાહાય્ય કરો તો તે પંડિતના ચરણ કમલના રજની હું નિત્ય ઇચ્છા કરું છું કે તે મને પ્રાપ્ત થાય. અર્થાત્ તેનાં ચરણ સેવવાની—તેની સાથે લગ્ન કરવાની, મારી ઇચ્છા છે, પરંતુ તેમાં જો તમે મને સહાય થાઓ તો મારું તે કામ સફલ થાય.' ૨૮.

पुत्र्या वचः पिबति कर्णपुटेन ताते श्रीविश्वरूपगुरुणा गुरुणा द्विजानाम् ।
आजग्मतुः सुवसनौ विशदाभयष्टी संप्रेषितौ सुतवरोद्वहनक्रियायै ॥ २९ ॥

પોતાના કાનરૂપી પડીઆવડે પુત્રીના વચનનું પિતા જે વખતે પાન કરતો હતો (જે વખતે પોતાની પુત્રીની વાણી પિતા સાંભળતો હતો) તે વખતે બ્રાહ્મણોના ગુરુ—**શ્રી**વિશ્વરૂપના પિતા હિમમિત્રે પોતાના ઉત્તમ પુત્રના મોકલેલા બે બ્રાહ્મણો—જેમણે સારાં વસ્ત્ર પહેરેલાં હતાં તથા જેમણે નિર્મલ કાંતિવાળી લાકડીઓ ઝાલેલી હતી—તે આવી પહોંચ્યા. ૨૯.

तावार्च्य स द्विजवरौ विहितोपचारैरायानकारणमथो शनकैरपृच्छत् ।
श्रीविश्वरूपगुरुवाक्यत आगतौ स्व इत्यूचतुर्वरणकर्मणि कन्यकायाः ॥ ३० ॥

પછી વિષ્ણુમિત્રે તે બન્ને બ્રાહ્મણશ્રેષ્ઠનું શાસ્ત્રવિહિત ઉપચારથી પૂજન કરીને પછી ધીમેથી તેમના આવવાનું કારણ પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું કે '**શ્રી**વિશ્વરૂપના પિતાના વચનથી કન્યા પસંદ કરવાને અર્થે અમે આવેલા છીએ. ૩૦.

संप्रेषितौ श्रुतवयःकुलवृत्तधर्मैः साधारणीं श्रुतवता स्वसुतस्य तेन ।
याचावहे तव सुतां द्विज तस्य हेतोरन्योन्यसंघटनमेतु मणिद्वयं तत् ॥ ३१ ॥

પોતાના પુત્રનું શાસ્ત્રશ્રવણ, વય, કુલ, આચરણ અને ધર્મ એ સર્વની સમાન તમારી પુત્રીનું શાસ્ત્રશ્રવણ, વય, કુલ, આચરણ અને ધર્મ સાંભળીને પોતાના પુત્રને અર્થે તમારી કન્યાની યાચના કરવાને તેમણે અમને મોકલ્યા છે. માટે હે દ્વિજ! તે વિશ્વરૂપને અર્થે અમે તમારી પુત્રીની હિમમિત્રની આજ્ઞાથી યાચના કરીએ છીએ. તેથી એ બન્ને મણિનો અરસ્પરસ સંબંધ થાઓ, એમ અમારી ઇચ્છા છે.' ૩૧.

---

૧. વહુ પસંદ કરવાના કામમાં.

मह्यं तदुक्तमभिरोचत एव विप्रौ पृष्ट्वा वधूं मम पुनः करवाणि नित्यम् ।
कन्याप्रदानमिदमापतते वधूषु नो चेदमूर्व्यसनसक्तिषु पीडयेयुः ॥ ३२ ॥

બન્ને બ્રાહ્મણોનું એવું વચન સાંભળીને વિષ્ણુમિત્ર કહેવા લાગ્યો કે, 'હે વિપ્રો! યદ્યપિ હિમમિત્રે કહેલું મને પ્રીતિકર છે જ, તથાપિ મારી સ્ત્રીને પૂછીને તે કાર્ય મારે કરવું જોઈએ. કેમકે કન્યાદાન કરવું એ નિરંતર સ્ત્રીઓના સ્વાધીનની વાત છે. એટલા માટે જો એ સંબંધી કાર્યમાં સ્ત્રીઓને પૂછીએ નહિ, અને કદાચિત્ લગ્ન કર્યા પછી તેમાંથી કાંઈ દુઃખ ઉત્પન્ન થઈ આવે તો, તે સ્ત્રીઓ પછીથી (નિરંતર) પીડા કર્યા કરે.' ૩૨.

भार्यामपृच्छदथ किं करवाव भद्रे विप्रौ वरीतुमनसौ खलु राजगेहात् ।
एतां सुतां सुतनिभा तव याऽस्ति कन्या ब्रूहि त्वमेकमनुमाय पुनर्न वाच्यम् ॥३३॥

બ્રાહ્મણોને એમ કહીને પછી તેણે પોતાની સ્ત્રીને પૂછ્યું કે 'હે ભદ્રે[1]! તારી કન્યાનું માગું કરવાની ઇચ્છાથી રાજસ્થાનમાંથી એ બ્રાહ્મણો આવ્યા છે. માટે આપણે તેમને કન્યા આપવાની 'હા' કહેવી કે 'ના' કહેવી? શું કરવું તે કહે. પણ એકવાર 'હા' કે 'ના' કહ્યા પછી તું ફરીને બોલ્યું ફેરવીશ નહિ.[2]' ૩૩.

दूरे स्थितिः श्रुतवयःकुलवित्तजातं न ज्ञायते तदपि किं प्रवदामि तुभ्यम् ।
वित्तान्विताय कुलवृत्तसमन्विताय देया सुतेति विदितं श्रुतिलोकयोश्च ॥ ३४ ॥

એવું સાંભળીને વિષ્ણુમિત્રની સ્ત્રીએ કહ્યું કે,—'પ્રથમ તો તે ઘણે દૂર રહે છે તેથી તથા તેનું શ્રુત (શાસ્ત્રશ્રવણ), વય, કુલ, વૃત્ત, જન્મ પણ હું જાણતી નથી, તેથી તમને હું એમાં શું કહું?—શો અનુમત આપું? અને દ્રવ્યવાન, કુલવાન તથા સદાચરણી વરને કન્યા આપવી એ પ્રમાણે તો વેદમાં[3] અને લોકમાં પણ પ્રસિદ્ધ છે.' ૩૪.

नैवं नियंतुमनघे तव शक्यमेतत्तां रुक्मिणीं यदुकुलाय कुशस्थलीशे ।
प्रादात्स भीष्मकनृपः खलु कुण्डिनेशस्तीर्थापदेशमटते त्वपरीक्षिताय ॥ ३५ ॥

એ સાંભળીને વિષ્ણુમિત્રે કહ્યું કે,—'હે અનઘે! (હે પાપરહિત સ્ત્રી) કુલવૃત્તાદિકની પરીક્ષા કરીને જાણીતાને જ કન્યા આપવી એમ જો તું કહેતી હોય તો તેવો નિયમ તારાથી બનવો શક્ય નથી, કેમકે તીર્થયાત્રાના નિમિત્તથી ફરતા, દ્વારકાના ધણી અને યાદવ કુલમાં ઉત્પન્ન થયેલા કૃષ્ણને પરીક્ષા કર્યા વિના જ (માત્ર તેની પ્રસિદ્ધિ ઉપરથી) કુંડિનપુરના રાજા ભીષ્મકરાજે પોતાની કન્યા રુક્મિણી આપી હતી. તાત્પર્ય કે, આ હિમમિત્રનો પુત્ર પણ તેવો જ પ્રસિદ્ધ છે માટે તેને કન્યા આપવાને કાંઈ બાધ નથી. ૩૫.

તું કહેશે કે શ્રીકૃષ્ણ તો પરમેશ્વર રૂપે સર્વત્ર પ્રખ્યાત થયેલા હતા માટે ભીષ્મકે તેને કન્યા આપી તે ઠીક જ છે; પણ આ તો મનુષ્ય છે, માટે તેની તુલના શ્રીકૃષ્ણ સાથે નહિ. તો—

---

૧ સ્ત્રીનું એવું સંબોધન કરવા ઉપરથી એ વ્યંજના થાય છે કે આ કાર્યે આપણું ભદ્ર–શુભ કરનારૂં છે.

૨ 'सकृत्कन्या प्रदीयते'–કન્યા એક જ વાર અપાય છે એવું સ્મૃતિવચન છે. માટે એકવાર 'આપી' કહ્યા પછી ફરી વચન ફેરવવું યોગ્ય નથી.

૩ "कुलं च शीलं च वयश्च रूपं विद्या च वित्तं च सनाथता च । एतान्गुणान्सप्त परीक्ष्य देया कन्या बुधैः शेषमचिंतनीयम् ॥"–કુલ, શીલ, વય, રૂપ, વિદ્યા, વિત્ત, અને સનાથતાઃ એ સાત ગુણની પરીક્ષા કરીને ડાહ્યા પુરુષોએ કન્યા આપવી ઘટે છે; બાકીની વાતનો વિચાર કરવાનું પ્રયોજન નથી,—સ્મૃતિમૂલભૂત શ્રુતિ ઉપરથી.

किं केन सङ्गतमिदं सति मा विचारीर्यो वैदिकीं सरणिमप्रहतां प्रयत्नात्। प्रातिष्ठिपत्सुगतदुर्जयनिर्जयेन शिष्यं यमेनमशिषत्स च भट्टपादः ॥ ३६ ॥

હે સતિ! આ દૃષ્ટાંતમાં શાનો શાની સાથે સંબંધ છે એમ તું વિચાર કરીશ નહિ; કેમકે જેણે બૌદ્ધમાં જેઓને જીતવા કઠિન હતા તેમના ઉપર જય મેળવીને જેણે વેદના અખંડિત માર્ગને પ્રયત્ને કરીને સ્થાપન કર્યો તે ભટ્ટપાદે જેને પોતાનો મુખ્ય શિષ્ય કરીને શિક્ષણ આપ્યું છે તે એ વિશ્વરૂપ છે અને તેથી પ્રસિદ્ધ પણ છે. ૩૬.

किं वर्ण्यते सुदति यो भविता वरो नो विद्याधनं द्विजवरस्य न बाह्यवित्तम्। याऽन्वेति संततमनंतदिगंतभाजं यां राजचोरवनिता नच हर्तुमीशाः ॥ ३७ ॥

હે સુંદર દાંતવાળી સ્ત્રી! જે વિશ્વરૂપને આપણે આપણી કન્યાને અર્થે પસંદ કરવાનાં છીએ તેનું શું વર્ણન કરવું? અર્થાત્ તેના ગુણનું વર્ણન થઈ શકે એમ જ નથી. તે વિદ્વાન્ છે એ જ તેનામાં એક સર્વોત્તમ ગુણ છે. કેમકે ઉત્તમ બ્રાહ્મણનું વિદ્યા એ જ ધન છે, પણ બાહારનું ધન તે કાંઈ ખરૂં ધન નથી. જેનો છેડો આવે નહિ એવી અથવા અપાર દિશાઓના અંતમાં (કોઈ પ્રદેશમાં) જો વિદ્વાન્ પુરુષ જાય તો તે વિદ્યારૂપી ધન તેની પછવાડે પછવાડે ચાલ્યું જાય છે. તથા જેને રાજા, ચોર કે સ્ત્રીઓ હરી લેવાને સમર્થ નથી. એવું વિદ્યાધન વિશ્વરૂપમાં છે માટે જ તે વરણીય(વરરૂપે કરવાને યોગ્ય)છે. ૩૭.

वध्वर्जनावनपरिव्ययगानि तानि वित्तानि चित्तमनिशं परिखेदयन्ति। चोरान्नृपात्स्वजनतश्च भयं धनानां शर्मेति जातु न गुणः खलु बालिशस्य ॥ ३८ ॥

હે સ્ત્રી! દ્રવ્યને પ્રાપ્ત કરતાં, પ્રાપ્ત થયું તો તેનું રક્ષણ કરતાં, અને રક્ષણ કર્યું તો તેનો ખરચ કરતાં, તે દ્રવ્ય નિરંતર ચિત્તને ખેદ ઉત્પન્ન કરે છે. વળી જેની પાસે ધન છે એવા પુરુષોને ચોરથી, રાજાથી અને સ્વજનથકી પણ ભય ઉપજે છે. વિદ્યારહિત મૂર્ખ ધનવાનને, જેને 'સુખ' કરીને કહે છે તે ગુણ તો કદાપિ પ્રાપ્ત જ થતો નથી!! ૩૮.

केचिद्धनं निदधते भुवि नोपभोगं कुर्वन्ति लोभवशगा न विदन्ति केचित्। अन्येन गोपितमथान्यजना हरन्ति तच्चेन्नदीपरिसरे जलमेव हर्तृ ॥ ३९ ॥

કેટલાક પુરુષો લોભને વશ થઈને ધનનો ઉપભોગ કરતા નથી, પણ તેને પૃથ્વીમાં દાટે છે; કેટલાક પુરુષો તે દાટેલા ધનનો જ્યારે ઉપભોગ કરવા ઇચ્છે છે ત્યારે તેમને તે પ્રાપ્ત થતું નથી; વળી કોઈએ સંતાડેલું ધન કોઈ બીજા જ પુરુષ લેઈ જાય છે; તે ધન જો નદીને કાંઠે સંતાડેલું હોય તો પાણી જ તેનું હરણ કરનારૂં થઈ પડે છે!! સારાંશ કે એવાને એવાં જ અનેક દુઃખથી મિશ્ર બાહ્યવિત્ત છે, માટે જેની પાસે વિદ્યારૂપી ધન છે તે જ શ્રેષ્ઠ છે. ૩૯.

सर्वात्मना दुहितरो न गृहे विधेयास्ताश्चेत्पुरा परिणयाद्रज उद्गतं स्यात्। पश्येयुरात्मपितरौ बत पातयन्ती दुःखेषु घोरनरकेष्विति धर्मशास्त्रम् ॥ ४० ॥

વળી કોઈ પ્રકારે કરીને પણ દીકરીઓને ઘેર તો રહેવા જ ન દેવી, કેમકે તેમનું લગ્ન થયા પહેલાં તેમના શરીરથી ઉત્પન્ન થયેલું રજ (આર્તવ) જુએ તો તે પોતાનાં માતપિતાને દુઃખરૂપ ઘોર નરકમાં નાખે છે એમ [1]ધર્મશાસ્ત્રમાં કહ્યું છે. ૪૦.

---

૧. ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે "**पितुर्गृहे तु या कन्या रजः पश्येदसंस्कृता। भ्रूणहा तत्पिता ज्ञेयो वृषली सा च कन्यका ॥**"—પરણાવ્યા વિનાની જે કન્યા બાપને ઘેર રહીને જો પોતાનું આર્તવ જુવે તો તે તેના પિતાને ગર્ભહત્યા કરનારો જાણવો અને તે કન્યાને વ્યભિચારિણી જાણવી.

मा भूदयं मम सुता कलहः कुमारीं पृच्छाव सा वदति यं भविता वरोऽस्याः ।
एवं विधाय समयं पितरौ कुमार्या अभ्याशमीयतुरितो गदितेष्टकार्यौ ॥ ४१ ॥

અથવા,-આપણે આ કલહ કરવાનું કાંઈ પ્રયોજન નથી; આપણે તે સંબંધી આપણી પુત્રીને જ પૂછીએ. તે મારી પુત્રી જેને વરવાનું કહેશે તે એનો વર થશે.' એ પ્રમાણે સંકેત કરીને તે જગાએથી માતપિતા પોતાની કુમારી ઉભયભારતીની પાસે ગયાં તથા પોતે જે કરવાનું ધાર્યું હતું તે તેને કહ્યું. ૪૧.

श्रीविश्वरूपगुरुणा प्रहितौ द्विजाती कन्यार्थिनौ सुतनु किं करवाव वाच्यम् ।
तस्याः प्रमोदनिचयो न ममौ शरीरे रोमाञ्चपूरमिषतो बहिरुज्जगाम ॥ ४२ ॥

તે બોલ્યાં કે-'શ્રીવિશ્વરૂપના પિતા હિમમિત્રે કન્યાની યાચના કરવાને અર્થે બે બ્રાહ્મણ મોકલ્યા છે. હે સુંદર દેહવાળી પુત્રી! માટે અમારે શું કરવું તે તું કહે?' એવું વચન સાંભળીને ઉભયભારતીના આનંદનો સમૂહ તેના શરીરમાં માયો નહિ, પણ રોમાંચના સમુદાયને બહાને તે શરીરમાંથી બાહાર [1]નીકળ્યો. ૪૨.

तेनैव सा प्रतिवचः प्रददौ पितृभ्यां तेनैव तावपि तयोर्युगलाय सत्यम् ।
आदाय विप्रमपरं पितृगेहतोऽस्यास्तौ जग्मतुर्द्विजवरौ स्वनिकेतनाय ॥ ४३ ॥

તે રોમાંચના મિષથી જ ઉભયભારતીએ પોતાનાં માતપિતાને પ્રત્યુત્તર આપ્યો; અને માતપિતાએ પણ તે જ રોમાંચના મિષથી પોતાને ઘેર આવેલા બન્ને બ્રાહ્મણોને સત્ય પ્રત્યુત્તર આપ્યો. અર્થાત્-ઉભયભારતીના રોમાંચથી તેનો હર્ષ પ્રકટ થયો તે ઉપરથી તેનાં માતાપિતાએ જાણ્યું કે એ જ વર એને પ્રીતિકર છે. માતપિતાને પણ ઉભયભારતીએ માન્ય કર્યું તેથી પોતાનું ઇચ્છિત સંપાદન થવાથી હર્ષસૂચક રોમાંચ પ્રકટયાં, તેથી માગું કરવા આવેલા બ્રાહ્મણોએ જાણ્યું કે આપણું કહેવું એમને માન્ય છે. પછી ઉભયભારતીના પિતાને ઘેરથી એક બીજો બ્રાહ્મણ લેઈને તે બન્ને બ્રાહ્મણો પોતાને ઘેર (રાજસ્થાનમાં હિમમિત્રને ઘેર) ગયા. ૪૩.

अस्माच्चतुर्दशदिने भविता दशम्यां यामित्रभादिशुभयोगयुतो मुहूर्त्तः ।
एवं विलिख्य गणितादिषु कौशलास्या व्याख्यापराय दिशति स्म सरस्वती सा ॥ ४४ ॥

આજથી ચૌદમે દિવસે દશમી તિથિએ લગ્નથી [2]સપ્તમ સ્થાનમાં શુભ રાશિ, શુભ ચંદ્ર, આદિકના યોગયુક્ત મુહૂર્ત છે. એ પ્રમાણે લખીને ગણિતાદિકમાં કુશલ જેનું મુખ છે એવી સરસ્વતીએ લગ્નપત્રનું વ્યાખ્યાન કરનાર બ્રાહ્મણને તેનો ઉપદેશ કર્યો-તે આપ્યું. ૪૪.

तौ हृष्टपुष्टमनसौ विहितेष्टकार्यौ श्रीविश्वरूपगुरुमुत्तममैक्षिषाताम् ।
सिद्धं समीहितमिति प्रथितानुभावो दृष्ट्वैव तन्मुखमसावथ निश्चिकाय ॥ ४५ ॥

પછી-પોતાનું ઈષ્ટકાર્ય જેમણે કર્યું છે તથા જેમનું મન હર્ષ પામીને પુષ્ટ થયું છે એવા તે બે બ્રાહ્મણે વિશ્વરૂપના પિતા ઉત્તમ હિમમિત્રને જોયા-તેમની પાસે આવી પહોચ્યા. પ્રખ્યાત પ્રભાવવાળા હિમમિત્રે પણ તેમનાં મુખ જોઈને જ અભિલાષિત વસ્તુની સિદ્ધિ થઈ છે એવો નિશ્ચય કર્યો. ૪૫.

अन्यः स्वहस्तगतपत्रमदात्स पत्रं दृष्ट्वा जहास सुखवारिनिधौ ममज्ज ।
विप्रान्यथोचितमपूपुजदागतांस्तान्रत्वांऽशुकादिभिरयं बहुवित्तलभ्यैः ॥ ४६ ॥

---

[1] કૈતવાપન્હુતિ અલંકાર-કુવલયાનંદ, કારિકા ૩૦. [2] વિવાહાદિ કાર્યમાં લગ્નની સપ્તમસ્થાનની શુદ્ધિ વિશેષે કરીને જોવામાં આવે છે.—મુહૂર્તમાર્તંડ.

ત્યાર પછી-વિષ્ણુ મિત્રે મોકલેલા બ્રાહ્મણે પોતાના હાથમાંનું લગ્નપત્ર હિમમિત્રને આપ્યું. હિમમિત્ર તે પત્રને જોઈને હરખ્યો તથા સુખરૂપ સમુદ્રમાં ડુબી ગયો, (બહુ આનંદ પામ્યો.) પછી તે આવેલા ત્રણે બ્રાહ્મણોને જેને જેમ ઘટે તેમ નમસ્કાર કરીને ઘણા ધન વડે પ્રાપ્ત થઈ શકે એવાં-અતિ મોઘાં-ભારે મૂલ્યનાં વસ્ત્ર આદિક આપીને તેમનો સત્કાર કર્યો. ૪૬.

पित्राऽनुशिष्टवसुधासुरशंसितेन विज्ञापितः सुखमवाप स विश्वरूपः ।
कार्याण्यथाऽऽह पृथगात्मजनान्समेतान्बंधुप्रियः परिणयोचितसाधनाय ॥ ४७ ॥

વિષ્ણુમિત્રને ઘેરથી આવેલા બ્રાહ્મણે લગ્નપત્ર આણ્યું, ઇત્યાદિ વર્તમાન કોઈ બ્રાહ્મણને કહીને તે દ્વારા જેણે વિશ્વરૂપને કહેવરાવ્યું છે એવા પિતાએ તે તે વર્તમાનથી વિજ્ઞાપિત કરેલો વિશ્વરૂપ તે સાંભળીને સુખ પામ્યો. પછી બાંધવો જેને પ્રિય છે (અથવા બાંધવોને જે પ્રિય છે) એવા હિમમિત્રે પોતાને ઘેર એકઠા મળેલા સ્વજનને, વિવાહ કાર્યમાં જે જે જોઈએ તે તે સાહિત્ય સિદ્ધ કરવાને જૂદાં જૂદાં કાર્ય સોંપી દીધાં. ૪૭.

मौहूर्तिकैर्बहुभिरेत्य मुहूर्तकाले संदर्शिते द्विजवरैर्बहुविद्भिरिष्टैः ।
माङ्गल्यवस्तुसंहितोऽखिलभूषणाढ्यः स प्रापदक्षततनुः पृथुशोणतीरम् ॥ ४८ ॥

લગ્ન સામગ્રી તૈયાર કર્યા પછી અનેક શાસ્ત્ર જાણનારા અનેક મૌહૂર્તિક (મુહૂર્ત કહેનારા-જોશી) દ્વિજવરોએ આવીને બતાવેલા મુહૂર્તની વેળાએ પોતાના ઇષ્ટજનને સાથે લેઈને માંગલિક વસ્તુઓ સહિત તથા સમગ્ર અલંકાર ધારણ કરીને ખોડખાંપણ વિનાના શરીરવાળો વિશ્વરૂપ વિશાલ શોણનદીને તીરે પહોચ્યો. ૪૮.

शोणस्य तीरमुपयातमुपाशृणोत्स जामातरं बहुविधं किल विष्णुमित्रः ।
प्रत्युज्जगाम मुमुदे प्रियदर्शनेन प्रावीविशद्गृहममुं बहुवाद्यघोषैः ॥ ४९ ॥

શોણનદીના કાંઠા ઉપર નાના પ્રકાર સહિત આવેલા પોતાના જમાઈને વિષ્ણુમિત્ર સાંભળ્યો (અથવા શોણના કાંઠા ઉપર પોતાનો જમાઈ આવેલો છે એમ ઘણા પ્રકારે વિષ્ણુમિત્રે સાંભળ્યું) એટલે તે સામૈયું લેઈને તેની સામો ગયો; તથા તેના પ્રીતિકર દર્શનથી હર્ષ પામ્યો. પછી અનેક વાદ્યના નાદસહિત તેને ઘરમાં પ્રવેશ કરાવ્યો (ઉતારો આપી જાનને ઉતારી). ૪૯.

दत्वाऽऽसनं मृदु वचः समुदीर्य तस्मै पाद्यं ददौ समधुपर्कमनर्घपात्रे ।
अर्घ्यं ददावहमियं तनया गृहास्ते गावो हिरण्यमखिलं भवदीयमूचे ॥ ५० ॥

પછી તેને આસન આપીને તેની સાથે કોમલ વચનથી બોલીને પાદ્ય (પગ ધોવાનું પાણી) આપ્યું. તથા તે પછી અમૂલ્ય પાત્રમાં મધુપર્ક સહિત અર્ઘ્ય આપ્યું. પછી તેને કહ્યું કે 'હું આ મારી પુત્રી, ઘર, ગાયો અને સઘળું સુવર્ણ (ધન), એ સર્વ તમારૂં છે.' ૫૦.

अस्माकमद्य पवितं कुलमादृताः स्मः संदर्शनं परिणयव्यपदेशतोऽभूत् ।
नो चेद्भवान्बहुविदग्रसरः क चाहं भद्रेण भद्रमुपयाति पुमान्विपाकात् ॥ ५१ ॥

આજ અમારૂં કુલ તમે પવિત્ર કર્યું અને અમારો પણ આદર કર્યો; વિવાહના મિષથી અમને તમારૂં દર્શન પ્રાપ્ત થયું. જો એમ નહોય તો બહુ શાસ્ત્ર જાણનારાઓમાં અગ્રેસર એવા તમે ક્યાં અને હું ક્યાં? પણ પુણ્યકર્મના વિપાકથી પુરુષને કલ્યાણ પ્રાપ્ત થાય છે. અર્થાત્-મારૂં પૂર્વજન્મનું એવું કોઈ સુકૃત જ આજ પ્રકટ થયું કે જેથી મને તમારા સરખા વિદ્વાન્ પુરુષની પ્રાપ્તિ થઈ! ૫૧.

यद्यद्गृहेऽत्र भगवन्निह रोचते ते तत्तन्निवेद्यमखिलं भवदीयमेतत् ।
वक्ष्यामि सर्वमभिलाषपदं त्वदीयं युक्तं हि संततमुपासितवृद्धपूगैः ॥ ५२ ॥

વિશેષ શું કહેવું ? હે ભગવાન્ ! આ ઘરમાંનું જે જે કાંઈ તમને પ્રીતિકર હોય તે તે સઘળું તમારૂં નૈવેદ્ય જ છે–તમને નિવેદન જ કરેલું છે.' એવાં વિષ્ણુમિત્રનાં વચન સાંભળીને હિમમિત્રે કહ્યું કે 'એ સર્વ તમારૂં જ છે; તથાપિ મને પણ જે જે વસ્તુની અભિલાષા થશે તે તે હું તમને કહીશ. "આ સર્વ તમારૂં છે." ઇત્યાદિ જે તમે કહ્યું તે તમારા સરખા–જેણે નિરંતર વૃદ્ધ પુરુષોના સમૂહનું સેવન કર્યું છે તેવા–પુરુષને યોગ્ય જ છે.' ૫૨.

एवं मिथः परिनिगद्य विशेषमृद्व्या वाचा युतौ मुदमवापतुरुत्तमां तौ ।
अन्ये च संमुमुदिरे प्रियसत्कथाभिः स्वेच्छाविहारहसनैरुभये विधेयाः ॥ ५३ ॥

એ પ્રમાણે વિશેષ કોમલ વાણીવડેયુક્ત વિષ્ણુમિત્ર અને હિમમિત્ર પરસ્પર બોલીને ઉત્તમ આનંદ પામવા લાગ્યા. બીજા પણ જેઓ બન્ને તરફના સેવક ચાકર આદિક હતા, તેઓ પણ પોતાને પ્રિય એવી સારી કથાઓવડે તથા પોતાની ઇચ્છામાં આવે તેમ વિહાર, હાસ્ય આદિક કરીને આનંદ પામવા લાગ્યા. ૫૩.

कन्यावरौ प्रकृतिसिद्धसुरूपवेषौ दृष्ट्वोभयेऽपि परिकर्म विलंबमानाः ।
चक्रुर्विधेयमिति कर्तुमनीश्वरास्ते शोभाविशेषमपि मङ्गलवासरेऽस्मिन् ॥ ५४ ॥

કન્યા અને વર બન્નેય સ્વભાવસિદ્ધ સારારૂપ અને વેષવાળાં હતાં–સ્વભાવથી જ સૌંદર્યયુક્ત હતાં તેથી તેમને જોઈને, તેમના અંગને અલંકૃત કરનારાં સ્ત્રીપુરુષો, વિશેષ અલંકૃત કરવાને અસમર્થ થયાં તથાપિ અંગસંસ્કાર કરવો જ જોઈએ એવો વિધિ હોવાથી, વિધિને માન આપવાને જ માત્ર, ઘણીવાર લગાડ્યા પછી તેમણે તેમને અંગસંસ્કાર (પીઠી ચોળવી આદિક પરિકર્મ) કર્યો. તથા આ લગ્નના ઉત્સવનો મંગલ દિવસ, તેથી તે નિમિત્ત કાંઈક વિશેષ અલંકાર પણ ધારણ કરાવ્યા. ૫૪

एतत्प्रभाप्रतिहतात्मविभूतिभावादाकल्पजातमपि नातिशयं वितेने ।
लोकप्रसिद्धिमनुसृत्य विधेयबुद्ध्या भूषां व्यधुस्तदुभये न विशेषबुद्ध्या ॥ ५५ ॥

સરસ્વતી અને મંડનના શરીરની કાંતિવડે (પોતાનો અલંકારથી) શોભાયમાન કરવારૂપ પ્રભાવ હણાવાના કારણથી અલંકાર સમુદાય પણ કાંઈ તેમની શોભામાં અધિકપણું કરી શક્યો નહિ; એમ છતાં પણ લોકની પ્રસિદ્ધિ (રૂઢી) ને અનુસરીને, 'લગ્ન કરનારાં વર વહુએ અલંકાર ધારણ કરવા' એવો પણ એક વિધિ છે એવા વિચારથી તે બન્ને જણાંએ અલંકાર ધારણ કર્યા, પણ અલંકારથી કાંઈ વિશેષ શોભા પ્રાપ્ત થશે એવા વિચારથી ધારણ કર્યા નહોતા. ૫૫.

मौहूर्तिका बहुविदोऽपि मुहूर्तकालमप्राक्षुरक्षतधियं खिलतीं सखीभिः ।
पश्चात्तदुक्तशुभयोगयुते शुभांशे मौहूर्तिकाः स्वमतितो जगृहुर्मुहूर्तम् ॥ ५६ ॥

તે સ્થલમાં મૌહૂર્તિક (જોશીઓ) બહુ શાસ્ત્ર જાણનારા હતા, તથાપિ સખીઓની સાથે ખેલતી અક્ષત બુદ્ધિવાળી ઉભયભારતીને તેમણે મુહૂર્તનો સમય પૂછ્યો; અને તેણે તે સમય કહ્યા પછી શુભ યોગયુક્ત શુભ ગ્રહના નવમાંશમાં મુહૂર્તવેત્તાઓએ પોતાની બુદ્ધિથી મુહૂર્તનું ગ્રહણ કર્યું. અર્થાત્ સરસ્વતીએ મુહૂર્તનો સમય કહ્યા પછી તે સમયનો જોશીઓએ પોતાની બુદ્ધિથી નિશ્ચય કર્યો. ૫૬.

जग्राह पाणिकमलं हिममित्रसूनुः श्रीविष्णुमित्रदुहितुः करपल्लवेन ।
भेरीमृदङ्गपटहाध्ययनाब्जघोषैर्दिङ्मण्डले सुपरिमूर्छति दिव्यकाले ॥ ५७ ॥

પછી જે સમયે ભેરી, મૃદંગ, પટહ નામે વાદ્ય, વેદાધ્યયન, અને શંખના નિર્ઘોષવડે દિશાઓનાં મંડલ શબ્દાયમાન થઈ રહ્યાં હતાં. તે દિવ્ય મુહૂર્તને સમયે હિમમિત્રના પુત્ર શ્રીવિશ્વરૂપે પોતાના હસ્તપલ્લવવડે શ્રીવિષ્ણુમિત્રની પુત્રી ઉભયભારતીના હસ્તકમલનું ગ્રહણ કર્યું. અર્થાત્ તે સમયે બન્નેનો હસ્તમેલાપ થયો. ૫૭.

यं यं पदार्थमभिकामयते पुमान्यस्तं तं प्रदायसमतूतुषतां तदीड्यौ ।
देवद्रुमाविव महासुमनस्त्वयुक्तौ संभूषितौ सदसि चेरतुरात्मलाभौ ॥ ५८ ॥

તે વરવહુના સ્તુતિપાત્ર પિતાઓ, જે જે પુરુષ જે જે પદાર્થની ઇચ્છા કરે તે તે પદાર્થ આપીને સંતોષ પામતાં હતાં. જાણે મહાસુમનસ્ત્વ (બહુ પુષ્પતા) યુક્ત, અલંકૃત (બીજાની ઇચ્છા નહોવાથી) આત્મલાભવાળા બે કલ્પવૃક્ષ હોય તેવા તે બંને પિતાઓ મહાસુમનસ્ત્વ (મોટી ઉદારતા યુક્ત) અલંકૃત અને અભિલાષિત પ્રાપ્ત થવાથી આત્મલાભવાળા (પ્રાપ્ત કામ) થઈને સભામાં ફરતા[1] હતા. ૫૮.

आधाय वह्निमथ तत्र जुहाव सम्यग्गृह्योक्तमार्गमनुसृत्य स विश्वरूपः ।
लाजाञ्जुहाव च वधूः परिजिघ्रति स्म धूमं प्रदक्षिणमथाकृत सोऽपि चाग्निम् ॥५९॥

પછી વિશ્વરૂપે પોતાના ગૃહ્ય સૂત્રમાં કહેલા માર્ગને અનુસરીને અગ્નિહોત્રનું ધારણ કર્યું. તથા તેમાં સારી રીતે (યથાશાસ્ત્ર) હોમ કર્યો; તે વખતે વહુએ (ઉભયભારતીએ) લાજા હોમ કર્યો તથા તેનો ધૂમ સુંઘ્યો. પછી ઉભયભારતીએ અગ્નિની પ્રદક્ષિણા કરી અને તેની સાથે તેની પાછળ વિશ્વરૂપે પણ પ્રદક્ષિણા કરી. ૫૯.

होमावसानपरितोषितविप्रवर्यः प्रस्थापिताखिलसमागतबंधुवर्गः ।
संरक्ष्य वह्निमनया सममग्निगेहे दीक्षाधरो दिनचतुष्कमुवास हृष्टः ॥ ६० ॥

હોમ કરી રહ્યા પછી બ્રાહ્મણશ્રેષ્ઠોને સંતુષ્ટ કરીને તથા ત્યાં આવેલા બાંધવવર્ગને વિદાય કરીને તે વિશ્વરૂપ પોતાની સ્ત્રી સરસ્વતી સહિત દીક્ષા ધારણ કરીને અગ્નિગૃહમાં અગ્નિનું રક્ષણ કરીને ચાર દિવસ સુધી હર્ષ પામીને રહ્યો. ૬૦.

प्रतिष्ठमाने दयिते वरेऽस्मिन्नुपेत्य मातापितरौ वरायाः ।
आभाषिषातां शृणु सावधानो बालेव बाला न तु वेत्ति किंचित् ॥ ६१ ॥

ચાર દિવસ વીત્યા પછી પોતાની પુત્રીનો આ પ્રિય વર વિશ્વરૂપ પોતાને ઘેર જવા નીકળ્યો ત્યારે તે પરણેલી કન્યાનાં માતાપિતા આવી (પોતાના વેવાઈ)ને કહેવા લાગ્યાં કે 'તમે સાવધાન થઈને સાંભળો; જેમ નાનું બાલક કાંઈ સમજતું નથી તેમ સુકોમલ અંગવાળી આ અમારી પુત્રી પણ કાંઈ સમજતી નથી. ૬૧.

बालैरियं क्रीडति कन्दुकाद्यैर्जातक्षुधा गेहमुपैति दुःखात् ।
एकेति बाला गृहकर्म नोक्ता संरक्षणीया निजपुत्रितुल्या ॥ ६२ ॥

બાલકોની સાથે દડી આદિક રમવાનાં સાહિત્ય લેઈને (હજી) તે રમે છે; જ્યારે તેને ભૂખ લાગે છે ત્યારે દુ:ખે કરીને તે ઘેર આવે છે. તમે કહેશો કે 'ત્યારે તમે એને ઘરકામ કેમ શીખવ્યું નહિ?' તો—આ પુત્રી અમારે એકની એક (લાડકવાઈ) હોવાથી એને અમે ઘરનું કામ બતાવ્યું નથી: માટે તમારે પોતાની દીકરી પ્રમાણે (ગણીને) એનું સંરક્ષણ કરવું યોગ્ય છે. ૬૨.

बालेयमङ्ग वचनैर्मृदुभिर्विधेया कार्या न रूक्षवचनैर्न करोति रुष्टा ।
केचिन्मृदूक्तिवशगा विपरीतभावाः केचिद्विहातुमनलं प्रकृतिं जनो हि ॥ ६३ ॥

(હે હિમમિત્ર!) આ બાલકી પાસે કાંઈ કામ કરાવવું હોય ત્યારે એને કોમલ વાણીવડે કહીને કામ કરાવવું, પણ કઠોર વચનવડે ન કહેવું; (કેમકે કઠોર વચન સાંભળીને એને રીસ ચડે છે) અને રીસ ચઢી એટલે તે કહેલું કાર્ય કરતી નથી. તમે કહેશો, કે 'જે કઠોર વચનથી પણ કહ્યું કરશે નહિ તે કોમલ વચનથી તો કેમ જ કરશે?' તો—કેટલાક માણસોનો સ્વભાવ

૧ વ્યતિરેકાલંકાર.—કુવલયાનંદ, કારિકા ૫૬. ૨ ઉપજાતિ. ૩ ઈંદ્રવજ્રા. ૪ વસંતતિલકા.

એવો હોય છે કે તેઓ કોમલ વાણીથી જ વશ થાય છે; અને કેટલાક તેથી ઉલટા સ્વભાવન એટલે કઠોર વાણીથી વશ થાય છે; (કોઈ પણ) મનુષ્ય પોતાની પ્રકૃતિ છોડવાને સમર્થ નથી !! ૬૩.

'વારૂ એકની એક દીકરી હોય અને તે બાલકોની સાથે રમવાના સ્વભાવવાળી હોય તથાપિ જેમને યશ વહાલો હોય તેમણે તો તેને કઠોર વચન કહીને પણ શિક્ષણ આપવું ઘટે છે, તો તમે તેને કેમ ઘરકામ શીખવ્યું નહિ?' એમ કહેશો તો.—

कश्चिद्विजातिरधिगम्य कदाचिदेनामुद्वीक्ष्य लक्षणमवोचदनिंदितात्मा ।
मानुष्यमात्रजननं निजदेवभावेत्यस्माच्च वो वचनमुग्रमयोज्यमस्याम् ॥ ६४ ॥

એક સમયે કોઈ પ્રશંસાપાત્ર બ્રાહ્મણ અહિં આવ્યો હતો તેણે આ બાલક કન્યાનાં લક્ષણ જોઈને અમને કહ્યું કે, 'આ કન્યાનો જન્મ માત્ર મનુષ્યનો છે; વસ્તુતઃ પૂછો તો એ નિરંતર દેવસ્વભાવવાળી છે. એટલા માટે તમારે એને વિશે ઉગ્ર વચનની યોજના કરવી નહિ.' ૬૪.

सर्वज्ञतालक्षणमस्ति पूर्णमेषा कदाचिद्वदतोः कथायाम् ।
तत्साक्षिभावं व्रजिताऽनवद्या संदिश्य नावेवमसौ जगाम ॥ ६५ ॥

'એનામાં સર્વજ્ઞતાનું સંપૂર્ણ લક્ષણ છે; કોઈ વખત આ અનુપમ કન્યા બે વાદ કરનારાઓની કથામાં તેમના સાક્ષીપણાને પામશે–તેમના વાદમાં હારજીતનો નિર્ણય કરનારી થશે,' એ પ્રમાણે અમને કહીને તે બ્રાહ્મણ ચાલતો થયો. ૬૫.

श्वश्रूर्वराया वचनेन वाच्या स्नुषाभिरक्षाऽऽयतते हि तस्याम् ।
निक्षेपभूता तव सुंदरीयं कार्या गृहे कर्म शनैः शनैस्ते ॥ ६६ ॥

વળી—આ ઉત્તમ કન્યાની સાસુને 'અમારા વચનથી તમે એમ કહેજો કે 'આ સુંદરી તમારા સ્વાધીનમાં થાપણરૂપે સોંપી છે; માટે તમારા ઘરમાં એની પાસે ધીમે ધીમે કામ કરાવજો.' કેમકે વહુનું રક્ષણ કરવું એ સાસુના હાથમાં છે.[3] ૬૬.

बाल्येषु बाल्यात्सुलभोऽपराधः स नेक्षणीयो गृहिणीजनेन ।
वयं सुधीभूय हि सर्व एव पश्चाद्गुरुत्वं शनकैः प्रयाताः ॥ ६७ ॥

બાલ્યાવસ્થામાં બાલકપણાને લીધે સહજ અપરાધ થઈ જાય છે, અપરાધ થવો બહુ સુલભ છે; પણ ઘરની મુખ્ય સ્ત્રી(કુટુંબિની)એ તે ઉપર દૃષ્ટિ કરવી યોગ્ય નથી; આપણે સર્વે પણ અત્યંત બુદ્ધિમાન થયા પછી જ ધીમે ધીમે મહત્તાને પામ્યા છીએ. અર્થાત્ બાલ્યાવસ્થામાં સર્વ કોઈ એવા જ (સહજ અપરાધ કરે એવા) હોય છે, પણ પછી જેમજેમ બુદ્ધિમાન થાય છે તેમતેમ તે મોટાઈ પામે છે. ૬૭.

[4]द्रष्टुाऽभिधातुमनलं च मनोऽस्मदीयं गेहाभिरक्षणविधौ नहि दृश्यतेऽन्यः ।
दृष्ट्वाभिधानफलमेव यथा भवेन्नौ ब्रूयात्तथेष्टजनता जननीं वरस्य ॥ ६८ ॥

તમે કહેશો કે 'વારૂ ત્યારે વરની માતાને તમે જાતે જ મળીને તેવી ભલામણ કરો' તો,—વરની માતાને મળીને (એ સર્વ) કહેવાને અમારૂં મન શક્તિમાન નથી—અમે કહી શ-

1 ઇંદ્રવજ્ર. 2 ઉપજાતિ. 3 સ્ત્રીને સ્વાતંત્ર્ય હોતું નથી તે માટે કહ્યું છે કે "पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने । पुत्रो रक्षति वार्धक्ये न स्त्री स्वातन्त्र्यमर्हति ॥"–કૌમારાવસ્થામાં પિતા રક્ષણ કરે છે, યૌવનાવસ્થામાં ભર્તા રક્ષણ કરે છે, અને વૃદ્ધાવસ્થામાં પુત્ર રક્ષણ કરે છે પણ સ્ત્રીને સ્વાતંત્ર્ય હોતું નથી. 4 વસંતતિલકા.

કીએ એમ નથી; કારણ કે (અમે ત્યાં આવીએ ત્યારે અહિં અમારા) ઘરનું રક્ષણ કરવાને બીજો કોઈ દેખાતો નથી—છે નહિ, પરંતુ જેવી રીતે અમે વરની માતાને જાતે મળીને કહીએ અને તેથી જે અમને ફલ થાય તે પ્રમાણે ઇષ્ટજનનો સમુદાય વરની માતાને કહે એવી અમારી પ્રાર્થના છે. ૬૮.

वत्से त्वमद्य गमिताऽसि दशामपूर्वां तद्रक्षणे निपुणधीर्भव सुभ्रु नित्यम् ।
कुर्यान्न बालविहृतिं जनतोपहास्यां सा नाविवापरमियं परितोषयेत्ते ॥ ६९ ॥

કન્યાનાં માતાપિતા હવે પોતાની પુત્રીને શિખામણ દે છે કે,—‘ હે વત્સે! (હે પુત્રી!) આજથી હવે તને અપૂર્વ[1] દશા પ્રાપ્ત થઈ છે; માટે હે સુંદર ભ્રકુટીવાળી બાલકી! તે નૂતન દશાનું રક્ષણ કરવાને સદૈવ તું કુશલ બુદ્ધિવાળી થજે. મનુષ્ય સમુદાય જેથી હાસ્ય કરે એવા બાલપણાના ખેલ હવે તું કરીશ નહિ; કેમકે એવી તારી બાલકપણાની ચેષ્ટા અમને તેમ બીજાને પણ સંતોષ ઉપજાવનારી થશે નહિ. ૬૯.

पाणिग्रहात्स्वाधिपती समीरितौ पुरा कुमार्याः पितरौ ततः परम् ।
पतिस्तमेकं शरणं व्रजानिशं लोकद्वयं जेष्यसि येन दुर्जयम् ॥ ७० ॥

જ્યાંસુધી કુમારીનું પાણિગ્રહણ થયું નથી ત્યાંસુધી તેનાં માતાપિતા તેનાં અધિપતિ છે, પણ તે પછી તેનો અધિપતિ તેનો સ્વામી છે. માટે નિરંતર તે એક પતિને જ તું શરણે જા; કે જેથી દુર્જય એવા આ લોક અને પરલોક, બન્નેમાં તું જય પામશે. ૭૦.

पत्यावभुक्तवति सुंदरि मास्म भुङ्क्ष्व याते प्रयातमपि मा स्म भवेद्विभूषा ।
पूर्वापरादिनियमोऽस्ति निमज्जनादौ वृद्धाङ्गनाचरितमेव परं प्रमाणम् ॥ ७१ ॥

હે સુંદર કુમારી! પતિએ જ્યાંસુધી ભોજન ન કર્યું હોય ત્યાંસુધી તું ભોજન કરીશ નહિ; અને પતિ લાંબે પ્રવાસે જાય ત્યારે તું અલંકાર ધારણ કરીશ નહિ, સ્નાન અને ભોજનાદિકમાં પૂર્વ અને પર (પછી) એવો નિયમ છે. અર્થાત્ સ્નાનાદિક ક્રિયા પતિના પહેલાં કરવી અને ભોજનાદિક ક્રિયા પતિના પછી કરવી, એવો નિયમ છે. એવા નિયમ વિશે અરુંધતી, લોપામુદ્રા, આદિક વૃદ્ધ સ્ત્રીઓનાં ચરિત્ર એ જ પરમ પ્રમાણ છે, એમ તારે જાણવું. ૭૧.

रुष्टे धवे सति रुषेह न वाच्यमेकं क्षंतव्यमेव सकलं स तु शाम्यतीत्थम् ।
तस्मिन्प्रसन्नवदने चकितेव वत्से सिध्यत्यभीष्टमनघे क्षमयैव सर्वम् ॥ ७२ ॥

જો તારો સ્વામી કદાચિત્ કોપાવિષ્ટ થાય તો તારે ક્રોધ કરીને તેની સાથે બોલવું નહિ; પણ સઘળાની કેવલ ક્ષમા જ કરવી; કેમકે એવી રીતે કરવાથી તે તારો સ્વામી પોતાની મેળે જ શાંત થશે. હે વત્સે! તે જ્યારે પ્રસન્ન મુખવાળો હોય ત્યારે તું ભય પામતી હોય તેવી થજે. અર્થાત્ તેની પ્રસન્નતા જોઈને તું વિનય રહિત થઈને ચઢી વાગીશ નહિ. હે પાપરહિતા પુત્રી! ક્ષમા ગુણવડે સકલ અભીષ્ટની સિદ્ધિ થાય છે. ૭૨.

भर्तुः समक्षमपि तद्वदनं समीक्ष्य वाच्यो न जातु सुभगे परपूरुषस्ते ।
किं वाच्य एष रहसीति तवोपदेशः शङ्का वधूपुरुषयोः क्षपयेद्धि हार्दम् ॥ ७३ ॥

હે સુંદર ભાગ્યવાળી પુત્રી! સ્વામીના સમક્ષમાં પણ પરપુરુષની સાથે તેનું મુખ જોઈને તારે કોઈ વખત બોલવું નહિ, તો પછી તારે તેની સાથે એકાંતમાં તો ન જ બોલવું, એમાં તો

૧. અર્થાત્ પિતાના ઘરની પુત્રી મટીને હવે તું સસરાના ઘરની વહુ થઈ છે. ૨ ઉપજાતિ. ૩ વસંતતિલકા.

શું કહેવું? એ જ અમારી તને શીખામણ છે. (કેમકે તેથી તારા ઉપર શંકા થઈ આવે) અને તેવી શંકા પતિપત્નીની વચ્ચેના સ્નેહનો નાશ કરનારી છે. ૭૩.

आयाति भर्तरि तु पुत्रि विहाय कार्यमुत्थाय शीघ्रमुदकेन पदावनेकः ।
कार्यो यथाभिरुचि हे सति जीवनं वा नोपेक्षणीयमणुमात्रमपीह कं ते ॥ ७४ ॥

હે પુત્રી! તારા સ્વામીને બહારથી આવતો જોઈને બીજું ઘરકામ છોડીને પણ તારે ઉતાવળે ઉઠીને તેની ઇચ્છા પ્રમાણે જલવડે તેના પગ ધોવા, હે સતિ! તારૂં સુખ અને તારૂં જીવન તારો સ્વામી છે માટે તેની તારે અણુમાત્ર પણ ઉપેક્ષા (અવગણના) કરવી નહિ. ૩૮.

धवे परोक्षेऽपि कदाचिदेयुर्गृहं तदीया अपि वा महान्तः ।
ते पूजनीया बहुमानपूर्वं नो चेन्निराशाः कुलदाहकाः स्युः ॥ ७५ ॥

સ્વામી ઘેર નહોય ત્યારે પણ કદાચિત્ તેના ગુરુજનઆદિ અથવા મિત્ર–સગા આદિક ઘેર આવે તો બહુમાન પુરઃસર તેમનો આદર સત્કાર કરવો; કેમકે જો એવી રીતે તેમનો સત્કાર કરવામાં ન આવે તો તેઓ નિરાશ થઈને કુલનો નાશ કરનારા થાય છે. ૭૫.

पित्रोरिव श्वशुरयोरनुवर्तितव्यं तद्वन्मृगाक्षि सहजेष्वपि देवरेषु ।
ते स्नेहिनो हि कुपिता इतरेतरस्य योगं विभिद्युरिति मे मनसि प्रतर्कः ॥ ७६ ॥

હે મૃગાક્ષિ! જેમ તુ તારાં માતપિતાનું અનુસરણ કરે છે તેમ જ તારે તારાં સાસુ-સસરાનું પણ અનુસરણ કરવું. અને તેવી જ રીતે તારા સ્વામીના ભાઈઓ (જેઠઆદિ); એનો અને દીયર સાથે પણ વર્તવું; કેમકે જો તેઓ કોપ પામે તો તમે બન્ને પતિપત્ની સ્નેહવાળા છતાં પણ તમારો અરસ્પરસનો યોગ તેઓ નાશ કરી શકે એમ મારા મનમાં તર્ક થાય છે. ૭૬.

हितोपदेशे विनिविष्टमानसौ वधूवरौ राजगृहं समीयतुः ।
लब्धानुमानौ गुरुबंधुवर्गतो बभूव सन्नोभयभारतीति ॥ ७७ ॥
सा भारती दुर्वसनेन दत्तं पुनः प्रसन्नेन पुराऽऽत्तहर्षा ।
शापावधिं संसदि वत्स्यते यत्सर्वज्ञतानिर्वहणाय साक्ष्यम् ॥ ७८ ॥

એ પ્રમાણે કરેલા હિતોપદેશમાં જેમના ચિત્તે પ્રવેશ કર્યો છે, એવાં તે બન્ને વહુવર ગુરુ અને બાંધવ વર્ગથી સન્માન પામીને રાજસ્થાનમાં આવી પહોંચ્યાં. જેનું નામ ઉભયભારતી પડેલું હતું, તથા જેને પૂર્વે દુર્વાસાએ શાપ દીધા પછી ફરીને પ્રસન્ન થઈને, સભામાં બે વાદીઓની મધ્યે સાક્ષિપણું કરવારૂપ શાપનો અવધિ કરી આપ્યો હતો તેથી હર્ષ પામી હતી, તે સરસ્વતી શંકરની સર્વજ્ઞતાના નિર્વાહને અર્થે સભામાં પોતાના શાપના અવધિરૂપ સાક્ષિપણું કરશે. ૭૭,૭૮.

स भारतीसाक्षिकसर्ववित्त्वोऽप्यात्मीयशक्त्या शिशुवद्विभातः ।
स्वशैशवस्योचितमन्वकाङ्क्षीत्स केशवो यद्वदुदारवृत्तः ॥ ७९ ॥

જે પ્રમાણે ઉદાર ચરિતવાળા શ્રીકૃષ્ણ પોતાની માયાવડે બાલક સરખા જણાઈને પોતાના બાલકપણાને ઉચિત પદાર્થ (રમકડાંઆદિ) ઇચ્છતા હતા, તે જ પ્રમાણે શ્રીશંકર પણ સરસ્વતીની સમક્ષમાં જેનું સર્વજ્ઞપણું સિદ્ધ થયું છે એવા છતાં પણ પોતાની શક્તિ (પોતાની માયા)વડે બાલક સરખા દેખાઇને બાલકપણાને ઉચિત રમકડાં આદિકની ઇચ્છા કરતા હતા. ૭૯.

शैशवे स्थितवता च पलाशे शार्ङ्गिणेव वटवृक्षपलाशे ।
आत्मनीदमखिलं विलुलोके भाविभूतमपि यत्खलु लोके ॥ ८० ॥

જેમ (પ્રલયકાલે) વડ વૃક્ષના પત્રમા સ્થિતિમાન થયેલા (પોઢેલા) વિષ્ણુ સમગ્ર જગતને આત્મામાં (પોતાને વિષે અથવા આત્મરૂપ) જુએ છે, તેમ જેમાં ચપલ આશાઓ હોય છે

૧ ઉપજાતિ. ૨ વસંતતિલકા. ૩ ઉપજાતિ. ૪ સ્વાગતા.

એવા બાલકપણામાં રહેલા **શંકરે** પણ જગત્‌માં જે થઈ ગયું અને જે થશે તે સર્વે પદાર્થનું—અર્થાત્ આખા વિશ્વનું આત્માને વિષે અવલોકન કર્યું, એમાં કાંઈ સંદેહ નથી. ૮૦.

[3]तं ददर्श जनताऽद्भुतबालं लीलयाऽधिगतनूतनदोलम् ।
वासुदेवमिव वामनलीलं लोचनैरनिमिषैरनुवेलम् ॥ ८१ ॥

જેમ પૂર્વે લીલાએ કરીને નવા હીંદોળાપર જે ચઢયા છે તથા **વામન** અવતારની જેણે લીલા કરી છે એવા અદ્‌ભુત બાલક **વાસુદેવને** લોક—સમુદાય બન્ને પાંપણો ભેગી કર્યા શિવાય પોતાનાં નેત્રથી સંતત નિહાળી રહેતાં હતાં તેમ, લીલાએ કરીને નવો હીંદોળો જેને પ્રાપ્ત થયો છે—નવા હીંદોળામાં જેણે આરોહણ કર્યું છે તથા **વામન** (સુંદર–મનોહર) જેની લીલા છે; એવા અદ્‌ભુત બાલક **શ્રીશંકરને** પણ લોકસમુદાય બન્ને પાંપણો ભેગી કર્યા શિવાય પોતાનાં નેત્રથી સંતત નિહાળી રહેવા લાગ્યા.[3] ૮૧.

कोमलेन नवनीरदराजिश्यामलेन नितरां समराजि ।
केशवेशतमसाऽधिकमस्य केशवेशचतुरास्यसमस्य ॥ ८२ ॥

વિષ્ણુ, શિવ અને **બ્રહ્મા**, એમની સમાન એવા **શ્રીશંકરના**, કોમલ નવા કમલની પંક્તિ જેવા શ્યામ વર્ણની કેશપાશની કાળાશ અત્યંત સારી શોભતી હતી. ૮૨.

[4]शाक्यैः पाशुपतैरपि क्षपणकैः कापालिकैर्वैष्णवै-
रप्यन्यैरखिलैः खलैः खलु खिलं दुर्वादिभिर्वैदिकम् ।
पंथानं परिरक्षितुं क्षितितलं प्राप्तः परिक्रीडते
घोरे संसृतिकानने विचरतां भद्रंकरः शङ्करः ॥ ८३ ॥

બૌદ્ધ, પાશુપત, ક્ષપણક, કાપાલિક, **વૈષ્ણવ** અને બીજા સમગ્ર દુર્વાદિ ખલ પુરુષોએ પ્રસિદ્ધ વેદમાર્ગ તોડી નાખ્યો હતો તેનું રક્ષણ કરવાને પૃથ્વીના તલમાં પ્રાપ્ત થયેલા, તથા ઘોર એવા સંસારરૂપ અરણ્યમાં ફરનારા જીવોને સર્વ અનર્થની નિવૃત્તિ પુરઃસર પરમાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષ—કલ્યાણ આપનારા **શ્રીશંકર** (પોતાનાં માતાપિતાના ઘરમાં) રમતા હતા. ૮૩.

इति श्रीमाधवीये तत्तद्देवावतारार्थकः ।
संक्षेपशङ्करजये तृतीयः सर्ग आभवत् ॥ ३ ॥

એ પ્રમાણે **શ્રી**માધવાચાર્યવિરચિત સંક્ષેપશંકરજય નામે આ ગ્રંથમાં તે તે દેવોના અવતારનું કથન જેમાં કરેલું છે એવો આ ત્રીજો સર્ગ થયો. ૩.

---

૧ યમકાલંકાર. “**सत्यर्थे पृथगर्थायाः स्वरव्यञ्जनसंहतेः । क्रमेण तेनैवावृत्तिर्यमकं विनिगद्यते॥**”-ભિન્ન અર્થવાળા સ્વર અને વ્યંજનના સમુદાયની ફરીને તે જ ક્રમે આવૃત્તિ થાય તેને **યમક** કહે છે.-**સાહિત્યદર્પણ**, કારિકા ૬૪૦. આ શ્લોકમાં **વિષ્ણુ** અને **શંકરના** અવલોકન કરવારૂપ ધર્મનું સાદૃશ્ય વર્ણાયું છે માટે ઉપમાલંકાર. “**उपमा यत्र सादृश्यलक्ष्मीरुल्लसति द्वयोः ।**”-જ્યાં ઉપમેય અને ઉપમાનના સાદૃશ્ય પણાની શોભા વર્ણી હોય ત્યાં ઉપમા-કુવલયાનંદ, કારિકા ૬. ૨ **અંત્યાનુપ્રાસ**. “**व्यञ्जनं चेद्यथावस्थं सहाद्येन स्वरेण तु । आवर्त्यतेऽन्त्ययोज्यत्वादन्त्यानुप्रास एव तत् ॥** ”—પદના અંતમાં આવેલા વ્યંજનની તેની પૂર્વના સ્વરસહિત આવૃત્તિ બીજા પદના અંતમાં થાય ત્યારે તેને **અંત્યાનુપ્રાસ** કહે છે.-**સાહિત્યદર્પણ**, કારિકા ૬૩૭. ૩ **વૃત્યનુપ્રાસ**. “**अनेकस्यैकधा साम्यमसकृद्वाप्यनेकधा । एकस्य सकृदप्येष वृत्यनुप्रास उच्यते ॥**”-જ્યાં અનેક વર્ણોના સ્વરૂપનું સામ્ય એકવાર આવ્યું હોય અથવા સ્વરૂપ અને ક્રમ બનેનું સામ્ય વારંવાર આવેલું હોય, અથવા એક જ વર્ણનું સામ્ય એકવાર આવ્યું હોય, ત્યાં **વૃત્યનુપ્રાસ** નામે શબ્દાલંકાર થાય છે—**સાહિત્યદર્પણ**, કારિકા ૬૩૫. ૪ **શાર્દૂલવિક્રીડિત વૃત્ત.**

अथ चतुर्थः सर्गः

સાધારણ બાલકના ચરિત કરતાં શંકરનું ચરિત વિલક્ષણ હતું તે બતાવતાં ગ્રંથકાર કહે છે કેઃ—

[1]अथ शिवो मनुजो निजमायया द्विजगृहे द्विजमोदमुपावहन् ।
प्रथमहायन एव समग्रहीत्सकलवर्णमसौ निजभाषिकाम् ॥ १ ॥

પછી શંકરે પોતાની માયાવડે બ્રાહ્મણને ઘેર મનુષ્ય દેહ ધારણ કરીને શિવગુરુને આનંદ ઉત્પન્ન કરતાંકરતાં પહેલે જ વર્ષે સર્વ અક્ષરોનું ગ્રહણ કર્યું તથા પોતાની દેશભાષા પણ બોલતાં શીખ્યા. ૧.

द्विसम एव शिशुर्लिखिताक्षरं गदितुमक्षमताक्षरवित्सुधीः ।
अथ स काव्यपुराणमुपाश्रृणोत्स्वयमवैत्किमपि श्रवणं विना ॥ २ ॥

તે બાલક બે વર્ષનો થયો એટલામાં જ તે લખેલા અક્ષરોને વાંચવાને સમર્થ થયો; કેમકે તે અત્યંત બુદ્ધિમાન હતો, પછી ત્રીજે વર્ષે તેણે કાવ્ય અને પુરાણનું શ્રવણ કર્યું, પણ ખરૂં જોતાં તો કાંઈપણ સાંભળ્યા વિના જ તે જાણતા હતા. ૨.

अजनि दुःखकरो न गुरोरसौ श्रवणतः सकृदेव परिग्रही ।
सहनिपाठजनस्य गुरुः स्वयं स च पपाठ ततो गुरुणा विना ॥ ३ ॥

તે વિદ્યાર્થી ગુરુને પણ દુઃખદાયક થયો નહિ, કેમકે એકજવાર ગુરુ પાસેથી પાઠ સાંભળીને તે ગ્રહણ કરે એવો હતો. વળી જે જે તેના સહપાઠી (સાથે ભણનારા) હતા તેમનો તે પોતે ગુરુ હતો; કેમકે તેઓ પાઠ ભૂલતા તો આ બાલક તેમને બતાવતો હતો. અને પોતે તો એકવાર પાઠ સાંભળ્યા પછી ગુરુ વિના પણ ભણતો હતો. ૩.

[2]रजसा तमसाऽप्यनाश्रितो रजसा खेलनकाल एव हि ।
स कलाधरसत्त्वदात्मजः सकलाश्चापि लिपीरविंदत ॥ ४ ॥

જે સમય તેને ધૂળની સાથે રમવાનો હતો તે સમયે તે રજ (રજોગુણ અથવા ધૂળ) અને તમ(તમોગુણ અથવા અજ્ઞાન)ના આશ્રમ વિનાનો તથા કલા જાણનારાઓમાં ઉત્તમ શિવગુરુનો પુત્ર સઘળી લીપિઓનું જ્ઞાન પામી ચૂક્યો હતો. ૪.

सुधियोऽस्य विदिद्युतेऽधिकं विधिवच्चौलविधानसंस्कृतम् ।
ललितं करणं घृताहुतिज्वलितं तेज इवाऽशुशुक्षणेः ॥ ५ ॥

અતિશય બુદ્ધિવાળા આ શંકરનું, વિધિ પ્રમાણે ચૌલ[3] સંસ્કારના વિધાનથી સંસ્કાર યુક્ત

---

૧ દ્રુતવિલંબિત. ૨ પદના આદિ ભાગમાં **रजसा** અને **सकला** એવા વર્ણસમુદાયની ફરીને આવૃત્તિ કરેલી છે માટે પાદાદિ યમકાલંકાર. “**अव्यपेतव्यपेतात्मा व्यावृत्तिर्वर्णसंहतेः । यमकं तच्च पादानामादिमध्यान्तगोचरम्**”–બીજા વર્ણસમુદાયવડે વ્યવધાનવાળા કે વ્યવધાન રહિત એવા વર્ણના સમુદાયની પુનઃ આવૃત્તિ કરેલી હોય તથા તે પાદના આદિ, મધ્ય કે અંતભાગમાં રહેલી હોય તેને યમકાલંકાર કહે છે.–કાવ્યાદર્શ, ૩।૧. ૩ શોડષ સંસ્કારો પૈકી એક. પહેલે કે ત્રીજે વર્ષે માથાના વાળ લેવડાવે છે તેને ચૌલસંસ્કાર કહે છે. “ **चूडाकर्म द्विजातीनां सर्वेषामेव धर्मतः । प्रथमेऽब्दे तृतीये वा कर्तव्यं श्रुतिचोदनात् ॥** ”–બ્રાહ્મણ, ક્ષત્રિય, અને વૈશ્ય એ જાતિમાં પુત્રનો જન્મ થયા પછી શાસ્ત્રપ્રમાણે પહેલે વર્ષે અથવા ત્રીજે વર્ષે **चूडाकर्म** (–ચૌલ સંસ્કાર) એટલે તેના વાળ ઉતરાવવા એવી વેદની આજ્ઞા છે.—મનુસ્મૃતિ ૨।૩૫.

થયેલું સુંદર શરીર, ઘીની આહુતિવડે પ્રજ્જ્વલિત થયેલું જેવું અગ્નિનું તેજ હોય તેવું, વિશેષ પ્રકાશમાન થયું-શોભવા લાગ્યું.[1] ૫.

उपपादननिर्व्यपेक्षधीः स पपाठाऽऽहृतिपूर्वकागमान् ।
अधिकाव्यमरंस्त कर्कशेऽऽप्यधिकांस्तर्कनयेऽत्यवर्तत ॥ ६ ॥

ઉપપાદન કરવામાં અપેક્ષા રહિત જેની બુદ્ધિ છે એવા **શંકર** ભૂ આદિક વ્યાહૃતિપૂર્વક વેદને ભણતા હતા. કાવ્યમાં તો તે રમત જ કરતા હતા. વળી અતિશય કઠિન તર્કનયમાં જેઓ શ્રેષ્ઠ હતા તેમનું પણ તેમણે અતિક્રમણ કર્યું હતું—અર્થાત્ તેમના કરતાં પણ તેમાં વિશેષ કુશલતા પ્રાપ્ત કરી હતી. ૬.

हरतस्त्रिदशेज्यचातुरीं पुरतस्तस्य न वक्तुमीश्वराः ।
प्रभवोऽपि कथासु नैजवाग्विभवोत्सारितवादिनो बुधाः ॥ ७ ॥

પોતાના વાણી-વૈભવવડે જેમણે વાદ કરનારાઓને દૂર કરી દીધા છે એવા પંડિતો, જેઓ વાદ, જલ્પ, વિતંડા આદિક કથનોમાં સમર્થ છતાં પણ, દેવતાના ગુરુ બૃહસ્પતિના વાણીચાતુર્યનું હરણ કરનાર **શંકર**ની સામે બોલવાને સમર્થ થતા નહોતા. ૭.

अमुकक्रमिकोक्तिधोरणीमुरगाधीशकथावधीरिणीम् ।
मुमुहुर्निशमय्य वादिनः प्रतिवाक्योपहतौ प्रमादिनः ॥ ८ ॥

વળી સર્પના અધિપતિ શેષનાગના કથનનો પણ તિરસ્કાર કરનારી આ **શંકર**ની ક્રમે કરી ઉચ્ચાર કરવાની પરિપાટી સાંભળીને વાદીઓ મોહ પામતા હતા; કેમકે તેનો પ્રત્યુત્તર આપવામાં તેઓ સાવધ રહી શકતા નહોતા. ૮.

कुमतानि च तेन कानि नोन्मथितानि प्रथितेन धीमता ।
स्वमतान्यपि तेन खण्डितान्यतियत्नैरपि साधितानि कैः ॥ ९ ॥

પ્રખ્યાત અને બુદ્ધિમાન **શ્રી**શંકરે કયાં કયાં કુત્સિત મત નથી ઉખેડી નાખ્યાં? અને તેણે ખંડિત કરેલાં પોતાનાં મત પ્રયત્ને કરીને પણ પાછાં ફરીને કોણે સ્થાપન કર્યાં છે? અર્થાત સર્વે કુત્સિત મત **શંકરે** ઉખેડી નાખ્યાં છે અને એ ખંડન કરેલાં મત કોઈએ પણ ફરીને સ્થાપન કર્યાં નથી. ૯.

अमुना तनयेन भूषितं यमुनाताततसमानवर्चसा ।
तुलया रहितं निजं कुलं कलयामास स पुत्रिणां वरः ॥ १० ॥

યમુનાના પિતા સૂર્ય સમાન કાંતિવાળા આ પુત્રવડે અલંકૃત થયેલા પોતાના કુલને પુત્રવાળાઓમાં શ્રેષ્ઠ **શિવગુરુ** ઉપમારહિત માનવા લાગ્યો. ૧૦.

शिवगुरुः स जरंस्त्रिसमे शिशावमृतकर्मवशः सुतमोदितः ।
उपनिनीषितसूनुरपि स्वयं नहि यमोऽस्य कृताकृतमीक्षते ॥ ११ ॥

પુત્રવડે આનંદ પામેલો અને પોતાના પુત્રને પોતે ઉપવીત ધારણ કરાવવાની ઇચ્છાવાળો છતાં પણ તે **શિવગુરુ** વૃદ્ધ થવાથી પોતાનો બાલક ત્રણ વર્ષનો હતો તે વેળાએ કર્મને આધીન થઈને મરણ પામ્યો; કેમકે આ પુરુષનું કાર્ય પૂરૂં થયેલું છે કે અપૂર્ણ છે તે કાંઈ યમ જોતો નથી. ૧૧.

---

૧ ઉપમા. "उपमा यत्र सादृश्यलक्ष्मीरुल्लसति द्वयोः ।"–જ્યાં ઉપમાન અને ઉપમેયની સમાન શોભા વર્ણી હોય તે ઉપમાલંકાર.–કુવલયાનંદ, કારિકા ૬.

इह भवेत्सुलभं न सुतेक्षणं न सुतरां सुलभं विभवेक्षणम्।
सुतमवाप कथंचिदयं द्विजो न खलु वीक्षितुमैष्ट सुतोदयम्॥ १२॥

આ સંસારમાં પુત્રદર્શન સુલભ નથી; અને પુત્રનો વૈભવ દેખવો એતો અત્યંત કઠિન જ છે. (એના દૃષ્ટાંતમાં શિવગુરુને બતાવીને કહે છે કે—) આ બ્રાહ્મણને કેમે કરતાં પુત્ર મળ્યો ત્યારે તે પુત્રનો વૈભવ જોવાને સમર્થ ન જ થયો. ૧૨.

मृतमदीदहदात्मसनाभिभिः पितरमस्य शिशोर्जननी ततः।
समनुनीतवती धवखण्डितां स्वजनता मृतिशोकहरैः पदैः॥ १३॥

પછી શ્રીશંકરના મૃત પિતાને તે બાલકની માતાએ પોતાના સપિંડ પુરુષો પાસે દહન કરાવ્યો. અને પોતાના સ્વામીથી રહિત થયેલી તે સતીને તેના સ્વજન સમુદાયે મરણ પામવાથી ઉપજેલા શોકને હરણ કરનારાં વચનો કહીને આશ્વાસન કર્યું. ૧૩.

कृतवती मृतचोदितमक्षमा निजजनैरपि कारितवत्यसौ।
उपनिनीषुरभूत्सुतमात्मनः परिसमाप्य च वत्सरदीक्षणम्॥ १४॥

મરી ગયેલાની જે ક્રિયા કરવી જોઈએ તેમાંથી જેટલું પોતાને કરવું શક્ય હતું તેટલું તેણે પોતે કર્યું; અને જે કરવાને પોતે અશક્ત હતી તે પોતાના સ્વજન પાસે પણ તેણે કરાવ્યું. એ રીતે એક વરસ સુધીની દીક્ષા (સંવત્સરી પૂરી થતાં સુધી) સમાપ્ત કરીને પોતાના પુત્રને ઉપવીત આપવાની તેની ઇચ્છા થઈ. ૧૪.

उपनयं किल पञ्चमवत्सरे प्रवरयोगयुते सुमुहूर्तके।
द्विजवधूर्नियता जननी शिशोर्व्यधित तुष्टमनाः सहबंधुभिः॥ १५॥

પછી બરાબર પાંચમે વર્ષે, શ્રેષ્ઠ યોગયુક્ત સારા મુહૂર્તમાં, તે બ્રાહ્મણની સ્ત્રી, જે તે બાલકની માતા હતી તેણે નિયમયુક્ત થઈને પોતાનાં બાંધવોસહિત મનમાં સંતોષ પામીને તે બાલકને ઉપનયન સંસ્કાર કર્યો. ૧૫.

अधिजगे निगमांश्चतुरोऽपि स क्रमत एव गुरोः सषडङ्गकान्।
अजनि विस्मितमत्र महामतौ द्विजसुतेऽल्पतनौ जनतामनः॥ १६॥

પછી તે ગુરુ કુલમાં અભ્યાસ કરવા ગયો. ત્યાં—ગુરુની પાસેથી શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ, એ છએ અંગ સહિત ચારે વેદનું તેણે ક્રમે કરીને અધ્યયન કર્યું. તેથી આ નાના શરીરના—નાની વયના બ્રાહ્મણ પુત્રને મોટી બુદ્ધિવાળો જોઈને મનુષ્યોનાં હૃદયમાં વિસ્મય ઉત્પન્ન થયો. ૧૬.

सहनिपाठयुता बटवः समं पठितुमैशत न द्विजसूनुना।
अपि गुरुर्विषयं प्रतिपेदिवान्क इव पाठयितुं सहसा क्षमः॥ १७॥

તે બ્રાહ્મણ પુત્રની સાથે અધ્યયન કરનારા બાલકો તેની સાથે પોતાનું અધ્યયન કરવાને સમર્થ થયા નહિ; એટલું જ નહિ, પરંતુ તેને અધ્યયન કરાવનાર ગુરુને પણ જાણે સંશય ઉપજ્યો કે આ બાલકને એકાએક અધ્યયન કરાવવાને કોણ સમર્થ છે!! ૧૭.

अत्र किं स यदशिक्षत सर्वांश्चित्रमागमगणाननुवृत्तः।
द्वित्रिमासपठनादभवद्यस्तत्र तत्र गुरुणा समविद्यः॥ १८॥

જે (શંકર), જે જે ગુરુની પાસે બે ત્રણ માસ પઠન કરતો તે તે ગુરુની સમાન વિદ્યા

---

૧ સેવાગતા.

પોતે પ્રાપ્ત કરતો હતો, તે (શંકર) પોતાના ગુરુને અનુસરનારો હોઈને સકલ શાસ્ત્રસમુદાયને શીખી ગયો એમાં શું આશ્ચર્ય છે! અર્થાત્ કાંઈ આશ્ચર્ય નથી. ૧૮.

[1]वेदे ब्रह्मसमस्तदङ्गनिचये गार्ग्योपमस्तत्कथा-
तात्पर्यार्थविवेचने गुरुसमस्तत्कर्मसंवर्णने ।
आसीज्जैमिनिरेव तद्वचनजप्रोद्बोधकंदे समो-
व्यासेनैव स मूर्तिमानिव नवो वाणीविलासैर्वृतः ॥ १९ ॥

વેદને વિષે તે (શંકર) બ્રહ્મદેવની સમાન હતા; વેદનાં અંગ શિક્ષા આદિકને વિષે તે ગાર્ગ્યમુનિના સરખા હતા; તે વેદની કથાઓના તાત્પર્યનું વિવેચન કરવામાં બૃહસ્પતિ સરખા હતા; વેદનાં કર્મનું વર્ણન કરવામાં તો તે જૈમિની જ હતા; વેદનાં વચનથી ઉત્પન્ન થયેલા તત્ત્વજ્ઞાનના મૂલને વિષે તે વ્યાસની જ બરાબર હતા; અને વાણીના વિલાસથી સંયુક્ત તે શ્રીશંકર તેમાં (વાણીવિલાસમાં) તો જાણે મૂર્તિમાન કોઈ નૂતન વ્યાસ હોય તેવા જ હતા. ૧૯.

[2]आन्वीक्षिक्यैक्षि तन्त्रे परिचितिरतुला कापिले काऽपि लेभे
पीतं पातञ्जलाम्भः परमपि विदितं भाट्टघट्टार्थतत्त्वम् ।
यत्तैः सौख्यं तदस्यांतरभवदमलाद्वैतविद्यासुखेऽस्मिन्
कूपे योऽर्थः स तीर्थे सुपयसि वितते हंत नांतर्भवेत्किम् ॥ २० ॥

તેણે (શંકરે) તર્કવિદ્યા સારી રીતે જોઈ; કપિલપ્રણીત સાંખ્યશાસ્ત્રમાં પણ તેણે અનુપમ પરિચય મેળવ્યો હતો; પતંજલિએ રચેલ યોગશાસ્ત્રરૂપી જલ પણ તેણે પીધું હતું; વળી તે ઉપરાંત ભટ્ટપાદે રચેલા વાર્તિકને ધરાવનારા અર્થોના તત્ત્વને પણ તેણે જાણ્યું હતું; એ પ્રમાણે તર્કશાસ્ત્રાદિનું સુખ, જે પ્રયત્ન કરીને મેળવી શકાય તેવું છે તે, તેમની નિર્મલ અદ્વૈતવિદ્યાના સુખમાં અંતર્ભાવ પામી ગયું હતું. અર્થાત્ તેમણે અદ્વૈત વિદ્યા જાણી હતી કે જેમાં બીજા તર્કશાસ્ત્રાદિ સર્વે વિચારો સમાઈ જાય છે. જલપાન[3] આદિક જે અર્થ કૂવાથી સરી શકે છે તે અર્થ સ્વચ્છ જલવાળા વિશાલ ગંગાદિક તીર્થમાં શું અંતર્ભાવ નથી પામતો વારૂ? તાત્પર્ય કે પામે છે જ. ૨૦

[4]सहि जातु गुरोः कुले वसन्सवयोभिः सह भैक्ष्यलिप्सया ।
भगवान्भवनं द्विजन्मनो धनहीनस्य विवेश कस्यचित् ॥ २१ ॥

એવા ભગવાન શ્રીશંકરે ગુરુના કુલમાં રહેતાં છતાં કદાચિત્ ભિક્ષા લેવાની ઇચ્છાથી મિત્રો સહિત કોઈક ધનહીન બ્રાહ્મણના ઘરમાં પ્રવેશ કર્યો. ૨૧

तमवोचत तत्र सादरं बटुवर्यं गृहिणः कुटुंबिनी ।
कृतिनो हि भवादृशेषु ये वरिवस्यां प्रतिपादयन्ति ते ॥ २२ ॥

તેને જોઈને તે ઘરમાં રહેનારા પુરુષની સ્ત્રીએ તે શ્રેષ્ઠ બાલકને પ્રીતિથી કહ્યું કે 'તમારા સરખા(બાલક વિદ્યાર્થીઓ)નેવિષે જેઓ પોતાની સેવા પ્રતિપાદન કરે છે તે નિશ્ચય પુણ્યવંત છે;

---

૧ શાર્દૂલવિક્રીડિત. ૨ સ્રગ્ધરા. ૩ આવું જ ઉદાહરણ વેદવ્યાસે ગીતામાં પણ આપેલું છે. જેમ "यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके । तावान् सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥"–જે અર્થ કૂપાદિક જલાશયથી સરે છે, તે જ અર્થ વિશાલ જલવાળા તીર્થથી પણ સરે છે; તેમ જ જે અર્થ સર્વે વેદ જાણવાથી સરે છે તે જ અર્થ જ્ઞાનવાળા બ્રાહ્મણને પણ સરે છે. અર્થાત્ બ્રહ્મજ્ઞાનમાં વેદજ્ઞાનનો અંતર્ભાવ થાય છે.–ભગવદ્ગીતા અધ્યાય ૨।૪૬. ૪ વિયોગિની.

અથવા જેઓ પુણ્યવંત હોય છે તેઓ જ તમારા સરખાઓને વિષે પોતાની સેવા પ્રતિપાદન કરી શકે છે! અર્થાત્ જેમનાથી તમારી સેવા બની નહિ તેમને નિર્ભાગી જાણવા. ૨૨.

विधिना खलु वञ्चिता वयं वितरीतुं बटवे न शक्नुमः।
अपि भैक्ष्यमकिंचनत्वतो धिगिदं जन्म निरर्थकं गतम्॥ २३॥

ખરેખર! અમને વિધિએ છેતર્યાં છે કે જે અમે નિર્ધનતાને લીધે આ બટુકને ભિક્ષા પણ આપવાને શક્તિમાન નથી!! ધિક્કાર છે! આ જન્મ નિરર્થક ગયો!!' ૨૩.

इति दीनमुदीरयन्त्यसौ प्रददावामलकं व्रतींदवे।
करुणं वचनं निशम्य सोऽप्यभवज्ज्ञाननिधिर्दयार्द्रधीः॥ २४॥

એ પ્રમાણે દીન વચન બોલતી તે ગૃહસ્થની સ્ત્રીએ બ્રહ્મચારીઓમાં ચંદ્ર જેવા **શ્રી**શંકરને અત્યંત ભક્તિપૂર્વક એક **આમળું** આપ્યું! તે સ્ત્રીનું કરુણા ઉપજાવે એવું વચન સાંભળીને જ્ઞાનના ભંડાર **શ્રી**શંકરનું અંતઃકરણ પણ દયાવડે ભીનું થયું. ૨૪.

स मुनिर्मुरभित्कुटुंबिनीं पदचित्रैर्नवनीतकोमलैः।
मधुरैरुपतस्थिवांस्तवैर्द्विजदारिद्र्यदशानिवृत्तये॥ २५॥

પછી **શ્રી**શંકરે તે બ્રાહ્મણની દરિદ્રતાયુક્ત સ્થિતિની નિવૃત્તિ થવા માટે (તેનું દારિદ્રય નાશ થવાના હેતુથી) માખણના સરખા કોમલ અને મધુર તથા વિચિત્ર શબ્દોએ કરી, **મુર**નામે અસુરનું વિદારણ કરનાર **વિષ્ણુ**ની પત્ની **લક્ષ્મી**નું સ્તવન કરી ઉપાસન કર્યું. ૨૫.

अथ कैटभजित्कुटुंबिनी तडिदुद्दामनिजाङ्गकान्तिभिः।
सकलाश्च दिशः प्रकाशयन्त्यचिरादाविरभूत्तदग्रतः॥ २६॥

પછી થોડીવારમાં, વિજળીના સરખી સ્વતંત્ર એવી પોતાનાં અંગોની કાંતિવડે સઘળી દિશાઓને પ્રકાશિત કરતી—કૈટભ નામે અસુરને જીતનારા **વિષ્ણુ**ની પત્ની—**શ્રી**શંકરની પાસે પ્રકટ થઈ. ૨૬.

अभिवन्द्य सुरेन्द्रवन्दितं पदयुग्मं पुरतः कृताञ्जलिम्।
ललितस्तुतिभिः प्रहर्षिता तमुवाच स्मितपूर्वकं वचः॥ २७॥

દેવતાઓના ઇંદ્રે જેનું વંદન કરેલું છે એવા **શંક**રના બન્ને ચરણમાં પ્રણામ કરીને પોતાની પાસે હાથ જોડીને ઉભા રહેલા **શ્રી**શંકરને સુંદર સ્તુતિવડે હર્ષ પામેલી **લક્ષ્મી**એ હસતે મુખે (આ) વચન કહ્યું. ૨૭.

विदितं तव वत्स हृद्गतं कृतमेभिर्न पुराभवे शुभम्।
अधुना मदपाङ्गपात्रतां कथमेते महितामवाप्नुयुः॥ २८॥

'હે વત્સ! તારા મનમાં જે છે, તે મેં જાણ્યું; પણ આ બ્રાહ્મણના કુટુંબે પૂર્વજન્મે સુકૃત કર્યું નથી તો હવે આ જન્મે મારા કૃપાકટાક્ષને પાત્ર એવા પૂજ્યપણાને તેઓ શી રીતે પામે?' ૨૮.

इति तद्वचनं स शुश्रुवान्निजगादाम्ब मयीदमर्पितम्।
फलमद्य ददस्व तत्फलं दयनीयो यदि तेऽहमिन्दिरे॥ २९॥

એ પ્રમાણે **લક્ષ્મી**નું વચન સાંભળીને **શ્રી**શંકર બોલ્યા કે, 'હે **લક્ષ્મિ**! જો હું તારો કૃપાપાત્ર હોઉં તો, હે માતા! એણે આજ આ **આમળા**નું ફલ મને આપ્યું છે તેનું ફલ એને આપ.' ૨૯.

अमुना वचनेन तोषिता कमला तद्भवनं समन्ततः ।
कनकामलकैरपूरयज्जनताया हृदयं च विस्मयैः ॥ ३० ॥

શ્રીશંકરના આ વચનથી સંતોષ પામેલી લક્ષ્મીએ તે બ્રાહ્મણનું ઘર ચારે પાસે સુવર્ણનાં આમળાંથી ભરી નાખ્યું, તથા મનુષ્ય સમુદાયનાં અંતઃકરણ પણ વિસ્મયથી ભરી નાખ્યાં.[1] ૩૦

अथ चक्रभृतो वधूमये सुकृतेंतर्धिमुपागते सति ।
प्रशशंसुरतीव शंकरं महिमानं तमवेक्ष्य विस्मिताः ॥ ३१ ॥

પછી ચક્રને ધારણ કરનાર વિષ્ણુની પત્ની(લક્ષ્મી)મય પુણ્યસ્વરૂપ અંતર્દ્ધાન પામ્યું, ત્યારપછી શંકર તે મહિમાને જોઇને વિસ્મય પામેલા સર્વે લોકો શ્રીશંકરની ઘણી પ્રશંસા કરવા લાગ્યા. ૩૧.

दिवि कल्पतरुर्यथा तथा भुवि कल्याणगुणो हि शंकरः ।
सुरभूसुरयोरपि प्रियः समभूदिष्टविशिष्टवस्तुदः ॥ ३२ ॥

એવી પ્રશંસા કરવા લાગ્યા કે, સ્વર્ગમાં જેવો કલ્પવૃક્ષ છે તેવા જ પૃથ્વીમાં કલ્યાણ ગુણવાળા શંકર છે; કલ્પવૃક્ષ તો એકલા દેવોને જ પ્રિય છે, પણ આ શંકર તો દેવને અને બ્રાહ્મણને બન્નેને પ્રિય થયા છે; કેમકે ઇચ્છેલી એવી શ્રેષ્ઠ વસ્તુને તે આપનારા છે. ૩૨.

अमरस्पृहणीयसंपदं द्विजवर्यस्य निवेशमात्मवान् ।
स विधाय यथापुरं गुरोः सविधे शास्त्रवराण्यशिक्षत ॥ ३३ ॥

એ રીતે દેવતાઓ પણ જેની ઇચ્છા કરે એવી સંપત્તિવાળું તે બ્રાહ્મણનું ઘર કરીને આત્મતત્ત્વને જાણનારા શ્રીશંકર પ્રથમનીપેઠે ગુરુની પાસે જઈને ઉત્તમ શાસ્ત્રો શીખવા લાગ્યા. ૩૩.

वरमेनमवाप्य भेजिरे परभागं सकलाः कला अपि ।
समवाप्य निजोचितं पतिं कमनीया इव वामलोचनाः ॥ ३४ ॥

જેમ સુંદર વામલોચનાઓ—સ્ત્રીઓ પોતાને યોગ્ય પતિ પામીને પરમ ભાગ્યવાળી થાય છે, તેમ શ્રીશંકરરૂપ ઉત્તમ પુરુષને અથવા વરને પામીને સર્વ કલાઓ પણ પરમ ભાગ્યવાળી થઈ હતી. અર્થાત્ સર્વ કલાઓ શંકરને આપોઆપ પ્રાપ્ત થઈ હતી. ૩૪.

सरहस्यसमग्रशिक्षिताखिलविद्यस्य यशस्विनो वपुः ।
उपमानकथाप्रसङ्गमप्यसहिष्णु श्रियमन्वपद्यत ॥ ३५ ॥

રહસ્ય સહિત અને પૂરેપૂરી સમગ્ર વિદ્યાઓ જેણે શીખેલી છે એવા કીર્તિમાન શ્રીશંકરનું શરીર ઉપમાનની વાતના પ્રસંગને પણ સહન કરતું નહોતું એવી અપૂર્વ શોભાને પામ્યું હતું, તાત્પર્ય કે શ્રીશંકરના શરીરની એવી અપૂર્વ શોભા હતી કે તેને બીજા કશાની ઉપમા અપાય તો શાની જ? પણ તેને કોઈ ઉપમાનની ઉપમા આપવા સંબંધી વાત કરવી એ પણ અયુક્ત હતું! ૩૫.

जयति स्म सरोरुहप्रभामदकुण्ठीकरणक्रियाचणम् ।
द्विजराजकरोपलालितं पदयुग्मं परगर्वहारिणः ॥ ३६ ॥

---

૧ અહિં ભરી નાખવારૂપ ક્રિયાનો સહભાવ હોવાથી સહોક્તિ અલંકાર. “**सहोक्तिः सहभावेन कथनं गुणकर्मणाम् ।**”–ગુણ અથવા કર્મનું સહભાવવડે કથન કર્યું હોય ત્યાં સહોક્તિ અલંકાર.—કાવ્યાદર્શ, ૨।૩૫૧.

હવે શ્રીશંકરના ચરણાદિક અવયવ વર્ણવવાનો આરંભ કરીને પ્રથમ તેમના બન્ને પગનું વર્ણન કરતાં કહે છે કે,—કમલના કાંતિમદને ખંડિત કરવાની ક્રિયાવડે પ્રતીત થયેલું તથા ચંદ્રના કિરણોવડે ઉપલાલિત એવું પ્રતિપક્ષી વાદીઓના ગર્વને હરણ કરનાર શ્રીશંકરનું, બ્રાહ્મણોના કરના સ્પર્શે કરીને ઉપલાલિત ચરણયુગ્મ જય પામે છે. તાત્પર્ય કે જેમ દ્વિજરાજ(બ્રાહ્મણો)ના કરવડે ઉપલાલિત એવાં શ્રીશંકરનાં બન્ને ચરણ હોઈને તે પ્રતિવાદીઓના ગર્વને હરનારા છે, તેમ તેમનાં બન્ને ચરણ દ્વિજરાજ(ચંદ્ર)ના કર(કિરણ)વડે ઉપલાલિત હોઇને તે કમલના કાંતિને લીધે ઉત્પન્ન થયેલા મદને નાશ કરે છે. ચંદ્રકિરણથી કમલની કાંતિ ક્ષીણ થાય છે એ પ્રસિદ્ધ છે.[1] ૩૬.

जलमिन्दुमणिं स्रवद्यदि यदि पद्मं दृषदस्ततः सरः ।
यदि तत्र भवेत्कुशेशयं तदमुष्याङ्घ्रितुलामवाप्नुयात् ॥ ३७ ॥

જો જલ, ચંદ્રકાંત મણિને સ્રવે—જલમાંથી ચંદ્રકાંત થાય; જો પાષાણમાં(ચંદ્રકાંત મણિમાં)થી કમલ થાય; જો તે કમલમાંથી સરોવર થાય; અને જો તે સરોવરમાં કમલ થાય; તો તે કમલ શ્રીશંકરના ચરણના સાદૃશ્યને પામે. અર્થાત્ જલનું ઉત્પત્તિસ્થાન ચંદ્રકાંત જલમાંથી અને કમલનું ઉત્પત્તિસ્થાન સરોવર કમલમાંથી ઉત્પન્ન થવું એ વિપરીત છે, તથા પાષાણમાંથી કમલ થવું એ અત્યંત અસંભવિત છે, તેમ કમલ પણ શ્રીશંકરના ચરણનું સાદૃશ્ય (સમાનતા) પામે એ પણ અત્યંત વિપરીત અને અસંભિવત છે, તાત્પર્ય કે શ્રીશંકરના ચરણ, કમલ કરતાં પણ અત્યંત કોમલ અને શોભાયમાન છે.[2] ૩૭.

पादौ[3] पद्मसमौ वदन्ति कतिचिच्छ्रीशंकरस्यानघौ
वक्त्रं च द्विजराजमण्डलनिभं नैतद्द्वयं सांप्रतम् ।
प्रेष्यः पद्मपदः लिक त्रिजगति ख्यातः पदं दत्तवा-
नम्भोजे द्विजराजमण्डलशतैः प्रेष्यैरुपास्यं मुखम् ॥ ३८ ॥

કેટલાક પુરુષો શ્રીશંકરના પાપરહિત બે ચરણોને પદ્મસમાન કહે છે, અને મુખને દ્વિજરાજ(ચંદ્ર)ના મંડલ સમાન કહે છે; એ બન્ને ઉપમાઓ યોગ્ય નથી, કેમકે શ્રીશંકરનો સેવક પદ્મપાદ હતો એ ત્રણે લોકમાં પ્રસિદ્ધ છે અને તે કમલના (માથા) ઉપર પગ મુકીને ગયો હતો; અર્થાત્ શ્રીશંકરના સેવકના પગ પણ કમલ ઉપર પડ્યા હતા તો તે કમલ શંકરના પગ કરતાં ઉતરતું હોય એમાં શું આશ્ચર્ય? અને દ્વિજરાજ(ઉત્તમ બ્રાહ્મણો)નાં સેંકડો મંડલ શ્રીશંકરના સેવક થઈને તેના મુખની ઉપાસના કરે છે. અર્થાત્ સેંકડો દ્વિજરાજમંડલ શ્રીશંકરના મુખના ઉપાસક છે—તેથી નિકૃષ્ટ છે, તો પછી એક દ્વિજરાજમંડલ (ચંદ્રમંડલ) શ્રીશંકરના મુખથી નિકૃષ્ટ હોય તેમાં શું કહેવું?[4] ૩૮.

---

૧ અહિં, 'દ્વિજરાજકર' એવા શ્લિષ્ટ શબ્દવડે લાલન કરવારૂપ સમાનધર્મ વર્ણવાથી શ્લિષ્ટરૂપકાલંકાર. "उपमैव तिरोभूतभेदा रूपकमुच्यते ।"-ઉપમાના ભેદ જ્યાં અંતર્દ્ધાન થયા હોય ત્યાં તે ઉપમા એ જ રૂપક કહેવાય છે.—કાવ્યાદર્શ, ૨।૬૬—૮૭. ૨. આ જગોએ જલ આદિકની સ્વાભાવિક વૃત્તિ ચંદ્રકાંતાદિને ઉત્પન્ન કરવાની નથી છતાં તેવી સંભાવના કરી છે માટે ઉત્પ્રેક્ષા. "अन्यथैव स्थिता वृत्तिश्चेतनस्येतरस्य वा । अन्यथोत्प्रेक्ष्यते यत्र तामुत्प्रेक्षां विदुर्यथा ॥"—ચેતન અથવા બીજા કોઈ પદાર્થની સ્વાભાવિક વૃત્તિ અન્યપ્રકારની છતાં તેનો તર્ક અન્ય પ્રકારે કર્યો હોય ત્યારે તેને ઉત્પ્રેક્ષા કહે છે"—કાવ્યાદર્શ, ૨।૨૨૧. ૩ શાર્દૂલવિક્રીડિત. ૪ આ જગોએ "બન્ને ઉપમાઓ યોગ્ય નથી" એમ

मुहुः सन्तो नैजं हृदयकमलं निर्मलतरं विधातुं योगींद्राः पदकमलमस्मिन्निदधति ।
दुरापां शक्राद्यैर्वमति वदनं यन्नवसुधां ततो मन्ये पद्मात्पदमधिकमिंदोश्च वदनम् ॥३९॥

વળી સંત એવા યોગીંદ્ર પુરુષો પોતાના હૃદયરૂપી કમલને વિશેષ નિર્મલ કરવાને **શ્રી**શંકરના ચરણકમલને તેમાં સ્થાપન કરે છે. (યોગીઓ **શં**કરના ચરણકમલનું ધ્યાન કરે છે.) માટે કમલ કરતાં હું **શ્રી**શંકરના ચરણને અધિક માનુંછું. તેમ **ઇં**દ્રાદિક દેવોને પણ દુઃખે કરીને પ્રાપ્ત થવા જેવી એવી નૂતન સુધા (અમૃત) **શ્રી**શંકરના મુખમાંથી નિકળે છે. (**ચં**દ્રમાંથી નીકળતી સુધા તો સર્વે દેવને સુલભ છે, પણ આ તો દુર્લભ છે) માટે **ચં**દ્ર કરતાં **શ્રી**શંકરનું મુખ અધિક છે એમ હું માનુંછું.[2] ૩૯.

तत्त्वज्ञानफलेग्रहिर्घनतरव्यामोहमुष्टिंधयो
निःशेषव्यसनोदरंभरिरघप्राग्भारकूलंकषः ।
लुण्टाको मदमत्सरादिविततेस्तापत्रयारुंतुदः
पादः स्यादमितंपचः करुणया भद्रंकरः शांकरः ॥ ४० ॥

તત્ત્વજ્ઞાનરૂપી ફલને ગ્રહણ કરનાર; અત્યંત સજડ મોહને મુઠીથી દબાવીને ચુશી લેનારો—અર્થાત્ મોહનાશક; સમગ્ર દુઃખવડે પેટ ભરનારો—અર્થાત્ દુઃખભક્ષક; અત્યંત પાપને મૂલમાંથી ઉખેડી નાખનારો; મદ, મત્સર, દંભ, આદિક દુર્ગુણોની પંક્તિને લૂંટી લેનાર; આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક, એવા ત્રણ તાપના મર્મને તોડનાર—અર્થાત્ નાશ કરનાર; એવો **શં**કરનો ઉદાર ચરણ કરુણાવડે કલ્યાણ કરનારો થાય.[4] ૪૦

पदाघातस्फोटव्रणकिणितकार्तांतिकभुजं प्रघाणव्याघातप्रणतविमलद्रोहबिरुदम् ।
परं ब्रह्मैवासौ भवति तत एवास्य सुपदं गतापस्मारार्तीञ्जगति महतोऽद्यापि तनुते ॥४१॥

યમના દૂતથકી **માર્કંડેય**નું રક્ષણ કરતી વખતે,—ડાબા પગને પ્રહાર કરવાથી થયેલા સ્ફોટના વ્રણ(ચાંદા)વડે જેણે કૃતાંત(**યમ**)ના ભુજને ચિન્હિત કરેલા છે, તથા ઘરના ઉમરાની બહાર અડાળીમાં પગનો પ્રહાર કરીને દંડવત નમસ્કારની પેઠે અત્યંત નમ્ર થયેલા પોતાના ભક્તજનના અંતરના તથા બાહારના શત્રુઓનો નાશ કરવામાં પ્રખ્યાત જેનું નામ છે એવા **શ્રી**શંકરાચાર્ય પરબ્રહ્મ જ છે. તથા તેથી કરીને તેમનું સુંદર ચરણ જગતમાં અદ્યાપિ કામસંબંધી મોટી પીડા પામેલા પુરુષોનું કલ્યાણ કરે છે. અથવા **શ્રી**શંકરને શરણે ગયેલા પુરુષોને **શ્રી**શંકરનું ચરણ, કામને પણ જેમના થકી પીડા ઉપજે એવા—અર્થાત્ કામને જીતનારા કરે છે. ૪૧

ઉપમાનની અયોગ્યતા બતાવી છે તેથી **પ્રતીપ**ાલંકાર. " वर्ण्येनान्यस्योपमाया अनिष्पत्तिवचश्च तत् ।"—ઉપમેય સાથે બીજા ઉપમાનની નિષ્પત્તિ નથી થતી એમ વર્ણન કર્યું હોય ત્યાં **પ્રતીપ.—ચન્દ્રાલોક**, ૫, ૧૨.

૧ **શિખરિણી**. ૨ પદ્મ અને **ચંદ્ર** (ઉપમાન) કરતાં પગ અને વદન(ઉપમેય)ને અધિક વર્ણવ્યા છે માટે **વ્યતિરેક**. "उपमानाद्यदन्यस्य व्यतिरेकः स एव सः ।"—ઉપમાન કરતાં ઉપમેયનું આધિક્ય વર્ણવવું તેને **વ્યતિરેકાલંકાર** કહે છે—**કાવ્યપ્રકાશ**, ૧૦। ૧૯. ૩ **શાર્દૂલવિક્રીડિત**. ૪ આ જગોએ **શં**કરનો પાદ વાક્યના અંતમાં રહીને અનેક વાક્યોના અન્વયમાં ઉપકારક છે માટે **દીપકાલંકાર**. "जातिक्रियागुणद्रव्यवाचिनैकत्र वर्तिना । सर्ववाक्योपचारश्चेत्तमाहुर्दीपकं बुधाः ॥"—એક જ પ્રબંધમાં આદિ, મધ્ય કે અંતમાં રહીને જાતિ, ક્રિયા, ગુણ કે દ્રવ્ય વાચક શબ્દ પ્રબંધમાં બીજાં વાક્યોનો ઉપકારક હોય તેને પંડિતો **દીપક** કહે છે.—**કાવ્યાદર્શ**, ૨। ૯૭. ૫ **શિખરિણી**.

[1]प्राप्तस्याभ्युदयं नवं कलयतः सारस्वतोज्जृम्भणं
स्वालोकेन विधूतविश्वतिमिरस्याऽऽसन्नतारस्य च ।
तापं नस्त्वरितं क्षिपंति घनतापन्नं प्रसन्ना मुने-
राह्लादं च कलाधरस्य मधुराः कुर्वन्ति पादक्रमाः ॥ ४२ ॥

જેમ નવા અભ્યુદયને પામેલા, નવા ઉગેલા, સારસ્વત એટલે સમુદ્રના ઉલ્લાસને કરનારા—ભરતી આણનારા, પોતાના પ્રકાશવડે જગત્‌ના અંધકારને દૂર કરનારા, તારાઓ જેની આસપાસ છે એવા, કલાધર (સોળ કલાઓવાળા—સંપૂર્ણ) ચંદ્રમાના નિર્મલ અને મધુર (આનંદજનક) પાદક્રમ (કિરણના પ્રચાર), અમારા ઘટ્ટ થયેલા (ઘણા) તાપનો ઉતાવળે નાશ કરે છે અને મનમાં આલ્હાદ ઉત્પન્ન કરે છે. તેમ નૂતન અભ્યુયને પામેલા સરસ્વતી(એટલે [2]વેદવાણી)વડે પ્રતિપાદ્ય બ્રહ્મતત્ત્વનું ઉદ્દીપન કરનાર, પોતાના એટલે પ્રત્યક્ ચૈતન્યના પ્રકાશવડે જગતનો અજ્ઞાન લક્ષણ અંધકાર જેણે દૂર કરેલો છે એવા, ઓંકારનો જપ આદિ અભ્યાસ કરવાનું જેનું શીલ છે એવા, સમસ્ત કલાના ધારણ કરનાર શ્રીશંકરાચાર્યના નિર્મલ અને મધુર પાદક્રમ (ડગલાં ભરવા), અમારા ઘટ્ટ થયેલા સંસાર લક્ષણ તાપનો ઉતાવળે નાશ કરે છે અને બ્રહ્માનંદરૂપ આહ્લાદને પ્રકટ કરે છે. ૪૨.

[3]नतिर्दत्ते मुक्तिं नतमुत पदं वेति भगवत्पदस्य प्रागल्भ्याज्जगति विवदन्ते श्रुतिविदः ।
वयं तु ब्रूमस्तद्भजनरतपादांबुजरजःपरीरंभारंभः सपदि हृदि निर्वाणशरणम् ॥ ४३ ॥

જગત્‌માં જેઓ વેદને જાણનારા પંડિતો છે તેઓ પોતાની બુદ્ધિની પ્રગલ્ભતાને લીધે એમ વિવાદ કરે છે કે શ્રીશંકરના ચરણમાં કરેલો પ્રણામ મુક્તિ આપે છે કે તેમનો ચરણ જ મુક્તિ આપે છે? અમે તો એમ કહીએ છીએ કે શ્રીશંકરના ભજનમાં પ્રીતિવાળા પુરુષના ચરણની રજનું જે વખતે હૃદય સાથે આલિંગન કરવાનો આરંભ થાય છે—જે સમયે તે ચરણની રજને છાતી સાથે લગાડવાનો આરંભ કરવામાં આવે છે તે જ સમયે તે આરંભ મુક્તિનો આશ્રયભૂત થાય છે—મુક્તિ આપે છે. ૪૩.

[4]धवलांशुकपल्लवावृतं विललासोरुयुगं विपश्चितः ।
अमृतार्णवफेनमञ्जरीच्छुरितैरावतहस्तशस्तिभृत् ॥ ४४ ॥

હવે શ્રીશંકરની જંઘાઓ વર્ણવે છે કે,—જેમ સમુદ્રના ફીણની મંજરી(માંજર)વડે વ્યાપ્ત થયેલી ઐરાવત હાથીની શુંડની પ્રશસ્તિ (વખાણવા યોગ્ય સુંદરતા) હોય, તેમ શ્રીશંકર પંડિતની શ્વેત વસ્ત્રના છેડાથી વીંટાયલી બન્ને જંઘાઓ શોભતી હતી.[5] ૪૪.

यदि हाटकवल्लरीत्रयीघटिता स्फाटिककूटभृत्तटी ।
स्फुटमस्य तया कटीतटी तुलिता स्यात्कलितत्रिमेखला ॥ ४५ ॥

શ્રીશંકરની કટિ વર્ણવતાં કહે છે કે,–જો સ્ફાટિકમય પર્વતના કિનારાની ચારે પાસે સોનાની વેલના ત્રણ આંટા ફેરવી વાળ્યા હોય તો, મેખલાના ત્રણ આંટાવડે યુક્ત શ્રીશંકરના કટિતટને તેની ઉપમા સ્પષ્ટ રીતે આપી શકાય.[6] ૪૫.

---

૧ શાર્દૂલવિક્રીડિત. ૨ શ્રુતિમાં કહ્યું છે કે "एतद्ध्येवाक्षरं श्रेष्ठमेतद्ध्येवाक्षरं परम् ।"–અક્ષર જ બ્રહ્મ છે, એ અક્ષર જ શ્રેષ્ઠ છે.—કઠોપનિષત્ ૨।૧૬. ૩ શિખરિણી. ૪ વિયોગિની. ૫ લુપ્તોપમાલંકાર. ૬ સંભાવનાદિ અલંકાર.

आदाय पुस्तकवपुः श्रुतिसारमेकहस्तेन वादिकृततद्गतकण्टकानाम् ।
उद्धारमारचयतीव विबोधमुद्रामुद्बिभ्रतो निजकरेण परेण योगी ॥ ४६ ॥

શ્રીશંકરના હાથ વર્ણવે છે કે—**શ્રી**શંકર યોગી પોતાના એક (ડાબા) હાથવડે પુસ્તકરૂપી શરીરવાળા વેદના તત્ત્વને ધારણ કરીને તેમાં વાદીઓએ વેરેલા કાંટાને જ્ઞાનમુદ્રાને ધારણ કરતા પોતાના બીજા (જમણા) હાથના અંગુઠા અને તર્જનીની ચપટીથી જાણે વીણી કાઢતા હોય તેમ શોભે છે!! ૪૬.

सुधीराजः कल्पद्रुमकिसलयाभौ करवरौ करोत्येतौ चेतस्यमलकमलं यत्सहचरम् ।
रुचेश्चोरावेतावहनि किमु रात्राविति भिया निशादेराप्रातर्निजदलकवाटं घटयति ॥४७॥

સબુદ્ધિવાળા પુરુષોમાં શોભાયમાન એવા **શ્રી**શંકરના બન્ને હાથ કલ્પવૃક્ષનાં કોમલ પલ્લવ જેવા છે, એ પ્રમાણે, તે બન્ને હાથ સમાન કમલ જ્યારે મનમાં વિચાર કરે છે ત્યારે તે એમ જાણે છે કે એ હાથ મારી કાંતિને પણ ચોરી લેનારા છે. તે મારી કાંતિને દિવસે ચોરી લેશે કે રાત્રે? એમ વિકલ્પ કરીને, રાત્રે જ ચોર ચોરી લેશે, એવો નિશ્ચય થવાથી સમીસાંજથી તે સવાર થતાં સુધી પોતાનાં પત્રરૂપ કમાડ બીડી રાખેછે![3] ૪૭.

रुचिरा तदुरःस्थली बभावररस्फालविशालमांसला ।
धरणीभ्रमणोदितश्रमात्पृथुशय्येव जयश्रियाऽऽश्रिता ॥ ४८ ॥

કમાડનાં પાટીયાં જેવું વિશાલ અને માંસયુક્ત અતિશય મનોહર **શ્રી**શંકરનું ઉરઃસ્થલ (છાતી)' જેણે પૃથ્વીમાં ભ્રમણ કરવાથી ઉપજેલા શ્રમવડે જયલક્ષ્મીએ જેનો આશ્રય કર્યો છે એવી (જયલક્ષ્મીની) વિશાલ શય્યા હોય નહિ, તેવું શોભતું હતું.[5] ૪૮.

परिघप्रथिमापहारिणौ शुशुभाते शुभलक्षणौ भुजौ ।
बहिरंतरशत्रुनिग्रहे विजयस्तंभयुगीधुरंधरौ ॥ ४९ ॥

બહારના તથા અંતરના શત્રુઓનો નિગ્રહ કરવામાં ભૂંગળ જેવા પરિઘ નામે આયુધની પ્રખ્યાતિને પણ હરણ કરનાર—અર્થાત્ તેથી પણ વધારે પ્રખ્યાત, તથા બે વિજયસ્તંભના ધુરંધર અર્થાત્ બે સર્વોત્તમ વિજયસ્તંભ જેવા શુભ લક્ષણયુક્ત, **શ્રી**શંકરના બે ભુજ શોભતા હતા. ૪૯.

उपवीतममुष्य दिद्युते बिसतंतुक्रियमाणसौहृदम् ।
शरदिंदुमयूखपाण्डिमातिशयोल्लङ्घनजाङ्घिकप्रभम् ॥ ५० ॥

કમલનાલના તાંતણાઓસાથે જેણે સ્નેહ કર્યો છે એવું કમલના તંતુઓ જેવું સ્નિગ્ધ તથા સૂક્ષ્મ, તથા શરદ્ઋતુના ચંદ્રના અત્યંત શ્વેતપણાનું ઉલ્લંઘન કરવામાં વેગવાળી જેની પ્રભા છે એવું શરદ્ઋતુના ચંદ્ર કરતાં પણ અતિશય શુભ્રકાંતિવાળું, **શ્રી**શંકરનું ઉપવિત શોભતું હતું.[6] ૫૦.

समराजत कण्ठकम्बुराड्भगवत्पादमुनेर्यदुद्भवः ।
निनदः प्रतिपक्षनिग्रहे जयशङ्खध्वनितामविन्दत ॥ ५१ ॥

---

૧ વસંતતિલકા. ૨ શિખરિણી. ૩ અહિં કમલપત્ર બીડાવાની સંભાવના કાંતિની ચોરીના ભયનેવિષે કરી છે માટે ઉત્પ્રેક્ષા અલંકાર.—આ સર્ગના શ્લોક ૩૭ની ટીપ જુઓ. ૪ વિયોગિની. ૫ છાતીની સંભાવના શય્યાનેવિષે કરવાથી ઉત્પ્રેક્ષા.–આ સર્ગના શ્લોક ૩૭માની ટીપ જુઓ. ૬ ચંદ્ર (ઉપમાન) કરતાં ઉતવીત(ઉપમેય)નું આધિક્ય વર્ણવવાથી વ્યતિરેક અલંકાર.–આ સર્ગના શ્લોક ૩૯ની ટીપ જુઓ.

જેમાં ઉત્પન્ન થયેલો નાદ, પ્રતિપક્ષી વાદીઓરૂપી શત્રુઓનો નિગ્રહ કરવામાં જયશંખના નાદપણાને પામ્યો છે, એવો શ્રીભગવત્પાદ મુનિનો-**શ્રી**શંકરનો કંઠાત્મક શંખરાજ શોભતો હતો. અર્થાત્ શંખનાદ જેમ શત્રુનો નિગ્રહ કરે છે તેમ **શંકર**ના કંઠરૂપી શંખનો નાદ પણ પ્રતિવાદીઓને હરાવી વશ કરે છે; માટે વિજયી શંખનાદના જેવો વિજયીનાદ જેમાંથી નીકળે છે તે કંઠ શંખ જેવો હોઈને શોભે છે.[1] ૫૧.

अरुणाधरसङ्गताऽधिकं शुशुभे तस्य हि दन्तचन्द्रिका ।
नवविद्रुमवल्लरीगता तुहिनांशोरिव शारदी छविः ॥ ५२ ॥

શ્રીશંકરના રાતા ઓષ્ઠની સાથે આવેલી દાંતની ચંદ્રિકા (દાંતરૂપી **ચંદ્ર**નો પ્રકાશ), જેમ નવિન રત્નવૃક્ષની વેલ ઉપર પડેલી શરદ્ઋતુના **ચંદ્ર**ની કાંતિ શોભે તેમ, શોભતી હતી. અર્થાત્ વિદ્રુમ એટલે રત્નવૃક્ષની વેલ સ્વભાવે કરીને જ રાતી હોય છે; તેમાં નવીન એટલે વિશેષ રાતી હોય. તેના જેવા ઓઠની પાસે આવેલા દાંતનાં કિરણો, જાણે વિદ્રુમ વેલ ઉપર પડેલાં **ચંદ્ર**નાં કિરણ હોય તેવાં શોભે છે. તાત્પર્ય કે **શ્રી**શંકરના ઓઠ અત્યંત રક્ત તથા દાંત અત્યંત શ્વેત અને પ્રકાશિત છે.[2] ૫૨.

सुकपोलतले यशस्विनः शुशुभाते सितभानुवर्चसः ।
वदनाश्रितभारतीकृते विधिसंकल्पितदर्पणाविव ॥ ५३ ॥

શ્વેત જેનાં કિરણ છે એવા **ચંદ્ર**ના સરખા તેજવાળા યશસ્વી **શ્રી**શંકરના બન્ને કપોલ (ગાલ)નાં પૃષ્ઠ, જાણે મુખમાં રહેલી **સરસ્વતી**ને અર્થે **બ્રહ્મ**દેવે બે દર્પણ કલ્પેલાં (કલ્પનાથી નિર્માણ કરેલાં-અર્થાત્ બનાવેલાં) હોય નહિ, તેવાં શોભતાં હતાં. ૫૩.

[3]समासीत्तस्याऽऽस्यं सुकृतजलधेः सर्वजगतां पयःपारावारादजनि रजनीशो बहुमतात् ।
सुधाधारोद्गारः सुसदृगनयो किंतु शशभृत्सतां तेजःपुञ्जं हरति वदनं तस्य दिशति ॥५४॥

સર્વ જગત્નું પુણ્ય એ જ કોઈ સમુદ્ર, જેને સર્વ કોઈએ બહુ કરી માનેલો છે-અતિ શ્રેષ્ઠ માનેલો છે, તેમાંથી **શ્રી**શંકરનું મુખ ઉત્પન્ન થયું છે, અને તેવી જ રીતે ઘણાજણે માનેલા-અતિ શ્રેષ્ઠ દૂધના સમુદ્રમાંથી **ચંદ્ર**મા ઉપજેલો છે. એ બન્ને(મુખ અને **ચંદ્ર**)માંથી જે અમૃત નીકળે છે તેતો તે બન્નેનું સમાન છે, પણ વિશેષ (તફાવત) એ છે કે **ચંદ્ર**મા તારાઓના તેજને હરી લે છે અને **શ્રી**શંકરનું મુખ સત્પુરુષોને તેજ આપે છે. **ચંદ્ર** ઉગે છે ત્યારે તારાઓનું તેજ ક્ષીણ થાય છે અને **શંકર**નું મુખ જોવાથી સત્પુરુષોનું તેજ વધે છે એટલું **શંકર**ના મુખને વિષે વિશેષ છે.[4] ૫૪.

पुरा क्षीरांभोधेरहह तनया यद्विषयताजुषो दीनस्याग्रे घनकनकधाराः समकिरत् ।
इदं नेत्रं पात्रं कमलनिलयाप्रीतिविततेर्मुनीशस्य स्तोतुं कृतसुकृत एव प्रभवति ॥ ५५ ॥

પૂર્વે, જે મુનીવર્યના નેત્ર વિષયનું સેવન કરનાર અર્થાત્ **શંકર**ની દૃષ્ટિએ પડેલા દીન બ્રાહ્મણની પાસે ક્ષીર સમુદ્રની પુત્રી **લક્ષ્મી**એ સુવર્ણનાં **આં**મળાંરૂપી સુવર્ણની સજડ ધારાઓ ફેંકી હતી, અને તે મોટું આશ્ચર્ય થયું હતું, તે મુનિ(**શંકર**)નું, **લક્ષ્મી**ના પ્રીતિ સંતાનનું પાત્ર એવું આ નેત્ર છે; તે નેત્રનું સ્તવન કરવાને કોઈ પુણ્યશાળી પુરુષ જ સમર્થ થાય![5] ૫૫.

---

૧ રૂપક અને **લુપ્તો**પમાદિ અલંકાર. ૨ ઉત્પ્રેક્ષાલંકાર. ૩ **શિખરિણી**. ૪ **ચંદ્ર**. (ઉપમાનમાં) ન્યૂનતા તથા મુખ ઉપમેયમાં આધિક્ય વર્ણવવાથી વ્યતિરેકાલંકાર.—આ સર્ગના શ્લોક ૩૯ની ટીપ જુઓ. ૫ હેત્વાદિ અલંકાર.

दुर्वारप्रतिपक्षदूषणसमुन्मेषक्षितौ कल्पने
सेतोरप्यनघस्य तापसकुलैणाङ्कस्य लङ्कारयः ।
आपन्नानतिकायविभ्रममुषः संसारिशाखामृगा-
न्पुष्णन्त्यच्छपयोब्धिवीचिवदलंकाराः कटाक्षाङ्कुराः ॥ ५६ ॥

જેમ, દુઃખે કરીને નિવારણ કરી શકાય એવા પ્રતિપક્ષી (શત્રુ) દૂષણ(નામે દૈત્ય)ના સમુન્મેષ(સારી રીતે વિકાશ-ઉલ્લાસ પામવા)ના સ્થાન(સમુદ્ર)માં સેતુ બાંધવામાં દુઃખરહિત તથા તપસ્વીઓના સમુદાયને આહ્લાદ ઉપજાવનારા ચંદ્ર જેવા રામચંદ્રના–લંકાના શત્રુરૂપ, અતિકાય(આદિક રાક્ષસો)થી ઉપજેલા વિભ્રમ(ગભરાટ)ને હરણ કરનારા, અને નિર્મલ ક્ષીર સમુદ્રના તરંગ જેવા અલંકારરૂપ કટાક્ષરૂપી અંકુર—મૃતપ્રાય થયેલા વાનરોને જીવાડે છે તેમ, દુઃખેકરીને નિવારણ કરી શકાય એવા પ્રતિપક્ષી(સામો વાદ કરનારા)ના દૂષણના સમુન્મેષ-(ઉત્પન્ન થવાના કે પ્રસાર પામવા)ના સ્થાનમાં સેતુ બાંધવા(એટલે સેતુ જેમ જલને અટકાવી રાખે છે તેમ તે દૂષણને અટકાવી રાખનાર સમાધાનરૂપી સેતુ બાંધવા)માં દુઃખરહિત તથા તપસ્વીઓના સમુદાયને આહ્લાદ ઉપજાવનારા ચંદ્ર જેવા શ્રીશંકરના–લંકાના (શાકિનીઓ અથવા કુલટાઓના) શત્રુરૂપ, અતિકાય(એટલે સ્થૂલાદિ દેહમાં આત્માભિમાન લક્ષણ)થી ઉપજેલા વિભ્રમ(ભ્રાંતિ)ને હરનારા અથવા અતિકાય એટલે અત્યંત મોટી ભ્રાંતિને હરનારા, અને નિર્મલ ક્ષીર સમુદ્રના તરંગ જેવા અલંકારરૂપ કટાક્ષરૂપી અંકુર—જન્મ મરણાદિ લક્ષણ આપત્તિથી વ્યાપ્ત થયેલા અથવા શરણે આવેલા સંસારીરૂપ વાનરોને જીવાડે છે. અર્થાત્ સંસાર-દુઃખની નિવૃત્તિપૂર્વક આનંદપ્રાપ્તિરૂપ પુષ્ટિ સંપાદન કરે છે.[2] ૫૬.

આ શ્લોકમાંનાં વિશેષણ એક તરફથી રામચંદ્રને અને બીજી તરફથી શ્રીશંકરને સરખી જ રીતે લાગુ પડે છે. ભાવાર્થ એવો છે કે રામચંદ્ર જેમ દુર્નિવાર એવા પ્રતિપક્ષી દૂષણ નામે રાક્ષસને રહેવાનું સ્થાન જે સમુદ્ર, તેમાં સેતુ બાંધનારા તથા તપસ્વીઓને આનંદ આપનારા છે, તેમ શ્રીશંકર પણ દુર્નિવાર એવા પ્રતિપક્ષી વાદીઓનાં દૂષણો જે સ્થલમાં પ્રસાર પામે છે તે સ્થલમાં યથાર્થ સમાધાન આપવારૂપ સેતુ[3] બાંધનારા તથા તપસ્વીઓને આનંદ આપનારા છે. તથા જેમ રામચંદ્રના કટાક્ષ સુંદર, લંકાનામે રાક્ષસનગરીના શત્રુરૂપ અને અતિકાય આદિક રાક્ષસોથી ઉપજેલા ગભરાટને નાશ કરનારા હોઇને આપત્તિમાં પડેલા વાનરોને જીવાડનારા છે, તેમ શ્રીશંકરના કટાક્ષ પણ સુંદર, કુલટાઓના શત્રુરૂપ અને દેહાદિકમાં આત્મબુદ્ધિરૂપ મોટા ભ્રમને નાશ કરનારા હોઇને જન્મ-મરણાદિ આપત્તિમાં પડેલા સંસારી મનુષ્યોને જીવાડનારા–મુક્તિ આપનારા છે.

निःशङ्कक्षतिरूक्षकण्टककुलं मीनाङ्कदावानल-
ज्वालासंकुलमार्तिपङ्किलतरं व्यध्वं धृतिध्वंसिनम् ।
संसाराकृतिमामयच्छलचलद्दुर्वारदुर्वारणं
मुष्णंति श्रममाश्रिता नवसुधावृष्टायिता दृष्टयः ॥ ५७ ॥

---

૧ શાર્દૂલવિક્રીડિત. ૨ વર્ણ્યશ્લેશાલંકાર. ૩ સેતુ બાંધવાથી જલ આવતું અટકે છે તેમ દૂષણ અટકાવનારૂં સમાધાન હોવાથી સેતુરૂપ કહ્યું છે.

જેમાં આકસ્મિક [1]ક્ષતિઓરૂપી રુક્ષ કાંટાના સમુદાય પથરાયેલા છે, જે કામરૂપી દાવાગ્નિની જ્વાલાવડે વ્યાપ્ત થઈ ગયેલો છે. જેમાં પીડાઓરૂપ અતિશય કાદવ પથરાયો છે, વિરુદ્ધ ધર્મરૂપી માર્ગમાં ભૂલા પડેલા પુરુષોના ધૈર્યનો જે નાશ કરનારો છે, રોગના મિષવડે ફરતા રોકી ન શકાય એવા જેમાં દુષ્ટ હાથીઓ છે, એવા સંસારલક્ષણ શ્રમને **શ્રી**શંકરની નૂતન અમૃતવૃષ્ટિના જેવું કાર્ય કરનારી દૃષ્ટિઓનો આશ્રય કરવાથી, તે હરણ કરે છે. ૫૭.

[2]त्रिपुंड्रं तस्याऽऽहुः सितभसितशोभि त्रिपथगां कृपापारावारं कतिचन मुनिं तं श्रितवतीम्।
वयं त्वेतद्ब्रूमो जगति किल तिस्रः सुरुचिरास्त्रयी मौलिव्याकृत्युपकृतिभवाः कीर्तय इति ५८

શ્રીશંકરના કપાળમાં ત્રણ રેષાવાળું શ્વેત ભસ્મનું ત્રિપુંડ્ર (તિલક) જોઈને કેટલાક કવિયો કહે છે કે 'કૃપાના સમુદ્ર એવા તે મુનિનો આશ્રય કરીને રહેલી એ **ત્રિપથગા**–સ્વર્ગ, મૃત્યુ, અને પાતાલમાં વહન કરનારી (ત્રણ માર્ગવડે ગમન કરનારી) ગંગા છે.' પણ અમે તો એમ કહીએ છીએ કે 'જગતમાં **ઋ**ગ્વેદ, યજુર્વેદ, અને **સા**મવેદ, એ **વે**દત્રયીનાં મસ્તકરૂપ **ઉ**પનિષદોનાં વ્યાખ્યાન **શ્રી**શંકરે કહેલાં છે, તેથી જગતના ઉપર થયેલા ઉપકારથકી ઉત્પન્ન થયેલી અત્યંત સુંદર એ ત્રણ કીર્તિઓ [3]છે.' ૫૮.

असौ शंभोर्लीलावपुरिति भृशं सुन्दर इति द्वयं संप्रत्येतज्जनमनसि सिद्धं च सुगमम् ।
यदंतः पश्यंतः करणमदसीयं निरुपमं तृणीकुर्वंत्येते सुषुममपि कामं सुमतयः ॥ ५९ ॥

આ **શ્રી**શંકર એ **શં**કર(શિવ)નું લીલાને અર્થે ધારણ કરેલું શરીર છે, અને તે અત્યંત સુંદર છે, એ બન્ને વાતો અતિ સેહેલાઈથી મનુષ્યના મનમાં સિદ્ધ થયેલી છે; કેમકે જેઓ આ **શં**કરના નિરુપમ શરીરને પોતાના અંતઃકરણમાં જુએ છે તેઓ સુંદર એવા **કા**મને પણ તૃણ તુલ્ય કરી કાઢે છે. અર્થાત્ **કા**મ જો સુંદર છે તો **શ્રી**શંકરનું શરીર તેથી પણ અત્યંત સુંદર છે, માટે **શં**કરને જોઈને તેઓ **કા**મને છેક ક્ષુદ્ર ગણે છે, તેમ જ **કા**મ ઉપર જય મેળવનાર **મ**હાદેવનો આ અવતાર છે, માટે તેને પોતાના અંતઃકરણમાં **મ**હાદેવરૂપે જોઇને પણ **કા**મને તેથી પરાજય પામેલો જાણી ક્ષુદ્ર ગણે છે. **શ્રી**શંકરનું ધ્યાન કરવાથી **કા**મવિકાર નાશ થાય છે એ વ્યંગ છે. ૫૯.

[4]अज्ञानांतर्गहनपतितानात्मविद्योपदेशैस्त्रातुं लोकान्भवदवशिखातापपापच्यमानान् ।
मुक्त्वा मौनं वटविटपिनो मूलतो निष्पतंती शंभोर्मूर्तिश्चरति भुवने शंकराचार्यरूपा ॥६०॥

અજ્ઞાનમાં ઊંડા ઉતરી ગયેલા તથા સંસારરૂપી દાવાનલનો પુત્ર વિયોગ, સ્ત્રી વિયોગ, ધન વિયોગ, આદિક જ્વાલાઓના તાપથી રંધાતા લોકોને આત્મવિદ્યાનો ઉપદેશ આપીને તારવાને વટવૃક્ષના મૂલ નીચે બેઠેલી શ્રીદક્ષિણામૂર્તિ–**મ**હાદેવની મૂર્તિ **શ્રી**શંકરાચાર્યરૂપે અવતાર પામીને જગતમાં ફરે છે. ૬૦.

---

૧. સ્ત્રીને માટે **બૃ**હદ્યોગવાસિષ્ઠમાં કહ્યું છે કે "**केशकज्जलधारिण्यो दुःस्पर्शा लोचनप्रियाः । दुष्कृताग्निशिखा नार्यो दहन्ति तृणवन्नरम् ॥**"–કેશરૂપ કાજળને ધારણ કરનારી, દુસ્પર્શવાળી, નેત્રને વહાલી, દુષ્કાર્યરૂપ **અ**ગ્નિની જ્વાલા સમાન સ્ત્રીઓ પુરુષને તરણાની પેઠે બાળે છે. ૨. **શિ**ખરિણી. ૩. ભસ્મરેષાઓનો નિષેધ કરીને તેનું **આ**કાશગંગારૂપે તથા **વે**દત્રયીરૂપે સાધન કરવાથી **અ**પન્હુતિ અલંકાર. "**प्रकृतं यन्निषिध्यान्यत्साध्यते सा त्वपह्नुतिः ।**"–પ્રસ્તુતનો નિષેધ કરીને તેની જગોએ અપ્રસ્તુતની સિદ્ધતા કરી હોય તે **અ**પન્હુતિ અલંકાર.–કાવ્યપ્રકાશ, ૧૦ । ૧૦. ૪. **મં**દાક્રાંતા.

उच्चण्डाहितवावदूककुहनापाण्डित्यवैतण्डिकं
जाते देशिकशेखरे पदजुषां सन्तापचिन्तापहे ।
कातर्यं हृदि भूयसाऽकृत पदं वैभाषिकादेः कथा-
चातुर्यं कलुषात्मनो लयमगाद्वैशेषिकादेरपि ॥ ६१ ॥

અતિશય કોપવાળાં, અહિત કરનારાં અને વાચાલ પુરુષોની [2]કુહના તથા પાંડિત્યનું [3]વૈતંડિક પ્રકટ કરીને પોતાના ચરણનું સેવન કરનારા પુરુષોના સંતાપ અને ચિંતાનો નાશ કરનારા શ્રીશંકર ઉત્પન્ન થયા એટલે વૈભાષિક, સૌત્રાંતિક, યોગાચાર્ય, માધ્યમિક, જૈન અને ચાર્વાક, એવા વેદબાહ્ય ષડ્દર્શનને માનનારા પુરુષોના હૃદયમાં અત્યંત કાયરપણું આવી ગયું; અને મલિન અંતઃકરણવાળા વૈશેષિક, સાંખ્ય, મીમાંસક, પાતંજલ, નૈયાયિક, આદિ પુરુષોનું કથાચાતુર્ય પણ લય પામ્યું. અર્થાત્ જ્યારે શ્રીશંકરે વેદબાહ્ય ષડ્દર્શનોનું ખંડન કર્યું અને તેથી તેમના અનુસરનારા પુરુષોના સંતાપ આદિક દૂર થયા ત્યારે વૈભાષિક આદિ વિધર્મિઓના હૃદયમાં કાયરપણું ઉત્પન્ન થયું એટલે તેઓ પોતાના મતનું દૃઢતાથી સ્થાપન કરી ન શકતાં ભાગી ગયા અને વૈશેષિક આદિ મતવાળા પુરુષોનું વાણીચાતુર્ય પણ લય પામ્યું એટલે તેઓ પ્રત્યુત્તર પણ કરી શક્યા નહિ. ૬૧.

[4]अमुना क्रतवः प्रसाधिताः क्रतुविभ्रंशकरः स शंकरः ।
इयमेव भिदाऽनयोर्जितस्मरयोः सर्वविदो बुधेड्ययोः ॥ ६२ ॥

શ્રીશંકરાચાર્ય અને કૈલાસ જેવું સ્થાન છે એવા શ્રીશંકર એ બેમાં એ જ ભેદ છે કે શ્રીશંકરાચાર્યે વૈદિકમાર્ગ પ્રવર્તાવવાવડે ઉત્કૃષ્ટપણે યજ્ઞો સિદ્ધ કર્યા અને કૈલાસનિવાસી શંકર યજ્ઞનો ભંગ કરનારા છે. (દક્ષના યજ્ઞનો ભંગ મહાદેવે કર્યો હતો એ કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે). એ જ એ બેમાં ભેદ છે; નહિ તો બન્ને જણે કામને જીતેલો છે, બન્ને જણ સર્વજ્ઞ છે, અને બન્ને જણ બુધ (પંડિત—દેવ) થકી સ્તુતિપાત્ર થયેલા છે, માટે સમાન છે. ૬૨.

कलयाऽपि तुलानुकारिणं कलयामो न वयं जगत्त्रये ।
विदुषां स्वसमो यदि स्वयं भविता नेति वदन्ति तत्र के ॥ ६३ ॥

શ્રીશંકરની સમાન એક કલાવડે પણ કરી શકે એવો કોઈ ત્રણે લોકમાં અમે માનતા નથી—દેખતા નથી. કોઈ કહેશે કે, ત્યારે વિદ્વાનોમાં પોતાના સરખા તે પોતે જ થશે શું? તો અમે કહિયે છિયે કે હા; એમાં ના કોણ કહે [5]છે? ૬૩.

द्युवनांत इवामरद्रुमा अमरद्रुष्विव पुष्पसंचयाः ।
भ्रमरा इव पुष्पसंचयेष्वतिसंख्याः किल शंकरे गुणाः ॥ ६४ ॥

જેમ સ્વર્ગના નંદન વનમાં દેવવૃક્ષોની સંખ્યા નથી, જેમ તે દેવવૃક્ષો ઉપર પુષ્પની સંખ્યા નથી અને જેમ તે પુષ્પના સમુદાયમાં ભમરાઓની સંખ્યા નથી તેમ શ્રીશંકરમાં ગુણોની પણ સંખ્યા નથી. તાત્પર્ય કે શંકરના ગુણ અપાર છે.[6] ૬૪.

---

૧. શાર્દૂલવિક્રીડિત. ૨. લોભવડે મિથ્યા તત્ત્વ ઉપર આચાર આદિકની સંભાવના કરવી તેને કુહના (કપટમાર્ગ) કહે છે.—અમરકોશ. ૩. પોતાનો પક્ષ સ્થાપન ન કરતાં બીજાનો પરાજય કરવાની કથાને વિતંડા કહે છે; એ વિતંડામાંથી ઉપજેલા મતને વૈતંડિક જાણવો. ૪. વિયોગિની. ૫. અહિં શંકર(ઉપમેય)-નું બીજું ઉપમાન છે નહિ માટે અનન્વયાલંકાર. "उपमानोपमेयत्वे एकस्यैवैकवाक्यगे । अनन्वयः"—એક જ વાક્યમાં એક જ પદ ઉપમેય તથા ઉપમાનરૂપે વર્ણાયું હોય ત્યાં અનન્વયાલંકાર જાણવો.—કાવ્યપ્રકાશ, ૧૦ । ૫. ૬. "गृहीतमुक्तरीत्यार्थश्रेणिरेकावलिर्मता ।"—એક અર્થનું ગ્રહણ કરી તેને છોડી બીજાનું ગ્રહણ કરવું; એ રીતે અર્થની પંક્તિ વર્ણવેલી હોય તેને એકાવલિ અલંકાર કહે છે.—કુવલયાનંદ, કારિકા ૧૦૪. અહિં પણ પ્રથમ કલ્પવૃક્ષનું ગ્રહણ કરી તેને છોડીને પુષ્પનું અને તેને છોડીને ભ્રમરનું ગ્રહણ કરેલું છે માટે એકાવલિ અલંકાર છે.

कामं वस्तुविचारतोऽच्छिनदयं पारुष्यहिंसाक्रुधः
क्षांत्या दैन्यपरिग्रहानृतकथालोभांस्तु संतोषतः ।
मात्सर्यं त्वनसूयया मदमहामानौ चिरं भावित-
स्वान्योत्कर्षगुणेन तृप्तिगुणतस्तृष्णां पिशाचीमपि ॥ ६५ ॥

શ્રીશંકરે કામ્ય વસ્તુમાં રહેલા અનિત્યત્વાદિક દોષનો વિચાર કરીને વિષયાભિલાષરૂપ કામને પોતાનામાંથી ઉખેડી નાખ્યો; બીજા માણસો નિંદા કરે અથવા તાડન કરે તથાપિ ચિત્તમાં વિકાર ન થવારૂપ ક્ષમા ગુણવડે કઠોર ભાષણરૂપ પારુષ્ય, વૃત્તિ છેદનાદિથી બીજાને પીડા કરવારૂપ હિંસા, અને ક્રોધ, એ દુર્ગુણોને ઉખેડી નાંખ્યા; સંતોષ ગુણવડે—પદાર્થ પ્રાપ્ત ન થવાથી અથવા મળેલા પદાર્થનો નાશ થવાથી ઉત્પન્ન થતી દીનતા, સંચય કરવારૂપ પરિગ્રહ, મિથ્યા ભાષણ, અને પરાયા દ્રવ્યની ઇચ્છા તથા તીર્થાદિકમાં ધન ન વાપરવારૂપ લોભ, એ દુર્ગુણોનો ત્યાગ કર્યો; બીજાના ગુણોને વિષે દોષ પ્રકટ કરવારૂપ અસૂયા ગુણનો ત્યાગ કરવાવડે માત્સર્ય(બીજાનો ઉત્કર્ષ સહન ન કરવારૂપ દુર્ગુણ)નો નાશ કર્યો; પોતાના થકી બીજાનો ઉત્કર્ષ થાય એવી ઘણા કાલસુધી ભાવના કરવારૂપ ગુણવડે—ધર્મનું ઉલ્લંઘન કરવારૂપ મદ, અને પોતાને વિષે પૂજ્યપણાના અભિમાનરૂપ માન, એ બે દુર્ગુણનો નાશ કર્યો, અને, મને આ વસ્તુ મળે, મને ફલાણી વસ્તુ મળે, ઇત્યાદિ તૃષ્ણારૂપી પિશાચીને પણ તૃપ્તિલક્ષણ ગુણવડે ઉખેડી નાખી. ૬૫.

कामं यस्तु समूलघातमवधीत्स्वर्गापवर्गापहं
रोषं यः खलु चूर्णपेषमपिषन्निःशेषदोषावहम् ।
लोभादीनपि यः परांस्तृणसमुच्छेदं समुच्चिच्छिदे
स्वस्यान्तेवसतां सतां स भगवत्पादः कथं वर्ण्यते ॥ ६६ ॥

પોતાના શિષ્યોના પણ કામ ક્રોધાદિક જેણે નાશ કર્યા, તેના પોતામાં તો તે કેમ જ રહે? એવા આશયથી કહે છે કે—જેણે પોતાની પાસે રહેનારા શિષ્યોના સ્વર્ગ અને મોક્ષને નાશ કરનાર કામવિકારનો મૂલમાંથી નાશ કર્યો; તથા સમગ્ર દોષને વહન કરનારા તેમના ક્રોધને તો જેણે લોટની પેઠે દળી નાખ્યો; તેમ જ લોભાદિક શત્રુઓને પણ જેણે તરણાની પેઠે મૂલમાંથી ઉખેડી નાખ્યા; એવા શ્રીભગવત્પાદ શંકરાચાર્યનું વર્ણન અમારાથી કઈ રીતે કરાય? અર્થાત્ તે કોઈ પણ પ્રકારે વર્ણવવાને શક્ય નથી. ૬૬.

केऽमी कांत दिवा निशाकरकरा घर्मस्य मर्मच्छिदो
मुग्धे शंभुनवावतारसुगुरोरेते गुणानां गणाः ।
कस्मादुत्पलसंततिर्विकसिता विस्मेरदिग्योषिता-
मेषाऽपाङ्गझरीति दिग्गजवधूप्रश्नोत्तरे रेजतुः ॥ ६७ ॥

²દિશાઓમાં રહેલા હાથી અને તેની સ્ત્રી વચ્ચે પ્રશ્નોત્તર થયા હતા. તેમાં સ્ત્રી પોતાના સ્વામી દિગ્ગજને પૂછે છે કે,—'હે સ્વામીન્! આ ગ્રીષ્મ ઋતુમાં થયેલા તપારાનાં મર્મ છેદનારા—તાપને નાશ કરનારા આ ચંદ્રના કિરણ દિવસે દેખાય છે, એ તે ક્યાં અર્થાત્ દિવસે

---

૧. શાર્દૂલવિક્રીડિત. ૨. દિગ્ગજની પત્નીઓની ચંદ્રકિરણાદિ શંકાનું તેના પતિએ નિવારણ કર્યું છે, માટે ભ્રાંતાપન્હુતિ અલંકાર. "भ्रांतापह्नुतिरन्यस्य शङ्कायां भ्रान्तिवारणे ।"-પ્રસ્તુતને વિષે અન્ય અપ્રસ્તુતની શંકા થવાથી તેનું જ્યાં નિવારણ કર્યું હોય ત્યાં ભ્રાંતાપન્હુતિ જાણવી.—કુવલયાનંદ, કારિકા ૨૮.

ચંદ્રના આવા શિતલ કિરણ આ જણાય છે, એ તે ચંદ્રના જ કિરણ છે કે એ તે કાંઈ બીજું છે?' એવું પોતાની પત્નીનું વચન સાંભળીને દિગ્ગજ બોલ્યો કે હે 'મુગ્ધે! શ્રીમહાદેવના નૂતન અવતારભૂત સદ્‌ગુરુ શ્રીશંકરાચાર્યના ગુણોના એ સમૂહ છે; ચંદ્રના કિરણ નથી.' એ સાંભળીને તેની સ્ત્રીએ પૂછ્યું કે,—'જ્યારે એ ચંદ્રના કિરણ નથી ત્યારે ચંદ્રના કિરણથી વિકાસ પામનારાં આ કાળાં કમલ કેમ વિકસિત થયાં છે?' દિગ્ગજે કહ્યું કે,—'એ વિકાસ પામેલાં કાળાં કમલ નથી, પણ શંકરાચાર્યના ગુણોના સમુદાયવડે વિસ્મય પામેલી દિશાઓરૂપી સ્ત્રીઓના કટાક્ષની ઝરી છે.' એ પ્રમાણે દિગ્ગજ અને તેની સ્ત્રીની વચ્ચે થયેલા પ્રશ્નોત્તર શોભતા હતા. ૬૭.

नाक्ष्णा माक्षिकमीक्षितं क्षणमपि द्राक्षा मुहुः शिक्षिता
क्षीरेक्षू समुपेक्षितौ भुवि यया सा शंकरश्रीगुरोः ।
कान्तानन्तदिगन्तलङ्घनकलाजङ्घालतत्तद्गुण-
श्रेणी निर्भरमाधुरीमदधुरा धन्येति मन्यामहे ॥ ६८ ॥

શ્રીશંકરના ગુણોની મધુરતા વિષે કહે છે કે, શ્રીશંકરાચાર્ય ગુરુના ગુણોની સુંદર પંક્તિ— જેણે મધના સામું તો એક ક્ષણવાર પણ પોતાના નેત્રથી જોયું નહિ. અર્થાત્ મધમાં તે એવી શી મધુરતા છે કે તેના સામું હું જોઉં? એમ પોતાનામાં અત્યંત માધુર્ય હોવાથી મધનો તો જેણે તિરસ્કાર જ કર્યો છે; જેણે દ્રાક્ષને તો બહુવાર શિક્ષા આપી છે (કે તારામાં બરાબર માધુર્ય નથી માટે તું કાંઈ ગર્વ કરીશ નહિ.) અને જેણે દૂધ તથા શેરડીની તો અવગણના જ કરી છે (કે તેમનામાં કાંઈ માધુર્ય છે નહિ માટે તેમની ગણના કરવાનું કાંઈ પ્રયોજન નથી.) એવી શ્રીશંકરાચાર્ય ગુરુના તે તે (અનેક) ગુણોની શોભાયમાન પંક્તિ, જે દિશાઓના અનંત છેડાને ઉલંઘીને તેની પેલીપાર જવાની કલામાં વેગવાળી છે, તથા જે અત્યંત મધુરતાના મદે કરીને સર્વથી શ્રેષ્ઠ છે, તે ગુણોની પંક્તિને ધન્ય છે એમ અમે માનીએ છીએ.[1] ૬૮.

क्षान्तिश्चेद्वसुधा जहातु महतीं सर्वंसहत्वप्रथां
विद्या चेद्विरहंतु षण्मुखमुखाः स्वाखर्वगर्वावलीम् ।
वैराग्यं यदि बादरायणियशः कार्श्यं परं गाहतां
किं जल्पैर्मुनिशेखरस्य न तुलां कुत्रापि वीक्षामहे ॥ ६९ ॥

શ્રીશંકરાચાર્યમાં ક્ષાંતિ (સહન કરવાનો ગુણ) છે તો પછી પૃથ્વીની જે સર્વંસહા (સર્વનું સહન કરનારી) એવી મોટી ખ્યાતિ છે તે તેણીએ છોડી દેવી ઘટે છે; શ્રીશંકરાચાર્યમાં જો વિદ્યા છે તો કાર્તિકેય આદિ વિદ્યાવાળાઓએ પોતાના સર્વ ગર્વની પંક્તિને તજી દેવી; જો વૈરાગ્ય છે તો શુક મુનિનો વૈરાગ્ય સંબંધી યશ પરમ કૃશતાને પામો—અતિશય ઓછો થઈ જાઓ. બહુ શું કહેવું? મુનિઓમાં સર્વોત્તમ એવા શ્રીશંકરની ઉપમાને યોગ્ય કોઈને અમે કહીં પણ દેખતા નથી!![2] ૬૯.

---

૧. અહિં શંકરની વાણીની વિશેષ મધુરતા કહેવાને માટે મધ આદિક મધુર પદાર્થોનો નિષેધ કર્યો છે માટે આક્ષેપાલંકાર. "**निषेधो वक्तुमिष्टस्य यो विशेषाभिधित्सया ॥ वक्ष्यमाणोक्तविषयः स आक्षेपो द्विधा मतः ।**"—પ્રસ્તુતની વિશેષતા જણાવવાને અર્થે કહેવા યોગ્ય વસ્તુનું કથન ન કરવું તેને આક્ષેપાલંકાર કહે છે. તેના બે પ્રકાર છેઃ—વક્ષ્યમાણવિષયાક્ષેપ અને ઉક્તવિષયાક્ષેપ.—કાવ્યપ્રકાશ, ૧૦૨૦–૨૧. ૨. અહિં ત્યાગરૂપ એક ધર્મનું પ્રતિપાદન કરેલું છે માટે તુલ્યયોગિતાલંકાર.—"**नियतानां सकृद्धर्मः सा पुनस्तुल्ययोगिता ॥**"—પ્રકરણમાં વર્ણેલા અપ્રસ્તુત પ્રસ્તુત આદિના ધર્મનું પ્રતિપાદન કરેલું હોય તેને તુલ્યયોગિતા કહે છે—કાવ્યપ્રકાશ, ૧૦૧૮.

या मूर्तिः क्षमया मुनीश्वरमयी गोत्रासगोत्रायते
विद्याभिर्निरवद्यकीर्तिभिरलं भाषाविभाषायते ।
भक्ताभीप्सितकल्पनेन नितरां कल्पादि कल्पायते
कस्तां नान्यपृथग्जनैस्तुलयितुं मन्दाक्षमन्दायते ॥ ७० ॥

શ્રીશંકરાચાર્ય મુનીશ્વરમય જે મૂર્તિ ક્ષમાવડે પૃથ્વીની સમાન થઈને વર્તે છે **અર્થાત્** જે મૂર્તિ ક્ષમારૂપે જોઈએ તો તે જાણે પૃથ્વી જ છે. (પૃથ્વીનું નામ પણ ક્ષમા છે અને તે મૂર્તિ પણ ક્ષમાયુક્ત છે માટે સમાનતા વિશેષ શોભે છે); જે મૂર્તિ નિર્દોષ કીર્તિવાળી વિદ્યાવડે **સરસ્વતી**ભાવને પામે છે. **અર્થાત્** વિદ્યારૂપે જોઈએ તો તે જાણે **સરસ્વતી** જ છે; જે મૂર્તિ ભક્તજનના ઇષ્ટ મનોરથ પૂર્ણ કરે છે તેથી કલ્પવૃક્ષ, ચિંતામણિ, આદિની પેઠે આચરે છે. **અર્થાત્** અભીષ્ટ ફલ આપવામાં તે કલ્પવૃક્ષાદિક જેવી છે. તે મુનીશ્વરમય મૂર્તિને બીજા પ્રાકૃત મનુષ્યો સાથે સરખાવનારો કયો પુરુષ લજ્જાવડે મંદ થયેલા પુરુષના જેવું આચરણ નથી કરતો? **અર્થાત્** એવા **શ્રી**શંકરાચાર્યની મૂર્તિને ઇતિર પ્રાકૃત જનો સરખાવનાર પુરુષને લજ્જાવડે મંદ થયેલો જાણવો. તાત્પર્ય કે **શંકર**ની તુલના સાધારણ મનુષ્ય સાથે કરવી એ અતિ લાજવા જેવું કામ છે. ૭૦.

न बभूव पुरातनेषु तत्सदृशो नाद्यतनेषु दृश्यते ।[1]
भविता किमनागतेषु वा न सुमेरोः सदृशो यथा गिरिः ॥ ७१ ॥

જેમ **સુમેરૂ** પર્વતના સમાન બીજો પર્વત પૂર્વે થયો નથી, હમણા છે નહિ **અને** ભવિષ્ય કાલમાં થવાનો પણ નથી, તેમ **શ્રી**શંકરાચાર્ય સરખો પુરુષ કોઈ પુરાતન કાલને વિષે થયો નથી; વર્તમાનકાલમાં તો કોઈ દેખાતો નથી જ; અને ભવિષ્યકાલમાં તેના જેવો શું કોઈ થશે વારૂ? નહિ જ થાય. ૭૧.

समशोभत तेन तत्कुलं स च शीलेन परं व्यरोचत ।
अपि शीलमदीपि विद्यया ह्यपि विद्याविनयेन दिद्युते ॥ ७२ ॥

શ્રીશંકરવડે તેનું કુલ શોભાને પામ્યું હતું; અને તે **શંકર** પોતાના શીલવડે (એટલે સાધુ સ્વભાવવડે અથવા પવિત્ર આચરણવડે) અત્યંત શોભતા હતા; તે શીલ પણ વિદ્યાવડે પ્રકાશમાન થયું હતું; તથા તે વિદ્યા તેમની નમ્રતાથી શોભતી હતી.[2] ૭૨.

सुयशःकुसुमोच्चयः श्रयद्विबुधालिर्गुणपल्लवोद्गमः ।
अवबोधफलः क्षमारसः सुरशाखीव रराज सूरिराट् ॥ ७३ ॥

પંડિતોના રાજા **શ્રી**શંકર કલ્પવૃક્ષની પેઠે શોભતા હતા. કલ્પવૃક્ષને જેમ પુષ્પનો સમુદાય હોય છે તેમ **શ્રી**શંકરરૂપી કલ્પવૃક્ષને રૂડા યશરૂપી પુષ્પનો સમુદાય ચારે પાસે વેરાયલો હતો. કલ્પવૃક્ષનો જેમ દેવની પંક્તિઓ અથવા દેવરૂપી ભ્રમરો આશ્રય કરેલ હોય છે, તેમ **શ્રી**શંકરરૂપ કલ્પવૃક્ષનો પણ પંડિતોની પંક્તિ અથવા પંડિતરૂપી ભ્રમરોએ આશ્રય કરેલો હતો. કલ્પવૃક્ષને જેમ પાંદડાં આવેલાં હોય છે તેમ **શ્રી**શંકરરૂપ કલ્પવૃક્ષને ગુણરૂપી પાંદડાં આવેલાં હતાં. કલ્પવૃક્ષને

---

૧. **વિયોગિની.** ૨. દીપવારૂપ ક્રિયા પ્રબંધનાં બધાં વાક્યને ઉપકારક છે માટે **દીપક**, તથા તે વાક્યમાલા પૂર્વ પૂર્વ વાક્યની અપેક્ષા રાખે છે માટે **માલાદીપકાલંકાર.** "× × × **दीपकत्वेऽपि पूर्वपूर्वव्यपेक्षिणी । वाक्यमालाप्रयुक्तेति तन्मालादीपकं मतम् ॥**"—**દીપક અલંકારમાં પણ પૂર્વ પૂર્વની અપેક્ષા કરનારી વાક્યોની માળા રચી હોય તો તેને માલાદીપક કહે છે—કાવ્યાદર્શ, ૨।૧૦૮.**

જેમ ફુલ હોય છે તેમ શ્રીશંકરરૂપ કલ્પવૃક્ષને તત્ત્વજ્ઞાનરૂપ ફુલ થયેલું હતું. કલ્પવૃક્ષને જેમ રસ હોય છે તેમ આ શંકરરૂપ કલ્પવૃક્ષને ક્ષમારૂપી રસ હતો.[1] ૭૩.

न च शेषभवी न कापिली गणिता काणभुजी न गीरपि ।
फणितिष्वितरासु का कथा कविराजो गिरि चातुरीजुषि ॥ ७४ ॥

જે વખતે શ્રીશંકરાચાર્ય વાણીનેવિષે ચાતુરીનું સેવન કરવા માંડતા હતા—ચાતુરી ભરેલી વાણી બોલવાનો આરંભ કરતા હતા, તે વખતે પતંજલિની વાણીની કાંઈ ગણના થતી નહોતી તેમ જ કપિલ અને કણાદની વાણીની પણ ગણના કરવામાં આવતી નહોતી, તો બીજા નાસ્તિકાદિકની વાણીની તો વાત જ શી કરવી ? તાત્પર્ય કે યોગ, સાંખ્ય અને તર્કવાદીઓ પણ શ્રીશંકરની વાણીની સામે કાંઈ ગણનામાં નહોતા તો પછી સૌત્રાંતિક, માધ્યમિક, યોગાચાર, જૈન, આદિક નાસ્તિક વાદીઓ તો કાંઈ ગણતરીમાં ન જ હોય, એમાં આશ્ચર્ય પામવા જેવું નથી[2] ! ! ૭૪.

भट्टभास्करविमर्द्दुर्दशामज्जदागमशिरःकरग्रहाः ।[3]
हंत शङ्करगुरोर्गिरः क्षरन्त्यक्षरं किमपि तद्रसायनम् ॥ ७५ ॥

ભટ્ટભાસ્કર નામે શૈવ આચાર્યે જે સર્વનો કચ્ચરઘાણ વાળી નાખ્યો હતો, તેથી દુર્દશામાં ડુબી જતા વેદાંતને હસ્તાવલંબન આપીને તેનો ઉદ્ધાર કરનારી શ્રીશંકર ગુરુની વાણી—જેમાંથી કહી બતાવવાને અશક્ય એવા કોઈક રસાયનરૂપ (રસના આશ્રયભૂત) અક્ષર ખરે છે, તે અમને અત્યંત હર્ષ ઉપજાવે છે[4] ! ! ! ૭૫.

जौटा टङ्कजटाकुटीरविहरन्नैलिंपकल्लोलिनी-
क्षोणीशप्रियकृन्नवावतरणावष्टंभगुंफच्छिदः ।
गर्जन्तोऽवतरंति शङ्करगुरुक्षोणीधरेंद्रोदरा-
द्वाणीनिर्झरिणीझराः क नु भयं दुर्भिक्षदुर्भिक्षतः ॥ ७६ ॥

શિવની જટારૂપી ઝૂંપડીમાં વિહાર કરતી દેવનદી ગંગાનું, ભગીરથ રાજાનું પ્રિય કરવાને જે નૂતન (પ્રથમ જ) ઉતરવું, તે ઉતરવાવડે ઉપજેલા સ્તંભના ગ્રંથનનો છેદ કરનારા એવા—શ્રીશંકર ગુરુરૂપી હિમાલયના ઉદરમાંથી વાણીરૂપી નદીના ગર્જના કરતા પ્રવાહ ઉતરે છે; તો દુષ્ટ ભિક્ષુરૂપી દુકાલ થકી હવે ક્યાં ભય છે? સ્પષ્ટાર્થ એવો છે કે ભગીરથ રાજાનું પ્રિય કરવાને શંકરની જટામાં રહેલી ગંગા પૃથ્વી ઉપર પડી તેથી તેના મોટા મોટા ધોધ પડવા લાગ્યા. હવે તે ધોધને પોતાના પ્રવાહના વેગથી છેદી નાખનારા અર્થાત્ તે કરતાં અધિક બલવાન્-ગંગાના વમલ જેવી અથવા તેના અગાધ જલ જેવી શબ્દજાલને તોડનાર શ્રીશંકરની વાણીનો પ્રવાહ વહે છે, તો પછી દુષ્ટ ભિક્ષુઓ—પાખંડી ત્યાગીઓરૂપી દુકાલનો શો ભય છે ? જલ હોય તો દુકાલનો ભય ન હોય તેમ શ્રીશંકરની વાણી છે તો પાખંડી ભિક્ષુઓનો ભય પણ ન જ હોય, કેમકે પોતાની વાણીવડે શ્રીશંકર તેમનો પારાજય કરનાર છે.[5] ૭૬.

वारी चित्तमतङ्गजस्य नगरी बोधात्मनो भूपते-
र्दूरीभूतदुरंतदुर्वदझरी हारीकृता सूरिभिः ।

---

૧. અહિં શંકર (ઉપમેય) અને કલ્પવૃક્ષ (ઉપમાન) એ બન્નેનું અભેદપણે કથન કર્યું છે માટે રૂપકાલંકાર. "तद्रूपकमभेदो य उपमानोपमेययोः ।"-ઉપમાન અને ઉપમેયનું અભેદપણે વર્ણન કર્યું હોય તે રૂપક જાણવું-કાવ્યપ્રકાશ, ૧૦ । ૭. ૨. કાવ્યાર્થાપત્તિ અલંકાર. ૩. રથોદ્ધતા. ૪. રૂપકાદિ અલંકાર. ૫. શાર્દૂલવિક્રીડિત. ૬. અહિં વાણીનું ઝરણરૂપે અભેદપણે કથન કર્યું છે માટે રૂપક—શ્લોક ૭૩-માની ટીપ જુઓ.

चिंतासंततितूलवातलहरी वेदोल्लसच्चातुरी
संसाराब्धितरीरुदेति भगवत्पादीयवाग्वैखरी ॥ ७७ ॥

ચિત્તરૂપી હાથીને બાંધવાની સાંકળરૂપ, બોધાત્મક રાજાની નગરીરૂપ, દુઃખે કરીને જેનો છેડો આવે એવા દુષ્ટ વાદીઓના વાદરૂપ પ્રવાહ જેનાથી દૂર થયો છે એવી, પંડિતોએ જેને અતિપ્રેમથી કંઠના હારરૂપ કરેલી છે એવી, ચિંતાના વિસ્તારરૂપી તૂલ(રૂના પરમાણુઓ જેવા અંશ)ને દૂર કરનારી વાયુની લહેરરૂપ, વેદની શોભાયમાન ચાતુરીરૂપ, અને સંસારરૂપી સમુદ્રને તરી જવાની નૌકારૂપ, **શ્રી**ભગવત્પાદ શંકરાચાર્યની વૈખરી (અકારથી ક્ષ પર્યંત વર્ણમાળારૂપ) વાણી જય પામે છે.[1] ૭૭.

कथादर्पोत्सर्पत्कथकबुधकण्डूलरसनासनालाधःपाते स्वयमुदयमन्त्रो व्रतिपतेः ।
निगुम्फः सूक्तीनां निगमशिखरांभोजसुरभिर्जयत्यद्वैतश्रीजयबिरुदघण्टाघणघणः ॥७८॥

કથન કરવાના ગર્વવડે ચલાયમાન થતી એવી, કથન કરવામાં પંડિત પુરુષોની કંડુવ્યાપ્ત જીવ્હાને અથવા કથાનેવિષે ગર્વ રાખીને ચાલતા એવા વાદ કરવામાં પંડિતોની કંડુ(ચેળ)વ્યાપ્ત જીવ્હાને નાભિમાં રહેલા નાદસહિત નીચે પાડી નાખનાર વેદની પેઠે પોતાની મેળે પ્રકટ થયેલા (વાદીની જીભ જડ કરી નાખવા આદિક કર્મમાં જેની યોજના કરવામાં આવે છે એવો છત્રીશ વર્ણનો બગલામુખ્ય નામે) મંત્રરૂપ, અદ્વૈત લક્ષ્મીના જયની પ્રખ્યાતિ કરનારા ઘંટના ઘણઘણાટરૂપ, અને વેદાંતરૂપી કમલના સુગંધરૂપ, **શ્રી**શંકરાચાર્યની ઉત્તમ વાણીરૂપી ગજરો (અથવા ગૂંથેલો દડો) જય પામે છે.[3] ૭૮.

[4]कस्तूरीघनसारसौरभपरीरंभप्रियंभावुका-
स्तापोन्मेषमुषो निशाकरकराहंकारकूलंकषाः ।
द्राक्षामाक्षिकशर्करामधुरिमग्रामाविसंवादिनो
व्याहारा मुनिशेखरस्य न कथंकारं मुदं कुर्वते ॥ ७९ ॥

મુનિઓમાં સર્વોત્તમ એવા **શ્રી**શંકરાચાર્યની વાણી—જે કસ્તૂરી અને કપૂરની સુગંધીના આલિંગનની પેઠે પ્રીતિ ઉત્પન્ન કરનારી છે.—જે અધ્યાત્મિક, અધિભૂત, અને અધિદૈવ એવા ત્રણ તાપના વિકાસને ચોરી લેનારી છે, અર્થાત્ જાણવામાં ન આવે એવી રીતે અધ્યાત્મિકાદિક તાપને દૂર કરનારી છે—અને તેથી જ જે ચંદ્રના કિરણના તાપ નાશ કરવારૂપ અહંકારને મૂલમાંથી ઉખાડી નાખવાને સમર્થ છે—જે દ્રાક્ષા, મધ, સાકર, આદિક મધુરતાના સમુદાયની સાથે સમાન છે—તે (**શ્રી**શંકરાચાર્યની વાણી) પ્રીતિ કેમ ઉત્પન્ન ન કરે? અર્થાત્ પ્રીતિ ઉત્પન્ન કરે જ. ૭૯.

अद्वैते परिमुक्तकंटकपथे कैवल्यघंटापथे
स्वाहंपूर्वकदुर्विकल्परहितप्राज्ञाध्वनीनाकुले ।
प्रस्कंदन्मकरंदवृंदकुसुमस्रक्तोरणप्रक्रिया-
माचार्यस्य वितन्वते नवसुधासिक्ताः स्वयं सूक्तयः ॥ ८० ॥

---

૧. અહિં વાણીનું સાંકળરૂપે, વાયુરૂપે અને અભેદરૂપે કથન કર્યું છે માટે રૂપક.—શ્લોક ૭૩ માની ટીપ જુઓ. ૨. શિખરિણી. ૩. અહિં શંકરની વાણી(પ્રકૃત)ને વિષે મંત્રાદિનો આરોપ શ્લિષ્ટ પદોવડે કરેલો છે માટે શ્લિષ્ટપરંપરિતમાલારૂપકાલંકાર. "नियतारोपणोपायः स्यादारोपः परस्य यः। तत्परम्परितं श्लिष्टे"–પ્રકૃત રૂપક નિર્વાહક એવા અપ્રકૃતનો આરોપ જ્યાં શ્લિષ્ટ શબ્દોવડે જોવામાં આવે તે પરંપરિતશ્લિષ્ટરૂપક જાણવું.—કાવ્યપ્રકાશ, ૧૦૧૯. ૪. શાર્દૂલવિક્રીડિત.

ભેદવાદીરૂપી કંટકમાર્ગ (કાંટાવાળો માર્ગ) જેમાંથી દૂર થયો છે એવો અદ્વૈતરૂપી મોક્ષનો રાજમાર્ગ—જે અહંકારપૂર્વક દુર્વિકલ્પ કરવાથી દૂર રહેલા વિદ્વાનરૂપી વટેમાર્ગુઓથી વ્યાપ્ત થયેલો છે—તેમાં, નૂતન અમૃતવડે સીંચાયલી શ્રીશંકરાચાર્યની સુંદર વાણી પોતે જ, જેમાંથી મકરંદ(પુષ્પરસ)નો સમુદાય ટપકે છે એવાં પુષ્પના હારવડે તોરણ બાંધવાની રચના વિસ્તારે છે—કરે છે. ८०.

दूरोत्सारितदुष्टपांसुपटलीदुर्नीतयोऽनीतयो
वाता देशिकवाङ्मयाः शुभगुणग्रामालया मालयाः ।
मुष्णंति श्रममुल्लसत्परिमलश्रीमेदुरा मे दुरा-
यासस्याऽऽधिहविर्भुजो भवमये धीप्रान्तरे प्रान्तरे ॥ ८१ ॥

શ્રીશંકરાચાર્યની વાણીને વાયુરૂપે વર્ણવતાં કહે છે કે,—દુષ્ટ પુરુષોની ધૂળના સમૂહ જેવી દુષ્ટ નીતિઓ જેમણે દૂર ઉરાડી દીધી છે—જેમના થકી અતિવૃષ્ટિ આદિક બાધાઓ (પીડાઓ) ઉપજતી નથી—શીતલતા આદિ શુભ ગુણોના સમુદાયના નિવાસસ્થાનભૂત—તેમ જ લક્ષ્મીના નિવાસસ્થાનભૂત—શોભાયમાન સુગંધિરૂપી લક્ષ્મીવડે સ્નિગ્ધ, એવા શ્રીશંકરાચાર્યની વાણીમય વાયુઓ, સંસારમય જંગલમાં બુદ્ધિરૂપી કોતર અથવા શૂન્યમાર્ગમાં મનસ્તાપરૂપી દાવાનલથી અત્યંત પરિતાપ પામેલાનો-મારો શ્રમ દૂર કરે છે.[2] ८१.

नृत्यन्त्या रसनाग्रसीमनि गिरां देव्याः किमङ्घ्रिक्वण-
न्मञ्जीरोर्जितसिञ्जितान्युतनितम्बालम्बिकाञ्चीरवाः ।
किं वल्गत्करकङ्कणक्वणझणत्कारा इति श्रीमतः
शङ्कामङ्कुरयन्ति शङ्करकवेः सद्युक्तयः सूक्तयः ॥ ८२ ॥

શ્રીશંકરાચાર્યની જીભના અગ્રભાગરૂપી રંગભૂમિ ઉપર નૃત્ય કરતી વાણીની દેવી (સરસ્વતી)ના પગમાં શબ્દ કરતાં (વાગતાં) નૂપુરના આ ઊંચા ધ્વનિ છે? અથવા તે સરસ્વતી દેવીના નિતંબ ઉપર રહેલી મેખલાના આ ધ્વનિ છે? અથવા નૃત્ય કરતી વખતે આમ તેમ હાલતા કરકમલમાં પહેરેલાં કંકણના આ ઝણકારા છે? એ પ્રમાણે શ્રીમાન શંકરાચાર્ય વિદ્વાનનાં ઉત્તમ યુક્તિઓવાળાં સારાં વચનો સંદેહ ઉત્પન્ન કરે છે. ८२.

वर्षारम्भविजृम्भमाणजलमुग्गम्भीरघोषोपमो
वात्यातूर्णविघूर्णदर्णवपयःकल्लोलदर्पापहः ।
उन्मीलन्नवमल्लिकापरिमलाहन्तानिहन्ता निरा-
तङ्कः शङ्करयोगिदेशिकगिरां गुम्फः समुज्जृम्भते ॥ ८३ ॥

વર્ષાઋતુના આરંભમાં વિકાસ પામેલા મેઘની ગંભીર ગર્જના જેવો, વળી વાયુના સમુદાયવડે ઉતાવળે હલાવી નાખેલા સમુદ્રના પાણીના ભારે તરંગના ગર્વને હણનારો, તેમ જ ખીલેલા

---

૧. પ્રત્યેક પાદના છેલ્લા ત્રણ ત્રણ અક્ષરોની ફરી આવૃત્તિ આ શ્લોકમાં જણાય છે માટે અંત્યયમકાલંકાર. "अर्थे सत्यर्थभिन्नानां वर्णानां सा पुनः श्रुतिः । यमकं पादतद्भागवृत्ति तद्यात्यनेकताम्॥" —ભિન્નભિન્ન અર્થ ઉત્પન્ન થાય એવા અક્ષરોની આવૃત્તિ પાદમાં કે તેના ભાગમાં જોવામાં આવે તેને યમક કહે છે. તેના પાદાદિ અનેક પ્રકાર છે.-કાવ્યપ્રકાશ, ૯૬. ૨. શંકરની વાણી તથા વાયુને વિષે અભેદપણે વર્ણન કર્યું છે માટે રૂપકાલંકાર. "तद्रूपकमभेदो य उपमानोपमेययोः।"—ઉપમાન અને ઉપમેયનો અભેદ વર્ણવ્યો હોય તેને રૂપક કહે છે.—કાવ્યપ્રકાશ, ૧૦૭.

નવા મોગરાના સુગંધના અહંકારનો નાશ કરનારો, ભયરહિત, એવો શ્રીશંકરાચાર્યની વાણીનો ગુંફ (ગૂંથણી) અત્યંત વિકાસ પામે છે. અર્થાત્ શંકરાચાર્યની વાણી શબ્દોવડે મેઘની ગર્જના જેવી ગંભીર ઘોષવાળી, અર્થમાં સમુદ્રનાં મોટાં મોજાં જેવી પાર ન જવાય એવી, અથવા સમુદ્રનાં મોજાં જેમ જે સપાટામાં આવ્યું તેને ખેંચી જાય છે તેમ નાસ્તિકાદિકના વાદને સપાટામાં લેઈને ખેંચી નાખનારી, અથવા ભાષા છટામાં સમુદ્રનાં મોજાંની પેઠે ઉછળતી, અને વિચારમાં મોગરાના સુવાસની પેઠે આનંદ આપનારી, હોઇને નિર્ભયપણે પ્રવર્તે છે.[1] ૮૩.

हृद्या पद्यविनाकृता प्रशमिताविद्याऽमृषोद्या सुधा
स्वाद्या माद्यदरातिचोद्यभिदुराऽभेद्या निषद्यायिता ।
विद्यानामनघोद्यमा सुचरिता साद्यापदुद्यापिनी
पद्या मुक्तिपदस्य साऽद्य मुनिवाङ्नुद्यादनाद्या रुजः ॥ ८४ ॥

શ્રીશંકરાચાર્યની ભાષ્યરૂપી વાણીને વર્ણવતાં કહે છે કે,—હૃદયમાં આનંદ ઉત્પન્ન કરનારી, ગદ્યમય રચેલી, જેણે અવિદ્યાનો નાશ કરેલો છે, જે કોઈ સ્થલમાં મિથ્યા ઉચ્ચારેલી નથી, જે અમૃતની પેઠે આસ્વાદ લેવાને યોગ્ય છે, મદવડે ડોલતા વાદીરૂપી શત્રુઓએ કુતર્કથી ઉત્પન્ન કરેલી શંકાઓને તોડી નાખનારી, તથા તે શત્રુઓના વાદથી ભેદ નહિ પામનારી, સર્વે વિદ્યાઓ જેમાંથી જડી આવે એવી, એક વિદ્યાઓની દુકાન જેવી, જેનો ઉદ્યમ દોષરહિત છે એવી, જેનું ચરિત બહુ રૂડું છે એવી, જેનો જન્મ થયેલો છે એવા મનુષ્યોની અધ્યાત્મિકાદિક આપદાઓને નિર્મૂલ કરનારી, તથા મુક્તિપદની પદ્ધતિ(શેરડા)રૂપ, એવી શ્રીશંકરાચાર્યમુનિની વાણી અજ્ઞાનાદિ લક્ષણ અનાદિકાલના રોગોનો નાશ કરો. ૮૪.

आयासस्य नवाङ्कुरं घनमनस्तापस्य बीजं निजं
क्लेशानामपि पूर्वरङ्गमलघुप्रस्तावनाडिण्डिमम् ।
दोषाणामनृतस्य कार्मणमसच्चिन्ताततेर्निष्कुटं
देहादौ मुनिशेखरोक्तिरतुलाऽहंकारमुत्कृंतति ॥ ८५ ॥

મનુષ્યોના દેહાદિકમાં રહેલો અતુલ (અતિશય ભારે—ઘણો) અહંકાર, જે ખેદના નવા ફણગારૂપ છે, જે ઘાડા એવા મનસ્તાપ(મનસંબંધી દુઃખ)ના આ સાધારણ બીજરૂપ છે, જે ક્લેશોને પણ નૃત્ય કરવાના પ્રથમ સ્થાનરૂપ છે, જે રાગ-દ્વેષાદિક દોષોના મોટી નાટક કથાના પ્રારંભના ઢંઢેરારૂપ છે, જે અસત્યનું મૂલકર્મ—આરંભકર્મ છે અથવા પ્રારંભરૂપ છે, અને જે અસત્ ચિંતાઓના સમુદાયને વસવાના ઘરરૂપ છે, તેને તે અહંકારને શ્રીશંકરાચાર્યની વાણી મૂલમાંથી છેદી નાખે છે!! ૮૫.

[2]तथागतपथाहतक्षपणकप्रथालक्षणप्रतारणहतानुवर्त्यखिलजीवसंजीवनी ।
हरत्यतिदुरत्ययं भवभयं गुरूक्तिर्नृणामनाधुनिकभारतीजरठशुक्तिमुक्तामणिः ॥ ८६ ॥

---

૧. શ્રીશંકરની વાણીને મેઘગર્જનાદિ ઉપમાનની સાથે સમાન ધર્મવાળી વર્ણવી છે માટે ઉપમા. "यथा कथंचित्सादृश्यं यत्रोद्भूतं प्रतीयते । उपमा नाम सा"—ગમે તે પ્રકારે વર્ણ્ય અને અવર્ણ્યની સમાનતા જ્યાં જોવામાં આવે તે ઉપમા.—કાવ્યાદર્શ, ૨ । ૧૪. ૨. પૃથ્વી વૃત્ત.

બૌદ્ધમતવાળાઓના માર્ગવડે હણાયલા તથા ક્ષપણકો(વૈભાષિક મતવાળા)ની પ્રખ્યાતિરૂપ ઠગાઈથી હણાયલા બ્રાહ્મણ આદિક સકલ જીવોને જીવાડનારી તથા પ્રાચીન વેદવાણીરૂપ વૃદ્ધ (પરિપક્વ અથવા મોટી) થયેલી છીપના મુક્તામણિ(મોતી)રૂપી શ્રીશંકરાચાર્યની વાણી મનુષ્યોનાં દુઃખે કરીને નાશ થાય એવા સંસારરૂપી ભયને હરે છે. ૮૬.

झंझामारुतवेल्लितामरधुनीकल्लोलकोलाहल-
प्राग्भारैकसगर्भ्यनिर्भरजरीजृंभद्वचोनिर्झराः ।
नैकालीकमतालिधूलिपटलीमर्मच्छिदः सद्गुरो-
रुद्यद्दुर्मतिधर्मदुर्मतिकृता शांतिं निकृंतंति नः ॥ ८७ ॥

મોટા તોફાનની વાયુવડે કંપિત થયેલા દેવનદી ગંગાના તરંગના અતિશય કોલાહલની સાથે અત્યંત સમાન એવા શ્રીશંકરાચાર્ય ગુરુના અત્યંત વિકાસ પામતા વચનરૂપી ઝરાઓ (પ્રવાહો), જે અનેક અસત્ય મતોની પંક્તિરૂપી ધૂળના સમૂહનાં મર્મને છેદનારા છે નાશ કરનારા છે, તે (વચનરૂપી પ્રવાહો,) ઉત્પન્ન થયેલા દુર્બુદ્ધિ લક્ષણધર્મથી દુઃખિત થયેલી અમારી બુદ્ધિથી અમને જે અશાંતિ ઉત્પન્ન થઈ છે તેને મૂલમાંથી કાપી નાખે છે,-અમારી અશાંતિનો નાશ કરે છે. ૮૭.

उन्मीलन्नवमल्लिसौरभपरीरंभप्रियंभावुका
मंदारद्रुमरंदवृंदविलुठन्माधुर्यधुर्या गिरः ।
उद्गीर्णा गुरुणा विपारकरुणा वाराकरेणाऽऽदरा-
त्सच्चेतो रमयंति हंत मदयंत्यामोदयंति द्रुतम् ॥ ८८ ॥

ખીલેલા નવા મોગરાની સુગંધીના આલિંગનની પેઠે અતિપ્રીતિ ઉપજાવનારી, તથા મંદાર નામે કલ્પવૃક્ષના મકરંદના સમૂહમાં આલોટનારી તથા તેથી અતિશ્રેષ્ઠ મધુરતાવાળી—અર્થાત્ મંદાર એ કલ્પવૃક્ષ હોવાથી તેનો મકરંદ અત્યંત મધુર હોય તેમ અત્યંત મધુર તથા તે સાથે ચિંતિત ફલ આપનારી એવી, જેનો સામો કાંઠો છે નહિ એવા અર્થાત્ અપાર કરુણાના સમુદ્રરૂપ શ્રીશંકરાચાર્ય ગુરુએ આદરસહિત ઉચ્ચારેલી વાણી સત્પુરુષોનાં ચિત્તને રમાડે છે, અહા! (આનંદ) મદ ઉત્પન્ન કરે છે અને ઉતાવળે પ્રમોદ આપે છે.[2] ૮૮.

धारावाहिसुखानुभूतिमुनिवाग्धारासुधाराशिषु-
क्रीडन्द्वैतिवचःसु कः पुनरनुक्रीडेत मूढेतरः ।
चित्रं काञ्चनमम्बरं परिदधच्चित्ते विधत्ते मुहुः
कच्चित्कच्चरदुष्पटच्चरजरत्कंथानुबद्धादरम् ॥ ८९ ॥

શ્રીશંકરાચાર્યની વાણીની ધારારૂપી અમૃતનો રાશિ, જેના થકી અનવચ્છિન્ન (સંતત) સુખનો અનુભવ પ્રાપ્ત થાય છે, તેમાં રમણ કરીને, ફરી દ્વૈત વચનોરૂપી વિષમાં મૂર્ખવિના બીજો

૧. શાર્દૂલવિક્રીડિત વૃત્ત. ૨. અહિં રમાડે છે, આનંદમદ ઉત્પન્ન કરે છે, પ્રમોદ આપે છે, એવી રીતે પદભિન્ન છતાં એક જ અર્થની આવૃત્તિ ત્રણવાર કરી છે માટે આવૃત્તિદીપક અલંકાર. "अर्थावृत्तिः पदावृत्तिरुभयावृत्तिरेव च । दीपकस्थान एवेष्टमलङ्कारत्रयं यथा ॥"—અર્થની આવૃત્તિ, પદની આવૃત્તિ, અને બંનેની આવૃત્તિ, એ ત્રણ અલંકાર પણ દીપકના સ્થાનમાં જ છે એમને આવૃત્તિદીપક નામે અલંકાર કહે છે.—કાવ્યાદર્શ, ૨ । ૧૧૬.

કયો પુરુષ રમણ કરે? અર્થાત્ એકવાર જેણે શ્રીશંકરાચાર્યના મુખથી અદ્વૈત બોધ સાંભળ્યો છે તે ફરીને દ્વૈત વચનોમાં પ્રીતિ ન જ કરે; અને કરે તો તેને મૂર્ખ જાણવો. વિચિત્ર સુવર્ણમય વસ્ત્ર પહેરનારો પુરુષ ફરીને કચરાથી મલિન થયેલાં નઠારાં જૂનાં ચીંથરાંની કંથા પહેરવાની પોતાના મનમાં પ્રીતિ રાખે છે શું? અર્થાત્ નથી જ રાખતો. ૮૯.

तत्तादृक्षमुनिक्षपाकरवचःशिक्षासपक्षाशयः
क्षारं क्षीरमुदीक्षते बुधजनो न क्षौद्रमाकाङ्क्षति ।
रूक्षां क्षेपयति क्षितौ खलु सितां नेक्षुं क्षणं प्रेक्षते
द्राक्षां नापि दिदृक्षते न कदलीं क्षुद्रां जिघृक्षत्यलम् ॥ ९० ॥

જે પુરુષનું અંતઃકરણ એવા મુનિચંદ્ર શ્રીશંકરાચાર્યનાં વચનરૂપી શિક્ષાવડે અદ્વૈત પક્ષનું અવલંબન કરનારૂં થયું છે અથવા જેનો આશય તે શિક્ષાનો સપક્ષ (અધિકરણભૂત) છે, તે પંડિત પુરુષ દૂધને ક્ષારરૂપ જુએ છે, મધની આકાંક્ષા કરતો નથી, સાકરને રુક્ષ જાણીને તેને પૃથ્વી ઉપર ફેંકી દે છે, શેરડી સામું તો ક્ષણવાર પણ જોતો નથી, દ્રાક્ષને તો જોવાની પણ ઇચ્છા કરતો નથી, અને કેળાંને તો નજીવી વસ્તુ જાણીને તેને સૂંઘવાની પણ ઇચ્છા કરતો નથી. ૯૦.

✓ **विक्रीता मधुना निजा मधुरता दत्ता मुदा द्राक्षया**
क्षीरैः पात्रधियाऽर्पिता युधि जिताल्लब्धा बलादिक्षुतः ।
न्यस्ता चोरभयेन हंत सुधया यस्मादतस्तद्गिरां
माधुर्यस्य समृद्धिरद्भुततरा नान्यत्र सा वीक्ष्यते ॥ ९१ ॥

શ્રીશંકરાચાર્યની વાણીમાં એટલી બધી મધુરતા ક્યાંથી આવી તે વિષે કવિ કહે છે કે—મધે પોતાની મધુરતા તેને (શ્રીશંકરાચાર્યની વાણીને) વેચાતી આપી છે; દ્રાક્ષે પોતાની મધુરતા આનંદથી (ભેટ તરિકે) આપી છે; દૂધે પોતાની મધુરતા તેને પાત્ર જાણીને તેમાં સ્થાપન કરી છે; સેરડીની સાથે તો યુદ્ધ કરીને તેનો પરાજય કરીને બલાત્કારે તેની મધુરતા છીનવી લીધી છે; અમૃતે પોતાની મધુરતા ચોર લોક ચોરી જશે એવા ભયથી તેને શ્રીશંકરાચાર્યની વાણીમાં સ્થાપન કરી છે (થાપણ તરિકે મૂકી છે;) એટલાં કારણોથી શ્રીશંકરાચાર્યની વાણીની સમૃદ્ધિ અતિઅદ્ભુત છે અને તેવી બીજા સ્થલમાં જોવામાં આવતી નથી.[1] ૯૧.

कर्पूरेण ऋणीकृतं मृगमदेनाधीत्य संपादितं
मल्लीभिश्चिरसेवनादुपगतं क्रीतं तु काश्मीरजैः ।
प्राप्तं चौरतया पटीरतरुणा यत्सौरभं तद्गिरा-
मक्षय्यं महि तस्य तस्य महिमा धन्योऽयमन्यादृशः ॥ ९२ ॥

શ્રીશંકરાચાર્યની વાણીની સુગંધ ખૂટે એવી નથી, કેમકે કપૂરમાં જે સુગંધ જોવામાં આવે છે તે તેણે શ્રીશંકરની વાણી પાસેથી કરજે કાઢીને લીધેલી છે; કસ્તુરીમાં જે સુગંધ જોવામાં આવે છે, તે તેણે તે વાણી પાસેથી અધ્યયન કરીને સંપાદન કરેલી છે; મોગરામાં જે સુગંધ

---

१. શ્રીશંકરાચાર્યની વાણીમાં માધુર્યના આગમનની સંભાવના મધુ આદિક ઉપમાન વાચક વસ્તુઓમાંથી કરેલી છે માટે ઉત્પ્રેક્ષા. "संभावनमथोत्प्रेक्षा प्रकृतस्य समेन यत् ।"—ઉપમાન વાચક શબ્દોએ કરીને પ્રકૃત (ઉપમેય)ની સંભાવના કરી હોય તેને ઉત્પ્રેક્ષા કહે છે.—કાવ્યપ્રકાશ, १०। ६.

જોવામાં આવે છે તે તેણે તે વાણીનું ઘણા કાલ લગી સેવન કરીને પ્રાપ્ત કરેલી છે; કાસ્મીર જાતના ચંદનમાં જે સુગંધ જોવામાં આવે છે તે તેણે તે વાણી પાસેથી ખરીદ કરેલી છે; અને મલયાગરૂ ચંદનમાં જે સુગંધ જણાય છે, તે તો તેણે તે વાણી પાસેથી ચોરી લીધેલી છે-ચોરી-કરીને પ્રાપ્ત કરેલી છે; એટલું છતાં પણ જે વાણીની સુગંધ ખૂટતી નથી એવું અક્ષય્ય તેનું માહાત્મ્ય છે, માટે શ્રીશંકરાચાર્યની વાણીનો આ મહિમા સર્વ લોકથી વિલક્ષણ છે અને તેથી તેને ધન્ય છે!! ૯૨.

[3]अप्सां दृप्सं सुलिप्सं चिरतरमचरं क्षीरमद्राक्षमिक्षुं
साक्षाद्राक्षामजक्षं मधुरसमधयं प्रागविंदं मरंदम् ।
मोचामाचाममन्यो मधुरिमगरिमा शङ्कराचार्यवाचा-
माचान्तो हंत किं तैरलमपि च सुधासारसीसारसीम्ना ॥ ९३ ॥

અતિરુચિકર દહીંના મઠાને મેં ખાધો છે; દૂધ પણ ઘણા કાલ લગી સેવ્યું છે-ખાધું પીધું છે; સેરડી પણ મેં જોઈ છે; દ્રાક્ષ પણ મેં પ્રત્યક્ષ (જાતે જ) ભક્ષણ કરી છે; મધ પણ મેં પીધું છે; મકરંદ (પુસ્પરસ) તો મને પૂર્વે જ મળ્યો હતો—અસલથી જ મેં તેનો સ્વાદ લીધેલો છે; કેળાં પણ મેં ખાધાં છે; પણ શ્રીશંકરાચાર્યની વાણીની મધુરતાનો મહિમા તે કોઈ બીજો જ છે! આહા! તે મધુરતાનો સ્વાદ મેં લીધો છે; હવે તે દહીંના મઠા આદિક સર્વે પદાર્થો શા કામના છે?! એટલું જ નહિ, પણ અમૃતની સરસતા(સરસપણા)ના સારની સીમાનું પણ પ્રયોજન નથી!!! અર્થાત્ શ્રીશંકરાચાર્યની વાણીની મધુરતા આગળ અમૃતના રસનું સર્વોત્તમ તત્ત્વ પણ નકામું છે તો પછી પૂર્વે કહેલા દહીં, દૂધ, સેરડી, દ્રાક્ષ, મધ, મકરંદ અને કેળાં, એ તો કાંઈ વિશાતમાં પણ નથી![2] ૯૩.

[3]संतप्तानां भवदवथुभिः स्फारकर्पूरवृष्टि-
र्मुक्तायष्टिः प्रकृतिविमला मोक्षलक्ष्मीमृगाक्ष्याः ।
अद्वैतात्मानवधिकसुखासारकासारहंसी
बुद्धेः शुद्ध्यै भवतु भगवत्पाददिव्योक्तिधारा ॥ ९४ ॥

શ્રીશંકરાચાર્યની દિવ્ય વાણીરૂપી ધારા, જે સંસારરૂપી પરિતાપથી તપ્ત થયેલા પુરુષોના ઉપર વિશાલ કપૂરની વૃષ્ટિરૂપ છે, જે મોક્ષ લક્ષ્મીરૂપી મૃગનેત્રી(સ્ત્રી)ની સ્વભાવથી જ નિર્મલ એવી મોતીની સેર છે, અને જે અદ્વૈતાત્મારૂપી અનંત સુખની વૃષ્ટિથકી બનેલા તળાવમાં ફરનારી હંસી છે, એવી ભગવત્પાદ શ્રીશંકરાચાર્યની દિવ્ય વાણીરૂપી ધારા બુદ્ધિની શુદ્ધિને અર્થે થાઓ. અર્થાત્ બુદ્ધિને શુદ્ધ કરો. ૯૪.

[4]आम्नायान्तालवाला विमलतरसुरेशादिसूक्ताम्बुसिक्ता
कैवल्याशापलाशा विबुधजनमनःसालजालाधिरूढा ।
तत्त्वज्ञानप्रसूना स्फुरदमृतफला सेवनीया द्विजैर्या
सा मे सोमावतंसावतरगुरुवचोवल्लिरस्तु प्रशस्त्यै ॥ ९५ ॥

---

૧. સ્રગ્ધરા વૃત્ત. ૨. નિંદોપમાલંકાર. "समानमपि सोत्सेकमिति निन्दोपमा स्मृता ।"—ઉપમાન સાથે ઉપમેય સમાન છતાં પણ જ્યાં ઉપમેયની અધિકતા વર્ણી હોય તે નિંદોપમા કહેવાય. અહિં પણ મઠા આદિક ઉપમાન કરતાં વાણી(ઉપમેય)ની અધિકતા વર્ણી છે માટે નિંદોપમાલંકાર.-કાવ્યાદર્શ, ૨ । ૩૦. ૩. મંદાક્રાંતા વૃત્ત. ૪. સ્રગ્ધરા વૃત્ત.

શ્રીશંકરાચાર્યની વાણીનું વેલીરૂપે વર્ણન કરતાં કહે છે કે—શ્રીશંકરાચાર્ય ગુરુની વાણીરૂપી જે વેલનો વેદાંતરૂપી ક્યારો છે; સુરેશ્વર, પદ્મપાદ, આદિક આચાર્યોનાં અતિશય નિર્મલ તથા સુંદર વચનોરૂપી જલવડે જેનું સિંચન થયેલું છે; મોક્ષની આશારૂપી જેનાં પાંદડાં છે; પંડિત પુરુષોના મનરૂપી સાલ વૃક્ષના સમુદાય ઉપર જે ચઢેલી છે; તત્ત્વજ્ઞાનરૂપી જેને પુષ્પ થયેલાં છે, પ્રકાશમાન બ્રહ્માનંદરૂપી જેને અમૃતફલ આવેલું છે; દ્વિજો (પક્ષીઓ–બ્રાહ્મણો) જેનું સેવન કરે છે; એવી ચંદ્રભૂષણ(શિવ)ના અવતારભૂત શ્રીશંકરાચાર્ય ગુરુની વાણીરૂપી વેલ મારી પ્રશસ્તિને અર્થે હો–મારી પ્રશસ્તિ કરો.[1] ૯૫.

नृत्यद्भूतेशवल्गन्मुकुटतटरटत्स्वर्धुनीस्पर्धिनीभि-
र्वाग्भिर्निर्भिन्नकूलोच्चलदमृतसरःसारिणीधोरणीभिः ।
उद्वेलद्वैतवादिस्वमतपरिणताहंक्रियाहुंक्रियाभि-
र्भाति श्रीशंकरार्यः सततमुपनिषद्वाहिनीगाहिनीभिः ॥ ९६ ॥

નૃત્ય કરતા ભૂતપતિ(શિવ)ની જટાઉપર લગાર કંપાયમાન થતા મુકુટની કોરમાં શબ્દ કરતી દેવનદી ગંગાની સાથે સ્પર્ધા કરનારી, તથા અમૃતના સરોવરની પાળોને તોડીને બહાર નીકળીને વહેતી નાની નદીઓના ક્રમ જેવો જેનો ક્રમ છે, તેમ જ વેદની મર્યાદાનું ઉલ્લંઘન કરીને વર્તનારા દ્વૈતવાદી પુરુષોના પોતાના મતવડે પરિણામ પામેલા અહંકારનો તિરસ્કાર કરનારી, તથા ઉપનિષદ્રૂપી નદીઓને વિષે નિરંતર સ્નાન કરનારી, વાણીઓવડે શ્રીશંકરાચાર્ય શોભે છે. ૯૬.

साहंकारसुरासुरावलिकराकृष्टभ्रमन्मंदर-
क्षुब्धक्षीरपयोब्धिवीचिसचिवैः सूक्तैः सुधावर्षणात् ।
जङ्घालैर्भवदावपावकशिखाजालैर्जटालात्मनां
जंतूनां जलदः कथं स्तुतिगिरां वैदेशिको देशिकः ॥ ९७ ॥

અહંકારયુક્ત દેવ અને અસુરોની પંક્તિના હાથથી ખેંચાયલા અને તેથી (પોતપોતાના પક્ષનો અહંકાર આણીને પોતાના હાથથી મંદરાચલને ખેંચતા હતા તેથી) ભ્રમિત થયેલા મંદરાચલવડે ક્ષોભ પામેલા ક્ષીરસમુદ્રના તરંગના સરખાં સારાં (અમૃતના સરખાં મધુર, શીતલ અને જીવનીય ગુણવાળાં) વચનોવડે, સંસારરૂપી દાવાનળની વેગવાળી જ્વાલાના સમુદાયથી વ્યાપ્ત થયેલા જંતુ(પ્રાણી)ઓ ઉપર અમૃતની વૃષ્ટિ કરવાને લીધે મેઘરૂપ શ્રીશંકરાચાર્ય સ્તુતિવચનના ગોચર કેમ થઈ શકે? અર્થાત્ એમની સ્તુતિ કરવાને કોઈ પણ મનુષ્ય કેમ શક્તિમાન થાય.[3] ? ૯૭.

[4]कलशाब्धिकचाकचीक्षमं क्षणदाधीशगदागदिप्रियम् ।
रजताद्रिभुजाभुजिक्रियं चतुरं तस्य यशः स राजते ॥ ९८ ॥

શ્રીશંકરાચાર્યનો યશ ક્ષીરસમુદ્રની સાથે એકબીજાની ચોટલીઓ ઝાલીને લઢવાને શક્તિમાન છે; ચંદ્રમાની સાથે ગદાગદી યુદ્ધ કરવા(ગદા લેઈને લઢવા)ને પ્રીતિવાળો છે; કૈલાસ પર્વતની સાથે બાથમબાથા લઢવાની ક્રિયા કરનારો છે. એવો ચતુર શંકરનો યશ શોભે છે. તાત્પર્ય કે, ક્ષીરસમુદ્રની, ચંદ્રની અને રૂપાના પર્વત કૈલાસની શ્વેતતા કરતાં પણ શંકરાચાર્યના યશની નિર્મલતા વધારે છે.[5] ૯૮.

૧. રૂપક, શ્લેષાદિ અલંકાર. ૨. શાર્દૂલવિક્રીડિત. ૩. લુપ્તોપમા, રૂપકાદિ અલંકાર. ૪. વિયોગિની. ૫. પ્રતીપ અલંકાર.

परिशुद्धकथासु निर्जितो यशसा तस्य कृताङ्कनः शशी।
स्वकलङ्कनिवृत्तयेऽधुनाऽप्युदधौ मज्जति सेवते शिवम् ॥ ९९ ॥

એક સમયે નિર્મલ કોણ છે? એવી કથા ચાલતી હતી તેમાં કોઈએ કહ્યું કે ચંદ્રમા નિર્મલ છે; ત્યારે બીજાએ કહ્યું કે નહિ, શંકરાચાર્યનો યશ નિર્મલ છે. એ પ્રમાણે શંકરના યશની નિર્મલતાસંબંધી વાદવિવાદમાં જીતાયલા ચંદ્રમાને તે દિવસથી અંકિત (કલંકવાળો) કર્યો. હવે તે પોતાનું કલંક મટાડવાને સમુદ્રમાં નિત્ય સ્નાન કરે છે અને શિવને સેવે છે. અર્થાત્ ચંદ્રમા આથમી જાયછે તે પશ્ચિમ સમુદ્રમાં પડે છે એમ કલ્પના કરીને એવી સંભાવના કરી કે તે પોતાને લગાડેલા લાંછનની નિવૃત્તિ માટે સમુદ્રમાં સ્નાન કરે છે. અને શિવના કપાળને વિષે ચંદ્ર છે તેની એમ સંભાવના કરી કે તે પોતાનું લાંછન નિવૃત્ત થવાને શિવને સેવે છે.[1] ૯૯.

धम्मिल्ले नवमल्लिवल्लिकुसुमस्रक्कल्पनाशिल्पिनो
भद्रश्रीरसचित्रचित्रतकृतः कांते ललाटान्तरे ।
तारावल्यनुहारिहारलतिकानिर्माणकर्माणुकाः
कण्ठे दिक्सुदृशां मुनीश्वरयशःपूरा नभःपूरकाः ॥ १०० ॥

શ્રીશંકરાચાર્યના આકાશને પૂરી નાખનારા યશના સુમુદાય દિશાઓરૂપી સ્ત્રીઓના કેશપાશમાં મોગરાની વેલનાં નૂતન પુષ્પની માલા કરીને તેની રચના કરવામાં કારીગર છે; તેમાં-(દિશાઓરૂપી સ્ત્રીઓ)ના શોભાયમાન લલાટમાં ચંદનના રસવડે ચિત્રામણ ચીતરવાનું કર્મ પણ તેઓ કરનારા છે; તેમ જ દિશાઓરૂપી સુંદર નેત્રવાળી સ્ત્રીઓના કંઠમાં સત્તાવીશ મોતીના નક્ષત્રમાલા નામે મનોહર હારની વેલ પહેરાવવાના કર્મમાં નિપુણ છે. તાત્પર્ય કે શ્રીશંકરાચાર્યના યશ-આકાશને પૂરી નાખનારા છે એટલું જ નહિ, પણ દિશાઓના અંતમાં પણ પહોચી ગયેલા છે[3]!! ૧૦૦.

उत्सङ्गेषु दिगङ्गना निदधते ताराः कराकर्षिका-
रागाद्द्योरवलंब्य चुंबति वियद्गङ्गा समालिङ्गति ।
लोकालोकदरी प्रसीदति फणी शेषोऽस्य दत्ते रतिं
त्रैलोक्ये गुरुराजकीर्तिशशिनः सौंदर्यमत्यद्भुतम् ॥ १०१ ॥

ગુરુરાજ શ્રીશંકરાચાર્યના કીર્તિરૂપી ચંદ્રમાનું ત્રણ લોકમાં અદ્ભુત સૌંદર્ય છે. કેમકે,—દિશાઓરૂપી સ્ત્રીઓ તે(શ્રીશંકરાચાર્યના કીર્તિરૂપી ચંદ્ર)ને પોતાના ખોળામાં બેસાડે છે; પ્રસિદ્ધ (ખરેખરા) ચંદ્રને તો સઘળી દિશાઓ તેમ કરી શકતી નથી; (કેમકે ઉત્તર, દક્ષિણાદિક દિશાઓમાં તે પ્રસિદ્ધ ચંદ્ર ગમન કરતો નથી. અને આ કીર્તિચંદ્ર તો સઘળી દિશાઓમાં ગમન કરે છે). સઘળાં નક્ષત્રો આ કીર્તિચંદ્રને પોતાના કિરણરૂપી હાથવડે ખેંચે છે; પ્રસિદ્ધ ચંદ્રને તે તેમ ખેંચતાં નથી. કેમકે તે ક્રમપ્રમાણે ગમન કરનારો છે. અંતરિક્ષ પ્રીતિવડે કીર્તિચંદ્રને સ્થિર ઝાલી રાખીને ચુમ્બન કરે છે; પ્રસિદ્ધ ચંદ્ર સ્થિર રહેતો નથી માટે અંતરિક્ષ તેના ઉપર તેવી પ્રીતિ કરી શકતું નથી. તે જ પ્રમાણે આ કીર્તિચંદ્રને આકાશગંગા આલિંગન કરે છે; પણ પ્રસિદ્ધ ચંદ્રને નથી આલિંગતી; વળી લોકાલોક પર્વતની ગુફાઓ, જ્યાં પ્રસિદ્ધ ચંદ્રની

---

૧. આ શ્લોકમાં ચંદ્રના અસ્તની સમુદ્રસ્નાનરૂપ સંભાવના કરી છે માટે ઉત્પ્રેક્ષાલંકાર.-શ્લોક ૯૧ ની ટીકા જુઓ. ૨. શાર્દૂલવિક્રીડિત છંદ. ૩. રૂપક વગેરે અલંકાર.

ગતિ પણ નથી તે, આ કીર્તિચંદ્રને જોઇને પ્રસન્ન થાય છે. શેષનાગ પણ આ કીર્તિચંદ્ર ઉપર પ્રીતિ કરે છે. એ પ્રમાણે આકાશથી પાતાલ પર્યંત ત્રણે લોકમાં **શ્રી**શંકરાચાર્યના કીર્તિચંદ્રનું અદ્ભુત સૌંદર્ય શોભે છે.[1] ૧૦૧.

संप्राप्ता मुनिशेखरस्य हरितामन्तेषु सांकाशिनं
कल्लोला यशसः शशाङ्ककिरणानालक्ष्य सांहासिनम् ।
कुर्वन्ति प्रथयंति दुर्मदसुधावैदग्ध्यसांलोपिनं
सम्यग्घ्नन्ति च विश्वजाङ्घिकतमःसङ्घातसाङ्घातिनम् ॥ १०२ ॥

મુનિઓમાં સર્વોત્તમ **શ્રી**શંકરાચાર્યના યશરૂપી ક્ષીરસમુદ્રના તરંગો દિશાઓના અંતમાં ચારેપાસે પ્રકાશ પામ્યા છે. તથા તે તરંગો **ચંદ્ર**ના કિરણોને જોઇને હાસ્ય કરે છે; (અર્થાત્ પોતાના કરતાં **ચંદ્ર**કિરણોનો પ્રકાશ મંદ છે એમ જોઈ તેમની અવગણના કરે છે.) દુર્મદ રાખનારા અમૃતની ચતુરતાનો ચારે પાસેથી (સમૂળગો) લોપ પસારે છે. અર્થાત્ અમૃતના તે તે ઉત્તમ ગુણોને પોતાના ગુણોવડે અસ્ત કરી તેના ગર્વનો નાશ કરે છે; તથા જગત્માં વ્યાપ્ત અંધકારના સમુદાયનો ચારે પાસેથી સારી રીતે નાશ કરે છે. તાત્પર્ય કે **ચંદ્ર** અને અમૃત કરતાં તે ઉત્તમ હોઇને અજ્ઞાનાંધકારનો નાશ કરે છે.[2] ૧૦૨.

[3]सोत्कण्ठाकुण्ठकण्ठीरवनखरवरक्षुण्णमत्तेभकुम्भ-
प्रत्यग्रोन्मुक्तमुक्तामणिगणसुषमाबद्धदोर्युद्धलीला ।
मंथाद्रिक्षुब्धदुग्धार्णवनिकटसमुल्लोलकल्लोलमैत्री-
पात्रीभूता प्रभूता जयति यतिपतेः कीर्तिमाला विशाला ॥ १०३ ॥

શ્રીશંકરાચાર્યની કીર્તિનું માલારૂપે વર્ણન કરતાં કહે છે કે,—ઉત્કંઠાવાળા અનિવાર્ય સિંહના શ્રેષ્ઠ નખવડે ક્ષોભ પામેલા મદોન્મત્ત હાથીના કુંભસ્થલમાંથી તરતનાં નિકળેલાં મુક્તામણિના સમુદાયની શોભાની સાથે બાહુયુદ્ધરૂપી રમત જેણે અંગિકાર કરી છે, તથા **મંદ**રાચલ પર્વતવડે ક્ષોભ પામેલા ક્ષીર સમુદ્રના સમીપમાં રહેલા અત્યંત ચંચલ મોટા તરંગોની સાથે મિત્રતાના પાત્રરૂપ થયેલી તે તરંગો જેવડી મોટી અને વિશાલ એવી યતિઓના સ્વામી **શ્રી**શંકરાચાર્યની કીર્તિરૂપી માલા જય પામે છે. અર્થાત્ હસ્તીના કુંભસ્થલમાંથી નીકળેલા મોતી કરતાં વધારે ઉજ્જવલ અને ક્ષીરસમુદ્રમાં મંથન સ્થાનની પાસેના મોટા તરંગો જેવી (તે સ્થલમાં દૂધ તળે ઉપર થવાથી વધારે શ્વેત જોવામાં આવે, માટે તેવી ઉજ્જવલ) અને વિશાલ કીર્તિ જય પામે છે.[4] ૧૦૩.

[5]लोकालोकदरि प्रसीदसि चिरात्किं शङ्करश्रीगुरु-
प्रोद्यत्कीर्तिनिशाकरं प्रियतमं संश्लिष्य संतुष्यसि ।
त्वं चाप्युत्पलिनि प्रहृष्यसि चिरात्कस्तत्र हेतुस्तयो-
रित्थं प्रश्नगिरां परस्परमभूत्स्मेरत्वमेवोत्तरम् ॥ १०४ ॥

જ્યાં **ચંદ્ર**ની ગતિ નથી એવા **લો**કાલોક પર્વતની ગુફાને કમલિની (પોયણી) પૂછે છે કે, ‘હે **લો**કાલોક પર્વતની ગુફા! તું ઘણા સમયથી હર્ષ પામ્યા કરે છે તેનું શું કારણ છે? શું પ્રકર્ષવડે ઉદય પામતા **શ્રી**શંકરાચાર્યના કીર્તિચંદ્રરૂપી પ્રિયતમનું આલિંગન કરીને સંતોષ પામે છે?!!’

---

૧. કાવ્યલિંગાદિ અલંકાર. ૨. રૂપકાદિ અલંકાર. ૩. સ્રગ્ધરા છંદ. ૪. પ્રતિલુપ્તોપમાદિ અલંકાર. ૫. શાર્દૂલવિક્રીડિત છંદ.

એ સાંભળીને લોકાલોક પર્વતની ગુફાએ કમલિનીને પૂછ્યું કે, 'હે કમલિની! તું પણ ઘણા સમયથી હર્ષ પામે છે તેનો શો હેતુ છે, તે જ કહેની?' એ પ્રમાણે અન્યોન્યનાં પ્રશ્ન-વચન સાંભળીને તેમનાં મુખ વિકસિત થયાં એ જ તે પ્રશ્નના ઉત્તર હતા. અર્થાત્ પરસ્પરના એવા પ્રશ્ન સાંભળીને તેઓ હસ્યાં. તાત્પર્ય એ છે કે ચંદ્રના સરખો નિર્મલ શ્રીશંકરનો યશ લોકાલોક પર્વત સુધી વિસ્તાર પામ્યો હતો.[1] ૧૦૪.

दुर्वाराखर्वगर्वाहितबुधजनतातूलवातूलवेगो
निर्बाधागाधबोधामृतकिरणसमुन्मेषदुग्धांबुराशिः ।
निष्प्रत्यूहं प्रसर्पद्भवदवदहनोद्भूतसंतापमेघो
जागर्ति स्फीतकीर्तिर्जगति यतिपतिः शङ्कराचार्यवर्यः ॥ १०५ ॥

દુઃખે કરીને નિવારણ કરી શકાય એવા અત્યંત ગર્વે કરીને યુક્ત પંડિત-સમુદાયરૂપી તૂલ-(રૂના કણ)ને ઉરાડી નાંખનાર વંટોળિયાના વેગરૂપી, તથા બાધરહિત અગાધ બોધ-તત્ત્વજ્ઞાન-રૂપી ચંદ્રને ઉત્પન્ન કરનાર ક્ષીરસમુદ્રરૂપી, તેમ જ નિર્વિઘ્ને પ્રસાર પામતા સંસારરૂપી દાવાનલથી ઉપજેલા પરિતાપને શાંત કરનાર મેઘરૂપી વિશાલ કીર્તિવાળા, યતિઓના પતિ, અને આચાર્યોમાં શ્રેષ્ઠ, એવા શ્રીશંકરાચાર્ય જગતમાં જાગે છે. અર્થાત્ એવા શ્રીશંકરાચાર્ય છે તો ગર્વવાળા પંડિતો અને સંસારનું દુઃખ એ બન્નેનો શો ભાર છે? તત્ત્વજ્ઞાને કરીને તે બન્નેનો પરાજય તે કરશે.[3] ૧૦૫.

[4]इतिहासपुराणभारतस्मृतिशास्त्राणि पुनः पुनर्मुदा ।
विबुधैः सुबुधो विलोकयन्सकलज्ञत्वपदं प्रपेदिवान् ॥ १०६ ॥

મહાભારતાદિક ઇતિહાસ, બ્રાહ્મઆદિક પુરાણ, સનત્સુજાતીય, ગીતા, સહસ્રનામ, આદિક ભારત-સ્મૃતિઓ, અને ઉત્તરમીમાંસા આદિક શાસ્ત્રો તે ઉત્તમ પંડિત શ્રીશંકરાચાર્ય પંડિતોની સાથે વારંવાર હર્ષથી અવલોકન કરીને સર્વ પદને પામ્યા હતા. ૧૦૬.

स पुनः पुनरैक्षताऽऽदराद्धरवैयासिकिशांतिवाक्ततीः ।
समगादुपशांतिसंभवां सकलज्ञत्ववदेव शुद्धताम् ॥ १०७ ॥

તે (શ્રીશંકરાચાર્ય) વ્યાસ મુનિની શાંતિપર્વની ઉત્તમ વાક્યપંક્તિઓને વારંવાર આદરથી જોતા હતા અને તેથી સર્વજ્ઞતાની પેઠે ઉપશમથી ઉત્પન્ન થયેલી શુદ્ધતાને પણ પામ્યા હતા. તાત્પર્ય કે તેમણે કેવલ સર્વજ્ઞતા પ્રાપ્ત કરી હતી એટલું જ નહિ, પણ તેનું મુખ્ય ફલ જે શુદ્ધતા તે પણ પ્રાપ્ત કર્યું હતું. ૧૦૭.

[5]असत्प्रपंचश्चतुराननोऽपि सन्न भोगयोगी पुरुषोत्तमोऽपि सन् ।
अनङ्गजेताऽप्यविरूपदर्शनो जयत्यपूर्वो जगदद्वयीगुरुः ॥ १०८ ॥

તે ચતુરાનન (ચાતુર્યયુક્ત મુખવાળો-ચાર મુખવાળો) છતાં પણ પ્રપંચરહિત છે; (ચતુરાનન-બ્રહ્મા તો પ્રપંચ-જગતને રચનારા છે.) વળી તે પુરુષોત્તમ છતાં પણ ભોગના યોગવાળા નથી. પુરુષોત્તમ (વિષ્ણુ) શેષ ઉપર સૂતેલા છે માટે તેમને ભોગ એટલે નાગની ફણાને

૧. અતિશયોક્તિ, લુપ્તોપમા, રૂપક, ઉત્પ્રેક્ષાદિ અલંકાર. ૨. સ્રગ્ધરા છંદ. ૩. રૂપક-લુપ્તોપમાદિ અલંકાર. ૪. વિયોગિની. ૫. વંશસ્થ.

યોગ છે, પરંતુ **શ્રી**શંકર તો પુરુષોત્તમ (ઉત્તમ પુરુષ) છતાં પણ તેમને ભોગ(વૈભવ)નો યોગ નથી. કામને જીતનારા **મહાદેવને** ત્રણ નેત્ર હોવાથી તે વિરુપ દર્શન (કદરૂપા દેખાવવાળા) છે, પણ **શ્રી**શંકર તો **કા**મને જીતનારા છતાં પણ વિરુપ દર્શનવાળા નથી. એ પ્રમાણે જગત્‌માં અપૂર્વ એવા અદ્વૈતાચાર્ય **શ્રી**શંકર જય પામે છે.[1] ૧૦૮.

आलोक्याननपङ्कजेन दधतं वाणीं सरोजासनं
शश्वत्सन्निहितक्षमाश्रियममुं विश्वंभरं पूरुषम् ।
आर्याराधितकोमलाङ्घ्रिकमलं कामद्विषं कोविदाः
शङ्कंते भुवि शङ्करं व्रतिकुलालङ्कारमङ्कागताः ॥ १०९ ॥

બ્રહ્મચારીઓના કુલના અલંકારભૂત **શ્રી**શંકરને મુખરૂપી કમલવડે **સરસ્વતીને** ધારણ કરતાં જોઈને તેમની સમીપ આવેલા પંડિતો તેમને આ **બ્રહ્મા** છે, એમ જાણવા લાગ્યા, વળી તેમની પાસે નિરંતર ક્ષમારૂપી લક્ષ્મીને રહેલી જોઇને તે વિદ્વાનો તેમને આ વિશ્વંભર એવા **વિષ્ણુ** છે એમ જાણુવા લાગ્યા; તેમ જ આર્યારાધિત (આર્યા-**પા**ર્વતી, તેણે આરાધન કરેલા અથવા આર્ય-સત્પુરુષો, તેમણે આરાધન કરેલા) છે કોમલ ચરણકમલ જેનાં એવા તથા **કામનો** દ્વેષ કરનારા **શ્રી**શંકરાચાર્યને જોઇને સમીપ આવેલા વિદ્વાન્ પુરુષો એમ શંકા કરવા લાગ્યા કે આ પૃથ્વી ઉપર આવેલા **શિવ** છે!! તાત્પર્ય કે **બ્રહ્મા**, **વિષ્ણુ** અને **શિવ** એ ત્રિમૂર્તિ **શંક**રરૂપે પૃથ્વી ઉપર આવ્યા છે એમ વિદ્વાનો માનવા લાગ્યા.[3] ૧૦૯.

एकस्मिन्पुरुषोत्तमे रतिमतीं सीतामयोन्युद्भवां-
मायाभिक्षुहृतामनेकपुरुषासक्तिभ्रमान्निष्ठुराम् ।
जित्वा तान्बुधवैरिणः प्रियतया प्रत्याहरच्चिरा-
दास्ते तापसकैतवात्रिजगतां त्राता स नः शङ्करः ॥ ११० ॥

એક પુરુષોત્તમ ભગવાન **રા**મચંદ્રને વિષે જ જેને પ્રીતિ છે એવી અયોનિસંભવા **સી**તા, જેને કપટવડે ભિક્ષુનો વેષ ધારણ કરીને **રાવણ** લેઈ ગયો હતો તથા જેના ઉપર અનેક પુરુષને વિષે-**રાવણ** રાક્ષસને વિષે આસક્તિ થયાનો ભ્રમ ઉત્પન્ન થવાથી નિર્દયપણે જેને વન્હિપ્રવેશ કરાવ્યો હતો-અથવા જેના ઉપર અનેક પુરુષ(અર્થાત્ **રાવણ**)ની આસક્તિ થયેલી છે એવા ભ્રમવડે જે તે **રા**વણપ્રત્યે નિષ્ઠુરપણે વર્તી હતી—અથવા એક પુરુષ(**રા**મચંદ્ર)ની આસક્તિ પોતાના ઉપર નથી એવા ભ્રમથી જે નિષ્ઠુર થયેલી હતી, તે **સી**તાના ઉપર પ્રિયપણું હોવાને લીધે દેવના શત્રુ રાક્ષસોને જીતીને તેને ઘણે કાળે જેણે પાછી આણી છે એવા, ત્રણ લોકના રક્ષણ કરનાર **શ્રી**રામચંદ્ર તપસ્વીના મિષથી પૃથ્વી ઉપર રહેલા છે તે અમારૂં કલ્યાણ કરનારા

૧ અહિં ચતુરાનન, પ્રપંચ, ભોગ, ઈત્યાદિ પદોથી વિરોધ જેવું જણાઈને તે પદોમાં અર્થ શ્લિષ્ટ હોવાથી વિરોધની નિવૃત્તિ થાય છે, માટે **વિરોધાભાસ** અલંકાર. "**आभासत्वे विरोधस्य विरोधाभास इष्यते ।**"—વિરોધનો આભાસ હોય ત્યાં વિરોધાભાસ અલંકાર થાય છે.—કુવલયાનંદ, કારિકા ૭૫.
૨. **શાર્દૂલ**વિક્રીડિત વૃત્ત. ૩. આ શ્લોકમાં **શંક**રની સંભાવના હેતુઓ સહિત **બ્રહ્મા**દિકનેવિષે કરેલી છે માટે **હેતુ**ત્પ્રેક્ષા. ઉત્પ્રેક્ષાના લક્ષણ વિષે કાવ્યપ્રકાશકાર **મમ્મટ** કહે છે કે "**संभावनमथोत्प्रेक्षा प्रकृतस्य समेन यत् ।**"—જુઓ શ્લોક ૯૧ની ટીપ.

છે. અથવા એવા ત્રણ લોકના રક્ષણ કરનાર **શ્રી**રામચંદ્ર યતિનો વેષ ધારણ કરીને **શ્રી**શંકરરૂપે રહેલા છે. (તે અમારૂં કલ્યાણ કરનાર છે.) ૧૧૦.

બીજો અર્થ—એક ઉત્તમ પુરુષ પરબ્રહ્મને વિષે પ્રીતિવાળી જન્માદિ રહિત, ક્ષણિક વિજ્ઞાનવાદીરૂપ કપટયુક્ત ભિક્ષુઓએ હરણ કરેલી, અનેક આત્મારૂપ આસક્તિનો ભ્રમ થવાથી નિષ્ઠુર, એવી સ્વસત્તારૂપ **સીતા**ને પ્રિયપણાને લીધે, વિવેકી પંડિતોના શત્રુ(દ્વૈતવાદી)ઓને જીતીને ઘણે કાલે (અનેક જન્મે) જેણે પાછી આણી—તેનો બ્રહ્મમાં યોગ કર્યો તે, અમારૂં ત્રણ લોકમાં રક્ષણ કરનાર, **શ્રી**શંકરાચાર્ય યતિના વેષના મિષથી રહેલા છે.

इति श्रीमाधवीये तदाशुद्धाष्टमवृत्तगः ।
सङ्क्षेपशङ्करजये चतुर्थः सर्ग आभवत् ॥ ४ ॥

એ પ્રમાણે **શ્રી**માધવાચાર્યવિરચિત સંક્ષેપશંકરજયમાં **શ્રી**શંકરાચાર્યના આઠમા વર્ષનો પ્રારંભ થતા સુધીના સર્વ રીતે શુદ્ધ આચારના વર્ણન સંબંધી ચતુર્થ સર્ગ સમાપ્ત થયો. ૪.

अथ पञ्चमः सर्गः ।

इति सप्तमहायनेऽखिलश्रुतिपारंगततां गतो बटुः ।[1]
परिवृत्य गुरोः कुलाद्गृहे जननीं पर्यचरन्महायशाः ॥ १ ॥

એ પ્રકારે સામાન્ય મનુષ્ય કરતાં વિલક્ષણ એવું **શ્રી**શંકરનું બાલચરિત વર્ણવીને તેનો ચતુર્થાશ્રમનો સ્વીકાર વર્ણવાનો આરંભ કરીને કહે છે કે—પૂર્વે કહ્યા પ્રમાણે સાતમે વર્ષે ચારે વેદનો પાર પામીને બ્રહ્મચારી **શ્રી**શંકર ગુરુના કુલમાંથી પાછા ઘેર આવીને તે મોટા યશવાળાએ પોતાને ઘેર પોતાની માતાની રૂડે પ્રકારે સેવા કરવા માંડી. ૧.

परिचरञ्जननीं निगमं पठन्नपि हुताशरवी सवनद्वयम् ।[2]
मनुवरैर्नियतं परिपूजयञ्शिशुरवर्तत संस्तरणिर्यथा ॥ २ ॥

તે બાલક માતાની સેવા કરતો હતો, વેદનું અધ્યયન કરતો હતો અને પ્રાતઃકાલે તથા સાયંકાલે ઉત્તમ મંત્રો સહિત **સૂર્ય** અને **અગ્નિ**ને પૂજતો હતો. અથવા સ્વાયંભુવાદિ શ્રેષ્ઠ **મનુ**ઓએ **સૂર્ય** તથા **અગ્નિ**નું પૂજન કરવાના જે બે કાલ નિયમિત કર્યા છે તે બે કાલે **સૂર્ય** અને **અગ્નિ**નું પૂજન કરતો હતો. અને એમ કરીને તે બાલક **સૂર્ય**ની પેઠે વર્તતો હતો—**સૂર્ય** જેવો તેજસ્વી થઈને શોભતો હતો.[3] ૨.

शिशुमुदीक्ष्य युवाऽपि न मन्युमान्दिशति वृद्धतमोऽपि निजासनम् ।
अपि करोति जनः करयोर्युगं वशगतो विहिताञ्जलि तत्क्षणात् ॥ ३ ॥

એ બાલક(**શ્રી**શંકર)ને જોઈને જુવાન જેમને ક્રોધાદિક વિશેષ હોય છે તે પણ ક્રોધી થતા નહોતા, તથા અત્યંત સત્કાર પામવા જોગ વૃદ્ધ પુરુષ પણ તેને પોતાનું આસન આપતા હતા. વળી તેનું દર્શન થતાં જ વશ થઈ ગયેલા સર્વે મનુષ્યો તેની પાસે પોતાના હાથ જોડતા હતા. ૩.

मृदु वचश्चरितं कुशलां मतिं वपुरनुत्तममास्पदमोजसाम् ।
सकलमेतदुदीक्ष्य सुतस्य सा सुखमवाप निरर्गलमंबिका ॥ ४ ॥

૧. વિયોગિની. ૨. રથોદ્ધતા. ૩. ઉપમાદિ અલંકાર.

પોતાના પુત્રનું કોમલ વચન અને કોમલ ચરિત્ર, કુશલ બુદ્ધિ અને મન આદિ બલનું સ્થાન એવું સર્વોત્તમ શરીર, એ સર્વે વાનાં જોઇને તે પુત્રની માતા હદ વગરનું સુખ પામતી હતી. ૪.

जातु[1] मंदगमनाऽस्य हि माता स्नातुमंबुनिधिगां प्रति याता ।
आतपोग्रकिरणे रविबिंबे सा तपःकृशतनुर्विललंबे ॥ ५ ॥

કોઈક સમયે પ્રસિદ્ધ છે મંદ ગમન જેનું એવી **શ્રી**શંકરની માતા સમુદ્રને મળનારી નદી પ્રત્યે સ્નાન કરવાને અર્થે ગઈ; તે વખતે **સૂર્ય**નું બિંબ તાપવડે ઉગ્ર કિરણવાળું હતું—**સૂર્ય** બહુ તપતો હતો તેથી તપવડે જેનું શરીર કૃશ થઈ ગયેલું છે એવી તે **સતી**ને ત્યાંને ત્યાં ઘણી વાર લાગી. ૫.

शङ्करस्तदनुशङ्कितचित्तः पङ्कजैर्विगतपङ्कजलार्द्रैः ।
वीजयन्नुपगतो गतमोहां तां जनेन सदनं सह निन्ये ॥ ६ ॥

તે જોઈને **શ્રી**શંકરનું મન શંકિત થયું—**શં**કરના મનમાં ચિંતા થવા લાગી કે હજી મારી માતા ઘેર કેમ નથી આવી ? તે ઉપરથી કાદવ ધોઈ નાંખેલાં અને જલથી ભીનાં કરેલાં કમલ લેઇને તેની પાસે ગયો અને તેવડે પવન નાંખીને તેને મોહ રહિત કરી—મૂર્છાથકી સાવધ કરી, તથા બીજા મનુષ્યોના સમુદાય સહિત—બીજા માણસોના સહાયથી તેને ઘેર આણી. ૬.

सोऽथ नेतुमनवद्यचरित्रः सद्मनोऽन्तिकमृषीश्वरपुत्रः ।
अस्तवीज्जलधिगां कविहृद्यैर्वस्तुतः स्फुरदलंकृतपद्यैः ॥ ७ ॥

માતાને ઘેર આણ્યા પછી દોષરહિત ચરિત્રવાળા ઋષિઓના ઈશ્વર **શિવગુરુના પુત્ર શ્રીશંકરે** સમુદ્રને મળનારી તે નદીને પોતાના ઘરની પાસે આણવાના હેતુથી કવિઓના હૃદયમાં પ્રીતિ ઉત્પન્ન કરે એવા તથા વસ્તુતઃ સ્ફુરણાયમાન છે અલંકાર જેમાં (અર્થાત્ ઉપલક અલંકારવાળાં નહિ) એવાં પદ્યવડે તે નદીની સ્તુતિ કરી. ૭.

ईहितं तव भविष्यति काल्ये यो हितं जगत इच्छसि बाल्ये ।
इत्यवाप्य स वरं तटिनीतः सत्यवाक्सदनमाप विनीतः ॥ ८ ॥

શંકરની સ્તુતિથી સંતોષ પામીને નદીયે વરદાન આપ્યું કે, ‘તું, જે બાલ્યાવસ્થામાં પણ જગત્‌નું હિત ઇચ્છે છે તેનું (તારૂં) અભિલષિત કાલે થશે—કાલે હું તારા ઘરની પાસે આવીશ.’ એ પ્રમાણે નદી પાસેથી વરદાન પામીને સત્ય છે વચન જેનું એવા તથા વિનયયુક્ત **શ્રી**શંકર પોતાને ઘેર આવ્યા. એટલું બધું તેમનું સામર્થ્ય છતાં પણ તે નમ્રતાવાળા હતા.[2] ૮. પછી—

प्रातरेव समलोकत लोकः शीतवातहृतशीकरपूतः ।
नूतनामिव धुनीं प्रवहंतीं माधवस्य समया सदनं ताम् ॥ ९ ॥

પ્રાતઃકાલમાં શીતલ વાયુએ આણેલા જલના બિંદુઓથકી પવિત્ર થયેલા લોકો લક્ષ્મીપતી વિષ્ણુનાં મંદિર પાસે વહેતી કોઈ નવી નદી હોય તેવી તે નદીને જોવા લાગ્યા. ૯.

एवमेनमतिमर्त्यचरित्रं सेवमानजनदैन्यलवित्रम् ।
केरलक्षितिपतिर्हि दिदृक्षुः प्राहिणोत्सचिवमादृतभिक्षुः ॥ १० ॥

એ પ્રમાણે મનુષ્યના ચરિત્રને ઉલ્લંઘન કરી જનારાં જેનાં ચરિત્ર છે—અલૌકિક ચરિત્રવાળા સેવન કરનારા મનુષ્યની દીનતાને છેદી નાંખનારા **શ્રી**શંકરના દર્શન કરવાની ઇચ્છાવાળા, ભિક્ષુઓનો સત્કાર કરનાર (રાજશેખર નામે) કેરલ દેશના રાજાએ **શં**કરને તેડવાને પોતાના પ્રધાનને મોકલ્યો. ૧૦.

૧ સ્વાગતા વૃત્ત. ૨. કાવ્યલિંગ-પરિકરાદિ અલંકાર.

सोऽप्यतंद्रितमभीरुपदाभिः प्राप्य तं तदनु सद्विरदाभिः ।
उक्तिभिः सरसमञ्जुपदाभिः शक्तिभृत्सममजिज्ञपदाभिः ॥ ११ ॥

તે પ્રધાન પણ આળસ તજીને તથા ભય રહિત થઈને હાથણીઓ સહિત બીજી ભેટ સામગ્રી લેઈને શ્રીશંકરની પાસે ગયો. અને પાસે ગયા પછી સામર્થ્યવાળા તે પ્રધાને રસ સહિત કોમલ શબ્દવાળાં આ વચનોથી તેમને વિજ્ઞાપના કરી.[1] ૧૧

यस्य नैव सदृशो भुवि बोद्धा दृश्यते रणशिरःसु च योद्धा ।
तस्य केरलनृपस्य नियोगाद्दृश्यसे मम च सत्कृतियोगात् ॥ १२ ॥

તે બોલ્યો કે,—"જેના સમાન પૃથ્વીમાં કોઈ બોધ કરનારો નથી તથા સંગ્રામના શિખરને વિષે—યુદ્ધના મોખરામાં જેના સરખો કોઈ પૃથ્વીમાં યુદ્ધ કરનારો જોવામાં આવતો નથી, તે કેરલ દેશના રાજાની આજ્ઞાથી તથા મારા પોતાના પુણ્યકર્મના યોગથી તમારાં મને દર્શન થયાં છે." ૧૨.

राजिताभ्रवसनैर्विलसंतः पूजिताः सदसि यस्य वसंतः ।
पण्डिताः सरसवादकथाभिः खण्डितापरगिरोऽवितथाभिः ॥ १३ ॥

વળી તે રાજાનું દાતાપણું સૂચવવાને તેની સ્તુતિનાં વચન બોલીને શ્રીશંકરની પ્રાર્થના કરતાં તે બોલ્યો કે,—'જેની સભામાં સત્કાર પામેલા અને તેથી પ્રકાશમાન સુવર્ણમય વસ્ત્રથી શોભતા, જેમણે મિથ્યા ન થાય એવી રસયુક્ત વાદકથાઓથી પ્રતિવાદીઓનાં વચનનું ખંડન કરેલું છે એવા પંડિતો નિવાસ કરીને રહેલા છે. ૧૩.

सोऽयमाजिजितसर्वमहीपः स्तूयमानचरणः कुलदीपः ।
पादरेणुमवनं भवभाजामादरेण तव विंदतु राजा ॥ १४ ॥

વળી જેણે સંગ્રામમાં સર્વે રાજાઓને જીતેલા છે તેથી જેના ચરણનું બીજા રાજાઓ સ્તવન કરે છે, અને તેથી જ જે પોતાના કુલમાં દીપક સરખો છે, એવો તે આ રાજા, સંસારને ભજનારા—સંસારમાં પડેલા જીવોનું પાલન કરનાર એવી તમારા ચરણની રજ આદર સહિત પામો. અર્થાત્ તમારા ચરણનું સેવન કરવાનો તેને પ્રસંગ મળે માટે તમે ત્યાં પધારો.' ૧૪.

एष सिंधुरपरो मदपूर्णो दोषगंधरहितः प्रवितीर्णः ।
अस्तु तेऽद्य रजसा परिपूतं वस्तुतो नृपगृहं शुचिभूतम् ॥ १५ ॥

પછી આણેલી ભેટ સામગ્રીઓમાંથી એક મુખ્ય હાથીને બતાવીને તે બોલ્યા કે,—આ બીજો હાથી મદથી ભરેલો છે તથા જેનામાં દોષનો ગંધ પણ નથી—દોષનો લેશ પણ નથી તે તમને રાજાએ પ્રેમથી અર્પણ કર્યો છે માટે અમારા રાજાનું ઘર વસ્તુતઃ પવિત્ર થયેલું જ છે તથાપિ આજ તે ઘર તમારા ચરણની રજથી સર્વે પાસથી પવિત્ર થાઓ.' ૧૫.

इत्युदीर्य परिसाधितदौत्यं प्रत्युदीरितसदुक्तिममात्यम् ।
अत्युदारमृषिभिः परिशस्तं प्रत्युवाच वचनं क्रमशस्तम् ॥ १६ ॥

એ પ્રમાણે કહીને પોતાનું દૂતકાર્ય જેણે કર્યું છે તથા શ્રીશંકર પ્રત્યે ઉત્તમ વચનો જે બોલેલો છે એવા તે પ્રધાન પ્રત્યે શ્રીશંકરે અતિશય ઉદાર તથા ઋષિઓએ વખાણેલું વચન ક્રમે કરીને કહ્યું. ૧૬.

---

૧. પરિકરાદિ અલંકાર.

भैक्ष्यमन्नमजिनं परिधानं रूक्षमेव नियमेन विधानम् ।
कर्म दातृवर शास्ति बटूनां शर्मदायिनिगमाप्तिपटूनाम् ॥ १७ ॥

શ્રીશંકર બોલ્યા કે, 'હે દાતાઓમાં શ્રેષ્ઠ–પ્રધાન! વેદની પ્રાપ્તિ કરવામાં કુશલ એવા બ્રહ્મચારીઓને ભિક્ષા માગી લાવીને તે અન્નનું ભોજન કરવું, મૃગચર્મ પહેરવું, તથા નિયમ પ્રમાણે ત્રિકાલ સ્નાનાદિક કષ્ટદાયી કર્મ કરવું, એ જ સુખ આપનારૂં છે, એવો વિધિ શાસ્ત્રમાં કહેલો છે. ૧૭.

कर्म नैजमपहाय कुभोगैः कुर्महेऽह किमु कुंभिपुरोगैः ।
इच्छया सुखममात्य यथेतं गच्छ नाथमसकृत्कथयेत्थम् ॥ १८ ॥

વળી, એવા બ્રહ્મચારી અમે પોતાનું શાસ્ત્રોક્ત કર્મ તજીને હસ્તિપુરઃસર—હાથી આદિક નિંદિત ભોગ(વિષય)વડે શું કરીએ?—અમારે હાથીઆદિક વૈભવનું શું કામ છે? માટે હે પ્રધાન! જેવી રીતે તું આવ્યો હોય તેવી રીતે તારી ઇચ્છામાં આવે તેમ સુખે કરીને તું પાછો જા; અને મેં કહ્યું એવી રીતે તારા સ્વામી(રાજા)ને વારંવાર કહે. સારી રીતે કહીને સમજાવ કે તેમને તમારી મોકલેલી ભેટની કાંઈ ઇચ્છા નથી. ૧૮.

प्रत्युत क्षितिभृताऽखिलवर्णा वृत्त्युपाहरणतो विगतर्णाः ।
धर्मवर्त्मनिरता रचनीयाः कर्म वर्ज्यमिति नो वचनीयाः ॥ १९ ॥

તેં જે કહ્યું તે રાજાનું કર્તવ્ય નથી પણ,—એથી ઉલટું, રાજાએ તો બ્રાહ્મણ આદિક સર્વે વર્ણની પ્રજાને તે તે વર્ણને યોગ્ય શુદ્ધ જીવિકા સંપાદન કરી આપીને જેથી તેઓ દેવ, ઋષિ અને પિતૃના ઋણમાંથી મુક્ત થાય તથા ધર્મના માર્ગમાં આસક્ત થાય તેમ કરવું; પણ તેમણે પોતાનું કર્મ તજી દેવું એ પ્રમાણે તેમને કહેવું નહિ.' ૧૯.

इत्यमुष्य वचनादकलङ्कः प्रत्यगात्पुनरमात्यमृगाङ्कः ।
वृत्तमस्य स निशम्य धरापः सत्तमस्य सविधं स्वयमाप ॥ २० ॥

એ રીતે શ્રીશંકરનું વચન સાંભળીને કલંક રહિત ચંદ્રમા જેવો તે પ્રધાન પોતાના રાજાની પાસે પાછો ગયો. તે રાજા પણ એણે કહેલું વર્તમાન સાંભળીને અતિ ઉત્કૃષ્ટ એવા શ્રીશંકરની પાસે પોતે જાતે આવ્યો. ૨૦.

भूसुरार्भकवरैः परिवीतं भासुरोडुपगभस्त्युपवीतम् ।
अच्छजह्नुसुतया विलसन्तं सुच्छविं नगमिव द्रुमवन्तम् ॥ २१ ॥

રાજા આવ્યો ત્યારે શ્રીશંકરની શોભા કેવી હતી તે વર્ણવતાં કવિ કહે છે કે,—બ્રાહ્મણોના શ્રેષ્ઠ બાલકો વડે શ્રીશંકર વીંટાયલા હતા. પ્રકાશમાન ચંદ્રના કિરણ સમાન ઉજ્જ્વલ ઉપવીત તેમણે ધારણ કરેલું હતું. તે જહ્નુની પુત્રી નિર્મલ ગંગાવડે શોભતા ~~હતા~~ તથા વૃક્ષવાળો હિમાલય પર્વત જાણે હોય તેમ સુંદર કાંતિવાળા દેખાતા હતા. ૨૧.

चर्म कृष्णहरिणस्य दधानं कर्म कृत्स्नमुचितं विदधानम् ।
नूतनांबुदनिभांबरवन्तं पूतनारिसहजं तुलयन्तम् ॥ २२ ॥

તેમણે કાળા હરિણનું ચર્મ ધારણ કર્યું હતું, તથા તે સમગ્ર ઘટિત કર્મ આચરતા હતા, નવા મેઘના સરખું તેમણે વસ્ત્ર ધારણ કર્યું હતું. તથા કંસે મોકલેલી પૂતનાના પ્રાણ હરનાર કૃષ્ણના ભાઈ બલરામની બરોબર તે દેખાતા હતા.[1] ૨૨.

---

૧ પ્રતીપાલંકાર.

जातरूपरुचिमुञ्जसुधाम्ना छातरूपकटिमद्भुतधाम्ना ।
नाकभूजमिव सत्कृतिलब्धं पाकपीतलतिकापरिरब्धम् ॥ २३ ॥

સુવર્ણની કાંતિ સમાન જેની કાંતિ છે એવા મુંજ નામે ઘાસની રચેલી મુંજીના સુંદર તેજરૂપી અદ્‌ભુત મંદિર વડે જેનું રૂપ ઢંકાઈ ગયેલું છે એવી કટિવાળા **શ્રી**શંકર, જાણે સુકૃતના યોગથી પ્રાપ્ત થયેલા સ્વર્ગભૂમિમાં ઉપજેલા દેવવૃક્ષને, પાકવાથી પીળી થઈ ગયેલી વેલીએ આલિંગન કર્યું હોય તેવા શોભતા હતા. અર્થાત્ **શંકર**ની કટિએ વીંટાળેલા મુંજને જોઈને કવિ ઉપમાનની કલ્પના કરે છે કે જાણે પાકવાથી પીળી થઈ ગયેલી કોઈ વેલી સ્વર્ગવૃક્ષની આસપાસ વીંટાઈ હોય તેવી આ મુંજી **શંકર**ની કટિએ વીંટાઈને શોભે છે.[1] ૨૩.

सस्मितं मुनिवरस्य कुमारं विस्मितो नरपतिर्बहुवारम् ।
संविधाय विनतिं वरदाने तं विधातृसदृशं भुवि मेने ॥ २४ ॥

મુનિઓમાં શ્રેષ્ઠ એવા **શિવગુરુ**ના મંદ હાસ્ય યુક્ત તે કુમારને જોઈને વિસ્મય પામેલો રાજા બહુવાર નીચે નમી પ્રણામ કરીને તેને પૃથ્વી ઉપર વરદાન આપવામાં બ્રહ્મદેવ સમાન માનવા લાગ્યો.[2] ૨૪.

तेन पृष्टकुशलः क्षितिपालः स्वेन सृष्टमथ शात्रवकालः ।
हाटकायुतसमर्पणपूर्वं नाटकत्रयमवोचदपूर्वम् ॥ २५ ॥

પછી **શંકરે** જેને કુશલ સમાચાર પૂછ્યા છે એવા, શત્રુઓના કાલરૂપ તે રાજાએ પ્રથમ દશ હજાર સોનાની મોહોરો અર્પણ કરી પોતાનાં રચેલાં અપૂર્વ ત્રણ નાટક **શંકર**ને કહી સંભળાવ્યાં. ૨૫.

तद्रसार्द्रगुणरीतिविशिष्टं भद्रसंधिरुचिरं सुकवीष्टम् ।
संग्रहेण स निशम्य सुवाचं तं गृहाण वरमित्यमुमूचे ॥ २६ ॥

તે નાટક [3]શૃંગારાદિક [4]રસે કરીને, ચિત્તની દ્રવતા ઉત્પાદન કરનાર [5]ગુણોએ કરીને, વૈદર્ભી આદિક [6]રીતિઓએ કરીને અને ગ્રામ્યત્વાદિ ચેષ્ટાઓ રહિત [7]સંધિઓએ કરીને અત્યંત રુચિ ઉપ-

---

૧. પૂર્ણોપમાલંકાર. ૨. લુપ્તોપમાલંકાર.

૩. કાવ્યપ્રકાશના ૪થા ઉલ્લાસના ૨૯મા શ્લોકમાં નીચેપ્રમાણે રસ કહેલા છે:—"**शृंगारहास्यकरुणारौद्रवीरभयानकाः। बीभत्साद्भुतसंज्ञौ चेत्यष्टौ नाट्ये रसाः स्मृता ॥**"—શૃંગાર, હાસ્ય, કરુણા, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત, એવા આઠ રસ નાટ્યને વિષે કહેલા છે. ૪. રસનું લક્ષણ સાહિત્યકાર લખે છે કે "**विभावेनानुभावेन व्यक्तः सञ्चारिणा तथा । रसतामेति रत्यादिः स्थायी भावः सचेतसाम् ॥**"—વિભાવ, અનુભાવ અને સંચારીભાવો વડે વ્યક્ત થયેલો રતિ આદિક સ્થાયિભાવ તે સહૃદય પુરુષોના અંતઃકરણમાં રસરૂપે અનુભવ આપે છે. અર્થાત્ તે વ્યક્ત થયેલો સ્થાયિભાવ એ જ રસ છે.—**સાહિત્યદર્પણ**, ૩ । ૩૩. ૫. કાવ્યમાં ગુણ કોને કહે છે તેનું લક્ષણ **મમ્મટાચાર્યે** કાવ્યપ્રકાશમાં લખ્યું છે કે, '**ये रसस्यांगिनो धर्माः शौर्यादय इवात्मनः । उत्कर्षहेतवस्ते स्युरचलस्थितयो गुणाः ॥**'—જેમ શૌર્ય આદિક આત્માના ગુણ છે તેમ જે રસના અંગભૂત અને ઉત્કર્ષના હેતુ સ્થિર ધર્મ છે તેને ગુણ કરીને કહે છે.—**કાવ્યપ્રકાશ**, ૮ । ૧. ૬. "**रीतिर्नाम गुणाश्लिष्टा वर्णसंघट्टना मता ।**"—ગુણયુક્ત અક્ષરની ગોઠવણીને રીતિ કહે છે. એ રીતિ સાહિત્યકાર ચાર પ્રકારની કહે છે. "**वैदर्भी चाथ गौडी च पांचाली लाटिका तथा ।**"—વૈદર્ભી, ગૌડી, પાંચાલી અને લાટી.—**સાહિત્યદર્પણ**, ૯ । ૬૨૫. ૭. એક પ્રયોજન સાથે યુક્ત કથાભાગનો અવાંતર પ્રયોજન સાથે જે સંબંધ તેને નાટકમાં 'સંધિ' કહે છે. એવા સંધિના પાંચ પ્રકાર છે. સંધિના પ્રકાર ગણાવતાં દશરૂપકકાર લખે છે કે—"**मुखं प्रतिमुखं गर्भः सावमर्शोऽप संहृतिः । मुखं बीजसमुत्पत्तिर्नानार्थरससंभवा ॥ लक्ष्यालक्ष्यस्य बीजस्य शक्तिः प्रतिमुखं**

જાવનાર તથા સારા કવિઓને પ્રિય હતું. એ પ્રકારનાં ત્રણ નાટક સંક્ષેપમાં સાંભળીને તે સુંદર વાણી બોલનારા રાજાને શંકરે કહ્યું કે 'તું વરદાન ગ્રહણ કર.' ૨૬.

तां नितांतहृदयंगमसारां गां निशम्य तुलितामृतधाराम् ।
भूपतिः स रचिताञ्जलिबंधः स्वोपमं सुतमियेष सुसंधः ॥ २७ ॥

શંકરની એ પ્રમાણે હૃદયને અત્યંત પ્રીતિકર જેનો સાર છે એવી તથા અમૃતની ધારા સરખી વાણી સાંભળીને તે સત્યપ્રતિજ્ઞાવાળા રાજાએ બન્ને હાથ જોડીને પોતાના સરખા પુત્રની ઇચ્છા કરી.૨૭.

नो हिताय मम हाटकमेतद्देहि नस्तु गृहवासिजनाय ।
ईहितं तव भविष्यति शीघ्रं याहि पूर्णमनसेत्यवदत्तम् ॥ २८ ॥

તેની પ્રાર્થના સાંભળીને શંકરે રાજાને કહ્યું કે 'આ સુવર્ણ મારા હિતને અર્થે નથી. પરંતુ તે અમારા ઘરમાં રહેનારા મનુષ્યોને આપો. તારા મનમાં જે ઇચ્છા છે તે ઉતાવળે પરિપૂર્ણ થશે માટે મનમાં સંપૂર્ણ થઈને તું ઉતાવળો તારે ઘેર જા.' ૨૮.

राजवर्यकुलवृद्धिनिमित्तां व्याजहार रहसि श्रुतिवित्ताम् ।
इष्टिमस्य सकलेष्टविधातुस्तुष्टिमाप हि तया क्षितिनेता ॥ २९ ॥

એ પ્રમાણે મનુષ્યસમાજમાં કહીને પછી રાજાને એકાંતમાં તેડીને તે રાજવર્યના કુલની વૃદ્ધિ કરવામાં નિમિત્તભૂત અને વેદમાં પ્રસિદ્ધ એવી સકલ ઈષ્ટ વસ્તુના વિધાતા પરમાત્માની ઇષ્ટિ (યજન) કરવાનું તેને કહ્યું. અને તેથી કરીને રાજા મનમાં સંતોષ પામ્યો. ૨૯.

स विशेषविदा सभाजितः कविमुख्येन कलाभृतां वरः ।
अगमत्कृतकृत्यधीर्निजां नगरीमस्य गुणानुदीरयन् ॥ ३० ॥

એ રીતે વિશેષ જ્ઞાનવાળા અને કવિઓમાં મુખ્ય એવા શંકરે જેનો સત્કાર કરેલો છે એવો કળા જાણનારાઓમાં શ્રેષ્ઠ તથા કાર્યને જેના થકી સિદ્ધ કર્યું છે એવી બુદ્ધિવાળો તે રાજા શંકરના ગુણનું કથન કરતો કરતો પોતાની નગરીમાં ગયો. ૩૦.

बहवः श्रुतिपारदृश्वनः कवयोऽध्यैषत शंकराद्गुरोः ।
महतः सुमहान्ति दर्शनान्यधिगन्तुं फणिराजकौशलीम् ॥ ३१ ॥

એ પ્રમાણે કેરલના રાજાને વરદાનાદિક આપ્યા સંબંધી વૃત્તાંત કહ્યા પછી બીજું વૃત્તાંત

मतम् । गर्भस्त्वदृष्टनष्टस्य बीजस्यान्वेषणं मुहुः ॥ हेतुना येन केनापि विमर्शः संधिरिष्यते । बीजवन्तो मुखाद्यर्था विप्रकीर्णा यथायथम् ॥ ऐक्यार्थमुपवर्ण्यन्ते यत्र निर्वहणं हि तत् ।'' ઈ૦—મુખ, પ્રતિમુખ, ગર્ભ, સાવમર્દ અને ઉપસંહૃતિ, એવા પાંચ પ્રકાર સંધિના છે. અનેક પ્રકારના અર્થ અને રસથી બીજની ઉત્પત્તિ કરવી તેને મુખ કહે છે. લક્ષ્યબીજની કે અલક્ષ્યબીજની શક્તિને પ્રતિમુખ કહે છે. અદૃષ્ટ કે દૃષ્ટ બીજનું વારંવાર અન્વેષણ કરવું તેને ગર્ભ કહે છે. ગમે તે હેતુથકી મુખ્ય ફલના ઉપાયમાં અંતરાય આવે તેને વિમર્શ અથવા સાવમર્દ કહે છે. બીજવાળા મુખ આદિક અર્થ જ્યાં ઘટે ત્યાં વેરાયલા હોય તેને એક કરવા માટે જે વર્ણન કરવામાં આવે તેને ઉપસંહૃતિ નામે સંધિ કહે છે ઇ૦—વિસ્તાર માટે દશરૂપક જુઓ.

૧. વિયોગિની.

વર્ણવવાનો આરંભ કરતાં ગ્રંથકર્તા કહે છે કે,—વેદમાં પારંગત[1] એવા ઘણાક પંડિતો શંકર મહા-ગુરુ પાસેથી વાણીનેવિષે શેષ નાગના જેવી કુશલતા પામવાને અર્થે અત્યંત મોટાં મોટાં શાસ્ત્રોનું અધ્યયન કરતા હતા. ૩૧.

पठितं श्रुतमादरात्पुनः पुनरालोक्य रहस्यनूनकम् ।
प्रविभज्य निमज्जतः सुखे स विधेयान्विदधेतमां सुधीः ॥ ३२ ॥

શ્રેષ્ઠ બુદ્ધિવાળા શંકર પોતે પણ પઠન કરેલું અને શ્રવણ કરેલું આદરથી એકાંતમાં વારંવાર અવલોકન કરીને તથા તેમાંથી સારાસારનો વિભાગ કરીને તે પોતાના શિષ્યોને (પણ) આત્મ-સુખમાં સારી રીતે નિમગ્ન કરતા હતા. ૩૨.

[2]सर्वार्थतत्त्वविदपि प्रकृतोपचारैः शास्त्रोक्तभक्त्यतिशयेन विनीतशाली ।
संतोषयन्स जननीमनयत्कियंति संमानितो द्विजवरैर्दिवसानि धन्यः ॥ ३३ ॥

વિનય વડે શોભતા શંકરે સર્વે અર્થના તત્ત્વને જાણનારા છતાં પણ પ્રકૃત ઉપચારથી અને શાસ્ત્રમાં કહેલી અતિશય માતૃભક્તિવડે પોતાની માતાને સંતોષ પમાડીને બ્રાહ્મણ શ્રેષ્ઠોએ સમ્મા-નિત–માન આપેલા હોઈને તથા તેથી ધન્ય હોઈને કેટલાક દિવસ તે સ્થલમાં કાઢયા. ૩૩.

सा शङ्करस्य शरणं स च तज्जनन्या अन्योन्ययोगविरहस्त्वनयोरसह्यः ।
नो वोढुमिच्छति तथाऽप्यमनुष्यभावान्मेरुं गतः किमभिवाञ्छति दुष्प्रदेशम् ॥ ३४ ॥

શંકરની માતા તે એક જ શંકરનું શરણ હતી અને શંકર એક પોતાની માતાનું શરણ હતા.—શંકરને એકલી માતાનો આધાર અને માતાને એકલા શંકરનો આધાર હતો. તેથી એ બન્ને જણનો અરસ્પરસના સમાગમનો વિરહ અસહ્ય હતો. એમ છતાં પણ શંકર પોતે અમા-નુષ ભાવને લીધે–દેવભાવને લીધે લગ્ન કરવાને ઇચ્છતા નહોતા. મેરૂ (સરખા સર્વે મનોરથ પૂર્ણ કરે એવા) પર્વતને પામીને કોઈ મનુષ્ય નઠારા પ્રદેશને ઇચ્છે છે શું? નથી જ ઇચ્છતો. અર્થાત્ આત્મસુખમાં નિમગ્ન થયેલા શંકરને સ્ત્રી આદિક સુખની ઇચ્છા ન જ થાય. એ યથાન્યાય છે. ૩૪.

[3]कृतविद्यममुं चिकीर्षवः श्रितगार्हस्थ्यमथाऽऽप्तबांधवः ।
अनुरूपगुणामचिन्तयन्ननवद्येषु कुलेषु कन्यकाम् ॥ ३५ ॥

શ્રીશંકરના આત્મજન અને બંધુજન, વિદ્યા જેણે સંપાદન કરેલી છે એવા શંકરને ગૃહ-સ્થાશ્રમનો આશ્રય કરાવવાની ઇચ્છાવાળા હોઇને તેમ(શંકર)ના ગુણને મળતા જેના ગુણ આવે એવી કન્યાને દોષરહિત કુલમાં વિચારવા–શોધવા લાગ્યા. ૩૫.

अथ जातु दिदृक्षवः कलाववतीर्णं मुनयः पुरद्विषम् ।
उपमन्युदधीचिगौतमत्रितलागतस्त्यमुखाः समाययुः ॥ ३६ ॥

હવે કોઈ વખતે ત્રિપુરનો નાશ કરનાર મહાદેવને કલિયુગમાં શંકરરૂપે અવતાર પા-મેલા જાણીને તેમનું દર્શન કરવાની ઇચ્છાથી ઉપમન્યુ, દધીચિ, ગૌતમ, ત્રિતલ, અગસ્ત્ય, આદિક મુનિઓ ત્યાં આવ્યા. ૩૬.

---

૧. વેદમાં પારંગત માણસ કદી શોક કરતો નથી એ વિશે શ્રુતિમાં આ પ્રમાણે કહ્યું છે:–"**महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ।**"—મહાન અને સર્વવ્યાપી આત્માને જાણીને જ્ઞાની માણસ શોક કરતો નથી. ૨. વસન્તતિલકા વૃત્ત. ૩. વિયોગિની.

प्रणिपत्य स भक्तिसंनतः प्रसवित्र्या सह तान्विधानवित् ।
विधिवन्मधुपर्कपूर्वया प्रतिजग्राह सपर्यया मुनीन् ॥ ३७ ॥

તેમને જોઇને ભક્તિવડે નમ્ર તથા પ્રણામ અને પૂજા આદિકના વિધાનને જાણનારા શ્રીશંકરે પોતાની માતા સહિત તેમને પ્રણામ કરીને મધુપર્કપૂર્વક વિધિપ્રમાણે તેમનું પૂજન કરીને તે મુનીઓનો સત્કાર કર્યો. ૩૭.

विहिताञ्जलिना विपश्चिता विनयोक्त्याऽर्पितविष्टरा अमी ।
ऋषयः परमार्थसंश्रया अमुना साकमचीकरन्कथाः ॥ ३८ ॥

વિદ્વાન્ એવા શ્રીશંકરે હાથ જોડીને વિનયયુક્ત વાણીથી જેમને આસન અર્પણ કરેલાં છે એવા તે ઋષિઓ શ્રીશંકરની સાથે મોક્ષસંબંધી કથાઓ કરવા લાગ્યા. અથવા પરમાર્થ એટલે મોક્ષનો જેમને આશ્રય છે એવા તે મુનિઓ શ્રીશંકરની સાથે વાતો કરવા લાગ્યા. ૩૮.

निजगाद कथान्तरे मुनीञ्जननी तस्य समस्तदर्शिनः ।
वयमद्य कृतार्थतां गता भगवन्तो यदुपागता गृहान् ॥ ३९ ॥

મુનિઓ શ્રીશંકરની સાથે વાતો કરતા હતા તે વખતે તે સર્વજ્ઞ(શ્રીશંકર)ની માતાએ મુનીઓને કહ્યું કે, 'જેથી તમો ભગવંત અમારે ઘેર પધાર્યા છો તેથી અમે કૃતાર્થપણાને પામ્યાં છીએ—અમે કૃતાર્થ થયાં છીએ. ૩૯.

क्व कलिर्बहुदोषभाजनं क्व च युष्मच्चरणावलोकनम् ।
तदलभ्यत चेत्पुराकृतं सुकृतं नः किमिति प्रपञ्चये ॥ ४० ॥

તમારૂં આગમન કેવલ અમને કૃતાર્થ કરે છે એટલું જ નહિ, પણ અમે જન્માંતરમાં અનંત પુણ્ય કર્યું હશે તેનું પણ તે સૂચન કરે છે. કેમકે ઘણા દોષનું પાત્ર એવો આ કલિકાલ ક્યાં અને તેમાં તમારા ચરણનું દર્શન ક્યાં? માટે સમસ્ત દોષના આશ્રયરૂપ કલિયુગમાં અત્યંત અલભ્ય એવું તમારા ચરણનું દર્શન જો અમને પ્રાપ્ત થયું છે તો અમોએ પૂર્વે કરેલા સુકૃતનું હું શું વર્ણન કરૂં? અર્થાત્ તે એટલું બધું હોવું જોઇએ કે તેનું વર્ણન થઈ શકે નહિ.' ૪૦.

शिशुरेष किलातिशैशवे यदशेषागमपारगोऽभवत् ।
महिमाऽपि यदद्भुतोऽस्य तद्द्वयमेतत्कुरुते कुतूहलम् ॥ ४१ ॥

એ રીતે સ્તુતિવડે અભિમુખ કરેલા મુનિઓને કાંઇક પૂછવાનો આરંભ કરીને માતા કહે છે કે,—'આ બાલક અતિશય નાની વયમાં સમગ્ર શાસ્ત્રની પાર ગયો—સર્વે શાસ્ત્ર સંપૂર્ણ ભણી રહ્યો તે, તથા એનો મહિમા પણ જેથી અદ્ભુત થયો તે, એ બન્ને વાનાં અમને આશ્ચર્ય ઉત્પન્ન કરે છે.' ૪૧.

करुणार्द्रदृशाऽनुगृह्यते स्वयमागत्य भवद्भिरप्ययम् ।
वदतास्य पुराकृतं तपः क्षममाकर्णयितुं मया यदि ॥ ४२ ॥

વળી તમો અહિં પધાર્યા એ પણ એના અદ્ભુત માહાત્મ્યને સૂચવનારૂં છે એવા આશયથી કહે છે કે,—'તમારાં દર્શન અત્યંત અલભ્ય છતાં તમો પણ જાતે અહિં પધારીને કરુણાદ્રષ્ટિથી એના ઉપર અનુગ્રહ કરોછો!! તેથી જો મારે સાંભળવા યોગ્ય હોય તો એણે પૂર્વે શું તપ કર્યું છે તે મને કહો.' ૪૨.

इति सादरमीरितां तया गिरमाकर्ण्य महर्षिसंसदि ।
प्रतिवक्तुमभिप्रचोदितो घटजन्मा प्रवयाः प्रचक्रमे ॥ ४३ ॥

એ પ્રકારે તેણે આદર સહિત કહેલી વાણીને સાંભળીને મહર્ષિઓની સભામાં સર્વે મુનિઓએ મળીને જેને બોલવાને પ્રેરણા થઈ છે એવા વૃદ્ધ અગસ્ત્ય મુનિએ પ્રત્યુત્તર આપવો આરંભ કર્યો. ૪૩.

तनयाय पुरा पतिव्रते तव पत्या तपसा प्रसादितः ।
स्मितपूर्वमुपाददे वचो रजनीवल्लभखण्डमण्डनः ॥ ४४ ॥

આ સાક્ષાત્ શિવ છે, કોઈ તપસ્વી નથી, એવા આશયથી મુનિ બોલ્યા કે, "હે પતિવ્રતે! પૂર્વે પુત્રની ઇચ્છાથી તારા પતિએ તપ કરીને ચંદ્રશેખર—શંકરને પ્રસન્ન કર્યા હતા; તેથી, રાત્રીના સ્વામી ચંદ્રમાનો ખંડ—કકડો-જેનો અલંકાર છે એવા શંકરે પ્રસન્ન થઈને સ્મિતપૂર્વક વચન કહ્યું કે,—૪૪.

वरयस्व शतायुषः सुतानपि वा सर्वविदं मितायुषम् ।
सुतमेकमितीरितः शिवं सति सर्वज्ञमयाचताऽऽत्मजम् ॥ ४५ ॥

'સો વર્ષના આયુષ્યવાળા પણ અસર્વજ્ઞ—અલ્પજ્ઞ ઘણા પુત્ર તું માંગ અથવા અલ્પ આયુષ્યવાળો પણ સર્વજ્ઞ એક પુત્ર તું માંગ.' હે સતિ! શંકરે તારા સ્વામિને એ પ્રમાણે વરદાન માંગવાનું કહ્યું તે ઉપરથી તેણે શિવની પાસે સર્વજ્ઞ એવા એક પુત્રને માંગ્યો. ૪૫.

तदभीप्सितसिद्धये शिवस्तव भाग्यात्तनयो यशस्विनि ।
स्वयमेव बभूव सर्वविन्न ततोऽन्योऽस्ति यतः सुरेष्वपि ॥ ४६ ॥

હે [1]યશસ્વિનિ! તેથી તારા પતિનો અભિલાષ સિદ્ધ થવાને અર્થે અને તમારા બન્નેના ભાગ્યને લીધે શિવ પોતે જ તારા પુત્ર થયા. (તું કહેશે કે ત્યારે બીજા કોઈ સર્વજ્ઞ પુત્રને કેમ ન આપ્યો? તો,-) કેમકે તેમના વિના બીજો કોઈ સર્વજ્ઞ દેવતાઓમાં પણ નહોતો. (તો પછી બીજી જગોએ તો ક્યાંથી જ હોય!)" ૪૬.

इति तद्वचनं निशम्य सा मुनिवर्यं पुनरप्यवोचत ।
कियदायुरमुष्य भो मुने सकलज्ञोऽस्यनुकंपया वद ॥ ४७ ॥

એ પ્રકારે (પુત્ર અલ્પાયુષવાળો છે ઇત્યાદિ) અગસ્ત્ય મુનિનું વચન સાંભળીને તેણે ફરીને પણ તે મુનિવર્યને કહ્યું કે 'હે મુનિ! તમે સર્વજ્ઞ છો માટે કૃપા કરીને મને કહો કે આ પુત્રનું આયુષ્ય કેટલું છે? અર્થાત્ પુત્ર અલ્પ આયુષ્યવાળો છે એ સાંભળીને મને ત્રાસ ઉપજે છે!' ૪૭.

शरदोऽष्ट पुनस्तथाऽष्ट ते तनयस्यास्य तथाऽप्यसौ पुनः ।
निवसिष्यति कारणांतराद्भुवनेऽस्मिन्दश षट्च वत्सरान् ॥ ४८ ॥

એવું શ્રીશંકરની માતાનું વચન સાંભળીને અગસ્ત્ય મુનિ બોલ્યા કે "આઠ સંવત્સર તથા બીજા આઠ સંવત્સર મળીને સોળ સંવત્સર સુધી આ તારા પુત્રનું આયુષ્ય છે. તથાપિ આ શ્રીશંકર કોઈ બીજા કારણથી આ લોકમાં બીજાં સોળ વરસ સુધી નિવાસ કરશે." ૪૮.

---

૧ તારો યશ વિસ્તારવાને શ્રીશંકર તારા પુત્ર થયા છે, એ સૂચવવાને 'યશસ્વિનિ' એવું સંબોધન કહેલું છે.

इति वादिनि भाविनीं कथामृषिमुख्ये घटजे निवार्य तम् ।
ऋषयः सह तेन शङ्करं समुपामन्त्र्य ययुर्यथागतम् ॥ ४९ ॥

એ પ્રમાણે જે બનવાની છે તે કથાને ઋષિઓમાં શ્રેષ્ઠ એવા અગસ્ત્ય મુનિ કહેતા હતા તેમને નિવારણ કરીને-બોલતા અટકાવીને-અગસ્ત્ય સહિત સર્વે ઋષિઓ શ્રીશંકરની આજ્ઞા માગીને જેમ આવ્યા હતા તેમ પાછા ગયા. ૪૯.

सृणिना करिणीव साऽर्दिता शुचिना शैवलिनीव शोषिता ।
मरुता कदलीव कंपिता मुनिवाचा सुतवत्सलाऽभवत् ॥ ५० ॥

અતિશય કષ્ટ આપનારી મુનિની વાણી સાંભળીને તે સતીની જે અવસ્થા થઈ તે વર્ણવતાં કવિ કહે છે કે-જેમ અંકુશવડે હાથણીને પીડિત કરી હોય, જેમ આષાઢ માસે કમલિનીનું શોષણ કર્યું હોય, જેમ વાયુવડે કેળ કંપી ઉઠી હોય, તેમ તે પુત્રવત્સલ માતા પણ મુનિની વાણીથી પીડિત થઈ, સૂકાઈ ગઈ અને કંપી ઉઠી. ૫૦.

अथ शोकपरीतचेतनां द्विजराडित्थमुवाच मातरम् ।
अवगम्य स संसृतिस्थितिं किमकाण्डे परिदेवना तव ॥ ५१ ॥

એ પ્રમાણે અતિશય કષ્ટયુક્ત પોતાની માતાને શંકરે શું કહ્યું તે જણાવે છે કે,—પછી શોકવડે જેની બુદ્ધિ વ્યાપ્ત થયેલી છે એવી પોતાની માતાને બ્રાહ્મણોના રાજા અથવા બ્રાહ્મણોમાં શોભાયમાન એવા શ્રીશંકરે કહ્યું કે "આ સંસારની સ્થિતિને ક્ષણભંગુર જાણ્યા છતાં પણ ન ઘટે તેવી જગોએ તારે શોક શું કરવા કરવો જોઈએ? ૫૧.

प्रबलानिलवेगवेल्लितध्वजचीनांशुककोटिचञ्चले ।
अपि मूढमतिः कलेवरे कुरुते कः स्थिरबुद्धिमंबिके ॥ ५२ ॥

અતિશય ચંચલ શરીરમાં તે સ્થિર છે એવી બુદ્ધિ મૂઢ બુદ્ધિનો પુરુષ પણ કરે નહિ તો પછી તું તો અતિશય સુજ્ઞ છે માટે એવી બુદ્ધિ કરવાને યોગ્ય જ નથી એવો બોધ કરતાં કહે છે કે,—હે માતા! પ્રબલ પવનના ઝપાટાથી કંપાયમાન ચીનદેશના અત્યંત સૂક્ષ્મ વસ્ત્રની ધજાના છેડાની પેઠે ચંચલ શરીર ઉપર, ગમે તો મૂઢ બુદ્ધિવાળો પુરુષ હોય તો તેવો હોઇને પણ, તે સ્થિર રહેશે એવી બુદ્ધિ કોણ રાખે? અર્થાત્ ક્ષણભંગુર શરીરને સદાયકાલ રહેશે એમ ધારીને કોઈ મૂર્ખ માણસ પણ શોક કરે નહિ તો તું મારી માતા થઇને એવો શોક કરે એતો છેક જ અઘટિત છે. ૫૨.

कति नाम सुता न लालिताः कति वा नेह वधूरभुञ्जि हि ।
क नु ते क च ताः क वा वयं भवसङ्गः खलु पान्थसङ्गमः ॥ ५३ ॥

વળી અનેક જન્મમાં અનુભવ કરેલા પુત્રાદિકનો વિચાર કરતાં તેની કાંઈ સંખ્યા પણ કહી શકાતી નથી તેથી તે સર્વનો શોક કરવો સંભવિત નથી, માટે તેમાંથી આનો શોક કરવો અને આનો શોક ન કરવો એમ પણ નિર્ણય થઈ શકતો નથી માટે કોઇનો પણ શોક કરવો યોગ્ય નથી એવા આશયથી કહે છે કે,-મેં કેટલા છોકરાઓને લાડ લડાવ્યાં નથી? અને આ સંસારમાં મેં કેટલી સ્ત્રીઓ ભોગવી નથી? પણ આજ તે પુત્ર ક્યાં છે, તે સ્ત્રીઓ ક્યાં છે, અને અમે પણ ક્યાં છીએ ! ! જેમ જૂદી જૂદી દિશાઓમાંથી આવેલા પ્રવાસીઓ એકાદી ધર્મશાળામાં

એકઠા મળે છે તેવો સમાગમ ખરેખર આ સંસારનો છે! અર્થાત્ એકઠા મળેલા પ્રવાસીઓના વિયોગથી જેમ તેઓ શોક કરતા નથી તેમ સંસારમાં એકત્ર મળેલાં સ્ત્રી પુત્રાદિકનો વિયોગ થવાથી પણ શોક કરવો ઉચિત નથી. ૫૩.

એ પ્રમાણે શોકનું હરણ કરે એવાં વાક્યોવડે માતાને બોધ કરીને પોતાને જે અવશ્ય કરવાનું છે તે કહે છે કે,–

भ्रमतां भववर्त्मनि भ्रमान्न हि किंचित्सुखमम्ब लक्षये ।
तदवाप्य चतुर्थमाश्रमं प्रयतिष्ये भवबंधमुक्तये ॥ ५४ ॥

સંસારરૂપી માર્ગમાં જેમ દિશાનો ભ્રમ થયો હોય તેમ અજ્ઞાનથી ભ્રમણ કરનારા પુરુષોને કાંઇ પણ સુખ હોય એમ મારા જોવામાં આવતું નથી; માટે હે માતા! હું ચતુર્થાશ્રમ (સંન્યાસ) ધારણ કરીને સંસારરૂપી બંધનમાંથી મુક્ત થવાનો પ્રબલ યત્ન કરીશ." ૫૪.

એ પ્રમાણે **શ્રીશંકર**નું વચન કહી બતાવ્યા પછી તેના વચનથી બમણા શોકવાળી થયેલી માતાનું વચન કહી બતાવતાં કવિ કહે છે કે,–

इति कर्णकठोरभाषणश्रवणाद्बाष्पपिनद्धकण्ठया ।
द्विगुणीकृतशोकया तया जगदे गद्गदवाक्यया मुनिः ॥ ५५ ॥

એ પ્રકારે **શ્રીશંકર**નું કાનને કઠોર લાગે એવું ભાષણ સાંભળવાથી જેનો શોક બમણો થયો છે અને જેનો કંઠ આંસુ થકી રુંધાઈ ગયો છે તથા તેથી જેની વાણી ગદ્‌ગદ સ્વરયુક્ત થઈ છે, એવી તે માતાએ **શ્રીશંકર**ને કહ્યું કે,—૫૫.

त्यज बुद्धिमिमां शृणुष्व मे गृहमेधी भव पुत्रमाप्नुहि ।
यज च क्रतुभिस्ततो यतिर्भविताऽस्यङ्ग सतामयं क्रमः ॥ ५६ ॥

'હમણા જ સંન્યાસ આશ્રમ ધારણ કરીને હું સંસારરૂપી બંધનમાંથી મુક્ત થવાનો પ્રબલ યત્ન કરીશ' એવી બુદ્ધિને તું છોડી દે અને મારૂં વચન સાંભળ: તું ગૃહસ્થાશ્રમી થા, પુત્ર પામ, અને યજ્ઞ કરીને દેવતાઓનું પૂજન કર. હે પુત્ર! તે પછી તું સંન્યાસી થઈશ–થઇ શકીશ. કેમકે સત્પુરુષોનો એવો ક્રમ છે–એ ક્રમ [1]શાસ્ત્રમાં કહેલો છે. ૫૬.

कथमेकतनूभवा त्वया रहिता जीवितुमुत्सहेऽबला ।
तनयैव शुचौर्ध्वदैहिकं प्रमृतायां मयि कः करिष्यति ॥ ५७ ॥

વળી હે પુત્ર! તું એકનો એક પુત્ર જેને છે એવી હું અબલા તારા વિના શોકે કરીને જીવવાનો ઉત્સાહ કેમ રાખી શકું. અને જો હું જીવી શકીશ નહિ તો મારા મરી ગયા પછી મારી ઉત્તરક્રિયા કોણ કરશે? ૫૭.

त्वमशेषविदप्यपास्य मां जरठां वत्स कथं गमिष्यसि ।
द्रवते हृदयं कथं न ते न कथंकारमुपैति वा दयाम् ॥ ५८ ॥

---

૧ મનુસ્મૃતિના ૬।૩૫ માં શ્લોકમાં કહ્યું છે કે, "**ऋणानि त्रीण्यपाकृत्य मनो मोक्षे निवेशयेत् ।**" -દેવઋણ, પિતૃઋણ અને મનુષ્યઋણ, એ ત્રણ ઋણ આપ્યા પછી મોક્ષમાં મન ઘાલવું. વળી એ જ સ્મૃતિકાર આગળ આ પ્રમાણે કહે છે:-"**अधीत्य विधिवद्वेदान्पुत्रानुत्पाद्य धर्मतः । इष्ट्वा च शक्तितो यज्ञैर्मनो मोक्षे निवेशयेत् ।**"-વેદનો અભ્યાસ વિધિપ્રમાણે કરીને તથા ધર્મશાસ્ત્રપ્રમાણે પુત્ર ઉત્પન્ન કરીને, શક્તિપ્રમાણે યજ્ઞયાગાદિ કરીને મનને મોક્ષમાં લગાડવું.

હે પુત્ર! તું સર્વજ્ઞ છતાં પણ મને ધરડીને દૂર કરીને કેમ જઈશ? અર્થાત્ કોઈ મૂઢ હોય તેતો વખતે પોતાની માતાને તજે, તો ભલે તજે, પણ તુંતો સર્વજ્ઞ છે માટે મને વૃદ્ધને તજવાને અત્યંત અયોગ્ય છે, તારૂં હૃદય કેમ પીગળતું નથી અને તને દયા કેમ ઉપજતી નથી! અર્થાત્ તત્ત્વજ્ઞાનીઓનાં હૃદય દયાળુ હોય છે એમ સાંભળ્યું છે ત્યારે તું પણ તત્ત્વજ્ઞાની છે માટે મારો ત્યાગ કરીને જતાં તારા હૃદયમાં દયા ઉપજવી જોઈએ.' ૫૮.

[१]एवं व्यथां तां बहुधाऽऽश्रयन्तीमपास्तमोहैर्बहुभिर्वचोभिः ।
अंबामशोकां व्यदधाद्विधिज्ञः शुद्धाष्टमेऽचिंतयदेतदन्तः ॥ ५९ ॥

એ રીતે બહુ પ્રકારે દુઃખ પામતી પોતાની માતાને શોકનું નિવારણ કરવાના પ્રકારને જાણનારા **શ્રીશંકરે** અવિવેકરૂપ મોહને દૂર કરનારાં અનેક પ્રકારનાં વચનોવડે શોકરહિત કરી. પછી શુદ્ધ એવા આઠમા વર્ષમાં આ પ્રમાણે વિચાર મનમાં કર્યો. (આઠમા વર્ષનો કાલ કલિમલશૂન્ય હોય છે.) ૫૯.

[२]मम न मानसमिच्छति संसृतिं न च पुनर्जननी विजिहासति ।
न च गुरुर्जननी तदुदीक्षते तदनुशासनमीषदपेक्षितम् ॥ ६० ॥

શ્રીશંકરે એવો વિચાર કર્યો કે મારૂં મન જન્મ-મરણરૂપ સંસારના સાધનને-પ્રવૃત્તિમાર્ગને ઇચ્છતું નથી; અને માતા પણ મારો ત્યાગ કરવાને ઇચ્છતી નથી; કેમકે મારા મનને અથવા જન્મ-મરણરૂપ સંસારને મારી માતા જોતી નથી. જો હું એ માતાને બલાત્કારે બોધ કરૂં તો તે પણ યોગ્ય નથી કેમકે તે ગુરુજન છે, અને તે ગુરુજન છે માટે તેની આજ્ઞા લગાર લેવી જોઇએ છીએ. ૬૦.

એ રીતે શંકરના મનનો વિચાર કહીને હવે માતાની પાસેથી આજ્ઞા લેવાને તેણે કરેલા ચરિત્રનું વર્ણન કરે છે કે,-

इति विचिन्त्य स जातु मिमङ्क्षया बहुजलां सरितं समुपाऽऽययौ ।
जलमगाहत तत्र समग्रहीज्जलचरश्चरणे जलमीयुषः ॥ ६१ ॥

એ પ્રકારે વિચાર કરીને તે કોઈ વખત સ્નાન કરવાની ઇચ્છાથી [૩]ઘણા જળવાળી નદી ઉપર ગયા તથા જલમાં પ્રવેશ કર્યો. તે જલમાં પેઠા એટલે એક જલચરે (મગરે) તેમનો પગ પકડ્યો. ૬૧.

स च रुरोद जले जलचारिणा धृतपदोह्रियतेऽम्ब करोमि किम् ।
चलितुमेकपदं न च पारये बलवता विवृतोरुमुखेन ह ॥ ६२ ॥

પગ પકડ્યો એટલે શંકરે માતાને (બૂમ પાડી બોલાવીને) કહ્યું કે, 'પાણીમાં મગરે મારો પગ પકડ્યો છે અને તે મને ખેંચી જાય છે ! હે માતા, હું શું કરૂં ? એક પગલું પણ ખસવાને હું શક્તિમાન નથી; કેમકે તે મગર બલવાન્ છે તથા તેણે પોતાનું મોટું મોઢું ફાડેલું [૪]છે. ! ૬૨.

---

૧ ઉપજાતિ. ૨ દ્રુતવિલંબિત વૃત્ત. ૩. જે નદી તેમના બારણા આગળ હતી તે જ નદી. એમાં ઘણું પાણી હતું માટે ઘણા જલવાળી કહેલી છે. ૪. આ શ્લોકમાં ગ્રંથકારની વ્યંજના એ છે કે જાણે શંકર પોતાની માતાને દૃષ્ટાંત આપી સમજાવતા હોય કે તું મને સંન્યાસ ધારણ નહિ કરવા દે તો સંસારરૂપી નદીમાં આ રીતે મને કામાદિ મગર ખેંચી જશે. માટે તે સમજીને મને આજ્ઞા આપ.

गृहगता जननी तदुपाश्रृणोत्परवशा द्रुतमाप सरित्तटम् ।
मम मृतेः प्रथमं शरणं धवस्तदनु मे शरणं तनयोऽभवत् ॥ ६३ ॥
स च मरिष्यति नक्रवशं गतः शिव न मेऽजनि हंत पुरा मृतिः ।
इति शुशोच जनन्यपि तीरगा जलगतात्मजवक्त्रगतेक्षणा ॥ ६४ ॥

પોતાના પુત્રનું રડવું ઘરમાં રહેલી માતાએ સાંભળ્યું, તથા તે સાંભળતામાં તે અત્યંત ગાંડા જેવી બની ગઈ અને તરત જ નદીના કાંઠા ઉપર ગઇ. ત્યાં જઇને પાણીમાં રહેલા પોતાના પુત્રના મુખ ઉપર જેનાં નેત્ર લાગેલાં છે-પોતાના પુત્રના મુખને જોતી એવી તે માતા શોક કરવા લાગી કે, જ્યાંસુધી મારા સ્વામી મરી ગયા નહોતા ત્યાંસુધી તો મારૂં શરણ-આશ્રય આપનાર તે મારા સ્વામી હતા; અને તેમના મરણ પામ્યા પછી આ મારો પુત્ર મારૂં શરણ થયો હતો. પણ હવે મગરના વશમાં પડ્યો છે તેથી તે પણ મરશે!! હર! હર! હે શિવ! આ બહુ કષ્ટકારક છે કે મારા પુત્રનું મરણ થતાં પહેલાં મારૂં મરણ થયું નહિ. અર્થાત્ શિવનું ઉપાસન કરનારીને-મને આવા અશુભની પ્રાપ્તિ થવી અત્યંત અનુચિત છે! ૬૪.

त्यजति नूनमयं चरणं चलो जलचरोऽम्ब तवानुमतेन मे ।
सकलसंन्यसने परिकल्पिते यदि तवानुमतिः परि कल्पये ॥ ६५ ॥

એ પ્રમાણે અત્યંત શોકયુક્ત. માતાને જોઈને તે કહે છે કે 'હે માતા! જો હું તારા અનુમતથી (આ જ સમયથી) સર્વ પદાર્થના સંન્યાસનો સંકલ્પ કરૂં તો આ મગર મારો પગ છોડી દે, એમ મને નિશ્ચય છે, માટે જો તારી અનુમતિ હોય તો અત્યારથી સંન્યાસ લેવાનો સંકલ્પ કરૂં.' ૬૫.

इति शिशौ चकिता वदति स्फुटं व्यधित सानुमतिं द्रुतमम्बिका ।
सति सुते भविता मम दर्शनं मृतवतस्तदु नेति विनिश्चयः ॥ ६६ ॥

એ પ્રમાણે પોતાના પુત્રને સ્પષ્ટ બોલતો સાંભળીને તરત જ તે માતાએ પણ સંન્યાસ ગ્રહણ કરવાને પોતાની સ્પષ્ટ અનુમતિ આપી. તત્કાલ અનુમતિ આપવામાં તેણે એમ વિચાર કર્યો કે જો આ મારો પુત્ર જીવતો હશે તો મને કોઈ વખત પણ તેનું દર્શન ફરીને થશે, પરંતુ મૃત્યુ પામશે તો દર્શન પણ થવાનું નથી, એ નક્કી છે. ૬૬.

तदनु संन्यसनं मनसा व्यधादथ मुमोच शिशुं खलनक्रकः ।
शिशुरुपेत्य सरित्तटमत्रसन्प्रसुवमेतदुवाच शुचाऽऽवृताम् ॥ ६७ ॥

એ પ્રમાણે માતાની અનુમતિ મળ્યા પછી **શ્રીશંકરે** પોતાના મનવડે સંન્યાસ ગ્રહણ કર્યું; અને સંન્યાસ ગ્રહણ કર્યું એટલે તે દુષ્ટ જલચર પ્રાણીએ (મગરે) તે બાલકને છોડી [1]દીધો. પછી ત્રાસ ન પામતાં તે બાલકે નદીના કાઠાં ઉપર આવીને શોકથી ગ્રસ્ત થયેલી પોતાની માતાને આ પ્રમાણે કહ્યું: ૬૭.

[2]मातर्विधेयमनुशाधि यदत्र कार्यं संन्यासिना तदु करोमि न संदिहेऽहम् ।
वस्त्राशने तव यथेष्टममी प्रदेयुर्गृह्णन्ति ये धनमिदं मम पैतृकं यत् ॥ ६८ ॥

---

૧ તાત્પર્ય એ છે કે સંસારરૂપી નદીમાં અજ્ઞાનરૂપ મગરે કરડેલા પુરૂષને સંન્યાસવિના મોક્ષ મળતો નથી. ૨ વસંતતિલકા વૃત્ત.

'હે માતા ! હવે મારે જે કરવા યોગ્ય વિધિ હોય તેની તું મને આજ્ઞા કર; કેમકે આ સંન્યાસાશ્રમમાં જે કરવું જોઇએ તે હું નિશ્ચય કરીશ; એ વાતમાં હું સંશયયુક્ત થતો નથી. તું કહેશે કે 'તું સંન્યાસી થઈશ એટલે પછી મને વસ્ત્ર અને ભોજન કોણ આપશે?' તો,—મારા પિતાનું આ ધન છે તેને જે પુરુષો (વારસ થઇને) લેશે તેઓ તને તારી ઇચ્છાપ્રમાણે ભોજન અને વસ્ત્ર આપશે. અર્થાત્ હું સંન્યાસી થઇશ તેથી તને અન્નવસ્ત્રનો તોટો પડનાર નથી. ૬૮.

તું કહેશે કે 'મંદવાડ સમયે મારી ચાકરી કોણ કરશે તથા હું મરી જઈશ તો મને અગ્નિસંસ્કાર કોણ કરશે ?' તો—

देहेऽम्ब रोगवशगे च सनाभयोऽमी द्रक्ष्यन्ति शक्तिमनुसृत्य मृतिप्रसङ्गे ।
अर्थग्रहाज्जनभवाच्च यथाविधानं कुर्युश्च संस्कृतिममी न बिभेयमीषत् ॥ ६९ ॥

'હે માતા ! તારો દેહ રોગના સ્વાધીનમાં પડશે અથવા મરણનો પ્રસંગ આવશે તો આ તારા સપિંડ પુરુષો પોતાની શક્તિ પ્રમાણે તારી ખબર લેશે; તેમ જ મારા પિતાનું ધન તેઓને મળશે તેથી તથા લોકાપવાદના ભયથી પણ વિધિપૂર્વક તને દાહાદિ સંસ્કાર પણ તે કરશે માટે તારે લગાર પણ ભય રાખવો નહિ.' ૬૯.

પોતાના પુત્રે કહ્યું કે 'આ સપિંડ પુરુષો તને દાહાદિ સંસ્કાર કરશે' તે વચન સહન ન થવાથી માતા બોલી કે,—

यज्जीवितं जलचरस्य मुखात्तदिष्टं संन्याससंगरवशान्मम देहपाते ।
संस्कारमेत्य विधिवत्कुरु शंकर त्वं नो चेत्प्रसूय मम किं फलमीरय त्वम् ॥ ७० ॥

'તેં સંન્યાસ ધારણ કરવાનો અંગીકાર કર્યો તેથી જલચરના મુખમાંથી જે તારૂં જીવિત ઉગર્યું તે તો મને બહુ પ્રીતિકર છે; પરંતુ હે **શંકર** ! જ્યારે મારો દેહ પડે ત્યારે તું ગમે ત્યાં હોય ત્યાંથી આવીને વિધિપૂર્વક મને દાહાદિ સંસ્કાર કરજે. તું કહેશે કે 'હું સંન્યાસી થયો એટલે પછી મને દાહાદિ સંસ્કાર કરવાનો અધિકાર ન છતાં એમ કેમ કહે છે?' તો,—તું **શંકર** એટલે પરમેશ્વર છે માટે તને કાંઈ દોષાવહ નથી. વારૂ, તું કહેશે કે 'એમ છતાં પણ એ લોકવિરુદ્ધ છે માટે એ શું કરવા કરવું?' તો,—મરણ પછી અગ્નિસંસ્કાર પણ મને તારે હાથે ન થાય તો પછી તને ઉત્પન્ન કરીને મેં શું ફલ મેળવ્યું તે તું જ કહે !!' ૭૦.

એ પ્રમાણે પોતાનો દાહસંસ્કાર **શંકર**ને હાથે થાય એવા આગ્રહવાળી પોતાની માતાને અતિશય દુ:ખયુક્ત જોઈને **શ્રી**શંકર બોલ્યા કે,—

अह्न्यम्ब रात्रिसमये समयांतरे वा संचिंतय स्ववशगावशगाऽथ वा माम् ।
एष्यामि तत्र समयं सकलं विहाय विश्वासमाप्नुहि मृतावपि संस्करिष्ये ॥ ७१ ॥

'હે માત'! દિવસે, રાત્રીને સમયે અથવા બીજે ગમે તે સમયે તું પોતાના વશમાં હોય—સ્વસ્થ હોય કે રોગાદિકને આધીન હોય તથાપિ, મારૂં ચિંતવન કરજે. તું જે સમયે મારૂં ચિંતવન કરીશ તે સમયે સઘળા આચારને પડ્યા મુકીને હું તારી પાસે આવીશ. આ મારાં વચન ઉપર વિશ્વાસ રાખજે. તું મરી જઇશિ ત્યાર પછી તને અગ્નિસંસ્કાર પણ હું કરીશ. ૭૧.

વળી, સંન્યાસીએ જે કરવું અયોગ્ય છે તે પણ મેં અંગીકાર કર્યું છે તો તારે પણ મારી એક પ્રાર્થના અવશ્ય અંગીકાર કરવી જોઈએ એવા હેતુથી **શ્રી**શંકર કહે છે કે,—

કરવાને નીકળવાની ઇચ્છાવાળા દોષરહિત અને મનુષ્યનું હિત કરવારૂપ મુખ્ય રસ જેને પ્રાપ્ત થયો છે એવા **શ્રી**શંકરપ્રત્યે બોલ્યા કે,—૭૭.

आनेष्ट दूरगनदीं कृपया भवान्यां सा माऽतिमात्रमनिशं बहुलोर्मिहस्तैः ।
क्लिश्नाति ताडनपरा वद कोऽभ्युपायो वस्तुं क्षमे न नितरां द्विजपुत्र यासि ॥७८॥

'હે દ્વિજપુત્ર! જે દૂર વહેનારી નદીને કૃપાવડે તમે પાસે આણી છે તે મને નિરંતર પોતાના અનંત તરંગરૂપી હાથથી તાડન કરીને અત્યંત ક્લેશ પમાડે છે. હે દ્વિજપુત્ર! એને કોઈ ઉપાય હોય તો કહે; કેમકે તું હવે અહિંથી જવાને તૈયાર થયો છે અને હું ઉપર કહેલા દુઃખથી અહિં રહેવાને લગાર પણ સમર્થ થતો નથી.' ૭૮.

आकर्ण्य वाचमिति तामतनुं गुरुर्नः प्रोद्धृत्य कृष्णमचलं शनकैर्भुजाभ्याम् ।
प्रातिष्ठिपन्निकट एव न यत्र बाधा नद्येत्युदीर्य सुखमास्स्व चिराय चेति ॥ ७९ ॥

એ પ્રકારની અશરીરી વાણી સાંભળીને અમારા ગુરુએ (**શ્રી**શંકરે) ચલાયમાન ન થઈ શકે એવા છતાં પણ તે કૃષ્ણને પોતાના બન્ને હાથવડે ઉપાડીને પાસે જ—જ્યાં નદીથી બાધા (પીડા—નડાવ) ન થઈ શકે ત્યાં ધીમેથી સ્થાપન કર્યા અને કહ્યું કે 'આ જગોએ તમે ઘણા કાલ લગી સુખે કરીને બેસો.' ૭૯.

तस्मात्स्वमातुरपि भक्तिवशादनुज्ञामादाय संसृतिमहाब्धिविरक्तिमान्सः ।
गंतुं मनो व्यधित संन्यसनाय दूरं किं नौस्थितः पतितुमिच्छति वारिराशौ ॥ ८० ॥

પછી **શ્રી**કૃષ્ણની અને ભક્તિને લીધે પોતાની માતાની આજ્ઞા લેઈને **શ્રી**શંકરે સંસારરૂપી મોટા સમુદ્ર થકી વિરાગ પામીને સંન્યાસ ગ્રહણ કરવાને માટે ત્યાંથી દૂર જવાનું મન કર્યું. નાવમાં બેઠેલો મનુષ્ય સમુદ્રમાં પડવાને ઇચ્છે છે શું? નથી જ ઇચ્છતો. તે જ પ્રમાણે વૈરાગ્યાદિ લક્ષણ નૌકામાં બેઠેલા **શં**કર સંસારરૂપી સમુદ્રમાં પડવાને ન જ ઇચ્છે. ૮૦.

इत्थं सुधीः स निरवग्रहमातृलक्ष्मीशानुग्रहो घटजबोधितभाविवेदी ।
एकांततो विगतभोग्यपदार्थतृष्णः कृष्णे प्रतीचि निरतो निरगान्निशांतात् ॥ ८१ ॥

એ પ્રમાણે પોતાની માતાનો અને લક્ષ્મીપતિ [1]**શ્રી**કૃષ્ણનો અવધિવિનાનો અનુગ્રહ જેના ઉપર થયેલો છે અર્થાત્ જેમણે પ્રસન્ન થઈને સંન્યસ્ત ધારણ કરવાની તેને આજ્ઞા આપેલી છે તથા **અગસ્ત્યે** કહેલા ભાવિ(અલ્પ આયુષ્ય)ને જે જાણે છે તેમ જ જેની ભોગ્યપદાર્થની તૃષ્ણા અત્યંત નાશ પામેલી છે. એવા ઉત્તમ બુદ્ધિવાળા **શ્રી**શંકર **શ્રી**કૃષ્ણરૂપ પ્રત્યક્ અભિન્ન બ્રહ્મમાં પ્રીતિવાળા હોઈને ઘર થકી નીકળ્યા. ૮૧.

[2]**यस्य त्रिनेत्रापरविग्रहस्य कामेन नास्थीयत दृक्पथेऽपि ।**
तन्मूलकः संसृतिपाशबंधः कथं प्रसज्येत महानुभावे ॥ ८२ ॥

જેના **અગ્નિ**, **સોમ** અને **સૂર્ય**રૂપી ત્રણ નેત્ર છે એવા **મહાદેવ**નું જ જે બીજું શરીર રૂપ

---

૧. કૃષ્ણ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. "**कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः । तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ॥**"—**कृषि** શબ્દ પૃથ્વીવાચક છે અને **ण** શબ્દ નિર્વૃતિવાચક છે; એ બેનું જે ઐક્ય-ભેગાપણું તે જ પરબ્રહ્મ કૃષ્ણ કહેવાય છે. ૨. ઉપજાતિ.

છે એવા શંકરના નેત્રમાર્ગમાં પણ કામથી રહી શકાતું નથી; એ કામમાંથી[1] સંસારરૂપી પાશનું બંધન ઉત્પન્ન થયેલું છે તો એ સંસારપાશનું બંધન મોટા પ્રભાવવાળા શ્રીશંકરનેવિષે કેમ વળગે ? અર્થાત્ ન જ વળગે. ૮૨.

કોઈ કહેશે કે નિત્યમુક્ત એવા શિવને સંન્યાસ લેવાથી શું અધિક હતું તો તેનું કારણ બતાવતાં માધવાચાર્ય કહે છે કેઃ—

[2]स्मरेण किल मोहितौ विधिविधू च जातूत्पथौ
तथाऽहमपि मोहिनीकचकुचादिवीक्षापरः ।
अगामहह मोहिनीमिति विमृश्य सोऽजागरी-
द्यतीशवपुषा शिवः स्मरकृतार्तिवार्तोज्झितः ॥ ८३ ॥

બ્રહ્મદેવને કામે મોહિત કર્યા તેથી તે પોતાની પુત્રીની પછવાડે દોડ્યા અને ચંદ્રને કામે મોહિત કર્યો તેથી તેણે બૃહસ્પતિની પત્ની તારાનું ગ્રહણ કર્યું એ પ્રમાણે કામે મોહિત કરેલા તે બન્ને અવળે માર્ગે ચઢી ગયા હતા. તે જ પ્રમાણે હું શિવ પણ મોહિનીના કેશ અને સ્તનને જોવાથી તેને વિશે પ્રીતિવાળો થઈને તે મોહિનીની પછવાડે ગયો હતો, એ મોટું આશ્ચર્ય છે!! એ પ્રમાણે વિચાર કરીને શ્રીયતિવર્ય શંકરના દેહે કરીને શિવ કામે કરેલી પીડા સંબંધી વાર્તાનો પણ ત્યાગ કરીને અતિશય જાગ્રત્ રહે છે. અર્થાત્ એવા જ કાર્યને માટે જેમાં કામની વાર્તા પણ ન આવે એવા સંન્યસ્તાશ્રમને શંકરે અંગીકાર કર્યો છે. ૮૩.

[3]निष्पत्राऽकुरुतासुरानपि सुरान्मारः सपत्राऽकरो-
दप्यन्यानिह निष्कुलाऽकृततरां गंधर्वविद्याधरान् ।
यो धानुष्कवरो नराननलसात्कृत्वोदलासीदलं
यस्तस्मिन्नशुशूरतैष मुनिभिर्वर्ण्यः कथं शंकरः ॥ ८४ ॥

જે કામે અસુરોને પોતાના બાણવડે પારોપાર વીંધી નાખીને પોતાના બાણને પીછાં રહિત કર્યાં છે; તથા જે કામે દેવતાઓને પણ પોતાના બાણવડે વીંધીને તેમને પીછાંવાળા (પીછાંવાળા બાણસહિત) કર્યા છે; તેમ જ જેણે ગંધર્વ, વિદ્યાધર, આદિક બીજાઓના પણ અંતર અવયવોના કુલનો છેક જ નાશ કરી નાખેલો છે-તેમને અંતરમાં હણ્યા છે. એવો જે ઉત્તમ ધનુષ્યધારી કામ જે મનુષ્યોને તો બાળી અગ્નિસ્વરૂપ કરી નાખીને પોતે પ્રકાશમાન થાય છે, તેના પ્રત્યે જેણે શુરપણું પ્રાપ્ત કર્યું છે એવા શ્રીશંકરનું મુનિઓ કેમ કરીને વર્ણન કરી શકે!!! અર્થાત્ કામને જીતનારા શ્રીશંકરનું વર્ણન મુનિઓથી પણ બને તેમ નથી. ૮૪.

शांतिश्चावशयन्मनो गतिमुखा दांतिर्न्यरुन्द्ध क्रिया
आधात्ता विषयांतरादुपरतिः क्षांतिर्मृदुत्वं व्यधात् ।
ध्यानैकोत्सुकतां समाधिविततिश्चक्रे तथाऽऽस्त प्रिया
श्रद्धा हंत वसुप्रथाऽस्य तु कुतो वैराग्यतो वेद्मि नो ॥ ८५ ॥

---

૧. કામરૂપી વૈરીનું વર્ણન ગીતાના ૩જા અધ્યાના ૩૯માં શ્લોકમાં નીચેપ્રમાણે કહ્યું છેઃ—"आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा । कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च ॥" —હે કુંતીના પુત્ર ! કોઈ દિવસ પૂર્ણ નહિ થનારા તથા શોક—સંતાપનું કારણ હોવાથી અગ્નિતુલ્ય કામરૂપી આ જ્ઞાનીના નિરંતર વૈરીએ, જ્ઞાનને ઢાંકી દિધું છે. ૨. પૃથ્વી છંદ. ૩. શાર્દૂલવિક્રીડિત છંદ.

શ્રવણવિના સમગ્ર બુદ્ધિના વ્યાપાર જે પોતા(સંન્યાસી)ના અધિકારને ઉપયોગી નથી, તેમને વિષે અફલપણાની જ્ઞાનપૂર્વક ચિત્તના નિરોધને શાંતિ કહે છે. એ શાંતિએ **શ્રી**શંકરના મનને વશ કર્યું હતું. તેમ જ પોતાના અધિકારને અનુપયોગી એવા સમગ્ર બાહ્ય વ્યાપર થકી બહારની ઇંદ્રિયોના નિરોધને દાંતિ કહે છે. એ દાંતિએ ગમનાદિક[1] ક્રિયાઓનો રોધ કર્યો છે. અર્થાત્ વાક્, પાણિ, પાદ, વાયુ, ઉપસ્થ, શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, રસના અને ઘ્રાણ ઇંદ્રિયોના વ્યાપારનો રોધ કરે છે. સત્ત્વની શુદ્ધિ થતાં નિત્યકર્મનો પણ વિધિપુરઃસર ત્યાગ થાય છે તેને ઉપરતિ કહે છે. એ ઉપરતિએ શ્રવણવિના બીજા વિષયોનું સાધારણ સ્તંભન કર્યું છે. શીત, ઉષ્ણ, આદિક દ્વંદ્વને સહન કરવાની શક્તિને ક્ષાંતિ કહે છે. એ ક્ષાંતિએ **શ્રી**શંકરને વિષે કોમલતા ધારણ કરી છે. શ્રવણાદિકનાં વિરોધી નિદ્રાદિકનો નિરોધ કરીને ચિત્તની સ્થિતિ કરવી તેને સમાધિ કહે છે. એ સમાધિના વિસ્તારે **શ્રી**શંકરની ધ્યાનને વિષે મુખ્ય ઉત્સુકતા સંપાદન કરી છે. વેદમાં જે "વસુ" દ્રવ્ય એવા નામથી પ્રખ્યાત છે તે ગુરુ અને વેદવાક્યમાં વિશ્વાસરૂપ શ્રદ્ધા પ્રિય થઈ છે. એ સર્વ **શ્રી**શંકરને પર વૈરાગ્યથી કે અપર વૈરાગ્યથી કયા વૈરાગ્યથી પ્રાપ્ત થયું તે હું જાણતો નથી. ૮૫.

[2]विजनतावनितापरितोषितो विधिवितीर्णकृतात्मतनुस्थितिः ।
परिहरन् ममतां गृहगोचरां हृदयगेन शिवेन समं ययौ ॥ ८६ ॥

હવે **શ્રી**શંકરનું ગમન વર્ણવતાં કહે છે કે,—એકાંત વાસરૂપી વનિતાથી સંતોષ પામેલા અને દૈવે આપેલા ભોગવડે જેણે પોતાના દેહની સ્થિતિ કરેલી છે. એવા **શંકર** ઘર વિષે મમતા તજીને હૃદયમાં રહેલા **શિવ**ની સાથે ચાલતા થયા—પરમાત્માનું હૃદયમાં ધ્યાન કરતા કરતા ચાલ્યા. ૮૬.

[3]गच्छऽन्वनानि सरितो नगराणि शैलान्ग्रामाञ्जनानपि पशून्पथि सोऽप्यपश्यन् ।
नन्वैन्द्रजालिक इवाद्भुतमिन्द्रजालं ब्रह्मैवमेव परिदर्शयतीति मेने ॥ ८७ ॥

તે **શંકરાચાર્યે** માર્ગે જતાં જતાં વન, નદિયો, નગરો, પર્વતો, ગામો, લોકો, અને પશુઓને જોતા હવા તથા પોતાના મનમાં એમ માનતા હવા કે જેમ કોઈ ઇંદ્રજાલ વિદ્યા જાણનારો પુરુષ અદ્ભુત ઇંદ્રજાલ દેખાડે તેમ માયાથી વ્યાપ્ત થયેલું બ્રહ્મ આ વન આદિકરૂપ અદ્ભુત ઇંદ્રજાલ દેખાડે છે. ૮૭.

[4]वादिभिर्निजनिजाध्वकर्शितां वर्तयन्पथि जरद्गवीं निजे ।
दण्डमेकमवहज्जगद्गुरुर्दण्डिताखिलकदध्वमण्डलः ॥ ८८ ॥

જેણે સઘળા કુત્સિત માર્ગે ચાલનારા મનુષ્યોના સમગ્ર મંડલનો દંડ કર્યો છે—શિક્ષા કરી છે એવા જગત્ના ગુરુ **શ્રી**શંકરાચાર્યે એક દંડ ધારણ કર્યો હતો. (દંડ ધારણ કરવાના હેતુ વિષે કહે છે કે,—) વાદીઓએ પોતપોતાના માર્ગમાં ખેંચીને કૃશ કરી નાખેલી અને તેથી શિથિલ અવયવવાળી થઈ ગયેલી **શ્રુ**તિરૂપી વૃદ્ધ ગાયને પોતાના અદ્વૈત લક્ષણ માર્ગમાં પ્રવર્તાવવાના હેતુથી તેમણે એ દંડ ધારણ કર્યો હતો. ૮૮.

---

૧. ગમન, આદાન (લેવું), વદન (બોલવું), વિસર્ગ (મુકવું), આનંદ, સ્પર્શન, દર્શન, આસ્વાદન (ચાખવું), ઘ્રાણ (સૂંઘવું), એ ગમનાદિક ક્રિયાઓ છે. ૨. દ્રુતવિલંબિત. ૩. વસંતતિલકા. ૪. રથોદ્ધતા.

[1]सारङ्गा इव विश्वकद्रुभिरहं कुर्वद्भिरुच्छृङ्खलै-
र्जल्पाकैः परमर्मभेदनकलाकण्डूलजिह्वाञ्चलैः ।
पाखण्डैरिह कांदिशीकमनसः कं नाऽऽप्नुयुर्वैदिकाः
क्लेशं दण्डधरो यदि स न मुनिस्त्राता जगद्देशिकः ॥ ८९ ॥

જેમ ઘુરકતા, સાંકળવિનાના, શબ્દ કરતા (ભસતા) અને બીજાનાં મર્મ તોડવાની કલામાં ચળવળાટવાળો જેમની જીભનો છેડો છે એવા, શિકારી કુતરાઓવડે હરિણો ક્લેશ પામે છે તેમ, જો જગતને ઉપદેશ કરનારા દંડધારી **શ્રી**શંકરાચાર્ય મુનિ રક્ષણ કરનારા ન હોત તો તેવા જ એટલે અહંકાર કરતા, ધર્મરૂપ સાંકળવિનાના (ઉચ્છૃંખલ) વાચાલ, અને બીજાનાં મર્મ ભેદન કરવાની કલામાં ચળવળાટવાળો જેમની જીભનો છેડો છે એવા, પાખંડીઓવડે ભયથી ત્રાસ પામેલાં જેમનાં મન છે એવા વેદમાર્ગિઓ ક્યા ક્યા કલેશને નહિ પામે ? અર્થાત્ સઘળા પ્રકારના કલેશને પામશે. ૮૯.

[2]दण्डान्वितेन धृतरागनवांबरेण गोविंदनाथवनमिंदुभवातटस्थम् ।
तेन प्रविष्टमजनिष्ट दिनावसाने चण्डत्विषा च शिखरं चरमाचलस्य ॥ ९० ॥

પછી **શ્રી**શંકરે ગોવિંદનાથના વનમાં પ્રવેશ કર્યો તે વિશે કવિ કહે છે કે,—દંડસહિત અને રંગવાળું નવું વસ્ત્ર જેણે ધારણ કર્યું છે એવા અથવા પ્રીતિવાળા તથા નવા વસ્ત્રવાળા **શ્રી**શંકરાચાર્યે દિવસ આથમતાં **ન**ર્મદાના તટ ઉપર ગોવિંદનાથ નામે યોગીશ્વરનું વન હતું તેમાં પ્રવેશ કર્યો તથા તે જ સમયે **સૂ**ર્યનારાયણે પણ **અ**સ્તાચલના શિખર ઉપર પ્રવેશ કર્યો. અર્થાત્ સૂર્ય પણ આથમ્યો. ૯૦.

तीरद्रुमागतमरुद्विगतश्रमः सन्गोविंदनाथवनमध्यतलं लुलोके ।
शंसंति यत्र तरवो वसतिं मुनीनां शाखाभिरुज्ज्वलमृगाजिनवल्कलाभिः ॥ ९१ ॥

પછી **ન**ર્મદાના કાંઠા ઉપરનાં વૃક્ષથકી આવેલા પવનવડે શ્રમરહિત થઇને **શ્રી**શંકરાચાર્યે જ્યાં વૃક્ષની ડાળીઓ ઉપર ઉજ્જ્વલ મૃગચર્મ અને વલ્કલ સુકવેલાં હતાં તે ઉપરથી તે વૃક્ષો "અહિં મુનિઓનું નિવાસસ્થાન છે" એમ કહી આપતાં હતાં, એવા, ગોવિંદનાથના વનના મધ્યભાગને જોયો. ૯૧.

आदेशमेकमनुयोक्तुमयं व्यवस्यन्प्रादेशमात्रविवरप्रतिहारभाजम् ।
तत्र स्थितेन कथितां यमिनां गणेन गोविंददैशिकगुहां कुतुकी ददर्श ॥ ९२ ॥

પછી એક ઉપદેશમાત્ર આપવાનો પ્રશ્ન ગોવિંદનાથને કરવાનો નિશ્ચય કરીને લગાર જેટલું બાકું એ જ જેના દ્વારપાલનું કામ કરે છે એવી ત્યાં રહેલા યોગીપુરુષોના સમુદાયે કહેલી ગોવિંદનાથની ગુફાને કૌતુકયુક્ત એવા **શ્રી**શંકરે જોઈ. ૯૨.

तस्य प्रपन्नपरितोषदुहो गुहायाः स त्रिप्रदक्षिणपरिक्रमणं विधाय ।
द्वारं प्रति प्रणिपतञ्जनतापुरोगं तुष्टाव तुष्टहृदयस्तमपास्तशोकम् ॥ ९३ ॥

પોતાને શરણે આવેલા પુરુષોને સંતોષ આપનારા **શ્રી**ગોવિંદનાથની ગુફાની આસપાસ ત્રણ પ્રદક્ષિણા કરીને અને તેના દ્વાર પ્રત્યે લાંબા થઈ પ્રણામ કરીને હૃદયમાં સંતોષ પામેલા **શ્રી**શં-

૧ શાર્દૂલવિક્રીડિત. ૨ વસંતતિલકા.

કર, જેનું જન્મ-મરણરૂપ સંસારચક્ર નાશ થયેલું છે અથવા જેણે પોતાના શિષ્યોના શોકને દૂર કરેલો છે એવા શ્રીગોવિંદનાથની મનુષ્ય સમુદાયની સમક્ષ સ્તુતિ કરવા લાગ્યા. ૯૩.

पर्यङ्कतां भजति यः पतगेन्द्रकेतोः पादाङ्गदत्वमथवा परमेश्वरस्य ।
तस्यैव मूर्ध्नि धृतसाब्धिमहीध्रभूमेः शेषस्य विग्रहमशेषमहं भजे त्वाम् ॥ ९४ ॥

એવી રીતે કે, જેની ધજાને વિશે ગરુડ છે એવા વિષ્ણુના પલંગરૂપ જે થાય છે. પ્રલયકાલમાં વિષ્ણુ જેના ઉપર શયન કરે છે, અથવા જે મહાદેવના ચરણનું ભૂષણ થાય છે, તેમ જ જેણે સમુદ્ર અને પર્વત સહિત પૃથ્વીને પોતાના માથા ઉપર ધારણ કરી છે એવા શેષનાગના સમગ્ર દેહરૂપ અથવા એવા શેષરૂપ છતાં પણ અશેષવિગ્રહ એટલે નાગના સ્વાભાવિક ગુણ જે ઉગ્રપણું આદિક તેથી રહિત શેષથી વિલક્ષણ અથવા શેષના શરીરરૂપ હોઇને પણ સર્વના આત્મારૂપ હોવાથી અશેષરૂપ એવા તમને હું ભજુંછું. ૯૪.

એ પ્રમાણે ગોવિંદનાથને શેષરૂપે વર્ણિને શેષના અવતારભૂત પતંજલિરૂપે તેમનું સ્તવન કરે છે કે,—

दृष्ट्वा पुरा निजसहस्रमुखीमभैषुरंतेवसन्त इति तामपहाय शांतः ।
एकाननेन भुवि यस्त्ववतीर्य शिष्यानन्वग्रहीन्ननु स एव पतञ्जलिस्त्वम् ॥ ९५ ॥

પોતાની હજાર મુખવાળી મૂર્તિ જોઇને સમીપ વસનારા શિષ્યો ભય પામ્યા છે એ હેતુથી તે ભય ઉત્પન્ન કરનારી મૂર્તિનો ભાગ ફરીને વિષરહિત શાંત થઇને જેણે એક મુખસહિત પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને પૂર્વે શિષ્યોના ઉપર અનુગ્રહ કરેલો છે તેજ પતંજલિ તમે છો એમા સંદેહ નથી. ૯૫.

[2]उरगपतिमुखादधीत्य साक्षात्स्वयमवनेर्विवरं प्रविश्य येन ।
प्रकटितमचलातले सयोगं जगदुपकारपरेण शब्दभाष्यम् ॥ ९६ ॥
[3]तमखिलगुणपूर्णं व्यासपुत्रस्य शिष्याद्धिगतपरमार्थं गौडपादान्महर्षेः ।
अधिजिगमिषुरेष ब्रह्मसंस्थामहं त्वां प्रसृमरमहिमानं प्रापमेकांतभक्त्या ॥ ९७ ॥

જેણે પોતે પૃથ્વીના પોલાણમાં પાતાલમાં પ્રવેશ કરીને સાક્ષાત્ શેષનાગના મુખથકી યોગશાસ્ત્રસહિત વ્યાકરણ ભાષ્યનું અધ્યયન કરીને જગત્ ઉપર ઉપકાર કરવાના હેતુથી તેને પૃથ્વી ઉપર પ્રકટ કર્યું તે સમગ્ર ગુણથી પરિપૂર્ણ—જેણે વ્યાસના પુત્ર શુકાચાર્યના શિષ્ય મહર્ષિ ગૌડપાદ પાસેથી પરમાર્થ (આત્મતત્ત્વ) પ્રાપ્ત કર્યો છે-જેનો મહિમા વિસ્તાર પામવાના ગુણવાળો છે એવા તમને, બ્રહ્મનિષ્ઠા પામવાની ઇચ્છાવાળો આ હું અનન્ય ભક્તિવડે પ્રાપ્ત થયો છું. અર્થાત્ તમે સર્વ ગુણથી પૂર્ણ હોઇને ઉપર કહ્યા તેવા ગુણવાળા છો તેથી તમારી પાસેથી બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ લેવા માટે હું તમારી પાસે આવેલો છું. ૯૬-૯૭.

[3]तस्मिन्निति स्तुवति कस्त्वमिति ब्रुवन्तं दिष्ट्या समाधिपदरुद्धविसृष्टचित्तम् ।
गोविंददेशिकमुवाच तदा वचोभिः प्राचीनपुण्यजनितात्मविबोधचिह्नैः ॥ ९८ ॥

---

૧. પુષ્પિતાગ્રા છંદ, તેનું લક્ષણ આ પ્રમાણે:—ચાર ચરણ હોય છે, ૧લા અને ૩જા ચરણમાં ન ન ર ય ગણ અને બીજા તથા ચોથા ચરણમાં ન જ જ ર ગણ તથા એક ગુરુ અક્ષર હોય છે. ૨. માલિની, લક્ષણઃ—ચાર ચરણ, દરેક ચરણમાં ૧૫ અક્ષર તથા ન ન મ ય ય ગણ હોય છે. ૩. વસંતતિલકા.

એ પ્રમાણે શ્રીશંકરાચાર્ય સ્તુતિ કરતા હતા તે વખતે ગોવિંદનાથનું ચિત્ત સમાધિ સ્થાનમાં રુદ્ધ થયેલું છતાં પણ ભાગ્યવશાત્ તેમાંથી (સમાધિમાંથી) વ્યુત્થાપન કરીને સમાધિમાંથી બહાર લાવીને તે બોલ્યા કે 'તું કોણ છે?' તે સમયે એ પ્રમાણે બોલતા ગોવિંદાચાર્ય પ્રત્યે પૂર્વજન્મના પુણ્યવડે ઉત્પન્ન થયેલા આત્મજ્ઞાનમાં ચિન્હોથકી યુક્ત વચનોવડે શંકરાચાર્ય બોલ્યા કે,—૯૮.

स्वामिन्नहं न पृथिवी न जलं न तेजो न स्पर्शनो न गगनं न च तद्गुणा वा ।
नापींद्रियाण्यपि तु विद्धि ततोऽवशिष्टो यः केवलोऽस्ति परमः स शिवोऽहमस्मि ॥९९॥

"હે સ્વામિન્! [1]હું પૃથ્વી નથી કે પૃથ્વી હું નથી; હું જલ નથી કે જલ હું નથી; હું તેજ નથી કે તેજ તે હું નથી; હું વાયુ નથી કે વાયુ તે હું નથી;[2] હું આકાશ નથી કે આકાશ તે હું નથી. અથવા પૃથ્વી આદિક ભુતોના ગુણો હું નથી કે હું પૃથ્વી આદિકના ગુણો નથી; તેમ [3]હું ઇંદ્રિયો નથી કે ઇંદ્રિયો હું નથી. પરંતુ તે સર્વનો બાધ કરવાથી અવિશિષ્ટ—સર્વ દ્વૈતનો બાધ કરવાથી પણ આબાધિત કેવલ કર્તૃત્વ ભોક્તૃત્વાદિકથી નિર્મુક્ત સર્વોત્તમ ચિદાનંદ હું છું." ૯૯.

आकर्ण्य शंकरमुनेर्वचनं तदित्थमद्वैतदर्शनसमुत्थमुपात्तहर्षः ।
स प्राह शंकर स शंकर एव साक्षाज्जातस्त्वमित्यहमवैमि समाधिदृष्ट्या ॥ १०० ॥

એ પ્રમાણે અદ્વૈતના સાક્ષાત્કારથી ઉત્પન્ન થયેલું શંકર મુનિનું વચન સાંભળીને જેને હર્ષ પ્રાપ્ત થયો છે એવા તે ગોવિંદનાથ બોલ્યા કે 'હે શંકર! સાક્ષાત્ શંકર એ જ તું પ્રકટ થયો છે તે હું સમાધિ દૃષ્ટિથી જાણું છું.' ૧૦૦

तस्योपदर्शितवतश्चरणौ गुहाया द्वारे न्यपूजयदुपेत्य स शंकरार्यः ।
आचार इत्युपदिदेश स तत्र तस्मै गोविंदपादगुरवे स गुरुर्यतीनाम् ॥ १०१ ॥

એ પ્રમાણે શ્રીશંકરને કહીને ગુફાના દ્વારમાંથી પોતાના બન્ને ચરણનું જેણે દર્શન કરાવ્યું છે એવા ગોવિંદનાથ ગુરુની પાસે જઈને શ્રીશંકરાચાર્યે તેમના ચરણનું પૂજન કર્યું અને ગુરુના ચરણનું પૂજન કરવું એવો આચાર છે એમ બીજાઓને ઉપદેશ કર્યો. તથા યતિઓના ગુરુ એવા ગોવિંદનાથે પણ ગોવિંદપાદ જેના ગુરુ છે એવા શ્રીશંકરને તે સ્થલમાં ગુરુએ શિષ્યને ઉપદેશ કરવો એવો આચાર માત્ર કરવાને અર્થે ઉપદેશ કર્યો. અર્થાત્ શંકરને ઉપદેશનું કાંઈ પ્રયોજન નહોતું, પરંતુ ગુરુ પાસે ઉપદેશ લેવો એવો પરંપરાનો આચાર છે માટે ગોવિંદપાદ પાસેથી ઉપદેશ લીધો. ૧૦૧.

---

૧. આત્મા જેવો ઉપનિષત્‌માં પ્રતિપાદન કરેલો છે તેવો છે એમ બતાવવાને શંકર બીજા વાદીઓના મતનો નિરાસ કરે છે કે 'હું પૃથ્વી નથી' અર્થાત્ 'હું—સ્થૂલ દેહ જાણું છું.' એ પ્રમાણે સ્થૂલ દેહને આત્મા જાણવાથી જ્ઞાતા સ્થૂલ દેહ છે એમ પ્રતીત થાય છે તેથી દેહાકારે પરિણામ પામેલા પૃથ્વી આદિક ચાર ભૂત આત્મા છે એમ કહેનારા ચાર્વાક મતને માનનારાઓના મતનું નિરાકરણ કર્યું છે. 'જે પૃથ્વી છે તે હું નથી અને જે હું છું તે પૃથ્વી નથી' એ રીતે પરસ્પર તાદાત્મ્યનો પણ નિષેધ કર્યો છે. એ જ રીતે બીજાં ભૂતનો અર્થ કરવામાં પણ પરસ્પર તાદાત્મ્યનો નિષેધ કર્યો છે એમ જાણવું. ૨. 'હું આકાશ નથી' ઇત્યાદિ કહેવાવડે શૂન્યવાદિ માધ્યમિકમતનું નિરાકરણ કર્યું છે. જેમ આકાશ એટલે શૂન્ય હું નથી કે હું શૂન્ય નથી. કારણ કે અધિષ્ઠાનવિના જગત્રૂપ ભ્રમની પ્રતીતિ સંભવતી નથી. ૩. 'હું ઇંદ્રિયો નથી કે ઇંદ્રિયો હું નથી' એમ કહેવું પણ યથાર્થ છે. કેમકે જો ઇંદ્રિયો આત્મા હોય તો એકાદ ઇંદ્રિયનો નાશ થવાથી આત્માનો પણ નાશ થવો જોઇએ. ઇ૦

शंकरः सविनयैरुपचारैरभ्यतोषयदसौ गुरुमेनम् ।
ब्रह्म तद्विदितमप्युपलिप्सुः संप्रदायपरिपालनबुद्ध्या ॥ १०२ ॥

ગોવિંદપાદને ગુરુ કરીને **શ્રી**શંકર ઉપનિષત્‌માં પ્રસિદ્ધ એવું અખંડ અને એકરસ બ્રહ્મને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી વિનય સહિત ઉપચારવડે પોતાના તે ગુરુને સંતોષ પમાડવા લાગ્યા. કેમકે બ્રહ્મને પોતે જાણતા તો હતા પરંતુ વેદમાં કહ્યું છે કે [2]"બ્રહ્મજ્ઞાનને અર્થે ગુરુની પાસે જવું. આચાર્યવાન્ પુરુષ હોય છે તે જ બ્રહ્મને જાણે છે" ઇત્યાદિ સંપ્રદાયનું પાલન કરવાની બુદ્ધિથી ગુરુ પાસેથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાની તેમની ઇચ્છા હતી. ૧૦૨.

भक्तिपूर्वकृततत्परिचर्यातोषितोऽधिकतरं यतिवर्यः ।
ब्रह्मतामुपदिदेश चतुर्भिर्वेदशेखरवचोभिरमुष्मै ॥ १०३ ॥

શ્રીશંકરે ભક્તિપૂર્વક ગોવિંદપાદ ગુરુની જે સેવા કરી તેથી અતિશય સંતોષ પામેલા યતિશ્રેષ્ઠ ગોવિંદનાથે તેમને ચારે વેદના અંત ભાગનાં [3]ચાર મહાવાક્યોવડે બ્રહ્મભાવનો ઉપદેશ કર્યો.[4] ૧૦૩.

એ પ્રમાણે ગુરુના ઉપદેશથી **શંકરને** સકલ જ્ઞાન થયું તે વિષે કહે છે કે,—

सांप्रदायिकपराशरपुत्रप्रोक्तसूत्रमतगत्यनुरोधात् ।
शास्त्रगूढहृदयं हि दयालोः कृत्स्नमप्ययमबुद्ध सुबुद्धिः ॥ १०४ ॥

સંપ્રદાયમાં થયેલા **પરાશર** મુનિના પુત્ર **વ્યાસે** કહેલા '**अथातो ब्रह्मजिज्ञासा ।**' ઇત્યાદિ સૂત્રોમાં બ્રહ્માદ્વૈત લક્ષણ જે મત છે તેની ગતિને અનુસરીને દયાળુ એવા **વ્યાસ** મુનિના તે શાસ્ત્રમાં જે ગૂઢ અભિપ્રાય છે તે સર્વે પણ અત્યંત બુદ્ધિવાળા **શ્રી**શંકરે જાણી લીધા. ૧૦૪.

હવે સંપ્રદાય જણાવવાને ગુરુપરંપરા બતાવે છે કે,—

व्यासः पराशरसुतः किल सत्यवत्यां तस्याऽऽत्मजः शुकमुनिः प्रथितानुभावः । ४.६३
तच्छिष्यतामुपगतः किल गौडपादो गोविंदनाथमुनिरस्य च शिष्यभूतः ॥ १०५ ॥

સત્યવતીને વિષે **પરાશર**ના પુત્ર **વ્યાસ** થયા છે; તેના પુત્ર વિસ્તૃત મહિમાવાળા **શુક** હતા. ગૌડપાદ મહર્ષિ તેના શિષ્યભાવને પામ્યા હતા ને ગોવિંદનાથ મુનિ તેના શિષ્ય થયેલા હતા. ૧૦૫.

शुश्राव तस्य निकटे किल शास्त्रजालं पश्चाच्छ्रणोद्भुजगसद्मगतस्त्वनंतात् । ४.६४
शब्दांबुराशिमखिलं समयं विधाय यश्चाखिलानि भुवनानि बिभर्ति मूर्ध्ना ॥ १०६ ॥

જે શેષનાગ સમગ્ર ભુવનોને પોતાના માથાવડે ધારણ કરી રહ્યા છે તે શેષનાગના સ્થાનમાં જઇને 'તમારૂં શાસ્ત્ર પૃથ્વીપર હું પ્રવર્તાવીશ' એવી પ્રતિજ્ઞા કરીને તેમની પાસેથી જે ગોવિંદનાથે સમગ્ર શબ્દશાસ્ત્રરૂપી સમુદ્રનું શ્રવણ કર્યું હતું તેની પાસેથી **શ્રી**શંકરે શાસ્ત્રનો સમુદાય સાંભળ્યો હતો. ૧૦૬.

---

૧. **સ્વાગતા.** ૨. "**स गुरुमेवाभिगच्छेत् ।**" "**आचार्यवान्पुरुषो वेद ।**" ૩. "**प्रज्ञानं ब्रह्म ।**" (જ્ઞાન એ બ્રહ્મ છે) એ **ઋગ્**વેદનું મહાવાક્ય છે. "**अहं ब्रह्मास्मि ।**" (હું બ્રહ્મ છું) એ **યજુર્**વેદનું મહાવાક્ય છે. "**तत्त्वमसि ।**" (તું તે બ્રહ્મ છે) એ **સામ**વેદનું મહાવાક્ય છે. "**अयमात्मा ब्रह्म ।**" (આ આત્મા બ્રહ્મ છે) એ **અથર્વ**વેદનું મહાવાક્ય છે. ૪ **શ્રી**વેદવ્યાસે કરેલા ઉત્તરમીમાંસાનું પ્રથમ સૂત્ર છે; એના ઉપર **શંકરાચાર્યે** ભાષ્ય કર્યું છે ને તે **શારીરભાષ્ય**ને નામે પ્રસિદ્ધ છે. ૫ **વસંતતિલકા.**

એ પ્રમાણે સંન્યાસ પામેલા શ્રીશંકરને વર્ણવવાનો ઉપક્રમ કહે છે કે,—

सोऽऽधिगम्य चरमाश्रममार्यैः पूर्वपुण्यनिचयैरधिगम्यम् ।
स्थानमर्च्यमपि हंसपुरोगैरुन्नतं ध्रुव इवैत्य चकाशे ॥ १०७ ॥

પૂર્વે પ્રાપ્ત કરેલા પુણ્યના સમુદાયવડે પ્રાપ્ત થવા યોગ્ય સર્વોત્કૃષ્ટ સંન્યાસાશ્રમ—જે સ્થાનનું સૂર્ય આદિક ઉચ્ચસ્થાનમાં રહેલા દેવતાઓ પણ પૂજન કરે છે, એવા ઉન્નત સ્થાનને પ્રાપ્ત કરીને ધ્રુવની પેઠે શ્રીશંકર શોભતા હતા.[2] ૧૦૭.

छन्नमूर्त्तिरतिपाटलशाटीपल्लवेन रुरुचे यतिराजः ।
वासरोपरमरक्तपयोदाच्छादितो हिमगिरेरिव कूटः ॥ १०८ ॥

જેમ દિવસ આથમતી વખતે રાતા મેઘથી ઢંકાયલું હિમાલયનું શિખર શોભતું હોય તેમ અતિશય શ્વેતરક્ત વર્ણની સાડી જેવા વસ્ત્રના છેડાથી જેની મૂર્ત્તિ ઢંકાયલી છે એવા યતિરાજ શોભતા હતા.[3] ૧૦૮.

एष धूर्जटिरबोधमहेभं संनिहत्य रुधिराप्लुतचर्म ।
उद्यदुष्णकिरणारुणशाटीपल्लवस्य कपटेन बिभर्त्ति ॥ १०९ ॥

જેમ શિવ ગજાસુરને હણીને રુધિરથી ખરડાયલું તેનું ચર્મ ધારણ કરે છે તેમ આ શંકરાચાર્ય પણ અજ્ઞાનરૂપી મોટા ગજને હણીને ઉગતા સૂર્યની પેઠે રાતા રંગની સાડીના છેડાના મિષથી રુધિરવડે ખરડાયલું મોટા હાથીનું ચર્મ ધારણ કરે છે[4]! ૧૦૯.

श्रुतिनामाक्रीडः प्रथितपरहंसोचितगतिर्निजे सत्ये धाम्नि त्रिजगदतिवर्तिन्यभिरतः ।
असौ ब्रह्मैवास्मिन्न खलु विषये किन्तु कलये बृहेरर्थं साक्षादनुपचरितं केवलतया ॥११०॥

સર્વ પાસથી વેદને વિશે જ જેનું રમણ છે, પ્રખ્યાત પરમહંસની સાથે ઉચિત જેનું ગમન છે; પોતાના સ્વરૂપભૂત, સત્ય, અને ત્રણે લોકની પાર ગએલું એટલે જગત્માં રહેલી સર્વ બાધાઓના અંતને પામેલું જે તેજ તેને વિશે સદૈવ જે પ્રીતિવાળા છે; એવા શ્રીશંકર તે બ્રહ્મ જ છે. એ વિષે હું સંદેહ કરતો નથી. કેમકે પરમબ્રહ્મ પણ એવા જ છે, એટલે સર્વ પાસથી શ્રુતિઓનું જેને વિષે રમણ છે; પ્રખ્યાત પરમહંસોની ઉચિત—મોક્ષ નામે ગતિ જેને વિષે છે; તથા જે ત્રણે લોકની પાર પોતાના સત્ય—અબાધ્ય તેજને વિશે સદૈવ પ્રીતિમાન છે. હિરણ્યગર્ભ—બ્રહ્મા એવા નથી; તેમનું રમણ ઉપવન આદિકને વિષે છે; તે હંસપક્ષી સહિત ગમન કરે છે; તથા તે ચૌદ ભુવનાત્મક બ્રહ્માંડરૂપ ત્રણ લોકની માહે બાધ્ય એવા પોતાના જડ લોકમાં રહે છે. માટે શ્રીશંકરને વિષે બૃહિ ધાતુનો અર્થ જે બૃહત્વ(મોટાપણું—બ્રહ્મપણું)રૂપ, તે હું સાક્ષાત્ ઉપચાર રહિત નિશ્ચયપણે જાણુંછું. 'બ્રહ્મને જાણે તે બ્રહ્મ થાય છે[6]' એમ શ્રુતિમાં કહ્યું છે માટે બ્રહ્મ શબ્દવડે શ્રીશંકરનું પ્રતિપાદન કરવું એ ઔપચારિક નથી. ૧૧૦.

मितं पादेनैव त्रिभुवनमिहैकेन महसा विशुद्धं यत्सत्त्वं स्थितिजनिलयेष्वप्यनुगतम् ।
दशाकारातीतं स्वमहिमनि निर्वेदरमणं ततस्तं तद्विष्णोः परमपदमाख्याति निगमः॥१११॥

જેના જ્યોતિરૂપ એક પાદ વડે ત્રણ લોકને માપ્યા છે; જેનું સત્ત્વ એટલે અબાધિત સ્વરૂપ સ્થિતિ, ઉત્પત્તિ અને લયને વિષે અનુસ્યૂત છે; જે દશાકાર—દશા (અવસ્થા) અને આકાર (આકૃતિ) થકી નિર્મુક્ત છે; તથા જે પોતાના મહિમાને વિષે પરમ વૈરાગ્યથા—રૂડા પ્રકારના

---

૧ સ્વાગતા. ૨ શ્લેષઘટિત પૂર્ણોપમાલંકાર. ૩ પૂર્ણોપમાલંકાર. ૪ રૂપક-લુપ્તોપમા-કૈતવાપન્હુતિવિગેરે અલંકાર. ૫ શિખરિણી. ૬ "ब्रह्म वेद ब्रह्मैव भवति ।"

બોધથી રમણ કરે છે, તેથી **શ્રી**શંકરને વેદ **વિષ્ણુ**નું પરમપદ કરીને વર્ણવે છે[1], **વિષ્ણુ** એવા નથી; **વિષ્ણુ**એ તો બે પગલાંથી ત્રણ લોકને માપ્યા છે; તેનું સત્ત્વ માત્ર સત્ત્વ ગુણમાં જ અનુસ્યૂત છે; વળી તે દશાકાર—દશ અવતારરૂપી દશ મૂર્તિઓથી અતીત નથી; અને વૈકુંઠમાં લક્ષ્મીની સાથે રમણ કરે છે. માટે **વિષ્ણુ**નું પરમપદ **શ્રી**શંકર છે એમ વેદ કહે છે.[2] ૧૧૧.

એ પ્રમાણે **બ્રહ્મા** અને **વિષ્ણુ** થકી **શંકર**ને પર વર્ણ્યે છે એટલું જ નહિ પણ **શિવ** થકી પણ તે વિલક્ષણ ચતુર્થ સંજ્ઞક **શિવ** છે એમ વર્ણવતાં **માધવાચાર્ય** કહે છે કે,—

न भूतेष्वासङ्गः क्वचन न गवा वा विहरणं न भूत्या संसर्गो न परिचितिता भोगिभिरपि।
तदप्याम्नायान्तस्त्रिपुरदहनात्केवलदशा तुरीयं निर्द्वंद्वं शिवमतितरां वर्णयति तम्।११२।

પ્રસિદ્ધ **શિવ**ને તો સર્વ પાસથી ભૂતપ્રેતાદિકનો સંગ છે, પરંતુ આ **શંકર**ને તો કોઈ પણ દેશકાલમાં પ્રાણીઓને વિષે અથવા આકાશાદિ ભૂતને વિષે સંગ—આસક્તિ નથી. પ્રસિદ્ધ **શિવ** ગો—વૃષભ ઉપર બેશીને વિહાર કરે છે, પણ આ **શંકર**ને તો ગો—ઈંદ્રિયો સાથે વિહાર નથી. તે **શિવ**ને તો વિભૂતિનો–ભસ્મનો સંસર્ગ છે, પણ આ **શંકર**ને તો ભૂતિનો ઐશ્વર્યનો સંસર્ગ નથી. તે **શિવ**ને ભોગીઓની સાથે—સર્પોની સાથે પરિચય છે, પણ આ **શિવ**ને તો ભોગીઓની સાથે-વિષય ભોગવાળાઓ સાથે પરિચય નથી. યદ્યપિ એવી રીતે પ્રસિદ્ધ **શંકર**થી આ **શંકર**ની વિલક્ષણતા છે તથાપિ સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ નામે ત્રણ પુરનું દહન કરવાને લીધે સુખ દુઃખાદિ દ્વંદ્વ–શૂન્ય, શાંત અને કેવલ-વિશુદ્ધ બ્રહ્મ દશાયુક્ત ચતુર્થ સંજ્ઞક **શિવ** આ **શંકર** છે એમ વેદાંત વારંવાર વર્ણન કરે[3]છે. ૧૧૨.

જે પ્રસિદ્ધ **શંકરે** (**શિવે**) ધનુષ આદિક સાધનયુક્ત હોઈને ત્રિપુરનો પરાજય કર્યો છે તેને જો વેદસમૂહ પ્રતિપાદન કરે છે તો તે સહાય વિના જ આઠ પુરનો પરાજય કરનાર **શંકર** તેનું પ્રતિપાદન કેમ ન કરે? તે વિષે કહે છે કે,—

न धर्मः सौवर्णो न पुरुषफलेषु प्रवणता न चैवाहोरात्रस्फुरदरियुतः पार्थिवरथः।
असाहाय्येनैवं सति विततपुर्यष्टकजये कथं तं न ब्रूयान्निगमनिकुरम्बं परशिवम् ॥११३॥

શિવે ત્રણ પુરને જીત્યા તેમાં તેમની પાસે સૌવર્ણ એટલે સુવર્ણ પર્વતમય ધર્મ એટલે ધનુષ હતું; **શંકર**ની પાસે તે સૌવર્ણ એટલે બ્રાહ્મણાદિ સુંદર વર્ણ સંબંધી ધર્મ નહોતો. **શિવ**ને તો '**पुरुषफलेषु प्रवणता**' એટલે **વિષ્ણુ**રૂપી ફલ જેને છે એવાં બાણને વિષે આશક્તતા હતી; **શંકર**ને તો તે એટલે પુરુષનાં આ લોક અને પરલોક સંબંધી ફલમાં આશક્તતા નહોતી. **શિવ**ને તો દિવસ રાત્રીરૂપી સ્ફુરણાયમાન આરા જેમને છે એવા **સૂર્ય ચંદ્ર**રૂપી ચક્રયુક્ત પૃથ્વીમય રથ હતો; **શંકર**ને તે નહોતું એટલે રાતદિવસ સ્ફુરણાયમાન અહંકારરૂપી શત્રુઓયુક્ત પાર્થિવ એટલે દેહરૂપી રથ પણ નથી એવી રીતે **શિવ** સહાયવાળા હોઇને તેમણે ત્રિપુરાસુરની ત્રણ પુરીઓનો જય મેળવ્યો છે, પણ **શંકર** તો સહાય વિનાના છતાં પણ વિસ્તારવાળી આઠ પુરીઓ ([4]પુર્યષ્ટક) જીત્યા છે; માટે વેદનો સમુદાય તેને પર સર્વોત્કૃષ્ટ **શિવ** શા માટે ન કહે? અર્થાત્ કહે છે જ.[5] ૧૧૩.

---

૧ "**तद्विष्णोः परमं पदम्।**" ૨ "**तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः।**" ૩ વ્યતિરેકાલંકાર. ૪ પ્રાણપંચક (૧), કર્મેંદ્રિય પંચક (૨), જ્ઞાનેંદ્રિય પંચક (૩), અંતઃકરણ ચતુષ્ટય (૪), અવિદ્યા (૫), કામ (૬), કર્મ (૭), અને વાસના (૮), એ આઠ પુર્યષ્ટક કહેવાય છે. ૫ રૂપકવિશેષાલંકાર.

[1]दुःखासारदुरंतदुष्कृतघनां दुःसंसृतिप्रावृषं
दुर्वारामिह दारुणां परिहरन्दूरादुदाराशयः ।
उच्चण्डप्रतिपक्षपंडितयशोनालीकनालाङ्कुर-
ग्रासो हंसकुलावतंसपदभाक्सन्मानसे क्रीडति ॥ ११४ ॥

જેને વિષે દુઃખરૂપી આસાર (વેગથી થતી વૃષ્ટિ) છે અને જેને વિષે અત્યંત પાપરૂપી મેઘ છે, એવી દુઃખકર સંસારરૂપી ન અટકાવી શકાય એવી વર્ષાઋતુને દૂરથી જ તજીને ઉદાર જેને અંતઃકરણ છે, તથા અત્યંત પ્રબલ પ્રતિપક્ષી પંડિતોના યશરૂપી કમલખંડના નાળના અંકુરનો ગ્રાસ કરનારા, હંસો(હંસ-પરમહંસ)ના કુલને વિષે અલંકારરૂપ પદને ભજનારા અર્થાત્ સર્વોત્તમ હંસરૂપી શંકરાચાર્ય સત્પુરુષોનાં હૃદયરૂપ માનસ સરોવરને વિષે રમણ કરે છે.[2] ૧૧૪.

વળી તે દૂધ અને પાણીનો વિવેક કરે છે માટે પરમહંસ છે એ પ્રતિપાદન કરતાં કહે છે કે,—

क्षीरं ब्रह्म जगच्च नीरमुभयं तद्योगमभ्यागतं
दुर्भेदं त्वितरेतरं चिरतरं सम्यग्विभक्तीकृतम् ।
येनाशेषविशेषदोषलहरीमासेदुषीं शेमुषीं
सोऽयं शीलवतां पुनाति परमो हंसो द्विजात्यग्रणीः ॥ ११५ ॥

બ્રહ્મ એ દૂધ છે અને જગત્ એ પાણી છે. એ બન્ને પરસ્પર મળેલાં છે એટળે તાદાત્મ્યને પામેલાં છે, તથા તેમને અરસ્પરસ છૂટાં કરવાં એ કઠિન છે. તે બન્નેને (દૂધ-બ્રહ્મ તથા નીર-જગતને) જેણે ઘણાકાલથી રૂડે પ્રકારે જૂદાં કર્યાં છે (અર્થાત્ જેણે નિત્ય અને અનિત્યનો વિવેક કર્યો છે) એવા દ્વિજાતિ(પક્ષી-બ્રાહ્મણ)ને વિષે શ્રેષ્ઠ પરમહંસ (પરમહંસ-ઉત્તમ હંસ) શંકર શીળવાળા પુરુષોની, રાગદ્વેષાદિક સમગ્ર મોટા દોષની લહેરો ઉપર સર્વ પાસથી સ્થિતિ કરનારી બુદ્ધિને પવિત્ર કરે છે.[3] ૧૧૫.

नीरक्षीरनयेन तथ्यवितथे संपिंडिते पंडितै-
र्दुर्बोधे सकलैर्विवेचयति यः श्रीशंकराख्यो मुनिः ।
हंसोऽयं परमोऽस्तु ये पुनरिहाशक्ताः समस्ताः स्थिता
जृम्भान्निंबफलाशनैकरसिकान्काकानमून्मन्महे ॥ ११६ ॥

જેમ જલ અને દૂધ મિશ્ર કર્યાં હોય તેમ સત્ય (બ્રહ્મ) અને અસત્ય (મિથ્યાભૂત અજ્ઞાનાદિ) તાદાત્મ્યપણાને પામ્યાં છે-જેને ઇતર પક્ષીરૂપ સર્વ પંડિતોએ આ સત્ય છે અને આ અસત્ય છે એમ જાણવાને અને બીજાને જણાવવાને પણ દુર્ઘટ છે. એમ છતાં જે શ્રીશંકરાચાર્ય મુનિ તેનું વિવેચન કરે છે—જૂદાં જૂદાં કરી બતાવે છે તે પોતાના વિવેચકપણાને લીધે પરમહંસ (ઉત્તમ હંસ પક્ષી) છે. અને જેઓ એવું વિવેચન કરવાને અશક્ત થઈને રહેલા છે તેમને કફકૃત રોગવિશેષ (બગાસાં-ઉધરસ) રૂપી રાગાદિકના હેતુથી લીંબોળીઓ ખાવામાં જ-વિષય-ભોગ ભોગવવામાં જ એક રસિક એવા કાગડા અમે માનીએ છીએ. ૧૧૬.

હંસ શબ્દનો અર્થ સૂર્ય કરીને શ્રીશંકરનું સૂર્યરૂપ વર્ણન કરે છે કે,—

दृष्टिं यः प्रगुणीकरोति तमसा बाह्येन मंदीकृतां
नालीकप्रियतां प्रयाति भजते मित्रत्वमव्याहतम् ।
विश्वस्योपकृतेर्विलुंपति सुहृच्चक्रस्य चार्तिं घनां
हंसः सोऽयमभिव्यनक्ति महतां जिज्ञास्यमर्थं मुहुः ॥ ११७ ॥

---

૧ શાર્દૂલવિક્રીડિત. ૨ રૂપકાલંકાર. ૩ રૂપકાદિ અલંકાર.

જે (**સૂર્યપક્ષે**) બહારના અંધકારવડે મંદ થયેલી દૃષ્ટિને પ્રકૃષ્ટ ગુણવાળી કરે છે. (અથવા **શંકરપક્ષે**) જે અંતરના અજ્ઞાનરૂપ અંધકારવડે મંદ થયેલી આત્મદૃષ્ટિને આત્મદર્શનયોગ્ય પ્રકૃષ્ટ ગુણવાળી કરે છે. (**સૂર્યપક્ષે**) જેના લીક(કમલ)ના પ્રિયપણાને પામે છે. કમલને ખીલાવે છે. અને (**શંકરપક્ષે**) જે અલીક એટલે મિથ્યાભૂત વિષયાદિકના પ્રિયપણાને પામતા નથી. જે (**સૂર્ય**) જગત્ ઉપર ઉપકાર કરવા જગતના મિત્રપણાને નિરંતર ભજે છે (**સૂર્યનું** બીજું નામ **મિત્ર** છે તે ઉપરથી આ ઉક્તિ કરેલી છે). અથવા જે (**શંકર**) પરોપકારને અર્થે જગતના મિત્રપણાને ભજે છે.–જગતના મિત્ર થાય છે. જે (**સૂર્ય**) પોતાના મિત્ર ચક્રવાક પક્ષીની, રાત્રીને સમયે પોતાની પ્રિયાના વિરહને લીધે ઉપજેલી અત્યંત પીડાને હરે છે. અથવા જે (**શંકર**) પોતાના મિત્ર સમુદાયની સંસાર લક્ષણ અત્યંત પીડાને હરે છે. તે આ હંસ એટલે **સૂર્ય** જાણવા યોગ્ય એટલે ઘટપટાદિકરૂપ અર્થને વારંવાર પોતાના પ્રકાશવડે પ્રકટ કરે છે. અથવા તે આ હંસ (પરમહંસ) **શ્રી**શંકરાચાર્યે શુદ્ધ ચિત્તવાળા મુમુક્ષુઓને ભણવાની જેની ઇચ્છા કરી છે એવો પરમાર્થભૂત બ્રહ્મની એકતા લક્ષણ અર્થને વારંવાર પ્રકટ કરે છે.[1] ૧૧૭.

[2]हंसभावमधिगत्य सुधींद्रे तं समर्चति च संसृतिमुक्त्यै ।
संचचाल कथयन्निव मेघश्चञ्चलाचपलतां विषयेषु ॥ ११८ ॥

જે સમયે બુદ્ધિમાન પુરુષોના ઇંદ્ર, **શ્રી**શંકરાચાર્ય પરમહંસપણાને પામીને સંસાર થકી મુક્ત થવાને હંસરૂપ પરમાત્માનું પૂજન કરતા હતા તે સમયે વિષયોમાં વિજળીના જેવી ચપલતા છે એમ જાણે કહેતો હોય તેમ મેઘ ચલાયમાન થયો. અર્થાત્ વર્ષાઋતુ આવી પહોચી અને મેઘ ગાજવા લાગ્યો તથા વીજળીઓ ચમકવા લાગી.[3] ૧૧૮.

તે ઋતુમાં મેઘે સૂર્યને ઢાંકી નાખ્યો હતો તેથી તેની ઉત્પ્રેક્ષા કરે છે કે,—

एष नः स्पृशति निष्ठुरपादैस्तत्तु तिष्ठतु वितीर्णमवन्यै ।
अस्मदीयमपि पुष्पमनैषीदित्यरोधि नलिनीपतिरब्दैः ॥ ११९ ॥

આ સૂર્ય અમને—મેઘને પોતાના કઠોર ચરણ (કીરણ) વડે સ્પર્શ કરે છે, તે તો જાણે એક કોરે રહ્યું, પણ અમે અમારૂં પુષ્પ (આભલામાંથી પડેલું પાણી) પૃથ્વીને આપ્યું છે તેનું પણ તેણે હરણ કર્યું છે. એમ વિચારીને કમલિનીના સ્વામી સૂર્યને મેઘોએ [4]રોક્યો છે. ૧૧૯.

वारिवाहनिवहे क्षणलक्ष्यश्रीररोचत किलाचिररोचिः ।
अंतरङ्गगतबोधकलेव व्यापृतस्य विदुषो विषयेषु ॥ १२० ॥

જેમ વિષયોમાં ઢંકાયલા જ્ઞાની પુરુષના અંતઃકરણમાં રહેલી જ્ઞાનની કલા હોય તેમ મેઘના સમુદાયમાં ક્ષણ માત્ર જણાય એવી જેની શોભા છે એવી વિજળી શોભવા લાગી.[5] ૧૨૦.

किंनु विष्णुपदसंश्रयतोऽब्दा ब्रह्मतामुपदिशन्ति सुहृद्भ्यः ।
यन्निशम्य निखिलाः स्वनमेषां बिभ्रति स्म किल निर्भरमोदान् ॥ १२१ ॥

વળી મેઘગર્જના ઉપર કવિ બીજી ઉત્પ્રેક્ષા કરે છે કે, વારૂ શું મેઘ વિષ્ણુપદ (વિષ્ણુના ચરણ) આકાશમાં રહ્યા છે તેથી પોતાના મિત્રોને બ્રહ્મભાવનો ઉપદેશ કરે છે કે જેથી સર્વ કોઈ તેનો ધ્વનિ સાંભળીને અત્યંત હર્ષ ધારણ કરે છે[6]!! ૧૨૧.

---

૧ **શ્લેષાલંકાર.** ૨ **સ્વાગતા.** ૩ ઉત્પ્રેક્ષાલંકાર, લક્ષણ પાછળ કહ્યું છે. ૪ **અપ્રસ્તુતપ્રશંસાલંકાર**—અહિં એવો ધ્વનિ છે કે મેઘે પોતાની પ્રિયા પૃથ્વીને આપેલું પુષ્પ સૂર્ય હરણ કરે છે તો સૂર્યને રોકવાથી તેની પ્રિયા કમલિની પણ દુઃખી થશે, એમ મેઘનો ગર્ભિત હેતુ બતાવ્યો છે. ૫ ઉપમાલંકાર—જુઓ સર્ગ ૧૨ની ટીકા. ૬ ઉત્પ્રેક્ષાલંકાર.

ઇંદ્રધનુષ્ય ઉપર ઉત્પ્રેક્ષા કરે છે કે,—

देवराजमपि मां न यजंति ज्ञानगर्वभरिता यतयोऽमी ।
इत्यमर्षवशगेन पयोदस्यंदनेन धनुराविरकारि ॥ १२२ ॥

(ઇંદ્ર કહે છે કે) હું દેવતાઓનો રાજા છતાં પણ આ જ્ઞાનરૂપી ગર્વથી ભરેલા યતિઓ મારૂં યજન કરતા નથી ! એ પ્રમાણે ક્રોધવશ થઈને મેઘરૂપી જેનો રથ છે એવા ઇંદ્રે મેઘના છાંટા પાડવાવડે (ઉત્પન્ન થયેલું) ઇંદ્રધનુષ્ય પ્રકટ કર્યું—બહાર કાઢ્યું.[1] ૧૨૨.

आवबुः कुटजकंदलबाणास्फीतरेणुकलिता वनवात्याः ।
सत्त्वमध्यमतमोगुणमिश्रा मायिका इव जगत्सु विलासाः ॥ १२३ ॥

જેમ જગત્‌માં સત્ત્વ, રજ અને તમોગુણથી મિશ્ર માયિક પરિણામ હોય તેમ ગિરિમલ્લિકાના નવા અંકુર અને નિલઝિંટીની વિશાલ રેણુ(રજ)વડે વ્યાપ્ત વનસંબંધી વાયુના સમુદાય ચારે પાસે વાવા લાગ્યા.[2] ૧૨૩.

મેઘને દૈત્યનું રૂપ આપી વર્ણવે છે કે,—

बभ्रमुस्तिमिरसच्छविगात्राश्चित्रकार्मुकभृतः खरघोषाः ।
ध्यानयज्ञमथनाय यतीनां विद्युदुज्ज्वलदृशो घनदैत्याः ॥ १२४ ॥

જેમના શરીરની કાંતિ અંધકારના સરખી છે, જેમણે મેઘધનુષ્યરૂપી વિચિત્ર રંગનાં ધનુષ્ય ધારણ કરેલાં છે. મેઘગર્જનારૂપી જેઓનો કઠોર શબ્દ છે, તથા વિજળીરૂપી જેમનાં ચળકતાં નેત્ર છે, એવા મેઘરૂપી દૈત્યો યતિઓના ધ્યાનરૂપી યજ્ઞનો ભંગ કરવાને ભમવા લાગ્યા.[3] ૧૨૪.

उत्ससर्जुरसकृज्जलधारा वारिदा गगनधाम पिधाय ।
शंकरो हृदयमात्मनि कृत्वा संजहार सकलेंद्रियवृत्तीः ॥ १२५ ॥

એવા મેઘ આકાશરૂપી ધામને બંધ કરીને—ઢાંકી નાખીને વારંવાર જલની ધારાને છોડવા લાગ્યા. તે સમયે શ્રીશંકરે પણ અંતઃકરણનો આત્માને વિષે લય કરીને સમગ્ર ઇંદ્રિયોની વૃત્તિઓનો રૂડી રીતે ઉપસંહાર કર્યો—સમાધિસ્થ થયા[4]. ૧૨૫.

એ પ્રમાણે અંતઃકરણ આદિકનો રોધ કર્યો તેથી તેની બુદ્ધિ પરમાત્માને વિશે લય પામી, તે વિશે કહે છે કે,—

शनैः सान्त्वालापैः सनयमुपनीतोपनिषदां चिरायत्तं त्यक्त्वा सहजमभिमानं दृढतरम् ।
तमेत्य प्रेयांसं सपदि परहंसं पुनरसावधीरा संस्प्रष्टुं क्व नु सपदि तद्धीर्लयमगात् ॥१२६॥

વ્યાસસૂત્રના ન્યાય પ્રમાણે ઉપનિષદોના સાંત્વ આલાપવડે, અન્વર્થ મધુર ભાષણવડે, ધીમે ધીમે પરમાત્મ પુરુષની પાસે આણેલી શ્રીશંકરાચાર્યની બુદ્ધિ ઘણા કાલથી સ્વીકાર કરેલા અત્યંત દૃઢ અને અનાદિસિદ્ધ અભિમાનને છોડીને પોતાના પ્રિય આત્માને પામી તથા પરમહંસરૂપી પરમાત્માનો સ્પર્શ કરવાને તે તત્કાલ અધીરી થઈ ગઈ; અને પછી કોણ જાણે તે બુદ્ધિ તરત જ ક્યાંએ લીન થઈ [6]ગઈ. ૧૨૬.

---

૧ ગમ્યોત્પ્રેક્ષાલંકાર. ૨ ઉપમાલંકાર. ૩ રૂપકાદિ અલંકાર. ૪ વિપરિતતુલ્યયોગિતાલંકાર. ૫ શિખરિણી. ૬ આ જગોએ શ્રીશંકરની બુદ્ધિ બ્રહ્મમાં લય પામી ગઈ એ પ્રસ્તુતવર્ણન ઉપરથી સામાન્યવર્ણનના બલથી અપ્રસ્તુત વૃત્તાંતનું પણ સ્ફુરણ થાય છે. જેમ, કોઈ સ્ત્રીને પોતાની પાસે રહેલી સખીઓનાં યુક્તિસહિત યોજેલાં સાંત્વવચનવડે ધીમે ધીમે તેના સ્વામી પાસે આણેલી હોય તથા પોતાના પ્રિયને પામ્યા પછી તે ઘણા સમયથી પોતાના મનમાં માન રાખી રહી હોય તેને તજી દેઈને તેનો સ્પર્શ કરવાને અધીરા થઈ જાય તથા તે કારણથી તેના એકાદ અંગમાં લીન થઈ જાય, એવા અર્થને બોધ

જ્યાં સૂર્યાદિકનું પણ સ્ફુરણ સંભવતું નથી ત્યાં બુદ્ધિના સ્ફુરણની શી આશા રાખવી એ આશયથી કહે છે કે,—

न सूर्यो नैवेंदुः स्फुरति न च तारातततिरियं
कुतो विद्युल्लेखा कियदिह कृशानोर्विलसितम् ।
न विद्मो रोदस्यौ न च समयमस्मिन्न जलदे
चिदाकाशे सांद्रस्वसुखरसवर्ष्मण्यविरतम् ॥ १२७ ॥

ચિદાકાશ, જેનું શરીર (સ્વરૂપ) નિરંતર ઘનીભૂત આત્મસુખરૂપ રસમય છે, તેમાં સૂર્ય, ચંદ્ર કે આ તારાઓનો સમુદાય સ્ફુરણાયમાન થતો નથી, તો તેમાં વિદ્યુત(વિજળી)ની લેખા—રેષા ક્યાંથી જ હોય? તથા અગ્નિનું શોભવું તે પણ કેટલું હોય? મેઘવિનાના એ ચિદાકાશમાં પૃથ્વી અને અંતરિક્ષ અમે જાણતા નથી—છે નહિ તેમ સમય પણ નથી, તાત્પર્ય કે ચિદાકાશમાં આત્મસુખ વિના બુદ્ધિના વિલાસરૂપ બીજું કાંઈ પણ નથી. અર્થાત્ શ્રીશંકર તે સમયે એવા પ્રકારની સમાધિ કરી રહ્યા હતા. ૧૨૭.

किमादेयं हेयं किमिति सहजानंदजलधावतिस्वच्छे तुच्छीकृतसकलमाये परशिवे।
तदेतस्मिन्नेव स्वमहिमनि विस्मापनपदे स्वतः सत्ये नित्ये रहसि परमे सोऽकृत कृती ॥१२८॥

સહજાનંદરૂપી સમુદ્ર જે અતિશય નિર્મલ છે; જેણે સકલ માયાનાં કાર્યસહિત માયાને તુચ્છ કરેલી છે; જે પરમ કલ્યાણરૂપ છે; જે પોતાના મહિમારૂપ, વિસ્મય પમાડનારૂં જેનું પદ છે, મૃતિકાની પેઠે કાર્યની અપેક્ષાથી નહિ પણ જે પોતાની મેળે જ સત્ય છે; જે અત્યંત ગુપ્ત છે, અને જે નિત્ય છે, એવા એ સહજાનંદ સમુદ્રમાંથી શું ગ્રહણ કરવું અને શું તજવું એવું અનુસંધાન શ્રીશંકરાચાર્ય સદૈવ કરતા હતા. ૧૨૮.

प्राप विष्णुपदभागपि मेघः प्रावृडागमनतो मलिनत्वम् ।
विद्युदुज्ज्वलरुचानुसृतश्च कोऽप्ययवन्यपि भजेन्न विरागम् ॥ १२९ ॥

ફરીને કવિ વર્ષાઋતુનું વર્ણન કરે છે કે—વિષ્ણુપદને (આકાશને અથવા વિષ્ણુના પદને) ભજનારો અર્થાત્ આકાશમાં રહેનારો છતાં અને ઉજ્જ્વલ કાંતિવાળી વિજળીએ જેનું અનુસરણ કર્યું છે એવો છતાં પણ મેઘ વર્ષાઋતુના આગમનથી મલિનપણાને પામ્યો. તો પૃથ્વી ઉપર રહીને પણ કોણ વૈરાગ્ય નહિ પામે? અર્થાત્ સર્વ કોઈ પામશે જ. ૧૨૯.

आशये कलुषिते सलिलानां मानसोत्कहृदयाः कलहंसाः ।
कोऽन्यथा भवति जीवनलिप्सुर्नाऽऽश्रये भजति मानसचिन्ताम् ॥ १३० ॥

જલનાં આશય (સ્થાન) જ્યારે વર્ષાઋતુને લીધે મલિન થઈ ગયાં ત્યારે કલહંસ પક્ષીઓ માનસ સરોવર ઉપર જવાને ઉત્કંઠિત હૃદયવાળાં થયાં. જ્યારે આશ્રય અન્યથાભાવને પામે—આશયમાં બિગાડ થાય ત્યારે જીવના જલ—જીવન (મુક્તિ) મેળવવાની ઇચ્છાવાળા કયા મ-

---

કરનારો એ શ્લોક છે. એ પ્રમાણે પ્રસ્તુતમાં અપ્રસ્તુત વર્ણન હોવાથી એને સમાસોક્તિ અલંકાર કહે છે જેમકે, "**समासोक्तिः समैर्यत्र कार्यलिंगविशेषणैः । व्यवहारसमारोपः प्रस्तुतेऽन्यस्य वस्तुनः ॥**" —જ્યાં સમાન એવાં કાર્ય, લિંગ અને વિશેષણવડે પ્રસ્તુત વર્ણનમાં બીજી વસ્તુના વ્યવહારનો આરોપ કર્યો હોય ત્યાં સમાસોક્તિ અલંકાર થાય છે.-સાહિત્યદર્પણ, કારિકા ૭૦૩. ૧ સેવાગતા.

તુષ્યને માનસંબંધી ચિંતા થતી નથી ? અર્થાત્ સર્વને જ થાય છે. આમાં એવો અર્થ છે કે અંતઃકરણાદિક આશય જ્યારે અન્યથા ભાવને પામે છે—બદલાઈ જાય છે ત્યારે સર્વને માનસી ચિંતા ઉપજે જ છે. ૧૩૦.

अभ्रवर्त्मनि परिभ्रममिच्छञ्शुभ्रदीधितिरदभ्रपयोदे ।
न प्रकाशनमवाप कलावान्कश्चकास्ति मलिनांबरवासी ॥ १३१ ॥

જ્યાં ઘણા મેઘ વ્યાપ્ત થઈ રહેલા છે એવા મલિન આકાશમાર્ગમાં ભ્રમણ કરવાની ઇચ્છાવાળો હોઇને શુભ્ર કાંતિવાળો તથા સકલ કલા સંપૂર્ણ એવો છતાં પણ ચંદ્રમા પ્રકાશન પામતો ન હવો. કેમ કે સર્વ કલા સંપૂર્ણ એવો મલિન અંબર(આકાશ—વસ્ત્ર)માં રહેનાર અથવા ધારણ કરનાર કયો પુરુષ શોભે છે ? અર્થાત્ કોઇ શોભતો નથી. ૧૩૧.

चातकावलिरनल्पपिपासा प्राप तृप्तिमुदकस्य चिराय ।
प्राप्नुयादमृतमप्यभिवांछन्कालतो बत घनाश्रयकारी ॥ १३२ ॥

અત્યંત તૃષાળુ એવી ચાતકની પંક્તિ પણ ઘણેક કાલે—વરસાદ વરસ્યો ત્યારે જલસંબંધી તૃપ્તિ પામી. જે મનુષ્ય ઘન(મેઘ-દૃઢ)નો આશ્રય કરે છે તે અમૃત(જલ-અમૃત)ની ઇચ્છા કરે તો તેને તે પણ કાલ પ્રાપ્ત થયે મળે છે એ પ્રસિદ્ધ છે. ૧૩૨.

इत्युदीर्णजलवाहविनीले स्फीतवातपरिधूततमाले ।
प्राणभृत्प्रचरणप्रतिकूले नीडनीलघनशालिनि काले ॥ १३३ ॥
अग्रहारशतसंभृतशोभे सुग्रहाक्षतुरगः स महात्मा ।
अध्युवास तटमिंदुभवायाः सुध्युपास्य चरणं गुरुमर्चन् ॥ १३४ ॥

એ પ્રમાણે, ચઢી આવેલા મેઘને લીધે જેનો વર્ણ અત્યંત શ્યામ થયેલો છે એવા વિશાલ વાયુથી કંપાયમાન તમામ વૃક્ષ જેને વિષે છે તથા પ્રાણીઓને એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં ચાલીને જવું હોય તો તેમના તે સંચારને જે પ્રતિકૂલ છે તેમ જ સેંકડો બ્રાહ્મણોનાં ગામથી જે કાલને વિષે શોભામાં વધારો થયેલો છે. એવા ઘટ્ટ તથા નીલ રંગના મેઘવડે શોભતી વર્ષાઋતુના કાલમાં ઇંદ્રિયોરૂપી ઘોડાઓનો જેણે સારી રીતે નિગ્રહ કરેલો છે એવા મહાત્મા શંકરાચાર્ય ઉત્તમ બુદ્ધિવાળા પુરુષોએ જેનાં ચરણનું અર્ચન કરેલું છે એવા ગુરુનું અર્ચન કરતા કરતા નર્મદાના તટને વિષે નિવાસ કરીને રહ્યા. ૧૩૩-૧૩૪.

त्रस्तमर्त्यगणमस्तमिताशं हस्तिहस्तपृथुलोदकधाराः ।
मुञ्चति स्म समुदञ्चितविद्युत्पञ्चरात्रमहिशत्रुरजस्रम् ॥ १३५ ॥

પછી પાંચ રાત્રીઓ સુધી નિરંતર એવો વરસાદ વરસ્યો કે જેથી મનુષ્યોનો સમુદાય ત્રાસ પામી ગયો તથા સઘળી દિશાઓ અસ્ત થઈ ગઈ. દિશાઓ દેખાતી નહોતી. એવી રીતે, જેમાં વીજળીના ઝબકારા થઈ રહ્યા છે એવો વૃત્રાસુરનો શત્રુ ઇંદ્ર-મેઘ હાથીની શુંડ જેવી વિશાલ ધારાઓ પાંચ રાત્રી સુધી નિરંતર મુકવા લાગ્યો-વરસાવવા લાગ્યો. ૧૩૫.

तीरभूरुहततीरपकर्षन्नग्रहारनिकरैः सह पूरः ।
आययावधिकघोषमनल्पः कल्पवार्धिलहरीव तटिन्याः ॥ १३६ ॥

જેમ પ્રલય સમુદ્રની લહેરો હોય તેમ નદીનું ભારે પૂર, તે સ્થલમાં જે બ્રાહ્મણોનાં ગામડાં હતાં તે સહિત કાંઠા ઉપરનાં વૃક્ષના સમૂહને ખેંચી જવાની સાથે મોટો ઘુઘવાટો કરતું હતું. ૧૩૬.

घोषवारिझरभीरुनराणां घोषमेष कलुषं स निशम्य ।
दैशिकं ध्रुवसमाधिविधानं वीक्ष्य च क्षणमभूदविवक्षुः ॥ १३७ ॥

ધુધવાટા સહિત જલનો પ્રવાહ વહેતો હતો તેથી ભય પામેલા મનુષ્યો ખેદકારક ઘોષ (કોલાહલ) સાંભળીને તથા **શ્રી**ગોવિંદાચાર્ય ગુરુને નિશ્ચલ સમાધિના વિધાનમાં બેઠેલા જોઇને એક ક્ષણવાર **શ્રી**શંકરાચાર્ય છાનામાના બેશી રહ્યા. પોતાના ગુરુને કાંઈ કહ્યું નહિ. ૧૩૭.

सोऽभिमन्त्र्य करकं त्वरमाणस्तत्प्रवाहपुरतः प्रणिधाय ।
कृत्स्नमत्र समवेशयदंभः कुंभसंभव इव स्वकरेऽब्धिम् ॥ १३८ ॥

પછી જેમ **અ**ગસ્ત્ય મુનિએ પોતાના હાથમાં સમુદ્રને સમાવી દીધો હતો તેમ **શં**કરાચાર્યે પણ ત્વરાથી પોતાના કમંડલને મંત્રીને તે પ્રવાહની આગળ મુક્યું તથા સમગ્ર જલ તેને વિશે સમાવી દીધું.[1] ૧૩૮.

तं निशम्य निखिलैरपि लोकैरुत्थितोऽस्य गुरुरुक्तमुदंतम् ।
योगसिद्धिमचिरादयमापेत्यभ्यपद्यततरां परितोषम् ॥ १३९ ॥

પછી જ્યારે **શં**કરના ગુરુ સમાધિ થકી જાગ્રત થયા ત્યારે સમગ્ર લોકોએ કહેલું તે વૃત્તાંત સાંભળીને, **શં**કર જલદીથી યોગસિદ્ધિ પામ્યા. એવી રીતે તે અત્યંત સંતોષ પામ્યા. ૧૩૯.

छात्रमुख्यममुमाह कियद्भिर्वासरैर्गतघने गगने सः ।
पश्य सौम्य शरदा विमलं खं विद्ययेव विशदं परतत्त्वम् ॥ १४० ॥

કેટલેક દિવસે જ્યારે આકાશ મેઘવિનાનું નિર્મલ થયું ત્યારે શિષ્યોમાં મુખ્ય **શં**કરને ગોવિંદનાથે કહ્યું કે ' હે સૌમ્ય ! જેમ બ્રહ્મવિદ્યાવડે બ્રહ્માત્મૈક્ય લક્ષણ પરતત્ત્વ અનવછિન્ન થાય છે તેમ શરદૃઋતુવડે નિર્મલ થયેલા આકાશને તું જો.[2] ૧૪૦.

वारिदा यतिवराश्च सुपाथो धारया सदुपदेशगिरा च ।
ओषधीरनुचरांश्च कृतार्थीकृत्य संप्रति हि यांति यथेच्छम् ॥ १४१ ॥

સુંદર જલવાળા મેઘ પોતાના જલની ધારાવડે ઔષધીઓને કૃતાર્થ કરીને હવે યથેચ્છ જાય છે અને ઉત્તમ યતિયો પણ પોતાના સેવકોને સદુપદેશયુક્ત વાણીથી કૃતાર્થ કરીને હવે યથેચ્છ જાય છે.[3] ૧૪૧.

शीतदीधितिरसौ जलमुग्भिर्मुक्तपद्धतिरतिस्फुटकांतिः ।
भाति तत्त्वविदुषामिव बोधो मायिकावरणनिर्गमशुभ्रः ॥ १४२ ॥

જેમ માયિક આવરણ નીકળી જવાથી શુદ્ધ થયેલો એવો તત્ત્વજ્ઞાનીઓનો બોધ પ્રકાશે છે તેમ આ **ચં**દ્રમા પણ મેઘોએ જેનો માર્ગ તજી દીધો છે તેથી નિર્મલ કાંતિવાળો થઇને શોભે છે.[4] ૧૪૨.

वारिवाहनिवहे प्रतियाते भांति भानि शुचिभानि शुभानि ।
मत्सरादिविगमे सति मैत्रीपूर्वका इव गुणाः परिशुद्धाः ॥ १४३ ॥

જેમ રાગદ્વેષાદિ ગુણો નીકળી ગયા પછી મૈત્રીપૂર્વક કરુણા, મુદિતા આદિક ગુણો શુદ્ધ થઈને પ્રકાશે છે તેમ મેઘનો સમુદાય ગયા પછી નિર્મલ કાંતિવાળાં અને શુભ એવાં નક્ષત્રો પણ શોભે છે.[5] ૧૪૩.

मत्स्यकच्छपमयी धृतचक्रा गर्भवर्तिभुवना नलिनाढ्या ।
श्रीयुताऽद्य तटिनी परहंसैः सेव्यते मधुरिपोरिव मूर्तिः ॥ १४४ ॥

૧-૨ ઉપમાલંકાર. ૩ તુલ્યયોગિતાલંકાર. ૪-૫ ઉપમાલંકાર.

જેમ, મત્સ્ય અને કચ્છપમય—મત્સ્યાવતાર અને કચ્છાવતારરૂપ ચક્ર જેણે ધારણ કરેલું એવી જેના ગર્ભને વિષે ભુવન (લોક) રહેલાં છે, કમલવડે યુક્ત અને લક્ષ્મી થકી સંયુક્ત એવી મધુરિપુ(વિષ્ણુ)ની મૂર્તિ જેમ પરમહંસોવડે સેવાય છે, તેમ, મત્સ્ય અને કચ્છપમય, ચક્ર જેણે, ધારણ કર્યાં છે એવી જેને વિષે (ચુનાનાં) ચક્ર છે એવી, જેને વિષે ભુવન (જલ) છે એવી, કમલ થકી યુક્ત અને શોભાયમાન નદી પણ આ શરદ્ ઋતુમાં મોટા હંસોવડે સેવાય છે.[1] ૧૪૪.

नीरदाः सुचिरसंभृतमेते जीवनं द्विजगणाय वितीर्य ।
त्यक्तविद्युदबलाः परिशुद्धाः प्रव्रजन्ति घनवीथिगृहेभ्यः ॥ १४५ ॥

આ મેઘો ઘણા કાલથી સંચય કરી રાખેલું જલ બ્રાહ્મણોના તથા પક્ષીઓના સમુદાયને આપીને વિજળીરૂપી સ્ત્રીઓનો ત્યાગ કરીને શુદ્ધ થઈને મેઘના માર્ગરૂપી ઘરોમાંથી નીકળીને જાય છે.[2] ૧૪૫.

બીજો અર્થ—જેમના દાંત પડી ગયા છે અર્થાત્ જેમને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઇ છે એવા પુરુષો ઘણા કાલથી સંચય કરેલું ધન ધાન્યાદિ જીવન બ્રાહ્મણ–સમુદાયને આપીને, વીજળી જેવી ચપલ સ્ત્રીઓનો ત્યાગ કરીને, શુદ્ધ અંતઃકરણવાળા થઈને મનુષ્યની વસ્તીથી જેમાં માર્ગ સજડ થઈ ગયા છે એવાં ઘરોમાંથી સંન્યસ્ત ધારણ કરીને જાય છે. ૧૪૫.

चंद्रिकाभसितचर्चितगात्रश्चंद्रमंडलकमंडलुशोभी ।
बंधुजीवकुसुमोत्करशाटीसंवृतो यतिरिवायमनेहाः ॥ १४६ ॥

જેમ કોઈ શરીરે ભસ્મના લેપવાળો, કમંડલવડે શોભતો, અને કષાય વસ્ત્રથી વીંટાયલો સંન્યાસી હોય તેમ આ શરદ્કાલ પણ ચંદ્રના ચાંદરણારૂપ ભસ્મવડે શરીર જેણે લેપેલું છો એવો, ચંદ્રના મંડલરૂપ કમંડલવડે શોભતો, અને બંધુક પુષ્પના સમુદાયરૂપી વસ્ત્રવડે વીંટાયલો હોઇને સંન્યાસી જેવો દેખાય છે.[3] ૧૪૬.

हंससंगतिलसद्विरजस्कं क्षोभवर्जितमपह्नुतपङ्कम् ।
वारि सारसमतीव गभीरं तावकं मन इव प्रतिभाति ॥ १४७ ॥

આ ઋતુમાં સરોવર સંબંધી પાણી–સરોવરનું જલ તારા મનની પેઠે અત્યંત ગંભીર, પંક (કાદવ–પાપ) જેમાંથી દૂર થયો છે એવું, ક્ષોભરહિત, વિરજસ્ક (ધૂળ–કાદવ રહિત અથવા રજોગુણ રહિત) અને હંસ(પક્ષી અથવા પરમહંસ)ની સંગતિથી શોભતું હોઇને શોભે છે. અર્થાત્ જેમ તારૂં મન અત્યંત ગંભીર, પાપવિનાનું, અક્ષોભ્ય, રજોગુણ રહિત અને પરમહંસોના સમાગમથી શોભાયમાન છે તેમ સરોવરનું જલ પણ (આ ઋતુમાં) અત્યંત ગંભીર, કાદવ–કીચડ વિનાનું, ક્ષોભ રહિત, ધૂળ–કાદવ વિનાનું અને કિનારે બેઠેલા હંસની સંગતિથી શોભાયમાન છે. તાત્પર્ય કે તારૂં મન શરદ્ ઋતુના સરોવરના જલની પેઠે ગંભીર, નિર્મલ, અક્ષોભ્ય, અને શોભાયમાન છે.[4] ૧૪૭.

शारदांबुधरजालपरीतं भ्राजते गगनमुज्ज्वलभानु ।
लिप्तचंदनरजः समुदञ्चत्कौस्तुभं मुररिपोरिव वक्षः ॥ १४८ ॥

---

૧ ઉપમાદિ અલંકાર. ૨ રૂપકાદિ અલંકાર. ૩ રૂપકાદિ અલંકાર. ૪ ઉપમાદિ અલંકાર.

જેમ, ચંદનની રજ (ઘસેલું ચંદન) જેને વિષે ચોપડેલી છે તથા જ્યાં સ્ફુરણાયમાન કૌસ્તુભ મણિ શોભે છે એવું **શ્રી**વિષ્ણુનું વક્ષઃસ્થલ (છાતી) શોભે તેમ, શરદ્ ઋતુનાં વાદળાંના સમુદાયથી વ્યાપ્ત તથા જેને વિશે ઉજ્જ્વલ **સૂર્ય** પ્રકાશે છે એવું, આકાશ શોભે છે. ૧૪૮.

पङ्कजानि समुदूढहरीणि प्रोद्गतानि विकचानि कनंति ।
सौम्य योगकलयेव विफुल्लान्युन्मुखानि हृदयानि मुनीनाम् ॥ १४९ ॥

જેને વિષે રૂડે પ્રકારે હરિ (વિષ્ણુ) આરૂઢ થયા છે, જે વિશેષે કરીને ઉચ્ચપણાને પામેલા છે, જે વિકાસ પામેલા છે, જે પ્રફુલ્લિત થયેલા છે અને જે સૌમ્ય યોગની કલાવડે ઉન્મુખ થયાં છે, એવા મુનિના હૃદયની પેઠે,-જેને વિષે રૂડે પ્રકારે હરિ (**સૂર્ય**) આરૂઢ થયો છે—**સૂર્ય**નાં કિરણ જેને લાગેલાં છે, જે વિશેષે કરીને ઊંચાં થયાં છે—જલમાંથી બહાર નીકળેલાં દેખાય છે, જે વિકાસ પામેલાં છે, જે પ્રફુલ્લિત થયાં છે અને જે ઉન્મુખ ઊંચાં મુખવાળાં થયાં છે, એવાં કમલો શોભે છે. ૧૪૯.

रेणुभस्मकलितैर्दलशाटीसंवृतैः कुसुमलिङ्जपमालैः ।
वृंतकुड्मलकमंडलुयुक्तैर्धार्यते क्षितिरुहैर्यतितौल्यम् ॥ १५० ॥

માર્ગમાંથી ઉડેલી ધૂળરૂપી ભસ્મથી શોભિત, પાંદડાંરૂપી વસ્ત્રથી વીંટાયલાં, ભમરાઓરૂપી જપમાલાવડે યુક્ત અને દીંટાને લાગેલી કળીઓરૂપી કમંડલ યુક્ત, એવાં વૃક્ષો, યતિ-(સંન્યાસી)ની સમાનતાને ધારણ કરે છે. ૧૫૦.

✓ **धारणादिभिरपि श्रवणाद्यैर्वार्षिकाणि दिवसान्यपनीय ।**
पादपद्मरजसाऽद्य पुनंतः संचरंति हि जगंति महान्तः ॥ १५१ ॥

આજ (આ ઋતુમાં) ધારણા, ધ્યાન અને સમાધિથી તથા શ્રવણ, મનન અને નિદિધ્યાસનથી વર્ષાઋતુના દિવસો ગાળીને પોતાના ચરણની રજવડે પવિત્ર કરતા મહાપુરુષો જગત્માં સંચરે છે—ફરે છે. ૧૫૧.

तद्भवान्व्रजतु वेदकदंबादुद्भवां भवदवांबुदमालाम् ।
तत्त्वपद्धतिमभिज्ञ विवेक्तुं सत्वरं हरपुरीमविविक्ताम् ॥ १५२ ॥

એટલા માટે હે અભિજ્ઞ! વેદના સમૂહ થકી ઉત્પન્ન થયેલી અને સંસારરૂપી દાવાનલને હોલવવાની મેઘપંક્તિરૂપ તત્ત્વપદ્ધતિ જેનું વિવેચન કોઇએ કર્યું નથી તેનું વિવેચન કરવાને—આ તત્ત્વપદ્ધતિ છે અને આ તત્ત્વપદ્ધતિ નથી એવો વિવેક કરવાને તમે સત્વર **કાશી**પુરીમાં જાઓ.' ૧૫૨.

अत्र कृष्णमुनिना कथितं मे पुत्र तच्छृणु पुरा तुहिनाद्रौ ।
वृत्रशत्रुमुखदैवतजुष्टं सत्रमत्रिमुनिकर्तृकमास ॥ १५३ ॥

હવે **શ્રી**શંકરને **શારી**રક સૂત્રભાષ્ય કરવાને પ્રેરણા કરવાના હેતુથી ગોવિંદાચાર્ય પૂર્વ વૃત્તાંત કહે છે કે—'હે પુત્ર! આ વિષે–આ તત્ત્વપદ્ધતિનું વિવેચન કરવાને વિષે **વ્યાસ** મુનિએ મને જે કહ્યું હતું તે તું સાંભળઃ પૂર્વે **હિ**માલય પર્વતમાં ઇંદ્રાદિક દેવોએ સેવેલો એવો તથા **અ**ત્રિ મુનિ જેના કરનારા હતા એવો યજ્ઞ થતો હતો. ૧૫૩.

संसदि श्रुतिशिरोर्थमुदारं शंसति स्म स पराशरसूनुः ।
इत्यपृच्छमहमत्रभवन्तं सत्यवाचमभियुक्ततमं तम् ॥ १५४ ॥

તે સભામાં પરાશરના પુત્ર શ્રીવેદવ્યાસ વેદાંતનો ઉદ્ધાર અર્થ કહેતા હતા; તે વખતે અત્યંત સત્ય વચન બોલનાર પૂજ્ય વ્યાસ મુનિને મેં આ પ્રમાણે પૂછ્યું કે—૧૫૪.

आर्य वेदनिकरः प्रविभक्तो भारतं कृतमकारि पुराणम् ।
योगशास्त्रमपि सम्यगभाषि ब्रह्मसूत्रमपि सूत्रितमासीत् ॥ १५५ ॥

'હે આર્ય! તમે વેદસમુદાયના વિભાગ કર્યા; ભારત નામે ઇતિહાસ કર્યો; પુરાણ (પણ) કર્યું; યોગશાસ્ત્ર પણ સારી રીતે કહ્યું—યોગશાસ્ત્ર ઉપર ભાષ્ય કર્યું; અને બ્રહ્મસૂત્રને પણ સૂત્રિત કર્યું. ૧૫૫.

अत्र केचिदिह विप्रतिपन्नाः कल्पयंति हि यथायथमर्थान् ।
अन्यथा ग्रहणनिग्रहदक्षं भाष्यमस्य भगवन्करणीयम् ॥ १५६ ॥

આ બ્રહ્મસૂત્રને વિષે કેટલાક અનેક અર્થની ગૂંચવણીમાં પડીને પોતપોતાને ફાવે તેવા–પોતાના મતને, અનુકૂલ આવે તેવા યથાયોગ્ય અર્થ કલ્પે છે; માટે હે ભગવાન! તેના વિપરીત અર્થના ગ્રહણને અટકાવવામાં કુશલ—જેથી લોકો તેનો વિપરીત અર્થ કરતાં સેહેલથી અટકે એવું એનું એક ભાષ્ય તમારે કરવું જોઈએ.' ૧૫૬.

मद्वचः स च निशम्य सभायां विद्वदग्रसर वाचमवोचत् ।
पूर्वमेव दिविषद्भिरुदीर्णः पार्वतीपतिसदस्ययमर्थः ॥ १५७ ॥

હે વિદ્વાનોને વિષે અગ્રેસર! પછી સભાને વિષે મારૂં વચન સાંભળીને તે વ્યાસ મુનિ આ વચન બોલ્યા કે, 'પૂર્વે પાર્વતીના પતિ મહાદેવની સભામાં દેવોએ પણ આ જ અર્થ કહેલો—પૂછેલો હતો. ૧૫૭.

वत्स तं शृणु समस्तविदेको मत्समस्तव भविष्यति शिष्यः ।
कुंभ एव सरितः सकलं यः संहरिष्यति महोल्बणमंभः ॥ १५८ ॥

હે વત્સ! તું સાંભળ: મારા સમાન સર્વજ્ઞ એક તારો શિષ્ય થશે, જે નદીનું અત્યંત ઉભરાએલું સઘળું પાણી એક ઘડામાં જ (કમંડલમાં જ) સમાવી દેશે. ૧૫૮.

दुर्मतानि निरसिष्यति सोऽयं शर्मदायि च करिष्यति भाष्यम् ।
कीर्तयिष्यति यशस्तव लोकः कार्तिकेंदुकरकौतुकि येन ॥ १५९ ॥

તે તારો શિષ્ય દુષ્ટ મતોને ઉપાડી નાખશે તથા સુખ આપનારૂં ભાષ્ય કરશે; જેથી કરીને કાર્તિક માસના ચંદ્રના કિરણ જેવું જેનું કૌતુક છે-જે અતિશય પ્રકાશિત અને શ્વેત છે એવા તારા યશનું લોકો કીર્તન કરશે.' ૧૫૯.

इत्युदीर्य मुनिराट् स वनांते पत्युराप सुगिरिं गिरिजायाः ।
तन्मुखाच्छ्रुतमशेषमिदानीं सन्मुनिप्रिय मया त्वयि दृष्टम् ॥ १६० ॥

એ પ્રમાણે તે મુનિરાજ કહીને (યજ્ઞનું સવન કર્મ સમાપ્ત થયા પછી અથવા) વનના અંત ભાગને વિષે પાર્વતીના પતિના ઉત્તમ પર્વત કૈલાસ પ્રત્યે ગયા. ઉત્તમ મુનિઓને પ્રિય એવા હે શિષ્ય! મેં તેમના મુખ થકી જે સાંભળ્યું હતું તે સર્વે તારે વિષે આ સમયે મેં જોયું. ૧૬૦.

स त्वमुत्तमपुमानसि कश्चित्तत्त्वविप्रवर नान्यसमानः ।
तद्यतस्व निरवद्यनिबंधैः सद्य एव जगदुद्धरणाय ॥ १६१ ॥

હે તત્ત્વવેત્તાઓમાં શ્રેષ્ઠ શંકર! એટલા માટે તું કોઈ [1]ઉત્તમ પુરુષ છે; પણ બીજાઓના જેવો સાધારણ મનુષ્ય નથી. તેથી કરીને દોષરહિત ગ્રંથો રચીને જગતનો ઉદ્ધાર કરવાને તું તરત જ યત્ન કર. ૧૬૧.

गच्छ वत्स नगरं शशिमौलेः स्वच्छदेवतटिनीकमनीयम् ।
तावता परमनुग्रहमाद्या देवता तव करिष्यति तस्मिन् ॥ १६२ ॥

હે વત્સ! નિર્મલ એવી દેવનદી ગંગાવડે સુંદર શ્રીશંકરનું નગર કાશીપુરી છે ત્યાં તું જા; ત્યાં તારા ગમનમાત્રથી જ તે નગરમાં રહેલા શિવ નામે આદ્ય દેવતા તારા ઉપર પરમ અનુગ્રહ કરશે. ૧૬૨.

एवमेनमनुशास्य दयालुः पावयन्निजदृशा विससर्ज ।
भावतः स्वचरणांबुजसेवामेव शश्वदभिकामयमानम् ॥ १६३ ॥

દયાળુ ગોવિંદાચાર્ય, પોતાના ચરણકમલની સેવાને જ નિરંતર ભક્તિપૂર્વક ઇચ્છતા શ્રીશંકરને પોતાની દૃષ્ટિથી પવિત્ર કરતા હોય તેમ, એ પ્રમાણે ઉપદેશ કરીને વિદાય કરતા હવા. ૧૬૩.

पङ्कजप्रतिभटं पदयुग्मं शङ्करोऽस्य निरगादसहिष्णुः ।
तद्वियोगमभिवंद्य कथंचित्तद्विलोकनमयन्हृदयाब्जे ॥ १६४ ॥

શ્રીગોવિંદનાથ ગુરુના, કમલના પ્રતિસ્પર્દ્ધિ એવા બે ચરણને વિષે પ્રણામ કરીને, તેના વિયોગને સહન ન કરી શકતા શંકરાચાર્યે પોતાના હૃદયમાં તેમનું દર્શન પ્રાપ્ત કરીને કષ્ટે કરીને ત્યાં થકી નીકળ્યા. ૧૬૪.

प्राप तापसवरः स हि काशीं नीपकाननपरीतसमीपाम् ।
आपगानिकटहाटकचञ्चद्यूपपङ्क्तिसमुदञ्चितशोभाम् ॥ १६५ ॥

પછી તે ઉત્તમ તપસ્વી શંકરાચાર્ય, કદંબના વનવડે જેના સમીપનો ભાગ વ્યાપ્ત છે તથા નદીની પાસે સુવર્ણના શોભાયમાન યજ્ઞસ્તંભની પંક્તિવડે જેને શોભા પ્રાપ્ત થયેલી છે એવી કાશીનગરીને પામ્યા. ૧૬૫.

संददर्श स भगीरथतप्तामंदतीव्रतपसः फलभूताम् ।
योगिराडुचिततीरनिकुञ्जां भोगिभूषणजटातटजूषाम् ॥ १६६ ॥

કાશીનું વર્ણન કરીને પછી ગંગાનું વર્ણન કરતાં કહે છે કે—તે યોગિરાજ શંકરાચાર્યે ભગીરથ રાજાએ કરેલા અત્યંત તીવ્ર તપની ફલભૂત, જેના કાંઠા ઉપર યોગ્ય એવા કુંજ છે, તથા સર્પનું જેને ભૂષણ છે એવા મહાદેવની જટાના કિનારાને વિષે જે અલંકારરૂપ છે, એવી ગંગા નદી જોઈ. ૧૬૬.

સ્ફાટિકમણિના સરખા જલવાળી ગંગાની ત્રણ પ્રકારે ઉત્પ્રેક્ષા કરે છે કે,—

विष्णुपादनखराजननाद्वा शंभुमौलिशशिसंगमनाद्वा ।
या हिमाद्रिशिखरात्पतनाद्वा स्फाटिकोपमजला प्रतिभाति ॥ १६७ ॥

---

૧ શ્રુતિમાં પણ આ જ પ્રમાણે કહ્યું છે, જુઓઃ "उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।"

વિષ્ણુના ચરણના નખથી ઉત્પન્ન થઇ છે માટે તે નખના વર્ણ જેવું નિર્મલ સ્ફટિક સરખું ગંગાનું જલ છે; અથવા તો શંકરના મસ્તક ઉપર રહેલા ચંદ્રમાનો સમાગમ થવાથી ચંદ્રના વર્ણ જેવા નિર્મલ—સ્ફટિક સરખા જલવાળી ગંગા શોભે છે; અથવા તો હિમાચલના શિખર ઉપરથી તે પડે છે માટે હિમાચલના શિખર જેવા શ્વેતવર્ણના નિર્મલ સ્ફટિક સરખા જલવાળી ગંગા શોભે છે. ૧૬૭.

गायतीव कलषट्पदनादैर्नृत्यतीव पवनोच्चलिताब्जैः ।
मुञ्चतीव हसितं सितफेनैः श्लिष्यतीव चपलोर्मिकरैर्या ॥ १६८ ॥

તે ગંગા નદી અવ્યક્ત મધુર નાદ કરનારા ભમરાઓના નાદવડે જાણે ગાયન કરતી હોય, પવનવડે ઊંચાં થતાં કમલોવડે નૃત્ય કરતી હોય, તેમાંના શ્વેત ફેનવડે જાણે તે હાસ્ય કરતી હોય, અને ચપલ એવા તરંગરૂપી હાથવડે જાણે તે આલિંગન કરતી હોય તેમ શોભે છે. ૧૬૮.

श्यामला क्वचिदपांगमयूखैश्चित्रिता क्वचन भूषणभाभिः ।
पाटला कुचतटीगलितैर्या कुङ्कुमैः क्वचन दिव्यवधूनाम् ॥ १६९ ॥

દેવાંગનાઓના કટાક્ષનાં કિરણોવડે કોઈ જગોએ તે (ગંગા) શ્યામ વર્ણની દેખાય છે; તેમના અલંકારની કાંતિવડે કોઈ જગોએ તે વિચિત્ર વર્ણની દેખાય છે; અને તેમના સ્તન-ઉપરથી પડેલા કંકુવડે તે કોઈ જગોએ શ્વેતરક્ત વર્ણની જણાય છે. ૧૬૯.

सोऽवगाह्य सलिलं सुरसिंधोरुत्ततार शितिकंठजटाभ्यः ।
जाह्नवीसलिलवेगहृतस्तद्योगपुण्यपरिपूर्ण इवेंदुः ॥ १७० ॥

પછી શ્રીશંકર દેવ નદી ગંગાના જલને વિષે પેશીને—મજ્જન કરીને મહાદેવની જટામાંથી ગંગાના જલના વેગથી તણાઇ આવેલો તથા તે જલનો યોગ થવાથી જે પુણ્ય ઉત્પન્ન થયું તેથી પરિપૂર્ણ થયેલો જાણે ચંદ્રમા હોય તેમ જલમાંથી બહાર નીકળ્યા. ૧૭૦.

स्वर्णदीजलकणाहितशोभा मूर्तिरस्य सुतरां विललास ।
चन्द्रपादगलदम्बुकणाङ्का पुत्रिका शशिशिलारचितेव ॥ १७१ ॥

સ્વર્ગ નદી ગંગાના જલના બિંદુઓવડે જેણે શોભા ધારણ કરી છે એવી શ્રીશંકરની મૂર્તિ, જાણે ચંદ્રના કિરણવડે ટપકતા જલના બિંદુઓરૂપી ચિન્હ જેને છે એવી ચંદ્રકાંત શિલાથી બનાવેલી પુતળી હોય તેમ, અત્યંત શોભતી હતી. ૧૭૧.

विश्वेशश्चरणयुगं प्रणम्य भक्त्या हर्याद्यैस्त्रिदशवरैः समर्चितस्य ।
सोऽनैषीत्प्रयतमना जगत्पवित्रे क्षेत्रेऽसाविह समयं कियंतमार्यः ॥ १७२ ॥[1]

હરિ (વિષ્ણુ) આદિક ઉત્તમ દેવોએ પૂજેલા કાશીવિશ્વેશ્વરના બન્ને ચરણને વિષે ભક્તિવડે પ્રણામ કરીને તથા મનને નિયમમાં રાખીને તે આર્ય શંકરાચાર્યે જગતને વિષે પવિત્ર એવા કાશીક્ષેત્રને વિષે કેટલોક સમય ગાળ્યો. ૧૭૨.

इति श्रीमाधवीये तत्सुखाश्रमनिवासगः ।
संक्षेपशंकरजये सर्गोऽयं पञ्चमोऽभवत् ॥ ५ ॥

એ પ્રમાણે શ્રીમાધવાચાર્યવિરચિત સંક્ષેપશંકરજયને વિશે શ્રીશંકરાચાર્યના સુખાશ્રમવાસના વર્ણનસંબંધી પાંચમો સર્ગ સમાપ્ત થયો. ૫.

---

૧ પ્રહર્ષિણી વૃત્ત.

अथ षष्ठः सर्गः ।

એ પ્રમાણે પાછલા સર્ગમાં જીવન્મુક્તિરૂપ સુખને પ્રાપ્ત કરી આપનાર સંન્યસ્તાશ્રમમાં **શ્રી**શંકરે નિવાસ કર્યો તે વર્ણીને આ સર્ગમાં, તેમણે બ્રહ્મવિદ્યાની સ્થાપના કરી તેનું અંગસહિત વર્ણન કરવાનો આરંભ કરીને કહે છે કે,—

[1]अथाऽऽगमद्ब्राह्मणसूनुरादराद्धीतवेदो दलयन्स्वभासा ।
तेजांसि कश्चित्सरसीरुहाक्षो दिदृक्षमाणः किल देशिकेंद्रम् ॥ १ ॥

હવે કાશીમાં પહોચ્યા પછી કમલ સમાન નેત્રવાળો કોઈક બ્રાહ્મણનો પુત્ર વેદ ભણીને **શ્રી**શંકરાચાર્યનું દર્શન કરવાની ઇચ્છાથી પોતાની કાંતીવડે બીજા સર્વ તેજનો નાશ કરતો કરતો આદરસહિત ત્યાં આવ્યો. ૧.

[2]आगत्य देशिकपदांबुजयोरपप्तत्संसारवारिधिमनुत्तरमुत्तितीर्षुः ।
वैराग्यवानकृतदारपरिग्रहश्च कारुण्यनावमधिरुह्य दृढां दुरापाम् ॥ २ ॥

ત્યાં આવીને દૃઢ તથા દુઃખે કરીને પ્રાપ્ત કરાય એવી ગુરુના કરુણારૂપી નાવમાં બેશીને, ઉતરવાને કઠિન એવા સંસારરૂપી સમુદ્રને તરી જવાની ઇચ્છાવાળો, વૈરાગ્યવાળો તથા જેણે સ્ત્રીનું પાણિગ્રહણ કર્યું નથી એવો તે, ઉપદેશ કરનાર એવા **શ્રી**શંકરના બન્ને ચરણરૂપ કમલને વિષે પડ્યો. ૨.

उत्थाप्य तं गुरुरुवाच गुरुर्द्विजानां कस्त्वं क धाम कुत आगत आत्तधैर्यः ।
बालोऽप्यबालधिषणः प्रति भासि मे त्वमेकोऽप्यनेक इव नैकशरीरभावः॥ ३ ॥

તે બ્રાહ્મણના પુત્રને (પોતાના ચરણમાંથી) ઉઠાડીને બ્રાહ્મણોના ગુરુ **શ્રી**શંકર બોલ્યા કે, ‘તું કોણ છે? બ્રાહ્મણ છે કે ક્ષત્રિયાદિક છે? તારૂં ઘર ક્યાં છે? હમણાં તું ક્યા દેશથી આવ્યો છે? જેથી તેં (આટલું બધું) ધૈર્ય ધારણ કર્યું છે તેથી તું બાલક છતાં પણ મને વૃદ્ધના જેવી બુદ્ધિવાળો માલમ પડે છે. વળી તું નિર્ભય છે તેથી તું એકલો છતાં પણ અનેક જેવો જણાય છે અને તેમ છતાં તારા એક શરીરને વિશે પણ તને અહંભાવ જણાતો [3]નથી.’ ૩.

पृष्टो बभाण गुरुमुत्तरमुत्तरज्ञो विप्रो गुरो मम गृहं बुध चोलदेशे ।
यत्राऽऽपगा वहति तत्र कवेरकन्या यस्याः पयो हरिपदांबुजभक्तिमूलम् ॥ ४ ॥

એ પ્રમાણે પૂછવા ઉપરથી ઉત્તર કેમ આપવો તે જાણનારા તે બ્રાહ્મણે **શ્રી**ગુરુને કહ્યું કે ‘હે ગુરો! હું બ્રાહ્મણ છું, હે બુધ! જેનું જલ વિષ્ણુના ચરણકમલની ભક્તિનું કારણ છે તે **કા**વેરી નદી જ્યાં વહન કરે છે તે **ચો**લ દેશમાં મારૂં ઘર છે. ૪.

[4]अटाट्यमानो महतो दिदृक्षुः क्रमादिमं देशमुपागतोऽस्मि ।
बिभेमि मज्जन्भववारिराशौ तत्पारगं मां कृपया विधेहि ॥ ५ ॥

મહાપુરુષનાં દર્શન કરવાની ઇચ્છાવાળો હું પૃથ્વીઉપર બહુ ભમતો ભમતો ક્રમેકરીને આ સ્થલમાં આવી પહોચ્યો છું. હું સંસાર સમુદ્રમાં ડુબી જતાં જતાં તેથી ભય પામુંછું માટે કૃપા કરીને મને તેની પાર ઉતારો એ મારી પ્રાર્થના છે. ૫.

---

૧ ઉપજાતિ. ૨ વસંતતિલકા. ૩ ઉત્પ્રેક્ષા અલંકાર. ૪ ઉપજાતિ વૃત્ત.

अपाङ्गैरुत्तुङ्गैरमृतझरभङ्गैः परगुरो शुचा दूनं दीनं कलय दयया मामविमृशन् ।
गुणं वा दोषं वा मम किमपि संचिंतयसि चेत्तदा कैव श्लाघा निरवधिकृपानीरधिरिति ६

હે પરમગુરો! મારા ગુણ કે દોષનો કાંઈપણ વિચાર ન કરીને અતિ ઊંચા એવા કટાક્ષ-રૂપી અમૃતના પ્રવાહના તરંગોવડે, શોકથી ખિન્ન થયેલા આ દીનને, દયા કરીને જુઓ; જો મારા કાંઇ પણ ગુણ કે દોષ તમે જોશો તો પછી તમે અપાર કૃપાસમુદ્ર છો એવી તમારી પ્રસંસા શાની કરવી ? ૬.

[1]स्यात्ते दीनदयालुताकृतयशोराशिस्त्रिलोकीगुरो
तूर्णं चेद्दयसे ममाद्य न तथा कारुण्यतः श्रीमति ।
वर्षन्भूरि मरुस्थलीषु जलभृत्सद्भिर्यथा पूज्यते
नैवं वर्षशतं पयोनिधिजले वर्षन्नपि स्तूयते ॥ ७ ॥

હે ત્રણ લોકના ગુરુ ! જો તમે ગુણ કે દોષનો વિચાર કર્યા વિના જ મારા ઉપર ઉતાવળે દયા કરશો તો તેથી જેવો તમારા દીનઉપર દયાળુપણાના ગુણનો મોટો યશ જગત્માં વિસ્તાર પામશે તેવો શ્રીમાનના ઉપર દયા કરવાથી મોટો યશ વિસ્તાર પામશે નહિ. કેમકે મેઘ જેમ મરૂ પ્રદેશમાં ઘણોક વરસે અને તેથી સત્પુરુષો જેટલો તેને વખાણે છે તેટલો, સમુદ્રના જલમાં તે સો વરસ વરસે તોપણ સત્પુરુષો તેને વખાણતા નથી. ૭.

त्वत्सारस्वतसारसारससुधाकूपारसत्सारस-
स्रोतःसंभृतसंततोज्ज्वलजलक्रीडा मतिर्मे मुने ।
चञ्चत्पञ्चशरादिवञ्चनहतं न्यञ्चं प्रपञ्चं हित-
ज्ञानाकिंचनमा विरिञ्चमखिलं चाऽऽलोचयन्त्यञ्चतु ॥ ८ ॥

તમારી વાણીનો સાર એ જ ચંદ્રસંબંધી અમૃતનો કોઇએક સમુદ્ર છે જેને વિશે ઉત્તમ સારસ પક્ષીઓના કે ઉત્તમ કમલોના પ્રવાહથી–સમુદાયથી ભરાઇ ગયેલું—વ્યાપ્ત થયેલું નિરંતર ઉજ્જવલ એવું જલ છે. હે મુનિ! તે જલમાં ક્રીડા કરનારી મારી બુદ્ધિ, સ્ફુરણ થઇ આવતાં [3]પંચ બાણાદિ(કામાદિ)એ કરેલી ઠગાઇથી હણાયલા અને તેથી અધમ થઇ ગયેલા, તથા પોતાનું હિત જાણવાને અસમર્થ, બ્રહ્મલોકપર્યંત સઘળા સંસારને, જોતી જોતી ભ્રમણ કરો. ૮.

सौरं धाम सुधामरीचिनगरं पौरंदरं मंदिरं
कौबेरं शिबिरं हुताशनपुरं सामीरसद्मोत्तरम् ।
वैधं चाऽऽवसथं [2]त्वदीयफणितिश्रद्धासमिद्धात्मनः
शुद्धाद्वैतविदो न दोग्धि विरतिश्रीघातुकं कौतुकम् ॥ ९ ॥

તમારી ઉક્તિમાં શ્રદ્ધા હોવાથી તે શ્રદ્ધાવડે જેનો આત્મા યુક્ત થયેલો છે એવા શુદ્ધ અદ્વૈત લક્ષણ બ્રહ્મને જાણનારા પુરુષની વૈરાગ્યરૂપી લક્ષ્મીને નાશ કરવારૂપ કૌતુક, સૂર્યનું ધામ, સૂર્યનું તેજોમંડલ, ચંદ્રનું નગર, ઇંદ્રનું મંદિર, કુબેરનો તંબુ–મહેલ, અગ્નિનું નગર, વાયુનું સ્થાન, કે બ્રહ્માનું સર્વોત્તમ ધામ, એમાંથી કોઈ પણ કરવાને સમર્થ નથી અર્થાત્ સૂર્યાદિ દેવોનાં ધામ પણ પોતાની અત્યંત શોભાવડે તમારી વાણીમાં શ્રદ્ધાવાળા આત્મજ્ઞ પુરુષના વૈરાગ્યની શોભાને

૧ શિખરિણી. ૨ શાર્દૂલવિક્રીડિત. ૩ " उन्मादनस्तापनश्च शोषणः स्तंभनस्तथा । संमोहनश्च कामस्य पञ्च बाणाः प्रकीर्तिताः ॥ "–ઉન્માદન, તાપન, શોષણ, સ્તંભન, અને સંમોહન એવાં કામનાં પાંચ બાણ છે.—અમરકોશ.

નાશ કરી શકતાં નથી. તાત્પર્ય કે તમારા ઉપદેશથી પ્રાપ્ત થયેલો વૈરાગ્ય બ્રહ્માદિકના વૈભવથી પણ ચલાયમાન થતો નથી. ૯.

न भौमारामाद्याः सुषुमविषवल्लीफलसमाः समारंभंते नः किमपि कुतुकं जातु विषयाः ।
नगण्यं नः पुण्यं रुचिरतररंभाकुचतटीपरीरंभारंभोज्ज्वलमपि च पौरंदरपदम् ॥ १० ॥

સુંદર એવી ઝેરની વેલના ફલ સમાન, પૃથ્વી ઉપરના સ્ત્રી આદિક વિષયો કોઈ દિવસ અમને કાંઈપણ આશ્ચર્ય ઉત્પન્ન કરતા નથી; તેમ અત્યંત સુંદર એવી રંભા અપ્સરાના સ્તનની કોરના આલિંગનવડે ઉજ્જ્વલ તથા પુણ્યવડે પ્રાપ્ત એવું ઇંદ્રનું પદ પણ અમારે ગણનામાં નથી! ૧૦.

न चश्चद्वैरिञ्चं पदमपि भवेदादरपदं वचो भव्यं नव्यं यदकृत कृती शंकरगुरुः ।
चकोरालीचञ्चूपुटदलितपूर्णेंदुविगलत्सुधाधाराकारं तदिह वयमीहेमहि मुहुः ॥ ११ ॥

તેમ જ શોભાયમાન એવું બ્રહ્માનું પદ પણ અમારા આદરનું સ્થાન નથી પરંતુ પુણ્યશાળી શ્રીશંકર ગુરુએ જે કલ્યાણાત્મક નવીન વચન કરેલાં છે; જે વચન, વિરહાતુર ચકોર પક્ષીઓના ચંચુપુટથી દલિત થયેલા પૂર્ણચંદ્રમાંથી નીકળેલાં અમૃતની ધારા જેવાં છે, તે અમે આ સ્થલમાં ઇચ્છીએ છીએ[2]. ૧૧.

[3]द्यावाभूमिशिवंकरैर्नवयशःप्रस्तावसौवस्तिकैः
पूर्वाखर्वतपःपचेलिमफलैःसर्वाधिमुष्टिंधयैः ।
दीनाढ्यंकरणैर्भवाय नितरां वैरायमाणैरलं-
कर्माणं प्रसितं त्वदीयभजनैः स्यान्मामकीनं मनः ॥ १२ ॥

તમારાં ભજન જે પૃથ્વી અને સ્વર્ગ, બન્નેને સુખ કરનારાં છે, જે તમારા અસાધારણ યશની પ્રસ્તાવનાના સ્વસ્તિવાચનરૂપ છે, પૂર્વે કરેલાં અનંત તપરૂપી વૃક્ષનાં પાકાં ફલ જેવાં છે, સર્વ આધિઓનાં તત્ત્વને ખેંચી લેનારાં છે, દીન પુરુષને આઢ્ય (ધનવાન) કરનાર છે, અને જન્મ મરણરૂપ સંસારની સાથે અત્યંત વૈર કરનારાં છે; એ તમારાં ભજનને વિશે તમારી સેવારૂપ કર્મ કરવાને સમર્થ એવું મારૂં મન આસક્ત થાઓ. ૧૨.

[4]संसारबंधामयदुःखशांत्यै स एव नस्त्वं भगवानुपास्यः ।
भिषक्तमं त्वां भिषजां शृणोमीत्युक्तस्य योऽभूदुदितावतारः ॥ १३ ॥

"[5]વૈદ્યોમાં શ્રેષ્ઠ વૈદ્ય તમે છો એમ હું સાંભળુંછું" એમ જેને વિષે શ્રુતિમાં કહેલું છે એવા સદાશિવનો અવતાર થવાનો જે કહેલો છે તે અવતાર તમે છો. માટે તે જ વૈદ્યોમાં સદ્વૈદ્ય સદાશિવના અવતારભૂત ભગવાન્ તમે જ સંસારના બંધરૂપ રોગની શાંતિને અર્થે અમારે ઉપાસન કરવા યોગ્ય છો.' ૧૩.

इत्युक्तवंतं कृपया महात्मा न्यदीपयत्संन्यसनं यथावत् । "४. ९२"
प्राहुर्महांतः प्रथमं विनेयं तं देशिकेंद्रस्य सनंदनाख्यम् ॥ १४ ॥

એ પ્રમાણે બોલતા તે બ્રાહ્મણના પુત્રને મહાત્મા શ્રીશંકરાચાર્યે કરુણાવડે વિધિપૂર્વક સંન્યાસ દીક્ષા આપી. મહાપુરુષો તેને શ્રીશંકરાચાર્યનો સનંદન નામે પ્રથમ શિષ્ય કહે છે. ૧૪.

संसारघोरजलधेस्तरणाय शश्वत्सांयात्रिकीभवनमर्दयमानमेनम् ।
हंतोत्तमाश्रमतरीमधिरोप्य पारं निन्ये निपातितकृपारसकेनिपातः ॥ १५ ॥

---

१ શિખરિણી. ૨ ઉપમાદિ અલંકાર. ૩ શાર્દૂલવિક્રીડિત. ૪ ઉપજાતિ. ૫ "भिषक्तमं त्वा भिषजां शृणोमि ।"

સંસારરૂપી ભયંકર સમુદ્રને તરી જવા માટે જે નિરંતર શંકરની એમ પ્રાર્થના કરતો હતો કે 'તમે મારા વહાણવટી (વહાણમાં બેસાડીને પેલી પાર લેઈ જનારા) થાઓ,' તેને સંન્યાસાશ્રમરૂપી નાવમાં બેસાડીને કૃપારસરૂપી નૌકાદંડ જેણે પાણીમાં પાડ્યો છે એવા **શ્રી**શંકર પેલી પાર લેઇ ગયા, એ હર્ષની વાત છે.[1] ૧૫.

[2]येऽप्यन्येऽमुं सेवितुं देवतांशा यातास्तेऽपि प्राय एवं विरक्ताः ।
क्षेत्रे तस्मिन्नेव शिष्यत्वमस्य प्रापुः स्पष्टं लोकरीत्यापि गंतुम् ॥ १६ ॥

બીજા પણ જે દેવતાઓના અંશ **શ્રી**શંકરનું સેવન કરવાને આવેલા હતા તેપણ **સ**નંદનની પેઠે બહુધા વિરક્ત હોઇને, તે મુક્તિ ક્ષેત્રમાં વડના મૂલ આગળ બેઠેલા **મ**હાદેવના શિષ્ય છતાં, લોકરીતિએ પણ અમે **શ્રી**શંકરાચાર્યના શિષ્ય છીએ, એમ પ્રસિદ્ધિ પામવાને સ્પષ્ટપણે તેમના શિષ્યભાવને પામ્યા. ૧૬.

[3]व्याख्या मौनमनुत्तराः परिदलच्छंकाकलंकांकुरा-
श्छात्रा विश्वपवित्रचित्रचरितास्ते वामदेवादयः ।
तस्यैतस्य विनीतलोकततिमुद्धर्तुं धरित्रीतलं
प्राप्तस्याद्य विनेयतामुपगता धन्याः किलान्यादृशाः ॥ १७ ॥

જેમના આગળ ગુરુનું મૌન એ જ વ્યાખ્યાન છે અને જેઓનાથી બીજાઓના શંકારૂપ કલંકના અંકુર નાશ પામે છે, તથા વિશ્વમાં પવિત્ર અને આશ્ચર્યકારક જેમનાં ચરિત્ર છે, એવા ઉત્તર રહિત **વા**મદેવાદિક પ્રથમ જે **શિ**વના શિષ્યો હતા તે જ **શિ**વ જ્યારે વિનીત (વિનયયુક્ત) લોકના સમુદાયનો ઉદ્ધાર કરવાને આ પૃથ્વી ઉપર પ્રાપ્ત થયા—અવતાર પામ્યા ત્યારે પણ તેમના જ શિષ્યભાવને પામ્યા માટે સર્વથી વિલક્ષણ (શિષ્યો વૃદ્ધ અને ગુરુ જુવાન) તે શિષ્યોને ધન્ય છે[4] ૧૭.

[5]शेषः साधुभिरेव तोषयति नृञ्शब्दैः पुमर्थार्थिनो
वाल्मीकिः कविराज एष वितथैरर्थैर्मुहुः कल्पितैः ।
व्याचष्टे किल दीर्घसूत्रसरणिर्वाचं चिरादर्थदां
व्यासः शङ्करदेशिकस्तु कुरुते सद्यः कृतार्थानहो ॥ १८ ॥

પુરુષાર્થની ઇચ્છાવાળા પુરુષોને **શે**ષનાગ સારા (સંસ્કારયુક્ત કરેલા) શબ્દોથી જ સંતોષ આપે છે પણ પુરુષાર્થ આપતા નથી; કવિરાજ **વા**લ્મીકિ પણ કલ્પિત અને યથાર્થ અર્થવડે પુરુષાર્થની ઇચ્છાવાળા પુરુષોને સંતોષ આપે છે પણ પુરુષાર્થ આપતા નથી; સૂત્રોની લાંબી જે નીરસરણિ (પદ્ધતિ) છે એવા **વ્યાસ** મુનિ પણ ઘણેક કાલે પુરુષાર્થને આપે એવી વાણી તેમને કહે છે; પણ **શ્રી**શંકર ગુરુ તો પુરુષાર્થની ઇચ્છાવાળા પુરુષોને તત્કાલ કૃતાર્થ કરે છે. ૧૮.

[1]चक्रितुल्यमहिमानमुपासांचक्रिरे तमविमुक्तनिवासाः ।
वक्रसृत्यनुसृतामपि साध्वीं चक्रुरात्मधिषणां तदुपास्त्या ॥ १९ ॥

---

૧ **રૂ**પકાદિ અલંકાર. ૨ **શા**લિની. ૩ **શા**ર્દૂલવિક્રીડિત. ૪ જુઓ આ અર્થને મળતો શ્લોક આ પ્રમાણે છે:—" **चित्रं वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा । गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः॥** "—વડના વૃક્ષ નીચે શિષ્યો વૃદ્ધ થયા અને ગુરુ યુવાવસ્થા પામ્યા તથા જ્યારે ગુરુએ મૌનપણું ધારણ કર્યું ત્યારે શિષ્યો સંશય રહિત થયા. ૫ **સ્વા**ગતા.

મુક્ત નહિ થયેલા પુરુષોને વિષે જેમનો કદાપિ વાસ નથી એવા પુરુષો, વિષ્ણુતુલ્ય જેનો મહિમા છે એવા શંકરનું ઉપાસન કરતા હતા; (તથા તેનું ફલ પણ તેમને પ્રાપ્ત થયું હતું એવું કે) તેની ઉપાસનાવડે તેઓએ વાંકે માર્ગે અનુસરેલી પોતાની બુદ્ધિને સીધે માર્ગે ચાલનારી કરી હતી.[1] ૧૯.

[2]चण्डभानुरिव भानुमण्डलैः पारिजात इव पुष्पजाततः ।
वृत्रशत्रुरिव नेत्रवारिजैश्छात्रपङ्क्तिभिरलं ललास सः ॥ २० ॥

જેમ કિરણોના મંડલથી સૂર્ય શોભે છે, પુષ્પની અનેક જાતિઓમાં જેમ પારિજાતનું પુષ્પ શોભે છે, નેત્રરૂપી હજાર કમલોવડે જેમ વૃત્રાસુરનો શત્રુ ઇંદ્ર શોભે છે, તેમ શિષ્યોની પંક્તિઓથી શ્રીશંકર અત્યંત શોભતા હતા.[3] ૨૦.

[4]एकदा खलु वियत्त्रिपुरद्विड्भाललोचनहुताशनभानोः ।
विस्फुलिंगपदवीं दधतीषु प्रज्वलत्तपनकांतशिलासु ॥ २१ ॥
दर्शयत्युरुमरीचिसरस्वत्पूरसृज्यपरमायिनि भानौ ।
साधुनैकमणिकुट्टिममूर्च्छद्रश्मिजालकशिखावलपिच्छम् ॥ २२ ॥
पङ्कजावलिविलीनमराले पुष्करांतरभिगत्वरमीने ।
शाखिकोटरशयालुशकुंते शैलकंदरशरण्यमयूरे ॥ २३ ॥
शङ्करो दिवसमध्यमभागे पङ्कजोत्पलपरागकषायाम् ।
जाह्नवीमभिययौ सह शिष्यैराह्निकं विधिवदेष विधित्सुः ॥ २४ ॥

હવે એક સમયે સૂર્યના તાપથી પ્રજ્વલિત થઈ રહેલી સૂર્યકાંતની શિલાઓ, [5]આકાશમાં ભમતાં ત્રણ પુરનો દ્વેષ કરનારા મહાદેવના નેત્રમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિના કિરણોના તણખાની પદવી જે વખતે ધારણ કરતી હતી. જાણે અગ્નિના તણખા હોય તેવી દેખાતી હતી; જે સમયે પોતાનાં અત્યંત કિરણોવડે સમુદ્રમાં ભરતીરૂપી પૂરને ઉત્પન્ન કરનારો સૂર્ય અનેક સુંદર મણિઓથી બાંધેલી ભૂમિમાં પરાવર્તન પામતાં પોતાના કિરણના સમુદાયવડે મોરનાં પીંછાં બતાવતો હોય તેમ બીજો ઇંદ્રજાલ વિદ્યાનો ખેલ કરી બતાવનારો થયો હતો;—જે સમયે હંસ કમલના સમુદાયમાં સંતાઈ ગયા હતા, માછલાં જલની મધ્યે જતાં રહ્યાં હતાં, પક્ષીઓ વૃક્ષોના પોલાણમાં સુઈ ગયાં હતાં અને મોર પર્વતોની ગુફાનું શરણું લેઈને રહ્યા હતા; તે વખતે દિવસના મધ્યભાગમાં (મધ્યાન્હે) શ્રીશંકરાચાર્ય વિધિપૂર્વક આહ્નિક કર્મ કરવાની ઇચ્છાથી પોતાના શિષ્યોસહિત કમલ અને કાળા કમલના પરાગથી ભગવા વર્ણની થઈ ગયેલી ગંગા નદી ઉપર જતા હતા. ૨૧-૨૨-૨૩-૨૪.

सोऽन्त्यजं पथि निरीक्ष्य चतुर्भिर्भीषणैः श्वभिरनुद्रुतमारात् ।
गच्छ दूरमिति तं निजगाद प्रत्युवाच च स शंकरमेनम् ॥ २५ ॥

નદી ઉપર જતાં માર્ગમાં શ્રીશંકરે ચાર ભયાનક કુતરાઓથી આગળ પાછળ ઘેરાયલા

---

૧ લુપ્તોપમાલંકાર. ૨ રથોદ્ધતા. ૩ ઉપમાલંકાર. ૪ સ્વાગતા. ૫ "पृथिवी सलिलं तेजो वायुराकाशमेव च । सूर्याचंद्रमसौ सोमयाजी चेत्यष्टमूर्तयः ॥ "—પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, ચંદ્ર, સૂર્ય અને સોમયાજી(—સોમ યજ્ઞ કરનાર) એ આઠ મૂર્તિઓ છે. રૂપક અલંકાર.

ચાંડાલને પોતાની પાસે આવતો જોઈને તે ચાંડાલને તેમણે સ્પષ્ટ કહ્યું કે, 'અરે ચાંડાલ! દૂર જા;' તે સાંભળીને તે ચાંડાલે શ્રીશંકરને ઉત્તર આપ્યો કે,—૨૫.

अद्वितीयमनवद्यमसङ्गं सत्यबोधसुखरूपमखण्डम् ।
आमनंति शतशो निगमांतास्तत्र भेदकलना तव चित्रम् ॥ २६ ॥

'આત્મા એક અને અદ્વિતીય છે. એ આત્મા પાપ વિનાનો છે. એ આત્મા પુરુષ·નિરવદ્ય, નિરંજન અને અસંગ છે. બ્રહ્મ સત્ય, જ્ઞાન અને અનંત છે. વિજ્ઞાન અને આનંદ એ બ્રહ્મ છે. એ રીતે વેદાંત સેંકડો પ્રકારે આત્માને અદ્વિતીય, અનવદ્ય, અસંગ, સત્ય, બોધરૂપ અને અખંડ, પ્રતિપાદન કરે છે; તો પણ તે આત્માને વિષે તું ભેદબુદ્ધિની કલ્પના કરે છે એ આશ્ચર્ય છે! ૨૬.

વળી ભેદબુદ્ધિ રાખવાથી તું પણ એવા જ પ્રકારના યતિઓની પંક્તિમાં પેઠેલો છે એવા હેતુથી કહે છે કે,—

दण्डमण्डितकरा धृतकुण्डाः पाटलाभवसनाः पटुवाचः ।
ज्ञानगंधरहिता गृहसंस्थान्वञ्चयंति किल केचन वेषैः ॥ २७ ॥

કેટલાક સંન્યાસીઓ હાથમાં દંડ ઝાલવાવડે અલંકૃત થયેલા છે, હાથમાં કમંડલ ઝાલેલાં છે, ભગવા રંગનાં વસ્ત્ર પહેરેલાં છે, અને બોલવામાં ચતુર છે તથા જ્ઞાનના લેશથી રહિત છે. એવા સંન્યાસીઓ માત્ર પોતાના વેષવડે જ ગૃહસ્થ પુરુષોને ઠગે છે. ૨૭.

गच्छ दूरमिति देहमुताहो देहिनं परिजिहीर्षसि विद्वन् ।
भिद्यतेऽन्नमयतोऽन्नमयं किं साक्षिणश्च यतिपुङ्गव साक्षी ॥ २८ ॥

હે [1]વિદ્વાન્! તું મને દૂર જા એ પ્રકારે કહે છે તેમાં મારા દેહને તું દૂર કરવા ઇચ્છે છે કે આત્માને દૂર કરવા ઇચ્છે છે? હે યતિશ્રેષ્ઠ! જો દેહને દૂર કરવા તું ઇચ્છતો હોય તો તે દેહ તો તારા દેહની પેઠે અન્નમય (અન્નથી પુષ્ટ થઈ ઉપજેલો) છે માટે શું તમારા દેહ કરતાં જુદો છે?—વિલક્ષણ છે? અર્થાત્ જુદો નથી જ. વારુ, જો તે દેહના સાક્ષીરૂપ આત્માને તું દૂર કરવા ઇચ્છતો હોય તો તે સાક્ષીરૂપ આત્મા, તારામાં જે સાક્ષીરૂપ આત્મા છે તેનાથી શું જુદો છે? અર્થાત્ જુદો નથી જ. ૨૮.

ब्राह्मणश्वपचभेदविचारः प्रत्यगात्मनि कथं तव युक्तः ।
बिंबितेऽम्बरमणौ सुरनद्यामंतरं किमपि नास्ति सुरायाम् ॥ २९ ॥

આ બ્રાહ્મણ છે અને આ ચાંડાલ છે એવો ભેદ પ્રત્યગાત્માને વિશે તારા જેવા અદ્વૈતવાદીએ માનવો કેમ ઘટે? તારા જેવા અદ્વૈતવાદીને કેમ યોગ્ય લાગ છે? અર્થાત્ કોઈ પણ પ્રકારે એવો ભેદ તારે માનવો યોગ્ય નથી. સૂર્યનું પ્રતિબિંબ ગંગાને વિશે પડ્યું હોય અને મદિરામાં પણ પડ્યું હોય તો તે બેમાં કાંઈ અંતર (તફાવત) છે શું? અર્થાત્ કાંઈપણ અંતર નથી. ત્યારે એ જ રીતે પ્રત્યેક દેહમાં આત્મા પ્રતિબિંબિત થયો છે તેમાં શો ભેદ છે? ૨૯.

शुचिर्द्विजोऽहं श्वपच व्रजेति मिथ्याग्रहस्ते मुनिवर्य कोऽयम् ।
संतं शरीरेष्वशरीरमेकमुपेक्ष्य पूर्णं पुरुषं पुराणम् ॥ ३० ॥

વારુ તું કહેતો હોય કે આત્મા તો ભેદરહિત છે તથાપિ અતિપવિત્ર બ્રાહ્મણ શરીરમાં

૧ તું દૂર જા એ પ્રકારે તારે વિદ્વાન્‌ને કહેવું ઘટિત નથી. એ ભાવાર્થનું સંબોધન છે. ૨ ઉપજાતિ.

અને અતિપાપિષ્ટ ચાંડાલના શરીરમાં ભેદ કેમ નહિ માનવો! તો, હે મુનિવર્ય? અનેક શરીરોમાં છતાં પણ ત્રણે કાલમાં શરીરના સંબંધ વિનાના પૂર્ણ પ્રાચીન આત્મરૂપ એક પુરુષની ઉપેક્ષા કરીને 'હું પવિત્ર બ્રાહ્મણ છું; હે ચાંડાલ તું દૂર જા.' એવો આ મિથ્યા આગ્રહ તારે શો છે? અર્થાત્ તમારા સરખા મુનિશ્રેષ્ઠને એવો મિથ્યા આગ્રહ કરવો યોગ્ય નથી. પોતાના સ્વરૂપને ભૂલીને ક્ષણભંગુર દેહમાં અહંભાવ રાખવો અત્યંત અનુચિત છે એમ બોધ કરતાં કહે છે કે,—૩૦.

अचिंत्यमव्यक्तमनंतमाद्यं विस्मृत्य रूपं विमलं विमोहात् ।
कलेवरेऽस्मिन्करिकर्णलोलाकृतिन्यहंता कथमाविरास्ते ॥ ३१ ॥

તારૂં આત્મસ્વરૂપ અચિંત્ય, અવ્યક્ત (કોઈ પણ ઇંદ્રિયથી વ્યક્ત ન થાય એવું), અનંત, પ્રાચીન મૂલભૂત, અને તેથી ઉપાધિ રહિત–નિર્મલ છે તેને વિસરી જઇને હાથીના કાનના જેવા ચંચલ આ દેહ ઉપર તને અહંભાવ કેમ પ્રકટ થાય છે? અર્થાત્ તારા જેવા વિવેકીને કોઇ પણ પ્રકારે દેહ ઉપર અહંભાવ પ્રકટ થવો યોગ્ય નથી. ૩૧

તું કહેશે કે એમ છતાં પણ લોકને આચાર શિખવવાના હેતુથી મેં એમ કર્યું છે તો,—

विद्यामवाप्यापि विमुक्तिपद्यां जागर्ति तुच्छा जनसंग्रहेच्छा ।
अहो महांतोऽपि महेंद्रजाले मज्जन्ति मायाविवरस्य तस्य ॥ ३२ ॥

મુક્તિની માર્ગભૂત બ્રહ્મવિદ્યાને પ્રાપ્ત કરીને પણ હજી તુચ્છ એવી લોકસંગ્રહરૂપ ઇચ્છા જાગે છે! અહો! માયાવીઓમાં શ્રેષ્ઠ એવા પરમાત્માની મોટી ઇંદ્રજાલમાં મોટા પુરુષો પણ ડુબી જાય છે એ આશ્ચર્ય છે!' ૩૨.

इत्युदीर्य वचनं विरतेऽस्मिन्सत्यवाक्तदनु विप्रतिपन्नः ।
अत्युदारचरितोऽन्त्यजमेनं प्रत्युवाच स च विस्मितचेताः ॥ ३३ ॥

એ પ્રમાણે વચન કહિને તે અંત્યજ (ચાંડાલ) વિરામ પામ્યો એટલે તેના વચન ઉપરથી 'આ તે ચાંડાલ હશે કે નહિ' એમ જેને સંશય ઉત્પન્ન થયો છે, તથા સત્યવાદી તેથી મનમાં વિસ્મય પામ્યા છે અને અતિ ઉદાર એવા ચરિતવાળા, શંકર તે ચાંડાલપ્રતિ બોલ્યા કે, ૩૩.

सत्यमेव भवता यदिदानीं प्रत्यवादि तनुभृत्प्रवरैतत् ।
अंत्यजोऽयमिति संप्रति बुद्धिं संत्यजामि वचसाऽऽत्मविदस्ते ॥ ३४ ॥

'હે [2]દેહધારીઓમાં શ્રેષ્ઠ! તેં જે આ સમયે કહ્યું છે તે સત્ય જ છે. તારા આત્મવેત્તાના વચન ઉપરથી 'આ ચાંડાલ છે' એવી બુદ્ધિનો હવે હું ત્યાગ કરૂંછું. ૩૪.

ભેદશૂન્ય બુદ્ધિવાળો ઘણો દુર્લભ છે માટે કોઈને ઠપકો આપવો યોગ્ય નથી એવા હેતુથી શ્રીશંકર બોલ્યા કે,—

जानते श्रुतिशिरांस्यपि सर्वे मन्वते च विजितेंद्रियवर्गाः ।
युञ्जते हृदयमात्मनि नित्यं कुर्वते न धिषणामपभेदाम् ॥ ३५ ॥

ઘણાક જણ વેદાંત વચનને શ્રવણથી જાણે છે; અને તેમાંના ઘણાક ઇંદ્રિયોના વર્ગને જીતીને તે વચનોનું મનન પણ કરે છે; તથા ઘણાક અંતઃકરણનો આત્મામાં યોગ પણ કરે

---

૧ સ્વાગતા. ૨ તું અંત્યજ નથી પણ દેહધારીઓમાં શ્રેષ્ઠ છે એ સૂચવનારૂં આ સંબોધન છે.

છે-નિદિધ્યાસન પણ કરે છે; પરંતુ પ્રતિબંધકના સદ્‌ભાવને લીધે ભેદશૂન્ય બુદ્ધિ કોઇ પણ કરી શકતા નથી. ૩૫.

भाति यस्य तु जगद्दृढबुद्धेः सर्वमप्यनिशमात्मतयैव ।
स द्विजोऽस्तु भवतु श्वपचो वा वंदनीय इति मे दृढनिष्ठा ॥ ३६ ॥

એટલા માટે જે દૃઢ બુદ્ધિવાળા પુરુષને સઘળું જગત્ નિરંતર આત્મરૂપે દેખાય છે તે ગમેતો બ્રાહ્મણ હો અથવા ગમેતો ચાંડાલ હો, પરંતુ તે નમસ્કાર કરવા યોગ્ય છે એમ મારી દૃઢ નિષ્ઠા છે. ૩૬.

તે કેવલ નમસ્કાર કરવા યોગ્ય જ છે એટલું જ નહિ, પરંતુ એવા રૂડા જ્ઞાનવાળો પુરુષ સાક્ષાત્ મારો ગુરુ પણ છે એવા હેતુથી કહે છે કે,—

या चितिः स्फुरति विष्णुमुखे सा पुत्तिकावधिषु सैव सदाऽहम् ।
नैव दृश्यमिति यस्य मनीषा पुल्कसो भवतु वा स गुरुर्मे ॥ ३७ ॥

જે ચેતન સત્તા વિષ્ણુ આદિકમાં સ્ફુરે છે તે જ ચેતન સત્તા પતંગ આદિક ક્ષુદ્ર જંતુઓમાં પણ સ્ફુરે છે, તે જ ચેતન સત્તા ત્રણે કાલમાં હું છું, બીજા દૃશ્ય પદાર્થ કાંઈ ત્રણે કાલમાં છે જ નહિ. એવી જેની બુદ્ધિ હોય, તે ભલે ચાંડાલ હોય તથાપિ મારો ગુરુ છે. ૩૭.

यत्र यत्र च भवेदिह बोधस्तत्तदर्थसमवेक्षणकाले ।
बोधमात्रमवशिष्टमहं तद्यस्य धीरिति गुरुः स नरो मे ॥ ३८ ॥

આ લોકમાં તે તે વિષયનો અનુભવ કરતી વખતે જે જે વિષયનું જ્ઞાન થાય છે તે, સર્વ મિથ્યાભૂત સર્વ ઉપાધિઓનો બાધ કરવાથી અવશિષ્ટ રહેલું જ્ઞાન માત્ર હું છું;[1] મારાથી વ્યતિરિક્ત કાંઈ પણ નથી. એવી જેની બુદ્ધિ હોય તે ગમે તે હોય તથાપિ મારો ગુરુ છે એ ઉપરથી,—'તું દૂર જા' એમ મેં તારા દેહને દૂર કરવાના હેતુથી કહ્યું નથી તેમ આત્માને દૂર કરવાના હેતુથી પણ કહ્યું નથી; પરંતુ તે બન્નેના તાદાત્મ્યરૂપ અધ્યાસને દૂર કરવાના હેતુથી કહ્યું છે, એ અધ્યાસ જો તારે વિષે ન હોય તો તું મારો ગુરુ જ છે.' ૩૮.

भाषमाण इति तेन कलावानेष नैक्षत तमंत्यजमग्रे ।
धूर्जटिं तु समुदैक्षत मौलिस्फूर्जदैंदवकलं सह वेदैः ॥ ३९ ॥

શિવના કલાવતાર શ્રીશંકર તે ચાંડાલ સાથે એ રીતે બોલતા હતા તેવામાં પોતાની આગળ તેમણે તે ચાંડાલને દીઠો નહિ. પરંતુ જેના મુકુટને વિશે ચંદ્રની કલા સ્ફુરણાયમાન થઇ રહી છે એવા શિવને ચાર વેદસહિત દીઠા. ૩૯.

કોઈ કહેશે કે શ્રીશંકર એ જ શિવ છે માટે બીજા શિવ ક્યાંથી આવ્યા? તો, જેમ વિષ્ણુના કલાવતાર વ્યાસની સાથે વિષ્ણુનો સંવાદ સંભવે છે તેમ શિવના કલાવતાર શંકરની સાથે શિવનો પણ સંવાદ સંભવે છે.

भयेन भक्त्या विनयेन धृत्या युक्तः स हर्षेण च विस्मयेन ।
तुष्टाव शिष्टानुमतः[2] स्तवैस्तं दृष्ट्वा दृशोर्गोचरमष्टमूर्तिम् ॥ ४० ॥

૧ શ્રુતિમાં કહ્યું છે કે, "तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ।"—સઘળી વસ્તુઓ તે દેદિપ્યમાનના પ્રકાશથી અનુપ્રકાશિત છે. તેની જ દીપ્તિથી સર્વ દીપ્તિ પામેલી છે. ૨ ઉપજાતી.

શિવને જોઈને ભયવડે, ભક્તિવડે, વિનયવડે, ધૈર્યવડે, હર્ષવડે અને વિસ્મયવડે યુક્ત તથા શિષ્ટપુરુષોથી માન પામેલા **શ્રી**શંકરે પોતાના દૃષ્ટિગોચર થયેલા અષ્ટ મૂર્તિ(પૃથ્વી આદિક આઠ જેની મૂર્તિઓ છે એવા **મ**હાદેવ)ની સ્તોત્રવડે સ્તુતિ કરવા માંડી. ૪૦.

[1]दासस्तेऽहं देहदृष्ट्यास्मि शंभो जातस्तेंऽशो जीवदृष्ट्या त्रिदृष्टे।
सर्वस्याऽऽत्मन्नात्मदृष्ट्या त्वमेवेत्येवं मे धीर्निश्चिता सर्वशास्त्रैः ॥ ४१ ॥

'હે **શં**ભો! જેનાથી સુખ ઉત્પન્ન થાય છે એવા હે દેવ! દેહ દૃષ્ટિએ કરીને હું તમારે-દાસ છું. અર્થાત્ તમે સર્વ સ્વામિગુણયુક્ત છો. હે ત્રણ નેત્રવાળા દેવ! જીવ દૃષ્ટિએ કરીને હું તમારો અંશ પ્રકટ થયો છું. તમે કહેશો કે હું તો અવયવ રહિત છું તો તું મારો અંશ શી રીતે થયો? તો,—તમે સર્વેંદ્રિય રહિત છતાં પણ જેમ **સૂ**ર્ય, **ચં**દ્ર અને **અ**ગ્નિરૂપી ત્રણ નેત્ર-વાળો તમારો દેહ છે તેમ માયાવડે તમારો અંશ પણ સંભવે છે. હે સર્વના આત્મારૂપ દેવ! શુદ્ધાત્મદૃષ્ટિએ કરીને તો તમે એ જ હું છું—તમારાથી હું જુદો નથી. એ પ્રકારે સર્વે શાસ્ત્રો-વડે મારી બુદ્ધિને નિશ્ચય પ્રાપ્ત થયો છે.[2] ૪૧.

માથામાં પહેરવાના પ્રસિદ્ધ (લૌકિક) મણિથી શિવ-આત્મારૂપ મણિની ભિન્નતા બતાવીને પોતાનાથી અભિન્ન **શિ**વને નમસ્કાર કરતાં **શ્રી**શંકર કહે છે કે,—

[3]यदालोकादंतर्बहिरपि च लोको वितिमिरो न मञ्जूषा यस्य त्रिजगति न शाणो न च खनिः।
यतंते चैकांतं रहसि यतयो यत्प्रणयिनो नमस्तस्मै स्वस्मै निखिलनिगमोत्तंसमणये ॥४२॥

જેના દર્શનવડે લોક બહારથી અને અંતરથી અંધકાર રહીત-પ્રકાશમય થાય છે. (લૌકિક-મણિ તો માત્ર બહારથી જ પ્રકાશ કરે છે) જેને મુકવાને પેટી જોઇતી નથી (લૌકિકમણિને મૂકવાને પેટી જોઇએ છીએ), ત્રણે લોકમાં જેને ઓપ ચઢાવવાને સરાણનો પાષાણ નથી કે જેને ખોદી કાઢવાને ખાણ નથી (લૌકિકમણિને તે બન્ને હોય છે,) તથા જેના ઉપર યતિઓ પ્રીતિવાળા થઇને તેને પ્રાપ્ત કરવાને એકાંતમાં યત્ન કરે છે (લૌકિકમણિ ઉપર યતિઓ પ્રીતિ કરતા નથી તથા તેને પ્રાપ્ત કરવાનો યત્ન એકાંતમાં થતો નથી), એવા લૌકિકમણીથી ઉત્કૃષ્ટ સમગ્ર **વે**દના શિરોભૂષણ-વેદાંતરૂપ મણિ, જે ત્વંપદના લક્ષ્યાર્થથી અભિન્ન છે, તેને મારો નમસ્કાર છે. ૪૨.

હવે ગુરુની કૃપાવડે પ્રાપ્ય તત્ત્વજ્ઞાનના આલંબનભૂત અખંડ એકરસ સ્વતત્ત્વને પ્રણામ કરતાં કહે છે કે,—

अहो शास्त्रं शास्त्रात्किमिह यदि न श्रीगुरुकृपा चिता सा किं कुर्यान्नु यदि न बोधस्य विभवः
किमालंबश्चासौ न यदि परतत्त्वं मम तथा नमः स्वस्मै तस्मै यदवधिरिहाऽऽश्चर्यधिषणा॥

શાસ્ત્ર પરમ તત્ત્વનો બોધ કરે છે માટે તેને ધન્ય છે. શાસ્ત્ર એવું છે ખરૂં પણ જો લોકો ઉપર અથવા શિષ્ય ઉપર ગુરુની કૃપા ન હોય તો તે શાસ્ત્રથી શું ફલ છે? અર્થાત્ કાંઈ ફલ નથી. વારૂ કદાચિત્ ગુરુની કૃપા સંપાદન કરી પણ જો તેનાથી તત્ત્વજ્ઞાનનો વિશેષે કરીને

---

૧ **શા**લિની. ૨ જુઓ આજ ભાવાર્થનું **શં**કરનું વાક્યઃ "देहबुद्ध्या तु दासोऽहं जीवबुद्ध्या त्वदंशकः। चितिबुद्ध्या त्वमेवाहमिति मे निश्चिता मतिः॥" ૩ **શિ**ખરિણી.

ઉદ્ભવ ન હોય તો સંપાદન કરેલી ગુરુકૃપા પણ શું કરશે? અર્થાત્ કાંઈ કરશે નહિ. કદાપિ મારૂં પરમતત્ત્વ જો ન હોય તો તે તત્ત્વજ્ઞાનનો ઉદ્ભવ બોધ પણ શાના આલંબનથી થશે? માટે તત્ત્વજ્ઞાનના આલંબનભૂત સ્વરૂપ થકી અભિન્ન પરમતત્ત્વ જેના સુધી આ લોકમાં આશ્ચર્ય-બુદ્ધિ છે-જેનાથી પર.આશ્ચર્યબુદ્ધિનો વિષય નથી, તે પરમાત્માને નમસ્કાર છે.[૧]" ૪૩.

इत्युदारवचनैर्भगवंतं संस्तुवंतमथ च प्रणमंतम् ।
बाष्पपूर्णनयनं मुनिवर्यं शंकरं सबहुमानमुवाच ॥ ४४ ॥

એ પ્રમાણે ઉદાર વચનોવડે ભગવાન **મહાદેવની** સ્તુતિ કરતા તથા તેમને પ્રણામ કરતા મુનિ-વર્ય-જેનાં નેત્ર આંસુથી ભરાઈ ગયેલાં છે એવા **શ્રી**શંકરને ઘણા માનસાથે **મહાદેવે** કહ્યું કે, ૪૪.

अस्मदादिपदवीमभजस्त्वं शोधिता तव तपोधननिष्ठा ।
बादरायण इव त्वमपि स्याः सद्वरेण्य मदनुग्रहपात्रम् ॥ ४५ ॥

'તું અમો આદિક મોટા દેવોની પદવીને પામ્યો છે. હે તપોધન! અમે તારી નિષ્ઠાની પરીક્ષા કરી છે. માટે હે સદ્વરેણ્ય! (ઉત્તમ વરદાન પામવાને કે આપવાને યોગ્ય) **વ્યાસ** મુનિનિ પેઠે તું પણ મારા અનુગ્રહનું પાત્ર થા. (આશિર્વાદ.) ૪૫.

संविभज्य सकलश्रुतिजालं ब्रह्मसूत्रमकरोदनुशिष्टः ।
यत्र काणभुजसांख्यपुरोगाण्युद्धृतानि कुमतानि समूलम् ॥ ४६ ॥

જે **વ્યાસ**મુનિ સર્વે શિષ્ટોમાં અગ્રણી છે અથવા રૂડે પ્રકારે શિક્ષણ પામેલા છે. તેથી તેણે સમગ્ર વેદસમુદાયના વિભાગ કરીને **બ્રહ્મ**સૂત્ર રચ્યું છે; જે **બ્રહ્મ**સૂત્રમાં **કણાદ**, **સાંખ્ય**, **પા**તંજલ, આદિક કુત્સિત (નિંદ્ય) મતોને મૂલમાંથી ઉખેડી નાખ્યાં છે. ૪૬.

तत्र मूढमतयः कलिदोषाद्धित्रिवेदवचनोद्धलितानि ।
भाष्यकाण्यरचयन्बहुबुद्धैर्दूष्यतामुपगतानि च कैश्चित् ॥ ४७ ॥

એ **બ્રહ્મ**સૂત્ર ઉપર કલિદોષને લીધે મૂઢ બુદ્ધિવાળા પુરુષોએ બે ત્રણ વેદના વચનનાં પ્રમાણ આપીને કેટલાંક કુત્સિત ભાષ્યો રચેલાં છે. તથા કેટલાક બહુ જાણનારા પુરુષોએ તેને દૂષિત પણ કરેલાં છે. ૪૭.

तद्भवान्विदितवेदशिखार्थस्तानि दुर्मतिमतानि निरस्य ।
सूत्रभाष्यमधुना विदधातु श्रुत्युपोद्धलितयुक्त्यभियुक्तम् ॥ ४८ ॥

એટલા માટે વેદાંતનાં વચનોનો અર્થ જેણે જાણેલો છે એવા તમો તે દુર્બુદ્ધિવાળાઓના મતોનું ખંડન કરીને તથા સમગ્ર શ્રુતિવચનોથી ઉપકૃત એવી યુક્તિઓથી યુક્ત સૂત્રભાષ્ય[૩] હમણાં રચો. ૪૮.

તમે ધારશો કે એ મારા રચેલા ભાષ્યનો કોઈ અનાદર કરશે તો એવી શંકા રાખવી નહિ. કેમકે,—

एतदेव विबुधैरपि सेंद्रैरर्चनीयमनवद्यमुदारम् ।
तावकं कमलयोनिसभायामप्यवाप्स्यति वरां वरिवस्याम् ॥ ४९ ॥

---

૧ એકાવલી. ૨ **સ્વાગતા** અલંકાર. ૩ **ભાષ્યના** લક્ષણમાં પ્રમાણ: "**सूत्रार्थो वर्ण्यते यत्र वाक्यैः सूत्रानुकारिभिः । स्वपदानि च वर्ण्यंते भाष्यं भाष्यविदो विदुः ॥**"—જેમ મૂલના પદોનું વ્યાખ્યાન કરવું તેમ પોતે મુકેલા પદોનું પણ વ્યાખ્યાન કરવું એ ભાષ્ય ગ્રંથનો સંપ્રદાય છે એવું વિદ્વાનો કહે છે.

તમારૂં રચેલું એ જ નિર્દોષ અને ઉદાર ભાષ્ય ઈંદ્ર સહિત દેવોએ પણ પૂજન કરવા જેવું થશે; તેમ જ તે બ્રહ્માની સભામાં પણ ઉત્તમ પ્રકારનું પૂજન પામશે.[1] ૪૯.

भास्कराभिनवगुप्तपुरोगान्नीलकण्ठगुरुमण्डनमुख्यान् ।
पण्डितानथ विजित्य जगत्यां ख्यापयाद्वयमते परतत्त्वम् ॥ ५० ॥

વળી ભેદાભેદવાદી ભાસ્કર, શાક્તમતનો અભિનવગુપ્ત, એ આ આદિ આચાર્યોને તથા નીલકંઠ, પ્રભાકર તથા ભાટ્ટમતનો અનુયાયી મંડનમિશ્ર, એ આદિક પંડિતોને જીતીને પૃથ્વીમાં અદ્વૈત મતમાં પરમતત્ત્વ છે એમ પ્રસિદ્ધ કર. ૫૦.

मोहसंतमसवासरनाथांस्तत्र तत्र विनिवेश्य विनेयान् ।
पालनाय परतत्त्वसरण्या मामुपैष्यसि ततः कृतकृत्यः ॥ ५१ ॥

પછી પરતત્ત્વની પદ્ધતિનું પાલન કરવાને અર્થે, મોહરૂપી અંધકારને દૂર કરનારા સૂર્યરૂપી પોતાના શિષ્યોને તે તે સ્થલમાં સ્થાપન કરીને, કૃતકૃત્ય થઇને મને પામીશ.' ૫૧.

एवमेनमनुगृह्य कृपावानागमैः सह शिवोऽन्तरधत्त ।
विस्मितेन मनसा सह शिष्यैः शंकरोऽपि सुरसिंधुमयासीत् ॥ ५२ ॥

એ પ્રમાણે શ્રીશંકરના ઉપર અનુગ્રહ કરીને કૃપાયુક્ત શ્રીમહાદેવ વેદો સહિત અંતર્દ્ધાન થયા; અને પોતાના શિષ્યો સહિત શંકર પણ મનમાં વિસ્મત થઇને દેવ નદી ગંગા ઉપર ગયા. ૫૨.

संनिवृत्य विधिमाह्निकमीशं ध्यायतो गुरुमथाखिलभाष्यम् ।
कर्तुमुद्यतमभूद्गुणसिंधोर्मानसं निखिललोकहिताय ॥ ५३ ॥

પછી ત્યાં જે પોતાને કરવાની હતી તે અન્હિકવિધિ સમાપ્ત કરીને જગતના ગુરુ મહાદેવનું ધ્યાન કરતા ગુણના સમુદ્રરૂપ શ્રીશંકરનું મન, લોકના હિતને અર્થે સમગ્ર ભાષ્ય કરવાને ઉદ્યુક્ત થયું. ૫૩.

कर्तृत्वशक्तिमधिगम्य स विश्वनाथात्काशीपुरान्निरगमत्त्वविकासभाजः ।
प्रीतः सरोजमुकुलादिव चञ्चरीकनिर्बंधतः सुखमवाप यथा द्विजेंद्रः ॥ ५४ ॥

જેમ ગંધથી લોભાયલા ભ્રમર પછવાડે લાગવાથી-ભ્રમરની પીડાથી કમલના દોડાથી કમલના દોડાને છોડીને દ્વિજેંદ્ર (પક્ષીઓનો ઇંદ્ર-હંસ) ત્યાંથી બહાર નીકળી જઈને પ્રસન્ન થઇ સુખ પામ્યો હોય તેમ કમલના દોડાની પેઠે વિકાસ નહિ પામેલા કાશીનગરથી (શ્રીશંકરાચાર્યની) કીર્તિરૂપી ગંધથી લોભાયલા સેવકરૂપ ભ્રમરોની પીડાથી તે કાશીને છોડીને અને શ્રીકાશીવિશ્વનાથ મહાદેવ થકી ભાષ્ય કરવાની શક્તિને પામીને પ્રસન્ન થયેલા દ્વિજેંદ્ર (શંકર) સુખ પામ્યા. ૫૪.

अद्वैतदर्शनविदां भुवि सार्वभौमो यात्येष इत्युडुपबिंबसितातपत्रम् ।
अस्ताचले वहति चारु पुरःप्रकाशव्याजेन चामरमधादिव दिक्सुकांता ॥ ५५ ॥

પૃથ્વી ઉપર અદ્વૈત શાસ્ત્ર જાણનારા આચાર્યોનો સાર્વભૌમ ચક્રવર્તિ આ શંકર જાય છે એમ

૧ કાવ્યાર્થાપત્તિ અલંકાર. ૨ વસંતતિલકા.

જાણીને ચંદ્રબિંબરૂપ શ્વેત છત્ર અસ્તાચલ વહન કરતો હતો, તે સમયે દિશારૂપી સુંદર સ્ત્રીએ તેમના આગળ પ્રકાશને બહાને ચામર ધારણ કર્યો. ૫૫.

[1]शान्तां दिशं देवनृणां विहाय नान्या दिगस्मै समरोचताद्धा ।
तत्रत्यतीर्थानि निषेवमाणो गंतुं मनोऽधाद्बदरीं क्रमात्सः ॥ ५६ ॥

દેવ અને મનુષ્યોની શાંત દિશા એટલે ઉત્તર દિશાને પડી મુકીને બીજી દિશા શંકરાચાર્યને સાક્ષાત્ રુચિકર લાગી નહિ તેથી કરીને તે દિશાએ આવેલાં તીર્થોનું સેવન કરતા કરતા ક્રમે કરીને બદરિકાશ્રમમાં જવાનું તેમણે મન કર્યું; ૫૬.

[2]तेनान्ववर्ति महता क्वचिदुष्णशालि शीतं क्वचित्क्वचिदृजु क्वचिदप्यरालम् ।
उत्कंटकं क्वचिदकंटकवत्क्वचिच्च तद्वर्त्म मूर्खजनचित्तमिवाव्यवस्थम् ॥ ५७ ॥

અને કોઈ જગોએ ઉષ્ણતાવાળો, કોઈ જગોએ શીતલ, કોઈ જગોએ સીધો, કોઈ જગોએ વાંકો, કોઈ જગોએ ઊંચા મોઢાના કાંટાવાળો, અને કોઈ જગોએ કાંટા વગરનો, એ રીતે મૂર્ખ માણસના ચિત્તની પેઠે અવ્યવસ્થિત માર્ગને તે મહાપુરુષ અનુસર્યા. અર્થાત્ બદરિકાશ્રમ ભણી જવાને એવે માર્ગે ચાલ્યા. ૫૭.

आत्मानमक्रियमपव्ययमीक्षिताऽपि पांथैः समं विचलितः पथि लोकरीत्या ।
आदत्फलानि मधुराण्यपिबत्पयांसि प्रायादुपाविशदशेत तथोदतिष्ठत् ॥ ५८ ॥

તે પોતાના આત્માને ક્રિયા રહિત તથા નાશ ન પામે એવો જોતા હતા. તથાપિ માર્ગમાં પ્રવાસીઓ સાથે ચાલેલા શ્રીશંકર લોકની રીતિ પ્રમાણે ફ્લો ખાતા હતા, મીઠાં પાણી પીતા હતા, ચાલતા હતા, બેસતા હતા, સૂતા હતા અને ઉઠતા હતા. ૫૮.

तेन व्यनीयत तदा पदवी दवीयस्यासादिता च बदरी वनपुण्यभूमिः ।
गौरीगुरुस्रवदमंदझरीपरीता खेलत्सुरीयुतदरी परिभाति यस्याम् ॥ ५९ ॥

(એમ કરતાં કરતાં) તેમણે ઘણો દૂર માર્ગ અતિક્રાંત કર્યો—ઘણોક લાંબો માર્ગ ઓળંધ્યો, અને ગૌરીના પિતા હિમાલયમાંથી ઝરતાં ઉતાવળાં ઝરણોથી વ્યાપ્ત થયેલી તથા ખેલ કરતી દેવાંગનાઓ યુક્ત ગુફાઓ જેમાં ચારે પાસ શોભે છે એવી બદરી વનની પવિત્ર ભૂમિ પ્રાપ્ત કરી—બદરિકાશ્રમમાં પહોચ્યા. ૫૯.

स द्वादशे वयसि तत्र समाधिनिष्ठैर्ब्रह्मर्षिभिः श्रुतिशिरो बहुधा विचार्य ।
षड्भिश्च सप्तभिरथो नवभिश्च खिन्नैर्भव्यं गभीरमधुरं फणति स्म भाष्यम् ॥ ६० ॥

શ્રીશંકરે પોતાના બારમે વર્ષે તે બદરિકાશ્રમમાં રહીને ત્યાં રહેલા સમાધિનિષ્ઠ તથા છ[3] [4]સાત, અને [5]નવથી ખેદ પામેલા બ્રહ્મર્ષિઓ સાથે ઘણે પ્રકારે વેદાંતનો વિચાર કરીને સુંદર, ગંભીર અને મધુર એવું સૂત્રભાષ્ય ભણ્યું–રચ્યું. ૬૦.

---

૧ ઇંદ્રવજ્રા. ૨ વસંતતિલકા. ૩ ભુખ, તરશ, જરા, મૃત્યુ, શોક, મોહ, એ છ ઉર્મીઓ. ૪ ત્વચા, રક્ત, માંસ, અસ્થિ, મેદ, મજ્જા, વીર્ય, એ સાત ધાતુઓ. ૫ પાંચ જ્ઞાનેંદ્રિય અને ચાર અંતઃકરણ એ નવ અથવા જ્ઞાનેંદ્રિયપંચક, કર્મેંદ્રિયપંચક, પ્રાણપંચક, અંતઃકરણચતુષ્ટય, સગુણભૂતપંચક (અથવા પ્રકૃત્યષ્ટક) અવિદ્યા, કામ, કર્મ, ઉપાસના એ નવ અથવા નવ દ્વાર.

[1]करतलकलिताद्वयात्मतत्त्वं क्षपितदुरंतचिरंतनप्रमोहम् ।
उपचितमुदितोदितैर्गुणौघैरुपनिषदामयमुज्जहार भाष्यम् ॥ ६१ ॥

વેદનું [2]ભાષ્ય કર્યું એટલું જ નહિ, પણ ઉપનિષદ્‌નું પણ ભાષ્ય કર્યું તે વિષે કહે છે કે જેણે અદ્વૈત આત્મતત્ત્વને હથેળીમાં પ્રકાશિત કર્યું છે, જેણે પ્રાચીનકાલના-ઘણા કાલના અને પાર ન આવે એવા મોહનો નાશ કર્યો છે, અને જે ઉદય પામેલા ગુણના સમુદાયવડે યુક્ત છે, એવું ઉપનિદોષનું ભાષ્ય પણ શ્રીશંકરે કર્યું. ૬૧.

[3]ततो महाभारतसारभूताः स व्याकरोद्भागवतीश्च गीताः ।
सनत्सुजातीयमसत्सुदूरं ततो नृसिंहस्य च तापनीयम् ॥ ६२ ॥

પછી મહાભારતમાં સારભૂત એવી ભગવદ્‌ગીતાનું તેમણે ભાષ્ય કર્યું. તથા અસત્ પુરુષોને અત્યંત અપ્રાપ્ય એવા સનત્સુજાતીય અધ્યાત્મનું પણ ભાષ્ય કર્યું તે પછી નૃસિંહતાપનીયનું ભાષ્ય કર્યું. ૬૨.

ग्रंथानसंख्यांस्तदनूपदेशसहस्रिकादीन्व्यदधात्सुधीड्यः ।
श्रुत्वार्थविद्यानविवेकपाशान्मुक्ता विरक्ता यतयो भवंति ॥ ६३ ॥

તે પછી બુદ્ધિમાન પુરુષોએ પ્રસંશા કરવા યોગ્ય શ્રીશંકરે ઉપદેશસહસ્રિકા આદિક અસંખ્ય ગ્રંથો કર્યા, જે પરમાર્થ વિદ્યાના ગ્રંથોને સાંભળીને વિરાગયુક્ત યતિઓ અવિવેકરૂપી પાશથી મુક્ત થાય છે. ૬૩.

श्रीशंकराचार्यरवावुदेत्य प्रकाशमाने कुमतिप्रणीताः ।
व्याख्यांधकाराः प्रयलं समीयुर्दुर्वादिचंद्रप्रभया वियुक्ताः ॥ ६४ ॥

એ રીતે શ્રીશંકરાચાર્યરૂપી સૂર્ય ઉદય પામીને જે સમયે પ્રકાશવા માંડ્યો તે સમયે દુષ્ટ વાદીરૂપ ચંદ્રની કાંતિસહિત કુબુદ્ધિવાળાઓએ રચેલા વ્યાખ્યારૂપ અંધકાર લય પામી ગયા. ૬૪.

अथ व्रतींदुर्विधिवद्विनेयानध्यापयामास स नैजभाष्यम् ।
तर्कैः परेषां तरुणैर्विवस्वन्मरीचिभिः सिंधुवदप्रशोष्यम् ॥ ६५ ॥

હવે સંન્યાસીઓમાં ચંદ્ર જેવા શોભાયમાન શ્રીશંકરે, બીજા વાદીઓના તર્કરૂપી તરુણ સૂર્યનાં કિરણોથી જેમ સમુદ્રનું શોષણ થતું નથી તેમ શોષણ ન થાય એવું પોતાનું ભાષ્યવિધિપ્રમાણે પોતાના શિષ્યોને ભણાવવા માંડ્યું. ૬૫.

[4]निजशिष्यहृदब्जभास्वतो गुरुवर्यस्य सनंदनादयः ।
शमपूर्वगुणैरशुश्रुवन्कतिचिच्छिष्यगणेषु मुख्यताम् ॥ ६६ ॥

પોતાના શિષ્યોનાં હૃદયરૂપી કમલના સૂર્યરૂપ ગુરુ શ્રેષ્ઠ શ્રીશંકરના શિષ્યસમુદાયમાં પોતાના સમાદિક ગુણોએ કરીને, સનંદન આદિક કેટલાક શિષ્યો મુખ્યતા પામ્યાં હતા—અર્થાત્ સનંદનાદિક કેટલાક શિષ્યો પોતાના ગુણોએ કરીને મુખ્ય થયા હતા. ૬૬.

[5]स नितरामितराश्रवतो लसन्नियममद्भुतमाप्य सनंदनः ।
श्रुतनिजश्रुतिकोऽप्यभवत्पुनः पिपठिषुर्गहनार्थविवित्सया ॥ ६७ ॥

સનંદન નામે શિષ્ય બીજા શિષ્યો કરતાં ઘણો શોભતો છતાં અને પોતાના વેદનું તેણે

૧ પુષ્પિતાગ્રા. ૨ ભાષ્ય કોને કહે છે તે માટેનું પ્રમાણ જુઓ સર્ગ ૭, શ્લોક ૪૦ની ટીકા. ૩ ઉપજાતી. ૪ વિયોગિની. ૫ દ્રુતવિલંબિત.

અધ્યયન કર્યું છતાં પણ ગહન અર્થનું જ્ઞાન થવાની ઇચ્છાથી અદ્ભુત નિયમ ધારણ કરીને ફરીને પઠન કરવાની ઇચ્છાવાળો થયો હતો. ૬૭.

अद्वंद्वभक्तिममुमात्मपदारविंदद्वंद्वे नितांतदयमानमना मुनींद्रः ।
आम्नायशेखररहस्यनिधानकोशमात्मीयकोशमखिलं त्रिरपाठयत्तम् ॥ ६८ ॥

પોતાના ચરણકમલના યુગ્મ(જોડું)ને વિષે રાગદ્વેષાદિક દ્વંદ્વરહિત ભક્તિવાળા **સનંદન** ઉપર અત્યંત કૃપાવાળું જેનું મન છે એવા મુનીંદ્ર **શ્રી**શંકરે વેદાંતના રહસ્યરૂપી ભંડારને સંચય કરવાના પાત્રરૂપ પોતાના સમગ્ર કોશને–પોતાના સમગ્ર ગ્રંથને ત્રણ વાર ભણાવ્યો. ૬૮.

ईर्ष्याभराकुलहृदामितराश्रवाणां प्रख्यापयन्ननुपमामदसीयभक्तिम् ।
अभ्रापगापरतटस्थममुं कदाचिदाकारयन्निगमशेखरदेशिकेंद्रः ॥ ६९ ॥

સનંદન ઉપર ગુરુની અસાધારણ પ્રીતિ જોઇને ઇર્ષ્યાના સમુદાયથી જેમનું હૃદય ભરાઈ ગયું છે એવા બીજા શિષ્યોમાં તે **સનંદન**ની અનુપમ ભક્તિ પ્રસિદ્ધ કરવાના હેતુથી વેદાંતનો ઉપદેશ કરનારાઓના ઇંદ્રિ **શ્રી**શંકરે **સનંદન** આકાશ નદી ગંગાને સામે કાંઠે છતાં, કોઈક વખતે તેને હાક મારી. ૬૯.

संतारिकाऽनवधिसंसृतिसागरस्य किं तारयेन्न सरितं गुरुपादभक्तिः ।
इत्यञ्जसा प्रविशतः सलिलं द्युसिंधुः पद्मान्युदञ्चयति तस्य पदे पदे स्म ॥ ७० ॥

તે સાંભળીને **સનંદને** વિચાર કર્યો કે સંસારરૂપી અવધિવિનાના સમુદ્રમાં તારનારી ગુરુના ચરણની ભક્તિ શું એક નદીમાં મને તારશે નહિ? એ પ્રમાણે વિચાર કરીને તેણે ત્વરાથી જલમાં પ્રવેશ કર્યો. તે સમયે આકાશ નદી ગંગાએ તેને પગલે પગલે કમલ ઉત્પન્ન કર્યાં—તેણે જ્યાંજ્યાં પગ મૂક્યો ત્યાંત્યાં કમલ ઉત્પન્ન કર્યાં!!! ૭૦.

पाथोरुहेषु विनिवेश्य पदं क्रमेण प्राप्तोपकंठममुमप्रतिमानभक्तिम् ।
आनंदविस्मयनिरंतनिरंतरोऽसावाश्लिष्य पद्मपदनामपदं व्यतानीत् ॥ ७१ ॥

તે કમલમાં ક્રમે કરીને પગ મૂકીને કિનારે પ્રાપ્ત થયેલા–આવેલા અપ્રતિમ ભક્તિવાળા **સનંદન**ને, આનંદ તથા વિસ્મયથી અત્યંત પરિપૂર્ણ થયેલા **શ્રી**શંકરે આલિંગન કરીને તેનું નામ **પદ્મ**પાદ એવી રીતે વિસ્તાર્યું. ૭૧.

तं पाठयन्तमनवद्यतमात्मविद्यां ये तु स्थिताः सदसि तत्त्वविदां सगर्वाः ।
आचिक्षिपुः कुमतपाशुपताभिमानाः केचिद्विवेकविटपोग्रदवायमानाः ॥ ७२ ॥

જે સમયે **શ્રી**શંકર આત્મવિદ્યાનું શિષ્યોને અધ્યયન કરાવતા હતા તે સમયે તે તત્ત્વજ્ઞાનીઓની સભામાં જે કોઈ ગર્વવાળા તથા વિવેકરૂપી વૃક્ષના ભયંકર દાવાગ્નિરૂપ દુષ્ટ **પાશુપત**-મતના અભિમાનીઓ બેઠેલા હતા તે, તેમના ઉપર આક્ષેપ આણવા લાગ્યા. તે આક્ષેપ આ પ્રમાણે હતો કેઃ—

'**પશુ**પતિ ઈશ્વરે કાર્ય, કારણ, યોગ, વિધિ, અને દુઃખાંત, એવા પાંચ પદાર્થ મોક્ષને અર્થે ઉપદેશેલા છે. તેમાં મહદાદિક એ કાર્ય છે; પ્રધાન એ કારણ છે; સમાધિ એ યોગ છે; ત્રિષવણ સ્નાનાદિ એ વિધિ છે; અને મોક્ષ એ દુઃખાંત છે. તેમાં પ્રધાન એ જગત્‌નું ઉપાદાન કારણ છે અને પશુપતિ ઈશ્વર એ નિમિત્ત કારણ છે, કેમકે 'ઈશ્વરે[2] દૃષ્ટિ કરી અને તેણે પ્રાણ

---

૧ વસંતતિલકા. ૨ "स ईक्षां चक्रे स प्राणमसृजत ।"

સરજ્યો ' ઇત્યાદિ શ્રુતિમાં દૃષ્ટિપૂર્વક ઇશ્વરનું કર્તૃત્વ કહેલું છે. એવું જ ઘડાનું નિમિત્ત કારણ કુંભાર છે અને તેનું પણ દૃષ્ટિપૂર્વક કર્તૃત્વ છે એમ લોકોમાં જોવામાં આવે છે; તેમ અનેક કારણપૂર્વક ઉત્પન્ન થએલી ક્રિયાના ફલની સિદ્ધિ પણ લોકોમાં જોવામાં આવે છે એ જ ન્યાય આદિ કર્તાને વિષે પણ લાગુ પાડવો યોગ્ય છે. વળી જેમ રાજા, વૈવસ્વત, આદિક ઇશ્વિર કેવલ નિમિત્ત કારણ છે એમ લોકોમાં પ્રતિત થાય છે તેમ પરમેશ્વર પણ નિમિત્ત કારણ જ છે. વળી આ જગત્ સાવયવ, અચેતન અને અશુદ્ધ છે. એવા લક્ષણવાળા જગતનું ઉપાદાન કારણ બ્રહ્મ હોય એમ સંભવતું નથી. વળી જો દુઃખ અને મોહાદ્યાત્મક કાર્ય જગત્નું ઉપાદાન કારણ બ્રહ્મ હોય તો પ્રલય વખતે પોતાના ઉપાદાન બ્રહ્મથી કાંઈ જૂદું પડવારૂપ દૂષણ ઉપજે છે. માટે બ્રહ્મને જગત્નું ઉપાદાન કારણ કહેવું એ બરોબર નથી, અને શ્રુતિઓ પશુપતિ ઇશ્વિરને નિમિત્ત કારણરૂપે જણાવે છે એમ નિશ્ચય માનવું.' ૭૨.

तद्विकल्पनमनल्पमनीषः श्रुत्युदाहरणतः स निरस्य ।
ईषदस्तमितगर्वभराणामागमानपि ममंथ परेषाम् ॥ ७३ ॥

એવા તેમના વિકલ્પ સાંભળીને અપાર બુદ્ધિવાળા **શ્રી**શંકરે શ્રુતિનાં ઉદાહરણ આપીને તેનું ખંડન કર્યું. અને પછી લગાર જેમનો ગર્વ અસ્ત પામ્યો છે એવા **પા**શુપતમતવાળાઓનાં શાસ્ત્રોનું પણ ખંડન કર્યું; એવી રીતે કે—[1]

"તમે જે બ્રહ્મથી ભિન્ન નિમિત્ત અને ઉપાદાનનો સ્વીકાર કરોછો તે ઠીક નથી; કેમકે તેમ કરવાથી શ્રુતિમાં જે પ્રતિજ્ઞા અને જે દૃષ્ટાંત કહ્યાં છે તેને બાધ આવે છે. શ્રુતિમાં કહ્યું છે કે "જેનાવડે, નહિ સાંભળેલું સંભળાય, નહિ માનેલું મનાય, અને નહિ જાણેલું જણાય તે આદેશને તું પૂછે છે" ઇ. જો બ્રહ્મ ઉપાદાન કારણ ન હોય તો આ પ્રતિજ્ઞાને બાધ આવે; કેમકે કાર્યથી વ્યતિરિક્ત નિમિત્ત કારણના વિજ્ઞાનથી તે કાર્યનું જ્ઞાન થતું નથી. દૃષ્ટાંત–જેમકે, હે સૌમ્ય! એક માટીના ગોળાનું જ્ઞાન થવાથી સકલ મૃત્તિકામય પદાર્થોનું જ્ઞાન થાય છે; વાણીથી જેનો આરંભ કરવામાં આવે છે, એવો મૃત્તિકાનો વિકાર એ નામ માત્ર છે. મૃત્તિકા એ જ સત્ય છે," એ પ્રમાણે ઉપાદાન રૂપે જ શ્રુતિમાં બ્રહ્મનું પ્રતિપાદન કરેલું છે, વળી બીજો કોઈ અધિષ્ઠાતા ન હોવાથી તે જ બ્રહ્મ નિમિત્ત કારણ છે એમ જાણવું; કેમકે જગતની ઉત્પત્તિ થયા પહેલાં એક જ અદ્વિતીય બ્રહ્મનું પ્રતિપાદન કરેલું હોવાથી બીજે પ્રકારે કહેતાં પ્રતિજ્ઞા અને દૃષ્ટાંતને બાધ આવે છે, એ સ્પષ્ટ છે. જો બ્રહ્મ એક જ છે તો નિમિત્ત અને ઉપાદાન એ જૂદાં ક્યાંથી હોય? વળી શ્રુતિમાં કહ્યું છે કે "તેણે ઇચ્છા[3] કરી કે હું બહુ રૂપે થાઉં" એ ઉપરથી પરમાત્મા એ જ કર્તા છે અને પ્રકૃતિ પણ છે એમ નિશ્ચય થાય છે. ઉપાદાન અને ઉપાદેયનું અત્યંત સાદૃશ્ય હોવું જોઈએ એમ કાંઈ અવશ્યનું નથી. કેમકે વીંછીનું ઉપાદાન કારણ છાણ છે તેમ કેશનું ઉપાદાન દેહ છે, તથાપિ વીંછી અને કેશ તેમના ઉપાદાન કારણથી વિસદૃશ જોવામાં આવે છે. વળી કાર્ય હોઈને તે બ્રહ્મને દૂષણ આપી શકતું નથી. કેમકે ઘટાદિ વિકાર કારણ થકી ભિન્ન ન છતાં મૃત્તિકાને દૂષણ આપતા નથી, એમ જોવામાં આવે છે, વળી પ્રલયકાલમાં કાંઈ કારણથી અભિન્ન રહે છે એટલું જ નહિ પણ ત્રણે કાલમાં, "[4]આત્મા એ જ

---

૧ સ્વાગતા. ૨ " येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम् । " ૩ " सोऽकामयत बहु स्यां प्रजायेय । " " तदैक्षत बहु स्यां प्रजायेय । " ૪ " आत्मैवेदं सर्वं ब्रह्मैव सर्वम् । "

આ સર્વ છે, બ્રહ્મ એ જ સર્વ છે" એમ વેદમાં કહેલું હોવાથી જગતરૂપ કાંઈ બ્રહ્મરૂપ કારણથી અભિન્ન છે એ રીતે કારણથી કાંઈ ભિન્ન છતાં પણ સૂર્યકિરણથી ઉપજેલાં ઝાંઝવાનાં પાણીવડે ક્ષારભૂમિ કદી ભીની થતી નથી તેમ જગત્ પરમાત્માને સ્પર્શ કરતું નથી." એવાં વેદનાં ઉદાહરણો આપીને શ્રીશંકરે તેમના વિકલ્પ દૂર કર્યા, અને તેમના શાસ્ત્રનું પણ ખંડન કર્યું. જેમકે,—પાશુપતશાસ્ત્રમાં કહેવા પ્રમાણે પશુપતિ ઈશ્વિર પ્રધાન અને પુરુષના અધિષ્ઠાતા હોવાથી તે જગતનું કારણ હોઈ શકતા નથી. કેમકે હીન, મધ્યમ, અને ઉત્તમ એવા પ્રાણીઓમાં તેમણે ભેદ કર્યો છે માટે પશુપતિને રાગદ્વેષ છે એમ જણાય છે. વળી પશુપતિ ઈશ્વિરનો પ્રધાન અને પુરુષની સાથે સંબંધ પણ ઉત્પન્ન થતો નથી. તેમનો સંયોગ લક્ષણ સંબંધ પણ સંભવતો નથી. કેમકે તે ત્રણે સર્વગત અને નિરવયવ છે. સમવાય સંબંધ પણ સંભવતો નથી. કેમકે તેમના આશ્રય અને આશ્રિતભાવનું નિરૂપણ કર્યું નથી. બીજો પણ કોઈ કાર્યગમ્ય સંબંધ કલ્પી શકાતો નથી. કેમકે તેમનો કાર્ય કારણ ભાવ જ અદ્યાપિ સિદ્ધ થયો નથી. ૭૩.

એ પ્રમાણે તેમના શાસ્ત્રના ખંડનનો પ્રકાર બતાવીને તેમણે માનેલી મુક્તિનું ખંડન કરવાનો પ્રકાર કહે છે કે,—

अद्वितीयनिरता सति भेदे मुक्तिरीशसमतैव कथं स्यात् ।
ध्यानजा किमिति सा न विनश्येद्भावकार्यमखिलं हि न नित्यम् ॥ ७४ ॥

અદ્વિતીય બ્રહ્મને વિશે જ પર્યવસન્ન થયેલી એવી મુક્તિ છે અને તમારે મતે ઈશની સમાનતા એ મુક્તિ છે, પણ ભેદ સત્ય છતાં ઈશની સમાનતા લક્ષણ મુક્તિ કેમ બને? કારણ કે તમારે મતે ભેદ સત્ય હોવાથી કોઈ પ્રકારે તેની નિવૃત્તિ થવાની નહિ તો મુક્તિ પણ કોઈ પ્રકારે બનવાની નહિ. તમે કહેશો કે પશુપતિના ધ્યાનથી અમને તો મુક્તિ મળશે તો તે પણ યથાર્થ નથી, કેમકે ધ્યાનથી ઉપજેલી મુક્તિ કેમ વિનાશ ન પામે? કારણ કે તેનો વિનાશ ન થવાનો કોઈ હેતુ નથી; માટે જાણવું કે કોઈ પણ કાર્ય જે કોઈ પણ ભાવથી ઉપજેલું છે તે નિત્ય નથી. અને એ જ રીતે ધ્યાનભાવથી ઉપજેલી મુક્તિ પણ અનિત્ય છે. ૭૪.

किंच संक्रमणमीशगुणानामिष्यते पशुषु मोक्षदशायाम् ।
तन्न साध्ववयवैर्विधुराणां संक्रमो न घटते हि गुणानाम् ॥ ७५ ॥

વળી મોક્ષાવસ્થામાં જીવોમાં પશુપતિ ઈશ્વિરના ગુણોનું સંક્રમણ થાય છે એમ જે પાશુપત મતવાળા ઇચ્છે છે તે ઇચ્છવું પણ ઠીક નથી. કેમકે અવયવ વિનાના ગુણોનું સંક્રમણ ઘટતું નથી. ૭૫.

पद्मगन्ध इव गन्धवहेऽस्मिन्नात्मनीश्वरगणोऽस्त्विति चेन्न ।
तत्र गन्धसमवायि नभस्वत्संयुतं दिशति गन्धधियं यत् ॥ ७६ ॥

તમે (પાશુપતમતવાળા) કહેશો કે જેમ અવયવ વિનાના કમલના ગંધનું જેમ વાયુમાં સંક્રમણ થાય છે તેમ જીવમાં પશુપતિના ગુણોનું સંક્રમણ પણ ઘટે છે, તો તેમ નથી; વાયુમાં જે કમલનો ગંધ જણાય છે તે તો ગંધના સમવાય સંબંધવાળું કમલ સૂક્ષ્મ અવયવરૂપે વાયુ સાથે સંયુક્ત થઈને વાયુમાં ગંધબુદ્ધિ દેખાડે છે. ૭૬.

किंचैकदेशेन समाश्रयंते कार्त्स्न्येन वा शंभुगुणा विमुक्तान्[1] ।
पूर्वे तु पूर्वोदितदोषसङ्गस्त्वन्तेऽज्ञतादिः परमेश्वरे स्यात् ॥ ७७ ॥

વળી અમે તમને (પાશુપતમતવાળાઓને) પૂછીએ છીએ કે, વારૂ પશુપતિના ગુણો મુક્ત

૧ ઈન્દ્રવજ્રા.

પુરુષમાં આવે છે તે એક દેશવડે આવે છે કે સમગ્રપણે આવે છે? અર્થાત્ થોડા ઘણા આવે છે કે બધાય ગુણો આવે છે? જો થોડા ઘણા આવે છે એમ કહેશો તો પૂર્વે કહ્યો તે જ દોષ લાગુ થશે એટલે અવયવ-રહિત ગુણોમાંથી થોડા ઘણા ગુણો છૂટા પડીને જીવમાં આવે એમ બને નહિ માટે ગુણોનું સંક્રમણ ઘટશે નહિ. જો પશુપતિમાંથી સમગ્ર ગુણો જીવમાં આવે છે એમ કહેશો તો પશુપતિ ઈશ્વર ગુણરહિત થઈ જવાના તેથી તે પરમેશ્વરને વિષે અજ્ઞતાદિ (અજ્ઞાનપણું આદિ) દોષ લાગુ થશે.' ૭૭.

[1]इत्थं तर्कैः कुलिशकठिनैः पण्डितंमन्यमाना
भिद्यत्स्वार्थाः स्मयभरमदं तत्यजुस्तान्त्रिकास्ते ।
पक्षाघातैरिव रयभरैस्ताड्यमानाः फणासु
क्ष्वेडज्वालां खगकुलपतेः पन्नगाः साभिमानाः ॥ ७८ ॥

જેમ પક્ષીઓના કુલના પતિ ગરુડના અતિશય વેગવાળા પાંખોના ઝપાટાઓ આઘાતવડે ફણામાં જેમને તાડન થાય છે એવા અભિમાનવાળા સર્પો ઝેરની જ્વાલા બહાર કાઢે છે તેમ, વજ્રના જેવાં કઠિન તર્કવડે જેમનો અભિમત અર્થભેદ પામી ગયો છે એવા તથા પોતાને પંડિત માનનારા તે **તાંત્રિક—પાશુપતમતવાળા** પોતાના અતિશય ગર્વના મદને તજી દેતા હવા. ૭૮.

[2]व्याख्याजृंभितपाटवात्फणिपतेर्मंदाक्षमुद्दीपयन्
सङ्ख्यालङ्घितशिष्यहृद्वनरुहेष्वादित्यतामुद्वहन् ।
उद्वेलस्वयशःसुमैः स भगवत्पादो जगद्भूषयन्
कुर्वन्वादिमृगेषु निर्भरमभाच्छार्दूलविक्रीडितम् ॥ ७९ ॥

વ્યાખ્યાન કરવાવડે વિકાસ કરેલી કુશલતાવડે શેષનાગને પણ લજ્જા ઉત્પન્ન કરતા, અસંખ્ય શિષ્યોના હૃદયરૂપી કમલને વિષે સૂર્યપણું ધારણ કરતા—સૂર્ય જેમ કમલને ખીલાવે છે તેમ પોતાના શિષ્યોનાં હૃદયને ખીલાવતા, જેણે સાત સમુદ્રના કિનારાઓનું ઉલ્લંઘન કર્યું છે એવા પોતાના યશરૂપી પુષ્પોથી જગતને અલંકૃત કરતા, અને વાદીરૂપી હરણોમાં અત્યંત-દૃઢ શાર્દૂલવિક્રીડિતને આચરતા-શાર્દૂલ જે ક્રીડા હરણોમાં કરે છે અર્થાત્ હરણોનો નાશ કરે છે તેમ વાદીઓનો પરાજયરૂપી નાશ કરતા શ્રીભગવત્પાદ શંકરાચાર્ય શોભતા [3]હતા. ૭૯.

[4]वेदांतकांतारकृतप्रचारः सुतीक्ष्णसद्युक्तिनखाग्रदंष्ट्रः ।
भयंकरो वादिमतंगजानां महर्षिकंठीरव उल्लास ॥ ८० ॥

શ્રીશંકરને સિંહરૂપે વર્ણે છે કે,—વેદાંતરૂપી વનમાં જેણે પ્રચાર (ગમન) કર્યો છે, અત્યંત તીક્ષ્ણ એવી ઉત્તમ યુક્તિ (તર્ક) રૂપી જેના નખનાં અગ્ર (અણીઆં) તથા દાઢો છે, વાદીરૂપી હાથીઓને જે ભયંકર છે, એવો મહર્ષિ(શ્રીશંકર)રૂપી સિંહ શોભતો હતો. ૮૦.

अमानुषं तस्य यतीश्वरस्य विलोक्य बालस्य सतः प्रभावम् ।
अत्यंतमाश्चर्ययुतांतरङ्गाः काशीपुरस्था जगदुस्तदेत्थम् ॥ ८१ ॥

---

૧ મંદાક્રાંતા. ૨ શાર્દૂલવિક્રીડિત. ૩ આ શ્લોકમાં શ્રીશંકરનું વર્ણન કરવામાં આવેલા શાર્દૂલવિક્રીડિત પદવડે છંદના નામનું સૂચન થાય છે માટે મુદ્રાલંકાર "सूच्यार्थसूचनं मुद्रा प्रकृतार्थपरैः पदैः।"—પ્રકૃતનું વર્ણન કરનારાં પદવડે સૂચન કરવા યોગ્ય અર્થનું જ્યાં સૂચન કર્યું હોય ત્યાં મુદ્રાલંકાર થાય.—કુવલયાનંદ, કારિકા ૧૩૮. ૪ ઉપજાતી.

તે યતીશ્વર શંકર બાલક છતાં પણ તેમનો અમાનુષ પ્રભાવ જોઇ અત્યંત આશ્ચર્યયુક્ત જેમનાં અંતર થયાં છે એવા કાશીનગરના રહેનારા લોકો તે સમયે આ પ્રમાણે કહેવા લાગ્યા કે, ૮૧.

अस्मान्मुहुर्द्योतितसर्वतन्त्रात्पराभवं पीडितपुण्डरीकाः ।
प्रपेदिरे भास्करगुप्तमिश्रमुरारिविद्येंद्रगुरुप्रधानाः ॥ ८२ ॥

'વારંવાર જેણે સર્વે શાસ્ત્રોને પ્રકાશિત કર્યાં છે એવા શ્રીશંકર થકી જેમનું હૃદયકમલ પીડાયું છે એવા ભાસ્કરગુપ્ત, મિશ્રમુરારિ, વિદ્યેંદ્રગુરુ, આદિક પરાભવ પામ્યા છે.' ૮૨.

अस्यात्मनिष्ठातिशयेन तुष्टः प्रादुर्भवन्कामरिपुः पुरस्तात् ।
प्रचोदयामास किल प्रणेतुं वेदांतशारीरकसूत्रभाष्यम् ॥ ८३ ॥

આ (શ્રીશંકરની) અત્યંત આત્મનિષ્ઠથી સંતાપ પામેલા કામરિપુ-મહાદેવ તેમના આગળ પ્રકટ થયા અને તેમને (શ્રીશંકરાચાર્યને) વેદાંતનું શારીરકસૂત્રભાષ્ય રચવાની પ્રેરણા કરી. ૮૩.

[1]कुदृष्टितिमिरस्फुरत्कुमतपङ्कमग्नां पुरा पराशरभुवं चिरात्बुधमुदे बुधेनोद्धृताम् ।
अहो बत जरद्गवीमनघभाष्यसूक्तामृतैरपङ्कयति शंकरं प्रणतशंकरः सादरम् ॥ ८४ ॥

કુદૃષ્ટિરૂપી અંધકારને વિશે સ્ફુરણાયમાન કુમતિ દુષ્ટ-બુદ્ધિરૂપી કાદવમાં ડુબેલી-કળેલી શ્રુતિ લક્ષણ પ્રાચીન ગાયનો, પૂર્વે જ્ઞાની એવા પરાશરના પુત્ર વેદવ્યાસે પંડિતોને હર્ષ આપવાને અર્થે ઘણે કાલે ઉદ્ધાર કર્યો હતો. એ વેદ લક્ષણ પુરાતન ગાયને દોષ રહિત ભાષ્યનાં સૂક્તરૂપ અમૃતથી આદરસહિત પોતાને પ્રણામ કરતા પુરુષનું કલ્યાણ કરનાર શ્રીશંકર કાદવ રહિત કરે છે-નિર્મલ કરે છે એ મોટા હર્ષની અને આશ્ચર્યની વાત 'છે.[2] ૮૪.

[3]त्रैलोक्यं ससुखं क्रियाफलपयो भुङ्क्ते ययाविष्कृतं
यस्या वृद्धतरे महीसुरगृहे वासः प्रवृद्धाध्वरे ।
तां पङ्कप्रसृते कुतर्ककुहरे घोरैः खरैः पातितां
निष्पङ्कामकरोत्सभाष्यजलधेः प्रक्षाल्य सूक्तामृतैः ॥ ८५ ॥

'જે વેદ લક્ષણ ગાયે પ્રકટ કરેલું ક્રિયાના ફલરૂપ દૂધ સુખે કરીને ત્રણે લોક ખાય છે-પીએ છે-અનુભવે છે, અને જેનો નિવાસ અત્યંત પ્રાચીન તથા જેમાં યજ્ઞો અતિશય વૃદ્ધિ પામ્યા છે—જ્યાં ઘણા યજ્ઞ થયા છે એવા પ્રયાગમાં પ્રજાપતિ નામે બ્રાહ્મણને ઘેર છે તે શ્રુતિલક્ષણ ગાયને કાદવથી વ્યાપ્ત એવા કુતર્કરૂપી ખાડામાં ભયંકર અને તીક્ષ્ણ દુર્જનોએ પાડેલી છે. ગાયને ભાષ્યરૂપી સમુદ્રમાંથી સૂક્તરૂપી અમૃત લેઈને તે વડે શ્રીશંકરાચાર્યે કાદવ રહિત કરી—નિર્દોષ કરી. ૮૫.

✓ **[4]मिथ्या वक्तीति कैश्चित्पुरुषमुपनिषद्दूरमुत्सारिता भू-**
दन्यैरस्मिन्नियोज्यं परिचरितुमसावर्हतीति प्रनुन्ना ।
अर्थाभासं दधानैर्मृदुभिरिव परैर्वञ्चिता चोरितार्थै-
र्विद्त्यानंदमेषा सुचिरमशरणा शंकरार्यप्रपन्ना ॥ ८६ ॥

કેટલાક વેદ બાહ્ય મતવાળા પુરુષો ' ઉપનિષદ્ મિથ્યા કહે છે. ' એ પ્રમાણે કહીને તેને દૂર કાઢી નાખી હતી. બીજા કેટલાક ભાટ્ટમતાનુસારી આદિક પુરુષો ' વેદાંતકર્મમાં જે

---

૧ પૃથ્વી. ૨ શ્લેષ, પરિકર, કાવ્યલિંગ, રૂપક, પરિકુરાંકુર એ સર્વે અલંકારો મળીને તિલ તાંદુલ પ્રમાણે સંસૃષ્ટિ અલંકાર થાય છે. ૩ શાર્દૂલવિક્રીડિત. ૪ સ્રગ્ધરા.

નિયોજ્ય છે તેની પરિચર્યા કરવાને ઉપનિષદ્ યોગ્ય છે' એ પ્રમાણે કહીને તેને બલાત્કારે પીડિત કરી હતી; વળી કેટલાક કોમલ સરખા જણાતા પણ અતિ કઠોર નૈયાયિકો જેઓ એમ કહેતા હતા કે 'ઉપનિષદ્‌માં અર્થ નથી પણ અર્થાભાસ છે, તથા જેઓએ તેના અર્થનો લોપ કર્યો છે, તેમણે ઉપનિષદ્ છેતર્યાં હતાં. એવી રીતે ઘણાને કાલ સુધી કોઈનું શરણ ન પામેલા તે ઉપનિષદ્ **શ્રી**શંકરાચાર્યને શરણે આવીને આનંદ પામે છે.[1] ૮૬

हंतुं बौद्धोनुधावत्तदनु कथमपि स्वात्मलाभः कणादा-
ज्ञातः कौमारिलाद्यैर्निजपदगमने दर्शितं मार्गमात्रम् ।
सांख्यैर्दुःखं विनीतं परमथ रचिता प्राणधृत्यर्हतान्यै-
रित्थं खिन्नं पुमांसं व्यधित करुणया शंकरार्यः परेशम् ॥ ८७ ॥

આત્મારૂપ પુરુષ જેને શુન્યવાદી **બૌદ્ધ** હણવાને દોડ્યો હતો; તેના પછી કાંઈ કરતાં (મોટા પ્રયત્ને) કણાદ થકી જેને પોતાના આત્માનો લાભ થયો; **કૌ**મારિલભટ્ટાચાર્ય આદિક પુરુષોએ જેને પોતાની પદવીએ પહોચવાનો માર્ગ માત્ર બતાવ્યો હતો; **સાંખ્ય** આચાર્યોએ કેવલ જેના દુઃખનો નાશ કર્યો હતો; અને બીજા પાતંજલ આદિક આચાર્યોએ પ્રાણનું ધારણ કરવા(પ્રાણાયામ કરવા)વડે જેની પૂજ્યતા સંપાદન કરી હતી; એ રીતે ખેદ પામેલા આત્મા પુરુષને **શ્રી**શંકરાચાર્યે કૃપા કરીને પરાત્મા બનાવી દીધો.[2] ૮૭.

ग्रस्तं भूतैर्न देवं कतिचन ददृशुः के च दृष्ट्वाप्यधीराः
केचिद्भूतैर्वियुक्तं व्यधुरथ कृतिनः केपि सर्वैर्विमुक्तम् ।
किंत्वेतेषामसत्त्वं न विदधुरजहन्नैव भीतिं ततोसौ
तेषामुच्छिद्य सत्तामभयमकृत तं शंकरः शंकरांशः ॥ ८८ ॥

કેટલાક **ચા**ર્વાકાદિક પૃથ્વી આદિક ભૂતોએ ગળેલા આત્માને જોઈ શક્યા નહિ. કેટલાક **યો**ગાચારાદિક આત્માને જોઈને પણ અધીરા થઈ ગયા—ક્ષણિક વિજ્ઞાન આત્મા છે એ તેઓ માનતા હતા. કેટલાક પુણ્યશાલી તાર્કિક, મીમાંસક આદિક પુરુષોએ તેને ભૂત થકી જૂદો કર્યો. કેટલાક—સાંખ્ય આદિક પુણ્યશાલી પુરૂષોએ તેને સર્વે ભૂત થકી તથા તેના ગુણો થકી જૂદો કર્યો પણ તેમણે તે સર્વેનું અસત્પણું પ્રતિપાદન કર્યું નહિ તેથી આત્મા નિર્ભય થયા નહિ પણ **શં**કરે તો તે સર્વેની સત્તા(હોવાપણા)નો નાશ કરીને આત્માને નિર્ભય કર્યો; કેમકે તે **બ્રહ્મ**વિદ્યાના અધીશ્વર **મ**હાદેવના અંશ હતા. ૮૮.

चार्वाकैर्निह्नुतः प्राग्बलिभिरथ मृषा रूपमापाद्य गुप्तः
काणादैर्हा नियोज्यो व्यरचि बलवता कृष्यकौमारिलेन ।
सांख्यैराकृष्य हृत्वा मलमपि रचितो यः प्रधानैकतन्त्रः
कृत्वा सर्वेश्वरं तं व्यतनुत पुरुषं शंकरः शंकरांशः ॥ ८९ ॥

પૂર્વે આત્મારૂપ પુરુષને **ચા**ર્વાકોએ 'આત્મા છે જ નહિ' એમ કહીને ઉડાવી દીધો હતો. પછી બલવાન્ એવા કણાદમતને અનુસરનારઓએ કર્તૃત્વાદિ વિશેષણવાળું અને જ્ઞાનાદિ ગુણવાળું મિથ્યાભૂતરૂપ આપીને તેને સંતાડી રાખ્યો હતો; અરે! તે પછી બલવાન્ કુમારિલભટ્ટના મતાનુયાયિયોએ પણ તેને મહાભૂતોમાંથી જૂદો ખેંચી કાઢીને સ્વર્ગ નર્કમાં કર્મ પ્રમાણે ભટકનારો દાસ હોય તેવો બનાવી દીધો હતો; તેમની પાસેથી પણ **સાં**ખ્યાચાર્યોએ તેને ખેંચી લેઈને નિર્મલ કર્યો પરંતુ તેને પ્રધાનનાં જ આધીનમાં રાખ્યો. એવી રીતે (આત્મા પુરુષના હાલહવાલ થતા) જોઈને **મ**હાદેવના અંશાવતાર **શ્રી**શંકરાચાર્યે તેને સર્વેશ્વર બનાવી દીધો.[3] ૮૯.

---

૧ **શ્લેષ**-પરિકારાદિ અલંકાર. ૨-૩ **શ્લે**ષાદિ અલંકાર.

[1]वाचः कल्पलताः प्रसूनसुमनःसंदोहसंदोहना
भाष्ये भूष्यतमे समीक्षितवतां श्रेयस्करे शांकरे ।
भाष्याभासगिरो दुरन्वयगिरा श्लिष्टा विसृष्टागुणै-
रिष्टा स्युः कथमंबुजासनवधूदौर्भाग्यगर्भीकृताः ॥ ९० ॥

જે પુરુષોએ શ્રીશંકરાચાર્યના અત્યંત ભૂષણાસ્પદ અને કલ્યાણકારી શ્રીભાષ્યમાં ફલ અને પુષ્પના સમુદાયને આપનારી કલ્પલતા જેવી વાણી જોએલી છે, તેમને કમલાસન(બ્રહ્મા)ની સ્ત્રી સરસ્વતીના દુર્ભાગ્યે જેમાં વાસો કરેલો છે એવી, ગુણોએ તજેલી, દુઃખે કરીને જેનો સંબંધ બેસે એવી વાણીથી સંયુક્ત અને ભાષ્ય જેવી દેખાતી વાણીયો કેમ પ્રીતિકર લાગે ?[2] ૯૦.

कामं कामकिरातकार्मुकलतापर्यायनिर्यातया
नाराचच्छटया विपाटितमनोधैर्यैर्धिया कल्पितान् ।
आचार्याननवर्यनिर्यदभिदासिद्धांतशुद्धांतरो
धीरो नानुसरीसरीति विरसान्ग्रन्थानबंधापहान् ॥ ९१ ॥

કામરૂપી ભિલ્લની ધનુષ્યરૂપી વેલમાંથી અનુક્રમે નીકળેલા નારાચ નામે બાણના સમૂહથી જેમના મનનું ધૈર્ય યથેષ્ટ નાશ કર્યું છે એવા પુરુષોએ અર્થાત્ કામાદિ વિકારથી હણાયલા પુરુષોએ પોતાની બુદ્ધિવડે કલ્પેલા આચાર્યોને, અને તેવા જ પુરુષોએ પોતાની બુદ્ધિ પ્રમાણે કલ્પેલા નીરસ અને સંસારરૂપી બંધનનો નાશ કરવાને અસમર્થ એવા ગ્રંથોને, સર્વોત્તમ આચાર્ય થકી નીકળેલા અભેદ સિદ્ધાંતવડે જેનું અંતર શુદ્ધ થયેલું છે, એવો ધીર પુરુષ અનુસરતો નથી.[3] ૯૧.

[4]सुधास्पंदाहंताविजयिभगवत्पादरचना समस्कंधान्ग्रंथान्रचयति निबद्धा यदि तदा ।
विशङ्कां भङ्गानां मृडमुकुटशृङ्गाटसरितः कृतौ तुल्या कुल्या नियतमुपशल्यादृतगतिः ॥९२॥

વળી જો કોઈ ગ્રંથકર્ત્તા, અમૃત પ્રવાહની અહંતા—હું પદનો જય કરનારી શ્રીભગવત્પાદ શંકરાચાર્યની રચનાની બરોબરી કરે એવા ગ્રંથોને રચે ત્યારે તો, કોઈ ગામની પડોશમાં નિયમ પ્રમાણે–હદમાં રહીને જે આદરથી ગમન કરે છે એવી નાની (ક્ષુલ્લક) અથવા કૃત્રિમ નદી, મહાદેવના મુકુટરૂપી ચાર માર્ગના ચકલામાં રહેલી ગંગાના તરંગની બરોબર તરંગ કરવામાં બરાબર થાય, એવી શંકા પણ ઉત્પન્ન કરે છે. અર્થાત્ જેમ કોઈ ક્ષુલ્લક નદી ગંગાના સરખા ભારે તરંગ ઉત્પન્ન કરી શકે નહિ તેમ બીજો કોઈ ગ્રંથકર્ત્તા શ્રીશંકરના જેવા ગ્રંથ પણ રચી શકે નહિ.[5] ૯૨.

यया दीनाधीना घनकनकधारा समरचि प्रतीतिं नीताऽसौ शिवयुवतिसौंदर्यलहरी ।
भुजङ्गो रौद्रोऽपि श्रुतभयहृदाधायि सुगुरोर्गिरां धारा सेयं कलयति कवेः कस्य न मुदं ९३

શ્રીશંકરાચાર્યની વાણીની જે ધારાએ ધન સુવર્ણની ધારા દીન પુરુષને આધીન કરી છે, જેણે શિવની યુવતી ગૌરીના સૌંદર્યની લહેરને પ્રકટ કરી છે, સર્પ મહાક્રોધી છતાં પણ જેના નામનું શ્રવણ કરીને ભયનું હરણ કરનાર થાય છે (શંકર નામાંકિત પ્રાકૃત મંત્ર પણ સર્પનું વિષ હરે છે એ સહુ જાણે છે) એવી ઉત્તમ ગુરુ શ્રીશંકરની વાણીની આ ધારા કયા કવિને હર્ષ નહિ આપે ? અર્થાત્ સર્વને આપશે જ. ૯૩.

---

૧ શાર્દૂલવિક્રીડિત. ૨ પ્રતીવિશેષાદિ અલંકાર. ૩ પરિકારાદિ અલંકાર. ૪ શિખરિણી. ૫ મિથ્યાધ્યવસિત્ય અલંકાર. 'किञ्चिन्मिथ्यात्वसिद्ध्यर्थमिथ्यार्थान्तरकल्पनम् । मिथ्याध्यवसितिर्वेश्यावशयेत्खस्रजं वहन् ॥'–જ્યાં કોઇ મિથ્યાત્વની સિદ્ધિને માટે મિથ્યા અર્થની કલ્પના કરવી તે મિથ્યાધ્યવસિત્યલંકાર જેમકે–વેશ્યાને વશ કરવી એ આકાશ કુસુમની માળા ધારણ કરવા જેવું છે.—કુવલયાનંદ, કારિકા ૧૨૬.

गिरां[1] धारा कल्पद्रुमकुसुमधारा परगुरोस्तदर्थाली चिंतामणिकिरणवेण्या गुणनिका ।
अभङ्गव्यङ्ग्यौघः सुरसुरभिदुग्धोर्मिसहभूर्दिवं भव्यैः काव्यैः सृजति विदुषां शंकरगुरुः॥९४॥

શ્રીશંકર ગુરુ પોતાનાં ભવ્ય કાવ્યોવડે વિદ્વાનોને અર્થે એક સ્વર્ગ-લોક સરજે છે. એવી રીતે કે, તે શ્રેષ્ઠ ગુરુની વાણીની ધારા એ જ સ્વર્ગનાં કલ્પવૃક્ષનાં પુષ્પની ધારા છે તે ધારામાં જે અર્થની પંક્તિ રહેલી છે તે સ્વર્ગમાંના ચિંતામણિના કિરણોરૂપ વેણી(કેશબંધિ)નું તુલ્ય છે. તે કાવ્યમાં જે અખંડ વ્યંજનાનો સમુદાય છે તે કામધેનુના દૂધના તરંગની બરોબર છે. એ રીતે શ્રીશંકર ગુરુ પોતાના ભવ્ય કાવ્યવડે વિદ્વાનોનું સ્વર્ગ સરજે છે.[2] ૯૪.

वाचा[3] मोचाफलाभाः श्रमशमनविधौ ते समर्थास्तदर्था
व्यङ्ग्यं भङ्ग्यतरं तत्खलु किमपि सुधामाधुरीसाधुरीतिः ।
मन्ये धन्यानि गाढं प्रशमिकुलपतेः काव्यगव्यानि भव्या-
न्येकश्लोकोऽपि येषु प्रथितकविजनानन्दसंदोहकंदः ॥ ९५ ॥

જે કાવ્યની વાણી કેળનાં ફલ(કેળાં) જેવી મધુર છે; તે વાણીના અર્થ શ્રમને સમાવવાની વિધિમાં સમર્થ છે; તેમાં જે બીજાં વ્યંજના યુક્ત વચનો છે તે કાંઈક અનિર્વાચ્ય વસ્તુને કહેનારાં છે. તે કાવ્યની સારી જે રીતિઓ તે અમૃત સમાન મધુરતાવાળી છે. એ રીતે સંન્યાસીના કુલના ઈશ્વર શ્રીશંકરનાં કાવ્યરૂપી ભવ્ય ગોદુગ્ધ, જેમાંનો એક શ્લોક પણ પ્રસિદ્ધ એવા કવિજનોના આનંદ સમુદાયનું મૂલ છે, તેને હું અત્યંત ધન્ય માનું છું.[4] ૯૫.

वाग्गुंफैः कुरुविंदकंदलनिभैरानंदकन्दैः सता-
मर्थौघैररविंदवृंदकुहरस्पंदन्मरंदोज्ज्वलैः ।
व्यङ्ग्यैः कल्पतरुप्रफुल्लसुमनःसौरभ्यगर्भीकृतै-
र्दत्ते कस्य मुदं न शंकरगुरोर्भव्यार्थकाव्यावलिः ॥ ९६ ॥

શ્રીશંકર ગુરુની ભવ્ય અર્થવાળી કાવ્યની પંક્તિ, કુરુવિંદ(મોથ)ના અંકુર સરખાં સત્પુરુષોના આનંદના મૂલભૂત વાણીના ગુંફવડે, કમલના સમૂહમાં જે છિદ્રો છે તેમાંથી ટપકતા મકરંદ સમાન ઉજ્જ્વલ અર્થના સમુદાય વડે, અને કલ્પવૃક્ષનાં પ્રફુલિત પુષ્પની સુગંધિથી વ્યાપ્ત વ્યંજનાઓ વડે, કોને આનંદ નથી આપતી? અર્થાત્ શ્રીશંકરનાં કાવ્યમાંની વાણી, અર્થ અને વ્યંજના એ સર્વ સરસ હોઈને સર્વને આનંદ આપે છે. ૯૬.

तत्तादृग्यतिशेखरोद्धृतनिषद्भाष्यं[5] निशम्येर्ष्यया
केचिद्देवनदीतटस्थविदुषामक्षान्तिपक्षश्रिताः ।
मौर्ख्यात्खण्डयितुं प्रयत्नमनुमानैकेक्षणा विक्षमा-
श्चक्रुर्भाव्यविचार्य चित्रकिरणं चित्राः पतङ्गा इव ॥ ९७ ॥

યતિઓમાં ઉત્તમ શ્રીશંકરાચાર્યે ઉદ્ધૃત કરેલું—અર્થાત્ રચેલું એવું (આગળ કહ્યું તેવું) ઉપનિષદ્નું ભાષ્ય જોઈને દેવ નદી(ગંગા)ના કિનારાપર રહેનારા વિદ્વાનોમાંના કેટલાક ગૌતમના પક્ષને આશરેલા અને એક અનુમાન જ જેમને મુખ્ય નેત્ર-જ્ઞાન સાધન છે એવા પુરુષો ઈર્ષ્યા વડે ક્ષમા ગુણ રહિત થઈને-સહન ન થઈ શકવાને લીધે ભાવિનો વિચાર- ન કરીને, જેમ અગ્નિમાં વિચિત્ર પતંગો પડે છે તેમ, મૂર્ખતાથી તેનું ખંડન કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ૯૭.

૧ શિખરિણી. ૨ રૂપક-કાવ્યલિંગાદિ અલંકાર. ૩ સ્રગ્ધરા. ૪ લુપ્તોપમા-રૂપક-કાવ્યલિંગ-પરિકરાદિ અલંકાર. ૫ શાર્દૂલવિક્રીડિત.

निघर्षणच्छेदनतापनाद्यैर्यथा सुवर्णं परभागमेति ।
विवादिभिः साधु विमथ्यमानं तथा मुनेर्भाष्यमदीपि भूयः ॥ ९८ ॥

જેમ સુવર્ણને ઘસવાથી, કાપવાથી અને તપાવવાથી તે ઉત્તરોત્તર ઉત્તમ ભાગ્યને પામે છે—ઉત્તમ થાય છે તેમ વિવાદી પુરુષોએ સારી રીતે મંથન કરેલું શ્રીશંકર મુનિનું ભાષ્ય વધારે પ્રકાશવા લાગ્યું. ૯૮.

स भाष्यचंद्रो मुनिदुग्धसिंधोरुत्थाय पास्यन्नमृतं बुधेभ्यः ।
विधूय गोभिः कमतांधकारानतर्पयद्विप्रमनश्चकोरान् ॥ ९९ ॥

તે ભાષ્ય લક્ષણ ચંદ્રમા મુનિરૂપી ક્ષીર સમુદ્રમાંથી ઉત્પન્ન થઇને પંડિતરૂપી દેવતાઓને મોક્ષરૂપી અમૃત આપતો હતો તથા તે સાથે પોતાનાં વાણીરૂપી કિરણોથી કુમતરૂપી અંધકારને દૂર કરીને મુમુક્ષુ બ્રાહ્મણોનાં મનરૂપી ચકોરને તૃપ્ત કરતો હતો. ૯૯.

अनादिवाक्सागरमंथनोत्था सेव्या बुधैर्धिक्कृतदुःसपत्नैः ।
विश्राणयंती विजरामरत्वं विदिद्युते भाष्यसुधा यतींदोः ॥ १०० ॥

[1]અનાદિ ભૂત વેદ વાણીરૂપી સમુદ્રનું મંથન કરવાથી ઉપજેલું, કામ ક્રોધાદિક દુષ્ટ શત્રુઓનો જેણે ધિક્કાર કર્યો છે એવા પંડિતોએ સેવન કરવા યોગ્ય, તથા જે જરામરણથી રહિતપણાને આપે છે–જરા મરણ રહિત કરે છે, એવું યતિરૂપી ચંદ્ર–શ્રીશંકરથકી ઉપજેલું ભાષ્યરૂપી અમૃત અત્યંત શોભે છે. ૧૦૦.

सतां हृदब्जानि विकासयंती तमांसि गाढानि विदारयंती ।
प्रत्यर्थ्युलूकान्प्रविलापयंती भाष्यप्रभाऽभाद्यतिवर्यभानोः ॥ १०१ ॥

યતિઓમાં શ્રેષ્ઠ શ્રીશંકરાચાર્યરૂપી સૂર્યની સત્પુરુષોનાં હૃદયરૂપી કમલને વિકાસ પમાડતી, અજ્ઞાનરૂપી ગાઢ અંધકારને ફાડી નાંખતી, દૂર કરતી, અને પ્રતિવાદીરૂપ ઘુવડને સંતાડી દેતી–સંતાઇ જવાની જરૂર પાડતી, ભાષ્યરૂપી પ્રભા પ્રકાશતી હતી. ૧૦૧.

[3]न्यायमंदरविमंथनजाता भाष्यनूतनसुधा श्रुतिसिंधोः ।
केवलश्रवणतो विबुधेभ्यश्चित्रमत्र वितरत्यमृतत्वम् ॥ १०२ ॥

શ્રુતિ (વેદ) રૂપી સમુદ્રમાંથી ન્યાયરૂપી મંદરાચલ વડે મંથન કરવાથી ઉપજેલું ભાષ્યરૂપી નૂતન અમૃત કેવલ શ્રવણ કરવા વડે વિબુધો(જ્ઞાનીઓ–દેવો)ને અમૃતપણું (મોક્ષ) આપે છે એ આશ્ચર્ય છે! સમુદ્રમાંથી મંદરાચલ વડે મંથન કરવાથી નીકળેલું અમૃત આસ્વાદન કરવાવડે દેવોને અમરપણું આપે છે પણ શ્રુતિમાંથી ન્યાયવડે મંથન કરવાથી નીકળેલું ભાષ્ય તો માત્ર શ્રવણ કરવાવડે જ અમરપણું આપે છે એ આશ્ચર્ય. ૧૦૨.

[4]पादादासीत्पद्मनाभस्य गङ्गा शंभोर्वक्त्राच्छाङ्करी भाष्यसूक्तिः ।
आद्या कांश्चिद्दृश्यते मज्जयंतीत्यन्या मग्नानुद्धरत्येष भेदः ॥ १०३ ॥

ગંગા શ્રીવિષ્ણુના ચરણમાંથી ઉપજી છે અને શ્રીશંકરાચાર્ય કૃત ભાષ્યનાં ઉત્તમ વચનો શ્રીશંભુના મુખથકી ઉપજ્યાં છે, એ ગંગા કરતાં ભાષ્યની અધિકતા છે. વળી ગંગા લોકોને ડુબાડતી માલમ પડે છે (લોકો તેમાં સ્નાન કરે છે તે સમયે ડુબતા જણાય છે), અને ભાષ્યનાં વચનો તો લોકોનો ઉદ્ધાર કરે છે એટલો ગંગા અને ભાષ્યમાં ભેદ છે. ૧૦૩.

---

૧ ઉપેન્દ્રવજ્રા. ૨ શ્રુતિમાં કહ્યું છે કે "अनादिवाग्वाचा विरूपनित्यया।" ૩ સ્વાગતા. ૪ શાલિની.

[1]व्यासो दर्शयति स्म सूत्रकलितन्यायौघरत्नावली-
रर्थालाभवशान्न कैरपि बुधैरेता गृहीताश्चिरम् ।
अर्थाप्त्या सुलभाभिराभिरधुना ते मण्डिताः पण्डिता
व्यासश्चाऽऽप कृतार्थतां यतिपतेरौदार्यमाश्चर्यकृत् ॥ १०४ ॥

[2]સૂત્રોમાં સંકલિત કરેલા ન્યાય સમુદાયરૂપી રત્નની [3]માલા **વ્યાસ** મુનિ (તેના ગ્રાહકોને) બતાવે છે, પણ અર્થની પ્રાપ્તિ નહિ હોવાથી ઘણા કાલ સુધી કોઇ પંડિતે પણ તેને ગ્રહણ કરી નહિ અર્થાત્ જેમ કોઈ ઉત્તમ કારીગર સૂત્રમાં માલા ગુંથીને દેખાડતો હોય પણ પાસે અર્થ (દ્રવ્ય) ન હોવાથી કોઇ પણ ડાહ્યો માણસ તેને લે નહિ, તેમ **વ્યાસ** મુનિએ સૂત્રમાં ન્યાયરૂપી રત્નની માલા ગુંથી પણ તેનો અર્થ ન સમજાવાથી ઘણા કાલસુધી કોઇ પંડિતોએ તે સૂત્રમાલા ગ્રહણ કરી નહિ, પણ હવે તો યતિઓના પતિ **શ્રી**શંકર પાસેથી અર્થ(ધન-સૂત્રના અર્થ)ની પ્રાપ્તિ થવાથી તે માલાઓ સુલભ થઈ જવાથી તે પંડિતો અલંકૃત (શોભાયમાન-કૃતકૃત્ય) થયા તથા **વ્યાસ** પણ કૃતાર્થ (કૃતકૃત્ય-ધનસંપન્ન) થયા. એવી રીતે યતિઓના પતિ **શ્રી**શંકરની ઉદારતા આશ્ચર્ય ઉપજાવે એવી છે.[4] ૧૦૪.

विद्वज्जालतपःफलं श्रुतिवधूधम्मिल्लमल्लीस्रजं
सद्वैय्यासिकसूत्रमुग्धमधुरागण्यातिपुण्योदयम् ।
वाग्देवीचिरभोग्यभाग्यविभवप्राग्भारकोशालयं
भाष्यं ते निपिबंति हंत न पुनर्येषां भवे संभवः ॥ १०५ ॥

શ્રીશંકરાચાર્યે કરેલું ભાષ્ય વિદ્વાન્ સમુદાયના તપના ફલરૂપ છે; **શ્રુ**તિરૂપી વધુના કેશપાશમાં મોગરાની માલારૂપ છે અર્થાત્ શ્રુતિના માથાનું ભૂષણ છે; ઉત્તમ એવા **વ્યાસ**કૃત સૂત્રરૂપી સુંદર મિત્રના મધુર અને અગણિત, એવા અતિશય પુણ્યનાં ઉદયરૂપ છે. અને **સર**સ્વતીને ઘણા કાલ લગી ભોગવવા યોગ્ય ભાગ્યોના અતિઘણા વૈભવને સંચી રાખવાના ભંડારરૂપ છે. અહો! જેમનો આ સંસારમાં ફરી જન્મ થવાનો નથી તેઓ જ એ ભાષ્યરૂપી રસનું પાન કરે છે.[5]!! ૧૦૫.

मंथानाद्रिधुरंधरा श्रुतिसुधासिंधोर्यतिक्ष्मापते-
र्ग्रन्थानां फणितिः परावरविदामानंदसंधायिनी ।
इंधानैः कुमतांधकारपटलैरंधीभवच्चक्षुषां
पंथानं स्फुटयंत्यकांडकमभात्तर्कार्कविद्योतितैः ॥ १०६ ॥

વેદરૂપી અમૃતના સમુદ્રને મંથન કરવાના **મં**દરાચલ પર્વતની ધુર(ધૂંસરી)ને ધારણ કરનારી, કાર્ય કારણરૂપ અથવા સ્થૂલ સૂક્ષ્મરૂપ, અથવા तत्त्वं પદાર્થરૂપ, પર અને અપર રૂપને જાણનારા પુરુષોને આનંદ આપનારી, કુત્સિત મતરૂપ અંધકારના સમુદાયથી જેમનાં નેત્ર આંધળા સરખાં થઈ જાય છે તેમને પ્રદિપ્ત થયેલા તર્કરૂપી **સૂ**ર્યના પ્રકાશવડે માર્ગ બતાવનારી, યતિઓના રાજા **શ્રી**શંકરાચાર્યના ગ્રંથોની સુંદર વાણી પ્રસિદ્ધ રીતે શોભતી હતી. ૧૦૬.

[6]आ सीतानाथनेतुः स्थलकृतसलिलद्वैतमुद्रात्समुद्रा-
दा रुद्राकार्षणाद्रागवनतशिखराद्भोगसांद्रान्नगेंद्रात् ।

---

૧ શાર્દૂલવિક્રીડિત. ૨ દોરો—વ્યાસકૃત સૂત્ર. ૩ હાર—પંક્તિ. ૪ સમાસોક્તિ, લુપ્તોપમા, રૂપક, શ્લેષાદિ અલંકાર. ૫ રૂપકાદિ અલંકાર. ૬ સ્રગ્ધરા.

आ च प्राचीनभूमीधरमुकुटतटादा तटात्पश्चिमाद्रे- [illegible] स्पाश्चिमाद्रे
रद्वैताद्यापवर्गा जयति यतिधरापोद्धृता [illegible] ॥ १०७ ॥ ब्रह्मविद्या ॥

સીતાના નાથ **રા**મચંદ્રના નેતા **રા**મેશ્વરના સમુદ્રથી સેતુ બાંધવાવડે જ્યાં આગળ જલને સ્થલ કર્યું છે, તે જલવડે જ્યાં આગળ દ્વૈતની મુદ્રા કરી છે ત્યાંસુધી—અર્થાત્ **રા**મેશ્વર આગળ **રા**મે સમુદ્રમાં જે સેતુ બાંધીને સ્થલરૂપ કરેલા પાણીવડે દ્વૈતાચાર્યોને આ બાજુએ આવવાની મુદ્રા (દ્વારબંધ) કરી છે ત્યાં સુધી—તાત્પર્ય કે દક્ષિણમાં **રા**મના સેતુ સુધી અને ઉત્તરમાં–ત્રિપુરનો સંહાર કરવાને સમયે **રુ**દ્રે ખેંચવાથી ઝટ નમી ગયેલાં શિખર જેનાં એવા ભોગવડે સજડ વ્યાપ્ત થયેલા **સુ**મેરૂ પર્વત સુધી, તેમ જ **પૂ**ર્વમાં ઉદયાચલ પર્વતનાં શિખરના કિનારા સુધી, તથા **પ**શ્ચિમમાં પશ્ચિમ પર્વત(અસ્તાચલ)ના તટ સુધી, યતિઓમાં શ્રેષ્ઠ **શ્રી**શંકરાચાર્યે ઉદ્ધાર કરેલી **બ્ર**હ્મવિદ્યા, જેના થકી દ્વૈત શૂન્ય આદ્ય (કાર્યભૂત) મોક્ષ પ્રાપ્ત થાય છે, તે વિજય પામે છે. ૧૦૭.

इति श्रीमाधवीये तद्ब्रह्मविद्याप्रतिष्ठितः ।
सङ्क्षेपशङ्करजये षष्ठः सर्ग उपारमत् ॥ ६ ॥

એ પ્રમાણે **શ્રી**માધવાચાર્યે વિરચિત **સં**ક્ષેપશંકરજયને વિશે તે **બ્ર**હ્મવિદ્યાની સ્થાપનાના વર્ણનરૂપ છઠ્ઠો સર્ગ સમાપ્ત થયો. ૬.

अथ सप्तमः सर्गः ।

स[1] जातु शारीरकसूत्रभाष्यमध्यापयन्नभ्रसरित्समीपे ।
शिष्यालिशंकाः शमयन्नुवास यावन्नभोमध्यमितो विवस्वान् ॥ १ ॥

એ **શ્રી**શંકરાચાર્ય કોઈ દિવસે **વ્યા**સસૂત્રનું પોતે કરેલું **શા**રીરકભાષ્ય ભણાવતાં અને તેમાં અનેક શિષ્યો જે જે શંકાઓ કરતા હતા તેઓનું સમાધાન કરતાં કરતાં, જ્યાંસુધી **સૂ**ર્ય આકાશના મધ્યમાં આવ્યો ત્યાંસુધી ગંગાજીના સમીપમાં બિરાજ્યા હતા. ૧.

श्रांतेष्वथाधीत्य[2] शनैर्विनेयेष्वाचार्य उत्तिष्ठति यावदेषः ।
तावद्द्विजः कश्चन वृद्धरूपः कस्त्वं किमध्यापयसीत्यपृच्छत् ॥ २ ॥

શિષ્યો અધ્યયન કરીને થાકી રહેતાં એ આચાર્ય ધીરેથી ઉઠવા જતા હતા તેટલામાં કોઈ વૃદ્ધ બ્રાહ્મણે આવીને તેમને પૂછ્યું કે "તમે કોણ છો અને શું ભણવોછો ?" ૨.

शिष्यास्तमूचुर्भगवानसौ[3] नो गुरुः समस्तोपनिषत्स्वतन्त्रः ।
अनेन दूरीकृतभेदवादमकारि शारीरकसूत्रभाष्यम् ॥ ३ ॥

એ બ્રાહ્મણને આચાર્યના શિષ્યોએ ઉત્તર આપ્યું કે "સર્વ ઉપનિષદોમાં સ્વતંત્રતા ધરાવનારા આ અમારા ગુરુશ્રી છે અને એમણે પોતે જેમાં દ્વૈતવાદોને દૂર કર્યા છે એવું **વ્યા**સસૂત્રનું **શા**રીરકભાષ્ય કરેલું છે તે અમોને ભણાવે છે." ૩.

स चाब्रवीद्भाष्यकृतं भवंतमेते वदंत्यद्भुतमेतदास्ताम् ।
अथैकमुच्चारय पारमर्षं यतेऽर्थतस्त्वं यदि वेत्थ सूत्रम् ॥ ४ ॥

શિષ્યોનું વચન સાંભળી પેલા વૃદ્ધ બ્રાહ્મણે **શ્રી**શંકરાચાર્યને કહ્યું કે "અહો! આ લોકો તમને ભાષ્યકાર કહે છે તો ભલે; પણ જો તમે એ **વ્યા**સસૂત્રનો અર્થ યથાર્થ જાણતા હોતો તેમાના એક સૂત્રનો અર્થ મને કહી સંભળાવો." ૪.

---

૧ ઉપજાતી. ૨ ઈંદ્રવજ્રા. ૩ ઉપજાતિ.

तमब्रवीद्भाष्यकृदग्र्यवाचं सूत्रार्थविद्भ्योऽस्तु नमो गुरुभ्यः ।
सूत्रज्ञताहंकृतिरस्ति नो मे तथाऽपि यत्पृच्छसि तद्ब्रवीमि ॥ ५ ॥

વૃદ્ધ બ્રાહ્મણનાં વચનો સાંભળી **શ્રી**શંકરાચાર્યે તેને ઉત્તમ વચનો કહ્યાં કે "**વ્યાસ**સૂત્રના **અર્થને** જાણનારા મહાત્માઓને હું પ્રણામ કરૂંછું. જો કે હું સૂત્રના અર્થને જાણનારપણાનું અભિમાન રાખતો નથી તો પણ તમે જે સૂત્ર પૂછો તેનું વ્યાખ્યાન કરૂં." ૫.

पप्रच्छ सोऽध्यायमथाधिकृत्य तृतीयमारंभगतं यतीशम् ।
तदंतरेत्यादिकमस्ति सूत्रं ब्रूह्येतदर्थं यदि वेत्थ किंचित् ॥ ६ ॥

પેલા વૃદ્ધ બ્રાહ્મણે **શ્રી**શંકરાચાર્યને પૂછ્યું કે "**વ્યાસ**સૂત્રના ત્રીજા અધ્યાયના આરંભમાં "**तदंतरप्रतिपत्तौ रंहति संपरिष्वक्तः प्रश्ननिरूपणाभ्याम् ॥**" એ સૂત્ર છે તેનો જો કાંઈ અર્થ તમારા જાણવામાં હોય તો કહો." ૬.

स प्राह जीवः करणावसादे संवेष्टितो गच्छति भूतसूक्ष्मैः ।
तांडिश्रुतौ गौतमजैवलीयप्रश्नोत्तराभ्यां प्रथितोऽयमर्थः ॥ ७ ॥

શ્રીશંકરાચાર્યે સૂત્રાર્થ કર્યો કે "મરણના સમયમાં એક દેહને છોડીને બીજા દેહમાં જવું પડે છે ત્યારે જીવ તે દેહનો આરંભ કરનાર પંચીકૃત પંચભૂતોના સૂક્ષ્મ ભાગોથી વીંટાઈને જાય છે એમ સમજવું. કારણ કે **તાં**ડિશ્રુતિમાં [1]ગૌતમના પ્રશ્નથી અને [2]જૈમિનિના ઉત્તરથી એ પ્રમાણે જ પ્રતિપાદન કરેલું છે." ૭.

इत्युक्तमर्थं निशमय्य तेन सवावदूकः शतधा विकल्प्य ।
अखण्डयत्पण्डितकुञ्जराणां मध्ये महाविस्मयमादधानः ॥ ८ ॥

એ પ્રમાણે **શ્રી**શંકરાચાર્યે કહેલા સૂત્રાર્થને સાંભળી મોટી વક્તૃત્વ શક્તિવાળા પેલા વૃદ્ધ બ્રાહ્મણે મોટા મોટા પંડિતોના મધ્યમાં ભારે વિસ્મય ઉત્પન્ન થાય એવી રીતે સૈંકડો વિકલ્પ કરીને તે સૂત્રાર્થનું ખંડન [3]કર્યું. ૮.

---

૧ પાંચમી આહુતિમાં જલ પુરુષરૂપે પરિણામ પામે છે એ વાતને તમે જાણોછો ? એમ ગૌતમે જૈમિનિને પૂછ્યું છે.

૨ યજ્ઞસંબંધી દહિ દૂધ વગેરે દ્રવ પદાર્થોરૂપ જલો અનુક્રમે સ્વર્ગલોક, મેઘ, પૃથિવી, પુરુષ અને સ્ત્રીઃ એ પાંચ અગ્નિઓમાં હોમાતાં પાંચમી આહુતિમાં (સ્ત્રીમાં હોમાય છે ત્યારે) પુરુષરૂપે પરિણામ પામે છે. સ્વર્ગમાં શ્રદ્ધારૂપ, મેઘમાં ચંદ્રમંડલના અંશરૂપ, પૃથ્વીમાં વૃષ્ટિરૂપ, પુરુષમાં અન્નરૂપ અને સ્ત્રીમાં વીર્યરૂપ આહુતિ પડે છે. એમ જૈમિનિએ ઉત્તર આપેલ છે.

૩ વૃદ્ધ બ્રહ્માણે નીચેપ્રમાણે પૂર્વપક્ષો કર્યાઃ—

૧ ઇંદ્રિયો અને આત્મા કે જેઓ વ્યાપક છે તેઓને બીજા દેહની પ્રાપ્તિ થતાં ત્યાં કર્મોને લીધે તેઓને વૃત્તિની પ્રાપ્તિ થાય છે એમ **સાંખ્ય**શાસ્ત્રનો સિદ્ધાંત છે માટે જીવને પંચીકૃત ભૂતોના સૂક્ષ્મ ભાગોસહિત ત્યાં જવું સપ્રમાણ નથી.

૨ નિર્વિકલ્પક જ્ઞાનના સંતાનરૂપ એકલા આત્માને જ બીજા શરીરમાં સવિકલ્પક જ્ઞાનરૂપ વૃત્તિની પ્રાપ્તિ થાય છે. ભોગનાં સાધનરૂપ ઇંદ્રિયો તો જેમ દેહ નવો ઉત્પન્ન થાય છે તેમ ભોગના સ્થાનકરૂપ તે તે દેહમાં નવાં ઉત્પન્ન થાય છે એમ **બૌદ્ધ**લોકોનો સિદ્ધાંત છે તો તે પ્રમાણે પણ તમારૂં કહેલું અસંભવિત છે.

૩ એકલું મન જ બીજા શરીરમાં જાય છે અને ઇંદ્રિયોને તો ત્યાં ભૂતો જ ઉત્પન્ન કરે છે એમ કાણાદશાસ્ત્રનો સિદ્ધાંત છે તો તે પ્રમાણે પણ તમારૂં કહેલું અસંભવિત છે.

૪ જેમ પોપટ એક વૃક્ષમાંથી ઉડીને બીજા વૃક્ષમાં જાય છે તેમ જીવ એક દેહમાંથી ઉડીને બીજા દેહમાં જાય છે એવો **જૈન**લોકોનો સિદ્ધાંત છે તો તે પ્રમાણે પણ તમારૂં કહેલું અસંભવિત છે.

[1]अनूद्य सर्वं फणितं तदीयं सहस्रधा तीर्थकरश्चखण्ड।
तयोः सुराचार्यफणींद्रवाचोर्दिनाष्टकं वाक्कलहो जजृंभे ॥ ९ ॥

શ્રીશંકરાચાર્યે એ વૃદ્ધ બ્રાહ્મણના સઘળા ભાષણનો અનુવાદ કરી તે પૂર્વપક્ષોનું હજારો રીતિઓથી ખંડન કર્યું. બૃહસ્પતિના તથા શેષનાગના જેવા વકતૃત્વવાળા એ બન્નેને આઠ દિવસ સુધી વાદયુદ્ધ ચાલ્યું.[2] ૯.

---

૫ "यत्रास्य पुरुषस्य मृतस्याग्निं वागप्येति वातं प्राणश्चक्षुरादित्यं मनश्चंद्रमसं दिशः श्रोत्रम्" ઈત્યાદિ શ્રુતિઓમાં કહ્યું છે કે જીવ મરણ પામે છે ત્યારે તેની વાણી અગ્નિમાં મળી જાય છે, પ્રાણ વાયુમાં મળી જાય છે, ચક્ષુ સૂર્યમાં મળી જાય છે, મન ચંદ્રમાં મળી જાય છે અને શ્રોત્ર દિશાઓમાં મળી જાય છે તો ઇંદ્રિયોની સાથે જીવનું દેહાંતરમાં જવું શ્રુતિઓથી વિરુદ્ધ છે.

૬ શ્રુતિમાં તો 'સ્વર્ગલોકરૂપ પહેલા અગ્નિમાં શ્રદ્ધારૂપ આહુતિ પડવાનું' કહ્યું છે પણ જલની આહુતિ પડવાનું કહ્યું નથી તે છતાં તમે જલની આહુતિ પડવાની કલ્પના કરોછો એ સાહસ કરોછો.

૭ કદાચ જલની શ્રદ્ધા આદિરૂપ આહુતિઓનો ક્રમ ચાલતાં પાંચમી આહુતિમાં જલ પુરુષરૂપે પરિણામ પામે છે એમ માનવું હોય તો ભલે પણ તે જલોથી વીંટાએલો જીવ દેહાંતરમાં જાય છે એમ માનવું યોગ્ય નથી. કારણ કે તે શ્રુતિમાં જીવના જવાનું કહ્યું નથી.

૮ તાંડિશ્રુતિમાં માત્ર જલનું નામ છે માટે કેવલ જલથી વીંટએલો જીવ દેહાંતરમાં જાય છે એમ કહેવું યોગ્ય ગણાય પણ પાંચે ભૂતના ભાગોથી વીંટાએલો જાય છે એમ કહેવું યોગ્ય નથી. ઈત્યાદિક સૈંકડો પૂર્વપક્ષોથી ખંડન કર્યું.

૧ ઉપેંદ્રવજ્રા.

૨ શ્રીશંકરાચાર્યે નીચે પ્રમાણે તે પૂર્વપક્ષોનું ખંડન કર્યુંઃ—

૧ સાંખ્યનો સિદ્ધાંત માણસની મતિથી ઉત્પન્ન થએલ છે અને વેદ તો ઈશ્વરના નિશ્વાસથી ઉત્પન્ન થએલ છે. એ વેદનાં વચનોથી સાંખ્યનો સિદ્ધાંત વિરુદ્ધ છે માટે તે સિદ્ધાંતને પ્રમાણભૂત મનાય નહિ.

૨ બૌદ્ધલોકોનો સિદ્ધાંત પણ વેદથી વિરુદ્ધ હોવાને લીધે અપ્રમાણ છે.

૩ કાણાદનો સિદ્ધાંત પણ એ રીતે જ અપ્રમાણ છે.

૪ જૈનલોકોનો સિદ્ધાંત પણ એ રીતે જ અપ્રમાણ છે.

૫ વાણી આદિ ઇંદ્રિયોના અધિષ્ઠાતા અગ્નિ આદિ દેવો કે જેઓ વાણી આદિનો ઉપકાર કરે છે તેઓ મરણના સમયમાં એ ઉપકાર કરતા નથી તેથી વાણી આદિ ઇંદ્રિયો અગ્નિ આદિમાં મળી જાય છે એમ ગૌણ રીતે કહ્યું છે. કારણ કે જે શ્રુતિમાં એ કહ્યું છે તે જ શ્રુતિમાં 'ओषधीर्लोमानि वनस्पतीन्केशाः।'–'રુવાણાં ઔષધિઓમાં મળી જાય છે અને કેશો વનસ્પતિઓમાં મળી જાય છે.' એમ કહ્યું છે પણ તે રુવાણાં અને કેશો ઉડીને ઔષધિઓમાં તથા વનસ્પતિઓમાં મળી જાય છે એ દેખાતું નથી. પ્રાણને છોડી દઈ એકલા જીવને દેહાંતરમાં જવું સંભવતું નથી અને પ્રાણવિના દેહાંતરમાં ભોગ ભોગવવા પણ સંભવિત નથી; 'तमुत्क्रामंतं प्राणोऽनूत्क्रामति' એ બીજી શ્રુતિમાં જીવની સાથે પ્રાણનું ગમન થવાનું સ્પષ્ટ કહ્યું છે માટે 'यत्रास्य:' એ શ્રુતિમાં વાણી આદિનું અગ્નિ આદિમાં મળી જવાનું જે કહ્યું છે તે ઉપચારથી કહ્યું છે પણ મુખ્યત્વે કહ્યું નથી એ સિદ્ધ થાય છે.

૬ ઉપક્રમ તથા ઉપસંહારની એકરૂપતાનો વિચાર કરતાં શ્રદ્ધા શબ્દથી જલ જ સમજાય છે. જો પહેલી આહુતિમાં જલ ન હોય તો પાંચમી આહુતિમાં જલનો પુરુષરૂપે પરિણામ થવાનું પૂછતાં ઉત્તર દેવાના સમયમાં શ્રદ્ધારૂપ પહેલી આહુતિ કહી, એટલે પૂછ્યુ, એક અને કહ્યું બીજું એમ થઈ પડતાં એકવાકયતાનો ભંગ થાય છે. શ્રદ્ધા તો એક જાતનો મનનો અથવા જીવનો ધર્મ છે માટે જેમ પશુ આદિના શરીરમાંથી હૃદય આદિ કહાડી લઈને હોમવામાં આવે છે તેમ શ્રદ્ધાને મનમાંથી કે જીવમાંથી જૂદી કહાડીને હોમી શકાય એમ નથી. એટલા માટે શ્રદ્ધા શબ્દથી જલનું જ ગ્રહણ ક-

[1]एवंवदंतौ यतिराड्द्विजेंद्रौ विलोक्य पार्श्वस्थितपद्मपादः ।
आचार्यमाहेति महीसुरोयं व्यासो हि वेदांतरहस्यवेत्ता ॥ १० ॥
त्वं शंकरः शंकर एव साक्षाद्व्यासस्तु नारायण एव नूनम् ।
तयोर्विवादे सततं प्रसक्ते किं किंकरोऽहं करवाणि सद्यः ॥ ११ ॥

એ પ્રમાણે **શ્રી**શંકરાચાર્યને અને તે વૃદ્ધ બ્રાહ્મણને વિવાદ કરતા જોઈ પાસે બેઠેલા **પદ્મ**પાદે **શ્રી**શંકરાચાર્યને કહ્યું કે "આ બ્રાહ્મણ **વેદાં**તના રહસ્યને જાણનાર સાક્ષાત્ **વેદ**વ્યાસ જ છે. તમે સાક્ષાત્ **સદા**શિવરૂપ છો અને **વેદ**વ્યાસ સાક્ષાત્ **નારા**યણરૂપ જ છે તો એઓનો વિવાદ આવી રીતે અવિચ્છિન્ન ચાલી રહ્યો છે તેમાં હું કે જે કિંકર છું તેણે તુરત શું કરવું?" ૧૦,૧૧.

[2]इतीदमाकर्ण्य वचो विचित्रं स भाष्यकृत्सूत्रकृतं दिदृक्षुः ।
कृताञ्जलिस्तं प्रयतः प्रणम्य बभाण वाणीं नवपद्यरूपाम् ॥ १२ ॥

એ પ્રમાણે **પદ્મ**પાદનું વિચિત્ર વચન સાંભળી સૂત્રકાર(**વ્યાસ**)નાં દર્શન કરવાની ઇચ્છા થતાં ભાષ્યકારે (**શ્રી**શંકરાચાર્યે) સાવધાન થઈ હાથ જોડી તેમને પ્રણામ કરીને નીચે પ્રમાણે નવા શ્લોકરૂપ વાણી કહી. ૧૨.

[3]भवांस्तडिच्चारुजटाकिरीटप्रवर्षुकांभोधरकांतिकांतः ।
शुभ्रोपवीती धृतकृष्णचर्मा कृष्णो हि साक्षात्कलिदोषहंता ॥ १३ ॥

રવું યોગ્ય છે. '**श्रद्धा वा आपः**' એ **શ્રુ**તિમાં શ્રદ્ધા શબ્દનો અર્થ જલ કહેલ છે. જે સમયે જલ દેહાંતરના બીજરૂપે જાય છે તે સમયે તેમાં સૂક્ષ્મપણારૂપ ગુણના યોગથી, જેમ ક્રૂરપણા આદિ ગુણના યોગથી અમુક માણસને સિંહ કહેવામાં આવે છે તેમ જલને શ્રદ્ધા કહેવામાં આવેલ છે. જેમ 'બાંક ચીસો પાડે છે' એ વાકયમાં સંબંધને લીધે બાંક શબ્દ માણસોને લાગુ પાડવામાં આવે છે **તેમ** અહિં જલનો શ્રદ્ધાપૂર્વક કર્મોમાં સંબંધ હોવાથી શ્રદ્ધા શબ્દ જલને લાગુ પાડવામાં આવ્યો છે. **શ્રુ**તિમાં '**आपो हास्मै श्रद्धां संनमन्ते पुण्याय कर्मणः**'–'જલ પવિત્ર કર્મો કરવાની શ્રદ્ધાને ઉત્પન્ન કરે છે' એમ કહ્યું છે માટે જલ શ્રદ્ધાનું નિમિત્ત રૂપ હોવાથી જલને શ્રદ્ધા શબ્દ લાગુ પાડયો છે એમ પણ કહી શકાય છે.

૭ જો કે ઉપર કહેલી **તાં**ડિશ્રુતિમાં સ્પષ્ટ રીતે જીવને જવાનું કહ્યું નથી તો પણ જેઓ યજ્ઞ તથા જલાશય આદિ કરનારાઓ પિતૃયાનના માર્ગથી જનારા કહ્યા છે તેઓનો જ આ **શ્રુ**તિમાં પણ સંબંધ પ્રતીત થાય છે માટે જલથી વીંટાએલા જીવનું ગ્રહણ કરવું યોગ્ય છે.

૮ જેમ જે ગામમાં બ્રાહ્મણો ઘણા રહેતા હોય તે ગામને 'બ્રાહ્મણગ્રામ' કહીએ છીએ પણ તેથી તે ગામમાં બ્રાહ્મણ વિના બીજા કોઈ રહેતા જ નથી એમ સમજવાનું નથી. તેમ અહિં પણ સઘળા ભૂત સૂક્ષ્મોમાં જલ ઘણાં હોવાથી જલનું ગ્રહણ કર્યું છે પણ તે ઉપરથી જલ વિના બીજાં કાંઈ ભૂત સૂક્ષ્મ જતાં નથી એમ સમજવાનું નથી. કેવળ જલથી દેહનો આરંભ થવો પણ અસંભવિત છે. શરીરોમાં પાંચે ભૂતોના ભાગો સ્પષ્ટ જોવામાં આવે છે. જો કે દેહમાં પૃથિવીનો ભાગ અધિક જોવામાં આવે છે તો પણ આકાશ, વાયુ, અને તેજના ભાગો કરતાં જલનો ભાગ અધિક હોવાથી અહિં જલનું ગ્રહણ કર્યું છે માટે જલ શબ્દથી સઘળાં ભૂત સૂક્ષ્મો લેવાં યોગ્ય છે. '**तमुत्क्रामंतं प्राणोनूत्क्रामति**' એ **શ્રુ**તિમાં પ્રાણનું જે ગમન કહ્યું છે તે આશ્રય વિના સંભવતું નથી માટે પ્રાણની ગતિ ઉપરથી તેના આશ્રયરૂપ જળ સહિત સઘળાં ભૂત સૂક્ષ્મોની ગતિ સમજવી યોગ્ય છે. જીવતા માણસનાં પ્રાણો આશ્રયવિના કોઇ સ્થલમાં જતાં કે રહેતાં જોવામાં આવતાં નથી તેમ મરેલા માણસોનાં પ્રાણો પણ આશ્રય વિના જવાં કે રહેવાં સંભવે નહિ. ઈત્યાદિક હજારો પ્રકારોથી **શ્રી**શંકરાચાર્યે પૂર્વપક્ષોનું ખંડન કર્યું. **સાંખ્ય** આદિ મતોનાં વિશેષ ખંડન જોવાં હોય તો **શારીરક**ના બીજા અધ્યાયના બીજા તથા ત્રીજા પાદમાં જોવાં.

૧ ઉપજાતિ. ૨ ઉપેન્દ્રવજ્રા. ૩ ઉપજાતિ.

'વીજળીની પેઠે ચળકતી જટારૂપ કિરીટથી અને શ્યામ કાંતિથી વૂસતા મેઘની[1] પેઠે શોભતા, ધોળા જનોઈવાળા અને કાળીઆરના ચર્મનું ધારણ કરનારા આપ કલિયુગના દોષોને હણનારા સાક્ષાત્ વેદવ્યાસ જ છો. બીજા કોઈ બ્રાહ્મણ નથી. ૧૩.

भावत्कसूत्रप्रतिपाद्यताद्दक्परापरार्थप्रतिपादकं सत् ।
अद्वैतभाष्यं तव संमतं चेत्सोढ्वा ममाऽऽगः पुरतो भवाऽऽशु ॥ १४ ॥

આપે કરેલા બ્રહ્મસૂત્રમાં પ્રતિપાદન કરેલા સગુણ અને નિર્ગુણ બ્રહ્મસ્વરૂપનું પ્રતિપાદન કરનારૂં મારૂં અદ્વૈત(શારીરક)ભાષ્ય જો આપને સંમત હોય તો મારા અપરાધની ક્ષમા કરીને મને તુરત પ્રત્યક્ષ દર્શન આપો[2],' ૧૪.

[3]एवं वदन्नयमथैक्षत कृष्णमाराच्चामीकरव्रततिचारुजटाकलापम् ।
विद्युल्लतावलयवेष्टितवारिदाभं चिन्मुद्रया प्रकटयंतमभीष्टमर्थम् ॥ १५ ॥

એ પ્રમાણે શ્રીશંકરાચાર્ય બોલતા હતા ત્યાં તેમને સુવર્ણની લતાઓની પેઠે શોભતી જટાઓના સમૂહવાળા, તેને લીધે વીજળીરૂપ લતાથી વીંટાએલા મેઘ સરખા લાગતા અને અંગુઠાને તથા તર્જનીને ભેળાં કરવારૂપ જ્ઞાનમુદ્રાથી સૂત્રના અર્થને યથાર્થ જણાવતા વેદવ્યાસ દૂરથી જોવામાં આવ્યા. ૧૫.

गाढोपगूढमनुरागजुषा रजन्या गर्हापदं विदधतं शरदिन्दुबिंबम् ।
तापिच्छरीतितनुकांतिझरीपरीतं कांतेंदुकांतघटितं करकं दधानम् ॥ १६ ॥

એ વ્યાસજીએ તમાલ સરખી શ્યામતાવાળી પોતાના શરીરની કાંતિના ઝરાઓથી ઘેરાએલું સુંદર ચંદ્રકાંતમણિનું કમંડલુ કે જે પ્રેમવાળી રાત્રિએ અત્યંત આલિંગન કરેલા શરદ્ ઋતુના ચંદ્રબિંબને ધિક્કારતું હતું[4] તે ધર્યું હતું. ૧૬.

सप्ताधिकाच्छदरविंशतिमौक्तिकाढ्यां सत्यस्य मूर्तिमिव बिभ्रतमक्षमालाम् ।
तत्ताद्दशस्वपतिवंशविवर्धनात्प्राकृतारावलीमुपगतामिव चानुनेतुम् ॥ १७ ॥

એમણે હાથમાં ધરેલી સ્વચ્છ છિદ્રોવાળી સત્યાવીશ મોતીની માળા જાણે સત્યની મૂર્ત્તિ હોય અને જાણે પોતાના પતિ(ચંદ્ર)ના પ્રખ્યાત વંશની વૃદ્ધિ[5] કરી ન હતી ત્યારથી તે વૃદ્ધિકરવાની પ્રાર્થના કરવા આવી રહેલી સત્યાવીશ નક્ષત્રોની[6] પંક્તિ હોય એવી શોભતી હતી. ૧૭.

[7]शार्दूलचर्मोद्वहनेन भूतेरुद्धूलनेनापि जटाछटाभिः ।
रुद्राक्षमालावलयेन शंभोरर्धासनाध्यासनसख्यपात्रम् ॥ १८ ॥

એ વ્યાસ વાઘના ચર્મનું ધારણ કરવાથી, શરીરપર વિભૂતિનું ઉદ્ધૂલન કરવાથી, જટાના જથ્થાથી અને રુદ્રાક્ષોની માલાના કંકણથી સદાશિવના અરધા આસનપર બેસવાના અધિકારવાળી તેમની મૈત્રીના પાત્રરૂપ જણાતા હતા. ૧૮.

૧-૨ લુપ્તોપમા અલંકાર છે. ૩ વસંતતિલકા. ૪ કમંડલુરૂપ ઉપમેયથી ચંદ્રબિંબરૂપ ઉપમાનને નિષ્ફલ ઠરાવ્યું છે તેથી પ્રતીપ અલંકાર થાય છે. "प्रसिद्धस्योपमानस्योपमेयत्वप्रकल्पनम् । निष्फलत्वाभिधानं वा प्रतीपमिति कथ्यते ॥"—પ્રસિદ્ધ ઉપમાનને ઉપમેય બનાવવામાં આવે અથવા ઉપમાનના નિષ્ફલપણાનું વર્ણન કરવામાં આવે તે પ્રતીપ અલંકાર કહેવાય છે.—સાહિત્યદર્પણ, કારિકા ૭૪૨. ૫ વ્યાસજીએ વિચિત્રવીર્ય રાજાની સ્ત્રીઓમાં પોતાની મા સત્યવતીની આજ્ઞાથી ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુર એઓને ઉત્પન્ન કરીને ચંદ્ર વંશની વૃદ્ધિ કરી હતી. એ કથા મહાભારતના આદિ પર્વમાં છે. ૬ ઉત્પ્રેક્ષા અલંકાર છે. ૭ ઈન્દ્રવજ્રા.

[1]अद्वैतविद्यासृणितीक्ष्णधारावशीकृताहंकृतिकुञ्जरेन्द्रम् ।
स्वशास्त्रशंकूज्ज्वलसूत्रदामानियंत्रिताकृत्रिमगोसहस्रम् ॥ १९ ॥
तत्तादृगत्युज्ज्वलकीर्तिशालिशिष्यालिसंशोभितपार्श्वभागम् ।
कटाक्षवीक्षामृतवर्षधारानिवारिताशेषजनानुतापम् ॥ २० ॥
विलोक्य वाचंयमसार्वभौमं स शंकरोऽशंकितदर्शनं तम् ।
गुरुं गुरूणामपि हृष्टचेताः प्रत्युद्ययौ शिष्यगणैः समेतः ॥ २१ ॥

અદ્વૈતવિદ્યારૂપી [2]અંકુશની તીક્ષ્ણ ધારાથી અહંકારરૂપી પ્રબલ હાથીને વશ કરનારા, પોતાના અદ્વૈતશાસ્ત્રરૂપી ખીલામાં સૂત્રોરૂપી દોરીયોથી સ્વતઃસિદ્ધ શ્રુતિઓરૂપ હજારો ગાયોને બાંધનારા, ઉજ્જ્વલ કીર્ત્તિવાળા પ્રૌઢ શિષ્યોની પંક્તિઓથી બન્ને પાસ શોભતા, કટાક્ષોથી જોવારૂપ અમૃતના વરસાદની ધારાઓથી લોકોના સઘળા તાપોનું નિવારણ કરનારા, મુનિઓના ચક્રવર્ત્તિ, ગુરુઓના પણ ગુરુ અને જેના દર્શનથી કોઈ જાતની વિપરીત શંકાનો ઉદય જ ન થાય એવા તે વેદવ્યાસને જોઈ ચિત્તમાં હર્ષ પામેલા શ્રીશંકરાચાર્યે પોતાના શિષ્યોનાં યૂથો સહિત તેમની સામે ગયા. ૧૯-૨૦-૨૧.

[3]अत्यादराच्छात्रगणैः सहासौ प्रत्युद्गतस्तच्चरणौ प्रणम्य ।
यत्यग्रगामी विनयी प्रहृष्यन्नित्यब्रवीत्सत्यवतीसुतं सः ॥ २२ ॥

ઘણા આદરથી શિષ્યોના વર્ગોની સાથે સામા ચાલી ગએલા એ શ્રીશંકરાચાર્યે વ્યાસજીના ચરણમાં પ્રણામ કરી હર્ષથી અને ઘણા વિનયથી તેમને નીચે પ્રમાણે કહ્યું. ૨૨.

[4]द्वैपायन स्वागतमस्तु तुभ्यं दृष्ट्वा भवंतं चरिता मयाऽर्थाः ।
युक्तं तदेतत्त्वयि सर्वकालं परोपकारव्रतदीक्षितत्वात् ॥ २३ ॥

'હે [5]દ્વૈપાયન! આપ ભલે પધાર્યા, આપનું દર્શન મળવાથી મને સઘળા [6]પુરુષાર્થોની પ્રાપ્તિ થઈ. આપ સર્વ સમયોમાં બીજાઓના ઉપકાર કરવારૂપી વ્રતની જ દીક્ષા ધરી રહ્યા છો તેથી મારા જેવાના સઘળા પુરુષાર્થોને સિદ્ધ કરો એ આપને ઘટે જ છે. ૨૩.

मुने पुराणानि दशाष्ट साक्षाच्छ्रुत्यर्थगर्भाणि सुदुष्कराणि ।
कृतानि पद्यद्वयमत्र कर्तुं को नाम शक्नोति सुसंगतार्थम् ॥ २४ ॥

[7]હે મુનિ! સાક્ષાત્ વેદના અર્થોથી ભરેલાં અને બીજાઓથી ન જ કરી શકાય એવાં [8]અઢાર પુરાણો આપે કરેલાં છે, આપે જેવા વેદાદિકથી અત્યંત મળતા અને પૂર્વાપરમાં સંપૂર્ણ

---

૧ ઉપજાતિ. ૨ અદ્વૈતવિદ્યાને અંકુશરૂપ અને અહંકારને પ્રબલ હાથીરૂપ કહેલ છે તેથી સમસ્ત વસ્તુવિષયરૂપક અલંકાર થાય છે. "आरोप्याणामशेषाणां शाब्दत्वे प्रथमं मतम् ।"—સઘળા આરોપ્યપદાર્થો શબ્દથી કહ્યા હોય તો સમસ્તવસ્તુવિષયરૂપક અલંકાર થાય છે.—સાહિત્યદર્પણ, કારિકા ૬૭૩. ૩ ઈંદ્રવજ્રા. ૪ ઉપજાતિ. ૫ વ્યાસ સત્યવતીના ઉદરથી યમુનાજીના દ્વીપ(બેટ)માં ઉત્પન્ન થયા હતા એવી મહાભારતના આદિપર્વમાં કથા છે તેથી વ્યાસ 'દ્વૈપાયન' કહેવાય છે. ૬ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ૭ પરોપકાર કરવામાં જ તત્પર રહેનારા આપે જે કર્યું છે તેનો લેશ પણ બીજાથી કરી શકાય એમ નથી, એવા આશયથી કહે છે. ૮ "ब्राह्मं पाद्मं वैष्णवं च शैवं लैङ्गं सगारुडम्। नारदीयं भागवतमाग्नेयं स्कान्दसंज्ञितम् ॥ भविष्यं ब्रह्मवैवर्तं मार्कण्डेयं सवामनम् । वाराहं मात्स्यकौर्म्यं च ब्रह्माण्डाख्यमिति त्रिषट् ॥"—બ્રહ્મપુરાણ, પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, શિવપુરાણ, લિંગપુરાણ, ગરુડપુરાણ, નારદીયપુરાણ, ભાગવતપુરાણ, અગ્નિપુરાણ, સ્કંદપુરાણ, ભવિષ્યપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, માર્કંડેયપુરાણ, વામનપુરાણ, વરાહપુરાણ, મત્સ્યપુરાણ, કૂર્મપુરાણ, અને બ્રહ્માંડપુરાણ, એ અઢાર પુરાણો કહેવાય છે.

સંગતિવાળા શ્લોકો કરેલા છે તેવા એ શ્લોક કરવાને પણ આ લોકમાં બીજો કોણ સમર્થ છે? કોઈ નથી. ૨૪.

વેદાર્ણવં વ્યતિયુતં વ્યદધાશ્ચતુર્ધા શાखાપ્રભેદનવશાદપિ તાન્વિભક્તાન્ ।
મંદાઃ કલૌ ક્ષિતિસુરા જનિતાર એતે વેદાન્ગ્રહીતુમલસા ઇતિ ચિંતયિત્વા ॥ ૨૫ ॥

'કલિયુગમાં મંદ બુદ્ધિવાળા બ્રાહ્મણ લોકો વેદનાં અધ્યયન અને અભ્યાસ કરવાને આલસુ થશે'[1] એમ વિચારીને આપે સમુદ્ર જેવા અપાર અને સર્વ પ્રકારના મંત્રોના મિશ્રણવાળા એક વેદના ચાર[2] વિભાગ કર્યા છે અને વળી તે પ્રત્યેક વિભાગને જૂદી જૂદી શાખાઓ કરીને વેહેંચી નાખ્યા છે કે જેથી અધ્યયન અને અભ્યાસ કરવાનું સુગમ થાય. ૨૫.

એષ્યદ્વિજાનાસિ ભવંતમર્થં ગતં ચ સર્વં ન ન વેત્સિ યત્તત્ ।
નો ચેત્કથં ભૂતભવદ્ભવિષ્યત્કથાપ્રબંધાન્રચયેરજાનન્ ॥ ૨૬ ॥

આપ ભૂત,ભવિષ્ય અને વર્તમાન કાલના સઘળા વિષયોને જાણો છો. આપ જેને જાણતા નથી એવું કાંઈ છે જ નહિ. આપથી જો કાંઈ પણ અજાણ્યું હોય તો આપે જે ભૂતકાલની અને ભવિષ્યકાલની પણ કથાઓના ગ્રંથો રચ્યા છે તેઓ કેમ જ રચી શકાય? ૨૬.

આભાસયન્નન્તરમઙ્ગમાન્ધ્યં સ્થૂલં ચ સૂક્ષ્મં બહિરન્તરં ચ ।
અપાનુદન્ભારતશીતરશ્મિરભૂદપૂર્વો ભગવત્પયોધેઃ ॥ ૨૭ ॥

આપરૂપી ક્ષીર સમુદ્રમાંથી મહાભારતરૂપી અપૂર્વ ચંદ્ર ઉત્પન્ન થયો છે, કારણ કે ચંદ્ર જીવોનાં બહારનાં અંગોનો જ પ્રકાશ કરે છે અને મહાભારતરૂપી ચંદ્ર તો શરીરની અંદર રહેલા પરમાત્માનો પણ પ્રકાશ કરે છે. તેમ જ ચંદ્ર બહારના સ્થૂલ અંધકારનો જ નાશ કરે છે અને મહાભારતરૂપી ચંદ્ર તો [5]બહારના સ્થૂલ અને અંદરના સૂક્ષ્મ એ બન્ને પ્રકારના અંધકારનો અજ્ઞાનનો પણ નાશ [6]કરે છે. ૨૭.

વેદાઃ ષડઙ્ગં નિખિલં ચ શાસ્ત્રં મહાન્મહાભારતવારિરાશિઃ ।
ત્વત્તઃ પુરાણાનિ ચ સંબભૂવુઃ સર્વં ત્વદીયં ખલુ વાઙ્મયાખ્યમ્ ॥ ૨૮ ॥

વેદો, તેનાં [7]છ અંગો, સઘળાં [8]શાસ્ત્રો, મહાભારતરૂપી મોટો સમુદ્ર અને પુરાણો આપથી પ્રકટ થયા છે માટે સઘળું શબ્દબ્રહ્મ આપનું જ છે એમ કહેવું યોગ્ય છે. ૨૮.

---

૧ વસંતતિલકા. ૨ વેદના ઋગ્, યજુષ્, સામાન્ અને અથર્વન્ એ ચાર વિભાગ કહેવાય છે. ૩ આખ્યાનકી વૃત્ત. ૪ ઉપજાતિ. ૫ જગત્‌ને મિથ્યા નહિ જાણવું એ બહારનું સ્થૂલ અજ્ઞાન કહેવાય છે. જીવની અને પરબ્રહ્મની એકતા નહિ જાણવી એ અંદરનું સૂક્ષ્મ અજ્ઞાન કહેવાય છે, અથવા આકાશ આદિ કાર્ય પદાર્થોને મિથ્યા નહિ જાણવા એ બહારનું સ્થૂલ અજ્ઞાન અને ઈશ્વર આદિ કારણ પદાર્થોને મિથ્યા નહિ જાણવા એ અંદરનું સૂક્ષ્મ અજ્ઞાન કહેવાય છે. અથવા ધર્મ, અર્થ તથા કામ એઓનાં સ્વરૂપ નહિ જાણવાં એ બહારનું સ્થૂલ અજ્ઞાન અને મોક્ષનું સ્વરૂપ નહિ જાણવું એ અંદરનું સૂક્ષ્મ અજ્ઞાન સમજવું. ૬ વ્યાસમાં ક્ષીરસમુદ્રનો આરોપ મહાભારતમાં ચંદ્રપણાના આરોપનું નિમિત્ત છે માટે પરંપરિતરૂપકાલંકાર છે. મહાભારતમાં ચંદ્રપણાનો આરોપ કરીને ચંદ્રથી અધિક ગુણોનું વર્ણન કર્યું છે. માટે 'अधिकारूढवैशिष्ट्यं रूपकं यत्तदेव तत् ॥'–અલંકાર છે અને તે વળી તમ આદિ શ્લેષોવાળા શબ્દોથી થએલ છે માટે શ્લિષ્ટ શબ્દ નિબંધન–છે. સાહિત્યદર્પણ, કારિકા ૬૬૯ થી ૬૭૮ સુધી. ૭ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ અને જ્યોતિષ્. ૮ ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમિમાંસા અને ઉત્તરમિમાંસા.

[1]द्वीपे क्वचित्समुदयन्नृतमेव धाम शाखासहस्त्रसचिवः शुकसेव्यमानः।
उल्लासयत्यहह यस्तिलको मुनीनामुच्चैःफलानि सुदृशां निजपादभाजाम् ॥ २९ ॥

પરબ્રહ્મરૂપ આપ મુનિઓના તિલક (એક જાતનું ઝાડ અને ટીલું) સમાન છો એ યથાર્થ છે. કારણ કે કોઈ બેટમાં જન્મ્યા છો. હજારો શાખાઓ(ડાળ્યો અને વેદોની શાખાઓ) વાળા છો અને શુકે (પોપટે અને શુકદેવજીએ) સેવેલા છો; પરંતુ આપમાં આધિક્ય એ છે કે તિલક વૃક્ષ પોતાને માથે ચડનારાઓને જ ઊંચાં ફ્લો આપે છે અને આપ તો આપનાં ચરણને સેવનારાઓને પણ ઊંચાં ફ્લો (મોક્ષાદિક) [2]આપો છો. ૨૯.

[3]धत्से सदाऽऽर्तिशमनाय हृदा गिरीशं गोपायसेऽधिवदनं च चिरंतनीर्गाः।
दूरीकरोषि नरकं च दयार्द्रदृष्ट्या कस्ते गुणान्गदितुमद्भुतकृष्ण शक्तः ॥ ३० ॥

આપ અદ્‌ભૂત કૃષ્ણ છો. કારણ કે સર્વદા સર્વની પીડાને મટાડવાને વાસ્તે હૃદયમાં ગિરીશ-(સદાશિવ)નું ધારણ કરોછો, મ્હોડામાં જુની ગાયો(શ્રુતિઓ)નું પાલન કરો છો અને દયાથી ભીંજાએલી દૃષ્ટિવડે નરકને દૂર કરોછો. વાસુદેવે તો વ્રજની જ પીડાને મટાડવાને વાસ્તે સાત દિવસ સુધી જ અને હાથથી જ ગિરીશ(ગોવર્દ્ધન)નું ધારણ કર્યું હતું, ? વનમાં નવી [4]ગાયોનું પાલન કર્યું હતું, અને યુદ્ધ કરીને નરક(નરકાસુર)નું નિવારણ કર્યું [5]હતું. આમ છે એટલા માટે આપના ગુણોનું વર્ણન કરવાને કોણ સમર્થ થાય ? ૩૦.

[6]यमामनंति श्रुतयः पदार्थं न सन्न चासन्न बहिर्न चांतः।
स सच्चिदानंदघनः परात्मा नारायणस्त्वं पुरुषः पुराणः ॥ ३१ ॥

પુરાણપુરુષ, જીવોના અધિષ્ઠાનરૂપ અને સચ્ચિદાનંદઘન પરમાત્મા આપછો કે જેને [7]શ્રુતિઓ 'કાર્યોથી તથા કારણોથી વિલક્ષણ અને બ્હારના તથા અંદરના ભેદથી રહિત પદાર્થ કહે છે.' ૩૧.

इति स्तुतस्तेन यथाविधानमासेदिवान्विष्टरमात्मनिष्ठः।
द्वैपायनः प्रश्रयनम्रपूर्वकायं यतीशानमिदं बभाषे ॥ ३२ ॥

એ પ્રમાણે શ્રીશંકરાચાર્યે સ્તુતિ કરતાં વેદવ્યાસે વિધિપુરસ્સર આસનઉપર બીરાજીને, ભક્તિથી પીઠ નમાવીને બેઠેલા તે સંન્યાસીઓના સ્વામી શ્રીશંકરાચાર્યને નીચે પ્રમાણે કહ્યું. ૩૨

त्वमस्मदादेः पदवीं गतोऽभूरखंडपांडित्यमबोधयं ते।
शुकर्षिवत्प्रीतिकरोऽसि विद्वन्पुरेव शिष्यैः सह मा भ्रमीस्त्वम् ॥ ३३ ॥

'તમે અમલોકોની પદવીને પામેલા છો. તમારૂં અખંડિત પાંડિત્ય મારા જાણવામાં છે. હે વિદ્વાન્! જેમ હું મારા પુત્ર શુકદેવજીને જોઇને રાજી થાઉં તેમ તમને જોઇને રાજી થાઉં છું. પ્રથમ વાદ કરવાને વાસ્તે મારૂં આવવું થયાની તમને તથા તમારા શિષ્યોને જે ભ્રાંતિ થઈ હતી તે ભ્રાંતિ રાખશો નહિ. ૩૩

૧ ઇન્દ્રવજ્ર. ૨ ઉપમાનભૂત તિલકવૃક્ષ અને ઉપમેયભૂત વ્યાસ એઓના વિશેષ (તફાવત)નું વર્ણન કર્યું છે માટે વ્યતિરેક અલંકાર છે. ૩ વસંતતિલકા. ૪ શ્રીકૃષ્ણે વૃન્દાવનમાં જે ગાયોનું પાલન કર્યું હતું તે ગાયો નવીન એટલે ઉત્પન્ન થએલી હતી. અનાદિ ન હતી. ૫ ઉપમાનભૂત વાસુદેવ અને ઉપમેયભૂત વ્યાસ એઓના વિશેષનું વર્ણન કર્યું છે માટે વ્યતિરેક અલંકાર છે. 'અદ્‌ભુત કૃષ્ણ છો' એ વાતનું સમર્થન કરવા વાક્યાર્થરૂપ હેતુઓ કહ્યાછે તેથી કાવ્યલિંગ અલંકાર છે એમ પણ કહી શકાય છે.—સાહિત્યદર્પણ, કારિકા ૭૧૦. ૬ ઉપજાતિ. ૭ એ શ્રુતિઓ આપ્રમાણે છેઃ—"नासदासीन्नो सदासीत्"। "अनन्तरमबाह्यम्"। "सत्यं ज्ञानमनन्तं ब्रह्म"। "विज्ञानमानन्दं ब्रह्म"। "प्रज्ञानघनः"।

कृतं त्वया भाष्यमितींदुमौलेः सभांगणे सिद्धमुखान्निशम्य ।
हृदा प्रहृष्टेन दिदृक्षया ते दृगध्वनीनः प्रशमिन्नभूवम् ॥ ३४ ॥

હે શાંતિવાળા! 'તમે મારા કરેલા સૂત્ર ગ્રંથનું ભાષ્ય કર્યું છે' એમ ~~મહાદેવના પાર્ષદ્ર સભાંગણમાં નામના~~ [મહાદેવની સભામાં] સિદ્ધોના મુખથી સાંભળી હૃદયમાં પ્રસન્ન થઇને તમને જોવાની ઈચ્છાથી હું તમારી દૃષ્ટિ આગળ આવ્યો છું.' ૩૪.

इत्थं मुनींद्रवचनश्रवणोत्थहर्षं रोमाञ्चपूरमिषतो बहिरुत्प्लवंतम् ।
बिभ्रंतमभ्ररुचिमाख्यददभ्रशक्ति श्रीशंकरः शुकमतार्णवपूर्णचंद्रः ॥ ३५ ॥

એ પ્રમાણે વ્યાસનાં વચન સાંભળવાથી ઉત્પન્ન થએલો હર્ષ કે જે તે સમયે ઉભાં થઈ ગએલાં રોમાંચના મિષથી જાણે શરીરમાં ન સમાઈને બહાર ઉભરાઈ જતો [1]હોય એમ જણાતો હતો તેને ધરતા અને શુકાચાર્યના મતરૂપી સમુદ્રને વધારવામાં પૂર્ણચંદ્ર સરખા તે શ્રીશંકરાચાર્યે નવીન મેઘના સરખી કાંતિવાળા તે વ્યાસને નીચે પ્રમાણે કહ્યું. ૩૫.

[2]सुमंतुपैलप्रथमा मुनींद्रा महानुभावा ननु यस्य शिष्याः ।
तृणाल्लघीयानपि तत्र कोऽहं तथाऽऽपि कारुण्यमदर्शि दीने ॥ ३६ ॥

'આપ કે જેના સુમંત અને [3]પૈલ આદિ મોટા પ્રભાવવાળા મહામુનિઓ શિષ્ય છે તેમની પાસે તરણાથી પણ અત્યંત હલકો હું કોણ માત્ર છું તો પણ આપે મારી પાસે પધારીને આ એક જાતની, રંક ઉપર દયા જ દેખાડી છે. ૩૬.

[4]सोऽहं समस्तार्थविवेचकस्य कृत्वा भवत्सूत्रसहस्ररश्मेः ।
भाष्यप्रदीपेन महर्षिमान्य नीराजनं धृष्टतया न लज्जे ॥ ३७ ॥

આપે કહેલાં વેદાંતસૂત્રરૂપી સૂર્ય કે જે સમસ્ત અર્થો(ઉપનિષદોના અર્થોનો તથા સ્થાવર જંગમ પદાર્થો)નો પ્રકાશ કરનાર છે તેની ભાષ્યરૂપ દીવાથી આરતી ઉતારીને હું લજાતો નથી તે કેવલ ધીરપણાને [5]લીધે જ. ૩૭.

[6]अकारि यत्साहसमात्मबुद्ध्या भवत्प्रशिष्यव्यपदेशभाजा ।
विचार्य तत्सूक्तिदुरुक्तिजालमर्हः समीकर्तुमिदं कृपालुः ॥ ३८ ॥

[7]હું કે જે આપના શિષ્યોનો શિષ્ય કહેવાવાનું પાત્ર છું તેણે ભાષ્યના લેખમાં પોતાની બુદ્ધિથી જે ભૂલ કરેલી હોય તેનો વિચાર કરીને આપે દયાલુપણાથી તેમાં કયો સંદર્ભ ઠીક છે તેનું વિવેચન કરીને બતાવવું જોઈએ.' ૩૮.

इत्थं निगद्योपरतस्य हस्ताद्धस्तद्वयेनाऽऽदरतः स भाष्यम् ।
आदाय सर्वत्र निरैक्षतासौ प्रसादगांभीर्यगुणाभिरामम् ॥ ३९ ॥

---

૧ મિષપદથી રોમાંચનો અપહ્નવ કર્યો છે માટે કૈતવાપન્હુતિ અલંકાર છે અને હર્ષના ઉભરાઈ જવાની સંભાવના કરી છે માટે ઉત્પ્રેક્ષા અલંકાર છે. ૨ ઉપેન્દ્રવજ્રા. ૩ વ્યાસે એક વેદના ચાર ભાગ કરીને તેઓમાં ઋગ્વેદ નામનો વિભાગ પૈલ મુનિને, યજુર્વેદ નામનો વિભાગ વૈશંપાયન મુનિને, સામવેદ નામનો વિભાગ જૈમિનિ મુનિને અને અથર્વવેદ નામનો વિભાગ સુમંતુ મુનિને ભણાવ્યો હતો એમ ભાગવતના પ્રથમસ્કંધમાં લખ્યું છે. ૪ ઈન્દ્રવજ્રા. ૫ સૂત્રગ્રંથને સૂર્યનું અને ભાષ્યને દીવાનું રૂપ આપ્યું છે તેથી રૂપક અલંકાર થયો છે અને તેથી 'તમારો સૂત્રગ્રંથ ક્યાં અને મારૂં ભાષ્ય ક્યાં' એવો અર્થ પ્રતીત થવાથી વિષમ અલંકાર ધ્વનિત થયો છે. ૬ ઉપજાતિ. ૭ જો કે એમ છે તો પણ ભક્તિથી દીવા વતે ઉતારેલી આરતીને જેમ સૂર્ય સ્વીકારે છે તેમ આપના સૂત્રગ્રંથે મારા ભાષ્યને સ્વીકાર્યું છે માટે એ ભાષ્યને આપ શુદ્ધ કરી આપો એવા આશયથી કહે છે.

એટલું બોલીને **શ્રીશંકરાચાર્યે** બંધ પડતાં તેમના હાથમાંથી **વ્યાસે** આદરપૂર્વક પોતાના બે હાથવડે ભાષ્યનું પુસ્તક લઈને તે ભાષ્યનાં સર્વે સ્થલોનું સારી રીતે અવલોકન કર્યું, કે જે ભાષ્ય સંદર્ભના નિર્મલપણાથી તથા ગંભીરપણાથી વ્હાલું લાગે એવું છે. ૩૯.

[1]सूत्रानुकारिमृदुवाक्यनिवेदितार्थं स्वीयैः पदैः सह निराकृतपूर्वपक्षम् ।
सिद्धांतयुक्तिविनिवेशिततत्स्वरूपं दृष्ट्वाऽभिनंद्य परितोषवशादवोचत् ॥ ४० ॥

એ ભાષ્ય[2] કે જેમાં સૂત્રોને અનુસરનારાં કોમલ વાક્યોથી સૂત્રાર્થનું તથા પોતાના પદોના અર્થોનું પણ નિરૂપણ કર્યું છે, પૂર્વપક્ષોનું સારી રીતે નિરાકરણ કર્યું છે અને સિદ્ધાંતની યુક્તિઓથી સિદ્ધાંતના સ્વરૂપનું સારી રીતે સ્થાપન કર્યું છે તેને જોઈ પ્રશંસા કરીને **વ્યાસજી** સંતોષને લીધે નીચે પ્રમાણે બોલ્યા. ૪૦.

न साहसं तात भवानकार्षीद्यत्सूत्रभाष्यं गुरुणा विनीतः ।
विचार्यतां सूक्तदुरुक्तमत्रेत्येतन्महत्साहसमित्यवैमि ॥ ४१ ॥

'હે તાત! તમે કે જેને ગુરુએ સારી રીતે અભ્યાસ કરાવેલો છે તેમણે મારા સૂત્રનું જે ભાષ્ય કર્યું છે તેમાં ભૂલ કરી નથી પણ હું એ ભાષ્યમાં યોગ્ય અયોગ્ય સંદર્ભનો વિચાર કરવા બેઠો એ મારી જ મોટી ભૂલ થઈ છે એમ ધારૂંછું. ૪૧.

मीमांसकानामपि मुख्यभूतो वेत्थाखिलव्याकरणानि विद्वन् ।
विनिःसरेत्ते वदनाद्यतींदो गोविंदशिष्यस्य कथं दुरुक्तम् ॥ ४२ ॥

કારણ કે–હે સંન્યાસીઓમાં **ચંદ્રરૂપ**! હે વિદ્વાન્! તમે કે જે મીમાંસકોના પણ શિરોમણિછો, સઘળાં વ્યાકરણોને જાણોછો અને ગોવિંદપાદના શિષ્યછો તેમના મુખમાંથી અયોગ્ય સંદર્ભ કેમ જ નીકળે? ન જ નીકળે. (આ વાતનો વિચાર કર્યા વિના તમારા લેખમાં કાંઈક ભૂલ હશે એવી શંકાથી હું ભાષ્યનો વિચાર કરવા બેઠો એ મારી જ મોટી ભૂલ થઈ છે.) ૪૨.

न प्राकृतस्त्वं सकलार्थदर्शी महानुभावः पुरुषोऽसि कश्चित् ।
यो ब्रह्मचर्याद्विषयान्निवार्य पर्यव्रजः सूर्यइवांधकारान् ॥ ४३ ॥

તમે પ્રાકૃત પુરુષ નથી પણ શાસ્ત્રો સંબંધી સઘળા વિષયોને જાણનારા કોઈ મોટા પ્રભાવવાળા પુરુષ છો. કારણ કે જેમ **સૂર્ય** અનાયાસે અંધકારોનું નિવારણ કરીને ક્ષિતિજમાંથી ચાલી નીકળે છે તેમ અનાયાસે જ વિષયોનું નિવારણ કરીને બ્રહ્મચર્ય આશ્રમમાંથી ચાલી નીકળ્યા છો[4]. (સંન્યાસી થયા છો). ૪૩.

बह्वर्थगर्भाणि लघूनि यानि निगूढभावानि च मत्कृतानि ।
त्वामेवमित्थं विरहय्य नास्ति यस्तानि सम्यग्विवरीतुमीष्टे ॥ ४४ ॥

[5]મારાં કરેલાં સૂત્રો કે જેઓ ઘણા અર્થોથી ગર્ભિત છે, થોડા અક્ષરોવાળાં છે અને ગૂઢ અભિપ્રાયવાળાં છે તેઓનું આ પ્રમાણે સંપૂર્ણ વ્યાખ્યાન કરવાને સમર્થ થાય એવો આપ વિના બીજો કોઇ પણ નથી. ૪૪.

---

૧ વસંતતિલકા. ૨ ભાષ્ય કોને કહે છે અને તેની રચના કેવી હોય છે તે વિષે આવું પ્રમાણ છે: "**सूत्रार्थो वर्ण्यते यत्र पदैः सूत्रानुकारिभिः । स्ववाक्यानि च वर्ण्यन्ते भाष्यं भाष्यविदो विदुः ॥**" જેમ મૂલનાં પદોનું વ્યાખ્યાન કરવું તેમ પોતે મુકેલાં પદોનું પણ વ્યાખ્યાન કરવું એ ભાષ્યગ્રંથનો સંપ્રદાય છે. વ્યાકરણ ભાષ્યમાં **પતંજલિએ** પણ એ પ્રમાણે કર્યું છે. ૩ ઉપજાતિ ૪ ઉપમા અલંકાર છે. ૫ મારા સૂત્રોનું ભાષ્ય કરવાથી પણ તમે પ્રાકૃત પુરુષ નથી એમ સિદ્ધ થાય છે એવા આશયથી કહે છે.

[1]निसर्गदुर्ज्ञानतमानि को वा सूत्राण्यलं वेदितुमर्थतः सन् ।
क्लेशस्तु तावान्विवरीतुरेषां यावान्प्रणेतुर्विबुधा वदंति ॥ ४५ ॥

સ્વાભાવિક રીતે સમજવાને બહુ કઠિન પડે એવા સૂત્રોના અર્થોને યથાર્થ રીતે સમજવાને આપવિના બીજો કોણ સમર્થ થાય. હે મહાત્મા ! તેમાં વળી વિદ્વાનો એમ કહે છે કે 'એ સૂત્રોના કરનારને જેટલો પરિશ્રમ થયો હોય તેટલો જ તેઓનું વ્યાખ્યાન કરનારને પણ પરિશ્રમ થાય છે.' ૪૫.

[2]भावं मदीयमवबुध्य यथावदेवं भाष्यं प्रणेतुमनलं भगवानपीशः ।
सांख्यादिनाऽन्यथयितुं श्रुतिमूर्द्धवर्त्मोद्धर्तुं कथं परशिवांशमृते प्रभुः स्यात् ॥ ४६ ॥

જેમ મારા અભિપ્રાયને યથાર્થ રીતે સમજીને તમે ભાષ્ય કર્યું છે તે પ્રમાણે મારા અભિપ્રાયને યથાર્થ રીતે સમજી ભાષ્ય કરવાને મોટા ઐશ્વર્યવાળો પણ બીજો કોઈ પુરુષ સમર્થ નથી. સાંખ્ય આદિ મતોએ વિપરીત કરી નાખેલા વેદાંત માર્ગનો ઉદ્ધાર કરવામાં પરમ શિવના અંશ વિના બીજાથી કેમ જ સમર્થ થવાય ? (આપ પરમ શિવના અંશછો તેથી જ એ કામ કરી શક્યા છો.) ૪૬.

रोषानुषङ्गकलयाऽपि सुदूरमुक्तो धत्सेऽधिमानसमहो सकलाः कलाश्च ।
सर्वात्मना गिरिजयोपहितस्वरूपः शक्यो न वर्णयितुमद्भुतशंकरस्त्वम् ॥ ४७ ॥

આપ અદ્ભૂત શંકર છો. કારણ કે રોષના સંબંધના લેશથી પણ અત્યંત રહિત છો, મનમાં જ સઘળી કલાઓને ધરી રહ્યા છો અને સર્વ અંશોએ ગિરિજા(બ્રહ્મવિદ્યા)થી સંયુક્ત છો સદાશિવ તો રોષથી રહિત નથી, માથામાં જ એક કલા(ચંદ્રની કલા)નું ધારણ કરે છે અને અરધા શરીરમાં જ ગિરિજા(પાર્વતી)થી સંયુક્ત[3] છે. આમ છે એટલા માટે આપના ગુણોનું વર્ણન કરવા કોણ સમર્થ થાય ? ૪૭.

[4]व्याख्याप्यसंख्यैः कविभिः पुरैतद्व्याख्यास्यते कैश्चिदितः परं च ।
भवानिवास्मद्धृदयं किमेते सर्वज्ञ विज्ञातुमलं निगूढम् ॥ ४८ ॥

[5]હે સર્વજ્ઞ ! મારા સૂત્ર ગ્રંથોનાં પૂર્વે પણ ઘણા ઘણા વિદ્વાનોએ વ્યાખ્યાનો કર્યાં છે અને હવે પછી પણ કેટલાએક વિદ્વાનો વ્યાખ્યાનો કરશે પરંતુ તમે જેવો મારો અત્યંત ગૂઢ અભિપ્રાય જાણ્યો છે તેવો અભિપ્રાય જાણવાને એવા કોઈ સમર્થ થયા છે અને થશે કે ? નથી જ થયા અને નહિ જ થશે. ૪૮.

[6]व्याख्याहि भूयो निगमांतविद्यां विभेदवादान्विदुषो विजित्य ।
ग्रंथान्भुवि ख्यापय सानुबंधानहं गमिष्यामि यथाभिलाषम् ॥ ४९ ॥

---

૧ સૂત્રકોને કહેવું તે વિષે આ શ્લોકમાંજ સ્પષ્ટીકરણ છે અને એ જ અર્થનો શ્લોક પણ આ પ્રમાણે છે. 'अल्पाक्षरमसंदिग्धं न्यायवद्विश्वतोमुखम् । अस्तोभमनवद्यं च सूत्रं सूत्रकृतो विदुः॥' થોડા અક્ષરનું, વગર સંશયનું, સારથી ભરેલું, આખા જગતમાં ફેલાવો પમાડનાર, જેમાં બિલકુલ મશકરી નથી. ને જે નીંદક નથી. એનેજ, સૂત્રકાર સૂત્ર કરીને કહેછે. ૨ વસંતતિલકા. ૩ ઉપમાનભૂત સદાશિવ અને ઉપમેયભૂત શંકરાચાર્ય એઓના વિશેષનું વર્ણન કર્યું છે માટે વ્યતિરેક અલંકાર છે. અથવા 'અદ્ભુત શંકર છો' એ વાતનું સમર્થન કરવા વાક્યાર્થોરૂપ હેતુઓ કહ્યા છે તેથી કાવ્યલિંગ અલંકાર છે એમ પણ કહી શકાય છે. ૪ ઉપજાતિ. ૫ 'મેં તમારા સૂત્રગ્રંથ ઉપર ભાષ્ય કરવાનું લજાવનાર કામ કર્યું છે તોપણ હું ધીરપણાથી લજાતો નથી' એમ જે શંકરાચાર્યે કહ્યું છે તે ઉપર વ્યાસજી કહે છે. ૬ આખ્યાનકી.

હવે તમે ઉપનિષદોનાં વ્યાખ્યાનો કરો અને દ્વૈતવાદી વિદ્વાનોને જીતીને વિષય, સંબંધ, પ્રયોજન તથા અધિકારી એ ચાર અનુબંધવાળા ગ્રંથોને પૃથ્વીમાં પ્રખ્યાત કરો. હું હવે મારી જ્યાં ઇચ્છા છે ત્યાં જઈશ.' ૪૯.

[1]इत्युक्तवंतं तमसाववोचत्कृतानि भाष्याण्यपि पाठितानि ।
ध्वस्तानि सम्यक्कुमतानि धैर्यादितः परं किं करणीयमस्ति ॥ ५० ॥
मुहूर्तमात्रं मणिकर्णिकायां विधेहि सद्वत्सल सन्निधानम् ।
चिरायतेऽहं परमायुषोऽन्ते त्यजामि यावद्वपुरद्य हेयम् ॥ ५१ ॥

એ પ્રમાણે વ્યાસજીના કહ્યા પછી શ્રીશંકરાચાર્યે તેમને વિજ્ઞપ્તી કરી કે "મે ઉપનિષાંદોનાં પણ વ્યાખ્યાનો કર્યાં છે તથા શિષ્યોને ભણાવ્યા પણ છે અને ધૈર્ય રાખીને દ્વૈતવાદીઓનસારી રીતે ખંડનો પણ કર્યાં છે માટે હવે પછી મારે શું કરવાનું રહ્યું છે ? કશું રહ્યું નથી. એટલા માટે હે સજ્જનોપર પ્રીતિ ધરાવનારા ! આપ બે ઘડીવાર સુધી [2]મણિકર્ણિકામાં મારી પાસે ઉભા રહો કે જેટલીવારમા મોટાં આયુષ્યવાળા આપના સમીપમાં હું હમણાં આ ત્યાગ કરવાયોગ્ય શરીરનો ત્યાગ કરૂં. એ કામને વાસ્તે જ ઘણા દિવસ થયા હું યત્ન કરૂંછું." ૫૦—૫૧.

इतीदमाकर्ण्य वचो विचिंत्य स शंकरं प्राह कुरुष्व मैवम् ।
अनिर्जिताः संति वसुंधरायां त्वया बुधाः केचिदुदारविद्याः ॥ ५२ ॥

એ પ્રમાણે શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી વ્યાસજીએ વિચાર કરીને કહ્યું કે 'હે શંકર ! તમે એમ કરશો નહિ. હજુસુધી પૃથ્વીમાં પ્રૌઢ વિદ્યાવાળા કેટલાએક વિદ્વાનોને તમે જીત્યા નથી.' ૫૨.

[3]जयाय तेषां कति हायनानि वस्तव्यमेव स्थिरधीस्त्वयाऽपि ।
नो चेन्मुमुक्षा भुवि दुर्लभा स्यात्स्थितिर्यथा मातृधुतस्य बाल्ये ॥ ५३ ॥

હે સ્થિરબુદ્ધિવાળા ! જો કે તમે જેઓથી એ વિદ્વાનોના પરભાવ થાય એવા ગ્રંથો રચ્યા છે તો પણ તેઓને જાતે જીતવવાને વાસ્તે કેટલાંક વર્ષ સુધી તમારે પૃથ્વીમાં રહેવું. નહિ તો જેમ બાલકપણામાં માથી રહિત થએલા માણસની સ્થિતિ દુર્લભ છે તેમ તમારાથી રહિત થએલા લોકને મોક્ષની ઇચ્છા ઉત્પન્ન થવી દુર્લભ થશે. ૫૩.

प्रसन्नगंभीरभवत्प्रणीतप्रबंधसंदर्भभवः प्रहर्षः ।
प्रोत्साहयत्यात्मविदामृषीणां वरेण्य विश्राणयितुं वरं ते ॥ ५४ ॥

હે આત્મવેત્તા ઋષિઓએ સેવવા યોગ્ય ! તમે કરેલા ભાષ્યનો સંદર્ભ કે જે નિર્મલ અને ગંભીર અર્થવાળો છે તેથી ઉત્પન્ન થએલા આનંદ તમને વરદાન દેવરાવવાને મને ઉત્સુક કરે છે. ૫૪.

[4]अष्टौ वयांसि विधिना तव वत्स दत्तान्यन्यानि चाष्ट भवता सुधियाऽऽर्जितानि ।
भूयोऽपि षोडश भवंतु भवाज्ञया ते भूयाच्च भाष्यमिदमा रविचंद्रतारम् ॥ ५५ ॥

હે પુત્ર ! દેવે તમને આઠ વર્ષ આપેલાં છે અને બીજાં પણ આઠ વર્ષ તમે સુબુદ્ધિથી મેળવેલાં છે. હજી પણ શંકરની આજ્ઞાથી બીજાં સોળ વર્ષ સુધી તમારૂં આયુષ્ય રહો અને આ ભાષ્ય જ્યાંસુધી સૂર્ય, ચંદ્ર અને તારાઓ રહે ત્યાંસુધી અવિચલ રહો. ૫૫.

---

૧ ઉપેન્દ્રવજ્રા. ૨ ગંગા નદી ઉપર એ નામનો એક આરો છે. ૩ ઉપજાતિ. ૪ વસંતતિલકા.

त्वमायुषाऽनेन विरोधिवादिगर्वाङ्कुरोन्मूलनजागरूकैः ।
वाक्यैः कुरुष्वोज्झितभेदबुद्धीनद्वैतविद्यापरिपंथिनोऽन्यान् ॥ ५६ ॥

આ આયુષ્યથી તમે વિરોધી વાદીઓના ગર્વોના અંકુરોને મૂલ શીખે ઉખેડી નાખવામાં જાગ્રતપણું ધરાવનારાં પોતાનાં વચનોથી બીજા અદ્વૈત વિદ્યાના શત્રુઓને પણ દ્વૈત બુદ્ધિથી રહિત કરો. તેઓને દ્વૈત સંબંધી નિશ્ચય છોડવી દો." ૫૬.

इतीरयंतं प्रति वाचमूचे स शंकरः पावितसर्वलोकः ।
त्वत्सूत्रसंबंधवशान्मदीयं भाष्यं प्रचारं भुवि यातु विद्वन् ॥ ५७ ॥

એ પ્રમાણે વચન બોલતા વ્યાસજીને, સર્વ લોકોને પવિત્ર કરનારા શ્રીશંકરાચાર્યે કહ્યું કે "હે વિદ્વાન્ ! જો કે મારું ભાષ્ય પૃથ્વીમાં પ્રચાર પામવાને યોગ્ય નથી તોપણ આપના સૂત્રની સાથે સંબંધ ધરાવનારૂં છે તેથી પૃથ્વીમાં પ્રચાર પામો." ૫૭.

इतीरयित्वा चरणौ ववंदे यतिर्मुनेः सर्वविदो महात्मा ।
प्रदाय संभाव्य वरं मुनिशो द्वैपायनः सोऽन्तरधाद्यतात्मा ॥ ५८ ॥

મહાત્મા શ્રીશંકરાચાર્યે એ પ્રમાણે બોલીને એ સર્વજ્ઞ વ્યાસજીના ચરણમાં પ્રણામ કર્યાં. મનનો નિગ્રહ કરનારા વેદવ્યાસજી પણ એ પ્રમાણે શ્રીશંકરાચાર્યને માન આપી તથા વરદાન આપીને ત્યાંથી અંતર્દ્ધાન થઈ ગયા. ૫૮.

इत्थं निगद्य ऋषिवृष्णितिरोहितेऽस्मिन्नन्तर्विवेकनिधिरप्यथ विव्यथे सः ।
हृत्तापहारिनिरुपाधिकृपारसानां तत्तादृशां कथमहो विरहो विषह्यः ॥ ५९ ॥

ઋષિઓમાં ઉત્તમ વેદવ્યાસજી એપ્રમાણે વચનો બોલીને અંતર્હિત થઈ જતાં શ્રીશંકરાચાર્ય પોતે વિવેકના ભંડારરૂપ છતાં પણ ખેદ પામવા લાગ્યા. જેઓનો કૃપારસ સ્વાર્થ રહિત તથા હૃદયના તાપોને હરનાર હોય છે એવા વ્યાસજી જેવા મહાત્માઓનો વિયોગ કેમ ખમી[3] શકાય ?!! ૫૯.

तत्पादपद्मे निजचित्तपद्मे पश्यन्कथंचिद्विरहं विषह्य ।
यतिक्षितीशोऽपि गुरोर्नियोगान्मनो दधे दिग्विजये मनीषी ॥ ६० ॥

પછી સંન્યાસીઓના રાજા વિદ્વાન્ શ્રીશંકરાચાર્યે પોતાના હૃદયકમલમાં વ્યાસજીનાં ચરણારવિંદનું દર્શન મળવાથી માંડ માંડ વ્યાસજીના વિયોગને સહન કરી વ્યાસજીની આજ્ઞા પ્રમાણે દિગ્વિજય કરવાનું મન કર્યું. ૬૦.

भाष्यस्य वार्तिकमथैष कुमारिलेन भट्टेन कारयितुमादरवान्मुनींद्रः ।
वंध्यायमानदरविंध्यमहीधरेण वाचंयमेन चरितां हरितं प्रतस्थे ॥ ६१ ॥

પછી પોતાના ભાષ્યનું કુમારિલભટ્ટના હાથથી વાર્તિક કરાવવાની ઉત્કંઠાવાળા શ્રીશંકરાચાર્ય, જેણે લોકોને ઉત્પન્ન થએલા વિંધ્યાચલના ભયને નિષ્ફલ[5] કર્યો છે, એવા અગસ્ત્ય મુનિને વિચરવાની દિશા(દક્ષિણ દિશા)માં સિધાવ્યા[6]. ૬૧.

---

૧ ઉપજાતિ. ૨ વસંતતિલકા. ૩ વ્યાસના અંતર્હિત થવાથી થએલા ખેદરૂપ વિશેષનો 'જેઓનો કૃપારસ' ઈત્યાદિ સામાન્યથી સમર્થન કર્યું છે માટે અર્થાંતરન્યાસ અલંકાર છે. ૪ ઉપજાતિ. ૫ એક સમયે વિંધ્યાચલે નારદજીના મુખથી મેરૂપ્રવતનાં વખાણ સાંભળી સ્પર્દ્ધાને લીધે આકાશમાં ઉંચે વધવા માંડ્યું. એના વધવાથી સૂર્ય આદિની ગતિ રોકાતાં મુંઝાએલા સર્વે લોકોએ વિંધ્યાચલને શાંત કરવા

तत[1]ः स वेदांतरहस्यवेत्ता भेत्ताऽमतानां तरसा मतानाम् ।
प्रयागमागात्प्रथमं जिगीषुः कुमारिलं साधितकर्मजालम् ॥ ६२ ॥

વેદાંતના રહસ્યને જાણનારા અને વિરુદ્ધ મતોનું પ્રબલતાથી ખંડન કરનારા, એ શ્રીશંકરાચાર્ય એ દિશામાં ચાલતાં ચાલતાં પ્રથમ કર્મકાંડનું પ્રતિપાદન કરનારા કુમારિલભટ્ટને જીતી લેવાની ઇચ્છાથી પ્રયાગમાં પધાર્યા. ૬૨.

आ[2]मज्जतां किल तनूमसितां सितां च कर्तुं कलिंदसुतया कलितानुषङ्गाम् ।
अह्नाय जह्नुतनयामथ निह्नुताघां मध्येप्रयागमगमन्मुनिरर्थमार्गम् ॥ ६३ ॥

गङ्गा[3]प्रवाहैरुपरुद्धवेगा कलिंदकन्या स्तिमितप्रवाहा ।
अपूर्वसख्यागतलज्जयेव यत्राधिकं भाति विचित्रपाथाः ॥ ६४ ॥

અનાયાસે સઘળા પુરુષાર્થોના માર્ગરૂપ પ્રયાગમાં જઇ શ્રીશંકરાચાર્ય, પાપોને ટાળનારાં અને જાણે સ્નાન કરનારા લોકોને [4]શ્યામ અને [5]શ્વેત સ્વરૂપ દેવા સારૂ જ શ્યામ જલવાળા યમુનાજીની સાથે પોતાના શ્વેત જલના પ્રવાહને મેળવી દઇને ચાલતાં હોય[6] એવાં ગંગાજીના સમીપમાં પધાર્યા કે જે સ્થલમાં ગંગાજીના પ્રવાહોથી રોકાએલા વેગવાળાં અને તેથી વિચિત્ર જલવાળાં થએલાં યમુનાજી જાણે અપૂર્વ મહિમાવાળાં સખી(ગંગાજી)ના સમાગમથી ઉત્પન્ન થએલી લાજને લીધે થોભી રહ્યાં હોય[7] તેમ અધિક શોભે છે. ૬૩, ૬૪.

अं[8]तेवसद्भिरमलच्छविसंप्रदायमध्येतुमाश्रितजलां कुहचिन्मरालैः ।
चक्रद्वयेन रजनीसहवाससौख्यसंशीलनाय किल संवलितां परत्र ॥ ६५ ॥
य[9]त्राऽऽप्लुता दिव्यशरीरभाज आचंद्रतारं दिविभोगजातम् ।
संभुञ्जते व्याधिकथानभिज्ञाः प्राहेममर्थं श्रुतिरेव साक्षात् ॥ ६६ ॥
अ[10]ज्ञातसंभवतिरोधिकथाऽपि वाणी यस्याः सितासिततयैव गृणाति रूपम् ।
भागीरथीं यमुनया परिचर्यमाणामेतां विगाह्य मुदितो मुनिरित्यभाणीत् ॥ ६७ ॥

યમુનાજીની સાથે મળેલાં ગંગાજી કે જે પોતાના પ્રવાહના કોઇ ભાગમાં જાણે જલની પાસેથી શ્વેત કાંતિના સંપ્રદાયનું અધ્યયન કરવા માટે ત્યાં શિષ્ય થઇને આવી [11]રહ્યાં હોય એવાં

અગસ્ત્યમુનિની પ્રાર્થના કરી. એ ઉપરથી અગસ્ત્ય મુનિએ આવીને વિંધ્યાચલને કહ્યું કે, ‘મારે અહિંથી દક્ષિણ દિશામાં જવું છે માટે રસ્તો દે અને નીચો થઈ જા.’ આ વચન સાંભળી શાપના ભયથી વિંધ્યાચલ લાંબો થઈને પૃથ્વીપર સુઈજતાં અગસ્ત્ય તે રસ્તેથી દક્ષિણ દિશામાં ગયા અને જતી વખતે વિંધ્યાચલને કહેતા ગયા કે ‘હું પાછો આવું ત્યાં સુધી તારે આમ જ રહેવું પણ ઉંચા થવું નહિ.’ વિંધ્યાચલે હા કહેતાં અગસ્ત્યમુનિ ગયા તે ગયા જ. પાછા આવ્યા જ નહિ તેથી વિંધ્યાચલ સૂતેલો જ રહ્યો. (આ ઉપરથી લોકોમાં અગસ્ત્યના વાયદા કહેવાય છે.) આ કથા કાશીખંડ આદિ ઘણા પુરાણ ગ્રંથોમાં છે. ‘દક્ષિણ દિશામાં’ એમ કહેવાને બદલે ‘અગસ્ત્ય મુનિને વિચરવાની દિશામાં’ એમ કહ્યું માટે પર્યાયોક્ત અલંકાર થયો છે. “पर्यायोक्तं तु गम्यस्य वचो भंग्यंतराश्रयम्”–વિવક્ષિત અર્થને વધારે સુંદર રૂપાંતરથી કહેવો એ પર્યાયોક્ત અલંકાર છે.–કુવ., કા. ૬૭.

૧ ઉપજાતિ. ૨ વસંતતિલકા. ૩ ઉપજાતિ. ૪ વિષ્ણુપણું. ૫ સદાશિવપણું. ૬ શ્વેત તથા શ્યામ પ્રવાહના મળવામાં વિષ્ણુનું તથા સદાશિવનું સ્વરૂપ દેવારૂપ ફલની ઉત્પ્રેક્ષા કરી છે માટે ફલોત્પ્રેક્ષા અલંકાર છે. ૭ યમુનાજીના થોભી રહેવામાં લાજરૂપ હેતુની ઉત્પ્રેક્ષા કહિ છે માટે હેતૂત્પ્રેક્ષા અલંકાર છે. ૮ વસંતતિલકા. ૯ ઇન્દ્રવજ્રા. ૧૦ વસંતતિલકા. ૧૧ હંસોના આવીને રહેવામાં અધ્યયનરૂપ ફલની ઉત્પ્રેક્ષા કરી છે માટે ફલોત્પ્રેક્ષા અલંકાર છે.

હંસોથી સંયુક્ત હતાં અને કોઇ ભાગમાં કમલિનીઓમાં સહવાસનું સુખ લેવાને વાસ્તે પ્રાપ્ત થએલાં ચક્રવાક પક્ષીઓના જોડાંઓથી વ્યાપ્ત હતાં તથા જેમાં નાહેલાં માણસો દિવ્ય શરીરોવાળાં થઇ વ્યાધિઓની વાતને પણ નહિ જાણતાં જ્યાંસુધી ચંદ્ર અને તારાઓ રહે ત્યાંસુધી સ્વર્ગમાં સઘળા વૈભવોને ભોગવે છે એમ સાક્ષાત્ [1]શ્રુતિ જ કહે છે અને જેના રૂપનું કોઇએ નહિ જાણેલાં ઉત્પત્તિ નાશવાળી (અનાદિ સિદ્ધ) વાણી (શ્રુતિ) પણ વિશેષથી નિરૂપણ નહિ કરી શકતાં 'ધોળી તથા કાળી નદી' એવા રૂપથી જ વર્ણન કરે છે; તેમના પ્રવાહમાં જઇને પ્રસન્ન થએલા **શ્રી**શંકરાચાર્યે નીચે પ્રમાણે તે ગંગાજીની સ્તુતિ કરી. ૬૫, ૬૬, ૬૭.

सिद्धापगे पुरविरोधिजटोपरोधक्रुद्धा कुतः शतमदःसदृशान्विधत्से ।
बद्धा न किंतु भवितासि जटाभिरेषामद्धा जडप्रकृतयो न विदंति भावि ॥ ६८ ॥

'હે સિદ્ધ નદી! તમને સદાશિવ પોતાની જટામાં રોકી રાખે છે તેથી ક્રોધને લીધે તમે સદાશિવ જેવા બીજા સૈંકડો પુરુષોને ઉત્પન્ન કરવા [2]માંડ્યા છે, એ કામ શું વિચારીને કરોછો? તમે જે સદાશિવ જેવા પુરુષોને ઉત્પન્ન કરશો તેઓની જટાઓથી તમને બંધન નહિ [3]થાય કે? અરે! હું શા માટે કહુંછું. જેઓની પ્રકૃતિ [4]જડ હોય છે તેઓને પોતાના કર્તવ્યથી થનારાં ભવિષ્ય દુઃખનું જ્ઞાન હોતુ નથી.[5] ૬૮.

सन्मार्गवर्तनपराऽपि सुरापगे त्वमस्थीनि नित्यमशुचीनि किमाददासि ।
आज्ञातमंब हृदयं तव सज्जनानां प्रायः प्रसाधनकृते कृतमज्जनानाम् ॥ ६९ ॥

હે દેવનદી! તમે સારા [6]માર્ગમાં અખંડ વર્તનાર છતાં પણ સર્વદા અપવિત્ર અસ્થિઓ(હાડકાંઓ)નું શા માટે [7]ગ્રહણ કરોછો? હે મા! અરે તમારો જે અભિપ્રાય છે તે મારા જાણવામાં આવ્યો! ઘણું કરીને તમારા પ્રવાહમાં નાહીને સદાશિવરૂપ થએલા લોકોના [8]શણગારને વાસ્તે જ હાડકાંઓનું ગ્રહણ [9]કરોછો. ૬૯.

---

૧ "**सितासिते सरिते यत्र संगते तत्राऽऽप्लुतासो दिवमुत्पतंति ।**" ઇત્યાદિ **શ્રુ**તિઓ કહે છે કે જ્યાં ધોળી અને કાળી બે નદીઓ(ગંગા અને યમુના)નો સમાગમ થાય છે તે સ્થળમાં નાહેલા લોકો સ્વર્ગમાં જાય છે અને ત્યાં ઘણું સુખ ભોગવે છે. ૨ જેઓ ગંગાજીમાં નહાય તેઓ **શિવના** જેવા રૂપવાળા થાય છે; એમ પુરાણાઆદિ ગ્રંથોમાં કહ્યું છે. ૩ રોકી રાખનારા એક **સદા**શિવનું અભિમાન તોડવા જતાં, રોકી રાખનારા બીજા સૈંકડોની ઉત્પત્તિ થવાનું કહ્યું છે તેથી **વિષાદન** અલંકાર છે. "**इष्यमाणविरुद्धार्थसंप्राप्तिस्तु विषादनम् ।**"–જ્યાં ધારેલાથી વિરુદ્ધ અર્થની પ્રાપ્તિનું વર્ણન કરવામાં આવે ત્યાં **વિષાદન** અલંકાર સમજવો.–**કુ**વલયાનંદ, કારિકા ૧૩૧. ૪ વિવેક રહિત અને ડ તથા લ ના અભેદથી જલ. ૫ નિંદાથી સ્તુતિની અભિવ્યક્તિ કરી છે માટે **વ્યાજ**સ્તુતિ અલંકાર છે. "**उक्ता व्याजस्तुतिः पुनः। निंदास्तुतिभ्यां वाच्याभ्यां गम्यत्वे स्तुतिनिंदयोः॥**"—જ્યાં નિંદાથી સ્તુતિની પ્રતીતિ થાય કે સ્તુતિથી નિંદાની પ્રતીતિ થાય ત્યાં **વ્યાજ**સ્તુતિ અલંકાર થાય છે.–**સા**હિત્યદર્પણ, કારિકા ૭૦૭. ગંગાજીને આપેલા ઠપકાનું **ગંગા**જીની પ્રકૃતિ જડ (ળ) હોવાથી અનર્થકપણું વિચારીને 'આ હું શા માટે કહું છું' એ વચનથી નિષેધ સૂચવ્યો છે માટે **આક્ષેપ** અલંકાર પણ છે. "**आक्षेपः स्वयमुक्तस्य प्रतिषेधो विचारणात् ।**"—પોતે કહેલા વચનનું વ્યર્થપણું વિચારીને નિષેધ કરવો એ **આક્ષેપ અલંકાર** કહેવાય છે.–**કુ**વલયાનંદ, કારિકા ૭૨. ૬ સારો રસ્તો અને સદાચાર. ૭ મરણ પામેલા પ્રાણીનાં અસ્થિ જો ગંગાજીમાં નાખવામાં આવે તો મરનારની સદ્ગતિ થાય છે, એમ ધર્મશાસ્ત્રોમાં તથા પુરાણોમાં લખ્યું છે. ૮. **સદા**શિવ હાડકાની માલાઓરૂપ શણગાર ધરે છે એ વાત **શિવ**રહસ્યમાં તથા પુરાણ ગ્રંથોમાં પ્રસિદ્ધ છે. ૯ **આક્ષેપ** અલંકાર છે.

स्वापानुषङ्गजडताभरिताञ्जनौघान्स्वापानुषङ्गजडताविधुरान्विधत्से ।
दूरीभवद्विषयरागहृदोऽपि तूर्णं धूर्तावतंसयसि देवि क एष मार्गः ॥ ७० ॥

હે દેવી ! તમે નિદ્રાના સંબંધથી થતી જડતાથી વ્યાપ્ત રહેનારાં માણસોને નિદ્રાના સંબંધથી થતી જડતાથી [1]રહિત કરોછો અને જેઓના હૃદયમાંથી વિષયો ઉપરનો રાગ દૂર થઇ ગયો હોય છે એવા લોકોને [2]ધુર્ત્તાવતંસ કરોછો તો આતે તમે કેવો માર્ગ પકડ્યો છે[3]?' ૭૦.

[4]इति स्तुवंस्तापसराट्त्रिवेणीं शाट्या समाच्छाद्य कटिं कृपीटे ।
दोर्दंडयुग्मोद्धृतवेणुदंडोऽघमर्षणस्नानमना बभूव ॥ ७१ ॥

એ પ્રમાણે ત્રિવેણીની સ્તુતિ કરતાં **શ્રી**શંકરાચાર્યે પોતાની કટીને વસ્ત્રવતે સારી રીતે ઢાંકી બન્ને હાથવતે વાંસના દંડને ઊંચો ધરી જલમાં [5]અઘમર્ષણ સ્નાન કરવાનું મન કર્યું. ૭૧.

[6]संस्नौ प्रयागे सह शिष्यसंघैः स्वयं कृतार्थो जनसंग्रहार्थी ।
अस्मारि माताऽपि च सा पुपोष दधार या दुःखमसोढ भूरि ॥ ७२ ॥

શ્રીશંકરાચાર્ય પોતે બ્રહ્મવિદ્યાને લીધે કૃતાર્થ છતાં પણ લોકોની ધર્મપર આસ્થા આવવાને વાસ્તે શિષ્યોના સમૂહોની સાથે પ્રયાગમાં નાહ્યા અને તે સમયે પોતાનાં માતાજીનું પણ સ્મરણ કર્યું કે જે માતાજીએ પોતાને ગર્ભમાં ધર્યા હતા, પોતાનું પોષણ કર્યું હતું અને તે સંબંધમાં ઘણું દુઃખ વેઠ્યું હતું[7]. ૭૨.

[8]अनुष्ठितिं द्रागवसाय्य वातैः कह्लारशीतैरुपसेव्यमानः ।
तीरे विशश्राम तमालशालिन्यत्रांतरेऽश्रूयत लोकवार्ता ॥ ७३ ॥

ત્યાં જે વિધિ કરવાનો હતો તેને તુરત પુરો કરી લઇ **શ્રી**શંકરાચાર્ય તમાલ નામનાં વૃક્ષોથી શોભી રહેલા ગંગાજીના તીરપર બીરાજ્યા અને ત્યાં તેમને કલ્હાર જાતિનાં કમળોના શીત પવનો સેવવા લાગ્યા. આ સમયમાં એવી લોકવાયકા તેમના સાંભળવામાં આવી કે, ૭૩.

गिरेरवप्लुत्य गतिः सतां यः प्रामाण्यमाम्नायगिरामवादीत् ।
यस्य प्रसादात्त्रिदिवौकसोऽपि प्रपेदिरे प्राक्तनयज्ञभागान् ॥ ७४ ॥
सोऽयं गुरोरुन्मथनप्रसक्तं महत्तरं दोषमपाकरिष्णुः ।
अशेषवेदार्थविदास्तिकत्वात्तुषानलं प्राविशदेष धीरः ॥ ७५ ॥

---

૧ દેવરૂપ કરોછો. દેવતાઓને નિંદ્રા નથી એ વાત શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. ૨ ધુતારાઓના શિરોમણી. બીજો અર્થ એ છે કે ધૂર્ત એટલે ધંતુરાનાં ફૂલ જેના મુકુટના સ્થાનકે ધરવામાં આવે છે એવા સદાશિવ. ૩ જડને અજડ કરવા અને વૈરાગ્યવાળાઓને મોટા ધુતારા બનાવવા, એ અર્થપ્રમાણે નિંદા થાય છે પણ બીજા અર્થપ્રમાણે તેના તે શબ્દોથી સ્તુતિ પ્રતીયમાન થાય છે માટે વ્યાજસ્તુતિ અલંકાર છે. ૪ ઉપજાતિ. ૫ વેદના અમુક મંત્રો ભણીને નહાવાનો જે પ્રકાર છે તે અઘમર્ષણ સ્નાન કહેવાય છે. ૬ આખ્યાનકી. ૭ એક માતાજીમાં રહેલી ગર્ભમાં ધરવા આદિ અનેક ક્રિયાઓને અનુક્રમથી ગોઠવી છે માટે કારકદીપક અલંકાર છે. "क्रमिकैकगतानां तु गुंफः कारकदीपकम् ।"—ક્રમવાળી ક્રિયાઓને એક કારકમાં રહેલી ગોઠવવી એ કારકદીપક અલંકાર કહેવાય છે.–કુવલયાનંદ, કારિકા ૧૧૬. ૮ ઉપજાતિ.

अयं ह्यधीताखिलवेदमन्त्रः कूलंकषालोडितसर्वतन्त्रः ।
नितांतदूरीकृतदुष्टतन्त्रस्त्रैलोक्यविभ्रामितकीर्तियन्त्रः ॥ ७६ ॥

"સઘળા વેદના અર્થોને જાણનાર મહા ધીર ભટ્ટપાદ (કુમારિલ ભટ્ટ) કે જેણે આર્યલોકોના આશ્રયરૂપ થઈ પર્વત ઉપરથી પડીને પણ વેદવાણીની પ્રમાણતા કહી હતી અને જેના પ્રસાદથી જ દેવતાઓને પણ આગળના સમય પ્રમાણે યજ્ઞસંબંધી ભાગો મળવા ચાલુ થયા છે; તેમણે ગુરુને તોડવારૂપ ઘણો મોટો દોષ મટાડવાની ઇચ્છાથી આસ્તિકપણાને લીધે ફોતરાંના અગ્નિમાં પ્રવેશ કર્યો છે. સઘળા વેદમંત્રોનું અધ્યયન કરનાર સઘળાં શાસ્ત્રોનું સંપૂર્ણ રીતે અવલોકન કરનાર, નાસ્તિક લોકોનાં શાસ્ત્રોનું અત્યંત ખંડન કરનાર અને પોતાની કીર્તિરૂપી યંત્રને સઘળા ત્રૈલોક્યમાં ફેરવનાર એ ભટ્ટપાદ આજ અગ્નિમાં બળી મરે છે." ૭૪, ૭૫, ૭૬.

श्रुत्वेति तां सत्वरमेष गच्छन्व्यालोकयत्तं तुषराशिसंस्थम् ।
प्रभाकराद्यैः प्रथितप्रभावैरुपस्थितं साश्रुमुखैर्विनेयैः ॥ ७७ ॥

એ લોકવાયકા સાંભળીને શ્રીશંકરાચાર્યે તુરત ત્યાં (જે સ્થલમાં ભટ્ટપાદ બળતા હતા ત્યાં) જતાં ફોતરાંના ઢગલામાં બેઠેલા ભટ્ટપાદ તેમના જોવામાં આવ્યા. આંસુઓથી ભરેલાં મુખવાળા પ્રભાકર આદિ મોટા પ્રભાવવાળા શિષ્યો એ ભટ્ટપાદની પાસે ઉભા હતા. ૭૭.

धूमायमानेन तुषानलेन संदह्यमानेऽपि वपुष्यशेषे ।
संदृश्यमानेन मुखेन बाष्पपरीतपद्मश्रियमादधानम् ॥ ७८ ॥

ફોતરાંઓના ધુંધવતા અગ્નિથી સઘળું શરીર બળતું હતું તોપણ અગ્નિથી બહાર દેખાતા પોતાના મુખથી એ ભટ્ટપાદ ધુંવાડા જેવા ઝાકળથી વીંટાએલાં કમળની શોભાને ધરતા[3] હતા. ૭૮.

दूरे विधूताघमपाङ्गभङ्ग्या तं देशिकं दृष्टिपथावतीर्णम् ।
ददर्श भट्टो ज्वलदग्निकल्पो जुगोप यो वेदपथं जितारिः ॥ ७९ ॥

બળતા અગ્નિ જેવા લાગતા અને નાસ્તિક વાદીઓરૂપ શત્રુઓને જીતી વેદમાર્ગનું રક્ષણ કરનારા ભટ્ટપાદે કટાક્ષોના ચમત્કારથી પાપોને દૂર કરનારા અને ચક્ષુના માર્ગમાં આવેલા શ્રીશંકરાચાર્યને દીઠા. ૭૯.

आ. पु. ११ अदृष्टपूर्वं श्रुतपूर्ववृत्तं दृष्ट्वाऽतिमोदं स जगाम भट्टः ।
अचीकरच्छिष्यगणैः सपर्यामुपाददे तामपि देशिकेंद्रः ॥ ८० ॥

પૂર્વે જેનાં ચરિત્રો સાંભળ્યાં હતાં પણ કોઈ દિવસે જેને જાતે દીઠા ન હતા એવા શ્રીશંકરાચાર્યને જોઈ ભટ્ટપાદે અત્યંત આનંદ પામીને પોતાના શિષ્યલોકોના હાથથી તેમની પૂજા કરાવી અને તે પૂજાનો આચાર્યોના ઇંદ્ર શ્રીશંકરાચાર્યે સ્વીકાર કર્યો. ૮૦.

„ पु. १२ उपात्तभिक्षः परितुष्टचित्तः प्रदर्शयामास स भाष्यमस्मै ।
सर्वो निबंधो ह्यमलोऽपि लोके शिष्टेक्षितः संचरणं प्रयाति ॥ ८१ ॥

ભિક્ષાનું ગ્રહણ કરી ચિત્તમાં પ્રસન્ન થએલા શ્રીશંકરાચાર્યે પોતે કરેલું સૂત્રભાષ્ય ભટ્ટ-

૧–૨ ઉપજાતિ. ૩ ભટ્ટપાદમાં કમલની શોભારૂપ પદાર્થનો આરોપ કર્યો છે તેથી પદાર્થવૃત્તિનિદર્શના અલંકાર છે. "पदार्थवृत्तिमप्येके वदंत्यन्यां निदर्शनाम् ।"—કેટલાએક આલંકારિકો એકમાં બીજા પદાર્થનો આરોપ કરવાથી પદાર્થવૃત્તિનિદર્શના થાય એમ કહે છે.—કુવલયાનંદ, કારિકા ૫૩.

પાદને દેખાડ્યું. કારણ કે હરકોઇ ગ્રંથ બહુ ઉત્તમ અને શુદ્ધ હોય તો પણ વિદ્વાન્ લોકે તેનું અવલોકન કરે ત્યારે જ લોકમાં તેનો પ્રચાર [1]થાય છે. ૮૧.

[2]दृष्ट्वा भाष्यं हृष्टचेताः कुमारः प्रोचे वाचं शंकरं देशिकेंद्रम् ।
लोके त्वल्पो मत्सरग्रामशाली सर्वज्ञानो नाल्पभावस्य पात्रम् ॥ ८२ ॥

એ ભાષ્યને જોઇ ભટ્ટપાદ ચિત્તમાં પ્રસન્ન થયા. કારણ કે જગત્માં જે થોડું જાણનારો માણસ હોય છે તે જ બીજા ઉપર ઘણો મત્સર કરવારૂપ ક્ષુદ્રતા કરે, પણ જે સઘળું જાણનારો હોય તે માણસ કદીપણ ક્ષુદ્રતા કરે [3]નહિ. પછી રાજી થએલા ભટ્ટપાદે શ્રીશંકરાચાર્યને નીચે પ્રમાણે કહ્યું. ૮૨.

[4]अष्टौ सहस्राणि विभांति विद्वन्सद्वार्तिकानां प्रथमेऽत्र भाष्ये ।
अहं यदि स्यामगृहीतदीक्षो ध्रुवं विधास्ये सुनिबंधमस्य ॥ ८३ ॥

"હે વિદ્વાન્! આ તમારા ભાષ્યના પહેલા અધ્યાય ઉપર જ મને આઠ હજાર ઉત્તમ વાર્ત્તિકો કરવાનું સ્ફુરે છે. જો મેં આ અગ્નિમાં બળી મરવારૂપ દીક્ષા ન લીધી હોત તો હું અવશ્ય આ ભાષ્ય ઉપર વાર્ત્તિકરૂપ ઉત્તમ નિબંધ રચત. ૮૩.

[5]भवादृशां दर्शनमेव लोके विशेषतोऽस्मिन्समये दुरापम् ।
पुरार्जितैः पुण्यचयैः कथंचित्त्वमद्य मे दृष्टिपथं गतोऽभूः ॥ ८४ ॥

જગત્માં વિશેષે કરી આવા સમયમાં આપજેવાઓનું દર્શન જ દુર્લભ છે. મેં પૂર્વે ઘણાં ઘણાં પુણ્યો કરયાં હશે ને તેઓના પ્રભાવથી આજ કેમે કરી આપ મારી દૃષ્ટિના માર્ગમાં પધાર્યા છો. ૮૪.

[6]असारसंसारमहाब्धिमध्ये निमज्जतां सद्भिरुदारवृत्तैः ।
भवादृशैः संगतिरेव साध्या नान्यस्तदुत्तारविधावुपायः ॥ ८५ ॥

સાર વગરના સંસારરૂપી મહાસાગરમાં ડુબતા માણસોએ ઉત્તમ આચરણવાળા આપજેવા મહાત્માઓનો સમાગમ જ પ્રયત્નપૂર્વક મેળવવો જોઇએ. મહાત્માઓના સમાગમ વિના આ સમુદ્રમાંથી ઉગરવાનો બીજો કોઇ પણ ઉપાય નથી. ૮૫.

चिरं दिदृक्षे भगवंतमित्थं त्वमद्य मे दृष्टिपथं गतोऽभूः ।
नह्यत्र संसारपथे नराणां स्वेच्छाविधेयोऽभिमतेन योगः ॥ ८६ ॥

આપનાં દર્શન કરવા આવવાની મને ઘણા કાલથી ઉત્કંઠા હતી પણ હું તે ઉત્કંઠાને પાર પાડી નહિ શક્યો તેથી આજ આપે આ પ્રમાણે મને દર્શન દીધાં છે. આ સંસારના માર્ગમાં માણસોને પ્રિયનો સામાગમ પોતાની ઇચ્છાને સ્વાધીન નથી. ૮૬.

[7]युनक्ति कालः क्वचिदिष्टवस्तुना क्वचित्त्वनिष्टेन च नीचवस्तुना ।
तथैव संयोज्य वियोजयत्यसौ सुखासुखे कालकृते प्रवेद्म्यतः ॥ ८७ ॥

કાલ કોઇ સમયે પ્રિય વસ્તુનો સંયોગ કરાવે છે, કોઇ સમયે અપ્રિય તથા નીચ વસ્તુનો

---

૧ સામાન્યથી વિશેષનું સમર્થન કરવારૂપ **અર્થાંતરન્યાસ** અલંકાર છે. ૨ **શાલિની.** ૩ પ્રસન્ન થવાનું વિશેષનું 'જગત્માં' ઇત્યાદિ સામાન્યથી સમર્થન કર્યું છે માટે **અર્થાંતરન્યાસ** અલંકાર છે. ૪ ઉપજાતિ. ૫ ઉપેન્દ્રવજ્રા. ૬ ઉપજાતિ. ૭ ઇન્દ્રવંશા.

સંયોગ કરાવે છે અને વળી સંયોગ કરાવીને પાછો વિયોગ પણ તે જ કરાવે છે. લોકોમાં કાલના નિયમ પ્રમાણે જ સુખનો તથા દુઃખનો પ્રવેશ થાય છે. ૮૭.

कृतो निबंधो निरणायि पंथा निरासि नैयायिकयुक्तिजालम् ।
तथाऽन्वभूवं विषयोत्थजातं न कालमेनं परिहर्तुमीशे ॥ ८८ ॥

મેં ગ્રંથ કર્યો છે, કર્મમાર્ગનો નિર્ણય કર્યો છે, તર્કશાસ્ત્રીઓની યુક્તિઓરૂપ જાલનું ખંડન કર્યું છે અને સંસારસંબંધી સુખ દુઃખોને પણ ભોગવી લીધાં છે; તેમ જ જે કાંઈ કરવાનું હતું તે કરી ચુક્યો છું. હવે આ કાલનું ઉલ્લંઘન કરવાને હું સમર્થ નથી. ૮૮.

निरास्थमीशं श्रुतिलोकसिद्धं श्रुतेः स्वतो मात्वमुदाहरिष्यन् ।
न निह्नुवे येन विना प्रपञ्चः सौख्याय कल्पेत न जातु विद्वन् ॥ ८९ ॥

હે વિદ્વન્! વેદનું સ્વતઃપ્રમાણપણું સિદ્ધ કરવાને વાસ્તે જ મેં શ્રુતિથી તથા લોકથી પણ સિદ્ધ થતા ઇશ્વરનું ખંડન કર્યું છે, પણ ઈશ્વર કે જે વિના જગતને કદી પણ સુખ થતું જ નથી તેનું ખંડન કરવાનો મારો અભિપ્રાય નથી. ૮૯.

तथागताक्रांतमभूदशेषं स वैदिकोऽध्वा विरलीबभूव ।
परीक्ष्य तेषां विजयाय मार्गं प्रावर्ति संत्रातुमनाः पुराणम् ॥ ९० ॥

સઘળું જગત્ બૌદ્ધોથી દબાઈ ગયું હતું અને વેદનો માર્ગ વિચ્છિન્ન થઈ ગયો હતો એ જોઈ બુદ્ધિ ચલાવીને બૌદ્ધલોકોને જીતવાને વાસ્તે અને અનાદિસિદ્ધ વેદમાર્ગનું રક્ષણ કરવાને વાસ્તે મેં પ્રવૃત્તિ કરી હતી. ૯૦.

सशिष्यसंघाः प्रविशंति राज्ञां गेहं तदादि स्ववशे विधातुम् ।
राजा मदीयोऽजिरमस्मदीयं तदाद्रियध्वं न तु वेदमार्गम् ॥ ९१ ॥
वेदोऽप्रमाणं बहुमानबाधात्परस्परव्याहतिवाचकत्वात् ।
एवं वदंतो विचरंति लोके न काचिदेषां प्रतिपत्तिरासीत् ॥ ९२ ॥

બૌદ્ધલોકો રાજા આદિ સર્વ લોકોને વશ કરવાને વાસ્તે રાજાના ઘરમાં પેસતા હતા 'અને રાજા અમારો છે તથા દેશ પણ અમારો જ છે, માટે અમારાં શાસ્ત્રનો જ આશ્રય કરો, વેદમાર્ગને છોડી દો, વેદ તો પ્રત્યક્ષ આદિ પ્રમાણોથી બાધિત હોવાને લીધે તથા પૂર્વાપર વિરુદ્ધ વાતોવાળો હોવાને લીધે અપ્રમાણ છે' એમ બોલતા બોલતા જગત્માં ફરતા હતા. એઓને પરાસ્ત કરવાનો કોઇ પણ ઉપાય રહ્યો ન હતો. ૯૧, ૯૨.

अवादिषं वेदविघातदक्षैस्तान्नाशकं जेतुमबुध्यमानः ।
तदीयसिद्धांतरहस्यवार्धीन्निषेध्यबोधाद्धि निषेध्यबाधः ॥ ९३ ॥

વેદનું ખંડન કરવાની ચાતુરી ધરાવનારા એ લોકોની સાથે મેં વાદ કર્યા પણ તેઓના સિદ્ધાંતોનાં રહસ્યોરૂપ સમુદ્રોને મેં જાણ્યા ન હતા તેથી હું તેઓને જીતી શકતો ન હતો કારણ કે જે વિષયનું ખંડન કરવાનું હોય તે વિષય પરિપૂર્ણ રીતે સમજાયા પછી જ તેનું ખંડન કરી શકાય. ૯૩.

तदा तदीयं शरणं प्रपन्नः सिद्धान्तमश्रौषमनुद्धतात्मा ।
अदूदुषद्वैदिकमेव मार्गं तथागतो जातु कुशाग्रबुद्धिः ॥ ९४ ॥

૧. આખ્યાનકી. ૨ ઉપજાતિ.

तदाऽपतन्मे सहसाऽश्रुबिंदुस्तच्चाविदुः पार्श्वनिवासिनोऽन्ये ।
तदाप्रभृत्येव विवेश शंका मयाप्तभावं परिहृत्य तेषाम् ॥ ९५ ॥

આ પ્રમાણે થતાં અંતે મારો અભિપ્રાય પાર પાડવાસારૂ હું તેઓની શાળામાં જઇને રહ્યો હતો અને ઉદ્ધતપણું છોડી દઇને તેઓનો સિદ્ધાંત સાંભળતો હતો. એક દિવસે દર્ભની અણી જેવી સૂક્ષ્મ બુદ્ધિવાળો બૌદ્ધ વૈદિક માર્ગનું ખંડન કરતો હતો તે સમયે મારા નેત્રમાંથી તુરત આંસુનું ટીપું પડ્યું અને તે પાસે બેઠેલા બીજા બૌદ્ધોના જાણવામાં આવ્યું, ત્યારથી જ એ લોકોને મારા ઉપરનો વિશ્વાસ ઉઠી જઈને શક ઉત્પન્ન થયો. ૯૪, ૯૫.

विपक्षपाठी बलवान्द्विजातिः प्रत्याददद्दर्शनमस्मदीयम् ।
उच्चाटनीयः कथमप्युपायैर्नैतादृशः स्थापयितुं हि योग्यः ॥ ९६ ॥
संमन्त्र्य चेत्थं कृतनिश्चयास्ते ये चापरेऽहिंसनवादशीलाः ।
व्यपातयन्नुच्चतरात्प्रमत्तं मामग्रसौधाद्विनिपातभीरुम् ॥ ९७ ॥

“ આપણા સિદ્ધાંતથી વિરુદ્ધ શાસ્ત્રોને ભણનારો આ બલવાન્ બ્રાહ્મણ આપણા સિદ્ધાંતને શીખી ગયો, એ અનિષ્ટ થયું. હવે ગમે તે ઉપાયોથી પણ આને મારી નાખવો જોઇએ. આવાને જીવવા દેવો યોગ્ય નથી” એ પ્રમાણે પરસ્પરમાં વિચાર કરી મારી નાખવાના નિશ્ચયવાળા એ લોકોએ તથા જીભથી અહિંસાની વાત કરનારા બીજા લોકોએ પણ હું કે જે પડવાથી બીતો હતો તેને મારા પ્રમાદનો લાભ લઇને ઘણા ઊંચા મહેલમાંથી પાડ્યો. ૯૬, ૯૭.

पतन्पतन्सौधतलान्यरोरुहं यदि प्रमाणं श्रुतयो भवंति ।
जीवेयमस्मिन्पतितोऽसमस्थले मज्जीवने तच्छ्रुतिमानतागतिः ॥ ९८ ॥

મહેલ ઉપરથી પડતાં પડતાં હું બોલ્યો કે ‘ જો શ્રુતિઓ પ્રમાણ હોય તો આ વિષમ સ્થલમાં પડ્યા છતાં પણ મારા પ્રાણ રહેજો. કારણ કે મારા જીવવા ઉપર જ શ્રુતિઓના પ્રમાણપણાનો આધાર છે. ’ ૯૮.

यदीह संदेहपदप्रयोगाद्व्याजेन शास्त्रश्रवणाच्च हेतोः ।
ममोच्चदेशात्पततो व्यनङ्क्षीत्तदेकचक्षुर्विधिकल्पना सा ॥ ९९ ॥

એ વાક્યમાં ‘જો’ એ સંદેહવાચક પદ મુકવારૂપ પાપને લીધે અને કપટપૂર્વક શાસ્ત્ર સાંભળવારૂપ પાપને લીધે ઊંચા પ્રદેશમાંથી પડતાં મારી એક આંખ ફુટી ગઇ. દૈવને એ પ્રમાણે જ કરવું હશે. ૯૯.

एकाक्षरस्यापि गुरुः प्रदाता शास्त्रोपदेष्टा किमु भाषणीयम् ।
अहं हि सर्वज्ञगुरोरधीत्य प्रत्यादिशे तेन गुरोर्महागः ॥ १०० ॥

જે માણસ એક અક્ષર શીખવે તે પણ ગુરુ કહેવાય ત્યારે શાસ્ત્રનો ઉપદેશ કરનાર માણસ ગુરુ કહેવાય એમાં તો શું જ કહેવું ? મેં એ બૌદ્ધગુરુની પાસેથી ભણીને તે ભણવાથી જ ગુરુનો મોટો અપરાધ કર્યો. ૧૦૦.

तदेवमित्थं सुगताद्धीत्य प्राघातयं तत्कुलमेव पूर्वम् ।
जैमिन्युपज्ञेऽभिनिविष्टचेताः शास्त्रे निरास्थं परमेश्वरं च ॥ १०१ ॥

મેં એ પ્રમાણે બૌદ્ધની પાસેથી ભણીને પ્રથમ બૌદ્ધોના કુલનો જ ઘાત કર્યો અને પછી

જૈમિનિએ પ્રથમ પ્રકટ કરેલા પૂર્વમીમાંસાશાસ્ત્ર ઉપર ચિત્તમાં આગ્રહ બંધાયાથી પરમેશ્વરના અસ્તિત્વનું ખંડન કર્યું. ૧૦૧.

दोषद्वयस्यास्य चिकीर्षुरर्हन्यथोदितां निष्कृतिमाश्रयाशम् ।
प्राविक्षमेषा पुनरुक्तभूता जाता भवत्पादनिरीक्षणेन ॥ १०२ ॥

હે મહાત્મા ! એ બે પાપોનું શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્ત કરવાની ઇચ્છાથી મેં અગ્નિમાં પ્રવેશ કર્યો છે, પણ હમણાં આપનાં પવિત્ર ચરણારવિંદનાં દર્શન મળવાથી એ પાપોનું બેવડું પ્રાયશ્ચિત્ત થયું સમજાંુછું. ૧૦૨.

भाष्यं प्रणीतं भवतेति योगिन्नाकर्ण्य तत्रापि विधाय वृत्तिम् ।
यशोऽधिगच्छेयमिति स्म वांच्छा स्थिता पुरा संप्रति किं तदुक्त्या ॥ १०३ ॥

હે યોગી, આપે ભાષ્ય કર્યું છે એમ મેં સાંભળ્યું હતું ત્યારથી તે ઉપર પણ વાર્તિક કરીને યશ મેળવવો એવી મારી પ્રથમથી જ ઇચ્છા હતી, પણ હવે આ સમયમાં એ વાત કહી દેખાડવી વ્યર્થ છે. ૧૦૩.

जाने भवंतमहमार्यजनार्थजातमद्वैतरक्षणकृते विहितावतारम् ।
प्रागेव चेन्नयनवर्त्मकृतार्थयेथाः पापक्षयाय न तदेद्दशमाचरिष्यम् ॥ १०४ ॥

આપ અદ્વૈતના રક્ષણને વાસ્તે જ અવતર્યા છો અને આર્યલોકોના સઘળા પુરુષાર્થોરૂપ છો, એ હું જાણું છું. મેં આ અગ્નિમાં પ્રવેશ કર્યો તે પહેલાં જ જો આપે મારા નેત્રના માર્ગને કૃતાર્થ[2] કર્યો હોત તો પાપોના ક્ષયને વાસ્તે હું આવું પ્રાયશ્ચિત્ત કરત નહીં ! ૧૦૪.

प्रायोऽधुना तदुभयप्रभवाघशांत्यै प्राविक्षमार्य तुषपावकमात्तदीक्षः ।
भाग्यं न मेऽजनि हि शाबरभाष्यवत्त्वद्भाष्येऽपि किंचन विलिख्य यशोऽधिगंतुम् १०५

હે મહાત્મા ! મેં તો હમણાં ગુરુના દ્રોહથી અને ઇશ્વરના ખંડનથી થયેલાં બે પાપોની શાંતિને વાસ્તે મરણની દીક્ષા લઇને ફોતરાંના અગ્નિમાં પ્રવેશ કર્યો છે. જેમ **શાબરભાષ્ય** ઉપર મેં કાંઇક લખ્યું છે તેમ આપના ભાષ્ય ઉપર પણ કાંઇક લખીને યશ મેળવવાનું મારૂં ભાગ્ય જ ન હતું એમ ધારૂં છું.'' ૧૦૫.

इत्यूचिवांसमथ भट्टकुमारिलं तमीषद्विकस्वरमुखांबुजमाह मौनी ।
श्रुत्यर्थकर्मविमुखान् सुगतान्निहंतुं जातं गुहं भुवि भवंतमहं तु जाने ॥ १०६ ॥
संभावनाऽपि भवतो नहि पातकस्य सत्यं व्रतं चरसि सज्जनशिक्षणाय ।
उज्जीवयामि करकांबुकणोक्षणेन भाष्येऽपि मे रचय वार्तिकमङ्ग भव्यम् ॥ १०७ ॥

પછી એ પ્રમાણે બોલેલા અને જેનું મુખારવિંદ કાંઇક પ્રફુલ્લિત હતું એવા કુમારીલભટ્ટને **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે "તમે કાર્તિકેય સ્વામી છો તે વેદોક્ત કર્મોના શત્રુરૂપ **બૌદ્ધ**લોકોને હણવા સારૂ પૃથ્વીમાં અવતર્યા છો એ હું જાણુંછું. તમને પાપો લાગવાનો સંભવ જ નથી તો પણ તમે સજ્જનોને પાપોનાં પ્રાયશ્ચિત્તો કરવાનું શીખવવા માટે આ પ્રાયશ્ચિત્ત કરોછો. હે **ભટ્ટપાદ** !

---

૧ **વસંતતિલકા**. ૨ 'તમે અહિં પધાર્યા હોત તો' એટલું કહેવાનું છે તેને બદલે બીજી સુંદર ઢબથી 'મારા નેત્રના માર્ગને કૃતાર્થ કર્યો હોત તો' એમ કહ્યું છે તેથી **પર્યાયોક્ત** અલંકાર થાય છે. —જુઓ શ્લોક ૬૧ ઉપરનું ટિપ્પણ, પૃષ્ઠ ૧૬૦-૧.

હું તમને મારા કમંડલુના જલની કણીઓ છાંટીને જીવતા રાખું. તમે મારા ભાષ્ય ઉપર પણ સુંદર વાર્તિક રચો." ૧૦૬, ૧૦૭.

इत्यूचिवांसं विबुधावतंसं स धर्मविद्ब्रह्मविदां वरेण्यम् ।
विद्याधनः शांतिधनाग्रगण्यं सप्रश्रयं वाचमुवाच भूयः ॥ १०८ ॥

વિદ્વાનોના શિરોમણિ, બ્રહ્મવેત્તાઓએ સેવવા યોગ્ય અને શાંતિરૂપ ધનવાળા સંન્યાસીઓમાં શ્રેષ્ઠ **શ્રી**શંકરાચાર્યે એ પ્રમાણે બોલતાં ધર્મને જાણનારા અને વિદ્યારૂપી ધનવાળા તે **ભટ્ટ**પાદે નમ્રતાથી તેમને ફરીવાર નીચે પ્રમાણે કહ્યું. ૧૦૮.

नार्हामि शुद्धमपि लोकविरुद्धकृत्यं कर्तुं मयीड्य महितोक्तिरियं तवार्हा ।
आजानतोऽतिकुटिलेऽपि जने महांतस्त्वारोपयंति हि गुणं धनुषीव शूराः ॥१०९॥

"હે સ્તુતિ કરવા યોગ્ય! મરણની દીક્ષા લઈને જીવતા રહેવારૂપ કામ જો કે આપના કહેવા પ્રમાણે શુદ્ધ છે તોપણ લોકવિરુદ્ધ છે, માટે તેમ કરવું મારે યોગ્ય નથી. હું જો કે અધમ છું તોપણ આપ ઉદારતાથી મારી[3] પ્રશંસા કરોછો એ આપને યોગ્ય છે. કારણ કે જેમ શૂર પુરુષો સ્વભાવથી અત્યંત કુટિલતાવાળા (વક્રતાવાળા) ધનુષમાં પણ ગુણ(દોરી)નું આરોપણ કરે છે તેમ મહાત્મા પુરુષો સ્વભાવથી અત્યંત કુટિલતાવાળા માણસમાં પણ ગુણ-(સદ્‌ગુણ)નું આરોપણ કરે છે." ૧૦૯.

संजीवनाय चिरकालमृतस्य च त्वं शक्तोऽसि शंकर दयोर्मिलदृष्टिपातैः ।
आरब्धमेतदधुना व्रतमागमोक्तं मुञ्चन्सतां न भवितास्मि बुधाविनिंद्यः ॥ ११० ॥

હે **શંકર**! હે મહા [4]વિચક્ષણ! જો કે આપ દયાની લહરીઓવાળા કટાક્ષોથી ઘણા કાલના મરેલાને પણ જીવાડવાને સમર્થ છો તોપણ જો હું હમણાં આરંભ કરેલી આ વેદોક્ત પ્રાયશ્ચિત્તરૂપ દિક્ષાને છોડી દઉં તો સત્પુરુષોના મંડલમાં નિંદાના અપાત્રરૂપ રહી શકું નહિ. ૧૧૦.

जाने तवाहं भगवन्प्रभावं संहृत्य भूतानि पुनर्यथावत् ।
स्रष्टुं समर्थोऽसि तथाविधो मामुज्जीवयेश्चेदिह किं विचित्रम् ॥ १११ ॥

મહારાજ! હું આપના પ્રભાવને જાણુંછું આપ કે જે પ્રાણી માત્રનો સંહાર કરીને પાછા તેવાંનેતેવાં સઘળાં પ્રાણીઓને સ્રજવા સમર્થછો તે અહિં મને જીવતો રાખો તો તેમાં શું આશ્ચર્ય છે? કશું નથી. ૧૧૧.

नाभ्युत्सहे किंतु यतिक्षितींद्र संकल्पितं हातुमिदं व्रताग्र्यम् ।
तत्तारकं देशिकवर्य मह्यमादिश्य तद्ब्रह्म कृतार्थयेथाः ॥ ११२ ॥

હે સંન્યાસીઓના રાજા! તોપણ સંકલ્પિત કરેલી આ ઉત્તમ દીક્ષાને છોડી દેવાને હું ઇચ્છતો

૧ ઉપજાતિ. ૨ વસંતતિલકા. ૩ 'મારી પ્રશંસા કરોછો તે આપને યોગ્ય છે' એ વિશેષ વાતનું 'કારણ કે' ઇત્યાદિ સામાન્યવાતથી સમર્થન કર્યું છે માટે **અર્થાંતરન્યાસ** અલંકાર છે. શૂર પુરુષોરૂપ ઉપમાનનું અને મહાત્માપુરુષોરૂપ ઉપમેયનું સુંદર સાદૃશ્ય વર્ણવ્યું છે માટે **ઉપમા** અલંકાર છે. ૪ 'મહાવિચક્ષણ' એ સંબોધનરૂપ વિશેષણ 'હું નિંદાના અપાત્રરૂપ રહું નહિ' એ જાણવાને આપ યોગ્ય છો એવા અભિપ્રાયથી યુક્ત છે માટે **પરિકર** અલંકાર થયો છે "**अलंकारः परिकरः साभिप्रायो विशेषणे**"।—જો વિશેષણ અભિપ્રાયવાળું હોય તો **પરિકર** અલંકાર થાય.—કુવલયાનંદ, કારિકા ૬૧. ૫ ઈંદ્રવજ્રા.

નથી. હે આચાર્યોમાં ઉત્તમ! જો આપને મારા ઉપર અનુગ્રહ કરવો હોય તો જે [1]તારકબ્રહ્મનો [2]કાશીમાં ઉપદેશ કરવામાં આવે છે તે તારકબ્રહ્મનો અહિં મને ઉપદેશ દઇને કૃતાર્થ કરો. ૧૧૨

अयं च पंथा यदि ते प्रकाश्यः सुधीश्वरो मंडनमिश्रशर्मा ।
दिगंतविश्रांतयशा विजेयो यस्मिञ्जिते सर्वमिदं जितं स्यात् ॥ ११३ ॥

[3]આપને અદ્વૈત માર્ગનો પ્રકાશ કરવાની ઈચ્છા હોય તો દિશાઓના છેડાઓ સુધી પ્રખ્યાત કીર્ત્તિવાળા મંડનમિશ્ર નામના મહા પંડિતને વાદથી જીતો. એ પંડિતને જીતી લેવાથી સઘળું જગત્ જીતાએલું થશે. ૧૧૩.

सदा वदन्योगपदं च सांप्रतं स विश्वरूपः प्रथितो महीतले ।
महागृही वैदिककर्मतत्परः प्रवृत्तिशास्त्रे निरतः सुकर्मतः ॥ ११४ ॥

સર્વદા કર્મ માર્ગના સિદ્ધાંતને જ સાચો કહેનાર એ મહાપંડિત પૃથ્વીમાં 'વિશ્વરૂપ' એ નામથી પણ પ્રખ્યાત છે, ઉત્તમ ભાગ્યના યોગથી મોટો ગૃહસ્થ છે, વેદોક્તકર્મો કરવામાં તત્પર છે અને પ્રવૃત્તિના શાસ્ત્રમાં જ રુચિવાળો છે. ૧૧૪.

निवृत्तिशास्त्रे नकृतादरः स्वयं केनाप्युपायेन वशं स नीयताम् ।
वशं गते तत्र भवेन्मनोरथस्तदंतिकं गच्छतु मा चिरं भवान् ॥ ११५ ॥

---

૧ આ વિષે પદ્મપુરાણના ઉત્તરખંડમાં શિવપ્રતિ વિષ્ણુએ નીચે પ્રમાણે કહ્યું છેઃ—

"षडक्षरमहामन्त्रं तारकं ब्रह्म उच्यते । ये भजन्ति च मां भक्त्या तेषां मुक्तिर्न संशयः ॥
रामाय नम इत्येवमुच्चार्य्यं मन्त्रमुत्तमम् । सर्वदुःखहरञ्चैतत् पापिनामपि मुक्तिदम् ॥
इमं मन्त्रं जपन्नित्यममलस्त्वं भविष्यसि । भस्मास्थिधारणाद्यस्तु सम्भूतश्चाशुचिस्त्वयि ॥
मङ्गलं तदभूत् सर्वं मन्मन्त्रोच्चारणात् शुभात् । त्वमप्यनेन श्रीराम तारकाख्येन मन्त्रतः ॥
भूत्वा काश्यां विश्वनाथो मदाज्ञापरिपालकः। कृत्वा मुक्तान् जीवमात्रान् मानुषादीन् परं पदम् ॥
अन्यत् किन्ते भयं मन्त्रप्रभावात् प्रापयिष्यसि । इति सन्दिश्य मां विष्णुर्विससर्ज्ज मरुद्गणान् ॥"

છ અક્ષરવાળા મહામંત્રને તારક એવો બ્રહ્મમંત્ર કહે છે. એ મંત્રવડે કરીને જે કોઈ ભક્ત મારી ભક્તિ કરે છે તે નિઃસંશય મોક્ષને પામે છે. "ॐ रामाय नमः।" એ પ્રકારે એ ઉત્તમ મંત્રનો ઉચ્ચાર કર્યાં કરે છે તો તેના સઘળાં દુઃખનો નાશ થાય છે અને પાપી હોય તે પણ એ મંત્રના ઉચ્ચારથી મુક્તિને પામે છે. ભસ્મ, અસ્થિ આદિ અપવિત્ર વસ્તુઓને ધારણ કરવાથી જે તારામાં અશુચિપણું છે તે આ મંત્રનો નિત્ય જપ કરવાથી તે સર્વ પવિત્ર થશે. તમે આ શ્રીરામતારક નામના મંત્રના બળવડે મારી આજ્ઞાનું પાલન કરતાં કાશિમાં વિશ્વનાથરૂપે સર્વનું પાલન કરશો અને માનુષાદિ સર્વ જીવોને છોડાવીને પરમપદને પમાડશો તો આ મંત્રના પ્રભાવથી કોઈ પ્રકારનું બીજું ભય થવાનો તમને સંભવ જ ક્યાંથી? એ પ્રકારે વિષ્ણુએ મને કહિને વાયુના ગણોને રજા આપી.

તેમ જ આ વિષે પદ્મપુરાણના ઉત્તરખંડમાં રામપ્રતિ શિવનું વચન નીચે પ્રમાણે છેઃ—

"मुमूर्षोर्मणिकर्ण्यान्तु अर्द्धोदकनिवासिनः । अहं दिशामि ते मन्त्रं तारकं ब्रह्मवाचकम् ॥
ओं श्रीरामरामरामेत्येतत्तारकमुच्यते । अतस्त्वं जानकीनाथ! परंब्रह्म विनिश्चितम् ॥"

મણિકર્ણિકાના ઘાટમાં છાતીસમા જળમાં ઉભા રહેલા મોક્ષની ઈચ્છાવાળા પુરુષને બ્રહ્મરૂપ તારકમંત્રનો હું ઉપદેશ કરૂંછું તે "ॐ श्रीरामरामरामः।" એ જ તારકમંત્ર છે અને એટલામાટે હે જાનકીનાથ! તમે નિશ્ચય પરંબ્રહ્મરૂપ છો.

૨ કાશીમાં પ્રાણિમાત્રને મરવાના સમયમાં સદાશિવ તારકમંત્રનો ઉપદેશ કરે છે કે જેથી પ્રાણિઓને મુક્તિ થાય છે એમ શ્રુતિમાં કહ્યું છે અને પુરાણોમાં પણ પ્રસિદ્ધ છે. ૩ અદ્વૈત માર્ગ પ્રકાશ કરવાનેવાસ્તે મને વાદથી જીતી લેવા આવ્યા હતા એમ જાણી લઇને કહે છે. ૪ ઉપજાતિ.

એ મંડનમિશ્ર કે જે પોતે નિવૃત્તિ શાસ્ત્રનો કદી આદર કરતો નથી તેને કોઈ પણ ઉપાયથી આપ વશ કરો. એ વશ થશે એટલે આપનો જે મનોરથ છે તે સિદ્ધ થશે. માટે આપ તેની પાસે પધારો. વિલંબ નહિ કરો. ૧૧૫.

उंवेकं इत्यभिहितस्य हि तस्य लोकैरुंवेति बांधवजनैरभिधीयमाना ।
हेतोः कुतश्चिदिह वाक्सुरुषाऽभिशप्ताद्दुर्वाससाऽजनि वधूर्द्रयभारतीति ॥ ११६ ॥

એ મંડનમિશ્ર કે જેને લોકો પ્રાકૃત નામથી 'ઉંવેક' કહે છે તેની બાંધવ લોકોથી 'ઊંવા' એ નામથી કહેવાતી 'દ્રયભારતી' નામની સ્ત્રી છે. સરસ્વતી દેવીને કોઈ કારણે દુર્વાસાએ ક્રોધથી મનુષ્ય લોકમાં જન્મવાનો શાપ દીધો હતો તેથી તે દેવી અહિં જન્મેલ છે અને મંડનમિશ્રની સ્ત્રી થએલ છે. ૧૧૬.

सर्वासु शास्त्रसरणीषु स विश्वरूपो मत्तोऽधिकः प्रियतमश्च मदाश्रवेषु ।
तत्प्रेयसीं शमधनेंद्र विधाय साक्ष्ये वादे विजित्य तमिमं वशकं विधेहि ॥ ११७ ॥

હે મુનિઓના ઇંદ્ર! એ વિશ્વરૂપ (મંડનમિશ્ર) સઘળા શાસ્ત્રોના માર્ગોમાં મારાથી અધિક વિદ્વાન્ છે અને મારા સઘળા શિષ્યોમાં મને અત્યંત પ્રિય છે. એટલા માટે તેની સ્ત્રીને સાક્ષી રાખી તે(મંડનમિશ્ર)ને વાદમાં જીતી લઇને વશ કરો. ૧૧૭.

तेनैव तावककृतिष्वपि वार्त्तिकानि कर्मंदिवर्यतम कारय माविलंबम् ।
त्वं विश्वनाथ इव मे समये समागास्तत्तारकं समुपदिश्य कृतार्थयेथाः ॥ ११८ ॥

હે સંન્યાસીઓમાં સર્વોત્તમ! આપે કરેલાં ભાષ્ય ઉપર પણ તેના હાથથી જ વાર્ત્તિકો કરાવો, વિલંબ નહિ કરો. મારા આ સમયમાં જેમ વિશ્વનાથ પધારે તેમ આપ પધાર્યા છો, માટે મને તારકમંત્રનો ઉપદેશ કરીને કૃતાર્થ કરો. ૧૧૮.

निर्व्याजकारुण्य मुहूर्तमात्रमत्र त्वया भाव्यमहं तु यावत् ।
योगींद्रहृत्पङ्कजभाग्यमेतत्त्यजाम्यसून् रूपमवेक्षमाणः ॥ ११९ ॥

હે નિઃસ્વાર્થ દયાવાળા! મોટામોટા યોગીઓના હૃદયકમલોના [3]ભાગ્યરૂપ આ આપના સ્વરૂપનું દર્શન કરતાં કરતાં હું પ્રાણનો ત્યાગ કરૂં ત્યાંસુધી અહિં જરા વાર રહેવાની દયા કરશો જ.[4]" ૧૧૯.

इत्यूचिवांसमिममिद्धसुखप्रकाशं ब्रह्मोपदिश्य बहिरंतरपास्तमोहम् ।
तन्वन्दयानिधिरसौ तरसाऽभ्रमार्गाच्छ्रीमण्डनस्य निलयं स इयेष गंतुम् ॥ १२० ॥

એ પ્રમાણે કુમારિલભટ્ટે વિજ્ઞપ્તિ કરતાં દયાના ભંડારરૂપ એ શ્રીશંકરાચાર્યે તેને સચ્ચિદાનંદરૂપ બ્રહ્મનો ઉપદેશ કરી તે દ્વારા તેને સ્થૂલ તથા સૂક્ષ્મ સઘળા મોહોથી રહિત કરીને તુરત આકાશમાર્ગથી મંડનમિશ્રને ઘેર જવાની ઇચ્છા કરી. ૧૨૦.

अथ गिरमुपसंहृत्याऽऽदराद्भट्टपादः शमधनपतिनाऽसौ बोधिताद्वैततत्त्वः ।
प्रशमितममतः संस्तत्प्रसादेन सद्यो विदलदखिलबंधो वैष्णवं धाम पेदे ॥ १२१ ॥

---

૧ વસંતતિલકા. ૨ ઉપજાતિ. ૩ 'યોગીઓ જેનું ધ્યાન કરે છે' એમ વિવક્ષિત હતું તેને 'યોગીઓના હૃદયકમલોના ભાગ્યરૂપ' એવા રમણીય આકારમાં ગોઠવ્યું છે માટે પર્યાયોક્ત અલંકાર થયો છે.—જુવો આ સર્ગના શ્લોક ૧૦૪થાની ટીકા. ૪ 'હે સ્વાર્થવગરની દયાવાળા' એ સંબોધનરૂપ વિશેષણ 'આપ અહિં જરાવાર રહેવાની દયા કરશો જ' એવા અભિપ્રાયવાળું છે માટે પરિકર અલંકાર થયો છે.—જુવો આ સર્ગના શ્લોક ૧૧૦માની ટીકા. ૫ વસંતતિલકા. ૬ માલિની.

શાંતિરૂપી ધનવાળા સંન્યાસીઓના અધિપતિ શ્રીશંકરાચાર્યે પ્રેમપૂર્વક જેને અદ્વૈતતત્ત્વનો બોધ કર્યો એવા ભટ્ટપાદ તે પછી પોતાનું બોલવું બંધ કરી સઘળી મમતાઓને છોડી દઇ શ્રીશંકરાચાર્યના પ્રસાદને લીધે તુરત જ સંસાર સંબંધી સઘળા બંધોથી મુક્ત થઇને વિષ્ણુના ધામને પ્રાપ્ત થયા. (વિદેહમુક્તિ પામ્યા.) ૧૨૧.

इति श्रीमाधवीये तद्व्याससंदर्शचित्रगः ।
संक्षेपशंकरजये सर्गोऽसौ सप्तमोऽभवत् ॥ ७ ॥

એ પ્રમાણે શ્રીમાધવાચાર્યે રચેલા સંક્ષેપશંકરજયમાં શ્રીશંકરાચાર્યને વ્યાસજીનાં આશ્ચર્યકારી દર્શન થવારૂપી કથાના વર્ણનસંબંધી સાતમો સર્ગ સંપૂર્ણ થયો. ૭.

अथ अष्टमः सर्गः ।

[1]अथ प्रतस्थे भगवान्प्रयागात्तन्मण्डनं पण्डितमाशु जेतुम् ।
गच्छन्खसृत्या पुरमालुलोके माहिष्मतीं मण्डनमण्डितां सः ॥ १ ॥

ભટ્ટપાદને વિષ્ણુના પદની પ્રાપ્તિ થયા પછી મહાત્મા શ્રીશંકરાચાર્ય તુરત મંડનમિશ્રને જીતવાને વાસ્તે પ્રયાગમાંથી નીકળીને આકાશ માર્ગે ચાલ્યા. ચાલતાં ચાલતાં મંડનમિશ્રે શોભાવેલી માહિષ્મતી નામની નગરી તેમના જોવામાં આવી. ૧.

[2]अवातरद्रत्नविचित्रवप्रां विलोक्य तां विस्मितमानसोऽसौ ।
पुराणवत्पुष्करवर्तनीतः पुरोपकण्ठस्थवने मनोज्ञे ॥ २ ॥

રત્નોથી વિચિત્ર અગાશીઓવાળી એ નગરીને જોઇ મનમાં વિસ્મય પામેલા શ્રીશંકરાચાર્ય એ નગરીની પાસેના રમણીય વનમાં વિષ્ણુની પેઠે આકાશમાર્ગમાંથી ઉતર્યા. ૨.

[3]प्रफुल्लराजीववने विहारी तरङ्गरिङ्गत्कणशीकरार्द्रः ।
रेवामरुत्कंपितसालमालः श्रमापहस्तं यतिनं सिषेवे ॥ ३ ॥

એ સ્થલમાં પ્રફુલ્લિત કમલોના વનમાં વિહાર કરનારો, તરંગોમાંથી ઉડતી જલની ઝીણી કણીઓથી ભીંજાએલો, સાલ નામનાં વૃક્ષોની પંક્તિને કંપાવનારો અને પરિશ્રમને મટાડનારો રેવાજીનો પવન શ્રીશંકરાચાર્યનું સેવન કરવા લાગ્યો. ૩.

[4]तस्मिन्स विश्रम्य कृताह्निकः सन्खस्वस्तिकारोहणशालिनीने ।
गच्छन्नसौ मण्डनपण्डितौको दासीस्तदीयाः स ददर्श मार्गे ॥ ४ ॥

એ વનમાં વિશ્રામ લઇ નિત્યકર્મ કરીને શ્રીશંકરાચાર્ય આકાશના મધ્યભાગમાં સૂર્ય આવ્યો તે સમયે ત્યાંથી ચાલ્યા. ત્યાં માર્ગમાં મંડનમિશ્રના ઘરની દાસીઓ તેમના જોવામાં આવી. ૪.

कुत्राऽऽलयो मण्डनपण्डितस्येत्येताः स पप्रच्छ जलाय गन्त्रीः ।
ताश्चापि दृष्ट्वाऽद्भुतशङ्करं तं संतोषवत्यो ददुरुत्तरं स ॥ ५ ॥

---

૧ ઉપજાતિ. ૨ ઉપેંદ્રવજ્ર. ૩ ઉપજાતિ. ૪ ઈન્દ્રવજ્ર.

પાણી ભરવાને વાસ્તે જતી એ દાસીઓને શ્રીશંકરાચાર્યે પૂછ્યું કે "મંડન પંડિતનું ઘર ક્યાં છે?" દર્શનમાત્રથી અદ્ભુત સુખ અપનારા તે શ્રીશંકરાચાર્યને જોઇ સંતોષ પામેલી તે દાસીઓએ નીચે પ્રમાણે ઉત્તર આપ્યું. ૫.

स्वतः प्रमाणं परतः प्रमाणं कीराङ्गना यत्र गिरं गिरंति ।
द्वारस्थनीडांतरसन्निरुद्धा जानीहि तन्मण्डनपण्डितौकः ॥ ६ ॥
फलप्रदं कर्म फलप्रदोऽजः कीराङ्गना यत्र गिरं गिरंति ।
द्वारस्थनीडांतरसन्निरुद्धा जानीहि तन्मण्डनपण्डितौकः ॥ ७ ॥
जगद्ध्रुवं स्याज्जगदध्रुवं स्यात्कीराङ्गना यत्र गिरं गिरंति ।
द्वारस्थनीडांतरसन्निरुद्धा जानीहि तन्मण्डनपण्डितौकः ॥ ८ ॥

"જે ઘરના દ્વારમાં લટકાવેલાં પાંજરાઓમાં સારી રીતે બેઠેલી પોપટોની માદાઓ 'વેદનું વચન પોતાથી જ પ્રમાણ છે કે બીજાં શાસ્ત્રોનાં વચનોના સંવાદથી પ્રમાણ છે?' એવા શાસ્ત્રાર્થ સંબંધી ભાષણો બોલ્યા કરે છે તેને મંડનમિશ્રનું ઘર છે એમ જાણજો. જે ઘરના દ્વારમાં લટકાવેલાં પાંજરાઓમાં સારી રીતે બેઠેલી પોપટોની માદાઓ 'કર્મ ફલ આપે છે કે ઇશ્વર ફલ આપે છે?' એવા શાસ્ત્રાર્થ સંબંધી વચનો બોલ્યા કરે છે તેને મંડનમિશ્રનું ઘર છે એમ જાણજો. જે ઘરના દ્વારમાં લટકાવેલાં પાંજરાઓમાં સારી રીતે બેઠેલી પોપટોની માદાઓ 'જગત્ નિત્ય છે કે અનિત્ય છે' એવા શાસ્ત્રાર્થ સંબંધી વચનો બોલ્યા કરે છે તેને મંડનમિશ્રનું ઘર છે એમ જાણજો." ૬-૭-૮.

पीत्वा तदुक्तीरथ तस्य गेहाद्गत्वा बहिः सद्म कवाटगुप्तम् ।
दुर्वेशमालोच्य स योगशक्त्या व्योमाध्वनाऽवातरदङ्गणांतः ॥ ९ ॥

એ પ્રમાણે દાસીઓનાં વચન સાંભળી મંડનમિશ્રને ઘેર જઇ તે ઘરના બહારના પ્રદેશમાં એક બીજું તેનું ઘર કે જેનાં કમાડો ભીડેલાં હતાં અને કોઈથી અંદર જઇ શકાય નહિ એમ હતું તે ઘરને જોઇ તેમાં શ્રીશંકરાચાર્ય યોગશક્તિને લીધે આકાશમાર્ગથી આંગણામાં ઉતર્યા. ૯.

तदा स लेखेंद्रनिकेतनाभं स्फुरन्मरुच्चंचलकेतनाभम् ।
समग्रमालोकत मण्डनस्य निवेशनं भूतलमण्डनस्य ॥ १० ॥

એ સમયમાં પૃથ્વીના શણગારરૂપ એ મંડનમિશ્રનું તે ઘર કે જે ઇંદ્રના ઘર જેવું લાગતું હતું અને ચાલતા પવનથી ચંચલ થએલી ધ્વજાથી શોભી રહ્યું હતું તેને સંપૂર્ણ રીતે શંકરાચાર્યે દીઠું. ૧૦.

सौधाग्रसंच्छन्ननभोवकाशं प्रविश्य तत्प्राप्य कवेः सकाशम् ।
विद्याविशेषात्तयशःप्रकाशं ददर्श तं पद्मजसन्निकाशम् ॥ ११ ॥

શંકરાચાર્યે મેડીઓનાં અગ્રોથી આકાશના અવકાશને ઢાંકી દેનારા એ ઘરમાં પ્રવેશ કરી મંડનમિશ્રની પાસે પહોચી વિદ્યાની અધિકતાને લીધે યશના પ્રકાશને પ્રાપ્ત થએલા અને બ્રહ્મા જેવા તે મંડનમિશ્રને દીઠા. ૧૧.

तपोमहिम्नैव तपोनिधानं सजैमिनिं सत्यवतीतनूजम् ।
यथाविधि श्राद्धविधौ निमन्त्र्य तत्पादपद्मान्यवनेजयंतम् ॥ १२ ॥

---

૧ આખ્યાનકી વૃત્ત. ૨ ઉપજાતિ.

એ સમયે મંડનમિશ્ર તપના ભંડારરૂપ જૈમિનિ મુનિ અને વ્યાસ મુનિને પોતાના તપના મહિમાથી જ શ્રાદ્ધના વિધિપૂર્વક નિમંત્રણ આપી તેઓનાં ચરણારવિંદોને ધોતા હતા. ૧૨.

[1]तत्रांतरिक्षादवतीर्य योगिवर्यः समागम्य यथार्हमेषः ।
द्वैपायानं जैमिनिमप्युभाभ्यां ताभ्यां सहर्षं प्रतिनंदितोऽभूत् ॥ १३ ॥

ત્યાં યોગીઓમાં ઉત્તમ શંકરાચાર્ય અંતરિક્ષમાંથી ઉતરી યથાયોગ્ય રીતે વ્યાસની સાથે તથા જૈમિનિની સાથે મળ્યા અને એઓએ આનંદ ભરેલી રીતે તેમનો સત્કાર કર્યો. ૧૩.

[2]अथ द्युमार्गादवतीर्णमंतिके मुन्योः स्थितं ज्ञानशिखोपवीतिनम् ।
संन्यास्यसावित्यवगत्य सोऽभवत्प्रवृत्तिशास्त्रैकरतोऽपि कोपनः ॥ १४ ॥

અંતરિક્ષમાંથી ઉતરી એ મુનિઓના સમીપમાં ઉભેલા અને જેમને જ્ઞાનરૂપ જ શિખા તથા જનોઈ હતાં અર્થાત્ જેને પ્રસિદ્ધ શિખા કે જનોઈ ન હતાં એવા શંકરાચાર્યને જોઈ 'આ સંન્યાસી છે' એમ જાણીને મંડનમિશ્ર જો કે પ્રવૃત્તિના માર્ગમાં જ રુચિ ધરાવનાર હતા અને તેથી [3]ધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે શ્રાદ્ધના સમયમાં તેમને કોપ કરવો યોગ્ય નહિ હતો તો પણ કોપાક્રાંત થઈ ગયા. ૧૪.

[4]तदाऽतिरुष्टस्य गृहाश्रमेशितुर्यतीश्वरस्यापि कुतूहलंभृतः ।
क्रमात्किलैवं बुधशस्तयोस्तयोः प्रश्नोत्तराण्यासुरथोत्तरोत्तरम् ॥ १५ ॥

આ સમયમાં અત્યંત કોપ પામેલા ઘરધણી મંડનમિશ્ર અને પોતે કોપથી રહિત છતાં પણ કૌતુક જોવાનું ધારતા શંકરાચાર્ય કે જેઓ બન્ને, વિદ્વાનોમાં પંકાએલા હતા તેઓ વચ્ચે અનુક્રમથી નીચે પ્રમાણે ઉત્તરોત્તર પ્રશ્નો તથા ઉત્તરો થયાં. ૧૫.

[5]कुतो मुण्ड्यागलान्मुण्डी पंथास्ते पृच्छ्यते मया ।
किमाह पंथास्त्वन्माता मुण्डेत्याह तथैव हि ॥ १६ ॥
पंथानं त्वमपृच्छस्त्वां पंथाः प्रत्याह मण्डन ।
त्वन्मातेत्यत्र शब्दोऽयं न मां ब्रूयादपृच्छकम् ॥ १७ ॥

મંડનમિશ્ર—(પૂછે છે કે) "આ [6]મુંડેલો ક્યાંથી ?"

શ્રીશંકરાચાર્ય—([7]વક્રોક્તિથી ઉત્તર આપે કે) "[8]ગળાથી ઉપરના ભાગમાં મુંડેલો છે." મારા પૂછવાનો અર્થ આના સમજવામાં આવ્યો નથી એમ જાણીને.

મંડનમિશ્ર—(પૂછે છે કે) "હું તારા માર્ગને પુછુંછું."

---

૧ ઈન્દ્રવજ્રા. ૨ ઉપજાતિ. ૩ શ્રાદ્ધમાં બ્રાહ્મણોનું નિમંત્રણ કરતી વખતે બ્રાહ્મણોને એમ કહેવામાં આવે છે કે "**अक्रोधनैः शौचपरैः सततं ब्रह्मचारिभिः । भवितव्यं भवद्भिश्च मया च श्राद्धकर्मणि ॥**"—હે બ્રાહ્મણો! તમારે નિરંતર ક્રોધથી રહિત, પવિત્રતામાં તત્પર અને બ્રહ્મચર્ય પાળનારા થવું અને હું કે જે શ્રાદ્ધ કરનાર છું તેણે પણ એ પ્રમાણે જ વર્તવું છે. ૪ વંશસ્થ. ૫ અનુષ્ટુપ. ૬ ઘર બંધ છતાં અને શ્રાદ્ધના કામમાં સંન્યાસીને જોવો અયોગ્ય છતાં આ મુંડેલો કયા માર્ગથી આવ્યો. ૭ શ્લેષથી અથવા વક્રોક્તિથી વાકયના બીજા અર્થની કલ્પના કરવી એ વક્રોક્તિ અલંકાર થાય છે. જેમકે **वक्रोक्तिः श्लेषकाकुभ्यामपरार्थत्वकल्पनम्**'–કુવલયાનંદ, કા. ૧૫૮. ૮ સંન્યાસીનું ગળાના ઉપરના ભાગમાં જ મુંડન થાય એવો વિધિ છે.

[1]શ્રીશંકરાચાર્ય—"ત્યારે માર્ગે શો ઉત્તર આપ્યો ?"

[2]મંડનમિશ્ર—"તારી મા મુંડી છે એમ માર્ગે ઉત્તર આપ્યો."

[3]શ્રીશંકરાચાર્ય—"હા! માર્ગે સાચું જ કહ્યું કે તારી મા મુંડી છે! હે મંડનમિશ્ર! તેં માર્ગને પૂછ્યું અને માર્ગે તને ઉત્તર આપ્યો તો તે ઉત્તરમાં 'તારી મા' એ શબ્દ મારી માને લાગુ ન જ પડે. કારણ કે મેં માર્ગને પૂછ્યું નહતું. ૧૬-૧૭.

अहो पीता किमु सुरा नैव श्वेता यतः स्मर ।
किं त्वं जानासि तद्वर्णमहं वर्णं भवान् रसम् ॥ १८ ॥

[4]મંડનમિશ્ર—"તેં મદિરા [5]**पीता**(પીધી)છે કે શું? કે જેથી તું વિપરીત ભાષણ કરેછે.?"

[6]શ્રીશંકરાચાર્ય—"મદિરા **पीता**(પીળી)નથી પણ ધોળી છે. સ્મરણ કરી જો."

મંડનમિશ્ર—તું મદિરાના રંગને જાણે છે કે શું? (સંન્યાસી છતાં મદિરાના રંગને જાણતો હોય તો બહુ વિરુદ્ધ છે.)"

શ્રીશંકરાચાર્ય—"હું મદિરાના રંગને જ જાણુંછું પણ તુંતો મદિરાના સ્વાદને જાણે છે. (રંગ જાણવાથી પાપી થવાતું નથી પણ સ્વાદ જાણવાથી પાપી થવાય છે.)" ૧૮.

मत्तो जातः कलञ्जाशी विपरीतानि भाषते ।
सत्यं ब्रवीति पितृवत्त्वत्तो जातः कलञ्जभुक् ॥ १९ ॥

[7]મંડનમિશ્ર—"ઝેરથી ચોપડેલા બાણથી મારેલા મૃગનું માંસ [8]ખાનાર **मत्तो जातः** (ઘેલો થઈ ગયો છે) તેથી વિપરીત બોલે છે."

[9]શ્રીશંકરાચાર્ય—"તું સાચું કહે છે. જે તારો દીકરો હોય તે તારી પેઠે જ ઝેરથી ચોપડેલા બાણવતે મારેલા મૃગનું માંસ ખાય અને વિપરીત પણ બોલે જ." ૧૯.

कंथां वहसि दुर्बुद्धे गर्दभेनापि दुर्वहाम् ।
शिखायज्ञोपवीताभ्यां कस्ते भारो भविष्यति ॥ २० ॥

[10]મંડનમિશ્ર—"હે દુષ્ટ બુદ્ધિવાળા! તું ગધેડાથી પણ ભાર ઉપાડી શકાય એવી કંથાનું ધારણ કરે છે ત્યારે તને શિખા અને યજ્ઞોપવીત રાખવાથી શો ભાર પડવાનો હતો? (તું થોડા ભારની બીકથી મોટો ભાર ઉપાડે છે માટે દુર્બુદ્ધિ છે.")) ૨૦.

कंथां वहामि दुर्बुद्धे तव पित्राऽपि दुर्भराम् ।
शिखायज्ञोपवीताभ्यां श्रुतेर्भारो भविष्यति ॥ २१ ॥

૧ 'હું તારા માર્ગને પૂછું છું' એટલે તું કયા માર્ગથી આવ્યો એમ મંડનમિશ્રના પૂછવાનો અર્થ છે તેનો અવળો અર્થ કલ્પીને શંકરાચાર્ય કહે છે. ૨ મંડનમિશ્ર વિપરીત કલ્પના કરેલી જોઈ કોપથી શંકરાચાર્યને ગાળ દે છે. ૩ શંકરાચાર્ય મંડનમિશ્રે દિધેલી ગાળને યુક્તિથી તેના ઉપર જ લાગુ પાડે છે. ૪ મંડનમિશ્ર અત્યંત ક્રોધથી કહે છે. ૫ સંસ્કૃત વ્યાકરણની રીતિ પ્રમાણે '**पीता**' શબ્દના પીધી અને પીળી એ બન્ને અર્થ છે. ૬ અવળી રીતે **पीता** એ શબ્દનો પીળી એ અર્થ લઈને શંકરાચાર્ય કહે છે. ૭ વિપરીત વચનો સાંભળી ક્રોધાંધ થઇને મંડનમિશ્ર કહે છે. ૮ એવા મૃગનું માંસ ખાવું એ પાપ છે એવું ધર્મશાસ્ત્રમાં લખ્યું છે. ૯ '**मत्तो जातः**' એ શબ્દનો સંસ્કૃત વ્યાકરણની રીતિ પ્રમાણે 'મારો દીકરો' એવો અર્થ પણ થઈ શકે છે માટે તે અર્થને લઇને શંકરાચાર્ય આવું બોલે છે. ૧૦ મંડનમિશ્ર બીજા પ્રકારથી શંકરાચાર્ય ઉપર દૂષણ મુકે છે.

[1]શ્રીશંકરાચાર્ય—"હે દુષ્ટ બુદ્ધિવાળા! તારા બાપથી પણ ન ઉપાડી શકાય એવી કંથાનું ધારણ કરૂંછું પણ શિખાનું તથા યજ્ઞોપવીતનું ધારણ કરતો નથી તેનું કારણ એ છે કે જો એ શિખા તથા યજ્ઞોપવીતને ધારણ કર્યાં હોત તો વેદની શ્રુતિ ઉપર ભાર પડત. (જે દિવસે વૈરાગ્ય થાય તે દિવસે જ સંન્યાસ લેવો. સંન્યાસીએ ભગવાં પહેરવાં, મુંડિત થવું તથા શિખા કે યજ્ઞોપવીત આદિ કશો પરિગ્રહ રાખવો નહિ) એવી [2]શ્રુતિની આજ્ઞા છે."૨૧.

त्यक्त्वा पाणिगृहीतीं स्वामशक्त्या परिरक्षणे ।
शिष्यपुस्तकभारेच्छोर्व्याख्याता ब्रह्मनिष्ठता ॥ २२ ॥

[3]મંડનમિશ્ર—"રક્ષણ કરવાની અશક્તિને લીધે જ પોતાની સ્ત્રીનો ત્યાગ કરીને તું કે જેણે શિષ્યોના અને પુસ્તકોના ભારની ઇચ્છા કરી છે તેનું બ્રહ્મનિષ્ઠપણું જાણ્યું જાણ્યું! ૨૨.

गुरुशुश्रूषणालस्यात्समावर्त्य गुरोः कुलात् ।
स्त्रियः शुश्रूषमाणस्य व्याख्याता कर्मनिष्ठता ॥ २३ ॥

[4]શ્રીશંકરાચાર્ય—"તું કે જેણે ગુરુની સેવા કરવામાં આલસ્યને લીધે બ્રહ્મચર્યાશ્રમ પૂરો કરી સ્ત્રીઓનું સેવન કરવાની ઇચ્છાથી જ અગ્નિહોત્ર આદિ કર્મોમાં નિષ્ઠા રાખી છે તેનું કર્મનિષ્ઠપણું પણ જાણ્યું જાણ્યું! ૨૩.

स्थितोऽसि योषितां गर्भे ताभिरेव विवर्धितः ।
अहो कृतघ्नता मूर्ख कथं ता एव निंदिसि ॥ २४ ॥

મંડનમિશ્ર—"હે મૂર્ખ! તું સ્ત્રીઓના ગર્ભમાં જ રહ્યો હતો અને તને સ્ત્રીઓએ જ ઉછેરેલો છે તે છતાં તું સ્ત્રીઓની જ નિંદા કેમ કરે છે? આમ કરવાથી તારૂં કૃતઘ્નપણું સ્પષ્ટ જણાઈ રહ્યું છે." ૨૪.

यासां स्तन्यं त्वया पीतं यासां जातोऽसि योनितः ।
तासु मूर्खतम स्त्रीषु पशुवद्रमसे कथम् ॥ २५ ॥

શ્રીશંકરાચાર્ય—"હે મહામૂર્ખ! તેં જેઓનું દૂધ પીધું છે તથા જેઓની યોનિથી જ તું ઉત્પન્ન થયો છે તે સ્ત્રીઓમાં જ પશુની પેઠે તું કેમ રમણ કરે છે?" ૨૫.

वीरहत्यामवाप्तोऽसि वह्नीनुद्वास्य यत्नतः ।
आत्महत्यामवाप्तस्त्वमविदित्वा परं पदम् ॥ २६ ॥

મંડનમિશ્ર—"તેં જાણી જોઈને પ્રયત્ન પૂર્વક અગ્નિહોત્રનો ત્યાગ કર્યો છે માટે તને '**वीरहा वा एष देवानां योऽग्नीनुद्वासयति**' એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે ઇંદ્રની હત્યા કર્યા જેવું પાપ લાગ્યુ છે."

---

૧ જે પુરુષ સ્ત્રીઓથી તિરસ્કાર પામવા છતાં પણ સ્ત્રીઓનો પ્રસંગ છોડે નહિ અને સંન્યાસ ન લે તે ગધેડો જ કહેવાય તો એવી રીતના ગધેડાપણાનો મંડનમિશ્રના બાપ ઉપર આરોપ મુકીને શંકરાચાર્ય કહે છે. ૨ '**यदहरेव विरजेत्तदहरेव प्रव्रजेत् । अथ परिव्राड्विवर्णवासा मुंडोऽपरिग्रहः ।**' '**ब्रह्मचर्याद्वा गृहाद्वा वनाद्वा ।**' '**संन्यास्य श्रवणं कुर्यात् ।**', '**न कर्मणा न प्रजया धनेन त्यागेनैके अमृतत्वमानशुः ।**' ઇત્યાદિ શ્રુતિઓ એ પ્રમાણે જ કહે છે. ૩ શિખાનો, યજ્ઞોપવીતનો તથા સ્ત્રી આદિનો ત્યાગ કરી સંન્યાસ લીધા વિના બ્રહ્મનિષ્ઠપણું સિદ્ધ થતું નથી એવો શંકરાચાર્યનો અભિપ્રાય જાણીને મંડનમિશ્ર ડાંડાઇથી હાંસી કરતાં કહે છે. ૪ મંડનમિશ્રનું કર્મનિષ્ઠપણાનું અભિમાન તોડવાને વાસ્તે, તેણે પોતાના ઉપર જે દોષ મુકયો તેવા જ પ્રકારનો દોષ તેના ઉપર મુકે છે.

શ્રીશંકરાચાર્ય—"તું પરમપદરૂપ આત્માને જાણ્યાવિના રહ્યો છે માટે તને એ આત્મહત્યા લાગી છે.[1]" ૨૬.

दौवारिकान्वंचयित्वा कथं स्तेन वदागतः ।
भिक्षुभ्योऽन्नमदत्वा त्वं स्तेनवद्भोक्ष्यसे कथम् ॥ २७ ॥

[2]**મંડનમિશ્ર**—"તું દ્વારપાલોને છેતરીને ચોરની પેઠે અહિં કેમ આવ્યો?"

શ્રીશંકરાચાર્ય—"સંન્યાસીઓને અન્ન આપ્યા વિના તું [3]ચોરની પેઠે કેમ જમે છે?" ૨૭.

कर्मकाले न संभाष्य अहं मूर्खेण संप्रति ।
अहो प्रकटितं ज्ञानं यतिभङ्गेन भाषिणा ॥ २८ ॥

મંડનમિશ્ર—"તું કે જે મૂર્ખ તેણે આ શ્રાદ્ધ કરવાના સમયમાં હવે મને બોલાવવો નહિ."

શ્રીશંકરાચાર્ય—"અહો! સંસ્કૃત વાક્યમાં **संभाष्य** અને **अहं** એ બે પદોનો **संभाष्योहं** એવો શુદ્ધ સંધિ કરીને બોલવું યોગ્ય હતું તેને બદલે શ્લોકના ચરણને અંતે વિરામતિ અનુકૂલતાને વાસ્તે **संभाष्य अहं** એવો ખોટો સંધિ કરીને પદોના યોગ્ય સમાગમનો ભંગ કર્યો તો એ યતિભંગ દોષ કહેવાય માટે એટલા દોષવાળું ભાષણ કરીને તેં તારૂં શાસ્ત્રજ્ઞપણું ઠીક પ્રકટ કર્યું." ૨૮.

यतिभङ्गे प्रवृत्तस्य यतिभङ्गो न दोषभाक् ।
यतिभङ्गे प्रवृत्तस्य पश्चम्यंतं समस्यताम् ॥ २९ ॥

[4]**મંડનમિશ્ર**—"હું યતિભંગમાં જ પ્રવર્ત્તેલોછું માટે યતિભંગમાં મને કશો બાધ નથી."

---

૧ શ્રુતિમાં કહ્યું છે કે '**असन्नेव स भवत्यसद्ब्रह्मेति वेद चेत् ।**'—જે બ્રહ્મને અસત્ જાણે છે તે પોતે જ અસત્ છે અને તેથી કરીને તે આત્મહત્યા કરનાર થાય છે. શ્રુતિમાં કહ્યું છે કે '**असूर्या नाम ते लोका अन्धेन तमसाऽऽवृताः । तांस्ते प्रेत्याभिगच्छंति ये के चाऽऽत्महनो जनाः ॥**'—જેઓ પોતાને ખુશ કરે છે (એટલે જેઓ અવિદ્યાને લીધે આત્માનું અસ્તિત્વ સ્વીકારતા નથી) તેઓ આ દેહ છોડ્યા પછી પ્રકાશ વિનાના અને અજ્ઞાનરૂપી અંધારાથી ઘેરાએલા અસુર લોકમાં જાય છે. તેમને આત્મહત્યા કરનાર કહે છે. સ્મૃતિમાં કહ્યું છે કે, '**अन्यथा संतमात्मानं योऽन्यथा प्रतिपद्यते । किं तेन न कृतं पापं चौरेणात्मापहारिणा ॥**'—આત્માનું ખરૂં સ્વરૂપ ન જાણતાં જે અન્યથા પ્રતિપાદન કરે છે એવા તે આત્માપહરણ કરનાર ચોરે કયું પાપ નથી કર્યું? ૨ શંકરાચાર્યે વચનોની ચાતુરીથી દબાવેલો મંડનમિશ્ર બીજા પ્રકારથી શંકરાચાર્ય ઉપર આરોપ મુકે છે. ૩ ચોર કોને કહેવો તેની વ્યાખ્યા ભગવદ્‌ગીતા, અધ્યાય ૩, શ્લોક ૧૨માં નીચે પ્રમાણે છેઃ— '**इष्टान्भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः । तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः ।**'—યજ્ઞોથકી વૃદ્ધિ પમાડેલા દેવો તમને ઇષ્ટભોગ અવશ્ય વૃદ્ધિદ્વારા આપશે. તેઓએ આપેલા અન્નાદિ ભોગ્યપદાર્થોને, પંચયજ્ઞદ્વારા દેવતાઓને આપ્યાવિના જે ભોગવે છે તેને ચોર જાણવા. બ્રહ્મચારી અને સંન્યાસી એઓ રંધાએલાં અન્નોના ધણી છે માટે ગૃહસ્થે તેઓને ભિક્ષા આપ્યા પછી જ જમવું જોઇએ. તે વિના જમે તો દોષ લાગે છે. '**यतिश्च ब्रह्मचारी च पक्वान्नस्वामिनावुभौ । तयोरन्नमदत्वा तु भुक्त्वा चांद्रायणं चरेत् ।**'—એવું સ્મૃતિમાં કહ્યું છે તે ઉપરથી સિદ્ધ થાય છે કે સંન્યાસીઓ કે જેઓ રાંધેલા અન્નોના માલિક છે તેઓને અન્ન આપ્યા વિના જમવું એ ચોરના જેવું કામ છે. ૪ યતિભંગ શબ્દનો 'સંન્યાસીનો પરાજય' એવો બીજો અર્થ પણ વ્યાકરણની રીતિ પ્રમાણે થઇ શકે છે માટે તે અર્થની કલ્પના લઇને મંડનમિશ્ર વક્રોક્તિથી કહે છે.

શ્રીશંકરાચાર્ય—"(યતિભંગ કરવામાં જ પ્રવર્ત્તેલો છું) એ તારા વાક્યમાં 'યતિનો' એટલે સંન્યાસીનો, 'ભંગ' એટલે 'પરાજય' એવો ષષ્ઠી સમાસનો અર્થ નહિ લેવો પણ 'યતિથી' એટલે સંન્યાસીથી, 'ભંગ' એટલે પરાજય એવો પંચમી સમાસનો અર્થ લેવો." ૨૯.

क्व ब्रह्म क्व च दुर्मेधाः क्व संन्यासः क्व वा कलिः ।
स्वाद्वन्नभक्ष्यकामेन वेषोऽयं योगिनां धृतः ॥ ३० ॥

[1]**મંડનમિશ્ર**—"બ્રહ્મ ક્યાં અને વિષયાસક્ત બુદ્ધિવાળો પુરુષ ક્યાં! તેમ જ સંન્યાસ ક્યાં અને કલિયુગ ક્યાં! તેં તો મીઠાંમીઠાં અન્નો ખાવાની ઇચ્છાથી જ આ સંન્યાસીઓનો વેષ ધર્યો છે." ૩૦.

क्व स्वर्गः क्व दुराचारः क्वाग्निहोत्रं क्व वा कलिः ।
मन्ये मैथुनकामेन वेषोऽयं कर्मिणां धृतः ॥ ३१ ॥

[2]**શ્રી**શંકરાચાર્ય—"સ્વર્ગ ક્યાં અને દુરાચાર ક્યાં! તેમ જ અગ્નિહોત્ર ક્યાં અને કલિયુગ ક્યાં! હું ધારૂં છું કે તેં મૈથુનની લાલચથી જ આ કર્મકાંડીઓનો વેષ ધર્યો છે." ૩૧.

[3]**इत्यादिदुर्वाक्यगणं ब्रुवाणे रोषेण साहंकृतिविश्वरूपे ।**
श्रीशंकरे वक्तरि तस्य तस्योत्तरं च कौतूहलतश्च चारु ॥ ३२ ॥
[4]**तं मंडनं सस्मितजैमिनीक्षितं व्यासोऽब्रवीज्जल्पसि वत्स दुर्वचः ।**
आचारणा नेयमनिंदितात्मनां ज्ञातात्मतत्त्वं यमिनं धुतैषणम् ॥ ३३ ॥
[5]**अभ्यागतोऽसौ स्वयमेव विष्णुरित्येव मत्वाशु निमंत्रय त्वम् ।**
इत्याश्रवं ज्ञातविधिं प्रतीतं सुध्यग्रणीः साध्वशिषन्मुनिस्तम् ॥ ३४ ॥

એ પ્રમાણે **મંડન**મિશ્ર અહંકાર ભરેલી રીતે ઘણાં ઘણાં [6]દુર્વચનો બોલતો હતો અને **શંકરાચાર્ય** કૌતુકને લીધે તે તે વચનોના સુંદર પ્રત્યુત્તરો આપતા હતા તે સમયમાં **જૈમિનિ** મંદહાસ્યપૂર્વક જેની સામે જોતા હતા એવા **મંડનમિશ્રને વ્યાસે** કહ્યું કે "હે પુત્ર! આત્માના

---

૧ જો કે '**अग्निहोत्रं गवालंभं संन्यासं पलपैतृकम् । देवराच्च सुतोत्पत्तिः कलौ पंच विवर्जयेत् ।**'–અગ્નિહોત્ર, મધુપર્કમાં ગાયનો વધ, સંન્યાસ, માંસથી શ્રાદ્ધ અને નિયોગના વિધિ પ્રમાણે દીયરના વીર્યથી પુત્રની ઉત્પત્તિ કરવી એ પાંચ ક્રિયાઓનો કળિયુગમાં ત્યાગ કરવો. એવું ધર્મશાસ્ત્રમાં પ્રથમ સામાન્ય વચન કહીને પછી '**यावद्वर्णविभागोऽस्ति यावद्वेदः प्रवर्त्तते । संन्यासं चाग्निहोत्रं च तावत्कुर्यात् कलौ युगे ॥**'–જ્યાંસુધી વર્ણોનો વિભાગ છે અને વેદ પ્રવર્તે છે ત્યાંસુધી કળિયુગમાં અગ્નિહોત્ર તથા સંન્યાસ લેવાં. એવી રીતે અગ્નિહોત્રની તથા સંન્યાસની છૂટ આપી છે તોપણ પહેલા સામાન્ય વચન ઉપર જ આધાર રાખીને **મંડન**મિશ્ર કહે છે.—જુઓ **ધર્મસિંધુ**, ત્રીજો પરીચ્છેદ, પૂર્વાર્દ્ધ પૃષ્ઠ ૧૧૭.
૨ **શંકરાચાર્યે** પણ એ સામાન્ય વચન ઉપર જ આધાર રાખીને **મંડન**મિશ્રને દૂષણ દે છે. ૩ ઉપજાતિ. ૪ ઇંદ્રવંશા. ૫ ઇંદ્રવજ્રા. ૬ "**किं जडो जडता देहे भौतिके न चिदात्मनि । किमभाग्योऽसि यत्यर्चारहितोऽभाग्य उच्यते ॥ किं दूषकोऽसि पापेन दूषितो जायते नरः । चोरैरप्याश्रितः किं त्वं स तु षड्वर्गपीडितः ॥ अप्रार्थितः किमर्थं त्वं समायातो गृहे मम । तव भाग्यवशाद्विष्णुरहमत्र समागतः॥**"—**પ્રશ્ન**—તું શું જડ છું? **ઉત્તર**—પંચમહાભૂતથી થયેલા દેહને વિશે જડપણું છે. ચૈતન્યરૂપ આત્મામાં નથી. **પ્રશ્ન**—તું શું અભાગિયો છું? **ઉત્તર**—ના. જે લોકોમાં પૂજાતો નથી તે અભાગિયો કહેવાય છે. **પ્રશ્ન**—તું શું પાપે કરીને દૂષિત થયેલો છું? **ઉત્તર**—પુરુષ દૂષિત તો હોય જ છે. **પ્રશ્ન**—શું તું ચોર લોકોનો આશ્રિત છે? **ઉત્તર**—તે ચોરો ષડ્વર્ગથી પીડિત જ છે. **પ્રશ્ન**—મારી આજ્ઞા વિના મારા ઘરમાં તું કેમ આવ્યો? **ઉત્તર**—તારા ભાગ્યવશથી હું પોતે જ **વિષ્ણુ** અહિં આવેલો છું.

તત્ત્વનો સાક્ષાત્કાર કરનારા અને સઘળી તૃષ્ણાઓનો ત્યાગ કરનારા સંન્યાસીને આવાં દુર્વચનો કહેવાં એ ભલાં માણસોની રીત નથી. આ સાક્ષાત્ વિષ્ણુ જ પધાર્યા છે એમ માનીને તું તુરત એમને નિમંત્રણ દે." સુબુદ્ધિ પુરુષોમાં અગ્રણી વેદવ્યાસે વિધિને જાણનારા અને પોતાની આજ્ઞામાં રહેનારા તે પ્રખ્યાત મંડનમિશ્રને એ પ્રમાણે સારી પેઠે શીખામણ દીધી. ૩૨-૩૩-૩૪.

अथोपसंस्पृश्य जलं स शांतः ससंभ्रमं मण्डनपण्डितोऽपि ।
व्यासाज्ञया शास्त्रविदर्चयित्वा न्यमंत्रयद्भैक्ष्यकृते महर्षिम् ॥ ३५ ॥

એ પ્રમાણે વ્યાસનાં વચન સાંભળી શાસ્ત્રોને જાણનારા તે મંડનમિશ્ર પંડિતે શાંત થઈ જલનું આચમન લઇ વ્યાસની આજ્ઞાથી આદરપૂર્વક શંકરાચાર્યનું પૂજન કરી ભિક્ષાને વાસ્તે તેમને નિમંત્રણ આપ્યું. ૩૫.

स चाब्रवीत्सौम्य विवादभिक्षामिच्छन्भवत्सन्निधिमागतोऽस्मि ।
साऽन्योन्यशिष्यत्वपणा प्रदेया नास्त्यादरः प्राकृतभक्तभैक्ष्ये ॥ ३६ ॥
मम न किंचिदपि ध्रुवमीप्सितं श्रुतिशिरःपथविस्तृतिमंतरा ।
अवहितेन मखेष्ववधीरितः स भवता भवतापहिमद्युतिः ॥ ३७ ॥
जयति संप्रति तं प्रथयाम्यहं समभिभूय समस्तविवादिनम् ।
त्वमपि संश्रय मे मतमुत्तमं विगद वा वद वाऽस्मि जितस्त्विति ॥ ३८ ॥

મંડનમિશ્રે ભિક્ષાનું નિમંત્રણ આપતાં શંકરાચાર્યે કહ્યું કે "હે સૌમ્ય! હું વિવાદરૂપી ભિક્ષા લેવાની ઇચ્છાથી તમારી પાસે આવ્યો છું માટે હું હારી જાઉં તો મારે તમારા શિષ્ય થવું અને તમે હારી જાઓ તો તમારે મારા શિષ્ય થવું એવી સરત કરીને તમારે એ વિવાદરૂપી ભિક્ષા મને આપવી જોઇએ. જુનો ભાત ખાવારૂપ ભિક્ષા ઉપર મને પ્રેમ નથી. [3]વેદાંતના માર્ગનો વિસ્તાર કરવાની જ મારી ઇચ્છા છે. એ વિના બીજા કશાની પણ મારે ઇચ્છા નથી. તમે કે જે યજ્ઞો કરવામાં જ સાવધાન રહેનાર છો તેમણે સંસારનો તાપ મટાડવામાં ચંદ્રની તુલ્યતા ધરાવનારા એ વેદાંત માર્ગનો તિરસ્કાર કરેલો છે. સઘળા વિવાદિઓનો પરાભવ કરીને હું હમણા જગત્માં એ વેદાંત માર્ગનો વિસ્તાર કરૂંછું તો તમે પણ એ મારા ઉત્તમ મતનો આશ્રય કરો, અથવા મારી સાંથે વિવાદ કરો અને તેમ નહિ તો 'હાર્યો' એમ કહો." ૩૬-૩૭-૩૮.

इति यतिप्रवरस्य निशम्य तद्वचनमर्थवदागतविस्मयः ।
परिभवेन नवेन महायशाः स निजगौ निजगौरवमास्थितः ॥ ३९ ॥

એ પ્રમાણે અર્થવાળું શંકરાચાર્યનું વચન સાંભળી એ અપૂર્વ તિરસ્કારથી વિસ્મય પામેલા મહાયશસ્વી મંડનમિશ્રે પોતાની મોટાઇને વળગી રહીને નીચે પ્રમાણે વચનો કહ્યાં. ૩૯.

अपि सहस्रमुखे फणिनामके न विजितस्त्विति जातु फणत्ययम् ।
न च विहाय मतं श्रुतिसम्मतं मुनिमते निपतेत्परिकल्पिते ॥ ४० ॥

"હજાર મુખવાળા શેષનાગ વાદ કરવા આવે તો તેમની પાસે પણ આ મંડનમિશ્ર

---

૧ ઉપજાતિ. ૨ દ્રુતવિલંબિત. ૩ સંન્યાસીને વાદ કરવાનો ધર્મશાસ્ત્રમાં જે નિષેધ છે તે પોતાની પ્રખ્યાતીને વાસ્તે વાદ કરવાનો નિષેધ છે પણ લોકોનું જેથી કલ્યાણ થાય એવો વાદ કરવાનો નિષેધ નથી એવા અભિપ્રાયથી શંકરાચાર્ય કહે છે. સંન્યાસીએ વાદ ન કરવો એવું પ્રમાણ છે. જુઓ 'वादवादांस्त्यजेत्तर्कान्न पक्षं कंचनाऽऽश्रयेत् ।'

(હું) કદી પણ 'હરાયો.' એમ કહેનાર નથી અને શ્રુતિઓએ સ્વીકારેલા કર્મકાંડના સિદ્ધાંતને છોડીને વેરાગીઓના કપોલકલ્પિત મતમાં પડનાર નથી. ૪૦.

अपि कदाचिदुदेष्यति कोविदः सरसवादकथाऽपि भविष्यति ।
इति कुतूहलिनो मम सर्वदा जयमहोऽयमहो स्वयमागतः ॥ ४१ ॥

અહો! હું કે જે કોઈ સમયે કોઈ પણ મહાપંડિત ઉદય પામશે અને તેની સાથે મારે રસ ભરેલો વિવાદ પણ થશે એવી રીતનું સર્વદા કૌતુક જ રાખી બેઠોછું તેને આજ જયનો ઉત્સવ પોતાની મેળે જ પ્રાપ્ત થયો છે. ૪૧.

भवतु संप्रति वादकथाऽऽवयोः फलतु पुष्कलशास्त्रपरिश्रमः ।
उपनता स्वयमेव न गृह्यते नवसुधा वसुधावसथेन किम् ॥ ४२ ॥

આપણા બે વચ્ચે વાદની ચર્ચા હમણાં ભલે ચાલે કે જેથી અનેક શાસ્ત્રોમાં કરેલો પરિશ્રમ સફલ થાય. જે અપૂર્વ અમૃત પોતાની મેળે જ પ્રાપ્ત થાય તેને પૃથ્વીમાં રહેનારો માણસ ન સ્વીકારે કે? સ્વીકારે જ. ૪૨.

अयमहं यमहंतुरपि स्वयं शमहिता मयि तावकसद्गिराम् ।
सुकलहं कलहंसकलाभृतां दिश सुधांशुसुधामलसत्तनो ॥ ४३ ॥

હે ચંદ્રના સુંદર તેજની પેઠે શોભતા શરીરવાળા સંન્યાસી! હું કે જે નિરીશ્વરવાદી મીમાંસક હોવાથી ઈશ્વરનું પણ ખંડન કરનાર છું તેની પાસે, કલહંસના નાદ જેવી મધુરતા ધરાવનારી તમારી ઉત્તમ વાણીનો જે કોઇ ઉત્તમ કજિયો હોય તેનો પ્રકાશ કરો. ૪૩.

अपि तु दुर्हृदयस्मयकाननक्षतिकठोरकुठारधुरंधरा ।
न पटुता मम ते श्रवणांतिकं ननु गताऽनुगताखिलदर्शना ॥ ४४ ॥

હું ધારૂંછું કે દુષ્ટ વાદીઓના ગર્વરૂપી વનને કાપવામાં કઠોર કુવાડા જેવી અને જેમાં સઘળાં શાસ્ત્રો અનુસ્યૂત છે એવી મારી ચાતુરી તમારા કાનપર આવી જ નથી કે જેથી તમે મારી પાસેથી વિવાદરૂપી ભિક્ષા માંગોછો. ૪૪.

अत्यल्पमेतद्भवतेरितं मुने भैक्ष्यं प्रकुर्वे यदि वाददित्सुता ।
गतोद्य मोऽहं श्रुतवादवार्तया चिरेप्सितेयं वदिता न कश्चन ॥ ४५ ॥

હે મુને! તમારે વાદ કરવાની ઇચ્છા હતી ત્યારે 'વાદરૂપી ભિક્ષા આપો' એમ કંગાલપણે માગણી કરવાની કશી જરૂર ન હતી. કારણ કે જો હું વાદની વાત સાંભળું તો કોઇની માંગણી વિના જ વાદ કરવામાં સજ્જ થાઊંછું. જો કે મને વાદ કરવાની લાંબા કાલથી ઇચ્છા છે તો પણ મને આજસુધી વાદ કરનારો કોઇ પણ મળ્યો નથી. ૪૫.

वादं करिष्यामि न संदिहेऽत्र जयाजयौ नौ वदिता न कश्चित् ।[1]
न कण्ठशोषैकफलो विवादो मिथो जिगीषू कुरुतस्तु वादम् ॥ ४६ ॥

હું વાદ કરવા સજ્જ છું. વાદ કરવામાં મને કોઈ જાતનો વાંધો નથી. પરંતુ આપણા વચ્ચે વિવાદ ચાલતાં 'આ જીત્યો અને આ હાર્યો' એમ કહેનારો મધ્યસ્થ કોઇ નથી. વાદીઓ પરસ્પરને જીતી લેવાની ઇચ્છાથી વાદ કરે છે માટે તે વાદ, જેમાંથી કંઠનાં શોષણરૂપી જ ફલ નિકળે એવો નહિ હોવો જોઇએ. ૪૬.

૧ ઉપજાતિ.

वादे हि वादिप्रतिवादिनौ द्वौ विपक्षपक्षग्रहणं विधत्तः । आ. ६. ८६
का नौ प्रतिज्ञा वदतोश्च तस्यां किं मानमिष्टं वद कः स्वभावः ॥ ४७ ॥
कः पार्ष्णिकोऽहं गृहमेधिसत्तमस्त्वं भिक्षुराजो वदतामनुत्तमः । प्रा.भिक्षो. आ. ६. ८७
जयाजयौ नौ सपणौ विधीयतां ततः परं साधु वदाव सुस्मितौ ॥ ४८ ॥

વાદી અને પ્રતિવાદી એ બન્નેમાં એક વિપક્ષનું ગ્રહણ કરે અને બીજો પક્ષનું ગ્રહણ કરે એવી વાદની મર્યાદા છે માટે આપણા વાદના વિષયમાં શી પ્રતિજ્ઞા છે, તે પ્રતિજ્ઞામાં કયું પ્રમાણ લેવું તમને પ્રિય છે અને તેમાં કોને મધ્યસ્થ રાખવો છે? એ સઘળું કહો. તમારો શો અભિપ્રાય છે? હું ગૃહસ્થાશ્રમવાળાઓમાં ઉત્તમ છું અને તમે કે જે વાદ કરનારાઓમાં અતિશ્રેષ્ઠ છો તે સંન્યાસીઓમાં ઉત્તમ છો માટે પ્રથમ આપણા જય અને પરાજયની કાંઇક સરત કરવી જોઇએ કે જે થયા પછી આપણે હસતે મોહોડે સારી રીતે વિવાદ ચલાવીએ. ૪૭-૪૮.

अद्यातिधन्योऽस्मि यदार्यपादो मया सहाभ्यर्थयते विवादम् ।
भविष्यते वादकथाऽपरेद्युर्माध्याह्निकं संप्रति कर्म कुर्याम् ॥ ४९ ॥

અહો! આજ હું અત્યંત ભાગ્યશાળી થયો છું કે જેથી આપ મારી સાથે વિવાદની માંગણી કરો છો. વિવાદ સંબંધી ચર્ચા આવતી કાલે કરીશું. હમણાં તો મને મધ્યાન્હ સંબંધી નિત્યકર્મ કરવાની આજ્ઞા આપો." ૪૯.

तथेति सूक्ते स्मितशङ्करेण भविष्यते वादकथा श्व एव ।
तत्साक्षिभावं व्रजतं मुनींद्रावित्यर्थयद्वादरिजैमिनी सः ॥ ५० ॥

શંકરાચાર્યે હસતા મોહોડાથી તે વાતનો સ્વીકાર કરતાં મંડનમિશ્રે વ્યાસ અને જૈમિની એઓની પ્રાર્થના કરી કે "હે મહામુનિઓ! આવતી કાલે વાદ સંબંધી ચર્ચા ચાલશે માટે તેમાં આપે બન્નેજણાઓએ મધ્યસ્થ રહેવું." ૫૦

विधाय भार्यां विदुषीं सदस्यां विधीयतां वादकथा सुधींद्र ।
इत्थं सरस्वत्यवतारताज्ञौ तद्धर्मपत्न्यास्तमभाषिषाताम् ॥ ५१ ॥

'મંડનમિશ્રની ધર્મપત્ની, સરસ્વતીનો અવતાર છે' એમ જાણતા એ બે મુનિઓએ મંડનમિશ્રને કહ્યું કે "હે વિદ્વાનોના શિરોમણિ! તમારી ભાર્યા કે જે મહાપંડિતા છે તેને મધ્યસ્થ રાખીને વાદ સંબંધી ચર્ચા કરજો." ૫૧.

अथानुमोद्याभिहितं मुनिभ्यां समण्डनार्यः प्रकृतं चिकीर्षुः ।
आनर्च्य दैवोपगतान्मुनींद्रानग्नीनिव त्रीन्मुनिशेखरांस्तान् ॥ ५२ ॥

મુનિઓની એ આજ્ઞાને સ્વીકારી લઈ શ્રાદ્ધની ક્રિયા ચલાવવાને ઇચ્છતા એ મંડનપંડિતે સારા ભાગ્યના યોગથી પ્રાપ્ત થએલાએ ત્રણે મહાત્મા મુનિઓ(વ્યાસ, જૈમિનિ અને શંકરાચાર્ય)ની જેમ ત્રણ અગ્નિઓ(દક્ષિણાગ્નિ, ગાર્હપત્ય અને આહવનીય)ની પૂજા કરવામાં આવે છે તેમ પૂજા કરી. ૫૨.

भुक्त्वोपविष्टस्य मुनित्रयस्य श्रमापनोदाय तदीयशिष्यौ ।
अतिष्ठतां पार्श्वगतौ बटू द्वौ स चामरौ वीजनमाचरंतौ ॥ ५३ ॥

ત્રણે મુનિઓ ભોજન કરીને બેસતાં તેઓના શ્રમને મટાડવા વાસ્તે મંડનમિશ્રના બે શિષ્યો હાથમાં ચામર લઈ ગુપચુપ રીતે પડખામાં બેસી પવન નાંખવા લાગ્યા. ૫૩.

अथ क्रियांते किल सूपविष्टास्त्र्यंतवेद्यार्थविदस्त्रयोऽमी ।
अमंत्रयंश्चारु परस्परं ते मुहूर्तमात्रं किमपि प्रहृष्टाः ॥ ५४ ॥

શ્રાદ્ધ સંબંધી સઘળી ક્રિયા પૂરી થયા પછી સારી રીતે બેસીને વેદાંતવેદ્ય પરમાત્માને જાણનારા એ ત્રણે મુનિઓએ થોડીવારસુધી સુંદર રીતે આનંદથી પરસ્પરમાં કાંઇક વિચાર કર્યો. ૫૪.

तेषां द्विजेंद्रालयनिर्गतानामदर्शनं जग्मतुरञ्जसा द्वौ ।
रेवातटे रम्यकदंबसाले देवालयेऽवस्थितवांस्तृतीयः ॥ ५५ ॥

પછી એ ત્રણે મુનિઓ મંડનમિશ્રના ઘરમાંથી નીકળતાં તેઓમાંથી બે મુનિઓ તુરત અંતર્હિત થઈ ગયા અને ત્રીજા શંકરાચાર્ય જેમાં કદંબો અને સાલવૃક્ષો રમણીય હતા એવા રેવાજીના તટ ઉપરના દેવાલયમાં રહ્યા. ૫૫.

[1] इति स यतिवरेण्यो दैवयोगाद्गुरूणामितरजनदुरापं दर्शनं प्राप्य हृष्टः ।
तदुदितवचनानि श्रावयन्नात्मशिष्याननयदमृततुल्यान्यात्मवित्तां त्रियामाम् ॥ ५६ ॥

બીજા લોકોને ન મળે એવાં ગુરુઓ(વ્યાસ તથા જૈમિનિ)નાં દર્શનને દૈવયોગથી પ્રાપ્ત થઇ રાજી થએલા આત્મવેત્તા શંકરાચાર્યે દેવાલયમાં સ્થિતિ કરી પોતાના શિષ્યોને તેઓએ કહેલાં અમૃતતુલ્ય વચનો સંભળાવતાં સંભળાવતાં રાત્રિ વ્યતીત કરી. ૫૬.

[2] प्रातः शोणसरोजबांधवरुचिप्रद्योतिते व्योमनि
प्रख्यातः स विधाय कर्म नियतं प्रज्ञावतामग्रणीः ।
साकं शिष्यवरैः प्रपद्य सदनं सन्मण्डितं माण्डनम्
वादायोपविवेश पण्डितसभामध्ये मुनिर्ध्येयवित् ॥ ५७ ॥

પ્રાતઃકાલમાં સૂર્યની કાંતિથી આકાશ પ્રકાશિત થતાં બુદ્ધિમાન્ પુરુષોમાં અગ્રણી અને બ્રહ્મને જાણનારા એ પ્રખ્યાત શ્રીશંકરાચાર્યે સ્નાન આદિ નિત્યકર્મ કરી લઇ મંડનમિશ્રનું ઘર કે જેને ઘણા સજ્જનોએ શોભાવેલું હતું ત્યાં ઉત્તમ શિષ્યોની સાથે જઇને પંડિતોની સભાના મધ્યમાં વાદ કરવાને વાસ્તે બીરાજ્યા. ૫૭.

[3] ततः समादिश्य सदस्यतायां सधर्मिणीं मण्डनपण्डितोऽपि ।
स शारदां नाम समस्तविद्याविशारदां वादसमुत्सुकोऽभूत् ॥ ५८ ॥

પછી મંડનમિશ્ર પણ સઘળી વિદ્યાઓમાં વિચક્ષણતા ધરાવનારી પોતાની ઉભયભારતી નામની સ્ત્રીને મધ્યસ્થ રહેવાની આજ્ઞા કરીને વાદ કરવામાં અત્યંત ઉત્સુક થયો. ૫૮.

पत्या नियुक्ता पतिदेवता सा सदस्यभावे सुदती चकाशे ।
तयोर्विवेक्तुं श्रुततारतम्यं समागता संसदि भारतीव ॥ ५९ ॥

પતિએ મધ્યસ્થ થવામાં જોડેલી સુંદર દાંતવાળી એ પતિવ્રતા ઉભયભારતી પોતાના પતિના તથા શંકરાચાર્યના શાસ્ત્રાર્થમાં ન્યૂનાધિકપણાનું વિવેચન કરવાને વાસ્તે સાક્ષાત્ સરસ્વતીની પેઠે સભામાં આવીને બેઠી. ૫૯.

प्रवृद्धवादोत्सुकतां तदीयां विज्ञाय विज्ञः प्रथमं यतींद्रः ।
परावरज्ञः स परावरैक्यपरां प्रतिज्ञामकरोत्स्वकीयाम् ॥ ६० ॥

---

૧ માલિની છંદ. ૨ શાર્દૂલવિક્રીડિત છંદ. ૩ ઉપેન્દ્રવજ્રા.

પરાયા અભિપ્રાયને જાણનારા અને જીવના તથા ઈશ્વરના અભેદના નિશ્ચયવાળા શ્રીશંકરાચાર્યે મંડનમિશ્રનું વાદમાં અત્યંત ઉત્સુકપણું જાણીને પ્રથમ જીવની તથા ઈશ્વરની એકતા વિષે પોતે નીચેપ્રમાણે પ્રતિજ્ઞા કરી. ૬૦.

ब्रह्मैकं[1] परमार्थसच्चिदमलं विश्वप्रपञ्चात्मना
शुक्ती रूप्यपरात्मनेव बहलाज्ञानावृतं भासते ।
तज्ज्ञानान्निखिलप्रपंचनिलया स्वात्मव्यवस्था परम्
निर्वाणं जनिमुक्तमभ्युपगतं मानं श्रुतेर्मस्तकम् ॥ ६१ ॥

'વાસ્તવિક સત્ય, ચૈતન્ય અને નિર્મળ એક બ્રહ્મ જ અનાદિસિદ્ધ અજ્ઞાનથી આવૃત થવાને લીધે, જેમ છીપ રૂપા રૂપે પ્રતીત થાય છે તેમ સઘળા પ્રપંચરૂપે પ્રતીત થાય છે. એ બ્રહ્મને જાણવાથી જેમાં સર્વ પ્રપંચનો તથા પ્રપંચના કારણથી ભૂત અજ્ઞાનનો લય થાય છે એવી જે સ્વરૂપસ્થિતિ થાય છે તેને જ અમે જન્મમરણાદિકથી રહિત પરમ મુક્તિ માનીએ છીએ અને તેમ માનવામાં વેદના મસ્તકરૂપ વેદાંતો (ઉપનિષદો) પ્રમાણ[2] છે. ૬૧.

बाढं[3] जये यदि पराजयभागहं स्यां संन्यासमङ्गपरिहृत्य कषायचैलम् ।
शुक्लं वसीय वसनं द्वयंभारतीयं वादे जयाजयफलप्रतिदीपिकास्तु ॥ ६२ ॥

હે મંડનમિશ્ર! જો કે આ વાદમાં મારી જીત જ થવાની છે તો પણ કદાચ જો હું હારી જઈશ તો આ કષાય વસ્ત્રવાળા સંન્યાસનો ત્યાગ કરીને ધોળાં વસ્ત્ર પહેરીશ. આ વાદમાં જય અને પરાજયરૂપ ફલનો પ્રકાશ આ ઉભયભારતીએ કરવો.' ૬૨.

इत्थं[4] प्रतिज्ञां कृतवत्युदारां श्रीशंकरे भिक्षुवरे स्वकीयाम् ।
स विश्वरूपी गृहमेधिवर्यश्चक्रे प्रतिज्ञां स्वमतप्रतिष्ठाम् ॥ ६३ ॥

એ પ્રમાણે સંન્યાસીઓમાં ઉત્તમ શંકરાચાર્યે પોતાની ઉદાર પ્રતિજ્ઞા કરતાં તે પછી ગૃહસ્થોમાં ઉત્તમ મંડનમિશ્ર પંડિતે પોતાના મતની દૃઢતાવાળી નીચે પ્રમાણે પોતાની પ્રતિજ્ઞા કરી. ૬૩.

वेदांता[5] न प्रमाणं चितिवपुषि पदे तत्र संगत्ययोगा-
त्पूर्वो भागः प्रमाणं पदचयगमिते कार्यवस्तुन्यशेषे ।
शब्दानां कार्यमात्रं प्रति समधिगता शक्तिरभ्युन्नतानां
कर्मभ्यो मुक्तिरिष्टा तदिह तनुभृतामायुषः स्यात्समाप्तेः ॥ ६४ ॥

'ચૈતન્યરૂપ પરબ્રહ્મ કે જે કાર્યોના સંબંધથી રહિત છે તેમાં શબ્દોની શક્તિ લાગુ પડવાનો અસંભવ હોવાને લીધે તે પરબ્રહ્મમાં ઉપનિષદો પ્રમાણ નથી. પદોના સમૂહરૂપ વાક્યોએ જણાવેલા સઘળાં યજ્ઞાદિક કર્મોમાં વેદનો વેદાંતોથી પહેલાનો ભાગ પ્રમાણ છે. પ્રસિદ્ધિ પામેલા ઘટ આદિ શબ્દોની શક્તિ કાર્ય પદાર્થોમાં જ રહેલી છે. કર્મો કરવાથી જ મુક્તિ મળે છે અને તે અગ્નિહોત્ર આદિ કર્મો મનુષ્યોએ પોતાના આયુષ્યની સમાપ્તિ પર્યંત કરવાં જોઈએ એમ માનીએ છિયે. ૬૪.

वादे[6] कृतेऽस्मिन्यदि मे जयान्यस्त्वयोदितात्स्याद्विपरीतभावः ।
येयं त्वयाऽभूद्गदिता प्रसाक्ष्ये जानाति चेत्सा भविता वधूर्मे ॥ ६५ ॥

---

૧ શાર્દૂલવિક્રીડિત. ૨ 'एकमेवाद्वितीयम्' । 'सत्यं ज्ञानमनन्तम्' । 'विज्ञानमानन्दं ब्रह्म' । 'सर्वं खल्विदं ब्रह्म' । 'वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यं' । 'तरति शोकमात्मवित्' । 'तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः' । 'ब्रह्म वेद ब्रह्मैव भवति' । 'न स पुनरावर्तते न स पुनरावर्तते' इत्यादि । ૩ વસંતતિલકા. ૪ ઉપજાતિ. ૫ સ્રગ્ધરાછંદ. ૬ ઉપજાતિ.

આ વાદ કરતાં જો મારો પરાજય થશે તો હું આ ધોળાં વસ્ત્રોવાળા ગૃહસ્થાશ્રમને છોડી દઇને કષાય (ભગવાં) વસ્ત્ર પહેરીશ. આ વાદમાં જયનો તથા પરાજયનો નિર્ણય કરવાને વાસ્તે તમે આ મારી સ્ત્રીને મધ્યસ્થ રહેવાનું કહ્યું છે તો હું પણ એ વિષયમાં એને જ મધ્યસ્થ સ્વિકારૂં છું.' ૬૫.

[1]जेतुः पराजित इहाऽऽश्रममाददीतेत्येतौ मिथः कृतपणौ यतिविश्वरूपौ ।
अंबामुदारधिषणामभिषिच्य साक्ष्ये जल्पं वितेनतुरथो जयदत्तदृष्टी ॥ ६६ ॥

પછી શંકરાચાર્ય અને મંડનમિશ્ર પરસ્પરમાં 'જે હારી જાય તે જીતનારનો આશ્રમ લે' એવી પાકી સરત કરી લઇ, ઉદાર બુદ્ધિવાળી ઉભયભારતીને મધ્યસ્થ સ્થાપી, જીતવા ઉપર દૃષ્ટિ રાખીને વાદ કરવા લાગ્યા. ૬૬.

आवश्यकं परिसमाप्य दिनेदिने तौ वादं समं व्यतनुतां किल सर्ववेदौ ।
एवं विजेतुमनसोरुपविष्टयोस्तां मालां गले न्यधित सोभयभारतीयम् ॥ ६७ ॥

સઘળાં શાસ્ત્રોને જાણનારા એ બે મહાપંડિતો દિવસે દિવસે પોતાની નિત્યક્રિયાને કરી લઇ તે પછી વાદનો વિસ્તાર કરવા લાગ્યા. એ પ્રમાણે પરસ્પરને જીતી લેવાની ઇચ્છાથી સામસામા બેઠેલા એ બે પંડિતોના ગળામાં તે ઉભયભારતી પુષ્પોની એક એક માલા પહેરાવી રાખતી હતી. ૬૭.

माला यदा मलिनभावमुपैति कण्ठे यस्यापि तस्य विजयेतरनिश्चयः स्यात् ।
उक्त्वा गृहं गतवती गृहकर्मसक्ता भिक्षाशनेपि चरितुं गृहिमस्करिभ्याम् ॥ ६८ ॥

'જેના ગળામાં જ્યારે માલા કરમાઇ જાય ત્યારે તેના પરાજયનો નિશ્ચય થયો એમ સમજવું' એટલું બોલીને ઘરના કામકાજમાં આસક્તિવાળી તે ઉભયભારતી પોતાના પતિને વાસ્તે ભોજન તૈયાર કરવા માટે અને શ્રીશંકરાચાર્ય કે જે સંન્યાસી હતા તેમને વાસ્તે ભિક્ષા તૈયાર કરવા માટે ઘરમાં જતી હતી. ૬૮.

अन्योन्यसंजयफले विहितादरौ तौ वादं विवादपरिनिर्णयमातनिष्टाम् ।
ब्रह्मादयः सुरवरा अपि वाहनस्थाः श्रोतुं तदीयसदनं स्थितवंत ऊर्ध्वम् ॥ ६९ ॥

પરસ્પરને જીતી લેવારૂપ ફલમાં અત્યંત આસક્તિ ધરાવતા એ બે પંડિતો વાદ કરતા હતા અને તે સમયમાં તે વાદનો નિર્ણય સાંભળવા માટે બ્રહ્મા આદિ મોટા દેવતાઓ પોતપોતાનાં વાહનોપર બેસીને મંડનમિશ્રના ઘરમાં અંતરિક્ષમાં ઉભા રહેતા હતા. ૬૯.

[2]ततस्तयोरास महान्विवादः सदस्यविश्राणितसाधुवादः ।
स्वपक्षसाक्षीकृतसर्ववेदः परस्परस्यापि कृतप्रमोदः ॥ ७० ॥

પછી તે બે પંડિતો વચ્ચે મોટો વિવાદ ચાલવા લાગ્યો, સભાસદો 'વાહવાહ' કહેવા લાગ્યા, પોતપોતાના પક્ષમાં સઘળા વેદોની સાક્ષીઓ દેવાવા લાગી અને તેથી બન્ને પંડિતોને પરસ્પરથી આનંદ થવા લાગ્યો. ૭૦.

[3]दिने दिने चाधिगतप्रकर्षो भूरीभवत्पण्डितसन्निकर्षः ।
अन्योन्यभङ्गाहिततीव्रतर्षस्तथाऽपि दूरीकृतजन्यमर्षः ॥ ७१ ॥

દિવસે દિવસે એ વિવાદમાં વધારો થવા લાગ્યો, ઘણા ઘણા પંડિતો વાદ સાંભળવા સારૂ મળવા લાગ્યા, બન્ને પંડિતોને પરસ્પરનો પરાજય કરવાની તીવ્ર તૃષ્ણા વધવા લાગી અને તેમ છતાં પણ જેથી યુદ્ધ થઇ પડે એવો ક્રોધ દૂર જ રહેવા લાગ્યો. ૭૧.

---

૧ વસંતતિલકા. ૨ ઉપેન્દ્રવજ્રા. ૩ ઉપજાતિ.

दिने दिने वासरमध्यमे सा ब्रूते पतिं भोजनकालमेव । • ६.१००
समेत्य भिक्षुं समयं च भैक्ष्ये दिनान्यभूवन्निति पञ्चषाणि ॥ ७२ ॥

ઉભયભારતી દિવસે દિવસે મધ્યાન્હ સમયે સભામાં આવીને પોતાના પતિ મંડનમિશ્ર તથા શ્રીશંકરાચાર્યને અનુક્રમે કહેતી હતી કે 'ભોજન' અને 'ભિક્ષા'નો સમય થયો છે. આ પ્રમાણે કરતાં પાંચ છ દિવસ નીકળી ગયા. ૭૨.

[1]अन्योन्यमुत्तरमखण्डयतां प्रगल्भं बद्धासनौ स्मितविकासिमुखारविन्दौ । ६.१०१
न स्वेदकम्पगगनेक्षणशालिनौ वा न क्रोधवाक्छलमवादि निरुत्तराभ्याम् ॥ ७३ ॥

સામસામાં દૃઢ આસન કરીને બેઠેલા અને જેઓનાં મુખારવિંદો મંદહાસ્યથી પ્રફુલ્લિત રહેતાં હતાં એવા એ શ્રીશંકરાચાર્ય અને મંડનમિશ્ર પ્રૌઢ રીતે એક બીજાના ઉત્તરોનું ખંડન કરતા હતા પણ એમાંથી કોઇને પરસેવો નહિ આવતો હતો, કંપ નહિ થતો હતો, ઉત્તરનું સ્મરણ કરવાને વાસ્તે આકાશમાં જોવું નહિ પડતું હતું અને નિરુત્તર થઇને ક્રોધથી છલ ભરેલાં વચનો પણ બોલવાં નહિ પડતાં હતાં. ૭૩.

[2]ततो यतिक्ष्माभृदवेक्ष्य दार्ढ्यं क्षोदक्षमं तस्य विचक्षणस्य ।
चिक्षेप तं क्षोभितसर्वपक्षं विद्वत्समक्षाप्रतिभातकक्ष्यम् ॥ ७४ ॥

પછી અદ્‌ભુત વિચક્ષણતા ધરાવનારા એ મંડનમિશ્રની ચાતુરી સૂક્ષ્મ વિચારની અત્યંત રીસને ખમી શકે એવી જોવામાં આવતાં શ્રીશંકરાચાર્યે સઘળા પક્ષોને ગરબડાવી નાખનારા તે મંડનમિશ્રને વિદ્વાનોની સભામાં તેને કોઇ પણ કોટીઓ સ્ફુરે જ નહિ એવી રીતે પૂછવા માંડયું. ૭૪.

ततः स्वसिद्धान्तसमर्थनाय प्रागल्भ्यहीनोऽपि स सभ्यमुख्यः ।
जगाद वेदान्तवचः प्रसिद्धमद्वैतसिद्धान्तमपाकरिष्णुः ॥ ७५ ॥

આમ થવાથી સભાસદોમાં મુખ્ય એ મંડનમિશ્ર પંડિત પોતાના સિદ્ધાંતનું સમર્થન કરવામાં પોતાની પ્રૌઢતા શિથલ થયા છતાં પણ વેદાંતોનાં વચનોથી પ્રસિદ્ધ અદ્વૈત સિદ્ધાંતનું ખંડન કરવાને વાસ્તે નીચે પ્રમાણે બોલ્યોઃ ૭૫.

[3]भो भो यतिक्ष्माधिपते भवद्भिर्जीवेशयोर्वास्तवमैकरूप्यम् ।
विशुद्धमङ्गीक्रियते हि तत्र प्रमाणमेवं न वयं प्रतीमः ॥ ७६ ॥

મંડનમિશ્ર—"હે સંન્યાસીઓના રાજા! તમો જીવનું તથા ઇશ્વરનું વાસ્તવિક અને શુદ્ધ એકરૂપપણું સ્વીકારોછો પણ તેમાં એવી રીતનું કોઇ પ્રમાણ હોય એમ અમો જાણતા નથી." ૭૬.

स प्रत्यवादीदिदमेव मानं यच्छ्वेतकेतुप्रमुखान्विनेयान् ।
उद्दालकाद्या गुरवो महांतः संग्राहयंत्यात्मतया परेशम् ॥ ७७ ॥

શ્રીશંકરાચાર્ય—"ઉદ્દાલક આદિ મહાત્મા ગુરુઓએ શ્વેતકેતુ આદિ શિષ્યોને **'तत्त्वमसि श्वेतकेतो'** શ્વેતકેતુ! તે તું જ છે" ઇત્યાદિક વચનોથી 'પરમાત્મા જીવાત્માનું સ્વરૂપ છે' એમ સમજાવેલું છે તો તે વચનો અમારા મતમાં પ્રમાણભૂત છે.[4]" ૭૭.

---

૧ વસંતતિલકા છંદ. ૨ ઉપજાતિ. ૩ આ શ્રુતિ સામવેદના છાંદોગ્ય ઉપનિષદ્‌ની છે. ૪ આવી રીતે જ યાજ્ઞવલ્કય મુનિએ બૃહદારણ્યક ઉપનિષદ્‌માં જનક રાજાને કહ્યું છે કે **'अभयं वै जनक प्राप्तोऽसि तदाऽऽत्मानमेवावेदाहं ब्रह्मास्मीति तस्मात्तत्सर्वमभवत् । तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥'** —હે જનકરાજા! તું અભયપદને પામ્યો છે. પોતાના આત્માને જ હું બ્રહ્મછું એમ તું જાણી ચુકયો છે. આમ થવાથી સઘળું બ્રહ્મરૂપ થઈ ગયું. જેને પરમાત્માની તથા જીવાત્માની એકતા જોવામાં આવી તેને શો મોહ છે અને શો શોક છે? કશું નથી.

[1]वेदावसानेषु हि तत्त्वमादिवचांसि जप्तान्यघमर्षणानि ।
हुंफण्मखानीव वचांसि योगिन्नैषां विवक्षाऽस्ति कुहश्चिदर्थे ॥ ७८ ॥

મંડનમિશ્ર—"હે યોગી! ઉપનિષદોમાં '**तत्त्वमसि श्वेतकेतो**' ઇત્યાદિ જે વચનો છે તેઓ તો **हुंफट्** ઇત્યાદિ મંત્રોની પેઠે, પાપોને મટાડવાને વાસ્તે માત્ર જપ કરવામાં જ ઉપયોગી છે પણ તે વચનોમાં કોઇ અમુક અર્થની વિવક્ષા (કહેવાની ઇચ્છા) છે જ નહિ." ૭૮.

[1]अर्थाप्रतीतौ किल हुंफडादेर्जपोपयोगित्वमभाणि विज्ञैः ।
अर्थप्रतीतौ स्फुटमत्र सत्यां कथं भवेत्प्राज्ञ जपार्थतैव ॥ ७९ ॥

શ્રીશંકરાચાર્ય—"**हुंफट्** આદિ મંત્રોમાં કોઈ અર્થ જ પ્રતીત થતો નથી તેથી તે મંત્રો જપમાં જ ઉપયોગી છે એમ વિદ્વાનોએ કહ્યું છે. પણ હે [2]વિદ્વાન્! આ '**तत्त्वमसि**' આદિ વાક્યોમાં તો અર્થ સ્ફુટ રીતે પ્રતીત થાય છે તે છતાં 'એ વાક્યો કેવલ જપ કરવાને વાસ્તે જ છે' એમ શી રીતે ઠરાવી શકાય ? ન જ ઠરાવી શકાય." ૭૯.

[3]आपाततस्तत्त्वमसीतिवाक्याद्यतीश जीवेश्वरयोरभेदः ।
प्रतीयतेऽथापि मखादिकर्तृप्रशंसया स्याद्विधिशेष एव ॥ ८० ॥

[4]મંડનમિશ્ર—"જો કે '**तत्त्वमसि**' એ વાક્યમાંથી ઉપર ઉપરથી જીવનો તથા ઈશ્વિરનો અભેદ પ્રતીત થાય છે તો પણ વાસ્તવિક જોતાં એ વાક્ય યજ્ઞ આદિ સત્કર્મ કરનારા યજમાનમાં પરમેશ્વરનો આરોપ કરીને તેની સ્તુતિ કરવાને વાસ્તે જ છે એટલે યજ્ઞાદિક કરવાનાં જે વિધિવાક્યો છે તેઓના અંગરૂપ છે પણ સ્વતંત્ર નથી.[5]" ૮૦

[6]क्रत्वङ्गयूपादिकमर्यमादिदेवात्मना वाक्यगणः प्रशंसन् ।
शेषः क्रियाकाण्डगतो यदि स्यात्काण्डान्तरस्थोऽपि भवेत्कथं सः ॥ ८१ ॥

શ્રીશંકરાચાર્ય—"યજ્ઞનાં જે ખીલા તથા પાષાણુ આદિ અંગો છે તેઓને વખાણનારાં '**आदित्यो यूपः**' '**यजमानः प्रस्तरः**' 'ખીલો સૂર્ય છે અને પાષાણુ યજમાન છે' ઇત્યાદિ વાક્યો કર્મકાંડમાં જ રહેલાં છે તેથી તેઓને [7]વિધિવાક્યોનાં અંગરૂપ ગણવાં હોય તો ગણી શકાય પણ '**तत्त्वमसि**' આદિ વાક્યો કે જેઓ કર્મકાંડથી જૂદાં જ્ઞાનકાંડમાં જ રહેલાં છે તેઓને વિધિવાક્યોમાં અંગભૂત કેમ જ ગણી શકાય ? ન જ ગણી શકાય. એટલા માટે એ વાક્યો સ્વતંત્રપણાથી જીવના તથા બ્રહ્મના વાસ્તવિક અભેદનું જ નિરૂપણુ કરવાને વાસ્તે જ છે એમ સિદ્ધ થાય છે." ૮૧.

[8]तर्ह्यस्तु जीवे परमात्मदृष्टिविधायकः कर्मसमृद्धयेऽर्हन् ।
अब्रह्मणि ब्रह्मधियं विधत्ते यथा मनोऽन्नार्कनभस्वदादौ ॥ ८२ ॥

૧ આખ્યાનકી છંદ. ૨ આ સંબોધનથી એમ સૂચવ્યું છે કે તમે વિદ્વાન્ થઇને સ્ફુટ અર્થવાળાં વાક્યોને **हुंफट्** આદિ અર્થરહિત વાક્યોના જેવાં માનો એ યોગ્ય નથી. ૩ ઉપજાતિ. ૪ **तत्त्वमसि** આદિ વાક્યો કેવલ જપમાં જ ઉપયોગી છે એ પક્ષને છોડી દઇને મંડનમિશ્ર બીજો પક્ષ પકડે છે. ૫ જેમાં પ્રવૃત્તિનો કે નિવૃત્તિનો ઉપદેશ કર્યો હોય તે જ શાસ્ત્ર કહેવાય માટે જો **तत्त्वमसि** આદિ વાક્યોમાં બ્રહ્મનું જ નિરૂપણ હોય તો બ્રહ્મ ગ્રાહ્ય કે ત્યાજ્ય નહિ હોવાને લીધે પ્રવૃત્તિનો કે નિવૃત્તિનો ઉપદેશ અસંભવિત થવાથી તે વાક્યો અશાસ્ત્ર જ ગણાય તેથી એ વાક્યોને બ્રહ્મપર નહિ માનતાં યજમાનની સ્તુતિ ઉપર લાગુ પાડી વિધિ વાક્યોનાં અંગરૂપ માનીને મીમાંસક લોકો તેઓનું શસ્ત્રપણું ગણે છે. ૬ ઇંદ્રવજ્રા. ૭ જેમાં અમુક ક્રિયા કરવી એમ કહ્યું હોય તે વિધિવાક્ય કહેવાય અને જેમાં તે ક્રિયામાં ઉપયોગી થતા પદાર્થોનાં વખાણ આદિ કર્યાં હોય તે વાક્ય વિધિવાક્યના અંગરૂપ કહેવાય એવો મીમાંસક લોકોનો સિદ્ધાંત છે. ૮ આખ્યાનકી.

મંડનમિશ્ર—"હે યોગ્ય! 'तत्त्वमसि' આદિ વાક્યોને કર્મવિધિનાં અંગરૂપ ન ગણવાં હોય ત્યારે જેમ 'मनो ब्रह्मेत्युपासीत[1]' 'अन्नमुपास्स्व[2]', 'आदित्यो ब्रह्मेत्यादेशः[3]' 'वायुर्वाव संवर्गः[4]' અને 'प्राणो वाव संवर्गः[5]' ઇત્યાદિ વાક્યો કર્મોની સારી રીતે વૃદ્ધિ કરવાને વાસ્તે મન, અન્ન, સૂર્ય, વાયુ અને પ્રાણ કે જેઓ બ્રહ્મરૂપ નથી તેઓમાં બ્રહ્મબુદ્ધિ કરીને તેઓની ઉપાસના કરવાનું વિધાન કરે છે તેમ 'तत्त्वमसि' આદિ વાક્યો પણ જીવ કે જે બ્રહ્મ નથી તેમાં બ્રહ્મબુદ્ધિ કરીને તેની ઉપાસના કરવાનું સ્વતંત્ર વિધાન કરે છે એમ માનવું જોઇએ પણ તે વાક્યો જીવને વાસ્તવિક રીતે બ્રહ્મથી અભિન્ન જણાવવાને વાસ્તે છે એમ માનવું યોગ્ય નથી." ૮૨.

संश्रूयतेऽन्यत्र[6] यथा लिङादिर्विधायको ब्रह्मविभावनाय ।
तथा विधेरश्रवणान्मनीषिन्संजाघटीत्यत्र कथं विधानम् ॥ ८३ ॥

શ્રીશંકરાચાર્ય—"હે બુદ્ધિમાન્! 'मनोब्रह्मेत्युपासीत' ઇત્યાદિ ઉપાસના સંબંધી વાક્યોમાં મન આદિ અનાત્મ પદાર્થોમાં બ્રહ્મની ભાવના કરાવવાને વાસ્તે વિધિપણાને સૂચવનારા 'लिङ्' આદિ આખ્યાન પ્રત્યયોનું[7] શ્રવણ થાય છે તેમ 'तत्त्वमसि' આદિ વાક્યોમાં તેવા આખ્યાન પ્રત્યયોનું શ્રવણ થતું નથી. માટે તે વાક્યોને વિધિરૂપ માનવાં એ કેમ સંભવે? કોઈ રીતે સંભવતું નથી, 'तत्त्वमसि' આદિ વાક્યોમાં 'असि' એટલે 'છો' ઇત્યાદિ પદોની અંદર વર્તમાનકાલને સૂચવનારા પ્રત્યયો છે પણ વિધિને સૂચવનારા પ્રત્યયો નથી. માટે તેઓને ઉપાસનાનાં વિધિવાક્ય કહેવાય જ નહિ." ૮૩.

यद्वत्प्रतिष्ठाफलदर्शनेन विधिर्यतीनां वर रात्रिसत्रे ।
प्रकल्पते तद्वदिहापि मुक्तिफलश्रुतेः कल्पयितुं स युक्तः ॥ ८४ ॥

મંડનમિશ્ર—"હે [8]સંન્યાસીઓમાં ઉત્તમ! જેમ 'प्रतितिष्ठति ह वा य एता रात्रीरुपयंति' જેઓ 'आयुर्ज्योतिः' ઇત્યાદિ વાક્યોથી વિધાન કરેલા સોમયાગોને કરે છે તેઓ પ્રતિષ્ઠા પામે છે એ વાક્યમાં 'કરે છે' એ વર્તમાનકાલનું ક્રિયાપદ છતાં પણ તેમાં પ્રતિષ્ઠારૂપ ફલ દેખાવાને લીધે તેનો જેઓને 'પ્રતિષ્ઠા પામવાની ઇચ્છા હોય તેઓએ સોમયાગો કરવા' એવો અર્થ કરીને તે વાક્યને વિધિવાક્ય ઠરાવવામાં આવે છે તેમ તમારાં બ્રહ્મવિદ્યાનાં 'ब्रह्म वेद ब्रह्मैव भवति' 'જે પુરુષ બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ જ થાય છે' એ વાક્યમાં (જાણે છે) એ વર્તમાનકાલનું ક્રિયાપદ છતાં પણ તેનાં બ્રહ્મ થવારૂપ ફલ દેખાવાને લીધે તેનો (જેને બ્રહ્મ થવાની ઇચ્છા હોય તેણે બ્રહ્મનું જ્ઞાન કરવું) એવો અર્થ કરીને તે વાક્યને વિધિવાક્ય ઠરાવવું યોગ્ય છે કે જેથી અબ્રહ્મરૂપ જીવે બ્રહ્મની ઉપાસના કરીને પોતામાં બ્રહ્મપણાનું નવું સંપાદન કરવું એમ સિદ્ધ થાય છે." ૮૪

तर्हि क्रियाजन्यतया विमुक्तिः स्वर्गादिवद्धन्त विनश्वरा स्यात् ।
उपासना कर्तुमकर्तुमन्यथा वा कर्तुमर्हा मनसः क्रियैव ॥ ८५ ॥

---

૧ મનને બ્રહ્મ માનીને ઉપાસના કરવી. ૨ અન્નને બ્રહ્મ માનીને ઉપાસના કરવી. ૩ સૂર્યને બ્રહ્મ માનીને ઉપાસના કરવી. ૪ વાયુને બ્રહ્મ માનીને ઉપાસના કરવી. ૫ પ્રાણને બ્રહ્મ માનીને ઉપાસના કરવી. ૬ ઉપજાતિ. ૭ उपासीत એ ક્રિયાપદમાં 'विधिनिमंत्रणामंत्रणाधीष्टसंप्रश्नप्रार्थनेषु लिङ्' એ ૩-૩-૧૬૧ પાણિનીય સૂત્ર પ્રમાણે વિધિ અર્થને જણાવનારો 'लिङ्' લકાર થઇને તેને 'तिप्तस्झिसिप्थस्थमिब्वस्मस्तातांझथासाथांध्वमिड्वहिमहिङ्' એ ૩-૪-૭૮ સૂત્ર પ્રમાણે 'त' આદેશ થયો છે માટે 'त' એ લિઙ્નું સ્વરૂપ જ છે. ૮ તમે સંન્યાસી હોવાથી યજ્ઞમીમાંસાને ભણ્યા નથી એમ જણાવવાને વાસ્તે આ સંબોધન છે.

શ્રીશંકરાચાર્ય—"જો મુક્તિ ઉપાસનારૂપ ક્રિયાથી થતી હોય તો સ્વર્ગ આદિની પેઠે નાશ પામનારી (અનિત્ય) થાય એ મોટો દોષ આવે છે. જ્ઞાનથી મુક્તિ થવાનો જે અમારો સિદ્ધાંત છે તેમાં એ દોષ આવતો નથી. જો કે જ્ઞાન પણ એક જાતની માનસી ક્રિયા છે તો પણ ઉપાસનારૂપ ક્રિયા અને જ્ઞાનરૂપ ક્રિયામાં મોટું અંતર છે. ઉપાસના પુરુષને આધીન હોવાથી કરવાને ન કરવાને તથા ઉલટી રીતે કરવાને પણ શક્ય છે અને જ્ઞાન તો વસ્તુને આધીન હોવાથી કશો પણ ફેરફાર કરવાને અશક્ય છે. વસ્તુને યથાર્થ રીતે જાણવી એ જ જ્ઞાનનું સ્વરૂપ છે અને ઉપાસનામાં તો કીડીમાં હાથીની ભાવના પણ થઇ શકે છે." ૮૫.

मा भूदिदं तत्त्वमसीति वाक्यमुपासनापर्यवसायि कामम् ।
किंत्वस्य जीवस्य परेण साम्यप्रत्यायिकं सत्तम बोभवीतु ॥ ८६ ॥

મંડનમિશ્ર—"હે મહાત્મા! તમારા કહેવા પ્રમાણે '**तत्त्वमसि**' એ વાક્ય ઉપાસનાને લાગુ ન પડતું હોય તો ભલે, પણ ત્યારે શું એમ માનવું કે તે વાક્ય જીવને તું ઇશ્વર સમાન છે, એમ સમજાવે છે?" ૮૬.

किं[1] चेतनत्वेन विवक्षि साम्यं सार्वज्ञसार्वात्म्यमुखैर्गुणैर्वा ।
आद्ये प्रसिद्धं न खलूपदेश्यमंते स्वसिद्धांतविरुद्धता स्यात् ॥ ८७ ॥

શ્રીશંકરાચાર્ય—"એ '**तत्त्वमसि**' વાક્ય જીવને ચેતનપણાથી ઇશ્વર સમાન ઠરાવે છે કે સર્વજ્ઞપણું અને સર્વાત્મકપણું ઇત્યાદિ ગુણોથી ઇશ્વર સમાન ઠરાવે છે? જો પહેલા પક્ષનું ગ્રહણ કરશો તો જીવમાં ચેતનપણું પ્રસિદ્ધ છે માટે શ્રુતિને તેનો ઉપદેશ કરવાની કશી જરૂર રહેતી નથી. અને બીજા પક્ષનું ગ્રહણ કરશો તો તમારા સિદ્ધાંતમાં જીવને અલ્પજ્ઞ અને [illegible] માનેલ છે તેને વિરોધ આવશે." ૮૭.

नि[2]त्यत्वमात्रेण मुने परात्मगुणोपमानैः सुखबोधपूर्वैः ।
गुणैरविद्यावृतितोऽप्रतीतैः साम्यं ब्रवीत्यस्य ततो न दोषः ॥ ८८ ॥

મંડનમિશ્ર—"જીવના સુખ અને બોધ આદિ ગુણો કે જેઓ માત્ર નિત્યપણાને લીધે પરમાત્માના ગુણો જેવા છે અને અવિદ્યારૂપ આવરણને લીધે પ્રતીત થતા નથી. તે ગુણોથી '**तत्त्वमसि**' વાક્ય જીવને ઇશ્વર સમાન કહે છે એમ માનવામાં કશો દોષ નથી." ૮૮.

यद्येवमेतस्य परत्वमेव प्रत्याययत्वत्र दुराग्रहः कः ।
त्वयैव तस्य प्रतिभासशङ्का विद्वन्नविद्यावरणान्निरस्ता ॥ ८९ ॥

શ્રીશંકરાચાર્ય—"જ્યારે તમે આ રીતે જીવને પરમાત્મા સમાન માનો છો ત્યારે હવે તેને પરમાત્મા જ માનો. પરમાત્મા ન માનવામાં શા માટે દુરાગ્રહ રાખો છો? જીવમાં જે સુખ તથા બોધ આદિ ગુણો છે તેઓ નિત્ય છે અને અવિદ્યારૂપ આવરણને લીધે જ પ્રતીત થતા નથી એટલું તો તમે પણ સ્વીકારી ગયા છો. વિદ્વાન્ થઇને જરાક વાતને વાસ્તે ખોટો આગ્રહ કરવો યોગ્ય નથી." ૮૯.

मोश्चेतनत्वेन शरीरिसाम्यमावेद्यतामस्य जगत्प्रसूतेः ।
चिदुत्थितत्वेन परोदितस्याप्यणुप्रधानप्रभृतेर्निरासः ॥ ९० ॥

મંડનમિશ્ર—"ત્યારે એમ માનો કે '**तत्त्वमसि**' વાક્ય 'જગતના કારણરૂપ પરમાત્મા ચેતનપણારૂપ ધર્મથી જીવ સમાન છે,' એમ કહે છે. આ અર્થ ઉપરથી જગત્ ચૈતન્યમાંથી ઉત્પન્ન

૧ ઇન્દ્રવજ્રા. ૨ ઉપજાતિ.

થએલ છે એમ ઠરે છે તેથી બીજા મતવાળાઓ પરમાણુને અને પ્રધાન આદિને જગત્ના કારણ રૂપ માને છે તેઓનું પણ ખંડન થાય છે એ લાભ થાય છે." ૯૦

हंतैवमस्तीति तदा प्रयोगः स्यात्त्वन्मते तत्त्वमसीति न स्यात्।
तदैक्षतेत्यत्र जडत्वशङ्काव्यावर्तनाच्चात्र पुनर्न चोद्यम्॥ ९१ ॥

શ્રીશંકરાચાર્ય—"હે **મં**ડનમિશ્ર! જો **'तत्त्वमसि'** વાક્યનો તમારા કહેવા પ્રમાણે અર્થ હોય તો **'तत्त्वमसि'** તે જગતનું કારણ તારા જેવું છે (જીવ જેવું છે) એવો વાક્યનો પ્રયોગ હોવો જોઇએ પણ **'तत्त्वमसि'** (તે જગત્નું કારણ તું છે) એવો વાક્યનો પ્રયોગ ન હોવો જોઇએ. પરમાણુ તથા પ્રધાન આદિ જગતનાં કારણ છે એ પૂર્વપક્ષનું તો **'तदैक्षत बहु स्यां प्रजायेय'** 'જે જગત્નું કારણ છે તેણે વિચાર કરયો કે હું ઘણા પ્રકારે થાઉં અને જન્મ ધરૂં' એ શ્રુતિથી પ્રથમ ખંડન થઇ ગયું છે. કારણકે પરમાણુ તથા પ્રધાન આદિ જડપદાર્થોને વિચાર કરવો જ સંભવતો નથી. આ પ્રમાણે છે તેથી તેનું આ ઉપદેશમાં ફરીથી ખંડન કરવાની કશી આવશ્યકતા રહી નથી." ૯૧.

नन्वेवमप्यैक्यपरत्वमस्य प्रत्यक्षपूर्वप्रमितिप्रकोपात्।
न युज्यते तज्जपमात्रयोगिस्वाध्यायविध्याश्रितमभ्युपेयम्॥ ९२ ॥

[1]**મં**ડનમિશ્ર—"(હું ઇશ્વર નથી) એવી જે સર્વને પ્રત્યક્ષ[2] પ્રમા છે તેથી વિરોધ આવવાને લીધે **'तत्त्वमसि'** એ વાક્ય એકતાનું નિરૂપણ કરે છે એમ કહેવું સંભવતું નથી. માટે **'स्वाध्यायोऽध्येतव्यः'** 'વેદનું અધ્યયન કરવું' એ વિધિને અનુસરીને **'तत्त्वमसि'** એ વાક્ય કેવલ જપ કરવામાં જ ઉપયોગી છે, એમ માનવું યોગ્ય છે.", ૯૨.

अक्षेण चेद्भेदमितिस्तदा स्यादभेदवादिश्रुतिवाक्यबाधः।
असन्निकर्षान्न भवेद्धि भेदप्रमैव तेनास्य कुतो विरोधः॥ ९३ ॥

શ્રીશંકરાચાર્ય—"જો પ્રત્યક્ષપ્રમા એટલે ઇંદ્રિયથી ભેદની પ્રમા થતી હોય તો અભેદને કહેનારી શ્રુતિના વચનને બાધ આવે છે. તેમ ઇંદ્રિયની પાસે ભેદની હાજરી નહિ હોવાને લીધે ઇંદ્રિયથી ભેદની પ્રમા થવી પણ સંભવતી નથી માટે શ્રુતિના વચનને બાધ શાથી આવે? નથી જ આવતો." ૯૩.

भिन्नोऽहमीशादिति भासते हि भेदस्य जीवात्मविशेषणत्वम्।
तत्सन्निकर्षोऽस्त्वथ संप्रयोगाभावोऽपि भेदेंद्रिययोर्मनीषिन्॥ ९४ ॥

મંડનમિશ્ર—"જો કે ઇંદ્રિયને અને ભેદને સંયોગ આદિ સંબંધ નથી તો પણ હે વિદ્વાન્! 'હું ઇશ્વરથી ભિન્ન છું' એ રીતે ભેદ જીવાત્માના વિશેષરૂપે પ્રતીત થાય છે તો એ વિશેષણપણારૂપ સંબંધથી ભેદની પ્રત્યક્ષ પ્રમા થઇ શકે છે. ૯૪.

अतिप्रसक्तेर्न तु केवलस्य विशेषणत्वस्य तदभ्युपेयम्।
भेदाश्रये हींद्रियसन्निकृष्टे न सन्निकृष्टत्वमिहाऽऽत्मनोऽस्ति॥ ९५ ॥

શ્રીશંકરાચાર્ય—"જો ભેદના અધિકરણરૂપ જીવને અને ઇંદ્રિયને સંયોગ આદિ સંબંધ હોય

1 એ પ્રમાણે સઘળી તરફથી રોકાઇ ગએલો **મં**ડનમિશ્ર, ચેતનપણાથી ઈશ્વરના જીવ સમાનપણાના પક્ષની પણ ઉપેક્ષા કરીને પાછો **'तत्त्वमसि'** આદિ વાક્યો કેવલ જપમાં જ ઉપયોગી છે એ પક્ષને પકડવાને વાસ્તે **શ્રી**શંકરાચાર્યના પક્ષમાં પ્રત્યક્ષ પ્રમાણથી દૂષિતપણું ઠરાવે છે. **2 યથાર્થ** જ્ઞાન,-દેહ શુદ્ધિ. 3. ઈન્દ્રવજ્ર. 4 ઉપજાતિ.

તો જ પ્રત્યક્ષપ્રમા થવી સંભવે છે પણ અહિં જીવને અને ઇન્દ્રિયને સન્નિકર્ષ નથી તેથી જી-વના વિશેષણરૂપ ભેદની માત્ર વિશેષણપણારૂપ સંબંધથી પ્રત્યક્ષપ્રમા થવી સંભવતી નથી. જો અધિકરણના સન્નિકર્ષ વિના એકલા વિશેષણની જ પ્રત્યક્ષપ્રમા થવી સંભવતી હોય તો જે ભૂત-લને આપણે દેખતા નથી તે ભૂતલમાં વિશેષણપણાથી રહેલો ઘટનો અભાવ પણ આપણને પ્રત્યક્ષ થવો જોઇએ. એવી રીતનો અતિ પ્રસંગ પ્રાપ્ત થાય છે." ૯૫

भेदाश्रयात्मेंद्रियसन्निकर्षो नेत्युक्तमेतच्चतुरं न यस्मात् ।
चित्तात्मनोर्द्रव्यतया द्वयोरप्यस्त्येव संयोगसमाश्रयत्वम् ॥ ९६ ॥

મંડનમિશ્ર—"ભેદના અધિકરણરૂપ જીવને અને ઇંદ્રિયને સંબંધ નથી એમ જે તમે કહ્યું તે યોગ્ય નથી. કારણ કે ચિત્ત પણ દ્રવ્ય છે અને જીવ પણ દ્રવ્ય છે તેથી બે દ્રવ્યનો સંયોગ થવો સંભવે જ છે." ૯૬.

आत्मा विभुः स्यादथवाणुमात्रः संयोगिता नोभयथाऽपि युक्ता ।
दृष्टा हि सा सावयवस्य लोके संयोगिता सावयवेन योगिन् ॥ ९७ ॥

શ્રીશંકરાચાર્ય—"તમે જીવને વ્યાપક માનોછો કે અણુમાત્ર માનોછો? વ્યાપક માનતા હો તો પણ જે વ્યાપક હોય તે નિરવયવ (અવયવોથી રહિત) જ હોય અને અણુમાત્ર માનતા હો તોપણ જે અણુમાત્ર હોય તે નિરવયવ જ હોય માટે જીવ કે જે નિરવયવ છે તેને કોઈ પ્રકારે બીજાનો સંયોગ થવો સંભવતો નથી. જગત્માં સાવયવને જ સાવયવની સાથે સંયોગ થતો જોવામાં આવે છે. તમે કે જે સ્ત્રી આદિથી સંયોગ પામોછો તેમને આ વાતનો અનુભવ હોવો જોઇએ." ૯૭.

मनोऽक्षमित्यभ्युपगम्य भेदासंगित्वमुक्तं परमार्थतस्तु ।
साहाय्यकृल्लोचनपूर्वकस्य दीपादिवन्नेंद्रियमेव चित्तम् ॥ ९८ ॥

"'જે ચિત્ત છે તે એક ઇંદ્રિય છે' એમ સ્વીકારીને તેથી ભેદને સન્નિકર્ષ નથી એમ અમે કહ્યું પણ વાસ્તવિક જોતાં તો ચિત્ત એ ઇંદ્રિય જ નથી પણ દીવા આદિની પેઠે ચક્ષુ આદિ ઇંદ્રિયોને સાહાય્ય આપનાર જે છે એટલે ચિત્તથી જે જણાય તે પ્રત્યક્ષ થયું કહેવાય જ નહિ, કારણ કે ઇંદ્રિયના અને વિષયના સન્નિકર્ષથી જે જ્ઞાન થાય તે જ પ્રત્યક્ષ કહેવાય છે." ૯૮

भेदप्रमा नेंद्रियजाऽस्तु तर्हि साक्षिस्वरूपैव तथाऽऽपि योगिन् ।
तया विरोधात्परमात्मजीवाभेदं कथं बोधयितुं प्रमाणम् ॥ ९९ ॥

મંડનમિશ્ર—"હે યોગી! જો ભેદની પ્રમા ઇંદ્રિયથી થતી ન માનો તો ત્યારે તે પ્રમાને સાક્ષીરૂપ જ માનો એટલે તે સાક્ષીસ્વરૂપ ભેદપ્રમાથી વિરોધ આવવાને લીધે '**तत्त्वमसि**' આદિ વાક્ય પરમાત્માના અને જીવના અભેદને જણાવવામાં કેમ પ્રમાણ મનાશે." ૯૯

प्रत्यक्षमात्मेश्वरयोरविद्यमायायुजोर्द्योतयति प्रभेदम् ।
श्रुतिस्तयोः केवलयोरभेदं भिन्नाश्रयत्वान्न तयोर्विरोधः ॥ १०० ॥

શ્રીશંકરાચાર્ય—"સાક્ષીસ્વરૂપ ભેદપ્રમારૂપ જે પ્રત્યક્ષ છે તે, અવિદ્યાથી જોડાએલા જીવના અને માયાથી જોડાએલા ઈશ્વરના ભેદને જણાવે છે અને '**तत्त्वमसि**' આદિ શ્રુતિ તો શુદ્ધ જી-વના અને શુદ્ધ ઈશ્વરના અભેદને જણાવે છે એટલે ભેદપ્રમાના અને '**तत्त्वमसि**' આદિ વાક્યના વિષયો જુદા જુદા હોવાથી તેઓને વિરોધ છે જ નહિ. ૧૦૦.

૧ ઇન્દ્રવજ્રા. ૨ ઉપજાતિ.

[1]स्याद्वा विरोधस्तदपि प्रवृत्तं प्रत्यक्षमग्रेऽबलमेव बाध्यम् ।
प्राबल्यवत्या चरमप्रवृत्त्या श्रुत्या ह्यपच्छेदनयोक्तरीत्या ॥ १०१ ॥

અથવા કદાચ વિરોધ હોય તોપણ જેમ જૈમિનિએ માનેલા [2]અપચ્છેદનયમાં પરથી પૂર્વનો બાધ થાય છે તેમ પ્રથમ પ્રવર્તેલા દુર્બલ પ્રત્યક્ષનો પછી પ્રવર્તની પ્રબલતાવાળી અભેદ શ્રુતિથી બાધ જ થશે." ૧૦૧.

[3]नन्वेवमप्यस्त्यनुमानबोधोऽभेदश्रुतेः संयमिचक्रवर्त्तिन् ।
घटादिवद्ब्रह्मनिरूपितेन भेदेन युक्तोऽयमसर्वविस्त्वात् ॥ १०२ ॥

મંડનમિશ્ર—"એ પ્રમાણે પ્રત્યક્ષથી શ્રુતિનો બાધ નથી થતો પણ શ્રુતિથી પ્રત્યક્ષનો બાધ થાય છે એમ તમે માનતા હો તો હું અભેદશ્રુતિમાં અનુમાનરૂપ પ્રમાણનો બાધ આપું છું. હે સંન્યાસીઓના ચક્રવર્તી! '[4]જીવ બ્રહ્મથી ભિન્ન છે [5]કારણ કે અસર્વજ્ઞ છે. જે [6]જે અસર્વજ્ઞ હોય તે તે બ્રહ્મથી ભિન્ન જ હોય. જેમકે [7]ઘડા વગેરે પદાર્થ અસર્વજ્ઞ માટે બ્રહ્મથી ભિન્ન છે.' એ અનુમાનથી અભેદ શ્રુતિને વિરોધ આવે છે." ૧૦૨

किमेष भेदः परमार्थभूतः प्रसाध्यते काल्पनिकोऽथवाऽऽद्ये ।
दृष्टान्तहानिश्चरमे तु विद्वन्नूरीकृतोऽस्माभिरसाधनीयः ॥ १०३ ॥

શ્રીશંકરાચાર્ય—"હે વિદ્વાન્! તમે અનુમાન પ્રમાણથી ભેદને સિદ્ધ કરવા માંગોછો કે વાસ્તવિક ભેદને સિદ્ધ કરવા માંગોછો કે કલ્પિત ભેદને સિદ્ધ કરવા માગોછો? જો વાસ્તવિક ભેદને સિદ્ધ કરવા માંગતા હો તો તમારા દૃષ્ટાંતરૂપ ઘડાને પણ અમો બ્રહ્મથી ભિન્ન માનતા નથી એટલે તમારૂં દૃષ્ટાંત જ જતું રહે છે અને જો કલ્પિત ભેદને સિદ્ધ કરવા માંગતા હો તો એ કલ્પિત ભેદને અમો પણ સ્વીકારીએ છીએ તેથી તમને 'સિદ્ધસાધન' એ નામનો દોષ પ્રાપ્ત થાય છે." ૧૦૩.

स्वप्रत्ययाबाध्यभिदाश्रयत्वं साध्यं घटादौ च तदस्ति योगिन् ।
त्वयाऽऽत्मबोधेन भिदा न बाध्येत्यनभ्युपेतेति न कोऽपि दोषः ॥ १०४ ॥

મંડનમિશ્ર—"અમો 'બ્રહ્મના જ્ઞાનથી જીવમાં રહેલો ભેદ બાધિત થતો નથી' એટલું જ સિદ્ધ કરવા માંગીએ છીએ અને એ વાત ઘટાદિક દૃષ્ટાંતમાં પણ મળતી આવી છે. તમે તો 'બ્રહ્મના જ્ઞાનથી ભેદનો બાધ નથી થતો' એમ માનતા નથી અને અમો 'ભેદનો બાધ નથી થતો' એમ માનીએ છીએ માટે અમારા અનુમાનમાં કોઇ દોષ પ્રાપ્ત થતો નથી." ૧૦૪.

ननु स्वशब्देन सुखादिमान्वा विवक्षितस्तद्विधुरोऽथवाऽऽत्मा ।
आद्येऽस्मदिष्टं न तु साध्यमंते दृष्टांतहानिः पुनरेव ते स्यात् ॥ १०५ ॥

---

૧ ઇન્દ્રવજ્રા. ૨ મીમાંસા સૂત્રના છઠા અધ્યાયમાં **पौर्वापर्ये पूर्वदौर्बल्यं प्रकृतिवत्** એ સૂત્ર છે. જ્યોતિષ્ટોમ નામના યજ્ઞમાં એક સમયે અધ્વર્યુને પ્રસ્તોતા, પ્રસ્તોતાને ઉદ્ગાતા ને પ્રતિહર્તા અડીને ચાલે છે તેઓમાં જો ઉદ્ગાતા જુદો પડી જાય તો જૂદું પ્રાયશ્ચિત્ત છે અને પ્રતિહર્તા જૂદો પડી જાય તો જૂદું પ્રાયશ્ચિત્ત છે પણ તેઓમાં પ્રથમ ઉદ્ગાતા અને પછી પ્રતિહર્તા જૂદો પડી જાય તો બે પ્રાયશ્ચિત્તોમાં કયું પ્રાયશ્ચિત્ત પ્રથમ કરવું એ વિષયમાં ઉપરનું સૂત્ર કહે છે કે 'જેમ પ્રકૃતિયાગના અતિદેશથી વિકૃતિયાગમાં પ્રથમ પ્રાપ્ત થએલા દર્ભો પાછળથી પ્રાપ્ત થએલા કાંસડાઓથી બાધિત થાય છે તેમ પ્રથમ પ્રાપ્ત થએલું ઉદ્ગાતા સંબંધી પ્રાયશ્ચિત્ત પાછળથી પ્રાપ્ત થએલા પ્રતિહર્તાસંબંધી પ્રાયશ્ચિત્તથી બાધિત થઇ જાય છે' આ અપચ્છેદનય કહેવાય છે. ૩ ઉપજાતિ. ૪ પક્ષ. ૫ હેતુ. ૬ વ્યાપ્તિ. ૭ દૃષ્ટાંત.

શ્રીશંકરાચાર્ય—"તમે બ્રહ્મના જ્ઞાનથી જીવમાં રહેલો ભેદ બાધિત થતો નથી એમ માનોછો કે શુદ્ધ બ્રહ્મના જ્ઞાનથી જીવમાં રહેલો ભેદ બાધિત થતો નથી એમ માનોછો ? જો પહેલો પક્ષ માનતા હો તો એ પક્ષ અમને પણ ઇષ્ટ છે તેથી તમને 'સિદ્ધસાધન' દોષ પ્રાપ્ત થાય છે અને બીજો પક્ષ માનતા હો તો અમે શુદ્ધ બ્રહ્મના જ્ઞાનથી ઘટાદિકમાં રહેલો ભેદ પણ બાધિત થઇ જાય છે એમ માનીયે છીએ માટે તમને દૃષ્ટાંતની હાનિરૂપ દોષ પ્રાપ્ત થાય છે." ૧૦૫.

योगिन्नौपाधिकभेदवत्त्वं विवक्षितं साध्यमिह त्वदिष्टः ।
औपाधिकस्त्वीश्वरजीवभेदो घटेशभेदो निरुपाधिकश्च ॥ १०६ ॥[1]

મંડનમિશ્ર—"હે યોગી ! અમારા અનુમાનમાં 'જીવનો અને ઇશ્વરનો ભેદ નિરૂપાધિક છે' એમ સિદ્ધ કરવાનું છે અને તમે તો જીવના તથા ઇશ્વરના ભેદને ઉપાધિથી થએલ માનોછો માટે અમને ઘટરૂપ દૃષ્ટાંતની હાનિ થતી નથી. કેમકે ઘટનો અને ઇશ્વરનો ભેદ નિરૂપાધિક છે." ૧૦૬.

घटेशभेदेऽप्युपधिर्ह्यविद्या तवानुमानेषु जडत्वमेव ।
चित्त्वादभिन्नः परवत्परस्मादात्मेति वात्र प्रतिपक्षहेतुः ॥ १०७ ॥[2]

શ્રીશંકરાચાર્ય—"ઘટના અને ઇશ્વરના ભેદને પણ અમો ઉપાધિથી થએલ જ માનીએ છીએ માટે તમને દૃષ્ટાંતની હાનિ તેવીનેતેવી જ રહે છે. તમારા અનુમાનમાં જે હેતુ છે તે જડતારૂપ ઉપાધિવાળો છે માટે હેત્વાભાસ જ છે તો તેથી અનુમાન યથાર્થ થયું ગણાય નહિ. ઘટમાં અસર્વજ્ઞતારૂપ હેતુથી ઇશ્વરથી ભિન્નપણું ઠરાવવા જતાં ઘટનું ભિન્નત્વ જડતાથી વ્યાપ્ત છે અને તે જડતા અસર્વજ્ઞપણામાં વ્યાપ્ત નથી. કારણકે જીવ અસર્વજ્ઞ છતાં પણ જડતાવાળો નથી. સાધ્યમાં વ્યાપક છતાં હેતુમાં જે વ્યાપક ન હોય તે તર્કશાસ્ત્રની રીતિ પ્રમાણે[3] ઉપાધિ ગણાય છે. અથવા 'જીવ બ્રહ્મથી ભિન્ન છે, કારણ કે અસર્વજ્ઞ છે.' એ અનુમાનની સામે અમો તેથી વિરુદ્ધ એવું અનુમાન કરીશું કે 'જીવ બ્રહ્મથી અભિન્ન છે. કારણ કે ચૈતન્યરૂપ છે.' તો આ અનુમાનમાં તમારા સાધ્ય(ભિન્નપણા)ના અભાવને સાધનારો તમારા હેતુ-(અસર્વજ્ઞપણા)નો પ્રતિપક્ષ હેતુ (ચૈતન્યરૂપપણું) પ્રાપ્ત થવાથી તમારા હેતુને સત્પ્રતિપક્ષપણા-રૂપ દોષ પ્રાપ્ત થાય છે. જે હેતુની સામે તેના સાધ્યના અભાવને સિદ્ધ કરનારો બીજો હેતુ જાગે તે હેતુ તર્કશાસ્ત્રની રીતિ પ્રમાણે [4]સત્પ્રતિપક્ષ ગણાય છે." ૧૦૭.

धर्मिप्रमाबाध्यशरीरभेदो ह्यसंसृतौ ब्रह्मणि साध्यमिष्टम् ।
त्वयेष्यते ब्रह्मधियाऽऽत्मभेदो बाध्यो घटादिप्रमया त्वबाध्यः ॥ १०८ ॥

[5]**મંડનમિશ્ર**—"બ્રહ્મ જીવની પ્રમાથી નહિ બાધ પામે એવા ભેદવાળું છે. કારણ કે સં-સારથી રહિત છે. જે જે સંસારથી રહિત હોય તે તે જીવની પ્રમાથી નહિ બાધ પામે એવા ભેદવાળું હોય જ. જેમ કે ઘટ આદિ પદાર્થ સંસારથી રહિત છે માટે જીવની પ્રમાથી નહિ બાધ પામે એવા ભેદવાળો છે. એવી રીતના અનુમાનથી અમો બ્રહ્મના અને જીવના ભેદને સાધીશું. બ્રહ્મબુદ્ધિથી જીવના ભેદને બાધિત માનોછો પણ અમે તો જીવબુદ્ધિથી બ્રહ્મના ભેદને અબાધિત

૧. આખ્યાનકી વૃત્ત. ૨. ઉપજાતિ.
૩. જુવો દીપિકા સહિત તર્કસંગ્રહનું પૃષ્ઠ ૪૬ મું. साध्यव्यापकत्वे सति साधनाव्यापक उपाधिः ।
૪. જુવો દીપિકા સહિત તર્કસંગ્રહનું પૃષ્ઠ ૩૧ મું. साध्यभावसाधकं हेत्वंतरं यस्य सत्प्रतिपक्षः ।
૫. મંડનમિશ્ર પહેલા અનુમાનની ઢબ બદલીને બીજા પ્રકારનું અનુમાન કરે છે.

સાધીએ છીએ તથા ઘટાદિકના ભેદને પણ અબાધિત માનીએ છીએ તેથી આ અનુમાનમાં અમને સિદ્ધસાધન કે દૃષ્ટાંતની હાનિરૂપ દોષો પ્રાપ્ત થતા નથી." ૧૦૮.

किं कृत्स्नधर्मिप्रमया न बाध्यः किंवा स यत्किंचनधर्मिबोधात् ।
घटादिके ब्रह्मणि चाऽऽत्मभेदस्यैक्यात्पुनः स्यान्नु पूर्वदोषः ॥ १०९ ॥

શ્રીશંકરાચાર્ય—"બ્રહ્મનો ભેદ જીવની સંપૂર્ણ પ્રમાથી બાધિત થતો નથી કે અસંપૂર્ણ પ્રમાથી બાધિત થતો નથી? પહેલો પક્ષ લેશો તો જીવના સ્વરૂપની સંપૂર્ણ પ્રમાથી બ્રહ્મનો ભેદ તથા ઘટાદિકનો ભેદ પણ બાધિત થઇ જાય છે એટલે તમારૂં સાધ્ય કે દૃષ્ટાંત રહેતાં જ નથી અને જો બીજો પક્ષ લેશો તો જીવની અસંપૂર્ણ પ્રમાથી બ્રહ્મનો ભેદ તથા ઘટાદિકનો ભેદ પણ બાધિત થતા નથી એમ અમો પણ માનીએ છીએ એટલે તમોને 'સિદ્ધસાધન' નામનો દોષ તેવોને-તેવો રહે છે. ૧૦૯.

किंवाऽगुणो वा सगुणो मनीषिन्विवक्ष्यते धर्मिपदेन नान्त्यः ।
भेदस्य तद्बुद्ध्यविबाध्यतेष्टेर्नाऽऽद्यश्च तत्रोभयथाऽपि दोषात् ॥ ११० ॥

[1]હે વિદ્વાન્! તમે જે જીવની પ્રમાથી બ્રહ્મના ભેદને અબાધિત સાધોછો તે જીવને નિ-ર્ગુણ માનોછો કે સગુણ માનોછો? સગુણ માનશો તો સગુણ જીવની પ્રમાથી બ્રહ્મનો ભેદ બા-ધિત થતો નથી એમ અમો પણ માનીએ છીએ એટલે તમોને 'સિદ્ધસાધન' દોષ પ્રાપ્ત થાય છે અને જો નિર્ગુણ માનશો તો પણ નીચે પ્રમાણે બંને રીતે દોષ આવે છે. ૧૧૦.

किं निर्विशेषं प्रमितं न वाऽन्त्ये प्राप्ताऽऽश्रयासिद्धिरथाऽऽद्यकल्पे ।
शरीर्यभेदेन परस्य सिद्धेः प्राप्नोति धर्मिग्रहमानकोपः ॥ १११ ॥

જે નિર્ગુણ જીવની પ્રમાથી બ્રહ્મના ભેદને અબાધિત સાધોછો તે નિર્ગુણ જીવ પ્રમિત થ-એલ છે કે નહિ? જો તમારાથી પ્રમિત થએલ નથી તો પ્રમાનો જે આશ્રય છે તે જ અસિદ્ધ થાય છે એટલે કોની પ્રમાથી બ્રહ્મના ભેદને અબાધિત ઠરાવી શકશો, અને જો પ્રમિત થએલ છે તો તેમાં અને બ્રહ્મમાં કશો ભેદ નથી એમ 'तत्त्वमसि' આદિ વાક્યોથી સિદ્ધ થાય છે તો તેમ છતાં અભેદને નહિ માનવાથી જીવના સ્વરૂપને જણાવનારાં વેદાંતવાક્યોરૂપ પ્રમાણોનો પ્રકોપ પ્રાપ્ત થાય છે. જેમ જ્યોતિષ્ટોમયાગ સ્વર્ગરૂપ ફળવાળો નથી કારણ કે તે એક જાતની ક્રિયા છે. જે જે ક્રિયા હોય છે તે તે સ્વર્ગરૂપ ફળવાળી હોતી નથી. જેમકે મર્દન એક જાતની ક્રિયા હોવાથી સ્વર્ગરૂપ ફળવાળું નથી એ અનુમાન 'ज्योतिष्टोमेन स्वर्गकामो यजेत' 'જેને સ્વર્ગની ઇચ્છા હોય તેણે જ્યોતિષ્ટોમયજ્ઞ કરવો' એ વેદના વાક્યથી બાધિત હોવાને લીધે આભાસરૂપ છે તેમ 'બ્રહ્મ નિર્ગુણ જીવની પ્રમાથી નહિ બાધ પામે એવા ભેદવાળું છે.' એ અનુમાન પણ અભેદને જણા-વનારાં વેદનાં વાક્યોથી બાધિત હોવાને લીધે આભાસરૂપ છે." ૧૧૧.

भो द्वा सुपर्णा सयुजा सखायेत्याद्या श्रुतिर्भेदमुदीरयन्ती ।
जीवेशयोः पिप्पलभोक्त्रभोक्त्रोस्तयोरभेदश्रुतिबाधिकाऽस्तु ॥ ११२ ॥

---

૧ શંકરાચાર્યે મંડનમિશ્રના અનુમાનને વળી બીજા પ્રકારથી દૂષિત કરે છે.

[1]મંડનમિશ્ર—[2]"'द्वा सुपर्णा सयुजा सखया समानं वृक्षं परिषस्वजाते। एकस्तयोः पिप्पलं स्वाद्वत्त्यनश्नन्नन्यो अभिचाकशीति' એ શ્રુતિ કે જે કર્મોનાં ફ્લોને ભોગવનારા જીવનાં અને કર્મોનાં ફ્લોને નહિ ભોગવનારા ઈશ્વરના ભેદને સ્પષ્ટ રીતે કહે છે તેથી અભેદ શ્રુતિનો બાધ થાય છે."૧૧૨.

[3]**प्रत्यक्षसिद्धे विफले परात्मभेदे श्रुतिर्नो नयवित्प्रमाणम् ।**
स्यादन्यथा मानमतत्परोऽपि स्वार्थेऽर्थवादः सकलोऽपि विद्वन् ॥ ११३ ॥

શ્રીશંકરાચાર્ય—"હે મીમાંસાના ન્યાયને જાણનારા વિદ્વાન્! જીવનો અને ઈશ્વરનો ભેદ તો પ્રસિદ્ધ છે, ફળરહિત છે અને વળી અનર્થના કારણરૂપ છે માટે તેમાં શ્રુતિની પ્રમાણતા માનવી યોગ્ય નથી. કારણ કે અજ્ઞાન અર્થનું નિરૂપણ કરવામાં જ શ્રુતિનું પ્રમાણ છે એ મીમાંસાના કર્તા જૈમિનિએ સિદ્ધાંત કરેલો છે. જો જ્ઞાત અર્થમાં પણ શ્રુતિની પ્રમાણતા માનીશું તો 'अग्निर्हिमस्य भेषजम्' 'અગ્નિ હિમનું ઓસડ છે' ઇત્યાદિ પ્રસિદ્ધ અર્થનું નિરૂપણ કરનારાં સઘળાં અર્થવાદ વાક્યો કે જેઓને જૈમિનિએ તેઓના પોતાના અર્થમાં અપ્રમાણ માનીને વિધિનાં અંગરૂપ માન્યાં છે તેઓને પોતાના અર્થમાં પ્રમાણભૂત માનવાં પડશે." ૧૧૩.

स्मृतिप्रसिद्धार्थविबोधि वाक्यं यथेष्यते मूलतया प्रमाणम् ।
प्रत्यक्षसिद्धार्थकवाक्यमेवं स्यादेव तन्मूलतया प्रमाणम् ॥ ११४ ॥

મંડનમિશ્ર—"વેદ જાણનારાઓએ કરેલી સ્મૃતિઓથી પ્રસિદ્ધ થએલા અર્થને જણાવનારાં વેદવાક્યો જેમ તે અર્થના મૂલપણાથી પ્રમાણ માનવામાં આવે છે તેમ જીવનો તથા ઈશ્વરનો ભેદ કે જે લોકપ્રસિદ્ધ છે તે ભેદના મૂલપણાથી 'द्वासुपर्णा' ઇત્યાદિ વાક્યોને પણ પ્રમાણભૂતજ માનવાં જોઇએ." ૧૧૪.

श्रुतिः स्मृतेऽर्थे यदि वेदविद्भिर्भवेन्न तन्मूलतया प्रमाणम् ।
कथं भवेद्वेदकथानभिज्ञैर्ज्ञातेऽपि भेदे परजीवयोः सा ॥ ११५ ॥

શ્રીશંકરાચાર્ય—"શ્રુતિ જાણનારાઓએ કરેલી સ્મૃતિઓમાં જે અર્થ પ્રસિદ્ધ છે તે અર્થના મૂલપણાથી શ્રુતિને પ્રમાણ માનવામાં આવતી નથી પણ જે શ્રુતિમાં કહ્યું છે તેનું જ નિરૂપણ કરવા ઉપરથી સ્મૃતિઓને પ્રમાણ માનવામાં આવે છે. આ પ્રમાણે છે એટલા માટે જીવનો તથા ઈશ્વરનો ભેદ કે જે વેદનાં નામને પણ નહિ જાણનારાઓએ જાણેલો છે તેના મૂલપણાથી શ્રુતિને પ્રમાણ કેમ મનાય? ન જ મનાય. ૧૧૫.

जीवेश्वरौ सा वदतीत्युपेत्य प्रावोचमेतत्परमार्थतस्तु ।
विविच्यसत्वात्पुरुषं समस्तसंसारराहित्यममुष्य वक्ति ॥ ११६ ॥

'એ શ્રુતિ જીવનું તથા ઈશ્વરનું નિરૂપણ કરે છે' એમ સ્વીકારને હું આ વાત કરૂંછું પણ વાસ્તવિક જોતાં તો એ શ્રુતિ જીવને બુદ્ધિથી જુદો પાડીને 'જીવ સંસારથી રહિત છે.' એમ કહે છે એટલે તે શ્રુતિમાં જીવનું તથા ઈશ્વરનું નિરૂપણ જ નથી." ૧૧૬.

---

૧ સઘળી પાસથી રોકાઇ ગએલો મંડનમિશ્ર અનુમાનનું સ્થાપન કરવામાં અશક્ત થઇને શ્રુતિનો વિરોધ દેખાડે છે. ૨ જીવ અને ઈશ્વરરૂપ બે પક્ષીઓ કે જેઓ સાથે જ રહેનારા અને પરસ્પરના મિત્ર છે તેઓ શરીરરૂપી એક વૃક્ષમાં રહ્યા છે. તેઓમાં જીવ મીઠાં લાગતાં એ વૃક્ષનાં ફ્લોને ખાય છે અને ઈશ્વર તે ફ્લોને નહિ ખાતાં છતાં પણ બલવાન્ છે. ૩. ઇન્દ્રવજ્ર.

यदीयमाख्यात्यथ सत्त्वजीवौ विहाय सर्वज्ञशरीरभाजौ ।
जडस्य भोक्तृत्वमुदाहरंती प्रामाण्यमर्हन्कथमश्नुवीत ॥ ११७ ॥

મંડનમિશ્ર—"હે યોગ્ય! જો '**द्वासुपर्णा**' એ શ્રુતિ જીવનું તથા ઈશ્વરનું નિરૂપણ નહિ કરતાં બુદ્ધિનું અને જીવનું જ નિરૂપણ કરતી હોય તો બુદ્ધિ કે જે જડ છે તેનું ભોક્તાપણું કહેનારી એ શ્રુતિ શી રીતે પ્રમાણ મનાય? જે '**यजमानः प्रस्तरः**' 'પથરો યજમાન છે,' એ શ્રુતિ પ્રત્યક્ષ વિરુદ્ધ અર્થ કહેવાથી પોતાના અર્થમાં પ્રમાણભૂત ગણાતી નથી તેમ આ શ્રુતિ પણ પ્રત્યક્ષ વિરુદ્ધ અર્થ કહેવાને લીધે પોતાના અર્થમાં પ્રમાણભૂત ન જ ગણવી જોઈએ." ૧૧૭.

न चोदनीया वयमत्र विद्वन्यतस्त्वया पैंग्यरहस्यमेव ।
अत्तीति सत्त्वं त्वभिपश्यति ज्ञ इति स्म सम्यग्विवृणोति मन्त्रम् ॥ ११८ ॥

શ્રીશંકરાચાર્ય—"હે વિદ્વાન્! એ શ્રુતિનો એવો અર્થ કરવામાં અમારા ઉપર શંકા કરવી યોગ્ય નથી. કારણ કે 'બુદ્ધિ કર્મોનાં ફલોને ભોગવે છે અને જીવ દ્રષ્ટાપણાથી જોયા કરે છે' એ રીતે એ શ્રુતિનું સ્પષ્ટ વ્યાખ્યાન પૈંગિરહસ્ય નામના બ્રાહ્મણે (મંત્રોના વ્યાખ્યાનાદિક રૂપ જે વેદનો ભાગ છે તે બ્રાહ્મણ કહેવાય છે) જ કરેલું છે." ૧૧૮.

शारीरवाची ननु सत्त्वशब्दः क्षेत्रज्ञशब्दः परमात्मवाची ।
तत्राप्यतो नान्यपरत्वमस्य वाक्यस्य पैंग्योदितवर्त्मनाऽपि ॥ ११९ ॥

મંડનમિશ્ર—"પૈંગિરહસ્યમાંનો 'સત્ત્વ' શબ્દ કે જેને તમો બુદ્ધિનો પર્યાય માનો છો તે બુદ્ધિનો પર્યાય નથી પણ જીવનો પર્યાય છે અને 'ક્ષેત્રજ્ઞ' શબ્દ કે જેને તમો જીવનો પર્યાય માનો છો તે જીવનો પર્યાય નથી પણ પરમાત્માનો પર્યાય છે એટલા માટે પૈંગિરહસ્ય માર્ગથી પણ એ શ્રુતિ બુદ્ધિનું તથા જીવનું નિરૂપણ કરે છે એમ સિદ્ધ થતું નથી પણ જીવનું તથા પરમાત્માનું જ નિરૂપણ કરે છે એમ સિદ્ધ થાય છે." ૧૧૯.

तदेतदित्यादिगिरा हि चित्ते प्रदर्शिता सत्त्वपदस्य वृत्तिः ।
क्षेत्रज्ञशब्दस्य च वृत्तिरुक्ता शारीरके द्रष्टरि तत्र विद्वन् ॥ १२० ॥

શ્રીશંકરાચાર્ય—"હે વિદ્વાન્! **तदेतत्सत्त्वं येन स्वप्नं पश्यत्यथ योऽयं शारीर उपद्रष्टा स क्षेत्रज्ञस्तावेतौ सत्त्वक्षेत्रज्ञौ** જેણે કરી સ્વપ્નને જુવે છે તેને સત્ત્વ જાણવું અને સ્વપ્નનો જે દ્રષ્ટા છે તેને ક્ષેત્રજ્ઞ જાણવો' એ રીતે પૈંગિરહસ્યમાં '**सत्त्व**' શબ્દની બુદ્ધિમાં શક્તિ અને 'ક્ષેત્રજ્ઞ' શબ્દની સ્વપ્નને જોનારા જીવમાં શક્તિ સ્પષ્ટ વાક્યથી દેખાડેલી છે માટે તમારી કલ્પના ખોટી છે." ૧૨૦.

येनेति हि स्वप्नदर्शिक्रियायाः कर्तोच्यते तत्र स जीव एव ।
क्षेत्रज्ञशब्दाभिहितश्च योगिन्स्यात्स्वप्नदृक्सर्वविदीश्वरोऽपि ॥ १२१ ॥

મંડનમિશ્ર—"હે યોગી! '**येन स्वप्नं पश्यति**' એ વાક્યનો જેણે સ્વપ્ન જોવાય છે, એવો અર્થ કરવો એટલે સ્વપ્નને જોનારો જીવ જ '**सत्त्व**' શબ્દથી કહેવાશે અને '**क्षेत्रज्ञ**' શબ્દના અર્થમાં ઈશ્વર લેવો. ઈશ્વર પણ સર્વજ્ઞ હોવાથી સ્વપ્નનો દ્રષ્ટા સંભવે છે. આ પ્રમાણે અર્થ કરવાથી પૈંગિરહસ્યનું વાક્ય અમને અનુકૂલ આવે છે." ૧૨૧.

तिङ्प्रत्ययेनाभिहितोऽत्र कर्ता ततस्तृतीया करणेऽभ्युपेया ।
द्रष्टा च शारीरतया मनीषिन्विशेष्यते तेन स नेश्वरः स्यात् ॥ १२२ ॥

શ્રીશંકરાચાર્ય—"હે વિદ્વાન્! સંસ્કૃત વ્યાકરણની રીતિ પ્રમાણે 'पश्यति' એમાં तिङ् પ્રત્યયથી કર્તાનું અભિધાન થાય છે માટે કર્તાને પ્રથમા વિભક્તિ જ યોગ્ય હોવાથી 'येन' એ કરણ અર્થ-માં જ તૃતીયા વિભક્તિ છે એમ માનવું યોગ્ય છે એટલે 'જેણે કરીને સ્વપ્નને જુવે છે' એ જ અર્થ સિદ્ધ થાય છે અને એ વાક્યમાં સ્વપ્નના જોનારાને 'शारीर' 'શરીરમાં રહેલો' એ વિશેષણ આપ્યું છે માટે તે વિશેષણ સારસ્યથી 'સ્વપ્નને જોનારો' એ શબ્દથી જીવને જ લેવાય પણ ઈશ્વરને લેવાય નહિ." ૧૨૨.

वृत्तिः शरीरे भवतीत्यमुष्मिन्नर्थे हि शारीरपदस्य योगिन् ।
तस्मिन्भवन्सर्वगतो महेशः कथं न शारीरपदाभिधेयः ॥ १२३ ॥

મંડનમિશ્ર—"હે યોગી! સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે શરીરમાં જે રહેતો હોય તેને 'शारीर' કહી શકાય છે, તો ઈશ્વર કે જે સર્વવ્યાપક છે તે શરીરમાં પણ રહે છે માટે તેને 'शारीर' શબ્દથી કેમ કહી શકાય નહિ?" ૧૨૩.

[1]भवन् शरीरादितरत्र चेशः कथं न्न (स) शारीरपदाभिधेय ।
नभः शरीरेऽपि भवत्यथापि न केऽपि शारीरमितीरयन्ति ॥ १२४ ॥

શ્રીશંકરાચાર્ય—"જે ઈશ્વર શરીરથી બીજાં સ્થલોમાં પણ રહેલ છે તેને 'शारीर' શબ્દથી શી રીતે કહી શકાય? ન જ કહી શકાય. જેમ ઈશ્વર શરીરમાં પણ છે અને બીજાં સ્થલોમાં પણ છે તેમ આકાશ પણ શરીરમાં છે અને બીજાં સ્થલોમાં પણ છે તો પણ તે આકાશને કોઈ પણ લોકો 'शारीर' કહેતા નથી." ૧૨૪.

[2]यद्येष मन्त्रोऽनभिधाय जीवप्राज्ञौ वदेद्बुद्धिशरीरभाजौ ।
अत्तीति भोक्तृत्वमचेतनाया बुद्धेर्वदेत्तर्हि कथं प्रमाणम् ॥ १२५ ॥

મંડનમિશ્ર—"જો 'द्वासुपर्णा' એ મંત્ર જીવનું તથા ઈશ્વરનું નિરૂપણ નહિ કરતાં બુદ્ધિનું તથા જીવનું નિરૂપણ કરતો હોય તો તે મંત્ર બુદ્ધિ કે જે જડ છે તેને ભોક્તા ઠરાવે છે માટે તે શી રીતે પ્રમાણ ગણાય?" ૧૨૫.

[3]अदाहकस्याप्ययसः कृशानोराश्लेषणाद्दाहकता यथाऽऽस्ते ।
तथैव भोक्तृत्वमचेतनाया बुद्धेरपि स्याच्चिदनुप्रवेशात् ॥ १२६ ॥

શ્રીશંકરાચાર્ય—"જેમ લોઢામાં દાહકપણું નહિ છતાં પણ અગ્નિના સંબંધથી દાહકપણું થાય છે તેમ બુદ્ધિમાં અચેતનપણાને લીધે ભોક્તાપણું નહિ છતાં પણ ચૈતન્યના અનુપ્રવેશથી ભો-ક્તાપણું થાય છે." ૧૨૬.

छायातपौ यद्वदतीव भिन्नौ जीवेश्वरौ तद्वदिति ब्रुवाणा ।
ऋतं पिबन्ताविति काठकेषु श्रुतिस्त्वभेदश्रुतिबाधिकाऽस्तु ॥ १२७ ॥

મંડનમિશ્ર—"'ऋतं पिबंतौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्द्धे छायातपौ ब्रह्मविदो वदंति पंचाग्नयो ये च त्रिणाचिकेताः એ કઠવલ્લી ઉપનિષદની શ્રુતિ કે જે છાયાની પેઠે, તડકાની પેઠે જીવ અને ઈશ્વર પરસ્પરથી અત્યંત ભિન્ન છે એમ કહે છે તે શ્રુતિ અભેદ શ્રુતિનો બાધ કરે છે એમ માનો." ૧૨૭.

---

૧ ઉપેન્દ્રવજ્રા. ૨ ઇન્દ્રવજ્રા. ૩ ઉપજાતિ.

भेदं वदंती व्यवहारसिद्धं न बाधतेऽभेदपरश्रुतिं सा ।
एषा त्वपूर्वार्थतया बलिष्ठा भेदश्रुतेः प्रत्युत बाधिका स्यात् ॥ १२८ ॥

શ્રીશંકરાચાર્ય—"'ऋतं पिबंतौ' એ શ્રુતિ વ્યવહાર સિદ્ધ ભેદનો અનુવાદ કરનારી છે માટે અભેદ શ્રુતિનો બાધ કરી શકે નહિ પણ જે અભેદ શ્રુતિ છે તે અપૂર્વ અર્થને જણાવનારી હોવાથી બલવાળી છે માટે તે શ્રુતિ ઉલટી 'ऋतं पिबंतौ' એ શ્રુતિનો બાધ કરનારી થવી જોઈએ."૧૨૮.

मानांतरोपोद्बलिता हि भेदश्रुतिर्बलिष्ठा यमिनां वरेण्य ।
तद्बाधितुं सा प्रभवत्यभेदश्रुतिं प्रमाणान्तरबाधितार्थाम् ॥ १२९ ॥

મંડનમિશ્ર—" હે યોગીઓમાં ઉત્તમ! ભેદશ્રુતિને વ્યવહારની પ્રસિદ્ધરૂપ બીજા પ્રમાણની સહાયતા મળે છે માટે તે શ્રુતિ બલ પામેલી હોવાથી, વ્યવહારરૂપ પ્રમાણથી વિરુદ્ધ જતી અભેદ શ્રુતિનો બાધ કરવાને સમર્થ થાય છે." ૧૨૯.

प्राबल्यमापादयति श्रुतीनां मानान्तरं नैव बुधाग्रयायिन् ।
गतार्थतादानमुखेन तासां दौर्बल्यसंपादकमेव किंतु ॥ १३० ॥

શ્રીશંકરાચાર્ય—" હે પંડિતોમાં અગ્રેસર! બીજાં પ્રમાણો શ્રુતિઓને પ્રબલતા આપતાં નથી પણ ઉલટાં ગતાર્થપણું (પ્રયોજન રહિતપણું) આપીને શ્રુતિઓને દુર્બલ કરી દે છે. જે વાત પ્રમાણાંતરથી સિદ્ધ હોય તે જ વાતને શ્રુતિ કહે તો પછી શ્રુતિની જરૂર જ શી રહે? આમ છે એટલા માટે શ્રુતિને પ્રમાણાંતરથી પ્રબલતા મળે છે એ તમારૂં કહેવું અયોગ્ય છે." ૧૩૦.

इत्याद्या[1] दृढयुक्तिरस्य शुशुभे दत्तानुमोदा गिरां
देव्या तादृशविश्वरूपरभसावष्टम्भमुष्टिंधया ।
भर्तृन्यासविलक्ष्यसूक्तिजननीसाक्षित्वकुक्षिंभरिः
सश्लाघाद्भुतपुष्पवृष्टिलहरीसौगन्ध्यपाणिंधया ॥ १३१ ॥

ઇત્યાદિક શ્રીશંકરાચાર્યની દૃઢ યુક્તિ કે જેમાં સરસ્વતી [2]અનુમોદન (સંમતિ) આપ્યા

---

૧ શાર્દૂલવિક્રીડિત.

૨ "मुक्तोऽश्नुते कामगणान्सहेशेत्येवं वदन्ती खलु तैत्तिरीया ।
श्रुतिर्विना भेदमबाध्यमर्थाद्धीना सती सत्त्वममुष्य वक्ति ॥ १ ॥
मैवं यतोऽज्ञाननिवृत्तितोऽयं सत्यामितानन्दचिदात्मभावम् ।
गतोऽश्नुते सौम्य स सर्वकामांस्तदन्तरस्थानिति सा ब्रवीति ॥ २ ॥
द्रष्टव्य आत्मेति परात्मनोर्वाक्कर्मत्वकर्तृत्वमियं हि वक्ति ।
संदर्शनेऽतो यतिराज भेदः सत्योऽन्यथा स्याच्छ्रुतिरप्रमाणम् ॥ ३ ॥
नेयं श्रुतिस्तात्त्विकभेदगाऽस्त्यद्वैतश्रुतेर्वेदविदां वरेण्य ।
विरोधतो ब्रह्मपरत्वतोऽस्यास्तात्पर्यगत्या किल मानभावः ॥ ४ ॥
नन्वस्त्वभेदश्रुतिरेव योगिन्प्रकल्पिताभेदपरेति मैवम् ।
प्रातीतिको वा व्यवहारसिद्धो भेदो न वै भेदमिति प्रकोपात् ॥ ५ ॥
अथास्तु भेदे यतिशेखरार्थापत्तिर्न चैवं ननु सत्यभेदम् ।
विनोपपत्त्या रहितो न चार्थस्तस्मादभेदार्थश्रुतिर्बलिष्ठा ॥ ६ ॥
स्याच्चेद्भेदोऽस्य परात्मना मुने तर्ह्युपलभ्येत न चोपलभ्यते ।
तस्मादसौ नास्ति ततो यतो भिदा षष्ठप्रमाण्यस्य तु गम्यतां गता ॥ ७ ॥
यथावृतो नैव घटः प्रदृश्यते तथाऽऽवृतोऽसावपि नैव भासते ।
अविद्यया तत्त्वविदामनावृतः प्रकाशतेऽतो न भिदान्त्यमानगा" ॥ ८ ॥

કરતાં હતાં, જેથી મંડનમિશ્રનો વેગભરેલો શાસ્ત્રાર્થનો ગર્વ ચુસાઇ જતો હતો, જેમાં પતિને સંન્યાસ લેવાનો સમય આવવાથી ભોઠાંમણુ ભરેલાં સુંદર વચનો બોલતાં સરસ્વતી સાક્ષિપણું કરતાં હતાં અને જે પ્રશંસા સહિત અદ્દ્ભુત પુષ્પવૃષ્ટિની લહેરોના સુગંધથી વ્યાપ્ત થઇ રહેલી હતી તે એ સમયમાં પ્રબલ ઉન્નતિ પામી. ૧૩૧.

इत्थं यतिक्षितिपतेरनुमोद्य युक्तिं मालां च मण्डनगले मलिनामवेक्ष्य ।
भिक्षार्थमुज्वलतमद्य युवामितीमावूचिष्ट तं पुनरुवाच यतीन्द्रमम्बा ॥ १३२ ॥

એ પ્રમાણે સંન્યાસીઓમાં સર્વોપરિ શ્રીશંકરાચાર્યની યુક્તિને અનુમોદન આપી અને પોતાના પતિ મંડનમિશ્રના ગળામાં રહેલી માલાને કરમાઇ ગએલી જોઇ ઉભયભારતીએ શ્રીશંકરાચાર્યને તથા મંડનમિશ્રને 'હવે આજ તમો બન્ને ભિક્ષા કરવાને પધારો,' એમ કહીને તે પછી શ્રીશંકરાચાર્યને નીચે પ્રમાણે કહ્યું: ૧૩૨.

कोपातिरेकवशतः शपता पुरा मां दुर्वाससा तदवधिर्विहितो जयस्ते ।
साऽऽहं यथागतमुपैमि शमिप्रवीरेत्युक्त्वा ससंभ्रमममुं निजधाम यांतीम् ॥१३३॥
बबंध निःशंकमरण्यदुर्गामन्त्रेण तां जेतुमना मुनींद्रः ।
जयोऽपि तस्याः स्वमतैक्यसिद्ध्यै सार्वज्ञ्यतः स्वस्य न मानहेतोः ॥ १३४ ॥

સરસ્વતી—"હે સંન્યાસીઓમાં ઉત્તમ! પૂર્વે દુર્વાસાએ કોપના વધારાને લીધે મને શાપ દેતાં તમારી જીતને તે શાપના અવધિરૂપ ઠરાવી હતી એટલા માટે હવે હું જેમ આવી હતી તેમ જાઉંછું." એટલાં વચન બોલી સરસ્વતીએ સંભ્રમ ભરેલી રીતે પોતાના ધામમાં જવા માંડયું, તે સમયે શ્રીશંકરાચાર્યે તેમને પણ જીતી લેવાની ઇચ્છાથી નિશ્શંક રીતે વનદુર્ગાના મંત્રનો પ્રયોગ કરીને બાંધી લીધાં. શ્રીશંકરાચાર્યે સરસ્વતીને પણ જીતી લેવાની ઇચ્છા કરી તે પોતાનું

સરસ્વતી–હે ઈશ! તૈત્તિરીય શ્રુતિ એમ કહે છે કે મુક્ત પુરુષ કામગણુથી સેવાને પામે છે અને શ્રુતિવિના અબાધ્ય ભેદ તથા અર્થવિના આ વાણી મિથ્યા છે એમ કહે છે. ૧.

શંકરાચાર્ય—હે સરસ્વતી! એમ હોય નહિ, કારણ કે અજ્ઞાન થકી નિવૃત્તિને પામેલો માણસ સત્યરૂપ ઘણા આનંદ તથા ચૈતન્યરૂપ આત્મભાવને પામેલાની સર્વ કામગણો સેવા કરે છે. એવો અર્થ એ શ્રુતિનો છે પણ તમે કહોછો તેવો નથી. ૨.

સરસ્વતી—પરમાત્માને આત્મા જોવા યોગ્ય છે અને તે આત્માને કર્તૃત્વ અને કર્મત્વપણું રહેલું છે એમ તે શ્રુતિ કહે છે. હે યતિરાજ! દર્શન થકી તો ભેદ સત્ય છે જો એમ ન હોય તો શ્રુતિનું અપ્રમાણ થાય છે. ૩.

હે વેદ જાણનારાઓમાં શ્રેષ્ઠ! અદ્વૈત શ્રુતિ થકી આ શ્રુતિ તાત્ત્વિક ભેદમાં જતી નથી. કારણકે બ્રહ્મપરત્વના વિરોધ થકી આ શ્રુતિ તાત્પર્ય ગતિયે કરીને માન્ય કરવા યોગ્ય છે. ૪.

હે યોગિન્! ભિન્નમતવાળાઓએ રચેલી અભેદ શ્રુતિમાં એવું નથી કે વ્યવહાર થકી સિદ્ધ થયેલો પ્રતીતિભેદ વિરુદ્ધભાવથી જૂદો હોય. ૫.

હે યતિશેખર! ભેદનેવિષે અર્થાપત્તિ હોય પણ સત્ય ભેદ હોતો નથી અને કર્મની સિદ્ધિનો અર્થ હોતો નથી માટે અભેદાર્થ શ્રુતિ જ બળવાન્ છે. ૬.

હે મુનિ! પરમાત્માએ કરીને આત્માનો અભેદ હોય તો આત્માને પામી શકાય અથવા ન પણ પામી શકાય. તેથી હે યતે, આત્મા અને પરમાત્મામાં ભેદ નથી એમ છઠ્ઠું પ્રમાણ કહે છે. ૭.

જેમ કોઈ પણ પદાર્થથી વિંટાયલો ઘડો દેખાતો નથી તેમ માયાદિથી વિંટાયેલો આ આત્મા દેખાતો નથી, અને તત્ત્વ જાણનારાઓની માયાથી ન વિંટલાએલો આ આત્મા પ્રકાશ પામે છે માટે અમે આત્મા અને પરમાત્મામાં ભેદ માનતા નથી. ૮.

૧ વસંતતિલકા. ૨ ઉપજાતિ.

સર્વજ્ઞપણું પ્રકટ કરીને લોકોમાં વિશેષ માન મેળવવાને વાસ્તે નહિ પણ પોતાના અને તેમના મતની એકતા કરવાને વાસ્તે કરી. ૧૩૩-૧૩૪.

जानामि देवीं भवतीं विधातुर्दैवस्य भार्यां पुरभित्सगर्भ्याम् ।
उपात्तलक्ष्म्यादिविचित्ररूपां गुप्त्यै प्रपञ्चस्य कृतावताराम् ॥ १३५ ॥

व्रज जननि तदा त्वं भक्तचूडामणिस्ते निजपदमनुदास्याम्यभ्यनुज्ञां यदैतुम् ।
इति निजवचनेऽस्मिञ्छारदासंमतेऽसौमुनिरथ मुदितोऽभून्माण्डनं हृद्बुभुत्सुः॥१३६॥

શ્રીશંકરાચાર્યે સરસ્વતીને કહ્યું કે—"હે દેવી! તમે બ્રહ્માની ભાર્યાછો, મહાદેવનાં [2]સહોદર બહેન છો, લક્ષ્મી આદિ વિચિત્ર રૂપોનું ગ્રહણ કરનારાં છો અને હમણાં જગત્‌નું રક્ષણ કરવા માટે પૃથ્વીમાં અવતર્યાં છો એ હું જાણુંછું. એટલા માટે હે મા, તમારા [3]ભક્તોમાં ઉત્તમ હું જ્યારે તમને સ્વધામમાં પધારવાની અભ્યનુજ્ઞા આપું ત્યારે આપ સ્વધામમાં પધારજો."

એ પ્રમાણે પોતે વિજ્ઞપ્તિ કરી તેનો સરસ્વતી(ઉત્તમભારતી)એ અંગીકાર કર્યા પછી મંડનમિશ્રનો અભિપ્રાય જાણવાને ઇચ્છતા શ્રીશંકરાચાર્ય અત્યંત પ્રસન્ન થયા. ૧૩૫-૧૩૬.

इति श्रीमाधवीये तन्मण्डनार्यकथापरः ।
संक्षेपशङ्करजये सर्गोसावष्टमोऽभवत् ॥ ८ ॥

એ પ્રમાણે શ્રીમાધવાચાર્યે રચેલા સંક્ષેપશંકરજયમાં શ્રીશંકરાચાર્યના અને મંડનમિશ્રના શાસ્ત્રવાદમાં વર્ણનસંબંધી આઠમો સર્ગ સંપૂર્ણ થયો. ૮.

अथ नवमः सर्गः ।

[4]अथ संयमिक्षितिपतेर्वचनैर्निगमार्थनिर्णयकरैः सनयैः ।
शमिताग्रहोऽपि पुनरप्यवदत्कृतसंशयः सपदि कर्मजडः ॥ १ ॥

પછી મંડનમિશ્ર વેદના અર્થનો નિર્ણય કરનારાં અને ન્યાય ભરેલાં શ્રીશંકરાચાર્યનાં વચનોએ આગ્રહને શાંત કર્યો છતાં પણ પોતે કર્મની જ અનાડી લાગણીવાળો હોવાને લીધે સંશયથી ઘેરાઇને ફરીવાર પણ નીચે પ્રમાણે બોલ્યોઃ ૧.

यतिराज संप्रति ममाभिनवान्न विषादितोऽस्म्यपजयादपि तु ।
अपि जैमिनीयवचनान्यहहोन्मथितानि हीति भृशमस्मि कृशः ॥ २ ॥

મંડનમિશ્ર—"હે સંન્યાસીઓના રાજા! હમણાં આ મારો અપૂર્વ પરાજય થયો તેથી હું

---

૧ માલિની. ૨ સપ્તશતીમાં કહ્યું છે કે '**नीलकण्ठं रक्तबाहुं श्वेताङ्गं चन्द्रशेखरम् । जनयामास पुरुषं महाकाली सितां स्त्रियम् ॥**'—મહાકાલિએ નીલકંઠવાળા, રાતા હાથવાળા, સ્વેત અંગવાળા અને કપાળમાં ચંદ્રવાળા પુરુષને ઉત્પન્ન કર્યો અને ઉજ્જ્વલ એવી સ્ત્રીને ઉત્પન્ન કરી અર્થાત્ એ શંકરનાં સહોદર બેહન છે એમ કહ્યું તેનું આ પ્રમાણ છે. ૩ ભક્તનાં લક્ષણ ગીતા અધ્યાય ૭માના શ્લોક ૧૭માં નીચે પ્રમાણે છેઃ-'**तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते । प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥**'—તેઓમાં જ્ઞાની અને નિત્ય ભક્તિવાળો ઉત્તમ ગણાય છે. અને ભક્તિવાન્ જ્ઞાનીઓને હું ઘણો જ વહાલો છું તેમ જ તેમને પણ વહાલો છે. ૪ પ્રમિતાક્ષરાવૃત્ત. લક્ષણઃ '**प्रमिताक्षरा स ज स सैरुदिता**'—દરેક ચરણમાં બાર અક્ષર અને સ જ સ સ એ પ્રમાણે ગણ હોય છે.

ખેદ પામતો નથી પરંતુ અરેરે! જૈમિનિ મુનિનાં વચનોનું ખંડન થઇ ગયું એ શોકને લીધે અત્યંત દુબળો થઇ ગયો છું. ૨.

स हि वेत्त्यनागतमतीतमपि प्रियकृत्समस्तजगतोऽधिकृतः ।
निगमप्रवर्तनविधौ स कथं तपसां निधिर्वितथसूत्रपदः ॥ ३ ॥

સર્વ જગત્‌નું પ્રિય કરવાને વાસ્તે વેદના અર્થની પ્રવૃત્તિ કરવામાં અધિકાર પામેલા જૈમિનિ મુનિ કે જે ભૂતને તથા ભવિષ્યને પણ જાણે છે અને તપના ભંડારરૂપ છે તેમણે કરેલાં સૂત્રોનાં પદો નકામાં કેમ થવાં જોઇએ?" ૩.

इति संदिहानमवदत्तमसौ न हि जैमिनावपनयोऽस्ति मनाक् ।
प्रमिमीमहे न वयमेव मुने हृदयं यथावदनभिज्ञतया ॥ ४ ॥

એ પ્રમાણે મંડનમિશ્રે સંદેહ કરવાથી શ્રીશંકરાચાર્યે તેને કહ્યું કે "જૈમિનિએ જરા પણ ભૂલ કરી નથી પરંતુ આપણે જ ઓછા વિદ્વાન્ હોવાથી જૈમિનિના અભિપ્રાયને યથાર્થ રીતે સમજી શકતા નથી." ૪.

यदि विद्यते कविजनाविदितं हृदयं मुनेस्तदिह वर्णय भोः ।
यदि युक्तमत्र भवता कथितं हृदि कुर्महे दलदहंकृतयः ॥ ५ ॥

શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી મંડનમિશ્ર બોલ્યો કે "હે શંકરાચાર્ય! જૈમિનિનો અભિપ્રાય જો વિદ્વાન્ લોકોથી પણ નહિ સમજાયો હોય તો તે અભિપ્રાય કેવા પ્રકારનો છે એ મારી પાસે કહો. એ અભિપ્રાયના વર્ણનમાં આપ જો યથાર્થ કહેશો તો અમો અહંકારને છોડી દઇને આપના વચનને હૃદયમાં ધરીશું." ૫.

अभिसंधिमानपि परे विषयप्रसरन्मतीननुजिघृक्षुरसौ ।
तदवाप्तिसाधनतया सकलं सुकृतं न्यरूपयदिति स्म परम् ॥ ६ ॥

મંડનમિશ્રનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્ય બોલ્યા કે "જો કે જૈમિનિ મુનિ પરબ્રહ્મ ઉપર અભિપ્રાયવાળા હતા તો પણ વિષયોમાં જ લાગેલી બુદ્ધિવાળા લોકોને બ્રહ્મજ્ઞાનમાં અધિકાર નથી એમ વિચારી તેઓને તેમાં અધિકાર પ્રાપ્ત થવાનો અનુગ્રહ કરવાની ઇચ્છાથી તેમણે બ્રહ્મવિદ્યાના સાધનરૂપે કેવલ પવિત્ર કર્મોનું જ નિરૂપણ કર્યું છે પણ પરબ્રહ્મનું નિરૂપણ કર્યું નથી. ૬.

वचनं तमेतमिति धर्मचयं विदधाति बोधजनिहेतुतया ।
तदपेक्षयैव स च मोक्षपरो निरधारयन्नपरथेति वयम् ॥ ७ ॥

'तमेतं वेदानुवचनेन ब्राह्मणा विविदिषंति यज्ञेन दानेन तपसाऽनाशकेन' એ શ્રુતિ પરબ્રહ્મના બોધના સાધનરૂપે વેદાધ્યયન, યજ્ઞ, દાન તપ અને ઉપવાસ આદિ ધર્મોના સમૂહનું વિધાન કરે છે માટે તે વચન ઉપર ધ્યાન રાખીને જૈમિનિએ પોતે મોક્ષમાં તત્પર છતાં પણ કર્મોનો નિશ્ચય કર્યો છે પણ તે નિશ્ચય કર્મો કરવાં એ જ પરમ પુરુષાર્થ છે એમ સમજાવવાને કર્યો નથી એમ અમો માનીએ છિએ." ૭.

श्रुतयः क्रियार्थकतया सफला अतदर्थकानि तु वचांसि वृथा ।
इति सूत्रयन्ननु कथं मुनिराडपि सिद्धवस्तुपरतां मनुते ॥ ८ ॥

શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી મંડનમિશ્ર બોલ્યો કે "જૈમિનિએ 'आम्नायस्य क्रियार्थत्वादानर्थक्यमतदर्थानाम्' એ સૂત્રથી સ્પષ્ટ રીતે કહ્યું છે કે 'વેદનો કર્મો ઉપર જ અભિપ્રાય છે માટે

વેદનાં જે વચનોમાં કર્મોનું નિરૂપણ છે તે વચનો જ સફલ છે અને જે વચનોમાં કર્મોનું નિરૂપણ નથી તે વચનો વૃથા છે માટે તે વચનોને અર્થવાદરૂપ માનવાં.' આ પ્રમાણે છતાં પણ તમે કહો છો કે 'જૈમિનિ વેદનાં વચનોને બ્રહ્મપર જ માને છે, એ શી રીતે સંભવે?" ૮.

श्रुतिराशिरद्वयपरोऽपि परंपरयाऽऽत्मबोधफलकर्मणि च ।
प्रसरत्कटाक्ष इति कार्यपरत्वमसूचि तत्प्रकरणस्य गिराम् ॥ ९ ॥

મંડનમિશ્રનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્ય બોલ્યા કે—"જો કે શ્રુતિઓનો સમૂહ પરંપરાથી અદ્વિતીય બ્રહ્મને જ લાગુ પડે છે તો પણ એ શ્રુતિઓના સમૂહનો કટાક્ષ જેઓથી આત્મબોધરૂપી ફલ થાય એવાં કર્મો ઉપર પસરે છે એટલા માટે જૈમિનિએ કર્મકાંડમાં રહેલાં વચનો ક્રિયાઓને વાસ્તે જ છે એમ સૂચવ્યું છે." ૯.

ननु सच्चिदात्मपरताऽभिमता यदि कृत्स्नवेदनिचयस्य मुनेः ।
फलदातृतामपुरुषस्य वदन्स कथं निराह परमेशमपि ॥ १० ॥

મંડનમિશ્ર બોલ્યો કે—"જો સઘળાં વેદ વાક્યોનો સમૂહ સચ્ચિતરૂપ આત્માને જ લાગુ પડે છે એમ જૈમિનિએ સ્વિકાર્યું હોય તો કર્મ કે જે પરમાત્માથી ભિન્ન છે તેઓ જ ફલ આપે છે એમ કહીને તેમણે ઈશ્વરનું ખંડન પણ કેમ કર્યું છે?" ૧૦.

ननु कर्तृपूर्वकमिदं जगदित्यनुमानमागमवचांसि विना ।
परमेश्वरं प्रथयति श्रुतयस्त्वनुवादमात्रमिति काणभुजाः ॥ ११ ॥
न कथंचिदौपनिषदं पुरुषं मनुते बृहंतमिति वेदवचः ।
कथयत्यवेदविदगोचरतां गमयेत्कथं तमनुमानमिदम् ॥ १२ ॥
इति भावमात्मनि निधाय मुनिः स निराकरोन्निशितयुक्तिशतैः ।
अनुमानमीश्वरपरं जगतः प्रभवं लयं फलमपीश्वरतः ॥ १३ ॥

શ્રીશંકરાચાર્ય બોલ્યા કે—"આ જગત્ કર્તાથી થએલું છે. જે જે કાર્ય હોય તે કર્તાથી જ ઉત્પન્ન થએલું હોય છે. જેમ કે ઘડો કાર્ય છે માટે કુંભારથી ઉત્પન્ન થએલ છે એ અનુમાન વેદનાં વચનોની અપેક્ષા વિના જ પરમેશ્વરને સિદ્ધ કરે છે અને વેદનાં વચનો તો એ અનુમાન સિદ્ધ વાતનો માત્ર અનુવાદ જ કરે છે એમ કણાદના મતને અનુસરનારાઓ કહે છે પરંતુ 'तं त्वौपनिषदं पुरुषं पृच्छामि नावेदविन्मनुते तं बृहंतम्' ઇત્યાદિ વેદનાં વચનો સ્પષ્ટ રીતે કહે છે કે 'વેદને નહિ જાણનારો પુરુષ ઉપનિષદોથી જ જણાય એવા પરમાત્માને કોઇ રીતે જાણી શકતો નથી' માટે કણાદના મતને અનુસરનારાઓએ કરેલું એ અનુમાન પરમાત્માને કેમ જણાવી શકે? ન જ જણાવી શકે. એવા અભિપ્રાયને મનમાં ધરીને જૈમિનિએ સૈકડો તીક્ષ્ણ યુક્તિઓથી કણાદ લોકોના ઇશ્વરને સિદ્ધ કરવાના અનુમાનનું ખંડન કર્યું છે અને ઇશ્વરથી જગતની ઉત્પત્તિ થવાનું તથા ઇશ્વરથી કર્મોનાં ફલ મળવાનું પણ ખંડન કર્યું છે. ૧૧-૧૨-૧૩.

तदिहास्मदुक्तविधया निषदा न विरुद्धमण्वपि मुनेर्वचसि ।
इति गूढभावमनवेक्ष्य बुधास्तमनीशवाद्ययमिति ब्रुवते ॥ १४ ॥
किमु तावतैव स निरीश्वरवाद्यभवत्परात्मविदुषां प्रवरः ।
न निशाटनाहिततमः क्वचिदप्यहनि प्रभां मलिनयेत्तरणेः ॥ १५ ॥

હે મંડનમિશ્ર! આ પ્રમાણે છે એટલા માટે જૈમિનિનાં વચનોમાં આ અમારા કહેલા રહસ્યથી જરા પણ વિરુદ્ધ નથી. એ પ્રમાણે જૈમિનિના ગૂઢ અભિપ્રાયને જાણ્યાવિના જ કાચા

વિદ્વાનો 'જૈમિનિ અનીશ્વરવાદી છે' એમ કહે છે પણ તેટલાથી એ જૈમિનિ કે જે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ છે તે અનીશ્વરવાદી થઇ ગયા કે? ન જ થઇ જાય. રાત્રિમાં ફરનારાં ઘુડ આદિ પ્રાણિઓએ દિવસમાં પણ માનેલો અંધકાર સૂર્યની પ્રભાને કદી પણ મલિન કરી શકે નહિ[1]." ૧૪-૧૫.

इति जैमिनीयवचसां हृदयं कथितं निशम्य यतिकेसरिणा ।
मनसा ननन्द कविराण्नितरां स सशारदाश्च सदसस्पतयः ॥ १६ ॥

એ પ્રમાણે સંન્યાસીઓમાં ઉત્તમ શ્રીશંકરાચાર્યે કહેલું જૈમિનિનાં વચનોનું તત્ત્વ સાંભળીને મંડનમિશ્ર મનમાં અત્યંત પ્રસન્ન થયો અને સરસ્વતી સહિત બીજા સભાપતિઓ પણ અત્યંત પ્રસન્ન થયા. ૧૬.

विदिताशयोऽपि परिवर्तिमनाग्विषयः स जैमिनिमवाप हृदा ।
अवगन्तुमस्य वचसाऽपि पुनः स च संस्मृतः सविधमाप कवेः ॥ १७ ॥

શંકરાચાર્યનાં વચનથી જૈમિનિનો અભિપ્રાય જાણવામાં આવ્યા છતાં પણ મનમાં જરાક સંશય રહેવાને લીધે જૈમિનિનાં મુખવચનોથી પણ ફરી તેમનો અભિપ્રાય જાણવા માટે મંડનમિશ્રે હૃદયમાં જૈમિનિનું ધ્યાન કર્યું. મંડનમિશ્રે ધ્યાન કરતાં જૈમિનિ તુરત તેની પાસે આવ્યા. ૧૭.

अवदच्च शृण्विति स भाष्यकृति प्रजहाहि संशयमिमं सुमते ।
यदवोचदेष मम सूत्रततेर्हृदयं तदेव मम नापरथा ॥ १८ ॥

જૈમિનિએ આવીને મંડનમિશ્રને કહ્યું કે, "હે ઉત્તમ બુદ્ધિવાળા! સાંભળોઃ આ ભાષ્યકાર(શ્રીશંકરાચાર્ય)ના વચનમાં જે તમને સંશય છે તેને છોડી દો. ભાષ્યકારે મારાં સૂત્રોના સમૂહનો જે અભિપ્રાય કહ્યો તે જ મારો અભિપ્રાય છે. પણ એથી વિરુદ્ધ છે જ નહિ. ૧૮.

न ममैव वेद हृदयं यमिराडपितु श्रुतेः सकलशास्त्रततेः ।
यदभूद्भविष्यति भवत्तदपि ह्ययमेव वेद न तथा त्वितरः ॥ १९ ॥

સંન્યાસીઓના રાજા આ શંકરાચાર્ય કેવલ મારા અભિપ્રાયને જ જાણે છે એમ નથી પણ વેદના અભિપ્રાયને, સઘળાં શાસ્ત્રોના અભિપ્રાયને અને જે કાંઇ થઇ ગયું છે તથા થવાનું છે તેને પણ જાણે છે. એ સર્વને જેવાં શંકરાચાર્ય જાણે છે તેવાં બીજો કોઈ પણ જાણતો નથી. ૧૯.

गुरुणा चिदेकरसतत्परता निरणायि हि श्रुतिशिरोवचसा ।
कथमेकसूत्रमपि तद्भिमतं कथयाम्यहं तदुपसादितधीः ॥ २० ॥

ગુરુ શ્રીવેદવ્યાસે સઘળાં ઉપનિષદોનાં વચનો પરબ્રહ્મને જ લાગુ પડે છે એવો નિર્ણય કર્યો છે તો હું કે જે તેમનો શિષ્ય હોવાથી તેમની પાસેથી જ પ્રાપ્ત થએલી બુદ્ધિવાળો છું તે એમના મતથી વિરુદ્ધ એક સૂત્ર પણ કેમ કરૂં? ૨૦.

अलमाकलय्य विशदं सुयशः शृणु मे रहस्यमिममेव परम् ।
त्वमवेहि संसृतिनिमग्नजनोत्तरणे गृहीतवपुषं पुरुषम् ॥ २१ ॥

હે ઉત્તમ યશવાળા! હવે સંશય ધરવાનું બંધ કરો અને મારા મુખથી રહસ્ય વાત સાંભળોઃ આ શંકરાચાર્યને સંસારમાં ડુબેલા લોકોનો ઉદ્ધાર કરવાને વાસ્તે મનુષ્ય લોકમાં દેહધારી થઇને અવતરેલા સાક્ષાત્ પરમશિવ જ સમજો. ૨૧.

---

૧ કાચા વિદ્વાનોનું કહેલું જૈમિનિને અનીશ્વરવાદી ઠરાવી શકે નહિ એ ઉપમેય વાક્યમાં અને ઘુડ આદિ પ્રાણિયોએ દિવસમાં માનેલો અંધકાર સૂર્યપ્રભાને મલિન કરી શકે નહિ એ ઉપમાન વાક્યમાં નોખા નોખા ધર્મોને બિંબ પ્રતિબિંબ ભાવથી વર્ણવ્યા છે માટે દૃષ્ટાંત અલંકાર થયો છે.

[1]आद्ये सत्त्वमुनिः सतां वितरति ज्ञानं द्वितीये युगे
दत्तो द्वापरनामके तु सुमतिर्व्यासः कलौ शंकरः ।
इत्येवं स्फुटमीरितोऽस्य महिमा शैवे पुराणे यत-
स्तस्य त्वं सुमते मते त्ववतरः संसारवार्धिं तरेः ॥ २२ ॥

'સત્યયુગમાં કપિલ મુનિ, ત્રેતા યુગમાં દત્તાત્રેય, દ્વાપર યુગમાં ઉત્તમ મતિવાળા વેદવ્યાસ અને કલિયુગમાં સદાશિવ સત્પુરુષોને જ્ઞાન આપે છે' એમ શિવપુરાણમાં આ શંકરાચાર્યનો મહિમા સ્પષ્ટ રીતે કહેલો છે એટલા માટે હે મંડનમિશ્ર! તમે આ આચાર્યના મતમાં ઉતરો અને ઉતરીને સંસારરૂપ સમુદ્રને તરી જાઓ." ૨૨.

[2]इतिबोधितद्विजवरोऽन्तरधान्मनसोपगुह्य यमिनामृषभम् ।
स च यायजूकपरिषत्प्रमुखः प्रणिपत्य शंकरमवोचदिदम् ॥ २३ ॥

એ પ્રમાણે જૈમિનિ મુનિ મંડનમિશ્રને સમજાવી મનથી શંકરાચાર્યનું આલિંગન કરીને અંતર્હિત થઇ ગયા. પછી યજ્ઞ કરનારાઓની સભામાં મુખ્યતા ધરાવનારા મંડનમિશ્રે શંકરાચાર્યને પ્રણામ કરીને નીચે પ્રમાણે તેમની સ્તુતિ કરી. ૨૩.

विदितोऽस्ति संप्रति भवाञ्जगतः प्रकृतिर्निरस्तसमतातिशयः ।
अवबोधमात्रवपुरप्यबुधोद्धरणाय केवलमुपात्ततनुः ॥ २४ ॥

"આપ સર્વ જગતના કારણરૂપ છો, જગત્માં કોઇ પણ આપના સમાન કે આપથી અધિક નથી અને આપ જ્ઞાનમાત્ર સ્વરૂપવાળા છતાં પણ કેવલ અજ્ઞાનીઓનો ઉદ્ધાર કરવા સારૂ જ દેહ ધરીને અવતર્યા છો એ વાત હમણાં મારા જાણવામાં આવી. ૨૪.

[3]यदेकमुदितं पदं यतिवर त्रयीमस्तकैस्तदस्य परिपालकस्त्वमसि तत्त्वमस्यायुधः ।
परं गलितसौगतप्रलपितांधकूपांतरेपतत्कथमिवान्यथा प्रलयमद्य नाऽऽपत्स्यते ॥२५॥

હે સંન્યાસિઓમાં ઉત્તમ! વેદાંતોએ જે એક પરમપદનું નિરૂપણ કર્યું છે તે પદનું પરિપાલન કરનારા તમે છો અને તે પરિપાલનને વાસ્તે 'तत्त्वमसि' રૂપી આયુધને ધરી રહ્યા છો. જો આપે આ ઉદ્યોગ ન કર્યો હોત તો પુરુષાર્થથી ભ્રષ્ટ થએલા બૌદ્ધ લોકોનાં ભાષણોરૂપી ઊંડી ખાડની અંદર પડીને એ પરમ જ્ઞાન આજ સુધી નાશ પામ્યા વગર કેમ રહ્યું હોત? ૨૫.

[4]प्रबुद्धोऽहं स्वप्नादिति कृतमतिः स्वप्नमपरं यथा मूढः स्वप्ने कलयति तथा मोहवशगाः।
विमुक्तिं मन्यंते कतिचिदिह लोकांतरगतिं हसंत्येतान्दासास्तव गलितमायाः परगुरो॥

હે પરમ ગુરો! જેમ મૂઢ માણસ એક સ્વપ્નમાં બીજું સ્વપ્ન પ્રાપ્ત થતાં હું સ્વપ્નમાંથી જાગ્યો છું એમ ધારે છે તેમ મોહને વશ થએલા કેટલાએક વાદીઓ આ લોકમાંથી પ્રાપ્ત થતી પરલોકની ગતિને મુક્તિરૂપ માને છે પણ માયાના બંધનથી મુક્ત થએલા આપના દાસો તો એઓની હાંસી કરે છે. કારણ કે પરલોકની ગતિ પણ આ લોકની ગતિની પેઠે એક જાતના બંધનરૂપ જ છે. ૨૬.

मुहुर्धिग्धिग्भेदिप्रलपितविमुक्तिं यदुदयेऽप्यसारः संसारो विरमति न कर्तृत्वमुखरः ।
भृशं विद्वन्मोदे स्थिरतमविमुक्तिं तदुदितां भवातीता येयं निरवधिचिदानंदलहरी॥२७॥

---

[1] શાર્દૂલવિક્રીડિત છંદ. [2] પ્રમિતાક્ષરા વૃત્ત. [3] પૃથ્વી વૃત્ત. [4] શિખરિણી વૃત્ત.

દ્વૈતવાદીઓએ બકેલી મુક્તિને વારંવાર ધિક્કાર છે. કારણ કે એઓએ કહેલી મુક્તિ પ્રાપ્ત થતાં પણ 'હું કર્તા છું' ઇત્યાદિક વાસના રૂપ નિસ્સાર સંસાર શાંત થતો નથી. હે વિદ્વાન્! હું તો આપે કહેલી અત્યંત સ્થિર મુક્તિને જ સ્વીકારૂં છું. કારણ કે એ મુક્તિ સર્વ અનર્થોની નિવૃત્તિપૂર્વક પરમ આનંદની પ્રાપ્તિરૂપ છે. ૨૭.

अविद्याराक्षस्या गिलितमखिलेशं परगुरो पिचंडं भित्वास्याः सरभसममुष्मादुदहरः।
वृतां पश्यन्रक्षोयुवतिभिरमुष्य प्रियतमां हनूमांल्लोकेड्यस्तव तु कियती स्यान्महितता२८

હે પરમગુરો! હનુમાનજી પણ લોકોમાં સ્તુત્ય છે અને આપ પણ લોકોમાં સ્તુત્યછો પરંતુ હનુમાને રાક્ષસોની સ્ત્રીઓથી વિંટાએલાં પરમાત્મા(રામ)નાં પત્નીને પ્રયત્નથી કેવલ જોયાં જ હતાં અને આપે તો અવિદ્યારૂપ રાક્ષસીએ ગળેલા પરમાત્માને જ વેગથી એ રાક્ષસીનું પેટ ફાડી નાખીને તેમાંથી કહાડ્યા છે માટે હનુમાનજીના કરતાં આપની મહતા કેટલી બધી અધિક છે? બહુ જ અધિક છે[1]. ૨૮.

जगदार्तिहन्ननवगम्य पुरा महिमानमीदृशमचिंत्यमहम्।
तव यत्पुरोऽब्रुवमसांप्रतमप्यखिलं क्षमस्व करुणाजलधे ॥ २९ ॥

હે જગતની પીડાને ટાળનારા! હે કરુણાના સમુદ્રરૂપ! પ્રથમ આપના આવા અચિંત્ય મહિમાને જાણ્યા વિના જે કાંઈ હું અયોગ્ય વચનો પણ બોલી ગયો છું તે સર્વ વચનોની આપે ક્ષમા કરવી. ૨૯.

कपिलाक्षपादकणभुक्प्रमुखा अपि मोहमीयुरमितप्रतिभाः।
श्रुतिभावनिर्णयविधावितरः प्रभवेत्कथं परशिवांशमृते ॥ ३० ॥

શ્રુતિઓના અભિપ્રાયનો નિર્ણય કરવાનું કામ કે જેમાં અપાર બુદ્ધિવાળા કપિલ, ગૌતમ અને કણાદ આદિ વિદ્વાનો પણ મોહ પામેલા છે તે કામ કરવામાં આપ કે જે પરમ શિવના અંશરૂપ છો તે વિના બીજો પુરુષ કેમ જ સમર્થ થાય. ૩૦.

समेतैरेतैः किं कपिलकणभुग्गौतमवचस्तमस्तोमैश्चेतोमलिनिमसमारंभणचणैः।
सुधाधारोद्गारप्रचुरभगवत्पादवदनप्ररोहद्व्याहारामृतकिरणपुञ्जे विजयिनि॥३१॥

આપના મુખમાંથી નીકળતાં ભાષણો કે જેઓ અમૃતની ધારાઓના ઉદ્ગારોથી ભરપૂર છે તેઓરૂપી ચંદ્રોનો પુંજ પ્રૌઢ ઉદય પામતાં, કેવલ ચિત્તની મલિનતાને ઉત્પન્ન કરવામાં પ્રખ્યાત થએલાં કપિલ, કણાદ અને ગૌતમનાં વચનોરૂપી અંધકારોના સમૂહો સામટા મળીને પણ શું કરવાના છે? પૂર્ણ ચંદ્રોની પાસે અંધકારોથી ઉભા પણ શકાય નહિ[4]. ૩૧.

भिंदानैर्द्वैवमेतैरभिनवयवनैः सद्भवीभंजनोत्कै-
र्व्याप्ता सर्वेयमुर्वी क जगति भजतां कैव मुक्तिप्रसक्तिः।
यद्वा सद्वादिराजा विजितकलिमला विष्णुतत्त्वानुरक्ता
उज्जृंभंते समंताद्दिशि दिशि कृतिनः किं तया चिंतया मे ॥ ३२ ॥

---

૧ ઉપમાનભૂત હનુમાનજીમાં અને ઉપમેયભૂત શંકરાચાર્યમાં તફાવતનું વર્ણન કર્યું છે માટે વ્યતિરેક અલંકાર થયો છે. ૨ પ્રમિતાક્ષરા. ૩ શિખરિણી. ૪ શંકરાચાર્યનાં ભાષણોને ચંદ્રોનું રૂપ અને કપિલ આદિનાં વચનોને અંધકારના પુંજોનું રૂપ આપ્યું છે માટે તદ્રૂપક રૂપક અલંકાર થયો છે. ૫ સ્રગ્ધરા.

[1]દેવને ભેદનારા અને સારી [2]ગાયોને ભાગી નાંખવાના ઉમંગવાળા આ વાદીઓરૂપ નવા યવનોથી આ સઘળી પૃથ્વી ઘેરાઇ ગઇ છે માટે એઓને અનુસરનારાઓની કયા સ્થલમાં કેવી મુક્તિ થશે? અથવા આ ચિંતા કરવાનું મારે શું પ્રયોજન છે? કશું નથી. કારણ કે પરમાત્માનું વાસ્તવિક નિરૂપણ કરનારા આ... આજ્ઞાને અનુસરનારા, કલિયુગના દોષોને જીતનારા અને પરમાત્માના તત્ત્વમાં જ અનુરક્ત થએલા આપના વિદ્વાન્ શિષ્યો સઘળી દિશાઓમાં ચારેકોર ફેલાએલા છે. ૩૨.

[3]**कथमल्पबुद्धिविवृतिप्रचयप्रबलोरगक्षतिहताः श्रुतयः ।**
न यदि त्वदुक्त्यमृतसेकधृता विहरेयुरात्मविधृतानुशयाः ॥ ३३ ॥

અલ્પ બુદ્ધિવાળાઓએ કરેલાં વ્યાખ્યાનોના પ્રચારરૂપ પ્રબલ સર્પોના દંશથી મરણ પામેલી શ્રુતિઓ જો આપનાં ભાષણોરૂપી અમૃતનાં સેચનને પ્રાપ્ત થએલી ન હોત તો પોતાના યથાર્થ અભિપ્રાયરૂપી જીવનને ધરીને કેમ વિહાર કરી [4]શકત? ૩૩.

भवदुक्तसूक्त्यमृतभानुकरा न चरेयुरार्य यदि कः शमयेत् ।
अतितीव्रदुःसहभवोष्णकरप्रचुरातपप्रभवतापमिमम् ॥ ३४ ॥

હે મહાત્મા! જો આપનાં ભાષણરૂપી ચંદ્રના કિરણો પ્રચરિત ન થયાં હોત તો અત્યંત તીવ્ર અને અસહ્ય સંસારરૂપી સૂર્યના પ્રબલ તડકાથી થએલા આ પરિતાપને કોણ સમાવત? ૩૪.

बत कर्मयन्त्रमधिरुह्य तपः श्रुतगेहदारसुतभृत्यधनैः ।
अतिरूढमानभरितः पतितो भवतोद्धृतोऽस्मि भवकूपबिलात् ॥ ३५ ॥

હું કે જે તપ, શાસ્ત્રાભ્યાસ, ઘર, સ્ત્રીઓ, પુત્રો, ભૃત્યો અને ધન એઓથી અત્યંત વૃદ્ધિ પામેલા અભિમાનથી વ્યાપ્ત થઇ કર્મોરૂપી યંત્રપર ચડીને સંસારરૂપી કુવાની ખાડમાં પડ્યો હતો તેને આપે તે ખાડમાંથી કહાડ્યો છે. ૩૫.

अहमाचरं बहुतपोऽसुकरं ननु पूर्वजन्मसु न चेदधुना ।
जगदीश्वरेण करुणानिधिना भवता कथा मम कथं घटते ॥ ३६ ॥

હું ધારૂંછું કે મેં પૂર્વજન્મોમાં કોઇથી થઇ શકે નહિ એવી ઘણી તપશ્ચર્યા કરી છે. જો એ તપશ્ચર્યા કરી ન હોત તો આપ કે જે જગતના ઇશ્વર છો અને કરુણાના ભંડારરૂપ છો તેમની સાથે મને આ ચર્ચાનો પ્રસંગ કેમ [5]મળે? ૩૬.

[6]**शान्तिप्राक्सुकृताङ्कुरं दमसमुल्लासोल्लसत्पल्लवं**
वैराग्यद्रुमकोरकं सहनतावल्लीप्रसूनोत्करम् ।
एकाग्रीसुमनोमरन्दविसृतिं श्रद्धासमुद्यत्फलं
विन्देयं सुगुरोर्गिरां परिचयं पुण्यैरगण्यैरहम् ॥ ३७ ॥

આપણાં ભાષણોનો પરિચય કે જે શાંતિરૂપે પરિણામ પામેલા પૂર્વપુણ્યરૂપી બીજના અંકુરરૂપ છે, ઇંદ્રિયોના જયરૂપી પ્રફુલ્લિત વૃક્ષના સુંદર પલ્લવરૂપ છે, વૈરાગ્યરૂપી વૃક્ષની કળીરૂપ

૧ પરમાત્માને અને દેવીની પ્રતિમાને. ૨ શ્રુતિઓને અને ધેનુઓને અથવા ઇત્યાદિ વાક્યવડે પ્રથમની ચિંતાનો પ્રતિષેધ કર્યો છે માટે આક્ષેપ અલંકાર થયો છે. ૩ પ્રમિતાક્ષરા. ૪ રૂપક અલંકાર છે. ૫ ચર્ચાનો પ્રસંગ મળવારૂપ હેતુથી પૂર્વજન્મનાં પુણ્યોનો નિશ્ચય કર્યો છે માટે અનુમાન અલંકાર થયો છે. ૬ શાર્દૂલવિક્રીડિત છંદ.

છે, તિતિક્ષારૂપી વેલનાં પુષ્પોના સમૂહરૂપ છે, મનની એકાગ્રતારૂપ પુષ્પના મકરંદના વિસ્તારરૂપ છે અને શ્રદ્ધારૂપી લતાના ઉગતા ફળરૂપ [1]છે તેને હું પૂર્વ જન્મમાં કરેલાં અસંખ્યાત પુણ્યોના પ્રભાવથી પ્રાપ્ત થયો છું. ૩૭.

[2]त्रिदिवौकसामपि पुमर्थकरीमिह संसरज्जनविमुक्तिकरीम् ।
करुणोर्मिलां तव कटाक्षझरीमवगाहतेऽत्र खलु धन्यतमः ॥ ३८ ॥

આપના કટાક્ષોનો પ્રવાહ કે જે દેવતાઓને પણ પુરુષાર્થ આપનાર છે, અહિં જન્મમરણ પામતાં માણસોને મુક્તિ આપનાર છે અને કરુણાની લહરીઓવાળો છે તેમાં જગતની અંદર જે પુરુષ અત્યંત ભાગ્યશાળી હોય છે તે જ નહાય છે. ૩૮.

[3]केचिच्चञ्चलोचनाकुचतटीचेलांचलोच्चालन-
स्पर्शद्राक्परिरंभसंभ्रमकलालीलासु लोलाशयाः ।
संत्वेते कृतिनस्तु निस्तुलयशःकोशादयः श्रीगुरु-
व्याहारक्षरितामृताब्धिलहरीदोलासु खेलन्त्यमी ॥ ३९ ॥

કેટલાએક વિષયી પુરુષો ચંચલ નેત્રોવાળી સ્ત્રીઓનાં સ્તનો ઉપરનાં વસ્ત્રોના છેડા ઊંચા કરવા, સ્પર્શ, શીઘ્ર આલિંગન, [4]સંભ્રમ, કલા અને [5]લીલા એઓમાં આસક્ત ચિત્તોવાળા છે તો ભલે રહ્યા પરંતુ અનુપમ યશના દૃઢ પાત્રોરૂપ આ જિતેંદ્રિય પુરુષો તો આપનાં ભાષણોમાંથી નિકળતા અમૃતના સમુદ્રની લહરીરૂપ હીંદોળાઓમાં ક્રીડા કરે છે. ૩૯.

[6]चिंतासंतानतंतुग्रथितनवभवत्सूक्तिमुक्ताफलौघै-
रुद्यद्भैशद्यसद्यःपरिहृततिमिरैर्हारिणो हारिणोऽमी ।
संतः संतोषवंतो यतिवर किमतो मण्डनं पंडितानां
विद्या हृद्या स्वयं ताञ्शतमखमुखरान्वारयंती वृणीते ॥ ४० ॥

હે સંન્યાસીઓમાં ઉત્તમ ! વિચારોના વિસ્તારોરૂપી દોરાઓથી ગુંથાએલાં આપનાં અપૂર્વ સુભાષિતોરૂપી મોતીના સમૂહો કે જેઓએ પોતાની ચળકતી સ્વચ્છતાથી અજ્ઞાનરૂપી અંધકારનો તુરત નાશ કરેલો છે તેઓથી શણગારેલા આ મનોહર સજ્જનોએ શણગારથી જ સંતોષ પામેલા છે. પંડિતોને એવા શણગારથી અધિક બીજો કયો શણગાર છે? કોઈ પણ નથી. એ શણગારથી લલચાએલી રમણીય બ્રહ્મવિદ્યારૂપ કન્યા પોતાના સ્વયંવરમાં ઇંદ્ર આદિ દેવતાઓનો પણ અનાદર કરીને તે સજ્જનોને જ વરે છે. ૪૦

√ संतः संतोषपोषं दधतु तव कृताम्नायशोभैर्यशोभि-
स्सौरालोकैरुलूका इव निखिलखला मोहमाहो वहंतु ।
धीरश्रीशंकरार्यप्रणतिपरिणतिभ्रश्यदंतर्दुरंत-
ध्वांताः संतो वयं तु प्रचुरतरनिजानंदसिंधौ निमग्नाः ॥ ४१ ॥

---

૧ ભાષણોના પરિચયમાં અંકુર આદિ અનેકપદાર્થોનો આરોપ કરવા સારૂ પૂર્વ પુન્યોઆદિ અનેક પદાર્થોમાં બીજ આદિ અનેક પદાર્થોનો જૂદો જૂદો આરોપ કર્યો છે માટે **માલારૂપક અલંકાર** થયો છે—**સાહિત્યદર્પણ**, કારિકા ૬૭૧. ૨ **પ્રમિતાક્ષરા.** ૩ **શાર્દૂલવિક્રીડિત.** ૪ સમય પ્રાપ્ત થતાં ઉતાવળને લીધે કાન વગેરેનાં ઘરેણાં નાક વગેરે બીજાં સ્થાનકોમાં પહેરવામાં આવે તે સંભ્રમ કહેવાય છે. જેમ કેઃ—'**संभ्रमस्त्वरया काले भूषास्थानविपर्ययम् ।**' ૫ વાણીથી, ગતિથી અને ચેષ્ટાથી પતિનું અનુકરણ કરવામાં આવે તે લીલા કહેવાય છે. જેમ કે '**प्रियानुकरणं लीला वाग्भिर्गत्या च चेष्टया ।**'
૬ સ્રગ્ધરા.

હે ધીર શ્રીશંકરાચાર્ય ! વેદનાં વચનોને સુશોભિત કરનારા આપના યશોથી સત્પુરુષો પોતાના સંતોષની વૃદ્ધિ કરો અને સઘળા ખલ પુરુષો જેમ સૂર્યના પ્રકાશોથી ઘુવડો મોહને ધરે છે તેમ મોહને ધરો. પણ અમો કે જેઓના અંતઃકરણના અપાર અંધકારો આપને પ્રણામ કરવાના પરિણામથી નષ્ટ થઇ ગયા છે તેઓ તો અત્યંત ભરપૂર સ્વરૂપાનંદરૂપી સમુદ્રમાં નિમગ્ન થાઓ. ૪૧. થયા

चिंतासंतानशाखी पदसरसिजयोर्वदनं नंदनं ते
संकल्पः कल्पवल्ली मनसि गुणनुतेर्वर्णना स्वर्णदीयम् ।
स्वर्गो दृग्गोचरस्त्वत्पदभजनमतः संविचार्येदमार्या
मन्यंते स्वर्गमन्यं तृणवदतिलघुं शंकरार्य त्वदीयाः ॥ ४२ ॥

હે શંકરાચાર્ય ! આપનું ધ્યાન કલ્પવૃક્ષરૂપ છે, આપનાં ચરણારવિંદમાં પ્રણામ નંદન વનરૂપ છે, આપનું આરાધન કરવાની ઇચ્છા કલ્પવૃક્ષની લતારૂપ છે, આપના ગુણની સ્તુતિનું વર્ણન સ્વર્ગની ગંગારૂપ છે અને આપના કટાક્ષોનું પડવું સ્વર્ગરૂપ છે એટલા માટે સત્પુરુષો એ સઘળાં ફ્લોને આપનારાં આપનાં ચરણનાં ભજનનો વિચાર કરીને દેવતાઓના સ્વર્ગને ખડની પેઠે અત્યંત તુચ્છ જ ગણે છે. ૪૨.

तदहं विसृज्य सुतदारगृहं द्रविणानि कर्म च गृहे विहितम् ।
शरणं वृणोमि भगवच्चरणावनुशाधि किंकरममुं कृपया ॥ ४३ ॥

એટલા માટે હું પુત્રોને, સ્ત્રીઓને, ઘરને, ધનને અને ગૃહસ્થાશ્રમ સંબંધી અગ્નિહોત્ર આદિ વિહિત કર્મોને પણ છોડી દઇને આપના ચરણનો આશ્રય લઉંછું. કૃપા કરીને આ કિંકરને (મને) ઉપદેશ કરો.” ૪૩.

इति सूनृतोक्तिभिरुदीर्णगुणः सुधियाऽऽत्मवाननुजिघृक्षुरसौ ।
समुदैक्षतास्य सहधर्मचरीं विदिताशया मुनिमवोचत सा ॥ ४४ ॥

એ પ્રમાણે વિદ્વાન્ મંડનમિશ્રે સુંદર વચનોથી જેમના ગુણોની સ્તુતિ કરી એવા અને અનુગ્રહ કરવાને ઇચ્છતા શ્રીશંકરાચાર્યે એ મંડનમિશ્રની સ્ત્રી ઉભયભારતીની સામે જોયું, એ સમયે તેમનો અભિપ્રાય જાણી લઇને ઉભયભારતીએ તેમને નીચે પ્રમાણે કહ્યું: ૪૪.

यतिपुण्डरीक तव वेद्मि मनो ननु पूर्वमेव विदितं च मया ।
इह भावि तापसमुखादखिलं तदुदीर्यते शृणु ससभ्यजनः ॥ ४५ ॥

“હે સંન્યાસીઓમાં ઉત્તમ ! આપના અભિપ્રાયને હું જાણુંછું અને આ જન્મમાં જે કાંઇ મારૂં ભવિષ્ય છે તે પ્રથમથી એક તપસ્વીના મુખથી મારા જાણવામાં આવેલું છે. એ મારૂં સઘળું ભવિષ્ય આપને કહી સંભળાવું છું. આપ સઘળા સભાસદોની સાથે સાંભળો. ૪૫.

मयि जातु मातुरुपकंठजुषि प्रभया तनितप्रतिभटोच्चजटः ।
सितभूतिरूषितसमस्ततनुः श्रमणोऽभ्ययादपरसूर्य इव ॥ ४६ ॥

કોઇ સમયે હું મારી માતાજીના સમીપમાં બેઠી હતી તે સમયે વીજળીના જેવી ચમકતી ઊંચી જટાવાળો, શ્વેત ભસ્મથી ખરડાએલા સઘળાં અંગોવાળો અને જાણે બીજો સૂર્ય હોય તેમ પ્રકાશતો એક તપસ્વી ત્યાં આવ્યો હતો. ૪૬.

परिगृह्य पाद्यमुखयार्हणया रचिताञ्जलिर्नमितपूर्वतनुः ।
जननी तदाऽऽत्तवरिवस्यममुं मुनिमन्वयुंक्त मम भाव्यखिलम् ॥ ४७ ॥

१ પ્રમિતાક્ષરા.

પાદ્ય આદિ પૂજાથી તેનો સત્કાર કરી પોતાની પીઠ નમાવી હાથ જોડીને બેઠેલી મારી માએ, તે સમયે પૂજાનો સ્વીકાર કરી બેઠેલા એ મુનિને નીચે પ્રમાણે મારૂં સઘળું ભવિષ્ય પૂછ્યું: ૪૭.

भगवन्न वेद्मि दुहितुर्मम भाव्यखिलं च वेत्ति तपसा हि भवान् ।
प्रणते जने हि सुधियः कथयंत्यपि गोप्यमार्यसदृशाः कृपया ॥ ४८ ॥

'હે ભગવાન્! મારી દીકરીના ભવિષ્યને હું જાણુતી નથી પણ આપ તપશ્ચર્યાના પ્રભાવથી સઘળાં ભવિષ્યને જાણોછો. આપના જેવા દયાલુ પુરુષો નમ્ર જનની પાસે કૃપા કરીને સઘળી ગુપ્ત રાખવા જેવી વાત પણ કહી દે છે. ૪૮.

कियदायुराप्स्यति सुतान्कति वा दयितं कथंविधमुपेष्यति च ।
अथ च क्रतूनपि करिष्यति मे दुहिता प्रभूतधनधान्यवती ॥ ४९ ॥

આ મારી પુત્રી કેટલાં વર્ષ સુધી જીવશે, કેટલા પુત્રોની મા થશે, કેવા પતિને પામશે, આ મારી પુત્રી ઘણું ધન ધાન્ય વાળી થશે, અને યજ્ઞો કરશે?' ૪૯.

इति पृष्टभाविचरितः प्रसुवा क्षणमात्रमीलितविलोचनकः ।
सकलं क्रमेण कथयन्निदमप्यपरं जगाद सुरहस्यमपि ॥ ५० ॥

એ પ્રમાણે મારી માએ મારૂં ભવિષ્ય પૂછતાં તે તપસ્વીએ ક્ષણ માત્ર પોતાનાં નેત્રો મીંચીને અનુક્રમથી સઘળું ભવિષ્ય કહેતાં કહેતાં નીચે પ્રમાણે એક બીજી વાત અત્યંત ગુપ્ત રાખવા યોગ્ય હતી છતાં પણ કહી. ૫૦.

निगमाध्वनि प्रबलबाह्यमतैरमितैरधिक्षिति खिले द्रुहिणः ।
पुनरुद्दिधीर्षुरवतीर्य खलु प्रतिभाति मण्डनकवींद्रमिषात् ॥ ५१ ॥

'પ્રબલ થએલા અસંખ્યાત નાસ્તિક મતોથી વેદમાર્ગનું ઉચ્છેદન થઇ જતાં એ માર્ગનો ફરીવાર ઉદ્ધાર કરવાની ઇચ્છાથી બ્રહ્મા હમણાં પૃથ્વીમાં અવતર્યા છે અને તે 'મંડન પંડિત' એ નામથી પ્રખ્યાત થયા છે. ૫૧.

तमवाप्य रुद्रमिव साऽद्रिसुता दुहिता तवाच्युतमिवाब्धिसुता ।
अनुरूपमाहृतसमस्तमखा ससुता भविष्यति चिरं मुदिता ॥ ५२ ॥

જેમ પાર્વતી રુદ્રને પામ્યાં છે અને લક્ષ્મી વિષ્ણુને પામ્યાં છે તેમ તમારી પુત્રી એ બ્રહ્માના અવતારરૂપ અને પોતાને યોગ્ય મંડનમિશ્રને પ્રાપ્ત થઇને સઘળા યજ્ઞો કરશે, દીકરા જણુશે અને લાંબા કાલસુધી આનંદ ભોગવશે. ૫૨.

अथ नष्टमौपनिषदं प्रबलैः कुमतैः कृतांतमिह साधयितुम् ।
मनु मानुषं वपुरुपेत्य शिवः समलंकरिष्यति धरां स्वपदैः ॥ ५३ ॥

પછી આ લોકમાં પ્રબલ થએલા દુષ્ટ મતોથી નષ્ટ થએલા વેદાંત સિદ્ધાંતનો ઉદ્ધાર કરવા વાસ્તે સદાશિવ મનુષ્યનું શરીર ધરીને પોતાનાં પગલાંઓથી પૃથ્વીને શોભાવશે. ૫૩.

सह तेन वादमुपगम्य चिरं दुहितुः पतिस्तु यतिवेषजुषा ।
विजितस्तमेव शरणं जगतां शरणं गमिष्यति विसृष्टगृहः ॥ ५४ ॥

તમારી પુત્રીના પતિ એ મંડનમિશ્ર સંન્યાસીનો વેષ ધરનારા તે સદાશિવની સાથે વાદ કરતાં હારી જઇ ઘરને છોડી દઇને જગતના આશ્રયરૂપ એ સદાશિવને જ શરણે થશે.' ૫૪.

इति गामुदीर्य स मुनिः प्रययौ सकलं यथातथमभूच्च मम ।
भवदीयशिष्यपदमस्य कथं वितथं भविष्यति मुनेर्वचसि ॥ ५५ ॥

"હે શ્રીશંકરાચાર્ય! એ તપસ્વી એટલાં વચન બોલીને ત્યાંથી ગયા હતા. એમણે જે કાંઇ કહ્યું હતું તે સઘળું મને યથાર્થ રીતે મળતું આવ્યું છે તો હવે મારો પતિ આપના શિષ્ય થવાનું જે તેમણે કહ્યું હતું તે મિથ્યા કેમ થશે? ૫૫.

अपि तु त्वयाऽद्य न समग्रजितः प्रथिताग्रणीर्मम पतिर्यदहम् ।
वपुरर्धमस्य न जिता मतिमन्नपि मां विजित्य कुरु शिष्यमिमम् ॥ ५६ ॥

જો કે આ પ્રમાણે ભવિષ્ય છે તો પણ હજુ સુધી વિદ્વાનોમાં આગેવાનપણું ધરાવનારા મારા પતિને આપે સંપૂર્ણ રીતે જીતેલ નથી. કારણ કે એના [1]અર્દ્ધ શરીરરૂપ હું જીતાઇ નથી. માટે હે વિદ્વાન્! હવે મને પણ જીતીને પછી આ મારા પતિને આપનો શિષ્ય કરો. ૫૬.

यदपि त्वमस्य जगतः प्रभवो ननु सर्वविच्च परमः पुरुषः ।
तदपि त्वयैव सह वादकृते हृदयं बिभर्ति मम तूत्कलिकाम् ॥ ५७ ॥

જો કે આપ સર્વજ્ઞ અને આ જગત્‌ના કારણરૂપ પરમ પુરુષછો તો પણ આપની સાથે જ વાદ કરવાને વાસ્તે મારૂં હૃદય ઉમંગ ધરાવે છે." ૫૭.

इति यायजूकसहधर्मचरीकथितं वचोऽर्थवदगर्ह्यपदम् ।
मधुरं निशम्य मुदितः सुतरां प्रतिवक्तुमैहत यतिप्रवरः ॥ ५८ ॥

એ પ્રમાણે મંડનમિશ્રની પત્નીનું અનિંદિત પદોવાળું અને પ્રૌઢ અર્થવાળું મધુર વચન સાંભળીને અત્યંત રાજી થયેલા શ્રીશંકરાચાર્યે તેને નીચે પ્રમાણે કહ્યું: ૫૮.

यदवादि वादकलहोत्सुकतां प्रतिपद्यते हृदयमित्यबले ।
तदसांप्रतं नहि महायशसो महिलाजनेन कथयंति कथम् ॥ ५९ ॥

"હે અબલે! તમારા કહ્યા પ્રમાણે મારી સાથે વાદયુદ્ધ કરવાની તમારા મનમાં ઉત્કંઠા છે પણ તમારી સાથે વાદ કરવો એ મારે યોગ્ય નથી. કારણ કે મોટી કીર્તિવાળા પુરુષો અબલા જનની સાથે વાદ કરતા નથી." ૫૯.

स्वमतं प्रभेत्तुमिह यो यतते स वधूजनोऽस्तु यदि वाऽस्त्वितरः ।
यतितव्यमेव खलु तस्य जये निजपक्षरक्षणपरैर्भगवन् ॥ ६० ॥

એ પ્રમાણે શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી ઉભયભારતીએ કહ્યું કે "મહારાજ! પોતાના મતને તોડવા માટે જે યત્ન કરે તે ભલે સ્ત્રીજાતિ હોય કે પુરુષજાતિ હોય તો પણ પોતાના પક્ષનું રક્ષણ કરવામાં તત્પરતા ધરાવનારાઓએ તેને જીતી લેવાનો યત્ન કરવો જ જોઇએ. ૬૦.

अत एव गार्ग्यभिधया कलहं सह याज्ञवल्क्यमुनिराडकरोत् ।
जनकस्तथा सुलभयाऽबलया किममी भवंति न यशोनिधयः ॥ ६१ ॥

એટલા માટે જ [2]યાજ્ઞવલ્ક્ય નામના મુનિરાજે ગાર્ગી નામની અબલાની સાથે વાદયુદ્ધ કર્યું હતું અને [3]જનકરાજાએ સુલભા નામની અબળાની સાથે વાદયુદ્ધ કર્યું હતું. એ યાજ્ઞવલ્ક્ય આદિ પુરુષો મોટી કીર્તિવાળા નહિ હતા કે શું?" ૬૧.

---

૧ 'अत्मानोऽर्द्धं पत्नी' એવું શ્રુતિ પણ કહે છે.

૨ યાજ્ઞવલ્ક્યનો ગાર્ગીની સાથે વાદ બૃહદારણ્યક નામના ઉપનિષદ્‌માં છે તે જુવો. ૩ જનકરાજાનો સુલભાની સાથે વાદ મહાભારતના શાંતિપર્વના ૩૨૧મા અધ્યાયથી શરૂ થાય છે તે જુવો.

इति युक्तिमद्वदितमाकलयन्मुदितांतरः श्रुतिसरिज्जलधिः ।
स तया विवादमधिदेवतया वचसामियेष विदुषां सदसि ॥ ६२ ॥

એ પ્રમાણે ઉભયભારતીનું યુક્તિ ભરેલું બોલવું સાંભળી મનમાં પ્રસન્ન થએલા તે શ્રુતિઓરૂપી નદીઓના સમુદ્રરૂપ શ્રીશંકરાચાર્યે વિદ્વાનોની સભામાં વાણીનાં ઈશ્વરી તે સરસ્વતીની સાથે વાદ કરવાની ઇચ્છા કરી. ૬૨.

अथ सा कथा प्रववृते स्म तयोरुभयोः परस्परजयोत्सुकयोः ।
मतिचातुरीरचितशब्दझरीश्रुतिविस्मयीकृतविचक्षणयोः ॥ ६३ ॥

પછી પરસ્પરને જીતી લેવાની ઉત્કંઠાવાળાં અને શ્રવણથી વિદ્વાનોને પણ વિસ્મય પમાડતાં એ બન્ને વચ્ચે, જેમાં બુદ્ધિની ચાતુરીથી શબ્દોના પ્રવાહની રચના કરવામાં આવતી હતી એવું વાદયુદ્ધ ચાલ્યું. ૬૩.

अनयोर्विचित्रपदयुक्तिभरैर्निशमय्य संकथनमाकलितम् ।
न फणीशमप्यतुलयन्न पर्पीं न गुरुं कविं किमपरं जगति ॥ ६४ ॥

એ બન્નેનું વિચિત્ર પદોવાળી યુક્તિઓથી વ્યાપ્ત થયેલું કથન સાંભળી વિદ્વાન્ લોકો શેષનાગને, સૂર્યને, બૃહસ્પતિને કે શુક્રાચાર્યને પણ તેઓના બરાબર નહિ ગણવા લાગ્યા ત્યારે જગત્‌માં તો બીજા ક્યા વિદ્વાનને તેઓના જેવાં ગણે ? ૬૪.

न दिवा न निश्यपि च वादकथा विरराम नैयमिककालमृते ।
इति जल्पतोः सममनल्पधियोर्दिवसाश्च सप्त दश चात्यगमन् ॥ ६५ ॥

એઓની વાદકથા કેવલ સંધ્યાવંદન આદિના નીમેલા સમય વિના દિવસે કે રાત્રિએ પણ બંધ નહિ પડતી હતી. આ પ્રમાણે અપાર બુદ્ધિવાળા એ શ્રીશંકરાચાર્ય અને સરસ્વતી એઓને પરસ્પરની સાથે વાદ કરતાંકરતાં સત્તર દિવસ વ્યતીત થઇ ગયા. ૬૫.

अथ शारदाऽकृतकवाक्प्रमुखेष्वखिलेषु शास्त्रनिचयेषु परम् ।
तमजय्यमात्मनि विचिन्त्य मुनिं पुनरप्यचिन्तयदिदं तरसा ॥ ६६ ॥

પછી એ સરસ્વતીએ અનાદિસિદ્ધ વેદ આદિ સઘળાં શાસ્ત્રોના સમૂહોમાં એ શંકરાચાર્યને જીતવાને અત્યંત અશક્ય ધારીને પોતાના મનમાં તુરત નીચે પ્રમાણે બીજો વિચાર કર્યો. ૬૬.

अतिबाल्य एव कृतसंन्यसनो नियमैः परैरविधुरश्च सदा ।
मदनागमेष्वकृतबुद्धिरसौ तदनेन संप्रति जयेयमहम् ॥ ६७ ॥

આ શ્રીશંકરાચાર્ય બાલકપણામાં જ સંન્યાસી થએલા છે અને કદી પણ સંન્યાસને લંગતા ઉત્તમ નિયમોથી રહિત થએલા નથી એટલા માટે એમની બુદ્ધિ કામશાસ્ત્રોમાં પહોચેલી નહિ હોય, તો હવે કામશાસ્ત્રના વાદથી મારે એમને જીતી લેવા. ૬૭.

इति संप्रधार्य पुनरप्यमुना कथने प्रसङ्गमथ संगतितः ।
यमिनं सदस्यमनुपृच्छदसौ कुसुमास्त्रशास्त्रहृदयं विदुषी ॥ ६८ ॥

એ પ્રમાણે મનમાં એમની સાથે વાદ કરવાની ગોઠવણ કરી કામશાસ્ત્રોનાં રહસ્યને જાણનારાં એ સરસ્વતીએ પ્રસંગ આવતાં તે શ્રીશંકરાચાર્યને નીચે પ્રમાણે કામશાસ્ત્રના રહસ્યસંબંધી પ્રશ્નો પૂછ્યાં. ૬૮.

कलाः कियन्त्यो वद पुष्पधन्वनः किमात्मिकाः किं च पदं समाश्रिताः ।
पूर्वे च पक्षे कथमन्यथा स्थितिः कथं युवत्यां कथमेव पूरुषे ॥ ६९ ॥

"કામદેવની કલાઓ કેટલી છે, એ કલાઓનાં કેવાં સ્વરૂપ છે, કામદેવ કયા કયા સ્થાનકોમાં રહે છે, શુક્લપક્ષમાં તથા કૃષ્ણપક્ષમાં, સ્ત્રીઓમાં તથા પુરુષોમાં કયા પ્રકારથી રહે છે.?" ૬૯.

नेतीरितः किंचिदुवाच शङ्करो विचिन्तयन्नत्र चिरं विचक्षणः ।
तासामनुक्तौ भवितात्पवेदिता भवेत्तदुक्तौ मम धर्मसंक्षयः ॥ ७० ॥

એ પ્રમાણે સરસ્વતીએ પ્રશ્નો પૂછતાં મહા વિચક્ષણ શ્રીશંકરાચાર્ય જો આ વિષયના ઉત્તરો નહિ આપું તો મારૂં અલ્પજ્ઞપણું જણાશે અને ઉત્તરો આપીશ તો મારા ધર્મનો ક્ષય થશે એમ લાંબીવાર સુધી વિચારીને તે વિષયમાં કાંઇ પણ બોલ્યા નહિ. ૭૦.

इति संविचिन्त्य स हृदाऽऽशु तदाऽनवबुद्धपुष्पशरशास्त्र इव ।
विदितागमोऽपि सुरिरक्षयिषुर्नियमं जगाद जगति व्रतिनाम् ॥ ७१ ॥

મનમાં એ વિચાર કરીને શ્રીશંકરાચાર્યે પોતે મનથી કામશાસ્ત્રના રહસ્યને જાણતાં છતાં પણ જગત્‌માં સંન્યાસીઓના નિયમનું રક્ષણ કરવાની ઇચ્છાથી તે સમયમાં જાણે કામશાસ્ત્રોને નહિ જાણતા હોય એવો ડોળ કરીને નીચે પ્રમાણે કહ્યું: ૭૧.

इह माससात्रमवधिः क्रियतामनुमन्यते हि दिवसस्य गणः ।
तदनन्तरं सुदति हास्यसि भोः कुसुमास्त्रशास्त्रनिपुणत्वमपि ॥ ७२ ॥

"હે સુંદરી! આ વિષયમાં મને એક મહીનાની અવધિ આપવી જોઇએ. વાદીઓ શાસ્ત્રાર્થના વિષયમાં અમુક દિવસોની અવધિ આપે એ પરંપરાની રીતિ છે. એક મહીના પછી તમારે કામશાસ્ત્રોમાં નિપુણપણાનો ગર્વ પણ છોડી દેવો પડશે." ૭૨.

उररीकृते सति तथेति तयाऽऽक्रमते स योगिमृगराड्गगनम् ।
श्रुतविग्रहः श्रुतविनेययुतो दधदभ्रचारमथ योगदशा ॥ ७३ ॥

સરસ્વતીએ એ અવધિનો અંગીકાર કરતાં પ્રખ્યાત સ્વરૂપવાળા એ મહાયોગી શંકરાચાર્ય પોતાના પ્રખ્યાત શિષ્યોની સાથે આકાશમાં ચડી ગયા અને યોગસિદ્ધિને લીધે તે દિવસથી પૃથ્વીમાં નહિ ફરતાં આકાશમાં જ ફરવા લાગ્યા. ૭૩.

स ददर्श कुत्रचिदमर्त्यमिव त्रिदिवच्युतं विगतसत्वमपि ।
मनुजेश्वरं परिवृतं प्रलपत्प्रमदाभिरार्तिमदमात्यजनम् ॥ ७४ ॥

આકાશમાં ફરતાંફરતાં કોઇ દિવસે પૃથ્વીના કોઇ પ્રદેશમાં મરણ પામેલો, મરણ પામ્યા છતાં પણ સ્વર્ગમાંથી પડેલા દેવ જેવો લાગતો, વિલાપ કરતી રાણીઓથી વિંટાએલો અને જેના મંત્રિઓ બહુ ખેદ પામ્યા હતા એવો એક (અમરક નામનો) રાજા શંકરાચાર્યના જોવામાં આવ્યો. ૭૪.

अथो निशाखेटवशादटव्यां मूले तरोर्मोहवशात्परासुम् ।
तं वीक्ष्य मार्गेऽमरकं नृपालं सनन्दनं प्राह स संयमीन्द्रः ॥ ७५ ॥

રાતે મૃગયા કરતાં તેના પરિશ્રમને લીધે ઝાડની નીચે મૂર્છિત થઇ મરણ પામીને પડેલા એ અમરક રાજાને માર્ગમાં જોઇ સંન્યાસીઓમાં ઉત્તમ શંકરાચાર્યે પોતાના શિષ્ય પદ્મપાદને નીચે પ્રમાણે કહ્યું: ૭૫.

सौन्दर्यसौभाग्यनिकेतसीमाः परःशता यस्य पयोरुहाक्ष्यः ।
स एष राजाऽमरकाभिधानः शेते गतासुः श्रमतो धरण्याम् ॥ ७६ ॥

"આ અમરક નામનો રાજા કે જેની સૌંદર્ય અને સૌભાગ્યની પરાકાષ્ઠારૂપ સૈકડો સ્ત્રીઓ છે તે આજ પરિશ્રમને લીધે મરણ પામીને ધરતીપર સૂતો છે. ૭૬.

प्रविश्य कायं तमिमं परासोर्नृपस्य राज्येऽस्य सुतं निवेश्य ।
योगानुभावात्पुनरप्युपैतुमुत्कण्ठते मानसमस्मदीयम् ॥ ७७ ॥

મરણ પામેલા આ રાજાના શરીરમાં યોગના પ્રભાવથી પ્રવેશ કરી થોડા કાલ સુધી રાજ્ય ભોગવી એના પુત્રનો રાજ્યાભિષેક કરી પાછો યોગના પ્રભાવથી તમારી પાસે આવું એવી મારા મનને ઉત્કંઠા થઇ છે. ૭૭.

अन्यादृशानामदसीयनानाकुशेशयाक्षीकिलकिंचितानाम् ।
सर्वज्ञतानिर्हरणाय सोऽहं साक्षित्वमप्याश्रयितुं समीहे ॥ ७८ ॥

સાક્ષીત્વનો હું પોતામાં સર્વજ્ઞપણું સિદ્ધ કરવાને વાસ્તે આ રાજાની અનેક રૂપાળી રાણીઓના અ-સાધારણ ~~હાવભાવનો સાક્ષાત્~~ અનુભવ લેવાને પણ ઇચ્છુંછું.” ૭૮.

इत्यूचिवांसं यतितल्लजं तं सनन्दनः प्राह ससांत्वमेनम् ।
सर्वज्ञ नैवाविदितं तवास्ति तथाऽपि भक्तिर्मुखरं तनोति ॥ ७९ ॥

સંન્યાસીઓમાં ઉત્તમ શંકરાચાર્ય એ પ્રમાણે બોલતાં પદ્મપાદે વિનયપૂર્વક વિજ્ઞપ્તિ કરી કે “ હે સર્વજ્ઞ ! આપથી કાંઈ પણ અજાણ્યું નથી તો પણ આપના ચરણની ભક્તિ મને બો-લવાની જરૂર પાડે છે કે ૭૯.

मत्स्येन्द्रनामा हि पुरा महात्मा गोरक्षमादिश्य निजाङ्गगुप्त्यै ।
नृपस्य कस्यापि तनुं परासोः प्रविश्य तत्पत्तनमाससाद ॥ ८० ॥

પૂર્વે મત્સ્યેંદ્ર નામના એક મહાત્મા યોગી પોતાના શરીરના રક્ષણને વાસ્તે પોતાના ગોરક્ષ નામના શિષ્યને આજ્ઞા કરી, કોઇ મરણ પામેલા રાજાના શરીરમાં પ્રવેશ કરીને તેના નગરમાં રાજ્ય કરવા લાગ્યા હતા. ૮૦.

भद्रासनाध्यासिनि योगिवर्ये भद्राण्यनिद्राण्यभवन् प्रजानाम् ।
ववर्ष कालेषु बलाहकोऽपि सस्यानि चाऽऽशास्यफलान्यभूवन् ॥ ८१ ॥

એ યોગીઓમાં ઉત્તમ મત્સ્યેંદ્ર રાજ્યાસનપર બીરાજી રાજ્ય કરવા લાગતાં સર્વદા પ્રજાઓ-નાં કલ્યાણ થવા લાગ્યાં, વરસાદ સમયસર વરસવા લાગ્યો અને ધાન્યોના છોડવા લોકોના ધાર્યા પ્રમાણે પાકવા લાગ્યા. ૮૧.

विज्ञाय विज्ञाः सचिवा नृपस्य काये प्रविष्टं कमपीह दिव्यम् ।
समादिशन्राजसरोरुहाक्षीः सर्वात्मना तस्य वशीक्रियायै ॥ ८२ ॥

આ ઉપરથી મહા વિચક્ષણ મંત્રીઓએ રાજાના શરીરમાં કોઇ પણ દિવ્ય પુરુષ પેઠો છે એમ ધારીને તે રાજાની રાણીઓને સઘળી રીતે તે રાજાને વશ કરી લેવાની સૂચના આપી. ૮૨.

सङ्गीतलास्याभिनयादिकेषु संसक्तचेता ललितेषु तासाम् ।
स एष विस्मृत्य मुनिः समाधिं सर्वात्मना प्राकृतवद्बभूव ॥ ८३ ॥

એ પ્રેરણાને લીધે અધિક યુક્તિઓ કરવા લાગેલી તે રાણીઓનાં સંગીત, નૃત્ય અને [1]અ-ભિનય આદિમાં જેનું ચિત્ત અત્યંત આસક્ત થઇ ગયું એવા મત્સ્યેંદ્ર સમાધિને ભુલી જઇને સ-ઘળી રીતે પ્રાકૃત મનુષ્ય જેવા થઇ ગયા હતા. ૮૩.

गोरक्ष एषोऽथ गुरोः प्रवृत्तिं विज्ञाय रक्षन्बहुधाऽस्य देहम् ।
निशान्तकान्तानटनोपदेष्टा नितान्तमस्याभवदन्तरङ्गः ॥ ८४ ॥

---

૧. હસ્ત અને નેત્ર આદિ અંગોથી મનના ભાવનો પ્રકાશ કરવો એ અભિનય કહેવાય છે કે જેને લોકો ‘ બતાવા ’ કહે છે.

પછી એમનો શિષ્ય ગોરક્ષ પોતાના ગુરુની ખબર મેળવી ઘણી રીતે એમના દેહના રક્ષણની ગોઠવણ કરી અંતઃપુરની સ્ત્રીઓને નાચ શીખાવનારો (ઉસ્તાદ) થઇ તેમજ એમનો અત્યંત અંતરંગ (પ્રેમપાત્ર) થઇને રાજ્યમાં રહ્યો. ૮૪.

तत्रैकदा तत्त्वनिबोधनेन निवृत्तरागं निजदेशिकं सः ।
योगानुपूर्वीमुपदिश्य निन्ये यथापुरं प्राक्तनमेव देहम् ॥ ८५ ॥

ત્યાં રહેતાં એ ગોરક્ષ એક દિવસે પોતાના ગુરુને તત્ત્વનો બોધ આપી વિષયોના અનુરાગથી રહિત કરી યોગની પદ્ધતિનો ઉપદેશ દઇને આગળ પ્રમાણે પ્રથમના શરીરમાં લઇ ગયો હતો. ૮૫.

हन्तेदृशोऽयं विषयानुरागः किंचोर्ध्वरेतोव्रतखण्डनेन ।
किन्नोदयेत्किल्बिषमुल्बणं ते कृत्यं भवानेव कृती विवेक्तुम् ॥ ८६ ॥

હે આચાર્ય! વિષયોમાં અનુરાગ એવી રીતનો છે. વળી ઉર્ધ્વરેતસ્ (વીર્યને સ્ખલિત થવા નહિ દેનાર)પણાના નિયમનો ભંગ કરવાથી આપને ભયંકર પાપ નહિ લાગે કે? લાગશે જ. એટલા માટે હવે જે કરવા યોગ્ય હોય તેનું વિવેચન કરવામાં આપ સમર્થ છો. ૮૬.

व्रतमस्मदीयमतुलं क्व महत्क्व च कामशास्त्रमतिगर्हितमिदम् ।
तदपीष्यते भगवतैव यदि ह्यनवस्थितं जगदिहैव भवेत् ॥ ८७ ॥

આપણું સર્વોત્તમ મોટું વ્રત (નિયમ) ક્યાં અને અત્યંત નિંદવા યોગ્ય આ કામશાસ્ત્ર ક્યાં? નિયમને અને કામશાસ્ત્રને બનતું જ નથી તો પણ જો આપ જ વિરુદ્ધ કામ કરવાની ઇચ્છા કરશો તો પછી નિયમના ભાગ ઉપરાંત આ લોકમાં પ્રજા પણ મર્યાદા વગરની જ થઇ જશે.[1] ૮૭.

अधिमेदिनि प्रथयितुं शिथिलं धृतकङ्कणस्य यतिधर्ममिमम् ।
भवतः किमस्त्यविदितं तदपि प्रणयान्मयोदितमिदं भगवन् ॥ ८८ ॥

પૃથ્વીમાં શિથિલ થઇ ગયેલા આ સંન્યાસ ધર્મને પ્રકટ કરવા માટે જેણે પ્રતિજ્ઞા કરી છે એવા આપથી કાંઇ અજાણ્યું નથી તો પણ મહારાજ! મેં સ્નેહને લીધે આ વચનો કહ્યાં છે." ૮૮.

स निशम्य पद्मचरणस्य गिरं गिरति स्म गीष्पतिसमप्रतिभः ।
अविगीतमेव भवता फणितं शृणु सौम्य वच्मि परमार्थमिदम् ॥ ८९ ॥

એ પ્રમાણે પદ્મપાદનાં વચન સાંભળી બૃહસ્પતિના સરખી બુદ્ધિવાળા શ્રીશંકરાચાર્યે તેમને કહ્યું કે "હે સૌમ્ય! તમે યોગ્ય વાત કહી છે તો પણ હવે હું વાસ્તવિક વાત કહુંછું તે સાંભળોઃ ૮૯.

असङ्गिनो न प्रभवंति कामा हरेरिवाभीरवधूसखस्य ।
वज्रोलियोगप्रतिभूः स एष वत्सावकीर्णित्वविपर्ययो नः ॥ ९० ॥

"જેમ ગોપીઓનો સંગ કરવાથી [2]શ્રીકૃષ્ણને કોઇ કામકૃત દોષો લાગ્યા ન હતા તેમ

---

૧. ગીતામાં કહ્યું છે કે '**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः । स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्त्तते ॥**'—જે પ્રમાણે મોટા માણસોનું આચરણ હોય છે તે પ્રમાણે લોકો તેનું અનુકરણ કરીને ચાલે છે. અધ્યાય ૩, શ્લોક ૨૧. ૨ શ્રીકૃષ્ણે ગોપીઓની સાથે રમણ કરયાની વિસ્તીર્ણ કથા ભાગવતના દશમસ્કંધના ૨૯માથી ૩૩મા અધ્યાય સુધીમાં છે. તેમાં કહ્યું છે કે '**आत्मारामोप्यरीरमत्**'—શ્રીકૃષ્ણે પોતે અસંગ છતાં પણ ગોપીઓને રમણ કરાવ્યું. '**सिषेव आत्मन्यवरुद्धसौरतः**—શ્રીકૃષ્ણે પોતાના વીર્યને પોતાના શરીરમાં જ રોકી રાખીને વિહારોનું સેવન કર્યું. '**किमुताखिलसत्वानां तिर्यङ्मर्त्यदिवौकसाम् । ईशितुश्चेशितव्यानां कुशलाकुशलान्वयः॥**'—અહંકારવગરના જીવોને પણ પાપનો કે પુન્યનો સંબંધ નથી ત્યારે પશુ, પક્ષી મનુષ્યો તથા દેવ એઓના તથા બીજા પણ સઘળા જીવોના સ્વામી શ્રીકૃષ્ણને પાપનો કે પુણ્યનો સંબંધ ન જ હોય તેમાં શું કહેવું?

આસક્તિથી રહિત બીજા પુરુષને પણ કોઇ કામકૃત દોષો લાગતા નથી. હે પુત્ર! જે [1]વજ્રોલિ (સ્ત્રીનો સંગ કરતાં છતાં પણ પોતાના વીર્યને સ્ખલિત નહિ થવા દેતાં ઉલટું સ્ત્રીના વીર્યનું આકર્ષણ કરી લેવાની ક્રિયા) છે તે જ આપણા વીર્યને સ્ખલિત નહિ થવા દેવાનો જામીન છે. ૯૦.

संकल्प एवाखिलकाममूलं स एव मे नास्ति समस्य विष्णोः ।
तन्मूलहानौ भवपाशनाशः कर्तुः सदा स्याद्भवदोषदृष्टेः ॥ ९१ ॥

સંકલ્પ જ સઘળી કામનાઓનું મૂલ છે પણ હું કે જે શ્રીકૃષ્ણ જેવો જ છું તેને એ સંકલ્પ જ નથી. સર્વદા સંસારમાં દોષદૃષ્ટિ (સંસાર ખરાબ ખરાબ છે, એવું વારંવાર ચિંતન) કરનારા પુરુષને કામનાઓના મૂલરૂપ સંકલ્પનો નાશ થવાથી જ સંસારરૂપી પાશનો નાશ થાય છે. ૯૧.

अविचार्य यस्तु वपुराद्यहमित्यभिमन्यते जडमतिः सुदृढम् ।
तमबुद्धतत्त्वमधिकृत्य विधिप्रतिषेधशास्त्रमखिलं सफलम् ॥ ९२ ॥

જે મૂઢ પુરુષ ('દેહાદિક આત્મા નથી' એવો વિચાર નહિ કરતાં 'જે) દેહાદિક છે તે જ હું છું' એવું દૃઢ રીતે માની બેસે છે તે અજ્ઞાની પુરુષને જ સઘળાં [2]વિધિશાસ્ત્રો અને [3]નિષેધશાસ્ત્રો લાગુ પડે છે. ૯૨.

कृतधीस्त्वनाश्रमवर्णमजात्यवबोधमात्रमजमेकरसम् ।
स्वतयाऽवगत्य न भजेन्निवसन्निगमस्य मूर्ध्नि विधिकिंकरताम् ॥ ९३ ॥

'બ્રહ્મ કે જે આશ્રમ રહિત છે, વર્ણ રહિત છે, જાતિ રહિત છે, જ્ઞાનસ્વરૂપ છે, જન્મ રહિત છે અને એકરસ છે તે જ હું છું' એમ જાણીને વેદથી પણ ઉપર રહેનારો જ્ઞાની પુરુષ તો કદી પણ વિધિનો કે નિષેધનો કિંકર થાય નહિ. ૯૩

कलशादि मृत्प्रभवमस्ति यथा मृदमन्तरा न जगदेवमिदम् ।
परमात्मजन्यमपि तेन विना समयत्रयेऽपि न समस्ति खलु ॥ ९४ ॥

[4]જેમ ઘટ આદિ વસ્તુઓ માટીથી ઉત્પન્ન થએલ છે માટે ત્રણે કાલમાં માટી વિના છે જ નહિ તેમ આ જગત્ પરમાત્માથી ઉત્પન્ન થએલ છે માટે ત્રણે કાલમાં પરમાત્મા વિના છે જ નહિ. (આ પ્રમાણે પરમાત્મામાં જગત્ કલ્પિત હોવાને લીધે જગતની અંદરનાં પુણ્ય અને પાપ કલ્પિત જ છે એમ યથાર્થ જાણનારને પુણ્યનો કે પાપનો સંબંધ થવો ઘટે જ નહિ.) ૯૪.

कथमज्यते जगदशेषमिदं कलयन्मृषेति हृदि कर्मफलैः ।
न फलाय हि स्वपनकालकृतं सुकृतादि जात्वनृतबुद्धिहतम् ॥ ९५ ॥

'આ સઘળું જગત્ મિથ્યા છે' એમ હૃદયમાં અનુસંધાન રાખનારો જ્ઞાની પુરુષ કર્મોનાં ફલોથી કેમ જ લેપાય? ન જ લેપાય. સ્વપ્ન અવસ્થામાં કરવામાં આવેલું પુણ્ય આદિ 'ખોટું છે' એવી બુદ્ધિથી હણાઈ ગએલું હોવાને લીધે કદી પણ ફલ આપતું નથી તેમ જાગ્રતમાં

---

૧ હઠયોગપ્રદીપિકા, તૃતીયોપદેશ, શ્લોક ૯૩ થી ૯૫ સુધી જુવો. ૨ જે વચનોમાં અમુક ક્રિયા કરવાની આજ્ઞા કરી હોય તે વિધિશાસ્ત્રો કહેવાય છે. જેમ કે 'यावज्जीवमग्निहोत्रं जुहुयात्' =જીવતાં સુધી અગ્નિહોત્ર હોમવું. એ વિધિવાક્ય છે. ૩ જે વચનોમાં અમુક ક્રિયા ન કરવી એવી આજ્ઞા કરી હોય તે નિષેધશાસ્ત્રો કહેવાય છે. જેમ કે 'न सुरां पिबेत्'–મદિરા પીવી નહિ. ૪ 'अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् । नाभुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ॥' –જે કાંઇ શુભ કે અશુભ કર્મ કર્યું હોય તે અવશ્ય ભોગવવું જ પડે છે. ભોગવ્યા વગરનું કર્મ સૈકડો કરોડ કલ્પો વીતતાં પણ ક્ષય પામતું નથી' ઇત્યાદિ વચનોથી કર્મોનાં ફળોનો ભોગ આવશ્યક છે એમ જણાય છે તે છતાં જ્ઞાનીને તે ફળોનો સંબંધ કેમ થતો નથી એવી શંકા કરે તો તેનું સમાધાન કરે છે.

થએલાં કર્મો પણ 'ખોટાં છે' એવી બુદ્ધિથી હણાઇ ગએલાં હોવાને લીધે જ્ઞાનીને કદી પણ ફલ આપતાં નથી. ૯૫.

तदयं करोतु हयमेधशतान्यमितानि विप्रहननान्यथवा ।
परमार्थविन्न सुकृतैर्दुरितैरपि लिप्यतेऽस्तमितकर्तृतया ॥ ९६ ॥

આ પ્રમાણે છે એટલા માટે બ્રહ્મવેત્તા પુરુષ સૈકડો અશ્વમેધ યજ્ઞો કરે અથવા અગણિત બ્રહ્મહત્યાઓ કરે તો પણ 'હું કરૂં છું' એવા અભિમાનથી રહિત હોવાને લીધે પુણ્યોથી કે પાપોથી લેપાતો નથી[1]. ૯૬.

अवधीत्रिशीर्षमददाच्च यतीन्वृकमण्डलाय कुपितः शतशः ।
बत लोमहानिरपि तेन कृता न शतक्रतोरिति हि बह्वृचगीः ॥ ९७ ॥

'ઇંદ્રે કોપ કરીને વિશ્વરૂપ નામના બ્રાહ્મણને માર્યો હતો તથા સૈકડો સંન્યાસીઓને મારીને કુતરાઓને ખવરાવી દીધા હતા તો પણ તે પાપોથી ઈંદ્રનું એક પણ રુવાણું ત્રુટ્યું ન હતું' એવું ઋગ્વેદીઓ પોતાના [2]ઉપનિષદ્‌માં ભણે છે. ૯૭.

बहुदक्षिणैरयजत क्रतुभिर्विबुधानतर्पयदसंख्यधनैः ।
जनकस्तथाऽप्यभयमाप परं न तु देहयोगमिति काण्ववचः ॥ ९८ ॥

'જનક રાજાએ ઘણીઘણી દક્ષિણાઓવાળા યજ્ઞોથી દેવતાઓનું યજન કર્યું હતું અને અગણિત ધનોથી બ્રાહ્મણોને તૃપ્ત કર્યા હતા તો પણ તેને અભયરૂપ મુક્તિ મળી હતી પણ ફરીવાર અવતારનો સંબંધ નહિ થયો હતો' એમ કણ્વ શાખાવાળાઓ પોતાના [3]ઉપનિષદ્‌માં ભણે છે. ૯૮.

न विहीयतेऽहिरिपुवद्दुरितैर्न च वर्धते जनकवत्सुकृतैः ।
न स तापमेत्यकरवं दुरितं किमहं न साध्वकरवं त्विति च ॥ ९९ ॥

જ્ઞાની પુરુષ ઇંદ્રની પેઠે પાપોથી ક્ષીણ થતો નથી, જનકની પેઠે પુણ્યોથી વૃદ્ધિ પામતો નથી અને 'મેં કેમ પુણ્ય ન કર્યું કે કેમ પાપ કર્યું' એવી રીતનો પરિતાપ પણ પામતો [4]નથી. ૯૯.

तदनङ्गशास्त्रपरिशीलनमप्यमुनैव सौम्य करणेन कृतम् ।
न हि दोषकृत्तदपि शिष्टसरण्यवनार्थमन्यवपुरेत्य यते ॥ १०० ॥

હે સૌમ્ય! એટલા માટે જો કે કામશાસ્ત્રનો અભ્યાસ આ શરીરથી જ કરવામાં આવે

---

૧ પતંજલિયે પણ આ પ્રમાણે કહ્યું છે કે—'**हयमेधसहस्राण्यप्यथ कुरुते ब्रह्मघातलक्षाणि । परमार्थविन्नपुण्यैर्नच पापैर्लिप्यते क्वापि ।**' આનો અર્થ ૯૬માં શ્લોકમાં છે તેવો જ છે. ૨ '**त्रिशीर्षाणं त्वाष्ट्रमहमरुन्मुखान्यतींशालावृकेभ्यः प्रायच्छत्तस्य मे लोमापि न मीयते स यो मां वेद न ह वै तस्य केन-चन कर्मणा लोको मीयते न स्तेयेन न भ्रूणहत्यया ।**'—એ ઋગ્વેદના ઉપનિષદ્‌ની શ્રુતિ છે તેમાં ઇંદ્રે કહ્યું છે કે મેં ત્રણ માથાવાળા વિશ્વરૂપને માર્યો તથા વેદાંતોનું અધ્યયન નહિ કરનારા સંન્યાસીઓને મારી કુતરાઓને ખવરાવી દીધા તો પણ તે પાપથી મારૂં એક રૂવાણું પણ ત્રુટ્યું નથી અને જે પુરુષ મારા સ્વરૂપને જાણે તેને પણ મોટી હત્યા આદિ કે કોઈ પાપકર્મથી કશી હરકત આવતી નથી.'
૩ '**जनको वैदेहो बहुदक्षिणेन यज्ञेनेजे**' '**अभयं वै जनक प्राप्तोसि**' ઇત્યાદિક કણ્વ શાખાના ઉપનિષદ્‌ની શ્રુતિઓ છે તેનો જે આ શ્લોકમાં અર્થ છે તે જ અર્થ છે. ૪ '**तत्सुकृतदुष्कृते विधुनुत एनं ह वाव न तपति किमहं साधु नाकरवं किमहं पापमकरवम् ।**' ઇત્યાદિક શ્રુતિ છે તેનો અર્થ એ છે કે જ્ઞાની પુરુષ પાપનો તથા પુણ્યનો પણ નાશ કરી નાખે છે, મેં પુણ્ય કેમ ન કર્યું અને પાપ કેમ કર્યું એવો પરિતાપ પણ જ્ઞાની પુરુષને થતો નથી.

તો પણ તે મને દોષકારી થાય એમ નથી છતાં ય શિષ્ટલોકોની મર્યાદાના રક્ષણને વાસ્તે બીજા શરીરમાં પ્રવેશ કરી તે અભ્યાસ કરવાનું યત્ન કરૂં છું." ૧૦૦.

इति सत्कथाः स कथनीययशा भवभीतिभञ्जनकरीः कथयन् ।
सुदुरासदं चरणचारिजनैर्गिरिशृङ्गमेत्य पुनरेव जगौ ॥ १०१ ॥

વર્ણન કરવા યોગ્ય યશવાળા શ્રીશંકરાચાર્યે પદ્મપાદની સાથે રહસ્યમાં એ પ્રમાણે સંસારના ભયને ભાગનારી ઉત્તમ વાતો કરતાંકરતાં પગવતે ચાલનારાઓથી ન પહોચી શકાય એવા એક પર્વતના શિખર ઉપર આવીને સઘળા શિષ્યોને ફરીવાર નીચે પ્રમાણે કહ્યું: ૧૦૧.

अथ साऽनुपश्यत विभाति गुहा पुरतः शिला समतला विपुला ।
सरसी च तत्परिसरेऽच्छजला फलभारनम्रतरुरम्यतटा ॥ १०२ ॥

"જુવો, આ ગુહાની પાસે સપાટપણાવાળી મોટી શિલા દેખાય છે અને તેની પાસે સ્વચ્છ જળવાળી તથા ફળોના ભારથી નમી રહેલાં વૃક્ષોથી રમણીય તટોવાળી સરસી(નહાવાનું તળાવ) દેખાય છે. ૧૦૨.

परिपाल्यतामिह वसद्भिरिदं वपुरप्रमादमनवद्यगुणाः ।
अहमास्थितःसदुचितं करणं कलयामि यावदसमेषुकलाम् ॥ १०३ ॥

હે નિર્દોષ ગુણોવાળા શિષ્યો! તમો અહિં રહીને મારા આ શરીરનું સાવધાનપણાથી રક્ષણ કરજો કે જેટલા સમયમાં હું કામકલાના અભ્યાસને યોગ્ય શરીરમાં રહીને કામકળાનો અભ્યાસ કરૂં." ૧૦૩.

इति शिष्यवर्गमनुशास्य यमिप्रवरो विसृष्टकरणोऽधिगुहम् ।
महिपस्य वर्ष्म गुरुयोगबलोऽविशदातिवाहिकशरीरयुतः ॥ १०४ ॥

સંન્યાસીઓમાં ઉત્તમ અને યોગના પ્રૌઢ બળવાળા શ્રીશંકરાચાર્યે શિષ્યોને એ પ્રમાણે ભલામણ કરી ગુહાની અંદર પોતાના સ્થૂલ શરીરને છોડી દઇ પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ પ્રાણ, મન અને બુદ્ધિ એ સત્તર તત્ત્વોવાળા લિંગ શરીરથી રાજાના સ્થૂલ શરીરમાં પ્રવેશ કર્યો. ૧૦૪.

अङ्गुष्ठमारभ्य समीरणं नयन् करंध्रमार्गाद्बहिरेत्य योगवित् ।[1]
करंध्रमार्गेण शनैः प्रविष्टवान्मृतस्य यावच्चरणाग्रमेकधीः ॥ १०५ ॥

યોગને જાણનારા અને એકાગ્ર બુદ્ધિવાળા શ્રીશંકરાચાર્ય પોતાના અંગુઠાથી માંડી અનુક્રમે બ્રહ્મરંધ્રપર્યંત પ્રાણવાયુને લઇ જઇ બ્રહ્મરંધ્રના માર્ગથી બહાર આવી, મરી ગયેલા અમરકરાજાના શરીરના બ્રહ્મરંધ્રના માર્ગથી ધીરેધીરે તેના પગના અગ્ર સુધી પેઠા. ૧૦૫.

गात्रं गतासोर्वसुधाधिपस्य शनैः समास्पंदत हृत्प्रदेशे ।
यथोदमीलन्नयनं क्रमेण तथोदतिष्ठत्स यथा पुरैव ॥ १०६ ॥

પછી મરણ પામેલા રાજાનું શરીર પ્રથમ હૃદયના પ્રદેશમાં ધીરેધીરે હાલવા લાગ્યું પછી હાથ આદિ અવયવો હાલીને તેનાં નેત્ર ઉઘડ્યાં અને પછી તે રાજા આગળની પેઠે જ ઉઠ્યો.૧૦૬.

आदौ तदङ्गमुदयन्मुखकांति पश्चान्नासांतनिर्यदनिलं शनकैः परस्तात् ।[2]
उन्मीलदङ्घ्रिचलनं तदनूद्यदक्षिव्याकोचमुत्थितमुपात्तबलं क्रमेण ॥ १०७ ॥

ઉઠવાથી પહેલાં તેના અંગમાં મુખની કાંતિનો ઉદય થયો, તે પછી નાસિકાના છિદ્રોમાંથી પવન નિકળવા લાગ્યો, તે પછી ધીરેધીરે પગ હલવા લાગ્યા, તે પછી આંખ્યો ઉઘડી અને તે પછી અનુક્રમે બલ પ્રાપ્ત થતાં ઉઠ્યો. ૧૦૭.

---

૧ ઉપજાતિ. ૨ વસંતતિલકા.

तं प्राप्तजीवमुपलभ्य पतिं प्रभूतहर्षस्वनाः प्रमुदिताननपङ्कजास्ताः ।
नार्यो विरेजुररुणोदयसंप्रफुल्लपद्माः ससारसरवा इव वारिजिन्यः ॥ १०८ ॥

પતિને જીવતો થએલો જોઇ જેઓનાં મુખારવિંદો પ્રફુલ્લિત થયાં એવી અને ઘણા આનંદના શબ્દો કરતી એ રાજાની સ્ત્રીઓ સૂર્યના ઉદયથી પ્રફુલ્લિત પુષ્પોવાળી અને હંસોના શબ્દોથી સંયુક્ત થએલી કમલિનીઓની પેઠે શોભવા લાગી.[1] ૧૦૮.

हर्षं तासामुदितमतुलं वीक्ष्य वामेक्षणाना-
माप्तप्राणं नृपमपि महामात्यमुख्याः प्रहृष्टाः ।
दध्मुः शङ्खान्पणवपटहान्दुन्दुभीश्चाभिजघ्नु-
स्तेषां घोषाः सपदि बधिरीचक्रिरे द्यां भुवं च ॥ १०९ ॥

એ સુંદરીઓના ઉદય પામેલા અતુલ હર્ષને જોઇ અને રાજાને પણ જીવતો થએલો જોઇ રાજી થએલા મોટામોટા મુખ્ય મંત્રીઓ શંખો ફૂંકવા લાગ્યા અને પણવ, ઢોલ તથા દુંદુભિ નામનાં વાજાંઓને વગાડવા લાગ્યા કે જે વાજાંઓના શબ્દોએ તુરત આકાશ અને પૃથ્વીને બહેરાં કરી દીધાં. ૧૦૯.

इति श्रीमाधवीये तत्सार्वज्ञोपायगोचरः ।
सङ्क्षेपशङ्करजये सर्गोऽयं नवमोऽभवत् ॥ ९ ॥

એ પ્રમાણે શ્રીમાધવાચાર્યે રચેલા સંક્ષેપશંકરજયમાં શ્રીશંકરાચાર્યે લીધેલા સર્વજ્ઞપણાના ઉપાયના વર્ણનસંબંધી આ નવમો સર્ગ સંપૂર્ણ થયો. ૯.

अथ दशमः सर्गः ।

अथ पुरोहितमन्त्रिपुरःसरैर्नरपतिः कृतशांतिककर्मभिः ।
विहितमाङ्गलिकः स यथोचितं नगरमास्थित भद्रगजो ययौ ॥ १ ॥[3]

પછી પુરોહિત અને મંત્રિઓ આદિ લોકોએ શાંતિ સંબંધી ક્રિયા કરીને જેનું શાસ્ત્રોક્ત રીતે મંગલકર્મ કર્યું એવો એ રાજા માંગલિક હાથીઉપર બેસીને નગરમાં ગયો. ૧.

समधिगम्य पुरं परिसांत्वितप्रियजनः सचिवैः सह संमतैः ।
भुवमपालयदादृतशासनो नृपतिभिर्दिवमिंद्र इवाधिराट् ॥ २ ॥

નગરમાં જઇ પ્રિયજનોની સાંત્વના કરીને એ ચક્રવર્તી રાજા પ્રિય મંત્રીઓની સાથે જેમ ઇંદ્ર સ્વર્ગનું પાલન કરે તેમ પૃથ્વીનું પાલન કરવા લાગ્યો અને તેની આજ્ઞાને બીજા રાજાઓ માન દેવા લાગ્યા. ૨.

इति नृपत्वमुपेत्य वसुंधरामवति संयमिभूभृति मन्त्रिणः ।
तमधिकृत्य परं कृतसंशया इति जजल्पुरनल्पधियो मिथः ॥ ३ ॥

---

૧ કમલિનીઓરૂપ ઉપમાનના અને રાણીઓરૂપ ઉપમેયના સમાનપણાની શોભાનું વર્ણન કર્યું છે માટે ઉપમા અલંકાર છે. ૨ મંદાક્રાંતા. ૩ દ્રુતવિલમ્બિત છંદ.

એ પ્રમાણે સંન્યાસીઓના ચક્રવર્તી શ્રીશંકરાચાર્ય રાજાપણાને પ્રાપ્ત થઇ પૃથ્વીનું રક્ષણ કરતાં મોટી બુદ્ધિવાળા મંત્રીઓ [1]તેમના વિષે મોટો સંશય ધરીને એકાંતમાં નીચે પ્રમાણે પરસ્પર વાતો કરવા લાગ્યા. ૩.

मृतिमुपेत्य यथा पुनरुत्थितः प्रकृतिभाग्यवशेन तथा त्वयम् ।
नरपतिः प्रतिभाति न पूर्ववत्समुदिताखिलदिव्यगुणोदयः ॥ ४ ॥

"આ રાજા મરણ પામીને પ્રજાઓના ભાગ્યોદયને લીધે પાછો ઉઠ્યો છે ત્યારથી આગળના જેવો લાગતો નથી પણ ઉદય પામેલા સઘળા દિવ્ય ગુણવાળો લાગે છે. ૪.

वसु ददाति ययातिवदर्थिने वदति गीष्पतिवद्गिरमर्थवित् ।
जयति फाल्गुनवत्प्रतिपार्थिवान्सकलमप्यवगच्छति शर्ववत् ॥ ५ ॥

આ રાજા માંગણોને યયાતિ રાજાની પેઠે ધન આપે છે, અર્થોનું અનુસંધાન રાખીને બૃહસ્પતિની પેઠે ભાષણ કરે છે, પ્રતિપક્ષી રાજાઓને અર્જુનની પેઠે જીતી લે છે અને સર્વ વિષયોને સદાશિવની પેઠે જાણી લે છે. ૫.

अनुसवनविसृत्वरैरपूर्वैर्वितरणपौरुषशौर्यधैर्यपूर्वैः ।
अनितरसुलभैर्गुणैर्विभाति क्षितिपतिरेष परः पुमानिवाऽऽद्यः ॥ ६ ॥

આ રાજા પ્રત્યેક સમયમાં ફેલાતા અને બીજાઓને સહજ ન મળે એવા દાન, પૌરુષ, શૌર્ય અને ધૈર્ય આદિ અપૂર્વ ગુણોથી સર્વના આદિ કારણરૂપ નારાયણ જેવો લાગે છે. ૬.

अनृतुषु तरवः सुपुष्पिताग्रा बहुतरदुग्धदुघाश्च गोमहिष्यः ।
क्षितिरभिमतवृष्टिराढ्यसस्या स्वविहितधर्मरताः प्रजाश्च सर्वाः ॥ ७ ॥

આ રાજાના પ્રભાવથી વૃક્ષો ઋતુઓ વગર પણ સારી રીતે પુષ્પોવાળા થયા છે, ગાયો તથા ભેંસો ઘણું ઘણું દૂધ આપે છે, પૃથ્વી મનમાનતી વૃષ્ટિવાળી તથા ધાન્યોથી ભરપૂર થએલી છે અને સઘળી પ્રજાઓ પોતપોતાના ધર્મમાં અત્યંત રુચિ ધરાવે છે. ૭.

[2]**कालस्तिष्यः सर्वदोषाकरोऽपि त्रेतामत्येत्यद्य राज्ञः प्रभावात् ।**
तस्मादस्मद्राजवर्ष्म प्रविश्य प्राप्तैश्वर्यः शास्ति कश्चिद्धरित्रीम् ॥ ८ ॥

આ કલિકાલ જો કે સઘળા દોષોની ખાણરૂપ છે તો પણ હમણાં આ રાજાના પ્રભાવથી ત્રેતાયુગ કરતાં પણ ઉત્કૃષ્ટ થયો છે. આવાં કારણો ઉપરથી અનુમાન થઇ શકે છે કે સિદ્ધિઓને પામલો કોઇ યોગી પુરુષ આપણા રાજાના શરીરમાં પ્રવેશ કરીને પૃથ્વીનું પાલન કરે છે. ૮.

तदयं गुणवारिधिर्यथा प्रतिपद्येत न पूर्वकं वपुः ।
करवाम तथेति निश्चयं कृतवंतः सचिवाः परस्परम् ॥ ९ ॥

આ પ્રમાણે છે માટે ગુણોના સમુદ્રરૂપ આ મહાત્મા પુરુષ જે રીતે પોતાના આગલા શરીરને પાછો પ્રાપ્ત ન થાય એવી રીતે આપણે કરવું." પરસ્પરમાં એવી વાતો કરીને તે મંત્રિઓએ તે પ્રમાણે જ કરવાનો નિશ્ચય કર્યો. ૯.

अथ ते भुवि यस्य कस्यचिद्विगतासोर्वपुरस्ति देहिनः ।
अविचार्य तदाशु दह्यतामिति भृत्यान् रहसि न्ययोजयन् ॥ १० ॥

---

૧ શાલિની. ૨ વિયોગિની.

પછી તેઓએ એકાંતમાં ભૃત્યલોકોને આજ્ઞા કરી કે "પૃથ્વીમાં મરણ પામેલા જે કોઇ પ્રાણીનું શબ પડેલું હોય તે શબને કાંઇ પણ વિચાર કર્યા વિના તુરત જ બાળી નાખજો." ૧૦.

अथ राज्यधुरंधराधिपः परमाप्तेषु निवेश्य मन्त्रिषु ।
बुभुजे विषयान्विलासिनीसचिवोऽन्यक्षितिपालदुर्लभान् ॥ ११ ॥

મંત્રીઓએ આ પ્રમાણે ગોઠવણ કરી અને રાજા થયેલા શ્રીશંકરાચાર્ય તો પરમ વિશ્વાસપાત્ર મંત્રિઓને રાજ્યનો સઘળો કાર્યભાર સોંપી દઇ સ્ત્રીના મંડલમાં રહીને બીજા રાજાઓને ન મળે એવાં વિષયસુખોને ભોગવવા લાગ્યા. ૧૧.

[1]स्फटिकफलके ज्योत्स्नाशुभ्रे मनोज्ञशिरोगृहे वरयुवतिभिर्दीव्यन्नक्षैर्दुरोदरकेलिषु ।
अधरदशनं बाह्वाबाहं महोत्पलताडनं रतिविनिमयं राजाऽकार्षीद्ग्लहं विजये मिथः १२

જુગાર સંબંધી ક્રીડાઓ કરતાં ચાંદનીની પેઠે સ્વચ્છ અને ઉપરનાં મનોહર ઘરોવાળાં સ્ફટિક મણિના પાટીઆ ઉપર રાણીઓની સાથે પાસાઓથી ખેલતા એ શ્રીશંકરાચાર્ય પરસ્પરના જયમાં નીચલા હોઠનું દાબીને ચુંબન કરવાની, હાથ વતે ઉપાડી લેવાની, કમલ વતે પ્રહાર દેવાની અને સુરતમાં વિપરીતપણું કરવાની સરતો કરવા લાગ્યા. ૧૨.

अधरजसुधाश्लेषाद्रुच्यं सुगन्धि मुखानिलव्यतिकरवशात्कामं कान्ताकरात्तमतिप्रियम् ।
मधु मदकरं पायं पायं प्रियाः समपाययत्कनकचषकैरिंदुच्छायापरिष्कृतमादरात् ॥१३॥

અધરામૃતના સંબંધથી રુચિકારક થએલાં, મુખના શ્વાસના સંપર્કથી સુગંધિત થયેલાં, રાણીઓના હસ્તોથી મળેલાં, ચંદ્રનું પ્રતિબિંબ પડવાથી શોભી રહેલાં અને મદને ઉત્પન્ન કરનારાં અતિપ્રિય મદ્યને સોનાના પ્યાલાઓ વતે મનગમતી રીતે પોતે પી પીને પ્રેમથી પ્યારીઓને પાવા લાગ્યા. ૧૩.

मधुमदकलं मंदस्विन्नं मनोहरभाषणं निभृतपुलकं सीत्काराढ्यं सरोरुहसौरभम् ।
दरमुकुलिताक्षीषल्लज्जं विसृत्वरमन्मथं प्रचरदलकं कांतावक्त्रं निपीय कृती नृपः ॥ १४ ॥

એ રાજા મદિરાના મદને લીધે અસ્ફુટ અક્ષરોવાળાં, થોડા થોડા પસીનાવાળાં, મનોહર ભાષણોવાળાં, ઘાટાં રોમાંચવાળાં, સીત્કારથી સંયુક્ત થએલાં, કમલનાં જેવા સુગંધવાળાં, જરાક મીચેલાં નેત્રોવાળાં, થોડીક લાજવાળાં, ફેલાતા કામદેવવાળાં અને પ્રચલિત કેશોવાળાં સુંદરીઓનાં મુખોનું પાન કરીને કૃતાર્થ થયા. ૧૪.

विवृतजघनं संदष्टोष्ठं प्रणुन्नपयोधरं प्रसृतभणितं प्राप्तोत्साहं रणन्मणिमेखलम् ।
निभृतकरणं नृत्यद्गात्रं गदेतरभावनं प्रसृमरसुखं प्रादुर्भूतं किमप्यपदं गिराम् ॥ १५ ॥

પેડુઓ ઉઘાડાં થઇ જવાથી, અધરોનાં ચુંબન કરવાથી, સ્તનોને અત્યંત દાબવાથી, રતિસંબંધી ઘણી વાતો કરવાથી, રતિના કામમાં ઉત્સાહ પ્રાપ્ત થવાથી, મણિઓવાળી કટિમેખલાઓનો ભણકાર થવાથી, જૂદા જૂદા પ્રકારનાં રતિસંબંધી આસનો કરવાથી, ગાત્રોનાં યોગ્ય ચલનો થવાથી અને એ સમયે અત્યંત એકાગ્ર વૃત્તિ થતાં બીજી કોઇ વાતનું સ્મરણ પણ નહિ રહેવાથી એવી રીતનું પ્રૌઢ સુખ ઉત્પન્ન થયું કે જેનું વાણીથી વર્ણન પણ કરી શકાય નહિ. ૧૫.

मनसिजकलातत्वाभिज्ञो मनोज्ञविचेष्टितः सकलविषयव्यावृत्ताक्षः सदानुसृतोत्तमः ।
कृतकुचगुरूपास्त्याऽत्यन्तं सुनिर्वृतमानसो निधुवनवरब्रह्मानंदं निरर्गलमन्वभूत् ॥ १६ ॥

---

[1] હરિણી.

કામદેવની [1]કલાઓના [2]તત્ત્વને, જાણનારા, મનોહર ક્રિયાઓ કરતા, સઘળા [3]વિષયોથી પાછી વળેલી ઇંદ્રિયોવાળા, સર્વદા ઉત્તમને અનુસરનારા અને કુચરૂપ ગુરુની ઉપાસના કરવાથી અત્યંત સુખિત મનવાળા શ્રીશંકરાચાર્યે મૈથુનરૂપી ઉત્તમ બ્રહ્માનંદનો અપ્રતિબંધ રીતે અનુભવ [4]કર્યો. ૧૬.

आ० १२.१० पुरेव भोगान्बुभुजे महीभृत्स भोगिनीभिः सहितोप्यरंस्त ।
कंदर्पशास्त्रानुगतः प्रवीणैर्वात्स्यायने तच्च निरैक्षताद्धा ॥ १७ ॥

એ રાજાએ કામિનીઓની સાથે પ્રથમની પેઠે ભોગ ભોગવ્યા, વાત્સ્યાયન સૂત્ર(કામશાસ્ત્ર)માં પ્રવીણતા ધરાવનારા લોકોની સાથે કામશાસ્ત્રને અનુસરીને વિનોદો કર્યા અને પોતે પણ કામશાસ્ત્રનું સંપૂર્ણ રીતે અવલોકન કર્યું. ૧૭.

निरीक्ष्य सर्वम् ।

आ० १२.११ वात्स्यायनप्रोदितसूत्रजातं तदीयभाष्यं च निरीक्ष्य सम्यक् ।
स्वयं व्यधत्ताभिनवार्थगर्भं निबंधमेकं नृपवेषधारी ॥ १८ ॥

રાજાના વેષને ધરનારા શ્રીશંકરાચાર્યે [5]વાત્સ્યાયનનાં કરેલાં સૂત્રોનું અને તેઓનાં ભાષ્યનું સારી રીતે અવલોકન કરીને પોતે પણ કામશાસ્ત્ર સંબંધી નવા નવા વિષયોવાળો એક ગ્રંથ[6] બનાવ્યો. ૧૮.

पाराशर्यवनिभृति प्रविश्य राज्ञो वर्ष्मैवं विहरति तद्विलासिनीभिः ।
दृष्ट्वा तत्समयमतीतमस्य शिष्या रक्षंतो वपुरितरेतरं जजल्पुः ॥ १९ ॥

સંન્યાસીઓના રાજા શંકરાચાર્ય એ પ્રમાણે અમરક રાજાના શરીરમાં પ્રવેશ કરી તે રાજાની સુંદર સ્ત્રીઓની સાથે વિહાર કરતાં એમના શિષ્યો કે જેઓ તેમના સ્થૂલ શરીરનું રક્ષણ

---

૧. "श्रद्धा प्रीती रतिश्चैव धृतिः कीर्तिर्मनोभवा । विमला मोदिनी घोरा मदनोत्पादिनी मदा । मोहिनी दीपनी चैव ज्ञेया वशकरी तथा । रञ्जनी चैव मदना कलास्वङ्गेषु सर्वशः । दक्षिणांशं समाश्रित्य आशिरश्चरणावधि । पादे गुल्फे तथोरौ च भगे नाभौ कुचे हृदि । कक्षे कण्ठे तथोष्ठे च गण्डे नेत्रे श्रुतावपि । ललाटे च शिरोदेशे वसेत्कामस्तिथिक्रमात् । दक्षे पुंसः स्त्रिया वामे शुक्ले कृष्णे विपर्ययः ।"—શ્રદ્ધા, પ્રીતિ, રતિ, ધૃતિ, કીર્તિ, મનોભવા, વિમલા, મોદિની, ઘોરા, મદનોત્પાદની, મદા, મોહિની, દીપની, વશકરી, રંજની અને મદનાઃ એ સોળ કળાઓનાં નામ છે. શુકલપક્ષમાં પુરુષને જમણી બાજુએ અને સ્ત્રીને ડાબી બાજુએ તિથિઓના અનુક્રમ પ્રમાણે પગમાં, ઘૂંટીમાં, સાથળમાં, નાભિમાં, ગુહ્યમાં, સ્તનમાં, હૃદયમાં, કાખમાં, કંઠમાં, હોઠમાં, ગાલમાં, નેત્રમાં, કાનમાં, લલાટમાં અને મસ્તકમાં અનુક્રમે કામદેવ રહે છે અને કૃષ્ણપક્ષમાં પુરુષને ડાબી બાજુએ અને સ્ત્રીને જમણી બાજુના એ અંગોમાં અનુક્રમે કામદેવ રહે છે.—જુવો કામશાસ્ત્ર. ૨ મૈથુનના પક્ષમાં તત્ત્વ એટલે રહસ્ય અને બ્રહ્માનંદના પક્ષમાં તત્ત્વ એટલે દુઃખદાયીપણું અને મિથ્યાપણું. ૩ મૈથુનના પક્ષમાં, રતિ શિવાય બીજી બાબતોથી પાછી વળેલી ઇંદ્રિયોવાળા એમ સમજવું અને બ્રહ્માનંદના પક્ષમાં શબ્દ સ્પર્શાદિક વિષયોથી પાછી વળેલી ઇંદ્રિયોવાળા એમ સમજવું. ૪ મૈથુનમાં બ્રહ્માનંદનો આરોપ કરવા માટે કુચમાં ગુરુનો આરોપ કર્યો છે અને બીજા વિશેષણોમાં શ્લેષથી સાધર્મ્ય મેળવ્યું છે માટે શ્લિષ્ટાશ્લિષ્ટશબ્દનિબંધનપરંપરિતરૂપક અલંકાર થયો છે.—સાહિત્યદર્પણ, કારિકા ૬૭૧. ૫ ઉપજાતિ. ૬. ધર્મ, અર્થ તથા કામ એઓનો નિર્ણય, વિદ્યાનો ઉદ્દેશ, ચતુરનું આચરણ, નાયકનાં સહાયોનાં તથા દૂતીઓનાં કામોનો વિચાર, પ્રમાણ કાલ તથા ભાવ એઓને અનુસરી રતિનું સ્થાપન, પ્રીતિના વિશેષો, આલિંગનના વિચારો, ચુંબનોના ભેદો, નખ મારવાના તથા દાંત દેવાના પ્રકારો, દેશી ઉપચારો, બેસવાના પ્રકારો, વિચિત્ર રીતિનાં સુરતો, વિપરીત રતિ, અને પ્રેમના કજીઆ ઇત્યાદિ અનેક વિષયો વાત્સ્યાયન સૂત્રમાં લખેલા છે. ૭ જુઓ અમરુશતક. ૮ પ્રહર્ષણી.

કરતા હતા તેઓ એક માસને વ્યતીત થઇ ગએલો જોઇ પરસ્પરમાં નીચે પ્રમાણે વાતો કરવા લાગ્યા. ૧૯.

आचार्यैरवधिरकारि मासमात्रं सोऽतीतः पुनरपि पञ्चषाश्च घस्राः ।
अद्यापि स्वकरणमेत्य नः सनाथान्कर्तुं तन्मनसि न जायतेऽनुकंपा ॥ २० ॥

"શ્રીશંકરાચાર્યે એક માસની અવધિ કરી હતી તે એક માસ વ્યતીત થઇ ગયો અને તે ઉપરાંત પણ પાંચ છ દિવસો વ્યતીત થઇ ગયા તો પણ હજી સુધી પાછા પોતાના શરીરમાં પધારીને આપણને સનાથ (ધણીઆતા) કરવા માટે તેમના મનમાં દયા આવતી નથી! ૨૦.

किं कुर्मः क नु मृगयामहे क यामः को जानन्निह वसतीति नोऽभिदध्यात् ।
विज्ञातुं कथमिममीश्महे विचिंत्याप्यासिंधुक्षितितलमन्यगात्रगूढम् ॥ २१ ॥

શું કરીયે, ક્યાં શોધીએ, ક્યાં જઇએ, ક્યો જાણનારો મળે કે જે આપણને આચાર્ય અમુક સ્થલમાં વસે છે એમ કહે, સમુદ્ર પર્યંત આખી પૃથ્વીમાં ફરીએ તો પણ બીજા શરીરમાં ગુપ્ત થઇને રહેલા એ આચાર્યને શી રીતે જાણી શકીએ? ૨૧.

[1]गुरुणा करुणानिधिना ह्यधुना यदि नो निहिताविहितास्त्यजिताः ।
जगति क गतिर्भजतां त्यजतां स्वपदं विपदन्तकरं तदिदम् ॥ २२ ॥

કરુણાના ભંડારરૂપ એ ગુરુએ હમણાં આપણે કે જેઓ સર્વદા પાસે જ રહેનારા છિયે તેઓને પણ છોડી દીધા તો પછી જગત્માં સંસારને છોડી દઇ વિપત્તિઓનો અંત કરનારા તેમના ચરણારવિંદનું ભજન કરનારા બીજા સંન્યાસીઓની શી ગતિ થશે? ૨૨.

[2]निःशेषेंद्रियजाड्यहृन्नवनवाह्लादं मुहुस्तन्वती
नित्याश्लिष्टरजोयतीशचरणांभोजाश्रया श्रेयसी ।
निष्प्रत्यूहविजृंभमाणवृजिनस्योद्वासना वासना
निःसीमा हृदयेन कल्पितपरीरंभा चिरं भाव्यते ॥ २३ ॥

જો કે એવા ગુરુથી જૂદા પડેલા આપણુ લોકોનું જીવિત રહેવું સંભવિત નથી તો પણ સર્વ ઇંદ્રિયોની જડતાને હરનારી, વારંવાર નવાનવા આનંદને આપનારી, સર્વદા રજોગુણથી રહિત એમનાં ચરણારવિંદોના આશ્રયવાળી, અત્યંત શ્રેષ્ઠ, અપ્રતિબંધ રીતે ઉદય પામતાં સંસાર સંબંધી કષ્ટોનું છેદન કરનારી અને સીમા વગરની જે તેમના ભજનની વાસના આપણા હૃદયમાં દૃઢ થઇને રહેલી છે તે જ આપણને લાંબા સમય સુધી જીવાડે છે. ૨૩.

[3]फलितैरिव सत्त्वपादपैः परिणामैरिव योगसंपदाम् ।
समयैरिव वैदिकश्रियां सशरीरैरिव तत्त्वनिर्णयैः ॥ २४ ॥
सधनैर्निजलाभवैभवात्सकुटुंबैरुपशांतिकांतया ।
अतदन्यतयाऽखिलात्मकैरनुगृह्येय कदा नु धामभिः ॥ २५ ॥

એ આચાર્ય મહારાજ કે જે ફલિત થએલા સત્ત્વગુણરૂપી વૃક્ષ જેવા છે, યોગની સંપત્તિઓના પરિણામ જેવા છે, વૈદિક સિદ્ધાંતોના પ્રકાશ જેવા છે, તત્ત્વોના દેહધારી નિર્ણય જેવા છે, સ્વરૂપના લાભરૂપી વૈભવથી ધનાઢ્ય જેવા છે, ઉપશાંતિરૂપ સ્ત્રીને લીધે કુટુંબ જેવા છે અને પોતાથી વ્યતિરિક્ત કાંઇ પણ નહિ હોવાથી સર્વાત્મક છે તેમનો અનુગ્રહ આપણને ક્યારે મળે? ૨૪, ૨૫.

---

૧ તોટક. ૨ શાર્દૂલવિક્રીડિત. ૩ વિયોગિની.

[1]अविनयं विनयन्नसतां सतामतिरयं तिरयन्भवपावकम् ।
जयति यो यतियोगभृतां वरो जगति मे गतिमेष विधास्यति ॥ २६ ॥

[2]સંન્યાસ યોગનું ધારણ કરનારાઓમાં ઉત્તમ, દુષ્ટ વાદિઓના અવિનયને દૂર કરનાર અને સજ્જનોના અત્યંત વેગવાળા સંસારરૂપ અગ્નિને શાંત કરનાર જે શ્રીશંકરાચાર્ય જગતમાં સર્વોપરિ છે તે જ મારી ગતિ કરશે. ૨૬.

विगतमोहतमोहतिमाप्ययं विधुतमायतमा यतयोऽभवन् ।
अमृतदस्य तदस्य दृशः सृतावथतरेम तरेम शुगर्णवम् ॥ २७ ॥

[3]સંન્યાસીઓ આવરણરહિત તત્ત્વજ્ઞાનવાળા જે આચાર્યને શરણાગત થઇને માયાને અત્યંત કંપાવી નાખનારા થયા છે એ મોક્ષને આપનારા આચાર્યની દૃષ્ટિના માર્ગમાં જ્યારે ઉતરીશું ત્યારે જ શોકરૂપી સમુદ્રને તરીશું. ૨૭.

[4]शुभाशुभविभाजकस्फुरणदृष्टिमुष्टिंधयः क्षपांधमतपांथदुष्कथकदंभकुक्षिंभरिः ।
कदा भवसि मे पुनः पुनरनाद्यविद्यातमः प्रमृद्य गलितद्वयं पदमुदञ्चयन्नद्वयम् ॥ २८ ॥

[5]હે આચાર્ય! આપ કે જે આત્માના તથા અનાત્માના વિભાગ કરનારા છો, દ્વૈત દૃષ્ટિનો નાશ કરનારા છો અને રાત્રિના અંધકાર સરખા દ્વૈત મતોમાં ભટકનારા દુષ્ટ વાદીઓના દંભને ખાઇ જનારા છો તે હવે વારંવાર મારા અવિદ્યારૂપ અંધકારને ટાળી નાખી અખંડ અદ્વૈતપદનો પ્રકાશ કરનારા ક્યારે થશો.? ૨૮.

[6]मर्त्यानां निजपादपङ्कजजुषामाचार्य वाचा यया
रुंधानो मतिकल्मषं त्वमिह किं कुर्वाणनिर्वाणया ।
द्राङ्नाऽऽयास्यसि चेत्सुधीकृतपरीहासस्य दासस्य ते
दुःखांतो न भवेदितीड्य स पुनर्जानीहि मीनीहि मा ॥ २९ ॥

[7]હે આચાર્ય! હે સ્તુતિ કરવા યોગ્ય! પોતાનાં ચરણારવિંદનું સેવન કરનારાઓના બુદ્ધિના મોહને જેની પાસે મોક્ષ કિંકર થઇને રહે છે એવી વાણીથી ટાળી નાખનારા આપ જો અહિં તુરત નહિ પધારો તો વિદ્વાન્ પુરુષો જેની હાંસી કરશે એવા આ દાસનાં (મારાં) દુઃખનો છેડો આવશે જ નહિ એમ જાણજો. મને અહિં મારી નાખો મા." ૨૯.

इति खेदमुपेयुषि मित्रजने प्रतिपन्नयतिक्षितिभृन्महिमा ।
शुचमर्थवता शमयन्वचसा निजगाद सरोरुहपाद इदम् ॥ ३० ॥

એ પ્રમાણે પોતાના મિત્ર લોકો ખેદ પામતાં પોતાના ગુરુ શ્રીશંકરાચાર્યના મહિમાને જાણનારા પદ્મપાદે તેઓના શોકને શાંત કરવા માટે સારા અર્થોવાળાં વચનોથી તેઓને નીચે પ્રમાણે કહ્યું: ૩૦

पर्याप्तं नः क्लैब्यमुपेत्यात्र सखायः कृत्वोत्साहं भूमिमशेषामपिधानात् ।
अन्वेष्यामो भूविवराण्यथ च द्यां यद्वद्देवं देव मनुष्यादिषु गूढम् ॥ ३१ ॥

"હે મિત્રો! આપણે આ વિષયમાં નિરુદ્યોગપણારૂપ નપુંસકપણું રાખવાનું દૂર કરો. જેમ

૧ દ્રુતવિલંબિત. ૨ એઓમાં અત્યંત દુઃખ પામેલો કોઇ શિષ્ય 'આચાર્ય જ મારી ગતિ કરશે' એમ કહે છે. ૩ કેટલાએક શિષ્યો 'આચાર્યના દર્શનથી જ શોકરૂપી સમુદ્રમાંથી તરી શકાશે' એમ માનીને કહે છે. ૪ પૃથ્વીવૃત્ત. ૫ કોઈ શિષ્ય આચાર્યના ઉપદેશનું સ્મરણ કરીને બોલે છે. ૬ શાર્દૂલવિક્રીડિત. ૭ કોઇ શિષ્ય અત્યંત વિકલ થઇને અવશ્ય દર્શન દેવાની માંગણી કરે છે. ૮ તોટક. ૯ મત્તમયૂર—" वेदै रन्ध्रैर्म्तौ यसगा मत्तमयूरम् "

દેવ અને મનુષ્ય આદિ શરીરોમાં ગુપ્ત રીતે રહેલા પરમાત્માને શોધી કહાડિયે છિયે તેમ કોઇ શરીરમાં ગુપ્ત રીતે રહેલા આચાર્યને સઘળી પૃથ્વીમાં, પાતાલોમાં અને સ્વર્ગમાં પણ છાની રીતે ફરીફરીને શોધી કહાડીશું. ૩૧.

अनिर्विण्णचेताः समास्थाय यत्नं सुदुष्प्रापमप्यर्थमाप्नोत्यवश्यम् ।
मुहुर्विघ्नजालैः सुरा हन्यमानाः सुधामप्यवापुर्ह्यनिर्विण्णचित्ताः ॥ ३२ ॥

પુરુષ ચિત્તમાં કાયર નહિ થતાં યત્ન કરવામાં લાગે તો અતિ દુર્લભ પદાર્થને પણ અવશ્ય પ્રાપ્ત થાય છે. દેવતાઓ વિઘ્નોના સમૂહોથી વારંવાર દુઃખી થતાં છતાં પણ કાયર નહિ થતાં ઉદ્યોગમાં લાગ્યા રહ્યા તો તેઓ અમૃતને પણ મેળવી શક્યા છે.[1] ૩૨.

यद्प्यन्यगात्रप्रतिच्छन्नरूपो दुरन्वेषणः स्याद्गुरुर्नस्तथापि ।
स्वभानूदरस्थः शशीव प्रकाशैस्तदीयैर्गुणैरेव वेत्तुं स शक्यः ॥ ३३ ॥

જો કે ગુરુ બીજાના શરીરમાં ગુપ્ત થઇને રહેલા છે તેથી શોધી કહાડવાને અશક્ય છે તો પણ જેમ ગ્રહણ સમયે રાહુના ઉદરમાં રહેલો ચંદ્ર પોતાના પ્રકાશોથી જ જાણી શકાય છે તેમ ગુરુ પણ પોતાના અસાધારણ ગુણોથી જ જાણી શકાશે.[2] ૩૩.

[3]इक्षुचापागमापेक्षया निर्गतो वर्ष्म तस्योचितं कृष्णवर्त्मद्युतिः ।
विभ्रमाणां पदं सुभ्रुवां भूपतेः प्राप्तुमर्हत्यकामाग्रणीः संयमी ॥ ३४ ॥

નિષ્કામ પુરુષોમાં અગ્રણીપણું ધરાવનારા ગુરુ કામશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે નીકળી ગયા છે એટલા માટે કામશાસ્ત્રના અભ્યાસને યોગ્ય, અગ્નિના સરખી કાંતિવાળા અને સુંદરીઓના વિલાસોના સ્થાનરૂપ કોઇ રાજાના શરીરમાં જ રહેલા હોવા જોઇએ. ૩૪.

नित्यतृप्ताग्रयाय्याश्रिते निर्वृताः प्राणिनो रोगशोकादिना नेक्षिताः ।
दस्युपीडोज्झिताः स्वस्वधर्मे रताः कालवर्षी स्वराण्मेदिनी कामसूः ॥ ३५ ॥

[4]નિત્ય તૃપ્ત પુરુષોમાં અગ્રણી, આપણા ગુરુ, જે દેશમાં હશે, તે દેશમાં સર્વે મનુષ્યો, સુખી, ચોર લોકોની પીડાથી રહિત, પોતપોતાના ધર્મમાં આસક્ત રહેનારા અને જેઓના ઉપર રોગ કે શોક આદિની દૃષ્ટિ જ નહિ પડતી હોય એવા હશે, વરસાદ નિયમિતરીતે વરસતો હશે અને પૃથ્વી જોઇતાં ફલો આપતી હશે. ૩૫.

तदिहालस्यमपास्य विचेतुं निरवधिसंसृतिजलधेः सेतुम् ।
देशिकवरपदकमलं यामो न वृथाऽनेहसमत्र नयामः ॥ ३६ ॥

આવા શોધથી ગુરુ મળી શકશે એટલા માટે આ સમયમાં આલસ્ય છોડી દઇને સંસારરૂપી અપાર સમુદ્રમાંથી તારનારાં સદ્ગુરુનાં ચરણારવિંદને શોધવા માટે અહિંથી જઇએ. અહિં વૃથા કાલ કહાડવો યોગ્ય નથી." ૩૬.

इति जलरुहपद्वचनं सर्वे मनसि निधाय निराकृतगर्वे ।
कांश्चित्तत्र निवेश्य शरीरं रक्षितुमन्ये निरगुरुदारम् ॥ ३७ ॥

---

૧ ઉપમાન વાક્યનો અને ઉપમેય વાક્યનો 'પામવા' રૂપ એક સાધારણ ધર્મ જૂદો જૂદો કહેલો છે તેથી પ્રતિવસ્તુપમા અલંકાર થયો છે. 'वाक्ययोरेकसामान्ये प्रतिवस्तूपमा मता ।'—જો ઉપમાન વાક્યનો અને ઉપમેય વાક્યનો એક જ સાધારણ ધર્મ જૂદાં જૂદાં પદોથી કહ્યો હોય તો પ્રતિવસ્તુપમા અલંકાર થાય છે.—કુવલયાનંદ, કારિકા ૫૦. ૨ ઉપમા અલંકાર છે. ૩ સ્રગ્વિણી. ૪ આચાર્ય કયા દેશના રાજાના શરીરમાં પેઠા હશે, એ વાતનું અનુમાન કરવાને વાસ્તે કહે છે.

એ પ્રમાણે પદ્મપાદનાં વચનને પોતાના ગર્વરહિત મનમાં ધરીને તે શિષ્યો પોતામાંના કેટલાએકને શ્રીશંકરાચાર્યના ઉત્તમ સ્થૂલ શરીરનું રક્ષણ કરવા માટે ત્યાં જ રાખીને બીજાઓ ત્યાંથી નીકળ્યા. ૩૭.

ते चिन्वन्तः शैलाच्छैलं विषयाद्विषयं भुवमनुवेलम् ।
प्रापुर्धिक्कृतविबुधनिवेशान्स्फीतानमरकनृपतेर्देशान् ॥ ३८ ॥

પૃથ્વીમાં ક્ષણે ક્ષણે એક પર્વતમાંથી બીજા પર્વતમાં અને એક દેશમાંથી બીજા દેશમાં શોધ કરતાં તે શિષ્યો જેણે સુખસંપત્તિને લીધે સ્વર્ગ લોકનો પણ તિરસ્કાર કર્યો હતો એવા (સ્વર્ગ કરતાં પણ અધિક સુખસંપત્તિવાળા) અમરક રાજાના દેશમાં પહોચ્યા. ૩૮.

मृत्वा पुनरप्युत्थितमेनं श्रुत्वा वैन्यदिलीपसमानम् ।
त्यक्त्वा विरहजदैन्यममंदं मत्वाऽऽचार्यं धैर्यमविंदन् ॥ ३९ ॥

પૃથુ અને દિલિપરાજાના જેવા એ રાજાને મરણ પામીને પાછો ઉઠેલો સાંભળી એના શરીરમાં આચાર્ય છે એમ ધારી વિરહથી ઉત્પન્ન થએલી અત્યંત દીનતાને છોડી દઇને ધીરજ પામ્યા.૩૯.

ते च ज्ञात्वा गानविलोलं तरुणीसक्तं धरणीपालम् ।
विविशुः स्वीकृतगायकवेषा नगरं विदितसमस्तविशेषाः ॥ ४० ॥

એ રાજાને ગાયનમાં રુચિ ધરાવનાર અને સુંદરીઓમાં આશક્ત જાણી સઘળા પ્રકારોને જાણનારા એ શિષ્યો ગવૈયાઓનો વેષ ધરીને તેના નગરમાં ગયા. ૪૦.

राज्ञे ज्ञापितविद्यातिशयास्तेतत्संग्रहविधृतातिशयाः ।
रमणीशतमध्यगमवनींद्रं ददृशुस्तारावृतमिव चंद्रम् ॥ ४१ ॥

રાજાને વશ કરવાને વાસ્તે ચમત્કારના અતિશયને ધરનારા તે શિષ્યો રાજાને પોતાની વિદ્યાના અતિશયની ખબર કહેવરાવી સભામાં ગયા ત્યાં તેઓને જેમ તારાઓથી વીંટાએલો ચંદ્ર હોય તેમ સૈકડો સ્ત્રીઓથી વીંટાએલા તે રાજા જોવામાં આવ્યા. ૪૧.

वरचामरकरतरुणीकङ्कणरञ्जितसुंदरपश्चाद्भागम् ।
गीतिगतिज्ञोद्गीतश्रुतिसुखतानसमुल्लसदग्रिमदेशम् ॥ ४२ ॥

એ સમયે એ રાજાનો પાછલો ભાગ હસ્તોમાં ઉત્તમ ચમરો ધરીને પવન નાખવાથી અને સ્ત્રીઓનાં કંકણોના શબ્દથી વ્યાપ્ત હોવાને લીધે મનોહર લાગતો હતો અને આગલો ભાગ ગાયનની ઉત્કૃષ્ટ રીતિઓને જાણનારા લોકોએ ગાએલાં કાનને સુખ આપે એવા તાનોના શબ્દથી ઘેરાઇને શોભી રહ્યો હતો. ૪૨.

धृतचामीकरदण्डसितातपवारणरञ्जितरत्नकिरीटम् ।
श्रितविग्रहमिव रतिपतिमाश्रितभुवमिव सांतःपुरममरेशम् ॥ ४३ ॥

સોનાની દાંડીવાળા શ્વેત છત્રની ઝાંઇથી શોભી રહેલા રત્નમય કિરીટવાળા એ રાજા જાણે દેહ ધરીને કામદેવ બેઠેલ હોય અને જાણે પૃથ્વીમાં ઉતરીને પોતાના અંતઃપુર સહિત ઇંદ્ર બેઠેલ હોય એવા લાગતા હતા. ૪૩.

रुचिरवेषाः समासाद्य तां संसदं नयनसंज्ञावितीर्णासना भूभुजा ।
समतिसृष्टास्ततः सुस्वरं मूर्छनापदविदस्ते जगुर्मोहयंतः सभाम् ॥ ४४ ॥

સુંદર વેષવાળા અને મૂર્છનાની[1] ગતિને જાણનારા તે શિષ્યો એ સભામાં જઇ, રાજાએ દૃષ્ટિના ઇશારાથી આપેલાં આસનોપર બેસી, રાજાએ આજ્ઞા કરવાથી સભાને મોહ ઉપજાવે એવું નીચેના અભિપ્રાયવાળું સુસ્વર ગાયન કરવા લાગ્યા. ૪૪.

[2]भृङ्ग तव संगतिमपास्य गिरिशृङ्गे तुङ्गविटपिनि सङ्गमजुषि त्वदङ्गे।
स्वाङ्गरचिताः सकलुषान्तरङ्गाः सङ्गमकृते भङ्गमुपयान्ति भृङ्गाः ॥ ४५ ॥

હે ભ્રમર[3]! તારા સમાગમને છોડીને ઊંચાં વૃક્ષોવાળા પર્વતના શિખરમાં રહેલા તારા શરીરનું રક્ષણ કરવાને વાસ્તે રાખવામાં આવેલા બીજા ભ્રમરો મનમાં બહુ જ મુંઝાઈને તારા સમાગમને વાસ્તે છૂટા પડેલા છે[4] ૪૫.

[5]पञ्चशरसमयसंचयकृते प्राञ्चमुदञ्चन्निवेह संचरसि प्रपञ्चम्।
पञ्चजनमुख पञ्चमुखमप्यनञ्चंस्त्वं च गतिरिति किंच किल वञ्चितोऽसौ ॥ ४६ ॥

હે સઘળાં તત્ત્વોના અધિષ્ઠાનરૂપ ! કામશાસ્ત્રનો અભ્યાસ કરવા માટે પૂર્વ શરીરનો ત્યાગ કરી, જાણે આ નવા પ્રપંચમાં અવતરેલો હોય એવો તું સર્વની ગતિરૂપ છતાં પોતાના સ્વરૂપભૂત સદાશિવને પણ નહિ પામતાં અહિં કેમ છેતરાઇ ગયો છે? ૪૬.

पर्वशशिमुख सर्वमपहाय पूर्वं कुर्वदिह गर्वमनुसृत्य हृदपूर्वम्।
न स्मरसि वस्त्वस्मदीयमिति कस्मात्संस्मर तदस्मर परमस्मदुक्त्या ॥ ४७ ॥

હે પૂનમના ચંદ્ર સરખા મુખવાળા! આગલા શમ દમ આદિ સઘળા ગુણોને છોડી દઇ અહિં નવા અભિમાનમાં પડેલા મનને અનુસરેલો તું આપણા પરમતત્ત્વને કેમ સંભારતો નથી? તને જો સ્મરણ ન આવતું હોય તો હવે અમારા કહેવાથી તે તત્ત્વનું સ્મરણ કર્ય. ૪૭.

---

૧ 'क्रमात्स्वराणां सप्तानामारोहश्चावरोहणम्। सा मूर्छेत्युच्यते ग्रामस्था एताः सप्त सप्त च।
श्रुतिभ्यः स्युः स्वराः षड्जर्षभगान्धारमध्यमाः। पञ्चमो धैवतश्चार्धनिषाद इति सप्त ते।
श्रुत्यनन्तरभावी यः स्निग्धोऽनुरणनात्मकः। स्वतो रञ्जयति श्रोतुश्चित्तं स स्वर उच्यते।
प्रथमं श्रवणाच्छब्दः श्रूयते ह्रस्वमात्रकः। सा श्रुतिः संपरिज्ञेया स्वरावयवलक्षणा।
यथा कुटुम्बिनः सर्वेऽप्येकीभूता भवन्ति हि। तथा स्वराणां संदोहो ग्राम इत्यभिधीयते।
षड्जग्रामो भवेदादौ मध्यमग्राम एव च। गान्धारग्राम इत्येतद्ग्रामत्रयमुदाहृतम्।
मन्दाचरोऽथ जीमूतः समुद्रो ग्रामकास्त्रयः। षड्जमध्यमगान्धारास्त्रयाणां जन्महेतवः।'

અનુક્રમથી ષડ્જ, ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ, ધૈવત અને નિષાદ એ સાત સ્વરોનું જે ચડવું ઉતરવું તે મૂર્છના કહેવાય છે. પ્રથમ સાંભળતાં જે ટૂંકી માત્રાવાળો શબ્દ સંભળાય છે એટલે સ્વરનો આરંભ કરનાર જે અવયવ છે તે શ્રુતિ કહેવાય છે અને તે શ્રુતિ પછી થનારો ધ્વનિરૂપ જે શબ્દ, સાંભળનારાના ચિત્તને રંગી દે છે તે સ્વર કહેવાય છે. સ્વરનો જે સમૂહ તે ગ્રામ કહેવાય છે. ષડ્જગ્રામ, મધ્યમગ્રામ અને ગાંધારગ્રામ એ રીતે ત્રણ ગ્રામો છે અને તેઓ અનુક્રમે મંદાચર જીમૂત અને સમુદ્ર એ ત્રણ નામોથી ઓળખાય છે. એ ગ્રામો અનુક્રમે ષડ્જથી, મધ્યમથી અને ગાંધારથી ઉત્પન્ન થાય છે. એ એકએક ગ્રામમાં સાત સાત મૂર્છનાઓ રહે છે તેથી મૂર્છનાઓ એકવીશ ગણવામાં આવે છે.—સંગીતશાસ્ત્ર.

૨ ઈંદુવદના વૃત્તઃ ૪ ચરણ ભ જ સ ન તથા બે ગુરુ અને દરેક ચરણમાં ૧૪ અક્ષર હોયછે.

૩ જેમ ભ્રમર પુષ્પોના રસના સ્વાદને લેનાર છે તેમ શ્રીશંકરાચાર્ય શ્રુતિઓના રસના સ્વાદને લેનાર છે તેથી તેમને 'હે ભ્રમર!' એ સંબોધન આપેલું છે.

૪ જે શ્રીશંકરાચાર્યને કહેવાનું છે તે બીજા લોકોને નહિ જાણવા દેવાને વાસ્તે ભ્રમરને કહ્યું છે માટે ગૂઢોક્તિ અલંકાર થયો છે "गूढोक्तिरन्योद्देश्यं चेद्यदन्यं प्रतिकथ्यते।"—જે માણસના ઉદ્દેશથી કાંઇ કહેવાનું હોય તે બીજાના જાણવામાં ન આવવા દેવાને વાસ્તે અન્યને કહેવામાં આવે તો ગૂઢોક્તિ અલંકાર થાય છે.—કુવલયાનંદ, કારિકા ૧૫૩.

૫ ગાથા.

नेतिनेत्यादिनिगमवचनेन निपुणं निषिध्य मूर्तामूर्तराशिम् ।
यदशक्यनिह्नवं स्वात्मरूपतया जानन्ति कोविदास्तत्त्वमसि तत्त्वम् ॥ ४८ ॥

વિદ્વાન્ પુરુષો 'સ્થૂલ શરીર આત્મા નથી, સૂક્ષ્મ શરીર આત્મા નથી અને કારણ શરીર પણ આત્મા નથી' એવા અભિપ્રાયવાળાં '**अथात आदेशो नेति नेति । अस्थूलमनण्वह्रस्वमदीर्घमनन्तरमबाह्यमपूर्वमनपरम् ।**' ઇત્યાદિ વેદનાં વચનોથી સઘળાં સ્થૂલ સૂક્ષ્મ પદાર્થોનો સારી પેઠે નિષેધ કરીને, તે નિષેધના અવધિપણાને લીધે જેનો કદી પણ નિષેધ થઇ શકે નહિ એવા જે તત્ત્વને પોતાનું સ્વરૂપ સમજે છે તે તત્ત્વ તું છે[1]!! ૪૮.

स्वाद्यमुत्पाद्य विश्वमनुप्रविश्य गूढमन्नमयादिकोशतुषजाले ।
कवयो विविच्य युक्त्यवघाततो यत्तण्डुलवदाददति तत्त्वमसि तत्त्वम् ॥ ४९ ॥

પ્રથમ આકાશ આદિ જગત્‌ને ઉત્પન્ન કરીને અને પછી તે જગત્‌માં [2]પ્રવેશ કરીને [3]અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચ કોશોરૂપી ફોતરાંઓના સમૂહમાં ગુપ્ત રીતે રહેલા જે તત્ત્વને વિદ્વાન્ પુરુષો [4]યુક્તિઓરૂપ ખાંડવાની ક્રિયાથી જૂદું પાડીને ચોખાના દાણાની પેઠે ગ્રહણ કરી લે છે તે તત્ત્વ (બ્રહ્મ) તું છે. ૪૯.

---

૧ કઠોપનિષત્‌ની ત્રીજી વલ્લીના ૧૫મા શ્લોકમાં નીચે પ્રમાણે છેઃ—

अशब्दमस्पर्शमरूपमव्ययं तथाऽरसं नित्यमगन्धवच्च यत् ।
अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तं मृत्युमुखात्प्रमुच्यते ॥

જે અશબ્દ, અસ્પર્શ, અરૂપ, અવ્યય, અરસ, નિત્ય, ગંધરહિત, અનાદિ, અનન્ત, મહત્વથી જૂદો તથા ધ્રુવ છે, તેને જાણીને મૃત્યુમુખથી છુટે છે.

૨ **तत्सृष्ट्वा तदेवानुप्राविशत् । तदनुप्रविश्य । सच्च त्यच्चाभवत् ।** એ શ્રુતિ છે. તેનો અર્થ એ છે કે 'પરમાત્માએ જગત્‌ને સરજીને પાછળથી તેમાં પ્રવેશ કર્યો છે.

૩ અન્નમયાદિ પંચકોશ વિષે તૈત્તિરીયોપનિષત્‌ની બ્રહ્માનંદ વલ્લીમાં નીચે પ્રમાણે ખુલાસો છેઃ— "**तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः । आकाशाद्वायुः । वायोरग्निः । अग्नेरापः । अद्भ्यः पृथिवी । पृथिव्या ओषधयः । ओषधीभ्योऽन्नम् । अन्नाद्रेतः । रेतसः पुरुषः । स वा एष पुरुषोऽन्नरसमयः ।**"—એ આત્માથી આકાશ ઉત્પન્ન થયું છે. આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી પાણી, પાણીથી પૃથ્વી, પૃથ્વીથી ઓષધી, ઓષધીથી અન્ન, અન્નથી વીર્ય, વીર્યથી પુરુષ. આ પુરુષ અન્નરસનો વિકાર છે અર્થાત્ અન્નમય છે. "**तस्माद्वा एतस्मादन्नरसमयात् । अन्योऽन्तर आत्मा प्राणमयः ।**"—આ અન્નરસમય કોશથી જૂદો બીજો એક અંતરાત્મા છે તે પ્રાણમય છે. "**तस्माद्वा एतस्मात्प्राणमयात् । अन्योऽन्तर आत्मा मनोमयः ।**"—આ પ્રાણમય આત્માથી જૂદો એક બીજો અંતરાત્મા છે તે મનોમય છે. "**तस्माद्वा एतस्मान्मनोमयात् । अन्योऽन्तर आत्मा विज्ञानमयः ।**"—આ મનોમય આત્માથી જૂદો બીજો એક અંતરાત્મા છે તે વિજ્ઞાનમય છે. "**तस्माद्वा एतस्माद्विज्ञानमयादन्योन्तर आत्माऽऽनन्दमयः ।**"—આ વિજ્ઞાનમય આત્માથી જૂદો બીજો એક અંતરાત્મા છે તે આનંદમય છે.

૪ અન્નમય કોશ (સ્થૂલ દેહ) આત્મા નથી કારણ કે ઘરની પેઠે કાર્યરૂપ છે. પ્રાણમય કોશ (પ્રાણ) આત્મા નથી કારણ કે ઘરની પેઠે જડ છે. મનોમય કોશ (મન) આત્મા નથી, કારણ કે દેહની પેઠે અન્નના વિકારરૂપ છે. વિજ્ઞાનમય કોશ (બુદ્ધિ) આત્મા નથી, કારણ કે ઘટાદિની પેઠે લય આદિ અવસ્થાઓને પ્રાપ્ત થાય છે. આનન્દમય કોશ (કારણ શરીરનો આનન્દ) આત્મા નથી, કારણ કે વાદળાંની પેઠે કોઇ વખતે જ પ્રતીત થાય છે ઇત્યાદિ યુક્તિઓ સમજવી. યુક્તિઓને વેદાંતશાસ્ત્રમાં અનુમાન પણ કહે છે. જેમ કેળના સ્થંભમાંથી એક બીજાની અંદરનાં છોતરાં કહાડી નાખી સહુથી અંદરના પાનડાના ગાભાનું ગ્રહણ થાય છે તેમ દેહમાં એક બીજાની અંદરના કોશોને કહાડી નાખવાથી (વિચારથી અળગા પાડી) સહુથી અંદરના પરમાત્માનું જ્ઞાન થાય છે.

विषमविषयेषु संचारिणोऽक्षाश्वान्दोषदर्शनकशाभिघाततः।
स्वैरं सन्निवर्त्य स्वान्तरश्मिभिर्धीरा बध्नन्ति यत्र तत्त्वमसि तत्त्वम् ॥ ५० ॥

ધીર પુરુષો વિષયોરૂપી વિષમ પ્રદેશોમાં યથેષ્ટ રીતે ફરનારા ઇંદ્રિયોરૂપી ઘોડાઓને દોષ-દૃષ્ટિ કરવારૂપ ચાબખા મારી તે પ્રદેશોમાંથી પાછા વાળીને મનની વૃત્તિરૂપ રેનથી જે તત્ત્વરૂપી ખીલામાં બાંધે છે તે તત્ત્વ તું છે.[1] ૫૦.

व्यावृत्तजाग्रदादिष्वनुस्यूतं तेभ्योऽन्यदिव पुष्पेभ्य इव सूत्रम्।
इति यदौपाधिकत्रयपृथक्त्वेन विदन्ति सूरयस्तत्त्वमसि तत्त्वम् ॥ ५१ ॥

જેમ પરસ્પરથી જૂદાં પુષ્પોમાં અનુસ્યૂત થઇને રહેલો દોરો તે પુષ્પોથી જૂદો છે તેમ પરસ્પરથી જૂદી જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ અવસ્થાઓમાં અનુસ્યૂત થઇને રહેલું તત્ત્વ એ અવસ્થાઓથી જુદું છે એમ વિવેચન કરી વિદ્વાનો જે તત્ત્વને ઇંદ્રિયોથી ગમ્ય ઉપાધિજન્ય ત્રણે શરીરોથી જૂદું જાણે છે તે તત્ત્વ તું છે. ૫૧.

पुरुष एवेदमित्यादिवेदेषु सर्वकारणतया यस्य।
सार्वात्म्यं हाटकस्येव मुकुटादितादात्म्यं सरसमाम्नायते तत्त्वमसि तत्त्वम् ॥ ५२ ॥

'पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भव्यम्'। 'सर्वं खल्विदं ब्रह्म तज्जलान्'। 'सदेव सौम्येदम्'। 'एकमेवाद्वितीयम्'। 'ऐतदात्म्यमिदं सर्वम्'। 'यथा सौम्यैकेन लोहमणिना सर्वं लोहमयं विज्ञातं स्याद्वाचाऽऽरम्भणं विकारो नामधेयं लोहमित्येव सत्यम्।' ઇત્યાદિ શ્રુતિઓ 'જેમ એક જ સુવર્ણ કડાં આદિ સઘળા વિકારોરૂપ થાય છે તેમ એક જ બ્રહ્મ સર્વના કારણપણાને લીધે સર્વરૂપ થએલ છે' એમ જે તત્ત્વનું સરસ રીતે નિરૂપણ કરે છે તે તત્ત્વ તું છે. ૫૨.

यश्चाहमत्र वर्ष्मणि भामि सोऽसौ योसौ विभाति रविमण्डले सोहमिति।
वेदवेदिनो व्यतिहारतो यदध्यापयन्ति यत्नतस्तत्त्वमसि तत्त्वम् ॥ ५३ ॥

'જે હું આ શરીરમાં પ્રકાશું છું તે જ સૂર્યમંડલમાં છે અને જે સૂર્યમંડલમાં પ્રકાશે છે તે જ હું છું' એ રીતે [2]વેદ જાણનારા મુનિઓ વ્યતિહાર કરી(પરસ્પરની એકતા જણાવી)ને જે તત્ત્વનો યત્નથી અભ્યાસ કરાવે છે તે તત્ત્વ તું છે. ૫૩.

वेदानुवचनसद्दानमुखधर्मैः श्रद्धयाऽनुष्ठितैर्विद्यया युक्तैः।
विविदिषन्त्यत्यन्तविमलस्वांता ब्राह्मणा यद्ब्रह्म तत्त्वमसि तत्त्वम् ॥ ५४ ॥

શ્રદ્ધાથી કરવામાં આવતા ઉપાસના સહિત વેદાભ્યાસ અને ઉત્તમ દાન આદિ ધર્મોથી અત્યંત નિર્મલ થએલા અંતઃકરણવાળા બ્રાહ્મણોએ સાધનોથી જે તત્ત્વને જાણવાને ઇચ્છે છે તે બ્રહ્મતત્ત્વ તું છે. ૫૪.

---

૧ કઠોપનિષત્‌ની ત્રીજી વલ્લીમાં પણ આ જ પ્રમાણે કહ્યું છે: **'आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु। बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥ इंद्रियाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान्। आत्मेंद्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥ यस्तु विज्ञानवान्भवति युक्तेन मनसा सदा। तस्येन्द्रियाणि वश्यानि सदश्वा इव सारथेः ॥'**—આત્માને રથી, શરીરને રથ, બુદ્ધિને સારથિ અને મનને લગામ જાણો. મનીશી એ ઇન્દ્રિયોને ઘોડા કહે છે, તે સર્વમાં વિષયોને માર્ગ કહે છે અને ઇન્દ્રિય મનોયુક્ત આત્માને ભોક્તા કહે છે જે સર્વદા સમાહિત મનનો તથા વિવેકી હોય છે. તે સારથીના સારા ઘોડા પ્રમાણે વશીભૂત થાય છે.

૨ **'असौ स आदित्यो य एष एतस्मिन्मंडले पुरुषो यश्चायं दक्षिणेक्षन्पुरुषस्तावेतावन्योन्यस्मिनूप्रतिष्ठितौ'**—ઇત્યાદિ શ્રુતિઓ શરીરમાં રહેલા આત્માને સૂર્યમંડલમાં રહેલ કહે છે અને સૂર્યમંડલમાં રહેલા આત્માને શરીરમાં રહેલ કહે છે.

शमदमोपरमादिसाधनैर्धीराः स्वात्मनाऽऽत्मनि यदन्विष्य कृतकृत्याः।
अधिगतामितसच्चिदानंदरूपा न पुनरिह खिद्यन्ते तत्त्वमसि तत्त्वम् ॥ ५५ ॥

ધીર પુરુષો શમ, દમ, ઉપરમ, ક્ષાંતિ, સમાધિ અને શ્રદ્ધારૂપ સાધનોથી બુદ્ધિમાં આત્મસ્વરૂપે જે તત્ત્વને શોધી લઇ કૃતાર્થ અને અમિત સચ્ચિદાનંદને પામેલા થઇને પાછા સંસારમાં જન્મમરણ આદિ ખેદને પ્રાપ્ત થતા નથી તે તત્ત્વ તું છે. ૫૫.

अविगीतमेवं नरपतिराकर्ण्य वर्णितात्मार्थम्।
विससर्ज पूरिताशानेतान्निर्ज्ञातकर्तव्यः ॥ ५६ ॥

એ પ્રમાણે તે ગવૈયાઓએ વર્ણન કરેલા વાસ્તવિક આત્મસ્વરૂપનું શ્રવણ કરી રાજાએ જે પોતાને કરવું યોગ્ય હતું તે જાણી લઇ એઓની આશા પૂર્ણ કરીને તેઓને વિદાય કર્યા. ૫૬.

उद्बोधितः सदसि तैरवलंब्य मूर्छां निर्गत्य राजतनुतो निजमाविवेश।
गात्रं पुरोदितनयेन स देशिकेंद्रः संज्ञामवाप्य च पुरेव समुत्थितोऽभूत् ॥ ५७ ॥
तदनु कुहरमेत्य पूर्वदृष्टं नरपतिभृत्यविसृष्टपावकेन।
निजवपुरवलोक्य दह्यमानं झटिति स योगधुरंधरो विवेश ॥ ५८ ॥

એ રીતે સભામાં પદ્મપાદ આદિ શિષ્યોએ સ્મરણ આપતાં યોગ કરવામાં ધુરંધર **શ્રીશં**કરાચાર્યે મૂર્છિત થઈ આગળ કહેલી રીતિ પ્રમાણે રાજાના શરીરમાંથી નીકળી પેલી ગુફામાં જઇ પોતાના સ્થૂલ શરીરને રાજાના ભૃત્યોએ મુકેલા અગ્નિથી બળતું જોઇ તુરત એ સ્થૂલ શરીરમાં પેસી ગયા. **શ્રી**શંકરાચાર્યનો પ્રવેશ થતાં એ સંન્યાસ આશ્રમવાળો સ્થૂલ દેહ સંજ્ઞાને પ્રાપ્ત થઇને આગળની પેઠે જ ઉભો થયો. ૫૭, ૫૮.

सपदि दहनशांतये महांतं नरमृगरूपमधोक्षजं शरण्यम्।
स्तुतिभिरधिकलालसत्पदाभिस्त्वरितमतोषयदात्मवित्प्रधानः ॥ ५९ ॥

પછી આત્મવેત્તાઓમાં મુખ્ય **શ્રી**શંકરાચાર્યે એ અગ્નિની તુરત શાંતિને વાસ્તે મોટા અને શરણાગતોનું રક્ષણ કરનારા નૃસિંહરૂપવાળા વિષ્ણુને સર્વોત્તમ કૃતિથી શોભતાં પદોવાળી સ્તુતિઓથી તુરત પ્રસન્ન કર્યા[૪]. ૫૯.

---

૧ આર્યા. ૨ વસંતતિલકા. ૩ પુષ્પિતાગ્રા. ૪ શંકરાચાર્યે બાર શ્લોકોથી કરેલી લક્ષ્મીનૃસિંહની સ્તુતિ નીચે પ્રમાણે:—

"श्रीमत्पयोनिधिनिकेतन चक्रपाणे भोगीन्द्रभोगमणिरञ्जितपुण्यमूर्ते।
योगीश शाश्वत शरण्य भवाब्धिपोत लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ १ ॥
ब्रह्मेन्द्ररुद्रमरुदर्ककिरीटकोटिसंघट्टिताङ्घ्रिकमलामलकान्तिकान्त।
लक्ष्मीलसत्कुचसरोरुहराजहंस लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ २ ॥
संसारघोरगहने चरतो मुरारे मारोग्रभीकरमृगप्रवरार्दितस्य।
आर्तस्य मत्सरनिदाघनिपीडितस्य लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ३ ॥
संसारकूपमतिघोरनिदाघमूलं संप्राप्य दुःखशतसर्पसमाकुलस्य।
दीनस्य देव कृपणापदमागतस्य लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ४ ॥
संसारसागरविशालकरालकालनक्रग्रहग्रसननिग्रहविग्रहस्य।
व्यग्रस्य रागरसनोर्मिनिपीडितस्य लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ५ ॥
संसारवृक्षमघबीजमनन्तकर्मशाखाशतं करणपत्रमनङ्गपुष्पम्।
आरुह्य दुःखफलितं पततो दयालो लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ६ ॥
संसारसर्पघनवक्त्रभयोग्रतीव्रदंष्ट्राकरालविषदग्धतनूरुहस्य।
नागारिवाहन सुधाब्धिनिवास शौरे लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ७ ॥

नरहरिकृपया ततः प्रशान्ते प्रबलतरे स हुताशने प्रविष्टः ।
निरगमदचलेंद्रकंदरांताद्विधुरिव वक्त्रबिलाद्विधुंतुदस्य ॥ ६० ॥

संसारदावदहनातुरभीकरोरुज्वालावलीभिरतिदग्धतनूरुहस्य ।
त्वत्पादपद्मसरसीशरणागतस्य लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ८ ॥
संसारभीकरकरीशकराभिघातनिष्पिष्टमर्मवपुषः सकलार्तिनाश ।
प्राणप्रयाणभवभीतिसमाकुलस्य लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ९ ॥
संसारजालपतितस्य जगन्निवास सर्वेंद्रियार्थबडिशार्थझषोपमस्य ।
प्रोत्खण्डितप्रचुरतालुकमस्तकस्य लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ १० ॥
अन्धस्य मे हृतविवेकमहाधनस्य चौरैः प्रभो बलिभिरिन्द्रियनामधेयैः ।
मोहान्धकूपकुहरे विनिपातितस्य लक्ष्मीनृसिंह मम देहि करावलम्बम् ॥ ११ ॥
लक्ष्मीपते कमलनाभ सुरेश विष्णो वैकुण्ठ कृष्ण मधुसूदन पुष्कराक्ष ।
ब्रह्मण्य केशव जनार्दन वासुदेव देवेश देहि कृपणस्य करावलम्बम् ॥ १२ ॥

હે ક્ષીરસમુદ્રમાં વસનાર, હે ચક્રપાણે, હે શેષને માથે રહેલી મણિયોથી સુશોભિત પવિત્ર મૂર્તિમાન્, હે યોગિયોના ઈશ્વર, હે અવિનાશી, હે શરણે આવેલાનું રક્ષણ કરનાર, હે સંસાર સમુદ્રમાં નાવરૂપ, હે લક્ષ્મી નૃસિંહ, મને તમારા હાથનો આશ્રય આપો અર્થાત્ મારો હાથ ઝાલો. ૧.

હે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર, દેવતા અને સૂર્યના મુકટોની કોટીથી સ્પર્શિત થયેલા ચરણકમલની કાંતિથી મનોહર, હે લક્ષ્મીના વિલાસી સ્તનકમલને વિશે રાજહંસરૂપ, હે લક્ષ્મી નૃસિંહ, મારો હાથ ઝાલો. ૨.

હે મુરારે, ઘોર સંસારમાં વિચરનારા, કામદેવરૂપ ભયંકર સિંહથી પીડાએલા, મત્સરરૂપ તાપથી દુઃખી થયેલા હે લક્ષ્મી નૃસિંહ, મારો હાથ ઝાલો. ૩.

હે દેવ, મહાઘોર તાપના મૂળ સંસારરૂપ કુવાને પામીને દુઃખરૂપ સેંકડો સર્પથી આકુળ વ્યાકુળ થયેલા અને કૃપણના પદને પામેલા મને હે લક્ષ્મી નૃસિંહ, તમારા હાથનો આશ્રય આપો. ૪.

સંસાર સમુદ્રના મહાવિકાળરૂપ ભુંડના કોળિયાના નિગ્રહરૂપ દેહવાળા, અને દુઃખરૂપ રાગ-પ્રીતિ-રસનાની ઉર્મિથી પીડા પામેલા અને હે લક્ષ્મી નૃસિંહ તમારા હાથનો આશ્રય આપો. ૫.

પાપરૂપ બીજવાળા, અનંત કર્મરૂપ સેંકડો ડાળોવાળા, ઇંદ્રિયોના કર્મરૂપ પત્રવાળા, કામરૂપ પુષ્પવાળા, અને દુઃખરૂપ ફળવાળા સંસારવૃક્ષ ઉપર ચઢીને તે થકી પડતા એવા મને હે દયાળુ, લક્ષ્મી નૃસિંહ, તમારા હાથનો આશ્રય આપો. ૬.

સંસારસર્પના ગાઢ મુખની ભયંકર દાઢોના વિકરાળ વિષથી છળેલા રૂંવાડાવાળા મને, હે ગરુડવાહન, હે અમૃત સમુદ્રમાં વસનાર, હે શૌરે, હે લક્ષ્મી નૃસિંહ, તમારા હાથનો આશ્રય આપો. ૭.

સંસારરૂપ આતુર ભયંકર જ્વાળાથી છળેલા રૂવાડાંવાળા, અને તમારે શરણે આવેલા મને, હે લક્ષ્મી નૃસિંહ તમારા હાથનો આશ્રય આપો. ૮.

હે જગન્નિવાસ, સંસારની જાળમાં પડેલા, સર્વ ઇંદ્રિયાર્થરૂપ બડિશ(માછલાં પકડવામાટે લોઢાની કરેલી ગલ)થી તાલુ અને મસ્તક વીંધાએલા મને, હે લક્ષ્મી નૃસિંહ, તમારા હાથનો આશ્રય આપો. ૯.

હે સર્વ પીડાને નાશ કરનાર, સંસારરૂપ ભયંકર હાથીએ સર્વ પ્રકારના ઘાતથી મર્મ (સ્થાન) અને શરીરને પીડા કરેલા તથા મરણરૂપ ઉત્પન્ન થયેલા ભયથી વ્યાકુલ થયેલા મને, હે લક્ષ્મી નૃસિંહ, તમારા હાથનો આશ્રય આપો. ૧૦.

હે પ્રભો, આંધળા અને ઇંદ્રિય નામવાળા બળવાન્ ચોરોએ જેનું વિવેકરૂપ દ્રવ્ય હરણ કરી લીધું છે એવા તથા મોહરૂપ અંધારા કુવામાં પાડી દિધેલા મને, હે લક્ષ્મી નૃસિંહ, તમારા હાથનો આશ્રય આપો. ૧૧.

હે લક્ષ્મીપતે, હે કમળનાભ, હે સુરેશ, હે વિષ્ણો, હે વૈકુંઠ, હે કૃષ્ણ, હે મધુસૂદન, હે પુષ્કરાક્ષ, હે બ્રહ્મણ્ય, હે કેશવ, હે જનાર્દન, હે વાસુદેવ, હે દેવેશ, કૃપણ એવા મને તમારા હાથનો આશ્રય આપો. ૧૨.

પૂર્વ શરીરમાં પેઠેલા શ્રીશંકરાચાર્ય તે પછી નૃસિંહની કૃપાથી અત્યંત પ્રબલ અગ્નિ શાંત થતાં જેમ રાહુના મુખરૂપી ગુફામાંથી ચંદ્ર બહાર નીકળે તેમ એ પર્વતની ગુફાના મધ્યમાંથી બહાર નીકળ્યા. ૬૦.

तदनु शमधनाधिपो विनेयैश्चिरविरहादतिवर्धमानहार्दैः ।
सनक इव वृतः सनंदनाद्यैर्जिगमिषुराजनि मण्डनस्य गेहम् ॥ ६१ ॥

પછી સંન્યાસીઓના અધિપતિ શ્રીશંકરાચાર્યે, જેમ સનંદન આદિ મુનિઓથી સનક વિંટાય છે તેમ લાંબા કાલના વિરહથી અત્યંત વધતાં પ્રેમવાળા પદ્મપાદ આદિ શિષ્યોથી વિંટાઈને મંડનમિશ્રને ઘેર જવાની ઇચ્છા કરી. ૬૧.

तदनु सदनमेत्य पूर्वदृष्टं गगनपथाद्गलितक्रियाभिमानम् ।
विषयविषनिवृत्ततर्षमुच्चैरतनुत मण्डनमिश्रमक्षिपात्रम् ॥ ६२ ॥

એ ઇચ્છાથી શ્રીશંકરાચાર્યે મંડનમિશ્રનું ઘર કે જે પ્રથમ જોએલું હતું ત્યાં ઊંચા આકાશ માર્ગથી આવી, જેની વિષયોરૂપી વિષોની તૃષ્ણા ટળી ગઇ હતી એવા અને તેથી કર્મ કરવાના અભિમાનને છોડી બેઠેલા મંડનમિશ્રને જોયો. ૬૨.

तं समीक्ष्य नभसश्च्युतं स च प्राञ्जलिः प्रणतपूर्वविग्रहः ।
अर्हणाभिरभिपूज्य तस्थिवानीक्षणैरनिमिषैः पिबन्निव ॥ ६३ ॥

આકાશમાંથી ઉતરેલા એ શ્રીશંકરાચાર્યને જોઇ મંડનમિશ્ર માથું નમાવી પૂજનના પદાર્થોથી પૂજન કરી જાણે નિમિષ વગરનાં નેત્રોથી પીતો હોય તેમ હાથ જોડીને ઉભો રહ્યો. ૬૩.

स विश्वरूपो बत सत्यवादी पपात पादांबुजयोर्यतीशः ।
गृहं शरीरं मम यच्च सर्वं तवेति वादी मुदितो महात्मा ॥ ६४ ॥

સત્યવાદી, મહાત્મા અને રાજી થએલો એ મંડનમિશ્ર 'મારૂં શરીર તથા ઘર આદિ જે કાંઇ છે તે સઘળું આપનું છે' એમ બોલતો બોલતો શ્રીશંકરાચાર્યના ચરણારવિંદમા પડયો. ૬૪.

प्रेयसा प्रथममर्चितं मुनिं प्राप्तविष्टरमुपस्थितं बुधैः ।
प्रश्रयावनतमूर्तिरब्रवीच्छारदाऽभिवदने विशारदा ॥ ६५ ॥

પોતાના સ્વામીએ પ્રથમ પૂજેલા, આસનપર બીરાજેલા અને ઘણા વિદ્વાનો જેમનું સેવન કરતા હતા એવા શ્રીશંકરાચાર્યને બોલવામાં વિચક્ષણતા ધરાવનારાં સરસ્વતીએ પ્રેમથી પોતાનું શરીર નમાવીને નીચે પ્રમાણે કહ્યું: ૬૫.

ईशानः सर्वविद्यानामीश्वरः सर्वदेहिनाम् ।
ब्रह्मणोऽधिपतिर्ब्रह्मन्भवान्साक्षात्सदाशिवः ॥ ६६ ॥

"હે બ્રહ્મન્! આપ સઘળી વિદ્યાઓના સ્વામી, સર્વ પ્રાણીઓના સ્વામી અને બ્રહ્માના પણ અધિપતિ સાક્ષાત્ સદાશિવ છો. ૬૬.

सदसि मामविजित्य तथैव यन्मदनशासनकामकलास्वपि ।
तदवबोधकृते कृतिमाचरस्तदिह मर्त्यचरित्रविडम्बनम् ॥ ६७ ॥

મને સભામાં નહિ જીતીને આપે એમનાએમ જઇ કામશાસ્ત્રને જાણવા માટે કામશાસ્ત્રમાંની કલાઓનો અભ્યાસ કર્યો એ કેવલ આપે આ લોકમાં મનુષ્ય લીલાનું અનુકરણ કર્યું છે. ૬૭.

त्वया यदावां विजितौ परात्मन्न तत्रपामावहतीज्य सर्वथा ।
कृताऽभिभूतिर्न मयूखशालिना निशाकरादेरपकीर्तये खलु ॥ ६८ ॥

---

૧ રથોદ્ધતા. ૨ ઉપેન્દ્રવજ્રા. ૩ રથોદ્ધતા. ૪ અનુષ્ટુપ. ૫ દ્રુતવિલંબિત. ૬ ઉપજાતિ.

હે પરમાત્મા! હે સ્તુત્ય! અમોને જીતી લીધાં તેથી અમોને કાંઇ પણ લજાવું પડે એમ નથી, સૂર્યે કરેલા પરાભવથી ચંદ્રમા આદિની અપકીર્તિ થાય જ[1] નહિ. ૬૮.

आदावात्स्यं धाम कामं प्रयास्याम्यर्हस्यच्छं मामनुज्ञातुमर्हन् ।
इत्यामन्त्र्यान्तर्हितां योगशक्त्या पश्यन्देवीं भाष्यकर्ता[2] बभाषे ॥ ६९ ॥

હે મહાત્મા! હવે હું પ્રથમ મારા સ્વચ્છ ધામમાં જઇશ માટે આપે મને આજ્ઞા આપવી યોગ્ય છે" એવી આજ્ઞા લઇ અંતર્હિત થએલાં સરસ્વતીને યોગશક્તિથી દેખતા શ્રીશંકરાચાર્યે નીચે પ્રમાણે કહ્યું: ૬૯.

जानामि त्वां देवि देवस्य धातुर्भार्यामिष्टामष्टमूर्तेः सगर्भ्याम् ।
वाचामाद्यां देवतां विश्वगुप्त्यै चिन्मात्रामप्यात्तलक्ष्म्यादिरूपाम् ॥ ७० ॥

"હે દેવી! તમે ચિન્માત્ર છતાં પણ જગતના રક્ષણ માટે લક્ષ્મી આદિ રૂપોનું ગ્રહણ કરનારાં, વાણીનાં આદિ દેવતા, સાક્ષાત્ બ્રહ્માનાં પ્રિય પત્ની અને મહાદેવનાં [3]સહોદર છો એ હું જાણું છું. ૭૦.

तस्मादस्मत्कल्पितेष्वर्च्यमाना स्थानेषु त्वं शारदाख्या दिशंती ।
इष्टानर्थानृष्यशृङ्गादिकेषु क्षेत्रेष्वास्स्व प्राप्तसत्संनिधाना ॥ ७१ ॥

એટલા માટે ઋષ્યશૃંગ આદિ ક્ષેત્રોની અંદર અમોએ બનાવેલાં સ્થાનકોમાં તમારે 'શારદા' એ નામ ધરીને સન્નિહિત રહેવું અને પૂજન કરનારાઓના વાંછિત મનોરથોને સફલ કરવા." ૭૧.

तथेति संश्रुत्य सरस्वती सा प्रायात्प्रियं धाम पितामहस्य ।
अदर्शनं तत्र समीक्ष्य सर्वे आकस्मिकं विस्मयमीयुरुच्चैः ॥ ७२ ॥

પછી એ સરસ્વતી દેવી શ્રીશંકરાચાર્યનાં વચનને 'બહુ સારૂં' એમ કહી સ્વીકારીને બ્રહ્માના પ્રિય ધામમાં પધારી ગયાં. એ પ્રમાણે સરસ્વતીને અકસ્માત્ અંતર્હિત થઇ ગએલાં જોઇને સર્વે લોકો અત્યંત વિસ્મય પામ્યા. ૭૨.

[4]तस्या यतीशजितभर्तृयतित्वजातवैधव्यसंभवशुचा भुवमस्पृशंत्याः ।
अन्तर्धिमीक्ष्य मुदितोऽजनि मण्डनोऽपि तत्साधु वीक्ष्य मुमुदे यतिशेखरश्च ॥ ७३ ॥

પોતાનો સ્વામી શ્રીશંકરાચાર્યની પાસે હારી જવાથી તેને સંન્યાસ પ્રાપ્ત થતાં તેથી થએલા વિધવાપણાના શોકને લીધે પૃથ્વીનો સ્પર્શ પણ નહિ કરતાં અંતર્હિત થએલાં તે પોતાની પત્ની સરસ્વતીને જોઇ મંડનમિશ્રને આનંદ થયો અને તે યોગ્ય થએલું જોઇ શ્રીશંકરાચાર્ય પણ પ્રસન્ન થયા. ૭૩.

[5]मण्डनमिश्रोऽप्यथ विधिपूर्वं दत्वा वित्तं यागे सर्वम् ।
आत्मारोपितशोचिष्केशो भेजे शङ्करमस्तमिताशः ॥ ७४ ॥

પછી મંડનમિશ્રે પણ સંન્યાસ લેવાને વાસ્તે [6]ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વિધિપૂર્વક સઘળું ધન યાગમાં આપી દઇ અગ્નિહોત્રનાં અગ્નિનું પોતામાં આરોપણ કરી સઘળી આશાઓને છોડી દઇને શ્રીશંકરાચાર્યનું સેવન કરવા માંડ્યું. ૭૪.

---

૧ 'महत्परिभवः श्रेष्ठो न नीचादपि गौरवम् । कंसारेः पादघातेन कालियस्य विभूषणम् ॥' ૨ શાલિની. ૩ જુઓ સર્ગ ૮, શ્લોક ૧૩૫ ની ટીકા. ૪ વસંતતિલકા. ૫ માત્રાસમક વૃત્ત. ૬ 'प्राजापत्यां निरूप्येष्टिं सार्ववेदसदक्षिणाम् । आत्मन्यग्नीन्समारोप्य ब्राह्मणः प्रव्रजेद्गृहात् ॥'

[1]संन्यासगृह्यविधिना सकलानि कर्माण्यह्नाय शंकरगुरुर्विदुषोऽस्य कुर्वन् ।
कर्णे जगौ किमपि तत्त्वमसीति वाक्यं कर्णेजपं निखिलसंसृतिदुःखहानेः ॥ ७५ ॥

ગુરુ **શ્રી**શંકરાચાર્યે પણ સંન્યાસનો વિધિ[2] કહેનારાં ગૃહ્યસૂત્રમાં કહ્યા પ્રમાણે તુરત એ પંડિતનાં સઘળાં કર્મો કરી તેના કાનમાં સંસાર સંબંધી સઘળાં દુઃખોના નાશને સૂચવનારા સર્વોત્તમ **तत्त्वमसि** વાક્યનો ઉપદેશ કર્યો. ૭૫.

[3]संन्यासपूर्वं विधिवद्विभिक्षे पश्चादुपादिक्षदथाऽऽत्मतत्त्वम् ।
आचार्यवर्यः श्रुतिमस्तकस्थं तदादिवाक्यं पुनराबभाषे ॥ ७६ ॥

મંડનમિશ્રે સંન્યાસાશ્રમ લઈને વિધિપૂર્વક ભિક્ષા લીધી અને તે પછી આચાર્યોમાં ઉત્તમ **શ્રી**શંકરાચાર્યે તેને વેદાંતમાં કહેલા આત્મતત્ત્વનો ઉપદેશ કર્યો. આચાર્યે ફરીવાર તેને અર્થ સહિત **तत्त्वमसि** વાક્ય નીચે પ્રમાણે સમજાવ્યું. ૭૬.

त्वं नासि देहो घटवद्ध्यनात्मा रूपादिमत्त्वादिह जातिमत्त्वात् ।
ममेति भेदप्रथनादभेदसंप्रत्ययं विद्धि विपर्ययोत्थम् ॥ ७७ ॥

"તું દેહ નથી. કારણ કે દેહ તો રૂપ આદિવાળો હોવાને લીધે, મનુષ્યપણા આદિ જાતિઓવાળો હોવાને લીધે તથા 'મારો છે' એમ કહેવાવાથી પ્રત્યક્ષ ભેદ જણાવાને લીધે ઘટની પેઠે અનાત્મા છે. 'હું જાડો છું, હું પાતળો છું, અને હું મનુષ્ય છું' ઇત્યાદિ દેહની સાથે જે અભેદની પ્રતીતિ થાય છે તે તો દેહમાં આત્માના અને આત્મામાં દેહના પરસ્પર મિથ્યા અધ્યાસથી થાય છે એમ સમજવું. ૭૭.

लोप्यो हि लोप्यव्यतिरिक्तलोपको दृष्टो घटादिः खलु तादृशी तनुः ।
दृश्यत्वहेतोर्व्यतिरेकसाधने त्वत्तः शरीरे कथमात्मतागतिः ॥ ७८ ॥

જેમ ઘટ આદિ પદાર્થ દૃશ્ય હોવાને લીધે પોતાથી જૂદા દ્રષ્ટાવાળો છે તેમ દેહ પણ દૃશ્ય હોવાને લીધે પોતાથી જૂદા દ્રષ્ટાવાળો છે. આ રીતે તું કે જે દ્રષ્ટા છે તેથી દેહ જૂદો છે એમ સિદ્ધ થાય છે માટે દેહ આત્મા શી રીતે ઠરે? ન જ ઠરે. ૭૮.

[4]नापींद्रियाणि खलु तानि च साधनानि दात्रादिवत्कथममीषु तवाऽऽत्मभावः ।
चक्षुर्मदीयमिति भेदगतेरमीषां स्वप्नादिभावविरहाच्च घटादिसाम्यम् ॥ ७९ ॥

ઇંદ્રિયો પણ આત્મા નથી. જેમ પ્રાણિને દાતરડાં આદિ સાધનો હોય છે તેમ ઇંદ્રિયો પણ વિષયો જાણવાનાં સાધનો જ છે. માટે ઇંદ્રિયોમાં આત્માપણું કેમ ઘટે? નથી જ ઘટતું. વળી 'ચક્ષુ મારી છે' એમ કહેવા ઉપરથી ઇંદ્રિયોનું આત્માથી ભિન્નપણું પ્રત્યક્ષ દેખાય છે અને વળી સ્વપ્ન આદિ અવસ્થામાં આત્મા રહે છે અને ઇંદ્રિયો રહેતી નથી તેથી ઇંદ્રિયો ઘટ આદિ પદાર્થોની પેઠે અનાત્મા જ છે. ૭૯.

[5]यद्यात्मतैषां समुदायगा स्यादेकव्ययेनापि भवेन्न तद्धीः ।
प्रत्येकमात्मत्वमुदीर्यते चेन्नश्येच्छरीरं बहुनायकत्वात् ॥ ८० ॥

જો તને 'ઇંદ્રિયો આત્મા છે' એવી શંકા રહેતી હોય તો હું પૂછું છું કે ઇંદ્રિયોનો સમુદાય આત્મા છે કે પ્રત્યેક ઇંદ્રિયો આત્મા છે? જો સમુદાય આત્મા હોય તો એક ઇંદ્રિયોનો નાશ થતાં સમુદાયનો નાશ થાય છે તેથી સમુદાયને આત્માપણું કેમ ઘટે અને જો પ્રત્યેક ઇંદ્રિયો આત્મા હોય તો શરીરના સ્વામીઓ અનેક થવાથી શરીરનો જ નાશ થઈ જાય. ૮૦.

---

૧ વસંતતિલકા. ૨ સંન્યાસ લેવાની પ્રક્રિયા ધર્મસિંધુના ત્રીજા પરિચ્છેદના ઉત્તરાર્દ્ધના ૯૮મા પાનાથી શરૂ થાય છે તે જુવો. ૩ ઉપજાતિ. ૪ વસંતતિલકા. ૫ ઇન્દ્રવજ્રા.

आत्मत्वमन्यतमगं यदि चक्षुरादेश्चक्षुर्विनाशसमये स्मरणं न हि स्यात् ।
एकाश्रयत्वनियमात्स्मरणानुभूत्योर्दृष्टश्रुतार्थविषयावगतिश्च न स्यात् ॥ ८१ ॥

જો ચક્ષુ આદિ ઇંદ્રિયોમાં કોઇ અમુક ઇંદ્રિય આત્મા હોય તો તે ઇંદ્રિયનો નાશ થયા પછી તેનું સ્મરણ નહિ રહેવું જોઇએ. કારણ કે અનુભવ અને સ્મરણ એઓ એક આત્મામાં જ રહે છે એવો નિયમ છે. 'જે હું દેખતો હતો તે જ હું હમણાં સાંભળું છું' એવી પ્રત્યભિજ્ઞા થાય છે તેથી પણ કોઇ અમુક ઇંદ્રિય આત્મા નથી એમ સિદ્ધ થાય છે. કારણ કે દેખનાર અને સાંભળનાર ઇંદ્રિયો જૂદીજૂદી છે. ૮૧.

मनोऽपि नाऽऽत्मा करणत्वहेतोर्मनो मदीयं गतमन्यतोऽभूत् ।
इति प्रतीतेर्व्यभिचारितायाः सुप्तौ च तच्चिन्मनसोर्विविक्तता ॥ ८२ ॥

મન પણ આત્મા નથી. કારણ કે મન પણ એક જાતનું વિષયો જાણવાનું સાધન છે અને 'મારૂં મન બીજે ઠેકાણે ગયું હતું' એમ સ્પષ્ટ રીતે તેનું આત્માથી ભિન્નપણું દેખાય છે. સુષુપ્તિમાં આત્મા રહે છે અને મન રહેતું નથી તેથી પણ આત્માનું અને મનનું ભિન્નપણું સિદ્ધ થાય છે. ૮૨.

अनयैव दिशा निराकृता न च बुद्धेरपि चाऽऽत्मता स्फुटम् ।
अपि भेदगतेरनन्वयात्करणादाविव बुद्धिमुज्झ भोः ॥ ८३ ॥

બુદ્ધિનું આત્માપણું પણ એ પ્રકારથી જ ખંડિત થઇ જાય છે. કારણ કે 'મારી બુદ્ધિ બીજે ઠેકાણે ગઇ હતી' એમ સ્પષ્ટ રીતે તેનું આત્માથી ભિન્નપણું દેખાય છે અને વળી સુષુપ્તિમાં આત્મા રહે છે અને બુદ્ધિ રહેતી નથી. હે **મંડનમિશ્ર** ! આમ છે એટલા માટે ઇંદ્રિય આદિની પેઠે બુદ્ધિને પણ આત્મા ગણવી છોડી દે. ૮૨.

नाहंकृतिश्चरमधातुपदप्रयोगात्प्राणा मदीया इति लोकवादात् ।
प्राणोऽपि नाऽऽत्मा भवितुं प्रगल्भः सर्वोपसंहारिणि सम्सुषुप्ते ॥ ८४ ॥

અહંકાર પણ આત્મા નથી. કારણ કે તેમાં છેડે 'કાર' એ 'કૃ' ધાતુમાંથી થએલો શબ્દ મુકવામાં આવે છે તે એક જાતની ક્રિયા છે એમ સિદ્ધ છે. આત્મામાં ક્રિયાપણું સંભવે જ નહિ. પ્રાણ કે જેનો સર્વના ઉપસંહારવાળી સુષુપ્તિમાં પણ લય થતો નથી તે પણ આત્મા થઇ શકે એમ નથી. કારણ કે 'મારા પ્રાણ' એમ લોકો બોલે છે. ૮૪.

एवं शरीरादिविविक्त आत्मा त्वंशब्दवाच्योऽभिहितोऽत्र वाक्ये ।
तदोदितं ब्रह्म जगन्निदानं तथा तथैक्यं पदयुग्मबोध्यम् ॥ ८५ ॥

એ પ્રમાણે શરીર આદિથી જૂદો પડેલો જે આત્મા છે તે આ **तत्त्वमसि** વાકયમાં **त्वं** એટલે 'તું' એ શબ્દનો વાચ્યાર્થ છે અને જગતના કારણરૂપ જે ઇશ્વર છે તે **तत्** એટલે 'તે' એ શબ્દનો વાચ્યાર્થ છે. 'તે' અને 'તું' એ પદોના સામાનાધિકરણ્(એકાર્થવાચકપણા)થી આત્માની અને ઇશ્વરની એકતા સમજવાની છે. ૮૫.

कथं तदैक्यं प्रतिपादयेद्वचः सर्वज्ञसंमूढपदाभिषिक्तयोः ।
न ह्येकता संतमसप्रकाशयोः संदृष्टपूर्वा न च दृश्यतेऽधुना ॥ ८६ ॥

એ રીતે 'તે' પદના અર્થરૂપ ઇશ્વરની અને 'તું' એ પદના અર્થરૂપ જીવની એકતારૂપ વાક્યાર્થ સાંભળીને મંડનમિશ્રે શંકા કરી કે "ઇશ્વર કે જે સર્વજ્ઞ છે અને જીવ કે જે

૧ વસંતતિલકા. ૨ ઉપજાતિ. ૩ વિયોગિની. ૪ ઇંન્દ્રવજ્ર. ૫ ઉપજાતિ.

અલ્પજ્ઞ છે તેઓની એકતાનું પ્રતિપાદન થવું એ વાકયથી કેમ સંભવે? અંધકારની અને પ્રકાશની એકતા પૂર્વે કોઇએ જોએલી નથી અને હમણાં પણ જોવામાં આવતી નથી.” ૮૬.

[1]सत्यं विरोधगतिरस्ति तु वाच्यगेयं सोऽयं पुमानितिवदत्र विरोधहानेः ।
आदाय वाच्यमविरोधि पदद्वयं तल्लक्ष्यैकबोधनपरं ननु को विरोधः ॥ ८७ ॥

શંકરાચાર્યે સમાધાન કર્યું કે—“સંપૂર્ણ વાચ્યાર્થ લેતાં વિરોધ આવે છે એ ખરી વાત છે પરંતુ ‘**सोयं देवदत्तः**’–તે આ દેવદત્ત છે એ વાકયની પેઠે વાચ્યોમાંથી બે અવિરુદ્ધ અંશો લઇને લક્ષ્યસ્વરૂપે તેઓની એકતા જણાવવામાં વિરોધ મટી જાય છે. કશો વિરોધ રહેતો નથી. એક સમયે કાશીમાં દેખેલો દેવદત્ત પાછો ઘણો કાલ વચમાં જતાં, બીજા દેશમાં દેખવામાં આવતાં તેને એક માણસ ભુલી જઇને ‘આ બીજો છે’ એમ માનતો હતો તેને, કોઇ ઓળખનાર ડાહ્યા પુરુષે કહ્યું કે ‘તે આ દેવદત્ત છે.’ એ વાકયમાં ‘તે’ શબ્દ ઘણા દૂર દેશ અને કાલવાળા પદાર્થને કહે છે અને ‘આ’ શબ્દ પાસેના દેશ અને કાલવાળા પદાર્થને કહે છે. તો આ વાકયમાં દૂર અને સમીપવાળા પદાર્થોની એકતા નહિ ઘટતાં બન્નેમાંથી પરસ્પર વિરુદ્ધ અંશનો ત્યાગ અને બન્નેમાં અનુગત દેવદત્તના પિંડરૂપી સમાન અંશનું ગ્રહણ કરી ‘તે’ અને ‘આ’ એ પદનું એકાર્થને કહેનારપણું થાય છે અને તેમાં ‘દેવદત્ત રૂપથી બન્ને એક છે’ એવો વાસ્તવિક અભિપ્રાય આવે છે. એવી રીતે જીવ પણ કે જે વાસ્તવિક રીતે બ્રહ્મ છતાં જ અવિદ્યારૂપ ઉપાધિના દોષથી પોતાના સંસારી સ્વરૂપને અસંસારી ઇચ્છાથી અત્યંત ભિન્ન માને છે તેને શ્રુતિ કહે છે કે ‘તે તું છે.’ આ વાકયમાં ‘તે’ શબ્દ, સર્વજ્ઞત્વાદિક ગુણોવાળા પદાર્થને કહે છે તો સર્વજ્ઞત્વાદિક અને અલ્પજ્ઞત્વાદિક ગુણોવાળા પદાર્થોની એકતા નહિ બનતાં બન્નેમાંથી ગુણરૂપ પરસ્પર વિરુદ્ધ અંશનો ત્યાગ અને બન્નેમાં અનુગત ચૈતન્યરૂપી સમાન અંશનું ગ્રહણ કરી ‘તે’ અને ‘તું’ એ પદોનું એકાર્થને કહેનારપણું થાય છે અને તેમાં ચૈતન્ય અર્થાત્ પરબ્રહ્મરૂપથી તમો બન્ને એકછો એવો વાસ્તવિક અભિપ્રાય આવે છે. ૮૭.

जहीहि देहादिगतामहंधियं चिरार्जितां कर्मशठैः सुदुस्त्यजाम् ।
विवेकबुद्ध्या परमेव संततं ध्यायाऽऽत्मभावेन यतो विमुक्तता ॥ ८८ ॥

તું લાંબા કાલથી પ્રાપ્ત થએલી દેહાદિમાં અહંબુદ્ધિ કે જે કર્મજડ પુરુષોથી છોડી શકાય એવી નથી તેને છોડી દે અને વિવેકબુદ્ધિ ધરીને સર્વદા પરબ્રહ્મનું જ આત્મભાવથી ચિંતન કરય કે જેથી મુક્તપણું પ્રાપ્ત થાય.[3] ૮૮.

[4]साधारणे वपुषि काकसृगालवह्निमात्रादिकस्य ममतां त्यज दुःखहेतुम् ।
तद्वज्जहीहि बहिरर्थगतां च विद्वंश्चित्तं बधान परमात्मनि निर्विशङ्कम् ॥ ८९ ॥

[5]શરીર કે જે કાગડા, શીઆળ, અગ્નિ અને માતા ઇત્યાદિક સર્વેને [6]મજમું છે તેમાં દુઃ-

૧ વસંતતિલકા. ૨ ઉપજાતિ. ૩ ‘**आत्मानं चेद्विजानीयादयमस्मीति पूरुषः । किमिच्छन्कस्य कामाय शरीरमनुसंज्वरेत् ॥**’ ૪ વસંતતિલકા. ૫ જેમાં મમતા પણ યોગ્ય નથી તેમાં અહંતાની તો શી જ વાત કરવી એવા અભિપ્રાયથી કહે છે. ૬ **શ્રી**ભાગવતના દશમસ્કંધના દશમા અધ્યાયનો અગીયારમો શ્લોક “**देहः किमन्नदातुः स्वं निषेक्तुर्मातुरेव च । मातुः पितुर्वा बलिनः क्रेतुरग्नेः शुनोऽपि वा ॥**”–જે દેહ છે તે અન્ન દેનારાની મિલકત છે, પિતાની મિલકત છે, માતાની મિલકત છે, માના બાપની મિલકત છે, બળિયાની મિલકત છે; ખરીદનારની મિલકત છે, અગ્નિની મિલકત છે કે કુતરાની મિલકત છે એમ કાંઇ નક્કિ કહી શકાતું નથી. કારણ કે એ સર્વની એના ઉપર માલેકી છે અને દેહ એ સર્વને કામ આવે એવો છે. એ શ્લોકમાં પણ આ પ્રમાણે શરીરનું મજમુપણું જ કહ્યું છે.

મના કારણરૂપ મમતાને છોડી દે અને તેમ જ ધન આદિ બાહારના પદાર્થોમાં રહેલી મમતાને પણ છોડી દે.[1] હે વિદ્વાન્! એ પ્રમાણે કરીને વિજાતીયની પ્રતીતિઓથી રહિત થએલા ચિત્તને પરબ્રહ્મમાં બાંધી દે. ૮૯.

[2]तीरात्तीरं संचरन्दीर्घमत्स्यस्तीराद्भिन्नो लिप्यते नापि तेन ।
एवं देही संचरञ्जाग्रदादौ तस्माद्भिन्नो नापि तद्धर्मको वा ॥ ९० ॥

જેમ એક તટથી બીજા તટમાં સંચરણ કરતો મોટો મત્સ્ય તટથી ભિન્ન છે અને તટના ધર્મોથી લેપાતો નથી તેમ જાગૃત આદિ અવસ્થાઓમાં સ્મરણ કરતો આત્મા જાગૃત આદિ અવસ્થાઓથી ભિન્ન છે અને તે અવસ્થાઓના ધર્મોથી લેપાતો પણ નથી[3]. ૯૦.

[4]जाग्रत्स्वप्नसुषुप्तिलक्षणमदोऽवस्थात्रयं चित्तनौ
त्वय्येवानुगते मिथो व्यभिचरद्धीसंज्ञमज्ञानतः ।
क्लृप्तं रज्ज्विवदमंशके वसुमती छिद्राहिदण्डादिव-
त्तद्ब्रह्मासि तुरीयमुज्झितभयं मा त्वं पुरेव भ्रमीः ॥ ९१ ॥

જેમ રજ્જુના 'આ' એ અંશમાં પૃથ્વીના છિદ્રની, સર્પની અને દંડ આદિની મિથ્યા કલ્પના થાય છે તેમ તું કે જે ચિન્માત્ર અને સર્વમાં અનુસ્યૂત છે તેમાં જાગૃત સ્વપ્ન અને સુષુપ્તિરૂપ પરસ્પરથી ભિન્ન બુદ્ધિની અવસ્થાઓ અજ્ઞાનથી કલ્પાએલ છે એટલા માટે તું એ ત્રણે અવસ્થાઓથી પર અને નિર્ભય બ્રહ્મ જ છે. આમ હોવાથી હવે તું આગળની પેઠે ભુલીશ મા. ૯૧.

[5]प्रत्यक्तमं परपदं विदुषोऽन्तिकस्थं दूरं तदेव परिमूढमतेर्जनस्य ।
अन्तर्बहिश्च चितिरस्ति न वेति कश्चिच्चिन्वन्बहिर्बहिरहो महिमाऽऽत्मशक्तेः ॥ ९२ ॥

પરબ્રહ્મ કે જે અહંકાર આદિથી પર છે તે, વિદ્વાનને પાસે જ છે અને મૂઢ મતિવાળા જનને દૂર છે. એ બ્રહ્મ ચૈતન્ય જો કે અંદર છે અને બહાર પણ છે તોપણ જે બહારનો બહાર શોધે જાય તેને એ ચૈતન્ય જાણવામાં આવતું નથી. આત્મશક્તિનો મહિમા એવો જ છે. ૯૨.

[6]यथा प्रपायां बहवो मिलन्ते क्षणे द्वितीये बत भिन्नमार्गाः ।
प्रयान्ति तद्वद्बहुनामभाजो गृहे भवन्त्यत्र न कश्चिदंते ॥ ९३ ॥

[7]જેમ પરબમાં પાણી પીવાનેવાસ્તે ઘણા લોકો એકઠા થાય છે પણ બીજે ક્ષણે તેઓ ભિન્નભિન્ન માર્ગે ચાલી નીકળતાં અંતે ત્યાં કોઇ પણ રહેતો નથી તેમ ઘરમાં જૂદાંજૂદાં નામોવાળાં માણસો એકઠાં થાય છે પણ કેટલેક કાળે તેઓ મૃત્યુને માર્ગે ચાલી નીકળતાં અંતે ત્યાં કોઇપણ રહેતો નથી. ૯૩.

[8]सुखाय यद्यत्क्रियते दिवानिशं सुखं न किंचिद्बहुदुःखमेव तत् ।
विना न हेतुं सुखजन्म दृश्यते हेतुश्च हेत्वंतरसंनिधौ भवेत् ॥ ९४ ॥

રાતે અને દિવસે સુખને વાસ્તે જેજે ક્રિયા કરવામાં આવે છે તેતે ક્રિયાથી કાંઇ પણ

---

૧ 'यावतः कुरुते जन्तुः संबन्धान्मनसः प्रियान् । तावन्तोऽस्य निखन्यन्ते हृदये शोकशङ्कवः ॥ '
૨ શાલિની. ૩ ' तद्यथा महामत्स्य उभे कूले अनुसंचरति पूर्वं चापरं चैवमेवायं पुरुष एतावुभावन्तावनुसंचरति स्वप्नांतं च बुद्धान्तं च ॥'-એ શ્રુતિનો આ શ્લોકમાં કહ્યા પ્રમાણે જ અર્થ છે. ૪ શાર્દૂલવિક્રીડિત. ૫ વસંતતિલકા. ૬ ઉપેન્દ્રવજ્ર. ૭ તત્ત્વજ્ઞાનનું મુખ્ય સાધન વૈરાગ્ય જ છે એટલા માટે વૈરાગ્યનો ઉપદેશ કરે છે. ૮ વંશસ્થ.

સુખ થતું નથી પણ ઉલટું ઘણું દુઃખ જ થાય છે. આત્મવિચાર વિના સુખની પ્રાપ્તિ જોવામાં આવતી નથી અને તે આત્મવિચાર વૈરાગ્ય આદિ સાધનોની સંપત્તિ હોય તો જ પ્રાપ્ત થાય છે. ૯૪.

[1]परिपक्कमतेः सकृच्छ्रुतं जनयेदात्मधियं श्रुतेर्वचः ।
परिमन्दमतेः शनैः शनैर्गुरुपादाब्जनिषेवणादिना ॥ ९५ ॥

પરિપક્વ બુદ્ધિવાળાને શ્રુતિનું વાક્ય એકવાર સાંભળવાથી જ જ્ઞાન ઉત્પન્ન થાય છે. પણ મંદબુદ્ધિવાળાને ગુરુના ચરણારવિંદનું સેવન આદિ કરતાંકરતાં ધીરેધીરે જ્ઞાન ઉત્પન્ન થાય છે. ૯૫.

प्रणवाभ्यसनोक्तकर्मणोः करणेनापि गुरोर्निषेवणात् ।
अपगच्छति मानसं मलं क्षमते तत्त्वमुदीरितं ततः ॥ ९६ ॥

પ્રણવના જપનો અભ્યાસ કરવાથી, શાસ્ત્રોક્ત નિષ્કામ કર્મો કરવાથી અને ગુરુની સેવા કરવાથી મનના મેલ દૂર થઇ જાય ત્યારે તે મન ગુરુએ કહેલા આત્મતત્ત્વનું ધારણ કરવાને સમર્થ થાય છે. ૯૬.

[2]मनोऽनुवर्तेत दिवानिशं गुरौ गुरुर्हि साक्षाच्छिव एव तत्त्ववित् ।
निजानुवृत्त्या परितोषितो गुरुर्विनेयवक्त्रं कृपया हि वीक्षते ॥ ९७ ॥

રાતે અને દિવસે ગુરુમાં જ ચિત્ત રાખવું જોઇએ. કારણ કે તત્ત્વવેત્તા ગુરુ સાક્ષાત્ [3]સદાશિવરૂપ જ છે. સેવાથી પ્રસન્ન થએલા ગુરુ કૃપાથી શિષ્યના મુખ સામું જુવે છે. ૯૭.

[4]सा कल्पवल्लीव निजेष्टमर्थं फलत्यवश्यं किमकार्यमस्याः ।
आज्ञा गुरोस्तत्परिपालनीया सामोदमानीय विधातुमिष्टा ॥ ९८ ॥

ગુરુની કૃપા કલ્પવૃક્ષની લતાની પેઠે પોતાના ઇષ્ટફલને અવશ્ય આપે છે. ગુરુની કૃપાથી નહિ બની શકે એવું કશું નથી. એટલા માટે ગુરુની આજ્ઞા પાળવી જોઇએ અને ચિત્તમાં હર્ષ ધરીને તે પ્રમાણે વર્તવું જોઇએ. ૯૮.

गुरूपदिष्टा निजदेवता चेत्कुप्येत्तदा पालयिता गुरुः स्यात् ।
रुष्टे गुरौ पालयिता न कश्चिद्गुरौ न तस्माज्जनयेत कोपम् ॥ ९९ ॥

જો ગુરુએ ઉપદેશ કરેલો દેવ કોપ કરે તો તેથી ગુરુ પાલન કરે છે પણ ગુરુ કોપ કરે તો કોઇ પાલન કરનાર મળતો [5]નથી. એટલા માટે ગુરુને કચવાવવા જ નહિ. ૯૯.

[6]पुमान्पुमर्थं लभतेऽपि चोदितं भजन्निवृत्तः प्रतिषिद्धसेवनात् ।
विधिं निषेधं च निवेदयत्यसौ गुरोरनिष्टच्युतिरिष्टसंभवः ॥ १०० ॥

પુરુષ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરવાથી અને નિષિદ્ધના સેવનનો ત્યાગ કરવાથી પુરુષાર્થને પ્રાપ્ત થાય છે પણ શાસ્ત્રમાં શું કરવાનું કહ્યું છે અને શું કરવાની ના પાડી છે એ તો ગુરુ જ બતાવે છે માટે ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનો નાશ ગુરુથી જ થાય છે. ૧૦૦.

---

૧ વિયોગિની. ૨ વંશસ્થ. ૩ "गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः । गुरुः पिता गुरुर्माता गुरुर्देवः परः शिवः ।"–ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુદેવ મહેશ્વર છે, ગુરુ પિતા છે, ગુરુ માતા છે, અને ગુરુ એ જ પરમ શિવ છે. ૪ ઉપજાતિ. ૫ બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહ્યું છે કે "शिवे रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न कश्चन ।"–જો શિવ કોપે તો ગુરુ ત્રાતા થાય છે પણ જો ગુરુ કોપે તો કોઇ ત્રાતા થતું નથી. ૬ વંશસ્થ.

[1]आराधितं दैवतमिष्टमर्थं ददाति तस्याधिगमो गुरोः स्यात् ।
नो चेत्कथं वेदितुमीश्वरोऽयमतींद्रियं दैवतमिष्टदं स्यात् ॥ १०१ ॥ नः. "૭.૨૫

આરાધેલા દેવ ઇષ્ટફલ આપે છે પણ તે દેવની પ્રાપ્તિ ગુરુથી જ થાય છે. જો ગુરુ ન હોય તો મૂઢ પુરુષ ઇંદ્રિયોથી અગમ્ય દેવને શી રીતે જાણી શકે અને નહિ જાણેલો તે દેવ ઇષ્ટફલને પણ કેમ આપે? ૧૦૧.

तुष्टे गुरौ तुष्यति देवतागणो रुष्टे गुरौ रुष्यति देवतागणः । सुधर्मियो "૭.૨૬
सदाऽऽत्मभावेन सदात्मदेवताः पश्यन्नसौ विश्वमयो हि देशिकः ॥ १०२ ॥

ગુરુ પ્રસન્ન થાય તો સર્વ દેવતાઓ પ્રસન્ન થાય છે અને ગુરુ ક્રોધ કરે તો સર્વ દેવતાઓ ક્રોધ કરે છે. કારણ કે સદ્રૂપ દેવતાઓને સર્વદા આત્મભાવથી જોનાર ગુરુ સર્વમય છે." ૧૦૨.

[2]एवं पुराणगुरुणा परमात्मतत्त्वं शिष्टो गुरोश्चरणयोर्निपपात तस्य । "૭.૨૭
धन्योऽस्म्यहं तव गुरो करुणाकटाक्षपातेन पातिततमा इति भाषमाणः ॥ १०३ ॥

એ પ્રમાણે પરમગુરુ શ્રીશંકરાચાર્યે પરમાત્માના તત્ત્વનો ઉપદેશ કરતાં મંડનમિશ્ર 'હે ગુરુ! આપના કરુણા ભરેલા કટાક્ષો પડવાથી અજ્ઞાન દૂર થવાને લીધે હું કૃતાર્થ થયો છું.' એમ બોલતોબોલતો શ્રીશંકરાચાર્યના ચરણારવિંદમાં પડ્યો. ૧૦૩.

[3]ततः समादिश्य सुरेश्वराख्यां दिगङ्गनाभिः क्रियमाणसख्याम् ।
सच्छिष्यतां भाष्यकृतश्च मुख्यामवाप तुच्छीकृतधातृसौख्याम् ॥ १०४ ॥

પછી મંડનમિશ્ર દિશાઓરૂપી સ્ત્રીઓ જેની સાથે મૈત્રી કરે છે એવું (સર્વ દિશાઓમાં પ્રખ્યાત) પોતાનું સુરેશ્વર એ નામ રાખીને જેની આગળ બ્રહ્માનું સુખ પણ તુચ્છ છે એવા શ્રીશંકરાચાર્યના મુખ્ય શિષ્યપણાને પ્રાપ્ત થયો. ૧૦૪.

[4]निखिलनिगमचूडाचिंतया हंत यावत्स्वपदमधिकसौख्यं निर्विशन्निर्विशङ्कम् ।
बहुतिथमभितोऽसौ नर्मदां नर्मदां तां मगधभुवि निवासं निर्ममे निर्ममेंद्रः ॥ १०५ ॥

મમતા વગરના સંન્યાસીઓમાં શ્રેષ્ઠ એ સુરેશ્વરાચાર્ય સંપૂર્ણ રીતે સર્વ ઉપનિષદોનાં ચિંતનથી નિશ્શંક રીતે પરમ સુખરૂપ બ્રહ્મભાવનું અનુસંધાન કરતાકરતા કૌતુક આપનારાં નર્મદાની આસપાસ મગધ દેશમાં લાંબા કાલ સુધી રહ્યા. ૧૦૫.

[5]इतिवशीकृतमण्डनपण्डितः प्रणतसत्करणत्रयदण्डितः ।
सकलसद्गुणमण्डलमण्डितः स निरगात्कृतदुर्मतखण्डितः ॥ १०६ ॥

સઘળા શુભ ગુણોનાં મંડલથી શોભતા શ્રીશંકરાચાર્ય એ પ્રમાણે મંડન પંડિતને વશ કરી, દુષ્ટ મતોનું ખંડન કરી, અને ભક્તજનોને મનના, વાણીના તથા કાયાના નિયમો રાખવાનો ઉપદેશ કરીને ત્યાંથી ચાલી નીકળ્યા. ૧૦૬.

[6]कुसुमितविविधपलाशभ्रमदलिकुलगीतमधुरस्वानम् ।
पश्यन्विपिनमयासीदाशां कीनाशपालितामेषः ॥ १०७ ॥

એ શંકરાચાર્ય, પુષ્પિત થએલા અનેક પ્રકારના ખાખરાઓમાં ફરતા ભ્રમરોનાં ગાયનરૂપ મધુર-સ્વરોવાળાં વનોને જોતાજોતા યમરાજાએ પાળેલી દિશા(દક્ષીણ)માં પધાર્યા. ૧૦૭.

---

૧ ઉપજાતિ. ૨ વસંતતિલકા. ૩ ઉપજાતિ. ૪ માલિની. ૫ દ્રુતવિલંબિત. ૬ ઉદ્ગીતિ.

तत्र महाराष्ट्रमुखे देशे ग्रंथान्प्रचारयन्प्राज्ञतमः ।
शमितमतांतरमानः शनकैः सनकोपमोऽगमच्छ्रीशैलम् ॥ १०८ ॥

એ દિશામાં મહારાષ્ટ્ર આદિ દેશોમાં પોતાના ગ્રંથોનો પ્રચાર કરતા, અત્યંત વિદ્વાન્, સનક જેવા મહાત્મા અને અન્ય મતોવાળા પંડિતોનાં અભિમાનોને ઉતારતા શંકરાચાર્ય શ્રીશૈલ નામના પર્વતમાં પધાર્યા. ૧૦૮.

प्रफुल्लमल्लिकावनप्रसङ्गसङ्गतामितप्रकाण्डगन्धबन्धुरप्रवातधूतपादपम् ।
सदामदद्विपाधिपप्रहारशूरकेसरिव्रजं भुजङ्गभूषणप्रियं स्वयंभुकौशलम् ॥ १०९ ॥

સદાશિવને પ્રિય અને જાણે સાક્ષાત્ બ્રહ્માનું ડહાપણ જ હોય એવા એ પર્વતમાં પ્રફુલ્લિત મલ્લિકાઓનાં વનોના પ્રસંગવાળો અને પરસ્પરથી સાથે મળેલી શાખાઓના સુગંધથી ઉન્નતિ પામેલો પવન વૃક્ષોને કંપાયમાન કરતો હતો અને કેશવાળીવાળા સિંહોના સમૂહો સર્વદા મદોન્મત્ત મોટા હાથિઓને પ્રહાર કરવામાં શૂરપણું ધરાવતા હતા. ૧૦૯.

कलिकल्मषभङ्गायां सोऽद्रेराराच्चलत्तरङ्गायाम् ।
अधरीकृततुङ्गायां सस्नौ पातालगामिगङ्गायाम् ॥ ११० ॥

એ પર્વતની પાસે ચલાયમાન તરંગોવાળી, કલયુગના દોષોને ટાળનારી અને જેમાં સ્નાન કરવાના પુણ્યની આગળ સ્વર્ગ આદિનાં ઊંચા સુખો પણ તુચ્છ ગણાતાં હતાં એવી પાતાળગંગા નામની નદીમાં શંકરાચાર્યે સ્નાન કર્યું. ૧૧૦.

नमन्मोहभङ्गं नभोलेहिशृङ्गं त्रुटत्पापसङ्गं रटत्पक्षिभृङ्गम् ।
समाश्लिष्टगङ्गं प्रहृष्टांतरङ्गं तमारुह्य तुङ्गं ददर्शेशलिङ्गम् ॥ १११ ॥

શ્રીશંકરચાર્યે પ્રણામ કરનારાઓના મોહને ટાળનારા, આકાશ પર્યંત પહોચેલાં શિખરોવાળા, પાપના સંગને તોડનારા, ગંગાના સંબંધવાળા અને જેમાં પક્ષીઓ તથા ભ્રમરો શબ્દ કરતાં હતાં એવા એ ઊંચા પર્વત ઉપર ચડીને આનંદથી સદાશિવના લિંગનાં દર્શન કર્યાં. ૧૧૧.

प्रणमद्भवबीजभर्जनं प्रणिपत्यामृतसंपदार्जनम् ।
प्रमुमोद स मल्लिकार्जुनं भ्रमरांबासचिवं नतार्जुनम् ॥ ११२ ॥

પ્રણામ કરનારાઓનાં સંસારનાં બીજ(અવિદ્યા આદિ)ને બાળી નાખનારા, મોક્ષની સંપત્તિને આપનારા, ભ્રમરાંબા નામનાં પાર્વતીથી સંયુક્ત અને જેમને અર્જુને પ્રણામ કર્યા હતા એવા મલ્લિકાર્જુન નામના સદાશિવને પ્રણામ કરીને શ્રીશંકરાચાર્ય પ્રસન્ન થયા. ૧૧૨.

तीररुहैः कृष्णायास्तीरेऽवात्सीत्तिरोहितोष्णायाः ।
आवर्जिततृष्णाया आचार्येन्द्रो निरस्तकार्ष्ण्यायाः ॥ ११३ ॥

વૃક્ષોની ઝાડીથી શ્યામ લાગતી, ગરમીને ટાળનારી, માણસોને પોતાને પાસે રહેવાની તૃષ્ણાને ઉત્પન્ન કરનારી અને દોષોરૂપી મેલનો નાશ કરનારી એ નદીના કિનારામાં શ્રીશંકરાચાર્યે નિવાસ કર્યો. ૧૧૩.

---

૧ આર્યાગીતિ. ૨ ચામર છંદ : "पुरा लघुर्गुरुस्ततो भवेच्च पञ्चचामरम् ।"-દરેકચરણમાં સોળ અક્ષર હોય છે. ચાર ચરણ હોય છે. દરેક ચરણમાં એક ગુરુ ને એક લઘુ અક્ષર એટલે જ ર જ ર જ ગ એ પ્રમાણે હોય તે ચામર છંદ. ૩ ગીતિ.. ૪ ભુજંગપ્રયાત. ૫ વિયોગિની. ૬ ગીતિ.

तत्रातिचित्रपदमत्रभवान्पवित्रकीर्तिर्विचित्रसुचरित्रनिधिः सुधींद्रान् ।
अग्राहयत्कृतमसद्ग्रहनिग्रहार्थमग्र्यान्समग्रसुगुणान्महदग्रयायी ॥ ११४ ॥

ત્યાં રહી વિચિત્ર તથા ઉત્તમ ચરિત્રોના ભંડારરૂપ, મહાત્માઓમાં અગ્રેસર અને પવિત્ર કીર્તિવાળા **શ્રી**શંકરાચાર્યે ઉત્તમ ગુણોવાળા અને પંડિતોમાં શ્રેષ્ઠપણું ધરાવનારા ઉત્તમ શિષ્યોને દુષ્ટવાદીઓનો નિગ્રહ કરવાને વાસ્તે પોતે કરેલા અત્યંત વિચિત્ર પદોવાળા **શા**રીરકભાષ્ય આદિ ગ્રંથોનો અભ્યાસ કરાવ્યો. ૧૧૪.

अध्यापयंतमसदर्थनिरासपूर्वं किंत्वन्यतीर्थयशसं श्रुतिभाष्यजातम् ।
आक्षिप्य पाशुपतवैष्णववीरशैवमाहेश्वराश्च विजिता हि सुरेश्वराद्यैः ॥ ११५ ॥

અન્ય આચાર્યોના યશને પી જનારા અને દ્વૈતવાદનું ખંડન કરીને ઉપનિષદોનાં ભાષ્યોનું અધ્યયન કરાવતા એ **શં**કરાચાર્યની પાસે આવીને જે **પા**શુપત, **વી**રવૈષ્ણવ, **શૈ**વ અને **માહે**-શ્વરમતવાળા ઓએ પૂર્વપક્ષો કર્યા તેને **શં**કરના **સુ**રેશ્વરાદિ શિષ્યોએ જીતી લીધા. ૧૧૫.

केचिद्विसृज्य मतमात्म्यममुष्य शिष्यभावं गता विगतमत्सरमानदोषाः ।
अन्ये तु मन्युवशमेत्य जघन्यचित्ता निन्युः क्षणं निधनमस्य निरीक्षमाणाः ॥ ११६ ॥

એ પૂર્વપક્ષી લોકોમાં મત્સર તથા અભિમાનરૂપ દોષો વગરના કેટલાએક તો પોતાના મતને છોડી દઇને **શ્રી**શંકરાચાર્યના શિષ્યો થયા અને બીજા નીચ વિચારવાળા કેટલાએક, ક્રોધવશ થઇને **શ્રી**શંકરાચાર્યના મરણની વાટ જોતાજોતા સમય કહાડવા લાગ્યા. ૧૧૬.

वेदांतीकृतनीचशूद्रवचसो वेदः स्वयंकल्पनाः
पापिष्ठाः स्वमपि त्रयीपथमपि प्रायो दहंतः खलाः ।
साक्षाद्ब्रह्मणि शंकरे विदधति स्पर्धानिबद्धां मतिं
कृष्णे पौंड्रकवत्तथा न चरमां किं ते लभंते गतिम् ॥ ११७ ॥

નીચ શૂદ્રોનાં વચનોને વેદાંત કરી માનનારા, વેદનાં વચનોના અર્થની યથેષ્ટ કલ્પનાઓ કરતા, અત્યંત પાપી અને પોતાના આત્માને તથા વેદમાર્ગને પણ કુકલ્પનાઓથી ઘણું કરીને દગ્ધ કરતા જે ખળ લોકો સાક્ષાત પરબ્રહ્મરૂપ **શ્રી**શંકરાચાર્ય ઉપર સ્પર્દ્ધાવાળા વિચારો બાંધે તેઓ **શ્રી**કૃષ્ણની સાથે સ્પર્દ્ધા રાખનારા **પૌં**ડ્રક રાજા[3] (મિથ્યા **વા**સુદેવ)ની પેઠે છેલ્લી ગતિ (નાશને અથવા મોક્ષ)ને ન પામે કે? પામે જ. ૧૧૭.

वाणी काणभुजी च नैव गणिता लीना क्वचित्कापिली
शैवं चाशिवभावमेति भजते गर्हापदं चाऽऽर्हतम् ।
दौर्गं दुर्गतिमश्नुते भुवि जनः पुष्णाति को वैष्णवं
निष्णातेषु यतीशसूक्तिषु कथाकेलीकृतासूक्तिषु ॥ ११८ ॥

શ્રીશંકરાચાર્યનાં ઉત્તમ વચનોમાં સંપૂર્ણ રીતે પહોચેલા તેમના શિષ્યોએ ક્રીડાની પેઠે વાદ-યુદ્ધ ચલાવતાં કણાદની વાણી કશી ગણત્રીમાં પણ રહી નહિ, કપિલની વાણી ક્યાંય છુપી ઇ, **શૈ**વમત અમંગલરૂપ થઇ ગયો, **જૈ**નોનો સિદ્ધાંત ધિક્કારને પાત્ર થયો, **શા**ક્ત મત દુર્દશાને યો અને પૃથ્વીમાં **વી**રવૈષ્ણવોના મતનું તો રક્ષણ કરે એવો પણ કોઇ રહ્યો નહિ. ૧૧૮.

---

૧ **વ**સંતતિલકા. ૨ **શા**ર્દૂલવિક્રીડિત. ૩ **પૌં**ડ્રક રાજાની કથા **ભા**ગવતના દશમસ્કંધના ૬૬મા અધ્યાયમાં છે.

तथागतकथा गता तदनुयायि नैयायिकं वचोऽजनि न चोदितो वदति जातु तौतातितः।
विदग्धति न दग्धधीर्विदितचापलं कापिलं विनिर्दयविनिर्दलद्विमतसंकरे शंकरे ॥११९॥

શ્રીશંકરાચાર્યે નિર્દય રીતે વિરુદ્ધ વાદિઓના મતોની ગડબડને તોડી નાંખતાં બૌદ્ધ લોકોની વાત પણ જતી રહી; ન્યાયમતનો સિદ્ધાંત પણ તેમ જ ગયો, કુમારિલભટ્ટના મતવાળો તો પ્રેરણા કર્યા છતાં પણ કાંઇ બોલી શકયો નહિ અને પ્રૌઢ બુદ્ધિવાળાઓ પણ જેની યુક્તિઓ સંબંધી ચપલતાને માન આપે છે એવો કપિલનો સિદ્ધાંતપણ બળી ગએલા જેવો થઇ ગયો. ૧૧૯.

इति श्रीमाधवीये तत्कलाज्ञत्वप्रपञ्चनम् ।
संक्षेपशङ्करजये सर्गोऽयं दशमोऽभवत् ॥ १० ॥

એપ્રમાણે શ્રીમાધવાચાર્યે રચેલા સંક્ષેપશંકરજયમાં શ્રીશંકરાચાર્યે કામદેવની કલાઓનો અભ્યાસ કર્યાના વર્ણન સંબંધી આ દશમો સર્ગ સંપૂર્ણ થયો. ૧૦

अथैकादशः सर्गः ।

तत्रैकदाऽऽच्छादितनैजदोषः पौलस्त्यवत्कल्पितसाधुवेषः ।
निर्मानमायं स्थितकार्यशेषः कापालिकः कश्चिदनल्पदोषः ॥ १ ॥

એ દેશમાં એક દિવસે કોઇ અત્યંત દુષ્ટ અને જેનું કાર્ય અવશેષ રહી ગયું હતું એવો, એક કાપાલિક (ભૈરવનો ઉપાસક) સીતાનું હરણ કરવાને વાસ્તે આવેલા [3]રાવણની પેઠે પોતાના દોષને ઢાંકી સાધુના જેવો વેષ ધરીને શંકરાચાર્ય કે જે માનથી તથા માયાથી રહિત હતા તેમની પાસે આવ્યો. ૧

[4]असावपश्यन्मदनाद्यवश्यं वश्येंद्रियाश्वैर्मुनिभिर्विमृग्यम् ।
आदिश्य भाष्यं सपदि प्रशस्यमासीनमाश्रित्य मुनिं रहस्यम् ॥ २ ॥

એ કાપાલિકે કામાદિકને વશ નહિ થએલા, ઇંદ્રિયોરૂપી ઘોડાઓને વશ રાખનારા મુનિઓએ શોધવા યોગ્ય અને શિષ્યોને ઉત્તમ ભાષ્યનું અધ્યયન કરાવીને તુરત એકાંતમાં આવી બીરાજેલા શંકરાચાર્યને દીઠા. ૨

दृष्ट्वैव हृष्टः स चिरादभीष्टं निर्धार्य संसिद्धमिव स्वमिष्टम् ।
महद्विशिष्टं निजलाभतुष्टं विस्पष्टमाचष्ट च कृत्यशिष्टम् ॥ ३ ॥

ઘણા દિવસોથી ઇચ્છેલા, મહાત્માઓમાં શ્રેષ્ઠ અને સ્વરૂપના લાભથી જ સંતોષ પામેલા શ્રીશંકરાચાર્યને જોતાં જ રાજી થએલા એ કાપાલિકે પોતાનાં ધારેલા કામને સિદ્ધ થએલા જેવું જ ધારીને શંકરાચાર્યની પાસે પોતાના અવશેષ રહેલા કાર્ય વિષે નીચે પ્રમાણે સ્પષ્ટ રીતે કહ્યું: ૩.

गुणांस्तवाऽऽकर्ण्य मुनेऽनवद्यान्सार्वज्ञ्यसौशील्यदयालुताद्यान् ।
द्रष्टुं समुत्कण्ठितचित्तवृत्तिर्भवंतमागां विदितप्रवृत्तिः ॥ ४ ॥

---

૧ પૃથ્વી વૃત્ત. ૨ ઇન્દ્રવજ્રા. ૩ રાવણ જ્યારે સીતાજીનું હરણ કરવાને વાસ્તે દંડકારણ્ય આવ્યો હતો ત્યારે પોતાનું રાક્ષસપણું ઢાંકી સંન્યાસીનો વેષ ધરીને આવ્યો હતો.-જુવો વાલ્મીકિ રામાયણ, અરણ્યકાંડ, સર્ગ ૪૬મો. ૪ ઉપજાતિ.

"હે મુને! સર્વજ્ઞપણું, સુશીલપણું અને દયાળુપણું એ આદિ આપના નિર્દોષ ગુણોને સાંભળી દર્શન કરવાને વાસ્તે ઉત્કંઠિત ચિત્તવાળો હું આપની ખબર મળવાથી અહિં આવ્યો છું. ૪.

त्वमेक एवात्र निरस्तमोहः पराकृतद्वैतिवचःसमूहः ।
आभासि दूरीकृतदेहमानः शुद्धाद्वयो योजितसर्वमानः ॥ ५ ॥

આ જગતમાં મોહથી રહિત, દ્વૈતવાદીઓનાં વચનોના સમૂહનું ખંડન કરનારા, દેહના અભિમાનથી રહિત અને શુદ્ધ અદ્વૈતમાં જ સઘળાં પ્રમાણોની યોજના કરનારા આપ એક જ છો એમ મને લાગે છે. ૫.

परोपकृत्यै प्रगृहीतमूर्तिरमर्त्यलोकेष्वपि गीतकीर्तिः ।
कटाक्षलेशार्दितसज्जनार्तिः सदुक्तिसंपादितविश्वमूर्तिः ॥ ६ ॥

આપે પરોપકારને વાસ્તે જ દેહ ધર્યો છે, આપની કીર્તિ દેવતાઓના લોકોમાં પણ ગવાય છે, આપ કટાક્ષના લેશથી જ સજ્જનોની પીડાને દૂર કરી નાખોછો અને સુંદર ભાષણોથી સર્વાત્મક બ્રહ્મતત્ત્વનું જ ઉપાદન કરોછો. ૬.

गुणाकरत्वाद्भुवनैकमान्यः समस्तवित्त्वादभिमानशून्यः ।
विजित्वरत्वाद्दलहस्तितान्यः स्वात्मप्रदत्वाच्च महावदान्यः ॥ ७ ॥

આપ ગુણોના નિવાસરૂપ હોવાને લીધે સર્વ લોકોમાં મુખ્ય માન પામેલા છો, સર્વજ્ઞ હોવાથી અભિમાન રહિત છો, સર્વત્ર જય મેળવનારા હોવાથી બીજા વાદીઓને દબાવી દેનારા છો, અને બ્રહ્મવિદ્યાનું દાન દેનારા હોવાથી અત્યંત ઉદાર છો. ૭.

अशेषकल्याणगुणालयेषु परावरज्ञेषु भवादृशेषु ।
कार्यार्थिनः क्वाप्यनवाप्य कामं न यांति दुष्प्रापमपि प्रकामम् ॥ ८ ॥

સઘળા શુભ ગુણોના નિવાસરૂપ અને સઘળું જાણનારા આપના જેવા મહાત્માઓની પાસે પોતાનું કાર્ય સાધવાને વાસ્તે આવેલા અર્થિ લોકો જો કે પોતાનો મનોરથ દુર્લભ હોય તો પણ તે મનોરથને સંપૂર્ણ રીતે સિદ્ધ કર્યા વગર કદી પણ પાછા જતા નથી. ૮.

तस्मान्महत्कार्यमहं प्रपद्य निर्वर्तितं सर्वविदा त्वयाऽद्य ।
कपालिनं प्रीणयितुं यतिष्ये कृतार्थमात्मानमतः करिष्ये ॥ ९ ॥

એટલા માટે હું આજ આપ જે સઘળું જાણનારા છો તેમણે કરી આપેલા મોટા કાર્યને પ્રાપ્ત થઇ ભૈરવને પ્રસન્ન કરવાનું યત્ન કરીશ અને તેથી મારા આત્માને કૃતાર્થ કરીશ: ૯.

अनेन देहेन सहैव गंतुं कैलासमीशेन समं च रंतुम् ।
अतोषयं तीव्रतपोभिरुग्रं सुदुष्करैरब्दशतं समग्रम् ॥ १० ॥

મેં આ દેહથી જ કૈલાસમાં જવા માટે અને ત્યાં જઇ ભૈરવનાથની સાથે રમણ કરવા માટે પૂરાં સો વર્ષસુધી કોઇથી પણ કરી શકાય નહિ એવાં તીવ્ર તપોથી ભૈરવને પ્રસન્ન કર્યા હતા.૧૦.

तुष्टोऽब्रवीन्मां गिरिशः पुमर्थमभीप्सितं प्राप्स्यसि मत्प्रियार्थम् ।
जुहोषि चेत्सर्वविदः शिरो वा हुताशने भूमिपतेः शिरो वा ॥ ११ ॥

પ્રસન્ન થએલ ભૈરવનાથે મને કહ્યું છે કે "જો તું મને રાજી કરવા માટે કોઇ સર્વજ્ઞ પુરુષનું અથવા કોઇ રાજાનું માથું અગ્નિમાં હોમીશ તો તને ધારેલો પુરુષાર્થ પ્રાપ્ત થશે." ૧૧.

---

૧ ઉપેન્દ્રવજ્રા. ૨ ઉપજાતિ.

एतावदुक्त्वांऽतरधान्महेशस्तदादितत्संग्रहणे धृताशः ।
चराम्यथापि क्षितिपो न लब्धो न सर्ववित्तत्र मयोपलब्धः ॥ १२ ॥

મને એ પ્રમાણે કહિને ભૈરવનાથ અંતર્હિત થઇ જતાં ત્યારથી કોઇ સર્વજ્ઞનું કે રાજાનું માથું મેળવવાની આશા ધરીને હું ચારેકોર ફરૂંછું પણ જગતમાં મને કોઇ રાજા મળ્યો નથી અને એવો કોઇ સર્વજ્ઞ પણ મળ્યો નથી. ૧૨.

दिष्ट्याऽद्य लोकस्य हिते चरंतं सर्वज्ञमद्राक्षमहं भवंतम् ।
इतः परं सेत्स्यति मेऽनुबंधः संदर्शनांतो हि जनस्य बंधः ॥ १३ ॥

આજ મને લોકોનું હિત કરવામાં પ્રવૃત્તિવાળા અને સઘળું જાણનારા આપનાં દર્શન થયાં એ ઘણું સારૂં થયું, હવે પછી મારૂં ધારેલું કાર્ય અવશ્ય સિદ્ધ થશે. કારણ કે આપનાં દર્શન થયા પછી કોઇને પણ દુઃખ રહે નહિ. ૧૩.

मूर्धाभिषिक्तस्य शिरःकपालं मुनीशितुर्वा मम सिद्धिहेतुः ।
आद्यं पुनर्मे मनसाऽप्यलभ्यं ततः परं तत्रभवान्प्रमाणम् ॥ १४ ॥

રાજાના માથાની ખોપરીથી અથવા કોઇ મહા મુનિના માથાની ખોપરીથી મારૂં કાર્ય સિદ્ધ થાય એમ છે. એમાં રાજાના માથાની ખોપરી તો મને મનથી પણ મળે એમ નથી તો હવે મારે શું કરવું એ વિષયમાં આપ જ પ્રમાણભૂત છો. ૧૪.

शिरःप्रदानेऽद्भुतकीर्तिलाभस्तवापि लोके मम सिद्धिलाभः ।
आलोच्य देहस्य च नश्वरत्वं यद्रोचते सत्तम तत्कुरु त्वम् ॥ १५ ॥

માથું આપવાથી જગતમાં આપને અદ્‌ભુત કીર્તિ મળશે અને મને સિદ્ધિની પ્રાપ્તિ થશે. હવે હે મહાત્મા! દેહના ક્ષણભંગુરપણાનો વિચાર કરીને આપને જે રુચે તે કરો. ૧૫.

तद्याचितुं न क्षमते मनो मे को वेष्टदायि स्वशरीरमुज्झतु ।
भवान्विरक्तो न शरीरमानी परोपकाराय धृतात्मदेहः ॥ १६ ॥

મારૂં મન આપના માથાની માંગણી કરવાનો ઉત્સાહ ધરતું નથી. કેમકે સુખ આપનારા પોતાના શરીરનો ત્યાગ તે કોણ કરે? તો પણ આપ વિરક્ત છો, દેહના અભિમાનથી રહિત છો અને આપે પરોપકારને વાસ્તે જ દેહ ધરેલો છે માટે આપ દયા કરો તો મારૂં કામ બની જાય. ૧૬.

जनाः परक्लेशकथानभिज्ञा नक्तं दिवा स्वार्थकृतात्मचित्ताः ।
रिपुं निहंतुं कुलिशाय वज्री दाधीचमादात्किल वांछितास्थि ॥ १७ ॥

જેઓનું ચિત્ત રાત દિવસ પોતાનો અર્થ સાધવામાં જ રહેલું હોય છે એવા લોકોને પરાયા દુઃખની વાતની ખબર પડતી નથી. આપ જાણો છો કે ઇંદ્રે વૃત્રાસુરને મારવાને વાસ્તે પોતાને દધીચિ ઋષિનાં હાડકાં જોઇતાં હતાં તો તે પણ તેમની પાસેથી [3]લીધાં હતાં. ૧૭.

दधीचिमुख्याः क्षणिकं शरीरं त्यक्त्वा परार्थे स्म यशःशरीरम् ।
प्राप्य स्थिरं सर्वगतं जगंति गुणैरनर्घ्यैः खलु रञ्जयन्ति ॥ १८ ॥

દધિચિ આદિ મહાત્મા પુરુષો પરોપકારને વાસ્તે પોતાના ક્ષણભંગુર શરીરને ત્યાગ કરી સ્થિર અને સર્વ લોકોમાં પ્રખ્યાતિ પામેલા યશરૂપી શરીરને પ્રાપ્ત થઇને પોતાના અમૂલ્ય ગુણોથી આજ સુધી પણ સઘળાં બ્રહ્માંડોને રાજી કર્યાં છે એ પણ આપના જાણવામાં છે. ૧૮.

---

૧ આખ્યાનકી. ૨ ઉપજાતિ. ૩ વૃત્રાસુરને વાસ્તે ઇન્દ્રે દધીચિ ઋષિની પાસેથી તેમનાં હાડકાં માગી લીધાં હતાં એ કથા ભાગવતના ષષ્ઠસ્કંધના ૧૦મા અધ્યાયમાં છે.

वपुर्धरंते परतुष्टिहेतोः केचित्प्रशांता दयया परीताः ।
अस्मादृशाः केचन संति लोके स्वार्थैकनिष्ठा दयया विहीनाः ॥ १९ ॥

દયાથી વ્યાપ્ત થએલા કેટલાએક શાંત પુરુષો બીજાઓને રાજી કરવાને વાસ્તે જ શરીર ધરે છે ને લોકમાં સ્વાર્થ ઉપર જ લક્ષ્ય રાખનારા અમારા જેવા કેટલાએક દયા વગરના પણ છે. ૧૯.

परोपकारं न विनाऽस्ति किंचित्प्रयोजनं ते विधुतैषणस्य ।
अस्मादृशाः कामवशास्तु युक्तायुक्ते विजानंति न हंत योगिन् ॥ २० ॥

હે યોગી! આપ કે જે પુત્રની, ધનની તથા લોકની તૃષ્ણાથી રહિત છો તેમને પરોપકાર વિના બીજું કશું કર્તવ્ય નથી. અરેરે! સ્વાર્થને વશ થએલા અમારા જેવા નિર્દય પુરુષો તો યોગ્ય કે અયોગ્યને જાણતા જ નથી. ૨૦.

जीमूतवाहो निजजीवदायी दधीचिरप्यस्थि मुदा ददानः ।
आचंद्रतारार्कमपायशून्यं प्राप्तौ यशः कर्णपथं गतौ हि ॥ २१ ॥

[1]જીમૂતવાહન નામના રાજાએ નાગનું રક્ષણ કરવા માટે ગરુડને પોતાનો જીવ આપ્યો હતો અને દધીચિ ઋષિએ ઈંદ્રનું કાર્ય સિદ્ધ કરવા માટે પોતાનાં હાડકાં પણ પ્રેમથી આપ્યાં હતાં તેથી તેઓ, ચંદ્ર અને તારાઓ રહેશે ત્યાંસુધી નાશ નહિ પામે એવી કીર્તિને પ્રાપ્ત થયા છે એ આપણે સાંભળેલું છે. ૨૧.

यद्यप्यदेयं ननु देहवद्भिर्मयाऽर्थितं गर्हितमेव सद्भिः ।
तथाऽपि सर्वत्र विरागवद्भिः किमस्त्यदेयं परमार्थविद्भिः ॥ २२ ॥

જો કે આ મારી માગણી પ્રાણીઓથી પૂરી ન પાડી શકાય એવી છે અને સત્પુરુષોએ ધિક્કારવા યોગ્ય છે તેથી હું માગતાં બ્હીઉં છું તો પણ એ આશા પૂર્ણ થવાનું ધારૂં છું. કેમકે સર્વ વિષયોમાં વૈરાગ્ય પામેલા અને પરમાર્થને જાણનારા મહાત્મા પુરુષો માગણોને ન આપે એવી પણ શી વસ્તુ છે? કોઇ નથી. ૨૨.

अखण्डमूर्धन्यकपालमाहुः संसिद्धिदं साधकपुंगवेभ्यः ।
विना भवंतं बहवो न संति तद्वत्पुमांसो भगवन्पृथिव्याम् ॥ २३ ॥

મહારાજ! જેનું વીર્ય કદી પણ સ્ખલિત થયું ન હોય એવા પુરુષના માથાની ખોપરી ઉત્તમ સાધકોને સિદ્ધિ આપે છે એમ કહેવાય છે તો સઘળી પૃથ્વીમાં આપ જેવા અખંડિત વિર્યવાળા બીજા પુરુષો નથી. ૨૩.

[2]प्रयच्छ शीर्षं भगवन्नमः स्तादितीरयित्वा पतितं पुरस्तात् ।
तमब्रवीद्वीक्ष्य सुधीरधस्तात्कृपालुरावृत्तमनाः समस्तात् ॥ २४ ॥

કૃપાનાથ! આપનું માથું આપો. હું આપને પ્રણામ કરૂં છું” એટલાં વચન બોલી પાસેના પ્રદેશમાં નીચે પડેલા તે કાપાલિકને જોઇ સર્વ વિષયોથી નિવૃત્ત મનવાળા મહાદયાળુ શ્રીશંકરાચાર્યે તેને નીચે પ્રમાણે કહ્યું: ૨૪.

[3]नैवाभ्यसूयामि वचस्त्वदीयं प्रीत्या प्रयच्छामि शिरोऽस्मदीयम् ।
को वार्थिसात्प्राज्ञतमो नृकायं जानन्न कुर्यादिह बह्वपायम् ॥ २५ ॥

---

૧ જીમુતવાહનને જીવ આપ્યાની કથા નાગાનન્દ નામના નાટકમાં છે તે જોવી. ૨ ઉપેન્દ્રવજ્રા. ૩ ઇન્દ્રવજ્રા.

"તારા વચન ઉપર હું કાંઇ પણ દોષ મુકતો નથી અને રાજી થઇને મારૂં માથું આપવા તૈયાર છું. જગત્માં મનુષ્ય દેહને ઘણાંઘણાં નાશનાં નિમિત્તોવાળો જાણતો કયો મહાવિવેકી પુરુષ તે દેહને માગનારના સ્વાધીનમાં ન કરી દે? ૨૫.

पतत्यवश्यं हि विकृष्यमाणं कालेन यत्नादपि रक्ष्यमाणम् ।
वर्ष्मामुना सिध्यति चेत्परार्थः स एव मर्त्यस्य परः पुमर्थः ॥ २६ ॥

શરીર કે જે યત્નથી રક્ષણ કરાતાં છતાં પણ કાળના આકર્ષણને લીધે અવશ્ય પડી જાય છે તે શરીરથી જો પરાયું કામ સરતું હોય તો એ જ માણસને મોટો પુરુષાર્થ છે. ૨૬.

वर्ते विविक्तेऽधिसमाधिसिद्धिविन्मिथः समायाहि करोमि ते मतम् ।
नाहं प्रकाशं वितरीतुमुत्सहे शिरःकपालं विजनं समाश्रय ॥ २७ ॥

હે સિદ્ધિને જાણનારા! હું સમાધિ કરૂં છું ત્યાં એકાંતમાં આવજે. હું તારા ધાર્યા પ્રમાણે કરી આપીશ. હું સઉ જાણે એવી રીતે માથાની ખોપરી આપવાને અશક્ત છું માટે તારે એકાંતમાં આવવું. ૨૭.

शिष्या विदंति यदि चिंतितकार्यमेतद्योगिन्मदेकशरणा विहतिं विदध्युः ।
को वा सहेत वपुरेतदपोहितुं स्वं को वा क्षमेत निजनाथशरीरमोक्षम् ॥ २८ ॥

હે યોગી! મારે આશ્રયે જ રહેનારા મારા શિષ્યો જો આ ધારેલા કાર્યને જાણી જશે તો અવશ્ય વિઘ્ન કરશે. કારણ કે જેમ પોતાના શરીરનો ત્યાગ અસહ્ય છે તેમ પોતાના સ્વામીના શરીરનો ત્યાગ પણ અસહ્ય છે માટે એવું કામ કોણ કરવા દેશે?" ૨૮.

तौ संविदं वितनुतामिति संप्रहृष्टौ योगी जगाम मुदितो निलयं मनस्वी ।
श्रीशंकरोऽपि निजधामनि जोषमास प्रोचे न किंचिदपि भावमसौ मनोगम् ॥२९॥

એ પ્રમાણે આનંદથી પરસ્પરમાં ઠરાવ થતાં એ મનસ્વી કાપાલિક રાજી થઇને પોતાના સ્થાનકમાં ગયો અને શ્રીશંકરાચાર્ય પણ પોતાના મનોભાવને કાંઇ પણ પ્રકટ નહિ કરતાં પોતાના ઉતારામાં છાના રહ્યા. ૨૯.

शूली[3] त्रिपुण्ड्री पुरतोऽवलोकी कंकालमालाकृतगात्रभूषः ।
संरक्तनेत्रो मदघूर्णिताक्षो योगी ययौ देशिकवासभूमिम् ॥ ३० ॥
शिष्येषु शिष्टेषु विदूरगेषु स्नानादिकार्याय विविक्तभाजि ।
श्रीदेशिकेंद्रे तु सनंदनाख्यभीत्या स्वदेहं व्यवधाय गूढे ॥ ३१ ॥

પછી શંકરાચાર્યના ઉત્તમ શિષ્યો સ્નાન આદિ કાર્યોને વાસ્તે દૂર જતાં અને શંકરાચાર્ય પદ્મપાદની બીકથી પોતાના શરીરને અત્યંત ગુપ્ત કરી એકાંત સ્થલમાં બીરાજતાં ત્રિશુલને તથા ત્રિપુંડ્રને ધરનારો, સામે જોયા કરતો, હાડકાંઓની માળાઓથી શણગારેલા શરીરવાળો અને મદથી ધૂમતાં રાતાં નેત્રવાળો એ કાપાલિક શ્રીશંકરાચાર્યના ઉતારામાં આવ્યો. ૩૦, ૩૧.

तं[4] भैरवाकारमुदीक्ष्य देशिकस्त्यक्तुं शरीरं व्यधित स्वयं मनः ।
आत्मानमात्मन्युदयुङ्क्त यो जपन्समाहितात्मा करणानि संहरन् ॥ ३२ ॥

એ ભયંકર આકારવાળા કાપાલિકને જોઇ પોતાના શરીરને છોડી દેવાની ઇચ્છાથી શંકરા-

૧ ઉપજાતિ. ૨ વસંતતિલકા. ૩ ઇન્દ્રવજ્રા. ૪ ઇન્દ્રવંશા.

ચાર્યે પ્રણવનો જપ કરતાં ઇંદ્રિયોનો પ્રત્યાહાર કરી ચિત્તને સમાહિત કરીને પોતાના આત્માને પરમાત્મામાં જોડી દીધો. ૩૨.

XI 32-36

तं[1] भैरवोऽलोकत लोकपूज्यं स्वसौख्यतुच्छीकृतदेवराज्यम् ।
योगीशमासादितनिर्विकल्पं सनत्सुजातप्रभृतेरनल्पम् ॥ ३३ ॥

IX. 47.

લોકોએ પૂજવા યોગ્ય, સ્વરૂપના સુખથી દેવલોકના રાજ્યને પણ તુચ્છ ગણનારા, સનત્કુમાર આદિ મુનિઓથી અન્યૂન અને નિર્વિકલ્પ સમાધિ ધરીને બીરાજેલા તે યોગીશ્વર શ્રીશંકરાચાર્યને કાપાલિકે દીઠા. ૩૩.

जत्रु[2]प्रदेशे चिबुकं निधाय व्यात्तास्यमुत्तानकरौ निधाय ।
जानूपरि प्रेक्षितनासिकांतं विलोचने सामि निमील्य कान्तम् ॥ ३४ ॥
आसीनमुच्चीकृतपूर्वगात्रं सिद्धासने शेषितबोधमात्रम् ।
चिन्मात्रविन्यस्तहृषीकवर्गं समाधिविस्मारितविश्वसर्गम् ॥ ३५ ॥
विलोक्य तं हंतुमपास्तशङ्कः स्वबुद्धिपूर्वार्जिततीव्रपङ्कः ।
प्रापोद्यतासिः सविधं स यावद्विज्ञातवान्पद्मपदोऽपि तावत् ॥ ३६ ॥

કંઠની હાંસડી ઉપર દાઢી ધરી, મોહોડું ફાડી, ઘૂંટણ ઉપર ઊંચા હાથ મુકી, નેત્રોને અરધાં મીંચી, નાસિકાની અણીપર દૃષ્ટિ રાખી, શરીરને અક્કડ રાખી [3]સિદ્ધાસન વાળીને બીરાજેલા, અત્યંત શોભતા, સઘળા ઇંદ્રિયવર્ગનો ચૈતન્યમાં લય કરીને જેમણે ચૈતન્યમાત્ર અવશેષ રાખ્યું હતું એવા અને જેમને સમાધિએ સઘળી સૃષ્ટિનું વિસ્મરણ કરાવ્યું હતું એવા શંકરને જોઇ શંકારહિત થએલો અને જાણીજોઇને તીવ્ર પાપોનું સંપાદન કરનારો એ કાપાલિક તરવાર ઉગામીને તેમની પાસે ગયો એ વાત પદ્મપાદના જાણવામાં આવી. ૩૪, ૩૫, ૩૬.

त्रि[4]शूलमुद्यम्य निहंतुकामं गुरुं यतात्मा समुदैक्षतातः ।
स्थितश्चुकोप ज्वलिताग्निकल्पः स पद्मपादः स्वगुरोर्हितैषी ॥ ३७ ॥

·5·48

પોતાના ગુરુનું હિત ઇચ્છનારા એ જિતેંદ્રિય પદ્મપાદે પોતાના સ્થાનકમાં બેઠાંબેઠાં પોતાના અંતઃકરણમાં, ત્રિશૂલ ઉગામીને ગુરુને મારવા ઇચ્છતા એ કાપાલિકને દીઠો કે તુરત જ પ્રજ્વલિત અગ્નિ સરખા એ પદ્મપાદને કોપ ચડયો. ૩૭.

Substance of XI·38- in IX·49-53

स्म[5]रन्नथैष स्मरदार्तिहारि प्रह्लादवश्यं परमं महस्तत् ।
स मंत्रसिद्धो नृहरेर्नृसिंहो भूत्वा ददर्शोग्रदुरीहचेष्टाम् ॥ ३८ ॥

પછી સ્મરણ કરનારાઓની પીડાને હરનારાં અને પ્રલ્હાદને વશ થએલા નૃસિંહના[6] સ્વરૂપભૂત તેજનું સ્મરણ કરતા એ પદ્મપાદે મંત્રસિદ્ધિના પ્રભાવથી નૃસિંહરૂપ થઇને એ પાપી કાપાલિકની દુષ્ટ ચેષ્ટા ઉપર દૃષ્ટિ કરી. ૩૮.

स[7] तत्क्षणक्षुब्धनिजस्वभावः प्रवृद्धरुड्विस्मृतमर्त्यभावः ।
आविष्कृतात्युग्रनृसिंहभावः समुत्पपातातुलितप्रभावः ॥ ३९ ॥

---

१ આખ્યાનકી. ૨ ઉપજાતિ. ૩ લિંગ ઉપર ડાબી ઘૂંટી મુકી અને તેની ઉપર જમણી ઘૂંટી મુકીને જે બેસવું તે સિદ્ધાસન કહેવાય છે.—હઠયોગપ્રદીપિકા, પ્રથમોપદેશ શ્લોક ૩૫. ૪ ઉપેન્દ્રવજ્રા. ૫ ઉપજાતિ. ૬ નૃસિંહે પ્રલ્હાદની રક્ષા કરી અને પ્રલ્હાદના બાપ હિરણ્યકશિપુને નખવડે મારી નાખ્યો એ વિષયની સંપૂર્ણ કથા ભાગવતના સપ્તમસ્કંધના પહેલા અધ્યાયથી દશમા અધ્યાય સુધીમાં છે તે જુવો. ૭ ઉપજાતિ.

એ સમયે તુરત જ અંતઃકરણમાં પ્રબલ વેગ પામેલા, પોતાના મનુષ્યપણાને ભુલી ગએલા, વધેલા ક્રોધવાળા અને અતુલ પ્રભાવવાળા એ પદ્મપાદ પોતામાં નૃસિંહના ઉગ્ર રૂપનું પ્રાકટ્ય કરીને ત્યાંથી ઉછળ્યા. ૩૯.

सटाछटास्फोटितमेघसंघस्तीव्रारवत्रासितभूतसंघः ।
संवेगसंमूर्छितलोकसंघः किमेतदित्याकुलदेवसंघः ॥ ४० ॥
क्षुभ्यत्समुद्रं समुदूढरौद्रं रटन्निशाटं स्फुटदद्रिकूटम् ।
ज्वलद्दिशांतं प्रचलद्धरांतं प्रभ्रश्यदक्षं दलदंतरिक्षम् ॥ ४१ ॥
जवादभिद्रुत्य शितस्वरूग्रैर्दैत्येश्वरस्येव पुरा नखाग्रैः ।
क्षिपत्त्रिशूलस्य स तस्य वक्षो ददार विक्षिप्तसुरारिपक्षः ॥ ४२ ॥

કેશાવલીના જથાથી વાદળાંઓના સમૂહને તોડી નાંખતા, તીવ્ર ગર્જનાથી પ્રાણીઓના સમૂહને ત્રાસ ઉપજાવતા, વેગના આડંબરથી લોકોને મૂર્છિત કરી નાંખતા, દૈત્યોના પક્ષને ભાગતા અને 'આ તે શું' એમ દેવતાઓને ઓચિંતા વ્યાકુલ કરતા એ નૃસિંહ, જેથી સમુદ્રોમાં તોફાન ઉઠ્યું, રાક્ષસો ચીસો પાડવા લાગ્યા, પર્વતોનાં શિખરો ત્રુટવા લાગ્યાં, દિશાઓના પ્રાંતભાગો બળવા લાગ્યા, પૃથ્વી કંપવા લાગી, લોકોની ઇંદ્રિયો ભ્રષ્ટ થવા લાગી, રૌદ્રતા અધિક જણાવા લાગી અને અંતરિક્ષ ફાટવા લાગ્યું એવા વેગથી દોડી પહોચીને સજાવેલા વજ્રના જેવી તીક્ષ્ણ નખોની અણીઓથી, એ કાપાલિક આચાર્ય ઉપર ત્રિશૂલનો ઘા કરતો હતો તેટલામાં તેની છાતીને જેમ પૂર્વે હિરણ્યકશિપુની છાતીને ફાડી નાખી હતી તેમ ફાડી નાખી. ૪૦, ૪૧, ૪૨.

तत्तादृगत्युग्रनखायुधाग्र्यो दंष्ट्रांतरप्रोतदुरीहदेहः ।
निन्ये तदानीं नृहरिर्विदीर्णद्युपट्टनाट्टालिकमट्टहासम् ॥ ४३ ॥

એવી રીતનાં અતિ ઉગ્ર નખોરૂપી ઉગ્ર આયુધોવાળા એ નૃસિંહે તે દુષ્ટ કાપાલિકના દેહને પોતાની દાઢના મધ્યમાં પરોવી લઇને તે સમયમાં જેથી સ્વર્ગ લોકની આગાશીઓ પણ ફાટી ગઇ એવો અટ્ટાટ્ટહાસ (ખડખડહાસ) કર્યો. ૪૩.

आकर्णयंस्तं निनदं बहिर्गता उपागमन्नाकुलचित्तवृत्तयः ।
व्यलोकयन्भैरवमग्रतो मृतं ततो विमुक्तं च गुरुं सुखोषितम् ॥ ४४ ॥

બહાર ગએલા સઘળા શિષ્યો એ અટ્ટાટ્ટહાસને સાંભળી વ્યાકુલ ચિત્તવાળા થઇને તુરત ત્યાં આવી પહોચ્યા અને આવીને જોયું તો ત્યાં આગળ મરણ પામેલો કાપાલિક જોવામાં આવ્યો અને કાપાલિકથી છુટીને સુખથી બીરાજેલા ગુરુ પણ તેઓના જોવામાં આવ્યા. ૪૪.

प्रह्लादवश्यो भगवान्कथं वा प्रसादितोऽयं नृहरिस्त्वयेति ।
सविस्मयैः स्निग्धजनैः स पृष्टः सनंदनः सस्मितमित्यवादीत् ॥ ४५ ॥

'પ્રલ્હાદને વશ્ય થએલા આ નૃસિંહ ભગવાનને તમે કયા પ્રકારથી પ્રસન્ન કર્યા છે ?' એવું મિત્ર લોકોએ પૂછતાં પદ્મપાદે મંદહાસ્ય કરીને તેઓને નીચે પ્રમાણે કહ્યું: ૪૫.

पुरा किलाहो बल भूधराग्रे पुण्यं समाश्रित्य किमप्यरण्यम् ।
भक्तैकवश्यं भगवंतमेनं ध्यायन्ननेकान् दिवसाननैषम् ॥ ४६ ॥

"પૂર્વે મેં અહોબલ નામના પર્વતની આગળ કોઇ પવિત્ર વનમાં રહીને, ભક્તોને જ વશ રહેનારા નૃસિંહનું ધ્યાન કરતાં અનેક દિવસો કહાડ્યા હતા: ૪૬.

किमर्थमेको गिरिगह्वरेऽस्मिन्वाचंयम त्वं वससीति शश्वत् ।
केनापि स्पृष्टोऽत्र किरातयूना प्रत्युत्तरं प्रागहमित्यवोचम् ॥ ४७ ॥

એ સમયમાં કોઇ જુવાન ભિલ્લે 'હે તપસ્વી! તું લાંબા કાલથી આ પર્વતના અરણ્યમાં એકાએક શા માટે રહ્યો છે?' એવું મને પૂછતાં મેં તેને પ્રત્યુત્તર આપ્યો કે, ૪૭.

आकण्ठमत्यद्भुतमर्त्यमूर्तिः कण्ठीरवात्मा परतश्च कश्चित् ।
मृगो वनेऽस्मिन्मृगयो वसन्मे भवत्यहो नाक्षिपथे कदाऽपि ॥ ४८ ॥'

'હે પારાધી! કંઠ સુધી અત્યંત અદ્‌ભુત મનુષ્યના જેવા રૂપવાળો અને ઉપરના ભાગમાં સિંહના જેવા રૂપવાળો કોઇ મૃગ આ વનમાં વસે છે તે મૃગ કોઇ દિવસે મારી નજરે પડ્યો નથી એટલા માટે હું આ વનમાં રહ્યો છું.' ૪૮.

इतीरयत्येव मयि क्षणेन वनेचरोऽयं प्रविशन्वनांतम् ।
निबध्य गाढं नृहरिं लताभिः पुण्यैरगण्यैः पुरतो न्यधान्मे ॥ ४९ ॥

હું એ પ્રમાણે બોલતો જ હતો તેટલામાં મારાં અગણિત પુણ્યોના પ્રભાવને લીધે એ ભિલ્લે વનના મધ્યમાં પેસી નૃસિંહને લતાઓથી દૃઢ રીતે બાંધી લાવીને મારી પાસે ધરી દીધા. ૪૯.

महर्षिभिस्त्वं मनसाऽप्यगम्यो वनेचरस्यैव कथं वशोऽभूः ।
इत्यद्भुताविष्टहृदामयाऽसौ विज्ञाप्यमानो विभुरित्यवादीत् ॥ ५० ॥
एकाग्रचित्तेन यथाऽमुनाऽहं ध्यातस्तथा धातृमुखैर्न पूर्वैः ।
नोपालभेथास्त्वमितीरयन्मे कृत्वा प्रसादं कृतवांस्तिरोधिम् ॥ ५१ ॥

એમને જોઇ મે મનમાં અત્યંત આશ્ચર્યથી ઘેરાઇને 'તમે કે જે મહર્ષિઓના મનથી પણ અગમ્ય છો, તે આ ભિલ્લને વશ કેમ થઈ ગયા?' એવી વિજ્ઞપ્તિ કરતાં તે પ્રભુએ કહ્યું કે 'આ ભિલ્લે મારૂં એકાગ્રચિત્તથી જેવું ધ્યાન કર્યું છે તેવું બ્રહ્મા આદિ પ્રાચીન લોકોએ પણ કર્યું નથી માટે આ વિષયમાં તારે મને ઠપકો દેવો નહિ' એ પ્રભુ એટલું બોલતાબોલતા મારાપર કૃપા કરીને અંતર્હિત થઇ ગયા હતા." ૫૦, ૫૧.

आकर्ण्य तां पद्मपदस्य वाणीमानंदमग्नैरखिलैरभावि ।
जगर्ज चोच्चैर्जगदण्डभाण्डं भूम्ना स्वधाम्ना दलयन्नृसिंहः ॥ ५२ ॥

એવાં પદ્મપાદનાં વચનો સાંભળી તેમના સઘળા મિત્રો આનંદમાં મગ્ન થયા. પછી, નૃસિંહ-રૂપ થએલા પદ્મપાદે પોતાના પ્રૌઢ તેજથી બ્રહ્માંડ પણ ત્રુટી જાય એવી મોટી ગર્જના કરી. ૫૨.

ततस्तदाभीटचलत्समाधिः स्वात्मप्रबोधोन्मथितत्र्युपाधिः ।
उन्मील्य नेत्रे विकरालवक्त्रं व्यलोकयन्मानवपञ्चवक्त्रम् ॥ ५३ ॥

જેમણે સ્વરૂપના સાક્ષાત્કારથી સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણે ઉપાધિઓનું મથન કરી નાખ્યું હતું એવા શ્રીશંકરાચાર્યે તે સમયે નૃસિંહના સાહંકાર નાદથી સમાધિ ચલિત થઇ જતાં નેત્રો ઉઘાડ્યાં ત્યાં વિકરાલ મુખવાળા નૃસિંહ જોવામાં આવ્યા. ૫૩.

चंद्रांशुसोदर्यसटाजटालं तार्तीयनेत्राब्जकनन्निटालम् ।
सहोद्यदुष्णांशुसहस्रभासं विध्वण्डविस्फोटकृदट्टहासम् ॥ ५४ ॥
नखाग्रनिर्भिन्नकपालिवक्षस्थलोच्चलच्छोणितपङ्किलाङ्गम् ।
श्रीवत्सवत्संगलवैजयंतीश्रीरत्नसंस्पर्धितदन्त्रमालम् ॥ ५५ ॥

---

१ ઇન્દ્રવજ્ર. ૨ ઉપજાતિ.

सुरासुरत्रासकरातिघोरस्वाकारसारव्यथिताण्डकोशम् ।
दंष्ट्राकरालाननिर्यदग्निज्वालालिसंलीढनभोवकाशम् ॥ ५६ ॥
स्वरोमकूपोद्गतविस्फुलिङ्गप्रचारसंदीपितसर्वलोकम् ।
जंभद्विड्जृम्भितशंभुदंभसंस्तंभनारंभकदंतपेषम् ॥ ५७ ॥
मा भूदकाण्डे प्रलयो महात्मन्कोपं नियच्छेति गृणद्भिराराात् ।
ससाध्वसैः प्रांजलिभिः सगात्रकंपैर्विरिंच्यादिभिरर्थ्यमानम् ॥ ५८ ॥
विलोक्य विद्युच्चपलोग्रजिह्वायतिक्षितीशः पुरतो नृसिंहम् ।
अभीतिरैडिष्ट तदोपकंठं स्थितोऽपि हर्षाश्रुपिनद्धकण्ठः ॥ ५९ ॥

ચંદ્રના કિરણો જેવી કેશાવલીથી વ્યાપ્ત થએલા, કમલ સરખા ત્રીજા નેત્રથી પ્રકાશતા લલાટવાળા, એકી સમયે ઉગેલા હજારો સૂર્યના જેવા પ્રકાશવાળા, જેથી બ્રહ્માંડ ફાટી જાય એવો અટ્ટાટ્ટહાસ કરતા, નખોની અણીઓથી ફાડી નાખેલી કાપાલિકની છાતીમાંથી ઉછળતા લોહીથી ખરડાએલાં અંગોવાળા, [2]શ્રીવત્સથી શોભતા વક્ષઃસ્થલવાળા, જેમણે ગળામાં પહેરી લીધેલી કાપાલિકનાં આંતરડાંઓની માલા તે જ ગળામાં પહેરેલી વૈજયંતી નામની માલાની સાથે તથા કૌસ્તુભમણિની સાથે સ્પર્ધા કરતી હતી એવા, દેવતાઓને તથા દૈત્યોને ત્રાસ ઉપજનારા અત્યંત ઘોર બલવત્તર આકારથી બ્રહ્માંડને વ્યથિત કરતા, દાઢોથી વિકરાલ લાગતાં મુખમાંથી નીકળતી અગ્નિની જ્વાલાઓની પંક્તિથી આકાશને ચાટતા, પોતાના રૂવાટાંઓનાં છિદ્રોમાંથી નીકળતા તણખાઓના પ્રચારથી સર્વ લોકોને પ્રદીપ્ત કરી દેતા, જેમનાં દાંતોની કડકડાટીથી ઇન્દ્રે તથા વૃદ્ધિ પામેલા રુદ્રે કરવા માંડેલી દબાવવાની ગોઠવણો નકામી થઇ પડતી હતી એવા, વીજળીની પેઠે ચપલતા કરતી ઉગ્ર જીભવાળા અને જેમના ભયને લીધે હાથ જોડીને દૂર ઉભેલા તથા ધ્રૂજતા બ્રહ્માદિક દેવતાઓ 'હે મહાત્મા! સમય વગર જગતનો પ્રલય નહિ થવો જોઇએ માટે આપના કોપને શાંત કરો' એમ બોલીબોલીને પ્રાર્થના કરતા હતા એવા નૃસિંહજીને આગળ ઉભેલા જોઇ હર્ષનાં અશ્રુઓથી જેમનો કંઠ રોકાઇ ગયો એવા શંકરાચાર્યે પોતે સમીપમાં છતાં પણ નિર્ભય રહીને તે નૃસિંહની નીચે પ્રમાણે સ્તુતિ કરીઃ ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯.

[3]नरहरे हर कोपमनर्थदं तव रिपुर्निहतो भुवि वर्तते ।
कुरु कृपां मयि देव सनातनीं जगदिदं भयमेति भवद्दृशा ॥ ६० ॥

હે નૃસિંહ! આ ત્રાસ આપનારા કોપને શાંત કરો. હવે એ કાપાલિક કે જે તમારો જ શત્રુ હતો તે મરણ પામીને ધરતીપર પડ્યો છે. હે દેવ! મારા ઉપર અવિચલ કૃપા કરો. આપની દૃષ્ટિથી સઘળું જગત્ ભય પામે છે. ૬૦.

तव वपुः किल सत्त्वमुदाहृतं तव हि कोपनमण्वपि नोचितम् ।
तदिह शांतिमवाप्नुहि शर्मणे हरगुणं हरिराश्रयसे कथम् ॥ ६१ ॥

આપનું શરીર સત્ત્વગુણમય કહેવાય છે એટલા માટે આપને જરા પણ કોપ કરવો યોગ્ય નથી. જગતને સુખ દેવા માટે અહિં શાંતિ ધરો. આપ કે જે વિષ્ણુ છો, તેમને રુદ્રના તમોગુણનું ગ્રહણ કરવું ઘટે જ કેમ? ૬૧.

सकलभीतिषु दैवतमस्मरन्सकलभीतिमपोह्य सुखी पुमान् ।
भवति किं प्रवदामि तवेक्षणे परमदुर्लभमेव तवेक्षणम् ॥ ६२ ॥

૧ ઉપેન્દ્રવજ્રા. ૨ ડાબા સ્તન ઉપર જમણી તરફ વળેલા રૂવાટાંઓની ચક્રી. ૩ દ્રુતવિલંબિત.

હે ઉત્તમ દેવ, સર્વ પ્રકારના ભયોમાં પુરુષ આપનું સ્મરણ કરે તો પણ સર્વ ભયોથી છુટીને સુખી થાય છે ત્યારે આપનું દર્શન મળવાથી સુખી થાય તેમાં તો શું જ કહેવું? આપનું દર્શન અત્યંત દુર્લભ જ છે. ૬૨.

स्मृतवतस्तव पादसरोरुहं मृतवतः पुरुषस्य विमुक्तता ।
तव कराभिहतोऽमृत भैरवो न हि स एष पुनर्भवमेष्यति ॥ ६३ ॥

જે પુરુષ આપના ચરણારવિંદનું સ્મરણ કરતાં મરણ પામે તે પણ મુક્તિ પામે છે ત્યારે આપના હાથથી જ મરણ પામેલો આ કાપાલિક ફરીવાર સંસારને પ્રાપ્ત નહિ થાય એમાં તો કહેવું જ શું? ૬૩.

दितिजसूनुममुं व्यसनार्दितं सकृदरक्षदुदारगुणो भवान् ।
सकलगत्वमुदीरितमस्फुटं प्रकटमेव विधित्सुरभूत्पुरा ॥ ६४ ॥

ઉદાર ગુણોવાળા આપે કષ્ટોથી પીડાએલા પ્રલ્હાદની તુરત જ રક્ષા કરી હતી અને હિરણ્યકશિપુના પૂછવાથી 'મારો સ્વામી સર્વ સ્થલોમાં છે' એમ પ્રલ્હાદે જે અસ્ફુટ કહ્યું હતું તેને સ્ફુટ કરવા માટે આપ તુરત તેની આગળ જ પ્રકટ થયા હતા માટે ભક્તોનું રક્ષણ કરવું અને ભક્તોના વચનને પાળવું એ આપનો સ્વભાવ જ છે. ૬૪.

सृजसि विश्वमिदं रजसाऽऽवृतः स्थितिविधौ श्रितसत्त्व उदायुधः ।
अवसि तद्धरणे तमसाऽऽवृतो हरसि देव तदा हरसंज्ञितः ॥ ६५ ॥

હે દેવ! આપ સૃષ્ટિના સમયમાં રજોગુણથી વીંટાએલા બ્રહ્મારૂપ થઇને આ જગતને સ્રજો છો, સ્થિતિના સમયમાં સત્ત્વગુણથી વીંટાએલા વિષ્ણુરૂપ થઇ આયુધો ધરીને જગતનું પાલન કરો છો અને સંહારના સમયમાં તમોગુણથી વીંટાએલા રુદ્રરૂપ થઇને જગતનો પ્રલય કરો છો. ૬૫.

तव जनिर्न गुणास्तव तत्त्वतो जगदनुग्रहणाय भवादिकम् ।
तव पदं खलु वाङ्मनसातिगं श्रुतिवचश्चकितं तव बोधकम् ॥ ६६ ॥

આપને વાસ્તવિક રીતે જન્મનો કે ગુણનો સંબંધ નથી તો પણ જગત ઉપર અનુગ્રહ કરવાને વાસ્તે આપ જન્મને અને ગુણને ધરો છો આપનાં સ્વરૂપને વાણી કે મન પણ પહોચતાં નથી. [1]શ્રુતિ પણ આપના સ્વરૂપને બ્હીતી બ્હીતી લક્ષણાવૃત્તિથી જણાવે છે પણ સાક્ષાત જણાવી શકતી નથી. ૬૬.

नरहरे तव नामपरिश्रवात्प्रमथगुह्यकदुष्टपिशाचकाः ।
अपसरन्ति विभोऽसुरनायका न हि पुरः स्थितये प्रभवन्त्यपि ॥ ६७ ॥

હે નૃસિંહ! હે વિભો! પ્રમથો, યક્ષો, દુષ્ટ પિશાચો અને મોટામોટા દૈત્યો આપનું નામ સાંભળવાથી જ ભાગી જાય છે ત્યારે તેવો આપની સામે તો કેમ જ ઉભા રહી શકે? ૬૭.

त्वमेव सर्गस्थितिहेतुरस्य त्वमेव नेता नृहरेऽखिलस्य ।
त्वमेव चिन्त्यो हृदयेऽनवद्ये त्वामेव चिन्मात्रमहं प्रपद्ये ॥ ६८ ॥

હે નૃસિંહ! આ જગતની ઉત્પત્તિના તથા સ્થિતિના કારણરૂપ તમે જ છો અને સર્વને ચલાવનારા પણ તમે જ છો. નિર્દોષ કરેલા હૃદયમાં આપનું જ ચિંતન કરવું યોગ્ય છે. હું પણ આપ કે જે ચૈતન્ય માત્ર સ્વરૂપ છો તેમને જ શરણાગત થયો છું. ૬૮.

---

૧ 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ।'–મનની સાથે વાક્ય ન પામતાં પાછાં આવે છે.

हतो वराको हि रुषं नियच्छ विश्वस्य भूमन्नभयं प्रयच्छ ।
एते हि देवाः शममर्थयन्ते निरीक्ष्य भीताः प्रतिखेदयन्ते ॥ ६९ ॥

હે વ્યાપક ! આ બીચારો કાપાલિક હણાઇ ગયો છે માટે હવે કોપને શાંત કરો અને જગતને અભય આપો. આ દેવતાઓ આપની શાંતીની જ માગણી કરે છે અને આપના આ ઉગ્ર સ્વરૂપને જોઇ ભય પામીને મુંઝાયા કરે છે. ૬૯.

द्रष्टुं न शक्या हि तवानुकंपाहीनैर्जनैर्निह्नुतकोटिशंपाम् ।
मूर्तिं तदात्मन्नुपसंहरेमां पाहि त्रिलोकीं समतीतसीमाम् ॥ ७० ॥

હે પરમાત્મા ! જેઓના ઉપર આપની કૃપા ન હોય તે લોકો કરોડો વીજળીઓનો તિરસ્કાર કરનારી આ આપની મૂર્તિને જોઇ પણ શકે નહિ એટલા માટે આ મૂર્તિને શમાવો અને ભયને લીધે જેની મર્યાદા ત્રુટી જાય છે એવા ત્રૈલોક્યનું રક્ષણ કરો. ૭૦.

[1]कल्पान्तोज्जृम्भमाणप्रमथपरिवृढप्रौढलालाटवह्नि-
ज्वालालीढत्रिलोकीजनितचटचटाध्वानधिक्कारधुर्यः ।
मध्येब्रह्माण्डभाण्डोदरकुहरमनैकान्त्यदुस्थामवस्थां
स्त्यानस्त्यानो ममायं दलयतु दुरितं श्रीनृसिंहाट्टहासः ॥ ७१ ॥

પ્રલયકાલમાં વૃદ્ધિ પામેલા રુદ્રના લલાટના પ્રૌઢ અગ્નિની જ્વાલાઓથી વ્યાપ્ત થએલા ત્રૈલોક્યમાં ઉત્પન્ન થએલા કડાકાઓનો પણ ધિક્કાર કરવામાં અગ્રણી (એ કડાકાઓથી પણ અધિક) અને બ્રહ્માંડરૂપી પાત્રના ઉદરના છિદ્રની અંદર અનેક રૂપોથી રહેલી દુષ્ટ જન્મમરણ આદિ દશાઓને પ્રબલ અગ્નિની પેઠે બાળી દેનારો આ શ્રીનૃસિંહનો અટ્ટહાસ મારાં પાપોનો નાશ કરો. ૭૧.

[2]मध्येव्यानद्धवातंधयगुणवलनाधानमंथानभूभृ-
न्मन्थेनोत्क्षोभिदुग्धोदधिलहरिमिथःस्फालनाचारघोरः ।
कल्पांतोन्निद्ररुद्रोद्धतडमरुकध्वानबद्धाभ्यसूयो
घोषोऽयं कर्णघोरः क्षपयतु नृहरे रंहसां संहतिं नः ॥ ७२ ॥

મધ્યમાં નેતરાં રૂપે બાંધેલા વાસુકિ નાગથી વીંટાએલા મંદરાચલરૂપ રવાઇથી ક્ષોભ પામેલા [3]ક્ષીરસમુદ્રનાં મોજાઓના સામસામા પછડાવાના શબ્દની પેઠે ભયંકરપણાવાળો, કલ્પાંતના સમયમાં ઉદ્યોગી થએલા રુદ્રના ઊંચાં ડાકલાના શબ્દની સાથે સ્પર્દ્ધા (હરીફાઇ) કરનારો અને કાનને ત્રાસ આપનારો આ નૃસિંહજીનો શબ્દ અમારાં પાપોના સમૂહનો નાશ કરજો. ૭૨.

[4]क्षुन्दानो मङ्क्षु कल्पावधिसमयसमुज्जृम्भदंभोदगुंफ-
स्फूर्जद्दंभोलिसङ्घस्फुरदुरुरटितास्वर्वगर्वप्ररोहान् ।
क्रीडाक्रोडेन्द्रघोणासरभसविसरद्घोरघूर्घोरवश्री-
गम्भीरस्तेऽट्टहासो हर हर नृहरे रंहसांऽहांसि हन्यात् ॥ ७३ ॥

હે નૃસિંહ ! અહો ! કલ્પાંતના સમયમાં વૃદ્ધિ પામતાં વાદળાંઓના સમૂહની અંદર પ્રૌઢ રીતે ઝબકતી કડાકાવાળી વીજળીઓની ભારે ગર્જનાના મોટા ગર્વના અંકુરોને પણ તુરત ચૂર્ણ

૧-૨- સ્રગ્ધરા છંદ. ૩ દેવતાઓએ અને દૈત્યોએ મળીને અમૃતને વાસ્તે વાસુકિને નેતરાંરૂપ કરી તથા મંદરાચલને રવાઇરૂપ કરી ક્ષીરસમુદ્રનું મંથન કર્યું, એ વિષયની વિસ્તીર્ણ કથા ભાગવતના અષ્ટમસ્કંધના ૭ મા અધ્યાયમાં છે તે જુવો. ૪ સ્રગ્ધરા છંદ.

કરનારો અને પૃથ્વીને રસાતાલમાંથી કહાડવાની ક્રીડા કરવાને વાસ્તે મોટા વરાહરૂપ[1] થએલા વિષ્ણુના નાકમાંથી વેગપૂર્વક નીકળતા ઘોર ઘુઘવાટાના જેવો છટાવાળો આ આપનો ગંભીર અટ્ટહાસ પ્રબલ વેગથી અમારાં પાપોનો નાશ કરજો. ૭૩.

एवं विशिष्टनुतिभिर्नृहरौ प्रशांते स्वं भावमेत्य मुनिरेष बभूव शांतः ।
स्वप्नानुभूतिमिव शांतमनाः स्मरंस्तमात्मानमात्मगुरवे प्रणतिं चकार ॥ ७४ ॥

એ પ્રમાણે શ્રીશંકરાચાર્યે કરેલી ઉત્તમ સ્તુતિઓથી નૃસિંહપણાનો ઉપશમ થતાં પદ્મપાદ પોતાના મૂલ સ્વભાવને પ્રાપ્ત થઇને શાંત થયા પછી ક્રોધરહિત થએલા પદ્મપાદે પોતાનું નૃસિંહપણું કે જે સ્વપ્નમાં અનુભવાએલા જેવું થઇ ગયું તેની વાત કહી સંભળાવીને શ્રીશંકરને પ્રણામ કર્યા. ૭૪.

[2]चारित्र्यमेतत्प्रयतस्त्रिसंध्यं भक्त्या पठेद्यः शृणुयादवंध्यम् ।
तीर्त्वाऽपमृत्युं प्रतिपद्य भक्तिं स भुक्तभोगः समुपैति मुक्तिम् ॥ ७५ ॥

જે માણસ સાવધાન રહીને, કદીપણ નિષ્ફળ ન જાય એવા આ ચરિત્રનો ત્રણે સંધ્યાઓમાં પાઠ કરે અથવા તેનું શ્રવણ કરે તે માણસ અકાલમૃત્યુથી મુક્ત થઇ ભક્તિને પ્રાપ્ત થઇ સંસારસંબંધી ઉત્તમ સુખોને ભોગવીને અંતે મોક્ષ પામે છે. ૭૫.

इति श्रीमाधवीये तदुग्रभैरवनिर्जयः ।
सङ्क्षेपशङ्करजये सर्ग एकादशोऽभवत् ॥ ११ ॥

એ પ્રમાણે શ્રીમાધવાચાર્યે રચેલા સંક્ષેપશંકરજયમાં શંકરાચાર્યે ઉગ્રકાપાલિકને જીતી લેવાસંબંધી કથાવાળો અગ્યારમો સર્ગ સંપૂર્ણ થયો. ૧૧.

अथ द्वादशः सर्गः ।

[3]अथैकदाऽसौ यतिसार्वभौमस्तीर्थानि सर्वाणि चरन्सतीर्थ्यैः ।
घोरात्कलेर्गोपितधर्ममागाद्गोकर्णमभ्यर्णचलार्णवौघम् ॥ १ ॥

પછી પોતાના શિષ્યોની સાથે સઘળાં તીર્થક્ષેત્રોમાં વિચરતા એ શ્રીશંકરાચાર્ય એક દિવસે ભયંકર કલિયુગથી ધર્મનું રક્ષણ કરનારા અને જેના સમીપમાં જ સમુદ્રનો વેગ ચાલ્યા કરે છે એવા ગોકર્ણ ક્ષેત્રમાં પધાર્યા. ૧.

विरिञ्चिनाम्भोरुहनाभवन्द्यं प्रपञ्चनाट्याद्भुतसूत्रधारम् ।
तुष्टाव वामार्द्धवधूटिमस्तदुष्टावलेपं प्रणमन्महेशम् ॥ २ ॥

ત્યાં પધારી, બ્રહ્મા અને વિષ્ણુએ પણ વંદન કરવા યોગ્ય, પ્રપંચરૂપી નાટકના અદ્‌ભુત [4]સૂત્રધારરૂપ, ડાબી પાસના અર્દ્ધ અંગમાં પાર્વતીવાળા અને દુષ્ટ લોકોના ગર્વનો નાશ કરનારા ગોકર્ણેશ્વરને પ્રણામ કરતાંકરતાં શ્રીશંકરાચાર્યે તેમની નીચે પ્રમાણે સ્તુતિ કરી. ૨.

वपुः स्मरामि क्वचन स्मरारेर्बलाहकाद्वैतवदावदश्रि ।
सौदामिनीसाधितसंप्रदायसमर्थनादेशिकमन्यतश्च ॥ ३ ॥

---

૧ વિષ્ણુએ વરાહનું (સૂવરનું) રૂપ ધર્યાની કથા ભાગવતના તૃતીયસ્કંધના ૧૩મા અધ્યાયમાં છે તે જુવો. ૨ વસંતતિલકા વૃત્ત. ૩ ઉપજાતી. ૪ ઉપજાતી. ૫ સદાશિવ પોતે નિર્વિકાર રહીને જગત્‌ની રચના કરે છે તેથી તેમને જગત્‌રૂપી નાટકના અદ્‌ભુત સૂત્રધાર કહ્યા છે.

"સદાશિવનું સ્વરૂપ કે જે જમણા ભાગમાં મેઘની સાથે મળી જનારી શોભાવાળું છે અને ડાબા ભાગમાં [1]વીજળીએ સાધેલા સંપ્રદાય(મેઘથી અલગ નહિ રહેવારૂપ પદ્ધતિ)ને સિદ્ધ કરવાના આચાર્યરૂપ છે તેનું સ્મરણ કરૂંછું. ૩.

वामाङ्गसीमाङ्कुरदंशुतृण्याचञ्चन्मृगाञ्चत्तरदक्षपाणि ।
सव्यान्यशोभाकलमाग्रभक्षसाकांक्षकीरान्यकरं महोऽस्मि ॥ ४ ॥

જે તેજ (અર્દ્ધનારીશ્વરનું સ્વરૂપ) ડાબા અંગરૂપી ખેતરમાંથી ઉગતા કિરણોરૂપ ખડના સમૂહમાં લલચાએલા [2]મૃગથી અત્યંત શોભતા જમણા હસ્તવાળું છે અને જમણા અંગની શોભારૂપી શાળના અગ્રનું ભક્ષણ કરવામાં તૃષ્ણાવાળા [3]પોપટથી સંયુક્ત ડાબા હાથવાળું છે તે હું છું. ૪.

महीध्रकन्यागलसङ्गतोऽपि माङ्गल्यतन्तुः किल हालहालम् ।
यत्कण्ठदेशे कृतकुण्ठशक्तिमैक्यानुभावादयमस्मि भूमा ॥ ५ ॥

સૌભાગ્યસૂત્રે પોતે પાર્વતીના ગળામાં રહ્યા છતાં પણ જે સદાશિવના ગળામાં રહેલા ઝેરને કુંઠિત શક્તિવાળું કરી નાખ્યું છે[4] તે સદાશિવ, બ્રહ્મસ્વરૂપે એક હોવાપણાના પ્રભાવને લીધે હું છું." ૫.

गुणत्रयातीतविभाव्यमित्थं गोकर्णनाथं वचसाऽर्चयित्वा ।
तिस्रः स रात्रीस्त्रिजगत्पवित्रे क्षेत्रे मुदैष क्षिपति स्म कालम् ॥ ६ ॥

ગુણાતીત પુરુષોએ ધ્યાન કરવા યોગ્ય ગોકર્ણેશ્વરનું એ પ્રમાણે વચનથી પૂજન કરીને શ્રીશંકરાચાર્યે ત્રૈલોક્યને પવિત્ર કરનાર એ ક્ષેત્રમાં આનંદથી ત્રણ રાતનો કાલક્ષેપ કર્યો. ૬.

वैकुण्ठकैलासविवर्तभूतं हरन्नताघं हरिशंकराख्यम् ।
दिव्यस्थलं देशिकसार्वभौमस्तीर्थप्रवासी न चिरादयासीत् ॥ ७ ॥

તીર્થયાત્રાના પ્રવાસમાં નીકળેલા, આચાર્યોના ચક્રવર્તિ શ્રીશંકરાચાર્ય તે ક્ષેત્રમાંથી નીકળીને તુરત વૈકુંઠનાં તથા કૈલાસનાં રૂપાંતર જેવાં, અને પ્રણામ કરનારાઓનાં પાપોને હરનારાં હરિશંકર નામનાં દિવ્ય ક્ષેત્રમાં પધાર્યા. ૭.

भ्रमापनोदाय भिदावदानामद्वैतमुद्रामिह दर्शयंतौ ।
आराध्य देवौ हरिशंकरौ सद्व्यर्थाभिरित्यर्चयति स्म वाग्भिः ॥ ८ ॥

ત્યાં જાણે ભેદવાદીઓના ભ્રમને ટાળવા સારૂ જ પોતાનું એકઠા રહેલાપણું દેખાડતા હોય એવા (સાથે રહેલા) વિષ્ણુ અને શંકર નામના બે દેવનું આરાધન કરીને શ્રીશંકરાચાર્યે બબ્બે અર્થ(શ્લેષ અલંકાર)વાળા શ્લોકોથી નીચે પ્રમાણે તેઓનું સ્તુતિરૂપ પૂજન કર્યું. ૮.

વિષ્ણુપ્રત્યે અર્થ-મત્સ્યાવતારની સ્તુતિ.

वन्द्यं महासोमकलाविलासं गामादरेणाऽऽकलयन्ननादिम् ।
मैनं महः किंचन दिव्यमङ्गीकुर्वन्विभुर्मे कुशलानि कुर्यात् ॥ ९ ॥

"વંદન કરવા યોગ્ય મોટા પ્રલય સમુદ્રના જલના વિભાગોમાં વિલાસ કરનારાં અને વેદને

૧ સદાશિવના ડાબા ભાગમાં પાર્વતીનું સ્વરૂપ છે તેને વીજળીની ઉપમા આપી છે. ૨ સદાશિવના હાથમાં મૃગ છે. ૩ પાર્વતીના હાથમાં પોપટ છે. ૪ એક સ્થલમાં રહેલા સૌભાગ્યસૂત્રથી બીજા સ્થલમાં રહેલા ઝેરનું નિવારણ થયાનું વર્ણન કર્યું છે માટે અસંગિત અલંકાર થયો છે.—રસગંગાધર, આનન બીજું, અસંગતિ પ્રકરણ, પૃષ્ઠ ૪૩૯, નિર્ણયસાગર આવૃત્તિ. ૫ ઇન્દ્રવજ્રા.

હરીજનારા સોમક નામના મોટા દૈત્યનો વિનાશ કરનાર લીલાવાળા કોઇ [૧]મત્સ્યાવતાર સંબંધી દિવ્ય તેજને ધરનારા, અનાદિ વાણીરૂપ વેદને પાછો લાવનારા અને વાહાણરૂપ થએલી પૃથ્વીને જલમાં ખેંચનારા પ્રભુ મારાં કલ્યાણ કરજો.

શિવપ્રત્યે અર્થ.

વંદન કરવા યોગ્ય અને ચંદ્રની મોટી કલાઓથી વિલાસ કરનાર [૨]મેનાની પુત્રીરૂપ કોઇ દિવ્ય તેજને ધરનારા અને વેદરૂપ અનાદિ વાણીને વિચારતા પ્રભુ મારાં કલ્યાણ કરજો. ૯.

વિષ્ણુપ્રત્યે અર્થ–કચ્છપાવતારની સ્તુતિ.

यो[३] मंदरागं दधदादितेयान्सुधाभुजः स्मातनुतेऽविषादी ।
स्वामद्रिलीलोचितचारुमूर्ते कृपामपारां स भवान्विधत्ताम् ॥ १० ॥

હે મંદરાચલના ભ્રમણને યોગ્ય સુંદર મૂર્તિવાળા! આપ કે જેણે કાંઇ પણ ખેદ નહિ પામતાં મંદરાચલનું ધારણ કરીને દેવતાઓને અમૃત પીનારા કર્યા [૪]છે તે આપ મારા ઉપર પોતાની અપાર કૃપા કરો.

શિવપ્રત્યે અર્થ.

હે કૈલાસ પર્વતમાં વિલાસ કરવાવાળી સુંદર મૂર્તિવાળા! વિષયોના પ્રેમને મંદ કરનારા અને ઝેરનું ભક્ષણ કરનારા જે આપે દેવતાઓને અમૃત પીનારા કર્યા છે[૫] તે આપ મારા ઉપર પોતાની અપાર કૃપા કરો. ૧૦.

વિષ્ણુપ્રત્યે અર્થ–વરાહાવતારની સ્તુતિ.

उल्लासयन्यो महिमानमुच्चैः स्फुरद्वराहीशकलेवरोऽभूत् ।
तस्मै विदध्मः करयोरजस्रं सायंतनाम्भोरुहसामरस्यम् ॥ ११ ॥

જેમણે પૃથ્વીને[૬] ઊંચું માન દેવાને વાસ્તે શોભતા વરાહીના ઈશ(વરાહ)નો દેહ ધર્યો હતો તેમની પાસે નિરંતર અમારા બે હસ્તને સાયંકાલના કમળ જેવા (અંજલિરૂપે બીડાએલા) કરીએ છીએ.

શિવપ્રત્યે અર્થ.

જેમણે પોતાના ઉત્કૃષ્ટ મહિમાનો પ્રકાશ કરવાને વાસ્તે પોતાના શરીરને ચળકતા ઉત્તમ વાસુકિ નાગવાળું કર્યું છે તેમની પાસે નિરંતર અમારા બે હસ્તને સાયંકાલના કમળ જેવા કરીએ છીએ. ૧૧.

વિષ્ણુપ્રત્યે અર્થ–નૃસિંહાવતારની સ્તુતિ.

समाधहन्केसरितां वरां यः सुरद्विषत्कुञ्जरमाजघान ।
प्रह्लादमुल्लासितमादधानं पञ्चाननं तं प्रणुमः पुराणम् ॥ १२ ॥

---

૧ વિષ્ણુએ મત્સ્યનો અવતાર ધરી, વેદને લઇ જનારા દૈત્યને મારી વેદને પાછો આણ્યો હતો અને પ્રલયના સમુદ્રમાં વહાણરૂપ થએલી પૃથ્વીમાં સત્યવ્રત નામના રાજાને બેસાડીને ફેરવ્યો હતો.—ભાગવત, અષ્ટમસ્કંધ, અધ્યાય ૨૪મો. ૨ હિમાલયની સ્ત્રી. ૩ ઉપજાતિ. ૪ વિષ્ણુએ કાચબાનો અવતાર ધરી પોતાની પીઠપર મંદરાચલને ધારણ કર્યો હતો અને તેથી દેવતાઓને અમૃત મેળવવાની સગવડ કરી આપી હતી.— જુવો ભાગવત, અષ્ટમસ્કંધ, અધ્યાય ૭મો. ૫ સદાશિવે સમુદ્રમાંથી નીકળેલા ઝેરનું ભક્ષણ કરીને દેવતાઓને અમૃત મેળવવાની સગવડ કરી આપી હતી.—જુવો ભાગવત, અષ્ટમસ્કંધ, અધ્યાય ૭મો. ૬ વિષ્ણુ વરાહનો અવતાર ધરીને પૃથ્વીને રસાતલમાંથી બહાર કહાડી લાવ્યા હતા.–જુવો ભાગવત, તૃતીયસ્કંધ, અધ્યાય ૧૩મો.

જેમણે ઉત્તમ કેસરિપણાનું ધારણ કરીને મોટા દૈત્ય(હિરણ્યકશિપુ)ને માર્યો હતો એવા અને તેમના પુત્ર પ્રલ્હાદને ઉત્કૃષ્ટ સ્થિતિમાં પહોચાડયો હતો[1] એવા તે પ્રાચીન સિંહ-(નૃસિંહ)ની સ્તુતિ કરીએ છીએ.

શિવપ્રત્યે અર્થ.

મસ્તકમાં ઉત્તમ નદી(ગંગા)નું ધારણ કરનારા, ગજાસુરને મારનારા, ભક્તલોકોને ઉત્તમ આનંદ આપતા અને પાંચ મુખોવાળા તે અનાદિસિદ્ધ પ્રભૂની સ્તુતિ કરીએ છીએ. ૧૨.

વિષ્ણુપ્રત્યે અર્થ–વામનાવતારની સ્તુતિ.

उदैतुबल्याहरणाभिलाषो यो वामनोहार्यजिनं वसानः ।
तपांसि कांतारहितो व्यतानीदाद्योऽवतादाश्रमिणामयं नः ॥ १३ ॥

અભ્યુદય પામેલા બલિરાજાની[3] પાસેથી ત્રૈલોક્ય લઇ જવાની ઇચ્છાવાળા, ઠીંગણા શરીર-રવાળા, મનોહર મૃગચર્મને ધરનારા અને બ્રહ્મચર્યને પાળનારા જે પ્રભુએ સ્ત્રીથી રહિત રહીને તપ કર્યાં હતાં તે પ્રભુ અમારી રક્ષા કરો.

શિવપ્રત્યે અર્થ.

ઉદય પામેલા દક્ષપ્રજાપતિના યજ્ઞમાંથી ભાગ લેવાને ઇચ્છતા, મનોહર ગજચર્મનું ધારણ કરનારા, સ્ત્રીથી રહિત થએલા[4] એને માટે આશ્રમવાળાઓના પરમગુરુરૂપ જે સદાશિવે તપ કર્યાં હતાં તે સદાશિવ અમારી રક્ષા કરો. ૧૩.

વિષ્ણુપ્રત્યે અર્થ–પરશુરામાવતારની સ્તુતિ.

येनाधिकोद्यत्तरवारिणाऽऽशुजितोऽर्जुनः संगररङ्गभूमौ ।
नक्षत्रनाथस्फुरितेन तेन नाथेन केनापि वयं सनाथाः ॥ १४ ॥

અધિક ઉગામેલી તરવારવાળા, યુદ્ધરૂપ રંગભૂમીમાં સહસ્રાર્જુન રાજાને તુરત જીતનારા અને ક્ષત્રિયોના અધિપતિઓને જીવવા નહિ દેતા સર્વોત્તમ [5]પરશુરામથી અમો ધણીઆતા છીએ.

શિવપ્રત્યે અર્થ.

અધિક ઉગામેલી તરવારવાળા, મસ્તકમાં પ્રચલિત ગંગાજલવાળા અને લલાટમાં ચંદ્રથી શોભતા જે સદાશિવે યુદ્ધમાં અર્જુનને[6] જીતી લીધો હતો તેથી અમો ધણિયાતા છીએ. ૧૪.

વિષ્ણુપ્રત્યે અર્થ—રામચંદ્રાવતારની સ્તુતિ.

विलासिनाऽलीकभवेन धाम्ना कामं द्विषंतं स दशास्यमस्यन् ।
देवो धरापत्यकुचोष्मसाक्षी देयादमंदात्मसुखानुभूतिम् ॥ १५ ॥

જેથી મિથ્યાભૂત સંસાર પ્રતીત થાય એવી રીતે વિવર્ત પામનાર સ્વરૂપવાળા, રાવણ નામના શત્રૂને પોતાની ઇચ્છા પ્રમાણે મારનારા અને સીતાજીના કુચની ગરમીના સાક્ષી રામચંદ્રજી અમોને આત્મસુખનો પ્રૌઢ આનંદ આપો.

---

૧ વિષ્ણુએ નૃસિંહાવતાર ધરીને હિરણ્યકશિપુ નામના મોટા દૈત્યને માર્યો હતો અને તેના પુત્ર પ્રલ્હાદને ઉત્તમ સ્થિતિ આપી હતી.–જુવો ભાગવત, સપ્તમસ્કંધ, ૮,૯ તથા ૧૦મો અધ્યાય. ૨ ઉપજાતિ. ૩ વિષ્ણુએ વામનાવતાર ધરી બ્રહ્મચારી થઇને બલિરાજાનું રાજ્ય લઇ લીધું હતું.–જુવો ભાગવત, અષ્ટમસ્કંધ, અધ્યાય ૧૮ થી ૨૨ સુધી. ૪ સદાશિવે ભાગ લેવાને વાસ્તે દક્ષના યજ્ઞને તોડયો હતો ને તેમનાં પત્ની સતી મરણ પામ્યાં હતાં.–જુવો ભાગવત, ચતુર્થસ્કંધ, અધ્યાય ૨ થી ૭ સુધી. ૫ પરશુરામની કથા ભાગવત, નવમસ્કંધ ૧૫ તથા ૧૬મા અધ્યાયમાં છે તે જુવો. ૬ સદાશિવે અર્જુનની સાથે યુદ્ધ કર્યાની કથા મહાભારતના વનપર્વમાં છે તે જુવો.

શિવપ્રત્યે અર્થ.

જેથી મિથ્યાભૂત સંસાર પ્રતીત થાય એવી રીતે વિવર્ત પામનારા સ્વરૂપવાળા, ઇંદ્રિયોરૂપી દશ મોહોડાંવાળા કામદેવ નામના શત્રુને મારનારા અને પર્વતની પુત્રી પાર્વતીના કુચની ગરમીના સાક્ષી મહાદેવ અમોને આત્મસુખનો પ્રૌઢ આનંદ આપો. ૧૫.

વિષ્ણુપ્રત્યે અર્થ-બલભદ્રાવતારની સ્તુતિ.

उत्तालकेतुः स्थिरधर्ममूर्तिर्हालाहलस्वीकरणोग्रकण्ठः ।
स रोहिणीशानिशचुंब्यमाननिजोत्तमाङ्गोऽवतु कोऽपि भूमा ॥ १६ ॥

ધ્વજમાં ઊંચા તાડની નિશાનીવાળા, ધર્મનું સ્થાપન કરવાને વાસ્તે અવતરેલા, મદિરાને તથા હલનો સ્વીકાર કરવામાં અતિશયિત ઉત્કંઠાવાળા અને જેમના મસ્તકનું રોહિણીના પતિ વસુદેવ વારંવાર ચુંબન કરતા હતા એવા કોઇ પ્રભુ ([1]બલભદ્ર) અમારી રક્ષા કરો.

શિવપ્રત્યે અર્થ.

ગાયન સંબંધી ઉત્તમ તાલ જાણનારાઓમાં શ્રેષ્ઠ, મોક્ષમય સ્વરૂપવાળા, ઝેરનો સ્વીકાર કરવાને લીધે ઉગ્ર દેખાતા કંઠવાળા, અને જેમના મસ્તકમાં ચંદ્ર નિરંતર રહેલો છે એવા કોઇ પ્રભુ (સદાશિવ) અમારી રક્ષા કરો. ૧૬.

વિષ્ણુપ્રત્યે અર્થ—શ્રીકૃષ્ણાવતારની સ્તુતિ.

विनायकेनाऽकलिताहितापं निषेदुषोत्सङ्गभुवि प्रहृष्यन् ।
यः पूतनामोहिकचित्तवृत्तिरव्यादसौ कोऽपि कलापभूषः ॥ १७ ॥

સર્પોને તાપ ઉપજાવીને પોતાની પાસે બેઠેલા ગરુડથી રાજી થતા, [2]પૂતનાને મોહ ઉપજાવનારી ચિત્તવૃત્તિવાળા અને મયૂરપિચ્છરૂપી ભૂષણોને ધરનારા સર્વોત્તમ પ્રભુ (શ્રીકૃષ્ણ) અમારી રક્ષા કરો.

શિવપ્રત્યે અર્થ.

સુંઢવતે ગંગાજળને મસ્તકપર નાખીને પાસે બેઠેલા ગણપતિથી રાજી થતા, પવિત્ર નામવાળા, ભક્તોનું કલ્યાણ કરવા ઉપર ચિત્તવૃત્તિ રાખનારા અને માથાંઓથી શણગારેલા સર્વોત્તમ પ્રભુ (સદાશિવ) અમારી રક્ષા કરો. ૧૭.

વિષ્ણુપ્રત્યે અર્થ-બુદ્ધાવતારની સ્તુતિ.

पाठीनकेतोर्जयिने प्रतीतसर्वज्ञभावाय दयैकसीम्ने ।
प्रायः क्रतुद्वेषकृतादराय बोधैकधाम्ने स्पृहयामि भूम्ने ॥ १८ ॥

કામદેવને[4] જીતનારા, પ્રખ્યાત સર્વજ્ઞપણાવાળા, દયાની પરમ કાષ્ઠારૂપ, ઘણું કરીને યજ્ઞોનો દ્વેષ[5] કરવામાં રુચિ ધરાવનારા અને બોધના મુખ્ય નિવાસરૂપ બુદ્ધ પરમાત્માને પામવા ઇચ્છું છું.

---

૧ બલભદ્રની મા રોહિણી હતાં અને પિતા વસુદેવ હતા. ધ્વજામાં ઝાડની નીશાની હતી. મદિરા પીવાનું વ્યસન અને હલરૂપ આયુધ હતું.—જુવો ભાગવતનો દશમસ્કંધ તથા મહાભારત, હરિવંશનું નારાયણ પર્વ. ૨ શ્રીકૃષ્ણે બાલ્યાવસ્થામાં પૂતના નામની રાક્ષસીને મારી હતી.—જુવો ભાગવત, દશમસ્કંધ, અધ્યાય ૬. ૩ ઇંદ્રવજ્રા. ૪ બુદ્ધે કામદેવને જીત્યો હતો તે ઉપરથી તેમનું નામ मारजित કહેવાય છે.—જુવો અમરકોશના પહેલા કાંડમાં સ્વર્ગવર્ગનો શ્લોક ૧૩મો. બુદ્ધનું सर्वज्ञ એ નામ પણ અમરકોશના પહેલા કાંડમાં સ્વર્ગવર્ગના ૧૩ મા શ્લોકમાં લખ્યું છે. ૫ દેવતાઓને દુઃખ દેનારા ત્રિપુરવાસી દૈત્યોને કર્મમાર્ગથી ભ્રષ્ટ કરી સદાશિવના હાથથી મારવાને વાસ્તે બુદ્ધે યજ્ઞ આદિ વૈદિક ક્રિયાઓનું ખંડન કરી પાખંડ માર્ગ ચલાવ્યો હતો.—જુવો શિવપુરાણની પહેલી જ્ઞાનસંહિતા.

શિવપ્રત્યે અર્થ.

કામદેવને જીતનારા, પ્રખ્યાત સર્વજ્ઞપણાવાળા, દયાની પરમ કાષ્ઠારૂપ, સંકલ્પોથી રહિત થએલા ભક્તોપર પ્રેમ રાખનારા ઘણું કરીને દક્ષના યજ્ઞનો ભંગ કરનારા વીરભદ્રાદિક ઉપર પ્રેમ રાખનારા અને બોધના મુખ્ય નિવાસરૂપ વ્યાપક સદાશિવને પામવા ઇચ્છું છું ૧૮.

વિષ્ણુપ્રત્યે અર્થ–કલ્કિ અવતારની સ્તુતિ.

व्यतीत्य चेतो विषयं जनानां विद्योतमानाय तमोनिहन्त्रे ।
भूम्ने सदावासकृताशयाय भूयांसि मे संतुतमां नमांसि ॥ १९ ॥

જેને લોકોનાં ચિત્તો પણ પહોચે નહિ એવું સ્વરૂપ ધરીને પ્રકાશતા, કલિયુગનાં પાપોરૂપી અંધકારોને ટાળનારા અને સત્યયુગનું સ્થાપન કરવાના અભિપ્રાયવાળા[2] કલ્કિ ભગવાનને મારા ઘણાઘણા નમસ્કાર હોજો.

શિવપ્રત્યે અર્થ.

જેને લોકોનાં ચિત્તો પણ પહોચે એવા સ્વયંપ્રકાશરૂપવાળા, અજ્ઞાનરૂપ અંધકારને ટાળનારા, સર્વના અંતઃકરણોમાં નિવાસ કરનારા અને કાશીઆદિ ક્ષેત્રોપર રુચિ ધરાવનારા વ્યાપક સદાશિવને મારા ઘણાઘણા પ્રણામ હોજો.” ૧૯.

वृषाकपायीवरयोः सपर्यां वाचाऽतिमोचारसयेति तन्वन् ।
मुनिप्रवीरो मुदितात्मकामो मूकांबिकायाः सदनं प्रतस्थे ॥ २० ॥

એ પ્રમાણે કદલીફલના રસ કરતાં પણ અધિક મધુરતાવાળી વાણીથી વિષ્ણુ અને સદાશિવની પૂજા કરતા અને આ સકામ પુરુષોને આનંદ આપનારા શ્રીશંકરાચાર્ય ત્યાંથી મૂકાંબિકા નામનાં દેવીના મંદિરમાં પધાર્યા. ૨૦.

अङ्के निधाय व्यसुमात्मजातं महाकुलौ हंत मुहुः प्ररुद्य ।
तदेकपुत्रौ द्विजदंपती स दृष्ट्वा दयाधीनतया शुशोच ॥ २१ ॥

એ મંદિરની પાસે એક બ્રાહ્મણ અને એક બ્રાહ્મણી કે જેઓને એક જ એક દીકરો હતો તેઓ મરણ પામેલા પોતાના એક દીકરાને ખોળામાં લઇ વારંવાર રોઇ ખેદથી અત્યંત વ્યાકુલ થઇને બેઠાં હતાં તેઓને જોઇ શંકરાચાર્ય પોતે પણ દયાને આધીન થઇને શોક કરવા લાગ્યા. ૨૧.

अपारमञ्चत्यथ शोकमस्मिन्नभूयतोच्चैरशरीरवाचा ।
जायेत संरक्षितुमक्षमस्य जनस्य दुःखाय परं दयेति ॥ २२ ॥

એ આચાર્ય અપાર શોકને પ્રાપ્ત થતાં તે સમયે ઊંચા સ્વરવાળી આકાશવાણી થઇ કે “જે માણસ રક્ષણ કરવાને અસમર્થ હોય તેને દયા ઉત્પન્ન થાય તો તે કેવલ દુઃખને વાસ્તે જ થાય છે.” ૨૨.

आकर्ण्य वाणीमशरीरिणीं तामसाविति व्याहरति स्म विज्ञः ।
जगत्त्रयीरक्षणदक्षिणस्य सत्यं तवैकस्य तु शोभते सा ॥ २३ ॥

એ પ્રમાણે તે અકાશવાણી સાંભળીને મહાવિચક્ષણ શંકરાચાર્યે તે વાણી બોલનારને કહ્યું કે “તમે કહોછો એ સાચી વાત છે. તમે કે જે ત્રૈલોક્યનું રક્ષણ કરવામાં સમર્થ છો તેમને એકને જ દયા શોભે છે.” (ત્યારે દયા કરીને તમારે આ દુઃખીયાંઓનો શોક મટાડવો જોઇએ.) ૨૩.

---

૧ ઉપજાતિ ૨ કલ્કી અવતારનું ચરિત્ર ભાગવતના દ્વાદશસ્કંધના બીજા અધ્યાયમાં છે.

इतीरयत्येव यतौ द्विजातेः सुतः सुखं सुप्त इवोदतिष्ठत् ।
समीपगैः सर्वजनीनमस्य चारित्र्यमालोक्य विसिष्मिये च ॥ २४ ॥

શ્રીશંકરાચાર્ય એ વચનો બોલતા જ હતા તેટલામાં એ બ્રાહ્મણનો પુત્ર જાણે સૂતો ઉઠતો હોય તેમ ઉઠ્યો અને એ ઉઠતાં પાસે ઉભેલાઓ શ્રીશંકરાચાર્યનું સર્વ લોકોને હિત આપનારૂં એ ચરિત્ર જોઇને વિસ્મય થયા. ૨૪.

[1]रम्योपशल्यं कृतमालसालरसालहिंतालतमालशालैः ।
सिद्धिस्थलं साधकसंपदां तन्मूकांबिकायाः सदनं जगाहे ॥ २५ ॥

પછી શ્રીશંકરાચાર્ય એ મૂકાંબિકાનું સ્થાનક જે ગરમાળા, સાલ, આંબા, હિંતાલ, તમાલ, અને શાલ આદિ વૃક્ષોથી શોભી રહ્યું અને સાધક લોકોને સઘળી સિદ્ધિઓ પામવાના સ્થલરૂપ હતું તેની અંદર પધાર્યા. ૨૫.

[2]उच्चावचानंदजबाष्पमुच्चैरुद्गीर्णरोमांचमुदारभक्तिः ।
अंबापिहापारकृपावलंबां संभावयन्नस्तुत निस्तुलं सः ॥ २६ ॥

એ સ્થલમાં બ્રહ્મલોકના આનંદથી પણ અધિક આનંદ ઉત્પન્ન થવાને લીધે આંસુનો પ્રવાહ ચલાવતાં ચલાવતાં અને અત્યંત રોમાંચથી વ્યાપ્ત થતાંથતાં શ્રીશંકરાચાર્યે અપાર કૃપાના નિધાનરૂપ એ જગદંબાની પૂજન કરવાના સમયમાં નીચે પ્રમાણે નિરુપમ સ્તુતિ કરી. ૨૬.

पारेपरार्धं पदपद्मभासु षष्ट्युत्तरं ते त्रिशतं तु भासः ।
आविश्य वह्न्यर्कसुधामरीचीनालोकवंत्यादधते जगंति ॥ २७ ॥

"હે જગદંબ! તમારાં ચરણકમલના કિરણો કે જેવો પરાર્દ્ધથી પણ અધિક છે તેઓમાંથી ત્રણસો ને સાઠ કિરણો તો અગ્નિ સૂર્ય અને ચંદ્રમાં પ્રવેશ કરીને જગતને પ્રકાશિત કરે છે. ૨૭.

अंतश्चतुःषष्ट्युपचारभेदैरंतेवसत्काण्डपटप्रदानैः ।
आवाहनाद्यैस्तव देवि नित्यमाराधनामादधते महांतः ॥ २८ ॥

હે દેવી! મહાત્મા પુરુષો પોતાના મનની અંદર જેઓમાં સમયે સમયે અંતરપટ દેવામાં આવે છે એવા આવાહન આદિ ચોસઠ[3] ઉપચારોથી નિત્ય તમારૂં આરાધન કરે છે. ૨૮.

[4]अंबोपचारेष्वधिसिंधुषष्टि शुद्धाज्ञयोः शुद्धिदमेकमेकम् ।
सहस्रपत्रे द्वितये च साधु तन्वन्ति धन्यास्तव तोषहेतोः ॥ २९ ॥

હે અંબ! ભાગ્યશાળી ભક્તો તમને પ્રસન્ન કરવાને વાસ્તે વિશુદ્ધચક્રમાં[5] આજ્ઞાચક્રમાં અને ધ્રુવમંડલ નામના સહસ્રપત્ર કમલમાં છોસઠ ઉપચારોમાંથી શુદ્ધિ આપનારા એક એક ઉપચારનું અનુક્રમથી સારી રીતે અર્પણ કરે છે. ૨૯.

[6]आराधनं ते बहिरेव केचिदंतर्बहिश्चैकतमेऽन्तरेव ।
अन्ये परे त्वम्ब कदापि कुर्युर्नैव त्वदैक्यानुभवैकनिष्ठाः ॥ ३० ॥

હે અંબ! પ્રાકૃત પુરુષો તમારૂં બહારથી જ આરાધન કરે છે. મધ્યમ પુરુષો બહારથી તથા

---

૧ ઉપજાતિ. ૨ ઇન્દ્રવજ્રા. ૩ આવાહન, આસન, આરોપણ, સુગંધિ તૈલથી અભ્યંગ, સ્નાન અને શાલાપ્રવેશ આદિ ચોસઠ ઉપચારો મંત્રશાસ્ત્રના ગ્રંથોમાં લખ્યા છે. ૪ ઉપજાતિ. ૫ શરીરની અંદર રહેલાં ચક્રોનું વર્ણન તાંત્રિક ગ્રન્થોમાં ઘણા વિસ્તારથી લખ્યું છે. હાલ પણ અનુષ્ઠાન કરતી વખતે ભૂતશુદ્ધિ કરવામાં આવે છે. તેમાં બ્રાહ્મણો એ ચક્રોના વર્ણનનો પાઠ બોલી જાય છે. ૬ ઇન્દ્રવજ્રા.

અંદરથી પણ આરાધન કરે છે, ઉત્તમ પુરુષો અંદર (હૃદયમાં જ) આરાધન કરે છે અને તમારી સાથે પોતાની એકતાના અનુભવમાં જ નિષ્ઠાવાળા અતિ ઉત્તમ જ્ઞાની પુરુષો તો કદી પણ તમારૂં આરાધન કરતા નથી. ૩૦.

अष्टोत्तरत्रिंशति याः कलास्तास्वर्ध्याः कलाः पञ्चनिवृत्तिमुख्याः ।
तासामुपर्यंब तवाङ्घ्रिपद्मं विद्योतमानं विबुधा भजन्ते ॥ ३१ ॥

હે મા! તમારી આડત્રીશ[1] કલાઓમાં જે બોધની આદિ નિવૃત્તિ પ્રધાન ઉત્તમ પાંચ કલાઓ છે તેઓની ઉપર પ્રકાશતા તમારાં ચરણારવિંદને દેવતાઓ તથા પંડિતો ભજે છે. ૩૧.

कालाग्निरूपेण जगन्ति दग्ध्वा सुधात्मनाऽऽप्लाव्य समुत्सृजन्तीम् ।
ये त्वामवंतीममृतात्मनैव ध्यायंति ते सृष्टिकृतो भवंति ॥ ३२ ॥

જે સાધકો, કાલાગ્નિરૂપથી બ્રહ્માંડોને બાળી તેઓને પાછાં અમૃતરૂપે ભીંજવી સજીવન કરીને અમૃતરૂપથી જ પાળનારા એવા આપનું ધ્યાન કરે છે તેઓ સૃષ્ટિ કરવાના સામર્થ્યવાળા થાય છે. ૩૨.

[3]ये प्रत्यभिज्ञामतपारविज्ञा धन्यास्तु ते प्राग्विदितां गुरूक्त्या ।
सैवाहमस्मीति समाधियोगात्त्वां प्रत्यभिज्ञाविषयं विदध्युः ॥ ३३ ॥

જેઓ ગુરુનાં વચનથી પ્રથમ જાણવામાં આવેલાં આપને સમાધિના યોગથી જે જગદંબાનું સ્વરૂપ છે તે હું જ છું એવી રીતે ઓળખે છે તેઓ બ્રહ્મવિદ્યાના પારને પામેલા હોવાથી અત્યંત ભાગ્યશાળી છે. ૩૩.

[4]आधारचक्रे च तदुत्तरस्मिन्नाराधयंत्यैहिकभोगलुब्धाः ।
उपासते ये मणिपूरके त्वां वासस्तु तेषां नगराद्बहिस्ते ॥ ३४ ॥

જે લોકો આધારચક્રમાં અને તે પછીના સ્વાધિષ્ઠાનચક્રમાં તમારૂં આરાધન કરે છે તેઓને આ લોકનાં જ સુખો મળે છે. જે લોકો મણિપૂરચક્રમાં તમારી ઉપસના કરે છે તેઓને તમારા નગરથી બહાર નિવાસ મળે છે. ૩૪.

अनाहते देवि भजंति ये त्वामंतःस्थितिस्त्वन्नगरे तु तेषाम् ।
शुद्धाज्ञयोर्ये तु भजंति तेषां क्रमेण सामीप्यसमानभोगौ ॥ ३५ ॥

હે દેવી! જેઓ અનાહતચક્રમાં તમારૂં ભજન કરે છે તેઓને તમારા નગરની અંદર રહેવાનું મળે છે. જેઓ વિશુદ્ધિચક્રમાં તમારૂં ભજન કરે છે તેઓને તમારી પાસે રહેવાનું મળે છે. જેઓ આજ્ઞાચક્રમાં તમારૂં ભજન કરે છે તેઓને તમારા જેવા વૈભવો મળે છે. ૩૫.

सहस्रपत्रे ध्रुवमण्डलाख्ये सरोरुहे त्वामनुसंदधानः ।
चतुर्विधैक्यानुभवास्तमोहः सायुज्यमंबाश्नुति साधकेंद्रः ॥ ३६ ॥

---

१ हा આધારશક્તિ, यं ધૂમ્રાર્ચિ, रं ઊષ્મા, लं જ્વલિની, वं જ્વાલિનિ, शं વિસ્ફુલિંગિની, षं સુશ્રીઃ, सं સૂપાયા, हं કવિતા, हुं કાવ્યવાહા, कंमं તપિની, खंबं તાપિની, गंफं ધૂમ્રા, घंपं મરીચી, ङंनं જ્વાલિની, चंचं રુચિઃ, छंदं સુષુમ્ના, जंथं ભોગદા, झंतं વિશ્વા, ञंणं બોધિની, रंहं ધારિણી, णंवं ક્ષમા, अं અમૃતા, आं માનદા, इं પુશ્પા, ईं તુષ્ટિઃ उं પુષ્ટિઃ ऊं રતિઃ, ऋ ધૃતિઃ, ॠं શશિની, ऌं ચંદ્રિકા, ॡं કાન્તિ, एं જ્યોત્સ્ના, ऐं શ્રીઃ, ओं પ્રીતિઃ, औं ગદા, अँ પૂર્ણા, अः પૂર્ણામૃતાઃ આ આડત્રીશ કળાઓ તંત્રશાસ્ત્રમાં લખેલી છે. २ ઉપજાતિ. ૩ ઇન્દ્રવજ્રા. ४ ઉપજાતિ.

હે અંબ! પણ જે ઉત્તમ સાધક ધ્રુવમંડલ નામના સહસ્રપત્ર કમલમાં તમારૂં અનુસંધાન કરે છે તેનો મોહ ચાર પ્રકારની એકતાના અનુભવથી નષ્ટ થઇ જવાને લીધે તે સાધક તમારી સાથે જોડાઇ જાય છે. ૩૬.

श्रीचक्रषट्चक्रकयोः पुरोऽथ श्रीचक्रमन्वोरपि चिंतितैक्यम् ।
चक्रस्य मन्त्रस्य ततस्त्वैक्यं क्रमादनुध्यायति साधकेंद्रः ॥ ३७ ॥

એ ઉત્તમ સાધક પ્રથમ [1]શ્રીચક્રની તથા ઉપર કહેલાં આજ્ઞાચક્ર આદિ છ ચક્રની એકતાનો અનુભવ કરે છે, તે પછી શ્રીચક્રની તથા મંત્રની એકતાનો અનુભવ કરે છે, તે પછી શ્રીચક્રની અને તમારી એકતાનો અનુભવ કરે છે અને તે પછી મંત્રની અને તમારી એકતાનો અનુભવ કરે છે તો એ ચાર પ્રકારની એકતાના અનુભવથી તમારી સાથે જોડાઇ જાય એમાં કાંઇ આશ્ચર્ય નથી." ૩૭.

इति तां वचनैः प्रपूज्य भैक्षौदनमात्रेण स तुष्टिमान्कृतार्थः ।
बहुसाधकसंस्तुतः कियंतं समयं तत्र निनाय शांतचेताः ॥ ३८ ॥

સ્વરૂપના લાભથી કૃતાર્થ થએલા શ્રીશંકરાચાર્યે એ પ્રમાણે વચનોથી મૂકાંબિકાની સ્તુતિ કરી ભિક્ષામાં મળતા ભાત માત્રથી સંતોષ રાખતાં ઘણા સાધકોની સાથે ચિત્તમાં શાંતિ ધરીને ત્યાં જ કેટલોક સમય કહાડ્યો. ૩૮.

श्रयति स ततोऽग्रहारकं श्रीवलिसंज्ञं स कदाचन स्वशिष्यैः ।
अनुगेहहुताग्निहोत्रदुग्धप्रसरत्पावनगंधलोभनीयम् ॥ ३९ ॥

---

१ " बिन्दुत्रिकोणवसुकोणदशारयुग्ममन्वस्रनागदलसंयुतषोडशारम् ।
वृत्तत्रयं च धरणीसदनत्रयं च श्रीचक्रमेतदुदितं परदेवतायाः ॥ "
चतुर्भिः शिवचक्रैश्च शक्तिचक्रैश्च पञ्चभिः । नवचक्रैश्च संसिद्धं श्रीचक्रं शिवयोर्वपुः ॥
त्रिकोणमष्टकोणं च दशकोणद्वयं तथा । चतुर्दशारं चैतानि शक्तिचक्राणि पञ्च च ॥
बिन्दुश्चाष्टदलं पद्मं तथा षोडशपत्रकम् । चतुरस्रं चतुर्द्वारं शिवचक्राण्यनुक्रमात् ॥
त्रिकोणे बैन्दवं श्लिष्टमष्टारेऽष्टदलाम्बुजम् । दशारयोः षोडशारं भूगृहं भुवनास्रके ॥
शैवानामपि शाक्तानां चक्राणां च परस्परम् । अविनाभावसंबन्धं यो जानाति स चक्रवित् ॥
त्रिकोणरूपिणी शक्तिर्बिन्दुरूपः सदाशिवः । अविनाभावसंबंधं तस्माद्बिन्दुत्रिकोणयोः ॥
एवं विभावमज्ञात्वा श्रीचक्रं यः समर्चयेत् । न तत्फलमवाप्नोति ललिता वा न तुष्यति ॥

પ્રથમ બિંદુ, પછી ત્રિકોણ, પછી અષ્ટકોણ, પછી દશકોણ, પછી દશકોણ, પછી ચતુર્દશકોણ, પછી અષ્ટકોણ; પછી દશકોણ, પછી ષોડશકોણ, પછી ત્રણ વૃત્ત અને છેલ્લે ત્રણ ભૂગૃહ એવી રીતે આળેખવાથી શ્રીચક્ર નામનો યંત્ર થાય છે. ચાર શિવચક્રો તથા પાંચ દેવીચક્રો મળીને નવ ચક્રોથી જે તયાર થાય છે તેને શ્રીચક્ર એમ કહે છે. ત્રિકોણ, અષ્ટકોણ, બે દશકોણ, તથા ચતુર્દશકોણ એઓ પાંચ શક્તિચક્રો છે. બિંદુ, અષ્ટપત્ર, પદ્મ, ષોડશપત્ર, તથા ચતુષ્કોણ અને તેને ચાર દરવાજા હોવા એઓને ક્રમથી શિવચક્રો કહે છે. ત્રિકોણમાં બિંદુચક્ર, અષ્ટકોણમાં અષ્ટપત્રકમલ, દશકોણ બે ચક્રોમાં ષોડશપત્રચક્ર, તથા ચતુર્દશદલમાં ભૂગૃહ સંયુક્ત થાય છે. શિવચક્રો તથા શક્તિચક્રોનો પરસ્પર સાથે બધો સંબંધ જે જાણે છે તેને જ ચક્રજ્ઞ કહે છે. શક્તિ એ ત્રિકોણરૂપિણી છે, તથા શિવ એ બિંદુરૂપ છે. માટે બિંદુ અને ત્રિકોણ એઓમાં પરસ્પર સાથે અવિનાભાવસંબંધ એટલે સંયુક્તસંબંધ છે. એ પ્રકારે ખરી સ્થિતિ ન જાણતાં જે શ્રીચક્રની પૂજા કરે છે, તેને તે પૂજાનું કાંઇપણ ફળ મળતું નથી, તથા તેની ઉપર જગદંબાદેવી પણ સંતુષ્ટ થતાં નથી.—શારદાતિલકાદિ મંત્રશાસ્ત્ર.
૨ વસન્તમાલિકા.

પછી ત્યાંથી કોઇ દિવસે પોતાના શિષ્યોની સાથે બ્રાહ્મણોની વસ્તીવાળા અને પ્રત્યેક ઘરની અંદર અગ્નિહોત્રમાં હોમવામાં આવતા દૂધના પ્રસરતા સુગંધથી લલચાવનારા શ્રીવલી નામના ગામમાં પધારયા. ૩૯.

[1]यतोऽपमृत्युर्बहिरेव याति भ्रांत्वा प्रदेशं शनकैरलब्ध्वा ।
दृष्ट्वा द्विजातीन्निजकर्मनिष्ठान्दूरान्निषिद्धं त्यजतोऽप्रमत्तान् ॥ ४० ॥
यस्मिन्सहस्रद्वितयं जनानामग्न्याहितानां श्रुतिपाठकानाम् ।
वसत्यवश्यं श्रुतिचोदितासु क्रियासु दक्षं प्रथितानुभावम् ॥ ४१ ॥

એ ગામમાં અકાલમૃત્યુ જાણે પોતાનો પ્રદેશ શોધવા માટે ચારે કોર ધીરેધીરે ફરવાનો પ્રયત્ન કર્યા છતાં પણ સ્વધર્મમાં નિષ્ઠા રાખનાર અને નિષિદ્ધ આચરણોનો દૂરથી જ ત્યાગ કરનારા બ્રાહ્મણોને જોઇ પ્રદેશ નહિ મલતાં નિરાશ થઇને બહાર દૂર ભાગી ગયો [2]હોય એમ હતું (કોઇ માણસનું અકાલમરણ થતું જ નહિ) અને વેદ ભણનારા, વેદમાં કહેલી આવશ્યક ક્રિયાઓ કરવામાં નિપુણતા ધરાવનારા તથા પ્રખ્યાત પ્રભાવવાળા એ હજાર અગ્નિહોત્રી બ્રાહ્મણો રહેતા હતા. ૪૦, ૪૧.

मध्ये वसन्यस्य करोति भूषां पिनाकपाणिर्गिरिजासहायः ।
हारस्य यष्टेस्तरलो यथा वै रात्रेरिवेंदुर्गगनाधिरूढः ॥ ४२ ॥

મધ્યમાં પાર્વતીની સાથે લિંગરૂપે રહેલા સદાશિવ જેમ વચલો મણિ હારની સરને શોભાવે અને જેમ આકાશમાં ચડેલો ચંદ્ર રાત્રિને શોભાવે [3]તેમ એ ગામને શોભાવતા હતા. ૪૨.

[4]तत्र द्विजः कश्चन शास्त्रवेदी प्रभाकराख्यः प्रथितोनुभावः ।
प्रवृत्तिशास्त्रैकरतः सुबुद्धिरास्ते क्रतून्मीलितकीर्तिवृन्दः ॥ ४३ ॥

એ ગામમાં શાસ્ત્રોને જાણનાર, પ્રખ્યાત પ્રભાવવાળો, પ્રવૃત્તિશાસ્ત્રમાં જ નિષ્ઠાવાળો, ઉત્તમ બુદ્ધિવાળો અને જેણે યજ્ઞો કરવાથી પોતાની કીર્તિના સમૂહનો ઉદય કર્યો હતો એવો કોઇ પ્રભાકર નામનો બ્રાહ્મણ રહેતો હતો. ૪૩.

[5]गावो हिरण्यं धरणी समग्रा सद्बांधवा ज्ञातिजनाश्च तस्य ।
संत्येव किं तैर्न हि तोष एभिः पुत्रो यदस्याजनि मुग्धचेष्टः ॥ ४४ ॥

એ બ્રાહ્મણને ગાયો, ધન, જોઇએ તેટલી સંપૂર્ણ પૃથ્વી, સારા બાંધવો અને સારા સારા જાતભાઇઓ હતા તો પણ તેનો દીકરો ઘેલા જેવો થયો હતો તેથી તે બ્રાહ્મણ કોઇ રીતે એઓથી સંતોષ પામતો ન હતો. ૪૪.

न वक्ति किंचिन्न शृणोति किंचिद्ध्यायन्निवाऽऽस्ते किल मंदचेष्टः ।
रूपेषु मारो महसा महस्वान्मुखेन चंद्रः क्षमया महीसमः ॥ ४५ ॥

મંદચેષ્ટાવાળો એ બ્રાહ્મણનો પુત્ર કામદેવ જેવો રૂપાળો, સૂર્ય જેવો તેજસ્વી, ચંદ્રજેવા મુખવાળો અને પૃથ્વીના જેવી ક્ષમાવાળો હતો તો પણ કાંઇ બોલતો ન હતો, કાંઇ સાંભળતો ન હતો અને જાણે કોઇ ઊંડા વિચારમાં પડ્યો હોય તેમ બેસી રહેતો હતો. ૪૫,

ग्रहग्रहात्किं जडवद्विचेष्टते किंवा स्वभावादुत पूर्वकर्मणः ।
संचिंतयंस्तिष्ठति तत्पिताऽनिशं समागतान्प्रष्टुमना बहुश्रुतान् ॥ ४६ ॥

આ તે શું ઝોડ વળગવાથી જડની પેઠે ચેષ્ટા કરે છે કે કોઇ પૂર્વકર્મના યોગથી જ

---

[1] ઉપજાતિ. [2] અકાલમૃત્યુના દૂર ભાગી જવામાં નિરાશપણારૂપ હેતુની સંભાવના કરી છે માટે હેતૂત્પ્રેક્ષા અલંકાર. [3] માલોપમ અલંકાર. [4] ઇન્દ્રવજ્રા. [5] ઉપજાતિ.

જડની પેઠે ચેષ્ટા કરે છે અથવા આનો સ્વભાવ જ આવો છે? એવો નિરંતર વિચાર કર્યા કરતો તેનો પિતા પ્રભાકર, ગામમાં કોઇ બહુશ્રુત લોકો આવે તો તેઓને એ વિષે પૂછ-વાનું ધારતો હતો. ૪૬.

शिष्यैः प्रशिष्यैर्बहुपुस्तभारैः समागतं कंचन पूज्यपादम्।
शुश्राव तं ग्राममनिंदितात्मा निनाय सूनुं निकटं स तस्य ॥ ४७ ॥

તેટલામાં કોઇ માહાત્મા સંન્યાસી શિષ્યો, પ્રશિષ્યો તથા ઘણાંઘણાં પુસ્તકોને સાથે લઇને ગામમાં આવ્યા છે એવું સાંભળવામાં આવતાં તે ભલો બ્રાહ્મણ પોતાના તે પુત્રને તેમની (શ્રીશંકરાચાર્ય) પાસે લઇ ગયો. ૪૭.

न शून्यहस्तो नृपमिष्टदैवं गुरुं च यायादिति शास्त्रवित्स्वयम्।
सोपायनः प्राप गुरुं व्यशिश्रणत्फलं ननामास्य च पादपङ्कजे ॥ ४८ ॥

રાજાની પાસે, ઇષ્ટદેવની પાસે અને ગુરુની પાસે ખાલી હાથે નહિ જવું[3] એ શાસ્ત્રના વચનને જાણનારા પ્રભાકરે ફલરૂપ ભેટ લઇ શંકરાચાર્યની પાસે જઇ તે ફલ એમને આપ્યું અને એમના ચરણારવિંદમાં પ્રણામ કર્યા. ૪૮.

अनीनमत्तं च तदीयपादयोर्जडाकृतिं भस्मनिगूढवह्निवत्।
स नोदतिष्ठत्पतितः पदांबुजे प्रायः स्वजाड्यं प्रकटं विधित्सति ॥ ४९ ॥

ભસ્મમાં ભારેલા અગ્નિની પેઠે જડ આકૃતિવાળા પોતાના પુત્રને તેણે શ્રીશંકરાચાર્યના ચરણારવિંદમાં નમાવ્યો તે સમયે ચરણમાં પડેલો એ જડપુત્ર, પોતાનું જડપણું પ્રકટ કરવાને વાસ્તે પાછો ન ઉઠતાં એમનેએમ પડ્યો રહ્યો. ૪૯.

उपात्तहस्तः शनकैरवाङ्मुखं तं देशिकेंद्रः कृपयोदतिष्ठिपत्।
उत्थापिते स्वे तनये पिताऽब्रवीद्वद प्रभो जाड्यममुष्य किं कृतम् ॥ ५० ॥

वर्षाण्यतीयुर्भगवन्नमुष्य पञ्चाष्ट जातस्य विनावबोधम्।
नाध्यैष्ट वेदानलिखच्च नार्णानचीकरं चोपनयं कथंचित् ॥ ५१ ॥

क्रीडापरः क्रोशति बालवर्गस्तथापि न क्रीडितुमेष याति।
बालाः शठा मुग्धमिमं निरीक्ष्य संताडयंतेऽपि न रोषमेति ॥ ५२ ॥

भुङ्क्ते कदाचिन्न तु जातु भुङ्क्ते स्वेच्छाविहारी न करोति चोक्तम्।
तथाऽपि रुष्टेन न ताड्यतेऽयं स्वकर्मणा वर्धत एव नित्यम् ॥ ५३ ॥

પછી શ્રીશંકરાચાર્યે કૃપાથી તેનો હાથ પકડી ધીરેથી ઉઠાડતાં તેના પિતાએ શ્રીશંકરા-ચાર્યને કહ્યું કે "પ્રભો! આ મારા પુત્રને જડતા શા હેતુથી થઇ છે તે કહો? મહારાજ! આના જન્મને તેર વર્ષ વ્યતીત થઇ ગયાં છે પણ આ કાંઇ સમજતો નથી. વેદ ભણ્યો નથી અને અક્ષરો પણ લખી જાણતો નથી. આમ છતાં પણ મેં કેમે કરી આને જનોઇ દિધું છે. રમવામાં આસક્તિવાળા બીજા બાલકો ચીસો પાડીને આને બોલાવે છે તો પણ આ રમવા જતો નથી. ખંધા છોકરાઓ આને જડ જોઇને મારે છે તો પણ આને રીસ ચડતી નથી. આ પુત્ર કોઇ સમયે જમે છે અને કોઇ સમયે જમતો પણ નથી. પોતાની ઇચ્છા પ્રમાણે ચાલ-

---

૧ આખ્યાનકી વૃત્ત. ૨ ઉપજાતિ. ૩ આ જ ભાવાર્થનો શ્લોક શાસ્ત્રમાં પણ છે તે જુઓઃ—
" रिक्तहस्तस्तु नोपेयाद्राजानं दैवतं गुरुम्। "

નાર હોવાથી આ મારૂં કહ્યું માનતો નથી તો પણ હું રીસ ચડાવીને આને મારતો નથી. આ પુત્ર કેવલ એના પ્રારબ્ધથી જ નિત્ય ઉછરતો આવે છે." ૫૦, ૫૧, ૫૨, ૫૩.

॥१२.२१· **इतीरयित्वोपरते च विप्रे पप्रच्छ तं शंकरदेशिकेंद्रः ।**
कस्त्वं किमेवं जडवत्प्रवृत्तः स चाब्रवीद्बालवपुर्महात्मा ॥ ५४ ॥

એટલાં વચન બોલીને પ્રભાકર ચૂપ રહ્યો એટલે શ્રીશંકરાચાર્યે તે જડને પૂછ્યું કે "તું કોણ છે અને આમ જડની પેઠે શા માટે ચેષ્ટા કરે છે?" એ ઉપરથી એ બાલકશરીરવાળા મહાત્માએ શ્રીશંકરાચાર્યને નીચે પ્રમાણે કહ્યું: ૫૪.

॥१२.२२ **नाहं जडः किंतु जडः प्रवर्तते मत्संनिधानेन न संदिहे गुरो ।**
षडूर्मिषड्भावविकारवर्जितं सुखैकतानं परमस्मि तत्पदम् ॥ ५५ ॥

"હે ગુરો! હું જડ નથી પણ જે (દેહાદિક) જડ છે તે મારા સામીપ્યને લીધે પ્રવર્તે છે એ વાતમાં મને કશો સંદેહ નથી. છ [1]ઉર્મિઓથી તથા છ [2]ભાવવિકારોથી રહિત અને કેવલ સુખસ્વરૂપ જે પરમપદ છે તે હું છું. ૫૫.

॥१२.२३· **[3]ममेव भूयादनुभूतिरेषा मुमुक्षुवर्गस्य निरूप्य विद्वन् ।** विद्वान्
पद्यैः परैर्द्वादशभिर्बभाषे चिदात्मतत्त्वं विधुतप्रपञ्चम् ॥५६ ॥ -प्रपञ्चः॥

હે વિદ્વાન્! આ મુમુક્ષુ લોકોને પણ મારા જેવો અનુભવ થાય એમ હું ઇચ્છું છું." એટલાં વચન બોલીને એ જડે [4]બાર શ્લોકથી નિષ્પ્રપંચ પરમાત્માના તત્ત્વનું નિરૂપણ કર્યું. ૫૬.

---

૧ શોક, મોહ, ક્ષુધા, પિપાસા, જરા અને મૃત્યુ એ છ ઉર્મિઓ (મોજા) કહેવાય છે. ૨ જન્મવું, જન્મ્યા પછી હોવું, વધવું, ફેરફાર પામવો, ઘટવું અને નષ્ટ થવું એ છ ભાવવિકારો કહેવાય છે. ૩ ઉપજાતિ. ૪ આ બાર શ્લોક નીચે પ્રમાણે છે:—

निमित्तं मनश्चक्षुरादिप्रवृत्तौ निरस्ताखिलोपाधिराकाशकल्पः ।
रविर्लोकचेष्टानिमित्तं यथा यः स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ १ ॥
यमग्न्युष्णवन्नित्यबोधस्वरूपं मनश्चक्षुरादीन्यबोधात्मकानि ।
प्रवर्तंत आश्रित्य निष्कम्पमेकं स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ २ ॥
मुखाभासको दर्पणे दृश्यमानो मुखत्वात्पृथक्त्वेन नैवास्ति वस्तु ।
चिदाभासको धीषु जीवोऽपि तद्वत्स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ३ ॥
यथा दर्पणाभाव आभासहानौ मुखं विद्यते कल्पनाहीनमेकम् ।
तथा धीवियोगे निराभासको यः स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ४ ॥
मनश्चक्षुरादेर्वियुक्तः स्वयं यो मनश्चक्षुरादेर्मनश्चक्षुरादिः ।
मनश्चक्षुरादेरगम्यस्वरूपः स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ५ ॥
य एको विभाति स्वतः शुद्धचेताः प्रकाशस्वरूपोऽपि नानेव धीषु ।
शरावोदकस्थो यथा भानुरेकः स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ६ ॥
यथाऽनेकचक्षुःप्रकाशो रविर्न क्रमेण प्रकाशीकरोति प्रकाश्यम् ।
अनेका धियो यस्तथैकः प्रबोधः स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ७ ॥
विवस्वत्प्रभातं यथा रूपमक्षं प्रगृह्णाति नाऽऽभातमेवं विवस्वान् ।
तथा भात आभासयत्येकमक्षं स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ८ ॥
यथा सूर्य एकोऽप्यनेकश्चलासु स्थिरास्वप्सु चैकोऽप्विभाव्यस्वरूपः ।
चलासु प्रभिन्नः स्वधीष्वेक एव स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ९ ॥
घनच्छन्नदृष्टिर्घनच्छन्नमर्कं यथा मन्यते निष्प्रभं चातिमूढः ।
तथा बद्धवद्भाति यो मूढदृष्टेः स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ १० ॥

प्रकाशयंते परमात्मतत्त्वं करस्थधात्रीफलवद्यदेकम् । "१२.२४
श्लोकास्तु हस्तामलकाः प्रसिद्धास्तत्कर्तुराख्याऽपि तथैव वृत्ता ॥ ५७ ॥

તેણે કહેલા બાર શ્લોક હસ્તામલ(હાથમાં રહેલાં આમળાં)ની પેઠે પરમાત્માના તત્ત્વને પ્રકાશિત કરે છે માટે તે શ્લોકો ત્યારથી હસ્તામલક એ નામથી પ્રસિદ્ધ થયા અને તે શ્લોકોને કરનારા એ બાલકનું નામ પણ હસ્તામલક કહેવાયું. ૫૭.

समस्तेषु वस्तुष्वनुस्यूतमेकं समस्तानि वस्तूनि यं न स्पृशन्ति ।
वियद्वत्सदा शुद्धमच्छस्वरूपः स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा ॥ ११ ॥
उपाधौ यथा भेदता सन्मणीनां तथा भेदता बुद्धिभेदेषु तेऽपि ।
यथा चन्द्रिकाणां जले चञ्चलत्वं तथा चञ्चलत्वं तवापीह विष्णो ॥ १२ ॥

જે મન અને નેત્ર વગેરે ઇન્દ્રિયોની પ્રવૃત્તિના કારણરૂપ, સમસ્ત માયા વગેરેની ઉપાધિયોને નાશ કરનાર, આકાશતુલ્ય નિર્મલ, અને જેમ લોકોની પ્રવૃત્તિના કારણરૂપ સૂર્ય છે, તેમ સર્વ ઇન્દ્રિયોની પ્રવૃત્તિના કારણરૂપ તથા નિરંતર પ્રાપ્તિસ્વરૂપ એવો આત્મા તે હું છું. ૧.

જેમ અગ્નિમાં ઉનાપણું રહ્યું છે તેમ જ નિષ્કંપ—અચલ, એક અને નિત્ય બોધસ્વરૂપનો આશ્રય કરીને બોધ રહિત (જડરૂપ) નેત્ર વગેરે ઇન્દ્રિયો પ્રવર્તે છે તે નિરંતર પ્રાપ્તિસ્વરૂપ એવો આત્મા તે હું છું. ૨.

જેમ દર્પણમાં દેખાતો મુખનો આભાસ વસ્તુએ કરીને મુખથી જૂદો નથી, તેમ બુદ્ધિઓને વિષે રહેલો ચિદાભાસ (ચૈતન્યરૂપ) જીવ તથા નિરંતર પ્રાપ્તિસ્વરૂપ એવો આત્મા તે હું છું. ૩.

જેમ દર્પણ ન હોય ત્યારે આભાસ (પ્રકાશ) વિના કલ્પના રહિત એક જ મુખ દેખાય છે તેમ જ બુદ્ધિના વિયોગ અને પ્રતિબિંબ વિનાનો તથા નિરંતર પ્રાપ્તિસ્વરૂપ એવો આત્મા તે હું છું. ૪.

મન અને નેત્ર વગેરે ઇન્દ્રિયોથી જૂદો મન અને નેત્ર વગેરે ઇન્દ્રિયોથી પણ આદિ અને મન અને નેત્ર વગેરે ઇન્દ્રિયોથી પણ જેનું સ્વરૂપ જાણી શકાય નહિ એવો તથા નિરંતર પ્રાપ્તિસ્વરૂપ એવો આત્મા તે હું છું. ૫.

જે એક પોતે જ શુદ્ધ ચૈતન્યરૂપ અને પ્રકાશસ્વરૂપ નાના પ્રકારની બુદ્ધિઓને વિષે જેમ જૂદા જૂદા ભરેલા પાણીના ઘડાને વિષે સૂર્યનું પ્રતિબિંબ એક જ રહેલું છે તેમ રહેલા તથા નિરંતર પ્રાપ્તસ્વરૂપ એવો આત્મારૂપ હું છું. ૬.

જેમ સૂર્ય અનેક નેત્રોનો પ્રકાશ અનુક્રમે ન કરતાં એક જ વખતે કરે છે તેમ જ અનેક બુદ્ધિઓને એક જ વખતે પ્રબોધ કરનાર તથા નિરંતર પ્રાપ્તિસ્વરૂપ એવો આત્મા તે હું છું. ૭.

જેમ સૂર્યે પ્રકાશ કરેલા રૂપને નેત્ર ગ્રહણ કરી શકે છે–જોઇ શકે છે-પણ સૂર્યે પ્રકાશ ન કરેલા રૂપને ગ્રહણ કરી શકાતું નથી તેમ જ સૂર્ય પણ જેના પ્રકાશથી પ્રકાશે છે એવો તથા નિરંતર પ્રાપ્તિસ્વરૂપ એવો આત્મા તે હું છું. ૮.

જેમ એક સૂર્ય અનેક ચંચળ અથવા સ્થિર એવા પાણીના ઘડાઓને વિષે જૂદોજૂદો દેખાય છે તેમ જ ચંચળ અને જૂદીજૂદી બુદ્ધિઓને વિષે રહેલો તથા નિરંતર પ્રાપ્તસ્વરૂપ એવો આત્મા તે હું છું. ૯.

જેમ મેઘથી આંતરીત થયેલી દૃષ્ટિવાળો જડ માણસ, મેઘથી ઢંકાએલા સૂર્યને કાંતિરહિત માને છે તેમ જ મૂઢ દૃષ્ટિવાળા પુરુષો થકી મૂઢ ન છતાં મૂઢ જણાતો તથા નિરંતર પ્રાપ્ત સ્વરૂપ એવો આત્મા તે હું છું. ૧૦.

જે સર્વ વસ્તુમાં (જેમ મણકામાં દોરો પરોવાયેલો છે તેમ) પરોવાયેલો છે અર્થાત્ રહ્યો છે પણ જેને સર્વ વસ્તુઓમાંથી એકે વસ્તુ સ્પર્શી કરી શકતી નથી તેમ જ જે આકાશની પેઠે શુદ્ધ અને નિર્મલસ્વરૂપ છે તથા નિરંતર પ્રાપ્તસ્વરૂપ એવો આત્મા તે હું છું. ૧૧.

જેમ ઉત્તમ અને નિર્મલ મણિઓને ઉપાધિ થયા છતાં ભેદ થાય છે તેમ જ જેને બુદ્ધિનો ભેદ થયાં છતાં ભેદ દેખાય છે, જેમ અચલ એવી ચંદ્રજ્યોત્સ્નાને જળમાં ચંચળપણું રહેલું છે તેમ જ હે વિષ્ણો, તમારે વિશે પણ ઉપાધિ થકી જ ચંચળપણું છે. ૧૨.

विनोपदेशं स्वत एव जातः परात्मबोधो द्विजवर्यसूनोः ।
व्यसेष्ट संप्रेक्ष्य स देशिकेंद्रो न्यधात्स्वहस्तं कृपयोत्तमाङ्गे ॥ ५८ ॥

એ બ્રાહ્મણના પુત્રને કોઇના ઉપદેશ વિના પોતાની મેળે જ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થએલી જોઇ શ્રીશંકરાચાર્ય વિસ્મય પામ્યા અને તેમણે તેના માથા ઉપર હાથ મુક્યો. ૫૮.

सुते निवृत्ते वचनं बभाषे स देशिकेंद्रः पितरं तदीयम् ।
वस्तुं न योग्यो भवता सहायं न तेऽमुनाऽर्थो जडिमास्पदेन ॥ ५९ ॥

पुराभवाभ्यासवशेन सर्वं स वेत्ति सम्यङ्‌ न च वक्ति किंचित् ।
नो चेत्कथं स्वानुभवैकगर्भपद्यानि भाषेत निरक्षरास्यः ॥ ६० ॥

न सक्तिरस्यास्ति गृहादिगोचरा नाऽऽत्मीयदेहे भ्रमतोऽस्य विद्यते ।
तादात्म्यताऽन्यत्र ममेति वेदनं यदा न सा स्वे किमु बाह्यवस्तुषु ॥ ६१ ॥

એ બાલક શ્લોકો બોલીને બંધ પડ્યો કે શ્રીશંકરાચાર્યે તેના પિતાને કહ્યું કે " આ બાલક તમારી સાથે રહેવાને યોગ્ય નથી અને આ જડનું તમારે કાંઇ પ્રયોજન પણ નથી. આ તમારો પુત્ર પૂર્વજન્મના અભ્યાસને લીધે સારી રીતે સઘળું જાણે છે પણ કાંઇ બોલતો નથી. જો જાણતો ન હોય તો નિરક્ષર છતાં આવી રીતે અંદર સ્વરૂપના અનુભવથી જ ભરેલા શ્લોકો કેમ બોલી શકે? આને ઘર આદિમાં આસક્તિ નથી અને પોતાના દેહમાં તાદાત્મ્યભ્રાંતિ (હું દેહ છું એવી ભ્રાંતિ) કે ધન આદિમાં મમતા પણ નથી. દેહમાં તાદાત્મ્યભ્રાંતિ નથી એટલે પછી બહારની વસ્તુઓમાં મમતા તો ક્યાંથી જ હોય?" ૫૯, ૬૦, ૬૧.

इतीरयित्वा भगवान् द्विजात्मजं ययौ गृहीत्वा दिशमीप्सितां पुनः ।
विप्रोऽप्यनुव्रज्य ययौ स्वमंदिरं कियत्प्रदेशं स्थिरधीर्बहुश्रुतः ॥ ६२ ॥

શંકરાચાર્ય એટલાં વચન બોલીને તે બ્રાહ્મણના પુત્રને સાથે લઇને પોતાની ધારેલી દિશામાં ચાલતા થયા અને એ પુત્રનો બાપ પ્રભાકરભટ્ટ પણ કેટલાક પ્રદેશ સુધી વળાવવા ગયો. પોતે બહુશ્રુત હોવાથી પુત્રનો શોક નહિ કરતાં પોતાની બુદ્ધિ સ્થિર રાખીને પાછો પોતાને ઘેર ગયો. ૬૨.

ततः शतानंदमहेंद्रपूर्वैः सुपर्ववृन्दैरुपगीयमानः ।
पद्माङ्घ्रिमुख्यैः सममाप्तकामक्षोणीपतिः शृङ्गगिरिं प्रतस्थे ॥ ६३ ॥

यत्राधुनाऽप्युत्तममृष्यशृङ्गस्तपश्चरत्यात्मभृदंतरङ्गः ।
संस्पर्शमात्रेण वितीर्णभद्रा विद्योतते यत्र च तुङ्गभद्रा ॥ ६४ ॥

अभ्यागतार्चालिपतकल्पशाखाकूलंकषाधीतसमस्तशाखाः[1] ।
इज्याशतैर्यत्र समुल्लसंतः शान्तान्तराया निवसन्ति सन्तः ॥ ६५ ॥

પછી વિષ્ણુ અને ઇંદ્ર આદિ દેવતાઓ પણ જેમના ચરિત્રનું ગાયન કરતા હતા એવા પૂર્ણકામ પુરુષોમાં ઉત્તમ શ્રીશંકરાચાર્ય પદ્મપાદ આદિ શિષ્યોની સાથે શૃંગગિરિ નામના પર્વતમાં પધાર્યા કે જે પર્વતમાં આત્મવેત્તાઓને અત્યંત પ્રિય ઋષ્યશૃંગમુનિ હજી સુધી પણ તપ કર્યા કરે છે, સ્પર્શમાત્રથી કલ્યાણ દેનારી તુંગભદ્રા નામની નદી શોભી રહી છે અને અતિથીઓનું પૂજન કરવામાં કલ્પવૃક્ષની શાખાઓ કરતાં પણ અધિક ઉદારતા દેખાડનારા, વેદની સઘળી શાખાઓને સંપૂર્ણ રીતે ભણેલા અને સૈકડો યજ્ઞો કરવાથી શોભા પામેલા સત્પુરુષો નિર્વિઘ્નપણે રહે છે. ૬૩, ૬૪, ૬૫.

---

૧ ઇન્દ્રવજ્રા.

अध्यापयामास स भाष्यमुख्यान् ग्रंथान्निजांस्तत्र मनीषिमुख्यान् ।
आकर्णनप्राप्यमहापुमर्थानादिष्ट विद्याग्रहणे समर्थान् ॥ ६६ ॥

એ પર્વતમાં રહી આચાર્યે, સઘળી વિદ્યાઓનું ગ્રહણ કરવામાં સમર્થપણાવાળા મહાવિદ્વાન્ લોકોને જેઓને શ્રવણમાત્રથી પણ મોક્ષ મળે એવા પોતે કરેલા ભાષ્યઆદિ ગ્રંથો ભણાવ્યા. ૬૬.

[1]मंदाक्षनम्रं कलयन्नशेषं पराणुदत्प्राणितमांस्यशेषम् ।
निरस्तजीवेश्वरयोर्विशेषं व्याचष्ट वाचस्पतिनिर्विशेषम् ॥ ६७ ॥

ભાષણના ચમત્કારથી જાણે હજાર મુખવાળા શેષનાગને પણ લજ્જાથી નમ્ર કરી દેતા હોય એવા શ્રીશંકરાચાર્યે પ્રાણીઓનાં અજ્ઞાનોનો સંપૂર્ણ રીતે નાશ કર્યો, જીવના અને ઈશ્વરના ભેદનું ખંડન કર્યું અને બૃહસ્પતિની પેઠે વ્યાખ્યાનો કર્યાં. ૬૭.

प्रकल्प्य तत्रेंद्रविमानकल्पं प्रासादमाविष्कृतसर्वशिल्पम् ।
प्रवर्तयामास स देवतायाः पूजामजाद्यैरपि पूजितायाः ॥ ६८ ॥

એ શૃંગગિરિમાં ઇંદ્રના વિમાન જેવો અને જેમાં સઘળા પ્રકારની કારીગરીઓની પ્રકટના કરવામાં આવી એવો એક પ્રાસાદ ચણાવીને તેમાં, બ્રહ્માદિક દેવતાઓએ પણ પૂજેલાં દેવીની પૂજા [2]ચલાવી. ૬૮.

या शारदांबेत्यभिधां वहंती कृतां प्रतिज्ञां प्रतिपालयंती ।
अद्यापि शृङ्गेरिपुरे वसंती प्रद्योततेऽभीष्टवरान्दिशंती ॥ ६९ ॥

શારદાંબા એ નામને ધારણ કરતાં, મંડનમિશ્રના સંન્યાસના સમયમાં પોતે આપેલાં વચનને પાળતાં અને ભક્તલોકોને વાંછિત વરો આપતાં એ સરસ્વતી દેવી આજ સુધી પણ શૃંગેરિપુરમાં વસે છે અને તેજથી પ્રકાશ્યા કરે છે. ૬૯.

चित्तानुवर्ती निजधर्मचारी भूतानुकंपी तनुवाग्विभूतिः ।
कश्चिद्विनेयोऽजनि देशिकस्य यं तोटकाचार्यमुदाहरंति ॥ ७० ॥

એ સ્થલમાં શ્રીશંકરાચાર્યનો તેમના ચિત્તને અનુસરનારો, સ્વધર્મથી વર્તનારો અને બોલવાની ઓછી શક્તિવાળો કોઇ નવો શિષ્ય થયો કે જે પાછળથી તોટકાચાર્ય કહેવાયો છે. ૭૦.

[3]स्नात्वा पुरा क्षिपति कंबलवस्त्रमुख्यैरुच्चासनं मृदु समं स ददाति नित्यम् ।
संलक्ष्य दंतपरिशोधनकाष्ठमग्र्यं बाह्यादिकं गतवते सलिलादिकं च ॥ ७१ ॥

એ શિષ્ય આચાર્યથી પહેલાં સ્નાન કરી લઇ આચાર્યને નિત્ય ધાબળી આદિ વસ્ત્રોનું ઊંચું કોમલ અને સરખું આસન પાથરી આપતો હતો, જોઇ તપાસીને શાસ્ત્ર પ્રમાણે યોગ્ય દાતણ તૈયાર કરી આપતો હતો અને દિશાએ જઇ આવવાના સમયમાં જલ આદિ પણ આપતો હતો. ૭૧

[4]श्रीदेशिकाय गुरवे तनुमार्जवस्त्रं विश्राणयत्यनुदिनं विनयोपपन्नः ।
श्रीपादपद्मयुगमर्दनकोविदश्च च्छायेव देशिकमसौ भृशमन्वयाद्यः ॥ ७२ ॥
[5]गुरोः समीपे न तु जातु जृम्भते प्रसारयन्नो चरणौ निषीदति ।
नोपेक्षते वा बहु वा न भाषते न पृष्ठदर्शी पुरतोऽस्य तिष्ठति ॥ ७३ ॥
तिष्ठन्गुरौ तिष्ठति संप्रयाते गच्छन्ब्रुवाणे विनयेन शृण्वन् ।
अनुच्यमानोऽपि हितं विधत्ते यच्चाहितं तच्च तनोति नास्य ॥ ७४ ॥

---

१ ઉપજાતિ. ૨ પ્રાચીન લોકો કહે છે કે આચાર્યે ત્યાં મઠ કરી વિદ્યાપીઠનું સ્થાપન કરી ભારતી સંપ્રદાયવાળા શિષ્યને અધ્યક્ષ કર્યો હતો. ૩ વસંતતિલકા. ૪ વંશસ્થ-ઇન્દ્રવંશા-ઉપજાતિ: એ ત્રણે છંદનું મિશ્રપણું છે. ૫ ઉપજાતિ.

વિનયવાળો એ શિષ્ય પોતાના ગુરુ શ્રીશંકરાચાર્યને નિત્ય અંગ લોવાનું વસ્ત્ર આપતો હતો. એમનાં બન્ને ચરણારવિંદને ઘણી ચાતુરીથી ચાંપતો હતો, પડછાયાની પેઠે અત્યંત અનુસરતો હતો, આચાર્યની પાસે કદીપણ બગાસું ખાતો નહિ, પગ લાંબા કરીને બેસતો નહિ, કહેલી વાતની ઉપેક્ષા કરતો નહિ, ઝાઝું બોલતો નહિ, આગળ પીઠ દેખાડીને ઉભો રહેતો નહિ, આચાર્ય ઉભા હોય ત્યારે ઉભો રહેતો હતો, ચાલતા હોય ત્યારે ચાલતો હતો, કાંઇ કહેતા હોય ત્યારે વિનયથી સાંભળતો હતો, કહ્યાવિના પણ આચાર્યનું જે હિત હોય તે કરતો હતો અને જે અહિત જણાય તે નહિ જ કરતો હતો. ૭૨, ૭૩, ૭૪.

तस्मिन्कदाचन विनेयवरे स्वशाटीप्रक्षालनाय गतवत्यपवर्तनीगाः[1] ।
व्याख्यानकर्मणि तदागममीक्षमाणो भक्तेषु वत्सलतया विललम्ब एषः ॥ ७५ ॥

એ ગિરિ નામનો ઉત્તમ શિષ્ય એક દિવસે આચાર્યનું વસ્ત્ર ધોવા વાસ્તે નદીએ ગયો હતો તે સમયે કથાનો સમય થતાં ભક્તવત્સલતાને લીધે આચાર્ય તેના આવવાની વાટ જોઇને થોભી રહ્યા. ૭૫.

शान्तिपाठमथ कर्तुमसंख्येषूद्यतेषु स विनेयवरेषु[2] ।
स्थीयतां गिरिरपि क्षणमात्राद्ेष्यतीति समुदीरयति स्म ॥ ७६ ॥

આ સમયમાં અસંખ્યાત ઉત્તમ શિષ્યો કથાના આરંભનો શાંતિપાઠ કરવાને સજ્જ થતાં આચાર્યે તેઓને કહ્યું કે "થોડીવાર થોભો. એ ગિરિ પણ હમણાં આવી પહોચશે." ૭૬.

तां निशम्य निगमान्तगुरूक्तिं मन्दधीरनधिकार्यपि शास्त्रे ।
किं प्रतीक्ष्यत इति स्म ह भीत्तिः पद्मपादमुनिना समदर्शि ॥ ७७ ॥

વેદાંતવિદ્યાના ગુરુ(આચાર્ય)નાં એ વચન સાંભળી પદ્મપાદે અભિમાનથી દાબ દેખાડયો કે "એ ગિરિ મંદબુદ્ધિવાળો છે અને શાસ્ત્ર સમજવાનો પણ નથી માટે તેની વાટ શામાટે જોવી." ૭૭.

तस्य गर्वमपहर्तुमखर्वं स्वाश्रयेषु करुणातिशयाच्च ।
व्यादिदेश स चतुर्दश विद्याः सद्य एव मनसा गिरिनाम्ने ॥ ७८ ॥

પદ્મપાદ એ પ્રમાણે બોલ્યો તેથી તેના ઘણા ગર્વને ઉતારવા વાસ્તે અને ભક્તજનો ઉપર અત્યંત કરુણાને લીધે શ્રીશંકરાચાર્યે ત્યાં જ બેઠાંબેઠાં પોતાના મનથી તુરત તે ગિરિને ચૌદ[3] વિદ્યાઓ આપી દીધી. ૭૮.

सोऽधिगम्य तदनुग्रहमग्र्यं तत्क्षणेन विदिताखिलविद्यः[4] ।
ऐष्ट देशिकवरं परतत्त्वव्यञ्जकैर्ललिततोटकवृत्तैः ॥ ७९ ॥

ગુરુનો પ્રૌઢ અનુગ્રહ પ્રાપ્ત થવાથી તુરત જ સઘળી વિદ્યાઓ જેના જાણવામાં આવી ગઇ એવો તે ગિરિ બ્રહ્મતત્ત્વનો પ્રકાશ કરનારાં સુંદર [5]તોટક વૃત્તો બોલતોબોલતો શંકરની પાસે આવ્યો. ૭૯.

श्रीमद्देशिकपादपङ्कजयुगीमूला[6] तदेकाश्रया
तत्कारुण्यसुधावसेकसहिता तद्भक्तिसद्वल्लरी ।

૧ વસંતતિલકા. ૨ સ્વાગતા. ૩ 'पुराणन्यायमीमांसाधर्मशास्त्राङ्गमिश्रिताः ॥ वेदाः स्थानानि विद्यानां धर्मस्य च चतुर्दश ॥'—પુરાણ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, નિરુક્ત, જ્યોતિષ, ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એઓ ચૌદ વિદ્યાનાં સ્થાન છે અને ધર્મને જણાવનારાં છે—યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, આચારાધ્યાય, શ્લોક ૩. ૪ સ્વાગતા. ૫ 'इह तोटकमंबुधिसैः प्रथितम् ।' જેના એક એક ચરણમાં ચાર ચાર સગણ (।।ऽ) આવે તે તોટકવૃત્ત કહેવાય છે.—વૃત્તરત્નાકર. ૬ શાર્દૂલવિક્રીડિત.

हृद्यं तोटकवृत्तवृत्तरुचिरं पद्यात्मकं सत्फलं
लेभे भोक्तुमनोतिसत्तमशुकैरास्वाद्यमानं मुहुः ॥ ८० ॥

શ્રીમાન્ શંકરાચાર્યનાં ચરણારવિંદરૂપી મૂલવાળી, શંકરાચાર્યના જ આશ્રયવાળી અને શંકરાચાર્યની કરુણારૂપ અમૃતના સેવનને પ્રાપ્ત થએલી ગિરિના અંતઃકરણમાં રહેલી ભક્તિરૂપ લતાને તોટકવૃત્તથી શોભતા [1]શ્લોકરૂપી રમણીય ઉત્તમ ફલ પ્રાપ્ત થયું કે જેનો અત્યંત લલચાએલા મહાત્માઓરૂપી પોપટો વારંવાર સ્વાદ લીધા કરે છે. ૮૦.

येनौन्नत्यमवापिता कृतपदा कामं क्षमायामियं
निःश्रेणिः पदमुन्नतं जिगमिषोर्व्योम स्पृशंती परम् ।
वंश्या काऽप्यधरीकृतत्रिभुवनश्रेणी गुरूणां कथं
सेवा तस्य यतीशितुर्न विरलं कुर्वीत गुर्वी तमः ॥ ८१ ॥

પરંપરાથી પ્રાપ્ત થએલી અને જેથી ત્રૈલોક્યનું રાજ્ય પણ હલકું છે એવી ગુરુની સેવારૂપ ઉત્તમ નીસરણીને જેણે ઊંચા પદમાં પહોચવાની ઇચ્છાવાળાને વાસ્તે પૃથ્વીપર અત્યંત દૃઢ કરીને અસ્પૃશ્ય આકાશ(બ્રહ્મ)નો પણ સ્પર્શ કરે એવી રીતે ઉન્નત કરી છે તેના મનના અંધારાને સંન્યાસીઓમાં ઉત્તમ શંકરાચાર્યની સેવા કેમ તોડી નાખે નહિ? ૮૧.

अथ तोटकवृत्तपद्यजातैरयमज्ञातसुपर्वसूक्तिकोऽपि ।
दययैव गुरोस्त्रयीशिरोर्थं स्फुटयन्नैक्षि विचक्षणः सतीर्थ्यैः ॥ ८२ ॥

સંસ્કૃત ભાષાનું જ્ઞાન નહિ છતાં પણ ગુરુની દયાને લીધે જ તોટક વૃત્તવાળા સંસ્કૃત શ્લોકોથી વેદાંતના અર્થનું સ્ફુટીકરણ કરતોકરતો એ વિચક્ષણ ગિરિ ચાલ્યો આવ્યો જેને તેના ગુરુભાઇઓએ દીઠો. ૮૨.

---

૧ જુઓ નીચે છે. ૨ માલભારિણીવૃત્ત.

3.* भगवन्नुदधौ मृतिजन्मजले सुखदुःखझषे पतितं व्यथितम् ।
कृपया शरणागतमुद्धर मामनुशाध्युपसन्नमनन्यगतिम् ॥ १ ॥
विनिवर्त्य रतिं विषये विषमां परिमुच्य शरीरविबध्यमतिम् ।
परमात्मपदे भव नित्यरतौ जहि मोहमयं भ्रममात्ममते ॥ २ ॥
विसृजान्नमयादिषु पञ्चसु तामहमास्मि ममेति मतिं सततम् ।
दृशिरूपमनन्तमजं विगुणं हृदयस्थमवेहि सदाऽहमिति ॥ ३ ॥
जलभेदकृता बहुतेव रवेर्घटिकादिकृता नभसोऽपि यथा ।
मतिभेदकृता तु तथा बहुता तव बुद्धिदृशोऽविकृतस्य सदा ॥ ४ ॥

---

* કેટલીક પ્રતિમાં નીચેના શ્લોક પણ જણાયછેઃ—

सकलं मनसा क्रियया जनितं समवेक्ष्य विनाशितया नु जगत् ।
निरविद्यत कश्चिदतो निखिलादविनाशिकृते यतितव्यमिति ॥ १ ॥
प्रतिपित्सुरसावविनाशिपदं यतिधर्मरतो यतिमेव गुरुम् ।
विदितात्मकलं समुपेत्य कविः प्रणिपत्य निवेदितवान्स्वमतम् ॥ २ ॥

આ ઉત્પન્ન થયેલા સર્વ જગતને મન અને ક્રિયાથી અનિત્ય વિચારીને આ સંસાર થકી વૈરાગ્યને પામતા એવા ઘણા પુરુષો સમગ્ર અવિનાશી પદને પામવાનો પ્રયત્ન કરે છે. ૧.

વિદ્વાન્ પુરુષ અવિનાશી પદને પામવાની ઇચ્છા કરતો છતો યતિધર્મમાં પ્રીતિવાળો થઇને આત્મકલાને જાણનાર યતિરૂપ ગુરુને પામીને તથા તેમને પ્રણિપત્ય કરીને પોતાનો મત નિવેદિત કરે છે. ૨.

अथ तस्य बुधस्य वाक्यगुंफं निशमय्यामृतमाधुरीधुरीणम् ।
जलजाङ्घ्रिमुखाः सतीर्थ्यवर्याः स्मयमन्वस्य सविस्मया बभूवुः ॥ ८३ ॥

એ પંડિતનાં વાક્યોનો સંદર્ભ કે જે અમૃતના સરખી મધુરતાથી ભરપૂર હતો તેને સાંભળી **પદ્મ**પાદ આદિ તેના ઉત્તમ ગુરુભાઇઓ ગર્વરહિત થઇને વિસ્મય પામ્યા. ૮૩.

[1]भक्त्युत्कर्षात्प्रादुरासन्यतोऽस्मात्पद्यान्येवं तोटकाख्यानि सन्ति ।
तस्मादाहुस्तोटकाचार्यमेनं लोके शिष्टाः शिष्टवंश्यं मुनीन्द्रम् ॥ ८४ ॥

વિદ્વાન્ બ્રાહ્મણોના વંશમાં ઉત્પન્ન થએલા એ મુનીંદ્ર(ગિરિ)ના મોહોડામાંથી ગુરુભક્તિના ઉત્કર્ષને લીધે એ પ્રમાણે **તો**ટકવૃત્તના ઉત્તમ શ્લોકો પ્રકટ થયા એટલા માટે લોકમાં વિદ્વાન્ લોકો તેને **તો**ટકાચાર્ય કહેવા લાગ્યા. ૮૪.

[2]अद्यापि तत्प्रकरणं प्रथितं पृथिव्यां तत्संज्ञया लघु महार्थमनल्पनीति ।
शिष्टैर्गृहीतमतिशिष्टपदानुविद्धं वेदांतवेद्यपरतत्त्वनिवेदनं यत् ॥ ८५ ॥

નહાનું છતાં મોટા અર્થોવાળું, ઘણી નીતિવાળું, પંડિતોએ સ્વીકારેલું, અત્યંત શ્રેષ્ઠ પદોથી રચાએલું અને વેદાંતથી જણાય એવા પરમતત્ત્વને જણાવનારૂં એ ગિરિએ કરેલું પ્રકરણ પૃથ્વીમાં અદ્યાપિ સુધી **તો**ટક એ નામથી જ પ્રખ્યાત છે. ૮૫.

[3]तोटकाह्वयमवाप्य महर्षेः ख्यातिमाप स दिशासु तदादि ।
पद्मपादसदृशप्रतिभावान्मुख्यशिष्यपदवीमपि लेभे ॥ ८६ ॥

એ ગિરિ **શં**કરાચાર્યની પાસેથી **તો**ટક એ નામને પ્રાપ્ત થઇને ત્યારથી સઘળી દિશાઓમાં પ્રખ્યાતિ પામ્યો અને **પદ્મ**પાદના જેવી જ બુદ્ધિની સ્ફૂર્તિવાળો હોવાને લીધે મુખ્ય શિષ્યની પદવીને પણ પ્રાપ્ત થયો. ૮૬.

[4]पुमर्थाश्चत्वारः किमुत निगमा ऋक्प्रभृतयः
प्रभेदा वा मुक्तेर्विमलतरसालोक्यमुखराः ।
मुखान्याहो धातुश्चिरमिति विमृश्याथ विबुधा
विदुः शिष्यान्हस्तामलकमुखराञ्शंकरगुरोः ॥ ८७ ॥

दिनकृत्प्रभया सदृशेन सदा जनचित्तगतं सकलं स्वचिता ।
विदितं भवताऽविकृतेन सदा यत एवमतोऽसि सदेव सदा ॥ ५ ॥

હે ભગવન્, જન્મમરણરૂપ જળવાળા અને સુખદુઃખરૂપ માંછળાવાળા સંસારરૂપ સમુદ્રમાં પડેલા અને ઘણા દુઃખ પામતા તથા તમારે શરણે આવેલા અને જેને બીજું કોઇ તારનાર નથી એવા મને કૃપાથી તારો અને શિખામણ આપો. ૧.

હે આત્મમતે, વિશયમાં વિશમ મતિનો તથા શરીરમાં બંધાએલી બુદ્ધિનો ત્યાગ કરીને તથા મોહમય ભ્રમને છોડી દઇને પરમાત્મપદને વિશે નિરંતર પ્રીતિવાળો થા. ૨.

અન્નમય પંચમહાભૂતથી બનેલા દેહથી હું અને મારૂં એવો ભાવ ત્યાગ કરીને જ્ઞાનરૂપ, અનંત, અજન્મ, સત્વ વગેરે ગુણ રહિત અને હૃદયમાં પડેલા મને નિરંતર તું જાણ. ૩.

જેમ જૂદાજૂદા જળથી **સૂ**ર્યના ઘણા ભેદ (રૂપ) દેખાય છે, જેમ ઘડા વગેરેથી બનેલા આકાશના ઘણા ભેદ થાય છે તેમ જ બુદ્ધિના ભેદથી કરેલા તમારા ઘણા ભેદ સદા થાય છે. ૪.

સૂર્યની કાંતિના સરખા પ્રકાશવાળા તમે મનુષ્યના હૃદયની સઘળી વાત અવિકારપણાથી જાણી છે એમ હું માનુંછું. ૫.

૧ **શા**લિની. ૨ **વ**સંતતિલકા. ૩ **સ્વા**ગતા. ૪ **શિ**ખરિણી.

શ્રીશંકરાચાર્યના એ **હુસ્તામલક, પદ્મપાદ, સુરેશ્વર** અને **તોટક** નામના ચાર શિષ્યોને જોઇ વિદ્વાન્ લોકો આને શું ચાર પુરુષાર્થો[1] છે, **ઋગ્**વેદ આદિ ચાર વેદો છે, મુક્તિના અતિ નિર્મલ **સાલોક્ય**[2] આદિ ચાર લોકો છે કે **બ્ર**હ્માનાં ચાર મોહોડાં છે? એમ ઘણીવાર સુધી વિચાર કરીને પછી માંડમાંડ તેઓને 'આ તો **શં**કરાચાર્યના શિષ્યો છે' એમ ઓળખવા લાગ્યા. ૮૭.

[3]स्फारद्वारप्रघाणद्विरदमदसमुल्लोलकल्लोलभृङ्गी-
सङ्गीतोल्लासभङ्गीमुखरितहरितः संपदोऽकिंपचानैः ।
निष्ठीव्यन्तेऽतिदूरादधिगतभगवत्पादसिद्धान्तकाष्ठा-
निष्ठासंपद्विजृम्भन्निरवधिसुखदस्वात्मलाभैकलोभैः ॥ ८८ ॥

પ્રાપ્ત થએલી **શ્રી**શંકરાર્યના સિદ્ધાંતની પરાકાષ્ઠામાં નિષ્ઠાની સંપત્તિથી ઉદય પામતા અપાર સુખ આપનારા સ્વરૂપાત્મક લાભમાં જ લોભ રાખનારા અતિ ઉદાર મનવાળા લોકો, મોટાં મોટાં દ્વારોના બહારના ભાગોમાં ઉભેલા હાથીઓના ગંડસ્થલોમાંથી ઝરતા મદના અતિ ચપલ મોજાઓમાં ફરતી ભ્રમરીઓના ગાયનની શૈલીથી દિશાઓને શબ્દાયમાન કરનારી રાજ્યાદિકની સંપત્તિઓ ઉપર તો દૂરથી જ થૂંકવા લાગ્યા.[4] ૮૮.

[5]संमिंधानो मन्थाचलमथितसिंधूदरभवत्सुधाफेनाभेनामृतरुचिनिभेनाऽऽत्मयशसा ।
निरुंधानो दृष्ट्या परमहह पन्थानमसतां पराधृष्यैः शिष्यैररमत विशिष्यैष मुनिराट्॥८९॥

મંદરાચલથી મથાતા ક્ષીર સમુદ્રના ઉદરમાંથી ઉત્પન્ન થતા અમૃતના ફીણ સરખી અને **ચં**દ્રમા સરખી પોતાની ઉત્તમ કીર્તિથી અત્યંત દીપતા તથા દૃષ્ટિમાત્રથી જ દુષ્ટવાદીઓના નિકૃષ્ટ માર્ગને રોકી દેતા એ **શ્રી**શંકરાચાર્ય કોઇથી નહિ જીતાય એવા શિષ્યોની સાથે વિશેષે કરી વિનોદ કરવા લાગ્યા. ૮૯.

इति श्रीमाधवीये तद्धस्तधात्र्यादिसंश्रयः ।
संक्षेपशंकरजये सर्गोऽयं द्वादशोऽभवत् ॥ १२ ॥

એ પ્રમાણે **શ્રી**માધવાચાર્યે રચેલા **સંક્ષેપ**શંકરજયમાં હુસ્તામલક આદિ શિષ્યો **શં**કરાચાર્યને શરણે થયાની કથા સંબંધી બારમો સર્ગ સંપૂર્ણ થયો. ૧૨.

अथ त्रयोदशः सर्गः ।

[6]ततः कदाचित्प्रणिपत्य भक्त्या सुरेश्वरार्यो गुरुमात्मदेशम् ।
शारीरकेऽत्यन्तगभीरभावे वृत्तिं स्फुटं कर्तुमना जगाद ॥ १ ॥

પછી કોઇ દિવસે અત્યંત ગંભીર અભિપ્રાયવાળા **શારીરક**ભાષ્યની સ્ફુટ વૃત્તિ કરવાની ઇ-

---

૧ **ધર્મ, અર્થ,** કામ, અને **મોક્ષ**. ૨ મુક્તિના **સાલોક્ય, સામીપ્ય, સારુપ્ય,** અને **સાયુજ્ય** નામના ચાર ભેદ છે. ઇષ્ટદેવના લોકમાં રહેવું એ **સાલોક્ય**મુક્તિ કહેવાય છે, ઇષ્ટદેવના જેવા રૂપને પ્રાપ્ત થવું એ **સારૂપ્ય** મુક્તિ કહેવાય છે, ઇષ્ટદેવના સમીપમાં રહેવું એ **સામીપ્ય** મુક્તિ કહેવાય છે અને ઇષ્ટદેવના સ્વરૂપમાં જોડાઇ જવું એ **સાયુજ્ય** મુક્તિ કહેવાય છે. ૩ **સ્રગ્**ધરા. ૪ પ્રથમ સંદેહ થઇને અંતે નિશ્ચય થયો છે માટે **નિશ્ચયાંતસંદેહ** અલંકાર છે. "**संदेहः प्रकृतेऽन्यस्य संशयः प्रतिभोत्थितः । शुद्धो निश्चयगर्भोसौ निश्चयांत इति त्रिधा ॥**" પ્રકૃત વસ્તુમાં અન્યની પ્રતિભાથી ઉઠેલા સંશયનું વર્ણન કરવામાં આવે તો **સંદેહ** અલંકાર થાય છે. તેમાં સંશય જ રાખેલો હોય તો શુદ્ધ **સંદેહ**, વચમાં નિશ્ચય કરાવ્યો હોય તો **નિશ્ચય**, ગર્ભ સંદેહ અને અંતે નિશ્ચય થયો હોય તો **નિશ્ચયાંતસંદેહ** થાય છે—**સાહિત્યદર્પણ**, કા. ૬૮૦ ૫ **શિખરિણી**. ૬ ઉપજાતિ.

ચ્છાવાળા સુરેશ્વરાચાર્યે સ્વરૂપનો ઉપદેશ કરનારા ગુરુ શંકરાચાર્યને ભક્તિપૂર્વક પ્રણામ કરીને નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરી : ૧.

मम यत्करणीयमस्ति ते त्वमिमं मामनुशाध्यसंशयम् ।
तदिदं पुरुषस्य जीवितं यदयं जीवति भक्तिमान्गुरौ ॥ २ ॥

"જે કામ કરવાનું હોય તે કામ વિષે આપ નિસ્સંશય રહીને મને આજ્ઞા કરો. જો ગુરુ ઉપર ભક્તિ રાખીને જીવવામાં આવે તો એ જીવિત જ સફલ [2]થાય." ૨.

इतीरिते शिष्यवरेण शिष्यं प्रोचेरीयानतिहृष्टचेताः ।
मत्कस्य भाष्यस्य विधेयमिष्टं निबन्धनं वार्त्तिकनामधेयम् ॥ ३ ॥

ઉત્તમ શિષ્યનાં એ વચનો સાંભળી ચિત્તમાં અત્યંત રાજી થએલા મહાત્મા શંકરાચાર્યે તેમને કહ્યું કે "મારા કરેલા ભાષ્ય ઉપર તમારે વાર્તિક[4] નામનો ઉત્તમ નિબંધ રચવો." ૩.

द्रष्टुं सतर्कं भवदीयभाष्यं गंभीरवाक्यं न ममास्ति शक्तिः ।
तथाऽपि भावत्ककटाक्षपाते यते यथाशक्ति निबंधनाय ॥ ४ ॥

એ વચન સાંભળી સુરેશ્વરાચાર્યે કહ્યું કે "તર્કોવાળું અને ગંભીર વાક્યોવાળું આપનું ભાષ્ય જોવાની પણ મારી શક્તિ નથી તો પણ મારા ઉપર આપના કૃપાકટાક્ષ પડ્યા છે તો હું મારી શક્તિ પ્રમાણે નિબંધ રચવાનો યત્ન કરીશ." ૪.

अस्त्वेवमित्यार्यपदाभ्यनुज्ञामादाय मूर्ध्ना स विनिर्जगाम ।
अथाम्बुजाङ्घ्रेर्दयिताः सतीर्थ्यास्तं चित्सुखाद्या रहसीत्थमूचुः ॥ ५ ॥
योऽयं प्रयत्नः क्रियते हिताय हिताय नायं विफलत्वनर्थम् ।
प्रत्येकमेवं गुरवे निवेद्य बोद्धा स्वयं कर्मणि तत्परश्च ॥ ६ ॥

શંકરાચાર્યે 'બહુ સારૂં' એમ કહેતાં તેમની આજ્ઞાને માથે ચડાવીને સુરેશ્વરાચાર્ય બીજા સ્થળમાં જતાં ચિત્સુખ આદિ પદ્મપાદના સ્નેહી શિષ્યોએ 'જે આપ હિતને વાસ્તે પ્રયત્ન કરો છો તેમાંથી હિત નહિ થતાં અનર્થ થવાનો સંભવ છે' એમ શંકરાચાર્યને એકાંતમાં જૂદુંજૂદું નિવેદન કરીને કહ્યું કે "આ સુરેશ્વર વિદ્વાન્ છે અને કર્મમાં તત્પર છે તેથી આપના ભાષ્યના ઉલટા અર્થો કર્યાવિના રહેશે નહિ. ૫, ૬.

यैः सार्वलौकिकमपीश्वरमीश्वराणां प्रत्यादिदेश बहुयुक्तिभिरुत्तरज्ञः ।
कर्मैव नाकनरकादिफलं ददाति नैवं परोऽस्ति फलदो जगदीशितेति ॥ ७ ॥

ઉત્તરોને જાણનારા આ સુરેશ્વરે સર્વ લોકોમાં પ્રસિદ્ધ અને બ્રહ્માદિકના પણ નિયંતા ઈશ્વરનું ઘણીઘણી યુક્તિઓથી ખંડન કર્યું છે અને કર્મ જ સ્વર્ગ તથા નરક આદિ ફળને આપે છે માટે ફળ આપનારો બીજો કોઇ જગતનો ઈશ્વર નથી એમ સ્થાપન કરેલું છે. ૭.

प्रत्येकमस्य प्रलयं वदंति पुराणवाक्यानि स तस्य कर्ता ।
व्यासो मुनिर्जैमिनिरस्य शिष्यस्तत्पक्षपाती प्रलयावलम्बी ॥ ८ ॥

---

૧ વિયોગિની. ૨ અર્થાંતરન્યાસ અલંકાર છે. ૩ ઉપજાતિ. ૪ પારાશર પુરાણમાં વાર્તિકની વ્યાખ્યા આ પ્રમાણે કરી છેઃ—"उक्तानुक्तदुरुक्तानां चिन्ता यत्र प्रवर्तते । तं ग्रन्थं वार्तिकं प्राहुर्वार्तिकज्ञा मनीषिणः ॥"—જે ગ્રંથમાં ઉક્ત એટલે જેનું વિવેચન કર્યું હોય, અનુક્ત એટલે જેનું વિવેચન ન કર્યું હોય અને દુરુક્ત એટલે વિરુદ્ધ વિવેચન કર્યું હોય તે ગ્રંથને વાર્તિકને જાણનારા બુદ્ધિમાન પુરુષોએ વાર્તિકગ્રંથ કહ્યો છે. ૫ વસંતતિલકા.

જો કે જૈમિનિના મતને અનુસરીને તેણે એ પ્રમાણે કર્યું છે એમ કહેવાય છે તો પણ એ વાત ખોટી છે. કારણ કે જે પુરાણોનાં પ્રત્યેક વાક્યો અમુક સમયે જગતનો પ્રલય થવાનું કહે છે તે પુરાણોના કર્તા **વ્યાસ** છે અને જૈમિનિ એ **વ્યાસ**ના શિષ્ય છે તેથી જૈમિનિ **વ્યાસ**ના પક્ષનો સ્વીકાર કરીને જગતનો પ્રલય માનનારા જ હોવા જોઇએ અને સુરેશ્વરે તો 'જગતનો પ્રલય જ થતો નથી' એવો સિદ્ધાંત કરેલો છે. ૮.

गुरोश्च शिष्यस्य च पक्षभेदे कथं तयोः स्याद्गुरुशिष्यभावः ।
तथाऽपि यद्यस्ति स पूर्वपक्षः सिद्धान्तभावस्तु गुरूक्त एव ॥ ९ ॥

જો **વ્યાસ**નો અને જૈમિનિનો પક્ષ જૂદોજૂદો હોય તો તેઓનું ગુરુશિષ્યપણું જ નહિ થવું જોઇએ. કદાચ જૂદોજૂદો પક્ષ હોય તો પણ જૈમિનિના પક્ષને પૂર્વપક્ષરૂપ માનવો જોઇએ અને સિદ્ધાંતરૂપ તો **વ્યાસ**ના પક્ષને જ માનવો જોઇએ. ૯.

आ जन्मनः स खलु कर्मणि योजितात्मा कुर्वन्नवस्थित इहानिशमेव कर्म ।
ब्रूते परांश्च कुरुतावहिताः प्रयत्नात्स्वर्गादिकं सुखमवाप्स्यथ किं वृथाध्वे ॥ १० ॥

સુરેશ્વર જન્મથી માંડીને કર્મમાં જ આસક્તિવાળો છે, જગતમાં નિરંતર કર્મો કરતો જ રહ્યો છે અને વળી બીજાઓને પણ કહ્યા કરે છે કે તમો વૃથા કેમ બેઠા રહો છો સાવધાન રહીને કર્મો કર્યા કરો કે જેથી તમોને સ્વર્ગાદિક સુખની પ્રાપ્તિ થાય. ૧૦

एवंविधेन क्रियते निबन्धनं यदि त्वदाज्ञामवलम्ब्य भाष्यके ।
भाष्यं परं कर्मपरं स योक्ष्यते मा च्यावि मूलादपि वृद्धिमिच्छता ॥ ११ ॥

હે આચાર્ય ! એવા સ્વભાવવાળો સુરેશ્વર જો તમારી આજ્ઞા ઉપરથી ભાષ્યનો નિબંધ રચશે તો અવશ્ય ભાષ્યને કર્મો ઉપર જ જોડી દેશે. આપે વ્યાજની લાલચથી મુડી ખોઇ બેસવું નહિ [2]જોઇએ. ૧૧.

संन्यासमप्येष न बुद्धिपूर्वकं व्यधत्त वादे विजितो वशो व्यधात् ।
तस्मान्न विश्वासपदं विभाति नो माचीकरोऽनेन निबंधनं गुरो ॥ १२ ॥

હે ગુરો ! સુરેશ્વરે સંન્યાસ લીધો છે તે પણ કાંઇ સમજીને લીધો નથી પણ વાદમાં હારી જઇ પરવશ થઇને લીધો છે. એટલા માટે અમોને એ સુરેશ્વર વિશ્વાસ રાખવો યોગ્ય લાગતો નથી તો આપે એના હાથથી નિબંધ કરાવવો નહિ જોઇએ. ૧૨.

यः शक्नुयात्कर्म विधातुमीप्सितं सोऽयं न कर्माणि विहातुमर्हति ।
यद्यस्ति संन्यासविधौ दुराग्रहो जात्यन्धमूकादिरमुष्य गोचरः ॥ १३ ॥
एवं सदा भट्टमतानुसारिणो ब्रुवन्त्यसौ तन्मतपक्षपातवान् ।
एवं स्थिते योग्यमदो विधीयतां न नोऽस्ति निर्बन्धनमत्र किंचन ॥ १४ ॥

ભટ્ટપાદના મતને અનુસરનારાઓ સર્વદા કહે છે કે 'જે પુરુષ ધારેલાં કર્મો કરવાને સમર્થ હોય તેણે કર્મોને કદી પણ છોડવાં નહિ જોઇએ. આમ છતાં પણ જો તમને સંન્યાસનું પ્રતિપાદન કરનારાં વચનો ઉપર દુરાગ્રહ રહેતો હોય તો તે વચનો જન્માંધ અને મુંગા આદિ

---

૧ વસંતતિલકા. ૨ **લોકોક્તિ** અલંકાર છે. "लोकप्रवादानुकृतिर्लोकोक्तिरिति भण्यते ।"—લોકોમાં ચાલતી કહેવત આદિનું અનુકરણ કરવું એ **લોકોક્તિ અલંકાર** કહેવાય છે.—કુવલયાનંદ, કારિકા ૧૫૬.

માણસોને વાસ્તે છે એવું માનો.[1]" હે આચાર્ય! સુરેશ્વર (મંડનમિશ્ર) પણ એ લોકોના મતનો પક્ષપાતી છે તો હવે તેના હાથથી ભાષ્યનું વાર્તિક કરાવવું યોગ્ય છે કે નહિ? જો યોગ્ય જણાય તે કરો. અમોને એ વિષયમાં કાંઇ પણ આગ્રહ નથી. ૧૩, ૧૪.

पुरा किलास्मासु सुरापगायाः पारे परस्मिन्विचरत्सु सत्सु ।
आकारयामास भवानशेषान्भक्तिं परिज्ञातुमिवास्मदीयाम् ॥ १५ ॥

જો આપની રુચિ હોય તો પદ્મપાદની પાસે વાર્તિક કરાવો. પૂર્વે અમો ગંગાજીના સામા તટમાં ફરતા હતા તે સમયે જાણે અમારી ભક્તિની પરીક્ષા કરવા ધારતા હો તેમ આપે અમો સઘળાઓને બોલાવ્યા હતા. ૧૫.

तदा तदाकर्ण्य समाकुलेषु नौकार्थमस्मासु परिभ्रमत्सु ।
सनन्दनस्त्वेष वियत्तटिन्या झरीमभिप्रस्थित एव तूर्णम् ॥ १६ ॥

તે સમયે આપનું બોલાવવું સાંભળીને અમો સઘળા વ્યાકુલ થઇને વહાણ શોધવાને વાસ્તે આમ તેમ ભટકવા લાગતાં આ સનંદન (પદ્મપાદ) તો વહાણની અપેક્ષા નહિ રાખતાં તુરત એમનેએમ ગંગાજીના પ્રવાહમાં ચાલતા થયા હતા. ૧૬.

अनन्यसाधारणमस्य भावमाचार्यवर्ये भगवत्यवेक्ष्य ।
तुष्टा त्रिवर्त्मा कनकांबुजानि प्रादुष्करोति स्म पदे पदे च ॥ १७ ॥
पदानि तेषु प्रणिधाय युष्मत्सकाशमागाद्यदयं महात्मा ।
ततोऽतितुष्टो भगवांश्चकार नाम्ना तमेनं किल पद्मपादम् ॥ १८ ॥

આપ કે જે આચાર્યોમાં ઉત્તમ છો તેમના ઉપર સનંદનનો અસાધારણ ભાવ જોઇ પ્રસન્ન થએલાં ગંગાજીએ તે સમયે સનંદનને પગલેપગલે સોનાનાં કમળો પ્રકટ કર્યાં હતાં કે જેના ઉપર પગ મુકીને આ મહાત્મા સનંદન આપની પાસે આવ્યા હતા અને જે ઉપરથી આપે પણ અત્યંત પ્રસન્ન થઇને એમને પદ્મપાદ એ નામ આપેલું છે. ૧૭, ૧૮.

स एव युष्मच्चरणारविन्दसेवाविनिर्धूतसमस्तभेदः ।
आजानसिद्धोऽर्हति सूत्रभाष्ये वृत्तिं विधातुं भगवन्नगाधे ॥ १९ ॥

જેમણે આપનાં ચરણારવિંદની સેવાથી સઘળા પ્રકારના દ્વૈતને ટાળી નાખેલ છે એવા અને સ્વાભાવિક સિદ્ધિવાળા પદ્મપાદ જ આપના ગંભીર ભાષ્ય ઉપર વાર્તિક કરવાને યોગ્ય છે. ૧૯.

यद्वाऽयमानन्दगिरिर्यदुग्रतपःप्रसन्ना परमेष्ठिपत्नी ।
भवत्प्रबन्धेषु यथाभिसंधिव्याख्यानसामर्थ्यवरं दिदेश ॥ २० ॥

અથવા આ આનંદગિરિ આપના ભાષ્ય ઉપર વાર્તિક કરવાને યોગ્ય છે. કારણ કે એમનાં ઉગ્ર તપથી પ્રસન્ન થએલાં સરસ્વતીએ એમને આપના ગ્રંથો ઉપર આપના અભિપ્રાયને અનુસરતાં વ્યાખ્યાનો કરવાના સામર્થ્યરૂપ વરદાન આપેલું છે. ૨૦.

कर्मैकतानमतिरेष कथं गुरो ते विश्वासपात्रमवपद्यत विश्वरूपः ।
भाष्यस्य पद्मपद एव करोतु टीकामित्यूचिरे रहसि योगिवरं विधेयाः ॥ २१ ॥

---

૧ ભટ્ટપાદે કહ્યું કે "तत्रैवं शक्यते वक्तुं येऽन्ये पङ्गवादयो नराः । गृहस्थत्वं न शक्यन्ते कर्तुं तेषामयं विधिः ॥ नैष्ठिकब्रह्मचर्यं वा परिव्राजकताऽपि च । तैरवश्यं गृहीतव्या तेनाऽऽदायेतदुच्यते ॥" —ત્યાં એમ કહી શકાય છે કે જે આંધળા અને લૂલા આદિ લોકો ગૃહસ્થપણું નહિ કરી શકે તેઓને વાસ્તે સંન્યાસ આદિનો વિધિ છે. નૈષ્ઠિક બ્રહ્મચર્ય અથવા સંન્યાસ એવા લોકોએ અવશ્ય લેવા યોગ્ય છે તેથી પ્રથમ આ વિષે કહેવામાં આવે છે.

હે ગુરો! આ સુરેશ્વર કે જે કર્મોમાં જ લાગેલી બુદ્ધિવાળો છે તેના ઉપર વિશ્વાસ કેમ રાખો છો? ભાષ્યની ટીકા તો પદ્મપાદની હાથથી જ કરાવો" એ રીતે કહ્યું. ૨૧.

अत्रान्तरेऽभ्यर्णगतः स तूर्णं सनन्दनो वाक्यमुदाजहार ।
आचार्य हस्तामलकोऽपि कल्पो भवत्कृतौ वार्तिकमेष कर्तुम् ॥ २२ ॥
यतः करस्थामलकाविशेषं जानाति सिद्धान्तमसावशेषम् ।
अतोह्यमुष्मै भवतैव पूर्वमदायि हस्तामलकाभिधानम् ॥ २३ ॥

આ સમયમાં પદ્મપાદે પણ તુરત પાસે આવીને આચાર્યને કહ્યું કે "હે આચાર્ય! આ હસ્તામલક પણ આપની કૃતિ ઉપર વાર્તિક કરવાને સમર્થ છે. કારણ કે હસ્તામલક આપના સઘળા સિદ્ધાંતને હાથમાં રહેલા આમળાની પેઠે સાંગોપાંગ જાણે છે કે જે ઉપરથી આપે જ પૂર્વે એમને હસ્તામલક એ નામ આપેલું છે." ૨૨, ૨૩.

वाणीं समाकर्ण्य सनन्दनस्य सामिस्मितं भाष्यकृदाबभाषे ।
नैपुण्यमन्यादृशमस्य किंतु समाहितत्वान्न बहिः प्रवृत्तिः ॥ २४ ॥

એ પ્રમાણે પદ્મપાદનાં વચન સાંભળી શંકરાચાર્ય અરધું મંદહાસ્ય કરીને બોલ્યા કે "હસ્તામલકની વિદ્વત્તા અસાધારણ છે પરંતુ એ સમાહિત અંતઃકરણવાળો હોવાને લીધે તેનું મન બહારના પદાર્થોમાં પ્રવર્તે એમ નથી. ૨૪.

अयं तु बाल्ये न पपाठ पित्रा नियोजितः सादरमक्षराणि ।
न चोपनीतोऽपि गुरोः सकाशादध्यैष्ट वेदान्परमार्थनिष्ठः ॥ २५ ॥

આ હસ્તામલકે બાલ્યાવસ્થામાં તેના પિતાએ ઘણી ગોઠવણો કર્યા છતાં પ્રેમથી અક્ષરોનો પણ અભ્યાસ કર્યો નથી અને જનોઇ દેવાયા પછી પણ પરમાર્થમાં જ પોતાની નિષ્ઠા હોવાને લીધે ગુરુની પાસેથી વેદોનું અધ્યયન પણ કર્યું નથી. ૨૫.

बालैर्न चिक्रीड न चान्नमैच्छन्न चारुवाचं ह्यवदत्कदाऽपि ।
निश्चित्य भूतोपहतं तमेनमानिन्यिरेऽस्मन्निकटं कदाचित् ॥ २६ ॥

બાલકોની સાથે રમતો કરી નથી, અન્નની પણ ઇચ્છા કરી નથી અને કદી પણ સારાં વચનોનું ઉચ્ચારણ કર્યું નથી તેથી તેને કોઇ સમયે ઝોડ વળગેલું જાણીને તેના સંબંધીઓ આપણી પાસે લાવ્યા હતા. ૨૬.

अस्मानवेक्ष्यैव मुहुः प्रणम्य कृताञ्जलौ तिष्ठति बालकेऽस्मिन् ।
इमामपूर्वां प्रकृतिं विलोक्य विसिस्मिये तत्र जनः समेतः ॥ २७ ॥

આપણને જોતાં જ આ હસ્તામલક વારંવાર પ્રણામ કરી હાથ જોડીને ઉભો રહેતાં તેની એ નવી પ્રકૃતિ જોઇને ત્યાં મળેલાં સઘળાં માણસો વિસ્મય પામ્યાં હતાં. ૨૭.

कस्त्वं शिशो कस्य सुतः कुतो वेत्यस्माभिराचष्ट किलैष पृष्टः ।
आत्मानमानन्दघनस्वरूपं विस्मापयन्वृत्तमयैर्वचोभिः ॥ २८ ॥

પછી આપણે 'હે બાલક! તું કોણ છે, કોનો પુત્ર છે અને ક્યાંથી આવ્યો છે[1]?' ઇત્યાદિ પૂછ્યું તો તેણે શ્લોકમય વચનોથી વિસ્મય આપતાં પોતાના આનંદઘન સ્વરૂપનું નિરુપણ કર્યું હતું. ૨૮.

तदा कदाऽप्यश्रुतिगोचरं तदाकर्ण्य वाग्वैभवमात्मजस्य ।
पिता प्रपद्यास्य परं प्रहर्षं सप्रश्रयां वाचमुवाच विज्ञः ॥ २९ ॥

---

१ 'कस्त्वं शिशो कस्य कुतोऽसि गन्ता किं नाम ते त्वं कुत आगतोऽसि ।
एतन्मयोक्तं वद चार्भक त्वं मत्प्रीतये प्रीतिविवर्धनोऽसि ॥'

એ સમયે કદી પણ નહિ સાંભળવામાં આવેલી એ પોતાના પુત્રની વચનચાતુરી સાંભળી પરમ હર્ષ પામીને એના વિદ્વાન્ પિતાએ મને નમ્રતા ભરેલાં વચનો નીચે પ્રમાણે કહ્યાં: ૨૯.

जनैर्जडत्वेन विनिश्चितोऽपि ब्रवीति यद्येष परात्मतत्त्वम् ।
प्रज्ञोन्नतानामपि दुर्विभाव्यं किं वर्ण्यतेऽर्हन्भवतः प्रभावः ॥ ३० ॥

'હે મહાત્મા! આ મારો પુત્ર કે જેને લોકોએ નિશ્ચયપૂર્વક જડ જ ધારયો હતો તે આજ મોટા વિદ્વાનોથી પણ નિરૂપણ કરવાને અશક્ય પરમાત્માના તત્ત્વવિષે આ પ્રમાણે બોલે છે, માટે આપના પ્રભાવની શી સ્તુતિ કરૂં? ૩૦.

आ जन्मनः संसृतिपाशमुक्तः शिष्योऽस्त्वयं विश्वगुरोस्तवैव ।
प्रफुल्लराजीववने विहारी कथं रमेत क्षुरके मरालः ॥ ३१ ॥

જન્મથી માંડીને સંસારના પાશથી મુક્ત થએલો આ મારો પુત્ર આપ કે જે જગત્‌ના ગુરુ છો તેમનો શિષ્ય થવામાં જ પ્રસન્ન થશે. સંસારમાં રહેવામાં પ્રસન્ન થશે નહિ. પ્રફુલ્લિત કમલોના વનમાં વિહાર કરનારો હંસ ગોખરૂમાં રમે જ કેમ[1]?' ૩૧.

विज्ञाप्य तस्मिन्निति निर्गतेऽसौ तदाप्रभृत्यत्र वसत्युदारः ।
आ शैशवादात्मविलीनचेताः कथं प्रवर्तेत महाप्रबन्धे ॥ ३२ ॥

આપણને એ પ્રમાણે વિજ્ઞપ્તિ કરીને આનો પિતા ઘેર જતાં ઉદારમનવાળો આ હસ્તામલક ત્યારથી આપણી પાસે જ રહ્યો છે તો એવી રીતે જેનું ચિત્ત બાલ્યાવસ્થાથી જ સ્વરૂપમાં લાગ્યું છે એવો હસ્તામલક મોટો ગ્રંથ કરવામાં કેમ પ્રવર્તે? ન જ પ્રવર્તે. ૩૨.

श्रुत्वेति पप्रच्छुरमुं विनेयाः स्वामिन्विनैव श्रवणाद्युपायैः ।
अलब्धविज्ञानमयं कथं वा भवानिदं साधु विदांकरोतु ॥ ३३ ॥

આચાર્યનાં એ વચનો સાંભળીને શિષ્યોએ તેમને પૂછ્યું કે "સ્વામિજી! શ્રવણાદિક ઉપાયો-વિના પણ આ હસ્તામલકને જ્ઞાન કેમ પ્રાપ્ત થયું એ વિષે આપ સારીરીતે ખુલાસો કરો." ૩૩.

तानब्रवीत्संयमिचक्रवर्ती कश्चित्पुरा यामुनतीरवर्ती ।
बभूव सिद्धः किल साधुवृत्तः सांसारिकेभ्यः सुतरां निवृत्तः ॥ ३४ ॥

શિષ્યોનાં વચન સાંભળી શંકરે તેઓને કહ્યું કે "પૂર્વે યમુનાને તીરે સારાં આચરણવાળો અને સંસારસંબંધી વિષયોથી અત્યંત નિવૃત્તિ પામેલો કોઇ સિદ્ધ બ્રાહ્મણ રહેતો હતો. ૩૪.

तस्यान्तिके काचन विप्रकन्या द्विहायनं जातु निवेश्य बालम् ।
क्षणं प्रतीक्षस्व शिशुं द्विजेति स्नातुं सखीभिः सह निर्जगाम ॥ ३५ ॥

એ સિદ્ધની પાસે કોઇ બ્રાહ્મણની દીકરી એક દિવસે બે વર્ષના બાલકને મુકી 'હે બ્રાહ્મણ! જરાવાર આ બાલકની ખબર રાખજે' એમ કહીને સખીઓની સાથે નાહાવા ગઇ. ૩૫.

अत्रान्तरे दैववशात्स बालश्चङ्क्रम्यमाणो निपपात नद्याम् ।
मृतं तमादाय शिशुं तदीयाश्चक्रंदुरुच्चैः पुरतो महर्षेः ॥ ३६ ॥

આ સમયમાં તે બાલક ફરતોફરતો દૈવગતિને લીધે નદીમાં પડીને મરી જતાં તે બાલકના સંબંધીઓ મરી ગએલા એ બાલકને લઇએ મોટા ઋષિની પાસે ઊંચા સ્વરથી રોવા લાગ્યા. ૩૬.

---

૧ ઉપમાન વાક્યમાં અને ઉપમેય વાક્યમાં નહિ રમવારૂપ સામાન્ય ધર્મનો જૂદોજૂદો નિર્દેશ કર્યો છે તેથી પ્રતિવસ્તૂપમા અલંકાર થયો છે. "वाक्ययोरेकसामान्ये प्रतिवस्तूपमा मता।"-બે વાક્યનો એક જ સમાન ધર્મ જૂદોજૂદો કહ્યો હોય તો પ્રતિવસ્તૂપમા માનવામાં આવે છે.— કુવલયાનંદ, કારિકા૫૦.

आक्रोशमाकर्ण्य मुनिः स तेषामत्यन्तखिन्नो निजयोगभूम्ना ।
प्राविक्षदङ्गं पृथुकस्य तस्य स एष हस्तामलकस्तपस्वी ॥ ३७ ॥

એઓનું રોવું સાંભળી ખેદ પામેલા એ મુનિએ પોતાની યોગશક્તિથી તે બાલકના શરીરમાં પ્રવેશ કર્યો છે. એ આ તપસ્વી હુસ્તામલક છે. ૩૭.

तस्मादयं वेद विनोपदेशं श्रुतीरनन्ताः सकलाः स्मृतीश्च ।
सर्वाणि शास्त्राणि परं च तत्त्वमज्ञातमेतेन न किंचिदस्ति ॥ ३८ ॥

તેટલા માટે આ (હુસ્તામલક) બાલક ભણાવ્યા વિના અનંત શ્રુતિઓ, સઘળી સ્મૃતિઓ, સઘળાં શાસ્ત્રો અને વળી તત્ત્વ જાણે છે એનાથી અજ્ઞાત કંઇ પણ નથી. ૩૮.

तत्ताद्दगात्मा न बहिः प्रवृत्तौ नियोगमर्हत्ययमत्र वृत्तौ ।
स मण्डनस्त्वर्हति बुद्धतत्त्वः सरस्वतीसाक्षिकसर्ववित्त्वः ॥ ३९ ॥

એવા સમાહિત અંતઃકરણવાળો આ હુસ્તામલક ભાષ્ય ઉપર વૃત્તિ કરવાના કામરૂપ બાહ્યપ્રવૃત્તિમાં આજ્ઞા કરવાને યોગ્ય નથી પણ તત્ત્વને જાણનારો અને જેના સર્વજ્ઞપણાસારૂ સરસ્વતી સાક્ષી છે એવો મંડનમિશ્ર જ એ કામમાં આજ્ઞા કરવાને યોગ્ય છે. ૩૯.

तत्ताद्दशात्युज्ज्वलकीर्तिराशिः समस्तशास्त्रार्णवपारदर्शी ।
आसादितो धर्महितः प्रयत्नात्स चेन्न रोचेत न दृश्यतेऽन्यः ॥ ४० ॥

એવો અત્યંત ઉજ્જવલ કીર્તિના સમૂહવાળો, સઘળાં શાસ્ત્રોરૂપી સમુદ્રના પારને પહોચેલો અને ધર્મનું હિત કરનારો આ મંડનમિશ્ર પ્રયત્ને મળ્યો છે તે છતાં તે તમોને ગમતો નથી તો બીજો કોઇ પણ એ કામ કરવાને યોગ્ય મારા જોવામાં આવતો નથી. ૪૦.

अहं बहूनामनभीष्टकार्यं न कारयिष्ये हि महानिबन्धे ।
किंचात्र संशीतिरभून्ममातो यदेककार्ये बहवः प्रतीपाः ॥ ४१ ॥

જો કે આ પ્રમાણે છે તોપણ મોટા ગ્રંથના વિષયમાં હું ઘણાઓને નહિ ગમતું કામ કરાવીશ નહિ. એક કામમાં ઘણા લોકો વિરુદ્ધ થયા તેથી મારા મનમાં પણ સંશય પડી ગયો છે." ૪૧.

भवन्निदेशाद्भगवन्सनन्दनः करिष्यते भाष्यनिबन्धमीप्सितम् ।
स ब्रह्मचर्यादुररीकृताश्रमो मतिप्रकर्षो विदितो हि सर्वतः ॥ ४२ ॥

શ્રીશંકરાચાર્યનાં વચનો સાંભળી 'બીજો કોઇ પણ એ કામ કરવાને યોગ્ય મારા જોવામાં આવતો નથી' એ બોલ સહન નહિ થતાં શિષ્યોએ કહ્યું કે "મહારાજ! આપની આજ્ઞાથી પદ્મપાદ ભાષ્ય ઉપર જેવો જોઇએ તેવો નિબંધ કરી દેશે. કારણ કે તેણે બ્રહ્મચર્યથી જ આ આશ્રમનો સ્વીકાર કર્યો છે અને તેની બુદ્ધિનો પ્રકર્ષ જગતપ્રસિદ્ધ છે." ૪૨.

सनंदनो नंदयिता जनानां निबंधमेकं विदधातु भाष्ये ।
न वार्तिकं तत्तु परप्रतिज्ञं व्यधात्प्रतिज्ञां स हि नूत्नदीक्षः ॥ ४३ ॥

શ્રીશંકરાચાર્યે કહ્યું કે "લોકોને રાજી રાખનાર પદ્મપાદ ભલે ભાષ્ય ઉપર એક ગ્રંથ રચે પણ તેણે બીજાએ કરવા સ્વીકારેલું વાર્તિક તો કરવું નહિ. નવી દીક્ષાવાળા મંડનમિશ્રે ભાષ્ય ઉપર વાર્તિક કરવાની પ્રતિજ્ઞા કરી છે." ૪૩.

आदिश्येत्थं शिष्यसंघं यतींद्रः प्रोवाचेत्थं नूत्नभिक्षुं रहस्तम् ।
भाष्ये भिक्षो मा कृथा वार्तिकं त्वं नेमे शिष्याः सेहिरे दुर्विदग्धाः ॥ ४४ ॥

એ પ્રમાણે શિષ્યોને આજ્ઞા કરીને શંકરાચાર્યે એકાંતમાં સુરેશ્વર(મંડનમિશ્ર)ને કહ્યું કે

૧ ઉપજાતિ. ૨ વંશસ્થ. ૩ ઉપેન્દ્રવજ્રા. ૪ શાલિની.

"હે સંન્યાસી! તમે ભાષ્ય ઉપર વાર્તિક કરજો. કારણ કે આ ખોટી ચતુરાઇ કરનારા શિષ્યો તમારા હાથથી વાર્તિક થવાનું સહન કરતા નથી. ૪૪.

तात्पर्यं ते गेहिधर्मेषु दृष्ट्वा तत्संस्कारं सांप्रतं शङ्कमानाः ।
भाष्ये कृत्वा वार्तिकं योजयेत्स भाष्यं प्राहुः स्वीयसिद्धान्तशेषम् ॥ ४५ ॥
नास्त्येवासावाश्रमस्तुर्य इत्थं सिद्धान्तोऽयं तावको वेदसिद्धः ।
द्वारि द्वास्थैर्वारिता भिक्षमाणा वेश्मान्तस्ते न प्रवेशं लभन्ते ॥ ४६ ॥
इत्याद्यां तां किंवदन्तीं विदित्वा तेषां नाऽऽसीत्प्रत्ययस्त्वय्यनल्पे ।
स्वातंत्र्यात्त्वं ग्रन्थमेकं महात्मन्कृत्वा मह्यं दर्शयाध्यात्मनिष्ठम् ॥ ४७ ॥
विद्वन्यद्वत्प्रत्ययः स्यादमीषां शिष्याणां नो ग्रन्थसंदर्शनेन ।
इत्युक्त्वेमं वार्तिकं सूत्रभाष्ये नाभूद्धाहेत्याप खेदं च किंचित् ॥ ४८ ॥

પૂર્વાશ્રમમાં તમારો ગૃહસ્થાશ્રમના ધર્મો ઉપર અભિપ્રાય હતો તે જોઇને 'હજી પણ તમારા મનમાં એ અભિપ્રાયનો સંસ્કાર રહી ગયો હશે' એવી શંકાને લીધે એ લોકો કહે છે કે 'જો સુરેશ્વર ભાષ્ય ઉપર વાર્તિક કરશે તો અવશ્ય ભાષ્યને પોતાના સિદ્ધાંતમાં લાગુ પાડી દેશે.' સંન્યાસાશ્રમ વેદપ્રતિપાદિત છે જ નહિ એવો મંડનમિશ્રનો સિદ્ધાંત છે અને મંડનમિશ્રને ઘેર દ્વારપાલ લોકોએ અટકાવવાથી સંન્યાસી લોકોને આંગણામાં પેસવાનું પણ મળતું નહિ એવી તમારા વિષેની લોકવાણી સાંભળવામાં આવવાથી એ શિષ્યોને જો કે તમે ક્ષુદ્ર નથી તો પણ તમારા ઉપર વિશ્વાસ આવતો નથી. હે વિદ્વાન્! હે મહાત્મા! આમ છે એટલા માટે તમે સ્વતંત્રતાથી એક વેદાંત વિષયનો ગ્રંથ બનાવીને મને દેખાડો કે જે ગ્રંથ જોવાથી આ મારા શિષ્યોને તમારા ઉપર વિશ્વાસ બેસે." શંકરાચાર્ય મંડનમિશ્રને એટલાં વચન કહી 'હાય હાય! સૂત્રભાષ્ય ઉપર વાર્તિક ન થયું' એમ કહિ કાંઇક ખેદ પણ પામ્યા. ૪૫, ૪૬, ૪૭, ૪૮.

शिष्योक्तिभिः शिथिलितात्ममनोरथोऽसावेनं स्वतंत्रकृतिनिर्मितये न्ययुंक्त ।
नैष्कर्म्यसिद्धिमचिराद्विदधत्स चेत्थं न्याय्यामविन्दत सुरेश्वरदेशिकाख्याम् ॥ ४९ ॥

શિષ્યોના કહેવાથી જેમનો ધારેલો મનોરથ શિથિલ થઇ ગયો એવા શંકરાચાર્યે સ્વતંત્ર ગ્રંથ કરવાની આજ્ઞા કરતાં સુરેશ્વરે થોડા દિવસમાં જ નૈષ્કર્મ્યસિદ્ધિ એવા નામનો ગ્રંથ બનાવ્યો અને તેથી તેણે પોતાનું સુરેશ્વરાચાર્ય એ યોગ્ય નામ મેળવ્યું. ૪૯.

नैष्कर्म्यसिद्धिमथ तां निरवद्ययुक्तिं निष्कर्मतत्वविषयावगतिप्रधानाम् ।
आद्यंतहृद्यपदबंधवतीमुदारामाद्यंतमैक्षततरां परितुष्टचेताः ॥ ५० ॥

પછી નિર્દોષ યુક્તિઓવાળી અને પ્રૌઢતાથી ભરેલી એ નૈષ્કર્મ્યસિદ્ધિને આચાર્યે આદિથી અંતસુધી સારી પેઠે તપાસીને તેમના મનમાં અત્યંત સંતોષ થયો. ૫૦.

ग्रंथं दृष्ट्वा मोदमानो मुनींद्रस्तं चान्येभ्यो दर्शयामास हृद्यम् ।
तेषां चाऽऽसीत्प्रत्ययस्तद्वदस्मिन्यद्वच्चान्यस्तत्त्वविद्यः स नेति ॥ ५१ ॥

એ ગ્રંથને જોઇ રાજી થતાં શંકરાચાર્યે તે સુંદર ગ્રંથ બીજાઓને દેખાડતાં તે જોઇને તેઓને પણ સુરેશ્વરાચાર્ય ઉપર વિશ્વાસ આવ્યો કે એમના જેવો બીજો કોઇ તત્ત્વવેત્તા નથી. ૫૧.

यत्राद्यापि श्रूयते मस्करींद्रैर्निष्कर्माऽऽत्मा यत्र नैष्कर्म्यसिद्धिः ।
तन्नाम्नायं ववृधे ग्रन्थवर्यस्तन्माहात्म्यात्सर्वलोकादृतोऽभूत् ॥ ५२ ॥

૧ વસંતતિલકા. ૨ શાલિની.

મોટા મોટા સંન્યાસીઓ અદ્યાપિ કર્મોના સંબંધથી રહિત પરમાત્માનું એ ગ્રંથથી શ્રવણ કરે છે અને તેથી નૈષ્કર્મ્ય(મોક્ષ)ની સિદ્ધિ થાય છે માટે એ ઉત્તમ ગ્રંથ નૈષ્કર્મ્યસિદ્ધિ એ નામથી પ્રસિદ્ધ થયો છે અને પોતાના તે પ્રભાવને લીધે સર્વ લોકમાં આદર પામ્યો છે. ૫૨.

[१]आचार्यवाक्येन विधित्सितेऽस्मिन्विघ्नं यदन्ये व्यधुरुत्ससर्ज ।
शापं कृतेऽस्मिन्कृतमप्युदारैस्तद्वार्त्तिकं न प्रसरेत्पृथिव्याम् ॥ ५३ ॥

આચાર્યનાં વચન ઉપરથી પોતે કરવા ધારેલા વાર્તિકમાં બીજાઓએ વિઘ્ન નાખ્યું એટલા માટે સુરેશ્વરાચાર્યે તે વિષયમાં શાપ દીધો કે "મોટા વિદ્વાનો પણ સૂત્રભાષ્યનું વાર્તિક કરશે તો તે વાર્તિકનો પૃથ્વીમાં પ્રચાર થશે નહિ." ૫૩.

[२]नैष्कर्म्यसिद्ध्याख्यनिबंधमेकं कृत्वाऽऽत्मपूज्याय निवेद्य चास्वा ।
विश्वासमुक्त्वाऽऽथ पुनर्बभाषे स विश्वरूपो गुरुमात्मदेवम् ॥ ५४ ॥

એ પ્રમાણે સુરેશ્વરાચાર્યે નૈષ્કર્મ્યસિદ્ધિ નામનો એક ગ્રંથ બનાવી તે ગ્રંથનું પોતાના ગુરુ શ્રીશંકરાચાર્યને નિવેદન કરી તેમનો વિશ્વાસ મેળવી બીજી કેટલીએક વાતો કરીને પછી પોતાના ઇષ્ટદેવરૂપ આચાર્યને નીચે પ્રમાણે કહ્યું: ૫૪.

[३]न ख्यातिहेतोर्न च लाभहेतोर्नाप्यर्चनार्थे विहितः प्रबंधः ।
नोल्लङ्घनीयं वचनं गुरूणां नोल्लङ्घने स्याद्गुरुशिष्यभावः ॥ ५५ ॥

"આ મેં જે ગ્રંથ કર્યો છે તે મેં પ્રખ્યાતિ મેળવવાને વાસ્તે, કોઇ જાતના લાભ મેળવવા વાસ્તે કે પૂજા મેળવવા વાસ્તે કરયો નથી પણ કેવલ ગુરુઓની આજ્ઞાનું ઉલ્લંઘન[૪] નહિ કરવું જોઇએ એટલા માટે જ કરયો છે. ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં આવે તો પછી ગુરુપણું અને શિષ્યપણું રહે જ નહિ. ૫૫.

[५]पूर्वं गृहित्वेऽपि न तत्स्वभावो न बाल्यमन्वेति हि यौवनस्थम् ।
न यौवनं वृद्धमुपैति तद्वद्व्रजन्हि पूर्वस्थितिमोज्झ्य गच्छेत् ॥ ५६ ॥

[६]હું પ્રથમ ગૃહસ્થ હતો પણ હમણાં મારામાં ગૃહસ્થનો સ્વભાવ નથી. અવસ્થા બદલાતાં સ્વભાવ પણ બદલાઇ જાય છે જેમકે જુવાનમાં બાલકનો અને વૃદ્ધમાં જુવાનનો સ્વભાવ રહેતો નથી. ચાલવા લાગેલો માણસ બેસવાની સ્થિતિ છોડીને જ ચાલે [૭]છે. ૫૬.

अहं गृही नात्र विचारणीयं किं ते न पूर्वं मन एव हेतुः ।
बन्धे च मोक्षे च मनो विशुद्धो गृही भवेद्वाऽप्युत मस्करी वा ॥ ५७ ॥

હું પૂર્વે ગૃહસ્થ હતો એ વાત હમણાં વિચારવાની નથી. હું પ્રથમ ગૃહસ્થ હતો તેથી પણ શું થઇ ગયું? કારણ કે બંધ થવામાં અને મોક્ષ થવામાં કોઇ આશ્રમ કારણ નથી પણ મન એજ કારણ [૮]છે. મન શુદ્ધ હોય તો ગૃહસ્થમાં અને સંન્યાસિમાં કાંઇ પણ ન્યૂનાધિકપણું નથી. ૫૭.

नास्त्येव चेदाश्रम उत्तमादिः कथं च तत्प्राप्तिनिवृत्तिगामिनौ ।
प्रतिश्रवौ नौ कथमल्पकालौ न हि प्रतिज्ञा भगवन्निरुद्धा ॥ ५८ ॥

જો 'સંન્યાસ આશ્રમ વેદોક્ત નથી' એવો જ મારો સિદ્ધાંત હોય તો હું ગૃહસ્થાશ્રમને

૧ ઇન્દ્રવજ્રા. ૨ ઉપજાતિ. ૩ ઇન્દ્રવજ્રા. ૪ ગુરુનો મહિમા કેવો છે તે વિષે સર્ગ ૧૦ માના શ્લોક ૯૭ થી ૧૦૨ સુધી જુઓ. ૫ ઉપજાતિ. ૬ બીજા શિષ્યોએ પોતાના ઉપર જે જે આરોપો મુક્યા છે તેઓનું નિવારણ સુરેશ્વર કરે છે. ૭ દૃષ્ટાંત અલંકાર છે. ૮ "**मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।**"—મન એ જ મનુષ્યને બંધન કે મોક્ષનું કારણ છે.

પ્રાપ્ત થઇને પછી સંન્યાશ્રસામ કેમ જ લઉં અને આપણા બે વચ્ચે થોડા જ સમયમાં પરસ્પરના આશ્રમ છોડી દેવાની કરેલી પ્રતિજ્ઞાઓને હું કેમ થવા દઉં? મહારાજ! સંન્યાસ લેવાની મારી જે પ્રતિજ્ઞા હતી તેને મેં જરાવાર પણ અટકાવી નથી તેથી પણ ધારવું જોઇએ કે 'સંન્યાસ વેદોક્ત નથી' એમ હું માનતો જ ન હતો. ૫૮.

संभिक्षमाणा न लभन्त एव चेद्गृहप्रवेशं गुरुणा प्रवेशनम् । प्रवेशम्

कथं हि भिक्षा विहिता ननूत्तमा को नाम लोकस्य मुखापिधायकः ॥ ५९ ॥

હું ગૃહસ્થ હતો ત્યારે સંન્યાસી લોકો મારા ઘરમાં પ્રવેશને ન પામતા હોય તો આપે જ ત્યાં પ્રવેશ કેમ કર્યો હતો અને ઉત્તમ ભિક્ષા કેમ આરોગી હતી, [1]લોકોનાં મોહોડાં તો કોઇથી પણ બંધ કરી શકાય એમ નથી. ૫૯.

तत्त्वोपदेशाद्विदितात्मतत्त्वो व्यधामहं संन्यसनं कृतात्मा ।

विरागभावान्न पराजितस्तु वादो हि तत्त्वस्य विनिर्णयाय ॥ ६० ॥

હું જે પ્રથમથી જ શુદ્ધ અંતઃકરણવાળો હતો તેણે આપે કરેલા તત્ત્વ જાણીને વૈરાગ્યથી જ સંન્યાસ લીધો છે પણ હારી જવાથી સંન્યાસ લીધો નથી. કેમકે જે વાદ કરવામાં આવે છે તે તત્ત્વનો નિર્ણય કરવાને વાસ્તે જ કરવામાં આવે છે. ૬૦.

पुरा गृहस्थेन मया प्रबन्धा नैयायिकादौ विहिता महार्थाः ।

इतः परं मे हृदयं चिकीर्षु त्वदङ्घ्रिसेवां न विलङ्घ्य किंचित् ॥ ६१ ॥

મેં પૂર્વે ગૃહસ્થાશ્રમમાં ન્યાયમત આદિને અનુસરનારા પ્રૌઢ ગ્રંથો કર્યા છે પણ હવે સંન્યાસ લીધા પછી આપનાં ચરણની સેવા(આપના સિદ્ધાંતના અનુસાર)ને છોડીને મારા હૃદયમાં બીજું કશું કરવાની ઇચ્છા નથી. ૬૧.

[2]श्रद्धामद्वैतबद्धादरबुधपरिषच्छेमुषीसन्निषण्णा-
मर्वाग्दुर्वादिगर्वानलविपुलतरज्वालमालावलीढाम् ।
सिक्त्वा सूक्तामृतौघैरहह परिहसञ्जीवयस्यद्य सद्यः
को वा सेवापटुः स्याद्दणतरणविधौ सद्गुरो नैव जाने ॥ ६२ ॥

હે સદ્‌ગુરો, શ્રદ્ધા કે જે અદ્વૈતમતમાં પ્રેમ રાખનારા વિદ્વાન્ લોકોની બુદ્ધિમાં પ્રથમ સારી રીતે સ્થિતિ કરીને રહી હતી અને પાછળથી દુષ્ટ વાદીઓના ગર્વોરૂપી અગ્નિઓની અત્યંત મોટી જ્વાલાઓની પંક્તિથી દાઝી ગઇ હતી તેને હમણાં આપે સુભાષણોરૂપી અમૃતના ઓઘનો છંટકાવ દઇને લીલામાત્રમાં જીવતી રાખી છે તો એ આપે કરેલા ઉપકારરૂપી ઋણમાંથી મુક્ત થવાને કયો શિષ્ય સમર્થ થઇ શકે એમ છે? કોઇ પણ સમર્થ થાય એમ નથી." ૬૨.

[3]इत्युक्त्वोपरते सुरेश्वरगुरौ तेनैव शारीरके
नो संभाव्यहहात्र वार्तिकमिति प्रौढं शुगग्निं शनैः ।
धीराग्र्यः शमयन्विवेकपयसा देवेश्वरेण त्रयी-
भाष्ये कारयितुं स वार्तिकयुगं बद्धादरोऽभून्मुनिः ॥ ६३ ॥

સુરેશ્વરાચાર્ય એટલાં વચન બોલીને બંધ પડતાં 'અરેરે! શારીરકભાષ્ય ઉપર એમના જ હાથથી વાર્તિક કરાવ્યું નહિ' એવા પ્રકારના પ્રૌઢ શોકરૂપ અગ્નિને વિવેકરૂપ જલથી ધીરે

१ લોકોક્તિ અલંકાર છે.—જુવો આ સર્ગના ૧૧ મા શ્લોકનું ટિપ્પણ. ૨ સ્રગ્ધરા. ૩ શાર્દૂલવિક્રીડિત.

ધીરે શાંત કરતા મહાધીર શ્રીશંકરાચાર્યે વેદભાષ્ય ઉપર એમના હાથથી બે વાર્તિકો કરાવવાની ઉત્કંઠા ધરી. ૬૩.

[1]भावानुकारिमृदुवाक्यनिवेशितार्थं स्वीयैः पदैः सह निराकृतपूर्वपक्षम् ।
सिद्धान्तयुक्तिविनिवेशिततत्त्वरूपं दृष्ट्वाऽभिनन्द्य परितोषवशादवोचत् ॥ ६४ ॥

સુરેશ્વરાચાર્યે કરેલો ગ્રંથ કે જે પોતાના અભિપ્રાયને અનુસરનારાં કોમલ વાક્યોથી સ્થાપેલા અર્થવાળો, પોતાનાં પદોથી એકદમ ઉડાવી નાખેલા પૂર્વ પક્ષોવાળો અને પ્રૌઢ યુક્તિઓથી સિદ્ધ કરેલા સિદ્ધાંતના સ્વરૂપવાળો હતો તેને જોઇ વખાણીને રાજી થએલા શંકરાચાર્યે સુરેશ્વરાચાર્યને નીચે પ્રમાણે કહ્યું: ૬૪.

सत्यं यदात्थविनयिन्मम याजुषी या शाखा तदन्तगतभाष्यनिबंध इष्टः ।
तद्वार्तिकं मम कृते भवता प्रणेयं सच्चेष्टितं परहितैकफलं प्रसिद्धम् ॥ ६५ ॥

“હે વિનયવાળા શિષ્ય! તમે જે કહી તે સઘળી સાચી વાત છે. હવે મારી યજુર્વેદસંબંધી તૈત્તિરીય શાખાના ઉપનિષદ ઉપર મેં ભાષ્ય કરેલું છે કે જે ભાષ્ય મને પ્રિય છે; તે ભાષ્ય ઉપર મારે વાસ્તે તમારે વાર્તિક કરવું. કારણ કે સત્પુરુષોની સઘળી ક્રિયાઓમાંથી પરાયા હિતરૂપી જ ફલ થાય છે એ પ્રસિદ્ધ છે. ૬૫.

[2]तद्वत्त्वदीया खलु काण्वशाखा ममापि तत्रास्ति तदंतभाष्यम् ।
तद्वार्तिकं चापि विधेयमिष्टं परोपकाराय सतां प्रवृत्तिः ॥ ६६ ॥

તેમ જ તમારી જે કાણ્વ શાખા છે તેના ઉપનિષદ ઉપર પણ મારૂં ભાષ્ય છે તો તે ભાષ્ય ઉપર પણ તમારે ઉત્તમ વાર્તિક કરવું. સત્પુરુષોની પ્રવૃત્તિ પરોપકારને વાસ્તે જ હોય છે. ૬૬.

[3]तत्रोभयत्र कुरु वार्तिकमार्तिहारि कीर्तिं च याहि जितकार्तिकचन्द्रिकाभाम् ।
मा शंकि पूर्वमिव दुःशठवाक्यरोधो मद्वाक्यमेव शरणं व्रज मा विचारीः ॥ ६७ ॥

એ બન્ને ભાષ્યો ઉપર જેથી સંસારની પીડા હરાઇ જાય એવા વાર્તિક કરો અને કાર્તિકી પુનમની ચાંદનીની શોભાને પણ જીતી લે એવી કીર્તિ પામો. આગળની પેઠે અસહનતા કરનારા શિષ્યોનાં વચનોથી આ વાતમાં અડચણ પડવાની શંકા નહિ રાખો અને કાંઇ હ્યુ-ચ્યુ નહિ કરતાં મારાં વચનો ઉપર જ આધાર રાખો.” ૬૭.

[4]इत्थं स उक्तो भगवत्पदेन श्रीविश्वरूपो विदुषां वरिष्ठः ।
चकार भाष्यद्वयवार्तिके द्वे ह्याज्ञा गुरूणां ह्यविचारणीया ॥ ६८ ॥

એ પ્રમાણે શંકરાચાર્યે આજ્ઞા કરતાં વિદ્વાનોમાં ઉત્તમ સુરેશ્વરાચાર્યે બે ભાષ્યોનાં બે વાર્તિકો કર્યાં. કારણ કે ગુરુઓની આજ્ઞા થાય ત્યારે તેમાં કાંઇ પણ વિચાર નહિ કરતાં તે પ્રમાણે કરવું જ જોઇએ. ૬૮.

[5]आज्ञा गुरोरनुचरैर्न हि लङ्घनीयेत्युक्त्वा तयोर्निगमशेखरयोरुदारम् ।
निर्माय वार्तिकयुगं निजदेशिकाय निःसीमनिस्तुलनधीरुपदां चकार ॥ ६९ ॥

‘અનુચરોએ ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન નહિ જ કરવું જોઇએ માટે જેમ કહો છો તેમ કરીશ’ એમ કહી એ તૈત્તિરીય અને બૃહદારણ્યક નામનાં બે ઉપનિષદોનાં બે વાર્તિક કરીને અપાર અને અનુપમ બુદ્ધિવાળા સુરેશ્વરાચાર્યે શંકરાચાર્યને ભેટ કર્યાં. ૬૯.

सनन्दनो नाम गुरोरनुज्ञया भाष्यस्य टीकां व्यधितेरितः पराम् ।
यत्पूर्वभागः किल पञ्चपादिका तच्छेषगा वृत्तिरिति प्रथीयसी ॥ ७० ॥

૧ વસંતતિલકા. ૨ ઇન્દ્રવજ્રા. ૩ વસંતતિલકા. ૪ ઉપજાતિ. ૫ વસંતતિલકા.

પદ્મપાદે પણ ગુરુની આજ્ઞાથી પ્રેરાઇને સૂત્રભાષ્યની બીજી ટીકા કરી કે જેનો પૂર્વભાગ વૃત્તિ પંચપાદીકા અને બીજો ભાગ એ નામથી પ્રખ્યાત છે. ૭૦.

व्यासर्षिसूत्रनिचयस्य विवेचनाय टीकाभिधं विजयडिंडिममात्मकीर्तेः ।
निर्माय पद्मचरणो निरवद्ययुक्तिदृब्धं प्रबन्धमकरोद्गुरुदक्षिणां सः ॥ ७१ ॥

એ પદ્મપાદે વ્યાસમુનિનાં સૂત્રોનું વિવેચન કરવાને વાસ્તે નિર્દોષ યુક્તિઓથી ગુંથાએલો અને પોતાની કીર્તિના વિજયના ડંકા જેવો ટીકા નામનો પ્રબંધ રચીને ગુરુદક્ષિણારૂપે અર્પણ કર્યો. ૭૧.

आलोचयन्नथ तदा नु गतिं ग्रहाणामूचे सुरेश्वरसमाह्वमुपह्वरे सः ।
पञ्चैव वत्स चरणाः प्रथिता इह स्युस्तत्रापि सूत्रयुगलद्वयमेव भूम्ना ॥ ७२ ॥

એ સમયે શંકરાચાર્યે આકાશમાં સૂર્ય આદિ ગ્રહોની ગતિ જોઇને એકાંતમાં સુરેશ્વરાચાર્યને કહ્યું કે "પુત્ર! આ ટીકામાંથી પાંચ પાદ જ પૃથ્વીમાં પ્રચાર પામશે અને તેઓમાંથી પણ ઘણું કરીને ચાર સૂત્રના ભાષ્યનું વ્યાખ્યાન જ પ્રચાર પામશે. ૭૨.

प्रारब्धकर्मपरिपाकवशात्पुनस्त्वं वाचस्पतित्वमधिगम्य वसुंधरायाम् ।
भव्यां विधास्यसितमां मम भाष्यटीकामाभूतसंलयमधिक्षिति सा च जीयात् ॥ ७३ ॥

તમે પ્રારબ્ધકર્મના પરિપાકને લીધે પૃથ્વીમાં ફરીવાર વાચસ્પતિ એવા નામથી અવતરીને મારાં ભાષ્યની અતિ સુંદર ટીકા બનાવશો અને તે ટીકા પૃથ્વીમાં પ્રલયકાલ પર્યંત ઉત્કર્ષ પામશે." ૭૩.

इत्येवमुक्त्वाऽथ यतीश्वरोऽसावानन्दगिर्यादिमुनीन्स हुत्वा ।
कुरुध्वमद्वैतपरान्निबन्धानित्यन्वशान्निर्ममसार्वभौमः ॥ ७४ ॥

એ પ્રમાણે સુરેશ્વરને કહી મમતા રહિત પુરુષોના ચક્રવર્તી એ શંકરાચાર્યે પોતાના આનંદગિરિ આદિ શિષ્યોને બોલાવીને આજ્ઞા કરી કે "અદ્વૈતનું નિરૂપણ કરનારા ગ્રંથો રચો." ૭૪.

ते सर्वेऽप्यनुमतिमाप्य देशिकेन्द्रोरानन्दाचलमुखरा महानुभावाः ।
आतेनुर्जगति यथास्वमात्मतत्त्वांभोजार्कान्विशदतरान्बहून्निबन्धान् ॥ ७५ ॥

એ રીતે શંકરાચાર્યની આજ્ઞાને પ્રાપ્ત થઇને મોટા પ્રભાવવાળા આનંદગિરિ આદિ શિષ્યોએ પણ પોતપોતાની મતિ પ્રમાણે જગતમાં આત્મતત્ત્વરૂપી કમલનો પ્રકાશ કરવામાં સૂર્ય જેવા અને અત્યંત સ્પષ્ટ ગ્રંથો રચ્યા ૭૫.

इति श्रीमाधवीये तद्वार्तिकांतप्रवर्तनः ।
संक्षेपशंकरजये पूर्णः सर्गस्त्रयोदशः ॥ १३ ॥

એપ્રમાણે શ્રીમાધવાચાર્યે રચેલા સંક્ષેપશંકરજયમાં શંકરાચાર્યે વાર્તિકપર્યંત ગ્રંથોની પ્રવૃત્તિ કર્યાની કથાસંબંધી તેરમો સર્ગ સંપૂર્ણ થયો. ૧૩.

अथ चतुर्दशः सर्गः ।

अथाब्जपात्कर्तुमनाः स तीर्थयात्रामयाचिष्ट गुरोरनुज्ञाम् ।
देया गुरो मे भगवन्ननुज्ञा देशान्दिदृक्षे बहुतीर्थयुक्तान् ॥ १ ॥

પછી પદ્મપાદે તીર્થયાત્રા કરવાની ઇચ્છાથી શ્રીશંકરાચાર્ય પાસે આજ્ઞા માંગી કે "હે ગુરુમહારાજ! હું ઘણાં તીર્થોવાળા દેશોને જોવા ઇચ્છું છું માટે તેની અનુજ્ઞા આપવી જોઇએ." ૧.

૧ ઉપજાતિ. ૨ પ્રહર્ષણી. ૩ ઉપજાતિ.

स क्षेत्रवासो निकटे गुरोर्यो वासस्तदीयाङ्घ्रिजलं च तीर्थम् ।
गुरूपदेशेन यदात्मदृष्टिः सैव प्रशस्ताऽखिलदेवदृष्टिः ॥ २ ॥

પદ્મપાદનાં વચન સાંભળી શંકરાચાર્યે કહ્યું કે "ગુરુના સમીપમાં જ રહેવું એ જ ક્ષેત્રવાસ છે, ગુરુના ચરણનું જલ એ જ તીર્થ છે અને ગુરુના ઉપદેશથી આત્મદૃષ્ટિ કરવી એ જ સઘળા દેવતાઓનાં ઉત્તમ દર્શન છે. ૨.

शुश्रूषमाणेन गुरोः समीपे स्थेयं न नेयं च ततोऽन्यदेशे ।
विशिष्य मार्गश्रमकर्शितस्य निद्राभिभूत्या किमु चिन्तनीयम् ॥ ३ ॥

સેવા કર્યા કરતાં ગુરુના સમીપમાં જ રહેવું યોગ્ય છે. ત્યાંથી બીજા દેશમાં જવું યોગ્ય નથી. કારણ કે માર્ગના અત્યંત પરિશ્રમને લીધે નિદ્રા પરાભવ કરે છે તેથી પ્રવાસી માણસ કાંઇ પણ આત્મચિંતન કરી શકતો નથી. ૩.

द्विधा हि संन्यास उदीरितोऽयं विबुद्धतत्त्वस्य च तद्बुभुत्सोः ।
तत्त्वंपदार्थैक्य उदीरितोऽयं यत्नात्त्वमर्थः परिशोधनीयः ॥ ४ ॥

એક વિદ્વત્સંન્યાસ (આત્માનો સંપૂર્ણ બોધ થયા પછી સંન્યાસ) અને બીજો વિવિદિષા સંન્યાસ (આત્માને જાણવાની ઇચ્છાથી સંન્યાસ) એમ સંન્યસના બે પ્રકાર શાસ્ત્રોમાં કહેલા છે તેઓમાં પહેલો સંન્યાસ જ્ઞાનીને વિક્ષેપોની નિવૃત્તિપૂર્વક જીવન્મુક્તિના સુખને વાસ્તે છે અને બીજો સંન્યાસ જ્ઞાનની ઇચ્છાવાળાને જીવના અને ઈશ્વરના સ્વરૂપની એકતાના વિચારને વાસ્તે છે. આ સંન્યાસોમાં બીજો સંન્યાસ તમોએ લીધો છે માટે તમારે યત્નપૂર્વક જીવના સ્વરૂપનું જ શોધન કરવું યોગ્ય છે પણ તેમાં વિઘ્ન પાડનાર તીર્થાટન આદિ કરવું યોગ્ય નથી. ૪.

संभाव्यते क्व च जलं क्व च नास्ति पाथः शय्यास्थलं क्वचिदिहास्ति न च क्व चास्ति ।
शय्यास्थली जलनिरीक्षणसक्तचेताः पांथो न शर्म लभते कलुषीकृतात्मा ॥ ५ ॥

પ્રવાસમાં કોઇ ઠેકાણે જલ મળે છે અને કોઇ ઠેકાણે મળતું પણ નથી. કોઇ ઠેકાણે સૂવાની જગ્યા મળે છે અને કોઇ ઠેકાણે મળતી પણ નથી. સૂવાના સ્થલનું અને જલનું શોધન કરવામાં ચિત્ત લાગી રહેતાં મુઝવણને લીધે પ્રવાસીજનને સુખ પ્રાપ્ત થતું નથી. ૫.

ज्वरातिसारादि च रोगजालं बाधेत चेत्तर्हि न कोप्युपायः ।
स्थातुं च गंतुं च न पारयेत तदा सहायोऽपि विमुञ्चतीमम् ॥ ६ ॥

પ્રવાસમાં જ્વર કે અતીસાર આદિ રોગોનો સમૂહ પીડા કરે તો પછી કશો ઉપાય રહેતો નથી, રહી પણ શકાતું નથી તથા ચાલી પણ શકાતું નથી અને તે સમયે જે સહાયતામાં હોય તે પણ રોગીને છોડી દે છે. ૬.

स्नानं प्रभाते न च देवतार्चनं क्व चोक्तशौचं क्व च वा समाधयः ।
क्व चाशनं कुत्र च मित्रसंगतिः पांथो न शाकं लभते क्षुधातुरः ॥ ७ ॥

પ્રભાતમાં નહાવાનું કે દેવપૂજન કરવાનું પણ બની શકે નહિ ત્યારે શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે શૌચ, સમાધિઓ, ભોજન કે મિત્રોનો સમાગમ તો ક્યાંથી જ સંભવે? પ્રવાસીને ભૂખ લાગે તે સમયે શાક પણ મળતું નથી." ૭.

नास्त्युत्तरं गुरुगिरस्तदपीह वक्ष्ये सत्यं यदाह भगवान्गुरुपार्श्ववासः ।
श्रेयानिति प्रथमसंयमिनामनेकान्देशानवीक्ष्य हृदयं न निराकुलं मे ॥ ८ ॥

---

१ વસંતતિલકા. २ ઉપજાતિ. ૩ વસંતતિલકા.

એ પ્રમાણે શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી પદ્મપાદે કહ્યું કે "જો કે ગુરુનાં વચનનું ઉત્તર છે જ નહિ તો પણ હું બોલું છું. આપ કહો છો કે 'ગુરુના સમીપમાં જ રહેવું યોગ્ય છે' એ સાચી વાત છે તો પણ પ્રાચીન મુનિઓના અનેક દેશોને જોયા વિના મારૂં મન શાંત થાય એમ નથી. ૮.

[1]सर्वत्र न क्वापि जलं समस्ति पश्चात्पुरस्तादथ वा विदिक्षु ।
मार्गो हि विद्येत न सुव्यवस्थः सुखेन पुण्यं क नु लभ्यतेऽधुना ॥ ९ ॥

પ્રવાસમાં આગળ, પાછળ અથવા ખૂણાઓમાં પણ કોઈ ઠેકાણે જલ ન હોય અને માર્ગ પણ સારી વ્યવસ્થાવાળો ન હોય એ સંભવિત છે પરંતુ આ સમયમાં સુખથી પુણ્યની પ્રાપ્તિ થતી નથી માટે દુઃખ વેઠવું પણ યોગ્ય છે. ૯.

[2]जन्मांतरार्जितमघं फलदानहेतोर्व्याध्यात्मना जनिमुपैति न नो विवादः ।
साधारणादिह च वा परदेशके वा कर्म ह्यभुक्तमनुवर्तत एव जंतुम् ॥ १० ॥

જન્માંતરમાં કરેલું પાપ ફલ દેવાને વાસ્તે વ્યાધિરૂપે પ્રકટ થાય છે એમાં મારે કશો વાંધો નથી પરંતુ તે પાપ આ દેશમાં અને પરદેશમાં સરખું જ દુઃખ દે છે. કારણ કે નહિ ભોગવાએલું કર્મ પ્રાણીને ગમે ત્યાં પણ ભોગવવું પડે છે. ૧૦.

[3]इह स्थितं वा परतः स्थितं वा कालो न मुंचेत्समयागतश्चेत् ।
तद्देशगत्याऽमृत देवदत्त इत्यादिकं मोहकृतं जनानाम् ॥ ११ ॥

પ્રાણી આ દેશમાં હોય કે પરદેશમાં હોય પણ તેને સમયસર કાલ આવ્યો હોય તો તે કદી છોડતો નથી. 'અમુક માણસ પરદેશમાં ગયો તેથી મુવો' એમ જે લોકોનું બોલવું થાય છે તે તો અવિવેકથી જ થાય છે. ૧૧.

[4]मन्वादयो मुनिवराः खलु धर्मशास्त्रे धर्मादि संकुचितमाहुरतिप्रवृद्धम् ।
देशाद्यवेक्ष्य न तु तत्सरणिं गतानां शौचाद्यतिक्रमकृतं प्रभवेदघं नः ॥ १२ ॥

મનુ આદિ મહાત્મા મુનિઓએ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે 'અત્યંત વૃદ્ધિ પામેલા ધર્મ આદિનો દેશ, કાલ અને અવસ્થા આદિ જોઇને સંકોચ કરવામાં બાધ નથી' માટે દેશ, કાલ તથા સગવડ આદિ જોઇને તેઓને અનુસરતાં અમને શૌચ આદિના ઉલંઘનનો દોષ લાગશે નહિ.[5] ૧૨.

[6]दैवेऽनुकूले विपिनं गतो वा समाप्नुयाद्वांछितमन्नमेषः ।
हीयेत नश्येदपि वा पुरस्थं तस्मिन्प्रतीपे तत एव सर्वम् ॥ १३ ॥

જો દૈવ અનુકૂલ હોય તો વનમાં ગયેલા પ્રાણીને પણ વાંછિત અન્ન મળે છે અને જો દૈવ પ્રતિકૂલ હોય તો અન્નાદિક સઘળું પાસે પડેલું છતાં પણ ઓછું થઇ જાય છે તથા નષ્ટ પણ થઇ જાય છે. ૧૩.

[7]गृहं परित्यज्य विदेशगो ना सुखं समागच्छति तीर्थदृश्वा ।
गृहं गतो याति मृतिं पुरस्तात्तदागमादत्र च किं निमित्तम् ॥ १४ ॥

ઘરને છોડીને પરદેશ ગયેલો તીર્થોનાં દર્શન કરીને સુખથી પાછો આવે છે અને

---

૧ ઉપજાતિ. ૨ વસંતતિલકા. ૩ ઉપજાતિ. ૪ વસંતતિલકા. ૫ "देशं कालं तथाऽऽत्मानं द्रव्यं द्रव्यप्रयोजनम् । उपपत्तिमवस्थां च ज्ञात्वा शौचं समारभेत् ॥"–દેશ, કાલ, આત્મશક્તિ, દ્રવ્ય, દ્રવ્યપ્રયોજન, ઉત્પત્તિ અને અવસ્થા જાણીને શૌચને પાળવું અર્થાત્ દેશકાલને અનુસરીને શૌચાદિ ક્રિયા કરવી. ૬ ઉપજાતિ. ૭ ઉપેન્દ્રવજ્રા.

ઘેર રહેલો માણસ પેલો માણસ આવ્યા પહેલાં જ મરી જાય છે તો આ વાતમાં દૈવવિના બીજું શું કારણ છે? ૧૪.

देशे[1] कालेऽवस्थितं तद्विमुक्तं ब्रह्मानंदं पश्यतां तत्र तत्र।
चित्तैकाग्र्ये विद्यमाने समाधिः सर्वत्रासौ दुर्लभो नेति मन्ये ॥ १५ ॥

બ્રહ્માનંદ કે જે દેશકાલથી રહિત અને વ્યાપક છે તેને જોનારાઓને તે તે દેશકાલમાં ચિત્તની એકાગ્રતા હોય તો કોઇ પણ સ્થલમાં સમાધિ દુર્લભ નથી એમ ધારૂં છું. ૧૫.

सत्तीर्थसेवा[2] मनसः प्रसादिनी देशस्य वीक्षा मनसः कुतूहलम्।
क्षिणोत्यनर्थान्सुजनेन संगमस्तस्मान्न कस्मै भ्रमणं विरोचते ॥ १६ ॥

ઉત્તમ તીર્થોનું સેવન કરવાથી મન નિર્મલ થાય છે, તે તે દેશો જોવામાં આવે છે, મનને કૌતુક થાય છે અને તે પ્રસંગે થતો સુજનનો સમાગમ અનર્થોનો ક્ષય પણ કરે છે માટે તીર્થાટન કોને ગમે નહિ? ૧૬.

अटाट्यमानोऽपि[3] विदेशसंगतिं लभेत विद्वान्विदुषाऽभिसंगतिम्।
बुधो बुधानां खलु मित्रमीरितं खलेन मैत्री न चिराय तिष्ठति ॥ १७ ॥

પરદેશોમાં ફર્યા કરતાં વિદ્વાન્ માણસને વિદ્વાન્નો સમાગમ પણ મળી જાય છે. કારણ કે વિદ્વાન્ વિદ્વાનોનો મિત્ર કહેવાય છે. જો ખલની સાથે મૈત્રી થઇ હોય તો લાંબા દિવસ ટકતી નથી પણ વિદ્વાનોની મૈત્રી તો અવિચલ જ રહે છે. ૧૭.

समीपवासोऽयमुदीरितो गुरोर्विदेशगो यद्धृदयेन धारयेत्।
समीपगोऽप्येष न संस्थितोऽन्तिके न भक्तिहीनो यदि धारयेद्धृदि ॥ १८ ॥

પરદેશમાં રહીને પણ હૃદયમાં ગુરુનું ધ્યાન કર્યા કરવું એ, ગુરુના સમીપમાં જ રહેવું કહેવાય છે અને ગુરુની પાસે રહ્યા છતાં પણ જો ભક્તિથી રહિતપણાને લીધે હૃદયમાં ગુરુનું ચિંતન ન કરવામાં આવે તો એ દૂર રહેવું જ કહેવાય છે. ૧૮.

सुजनः[4] सुजनेन संगतः परिपुष्णाति मतिं शनैः शनैः।
परिपुष्टमतिर्विवेकवाञ्शनकैर्हेयगुणं विमुञ्चति ॥ १९ ॥

સુજનની સાથે મળેલો સુજન ધીરે ધીરે બુદ્ધિને વધારે છે અને જેની બુદ્ધિ વધતી જાય છે એવો વિવેકી સુજન ધીરે ધીરે દુર્ગુણોને છોડતો જાય છે." ૧૯.

येद्याग्रहोऽस्ति[5] तव तीर्थनिषेवणायां विघ्नो मयाऽत्र न खलु क्रियते पुमर्थे।
चित्तस्थिरत्वगतये विहितो निषेधो मा भूद्विशेषगमनं त्वतिदुःखहेतुः ॥ २० ॥

એ પ્રમાણે પદ્મપાદનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્ય બોલ્યા કે "તમને જો તીર્થોનું સેવન કરવામાં આગ્રહ હોય તો એ પુરુષાર્થમાં હું વિઘ્ન કરતો નથી. તમારા ચિત્તની સ્થિરતા જાણવાને વાસ્તે મેં ના પાડી હતી. જો તમારે જવું જ હોય તો તે વિદેશોમાં વધારે રોકાવું નહિ. કારણ કે વધારે રોકાવાથી અતિ દુઃખ થાય છે. ૨૦.

नैको[6] मार्गो बहुजनपदक्षेत्रतीर्थानि यातांश्चौराध्वानं परिहर सुखं त्वन्यमार्गेण याहि।
विप्राग्र्याणां वसतिविततिर्यत्र वस्तव्यमीषन्नो चेत्सार्धं परिचितजनैः शीघ्रमुद्दिष्टदेशम् ॥

અનેક દેશોમાં, ક્ષેત્રોમાં અને તીર્થોમાં જવાનો એક જ માર્ગ હોય છે એમ નથી એટલા માટે ચોરવાળા માર્ગને છોડી દઇને સુખપૂર્વક બીજે માર્ગે ચાલજો. જ્યાં બ્રાહ્મણોનાં ઘર ઘણાં

૧ શાલિની. ૨ ઉપજાતિ. ૩ વંશસ્થ. ૪ વિયોગિની. ૫ વસંતતિલકા. ૬ મંદાક્રાંતા.

હોય ત્યાં પણ થોડું જ રહેજો અને તેવી સગવડ ન મળે તો ઓળખીતા લોકોની સાથે તુરત જ બીજા ધારેલા પ્રદેશમાં જજો. ૨૧.

सद्भिः सङ्गो विधेयः स हि सुखनिचयं सूयते सज्जनाना-
मध्यात्मैक्ये कथास्ता घटितबहुरसाः श्राव्यमाणाः प्रशांतैः ।
कायक्लेशं बिभिद्युः सततभयभिदः श्रांतविश्रांतवृक्षाः
स्वांतश्रोत्राभिरामाः परिमृषिततृषः क्षोभितक्षुत्कलङ्काः ॥ २२ ॥

જ્યાં જાઓ ત્યાં સત્સંગ કરજો. કારણ કે સજ્જનોનો સંગ સુખના સમૂહને ઉત્પન્ન કરે છે. સજ્જનોના સમુદાયમાં શાંત પુરુષોએ સંભળાવાતી જીવાત્માના તથા પરમાત્માના ઐક્ય વિષેની કથાઓ ઘણા રસથી ભરેલી, અનાદિ સંસારરૂપ ભયને ભેદનારી, સંસારરૂપી માર્ગમાં થાકેલાઓને વિશ્રામના વૃક્ષરૂપ, તૃષ્ણાને તોડનારી અને ક્ષુધારૂપી દોષને પણ મટાડનારી હોય છે તેથી તે કથાઓ શરીરનાં દુઃખને ટાળી નાંખે છે. ૨૨.

सत्सङ्गोऽयं बहुगुणयुतोऽप्येकदोषेण दुष्टो
यत्स्वांतेऽयं तपति च परं सूयते दुःखजालम् ।
खल्वासङ्गो वसतिसमये शर्मदः पूर्वकाले
प्रायो लोके सततविमलं नास्ति निर्दोषमेकम् ॥ २३ ॥

જો કે સત્સંગ ઘણા ગુણોવાળો છે તો પણ તેમાં એક મોટો દોષ છે તે એકે પ્રથમ સહવાસના સમયમાં તે અત્યંત સુખ આપીને પછી વિયોગના સમયમાં મનને અત્યંત તપાવે છે અને દુઃખના સમૂહને ઉત્પન્ન કરે છે. ઘણું કરીને જગત્માં કોઈ પણ વસ્તુ અત્યંત નિર્મલ અને અત્યંત નિર્દોષ હોતી જ નથી.[3] ૨૩.

मार्गे यास्यन्न बहुदिवसान्पाथसः संग्रही स्या-
त्तस्माद्दोषो जिगमिषुपदप्राप्तिविघ्नस्ततः स्यात् ।
प्राप्योद्दिष्टं वस निरसनं तत्र कार्यस्य सिद्धे-
र्मूलाङ्कूरोऽभिलषितपदप्राप्त्यभावोऽन्यथा हि ॥ २४ ॥

માર્ગમાં ચાલતાં ઘણા દિવસ સુધી ઉપવાસ કરવા નહિ. કારણ કે તેથી શરીરાદિકમાં મોટી અડચણ થાય છે અને ધારેલે સ્થલે પહોચવામાં વિઘ્ન થાય છે. ધારેલા સ્થલમાં પહોચીને ત્યાં નિવાસ કરજો પણ વચમાં નિવાસ કરશો નહિ. વચમાં લાંબો નિવાસ કરવાથી કાર્યની હાનિ થાય છે, સિદ્ધિનું મૂલ જતું રહે છે અને ધારેલા સ્થલમાં પહોચાતું નથી. ૨૪.

मार्गे चोरा निकृतिवपुषः संवसेयुः सहैव
च्छन्नात्मानो बहुविधगुणैः संपरीक्ष्याः प्रयत्नात् ।
देवान्वस्त्रं लिखितमथ वा दुर्विधा नेतुकामा
विश्वासोऽतोऽपरिचितनृषु प्रोज्झनीयो न कार्यः ॥ २५ ॥

માર્ગમાં કપટથી સજ્જનોનો વેષ ધરનારા અને ઘણા પ્રકારના ગુણો દેખાડીને પોતાના દોષોને ઢાંકનારા ચોર લોકો સહવાસ કરવા આવે છે માટે તેઓની પ્રયત્નપૂર્વક પરીક્ષા કરજો. એ દુષ્ટ લોકોના મનમાં દેવમૂર્તિઓને, વસ્ત્રોને કે પુસ્તકોને ચોરી જવાની ઇચ્છા હોય છે. આમ છે એટલા માટે માર્ગમાં અજાણ્યા માણસોનો વિશ્વાસ કરવો નહિ પણ કર્યો હોય હોય તો છોડી દેવો. ૨૫.

૧ સ્રગ્ધરા. ૨ મંદાક્રાંતા. ૩ અર્થાંતરન્યાસ અલંકાર.

मध्येमार्गं योजनाभ्यंतरे वा तिष्ठेयुश्चेद्भिक्षवस्तेऽभिगम्याः । - क्रांतिरुष्टाः
पूज्याः पूज्यास्तद्यतिक्रांतिरुग्रा श्रेयस्कार्यं निष्फलीकर्तुमीशाः ॥ २६ ॥

માર્ગમાં અથવા માર્ગથી એક યોજન દૂર સુધીમાં કોઇ મહાત્મા સંન્યાસીઓ હોય તો તેઓની પાસે જવું અને તેઓનું પૂજન કરવું. કારણ કે એઓનું ઉલ્લંઘન અનિષ્ટ છે અને કલ્યાણનાં કામને નિષ્ફલ કરી દેવાને સમર્થ છે. ૨૬.

येदापदपदं सदा यतिवर स्थितं वस्तु त-
न्मतं भज मितंपचान्मनसि मा कृथाः प्राकृतान् ।
कषायकलुषाशयक्षतिविनिर्वृतः सम्मतः
सुखी चर सुखी चिरात्स्फुरति संततानंदता ॥ २७ ॥

હે સંન્યાસીઓમાં ઉત્તમ! જેઓ સર્વ અનર્થોથી રહિત અવિનાશી પદનું ચિંતન કરનારા હોય તેઓના અભિપ્રાય પ્રમાણે ચાલજો. કદર્યપણવાળા બીજા લોકોની વાતને મનમાં પણ ધરશો મા. મનમાં કામ ક્રોધાદિક દોષના આવેશથી થતી મલિનતાનો નાશ કરી સ્વસ્થ થઇ, સત્પુરુષો સ્વીકારે એવી ચાલથી સુખમાં વિચરજો. સુખ હોય તો થોડા દિવસમાં અખંડાનંદપણું સ્ફુરે છે." ૨૭.

इत्थं गुरोर्मुखगुहोदितवाक्सुधां तामापीय हृष्टहृदयः स मुनिः प्रतस्थे । - १.९८१.
प्रस्थाप्य तं गुरुवरोऽथ सुरेश्वराद्यैः कालं कियंतमनयत्सह शृङ्गकुध्रे ॥ २८ ॥
— भाट पाति बहुविधं प्रयताजाता तीर्थं तीर्थकरपरी प्रमितो न्यमाङ्कीत् — आ.३.९८२.

એ પ્રમાણે શ્રીશંકરાચાર્યના મુખના ગર્ભમાંથી નીકળેલાં વચનોરૂપી અમૃતનું પાન કરી હૃદયમાં રાજી થએલા પદ્મપાદ ત્યાંથી તીર્થયાત્રા કરવા નીકળ્યા અને એઓ નિકળ્યા પછી શંકરાચાર્યે સુરેશ્વર આદિ શિષ્યોની સાથે ઋષ્યશૃંગ નામના પર્વતમાં જ કેટલોક કાલક્ષેપ કર્યો. ૨૮.

अधिगम्य तदाऽऽत्मयोगशक्तेरनुभावेन निवेद्य चाऽऽश्रवेभ्यः ।
अवलंबिततारकापथोऽसावचिरादंतिकमाससाद मातुः ॥ २९ ॥

પછી પોતાની યોગશક્તિથી પોતાનાં માજીનો મંદવાડ જાણવામાં આવતાં શંકરાચાર્યે પોતાના શિષ્યોને કહી આકાશ માર્ગમાં ચાલીને તુરત પોતાનાં માજીની પાસે પધાર્યા. ૨૯.

तत्राऽऽतुरां मातरमैक्षतासौ ननाम तस्याश्चरणौ कृतात्मा । आ.४.९५
सा चैनमुद्वीक्ष्य शरीरतापं जहौ निदाघार्त इवांबुदेन ॥ ३० ॥

વશ અંતઃકરણવાળા શ્રીશંકરાચાર્યે ત્યાં જઇ પોતાનાં માજીને માંદાં જોયાં અને તેમના ચરણમાં પ્રણામ કર્યા. જેમ ઉનાળાથી પીડાએલું માણુસ મેઘને જોઇ શરીરના તાપને છોડી દે તેમ માજીએ એમને જોઇ શરીરનો તાપ છોડી દીધો.[6] ૩૦.

असावसङ्गोऽपि तदाऽऽर्द्रचेतास्तामाह मोहांधतमोपहर्ता ।
अंबायमस्म्यत्र शुचं जहीहि ब्रवीहि किं ते करवाणि कृत्यम् ॥ ३१ ॥

મોહરૂપી ધાડા અંધકારને મટાડનારા શ્રીશંકરાચાર્યે પોતે અસંગ છતાં પણ તે સમયે

૧ શાલિની. ૨ પૃથ્વી. ૩ વસંતતિલકા. ૪ માલભારિણી. ૫ આખ્યાનકી. ૬ "संन्यस्ताखिलकर्माऽपि पितुर्वन्द्यो हि मस्करी । सर्ववन्द्येन यतिना प्रसूर्वन्द्या प्रयत्नतः ॥ "—જેણે સર્વ કામને નાશ કર્યો છે એવો સંન્યાસી પિતા કરતાં પણ અધિક વંદન કરવા યોગ્ય છે. સર્વ જેને વંદન કરવા યોગ્ય છે એવા સંન્યાસીને વંદન કરવાથી પ્રયત્ને કરીને માતાનું વંદન કરવા બરોબર છે. ૭ ઉપજાતિ.

ચિત્તમાં આર્દ્ર થઇને માને કહ્યું કે "માજી! હું અહિં આવ્યો છું, તમે ચિંતા છોડી દો. તમારૂં કયું કામ કરૂં તે કહો." ૩૧.

दृष्ट्वा चिरात्पुत्रमनामयं सा हृष्टांतरात्मा निजगाद मंदम् ।
अस्यां दशायां कुशली मया त्वं दिष्ट्याऽसि दृष्टः किमतोऽस्ति कृत्यम् ॥ ३२ ॥

ઘણે દિવસે કુશલક્ષેમ આવેલા પુત્રને જોઇ મનમાં અત્યંત રાજી થએલાં તેમનાં માજીએ મંદમંદ અક્ષરોથી કહ્યું કે "હે પુત્ર! મેં મારી આ દશામાં તમને કુશલ દીઠા એ બહુ સારૂં થયું. આ ઉપરાંત બીજું શું કામ હોય? ૩૨.

इतः परं पुत्रक गात्रमेतद्वोढुं न शक्नोमि जरातिशीर्णम् ।
संस्कृत्य शास्त्रोदितवर्त्मना त्वं सद्वृत्त मां प्रापय पुण्यलोकान् ॥ ३३ ॥

હે દીકરા! હે શુભ આચરણવાળા! હવે જરાથી અત્યંત વીખાઇ ગએલું આ મારૂં શરીર જીવતું રહેવાતું નથી તો તમે શાસ્ત્ર પ્રમાણે આ શરીરના દાહાદિક સંસ્કાર કરીને મને પવિત્ર પરલોકમાં પહોચાડજો." ૩૩.

सुतानुगां सूक्तिमिमां जनन्याः श्रुत्वाऽथ तस्यै सुखरूपमेकम् ।
आ.४.९६ मायामयाशेषविशेषशून्यं मानातिगं स्वप्रभमप्रमेयम् ॥ ३४ ॥
उपादिशद्ब्रह्म परं सनातनं न यत्र हस्ताङ्घ्रिविभागकल्पना ।
अंतर्बहिः सन्निहितं यथांबरं निरामयं जन्मजरादिवर्जितम् ॥ ३५ ॥

એ પ્રમાણે માજીનાં પુત્રના સ્નેહને અનુસરતાં વચનો સાંભળી શ્રીશંકરાચાર્યે એમને સુખરૂપ, એક, માયાથી કલ્પાએલા, સઘળા ભેદોથી રહિત, પ્રમાણોથી અગમ્ય, સ્વયંપ્રકાશ, ચિદાભાસની વ્યાપ્તિથી રહિત, હાથ પગ આદિ અવયવોની કલ્પનાથી રહિત, સનાતન, આકાશનીપેઠે અંદર તથા બહાર વ્યાપ્ત, નિર્દોષ અને જન્મ આદિ વિકારોથી રહિત પરબ્રહ્મનો ઉપદેશ કર્યો. ૩૪, ૩૫.

सौम्यागुणे मे रमते न चित्तं रम्यं वद त्वं सगुणं तु देवम् ।
न बुद्धिमारोहति तत्त्वमात्रं यदेकमस्थूलमनण्वगोत्रम् ॥ ३६ ॥

એ ઉપદેશ સાંભળીને માજીએ કહ્યું કે "હે સૌમ્ય! આ નિર્ગુણ તત્ત્વમાં મારૂં ચિત્ત લાગતું નથી એટલા માટે તમે કોઇ રમણીય સગુણ દેવનું નિરૂપણ કરો. આ તમે કહેલું કેવલ તત્ત્વ કે જે જાડું નથી અને ગોત્રાદિકથી રહિત છે તે તો મારી બુદ્ધિમાં પણ આવતું નથી." ૩૬.

निशम्य मातुर्वचनं दयालुस्तुष्टाव भक्त्या मुनिरष्टमूर्तिम् ।
वृत्तैर्भुजंगोपपदैः प्रसन्नः प्रस्थापयामास स च स्वदूतान् ॥ ३७ ॥

એ પ્રમાણે માજીનાં વચન સાંભળી દયાળુ શંકરાચાર્યે [3]ભુજંગપ્રયાત નામનાં વૃત્તવાળા [4]શ્લોકોથી ભક્તિપૂર્વક સદાશિવની સ્તુતિ કરી અને સદાશિવે એ સ્તુતિ ઉપરથી પ્રસન્ન થઇ ત્યાં પોતાના દૂતોને મોકલ્યા. ૩૭.

૧ ઇંદ્રવજ્રા. ૨ ઉપજાતિ. ૩ 'भुजंगप्रयातं भवेद्यैश्चतुर्भिः।'—જેના પ્રત્યેક ચરણમાં ચાર ચાર ય ગણ આવે તે ભુજંગપ્રયાત વૃત્ત કહેવાય છે.—વૃત્તરત્નાકર. ૪ એ શ્લોક નીચે અર્થ સાથે આપ્યા છે તે જુઓ.

अनाद्यन्तमाद्यं परं तत्त्वमर्थं चिदाकारमेकं तुरीयं त्वमेयम् ।
हरिब्रह्ममृग्यं परब्रह्मरूपं मनोवागतीतं महः शैवमीडे ॥ १ ॥

विलोक्य ताञ्शूलपिनाकहस्तान्नैवानुगच्छेयमिति ब्रुवंत्याम् ।
तस्यां विसृज्यानुनयेन शैवानस्तौदथो माधवमादरेण ॥ ३८ ॥

હસ્તોમાં ત્રિશૂલોનું અને પિનાકોનું ધારણ કરનારા એ શિવદૂતોને જોઇ ભાજી 'હું તો આ લોકોની સાથે નહિ જાઉં' એમ બોલતાં શ્રીશંકરાચાર્યે વિનયપૂર્વક તેઓનું વિસર્જન કરીને પછી આદરથી નીચે પ્રમાણે વિષ્ણુની સ્તુતિ કરી. ૩૮.

स्वशक्त्यादिशक्त्यंतसिंहासनस्थं मनोहारिसर्वाङ्गरत्नादिभूषम् ।
जटाचन्द्रगङ्गास्थिसंपर्कमौलिं पराशक्तिमित्रं नुमः पञ्चवक्त्रम् ॥ २ ॥
शिवेशानतत्पूरुषाघोरवामादिभिर्ब्रह्मभिर्हृन्मुखैः षड्भिरङ्गैः ।
अनौपम्यषट्त्रिंशतं तत्त्वविद्यामतीतं परं त्वां कथं वेत्ति को वा ॥ ३ ॥
प्रवालप्रवाहप्रभाशोणमर्धं मरुत्वन्मणिश्रीमहःश्याममर्धम् ।
गुरु स्यूतमेकं वपुश्चैकमन्तः स्मरामि स्मरापत्तिसंपत्तिहेतुम् ॥ ४ ॥
स्वसेवासमायातदेवा सुरेन्द्रा नमन्मौलिमन्दारमालाभिषिक्तम् ।
नमस्यामि शंभो पदाम्भोरुहं ते भवाम्भोधिपोतं भवानीविभाव्यम् ॥ ५ ॥
जगन्नाथ मन्नाथ गौरीश नाथ प्रपन्नानुकम्पिन्विपन्नार्तिहारिन् ।
महस्तोममूर्ते समस्तैकबन्धो नमस्ते नमस्ते पुनस्ते नमोऽस्तु ॥ ६ ॥
महादेव देवेश देवाधिदेव स्मरारे पुरारे यमारे हरेति ।
ब्रुवाणः स्मरिष्यामि भक्त्या भवन्तं ततो मे दयाशील देव प्रसीद ॥ ७ ॥
विरूपाक्ष विश्वेश विश्वाधिकेश त्रयीमूल शम्भो शिव त्र्यम्बकं त्वम् ।
प्रसीद स्मर त्राहि पश्यावपुष्य क्षमस्वाऽऽप्नुहीतिक्ष पाहि क्षिपामः ॥ ८ ॥
त्वदन्यः शरण्यः प्रपन्नस्य नेति प्रसीद स्मरन्नोऽवहन्यास्तु दैन्यम् ।
न चेत्ते भवेद्भक्तवात्सल्यहानिस्ततो मे दयालो दयां सन्निधेहि ॥ ९ ॥
अयं दानकालस्त्वहं दानपात्रं भवान्नाथ दाता त्वदन्यं न याचे ।
भवद्भक्तिमेव स्थिरां देहि मह्यं कृपाशील शम्भो कृतार्थोऽस्मि तस्मात् ॥ १० ॥
पशुं वेत्सि चेन्मां त्वमेवाधिरूढः कलङ्कीति वा मूर्ध्नि धत्से त्वमेव ।
द्विजिह्वः पुनः सोपि ते कण्ठभूषा त्वदङ्गीकृताः सर्व सर्वेऽपि धन्याः ॥ ११ ॥
न शक्नोमि कर्तुं परद्रोहलेशं कथं प्रीयसे त्वं न जाने गिरीश ।
तथा हि प्रसन्नोऽसि कस्यापि कान्ता सुतद्रोहिणो वा पितृद्रोहिणो वा ॥ १२ ॥
स्तुतिं ध्यानमर्चां यथावद्विधातुं भजन्नप्यजानन्महेशावलम्बे ।
त्रसंतं सुतं त्रातुमग्रे मृकण्डोर्यमप्राणनिर्वापणं त्वत्पदाब्जम् ॥ १३ ॥
अकण्ठे कलङ्कादनङ्गे भुजङ्गादपाणौ कपालादभालेऽनलाक्षात् ।
अमौलौ शशाङ्कादवामे कलत्रादहं देवमन्यं न मन्ये न मन्ये ॥ १४ ॥

આદિ અને અંત રહિત, આદિ પરરૂપ, તત્ત્વરૂપ, અર્થરૂપ, ચૈતન્યમય, એક માનરહિત, વિષ્ણુ અને બ્રહ્માને ચિંતન કરવા યોગ્ય, પરબ્રહ્મરૂપ, મન અને વાણિથી જૂદા એવા શંકરની હું સ્તુતિ કરૂંછું. ૧.

પોતાની શક્તિ સહિત આદિશક્તિની પાસે સિંહાસન ઉપર બેઠેલા, મનોહર સર્વ અંગના રત્ન વગેરે આભૂષણથી સુશોભિત, ચંદ્ર અને ગંગાથી સુશોભિત, જટારૂપ મુકુટવાળા, પરાશક્તિના મિત્ર અને પાંચ મુખવાળા મહેશ્વરને નમસ્કાર કરૂં છું. ૨.

હે શિવ, હે ઇશાન, હે તત્પુરુષ, હે અઘોર, હે વામ, હ્રદયને વિશે મુખવાળા, છ અંગોએ કરીને બ્રહ્માદિથી પણ ઉપમા આપી શકાય નહિ એવા અને છત્રીશ તત્ત્વવિદ્યાથી જૂદા એવા તમને કોઇ પણ શી રીતે જાણી શકે ? અર્થાત્ તમારા સ્વરૂપને કોઇ પણ જાણી શકતું નથી. ૩.

भुजगाधिपभोगतल्पभाजं कमलाङ्कस्थलकल्पिताङ्घ्रिपद्मम् ।
अभिवीजितमादरेण नीलावसुधाभ्यां चलमानचामराभ्याम् ॥ ३९ ॥
विहिताञ्जलिना निषेव्यमाणं विनतानंदकृताऽग्रतो रथेन ।
धृतमूर्तिभिरस्त्रदेवताभिः परितः पञ्चभिरञ्चितोपकंठम् ॥ ४० ॥
महनीयतमालकोमलाङ्गं मुकुटीरत्नचयं महार्हयंतम् ।
शिशिरेतरभानुशीलिताग्रं हरिनीलोपलभूधरं हसंतम् ॥ ४१ ॥

શેષનાગનાં શરીરરૂપ શય્યા પર પોઢેલા, ચામરોને હલાવતી નીલા અને વસુધા નામની સ્ત્રીઓએ પ્રેમપૂર્વક પવન નાખીને સેવાતા, આગળના પ્રદેશમાં હાથ જોડીને બેઠેલા પોતાના વાહન ગરુડજીએ સેવાતા, દેહ ધરીને ઉભેલા પાંચ [2]અસ્ત્રોના દેવતાઓથી ચારેકોર શોભતા સમીપવાળા, જેનાં ચરણોને ખોળામાં લઇને લક્ષ્મીજી ચાંપ્યા કરે છે એવા અને સુંદર તમાલ

પ્રવાલના પ્રવાહ(સમૂહ)ની કાંતિના સરખા હોઠવાળા મરુત્વન્ નામના મણિના સરખી અર્ધશામ કાંતિવાળા અને કામની આપત્તિની સંપત્તિના કારણરૂપ તથા જગત્‌ના એક જ ગુરુરૂપ એવા શંકરનું ધ્યાન ધરૂં છું. ૪.

પોતાની સેવાને માટે આવેલા દેવતા અને ઇન્દ્રના મુકુટો ઉપર રહેલી મંદાર પુષ્પની માલાથી અભિષેક થયેલું, સંસાર સમુદ્રમાં નાવરૂપ અને ભવાનીએ સેવન કરેલું, હે શંભો, તમારૂં ચરણકમલ છે તેને હું નમસ્કાર કરીશ. ૫.

હે જગન્નાથ, હે મહારા પ્રભુ, હે ગૌરીપતિ, હે શરણ આવેલાનું રક્ષણ કરનાર, હે શરણે આવેલાની પીડાને નાશ કરનાર, હે તેજ અને યજ્ઞમય મૂર્તિ, હે સર્વ જગત્‌ના બંધુ, તમને વારંવાર નમસ્કાર કરૂં છું. ૬.

હે મહાદેવ, હે દેવના અધિપતિ, હે દેવના આદિદેવ, હે કામદેવના શત્રુ, હે ત્રિપુરાસુરના શત્રુ, હે મયના વૈરિ, એવી રીતે આપનાં નામનું રટણ કરતા એવા મને હે દયાળ, પ્રસન્ન થાઓ, હું તમારૂં સ્મરણ કરીશ. ૭.

હે વિરૂપાક્ષ, હે વિશ્વના નિયંતા, હે વિશ્વના પ્રભુ, હે વેદત્રયના મૂલકારણ, હે શંભો, હે શિવ, હે ત્ર્યંબક, તમે મારૂં કામદેવથી રક્ષણ કરો. ૮.

હે ભગવન્, તમારા વગર બીજું કોઇ શરણ કરવા યોગ્ય નથી માટે અમને પ્રસન્ન થાઓ અને અમારૂં દીનપણું નાશ પામો. હે પ્રભો, જો તમારે તમારા ભક્તજનોને વિષે સ્નેહ હોય તો હે દયાળો, મારા ઉપર દયા કરો. ૯.

હે શંભો, દાન આપવાનો આ વખત છે. હું દાન ગ્રહણ કરવામાં પાત્ર છું, તમે દાન આપનારે દાતાર છો, માટે તમારી પાસે માગું છું કે મને તમારી અચલ ભક્તિ આપો કે જેથી હું કૃતાર્થ થાઉં. ૧૦.

હે સર્વ, જો તમે મને પશુ માનતા હો તો તમે જ પશુ ઉપર બેસો છો, જો મને કલંકી ધારતા, હો તો તમે કલંકી-ચંદ્ર-ને ધારણ કરો છો. જો સર્પ ધારતા હો તો પણ તે સર્પ તમે જ કંઠમાં ધારણ કરો છો, માટે હે પ્રભો, તમે અંગીકાર કરેલા તે સર્વ (પશુ, ચંદ્ર અને સર્પ) ધન્ય થયા છે. ૧૧.

હે ગિરીશ, હું લેશ માત્ર પણ પારકો દ્રોહ કરવાને શક્તિમાન નથી, તોપણ તમે કેમ પ્રસન્ન થતા નથી તે હું જાણું છું, કેમકે કોઇ પુરુષની સ્ત્રીને વિષે પ્રસન્ન થયેલો પુરુષ તેના પુત્ર અને પિતાનો દ્રોહિ થાય છે. ૧૨.

હે ભગવાન્ ! તમારા તત્ત્વને જાણનારો અને તમારી સ્તુતિ, ધ્યાન અને પૂજા કરતો એવો પુત્ર મૃકંડ પણ કાલના સ્થળરૂપ તમારા ચરણકમલને પામ્યો છે. અર્થાત્ માર્કંડઋષિને પણ તમારા ચરણની સેવા કરવાથી મોક્ષ મળ્યું છે. ૧૩.

ગળામાં વિષના કલંકવાળા, કંઠમાં ભુજંગવાળા, હાથમાં કપાલવાળા, ભાલ(કપાળ)માં ત્રિનેત્રરૂપ અગ્નિવાળા, મુકુટમાં ચંદ્રવાળા, વામાંગમાં સ્ત્રીવાળા દેવવિના બીજાને હું નથી માનતો નથી માનતો. ૧૪.

૧ વસંતમાલિકા. ૨ શંખ, ચક્ર, ગદા, ધનુષ્ય અને ખડ્ગ.

જેવા શ્યામ અંગવાળા હોવાથી તથા મુકુટોમાં પોતે શોભાવેલા રત્નોના સમૂહવાળા હોવાથી સૂર્યે શોભાવેલાં અગ્રોવાળા ઇન્દ્રનીલમણિની કાંતિને પણ હસી કાહાડતા નારાયણનું સ્મરણ કરૂં છું. ૩૯, ૪૦, ૪૧.

[1]तत्तादृशं निजसुतोदितमम्बुजाक्षं चित्ते दधार मृतिकाल उपागतेऽपि ।
चित्तेन कंजनयनं हृदि भावयंती तत्याज देहमबला किल योगिवत्सा ॥ ४२ ॥

મરણ સમયમાં પણ શ્રીશંકરાચાર્યનાં માજીએ પોતાના પુત્રે વર્ણન કર્યા પ્રમાણે નારાયણને ચિત્તમાં ધર્યા અને એવી રીતે ચિત્તમાં નારાયણનું સ્મરણ કરતાં કરતાં માજીએ યોગીની પેઠે દેહ છોડી દીધો. ૪૨.

[2]ततः शरच्चन्द्रमरीचिरोचिर्विचित्रपारिप्लवकेतनाढ्यम् ।
विमानमादाय मनोज्ञरूपं प्रादुर्बभूवुः किल विष्णुदूताः ॥ ४३ ॥

આ સમયે શરદ્ ઋતુના ચંદ્રના કિરણોની પેઠે દીપતું અને વિચિત્ર અને ચંચલ ધ્વજાઓવાળું સુંદર વિમાન લઇને વિષ્ણુના દૂતો ત્યાં આવ્યા. ૪૩.

वैमानिकांस्तान्नयनाभिरामानवेक्ष्य हृष्टा प्रशशंस पुत्रम् ।
विमानमारोप्य विराजमानमनायि तैः सा बहुमानपूर्वम् ॥ ४४ ॥

વિમાન લઇને આવેલા તે મનોહર દૂતોને જોઇ રાજી થએલાં માજીએ શંકરાચાર્યનાં વખાણ કર્યાં અને તે પછી એ દૂતો એમને ઘણા માનસહિત સુંદર વિમાનમાં બેસાડીને વૈકુંઠના માર્ગમાં લઇ ગયા. ૪૪.

[3]इयमर्चिरहर्वलक्षपक्षान्षडुदङ्माससमानिलार्कचंद्रान् ।
चपलावरुणेंद्रधातृलोकान्क्रमशोऽतीत्य परं पदं प्रपेदे ॥ ४५ ॥

અગ્નિ, દિવસ, શુક્લપક્ષ, ઉત્તરાયણના છ માસ અને સંવત્સર એઓના અભિમાની [4]દેવતાઓને તથા વાયુ, સૂર્ય, ચંદ્ર, વીજળી, વરુણ, ઇંદ્ર અને બ્રહ્મા એઓના લોકોને અનુક્રમથી મુકી મુકીને એ માજી વૈકુંઠલોકમાં ગયાં. ૪૫.

स्वयमेव चिकीर्षुरेष मातुश्चरमं कर्म समाजुहाव बंधून् ।
किमिहास्ति यतेस्तवाधिकारः कितवेत्येनममी निनिंदुरुच्चैः ॥ ४६ ॥

પછી માજીનું દાહાદિક કર્મ પોતાના હાથથી જ કરવાને ઇચ્છતા શ્રીશંકરાચાર્યે પોતાના બંધુઓને ત્યાં બોલાવ્યા પણ એ બંધુઓ 'હે કપટી! તું કે જે સંન્યાસી છે તેને અંત્યકર્મ કરવામાં અધિકાર હોય કે?' એમ ઊંચા સ્વરથી બોલીબોલીને શ્રીશંકરાચાર્યને ધિક્કારવા લાગ્યા. ૪૬.

अनलं बहुधाऽर्थिताऽपि तस्मै बत नादत्त च बंधुता तदीया ।
अथ कोपपरीवृतांतरोऽसावखिलांस्तानशपच्च निर्ममेंद्रः ॥ ४७ ॥

---

૧ વસંતતિલકા. ૨ ઉપજાતિ. ૩ વસંતમાલિકા. ૪ દેવયાન નામના ઉત્તમ માર્ગમાં જતાં આ દેવતાઓને પ્રાપ્ત થવું પડે છે એમ ભગવદ્ગીતામાં આ પ્રમાણે કહ્યું છેઃ " अग्निर्ज्योतिरहः शुक्लः षण्मासा उत्तरायणम् । तत्र प्रयाता गच्छन्ति ब्रह्म ब्रह्मविदो जनाः ॥"—ઉત્તરાયણ કાલમાં, અગ્નિ અને જ્યોતિષ એટલે અગ્નિના અભિમાની દેવ, શુક્લપક્ષ, તથા છ માસ રૂપ ઉત્તરાયણના અભિમાની દેવ એવી રીતે અગ્નિ આદિ દેવો તેતે કાલના અભિમાની થઇને રહે છે, તે ઉત્તરાયણ કાલમાં મરણ પામેલા ભગવાનના ભક્તો બ્રહ્મને પામે છે."—ગીતા, અધ્યાય ૮, શ્લોક ૨૪.

શ્રીશંકરાચાર્યે પોતાનાં માજીનો દાહ કરવાને વાસ્તે ઘણાઘણા કાલાવાલા કરીને પણ તેઓની પાસે અગ્નિ માંગ્યો પણ તેઓએ આપ્યો નહિ. પછી કોપથી વ્યાપ્ત થએલા મનવાળા શ્રીશંકરાચાર્યે એ સઘળા બંધુઓને શાપ દીધો. ૪૭.

[1] संचित्य काष्ठानि सुशुष्कवंति गृहोपकंठे धृततोयपात्रः ।
स दक्षिणे दोष्णि ममंथ वह्निं ददाह तां तेन च संयतात्मा ॥ ४८ ॥

પછી શ્રીશંકરાચાર્યે ઘરના સમીપમાં જ લાકડાં એકઠાં કરી હાથમાં જલપાત્ર ધરી માજીના જમણા હાથને મથીને તેમાંથી અગ્નિ પ્રકટ કર્યો અને તે અગ્નિથી માજીનો દાહ કર્યો. ૪૮.

[2] न याचिता वह्निमदुर्यदस्मै शशाप तान्स्वीयजनान् सरोषः ।
इतः परं वेदबहिःकृतास्ते द्विजा यतीनां न भवेच्च भिक्षा ॥ ४९ ॥
[3] गृहोपकंठेषु च वः श्मशानमद्यप्रभृत्यस्त्विति तानशशाप ।
अद्यापि तद्देशभवा न वेदमधीयते नो यमिनां च भिक्षा ॥ ५० ॥
तदाप्रभृत्येव गृहोपकंठेष्वासीच्छ्मशानं किल हंत तेषाम् ।
महत्सु धीपूर्वकृतापराधो भवेत्पुनः कस्य सुखाय लोके ॥ ५१ ॥

માંગ્યા છતાં પણ બંધુઓએ અગ્નિ આપ્યો નહિ એટલા માટે ક્રોધ કરીને શ્રીશંકરાચાર્યે તેઓને શાપ દીધો કે "હે બ્રાહ્મણો! આજથી તમો વેદથી બહિષ્કૃત થશો. તમારે ત્યાં સંન્યાસીઓ ભિક્ષા નહિ કરે અને તમારાં ઘરોના સમીપમાં જ મુડદાં બાળવામાં આવશે." આ શાપને લીધે અદ્યાપી સુધી તે દેશના બ્રાહ્મણો વેદ ભણતા નથી, એઓને ઘેર સંન્યાસીઓ ભિક્ષા લેતા નથી અને તેઓનાં શબો તેઓનાં ઘરોની આગળ જ બાળવાની રીતિ ચાલી છે. જાણી જોઇને મહાત્માઓનો અપરાધ કરવામાં આવે તો તેથી જગત્માં કોને સુખ થાય? કોઇને પણ ન થાય. ૪૯, ૫૦, ૫૧.

[4] शांतः पुमानिति न पीडनमस्य कार्यं शांतोऽपि पीडनवशात्क्रुधमुद्वहेत्सः ।
शीतः सुखोऽपि मथितः किल चंदनद्रुस्तीव्रो हुताशजनको भवति क्षणेन ॥ ५२ ॥

(આ પુરુષ શાંત છે) એવા વિશ્વાસથી પણ શાંત પુરુષને પીડવો નહિ જોઇએ. કારણ કે શાંત પુરુષને પણ બહુ દબાવ્યાથી ક્રોધ ચડે છે. ચંદનનું ઝાડ જો કે શીતલ અને સુખદાયી છે તો પણ તેનું મથન કરવામાં આવે તો તેમાંથી તુરત તીવ્ર અગ્નિ ઉત્પન્ન થાય છે.[5] ૫૨.

[6] यद्यप्यशास्त्रीयतया विभाति तेजस्विनां कर्म तथाऽप्यनिंद्यम् ।
विनिंद्य कृत्यं किल भार्गवस्य ददुः स्वपुत्रान्कतिचिद्वृकाय ॥ ५३ ॥

જો કે સંન્યાસીએ શબનો દાહ કર્યો એ કામ શાસ્ત્રવિરુદ્ધ લાગે છે તો પણ તેજસ્વીએ કરેલા કામની નિંદા નહિ કરવી જોઇએ.[7] મહાત્માઓની નિંદા કરવાથી માઠો પરિણામ થાય છે. પરશુરામે પોતાની માને તથા ભાઇઓને માર્યા એ કામની નિંદા કરવાથી કેટલાએક મુનિઓને પોતાના પુત્રો નાહારોને ખવરાવી દેવા પડયા હતા. ૫૩.

---

૧ ઉપજાતિ. ૨ ઉપેંદ્રવજ્રા. ૩ ઉપજાતિ. ૪ વસંતતિલકા. ૫ દૃષ્ટાંત અલંકાર છે. ૬ ઉપજાતિ. ૭ શાસ્ત્રમાં કહ્યું છે કે "धर्मव्यतिक्रमो दृष्ट ईश्वराणां च साहसम् । तेजीयसां न दोषाय वह्नेः सर्वभुजो यथा ।"–ઈશ્વરને ધર્મનો વ્યતિક્રમ એટલે અવળું આચરણ સાહસરૂપ દેખાય છે પણ તેજસ્વી પુરુષોને સર્વનું ભક્ષણ કરનાર અગ્નિની પેઠે તે ધર્મનો વ્યતિક્રમ દોષરૂપ થતો નથી. અર્થાત્ આપણામાં કહેવત છે કે 'મોટા કરે તે છાજે' અર્થાત્ મોટા માણસોએ કરેલું કામ દોષવાળું હોતું નથી.

इति स्वजननीमसौ मुनिजनैरपि प्रार्थितां पुनः पतनवर्जितामतनुसौख्यसंदोहिनीम्।
यतिक्षितिपतिर्गतिं वितमसं स नीत्वा ततस्ततोऽन्यमतशातने प्रयतते स्म पृथ्वीतले ५४

સંન્યાસીઓના રાજાધિરાજ શ્રીશંકરાચાર્યે એ પ્રમાણે પોતાનાં માજીને મુનિઓએ પણ માંગેલી, પુનરાવૃત્તિથી રહિત, અપાર સુખ દેનારી અને અજ્ઞાનથી રહિત ગતિ આપ્યા પછી પૃથ્વીમાં ચારેકોર બીજાઓનાં ખંડન કરવાની ઇચ્છા કરી. ૫૪.

अथ तत्सहायजलजाङ्घ्र्युपागमेच्छुरभीप्सितेऽत्र विललंब एष कः।
जलजाङ्घ्रिरप्यथ पुरा निजाज्ञया कृतवानुदीच्यबहुतीर्थसेवनम्॥ ५५॥

જો કે પોતાને એ પ્રબલ ઇચ્છા થઇ તો પણ પદ્મપાદના આવવાની વાટ જોઇને તેમણે તે કામમાં વિલંબ કર્યો. પદ્મપાદ પણ કે જે પ્રથમ શંકરાચાર્યની આજ્ઞાથી તીર્થયાત્રા કરવા નીકળ્યા હતા તેમણે ઉત્તર દિશામાં ઘણાં ઘણાં તીર્થોનું સેવન કર્યું. ૫૫.

आससाद शनकैर्दिशं मुनेर्यस्य जन्म वसुधाघटी स्मृता। आ॰ ३.९९
सा श्रुतिः सकलरोगनाशिनी योऽपिबज्जलधिमेकबिंदुवत्॥ ५६॥

પદ્મપાદ એ દિશામાંથી પાછા વળીને ધીરેધીરે[4] ઘડારૂપ જન્મભૂમીવાળા, નામ લેવા માત્રથી સઘળા રોગનો નાશ [5]કરનારા અને સમુદ્રને એક બિંદુની પેઠે પીજનારા મુનિ(અગસ્ત્ય)ની દિશા(દક્ષિણ દિશા)માં આવ્યા. ૫૬.

अद्राक्षीत्सुभगाहिभूषिततनुं श्रीकालहस्तीश्वरं ,, ३.१००
लिङ्गे सन्निहितं दधानमनिशं चांद्रीं कलां मस्तके।
पार्वत्या करुणारसार्द्रमनसाऽऽश्लिष्टं प्रमोदास्पदं
देवैरिंद्रपुरोगमैर्जय जयेत्याभाष्यमाणं मुनिः॥ ५७॥

એ પદ્મપાદે દક્ષિણ દિશામાં આવી સુંદર સર્પોથી શણગારેલા શરીરવાળા, લિંગમાં સન્નિહિત થઇને રહેલા, મસ્તકમાં ચંદ્રની કલાનું ધારણ કરનારાં, અત્યંત દયાળુ મનવાળાં પાર્વતીએ આ-

---

૧. પૃથ્વી વૃત્ત. ૨. મંજુભાષિણી વૃત્ત.–ચાર ચરણ, દરેક ચરણમાં ૧૩ અક્ષર તથા પ્રત્યેક ચરણમાં સ જ સ જ ગણ ને એક ગુરુ હોય છે. ૩. રથોદ્ધતા. ૪. અગસ્ત્ય મુનિ ઘડામાંથી જન્મ્યા હતા એ કથા ભાગવતના ષષ્ઠસ્કંધના ૧૮મા અધ્યાયમાં છે. ૫. અગસ્ત્ય મુનિનું નામ લેવાથી રોગ ટળી જાય છે એટલા માટે જમીને તેમનું સ્મરણ કરવામાં આવે છે તે વિષે ભાવપ્રકાશ, પ્રથમ ખંડ, પ્રકરણ ૪, શ્લોક ૧૬૪–૬૫–૬૬ ને ૬૭માં નીચે પ્રમાણે કહેલું છે:—
" आचम्य जलयुक्ताभ्यां पाणिभ्यां चक्षुषी स्पृशेत्। भुक्त्वा च संस्मरेन्नित्यमगस्त्यादीन्सुखावहान्॥ विष्णुरात्मा तथैवान्नं परिणामश्च वै यथा। सत्येन तेन मद्भुक्तं जीर्यत्वन्नमिदं तथा॥ अगस्तिरग्निर्वडवानलश्च भुक्तं ममान्नं जरयत्वशेषम्। सुखं च मे तत्परिणामसंभवं यच्छन्त्वरोगं मम चास्तु देहम्॥अङ्गारकमगस्तिं च पावकं सूर्यमश्विनौ। पञ्चैतान्संस्मरेन्नित्यं भुक्तं तस्याशु जीर्यति॥ "–આચમન લીધા પછી ભીના હાથવડે આંખનો સ્પર્શ કરવો. જમ્યા પછી સુખને આપનાર અગસ્ત્યાદિનું નિત્ય સ્મરણ આ પ્રમાણે કરવું: આત્મા, અન્ન અને અન્નના પરિણામરૂપ વિષ્ણુ જ છે એ સત્યના પ્રભાવથી મેં જે અન્ન ખાધું છે તે પચી જજો. અગસ્ત્ય, અગ્નિ અને વડવાનલ એઓ મેં ખાધેલા અન્નને પચાવજો અને અન્નના પરિણામથી થતું સુખ મને આપજો તથા મારો દેહ રોગરહિત રહેજો. મંગળગ્રહ, અગસ્ત્ય, અગ્નિ, સૂર્ય અને અશ્વિનીકુમાર એ પાંચનું જે માણસ નિત્ય સ્મરણ કરે તે માણસનું ખાધેલું પચી જાય છે. ૬. શાર્દૂલવિક્રીડિત.

લિંગન કરેલા, આનંદના નિવાસરૂપ અને ઇંદ્ર આદિ દેવતાઓ જેમની જય જય શબ્દોથી સ્તુતિ કરતા હતા એવા કાલહસ્તીશ્વર નામના સદાશિવનાં દર્શન કર્યાં. ૫૭.

[1]स्नात्वा सुवर्णमुखरीसलिलाशयेऽन्तर्गत्वा पुनः प्रणमति स शिवं भवान्या ।
आनर्च भावकुसुमैर्मनसा नुनाव स्तुत्वा च तं पुनरयाचत तीर्थयात्राम् ॥५८॥

પદ્મપાદે સુવર્ણમુખરી નામની નદીના જલાશયની અંદર સ્નાન કરી સદાશિવને તથા પાર્વતીને ફરીવાર પ્રણામ કરી તેઓનું માનસિક પુષ્પોથી પૂજન કર્યું, મનથી જ સ્તુતિ કરી અને સ્તુતિ કર્યા પછી તીર્થયાત્રાની જ પ્રાર્થના કરી. ૫૮.

[2]लब्ध्वाऽनुज्ञां तज्ज्ञराट्कालहस्तिक्षेत्रात्काञ्चीक्षेत्रमागात्पवित्रम् ।
संसाराब्धिं संतितीर्षोः प्रसिद्धं वृद्धाः प्राहुर्यद्धि लोके ह्यमुष्मिन् ॥ ५९ ॥

શિવના તત્ત્વને જાણનારાઓમાં ઉત્તમ પદ્મપાદ અનુજ્ઞા લઇને તે કાલહસ્તિ નામના ક્ષેત્રમાંથી તથા પવિત્ર કાંચીક્ષેત્રમાંથી ગયા કે જે કાંચીક્ષેત્ર સંસારરૂપી સમુદ્રમાંથી તરવાની ઇચ્છા રાખનાર માણસને વાસ્તે આ લોકમાં પ્રસિદ્ધ સાધન છે એમ પુરાણ આદિ ગ્રંથોમાં વૃદ્ધ લોકોએ કહ્યું છે. ૫૯.

तत्रैकांत्याधीश्वरं विश्वनाथं नत्वा गम्यं स्वीयभाग्यातिशीत्या ।
देवीं धामांतर्गतामंतकारेर्हार्दं रुद्रस्येव जिज्ञासमानाम् ॥ ६० ॥
कल्लालेशं द्राक्ततो नातिदूरे लक्ष्मीकांतं संवसंतं पुराणम् ।
कारुण्यार्द्रस्वांतमंतादिशून्यं दृष्ट्वा देवं संतुतोषैकभक्त्या ॥ ६१ ॥

ત્યાં પોતાના ભાગ્યના અતિશયથી જ પ્રાપ્ત થાય એવા ઐકાંત્યાધીશ્વર નામના સદાશિવને તથા જાણે મૃત્યુને જીતનારા સદાશિવનો અભિપ્રાય જાણવા માટે જ તે ધામની અંદર રહ્યાં હોય એવાં પાર્વતીને પ્રણામ કરી, તુરત ત્યાંથી થોડેક દૂર નિવાસ કરીને રહેલા, લક્ષ્મીના પતિ, દયાથી ભીંજાએલા મનવાળા અને આદિઅંતથી રહિત કલ્લાલેશ નામના પુરાણપુરુષ(વિષ્ણુ)નું પરમભક્તિથી દર્શન કરીને પદ્મપાદ રાજી થયા. ૬૦, ૬૧.

[3]पुंडरीकपुरमाययौ मुनिर्यत्र नृत्यति सदाशिवोऽनिशम् ।
वीक्षते प्रकृतिरादिमा हृदा पार्वतीपरिणतिः शुचिस्मिता ॥ ६२ ॥

ત્યાંથી પદ્મપાદ પુંડરીકપુરમાં આવ્યા કે જ્યાં સદાશિવ નિરંતર નાચ કર્યા કરે છે અને તે નાચને પાર્વતીરૂપે પરિણામ પામેલાં સુંદર મંદહાસ્યવાળાં આદિશક્તિ હૃદયથી જોયાં કરે છે. ૬૨.

ताण्डवं मुनिजनोऽत्र वीक्षते दिव्यचक्षुरमलाशयोऽनिशम् ।
जन्ममृत्युभयभेदि दर्शनान्नेत्रमानसविनोदकारकम् ॥ ६३ ॥

સદાશિવનું ત્યાં થતું તાંડવ કે જે દર્શનમાત્રથી જન્મના તથા મરણના ભયને ભેદનાર છે અને નેત્રને તથા મનને વિનોદ આપનાર છે તેને નિર્મલ મનવાળા મુનિઓ દિવ્યચક્ષુથી નિરંતર જોયાં કરે છે. ૬૩.

[4]किंचात्र तीर्थमिति भिक्षुगणेन कश्चित्पृष्टोऽब्रवीच्छिवपदांबुजसक्तचित्तः ।
संप्रार्थितः करुणयाऽसरदत्र गङ्गां देवोऽथ संन्यधित दिव्यसरित्सुतीर्थम् ॥ ६४ ॥

---

૧. વસંતતિલકા. ૨. શાલિની. ૩. રથોદ્ધતા. ૪. વસંતતિલકા.

[1]शिवाज्ञयाभूदिति तीर्थमेतच्छिवस्य गङ्गां प्रवदंति लोके ।
स्नानादमुष्यां विधुतोरुपापाः शनैः शनैस्तांडवमीक्षमाणाः ॥ ६५ ॥
[2]शिवस्य नाट्यश्रमकर्शितस्य श्रमापनोदाय विचिंतयंती ।
शिवेति गङ्गापरिणाममगाऽभूत्ततोऽथ वै तत्प्रथितं तदाख्यम् ॥ ६६ ॥
[3]नृत्यत्तीरहतस्खलज्जलगतेः पर्यापतद्बिंदुकं
पार्श्वे स्वावसतेर्विनोदवशतो यज्जह्नुकन्यापयः ।
नृत्यं तन्वति धूर्जटौ विगलितं प्रेङ्खज्जटामण्डला-
त्तेनैतच्छिवजाह्नवीति कथयंत्यन्ये विपश्चिज्जनाः ॥ ६७ ॥

ત્યાં સદાશિવનાં ચરણારવિંદમાં આસક્તચિત્તવાળા કોઇ ભક્તને પદ્મપાદ આદિ સંન્યાસીઓએ 'અહિં કયું તીર્થ છે?' એમ પૂછતાં તે ભક્તે ઉત્તર આપ્યું કે "ભક્તોની પ્રાર્થના ઉપરથી સદાશિવે ગંગાજીનું સ્મરણ કરતાં ભક્તો ઉપર દયાને લીધે મહાતીર્થરૂપ ગંગાજી અહિં સદાશિવની આજ્ઞાથી સન્નિહિત થઇને રહ્યાં છે તેથી લોકો આ તીર્થને શિવગંગા કહે છે કે જેમાં સ્નાન કરવાથી અત્યંત નિષ્પાપ થએલા પુરુષો ધીરેધીરે સદાશિવનાં તાંડવને દેખે છે. અહિં પાર્વતી તાંડવથી થાકી ગએલા સદાશિવનો પરિશ્રમ મટાડવાને વાસ્તે વિચાર કરીને ગંગારૂપે થયાં છે તેથી આ તીર્થ શિવગંગા કહેવાય છે એમ પણ કેટલાએક કહે છે. કેટલાએક વિદ્વાનો વળી એમ કહે છે કે અહિં સદાશિવ વિનોદથી નૃત્ય કરતા હતા તે સમયમાં ગંગાજીના નિવાસરૂપ તેમનું જટામંડલ ચલાયમાન થતાં કંપેલા કાંઠાઓમાં પાણી પછડાવાને લીધે પડખાના પ્રદેશમાં પડેલા ગંગાજલના બિંદુઓમાંથી આ તીર્થ થયું છે તેથી શિવગંગા કહેવાય છે. ૬૪, ૬૫, ૬૬, ૬૭.

[4]स्नायं स्नायं तीर्थवर्येऽत्र नित्यं वीक्षं वीक्षं देवपादाब्जयुग्मम् ।
शोधं शोधं मानसं मानवोऽसौ वीक्षेतेदं तांडवं शुद्धचेताः ॥ ६८ ॥

પવિત્ર મનવાળો માણસ આ ઉત્તમ તીર્થમાં વારંવાર સ્નાન કરવાથી અને નિત્ય સદાશિવનાં ચરણારવિંદનું વારંવાર દર્શન કરવાથી પોતાના મનને અત્યંત શુદ્ધ કરીને સદાશિવનાં તાંડવના દર્શનને પ્રાપ્ત થાય છે. ૬૮.

[5]शुद्धं महद्वर्णयितुं क्षमेत पुण्यं पुरारिः स्वयमेव तस्य ।
निमज्ज्य शंभुद्युसरित्यमुष्यां दाक्षायणीनाथमुदीक्षते यः ॥ ६९ ॥

આ શિવગંગામાં નાહીને સદાશિવનાં દર્શન કરનાર માણસને જે શુદ્ધ અને મોટું પુણ્ય થાય છે તેનું વર્ણન કરવાને સાક્ષાત્ સદાશિવવિના બીજો કોઇ સમર્થ થતો નથી." ૬૯.

इतीरितः शंकरयोजितात्मा केनापि भिक्षुर्मुदितो जगाहे ।
तीर्थं तदाप्लुत्य ननाम शंभोरङ्घ्रिं जितात्मा भुवनस्य गोप्तुः ॥ ७० ॥

એ પ્રમાણે કોઇ શિવભક્તનાં વચન સાંભળી જેમણે સદાશિવમાં જ પોતાનું ચિત્ત જોડી દીધું એવા જિતેંદ્રિય પદ્મપાદ મુનિએ આનંદથી તે તીર્થમાં સ્નાન કર્યું અને સ્નાન કર્યા પછી, જગત્નું રક્ષણ કરનારા સદાશિવનાં ચરણારવિંદમાં પ્રણામ કર્યા. ૭૦.

[6]रामसेतुगमनाय संदधे मानसं मुनिरनुत्तमः पुनः ।
वर्त्मनि प्रयतमानसोऽव्रजन्संददर्श सरितं कवेरजाम् ॥ ७१ ॥

१ ઉપજાતિ. ૨ ઉપેંદ્રવજ્રા. ૩ શાર્દૂલવિક્રીડિત. ૪ શાલિની. ૫ ઉપજાતિ. ૬ રથોદ્ધતા.

यत्पवित्रपुलिनस्थलं पयः सिंधुवासरसिकाय विष्णवे ।
अभ्यरोचत हिरण्यवाससे पद्मनाभमुखनामशालिने ॥ ७२ ॥

ત્યાંથી એ મહાત્મા અને વશ મનવાળા પદ્મપાદ રામચંદ્રજીએ બાંધેલા સેતુનું દર્શન કરવાની ઇચ્છા કરીને ચાલતાં માર્ગમાં કાવેરી નામની નદી તેમના જોવામાં આવી કે જે નદીના પવિત્ર તટનું સ્થલ ક્ષીરસમુદ્રમાં રહેવાની રુચિવાળા, પીળાં વસ્ત્રોને ધરનારા અને પદ્મનાભ આદિ નામોથી શોભતા વિષ્ણુ(રંગનાથ)ને પ્રિય લાગ્યું છે. ૭૧, ૭૨.

सह्यपर्वतसुतातिनिर्मलांभोभिषिक्तभगवत्पदांबुजे ।
आकलय्य बहुशिष्यसंवृतः प्रास्थिताभिरुचितस्थलाय सः ॥ ७३ ॥

ત્યાં સહ્યાદ્રિમાંથી ઉત્પન્ન થએલી એ નદીનાં નિર્મલ જલથી ભગવાન્‌નાં ચરણારવિંદોનું ક્ષાલન કરી તે ચરણારવિંદોનું ધ્યાન કરી ઘણા શિષ્યોથી વીંટાએલા, ધારેલા સ્થલમાં જવાને ત્યાંથી ચાલ્યા. ૭૩.

गच्छन्गच्छन्मार्गमध्येऽभियातं गेहं भिक्षुर्मातुलस्याऽऽजगाम ।
दृष्ट्वा शिष्यैस्तं चिरेणाभियातं मोदं प्रापन्मातुलः शास्त्रवेदी ॥ ७४ ॥

ચાલતાં ચાલતાં મામાનું ઘર માર્ગમાં આવતાં પદ્મપાદ ત્યાં ગયા. શિષ્યોસહિત અને ઘણે કાલે આવેલા તે પદ્મપાદને જોઇ શાસ્ત્રોને જાણનારો તેમનો મામો રાજી થયો. ૭૪.

शुश्राव तं बंधुजनः सशिष्यं स्वमातुलागारमुपेयिवांसम् ।
आगत्य दृष्ट्वा चिरमागतं तं जहर्ष हर्षातिशयेन साश्रुः ॥ ७५ ॥

પદ્મપાદ શિષ્યો સહિત મામાને ઘેર આવ્યા છે એવી ખબર મળતાં સઘળા બંધુઓ ત્યાં આવી, ઘણે કાલે આવેલા તે પદ્મપાદને જોઇ આનંદ પામ્યા અને હર્ષના અતિશયને લીધે તેઓને આંસુ આવી ગયાં. ૭૫.

रुरोद कश्चिन्मुमुदेऽत्र कश्चिज्जहास पूर्वाचरितं बभाषे ।
कश्चित्प्रमोदातिशयेन किंचिद्वचः स्खलद्वीः प्रणनाम कश्चित् ॥ ७६ ॥

ત્યાં કોઇ સંબંધી પ્રેમથી રોવા લાગ્યો, કોઇ રાજી થવા લાગ્યો, કોઇ હસવા લાગ્યો, કોઇ આગલી વાતો કરવા લાગ્યો, કોઇ આનંદના અતિશયને લીધે ત્રુટતા અક્ષરોથી કાંઇક બોલવા લાગ્યો અને કોઇ પ્રણામ કરવા લાગ્યો. ૭૬.

ऊचेऽथ तं ज्ञातिजनः प्रमोदी दृष्ट्वा चिरायाक्षिपथं गतोऽभूः ।
दिदृक्षते त्वां जनताऽतिहार्दात्तथाऽपि शक्नोषि न वीक्षणाय ॥ ७७ ॥

આનંદ પામેલા સઘળા બંધુવર્ગે તેમને કહ્યું કે "ભલે આવ્યા, ઘણે કાલે દીઠા." સર્વ બંધુઓ અત્યંત પ્રેમથી તમને જોવાની ઇચ્છા કરતા હતા પણ તેઓને જોવાનો તમને અવકાશ મળતો ન હતો. ૭૭.

पुत्राः समित्रा नु न बंधुवर्गो न राजबाधा न च चोरभीतिः ।
कृतार्थतामूलपदं यतित्वं प्रसूनवंतं फलितं महांतम् ॥ ७८ ॥
शाखोपशाखाश्रितमेव वृक्षं बाधंत आगत्य न तद्विहीनम् ।
यथा तथा वा धनिनं दरिद्रा बाधंत आगत्य दिने दिने स्म ॥ ७९ ॥

१ શાલિની. २ આખ્યાનકી.

સંન્યાસીને પુત્રો, મિત્રો કે બંધુવર્ગ એઓની લાગણી હોતી નથી, રાજ્યસંબંધી પીડા હોતી નથી કે ચોરનો ભય પણ હોતો નથી માટે સંન્યાસ કૃતાર્થપણાના મૂળ સ્થાનકરૂપ છે. જેમ પક્ષીઓ પુષ્પોવાળા અને શાખાઓથી તથા ઉપશાખાથી વ્યાપ્ત થએલા વૃક્ષને જ આવીને દુઃખ દે છે પણ પુષ્પો આદિથી રહિત વૃક્ષને દુઃખ દેતા નથી તેમ દરિદ્ર લોકો દિવસે આવીને ધનવાનને દુઃખ દે છે પણ નિર્ધનને દુઃખ દેતા નથી. ૭૮, ૭૯.

कुटुंबरक्षागतमानसानामायाति निद्राऽपि सुखं न जातु ।
क्व देवतार्चा क्व च तीर्थयात्रा क्व वा निषेवा महतां भवेन्नः ॥ ८० ॥

અમો કે જેઓનું ચિત્ત સર્વદા કુટુંબના રક્ષણમાં જ લાગેલું રહે છે તેઓને સુખ મળતું નથી અને કોઇ સમયે નિદ્રા પણ મળતી નથી ત્યારે અમોને દેવસેવા, તીર્થયાત્રા કે મહાત્માઓ-ની સેવા તો ક્યાંથી જ મળે? ૮૦.

[1]अश्रौष्म संन्यासकृत भवंतं विप्रात्कुतश्चिद्गृहमागतान्नः ।
कालोऽत्यगात्ते बहुरद्य दैवात्तीर्थस्य हेतोर्गृहमागतस्त्वम् ॥ ८१ ॥

કોઈ બ્રાહ્મણ અમારે ઘેર આવ્યો હતો તેના કહેવાથી તમે સંન્યાસ લીધો છે એમ અમે સાંભળ્યું હતું. તમે અહિંથી ગયા તેને આજ ઘણો કાલ વીતી ગયો. તીર્થયાત્રા કરવા નીકળેલા તમે દૈવગતિથી ઘેર આવી નીકળ્યા છો. ૮૧.

[2]यथा शकुंताः परवर्धितान्द्रुमान्समाश्रयंते सुखदांस्त्यजंत्यपि ।
परप्रक्लृप्तान्मठदेवतागृहान्यतिः समाश्रित्य तथोज्झति ध्रुवम् ॥ ८२ ॥

જેમ પક્ષીઓ બીજાઓએ ઉછેરેલાં સુખદાયી વૃક્ષોને સેવે છે અને તેઓને છોડી પણ દે છે તેમ સંન્યાસીઓ બીજાઓએ કરાવેલા મઠોને અને દેવમંદિરોને સેવે છે અને પાછા અવશ્ય છોડી પણ દે છે. ૮૨.

[2]यथा हि पुष्पाण्यभिगम्य षट्पदाः संगृह्य सारं रसमेव भुंजते ।
तथा यतिः सारमवाप्नुवन्सुखं गृहाद्गृहादोदनमेव भिक्षते ॥ ८३ ॥

જેમ ભ્રમરો પુષ્પોને પ્રાપ્ત થઇને તેઓમાંથી સારને લે છે પણ તેઓને પીડતા નથી તેમ બ્રહ્માનંદરૂપ સત્યસુખને પામેલા સંન્યાસીઓ પણ ઘેર ઘેર જઇને ભિક્ષા જ લે છે પણ કોઇ રીતે તેઓને પીડતા નથી. ૮૩.

यतेर्विरज्यात्मगतिः कलत्रं देहं गृहं संयतमेव सौख्यम् ।
विरक्तिभाजस्तनयाः स्वशिष्याः किमर्थनीयं यतिनो महात्मन् ॥ ८४ ॥

હે મહાત્મા! સંન્યાસીને વૈરાગ્યપૂર્વક સમાધિ જ સ્ત્રી હોય છે, દેહ જ ઘર હોય છે, મનનો નિગ્રહ જ સુખરૂપ હોય છે અને વૈરાગ્યવાળા શિષ્યો જ પુત્રરૂપ હોય છે માટે સંન્યાસીને બીજા કોની ઇચ્છા રહે? ૮૪.

मनोरथानां न समाप्तिरिष्यते पुनः पुनः संतनुते मनोरथान् ।
दारानभीप्सुर्यतते दिवानिशं तान्प्राप्य तेभ्यस्तनयानभीप्सति ॥ ८५ ॥
अनाप्नुवन्दुःखमसौ सुतीव्रं प्राप्नोति चेष्टेन वियुज्यते पुनः ।
सर्वात्मना कामवशस्य दुःखं तस्माद्विरक्तिः पुरुषेण कार्या ॥ ८६ ॥

૧ ઇંદ્રવજ્રા. ૨ વંશસ્થ. ૩ ઉપજાતિ.

ગૃહસ્થ તો પોતાના મનોરથો પૂરા નહિ થતાં પણ વારંવાર બીજા મનોરથો કર્યા કરે છે, સ્ત્રીઓને મેળવવાની ઇચ્છાથી રાત દિવસ યત્ન કર્યા કરે છે, સ્ત્રીઓ મળ્યા પછી તેઓમાંથી પુત્રો ઉત્પન્ન કરવાની ઇચ્છા કરે છે, યત્ન કરતાં છતાં પણ ઇષ્ટપદાર્થને નહિ પ્રાપ્ત થતાં તીવ્ર દુઃખને પ્રાપ્ત થાય છે અને વળી પોતાની પાસે જે કાંઇ ઇષ્ટપદાર્થ હોય તેને ખોઇ બેસે છે, કામનાઓને વશ થએલા પુરુષને સઘળી રીતે દુઃખ જ રહે છે માટે પુરુષે વૈરાગ્યનું સંપાદન કરવું જોઇએ. ૮૫, ૮૬.

९.४९ विरक्तिमूलं मनसो विशुद्धिं तन्मूलमाहुर्महतां निषेवाम् ।
भवादृशास्तेन च दूरदेशे परोपकाराय रसामटंति ॥ ८७ ॥ रसामटन्ताः

વૈરાગ્યનું મૂળ મનની શુદ્ધિ છે અને મનની શુદ્ધિનું મૂળ મહાત્માઓની સેવા છે એમ કહેવાય છે એટલા માટે આપ જેવા પુરુષો મહાત્માઓની સેવા કરવાના મિષથી પરોપકારને વાસ્તે જ પૃથ્વીમાં વિચરે છે. ૮૭.

९.५० अज्ञातगोत्रा विदितात्मतत्त्वा लोकस्य दृष्ट्या जडवद्विभांतः ।
चरंति भूतान्यनुकंपमानाः संतो यदृच्छोपनतोपभोग्याः ॥ ८८ ॥

જેઓનાં ગોત્ર બીજાઓના જાણવામાં નથી આવતાં એવા આત્મતત્ત્વને જાણનારા, લોકોને જડ જેવા જણાતા અને જે યદૃચ્છાથી મળે તેથી જ નિર્વાહ ચલાવનારા મહાત્મા પુરુષો પ્રાણીઓની ઉપર દયા કરવાને વાસ્તે પૃથ્વીમાં ફરે છે. ૮૮.

९.५१ चरंति तीर्थान्यपि संग्रहीतुं लोकं महांतो ननु शुद्धभावाः ।
शुद्धात्मविद्याक्षपितोरुपापास्तज्जुष्टमंभो निगदंति तीर्थम् ॥ ८९ ॥

શુદ્ધ અંતઃકરણવાળા, સઘળાં પાપોનો ક્ષય કરનારા અને બ્રહ્મભાવને પ્રાપ્ત થએલા મહાત્મા પુરુષોને જો કે તીર્થયાત્રા કરવાની કશી આવશ્યકતા નથી તો પણ અજ્ઞાની લોકોને તીર્થયાત્રાઆદિ સત્કર્મોમાં પ્રવૃત્તિ કરાવવા સારૂ તેઓ તીર્થયાત્રા પણ કરે છે. એવા મહાત્મા પુરુષોએ જે જળનું સેવન કર્યું હોય તે જ તીર્થ કહેવાય છે. ૮૯.

९.५२ [1]वस्तव्यमत्र कतिचिद्दिवसानि विद्वंस्त्वद्दर्शनं वितनुते मुदितादि भव्यम् ।
एष्यद्वियोगचकिता जनतेयमास्ते दुःखं गतेऽत्र भवितेति भवत्यसङ्गे ॥ ९० ॥

હે વિદ્વાન્! તમારે કેટલાક દિવસ અહિં રહેવું, કારણ કે તમારા જેવાના શુભ દર્શનથી [2]મુદિતા આદિ વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. તમે અસંગ હોવાથી અહિંથી જશો ત્યારે સર્વને તમારા વિયોગનું દુઃખ થશે એમ વિચારીને આ લોકો હમણાં જ ભવિષ્યના દુઃખથી બીયે છે. ૯૦.

[3]कोशं क्लेशमलस्य लास्यगृहमप्युद्दंहसामालयं
पैशून्यस्य निशांतमुत्कटमृषाभाषाविशेषाश्रयम् ।
हिंसामांसलमाश्रिता घनघनाशंसानृशंसा वयं
वर्ज्यं दुर्जनसंगमं करुणया शोध्या यतींदो त्वया ॥ ९१ ॥

હે સંન્યાસીઓમાં ઉત્તમ! ઘર કે જે ક્લેશરૂપી મેલના ભંડારરૂપ છે, મોટાં સાહસોને નાચવાના સ્થાનકરૂપ છે, ચાડીના નિવાસરૂપ છે, અત્યંત મિથ્યા ભાષણોના આશ્રયરૂપ છે, હિંસાથી

૧ વસંતતિલકા. ૨ કરુણા, મૈત્રી, મુદિતા અને ઉપેક્ષા: એ ચાર શુભ વૃત્તિઓ છે. પોતાથી ઉતરતા લોકો ઉપર દયા રાખવી એ કરુણા કહેવાય છે, પોતાના જેવા લોકની સાથે મિત્રતા રાખવી એ મૈત્રી કહેવાય છે, પોતાથી ચડતા લોકોને જોઇ રાજી રહેવું એ મુદિતા કહેવાય છે અને દુષ્ટ લોકોની વાત મનમાં લાવવી નહિ એ ઉપેક્ષા કહેવાય છે. ૩ શાર્દૂલવિક્રીડિત.

ભરપૂર છે, ત્યાગ કરવા યોગ્ય છે અને દુર્જનના સમાગમવાળું છે તેમાં પડેલા, ધનની પ્રબલ તૃષ્ણાથી ઘેરાએલા અને ક્રૂરતાવાળા એમ લોકોને આપે પવિત્ર કરવા." ૯૧

संयुनक्ति वियुनक्ति देहिनं दैवमेव परमं मनागपि ।
इष्टसंगतिनिवृत्तिकालयोर्निर्विकारहृदयो भवेन्नरः ॥ ९२ ॥

એ પ્રમાણે બંધુવર્ગનાં વચનો સાંભળી પદ્મપાદ બોલ્યા કે "બ્રહ્માદિક પ્રાણીઓને અને ક્ષુદ્ર પદાર્થોને પણ ભેળાં તથા જૂદાં કરનાર દૈવ જ છે એટલા માટે પ્રિયના યોગ તથા વિયોગના સમયમાં માણસે હર્ષ–વિષાદથી રહિત રહેવું જોઇએ. ૯૨.

[1]मध्याह्नकाले क्षुधितस्तृषार्तः क्व मेऽन्नदातेति वदन्नुपैति ।
यस्तस्य निर्वापयिता क्षुधार्तेः कस्तस्य पुण्यं वदितुं क्षमेत ॥ ९३ ॥

મધ્યાન્હ સમયે ભૂખથી તથા તરશથી પીડાએલો માણસ 'મને અન્ન દેનારો ક્યાં છે' એમ બોલતો ગૃહસ્થને ઘેર આવે છે તો તે સમયે તેની ભૂખની પીડાને મટાડનારા ગૃહસ્થને જે પુણ્ય થાય છે તેનું વર્ણન કરવાને પણ કોણ સમર્થ છે? ૯૩.

[2]सायं प्रातर्वह्निकार्यं वितन्वन्मज्जंस्तोये दंडकृष्णाजिनी च ।
नित्यं वर्णी वेदवाक्यान्यधीयन्क्षुद्वा शीघ्रं गेहिनो गेहमेति ॥ ९४ ॥

સાયંકાલે તથા પ્રાતઃકાલે અગ્નિની ઉપાસના કરતો, જળમાં સ્નાન કરતો, દેહનું તથા કાળીયારના ચર્મનું ધારણ કરતો અને વેદવાક્યોનું અધ્યયન કરતો બ્રહ્મચારી નિત્ય ભૂખ્યો થઇને ગૃહસ્થને ઘેર ચાલ્યો આવે છે. ૯૪.

[3]उच्चैः शास्त्रं भाषमाणोऽपि भिक्षुस्तारं मंत्रं संजपन्वा यतात्मा ।
मध्येघस्रं जाठराग्नौ प्रदीप्ते दंडी नित्यं गेहिनो गेहमेति ॥ ९५ ॥

ઊંચા સ્વરથી શાસ્ત્રનું ભાષણ કરતો અથવા ઓંકારરૂપ મંત્રનો જપ કરતો મનને વશ રાખનારો દંડી સંન્યાસી પણ મધ્યાન્હ સમયે જઠરાગ્નિ પ્રદીપ્ત થાય ત્યારે નિત્ય ગૃહસ્થને ઘેર આવે છે. ૯૫.

[4]यदन्नदानेन निजं शरीरं पुष्णंस्तपोऽयं कुरुते सुतीव्रम् ।
कर्तुस्तदर्धं ददतोऽन्नमर्धमिति स्मृतिः संववृतेऽनवद्या ॥ ९६ ॥

વાનપ્રસ્થ પણ જે ગૃહસ્થનું અન્ન ખાઇ પોતાના શરીરનો નિર્વાહ કરતાં તીવ્ર તપ કરતો હોય તે ગૃહસ્થને વાનપ્રસ્થના પુણ્યમાંથી અરધો ભાગ મળે છે અને અરધો ભાગ વાનપ્રસ્થને રહે છે એમ નિર્દોષ ધર્મશાસ્ત્રમાં કહ્યું છે. ૯૬.

पुण्यं गृहस्थेन विचक्षणेन गृहेषु संचेतुमलं प्रयासात् ।
विनाऽपि तत्कर्तृनिषेवणेन तीर्थादिसेवा बहुदुःखसाध्या ॥ ९७ ॥

વિચક્ષણ ગૃહસ્થ પ્રયાસ વિના પણ, તીર્થયાત્રા આદિ ધર્મોના પ્રયાસ કરનારાઓનું સેવન કરવાથી સારી રીતે પુણ્ય મેળવી શકે છે. તીર્થ આદિની સેવા તો ઘણાં દુઃખો વેઠવાથી થઇ શકે છે. ૯૭.

गृही धनी धन्यतरो मतो मे तस्योपजीवंति धनं हि सर्वे ।
चौर्येण कश्चित्प्रणयेन कश्चिद्दानेन कश्चिद्बलतोऽपि कश्चित् ॥ ९८ ॥

ધનવાન ગૃહસ્થ મહાભાગ્યશાળી છે એમ હું માનુંછું, કારણ કે સર્વે લોકો તેના

૧ ઉપજાતિ. ૨ શાલિની. ૩ ઈંદ્રવજ્રા. ૪ ઉપજાતિ.

ધન ઉપર જીવે છે. કોઇ ચોરીથી, કોઇ સ્નેહથી, કોઇ દાનથી અને કોઇ બળથી પણ તેના ધન ઉપર જ જીવે છે. ૯૮.

संतोषयेद्वेदविदं द्विजं यः संतोषयत्येष स सर्वदेवान् ।
तद्वेदविप्रे निवसंति देवा इति स्म साक्षाच्छ्रुतिरेव वक्ति ॥ ९९ ॥

જે ગૃહસ્થ વેદ જાણનારા બ્રાહ્મણને રાજી કરે છે તેને સર્વ દેવતાઓને રાજી કરવાનું પુણ્ય મળે છે. કારણ કે 'વેદ જાણનારા બ્રાહ્મણમાં સર્વ દેવતાઓ વસે છે' એમ સાક્ષાત્ શ્રુતિ જ કહે છે. ૯૯.

स्वधर्मनिष्ठा विदिताखिलार्था जितेंद्रियाः सेवितसर्वतीर्थाः ।
परोपकारव्रतिनो महांत आयांति सर्वे गृहिणो गृहाय ॥ १०० ॥

સ્વધર્મમાં નિષ્ઠાવાળા, સઘળા પુરુષાર્થોના સ્વરૂપને જાણનારા, સઘળાં તીર્થોનું સેવન કરનારા, જિતેંદ્રિય અને પરોપકાર કરવાના નિયમવાળા સર્વ મહાત્મા પુરુષો ગૃહસ્થને ઘેર આવે છે. ૧૦૦.

गृही गृहस्थोऽपि तदश्नुते फलं यत्तीर्थसेवाभिरवाप्यते जनैः ।
तत्तस्य तीर्थं गृहमेव कीर्तितं धनी वदान्यः प्रवसेन्न कश्चन ॥ १०१ ॥

લોકોને તીર્થોનાં સેવન કરવાથી જે પુણ્ય મળે છે તે પુણ્ય ગૃહસ્થને ઘેર બેઠાં જ મળે છે કે જેથી ગૃહસ્થનું ઘર જ તીર્થરૂપ કહેવાય છે. આમ છે એટલા માટે ધનવાન ગૃહસ્થે તો દાતા જ થવું જોઇએ. તીર્થાદિક વાસ્તે પ્રવાસ કરવાની એવા કોઇ પણ ગૃહસ્થને આવશ્યકતા નથી. ૧૦૧.

अंतःस्थिता मूषकमुख्यजीवा बहिःस्थिता गोमृगपक्षिमुख्याः ।
जीवंति जीवाः सकलोपजीव्यस्तस्माद्गृही सर्ववरो मतो मे ॥ १०२ ॥

ઘરની અંદર રહેનારાં ઉંદર આદિ જીવો અને બહાર રહેનારાં ગાય, મૃગ, તથા પક્ષી આદિ જીવો ગૃહસ્થનાં જ ધાન્યાદિકથી જીવે છે એટલા માટે ગૃહસ્થ કે જેના ઉપર સઘળાઓની જીવિકા ચાલે છે તેને હું સર્વથી ઉત્તમ માનું છું. ૧૦૨.

शरीरमूलं पुरुषार्थसाधनं तच्चान्नमूलं श्रुतितोऽवगम्यते ।
तच्चान्नमस्माकममीषु संस्थितं सर्वं फलं गेहपतिद्रुमाश्रयम् ॥ १०३ ॥

સઘળા પુરુષાર્થોનું મૂળ શરીર છે અને શરીરનું મૂળ અન્ન છે એમ [1]શ્રુતિમાં કહ્યું છે તો અમ લોકોના અન્નનો સઘળો આધાર ગૃહસ્થો ઉપર જ રહ્યો છે માટે અમલોકોને જે કાંઇ શુભ ફળો મળે છે તેઓ ગૃહસ્થોરૂપી વૃક્ષથી જ મળે છે. ૧૦૩.

ब्रवीमि भूयः शृणुताऽऽदरेण वो गृहागतं पूजयताऽऽतुरातिथिम् ।
संपूजितो वोऽतिथिरुद्धरेत्कुलं निराकृतात्किं भवतीति नोच्यते ॥ १०४ ॥

વળી પણ તમોને ભલામણ કરૂં છું તે આદરપૂર્વક સાંભળો. જે કોઇ આતુર અતિથિ તમારે ઘેર આવે તેનું અવશ્ય પૂજન કરજો. અતિથિનું પૂજન કરવાથી કુળનો ઉદ્ધાર થાય છે પણ તેને કહાડી મુકવાથી કેટલું અનિષ્ટ થાય છે તે હું કહી શકતો નથી. ૧૦૪.

विनाऽभिसंधिं कुरुत श्रुतीरितं कर्म द्विजा नो जगतामधीश्वरः ।
तुष्येदिति प्रार्थनयाऽपि तेन स्वांतस्य शुद्धिर्भविताऽचिरेण वः ॥ १०५ ॥

---

[1] "अन्नादेव खल्विमानि भूतानि जायंते।" આ શ્રુતિમાં એ પ્રમાણે જ કહ્યું છે.

હે બ્રાહ્મણો! ફળની કામના રાખ્યા વિના જ વેદોક્ત કર્મ કરજો. કર્મ કરવામાં 'જગતનો ઇશ્વર અમને પ્રસન્ન થજો' એટલી પણ ફળની માગણી કરવી નહિ. આ પ્રમાણે ચાલવાથી થોડા કાળમાં તમારાં અંતઃકરણોની શુદ્ધિ થશે. ૧૦૫.

ससंरंभश्लिष्यत्सुफणितिवधूटीकुचतटी पटीवत्पाटीरागरवनवपङ्कांकितहृदः ।
तथाऽप्येते पूता यतिपतिपदांभोजभजनक्षणक्षीणक्लेशाः सदयहृदयाभाः सुकृतिनः॥१०६॥

જો કે ગૃહસ્થો વેગથી આલિંગન કરતી અને મધુર બોલથી બોલતી સ્ત્રીઓનાં કુચો ઉપર વસ્ત્ર સમાન લાગતા ચંદનના અને અગરૂના કીચથી ખરડાએલી છાતીવાળા રહેતા હોય તોપણ એઓ જો પવિત્ર, પુણ્યવાન અને દયા ભરેલી હૃદયની સ્ફૂર્તિવાળા રહેતા હોય તો તેઓના ક્લેશ મહાત્મા સંન્યાસીઓનાં ચરણારવિંદના ભજનથી ક્ષણમાત્રમાં મટી જાય છે." ૧૦૬.

[1]संदिश्येत्थं बंधुतां भिक्षुराजो भिक्षां चक्रे मातुलस्यैव गेहे ।
पप्रच्छैनं मातुलो भुक्तवंतं किं स्विच्छन्नं पुस्तकं शिष्यहस्ते ॥ १०७ ॥

પદ્મપાદે બંધુઓને એ પ્રમાણે ભલામણ કરીને મામાને ઘેર જ ભિક્ષા કરી. પદ્મપાદ જમી રહ્યા પછી મામાએ તેમને પૂછ્યું કે "આ તમારા શિષ્યના હાથમાં ઢાંકેલું કયું પુસ્તક છે?" ૧૦૭.

[2]टीका विद्वन्भाष्यगेति ब्रुवाणं तां देहीति प्रोचिषे दत्तवांश्च ।
अद्राक्षीत्तां मातुलस्तस्य बुद्धिं दृष्ट्वाऽऽनंदीत्खेदमापच्च किंचित् ॥ १०८ ॥

'હે વિદ્વાન્! આ શારીરકભાષ્યની ટીકા છે' એવું ઉત્તર સાંભળી મામાએ 'તે પુસ્તક જોવા આપો' એમ કહેતાં પદ્મપાદે તે પુસ્તક મામાના હાથમાં આપ્યું. એ પુસ્તકનું અવલોકન કરતાં મામો પદ્મપાદની બુદ્ધિને જોઇ કાંઇક રાજી થયો અને તે સમયે તેને કાંઇક ખેદ પણ થયો. ૧૦૮.

[3]प्रबंधनिर्माणविचित्रनैपुणीं दृष्ट्वा प्रमोदं स विवेद किंचित् ।
मतान्तराणां किल युक्तिजालैर्निरुत्तरं बंधनमालुलोचे ॥ १०९ ॥

પદ્મપાદની પ્રબંધ રચવાની વિચિત્ર ચાતુરીને જોઇ મામાને જેમ કાંઇક આનંદ થયો તેમ એ પુસ્તકમાં યુક્તિઓના સમૂહોથી મતાંતરોનું પ્રબલ અને જેનો ઉત્તર દઇ શકાય નહિ એવું ખંડન કર્યું હતું તે જોઇને ખેદ પણ ઉત્પન્ન થયો. ૧૦૯.

गुरोर्मतं स्वाभिमतं विशेषान्निराकृतं तत्र समत्सरोऽभूत् ।
साधुर्निबंधोऽयमिति ब्रुवाणस्तं साभ्यसूयोऽपि कृताभिनंदः ॥ ११० ॥

પ્રભાકર ભટ્ટનો મત કે જે પોતે સ્વીકારેલો હતો તેનું એ ગ્રંથમાં વિશેષ ખંડન કરેલું જોઇએ વિષયમાં જેને મત્સર ઉત્પન્ન થયો એવા મામાએ મનમાં દ્વેષ છતાં પણ 'આ ગ્રંથ બહુ સારો છે' એમ કહીને અભિનંદન કર્યું. ૧૧૦

[4]सेतुं गच्छाम्यालये पुस्तभारं ते न्यस्येमं वर्तते मेऽत्र जीवः ।
विद्वन्यद्वद्गोगृहादौ परेषां प्रीतिः पूर्णा नस्तथा पुस्तभारे ॥ १११ ॥

પછી પદ્મપાદે મામાને કહ્યું કે "આ પુસ્તકનો બોજો તમારે ઘેર મુકીને હું સેતુની યાત્રા કરવા જાઉંછું. મારૂં જીવન આ પુસ્તકમાં જ છે. હે વિદ્વાન્! જેમ ગૃહસ્થોને ગાય તથા ઘર આદિ ઉપર પૂર્ણ પ્રીતિ હોય તેમ અમ લોકોને પુસ્તકોના સમૂહ ઉપર પૂર્ણ પ્રીતિ હોય છે."૧૧૧.

૧ શિખરિણી. ૨ શાલિની. ૩ ઉપજાતિ. ૪ શાલિની.

इत्युक्त्वा तैर्मातुलं मस्करीशः शिष्यैर्हृष्यन्सेतुमेष प्रतस्थे ।
प्रस्थातुः श्रीपद्मपादस्य जातं कष्टं चैष्यत्सूचनार्थं निमित्तम् ॥ ११२ ॥

એવું મામાને કહી પદ્મપાદે શિષ્યોની સાથે આનંદપૂર્વક સેતુનો માર્ગ લીધો. મામાને ઘેરથી ચાલવાના સમયમાં પદ્મપાદને ભવિષ્ય અનિષ્ટની સૂચના આપનારાં અશુભ નિમિત્તો થયાં. ૧૧૨.

वामं नेत्रं गंतुरस्पंदतैव बाहुः पुस्फोरापि वामस्तथोरुः ।
चुक्षावोच्चैर्हंत कश्चित्पुरस्तात्तत्सर्वं द्राग्ज्ञोऽगणित्वा जगाम ॥ ११३ ॥

પદ્મપાદનાં પ્રસ્થાનના સમયમાં ડાબી આંખ,[1] ડાબો હાથ તથા ડાબો સાથળ ફરકવા લાગ્યાં અને કોઇએ સામેથી મોટી છીંક ખાધી. આ પ્રમાણે થયા છતાં પણ બ્રહ્મવેત્તા પદ્મપાદ એ સઘળાંને નહિ ગણકારતાં ત્યાંથી ચાલ્યા. ૧૧૩.

गतेऽत्र मेने किलमातुलोऽस्य ग्रंथो स्थितेऽस्मिन्गुरुपक्षहानिः ।
दग्धेऽत्र जायेत महान्प्रचारो नोक्त्या निराकर्तुमपि प्रभुत्वम् ॥ ११४ ॥
पक्षस्य नाशाद्गृहनाश एव नो वरं गृहेणैव दहामि पुस्तकम् ।
एवं निरूप्य न्यदधाद्धुताशनं चुक्रोश चाग्निर्दहतीति मे गृहम् ॥ ११५ ॥

પદ્મપાદના ગયા પછી મામાએ વિચાર કર્યો કે "જો આ ગ્રંથ રહેશે તો મારા ગુરુના પક્ષને હાનિ પહોચશે અને આ ગ્રંથ બળી જશે તો મારા ગુરુના મતનો મોટો પ્રચાર થશે. આ ગ્રંથનું શાસ્ત્રાર્થ સંબંધી ભાષણથી ખંડન કરવાને કોઇ પણ સમર્થ નથી. મારા ગુરુના પક્ષનો નાશ થાય તે કરતાં મારાં ઘરનો નાશ થાય એ જ સારૂં છે માટે મારે મારા ઘરની સાથે આ પુસ્તકને બાળી દેવું." એ પ્રમાણે નિશ્ચય કરી પદ્મપાદના મામાએ પોતાના ઘરમાં અગ્નિ મુક્યો અને સળગાવીને 'હાયરે! મારા ઘરમાં લાય થઇ' એમ પોતે જ ઊંચા સ્વરથી ચીસો પાડવા માંડ્યું. ૧૧૪, ૧૧૫.

ऐतिह्यमाश्रित्य वदंति चैवं तदेव मूलं मम भाषणेऽपि ।
यावत्कृतं तावदिहास्य कर्तुः पापं ततः स्याद्द्विगुणं प्रवक्तुः ॥ ११६ ॥

પરંપરાથી ચાલી આવતી લોકવાણી ઉપરથી વિદ્વાન્ લોકો આ વાત કરે છે અને એ જ પ્રસિદ્ધ વાત ઉપરથી મેં આ ગ્રંથ(શંકરજય)માં લખ્યું છે માટે મારા ઉપર કોઇનું ગુહ્ય પાપ પ્રસિદ્ધ કરવાનો દોષ મુકવો નહિ. ગુહ્ય રીતે પાપકર્મ કરનારને જેટલું પાપ લાગ્યું હોય તે કરતાં ગુહ્યવાતની જગત્માં પ્રસિદ્ધિ કરનારને બમણું પાપ લાગે છે.[3] ૧૧૬.

गच्छन्नसौ फुल्लमुनेर्जगाम तमाश्रमं यत्र च रामचन्द्रः ।
अश्वत्थमूले न्यधित स्वचापं स्वयं कुशानामुपरि न्यषीदत् ॥ ११७ ॥

૧ આ અનિષ્ટ સૂચક અશુભ નિમિત્તનો વહેમ આપણામાં હજુ પણ ઘણો છે. આ ઉપરથી એવું અનુમાન થાય છે કે શુભાશુભ નિમિત્ત ઘણા પ્રાચીન કાળથી ચાલતા આવે છે. ૨ ઉપજાતિ. ૩ ગુહ્ય પાપ શી રીતે ગણાય ? આ પાપના બે ભાગ પાડી શકાય: એક ગુહ્ય અને બીજું સાર્વજનિક. અમારો મત તો ગમે તે જાતનું પણ પાપ હોય તોયે તે પ્રસિદ્ધ કરીને પાપીને શિક્ષા આપવી જ જોઇએ તો તે પછી ગુહ્ય હોય કે સાર્વજનિક તોપણ તેને પ્રકાશમાં આણવું જ જોઇએ. આ વિશે પણ મતામત હોય છે કારણે 'मुण्डे मुण्डे मतिर्भिन्ना ।'–કપાળે કપાળે મત એ ન્યાયે જેને જેમ ફાવે તેમ ગણી શકે તેથી આ ગુહ્યને પ્રકાશમાં આણવામાં કાંઇ પાપ ગણાય નહિ.

મામાને ઘેરથી નીકળેલા પદ્મપાદ ચાલતાં ચાલતાં કુલ નામના મુનિના આશ્રમમાં આવ્યા કે જ્યાં પૂર્વે રામચંદ્રજી પીપળાના મૂળપર પોતાનું ધનુષ મુકીને પોતે દર્ભની પથારીપર બિરાજ્યા હતા. ૧૧૭.

> [1]तीर्त्वा समुद्रं जनकात्मजायाः संदर्शनोपायमनीक्षमाणः ।
> वसुंधरायां प्रवणाः प्लवंगा न वारिराशौ प्लवनं क्षमंते ॥ ११८ ॥
> [2]संचिंतयन्निति कुशासनसन्निविष्टो ज्योतिस्तदैक्षत विदूरगमेव किंचित् ।
> संव्याप्नुवज्जगदिदं सुखशीतलं यत्संप्रार्थनीयमनिशं मुनिदेवताभिः ॥ ११९ ॥

[3]સમુદ્રને તર્યા વિના સીતાજીને લંકામાંથી પાછો લેવાનો બીજો કોઇપણ ઉપાય જેમને સુઝતો નહતો એવા રામચંદ્રજી 'વાનરો પૃથ્વીમાં ઠેકવાને સમર્થ છે પણ તેઓ સમુદ્રને ઠેકવાને સમર્થ નથી' એમ ચિંતા કરતા કરતા દર્ભના આસનપર બેઠા હતા તે સમયે દૂર પ્રદેશમાં કોઇ અપૂર્વ તેજ તેમના જોવામાં આવ્યું કે જે તેજ જાણે આખા જગત્‌માં ફેલાતું હોય એમ જણાતું હતું, સુખદાયી હતું, શીતલ હતું અને મુનિઓએ તથા દેવતાઓએ નિરંતર પ્રાર્થના કરવા યોગ્ય હતું. ૧૧૮, ૧૧૯.

> [4]आगच्छदात्माभिमुखं निरीक्ष्य सर्वे तदुत्तस्थुरुदारवीर्याः ।
> ततः पुमाकारमदृश्यतैतन्महाप्रभामंडलमध्यवर्ति ॥ १२० ॥

એ તેજને પોતાની સામે આવતું જોઇ મોટા પરાક્રમવાળા રામચંદ્રજી આદિ સર્વે ઉભા થયા. તેટલીવારમાં એ મોટી પ્રભાના મંડલની અંદર કોઇ પુરુષ છે એમ જાણવામાં આવ્યું.૧૨૦.

> मध्येप्रभामंडलमैक्षताश्रितं शिवाकृतिं सर्वतपोमयं पुनः ।
> लोपादिमुद्रासहितं महामुनिं प्राबोधि कुंभोद्भवमादराज्जनैः ॥ १२१ ॥

કોણ છે એમ જાણવાની કાળજી થતાં થોડીવારમાં જ એ પ્રભાના મંડલની અંદર પરમપૂજ્ય, શિવના જેવી આકૃતિવાળા, સઘળી તપોમય મૂર્તિવાળા અને લોપામુદ્રા નામનાં પત્નીથી સંયુક્ત મોટા મુનિ અગસ્ત્ય છે' એમ સર્વના જાણવામાં આવ્યું. ૧૨૧.

> अगस्त्यदृश्वा रघुनंदनस्ततः सखेदमन्तःकरणोत्थमत्यजत् ।
> प्रायो महद्दर्शनमेव देहिनां क्षिणोति खेदं रविवन्महातमः ॥ १२२ ॥

અગસ્ત્ય મુનિ જોવામાં આવતાં જ રામચંદ્રજીએ અંતઃકરણમાં ઉત્પન્ન થએલો ખેદ છોડી દીધો. જેમ સૂર્ય મોટા અંધકારને મટાડે છે તેમ ઘણું કરીને મહાત્માનું દર્શન જ પ્રાણીઓના ખેદને મટાડે છે.[5] ૧૨૨

> सभार्यमर्घ्यादिभिरर्चयित्वा रामस्तदंघ्रिं शिरसा ननाम ।
> तूष्णीं मुहूर्तं व्यसनार्णवस्थो धृतिं समास्थाय पुनर्बभाषे ॥ १२३ ॥

રામચંદ્રજીએ મુનિની અને એમનાં પત્ની લોપામુદ્રાની અર્ધ્ય આદિથી પૂજા કરીને તેઓના ચરણમાં મસ્તકથી પ્રણામ કર્યા. દુઃખરૂપી સમુદ્રમાં પડેલા રામચંદ્રજી જરાવાર ચૂપ રહી પછી ધીરજ ધરીને નીચે પ્રમાણે બોલ્યાઃ ૧૨૩.

---

૧ ઉપજાતિ. ૨ વસંતતિલકા. ૩ દર્ભની પથારીપર રામચંદ્રજી જે કારણથી બેઠા હતા તે કારણ કહે છે. ૪ ઉપજાતિ. ૫ અર્થાંતરન્યાસ અલંકાર.

दृष्ट्वा भवन्तं पितृवत्प्रमोदे यन्मामगा दुःखमहार्णवस्थम् ।
मन्ये ममाऽऽत्मानमवाप्तकामं वंशो महान्मे तपनात्प्रवृत्तः ॥ १२४ ॥
न तत्र मादृग्जनिता न जातः पदच्युतोऽहं प्रथमं सभार्यः ।
सलक्ष्मणोऽरण्यमुपागतश्च मारीचमायानिहतांतरङ्गः ॥ १२५ ॥
तत्रापि भार्यामहृतच्छलेन स रावणो राक्षसपुंगवो मे ।
सा चाधुनाऽशोकवने समास्ते कृशा वियोगात्स्वत एव तन्वी ॥ १२६ ॥

"આપ કે જે મને દુઃખરૂપી મહાસાગરમાં પડેલો જાણીને પધાર્યાછો તેમને જોઇ જેમ મારા પિતાને જોઇ રાજી થાઊં તેમ રાજી થાઉંછું. આજ હું મારા ચિત્તને પૂર્ણ થએલા મનોરથોવાળું માનુંછું. અમારો પ્રખ્યાત વંશ કે જે સૂર્યથી ચાલેલો છે તેમાં મારા જેવો દુર્ભાગ્ય પુરુષ કોઇ થયો નથી અને થશે પણ નહિ. હું પ્રથમ તો રાજ્યથી ભ્રષ્ટ થયો, રાજ્યથી ભ્રષ્ટ થતાં પણ ગામમાં રહેવા નહિ પામતાં સીતાની તથા લક્ષ્મણની સાથે વનમાં આવ્યો, વનમાં આવતાં પણ મારીચે કરેલી મૃગરૂપની માયાથી મોહી ભૂલમાં પડ્યો કે જે ભૂલનો લાભ લઇને અધૂરામાં પૂરૂં તે વળી રાક્ષસોનો રાજા રાવણ છળ કરીને મારી સ્ત્રી સીતાને હરી ગયો. એ સીતા હમણાં રાવણની આસોપાલવની વાડીમાં છે અને તે સીતા સ્વાભાવિક રીતે પાતળાં જ હતાં તેમાં વળી મારા વિયોગને લીધે વધુ દુબળાં થઇ ગયાં છે. ૧૨૪, ૧૨૫, ૧૨૬.

तीर्त्वा समुद्रं विनिहत्य दुष्टं बलेन सीतां महता हरामि ।
यथा तथोपायमुदाहर त्वं न मे त्वदन्योऽस्ति हितोपदेष्टा ॥ १२७ ॥

હવે હું જે ઉપાયથી સમુદ્રને તરી મોટા સૈન્યથી દુષ્ટને મારી સીતાને પાછાં લાવું એવો કોઇ ઉપાય મને કહો. આ સમયમાં મને હિતનો ઉપદેશ કરનારો આપવિના બીજો કોઇ નથી."૧૨૭.

इतीरितो वाचमुवाच विद्वान्मा राम शोकस्य वशं गतो भूः ।
वंशद्वये संति नृपा महांतः संप्राप्य दुःखं परिमुक्तदुःखाः ॥ १२८ ॥

એ પ્રમાણે રામચંદ્રજીનાં વચનો સાંભળી વિદ્વાન્ અગસ્ત્યમુનિએ તેમને કહ્યું કે "હે રામ! તમે શોકને વશ થશો નહિ. સૂર્યવંશમાં અને ચંદ્રવંશમાં પણ મોટા મોટા રાજાઓ દુઃખ પામ્યા હતા અને પાછા તે દુઃખથી મુક્ત થયા હતા. ૧૨૮.

त्वमग्रणीर्दाशरथे धनुर्भृतां तवानुजस्यापि समो न लक्ष्यते ।
प्लवंगमानामधिपस्य कोटिशो मा मुञ्च मा मुञ्च वचो विनाथम् ॥ १२९ ॥

હે દશરથ રાજાના પુત્ર! તમે ધનુષ ધરનારાઓમાં અગ્રણીછો, તમારા નહાના ભાઇ લક્ષ્મણ જેવો પણ બીજો કોઇ વીર નથી અને વળી કરોડો મોટા વાનરો તમારી સહાયતામાં છે માટે અનાથની પેઠે આવું વચન નહિ બોલો નહિ બોલો. ૧૨૯.

सहायसंपत्तिरियं तवास्ति हितोपदेष्टाऽप्यहमस्मि कश्चित् ।
वारांनिधिः किं कुरुते तवायं स्मराधुना गोष्पदमात्रमेनम् ॥ १३० ॥

તમને આ રીતે સહાયોની સંપત્તિ છે અને વળી કોઇ હું પણ તમને હિતનો ઉપદેશ કરનાર સહાય મળ્યોછું માટે હવે આ સમુદ્રની તમારી પાસે શી શક્તિ છે? હવે તો આ સમુદ્રને ગાયના પગના ખાબોચીઆ જેવો જ સમજો. ૧૩૦.

---

૧ ઇન્દ્રવજ્રા. ૨ ઉપજાતિ.

पार्श्विमर्दपुरेव चार्वब्धिमहं पिबामि शुष्केऽत्र तेन प्रतियाहि लङ्काम्। शुष्कीकृतेन सो।
एवं मया कीर्तिरुपार्जिता स्याद्बद्धे तु वार्धौ तव साऽर्जिता स्यात् ॥१३१॥

તમારી ઇચ્છા હોય તો હું આગળની પેઠે જ આખા સમુદ્રને પી જાઉં કે જેથી સમુદ્ર સુકાઇ જતાં પગવાટથી તમે લંકામાં પહોચો. પરંતુ એમ કરવાથી મેં જ કીર્તિ મેળવી કહેવાય અને જો તમે સમુદ્રમાં સેતુ બાંધો તો તમે કીર્તિ મેળવી શકો. ૧૩૧.

सेतुं वार्धौ बंधयित्वा जहि त्वं दुष्टं चौर्याद्येन सीता हृताऽऽसीत्। "९-९२
प्राप्नोषि त्वं कीर्तिमाचंद्रतारं तेनात्राब्धि बंधय त्वं कपीन्द्रैः ॥ १३२ ॥

તમે સમુદ્રમાં સેતુ બંધાવીને તે દુષ્ટને મારો કે જે દુષ્ટ સીતાને ચોરીથી હરી ગયો છે. એમ કરવાથી જ્યાંસુધી જગત્માં ચંદ્ર અને તારાઓ રહેશે ત્યાંસુધી તમે અવિચળ કીર્તિ પામશો માટે મોટા વાનરોના હાથથી સમુદ્રમાં સેતુ બંધાવો." ૧૩૨.

इत्थं यत्र प्रेरितोऽगस्त्यवाचा सेतुं रामो बंधयामास वार्धौ। "९-९३
तुङ्गैः शृङ्गैर्वानरैस्तेन गत्वा तं हत्वाऽऽजौ जानकीमानिनाय ॥ १३३ ॥
तत्तादृक्षे तत्र तीर्थे स भिक्षुः स्नात्वा भक्त्या रामनाथं प्रणम्य।
तत्र श्रद्धोत्पत्तये मानुषाणां शिष्येभ्यस्तद्वैभवं सम्यगूचे ॥ १३४ ॥

આ પ્રમાણે અગસ્ત્યમુનિના વચનથી પ્રેરાએલા રામચંદ્રજીએ વાનરોના હસ્તોથી ઊંચા ઊંચા શિખરો નંખાવીને જે સ્થળથી સમુદ્રમાં સેતુ બંધાવ્યો હતો અને જે સ્થળથી લંકામાં જઇ દુષ્ટ રાવણને મારીને એ રામ સીતાજીને પાછાં લાવ્યા હતા તે સર્વોત્તમ તીર્થમાં સ્નાન કરી ભક્તિથી રામેશ્વરને પ્રણામ કરીને પદ્મપાદે તે સ્થળમાં મનુષ્યોને શ્રદ્ધા ઉત્પન્ન કરવાને માટે શિષ્યોની પાસે તે સ્થળના મહિમાનું સારી રીતે વર્ણન કર્યું. ૧૩૩, ૧૩૪.

तन्माहात्म्यं वर्णयंतं मुनिं तं पप्रच्छैनं कश्चिदेवं विपश्चित्।
रामेशाख्या किं समासोपपन्ना पृष्टस्त्रेधाऽवोचदेवं समासम् ॥ १३५ ॥

પદ્મપાદ એ સ્થળના માહાત્મ્યનું વર્ણન કરતા હતા તે સમયે કોઇ વિદ્વાને એમને પૂછ્યું કે, "રામેશ્વર શબ્દમાં સંસ્કૃત વ્યાકરણની રીતિ પ્રમાણે કયો સમાસ છે?" એ પ્રમાણે પૂછાતાં પદ્મપાદે નીચે પ્રમાણે ત્રણ પ્રકારના સમાસો કહ્યા. ૧૩૫.

[2]रघूद्वहस्तत्पुरुषं परं जगौ शिवो बहुव्रीहिसमासमैरयत्।
रामेश्वरे नामनि कर्मधारयं परं समाहुः स सुरेश्वरादयः ॥ १३६ ॥

"રામચંદ્રજીએ 'રામના ઈશ્વર તે રામેશ્વર[3]' એમ તત્પુરુષ સમાસ કહ્યો હતો, સદાશિવે 'રામ છે ઈશ્વર જેના તે રામેશ્વર[4]' એમ બહુવ્રિહિ સમાસ કહ્યો હતો અને ઇંદ્ર આદિ દેવતાઓએ તો રામની તથા સદાશિવની એકતા સમજીને 'રામ એવા ઈશ્વર તે રામેશ્વર[5]' એમ કર્મધારય સમાસ જ કહ્યો હતો." ૧૩૬.

[6]एवं निश्चित्योदितं तत्समासं श्रुत्वा तत्रत्यो बुधो योऽभ्यनंदत्।
अंभोजाङ्घ्रिस्तैरथ स्तूयमानः कंचित्कालं तत्र योगीडनैषीत् ॥ १३७ ॥

---

૧ શાલિની. ૨ ઉપજાતિ. ૩ षष्ठी ૨-૨-૮ પાણિનીય સૂત્ર પ્રમાણે તત્પુરુષ સમાસ છે. ૪ अनेकमन्यपदार्थे ૨-૨-૨૪ એ પાણિનીય સૂત્ર પ્રમાણે બહુવ્રીહિ સમાસ છે. ૫ विशेषणविशेष्येणबहुलम् ૨-૧-૫૭ એ પાણિનીય સૂત્ર પ્રમાણે કર્મધારય સમાસ છે. ૬ શાલિની.

એ પ્રમાણે પદ્મપાદે નિશ્ચય કરીને સમાસોનું નિરૂપણ કરતાં ત્યાંના જે પંડિતો હતા તેઓએ પદ્મપાદને અભિનંદન આપ્યું, પછી એ લોકો જેમની સ્તુતિ કરવા લાગ્યા એવા યોગીશ્વર પદ્મપાદે તે સ્થલમાં કેટલોક કાલક્ષેપ કર્યો. ૧૩૭.

तस्मादार्यः प्रस्थितोऽभूत्सशिष्यस्तीर्थस्नानोपात्तचित्तामलत्वः ।
पश्यन्देशान्मातुलीयं जगाहे गेहं दाहं तस्य पुस्तेन सार्धम् ॥ १३८ ॥

જેમણે તીર્થસ્નાનથી ચિત્તના નિર્મલપણાનું સંપાદન કર્યું એવા પદ્મપાદ શિષ્યોસહિત ત્યાંથી ચાલીને અનેક દેશોને જોતા જોતા પાછા મામાને ઘેર આવ્યા ત્યાં પોતાના પુસ્તકની સાથે મામાનું ઘર બળી ગયાની વાત તેમના સાંભળવામાં આવી. ૧૩૮.

श्रुत्वा किंचित्खेदमापेदिवान्स मत्वा मत्वा धैर्यमापेदिवान्सः ।
श्रावं श्रावं मातुलेयस्य तीव्रं दाहं गेहस्यानुकंपां व्यधत्त ॥ १३९ ॥
विश्वस्य मां निहितवानसि पुस्तभारं तं चादहद्धुतवहः पतितःप्रमादात् ।
तावान्न मे सदनदाहकृतोऽनुतापो यावांस्तु पुस्तकविनाशकृतो मम स्यात् ॥ १४०॥

પુસ્તક બળી ગયાની વાત સાંભળી કાંઇક ખેદ પામેલા, સ્વરૂપનું અનુસંધાન કરી કરીને ધીરજ રાખતા અને ઘરનો તીવ્ર દાહ થયાની વાત સાંભળી સાંભળીને દયા કરતા એ પદ્મપાદને તેમના મામાએ કહ્યું કે "તમે મારા ઉપર વિશ્વાસ રાખીને પુસ્તક મુકી ગયા હતા પણ તે પુસ્તકને મારા પ્રમાદને લીધે ઘરમાં પડેલા અગ્નિએ બાળી નાખ્યું. તમારાં પુસ્તકનો નાશ થવાથી મને જેટલો પરિતાપ થાય છે તેટલો પરિતાપ મારૂં ઘર બળી જવાથી થતો નથી."૧૩૯, ૧૪૦.

इत्थं ब्रुवंतं तमथो न्यगादीत्पुस्तं गतं बुद्धिरवस्थिता मे ।
उक्त्वा समारब्ध पुनश्च टीकां कर्तुं स धीरो यतिवृंदवंद्यः ॥ १४१ ॥

એ પ્રમાણે બોલતાં મામાને પદ્મપાદે કહ્યું કે "મારૂં પુસ્તક જતું રહ્યું પણ મારી બુદ્ધિ મારી પાસે રહી છે." સંન્યાસીઓએ વંદન કરવાયોગ્ય મહાધીર પદ્મપાદે એટલાં વચન કહીને ફરીવાર ભાષ્યની ટીકા કરવાનો આરંભ કર્યો. ૧૪૧

दृष्ट्वा बुद्धिं मातुलस्तस्य भूयो भीतः प्रास्यद्भोजने तन्मुनोन्नम् ।
किंचिद्द्रव्यं पूर्ववन्नाक्षमिष्ट टीकां कर्तुं केचिदेवं ब्रुवंति ॥ १४२ ॥

પદ્મપાદની બુદ્ધિને જોઇ વળી ભય પામેલા તેમના મામાએ પદ્મપાદની ભિક્ષામાં જેથી પદ્મપાદની બુદ્ધિ હણાઇ જાય એવું કોઇ ઔષધ નાખી દીધું કે જે ખાવામાં આવવાથી પદ્મપાદ પૂર્વની પેઠે ટીકા કરી શક્યા નહિ એમ કેટલાએક કહે છે. ૧૪૨.

अत्रांतरेऽन्यैर्निजवच्चरद्भिः स्वैस्तीर्थयात्रां दयितैः सतीर्थ्यैः ।
अर्थादुपेत्याऽऽश्रमतः कनिष्ठैर्ज्ञातः सखेदैः स मुनिः समैक्षि ॥ १४३ ॥

આ સમયમાં પદ્મપાદની પેઠે તીર્થયાત્રા કરવા નીકળેલા અને પદ્મપાદને પ્રિય કેટલાએક તેમના ગુરુભાઇઓ કે જેઓએ પદ્મપાદ પછી સંન્યાસાશ્રમ લીધો હતો તેઓ પણ પ્રસંગથી તે દેશમાં આવી નીકળ્યા. એઓએ પણ પદ્મપાદની ખબર મળતાં પદ્મપાદના મામાને ઘેર આવીને એ મુંઝાઇ ગએલા પદ્મપાદને જોયા. ૧૪૩.

दृष्ट्वा पद्मांघ्रिं क्रमात्ते प्रणेमुस्तत्पादांभोजीयरेणून्दधानाः ।
अन्योन्यं द्रागाददुस्ते ददुश्चानेकानेहोयोगजैक्यान्नमांसि ॥ १४४ ॥

---

૧ ઇન્દ્રવજ્રા. ૨ વસંતતિલકા. ૩ ઇન્દ્રવજ્રા. ૪ શાલિની. ૫ ઇન્દ્રવજ્રા. ૬ શાલિની.

પદ્મપાદને જોઇ એઓ પદ્મપાદનાં ચરણની રજ પોતાને માથે આવે એવી રીતે પદ્મપાદને પગે લાગ્યા. ઘણે કાળે મળવાને લીધે તેઓએ તુરત પરસ્પરને નમસ્કારો દીધા તથા પરસ્પરના નમસ્કાર લીધા. ૧૪૪.

[1]वाणीनिर्जितपन्नगेश्वरगुरुप्राचेतसा चेतसा
बिभ्राणा चरणं मुनेर्विरचितव्यापल्लवं पल्लवम्।
धुन्वंतं प्रभया निवारिततमाशङ्कापदं कामदं
रेजन्तेवसतां समष्टिरसुहृत्तत्याहितात्याहिता ॥ १४५ ॥

વાણીની ચાતુરીથી શેષનાગને, બૃહસ્પતિને તથા વાલ્મીકને પણ જીતી શકે એવી, દુષ્ટ ભેદવાદીઓના સમૂહોને મહાભય આપનારી અને ગુરુનું ચરણારવિંદ કે જે પોતાની પ્રભાથી આશ્ચર્યભૂત અજ્ઞાનનું અત્યંત નિવારણ કરનાર, સઘળા મનોરથોને પૂરનાર અને ભવિષ્યની વિપત્તિઓના ભાગોને પાનડાંની પેઠે કંપાવનાર છે તેને ચિત્તમાં ધારણ કરતી એ આચાર્યના શિષ્યોની મંડળી, એ સ્થલમાં શોભવા લાગી. ૧૪૫.

[2]शुश्राव साऽन्तेवसतां समष्टिः स्वदेशकीयां सुखदां सुवार्ताम्।
अर्थात्समीपागततः कुतश्चिद्द्विजेंद्रतः सेवितसर्वतीर्थात् ॥ १४६ ॥

એ મંડલીને, સઘળાં તીર્થોનું સેવન કરીને કોઇ પ્રયોજનથી ત્યાં આવેલા એક ઉત્તમ બ્રાહ્મણના મુખથી પોતાના દેશ સંબંધી સઘળી સુખદાયી વાતની ખબર મળી. ૧૪૬.

[3]अथ गुरुवरमनवेक्ष्य नितांतं व्यथितहृदो मुनिवर्यविनेयाः।
कथमपि विदिततदीयसुवार्त्ताः समधिगताः किल केरलदेशान् ॥ १४७ ॥

ઘણા કાલથી શ્રીશંકરાચાર્યનાં દર્શન નહિ મળવાથી જેઓનાં હૃદયો અત્યંત આતુર થયાં હતાં એવા એ શ્રીશંકરાચાર્યના શિષ્યો એ રીતે માંડ માંડ શ્રીશંકરાચાર્યની ખબર મેળવીને કેરલદેશ(મલબાર)માં ગયા. ૧૪૭.

[4]अत्रांतरे यतिपतिः प्रसुवोऽन्त्यकृत्यां कृत्वा स्वधर्मपरिपालनसक्तचित्तः।
आकाशलङ्घिवरकेरमहीरुहेषु श्रीकेरलेषु मुनिरास्त चरन्विरक्तः ॥ १४८ ॥

સ્વધર્મનું પાલન કરવામાં આસક્ત ચિત્તવાળા અને પરમ વૈરાગ્યવાળા શ્રીશંકરાચાર્ય આ સમયમાં પોતાનાં માજીની અંત્ય ક્રિયા કરીને આકાશ પર્યંત ઊંચા ઉત્તમ કેર નામનાં વૃક્ષોવાળા કેરલદેશમાં રહ્યા હતા અને તેમાં જ વિચરતા હતા. ૧૪૮.

[5]विचरन्नथ केरलेषु विष्वङ्निजशिष्यागमनं निरीक्ष्य मौनी।
विनयेन महासुरालयेशं विनमन्नस्तुत निस्तुलानुभावः ॥ १४९ ॥

કેરલદેશમાં ચારેકોર વિચરતા અને અનુપમ પ્રભાવવાળા એ શ્રીશંકરાચાર્ય પોતાના શિષ્યોની આવવાની વાટ જોઇને વિનયથી મહાસુર નામના ધામના અધિપતિ વિષ્ણુને પ્રણામ કરતાં કરતાં નીચે પ્રમાણે તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૧૪૯.

सदसत्त्वविमुक्तया प्रकृत्या चिदचिद्रूपमिदं जगद्विचित्रम्।
कुरुषे जगदीश लीलया त्वं परिपूर्णस्य न हि प्रयोजनेच्छा ॥ १५० ॥

"હે જગદીશ્વર! આપ અનિર્વચનીય સ્વરૂપવાળી માયાથી આ જડચૈતન્યાત્મક વિચિત્ર જ-

૧. શાર્દૂલવિક્રીડિત. ૨. આખ્યાનકી. ૩. ઉપચિત્રા. ૪. વસંતતિલકા. ૫. વસંતમાલિકા.

ગતને કેવલ લીલાને વાસ્તે જ ઉત્પન્ન કરો છો. આપ કે જે પૂર્ણકામ છો તેમને બીજું કોઇ પ્રયોજન મેળવવાની ઇચ્છા તો સંભવે જ નહિ. ૧૫૦.

रजसा सृजसीश सत्ववृत्तिस्त्रिजगद्रक्षसि तामसः क्षिणोषि ।
बहुधा परिकीर्त्यसे च स त्वं विधिवैकुंठशिवाभिधाभिरेकः ॥ १५१ ॥

હે ઇશ્વર! તમે જ રજોગુણનું ધારણ કરીને જગતને સ્રજો છો, સત્ત્વગુણનું ધારણ કરીને જગતની રક્ષા કરો છો અને તમોગુણનું ધારણ કરીને જગતનો પ્રલય કરો છો એટલા માટે તમે એક જ બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ એ નામોથી અનેક પ્રકારે કહેવાઓ છો. ૧૫૧.

विविधेषु जलाशयेषु सोऽयं सवितेव प्रतिबिंबितस्वभावः ।
बहुरूपमिदं प्रविश्य विश्वं स्वयमेकोऽपि भवान्विभात्यनेकः ॥ १५२ ॥

આપ પોતે એક છતાં પણ જેમ સૂર્ય અનેક જલાશયોમાં[1] પ્રતિબિંબિત થઇને અનેક જણાય છે તેમ ઘણાં રૂપોવાળાં આ જગતમાં જીવરૂપે પ્રવેશ કરીને અનેક જણાઓ છો." ૧૫૨.

इति देवमभिष्टुवन्विशिष्टस्तुतितोऽसौ सुरसद्मसन्निविष्टः ।
चिरकालवियोगदीनचित्तैः शिरसा शिष्यगणैरथो ववंदे ॥ १५३ ॥

આ પ્રમાણે શ્રીશંકરાચાર્ય ઉત્તમ સ્તુતિઓથી વિષ્ણુનું આરાધન કરતાં કરતાં એ જ દેવાલયમાં બિરાજ્યા હતા ત્યાં, લાંબા કાલના વિયોગથી ચિત્તમાં દીન થએલા પદ્મપાદ આદિ શિષ્યોએ આવીને મસ્તકોથી દંડવત્પ્રણામો કર્યા.' ૧૫૩.

गुरुणा कुशलानुयोगपूर्वं सदयं शिष्यगणेषु सांत्वितेषु ।
अतिदीनमनाः शनैरवादीदजहद्गद्गदिकं स पद्मपादः ॥ १५४ ॥

શ્રીશંકરાચાર્યે દયા ભરેલી રીતે કુશલ પ્રશ્ન પૂછીને સઘળા શિષ્યોની સાંત્વના કરી રહ્યા પછી અત્યંત દીન મનવાળા પદ્મપાદે તોતડાતા અક્ષરોથી ધીરે ધીરે નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરી. ૧૫૪.

भगवन्नभिगम्य रङ्गनाथं पथि पद्माक्षमहं निवर्त्तमानः ।
बहुधाविहितानुनीतिनीतो बत पूर्वाश्रममातुलेन गेहम् ॥ १५५ ॥

"મહારાજ! હું રંગનાથ નામના વિષ્ણુનાં દર્શન કરીને વળ્યો તે સમયે મારો પૂર્વાશ્રમનો મામો માર્ગમાં ઘણાઘણા કાલાવાલા કરીને મને પોતાને ઘેર તેડી ગયો હતો. ૧૫૫.

अहमस्य पुरो भिदावदेंदोरपि पूर्वाश्रमवासनानुबंधात् ।
अपठं भवदीयभाष्यटीकामजयं चात्र कृतानुयोगमेनम् ॥ १५६ ॥

જો કે એ મામો ભેદવાદીઓમાં અગ્રણી હતો તો પણ મેં પૂર્વાશ્રમની વાસનાને લીધે તેને આપના ભાષ્યની ટીકા વાંચી સંભળાવી અને તેમાં પૂર્વપક્ષો કરવા લાગેલા તે મામાને મેં વાદમાં જીતી પણ લીધો. ૧૫૬.

दग्धमुद्रमुखमुद्रणमन्त्रैर्ध्वस्ततर्कगुरुकापिलतन्त्रैः ।
वर्मितो निगमसारसुधाक्तैर्मातुलं तमजयं तव सूक्तैः ॥ १५७ ॥

આપનાં ઉત્તમ ભાષણો કે જેઓ તપ્તમુદ્રા (ઉનીછાપ) લેનારા લોકોનાં મહોડાં બંધ કરવાના મંત્રોરૂપ છે, વેદના સારરૂપી અમૃતથી ખરડાએલાં છે અને તર્ક મતને, પ્રભાકરના

---

૧. આ શ્રુતિમાં પણ એ જ ભાવાર્થ છેઃ—"यथा ह्ययं ज्योतिरात्मा विवस्वानपो भिन्ना बहुधैकोऽनुगच्छन् । उपाधिना क्रियते भेदरूपो देवः क्षेत्रेष्वेवमजोऽयमात्मा ॥ " ૨. દેવાગતા.

મતને તથા કપિલના મતને તોડી નાખનારાં છે તેઓરૂપી બખ્તર ધારણ કરીને મેં મામાને જીતી લીધો. ૧૫૭.

¹खड्गाखड्गिविहारकल्पितरुजं काणादसेनामुखे
शस्त्राशस्त्रिकृतं श्रमं च विषमं पश्यत्पदानां पदे ।
यष्टीयष्टिभवं च कापिलबले खेदं मुने तावकैः
सूक्तैर्यौक्तिकवंशमौक्तिकमयैर्नाऽऽपद्यते वर्मितः ॥ १५८ ॥

હે મુને! યુક્તિઓના સમૂહરૂપ વાંસથી ઉત્પન્ન થએલાં આપનાં ઉત્તમ ભાષણોરૂપી મોતીનું બખ્તર ધરનારો પુરુષ કણાદના અનુયાયી તાર્કિક લોકોની સેનાના મુખમાં તરવારોની ઝપાઝપી જેવા વાદમાં પણ મુંઝાતો નથી, ગૌતમના અનુયાયી લોકોની સેનામાં શાસ્ત્રોની ઝપાઝપી જેવા વિવાદમાં પણ વિષમ શ્રમ પામતો નથી અને સાંખ્ય લોકોની સેનામાં ધોકાધોકી જેવા વિવાદમાં પણ ખેદ પામતો નથી. ૧૫૮.

²अथ गूढहृदो यथापुरं मामभिनंद्याऽऽहितसत्क्रियस्य तस्य ।
अधिसद्म निधाय भाष्यटीकामहमस्याऽऽयमशङ्कितो निशायाम् ॥ १५९ ॥

હે ગુરો! પછી હારી ગએલા મારા મામાએ પોતાનો દુષ્ટ અભિપ્રાય મનમાં જ ગુપ્ત રાખીને મારો આગળની પેઠે સત્કાર કરવાથી હું તેના ઘરમાં ભાષ્યની ટીકા મુકીને નિશ્શંક રીતે ત્યાંથી રાતનો ચાલ્યો. ૧૫૯.

युगपर्ययनृत्यदुग्रफालज्वलनज्वालकरालकीलजालः ।
दहनोऽधिनिशीथमस्य धाम्ना बत टीकामपि भस्मसादकार्षीत् ॥ १६० ॥

હું ચાલ્યો ત્યાર પછી મધરાતને સમયે તે મારા મામાના ઘરમાં, પ્રલયના સમયમાં નૃત્ય કરતા સદાશિવના લલાટના અગ્નિની જ્વાળાઓના જેવી વિકરાળ જ્વાળાવાળો અગ્નિ લાગતાં તે અગ્નિએ મારા મામાના ઘર ભેળી ભાષ્યની ટીકાને પણ ભસ્મ કરી નાખી. ૧૬૦.

अदहत्स्वगृहं स्वयं हुताशो विमतग्रन्थमसौ विदग्धुकामः ।
मतिमांद्यकरं गरं च भैक्षे व्यधिनास्येति विजृंभते स्म वार्ता ॥ १६१ ॥

આ વિષયમાં લોકોમાં એવી વાત ફેલાઇ છે કે "પોતાના પ્રતિપક્ષરૂપ ગ્રંથનો નાશ કરવાંની ઇચ્છાથી એ અભાગીયાએ પોતાનું ઘર પણ પોતાના હાથથી બાળી નાંખ્યું અને પદ્મપાદની ભિક્ષામાં જેથી બુદ્ધિ મંદ થઇ જાય એવું ઝેરી ઔષધ પણ નાખી દીધું." ૧૬૧.

अधुना धिषणा यथापुरं नो विधुनाना विशयं प्रसादमेति ।
विषमा पुनरीदृशी दशा नः किमु युक्ता भवदङ्घ्रिकिंकराणाम् ॥ १६२ ॥

મારી બુદ્ધિ કે જે આગળ સંશયો તોડવાના સામર્થ્યવાળી હતી તે હવે તેવી નિર્મલ થતી નથી. અમો કે જેઓ આપના ચરણના કિંકર છીએ તેઓને આવી વિષમ દશા પ્રાપ્ત થવી યોગ્ય છે? નથી જ. એટલા માટે મારી બુદ્ધિને આગળના જેવી કરી આપો. ૧૬૨.

³गुरुवर तव या भाष्यवरेण्ये व्यरचि मया ललिता किल वृत्तिः ।
निरतिशयोज्ज्वलयुक्तियुता सा पथि किल हा विननाश कृशानौ ॥ १६३ ॥

હે સદ્ગુરો! આપના ઉત્તમ ભાષ્ય ઉપર સર્વોત્તમ સ્પષ્ટ યુક્તિઓથી ભરેલી જે મેં સુંદર ટીકા બનાવી હતી તે ટીકા પ્રવાસમાં અગ્નિથી બળી ગઇ! હાય હાય! ૧૬૩.

૧. શાર્દૂલવિક્રીડિત. ૨. માલભારિણી. ૩. ઉપચિત્રા વૃત્ત.

प्रयतेऽहं पुनरेव यदा तां प्रविधातुं बहुधाकृतयत्नः ।
न यथापूर्वमुपक्रमते ताः पटुयुक्तीर्भगवन्मम बुद्धिः ॥ १६४ ॥

મહારાજ! હું ઘણાઘણા યત્નો કરીને જ્યારેજ્યારે ફરીવાર એ ટીકા કરવા માંડુંછું ત્યારે-ત્યારે મારી બુદ્ધિ આગળ પ્રમાણે પ્રૌઢ યુક્તિઓમાં પ્રવેશ કરતી નથી. ૧૬૪.

[1]कृपापारावारं तव चरणकोणाग्रशरणं गता दीना दूनाः कति कति न सर्वेश्वरपदम् ।
गुरो मंतुर्नंतुः क इव मम पापांश इति चेन्मृषा मा भाषिष्ठाः पदकमलचिंतावधिरसौ।१६५।

કેટલા કેટલા દીન અને મુંઝાએલા પુરુષો આપના ચરણારવિંદના ખૂણાની અણી કે જે કૃપાના સમુદ્રરૂપ છે તેનું શરણ લઇને સર્વેશ્વરની પદવીને પામ્યા નથી? સર્વ પામેલા છે. હે ગુરો! આમ છે ત્યારે હું પણ કે જે આપના ચરણારવિંદને પ્રણામ કરૂંછું તેનો શો અપરાધ છે? કદાચ કોઇ પાપનો અંશ રહી ગયો છે એમ આપ કહેવા ધારતા હો તો ગુરુનાં ચરણના ચિંતનથી સઘળાં પાપોનો છેડો આવે છે એમ હવે પછી ખોટું કહેશો મા." ૧૬૫.

[2]इति वादिनमेनमार्यपादः करुणापूरकरम्भितांतरङ्गः ।
अमृताब्धिसखैरपास्तमोहैर्वचनैः सांत्वयति स्म वल्गुबंधैः ॥ १६६ ॥

પદ્મપાદ એ પ્રમાણે બોલતાં કરુણાના પૂરથી વ્યાપ્ત થએલા અંતઃકરણવાળા શંકરાચાર્યે ક્ષીરસમુદ્ર જેવાં ઉજ્જ્વલ, મોહને ટાળનારાં અને સુંદર સંદર્ભવાળાં વચનોથી નીચે પ્રમાણે તેમની સાંત્વના કરી. ૧૬૬.

विषमो बत कर्मणां विपाको विषमोहोपमदुर्निवार एषः ।
विदितः प्रथमं मयाऽयमर्थः कथितश्चाङ्ग सुरेशदेशिकाय ॥ १६७ ॥

"હે પ્રિય શિષ્ય! કર્મોનો વિપાક વિષમ છે અને તે ઝેરથી ઉત્પન્ન થએલા મોહની પેઠે નિવારણ કરવાને અશક્ય છે. આ ભવિષ્ય મેં પ્રથમથી જ જાણ્યું હતું અને સુરેશ્વરાચાર્યની પાસે કહ્યું પણ હતું. ૧૬૭.

[3]पूर्वं शृङ्गक्ष्माधरे मत्समीपे प्रेम्णा याऽसौ वाचिता पञ्चपादी ।
सा मे चित्तान्नापयात्यद्य शोको याताच्छीघ्रं तां लिखेत्याख्यदार्यः ॥ १६८ ॥

તમે પૂર્વે ઋષ્યશૃંગ પર્વતમાં મારી પાસે ભાષ્યની ટીકાની જે પંચપાદી (પાંચ પાદનું વ્યાખ્યાન) પ્રેમથી વાંચી હતી તે પંચપાદી આજ દિવસ સુધી પણ મારા ચિત્તમાંથી ગઇ નથી માટે મારા મુખથી તેટલા ગ્રંથને તુરત તમે લખી લો અને શોક કરવો છોડી દો." ૧૬૮.

[4]आश्वास्येत्थं जलजचरणं भाष्यकृत्पञ्चपादी-
माचख्यौ तां कृतिमुपहितां पूर्वयैवाऽऽनुपूर्व्या ।
नैतच्चित्रं परमपुरुषेऽव्याहतज्ञानशक्तौ
तस्मिन्मूले त्रिभुवनगुरौ सर्वविद्याप्रवृत्तेः ॥ १६९ ॥

ભાષ્ય કરનારા શંકરાચાર્યે એ પ્રમાણે પદ્મપાદની આશ્વાસના કરીને પોતાના મુખથી પ્રથમ અનુક્રમ પ્રમાણે જ તેની કૃતિની પંચપાદી કહી સંભળાવી. ત્રૈલોક્યના ગુરુ, પ્રતિબંધ રહિત જ્ઞાનશક્તિવાળા અને સઘળી વિદ્યાઓની પ્રવૃત્તિના મૂલરૂપ એ પરમ પુરુષ (પરમાત્મારૂપ શંકરાચાર્ય) એવી અગાધ સ્મરણશક્તિવાળા હોય એમાં કાંઇ આશ્ચર્ય? ૧૬૯.

---

૧. શિખરિણી. ૨. વસંતમાલિકા. ૩. શાલિની. ૪. મંદાક્રાંતા.

प्रसभं स विलिख्य पञ्चपादीं परमानंदभरेण पद्मपादः ।
उदतिष्ठदतिष्ठदभ्यरौदीत्पुनरुद्गायति तु स नृत्यति स्म ॥ १७० ॥

એ પંચપાદીને તુરત લખી લઇને પદ્મપાદને એટલો બધો પરમ આનંદનો સમૂહ થયો કે જેથી તે પદ્મપાદ ઉઠવા, બેસવા, રોવા, ગાવા અને નાચવા ²લાગ્યા. ૧૭૦.

कविताकुशलोथ केरलक्ष्माकमनः कश्चन राजशेखराख्यः ।
मुनिवर्यममुं मुदं वितेने निजकौटीरनिघृष्टपन्नखाग्र्यः ॥ १७१ ॥

આ સમયમાં કવિતા કરવામાં કુશલ કોઇ રાજશેખર નામનો કેરલદેશનો રાજા હતો તેણે શંકરાચાર્યની પાસે આવીને તેમને પ્રેમને લીધે પોતા(રાજશેખર)ના મુકુટનાં રત્નોથી ઘસાએલી ચરણના નખોની અણીઓવાળા ⁴કર્યા. ૧૭૧.

प्रथते किमु नाटकत्रयी सेत्यमुना संयमिना ततो नियुक्तः ।
अयमुत्तरमाददे प्रमादादनले साऽऽहुतितामुपागतेति ॥ १७२ ॥

'હે રાજા! એ ત્રણ નાટકનો પ્રચાર થયો છે કે કેમ?' એ રીતે શંકરાચાર્યે પૂછતાં રાજશેખરે કહ્યું કે 'મારા પ્રમાદને લીધે એ ત્રણે નાટક અગ્નિમાં આહુતિપણું પામ્યાં છે. (બળી ગયાં છે)' ૧૭૨.

मुखतः पठितां मुनींदुना तां विलिखन्नेष विसिस्मयेऽथ भूपः ।
वद किं करवाणि किंकरोऽहं वरदेति प्रणमन्व्यजिज्ञपच्च ॥ १७३ ॥

એ સમયે શંકરાચાર્યે એ ત્રણે નાટકો મુખથી બોલી દેખાડ્યાં અને રાજશેખરે લખી લીધાં. જે લખી વિસ્મય પામેલા તે રાજાએ 'હે વર દેનારા! હું આપનું શું કામ કરૂં તે કહો. હું આપનો કિંકરછું' એવી વિજ્ઞપ્તિ કરી. ૧૭૩.

नृप कालटिनामकाग्रहाराद्द्विजकर्मानधिकारिणोऽद्य शप्ताः ।
भवताऽपि तथैव ते विधेया बत पापा इति देशिकोऽशिषत्तम् ॥ १७४ ॥

શંકરાચાર્યે આજ્ઞા કરી કે "હે રાજા! હમણાં મેં કાલટી નામના ગામના રહેવાશી બ્રાહ્મણોને શાપ દઇને વેદકર્મના અધિકારથી ભ્રષ્ટ કર્યા છે માટે તમારે પણ એ પાપીઓને વેદકર્મોના અધિકારથી ભ્રષ્ટ જ રાખવા." ૧૭૪.

⁵पद्माङ्घ्रौ प्रतिपद्य नष्टविवृतिं तुष्टे पुनः केरल-
क्ष्मापालो यतिसार्वभौमसविधं प्राप्य प्रणम्याञ्जसा ।
लब्ध्वा तस्य मुखात्स्वनाटकवराण्यानन्दपाथोनिधौ
मज्जंस्तत्पदपद्मयुग्ममनिशं ध्यायन्प्रतस्थे पुरीम् ॥ १७५ ॥

નષ્ટ થએલી ટીકાને પાછી મેળવીને પદ્મપાદ રાજી થયા અને કેરલ દેશનો રાજા પણ

૧. વસંતમાલિકા. ૨. ઉઠવા તથા બેસવા આદિ અનેક કાર્યો એકી વખતે બન્યાં હોય એવી રચના કરી છે માટે સમુચ્ચયાલંકાર થયો છે. ૩. માલભારિણી. ૪. રાજાએ શંકરાચાર્યના ચરણમાં પોતાનો મુકુટ નમાવ્યો એમ કહેવાનું હતું તેને બીજી ચમત્કારી ઢબથી કહ્યું છે માટે પર્યાયોક્ત અલંકાર થયો છે. "पर्यायोक्तं तु गम्यस्य वचोभंग्यंतराश्रयम् ।"–જે વર્ણન કરવાનું હોય તેને બીજી ઢબથી કહેવું એ પર્યાયોક્ત અલંકારનું સ્વરૂપ છે.—કુવલયાનંદ, કારિકા ૬૭. ૫. શાર્દૂલવિક્રીડિત.

શંકરાચાર્યની પાસે આવી તેમને પ્રણામ કરી તેમના મુખથી અનાયાસે ત્રણે નાટકોને પાછાં મેળવી આનંદના સમુદ્રમાં ડૂબતો ડૂબતો અને શંકરાચાર્યનાં ચરણારવિંદોનું નિરંતર ધ્યાન કરતો કરતો ત્યાંથી પાછો પોતાની નગરીમાં ગયો. ૧૭૫.

इति श्रीमाधवीये तत्तीर्थयात्राटनार्थकः ।
संक्षेपशंकरजये सर्गोऽजनि चतुर्दशः ॥ १४ ॥

એપ્રમાણે શ્રીમાધવાચાર્યે રચેલા સંક્ષેપશંકરજયમાં પદ્મપાદનાં તીર્થયાત્રાને વાસ્તે વિચરવાના વર્ણન સંબંધી ચૌદમો સર્ગ સંપૂર્ણ થયો. ૧૪.

अथ पञ्चदशः सर्गः ।

[1]अथ शिष्यवरैर्युतः सहस्रैरनुयातः स सुधन्वना च राज्ञा ।
ककुभो विजिगीषुरेष सर्वाः प्रथमं सेतुमुदारधीः प्रतस्थे ॥ १ ॥

પછી [2]હજારો ઉત્તમ શિષ્યોથી સંયુક્ત એ ઉદાર બુદ્ધિવાળા શંકરાચાર્ય સઘળી દિશા-

---

૧. વસંતમાલિકા વૃત્ત. ૨. પદ્મપાદ, હસ્તામલક, [3]સમિત્પાણિ, ચિદ્વિલાસ, જ્ઞાનકંદ, વિષ્ણુગુપ્ત, શુદ્ધકીર્તિ, ભાનુમરીચિ, કૃષ્ણદર્શન, બુદ્ધિવૃદ્ધિ, વિરંચી, પાદશુદ્ધ, અનંત અને આનંદગિરી વગેરે શિષ્યો.

પછી શ્રીશંકરાચાર્યે મધ્યમાર્જુન નામના શંકરનું પૂજન નીચે પ્રમાણેની સ્તુતિવડે કરીને કર્યું:—

“ श्रीशंकराचार्यो मध्यार्जुनं नाम शिवाविर्भूतिस्थलविशेषं प्राप । ‘ मध्यार्जुनेशानमदृष्टपूर्वं विद्यादिभिः पूजितपादपद्मम् । बुद्धोपचारैरभजत्परेशं निष्पापतां प्राप फलैकपात्रम् ’ ॥ तत्र किल भगवाञ्श्रीशंकराचार्यः सदाशिवमेवमब्रवीत्स्वामिन्मध्यार्जुन सर्वोपनिषदर्थोऽसि सर्वज्ञोऽसि तस्मान्निगमादितात्पर्यगोचरो द्वैतमद्वैतं वेति संशयस्य सर्वेषां पश्यतां निवृत्तिं कुर्विति प्रार्थितो मध्यार्जुनेशो लिङ्गात्सावयवरूपेण निष्क्रम्य मेघवद्गम्भीरया गिरा दक्षिणहस्तमुद्यम्य सत्यमद्वैतं सत्यमद्वैतं सत्यमद्वैतमिति त्रिरुक्त्वा लिङ्गेऽन्तर्दधे । पश्यतां नराणां महदद्भुतमासीत्तद्भक्ताश्च तद्देशस्थिताः श्रीशंकरमेव सद्गुरुं कृत्वोमागणपतीशार्काच्युतार्चापराः प्रातःस्नानादिविशुद्धाः पञ्चयज्ञपरायणाः श्रुतिसंचोदिताचारगाः शुद्धाद्वैतपरायणा बभूवुः । एवं तद्देशस्थानद्वैतवादिनः कृत्वा प्रमथैः शंकर इव शिष्यसमेतो रामेश्वरं प्रति जगाम ” इति ॥ १ ॥

પ્રથમ નહિ દેખાયેલા, વિદ્યાઓ વડે જેમનું ચરણકમળ પૂજ્યું છે એવા, શ્રીમધ્યમાર્જુન નામના શંકરનું બૌદ્ધોએ આણેલા ઉપચારોથી પૂજન કરી ફળના એક પાત્રરૂપ નિષ્પાપપણાને પામ્યા.

ત્યાં શંકરાચાર્યે શંકરની સ્તુતિ કરીને એમ કહ્યું કે ‘હે સ્વામિન્, હે મધ્યાર્જુન, તમે સર્વ ઉપનિષદ્ના અર્થરૂપ છો, સર્વજ્ઞ છો, માટે વેદાદિકને વિષે તાત્પર્યરૂપ દ્વૈત છે કે અદ્વૈત ? આ મારા સંશયને સર્વ મનુષ્યોના જોતા છતાં નિવૃત્ત કરો.’ એવી રીતે જેની પ્રાર્થના કરી છે એવા શ્રીમધ્યમાર્જુન મહેશ્વર લિંગમાંથી શરીરસહિત પ્રકટ થઇને મેઘના સરખી ગંભીર વાણીથી જમણો હાથ ઊંચો કરીને “અદ્વૈત સાચું, અદ્વૈત સાચું, અદ્વૈત સાચું ” એમ ત્રણ વાર કહીને ફરીથી લિંગમાં અંતર્દ્ધાન થઇ ગયા, જે સર્વ મનુષ્યો જોતાં છતાં આશ્ચર્ય થયા.

પછી તે દેશમાં રહેલા તેમના ભક્તો શ્રીશંકરાચાર્યને ગુરુ કરી પ્રાતઃસ્નાનાદિ કૃત્યથી શુદ્ધ થઇ દેવી, ગણપતિ, શંકર, સૂર્ય અને વિષ્ણુનું પૂજન કરવામાં તત્પર, પંચયજ્ઞ કરવામાં પરાયણ, વેદમાં કહેલા આચારોને વિષે પ્રવિણ અને શુદ્ધ અદ્વૈતમાં પરાયણ થયા. એ પ્રકારે તે દેશવાસિયોને અદ્વૈતવાદી કરીને જાણે પ્રમથાદિક ગણોસહિત પોતે શંકર હોય નહિ શું એવા શંકરાચાર્ય શિષ્યસહિત રામેશ્વર તરફ ગયા. ૧.

ઓને જીતવાની ઇચ્છાથી પ્રથમ સેતુબંધની તરફ પધાર્યા અને સુધન્વા નામનો રાજા પણ તેમની સાથે ગયો. ૧.

अभवत्किल तस्य तत्र शाक्तैर्गिरिजार्चाकपटान्मधुप्रसक्तैः ।
निकटस्थवितीर्णभूरिमोदस्फुटरिङ्खत्पटुयुक्तिमान्विवादः ॥ २ ॥

ત્યાં **શા**ક્તલોકો કે જેઓ દેવીનું પૂજન કરવાના ડોળથી મદ્યપાનમાં આસક્ત હતા તેઓની સાથે તેમને, સ્ફુટ રીતે પ્રસરતી પ્રૌઢ યુક્તિઓવાળો અને સભાસદ લોકોને ભારે આનંદ આપનારો [1]વિવાદ થયો. ૨.

---

૧. એ વિવાદ નીચે પ્રમાણેઃ—

" तत्रस्था गुरुशेखरं यतिवरं मूर्ध्नाऽभिवाद्योचिरे स्वामिन्नस्मदिदं मतं श्रृणु सितं चित्रं परं पावनम् ॥ आद्या शक्तिरशेषकार्यजननी शंभोर्गुणेभ्यः परा यन्मायावशतो महत्प्रमुखरं सर्वं जगज्जायते ॥ १ ॥ तस्या वागाद्यगम्यत्वात्सेवायोग्यत्वहेतुतः ॥ तदंशाया भवान्यास्तु पादसेवापरा वयम् ॥ २ ॥ स्वर्णनिर्मिततत्पादैर्बद्धग्रीवाः सुबाहवः ॥ जीवन्मुक्तिर्यतो विद्योपासकानां फलं श्रुतम् ॥ ३ ॥ विद्यां चाविद्यां च यस्तद्वेदोभयं सह ॥ अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते ॥ ४ ॥ तस्मात्कटाक्षलेशेन मुक्तिदा या मुमुक्षुभिः ॥ सेवनीया प्रयत्नेन प्रकृतिः सेशरूपिणी ॥ ५ ॥ प्रकृतिश्चेश्वरश्चेति श्रुतितस्तदभिन्नता ॥ सदेवेत्यादिवाक्यानि तत्पराणि मतानि तु ॥ ६ ॥ अकारादेर्यथोत्पत्तिः प्रणवस्थस्य संमता ॥ तच्छक्तीनां भवानीलक्ष्म्यादिकानां तथाऽस्ति सा ॥ ७ ॥ सिद्धान्तः सर्वदेवानां कारणस्य प्रभोः परा ॥ चन्द्रस्य चन्द्रिकावद्या रुद्रोद्बोधकरूपिणी ॥ ८ ॥ स्वाधीनवल्लभेत्युक्ता शक्ती रुद्रस्य भो यते ॥ सैवास्तीयं भवानीति निश्चयेन युता वयम् ॥ ९ ॥ नरव्याघ्रैर्भवद्भिश्च कृत्वा तच्चिह्नधारणम् ॥ सैवोपास्या सतो माता मुक्तिदा परमेश्वरी ॥१०॥

इत्युक्त आचार्यवरो महेशः संप्राह तान्सत्यमिदं तथाऽपि ॥ श्रेष्ठस्य बोधात्पुरुषस्य मुक्तेः संप्रोदितत्वात्सकलेऽपि शास्त्रे ॥ ११ ॥ आत्मानमात्मना ध्यात्वा मुक्तो भवति नान्यथा ॥ तमेवेत्यादिवा-

રામેશ્વર તરફ રહેલા **શ**ક્તિના ઉપાસકોએ **શં**કરાચાર્યને મસ્તકવડે પ્રણામ કરીને કહ્યું કે "હે સ્વામિન્, શુદ્ધ ઉજ્જ્વલ, ઉત્તમ અને ચિત્તને પવિત્ર કરનારા આ અમારા ઉત્તમ મતને સાંભળોઃ—**શ્રી**શંકરની આદ્યશક્તિ, સર્વ કાર્યને ઉત્પન્ન કરનારી અને નિર્ગુણ માયારૂપ છે કે જેના વશ થકી આ મહત્તત્ત્વ પ્રમુખ સર્વ જગત્ વાચાલ થાય છે. ૧. તે આદ્યશક્તિનું વાણીથી પણ અગમ્યપણું હોવાથી અમે તેમની સેવા કરવાને યોગ્ય છીએ, તો તે આદ્યશક્તિથી અંશરૂપે ઉત્પન્ન થયેલી ભવાનીના ચરણકમલને અમે સેવીએ છીએ. ૨. સ્વર્ણથી પણ નિર્મલ તે ભવાનીના ચરણકમલને નમી રહેલા ઉપાસના કરનારા અને હાથ જોડી રહેલા પુરુષોને તે જીવન્મુક્તિ આપે છે એવું ફલ અમે સાંભળ્યું છે. ૩. જે માણસ, તે આદ્યદેવીની-વિદ્યા અને અવિદ્યારૂપ શક્તિની સેવા કરે છે તે માણસ અવિદ્યાયે કરીને મૃત્યુને તરે છે અને વિદ્યાયે કરીને મોક્ષ પામે છે. ૪. માટે જે કટાક્ષથી મુક્તિ આપનાર છે તે સેશરૂપિણી આદ્યાદેવીને મોક્ષ ઇચ્છનારા પુરુષોએ પ્રયત્નવડે સેવવી. ૫. **શ્રુ**તિના પ્રમાણે કરીને તો પુરુષ અને પ્રકૃતિ જુદાં નથી તેથી તે **શ્રુ**તિના વાક્યને અનુસરનારા મતો છે. ૬. જેમ પ્રણવ (ઓંકાર)માંથી આકારાદિક વર્ણોની ઉત્પત્તિ છે, તેમ આદ્યશક્તિમાંથી જ ભવાની અને **લ**ક્ષ્મી વગેરે દેવીઓની ઉત્પત્તિ છે. ૭. સર્વ દેવાના સિદ્ધાંતરૂપ, પ્રભુના કારણરૂપ, **ચં**દ્રની ચંદ્રિકાની પેઠે ઉદ્બોધ કરનારી, જેના સ્વાધીનમાં વલ્લભ છે એવા **રુ**દ્રની શક્તિ ભવાની છે એવો અમોએ નિશ્ચય કર્યો છે. ૮-૯. માટે નિરવ એવા તમારે તે દેવીના, ચિન્હને ધારણ કરવું અને સર્વનાં માતા, મુક્તિ આપનાર, પરમેશ્વરીરૂપ તે આદ્યદેવીની સેવા કરવી." ૧૦.

શક્તિના ઉપાસકો.

એ પ્રકારના **શ**ક્તિના ઉપાસકોનાં વચન સાંભળીને **શં**કરાચાર્યે કહ્યું કે, "તમારૂં વચન સત્ય છે, તથાપિ સર્વ શાસ્ત્રમાં તો એમ જ કહ્યું છે કે, 'ઉત્તમ જ્ઞાન વિના પુરુષની મુક્તિ થતી નથી.' ૧૧. વળી

स हि युक्तिभरैर्विधाय शाक्तान्प्रति वाग्व्याहरणेऽपि तानशक्तान् ।
द्विजजातिबहिष्कृताननार्यानकरोल्लोकहिताय कर्मसेतुम् ॥ ३ ॥

એ શાક્ત લોકો કે જેઓ દ્વિજની જાતિથી બહિષ્કૃત અને અનાર્ય હતા તેઓને

क्यानि प्रमाणान्यत्र कोटिशः ॥ १२ ॥ अजामित्यादिमन्त्रेऽजास्वरूपमभिधाय वै ॥ ततस्तत्त्वं परेशस्य मुक्त्यर्थं संप्रकाशितम् ॥ १३ ॥ किं चापि सांख्यैः प्रकृतेः परस्य विकारहीनस्य सुबोधतः सा ॥ उक्ताऽत ईशस्य सुखैकधाम्नो ज्ञानाद्विमुक्तिः परमस्य भूम्नः ॥ १४ ॥ ऐक्यं चोक्तं ब्रह्मणा ज्ञानिनो हि ब्रह्मज्ञो ब्रह्मैव नान्योऽस्ति कश्चित् ॥ ब्रह्मेत्यादौ वेदवाक्येऽत एव ज्ञानं सम्यक्साधनीयं भवद्भिः ॥ १५ ॥ विद्यारूपा भवानी या संप्रोक्ता द्वैतबोधिनी ॥ तस्याः संसेवनादाशु चित्तशुद्धिर्विजायते ॥ १६ ॥ तस्मात्कुङ्कुमपुण्ड्रादि परित्यज्य तथैव च ॥ हैमपादादिचिह्नानि विद्यायां रतिमागताः ॥ १७ ॥ ब्रह्माहमितिरूपायां मुक्ता भवथ नान्यथा ॥ एवमुक्तास्त्यक्तचिह्नाः सर्वे नत्वा परं गुरुम् ॥ १८ ॥ स्नानसंध्यापराः पञ्चपूजादिनिरतास्तथा ॥ शुद्धाद्वैतकृतश्रद्धाः सच्छिष्यत्वमुपागताः " ॥ १९ ॥

"महालक्ष्म्या भक्ताः परमपुरुषं शंकरमथो समेत्योचुर्नत्वा निखिलफलदा सर्वजननी ॥ महालक्ष्मीराद्या प्रकृतिरसदित्यादिनिगमैः सदेवेतिश्रुत्योक्तपरपुरुषस्यामलतनोः ॥ २० ॥ ब्रह्मादयोऽपि जायन्ते यस्या यस्यां परेशितुः ॥ अप्यन्तर्भाव एवास्ति सैव सेव्या मुमुक्षुभिः ॥ २१ ॥ लक्ष्म्याः समाराधनतत्पराणां पद्माक्षमालाभिरलंकृतानाम् ॥ बाह्वोश्च कञ्जाङ्कविभूषितानां सुकुङ्कुमेनाङ्कितमस्तकानाम् ॥२२॥ हस्तस्थिता मुक्तिरतो भवद्भिरुपासनीया सकलेश्वरेश्वरी ॥ इत्युक्त आहाद्भुतमेतदुक्तं मतं भवद्भिः शृणुतापि तत्त्वम् ॥२३॥ स्रष्टा परात्मा न तु कश्चिदन्य एकोऽद्वितीयः सदसत्स्वरूपः ॥ तत्त्वं स आत्मेति निबोधितः श्रुतावानन्दरूपः स तु वर्तते सदा ॥ २४ ॥ प्रकृतेस्तदधीनाया मोचकत्वं न सङ्गतम् ॥ अहं ब्रह्मेति यो

કોટી (કરોડ) શાસ્ત્રનાં પ્રમાણ છે કે તે ઈશ્વરરૂપ આત્માનું આત્માથી ધ્યાન કરીને મુક્તિ પમાય છે પણ બીજી રીતે મુક્તિને પમાતું નથી. ૧૨. 'अजा' ઇત્યાદિ મંત્રોમાં માયાનું સ્વરૂપ કહિને પછી મુક્તિરૂપ અર્થવાળું પરમેશ્વરનું તત્ત્વ પ્રકાશિત કર્યું છે. ૧૩. સાંખ્યમતવાળાએ પ્રકૃતિથકી પર, વિકારરહિત, પરમેશ્વરના બોધ થકી અને જેનું સુખરૂપ એક સ્થાન છે એવા પરમપુરુષના જ્ઞાન થકી મુક્તિ રહેલી છે. એવું કહેલુછે. બ્રહ્માએ જ્ઞાનીનું એકપણું કહ્યું છે કારણ કે 'બ્રહ્મને જાણનારો તે જ બ્રહ્મ છે, બીજો નથી.' ૧૪. એવું વેદવાકયમાં કહેલું છે માટે તેજ જ્ઞાન તમારે ઉત્તમ રીતે સંપાદન કરવું. ૧૫. અને તમોએ જે દ્વૈતનો બોધ કરનારી વિદ્યારૂપ ભવાની કહ્યાં છે તેની સેવા કરવાથી તો તત્કાળ ચિત્તની શુદ્ધિ થાય છે. ૧૬. તે કારણ માટે કુંકુમ અને ત્રિપુંડ્ર વગેરેનો ત્યાગ કરીને તથા હેમપાદુકાદિ ચિન્હોને પણ છોડી દઇને અમે વિદ્યામાં-અદ્વૈત જ્ઞાનમાં પ્રીતિ પામ્યા છીએ. ૧૭. અહં બ્રહ્મ એ સ્વરૂપવાળા વિદ્યાદેવીને સેવવાથી મોક્ષ પામશો, બીજી રીતે પામશો નહિ." એવા શ્રીશંકરનાં વચન સાંભળીને આદ્યદેવીના બધા ઉપાસકો દેવીના ધારણ કરેલાં ચિન્હોનો ત્યાગ કરી સ્નાનસંધ્યાદિકર્મ કરવા તત્પર થયા, પંચદેવની પૂજા કરવા લાગ્યા ને શુદ્ધાદ્વૈતમાં શ્રદ્ધા ધારણ કરી ઉત્તમ શિષ્યપણાને પામ્યા અને શ્રીશંકરાચાર્યની સેવા કરવા લાગ્યા. ૧૮-૧૯.

પછી મહાલક્ષ્મીના ભકતો આવ્યા તેમણે પરમેશ્વરરૂપ શ્રીશંકરાચાર્યને પ્રણામ કરીને કહ્યું કે

મહાલક્ષ્મીના ઉપાસકો.

" હે સ્વામિન્, સમગ્રફળ આપનાર, સર્વના માતારૂપ અને નિર્મલ શરીરવાળા પરમ પુરુષની આદ્યપ્રકૃતિ મહાલક્ષ્મી છે એમ 'असत्' ઇત્યાદિ વેદથી અને 'सद्' એ શ્રુતિથી સિદ્ધ થાય છે. ૨૦. ઈશ્વર થકી જેને વિષે બ્રહ્માદિક દેવતાઓ પણ ઉત્પન્ન થાય છે અને જે અંતરભાવરૂપ છે તે જ મહાલક્ષ્મી મોક્ષની ઇચ્છા કરનારને સેવવા યોગ્ય છે. ૨૧. લક્ષ્મીનું આરાધન કરવા તત્પર થયેલાને પદ્મના બીજની માળાથી અલંકૃત થયેલાં, હાથને વિષે કમલના ચિન્હથી સુશોભિત, શ્રેષ્ઠ કુંકુમથી મસ્તકને વિષે ચિન્હને ધારણ કરેલાં અને જેના હાથમાં મુક્તિ રહેલી છે એવાં લોકેશ્વરી-મહાલક્ષ્મી-તમારે ઉપાસના કરવા યોગ્ય છે." એવાં લક્ષ્મીના ઉપાસકોના વચન સાંભળી શંકરે કહ્યું કે, " તમે આ અદ્ભુત મત કહ્યો છે તોપણ તત્ત્વને સાંભળોઃ૨૨,૨૩. એક અદ્વિતીય અને સત તથા અસત સ્વરૂપી પરમાત્માનો કોઈ સૃજનાર નથી તેમજ વેદને વિષે પણ

યુક્તિઓના સમૂહોથી ઉત્તર દેવામાં પણ અશક્ત કરી નાખીને શંકરાચાર્યે લોકોના હિતને વાસ્તે કર્મો કરવાની મર્યાદા બાંધી. ૩.

ध्याता तस्य मुक्तिः करे स्थिता ॥ २५ ॥ अनित्योपासकानां तु लोकावाप्तिस्तथाविधा ॥ अतो यूयं परित्यज्य पद्मकुङ्कुमधारणम् ॥ २६ ॥ शुद्धामद्वैतविद्यां वै समाश्रित्य सुसाधवः ॥ मुक्ता भविष्यथेत्युक्ताः शिष्यतां समुपागताः ॥ २७ ॥"

"तत आगत्य चाऽऽचार्यं शारदोपासने रताः॥पुस्तपुण्ड्कचिह्नेन युक्ता नत्वा बभाषिरे ॥२८॥ स्वामिन्वेदस्य नित्यत्वाच्छारदा नित्यरूपिणी ॥ कारणं सर्वलोकानां परात्परतरा मता ॥२९॥ जगत्कर्त्रीति नित्या वागिति च श्रुतिवाक्यतः ॥ सैवाऽऽत्मब्रह्मविष्ण्वादिशब्दजालैरुदाहृता ॥३०॥ गुणातीतस्वरूपा च सेव्या सर्वैर्मुमुक्षुभिः ॥ वागुपासनमेवातः कुरुध्वं सुप्रयत्नतः ॥३१॥ नावेदेत्यादिवाक्येन वेदार्थज्ञानवर्जितः ॥ तत्परं वाक्स्वरूपं ना न वेदेति प्रकाशनात् ॥ ३२ ॥ वाक्स्वरूपानुसंधानं सर्वदा निश्चयेन हि ॥ वेदार्थज्ञानपूर्वं वै प्रकर्तव्यं द्विजातिना ॥ ३३ ॥ इत्युक्तो भगवानाह कण्ठताल्वादिसंगमात् ॥ समुद्भूतस्य वेदस्य नित्यता कथमुच्यते ॥ ३४ ॥ वर्णमात्रस्य नित्यत्वं वर्णानां संततेरुत । नाऽऽद्यः सर्वलये तेषां लयसंभवहेतुतः ॥ ३५ ॥ यस्य निःश्वसितं वेदा इति जन्यत्वदर्शनात् ॥ यज्जन्यं तदनित्यं चेति प्रमाणाश्च चान्तिमः ॥ ३६ ॥ महर्षिभ्यो रविः प्राह सृष्टिकालेऽखिलप्रभुः ॥ युगान्ते प्रलयं यातं वेदमङ्गसमन्वितम् ॥ ३७ ॥ इत्युक्तं सूर्यसिद्धान्ते वेदराशेः प्रवर्तनम् ॥ गतस्य प्रलयं सूर्याच्छारदानित्यता कुतः ॥३८॥ अनित्यत्वेऽपि देवानां ब्रह्मणो नित्यता मता ॥ नित्या सा शारदाऽतश्चेन्नैव रम्यमिदं यतः ॥ ३९ ॥ आ-

આનંદરૂપ આત્માને જ તત્ત્વ કહેલ છે, કારણ કે આત્મા નિરંતર તત્ત્વરૂપ જ છે. ૨૪. તે આત્માને આધીન રહેલી પ્રકૃતિનું મુકાવાપણું નથી અને જે અહં બ્રહ્મનું ધ્યાન કરનારો છે તેના જ હાથને વિષે મુક્તિ રહેલી છે. ૨૫. અનિત્ય(માયા)ની ઉપાસના કરનારને તેવા જ લોકની પ્રાપ્તિ થાય છે માટે તમે પદ્મ અને કુંકુમનું ધારણ કરવું ત્યાગ કરી તથા સુસાધુ થઇ શુદ્ધ અદ્વૈતવિદ્યાનો આશ્રય કરો કે જેથી મોક્ષ પામશો." એવા **શ્રી**શંકરાચાર્યનાં વચન સાંભળીને તે લક્ષ્મીનના ઉપાસકો પણ તેમના શિષ્ય થયા. ૨૬, ૨૭.

સરસ્વતીના પાસકો.

પછી પુસ્તક અને પુંડ્ર વગેરે ચિન્હને ધારણ કરનારા **સરસ્વતીના** ભક્તો **શ્રી**શંકરાચાર્ય પાસે આવ્યા અને નમસ્કાર કરીને બોલ્યા કે, (૨૮) "હે સ્વામિન્, વેદનું નિત્યપણું હોવાથી **સરસ્વતી** પણ નિત્ય છે તેમ જ સર્વ લોકનું કારણ અને પરથી પણ પરરૂપ માની છે. ૨૯. તે નિત્યરૂપિણી **સરસ્વતી** જગત્‌ની કર્તા છે એમ **વેદ**વાકયથી સિદ્ધ થાય છે તેમ જ તે **સરસ્વતી** આત્મબ્રહ્મ છે એમ વિષ્ણુવાદિ શબ્દજાલથી પણ કહેવાય છે. ૩૦. તે નિર્ગુણ સ્વરૂપા **સરસ્વતી** મોક્ષને ઇચ્છનારા સર્વ પુરુષોને સેવા કરવા યોગ્ય છે માટે તમે પણ પ્રયત્નથી તે **સરસ્વતીની** ઉપાસના કરો. ૩૧. '**नावेद**' ઇત્યાદિ વચનોથી **વેદા**ર્થજ્ઞાનરહિત પુરુષ તે ઉત્તમ **સરસ્વતીના** સ્વરૂપને પ્રકાશવિના નથી જાણતા. ૩૨. બ્રાહ્મણોએ **સરસ્વતીના** રૂપનું સંધાન (ધ્યાન) **વેદા**ર્થજ્ઞાનપૂર્વક નિશ્ચયથી નિરંતર કરવું." ૩૩. એવી રીતના **સરસ્વતીના** ઉપાસકોના વચન સાંભળીને **શ્રી**શંકરે કહ્યું કે, "હે વિપ્રો, કંઠ અને તાલુઆદિ સ્થાનમાંથી ઉત્પન્ન થયેલા **વેદ**નું નિત્યપણું કેમ કહેવાય? ૩૪. વર્ણમાત્રનું નિત્યપણુ નિત્ય કહેલું છે. વર્ણની પરંપરા(પંક્તિ)નું નિત્યપણું વિકલ્પે કહેલું છે પણ આદ્યલયમાં તેઓનું પ્રલયના મૂળકારણથી કહેલું નથી. ૩૫. જેનું નિઃશ્વાસપણું જ **વેદો** છે એવું જેનું જન્યત્વપણું કહેલું છે અને જે જન્ય (ઉત્પન્ન થયેલ) છે તે અનિત્ય છે તેનાં અનંત પ્રમાણ છે. ૩૬. જગત્‌ની ઉત્પત્તિને સમયે **સૂર્યે** મહર્ષિયોને માટે **વેદ**ને સૃજ્યા છે અને યુગને અંતે (પ્રલય સમયે) અંગસહિત **વેદ** પ્રલય થશે. ૩૭. એવી રીતે **સૂર્ય**સિદ્ધાંતમાં વેદરાશીની પ્રવૃત્તિ કહેલી છે. તે **સૂર્ય**થી પ્રબલ થયેલાં **વેદ** છતે **સરસ્વતીનું** નિત્યપણું કયાંથી હોય? ૩૮. દેવતાઓનું નિત્યપણું

अभिपूज्य स तत्र रामनाथं सह पांड्यैः स्ववशे विधाय चोलान् ।
द्रविडांश्च ततो जगाम काञ्चीं नगरीं हस्तिगिरेर्नितंबकाञ्चीम् ॥ ४ ॥

ત્યાં રામેશ્વરનું પૂજન કરી **પાં**ડ્ય, ચોલ અને દ્રવિડ લોકોને વશ્ય કરીને ત્યાંથી હસ્તિ

द्यस्य जीवस्य चतुर्मुखस्य नित्यत्वशून्यस्य मुखे स्थितायाः ॥ अनित्यतायां खलु शारदाया न संशयो बुद्धिमतोऽस्ति कश्चित् ॥ ४० ॥ प्रकृतिः परमा सरस्वती या महदादेः सकलस्य कारणं सा ॥ इति चेन्न समञ्जसं यतोऽस्ति परमात्मव्यतिरेकिणो मृषात्वम् ॥ ४१ ॥ वागाद्यतीतः पर एव भूमा सदादिबोध्यः प्रकृतिर्न वाच्या ॥ सदादिशब्दैरत एव तस्य ज्ञानं सुसम्यक्परिसाधनीयम् ॥ ४२ ॥ ज्ञात्वा तमेव खलु मुक्तिपदं प्रयाति मार्गो न चान्य इति वेद उदाजहार ॥ शुद्धाद्वये सततमेव रता भवन्तः स्नानादिकर्मपरमार्पणबुद्धिमन्तः ॥ ४३ ॥ कुर्वन्ननेकदुरितान्यपहाय दूरं शुद्धिं गताः सुखघनस्य विबोधतो वै ॥ मुक्ता भविष्यथ कदाऽपि न चान्यथा हीत्युक्ता बभूवुरखिला यमिनः सुशिष्याः ॥ ४४ ॥"

"वामाचाराः समेत्याहुस्ततो ज्ञानवतां वरम् ॥ संवित्स्वरूपमज्ञात्वा वृथावेषधरो भवान् ॥ ४५ ॥ निरतोऽद्वैतविज्ञाने वन्ध्या पुत्रसमे यतः ॥ लयेऽपि भेदसत्तातोऽद्वैतं नैव कदाचन ॥ ४६ ॥ ईश्वरेऽपि विमर्शोऽयं पृथगेवास्ति सर्वदा ॥ यया विना परेशस्य क्रिया स्वल्पाऽपि दुर्लभा ॥ ४७ ॥ सा शक्तिरस्तीह सदा स्वतन्त्रा जगद्विधात्री च शिवस्य बीजम् ॥ विद्यात्मिका तत्र रतिं गतानां मुक्तिः करस्था किल नेतरेषाम् ॥४८॥ विमर्शसंज्ञमव्यक्तं ब्रह्म भृग्वादयो जगुः ॥ तत्परास्तत्त्वतोऽस्त्यन्यत्ततो यद्यत्तु तद्वशम् ॥४९॥ तस्याः सेवानिरतमनसां नो निषेधेऽधिकारो नास्त्येवैवं विहितकरणे सिद्धतामागतानाम् ॥ निस्त्रैगुण्ये पथि विचरतां को विधिः को निषेधो भृग्वादीनाममलमनसां नः प्रवृत्तिर्हि मानम् ॥५०॥ तस्माद्भवन्तोऽपि विहाय सर्वं विद्यां परामाश्रयताऽऽत्ममुक्त्यै ॥ इत्युक्त आचार्य उवाच मैवं यत्रेति वेदेन हि बोधकाले ॥५१॥

છતાં બ્રહ્માની નિત્યતા માની છે, હવે જો સરસ્વતીનું નિત્યપણું હોય તો બ્રહ્માને તપ કરવાનું કાંઈપણ કારણ નથી. ૩૯. આદ્યજીવરૂપ અને નિત્યપણારહિત અર્થાત્ અનિત્ય એવા બ્રહ્માના મુખમાં રહેલી સરસ્વતીને પણ અનિત્યપણું છે એમાં જરાપણ સંશય નથી. ૪૦. પરમ પ્રકૃતિરૂપ સરસ્વતી કહ્યાં તે મહદાદિક સર્વનું કારણ છે. તે જો અયોગ્ય ન હોય તો પરમાત્માથી બીજાઓને મિથ્યાત્વપણું ન ઘટે. ૪૧. વાણી વગેરેથી જેનું સ્વરૂપ વર્ણવી શકાતું નથી, જે સમર્થ, પરમાત્મારૂપ અને આદિરૂપ છે માટે આદિ શબ્દથી તે જ ઈશ્વરનું જ્ઞાન ઉત્તમ પ્રકારે સાધન કરવું. ૪૨. માટે તે અદ્વૈતજ્ઞાનને જાણીને મુક્તિના સ્થાનને પમાય છે એમ વેદ કહે છે તો તમો નિરંતર શુદ્ધ અદ્વૈમાર્ગને વિષે પ્રીતિવાળા થાઓ તથા સ્નાનાદિક કર્મ પણ પરમાર્પણ બુદ્ધિવાળા થઇને કરો. ૪૩. કરેલા અનેક પાપોને દૂર કરીને ઘાટા સુખના બોધ થકી શુદ્ધિને પામેલા તમે મુક્ત થશો પણ બીજી કોઇ રીતથી થશો નહિ." એવા **શ્રી**શંકરાચાર્યનાં વચન સાંભળી સરસ્વતીના ઉપાસકો પણ તેમના શિષ્ય થયા. ૪૪.

વામમાર્ગના ઉપાસકો.

પછી વામ આચારવાળાએ **શ્રી**શંકરાચાર્ય પાસે આવીને કહ્યું કે, "જ્ઞાનના સ્વરૂપને ન જાણતાં છતાં તમે મિથ્યા વેષ ધારણ કરનાર છો (૪૫) તેથી વાંઝણીના પુત્ર સરખા અદ્વૈત વિજ્ઞાનને વિષે પ્રીતિવાન્ છો, કારણકે પ્રલયને વિષે પણ ભેદ સત્તાથી અદ્વૈતપણું રહેતું નથી. ૪૬. ઈશ્વરને વિષે વિમર્શ (વિચાર) નિરંતર જુદો છે કે જે માયા વિના ઈશ્વરને અલ્પ ક્રિયાપણ દુર્લભ છે. ૪૭. આ લોકમાં તે શક્તિ નિરંતર સ્વતંત્ર, જગત્‌ને ઉત્પન્ન કરનારી, મોક્ષના બીજરૂપ અને વિદ્યાત્મિકા છે કે જેને વિષે પ્રીતિ પામેલા મનુષ્યોને મુક્તિ હાથમાં રહેલી છે બીજાને તેમ રહેલી નથી. ૪૮. બ્રહ્મા અને ભૃગ્વાદિક ઋષિઓ જેને વિમર્શ નામનું અવ્યય કહે છે તેમાં તત્ત્વથી તત્પર તે માયા રહેલી છે, અને તેનાથી જે બીજું છે તે તેને વશ છે. ૪૯. તે દેવીની સેવા કરવામાં તત્પર થઇ રહેલા અને સિદ્ધપણાને પામેલા પુરુષોને નિષેધ કર્મમાં અધિકાર નથી એમ નથી તથા નિર્ગુણમાર્ગને વિષે વિચરનારા પુરુષોને શો વિધિનિશેધ છે અને નિર્મલ મનવાળા ભૃગ્વાદિક ઋષિઓને પ્રવૃત્તિ અને માન નથી? ૫૦. માટે તમે બીજું સર્વ ત્યાગ કરીને આત્મમુક્તિને માટે પરમ વિદ્યાનો આશ્રય કરો." એવા વામ આચારવાળાઓનાં વચન સાંભળીને **શ્રી**શંકરાચાર્યે કહ્યું

નામના પર્વતની કટિમેખલારૂપ કાંચી નગરીમાં શંકરાચાર્ય પધાર્યા.[1] ૪.

आत्मातिरिक्तस्य निषेध एव कृतस्तदानीं न विमर्शदेशः ॥ नह्यस्ति सत्यत्वमनात्मनो नो मुक्तिस्त्वनित्यप्रकृतेरुपास्त्या ॥ ५२ ॥ मायाभिरिन्द्रः पुरुरूप ईयत इत्येवमस्या बहुरूपता श्रुता ॥ तस्माच्चिदात्मा प्रकृतेः परः प्रभुर्ज्ञेयोऽस्ति मोक्षाय मुमुक्षुभिर्मुदा ॥ ५३ ॥ ईशानो भूतभव्यस्येत्यादिकश्रुतिबोधिते ॥ अकिंचित्कर इत्युक्तिर्मौढ्यादेव न चान्यथा ॥ ५४ ॥ कलञ्जादनशीलानां सुरापानादि कुर्वताम् ॥ ब्राह्मण्यं नास्ति युष्माकं कुरुतातो विनिष्कृतिम् ॥ ५५ ॥ भृगुणा ताडितो विष्णुः कुम्भजेन सरित्पतिः ॥ पीतः कथं न भवतामस्ति शक्तिस्तथाविधा ॥ ५६ ॥ तस्माद्विमूढतां त्यक्त्वा भ्रष्टैर्ब्राह्मणजातितः ॥ प्रायश्चित्तमनुष्ठेयमित्युक्तास्ते परं गुरुम् ॥ ५७ ॥ नत्वा प्रायश्चित्तमेवाऽऽशु कृत्वा शुद्धाद्वैते संरताः साधुवृत्ताः ॥ सत्कर्मस्थाः पञ्चपूजापरास्ते जाताः शिष्याः सर्वपापैर्विहीनाः " ॥ ५८ ॥ (२)

કે, "વેદાદિ બોધકાળને વિષે (૫૨) આત્માની ભિન્નતા વગેરેનો નિષેધ કર્યો છે, વળી અનાત્માનું સત્યપણું નથી અને અનિત્ય પ્રકૃતિને તો મુક્તિ ઉપાસના કરવા યોગ્ય છે. ૫૨. માયાથી ઇંદ્ર પણ ઘણા રૂપવાળો દેખાય છે, એ પ્રકારે માયાના બહુરૂપો સાંભળ્યા છે, માટે પ્રકૃતિથી જૂદો એવો ચૈતન્યરૂપ પરઆત્મા મુમુક્ષુપુરુષોએ જાણવા યોગ્ય છે. ૫૩. ભૂત ભવ્યને ઈશાન કહેનારી શ્રુતિ, અકિંચિત્કર એ પ્રકારની વાણી મૂઢપણાથી જ ઉચ્ચાર થાય છે, બીજે પ્રકારે નથી. ૫૪. કલંજ પક્ષિનું ભક્ષણ કરવાના શીલ સ્વભાવવાળા, મદ્યપાન કરનારા એવા તમારામાં બ્રહ્મત્વપણું રહ્યું નથી, માટે તે કરેલા પાપનું નિવારણ કરો. ૫૫. ભૃગુઋષિયે વિષ્ણુને છાતીમાં પાટુ માર્યું, અગસ્તે સમુદ્રનું પાન કર્યું તેવી જો તમારામાં શક્તિ છે તો તેઓના જેવું કેમ કોઇ પણ કામ કર્યું નથી? ૫૬. માટે મૂઢપણું ત્યાગ કરીને બ્રાહ્મણ જાતિથી ભ્રષ્ટ થયેલા તમારે પ્રાયશ્ચિત્ત કરવું." ૫૭. એવા શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળીને તે વામ આચારવાળાઓએ શ્રીશંકરાચાર્યને પ્રણામ કરી, કરેલા પાપનું નિવારણરૂપ પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ અદ્વૈતને વિષે પ્રીતિવાળા થઇ, સાધુવ્રત ધારણ કરી, સત્કર્મમાં રહી, પંચદેવનું પૂજન કરવામાં તત્પર થઇ અને સર્વ પ્રકારના સંદેહથી મુક્ત થઇ શ્રીશંકરાચાર્યના શિષ્ય થયા. ૫૮. (૨)

૧. રામેશ્વરનું પૂજન કર્યા પછી પાંડ્ય વગેરે લોકોને શ્રીશંકરાચાર્યે નીચેના વિવાદથી વશ કર્યા.

"रामेश्वरं रामकृतप्रतिष्ठं कामेश्वरीभूषितवामभागम् । महेन्द्रनीलोज्वलदुत्किरीटं भीमेश्वरं त्वामिह पूजयामि ॥ १ ॥ इति गङ्गाजलैः शुद्धैरर्चयामास शंकरः । सुबिल्वैः पङ्कजैः पुष्पैर्वन्यैर्वन्यफलैस्तथा ॥ २ ॥ तत्र मासद्वयं वासं कृतवत्यार्य आगताः ॥ अद्वैतद्रोहिणः शैवा लिङ्गाङ्कितभुजद्वयाः ॥ ३ ॥ फाले शूलाङ्किता रौद्रा भक्ता लिङ्गेन चिह्निताः ॥ डमर्वङ्कधरा बाहुद्वये तूग्रास्तथा हृदि ॥ ४ ॥ शूलं शिरसि लिङ्गं च धारिणो जङ्गमास्तथा ॥ ललाटे हृदये नाभौ बाह्वोः शूलेन चिह्निताः ॥ ५ ॥ गुरुं पाशुपता नत्वा प्रोचुः कारणमीश्वरः ॥ शिवोऽतश्चिह्नसंयुक्तैः सेवनीयः प्रयत्नतः ॥ ६ ॥ ऋतं सत्यं परं ब्रह्म पुरुषं कृष्णपिंगलम् ॥ ऊर्ध्वरेतं विरूपाक्षं विश्वरूपाय वै नमो नमः ॥ ७ ॥ द्यौर्मूर्धानं यस्य वेदा वदन्ति खं

રામચંદ્રે પ્રતિષ્ઠા કરેલા, જેનો વામભાગ કામેશ્વરીથી ભૂષિત છે એવા રામેશ્વરને તથા મહેંદ્રના નીલ-ઉજ્જવલ મુકુટ જેણે ધારણ કર્યો છે એવા ભીમેશ્વરને હું પૂજું છું. ૧. એવી સ્તુતિ કરતા શ્રીશંકરાચાર્યે શુદ્ધ ગંગાજળથી, બિલ્વપત્રથી, કમળથી, પુષ્પથી અને વનફળથી શંકરનું પૂજન કર્યું. ૨.

પછી ત્યાં બે માસ રહ્યા. એવામાં અદ્વૈતનો દ્રોહ કરનારા અને શૈવ[*] ચિન્હથી અંકિત હાથવાળા આર્ય પુરુષો આવ્યા. ૩. વસ્ત્રમાં ત્રિશૂલના ચિન્હવાળા ભક્ત, રૌદ્ર, શિવલિંગથી ચિન્હિત થયેલા, ડમરૂના અંકને હાથમાં, તથા હૃદયમાં ધારણ કરનારા, ત્રિશૂલના ચિન્હને માથામાં ધારણ કરનારા વળી કપાળમાં, હૃદયમાં, નાભિ ઉપર અને હાથમાં પણ ત્રિશૂળના ચિન્હને ધારણ કરનારાઓએ શ્રીશંકરને નમસ્કાર કરીને કહ્યું કે, "શિવના ચિન્હને ધારણ કરીને મનુષ્યોએ ઈશ્વરનું પૂજન કરવું. ૪, ૫, ૬. ઋત, સત્ય, પરબ્રહ્મ, પુરુષ, કૃષ્ણપિંગળ, ઉર્ધ્વરેત, વિરૂપાક્ષ અને વિશ્વરૂપ ઈશ્વરને અમે નમસ્કાર કરીએ છીએ. ૭. વેદો સ્વર્ગરૂપ જેનું માથું કહેલું છે, આકાશરૂપ જેની નાભિ કહિ છે, સૂર્ય ચંદ્રરૂપ જેનાં નેત્ર કહ્યાં

[*] શિવના ચિન્હને ધારણ કરનારા.

सुरधाम स तत्र कारयित्वा परविद्याचरणानुसारि चित्रम् ।
अपवार्य च तान्त्रिकानतानीद्भगवत्याः श्रुतिसंमतां सपर्याम् ॥ ५ ॥

એ કાંચી નગરમાં પરવિદ્યાના પુરશ્ચરણને અનુસરતું એક વિચિત્ર દેવાલય કરાવી તાંત્રિક

वै नाभिं चन्द्रसूर्यौ च नेत्रे ॥ दिशः श्रोत्रे वाग्विवृत्ताश्च वेदास्तं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥ ८ ॥ इत्यादिवचनैरुक्ते शिवे भक्तिमतां यते ॥ तस्य लोके भवेद्वासः शिवचिह्नाङ्कितात्मनाम् ॥ ९ ॥ किंच कारणचिन्तायां शंभुराकाशमध्यगः ॥ प्रोक्तस्तथा सुरैः पृष्टः कस्त्वमित्याह शंकरः ॥ १० ॥ अहमेकः पुरा देवा आसं मत्तो न चापरः ॥ इदानीमहमेवास्मि सद्वयो जगदीश्वरः ॥ ११ ॥ इति तस्माच्छिवः कर्ता सामान्यैरप्युदीरितः ॥ सद्ब्रह्मात्मादिकैः शब्दैरुपादानतया प्रभुः ॥ १२ ॥ वासुदेवः पुराह्यासीन्न ब्रह्मा न च शंकरः ॥ इत्यत्र वासुदेवाख्यो महादेव इतीरितः ॥ १३ ॥ वसत्यस्मिञ्जगत्सर्वं वासुस्तेन प्रकीर्तितः ॥ स चासौ देव इत्युक्तो जगत्कर्ता महेश्वरः ॥ १४ ॥ शं सुखं जीवनं योऽसौ करोत्यस्य स शंकरः ॥ पालको विष्णुराख्यातः स नाऽऽसीत्प्राकृते लये ॥ १५ ॥ पाल्यस्याभावतोऽस्त्यत्र प्रमाणं कृष्णभाषितम् । रुद्राणां शंकरश्चास्मीत्येवं शिवरहस्यके ॥ १६ ॥ महादेवस्य वाक्यानि मुनिं दुर्वाससं प्रति । सावधानतया तानि श्रोतव्यानि यतीश्वर ॥ १७ ॥ अहमेकाक्षरः कर्ता परात्परतरः शिवः ॥ सदात्मा ब्रह्मविष्णवोश्च लोकानामादिकारणम् ॥ १८ ॥ पुराणः पूर्वगः पूर्वज्येष्ठः श्रेष्ठोऽहमद्वयः ॥ मदिच्छारूपिणी शक्तिर्जगत्संहारकारिणी ॥ १९ ॥ लीना मय्येव सा सृष्टा पुनः सृष्टौ मयाऽनघ ॥ सा महत्तत्त्वमुत्पाद्य त्रिगुणाङ्कुरकारणम् ॥ २० ॥ अहंकारं समुत्पाद्य त्रैगुण्यं पूर्वतत्त्वतः ॥ गुणत्रयात्मिकान्कृत्वा रुद्रानेकादशाव्ययान् ॥ २१ ॥ राजसान्सृष्टिकर्मार्थं कारयामास सादरम् ॥ सात्त्विकान्पालनपरांस्तामसान्प्रलयेश्वरान् ॥ २२ ॥ क्रमादवर्णात्संजाता उवर्णाच्च मवर्णतः ॥ तेषु मुख्यतया ब्रह्मविष्णुरुद्रा इति त्रिधा ॥ २३ ॥ अन्ये तदनुवृत्तिस्था एवमेकादशेश्वराः ॥ तेषां विभूतयः सर्वे देवा लोकाश्चराचराः ॥ २४ ॥ पृथक्पृथङ्नामगतास्तत्तत्कर्मानुसारतः ॥ ते सर्वे प्रलये ब्रह्मतेजस्येव लयं गताः ॥ २५ ॥ राजसे रक्तवर्णे च स तु ब्रह्मा समस्त-

દિશાઓરૂપ જેના કાન કહ્યા છે, વેદરૂપ જેની વાણી કહિ છે અને મોક્ષની ઇચ્છા કરનાર પુરુષોને જે શરણરૂપ છે તે ઈશ્વરને અમે શરણે છીએ.” ૮. એ પ્રકારના વચને કરી સ્તુતિ કરીને “શંકરનેવિષે ભક્તિ ધારણ કરનારાઓનો અને શિવચિન્હને ધારણ કરનારનો શિવલોકને વિષે વાસ થાય છે. ૯. કારણરૂપ ચિંતામાં નિર્લેપ થયેલા આકાશના મધ્યભાગમાં રહેલા જેવા શંકર છે.” એ પ્રકારે કહેતા અને ‘તમે કોણ છો?’ એમ પૂછેલા શ્રીશંકરાચાર્યે કહ્યું કે (૧૦) “હું એક છું, પ્રથમ થયેલા દેવતાઓ મારાથી જૂદા નથી અને હમણા પણ માયાસહિત જગત્નો ઈશ્વર હું છું. (૧૧) માટે સામાન્ય રીતે શંકર જગત્ના કર્તા છે એમ કહ્યું છે અને ઉપાદાનપણાએ કરીને આત્માદિક શબ્દોથી આત્મા સદ્બ્રહ્મ છે એમ કહ્યું છે. ૧૨. પૂર્વે વાસુદેવ હતા, બ્રહ્મા કે શંકર નહોતા, માટે જ વાસુદેવ નામના શંકર કહેલા છે. ૧૩. જેને વિષે સર્વ જગત્ વસે છે માટે ‘વાસ’ કહેવાય છે તે જ આ જગત્ કર્તા મહેશ્વર દેવ કહેવાય છે. ૧૪. જે આ વિશ્વનું સુખે કરીને જીવન કરે છે તે શંકર કહેવાય છે અને પાલક વિષ્ણુ કહેલા છે કે જેને પ્રાકૃતિક લય નથી. ૧૫. અહિં પાલનના અભાવથી કૃષ્ણે કહેલું પ્રમાણ છે કારણ કે રુદ્રોમાં શંકર છું એમ શિવરહસ્યમાં કહેલું છે. ૧૬. હે યતીશ્વર, મહાદેવે દુર્વાસા મુનિને જે વચનો કહેલાં છે તેને સાવધાનપણાથી સાંભળો (૧૭) ‘હું એકાક્ષર છું, જગત્નો કર્તા છું, પરથી પણ પર છું, શિવરૂપ છું, શાશ્વત છું, બ્રહ્મ છું, વિષ્ણુ છું, અને લોકોનો આદિ કારણરૂપ પણ હું જ છું; ૧૮. પુરાણ છું, પૂર્વજ છું, પૂર્વજોમાં પણ મોટો છું, ઉત્તમ છું, અદ્વય છું અને મારી ઇચ્છારૂપી શક્તિ જગત્નો સંહાર કરનારી છે. ૧૯. હે અનઘ, મારે વિષે અંતર્હિત થયેલી માયાને મેં આ જગત્ સૃજવાને વખતે ત્યાગ કરી તેથી તે માયાએ ત્રિગુણના અંકુરનું કારણરૂપ મહત્તત્વ ઉત્પન્ન કર્યું. ૨૦. તે મહત્તત્ત્વે ગુણત્રયરૂપ અહંકારનો પ્રકાશ કર્યો, તે અહંકારે ત્રણ ગુણવાળા અગિયાર રુદ્રો કર્યા. ૨૧. તેમાં રજોગુણવાળા સૃષ્ટિના કર્તા થયા, સત્ત્વગુણવાળા સૃષ્ટિના પાલન કર્તા થયા અને તમોગુણવાળા પ્રલયેશ્વર થયા. ૨૨. અનુક્રમે અવર્ણ, ઉવર્ણ અને મવર્ણ થયા કે જેમાં બ્રહ્મા વિષ્ણુ અને રુદ્ર રહેલા છે. ૨૩. તેમની અનુવૃત્તિમાં રહેલા બીજા અગિયાર ઈશ્વરો છે કે જેની દેવ, લોક, અને સ્થાવર જંગમ સર્વ વિભૂતિરૂપ છે. ૨૪. તે તે કર્મના અનુસારથી તે સર્વ

भूत् ॥ कृष्णे नारायणस्यैव तेजस्यस्तोऽभवत्पुरा ॥ २६ ॥ रुद्रस्य शुक्लवर्णे तु ह्यस्तो नारायणः स्वयम् ॥ स तु रुद्रः प्रकृत्यन्तर्गतः शुक्लेन तेजसा ॥ २७ ॥ मदिच्छा शुक्लवर्णा सा मय्येव विलयं गता ॥ अतोऽस्म्यनन्तः सर्वार्थवेदैरपि न गोचरः ॥ २८ ॥ वेत्ति कश्चिन्न मन्मायां जन्मस्थितिलयावहाम् ॥ अतो रुद्रार्चनपरा रुद्रसूक्तजपाश्रिताः ॥ २९ ॥ पञ्चाक्षरीजपपरा रुद्राक्षाभरणैर्युताः ॥ भूतिभूषितसर्वाङ्गाः सदा ध्यानपरायणाः ॥ ३० ॥ ईश्वरं रुद्रमव्यक्तं व्यक्तरूपं जगत्त्रये ॥ येऽर्चयन्ति नरश्रेष्ठास्तेषां मुक्तिः करे स्थिता ॥३१॥ अतस्त्वं भूतिरुद्राक्षधारणं कुरु सर्वदा ॥ कुरु नित्यं महादेवपूजनं भक्तिसंयुतः ॥ दुर्वाससे मुनीन्द्राय ह्येवमुक्त्वा सदाशिवः ॥ ३२ ॥ अन्तर्दधे तदाचारसक्तोऽभून्मुनिसत्तमः ॥ इत्यतः परमात्माऽसौ सेवनीयो मुमुक्षुभिः ॥ ३३ ॥ नारायणोऽकामयताद्वितीयः प्रजाः सृजामीति ततो महान्ति ॥ भूतान्यजायन्त तथा विधाता प्रजापतिश्चापि जनिं प्रयातौ ॥ ३४ ॥ अत्रापि नारायणशब्दवाच्यो महेश एवास्ति यतस्तु नारम् ॥ ब्रह्मेन्द्रविष्ण्वादिनृणां समूहः स्थानं तदस्याखिलबुद्धिगस्य ॥ ३५ ॥ अस्यैवांशा विश्वदेवाः प्रमाणं त्वस्मिन्नर्थे वेद एवास्ति योऽसौ ॥ ये भूम्यादौ सन्ति रुद्रा नतिस्तेभ्यः सर्वेभ्योऽस्त्वेवमाहातियत्नात् ॥ ३६ ॥ कारणत्वेन ज्येष्ठत्वं तथा प्राह कनिष्ठताम् ॥ कार्यात्मना यतो जातास्त्रिदेवा इति च श्रुतिः ॥ ३७ ॥ सत्यं ज्ञानमनन्तं यो गुहायां निहितं प्रभुम् ॥ वेदेत्यादिश्रुतिप्रोक्तस्ततो देवो महेश्वरः ॥ ३८ ॥ निर्गुणोऽप्येष एवेशश्चिन्तयित्वाऽचिरं पुरा ॥ सृजामीत्यात्मनस्तेजः सूर्याकारेण सृष्टवान् ॥ ३९ ॥ मनश्चन्द्रं तथा सत्त्वं भौमं सौम्यं तु वाङ्मयम् ॥ सुखज्ञानमयं देवगुरुं शुक्रमयं सितम् ॥ ४० ॥ क्लेशात्मकं शनिं चैवं चकार परमेश्वरः ॥ सूर्यादिमण्डलानीशतेजसा भान्ति न

દેવો જૂદા જૂદા નામવાળા થયા કે જે સર્વે પ્રલયને વખતે બ્રહ્મતેજમાં લય પામે છે. ૨૫. રક્તવર્ણું રજોગુણમાં રહેલા સર્વ વિશ્વને ધારણ કરનારા બ્રહ્મા નારાયણના તેજને વિષે અંતર્દ્ધાન થયા. ૨૬. પછી તે કૃષ્ણનારાયણ રુદ્રના શુક્લવર્ણને વિષે અંતર્દ્ધાન થયા, અને તે રુદ્ર પોતાના શુક્લ તેજ સસહિત પ્રકૃતિ (માયામાં) અંતર્દ્ધાન થયા. ૨૭. મારી ઇચ્છાને અનુસરનારી, શુક્લવર્ણવાળી તે માયા મારે વિષે જ લય પામે છે માટે હું અનંત છું કે જે સર્વના અર્થરૂપ વેદથી પણ જાણી સકાતો નથી. ૨૮. ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારી મારી માયાને કોઇ પણ જાણી શકતો નથી. એ કારણમાટે રુદ્રનું પૂજન કરવામાં અને રુદ્રસૂક્તનો જપ કરવામાં તત્પર થાઓ. ૨૯. રુદ્રાક્ષના આભરણ-ઘરેણાં ધારણ કરીને પંચાક્ષર મંત્રનો જપ કરવામાં તત્પર થાઓ. વળી ભસ્મથી સર્વે અંગ જેણે ભૂષિત કર્યાં છે એવા તમે રુદ્રનું ધ્યાન કરવામાં તત્પર થાઓ જે ઉત્તમ નરો ઈશ્વર, રુદ્ર, અવ્યક્ત અને વ્યક્તરૂપ શંકરને જગત્‌ના પ્રલયને વિષે પૂજે છે તે પુરુષોની હાથેલીમાં મુક્તિ રહેલી છે. ૩૧. માટે તમે નિરંતર ભસ્મ અને રુદ્રાક્ષનું ધારણ કરો અને ભક્તિથી મહાદેવનું પૂજન કરો.' એ પ્રકારે મુનિયોમાં ઉતમ એવા દુર્વાસાને કહિને (૩૨) પોતે શંકર અંતર્દ્ધાન થયા, અને ત્યારથી તે મુનિ દુર્વાસા પણ આચારમાં ઘણી પ્રીતિવાળા થયા. શંકરાચાર્ય કહે છે કે 'હે વામ આચારને ધારણ કરનારાઓ, એ કારણ માટે એ જ પરમાત્મા મોક્ષની ઇચ્છાવાળાઓને સેવન કરવા યોગ્ય છે. ૩૩. અદ્વિતીય એવા નારાયણે હું પ્રજા સર્જું એવી ઇચ્છા કરી એટલે તે જ વખતે પાંચ મહાભૂત ઉત્પન્ન થયા અને પ્રજાપતિ એવા વિધાતા-બ્રહ્મા પણ ઉત્પન્ન થયા. ૩૪. આ ઠેકાણે પણ નારાયણ શબ્દે કરીને મહેશ્વર જાણવા કે જે નારાયણથી નાર(જલ)ઉત્પન્ન થાય છે અને તે નાર—જલ સર્વે અખિલ પ્રાણીનું સ્થાન છે તે શંકરના અંશભૂત વિશ્વેદેવ છે એમ વેદ પ્રમાણ કરે છે તેમ જ પૃથ્વી વગેરે જે રુદ્રો છે તે સર્વને અમે પ્રણામ કરીએ છીએ એમ વેદો ઘણા યત્નથી કહે છે. ૩૬. શંકરને જ્યેષ્ઠપણું તથા કનિષ્ઠપણું કારણથી જ છે અને તે જ કારણથી કાર્યરૂપ માયાને વિષે દેવતાઓ ઉત્પન્ન થયા છે એમ શ્રુતિથી પ્રમાણ થાય છે. ૩૭. જે મહેશ્વર પ્રભુ, સત્ય, અનંત, મહાપ્રકાશકારક અને ગુહાંતર્ગત જ્ઞાનને જાણે છે (૩૮) તે મહેશ્વર નિર્ગુણ છતાં પણ મેં પૂર્વે સર્જી હતી તેવી સૃષ્ટિ સર્જું એવો વિચાર કરીને સૂર્યરૂપ પોતાના તેજને સર્જ્યું (૩૯) મનરૂપ ચંદ્રને સર્જ્યો, સત્ત્વરૂપ મંગળ કર્યો, વાઙ્મય બુધ સર્જ્યો, સુખ અને જ્ઞાનમય બૃહસ્પતિને કર્યો, ઉજ્જ્વલતાવાળો શુક્ર રચ્યો (૪૦) ક

निजपादसरोजसेवनायै विनयेन स्वयमागतानथाऽऽन्ध्रान् ।
अनुगृह्य स वेङ्कटाचलेशं प्रणिपत्याऽऽप विदर्भराजधानीम् ॥ ६ ॥

એ સમયમાં પોતાના ચરણારવિંદનું સેવન કરવાને વાસ્તે રુચિપૂર્વક પોતાની મેળે જ

स्वतः ॥ ४१ ॥ न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ॥ तमेव भान्तमनुभान्ति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥ ४२ ॥ इति श्रुतेस्ततो देवान्नारायणपदास्पदात् ॥ ब्रह्मा प्रजायते विष्णुः प्रजापालनकृत्तथा ॥ ४३ ॥ आसीन्नारायणः पूर्वं नेशानो न विधिस्तथा ॥ इति श्रुतौ विष्णुरुक्त ईशानो न महेश्वरः ॥ ४४ ॥ सर्वाभावेऽपि नाभावः परेशस्य कदाचन ॥ जगत्कारणभूतस्य वेदवाक्यप्रमाणतः ॥ ४५ ॥ कर्मणा जायते लोकः कर्मणैव हि लीयते ॥ इति वाक्याज्जगद्बीजं कर्मैवास्त्विति नोचितम् ॥ ४६ ॥ ईशं विना जडं कर्म फलदाने क्षमं न हि ॥ ब्रह्माभावविदो निन्दा वेद उक्ता ततो न सः ॥ ४७ ॥ असन्नेव स भवति असद्ब्रह्मेति वेद चेत् ॥ अस्ति ब्रह्मेति चेद्वेद सन्तमेनं ततो विदुः॥४८॥ इति तस्माज्जगत्कर्तुर्महेशस्य परात्मनः ॥ उपासनं तथा तस्य चिह्नानां धारणं सुसत् ॥ ४९ ॥

इत्युक्त आचार्यवरो बभाषे सृष्टिं स्थितिं नाशमथैक एव ॥ ब्रह्मादिरूपेण करोति देवो वेदार्थ एषोऽभिमतो ममापि ॥ १ ॥ मूलहीनं तु लिङ्गादेर्धारणं त्याज्यमेव हि ॥ सर्वदेवालयस्यास्य तापः श्रेयस्करो न हि ॥२॥ नाभेरूर्ध्वं सोमपास्तु नाभ्यधस्तादसोमपाः ॥ देवास्तिष्ठन्ति विप्रेन्द्रे वेदवेदाङ्गपारगे ॥३॥ शिखां शिरो ललाटं च कर्णौ घ्राणं कपोलकम् ॥ जिह्वाग्रं च तथा चौष्ठौ चिबुकं कण्ठमेव च ॥४॥ अंसद्वयं भुजद्वंद्वं बाहुहस्तयुगं तथा ॥ वक्षो नाभिं कटिं लिङ्गं वृषणं चोरुजानुकम् ॥ ५ ॥ गुल्फौ पादौ समाश्रित्य मदाद्याः सर्वदेवताः ॥ पितरो मुनयश्चैव स्नानाद्याहारमिश्रितैः ॥ ६ ॥ नित्यादिकर्मभिस्तृप्ता भवामो

રૂપ દેહવાળા **શ**નીને રચ્યો. **સૂર્યા**દિ મંડળો **શં**કરના તેજથી જ પ્રકાશે છે, પણ પોતાના તેજથી પ્રકાશ કરતા નથી. ૪૧. તે **શં**કરને **સૂર્ય** પ્રકાશ કરતો નથી, **ચંદ્ર** પ્રકાશ કરતો નથી તેમ જ તારા, વિજળી કે અગ્નિ પ્રકાશ કરતા નથી. પણ તે સર્વ **શં**કરના તેજથી પ્રકાશ પામેલા છે અને પછી તેઓ આ સઘળા વિશ્વને પ્રકાશે છે. ૪૨. એપ્રમાણે **નારાયણ**રૂપ **શં**કરનાં ચરણરૂપ સ્થાનકથી દેવતા, **બ્રહ્મા**, **પ્ર**જાપતિ, **વિષ્ણુ** અને પ્રજાનું પાલન કરનારાઓ ઉત્પન્ન થાય છે એમ **વેદ** પ્રમાણ કરે છે. ૪૩. આ જગત્‌માં પ્રથમ **નારાયણ** હતા, ઈશાન કે **વિધિ**–**બ્રહ્મા** નહોતા એવું અમે શ્રવણ કર્યું છે અને મહેશ્વરરૂપ જે ઈશાન (**શં**કર) છે તે **વિષ્ણુ** નથી પણ તેમનાથી જૂદા છે. ૪૪. સર્વના અભાવે કરીને પરમાત્મારૂપ ઈશ્વરનો અભાવ થતો નથી કારણ કે તે જગત્‌ના કારણભૂત છે એ **વેદ**વાક્યથી પ્રમાણ છે. ૪૫. કર્મે કરીને લોક ઉત્પન્ન થાય છે અને કર્મે કરીને લય પામે છે એ વાકયથી જગત્‌નું બીજ કર્મ છે એમ જે કહેવું તે યોગ્ય નથી (૪૬) કારણ કે ઈશ્વરવિના કર્મ જડ છે અને કરેલા કર્મનું ફળ આપવામાં અસમર્થ છે જેમકે **બ્રહ્મ**ને ન જાણનારા પુરુષોની **વેદ** નિંદા કરે છે પણ બીજા(બ્રહ્મને જાણનારા)ની નિંદા કરતા નથી. ૪૭. **બ્રહ્મ** અસત્ય છે એમ જો **વેદ** પ્રમાણ કરતા હોય તો તે રહેલા બ્રહ્મને કેમ નથી જાણતા? ૪૮. એ કારણ માટે જગત્‌ના કર્તા અને પરમાત્મારૂપ મહેશ્વરની ઉપાસના અને તેમના ચિન્હોનું ધારણ કરો." ૪૯.

એવાં વામમાર્ગિયોમાં વચન સાંભળીને **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "જે એક દેવ **બ્રહ્મા** વગેરે જૂદા જૂદા રૂપને ધારણ કરીને જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરે છે જે **વેદ**ને માન્ય છે તે મારે પણ માન્ય છે. ૧. મૂલ વિના લિંગાદિકનું ધારણ, ત્યાગ કરવા યોગ્ય છે અને સર્વ દેવમય એવા આ બ્રાહ્મણના શરીરને ડામ દેવા તે કલ્યાણકારક નથી. ૨. **વેદ** અને **વેદાં**ગના પાર પામેલા વિપ્રેન્દ્ર–બ્રાહ્મણોમાં ઉત્તમ–નેવિષે નાભિથી ઉપર સોમપાન કરનારા દેવતા અને નાભિથી નીચે સોમપાન કરનારા દેવતા રહે છે. ૩. કેશને વિષે, માથે, કપાળમાં, બે કાનને વિષે, નાકમાં, કપોલે–લમણે, જીભને વિષે, બે હોઠને વિષે, હડપચીને વિષે, કંઠમાં, (૪) બે ખભે, બે ભુજમાં, બે હાથે, છાતીમાં, નાભિને વિષે, કેડને વિષે, લિંગને વિષે, શ્રોત્રને વિષે, ઉરુ અને જાનુને વિષે, (૫) તેમ જ ઘુંટી અને પગનો આશ્રય કરીને વગેરે સર્વ રહિયે છીએ અને દેવતા, પિત્રિયો તથા મુનિઓ સ્નાનાદિક આહારથી મિશ્રિત થઇ (૬)

આવેલા આંધ્ર લોકોપર અનુગ્રહ કરી વેંકટેશ્વરને પ્રણામ કરીને શંકરાચાર્ય વિદર્ભ દેશની રાજધાનીમાં પધાર્યા. ૬.

नात्र संशयः इत्येवं प्रोक्तवान्ब्रह्माऽरुणकेतुं प्रतीश्वरः ॥ ७ ॥ श्रुतिस्तथोचे सकला हि देवा वसन्ति देहे खलु भूसुरस्य ॥ ततोऽस्य तापे तु कृते सुरास्ते पलाय्य संयान्ति शरीरतोऽस्य ॥ ८ ॥ एनं शस्त्वा पलायन्ते देवाः शीर्षादिवासिनः ॥ पतितोऽयं भवत्येव शूद्रवच्चितिकाष्ठवत् ॥ ९ ॥ व्याधिं विना कर्मयोग्यविप्राङ्गे चिह्नमीक्ष्य च ॥ लोकेश्वरं भानुमीक्षेदथ वा हृदमाविशेत् ॥ १० ॥ इत्यादिवाक्यानि बहूनि सन्ति योऽन्यामितीयं श्रुतिरेव साक्षात् ॥ उपासनं भेदयुतं विनिन्द्यं ब्रूते तथाऽन्या श्रुतिरेवमाह ॥११॥ लोकान्हि सर्वान्खलु कर्मणा चितान्नित्यत्वहीनानवलोक्य भूसुरः ॥ निर्वेदमायान्न कृतेन लभ्यते मोक्षोऽत आत्मज्ञमनन्यमानसः ॥ १२ ॥ वेदार्थज्ञं ब्रह्मबोधाय गच्छेदित्येवं तस्माद्विमोक्षाय बोध्यम् ॥ ब्रह्मैवान्यचिह्नसंधारणं तु व्यर्थं मुक्तिः केवलज्ञानतोऽस्ति ॥ १३ ॥ तं दुर्दर्शं गूढमनुप्रविष्टं गुहाहितं गह्वरेष्ठं पुराणम् ॥ अध्यात्मयोगानुगतेन देवं मत्वा धीरो हर्षशोकौ जहाति ॥ १४ ॥ नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ॥ यमेष वै वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ॥ १५ ॥ अशरीरं शरीरेष्वनवस्थेष्ववस्थितम् ॥ महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥ १६ ॥ यदा चर्मवदाकाशं वेष्टयिष्यन्ति मानवाः ॥ तदा देवमविज्ञाय दुःखस्यान्तो भविष्यति ॥ १७ ॥ तस्मादुपाश्रित्य परात्मविद्यां प्राप्तां गुरोरेव कृपाकटाक्षात् ॥ अभेदवादामृतपानतृप्तो भवेति संश्रुत्य गुरोर्मुखाब्जात् ॥१८॥ विद्वेषनीरनामा वै कश्चिल्लिङ्गभृदग्रणीः ॥ उवाच परमप्रीतः स्वामिनं परमं गुरुम् ॥ १९ ॥ स्वामिंस्त्वमेव शरणं मम सर्वदाऽसि संसारसर्पविषदष्टतनुं नयाऽऽशु ॥ मामद्य युष्मदतिनिर्मलवेदवाक्यैर्नष्टा भिदाऽस्ति शिव एव जगत्पिताऽहम् ॥ २० ॥ महादेवस्य पूजायाः फलं त्वमसि सत्तम ॥ अद्वैतामृतदाता त्वं रुद्रादप्युत्तमोत्तमः ॥२१॥ इत्येवं स्तुतिपात्रं तं स्तुत्वा नत्वा मुहुर्मुहुः ॥ पीत्वा पादोदकं सम्यक्तदुक्ताचा-

નિત્યકર્મ વગેરેથી તૃપ્તિ પામીએ છીએ એમાં સંશય નથી એમ ઈશ્વર-બ્રહ્માએ અરુણકેતુને કહ્યું છે. ૭. તેમ શ્રુતિ પણ કહે છે કે આ ભૂસુર (બ્રાહ્મણ)ના દેહને વિષે સર્વ દેવતાઓ વસે છે, માટે આ બ્રાહ્મણના શરીરને ડામ દેવાથી તે દેહમાં રહેલા સર્વ દેવતાઓ નાશી જાય છે. ૮. એ બ્રાહ્મણના શરીરને ગાળ દેવાથી માથા વગેરેમાં રહેલા દેવતાઓ નાશી જાય છે તેમ જ શૂદ્રની પેઠે અથવા ચિતાના કાષ્ઠની પેઠે પતિત થાય છે. ૯. રોગરહિત કર્મ કરવાને યોગ્ય બ્રાહ્મણના શરીરે ચિન્હ (ચક્ર, ત્રિશૂલ વગેરેના આકાર) જોનારાએ લોકેશ્વર એવા સૂર્યનું દર્શન કરવું અથવા તદ્દયમાં પ્રવેશ કરવો. ૧૦. એ વગેરે ઘણાં વાક્યો છે તેમ જ ભેદયુક્ત ઉપાસના પણ નિંદા કરવા યોગ્ય છે–એમ સાક્ષાત્ શ્રુતિ કહે છે. ૧૧. બ્રહ્મબોધ પામવાને માટે વેદાર્થ જાણનાર પુરુષ પાસે જવું અને તેની પાસેથી મોક્ષ પામવાને અર્થે બ્રહ્મને જાણવો પણ બીજા શક્તિ, ત્રિશૂલ, ચક્ર વગેરેનાં ચિન્હો વ્યર્થ છે કારણ કે મોક્ષ તો કેવળ જ્ઞાનથી મળે છે. ૧૨, ૧૩. તે દુઃખથી પણ ન જાણી શકાય એવા ગુપ્ત રીતે રહેલા ગુણમાં પ્રવેશિત કરેલા અને જ્ઞાનાદિ એવા પરમાત્મારૂપ ઈશ્વરને અધ્યાત્મયોગથી જાણીને ધીર પુરુષ હર્ષ અને શોકથી મુક્ત થાય છે. ૧૪. આત્મા પ્રવચનથી જાણી શકાતો નથી, તેમ જ બુદ્ધિથી, બહુશ્રુતપણાથી, યમ કે નિયમથી પણ જાણી શકતો નથી તે આત્મા આ પોતાના દેહને વરે છે. ૧૫. શરીરને વિષે અશરીરરૂપ, અનવસ્થાને વિષે રહેલા મહાન્ સમર્થ આત્માને જાણીને ધીર પુરુષ શોક કરતો નથી. ૧૬. જ્યારે મનુષ્યો આકાશને ચર્મની પેઠે વીંટશે ત્યારે દેવને જાણ્યાવિના દુઃખમાં પડશે. ૧૭. માટે ગુરુના કૃપાકટાક્ષથી પ્રાપ્ત થયેલી પરમાત્મવિદ્યાની ઉપાસના કરીને તથા ગુરુના મુખથી પરમાત્મવિદ્યાના સ્વરૂપને સાંભળીને અભેદવાદરૂપ અમૃતપાનથી તૃપ્તિ પામે છે." ૧૮. પછી જેનો દ્વેશ ગયો છે એવો કોઇ તે લિંગધારીઓનો અગ્રણી (મુખ્ય) ઘણો જ પ્રસન્ન થઇને સર્વોત્તમ એવા ગુરુ શ્રીશંકરાચાર્યને કહેવા લાગ્યો કે (૧૯) "હે સ્વામિન્, સંસારરૂપ મહાસર્પના વિષથી દૂષિત શરીરવાળો એવો હું તેના તમે જ એક નિરંતર શરણ છો અને તમારા અત્યંત નિર્મલ વેદવાકયથી મારી ભેદ દ્રષ્ટી નાશ પામી ગઇ છે તેથી શંકર જગત્‌ના પિતા છે એમ હું માનું છું. ૨૦. હે સત્તમ, મહાદેવની પૂજાનું ફળ તમે છો તથા અદ્વૈતરૂપ અમૃતના દાતાર અને રુદ્રોમાં ઉત્તમ પણ તમે છો." ૨૧. એ પ્રકારે સ્તુતિના પાત્રરૂપ શંકરની વારંવાર સ્તુતિ

अभिगम्य स भक्तिपूर्वमस्यां कृतपूजः क्रथकैशिकेश्वरेण ।
निजशिष्यनिरस्तदुष्टबुद्धीन्व्यदधाद्भैरवतंत्रसावलंबान् ॥ ७ ॥

ક્રથકેશિક(વિદર્ભ દેશ)ના રાજાએ ભક્તિપૂર્વક સામૈયું કરીને એ રાજધાનીમાં જેમની પૂજા કરી એવા શંકરાચાર્યે ભૈરવતંત્રને માનનારા કાપાલિક લોકોનો પોતાના શિષ્યોદ્વારા પરાજય કરીને તેઓની દુષ્ટ બુદ્ધિ મટાડી. ૭.

रतत्परः ॥२२॥ स्वकुलग्रामदेशस्थान्सर्वानद्वैतवर्तिनः । कृत्वा गुरुं नमस्कृत्य सुखमास स शंकरम् ॥२३॥"

"ततोऽन्ये भूतिरुद्राक्षधारिणो लिङ्गचिह्निताः ॥ प्रोचुर्विपक्षशूलाद्या दृष्ट्वा स्वामिनमद्भुतम् ॥ २४ ॥ मायावेषधरः कस्त्वं प्रामाणिकमतादमुम् ॥ भ्रष्टं कृत्वाऽधुना गन्तुं प्रवृत्तोऽस्यतिवञ्चकः ॥ २५ ॥ ब्राह्मण्यादुत्तमं प्रोक्तं वैष्णव्यं मुनिसत्तम ॥ वैष्णव्यादधिकं शैवमित्यजः प्राह नारदम् ॥ २६ ॥ तस्मादारूढपतनं किमर्थं भवता कृतम् ॥ नमस्त इति वेदेन स्तुतः सम्यङ्महेश्वरः ॥ २७ ॥ सर्वाननशिरोग्रीवः सर्वभूतगुहाशयः ॥ सर्वव्यापी स भगवांस्तस्मात्सर्वगतः शिवः ॥ २८ ॥ इति श्वेताश्वतर्या पुंसूक्तमुक्त्वोपसंहृतम् ॥ ततस्तेनापि सर्वात्मा शिव एव निरूपितः ॥ २९ ॥ पत्न्यौ ते ह्रीश्च लक्ष्मीश्च पार्श्वेऽहोरात्रके मते ॥ वाक्यद्वयेनापि शिव एव निरूपितः ॥ ३० ॥ गङ्गा ह्रीः पार्वती लक्ष्मीस्तत्पतिः शिव ईरितः ॥ स्कान्दे च यामले चैव तद्वाक्यानि मुने शृणु ॥ ३१ ॥ हिमाग्रादपतन्मौलौ गङ्गा रुद्रस्य वेगतः ॥ तदीयभारसंभ्रान्तो ह्यवादीत्तां सदाशिवः ॥ ३२ ॥ ह्रीमती भव नात्युच्चैर्वर्तसे प्राप्य मामिह ॥ पुरुषं पुरुषश्रेष्ठं ब्रह्मविष्ण्वादिकारणम् ॥ ३३ ॥ सा तं नत्वा महादेवं तदाप्रभृति भक्तितः ॥ ह्रिया तं याऽऽशु मिलिता ह्रीरिति प्रोच्यते बुधैः ॥ ३४ ॥ तस्याङ्कमधुनाऽऽरूढाशक्तिर्माहेश्वरी परा ॥ महालक्ष्मीरिति ख्याता श्यामा सर्वमनोहरा ॥ ३५ ॥ तस्यास्तेजःकणाज्जाता लक्ष्मीवाक्कोटयः पुरा ॥ शिवतेजःसमुद्भूता हरिब्रह्मादिकोटयः ॥ ३६ ॥ क्रियन्ते पुनरेवैते तत्र तत्र लयानुगाः ॥ इति तस्माच्छिवस्यैव तत्पातित्वं मुनि-

કરીને તથા તેમના ચરણોદકનું પાન કરીને તે સર્વ લિંગધારીઓ શ્રીશંકરાચાર્યે કહેલા માર્ગમાં તત્પર થયા. ૨૨. પોતાના કુલ, ગામ અને દેશમાં રહેલા સર્વ લિંગધારીઓને અદ્વૈતમાર્ગમાં પ્રવર્તાવીને તે લિંગધારીઓનો અધિપતિ શ્રીશંકરાચાર્યેને નમસ્કાર કરી તેમને સુખથી નિવાસ કરાવ્યો. ૨૩.

ભસ્મ, રુદ્રાક્ષ અને શિવલિંગના ચિન્હને ધારણ કરનારાઓની જોડે રચેલો સંવાદ.

પછી ભસ્મ અને રુદ્રાક્ષને ધારણ કરનારા તથા શિવલિંગના ચિન્હવાળા બીજા કેટલાક વિપક્ષ શૂલાદિ પુરુષોએ અદ્ભુત શ્રીશંકરાચાર્યને જોઇને કહ્યું કે, (૨૪) "કપટથી વેશ ધારણ કરનાર તું કોણ છે? આ પ્રામાણિક માણસોને ભ્રષ્ટ કરવાને માટે કપટથી આવ્યો છે? (૨૫) હે મુનિસત્તમ, બ્રહ્માની ઉપાસના કરનારાથી વિષ્ણુની ઉપાસના કરનાર ઉત્તમ છે અને તેથી પણ શંકરની ઉપાસના કરનારા શ્રેષ્ઠ છે એમ બ્રહ્માએ નારદને કહ્યું છે (૨૬) માટે તમે ઉત્તમ રસ્તે ચઢેલાને અધોગતિમાં પાડવાનું કેમ કર્યું? કારણ કે વેદે 'નમસ્તે' એવા મંત્રે કરીને શંકરની ઉત્તમ પ્રકારે સ્તુતિ કરી છે. ૨૭. સર્વના મુખ કંઠ અને મસ્તકરૂપ સર્વ પ્રાણીમાત્રના હૃદયરૂપ ગુહામાં રહેલા સર્વના અંતર્યામિ અને સર્વવ્યાપી એવા તે ભગવાન્ શંકર સર્વમાં રહેલા છે (૨૮) એવું શ્વેત અને આશ્વતરીએ આયુઃસૂક્ત કહિને ઉપસંહાર કર્યો છે અને તેઓ પણ સર્વના આત્મારૂપ શંકર છે એમ નિરૂપણ કર્યું છે. ૨૯. હે ભગવન્! હ્રી અને લક્ષ્મી બે સ્ત્રીઓ તમારી અહોરાત્ર સેવા કરે છે. એ બે વાકયથી શિવનું જ નિરૂપણ કર્યું છે. હે મુને, ગંગા, હ્રી અને લક્ષ્મીના પતિ શંકર છે એમ સ્કંદપુરાણમાં અને રુદ્રયામલમાં કહ્યું છે તે સંબંધી વાકયોને સાંભળો. ૩૧. 'હિમાલયના અગ્રભાગથી ગંગાદેવી વેગે કરીને શ્રીશંકરના મુકુટ ઉપર પડ્યાં કે જેના વેગથી સંભ્રાંત થયેલા શંકરે તે ગંગાને કહ્યું કે (૩૨) હ્રીમતી-લજ્જાવતી-ગંગા હિમાલયરૂપ ઊંચા ભવનથી આવીને બ્રહ્મા અને વિષ્ણુવાદિ દેવતાના કારણરૂપ અને પુરુષ શ્રેષ્ઠ એવા મને વરી. ૩૩. તે દેવી મહાદેવને નમસ્કાર કરી તે દિવસથી આરંભીને ભક્તિથી તે શંકરને મળ્યાં છે કે જેથી વિદ્વાન્ પુરુષોએ તેમનું હ્રી એવું નામ કહ્યું છે. ૩૪. હમણા પરમ એવાં મહેશ્વરી શક્તિ, શંકરના ખોળામાં બેઠાં છે કે જે સર્વથી પણ મનોહર છે અને જેમનું મહાલક્ષ્મી એવું નામ છે (૩૫) અને તે મહાલક્ષ્મીના તેજના પુંજથી લક્ષ્મી તથા સરસ્વતીની કોટી સંખ્યા ઉત્પન્ન

अभिवाद्य विदर्भराडवादीदथ कर्णाटवसुंधरां यियासुम् ।
भगवन्बहुभिः कपालिजालैः स हि देशो भवतामगम्यरूपः ॥ ८ ॥
न हि ते भगवद्यशः सहंते निहितेर्ष्याः श्रुतिषु ब्रवीम्यतोऽऽहम् ।
अहिते जगतां समुत्सहंते महितेषु प्रतिपक्षतां वहंते ॥ ९ ॥

પછી શંકરાચાર્યે કર્ણાટક દેશમાં જવાની ઇચ્છા કરી ત્યારે વિદર્ભ દેશના રાજાએ તેમને પ્રણામ કરીને કહ્યું કે, "મહારાજ! કર્ણાટક દેશ ઘણા ઘણા કાપાલિક લોકોથી વ્યાપ્ત છે માટે

श्रितम् ॥ ३७ ॥ शुद्धस्फटिकसंकाशे दक्षिणे पार्श्वके मतम् ॥ दिनत्वं रात्रिता वामे भागे देव्या मता यतः ॥ ३८ ॥ श्यामवर्णाऽपि चाथर्ववेदे सर्वात्मरूपताम् ॥ नित्यानित्योऽहमित्यादिनाऽऽह स्वस्य सुराङ्शिवः ॥ ३९ ॥ जगत्कारणभूतस्य तथा शिवरहस्यके ॥ ध्येयत्वादिकमाख्यातं शिवस्य परमात्मनः ॥ ४० ॥ ध्येयत्वे तव साक्षिणो मुनिगणा ज्ञानप्रदत्वे शुको वेद्यत्वे निगमाः स्वभक्तविमतक्रान्तौ कृतान्तादयः ॥ नित्यत्वे भगवन्पितामहशिरःस्रग्वृन्दमाद्यन्तयोः शून्यत्वे च वराहहंसवपुषौ पद्माक्षपद्मासनौ ॥ ४१ ॥ एवं श्रुतिषु सर्वत्र जगत्कारणमीश्वरः ॥ रुद्र उक्त इति ज्ञेयं न चैवान्यो विवेकिभिः ॥ ४२ ॥ तप्तलिङ्गादिरुद्राक्षविभूत्यादिकधारणात् ॥ पीठाद्यर्चनया चैव रुद्राध्यायजपेन च ॥ ४३ ॥ सर्वपापविनिर्मुक्तः प्राप्नोति शिवरूपताम् ॥ रुद्रकाण्डेऽयमर्थो हि सम्यक्त्वेन निरूपितः ॥ ४४ ॥ स्तेयं कृत्वा गुरुदारांश्च गत्वा सुरां पीत्वा ब्रह्महत्यां च कृत्वा ॥ भस्मच्छन्नो भस्मशय्याशयानो रुद्राध्यायी मुच्यते सर्वपापैः ॥ ४५ ॥ कोटिजन्मार्जितैः पुण्यैः शिवे भक्तिः प्रजायते ॥ बहुनाऽत्र किमुक्तेन यस्य भक्तिः शिवे दृढा ॥४६॥ महापापौघपापौघकोटिग्रस्तोऽपि मुच्यते ॥ इत्युक्तं शिवगीतासु पुनस्तत्र च कीर्तितम् ॥ ४७ ॥ धर्मार्थकाममोक्षाणां पारं यास्यथ येन वै ॥ मुनयस्तत्प्रवक्ष्यामि व्रतं पाशुपताभिधम् ॥ ४८ ॥ कृत्वा तु विरजां

થઇ છે અને શંકરના તેજથી હરિ-વિષ્ણુ તથા બ્રહ્માની કોટી સંખ્યા ઉત્પન્ન થઇ છે. (૩૬.) અને તે સર્વ શંકરને અનુસરી રહ્યા છે માટે તે સર્વના પતિ શંકર છે એમ નિશ્ચય થાય છે. ૩૭. શુદ્ધ સ્ફટિકના સરખા ઉજ્જવળ જમણે પડખે દિવસરૂપ પોતે રહ્યા છે અને ડાબે પડખે રાત્રીરૂપ દેવી બિરાજે છે. ૩૮. અથર્વવેદને વિષે વર્ણવેલા શ્યામવર્ણવાળાં દેવી છે અને નિત્ય તથા અનિત્ય હું છું એમ પોતાને માટે શંકરે કહ્યું છે. ૩૯. શિવરહસ્યમાં પરમાત્મા શંકરને જગત્ના કારણરૂપ તથા ધ્યેયત્વાદિક (ધ્યાન કરવા યોગ્ય વગેરે) કહ્યા છે. ૪૦. હે ભગવન્, તમે ધ્યાન કરવા યોગ્ય છો એવી મુનિગણો સાક્ષી પૂરે છે, જ્ઞાનદાતા છો એને માટે શુકદેવ સાક્ષી છે, તમે સર્વજ્ઞ છો એવી વેદ સાક્ષી પૂરે છે, સ્વભક્તજનોના રક્ષક છો એવી યમ સાક્ષી પૂરે છે, હે ભગવન્, તમે નિત્ય છો જેને માટે બ્રહ્મા સાક્ષી છે; આદિ અને અંતરહિત છો એવી કમળના સમાન નેત્રવાળા તથા કમળના આસનવાળા વરાહ હંસ દેહધારી (એ ભગવાન્ના બે અવતાર છે) ભગવાન્ સાક્ષી પૂરે છે. ૪૧. એપ્રમાણે સર્વ શ્રુતિયોમાં જગત્નું કારણ ઈશ્વર શંકર કહેલું છે એમ જાણવું. વિવેકી પુરુષો બીજા કોઇને જગત્નું કારણ કહેતા નથી. ૪૨. તપાવેલા લિંગાદિક, રુદ્રાક્ષ અને વિભૂતિ વગેરેના ધારણ કરવાથી તેમજ પીઠ વગેરની પૂજાએ કરીને અથવા રુદ્રાધ્યાયના જપે કરીને (૪૩) સર્વ પાપથી મુક્ત થયેલો પુરુષ રુદ્રરૂપપણાને પામે છે. રુદ્રકાંડમાં આ પ્રમાણે અર્થસમ્યકત્વપણે કરીને નિરૂપણ કરેલું છે. ૪૪. ચોરી કરનારો, ગુરુપત્નીની સાથે ગમન કરનારો, સુરાપાન કરનારો અને બ્રહ્મહત્યા કરનારો પુરુષ જો પોતાને શરીરે ભસ્મ ચોપડી રાખે, ભસ્મની શૈયામાં સુવે અને રુદ્રાધ્યાયનો પાઠ કરે તો તે આગળ કહેલા સર્વ પાપથી મુક્ત થઇ જાય છે. ૪૫. કોટી જન્મના ભેગા થયેલા પુણ્યથી જ શંકરને વિષે ભક્તિ ઉત્પન્ન થાય છે, વધારે શું કહું? પણ જેને શંકરને વિષે દૃઢ ભક્તિ (૪૬) તે કોટી પાપના સમૂહથી વિંટાએલો હોય તોપણ મુકાઇ જાય છે એમ શિવગીતામાં કહ્યું છે. વળી બીજું પણ જે કરવાનું કહ્યું છે તે કહુ છું. ૪૭. મુનિયો, જેણે કરીને ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો પાર પામે છે તે પાશુપત નામનું વ્રત કહિશ. ૪૮. વિજા નામની દિક્ષા લઇ, ભસ્મ અને રુદ્રાક્ષ

ત્યાં આપે પધારવું યોગ્ય નથી. વેદમાર્ગ ઉપર ઇર્ષ્યા ધરાવનારા એ લોકો જગત્‌નું ભુંડું કરવાની શક્તિ ધરાવે છે, મોટાઓની સાથે શત્રુતા કરે છે અને તે આપનો યશ સહન કરે તેવા નથી માટે હું આપને ત્યાં ન જવાની વિજ્ઞપ્તિ કરૂં છું." ૮, ૯.

दीक्षां भूतिरुद्राक्षधारणम् ॥ जप्यतां वेदसाराख्यं शिवनामसहस्रकम् ॥ ४९ ॥ संत्यज्य तेन मर्त्यत्वं शैवीं तनुमवाप्स्यथ ॥ ततः प्रसन्नो भगवाञ्शंकरो लोकशंकरः ॥ ५० ॥ भवतां दृश्यतामेत्य कैवल्यं वः प्रदास्यति ॥ इति कालाग्निरुद्रोपनिषद्यपि निरूपितम् ॥ ५१ ॥ अवश्यं ब्राह्मणैर्धार्या विभूतिरिति विस्तृतम् ॥ अतो विभूतिमाहात्म्यं प्रवक्तुं केन शक्यते ॥ ५२ ॥ शीर्षे कण्ठे कर्णयोश्च बाह्वो रुद्राक्षधारणात् ॥ नीलकण्ठो भवेन्मर्त्यो ब्राह्मणश्चेत्परात्परः ॥ ५३ ॥ इत्यगस्त्येन संप्रोक्तं संहितायां यतीश्वर ॥ अतप्तात्मतनुर्नैव तद्धामैतीति मानतः ॥ ५४ ॥ लिङ्गाङ्कनमवश्यं वै कर्तव्यं मोक्षकाङ्क्षिभिः ॥ इत्युक्त आह नैवात्र वह्नितापो विवक्षितः ॥ ५५ ॥ किंतु कृच्छ्रादिकं तापः कृच्छ्रचान्द्रायणैः कृशः ॥ इत्युक्तेर्नारदीयेन विरोधाद्गर्हता तथा ॥ ५६ ॥ लिङ्गाङ्किततनुं दृष्ट्वा शङ्खचक्राङ्कितं तथा ॥ स्नानमेव तदा कार्यमथ वा सूर्यमीक्षयेत् ॥ ५७ ॥ पतितं तप्तलिङ्गाढ्यं चक्राङ्कितमथापि वा ॥ वाङ्मात्रेणापि नार्चेत पाखण्डाचारतत्परम् ॥ ५८ ॥ शूद्रवत्स परित्याज्यो जीवञ्शवसमाकृतिः ॥ तस्मै दत्तं च हव्यं च कव्यं चापि वृथा भवेत् ॥ ५९ ॥ तद्दर्शनात्परित्याज्यमन्नं मन्त्राभिमन्त्रितम् ॥ अपि शूद्रेक्षणाद्भुञ्जेल्लिङ्गचक्राङ्कितं विना ॥ ६० ॥ अपि चेन्निगमाचाररतो वेदाङ्गतत्परः ॥ लिङ्गचक्राङ्कमात्रेण स सद्यः पतितो भवेत् ॥ ६१ ॥ इत्युक्तं हि बृहन्नारदीये किं च प्रकीर्तितम् ॥ मार्कण्डेयपुराणे वै श्रोतव्यं तत्समाहितैः ॥ ६२ ॥ ब्राह्मणानां च गायत्र्याः संवादोऽभून्महान्पुरा ॥ अतस्तयाऽतिसंशप्ताः पाषण्डाश्चैव देवताः ॥ ६३ ॥ वेदोक्तकर्महीनाश्च तान्त्रिकाचारतत्पराः ॥ यूयं कलौ भवन्त्वेवमिति तानाह सा रुषा ॥ ६४ ॥ अतः कलियुगे प्राप्ते भवि-

ધારણ કરી વેદના સારરૂપ શિવના સહસ્રનામનો જપ કરે તો (૪૯) તે મનુષ્યપણું ત્યાગ કરી શૈવી તનુ(દેહ)ને પામે છે, પછી પ્રસન્ન થયેલા એવા અને લોકને સુખકારી ભગવાન્ શંકર (૫૦) ભાવપણાને અને દૃશ્યપણાને પામીને તમને મોક્ષ આપશે એમ કાલાગ્નિરુદ્રઉપનિષદ્‌માં કહ્યું છે. ૫૧. બ્રાહ્મણોયે ભસ્મ અવશ્ય ધારણ કરવી એમ વિસ્તારથી કહ્યું એ કારણ માટે ભસ્મનું માહાત્મ્ય કોઇ પણ પુરુષથી કહિ શકાય તેમ નથી ૫૨. જે માણસ માથે, કંઠે, બે કાનમાં, બે હાથે રુદ્રાક્ષ ધારણ કરે છે તે પોતે શંકરરૂપ થાય છે અને જો બ્રાહ્મણ હોય ને તે રુદ્રાક્ષ ધારણ કરે તો તે તો પરથી પણ પર એટલે ઈશ્વરથી પણ અધિક થાય છે. ૫૩. હે યતીશ્વર, એમ અગસ્ત્ય ઋષિએ સંહિતાને વિષે કહ્યું છે અને જે માણસ અગ્નિથી તપાવેલી મુદ્રાયે કરીને પોતાના શરીરે ચિન્હ ધારણ કરતો નથી તે શંકરના સ્થાનને પામતો નથી. ૫૪. મોક્ષની ઇચ્છા કરનારાંયે નિશ્ચય લિંગનું ચિન્હ ધારણ કરવું." લિંગાંકિયો-લિંગાયતો-ના એવાં વચન સાંભળી શ્રીશંકરાચાર્યે કહ્યું કે, "અહિં અગ્નિથી તપાવેલી મુદ્રા ધારણ કરવાનું કહ્યું નથી (૫૫) કારણ કે તે કૃચ્છ્રાદિકના તાપે કરીને કૃચ્છ્ર ચાંદ્રાયણો કૃષ છે એવું નારદીયમાં કહેલું છે તેને વિરોધ આવે છે. ૫૬. તપ્તલિંગથી અથવા શંખચક્રથી અંકિત શરીરને જોઇને તરત સ્નાન કરવું અથવા સૂર્યનાં દર્શન કરવાં. ૫૭. પતિત, તપાવેલ લિંગ અથવા ચક્રથી અંકિત શરીરવાળા અને પાખંડ આચારમાં તત્પર એવા માણસનો વાણીથી પણ સત્કાર કરવો નહિ. ૫૮. તપ્તમુદ્રાને ધારણ કરનારો માણસ જીવતાં છતાં મરેલા જેવો છે માટે તેનો શૂદ્રની પેઠે ત્યાગ કરવો. કારણ કે તેણે આપેલું હવ્ય-દેવઅન્ન ને કવ્ય-પિત્રીઅન્ન વૃથા થાય છે. ૫૯. મંત્રથી અભિમંત્રિત કરેલું અન્ન જો તપ્તમુદ્રાના ચિન્હવાળો માણસ જોઇ જાય તો તેનો ત્યાગ કરવો, કારણ કે શૂદ્રે જોયેલું અન્ન જમાય છે પણ તપ્તમુદ્રા ધારણ કરેલા માણસે જોયેલું અન્ન જમાતું નથી. ૬૦. જો વેદાચારમાં પ્રીતિવાળો હોય અથવા વેદાંગમાં તત્પર હોય, પણ જો તપ્ત લિંગ કે ચક્ર ધારણ કરે તો તે તરત જ પતિત થાય છે. ૬૧. એ પ્રકારે બૃહન્નારદીયમાં કહેલું છે અને માર્કંડેય પુરાણમાં જે કહ્યું છે તે સાવધપણાથી સાંભળો. (૬૨) પૂર્વે બ્રાહ્મણો તથા ગાયત્રીને મ્હોટો સંવાદ થયો હતો તેથી ગાયત્રીએ ક્રોધથી બ્રાહ્મણોને શાપ આપ્યો કે, 'વેદમાં કહેલા કર્મથી રહિત અને તાંત્રિક આચારમાં તત્પર એવા પાખંડી દેવતા થાઓ.' ૬૩-૬૪. જ્ઞાનકર્મના માર્ગથી ભ્રષ્ટ

इतिवादिनि भूमिपे सुधन्वा यतिराजं निजगावधिज्यधन्वा ।
मयि तिष्ठति किं भयं परेभ्यस्तव भक्ते यतिनाथ पामरेभ्यः ॥ १० ॥

એ પ્રમાણે વિદર્ભ દેશના રાજાએ કહેવાથી દોરી ચડાવેલા ધનુષવાળા સુધન્વા રાજાએ શંકરાચાર્યને કહ્યું કે, "હે સંન્યાસીઓના અધિપતિ! હું કે જે આપનો ભક્ત છું તે વિદ્યમાન છતાં એ પામર શત્રુઓ(કાપાલિક લોકો)થી તમને શો ભય છે? કશો ભય થવાનો નથી." ૧૦.

ष्यन्ति द्विजाधमाः ॥ वेदार्थहीनाः पाषण्डा लिङ्गचक्रादिचिह्निताः ॥ ६५ ॥ ज्ञानकर्मपथाद्भ्रष्टाः कामक्रोधादिपीडिताः ॥ दुरात्मानः सत्यधर्मवर्जिताः शापभागिनः ॥६६॥ कलौ त्रिंशत्सहस्राब्दे पुनर्नष्टा भवन्ति ते ॥ निःशेषतां गताः पश्चादद्वैतार्थानुचिन्तकाः ॥ ६७ ॥ सत्यधर्मपरा भूयो भविष्यन्ति न संशयः ॥ इति तस्मान्न कर्तव्यं लिङ्गादेर्धारणं नरैः ॥ ६८ ॥ यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ॥ इति सत्यादिलक्ष्यस्योपास्त्यगोचरता मता ॥ ६९ ॥ ततो ब्रह्मावतारस्य शिवस्योपासनं श्रुतौ ॥ प्रोक्तं तस्य निरासो नो कर्तुं केनापि शक्यते ॥ ७० ॥ भूतिरुद्राक्षयोश्चापि कर्तव्यं धारणं नरैः ॥ किंतु लिङ्गादिचिन्हानां धारणे मानशून्यता ॥ ७१ ॥

ततः प्रोवाच भक्ताग्रगण्यस्तं परमं गुरुम् ॥ असमर्थाः पुरा देवास्त्रिपुरासुरनाशने ॥ ७२ ॥ इषुं ते कल्पयामासुस्त्रिभिर्विष्णवग्निचन्द्रकैः ॥ आदावग्निः शशी मध्ये विष्णुरन्ते प्रतिष्ठितः ॥ ७३ ॥ ततो विचारयामासुः क इषुं धारयिष्यति ॥ रुद्रो धारयिता केचित्प्रोचुस्तत्र दिवौकसः ॥ ७४ ॥ यतो रुद्रस्य वन्ह्यादि तेजः सकलमेव हि ॥ तस्य नेत्रेऽग्निचन्द्रौ स्तो विष्णुस्तद्देहजः स्मृतः ॥ ७५ ॥ सात्त्विकांशात्समुद्भूतस्तस्माद्भारो न तस्य वै ॥ इति देवा विचार्याऽऽशु प्रार्थयामासुरीश्वरम् ॥ ७६ ॥ सोऽब्रवीद्वरमिच्छामि देवाः कमिति चाब्रुवन् ॥ सोवाचाहं पशूनां वै प्रधानः स्यां पतिः किल ॥ ७७ ॥ ऊचुर्देवा वयं सर्वे पशवः पद्मजादयः ॥ त्वमेकः पतिरस्माकमित्युक्त्वा ते सदाशिवम् ॥ ७८ ॥ लिङ्गशूलादिचिन्हानि धारयामासुरीश्वरः ॥ ततो ज्यां वासुकिं कृत्वा मेरुं कृत्वा धनुर्धरम् ॥७९॥ रथं चन्द्ररवी चक्रे वेदानश्वान्विधाय च ॥ ब्रह्माणं सारथिं कृत्वा स्तूयमानः शिवोऽमरैः ॥८०॥ बाणेन तेन

થએલા કામ ક્રોધાદિથી પીડાવાળા, દુષ્ટ આત્માવાળા, સત્યધર્મવર્જિત એવા તે શાપને ભોગવનારા બ્રાહ્મણો કલિયુગનાં ત્રીશ હજાર વર્ષ ગયા પછી અદ્વૈતબ્રહ્મનું ચિંતન કરનારા થશે (૬૫-૬૬-૬૭) અને ફરીથી તે નિશ્ચય સત્યધર્મપરાયણ થશે માટે મનુષ્યોએ લિંગ વગેરેનું ધારણ કરવું નહિ. ૬૮. જેને વાણી વર્ણવી શકતી નથી અને મન પણ પહોચી શકતું નથી એ સત્યસ્વરૂપી ઈશ્વરની ઉપાસના અગોચર માની છે (૬૯) માટે બ્રાહ્મણે શંકરની ઉપાસના કરવી એમ જે વેદમાં કહ્યું છે તેને ના પાડવા કોઇ સમર્થ નથી. ૭૦. મનુષ્યોએ ભસ્મ અને રુદ્રાક્ષને ધારણ કરવાં પણ તપાવેલાં લિંગાદિનાં ચિન્હ ધારણ કરવાં નહિ કારણ કે તેથી માનભંગ થાય છે." ૭૧.

પછી ભક્તના અગ્રેસરે-લિંગાયતોના મુખ્ય પુરુષે-પરમ ગુરુરૂપ શંકરાચાર્યને કહ્યું કે, "પૂર્વે ત્રિપુરાસુરનો નાશ કરવાને અસમર્થ એવા દેવતાઓએ (૭૨) વિષ્ણુ, અગ્નિ અને ચંદ્રના તેજથી બાણ કર્યું. જેમાં પહેલો અગ્નિ, મધ્યમાં ચંદ્ર અને પાછળ વિષ્ણુ હતા. (૭૩) પછી સર્વે દેવતાઓ વિચાર કરવા લાગ્યા કે આ બાણને કોણ ધારણ કરશે ? એવામાં કેટલાક દેવોએ કહ્યું કે આ બાણને રુદ્ર ધારણ કરશે (૭૪) કારણ કે રુદ્રના મુખથી અગ્નિ વગેરે સર્વ તેજ ઉત્પન્ન થાય છે વળી તે રુદ્રના નેત્રમાં સૂર્ય અને ચંદ્ર રહ્યા છે અને વિષ્ણુ તેમના દેહથી ઉત્પન્ન થયા છે (૭૫) વળી સત્ત્વગુણના અંશથી ઉત્પન્ન થયેલા તે શંકરને બાણનો ભાર પણ લાગશે નહિ એવો વિચાર કરીને સર્વ દેવતાઓએ શંકરની પ્રાર્થના કરી. ૭૬. તેથી શંકરે કહ્યું કે, "હે દેવો, હું વરદાનને ઇચ્છુંછું." દેવોએ પૂછ્યું. "ક્યા વરદાનને ઇચ્છો છો ?" શંકરે કહ્યું:—"હું પશુઓનો પતિ-મુખ્ય થાઉં." દેવોએ કહ્યું:— "બ્રહ્મા વગેરે અમે સૌ પશુઓ થઇએ અને તમે અમારા એક પતિ થાઓ." એમ શંકરને કહિને (૭૮) સર્વ દેવતાઓએ લિંગ અને શૂલ વગેરેનાં ચિન્હો ધારણ કર્યાં, પછી શંકરે મેરૂપર્વતનું કામઠું કર્યું, વાસુકી નાગની પ્રત્યંચા કરી, (૭૯) સૂર્ય ચંદ્રરૂપ રથ કર્યો, વેદોને ઘોડા કર્યા, બ્રહ્માને સારથી કર્યા.

अथ तीर्थकराग्रणीः प्रतस्थे किल कापालिकजालकं विजेतुम् ।
निशमय्य तमागतं समागात्क्रकचो नाम कपालिदेशिकाग्र्यः ॥ ११ ॥

એ પ્રમાણે સુધન્વા રાજાએ કહેતાં આચાર્યોમાં મુખ્ય શંકરાચાર્ય કાપાલિક લોકોને જીતવા વાસ્તે ઉજ્જયિની નામના પુરમાં પધાર્યા. એમને આવેલા સાંભળી કાપાલિક લોકોનો અગ્રણી ક્રકચ નામનો કાપાલિક તેમની પાસે આવ્યો. ૧૧.

तान्दैत्यान्ददाह परमेश्वरः ॥ तस्माल्लिङ्गादिचिन्हानां धारणं युक्तमेव हि ॥ ८१ ॥ दर्शनाच्च तथा लोके सेव्यसेवकयोर्मुने ॥ अस्माभिः सेवकैश्चिन्हं सेव्यस्य परमेशितुः ॥ ८२ ॥ अवश्यमेव संग्राह्यमित्युक्तः प्राह तं गुरुः ॥ मानहीनमिदं वाक्यं यतो देवादिषु क्वचित् ॥ ८३ ॥ लिङ्गादेर्धारणं नैव प्रसिद्धं किंतु तेषु वै ॥ भूत्यादेर्धारणं किंच कैवल्योपनिषद्वचः ॥८४॥ श्रद्धाभक्तिध्यानयोगादवेहीत्येवं ब्रूते नैव शूलादिचिन्हम् ॥ ज्ञानस्याङ्गं तेन नास्त्येव तस्य ज्ञानेप्सूनां धारणं भोः कदाऽपि ॥ ८५ ॥ नान्यः पन्था विद्यते कोऽपि मुक्त्या इत्याद्यैर्वै वेदवाक्यैर्मुमुक्षोः ॥ नास्त्येवार्थो देहसंतापनेन निन्दा तस्य श्रूयमाणा हि शास्त्रे ॥८६॥ लोके राज्ञश्छत्रचिन्हं न भृत्ये दृष्टं शूलादेर्हि संधारणं चेत् ॥ युष्माकं कोऽप्याग्रहस्तर्हि लोहं स्वीकर्तव्यं तेन तद्भार एव ॥ ८७ ॥ किंचास्य भक्तेन भुजादिभूषणं सर्पादिकं धार्यमनन्यचेतसा ॥ परं तु नैतत्खलु युज्यते नरे सर्पभ्रमेणापि भयेन कम्पिनि ॥ ८८ ॥ तस्मादिमां पामरबुद्धिमाशु विहाय चिह्नं च समर्प्य कर्म ॥ वेदोक्तमीशे परजीवयोश्चैक्यस्यानुसंधानमनन्यचित्तः ॥ ८९ ॥ कुर्वन्निबोधेन परस्य तस्याज्ञानस्य नाशेन भविष्यसि त्वम् ॥ मुक्तो न चान्येन यथा कदाऽपीत्युक्तः स आचार्यवरं प्रणम्य ॥ ९० ॥ चिह्नानि संत्यज्य सपुत्रबान्धवः शिष्यो बभूवाद्वयवादतत्परः ॥ तथैव चान्येऽपि गुरोः प्रसादतो बभूवुरद्वैतपराः सुखार्थिनः ॥ ९१ ॥

अनन्तशयनं नाम प्रदेशं प्राप्तवांस्ततः ॥ देवस्य दर्शनं कृत्वा मासमास स तत्र ये ॥ ९२ ॥ भक्ता भागवताश्चैव वैष्णवाः पाञ्चरात्रिणः ॥ वैखानसाः कर्महीनाः षड्विधा वैष्णवा मताः ॥ ९३ ॥ तानाह शंकराचार्यः किं वो लक्षणमुच्यताम् ॥ भक्ताः प्रथममाहुस्तं सर्वज्ञो जगदीश्वरः ॥ ९४ ॥ वासुदेवः स रामाद्यानवतारान्बिभ-

પછી સર્વ દેવતાઓએ સ્તુતિ કરેલા (૮૦) શંકરે તે બાણે કરીને દૈત્યોને બાળ્યા. માટે લિંગાદિ ચિન્હો ધારણ કરવા યોગ્ય છે (૮૧) કારણ કે "હે મુને, સેવ્ય અને સેવકના નિયમથી સેવકરૂપ અમારે સેવા કરવા યોગ્ય પરમેશ્વરનું ચિન્હ (૮૨) નિશ્ચયપણાથી ધારણ કરવું." એવાં લિંગાંકિયોનાં વચન સાંભળી શંકરાચાર્યે કહ્યું કે, "આ વાકય માન રહિત–પ્રમાણ રહિત–છે, કારણ કે દેવાદિકને વિષે (૮૩) કયારે પણ લિંગાદિકનું ધારણ કરવું પ્રસિદ્ધ નથી પરંતુ વિભૂતિ વગેરેનું ધારણ તો કૈવલ્યઉપનિષદ્‌ના વચનથી પ્રસિદ્ધ છે. ૮૪. હે લિંગાંકિતો, ધ્યાનના યોગથી શ્રદ્ધાભકિત થાય છે એ પ્રમાણે વેદ કહે છે, પણ શૂલ વગેરે ચિન્હો જ્ઞાનના અંગ નથી, માટે જ્ઞાનને ઇચ્છનારા પુરુષોએ તપાવેલા ત્રિશૂલ વગેરેનાં ચિન્હો ધારણ કરવાં નહિ. ૮૫. જ્ઞાનવિના બીજો કોઇ પણ મુક્તિનો માર્ગ નથી ઇત્યાદિ વેદવાકયો ઉપરથી સિદ્ધ થાય છે કે મુક્તિને ઇચ્છનારા પુરુષોને તપાવેલ શૂલ વગેરેનાં ચિન્હ ધારણ કરવાથી કાંઇ પણ અર્થ નથી પરંતુ ઉલટી તે લોકોની શાસ્ત્રમાં નિંદા સંભળાય છે. ૮૬. લોકમાં રાજાનું છત્રચિન્હ પ્રસિદ્ધ છે, મનુષ્યને શૂલાદિ ચિન્હનું ધારણ કરવું હોય અને તમને કાંઇ પણ આગ્રહ હોય તો લોઢાનો સ્વીકાર કરવો કારણ કે તેણે કરી પણ ભાર થાય છે. ૮૭. વળી અનન્ય ચિત્તવાળા શંકરના ભકતો હાથ વગેરેમાં આભૂષણરૂપ સર્પોને ધારણ કરે અને અનન્ય ચિત્તથી આત્મા તથા જીવનો એક સંબંધ કરે (૮૯) તો પરમાત્મા ઈશ્વરના બોધ થકી અજ્ઞાનનો નાશ થશે કે જેથી કરીને તું મુક્ત થઇશ બીજા કોઇ ઉપાયથી કયારે પણ મુક્ત થવાનો નથી." એ પ્રકારે જ્યારે શંકરાચાર્યે લિંગાંકિને કહ્યું ત્યારે તે લિંગાંકિ શંકરાચાર્યને પ્રણામ કરીને (૯૦) પુત્ર, મિત્ર અને બાંધવો સહિત ચિન્હોનો ત્યાગ કરી અદ્વૈતવાદમાં તત્પર એવા **શ્રી**શંકરાચાર્યના શિષ્ય થયા. તેમ જ બીજા લિંગાંકિયો પણ **શ્રી**શંકરાચાર્યના પ્રસાદથી અદ્વૈત સુખમાં તત્પર એવા સુખના અર્થિઓ થયા. ૯૧.

ત્યાંથી શંકરાચાર્ય અનંતશયન નામના દેશમાં ગયા અને ત્યાં એક માસ રહ્યા. (૯૨) ત્યાં ભક્ત,

पितृकाननभस्मनानुलिप्तः करसंप्राप्तकरोटिरात्तशूलः ।
सहितो बहुभिः स्वतुल्यवेषैः स इति स्माऽऽह महामनाः सगर्वः ॥ १२ ॥

સ્મશાનની ભસ્મવડે લીંપાએલા, હાથમાં માણસના માથાની ખોપરી ધરનારા અને જેણે ત્રિશૂલ ઉપાડ્યું હતું એવા એ મોટા મનવાળા અભિમાની કેકચે પોતાના જેવા જ વેષવાળા ઘણા લોકોની સાથે આવીને શંકરાચાર્યને નીચે પ્રમાણે કહ્યું. ૧૨.

त्यजः ॥ तदुपास्त्या वयं मूढाः प्राप्स्यामस्तत्सलोकताम् ॥९५॥ इति बुद्ध्या वयं सर्वे कौण्डिन्यमुनिना प्रभोः॥ प्रसादितस्य सेवायामनन्तस्य सदा रताः ॥ ९६ ॥ आचारो द्विविधोऽस्माकं क्रियाज्ञानविभेदतः ॥ कर्मठा ब्रह्मगुप्ताद्या विष्णुशर्मादयो वयम् ॥ ९७ ॥ ज्ञानिनोऽत्रैव तिष्ठाम इत्युक्तो ज्ञानलक्षणम् ॥ पप्रच्छ विष्णुशर्माऽथ प्राह तेषु विचक्षणः ॥ ९८ ॥ अनन्तभगवत्पादकमलं शरणं परम् ॥ इति तूष्णीं स्थितिर्ज्ञानं यतो नैव तदाज्ञया ॥ ९९ ॥ विना तृणादिसंचारो भवतीत्युक्त आह तम् ॥ जन्मना जायते शूद्रः कर्मणा जायते द्विजः ॥ १०० ॥ नित्यं संध्यामुपासीत प्रत्यवाय्यन्यथा भवेत् ॥ प्रातरादिषु कालेषु ह्यग्निहोत्रादिकं बुधः ॥ १ ॥ कुर्वन्वै ब्राह्मणो विद्वान्सकलं भद्रमश्नुते ॥ इत्यादिश्रुतिवाक्यानि नित्यं कर्म स्तुवन्ति हि ॥ २ ॥ अतः सर्वैः श्रुतिप्रोक्तं कर्तव्यं कर्म सर्वदा ॥ वैधस्य तस्य संत्यागाद्दुःखस्याऽऽर्षि मनुर्जगौ ॥३॥ जीवन्कर्मपरित्यागं यः करोति नराधमः ॥ स मूढो नरकं याति यावदाभूतसंप्लवम् ॥ ४ ॥ यतीनामपि कर्मास्ति स्नानदेवार्चनादिकम् ॥ ब्राह्मण्यहानिरेवातो भ्रष्टानां स्वीयकर्मतः ॥ १०५ ॥ अब्दैः कतिपयैरेवं स्थितिरित्युक्त आह तम् ॥ विष्णुशर्मा मया तुल्यः सप्तमः पुरुषः प्रभो ॥ ६ ॥ किंचित्कर्मपरस्तस्य पिताऽभूदिति वै श्रुतम् ॥ बाल्ये मयेति संप्रोक्तः प्राह दूरं व्रजाधुना ॥ ७ ॥ एवमुक्तः स तु क्लेशापूरितः सगणस्तदा ॥ प्रणम्य दण्डवद्भूमौ क्षमस्वेत्याह तं गुरुम् ॥ ८ ॥ दृष्ट्वा तं शरणं प्राप्तं प्राह शिष्यान्दयानि-

ભકત, ભાગવત, વૈષ્ણવ, પાંચરાત્ર, વૈખાનસ અને કર્મહિન એ છ પ્રકારના વૈષ્ણવ જોડે થયેલો સંવાદ.

ભાગવત, વૈષ્ણવ, પાંચરાત્ર, વૈખાનસ અને કર્મહિન એવા છ પ્રકારના જે વૈષ્ણવ હતા (૯૩) તેઓ પ્રત્યે શ્રીશંકરાચાર્યે કહ્યું કે, "તમારૂં લક્ષણ શું છે તે કહો." એટલે ભકતોએ શ્રીશંકરાચાર્યને કહ્યું કે, "અજન્મા, સર્વજ્ઞ અને જગત્‌ના ઈશ્વર (૯૪) શ્રીવાસુદેવ રામાદિક અવતારોને ધારણ કરે છે, તેમની ઉપાસના કરનારા અમે મૂઢો તેમના લોકને પામીશું. ૯૫. હે પ્રભો, એ પ્રકારની બુદ્ધિ કૌંડિન્ય મુનિયે પ્રસન્ન થઇને અમને આપી છે જેથી અમે અનંત એવા તે ઈશ્વરની સેવામાં નિરંતર પ્રીતિવાળા થયા છીયે. ૯૬. અમારા આચાર, ક્રિયા અને જ્ઞાનના ભેદથી બે પ્રકારના બ્રહ્મગુપ્ત વગેરે કર્મઠો છે અને વિષ્ણુશર્મા વગેરે અમે જ્ઞાનિઓ અહિં રહિયે છીએ." ૯૭. શ્રીશંકરાચાર્યે જ્ઞાનનું લક્ષણ પૂછ્યું એટલે જ્ઞાનીઓમાં વિલક્ષણ એવા વિષ્ણુશર્માએ કહ્યું કે, (૯૮) "અનંત એવા ભગવાન્‌નું

વિષ્ણુશર્મા.

ચરણકમલ એ જ ઉત્તમ પ્રકારનું મૌન સ્થિતિ જ્ઞાન છે, કારણે કે તે ઈશ્વરની આજ્ઞાવિના (૯૯) તૃણ વગેરેનો પણ સંચાર થતો નથી." એવાં વિષ્ણુશર્માનાં વચન સાંભળીને શ્રીશંકરાચાર્યે કહ્યું કે, "બ્રાહ્મણ જન્મે કરીને શૂદ્રતુલ્ય ઉત્પન્ન થાય છે પછી કર્મે કરીને બ્રાહ્મણ થાય છે. ૧૦૦. બ્રાહ્મણોએ નિરંતર સંધ્યાની ઉપાસના કરવી. જો સંધ્યા ન કરે તો પાપ લાગે છે. વિદ્વાન્ બ્રાહ્મણોએ સવારે, બપોરે અને સાંજે અગ્નિહોત્ર કરવો (૨૦૧) કે જેથી કરીને કલ્યાણ થાય છે. એ વગેરે શ્રુતિ–વેદ–ના અનેક વાકયો કર્મની સ્તુતિ કરે છે. ૧૦૨. માટે સર્વ મનુષ્યોએ વેદમાં કહેલું કર્મ નિરંતર કરવું અને તે કર્મનો ત્યાગ કરવાથી દુઃખ પ્રાપ્ત થાય છે એવું મનુયે કહેલું છે. ૧૦૩. જે મનુષ્યોમાં અધમ એવો માણસ, જીવતાં છતાં કર્મનો ત્યાગ કરે છે તે માણસ પ્રલયકાલપર્યંત નરકમાં રહે છે. ૧૦૪. સંન્યાસિયોને પણ સ્નાન અને દેવપૂજન વગેરે કર્મ કરવું એમ કહેલું છે માટે પોતાના કર્મથી ભ્રષ્ટ થયેલા પુરુષોના બ્રહ્મત્વનો નાશ થાય છે. ૧૦૫. એ પ્રકારે કેટલા વર્ષથી સ્થિતિ ચાલે છે." એવાં શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળીને વિષ્ણુશર્માએ કહ્યું કે, "હે પ્રભો, સાતમો પુરુષ મારા સરખો (૧૦૬) અને કર્મમાં તત્પર એવો હતો. મેં બાલ્યાવસ્થામાં એવું સાંભળ્યું છે કે તેના પિતાએ તેને એવું કહ્યું કે 'હમણાં તું દૂર જા, કારણ કે તું કર્મમાં આસક્ત છું.' ૧૦૭. એવાં પિતાનાં વચન સાંભળી કલેશથી વ્યાપ્ત થયેલા પુત્રે બીજા શિષ્યોસહિત દંડવત કરી પિતાને કહ્યું કે, 'મારો અપરાધ ક્ષમા કરો' ૧૦૮. પોતાને શરણે

भसितं धृतमित्यदस्तु युक्तं शुचि संत्यज्य शिरःकपालमेतत् ।
वहथाशुचि खर्परं किमर्थं न कथंकारमुपास्यते कपाली ॥ १३ ॥

"તમે ભસ્મ ધરણ છો એ તો યોગ્ય છે પણ તમે માણસની પવિત્ર ખોપરીને ન ધારણ કરતાં આ અપવિત્ર માટીના ખર્પરને શામાટે ધરો છો અને ભૈરવનું ઉપાસન કેમ કરતા નથી? ૧૩.

धिः ॥ प्रायश्चित्तविधानार्थं तेऽपि कुर्युस्तथैव हि ॥ ९ ॥ प्रायश्चित्तेन संशुद्धा विष्णुशर्मादयोऽपि ते ॥ कर्मनिष्ठास्तमाचार्यं प्रोचुस्त्वत्कृपया प्रभो ॥ ११० ॥ ब्रह्मण्यसिद्धिरस्माकं जाता मुक्तिः कथं भवेत् ॥ इत्युक्त आह परमो गुरुः करुणयाऽन्वितः ॥ ११ ॥ ब्राह्मणाचारदेवाः स्युरीशो विष्णुर्दिनेश्वरः ॥ उमा गणपतिश्चैव तेषां पूजापरा नराः ॥१२॥ ब्रह्मार्पणधिया कामांस्त्यक्त्वा कर्म चरन्ति वै ॥ एवं कृते नित्यकर्मण्यमले मनसि प्रभोः ॥ १३ ॥ जीवस्य च भिदाभावो भवत्येव न संशयः ॥ मूलाज्ञानस्य तत्तस्मान्निवृत्तिर्ज्ञानकारणम् ॥ १४ ॥ तेन भग्ने लिङ्गदेहे मुक्तिर्भवति नान्यथा ॥ इत्यादिष्टो विष्णुशर्मा दण्डवत्प्रणिपत्य तम् ॥ ११५ ॥ सगणः कारयामास नित्यं कर्म गुरुं स्मरन् ॥ स्मार्ताचारपरिश्रान्तः पञ्चपूजाविशारदः ॥१६॥ त्रिपुण्ड्रं भस्मना कुर्वंश्चन्दनेन च सुव्रतः ॥ स्नात्वा मृत्तिकया चोर्ध्वपुण्ड्रं कुर्वन्प्रयत्नतः॥१७॥

एवं तेषु तिरस्तेषु ब्रह्मगुप्तादयस्ततः ॥ समागत्य प्रणम्योचुः स्वामिन्स्मार्तेन वर्त्मना ॥ १८ ॥ कुर्वन्तो वयमाचार्य कर्म ब्रह्मार्पणं धिया ॥ कृत्वा वयं वसामोऽत्रेत्युक्तः स प्राह तान्गुरुः ॥ १९ ॥ इतः परं पञ्चपूजातत्पराः शुद्धमानसाः ॥ भेदवासनया मुक्ता भवन्तः स्वात्मबोधतः ॥ १२० ॥ लिङ्गदेहेन निर्मुक्ताः सच्चिदानन्दमद्वयम् ॥ प्राप्नुवन्तीति संप्रोक्ता नत्वा तं स्वस्थमानसाः ॥ २१ ॥

बभूवुरथ तं प्राह समागत्य परं गुरुम् ॥ कश्चिद्भागवतो विप्रः स्वामिञ्शृणु मतं मम ॥२२॥ सर्ववेदेषु यत्पुण्यं सर्वतीर्थेषु यत्फलम् ॥ तत्फलं नर आप्नोति स्तुत्वा देवं जनार्दनम् ॥ २३ ॥ इत्यादिवचनाद्विष्णोः

આવેલા શિષ્યસહિત પુત્રને જોઇને દયાવાળા પિતાએ કહ્યું કે, 'પ્રાયશ્ચિત્ત કરો' તેથી તે સર્વ પ્રાયશ્ચિત્ત કરતા હતા. ૧૦૯. પ્રાયશ્ચિત્તે કરીને પવિત્ર થયેલા તે વિષ્ણુશર્માદિક કર્મનિષ્ઠોયે આચાર્યને કહ્યું કે, "હે પ્રભો, તમારી કૃપાથી (૧૧૦) અમને બ્રાહ્મણ્યસિદ્ધિ પ્રાપ્ત થઇ છે, હવે મુક્તિ કેમ થાય તે કહો." ત્યારે દયાવાન્ ઉત્તમ ગુરુયે કહ્યું કે, (૧૧૧) "બ્રાહ્મણનો આચાર પાળવો, શંકર, વિષ્ણુ, સૂર્ય, દેવી અને ગણપતિ એ દેવોની પૂજા કરવી. ૧૧૨. મનોરથનો ત્યાગ કરી બ્રહ્માર્પણ બુદ્ધિથી કર્મનું આચરણ કરવું. હે પ્રભો, એમ નિત્ય કર્મ કરવાથી નિર્મલ મનમાં (૧૧૩) જીવના ભેદનો અભાવ નિશ્ચય ઉત્પન્ન થાય છે તેથી જ્ઞાનના કારણરૂપ મૂળ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. ૧૧૪. હવે જ્ઞાનના કારણથી દેહનો નાશ થાય એટલે મુક્તિ થાય છે બીજી રીતે થતી નથી." એવી ગુરુએ આજ્ઞા કરી એટલે વિષ્ણુશર્મા તેમને દંડવત કરી (૧૧૫) સર્વ ગણસહિત ગુરુનું સ્મરણ કરતાં છતાં નિત્યકર્મ કરવા લાગ્યા અને સ્માર્ત આચારમાં પ્રવીણ થઇ પંચદેવનું પૂજન પણ કરવા લાગ્યા. ૧૧૬. મૃતિકાથી સ્નાન કરી ભસ્મ ધારણ કરી ઉત્તમ એવા ચંદને કરી પ્રયત્નવંત થઇ ઊર્ધ્વપુંડ્ર કરવા લાગ્યા. ૧૧૭.

સ્માર્તમતાનુયાયી બ્રહ્મગુપ્ત.

એ પ્રકારે વિષ્ણુશર્માદિ ગયા પછી બ્રહ્મગુપ્ત વિગેરે આવ્યા તેઓ શ્રીશંકરાચાર્યને પ્રણામ કરી બોલ્યા કે, "સ્વામિન, અમે સ્માર્ત માર્ગના આચાર્યે કહેલાં કર્મ બ્રહ્માર્પણ બુદ્ધિથી કરીએ છીએ અને અહિંયા વસિયે છીએ." એવાં તેઓનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્યે કહ્યું કે (૧૮-૧૯) 'પંચદેવની પૂજા કરવામાં તત્પર, શુદ્ધ મનવાળા, અને ભેદવાસનાથી મુક્ત એવા તમે સ્વાત્મબોધવડે (૨૦) લિંગદેહથી મુક્ત થઇને અદ્વૈત એવા સચ્ચિદાનંદ સ્વરૂપને પામશો." એવું તેઓને શંકરાચાર્યે કહ્યું તેથી તે બ્રહ્મગુપ્ત વગેરે શ્રીશંકરાચાર્યને પ્રમાણ કરીને સ્વસ્થ મનવાળા થયા. ૨૧.

કોઇએક વૈષ્ણવ.

પછી કોઇએક ભાગવત બ્રાહ્મણે શ્રીશંકરાચાર્યે પાસે આવી પ્રણામ કરી કહ્યું કે, "હે સ્વામિન, મારા મતને સાંભળો. (૨૨) મનુષ્યને સર્વ વેદનો પાઠ કરવાથી અને સર્વ તીર્થની યાત્રા કરવાથી જે ફળ પ્રાપ્ત થાય છે, તે ફળ શ્રીજનાર્દન ભગવાન્‌ની સ્તુતિ કરવાથી મળે છે. ૨૩. એવા શાસ્ત્રના વચનથી વિષ્ણુનું કીર્તન કરવામાં પ્રીતિવાળા અને શંખ, ચક્ર વગેરે

नरशीर्षकुशेशयैरलब्ध्वा रुधिराक्तैर्मधुना च भैरवार्चाम् ।
उमया समया सरोरुहाक्ष्या कथमश्लिष्टवपुर्मुदं प्रयायात् ॥ १४ ॥

લોહીથી ખરડાએલાં માણુસોનાં મસ્તકોરૂપ કમલોથી તથા મધથી ભૈરવનું પૂજન કર્યા વિના અને કમલના સરખાં નેત્રવાળી પાર્વતીના જેવી સુંદરીનું આલિંગન કર્યા વિના ભક્તજનને આનંદ જ કેમ મળે?" ૧૪.

कीर्तनेऽहर्निशं रतः ॥ शङ्खचक्रादिसंचिन्हैश्चिन्हितस्तुलसीगलः ॥ २४॥ ऊर्ध्वपुण्ड्री वसाम्यत्र मुक्तिर्मम करे स्थिता ॥ इत्युक्त आह मा चक्राद्यङ्कनस्य विनिन्दनात् ॥ २५ ॥ किंच मूर्तिर्भगवतश्चतुर्धा वर्तते शृणु ॥ परैकाऽऽकाशरूपा स्याद्वचसामप्यगोचरा ॥२६॥ यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह ॥ इत्यादिश्रुतिवाक्येभ्यो द्वितीया व्यूहसंज्ञिका ॥ २७ ॥ सर्वलोकात्मिका तस्य विष्णोश्चिह्नस्य धारणम् ॥ समर्थश्चेत्कुरुष्वाऽऽशु तप्तेनैकेन वा दृढम् ॥ २८ ॥ शीर्षादिपादपर्यन्तं देहमङ्कय नाशतः ॥ तस्य सेत्स्यति ते वैष्णवत्वं यद्दुर्लभं नृणाम् ॥ २९ ॥ विभूतिमूर्तयस्तस्य मत्स्याद्याः परिकीर्तिताः ॥ तप्तलोहमयीभिर्वै ताभिरङ्कय देहकम् ॥ १३० ॥ किमर्थं जडशङ्खादेः कर्तव्यं चिह्नधारणम् ॥ विष्णुवल्लोहचक्रादेर्धारणं कुरु वा सदा ॥ ३१ ॥ अर्चामूर्तेः शिलामय्याः स्वरूपेणाथ वाऽङ्कय ॥ शरीरं मूढ तस्मात्त्वं कर्तव्यं चिह्नधारणम् ॥ ३२ ॥ विष्णोरिति विहायाऽऽशु पाखण्डमतिमाश्रय ॥ स्वकर्माणि फलं तेषां समर्पय परेश्वरे ॥ ३३ ॥ तेन शुद्धस्ततोऽद्वैतवादिनं गुरुमाश्रय ॥ तस्योपदेशतो नष्टकर्मबन्धो विमोक्ष्यसि ॥ ३४ ॥ नान्यः पन्था विद्यते मुक्तये हीत्युक्तं श्रुत्वा तेन बोधेऽतियत्नः ॥ कार्यो मोक्षाकाङ्क्षिभिः शुद्धचित्तैरित्युक्तोऽसौ विप्रदेवो यतीशम् ॥१३५॥ सम्यङ्नत्वा प्राह पुण्यैरनेकैः सत्त्वत्पादाम्भोजयोर्दर्शनं मे ॥ जातं तस्तान्मां कृतार्थं कुरुष्वेत्येवं तेन प्रार्थितोऽसौ बभाषे ॥ ३६ ॥ भो विप्रदेवाऽऽशु विहाय चिह्नं कर्माणि कुर्वन्खलु कामहीनः ॥ ब्रह्माहमस्मीति विभावय त्वं मुक्तो भविष्यस्यवबोधतोऽद्धा ॥ ३७ ॥

ચિન્હોને ધારણ કરનારા અમે છીએ તેમ જ તુલશીને પણ કંઠને વિષે ધારણ કરીએ છીએ. (૨૪) ઊર્ધ્વપુંડ્ર કરીએ છીએ કે જેથી મારા હાથને વિષે મુકિત રહેલી છે." એવા એનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "ચક્ર વગેરનું ચિન્હ નિંદિત છે માટે તેને ધારણ કરવું નહિ (૨૫) કારણ કે ભગવાનની મૂર્તિ ચાર પ્રકારની કહી છે તે સાંભળ: તેમાં એક આકાશરૂપ છે જે વાણીથી પણ વર્ણન, કરી શકાતી નથી (૨૬) મનસહિત વાણી પણ જેને પામી શકતી નથી ઇત્યાદિક વેદવાક્યનાં પ્રમાણ છે. બીજી સર્વ લોકના આત્મારૂપ વ્યુહ (સેનાની રચના) નામની વિષ્ણુની મૂર્તિ છે. (૨૭) તેમનાં ચિન્હોને ધારણ કરવા સમર્થ હોય તો તપાવેલા તે વ્યુહરૂપ વિષ્ણુના શસ્ત્રનું ચિન્હ ધારણ કર. ૨૮. જો તપ્તમુદ્રાથી મનુષ્યને દુર્લભ એવું વૈષ્ણવપણું સિદ્ધ થતું હોય તો મસ્તકથી પગસુધી નાશ થતા છતાં પણ તપ્તમુદ્રાયે કરીને ચિન્હ કર. ૨૯. મત્સ્ય વગેરેને વિષ્ણુની વિભૂતિ–મૂર્તિ કહી છે માટે તપાવેલી લોઢાની મત્સ્ય વગેરે મૂર્તિઓથી દેહને વિષે ચિન્હોને ધારણ કર. ૩૦. હે જડ, શંખાદિકનાં ચિન્હને શામાટે ધારણ કરવાં જોઇએ? કારણ કે વિષ્ણુએ તો લોઢાનાં ચક્ર વગેરે ધારણ કર્યાં છે તો તું પણ વિષ્ણુનીપેઠે લોઢાનાં ચક્ર વગેરેને નિરંતર ધારણ કર. ૩૧. અથવા શિલામય વિષ્ણુની મૂર્તિથી ચિન્હ ધારણ કર. હે મૂઢમતે, તે કારણ માટે તારે શરીર ચિન્હવાળું કરવું."૩૨. એ પ્રમાણે કહિને આચાર્યે હવે આ પ્રમાણે ઉપદેશ કરે છે: "પાખંડમતનો ત્યાગ કરી વિષ્ણુનો આશ્રય કર, અને કરેલા કર્મના ફલ પરમાત્મા ઈશ્વરને વિષે અર્પણ કર. ૩૩. તેણે કરીને શુદ્ધ થયેલો તું અદ્વૈતવાદી ગુરુનો આશ્રય કર, કારણ કે તેમના ઉપદેશથી જેના કર્મબંધ નાશ થયા છે એવો તું મોક્ષને પામીશ. ૩૪. શુદ્ધ ચિત્તવાળા અને મોક્ષ ઇચ્છનારા પુરુષોએ આત્મબોધને વિષે યત્ન કરવો કારણ એ વિના બીજો મોક્ષનો માર્ગ નથી એમ વેદે કહ્યું છે." એવાં **શ્રી**શંકરાચાર્યનાં વચન સાંભળી તે વૈષ્ણવ બ્રાહ્મણે સંન્યાસિરૂપ શંકરાચાર્યને (૩૫) નમસ્કાર કરીને કહ્યું કે, "હે ભગવન્, અનેક એવાં પુણ્યોએ કરીને આજે મને તમારા ચરણનું દર્શન થયું છે માટે મને કૃતાર્થ કરો." એ પ્રમાણે પ્રાર્થના કરેલા **શ્રી**શંકરાચાર્યે વૈષ્ણવ બ્રાહ્મણને કહ્યું કે, (૩૬) "હે વિપ્રદેવ, આ ચક્ર વગેરે ચિન્હોનો તત્કાલ ત્યાગ કરી અને ફલની ઇચ્છા રહિતનો થઇ કર્મનું આચરણ કર તથા 'હું બ્રહ્મ છું.' એ પ્રકારે વિચાર કર કે જે જ્ઞાનથી મોક્ષ પામીશ."૩૭.

इति जल्पति भैरवागमानां हृदयं कापुरुषेति तं विनिंद्य ।
निरवासयदात्मवित्समाजात्पुरुषैः स्वैरधिकारिभिः सुधन्वा ॥ १५ ॥

એ પ્રમાણે તે કૈકચે ભૈરવતંત્રોના રહસ્યની વાત કરતાં સુધન્વા રાજાએ તેને 'હે દુષ્ટ!' એવું કહિ ધિક્કારીને પોતાના અધિકારી પુરુષોની પાસે આત્મવેત્તાઓની સભામાંથી કઢાવી મૂકયો. ૧૫.

पुनरन्यो गुरुं प्राह शार्ङ्गपाणिरिति श्रुतः ॥ नमो नारायणायेति मन्त्रमुच्चारयन्पुनः ॥ ३८ ॥ तस्य मुद्रादिकैः शङ्खचक्रकाद्यैः सुचिह्नितः ॥ संसारबन्धनान्मुक्तो वैकुण्ठं वैष्णवोत्तमः ॥ ३९ ॥ गमिष्यामि यतस्तत्र तथाभूता वसन्ति तत् ॥ चिह्नस्य धारणे मानं पुराणं शृणु भो मुने ॥ १४० ॥ ये बाहुमूलपरिचिह्नितशङ्खचक्रा ये कण्ठलग्नतुलसीनलिनाक्षमालाः ॥ ये वा ललाटफलके लसदूर्ध्वपुण्ड्रास्ते वैष्णवा भुवनमाशु पवित्रयन्ति ॥ ४१ ॥ इत्युक्त आचार्य उवाच मैवं श्रुतेरभावात्कथनीयमत्र ॥ अतप्तदेहो न समश्नुतेऽयं विमोक्षमेषा श्रुतिरस्ति मानम् ॥ ४२ ॥ नैवं यतः पातकनाशनार्थं महत्तपः कृच्छ्रमुखं स्वकर्म ॥ यद्वाऽथवा ध्यानमधीश्वरस्य प्रोक्तं श्रुतौ चिह्नमतो न कार्यम् ॥ ४३ ॥ ब्रह्मज्ञो यः सोऽश्नुते मोक्षमित्यादेर्वाक्यान्मोक्षस्य हेतुर्विबोधः ॥ क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्तीत्यादेर्वाक्यादन्यतः संसृतिः स्यात् ॥ ४४ ॥ पुराणेषु बृहन्नारदीयादिषु निषेधनम् ॥ दृश्यते तप्तशङ्खादेर्धारणस्य प्रयत्नतः ॥१४५॥ चिह्नानां धारणेनाहं भविष्यामि हरेः समः ॥ इत्येतत्तु मनोराज्यमात्रं शूद्रो यथा न हि ॥ ४६ ॥ शिखायज्ञोपवीतादिधारणादेव सद्द्विजः ॥ ब्रह्मात्मबोधतस्तस्मात्तत्प्राप्तिः श्रुतिमानतः ॥४७॥ तस्माद्ब्रह्माहमित्येवं चिन्तनं सर्वदा कुरु ॥ तेन नष्टे भिदागन्धे जीव एव परः शिवः॥ शिवः शिवोऽहमस्मीति वादिनं यं च कंचन ॥ आत्मना सह तादात्म्यभागिनं कुरुते भृशम् ॥ ४९ ॥ इत्युक्तं शिवगीतास्वित्युक्तो वैष्णव आह तम् ॥ नमस्कृत्य कृतार्थोऽहं स्वामिंस्त्वदुपदेशतः ॥ १५० ॥ अधुनाद्वैतनिष्ठोहं भविष्यामीति सोऽब्रवीत् ॥ ननाम दण्डव-

પછી કોઇ **શારંગપાણી** નામના બ્રાહ્મણે '**नमो नारायणाय**' એ મંત્રનો ઉચ્ચાર કરીને **શ્રી**શંકરાચાર્યને કહ્યું કે, "**વિષ્ણુ**ના શંખ, ચક્ર વગેરેની મુદ્રાઓએ કરીને ચિન્હવાળો થયેલો અને વૈષ્ણવોમાં ઉત્તમ એવો હું સંસારના બંધનથી મુક્ત થઇને **વૈ**કુણ્ઠ લોક પ્રત્યે (૩૯) જઇશ કારણ કે **વૈ**કુણ્ઠમાં શંખ ચક્ર વગેરેનાં ચિન્હોને ધારણ કરનારા વસે છે. હે મુને, ચિન્હ ધારણ કરવામાં માનરૂપ **પુ**રાણનાં વચનને સાંભળો: ૪૦. "જે પુરુષ પોતાના હાથને વિષે શંખ, ચક્ર વગેરેનાં ચિન્હોને ધારણ કરે છે, જે પુરુષો પોતાના કંઠનેવિષે તુળશીને અથવા કમળના બીજની માલાને ધારણ કરે છે, જે પુરુષો પોતાના કપાળમાં ઊર્ધ્વપુંડ્ર ધારણ કરે છે તે વૈષ્ણવ પુરુષો તત્કાલ ત્રણ ભુવનને પવિત્ર કરે છે." ૪૧. એવા વૈષ્ણવ બ્રાહ્મણનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "એ પ્રકારે તારે બોલવું નહિ. કારણ કે **શ્રુ**તિમાં એવું કોઇ ઠેકાણે કહ્યું નથી કે તપ્તમુદ્રા ધારણ ન કરનારો મોક્ષ પામતો નથી એ જ. **શ્રુ**તિવાકય માન્ય છે. ૪૨. તપ્તમુદ્રા ધારણ કરવાથી થયેલા પાપનો નાશ કરવાને માટે કૃચ્છ્ર ચાંદ્રાયણાદિ કોઇ તપ અથવા બ્રહ્મકર્મ સમર્થ નથી તેમ ઈશ્વરનું ધ્યાન પણ સમર્થ નથી માટે હે વિપ્રદેવ, તપ્તમુદ્રાનું ચિન્હ ધારણ કરવું નહિ. ૪૩. જે બ્રહ્મજ્ઞ છે તે જ મોક્ષને પામે છે ઇત્યાદિ વાકયથી સિદ્ધ થાય છે કે જ્ઞાન મોક્ષનું કારણ છે અને પુણ્યક્ષીણ થાય ત્યારે મૃત્યુલોકમાં જન્મ થાય છે. ૪૪. **બૃ**હન્નારદીયાદિક પુરાણને વિષે તપ્તમુદ્રા ધારણ કરવાનો પ્રયત્નથી નિષેધ કર્યો છે. ૪૫. તપ્તમુદ્રાના ધારણ કરવાથી 'હું હરિના સરખો થઇશ' એ પ્રકારનો જે તું મનોરથ કરે છે તે કેવળ શૂદ્રનીપેઠે 'હું રાજા થયો છું' એવો મનમાં વિચાર કરવારૂપ છે. ૪૬. શિખા અને યજ્ઞોપવિતાદિ ધારણ કરવાથી તથા અદ્વૈત બ્રહ્મજ્ઞાનથી અને આત્મબોધથી ઉત્તમ બ્રાહ્મણને, ઈશ્વરની પ્રાપ્તિ થાય છે એવું **વે**દથી સિદ્ધ થાય છે. ૪૭. માટે 'હું બ્રહ્મ છું' એ પ્રકારે સર્વદા ચિંતવન કર કે જેથી ભેદરૂપ ગંધનો નાશ થશે અને પરમાત્મારૂપ મંગલ જીવ એકલો માલુમ પડશે. ૪૮. જે માણસ 'હું **શિવ** છું' એ પ્રકારે જાણે છે તેને **ઈશ્વરરૂપ શંકર** પોતાના આત્માની સાથે આત્માનો ભાગી કરે છે. ૪૯. એવું **શિવ**ગીતામાં કહ્યું છે." એવા **શંકરાચાર્યનાં** વચન સાંભળી વૈષ્ણવ બ્રાહ્મણે નમસ્કાર કરી તેમને કહ્યું

વૈષ્ણવ બ્રાહ્મણ શારંગપાણી.

भृकुटीकुटिलाननश्चलोष्ठः शितमुद्यम्य परश्वधं स मूर्खः ।
भवतां न शिरांसि चेद्विभिन्द्यां क्रकचो माहमिति ब्रुवन्नयासीत् ॥ १६ ॥

આ સમયે ભ્રકુટીથી વાંકા મ્હોડાવાળો અને ફરકતા હોઠવાળો એ મૂર્ખ ક્રકચ સજાવેલી ફરશી ઉગામી 'જો તમ લોકોનાં માથાં ફાડી નાખું નહિ તો હું ક્રકચ જ નહિ' એમ બોલતો બોલતો ચાલ્યો ગયો ૧૬.

द्भूमौ तं प्राह गुरुसत्तमः ॥ ५१ ॥

मुक्तो भवेति सोऽप्युक्तः स्मार्ताचारेषु तत्परः ॥ पञ्चपूजारतो नित्यं स्वदेशस्थाञ्जनानपि ॥ ५२ ॥ तथाऽकरोत्ततः पाञ्चरात्रागमसुदीक्षितः ॥ आह मुक्तिप्रतिष्ठादिमूलभूतोऽस्मदागमः ॥ ५३ ॥ तस्माद्यतेऽयमाचारो विप्रैः कार्योऽखिलैरपि ॥ इत्युक्तः श्रीगुरुः प्राह यदि वेदाविरुद्धता ॥ ५४ ॥ अस्त्यागमे तदा तस्याऽऽचारो ग्राह्यो न चान्यथा ॥ अन्यमन्त्राग्रहे तत्र वैष्णवत्वं प्रकीर्तितम् ॥ १५५ ॥ गायत्र्या उपदेशस्तु ब्राह्मण्यायास्ति सर्वथा ॥ एवं च वैष्णवत्वस्य भङ्ग एव समागतः ॥ ५६ ॥ तदभावे न विप्रत्वं विष्णुमन्त्रशतैरपि ॥ वैष्णवत्वं कुतोऽस्त्यस्याः सत्त्वे ननु हरेरियम् ॥ ५७ ॥ शक्तिः शङ्खादिवत्त्वस्य श्रवणादिति चेत्तदा ॥ रुद्रस्य शक्तिरेवास्तु चन्द्रशेखरतादिकम् ॥ ५८ ॥ श्रूयतेऽस्या यतः पञ्चमुखत्वाद्यं च देहगम् ॥ अस्तु वा सर्वसंपूज्या शुभदा पारमेश्वरी ॥५९॥ ननु सूर्ये स्थितस्यास्यां प्राधान्यं तेजसो यतः ॥ निरूप्यते ततो विष्णोः शक्तिरेव यतो हरिः ॥ १६० ॥ भानुमण्डलवर्तीति वर्ण्यते तत्र तत्र ह ॥ पञ्चास्यताऽपि नो तस्मिन्बहुरूपे विरुध्यते ॥ ६१ ॥ इति चेन्न यतस्तस्याः समुत्पत्तिर्निरूपिता ॥ व्याहृतिभ्यः किलाऽऽसां तु प्रणवात्सा महेश्वरात् ॥ ६२ ॥ अस्य प्रोक्ताऽत एतस्य शक्तिर्नान्यस्य कस्यचित् ॥ नारायणश्रुतौ प्रोक्तः स्वरकर्ता महेश्वरः ॥ ६३ ॥ यो वेदादौ स्वरः प्रोक्तो वेदान्ते च प्रतिष्ठितः ॥ तस्य प्रकृतिलीनस्य यः परः स महेश्वरः ॥ ६४ ॥ अष्टमूर्तिमहेशस्य मूर्तिरादित्य ईरितः ॥ तस्मात्तस्यैव शक्तिः सा पञ्चवक्त्रादिसंयुता ॥ १६५ ॥ वैष्णवेन त्वयैवं नो शिवमूर्तिर्विभावसुः ॥ सेव्योऽतो ब्राह्मणत्वस्य हानिरेव तवाऽऽगता ॥ ६६ ॥ तदभावोऽस्तु का हानिर्वैष्णवोऽस्मीति चेत्तदा ॥ भ्रष्टोऽसि भाषणायोग्यो जीवन्नेव मृतोऽसि भोः ॥ ६७ ॥

કે "હે સ્વામિન્, તમારા ઉપદેશથી કૃતાર્થ થયો છું. ૫૦. હવે હું અદ્વૈતબ્રહ્મમાં તત્પર થઇશ." એમ કહીને દંડવત્ પ્રણામ કર્યો ને ગુરુ **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "મુક્ત થા." ૫૧.

પછી સ્માર્ત આચાર તથા પંચદેવની પૂજા કરવામાં પણ તત્પર એવા તે બ્રાહ્મણે પોતાના દેશમાં રહેલા સર્વ મનુષ્યોને પોતાના સરખા કર્યા. ૫૨. પછી પંચરાત્ર આગમમાં દીક્ષિત થયેલા તે બ્રાહ્મણે કહ્યું કે, "ભગવત્ પ્રતિષ્ઠાદિનો મૂલરૂપ આ અમારો આગમ છે. ૫૩. માટે આ આચાર સર્વ બ્રાહ્મણોયે પાળવો." **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "જો એમાં વેદની વિરુદ્ધતા ન હોય (૫૪) તો ગ્રહણ કરવો ને વેદની વિરુદ્ધતા હોય તો ગ્રહણ કરવો નહિ તે આગમમાં બીજા મંત્રોના આગ્રહને વિષે વૈષ્ણવપણું કહેલું છે (૫૫) અને બ્રાહ્મણની સ્ત્રીઓને ગાયત્રીનો ઉપદેશ કરેલો છે માટે જ વૈષ્ણવપણાનો ભંગ પ્રાપ્ત થયેલો છે (૫૬) અને ગાયત્રી મંત્રના અભાવે વિષ્ણુના સેંકડો મંત્રથી સ્ત્રીઓને વૈષ્ણવપણું પ્રાપ્ત થતું નથી. ૫૭. હરિની શક્તિ(શસ્ત્ર)રૂપ શંખ ચક્ર વગેરે ધારણ કરવાથી અથવા બીજા સૈકડો મંત્રથી વૈષ્ણવપણું પ્રાપ્ત થતું હોય તો રુદ્રની શક્તિ ચંદ્રશેખરપણું એ વગેરે ઘણી છે (૫૮) તથા તે જ શંકરના દેહમાં રહેલું પંચમુખપણું વગેરે સંભળાય છે અથવા સર્વને પૂજવા યોગ્ય કલ્યાણકારી શકિત પણ છે. ૫૯. સૂર્યને વિષે રહેલા તેજનું શક્તિને વિષે પ્રધાનપણું છે માટે તે વિષ્ણુની શકિત કહેવાય છે. ૬૦ જેથી સૂર્યના મંડળમાં વિષ્ણુ છે એમ વર્ણન કરાય છે તો તેથી શંકરને પંચમુખ કહ્યા છે તે કાંઇ વિરુદ્ધ થતા નથી. ૬૧. એ પ્રકારે જો શકિતની ઉત્પત્તિ ન નિરૂપણ કરી હોય તો વ્યાહૃતિ થકી અથવા પ્રણવરૂપ મહેશ્વર થકી પણ તે જ શકિતની ઉત્પત્તિ કહિ છે. ૬૨. માટે એ જ શંકરની શકિત છે, બીજા કોઇની નથી અને વેદને વિષે પણ નારાયણને સ્વરનો કર્તા મહેશ્વર કહેલ છે. ૬૩. જેને વેદ વગેરેમાં સ્વરૂપ કહેલ છે, જે વેદને અંતે પણ રહેલ છે અને જેની પ્રકૃતિ લય પામી ગઇ છે તે પરમાત્મા મહેશ્વર કહેવાય છે. ૬૪. અષ્ટમૂર્તિરૂપ શંકરની સૂર્ય પણ એક મૂર્તિ છે તેથી શંકરની શકિત પંચમુખ યુક્ત છે. માટે વૈષ્ણવ એવો તું શંકરની મૂર્તિરૂપ સૂર્યની જો ઉપાસના કરતો નથી તો તારા બ્રહ્મત્વપણાની હાનિ થાય છે. ૬૬. જો બ્રહ્મત્વની હાનિ થઇ તો પછી તારી

रुषितानि कपालिनां कुलानि प्रलयाम्भोधरभीकरारवाणि ।
अमुना प्रथितान्यतिप्रसंख्यान्यभियातानि समुद्यतायुधानि ॥ १७ ॥

પછી તેણે મોકલેલાં, પ્રલયકાલના સમુદ્રની પેઠે ભયંકર ગર્જનાઓ કરતાં અને જેઓએ આયુધો ઉપાડ્યાં હતાં એવાં અસંખ્યાત કાપાલિક લોકોનાં ટોળાંઓ **શ્રી**શંકરાચાર્ય આદિ લોકોને મારી નાખવા સારૂ આવ્યાં. ૧૭.

ततस्तु माधवः कश्चिद्वैष्णवः प्राह तं गुरुम् ॥ तप्तं शङ्खादिकं धार्यं लोकं प्राप्नोति वैष्णवम् ॥ ६८ ॥ पाञ्चरात्रागमे प्रोक्तमित्येवं तस्य मानता ॥ त्वदुक्त्या नाशमायातीत्युक्तः प्राह परो गुरुः ॥ ६९ ॥ आगमाद्युक्त आचारो ग्राह्यो वेदानुकूलतः ॥ विरोधे तस्य न ग्राह्य उक्तं चेदं स्फुटं किल ॥ १७० ॥ अतीन्द्रियार्थविज्ञाने प्रमाणं श्रुतिरेव हि ॥ श्रुत्याचारमृतेऽग्राह्यताऽऽगमानां प्रसज्यते ॥ ७१ ॥ अतो वेदविरुद्धं यत्तन्मानं न कदाचन ॥ अतो ब्राह्मण्यसिद्ध्यर्थं स्वकर्मनिरतो भव ॥ ७२ ॥ तेन सम्यग्विशुद्धः संस्तत्त्वज्ञानमवाप्स्यसि ॥ मुक्तिस्तस्मान्न चान्यस्मादत्रार्थे त्वं श्रुतिं शृणु ॥ ७३ ॥ सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चाऽऽत्मनि ॥ संपश्यन्ब्रह्म परमं याति नान्येन हेतुना ॥७४॥ तस्मात्पाखण्डचिह्नानि विहायाद्वैतनिष्ठता ॥ संपाद्या मोक्षसिध्यर्थमित्युक्तः स च माधवः ॥ १७५ ॥ स्वकुलग्रामदेशस्थैः सहाद्वैतपरः सदा ॥ संध्याग्निहोत्रमुख्यानि कुर्वन्कर्माणि शुद्धताम् ॥ ७६ ॥

प्राप श्रीशंकराचार्यप्रसादात्तत आगतः ॥ वैखानसमताचारो व्यासदास इति श्रुतः ॥ ७७ ॥ उवाच भो यते ब्रह्माऽपि मत्पक्षनिवारणे ॥ न समर्थो यतो देवः परो नारायणो मम ॥ ७८ ॥ तद्विष्णोः परमं धामेत्यादिवेदेन बोधिता ॥ नारायणपदस्यैव श्रेष्ठता मुनिसत्तम ॥ ७९ ॥ तथा नारायणाद्ब्रह्मा जायते रुद्र एव च ॥ इत्यादिश्रुतिभिस्तस्य कारणत्वमुदीरितम् ॥ १८० ॥ तस्मात्सेव्यः सदैवायमन्तर्यामी परेश्वरः ॥ लक्षणं तस्य भक्तस्य प्रोक्तं वैखानसे मते ॥ ८१ ॥

કઇ હાનિ બાકી રહી છે કે જેથી તું વૈષ્ણવ છું એમ કહે છે? હે વૈષ્ણવ, તું ભ્રષ્ટ થયો છું, ભાષણ કરવાને અયોગ્ય છું અને જીવતો છતાં મુવેલા સરખો છું." ૬૭.

વૈષ્ણવ બ્રાહ્મણ માધવ.

પછી કોઈ **માધવ** નામના બ્રાહ્મણે **શ્રી**શંકરાચાર્યને કહ્યું કે, "શંખ, ચક્રાદિ તપ્તમુદ્રા ધારણ કરનારો માણસ વિષ્ણુના લોકને પામે છે. ૬૮. એ પ્રમાણે પંચરાત્રાગમને વિષે કહ્યું છે તો તે ગ્રંથની માન્યતાને લીધે તમારૂં જ કહેવું છે તે અપ્રમાણ થાય છે." એવાં તેનાં વચન સાંભળીને **શ્રી**શંકરાચાર્યે કહ્યું (૬૯) કે "આગમ થકી વેદને અનુકૂલ યોગ્ય આચારને ગ્રહણ કરવો અને વેદવિરુદ્ધ આચાર ગ્રહણ કરવો નહિ એ પ્રમાણે સ્પષ્ટ કહ્યું છે. ૭૦. વિજ્ઞાનમાં અતીંદ્રિયોને માટે શ્રુતિનું પ્રમાણ છે અને ગ્રહણ કરવાને અયોગ્ય શ્રુતિના આચાર વિના બીજે ઠેકાણે આગમનું પ્રમાણ યોગ્ય છે. ૭૧. માટે જ્યાં વેદ વિરુદ્ધ હોય ત્યાં ક્યારે પણ માન્ય ગણાતું નથી. એ કારણ માટે તું બ્રહ્મત્વની સિદ્ધિને સારૂ સ્વકર્મમાં પ્રીતિવાળો થા. ૭૨. એમ કરવાથી ઉત્તમ પ્રકારે શુદ્ધ થયેલો તું તત્ત્વજ્ઞાનને પામીશ અને તેથી જ મોક્ષ મળશે પણ બીજાથી મળશે નહિ. એને માટે જ શ્રુતિ છે તે સાંભળ. ૭૩. જે માણસ સર્વે પ્રાણીને વિષે પોતાના આત્માને જુએ છે તે બ્રહ્મને પામે છે અને પોતાના આત્માને વિષે સર્વે પ્રાણીના આત્માને જુવે છે તે પરબ્રહ્મને પામે છે પણ બીજી રીતે પામતો નથી. માટે આ પાખંડનાં ચિન્હોનો ત્યાગ કરી મોક્ષસિદ્ધિને અર્થે અદ્વૈતપણું ધારણ કર." એવાં **શ્રી**શંકરાચાર્યનાં વચન સાંભળી તે **માધવ** બ્રાહ્મણ (૭૫) પોતાના દેશ, ગામ અને કુળના માણસો સહિત અદ્વૈતબ્રહ્મને વિષે તત્પર થયો અને સંધ્યા તથા અગ્નિહોત્ર વગેરે મુખ્ય કર્મોને કરીને શ્રીગુરુના પ્રસાદથી પવિત્રપણું પામ્યો. ૭૬.

વૈખાનસી મતના આચારવાળો વ્યાસદાસ.

ત્યારપછી **વૈ**ખાનસી મતના આચારવાળો **વ્યાસ**દાસ નામનો બ્રાહ્મણ આવ્યો. ૭૭. તેણે કહ્યું કે, "હે યતે, મારો પક્ષ નિવારણ કરવાને **બ્રહ્મા** પણ સમર્થ નથી કારણ કે પરમાત્મા **નારાયણ** મારો દેવ છે. ૭૮. '**तद्विष्णोः परमं पदम् ।**' ઇત્યાદિ **વેદે** પણ બોધ કર્યો છે. માટે હે મુનિસત્તમ, **નારાયણ** પદની જ શ્રેષ્ઠતા છે. ૭૯. **નારાયણ**થી **બ્રહ્મા** અને **રુદ્ર** ઉત્પન્ન થયા છે ઇત્યાદિ **શ્રુ**તિના પ્રમાણથી **નારાયણ**ને તેઓનું કારણ કહ્યું છે (૮૦) માટે તે અંતર્યામિ પરમાત્મા સર્વને સેવન કરવા યોગ્ય છે અને તેમના ભક્તોનું લક્ષણ પણ **વૈ**ખાનસી

अथ विप्रकुलं भयाकुलं तद्दृतमालोक्य महारथः सुधन्वा ।
कुपितः कवची रथी निषङ्गी धनुरादाय ययौ शरान्विमुञ्चन् ॥ १८ ॥

આ સમયમાં બ્રાહ્મણ લોકોને ભયથી આકુલ થએલા જોઇ કોપ પામેલો મહારથી સુધન્વા રાજા બકતર પહેરી, રથમાં બેસી; ભાથાં લઇ, ધનુષ ધરીને તુરત બાણો મુકતો તેઓની સામે ગયો. ૧૮.

शङ्खचक्रपवित्राङ्ग ऊर्ध्वपुण्ड्र इति प्रभो ॥ इत्युक्तः प्राह विष्णुस्तु पालको वाऽथ ब्रह्म वा ॥ ८२ ॥ अस्तु तत्र विवादः कः पदं त्वावृत्तिवर्जितम् ॥ लभ्यते तत्त्वबोधेन नैव त्वन्येन हेतुना ॥ ८३ ॥ यदि त्वं विष्णुभक्तोऽसि तदा तत्प्रीतये कुरु ॥ कर्म नैव तु तप्तानां चक्रादीनां विधारणम् ॥ ८४ ॥ प्रमाणाभावतो वेदविरुद्धे नैव मानता ॥ आगमे विप्रतानाशो नो चेत्स्यादेव सर्वथा ॥ १८५ ॥ इत्युक्त आह तं व्यासदासः पूर्वयुगे मुने ॥ दत्तात्रेयः परो योगी पञ्चमुद्राविमुद्रितः ॥ ८६ ॥ आसीत्तस्मान्महद्भिः स्वीकृतो मार्गो मुमुक्षुभिः ॥ ग्राह्यः किंच पुराणेषु चक्रादेर्धारणं श्रुतम् ॥ ८७ ॥ अन्यथा वैष्णवत्वस्य हानिरेव समापतेत् ॥ तस्माद्भगवतश्चिह्नं धार्यमित्युदितो गुरुः ॥ ८८ ॥ उवाच भो विवेकस्ते किमु वाच्योऽस्ति बालकाः ॥ अपि जानन्ति मुद्राभिरङ्कनेन प्रयोजनम् ॥ ८९ ॥ दत्तात्रेयस्य नैवास्ति योगिनस्तत्त्वदर्शिनः ॥ मुद्रयाऽङ्कितदेहो दत्तात्रेयोऽस्तीति केनचित् ॥ १९० ॥ श्रुतं नैव ततो मूढबुद्धिं त्यक्त्वा सुखी भव ॥ पुराणेषु श्रुतं चिह्नधारणं त्विति नोचितम् ॥ ९१ ॥ प्रह्लादस्य बिभीषणस्य गजराजस्य ध्रुवस्याऽऽनिलेर्द्रौपद्या व्रजवासिनां च खलु कश्चक्राङ्कनं रेऽकरोत् ॥ तस्मान्मूढमतिं विहाय सकलं पाखण्डचिह्नं त्यज ब्रह्मास्मीति विभावनेन सुसुखं गच्छाऽऽशु मोक्षं पदम् ॥ ९२ ॥ अवश्यं चेत्त्वया कार्यं चिह्नानां धारणं तदा ॥ कपोलयोर्गले चैव शेषेण गरुडेन च ॥ ९३ ॥ अङ्कनं कुरु कर्मेन्द्रियप्रधाने भुजद्वये ॥ कपोलद्वितये चैव ज्ञानेन्द्रियसमीपगे ॥ ९४ ॥ चिह्निते पशुवद्बद्धुं योग्यो भव विबन्धनः ॥ तथा चैवंविधस्यात्र वैष्णवस्य स्वकर्मणा ॥ १९५ ॥ हीनस्य शुभ्रवस्त्राणां धारणं त्ववशिष्यते ॥ न तु कर्माग्निहोत्रादीत्युक्तः सं-

મતને વિષે કહ્યું છે. ૮૧. હે પ્રભો, શંખ અને ચક્ર વગેરેનાં ચીન્હો ધારણ કરવાથી જેનું અંગ પવિત્ર થયું એવા વૈષ્ણવે ઊર્ધ્વપુંડ્ર ધારણ કરવું." એવા તે વ્યાસદાસનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્યે પ્રશ્ન પુછ્યું કે, "વિષ્ણુ જગત્‌નું પાલન કરનાર છે કે બ્રહ્મરૂપ છે? ૮૨. તેમાં કયો વિવાદ છે? તત્ત્વબોધે કરીને વારંવાર જન્મમરણરૂપ આવૃત્તિરહિત પદને પમાય છે પણ બીજા કોઇ હેતુથી પામી શકાતું નથી. ૮૩. જો તું વિષ્ણુનો ભક્ત છું તો તે વિષ્ણુની પ્રીતિને અર્થે કર્મ કર, પણ તેમના સરખું ચક્ર વગેરેનું ચિન્હ ધારણ કરીશ નહિ. ૮૪. પ્રમાણના અભાવથી અને વેદની વિરુદ્ધતાએ કરીને પણ જો શંખ, ચક્ર વગેરેનાં ચિન્હોને ધારણ કરવામાં માન્યતા હોત તેમ જ આગમના પ્રમાણથી બ્રાહ્મણપણાનો નાશ ન થતો હોત તો સર્વથા એ જ પ્રમાણે થાત." ૮૫. એ પ્રકારના શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી વ્યાસદાસે કહ્યું કે, "હે મુને, પૂર્વ યુગનેવિષે મહાયોગી દત્તાત્રેયે પણ પાંચ મુદ્રઓને ધારણ કરી છે. ૮૬. માટે મોક્ષ ઇચ્છનારા મહોટા પુરુષોએ તે માર્ગનો સ્વીકાર કર્યો છે તો તે માર્ગને સર્વ પુરુષોયે ગ્રહણ કરવો. વળી પુરાણોમાં પણ ચક્ર વગેરેનાં ચિન્હો ધારણ કરવાનાં વાક્ય સંભળાય છે. ૮૭. જો એમ ન કરીએ તો વૈષ્ણવપણાની હાનિ થાય છે માટે સર્વ જનોએ ભગવાન્‌નાં ચિન્હોને ધારણ કરવાં." ૮૮. શ્રીશંકરાચાર્યે કહ્યું કે, "હે અવિવેક, તું બાલકના સરખું શું બોલે છે? દત્તાત્રેયને મુદ્રાઓ ધારણ કરવાનું શું પ્રયોજન છે તે તું જાણે છે? ૮૯. તત્ત્વદર્શી અને યોગી એવા દત્તાત્રેયનો દેહ મુદ્રાથી અંકિત છે એમ કોઇએ સાંભળ્યું નથી. ૯૦. માટે આ મૂઢ બુદ્ધિનો ત્યાગ કરી સુખી થા; અને તેં પુરાણોમાં ચક્ર વગેરેનાં ચીન્હોને ધારણ કરવાનું સાંભળ્યું છે, તે યોગ્ય નથી. ૯૧. પ્રહ્લાદ, વિભીષણ, ગજરાજ, ધ્રુવ, દ્રૌપદી અને વ્રજવાસિઓને, કયા પુરુષે ચક્ર વગેરેનાં ચિન્હો કરેલાં છે? (અર્થાત્ કોઇએ કરેલાં નથી.) માટે મૂઢમતિનો ત્યાગ કરી તથા પાખંડનાં ચિન્હોને છોડી દઇ 'હું બ્રહ્મ છું' એવા ભાવથી ઉત્તમ સુખવાળા મોક્ષના સ્થાનને પામ. ૯૨. જો તારે અવશ્ય ચિન્હોને ધારણ કરવાં હોય તો કપોળ અને કંઠનેવિષે શેષનાગના અને ગરુડજીના ચિન્હોને ધારણ કર. ૯૩. તથા કર્મેંદ્રિયના પ્રધાનભૂત બે હાથને વિષે અને જ્ઞાનઇંદ્રિયની પાસે રહેલા બે કપાળોને વિષે ચિન્હ ધારણ કરીને પશુની પેઠે બંધન કરવા યોગ્ય થા. પછી પોતાના કર્મથી ભ્રષ્ટ થયેલા એ પ્રકારના વૈષ્ણવને

अवनीभृति योधयत्यरिंस्तांस्त्वरयैकत्र ततोऽन्यतो नियुक्ताः ।
क्रकचेन वधाय भूसुराणां द्रुतमासेदुरुदायुधाः सहस्रम् ॥ १९ ॥

એ રાજા કાપાલિક લોકોની સાથે એક તરફ યુદ્ધ કરતાં કકચે બીજી તરફથી તુરત

प्राह सद्गुरुम् ॥ ९६ ॥ स्वामिंस्तव प्रसादेन सविवेकोऽस्मि नाङ्कितः ॥ किंतु मे गुरुरेवाऽऽसीत्तथेति भगवञ्श्रुतम् ॥ ९७ ॥ ततः शुद्धाद्वयस्थं मां कुरु त्वं यतिशेखर ॥ इति विज्ञाप्य तं भूमौ दण्डवत्प्रणिपत्य च ॥ ९८ ॥ कृताञ्जलिं समासीनमीषन्नम्रं विलोक्य सः ॥ करुणानिधिराचार्यः प्रहसन्निदमब्रवीत् ॥९९॥ ब्रह्मैवाहं न संसारी मुक्तोऽहमिति भावय ॥ तस्मिन्विधावशक्तस्त्वं वाक्यमेतदुदीरय ॥ २०० ॥ इत्यभ्यासपरित्यक्तद्वंद्वैषणषडूर्मिकः ॥ विदित्वा परमात्मानं मुक्तो भवसि नान्यथा ॥ १ ॥ इति संबोधितः शिष्यः कृतार्थोऽहमितीरयन् । ब्रह्माहमिति संजल्पन्ययौ स्वकुलसंयुतः ॥ २ ॥

तत आचार्यमागत्य नामतीर्थो हि वैष्णवः ॥ कर्महीन इदं प्राह भोः स्वामिञ्शृणु मे मतम् ॥ ३ ॥ शेषेणाप्यप्रकम्प्यं वै सर्वं विष्णुमयं जगत् ॥ इत्यादेशाद्यतो मोक्षं गुरुरेव प्रयच्छति ॥ ४ ॥ तदानीं भगवन्तं स गुरुः प्रार्थयते प्रभो ॥ मच्छिष्यं निजपादारविन्दं प्रापय सोऽप्यथ ॥ २०५ ॥ एवमुक्तः करोत्येव तथैव जगदीश्वरः ॥ तस्मान्मम पुनर्जन्महेत्वभावो यतीश्वर ॥ ६ ॥ जीवन्मुक्तोऽहमेवं वै भवन्तोपि मुमुक्षवः ॥ कर्महीनाः सुरेशं तं विष्णुं सर्वमयं प्रभुम् ॥ ७ ॥ समालम्ब्याञ्जसा मुक्ता भविष्यन्तीति निश्चयः ॥ एवमुक्तो गुरुः प्राह सत्यमुक्तं त्वया मतम् ॥ ८ ॥ कर्मभ्रष्टो भवाञ्जीवन्मुक्त एव न संशयः ॥ निन्द्यानिन्द्यविहीनः सन्प्रवृत्तोऽसि पिशाचवत् ॥ ९ ॥ वेदोक्तसर्वकर्माणि कृत्वा तेषां फलार्पणम् ॥ कर्तव्यं ब्रह्मणीत्येवं ज्ञानमार्गोऽयमीरितः ॥ २१० ॥ फलार्थे कर्मकरणं कर्ममार्गोऽस्ति तद्द्विधात् ॥ भ्रष्टस्त्वं दण्डमीयोऽसि विष्णुभक्तोऽपि नो भवान् ॥ ११ ॥

એક શુભ્ર વસ્ત્રનું ધારણ કરવું જ બાકી રહે છે, અગ્નિહોત્ર વગેરે કર્મ કરવાનું બાકી રહેતું નથી." **શ્રી**શંકરાચાર્યનાં એવાં વચન સાંભળી વ્યાસદાસે ગુરુને કહ્યું કે (૯૬) "હે સ્વામિન્! તમારા પ્રસાદથી હું વિવેકવાળો થયો છું કે જેથી હવે ચિન્હોને ધારણ કરીશ નહિ અને હે ભગવન્, તમે મારા ગુરુ છો તેથી હે યતિશેખર, શુદ્ધ અદ્વૈતબ્રહ્મનો અર્થ મને કહો." એવી રીતે વિજ્ઞાપના કરી દંડવત કર્યો. ૯૭-૯૮. હાથ જોડીને પાસે બેઠેલા અને નમ્ર એવા તે વ્યાસદાસને જોઇને કરુણાનિધિ **શ્રી**શંકરાચાર્યે હસીને કહ્યું કે (૯૯) "જો તું તેવી વિધિમાં અશક્ત છે તો (હું મુક્ત છું) એવી ભાવના રાખી 'હું બ્રહ્મ છું' એ વચનનો પાઠ કર. ૨૦૦. એ પ્રકારના અભ્યાસથી જેની સુખદુઃખરૂપ એષણાની છ ઉર્મિયો ત્યાગ થઇ છે એવો તું પરમાત્માને જાણીને પછી મુક્ત થઇશ પણ બીજી રીતે થઇશ નહિ." ૨૦૧. એ પ્રમાણે બોધ કરેલો શિષ્ય 'હું કૃતાર્થ થયો છું' એમ કહીને અને 'હું બ્રહ્મ છું' એ શબ્દનો પાઠ કરતો કરતો કુળસહિત પોતાને સ્થાને ગયો. ૨૦૨.

કર્મહીન વૈષ્ણવ નામતીર્થ.

પછી કોઇ કર્મહીન નામતીર્થ નામનો વૈષ્ણવ શંકરાચાર્ય પાસે આવીને આ પ્રકારે કહેવા લાગ્યો કે, "હે સ્વામીન્, મારા મતને સાંભળો (૩) "આ સર્વ વિષ્ણુમય જગત્ શેષથી પણ અકંપિત છે ઇત્યાદિ ગુરુની આજ્ઞાથી સિદ્ધ થાય છે કે ગુરુ મોક્ષને આપે છે ૪. શિષ્ય થવાની ક્રિયા ચાલતી હોય તે કાળે ગુરુ ભગવાન્‌ની પ્રાર્થના કરે છે કે, 'હે પ્રભો, મારા શિષ્યને તમારા ચરણકમળ પ્રત્યે પહોચાડજો' ૫. ગુરુ જ્યારે એ પ્રકારે કહે છે ત્યારે જ પરમેશ્વર તે શિષ્યોને પોતાના ચરણકમળ પ્રત્યે રાખે છે માટે હે યતીશ્વર, મારે પણ પુનર્જન્મનું કારણ નથી (૬) જેથી હું જીવન્મુક્ત છું અને કર્મહીન તથા મોક્ષને ઇચ્છનારા તમે સુરેશ્વર અને સર્વમય એવા પ્રભુરૂપ વિષ્ણુનો આશ્રય કરીને મુક્ત થશો એવો મારો નિશ્ચય છે." એવા તેનાં વચન સાંભળીને **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "તેં સત્યમત કહ્યો છે (૮) કારણ કે કર્મથી ભ્રષ્ટ થયેલો તું નિશ્ચય જીવન્મુક્ત જ છે કેમ કે નિંદ્યાનિંદ્યરહિત થઇને પિશાચની પેઠે પ્રવર્ત્તે છે. ૯. વેદમાં કહેલાં સર્વ કર્મો કરીને અને તે સર્વ કર્મોનું ફળ બ્રહ્મરૂપ ઈશ્વરને વિષે અર્પણ કરવું એ જ જ્ઞાનમાર્ગ કહેલો છે. ૧૦. તથા ફળને અર્થે કર્મ કરવું તે કર્મમાર્ગ કહેલો છે. એવી રીતે માર્ગ બે પ્રકારનો છે. તું

મોકલેલા બીજા હજાર કાપાલિક લોકો આયુધો લઇને બ્રાહ્મણોને મારવા સારૂ તુરત આવી પહોંચ્યા. ૧૯.

न चलति निजवर्णधर्मतो यः सममतिरात्मसुहृद्विपक्षपक्षे ॥ न जहति न च हन्ति कंचिदुच्चैः सितमनसं तमवेहि विष्णुभक्तम् ॥१२॥ श्रुतिस्मृती ममैवाऽऽज्ञे ते उल्लङ्घ्य प्रवर्तते ॥ आज्ञाभङ्गी मम द्रोही मद्भक्तोऽपि न वैष्णवः ॥ १३ ॥ आज्ञाछेदी मम द्रोही स याति नरकं सदा ॥ इत्यादिवचनेभ्योऽतः कर्मत्यागो न शस्यते ॥ १४ ॥ ब्राह्मणः कर्म कुर्वीतेत्यादिवाक्यान्न कर्मणः ॥ त्यागो देवान्तरत्यागो ब्राह्मणानां न चास्ति हि ॥ २१५ ॥ अग्निर्देवो द्विजातीनामिति वाक्यात्ततस्तु भोः ॥ ब्रह्मचार्यादिकैः सर्वैः कर्म त्यक्तुं न शक्यते ॥ १६ ॥ संध्यात्रयातिक्रमदोषशान्तिः कृच्छ्रत्रयेणास्ति ततो द्विजत्वम् ॥ तत्त्यागतो नैव न कर्मणेति श्रुतिस्तु संन्यासममुष्य वक्ति ॥१७॥ इत्युक्तोऽसौ नामतीर्थः प्रणामैः प्रीतं कृत्वा कर्मशीलो बभूव ॥ एवं सर्वे खण्डनं स्वस्वपक्षस्य श्रुत्वा ते निष्कृतिं संविधाय ॥ १८ ॥ शुद्धाद्वैतालम्बिनः सत्रिपुण्ड्रा वेदप्रोक्ताचारनिष्ठा बभूवुः ॥

तस्मात्सुब्रह्मण्यसंज्ञं कुमारस्थानं प्राप श्रीगुरुः पञ्चघस्रैः ॥ १९ ॥ स्नात्वा कुमारधारायां नद्यां शिष्यसमन्वितः ॥ भक्त्या संपूजयामास षण्मुखं शेषरूपिणम् ॥ २२० ॥ काषायवस्त्रदण्डाढ्यः कमण्डलुलसत्करः ॥ भूतिभूषितसर्वाङ्गो बभौ रुद्र इव स्वयम् ॥२१॥ नानादेशस्थविप्रौघाः सुब्रह्मण्यं समागताः ॥ दृष्ट्वा तं शंकराचार्यमिदमूचुः सुविस्मिताः ॥ २२ ॥ द्विजा वयं ब्रह्मकुलोद्भवाः प्रभो मनुप्रभृत्युक्तसुकर्मतत्पराः ॥ हिरण्यगर्भार्चनलब्धमानसप्रशुद्धयः स्थैर्यमुपागतास्तथा ॥ २३ ॥ हिरण्यगर्भः समवर्तताग्रे भूतस्य जातः पतिरेक आसीत् ॥ स दाधार पृथिवीं द्यामुतेमां कस्मै देवाय हविषा

ભ્રષ્ટ એવો વિષ્ણુનો ભક્ત છું માટે દંડ કરવા યોગ્ય છું. ૧૧. જે માણસ પોતાના વર્ણ ધર્મથી ચલાયમાન થતો નથી, પોતાના મિત્રના અને શત્રુના પક્ષમાં સમાન મતિવાળો છે, તેમ જ કોઇને ત્યાગ કરતો નથી તથા મારતો નથી એવા ઉજ્જવળ મનવાળા મનુષ્યોને વિષ્ણુનો ભક્ત જાણ. ૧૨. શ્રુતિ સ્મૃતિરૂપ મારી આજ્ઞા છે તેનું ઉલ્લંઘન કરીને જે માણસ પ્રવર્તે છે તે આજ્ઞાને ભંગ કરનારો મારો દ્રોહી છે પણ મારા ભક્તરૂપ વૈષ્ણવ નથી. ૧૩. તે આજ્ઞાનો છેદનાર અને મારો દ્રોહી નિરંતર નરકમાં જાય છે ઇત્યાદિ વચનોથી સિદ્ધ થાય છે કે અંતકાળને વિષે ઘણાં કર્મનો ત્યાગ કરવો યોગ્ય નથી ૧૪. "બ્રાહ્મણોએ કર્મ કરવાં" ઇત્યાદિ શ્રુતિના વાક્યથી સિદ્ધ થાય છે કે બ્રાહ્મણોએ કર્મનો અને દેવાંતરનો ત્યાગ કરવો નહિ. ૧૫. "દ્વિજાતિ(બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય)નો દેવ અગ્નિ છે. ઇત્યાદિ વાક્યથી સિદ્ધ થાય છે કે બ્રાહ્મણ આચાર્યે વગેરે કોઇ કર્મનો ત્યાગ કરી શકતો નથી. ૧૬. ત્રણ વખતે સંધ્યા ન કરવાથી થયેલું પાપ ત્રણ કૃચ્છ્ર ચાંદ્રાયણ કરવાથી મટે છે અને પછી બ્રાહ્મણપણું પ્રાપ્ત થાય છે તો તે સંધ્યા વગેરે કર્મનો સમૂલ નાશ કરવાથી શ્રુતિ તો સંન્યાસીને કહે છે—અર્થાત્ ભ્રષ્ટ થયેલો કહે છે." ૧૭. એ પ્રકારના શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી નામતીર્થ વૈષ્ણવ ગુરુને પ્રણામ કરી કર્મ કરવામાં તત્પર થયો. એ પ્રકારે સર્વ વૈષ્ણવો પોતાના પક્ષનું ખંડન સાંભળી ગુરુનો ઉપકાર માનીને (૧૮) શુદ્ધ એવા અદ્વૈતમતનો આશ્રય કરનારા, ત્રિપુંડ્રને ધારણ કરનારા અને વેદમાં કહેલા આચારમાં તત્પર થયા.

પછી શ્રીશંકરાચાર્ય ત્યાંથી પાંચ દિવસમાં સુબ્રહ્મણ્ય નામના કુમાર(કાર્તિકસ્વામી)ના સ્થાનમાં આવ્યા. ૧૯. કુમારધારા નદીમાં શિષ્યસહિત સ્નાન કરી શ્રીશંકરાચાર્યે શેષરૂપ કાર્તિકસ્વામીનું ભક્તિથી પૂજન કર્યું. કશાય વસ્ત્ર અને દંડને ધારણ કરનારા, કમંડળથી જેમના હાથ સુશોભિત છે તથા વિભૂતિથી જેમનું સર્વ અંગ વિભૂષિત છે એવા શંકરાચાર્ય પોતે રુદ્રના સરખા શોભવા લાગ્યા. ૨૧ સુબ્રહ્મણ્યક્ષેત્રમાં આવેલા જૂદાજૂદા દેશના બ્રાહ્મણોના સમૂહોએ તે શ્રીશંકરાચાર્યને જોઇને તથા ઘણો જ વિસ્મય પામીને આ પ્રકારે કહ્યું: ૨૨ "હે પ્રભો, અમે બ્રાહ્મણના કુળમાં ઉત્પન્ન થયેલા દ્વિજો છિયે. મનુ વગેરે ધર્મશાસ્ત્રના કર્તાએ કહેલા કર્મમાં તત્પર છીએ. બ્રહ્માના પૂજનથી જેમને મનની શુદ્ધિ પ્રાપ્ત થઇ છે એવા અમે સ્થૈર્યને પામેલા છીએ. ૨૩ બ્રહ્મા સર્વ પ્રાણીઓના આદિ અને પતિ છે આ પૃ-

સુબ્રહ્મણ્ય ક્ષેત્રના જૂદાજૂદા બ્રાહ્મણોસાથે થયેલો સંવાદ.

अवलोक्य कपालिसंघमाराच्छमनानीकनिकाशमापतन्तम् ।
व्यथिताः प्रतिपेदिरे शरण्यं शरणं शङ्करयोगिनं द्विजेंद्राः ॥ २० ॥

યમના સૈન્ય જેવા એ કાપાલિક લોકોના સમૂહને દૂરથી આવતો જોઇ વ્યથા પામેલા બ્રાહ્મણ લોકો શરણાગતોનું રક્ષણ કરનાર શ્રીશંકરાચાર્યને શરણે ગયા. ૨૦.

विधेम ॥ २४ ॥ इत्यादिमन्त्रात्सकलस्य कर्ता ब्रह्मा तथा पालक एष एव ॥ लयस्य कर्ता निखिलोत्तमश्च सर्वाधिकानन्दकरूप उक्तः ॥ २२५ ॥ स एव सृष्ट्वा निखिलं जगत्प्रभुः प्रविश्य सर्वात्मतया स्थितो वै ॥ तदैक्षतेत्यादिवचोभिरीरितः करोति विष्णुं च शिवं भुजाभ्याम् ॥ २६ ॥ तदीयभक्ताः किल योगनिष्ठाः कर्मस्थिताः कूर्चकमण्डलुश्रिताः ॥ वयं यतिं वीक्ष्य भवन्तमद्धा जाताः कृतार्थाः शृणु भोस्तथाऽपि ॥२७॥ वचोऽस्मदीयं भगवन्प्रयोजनं किमस्त्यभेदेन यतश्चतुर्मुखात् ॥ जनिं गतो जीवगणः स्वकर्मणा पुनः पुनः संसृतिमेति दुःखदाम् ॥ २८ ॥ ततो लये ब्रह्मण एव कुक्षौ लयं प्रयात्येष लयस्य काले ॥ मोक्षोऽन्यथा ब्रह्मविदेष याति परं पदं ब्रह्मण एव लोकम् ॥ २९ ॥ तस्माद्भवान्दण्डकमण्डलुश्रितस्तल्लोकयोग्यो यतिशेखरो गुरुः ॥ इत्युक्त आचार्य उवाच शंकरो ब्रह्मादिभूतानि यतो भवन्ति तम् ॥२३०॥ ज्ञात्वा विमुक्तिर्भवतीति हि श्रुतौ प्रोक्तं ततस्तस्य विबोधकारणम् ॥ वेदान्तवाक्यश्रवणादिकं सदा कार्यं विमोक्षो हि लयो न कीर्तितः ॥३१॥ सुषुप्तितुल्यो न च लभ्यते परः कार्यस्य हि ब्रह्मण एव सेवनात् ॥ श्रुत्वैवमाचार्यमुखाद्विहाय ते चिह्नानि शुद्धात्मविबोधतत्पराः ॥ ३२ ॥

शिष्या बभूवुस्तत आगतास्तं प्रोचुर्गुरुं वह्निमतानुवर्तिनः ॥ स्वामिन्वयं वह्निपरा यतो वै मन्त्रेण देवोऽयमुदीरितोऽस्ति ॥ ३३ ॥ अग्निरग्रे प्रथमो देवतानां संपातानामुत्तमो विष्णुरासीत् ॥ यजमानाय परिगृह्य देवान्दीक्षयेतं हविरागच्छतं नः ॥ ३४ ॥ ततश्च विस्फुलिङ्गात्ममणेः शकलधारणम् ॥ कृत्वा मुक्ता भविष्यन्ति ब्राह्मणा वह्न्युपासकाः ॥ २३५ ॥ अग्निर्देवो द्विजातीनामिति वाक्याद्यतीश्वर ॥ अग्निर्देवो न चान्योऽस्ति किंच पापहरः श्रुतः ॥ ३६ ॥ उद्दीप्यस्व जातवेदोऽपघ्नन्निर्ऋतिं

થ્વીના અને દ્યાવાભૂમિના આધાર છે માટે આ બળીથી તે જ બ્રહ્માનું અમે ધ્યાન કરીએ છીએ. ૨૪. ઇત્યાદિ મંત્રોથી નિશ્ચય થાય છે કે સર્વના કર્તા, પાલક, અને નાશ કરનાર બ્રહ્મા છે તથા તે બ્રહ્માને જ સર્વના મધ્યે ઉત્તમ અને આનંદરૂપ કહેલા છે. ૨૫. તે બ્રહ્મા આ સકળ જગતને સ્રજી તેમાં સર્વના આત્મપણાથી પ્રવેશ કરીને રહે છે અને તે જગત્‌ને જુવે છે. ઇત્યાદિ વાકયથી કહેલા બ્રહ્મા પોતાને હાથે કરીને વિષ્ણુને તથા શંકરને કરે છે. ૨૬. તે બ્રહ્માના ભક્ત જ્ઞાનનિષ્ઠ, કર્મમાં તત્પર અને કૂર્મ કમંડલુનો આશ્રય કરીને રહેલા અમે આજ તમારા દર્શન કરીને કૃતાર્થ થયા છીએ, તોપણ હે પ્રભો, અમારા વાકયને સાંભળો: (૨૭.) અભેદપણાયે કરીને બ્રહ્મા થકી ઉત્પન્ન થયેલો જીવસમૂહ પોતાના કર્મે કરીને વારંવાર દુઃખ દેનારી જન્મમરણરૂપ ગતિને પામે છે તેનું શું પ્રયોજન છે? ૨૮. વળી આ સર્વ જીવનો સમૂહ પ્રલયકાળનેવિષે લય થયે છતે બ્રહ્માના ઉદરમાં લય પામશે અને બીજી રીતે મોક્ષ પામવાને યોગ્ય એવો બ્રહ્મજ્ઞાની માણસ પરંપદરૂપ બ્રહ્માના લોકને જ પામે છે. ૨૯. માટે દંડ અને કમંડળનો આશ્રય કરી રહેલા અર્થાત્ સંન્યાસ ધારણ કરેલા–એવા યતિયોના મુકુટરૂપ તથા ગુરુ એવા તમે બ્રહ્માના લોકમાં જવાને યોગ્ય થયા છો.” એવા તે બ્રાહ્મણનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્યે કહ્યું કે, “બ્રહ્મા વગેરે સર્વ પ્રાણીઓ જે થકી ઉત્પન્ન થયા છે. (૩૦) તેને જાણવાથી મુક્તિ થાય છે એમ વેદમાં કહેલું છે માટે તે પરમાત્મારૂપ ઈશ્વરને જાણવાસારૂ વેદાંતના વાકયનું શ્રવણ કરવું. કારણ કે વેદમાં પ્રલયનું નામ મોક્ષ કહેલું નથી. ૩૧. કાર્યરૂપ બ્રહ્માની સેવાથી સુશુપ્તિ–સ્વપ્નાવસ્થા–તુલ્ય પરમાત્માની પ્રાપ્તિ થતી નથી” એ પ્રકારના શ્રીશંકરાચાર્યના મુખ થકી નિકળેલા વાકયને સાંભળીને સર્વ બ્રાહ્મણો પોતાનાં ચિન્હોનો ત્યાગ કરી આત્મબોધમાં તત્પર થયા ને શંકરાચાર્યના શિષ્ય થયા. ૩૨.

પછી અગ્નિમતને અનુસરનારા બ્રાહ્મણોએ શ્રીગુરુની પાસે આવીને કહ્યું કે, “હે સ્વામિન્, અમે અગ્નિરૂપ દેવને માનનારા છીએ અને વેદમંત્રોએ અગ્નિદેવ કહ્યો છે. ૩૩. સંપાતિક દેવતાઓમાં અગ્નિદેવ મુખ્ય છે અને ઉત્તમ વિષ્ણુ છે. વળી જ્યારે દેહનો નાશ થાય ત્યારે યજમાનને દેવતાઓની પદવી આપે છે તે અગ્નિને અર્થે આ અમારૂં બળી થાઓ. ૩૪. માટે આત્મા પણ જેને તણખારૂપ છે એવા તે અગ્નિના એક ખંડ–કટકા–ને ધારણ કરી અગ્નિની ઉપાસના કરનારા બ્રાહ્મણો મોક્ષ પામશે. ૩૫. હે યતીશ્વર, દ્વિજાતિ(બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય)નો દેવ અગ્નિ છે ઇત્યાદિ વાકયથી નિશ્ચય થાય છે. અગ્નિ દેવ છે અને પાપને

અગ્નિમતને માનનારા બ્રાહ્મણો.

असितोमरपट्टिशात्रिशूलैः प्रजिघांसून्भृशमुज्झिताट्टहासान् ।
यतिराट्र स चकार भस्मसात्ताग्निजहुंकारभुवाग्निना क्षणेन ॥ २१ ॥

ખડ્ગોથી, તોમરોથી, પટ્ટિશોથી અને ત્રિશૂલોથી મારી નાંખવાને ઇચ્છતા અને અત્યંત

मम ॥ पशूंश्च मह्यमावह जीवनं च दिशो दिश ॥३७॥ अतः सर्वैर्द्विजैरग्निरेव सेव्यः प्रयत्नतः ॥ कृतकृत्या भवन्त्वस्माद्भवन्तोऽप्यस्य सेवया ॥३८॥ इत्युक्त आह देवानामवमो वह्निरीरितः ॥ परमो विष्णुराख्यातो देवास्तन्मध्यगाः स्मृताः ॥ ३९ ॥ तथाचाग्निः सुराणां वै भागदः कर्मदेवता ॥ अग्निकारणवाक्यानि भूतात्माग्निपराणि तु ॥ २४० ॥ तस्माद्यूयं वह्न्यधीनं हि कर्म कुर्वन्तोऽस्मिन्विष्णुमाराधयन्तः ॥ शुद्धाद्वैते तत्परा यास्यथाद्धा मुक्तिं प्रोक्ता एवमाचार्यवर्यैः ॥ ४१ ॥ नत्वा सर्वे स्वीकृताद्वैतनिष्ठाः स्वस्था जातास्ते सुहोत्रादयोऽन्ये ॥

तत्राथाऽऽगत्याऽऽहुराचार्यवर्यं भक्ता भानोर्मण्डिता रक्तपुष्पैः ॥ ४२ ॥ दिवाकरादयः पूर्णमण्डलाकारमाश्रिताः ॥ तिलकं शृणु भोः स्वामिन्नस्मदीयं मतं ध्रुवम् ॥ ४३ ॥ सूर्यः प्रोक्तः सर्वलोकस्य चक्षुः श्रुत्या तस्मात्सोऽस्ति विद्यादिरूपः ॥ सृष्टिस्थित्यादेः स हेतुश्च तस्मादादित्योऽसौ ब्रह्म चेत्याह वेदः ॥ ४४ ॥ श्रीघृणिः सूर्य आदित्यमिति वेदे मनुः श्रुतः ॥ स्युरस्योपासका रक्तचन्दनाश्रितमस्तकाः ॥ २४५ ॥ तन्मालालंकृतग्रीवाः षड्विधाः सूर्यसेवकाः ॥ उद्यन्तं मण्डलं केचित्कारणं ब्रह्मरूपिणम् ॥४६॥ भजन्त्याकाशमध्यस्थमीशरूपेण केचन ॥ जगल्लयस्य हेतुं तं तेनैवोपक्रमोऽपि च ॥ ४७ ॥ उपसंहारकेणेति विनिश्चित्य भजन्ति तम् ॥ केचित्केचित्तु विष्ण्वात्मकत्वेनास्तमये प्रभोः ॥ ४८ ॥ बिम्बं पालकमेतस्मादेव सृष्ट्यादिकारणम् ॥ त्रिमूर्त्यात्मतया कालत्रये बिम्बस्य सेवकाः ॥ ४९ ॥ केचिदन्ये तु तन्मण्डलेक्षणव्रतधारिणः ॥ हिरण्यश्मश्रुकेशादियुक्तं तन्मण्डले स्थितम् ॥ २५० ॥ भजन्ति किंच तत्रैकदेशिनस्तु

નાશ કરનારા બીજા દેવ સાંભળાતા નથી. ૩૬. જેના થકી **વેદ** ઉત્પન્ન થયા છે એવો અગ્નિદેવ મારી નરકગતિને નાશ કરતો છતો મને પશુ–ગાય, ભેંશ, ઘોડા વગેરે–અને દશેદિશામાં જીવન આપો. ૩૭. માટે સર્વ બ્રાહ્મણોએ પ્રયત્નથી અગ્નિની સેવા કરવી કે જેથી કૃતકૃત્ય થવાય છે અને તમે પણ તે જ અગ્નિદેવની સેવાએ કરીને કૃતકૃત્ય થશો. ૩૮. એવા તે **બ્રાહ્મણોનાં** વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, " દેવતાઓમાં અગ્નિને ન્હાના, **વિષ્ણુને** મ્હોટા, અને બાકીના સર્વ દેવતાઓને મધ્યમ કહ્યા છે. ૩૯. તેમ જ દેવતાઓને યજ્ઞસંબંધી ભાગ આપનારો કર્મ દેવ અગ્નિ છે. સર્વ પ્રાણીઓના આત્મારૂપ અગ્નિ ઇત્યાદિ કારણ વાકયો પણ ઘણાં છે. ૪૦. તે કારણ માટે તમે પણ અગ્નિસંબંધી કર્મને કરતાં છતાં **વિષ્ણુની** આરાધના કરો છો જેથી અદ્વૈતબ્રહ્મને વિષે તત્પર થઇ મોક્ષને પામશો." એવું આચાર્યવર્ય **શ્રી**શંકરે કહ્યું. ૪૧. એટલે **સુહોત્રાદિક** બ્રાહ્મણો ગુરુને નમસ્કાર કરી અદ્વૈતબ્રહ્મના ઉપાસક થયા.

પછી રક્તપુષ્પથી મંડિત એવા **સૂર્યની** ઉપાસના કરનારા બ્રાહ્મણો **શ્રી**શંકરાચાર્ય પાસે આવ્યા.

સૂર્યની ઉપાસના કરનારા બ્રાહ્મણો.

૪૨. પૂર્ણમંડળના સરખા તિલક કરનારા **દિવાકરાદિકે** ગુરુને કહ્યું કે, " હે સ્વામિન્, અમારા નિશ્ચય મતને સાંભળો: (૪૩.) **શ્રુતિયે સૂર્યને** સર્વ લોકના નેત્રરૂપ કહ્યો છે માટે તે **બ્રહ્માદિરૂપ** તે **સૂર્ય** આ જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ, અને લયનું કારણ છે. એ કારણથી **વેદે** તે **સૂર્યને** બ્રહ્મરૂપ કહ્યો છે. ૪૪. વળી **વેદને** વિષે તે **સૂર્યના ઘૃણિ, સૂર્ય, આદિત્ય** વગેરે નામ સંભળાય છે અને કપાળમાં રક્તચંદનને ધારણ કરનારા (૪૫) તથા કંઠને વિષે રક્તપુષ્પની માલા ધારણ કરનારા તે **સૂર્યના** ભક્તો છ પ્રકારના છે. કેટલાક ભકતો જગત્‌ના કારણ અને બ્રહ્મરૂપ **સૂર્યના** ઉદય થતા એવા મંડલને ભજે છે. ૪૬. કેટલાક ભકતો આકાશના મધ્ય ભાગમાં રહેલા મંડલને ઈશ્વરરૂપે કરીને ભજે છે, કેટલાક ભકતો જગત્‌ના પ્રલયના કારણરૂપ તે **સૂર્યને** ઉપસંહારથી નિશ્ચય કરીને ઉપક્રમને વિષે ભજે છે. ૪૭. હે પ્રભો, કોઇ કોઇ ભક્ત તો **વિષ્ણુના** આત્મપણાથી તે **સૂર્યના** બિંબને **બ્રહ્મા, વિષ્ણુ** અને **મહેશ્વરરૂપ** માનીને અસ્ત થતી વખતે ઉપાસના કરે છે. હે દેવ, **સૂર્યપ્રતિબિંબને** સેવન કરનારો, ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કારણરૂપ **સૂર્યના** પ્રતિબિંબને **બ્રહ્મા, વિષ્ણુ** અને **રુદ્રનું** રૂપ માનીને સેવે છે. ૪૯. તે **સૂર્યના** મંડળ સામું જોઇ રહેવારૂપ વ્રતને ધારણ કરનારા બીજા કેટલાક પુરુષો, સોનાની દાઢી મુંછ અને કેશવાળા તે મંડ-

[1]અટ્ટાટ્ટહાસ કરતા એ કાપાલિક લોકોને શંકરાચાર્યે પોતાના હુંકારથી ઉત્પન્ન કરેલા અગ્નિવડે ક્ષણમાત્રમાં ભસ્મ કરી નાખ્યા. ૨૦.

तद्दीक्षणम् ॥ कृत्वा संपूज्य पाद्याद्यैरन्नमश्नन्ति नान्यथा ॥५१॥ केचित्तु तप्तलोहेन फाले भुजयुगे तथा ॥ वक्षस्थले च चिह्नानि मण्डलस्य विधाय ते ॥ ५२ ॥ अनुक्षणं मनस्येवं ध्यायन्तः सन्त्युपासकाः ॥ सर्वैरेतैरुपास्योऽयमुक्तमन्त्रो यतीश्वर ॥ ५३ ॥ श्रुतयः सन्ति तन्मण्डलस्तुतिप्रतिपादिकाः ॥ बह्वृचः पुरुषसूक्तेऽपि भानुरेव निरूपितः ॥ ५४ ॥ सर्ववेदनिरूप्यत्वात्पुरुषं कृष्णपिङ्गलम् ॥ इत्यादिरुद्रमन्त्रे पुरुषशब्दोऽपि तत्परः ॥ २५५ ॥ अरुणः सूर्यभानू च चन्द्रस्तपन एव च ॥ मित्रो हिरण्यरेताश्च रव्यर्यमगभस्तयः ॥ ५६ ॥ विष्णुर्दिवाकरश्चेति संप्रोक्तादित्यमध्यगः ॥ विष्णुरुक्तस्ततो विष्णुः स एवास्ति न चापरः ॥५७॥ आदित्यानामहं विष्णुर्ज्योतिषां रविरंशुमान् ॥ इति कृष्णेन संप्रोक्तं किंच ब्रह्मादिका विभोः ॥ ५८ ॥ सूर्यादेव समुत्पन्नास्तस्मात्सर्वैर्मुमुक्षुभिः ॥ अयमेव समाराध्य इति प्रोक्तः परो गुरुः ॥ ५९ ॥ उवाच शृणु भो मूढ दिवाकर वचो मम ॥ चन्द्रमा मनसो जातः सूर्यस्तस्य तु चक्षुषः ॥ २६० ॥ इति वेदेन जन्यत्वं यस्योक्तं तदनित्यता ॥ तर्कसिद्धान्ततोऽनित्ये ब्रह्मता कथमागता ॥ ६१ ॥ सूर्यनिष्ठपरब्रह्मबोधिकाः श्रुतयस्तु ताः ॥ जगदीशाज्ञया सूर्यो भ्रमतीति श्रुतं स्फुटम् ॥६२॥ भीषाऽस्माद्वातः पवते भीषोदेति सूर्यः ॥ भीषाऽस्मादग्निश्चेन्द्रश्च मृत्युर्धावति पञ्चमः ॥ ६३ ॥ न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ॥ तमेव भान्तमनुभाति सर्वं यस्य भासा सर्वमिदं विभाति ॥ ६४ ॥ इति श्रुत्या परेशस्य भासा भानं प्रकीर्तितम् ॥ सूर्यादेस्तु तथा प्रोक्ता ज्योतिःशास्त्रेऽप्यनित्यता ॥२६५॥ सृष्टिः सरोजासनवासरादौ वियच्चराणां विलयस्तदन्ते ॥ आद्यन्तकालः स च कल्प उक्तः कल्पद्वयं तद्दिवसं विरि-

ળમાં રહેલા સૂર્યને ભજે છે. ૫૦. કેટલાક એકદેશી પુરુષો તે સૂર્યમંડળના દર્શન કરી અને તેનું ગંધપુષ્પ વગેરેથી પૂજન કરીને પછી જમે છે પણ પૂજન કર્યાવિના જમતા નથી. ૫૧. કેટલાક પુરુષો સૂર્યના મંડળની તપ્તમુદ્રાથી પગે, હાથે અને ગળે ચિન્હો ધારણ કરે છે. ૫૨. એ પ્રકારે ઉપાસના કરનારાઓ ક્ષણે ક્ષણે મનમાં ધ્યાન કરે છે માટે હે યતીશ્વર, સર્વ પુરુષોયે આ ઉક્ત મંત્ર ઉપાસના કરવા યોગ્ય છે. ૫૩. ઘણી શ્રુતિયો સૂર્યમંડળની સ્તુતિને પ્રતિપાદન કરનારી છે અને પુરુષસૂક્તમાં પણ સૂર્યનેજ નિરૂપણ કરેલ છે. ૫૪. કૃષ્ણપિંગલ પુરુષ સર્વ વેદને નિરૂપ્ય હોવાથી એ ઇત્યાદિ રુદ્રમંત્રોમાં રહેલો પુરુષ શબ્દ પણ સૂર્યને વિષે પ્રતિપાદન થાય છે. ૫૫. અરુણ, સૂર્ય, ભાનુ, ચંદ્ર, તપન, મિત્ર, હિરણ્યરેતા, રવ્ય, અર્યમા, ગભસ્તિ (૫૬) વિષ્ણુ અને દિવાકર એ સર્વ સૂર્યના મધ્યમાં રહેલા છે અને આ નામોને વિષે વિષ્ણુ ગણાએલા છે માટે સૂર્ય એ જ વિષ્ણુ છે, બીજા કોઇ વિષ્ણુ નથી. ૫૭. આદિત્યોમાં વિષ્ણુનામનો આદિત્ય હું છું. તેજસ્વીઓમાં કિરણવાળો સૂર્ય મારૂં સ્વરૂપ છે એમ કૃષ્ણે પણ કહ્યું છે અને વિભુ એવા સૂર્ય થકી બ્રહ્મ વગેરે ઉત્પન્ન થાય છે. ૫૮. માટે મોક્ષ ઇચ્છનારા સર્વ પુરુષોયે સૂર્યની આરાધના કરવી." એવા સૂર્યોપાસકોનાં વચન સાંભળી શ્રી ગુરુએ કહ્યું કે, (૫૯) "હે મૂઢ, સૂર્ય સંબંધી મારાં વચન સાંભળ: તેના મન થકી ચંદ્રમા અને નેત્ર થકી સૂર્ય ઉત્પન્ન થયો છે. એ પ્રકારે વેદે જેનું જન્મપણું અને અનિત્યતા માની તર્કના સિદ્ધાંતોથી અનિત્યને વિષે બ્રહ્મપણું શી રીતે પ્રાપ્ત થશે? (૬૧) સૂર્યમાં રહેલા પરબ્રહ્મને બોધ કરનારી શ્રુતિયો સ્તુતિ કરે છે કે જગત્‌ના ઈશ્વરની આજ્ઞાથી સૂર્ય સ્ફુટ (પ્રત્યક્ષ) રીતે ભમે છે. ૬૨. જેના ભયથી વાયુ વાય છે, સૂર્ય ઉગે છે, અગ્નિ જાજ્વલ્યમાન થાય છે અને ઇંદ્ર તથા મૃત્યુ દોડે છે અર્થાત્ એ પાંચે પોતપોતાનું કામ કર્યા કરે છે. ૬૩. જેને સૂર્ય, ચંદ્ર, તારા અને વિજળી પ્રકાશીત કરી શકતા નથી, તો અગ્નિ કયાંથી પ્રકાશ કરી શકે? પોતાની મેળે પ્રકાશિત થઇ રહેલા તે ઈશ્વરના પછી સર્વ પ્રકાશિત થાય છે અને પ્રકાશથી આ સર્વ જગત્ પ્રકાશિત થઇ રહ્યું છે. ૬૪. એ પ્રકારે શ્રુતિએ પરમાત્માના પ્રકાશિતપણાનું કીર્તન કરેલું છે અને જ્યોતિઃશાસ્ત્રને વિષે પણ સૂર્યાદિકનું અનિત્યપણું કહેલું છે. ૬૫. બ્રહ્માના દિવસો વગેરેમાં આકાશમાં ગતિ કરનારા સૂર્ય વગેરેનો પ્રલય થાય છે અને તેને અંતે આદ્યંતકાલ થાય છે તે કલ્પ કહે-

૧ એક જાતનું હસવું–ખૂબ ખડખડીને હસવું તેને અટ્ટાટ્ટહાસ કહે છે.

नृपतिश्च शरैः सुवर्णपुङ्खैर्विनिकृत्तैः प्रतिपक्षवक्त्रपद्मैः ।
रणरङ्गभुवं सहस्रसङ्खैः समलंकृत्य मुदाऽगमन्मुनीन्द्रम् ॥ २२ ॥

સુધન્વા રાજા પણ સુવર્ણના પુંખોવાળા બાણોથી કાપી નાખેલાં હજારો કાપાલિક લોકોનાં મુખોરૂપી કમલોથી રણના અખાડાની પૃથ્વીને શરણગારીને આનંદથી શંકરાચાર્યની પાસે આવ્યો. ૨૨.

ब्दैः ॥ ६६ ॥ एवंभूतस्य सूर्यस्य जनकत्वं त्वयेरितम् ॥ ब्रह्मादिकस्य तस्मात्ते विद्या त्वत्यन्तशोभना ॥६७॥ तस्मादेकः परात्मैव सूर्यस्थो निगमैः स्तुतः ॥ ततः पाखण्डचिह्नानि विहायाऽऽचारतत्पराः ॥ ६८ ॥ शुद्धाद्वैतस्य बोधेन मुक्ता भवथ भो द्विजाः ॥ इत्युक्तास्ते गुरुं नत्वा सर्वे तच्छिष्यतां गताः ॥ ६९ ॥ ततस्तत्राऽऽगतैर्विप्रैः सर्वैरपि यतीश्वरः ॥ सभाजितो ययौ तस्माद्वायोराशां जयेच्छया ॥ २७० ॥ शिष्येषु त्रिसहस्रेषु केचित्तं शङ्खपूरणैः ॥ केचिद्वाद्यविशेषैश्च केचित्तालैः शुभोक्तिभिः ॥ ७१ ॥ केचिद्घण्टानिनादैश्च करतालैश्च केचन ॥ केचिद्व्यजनवातैश्च पिच्छवातैश्च केचन ॥ ७२ ॥ समर्चयन्ति संन्यस्तसुखदुःखं यतीश्वरम् ॥ तत्तद्देशगता विप्रा दृष्ट्वा तच्छिष्यतां गताः ॥ ७३ ॥ एवं प्रतिदिनं गत्वा तत्र तत्राऽगतान्द्विजान् ॥ कुमतस्थान्परानन्दभाजः कृत्वा शुभोक्तिभिः ॥ ७४ ॥ पुरं गणवरं प्राप गणपत्याश्रमं शुभम् ॥ तत्र नद्यां हि कौमुद्यां स्नात्वा विघ्नेशमव्ययम् ॥ २७५ ॥ संपूज्य यतिराट् तत्र मासमास सहानुगैः ॥ पद्मपादमुखाः शिष्याः पञ्चपूजापरायणाः ॥ ७६ ॥ दिग्गजा इति विख्याताः परविद्याप्रभेदिनः ॥ परपक्षक्षयोद्युक्तवचसः प्रौढवादिनः ॥ ७७ ॥ तद्वाक्यं शिरसाऽऽगृह्य शिष्योऽन्यः पुरजिद्गलः ॥ नियतः सर्वशिष्याणां पाकादिषु च कर्मसु ॥ ७८ ॥ समर्चयन्गुरुं भिक्षां दत्त्वा तस्मै परात्मने ॥ पद्मपादस्तथाऽन्येषां शिष्याणां षड्रसैर्युतम् ॥ ७९ ॥ अददाद्भोजनं नित्यं ब्रह्मार्पणमिति स्मरन् ॥ सायंतने गुरुं शिष्यास्तमाचार्यशिरोमणिम् ॥ २८० ॥ द्विषड्घा तं नमस्कृत्य ढक्कातालकराः शिवम् ॥

વાય છે. તે બે કલ્પરૂપ બ્રહ્માનો દિવસ થાય છે. ૬૬. તેમ એ પ્રકારે સૂર્યનું પણ જનકત્વપણું કહ્યું માટે બ્રહ્મ આદિક જે વિદ્યા છે તે જ અતિ ઉત્તમ છે. ૬૭. તો તમે પાખંડનાં ચિન્હોનો ત્યાગ કરીને આચારમાં તત્પર થાઓ, કારણ કે સૂર્યમાં રહેલો અને વેદોએ સ્તુતિ કરેલો પરમાત્મા એક જ છે. ૬૮. હે દ્વિજો, તમે શુદ્ધ અદ્વૈતના બોધથી મોક્ષ પામશો." એવાં શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી સૂર્યની ઉપાસના કરનારા સર્વ બ્રાહ્મણો પ્રણામ કરીને તેમના શિષ્ય થયા. ૬૯.

પછી ત્યાં રહેલા સર્વ બ્રાહ્મણોથી સત્કાર પામેલા શ્રીશંકરાચાર્ય વાયવ્યદિશામાં વિજય કરવાને માટે ચાલ્યા. ૭૦. ત્રણ હજાર શિષ્યોમાં કેટલાક શંખના શબ્દે કરીને, કેટલાક વાજીંત્રે કરીને, કેટલાક તાલ અને ઉત્તમ વાણીએ કરીને (૭૧), કેટલાક ઘંટાના શબ્દે કરીને, કેટલાક તાલીઓવડે કરીને, કેટલાક વીંઝણાથી પવન નાંખવાવડે કરીને અને કેટલાક મોરપિચ્છના પવને કરીને (૭૨) સંન્યાસને લીધે જેમને સુખ-દુઃખ સમાન છે એવા શ્રીશંકરાચાર્યની સેવા કરતા હતા અને શ્રીગુરુ જે જે દેશમાં ગયા તે તે દેશના સર્વ બ્રાહ્મણો તેમના શિષ્ય થયા. ૭૩.

એ પ્રકારે પ્રતિદિન તે તે દેશના પાખંડમતને માની રહેલા બ્રાહ્મણોને સદ્બોધથી પરમ આનંદવાળા કર્યા. ૭૪. એવી રીતે વાયવ્યદિશામાં વિચરતા એવા શ્રીશંકરાચાર્ય, ગણપતિના આશ્રયવાળા (જ્યાં ગણપતિની ઉપાસના કરનારા બ્રાહ્મણો રહેતા હતા એવા) ગણવર નામના નગરમાં આવી પહોચ્યા. ત્યાં કૌમુદી નદીમાં સ્નાન કરી અવ્યય એવા શ્રીવિઘ્નરાજ ગણપતિનું પૂજન કરીને પોતાના શિષ્યો સહિત ત્યાં એક માસ રહ્યા. ૭૫. પંચદેવનું પૂજન કરવામાં તત્પર, દિગ્ગજની પેઠે વિખ્યાત, પર વિદ્યાને ભેદન કરનારા, પર મોક્ષનો નાશ કરવાને ઉદ્યમવંત વચનવાળા અને પ્રૌઢવાદી એવા પદ્મપાદાચાર્ય વગેરે શિષ્યો શ્રીશંકરાચાર્યની આજ્ઞા મસ્તકવડે ગ્રહણ કરતા હતા. ૭૭. પાકાદિ કર્મને વિષે સર્વ શિષ્યોના નિયંતા પદ્મપાદાચાર્ય ગુરુનું પૂજન કરી અને પરમાત્મા તે ગુરુને ભિક્ષા આપી. પછી સર્વ શિષ્યોને ષટરસયુક્ત ભોજન બ્રહ્માર્પણનું સ્મરણ કરીને નિરંતર આપતા અને સાંજે સર્વ શિષ્યો આચાર્યોમાં શિરોમણી સરખા ગુરુને (૮૦) બાર પ્રકારે નમસ્કાર કરી ઢક્કા તથા તાલ હાથમાં લઇ સચ્ચિદા-

ગણપતિના ઉપાસકો સાથે થયેલો સંવાદ.

तदनु क्रकचो हतान्स्वकीयानरुजांश्च द्विजपुंगवानुदीक्ष्य ।
अतिमात्रविदूयमानचेता यतिराजस्य समीपमाप भूयः ॥ २३ ॥

પછી પોતાના લોકોને મરી ગએલા અને બ્રાહ્મણોને કુશલ રહેલા જોઇ મનમાં અત્યંત ખેદ પામતો ક્રકચ ફરીવાર શંકરાચાર્યની પાસે આવ્યો. ૨૩.

स्तुवन्तो नृत्यमाचक्रुः परेशं सच्चिदद्वयम् ॥ ८१ ॥ प्रपूर्णं ब्रह्माहं निखिलजनकं बुद्धिनिहितं चिदानन्दं सत्यं सकलजगदाधारममलम् ॥ अगम्यं वागाद्यैः सुजितकरणैर्ज्ञातमनघैः सुनिर्वाणं लब्ध्वा यदिह न पुनः संसृतिरयः ॥ ८२ ॥ जल्पन्त एवं बहुधा सुनृत्यं कुर्वन्त आचार्यसमीपसंस्थाः ॥ प्रीतिं गतास्तंरयुरुदारचित्ता हर्षेण युक्ता निखिला विनेयाः ॥८३॥ एवमानन्दसंतुष्टमाचार्यं सेवकानपि ॥ तत्पट्टनद्विजाः प्रेक्ष्य किमेतदिति चाब्रुवन् ॥ ८४ ॥ न हि युष्मन्मतं सम्यगिव भाति हि पश्यताम् ॥ आकाशवन्निरालम्बमद्वयं ब्रह्म केवलम् ॥ २८५ ॥ मनोवागादिवृत्तीनामगोचरतरं परम् ॥ कथमज्ञोपबोधाय योग्यं स्यान्मतमीदृशम् ॥ ८६ ॥ तस्यक्त्वाऽस्मन्मतं सम्यगाचरन्तु शुभाप्तये ॥ गाणपत्यमिति ख्यातं षड्भिर्भेदैः समन्वितम् ॥ ८७ ॥ समस्तवेदतात्पर्यैस्तदेव हि समीरितम् ॥ तदाचरतमत्यन्तशान्तिदं मोक्षदं नृणाम् ॥ ८८ ॥ तुण्डैकदन्तचिह्नाभ्यां चिह्नितं शक्तिसंयुतम् ॥ महागणपतिं यस्तु सदा ध्यायत्यनन्यधीः ॥८९॥ तन्मूलमन्त्रपठनपरः सन्ब्राह्मणोत्तमः ॥ यो वर्तते स एवात्र मोक्षभाग्भवति ध्रुवम्॥२९०॥ ध्येयो वल्लभया च चन्द्रकलयाऽऽश्लिष्टो ज्वलद्भूषया विश्वोत्पत्तिविपत्तिसंस्थितिकरोऽविघ्नो विशिष्टार्थदः ॥ इत्येवं गणनायकः खलु जगत्सृष्ट्यादिकर्तेरितो युक्तं चैतदजादिकस्य विलयेऽप्यस्मिन्स्थिते हीश्वरे ॥९१॥ आसीद्गणपतिस्त्वेक इति श्रुत्या प्रकीर्तितः ॥ ब्रह्मादिकगणेशोऽयं तस्मादखिलकारणम् ॥ ९२ ॥ तन्मायया विरचिता ब्रह्माद्या जगदीश्वराः ॥ इत्युक्त आह भो मूढ गजास्यः कारणं कथम् ॥ ९३ ॥ किंच रुद्र-

નંદરૂપ પરમાત્મા શંકરની સ્તુતિ કરતા છતા નૃત્ય કરતા હતા. ૮૧. "પરિપૂર્ણ બ્રહ્મ, સર્વના કર્તા, બુદ્ધિના દાતાર, સચ્ચિદાનંદ, સત્ય, સકલ જગત્‌ના આધાર, નિર્મલ, વાણી વગેરેથી જાણી શકાય નહિ એવા ઇંદ્રિયોને ઉત્તમ રીતે જીતનારા, અને પાપ રહિત પુરુષોએ જાણેલા એવા મોક્ષરૂપ પરમાત્માને હું પામું કે જેથી ફરીને આ લોકમાં જન્મમરણ થાય નહિ." ૮૨. એ પ્રકારે ઉદાર ચિત્તવાળા અને હર્ષયુક્ત સર્વે નમ્ર શિષ્યો વારંવાર ઉચ્ચાર કરતા તથા નૃત્ય કરતાં થાકીને શ્રીગુરુ પાસે બેસતા. ૮૩. એવી રીતે આનંદથી સંતોષ પામેલા આચાર્યને અને શિષ્યોને જોઇને તથા તેઓના શબ્દોના ઉચ્ચાર સાંભળીને તે નગરમાં રહેનારા દ્વિજોથી અજાણ્યું આ શું છે? એમ કહીને સંન્યાસિઓને કહ્યું કે, (૮૪) "જોવામાં તમારો મત સારો હોય એમ અમને લાગતું નથી. કારણ કે, આ મત આકાશની પેઠે આલંબરહિત, અદ્વય, કેવળ બ્રહ્મરૂપ (૮૫) અને મન તથા વાણીએ કરીને જાણી શકાય નહિ એવો છે. માટે આ મત અજ્ઞાની પુરુષોને બોધ કરવા યોગ્ય કેમ થાય? ૮૬. માટે આ મતનો ત્યાગ કરી ષડ્ભેદવાળા અને ગાણપત્ય નામના અમારા ઉત્તમ મતનું મોક્ષસિદ્ધિને માટે આચરણ કરો. ૮૭. સઘળા વેદના તાત્પર્યથી ઉત્તમ કહેવાયેલો અને મનુષ્યોને મોક્ષ તથા શાંતિ આપનાર આ અમારા મતનું આ ચરણ કરો. ૮૮. જે બ્રાહ્મણ હાથીના મુખવાળા અને એકદંતવાળા તથા શક્તિયુક્ત મહાગણપતિનું નિશ્ચલ બુદ્ધિથી નિરંતર ધ્યાન કરે છે (૮૯) અને જે ઉત્તમ ગણપતિના મંત્રનો પાઠ કરે છે તે બ્રાહ્મણ મોક્ષનો ભાગિયો થાય છે અર્થાત્ મોક્ષને પામે છે. ૯૦. પ્રિયપત્નિ તથા ચંદ્રકલાયુક્ત જાજ્વલ્યમાન વિભૂષણને ધારણ કરનાર, વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર, તથા નિર્વિઘ્નરૂપ ઉત્તમ અર્થને આપનાર શ્રીમહાગણપતિ સૌને ધ્યાન કરવા યોગ્ય છે વળી પ્રલયને વિષે બ્રહ્માદિનો લય થયા છતાં ઈશ્વરરૂપ તે ગણપતિ જ રહે છે તેથી તે મહાગણપતિ જગત્‌ની ઉત્પત્તિ વગેરેના કર્તા છે એ વાત યોગ્ય છે. ૯૧. વળી વેદ પણ એમ જ કહે છે કે બ્રાહ્મણાદિક ગણના અધિપતિ અને જગત્‌ના કારણરૂપ આ ગણપતિ એક જ છે (૯૨) તથા તે ગણપતિની માયાયે કરીને બ્રહ્મા વગેરે સર્વે, જગત્‌ના ઈશ્વરો ઉત્પન્ન થાય છે." એવા ગણપતિના ભકતોનાં વચન સાંભળીને શ્રીશંકરાચાર્યે કહ્યું કે, "હે મૂઢ, હાથીના મુખવાળા ગણપતિ જગત્‌નું કારણ કેમ હોય? ૯૩. કારણ કે, તે ગણપતિ રુ-

कुमताश्रय पश्य मे प्रभावं फलमाप्स्यस्यधुनैव कर्मणोऽस्य ।
इति हस्ततले दधत्कपालं क्षणमध्यायदसौ निमील्य नेत्रे ॥ २४ ॥

'હે દુષ્ટ મતવાળા! મારા પ્રભાવને જોઇ લે. તું આ કામનું હમણાં જ ફલ પામીશ! એમ બોલતાં બોલતાં તે કકચે હાથમાં ખોપરી લઇ આંખ્યો મીંચીને ક્ષણ માત્ર ભૈરવનું ધ્યાન કર્યું. ૨૪.

सुतत्वेन प्रसिद्धः कारणं पितुः ॥ कथं भवेदतो ब्रह्म कारणं श्रुतिमानतः ॥ ९४ ॥ ब्रह्म वा इदमित्यादिवाक्यतस्त्वत्समीरितम् ॥ वाक्यं ब्रह्मपरं नेयमित्युक्तो गिरिजासुतः ॥ २९५ ॥ उवाच पुनराचार्यं सत्यमेतद्वचोऽस्तु ते ॥ तथाऽप्यङ्केन शून्योऽयं पुमान्देवस्य संनिधौ ॥ ९६ ॥ गन्तुं योग्यः कथं भूयात्स्वेष्टस्य यतिपुङ्गव ॥ इत्युक्तः श्रीमदाचार्यः प्राह मूढमते शृणु ॥ ९७ ॥ ब्राह्मणस्य कुले जन्म शिखादेश्च विधारणम् ॥ वेदोक्तकर्मनिष्ठत्वं विप्रत्वं समुदाहृतम् ॥ ९८ ॥ एतावता भवेद्विप्रः कृतकृत्यस्ततोऽस्य तु ॥ पाखण्डमात्रमेवास्ति तत्तच्चिह्नस्य धारणम् ॥ ९९ ॥ वेदेन हि विरुद्धं यत्पुराणेषु च निन्दितम् ॥ न तत्कार्यं प्रवृत्तेन मोक्षस्यार्थे विवेकिना ॥ ३०० ॥ किं च हेमनिभे चक्रे मूलाधारे चतुर्दले ॥ गणेशोऽस्ति तथा चक्रे स्वाधिष्ठानकसंज्ञके ॥ १ ॥ षड्दले विद्रुमाकारे ब्रह्माऽस्ति मणिपूरके ॥ द्विपञ्चदलसंयुक्ते नीलवर्णे स्थितो हरिः ॥ २ ॥ द्विषड्भिस्तु दलैर्युक्तेऽनाहते पिङ्गले स्थितः ॥ रुद्रो भूतपतिर्देवो जीवात्मा धूम्रवर्णके ॥ ३ ॥ विशुद्धे ह्यष्टभिर्युक्ते दलैराज्ञाभिधे तथा ॥ सहस्रदलसंयुक्ते चक्रे कर्पूरवर्णके ॥ ४ ॥ परमात्मा स्थितस्तस्माद्देह एव व्यवस्थितः ॥ गणेशस्तस्य चिह्नेन न प्रयोजनमण्वपि ॥ ३०५ ॥ तथाचाऽऽज्ञाभिधे चक्रे सर्वगोऽपि व्यवस्थितः ॥ सर्वान्संप्रेरयित्वा हि स्वयं साक्षी स निर्गुणः ॥ ६ ॥ सच्चिदानन्दरूपोऽसौ सर्वातीतोऽखिलोत्तमः ॥ सम्यग्वेदेषु संप्रोक्तस्तं परेशं विचिन्तय ॥ ७ ॥ मुक्तो भविष्यसीत्युक्तः सगणः शिष्यतां गतः ॥ त्यक्तचिह्नो गुरोस्तस्य शंकरस्य महात्मनः ॥ ८ ॥ पञ्चपूजापरो नित्यं पञ्चयज्ञपरायणः ॥ गुरुशुश्रूषणासक्तः समभूद्गिरिजासुतः ॥ ९ ॥

દ્રના પુત્રપણાએ કરીને પ્રસિદ્ધ છે તો પુત્ર પિતાના કારણરૂપ કેમ થાય અને શ્રુતિના માનથી બ્રહ્મ કારણપણ કેમ થાય? (૯૪) 'આ બ્રહ્મ છે' ઇત્યાદિ વાકયથી સિદ્ધ થાય છે કે તમે કહેલું વાકય (ગિરિજાપુત્ર-ગણપતિ પરંબ્રહ્મ છે તે) સિદ્ધ થતું નથી." ૯૫. ગણપતિના ઉપાસકોએ ફરીને શ્રીશંકરાચાર્યને કહ્યું કે, "હે યતિપુંગવ, તમે કહેલું વચન સત્ય હોય તોપણ પોતપોતાના દેવની મુદ્રાઓ ધારણ કર્યાવિના આ પુરુષ પોતાના દેવની પાસે જવા યોગ્ય કેમ થાય?" એવા શ્રીગણપતિના ભક્તોનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્યે કહ્યું કે, "હે મૂઢમતે, સાંભળ: (૯૬, ૯૭) બ્રાહ્મણના કુલમાં જન્મ, શિખા, યજ્ઞોપવિત વગેરેનું ધારણ અને વેદમાં કહેલા કર્મને વિષે સાવધાનપણું એ વિપ્રપણું કહેવાય છે. ૯૮. વેદમાં કહેલા કર્મ કરવાથી બ્રાહ્મણ કહેવાય છે અને તેથી જ કૃતકૃત્ય થવાય છે. અને જેજે દેવની ઉપાસના કરીએ તેતે દેવનાં ચિન્હોને ધારણ કરવાં એ સર્વ પાખંડ છે. ૯૯. જે કાર્ય વેદથી વિહિત હોય અને પુરાણોમાં નિંદિત હોય તે કાર્ય મોક્ષના અર્થિ અને વિવેકી પુરુષોયે કરવું નહિ. ૩૦૦. કારણ કે સુવર્ણના સરખી કાંતિવાળા મૂલાધાર નામના ચક્રને વિષે ગણપતિ રહ્યા છે—તેમ જ સ્વાધિષ્ઠાનક નામના (૩૦૧) વૈદુર્યમણિના સરખા ઉજ્જવળ ષટ્દળ ચક્રને વિષે બ્રહ્મા રહ્યા છે તથા મણિપૂરકને વિષે નિલવર્ણવાળા દશદળ ચક્રને વિષે હરિ રહ્યા છે (૩૦૨) અને ધૂમ્રવર્ણના ને કાંઇક પીળા રંગના દ્વાદશદળવાળા અનાહત ચક્રને વિષે જીવાત્મા એવા ભૂતપતિ રુદ્રદેવ રહ્યા છે (૩૦૩) તથા કપૂરના સરખા શુદ્ધ એવા આજ્ઞા નામના સોળદળવાળા અને સહસ્રદળ ચક્રને વિષે પરમાત્મા રહ્યા છે (૩૦૪) અને એ સર્વથી દેહનું નિર્માણ થયું છે તો પછી ગણપતિનાં ચિન્હ ધારણ કરવાને કાંઇ પણ પ્રયોજન રહ્યું નથી. ૫. તેમ જ આજ્ઞા નામના ચક્રને વિષે સર્વનો અંતર્યામિ રહેલો છે કે જે સર્વને આજ્ઞા કરે છે અને પોતે તો નિર્ગુણ તથા સાક્ષીરૂપ છે. ૩૦૬. સચ્ચિદાનંદરૂપ સર્વથી જૂદા અને સર્વના મધ્યે ઉત્તમ એવા તે અંતર્યામિને ઉત્તમ વેદોમાં વખાણેલા છે માટે તે પરમાત્માનું ચિંતવન કર. ૩૦૭. કારણકે તેમ કરવાથી તું મોક્ષ પામીશ." એ

सूरया परिपूरितं कपालं झटिति ध्यायति भैरवागमज्ञे ।
स निपीय तदर्धमर्धमस्या निदधार स्मरति स्म भैरवं च ॥ २५ ॥

ભૈરવ તંત્રોને જાણનારો એ ક્રકચ ધ્યાન કરવા લાગતાં ખોપરી તુરત મદિરાથી ભરપૂર થઇ ગઇ. પછી ક્રકચે તેમાંથી અરધી મદિરા પીને અને અરધી રહેવા દઇને ભૈરવનું સ્મરણ કર્યું. ૨૫.

आगत्यान्यो हरिद्रागणपतिमतवादी गुरुं तं जगाद ब्रह्मादीनां गणानामधिपतिममरेशोपदेष्ट्रादिकानाम् । आदेष्टारं कवीनां सलिलजपतिं ज्येष्ठराजं परेशं ध्यायेमेत्यादि वेदो वदति यतिपते सर्वकार्येषु पूज्यम् ॥ ३१० ॥ तस्माद्देवादिभिः सर्वैः संपूज्योऽयं गणेश्वरः ॥ ध्यानमस्य तु संप्रोक्तं स्कान्दे सम्यग्यतीश्वर ॥११॥ पीताम्बरधरं देवं पीतयज्ञोपवीतिनम् ॥ चतुर्भुजं त्रिनयनं हरिद्रालसदाननम्॥१२॥ पाशाङ्कुशधरं देवं दण्डाभयकराम्बुजम् ॥ एवं यः पूजयेद्देवं स मुक्तो नात्र संशयः ॥१३॥ जगत्कारणमेवायं ब्रह्माद्या अंशरूपिणः ॥ अस्मादेव समुत्पन्नास्तस्मात्सर्वपितामहम् ॥१४॥ विघ्नेशानं भवन्तोऽपि भजन्तु जगदीश्वरम् ॥ तुण्डाकारेण लोहेनैकदन्ताकारकेण च ॥ ३१५ ॥ संतप्तेनाङ्कितस्यैव मुक्तिरस्ति भुजद्वये ॥ इत्युक्त आह सर्वज्ञो गुरुस्तं करुणानिधिः ॥१६॥ अस्त्वेवं परमात्मैव जगत्कर्ता त्वयेरितः ॥ गणाधिपतिशब्देन सर्वनामा महेश्वरः ॥१७॥ अंशांशिनोरभेदेन रुद्रपुत्रोऽपि च स्वयम् ॥ संभवत्येव सर्वात्मा सर्वविघ्ननिवारकः ॥ १८ ॥ उपासनीय एवायं निखिलैरस्तु सर्वदः ॥ किंच विघ्नैर्गणेशाद्याः पञ्च पूज्या मुमुक्षुभिः ॥ १९ ॥ किंतु तुण्डादिचिह्नस्य धारणं संविरुध्यते ॥ वेदेन च पुराणेन तस्माच्चिह्नं विहाय भोः ॥३२०॥ पञ्चपूजादिसंपन्नोऽद्वैतनिष्ठो विमोक्ष्यसे ॥ एवमुक्तो गुरुं नत्वा द्विषड्धा तत्कटाक्षतः ॥२१॥ पवित्रतां गतो ध्यायं-

પ્રકારના મહાત્મારૂપ શ્રીશંકરાચાર્યે ગુરુનાં વચન સાંભળી તે ગણપતિનો ભક્ત પોતાના ગણસહિત ચિન્હોને ત્યાગ કરીને શિષ્ય થયો. ૩૦૮. પંચદેવનું પૂજન તથા પંચયજ્ઞ કરવામાં તત્પર, અને ગુરુની સેવા કરવામાં આસક્ત એવો તે ભક્ત થયો. ૩૦૯.

કોઇએક હરિદ્રાગણપતિના મતવાળા જોડેનો વિવાદ.

પછી ગિરિજાનો પુત્ર એવા કોઇએક હરિદ્રાગણપતિના મતવાળો આવ્યો તેણે શ્રીશંકરાચાર્યને કહ્યું કે, "હે યતિપતે, બ્રહ્માદિ ગણોના અધિપતિ, ઇંદ્ર, ઉપેંદ્ર અને કવિઓને આજ્ઞા કરનાર તથા અક્ષમાળાને ધારણ કરનાર એવા પરમાત્મારૂપ ગણપતિનું અમે ધ્યાન કરીયે છીએ. કારણકે સર્વ કાર્યને વિષે ગણપતિ પૂજા કરવા યોગ્ય છે એમ વેદ કહે છે. ૩૧૦. માટે દેવતા વગેરે સર્વ મનુષ્યોએ આ ગણપતિનું પૂજન કરવા યોગ્ય છે અને હે યતીશ્વર, તે ગણપતિનું ધ્યાન પણ સ્કંદપુરાણમાં ઉત્તમ રીતે કહ્યું છે. ૩૧૧. પીળા પીતાંબરને ધારણ કરનાર (સુવર્ણની) પીળા રંગવાળી જનોઇને ધારણ કરનાર, ચાર હાથવાળા, ત્રણ નેત્રવાળા અને હરિદ્રા(હળદર)થી સુશોભિત મુખવાળા તે ગણપતિ દેવ છે. ૩૧૨. વળી પાશ, અંકુશ, દંડ અને અભયને હસ્તકમળને વિષે ધારણ કરનારા છે. જે માણસ એ પ્રકારના ગણપતિનું પૂજન કરે છે તે નિશ્ચય મોક્ષને પામે છે. ૧૩૩. તે ગણપતિ જગતનું કારણ છે અને બ્રહ્મા વગેરે તેમનાથી ઉત્પન્ન થયા તે અંશરૂપ છે માટે સર્વના પિતામહરૂપ છે. ૧૧૪. અને વિઘ્નને ન નાશ કરનાર જગતના ઈશ્વર તે ગણપતિનું તમે પણ સેવન કરો તથા ગણપતિના મુખના આકારવાળી અને એકદંતના આકારવાળી તપાવેલી લોહમુદ્રા બે હાથને વિષે ધારણ કરનારઓ જ મોક્ષને પામે છે." એવા ગણપતિના ભક્તનાં વચન સાંભળી કરુણાનિધિ અને સર્વજ્ઞ એવા શ્રીશંકરાચાર્યે તેને કહ્યું કે, (૩૧૬.) "તમે ગણપતિ શબ્દે કરીને સર્વના મહેશ્વર જગત્ કર્તા પરમાત્મા કહેતા હો તો તે એમ થાઓ. ૩૧૭. કારણ કે રુદ્રના પુત્ર અને સર્વ વિઘ્નને નિવારણ કરનારા તે ગણપતિ અંશાંશના અભેદે કરીને સર્વાત્મા સંભવે છે તથા સર્વફળને આપનારા તે ગણપતિ સર્વ મનુષ્યોને ઉપાસના કરવા યોગ્ય છે. ૩૧૮. કારણ કે મોક્ષ ઇચ્છનારા બ્રાહ્મણે ગણપતિ વગેરે પંચદેવ પૂજન કરવા યોગ્ય છે. ૩૧૯. પરંતુ ગણપતિના મુખ વગેરેની તપ્તમુદ્રા ધારણ કરવી એ જ વેદ અને પુરાણવડે કરીને વિરુધ છે માટે હે વિપ્ર, ચિન્હોનો ત્યાગ કરી (૩૨૦) પંચદેવનું પૂજન કરવામાં તત્પર અને અદ્વૈતબ્રહ્મમાં

अथ मर्त्यशिरः कपालमाली ज्वलनज्वालजटाछटस्त्रिशूली।
विकटप्रकटाट्टहासशाली पुरतः प्रादुरभून्महाकपाली ॥ २६ ॥

આ સમયમાં તુરત જ તેની આગળ માણસોનાં માથાઓની ખોપરીઓની માલાઓવાળા અગ્નિની જ્વાલા જેવી જટાની છટાવાળા, હાથમાં ત્રિશૂલવાળા અને ભયંકર રીતે પ્રકટ અટ્ટાટ્ટહાસ કરતા **ભૈ**રવનાથ પ્રકટ થયા. ૨૬.

स्तमेव परमं गुरुम् ॥ पञ्चपूजादिकं कुर्वन्सुखमापामितं द्विजः ॥ २२ ॥ ततो गणकुमाराख्ये निरस्तेऽन्यः समागतः ॥ आचार्यमाह हेरम्बसुतस्तं परमं गुरुम् ॥ २३ ॥ महागणपतेस्त्वेकं हरिद्रागणपस्य च ॥ उच्छिष्टगणपस्यैकं नवनीतगणेशितुः ॥ २४ ॥ मतमेकं तथा स्वर्णगणपस्यैकमीरितम् ॥ संतानगणपस्यैकमागमे शैवसंज्ञके ॥ ३२५ ॥ उच्छिष्टगणपस्याहमुपासनपरायणः ॥ उच्छिष्टगणपः प्रोक्तो वाममार्गावलम्बनात् ॥ २६ ॥ चतुर्भुजं त्रिनयनं पाशाङ्कुशगदाभयम् ॥ तुण्डाग्रतीव्रमधुकं गणनाथमहं भजे ॥ २७ ॥ महापीठनिषण्णं तं वामाङ्गपरिसंस्थिताम् ॥ देवीमालिङ्ग्य चुम्बन्तं स्पृशंस्तुण्डेन वै भगम् ॥२८॥ इति ध्यानं हि संप्रोक्तं तस्माद्युक्तं तु चिन्तनम् ॥ जीवेशयोरिवैक्यस्य तयोस्तु यतिनायक ॥ २९ ॥ कुङ्कुमाङ्कितफालोऽहं भक्तो मार्गद्वये स्थितः ॥ इच्छाधीनानि कर्माणि कृत्वा देवं भजे सदा ॥ ३३० ॥ एतत्समं मतं नास्तीत्येवं मत्वाऽतिहृष्टधीः ॥ संपन्नोऽस्मि यते किं च धर्मोऽस्त्यस्मिन्मते नृणाम् ॥ ३१ ॥ सर्वेषामेक एवैकजातित्वात्तद्वदेव हि ॥ समस्ता योषितस्तेषां तासां चैव वियोगतः ॥ ३२ ॥ संयोगतश्च नो दोषः कश्चिदस्ति यतीश्वर ॥ अयमेव पतिर्ह्यस्या इति नास्ति नियामकः ॥ ३३ ॥ अन्योन्यसङ्गजानन्दप्राप्तिरेव विमुक्तता ॥ आनन्दात्मा गणेशोऽयं तदंशाः पद्मजादयः ॥ ३४ ॥ अंशांशिनोरभेदस्तु वेदे सम्यक्प्रकीर्तितः ॥ गणेभ्यो गणपेभ्यश्च नम इत्यादिना यते ॥ ३३५ ॥ रुद्रस्तु गणपात्मैव

સાવધાન થા કે જેથી મોક્ષ પામીશ." એ પ્રકારે **શ્રી**શંકરાચાર્યે કહ્યું એટલે તે બ્રાહ્મણ **શ્રી**શંકરાચાર્યને બાર પ્રકારે પ્રણામ કરી (૩૨૧) ગુરુના કટાક્ષથી પવિત્ર થઇ તે જ પરમ ગુરુનું ધ્યાન કરતો છતો તથા પંચદેવની પૂજા કરતો છતો, મોક્ષસુખને પામ્યો. ૩૨૨.

કોઈએક ગણકુમાર હેરંબપુત્ર જોડે કરેલો વિવાદ.

પછી ગણકુમાર નામના કોઇ હેરંબપુત્રે આવીને પરમગુરુ **શ્રી**શંકરાચાર્યને કહ્યું કે, (૩૨૩) " એક **મ**હાગણપતિનો, એક હરિદ્રાગણપતિનો, એક ઉચ્છિષ્ટગણપતિનો, એક **ન**વનીતગણપતિનો, (૩૨૪) એક **સ્વ**ર્ણગણપતિનો અને એક **સં**તાનગણપતિનો એમ ગણપતિના જૂદા જૂદા મત **શિ**વ નામના આગમમાં કહ્યા છે. ૩૨૫. હું ઉચ્છિષ્ટગણપતિની ઉપાસના કરવામાં પરાયણ છું, અને તે વામ (ડાબા) અંગના અવલંબ થકી ઉચ્છિષ્ટગણપતિ કહેવાય છે. ૩૨૬. ચાર હાથવાળા, ત્રણ નેત્રવાળા, પાશ, અંકુશ, ગદા અને અભયને ધારણ કરનારા અને મુખના અગ્રભાગથી જેનો તીવ્રમદ ઝરે છે એવા ગણપતિને હું ભજાુંછું. ૩૨૭. મહાપીઠ ઉપર બેઠેલા, (પોતાના) વામભાગ ઉપર બેઠેલી દેવીના મુખને પોતાના મુખથી સ્પર્શ કરી ચુંબન કરતા એવા ગણપતિને હું ભજાુંછું. ૩૨૮. એ પ્રકારે ઉચ્છિષ્ટ ગણપતિનું ધ્યાન કહ્યું છે માટે હે યતિનાયક, જીવ અને ઈશ(પરમાત્મા)ની પેઠે એકરૂપ થઇને રહેલા તે ગણપતિ અને દેવીનું ધ્યાન કરવું એ જ યોગ્ય છે. ૩૨૯. કુંકુમથી જેનું ભાલ (કપાળ) અંકિત છે એવો અને બેય માર્ગને વિષે રહેલો હું તથા બીજા પણ મરજી પ્રમાણે કર્મોને કરતાં છતાં તે દેવનું ભજન કરીએ છીએ. ૩૩૦. આ મત સમાન બીજો મત નથી એમ માનીને જેની બુદ્ધિ અત્યંત હર્ષિત થઇ છે એવો હું પૂર્ણ થયો છું કારણ કે આ મતને વિષે મનુષ્યોને બીજો કાંઇ ધર્મ નથી. ૩૩૧. વળી તે સર્વ દેવતાઓની એક જાતિ (ગણપતિની જાતિ) છે તેથી તે સર્વ ગણપતિઓની સ્ત્રીઓને પતિનો વિયોગ થાય અથવા ગણપતિયોને સ્ત્રીઓનો વિયોગ થાય તો (૩૩૨) બીજાનો સ્વીકાર કરવામાં કોઇ દોષ નથી. કારણકે હે યતીશ્વર, અમુક સ્ત્રીનો અમુક પતિ છે એવો નિયમ નથી. ૩૩૩. પરસ્પર સંગથી ઉત્પન્ન થયેલા આનંદની પ્રાપ્તિ એ જ જેને મુક્તિ છે એવો અને આનંદયુક્ત આ ગણપતિ છે તથા તે ગણપતિના અંશ બ્રહ્મા વગેરે છે. ૩૩૪. હે યતે, અંશને તથા અંશાંશને અભેદે કરીને વેદમાં નિરૂપણ

तव भक्तजनद्रुहं दृशा संजहि देवेति कपालिना नियुक्तः ।
कथमात्मनि मेऽपराध्यसीति क्रकचस्यैव शिरो जहार रुष्टः ॥ २७ ॥

"હે દેવ! આપના ભક્તજનનો દ્રોહ કરનારા આ શંકરાચાર્યને આપની દૃષ્ટિથી મારી નાખો" એમ ક્રકચે કહેતાં કોપ પામેલા એ ભૈરવનાથે "અરે! તું મારા સ્વરૂપભૂત શંકરાચાર્યનો કેમ અપરાધ કરે છે?" એમ બોલીને તુરત ક્રકચનું જ માથું કાપી લીધું. ૨૭.

न त्वन्यो मुनिपुंगव ॥ न कर्मणेति हि श्रुत्या कर्म नो मोक्षकारणम् ॥ ३६ ॥ किंतु त्यागः सहिष्णुत्वमुखैर्युक्तः समीरितः ॥ द्वंद्वता पुण्यपापादावप्यस्ति हि मते मम ॥ ३७ ॥ अनुकूलमिदं तस्मादेतदेव मुमुक्षुभिः ॥ सेव्यमित्युक्त आचार्यस्तमुवाच यतीश्वरः ॥ ३८ ॥ सुरां नैव पिबेन्नैव परभार्यां समाश्रयात् ॥ इत्यादिबहुभिर्वेदवचोभिर्निन्दितं मते॥३९॥गृह्यते यत्र तत्त्याज्यं दूरतः सुखकाङ्क्षिभिः॥न कर्मणेत्यादिका तु श्रुतिस्तत्त्वविदो यतेः ॥३४०॥ सर्वपापविहीनस्य ब्रूते मोक्षं न पापिनः ॥ सुरापानपरस्याथ परदाररतस्य च ॥४१॥ सुरापानादिना मुक्तिं प्राप्स्याम इति जल्पनम् ॥ दुःखदं दौष्ट्यमेवास्ति त्यक्त्वा तस्मादिदं मतम् ॥४२॥ विप्राणां वाक्यतस्तेषां प्रसादेन विनिष्कृतिम् ॥ विधाय मोक्षमार्गस्थाः पञ्चपूजापरायणाः ॥ ४३ ॥ पञ्चयज्ञादिनिरता मूलाधारादिचक्रके ॥ संध्यायन्तो गणेशादीनजपामन्त्रतत्पराः ॥ ४४ ॥ तद्देवध्यानतो मुक्ता भविष्यथ न संशयः ॥ एवमुक्तास्तथा चक्रुर्हेरम्बसुतपूर्वकाः ॥ ३४५ ॥

आगत्याथ गुरुं प्रोचुरवशिष्टास्त्रयोऽपि ते ॥ स्वामिन्नेतज्जगत्सर्वं गणपत्यात्मना वयम् ॥ ४६ ॥ चिन्तयामो विमोक्षाय पूज्यं सर्वैः शुभार्थिभिः ॥ तस्माद्दूषितवन्तो वै कथमेतन्मतत्रयम् ॥४७॥ भवन्त इति संप्रोक्तस्तानाह यतिपुंगवः ॥ मूढा यूयं ततः शास्त्रतत्त्वं शृणुत निश्चितम् ॥४८॥ पुरुषाधिष्ठितायाः प्रकृतेरादौ महानभूत् ॥ ततोऽहंकार उत्पन्नस्त्रिगुणात्मा स एव हि ॥ ४९ ॥ रुद्रविष्ण्वादिरूपोऽभूत्तत्र रुद्रस्य

કરેલા છે, જેમકે 'ગણને નમસ્કાર, ગણપતિને નમસ્કાર,' ઇત્યાદિ. ૩૩૫. હે મુનિપુંગવ, રુદ્ર પણ ગણપતિનો આત્મા છે વળી '**नकर्मणा**' ઇત્યાદિ શ્રુતિયે કરીને સિદ્ધ થાય છે કે મોક્ષનું કારણ કર્મ નથી (૩૩૬) પણ ત્યાગ અને સહનશીલતા વગેરે મોક્ષનું કારણ યોગ્ય છે. તેમ જ પુણ્ય તથા પાપ વગેરેમાં સુખદુઃખ રહ્યું છે, આવો મારો મત છે. ૩૩૭. તે કારણ માટે મોક્ષને ઇચ્છનારા પુરુષોને ગણપતિની સેવા કરવી એ જ અનુકૂલ છે. એ પ્રકારે કહેનારા તે ગણપતિના ભક્તને શ્રીશંકરાચાર્યે કહ્યું કે, (૩૩૮) "સુરાનું પાન કરવું નહિ, પરસ્ત્રીયોનો અંગીકાર કરવો નહિ. ઇત્યાદિ ઘણાં વેદવચનોએ કરીને નિંદા પામેલા મતને (૩૩૯) જે ઠેકાણે સ્વીકાર કરાય છે તે સ્થાન મોક્ષ ઇચ્છનારા પુરુષોયે દૂરથી ત્યાગ કરવું કારણ કે તત્ત્વને જાણનારા સંન્યાસિયોને કર્મથી જ મોક્ષ મળે છે એમ નથી. ૩૪૦. પાપી પુરુષો એમ કહે છે કે સર્વ પાપરહિત પુરુષને મોક્ષ મળતો નથી, પણ સુરાપાન કરનારાને તથા પરસ્ત્રી સેવન કરનારને મળે છે. ૩૪૧. અમે પણ સુરાપાન વગેરેથી મોક્ષ પામશું એ પ્રકારનું તે પાપી પુરુષોનું બોલવું દુઃખ આપનારૂં છે માટે આ ખરાબ મતને ત્યાગ કરીને (૩૪૨) અને બ્રાહ્મણોના પ્રસાદથી તેમના વાક્યને અંગીકાર કરીને કરેલા પાપને નિવારણ કરી મોક્ષ માર્ગમાં રહિને પંચદેવનું પૂજન કરવામાં તત્પર થાઓ, (૩૪૩) પંચયજ્ઞ વગેરે કરો, મૂળાધાર (ગુદા ઇંદ્રિય) વગેરે ચક્રને વિષે ગણપતિ વગેરે દેવતાઓનું ધ્યાન કરતા છતાં અજપા મંત્રનો જપ કરવામાં તત્પર થાઓ (૩૪૪) કે જેથી તે જ દેવના ધ્યાનથી નિશ્ચય મુક્તિને પામશો." એ પ્રકારના શ્રીશંકરાચાર્યનાં વચનો સાંભળી તે સર્વ હેરંબસુત વગેરે ગણપતિના ભક્તો તે જ પ્રમાણે કરવા લાગ્યા. ૩૪૫.

અન્ય ગણપતિના ભક્તો સાથેના વિવાદ.

પછી બાકી રહેલા ગણપતિના ભક્તોએ શ્રીશંકરાચાર્યને કહ્યું કે "હે સ્વામિન્, અમે આ સર્વ જગત્‌ને ગણપતિના આત્મારૂપ ધ્યાન કરીએ છીએ (૩૪૬) કારણ કે મોક્ષની ઇચ્છા રાખનારા સર્વ પુરુષોને મોક્ષ સારૂ પૂજન કરવા યોગ્ય તે ગણપતિ જ છે તો પછી તમે આ અમારા ત્રણ મતને દૂષણવાળા કેમ કહોછો? ૩૪૭. તેઓનાં એવાં વચન સાંભળીને સંન્યાસીઓમાં શ્રેષ્ઠ એવા શ્રીશંકરાચાર્યે કહ્યું કે તમે મૂઢ છો માટે નિશ્ચિત એવા શાસ્ત્રતત્ત્વને સાંભળો. ૩૪૮. પુરુષે આશ્રિત કરાવેલી પ્રકૃતિ (માયા)થી પ્રથમ મહત્તત્ત્વ ઉત્પન્ન થયું તે મહત્તત્ત્વથી ત્રિગુણાત્મા અહંકાર ઉત્પન્ન થયો. (૩૪૯) જે અહંકાર રુદ્ર અને વિષ્ણુના આત્મા-

यतिनामृषभेण संस्तुतः सन्नयमंतर्धिमवाप देववर्यः ।
अखिलेऽपि खिले कुले खलानाममुमानर्चुरलं द्विजाः प्रहृष्टाः ॥ २८ ॥

પછી શંકરાચાર્યે જેમની સ્તુતિ કરી એવા એ ભૈરવનાથ[1] અંતર્હિત થઇ જતાં અને ખલ લોકોનું સઘળું કુલ નાશ પામતાં રાજી થએલા બ્રાહ્મણ લોકોએ શંકરાચાર્યનું સારી પેઠે પૂજન કર્યું. ૨૮.

सूनवः ॥ गणेशश्च कुमारश्च भैरवश्चेति विश्रुताः ॥ ३५० ॥ स्वस्वाधिकारनिर्वाहे तत्पराः पूज्यतां गताः ॥ तस्माद्विप्रैर्गणेशाद्यास्तत्तच्चक्रेषु संस्थिताः ॥ ५१ ॥ चिन्तनीयाः प्रयत्नेन तदशक्तौ तु देवताः ॥ पञ्च पूज्या महेशाद्या इत्युक्तास्ते परं गुरुम् ॥५२॥ वीरभद्रादयो नत्वा त्यक्तचिह्नाः सुशिष्यताम् ॥ गतास्ते पञ्चपूजादिरता अद्वैतवादिनः " ॥ ३५३ ॥ (४)

રૂપ છે તેમાં ગણપતિ, કુમાર અને ભૈરવ એ સર્વને રુદ્રના પુત્ર કહ્યા છે. ૩૫૦. પોતપોતાના અધિકારના નિર્વાહને વિષે તત્પર એવા તે દેવતાઓનું પ્રયત્ને કરીને ચિંતવન કરવું (૩૫૧) અને તેમ કરવામાં અશક્ત હોય તો રુદ્ર વગેરે પંચદેવનું પૂજન કરવું." ૩૫૨. એ પ્રકારે આજ્ઞા કરેલા તે વીરભદ્ર વગેરે પુરુષો ગુરુને પ્રણામ કરી, ધારણ કરેલાં ચિન્હોનો ત્યાગ કરી, તેમના શિષ્ય થયા. તેમ જ પંચદેવનું પૂજન કરવામાં પ્રીતિવાળા અને અદ્વૈતવાદી થયા. ૩૫૩. (૪)

[1] "संहारभैरवं नत्वा समासीनः किलाब्रवीत् ॥ स्वामिन्वेदेषु शास्त्रेषु पुराणेषु च कर्म यत् ॥ १ ॥ प्रतिपादितमस्तीह तत्कर्तव्यं हि धर्मतः ॥ विप्राणां कर्मणा धर्मः साध्यः स्यादिति मे मतम् ॥ २ ॥ धर्मेण सर्वपापौघो नाशं याति शुचिव्रतात् ॥ पापसंघे तथा नष्टे मनःशुद्धिः प्रजायते ॥ ३ ॥ शुद्धे मनसि सर्वात्मसाक्षात्कारो भवत्यलम् ॥ एवं सदसि सर्वेषां ब्राह्मणानां मयेरितः ॥ ४ ॥ त्वद्भक्तः सहसाऽऽपादि दुष्टयुक्तिपरंपराम् ॥ एतन्नोचितमित्युग्रो मच्छिष्यैस्ताडितः स तु ॥ ५ ॥ अकरोदागतं त्वां तु मन्त्रबीजपरायणम् ॥ इतः परं त्वमेवैतत्सत्यासत्यं विवेचय ॥ ६ ॥ इत्युक्तो भैरवः प्राह विप्रदण्डार्थमागतः ॥ शंकरस्त्वं सदा पूज्यः सर्ववेदपदार्थभाक् ॥ ७ ॥ भवत्कृतं हि यत्कर्म मयाऽपि च कृतं हि तत् ॥ तेषां कापालिकानां तु ब्राह्मण्याचारतां कुरु ॥ ८ ॥ विकले तु कलौ प्राप्ते तेषां वृत्तिर्यथेप्सिता ॥ बभूव मन्त्रबद्धोऽहं प्रत्यक्षोऽस्मि न धर्मतः ॥ ९ ॥ इत्युक्त्वाऽन्तर्दधे देवः कापालिकमतानुगाः ॥ तद्वाक्यश्रवणाद्भीताः परिव्राट्कुलशेखरम् ॥ १० ॥ नत्वा द्वादशधा सर्वे बटुकाद्याः सुविस्मिताः ॥ स्वामिन्मूढा वयं यस्मात्पालयास्मांश्च सादरम् ॥ ११ ॥ एवमालापिनो दृष्ट्वा करुणापूर्णविग्रहः ॥ आज्ञापयामास यतिः शि-

સંહારભૈરવ. સંહારભૈરવને નમસ્કાર કરીને બેઠેલા શ્રીશંકરાચાર્યે તે ભૈરવને કહ્યું કે, "હે સ્વામિન્, જે કર્મ વેદોમાં, શાસ્ત્રોમાં અને પુરાણોમાં પ્રતિપાદન કર્યાં છે તે કર્મનું આચરણ ધર્મથી-ધર્મને માટે-કરવું. કારણ કે બ્રાહ્મણોને કર્મે કરીને ધર્મસાધ્ય થાય છે એવો અમારો મત છે. ૧-૨. ધર્મે કરીને સર્વ પાપનો સમૂહ નાશ થાય છે. પવિત્ર વ્રતથી પાપનો સમૂહ નાશ થયે છતે મનની શુદ્ધિ થાય છે. ૩. મન શુદ્ધ થયે છતે સર્વ આત્માનો સાક્ષાત્કાર પૂર્ણ રીતે થાય છે એ પ્રકારે સભામાં મેં સર્વ બ્રાહ્મણોને કહ્યું છે. ૪. શાપાદિ દુષ્ટયુક્તિની પરંપરાને બોલતો એવો તમારો ભક્ત 'આ યોગ્ય નથી' એમ તિરસ્કાર સહિત કહેતો હતો માટે મારા શિષ્યોયે તેને માર્યો હતો. ૫. પછી તેણે મંત્રબીજને વશ થઇ રહેલા એવા તમોને બોલાવ્યા છે માટે હવે તમે જ સત્ય અને અસત્યનું વિવેચન કરો." ૬. એ પ્રકારના શંકરાચાર્યનાં વચન સાંભળી ભૈરવે કહ્યું કે, "હું અવળે માર્ગે ચાલનારા બ્રાહ્મણોને શિક્ષા કરવા આવ્યો છું. સર્વ વેદના પદાર્થને કહેનારા શંકર એવા તમે સર્વદા પૂજન કરવા યોગ્ય છો. ૭. તમે જે કર્મ કર્યું તે મેં જ કર્યું છે. હવે તે કાપાલિકોને બ્રાહ્મણના આચારમાં પ્રવીણ કરો. ૮. આ અયોગ્ય કલિયુગ પ્રાપ્ત થયો છે માટે તે કાપાલિકો પોતાની મરજી પ્રમાણે વૃત્તિને ધારણ કરશે. હું મંત્રથી બંધાએલો છું માટે પ્રત્યક્ષ થયો છું પણ ધર્મથી થયો નથી." ૯. એ પ્રમાણે કહીને સંહારભૈરવ અંતર્ધ્યાન થઇ ગયા. પછી કાપાલિકના મતને અનુસરનારા બટુક વગેરે સંહારભૈરવનાં વચન સાંભળીને ભય પામ્યા અને સંન્યાસિયોના કુળમાં ઉત્તમ એવા શ્રીશંકરાચાર્યને બાર પ્રકારે પ્રણામ કરીને (૧૦) વિસ્મય પામ્યા છતાં કહેવા લાગ્યા કે "હે સ્વામિન્, અમે મૂઢ છીએ માટે અમારૂં

यतिराडथ तेषु तेषु देशेष्विति पाषण्डपरान्द्विजान्विमथ्नन् ।
अपरान्तमहार्णवोपकण्ठं प्रतिपेदे प्रतिवादिदर्पहन्ता ॥ २९ ॥

પછી પ્રતિવાદીઓના ગર્વને તોડનારા શંકરાચાર્ય એવી જ રીતે તે તે દેશોમાં પાખંડી બ્રાહ્મણોનો પરાજય કરતા કરતા પશ્ચિમ સમુદ્રના સમીપમાં પધાર્યા. ૨૯.

ष्यांस्तेषां विशोधने ॥ १२ ॥ पद्मपादमुखाः शिष्याश्चक्रुस्तान्ब्राह्मणाध्वगान् ॥ प्रातःस्नानरतान्नित्यं संध्याकर्मदृढव्रतान् ॥ १३ ॥ पञ्चपूजापञ्चयज्ञपरान्निश्चलमानसान् ॥ परं गुरुं समाश्रित्य तेऽपि सच्छिष्यतां गताः ॥ १४ ॥

तत्राऽऽगत्य ततः कश्चित्कपाली दारुणाकृतिः ॥ प्राहेदं न्यूनता चेत्कापालिकानां मते तदा॥ १५ ॥ फलं किमपि नान्यत्र विद्यते बटुकादयः ॥ बभूवुः स्वमतभ्रष्टा यत्तु तत्रास्ति दूषणम् ॥ १६ ॥ महद्ब्राह्मणजातित्वं न मे जात्या प्रयोजनम् ॥ किंच देहस्य सर्वस्य भौतिकत्वान्न कस्यचित् ॥ १७ ॥ वक्तुं हि शक्यते जातिस्तस्मात्संकल्पिता त्वियम् ॥ जातिर्नातः प्रमाणं तत्किंतु जातिद्वयं मतम् ॥ १८ ॥ स्त्रीजातिरेका नरजातिरन्या तत्रापि श्रेष्ठत्वमुपागताऽऽद्या ॥ प्राकट्यमानन्द उपैति यस्याः संयोगतोऽतो न विचार इष्टः ॥ १९ ॥ गम्या हीयं नैव गम्येयमस्ति गच्छेन्नासावन्यभार्यामितीदम् ॥ वाक्यं नाङ्गीकुर्महे दोषभावाद्यस्मात्सर्वाःस्वीयतामाव्रजन्ति ॥ २० ॥ आनन्दार्थं चर्मणश्चर्मयोगं कुर्वञ्जीवः प्राप्नुयात्कं ह्यनर्थम् ॥ जीवस्यासौ मोक्ष एवास्ति तृप्तिः सर्वोत्कृष्टाऽऽनन्दता दर्शिताऽतः ॥ २१ ॥ आनन्दो यो व्यक्तिमायातिसङ्गात्तद्रूपोऽसौ भैरवो देहपाते ॥ तस्य प्राप्तिर्मोक्ष इत्येव तत्त्वमित्युक्तः श्रीशंकराचार्य आह ॥ २२ ॥ उक्तं भोः कापालिकेदं सुसम्यक्सत्यं वाच्यं कस्य पुत्री त्वदीया ॥ मातेत्युक्तः प्राह कापालिकोऽसौ स्वामिन्माता दीक्षितस्यास्ति पुत्री ॥ २३ ॥ दीक्षितत्वमिदमागतं कुतस्तत्पितुः स तु जगाद भो यते ॥ तालमुख्यतरुगां सुरामसावाहरन्ननु रसे विशेषतः ॥ २४ ॥ ज्ञानवानपि न च स्वयं स तां पातुमिच्छति

આદરથી પાલન કરો.” ૧૧. એ પ્રકારનાં તેઓનાં વચન સાંભળીને કરુણાથી જેમનો દેહ પરિપૂર્ણ છે એવા **શં**કરાચાર્યે પોતાના શિષ્યોને તેઓની શુદ્ધિ કરવા માટે આજ્ઞા કરી. ૧૨. **પદ્મ**પાદાચાર્યે વગેરે સર્વ શિષ્યોએ તેઓને બ્રાહ્મણના આચારમાં અનુસરનારા, પ્રાતઃસ્નાનમાં પ્રીતિવાળા, સંધ્યાદિ કર્મમાં દૃઢ આદરવાળા (૧૩), પંચદેવનું પૂજન તથા પંચયજ્ઞ કરવામાં તત્પર એવા અને નિશ્ચળ મનવાળા કર્યા. પછી તે સર્વ પરમ એવા તે ગુરુનો આશ્રય કરીને તેમના ઉત્તમ શિષ્યો થયા. ૧૪.

કાપાલીક.

પછી કોઇએક ભયંકર આકૃતિવાળા કાપાલીએ આવીને **શ્રી**શંકરાચાર્યને કહ્યું કે, “ જો કાપાલિકના મતને વિષે કાંઇ પણ ન્યૂનતા હોય તો કાંઇ પણ ફળ હોય નહિ. ૧૫. પણ આ તો તમારા મતને વિષે જ બ્રાહ્મણજાતિપણારૂપ મહોટું દૂષણ રહેલું છે. (૧૬) માટે કોઇપણ જાતિની જરૂર નથી. કારણ કે સર્વ દેહ પંચમહાભૂતથી બનેલા છે માટે કોઇની જાતિ કહિ શકાય તેમ નથી. ૧૭. વળી આ કલ્પિત જાતિનું પ્રમાણ પણ આપી શકાતું નથી. કારણ કે જાતિ બે મનાય છે. (૧૮) એક સ્ત્રીજાતિ અને બીજી નરજાતિ. તેમાં પણ પહેલી સ્ત્રીજાતિ શ્રેષ્ઠપણાને પામેલી છે કારણ કે તે જાતિના સંયોગથી પ્રકટ આનંદ પમાય છે માટે સ્ત્રીજાતિ ઉત્તમ છે એ વિચાર યોગ્ય છે. ૧૯. ‘આ સ્ત્રી ગમન કરવા યોગ્ય છે, આ સ્ત્રી ગમન કરવા યોગ્ય નથી; આ પરસ્ત્રીસાથે ગમન કરવું નહિ.’ ઇત્યાદિ વાક્યને હું અંગિકાર કરતો નથી. કારણ કે તેમ કરવામાં દોષ નથી. જે માટે સર્વ સ્ત્રીઓ પોતાની કરી શકાય છે. (૨૦) જીવ, આનંદને માટે પોતાના ચર્મનો બીજા ચર્મની સાથે સંયોગ કરતો છતો શા અનર્થ-પાપને પામે ? અર્થાત્ કોઇં પણ અનર્થને પામે નહિ, વળી જીવને સર્વથી ઉત્તમ આનંદ આપનારી તૃપ્તિ એ જ મોક્ષ છે. ૨૧. સંગ થકી આનંદ સ્પષ્ટપણે પામે છે. તે રૂપ આ ભૈરવદેહના પાતને વખતે અપ્રાપ્ત થાય એ જ તત્ત્વ છે.” એ પ્રકારે કહેનારા તે કાપાલિકને **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, ૨૨. “હે કાપાલિક, તે આ ઘણું સારૂં કહ્યું માટે હવે સાચું કહે. તારી માતા કોની પુત્રી છે?” કાપાલિકે કહ્યું, “ મારી માતા દિક્ષિતની પુત્રી છે.” ૨૩. **શ્રી**શંકરાચાર્યે પૂછ્યું, “તારી માતાના પિતાને દીક્ષિતપણું ક્યાંથી પ્રાપ્ત થયું?” કાપાલિકે ઉત્તર આપ્યો કે, “ હે યતે, તે મારી માનો પિતા તાડવૃક્ષની મદિરાનું પાન કરે છે અને જૂદી જૂદી મદિરાને પારખી શકે છે. (૨૪) વળી ઉત્તમ પુરુષોને પાવાની ઇચ્છા કરે

विललास चलत्तरङ्गहस्तैर्नदराजोऽभिनयन्निगूढमर्थम् ।
अवधीरितदुंदुभिस्वनेन प्रतिवादीव महान्महारवेण ॥ ३० ॥

ચલાયમાન થતા તરંગરૂપ હસ્તોથી અને દુંદુભિના શબ્દથી પણ અધિક ગંભીરતાવાળા પ્રૌઢશબ્દથી જાણે પોતાના ગૂઢ અભિપ્રાયને પ્રકટ કરતો હોય એવો પશ્ચિમ સમુદ્ર એ સ્થલમાં મોટા પ્રતિવાદીની પેઠે શોભતો હતો. ૩૦.

परं तु विक्रये ॥ शीलवानत इमं सदा जनो दीक्षितं वदति तस्य पुत्रिका ॥ २५ ॥ मातृतामुपगता ममाऽऽत्मदेहार्पणेन सुखसागरे जनान् ॥ आगतान्खलु नरान्सदाऽकरोत्संप्लुतान्सुसुखलब्धये यते ॥ २६ ॥ उन्मत्तभैरवसमाख्यमिमं विबोध तस्याः सुतं मम पिताऽपि सुराकरोऽभूत् ॥ तत्संनिधौ स्थितिमपीह सुरा लभन्ते नो मद्यगन्धविमुखा हि पलायितास्ते ॥ २७ ॥ तस्मादेवं सत्कुलेऽहं प्रसूतः सम्यक्पूज्योऽहं भवद्भिः सुभक्त्या ॥ इत्युक्तोऽसौ प्राह कापालिक त्वं गच्छैतस्मात्स्वेच्छया संचराऽऽशु ॥२८॥ ब्राह्मणाननु सुदुष्टमतस्थानेव दण्डयितुमत्र समागाम् ॥ नेतरानत इतोऽयमभाष्यो दूर आशु करणीय इतीत्थम् ॥२९॥ प्रोदिता यतिवरेण तदागृह्याऽऽश्रमाः सुवचनं शिरसा ते ॥ प्रात्यजन्खलममुं सुविदूरं शंकरं तु तत एत्य स दृष्ट्वा ॥ ३० ॥ चार्वाक इत्थं ह्यकरोद्विचारं मूर्खैर्जनैर्व्याप्तमिदं समस्तम् ॥ देहाद्यतीतात्मविबोधिभिस्तत्सङ्गाद्गता मूढतमत्वमन्ये ॥ ३१ ॥ दुष्टा मतिर्नो भविताऽपि तस्मात्तथाऽपि तेषामयमग्रचारी ॥ संन्यासवानस्ति तु कश्चिदेष विवेकयुक्तो यदि चेत्तदग्रे ॥ ३२ ॥ स्थास्यामि नो चेदहमेमि शीघ्रमेवं विचार्यास्य सभां प्रविश्य ॥ उवाच तत्त्वं विदितं तवास्ति तदा विमुक्तेर्वद लक्षणं त्वम् ॥ ३३ ॥ आदौ विवेको मम बुध्यतामयं कायात्मदेहस्य तदादिरूपिणः ॥ जीवस्य मोक्षो विलयो न चेतरस्तस्याऽऽगमं मूढधियो ब्रुवन्ति भोः ॥ ३४ ॥ लयं गतानां सरितां समुद्रे यद्यागमः स्यान्मरणं गतानाम् ॥ स स्यादतो मोक्ष इयं मृतिर्हि श्राद्धादिकं कर्म तु कुर्वते ये ॥ ३५ ॥ तृप्तिस्त्वनेनेति मृतिं गतानां तेषां विवेकः किमु वाचनीयः॥ किंच प्रजल्पन्ति परोऽस्ति लोक स्वर्गस्तथाऽन्यो नरकोऽतिघोरः ॥ ३६ ॥ पुण्येन पापेन च यान्ति तत्र क्ष-

છે તથા પોતે વેચે છે માટે તેમને માણસો **દીક્ષિત** કહે છે. તેમની પુત્રી મારી માતા છે. ૨૫. હે યતે, તે મારા દેહને સુખસમુદ્રમાં અર્પણ કરીને પોતે સુખની પ્રાપ્તિને અર્થે આવેલા પુરુષોને સુખ પ્રાપ્ત કરે છે. ૨૬. તેણીના પુત્રરૂપ મારૂં ઉન્મત્તભૈરવ નામ છે. મારા પિતા પણ સુરાપાન કરનારો છે. તેમની પાસે સુરાનું પાન કરનારા રહિ શકે છે. સુરાના ગંધથી વિમુખ પુરુષો તો તેમની પાસેથી ભાગી જાય છે. ૨૭. માટે એ પ્રકારના સત્કુલમાં જન્મ પામેલો હું તમારાથી ઉત્તમ ભક્તિએ કરીને પૂજન કરાવા યોગ્ય છું" એવાં તેનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે "તું એવો છે ત્યારે તો અહિંથી મરજી પ્રમાણે ઝટ બીજે ઠેકાણે જા. ૨૮. હું દુષ્ટમતને વિશે રહેલા બ્રાહ્મણોને દંડ આપવા માટે આવ્યો છું પણ બીજાઓને માટે દંડ આપવા આવ્યો નથી." એવું કહિ પોતાના શિષ્યો સામું જોઇ કહ્યું કે "આ ઉન્મત્તભૈરવની સાથે બોલવું યોગ્ય નથી માટે એને ઝટ દૂર કરવો જોઇએ." ૨૯. એ પ્રકારે ગુરુએ આજ્ઞા કરેલા નમ્ર શિષ્યોએ તેમના વચનને મસ્તકવડે ગ્રહણ કરી તે કાપાલિકને દૂર કાઢી મુકયો. તેથી તે કાપાલિક દૂર ઉભો રહિને **શ્રી**શંકરાચાર્યને જોવા લાગ્યો. ૩૦. **ચાર્વાક** (કાપાલિ) વિચાર કરવા લાગ્યો કે 'દેહથી જૂદા એવા આત્માને જાણનારા મૂર્ખ પુરુષોએ કરીને આ સર્વમંડળ વ્યાપ્ત થઇ ગયું છે અને તેના સંગથી બીજો પણ મૂર્ખ થાય છે. ૩૧. સર્વનો અગ્રેસર આ સંન્યાસી છે જેથી અમારી પણ દુષ્ટ બુદ્ધિ થઇ જશે, પણ જો તેઓની પાસે કોઇ વિવેકી માણસ હોય તો તેમ થાય નહિ. (૩૨.) માટે તેઓની પાસે હું રહું. એવો વિચાર કરીને તે શંકરાચાર્યની સભામાં પેઠો અને કહ્યું કે, "જો તમે તત્ત્વને જાણતા હો તો મુક્તિનું લક્ષણ કહો. (૩૩) પ્રથમ મારા વિવેકને સાંભળોઃ કાયારૂપ આત્માના શરીરવાળા અને તે શરીરના આદિભૂત જીવનો જે લય થાય છે તે જ મોક્ષ છે પણ એ વિના બીજો મોક્ષ નથી. હે યતે, મૂઢબુદ્ધિવાળા તેને આગમ કહે છે. ૩૪. જો સમુદ્રમાં લય પામેલી નદીઓ પાછી આવતી હોય તો મરણ પામેલા માણસો પણ પાછા આવવા જોઇએ. તેથી મરણ એ જ મોક્ષ છે એમ સિદ્ધ થાય છે. ૩૫. મૃત્યુ પામેલાની તૃપ્તિ શ્રાદ્ધાદિ કર્મ કરવાથી થાય છે એમ માનીને જે પુરુષો શ્રાદ્ધ વગેરે કર્મ કરે છે તે પુરુષોના વિવેકની શી વાત કરવી? વળી તે પુરુષો એમ પણ

बहुलभ्रमवानयं जडात्मा सुमनोभिर्मथितश्च पूर्वमेव ।
इति सिन्धुमुपेक्ष्य स क्षमावानिव गोकर्णमुदारधीः प्रतस्थे ॥ ३१ ॥

આ સમુદ્ર પ્રતિવાદી જેવો લાગતાં છતાં પણ ઘણા ભ્રમ(ભ્રાંતિ અને પાણીની ચકરીઓ)

यात्तयोर्मर्त्यमिमं विशन्ति ॥ तेषां मतं तत्सुतराममानं यतस्त्विहैवास्त्युभयानुभूतिः ॥ ३७ ॥ स्वर्गी भोक्ता कथ्यतेऽसौ सुखस्य यो वा भुङ्क्ते क्लेशमेष द्वितीयः ॥ तस्माद्युक्ता कल्पना नो परोक्षा प्रत्यक्षेणैवानुभूतिं गताऽस्ति ॥ ३८ ॥ देहेन्द्रियेषु भूतेषु नष्टेषु परलोकगः ॥ को वा जीवस्य भेदेऽपि घटाकाशवदस्य तु ॥ ३९ ॥ गमनं रूपहीनत्वान्नैव संभवति क्वचित् ॥ तस्मादस्मन्मतं सम्यगित्युक्तः प्राह शंकरः ॥ ४० ॥ श्रुतिबाह्यमिदं मतं यतोऽतो न च सम्यक्श्टणु मे मतं ततस्त्वम् ॥ स तु देहमुखाद्विभिन्न आत्मा परमात्मा परिपठ्यते विमुक्तः ॥ ४१ ॥ विबद्धः परात्माऽप्रबोधाद्विमुक्तः परिज्ञानतो देहपाताद्विमुक्तिः ॥ त्वदीयेयमुक्तिर्भ्रमादेव नूनं श्रुतिर्ज्ञानमात्राद्विमुक्तिं जगाद ॥४२॥ ज्ञानाग्निदग्धकर्माणो यान्ति ब्रह्म सनातनम् ॥ इत्याद्याऽस्ति श्रुतिः साक्षात्तद्वाक्यं न प्रमेति चेत् ॥ ४३ ॥ भवद्वाक्यं कथं मानं कुत्सितं किल वह्निना ॥ स्थूले दग्धेऽपि देहेऽस्मिँल्लिङ्गयुक्तो व्रजत्यमुम् ॥ ४४ ॥ ज्योतिष्टोमादिकं वाक्यं मानमत्र दृढं स्मृतम् ॥ जलौकाजन्तुतुल्योऽयं जीवः प्रोक्तस्तथा श्रुतौ ॥ ४५ ॥ देहाद्देहान्तरं याति परलोकं स गच्छति ॥ श्राद्धादिकर्म कर्तव्यं तस्य पुत्रादिना खलु ॥ ४६ ॥ तत्प्रेतत्वविमुक्त्यर्थं पुण्यलोकस्य चाऽऽप्तये ॥ गयादौ पिण्डदानं च कर्तव्यं तस्य मुक्तये ॥ ४७ ॥ इत्यर्थस्तु पुराणादौ बहुधा संप्रदर्शितः ॥ तस्मात्सप्तदशाङ्गं स लिङ्गं स्वात्मतया गतः ॥४८॥ परत्र पक्षिवद्याति सिद्धान्तोऽयमुदीरितः ॥ मूढ चार्वाक तस्मात्त्वमितस्तूर्णीं व्रजाधुना ॥४९॥ इत्युक्तो वेषभाषादि त्यक्त्वा गुरुपदद्वयम् ॥ नत्वा तत्पुस्तभारस्य भरणे ह्युद्यतोऽभवत् ॥५०॥

કહે છે કે "સ્વર્ગલોક અને ઘોર એવો નરકલોક પણ છે. ૩૬. પુણ્ય કરવાથી સ્વર્ગલોકમાં જવાય છે, પાપકર્મથી નરકલોકમાં જવાય છે; અને પુણ્ય તથા પાપના ક્ષયથી આ મૃત્યુલોક પમાય છે. આ પ્રકારે કહેનારાઓનો મત અમાન્ય છે કારણ કે આ લોકમાં જ સ્વર્ગ અને નર્કનો અનુભવ થાય છે. ૩૭. સુખનો ભોગવનાર સ્વર્ગી (દેવતા) કહેવાય છે અને દુઃખનો ભોગવનારો નારકી કહેવાય છે માટે આ પ્રત્યક્ષ અનુભવવડે થયેલી કલ્પના યોગ્ય છે પણ પરોક્ષ કલ્પના યોગ્ય નથી. ૩૮. ઘટ અને આકાશની પેઠે આ જીવના ભેદ તથા દેહ અને ઇન્દ્રિયનો નાશ થયા પછી પરલોકમાં કોણ જઇ શકે છે? અર્થાત્ કોઇ જઇ શકતું નથી. ૩૯. રૂપ વિના જવું ક્યારે પણ સંભવતું નથી માટે અમારો મત ઉત્તમ છે." એ પ્રકારનાં ઉન્મત્તભૈરવનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, (૪૦) "આ મત શ્રુતિથી જૂદો છે તેથી ઉત્તમ કહેવાય નહિ. માટે તું મારા મતને સાંભળ: દેહાદિકથી જૂદો એવો જે આત્મા તે પરમાત્મા કહેવાય છે. ૪૧. અતિશય વૃદ્ધિ પામેલો પરમાત્મા બોધવિના મુક્ત થાય છે, કે જેને દેહનો નાશ થતાં મુક્તિ મળે છે. આ તારી વાણી ભ્રમવાળી છે કારણ કે વેદમાં "જ્ઞાનમાત્રથી જ મુક્તિ થાય છે." એમ કહ્યું છે. ૪૨. જ્ઞાનરૂપ અગ્નિથી જેનાં કર્મ બળી ગયાં છે એવા પુરુષો સનાતન બ્રહ્મને પામે છે. ઇત્યાદિ શ્રુતિનાં વાક્ય પ્રત્યક્ષ છે તે વાક્ય જો તારે પ્રમાણ ન હોય તો (૪૩) તારૂં નિંદિત વાક્ય કેમ પ્રમાણ ગણી શકાય? આ સ્થૂળદેહ અગ્નિથી બળી ગયા પછી જીવ લિંગદેહ ધારણ કરીને જાય છે (૪૪) આ જ્યોતિષ્ટોમાદિકના વાક્યનું પ્રમાણ નિશ્ચય દૃઢ છે. વેદમાં પણ જીવની ગતિ જળોના સરખી કહી છે. ૪૫. જીવ એક દેહમાંથી બીજા દેહમાં જાય છે એ પ્રમાણે પરલોકમાં પણ જાય છે, માટે તે જીવના પુત્ર વગેરે માણસોએ શ્રાદ્ધ વગેરે કર્મ નિશ્ચય કરવું જોઇએ. ૪૬. મરણ પામેલા મનુષ્યના જીવનું પ્રેતપણું મુકાવવાને માટે તથા તેને પરલોકની પ્રાપ્તિને માટે અથવા મુક્તિને અર્થે ગયાદિક ક્ષેત્રને વિષે પિંડદાન કરવું. (૪૭) ઇત્યાદિક અર્થ પુરાણાદિકને વિષે ઘણા પ્રકારે દેખાડ્યા છે તે સ્થૂલદેહ થકી સત્તર અંશના લિંગદેહને સ્વાત્મપણાથી પામીને (૪૮) પરલોકમાં પક્ષીની પેઠે ઉડી જાય છે. આ પ્રમાણે સર્વ પુરાણ, વેદ અને શાસ્ત્રમાં કહેલું છે." માટે હે મૂઢ ચાર્વાક, તું અહિંથી બોલ્યા વિના છાની રીત્યે ચાલ્યો જા. ૪૯." આ પ્રમાણે શંકરાચાર્યે કહ્યું એટલે તે ચાર્વાક (ઉન્મત્તભૈરવ) પોતાનો વેષ અને ભાષાને ત્યાગ કરી ગુરુના બે ચરણકમળને નમસ્કાર કરી તેમની મૂર્તિયોના ભારનું ભરણ કરવાને ઉદ્યમવંત થયો. ૫૦.

વાળો છે, જડ (મૂર્ખ અને જળરૂપ) છે અને સુમનો(પંડિતો અને દેવતાઓ)એ પહેલેથી જ મથી નાંખેલો છે એ હેતુને લીધે જાણે સમુદ્ર ઉપર ક્ષમાયુક્ત થયા હોય એવા ઉદાર બુદ્ધિવાળા શંકરાચાર્ય સમુદ્રની ઉપેક્ષા કરીને ગોકર્ણ ક્ષેત્રમાં પધાર્યા. ૩૧.

ततः सौगतः शंकरं पीनकायः प्रणम्याऽऽह लोका इमे मूढभावात्॥ सदा कर्मशीला यतो भौतिकस्य विशुद्धिर्न च स्नानदानादिनाऽस्ति ॥ ५१ ॥ सदा निर्मलो देहपाताद्विमुक्तस्तु जीवः पुनर्जायतेऽसावृणेन ॥ प्रजल्पन्ति मूर्खा धनं तद्धि देहाद्यदृष्टेन लभ्यं ततो नास्ति भीतिः ॥ ५२ ॥ देहान्ते वा ऋणाभावादृणं कृत्वा घृतं पिबेत् ॥ इति वाक्यस्य मानत्वाद्देहपुष्टिः सदैव हि ॥ ५३ ॥ कर्तव्या बुद्धियुक्तेन तत्कृत्वा तत्र तत्र च ॥ सर्वभक्षणशीलस्य सुखस्याऽऽवाप्तिराप्तितः ॥ ५४ ॥ विमोक्षस्येति संप्रोक्तः शंकरः प्राह सौगतम् ॥ वृथा ते जल्पनं यस्मात्परलोकगमादिकम् ॥ ५५ ॥ श्रुतिस्मृतीतिहासादौ प्रोक्तं भोगाय कर्मणः ॥ तस्मादृणादिकं कर्तुः पुनर्जन्म सुनिश्चितम् ॥ ५६ ॥ तथाचाज्ञानबुद्धिं त्वं पापदिग्धां विहाय वै ॥ सन्मार्गस्थो भवेदानीमित्युक्तः पुनराह सः ॥ ५७ ॥ सुगताख्यो मुनिः सर्वां भुवं दृष्ट्वा सुविस्मितः ॥ विचार्य जगतः सत्त्वं प्राण्युपासनतत्परः ॥ ५८ ॥ काले मदुपदेशस्य करुणाविष्टमानसः ॥ इदमाह स धर्मोऽस्ति परः प्राण्यविहिंसनम् ॥ ५९ ॥ तथाविधेन धर्मेण कपालस्य निवर्तनात् ॥ मुक्तो भविष्यसीत्युक्तस्तदारभ्याहः मप्ययम् ॥ ६० ॥ तत्पादयुगलध्यानी शिरसाऽऽगृह्य तद्वचः ॥ दयापरोऽस्मि सर्वेषु प्राणिजातेषु सर्वदा ॥ ६१ ॥ यस्माद्धर्मोऽतो न चान्योऽस्ति सारस्तस्माद्धर्मस्थानमेतन्मतं मे ॥ सर्वैरङ्गीकार्यमित्येवमुक्तो भूयः प्राहाऽऽचार्य इत्थं महात्मा ॥ ६२ ॥ किं त्वं जल्पसि दुष्टसौगत कथं धर्मोऽस्त्यहिंसापरो यागीयस्य हि हिंसनस्य निगमे धर्मत्वमुक्तं स्फुटम् ॥ अग्निष्टोममुखे क्रतौ खलु पशोः स्वर्गप्रदं हिंसनं श्रुत्याचाररतैरुपेयमपरे पाखण्डिनो विस्फुटम् ॥ ६३ ॥ वेदनिन्दापरा ये तु तदाचारविवर्जिताः॥ ते सर्वे नरकं यान्ति यद्यपि ब्रह्मवीर्यजाः ॥ ६४ ॥ इत्येवं मनुनोक्तत्वात्तदाचाररताः किल ॥ पच्यन्ते नरके घोरे यावद्ब्रह्मलयो

સૌગતે કરેલો સંવાદ.

પછી કોઇએક પુષ્ટ શરીરવાળા સૌગત નામના પુરુષે શ્રીશંકરાચાર્યને પ્રણામ કરીને કહ્યું કે, "આ લોકો મૂઢપણાથી નિરંતર કર્મશીલ થયા છે પણ દેહની શુદ્ધિ સ્નાનદાનાદિકે કરીને થતી નથી. ૫૧. સદા નિર્મલ અને દેહપાતથી મુક્ત થયેલો જીવ દેહાદિકના ઋણે કરીને જોડાય છે. મૂર્ખ પુરુષો ભાગ્યથી પામી શકાય એવા દ્રવ્યને દેહાદિક માને છે કે જેથી ભય થતો નથી. ૫૨. 'દેહ મુક્ત થવાને ક્ષણની વાર હોય તે વખતે પણ ઋણ કરીને ઘી પીવું.' એ વાકયના પ્રમાણથી બુદ્ધિમાન્ માણસે નિરંતર દેહની પુષ્ટી કરવી. ૫૩. એમ કરીને તે તે સ્થાનકે સર્વ પદાર્થ ભક્ષણ કરવાના શીળવાળા પુરુષને સુખની પ્રાપ્તિ થાય છે અને તેથી જ મોક્ષ થાય છે." ૫૪. એ પ્રકારનાં વચન સાંભળીને શ્રીશંકરાચાર્યે તેને કહ્યું કે, "'સર્વ પદાર્થો ભક્ષણ કરી શરીરને પુષ્ટ કરવું કે જેથી મોક્ષ મળે છે' આ પ્રકારના જે તારાં વચન છે તે સર્વ મિથ્યા છે. ૫૫. શ્રુતિયે અને સ્મૃતિયે ભોગને અર્થે કરેલાં કર્મ હાસ્યરૂપ કહેલાં છે માટે ઋણાદિક કરનારને નિશ્ચય બીજો જન્મ ધારણ કરવો પડે છે. ૫૬. એ કારણ માટે તું પાપથી લીપાએલી બુદ્ધિનો ત્યાગ કરી હમણાં જ સન્માર્ગમાં રહેનારો થા." એમ શંકરાચાર્યે કહ્યું એટલે ફરીને તે સૌગતે ગુરુને કહ્યું (૫૭) કે સર્વ પૃથ્વીને જોઇ વિસ્મય પામેલા સુગત નામના મુનિ જગત્‌ના સત્ત્વને વિચારીને પ્રાણિની ઉપાસના કરવામાં તત્પર થયા. ૫૮. મને ઉપદેશ કરવાને જેનું હૃદય કાલે કરીને કરુણાયુક્ત થયું છે એવા તે સુગત મુનિયે આ પ્રમાણે કહ્યું કે "પ્રાણીની હિંસા ન કરવી એ જ ઉત્તમ ધર્મ છે. ૫૯. તે પ્રકારના ધર્મે કરીને કપાલની આજીવિકા થકી મુક્ત થઇશ." એવાં તેમના વચન સાંભળીને તે દિવસથી હું આ ધર્મનું આચરણ કરૂંછું. ૬૦. વળી તે ગુરુનાં વચન મસ્તકવડે ગ્રહણ કરી તેમના ચરણનું ધ્યાન કરૂંછું અને નિરંતર સર્વ પ્રાણી ઉપર દયા રાખુંછું. ૬૧. એ ધર્મથી બીજો કોઇ ઉત્તમ ધર્મ નથી માટે તે જ ધર્મને મેં ઉત્તમ માન્યો છે, તો તમારે પણ તે જ ધર્મનો અંગિકાર કરવો." એવા તે સૌગતનાં વચન સાંભળી મહાત્મા શ્રીશંકરાચાર્યે ફરીથી કહ્યું. કે (૬૨) "હે દુષ્ટ સૌગત, 'અહિંસા એ જ ઉત્તમ ધર્મ છે, એમ કેમ કહે છે? કારણ કે જે વેદમાં હિંસા કહેલી છે તે જ ધર્મત્વપણું કરેલું છે. અગ્નિષ્ટોમ યજ્ઞમાં વેદના આચારમાં રહેલા પુરુષોયે કરેલી પશુની હિંસા તે સ્વર્ગ આપનારી છે. બાકીની પાંખડીઓ છે. ૬૩. જે વેદની નિંદા કરવામાં તત્પર છે અને જે વેદના આચારથી રહિત છે તે જો બ્રાહ્મણ હોય તોપણ નર-

अवगाह्य सरित्पतिं स तत्र प्रियमासाद्य तुषारशैलपुत्र्याः ।
स्तवसत्तममद्भुतार्थचित्रं रचयामास भुजङ्गवृत्तरम्यम् ॥ ३२ ॥

ત્યાં શંકરાચાર્યે સમુદ્રમાં સ્નાન કરી પાર્વતીના પતિ ગોકર્ણેશ્વરની પાસે આવીને તેમનું અદ્‌ભુત અર્થોથી વિચિત્ર અને ભુજંગપ્રયાત નામનાં વૃત્તથી રમણીય ઉત્તમ સ્તોત્ર કર્યું. ૩૨.

भवेत् ॥ ६५ ॥ तस्माद्विप्रादिवर्णानां वेदादिषु निरूपितः ॥ आचारः परमं मानं यस्य तन्नास्ति सोऽधमः ॥ ६६ ॥ इत्युक्तोऽसौ सौगतो मानशून्यो नत्वाऽऽचार्यं पद्मपादादिकानाम् ॥ तच्छिष्याणां पादुकावाहकोऽभूत्तेषामुच्छिष्टादनेनातिपुष्टः ॥ ६७ ॥

कौपीनमात्रधारी तु कश्चित्क्षपणकः स्मृतः ॥ स एकस्मिन्करे धृत्वा गोलयन्त्रं द्वितीयके ॥ ६८ ॥ तुरीयन्त्रं समादाय समागत्याऽऽह शंकरम् ॥ स्वामिञ्शृणु विचित्रं मे मतं परमशोभनम् ॥ ६९ ॥ पूर्णसमयनामाहं सूर्यं कालप्रवर्तकम् ॥ बद्ध्वा त्वाभ्यां सुयन्त्राभ्यां समयज्ञानतः शुभम् ॥ ७० ॥ अशुभं च त्रिलोक्यां यद्भाव्यं तद्वच्मि संस्फुटम् ॥ किंच कालः परो देवो मत्पक्षस्य विचालने ॥ ७१ ॥ परेशोऽपि समर्थो नेत्युक्तस्तं प्राह शंकरः ॥ सम्यगुक्तं त्वया त्वं यत्कालवित्तं च वेद्म्यहम् ॥७२॥ तस्मान्मदाश्रयस्तिष्ठ परीक्षाकाल आगते ॥ त्वां पृच्छामीति संप्रोक्तस्तथैवाङ्गीचकार सः ॥ ७३ ॥

कौपीनमात्रसंधारी जैनस्तु तत आगतः ॥ मलेन दिग्धसर्वाङ्गः सदाऽर्हन्नम इत्यसौ ॥ ७४ ॥ उच्चरन्नसकृच्चोच्चैः शून्याङ्कःशून्यपुण्ड्रकः बिन्दुपुण्ड्रसमेतश्च शिष्यैः सर्वभयंकरः ॥ ७५ ॥ पिशाचवत्समागत्य प्राह श्रीशंकरं गुरुम् ॥ जिनो देवोऽस्ति सर्वेषां मुक्तिदः प्राणिनां हृदि ॥ ७६ ॥ जीवात्मना स्थितः सोऽतिज्ञानमात्रेण सर्वदा ॥ मुक्तत्वात्तस्य देहस्य पातात्तु समनन्तरम् ॥ ७७ ॥ जीवः शुद्धः सदैवास्ति मलपिण्डस्तु देहकः ॥ स्नानादिकर्मणा नैव शुद्धिं याति कदाचन ॥ ७८ ॥ तस्मात्स्नानादिकं नैव

કમાં જાય છે. ૬૪. એ પ્રકારે મનુએ કહેલું છે માટે તે કહેલા આચારમાં રહેલા પુરુષો બ્રહ્માના પ્રલયકાલસુધી ઘોર એવા નરકને વિષે જાય છે. (૬૫) માટે બ્રાહ્મણ વગેરે વર્ણોને વેદમાં કહેલો આચાર ઉત્તમપણાથી માન્ય કરવો અને જે માણસ એ આચારને માનતો નથી તે અધમ જાણવો." ૬૬. એ પ્રકારે શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી માનરહિત થયેલો તે સૌગત, ગુરુને તેમ જ પદ્મપાદાચાર્ય વગેરેને નમસ્કાર કરી તેમના પાવડાં ઉપાડનારો અને તેમના ઉચ્છિષ્ટ અન્નને ખાઇને પુષ્ટ થયો. ૬૭.

ક્ષપણકની જોડે થયેલો સંવાદ.

પછી કૌપીન માત્રને ધારણ કરનારા કોઇએક ક્ષપણકે એક હાથમાં ગોલયંત્રને અને બીજા હાથમાં તુરીયયંત્રને લઇ શ્રીશંકરાચાર્ય પાસે આવ્યો અને કહ્યું કે "હે સ્વામિન્, સર્વથી ઉત્તમ એવા મારા વિચિત્ર મતને સાંભળો : ૬૮ (૬૯) પૂર્ણસમય નામને ધારણ કરનારો હું કાલને પ્રવર્તાવનારા સૂર્યને આ બે યંત્રવડે બાંધીને સમયના જ્ઞાન થકી (૭૦) ત્રણ લોકમાં જે શુભ અથવા અશુભ થવાનું હોય છે તે કહુ છું. આ મારા પક્ષને ફેરવવાને કાળપણ સમર્થ નથી." ૭૧. એ પ્રકારનાં તેનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્યે કહ્યું "તેં બહુ સારૂં કહ્યું, તું કાળજ્ઞાની છું તે હું જાણું છું, (૭૨) માટે તું હમણા મારી પાસે રહે, વખત આવશે ત્યારે હું તને પૂછીશ." શ્રીશંકરાચાર્યનાં વચનનો સ્વીકાર કરી તે કાળજ્ઞાની ગુરુનીપાસે રહ્યો. ૭૩.

જૈન જોડે થયેલો સંવાદ.

પછી માત્ર કૌપીનને ધારણ કરનારો મેલથી ગંધાતા શરીરવાળો અને અરિહંતને નમસ્કાર કરનારો કોઇ જૈન આવ્યો. ૭૪. વારંવાર ઊંચા સ્વરથી અરિહંતને નમસ્કાર કરતો ચિન્હરહિત પુંડ્ર વિનાનો અને કેવળ બિંદુ પુંડ્ર(ચાંલ્લા)ને ધારણ કરનારો અને શિષ્યોએ કરીને સર્વને ભયંકર એવો તે જૈન (૭૫) પિશાચની પેઠે આવીને તેણે શ્રીશંકરાચાર્યને કહ્યું કે "જિનદેવ સર્વ મનુષ્યોને મુક્તિ આપનારો છે. ૭૬. તે દેવ સર્વ પ્રાણિયોના હૃદયને વિષે જીવાત્માએ કરીને રહેલા છે. વળી તે જીવાત્મારૂપ દેવ પોતાના જ્ઞાનાતિશયે કરીને દેહના પાત થકી મુક્તપણાથી રહેલો છે. ૭૭. જીવ સર્વદા શુદ્ધ જ છે અને દેહ તો મલનો પિંડ છે તો તે દેહની શુદ્ધિ સ્નાનાદિ કર્મે કરીને ક્યારે પણ થતી નથી. ૭૮. માટે

तदनन्तरमागमान्तविद्यां प्रणतेभ्यः प्रतिपादयन्तमेनम् ।
हरदत्तसमाह्वयोऽधिगम्य स्वगुरुं सङ्गिरते स नीलकण्ठम् ॥ ३३ ॥

પછી **શં**કરાચાર્ય કે જે પોતાના નમ્ર શિષ્યોની પાસે વેદાંતવિદ્યાનું પ્રતિપાદન કરતા હતા તેમની **હ**રદત્ત નામના કોઇ બ્રાહ્મણે પોતાના ગુરુ **નીલ**કંઠની પાસે જઇને નીચે પ્રમાણે ખબર આપી. ૩૩.

प्रकर्तव्यं वृथा यतः ॥ इत्युक्तोऽसौ जगादेदं मैवं भो जैनदुर्मते ॥ ७९ ॥ जीवस्य देहत्रितयं हि विद्यते स्थूलश्च सूक्ष्मश्च तथैव कारणम् ॥ तेषां क्रमाज्जातु लयो भवेद्यदा स्यात्सच्चिदानन्दवपुस्तदा स्वयम् ॥८०॥ भिन्नोऽहमीशादिति धीरविद्या बद्धस्तया भेदधिया विमुक्तः ॥ एवं विमोक्षस्य सुदुर्लभस्य देहस्य पाताच्च समाप्तिसंभवः ॥८१॥ एवं श्रुत्वा शिष्ययुक्तः स जैनो भाषावेषाद्यैर्विमुक्तो गुरूणाम् ॥ नित्यं धान्याकर्षणे संप्रयुक्तः पश्चास्याद्यैरेष जातो वणिग्वै ॥ ८२ ॥

बौद्धस्ततस्तं शबलाख्य एत्य प्रोवाच बोधस्तव भो निरर्थः ॥ नरस्य शृङ्गेण समो ह्यभेदः सर्वोत्तमः सन्किमतः प्रवृत्तः ॥ ८३ ॥ दृष्टं फलं त्वं परिहाय दूरमदृष्टमाकाङ्क्षसि दृष्टशत्रुः ॥ तत्रापि ते नैव फलं परोक्षे शून्यं परोक्षं न फलाय कल्पम् ॥ ८४ ॥ निर्जीवत्वाच्चाप्यपार्थं मतं त एकोऽप्यात्मा चेतनो मे मते तु ॥ भूत्वाऽनेकः प्रेरको हृन्मुखानां नित्यं मुक्तो द्वैतशून्यः सुखात्मा ॥ ८५ ॥ कर्ता भोक्ताऽहं परानन्दरूपो मन्वानः स्वाभीष्टमस्यास्ति यावत् ॥ तावत्क्रीडन्नेषु देहेषु पश्चाद्देहं त्यक्त्वा मुक्त इत्युक्त आह ॥ ८६ ॥ सत्यशौचपरो यस्तु देवतातिथिपूजने ॥ स याति ब्रह्मणो लोकं यावदिन्द्राश्चतुर्दश ॥ ८७ ॥ अग्निष्टोमं देवताप्रीतिदं चेत्कुर्यादस्मादिन्द्रलोकं स याति ॥ सत्याख्यं सत्पौण्डरीकात्प्रयाति तत्तद्देवोपासकास्तं तमेव ॥ ८८ ॥ यो यो यां यां तनुं भक्तः श्रद्धयाऽर्चितुमिच्छति ॥ तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥ ८९ ॥ इत्यादिवचनादस्य पर-

મિથ્યા એવું સ્નાન વગેરે કર્મ કરવું નહિ.” એવા તે જિનમતવાળાનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે “હે દુષ્ટબુદ્ધિવાળા જૈન, આ તેં કહેલું સાચું નથી. ૭૯. જીવના સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એવા ત્રણ પ્રકાના ત્રણ દેહ છે. જ્યારે જીવનો તે ત્રણ દેહથી લય થાય ત્યારે જ તે જીવ સચ્ચિદાનંદરૂપ થાય છે. ૮૦. ‘હું ઈશ્વરથી જૂદો છું.’ એ પ્રકારની જે બુદ્ધિ તે અવિદ્યા છે. તો તે ભેદબુદ્ધિથી જે બંધાએલો છે તે વિમુક્ત છે. એ પ્રકારે ઘણા જ દુર્લભ એવા દેહના મુકાવાથી જન્મમરણની સમાપ્તિનો સંભવ નથી.” ૮૧. એ પ્રકારના **શ્રી**શંકરાચાર્યેનાં વચન સાંભળી શિષ્યસહિત તે જૈન પોતાની ભાષા અને વેશ વગેરેનો ત્યાગ કરી ગુરુયે ધાન્યના આકર્ષણમાં પ્રેર્યો છતો તેમની સેવા કરવા લાગ્યો. ૮૨.

શબલ નામના બૌદ્ધ સામે થયેલો સંવાદ.

પછી **શ**બલ નામના **બૌ**દ્ધે આવીને **શ્રી**શંકરાચાર્યેને કહ્યું કે, “હે યતે, મનુષ્યને શીંગડાના સરખા ભારવાળો આ ધર્મ નિરર્થક છે. કારણ કે સર્વમાં ઉત્તમ અભેદ ધર્મ છતાં આ અયોગ્ય ધર્મમાં કેમ પ્રવર્તો છો? ૮૩. તમે દીઠેલા ફલનો ત્યાગ કરી નહિ દીઠેલા ફલની ઇચ્છા કરો છો માટે તમે દૃષ્યવસ્તુના દ્વેષી છો. તે પરોક્ષને વિષે પણ શૂન્ય એવું પરોક્ષ ફલાફલને અર્થે કલ્પાતું નથી. ૮૪. મારા મતને વિષે તો આ સઘળું જગત્ નિર્જીવ છે, પણ એક ચૈતન્યમય આત્મા સર્વ પ્રાણીઓના હૃદયમુખનો પ્રેરક થાય છે. તે આત્મા દ્વૈતથી મુક્ત છે અને સુખરૂપ છે. ૮૫. ‘ઉત્કૃષ્ટ આનંદરૂપ હું કર્તા અને ભોક્તા છું.’ એમ માનતો તે આત્મા પોતાની મરજી પ્રમાણે આ દેહને વિષે ક્રીડા કરીને પછી તે દેહનો ત્યાગ કરી ‘હું મુક્ત છું’ એમ કહે છે.” એવા તે **બૌદ્ધ**નાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે (૮૬) “જે માણસ સત્ય અને પવિત્રતા રાખે છે, જે માણસ દેવતા અને અતિથિનું પૂજન કરે છે, તે માણસ ચૌદ ઇન્દ્ર રાજ્ય કરે ત્યાંસુધી બ્રહ્માના લોકમાં રહે છે. ૮૭. જે માણસ અગ્નિષ્ટોમ વગેરે દેવતાને પ્રીતિ આપનારાં કર્મ કરે છે તે માણસ ઇંદ્રલોકમાં જાય છે. જે માણસ સત્યનામવાળા વિષ્ણુનું પૂજન કરે છે તે માણસ સત્યલોકમાં જાય છે. માટે જે જે માણસ જે જે દેવતાનું પૂજન કરે છે તે તે માણસ તે તે દેવતાના સ્થાનને પામે છે. ૮૮. જે જે માણસ ભક્ત થયો છતો જેની જેની મૂર્તિને પૂજવાની ઇચ્છા કરે છે તે તે માણસની તે તે મૂર્તિને વિષે અચલ એવી શ્રદ્ધાને હું ધારણ

भगवन्निह शङ्कराभिधानो यतिरागत्य जिगीषुरार्यपादान् ।
स्ववशीकृतभट्टमण्डनादिः सह शिष्यैर्गिरिशालये समास्ते ॥ ३४ ॥

"મહારાજ! જેણે ભટ્ટપાદ અને મંડનમિશ્ર આદિને વશ્ય કરેલા છે એવો શંકર નામનો સંન્યાસી આપને જીતી લેવાની ઇચ્છાથી શિષ્યોની સાથે અહિં આવીને શિવાલયમાં ઉતરેલો છે." ૩૪.

लोकगमादिकम् ॥ सिद्धं तस्मान्न देहस्य पातमात्राद्विमुच्यते ॥ ९० ॥ सर्वभूतेषु चाऽऽत्मानं सर्वभूतानि चाऽऽत्मनि ॥ संपश्यन्ब्रह्म परमं याति नान्येन हेतुना ॥ ९१ ॥ इत्यादिश्रुत्या ज्ञानेन विना मोक्षो न लभ्यते ॥ इत्युक्तमत आत्मानं परं ज्ञात्वा विमुच्यते ॥ ९२ ॥ कल्पितां जीवतां हित्वा सर्वानर्थप्रदायिनीम् ॥ सच्चिदानन्दरूपेण मुक्तिरुक्ता सदा स्थितिः ॥ ९३ ॥ तस्मात्त्वं मूढतां त्यक्त्वा भव स्वस्थ इतीरितः ॥ परं गुरुं नमस्कृत्य तद्यशःस्तवतत्परः ॥ ९४ ॥ बन्दिमागधसूतानां वेषधारी बभूव ह ॥ तस्माच्छिष्ययुतः प्राप प्रोद्यद्दिनकरप्रभः॥ ९५ ॥ अनुमल्लपुरं तत्र दिनानामेकविंशतिम् ॥ स्थित्वा तत्र स्थितान्वीक्ष्य तानुवाच परो गुरुः ॥९६॥ प्रभातमुखकाले स्वं कृत्यं वदत भो द्विजाः ॥ एवमुक्ता नमस्कृत्य प्रोचुस्ते पुरवासिनः ॥ ९७ ॥ मल्लासुरहरः स्वामिन्मल्लारीति प्रसिद्धताम् ॥ लोके प्राप्तः परेशो यस्तस्य मूर्तिमिमे वयम् ॥ ९८ ॥ संपूज्यानुदिनं भक्त्या शुनस्तद्वाहनस्य च ॥ वेषभाषादिसंयुक्ताः कण्ठे धृतवराटिकाः ॥ ९९ ॥ निःशङ्कास्त्रिषु कालेषु नाट्यवाद्यादिभिः प्रभुम् ॥ मल्लारिं सुप्रसन्नं तं कृत्वा वासं प्रकुर्महे ॥ १०० ॥ तत्कटाक्षजनिते हि सर्वदावर्धमानसुखसागरे प्लुताः ॥ तस्य गर्भगमिदं तु नित्यदा चिन्तयाम न सुखेच्छया युताः ॥ १ ॥ किंच वेदेऽस्य सार्वात्म्यं प्रोक्तं तद्वाहनस्य च ॥ तद्विद्धि तत्त्वमेवातस्तद्वेषादिकधारणम् ॥ २ ॥ इच्छा न जायतेऽन्यत्र तत एव भवानपि ॥ वेदोक्तमिममाचारं सशिष्यः

કરૂં છું. ૮૯. ઇત્યાદિ વચનથી આ જીવનું પરલોકમાં ગમનાદિક થાય છે તે સિદ્ધ છે પણ પતન (મરણ પામવા)માત્રથી મોક્ષ મળતો નથી. ૯૦. જે માણસ સર્વ પ્રાણિને વિષે પોતાના આત્માને જુવે છે તે માણસ પરબ્રહ્મના સ્થાન(મોક્ષ)ને પામે છે, પણ બીજા કારણથી પામતો નથી. ૯૧. ઇત્યાદિ શ્રુતિયે કરીને સિદ્ધ થાય છે કે 'જ્ઞાનવિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી.' આ કહેલા શ્રેષ્ઠ એવા આત્માના મતને જાણીને મોક્ષ પામીશ. ૯૨. સર્વ પ્રકારના અનર્થને આપનારી જીવપણાની કલ્પનાનો ત્યાગકરી સચ્ચિદાનંદરૂપે કરીને જ સર્વદા રહેનારી એવી મુક્તિ કહિ છે. ૯૩. માટે તું મૂઢપણું ત્યાગ કરી પોતાના આત્માનું ચિંતવન કરવામાં સ્વસ્થ થા." એ પ્રકારે **શ્રી**શંકરાચાર્યે કહ્યું એટલે તે **બૌદ્ધ** તે શ્રેષ્ઠ ગુરુને નમસ્કાર કરી તેમના યશનું ગાન કરવામાં તત્પર (૯૪) અને સૂત માગધ તથા બંદિઓનો વેષધારી થયો.

પછી પ્રભાતના સૂર્યે સરખી કાંતિવાળા, **શ્રી**શંકરાચાર્યે (૯૫) શિષ્યોસહિત તે કર્ણાટ ભૂમિમાંથી **અનુમલ્લ**નામના નગર પ્રત્યે ગયા અને ત્યાં એકવીશ દિવસ રહ્યા. પછી ત્યાંના બ્રાહ્મણોને ગુરુયે પૂછ્યુ કે (૯૬) "હે દ્વિજો, તમે તમારૂં પ્રભાતનું કર્મ કહો?" એવા શ્રીગુરુનાં વચન સાંભળી તેમને નમસ્કાર કરી તે નગરવાસી બ્રાહ્મણોએ કહ્યું કે, (૯૭) "હે સ્વામિન્, **મલ્લા**સુરનો નાશ કરીને **મલ્લારી** એવા નામથી લોકમાં પ્રસિદ્ધિ પામેલા પરમાત્મા ઈશ્વર છે તેમની મૂર્તિને અમે નિરંતર પૂજીએ છીએ. ૯૮. વળી તેમના વાહનરૂપ જે શ્વાન તેના વેષ અને ભાષાદિકે કરીને યુક્ત તથા કંઠને વિષે જેમણે દોરી (પાસ) ધારણ કરેલ છે એવા **મલ્લારી** પ્રભુને નિઃશંક થઇને ત્રણે કાળને વિષે નાટ્ય અને વાદ્યાદિથી પ્રસન્ન કરતાં છતાં નિવાસ કરીએ છીએ. (૯૯)૧૦૦. તેમજ **મલ્લારી** પ્રભુના કટાક્ષથી ઉત્પન્ન થયેલા અને વૃદ્ધિ પામતા એવા સુખરૂપ સમુદ્રને વિષે વ્યાપ્ત થઇ રહેલા અમો તે પ્રભુના ગર્ભમાં રહેલા આ વિશ્વનું નિરંતર ચિંતવન કરીએ છીએ પણ કેવળ સુખની ઇચ્છાથી કરતા નથી. ૧૦૧. **વેદ**માં તે **મલ્લારી** દેવતું અને તેમના વાહનનું સર્વાત્મપણું કહ્યું છે માટે તે જ હિતકારી છે તેથી તેમના સરખા વેશાદિકને ધારણ કરવો. ૧૦૨. બીજે ઠેકાણે ઇચ્છા ઉત્પન્ન થાય નહિ એટલા માટે શિષ્યસહિત તમે પણ અમોએ કહેલા આ વેદોક્ત

અનુમલ્લ નગરના બ્રાહ્મણો જેઓ મલ્લારીના ઉપાસકો હતા તેમની જોડે થયેલો વાદવિવાદ.

इति तद्वचनं निशम्य सम्यग्ग्रथितानेकनिबन्धरत्नहारः ।
शिवतत्परसूत्रभाष्यकर्ता प्रहसन्वाचमुवाच शैववर्यः ॥ ३५ ॥

શિવભક્તોમાં ઉત્તમ નીલકંઠ કે જેણે અનેક ગ્રંથોરૂપી રત્નમય હારો સારી રીતે ગુંથ્યા હતા અને વ્યાસસૂત્રનું શિવપર ભાષ્ય બનાવ્યું હતું તે એ હરદત્તનું એ પ્રમાણે વચન સાંભળી હસતો હસતો નીચે પ્રમાણે બોલ્યો. ૩૫.

स्वीकरोतु मे ॥ ३ ॥ श्रुतिराह नमः श्वभ्यः श्वपतिभ्यश्च वो नमः ॥ वराटकानि दास्यामो योग्यानीत्युक्त आह तान् ॥ ४ ॥ एकोऽद्वितीयः खलु सर्वसाक्षी स्वमायया सर्वजगद्विधाता ॥ सदादिवेदाभिहितः परेशो यद्गर्भजा रुद्रविरिञ्चिमुख्याः ॥ १०५ ॥ यथा वीरभद्रादिकैरंशभूतैर्लयः साध्यते क्वापि रुद्रस्य नैव ॥ तथाऽप्यस्ति तेषां विबोधाद्विमुक्तिस्तथा ब्रह्मणोंऽशस्य रुद्रस्य बोधात् ॥ ६ ॥ किंचैकादशरुद्राणामियं स्तुतिरुदाहृता ॥ तदंशानां कथं सा स्यादेकस्य बहुता तथा ॥ ७ ॥ यस्य स्पृष्ट्या मृदा स्नानं विप्राणां परिकीर्तितम् ॥ तस्य वेषादिचिह्नस्य धारणं बहुदोषदम् ॥ ८ ॥ एवं वंशप्रवृत्त्या हि श्ववेषादिविधारणम् ॥ नित्यादिकर्मसंत्यागस्त्रिकालं नाट्यसक्तता ॥ ९ ॥ चरितं भवतां सर्वं ब्राह्मण्यस्य विघातकम् ॥ तस्मान्निरीक्षणेनापि मुखस्य भवतां किल ॥ ११० ॥ सूर्यावलोकनं शास्त्रे चोदितं मौनमेव तु ॥ कर्तव्यमिति संप्रोक्ता न्यपतन्गुरुसंनिधौ ॥ ११ ॥ कृत्तमूला यथा वृक्षा राज्ञो मूलेऽपराधिनः ॥ तानवेक्ष्य दयायुक्तस्तिष्ठतामिति सोऽब्रवीत् ॥ १२ ॥ अथाऽऽज्ञया गुरोः शिष्याः पद्मपादमुखाः खलु ॥ तच्छिरोमुण्डनं नद्यामयुतस्नानमेव च ॥ १३ ॥ मृदाऽथ मुण्डनं भूयः शतस्नानं मृदा तथा ॥ योग्यं च कारयित्वाऽन्यत्प्रायश्चित्तमतन्द्रिताः ॥ १४ ॥ ब्राह्मण्यमार्गगांश्चक्रुस्तांस्तेऽपि तु परं गुरुम् ॥ नत्वा सच्छिष्यतां याता शौचस्नानादितत्पराः ॥ ११५ ॥ पञ्चपूजारता जाताः शास्त्राध्ययनसंरताः ॥ श्रीशंकरप्रसादेन मुक्तिभाजनतां गताः ॥ १६ ॥

આચારનો સ્વીકાર કરો. ૩. વેદપણ કહે છે કે, 'नमः श्वभ्यः श्वपतिभ्यश्च वो नमः' (શ્વાનને નમસ્કાર અને શ્વાનના પતિને પણ નમસ્કાર) અમે તમને યોગ્ય એવા પાસ વગેરે આપશું." એવા તે બૌદ્ધ લોકોનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્યે કહ્યું કે (૪) "પોતાની માયાથી જ જગત્‌ને ઉત્પન્ન કરનારો સર્વના સાક્ષી અને ઉત્તમ એવી આદિ શ્રુતિયે કહેલા પરમાત્મા એક જ છે. જેના ગર્ભ થકી રુદ્ર અને બ્રહ્મા વગેરે ઉત્પન્ન થાય છે. ૫. જેમ રુદ્રના અંશભૂત વીરભદ્રાદિકે કરીને આ જગત્‌નો લય થાય છે પણ રુદ્ર પોતાના થકી થતો નથી. તોપણ તેઓના બોધ થકી મુક્તિ થાય છે તેમ જ બ્રહ્માના અંશરૂપ રુદ્રના બોધ થકી પણ મુક્તિ થાય છે. ૬. આ સ્તુતિ શું અગિયાર રુદ્રની કહિ છે? જો તેમ હોય તો તે રુદ્રના અંશભૂતને તે સ્તુતિ કેમ ઘટે? તેમ જ એકને બહુપણું પણ કેમ ઘટે? ૭. જેનો સ્પર્શ કરવાથી બ્રાહ્મણોને માટી ગ્રહણ કરી સ્નાન કરવું એમ શાસ્ત્રમાં કહ્યું છે તો તેના વેષ અને ભાષાદિ ધારણ કરવાં એ ઘણા દોષને આપનાર છે. ૮. આ પ્રકારથી વંશની પ્રવૃત્તિ કરવી, શ્વાનના વેષ વગેરેનું ધારણ કરવું, નિત્યકર્મનો ત્યાગ તથા ત્રણે કાળ નાચમાં આશક્તતા (૯) આ સર્વ ચરિત્ર બ્રહ્મત્વપણાનો નાશ કરનાર છે. માટે તમારૂં મુખ જોવાય તો પણ સૂર્યનું દર્શન કરવું જોઇએ એમ શાસ્ત્રમાં કહેલું છે." એવા શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી તે સર્વ બૌદ્ધો ગુરુના ચરણકમળને વિષે પડ્યા. ૧૦, ૧૧. જેનાં મૂલ કાપી નાંખ્યા છે એવા વૃક્ષોની પેઠે અને રાજાના ચરણમૂળને વિષે અપરાધી માણસોની પેઠે પોતાના ચરણકમળને વિષે પડેલા બૌદ્ધોને જોઇને દયાવાન્ એવા શ્રીશંકરાચાર્યે 'બેસો' એમ કહ્યું. ૧૨. પછી ગુરુની આજ્ઞાથી પદ્મપાદ વગેરે સર્વ શિષ્યોયે તે બૌદ્ધને શિરોમુંડન કરાવી નદીમાં દશહજાર વખત સ્નાન કરાવ્યું. ૧૩. વારંવાર માથે માટી ચોપડી સોવાર ફરીથી સ્નાન કરાવ્યું તથા બીજું પણ યોગ્ય પ્રાયશ્ચિત્ત કરાવ્યું. (૧૪) અને બ્રાહ્મણના ધર્મને અનુસરનારા કર્યા એટલે તે શિષ્યોપણ તે ઉત્તમ ગુરુરૂપ શ્રીશંકરાચાર્યને નમસ્કાર કરી શ્રેષ્ઠ શિષ્યપણાને પામ્યા. સ્નાન શૌચ વગેરેમાં તત્પર થયેલા (૧૫), પંચદેવનું પૂજન કરવામાં પ્રીતિવાળા, શાસ્ત્રાભ્યાસ કરવામાં પણ પ્રીતિવાળા, એવા તે શિષ્યો શ્રીશંકરાચાર્યના પ્રસાદથી મોક્ષની પાત્રતાને પામ્યા. ૧૬.

?

सरितां पतिमेष शोषयेद्वा सवितारं वियतः प्रपातयेद्वा ।
पटवत्सुरवर्त्म वेष्टयेद्वा विजये नैव तथाऽपि मे समर्थः ॥ ३६ ॥

" એ સંન્યાસી સમુદ્રને સુકાવી નાંખે, અથવા સૂર્યને આકાશમાંથી પાડી નાખે અથવા આકાશને વસ્ત્રની પેઠે લપેટી લે તોપણ મને જીતી લેવામાં સમર્થ થાય જ નહિ.[1] ૩૬.

तस्मात्पुरात्पश्चिममार्गगामी मरुन्धसंज्ञं पुरमाप शिष्यैः ॥ ढक्कादिवाद्यानुचलत्करौघैर्विचित्रबन्धादिबहुप्रपद्यैः ॥ १७ ॥ तत्र पुर्यां विचित्रं वै विष्वक्सेनस्य गोपुरम् ॥ तत्पूर्वतः प्रपाशालां विपुलां तत्र कल्पनाम् ॥ १८ ॥ गृहादीनामसौ कृत्वा सम्यग्दर्भासनस्थितः ॥ मनोन्मन्यभिधाङ्गुष्ठमात्रलक्ष्यं परं प्रभुम् ॥ १९ ॥ संपूर्णमण्डलाकारमात्मानं संनिरीक्ष्य सः ॥ पीयूषबिन्दुसंदोहपानतृप्ताङ्ग एव हि ॥ १२० ॥ कुण्डलिनीं पुनर्मूलाधारं नीत्वा तदीश्वरम् ॥ स्तुत्वा गणपतिं तत्र चिरमास सुखं गुरुः ॥ २१ ॥ तत्रत्याः स्वामिनं नत्वा विष्वक्सेनपरायणाः ॥ शङ्खचक्रविराजद्भुजदण्डास्तोत्रपाणयः ॥२२॥ ऊचुरस्मन्मतं सुष्ठु विष्वक्सेनाधिदैवतम् ॥ पुण्यदं स तु वैकुण्ठे सेनापतिरुदाहृतः ॥ २३ ॥ तस्य भक्ता वयं नास्ति भयं नो यमराजतः ॥ देहपाताद्भटैस्तस्य चोदितेन यथा किल ॥ २४ ॥ वैकुण्ठ एव गन्तव्य इत्युक्तः प्राह तान्गुरुः ॥ मैवं नारायणस्यैष विष्वक्सेनः प्रकीर्तितः ॥ १२५ ॥ भक्तस्तथैवेशभक्ता वैकुण्ठे सन्त्यनेकशः ॥ तद्भक्ता अपि संपूज्यास्तद्भक्तैरित्यनुज्ञया ॥ २६ ॥ कथं तेषामुपास्यत्वं स्वातन्त्र्येण भवेत्किल ॥ प्रमाणाभावतस्तस्मात्सगुणत्वात्स एव हि ॥ २७ ॥ तल्लोकप्रेप्सुभिः सेव्यः पारंपर्येण मुक्तिदः ॥ नारायणस्तमेकं तु ध्यातुः प्रत्यगभेदतः ॥ २८ ॥ मुक्तिः साक्षादतो यूयं यदि चेन्मुक्तिकाङ्क्षिणः ॥ तदा-

વિષ્વક્સેન મતાનુયાયી સાથેનો સંવાદ.

પછી તે નગર થકી ઢક્કાદિ અનેક વાજીંત્રોને વગાડનારા અને વારંવાર વંદના કરતા એવા પોતાના શિષ્યોસહિત **શ્રી**શંકરાચાર્યે પશ્ચિમ દિશામાં **મરુન્ધ** નામના નગર પ્રત્યે ગયા. ૧૭. તે નગર વિષે વિચિત્ર એવો **વિષ્વક્સેનનો** દરવાજો હતો. તેના પૂર્વ ભાગમાં એક મોટી પરબ હતી. તે ઠેકાણે **શ્રી**શંકરાચાર્યે તૃણાદિકથી ગૃહની રચના કરાવી ત્યાં રહ્યા. ૧૮. દર્ભના આસન ઉપર બેઠેલા **મનોન્મન્ય** નામના અંગુષ્ઠમાત્ર શરીરવાળા, સંપૂર્ણ મંડળના સરખા આકારવાળા, પરંપ્રભુરૂપ આત્માને જોઇને અમૃતના બિંદુમાત્રના પાનથી પણ તૃપ્તિને પામેલા અંગવાળા તેઓ દેખાતા હતા. ૧૯, ૨૦. કુંડલિનિને પુનઃ મૂલાધારપ્રત્યે લઇ જઇ અને તેના ઈશ્વરરૂપ ગણપતિની સ્તુતિ કરીને તે ઠેકાણે **શ્રી**શંકરાચાર્યે સુખે કરીને ઘણા દિવસ રહ્યા. ૨૧. **વિષ્વક્સેનને** સેવન કરનારા, શંખચક્રથી સુશોભિત હાથરૂપ દંડવાળા અને જેના હાથમાં સ્તોત્ર રહ્યા હતા એવા ત્યાંના બ્રાહ્મણોએ **શ્રી**શંકરાચાર્યને નમસ્કાર કર્યો (૨૨) અને કહ્યું કે "**વિષ્વક્સેનરૂપ** અધિદૈવતવાળો આ અમારો મત ઘણો જ ઉત્તમ અને પુણ્ય આપનારો છે, વળી તે **વિષ્વક્સેન વૈકુંઠ** લોકને વિષે સેનાપતિ કહેવાય છે. ૨૩. અમે તે **વિષ્વક્સેનના** ભકતો છીએ અમારે **યમરાજ** થકી કોઇને ભય નથી. તેમ જ તે **યમરાજના** ભટોએ કરેલા દેહપાત થકી પણ ભય નથી. (૨૪) અને અમે **વૈકુંઠને** વિષે જનારા છિએ." એવા તે બ્રાહ્મણોનાં વચન સાંભળીને **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "એમ નહિ પણ તે **વિષ્વક્સેન નારાયણનો** ભક્ત છે (૨૫) અને **વૈકુંઠ** લોકમાં **નારાયણને** તેવા ભકતો અનેક છે માટે તે **નારાવણના** ભકતોનું ભજન **નારાયણ** શી રીતે કરે ? અર્થાત્ ન કરે. ઇત્યાદિ શાસ્ત્રની આજ્ઞાથી (૨૬) સ્વતંત્રપણાએ કરીને તે **વિષ્વક્સેન** વગેરેની ઉપાસના કરવી કેમ ઘટે ? કારણ તેવાનું ભજન કરવું એવું શાસ્ત્રનું પ્રમાણ નથી. કેમકે તે **વિષ્વક્સેન** વગેરે **નારાયણના** સગુણ ભકતો છે. ૨૭. માટે **વૈકુંઠલોકને** ઇચ્છનારા પુરુષોયે પરંપરાએ કરીને મોક્ષ આપનાર **નારાયણની** સેવા કરવી. પ્રત્યગ્ભેદ થકી ધ્યાન કરનારને મોક્ષ પ્રાપ્ત થાય છે. ૨૮. જો તમારે પણ મુક્તિની ઇચ્છા હોય તો અદ્વય અને અખંડ એવા તે **નારાયણનું** ગુરૂશાસ્ત્રના

---

૧. પોતાના પરાજયનું અત્યંત અસંભાવિતપણું સિદ્ધ કરવાને વાસ્તે સમુદ્રને સુકાવી નાખવા આદિ અસંભાવિત અર્થોની કલ્પના કરી છે માટે **મિથ્યાધ્યવસિતિ** અલંકાર થયો છે. " **किंचिन्मिथ्यात्वसिध्यर्थं मिथ्यार्थांतरकल्पनम् । मिथ्याध्यवसितिः ।** "—એકને અસંભવિત ઠરાવવા માટે બીજા અસંભવિત અર્થોની કલ્પના કરવી એ **મિથ્યાધ્યવસિતિ** અલંકાર થાય છે.—કુવલયાનંદ, કારિકા ૧૨૬.

परपक्षतमिस्रचञ्चदर्कैर्मम तर्कैर्बहुधा विशीर्यमाणम् ।
अधुनैव मतं निजं स पश्यत्विति जल्पन्निरगादनल्पकोपः ॥ ३७ ॥

એ સંન્યાસી પોતાના મતને પ્રતિવાદીઓના પક્ષોરૂપી અંધકારોનો નાશ કરવામાં સૂર્યની પેઠે પ્રકાશતા મારા તર્કોથી હમણાં જ અનેક રીતે વીખાઇ જતો જુવો" એમ બોલતો એ **નીલકંઠ** ઘણા કોપને લીધે ઘરમાંથી શંકરાચાર્યની પાસે જવા નીકળ્યો. ૩૭.

ऽद्वयमखण्डं तं गुरुशास्त्रोपदेशतः ॥ २९ ॥ ध्यात्वा सम्यक्प्रयत्नेन मुक्ता भवथ मा चिरम् ॥ इत्युक्तास्त्यक्तलिङ्गास्ते प्रणम्य शिरसा गुरुम् ॥ १३० ॥ तदादेशेन संप्राप्य विद्यां स्मृत्यादिदर्शिताम् ॥ कर्मादौ सुरताः सर्वे बभूवुः साधुवृत्तयः ॥ ३१ ॥

ततः समागत्य तु मन्मथस्य भक्ता नमस्कृत्य गुरुं समूचुः ॥ शृण्वस्मदीयं मतमद्भुतं त्वं यो मन्मथः सर्वहृदि स्थितः सः ॥ ३२ ॥ सर्गादिकर्ताऽत उपासनीयः सर्वार्थिभिः सर्वनुतः परात्मा ॥ सुवर्तुलाकारविभूषणाभ्यां वशीकृतं येन हृदि स्थिताभ्याम् ॥ ३३ ॥ कान्ताकदम्बेन तदीयदर्शनप्रस्पर्शनाभ्यां बहुसौख्यदाभ्याम् ॥ कामात्मनः पूर्णसुखस्य लब्धिर्मोक्षोऽस्त्यतो यूयमपीह तस्य ॥ ३४ ॥ समुत्सवे पञ्चशरस्य चिह्नं धृत्वा ह्यनन्तेन सुखेन युक्ताः ॥ तज्जेन मुक्ता भवथेति सोक्तः प्रोवाच मैवं वदताप्रमाणम् ॥ १३५ ॥ कमलजप्रमुखा जगतः स्मृता उदयपालनसंयमने रताः ॥ न च हरेः सुत एष हि पालको न च सुते सवितुर्हि तथा प्रभा ॥ ३६ ॥ स्त्रीणां तत्सङ्गिनां सङ्गं दूरतः परिवर्जयेत् ॥ इत्येवं प्रतिषेधस्य सत्त्वाद्दुष्टं भवन्मतम् ॥ ३७ ॥ किंचानङ्गस्य मोक्षादिदातृत्वे शक्तता कुतः ॥ प्रद्युम्नस्य च कर्तृत्वं सृष्ट्यादेर्न विरोधतः ॥३८॥ प्रत्यक्षादेरिति श्रुत्वा नत्वा क्रौञ्चविदादयः॥ त्यक्तचिह्ना बभूवुस्ते पञ्चपूजादितत्पराः ॥ ३९ ॥

ઉપદેશ થકી પ્રયત્ને કરીને ધ્યાન કરો (૨૯) કે જેથી થોડા કાળમાં મુક્તિ પામશો." એટલે તે સર્વ **વિષ્વક્સેનના** ભકતોએ પોતાનાં ચિન્હોનો ત્યાગ કરી ગુરુને મસ્તકવડે કરીને પ્રણામ કર્યા. ૨૯, ૩૦. **શ્રી**શંકરાચાર્યના ઉપદેશ થકી સ્મૃતિ વગેરેમાં કહેલી વિધાને પામી સાધુ વૃત્તિવાળા તે સર્વ બ્રહ્મકર્માદિકને વિષે પ્રીતિવાળા થયા. ૩૧.

મન્મથ ભકતો જોડે થયેલો વાદ-વિવાદ.

પછી **મન્મથ**-કામદેવના ભકતોએ આવી શ્રીગુરુને પ્રણામ કરીને કહ્યું કે "તમે મારા અદ્ભુત **મન્મથ** મતને સાંભળો. જે **મન્મથ** સર્વ પ્રાણિના હૃદયનેવિષે રહેલો છે. ૩૨. સર્વના અર્થિ પુરુષોને સર્ગાદિકનો કરનાર, સર્વ પ્રાણિયોએ સ્તુતિ કરેલો અને પરાત્મારૂપ તે **મન્મથ** જ ઉપાસના કરવા યોગ્ય છે કે જે **મન્મથે** હૃદયમાં રહેલા ઉત્તમ વર્તુલાકાર વિભૂષણથી આ સર્વ જગત્ વશ કર્યું છે. ૩૩. ઘણા સુખને આપનાર કાંતા અને કદંબરૂપ અલંકારોનાં દર્શન અને સ્પર્શથી કામાત્માને પૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે ને પછી મુક્તિ પણ થાય છે ૩૪. માટે તમે પણ **તે મન્મથનાં** ચિન્હોને હર્ષપૂર્વક ધારણ કરીને અનંત સુખયુક્ત થાઓ કે જેના યત્નથી મોક્ષસુખ પામશો." એવા તે **મન્મથ** ભકતોનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે "તમે આ જે કહો છો તે પ્રમાણ નથી. ૩૫. જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરવામાં **બ્રહ્મા**, **વિષ્ણુ** અને **રુદ્ર** કહેલા છે પણ હરિનો પુત્ર જગત્‌નું પાલન કરનારો નથી. જેમ કે જેવી રીતે સૂર્ય જગત્‌ને પ્રકાશ કરી શકે છે તેમ તે સૂર્યની કાંતિ પ્રકાશ કરી શકતી નથી. તેમ જ જગત્‌નું પાલન હરિ (**વિષ્ણુ**) કરે છે પણ હરિનો પુત્ર **મન્મથ** કરતો નથી. ૩૬. સ્ત્રીઓના અને સ્ત્રીઓના સંગીઓના દૂરથી ત્યાગ કરવો એ પ્રમાણે પ્રતિશેધથી તમારો મત દુષ્ટ છે એમ નિશ્ચય થાય છે. ૩૭. **કામદેવને** મોક્ષ વગેરે આપવાની શક્તિ ક્યાંથી હોય? **પ્રદ્યુમ્નને** જગત્‌નું કર્તાપણું વિરોધથી જ ઘટતું નથી." ૩૮. પ્રત્યક્ષ પ્રમાણ અને અનુમાનથી એ પ્રકારના **શ્રી**શંકરાચાર્યનાં વચન સાંભળી **ક્રૌંચવિદાદિ** કામદેવના ભકતો પોતાનાં ચિન્હોનો ત્યાગ કરી પંચદેવનું પૂજન કરવામાં તત્પર થયા. ૩૯.

सितभूतितरङ्गिताखिलाङ्गैः स्फुटरुद्राक्षकलापकम्रकण्ठैः ।
परिवीतमधीतशैवशास्त्रैर्मुनिरायान्तममुं ददर्श शिष्यैः ॥ ३८ ॥

શ્વેત ભસ્મથી વ્યાપ્ત થએલાં સઘળાં અંગોવાળા, મોટા મોટા રુદ્રાક્ષોના સમૂહથી શોભતા કંઠોવાળા અને શૈવશાસ્ત્રોનું અધ્યયન કરનારા શિષ્યોથી વીંટાએલા એ **નીલકંઠ** પંડિતને **શંકરા**ચાર્યે આવતો દીઠો. ૩૮.

तस्मादुदक्पथायातं पुरं मागधमद्भुतम् ॥ कुबेरोपासकास्तत्र कुबेरप्रमुखाः स्थिताः ॥ १४० ॥ नवनिध्यात्मसौवर्णपदकावलिशोभिताः ॥ ऊचुर्नवनिधीशत्वात्सर्वार्थिकधनः किल ॥ ४१ ॥ कुबेरस्तस्य भक्तानामस्माकं न दरिद्रता ॥ ततो नः पूर्ण आनन्दो ब्रह्मरूपोऽस्ति भो यते ॥ ४२ ॥ कर्मणोऽप्यर्थमूलत्वात्तत्पतेः सेवनं वरम् ॥ मोक्षाद्याकाङ्क्षिभिः सर्वैः कर्तव्यं सुप्रयत्नतः ॥ ४३ ॥ किंच ब्रह्मादिकानां स धनदानेन पालकः ॥ तस्मात्समग्रलोकानां स्वाम्ययं सेव्यतां गतः ॥ ४४ ॥ तस्य सेवाकरी काचिद्याक्षिणी सुरसुन्दरी ॥ महदैश्वर्यलाभस्तत्सेवनादपि जायते ॥ १४५ ॥ तस्मात्तदन्यसेवां ये कुर्वन्ति मनुजादयः ॥ मोक्षाद्याकाङ्क्षिणस्ते तु मन्दा भाग्यविवर्जिताः ॥ ४६ ॥ तस्माद्भवन्तोऽपि कुबेरसेवां कुर्वन्तु मोक्षार्थमनन्यचित्ताः ॥ इत्युक्त आचार्य उवाच युष्मन्मतं प्रमाणेन विहीनमेव ॥ ४७ ॥ स्वामी कुबेरोऽस्तु परो धनस्य तथाऽपि कश्चिन्न हि तेन तृप्तः ॥ लोभेन युक्तस्य कुतोऽस्ति तृप्तिरतोऽस्य धर्मोऽपि न विद्यतेऽणुः ॥ ४८ ॥ मोक्षस्य वार्ता त्वतिदूरगाऽस्ति तस्मात्परित्याज्यमनर्थरूपम् ॥ द्रव्यं प्रयत्नेन मुमुक्षुभिस्तत्सेव्यं न यस्यास्ति पुनर्वियोगः ॥ ४९ ॥ अर्थमनर्थं भावय नित्यं नास्ति यतः सुखलेशः सत्यम् ॥ पुत्रादपि धनभाजां भीतिः सर्वत एषा विहिता नीतिः ॥ १५० ॥ इत्युक्तेर्ननु धर्मोऽपि तत्साध्य इति चेत्तथा ॥ अस्तु नाम कुबेरस्तु सेव्यो नैव धनार्थिना ॥ ५१ ॥ यतः प्राक्सुकृतादेव धनभाजो जना मताः ॥ ब्रह्मा हिरण्यगर्भोऽस्ति विष्णुर्लक्ष्मीपतिर्हरः ॥ ५२ ॥ हिरण्यवीर्य इन्द्रस्तु सुवर्णा-

કુબેરની ઉપાસના કરનાર જોડે થયેલો વાદ-વિવાદ.

પછી શંકરાચાર્યે તે નગરથી ઉત્તર દિશા તરફ ચાલ્યા અને મગધ નામના અદ્ભુત નગર પ્રત્યે પહોચ્યા કે જે નગરમાં કુબેર મુખ્ય છે એવા કુબેરની ઉપાસના કરનાર પુરુષો રહેતા હતા. ૪૦. નવનિધિરૂપ સુવર્ણના પદકની પંક્તિથી શોભી રહેલા તે કુબેરના ભકતોએ **શ્રી**શંકરાચાર્યને કહ્યું કે, “નવનિધિના અધિપતિપણાથી સર્વ દેવોમાં કુબેર મ્હોટા છે (૪૧) અને તે કુબેરના અમે ભકતો છીએ જેથી અમારે કયારે પણ દરિદ્રતા નથી. હે યતે, તેથી અમારે બ્રહ્મરૂપ પૂર્ણ આનંદ છે. ૪૨. કર્મે પણ દ્રવ્યનું મૂલ છે જેથી મોક્ષને ઇચ્છનારા સર્વ પુરુષોએ પ્રયત્નથી દ્રવ્યના પતિ કુબેરનું સેવન કરવું એ જ ઉત્તમ છે. ૪૩. વળી તે કુબેર દ્રવ્યના દાને કરીને બ્રહ્માદિક સર્વ દેવતાઓનું પાલન કરે છે માટે સર્વ લોકના અધિપતિ આ કુબેર સેવવા યોગ્ય થયા છે. ૪૪. તે કુબેરની સેવા કરનારી સુરસુંદરી નામની કોઇ યક્ષિણી છે તેનું સેવન કરવાથી પણ મોટા ઐશ્વર્યનો લાભ થાય છે. ૪૫. માટે જે માણસો મોક્ષની ઇચ્છાથી કુબેર વિના બીજા દેવની સેવા કરે છે તે મંદ ભાગ્યે કરીને ત્યાગ કરવા યોગ્ય જાણવા. ૪૬. માટે તમે પણ મોક્ષને અર્થે એકાગ્રચિત્તે કરીને કુબેરનું સેવન કરો.” એવાં તે કુબેરભકતોનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે “આ તમારો મત પ્રમાણ રહિત છે. ૪૭. કુબેર ધનનો સ્વામિ છે. તેમ છતાં તે તૃપ્તિ પામેલો નથી. લોભવાળાને તૃપ્તિ કયાંથી હોય? માટે આ કુબેરને અણુમાત્ર પણ ધર્મ નથી. ૪૮. અર્થવાળા પુરુષો પાસેથી મોક્ષની વાર્તા ઘણી દૂર રહે છે માટે અનર્થના કારણરૂપ અર્થનો પ્રયત્નથી ત્યાગ કરવો અને મોક્ષ ઇચ્છનારા પુરુષોએ સંતનું સેવન કરવું કે જેથી કરીને વિયોગ થાય નહિ. ૪૯. નિરંતર દ્રવ્યને અનર્થરૂપ જાણ, કારણ કે જેમાં લેશમાત્ર પણ સુખ નથી, દ્રવ્યવાન પુરુષોને પુત્રથી પણ ભય થાય છે અને બીજા સર્વ થકી ભય થાય છે, આ પ્રકારે નીતિ કહેલી છે. ૫૦. એ પ્રકારે કહ્યે છતે જો ધર્મ વડે પણ કુબેર સાધ્ય હોય તો તેમ એ પણ દ્રવ્યના અર્થિ પુરુષોએ કુબેરનું સેવન કરવું એ યોગ્ય નથી. ૫૧. કારણ કે મનુષ્ય પૂર્વના સુકૃત્યથી જ દ્રવ્યવાળા થાય છે, જુઓ બ્રહ્મા હિરણ્યગર્ભ કહેવાય છે, વિષ્ણુ લક્ષ્મીના પતિ છે. ૫૨. **શંકર** હિરણ્યવીર્ય છે

अधिगत्य महर्षिसन्निकर्षं कविरातिष्ठिपदात्मपक्षमेषः ।
शुकतातकृतात्मशास्त्रतः प्राक्कपिलाचार्य इवाऽऽत्मशास्त्रमद्धा ॥ ३९ ॥

એ પંડિતે શંકરાચાર્યની પાસે આવીને, જેમ પૂર્વે વેદવ્યાસે રચેલાં વેદાંતદર્શનથી પહેલાં કપિલાચાર્યે પોતાના મતનું પ્રૌઢપણું સ્થાપન કર્યું હતું તેમ પોતાના શૈવમતનું પ્રૌઢપણું સ્થાપન કર્યું. ૩૯.

च्चलसंस्थितः ॥ एवंविधा धनेनास्य जीवन्तीत्यतिसाहसम् ॥ ५३ ॥ महन्निन्दार्थकं वाक्यं नैव वाच्यमितः परम् ॥ चिह्नानि संपरित्यज्य स्नानसंध्यादितत्पराः ॥ ५४ ॥ अद्वैतविद्यया युक्ताः पञ्चपूजारताः सदा ॥ भवतेत्युदिताः सर्वे गुरुपादाम्बुजे रताः ॥ १५५ ॥ त्यक्तचिह्ना बभूवुस्ते पञ्चपूजादितत्पराः ॥

इन्द्रभक्तास्ततो नत्वा तमूचुः परमं गुरुम् ॥५६॥ इन्द्रः स्वामिन्देवगन्धर्वयक्षैः सर्वेशः सर्गादिकर्ता सुसेव्यः ॥ ब्रह्मा विष्णू रुद्र इत्येष वेदे तत्तच्छब्दैर्वाच्य एवैष नान्यः ॥५७॥ सर्वेशत्वं सर्वदातृत्वमस्य वेदे प्रोक्तं वामनश्चानुजोऽस्य ॥ रत्नं सर्वं तद्गृहे चामृताद्यं देवाः सर्वे यस्य कुर्वन्ति सेवाम् ॥५८॥ सर्वस्याऽऽत्मा निर्विशेषः परात्मा सर्वातीतः शिक्षकोऽसौ यतीनाम् ॥ प्रायच्छत्तान्स्वार्थहीनान्वृकेभ्यस्तस्मादिन्द्रः सेवनीयो भवद्भिः ॥ ५९ ॥ श्रेयस्कामैरित्यसौ प्रोक्त आह मैवं वाच्यं ब्रह्मशब्दादिवाद्भिः ॥ पूर्णैश्वर्ये सच्चिदानन्दरूप इन्द्रः शब्दो नैव वज्रादियुक्ते ॥ १६० ॥ सदेवेत्यादिवाक्येषु परं ब्रह्म निरूपितम् ॥ कारणं जगतो यस्माद्ब्रह्मविष्ण्वादिसंभवः ॥ ६१ ॥ ब्रह्मणस्त्विन्द्रवह्न्यादिदेवादीनां समुद्भवः ॥ इन्द्रः स्रष्टेति चेदन्ये लोकपालाः कुतो न हि ॥ ६२ ॥ सर्वदातृत्वमप्यस्य सापेक्षं सर्वजन्तुवत् ॥ ब्रह्मतायां सुधापानात्तदानन्त्यं प्रसज्यते ॥ ६३ ॥ एकमेवेति वेदो हि व्यर्थः स्यात्तु तथा सति । सहस्रयुगकालस्य ब्रह्मणो

અને ઇંદ્ર સુવર્ણના પર્વત ઉપર રહેલો છે તો પછી એ પ્રકારના પુરુષો કુબેરના ધને કરીને જીવે છે એમ જે કહેવું તે સાહસ છે—અર્થાત્ અયોગ્ય છે. ૫૩. માટે હવે તમારે કયારે પણ મોટાની નિંદારૂપ વચનો બોલવાં નહિ તેમ જ ચિન્હોનો ત્યાગ કરી સ્નાન સંધ્યાદિ કર્મો કરવામાં તત્પર થાઓ. ૫૪. અદ્વૈત વિદ્યાયુક્ત અને નિરંતર પંચદેવનું પૂજન કરવાને પ્રીતિવાળા થાઓ." એ પ્રકારે શંકરાચાર્યે કહ્યું એટલે તે સર્વ કુબેરના ભક્તો ગુરુનાં ચરણકમલને વિષે પ્રીતિવાળા થયા (૫૫) અને ધારણ કરેલાં ચિન્હોનો ત્યાગ કરી પંચદેવનું પૂજન કરવામાં તત્પર થયા.

ઇંદ્રના ઉપાસકો જોડે થયેલો વાદ-વિવાદ.

પછી ઇંદ્રના ભકતોએ નમસ્કાર કરીને તે પરમ ગુરુ એવા **શ્રી**શંકરાચાર્યને કહ્યું કે (૫૬) "હે સ્વામિન્, જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનાર તથા સર્વનો પતિ એવો ઇંદ્ર-દેવ, મનુષ્ય અને યક્ષને સેવન કરવા યોગ્ય છે. **વેદ**માં પણ **બ્રહ્મા**, **વિષ્ણુ** અને **રુદ્ર**ના નામે કરીને તે ઇંદ્ર જ બોલાય છે. બીજો કોઇ બોલાતો નથી. ૫૭. **વેદ**માં આ ઇંદ્રને સર્વનો અધિપતિ કહ્યો છે. સર્વ વસ્તુ આપનારો પણ એ જ છે. વળી **વામન**જી એ ઇંદ્રના નહાના ભાઇ છે તે ઇંદ્રના ઘરને વિષે અમૃત વગેરે સર્વ પ્રકારનાં રત્નો રહેલાં છે અને જે ઇંદ્રની સર્વ દેવો સેવા કરે છે. ૫૮. સર્વના આત્મારૂપ, નિર્વિશેષ, પરાત્મા, સર્વથી જૂદો, અને યતિયોનો શિક્ષક આ ઇંદ્ર, અજ્ઞાનિ પુરુષોને સ્વાર્થરહિત પ્રાયશ્ચિત્તનું નિરૂપણ કરે છે. માટે શ્રેયની ઇચ્છા કરનારા એવા તમારે તે ઇંદ્ર સેવન કરવા યોગ્ય છે." ૫૯. એવા તેઓનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે "તમારે **બ્રહ્મ** શબ્દની પેઠે આ પ્રકારે બોલવું તે યોગ્ય નથી કારણ કે પૂર્ણ ઐશ્વર્ય અને સચ્ચિદાનંદરૂપ ઇંદ્ર શબ્દ વજ્રાદિ શસ્ત્રયુક્ત નથી. ૬૦. '**सत एव**' ઇત્યાદિ વાકયને વિષે પરંબ્રહ્મનું નિરૂપણ કર્યું છે જે બ્રહ્મ થકી જગત્‌ના કારણભૂત **બ્રહ્મા**, **વિષ્ણુ**, અને **રુદ્રા**દિકની ઉત્પત્તિ છે (૬૧) અને **બ્રહ્મા** થકી ઇંદ્ર તથા અગ્નિ વગેરે દેવતાઓની ઉત્પત્તિ છે. હવે જો ઇંદ્ર જગત્‌નો સ્રજનાર હોય તો પછી બીજા લોકપાલો જગત્‌ના સ્રજનાર શામાટે ન હોય? ૬૨. સર્વ પ્રાણિયોને દાનશીલ કરવા એ આ ઇંદ્રને સર્વ જંતુઓની પેઠે આક્ષેપપણું બતાવેછે. વળી બ્રહ્મપણાને વિષે અમૃતના પાને કરીને તે અનંતગણું દેખાય છે. ૬૩. હે ઇંદ્રભકતો, જો તમે એમ કહેતા હો કે ઇંદ્ર એક જ અને અનાદિ છે અને જો તેમ હોય તો **વેદ**નું કહેવું વ્યર્થ થાય છે. કારણકે જ્યારે એક હજાર

भगवन्क्षणमात्रमीक्ष्यतां तत्प्रथमं तु स्फुरदुक्तिपाटवं मे ।
इति देशिकपुङ्गवं निवार्य व्यवदत्तेन सुरेश्वरः सुधीशः ॥ ४० ॥

આ સમયમાં શંકરાચાર્ય વાદ કરવાને સજ્જ થતાં 'મહારાજ, પ્રથમ તો જરાવર મારા ભાષણની ઉત્તમ ચતુરાઇ જુવો' એમ કહિ શંકરાચાર્યને અટકાવીને મહાપંડિત સુરેશ્વરાચાર્ય **ની**લકંઠની સાથે વિવાદ કરવા લાગ્યા. ૪૦.

दिवसस्य वै ॥ ६४ ॥ चतुर्दशांशसंजीवी कथं स्यात्परमेश्वरः ॥ तस्मात्सर्वलये शिष्टं सदादिप्रतिपादितम् ॥ १६५ ॥ जगत्कारणमेष्टव्यं श्रुतिरूपात्प्रमाणतः ॥ भद्रहर्यादिभिः शुद्धाद्वैतविद्यामुपाश्रितैः ॥ ६६ ॥ एवमुक्त्वा गुरुं नत्वा स्मार्तकर्मपरायणाः ॥ बभूवुः पञ्चपूजादितत्पराः शिष्यतां गताः ॥ ६७ ॥

तस्माद्यमप्रस्थपुरं प्रयातस्तत्र स्थितो मासमथाऽऽगता ये ॥ यमस्य भक्ता महिषात्मतप्तलोहाङ्किता बाहुषु नृत्यवन्तः॥६८॥नत्वोचिरे किंकरसंज्ञकाद्या लयस्य हेतुर्यम एव तस्मात्॥ सृष्ट्यादिकर्ताऽपि स एव नूनं ततस्तदीयाः खलु मुक्तिभाजः॥६९॥ यमाय सोमं सुनुत यमाय जुहुता हविः ॥ यमं ह यज्ञो गच्छत्यग्निदूतो अरं कृतः ॥१७० ॥ इत्येवं यज्ञभोक्तृत्वं श्रुतौ प्रोक्तं यमस्य हि ॥ तस्मादयं परं ब्रह्म सृष्ट्युत्पत्त्यादिकारणम् ॥ ७१ ॥ तस्य मूर्तिर्द्विधा ज्ञेया शुक्लकृष्णविभेदतः ॥ यच्छुक्लं तत्परं ब्रह्मेति श्रुतेः शुक्लरूपिणी ॥ ७२ ॥ या मूर्तिः सा परं ब्रह्म तस्मान्निर्गुणतो यमात् ॥ महत्तत्त्वादिसंभूतिद्वारा रुद्रो यमस्य ह ॥ ७३ ॥ जातोऽवतार एतस्मात्कृष्णवर्णो यमः किल । विष्णुनामा समुत्पन्नस्तस्य नाभिसरोजके ॥७४॥ रक्तवर्णो विधिस्तस्मादष्टौ दिक्पतयोऽभवन् ॥ ग्रहाः सूर्यादयः सर्वं जगज्जज्ञे चराचरम् ॥ १७५ ॥ एवं कृत्वा स शिक्षार्थं दक्षिणाशाधिपालकः ॥ दण्डपाणिर्महानीशो महिषारूढ आभवत् ॥ ७६ ॥ इन्द्रादीनां निजांशानां मध्ये तद्वद्विलक्ष्यते ॥ भस्मनोऽन्तर्गताङ्गारवत्स सत्यादिरूपकः ॥ ७७ ॥ तस्माद्विशु-

યુગ જાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે (૬૪) અને તે બ્રહ્માના એક દિવસમાં ચૌદ ઇંદ્રો બદલાય છે. તો ચૌદ અંશે કરીને જીવનારા ઇંદ્ર પરમાત્મારૂપ કેમ થાય? અર્થાત્ ન થાય. માટે સર્વ જગત્ના પ્રલયને જે એક સત્રૂપ વેદાદિ પ્રતિપાદિત કરે છે (૬૫) તે જ વેદાદિના પ્રમાણ થકી જગત્નું કારણ જાણવું." એ પ્રકારે શુદ્ધઅદ્વૈત વિદ્યાનો આશ્રય કરી રહેલા ભદ્રહરિ વગેરે પુરુષોએ કહેલા તે ઇંદ્રના ભકતો (૬૬) **શ્રી**ગુરુને નમસ્કાર કરીને સ્માર્ત કર્મમાં પરાયણ, પંચદેવની પૂજા કરવામાં તત્પર અને **શ્રી**શંકરાચાર્યના શિષ્ય થયા. ૬૭.

યમના ભકતો સાથે થયેલો વાદ-વિવાદ.

પછી **શ્રી**શંકરાચાર્ય તે નગર થકી **યમ**પ્રસ્થ નગર પ્રત્યે જઇને ત્યાં એક માસ રહ્યા. એટલે મહિષ-પાડાના આકારવાળી તપ્તલોહ મુદ્રાને હાથ ઉપર ધારણ કરનારા અને નાચ કરતા **યમ**ના ભકતો આવ્યા. ૬૮. જેમને કિંકર-અનુચરની સંજ્ઞાઓ છે એવા તે **યમ**ના ભકતોએ **શ્રી**શંકરાચાર્યને પ્રણામ કરીને કહ્યું કે, "આ જગત્ના પ્રલયના કારણરૂપ **યમ**રાજા પોતે જ છે તેમ જ જગત્ની ઉત્પત્તિ વગેરે કરનાર પણ પોતેજ છે માટે તે **યમ**રાજાના ભકતો નિશ્ચય મુક્તિને પાત્ર છે. ૬૯. '**યમ**ને અર્થે સોમવલ્લીને ખાંડો, **ય**મને અર્થે હવિ-હોમના પદાર્થો-હોમો, અલંકૃત અગ્નિરૂપ દૂત યજ્ઞ **યમ**ને આપે છે.' ૭૦. આ પ્રકારે **વે**દમાં પણ યજ્ઞનું ભોક્તૃત્વપણું-ભોગવવાપણું-**યમ**ને જ કહેલું છે. માટે તે **યમ**રાજ પરંબ્રહ્મ અને જગત્ની ઉત્પત્તિ વગેરેના કારણ છે. ૭૧. શુકલ અને કૃષ્ણ એવા ભેદે કરીને તે **યમ**રાજાની મૂર્તિ બે પ્રકારની છે. 'શુકલ મૂર્તિ છે તે પરંબ્રહ્મ છે.' એમ **વે**દ કહે છે માટે જે શુકલ મૂર્તિ છે તે પરંબ્રહ્મ છે. ૭૨ તે નિર્ગુણ એવા **યમ** થકી મહત્તત્ત્વાદિકની ઉત્પત્તિના દ્વારે કરીને **રુદ્ર**-**યમ**નો અવતાર થયો છે. ૭૩ માટે કૃષ્ણ વર્ણવાળો **યમ**રાજ છે. અને તે **યમ**રાજની **ના**ભિરૂપ કમળને વિષે **વિ**ષ્ણુની ઉત્પત્તિ થઇ છે. ૭૪. તે વિષ્ણુ થકી રક્ત વર્ણવાળા બ્રહ્મા ઉત્પન્ન થયા છે અને તે બ્રહ્મા થકી આઠ દિશાના પતિયો, સૂર્યાદિ ગ્રહો અને આ સર્વ ચરાચર જગત્ ઉત્પન્ન થયું છે. ૭૫. આ પ્રકારે સર્વ જગત્ને સ્રજીને તેઓને શિક્ષા કરવા માટે દક્ષિણ દિશાનું પાલન કરનારા અને મોટા શક્તિવાન્ તે **યમ**રાજા હાથમાં દંડ ધરીને મોટા મહિષ (-પાડા) ઉપર બેઠા છે. ૭૬. પોતાના અંશરૂપ ઇંદ્રાદિક દેવતાઓની મધ્યે ભસ્મથી ઢંકાએલા અંગારાની પેઠે સત્યાદિરૂપક તે **યમ**રાજા રહેલા છે. ૭૭. તે કારણ માટે શુદ્ધ-

सुमते तव कौशलं विजाने स्वयमेवैष मुनिः प्रतिब्रवीतु ।
इति तं विनिवर्त्य नीलकण्ठो यतिकण्ठीरवसम्मुखस्तदाऽऽसीत् ॥ ४१ ॥

"પંડિતજી, તમારી વિદ્વત્તાને હું જાણુંછું માટે આ સંન્યાસીને પોતાને જ મારી સાથે બોલવા ઘો." એમ કહી સુરેશ્વરાચાર્યને અટકાવીને તે સમયે નીલકંઠ સંન્યાસીઓમાં સિંહ જેવા શંકરાચાર્યની સામે થયો. ૪૧.

द्बुद्धादिरूपः सर्वस्य कारणम् ॥ तस्यांशः सगुणो नैव निर्गुणोपासने प्रभुः ॥ ७८ ॥ कश्चित्तस्माद्वयं नीलवर्णस्योपासनं सदा ॥ कुर्मस्तेन यतो नाशं मूलाज्ञानं प्रपद्यते ॥ ७९ ॥ तस्मिन्नष्टे यमः सर्वमिति बोधो विजायते ॥ ततः शुक्लयमस्याऽऽत्मिरूपो मोक्षो भवत्यतः ॥ १८० ॥ यूयं मोक्षार्थिनः सर्वे कुरुतानन्यचेतसः ॥ तदीयोपासनं तस्य मुक्तिं प्राप्स्यथ बोधतः ॥८१॥ इत्युक्त आचार्य उवाच मैवं वाच्यं विरुद्धं श्रुतितो भवद्भिः ॥ पुरा पितुः शापवशाद्धि कश्चिद्द्विजः पुरं प्राप्य यमस्य गेहम् ॥ ८२ ॥ स नाचिकेता अवसत्त्रिरात्रमन्नं विना तं ह्यतिथिं सुकान्त्या ॥ युक्तं यमः प्रेक्ष्य सुवेपमानः प्रोवाच भूदेवमतीव नम्रः ॥ ८३ ॥ तिस्रो रात्रीर्यदवात्सीर्गृहे मेऽनश्नन्ब्रह्मन्नतिथिर्नमस्यः ॥ नमस्तेऽस्तु ब्रह्मन्स्वस्ति मेऽस्तु तस्मात्प्रति त्रीन्वरान्वृणीष्व ॥ ८४ ॥ इत्येवं तु यमेनासौ नमः पूर्वमुदीरितः ॥ नचिकेता उवाचैनं वचनं सुमनोहरम् ॥ १८५ ॥ शान्तसंकल्पः सुमना यथा स्याद्वीतमन्युर्गौतमो माऽभिमृत्यो ॥ त्वत्प्रसृष्टं माऽभिवदेत्प्रतीत एतत्त्रयाणां प्रथमं वरं वृणे ॥ ८६ ॥ यम उवाच । यथा पुरस्ताद्भविता प्रतीत औद्दालकिरारुणिर्मत्प्रसृष्टः ॥ सुखं रात्रीः शयिता वीतमन्युस्त्वां ददृशिवान्मृत्युमुखात्प्रमुक्तम् ॥ ८७ ॥ स्वर्गे लोके न भयं किंचनास्ति न तत्र त्वं न जरया बिभेति ॥ उभे तीर्त्वाऽशनायापिपासे शोकातिगो मोदते स्वर्ग-

બુદ્ધાદિરૂપ સર્વનું કારણ છે-અને તે યમરાજાના અંશરૂપ સગુણ દેવતાઓ નિર્ગુણ એવા તે યમરાજાની ઉપાસના કરવામાં સમર્થ થતા નથી. ૭૮. માટે અમે નિરંતર નીલવર્ણ એવા યમરાજાની ઉપાસના કરીએ છીએ કે જેથી કરીને અમારૂં મૂળ અજ્ઞાન નાશ પામે છે (૭૯) અને તે મૂલ અજ્ઞાન નાશ પામે છે તે સર્વ યમરૂપ જ છે એવો બોધ થાય છે, ત્યારપછી શુક્લ યમનું સ્વરૂપ મોક્ષરૂપ થાય છે. ૮૦. માટે મોક્ષના અર્થિ એવા તમે સર્વ એકાગ્રચિત્તથી તે યમરાજાની ઉપાસના કરો કે જેના બોધથી મુક્તિ પામશો." ૮૧. એ પ્રકારના યમરાજાના ભક્તોનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્યે તેઓને કહ્યું કે, "તમારે આવાં વેદવિરુદ્ધ વચનો બોલવાં નહિ. કોઇ એક નાચિકેતા નામનો બ્રાહ્મણ પિતાના શાપ થકી યમના ઘર પ્રત્યે અતિથિરૂપ થયો. ૮૨. તે નાચિકેતા યમરાજાનાં ઘરને વિષે અન્નવિના ત્રણ રાત્રી રહ્યો. ઉત્તમ કાંતિવાળા યોગ્ય અતિથિને જોઈ શાપના ભયથી અત્યંત કંપતા અને નમ્ર થયેલા યમરાજાએ કહ્યું. ૮૩. "હે બ્રહ્મન્, તમે ભોજન ન કરતાં છતાં મારા ઘરનેવિષે ત્રણ રાત્રિ રહ્યાછો માટે હે અતિથિ, તમે નમસ્કારને યોગ્ય છો. હે બ્રહ્મન્, તમને નમસ્કાર હો, અને અમારૂં કલ્યાણ હો. તથા તમે મારી પાસેથી ત્રણ વરદાન માગો." ૮૪. એ પ્રકારે યમરાજાએ નમસ્કારપૂર્વક વિજ્ઞપ્તિ કરેલો તે નાચિકેતા યમરાજા પ્રત્યે અત્યંત મનોહર વચન બોલ્યો. ૮૫. "અહો યમ, (મારા પિતા) ગૌતમ સંકલ્પમુક્ત, પ્રસન્ન મનવાળા અને રોશરહિત (હોઈ) તમારો મોકલ્યો હું આવ્યો છું એમ મને ઓળખતા થકા મારા પ્રત્યે બોલે એ વરદાન ત્રણ પૈકી પહેલું માગું છું." ૮૬. યમે કહ્યું:—"ઔદ્દાલકિ આરુણિ મારો મોકલ્યો જે તું તેને પૂર્વવત્ ઓળખશે; અને મૃત્યુના મુખમાંથી છુટીનેઆવેલો તને જોતો થકો રોષરહિત સુખે રાત્રિ સૂશે." ૮૭. નાચિકેતસ્ બોલ્યો:—"સ્વર્ગલોકમાં કંઈ ભય નથી; ત્યાં તમે (સત્તા ધરાવતા) નથી; ત્યાં (કોઈ) વૃદ્ધાવસ્થાથી બ્હીતું નથી; સ્વર્ગલોકમાં ભૂખ અને તરશ બન્ને વટાવી શોકથી અળગા બની આનંદમાં રહે છે." ૮૮. નાચિકેતસ્ બોલ્યો:—"હે યમ, સ્વર્ગની પ્રાપ્તિના સાધનભૂત અગ્નિને જાણો છો. મને શ્રદ્ધાળુને તે તમે કહો.

परपक्षबिसावलीमरालैर्वचनैस्तस्य मतं चखण्ड दण्डी।
अथ नीलगलः स्वपक्षरक्षां जहदद्वैतमपाकरिष्णुरूचे ॥ ४२ ॥

શંકરાચાર્યે પ્રતિવાદીઓના પક્ષોરૂપી કમલકંદોને ખાઇ જવામાં હંસો સરખાં વચનોથી પોતાના (**નીલ**કંઠના) મતનું ખંડન કરતાં **નીલ**કંઠ પોતાના પક્ષનું રક્ષણ કરવું છોડી દઇ અદ્વૈતનું ખંડન કરવાની ઇચ્છાથી નીચે પ્રમાણે બોલ્યો. ૪૨.

लोके ॥ ८८ ॥ नचिकेता उवाच ॥ स त्वमग्निं स्वर्ग्यमध्येषि मृत्यो प्रब्रूहि त्वं श्रद्दधानाय मह्यम् ॥ स्वर्गलोका अमृतत्वं भजन्त एतद्द्वितीयेन वृणे वरेण ॥ ८९ ॥ एवमुक्त उवाचाग्नेः स्वरूपं यम आदरात् ॥ नचिकेतास्ततः प्राह मृत्युं बुद्धिमतां वरः ॥ १९० ॥ येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नायमस्तीति चैके ॥ एतद्विद्यामनुशिष्टस्त्वयाऽहं वराणामेष वरस्तृतीयः ॥ ९१ ॥ एवमुक्तो यमस्तस्य लोभमुत्पादयन्बहु ॥ धनादिना वरस्यास्य गोप्यतामभिलक्ष्य सः ॥ ९२ ॥ अथैनं लोभनिर्मुक्तं विद्यार्थिनमकल्मषम् ॥ दृष्ट्वा प्राह यमस्तत्त्वं सुगोप्यमधिकारिणे ॥ ९३ ॥ सर्वे वेदा यत्पदमामनन्ति तपांसि सर्वाणि च यद्वदन्ति ॥ यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण ब्रवीम्योमित्येतत् ॥ ९४ ॥ अशरीरं शरीरेष्वनवस्थेष्ववस्थितम् ॥ महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति ॥ ९५ ॥ यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः ॥ मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः ॥ ९६ ॥ इत्यादिनोपदिष्टः स कृतार्थो गृहमागमत् ॥ इति श्रुतौ यमेनैव मृत्युर्ब्रह्मोपसेचनम् ॥ ९७ ॥ प्रोक्तं न च स्वयं स्वस्य भक्ष्यं भवितुमर्हति ॥ ततो यमात्परं ब्रह्म कारणं सर्ववस्तुनः ॥ ९८ ॥ ब्रह्मविष्णवादिरूपेण सेवनीयं प्रयत्नतः ॥ उपसेचनलिङ्गानां धारणेन विमुक्तता ॥ ९९ ॥ इत्युक्तिरवबोधाग्नो भवतां साहसात्मिका ॥ मार्कण्डेये शृणु प्रोक्तं पुराणे भक्तवत्सलः ॥ २०० ॥ महादेवो यमं निष्पीड्य भक्तपरिपालनम् ॥ अकरोत्किंच पापात्मा सुन्दराख्यो बभूव ह ॥ १ ॥ कृतं जागरणं तेन धनलोभात्कदाचन ॥ शिवरात्रौ ततो दूतैर्यमस्याऽऽकृष्यतां गते ॥ २ ॥

સ્વર્ગના વાસી જેથી અવિનાશિત્વ ભોગવે છે તે બીજા વરદાનને હું માગું છું. ૮૯. મૃત મનુષ્યના સંબંધમાં (શરીરાંતરધારી આત્મા) છે એમ કેટલાક કહે છે અને એ નથી એમ કેટલાક કહે છે, એવી એવી રીતે જે વિપ્રતિપત્તિ પ્રવર્તે છે, તે (નો ખુલાસો) તમારા મુખે બોધ પામી હું સમજું એ વરદાનો પૈકી ત્રીજું વરદાન (ઇપ્સિત છે)" ૯૦-૯૧. એ પ્રકારે વિજ્ઞપ્તિ કરેલા **યમરાજાએ** આ માગેલા વરદાનનું ગુહ્યપણું જાણીને તે **નાચિકેતાને** દ્રવ્ય વગેરેથી ઘણો લોભ પમાડવા માંડ્યો. ૯૨. પછી દ્રવ્યાદિકના લોભરહિત, કેવળ વિદ્યાના અર્થિ અને નિર્મલ એવા તે **નાચિકેતાને** જોઇને અધિકારી એવા તેને **યમરાજાએ** તત્ત્વ કહ્યું. ૯૩. **નાચિકેતાને યમરાજા** કહે છે કે "હે દ્વિજ, સર્વ **વેદો** જે પદને માને (વખાણે) છે, સર્વ તપો જે પદને કહે છે, જે પદને ઇચ્છતા એવા માણસો **બ્રહ્મચર્યનું** આચરણ કરે છે, તે પદ હું તને સંક્ષેપ કરીને કહું છું. ૯૪. ધીરપુરુષ દેહને વિષે દેહરહિત એવા અનવસ્થાને વિષે રહેલા મહાન અને સમર્થ એવા આત્માને જાણીને શોક કરતો નથી. ૯૫. જે આત્માને બ્રાહ્મણ અને ક્ષત્રિય એ બેય અન્નરૂપ છે, મૃત્યુ જેને ઉપરોચન-ઉપાંગ છે એવા આત્માને કયો પુરુષ જાણી શકે." ૯૬. એ પ્રકારે **યમરાજાએ** ઉપદેશ કરેલો તે **નાચિકેતા** પોતાને ઘેર ગયો. હે **યમભકતો**, એ પ્રકારે **વેદને** વિષે **યમરાજાએ** મૃત્યુ પણ **બ્રહ્મને** ઉપસેચન-ઉપાંગ કહેલ છે. ૯૭. પણ પોતે પોતાને ભક્ષણ કરવા યોગ્ય નથી માટે **યમ** થકી બીજા અને સર્વ વસ્તુના કારણરૂપ **બ્રહ્મ** છે. ૯૮. તેજ **બ્રહ્મને બ્રહ્મા** અને **વિષ્ણુ** વગેરેના રૂપે કરીને પ્રયત્નથી સેવન કરવા પણ ઉપસેચનના ધારણ કરવાથી મુક્તિ મળતી નથી. ૯૯. આ પ્રકારની **વેદવાણી** તમને જ્ઞાન થકી સહસા બોધ કરનારી થાઓ. વળી પુરાણોમાં **માર્કંડ** ઋષિની જે વાણી છે તે સાંભળોઃ (૨૦૦) ભક્તપરિપાલન **મહાદેવે યમને** પીડીને અર્થાત્ **યમનો** તિરસ્કાર કરીને પોતાના ભકતોનું પાલન કર્યું છે. એક પાપબુદ્ધિવાળો **સુંદર** નામનો માણસ હતો. ૨૦૧. તેણે કોઇ વખતે શિવરાત્રિને દિવસે ધન લોભથી જાગરણ કર્યું હતું. તે જ્યારે મૃત્યુ પામ્યો

प्रशमिंस्तदसीति यत्त्रयीकैः कथितोऽर्थः स न युज्यते त्वदिष्टः ।
अभिदा तिमिरप्रकाशयोः किं घटते हन्त विरुद्धधर्मवत्त्वात् ॥ ४३ ॥

"હે સંન્યાસી! 'ઉપનિશદો જીવની અને ઇશ્વરની એકતાનું નિરૂપણ કરે છે' એ તમારો કહેલો ઇષ્ટ સિદ્ધાંત ઘટતો નથી. જેમ અંધકાર અને પ્રકાશ પરસ્પર વિરુદ્ધ ધર્મોવાળા હોવાથી તેઓનો અભેદ ઘટતો નથી તેમ જીવ અને ઇશ્વિર પણ પરસ્પર વિરુદ્ધ ધર્મોવાળા છે માટે તેઓનો અભેદ ઘટતો નથી. ૪૩.

जीवेऽस्य तत आगत्य शिवदूतैः सुताडिताः ॥ परित्यज्य गता याम्याः शिवलोकं स सुन्दरः ॥ ३ ॥ नीतः शैवैर्हि भक्तानामग्रगण्यो बभूव ह ॥ अजामिलोऽपि कर्माणि ब्राह्मणानां विहाय तु ॥ ४ ॥ नीचस्त्रीसङ्गतः पुत्रान्पञ्च प्राप्य कनिष्ठिकम् ॥ नारायणं ब्रुवन्प्राणांस्त्यजन्याम्यैः प्रपीडितः ॥ २०५ ॥ विष्णुदूतैस्तदाऽऽगत्य रक्षितस्ते तु किंकराः ॥ यमस्य भग्नसंकल्पास्तन्मन्दिरमथो ययुः ॥ ६ ॥ तस्माद्यूयं परित्यज्य चिह्नान्यद्वैततत्पराः ॥ वैदिकं कर्म कुर्वन्तः शुद्धास्तेन ततः परम् ॥ ७ ॥ गुरूपदेशतो ज्ञानं लब्ध्वा शान्तिं गमिष्यथ ॥ इत्युक्तास्तं प्रणम्याशु बभूवुस्ते तथैव हि ॥ ८ ॥

तस्मात्प्राप प्रयागाख्यं स्थलं पुण्यविवर्धनम् ॥ गङ्गाया यमुनायाश्च सरस्वत्याश्च संगमम् ॥ ९ ॥ तत्र स्थिते गुरौ पाशचिह्ना वरुणसेवकाः ॥ समागतास्तथा वायूपासका ध्वजचिह्निताः ॥ २१० ॥ भूमिदेवस्य सेवायां रताः पूर्णाङ्कधारिणः ॥ तीर्थस्योपासका बिन्दुचिह्नाश्चैव समागताः ॥ ११ ॥

तत्राऽऽद्यानां गुरुः प्राह गुरुं तीर्थपतिस्तदा ॥ श्रोतव्यं मन्मतं चित्रं पुण्यदं यतिशेखर ॥ १२ ॥ सर्वोत्तमो जीवनहेतुरस्य देवादिवन्द्यो वरुणः सुसेव्यः ॥ तं प्राणनाथस्त्ववदत्समीरः सर्वस्य हि प्राण उपासनीयः ॥ १३ ॥

मुनिं ततोऽनन्त उवाच चैनं सर्वोत्तमा भूमिरुपासनीया ॥

ત્યારે તેના જીવને યમરાજાના દૂતોએ પાસથી બાંધી લઇ જવા માંડયો. (૨૦૨) એટલામાં શંકરના દૂતોએ આવીને યમરાજાના દૂતોને માર્યા. તેથી યમરાજાના દૂતો સુંદરના જીવને મુકીને નાશી ગયા, અને શંકરના દૂતો તે સુંદરના જીવને શિવલોકમાં લઈ ગયા. ૨૦૩. પછી તે સુંદર શંકરના ભકતોમાં અગ્રેસર થયો. અજામિલ નામનો માણસ પોતાના બ્રહ્મકર્મનો ત્યાગ કરીને (૪) નીચ સ્ત્રીના સંગ થકી પાંચ પુત્રોને પામ્યો. તેમાં સૌથી ન્હાના નારાયણ નામના પુત્રનું નામ ગ્રહણ કરતા છતાં તેણે પ્રાણનો ત્યાગ કર્યો એટલે યમના દૂતો પીડા કરવા લાગ્યા. ૫. એવામાં વિષ્ણુના દૂતોએ આવીને તે અજામિલનું રક્ષણ કર્યું, અને જેમના સંકલ્પ ભાગી ગયા છે એવા યમરાજાના દૂતો પાછા યમરાજા પાસે ગયા. ૬. માટે હે યમભકતો, તમે પણ આ ચિન્હોનો ત્યાગ કરી અદ્વૈતવાદમાં તત્પર થઇ વૈદિક કર્મ કરતા છતાં શુદ્ધ થશો. ૭. ગુરુના ઉપદેશ થકી જ્ઞાનને પામી શાંતિને પ્રાપ્ત કરશો." એ પ્રકારે શ્રીશંકરાચાર્યે આજ્ઞા કરેલા તે યમભકતો ગુરુની આજ્ઞા પ્રમાણે વર્તવા લાગ્યા. ૮.

પછી શ્રીશંકરાચાર્ય ગંગા, યમુના અને સરસ્વતીના સંગમવાળા તથા પુણ્યને વધારનારા એવા પ્રયાગ નામના ક્ષેત્ર પ્રત્યે ગયા. ૯. એટલે પાશનાં ચિન્હોને ધારણ કરનારા વરુણ દેવના સેવકો, ધ્વજનાં ચિન્હોને ધારણ કરનારા વાયુ દેવના સેવકો, તથા બિંદુ ચિન્હને ધારણ કરનારા તીર્થના સેવકો પણ આવ્યા. ૧૧.

વરુણ, વાયુ, તીર્થના સેવકો સાથે થયેલો સંવાદ.

તેમાં પ્રથમ વરુણદેવના ભકતોમાં જે અગ્રેસર તીર્થપતિ હતો તેણે શ્રીશંકરાચાર્યને કહ્યું, "હે યતિશેખર, વિચિત્ર અને પુણ્યકારી મારા મતને સાંભળો. ૧૨. આ જીવને સર્વમાં ઉત્તમ જીવનના કારણરૂપ અને દેવતાદિકોને પણ વંદના કરવા યોગ્ય વરુણ દેવ જ સેવન કરવા યોગ્ય છે." પછી વાયુના ભકતોના અગ્રેસર પ્રાણનાથે શ્રીશંકરાચાર્યને કહ્યું કે, "સર્વ પ્રાણિઓને પ્રાણરૂપ વાયુદેવ ઉપાસન કરવા યોગ્ય છે." ૧૩.

વરુણદેવના સેવકો સાથે કરેલો વાદ. વાયુ ભકતો.

પછી ભૂમિની ઉપાસના કરનારાઓના અગ્રેસર એવા અનંત મુનિએ શ્રીશંકરાચાર્યને કહ્યું કે, "પ્રાણિઓને સર્વોત્તમ એવી પૃથ્વી ઉપાસના કરવા યોગ્ય છે."

ભૂમિ ભકતો.

रवितत्प्रतिबिम्बयोरिवाभिद्धटतामित्यपि तत्त्वतो न वाच्यम् ।
मुकुरे प्रतिबिम्बितस्य मिथ्यात्वगतेर्व्योमशिवादिदेशिकोक्त्या ॥ ४४ ॥

જેમ સૂર્યનો અને સૂર્યના પ્રતિબિંબનો વાસ્તવ અભેદ ઘટે છે તેમ જીવનો અને ઈશ્વરનો પણ વાસ્તવ અભેદ ઘટે છે, એમ પણ તમારાથી કહેવાય નહિ કારણ કે વ્યોમશિવ આદિ આચાર્યોના કહેવા પ્રમાણે દર્પણમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ બાધિત હોવાથી મિથ્યા જ છે. બાધિત પદાર્થ અભેદને જ યોગ્ય નથી માટે તેનું દૃષ્ટાંત લેવું જોઇએ નહિ. ૪૪.

नत्वा ततो जीवनदो जगाद तीर्थं सुसेव्यं सकलैः सुखाशैः ॥ १४ ॥ तच्च त्रिवेणीति प्रथामुपेतं पापापहं यस्य हि बिन्दुमात्रम् ॥ केचित्तु तद्दर्शनतो विमुक्तिं वदन्ति सर्वोत्तमता ततोऽस्य ॥ १५ ॥ अम्ब त्वद्दर्शनान्मुक्तिर्न जाने स्नानजं फलम् ॥ नारदेनोक्तमेतद्धि किंच सर्वात्मकं जलम् ॥ १६ ॥ आपो वै स्युरिदं सर्वमित्यादिश्रुतिवाक्यतः ॥ तस्मात्सर्वात्मकत्वेन ब्रह्मत्वेऽस्यैतदेव हि ॥ १७ ॥ मोक्षार्थिभिर्भवद्भिस्तु सेवनीयं प्रयत्नतः ॥ इत्येवमुक्त आहेदं शंकरः परमो गुरुः ॥ १८ ॥ उपासना सुखजननी न कार्यगा ह्यनित्यताऽङ्ग सकलकार्यगा मता ॥ जलस्य सर्वपरमता तु योदिता श्रुतौ तु सा क्षितिमुखराद्यपेक्षया ॥ १९ ॥ मुक्तिरतो युष्माकमलभ्या नास्ति विमोक्षेऽनित्यसुसेवा ॥ साधनमात्मज्ञानमतः संसाध्यमलं मोहं परिहाय ॥ २२० ॥ विश्वसुखातिक्रान्तममेयं प्राप्य विमुक्ता आभवथाद्धा ॥ ते श्रुतवन्तः श्रीगुरुशिष्यास्त्यक्तनिजाङ्काः संप्रति जाताः ॥ २१ ॥

शून्यवादी ततो नत्वा गुरुं प्रोवाच शंकरम् ॥ किंचिद्दृष्टं मया मार्गे सावधानमनाः शृणु ॥ २२ ॥ मृगतृष्णाम्भसि स्नातः खपुष्पकृतशेखरः ॥ सुखं वन्ध्यासुतो याति शशशृङ्गधनुर्धरः ॥ २३ ॥ तं दृष्ट्वा देवभावेन प्रणम्य शिरसा भृशम् ॥ आगतोऽस्मि यतिश्रेष्ठ तवान्तिकमहं द्रुतम् ॥ २४ ॥ इत्युक्त आह भो विद्वत्तर त्वन्नाम किं स्मृतम् ॥ स तु प्रोवाच भो स्वामिन्निरालम्बनसंज्ञकः ॥ २२५ ॥ अहं पिता

તીર્થના ભક્તો.

પછી તીર્થપતિયોમાં અગ્રેસર એવા જીવનદે **શ્રી**શંકરાચાર્યને પ્રણામ કરીને કહ્યું કે, "સુખની ઇચ્છા કરનારા સર્વ મનુષ્યોને તીર્થ ઉપાસના કરવા યોગ્ય છે. તે આ તીર્થ ત્રિવેણી એવા નામથી પ્રસિદ્ધિને પામેલું છે જેનું બિંદુમાત્ર જલ પાપને નાશ કરે છે. તે તીર્થના દર્શનથી મોક્ષ પ્રાપ્ત થાય છે એમ કેટલાક પુરુષો કહે છે માટે આ તીર્થનું જ સર્વમાં ઉત્તમપણું છે. ૧૪, ૧૫. 'હે અંબ, તારા દર્શનથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે તો પછી સ્નાન કરવાથી શું ફલ પ્રાપ્ત થાય છે તે હું જાણતો નથી.' આ પ્રકારનાં **નારદ**નાં વચન છે. કારણ કે સર્વના આત્મારૂપ જ જલ છે. ૧૬. આ સર્વ જલરૂપ જ છે. ઇત્યાદિ વેદવાકયથી નિશ્ચય થાય છે કે જલ સર્વના આત્મપણારૂપ છે માટે તે જ બ્રહ્મરૂપ છે. ૧૭. માટે મોક્ષના અર્થિ એવા તમારે તો પ્રયત્નથી તીર્થ જ સેવન કરવા યોગ્ય છે." એવા તીર્થપતિનાં વચન સાંભળી પરમ ગુરુ એવા **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે (૧૮), "હે તીર્થપતે, કાર્યને અનુસરનારી ઉપાસના સુખને ઉત્પન્ન કરનારી નથી પણ તે સકળ કાર્યને અનુસરનારી ઉપાસનાની અનિત્યતા માની છે અને તમે જલનું જે સર્વોત્તમપણું કહ્યું છે પણ તે સર્વોત્તમપણું તો પંચમહાભૂતને વિષે જલ પ્રથમ છે માટે કહ્યું છે. ૧૯. તેથી તમને મોક્ષ અપ્રાપ્ય છે કારણ કે મોક્ષને વિષે અનિત્ય પદાર્થોની સેવા નથી તો તમારે મોહનો ત્યાગ કરી આત્મજ્ઞાનનું સાધન કરવું એ જ યોગ્ય છે. ૨૦. વિશ્વના સુખને ઉલ્લંઘન કરનાર અને જેનું માન નથી એવા આત્મજ્ઞાનરૂપ સુખને પામીને તમે મોક્ષ પામશો." એવા **શ્રી**શંકરાચાર્યનાં વચન સાંભળીને તે સર્વ ઉપાસકો પોતાનાં ચિન્હોનો ત્યાગ કરી તેમના શિષ્ય થયા. ૨૧.

શૂન્યવાદિ સાથેનો સંવાદ.

પછી **શૂન્યવાદી**એ ગુરુને નમસ્કાર કરીને કહ્યું કે, "સ્વામિન્, તમારી પાસે આવતાં માર્ગમાં મેં કાંઇક દીઠું છે તે સાવધાન થઇને સાંભળો: ૨૨. કોઈ એક વંઝાનો પુત્ર ઝાંઝવાના જલમાં સ્નાન કરીને, માથા ઉપર આકાશ પુષ્પ ધારણ કરીને અને હાથમાં સસલાના શિંગડાનું ધનુષ્ય ધારણ કરીને સુખરૂપ જતો હતો. ૨૩. મેં તેને જોઇને દેવભાવથી પ્રણામ કરીને પછી હે યતિશ્રેષ્ઠ, હું તરત જ તમારી પાસે આવ્યો છું." ૨૪. એવા તેનાં વચન સાંભળીને **શ્રી**શંકરાચાર્યે પૂછયું કે, "હે મહાવિદ્વાન્, તારૂં નામ શુ છે?" શૂન્યવાદિયે ઉત્તર આપ્યું કે, "હે સ્વામિન્, મારૂં નામ નિરાલંબન છે (૨૫) અને આ મારા મતને કહેનારા

मुकुरस्थमुखस्य बिम्बवक्त्राद्भिदया पार्श्वगलोकलोकनेन ।
प्रतिबिम्बितमाननं मृषा स्यादिति भावत्कमतानुगोक्तिका च ॥ ४५ ॥

તમારા મતને અનુસરનારાઓએ પણ કહ્યું છે કે 'અરીસામાં રહેલું મુખ સ્પષ્ટ રીતે પડખામાં ઉભેલા લોકોને બિંબભૂત મુખથી ભિન્ન જોવામાં આવે છે માટે એ અરીસામાંનું મુખ મિથ્યા જ છે.' ૪૫.

मदीयस्तु कुसनामेति विश्रुतः ॥ मन्मतस्य प्रवक्तेति श्रुत्वा प्राह परो गुरुः ॥ २६ ॥ शून्यत्वात्ते मतं निन्द्यं शून्यस्य ब्रह्मता न च ॥ तमेव भान्तमित्यादि श्रुतेस्तस्माद्विमूढताम् ॥ २७ ॥ विहायाद्वैतविद्यां त्वं समाश्रित्य सुखी भव ॥ इत्युक्तस्तं पुनः प्राह खं ब्रह्मास्तु श्रुतीरितम् ॥ २८ ॥ आकाशः सर्वभूतेभ्यो जायान्सोऽस्ति परायणम् ॥ तं प्रत्येवास्तमायान्तीत्येवं हि श्रुतिरब्रवीत् ॥ २९ ॥ किंच वेदान्त आकाशस्तल्लिङ्गादिति तस्य सा ॥ निश्चिता ब्रह्मता तस्मात्स्वीकर्तव्यमिदं मतम् ॥ २३० ॥ इत्युक्तोऽसौ गुरुवर आह मैवं भो मूढतम कदाऽपि ॥ वाच्यं खं यत्सगुणमतो नास्य ब्रह्मत्वं ननु पवनस्य ॥ ३१ ॥ हेतुः प्रोक्तं खलु परकार्ये सद्वेदेऽसावुभयविबोधी ॥ आकाशोऽतः परमिह बोध्यः शब्देनैतेन न तु खमेतत् ॥ ३२ ॥ ज्यायस्त्वं यस्य खादिभ्यः श्रुत्या सम्यगुदीरितम् ॥ तद्ब्रह्मानन्दविज्ञानं सन्मात्रं द्वैतवर्जितम् ॥ ३३ ॥ अन्तवत्त्वेन दोषेण शालावत्यमतं पुरा ॥ निन्दित्वा शैवली राजा दोषयुक्तं कथं वदेत् ॥ ३४ ॥ एवमसौ श्रवणादतिहृष्टः प्राह गुरुं परमं पुनरित्थम् ॥ दर्शनतो भवतामहमेषः पावनतामुपयात इतस्त्वम् ॥२३५॥ ब्रह्मोपदेशं कुरु येन मुक्तः स्यामित्यसौ प्रोक्त उवाच भूयः ॥ आकाशमात्मानमुपास्स्व सम्यग्धृदि स्थितं तेन तवास्तु मोक्षः ॥ ३६ ॥इत्युक्त आचार्यवरस्य शिष्यो बभूव तं शंकरदेशिकेन्द्रम् ॥

प्राहाऽऽगतो भक्त इदं वराहे नत्वा यते मे शृणु सुन्दरं मतम् ॥ ३७ ॥ प्रलयाम्भसि लीनाऽऽदिवराहेणोद्धृता मही ॥ येन तं मुक्तिसिद्ध्यर्थं भजध्वं युक्तचेतसः ॥ ३८ ॥ दंष्ट्राङ्कितभुजाः सर्वे

કુલપ્ર નામના મારા પિતા છે." એવા તે શૂન્યવાદિનાં વચન સાંભળી ગુરુયે ફરીથી કહ્યું (૨૬) કે "તારો મત શૂન્યપણાથી નિંદા કરવા યોગ્ય છે. કારણ કે બ્રહ્મને શૂન્યપણું હોતું નથી. 'તે બ્રહ્મ પ્રકાશિત છે.' એવા શ્રુતિનાં અનેક પ્રમાણો છે માટે હે શૂન્યવાદી, મૂઢપણાનો ત્યાગ કર (૨૭) અને અદ્વૈતવિદ્યાનો આશ્રય કરીને તું સુખી થા." આ પ્રકારના શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી શૂન્યવાદીએ ફરીથી કહ્યું. '**खं ब्रह्मास्तु**' એમ શ્રુતિયે કહેલું છે. ૨૮. સર્વ ભૂતો થકી આકાશ મોટું છે અને તે જ આકાશ મહાસ્થાનરૂપ છે કે જેના પ્રત્યે અસ્ત પમાય છે એમ શ્રુતિ કહે છે. ૨૯. વેદાંતને વિષે તેના સરખાં ચિન્હો હોવાથી આકાશને બ્રહ્મપણું નિશ્ચય કરેલું છે માટે તમારે આ મતનો સ્વીકાર કરવો." ૩૦. એ પ્રકારના શૂન્યવાદીનાં વચન સાંભળી ગુરુવર એવા શ્રીશંકરાચાર્યે કહ્યું કે, "હે મહામૂઢ, તારે આવી રીતે કયારે પણ બોલવું નહિ કારણ કે આકાશ સગુણ છે માટે તેને બ્રહ્મત્વપણું ઘટતું નથી તેમ પવનને પણ બ્રહ્મત્વપણું ઘટતું નથી. ૩૧. વેદને વિષે ઉભય પદાર્થોને બોધ કરનારૂં આકાશને પરકાર્ય પ્રત્યે હેતુ કહેલ છે માટે આકાશથી શબ્દે કરીને પરને બોધ કરનાર છે તેથી તે બ્રહ્મરૂપ નથી. ૩૨. જેનું આકાશાદિકથી મોટાપણું શ્રુતિયે કહ્યું છે. અદ્વૈત રહિત, સત્‌માત્ર, અને આનંદરૂપ વિજ્ઞાનવાળું તે જ બ્રહ્મ છે. ૩૩. અંતપણાના દોષે કરીને વ્યાપ્ત એવા મતને નિંદીને શૈવલી–શંકરાચાર્યરૂપ–રાજા દોષરૂપ વચન કેમ બોલે? અર્થાત્ ન જ બોલે." ૩૪. એ પ્રકારના શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી હર્ષ પામેલા શૂન્યવાદીએ ફરીથી ગુરુને કહ્યું કે, "હે ભગવાન્, તમારા દર્શનથી હું પવિત્રપણાને પામ્યો છું. ૩૫. માટે મને બ્રહ્મનો ઉપદેશ કરો કે જેથી હું મુક્ત થાઉં." એવા તેનાં વચન સાંભળીને શ્રીશંકરાચાર્યે કહ્યું કે, "હૃદયમાં રહેલા આકાશરૂપ આત્માની ઉપાસના કર કે જેથી કરીને તારો મોક્ષ થશે." ૩૬. એવા ગુરુનાં વચન સાંભળી શૂન્યવાદી આચાર્યનો શિષ્ય થયો અને તેનું નામ શંકરદેશિકેન્દ્ર પડચું.

વરાહભકતો સાથે સંવાદ.

પછી વરાહના ભકતે આવીને શ્રીશંકરાચાર્યને નમસ્કાર કરીને કહ્યું કે, 'હે યતે, મારા સુંદર મતને સાંભળો: ૩૭. જે આદિવરાહે પ્રલયના જલને વિષે બુડી ગયેલી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો છે તે આદિવરાહની દંષ્ટ્રા–દાઢ–નાં ચિન્હોથી જેના હાથ અંકિત કર્યા છે તેનું ગમે મુક્તિની સિદ્ધિને અર્થે યુક્તિથી ભજન કરો." ૩૮. એ પ્રકારના વરા-

न च मायिकजीवनिष्ठमौढ्येश्वरसार्वज्ञविरुद्धधर्मबाधात् ।
उभयोरपि चित्स्वरूपताया अविशेषादभिदैव वास्तवीति ॥ ४६ ॥

'જીવ અને ઈશ્વિર બન્ને ચૈતન્યસ્વરૂપ છે અને જીવમાં રહેલી મૂઢતા તથા ઈશ્વિરમાં રહેલી સર્વજ્ઞતારૂપ જે વિરુદ્ધ ધર્મો છે તેઓ માયિક હોવાથી બાધિત છે માટે જીવનો અને ઈશ્વિરનો અભેદ જ વાસ્તવિક છે' એમ પણ તમારાથી કહેવાય નહિ. ૪૬.

इत्युक्तः प्राह तं गुरुः ॥ मैवं हि ब्राह्मणेनैकं तपः कार्यं प्रयत्नतः ॥ ३९ ॥ वेदोक्तं यदि चिह्नानां धारणेऽस्ति दुराग्रहः ॥ तदाऽङ्कैः कूर्ममत्स्यादेरङ्कनीयं शरीरकम् ॥ २४० ॥ वेदोक्तकर्मणोऽन्येन विप्रस्यार्थो न कश्चन ॥ सगुणं ब्रह्म संसेव्यमिति चेत्सेव्यतां मुदा ॥ ४१ ॥ शिवविष्ण्वादिरूपं तत्संत्यक्त्वा चिह्नधारणम् ॥ विप्रः संत्यक्तसंध्यादिकर्मा दण्डं समर्हति ॥ ४२ ॥ तस्मान्मूढमतिं त्यक्त्वा लिङ्गशून्यः कुलोचितम् ॥ कुरु कर्मैव तेन त्वं शुद्धो मुक्तिं गमिष्यसि ॥ ४३ ॥ ज्ञानलाभेन सोऽप्युक्तो ज्ञानं प्राप्य गुरोर्मुखात् ॥ बभूव लक्ष्मणाख्योऽस्य शिष्यः परमतापसः ॥ ४४ ॥

ततोऽन्यः कामकर्माख्यो मनुलोकसुसेवकः ॥ आगत्य तं नमस्कृत्य प्रोवाच परमं गुरुम् ॥ २४५ ॥ लोकानां संघ एवास्ति परेशोऽतो मुमुक्षुभिः ॥ सेवनीयो भवद्भिर्वै स एवानन्यबुद्धिभिः ॥ ४६ ॥ सत्यलोकात्मिका मुक्तिस्तत्सेवातो न चान्यथा ॥ इत्युक्तः प्राह भो मूढतम नानित्यसेवया ॥ ४७ ॥ अनृतभूतया मुक्तिः सत्यरूपा न लभ्यते ॥ इत्युक्तोऽसौ गुरुं नत्वाऽद्वैतवृत्त्याश्रितोऽभवत् ॥ ४८ ॥

ततस्तं गुणसेवायां तत्पराः परमं गुरुम् ॥ नत्वोचुर्हि गुणाः स्वामिन्कारणं जगतां मताः ॥ ४९ ॥ ब्रह्मादीनां हि कर्तारस्तेषां सेवापरा वयम् ॥ कृतार्थाः सर्वसंपूज्यास्तेषां सर्वमयत्नतः ॥ २५० ॥ भवद्भिरपि ते सेव्या इत्युक्तः प्राह तान्गुरुः ॥ जन्योपासनमत्यन्तमयुक्तं मोक्षसिद्धये ॥५१॥ इत्युक्ताः कुमतिं त्यक्त्वा शुद्धाद्वैतपरायणाः ॥ तथैव शिष्यतां यातास्ततः कश्चित्समागतः ॥५२॥

હના ભકતોનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "બ્રાહ્મણે આ પ્રકારનું એક તપ પ્રયત્નથી કયારે પણ કરવું નહિ. ૩૯. જો તમને **વેદ**માં કહેલા ચિન્હોના ધારણ કરવાને વિષે દુરાગ્રહ હોય તો કૂર્મ કાચબા અને મત્સ્ય–માછલાં–વગેરેથી શરીરને ચિન્હવાળું કરવું. ૪૦. **વેદ**માં કહેલા કર્મથી બ્રાહ્મણોને કાંઇ પણ અર્થ નથી. 'સગુણ બ્રહ્મનું સેવન કરવું' એવું જો **વેદ**માં કહ્યું હોય તો (૪૧) ચિન્હોનો ત્યાગ કરી **શિવ** અને **વિષ્ણુ** વગેરેના રૂપને સેવો. જે બ્રાહ્મણ સંધ્યાદિક કર્મોનો ત્યાગ કરે છે તે બ્રાહ્મણ દંડ દેવા યોગ્ય છે. ૪૨. માટે તું મૂઢ મતિનો ત્યાગ કરી ચિન્હોરહિત થઇ પોતાના કુલને વિષે યોગ્ય એવા બ્રહ્મકર્મનું આચરણ કર કે જેથી કરીને શુદ્ધ થયેલો તું મુક્તિને પામીશ." ૪૩. **શ્રી**શંકરાચાર્યે એ પ્રકારે જેમને કહ્યું એવો એ **વરાહ**ભક્ત ગુરુના મુખ થકી જ્ઞાન પામીને ઉત્તમ તપ કરનારો **લક્ષ્મણ** નામનો શિષ્ય થયો. ૪૪.

કામકર્મ નામના મનુલોકના સેવકે સાથે થયેલો સંવાદ.

પછી કોઇએક **કામકર્મ** નામના મનુલોકના સેવકે **શ્રીશં**કરાચાર્ય પાસે આવી **નમસ્કાર** કરીને કહ્યું કે (૪૫) "મનુષ્યોનો **સંઘ** એ જ પરમાત્મા છે માટે મોક્ષને ઇચ્છતા એવા તમારે એકાગ્રબુદ્ધિથી તે **સંઘ**નું જ સેવન કરવું. વળી સત્ય લોકના આત્મારૂપ મુક્તિ **સંઘ**ના સેવન થકી પ્રાપ્ત થાય છે. બીજાથી થતી નથી." ૪૬. એવા તેનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "હે મૂઢ, અનંતભૂત અનિત્યની સેવા થકી સત્યરૂપ મુક્તિ પ્રાપ્ત થતી નથી." ૪૭. એવા ગુરુનાં વચન સાંભળી તે મનુલોક ભક્ત અદ્વૈતવૃત્તિનો આશ્રિત થયો. ૪૮.

સત્વાદિ ગુણના સેવકની સાથે થયેલો સંવાદ.

પછી **સત્વાદિ** ગુણોનું સેવન કરનારા પુરુષોએ ગુરુને પ્રણામ કરીને કહ્યું કે, "હે **સ્વામિન્**, સત્ત્વાદિ ગુણો જગતનું કારણ છે (૪૯) બ્રહ્માદિકના કર્તા પણ તે જ ગુણો છે. માટે તે ગુણોની સેવા કરવામાં તત્પર એવા અમે કૃતાર્થ અને સર્વને પૂજન કરવાયોગ્ય થયા છિયે. ૫૦ તમારે પણ તે ગુણો સેવા કરવા યોગ્ય છે." એ પ્રકારના તેઓનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "મોક્ષસિદ્ધિને માટે કોઇથી ઉત્પન્ન થયેલાનું સેવન કરવું તે અયોગ્ય છે." એવા **શ્રી**શંકરાચાર્યનાં વચન સાંભળી તે ગુણના ઉપાસકો કુમતિનો ત્યાગ કરી, શુદ્ધ અદ્વૈતવાદમાં પરાયણ થઇ ગુરુના શિષ્ય થયા. ૫૨.

न हि मानशतैः स्थितस्य बाधाऽपरथा दत्तजलाञ्जलिर्भिदा स्यात् ।
विपरीतहयत्वगोत्वबाधाद्धयपश्वोर्निजरूपकैक्ययुक्त्या ॥ ४७ ॥

કારણ કે વિરુદ્ધ ધર્મો સૈંકડો પ્રમાણોથી સિદ્ધ હોવાને લીધે તેઓનો બાધ સંભવતો નથી અને તેથી અધિકપણું પણ સંભવતું નથી. સૈંકડો પ્રમાણોથી સિદ્ધ થએલી વસ્તુનો પણ બાધ માનવામાં આવે તો પછી ઘોડાપણું અને ગાયપણું કે જેઓ પરસ્પર વિરુદ્ધ ધર્મો છે તેઓનો પણ બાધ માનીને ઘોડાનું તથા ગાયનું પણ સ્વરૂપે એકપણું માનવું પડશે એટલે ભેદને દાહાંજલિ જ દેવાઇ જશે. ૪૭.

साङ्ख्यः प्रधानवादी तं नत्वोवाच परं गुरुम् ॥ उपादानं प्रधानं तु कारणं जगतः स्मृतम् ॥५३॥ स्मृतिः प्रमाणमस्माकं मन्वादिस्मृतिवद्यते ॥ गुणसाम्यं प्रधानं स्यान्महत्तत्त्वादिकारणम् ॥५४॥ अव्यक्तं व्यक्तभावं च जगत्येकं परात्परम् ॥ तदुपासनमात्रेण मुक्तिः संनिहिता नृणाम् ॥ २५५ ॥ इत्यादि स्मर्यते तस्मात्स्वीकर्तव्यमिदं मतम् ॥ इत्युक्त आह भोः सांख्य मैवं वेदविरोधतः ॥ ५६ ॥ स्मृतेर्वेदानुकूलायाः प्रामाण्यं हि न चान्यथा ॥ अशब्दत्वात्प्रधानं तु जगतः कारणं न हि ॥ ५७ ॥ वेदोक्तस्येक्षितृत्वस्याभावादस्य जडस्य वै ॥ नाशब्दमीक्षतेरित्यत आचार्यैरुदीरितम् ॥ ५८ ॥ तस्मात्स ऐक्षतेत्यादिश्रुतिवाक्यान्न कारणम् ॥ प्रधानं किंतु चैतन्यं परं ब्रह्म सदात्मकम् ॥ ५९ ॥ अतो मूढमतिं त्यक्त्वाऽद्वैतनिष्ठो भवाधुना ॥ इत्युक्तः प्राह नाशब्दं प्रधानं श्रुतिरस्ति हि ॥२६०॥ अचिन्त्यमव्यक्तमरूपमव्ययं तथाऽरसं नित्यमगन्धवच्च यत् ॥ अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तं मृत्युमुखात्प्रमुच्यते ॥ ६१ ॥ इत्यव्यक्तेन शब्देन प्रधानं प्रतिपादितम् ॥ इति श्रुत्वा गुरुः प्राह प्राज्ञः प्रकरणादिना ॥ ६२ ॥ उक्तशब्देन संप्रोक्तः किंच ज्ञानं न संभवेत् ॥ गुणसाम्यसुसेवातः सत्वस्योद्रेकरूपकम् ॥ ६३ ॥ तस्मादेतन्मतं त्यक्त्वाऽद्वैतविद्यां समाश्रितः ॥ सुखी भवेति संप्रोक्तः सांख्योऽसौ शिष्यतां गतः ॥ ६४ ॥

ततोऽन्यस्तं नमस्कृत्य कापिलो योगवित्तमः ॥ प्राह प्रामाणिकं योगान्मुक्तिरस्तीति मे मतम् ॥२६५॥ विविक्तदेशे च सुखासनस्थः शुचिः समग्री वशिरःशरीरः ॥ अन्त्याश्रमस्थः सकलेन्द्रियाणि निरुध्य भक्त्या

સાંખ્ય મતનાની સાથે થયેલો સંવાદ.

પછી કોઇએક **સાંખ્ય** પ્રધાનવાદી આવ્યો. તેણે નમસ્કાર કરીને **શ્રી**શંકરાચાર્યને કહ્યું કે, "જગત્નું ઉપાદાન કારણ પ્રધાન છે. (૫૩) હે યતે, અમારે શ્રુતિનું પ્રમાણ મન્વાદિ શ્રુતિના સરખું જ છે અને ગુણે કરીને સામ્ય એવું તથા મહતત્ત્વનું આદિકારણ પ્રધાન જ છે. ૫૪. જગત્ને વિષે જે અવ્યક્ત અને વ્યક્તભાવ સર્વોત્તમ છે અને તેની ઉપાસના કરવા થકી મનુષ્યો મુક્તિને પામે છે. ૫૫. ઇત્યાદિ અનેક વાક્યોનું સ્મરણ કરાય છે માટે તમારે પણ આ મતનો સ્વીકાર કરવો." એવા તેના વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે "હે સાંખ્ય, આવાં વેદવિરુદ્ધ વચન બોલવાં નહિ. ૫૬. વેદને અનુકૂલ એવી સ્મૃતિનું પ્રમાણ ગણાય છે પણ બીજાનું પ્રમાણ ગણી શકાતું નથી. તો પ્રધાનનું અશબ્દપણું હોવાથી જગત્નું કારણ નથી. ૫૭. વેદમાં કહેલા દ્રષ્ટૃત્વના અભાવથી આ જડરૂપ પ્રધાનને આચાર્યોએ ઇક્ષિત–દ્રષ્ટા કહ્યો નથી. (૫૮) તે કારણ માટે 'તે જુવે છે' ઇત્યાદિ શ્રુતિવાક્યથી સિદ્ધ થાય છે કે પ્રધાન જગત્નું કારણ નથી પણ સત આત્મારૂપ ચૈતન્ય પરબ્રહ્મ જગત્નું કારણ છે. ૫૯. માટે તું મૂઢમતિનો ત્યાગ કરી હમણા જ અદ્વૈતનિષ્ઠ થા." એવા **શંકરાચાર્યનાં** વચન સાંભળી સાંખ્યે કહ્યું કે, "અશબ્દ પ્રધાન જગત્નું કારણ નથી એમ શ્રુતિ કહે છે. ૬૦ અચિન્ત્ય, અવ્યક્ત, અરૂપ, અવ્યય, રસ તથા જે નિત્ય અગંધરૂપ છે તે અનંત અને મહતત્ત્વ થકી પર એવા તે પ્રધાનને ઓળખીને મૃત્યુમુખ થકી મુકાઈ જવાય છે. ૬૧. એ પ્રકારે અવ્યક્ત શબ્દે કરીને પ્રધાનને પ્રતિપાદન કરેલ છે." એવા સાંખ્યનાં વચન સાંભળી પ્રકરણાદિકે કરીને ચતુર એવા **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે (૬૨) "ઉક્ત શબ્દથી જ્ઞાનનો સંભવ થતો નથી પણ સત્ત્વગુણની અધિકતારૂપ ગુણનું સામ્યપણું સુજનોની સેવા થકી જ થાય છે. (૬૩) માટે આ સાંખ્યમતનો ત્યાગ કરી અદ્વૈત વિધાનો આશ્રય પામી સુખી થા." એવા **શ્રી**શંકરાચાર્યનાં વચન સાંભળી તે સાંખ્ય, ગુરુના શિષ્યપણાને પામ્યો. ૬૪.

પછી બીજા કોઈ યોગને જાણનારા કપિલમતવાદિએ **શ્રી**શંકરાચાર્યને નમસ્કાર કરીને કહ્યું કે,

यदि मानगतस्य हानमिष्टं न भवेत्तर्हि न चेश्वरोऽहमस्मि ।
इति मानगतस्य जीवसर्वेश्वरभेदस्य न हानमप्यभीष्टम् ॥ ४८ ॥

જો ઘોડાપણું અને ગાયપણું પ્રત્યક્ષ આદિ પ્રમાણેથી સિદ્ધ છે માટે તેને છોડી દેવું નહિ એમ તમારા સિદ્ધાંતમાં ઇષ્ટ હોય તો 'હું ઈશ્વર નથી' એ પ્રત્યક્ષ પ્રમાણથી જીવનો તથા ઈશ્વરનો ભેદ પણ સિદ્ધ છે માટે તેને પણ છોડી દેવો જોઇએ નહિ." ૪૮.

स्वगुरुं प्रणम्य ॥६६॥ हृत्पुण्डरीकं विरजं विशुद्धं विचिन्त्य मध्ये विशदं विशोकम् ॥अचिन्त्यमव्यक्तमनन्तरूपं शिवं प्रशान्तममृतं ब्रह्मयोनिम् ॥६७॥ अनादिमस्यान्तविहीनमेकं विभुं चिदानन्दमरूपमद्भुतम् ॥ उमासहायं परमेश्वरं प्रभुं त्रिलोचनं नीलकण्ठं प्रशान्तम् ॥ ६८ ॥ ध्यात्वा मुनिर्गच्छति भूतयोनिं समस्तसाक्षिं तमसः परस्तात् ॥ इत्यादिवाक्यैर्निगमेषु संस्थैः प्रमाणतां याति मतं मदीयम् ॥ ६९ ॥ किंचाऽऽगमेषु संप्रोक्ता जपविद्या विधानतः ॥ भेदनं चक्रषट्कस्य तथा प्रोक्तमतो मतम् ॥ २७० ॥ मुक्त्याकाङ्क्षिभिराचार्य सेवनीयं प्रयत्नतः ॥ इत्युक्त आह मैवं भो वेदैर्दहरसंज्ञिका ॥ २७१ ॥ विद्योक्ता न त्वदुक्तोऽयं योगो मोक्षस्य कारणम् ॥२७२॥ अजपामूलमन्त्रस्य सोऽहमित्यर्थनिश्चयात् ॥ जीवेशयोर्भिदागन्धाभावाद्योगः कथं भवेत् ॥ २७३ ॥ सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चाऽऽत्मनि ॥ संपश्यन्ब्रह्म परमं याति नान्येन हेतुना ॥ २७४ ॥ इत्यादिश्रुतिभिर्मार्गो ज्ञानादन्यो निषिध्यते ॥ षट्चक्रभेदनाद्योऽयं मुक्तेः किंच श्रुतिर्जगौ ॥ ॥२७५॥ शान्त्यादियुक्त आत्मानं पश्येदात्मनि केवलम् ॥ अधिकारी शुद्धचित्तः श्रवणाद्यैः सुसाधनैः॥७६॥ वेदान्तविज्ञानसुनिश्चितार्थाः संन्यासयोगाद्यतयः शुद्धसत्त्वाः ॥ ते ब्रह्मलोकेषु परान्तकाले परामृतात्परिमुच्यन्ति सर्वे ॥ ७७ ॥ इत्यादिभिः श्रौतवचोभिरेष योगो भवत्प्रोक्त उपेक्षणीयः ॥ इत्युक्त आचार्यमु-

કપિલ મતવાળા સાથે થયેલો સંવાદ.

"યોગ થકી જ મુક્તિ થાય છે, એ મારો મત પ્રમાણ છે. ૬૫. એકાંત પ્રદેશમાં સુખકર આસન ઉપર બેઠેલો, પવિત્ર જેના કંઠ, શિર, અને શરીર સમાન છે એવો, આશ્રમની પાસે રહેલ એવો પુરુષ પોતાની સર્વ ઇંદ્રિયોને રોકીને અને ભક્તિથી ગુરુને પ્રણામ કરીને (૬૬) રજરહિત અને શુદ્ધ એવા હૃદયરૂપ કમલનું ચિંતવન કરી તેના મધ્યને વિષે રહેલા નિર્મલ, શોકરહિત, અચિંત્ય (ચિંતવી શકાય નહિ એવા), અવ્યક્ત, અનંતરૂપ, શિવ, શાંત, અમૃત, બ્રહ્મયોની (૬૭), તથા આદિ, મધ્ય, અને અંતરહિત, એક, વિભુ, ચિદાનંદરૂપ, અદ્ભુત, ઉમાના સહાયકારી, પરમેશ્વર, પ્રભુ, ત્રિલોચન, નીલકંઠ, પ્રશાંત એવા પ્રભુનું મુનિયો ધ્યાન કરીને, તમોગુણથી પર એવી સમસ્તને સાક્ષીરૂપ ભૂતયોની પ્રત્યે જાય છે. ઇત્યાદિક કહેલાં વાક્યથી મારો મત પ્રમાણપણાને પામે છે. ૬૯. વળી વેદમાં પણ વિધાને કરીને જપવિદ્યા વેદમાં કહેલી છે તેમ જ ષટ્ચક્રનું ભેદન પણ કહેલું છે. ૭૦. માટે હે આચાર્ય, મુક્તિની ઇચ્છા કરનારાએ મારા મતનું પ્રયત્નથી સેવન કરવું." એવા યોગવાદીનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્યે કહ્યું કે, "હે યોગવાદી, આ તારૂં કહેવું અસત્ય છે. કારણ કે વેદોએ વિદ્યાને દહર નામની કહી છે. (૭૧) તેમ જ યોગને મોક્ષના કારણરૂપ કહ્યો નથી. ૭૨. વળી અજપા મંત્રનો 'સોહં' એવો અર્થ થાય છે. તો જીવ અને ઈશ્વરના ભેદરૂપ ગંધના અભાવથી યોગ કેમ થાય? અર્થાત્ ન થાય. ૭૩. સર્વભૂતમાં રહેલા આત્માને અને આત્માને વિષે સર્વભૂતને જોતાં છતાં પરબ્રહ્મને પમાય છે પણ બીજા કોઈ કારણથી પામી શકાતું નથી. ૭૪. ઇત્યાદિ વેદવાક્યોએ જ્ઞાનવિના બીજા માર્ગનો નિરોધ કર્યો છે જેમાં ષટ્ચક્રનું ભેદન કહ્યું છે એવો તેં કહેલો માર્ગ મુક્તિના કારણરૂપ છે એમ શ્રુતિ કહે છે? અર્થાત્ નથી કહેતી. ૭૫. જે પુરુષ શાંત્યાદિયુક્ત આત્માને, આત્માને વિષે જુવે છે, વેદાંતાદિકના શ્રવણના ઉત્તમ સાધનથી જેનું ચિત્ત શુદ્ધ થયું છે એવો તે પુરુષ મોક્ષનો અધિકારી થાય છે. ૭૬. વેદાંતના જ્ઞાનથી જેમણે સારીપેઠે અર્થનો નિશ્ચય કર્યો છે અને સંન્યાસ-યોગાદીથી સત્ત્વશુદ્ધ છે એવા જે યતિયો છે તે સર્વ પરાંતકાલે (દેહકાલે) બ્રહ્મલોકને વિષે જ્ઞાનરૂપ ઉત્તમ અમૃત થકી મુકાય છે. ૭૭. ઇત્યાદિક શ્રુતિ વચન થકી આ તેં કહેલો યોગ ઉપેક્ષા કરવા યોગ્ય છે." એવા શ્રી-

इति युक्तिशतैः स नीलकण्ठः कविरक्षोभयदद्वितीयपक्षम् ।
निगमान्तवचः प्रकाश्यमानं कलभः पद्मवनं यथा प्रफुल्लम् ॥ ४९ ॥

એ પ્રમાણે નીલકંઠ પંડિતે અદ્વૈતપક્ષ કે જે વેદાંતનાં વચનોથી પ્રકાશિત છે તેને, જેમ ન્હાનો હાથી પ્રફુલ્લિત કમલના વનને પગવતે કચરે તેમ સેંકડો યુક્તીઓથી કચર્યો. ૪૯.

वाच भूयो यतेऽपरिज्ञानवशाद्ब्रवीषि ॥ ७८ ॥ अज्ञात्वा खेचरीं मुद्रां ब्रह्मज्ञोऽहमिति द्विजः ॥ यो वदे-त्तस्य जिह्वायां छेदं कुर्विति शासनम् ॥ ७९ ॥ नदीत्रितयसंयोगं त्रिकूटाख्यमिति द्विजः ॥ ब्रह्माहमिति यो ब्रूते तज्जिह्वाच्छेदमाचरेत् ॥ २८० ॥ अविदित्वा द्विजो यस्तु शृङ्गाटकमतः परम् ॥ ब्रह्माहमिति यो ब्रूते तज्जिह्वाच्छेदमाचरेत् ॥ ८१ ॥ मनोन्मन्याः स्वरूपं हि पूर्णमण्डलमार्गतः ॥ अविदित्वाऽब्रवीद्ब्रह्मे त्यस्य जिह्वां हि संछिनेत् ॥ ८२ ॥ अङ्गुष्ठमात्रस्य पुंसः स्थानज्ञानं विना द्विजः ॥ ब्रह्मास्मीत्युच्यते येन तस्य जिह्वां हि संछिनेत् ॥ ८३ ॥ अवस्थात्रितयस्थानं नीचोन्मत्तविगर्हितम् ॥ अज्ञात्वा ब्रह्म यो ब्रूते शिरस्तस्य पतत्यधः ॥ ८४ ॥ लयवित्परमं याति ब्रह्म नान्येन वर्त्मना ॥ हठवित्परमं स्थानं याति ब्रह्म सनातनम् ॥ २८५ ॥ इत्यादिवचनैर्योगः सर्वदा मोक्षकाङ्क्षिभिः ॥ भवद्भिरतियत्नेन स्वीकर्तव्य इतीरितः ॥ ८६ ॥ गुरुराह वृथैवं त्वं जल्पस्यज्ञानमोहितः ॥ अष्टाङ्गयोगजा मुक्तिर्न तु किंतु विशुद्धिदः ॥ ८७ ॥ ऐकाग्र्यदस्तथा श्रौतो विरुद्धो वेदतो न हि ॥ खेचर्यादिकमुद्राया विज्ञानेन विना न हि ॥ ८८ ॥ मुक्तिरित्युक्तिरत्यन्तसाहसादेव नान्यथा ॥ ब्रह्मज्ञानाद्यतो मुक्तिं वेदो वदति नान्यतः ॥ ८९ ॥ तस्माच्छ्रुतिप्रोदितकर्मनिष्ठो विशुद्धचित्तः पुरुषो विवेकी ॥ वैराग्यवाञ्शान्तिदमादियुक्तो मुमुक्षुरात्मानमजं सहिष्णुः ॥ २९० ॥ गुरोर्मुखात्तत्त्वमसीति वाक्यं श्रुत्वा विचार्याऽऽत्मगतिं स सम्यक् । सच्चित्सुखं भेदविहीनमद्धा विज्ञाय मुक्तो भवतीति चोक्तः ॥ ९१ ॥ नत्वा गुरोः पादयुगं सुभक्त्या शिष्यो बभूवाथ

पराणुवादम् ॥ समाश्रिता धीरशिवादयोऽन्ये समागताः प्रोचुरिदं यतीशम् ॥ ९२ ॥ कर्ता परेशो यदुदीरितोऽस्ति सृष्टौ स भूम्याद्यणुकान्युनक्ति ॥ नित्याँल्लये तान्वियुनक्ति चैष भूम्यादिभिर्लोकगुरुः स

શંકરાચાર્યેનાં વચન સાંભળી યોગ જાણનારે ફરીથી કહ્યું: " હે યતે, તમે અપૂર્ણ જ્ઞાનથી બોલો છો. ૭૮. જે માણસ ખેચરી મુદ્રા ન જાણતાં છતાં 'હું બ્રહ્મજ્ઞ છું' એમ કહે તો તેવા માણસની જીભ કાપી નાંખવી એમ શાસ્ત્ર આજ્ઞા કરે છે. ૭૯. ત્રણ નદીના સંગ કે જેનું નામ ત્રિકુટ છે તેને જાણ્યાવિના જે માણસ 'હું બ્રહ્મજ્ઞ છું' એમ કહે તો તેની જીભ કાપી નાંખવી. ૮૦. જે માણસ શૃંગાટકમતને જાણ્યાવિના 'હું બ્રહ્મ છું' એમ કહે તો તેની જીભ કાપી નાંખવી. ૮૧. જે માણસ પૂર્ણમંડલના માર્ગ થકી આત્મસ્વરૂપને જાણ્યાવિના 'હું બ્રહ્મ છું' એમ કહે તેની જીભ કાપી નાંખવી. ૮૨. જે બ્રાહ્મણ અંગુષ્ઠમાત્ર આત્માના સ્થાનને જાણ્યાવિના 'હું બ્રહ્મ છું' એમ કહે તેની જીભ કાપી નાંખવી. ૮૩. નીચ, ઉન્મત્ત અને નિંદિત એવી અવસ્થાના ત્રણ સ્થાનને જાણ્યાવિના જે માણસ 'હું બ્રહ્મ છું' એમ કહે તેનું મસ્તક કપાઇ જાય છે. ૮૪. પ્રત્યયને જાણનારો પરબ્રહ્મને પામે છે. બીજે કોઇ ઠેકાણે જતો નથી તેમ જ હઠયોગને જાણનારો સનાતન એવા પરબ્રહ્મના સ્થાનને પામે છે. ૮૫. ઈત્યાદિક વચનોએ કરીને મોક્ષની ઈચ્છાવાળા તમારે પણ યત્ને કરીને યોગનો જ સ્વીકાર કરવો." એવા તે યોગમાર્ગવાળાનાં વચન સાંભળી ગુરુએ કહ્યું કે, ૮૬. "અજ્ઞાને કરીને મોહ પામેલો તું મિથ્યા બોલે છે કારણ અષ્ટાંગયોગથી મુક્તિ પ્રાપ્ત થતી નથી. ૮૭. કેમકે શુદ્ધિને તથા એકાગ્રતાને આપનાર શ્રૌત વેદવિરુદ્ધ નથી. વળી ખેચરી વગેરે મુદ્રાના જ્ઞાનવિના મુક્તિ નથી. ૮૮. એ પ્રકારે જે તારૂં કહેવું છે તે કેવળ સાહસ વાક્ય છે, બીજું કાંઈ નથી. કારણ કે વેદ તો એમ જ કહે છે કે બ્રહ્મજ્ઞાનથી જ મુક્તિ પ્રાપ્ત થાય છે પણ બીજાથી થતી નથી. ૮૯. માટે તું વેદમાં કહેલ કર્મનિષ્ઠ, શુદ્ધ ચિત્તવાળો, આત્મારૂપ, અજન્મા, અને શહનશિલતાવાળો થા. ૯૦. વળી ગુરુના મુખ થકી 'तत्त्वमसि' એ વાક્યને સાંભળીને આત્મગતિનો ઉત્તમ રીતે વિચાર કરી ભેદરહિત સચ્ચિત સુખને જાણીને મુક્ત થા." એ પ્રકારે ગુરુએ આજ્ઞા કરેલો તે યોગમાર્ગવાળો (૯૧) ઉત્તમ ભક્તિએ કરી ગુરુના બે ચરણપ્રતિ નમસ્કાર કરી તેમનો શિષ્ય થયો.

પછી પરમાણુવાદનો આશ્રય કરી રહેલા બીજા ધીર અને શિવાદિકે આવીને શ્રીશંકરાચાર્યેને

अथ नीलगलोक्तदोषजालो भगवानेवमवोचदस्तु कामम् ।
शृणु तत्त्वमसीतिसंप्रदायश्रुतिवाक्यस्य परावरेऽभिसंधिम् ॥ ५० ॥

નીલકંઠે અદ્વૈતપક્ષ ઉપર દૂષણોના સમૂહનો આરોપ કર્યા પછી શંકરાચાર્ય બોલ્યા કે, "ત્હારા ધારવા પ્રમાણે વાચ્યાંશમાં જીવની તથા ઈશ્વરની એકતાનું નિરૂપણ કરવા વિષે જો तत्त्वमसि એ વાક્યનો અભિપ્રાય હોય તો ભલે ત્હારા કહેલા દોષો લાગુ પડે પણ તે વાક્યનો એવો અભિપ્રાય નથી. तत्त्वमसि એ વાક્યનો લક્ષ્યાર્થરૂપ અખંડૈકરસ પરબ્રહ્મ ઉપર અભિપ્રાય છે. તો હવે તે અભિપ્રાય વિષે કહુંછું તે સાંભળ. ૫૦.

लोकान् ॥९३॥ विधाय सृष्ट्वा विविधांश्च जीवानास्ते स्वयं साक्षिवदेष पूर्णः॥ इत्युक्त आचार्य उवाच मैवं श्रुतेर्विरोधाच्छृणु तद्विरोधम् ॥९४॥ परात्मनः खादिकसर्ग उक्तः श्रुतौ कथं तेषु तु नित्यताऽतः ॥ परेश एकः खलु नित्यरूपो जन्यं जगत्सर्वमनित्यमेव ॥ २९५ ॥ जगदीशादजन्यत्वं केषु चिद्यदि वर्तते ॥ तस्य तत्त्वं न वक्तव्यं सर्वस्याजनकत्वतः ॥ ९६ ॥ अधीत्य गौतमीं विद्यां सार्गालीं योनिमाविशेत् ॥ इत्यादिवचानात्तां तु विहायाद्वैतमाश्रिताः ॥ ९७ ॥ मुक्ता भवथ शुद्धात्मविज्ञानाद्गुरुभक्तिजात् ॥ इत्युक्तास्ते बभूवुर्वै शिष्या धीरशिवादयः ॥ ९८ ॥

प्रातः स्नात्वा त्रिवेण्यां हि गुरुः शिष्यसमन्वितः ॥ प्राङ्मार्गात्प्राप्य पक्षार्धात्काशीं काशीशसंयुताम् ॥ ९९ ॥ स्तुतिभिः करतालैश्च शङ्खादिनिनदैस्तथा चित्रमासीत्तत्र मासत्रितयं संस्थिते गुरौ ॥ ३०० ॥ स्वामिनं केचिदागत्य नत्वा तं कर्मवादिनः ॥ प्रोचुर्विश्वस्य सृष्ट्यादि कर्मणो भवति प्रभो ॥ १ ॥ रम्येण कर्मणा रम्यां योनिं विप्रादिकस्य वै ॥ पापेन कर्मणा पापां शूद्रादेस्तां व्रजन्ति हि ॥ २ ॥ कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ॥ इत्यादिकैर्वचोभिर्मुमुक्षुभिः कर्म यत्नतः ॥ ३ ॥ कार्यं सुखस्य संप्राप्तिर्मोक्ष इत्यभिधीयते ॥ इत्युक्तः प्राह मैवं यस्यैतत्कर्मेति हि श्रुतिः॥४॥

પરમાણુવાદના આશ્રિતો સાથે થયેલો સંવાદ.

આ પ્રકારે કહ્યું કે, (૯૨) "જે આ જગત્નો કર્તા પરમાત્મા કહેવાય છે તે પરમાત્મા આ જગત્ની ઉત્પત્તિની વખતે ભૂમિ વગેરે નિત્ય એવા અણુઓને જોડે છે અને પ્રલયને વિષે જૂદા કરે છે. તે લોકોના ગુરુ એવા પરમાત્મા ભૂમિ વગેરે અણુઓએ કરીને લોકને સર્જીને (૯૩) તથા વિવિધ પ્રકારના જીવોને સર્જીને પોતે સાક્ષીરૂપ પરિપૂર્ણ એવા થઇને રહે છે." એવા તે પરમાણુવાદીનાં વચનને સાંભળી શ્રીશંકરાચાર્યે કહ્યું કે, "આ તમારૂં બોલવું મિથ્યા છે કારણ કે વેદ વિરુદ્ધ છે માટે તમારા વાક્યથી વિરુદ્ધનું વચન સાંભળો. ૯૪. પરમાત્મા થકી આકાશાદિ સર્વ ઉત્પન્ન થયું છે એમ વેદને વિષે કહ્યું છે. તો પછી આકાશાદિકને વિષે નિત્યપણું ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય. માટે એક પરમાત્મા નિત્યરૂપ છે અને બીજું સર્વ જગત્ અનિત્ય છે. ૯૫. જો કોઇપણ વસ્તુને વિષે જગતના ઈશ્વર થકી અજન્યપણું હોય તો તે વસ્તુને તત્ત્વ કહેવું નહિ કારણ કે સર્વ વસ્તુને વિષે ઈશ્વરનીપેઠે પોતા થકી અન્ય વસ્તુની ઉત્પત્તિ કરવાની હોતી નથી. ૯૬. 'ગૌતમની વિદ્યા ભણવાથી શિયાળ વિગેરેની યોની પ્રાપ્ત થાય છે.' ઇત્યાદિ વચનથી તે વિદ્યાનો ત્યાગ કરીને અદ્વૈત વિદ્યાનો આશ્રય કરો. ૯૭. ગુરુની ભક્તિથી ઉત્પન્ન થયેલા શુદ્ધ આત્મજ્ઞાન થકી મુક્તિને પામશો." એવા શ્રીશંકરાચાર્યેનાં વચન સાંભળી તે ધીર અને શિવાદિ પરમાણુવાદિઓ ગુરુના શિષ્ય થયા. ૯૮.

કાશીમાં કેટલાક કર્મવાદિયો સાથે થયેલો સંવાદ.

પ્રાતઃકાલમાં ત્રિવેણીમાં સ્નાન કરી શિષ્યસહિત શ્રીશંકરાચાર્ય ત્યાંથી પૂર્વ દિશાના માર્ગે કરીને સાત દિવસમાં કાશીપતિ-વિશ્વનાથ-જ્યાં વિરાજમાન હતા એવી કાશી નગરી પ્રત્યે આવ્યા. ૯૯. ત્યાં ગુરુ ત્રણ માસ રહ્યા એટલામાં તો સ્તુતિએ કરીને, કરતાલે કરીને અને શંખાદિકના શબ્દોએ કરીને વિચિત્ર પ્રકારની રચના થઇ રહિ હતી. ૩૦૦. એવામાં કેટલાક કર્મવાદિઓ આવ્યા અને પ્રણામ કરીને ગુરુને કહ્યું કે, "હે પ્રભો, આ જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય વગેરે કર્મે કરીને જ થાય છે. ૩૦૧. સારાં કર્મે કરીને બ્રાહ્મણ વગેરેને સારી યોની પ્રાપ્ત થાય છે અને પાપ કર્મે કરીને શૂદ્ર વગેરેને પાપવાળી યોની પ્રાપ્ત થાય છે. ૨. તેમ જ જનક વગેરે રાજાઓ પણ કર્મે કરીને જ ઉત્તમ સિદ્ધિ પામ્યા છે. ઇત્યાદિક વચનોએ કરીને સિદ્ધ થાય છે કે મોક્ષને ઇચ્છનારા પુરુષોએ પ્રયત્નથી કર્મ

ननु वाच्यगता विरुद्धताधीरिह सोऽसाविति वद्विरोधहाने ।
अविरोधि तु वाच्यमाद्दैक्यं पदयुग्मं स्फुटमाह को विरोधः ॥ ५१ ॥

[1]'તે આ દેવદત્ત છે' એ વાક્યની પેઠે तत्त्वमसि એ વાક્યમાં વાચ્યાર્થની માંહે જ વિરુ-

ब्रह्मकार्यं जगद्भूते ध्येयं तत्कारणं तथा ॥ इत्युपक्रम्य संभूते शंभुराकाशमध्यगः ॥ ३०५ ॥ ऋतं च सत्यमित्यादिश्रुतिश्चास्ति विबोधिका ॥ ब्रह्मणः सूक्ष्मस्थूलादिविश्वकारणरूपिणः ॥ ६ ॥ तस्मात्सर्वज्ञ एवेशः कारणं जगतो मतः ॥ नैव कर्म जडत्वाद्ये मन्दास्तेऽथाऽऽश्रयन्ति तत् ॥ ७ ॥ इत्युक्तास्ते परां विद्यामाश्रिताः शिष्यतां गताः ॥

ततो वाभरणाख्यस्तं शिष्यैः सह समागतः ॥ ८ ॥ नत्वोवाच स चन्द्रोऽसौ सर्वलोकप्रकाशकः ॥ देवादिपालकः पूर्णिमादौ पूज्यः प्रयत्नतः ॥ ९ ॥ तदुपासनया मुक्तिरित्युक्तः प्राह नास्ति सः ॥ अनित्योपासनालभ्यो नित्यो मोक्षः कदाचन ॥ ३१० ॥ इष्टापूर्तादिकं कर्म कृत्वा चन्द्रस्य मण्डलम् ॥ प्राप्य भूयोऽस्य लोकस्य प्राप्तिरुक्ता परात्मना ॥ ११ ॥ धूमो रात्रिस्तथा कृष्णः षण्मासा दक्षिणायनम् ॥ तत्र चान्द्रमसं ज्योतिर्योगी प्राप्य निवर्तते ॥ १२ ॥ एष देवान्नमित्युक्तं श्रुतौ तस्मान्न मुक्तता ॥ अन्नस्यास्य सुसेवातः किंतु तल्लोकसंस्थितिः ॥ १३ ॥ तस्मान्मूढमतिं त्यक्त्वा शुद्धाद्वैतं समाश्रितः ॥ मुक्तो भवेति संप्रोक्तः सच्छिष्योऽसौ बभूव ह ॥ १४ ॥

ततो भौमादिकानां ये ग्रहाणां समुपासकाः ॥ नमस्कृत्योचुराचार्यं शंकरं ते कृपानिधिम् ॥३१५॥ भौमादिकस्य सेवातो मुक्तिर्वेदे प्रचोदिता ॥ तस्मान्मुमुक्षुभिः सेव्या एत एव प्रयत्नतः ॥ १६ ॥ इत्युक्त

કરવું (૩) અને સુખની પ્રાપ્તિ એ જ મોક્ષ કહેવાય છે." એવાં તેઓનાં વચન સાંભળી શ્રીગુરુએ કહ્યું કે "તે એ પ્રકારે નથી કારણ કે 'જેનું આ કર્મ' એ પ્રકારે **વેદ** વાક્ય છે. ૪. બ્રહ્મનું કાર્ય જગત્ છે માટે જગત્‌ના કારણરૂપ જે બ્રહ્મ તેનું ધ્યાન કરવું. એ પ્રકારે ઉપક્રમ કરીને આકાશના મધ્યભાગને વિષે રહેલા **શં**કરે કહ્યું છે કે (૫) 'ऋत' અને 'सत्' ઇત્યાદિ **શ્રુ**તિ સ્થૂલ સૂક્ષ્મ વિશ્વના કારણરૂપ બ્રહ્મનો બોધ કરનારી છે. ૬. માટે સર્વજ્ઞ એવા ઈશ્વર જગત્‌નું કારણ છે પણ જે કર્મના જડપણાએ કરીને મંદ રહેલા છે તે જગત્‌નું કારણ નથી કારણ કે તે તો ઈશ્વરનો આશ્રય કરીને રહે છે." ૭. એ પ્રકારે **શ્રી**શંકરાચાર્યે કહ્યું એટલે તે સર્વ અદ્વૈત વિદ્યાનો આશ્રય કરી ગુરુના શિષ્ય થયા.

ચંદ્રના ઉપાસકો સાથે થયેલો સંવાદ.

પછી કોઇએક **વાભરણ** નામનો માણસ શિષ્યસહિત આવ્યો. ૮. તે **શ્રી**શંકરાચાર્યને નમસ્કાર કરીને બોલ્યો કે, "આ **ચંદ્ર** સર્વ લોકને પ્રકાશ કરનારો, દેવાદિકનો પાલક તથા પૂનમ વગેરે તિથિયોને વિષે પ્રયત્નથી પૂજન કરવા યોગ્ય છે. ૯. માટે તે **ચંદ્ર**ની ઉપાસના કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે." એવાં તેનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "અનિત્ય એવા **ચંદ્ર**ની ઉપાસના કરવાથી નિત્ય મોક્ષની પ્રાપ્તિ ક્યારે પણ થતી નથી. ૧૦. વાવ-કુવા ખોદાવવા ઇત્યાદિક કર્મ કરનારને **ચંદ્ર**લોકની પ્રાપ્તિ થાય છે ને પછી તેઓને આ લોકની પ્રાપ્તિ થાય છે એમ પરમાત્માએ કહ્યું છે. ૧૧. ધૂમ, રાત્રી તથા કૃષ્ણ-અંધકાર એ છ માસ દક્ષિણાયન કહેવાય છે. યોગી પુરુષો તે દક્ષિણાયનને વિષે **ચંદ્ર**માસંબંધી જ્યોતિને પામીને નિવૃત્તિ પામે છે. ૧૨. **વેદ**માં આ **ચંદ્ર**દેવ થકી મુક્તિ પ્રાપ્ત થાય છે એમ કહ્યું નથી. પણ અન્નરૂપ આ **ચંદ્ર**દેવની સેવા થકી તેમના લોકમાં નિવાસ થાય એમ કહે છે. ૧૩. માટે મૂઢ મતિનો ત્યાગ કરી શુદ્ધ અદ્વૈતનો આશ્રય કરી મુક્ત થા." એવાં શ્રીગુરુનાં વચન સાંભળી તે પુરુષ શિષ્યસહિત તેમનો શિષ્ય થયો. ૧૪.

મંગળના ગ્રહની સેવા કરનારા સાથેનો સંવાદ.

પછી જે **મંગળ** વિગેરે ગ્રહોના ઉપાસક હતા તે સર્વ પુરુષોએ કૃપાનિધિ એવા શ્રીગુરુને પ્રણામ કરીને કહ્યું કે, "**વેદ**માં **મંગળ** વગેરે ગ્રહોની સેવા થકી મુક્તિ કહેલી છે માટે મુક્તિની ઈચ્છા કરનારાઓએ પ્રયત્નથી તે ગ્રહોનું સેવન કરવું." ૧૬. એવાં તેઓનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "લોકોને ગ્રહની પીડાથી નિવૃત્ત થવાને માટે **મંગળ** વગેરે ગ્રહની સેવા કરવાની કહિ છે પણ મુક્તિને અર્થે કહિ

૧ આ ગ્રંથના દશમા સર્ગના ૮૭ મા શ્લોકનો અર્થ વાંચો.

દ્ધતા છે પણ લક્ષ્યાર્થમાં વિરુદ્ધતા નથી. વિરુદ્ધ અંશોને છોડી દેતાં અવિરુદ્ધ માંહે જ પ્રાપ્ત થઇને 'તે' અને 'તું' એ બે પદ સ્ફુટ રીતે એકતા કહે છે તેમાં શો વિરોધ છે? કશો નથી. ૫૧.

यदिहोक्तमतिप्रसञ्जनं भो न भवेन्नो हि गवाश्वयोः प्रमाणम् ।
अभिदाघटकं तयोर्यतः स्यादुभयोर्लक्षणयाऽभिदानुभूतिः ॥ ५२ ॥

આ પ્રમાણે નિરૂપણ કરવામાં ગાયની તથા ઘોડાની એકતા માનવી પડવાનો જે તેં અતિપ્રસંગરૂપ દોષ આપેલો છે તે દોષ લાગુ પડતો નથી. કારણ કે ગાયના અને ઘોડાના અભેદનું પ્રતિપાદન કરનાર કોઇ પ્રમાણ જ નથી કે જે પ્રમાણને લીધે લક્ષણા કરીને તેઓનો અભેદ માનવો પડે. ૫૨.

आह लोकानां ग्रहपीडानिवृत्तये ॥ सेवा प्रोक्ता न मुक्त्यर्थं सा तु चेतनबोधतः ॥ १७ ॥ सदेवेत्यादिभिर्वाक्यैर्वेदे सम्यगुदीरिता ॥ इति श्रुत्वाऽथ ते सर्वे गताः शिष्यत्वमादरात् ॥ १८ ॥

ततः क्षपणको नत्वा गुरुमाह प्रभो मया ॥ त्वदाश्रयेण षण्मासः कालो नीतस्ततो मतम् ॥ १९ ॥ मदीयं शृणु कालोऽयं परं ब्रह्म सुसेव्यताम् ॥ मुक्त्यर्थमिति संप्रोक्तः प्राह कालस्य जन्म हि ॥ ३२० ॥ संवत्सरोऽजायत काल एष इति श्रुतिः प्राह ततः कुबुद्धिम् ॥ विहाय शुद्धाद्वयमाश्रितस्त्वं मुक्तो भवेत्युक्त इमं मुनीशम् ॥ २१ ॥ समस्तसर्वज्ञशिरोवतंसं नत्वाऽद्वये ब्रह्मणि संरतोऽभूत् ॥

ततः पितृणां समुपासकास्तं समागताः प्राहुरिदं यतीशम् ॥ २२ ॥ अग्निष्वात्तादयश्चन्द्रमण्डलोपरि वासिनः ॥ नित्यमुक्तास्त्रयस्तेषु मूर्तिहीनाः समूर्तयः ॥ २३ ॥ चत्वारः सेवनं तेषां धर्मादिफलदं स्मृतम् ॥ मुक्तिदं चैव संप्रोक्तं सेव्यास्तेऽतः प्रयत्नतः ॥ २४ ॥ श्राद्धकृत्सत्यवादी च गृहस्थोऽपि विमुच्यते ॥ चान्द्रमासप्रमाणेन पितृमध्याह्नमीरितम् ॥ ३२५ ॥ अमातस्तत्र कर्तव्यं श्राद्धादि परितुष्टये ॥ तेषामिति स संप्रोक्तः प्राह तान्परमो गुरुः ॥ २६ ॥ नैवं नेत्यादिवेदो हि कर्म मुक्तेर्न साधनम् ॥ इति ब्रूते परं ब्रह्म प्राप्नोत्यात्मज्ञ इत्यपि ॥ २७ ॥ तस्मात्कर्माणि संत्यज्य शुद्धचित्तः परेश्वरम् ॥ श्रुत्वा गुरुमुखात्सम्यग्विचार्याऽऽशु विमुच्यते ॥ २८ ॥ इति श्रुत्वाऽथ ते सर्वे सत्यशर्मादयो गुरुम् ॥ नत्वा तदुपदेशेन संगताः कृतकृत्यताम् ॥ २९ ॥

નથી. ૧૭. વળી ગ્રહો ચૈતન્યવંત હોવાથી **વેદ**માં તેમને '**सत्**' એ પ્રકારે કહ્યા છે." એવાં **શ્રી**શંકરાચાર્યનાં વચન સાંભળી તે સર્વ આદર થકી તેમના શિષ્ય થયા. ૧૮.

કાલના ભકત ક્ષપણક સાથે થયેલો સંવાદ.

પછી **ક્ષ**પણકે ગુરુને નમસ્કાર કરીને કહ્યું કે, "હે પ્રભો, મેં તમારા આશ્રયે કરીને છ માસનો કાલ નિર્ગમન કર્યો છે (૧૯) માટે મારો મત એવો છે કે આ કાલ એ જ પરબ્રહ્મરૂપ છે જેથી મુક્તિને માટે તેનું જ સેવન કરવું." એવા તે **ક્ષ**પણકનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, "કાલને જન્મ છે. ૨૦. કાલ સંવત્સરરૂપ કહેવાય છે એમ **શ્રુ**તિ કહે છે જેથી જન્મવાળાને બ્રહ્મ કહેવાય નહિ, માટે આ દુષ્ટ મતિનો ત્યાગ કરી શુદ્ધ અદ્વૈત મતનો આશ્રય કરીને મુક્ત થા." ૨૧. એવા શ્રીગુરુનાં વચન સાંભળી તે **ક્ષ**પણક સર્વ સર્વજ્ઞ પુરુષો મધ્યે ઉત્તમ એવા ગુરુને પ્રણામ કરી અદ્વય બ્રહ્મનેવિષે તત્પર થયો.

પિતૃભકતો સાથે થયેલો સંવાદ.

પછી પિતૃઓના ઉપાસકોએ આવીને **શ્રી**શંકરાચાર્યને કહ્યું કે, (૨૨) **અ**ગ્નિષ્વાત્તાદિક નિત્યમુક્ત પિતૃઓ **ચંદ્ર**મંડળ ઉપર રહેનારા છે, તેમાં ત્રણ મૂર્તિ અને ચાર મૂર્તિવાળા છે. ૨૩. તેમની સેવા ધર્માદિક ફલને આપનારી છે તે કારણ માટે તે પિતૃઓ પ્રયત્નથી સેવન કરવા યોગ્ય છે. ૨૪. શ્રાદ્ધ કરનારો સત્યવાદી ગૃહસ્થ પણ મુક્તિ પામે છે. વળી **ચંદ્ર**માસના પ્રમાણે કરીને પિતૃઓનો દિવસ કહેલો છે. ૨૫. તેથી આ માસથી આરંભીને પિતૃઓની તુષ્ટિને માટે શ્રાદ્ધાદિક કરવાં." એવા તે પિતૃભકતોનાં વચન સાંભળી **શ્રી**શંકરાચાર્યે કહ્યું કે, (૨૬) "તમારૂં કહેવું અસત્ય છે કારણ કે, 'મુક્તિનું સાધન કર્મ નથી.' એમ **વેદ** કહે છે પણ આત્માને જાણનારો પરબ્રહ્મને પામે છે. ૨૭. માટે કર્મોનો ત્યાગ કરી શુદ્ધચિત્તવાળા થઈ અને ગુરુમુખ થકી પરમાત્માને જાણી તેનું ધ્યાન કરવાથી મુક્તિ પમાય છે." ૨૮. એ પ્રકારના ગુરુનાં વચન સાંભળી તે **સત્યશર્મા**દિ સર્વ બ્રાહ્મણો તેમને નમસ્કાર કરી અને તેમના ઉપદેશવડે કરીને કૃતાર્થ થયા. ૨૯.

ननु मौढ्यसमस्तविस्त्वधर्मान्वितजीवेश्वररूपतोऽतिरिक्तम् ।
उभयोः परिनिष्ठितं स्वरूपं बत नास्त्येव यतोऽत्र लक्षणा स्यात् ॥ ५३ ॥
इति चेन्न समीक्ष्यमाणजीवेश्वररूपस्य च कल्पितत्वयुक्त्या ।
तदधिष्ठितसत्यवस्तुनोऽद्धा नियमेनैव सदाऽभ्युपेयतायाः ॥ ५४ ॥

'જીવનું સ્વરૂપ કે જે મૂઢતારૂપ ધર્મથી યુક્ત છે અને ઈશ્વરનું સ્વરૂપ કે જે સર્વજ્ઞપણા-રૂપ ધર્મથી યુક્ત છે તે સ્વરૂપોથી ન્યારૂં એ બન્નેનું કોઇ સિદ્ધ સ્વરૂપ છે જ નહિ કે જેથી તે

शङ्खपादाभिधः कश्चित्कुज्वलीटस्तथैव च ॥ समागत्योचतुर्नत्वा यतीशं परमं गुरुम् ॥ ३३० ॥ यत्र नारायणः शेते स सेव्यः शेष ईश्वरः ॥ गरुडोऽथ विमोक्षाय तस्य वाहनतां गतः ॥ ३१ ॥ इत्युक्त आह चेदेवं नारायणसुसेवनम् ॥ कर्तव्यं तु ततः शुद्धचित्तौ गुरुमुखात्परम् ॥ ३२ ॥ श्रुत्वा विचार्य विज्ञाय ततो मुक्तिं गमिष्यथ ॥ इत्युक्तौ तौ गुरुं नत्वा सच्छिष्यत्वमुपागतौ ॥ ३३ ॥

चिरकीर्तिमुखाः सिद्धोपासकास्तत आगताः ॥ प्रणम्योचुर्वयं मन्त्राँल्लब्ध्वा सिद्धोपदेशतः ॥ ३४ ॥ कृतकृत्यास्ततो यूयं भवथैतन्मतानुगाः ॥ श्रीशैलादिकशैलेषु प्राप्य मन्त्रादिकाञ्शुभान् ॥ ३३५ ॥ सत्यनाथादयः सिद्धाः कृतार्थाश्चिरजीविनः ॥ तेषां समुपदेशेन तथाभूता वयं स्थिताः ॥ ३६ ॥ विचित्राञ्जनमुख्याभिर्विद्याभिः सर्ववेदिनः ॥ तस्मादस्मन्मतं भेत्तुं न शक्यं केनचिद्यते ॥ ३७ ॥ इत्युक्त आचार्य उवाच फल्गुफलेप्सुभिर्भाषणमप्ययुक्तम् ॥ विचित्रवेषैर्हि कियानिहार्थो दोषास्तिरेवास्ति परस्वलाभात् ॥ ३८ ॥ तथा चिरं जीवनतः फलं नो देहो यतो दुःखमयोऽस्ति सर्वदा ॥ तस्माद्विशुद्धैः किल साधनीयस्त्यागेन देहस्य विमुक्त्युपायः ॥ ३९ ॥ श्रुत्वाऽथ ते शिष्यवरा बभूवुः

गन्धर्वभक्तास्तत ऊचुरार्यम् ॥ विश्वावसूपासनतो हि नादविज्ञानतो बिन्दुकलाविबोधात् ॥३४०॥ कृतकृत्या वयं यूयमतो मुक्त्यभिलाषिणः ॥ श्रमं गान्धर्वविद्यायां कुरुध्वं सर्वदैव हि ॥ ४१ ॥ इत्युक्तः

શંખપાદ નામનો કુજ્વલીટ.

પછી **શં**ખપાદ નામનો કોઈ કુજ્વલીટ આવ્યો. તે યતિરૂપ પરમ ગુરુને પ્રણામ કરીને બોલ્યો કે (૩૦), "**નારાયણ** જેને વિષે શયન કરે છે તે શેષનાગરૂપ ઈશ્વર સેવન કરવા યોગ્ય છે. વળી ગરુડ પણ મોક્ષને અર્થે તે **નારાયણ**ના વાહનપણાને પામ્યો છે." ૩૧. એવાં તેનાં વચન સાંભળી ગુરુએ કહ્યું કે, "જો એમ હોય તો ત્હારે શુદ્ધ ચિત્તવાળા થઇને **નારાયણ**નું ઉત્તમ રીતે સેવન કરવું. ૩૨. ગુરુના મુખ થકી તે વિધિ જાણીને અને તેનો વિચાર કરીને મુક્તિ પામીશ." એવાં ગુરુનાં વચન સાંભળી તે **શં**ખપાદ તેમના શિષ્યોમાં મોટાઇને પામ્યો. ૩૩.

સિદ્ધની ઉપાસના કરનારાઓની સાથે થયેલો સંવાદ.

પછી **સિદ્ધ**ની ઉપાસના કરનારા **ચિર**કીર્તિ વગેરે કેટલાક પુરુષો આવ્યા. તેઓએ **શ્રી**શંકરાચાર્યને પ્રણામ કરીને કહ્યું કે, "અમે **સિદ્ધ**ના ઉપદેશ થકી મંત્રોને પામીને (૩૪) કૃતાર્થ થયા છીએ માટે તમે પણ અમારા મતને અનુસરનારા થાઓ. કારણ કે **શ્રી**શૈલાદિક પર્વતોને વિષે શુભ એવા મંત્રાદિકોને પામીને (૩૫) **સત્ય**નાથાદિક સિદ્ધો ચિરંજીવી થઈ કૃતાર્થ થયા છે, અને તેઓના ઉપદેશથી અમે પણ તેમના સરખા થયા છિયે. ૩૬. વિચિત્ર એવી અંજન વગેરેની મુખ્ય વિદ્યાઓવડે કરી સર્વને જાણનારા થયા છે. એ કારણ માટે આ અમારો મત કોઇથી ભેદન કરી શકાય એવો નથી." ૩૭. એવાં તેઓનાં વચન સાંભળી **શ્રી**ગુરુએ કહ્યું કે, "તુચ્છ ફલને ઇચ્છનારા એવા તમોએ આ અયોગ્ય ભાષણ કર્યું છે. વિચિત્ર વેશ ધારણ કરવાથી આ લોકમાં શો અર્થ પ્રાપ્ત થાય છે? અર્થાત્ કાંઇ પણ થતો નથી. ઉલટા પરદ્રવ્યના લાભથકી પાપ થાય છે. ૩૮. વળી ચિરંજીવી થવાથી કાંઇ પણ ફળ નથી કારણ કે શરીર હમેશાં દુઃખરૂપ છે માટે શુદ્ધ એવા કર્મે કરીને અને દેહના ત્યાગે કરીને મુક્તિનો ઉપાય સાધન કરવો." ૩૯. એવાં ગુરુનાં વચન સાંભળી તે સર્વ **સિદ્ધ**ની ઉપાસના કરનારા પુરુષો **શ્રી**શંકરાચાર્યના શિષ્ય થયા.

ગંધર્વના ભકતો સાથે થયેલો સંવાદ.

પછી ગંધર્વના ભકતોએ આવીને પૂજ્ય એવા ગુરુને કહ્યું કે, "**વિશ્વાવસુ**ની ઉપાસના થકી, નાદના વિજ્ઞાન થકી અને બિંદુકલાના અવબોધ થકી (૪૦) અમે કૃતાર્થ થયા છીએ માટે મુક્તિના અભિલાષિ એવા તમે પણ નિરંતર ગંધર્વવિદ્યામાટે શ્રમ કરો." ૪૧. એવા તેઓનાં વચન સાંભળી **શ્રી**ગુરુએ કહ્યું કે, "**વેદ**વિરુદ્ધ આ તમારૂં કહેવું

સિદ્ધ સ્વરૂપમાં લક્ષણા થાય.' એમ જો તું માનતો હોય તો તે માનવું ખોટું છે. કારણ કે જેમ છીપમાં પ્રતીત થએલું રૂપું દૃશ્ય હોવાને લીધે કલ્પિત છે તેમ મૂઢતાથી મુક્ત જીવનું સ્વરૂપ અને સર્વજ્ઞતાથી યુક્ત ઇશ્વરનું સ્વરૂપ પણ કલ્પિત છે એટલે તે કલ્પિત સ્વરૂપોના અધિષ્ઠાન-રૂપ સાચી વસ્તુ (સિદ્ધ સ્વરૂપ) સર્વદા નિયમપૂર્વક સ્વીકારવી જ પડે છે. ૫૩, ૫૪.

भवताऽपि तथा हि दृश्यदेहाद्यहमन्तस्य जडत्वमभ्युपेयम् ।
परिशिष्टमुपेयमेकरूपं ननु किंचिद्धि तदेव तस्य रूपम् ॥ ५५ ॥

તારે પણ દેહથી માંડીને અહંકાર પર્યંત પદાર્થો કે જેઓ દૃશ્ય છે તેઓનું જડપણું માનીને તે જીવનું અવશેષ રહેનારૂં તેજ કાંઈ જ સાચું રૂપ સ્વીકારવું જ પડશે. ૫૫.

जगतोऽसत एवमेव युक्त्या त्वनिरूप्यत्वत एव कल्पितत्वात् ।
तदधिष्ठितभूतरूपमेष्यं ननु किंचिद्धि तदीश्वरस्य सत्यम् ॥ ५६ ॥

તેમ જ ઇશ્વિરના વાચ્યસ્વરૂપભૂત જગત્ પણ નિરૂપણ કરવાને અશક્ય હોવાથી રજ્જુસ-

---

श्रीगुरुः प्राह मैवं वेदविरोधतः ॥ तत्र शब्दाद्यतीतत्वं ब्रह्मणः प्रतिपादितम् ॥ ४२ ॥ अशब्दमस्पर्शमरूपमव्ययं तथाऽरसं नित्यमगन्धवच्चयत् ॥ अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तं मृत्युमुखात्प्रमुच्यते ॥ ४३ ॥ इति स्मृतौ तथा प्रोक्तः परः शब्दाद्यगोचरः ॥ नादबिन्दुकलातीतं यस्तं वेद स वेदवित् ॥ ४४ ॥ इति तस्माद्भवन्तोऽपि ब्रह्म नादाद्यगोचरम् ॥ भजध्वं तेन मुक्तिं तु गमिष्यथ न संशयः ॥ ३४५ ॥

इत्युक्ताः शिष्यतां यातास्ततो वेतालसेवकाः ॥ चिताभस्मानुलिप्ताङ्गा भूतसेवारतास्तथा ॥४६॥ बभाषिरे गुरुं नत्वा स्वामिन्भूताद्युपासकाः ॥ सर्वलोकवशीकारे समर्था इति तद्वचः ॥ ४७ ॥ श्रुत्वोवाच यतीशस्तान्न युक्तं भवतां मतम् ॥ ब्राह्मणानां न संप्रोक्ता यतो भूताद्युपासना ॥ ४८ ॥ अपसर्पन्तु ते भूता ये भूता भूमिसंस्थिताः ॥ ये भूता विघ्नकर्तारस्ते नश्यन्तु शिवाज्ञया ॥ ४९ ॥ इत्यादिवचनात्तस्माद्भ्रष्टाचारं विहाय तम् ॥ स्ववर्णोचितकर्माणि कुरुताद्वैतमाश्रिताः ॥ ३५० ॥ स्वकर्महीना न गतिं लभन्ते श्रुत्वेदमाचार्यवरं प्रणम्य ॥ स्वकर्मशीलाः किल पञ्चपूजापरायणाः शिष्यवरा बभूवुः ॥३५१॥२८॥

યોગ્ય નથી. કારણ કે શબ્દ થકી ભિન્નરૂપે બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે. ૪૨. શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, અવ્યય, રસરહિત, ગંધરહિત, અનાદિ, અનંત, મહતથકીપર અને ધ્રુવ એવા તે બ્રહ્મને પામીને મૃત્યુના મુખ થકી મુકાઇ જવાય છે. ૪૩. એ પ્રકારે સ્મૃતિમાં પણ શબ્દાદિકને અગોચર અને પરરૂપ બ્રહ્મ કહેલ છે માટે જે પુરુષ નાદ, બિંદુ થકી કલારહિત એવા તે બ્રહ્મને જાણે તે પુરુષ વેદવિત્ જાણવો. ૪૪. એ કારણ માટે તમે પણ નાદાદિક થકી અગોચર એવા બ્રહ્મને ભજો કે જેથી કરીને વગર સંશયે મુક્તિ પામશો." એ પ્રકારે ગુરુયે કહ્યું એટલે તે સર્વ ગંધર્વોની ઉપાસના કરનારાઓ શ્રીશંકરાચાર્યના શિષ્ય થયા. ૪૫.

પછી જેમનાં અંગ ચિતાના ભસ્મથી લેપાયેલાં છે એવા તથા ભૂતની સેવા કરવામાં પ્રીતિવાળા વેતાલના સેવકો આવ્યા. ૪૬. તેમણે ગુરુને નમસ્કાર કરીને કહ્યું કે, "હે સ્વામિન્, ભૂતાદિકની ઉપાસના કરનારાઓ સર્વ લોકને વશ કરવામાં સમર્થ છે." ૪૭. એવાં તે વેતાલ સેવકોનાં વચન સાંભળીને તેમને કહ્યું કે, "આ તમારો મત અયોગ્ય છે કારણ કે બ્રાહ્મણોને ભૂત વગેરેની ઉપાસના કરવી કહિ નથી. ૪૮. જે ભૂતો પૃથ્વીને વિષે રહ્યા હોય તે ભાગી જાઓ, જે ભૂતો વિઘ્ન કરનારા હોય તે પણ શંકરની આજ્ઞાથી નાશ થાઓ. ૪૯. ઇત્યાદિ વચનોથી તમારે ભૂતની ઉપાસના કરવી યોગ્ય નથી. માટે તે ભ્રષ્ટ આચારનો ત્યાગ કરી અદ્વૈત બ્રહ્મનો આશ્રય કરી સ્વવર્ણને યોગ્ય એવાં કર્મોને કરો. ૫૦. કારણ કે સ્વકર્મ થકી ભ્રષ્ટ થએલા પુરુષો સદ્ગતિને પામતા નથી." એ પ્રકારનાં વચન સાંભળી ભૂતની ઉપાસના કરનારા તે સર્વ પુરુષો ગુરુને પ્રણામ કરી સ્વકર્મમાં શીલવાન્ અને પંચદેવનું પૂજન કરવામાં પરાયણ થઇને શ્રીશંકરાચાર્યના ઉત્તમ શિષ્યો થયા. ૩૫૧. (૨૮)

વેતાલના સેવકો સાથે થયેલો સંવાદ.

પની પેઠે કલ્પિત છે એમ સ્વીકારીને તે ઈશ્વરનું જગતની કલ્પનાના અધિષ્ઠાનરૂપ તેજ. કાંઈક સાચું રૂપ અવશ્ય સ્વીકારવું પડશે. ૫૬.

तदिह श्रुतिगोभयस्वरूपे निरुपाधौ न हि मौढ्यसर्ववित्त्वे ।
न जपाकुसुमात्तलोहितिम्नः स्फटिके स्यान्निरुपाधिके प्रसक्तिः ॥ ५७ ॥

આ પ્રમાણે છે માટે જીવના તથા ઈશ્વરના શ્રુતિથી જણાતા એ નિરુપાધિક સ્વરૂપમાં મૂઢપણું કે સર્વજ્ઞપણું છે જ નહિ. જાસુદના પુષ્પરૂપ ઉપાધિને લીધે પ્રાપ્ત થએલી રતાશનો ઉપાધિથી રહિત સ્ફટિકમાં સંબંધ હોય જ નહિ. ૫૭.

अपि भेदधियो यथार्थतायां न भयं भेददृशः श्रुतिर्ब्रवीतु ।
विपरीतदृशो ह्यनर्थयोगो न भिदाधीर्विपरीतधीर्यतः स्यात् ॥ ५८ ॥

જો ભેદબુદ્ધિ યથાર્થ હોય તો '**मृत्योः समृत्युमाप्नोति य इह नानेव पश्यति यउदरमंतरं कुरुतेऽथ तस्य भयं भवति ।**'[1] શ્રુતિ ભેદબુદ્ધિ રાખનારને ભય થવાનું કહે જ નહિ. વિપરીત બુદ્ધિવાળાને જ અનર્થનો સંબંધ થાય છે માટે જો ભેદબુદ્ધિ એ વિપરીબુદ્ધિ ન હોય તો તેથી ભય થવાનું સંભવે જ નહિ. ૫૮.

अभिदा श्रुतिगाप्यतात्त्विकी चेत्पुरुषार्थश्रवणं न तद्गतौ स्यात् ।
अशिवोऽहमिति भ्रमस्य शास्त्राद्विधुमानत्वगतेरिवास्ति बाधः ॥ ५९ ॥

અભેદ શ્રુતિએ નિરૂપણ કરેલો છતાં પણ અયથાર્થ હોય તો અભેદના જ્ઞાનથી પુરુષાર્થ પ્રાપ્ત થવાનું શ્રુતિએ કહ્યું છે તે ન કહેવું જોઈએ. જેમ ચંદ્રનાં પ્રત્યક્ષ દેખાતા વેંત જેવડા પ્રમાણનો શાસ્ત્રથી બાધ થાય છે તેમ 'હું ઈશ્વર નથી' એ ભ્રમનો પણ શાસ્ત્રથી બાધ થાય છે માટે અભેદ જ સત્ય છે. ૫૯.

तदबाधितकल्पनाक्षतिर्नो श्रुतिसिद्धात्मपरैक्यबुद्धिबाधः ।
निगमात्प्रबलं विलोक्यते माकरणं येन तदीरितस्य बाधः ॥ ६० ॥

આ પ્રમાણે ભેદના અબાધિતપણાની કલ્પના ત્રુટી જાય છે માટે તે પ્રત્યક્ષ સિદ્ધ કલ્પનાથી જીવાત્માના તથા પરમાત્માના શ્રુતિસિદ્ધ[2] અભેદને કશો બાધ આવતો નથી. કોઈ પણ પ્રમાણ વેદથી અધિક પ્રબલ છે જ નહિ કે જેથી વેદમાં કહેલાનો બાધ માનવામાં આવે." ૬૦.

ऋषिभिर्बहुधा परात्मतत्त्वं पुरुषार्थस्य च तत्त्वमप्यथोक्तम् ।
तदपास्य निरूपितप्रकारो भवताऽसौ कथमेक एव धार्यः ॥ ६१ ॥

નીલકંઠ—"કપિલ આદિ ઋષિઓએ જે ઘણાઘણા પ્રકારોથી પરમાત્માનું તત્ત્વ અને પુરુષાર્થનું તત્ત્વ કહેલું છે તે પ્રકારોને છોડી દઈને, તમે કહેલો આ એક જ પ્રકાર સાચો છે એમ કેમ માની શકાય?"

प्रबलश्रुतिमानतो विरोधे बलहीनस्मृतिवाच एव नेयाः ।
इति नीतिबलात्त्रयीविरुद्धं न ऋषीणां वचनं प्रमात्वमीयात् ॥ ६२ ॥

શ્રીશંકરાચાર્ય—"શ્રુતિઓરૂપ પ્રમાણ કે જે પ્રબલ છે તેઓની સાથે સ્મૃતિઓરૂપ પ્રમાણને વિરોધ આવે તો સ્મૃતિઓને નિર્બલ માનીને કહાડી જ નાખવી જોઈએ એમ જૈમિનિએ

૧ જે માણસ આ લોકમાં નાના ભેદબુદ્ધિથી જુએ છે તે મૃત્યુને પામે છે, જે પુરુષ જરા પણ ભેદબુદ્ધિ કરે છે તેને ભય પ્રાપ્ત થાય છે. ૨ '**तत्र को मोहकः शोक एकत्वमनुपश्यतः ।**'—જેમને એકપણું છે તેમને શોક અને મોહ થતો નથી.

'विरोधेत्वनपेक्षंस्यादसतिह्यनुमानं' એ સૂત્રમાં નીતિ જણાવી છે તો તે નીતિના બલથી, કપિલ આદિ ઋષિઓનાં શ્રુતિવિરુદ્ધ વચનો પ્રમાણભૂત મનાય જ નહિ." ૬૨.

ननु युक्तियुतं महर्षिवाक्यं श्रुतिवद्ग्राह्यतमं परं तथाहि ।
प्रतिदेहमसौ विभिन्न आत्मा सुखदुःखादिविचित्रतावलोकात् ॥ ६३ ॥
यदि चाऽऽत्मन एकता तदानीमतिदुःखी युवराजसौख्यमीयात् ।
अमुकः ससुखोऽमुकस्तु दुःखीत्यनुभूतिर्न भवेत्तयोरभेदात् ॥ ६४ ॥

નીલકંઠ—" કપિલ આદિ ઋષિઓનાં વાક્યો યુક્તિઓથી સહિત છે માટે તેઓને શ્રુતિઓની પેઠે અત્યંત પ્રમાણભૂત સ્વીકારવાં જ જોઇએ. [1]સુખ તથા દુઃખ આદિની વિચિત્રતા જોવામાં આવે છે માટે આત્મા પ્રત્યેક શરીરમાં ભિન્નભિન્ન જ છે, જો આત્મા એક હોય તો અત્યંત દુઃખી માણસને પણ યુવરાજનું સુખ પ્રાપ્ત થવું જોઇએ અને સુખી આત્મા તથા દુઃખી આત્મા એક જ હોવાથી 'અમુક સુખી છે અને અમુક દુઃખી છે,' એવો અનુભવ ન થવો જોઇએ. ૬૩, ૬૪.

अयमेव विदन्वितश्च कर्ता न हि कर्तृत्वमचेतनस्य दृष्टम् ।
अत एव भुजेर्भवेत्स कर्ता परभोक्तृत्वमतिप्रसङ्गदुष्टम् ॥ ६५ ॥

તમો આત્માને અકર્તા માનીને અંતઃકરણ આદિ કે જે જડ છે તેને કર્તા માનોછો તે પણ અયોગ્ય છે. જે જ્ઞાનવાળો હોય તેને જ કર્તાપણું સંભવે છે પણ જડને કર્તાપણું સંભવતું નથી માટે આત્મા જ કર્તા છે પણ અંતઃકરણ આદિ કર્તા નથી. તેમ જ જે કર્તા હોય તે જ ભોક્તા સંભવે છે માટે ભોક્તા પણ આત્મા જ છે. એક કરે અને બીજો ભોગવે એમ માનીએ તો દેવદત્તે કરેલાં કર્મોનાં ફલો યજ્ઞદત્તને ભોગવવાં પડે એ અતિપ્રસંગરૂપ દોષ પ્રાપ્ત થાય છે. ૬૫.

पुरुषार्थ इहैष दुःखनाशः सकलस्यापि सुखस्य दुःखयुक्तत्वात् ।
अतिहेयतया पुमर्थता नो विषपृक्तान्नवदित्यभेद्ययुक्तेः ॥ ६६ ॥

તમો દુઃખના નાશપૂર્વક સુખની પ્રાપ્તિને મોક્ષ માનોછો તે પણ અયોગ્ય છે. કારણ કે દુઃખનો નાશ જ પુરુષાર્થરૂપ છે પણ સુખની પ્રાપ્તિ પુરુષાર્થરૂપ નથી. સઘળાં સુખો દુઃખોથી મિશ્રિત જ છે માટે ઝેરથી મિશ્રિત થએલા અન્નની પેઠે અત્યંત ત્યાગ કરવા યોગ્ય હોવાથી પુરુષાર્થરૂપ નથી એ યુક્તિઓ અભેદ્ય છે." ૬૬.

इति चेन्न सुखादिचित्रताया मनसो धर्मतयाऽऽत्मभेदकत्वम् ।
न कथंचन युज्यते पुनः सा घटयेत्प्रत्युत मानसीयभेदम् ॥ ६७ ॥

શ્રીશંકરાચાર્ય—" ત્હારૂં આ સઘળું બોલવું અયોગ્ય છે. કારણ કે સુખ દુઃખ આદિની વિચિત્રતા એ મનનો ધર્મ છે માટે તે વિચિત્રતા આત્માના ભેદને કોઇ રીતે સિદ્ધ કરે એ સંભવિત નથી પણ ઉલટો તેથી મનનો ભેદ સિદ્ધ થાય છે કે જેને અમો પણ સ્વીકારીએ છિયે. ૬૭.

चितियोगविशेष एव देहे कृतिमत्ताघटकोऽप्यचेतने स्यात् ॥
तदभावत एव कर्तृता स्यान्न तृणादेरिति कल्पनं वरीयः ॥ ६८ ॥

સ્થૂલ તથા સૂક્ષ્મ દેહ કે જેઓ અચેતન છે તેઓમાં ચૈતન્યનો કોઇ પ્રકારનો જે યોગ છે તે જ તેઓને કર્તાપણું આપે છે, અને ખડ આદિ પદાર્થોમાં એવા પ્રકારના ચૈતન્યનો યોગ

---

१ યુક્તિયો દેખાડે છે.

નથી તેથી તે પદાર્થોમાં કર્તાપણું નથી એ માનવું શ્રુતિને અનુકૂલ હોવાથી શ્રેષ્ઠ છે પણ ચૈતન્યરૂપ આત્મામાં કર્તાપણું માનવું યોગ્ય નથી. ૬૮.

विषयोत्थसुखस्य दुःखयुक्तत्वेऽप्यलयं ब्रह्मसुखं न दुःखयुक्तम् ।
पुरुषार्थतया तदेव गम्यं न पुनस्तुच्छकदुःखनाशमात्रम् ॥ ६९ ॥

વિષયોથી થતું સુખ, દુઃખથી મિશ્રિત છે પણ અવિનાશી બ્રહ્મસુખ દુઃખથી મિશ્રિત નથી માટે એ બ્રહ્મસુખને જ પુરુષાર્થરૂપ માનવું યોગ્ય છે પણ માત્ર દુઃખનો નાશ કે જે તુચ્છ છે તેને પુરુષાર્થરૂપ માનવો યોગ્ય નથી." ૬૯.

इति युक्तिशतोपबृंहितार्थैर्वचनैः श्रुत्यवरोधसौविदल्लैः ।
यतिरात्ममतं प्रसाध्य शैवं परकृद्दर्शनदारुणैरजैषीत् ॥ ७० ॥

એ પ્રમાણે શંકરાચાર્યે સેંકડો યુક્તિઓથી ઉત્તેજન પામેલા અર્થવાળાં, શ્રુતિઓના અંતઃપુરમાં નાંઝીરની પેઠે ફરનારાં અને ભેદવાદીઓના ગ્રંથોને ત્રાસ આપે એવાં વચનોથી પોતાના મતને સિદ્ધ કરીને નીલકંઠને જીતી લીધો. ૭૦.

विजितो यतिभूभृता स शैवः सह गर्वेण विसृज्य च स्वभाष्यम् ।
शरणं प્रतिपेदिवान्महर्षिं हरदत्तप्रमुखैः सहाऽऽत्मशिष्यैः ॥ ७१ ॥

શંકરાચાર્યે જીતી લીધેલો એ શૈવ નીલકંઠ [1]ગર્વની સાથે પોતાના ભાષણને પણ છોડી દઈને હરદત્ત આદિ પોતાના શિષ્યોની સાથે શંકરાચાર્યને શરણે થયો. ૭૧.

यमिनामृषभेण नीलकण्ठं जितमाकर्ण्य मनीषिधुर्यवर्यम् ।
सहसोदयनादयः कवीन्द्राः परमद्वैतमुषश्चकंपिरे स्म ॥ ७२ ॥

નીલકંઠ કે જે વિદ્વાનોમાં સર્વોત્તમ હતો તેને શંકરાચાર્યે જીતેલો સાંભળી અદ્વૈતનું ખંડન કરનારા ઉદયન આદિ મોટા વિદ્વાનો તુરત જ અત્યંત ધ્રૂજવા લાગ્યા. ૭૨.

विषयेषु वितत्य नैजभाष्याण्यथ सौराष्ट्रमुखेषु तत्र तत्र ।
बहुधा विबुधैः प्रशस्यमानो भगवान्द्वारवतीं पुरीं विवेश ॥ ७३ ॥

પછી સૌરાષ્ટ્ર આદિ તે તે દેશોમાં પોતાના ભાષ્યોનો વિસ્તાર કરી વિદ્વાનોની ઘણી ઘણી પ્રશંસાના પાત્રરૂપ થએલા શંકરાચાર્ય દ્વારવતી પુરીમાં પધાર્યા. ૭૩.

भुजयोरतितप्तशङ्खचक्राकृतिलोहाहतसंभृतव्रणाङ्काः ।
शरदण्डसहोदरोर्ध्वपुंड्रास्तुलसीपर्णसनाथकर्णदेशाः ॥ ७४ ॥
शतशः समवेत्य पाञ्चरात्रास्त्वमृतं पञ्चभिदाविदां वदंतः ।
मुनिशिष्यवरैरतिप्रगल्भैर्मृगराजैरिव कुंजराः प्रभग्नाः ॥ ७५ ॥

ત્યાં બન્ને હાથપર શંખના તથા ચક્રના આકારવાળી અત્યંત તપાવેલા લોઢાની છાપ લેવાથી વ્રણયુક્ત થએલા કાંસડાના સોટા સરખાં ઉભાં ટીલાંઓવાળા અને જેઓએ કાનપર તુલસીનાં પત્રો લગાવ્યાં હતાં એવા સેંકડો પાંચરાત્રમતના વિદ્વાનો સભામાં આવીને 'પાંચ[2] પ્રકારનાં ભેદને જાણનારાઓને જ મોક્ષ થાય છે' એમ કહેવા લાગતાં તેઓને શંકરાચાર્યના મહાવિદ્વાન્ ઉત્તમ શિષ્યોએ જેમ સિંહો હસ્તીઓને નસાડી મુકે તેમ હરાવીને નસાડી મુક્યા. ૭૪, ૭૫.

---

૧ સહોક્તિ અલંકાર છે. ૨ જીવનો તથા ઈશ્વરનો ભેદ, જીવોનો પરસ્પર ભેદ, જીવોનો અને જડોનો ભેદ, ઈશ્વરનો અને જડોનો ભેદ અને જડોનો પરસ્પર ભેદ.

इति वैष्णवशैवशाक्तसौरप्रमुखानात्मवशंवदान्विधाय ।
अतिवेलवचोझरीनिरस्तप्रतिवाद्युज्जयिनीं पुरीमयासीत् ॥ ७६ ॥

એ પ્રમાણે પ્રબલ વચનોના પ્રવાહોથી સઘળા પ્રતિવાદીઓને પરાસ્ત કરનારા શંકરાચાર્ય વૈષ્ણવ, શૈવ, શાક્ત તથા સૂર્યભક્ત આદિ વિદ્વાનોને પોતાને અધીન કરી લઇને ઉજ્જણ (ઉજ્જયિની) નગરીમાં પધાર્યા. ૭૬.

सपदि प्रतिनादितः पयोदस्वनशङ्काकुलगेहकेकिजालैः ।
शशभृन्मुकुटार्हणामृदङ्गध्वनिरश्रूयत तत्र मूर्छिताशः ॥ ७७ ॥

એ નગરીમાં મેઘની ગર્જનાની શંકાથી સંભ્રમમાં પડેલા લોકોના ઘરના અનેક મયૂરો તુરત જેની સામે નાદ કરતા હતા એવો અને સઘળી દિશાઓમાં વ્યાપ્ત થએલો મહાકાલેશ્વના પૂજનસંબંધી મૃદંગનો શબ્દ સાંભળવામાં આવ્યો. ૭૭.

मकरध्वजविद्विडाप्तिविद्वाञ्श्रमहृत्पुष्पसुगंधवन्मरुद्भिः ।
अगरूद्भवधूपधूपिताशं स महाकालनिवेशनं विवेश ॥ ७८ ॥

સદાશિવની વાસ્તવિક પ્રાપ્તિના ઉપાયને જાણનારા એ શંકરાચાર્ય પુષ્પોના સુગંધવાળા પવનોથી શ્રમને મટાડનારાં અને અગરૂના ધૂપના ધુમાડાથી દિશાઓને વ્યાપ્ત કરનારાં મહાકાલેશ્વરના મંદિરમાં પધાર્યા. ૭૮

भगवानभिवन्द्यचन्द्रमौलिं मुनिवृन्दैरभिवन्द्यपादपद्मः ।
श्रमहारिणि मण्डपे मनोज्ञे स विशश्राम विसृत्वरप्रभावः ॥ ७९ ॥

મુનિઓના સમૂહોએ વંદન કરવા યોગ્ય ચરણારવિંદવાળા અને પ્રખ્યાત પ્રભાવવાળા શંકરાચાર્યે મહાકાલેશ્વરને પ્રણામ કરીને શ્રમ મટાડનારા તેમના મનોહર મંડપમાં વિશ્રામ લીધો. ૭૯.

कवये कथयास्मदीयवार्तामिह सौम्येति स भट्टभास्कराय ।
विससर्ज वशंवदाग्रगण्यं मुनिरभ्यर्णगतं सनंदनार्यम् ॥ ८० ॥

ત્યાં શંકરાચાર્યે પોતાના શિષ્યોમાં અગ્રણી અને પાસે બેઠેલા પદ્મપાદને ‘હે સૌમ્ય! ભટ્ટભાસ્કર નામના પંડિતની પાસે જઇને આપણી વાત કહો’ એવી આજ્ઞા કરીને ભટ્ટભાસ્કરની પાસે મોકલ્યા. ૮૦.

अभिरूपकुलावतंसभूतं बहुधाव्याकृतसर्ववेदराशिम् ।
तमयत्ननिरस्तदुःसपत्नं प्रतिपद्येत्थमुवाच वावदूकः ॥ ८१ ॥

પંડિતોના વર્ગમાં શિરોમણિરૂપ, ઘણા ઘણા પ્રકારોથી સઘળા વેદોનાં વ્યાખ્યાનો કરનારા અને મદોન્મત્ત પ્રતિવાદીઓને ભાષણની લીલામાત્રથી પરાસ્ત કરી દેનારા તે ભટ્ટભાસ્કરની પાસે જઇને બોલવામાં વિચક્ષણતાવાળા પદ્મપાદે નીચે પ્રમાણે કહ્યું. ૮૧.

जयति स्म दिगन्तगीतकीर्तिर्भगवाञ्शङ्करयोगिचक्रवर्ती ।
प्रथयन्परमाद्वितीयतत्त्वं शमयंस्तत्परिपंथिवादिदर्पम् ॥ ८२ ॥

“દિશાઓના અંતસુધી પ્રખ્યાત કીર્તિવાળા, પરમ અદ્વૈતતત્ત્વનું સ્થાપન કરવાવાળા અને અદ્વૈતથી વિરુદ્ધ બોલનારા વાદીઓના ગર્વને શાંત કરનારા મહાયોગી ભગવાન્ શંકરાચાર્ય અહિં પધાર્યા છે. ૮૨.

स जगाद बुधाग्रणीर्भवन्तं कुमतोत्प्रेक्षितसूत्रवृत्तिजालम् ।
अभिभूय वयं त्रयीशिखानां समवादिष्म परावरेऽभिसंधिम् ॥ ८३ ॥

तदिदं परिगृह्यतां मनीषिन्मनसाऽऽलोच्य निरस्य दुर्मतं स्वम् ।
अथ वाऽस्मदुदग्रतर्कवज्रप्रतिघातात्परिरक्ष्यतां स्वपक्षः ॥ ८४ ॥

પંડિતોમાં અગ્રણી એ શંકરાચાર્યે તમને કહ્યું છે કે "અમોએ દુષ્ટ મતવાળા વાદીઓએ કરેલા સૂત્રવૃત્તિઓના સમૂહનું ખંડન કરીને વેદાંતોનો પરબ્રહ્મથી અભિન્ન પ્રત્યક્તત્ત્વમાં તાત્પર્ય સિદ્ધ કરેલો છે માટે હે વિદ્વાન્ ! તમે અમારા મતનો મનથી વિચાર કરી પોતાના દુષ્ટ મતને છોડી દઇ અમારા મતનો સ્વીકાર કરો અને તેમ ન કરવું હોય તો અમારા પ્રચંડ તર્કોરૂપી વજ્રના પ્રહારથી પોતાના પક્ષનો બચાવ કરો." ૮૩, ૮૪.

इति तामवहेलपूर्ववर्णां गिरमाकर्ण्य तदा स लब्धवर्णः ।
यशसां निधिरीषदात्तरोषस्तमुवाच प्रहसन्यतींद्रशिष्यम् ॥ ८५ ॥

એ પ્રમાણે તિરસ્કારપૂર્વક અક્ષરોવાળી પદ્મપાદની વાણી સાંભળી યશના ભંડારરૂપ અને જેને કાંઇક ક્રોધ ચડ્યો એવા એ ભટ્ટભાસ્કર પંડિતે હસતાં હસતાં શંકરાચાર્યના શિષ્ય પદ્મપાદને નીચે પ્રમાણે કહ્યું. ૮૫

ध्रुवमेष न शुश्रुवानुदन्तं मम दुर्वादिवचस्ततीर्नुदन्तम् ।
परकीर्त्तिबिसाङ्कुरानदन्तं विदुषां मूर्धसु नानटत्पदन्तम् ॥ ८६ ॥

"મારૂં પાંડિત્ય કે જે દુષ્ટવાદીઓનાં વચનોના સમૂહને તોડનાર છે, પ્રતિપક્ષોની કીર્તિઓરૂપ કમલકંદના અંકુરોને ખાઇ જનાર છે અને વિદ્વાનોનાં મસ્તકો ઉપર પગ મેલીને અત્યંત નાચનાર છે તેને તમારા ગુરુએ સાંભળ્યું જણાતું નથી. ૮૬.

मम वल्गति सूक्तिगुम्फवृन्दे कणभुग्जल्पितमल्पतामुपैति ।
कपिलस्य पलायते प्रलापः सुधियां कैव कथाधुनातनानाम् ॥ ८७ ॥

મારાં ઉત્તમ ભાષણોનો સંદર્ભ ચાલવા લાગે છે ત્યારે કણાદનો પ્રલાપ પણ તુચ્છ થઇ જાય છે અને કપિલનો પ્રલાપ તો ભાગી જ જાય છે ત્યારે અર્વાચીન પંડિતોના બકવાદની તો શી જ વાત કરવી ?" ૮૭.

इति वादिनमब्रवीत्सनन्दः कुशलोऽथैनमविज्ञ माऽवमंस्थाः ।
न हि दारितभूधरोऽपि टङ्कः प्रभवेद्वज्रमणिप्रभेदनाय ॥ ८८ ॥

એ પ્રમાણે બોલતા એ ભટ્ટભાસ્કરને વિચક્ષણતાવાળા પદ્મપાદે કહ્યું કે "હે અજ્ઞ ! અમારા ગુરુની અવજ્ઞા ન કરો. તમે મોટા વિદ્વાન્ હશો પણ અમારા ગુરુને પહોચી શકશો નહિ. ટાંકણું પર્વતને તોડવાની શક્તિવાળું છતાં પણ હીરાનું ભેદન કરવામાં સમર્થ થતું નથી[1]" ૮૮

स तमेवमुदीर्य तीर्थकीर्तेरुपकण्ठं प्रतिपद्य सद्विदग्र्यः ।
सकलं तदवोचदानुपूर्व्या स महात्माऽपि यतीशमाससाद ॥ ८९ ॥

ઉત્તમ વિદ્વાનોમાં અગ્રણી પદ્મપાદે એ પ્રમાણે ભટ્ટભાસ્કરને કહી ત્યાંથી શંકરાચાર્યની પાસે આવીને અનુક્રમથી તે સઘળી વાત કહિ સંભળાવી અને તેટલામાં એ ભટ્ટભાસ્કર પણ શંકરાચાર્યની પાસે વિવાદ કરવા આવ્યો. ૮૯.

अथ भास्करमस्करिप्रवीरौ बहुधाक्षेपसमर्थनप्रवीणौ ।
बहुभिर्वचनैरुदारवृत्तैर्व्यदधातां विजयैषिणौ विवादम् ॥ ९० ॥

પછી ઘણા ઘણા પ્રકારોથી પૂર્વપક્ષો કરવામાં તથા સમર્થન કરવામાં પ્રવીણતા ધરાવ-

૧ દૃષ્ટાન્ત અલંકાર,—સાહિત્યદર્પણ, કારિકા ૬૯૮.

નારા અને પરસ્પરને જીતી લેવાને ઇચ્છતા એ ભટ્ટભાસ્કર અને શંકરાચાર્ય ઉદાર સંદર્ભવાળાં ઘણાં ઘણાં વચનોથી વિવાદ કરવા લાગ્યા. ૯૦.

अनयोरतिचित्रशब्दशय्यां दधतोर्दुर्नयभेदशक्तयुक्त्योः ।
पटुवादमृधेऽन्तरं तटस्थाः श्रुतवन्तोऽपि न किंचनान्वविंदन् ॥ ९१ ॥

અત્યંત વિચિત્ર શબ્દોના સંદર્ભ કરતા અને દુષ્ટ પક્ષોને સમર્થ યુક્તિઓથી ભેદી નાખનારા એ બે વિદ્વાનો વચ્ચે પ્રૌઢતા ભરેલું વાદયુદ્ધ ચાલતાં ત્યાં બેઠેલા બીજા લોકો શાસ્ત્રોના જ્ઞાનવાળા છતાં પણ તે બન્નેમાં કોઇના પણ વિશેષને જાણી શક્યા નહિ. ૯૧.

अथ तस्य यतिः समीक्ष्य दार्ढ्यं निजपक्षाब्जशरज्जडाब्जभूतम् ।
बहुधाऽऽक्षिपदस्य पक्षमार्यो विबुधानां पुरतोऽप्रभातकक्ष्यम् ॥ ९२ ॥

પછી શંકરાચાર્યે એ ભટ્ટભાસ્કરની ચાતુરી જોઇ વિદ્વાનોના સમક્ષમાં તેનો પક્ષ કે જે પોતાના પક્ષરૂપી ચંદ્રની આગળ શરદ્ઋતુના કમલની પેઠે શિથિલ થઇને સંકોચાઇ જાય એવો હતો તેના ઉપર ઘણી ઘણી રીતે એવા આક્ષેપો કર્યા કે જેઓમાંની કોટીઓના ઉત્તરો ભટ્ટભાસ્કરને સુઝે જ નહિ. ૯૨.

अथ भास्करवित्स्वपक्षगुप्त्यै विधुतो वाग्मिवरः प्रगल्भयुक्त्या ।
श्रुतिशीर्षवचःप्रकाश्यमेवं कविरद्वैतमपाकरिष्णुरूचे ॥ ९३ ॥

પછી પ્રૌઢ યુક્તિથી કંપાયમાન થએલો મોટો વક્તા ભટ્ટભાસ્કર પંડિત પોતાના પક્ષનું રક્ષણ કરવાને વાસ્તે, ઉપનિષદોનાં વચનોથી પ્રકાશ પામેલા અદ્વૈતમતનું ખંડન કરવાનું ધારીને નીચે પ્રમાણે બોલ્યો. ૯૩.

प्रशमिंस्त्वदुदीरितं न युक्तं प्रकृतिर्जीवपरात्मभेदिकेति ।
न भिनत्ति हि जीवगेशगा वो भयभावस्य तदुत्तरोद्भवत्वात् ॥ ९४ ॥

ભટ્ટભાસ્કર—"હે સંન્યાસી! 'જીવનો અને ઈશ્વરનો ભેદ કરનારી પ્રકૃતિ[1] છે' એમ જે તમે કહિ ગયા તે યોગ્ય નથી. એ પ્રકૃતિએ જીવમાં રહીને ભેદ કરયો કે ઇશ્વરમાં રહીને ભેદ કરયો? જીવપણું અને ઇશ્વરપણું એ બન્ને, પ્રકૃતિ પછવાડે થએલ છે માટે એઓમાંના કોઇમાં રહિને ભેદ કરવો સંભવતો નથી." ૯૪.

मुनिरेवमिहोत्तरं बभाषे मुकुरो वा प्रतिबिम्बबिम्बभेदी ।
कथमीरय वक्त्रमात्रगश्चेच्चितिमात्राश्रिदियं तथेति तुल्यम् ॥ ९५ ॥

શંકરાચાર્ય—"દર્પણ બિંબનો અને પ્રતિબિંબનો ભેદ કરે છે તે બિંબમાં રહિને કરે છે કે પ્રતિબિંબમાં રહિને કરે છે? બિંબ–પ્રતિબિંબભાવ દર્પણની સ્થિતિ પછી જ થાય છે માટે આના ઉત્તરમાં ત્હારે કહેવું જ પડશે કે 'દર્પણ, મુખમાત્રથી સંબંધ રાખીને બિંબનો અને પ્રતિબિંબનો ભેદ કરે છે' તો અમારા સિદ્ધાંતમાં પણ પ્રકૃતિ ચૈતન્યમાત્રથી સંબંધ રાખીને જીવનો તથા ઈશ્વરનો ભેદ કરે છે એ વાત તુલ્ય જ છે. ૯૫.

चितिमात्रगतप्रकृत्युपाधेर्जहतो बिम्बपरात्मपक्षपातम् ।
प्रतिबिंबितजीवपक्षपातो मुकुरस्येव विरुध्यते न जातु ॥ ९६ ॥

'આમ છે ત્યારે પ્રકૃતિ ચૈતન્યમાં જ દુઃખિપણું આદિ કેમ કરતી નથી અને જીવમાં

1 "जीवेशावाभासेन करोति माया चाविद्या च स्वयमेव भवति ।"–પ્રકૃતિ, જીવ અને પરમાત્માના આ ભાસથી દેખાય છે પણ તે પોતે જ વિદ્યા જ છે.

જ કેમ કરે છે' એવી શંકા કરવી નહિ. કારણ કે જેમ દર્પણ બિંબનો પક્ષપાત છોડી દઇને પ્રતિબિંબનો જ પક્ષપાત કરે છે તેમ ચૈતન્યમાત્રમાં રહેલી પ્રકૃતિ પણ બિંબરૂપ ઇશ્વરનો પક્ષપાત છોડી દઇને પ્રતિબિંબરૂપ જીવનો જ પક્ષપાત કરે છે એ વાતમાં કદી પણ વિરોધ નથી. ૯૬.

अविकारिनिरस्तसङ्गबोधैकरसात्माश्रयता न युज्यतेऽस्याः ।
अत एव विशिष्टसंश्रितत्वं प्रकृतेः स्यादिति नापि शङ्कनीयम् ॥ ९७ ॥

'બ્રહ્મ કે જે નિર્વિકાર, અસંગ અને જ્ઞાનૈકરસ છે તેમાં પ્રકૃતિને રહેવું સંભવતું નથી એટલા માટે અંતઃકરણ વિશિષ્ટ ચૈતન્યમાં પ્રકૃતિ રહેવી જોઇએ' એ શંકા પણ કરવી નહિ. ૯૭.

न हि मानकथाविशिष्टगत्वे भवदापादित ईक्ष्यते तथाहि ।
अहमज्ञ इति प्रतीतिरेषा न हि मानत्वमिहाश्नुते तथा चेत् ॥ ९८ ॥
अनुभव्यहमित्यपि प्रतीतेरनुभूतेश्च विशिष्टनिष्ठता स्यात् ।
अजडानुभवस्य नो जडान्तःकरणेस्थत्वमितीष्टता न तस्याः ॥ ९९ ॥

કારણ કે 'અંતઃકરણ વિશિષ્ટ ચૈતન્યમાં પ્રકૃતિ રહે છે' એમ જે તું કહે છે તેમાં કોઇ પ્રમાણ જોવામાં આવતું નથી. 'હું અજ્ઞ છું' એ રીતે જે અંતઃકરણ વિશિષ્ટ ચૈતન્યમાં રહેલા અજ્ઞાન (પ્રકૃતિ) નો અનુભવ થાય છે તે આ વિષયમાં પ્રમાણભૂત થઇ શકે એમ નથી. એ જો પ્રમાણભૂત મનાય તો 'હું અનુભવી છું' એવી પ્રતીતિ થવાને લીધે અનુભવને પણ અંતઃકરણ વિશિષ્ટચૈતન્યમાં રહેલો માનવો જોઇએ. પણ વાસ્તવિક જોઇએ તો અનુભવ કે જે જડ છે તેની જડ અંતઃકરણમાં સ્થિતિ સંભવે નહિ માટે તેમ માનવું યોગ્ય નથી. ૯૮, ૯૯.

ननु दाहकता यथाऽग्नियोगादधिकूटं व्यपदिश्यते तथैव ॥
अनुभूतिमदात्मयोगतोऽन्तःकरणे सा व्यपदिश्यतेऽनुभूतिः ॥ १०० ॥
इति चेन्मैवमिहापि तस्य मायाश्रयचिन्मात्रयुते तथोपचारः ।
न पुनस्तदुपाधियोगतोऽन्तःकरणस्येति समाऽन्यथागतिर्हि ॥ १०१ ॥

'જેમ દાહ કરનારા અગ્નિના યોગથી લોઢાના ગોળામાં દાહકપણું કહેવાય છે તેમ અનુભવવાળા આત્માના યોગથી અંતઃકરણમાં અનુભવિપણું કહેવાય છે' એમ જો તું કહેવા ધારતો હોય તો અહિં પણ માયાના આશ્રયરૂપ ચૈતન્યના યોગથી અંતઃકરણમાં અજ્ઞાનયુક્તપણું કહેવાય છે એમ માનવું યોગ્ય છે પણ અંતઃકરણને પોતાને જ અજ્ઞાનયુક્તપણું છે તેથી પ્રકૃતિનો યોગ અંતઃકરણમાં જ છે એમ માનવું યોગ્ય નથી એટલે અન્યના ધર્મનો અન્યમાં ઉપચાર માનવામાં ત્હારૂં અને હમારૂં સરખાપણું થાય છે. ૧૦૦, ૧૦૧.

न च तत्र हि बाधकस्य सत्त्वादियमस्तु प्रकृतेर्न साऽस्त्यबाधात् ।
इति वाच्यमिहापि तज्जचित्ते तदुपाश्रित्य युतेश्च बाधकत्वात् ॥ १०२ ॥

'અંઃકરણમાં અનુભવની સ્થિતિ માનવામાં તો અજડ અનુભવને જડ અંતઃકરણ રહેવું સંભવતું નથી. એ બાધક છે માટે ચૈતન્યના યોગથી અંતઃકરણમાં અનુભવનો ઉપચાર માનવો પડે છે પણ અહિં તો અજ્ઞાનની અંતઃકરણમાં સ્થિતિ માનવામાં કશું બાધક નથી, માટે અંતઃકરણમાં અજ્ઞાનનો ઉપચાર માનવો નહિ' એમ પણ તારે કહેવું નહિ. કારણ કે અંતઃકરણ કે જે અજ્ઞાનથી ઉત્પન્ન થયું છે તેને અજ્ઞાનના આશ્રયરૂપ મનાય નહિ. એ બાધક છે માટે અંતઃકરણમાં અજ્ઞાનનો ઉપચાર જ માનવો જોઇએ. ૧૦૨.

अधिसुप्त्यपि चित्तवर्ति तत्स्याद्यदि चाज्ञानमिदं हृदाश्रितं स्यात् ।
तदिहास्ति न मानमुक्तरीत्या प्रकृतेर्द्वयविशिष्टनिष्ठतायाम् ॥ १०३ ॥

જો અજ્ઞાનનો આશ્રય અંતઃકરણ જ હોય તો સુષુપ્તિમાં પણ અજ્ઞાન અંતઃકરણમાં રહેવું જોઈએ પણ સુષુપ્તિમાં અંતઃકરણ જ નથી માટે અજ્ઞાન ચૈતન્યમાં જ રહે છે એમ સિદ્ધ થાય છે તેથી પ્રકૃતિ (અજ્ઞાન) અંતઃકરણવિશિષ્ટચૈતન્યમાં રહે છે એ વિષયમાં કશું પ્રમાણ નથી." ૧૦૩.

ननु न प्रतिबंधिकैव सुप्ताविति सा दूरत एव चिद्गतेति ।
प्रतिबन्धकशून्यता तु सुप्तेः परमात्मैक्यगतेः सतेति वाक्यात् ॥ १०४ ॥

ભટ્ટભાસ્કર શંકા કરે છે—"સુષુપ્તિમાં અજ્ઞાન જ નથી એટલે પછી તે અજ્ઞાનની ચૈતન્યમાં સ્થિતિની વાત તો દૂર જ રહિ. કારણ કે 'सता सौम्य तदा संपन्नो भवति स्वमपीतो भवति ।'[1] એ શ્રુતિ સુષુપ્તિમાં જીવની પરમાત્માની સાથે એકતા થવાનું જ જણાવે છે માટે સુષુપ્તિમાં સ્વરૂપની પ્રાપ્તિનો પ્રતિબંધ કરનારૂં અજ્ઞાન છે જ નહિ. ૧૦૪.

न च तत्र च तत्स्थितिप्रतीतिः सति संपद्य विदुर्न हीति वाक्यात् ।
श्रुतिगीस्तदधिक्षिपत्यभावप्रतिपत्तेर्न च निह्नवोऽत्र नेति ॥ १०५ ॥

'सति संपद्यनविदु' એ શ્રુતિ સુષપ્તિમાં જીવો પરમાત્માની સાથે એકતા પામીને કશું જાણતા નથી એમ કહે છે માટે સુષુપ્તિમાં પણ અજ્ઞાન છે' એમ તમારે કહેવું નહિ. કારણ કે એ શ્રુતિ સુષુપ્તિમાં જ્ઞાનના અભાવનું પ્રતિપાદન કરે છે, અજ્ઞાનની સ્થિતિનું પ્રતિપાદન કરતી નથી એ શ્રુતિમાં 'જાણતા નથી' એમ કહ્યું છે માટે તેમાં જ્ઞાનના અભાવનું પ્રતિપાદન નથી કર્યું એમ નથી. ૧૦૫.

किमु नित्यमनित्यमेव चैतत्प्रथमो नेह समस्ति युक्त्यभावात् ।
अनिवर्तकसत्त्वतोऽस्य नान्त्यो न हि भिद्याद्विरोधि चित्प्रकाशः ॥ १०६ ॥
न च तच्छमयेज्जडप्रकाशोऽप्यविरोधात्सुतरां जडत्वतोऽस्य ।
तदिहाप्रतिबन्धकत्वमस्य प्रभवे किंत्विह तद्भ्रमग्रहादि ॥ १०७ ॥

તમો સુષપ્તિમાં જે અજ્ઞાનની સ્થિતિ માનો છો તે અજ્ઞાન નિત્ય છે કે અનિત્ય છે? નિત્ય કહેવું સંભવતું નથી. કારણ કે તેમ કહેવામાં કાંઇ યુક્તિ નથી. અનિત્ય કહેવું પણ સંભવતું નથી. કારણ કે સુષુપ્તિમાં તેની નિવૃત્તિ કરનાર કોઇ નથી. માટે સુષુપ્તિમાં અજ્ઞાન છે જ નહિ એમ માનવું યોગ્ય છે. સુષુપ્તિમાં અજ્ઞાનની નિવૃત્તિ કરનાર કોઇ છે એમ માનતા હો તો કહો કે ચૈતન્યનો પ્રકાશ એ અજ્ઞાનની નિવૃત્તિ કરે છે કે જડનો પ્રકાશ એ અજ્ઞાનની નિવૃત્તિ કરે છે? ચૈતન્યનો પ્રકાશ અજ્ઞાનનો વિરોધિ નથી માટે અજ્ઞાનને તોડે નહિ અને જડનો પ્રકાશતો અજ્ઞાનથી અત્યંત અવિરોધી છે માટે તેતો અજ્ઞાનને તોડે જ નહિ. આમ છે એટલા માટે સુષુપ્તિમાં પ્રતિબંધ કરનારૂં અજ્ઞાન છે જ નહિ પણ ભ્રમના ગ્રહણ આદિરૂપ અજ્ઞાન જાગ્રત તથા સ્વપ્નમાં જ છે એટલે અજ્ઞાનનો આશ્રય અંતઃકરણવિશિષ્ટ ચૈતન્ય છે એમ સિદ્ધ થાય છે." ૧૦૬, ૧૦૭.

इति चेदिदमीरय भ्रमः को मनुजोऽहं त्विति शेमुषीति चेन्न ।
अतिविस्मृतिशीलता तवाहो गदितुः सर्वपदार्थसंकरस्य ॥ १०८ ॥

---

૧ હે સૌમ્ય ! સુષુપ્તિમાં જીવ પરમાત્માની સાથે એકતા પામે છે. જીવ સુષુપ્તિમાં પોતાના સ્વરૂપભૂત પરમાત્માને પામે છે.

શ્રીશંકરાચાર્ય—"તેં જે ભ્રમ માન્યો તે ભ્રમનું સ્વરૂપ શું છે તે કહે? 'હું મનુષ્યછું' એ રીતની આ દેહમાં જે આત્મબુદ્ધિ છે તે ભ્રમ છે એમ જો તું કહેવા ધારતો હોય તો અહો! તું કે જે સઘળા પદાર્થોને ભિન્ન અને અભિન્ન પણ માને છે તેના મતમાં સઘળી પ્રતીતિઓ યથાર્થ હોવાથી ભ્રમ સિદ્ધ જ થતો નથી માટે તું તારા સિદ્ધાંતને બહુ જ ભૂલી ગયો! ૧૦૮.

प्रमितित्वमुपाश्रयन्प्रतीतेरमुकः खण्ड इति स्वशास्त्रसिद्धात्।
भिदभिद्द्वयगोचरत्वहेतोर्धियमेतां तु किमित्युपेक्षसे त्वम्॥ १०९॥

સઘળા પદાર્થોના ભેદના વિષય છે અને અભેદના પણ વિષય છે એ તારા શાસ્ત્રમાં સ્થાપેલા હેતુને લીધે શીંગડાથી બળધ ભિન્ન અને અભિન્ન પણ હોવાથી શીંગડાં ખાંડાં (ભાગેલાં) છતાં પણ બળધ ખાંડો છે એ પ્રતીતિને પ્રમાણભૂત માને છે ત્યારે 'હું મનુષ્યછું' એ પ્રતીતિને પણ આત્માથી ભિન્ન અને અભિન્ન પણ ગણીને શા માટે પ્રમાણભૂત માનતો નથી? ૧૦૯.

अनुमानमिदं तथा च सिद्धं विमता धीः प्रमितिर्भिदाभिदित्वात्।
इह चारु निदर्शनं भवेत्सा तव खण्डोऽयमिति प्रतीतिरेषा॥ ११०॥

એટલે આવું અનુમાન સિદ્ધ થાય છે કે 'હું મનુષ્યછું' એ બુદ્ધિ પ્રમાણભૂત છે. કારણ કે ભેદના અને અભેદના વિષયરૂપ છે. જે ભેદના તથા અભેદના વિષયરૂપ હોય તે પ્રમાણભૂત જ હોય છે. જેમકે 'તારો બળધ ખાંડો છે' એ પ્રતીતિ ભેદના તથા અભેદના વિષયરૂપ હોવાથી પ્રમાણભૂત છે. આ અનુમાનમાં તારી પ્રતીતિ અમને બહુ સુંદર દૃષ્ટાંતરૂપે મળે છે." ૧૧૦.

ननु संहननात्मधीः प्रमाणं न भवत्येव निषिध्यमानगत्वात्।
इदमिति प्रतिपन्नरूप्यधीवत्प्रबला सत्प्रतिपक्षतेति चेन्न॥ १११॥

ભટ્ટભાસ્કર—"દેહમાં જે આત્મબુદ્ધિ છે તે પ્રમાણભૂત નથી. કારણ કે હું મનુષ્ય નથી પણ બ્રહ્મ છું એવી સામી પ્રતીતિથી. તે બુદ્ધિનો વિષય નિષિદ્ધમાન (જેનો નિષેધ કરાય છે એવો) થઇ જાય છે. જેનો વિષય નિષિદ્ધમાન થઇ જાય તે બુદ્ધિ પ્રમાણભૂત હોય જ નહિ. જેમ કે છીપના 'આ' એ અંશમાં પ્રતીત થએલી રૂપાની બુદ્ધિનો વિષય 'છીપ છે' એવી સામી પ્રતીતિથી નિષિદ્ધમાન થઇ જાય છે માટે રૂપાની બુદ્ધિ પ્રમાણભૂત નથી." આ રીતે તમારા સાધ્યના અભાવને સાધનારો બીજો હેતુ મળવાથી તમારૂં પ્હેલું અનુમાન પ્રબલ સત્પ્રતિપક્ષ હેતુવાળું થઇ જાય છે. [1]સત્પ્રતિપક્ષ હેતુવાળું અનુમાન યથાર્થ ગણાય નહિ. ૧૧૧.

व्यभिचारयुतत्वतोऽस्य खण्डः पशुरित्यत्र तदन्यधीस्त्वमुण्डे।
इतरत्र निषिध्यमानखण्डोल्लिखितत्वेन निरुक्तहेतुमत्त्वात्॥ ११२॥

શ્રીશંકરાચાર્ય—"બુદ્ધિના અપ્રમાણપણામાં નિષિદ્ધમાન વિષયવાળી નિરુક્ત હેતુપણારૂપ જે તારો હેતુ છે તે [2]સવ્યભિચાર છે. કારણ કે 'આ બળધ ખાંડો નથી પણ મુંડો છે' એ ઠેકાણે ખાંડાથી અન્ય મુંડાની બુદ્ધિ નિષિદ્ધમાન ખાંડાપણાંરૂપ વિષયવાળી છતાં પણ પ્રમાણભૂત છે." ૧૧૨.

---

૧ સત્પ્રતિપક્ષ હેતુ વિષે આ ગ્રંથના આઠમા સર્ગના ૧૦૭ મા શ્લોકની ટીકાની ટીપ વાંચો.

૨ 'साध्याभाववद्वृत्तिः साधारणोऽनैकांतिकः।'-સાધ્યના અભાવવાળામાં જે હેતુ વર્તતો હોય તે સાધારણ સવ્યભિચાર હેત્વાભાસ કહેવાય છે.-તર્કસંગ્રહ, ૪૬, આવૃત્તિ બીજી, પૃષ્ઠ ૧૯.

ननु हेतुरयं विवक्ष्यतेऽत्र प्रतिपन्नोपधिके निषेधगत्वम् ।
इति चेन्न विवक्षितस्य हेतोर्व्यभिचारात्पुनरप्यमुत्र चैव ॥ ११३ ॥

ભટ્ટભાસ્કર—"પ્રતીત થએલાનું જે અધિષ્ઠાન હોય તેમાં જ જો પાછો પ્રતીત થએલાનો નિષેધ થતો હોય તો પ્રતીતની બુદ્ધિને અપ્રમાણભૂત માનવામાં આવે છે. જેમ 'આ' એ અંશમાં પ્રતીત થએલા રૂપાના અધિષ્ઠાનભૂત એ જ અંશમાં પાછો રૂપાનો નિષેધ થાય છે માટે રૂપાની બુદ્ધિને અપ્રમાણભૂત માનવામાં આવે છે તેમ આત્મામાં પ્રતીત થએલા મનુષ્યપણાના અધિષ્ઠાનભૂત આત્મામાં જ પાછો મનુષ્યપણાનો નિષેધ થાય છે માટે મનુષ્યબુદ્ધિને અપ્રમાણ માનવામાં આવે છે. એ પ્રમાણે 'આ બળધ ખાંડો નથી પણ મુંડો છે' એ ઠેકાણે મુંડાના અધિષ્ઠાનમાં ખાંડાનો નિષેધ થતો નથી માટે મુંડાની બુદ્ધિ પ્રમાણભૂત છે."

શ્રીશંકરાચાર્ય—"મુંડાના અધિષ્ઠાનભૂત બળદમાં જ ખાંડાનો નિષેધ થાય છે તે છતાં તું મુંડાની બુદ્ધિને પ્રમાણભૂત માને છે માટે તારો કહેલો હેતુ સવ્યભિચાર જ થાય છે." ૧૧૩.

ननु गोत्व उपाधिके त्वमुष्य प्रतिपन्नस्य हि तत्र नो निषेधः ।
अपि तु प्रथमानमुण्ड इत्यत्र तथाच व्यभिचारिता न हेतोः ॥ ११४ ॥

ભટ્ટભાસ્કર—"મુંડાનો અધિષ્ઠાનભૂત બળદમાં ખાંડાનો નિષેધ થતો નથી પણ મુંડામાં જ ખાંડાપણાનો નિષેધ થાય છે માટે મારો કહેલો હેતુ સવ્યભિચાર નથી." ૧૧૪.

इति चेन्न विकल्पनासहत्वात्किमु खण्डस्य तु केवले निषेधः ।
उत गोत्वसमन्विते स मुण्डे प्रथमो नो घटते प्रसक्त्यभावात् ॥ ११५ ॥
न हि जात्वपि मुंडके प्रसक्तः परखंडस्त्विवति संप्रसक्त्यभावः ।
चरमोऽपि न गोत्वयुक्तमुण्डे खलु खण्डस्य निषेधकाल एव ॥ ११६ ॥
स्वविशेषणभूतगोत्व एव स्फुटमेतस्य निषेधनं श्रुतं स्यात् ।
तदिहोदितहेतुसत्त्वतोऽस्य व्यभिचारो दृढवज्रलेप एव ॥ ११७ ॥

શ્રીશંકરાચાર્ય—"આ તારી વાત વિકલ્પોનું સહન કરી શકે એમ નથી માટે ખોટી છે. તું ખાંડાનો જે નિષેધ કરે છે તે કેવલ મુંડામાં કરે છે કે બળદપણાવાળા મુંડામાં કરે છે? કેવલ એટલે બળધપણા રહિત મુંડામાં તો નિષેધ કરવો સંભવિત જ નથી. કારણ કે તેમાં ખાંડાની પ્રાપ્તિ જ નથી. મુંડા બળધમાં તેથી અન્ય ખાંડા બળધની પ્રસક્તિ કદી પણ નથી એટલે પછી તેનો નિષેધ કરવો સંભવે જ નહિ. તેમ બળદપણાવાળા મુંડામાં પણ ખાંડાનો નિષેધ કરવો સંભવિત નથી. કારણ કે બળદપણાવાળા મુંડામાં ખાંડાનો નિષેધ કરવા જતાં મુંડાના વિશેષણરૂપ બળધપણામાં જ ખાંડાનો નિષેધ થાય છે માટે મુંડાના અધિષ્ઠાનમાં જ નિષેધ થવાથી તારો કહેલો હેતુ છતાં પણ મુંડાની બુદ્ધિ પ્રમાણભૂત છે એટલે તારા હેતુમાં વ્યભિચાર વજ્રલેપ જેવો દૃઢ જ છે." ૧૧૫, ૧૧૬, ૧૧૭.

ननु भातितरामुपाधिरस्मिन्दलदेतद्व्यवहर्तृतेति चेन्न ।
अहमोऽनुभवेन साध्यकाव्यापकभावादवगत्यनंतरं च ॥ ११८ ॥

ભટ્ટભાસ્કર—"તમે કરેલા (૧૧૦મા શ્લોકમાંના) અનુમાનમાં પ્રમાણભૂતપણારૂપ સા-

ધ્યમાં ઉચ્છિન્નવ્યવહર્તૃકત્વ (વસ્તુનો સાક્ષાત્કાર થયા પછી વ્યવહાર કરનારાનો અભાવ[1]) છે પણ ભેદના તથા અભેદના વિષયપણારૂપ જે સાધન (હેતુ) છે તે જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં સર્વે સ્થલે ઉચ્છિન્નવ્યવહર્તૃકત્વ નથી. કારણ કે શીંગડાં જ ખાંડાં છે એમ જાણ્યા પછી પણ બળધ ખાંડો છે એમ વ્યવહાર કરનારનો અભાવ થતો નથી માટે ઉચ્છિન્નવ્યવહર્તૃકત્વરૂપ ઉપાધિથી તમારો હેતુ સોપાધિક[2] હોવાને લીધે તે હેતુથી કરવામાં આવેલું અનુમાન યથાર્થ ગણાય નહિ."

શ્રીશંકરાચાર્ય—"બ્રહ્મનો સાક્ષાત્કાર થયા પછી પણ પ્રારબ્ધ કર્મના અનુસારથી 'હું મનુષ્યછું' એવો અહંકારનો અનુભવ રહે છે માટે ઉચ્છિન્નવ્યવહર્તૃકત્વની અમારા સાધ્યમાં જ વ્યાપ્તિ નથી તેથી અત્ર કહેલો હેતુ સોપાધિક છે જ નહિ." ૧૧૮.

ननु तद्व्यवहारसंछिदाया इह तत्केन कमित्यनेन मुक्तौ ।
श्रुतिवाक्यगतेन संप्रतीतेर्व्यवहर्तुर्न कथं छिदेति चेन्न ॥ ११९ ॥

ભટ્ટભાસ્કર—'**यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत् केन कं पश्येत्**' એ શ્રુતિ 'મુક્તિમાં સઘળું આત્મારૂપ થઇ જાય છે એટલે 'સાથે કોને દેખે' એમ વ્યવહાર કરનારનો ઉચ્છેદ જ થવાનું કહે છે તે છતાં તમે વ્યવહાર કરનારનો ઉચ્છેદ નથી થતો એમ કેમ કહોછો?" ૧૧૯.

तदिदं घटते मतेऽस्मदीये तदबोधोल्लसितत्वतोऽखिलस्य ।
तदबोधलये लयोपपत्तेर्जगतः सत्यतया छिदा न ते स्यात् ॥ १२० ॥

શ્રીશંકરાચાર્ય—"સઘળું જગત્ આત્મામાં રહેલા અજ્ઞાનથી જ વિલસિત છે માટે તે અજ્ઞાનનો લય થાય ત્યારે જ વ્યવહાર કરનારનો લય થવો સંભવે છે તેથી અજ્ઞાનની સ્થિતિ હોય ત્યાંસુધી વ્યવહાર કરનારની સ્થિતિ અને અજ્ઞાનનો લય થાય ત્યારે વ્યવહાર કરનારનો ઉચ્છેદ એ અમારા મતમાં જ ઘટે છે. તારા મતમાં તો જગત્ સત્ય છે માટે કદી પણ વ્યવહાર કરનારનો ઉચ્છેદ થવો સંભવતો નથી." ૧૨૦.

ननु पञ्चसु तु स्थलेषु भेदो ह्यभिदा नो तु शरीरदेहिनोस्ते ।
प्रथितस्थलपञ्चकेतरत्वात्फलिता ह्यत्र तथाच हेत्वसिद्धिः ॥ १२१ ॥

ભટ્ટભાસ્કર—"જાતિ, વ્યક્તિ, ભાવ, ગુણ, ગુણિભાવ, કાર્ય-કારણભાવ, વિશિષ્ટ[3] સ્વરૂપ અને અંશાંશિભાવ એઓવાળાં પાંચ સ્થલોમાં જ ભેદ તથા અભેદ સંભવે છે અને આત્મા તથા દેહ તો એ પાંચ સ્થલોથી અન્ય[4] છે માટે તેઓને ભેદના તથા અભેદના વિષયપણું સંભવતું જ નથી, તેથી તમારા અનુમાનમાં (૧૧૦મા શ્લોકમાંના અનુમાનમાં) હેતુની અસિદ્ધિરૂપ દોષ આવે છે માટે તે અનુમાન યથાર્થ નથી." ૧૨૧.

इति चेन्न विकल्पनासहत्वान्मिलितानां भिदभेदतन्त्रता किम् ।
उत वा पृथगेव तत्र नाऽऽद्यो मिलिताः पञ्च न हि क्वचिद्यतः स्युः ॥ १२२ ॥

---

૧ બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર થયા પછી હું મનુષ્યછું એવો વ્યવહાર કરનારાનો અભાવ થાય છે.
૨ સોપાધિક હેતુ વિષે આ ગ્રંથના ૮મા સર્ગના ૧૦૭મા શ્લોકના અર્થની ટીપમાં લખ્યું છે તે જુવો.
૩ દંડવિશિષ્ટ (દંડવાળો) ચૈત્ર એ વિશિષ્ટ સ્વરૂપ માનવામાં આવે છે. ૪ દેહ અને દેહી એ બન્ને દ્રવ્યરૂપ છે તેથી તેઓને જાતિવ્યક્તિભાવ કે ગુણગુણિભાવ સંબંધ ઘટતો નથી. દેહ પંચભૂતનું કાર્ય છે તેથી તેઓને કાર્યકારણભાવ સંબંધ પણ નથી. જેમ દંડસંયુક્તપણું ચૈત્રને આધીન છે તેમ દેહ જીવને આધીન નથી તેથી વિશિષ્ટ સ્વરૂપપણું પણ નથી અને દેહી (જીવ) નિરવયવ દ્રવ્ય છે તેથી અંશાંશિભાવ સંબંધ પણ નથી માટે દેહ અને દેહી એ પાંચ સંબંધોના સ્થલોથી અન્ય છે.

શ્રીશંકરાચાર્ય—"આ તારી વાત વિકલ્પોનું સહન કરી શકે એમ નથી માટે ખોટી છે. એ પાંચ સંબંધો એકત્ર થઇને ભેદના તથા અભેદના પ્રયોજક થાય છે કે જૂદા જૂદા જ પ્રયોજક થાય છે? એકત્ર થઈને પ્રયોજક થવું સંભવતું નથી. કારણ કે પાંચે સંબંધ કોઇ સ્થલમાં એકઠા થતા નથી." ૧૧૨.

चरमोऽपि न युज्यते तदाङ्गाङ्गिकभावस्य च तन्त्रता न किं स्यात्।
न च योजकगौरवं च दोषः प्रकृते तस्य तवापि संमतत्वात्॥ १२३॥

જૂદા જૂદા રહીને પ્રયોજક થતા હોય તો એવો જ પ્રયોજક થાય છે એમ કહેવું સંભવતું નથી. કારણ કે જ્યારે પ્રત્યેકને પ્રયોજકપણાનો તું સ્વીકાર કરે છે ત્યારે દેહદેહિભાવરૂપ સંબંધને પણ પ્રયોજકપણું શા માટે ન હોય?"

ભટ્ટભાસ્કર—"આમ કલ્પના કરવાથી પ્રયોજકની સંખ્યા વધે છે એ ગૌરવરૂપ દોષ આવે છે."

શ્રીશંકરાચાર્ય—"દેહદેહિભાવ જો ભેદનો અને અભેદનો પ્રયોજક ન હોય તો તું કે જે સઘળા પદાર્થોના સંકરને કહેનાર છે તેના સિદ્ધાંતને બાધ આવે છે માટે આ વિષયમાં દેહદેહિભાવને પણ તારે પ્રયોજકપણું માનવું જ પડશે. ૧૨૩.

अपि चान्यतमस्य जातितद्वत्प्रभृतीनां घटकत्व आग्रहश्चेत्।
अपि सोऽत्र न दुर्लभश्चिदात्माङ्गकयोः कारणकार्यभावभावात्॥ १२४॥

જો જાતિવ્યક્તિભાવ આદિ પાંચ સંબંધોને જ ભેદનું તથા અભેદનું પ્રયોજકપણું માનવાનો તારો આગ્રહ હોય તો તેઓમાંનો સંબંધ પણ આ વિષયમાં દુર્લભ નથી. કારણ કે ચૈતન્યરૂપ જીવને અને દેહને કાર્યકારણભાવસંબંધ છે." ૧૨૪.

न च वाच्यमिदं परात्मजत्वात्सकलस्यापि न जीवकार्यतेति।
तदभेदत एव सर्वकस्याप्युपपत्तेरिह जीवकार्यतायाः॥ १२५॥

ભટ્ટભાસ્કર—"સઘળો પ્રપંચ બ્રહ્મથી ઉત્પન્ન થએલ છે માટે દેહને જીવના કાર્યરૂપ ગણીને કાર્યકારણભાવસંબંધ માનવો ઘટતો નથી."

શ્રીશંકરાચાર્ય—"જીવ બ્રહ્મથી અભિન્ન છે માટે સર્વ પ્રપંચને જીવના કાર્યરૂપ કહેવો પણ સંભવે છે. ૧૨૫.

तदसिद्धिमुखानुमानदोषानुदयादुक्तनयस्य निर्मलत्वम्।
भ्रमधीप्रमितित्ववेदिनोऽतस्तव न भ्रांतिपदार्थ एव सिध्येत्॥ १२६॥

આ પ્રમાણે અમારા અનુમાનમાં હેતુની અસિદ્ધિ આદિ કોઇ પણ દોષ નહિ હોવાથી અમારૂં અનુમાન યથાર્થ છે અને તે અનુમાનથી તારા સિદ્ધાંત પ્રમાણે ભ્રમ યથાર્થ ઠરે છે માટે તારા મતમાં ભ્રમ નામનો પદાર્થ જ સિદ્ધ થતો નથી. ૧૨૬.

अपि च भ्रम एष किं तवांतःकरणस्येति चिदात्मनोऽथवाऽसौ।
परिणाम इहाऽऽदिमो न तस्याऽऽत्मगतत्वानुभवस्य भङ्गपत्तेः॥ १२७॥

તો પણ તારો એ ભ્રમ અંતઃકરણના પરિણામરૂપ છે કે ચિદ્રૂપ આત્માના પરિણામરૂપ છે? અંતઃકરણના પરિણામરૂપ ઘટતો નથી. કારણ કે તેમ હોય તો ભ્રમના આત્મામાં રહેનારપણાનો અનુભવ ભાગી જાય છે. જેમ માટીના પરિણામરૂપ ઘટ તંતુઓમાં રહેવો સંભવતો નથી તેમ અંતઃકરણના પરિણામરૂપ ભ્રમ આત્મામાં રહેવો સંભવે નહિ અને આત્મામાં રહે છે એ તો અનુભવ સિદ્ધ છે." ૧૨૭.

ननु रक्तमप्रसूनयोगात्स्फटिके संस्फुरणं यथाऽरुणिम्नः ।
भ्रमसंयुतचित्तयोगतोऽस्य भ्रमणस्यानुभवस्तथाऽऽत्मनि स्यात् ॥ १२८ ॥

ભટ્ટભાસ્કર—"જેમ અત્યંત રાતા ફૂલના યોગથી સ્ફટિકમાં રતાશનું સ્ફુરણ થાય છે તેમ ભ્રમવાળા અંતઃકરણના યોગથી આત્મામાં તે ભ્રમનું સ્ફુરણ થાય છે. ૧૨૮.

इति चेदयमीरयाऽऽत्मयोगो भ्रमणस्याश्रित एष सन्नसन्वा ।
प्रथमो घटते न संसृजेस्तेऽपरथाख्यातिवदस्य शून्यकत्वात् ॥ १२९ ॥

શ્રીશંકરાચાર્ય—"એ અંતઃકરણના ભ્રમને તે આત્માનો સંબંધ માન્યો તે સંબંધ સત્ય છે કે અસત્ય છે? તું કે જે [1]અન્યથાખ્યાતિને માનનાર છે તેના મતમાં સંબંધ શૂન્ય રૂપ જ છે માટે તે સંબંધને સત્યપણું તો સંભવતું નથી. ૧૨૯.

चरमोऽपि न युज्यतेपरोक्षप्रथनस्यानुपपद्यमानतायाः ।
परिणामविशेष आत्मनोऽसौ भ्रम इत्येष न युज्यतेऽन्त्यपक्षः ॥ १३० ॥

તેમ અસત્યપણું પણ સંભવતું નથી. કારણ કે અસત્ય પદાર્થની પ્રતીતિ થવી જ ઘટતી નથી. આ રીતે જેમ ભ્રમ અંતઃકરણના પરિણામરૂપ ઘટતો નથી તેમ આત્માના પરિણામરૂપ પણ ઘટતો નથી. ૧૩૦.

असभागतयाऽऽत्मनो निरस्तेतरयुक्तेः परिणत्ययोग्यतायाः ।
परिणत्ययुजेश्च योग्यतायामपि बुद्ध्याकृतितश्चिदात्मनोऽस्य ॥ १३१ ॥

કારણ કે આત્મા અસંગ છે અને નિરવયવ દ્રવ્યરૂપ છે તેથી પરિણામ પામવાને યોગ્ય જ નથી. કદાચ પરિણામ પામવાને યોગ્ય છે એમ ઘડી ભર સ્વીકારીયે તો પણ નિત્ય જ્ઞાનના આશ્રયરૂપ ચિદાત્માનો બીજા જ્ઞાનરૂપે પરિણામ થવો સંભવે નહિ. ૧૩૧.

न हि नित्यचिदाश्रयप्रतीचः परिणामः पुनरन्यचित्स्वरूपः ।
गुणयोः समुदायगत्ययोगाद्गुणतावान्तरजातितः सजात्योः ॥ १३२ ॥

કારણ કે પ્રત્યગાત્મા (જીવ) નિત્ય જ્ઞાનના આશ્રયરૂપ છે તે ફરી બીજા જ્ઞાનરૂપે પરિણામ પામે એમ માનવું અયોગ્ય જ છે. રૂપ રસ આદિ ગુણોની જાતિમાં પેટાની એક જાતિવાળા બે ગુણો એકી વખતે એક દ્રવ્યમાં રહેવા સંભવે જ નહિ. ૧૩૨.

युगपत्समवैति नो हि शौक्ल्यद्वयकं यत्र च कुत्रचिद्यदेतत् ।
ननु चिन्न गुणो गुणी तथा च प्रसरेन्नोदितदुष्टतेति चेन्न ॥ १३३ ॥

જેમ કોઇ ઠેકાણે કોઈ દ્રવ્યમાં પણ બે શુક્લપણાનો એકી વખતે સમવાયસંબંધ ઘટતો નથી તેમ બે જ્ઞાનનો પણ આત્મામાં એકી વખતે સમવાયસંબંધ ઘટે નહિ."

ભટ્ટભાસ્કર—"અમો જ્ઞાનને ગુણરૂપ માનતા નથી પણ દ્રવ્યરૂપ માનિયેછિયે માટે તમારો કહેલો દોષ લાગુ પડતો નથી." ૧૩૩.

कटकाश्रयभूतदीप्तहेम्नो रुचकाधारकभाववत्तथैव ।
अविनाशिचिदाश्रयस्य भूयोऽन्यचिदाधारतया स्थितेरयोगात् ॥ १३४ ॥

---

[1] ગ્રાહકના દોષને લીધે પદાર્થનું બીજા પ્રદેશમાં અથવા બીજા પ્રકારથી ભાન અથવા કથન એ અન્યથાખ્યાતિ કહેવાય છે.

શ્રીશંકરાચાર્ય—" જેમ કડાના આશ્રયરૂપ પ્રદીપ્ત સુવર્ણને તે સમયે જ પોટલીઆના આશ્રયરૂપપણું સંભવતું નથી તેમ અવિનાશી જ્ઞાનના આશ્રયરૂપ આત્માને તે સમયે જ બીજા જ્ઞાનના આશ્રયરૂપ રહેવું સંભવતું નથી." ૧૩૪.

न च संस्कृतिरग्रहोऽप्यविद्या भ्रमशब्दार्थनिरुक्त्यसंभवेऽपि ।
भ्रमसंज्ञितवस्त्वसंभवेन भ्रमसंपादितसंस्कृतेरयोगात् ॥ १३५ ॥

ભટ્ટભાસ્કર—" જો કે અમારાથી ભ્રમ શબ્દના અર્થનું નિરૂપણ થઇ શકતું નથી તોપણ ભ્રમના સંસ્કારને અથવા વસ્તુના અગ્રહણને અવિદ્યારૂપ માનવું યોગ્ય છે."

શ્રીશંકરાચાર્ય—" તમારા મતમાં ભ્રમ નામનો પદાર્થ જ સિદ્ધ થતો નથી માટે તે ભ્રમનો સંસ્કાર રહેવો પણ સિદ્ધ થતો નથી. ૧૩૫,

अपि नाग्रहणं चितेरभावश्चितिरूपग्रहणस्य नित्यतायाः ।
तदसंभवतो न वृत्त्यभावस्तदभावेऽपि चिदात्मनोऽवभासात् ॥ १३६ ॥

તારા મતમાં વસ્તુનું જે અગ્રહણ છે તે સ્વરૂપભૂત આત્મવસ્તુનું અગ્રહણ છે કે કોઇ નવી આવેલી વસ્તુનું અગ્રહણ છે? વૃત્તિમાં સ્વરૂપભૂત ચૈતન્ય આત્મવસ્તુનું ગ્રહણ નિત્ય છે અને તે ચૈતન્યતા અભાવનો અસંભવ છે માટે સ્વરૂપભૂત આત્મવસ્તુનું અગ્રહણ એ અવિદ્યા છે એમ કહેવું સંભવિત નથી. કોઇ નવી આવેલી વસ્તુનું જે અગ્રહણ તે અવિદ્યા છે એમ તું માનતો હોય તો તે વસ્તુનું વૃત્તિથી ગ્રહણ નહિ થતાં છતાં પણ વૃત્તિમાં ચૈતન્યનું સર્વદા સ્ફુરણ છે તેથી તે સ્ફુરણમાં અન્ય વસ્તુનું અગ્રહણ પ્રતિબંધ થતું નથી માટે તેને અવિદ્યા કહી શકાય નહિ. ૧૩૬.

न च भञ्जकमीक्ष्यते न तस्योपगमे खण्डजडानृतात्मकस्य ।
इति वाच्यमखण्डवृत्तिरूढेश्वरबोधस्य निवर्तकत्वयोगात् ॥ १३७ ॥

ભટ્ટભાસ્કર—"આ જ્ઞાન કે જે ખંડરૂપ, જડરૂપ અને મિથ્યારૂપ છે તેની સ્થિતિ બ્રહ્મમાં છે એવો અંગીકાર કરશું તો તે અજ્ઞાનને ટાળનારો બીજો કોઈ પદાર્થ જોવામાં આવતો નથી."

શ્રીશંકરાચાર્ય—"तत्त्वमसि" આદિ મહાવાક્યોથી ઉત્પન્ન થએલી અખંડ વૃત્તિમાં આરૂઢ થએલું બ્રહ્મચૈતન્ય એ અજ્ઞાનની નિવૃત્તિ કરે છે. ૧૩૭.

अपि चेष्टतदन्यहेतुधीजे जगतः कृत्यकृती न ते घटेते ।
सकलव्यवहारसङ्करत्वात्तदलं जीवनिकाऽपि दुर्लभा ते ॥ १३८ ॥

તું કે જે સઘળા પદાર્થોના સંકરને માનનાર છે તેના મતમાં ઇષ્ટ[1] સાધનના જ્ઞાનથી થતી પ્રાણીના પ્રવૃત્તિ અને અનિષ્ટ[2] સાધનના જ્ઞાનથી થતી પ્રાણીની નિવૃત્તિ પણ ઘટતી નથી. કારણ કે સઘળો વ્યવહાર સંકીર્ણ હોવાથી આ ઇષ્ટ છે અને આ અનિષ્ટ છે એવું વિવેચન થવું જ સંભવિત નથી. ત્હારા મનમાં વ્યવહારની સંકીર્ણતા હોવાને લીધે ઇષ્ટ તથા અનિષ્ટ આદિનો વિભાગ નહિ રહેવાથી ત્હારે જીવવું પણ દુર્લભ થઈ પડશે માટે બસ છે." ૧૩૮.

इति युक्तिशतैरमर्त्यकीर्तिः सुमतीन्द्रं तमतन्द्रितं स जित्वा ।
श्रुतिभावविरोधभावभाजं विमतग्रन्थममन्थरं ममन्थ ॥ १३९ ॥

---

૧ આ પદાર્થ કે આ ઉપાય મને જોઈતા પદાર્થની પ્રાપ્તિ કરી આપશે એમ સમજવું એ ઇષ્ટસાધનનું જ્ઞાન કહેવાય છે. ૨ આ પદાર્થથી કે આ ઉપાયથી મને જોઈતા પદાર્થની પ્રાપ્તિ નહિ થાય અથવા તેમાં અડચણ થશે એમ સમજવું.

અમર કીર્તિવાળા શ્રીશંકરાચાર્યે એ પ્રમાણે સૈંકડો યુક્તિઓથી એ ઉદ્યોગી મોટા વિદ્વાનને જીતી લીધા પછી શ્રુતિઓના અભિપ્રાયથી વિરુદ્ધ અભિપ્રાયવાળા તેના ગ્રંથનું પણ અત્યંત ખંડન કરી નાખ્યું. ૧૩૯.

इति भास्करदुर्मतेऽभिभूते भगवत्पादकथासुधा प्रसस्रे ।
घनवार्षिकवारिवाहजाले विगते शारदचन्द्रचन्द्रिकेव ॥ १४० ॥

એ પ્રમાણે ભટ્ટભાસ્કરનો દુષ્ટ મત પરાભવ પામતાં, જેમ વર્ષાઋતુનાં ઘાટાં વાદળાંનું જાલ જતું રહ્યા પછી શરદૃઋતુના ચંદ્રની ચંદ્રિકાનો ફેલાવ થાય તેમ શ્રીશંકરાચાર્યની વક્તૃત્વ શક્તિરૂપ અમૃતનો અપૂર્વ ફેલાવ થયો. ૧૪૦.

स कथाभिरवन्तिषु प्रसिद्धान्विबुधान्बाणमयूरदण्डिमुख्यान् ।
शिथिलीकृतदुर्मताभिमानान्निजभाष्यश्रवणोत्सुकांश्चकार ॥ १४१ ॥

માળવા દેશમાં પ્રસિદ્ધ પામેલા બાણ, મયૂર અને દંડી આદિ વિદ્વાનોને પણ શંકરાચાર્યે પોતાનાં ભાષણોથી શિથિલ થએલા દુર્મતના અભિમાનવાળાઓને પોતાના શારીરક ભાષ્યનું શ્રવણ કરવાના ઉત્સાહવાળા કર્યા. ૧૪૧.

प्रतिपद्य तु बाह्लिकान्महर्षौ विनयिभ्यः प्रविवृण्वति स्वभाष्यम् ।
अवदन्नसहिष्णवः प्रवीणाः समये केचिदथार्हताभिधाने ॥ १४२ ॥

પછી શ્રીશંકરાચાર્ય ત્યાંથી બાલ્હીક દેશમાં પધારી શિષ્યોને પોતાના ભાષ્યનું વ્યાખ્યાન સંભળાવતા હતા તે સમયે જૈનમતમાં પ્રવીણતા ધરાવનારા કેટલાએક વિદ્વાનોએ ત્યાં આવીને અસહનતાથી નીચે પ્રમાણે કહ્યું. ૧૪૨.

ननु जीवमजीवमास्रवं च श्रितवत्संवरनिर्जरौ च बन्धः ।
अपि मोक्ष उपैषि सप्तसङ्ख्यान्न पदार्थान्कथमेव सप्तभङ्ग्या ॥ १४३ ॥

"જીવ,[1] અજીવ,[2] આસ્રવ,[3] સંવર,[4] નિર્જર,[5] બંધ[6] અને મોક્ષ[7] એ સાત પદાર્થોને સપ્તભંગીની[8] રીતથી તમે કેમ સ્વીકારતા નથી?" ૧૪૩.

---

૧ બોધસ્વરૂપ વર્ગ. ૨ જડવર્ગ. ૩ જીવને વિષયોમાં નાંખનારી ઇંદ્રિયોની પ્રવૃત્તિ કે જે અનર્થના કારણરૂપ હોવાથી મિથ્યા પ્રવૃત્તિ કહેવાય છે તે અસ્રવ. ૪ શમ તથા દમ આદિમાં પ્રવૃત્તિ કે જે મિથ્યા પ્રવૃત્તિને રોકનાર છે તે સંવર. ૫ અનાદિકાળથી પ્રવર્તેલા પાપ-પુણ્ય આદિ કષાયો જેથી ટળી જાય છે એવી તપેલી શિલા ઉપર ચડવું ઇત્યાદિ તે નિર્જર. ૬ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, વેદનીય, નામિક, ગૌત્રિક અને આયુષ્ક એ આઠ પ્રકારનાં બંધ કર્મો. યથાર્થ જ્ઞાનથી મોક્ષ નથી થતો એમ સમજવું એ જ્ઞાનાવરણીય કહેવાય છે. જૈનશાસ્ત્રના અભ્યાસથી મોક્ષ નથી થતો એમ સમજવું એ દર્શનાવરણીય કહેવાય છે. શાસ્ત્રકારોએ જુદાજુદા દેખાડેલા મોક્ષમાર્ગોમાં વિશેષ ન સમજાય એ મોહનીય કહેવાય છે. મોક્ષમાર્ગમાં પ્રવર્તેલાઓને તે માર્ગમાં વિઘ્ન કરનારૂં જે જ્ઞાન છે તે અંતરાય કહેવાય છે. આ ચાર કર્મો કલ્યાણને તોડનારાં હોવાથી ઘાતિકર્મો કહેવાય છે. માટે સમજવા જેવું કાંઈક તત્વ છે એમ ધારવું એ વેદનીય કહેવાય છે. મારૂં અમુક નામ છે એમ અભિમાન ધરવું એ નામિક કહેવાય છે. હું આ મહાત્મા અરિહંત આચાર્યના શિષ્યોના વંશમાં પેદા એમ અભિમાન ધરવું એ ગૌત્રિક કહેવાય છે, અને શરીરની સ્થિતિને વાસ્તે જે કર્મ કરવું તે આયુષ્ય કહેવાય છે. આ ચાર કર્મો કલ્યાણને તોડનારાં નથી તેથી અઘાતિકર્મો કહેવાય છે. ૭ ધર્મથી તથા અધર્મથી છુટીને નિરંતર ઊંચે જ ચાલ્યું જવું એ મોક્ષ કહેવાય છે. ૮ (૧) **स्यादस्ति ।** (૨) **स्यान्नास्ति ।** (૩) **स्यादस्ति च नास्ति च ।** (૪) **स्यादवक्तव्यः ।** (૫) **स्यादस्ति चावक्तव्यः ।** (૬) **स्यान्नास्ति चावक्तव्यश्च ।** (૭) **स्यादस्ति च नास्ति चावक्तव्यश्च ।** સઘળા પદાર્થોને અનિયમિત રૂપવાળા ઠરાવનારી આ સાત બોલીઓ સપ્તભંગી કહેવાય છે.

कथयाऽऽर्हत जीवमस्तिकायं स्फुटमेवंविध इत्युवाच मौनी।
अवदत्स च देहतुल्यमानो दृढकर्माष्टकवेष्टितश्च विद्वान् ॥ १४४ ॥

શ્રીશંકરાચાર્યે એઓમાંના મુખ્ય જૈનને પૂછ્યું કે "હે જૈન, તારા મતમાં જે જીવ છે તે આવી રીતનો જ છે એમ સ્ફુટ રીતે તેનું વર્ણન કરય." જૈન બોલ્યો કે "હે વિદ્વાન્, જેવડો દેહ છે તેવડો જ જીવ છે અને તે જીવ આઠ પ્રકારનાં દૃઢ કર્મોથી વીંટાએલો છે." ૧૪૪.

अमहाननणुर्घटादिवत्स्यात्स न नित्योऽपि च मानुषाच्च देहात् ।
गजदेहमयन्विशेन्न कृत्स्नं प्रविशेच्च प्लुषिदेहमप्यकृत्स्नः ॥ १४५ ॥

શ્રીશંકરાચાર્ય—"જો જીવ મોટો નહિ અને અણુ પણ નહિ એટલે દેહ જેવડો હોય તો જેમ ઘટ નિત્ય નથી તેમ તે પણ નિત્ય નથી એમ પ્રાપ્ત થશે. વળી મનુષ્યનો જીવ મનુષ્યના દેહમાંથી હાથીના દેહમાં પ્રવેશ કરશે ત્યારે તે જીવના પ્રમાણથી હાથીનો દેહ મોટો હોવાને લીધે હાથીના દેહનો અમુક ભાગ જીવવગરનો જ રહી જશે અને મચ્છરના દેહમાં પ્રવેશ કરશે ત્યારે તે જીવના પ્રમાણથી મચ્છરનો દેહ બહુ જ નાહાનો હોવાથી જીવનો મોટો ભાગ મચ્છરના દેહથી બાહાર પણ રહી જશે." ૧૪૫.

उपयान्ति च केचन प्रतीका महता संहननेन सङ्गमेऽस्य ।
अपयान्त्यधिजग्मुषोऽल्पदेहं तदयं देहसमः समश्रुतेश्च ॥ १४६ ॥

જૈન—"મોટા શરીરનો સમાગમ થાય છે ત્યારે જીવને કેટલાએક નવા અવયવો પ્રાપ્ત થાય છે અને નહાના શરીરનો સમાગમ થાય છે ત્યારે જીવમાંથી કેટલાએક અવયવો જતા રહે છે એટલે જીવ દેહ જેવડો જ રહે છે તેથી અમારા સિદ્ધાંતમાં દોષ આવતો નથી. "**समो नागेन समो मशकेन**" એ શ્રુતિ પણ જીવને હાથીના દેહમાં હાથી જેવડો અને મચ્છરના દેહમાં મચ્છર જેવડો કહે છે." ૧૪૬.

उपयन्त इमे तथाऽपयन्तो यदि वर्ष्मेव न जीवतां भजेयुः ।
प्रभवेयुरनात्मनः कथं ते कथमात्मावयवाः प्रयन्तु तस्मिन् ॥ १४७ ॥

શ્રીશંકરાચાર્ય—"એ અવયવો જો જનારા અને આવનારા હોય તો આગમાપાયી હોવાને લીધે શરીરની પેઠે જીવથી ભિન્ન જ હોવા જોઇએ. આવવાના સમયમાં જીવના એ અવયવો પંચભૂતોમાંથી પ્રકટ થવા અને જવાના સમયમાં પંચભૂતોમાં લીન થવા પણ સંભવતા નથી. કારણ કે જીવ પંચભૂતોના વિકારરૂપ નથી." ૧૪૭.

जनितारहिताः क्षयेण हीनाः समुपायान्त्यपयान्ति चात्मनस्ते ।
अमुकोपचितः प्रयाति कृत्स्नं त्वमुकैश्चापचितः प्रयात्यकृत्स्नम् ॥ १४८ ॥

જૈન—"એ અવયવો જન્મથી તથા નાશથી રહિત એટલે નિત્ય છતાં જ આવે છે અને જાય છે માટે અમુક અવયવોથી વૃદ્ધિ પામેલો જીવ હાથી આદિના મોટા શરીરમાં વ્યાપે છે અને અમુક અવયવોથી ઓછો થએલો જીવ મચ્છર આદિના અલ્પ શરીરમાં વ્યાપે છે એ અમારો સિદ્ધાંત યોગ્ય છે." ૧૪૮.

किमचेतनतोत चेतनत्वं वद तेषां चरमे विरुद्धमत्या ।
वपुरुन्मथितं भवेत्तु पूर्वे बत कार्त्स्न्येन वपुर्न चेतयेयुः ॥ १४९ ॥

શ્રીશંકરાચાર્ય—"એ અવયવો અચેતન છે કે ચેતન છે? ચેતન હોય તો ઘણા ચેતનોનો એક જ

અભિપ્રાય રહેવાનો અસંભવ હોવાથી કોઈસમયે પરસ્પરના વિરુદ્ધ મત થતાં શરીરની જ ખરાબી થાય અને જો અચેતન હોય તો તેઓથી આખા શરીરને ચેતના આપી શકાય નહિ." ૧૪૯.

चलयन्ति रथं यथैकमत्या बहवो वाजिन एवमप्रतीताः ।
इतरेतरमङ्गमेजयन्तु क्षपते चेतनतामपि प्रपद्य ॥ १५० ॥

જૈન—"હે મોટા વિદ્વાન્, જેમ ઘણા ઘોડાઓ એક મતથી જ રથને ચલાવે છે તેમ ચેતનરૂપ ઘણા અવયવો પરસ્પર એક મતથી શરીરને ચલાવે છે એમ માનવામાં કશો વિરોધ આવતો નથી." ૧૫૦.

बहवोऽपि नियामकस्य सत्त्वात्सुमते तत्र भजेयुरैकमत्यम् ।
कथमत्र नियामकस्य तद्वद्विरहात्कस्यचिद्प्यदो घटेत ॥ १५१ ॥

શ્રીશંકરાચાર્ય—"હે વિચારવાળા, રથમાં ઘોડા ઘણા છે તો પણ સારથિના પ્રભાવથી તેઓનો એકમત થાય છે તેમ શરીરમાં બીજો કોઈ નિયામક ન હોવાને લીધે કોના પ્રભાવથી સઘળા અવયવો એકમત રહેશે? શરીરની અંદર બીજો કોઈ નિયામક નહિ હોવાથી તેઓનું એકમતપણું કેમ ઘટશે?" ૧૫૧.

उपयान्ति न चापयान्ति जीवावयवाः किंतु महत्तरे शरीरे ।
विकसन्ति च संकुचन्त्यनिष्ठे यतिवर्यात्र निदर्शनं जलौका ॥ १५२ ॥

જૈન—"જીવના અવયવો આવતા કે જતા નથી પણ મોટા શરીરમાં ફુલે છે અને નાહાના શરીરમાં સંકોચાઈ જાય છે. હે સંન્યાસીઓમાં ઉત્તમ, આ વિષયમાં જળો નામના જીવડાનું દૃષ્ટાંત લેવું. જળો જ્યારે લોહી પીએ છે ત્યારે ફુલી જાય છે અને જળોમાંથી નીચોવીને લોહી કહાડી નાખવામાં આવે છે ત્યારે તે જળો સંકોચાઇ જાય છે." ૧૫૨.

यदि चैवममी सविक्रियत्वाद्धटवत्ते च विनश्वरा भवेयुः ।
इति नश्वरतां प्रयाति जीवे कृतनाशाकृतसंगमौ भवेताम् ॥ १५३ ॥

શ્રીશંકરાચાર્ય—"એ પ્રમાણે જો અવયવોમાં સંકોચ તથા વિકાસ હોય તો તેઓ વિકારી ઠર્યા તેથી નાશ પામનારા જ હોવા જોઇએ. એ પ્રમાણે અવયવોના નાશથી જીવ પણ નાશ પામનાર ઠરતાં નાશ પામેલા જીવે પ્રથમ કરેલાં કર્મોના નાશરૂપ અને નવા ઉત્પન્ન થએલા જીવને તેણે નહિ કરેલાં કર્મોનાં ફ્લોની પ્રાપ્તિરૂપ એ દોષ પ્રાપ્ત થાય છે. ૧૫૩.

अपि चैवमलाबुवद्भवाब्धौ निजकर्माष्टकभारमग्नजन्तोः ।
सततोर्ध्वगतिस्वरूपमोक्षस्तव सिद्धान्तसमर्थितो न सिद्ध्येत् ॥ १५४ ॥

વળી બીજો પણ દોષ આવે છે તે એ કે જેમ તુંબડું ભારથી દબાઇને જલમાં ડૂબેલું રહે છે તેમ પોતાના આઠ પ્રકારનાં કર્મોના ભારથી દબાઇને સંસારરૂપ સમુદ્રમાં ડૂબેલા જીવને તે ભારથી મુક્ત થઇ સર્વદા ઊંચે ચડતા જવારૂપ મોક્ષ કે જે તારા સિદ્ધાંતમાં માનેલો છે તેને બાધ આવે છે. અવયવો જવા આવવાના સ્વભાવવાળા હોવાને લીધે તેઓમાંથી અવશેષ રહેલા કયા મૂળ અવયવનો મોક્ષ થયો એ સમજી શકાતું નથી. ૧૫૪.

अपि साधनभूतसप्तभङ्गीनयमप्याहेत नाऽऽद्रियामहे ते ।
परमार्थसतां विरोधभाजां स्थितिरेकत्र हि नैकदा घटेत ॥ १५५ ॥

બીજું પણ—હે જૈન, સઘળા પદાર્થોમાં સત્ત્વ, અસત્ત્વ, એકત્વ અને અનેકત્વઆદિ પર-

સ્પર વિરુદ્ધ ધર્મોનો એકી વખતે સમાવેશ કરવાના સાધનભૂત જે તારો [1]સપ્તભંગીનય છે તેને પણ અમો યોગ્ય ગણતા નથી. કારણ કે પરસ્પર વિરુદ્ધતા ધરાવનારા વાસ્તવિક ધર્મોની એક પદાર્થમાં એકી વખતે સ્થિતિ સંભવતી જ નથી." ૧૫૫.

इति माध्यमिकेषु भग्नदर्पेष्वथ भाष्याणि स नैमिशे वितत्य ।
दरदान्भरतांश्च शूरसेनान्कुरुपाञ्चालमुखान्बहूनजैषीत् ॥ १५६ ॥

એ પ્રમાણે શંકરાચાર્યે જૈનલોકોનો ગર્વ તોડી નાખી નૈમિષ ક્ષેત્રમાં પોતાનાં ભાષ્યોનો પ્રચાર કરીને દરદ, ભરત, શૂરસેન, કુરુ, પાંચાલ આદિ બીજા પણ ઘણા ઘણા દેશોના વિદ્વાનોને જીતી લીધા. ૧૫૬.

पटुयुक्तिनिकृत्तसर्वशास्त्रं गुरुभट्टोदयनादिकैरजय्यम् ।
स हि खण्डनकारमूढदर्पं बहुधा व्युह्य वशंवदं चकार ॥ १५७ ॥

ખંડનખાદ્યનો કરનાર શ્રીહર્ષપંડિત કે જે પ્રભાકરથી, ભટ્ટભાસ્કરથી અને ઉદયન આદિથી પણ જીતી શકાય નહિ એવો હતો, મોટો અભિમાની હતો અને પ્રબલયુક્તિઓથી સઘળાં શાસ્ત્રોનું ઉચ્છેદન કરનાર હતો તેની સાથે ઘણો ઘણો વિવાદ કરીને તેને પણ શંકરાચાર્યે વશ કરી લીધો. ૧૫૭

तदनंतरमेष कामरूपानधिगत्याभिनवोपशब्दगुप्तम् ।
अजयत्किल शाक्तभाष्यकारं स च भग्नो मनसेदमालुलोचे ॥ १५८ ॥
निगमाब्जविकासिबालभानोर्न समोऽमुष्य विलोक्यते त्रिलोक्याम् ।
न कथंचन मद्वशंवदोऽसौ तदमुं दैवतकृत्यया हरेयम् ॥ १५९ ॥

પછી શંકરાચાર્યે કામરૂપ દેશમાં જઇને, શાક્તમત સંબંધી ભાષ્ય કરનારા અભિનવગુપ્ત નામના પંડિતને જીતી લેતાં તે પંડિતે વિચાર કર્યો કે "વેદરૂપી કમલને પ્રફુલ્લિત કરવામાં બાલસૂર્યની ઉપમા ધરાવનાર આ શંકરાચાર્ય જેવો ત્રૈલોક્યમાં પણ બીજો કોઇ વિદ્વાન્ નથી અને તે શંકરાચાર્ય કોઇ રીતે પણ મને વશ થાય એમ નથી માટે એમને દૈવસંબંધી અભિચાર પ્રયોગથી જ તોડી નાખવા." ૧૫૮, ૧૫૯.

इति गूढमसौ विचिन्त्य पश्चात्सह शिष्यैः सहसास्वशाक्तभाष्यम् ।
परिहृत्य जनापवादभीत्या यमिनः शिष्य इवान्ववर्त्ततैषः ॥ १६० ॥

એ અભિનવગુપ્ત એ પ્રમાણે ગૂઢ વિચાર કરી પછી તુરત પોતાના શાક્તમતના ભાષ્યને છોડી દઇને 'શત્રુના જાણવામાં આવશે તો લોકોમાં મારી નિંદા થશે' એવા ભયને લીધે પોતાના શિષ્યોની સાથે પોતે પણ શંકરાચાર્યના શિષ્ય જેવો થઇને તેમને અનુસરવા લાગ્યો. ૧૬૦.

---

[1] '**स्यादस्ति** ।'-પદાર્થ કોઈ રીતે સાચો છે. '**स्यान्नास्ति** ।'-કોઈ રીતે સાચો નથી પણ ખરો. '**स्यादस्ति च नास्ति च** ।'-એક સમયમાં પણ કોઈ રીતે સાચો છે અને કોઈ રીતે સાચો નથી ખરો. '**स्यादवक्तव्यः** ।'-કોઈ રીતે કહી શકાય એમ નથી, '**स्यादस्ति चावक्तव्यः** ।'-કોઈ રીતે સાચો છે પણ કહી શકાય એમ નથી. '**स्यान्नास्ति चावक्तव्यश्च** ।'-કોઈ રીતે સાચો નથી પણ કહી શકાય એમ નથી. '**स्यादस्ति नास्ति चावक्तव्यश्च** ।'-કોઈ રીતે સાચો છે, કોઈ રીતે સાચો પણ નથી, પણ કહી શકાય એમ નથી, આ સાતભંગીઓથી પ્રત્યેક પદાર્થોમાં ગમેતેવા બીજા પણ પરસ્પર વિરુદ્ધ ધર્મોનો સમાવેશ થાય છે.

निजशिष्यपदं गतानुदीच्यानिति कृत्वाऽथ विदेहकौशलाद्यैः ।
विहितापचितिस्तथाऽङ्गवङ्गेष्वयमास्तीर्य यशो जगाम गौडान् ॥ १६१ ॥

એ પ્રમાણે ઉત્તરદિશાના લોકોને પોતાના શિષ્ય બનાવી, વિદેહ તથા કોસલના લોકોએ કરેલી પૂજાનો સ્વીકાર કરી અને અંગ તથા વંગ દેશમાં યશનો વિસ્તાર કરી શ્રીશંકરાચાર્ય ગૌડદેશમાં પધાર્યા. ૧૬૧.

अभिभूय मुरारिमिश्रवर्यं सहसा चोदयनं विजित्य वादे ।
अवधूय च धर्मगुप्तमिश्रं स्वयशः प्रौढमगापयत्स गौडान् ॥ १६२ ॥

ત્યાં વાદમાં મુરારિમિશ્ર નામના પંડિતનો પરાભવ કરવાથી, ઉદયન નામના પંડિતને તુરત જીતી લેવાથી અને ધર્મગુપ્તમિશ્ર નામના પંડિતને પરાસ્ત કરવાથી ગૌડલોકો શંકરાચાર્યની કીર્તિને બહુ જ ગાવા લાગ્યા. ૧૬૨.

पूर्वं येन विमोहिता द्विजवरास्तस्यासतोऽरीन्कलौ
बुद्धस्य प्रबिभेद मस्करिवरस्तान्भास्करादीन्क्षणात् ।
शास्त्राम्नायविनिन्दकेन कुधिया कूटप्रवाराग्रहा-
न्निष्णातो निगमागमादिषु मतं दक्षस्य कूटग्रहे ॥ १६३ ॥

શાસ્ત્રોની તથા વેદની નિંદા કરનારો દુષ્ટ બુદ્ધિવાળો પાપી બુદ્ધ કે જેણે કલિયુગમાં પ્રથમ બ્રાહ્મણોને ભમાવ્યા હતા તે બુદ્ધના મતનું ખંડન કરનારા અને તેવા છતાં પણ મિથ્યાભૂત પ્રવાદોમાં આગ્રહ ધરાવનાર ભાસ્કર આદિ પંડિતોને ક્ષણમાત્રમાં તોડી નાખી વેદશાસ્ત્રોમાં પરિપૂર્ણ પહોંચેલા શંકરાચાર્યે મિથ્યાપક્ષનો સ્વીકાર કરવામાં ચાતુરી ધરાવનારા બુદ્ધના મતને પણ તોડી નાખ્યો. ૧૬૩.

शाक्तैः पाशुपतैरपि क्षपणकैः कापालिकैर्वैष्णवै-
रप्यन्यैरखिलैः खिलं खलु खलैर्दुर्वादिभिर्वैदिकम् ।
मार्गं रक्षितुमुग्रवादिविजयं नो मानहेतोर्व्यधा-
त्सर्वज्ञोऽन यतोऽस्य संभवति संमानग्रहग्रस्तता ॥ १६४ ॥

શાક્તો, પાશુપતો, જૈનો, કાપાલિકો, વૈષ્ણવો અને એવા જ બીજા પણ ખલતાવાળા દુષ્ટવાદીઓએ ઉચ્છિન્ન કરી નાખેલા વેદ માર્ગનું રક્ષણ કરવા માટે જ સર્વજ્ઞ શંકરાચાર્યે ઉગ્રવાદીઓને હરાવ્યા હતા પણ પોતાનું માન વધારવા માટે હરાવ્યા નહિ હતા. કારણ કે એ શંકરાચાર્યને માનની આકાંક્ષારૂપ ભૂત વળગ્યું ન હતું. ૧૬૪.

दिष्टे पङ्कजविष्टरेण जगतामाद्येन तत्सूनुभि-
र्निर्दिष्टे सनकादिभिः परिचिते प्राचेतसाद्यैरपि ।
श्रौताद्वैतपथे परात्मभिदुरान्दुर्वादिनः कण्टका-
न्प्रोद्धृत्याथ चकार तत्र करुणो मोक्षाध्वगक्षुण्णताम् ॥ १६५ ॥

વેદોક્ત અદ્વૈતરૂપ મોક્ષનો માર્ગ કે જે જગતના પિતામહ બ્રહ્માએ ચલાવ્યો હતો, બ્રહ્માના પુત્ર સનકાદિકોએ બતાવેલો હતો અને વાલ્મીકિ આદિ મહાત્માઓને પરિચિત હતો

૧ શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

તે માર્ગમાં પરાત્માને (પરાયા શરીરને અને પરમાત્માને) ભેદનારા દુષ્ટવાદીઓરૂપ જે કાંટા હતા તેઓને દૂર કરીને દયાળુ શંકરાચાર્યે તે માર્ગને ચાલનારાઓથી વેતીઆણુ કર્યો. ૧૬૫.

शान्तिर्दान्तिविरागता ह्युपरतिः क्षान्तिः परैकाग्रता
श्रद्धेति प्रथिताभिरेधिततनौ षड्वक्त्रवन्मातृभिः ।
भिक्षुक्षोणिपतौ पिचण्डिलतरोच्चण्डातिकण्डूच्चल-
त्पाखण्डासुरखण्डनकरसिके बाधा बुधानां कुतः ॥ १६६ ॥

શાંતિ, દાંતિ, ઉપરતિ, ક્ષમા, સમાધિ અને શ્રદ્ધા એ રૂપ છ માતાઓએ ઉછેરેલા શ્રીશંકરાચાર્યરૂપ કાર્તિકેય સ્વામી મોટા પેટવાળા, પ્રચંડ અને વિવાદયુદ્ધ કરવાની ચળથી ચપળતા ધરાવનારા પાંખડીઓરૂપ અસુરોને તોડવામાં જ આગ્રહ રાખતાં પંડિતોરૂપ દેવતાઓને પીડા શાથી જ રહે? ન જ રહે[1]? ૧૬૬.

यत्राऽऽरम्भजकाहलीकलकलैर्लोकायतो विद्रुतः
काणाः काणभुजस्तु सैन्यरजसा सांख्यैर्धृताऽसांख्यधीः ॥
युद्ध्वा तेषु पलायितेषु सहसा योगाः सहैवाद्रव-
न्को वा वादिभटः पटुर्भुवि भवेद्रस्तुं पुरस्तान्मुनेः ॥ १६७ ॥

શ્રીશંકરાચાર્યના વાદરૂપી યુદ્ધનો આડંબર પ્રવૃત્ત થતાં તેના આરંભનાં વાજાંઓના કોલાહલોથી જ ચાર્વાક ભાગી ગયો, કણાદના મતને અનુસરનારા તાર્કિક લોકો સૈન્યના રજથી જ કાણા થઈ ગયા, સાંખ્ય લોકોએ સાંખ્ય ઉપરથી શ્રદ્ધા છોડી દીધી. અને તે સઘળાઓ યુદ્ધ કરીને ભાગતાં પાતંજલ (યોગ) સિદ્ધાંતના લોકો તો તુરત તેઓની સાથે જ ભાગી ગયા એટલે પૃથ્વીમાં શંકરાચાર્યની સામે ઉભા રહેવામાં વાદીરૂપ કયો યોદ્ધો સમર્થ થઈ શકે? કોઈ પણ સમર્થ થયો નહિ. ૧૬૭.

उच्चण्डे पणबन्धबन्धुरतरे वाचंयमक्ष्मापतेः
पूर्वं मण्डनखण्डने समुदभूद्यो डिण्डिमाडम्बरः ।
जाताः शब्दपरंपरास्तत इमाः पाखण्डदुर्वादिना-
मद्य श्रोत्रतटाटवीषु दधते दावानलज्वालताम् ॥ १६८ ॥

પ્રથમ પ્રચંડ અને સરત બાંધવાથી બહુ ઉન્નતિ પામેલું મંડનમિશ્રનું ખંડન થયું ત્યારે સંન્યાસીઓના રાજા શ્રીશંકરાચાર્યના ડંકાનો જે શબ્દ થયો હતો તે શબ્દમાંથી ઉત્પન્ન થએલી આ બીજા શબ્દોની પરંપરાઓ આજ પાખંડમતના દુષ્ટવાદીઓના કાનરૂપી અરણ્યોમાં દાવાનલની જ્વાલાઓરૂપ થઈ પડી છે. ૧૬૮.

बुद्धो युद्धसमुद्यतः किल पुनः स्थित्वा क्षणाद्विद्रुतः
कोणे द्राक्कणभुग्व्यलीयत तमःस्तोमावृतो गौतमः ॥

---

૧ શંકરાચાર્યમાં કાર્તિકેય સ્વામીના આરોપમાં શાંતિ આદિમાં છ માતાઓનો આરોપ નિમિત્ત છે અને પંડિતોમાં દેવતાઓના આરોપમાં પાખંડીઓમાં અસુરોનો આરોપ નિમિત્ત છે માટે પરંપરિતરૂપક અલંકાર છે. મૂળમાં બુધ શબ્દમાં શ્લેષ છે તેથી શ્લિષ્ટાશ્લિષ્ટશબ્દનિબંધનપરંપરિતરૂપક અલંકાર છે. "यस्यकस्यचिदारोपः परारोपणकारणम् । तत्परंपरितं श्लिष्टाश्लिष्टशब्दनिबन्धनम् ॥"—સાહિત્યદર્પણ, કારિકા ૬૭૨.

भग्नोऽसौ कपिलः पलायत ततः पातञ्जलाश्चाञ्जलिं
चक्रुस्तस्य यतीशितुश्चतुरता केनोपमीयेत सा ॥ १६९ ॥

વાદયુદ્ધ કરવામાં સજ્જ થએલો બુદ્ધ જરાક યુદ્ધ કરી ભયને લીધે ભાગી ગયો, કણાદ તો તુરત ખૂણામાં જ ભરાઈ રહ્યો, ગૌતમ ઘાટા અંધારામાં છુપી ગયો, કપિલ હારી જઈને ભાગી ગયો અને તે પછી બીજા પાખંડી વાદીઓ તો હાથ જ જોડવા લાગ્યા તો આવી શંકરાચાર્યની ચાતુરીને કોની ઉપમા આપી શકાય. ૧૬૯.

हस्तग्राहं गृहीताः कतिचन समरे वैदिका वादियोधाः
काणादाद्याः परे तु प्रसभमभिहता हन्तलोकायताद्याः ॥
गाढं बन्दीकृतास्ते सुचिरमथ पुनः स्वस्वराज्ये नियुक्ताः
सेवन्ते तं विचित्रा यतिधरणिपतेः शूरता वा दया वा ॥ १७० ॥

વાદયુદ્ધમાં કાણાદ આદિ કેટલાએક વૈદિક વાદિઓને હાથથી પકડી લીધા, બીજા ચાર્વાક આદિ વાદીઓને બલાત્કારથી તોડી જ નાંખ્યા અને પછી તેઓને લાંબા કાલસુધી બંધીવાન કરીને છેલ્લે સઉસઉને યોગ્ય અધિકારરૂપ રાજ્યમાં સ્થાપ્યા કે જે તેથી તેઓ શંકરાચાર્યનું યોગ્ય સેવન કરવા લાગ્યા. શંકરાચાર્યે આપ્રમાણે કર્યું માટે તેમનું શૂરપણું પણ અદ્‌ભૂત કહેવું જોઈએ અને દયા પણ અદ્‌ભૂત કહેવી જોઇએ[2] ૧૭૦.

शान्त्याद्यर्णववाडवानलशिखा सत्याभ्रवात्या दया-
ज्योत्स्नादर्शनिशाऽथ शान्तिनलिनीराकाशशाङ्कद्युतिः ।
आस्तिक्यद्रुमदावपावकनवज्वालावली सत्कथा-
हंसीप्रावृडखण्डि दण्डिपतिना पाखण्डवाङ्मण्डली ॥ १७१ ॥

પાખંડી લોકોનાં ભાષણોની મંડળી કે જે શમ આદિ સમુદ્રને વાડવાગ્નિની જ્વાલારૂપ હતી, સત્યરૂપી વાદળાંને વીતોળીયા વાયુરૂપ હતી, દયારૂપી ચાંદનીને અમાસની રાતરૂપ હતી, શાંતિરૂપ કમલિનીને પુનમના ચંદ્રની કાંતિરૂપ હતી, આસ્તિકપણા રૂપ વૃક્ષને દાવાગ્નિની તાજી જ્વાલાઓની પંક્તિરૂપ હતી અને સારી ચર્ચારૂપ હંસીને વર્ષાઋતુ રૂપ હતી તેને સંન્યાસીઓના અધિપતિ શંકરાચાર્યે તોડી નાખી[4] ૧૭૧.

अद्वैतामृतवर्षिभिः परगुरुव्याहारधाराधरैः
कान्तैर्हन्त समन्ततः प्रसृमरैरुत्कृत्ततापत्रयैः ।
दुर्भिक्षं स्वपरैकताफलगतं दुर्भिक्षुसंपादितं
शान्तं संप्रति खण्डिताश्च निबिडाः पाखण्डचण्डातपाः ॥ १७२ ॥

અદ્વૈતરૂપી અમૃતને વરસાવનાર, સુશોભિત, ચારેકોર ફેલાએલા અને ત્રણે તાપોનું

---

૧ સ્રગ્ધારા વૃત્ત. ૨ શંકરાચાર્યના પ્રસ્તુત વૃત્તાંતમાં વિશેષણોના બળથી કોઈ રાજાએ શત્રુઓને પકડી તોડી કેદ કરીને પછી યોગ્ય અધિકારો ઉપર રાખ્યાના અને તે અધિકારો ઉપર રહી શત્રુઓએ રાજાનું સેવન કર્યાના અપ્રસ્તુત વૃત્તાંતનું સ્ફુરણ થાય છે માટે સમાસોક્તિ અલંકાર છે.-કુવલયાનંદ, કારિકા ૬૦. ૩ શાર્દૂલવિક્રીડિત વૃત્ત. ૪ પાખંડીઓનાં ભાષણોની મંડળીને અનેક રૂપો આપ્યાં છે તેથી માલારૂપક અલંકાર છે.—સાહિત્યદર્પણ, કારિકા ૬૭૧.

ઉચ્છેદન કરનારા શંકરાચાર્યનાં ભાષણોરૂપ મેઘોએ જીવાત્માની અને પરમાત્માની એકતાનો જે દુષ્કાલ હતો તેને તુરત શાંત કર્યો અને ધાટાં પાખંડોરૂપી પ્રચંડ તડકાઓને તોડી નાખ્યા.[1] ૧૭૨.

शान्तानां सुभटाः कपालिकपतद्ग्राहग्रहव्यापृताः
काणादप्रतिहारिणः क्षपणकक्षोणीशवैतालिकाः ।
सामन्ताश्च दिगम्बरान्वयभुवश्चार्वाकवंशाङ्कुरा
नव्याः केचिदलं मुनीश्वरगिरा नीताः कथाशेषताम् ॥ १७३ ॥

કેટલાએક વાદીઓ કે જેઓ પાતંજલ લોકોના સુભટોરૂપ હતા, કાપાલિક લોકોના થૂંકદાની ઉપાડનારા ભૃત્યોરૂપ હતા, કાણાદ લોકોના દ્વારપાલરૂપ હતા, ક્ષપણક લોકોરૂપી રાજાઓના બંદીજનોરૂપ હતા, જૈન લોકોના વંશજોના ખંડીઆરૂપ હતા અને ચાર્વાકના વંશના નવીન અંકુરોરૂપ હતા તેઓને શ્રીશંકરાચાર્યની ગિરાએ કથામાં જ (વાતમાં જ) અવશેષ રહેલા કરી નાખ્યા. (નષ્ટ કરી નાખ્યા.) ૧૭૩.

इति सकलदिशासु द्वैतवार्तानिवृत्तौ स्वयमथ परितस्तारायमद्वैतवर्त्म ।
प्रतिदिनमपि कुर्वन्सर्वसंदेहमोक्षं रविरिव तिमिरौघे संप्रशान्ते महः स्वम् ॥ १७४ ॥

એ પ્રમાણે સઘળી દિશાઓમાં દ્વૈત વાતની પણ નિવૃત્તિ થતાં પ્રત્યેક દિવસે સઘળાઓના સંદેહોને તોડી નાખતા શંકરાચાર્યે જેમ સૂર્ય અંધકારનો સમૂહ શાંત થયા પછી પોતાના તેજનો વિસ્તાર કરે તેમ અદ્વૈત માર્ગનો વિસ્તાર કર્યો[2][3]. ૧૭૪.

इति श्रीमाधवीये तत्तदाशाजयकौतुकी ।
संक्षेपशंकरजये सर्गः पञ्चदशोऽभवत् ॥ १५ ॥

એ પ્રમાણે શ્રીમાધવાચાર્યે રચેલા સંક્ષેપશંકરજયમાં શંકરાચાર્યે કરેલા તે તે દિશાઓના વિજયરૂપી કૌતુકના વર્ણનસંબંધી પંદરમો સર્ગ સંપૂર્ણ થયો. ૧૫.

अथ षोडशः सर्गः ।

अथ यदा जितवान्यतिशेखरोऽभिनवगुप्तमनुत्तममान्त्रिकम् ।
स तु तदाऽपजितो यतिगोचरं हतमनाः कृतवानपगोरणम् ॥ १ ॥

શંકરાચાર્યે મોટા મંત્રશાસ્ત્રી અભિનવગુપ્તને જ્યારે જીત્યો ત્યારે હારી જવાથી મનોભંગને પામેલા તે અભિનવગુપ્તે શંકરાચાર્યને મારી નાખવાનો ઉદ્યમ કર્યો. ૧.

स ततोऽभिचचार मूढबुद्धिर्यतिशार्दूलममुं प्ररूढरोषः ।
अचिकित्स्यतमो भिषग्भिरस्मादजनिष्टास्य भगंदराख्यरोगः ॥ २ ॥

મૂઢ બુદ્ધિવાળા અને ક્રોધથી વ્યાપ્ત થએલા એ અભિનવગુપ્તે શ્રીશંકરાચાર્ય ઉપર અભિચાર પ્રયોગ કર્યો તેથી શંકરાચાર્યને જેમાં કોઈ રીતે વૈદ્યોની ચિકિત્સા લાગુ ન પડે એવો ભગંદર નામનો રોગ ઉત્પન્ન થયો. ૨.

अचिकित्स्यभगंदराख्यरोगप्रसरच्छोणितपङ्किलस्वशाट्याः ।
अजुगुप्सविशोधनादिरूपां परिचर्यामकृतास्य तोटकार्यः ॥ ३ ॥

---

૧ સાંગપરંપરિતરૂપક અલંકાર છે.—સાહિત્યદર્પણ, કારિકા ૬૭૨. ૨ માલિની વૃત્ત. ૩ ઉપમા અલંકાર છે.-જુઓ આ ગ્રંથનું પૃષ્ઠ ૨ જું. ૪ દ્રુતવિલંબિત. ૫ વસંતમાલિકા.

એ સમયે તોટકાચાર્ય જેમાં ચિકિત્સા લાગુ ન પડે એવા ભગંદર નામના રોગને લીધે વારંવાર લોહીથી ભીજાઈ જાતા વસ્ત્રને અત્યંત સ્વચ્છ કરી આપવા આદિરૂપ ગુરુની સેવા કરવા લાગ્યા. ૩.

भगंदरव्याधिनिपीडितं गुरुं निरीक्ष्य शिष्याः समबोधयञ्शनैः ।
नोपेक्षणीयो भगवन्महामयस्त्वपीडितः शत्रुरिवर्धिमाप्नुयात् ॥ ४ ॥

ગુરુને ભગંદરથી પીડાએલા જોઈ તેમના શિષ્યો તેમને ધીરે ધીરે સમજાવવા લાગ્યા કે "મહારાજ, આ મોટો રોગ ઉપેક્ષા કરવા યોગ્ય નથી. રોગને જો દબાવીએ નહિ તો તે રોગ નહિ દબાવેલા શત્રુની પેઠે વૃદ્ધિ પામ્યા વગર રહે નહિ. ૪.

ममत्वहानाद्भवता शरीरके न गण्यते व्याधिकृताऽऽर्तिरीदृशी ।
पश्यन्त एवान्तिकवर्तिनो वयं भृशातुराः स्मः सहसा व्यथासहाः ॥ ५ ॥

આપને શરીરમાં મમતા નથી તેથી આપ રોગે કરેલી આવી પીડાને ગણકારતા નથી પણ પાસે રહેનારા અમો આ પીડાને જોતાં જ સહસા આપની વ્યથા નહિ ખમીશકાયાને લીધે અત્યંત આતુર થઈ જઈએ છીએ. ૫.

चिकित्सका व्याधिनिदानकोविदाः संप्रच्छनीया भगवन्नितस्ततः ।
प्रत्यक्षवत्संप्रति सन्ति पूरुषा जीवातुवेदे गदितार्थसिद्धिदाः ॥ ६ ॥

મહારાજ, દેશોદેશમાં વ્યાધિઓનું નિદાન જાણવામાં વિચક્ષણતા ધરાવનારા વૈદ્યોને આ વિષયમાં પૂછગાછ કરવી યોગ્ય છે. આ સમયમાં પણ [2]આયુર્વેદમાં કહ્યા પ્રમાણે પ્રત્યક્ષ સિદ્ધિ દેખાડનારા પુરુષો છે ખરા. ૬.

उपेक्षमाणेऽपि गुरावनास्थया शरीरकादौ सुखमात्मनीश्वरैः ।
नोपेक्षणीयं गुरुदुःखदृश्वभिर्दुःखं विनेयैरिति शास्त्रनिश्चयः ॥ ७ ॥

ગુરુ શરીરઉપર મમતા નહિ હોવાને લીધે શરીરના સુખની ઉપેક્ષા કરતા હોય તોપણ ગુરુનું દુઃખ જોનારા સમર્થ શિષ્યોએ તે ગુરુના દુઃખની ઉપેક્ષા નહિ કરવી જોઈએ એવો ધર્મશાસ્ત્રોનો નિશ્ચય છે. ૭.

स्वस्थे भवत्पादसरोरुहद्वये स्वस्था वयं यन्मधुपायिवृत्तयः ।
तस्माद्भवेत्तावकविग्रहो यथा स्वस्थस्तथा वाञ्छति पूज्य नो मनः ॥ ८ ॥

આપનાં ચરણકમલો કે જેઓમાં અમો ભ્રમરની પેઠે વર્તિએ છિએ તેઓની સ્વસ્થતા હોય તો જ અમારી સ્વસ્થતા રહે એટલા માટે હે પૂજ્ય, આપનું શરીર જેમ સ્વસ્થ થાય તેમ કરવાને અમારૂં મન ઇચ્છે છે." ૮.

व्याधिर्हि जन्मान्तरपापपाको भोगेन तस्मात् क्षपणीय एषः ।
अभुज्यमानः पुरुषं न मुञ्चेज्जन्मान्तरेऽपीति हि शास्त्रवादः ॥ ९ ॥

એ પ્રમાણે શિષ્યોનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્ય બોલ્યા કે "આ વ્યાધિ જન્માંતરનાં પાપનાં ફલરૂપ છે એટલામાટે આ વ્યાધિને ભોગથી જ નાશ પમાડવો યોગ્ય છે. ભોગવાયો ન હોય તો જન્માંતરમાં પણ પુરુષને છોડે નહિ એમ શાસ્ત્રો કહે છે. ૯.

व्याधिर्द्विधाऽसौ कथितो हि विद्भिः कर्मोद्भवो धातुकृतस्तथेति ।
आद्यक्षयः कर्मण एव लीनाच्चिकित्सया स्यादपरोदितस्य ॥ १० ॥

---

૧ ઉપજાતિ. ૨ આયુર્વેદ એ અથર્વ વેદનું એક ઉપાંગ છે, બ્રહ્માજીએ તેને એક લક્ષ શ્લોકથી પ્રથમ રચ્યો હતો. ૩ ઈંદ્રવજ્રા. ૪ ઉપજાતિ.

એક કર્મોથી થએલ અને બીજો વાત આદિ ધાતુઓના પ્રકોપથી થએલ એમ બે પ્રકારનો વ્યાધિ વિદ્વાનોએ કહેલ છે તેમાં પહેલા પ્રકારનો વ્યાધિ કર્મના નાશથી જ નાશ પામે છે અને બીજા પ્રકારનો વ્યાધિ ચિકિત્સાથી નાશ પામે છે. ૧૦.

संक्षीयतां कर्मण एव संक्षयाद्व्याधिः प्रवृत्तो न चिकित्स्यते मया ।
पतेच्छरीरं यदि तन्निमित्ततः पतत्ववश्यं न बिभेमि किंचन ॥ ११ ॥

આ મારો વ્યાધિ કર્મથી થએલ છે માટે કર્મના ક્ષયથી જ તેનો ક્ષય થવા દો. મારે ચિકિત્સા કરાવવી જ નથી. કદાચ આ વ્યાધિથી મારૂં શરીર પડવાનું હોય તો ભલે પડી જાય એથી હું કાંઈ પણ બ્હીતો નથી." ૧૧.

[1]सत्यं गुरो ते न शरीरलोभः स्पृहालुता नस्तु चिराय तस्मै ।
त्वज्जीवनेनैव हि जीवनं नः पाथश्चराणां जलमेव तद्धि ॥ १२ ॥

એ પ્રમાણે શ્રીશંકરાચાર્યનાં વચન સાંભળી શિષ્યો બોલ્યા કે—"હે ગુરો, સાચી વાત છે. આપને શરીરનો કાંઈ પણ લોભ નથી પણ અમો આપનું શરીર લાંબા કાલસુધી રહે એમ ઇચ્છીએ છીએ. કારણ કે જેમ જલચર જંતુઓનું જલ જ જીવન છે તેમ આપનું જીવન એ જ અમારૂં જીવન છે. ૧૨.

स्वयं कृतार्थाः परतुष्टिहेतोः कुर्वन्ति सन्तो निजदेहरक्षाम् ।
तस्माच्छरीरं परिरक्षणीयं त्वयाऽपि लोकस्य हिताय विद्वन् ॥ १३ ॥

મહાત્મા પુરુષો પોતે કૃતાર્થ છતાં પણ બીજાઓને રાજી કરવા માટે પોતાના શરીરનું રક્ષણ કરે છે એટલા માટે હે વિદ્વન્, આપે પણ લોકોના કલ્યાણને વાસ્તે આપના શરીરનું રક્ષણ કરવું યોગ્ય છે." ૧૩.

निर्बन्धतो गुरुवरः प्रददावनुज्ञां दिग्भ्यो भिषग्वरसमानयनाय तेभ्यः ।
नत्वा गुरुं प्रतिदिशं प्रययुः प्रहृष्टाः शिष्याः प्रवासकुशला हरिभक्तिभाजः ॥ १४ ॥

આ પ્રમાણે શિષ્યોના આગ્રહ ઉપરથી શ્રીશંકરાચાર્યે દિશાઓમાંથી વૈદ્યોને બોલાવી લાવવા વાસ્તે તેઓને આજ્ઞા કરી. પ્રવાસમાં કુશલ અને વિષ્ણુનું ભજન કરનારા તે શિષ્યો ગુરુની આજ્ઞાથી રાજી થઈ ગુરુને પ્રમાણ કરી વૈદ્યોનો શોધ કરવાને વાસ્તે પ્રત્યેક દિશાઓમાં ગયા.૧૪.

प्रायो नृपं कविजना भिषजो वदान्यं वित्तार्थिनः प्रतिदिनं कुशला जुषन्ते ।
तस्मादमी नृपपुरेषु निरीक्षणीया इत्येव चेतसि मनोरथमादधानाः ॥ १५ ॥

ચિકિત્સા કરવામાં નિપુણ વિદ્વાન્ વૈદ્યો ઘણું કરીને ધનની ઇચ્છાથી ઉદાર રાજાનું જ સેવન કરે છે માટે રાજધાનીઓમાં તેઓની નિરીક્ષા કરવી એમ ચિત્તમાં ધારીને તે શિષ્યો રાજધાનીઓમાં ફરવા લાગ્યા. ૧૫.

[2]तेऽतीत्य देशान्बहुलान्स्वकार्यसिद्ध्यै क्वचिद्राजपुरो भिषग्भिः ।
अवाप्य संदर्शनभाषणानि समानयंस्तान्गुरुवर्यपार्श्वम् ॥ १६ ॥

એ શિષ્યો પોતાનાં કાર્યની સિદ્ધિને વાસ્તે ઘણા દેશો ફરી કોઈ રાજધાનીમાં ગયા ત્યાં તેઓને ઉત્તમ વૈદ્યોનાં દર્શન અને ભાષણ મળવાથી તેઓ તેમને ગુરુવર્યની પાસે લાવ્યા. ૧૬.

ततो द्विजेन्द्रैर्निजसेवकैस्तान्संतोषितान्स्वाभिमतार्थदानैः ।
यदत्र कर्तव्यमुदीर्यतां तत्कुर्मः स्वशक्त्येतिवदाञ्जगौ सः ॥ १७ ॥

૧ વસંતતિલકા. ૨ ઉપજાતિ.

પછી શ્રીશંકરાચાર્યના સેવક ઉત્તમ બ્રાહ્મણોએ જોઇતા પદાર્થો આપીને સંતુષ્ટ કરેલા તે વૈદ્યોએ 'જે કરવાનું હોય તે કહો એટલે અમો અમારી શક્તિપ્રમાણે કરિયે' એમ વિજ્ઞપ્તિ કરતાં શ્રીશંકરાચાર્યે તેઓને નીચે પ્રમાણે કહ્યું:—૧૭.

उपगुदं भिषजः परिबाधते गद उदेत्य तनुं तनुमध्यगः ।
यदिदमस्य विधेयमिदं ध्रुवं वदत रोगतमस्तिमिरारयः ॥ १८ ॥

"હે રોગરૂપી અંધકારને મટાડવામાં સૂર્ય સરખા સદ્વૈદ્યો, આ રોગ શરીરની અંદર ગુદની પાસે ઉદય પામીને શરીરને પીડે છે માટે આ રોગને વાસ્તે જે કાંઈ ઔષધ અવશ્ય લાગુ પડે એવું હોય તે કહો. ૧૮.

चिरमुपेक्षितवानहमेतकं दुरितजोऽयमिति प्रतिभाति मे ।
तदपि शिष्यगणैर्निरहिंस्यहं प्रहितवान्भवदानयनाय तान् ॥ १९ ॥

મને તો આ રોગ પાપકર્મથી ઉદય પામેલો લાગે છે એટલા માટે મેં તો લાંબા કાલ-સુધી આ રોગની ઉપેક્ષા કરી પણ શિષ્યલોકોએ મારા ઉપર દબાણ કરવાથી મેં તમોને બોલાવી લાવવાને વાસ્તે શિષ્યોને મોકલ્યા હતા." ૧૯.

निगदिते मुनिनेति भिषग्वरा विदधिरे बहुधा गदसत्क्रियाः ।
न च शशाम गदो बहुतापदो विमनसः पटवो भिषजोऽभवन् ॥ २० ॥

આ પ્રમાણે શ્રીશંકરાચાર્યનાં વચનો સાંભળી એ ઉત્તમ વૈદ્યોએ ઘણાઘણા પ્રકારેથી તે ભગંદર રોગની ચિકિત્સાઓ કરી પણ બહુ દુઃખ દેનારો એ રોગ શાંત થયો નહિ કે જેથી વૈદ્યો પણ મુંઝાઈ ગયા. ૨૦.

अथ मुनिर्विमनस्त्वसमन्वितानिदमवोचत सिद्धभिषग्वरान् ।
अटत गेहमगात्समयो बहुर्गदहृते भवतामितरायुषाम् ॥ २१ ॥
दिनचयं गणयन्पथिलोचनः प्रियजनो निवसेद्विरहातुरः ।
नरपतिर्भवतां शरणं ध्रुवं स च विदेशगमं श्रुतवान्यदि ॥ २२ ॥
रुषितवान्न च वो वितरेन्नृपः पणितजीवितमक्षतशासनः ।
तुरगवन्नृपतिश्चलमानसो भिषजमन्यमसौ विदधीत वा ॥ २३ ॥
जनपदो विरलो गदहारकैर्बहुलरुग्णजनः प्रकृतेरतः ।
मृगयते भवतो भवतां गृहे गदिजनः सहितुं गदमक्षमः ॥ २४ ॥
पितृकृता जनिरस्य शरीरिणः समवनं गदहारिषु तिष्ठति ।
जनितमप्यफलं भिषजं विना भिषगसौ हरिरेव तनूभृतः ॥ २५ ॥

પછી મનમાં ખેદ પામેલા એ સિદ્ધ વૈદ્યરાજોને શ્રીશંકરાચાર્યે કહ્યું કે "તમો તમારે ઘેર જાઓ. તમો કે જેઓ બીજાઓનાં જીવિતરૂપ છો તેઓને મારા રોગનું હરણ કરવાના ઉદ્યોગમાં ઘણો સમય વીતી ગયો. વિરહથી આતુર થએલાં તમારાં પ્રિયજનો દિવસો ગણતાં હશે અને વારંવાર માર્ગ ઉપર દૃષ્ટિ કરયા કરતાં હશે. તેમ જ તમારા આશ્રયરૂપ જે રાજા છે તે જો તમારૂં પરદેશમાં આવવાનું સાંભળશે તો ક્રોધથી તમને કહેલી જીવાઈ નહિ આપે અથવા બીજા વૈદ્યોને નોકર રાખી લેશે. કારણ કે રાજાનું ચિત્ત ઘોડાની પેઠે ચંચલ હોય છે અને તેની આજ્ઞાનો ભંગ થતો નથી. દેશમાં સ્વાભાવિક રીતે રોગી લોકો ઘણા હોય છે અને વૈદ્યો થોડા હોય

---

૧ દ્રુતવિલંબિત.

છે એટલા માટે રોગી લોકો રોગોનું સહન નહિ થવાને લીધે તમારાં ઘરોમાં તમને શોધતા ફ- રતા હશે. પ્રાણીના શરીરને જન્મ આપનાર પિતા છે પણ તે શરીરનું રક્ષણ વૈદ્યોને આધીન છે. જન્મ થયા છતાં પણ જો વૈદ્ય ન મળે તો જન્મેલું શરીર નકામું જ છે એટલા માટે વૈદ્ય, પ્રાણીઓએ વિષ્ણુની પેઠે સેવવા યોગ્ય છે." ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫.

यदुदितं भवता वितथं न तत्तदपि न क्षमते व्रजितुं मनः ।
सुरभुवं प्रविहाय मनुष्यगां व्रजितुमिच्छति कोऽत्र नरः सुधीः ॥ २६ ॥

એ પ્રમાણે શ્રીશંકરાચાર્યનાં વચનો સાંભળી વૈદ્યો બોલ્યા કે "આપે જે કહ્યું તે સાચું છે તો પણ અમોને અહિંથી જવાનું મન થતું નથી. જગતમાં કયો બુદ્ધિમાન માણસ દેવલોકને છોડીને મનુષ્યલોકમાં જવા ઇચ્છે?" ૨૬.

[1]इति निगद्य ययुर्भिषजां गणा विमनसः पटवोऽपि निजान्गृहान् ।
अथ मुनिर्विजहन्ममतां तनौ गुरुवरो गुरुदुःखमसोढ सः ॥ २७ ॥

વિચક્ષણ છતાં પણ ઉપાય નહિ લાગવાને લીધે ખેદ પામેલા તે વૈદ્યો એટલાં વચન બો- લીને પાછા પોતપોતાને ઘેર ગયા અને ગુરુઓમાં શ્રેષ્ઠ શ્રીશંકરાચાર્યે દેહમાં મમતા છોડી દઇને મોટા દુઃખનું સહન કરવા લાગ્યા. ૨૭.

प्रथितैरवनौ परःसहस्रैरगदंकारचयैरथाचिकित्स्ये ।
प्रबले सति हा भगंदराख्ये स्मरति स्म स्मरशासनं मुनींद्रः ॥ २८ ॥

પૃથ્વીમાં પ્રખ્યાતિ પામેલા હજારો વૈદ્યોથી પણ જેની ચિકિત્સા થઈ શકી નહિ એવો એ ભગંદર રોગ પ્રબલ થતાં હાય, મુનીંદ્ર પીડાથી મુંઝાઈને સદાશિવનું સ્મરણ કરવા લાગ્યા. ૨૮.

स्मरशासनशासनान्नियुक्तौ द्विजवेषं प्रविधाय भूमिमाप्तौ ।
उपसेदतुरश्विनौ च देवौ सुभुजौ साञ्जनलोचनौ सुपुस्तौ ॥ २९ ॥

પછી સદાશિવે અશ્વિનીકુમાર નામના બે દેવવૈદ્યોને આજ્ઞા કરતાં તેઓ સુંદર ભુજોવાળા, નેત્રોમાં અંજનવાળા અને ઉત્તમ પુસ્તકને ધરનારા બે બ્રાહ્મણ જાતના વૈદ્યોનું રૂપ ધરીને પૃથ્વી ઉપર શ્રીશંકરાચાર્યની પાસે આવ્યા. ૨૯.

यतिवर्य चिकित्सितुं न शक्या परकृत्या जनिता हि ते रुगेषा ।
इति तं समुदीर्य योगिवर्यं विबुधौ तौ प्रतिजग्मतुर्यथेतम् ॥ ३० ॥

તેઓએ બેસીને શ્રીશંકરાચાર્યને કહ્યું કે 'હે સંન્યાસીઓમાં ઉત્તમ, આ તમારો રોગ શ- ત્રુએ કરેલા અભિચારથી ઉત્પન્ન થએલ છે માટે તે ચિકિત્સા કરવાને અશક્ય છે' એ પ્રમાણે યોગિયોમાં ઉત્તમ શ્રીશંકરાચાર્યને કહિને તે બે દેવો જેમ આવ્યા હતા તેમ પાછા ગયા. ૩૦.

तदनु स्वगुरोर्गदापनुत्यै परमन्त्रं तु जजाप जातमन्युः ।
मुहुरार्यपदेन वार्यमाणोऽप्यरिवर्गेऽप्यनुकम्पिनाब्जपादः ॥ ३१ ॥

પછી શત્રુઓના વર્ગઉપર પણ દયા રાખનારા શ્રીશંકરાચાર્યે વારંવાર વારતાં છતાં પણ જેને શત્રુ ઉપર ક્રોધ ચડયો હતો એવા પદ્મપાદે પોતાના ગુરુ શંકરાચાર્યનો રોગ મટાડવાને વાસ્તે ચમત્કારી મંત્રનો[2] જપ કર્યો. ૩૧.

[1] વસંતમાલિકા. [2] "तारमेव जपेद्भिक्षुर्यथाकालमतन्द्रितः । मन्त्रान्तरे नाधिकारः श्रूयते स्मर्यते यतेः ॥"—કહ્યું છે કે ભિક્ષુકોએ આળસ મુકીને યથાકાળ તારકમંત્રનો જપ કરવો કારણકે ભિક્ષુકોને બીજા મંત્રનેવિષે અધિકાર નથી એમ સંભળાય છે ને સ્મરણ કરાય છે.

अमुनैव ततो गदेन नीचः प्रतियातेन हतो ममार गुप्तः ।
मतिपूर्वकृतो महानुभावेष्वनयः कस्य भवेत्सुखोपलब्ध्यै ॥ ३२ ॥

આ જપના પ્રભાવને લીધે શંકરાચાર્યના શરીરમાંથી રોગ પાછો વળી અભિનવગુપ્તના શરીરમાં પેઠો અને તેથી તે નીચ અભિનવગુપ્ત મરી ગયો. મહાત્મા પુરુષને જાણીને કરેલો અપરાધ કોને સુખ આપે? કોઈને પણ આપે નહિ[1] ૩૨.

स्वस्थः सोऽयं ब्रह्म सायं कदाचिद्ध्यायन्गङ्गापूरसङ्गार्द्रवातैः ॥
आगच्छन्तं सैकते प्रत्यगच्छद्योगीशानं गौडपादाभिधानम् ॥ ३३ ॥

પછી સ્વસ્થ થએલા શ્રીશંકરાચાર્ય કોઈ દિવસે સાયંકાલે પરબ્રહ્મનું અનુસંધાન કરતા હતા તે સમયે ગંગાજીના પ્રવાહના સંગથી આર્દ્ર થએલા પવનોની સાથે[3] રેતીમાં ચાલ્યા આવતા ગૌડપાદ નામના મોટા યોગી તેમના જોવામાં આવ્યા. ૩૩.

पाणौ फुल्लश्वेतपङ्केरुहश्रीमैत्रीपात्रीभूतभासा घटेन ।
आराद्राजत्कैरवानन्दसंध्यारागारक्ताम्भोदलीलां दधानम् ॥ ३४ ॥

એ ગૌડપાદ જેની કાંતિમાં પોતાના હાથમાં રહેલા પ્રફુલ્લિત ધોળા કમલની શોભાની ઝાંઈ લાગી હતી એવા રાતા કમંડલુથી, કૈરવ નામના રાત્રિવિકાસી શ્વેત કમલને પ્રફુલ્લિત કરનારી સંધ્યાકાલની રતાશથી રંગાએલા મેઘની લીલાનું ધારણ કરતા હતા[4]. ૩૪.

पाणौ शोणाम्भोजबुद्ध्यासमन्ताद्भ्राम्यद्भृङ्गीमण्डलीतुल्यकुल्याम् ।
अङ्गुल्यग्रासङ्गिरुद्राक्षमालामङ्गुष्ठाग्रेणासकृद्भ्रामयन्तम् ॥ ३५ ॥

આંગળીઓના અગ્રમાં રહેલી રુદ્રાક્ષોની માલા કે જે હાથમાં રાતા કમલની ભ્રાંતિથી[5] જાણે ચારે કોર ભમતી ભ્રમરીઓની મંડલી હોય એવી લાગતી[6] હતી તેને અંગુઠાના અગ્રથી વારંવાર ફેરવતા હતા. ૩૫.

आर्यस्याथो गौडपादस्य पादावभ्यर्च्यासौ शंकरः पङ्कजाभौ ।
भक्तिश्रद्धासंभ्रमाक्रान्तचेताः प्रह्वस्तस्थावग्रतः प्राञ्जलिः सन् ॥ ३६ ॥

પછી ભક્તિને લીધે તથા શ્રદ્ધાને લીધે થએલા સંભ્રમથી દબાએલા ચિત્તવાળા શ્રીશંકરાચાર્ય એ મહાત્મા ગૌડપાદના ચરણોનું પૂજન કરી હાથ જોડી નમ્ર થઈને તેમની પાસે ઉભા રહ્યા. ૩૬.

सिञ्चन्नेनं क्षीरवाराशिवीचीसाचिव्यायाऽऽसन्नयत्नैः कटाक्षैः ।
दन्तज्योत्स्नादन्तुराश्चापि कुर्वन्नाशाः सूक्तिं संदधे गौडपादः ॥ ३७ ॥

જાણે ક્ષીરસમુદ્રના તરંગોની તુલ્યતા મેળવનાને વાસ્તે યત્ન કરતા હોય[7] એવા કટાક્ષોથી શ્રીશંકરાચાર્ય ઉપર સેચન કરતા અને દિશાઓને દાંતની કાંતિથી ધોળી[8] કરી મેલતા ગૌડપાદે તેમને નીચે પ્રમાણે પૂછ્યું. ૩૭.

---

૧ અર્થાંતરન્યાસ અલંકાર. ૨ શાલિનિ વૃત્ત. ૩ સહોક્તિ અલંકાર છે. ૪ પદાર્થવૃત્તિનિદર્શના અલંકાર છે.–જુવો આ ગ્રંથના ૭ મા સર્ગના ૭૮ મા શ્લોકની ટીકા. ૫ ભ્રાંતિ અલંકાર છે. स्यात्स्मृतिभ्रान्तिसंदेहैस्तदंकालंकृतित्रयम् ।'—ચમત્કાર ભરેલા સ્મૃતિના વર્ણનથી સ્મૃતિ અલંકાર, ચમત્કાર ભરેલાં ભ્રાંતિ વર્ણનથી ભ્રાંતિ અલંકાર અને ચમત્કાર ભરેલા સંદેહના વર્ણનથી સંદેહ અલંકાર થાય.—કુવલયાનંદ, કારિકા ૨૩. ૬ રુદ્રાક્ષની માલામાં ભ્રમરીઓની મંડલીની સંભાવના કરી છે તેથી ઉત્પ્રેક્ષા અલંકાર છે.—કુવલયાનંદ, કારિકા ૩૧. ૭ ઉત્પ્રેક્ષા અલંકાર છે. ૮ દિશાઓમાં તેઓના શ્યામત્વરૂપ ગુણોનો ત્યાગ થઇને દાંતની કાંતિના ધોળાપણારૂપ ગુણ પ્રાપ્ત થયાનું વર્ણન કર્યું છે તેથી તદ્ગુણ અલંકાર છે. "तद्गुणः स्वगुणत्यागादन्यदीयगुणग्रहः।"—પોતાના ગુણનો ત્યાગ થઇને અન્યના ગુણનું ગ્રહણ થાય એ તદ્ગુણ અલંકાર કહેવાય છે.—કુવલયાનંદ, કારિકા ૧૪૦.

कच्चित्सर्वां वेत्सि गोविन्दनाम्नो हृद्यां विद्यां संसृदुद्धारकृद्याम् ।
कच्चित्तत्त्वं तत्त्वमानन्दरूपं नित्यं सच्चिन्निर्मलं वेत्सि वेद्यम् ॥ ३८ ॥

"ગોવિંદાચાર્યની સઘળી સુંદર વિદ્યાનું અનુસંધાન કરોછો કે જે વિદ્યા સંસારમાંથી ઉદ્ધાર કરનારી છે. જે તત્ત્વ આનંદરૂપ, નિત્ય, સદ્રૂપ, ચિદ્રૂપ, નિર્મલ અને જાણવા યોગ્ય છે તેને જાણો છો? ૩૮.

भक्त्या युक्ताः स्वानुरक्ता विरक्ताः शान्ता दान्ताः संततं श्रद्दधानाः ।
कच्चित्तत्त्वज्ञानकामा विनीता शुश्रूषन्ते शिष्यवर्या गुरुं त्वाम् ॥ ३९ ॥

ભક્તિવાળા, આત્મસ્વરૂપમાં અનુરાગવાળા, વૈરાગ્યવાળા, શાંતિવાળા, જીતેંદ્રિય, નિરંતર શ્રદ્ધાવાળા, નમ્રતાવાળા અને તત્ત્વના જ્ઞાનની ઇચ્છાવાળા ઉત્તમ શિષ્યો, તમે કે ઉત્તમ ગુરુ છો તેમની યોગ્ય સેવા કરે છે? ૩૯.

कच्चिन्नित्याः शत्रवो निर्जितास्ते कच्चित्प्राप्ताः सद्गुणाः शान्तिपूर्वाः ।
कच्चिद्योगः साधितोऽष्टाङ्गयुक्तः कच्चिच्चित्तं साधुचित्तत्त्वगं ते ॥ ४० ॥

તમે કામ ક્રોધ આદિ નિત્ય શત્રુઓને હરાવ્યા છે? શાંતિ આદિ સદ્ગુણોને મેળવ્યા છે, આઠ[1] અંગોવાળો યોગ સાધ્યો છે, અને તમારૂં ચિત્ત સારી રીતે તત્ત્વમાં લાગેલું રહે છે?" ૪૦.

इत्यद्वैताचार्यवर्येण तेन प्रेम्णा पृष्टः शंकरः साधुशीलः ।
भक्त्युद्रेकाद्बाष्पपर्याकुलाक्षो बध्नन्मूर्द्धन्यञ्जलिं व्याजहार ॥ ४१ ॥

અદ્વૈતના આચાર્યોમાં ઉત્તમ એ ગૌડપાદે એ પ્રમાણે પ્રેમથી પૂછતાં જેમનાં નેત્રો ભક્તિના અતિશયને લીધે આંસુઓથી વ્યાકુલ થઈ ગયાં એવા સુશીલ **શ્રી**શંકરાચાર્યે પોતાના મસ્તક ઉપર અંજલિ કરીને નીચે પ્રમાણે ઉત્તર આપ્યો. ૪૧.

यद्यत्पृष्टं स्पष्टमाचार्यपादैस्तत्तत्सर्वं भो भविष्यत्यवश्यम् ।
कारुण्याब्धेः कल्पयुष्मत्कटाक्षैर्दृष्टस्याऽऽहुर्दुर्लभं किन्नु जन्तोः ॥ ४२ ॥

"મહારાજ, આપે જે જે કાંઈ પૂછ્યું તે સઘળું મને અવસ્ય પ્રાપ્ત થશે. આપ જેના ઉપર કરુણાના સમુદ્ર સરખા કટાક્ષોથી અવલોકન કરો તે જીવને શી વસ્તુ દુર્લભ રહે છે? કોઈ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી એમ કહેવાય છે. ૪૨.

मूको वाग्मी मन्दधीः पण्डिताग्र्यः पापाचारः पुण्यनिष्ठेषु गण्यः ।
कामासक्तः कीर्तिमान्निस्पृहाणामार्यापाङ्गालोकतः स्यात्क्षणेन ॥ ४३ ॥

આપના કટાક્ષ પડવાથી ક્ષણમાત્રમાં મૂંગો પણ ઉત્તમ ભાષણ કરનાર થઈ જાય છે, મંદબુદ્ધિવાળો પણ પંડિત થાય છે, દુષ્ટ આચરણોવાળો પણ ધર્માત્માઓમાં ગણવા યોગ્ય થઈ જાય છે અને વિષયોમાં આસક્ત હોય તે પણ નિઃસ્પૃહ લોકોની કીર્તિને મેળવે છે. ૪૩.

लेशं वाऽपि ज्ञातुमिष्टे पुमान्कः सीमातीतस्याद्य युष्मन्महिम्नः ।
तुष्टाऽत्यन्तं तत्त्वविद्योपदेष्टा जातः साक्षाद्यस्य वैयासकिः सः ॥ ४४ ॥
आजन्यात्मज्ञानसिद्धं यमारादौदासीन्याज्जातमात्रं व्रजन्तम् ।
प्रेमावेशात्पुत्र पुत्रेति शोचन्पाराशर्यः पृष्ठतोऽनुप्रपेदे ॥ ४५ ॥
यश्चाऽऽहूतो योगभाष्यप्रणेत्रा पित्रा प्राप्तः सप्रपञ्चैकभावम् ।
सर्वाहन्ताशीलनाद्योगभूमेः प्रत्याक्रोशं प्रातनोद्वृक्षरूपः ॥ ४६ ॥

---

[1] યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. એ યોગનાં આઠ અંગો છે.

तत्तादृक्षज्ञानपाथोधियुष्मत्पादद्वन्द्वं पद्मसौहार्दहृद्यम् ।
दैवादेतद्दीनदृग्गोचरं चेद्भक्तस्यैतद्भागधेयं ह्यमेयम् ॥ ४७ ॥

સ્વાભાવિક આત્મજ્ઞાનથી સિદ્ધ થએલા શુકદેવજી કે જે ઉદાસીનપણાને લીધે જનમતાંવેત જ પાસેથી ચાલી નીકળતાં પ્રેમના આવેશને લીધે શોક કરતા વેદવ્યાસ 'હે પુત્ર! હે પુત્ર!' એમ બોલાવતા બોલાવતા પાછળ ગયા હતા અને એ પ્રમાણે યોગસૂત્રનું ભાષ્ય કરનારા પિતાજીએ (વેદવ્યાસે) બોલાવતાં સર્વમાં અહંભાવના અભ્યાસથી સર્વની સાથે એકતા પામેલા જે શુકદેવજીએ યોગસિદ્ધને લીધે વૃક્ષોમાં વ્યાપીને વૃક્ષોના મુખથી તેમને પ્રત્યુત્તર આપ્યો હતો[1] તે શુકદેવજીના શિષ્ય અને જ્ઞાનના સમુદ્રરૂપ આપનાં કમલો જેવાં સુંદર આચરણો દૈવગતિથી આ રાંકની (મારી) દૃષ્ટિના વિષયરૂપ થયાં તેથી આ ભક્તનું (મારૂં) ભાગ્ય અપાર છે એમ સિદ્ધ થાય છે." ૪૪, ૪૫, ૪૬, ૪૭.

इत्याकर्ण्याथाब्रवीद्गौडपादो वत्स श्रुत्वा वास्तवांस्त्वद्गुणौघान् ।

द्रष्टुं शान्तस्वान्तवन्तं मम त्वां गाढोत्कण्ठागर्भितं चित्तमासीत् ॥ ४८ ॥

એ પ્રમાણે શ્રીશંકરાચાર્યનાં વચનો સાંભળી, ગૌડપાદે કહ્યું કે, હે પુત્ર, હે વિદ્વાન્, તમારા વાસ્તવિક ગુણોના સમૂહોને સાંભળી, તમે કે જે શાંત મનવાળા છો તેમને જોવા માટે મારૂં ચિત્ત બહુ ઉત્કંઠાથી ભરપૂર થઈ રહ્યું હતું અને તેમાં વળી મારી કારિકાઓરૂપ કમલોને પ્રફુલ્લિત કરવામાં પ્રાતઃકાલના સૂર્યરૂપ ભાષ્ય આદિ નિબંધો તમે કરેલા છે એમ ગોવિંદના મુખથી સાંભળવામાં આવતાં અત્યંત રાજી થઈને હું આજ તમારી દૃષ્ટિ આગળ આવ્યો છું." ૪૮.

कृतास्त्वया भाष्यमुखा निबन्धा मत्कारिकावारिजनुःसुखार्काः ।
श्रुत्वेति गोविन्दमुखात्प्रहृष्य दृगध्वनीनोऽस्मि तवाद्य विद्वन् ॥ ४९ ॥
इति स्फुटं प्रोक्तवते विनीतः सोऽश्रावयद्भाष्यमशेषमस्मै ।
विशिष्य माण्डूक्यगभाष्ययुग्मं श्रुत्वा प्रहृष्यन्निदमब्रवीत्तम् ॥ ५० ॥

એ પ્રમાણે ગૌડપાદાચાર્યે સ્ફુટ રીતે બોલતાં નમ્રતાવાળા શ્રીશંકરાચાર્યે પોતે કરેલાં સઘળાં ભાષ્યો તેમને સંભળાવ્યાં. એઓમાં માંડૂક્ય ઉપનિષદ્‌ની શ્રુતિઓનાં ભાષ્યને અને તે શ્રુતિઓની સાથે સંબંધ રાખતી પોતે કરેલી (ગૌડપાદે કરેલી) કારિકાઓનાં ભાષ્યને વિશેષે કરી સાંભળી અત્યંત રાજી થએલા ગૌડપાદાચાર્યે શ્રીશંકરાચાર્યને નીચે પ્રમાણે કહ્યું:—૪૯, ૫૦.

मत्कारिकाभावविभेदिताद्दृङ्माण्डूक्यभाष्यश्रवणोत्थहर्षः ।[3]
दातुं वरं ते विदुषां वराय प्रोत्साहयत्याशु वरं वृणीष्व ॥ ५१ ॥

"મારી કારિકાઓના અભિપ્રાયનું યથાર્થ વિવેચન કરનારાં માંડૂક્ય ભાષ્યો સાંભળવાથી મારા ચિત્તમાં ઉત્પન્ન થએલો હર્ષ તમે કે જે વિદ્વાનોમાં ઉત્તમ છો તેમને વર દેવરાવવા માટે મને ઉત્સાહ આપે છે માટે તુરત કાંઈક વરદાન માગો." ૫૧.

---

૧ આવી જ કથા ભાગવતમાં પણ છે:—"यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव । पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुस्तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ॥"—ત્યાગ કરીને જતા એવા, કોઈ જેની સાથે નથી એવા, જેને કર્મ કરવાનાં રહ્યાં નથી એવા, જે પુત્રવિના વિરહથી વ્યાકુલ થયેલા વ્યાસજીએ 'હે પુત્ર' એ રીતે ઉંચે સ્વરે સાદ કર્યો ત્યારે તે મુનિરૂપ વૃક્ષોએ ઉત્તર આપ્યો, તે સર્વભૂતનાં અંતરમાં રહેલા મુનિ શુકદેવને હું પ્રણામ કરૂંછું.—ભાગવત, પ્રથમસ્કંધ, અધ્યાય ૨, શ્લોક ૨. ૨ ઉપજાતિ. ૩ ઇંદ્રવજ્રા.

स प्राह पर्यायशुकर्षिमीक्ष्य भवन्तमद्राक्षमतिष्यपूरुषम् ।
वरः परः कोऽस्ति तथाऽपि चिन्तनं चित्तत्वगं मेऽस्तु गुरो निरन्तरम् ॥ ५२ ॥

એ પ્રમાણે ગૌડપાદાચાર્યનાં વચન સાંભળી શ્રીશંકરાચાર્ય બોલ્યા કે, "હે ગુરો, આપ કે જે મહર્ષિ શુકદેવજીના રૂપાંતરરૂપ છો તેમનાં દર્શન મળવાથી વિષ્ણુનાં જ દર્શન મળ્યાં માનુંછું તો એ દર્શનથી અધિક બીજું કયું વરદાન છે ? કોઈ પણ નથી. તો પણ માગુંછું કે મારૂં ચિત્ત નિરંતર બ્રહ્મતત્ત્વમાં જ રહેજો." ૫૨.

तथेतिसोऽन्तर्धिमपास्तमोहे गते चिरंजीविमुनावथासौ ।
वृत्तान्तमेतं स मुदाऽऽश्रवेभ्यः संश्रावयंस्तां क्षणदामनैषीत् ॥ ५३ ॥

મોહને દૂર કરનારાએ ચિરંજીવિ મુનિ (ગૌડપાદ) तथास्तु એમ કહિને અંતર્હિત થઈ જતાં શ્રીશંકરાચાર્યે પ્રેમથી પોતાના શિષ્યોને એ વૃત્તાંત સંભળાવતાં જ તે રાત્રિ કહાડી. ૫૩.

अथ द्युनद्यामुषसि क्षमीन्द्रो निर्वर्त्य नित्यं विधिवत्स शिष्यैः ।
तीरे निदिध्यासनलालसोऽभूदत्रान्तरेऽश्रूयत लोकवार्ता ॥ ५४ ॥

પછી પ્રાતઃકાલ થતાં શ્રીશંકરાચાર્યે ગંગાજીમાં પોતાના શિષ્યોની સાથે વિધિપૂર્વક પોતાનું નિત્યકર્મ ચાલુ કરી ગંગાજીના તીરપર બેસીને પરબ્રહ્મનું નિદિધ્યાસન (એકાગ્રતાથી ચિંતન) કરવા ધારતા હતા. તેટલામાં નીચે પ્રમાણે લોકવાર્તા સાંભળવામાં આવી. ૫૪.

जम्बूद्वीपं शस्यतेऽस्यां पृथिव्यां तत्राप्येतन्मण्डलं भारताख्यम् ।
काश्मीराख्यं मण्डलं तत्र शस्तं यत्राऽऽस्तेऽसौ शारदा वागधीशा ॥ ५५ ॥

"આ પૃથ્વીમાં જંબૂદ્વીપ શ્રેષ્ઠ છે, તેમાં પણ ભરતખંડ શ્રેષ્ઠ છે અને તેમાં પણ કાશ્મીર નામનો દેશ સર્વોત્તમ છે કે જ્યાં વાણીનાં ઈશ્વિરી શારદા (સરસ્વતી) દેવી રહ્યાં છે. ૫૫.

द्वारैर्युक्तं मण्डपैस्तच्चतुर्भिर्देव्या गेहं यत्र सर्वज्ञपीठम् ।
यत्राऽऽरोहे सर्वविसज्जनानां नान्ये सर्वे यत्प्रवेष्टुं क्षमन्ते ॥ ५६ ॥

એ દેવીનું મંદીર મંડપમાં ચાર દ્વારોથી યુક્ત છે, અને તેની માંહે સર્વજ્ઞપીઠ, એવા નામનું આસન છે. જે માણસ સર્વજ્ઞ અને અત્યંત પવિત્ર હોય તે જ એ પીઠ ઉપર ચઢી શકે છે. સર્વજ્ઞ વિના બીજા તો કોઈ પણ એ સ્થાનમાં પ્રવેશ કરવાને પણ સમર્થ થતા નથી. ૫૬.

प्राच्याः प्राच्यां पश्चिमाः पश्चिमायां ये चोदीच्यास्तामुदीचीं प्रपन्नाः ।
सर्वज्ञास्तद्वारमुद्धाटयन्तो दाक्षा नद्धं नो तदुद्धाटयन्ति ॥ ५७ ॥

પૂર્વ દેશના સર્વજ્ઞોએ આવીને એ સ્થાનનું પૂર્વદ્વાર ઉઘાડ્યું છે, પશ્ચિમ દેશના સર્વજ્ઞોએ આવીને પશ્ચિમદ્વાર ઉઘાડ્યું છે, અને ઉત્તર દેશના સર્વજ્ઞોએ આવીને ઉત્તરદ્વાર ઉઘાડ્યું છે, પણ દક્ષિણ દેશના કોઇ લોકો સર્વજ્ઞ નહિ હોવાથી એ દેવાલયના દક્ષિણદ્વારને ઉઘાડી શક્યા નથી." ૫૭.

वार्तामुपश्रुत्य सदाक्षिणात्यो मानं तदीयं परिमातुमिच्छन् ।
काश्मीरदेशाय जगाम हृष्टः श्रीशङ्करो द्वारमपावरीतुम् ॥ ५८ ॥

એ વાત સાંભળી દક્ષિણ દેશમાં ઉત્પન્ન થએલા શરીરવાળા શ્રીશંકરાચાર્ય 'એ વાત સાચી કે ખોટી છે?' એ નિશ્ચય કરવા સારૂ તથા તે વાત સાચી હોય તો પોતે સર્વજ્ઞ હોવાથી તે દ્વારને ઉઘાડવા સારૂ આનંદથી કાશ્મીર દેશમાં પધાર્યા. ૫૮.

---

૧ ઉપજાતિ. ૨ શાલિની.

द्वारं पिनद्धं किल दाक्षिणात्यं न सन्ति विद्वांस इतीह दाक्षाः ।
तां किं वदन्तीं विफलां विधातुं जगाम देवीनिलयाय हृष्यन् ॥ ५९ ॥

'દક્ષિણ દિશાનું દ્વાર બંધ જ છે અને દક્ષિણ દેશમાં જન્મેલા કોઈ સર્વજ્ઞ વિદ્વાનો છે જ નહિ' એ અફવાને ખોટી પાડવા સારૂ શ્રીશંકરાચાર્ય રાજી થતા થતા એ દેવીના મંદિરની પાસે પધાર્યા. ૫૯.

वादिव्रातगजेन्द्रदुर्मदघटादुर्गर्वसङ्कर्षणः
श्रीमच्छङ्करदेशिकेन्द्रमृगराडायाति सर्वार्थवित् ।
दूरं गच्छत वादिदुःशठगजाः संन्यासदंष्ट्रायुधो
वेदान्तोरुवनाश्रयस्तदपरं द्वैतं वनं भक्षति ॥ ६० ॥

करटतटान्तवान्तमदसौरभसारभरस्खलदलिसंभ्रमद्रजविजृम्भितनैजबलः ।
हरिरिव जम्बुकानतिमन्दमतीन्कुजनानपि खलु नाक्षिगोचरयतीह यतिर्हतकान् ॥ ६१ ॥

ત્યાં જતાં શ્રીશંકરાચાર્ય પોતાના છડીદાર પાસે પોકારાવતા હતા કે "વાદીઓના સમૂહોરૂપી મોટા હાથિયોના દુષ્ટ મદોની ઘટાઓથી થએલા ગર્વને સારીપેઠે તોડનારા, સઘળા શાસ્ત્રીય વિષયોને જાણનારા, સંન્યાસરૂપી દાઢના આયુધવાળા અને વેદાંતરૂપી મોટા વનમાં રહેનારા શ્રીશંકરાચાર્યરૂપ સિંહ આવે છે માટે હે વાદીઓરૂપ દુષ્ટ હાથિયો, દૂર જતા રહો. એ સિંહ દ્વૈતનું પ્રતિપાલન કરનારા શાસ્ત્રોરૂપ વનને ખાઈ જાય છે. ગંડસ્થલના છેડામાંથી નીકળતા મદના સુગંધના સ્વાદોના સમૂહમાં લથડતા ભ્રમરોએ વ્યાકુલ કરેલા હાથીઓ ઉપર પોતાના બલનો મહાપ્રયોગ કરનારો મદોન્મત્ત સિંહ જેમ શિયાળિયાઓની ઉપર દૃષ્ટિ પણ ન કરે તેમ શ્રીશંકરાચાર્ય અલ્પમતિવાળા અભાગિયા વાદીઓ ઉપર તો દૃષ્ટિ પણ કરતા નથી." ૬૦, ૬૧.

संश्रावयन्नध्वनि देशिकेन्द्रः श्रीदक्षिणद्वारभुवं प्रपेदे ।
कवाटमुद्घाट्य निवेष्टुकामं ससंभ्रमं वादिगणो न्यरौत्सीत् ॥ ६२ ॥

એ રીતે માર્ગમાં પોતાની પ્રશસ્તિ બોલાવતા શ્રીશંકરાચાર્યે દક્ષિણદ્વારની પાસે આવી કમાડ ઉઘાડીને અંદર પેસવાની ઇચ્છા કરી તે સમયમાં સંભ્રમપૂર્વક અનેક વાદી વિદ્વાનોએ તેમને અટકાવ્યા. ૬૨.

अथाब्रवीद्वादिगणः स देशिकं किमर्थमेवं बहुसंभ्रमक्रिया ।
यदत्र कार्यं तदुदीर्यतां शनैर्न संभ्रमः कर्तुमलं तदीप्सितम् ॥ ६३ ॥

એ વાદીઓએ શ્રીશંકરાચાર્યને કહ્યું કે "આવી વધુ ઉતાવળ અને ગડબડ શા માટે કરોછો? જે અહિં કહેવાનું છે તે ધીરેધીરે કહો. ઉતાવળ અને ગડબડ, ધારેલું કામ કરી દેવાને સમર્થ થતી નથી." ૬૩.

यः कश्चिदेत्येतु परीक्षितुं चेद्वेदाखिलं नाविदितं ममाणु ।
इत्थं भवान्वक्ति समुन्नतीच्छो दत्त्वा परीक्षां व्रज देवतालयम् ॥ ६४ ॥

શ્રીશંકરાચાર્ય બોલ્યા કે "જો કોઈજણ મારી પરીક્ષા લેવા આવતો હોય તો ભલે આવે,

૧ આખ્યાનકી. ૨ શાર્દૂલવિક્રીડિત. ૩ નર્કુટક છંદઃ ચાર ચરણ, પ્રત્યેક ચરણમાં ૧૭ અક્ષર, ન જ ભ જ જ ગણ અને એક લઘુ તથા એક ગુરુ હોય છે. ૪ ઉપજાતિ. ૫ વંશસ્થ.

હું સઘળું જાણુંછું. અણુમાત્ર પણ મારાથી અજાણ્યું નથી." વાદીઓ બોલ્યા કે "હે ઉન્નતિની ઇચ્છાવાળા, જો તમે આમ કહોછો તો પરીક્ષા આપીને દેવાલયમાં જજો." ૬૪.

षड्भाववादी कणभुक्मतस्थः पप्रच्छ तं स्वीयरहस्यमेकम् ।
संयोगभाजः परमाणुयुग्माज्जातं हि सूक्ष्मं द्व्यणुकं मतं नः ॥ ६५ ॥
यस्मादणुत्वं तदुपाश्रितं तज्जायेत कस्माद्वद सर्वविच्चेत् ।
नो चेत्प्रभुत्वं तव वक्तुमेते सर्वज्ञभाषां विहितां कथन्ते ॥ ६६ ॥

એ સાંભળી પરીક્ષા આપવા માટે શ્રીશંકરાચાર્ય ઉભા રહેતાં દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય એ છ પદાર્થોને કહેનારા કણાદના મતના એક પણ્ડિતે તેમને પોતાના મતનું એક રહસ્ય પૂછ્યું કે "સંયોગ પામેલાં બે પરમાણુઓમાંથી સૂક્ષ્મ દ્વ્યણુક ઉત્પન્ન થએલ છે એમ અમો માનિયે છીએ તો તે દ્વ્યણુકમાં જે અણુપણું છે તે શામાંથી ઉત્પન્ન થયું છે એ જો તું સર્વજ્ઞ હોય તો કહે. એનો ઉત્તર કહેવાની જો તારામાં શક્તિ ન હોય તો અમો સમજીશું કે તારા આ શિષ્ય તારા સર્વજ્ઞપણાની કેવલ ઘરમેળે ઠરાવી રાખેલી મિથ્યા બોલી જ બોલે છે." ૬૫, ૬૬.

या द्वित्वसंख्या परमाणुनिष्ठा सा कारणं तस्य गतस्य मात्रा ।
इतीरिते तद्वचनं प्रपूज्य स्वयं न्यवर्तिष्ट कणादलक्ष्मीः ॥ ६७ ॥

શ્રીશંકરાચાર્યે ઉત્તર દીધું કે "પરમાણુઓમાં બેપણાંરૂપ જે સંખ્યા રહી છે તે સંખ્યામાંથી દ્વ્યણુકમાં રહેલું અણુપણું ઉત્પન્ન થયું છે." સઘળું જાણનારા શ્રીશંકરાચાર્યે આ પ્રમાણે ઉત્તર આપતાં કણાદ લોકોની શોભારૂપ એ પંડિત તે ઉત્તરનાં વખાણ કરીને પોતાની મેળે જ પાછો વળી ગયો. ૬૭.

तत्रापि नैय्यायिक आत्तगर्वः कणादपक्षाच्चरणाक्षपक्षे ।
मुक्तेर्विशेषं वद सर्वविच्चेन्नो चेत्प्रतिज्ञां त्यज सर्ववित्त्वे ॥ ६८ ॥

પછી ગૌતમના મતને અનુસરનારા એક અભિમાની નૈય્યાયિકે શ્રીશંકરાચાર્યને પૂછ્યું કે "જો તમે સર્વજ્ઞ હો તો કહો કે કણાદના મતથી ગૌતમના મતમાં મુક્તિનો શો વિશેષ છે. જો ઉત્તર દેવાની શક્તિ ન હોય તો સર્વજ્ઞપણાની પ્રતિજ્ઞા છોડી દો." ૬૮.

अत्यन्तनाशे गुणसंगतेर्या स्थितिर्नभोवत्कणभक्षपक्षे ।
मुक्तिस्तदीये चरणाक्षपक्षे साऽऽनन्दसंवित्सहिता विमुक्तिः ॥ ६९ ॥
पदार्थभेदः स्फुट एव सिद्धस्तथेश्वरः सर्वजगद्विधाता ।
स ईशवादीत्युदितेऽभिनन्द्य नैय्यायिकोऽपि न्यवृतन्निरोधात् ॥ ७० ॥

શ્રીશંકરાચાર્યે ઉત્તર દીધું કે "ગુણોના સંબંધનો અત્યંત નાશ થતાં આકાશની પેઠે જે સ્થિતિ થાય તે મુક્તિ છે એમ કણાદે માન્યું છે અને ગુણોના સંબંધનો અત્યંત નાશ થતાં આનંદના અનુભવ સહિત જે આકાશની પેઠે સ્થિતિ તે મુક્તિ છે એમ ગૌતમે માન્યું છે. કણાદના મતમાં [2]સાત પદાર્થો છે અને ગૌતમના મતમા [3]સોળ પદાર્થો છે. એ ભેદ તો સ્પષ્ટ જ છે.

૧ ઉપજાતિ. ૨ 'द्रव्यगुणकर्मसामान्यविशेषसमवायाभावाः सप्त पदार्थाः ।'–દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ. ૩ 'प्रमाणप्रमेयसंशयप्रयोजनदृष्टान्तसिद्धान्तावयवतर्कनिर्णयवादजल्पवितण्डाहेत्वाभासच्छलजातिनिग्रहस्थानानां तत्त्वज्ञानान्निःश्रेयसाधिगमः ।'–પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ અને નિગ્રહસ્થાન.

ઈશ્વર સર્વ જગતનું નિમિત્ત કારણ છે એ વાત બન્ને મતમાં સરખી જ છે." શ્રીશંકરાચાર્યે આ પ્રમાણે ઉત્તર આપતાં તે નૈયાયિકે તેમને અટકાવવાં છોડી દિધાં. ૬૯, ૭૦.

तं कापिलः प्राह च मूलयोनिः किं वा स्वतन्त्रा चिदधिष्ठिता वा ।
जगन्निदानं वद सर्ववित्त्वान्नो चेत्प्रवेशस्तव दुर्लभः स्यात् ॥ ७१ ॥

પછી સાંખ્ય મતના પંડિતે શ્રીશંકરાચાર્યને પૂછ્યું કે "અમારા મતમાં જગતના મૂલ કારણરૂપ જે પ્રકૃતિ છે તે સ્વતંત્ર રીતે જગતનું કારણ છે કે ચૈતન્યથી અધિષ્ઠિત થઈને જગતનું કારણ છે? તું જો સર્વજ્ઞ હોય તો આ પ્રશ્નનો ઉત્તર દે. ઉત્તર નહિ દેવાય તો ત્હારે આ દેવાલયમાં પેસવું દુર્લભ છે." ૭૧.

सा विश्वयोनिर्बहुरूपभागिनी स्वयं स्वतन्त्रा त्रिगुणात्मिका सती ।
इत्येव सिद्धान्तगतिस्तु कापिली वेदान्तपक्षे परतन्त्रता मता ॥ ७२ ॥

શ્રીશંકરાચાર્યે ઉત્તર દીધું કે "ઘણાં રૂપોવાળી ત્રિગુણાત્મક એ પ્રકૃતિ સ્વતંત્ર રીતે જગતનું કારણ છે એમ સાંખ્યના આચાર્ય કપિલનો સિદ્ધાંત છે અને વેદાંતપક્ષમાં તે પ્રકૃતિને પરતંત્ર માનવામાં આવે છે." ૭૨

ततो नदन्तो न्यरुधन्सगर्वा दत्त्वा परीक्षां व्रज धाम देव्याः ।
बौद्धास्तथा संप्रथिताः पृथिव्यां बाह्यार्थविज्ञानकशून्यवादैः ॥ ७३ ॥

પછી [1]બાહ્યાર્થવાદ, [2]વિજ્ઞાનવાદ અને [3]શૂન્યવાદ એઓથી પૃથ્વીમાં પ્રખ્યાત થએલા સૌત્રાંતિક, વૈભાષિક, યોગાચાર્ય અને માધ્યમિક મતવાળા અભિમાની બૌદ્ધોએ ગર્જના કરી શ્રીશંકરાચાર્યને અટકાવીને કહ્યું કે "પરીક્ષા આપીને દેવીના મંદિરમાં જજો." ૭૩.

बाह्यार्थवादो द्विविधस्तदन्तरं वाच्यं विविक्षुर्यदि देवतालयम् ।
विज्ञानवादस्य च किं विभेदकं भवन्मताद्ब्रूहि ततः परं व्रज ॥ ७४ ॥

બાહ્યાર્થવાદી બૌદ્ધે પૂછ્યું કે "તમારે જો દેવાલયમાં પેસવાની ઇચ્છા હોય તો બાહ્યાર્થવાદ કે જે બે પ્રકારનો છે તેમાં પરસ્પર શો ભેદ છે અને તમારા મતમાં વિજ્ઞાનવાદથી શી જુદાઈ છે તે કહિને મંદિરમાં પેસો." ૭૪.

सौत्रान्तिको वक्ति हि वेद्यजातं लिङ्गाधिगम्यं त्वितरोऽक्षिगम्यम् ।
तयोस्तयोर्भङ्गुरता विशिष्टा भेदः कियान्वेदनवेद्यभागी ॥ ७५ ॥
विज्ञानवादी क्षणिकत्वमेषामङ्गीचकारापि बहुत्वमेषः ।
वेदान्तवादी स्थिरसंविदेकेत्यङ्गीचकारेति महान्विशेषः ॥ ७६ ॥

શ્રીશંકરાચાર્યે ઉત્તર આપ્યું કે "સૌત્રાંતિક પદાર્થમાત્રને અનુમાનથી ગમ્ય માને છે અને વૈભાષિક પદાર્થમાત્રને પ્રત્યક્ષથી ગમ્ય માને છે. એ બન્ને મતોમાં પદાર્થોને ક્ષણભંગુર માન-

---

૧ સઘળા પદાર્થો મનની અંદર નથી પણ બહાર છે એવું નિરૂપણ. ૨ સઘળા પદાર્થોરૂપ વિજ્ઞાન એટલે અનંત બુદ્ધિઓ જ દેખાય છે એવું નિરૂપણ. ૩ સઘળું શૂન્ય જ છે એવું નિરૂપણ. ૪ ઇંદ્રવજ્રા.

વામાં તો તુલ્યતા છે પણ પદાર્થોની પ્રમિતિ કરવાનાં સાધનોમાં ઉપર પ્રમાણે કેટલોક ભેદ છે. વિજ્ઞાનવાદી બૌદ્ધ વિજ્ઞાનોને ક્ષણિક તથા ઘણાં માને છે અને વેદાંત પક્ષમાં વિજ્ઞાનને સ્થિર તથા એક જ માનેલું છે એ મોટો વિશેષ છે." ૭૫, ૭૬.

१२.५१ [1]अथाब्रवीद्दिग्वसनानुसारी रहस्यमेकं वद सर्वविच्चेत् ।
यदस्तिकायोत्तरशब्दवाच्यं तत्किं मतेऽस्मिन्वद देशिकाऽऽशु ॥ ७७ ॥

પછી દિગંબરના મતને અનુસરનારા એક જૈન પંડિતે શ્રીશંકરાચાર્યને પોતાનું એક રહસ્ય પૂછ્યું કે "હે આચાર્ય, તમે જો સઘળું જાણતા હો તો અમારા મતમાં જેઓની પાછળ 'અસ્તિકાય' શબ્દ લાગે છે એવા શબ્દોથી શું શું કહેવાય છે તે કહો." ૭૭.

[2]तत्राऽऽह देशिकवरः शृणु रोचते चेज्जीवादिपञ्चकमभीष्टमुदाहरन्ति ।
१२.५२ तच्छब्दवाच्यमिति जैनमतेऽप्रशस्ते यद्यस्ति बोद्धुमपरं कथयाऽऽशु तन्मे ॥७८॥

શ્રીશંકરાચાર્યે ઉત્તર આપ્યું કે "જો ત્હારી એવી રુચિ હોય તો સાંભળ. જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ પાંચ શબ્દોથી અનુક્રમે જીવ, પૃથ્વી આદિ ચાર ભૂતો સહિત સ્થાવર જંગમ, ધર્મ, અધર્મ અને આકાશ કહેવાય છે. ત્હારો મત કે જે દુષ્ટ છે તેમાં બીજું પણ કાંઈ જાણવાની ત્હારે ઈચ્છા હોય તો તે પણ શીઘ્ર બોલ."૭૮.

१२.५३ [3]दत्तोत्तरे वादिगणे तु बाह्ये बभाण कश्चित्किल जैमिनीयः ।
शब्दः किमात्मा वद जैमिनीये द्रव्यं गुणो वेति ततो व्रज त्वम् ॥ ७९ ॥

એ પ્રમાણે વેદથી બાહ્ય રહેનારા વાદીઓને ઉત્તરો દેવાઈ ગયા પછી કોઈ જૈમિનિના સિદ્ધાંતવાળા મીમાંસકે શ્રીશંકરાચાર્યને પૂછ્યું કે "અમારા સિદ્ધાંતમાં શબ્દ એ દ્રવ્ય કે ગુણ છે? એ કહિને તું દેવાલયમાં જા." ૭૯.

१२.५४ [4]नित्या वर्णाः सर्वगाः श्रोत्रवेद्या यत्तद्रूपं शब्दजालं च नित्यम् ।
द्रव्यं व्यापीत्यब्रुवञ्जैमिनीया इत्येवं तं प्रोक्तवान्देशिकेन्द्रः ॥ ८० ॥

શ્રીશંકરાચાર્યે ઉત્તર આપ્યું કે "વર્ણો કે જેઓ નિત્ય છે, વ્યાપક છે અને શ્રોત્ર ઇંદ્રિયથી જણાય છે તેઓરૂપ શબ્દજાલ નિત્ય તથા વ્યાપક દ્રવ્ય છે એમ જૈમિનિના મતને અનુસરનારાઓ માને છે." ૮૦

१२.५५ [5]शास्त्रेषु सर्वेष्वपि दत्तवन्तं प्रत्युत्तरं तं समपूजयंस्ते ।
द्वारं समुद्घाट्य ददुश्च मार्गं ततो विवेशान्तरभूमिभागम् ॥ ८१ ॥

આ પ્રમાણે શ્રીશંકરાચાર્યે સઘળાં શાસ્ત્રોનાં પ્રત્યુત્તરો આપતાં સઘળા વાદીઓએ તેમનું પૂજન કર્યું અને દ્વાર ઉઘાડીને માર્ગ આપ્યો. પછી શ્રીશંકરાચાર્ય મંદિરની માંહેની ભૂમિમાં પધાર્યા. ૮૧.

[6]पाणौ सनन्दनमसाववलम्ब्य विद्याभद्रासनं तदवरोढुमनाश्चचाल ।
अत्रान्तरे विधिवधूर्विबुधाग्रगण्यमाचार्यशंकरमवोचदनङ्गवाचा ॥ ८२ ॥

---

૧ ઉપજાતિ. ૨ વસંતતિલકા. ૩ ઉપજાતિ. ૪ શાલિની. ૫ ઉપજાતિ. ૬ વસંતતિલકા.

શ્રીશંકરાચાર્ય પદ્મપાદનો હાથ પકડી સરસ્વતીના ભદ્રાસન ઉપર ચડવા લાગ્યા તે સમયે સરસ્વતીએ એ પંડિતોમાં અગ્રણી આચાર્યને આકાશવાણીથી નીચે પ્રમાણે કહ્યું:-૮૨.

सर्वज्ञता तेऽस्ति पुरैव यस्मात्सर्वत्र पर्यैक्षि भवान्न चेत्ते ।
विरञ्चिरूपान्तरविश्वरूपः शिष्यः कथं स्यात्प्रथिताग्रणीः सः ॥ ८३ ॥

'તમારા સર્વજ્ઞપણમાં કોઈ જાતનો સંશય નથી, કારણ કે એ પરીક્ષા તો પ્રથમ જ થઈ ચુકેલી છે. જો તમે સર્વજ્ઞ ન હો તો વિદ્વાનોમાં અગ્રણી અને બ્રહ્માના અવતારરૂપ મંડનમિશ્ર તમારા શિષ્ય કેમ થાય? ૮૩.

सर्वज्ञतैकैव भवेन्न हेतुः पीठाधिरोहे परिशुद्धता च ।
सा तेऽस्ति वा नेति विचार्यमेतत्तिष्ठ क्षणं त्वं कुरु साहसं मा ॥ ८४ ॥

પરંતુ એકલું સર્વજ્ઞપણું જ આ આસન ઉપર ચડવાને કારણ થાય એમ નથી પણ તેની સાથે સઘળી રીતે શુદ્ધપણું પણ જોઇએ છે, એ શુદ્ધપણું તમારામાં છે કે નહિ? એ વિચારવાનું છે માટે જરાવાર ઉભા રહો ઉતાવળ ન કરો. ૮૪.

त्वं चाङ्गनाः समुपभुज्य कलारहस्यप्रावीण्यभाजनमभूर्यतिधर्मनिष्ठः ।
आरोढुमीदृशपदं कथमर्हता ते सर्वज्ञतैव विमलत्वमपीह हेतुः ॥ ८५ ॥

તમે સંન્યાસી છતાં અમરક રાજાની સ્ત્રીઓને ભોગવીને કામદેવની કલાઓના રહસ્યમાં પ્રવીણતા મેળવીછે.[4] એટલા માટે આ આસન ઉપર ચડવવાની તમારી યોગ્યતા કેમ ગણાય? આ આસન ઉપર ચડવામાં સર્વજ્ઞપણાની સાથે નિર્મલપણાની પણ અગત્યતા છે.' ૮૫.

नास्मिञ्शरीरे कृतकिल्बिषोऽहं जन्मप्रभृत्यम्ब न संदिहेऽहम् ।
व्यधायि देहान्तरसंश्रयाद्यन्न तेन लिप्येत हि कर्मणाऽन्यः ॥ ८६ ॥

એ પ્રમાણે આકાશવાણી સાંભળીને શ્રીશંકરાચાર્ય બોલ્યા કે "હે માતાજી, આ શરીરમાં જન્મથી માંડીને મેં કોઈ પાપ કર્યું નથી એ વિષયમાં મને કશો સંદેહ નથી. મેં જે અમરક રાજાની સ્ત્રીઓનો ભોગ કર્યો હતો તે બીજો દેહ ધરીને કર્યો હતો માટે તે દેહના કર્મથી આ દેહને લેપ થવો નહિ જોઇએ." ૮૬.

इत्थं निरुत्तरपदां स विधाय देवीं सर्वज्ञपीठमधिरुह्य ननन्द सभ्यः ।
संभाजितोऽभवदसौ विबुधैश्च वाण्या गार्ग्या कहोलमुखरैरिव याज्ञवल्क्यः ॥ ८७ ॥

એ પ્રમાણે મહાસભ્ય શ્રીશંકરાચાર્યે સરસ્વતી દેવીને નિરુત્તર કરી સર્વજ્ઞના આસનઉપર ચડીને પ્રસન્ન થયા અને તે સમયે જેમ ગાર્ગીએ તથા કહોલ આદિ મુનિયોએ યાજ્ઞવલ્ક્યનો સત્કાર કર્યો હતો તેમ દેવતાઓએ તથા પંડિતોએ શ્રીશંકરાચાર્યનો સત્કાર કર્યો. ૮૭.

वादप्रादुर्विनोदप्रतिकथनसुधीवाददुर्वारतर्क-
न्यक्कारस्वैरधाटीभरितहरिदुपन्यस्तमाहानुभाव्यः ।
सर्वज्ञो वस्तुमर्हस्त्वमिति बहुमतः स्फारभारत्यमोघ-
श्लाघाजोघुष्यमाणो जयति यतिपतेः शारदापीठवासः ॥ ८८ ॥

૧ ઉપજાતિ. ૨ ઇંદ્રવજ્રા. ૩ વસંતતિલકા. ૪ શંકરાચાર્યે કામકલાઓમાં પ્રવીણતા મેળવવાને રસ્તે પોતાનો દેહ છોડી અમરક રાજાના શરીરમાં પ્રવેશ કરીને પ્રવીણતા મેળવીને પાછો જુનો દેહ લીધો હતો એ કથા આ ગ્રંથના ૧૦મા સર્ગમાં આવી ગઈ છે તે જુઓ. ૫ ઉપજાતિ. ૬ વસંતતિલકા. ૭ સ્રગ્ધરા વૃત્ત.

વાદ કરવામાં પ્રૌઢ વિનોદ ધરાવનારા પ્રતિવાદીઓની સાથે વાદ ચલાવતાં તેઓના દુર્વાર તર્કોનો તિરસ્કાર કરવામાં સ્વતંત્રતા ધરાવનારી વાદયુદ્ધની શૈલીઓથી વ્યાપ્ત થએલી સઘળી દિશાઓમાં મહાનુભાવપણાને સ્થાપનારા, 'તમે સર્વજ્ઞ હોવાથી આ પીઠમાં વસવા યોગ્ય છો' એમ શ્રીશંકરાચાર્યને કહિ સઘળાઓએ બહુ સત્કારેલો અને સઘળા લોકોએ વિશાલવાણીથી કરેલી સફલ પ્રશંસાથી અત્યંત પ્રસિદ્ધિ પામતો શ્રીશંકરાચાર્યનો વાસ શારદાપીઠમાં ભારે ઉત્કર્ષ પામ્યો. ૮૮.

कुत्राप्यासीत्प्रलीने क्षणचरणकथा कापिली कापि लीना
भग्नाऽभग्ना गुरूक्तीः क्वचिदजनि परं भट्टपादप्रवादः ।
भूमावायोगकाणादजनितमतमथाभूतवाग्भेदवार्ता
दुर्दान्तब्रह्मविद्यागुरुदुरुदकथादुदुम्भेर्धिधिमेतः ॥ ८९ ॥

ઉદ્ધત વાદીઓની સાથે ચાલેલી સરત ભરેલી શંકરાચાર્યની વાદ કથારૂપ દુંદુભિનો ધિમધિમ નાદ ચારે કોર પ્રસરતાં ગૌતમની ઉક્તિ ક્યાંય લીન થઈ ગઈ, કપિલની ઉક્તિ ક્યાંય સંતાઈ ગઈ, નહિ તુટેલી પ્રભાકરની ઉક્તિ પણ ભાગી ગઈ. ભટ્ટપાદનો પ્રવાદ પૃથ્વી ઉપર કોઈ સ્થલમાં જ રહ્યો અને પૃથ્વીમાં યોગના તથા વૈશેષિકના મત શીખે જે જે કોઈ દ્વૈતની વાર્તા હતી તે સઘળી અસત્યવાણીરૂપ થઈ ગઈ. ૮૯.

काणादः क्व प्रणादः क्व च कपिलवचः काक्षिपादप्रवादः
काप्यन्धा योगकन्था क्व गुरुरतिलघुः कापि भाट्टप्रघट्टम् ।
क्व द्वैताद्वैतवार्ता क्षपणकविवृतिः कापि पाषण्डषण्ड-
ध्वान्तध्वंसैकभानोर्जयति यतिपतेः शारदापीठवासे ॥ ९० ॥

પાખંડોના સમૂહરૂપ અંધકારનો ધ્વંસ કરવામાં મુખ્ય સૂર્યરૂપ શ્રીશંકરાચાર્યનો શારદાપીઠમાં વાસ ઉત્કર્ષ પામતાં કણાદનો નાદ ક્યાંય જતો રહ્યો, કપિલના વચનનો પત્તો જ મળ્યો નહિ, ગૌતમના પ્રવાદનું ઠેકાણું રહ્યું નહિ, અત્યંત હલકો પ્રભાકરનો વાદ ક્યાંય ગયો, ભટ્ટપાદનો પ્રઘટ્ટ ક્યાંય છુપી ગયો, ભેદાભેદની વાત જ રહિ નહિ અને જૈનોની વ્યાખ્યા નષ્ટ જ થઈ ગઈ. ૯૦.

[1]ततो दिविषदध्वनि त्वरितमध्वराशावली धुरंधरसमीरितत्रिदशपाणिकोणाहतः ।
अरुन्द्ध हरिदन्तरं स्वरभरैर्भ्रमत्सिन्धुभिर्घनाघनघनारवप्रथमबन्धुभिर्दुन्दुभिः ॥ ९१ ॥

આ સમયે આકાશમાં ત્વરિત, દેવતાઓના અધિપતિ ઈંદ્રે પ્રેરેલા દેવલોકોના હાથમાં રહેલી ડાંડીઓથી પ્રહાર પામેલા દુંદુભિએ મેઘની ધાટી ગર્જનના મોટા ભાઈ જેવા અને સમુદ્રને પણ ક્ષુબ્ધ કરી દેનારા નાદોના સમૂહોથી સઘળી દિશાઓનાં અંતરાલને રોકી દીધું. ૯૧.

[2]कचभरवहन पुलोमजायाः कतिचिदहान्यपगर्भकं यथा स्यात् ।
गुरुशिरसि तथा सुधाशनाः स्वस्तरुकुसुमान्यथ हर्षतोऽभ्यवर्षन् ॥ ९२ ॥

કેટલાએક દિવસો સુધી ઈંદ્રાણીનો ચોટલો પણ પુષ્પો ગૂંથ્યા વગરનો રહે એવી રીતે

૧ પૃથ્વી વૃત્ત. ૨ પુષ્પિતાગ્રા વૃત્ત.

દેવતાઓએ તે સમયે આનંદથી શ્રીશંકરાચાર્યને માથે કલ્પવૃક્ષોનાં પુષ્પોની વૃષ્ટિ[1] કરી (સઘળાં પુષ્પો શ્રીશંકરાચાર્ય ઉપર વરસાવ્યાં.) ૯૨.

इति मुनिरतितुष्टोऽध्युष्य सर्वज्ञपीठं निजमतगुरुतायै नो पुनर्मानहेतोः ।
कतिचन विनिवेश्याथर्श्यशृङ्गाश्रमादौ मुनिरथ बदरीं स प्राप कैश्चित्स्वशिष्यैः ॥९३॥

એ પ્રમાણે અત્યંત વૈરાગ્યવાળા શ્રીશંકરાચાર્ય પોતાનું માન વધારવાને વાસ્તે નહિ પણ પોતાના સિદ્ધાંતનું માન વધારવાને વાસ્તે સર્વજ્ઞ પીઠમાં રહિ અને તે પછી ઋષ્યશૃંગાશ્રમ આદિ મઠોમાં પોતાના કેટલાએક શિષ્યોનું સ્થાપન કરીને કેટલાએક શિષ્યોની સાથે બદરિકાશ્રમમાં પધાર્યા. ૯૩.

दिवसान्विनिनाय तत्र कांश्चित्स च पातञ्जलतन्त्रनिष्ठितेभ्यः ।
कृपयोपदिशन्स्वसूत्रभाष्यं विजितत्याजितसर्वदर्शनेभ्यः ॥ ९४ ॥

ત્યાં કેટલાએક યોગશાસ્ત્રના સિદ્ધાંતવાળાઓને જીતી લઈ, સઘળાં દ્વૈત શાસ્ત્રો સંબંધી આગ્રહ છોડાવી દઈ તેઓને કૃપાથી પોતાના સૂત્રભાષ્યનો અભ્યાસ કરાવતાં શંકરાચાર્યે કેટલાએક દિવસો વ્યતીત કર્યા. ૯૪.

नितरां पतिराडुडुराजकरप्रकरप्रचुरप्रसरस्वयशाः ।
स्वमयं समयं गमयन्नमयन्हृदयं सदयं सुधियां शुशुभे ॥ ९५ ॥

ચંદ્રકિરણોના સમૂહની પેઠે અત્યંત ફેલાએલી ઉજ્જવલ કીર્તિવાળા, આત્મવિચાર કરવામાં જ સમયનું નિર્ગમન કરતા અને દયા ભરેલી રીતે વિદ્વાનોનાં હૃદયોને વિનોદ આપતા એ શ્રીશંકરાચાર્ય તે સ્થલમાં અત્યંત શોભવા લાગ્યા. ૯૫.

एवंप्रकारैः कलिकल्मषघ्नैः शिवावतारस्य शुभैश्चरित्रैः ।
૨ **द्वात्रिंशदत्युज्ज्वलकीर्तिराशेः समा व्यतीयुः किल शंकरस्य ॥ ९६ ॥**

શંકરના અવતારરૂપ અને અત્યંત ઉજ્જવલ યશના સમૂહવાળા શ્રીશંકરાચાર્યને એવી રીતનાં કલિયુગના દોષોને તોડનારાં શુભ ચરિત્રો કરતાં કરતાં બત્રીશ[6] વર્ષો વ્યતીત થયાં. ૯૬.

भाष्यं भूष्यं सुशीलैरकलि कलिमलध्वंसि कैवल्यमूल्यं
हन्ताहंता समन्तात्कुमतिनतिकृता खण्डिता पण्डितानाम् ।
सद्यो विद्योतिताऽसौ विपथविमथनैर्मुक्तिपद्याऽनवद्या
श्रेयो भूयो बुधानामधिकतरमितः शंकरः किं करोतु ॥ ९७ ॥

સુશીલ પુરુષોએ શણગારની પેઠે ધરવા યોગ્ય, કલિયુગના દોષોનો ધ્વંસ કરનારૂં અને મોક્ષ જ જેનું મૂલ્ય થાય એવું ભાષ્ય બનાવ્યું, ચારેકોર દુર્બુદ્ધિ પુરુષોએ કરેલા નમસ્કારોથી વૃદ્ધિ પામેલી દ્વૈતવાદી પંડિતોની અહંતાને તોડી નાખી અને દુષ્ટમતોને મથી નાખીને તુરત નિ-

૧ ઈંદ્રાણીના ચોટલામાં ગૂંથવાને વાસ્તે પણ બચે નહિ એવી રીતે સઘળાં પુષ્પો વરસાવી દેવાનો સંબંધ નહિ છતાં પણ તે સંબંધની કલ્પના કરી છે માટે સંબંધાતિશયોકિત અલંકાર થયો છે. "संबन्धातिशयोक्तिः स्यादयोगे योगकल्पनम् ।"—સંબંધ નહિ છતાં સંબંધની કલ્પના કરી હોય તો સંબંધાતિશયોકિત અલંકાર થાય છે.-કુવલયાનંદ, કારિકા ૩. ૨ માલિની. ૩ વસંતમાલિકા. ૪ તોટક. ૫ આખ્યાનકી. ૬ "चतुर्वेद्यष्टमे वर्षे द्वादशे सर्वशास्त्रवित् । षोडशे सर्वदिग्जेता द्वा- त्रिंशेमुनिरत्यगात् ॥"—[redacted]ાર્ય આઠમે વર્ષે ચાર વેદના વેત્તા, [illegible] વર્ષે સર્વ શા[illegible] જાણ, સોળમે વર્ષે સર્વ[redacted]ા અને બત્રીશામા વર્ષે સ્વધામ [illegible]

દોષ મુક્તિના માર્ગનો પ્રકાશ કર્યો તો હવે શ્રીશંકરાચાર્યે એથી વધારે દેવતાઓનું કામ કરવું કયું રહ્યું? કશું રહ્યું નહિ. ૯૭.

[1]हन्ताऽशोभि यशोभरैस्त्रिजगतीमन्दारकुन्देन्दुभा--
मुक्ताहारपटीरहीरविहरन्नीहारतारानिभैः ।
कारुण्यामृतनिर्झरैः सुकृतिनां दैन्यानलः शून्यतां
नीतः शङ्करयोगिना किमधुना सौरभ्यमारभ्यताम् ॥ ९८ ॥

અહો! શ્રીશંકરાચાર્યે કલ્પવૃક્ષનાં પુષ્પો, કુંદપુષ્પો, ચંદ્રની કાંતિ, મોતીના હાર, ચંદન, હીરા, ચળકતું હિમ અને તારાઓ એઓના જેવા ઉજ્જવલ યશના સમૂહોથી ત્રૈલોક્યને શોભાવ્યું અને કરુણારૂપી અમૃતના ઝરાઓથી ધર્માત્મા શિષ્યોના દીનપણારૂપ અગ્નિને ઠારી નાખ્યો તો હવે જગત્‌માં એથી અધિક કઈ સુવાસના કરવાની હતી? ૯૮.

आक्रान्तानि दिगन्तराणि यशसा साधीयसा भूयसा
विस्मेराणि दिगन्तराणि रचितान्यत्यद्भुतैः क्रीडितैः ।
भक्ताः स्वेप्सितभुक्तिमुक्तिकलनोपायैः कृतार्थीकृता
भिक्षुक्ष्मापतिना किमन्यदधुना सौजन्यमातन्यताम् ॥ ९९ ॥

ઘણાઘણા સર્વોત્તમ યશથી સઘળી દિશાઓને વ્યાપ્ત કરી તથા અત્યંત અદ્દ્ભુત ચરિત્રોથી વિસ્મયયુક્ત પણ કરી અને પોતાના ભક્ત લોકોને જેવા જોઇએ તેવા ભક્તિની તથા મુક્તિની પ્રાપ્તિના ઉપાયોથી કૃતાર્થ કર્યા તો હવે સંન્યાસીઓના રાજા શ્રીશંકરાચાર્યે એથી વધારે બીજું કયું સૌજન્ય વિસ્તારવાનું રહ્યું? કશું રહ્યું નહિ. ૯૯.

[2]पारिकांक्षीश्वरोऽथापदुद्धारकं सेवमानातुलस्वस्तिविस्तारकम् ।
पापदावानलातापसंहारकं योगिवृन्दाधिपः प्राप केदारकम् ॥ १०० ॥

પછી બદરિકાશ્રમમાંથી યોગીઓના સમૂહના અધિપતિ મહાતપસ્વી શ્રીશંકરાચાર્ય કષ્ટોને ટાળનારા, પાપોરૂપી દાવાનલના ઘણા તાપને પણ હરનારા અને સેવન કરનારાઓના અતુલ કલ્યાણનો વિસ્તાર કરનારા શ્રીકેદારેશ્વરના સ્થલમાં પધાર્યા. ૧૦૦.

[3]तत्रातिशीतार्दितशिष्यसंघसंरक्षणायातुलितप्रभावः ।
तप्तोदकं प्रार्थयते स्म चन्द्रकलाधरात्तीर्थकरप्रधानः ॥ १०१ ॥

ત્યાં શાસ્ત્રકારોમાં મુખ્ય અને અતુલ પ્રભાવાળા શ્રીશંકરાચાર્યે અત્યંત ટાઢથી પીડાએલા પોતાના શિષ્યોના સમૂહનું રક્ષણ કરવા વાસ્તે સદાશિવની પાસેથી ઉના જલની પ્રાર્થના કરી. ૧૦૧.

[4]कर्मन्दिवृन्दपतिना गिरिशोऽर्थितः सन्संतप्तवारिलहरीं स्वपदारविन्दात् ।
प्रावर्तयत्प्रथयती यतिनाथकीर्तिर्याऽद्यापि तत्र समुदञ्चति तप्ततोया ॥ १०२ ॥

સંન્યાસીઓના અધિપતિ શ્રીશંકરાચાર્યની પ્રાર્થના ઉપરથી સદાશિવે પોતાના ચરણારવિંદમાંથી ઉના પાણીનો પ્રવાહ ચલાવ્યો કે જે પ્રવાહ અદ્યાપિ સુધી તપ્તતોયા એ નામથી ત્યાં પ્રખ્યાત છે અને શ્રીશંકરાચાર્યની કીર્તિનો પ્રકાશ કરે છે. ૧૦૨.

[5]इतिकृतसुरकार्यं नेतुमाजग्मुरेनं रजतशिखरिशृङ्गं तुङ्गमीशावतारम् ।
विधिशतमखचन्द्रोपेन्द्रवाय्वग्निपूर्वाः सुरनिकरवरेण्याः सर्षिसंघाःससिद्धाः ॥१०३॥

…લવિક્રીડિત. ૨ સ્રગ્વિણી. ૩ ઉપજાતિ. … માલિની.

એ પ્રમાણે જેમણે દેવતાઓનાં સઘળાં કામ પહોચી લીધાં એવા અને સદાશિવના [1]અવ-

---

૧ શંકર એ શિવનો અવતાર છે એવું શિવરહસ્ય, ૯, ૧૬માં નીચે પ્રમાણે કહ્યું છેઃ—

स्कन्द उवाच-"तदा गिरिजया पृष्टस्त्रिकालज्ञस्त्रिलोचनः । भविष्यच्छिवभक्तानां भक्तिं संवीक्ष्य विस्मये ॥ १ ॥ 'विस्मये जाते सति गिरिजया पृष्ट इति संबन्धः' । मौलिमान्दोलयन्देवो बभाषे वचनं मुने । शृणु त्वमेभिर्गणपैर्मुनिशिष्यैः सुरैस्तथा ॥ २ ॥ प्रभावं शिवभक्तानां भविष्याणां कलावपि ।

ईश्वर उवाच-शृणु देवि भविष्याणां भक्तानां चरितं कलौ ॥३॥ वदामि संग्रहेणैव श्रवणाद्भक्तिवर्धनम्। गोपनीयं प्रयत्नेन नाऽऽख्येयं यस्य कस्यचित् ॥४॥पापघ्नं पुण्यमायुष्यं श्रोतृणां मङ्गलावहम् । पापकर्मैकनिरतान्विरतान्सर्वकर्मसु॥५॥वर्णाश्रमपरिभ्रष्टान्धर्मप्रस्रवणाञ्जनान् । कल्यब्धौ मज्जमानांस्तान्दृष्ट्वाऽनुक्रोशतोऽम्बिके ॥ मदंशजातं देवेशि कलावपि तपोधनम् । केरलेषु तदा विप्रं जनयामि महेश्वरि ॥ ७ ॥ तस्यैव चरितं तेऽद्य वक्ष्यामि शृणु शैलजे । कलाविमे महादेवि सहस्राद्रितयात्परम् ॥ ८ ॥ सारस्वतास्तथा गौडा मिश्राः कार्णाञ्जिनो द्विजाः । आममीनाशना देवि आर्यावर्तानुवासिनः ॥ ९ ॥ औत्तरा विन्ध्यनिलया भविष्यन्ति महातले । शब्दार्थज्ञानकुशलास्तर्ककर्कशबुद्धयः ॥ १० ॥ जैना बुद्धा बुद्धियुता मीमांसानिरताः कलौ । वेदबोधदवाक्यानामन्यथैव प्ररोचकाः ॥ ११ ॥ 'वेदस्य बोधदान्यद्वैतबोधप्रदानि यानि वाक्यानि तेषामित्यर्थः' । प्रत्यक्षवादकुशलाः शल्यभूताः । मिश्राः शास्त्रमहाशस्त्रैरद्वैतोच्छेदिनोऽम्बिके ॥ १२ ॥ कर्मैव परमं श्रेयो नैवेशः फलदायकः । इति युक्तिपरामृष्टवाक्यैरुद्बोधयन्ति च ॥ १३ ॥ तेन घोराः कुलाचाराः कर्मभाराभवंस्तथा । 'कर्मभारा अभवन्निति पदयोरपि संधिरयं छान्दसः' । तेषामुद्घाटनार्थाय सृजामीशो मदंशनम् ॥ १४ ॥ केरले शशलग्रामे विप्रपत्न्यां मदंशतः । भविष्यति महादेवि शंकराख्यो द्विजोत्तमः ॥ १५ ॥ उपनीतस्तदा मात्रा वेदान्साङ्गान्ग्रहीष्यति । अब्दावधि ततः शब्दे विहृते स सुतर्कजाम् ॥१६॥ मतिं मीमांसमानोऽसौ कृत्वा शास्त्रेषु निश्चयम् । वादिमत्तद्विपवराञ्शंकरोत्तमकेसरी ॥ १७ ॥ भिनत्त्येव महाविद्यान्सिद्धविद्यानपि द्रुतम् । जैनान्विजिग्ये तरसा तथाऽन्या-

સ્કંદ કહે છેઃ—" ભવિષ્ય કાલમાં થનારા શંકરના ભક્તોની ભક્તિ જોઇને વિસ્મય પામ્યાં છતે તે વખતે પાર્વતીએ ત્રિકાલજ્ઞ અને ત્રિલોચન એવા શ્રીશંકરને તેનું કારણ પૂછ્યું. ૧. એટલે હે મુને, પોતાના મુકુટને ધુણાવતા એવા શ્રીશંકરે જે વચનો કહ્યાં તે કલિયુગમાં પણ થનારા શંકરના ભક્તોના પ્રભાવરૂપ વચનને તમે આ ગણપતિ, મુનિ, શિષ્ય અને દેવતાઓસહિત સાંભળો. ૨.

ઈશ્વર પાર્વતીને કહે છે કે, હે દેવી, કલિયુગમાં થનારા મારા ભક્તોનાં ચરિત્ર સાંભળો. (૩) સાંભળવાથી ભક્તિને વધારનારૂં અને પ્રયત્નથી રક્ષણ કરવા યોગ્ય, તે ચરિત્ર સંક્ષેપથી કહું છું માટે તમારે તે જેનેતેને કહેવું નહિ. ૪. વળી તે ચરિત્ર સાંભળનારના પાપને નાશ કરનારૂં, પુણ્યને આપનારૂં, આયુષ્યને વધારનારૂં અને મંગલકારી છે. એક તો પાપકર્મ કરવામાં આસક્ત થયેલા અને બીજા પુણ્યના કામથી વિરક્ત થયેલા (૫) હે અંબિકે, વર્ણાશ્રમથી ભ્રષ્ટ થયેલા, જેઓના ધર્મ નાશને પામ્યા છે એવા કલિયુગરૂપ સમુદ્રમાં બુડતા અને સોર કરતા એવા તેઓને જોઇને (૬) હે દેવેશિ, આ કલિયુગને વિષે પણ મારા અંશથી ઉત્પન્ન થયેલા અને તપરૂપ ધનવાળા બ્રાહ્મણને હે મહેશ્વરી, કેરલ દેશમાં ઉત્પન્ન કરીશ. ૭. હે શૈલજે, જે તેનું ચરિત્ર આજે હું તમને કહું છું તે સાંભળો. હે મહાદેવી, આ કલિયુગને વિષે બે હજાર વર્ષ ગયા પછી (૮) હે દેવિ, આર્યાવર્ત ખંડને વિષે રહેનારા સારસ્વત, ગૌડ, મિશ્ર અને કારણાંજિન બ્રાહ્મણો માંસ અને મચ્છ ખાનારા (૯) અને ઉત્તર વિંધ્યાચલમાં રહેનારા થશે. તેઓ શબ્દાર્થજ્ઞાનમાં કુશળ અને તર્કમાં કઠિન બુદ્ધિવાળા થશે. ૧૦. કલિયુગમાં જૈનો અને બૌદ્ધો બુદ્ધિવાળા મીમાંસામાં કુશળ થશે તેમ જ તેઓ વેદના અદ્વૈત બોધદાયક વાક્યોને અન્ય રીતે મનાવનારા થશે. ૧૧. હે અંબિકે, પ્રત્યક્ષવાદમાં કુશળ, શલ્યભૂત અને મિશ્ર શાસ્ત્રરૂપ મહાશાસ્ત્રોથી અદ્વૈતનો ચ્છેદ કરનારા થશે. ૧૨. વળી તેઓ કર્મ એ જ ઉત્તમ શ્રેયકારી છે, ઈશ્વર ફલદાતા નથી એવી યુક્તિવાળા વાકયોથી સર્વને બોધ કરશે. ૧૩. માટે ઘોર કુલાચારવાળા તથા કર્મના ભારવાળા થએલા તેઓના ઉચ્છેદને અર્થે મારા અંશરૂપ ઈશ્વરને સ્રજુ છું. ૧૪. હે દેવી, કેરલ દેશમાં શશલ નામના ગામમાં બ્રાહ્મણની સ્ત્રીને પેટે મારા અંશથી શંકર નામનો ઉત્તમ બ્રાહ્મણ ઉત્પન્ન થશે. ૧૫. પછી માતાએ ઉપવિત ધારણ કરાવેલો તે શંકર એક વર્ષમાં અંગોસહિત ચારે વેદને ગ્રહણ કરશે; ત્યાર પછી શબ્દને જાણનાર તે શંકર ઉત્તમ તર્કોથી ઉત્પન્ન થયેલી બુદ્ધિનો અનુમાન કરતા શાસ્ત્રોને વિષે નિશ્ચય કરીને વાદીરૂપ મદોન્મત્ત હાથીઓને શંકરરૂપ કેસરી સિંહ ભેદશે. ૧૭. પછી મહાવિ

તારરૂપ એ શ્રીશંકરાચાર્યને ઊંચા કૈલાસપર્વતના શિખરપર પધરાવી જવાને માટે ઋષિઓના

न्कुमतानुगान् ॥ १८ ॥ तदा मातरमामन्त्र्य परिव्राट् स भविष्यति । परिव्राजकवेषेण मिश्रानाश्रमदूष-कान् ॥ १९ ॥ दण्डहस्तस्तथा कुण्डी काषायवसनोऽमलः । भस्मदिव्यत्रिपुण्ड्राङ्को रुद्राक्षाभरणोज्ज्वलः ॥ ॥ २० ॥ साररुद्राक्षपारीणः शिवलिङ्गार्चनप्रियः । स्वशिष्यैस्तादृशैर्घुष्यन्भाष्यवाक्यानि सोऽम्बिके ॥२१॥ मद्दत्तविद्यया भिक्षुर्विराजति शशाङ्कवत् । 'आर्षं विराजतीति' । सोऽद्वैतोच्छेदकान्पापानुच्छिद्याऽऽ-क्षिप्य तर्कतः ॥ २२ ॥ स्वमतानुगतान्देवि करोत्येव निरर्गलम् ॥ तथाऽपि प्रत्ययस्तेषां नैवाऽऽसीच्छ्रुति-दर्शनैः ॥ २३ ॥

सूत उवाच-मिश्राः शास्त्रास्त्रकुशलास्तर्ककर्कशबुद्धयः ॥ तेषामुद्बोधनार्थाय यतिर्भाष्यं करिष्यति ॥ २४ ॥ भाष्यघुष्यमहावाक्यैस्तिष्यजातान्हनिष्यति ॥ 'तिष्यः कलिः' । व्यासोपदिष्टसूत्राणां द्वैतवाक्या-त्मनां शिवे ॥ ॥२५॥ अद्वैतमेव सूत्रार्थं प्रामाण्येन करिष्यति ॥ अविमुक्ते समासीनं व्यासं वाक्यैर्विजित्य च ॥ २६ ॥ शंकरं स्तौति हृष्टात्मा शंकराख्योऽथ मस्करी ॥

शंकर उवाच-सत्यं सत्यं नेह नानाऽस्ति किंचिदीशावास्यं ब्रह्म सत्यं जगद्धि ॥ ब्रह्मैवेदं ब्रह्म पश्चात्पुर-स्तादेको रुद्रो न द्वितीयोऽवतस्थे ॥ २७ ॥ एको देवः सर्वभूतेषु गूढो नानाकारोद्भासमानैस्त्वमात्मा ॥ पूर्णोऽपूर्णैर्नामरूपैर्विहीनो विश्वातीतो विश्वनाशे महेशः ॥ २८ ॥ भूतं भव्यं वर्तमानं त्वयीशे सामान्यं वै देशकालादिहीनः ॥ नो ते मूर्तिर्वेदवेद्यस्त्वसङ्गः सङ्गीव त्वं लिङ्गसंस्थो विभासि॥२९॥ उद्भासा वै सोमसू-र्यानलेन्द्रा भीषैवोदेत्येष सूर्यश्च देवः ॥ त्वं वेदादौ स्वर एको महेश वेदान्तानां सारवाक्यार्थवेद्यः॥३०॥ वेद्योऽभेद्यः सर्वभूताद्यविद्यो भिद्यदृष्टा तव मे हृत्तमोऽद्य ॥ ॐकारार्थः पुरुषस्त्वमृतं च सत्यज्ञानानन्द-भूमाऽसि सोम ॥ ३१ बद्धो मुक्तो नासि सङ्गेष्वसङ्गः प्राणप्राणो मनसस्त्वं मनश्च ॥ त्वत्तो वाचो मनसा

ધાને અને સિદ્ધવિધાને તેમ જ જૈનોને જીતી અને વેગથી બીજા દુષ્ટ મત વાદીઓને પણ જીતશે (૧૮) ત્યાર પછી તે માતાની આજ્ઞા લઇ સંન્યાસ ધારણ કરશે. સંન્યાસીના વેશવાળા (૧૯), દંડકમંડ-લને ધારણ કરનારા, કશાય વસ્ત્રવાળા, નિર્મલ, ભસ્મથી કરેલા દિવ્ય ત્રિપુંડ્રના ચિન્હવાળા, રુદ્રા-ક્ષના આભરણથી ઉજ્જ્વલ (૨૦), શંકરનું પૂજન કરવામાં પ્રીતિવાળા, તે શંકરાચાર્ય પોતાના સરખા શિષ્યોસહિત ભાષ્યવાકયોના ઉચ્ચાર કરતા (૨૧) મેં આપેલી વિદ્યાવડે કરીને ચંદ્રની પેઠે શોભતા તથા અદ્વૈતનો ઉચ્છેદ કરનારા પાપીઓનો તથા આશ્રમદૂષક એવા મિશ્રોનો પણ તર્કથી તિરસ્કાર કરતા છતા, (૨૨) હે દેવી, પોતાના મતને અનુસરનારને નિર્બાધ કરશે તોપણ તેઓમાંના કેટલાક (પાખંડિયો)ને વેદના કહેવાથી પણ વિશ્વાસ નહિ આવે. ૨૩.

સૂતપુરાણી કહે છેઃ—શાસ્ત્રાર્થમાં કુશળ તથા તર્કમાં કઠિન બુદ્ધિવાળા મિશ્રોના ઉદ્બોધનને અર્થે શ્રીશંકરાચાર્યે ભાષ્ય કરશે (૨૪) અને ભાષ્યના મહાઘોષિત વાકયોથી કલિયુગના પાખંડિઓનો નાશ કરશે. હે શિવે, દ્વૈતવાકયરૂપ આત્માવાળા વ્યાસે કહેલા સૂત્રોને (૨૫) અદ્વૈત સૂત્રના અર્થ પ્ર-માણે કરશે તથા અવિમુક્ત સ્થાનને વિષે રહેલા વ્યાસને વાકયોએ કરીને જીતી (૨૬) સંન્યાસિરૂપ શ્રીશંકરાચાર્યે જેમનો આત્મા હર્ષ પામ્યો છે એવા થઈને શ્રીશંકરની સ્તુતિ કરશે.

શ્રીશંકર કહે છેઃ—સત્ય, સત્ય. આ લોકમાં બીજું નાના પ્રકારે કાંઇ નથી. કેવળ ઈશ્વરને વ-સવા યોગ્ય આ જગત્રૂપ બ્રહ્મ સાચું છે, આ બ્રહ્મ છે. જેની આગળ અને પાછળ બ્રહ્મ છે અને જેને વિષે એક રુદ્ર જ રહે છે. ૨૭. સર્વ પ્રાણિયોને વિષે ગુપ્તપણાએ રહેલા એક દેવ નાના પ્રકારના આકા-રથી શોભતા એવા અપૂર્ણ નામ અને રૂપે કરીને રહિત આત્મારૂપ, વિશ્વના નાશને વિષે વિશ્વથી ભિન્ન મહેશ્વરરૂપ તમે છો. ૨૮. ઈશ્વર એવા તમારે વિષે ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાર્યે રહ્યા છે. પરંતુ સામાન્યપણાએ કરીને તો તમે દેશકાલાદિ રહિત છો. વેદવડે કરીને જાણવા યોગ્ય આ તમારી મૂર્તિ નથી કારણ કે તમે અસંગ છો છતાં સંગીની પેઠે બાણમાં રહેલા દેખાઓ છો. ૨૯. જેના તેજથી સૂર્ય, ચંદ્ર, અગ્નિ અને ઇન્દ્ર વગેરે દેવતાઓ પ્રકાશવાળા છે. જેના ભયથી આ સૂર્ય દેવ ઉદય થાય છે. હે મહેશ, તે તમે વેદાદિકને વિષે એક સ્વરૂપ છો વળી વેદાંતોના સાર વાકયોના અર્થને જાણનારા છો. ૩૦. અભેદ્ય વેદે પ્રતિપાદન કરેલા અભેદ્ય બ્રહ્મ છો. સર્વ ભૂતોના આદિજ્ઞ છો. આજે મેં તમને હૃદય ભેદીને દીઠા છે. ઓંકારના અર્થ છો. હે સોમ, પુરુષરૂપ, અમૃતરૂપ, તથા સત્યજ્ઞાનના આનંદની ભૂમિ ૩૧. તમે બદ્ધ કે મુક્ત નથી. અંગનેવિષે અંગરહિત છો. પ્રાણના પ્રાણ અને મનના મન છો. વળી

ાથી તથા સિદ્ધલોકો સહિત બ્રહ્મા, ઈંદ્ર, વિષ્ણુ, વાયુ તથા અગ્નિ આદિ મોટા મોટા ઓ કેદારક્ષેત્રમાં આવ્યા. ૧૦૩.

त्तास्तावाऽऽनन्दज्ञानिनो बद्धभावाः ॥ ३२ ॥ ताः संनिवृत्ता वाचः । वा निश्चितम् । आनन्देति । दः । बद्धेति । ज्ञानिमात्रकर्तृकनिबद्धप्रेमविशेषाः सन्तीत्यर्थः । "त्वत्तो जातं भूतजालं महेश जीवत्येवमेवं विचित्रम्॥ त्वय्येवाऽन्ते संविशत्येव विश्वं त्वां वैको वा स्तुवते स्तव्यमीशम् ॥ ३३ ॥ ज्ज्ञात्वा सर्वभावस्य बुद्धया त्वामात्मानं वेद्मि देवं महेशम् ॥ ३४ ॥

ईश्वर उवाच–इति शंकरवाक्येन विश्वेशाख्यादहं तदा ॥ प्रादुर्बभूव लिङ्गात्स्वादलिङ्गोऽपि महेश्वरि ॥ 'प्रादुर्भविष्यामीति वाच्ये प्रादुर्बभूवेत्यार्षम्' । त्रिपुण्ड्रविलसत्फालश्चन्द्रार्धकृतशेखरः ॥ नागात्तरासङ्गो नीलकण्ठस्त्रिलोचनः ॥ ३६ ॥ वरकाकोदरानद्धराजद्धारस्त्वयाऽम्बिके ॥ तमब्रूयां महादेवि यतिनां वरम् ॥ ३७ ॥ शिष्यैश्चतुर्भिश्च युतं भस्मरुद्राक्षभूषणम् ॥

ईश्वर उवाच–मदंशस्त्वं सुजातोऽसि भुवि चाद्वैतसिद्धये ॥ ३८ ॥ पापमिश्राश्रिते मार्गे जैनदुर्बुद्धकैः ॥ भिन्ने वेदैकसंसिद्धे अद्वैते द्वैतवाक्यतः ॥ ३९ ॥ तद्भेदगिरिवज्रस्त्वं संजातोऽसि मदंशतः ॥ शत्परमायुस्ते शीघ्रं कैलासमावस ॥४०॥ एतत्प्रतिगृहाण त्वं पञ्चलिङ्गं सुपूजय ॥ भस्मरुद्राक्षसंपन्नः ्षरपरायणः ॥४१॥ शतरुद्रावर्तनैश्च तारेण भसितेन च ॥ बिल्वपत्रैश्च कुसुमैर्नैवेद्यैर्विविधैरपि ॥४२॥ ारं स्वावधानेन गच्छ सर्वजयाय च ॥ ४३ ॥ त्वदर्थे कैलासाचलवरसुपालीगतमहासमुद्यच्चन्द्राभं टिकधवलं लिङ्गकुलकम् ॥ समासीनं द्योतद्विमलकमलैरर्चय परं कलौ लिङ्गार्चायां भवति हि विमुक्तिः ारा ॥ ४४ ॥ स शंकरो मां प्रणनाम मस्करी मयस्करं तस्करवर्यमार्गे ॥ संगृह्य लिङ्गानि जगाम वेद्भूमौ सुबुद्धार्हतमिश्रजैनान् ॥ ४५ ॥ तद्योगभोगवरमुक्तिसुमोक्षयोगलिङ्गार्चनात्प्राप्तजयस्वकाश्रयम् ॥ तान्वै विजित्य तरसाऽक्षतशास्त्रवादैर्मिश्रान्स काञ्च्यामथ सिद्धिमाप" इति ॥ ४६ ॥

તમારા થકી જ મનસહિત વાણિયો નિવૃત્તિ પામેલી છે–અર્થાત્ તમને મન અને વાણી પહોચી શકતાં નથી. બ્રહ્મને જાણનારા પુરુષોએ જ તમારે વિષે ભાવ બાંધેલો છે. ૩૨. હે મહેશ, આ ભૂતજાળ તમારાથી જ ઉત્પન્ન થયું છે અને તે તમારાવડે કરીને જ જીવે છે એ જ મોટું આશ્ચર્ય છે, અને અન્તે આ વિશ્વ તમારે વિષે જ લય પામે છે માટે આ એક સ્તુતિ કરવા યોગ્ય અને ઈશ્વરરૂપ તમારી સ્તુતિ કરે છે. ૩૩. બુદ્ધિએ કરીને સર્વ ભાવને કાંઇક જાણીને આત્મારૂપ મહેશ્વર દેવ એવા તમને જાણું છું. ૩૪.

શ્રીશંકર **પાર્વતીને** કહે છેઃ—હે મહેશ્વરી, એ પ્રકારની **શં**કરાચાર્યની સ્તુતિએ કરીને **વિશ્વેશ્વર** નામનો હું દેહ રહિત છતાં બાણ થકી ઉત્પન્ન થઈશ. ૩૫. જેનું કપાળ ત્રિપુંડ્રથી સુશોભિત છે એવા અને અર્ધ **ચંદ્ર**ને ધારણ કરનાર, સર્પ તથા મૃગચર્મને ધારણ કરનાર, નીલકંઠ, અને ત્રણ નેત્રવાળા (૩૬). હે અંબિકે, શ્વેત કાકોદરના સરખા ઉદરવાળો તથા શ્વેત હારને ધારણ કરનારો હું તારા સહવર્તમાન હે મહાદેવી, નમ્ર યતિયોમાં શ્રેષ્ઠ એવા (૩૭) ચાર શિષ્યો સહિત ભસ્મ તથા રુદ્રાક્ષને ધારણ કરનારા મને નમન કરતા એવા તે **શં**કરાચાર્યને કહ્યું કે,

ઈશ્વર કહે છેઃ—પૃથ્વીમાં અદ્વૈત સિદ્ધિને અર્થે તું મારા અંશરૂપ ઉત્પન્ન થયો છું. ૩૮. મિશ્ર પાપે એ આશ્રય કરાએલા માર્ગને વિષે **જૈ**નની દુષ્ટ બુદ્ધિના બોધે કરીને અને દ્વૈતવાક્યથી વેદે કરીને એક સિદ્ધ થયેલો અદ્વૈતમાર્ગ ભેદને પામે છે તે (૩૯) તે ભેદરૂપ પર્વતને તોડવામાટે વજ્રસરખો તું મારા અંશરૂપ ઉત્પન્ન થયો છું. તારૂં ૩૨ વર્ષનું પરમાયુઃ છે. પછી તત્કાલ કૈલાસમાં વસીશ. ૪૦. તું આ પંચમૂર્તિ–પંચદેવનું ગ્રહણ કરી તેનું જ પૂજન કર, ભસ્મ–રુદ્રાક્ષથી વ્યાપ્ત થા–તથા પંચાક્ષરનો જપ કરવા તત્પર થા. ૪૧. રુદ્રના સો પાઠ કરીને, તારક મંત્રનો જપ કરીને અને ભસ્મ બિલિપત્ર તથા વિવિધ પ્રકારના નૈવેધવડે કરીને (૪૨) સાવધાનપણાથી ત્રણવાર શંકરનું પૂજન કરી પછી સર્વ દિશાઓમાં વિજય કરવા માટે જા. ૪૩. તારે અર્થે કૈલાસપર્વતની પાળ ઉપર રહેલા મહાચંદ્રની કાંતિસરખા, સ્ફટિકમણિના સરખા ઉજ્જવલ લિંગકુલકનું ફલિત નિર્મળ કમળોથી પૂજન કર. કારણ કે કલિયુગમાં બાણનું પૂજન કરવાથી ઉત્તમ મુક્તિ પ્રાપ્ત થાય છે. ૪૪. પછી તે સંન્યાસિ **શં**કરાચાર્યે ચોર લોકના માર્ગને વિષે લોહ સરખા મને નમસ્કાર કરી બાણને ગ્રહણ કરી પૃથ્વીને વિષે સુબુદ્ધ, **અર્હત**, **મિશ્ર** અને **જૈન** લોકો પ્રત્યે તત્કાળ ગયા. ૪૫. પછી યોગ, ભોગ, શ્રેષ્ઠ મુક્તિ, ઉત્તમ મોક્ષ અને **શં**કરના પૂજનથી જેમને વિજય પ્રાપ્ત થયો છે એવા તે **શ્રીશં**-

विद्युद्वल्लीनियुतसमुदारब्धयुद्धैर्विमानैः संख्यातीतैः सपदि गगनाभोगमाच्छादयन्त
स्तुत्वा देवं त्रिपुरमथनं ते यतीशानवेषं मन्दारोत्थैः कुसुमनिचयैरब्रुवन्नर्चयन्तः ॥१

લાખો વિદ્યુલ્લતાઓની સાથે પણ યુદ્ધનો આરંભ કરનારાં (જળીઓ જેવાં) અસં વિમાનોથી તુરત આકાશમંડલને ઢાંકી દેતા એ દેવતાઓએ સંન્યાસીઓમાં શ્રેષ્ઠ શંકરાચા રહેલા સદાશિવ(શંકરાચાર્ય)નું કલ્પવૃક્ષના પુષ્પોના સમૂહોથી પૂજન કરતાં કરતાં તેમને ની માણે વિજ્ઞપ્તિ કરી. ૧૦૪.

भवानाद्यो देवः कवलितविषः कामदहनः पुरारातिर्विश्वप्रभवलयहेतुस्त्रिनयनः ।
यदर्थं गां प्राप्तो भवमथन वृत्तं तदधुना तदायाहि स्वर्गं सपदि गिरिशास्मत्प्रियकृते

"આપ કામદેવને બાળનારા, વિષનું ભક્ષણ કરનારા, ત્રિપુરાસુરના શત્રુ, જગતની ત્તિ તથા લયના કારણરૂપ અને ત્રણ નેત્રોવાળા આદિ દેવ સદાશિવ છો. હે સદાશિવ ભક્તલોકોનાં સંસારનાં બંધનને તોડનારા, આપ જે કાર્યને માટે પૃથ્વીમાં અવતર્યા હત કાર્ય પૂરૂં થઈ રહ્યું છે માટે હવે અમલોકોનું પ્રિય કરવા વાસ્તે તુરત સ્વધામમાં પધારો. ૧

उन्मीलद्विनयप्रधानसुमनोवाक्यावसाने महा-
देवे संमतसंभ्रमे निजपदं गन्तुं मनः कुर्वति ।
शैलादिः प्रमथैः परिष्कृतवपुस्तस्थौ पुरस्तत्क्षणा-
दुक्षा शारदवारिदुग्धवरटाहंकारहुंकारकृत् ॥ १०६ ॥

જેમાં મુખ્યત્વે કરી વિનય જ પ્રકાશતો હતો એવાં એ દેવતાનાં વચનને અંતે તુરત સાક્ષાત મહાદેવરૂપ એ શ્રીશંકરાચાર્યે સંભ્રમપૂર્વક સજ્જતા કરીને પોતાના ધામમાં પધારવાનું મન કરતાં તે સમયે પ્રમથગણોએ શણગારેલા શરીરવાળા અને જેમના શ્વેતપણા આગળ શરદૃઋતુનાં જળનો, દૂધનો તથા હંસીનો શ્વેતપણાનો અહંકાર પણ ટળી જાય એવાં શિલાદના પુત્ર નંદિકેશ્વર તે ક્ષણમાં જ પાસે આવીને ઉભા રહ્યા. ૧૦૬.

इन्द्रोपेन्द्रप्रधानैस्त्रिदशपरिवृढैः स्तूयमानः प्रसूनै-
र्दिव्यैरभ्यर्च्यमानः सरसिरुहभुवा दत्तहस्तावलम्बः ।
आरुह्योक्षाणमग्र्यं प्रकटितसुजटाजूटचन्द्रावतंसः
शृण्वन्नालोकशब्दं समुदितमृषिभिर्धाम नैजं प्रतस्थे ॥ १०७ ॥

પછી ઈંદ્ર તથા વિષ્ણુ આદિ મોટામોટા દેવતાઓએ સ્તુતિ કરાતા, દિવ્ય પુષ્પોથી પૂજાતા અને જેમણે તે સમયમાં જટાજૂટને તથા ચંદ્રરૂપ મુકુટને પ્રકટ કર્યા એવા શ્રીશંકરાચાર્ય બ્રહ્માએ આપેલો હાથનો ટેકો લઈ ઉત્તમ પોઠીઆપર ચઢીને ઋષિઓથી ઉચ્ચારણ કરાતા પોતાની સ્તુતિના શબ્દને સાંભળતા સ્વધામમાં પધારી ગયા. ૧૦૭.

इति श्रीमाधवीये तच्छारदापीठवासगः ॥
संक्षेपशङ्करजये सर्गः पूर्णोऽपि षोडशः ॥ १६ ॥

એપ્રમાણે શ્રીમાધવાચાર્યે રચેલા સંક્ષેપશંકરજયમાં શ્રીશંકરાચાર્યના શારદાપીઠમાં નિવાસ ના વર્ણનસંબંધી આ સોળમો સર્ગ પણ સંપૂર્ણ થયો. ૧૬.

કરાચાર્ય વેગે કરીને બુદ્ધ, અર્હત, મિશ્ર અને જૈનોને શાસ્ત્રવાદથી જીતી કાંચી નગરીને વિશે સિદ્ધિને પામ્યા. ૪૬. (૧૦૩.)–આ કથાજાલ શ્રીમદ્ આનંદજ્ઞાનાખ્યાનંદગિરિના રચેલા બૃહચ્છંકરવિજયમાં છે તે જુઓ.

૧ મંદાક્રાંતા. ૨ શિખરિણી. ૩. શાર્દૂલવિક્રીડિત. ૪. સ્રગ્ધરા વૃત્ત.

00178794

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 23 January, 2019